ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૧ (કુલ વર્ષ ૬૨)
અંક-૧૦, જાન્યુઆરી, ૨૦૧૪ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



હાથીદાંતની પ્લેટ ઉપર બનાવેલું મા સરસ્વતીનું ચિત્ર

## જિન-વચન

**જેમ બધા જીવોનું આધારસ્થાન પૃથ્વી છે તેમ સર્વ તીર્થંકરોનું આધારસ્થાન શાંતિ છે**

जे य बुद्धा अतिक्कंता जे य बुद्धा अणागया।
संति तेसिं पइट्ठाणं भूयाणं जगती जहा।।

(સૂ. ૧-૧૧-૩૬)

જેમ બધા જીવોનું આધારસ્થાન પૃથ્વી છે, તેમ જે તીર્થંકરો થઈ ગયા છે તથા જે તીર્થંકરો થવાના છે તે સર્વનું આધારસ્થાન શાન્તિ છે.

Just as the earth is the foundation of all living beings, in the same way peace is the foundation of all the Tirthankaras, including the past and the future Tirthankaras.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૧.
- કુલ ૬૨મું વર્ષ.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો


જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ


## આચમન

### બધાંયના બાપુજી

એક દિવસ અંધારી રાત હતી. પ્રાર્થના પછી 'રામાયણ'નું વાંચન પૂરું થતા આશરે સાડા આઠ થઈ ગયા હતા. કાર્યક્રમ પૂરો થતાં ભાઈ દેવદાસ પહેલા બહાર નીકળ્યા. બારણા બહાર નીકળતાં જ એક મોટા સાપે ફૂંફાર કર્યો. દેવદાસ સાપને જોઈ શક્યા નહીં, પણ તેનો ફૂંફાર તેમણે સાંભળ્યો. તે તુરત પાછા ઓરડામાં આવ્યા અને જણાવ્યું કે 'બહાર કાંઈક છે. બત્તી લઈને ચાલોને!' મગનલાલ ગાંધી અને હું બંને લેમ્પ લઈને નીકળ્યા. રાત્રે બારીકાઈથી જોતાં સાપનો લિસોટો જણાયો. તપાસ કરતાં મકાનની એક બાજુ પાણીની ટાંકી હતી તેની પાછળ એક મોટો સાપ ભરાઈ ગયેલો દેખાયો. સાપ પકડવા માટે અમે રેશમની દોરીના ગાળાવાળી લાઠી વાપરતા હતા. તેવા બે ગાળા નાંખી સાપને પકડ્યો, ખેંચી કાઢ્યો. તે એવી ઝૂડ મારે કે અમે બને જણે લાકડીઓ પકડી હતી છતાં અમારા હાથને સખત આંચકા આવે. એટલામાં બાપુજી આવી પહોંચ્યા. સાપને જોયો. 'આ તો બહુ ભારે જાનવર છે, પણ તમે દોરી બહુ સખત રાખશો નહીં. હેરાન થશે.' એમ બોલી અમને કહ્યું કે 'સાપને નીચે મૂકો.' અમને વિચાર આવ્યો કે જલદી નાંખી આવવાનું કહેવાને બદલે તેને નીચે મૂકવાનું બાપુજીએ કેમ કહ્યું? અમે તો જાળવીને સાપને નીચે લાંબો મૂક્યો. 'દોરી ઢીલી કરો. તેની ડોકે દોરી બેસી જાય નહીં.' અમે તો દોરી સાવ નરમ કરી દીધી. એવી નરમ કે સાપને નીકળવા દેવો હોય તો નીકળી શકે. પછી બાપુજીએ શું કર્યું? બાપુજી તે આઠ ફૂટ લાંબા સાપ પર હાથ ફેરવતા બેઠા અને બોલ્યા, 'કેવું સુંદર પ્રાણી?' બાપુજીના હૃદયમાં તે વખતે તે ઝેરી જાનવર પ્રત્યે કેવો ભાવ પ્રગટ થયો હશે! જાણે બાળકના માથા પર તેના બાપુજી સ્નેહાળ હાથ ફેરવી આશ્વાસન આપતા હોય તેમ બાપુજીએ બે-ત્રણ વખત હાથ ફેરવ્યો. પેલો ભયંકર તોફાની સાપ એકાદ મિનિટ પહેલાં પોતાની ઝુડોથી અમને થકવતો હતો તેણે આ મીઠા હાથનો સ્પર્શ અનુભવીને પૂંછડી હલાવવા માંડી. તે પણ પોતાના બાપુજીના મીઠા સ્પર્શથી લટ્ટુ બની ગયો. તેનો ડંખ મારવાનો સ્વભાવ વીસરી ગયો. તેનો રોષ ઊતરી ગયો અને પ્રેમની ભૂરકીના ઘેનમાં પૂંછડી હલાવતો પડી રહ્યો!

☐ રાવજીભાઈ મ. પટેલ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | કેદી નંબર ૪૬૬/૬૪ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | 'શ્રી રમણ ગીતા' | ડૉ. નરેશ વેદ | ૭ |
| (૩) | શ્રુતજ્ઞાન-પ્રાતિભજ્ઞાન અને કેવળ જ્ઞાન અર્થાત્ શ્રુતજ્ઞાનથી કેવળજ્ઞાન સુદીની યાત્રા | સેવંતીલાલ શાંતિલાલ પટણી | ૧૧ |
| (૪) | શ્રી મું. જૈ. યુ. સંઘ યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા | — | ૧૫ |
| (૫) | ધ્યાનથી દુઃખ દૂર કરી શકાય છે | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૧૭ |
| (૬) | મનને વશ કર્યા વિના આધ્યાત્મિક વિકાસ અશક્ય છે | શશિકાંત લ. વૈદ્ય | ૧૮ |
| (૭) | ભજન-ધન-૪ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૨૦ |
| (૮) | અવસર | — | ૨૧ |
| (૯) | ભાત ભાત કે લોગ | ડૉ. રણજિત પટેલ 'અનામી' | ૧૮ |
| (૧૦) | બધા રસ્તાઓ ભલે રોમ તરફ જતા હોય... | ડૉ. ગુલાબ દેઢિયા | ૨૬ |
| (૧૧) | ભાવ-પ્રતિભાવ | — | ૨૯ |
| (૧૨) | વધામણાં : જૈન પૂજાસાહિત્યના અભ્યાસગ્રંથને | ડૉ. કાંતિલાલ બી. શાહ | ૩૧ |
| (૧૩) | જયભિખ્ખુ જીવનધારા : ૫૬ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૩ |
| (૧૪) | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૭ |
| (૧૫) | શ્રી મું. જૈ. યુવક સંઘને મળેલું અનુદાન | — | ૩૮ |
| (16) | Thus He Was Thus He Spake : Marcel Proust | Reshma Jain | 39 |
| (17) | The Glorious Darashanas | Atisukhshankar Trivedi | 40 |
| (18) | 11th Tirthankar Bhagwan Shryaunsnath | — | 42 |
| (૨૧) | પંથે પંથે પાથેય : પૂ. મોરારીબાપુ અને સર્વ ધર્મસમભાવ | ડૉ. મહેબૂબ દેસાઈ | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૧ (કુલ વર્ષ ૬૨) • અંક : ૧૦ • જાન્યુઆરી ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૦ • વીર સંવત ૨૫૪૦ • પોષ સુદિ તિથિ-૧૫ •

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## કેદી નંબર ૪૬૬/૬૪

કોઈ વ્યક્તિને પોતાની ઓળખ આ રીતે આપવી ગમે ? સત્યાવીસ વર્ષ સુધી સ્વાતંત્ર્યના સત્ય માટે, કારમી વેદના સાથેના જેલવાસને મહાતપ ગણનાર એ મહા આત્મા નેલ્સન મંડેલાને પોતાને આ સંબોધન જ ગમતું.

૧૯૬૪મા દેશદ્રોહના આરોપ સાથે જ્યારે અદાલતમાં કેસ ચાલી રહ્યો હતો ત્યારે એ જાણતા હતા કે અંગ્રેજો મને ન્યાય આપવાના નથી, પણ આ અદાલતી ન્યાયથી પેલે પારના ઈશ્વરના ન્યાય ઉપર એમને પૂરી શ્રધ્ધા હતી કે પોતાનું બલિદાન એળે નહીં જાય. એટલે જ આ મહામાનવ એ સમયે વિચારે છે, 'હું ફાંસી-મૃત્યુની સજા માટે તૈયાર હતો, મનમાં જરા પણ આશાઓ ન હતી. મત્યુ ન મળે એવી તેવી છાની અપેક્ષા પણ નહતી. મન શાંત, સ્વસ્થ અને તૈયાર હતું. અહીં પણ શેક્સપિયરને ટાંક્યા વગર રહી શકતો નથીઃ

*`BE ABSOLUTE FOR DEATH*
*FOR EITHER DEATH OR LIFE*
*SHALL BE THE SWEETER'*

'મૃત્યુ માટે તૈયાર રહો, પછી મૃત્યુ કે જીવન પણ અતિ સુંદર લાગશે.'

આજીવન કેદની સજા પામેલ મંડેલાને સત્યાવીસ વરસના જેલવાસ દરમિયાન અઢાર વરસ તો રીબેન આઈલેન્ડમાં પથ્થર તોડવાની આકરી સજા, નવ વરસ અન્ય જેલમાં-પણ આ પથ્થર જેવો દેશભક્ત તૂટ્યો નહિ. આપણે કલ્પના પણ ન કરી શકીએ એવી કારમી યાતનાઓ અને જુલમ આ ભવિષ્યના દક્ષિણ આફ્રિકાના પ્રમુખે પોતાના જ દેશની જેલમાં સહન કર્યા. જેલ પ્રવેશ વખતે ઉંમર લગભગ ૪૪ વરસ, અને છૂટકારા સમયે ૭૨-એટલે પ્રથમ વક્તવ્યમાં કહ્યું, 'હું હવે યુવાન નથી. મને તમારો યુવાનોનો સાથ જોઈએ છે. મારી પાસે સમય ઓછો છે.' જેલમાં પચ્ચીસ રતલ વજન ગુમાવ્યું, પણ આત્મામાં જેનું વજન ન કરી શકાય એટલાં ગુણો અને દેશભક્તિ ઉમેરાયા.

સ્વતંત્ર સેનાનીએ સૌથી પહેલાં કુટુંબની કુરબાની આપવી પડે છે. કોર્ટમાં સજા સંભળાવવામાં આવી ત્યારે મંડેલા વેદનાભર્યું મનોમંથન કરતા લખે છે, 'મેં શ્રોતાઓમાં વીની (પત્ની)ને બેઠેલી જોઈ, તેનું મોં ખૂબ જ ઉદાસ લાગ્યું. બે બાળકો હવે એકલે હાથે ઉછેરવાનું કઠિન કામ તેની સામે ભવિષ્યમાં પડ્યું હતું તે ચોક્કસ સમજી ગઈ જ હશે. બીજું શું કરી શકું આ હાલતમાં ? મેં તેને સ્મિત આપ્યું. કહી રહ્યો, 'જરા પણ ચિંતા તારી કે મારી ન કરતી. ફક્ત બાળકોનું બરાબર ધ્યાન રાખજે,' પણ કેવું પોકળ હતું એ આશ્વાસન ? કોઈએ કદી સ્વાતંત્રવીરની પત્નીને એ પૂછ્યું હશે ?'

કારાવાસના એકાંત વિશે મંડેલા લખે છેઃ-

**આ અંકના સૌજન્યદાતા**

**સ્વ. રસિકલાલ દુર્લભદાસ શાહ**
**સ્વ. કમળાબેન રસિકલાલ શાહ**
**સ્વ. બળવંતરાય રસિકલાલ શાહ**
**ના સ્મરણાર્થે**
**હસ્તે પન્નાલાલ આર. શાહ ● ભારતી પી. શાહ**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

**કોટડીમાં હરતાફરતા વંદાઓ જોઈ, તેમની સાથે વાતો કરવાનું મન થવા માંડ્યું.**

'થોડાં અઠવાડિયાં માટે તો જાણે ભૂતાવાસમાં હોઉં તેવું મને લાગ્યું. ન કોઈનું મોં જોવા મળે, ન કોઈનો અવાજ સંભળાય, ત્રેવીસ કલાક મને બંધ રાખવામાં આવે. અડધો કલાક સવારે ને અડધો કલાક સાંજે મને કસરત ને ઈતર પ્રવૃત્તિ માટે ફક્ત આપવામાં આવે. એક એક કલાક જાણે મને એક યુગ જેટલો લાગતો. કોટડીમાં એક ક્ષીણ તેજવાળો નાનકડો બલ્બ બળતો. ન વાંચવાની, લખવાની કે કોઈની સાથે બોલવાની રજા. આવી માનસિક સજાથી તો જરૂર ગાંડા બની જવાય. થોડા વખતમાં મન કોઠે પડવા માંડ્યું. પણ કેવી રીતે ? કોટડીમાં હરતાફરતા વંદાઓ જોઈ, તેમની સાથે વાતો કરવાનું મન થવા માંડયું. કેવી માનસિક અધોગતિ આવી સજાથી બધા કેદીઓને ભોગવવી પડતી હશે તેનો મને ખ્યાલ આવ્યો. બહાર જે દિવસ નીકળીશ ત્યારે આવી પાશવી સજા વિશે જરૂર પુસ્તક લખીશ તેવો વિચાર કર્યો. કદી જો બહાર નીકળીશ તો ! આ 'તો' ક્યારે ફરી જીવનમાં આવશે ?

મારો એક વૉર્ડર આધેડ ઉંમરથી વધુ, આફ્રિકન હતો. ક્યારેક જ તે મારી કોટડી પાસે આવતો. માનવી સાથે વાત કરવા હું તલસતો હતો, તેથી હું બોલ્યો, 'બાબા ! (Father) (આફ્રિકનમાં તમારાથી મોટી ઉંમરનાને માનવાચકથી બોલાવાય) તમને એક સફરજન આપું ? (દુનિયામાં દ.આફ્રિકાનાં સફરજનો ખૂબ જ વખણાય. બે-ત્રણ વાર કહ્યા પછી તે બોલ્યા, 'નેલ્સન ! સારું ભોજન ને મનગમતાં કપડાં મળ્યાં છતાં હજી સંતોષ નથી ?)'

'બાબા ! આજે મને સમજાય છે કે એ ઉપરાંત માનવીનો સહવાસ પણ કેટલો કીમતી હોય છે !' મારી આંખમાં આંસુ આવી ગયાં. ભાંગી પડું તે પહેલાં મેં કર્નલ જેકોબ્ઝને કહેવડાવ્યું કે માનવ સહવાસ માટે સારા ભોજન ને લાંબી પાટલૂનનો આગ્રહ હું જતો કરું છું.'

જેલવાસની પોતાની વેદનાને વાગોળતા મંડેલા લખે છેઃ-'રોજ એ વાતો વાગોળતો, પણ આશાઓ કેવી વ્યર્થ હોય છે ! છ મહિનાને બદલે પછીના બે વર્ષ સુધી વીની મને મળવા ન આવી શકી. હૃદય વિદિર્ણ થતું, અંતરમાંથી આહ નીકળતી. રાતના અંધારામાં આંસુઓથી હૃદય ભરાઈ આવતું. હીબકા કોઈ સાંભળી ન જાય તે માટે મોઢાં પર બલેન્કેટ દબાવી દેતો.'

અને મંડેલાની માતાના મૃત્યુનો હૃદય વિદારક અને અંગ્રેજોની હૃદયહિનતાનો પ્રસંગ જૂઓઃ

''થોડાં અઠવાડિયાંઓ પછી ખાણમાંથી પાછાં ફરતાં મને હેડઑફિસમાં જવાનું કહેવામાં આવ્યું. માકગાથોનો તાર હતો કે હૃદયાઘાતથી મારી મા મૃત્યુ પામી હતી. મેં દફનવિધિમાં જવા રજા માગી, પણ કહેવામાં આવ્યું કે, 'જન્મટીપની સજા પામેલાઓને કેવી રીતે રજા અપાય ?' હું પહેલી વાર ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો, 'કેવી સજા વિધાતાએ મને આપી ? મારી માનો ક્રિયાકર્મ કરવા પણ હું ન જઈ શકું.' તો આ સજામાં મારે હજી બીજા કેટલાં મૃત્યુ જોવાં ને સાંભળવાં પડશે !

થોડા મહિના હું ગમગીન થઈ ગયો. તેના જીવનના સંઘર્ષો યાદ કરતો, એકલો, એકલો રડી લેતો અને તેનો સંઘર્ષ યાદ કરતા, મારામાં બળ ઊભરાયું. કચડાયેલી આફ્રિકન પ્રજાની તે એક આફ્રિકન હતી. તેને ગોરી સરકારના સિતમોથી બચવા કે જીતવા માટે કેવા કેવા સંઘર્ષો કરવા પડેલા એ યાદોથી મારું મનોબળ પાછું સતેજ થયું. મારી આફ્રિકન પ્રજાને મારી જરૂર છે. આમ રડીને બેસી રહેવાથી શું વળવાનું ? યુદ્ધ તો ચાલુ રાખવું જ પડશે ને ! તેને કે મારા કુટુંબને કોઈ જાતનું સુખ ન આપી શક્યો તેનો રંજ તો મને જીવનભર રહી ગયો.''

માતા ગઈ અને પુત્ર પણ ગયો, અને વાંચો અંગ્રેજોના માનવતાહીન અત્યાચારોઃ-

''વીનીની ધરપકડ પછીના ત્રણ મહિને જુલાઈ ૧૯૬૯ના મને હેડઑફિસમાં પાછો બોલાવવામાં આવ્યો ને તાર હાથમાં આપ્યો. માકગાથો મારા નાના દીકરાનો તાર હતો, 'મારો મોટો પુત્ર મડીબા થેમ્બીનું ટ્રાન્સકાઈનું કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તેની ઉમર પચ્ચીસ વર્ષની જ હતી ને બે નાનાં બાળકોનો તે પિતા હતો. હું જમીન પર ફસડાઈ પડ્યો. એક પછી એક બનતા દુઃખદ બનાવો જે મારા જીવનમાં બનતા હતા તેથી ભાંગી જ પડું ને ? મારું હૃદય વિદિર્ણ, છલની થઈ ગયું.

સૂનમૂન થઈ હું મારા સેલમાં આવ્યો. છત સામે સ્થિર નજરે ગોદડી પર પડ્યા પડ્યા જોઈ રહ્યો. ખાવાપીવાની સુધ પણ ન રહી. છેવટે વૉલ્ટર આવ્યો ને મેં તેને તાર વંચાવ્યો. મારો હાથ પકડી, સ્નેહથી દાબી, કંઈ પણ બોલ્યા વગર, મારી સાથે જ રહ્યો.

અને રાબેતા મુજબ મારા પુત્રના ક્રિયાકાંડ ને દફનવિધિમાં પણ મને જવા દેવામાં ન આવ્યો. મને મારી પુત્રવધૂને પત્ર લખવાની ફક્ત રજા અપાઈ.

અને મારા કાનમાં થેમ્બીના શબ્દો ગૂંજી રહ્યા. જ્યારે મને સજા અપાઈ ત્યારે મારા હાથ સ્નેહથી પકડીને બોલેલો, 'બાબા ! ચિંતા ન કરો. કુટુંબનું ધ્યાન હું રાખીશ.'

હવે ? મા ગઈ, પુત્ર

***''હવે ? મા ગઈ, પુત્ર ગયો, વીની નજરકેદ, કોણ કોનું ધ્યાન રાખશે ? આંસુ છુપાવવા મેં મોં ગોદડીમાં છુપાવી દીધું.''***

ગયો, વીની નજરકેદ, કોણ કોનું ધ્યાન રાખશે ? આંસુ છુપાવવા મેં મોં ગોદડીમાં છુપાવી દીધું.''

જગતના મહા માનવો અને માનવતામાં, સ્વાતંત્ર્યતામાં માનનારા પ્રત્યેક વ્યક્તિના આગ્રહથી અંગ્રેજ સરકારે આ મહામાનવને જેલમાંથી મુક્ત કર્યા, મુક્ત કરવા પડ્યા, પણ વેદના એમનો પીછો છોડતી નથી, જેલ જીવનનું એક વધુ દુઃખદ પરિણામ એમને ભોગવવું પડ્યું. તે પોતાની પત્ની વીનીથી છૂટા પડવાનું. આ પ્રસંગને પણ મન્ડેલા કેવા માનવીય ન્યાયથી આલેખે છે તે જૂઓઃ-

''૧૯૯૨ એપ્રિલ ૧૩ના જૉહાનિસબર્ગની પ્રેસ કૉન્ફરન્સમાં ઑલિવર અને વૉલ્ટરની હાજરીમાં મેં વીનીથી છૂટા પડવાનું જાહેર કર્યું. સંજોગો એવા ઊભા થયા હતા કે એ.એન.સી. ને કુટુંબ માટે મારે આ પગલું ભરવું પડ્યું અને એ અંગત કારણોથી થાય છે તે મેં એ.એન.સી.ને જણાવી દીધું. જાહેર કર્યું.

'અખબારોમાં જાત જાતની અફવા મારી પત્ની વિશે છપાયા કરે છે. અમને હેરાન કરવા કે મારી સાથે સંકળાયેલી છે તેથી, તેની મને ખબર નથી, પણ અખબારો અને સરકાર તેને હવે મારે લીધે વધુ હેરાન કરે તેથી બધા સામે વીનીથી હવે હું છૂટો થાઉં છું. દેશની આઝાદી માટેના કપરા સમયના સંઘર્ષમાં તેણે મને સાથ આપ્યો અને અમે લગ્ન કર્યા, પણ દેશની આઝાદી માટેનો સંઘર્ષ, એ.એન.સી.ની જવાબદારી ને સરકારની કનડગતથી અમે સામાન્યતઃ આમ માણસોની જેમ જીવન જીવી ન શક્યાં. છતાંય એકબીજા પ્રત્યેના અમારા પ્યારમાં ઓટ આવી ન હતી. બે દસકા મેં રૉબેન આઇલૅન્ડની જેલમાં કાઢ્યા તોય એકલા અટૂલા રહી તેણે મને પૂરેપૂરો સાથ આપ્યો. એકલા રહી મારાં બાળકોને ઉછેર્યાં ને સારામાં સારી પરવરીશ કરી. સરકારની કનડગતનો પણ તેણે બહાદુરીથી સામનો કર્યો અને આઝાદીની લડતમાં પણ સાથ આપ્યો. તેના પ્રત્યેનો પ્યાર અને આદર વૃદ્ધિ પામતા જ રહ્યા. દુનિયા પણ તેને માનની નજરે જોતી થઈ. મારો પ્યાર હજી એવો ને એવો જ છે. તેમાં લેશમાત્ર ફેર નથી પડ્યો. પણ હમણાં છેલ્લા મહિનાઓમાં અમારે ઘણી બાબતોમાં મતભેદ પડતા. અમે બંનેએ રાજીખુશીથી આ નિર્ણય લીધો છે. છૂટા પડ્યા પછી પણ તેના પ્રત્યેનો મારો ટેકો ચાલુ જ રહેશે. તેમનાથી છૂટા પડતા મને ખૂબ દુઃખ થઈ રહ્યું છે તે તો તમે બધા સમજી શકશો.'

દેશભક્તોના જીવન કેવા દોહ્યલાં હોય છે તેનો હું તો જીવતોજાગતો દાખલો હતો. કઈ સ્ત્રી યુવાનીમાં પરણી, સત્તાવીસ વર્ષ પતિથી જુદી રહી શકે ? તેનો શું વાંક ? હું તો દંતકથા બની ગયો હતો. હવે માનવ બની પાછો તેના જીવનમાં આવ્યો તો એ તેમાં કેવી રીતે ગોઠવાઈ શકે ? અને મુક્તિ પછી તો મારું જીવન હવે વધુ ને વધુ સ્વતંત્રતાની લડતમાં ડૂબી ગયું. કુટુંબને હું શું સમય આપી શકવાનો ?

ઝીંડઝીના લગ્ન વખતે જ તેણે કહ્યું હતું, 'અમને એમ કે અમારે એક પિતા છે ને એક દિવસ તેઓ પાછા આવશે, પણ તેઓ પાછા તો આવ્યા, પણ હેરત એ વાતની થઈ કે અમે પાછા એકલા થઈ

**દેશભક્તોના જીવન કેવા દોહ્યલાં હોય છે તેનો હું તો જીવતોજાગતો દાખલો હતો.**


'મહાવીર કથા', 'ગૌતમ કથા' અને 'ઋષભ કથા'
'નેમ-રાજુલ' કથાની અભૂતપૂર્વ સફળતા બાદ
ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત ત્રણ દિવસીય

**।। શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી કથા ।।**

પોતાની આગવી શૈલીથી પ્રભાવક વાણીમાં પ્રસ્તુત કરશે
જૈનદર્શનનાં આંતરરાષ્ટ્રીય ચિંતક અને પ્રસિદ્ધ સાહિત્યકાર

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

**પરિકલ્પના ડૉ. ધનવંત શાહ**

**તા. ૧૩-૪-૨૦૧૪, રવિવાર, સવારે ૧૦ વાગે**

કલિકાલ કલ્પતરુ પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ • પ્રભુ પાર્શ્વનાથનો ઐતિહાસિક સમય • પાર્શ્વનાથ ભગવાનનું ચ્યવનકલ્યાણક • જન્મકલ્યાણક પાર્શ્વકુમારનો વિવાહ • કમઠ તાપસ અને નાગદંપતીનો ઉદ્ધાર • દીક્ષાકલ્યાણક • દાનનો મહિમા

**તા. ૧૪-૪-૨૦૧૪, સોમવાર, સાંજે ૬ વાગે**

તીર્થંકર સર્જે છે તીર્થ • કલિકુંડ તીર્થ • અહિછત્રા તીર્થ કુર્કુટેશ્વર તીર્થ મેઘમાળીનો ઉપસર્ગ • કેવળજ્ઞાનની પ્રાપ્તિ • ચતુર્વિધ સંઘની સ્થાપના • સાગરદત્તને પ્રતિબોધ • ભગવાનના ચાર શિષ્ય • બંધુદત્તની અને અશોક માળીની કથા

**તા. ૧૫-૪-૨૦૧૪, મંગળવાર, સાંજે ૬ વાગે**

પાર્શ્વપ્રતિમાનો મહિમા • શ્રી શંખેશ્વર તીર્થની સ્થાપના • ધરણેન્દ્ર અને પદ્માવતી • પદ્માવતીની ઉપાસના • પાર્શ્વનાથના પ્રભાવકારી સ્તોત્ર અને મંત્ર • પાર્શ્વનાથનો ઐતિહાસિક વારસોઃ આચાર, ધર્મસંઘ અને શ્રુત ક્ષેત્રે •• શ્રી સમેતશિખર તીર્થ • પ્રભુનું નિર્વાણ • ભગવાનનો પરિવાર • પ્રભુ પાર્શ્વનાથનો દેશવિદેશમાં પ્રભાવ.

**સ્થળ : ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ**

ત્રણ દિવસની કથા અને ડી.વી.ડી. માટે સૌજન્યદાતા આવકાર્ય

નિમંત્રણ-પત્ર માટે સંસ્થાની ઑફિસમાં (૨૩૮૨૦૨૯૬) જલદી નામ નોંધાવવા વિનંતી. વહેલા તે પહેલા ધોરણ સ્વીકાર્ય.

ગયા, કારણ કે તેઓ હવે આખા દેશના પિતા બની ગયા.'

દેશના પિતા બનવું તે એક ગૌરવ હોય છે, પણ કુટુંબના પિતા બનવામાં અનેરો આનંદ હોય છે. કમભાગ્યે હું તેનાથી વંચિત રહી ગયો.''

***દેશના પિતા બનવું તે એક ગૌરવ હોય છે, પણ કુટુંબના પિતા બનવામાં અનેરો આનંદ હોય છે. કમભાગ્યે હું તેનાથી વંચિત રહી ગયો.***

અંગ્રેજો દ્વારા અપાયેલો શારીરિક ત્રાસ અને માનસિક વિટંબણાઓ, એ પણ અમાનુષી કક્ષાની હતી, તો પણ મન્ડેલાએ દક્ષિણ આફ્રિકાના પ્રમુખપદના સોગંદ સમારંભ વખતે પોતાના મનમાં તસુ જેટલો પણ વેરભાવ ન રાખ્યો, અને પહાડ જેટલા ક્ષમાવાન બની એ સર્વેને માન આપ્યું. ડેથ પેનલ્ટીની ભલામણ કરનાર વકીલને વીઆઈપી તરીકે બોલાવ્યા, જુલમ કરનાર જેલરને પણ મુખ્ય મહેમાન તરીકે બેસાડ્યા. મન્ડેલાનું મરણ ઈચ્છનાર એ સમયના દ. આફ્રિકાના અંગ્રેજ પ્રમુખ વેરવુડની વિધવાને આશ્વાસન આપવા ગયા.

**કોઈને ધિક્કારશો નહિ. શમે નહિ વેરથી વેર. ક્ષમાથી મન ઊંચું થાય છે. જે ક્ષમા માગે છે એ મહાન છે, પણ ક્ષમા આપે છે તે તો મહામહાન છે. નેલ્સન મંડેલા આવા મહાન છે.**

આ દક્ષિણ આફ્રિકાની ધરતી જ એવી છે કે ત્યાં ધરતીમાં સોનું પાકે અને ધરતી ઉપર પણ સોના જેવા માણસ પાકે. ગાંધીજી અહીંથી જ મહાત્મા થઈને આવ્યા.

જે સત્યાગ્રહની હવા ગાંધીજી જે ધરતી ઉપર મૂકી ગયા હતા એ ધરતી ઉપર ગાંધીજી પછી ત્રણ વરસે મંડેલા જન્મ્યા અને પોતાની ચળવળમાં ગાંધીજીના આદર્શને પોતાની સમક્ષ રાખી દક્ષિણ આફ્રિકાને અંગ્રેજોની હકુમતથી છોડાવી રંગભેદ અને જાતિભેદ વગરના ઈન્દ્રધનુષી રાષ્ટ્રની જાહેરાત કરી. જેમાં દરેક રંગનું, દરેક પ્રજાનું મહત્ત્વ હોય અને એ જ સાચી લોકશાહી છે અને માનવધર્મ છે.

ચોકીદારથી પ્રમુખ સુધી પહોંચનાર આ મહામાનવના જીવનનો પટ વિશાળ છે, અહીં તો એના ક્ષમાતત્ત્વને બિરદાવવું છે. જે દિવ્ય છે.

આ દિવ્ય આત્માએ ઈશ્વરના અવતાર જેવું કામ કર્યું છે.

શાંતિનું નોબલ પ્રાઈઝ મેળવનાર મન્ડેલા રાષ્ટ્ર પ્રમુખ તરીકેની પોતાની મુદત પૂરી થતાં, ફરી એ સ્થાન ઉપર ન રહેતા નિવૃત્તિ સ્વીકારી.

સંઘર્ષોના નાયક અને શાંતિના મહાનાયક મન્ડેલાએ પ્રમુખ પદ સ્વીકારતી વખતે જે વાક્યો કહ્યા હતા, એ ભારતના રાજકારણીઓને આજે પણ લાગુ પડે છે એટલે એ અક્ષરસઃ અહીં મૂકું છુંઃ-

'આજે તમને બધાને એક સાથે જોઈ આનંદ થાય છે, પણ મારી નમ્ર વિનંતી તમને બધાને છે. આજે તમે, આમાંના ઘણા કેબિનેટ મિનિસ્ટર થયા છે. સત્તા હવે તમારા હાથમાં છે, પણ એ અભિમાનમાં છકી ન જતા, એટલું યાદ રાખજો કે તમને આ દેશની ગરીબ પ્રજાએ પ્રતિનિધિત્વ આપ્યું છે. તેને ભૂલશો નહીં. નહીં તો તમને તેમના દિલમાંથી ફેંકાઈ જતાં વાર નહીં લાગે. તેમની સાથે ભળતા રહેજો. બંગલાઓની કેદમાં બંધાઈ ન જતા. હું તેમની એકતા માટે બધું જ કરી છૂટવા તૈયાર છું.'

આ માનવે વેદનાનો સાગર પીધો છે. એ સિદ્ધિનો સૂર્ય છે, તપેલું શુદ્ધ સોનું છે અને જગત સ્વતંત્ર્યની પ્રેરણા છે.

મહામાનવ મન્ડેલાના સમગ્ર જીવનને વાંચવા એમના જ લખેલા પુસ્તક 'લોન્ગ વે ટુ ફ્રીડમ' પાસે જવું જોઈએ. મારા પ્રબુદ્ધ વાચકોને એ વાંચવાની હું વિનંતિ કરું છું.

ઘોર નિરાશામાંથી આશા કેમ અને ક્યારે ઊગે, સ્વપ્ના કેવા તપથી સાચા પડે એ જાણવું હોય તો એ પુસ્તક પાસે જવું ઘટે.

આ કેદીને જગત આખાએ પોતાની આંખોમાં, હૃદયમાં અને આત્મામાં પ્રેમથી કેદ કર્યો છે, હંમેશ માટે.

**□ધનવંત શાહ**

drdtshah@hotmail.com

(આ લેખ માટે આધારઃ 'સપનાની પેલે પાર, નેલ્સન મંડેલા' : ડૉ. નવીન વિભાકર)

## ગાંધી વાણી

*સત્તાના સિંહાસને બેઠા પછી જે નેતાઓ મને ટેકો આપતા હતા, તેઓ જ મારી અવગણના કરવા માંડ્યા છે! હું કંઈ પણ કહું કે સલાહ આપું તેને ઘરડાના લવારા તરીકે ખપાવે છે! હું જે કહું તેને હસી કાઢવામાં આવે છે. આથી મને લાગ્યું છે કે આ દેશમાં લાંબું જીવવામાં કશો અર્થ નથી.*

*મેં તેમનો સાથ છોડી દીધો ને એકલો જ નીકળી પડ્યો. શું થવા બેઠું છે? આ દેશનું શું થવાનું છે, તે બધું હું ચોખ્ખું જોઈ શકું છું પણ કાળ-સમય સમયનું કામ કરશે. મારે આજે કશું જ કરવું નથી!* ***તમે ધીરજ રાખો, વિધાતા જ્યારે કામ કરવા માંડે છે ત્યારે એક દિવસમાં બધું કરી નાંખે છે અને ત્યારે આ નેતાઓ મોં વકાસતા રહી જશે. આ નેતાઓને સમજણ પણ નહીં પડે કે શું થઈ રહ્યું છે.***

(શ્રી અનસુયા પ્રસાદને પોતાના મૃત્યુના બે દિવસ અગાઉ **ગાંધીજીએ** લખેલ પત્રમાંથી)

સંકલન કર્તા : **સાધક રમેશભાઈ દોશી**

# 'શ્રી રમણગીતા'

☐ ડૉ. નરેશ વેદ

હિન્દુ સનાતન ધર્મના અનુયાયીઓ ભૌતિક દૃષ્ટિએ જનની અને જન્મભૂમિને અને આધ્યાત્મિક દૃષ્ટિએ ગંગા, ગાયત્રી અને 'ગીતા'ને માતા તરીકે માને છે. આથી આ પાંચેય માતાઓ વિશે અનેક સ્તોત્રો, સ્તવનો અને કાવ્યરચનાઓ થયેલી છે. એમાં સૌથી વિશેષ રચનાઓ 'ગીતા' વિશે થયેલી છે.

મહાભારત, શ્રીમદ્ ભાગવત અને અન્ય પુરાણોમાં આવી અનેક 'ગીતા'ઓની વાચના (Text) મળે છે. જેમ કે, ગણેશગીતા, વિષ્ણુગીતા, શિવગીતા, શક્તિગીતા, સતીગીતા, અવધૂતગીતા.

આ બધી 'ગીતા'ઓમાં ચાર ગીતાઓએ હિન્દુ ધર્મપ્રેમીઓના હૃદયમાં અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ છેઃ (૧) 'શ્રીમદ્ ભગવતગીતા' (૨) 'કપિલગીતા' (૩) 'અષ્ટાવક્રગીતા' અને (૪) 'શ્રી રમણગીતા'. આ પહેલાં આ વ્યાખ્યાનમાળામાં આપણે 'અષ્ટાવક્રગીતા' અને 'કપિલગીતા' વિશે વાત કરી હતી. આજે આપણે 'શ્રી રમણગીતા' વિશે વાત કરવી છે.

> ***આ અહંભાવને દૂર કરવો એ જ આત્મપ્રાપ્તિનો એટલે કે સત્ય પ્રાપ્તિનો માર્ગ છે, એવું તેમનું માનવું હતું.***

'શ્રી રમણગીતા'ના રચયિતા હતા શ્રી ગણપતિ મુનિ. તેઓશ્રી રમણ મહર્ષિના પટ્ટશિષ્ય અને ચુસ્ત અનુયાયી હતા. તેઓ મહાતપસ્વી, મંત્રદૃષ્ટા અને આશુકવિ હતા. શ્રી રમણ મહર્ષિ અને તેમનો ગુરુશિષ્ય તરીકેનો સંબંધ અજોડ હતો. મહર્ષિ એમને આદરથી નાયના એટલે કે પિતા કહેતા હતા, કારણ કે તેઓને એમનામાં આત્માનું જ દર્શન થતું હતું.

એમની દ્વારા રચાયેલી આ ગીતાનો પરિચય કરતાં પહેલાં આપણે એમના ગુરુવર્ય રમણ મહર્ષિનો ઈષત્ પરિચય કરી લઈએ. ભારતના આધ્યાત્મિક આકાશમાં છેલ્લા ત્રણસો વર્ષોમાં પ્રકાશેલા પરમ પ્રકાશવાન અને અસાધારણ જ્ઞાન-શક્તિ સંપન્ન નક્ષત્રોમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ, મહર્ષિ અરવિંદ અને શ્રી રમણ મહર્ષિનું સ્થાન ઘણું આગળ પડતું છે.

મદુરા પાસેના એક નાનકડા ગામડામાં સન ૧૮૭૯માં જન્મેલા વેંકટરામનને સોળમા વર્ષે થયેલ ગૂઢ અનુભૂતિને કારણે તેઓ ગૃહત્યાગ કરી તપસ્વી થઈ અરુણાચલમાં આત્મસાધના કરતા રહ્યા. તેમણે અદ્વૈત તત્ત્વજ્ઞાનને પ્રાધાન્ય આપ્યું હતું. જીવ, જગત અને જગદીશ એ બધાં એક જ સર્વવ્યાપી, સર્વકાલીન, પરિપૂર્ણ અને સ્વયંપ્રકાશી આત્માના પ્રગટ રૂપો છે એવો તેમનો મત હતો. અહંભાવને કારણે અદ્વૈત અંજાઈ જાય છે અને 'હું એટલે શરીર' એવી ભાવના બળવત્તર બને છે. સહજ રીતે આ અહંભાવને દૂર કરવો એ જ આત્મપ્રાપ્તિનો એટલે કે સત્ય પ્રાપ્તિનો માર્ગ છે, એવું તેમનું માનવું હતું.

પ્રચલિત સાધના પદ્ધતિઓને એમણે નકારી ન હતી, પરંતુ તેમનો સંપૂર્ણ ઝોક આત્મશોધનના માર્ગ પર હતો. 'હું કોણ છું?' આ પ્રશ્નનો વિચાર કરીને આ 'હું'પણાના મૂળ સ્રોતને શોધી કાઢવા એ જ તેમની સાધના પ્રણાલી હતી. આ આત્મશોધનથી અહંભાવ અને તેણે નિર્માણ કરેલ આત્મસ્વરૂપ પરનું આવરણ દૂર થાય છે અને 'હું'ના સાચા સ્વરૂપનું જ્ઞાન થાય છે એવી તેમની પ્રતીતિ હતી.

તેઓ આ શાસ્ત્રોના અધ્યયન કરતાં પ્રત્યક્ષ સાધના પર વધુ ભાર મૂકતાં. તેમણે પોતાનો કોઈ સંપ્રદાય સ્થાપ્યો નહીં કે પંથ ચલાવ્યો નહિ. તેમણે ઝાઝું લેખન પણ કર્યું નહિ. એમની પદ્ધતિ પ્રશ્નોત્તરની હતી. જિજ્ઞાસુઓના પ્રશ્નોના ઉત્તરરૂપ એમણે જે કાંઈ કહ્યું એ નાની નાની પુસ્તિકાઓરૂપે ગદ્યપદ્યમાં પ્રકાશિત થયેલું છે. શ્રી ગણપતિમુનિએ એમને રમણ મહર્ષિરૂપે સંબોધ્યા; જે એમની પાછળથી મુખ્ય ઓળખ બની ગઈ. મહર્ષિના જીવનકાળમાં જ અનેક ભારતીય અને પાશ્ચાત્ય અનુયાયીઓએ તેમના ઉપદેશને આચરણમાં મૂકવાના પ્રયત્નો કર્યા હતા. સન ૧૯૫૦માં એમણે દેહ છોડ્યો હતો. આજ સુધી એમના અનુયાયીઓ એમના ઉપદેશને અનુસરી રહ્યા છે.

પ્રાચીનકાળના ઋષિમુનિઓમાં પણ અગ્રસ્થાન શોભાવે એટલી ઉચ્ચતમ જ્ઞાનકક્ષા તેમની હતી. તેઓ આત્મનિષ્ઠ તપસ્વી અને મહાજ્ઞાની હતા. એટલે તેઓશ્રીના મુખમાંથી બહાર પડતો શબ્દેશબ્દ જ્ઞાનરૂપ હોય એ સ્વાભાવિક છે.

જુદા જુદા પ્રસંગોએ દૈવરાત, ભારદ્વાજગોત્રી કાર્ષ્ણિ, યતિ યોગનાથ, ભારદ્વાજવંશી કપાલશાસ્ત્રી, શિવવંશજ વૈદર્ભ, ગણપતિમુનિ અને એમના પત્ની વિશાલાક્ષી જેવા જિજ્ઞાસુઓ દ્વારા તેમને પૂછાયેલા પ્રશ્નોના તેઓશ્રીએ જે ઉત્તરો આપ્યા, તેમાંના મુખ્ય અને મહત્ત્વના વિષયોને કાવ્યરૂપ આપીને એમના પટ્ટશિષ્ય શ્રી ગણપતિમુનિએ 'શ્રીમદ્ ભગવતગીતા' પ્રમાણે જ સુંદર અને સચોટ રીતે ગૂંથી લઈ 'શ્રી રમણગીતા' રચી છે, જેને કારણે આ ગીતાએ આપણા પ્રમાણભૂત ધર્મગ્રંથોમાં અગત્યનું સ્થાન મેળવી લીધું છે.

'શ્રી રમણગીતા' 'શ્રીમદ્ ભગવતગીતા'ની માફક સંસ્કૃત ભાષામાં પદ્યમાં છંદોબદ્ધ રૂપમાં નાના નાના અઢાર અધ્યાયોમાં વહેંચાયેલી છે. અન્ય ગીતાઓની માફક એમાં પણ જિજ્ઞાસુના પ્રશ્નો અને ગુરુના ઉત્તરો એવી સંવાદપદ્ધતિ અખત્યાર કરવામાં આવેલી છે. એનો એક જ શ્લોક ખુદ મહર્ષિએ રચેલો છે. છતાંય ઉપોદ્ઘાતના લેખક શ્રી ગ્રાન્ટ ડફ કહે છે તેમ આ આખા ગ્રંથમાં તેમની અકથ્ય હાજરીની

સીધી પ્રેરણા ભરેલી છે. તેમના વિચારોની પ્રેરણા કરતાંયે તેમની હાજરીની પ્રેરણા ચડી જાય છે. કારણ કે એ હાજરીમાં અરુણાચલના આત્મનિષ્ઠ સાધક ભગવાનનું પૂર્ણ દર્શન સમાઈ જાય છે. હવે આ ગ્રંથના વિષયવસ્તુનો પરિચય કરીએ.

પહેલા અધ્યાયમાં ઉપાસના અને જ્ઞાનનું સ્વરૂપ સમજાવતાં મહર્ષિ કહે છેઃ ઉપાસના વિના સિદ્ધિ કદાપિ મળતી નથી. અભ્યાસ દરમિયાન સહજ સ્થિતિ થાય છે તેને ઉપાસના કહે છે, જ્યારે એ સ્થિતિ સ્થિર સિદ્ધિને પ્રાપ્ત કરે છે ત્યારે જ તેને જ્ઞાન કહેવાય છે. વિષયોનો ત્યાગ કરીને આત્મરૂપ કરવામાં આવતી સંસ્થિતિ એ જ્ઞાનજ્યોતિ છે અને તે જ આત્માની સહજસ્થિતિ કહેવાય છે.

***ઉપાસના વિના સિદ્ધિ કદાપિ મળતી નથી. અભ્યાસ દરમિયાન સહજ સ્થિતિ થાય છે તેને ઉપાસના કહે છે, જ્યારે એ સ્થિતિ સ્થિર સિદ્ધિને પ્રાપ્ત કરે છે ત્યારે જ તેને જ્ઞાન કહેવાય છે.***

માત્ર શાસ્ત્રચર્ચા વડે જિજ્ઞાસુને સિદ્ધિ મળતી નથી. કેવળ આત્મનિષ્ઠા વડે જ સકલ બંધનોમાંથી મુક્તિ મળે છે. સત્યાસત્યનો વિવેક એ તો વૈરાગ્યનું સાધન કહેવાય. ગંભીરજ્ઞાની કેવળ આત્મરૂપમાં જ સદા સ્થિર રહે છે. તે વિશ્વને નથી અસત્ય માનતો; નથી પોતાનાથી જુદું ગણતો.

વાસનારહિત થઈને મૌન વડે જ્યારે સાધક સહજસ્થિતિમાં સ્થિર થાય છે ત્યારે તે જ્ઞાની નિઃસંદેહ આત્માના દર્શન કરે છે. સર્વ ભૂતો પ્રત્યે સમભાવ હોવો એ ચિહ્ન પરથી જ્ઞાનીને ઓળખી શકાય છે. કામનાની પ્રાપ્તિ માટે શરૂ કરેલી સમાધિથી કામના સફળ થાય છે. પણ યોગનો અભ્યાસ કરતાં જો કોઈ મનુષ્ય જ્ઞાની થઈ જાય અને પછી તેની કામના સફળ થાય તોયે તેને હર્ષ થતો નથી.

બીજા અધ્યાયમાં સાધનાના ત્રણ માર્ગોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. મહર્ષિનું કહેવાનું છે કે હૃદયગુફાની મધ્યમાં કેવળ બ્રહ્મ જ 'અહં અહં' તરીકે સાક્ષાત્ આત્મરૂપે વિલસી રહ્યું છે. જિજ્ઞાસુ સાધકે તેની શોધ કરતાં કરતાં મન એકાગ્ર કરી, એમાં મજ્જન કરી અથવા પ્રાણનું રોધન કરીને હૃદયમાં પ્રવેશ કરીને આત્મનિષ્ઠ થવાનું રહે છે. મતલબ કે ઉપરથી જુદા દેખાતા પણ તત્ત્વતઃ એક જેવા ઉપાસનાના ત્રણ માર્ગો છે. તે છેઃ (૧) માર્ગણા (વિચાર અથવા શોધ), (૨) મજ્જન (ડૂબકી મારવી અથવા લીન થવું) અને (૩) પ્રાણરોધ (શ્વાસનું રોધન).

ત્રીજા અધ્યાયમાં મનુષ્યનું જીવનમાં મુખ્ય કર્તવ્ય શું હોઈ શકે એ પ્રશ્નનો ઉત્તર આપતાં મહર્ષિએ કહ્યું છે કે મનુષ્યનું મુખ્ય કર્તવ્ય પોતાના સ્વરૂપને જાણી લેવું તે છે. તેમાં જ તેના બધાં કર્મો અને ફળોની પ્રતિષ્ઠા સમાઈ જાય છે. સ્વ-સ્વરૂપને જાણવા માટે સાધકે સર્વ વૃત્તિઓને પ્રયત્નપૂર્વક વિષયોમાંથી બહાર કાઢીને ઉપાધિ વિનાના અચળ આત્મસ્વરૂપના વિચારમાં સ્થિર હોવું જોઈએ. સત્સાધકોના પ્રયત્નોમાં નિયમો હંમેશાં સહાયરૂપ થાય છે. જ્યારે કૃતકૃત્ય થયેલા સિદ્ધિના નિયમો આપોઆપ ગળી જાય છે.

વિચારસાધનની માફક અચંચળ મન અથવા પ્રણવના નિરંતર જપથી પણ શ્રદ્ધાવાન મનુષ્યોને સિદ્ધિ મળે છે. મંત્રો અથવા શુદ્ધ પ્રણવના જપથી વૃત્તિઓ વિષયોમાંથી બહાર નીકળીને સ્વસ્વરૂપાત્મિકા (આત્મનિષ્ઠ) બને છે.

ચોથા અધ્યાયમાં જ્ઞાનનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. 'હું બ્રહ્મ છું', 'બ્રહ્મ હું છું', 'હું સર્વ છું', 'આ સર્વ કાંઈ બ્રહ્મ છે' એવી ચાર વૃત્તિઓ એ જ્ઞાન નથી પરંતુ ભાવનાઓ છે. જ્ઞાન તો શુદ્ધ સ્વરૂપસ્થિતિને કહેવાય. સ્વાત્મભૂત એવા બ્રહ્મને જાણવા માટે જ્યારે વૃત્તિ પ્રવૃત્ત થાય છે ત્યારે તે સ્વાત્માકાર થઈ જઈ તેનાથી જુદો રહેતો નથી.

પાંચમા અધ્યાયનો વિષય છેઃ હૃદયવિદ્યા. દેહધારી મનુષ્યોની બધી વૃત્તિઓ જ્યાંથી નીકળે છે તેને 'હૃદય' કહે છે. તેનું વર્ણન ભાવનારૂપે જ થઈ શકે. અહંવૃત્તિ બધી વૃત્તિઓનું મૂળ છે. જ્યાંથી આ અહંબુદ્ધિ ઉદ્ભવે છે તે સ્થાન હૃદય છે. આ હૃદયનું સ્થાન છાતીની ડાબી બાજુએ નહિ પણ જમણી બાજુએ છે. તેમાંથી જ જ્યોતિ સુષુમ્ણા નાડી દ્વારા સહસ્રાર સુધી વહે છે. સહસ્રારથી એ જ્યોતિ અસંખ્ય નાડીઓ દ્વારા આખા શરીરમાં પ્રસરે છે ત્યારે જ લોકોને સ્થૂળ જગતનો અનુભવ થાય છે. એ અનુભવોને ભેદદૃષ્ટિથી જોવાથી મનુષ્ય સંસારી બને છે. ભેદભાવનો ત્યાગ કરેલો હોય તો વિષયોનો નિકટ સંબંધ થવા છતાંયે મનનો યોગભંગ થતો નથી. ભેદભાવ ગ્રહણ કરવા છતાં આત્મરૂપમાં જે સ્થિર બુદ્ધિ થાય છે તેને સહજસ્થિતિ કહે છે અને જેમાં વિષયોની હસ્તીનું ભાન ન હોય તેને નિર્વિકલ્પ સમાધિ કહે છે. દૃષ્ટા અને દૃશ્યનો ભેદ મનમાં જ છે. અખિલ બ્રહ્માંડ શરીરમાં અને સારુંય શરીર હૃદયમાં સમાયેલું છે. આ હૃદય જ અખિલ બ્રહ્માંડનો રૂપસંગ્રહ છે. જગત મનથી નિરાળું નથી અને મન હૃદયથી નિરાળું નથી. સર્વકાંઈ હૃદયમાં જ સમાઈ જાય છે. જ્ઞાનીઓ પ્રજ્ઞાનનો વાચ્યાર્થ મન અને લક્ષ્યાર્થ હૃદય કરે છે. હૃદયમાં સ્થિત થયેલાઓની નજરમાં દૃષ્ટા-દૃશ્ય એક જ છે.

છઠ્ઠા અધ્યાયમાં મનોનિગ્રહના ઉપાયો બતાવ્યા છે. નિત્ય વૃત્તિઓમાં પરોવાયેલા અને વિષયમાં આસક્ત થયેલા મનુષ્યોને બલવાન વાસનાઓને લીધે મનનો નિગ્રહ કરવાનું મુશ્કેલ થાય છે. પ્રાણરોધ વડે વૃત્તિનો નિરોધ સધાય છે. પ્રાણરોધ એટલે મન વડે શ્વાસનું નિરીક્ષણ કરવું તે. આ પ્રમાણે સતત નિરીક્ષણ વડે કુંભક થાય. જેઓને આ વિધિથી કુંભક સિદ્ધ કરવાનું શક્ય બને નહિ તેઓએ હઠયોગના વિધાન પ્રમાણે કુંભક સાધી લેવો.

મનોનિગ્રહ માટે એકએક ગણો રેચક અને પૂરક કરવો અને ચાર ગણો કુંભક કરવો. આમ કરવાથી નાડીશુદ્ધિ થાય છે. નાડીશુદ્ધિ પછી ક્રમે ક્રમે શ્વાસનો નિરોધ થાય છે. પ્રાણના સર્વ પ્રકારના નિરોધને

શુદ્ધ કુંભક કહે છે. દેહાત્મભાવના ત્યાગને રેચક, આત્માના અનુસંધાનને પૂરક અને સહજસ્થિતિને કુંભક કહે છે.

આ ઉપરાંત, મંત્રોના જપથી પણ મનનો નિગ્રહ થાય છે. એમાં મંત્ર, પ્રાણ અને મનની એકતા સિદ્ધિ થાય છે. મંત્રાક્ષરોનું પ્રાણ જોડે થયેલું ઐક્ય ધ્યાન કહેવાય. દૃઢભૂમિવાળું ધ્યાન સહજ સ્થિતિ મેળવવાનું સાધન છે. વળી, જેઓનું ચિત્ત સદ્‌વસ્તુઓમાં પરોવાયેલું છે એવા મહાત્માઓનો નિત્ય સત્સંગ કરતા રહેવાથી મન સ્વસ્થાનમાં લીન થાય છે.

**જેની બુદ્ધિ દેહની અનિત્યતાને સ્વીકારે છે, તેવો મનુષ્ય આત્મવિચારનો અધિકારી ગણાય છે.**

સાતમા અધ્યાયમાં આત્મવિચારના અધિકારીઓ કોણ બની શકે છે એની વિગતો અપાઈ છે. આ જન્મમાં ઉપાસનાદિ વડે અથવા પૂર્વ જન્મના સત્કર્મો વડે જે શુદ્ધ થયેલો છે, જેનું મન, શરીર અને વિષયોને દોષવત્ જુએ છે, વિષયોમાં પરોવાવા છતાં તેના પ્રત્યે જેના મનમાં અતિશય અરુચિ છે અને જેની બુદ્ધિ દેહની અનિત્યતાને સ્વીકારે છે, તેવો મનુષ્ય આત્મવિચારનો અધિકારી ગણાય છે. દેહ નાશવંત છે એવી બુદ્ધિ અને વિષયો પરત્વે વૈરાગ્ય : આ બે લક્ષણો પરથી લોકોએ પોતાનો અધિકાર કેટલો છે તે જાણી લેવું ઘટે.

આઠમા અધ્યાયમાં આશ્રમવિચાર જ રજૂ થયો છે. બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યાસી, સ્ત્રી, શૂદ્ર અથવા કોઈપણ જે પરિપક્વ થયું હોય તે બ્રહ્મવિચાર કરી શકે છે. પરબ્રહ્મની પ્રાપ્તિ માટે આશ્રમોનો ક્રમ પગથિયાંની જેમ યોજાયેલો છે. જો કે અત્યંત પક્વ ચિત્તવાળા માટે ક્રમની જરૂર રહેતી નથી. લોકકાર્યોની સિદ્ધિ માટે પણ આશ્રમોનો ક્રમ યોજવામાં આવેલો છે. આશ્રમોની યોજના અનેક વિઘ્નોના નાશ માટે છે. વિદ્યા અને જ્ઞાનવૃદ્ધિ માટે બ્રહ્મચર્યાશ્રમ, સર્વના ઉપકાર માટે ગૃહસ્થાશ્રમ, તપ માટે વાનપ્રસ્થાશ્રમ અને નિર્મળ જ્ઞાન પ્રાપ્તિ માટે પાપક્ષય માટે સંન્યાસ આશ્રમ છે.

નવમા અધ્યાયમાં ગ્રંથિ અને એના છેદન વિશે કહેવાયું છે. નાડીબંધ અને અભિમાન એ બે ગ્રંથિઓ ગણાય છે. આત્મા સૂક્ષ્મ હોવા છતાં, તે નાડીબંધ દ્વારા આખા સ્થૂળ જગતને જુએ છે. જ્યારે આત્મજ્યોતિ બધી નાડીઓમાંથી છૂટો પડીને એક જ સુષુમ્ણા નાડીમાં આશ્રય લે છે ત્યારે ગ્રંથિનું છેદન થઈ આત્મભાવ જાગ્રત થાય છે. જેને અંદર-બહાર અને બધી બાજુએ આત્મા જ દેખાય છે તેની ગ્રંથિઓનું છેદન થઈ ગયેલું સમજવું. જ્યારે ગ્રંથિછેદન થાય છે ત્યારે પૂર્વ વાસનાઓનો ક્ષય થાય છે અને શરીર ન હોવાને કારણે તેનું કર્તાપણું રહેતું નથી. કર્તાપણાના અભાવને લીધે તેના સર્વ કર્મોનો વિનાશ થાય છે. વળી, એકવાર ગ્રંથિ છૂટી ગયા પછી તે ફરીથી બંધાતી નથી. એ સ્થિતિને પરમ શક્તિ તથા પરમ શાંતિ કહેવાય છે.

**જેને અંદર-બહાર અને બધી બાજુએ આત્મા જ દેખાય છે તેની ગ્રંથિઓનું છેદન થઈ ગયેલું સમજવું.**

દસમા અધ્યાયમાં સંઘવિદ્યા વિશે નિરૂપણ છે. સંઘને શરીર જેવો અને સાંઘિકોને પોતપોતાના કામો કરીને શોભનારાં અવયવો જેવા સમજવા. શક્તિ વડે સંઘની ઉન્નતિ અને બાદમાં ત્યાં શાંતિની સ્થાપના કરવી જરૂરી હોય છે. સંઘનું શ્રેષ્ઠ સામુદાયિક ધ્યેય સમભાવ દ્વારા બંધુભાવ સાધવો તે છે.

અગિયારમા અધ્યાયમાં જ્ઞાન અને સિદ્ધિની સમરસતા વિશે નિરૂપણ છે. સહજ સ્થિતિમાં આરૂઢ થયેલો સાધક સ્વભાવતઃ નિત્ય કઠિન તપશ્ચર્યા કરે છે અને તે સહજ સ્થિતિમાં આળસ કરતો નથી. આવી સહજ આત્મનિષ્ઠા જ ખરી કઠિન તપશ્ચર્યા છે. આવા નિત્ય તપ વડે ક્ષણેક્ષણે પરિપક્વતા આવે છે. **પ્રયત્ન કર્યા વિના જે તપ થાય તે સહજ સ્થિતિ કહેવાય છે.** આવી સ્થિતિમાં રહેવાથી જે પરિપક્વતા આવે છે તેનાથી શક્તિઓનો ઉદ્‌ભવ થાય છે.

બારમા અધ્યાયમાં આ શક્તિ એટલે શું અને કોણ એ સમજાવ્યું છે. પરમાત્મા પોતાની પરાશક્તિ વડે સક્રિય થતો દેખાવા છતાં તે અચળ છે. આ સક્રિયતાને જ શક્તિ કહે છે. શક્તિ વિના સ્વરૂપની પ્રતીતિ થતી નથી. શક્તિ ન હોય તો સૃષ્ટિ નથી તેમ ત્રિપુટીમય જ્ઞાન પણ નથી. પરાત્પર શક્તિનાં બે નામો છેઃ પુરુષ અને પ્રકૃતિ. એ એક જ પરમ વસ્તુને કોઈ શક્તિ, કોઈ સ્વરૂપ, કોઈ બ્રહ્મ તો વળી કોઈ પુરુષ કહે છે. શક્તિ ઉલ્લાસ નામક આ સૃષ્ટિ ઈશકલ્પના જ છે. જો એ કલ્પનાથી અતીત થઈએ તો સ્વરૂપ જ શેષ રહે છે.

તેરમા અધ્યાયમાં નારીના ગૃહત્યાગ અને સંન્યાસિનીના તથા જીવન્મુક્ત નારીના દેહપાત પછીની ક્રિયા વિશેના અધિકારની વાત છે. શાસ્ત્રમાં નિષેધ નથી એટલે સ્વરૂપનિષ્ઠ અને પરિપક્વ સ્ત્રીઓને માટે સંન્યાસ દોષકર નથી. વળી, પુરુષ અને સ્ત્રીની મુક્તિ અને બોધમાં કશો ફરક નથી એટલે જીવન્મુક્ત સ્ત્રીના દેહનું દહન કરવું ન જોઈએ, કારણ કે તેનો દેહ દેવાલય જ હોય છે.

ચૌદમા અધ્યાયમાં જીવનમુક્ત અને જીવનમુક્તિ સંબંધી માર્ગદર્શન છે. શાસ્ત્રના અભ્યાસ અને લોકસંગથી ચલિત ન થાય એવી સુદૃઢ સ્વરૂપનિષ્ઠાને જીવનમુક્તિ કહે છે. જીવન દરમ્યાન જેનો બંધ છૂટી જાય છે તેને જીવનમુક્ત કહે છે. જે મહાત્મા આત્મરૂપમાં સ્થિત હોય છે તે જીવતાં જ મુક્ત થાય છે. તેના પ્રાણ આત્મામાં લીન થઈ જાય છે. દેહવાન અને દેહરહિત એવા બંને પ્રકારના મુક્ત પુરુષો આત્મનિષ્ઠ જ હોય છે. એ પુરુષને નાડી દ્વારા અર્ચિરાદિ માર્ગે ઊર્ધ્વ ગતિ મળે છે. તે પોતાની ઈચ્છા મુજબ અનેક દેહને ધારણ કરી સર્વ લોકમાં ફરીને અનુગ્રહ કરે છે. મુક્તોને પ્રાપ્ત થતા લોકને કોઈ જ્ઞાનીઓ કૈલાસ કહે છે, કોઈ વૈકુંઠ તો કોઈ વળી આદિત્યમંડળ કહે છે.

પંદરમા અધ્યાયમાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનના ખ્યાલો

સમજાવાયા છે. આચાર્ય દ્વારા ઉપનિષદના વાક્યોને વ્યાખ્યાન સાથે સાંભળવા અથવા આત્મજ્ઞાની આચાર્યના મુખેથી સ્વરૂપનો બોધ કરનારા વચનોનું શ્રવણ કરવું અથવા અહંપ્રત્યયનું મૂળ આત્મા જ છે અને તે શરીરાદિથી જુદો છે એમ ચિત્ત દ્વારા સમજવું એ જ શ્રવણ છે.

શાસ્ત્રાર્થના વિચારોને વાગોળવાને કોઈ મનન કહે છે. પણ ખરેખર તો સ્વ-રૂપનો વિચાર કરતાં રહેવું એ મનન છે. જ્યારે સ્વરૂપસ્થિતિને નિદિધ્યાસન કહે છે. સેંકડો શાસ્ત્રગ્રંથોની ચર્ચા વડે પણ સ્વરૂપસ્થિતિ વિના પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી. જો સ્વરૂપસ્થિતિ સહજ થઈ જાય તો તે જ મુક્તિ, પરાનિષ્ઠા અથવા સાક્ષાત્કાર કહેવાય.

**આવી આત્મસિદ્ધિ મેળવવા માટે આપણે ક્યાં અને કેવી રીતે ધ્યાન ધરવું અને કઈ સાધના કરવી એ આ ગીતામાં સચોટપણે દર્શાવવામાં આવ્યું છે.**

સોળમા અધ્યાયમાં ભક્તિનું સ્વરૂપ અને કાર્ય શું છે તે સમજાવવામાં આવ્યું છે. તેલની ધાર જેવી અખંડ પ્રીતિને ભક્તિ કહે છે. આવી પ્રીતિ ભક્તની ઈચ્છા હોય કે ન હોય તો પણ તેની બુદ્ધિને સ્વસ્વરૂપ તરફ દોરી જાય છે. નામરૂપ કલ્પીને દેવતાની ભક્તિ કરવાથી, એ નામરૂપને પ્રભાવે જ નામરૂપ ઉપર વિજય મળે છે. એવી ભક્તિ જ્ઞાનની પરિપૂર્ણતાએ પહોંચાડે છે. સકામ ભક્તિ કરનારની કામના પૂર્વ થવા છતાં તે અતૃપ્ત જ રહે છે. આથી તે અંતે શાશ્વત સુખ સારું પુનઃ ઈશ્વરને ભજે છે. આ રીતે વધતી જતી ભક્તિ યોગ્ય સમયે પૂર્ણ બને છે અને જેમ જ્ઞાન વડે તરી જવાય તેમ આવી પરાભક્તિ વડે પણ ભવસાગર તરી જવાય.

સત્તરમા અધ્યાયમાં જ્ઞાન એટલે શું અને એની પ્રાપ્તિ કેવી રીતે થાય તેની સમજૂતી અપાઈ છે. જ્ઞાન અચળ અનુભવને કહે છે. આવું જ્ઞાન પ્રતિદિન થોડું થોડું એમ ક્રમશઃ મળતું નથી પણ જ્યારે અભ્યાસનો પરિપાક થાય છે ત્યારે એકદમ પ્રકાશી ઉઠે છે. શાસ્ત્રોમાં વિદ્વાનોએ જ્ઞાનની વિવિધ ભૂમિકાઓ નિર્દેશી છે, એ બધી ભૂમિકાઓ મુક્તિના પ્રકારોની માફક બીજાઓની બુદ્ધિએ કલ્પેલી છે. જ્ઞાનીઓને મતે તો જ્ઞાન એક જ છે. આવું પ્રજ્ઞાન એકવાર સિદ્ધ થયા પછી અજ્ઞાનનું વૈરી હોવાથી, વ્યવહારના સંસર્ગ છતાં, પાછું પરાભવ પામતું નથી.

અઢારમા અધ્યાયમાં શ્રી રમણ મહર્ષિના સિદ્ધ મહિમાનું કિર્તન છે.

આમ, આ ગીતામાં (૧) ઉપાસનાનું પ્રાધાન્ય (૨) ઉપાસનાના માર્ગો (૩) મનુષ્યનું મુખ્ય જીવનકર્તવ્ય (૪) જ્ઞાનનું સ્વરૂપ (૫) હૃદયવિદ્યા (૬) મનોનિગ્રહના ઉપાયો (૭) આત્મવિચારના અધિકારીઓ (૮) આશ્રમવિચાર (૯) ગ્રંથિઓનું છેદન (૧૦) સંઘવિદ્યા (૧૧) જ્ઞાન અને સિદ્ધિની સમરસતા (૧૨) શક્તિવિચાર (૧૩) સંન્યાસમાં સ્ત્રીપુરુષનો સમાન અધિકાર (૧૪) જીવનમુક્ત અને મુક્તિનો વિચાર (૧૫) શ્રવણ, મનન અને નિદિધ્યાસનની સમજૂતી (૧૬) ભક્તિવિચાર (૧૭) જ્ઞાન પ્રાપ્તિવિચાર અને (૧૮) સિદ્ધ મહિમાનું કીર્તન એવા અઢાર અધ્યાયોમાં સાધકને જીવન અને અધ્યાત્મની સાધના સંદર્ભે મનમાં ઊઠતા સર્વ સવાલોમાં માર્ગદર્શન અપાયું છે.

આત્મસિદ્ધિ પામવી એ મુશ્કેલ કાર્ય જરૂર છે પણ ખૂબ મુશ્કેલ નથી. એ પ્રાપ્ત કરવા માટ એમાં ધ્યેયને વળગી રહેવાના ભારે નિશ્ચયની અને મનની એકાગ્રતાની જરૂર રહે છે. જો આ સાધી શકાય તો આ જન્મમાં અથવા પછીના જન્મોમાં આત્મસિદ્ધિ મેળવી શકાય. આવી આત્મસિદ્ધિ મેળવવા માટે આપણે ક્યાં અને કેવી રીતે ધ્યાન ધરવું અને કઈ સાધના કરવી એ આ ગીતામાં સચોટપણે દર્શાવવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં ગૂંથેલા શ્રી રમણ મહર્ષિના ઉત્તરો સાધકો માટે ઘણાં જ મહત્ત્વના હોઈ તેઓને સાધનામાં માર્ગદર્શક થઈ પડે તેવા છે. 'ધી એથેનિયમ'ના સંપાદક શ્રી ગ્રાંટ ડફે આ ગ્રંથના ઉપોદ્ઘાતમાં સાચું જ કહ્યું છે કે 'આ ગીતા ખાસ કરીને વ્યવહારુ માર્ગદર્શિકા છે. નકામી ચર્ચાઓ છોડીને સીધા ધ્યેયને પહોંચવા ઈચ્છનાર સાધકને માટે જે જે જરૂરી છે એ સઘળુંય આ ગ્રંથમાં છે.'

'શ્રીમદ્ ભગવત ગીતા'ની માફક આ ગીતાની ભાષા ગૌરવશાળી છે અને છંદ રચના અખંડ ધારાવાહી છે. 'ગીતા'ના અનુષ્ટુપની બરોબરી કરે એવા અનુષ્ટુપ આ ગીતામાં છે.

જેમને આત્મસાધના કરી આત્મદર્શન અને આત્મસિદ્ધિ પામવી છે તેમને માટે સાધનાનો સાચો પથ દર્શાવી યથાયોગ્ય માર્ગદર્શન આપતી આ ગીતા, આ કારણે જ, ભારતીય અધ્યાત્મ ગ્રંથોમાં માનભેર સ્થાન પામી છે.

✷✷✷

૭૯મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૭-૯-૨૦૧૩ના આપેલું વક્તવ્ય.

૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વી. વી. નગર.
Tele. : 0269-2233750. Mobile : 09825100033, 09727333000

## STORY TELLING

અંગ્રેજી માધ્યમમાં ભણેલા આજના કિશોર અને યુવાનોને અંગ્રેજીમાં જૈન ધર્મની કથા કહેશું તો આ પેઢીને આ દ્વારા જૈન ધર્મના તત્ત્વ અને આચારની ખબર પડશે. જે એમના સંસ્કારને ઉજળા કરશે.

આ માટે આ સંસ્થા શ્રી મું. જૈ. યુ. સંઘ-મુંબઈના પ્રતિનિધિઓ મુંબઈના ઉપાશ્રયમાં જઈ ૫ થી ૨૦ વર્ષના બાળકોને અંગ્રેજીમાં કથા કહેવાનું અભિયાન શરૂ કરશે.

જૈન ધર્મના પ્રચાર માટે આ અભિયાનમાં સાથ આપવા માંગતા હોય એવા અંગ્રેજી જાણનાર બહેનોને અમે નિમંત્રણ પાઠવીએ છીએ.

સંપર્ક : **ડૉ. રેણુકા પોરવાલ-૯૮૨૧૮૭૭૩૨૭**
**ડૉ. કામિની ગોગરી-૯૮૧૯૧૬૪૫૦૫**

# શ્રુતજ્ઞાન-પ્રાતિભજ્ઞાન અને કેવળજ્ઞાન અર્થાત્ શ્રુતજ્ઞાનથી કેવળજ્ઞાન સુધીની યાત્રા

❑ સેવંતીલાલ શાંતિલાલ પટણી

જૈનદર્શનનો નીચોડ છે આત્મા અને તેના સ્વરૂપનું પ્રતિપાદન. જૈનદર્શન એ આત્માની ખોજનું દર્શન છે. એટલે જ એ અધ્યાત્મ પ્રધાન દર્શન કહેવાય છે. ચિંતનની કે સાધનાની અંતિમ પરિણતિ કે અંતિમ લક્ષ મોક્ષ છે. (સિદ્ધત્વની પ્રાપ્તિ). મોક્ષ એ સાધ્ય છે. જ્યારે ધર્મ અને દર્શન તેની સાધના છે. દર્શનનો અર્થ છે તત્ત્વજ્ઞાન દ્વારા સત્યનો સાક્ષાત્કાર કરવાનો માર્ગ બતાવે તે. જ્યારે ધર્મ એ માર્ગ પર આચરણ દ્વારા ચાલવા પ્રેરિત કરે છે. અર્થાત્ ધર્મ એ વિજ્ઞાન છે અને દર્શન તેની પ્રયોગશાળા છે. એનું ફળ એ ચારિત્ર છે અને પરિણામે મોક્ષની પ્રાપ્તિ છે. આ તીર્થંકર પરમાત્માએ કરેલું પ્રદાન છે.

સમકિત એ આત્મોન્નતિનું અર્થાત્ ધર્મનું મૂળ છે અને મોક્ષનું બીજ પણ કહેવાય છે. મોક્ષનું પ્રથમ દ્વાર એવા સમકિતની પ્રાપ્તિ કર્યા બાદ વરસોની કઠોર સાધના, ઉપાસના કે આરાધના કરીને આત્માના શત્રુ એવા ચાર ઘનઘાતિ કર્મોનો ક્ષય કરીને વીતરાગી બની યથાખ્યાત ચરિત્ર પાળીને આત્મા અંતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે, જે પરમાત્મા કહેવાય છે. ચોસઠ ઈન્દ્રાદિ દેવ-દેવતાઓ સમોવસરણની રચના કરે છે. પરમાત્મા સમવોસરણમાં બિરાજમાન થઈ દેશના આપે છે. ગણધરોને પ્રતિષ્ઠિત કરી તીર્થની સ્થાપના કરે છે અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને આ જગતનું સર્વશ્રેષ્ઠ પદ એટલે તીર્થંકર બને છે. સર્વ શ્રુતજ્ઞાનની માતા (અષ્ટપ્રવચન માતા), અનેકાંતવાદની જનની કે જેમાં આ જગતની સર્વ ફિલોસોફી સમાઈ જાય એવી ત્રિપદી કે ઉપન્નેઈવા, વિગમેઈવા, ધ્રુવેઈવા એવી ત્રિપદિ ગણધરોને પ્રદાન કરી, અર્થથી ઉપદેશ આપે છે. એ દ્વારા સર્વશબ્દસન્નિપાતિ, બીજબુદ્ધિધારક પ્રતિભાશાળી ગણધરો ઔતત્પાતિક બુદ્ધિ દ્વારા સૂત્રોની રચના કરી દ્વાદશાંગી રૂપે શ્રુતજ્ઞાનની નિર્મિતી કરે છે. જેને આપણે આગમો કહીએ છીએ.

આગમોમાં તત્ત્વજ્ઞાન વિષે સાંગોપાંગ ચર્ચા કરવામાં આવી છે. તત્ત્વ શબ્દ તત્+ત્વ એમ બે શબ્દોના સમાસથી બનેલો છે. તત્ એટલે તે તે જગતના પદાર્થો (પદાર્થ કે જેને નામ આપી શકાય એવા જગતના સર્વે પદાર્થો) અને ત્વ એટલે તેના સ્વરૂપને જાણવું. અર્થાત્ આ જગતમાં જે પદાર્થ ખરેખર જેવો છે, તેવું તેનું જે સ્વરૂપ છે તે પદાર્થનું યથાર્થ જ્ઞાન તેને તત્ત્વ કહેવાય છે. અને તે તત્ત્વનું યથાર્થ જ્ઞાન તેને તત્ત્વજ્ઞાન કહેવાય છે.

**શ્રુતજ્ઞાન :** જે અધ્યાત્મ દૃષ્ટિ દ્વારા પરમાત્મપદ જાણી શકાય છે તે આંતરદૃષ્ટિને જ્ઞાન કહેવાય છે. અર્થાત્ જેનાથી આત્મતત્ત્વ જણાય તે જ્ઞાન કહેવાય છે. શાસ્ત્રકારોએ જ્ઞાનના પાંચ પ્રકારો બતાવ્યા છે. તેમાં પહેલાં બે પ્રકાર મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. એ પરોક્ષજ્ઞાન એટલા માટે કહેવાય છે કે તે ઈન્દ્રિયસાન્નિકર્ષજન્ય જ્ઞાન છે. અર્થાત્ તે ઈન્દ્રિયો અને મન દ્વારા પ્રાપ્ત થાય છે. જ્યારે બાકીના ત્રણ જ્ઞાન એટલે અવધિજ્ઞાન, મનપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનને પ્રત્યક્ષ જ્ઞાન તરીકે ગણવામાં આવ્યા છે. પ્રત્યક્ષ જ્ઞાન એટલે ઈન્દ્રિયો કે મન ઈત્યાદિ કોઈપણ વસ્તુની સહાયતા વિના આત્માને જે સાક્ષાત્ બોધ થાય તેને પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. અવધિજ્ઞાન અને મનપર્યવજ્ઞાનને તે તે આવરણના ક્ષયોપશમજન્ય હોવાથી તે જ્ઞાનને વિકલજ્ઞાન કહેવાય છે. જ્યારે કેવળજ્ઞાનને સકલ કહેવાય છે. અહીંયાં એક વાત સમજવા જેવી છે. આ પાર્થિવ દેહ (ઈન્દ્રિયો કે જે દેહના અંગ છે) અને દેહાલયમાં વસતો હું એટલે આત્મા એ બન્ને આકાશ પ્રદેશના વાસી છે. આ દેહ એ પાર્થિવ છે અને દેહાલયમાં વસતો આત્મા એ દૈવી છે. આ બન્નેનો સમન્વય અને સંગમ અદ્‌ભુત રીતે સધાયો છે. આ મનુષ્યને કુદરત કે નિસર્ગ દ્વારા પ્રાપ્ત થયેલ અદ્‌ભુત દૈવિ દેન કે વરદાન છે. મનને લીધે ત્રણ શક્તિઓ મળી. ઈચ્છાશક્તિ (Will Power), જ્ઞાનશક્તિ (Knowledge) અને ક્રિયાશક્તિ (Action Power). એના કારણે વિચારવાની, સંવેદનાની, સર્જવાની, સમાયોજનની, વિમર્શવાની આદિ સમર્થતાઓ પ્રાપ્ત થઈ.

**શ્રુતજ્ઞાનનું લક્ષણ :** तीर्थंकरोपदिष्टत्वे सति बुद्धयतिशयवद्रण धरैव धरितरुपत्वं श्रुतस्य क्षणम् । અર્થાત્ તીર્થંકરોના ઉપદેશ દ્વારા પ્રકાશેલા અને પ્રખર બીજબુદ્ધિસંપન્ન એવા ગણધરોએ રચેલા શાસ્ત્રોને શ્રુત કહેવાય છેઃ

अर्थ भाषतेऽर्हन सूत्रं ग्रंथति गणधरा निपुणं शासनस्य हितार्थ तत सूत्र प्रवर्तते। અર્થાત્ તીર્થંકર ભગવંત અર્થથી ઉપદેશ આપે છે. અને નિપુણ એવા પ્રતિભાશાળી ગણધરો શાસનના હિત માટે સૂત્રની રચના કરે છે. ત્યારથી શ્રુતની પ્રવૃત્તિનો પ્રારંભ થાય છે. એટલે જે જ્ઞાન ત્રિકાલ વિષયક છે (ત્રિકાલિન), આગમશાસ્ત્રોને અનુસરનારૂં છે તેમજ ઈન્દ્રિયો અને મનને જેના બાહ્ય કારણરૂપ છે તે જ્ઞાનને જિનેશ્વરોએ શ્રુતજ્ઞાન કહ્યું છે. શાસ્ત્રકારોએ જ્ઞાનના જે પાંચ પ્રકારો બતાવ્યા છે એમાં શ્રુતજ્ઞાન સિવાયના બાકીના ચાર જ્ઞાન મુકજ્ઞાન (મુંગાજ્ઞાન) કહેવાય છે. એ કોઈને પોતાનું સ્વરૂપ કહી શકતા નથી. જ્યારે શ્રુતજ્ઞાન સાક્ષર, વિચારણા વર્ણરૂપ છે. અર્થાત્ તે અર્થરૂપ છે. તેથી તે પરને આપી શકાય છે. અર્થાત્ તે બોલકું જ્ઞાન છે. સ્વ પર પ્રકાશક છે. તેથી જ કેવળી ભગવંતોને પણ શ્રુતજ્ઞાનનો સહારો લેવો પડે છે.

શબ્દ એ વાસ્તવિક શ્રુતજ્ઞાનનું કારણ છે. અર્થાત્ શબ્દ એ દ્રવ્યશ્રુત

છે અને આત્માનું પરિણામ એ ભાવશ્રુત છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બન્ને પ્રકારના જ્ઞાનમાં કર્ણ અને મન એ નિમિત્તો છે. પરંતુ શ્રુતજ્ઞાનની વિશેષતા એ છે કે તે ગ્રંથાનુસારી છે. જ્ઞાન એ જીવનો સ્વભાવ હોવાથી નિગોદના જીવનો પણ સર્વ પર્યાય પ્રમાણ અક્ષરનો જ્ઞાનનો અનંતમો ભાગ આવરણ રહિત છે. અર્થાત્ આદિ સંસારમાં ગમે ત્યાં પરિભ્રમણ કરનાર જીવને પણ પરિણામિક મતિજ્ઞાન રહેલ છે. આ અપેક્ષાએ મતિજ્ઞાન શાશ્વત કહેવાય છે. પરંતુ શ્રુતજ્ઞાન શાશ્વત નથી. કારણ તે મતિપૂર્વક આપ્તના ઉપદેશની અપેક્ષા રાખનારું છે.

આપ્તવચન, આગમ, ઉપદેશ, આમ્નાય, પ્રવચન, જિનવચન આ શ્રુતજ્ઞાનના પર્યાયવાચી શબ્દો છે.

**શ્રુતજ્ઞાનના પ્રકાર :** સમગ્ર ચૌદ રાજલોકમાં જેટલા અક્ષરો છે અને અક્ષરોના જેટલા સંયોગ છે તેટલા શ્રુતજ્ઞાનના પ્રકારો છે. અક્ષરોના સંયુક્ત અને અસંયુક્ત સંયોગો અનંત છે. એક એક સંયોગ અનંત પર્યાયવાળો છે. એટલે શ્રુતજ્ઞાનના ભેદો અનંત છે. આ બધા ભેદો કહેવા માટે તો કેવળી ભગવંતો પણ અસમર્થ છે. આયુષ્યની મર્યાદા હોવાથી આયુષ્ય પૂરું થઈ જાય પણ ભેદો પૂર્ણ ન કહી શકે. ભિન્ન ભિન્ન અપેક્ષાએ શ્રુતજ્ઞાનના ભેદો અલગ અલગ ગ્રંથોમાં ગ્રંથકારોએ બતાવ્યા છે. શબ્દ એ શ્રુતજ્ઞાનનું કારણ હોવાથી તે પણ ઉચ્ચારથી શ્રુત કહેવાય છે. આ કારણથી શ્રુતજ્ઞાનના અનેક પ્રકારો પડે છે.

જ્ઞાનબિંદુમાં શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ બતાવવામાં આવ્યા છે.

૧. અક્ષરશ્રુત ૨. અનઅક્ષરશ્રુત ૩. સંજ્ઞીશ્રુત ૪. અસંજ્ઞીશ્રુત ૫. સમ્યક્શ્રુત ૬. અસમ્યક્શ્રુત ૭. આદિશ્રુત ૮. અનાદિશ્રુત ૯. પર્યવસિતશ્રુત ૧૦. અપર્યવસિતશ્રુત ૧૧. ગમિકશ્રુત ૧૨. અગમિકશ્રુત ૧૩. અંગપ્રવિષ્ઠશ્રુત ૧૪. અંગઅપ્રવિષ્ટશ્રુત.

જેને મન હોય એના શ્રુતને સંજ્ઞીશ્રુત કહેવાય છે. જેને મન નથી તેનું જ્ઞાન અસંજ્ઞીશ્રુત છે. સમ્યક્દૃષ્ટિ જીવોનું શ્રુત એ સમ્યક્શ્રુત છે. મિથ્યાદૃષ્ટિ જીવોનું શ્રુત એ મિથ્યાશ્રુત છે. જે શ્રુતજ્ઞાનનો પ્રારંભ (સાદિ) છે તે સાદિશ્રુત છે. જે શ્રુતનો પ્રારંભ નથી તે અનાદિ શ્રુત કહેવાય છે. જે શ્રુતજ્ઞાનનો અંત છે તે સપર્યવસિત શ્રુત છે. સાંત પણ એક અર્થી છે. જે શ્રુતનો અંત નથી તે અપર્યવસિત શ્રુત છે. અપર્યવસિત અને અનાદિ અનંત એ એકાર્થી શબ્દો છે. આ શબ્દો શા માટે વાપરવામાં આવે છે ? જૈનદર્શનનું માનવું છે કે કર્મ એ વ્યક્તિના હિસાબે આદિ છે અને પ્રવાહના હિસાબે અનાદિ છે. પરંતુ કર્મનો પ્રવાહ ક્યારથી ચાલુ થયો તે કોઈ બતાવી શકતું નથી. માટે ભૂતકાળના ઉંડાણનું વર્ણન અનાદિ અનંત એ શબ્દથી જ કરવું પડે છે. તે સિવાય બીજી કોઈ રીત અસંભવ છે.

શ્રુતજ્ઞાન સાદિ સપર્યવસિત તેમજ અનાદિ અપર્યવસિત પણ કહેવાય છે. **દ્રવ્યથી**–એક દ્રવ્ય જીવને જયારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે શ્રુતજ્ઞાનની આદિ કહેવાય છે. જ્યારે સમ્યક્ત્વ ટળી જાય છે અથવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે ત્યારે શ્રુતજ્ઞાનનો અંત કહેવાય છે. એને કાળ અને ભાવથી સાદિ સપર્યવસિત શ્રુત કહેવાય છે. ક્ષેત્રની અપેક્ષાએ પાંચ ભરત તેમ ઐરાવત ક્ષેત્રમાં જ્યારે તીર્થંકરનું તીર્થ પ્રવર્તે છે ત્યારે દ્વાદશાંગીરૂપે શ્રુતજ્ઞાન હોય છે. જ્યારે તીર્થનો વિચ્છેદ થાય છે ત્યારે શ્રુતજ્ઞાનનો ઉચ્છેદ થાય છે. તેથી ભરતાદિ ક્ષેત્ર અપેક્ષાએ સાદિ સપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય છે. જયારે મહાવિદેહ ક્ષેત્રમાં સદૈવ ચોથો આરો પ્રવર્તતો હોવાથી ત્યાં તીર્થનો વિચ્છેદ થતો નથી એટલે ત્યાં ક્ષેત્ર અને ભાવથી અનાદિ અપર્યવસિત શ્રુતજ્ઞાન હોય છે. **કાળથી**-અવસર્પિણી અને ઉત્સર્પિણી ભરતાદિ ક્ષેત્રમાં ચોથા અને પાંચમા આરામાં શ્રુતજ્ઞાન હોય છે અને પાંચમા આરાના અંતે શ્રુતજ્ઞાનનો અંત થાય છે. તેથી તે સાદિ સપર્યવસિત શ્રુતજ્ઞાન કહેવાય છે.

**પૂર્વ અને પૂર્વશ્રુત એટલે શું ?** પ્રત્યેક તીર્થંકરના શાસન કાળમાં તેની પૂર્વે થયેલ તીર્થંકરના શાસનકાળમાં ચાલ્યું આવતું શ્રુતજ્ઞાન અથવા શ્રુતસાહિત્ય તેને પૂર્વશ્રુત કહેવાય છે. એ પૂર્વશ્રુતમાં તે સમયના પ્રવર્તમાન તીર્થંકરનું સાહિત્ય ઉમેરાય છે. આમ પ્રત્યેક તીર્થંકરનું ધર્મસાહિત્ય એટલે પહેલાના તેવીસ તીર્થંકરના શાસનના ધર્મસાહિત્યની રાશી ભેગી કરી એને વિષયવાર ચૌદ ભાગમાં વિભાગી તેને ચૌદ પૂર્વ કહેવાય છે. એના રચયિતા શ્રી ગૌતમસ્વામી સંસ્કૃતમાં પંડિત હોવાથી એમણે ચૌદપૂર્વની રચના સંસ્કૃતમાં કરી હતી. જે ચૌદપૂર્વ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. પૂર્વેનો અમુક ભાગ ભગવાન મહાવીરની આઠમી પેઢીએ જ લુપ્ત થયો હતો તેમ દસમી પેઢી સુધીમાં સર્વ પૂર્વકાળના પ્રવાહમાં વિલીન પામ્યા હતા.

ગણધરોના પછીના સમયમાં પૂર્વધરોનો યુગ ચાલ્યો. ચૌદપૂર્વધરો સંપૂર્ણ શ્રુતજ્ઞાની હોવાને કારણે એમને 'શ્રુતકેવલી' નામથી વિભૂષિત કર્યા હતા. શાસ્ત્રકારો શ્રુતકેવલીની વ્યાખ્યા આપતા ફરમાવે છે કે,

जो हि सुणाभिगच्छइ अप्पाणभणंतु केवल शुद्धं ।
तं सुअकेवली मिसिणो भणंति लोगम्मदीयरो ।।

અર્થાત્ જે સંપૂર્ણ જ્ઞાન વડે કેવળ શુદ્ધ આત્માને જાણે છે તે લોકપ્રકાશ કરનારા ઋષિઓને શ્રુતકેવળી કહે છે. શ્રી ભદ્રબાહુસ્વામી છેલ્લા શ્રુતકેવલી કહેવાય છે. સંપૂર્ણ શ્રુતજ્ઞાની અર્થાત્ કેવળીની દેશના પણ કેવળજ્ઞાની જેવી જ હોય છે.

વિદ્વાનોનું એમ માનવું છે કે પહેલા તીર્થંકરના શાસનમાં શ્રુતજ્ઞાન રૂપે ચારેય વેદ હતા. (વર્તમાનના વૈદિક ધર્મના વેદ નહીં) શ્રી ઋષભદેવના પુત્ર શ્રી ભરત ચક્રવર્તીએ પિતાશ્રીના ઉપદેશ અનુસાર ચાર વેદની રચના કરી હતી. ૧. સંસાર દર્શન ૨. સંસ્થાપન પરામર્શન ૩. તત્ત્વાવબોધ ૪. વિદ્યાપ્રબોધ. આ ચાર વેદોનું પઠન પાઠન આઠમા તીર્થંકરના શાસન સુધી ચાલુ હતું. ત્યાર પછી નવમા તીર્થંકરના શાસનથી એમાં પરિવર્તન થયું. પરંતુ વિદ્વાનો તેનું અધ્યયન કરતા હતા.

શ્રુતજ્ઞાનના મહિમા વિશે પ્રજ્ઞાવાન પૂ. ચિદાનંદજી ફરમાવે છે કે,

एक बुंद जलथी ए प्रगट्या श्रुतसागर विस्तरा।
धन्य जिनाने उलट उदधिको एक बुंदमें डारा, करके गुरुनाम ज्ञान विस्तरा।।

અર્થાત્ એક બિંદુ પ્રમાણ જળમાંથી આખાય શ્રુતસાગરનો વિસ્તાર થયો છે. અર્થાત્ ત્રિપદિના જ્ઞાનમાંથી ગણધર ભગવંતોએ શ્રુતસાગર છલકાવી દીધો. ધન્ય તે મહાપુરુષોને જેમણે આખાય શ્રુતમહોદધીને ફરી પાછો એક બિંદુમાં સમાવી લીધો. જ્ઞાનીઓ ક્યારેક પોતાના તીવ્ર ક્ષયોપશમના બળે બિંદુમાં સિંધુને સમાવી દે છે અને સિંધુને ફરી બિંદુમાં લાવી દે છે.

જૈનદર્શનમાં શ્રુતજ્ઞાનનો મહિમા ખૂબ મોટો છે. પ્રાચીન કાળ એટલે શ્રુતિયુગ અને સ્મૃતિયુગ તરીકે ઓળખાતો હતો. તે સમયે લિપિશાસ્ત્રનું ચલન ન હતું. એટલે કે ગુરુ શિષ્યને જ્ઞાન કંઠસ્થ કરાવે અને શિષ્ય એના શિષ્યને કંઠસ્થ કરાવે એવી પરંપરા ચાલુ હતી. આગળ જતા વિસ્મૃતિના કારણે અને વારંવાર દુષ્કાળ પડવાના કારણે ખૂબ બધું શ્રુતજ્ઞાન કાળના પ્રવાહમાં વિલિન થઈ ગયું.

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ પ્રાયઃ બસ્સો વર્ષે શ્રી ભદ્રબાહુસ્વામીથી લઈને એક હજાર વર્ષના ગાળામાં વિસ્મૃતિના કારણે ચારથી પાંચ વખત શ્રુતધરોએ સંમેલનો ભરાવી ખંડિત થયેલ શ્રુતજ્ઞાનનું સંકલન કરવાનું કાર્ય કર્યું. બાદમાં પણ બાર વર્ષનો ભીષણ દુષ્કાળ પડવાથી કેટલાક શ્રુતધરો કાળ પામવાથી આ સંકટનું કાયમ માટે નિરાકરણ કરવા માટે વલ્લભિપુરમાં એક પૂર્વધર ક્ષમાશ્રમણ શ્રી દેવર્ધિગણિની નિશ્રામાં પાંચસો (૫૦૦) શ્રુતધર આચાર્યોનું સંમેલન ભરાવી, બાર વર્ષની જહેમતથી, સર્વ સંમત નિર્ણય દ્વારા આર્ય સ્કંદિલની નિશ્રામાં ભરાયેલ મથુરા વાચના અને એજ અરસામાં શ્રી નાગાર્જુનની નિશ્રામાં વલ્લભિપુરમાં થયેલ વાચનાનો સમન્વય સધાવી પિસ્તાલીસ (૪૫) આગમો નિશ્ચિત કરી લિપિબદ્ધ ગ્રંથસ્થ કરવામાં આવ્યા. ધન્ય છે તે અનંત ઉપકારી શ્રુતધરોને કે જે ભાવિ પ્રજાના કલ્યાણાર્થે પોતાના આયુષ્યના અમૂલ્ય બાર વર્ષ ખર્ચીને પાંચમા આરાના છેલ્લે સુધી લાભ મળે એવું અને શ્રુતજ્ઞાનને સુરક્ષિત રાખવાનું ઐતિહાસિક મહાન કાર્ય કરીને પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કર્યું.

શ્રુતજ્ઞાનની શરૂઆત સામાયિકથી શરૂ થાય છે અને એની અંતિમ સીમા (મર્યાદા) બિંદુસાર સુધીની કહેવાય છે. ગુણસ્થાનકના હિસાબે બારમા ગુણસ્થાનક સુધીની ગણાય છે. શાસ્ત્ર ફક્ત દિશા દર્શાવવાનું કાર્ય કરે છે. અર્થાત્ તે દિગ્દર્શનનું જ કામ કરે છે. એના દ્વારા સર્વભાવો સાક્ષાત્ અર્થાત્ અનુભવપણે દેખાતા નથી. શાસ્ત્ર દ્વારા પ્રત્યક્ષ જ્ઞાન થતું નથી કારણ શ્રુતજ્ઞાનનો વિષય પરોક્ષજ્ઞાનનો છે, પ્રત્યક્ષજ્ઞાનનો નથી. ક્ષયોપશમ ભાવમાં શ્રુતજ્ઞાનની હયાતી હોય છે. ભવસાગર તરવા માટે એ આગળ કામ લાગતું નથી. શાસ્ત્રજ્ઞાન માટે શ્રીમદ્ યશોવિજયજી એટલા માટે જ ફરમાવે છે કે-

'व्यापार: सर्व शास्त्राणां दिकप्रदर्शन एव हि ।
पारंतु प्रापयत्येकोनुभवो भव वारिधे ।।

ज्ञानसार

અર્થાત્ ખરેખર સર્વ શ્રુતશાસ્ત્રનો ઉદ્યમ દિશા દર્શાવનાર છે. પરંતુ પામવું જ હોય તો તે એક માત્ર અનુભવ (સ્વાનુભવ) દ્વારા જ પામી શકાય છે. અર્થાત્ **શાસ્ત્ર દ્વારા જાણો અને અનુભવ દ્વારા પામો.**

**અનુભવ શું છે ? એની ઓળખાણ :** નિજના શુદ્ધ આત્મસ્વરૂપનું ચિંતન, મનન અને ધ્યાન કરતાં કરતાં કોઈ ધન્ય પળે મન શાંત થઈ જાય છે અને સાધક, આરાધક કે ઉપાસક પોતાની સાધના, આરાધના કે ઉપાસના દ્વારા તદાકાર બની પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં ખોવાઈ જઈ પોતાના જ આત્માના યથાર્થ સ્વરૂપનું અને આંતરવૈભવનું એને દર્શન પ્રાપ્ત થાય છે. પોતાના આ શાશ્વત આનંદ સ્વરૂપના અનુભવની અનુભૂતિમાંથી મોહાંધ અંધકાર ખસી જવાથી સાધકને સહજ રીતે આત્માનુભવનો પ્રકાશ લાધે છે. આવી અપૂર્વ ઘટનાને શાસ્ત્રકારોએ શાસ્ત્રીય પરિભાષામાં એને આત્માનુભવજ્ઞાન કે અનુભવ એવી સંજ્ઞા આપી છે. શાસ્ત્રનું દિગ્દર્શન અર્થાત્ મર્યાદા પૂરી થયા પછી સમર્થ યોગીને આત્માનુભવરૂપ જ્ઞાનયોગનું જ અવલંબન હોય છે. અનુભવ મિત્ર તેને સહજ આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યનો સ્વામી બનાવે છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ કહે છે, **'શાસ્ત્રાદિકના જ્ઞાનથી નીવેડો નથી પણ અનુભવજ્ઞાનથી જ નીવેડો છે. નિજસ્વરૂપનો અનુભવ ભવભ્રમણને અત્યંત ટૂંકાવી નાખે છે.'**

સારાંશ–પરાકાષ્ટારૂપ શાસ્ત્રોથી અતિત ભાવોનો બોધ કરાવનાર જ્ઞાન એટલે અનુભવજ્ઞાન. સર્વે જ્ઞાનમાં શ્રેષ્ઠ જ્ઞાનને અનુભવજ્ઞાન કહેવાય છે. અને સર્વે અનુભવજ્ઞાનમાં શ્રેષ્ઠ જ્ઞાનને આત્માનુભવ જ્ઞાન કહેવાય છે.

અનુભવનું સ્વરૂપ સમજાવતાં શ્રીમદ્ હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે,

यथार्थ वस्तु स्वरुपोपलब्धि – परभावरमण – तदास्वाद नैकत्वमनुभव:।

આમાં ત્રણ વસ્તુ પરત્વે એમણે નિર્દેશ કરેલ છે - ૧. પદાર્થ વસ્તુ સ્વરૂપનું જ્ઞાન. ૨. પરભાવમાં અરમણતા. ૩. સ્વસ્વરૂપમાં (આત્મસ્વરૂપમાં) રમણતા.

આ અનુભવી આત્માના લક્ષણ બતાવે છે.

**આત્મરમણતાનો ક્રમ :** આત્મરમણતાના ત્રણ લક્ષણો બતાવ્યા છે. તેનો ક્રમ આ પ્રમાણે છેઃ ૧. સલંકલ્પ વિકલ્પ રહિત શુદ્ધ સ્વભાવની સ્થિતિ.

*સર્વે જ્ઞાનમાં શ્રેષ્ઠ જ્ઞાનને અનુભવજ્ઞાન કહેવાય છે. અને સર્વે અનુભવજ્ઞાનમાં શ્રેષ્ઠ જ્ઞાનને આત્માનુભવ જ્ઞાન કહેવાય છે.*

૨. આત્માની જ્ઞાનાદિ ગુણોમાં રમણતા ૩. કાર્યમાં કર્તૃત્વ ભોગત્વ ભાવનો અભાવ અને સાક્ષીભાવમાં સ્થિરતા.

અર્થાત્ પરિશુદ્ધ વિશુદ્ધ ભાવમાં એકાગ્ર ચિત્તે સ્થિરતા રાખવી.

આવા આત્માનુભવનું અર્થાત્ સ્વસંવેદન જ્ઞાનનું જ્યારે પ્રાધાન્ય બને છે અર્થાત્ જ્યારે આત્મબળની લબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે તેને સામર્થ્યયોગ કહેવાય છે. સર્વે યોગોમાં સામર્થ્ય યોગ શ્રેષ્ઠ ગણાય છે. આ યોગમાં આત્મબળ દ્વારા જ આગળ વધવાનું સામર્થ્ય હોય છે.

સારાંશ : અનુભવ + સામર્થ્યયોગ + પ્રાતિભજ્ઞાન – આ ત્રણનો જ્યારે ત્રિવેણી સંગમ સધાય છે (સંયુક્ત બને છે) ત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ આ ત્રણે (ત્રિવેણી) કેવળજ્ઞાન, સર્વજ્ઞતા અને સર્વદર્શિતા આદિના સાધનરૂપ અને કારણરૂપ બને છે.

**પ્રાતિભજ્ઞાન એટલે શું ?** પ્રાતિભજ્ઞાન એટલે પ્રતિભા દ્વારા ઉપજતું જ્ઞાન, પ્રતિભાસંપન્ન જ્ઞાન. પ્રતિભા એટલે અસાધારણ પ્રકાશનો ચમકારો અર્થાત્ જેમાં અસાધારણ આત્માનુભવનો પ્રકાશ પ્રગટ થાય છે તેને પ્રાતિભજ્ઞાન કહેવાય છે. આ પ્રાતિભજ્ઞાન સામર્થ્યયોગમાં હોય છે. અનુભવજ્ઞાન અને પ્રાતિભજ્ઞાન એ સામર્થ્યયોગના કાર્યરૂપે હોય છે. આ બન્ને એકમેકના સહયોગી છે. આ બન્ને આત્માનુગમ્ય છે. જે ક્ષપકશ્રેણી ગત ધર્મવ્યાપાર છે–સર્વજ્ઞત્વાદિ સાધનમ્ । અર્થાત્ કેવળજ્ઞાન સર્વજ્ઞપણાદિનું સાધન છે. **પ્રાતિભજ્ઞાન એ નથી શ્રુતજ્ઞાન કે નથી કેવળજ્ઞાન પરંતુ એ બન્નેને જોડનારો એક સેતુ છે. જેવી રીતે રાત્રિ અને દિવસના વચ્ચે પ્રાત:કાળ હોય છે એવી જ રીતે પ્રાતિભજ્ઞાન એ કેવળજ્ઞાનરૂપી સૂર્યોદય પહેલાંનો અરુણોદય (પ્રાત:કાળ) છે.** જ્યાં સુધી આવા પ્રાતિભજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. એની પ્રાપ્તિ માટે જ ભગવાન મહાવીરને સાડા બાર વર્ષ લાગ્યા જ્યારે શ્રી ઋષભદેવ ભગવાનને એક હજાર વર્ષ લાગ્યા. જ્યારે શ્રુતજ્ઞાન પૂરું થાય છે ત્યારે પ્રાતિભજ્ઞાનની શરૂઆત થાય છે. પ્રાતિભજ્ઞાનથી યુક્ત એવા સામર્થ્યયોગથી ક્ષપકશ્રેણી માંડીને એના દ્વારા આરૂઢ થઈ કર્મોને ખપાવતો ખપાવતો અર્થાત્ કર્મોને ખતમ કરીને આગળ વધે છે. એટલે તેને કર્મક્ષયથી ઉત્પન્ન થતા ક્ષાયિક ભાવોના સંપૂર્ણ ગુણો ઉપજે છે અને દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ ગુણો પ્રગટે છે અને ક્ષયોપશમ ભાવો નાશ પામે છે. ક્ષપકશ્રેણી પર ચઢેલ સાધક ભવ્ય જીવ પોતાની સાધના કે આરાધના દ્વારા અનેક પ્રકારની દુષ્કર તપસ્યા કરીને પૂર્વકર્મ સત્તામાં હોય તે અનેક ઉપસર્ગો સમભાવપૂર્વક સહન કરીને ચાર ઘનઘાતી કર્મો ક્ષય કરે છે. **મોહનીય કર્મનો સર્વથા ક્ષય થતા જ જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણે કર્મો અંતમુર્હુતમાં ક્ષય પામે છે.**

ક્રમ-૧. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થતા ક્ષાયિક ભાવનું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ૨. દર્શનાવરણીય કર્મના ક્ષયથી કેવળદર્શન પ્રાપ્ત થાય છે. ૩. મોહનીય કર્મના ક્ષયથી ક્ષાયિક ભાવનું સમકિત + વીતરાગતા + સ્વભાવમાં રમણતા = યથાખ્યાત ચારિત્રની સહજ પ્રાપ્તિ થાય છે. ૪. અંતરાય કર્મના ક્ષયથી અનંત દાન-લાભ-ભોગ-ઉપભોગ અને વીર્યલબ્ધિની પ્રાપ્તિ થાય છે. ઉપરોક્ત ચારે ઘનઘાતિ કર્મોનો નાશ થતા કેવળજ્ઞાન પામી અરિહંત બની જગતનું સર્વશ્રેષ્ઠ પદ એવા તીર્થંકર પદની પ્રાપ્તિ કરે છે. એવા અરિહંત ભગવાન બાર ગુણ, ચોંત્રીસ અતિશય, પાંત્રીસ વાણીના ગુણધારક અને અઢાર દોષરહિત બની સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થતા ભાવમન નાશ પામે છે. જ્યારે મન, વચન, કાયયોગથી દ્રવ્યમન હોય છે.

> ***પ્રાતિભજ્ઞાન એટલે પ્રતિભા દ્વારા ઉપજતું જ્ઞાન, પ્રતિભાસંપન્ન જ્ઞાન.***

**કેવળજ્ઞાન શબ્દ અર્થનું નિરૂપણ :** केवलमेगं शुद्ध सगलम् सहारणं प्रणंतं च। અર્થાત્ કેવળજ્ઞાનને કોઈપણ ઇંદ્રિયની સહાય અપેક્ષિત નથી હોતી. અર્થાત્ સહાય વિનાનું,

શુદ્ધમ્ – નિર્મળ, વિશુદ્ધ, કર્મોના આવરણરૂપ મળનો સંપૂર્ણ ક્ષય થવાથી ઉત્પન્ન થતું હોવાથી

સકલમ્ – પરિપૂર્ણ જ્ઞાન જે સંપૂર્ણ પણે પ્રગટ થાય છે. અસાધારણ–આના જેવું બીજું કોઈ જ્ઞાન નહીં.

અનંતમ્ – અંત વિનાનું. જે જ્ઞાનનો ક્યારેય અંત હોતો નથી. બીજા પણ અર્થ આપવામાં આવ્યા છે.

શાશ્વતમ્ – નિરંતર ઉપયોગવાળું જ્ઞાન. અપ્રતિપાતી-સદા અવસ્થાયી એવું જ્ઞાન.

કર્મગ્રંથના આધારે તેરમા ગુણસ્થાને લોકાલોક પ્રાકાશક ક્ષાયિક ભાવનું જે જ્ઞાન થાય છે તે કેવળજ્ઞાન. કેવળજ્ઞાનને પરમજ્યોતિ, બ્રહ્મજ્ઞાન અને પરમબ્રહ્મ એમ પણ કહેવામાં આવે છે.

**સર્વજ્ઞતા :** જે દર્શનો કર્મવાદમાં માને છે, તેઓ સર્વજ્ઞતાને પણ માને છે.

જૈનદર્શન પ્રમાણે ઘાતી કર્મોનો સંપૂર્ણ નાશ થતાં વીતરાગતા, કેવળજ્ઞાન અને સર્વજ્ઞતાની પ્રાપ્તિ થાય છે. સર્વજ્ઞતાની વ્યાખ્યા પ્રમાણે–દેશકાળની સીમા વટાવીને ત્રણે લોકના સર્વે દ્રવ્યો, સર્વે પદાર્થો, સર્વે ભાવો (સર્વે ગુણો), ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાળની બનનારી સર્વ ઘટનાઓને સર્વજ્ઞ ભગવંત હસ્તકમલવત્ સાક્ષાત્ આત્મા દ્વારા પ્રત્યક્ષ જોઈ શકે છે, જાણી શકે છે અને તે પ્રમાણે વર્ણવી શકે છે તે આત્મિક શક્તિને સર્વજ્ઞ કહેવાય છે. એ આત્મા પરમાત્મા બનતા આખુંય જગત, બ્રહ્માંડ કે સૃષ્ટિ એમના કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. જ્ઞાન માટે એમને કોઈ ઉપયોગ મુકવો પડતો નથી. અર્થાત્ સ્વયં ઉપયોગવંત રહે છે. આવો એ આત્મા પરમાત્મા બની જાય છે..

**કેવળજ્ઞાનના ભેદ :** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના હિસાબે કેવળજ્ઞાનના પ્રકારો હોતા નથી. પરંતુ સ્વામિત્વની દૃષ્ટિએ વિચારતા

એના ભેદ સંભવે છે. ૧. સિદ્ધકેવળી ૨. ભવસ્થ કેવળી-(ભવ-મનુષ્યભવ સમજવો) ભવસ્થમાં પણ ૧. સયોગિ કેવળી ૨. અયોગિ કેવળી ભેદ પડે છે. સામાન્ય કેવળીમાં પણ બે ભેદ પડે છે. ૧. ભાષા વર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરી શકે જેથી વાણીનો વ્યવહાર કરી શકે તે ૨. શબ્દ વર્ગણાના પુદ્‌ગલો ગ્રહી ન શકે તેવા મુક કેવળી. આમાં શાસ્ત્રકારોએ સામાન્ય કેવલીને પંચપરમેષ્ટિમાં પાંચમા પદમાં नमो लाए सव्व साहुणंमां શમાવવામાં આવ્યા છે.

**સવિશેષ :** જગતના કોઈપણ ધર્મએ ભગવાન કે પરમાત્મા બનવા માટેની પ્રક્રિયા, માર્ગદર્શિકા બતાવી નથી. કારણ એમના ભગવાન નિશ્ચિત હોય છે. નવા ભગવાન બની શકતા નથી. જ્યારે જૈન ધર્મ એમ કહે છે કે જેમને મનુષ્યભવ મળ્યો છે એ કોઈપણ ધારી શકે અને એ પ્રક્રિયા પ્રમાણે વર્તે તો એ પણ ભગવાન બની શકે છે. અને એ માટેની પ્રક્રિયા, માર્ગદર્શિકા બતાવી છે. આ વાતની નોંધ કરી અને જાણકારી મેળવી પ્રખ્યાત તત્ત્વચિંતક વિદ્વાન શ્રી બર્નાર્ડ શૉએ જાહેરમાં આ વિશે ચર્ચીને પોતે જૈન ધર્મમાં જન્મ લેવાની ઈચ્છા પ્રદર્શિત કરી હતી.

બિંદુએ સિંધુને સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો છે. વિશાળ વિષય હોવાથી અલ્પમતિ દ્વારા લખવાનું રહી ગયું હશે અને લખવામાં ભૂલ થઈ હશે તો મિચ્છામિ દુક્કડંમ્.

અને છેલ્લે-આભારનો પણ સાદર આભાર.

જૈન યુવક સંઘ આયોજિત પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળાની શરૂઆત માનદ મંત્રી શ્રીમતી નીરૂબેન દ્વારા પ્રાર્થના અને સત્સંગથી થાય છે અને છેલ્લે દિવસે સૌના આભાર માને છે. વ્યાખ્યાનની પૂર્ણાહુતિ પછી પ્રબુદ્ધ શ્રોતાઓ હૉલની બહાર નીકળે છે તો બહાર એ જ વૈભવ સંપન્ન નીરૂબેન હાથમાં થેલો લઈને ઊભા હોય છે એ દૃશ્ય હૃદયને સ્પર્શી જાય છે. આવા નિસ્પૃહી, અપેક્ષાભાવ વગર, તન, મન, ધનથી સેવાભાવી કાર્યકર્તાઓના કારણે જૈન યુવક સંઘ સમાજમાં આદર અને ગૌરવનું સ્થાન ધરાવે છે.

✷ ✷ ✷

૧૭૬-એ, પરશુરામ વાડી, ગીરગામ, મુંબઈ-૪૦૦૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૮૫૮૬૮૮.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત

# ૭૯મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

[ ગત ડિસેમ્બર '૧૩ અંકથી આગળ ]

(૮)

### મહર્ષિ રમણ ગીતા

[ *વેદ સાહેબના નામે જાણીતા ડૉ. નરેશ વેદ અધ્યાપન, લેખન, વાંચન અને સંસ્કાર ઘડતરની પ્રવૃત્તિ સાથે ૩૫ વર્ષથી સંકળાયેલા છે. વર્ષ ૧૯૭૮માં ઈશ્વરલાલ દવેના માર્ગદર્શન હેઠળ લઘુનવલના સ્વરૂપ વિશે મહાનિબંધ તૈયાર કરીને પીએચ.ડી.ની ડીગ્રી મેળવેલ છે. તેમના માર્ગદર્શન હેઠળ ૪૦ વિદ્યાર્થીઓએ એમ.ફીલ.ની અને ૧૧ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડીગ્રી મેળવી છે. હાલ તેઓ વલ્લભવિદ્યાનગરમાં એકેડેમી સ્ટાફ કૉલેજના ડિરેક્ટર તરીકે સેવા આપે છે.*]

'મહર્ષિ રમણ ગીતા' ઉપરનો ડૉ નરેશ વેદનો વિસ્તૃત લેખ આ અંકમાં પ્રસ્તુત છે.

x x x

(૯)

### 'જૈન જ્ઞાતિવાચક નહીં પણ ગુણવાચક શબ્દ છે'

[ *ગુણવંત શાહ ગુજરાતી ભાષાના બહુ જ જાણીતા સાહિત્યકાર છે. તેમણે ૫૦ કરતાં પણ વધુ પુસ્તકો લખ્યાં છે. ગુજરાતને ગૌરવ થાય એવા જાગૃત ચિંતક છે.* ]

ડૉ. ગુણવંત શાહે 'ઈકોલોજી પરમો ધર્મ:' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે જૈન એ જ્ઞાતિવાચક શબ્દ નથી. તે ગુણવાચક શબ્દ છે. તેને દેશ અને કાળ સાથે સંબંધ નથી. તે શાશ્વત છે. જૈન માંસાહારી હોય તો હું તેને જૈન કહું નહીં. લીયોનાર્ડો-દ-વિન્ચીએ વિધાન કર્યું હતું કે એકવાર એવો સમય આવશે કે ત્યારે મારા જેવા માણસો પ્રાણીની કતલને મનુષ્યની કતલ જેવી ગણશે. આપણે બધાં વર્તમાન સમયમાંથી એવી દિશામાં આગળ વધી રહ્યા છીએ. આકાશમાં ગીધ દેખાય તો એ બાબત અખબારમાં સમાચાર તરીકે પ્રગટે છે. ૫૦ વર્ષ પહેલાં આવી પરિસ્થિતિ નહોતી. આપણે વાઘ માટે અભયારણ્ય રાખવું પડ્યું છે. વિશ્વમાં ચકલીને બચાવવા માટે વર્ષમાં એક દિવસ જનજાગૃતિ કરવા માટે રાખ્યો છે. અમેરિકામાં દેડકાંને મારવા સામે વાંધો છે. એવા લોકોએ એક સંસ્થા બનાવી છે. ત્યાં વિવિધ પશુપંખીઓને બચાવવા માટે આ પ્રકારની સંસ્થાઓ શરૂ કરવામાં આવી છે. પ્રાણી અને સૃષ્ટિ એકમેક ઉપર પરાવલંબી છે. માથેરાન કે દક્ષિણ આફ્રિકા જેવા સ્થળોએ ફરવા જાવ ત્યારે પશુપંખીઓનું વૈવિધ્ય કે પંખીઓના કલરવ સાંભળવા જેવા હોય છે. ઘણાંને તે કલરવ સાંભળીને રોમાંચ થતો નથી. આપણને અમિતાભ બચ્ચન અને શાહરુખખાનને જોવાથી રોમાંચ થાય છે. ભગવાન મહાવીર વૈજ્ઞાનિક પણ હતા એ વાત આપણે નવી પેઢીને સમજાવવાની બાકી છે. પશુપંખીઓ નહીં બચે તો માનવજાતિ ઉપર આફત આવી શકે છે. ચકલી, કીડી, ગીધ અને વાઘ

બચે એમાં આપણો પ્રબુદ્ધ સ્વાર્થ હોઈ શકે છે. મોટા શહેરો અને મહાનગરો રચાયા છે ત્યાં માણસની માનસિકતા બદલાઈ છે. ઉર્દુ કવિ મીરઝા ગાલીબે પણ કહ્યું હતું કે સ્વર્ગમાં જવાનો રસ્તો જો અલ્હાબાદથી જતો હોય તો મારે સ્વર્ગમાં જવું નથી. મુંબઈ કે અમદાવાદ રહેવા લાયક શહેર નથી. કવિ અજ્ઞેયની એક કવિતામાં સાપને સવાલ પુછવામાં આવે છે-અગર તુમ સભ્ય નહીં હુએ તો નગર મેં ક્યોં આયે, કૈસે સીખેં, કહાં સીખેં ડંખ મારના. શહેરનો માણસ હંમેશાં ઉતાવળમાં જ હોય છે. તે ખાય તો પણ તેને ઓડકાર નથી આવતો. તે સહાનુભૂતિ ખાતર સિન્થેટીક સહાનુભૂતિ બતાવે છે. માણસ પ્રદૂષિત થયો છે. મને ઘણાં લોકો પુછે છે-તબિયત કેમ છે ? ત્યારે મને વિચાર આવે છે કે મારી તબિયત ખરાબ હતી ત્યારે પણ તમને ચિંતા ક્યાં હતી. આપણાં આંસુનો સ્ટોક ખતમ થઈ ગયો છે. તે સમયે ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં આપેલો ઉપદેશ મહત્ત્વનો બની જાય છે. અહિંસા કેવળ જીવદયા પૂરતી રહેવી ન જોઈએ. દુકાનના ગલ્લાં અને દેરાસર વચ્ચે સંબંધ જોડવાનો છે. દુકાનમાં ગ્રાહકને છેતરવાની બાબત પણ હિંસા છે.

x x x

**(૧૦)**

**'૧૦૦ ટકા નિષ્ઠાથી કર્મમાં ઈન્વેસ્ટ કરો, નિયતિની ચિંતા ન કરો, નિયતિને પણ તેનું કર્મ કરવાનું છે.'**

[ *શ્રીમતી કાજલ ઓઝા-વૈદ્યનું રંગભૂમિ, પત્રકારત્વ, ફિલ્મ, એડવર્ટાઈઝીંગ, સાહિત્ય અને ચેનલમાં નોંધપાત્ર પ્રદાન છે. અનેક અખબારોમાં તેઓ કોલમ લખે છે. તેમણે સાત વર્ષમાં ૧૬ નવલકથા સહિત બાવન પુસ્તકો લખ્યાં છે. ગુજરાત વિદ્યાપીઠમાં સ્ક્રીપ્ટ રાઈટીંગ ભણાવે છે. લંડનની કેટલીક યુનિવર્સિટી સાથે વિઝીટીંગ ફેકલ્ટી તરીકે સંકળાયેલા છે.* ]

શ્રીમતી કાઝલ ઓઝા વૈદ્યે 'ગીતા-કર્મ અને નિયતિ' વિશે જણાવ્યું કે આપણો શ્વાસ ચાલે છે ત્યાં સુધી ૧૦૦ ટકા નિષ્ઠાથી કર્મમાં ઈન્વેસ્ટ કરો. નિયતિની ચિંતા ન કરો. નિયતિને પણ તેનું કર્મ કરવાનું હોય છે. દુનિયામાં કોઈ અનાથ હોતું નથી. સહુનો નાથ શિવ કે મહાવીર હોય જ છે. એક બાળક અનાથ હોય તો તેની નિયતિ છે. તેને કોઈ પ્રેમપૂર્વક ઉછેરે તે તેનું કર્મ છે. કર્મ અને કાર્ય વચ્ચે ફેર છે. કવિ સીતાંશુ યશશ્ચંદ્રએ ગાયું છે કે હરે, ફરે, ચરે, રતિ કરે, ગર્ભ ધરે, અવતરે, અને મરે તે માણસ છે. આ લયબદ્ધ ક્રિયા ચાલ્યા કરે છે. આપણે સવારે ઊઠીએ, નાહીએ, કામે જઈએ અને પછી રાત્રે સૂઈ જઈએ તે કાર્ય છે, નિત્યકર્મ છે. આ સતત ચાલતી પ્રવૃત્તિમાં કર્મ ભૂલી ગયા છીએ. મારું તમારું નિશ્ચિત કર્મ જોડાયેલું છે. કોઈક વ્યક્તિ આત્મહત્યા કરે અને તેમાંથી બચી જાય તો તેનો અર્થ એમ થાય કે તેના કર્મ બાકી હશે. દરેક વ્યક્તિ પૃથ્વી ઉપર ચોક્કસ કર્મ કે કામ કરવા આવે છે. વાદળ ઘેરાય છે પણ વરસાદ પાંચ મિનિટમાં પડશે કે ૫૦ મિનિટમાં તે કોઈ નક્કી કરી શકતું નથી. પ્રસૂતિની પીડા પછી પ્રસૂતિ ચોક્કસ કેટલા સમયમાં થશે તે તબીબ કે માતા કોઈ કહી શકતું નથી. આમ છતાં તેઓ બંને પોતાનું કર્મ કરે છે. તેઓ નિયતિની પ્રતિક્ષા કરે છે. આકાશમાં બેસેલા ગ્રહો ફાયદો કરે ? નડે ? આ જ્ઞાન છે કે ગણિત ? આ ગૂઢ સવાલો સદીઓ પુરાણા છે. દરેક પાસે પોતાનું પર્સેપ્શન અને અનુભવ હોય છે. આ દુનિયામાં સહુને એમ થાય છે કે મારી કદર થતી નથી, મારી જે પાત્રતા છે તે અનુસાર સફળતા મળતી નથી અથવા મને કોઈ સમજતું નથી. આ દુનિયામાં બધાંને ઓછું પડે છે તેની જ મજા છે. તેથી જ બધા કર્મ કરવા પ્રવૃત્ત થાય છે. ગીતામાં કહેવાયું છે-કર્મણ્યે વાધિકારસ્તે મા ફલેષુ કદાચન...તને જે ગમે તે કર. યોગ્ય લાગે તે કર. સ્વધર્મ કે તારો ધર્મ તું જેમાં માને તે કર. તે કર્યાનો સંતોષ મળવો જોઈએ. તું કરે છે તે તારું અધિકાર ક્ષેત્ર છે. તને જે મોટા ફળની આશા છે તે મળે જ એવું નથી. વૃદ્ધ માતાપિતાનું ધ્યાન રાખવાની સંતાનોની ફરજ છે. કેટલાક વૃદ્ધો પણ એવા હોય છે, તેઓને વૃદ્ધાશ્રમમાં રાખવા પડે. આ એમનું કર્મ છે. કર્મ અને નિયતિનું ચક્ર સતત ફર્યા કરે છે. આપણી સંસ્કૃતિ અદ્‌ભુત છે. તમે બધા વ્યાખ્યાન સાંભળવા આવો છો એ બતાવે છે કે આપણી સંસ્કૃતિ જીવે છે. તેને કેટલા બધા લોકો જીવે છે. મહાવીર અને બુદ્ધ બંનેએ વૈભવ માણીને તેનો ત્યાગ કર્યો છે. તેમને જાણ્યા પછી શું તજી દેવા જેવું છે તે નક્કી કરો. મંત્રોથી નિયતિ બદલાતી નથી. આ દુનિયામાં દરેક જીવમાત્રની એક્સપાયરી ડેટ નક્કી જ હોય છે. યુધિષ્ઠિરે કહ્યું છે કે બધાએ મૃત્યુ પામવાનું છે એ જાણતા હોવા છતાં આપણે અમર રહેવાના છીએ એમ સમજીને માણસો વર્તે છે તે મોટું આશ્ચર્ય છે. સામાન્ય માણસ તો શું પણ ભગવાન શ્રીકૃણને પણ કર્મોનું ફળ ભોગવવું પડ્યું હતું. તેમણે પોતાના પુત્રો અને પૌત્રોને એંઠા વાસણના ટુકડા માટે લડીને મરતા જોયા હતા. કર્મના ત્રણ પગથિયા–કર્મ, સંન્યાસ અને અનાસક્તિ છે. ભક્તિના પગથિયા પછી નિર્વાણ આવે છે. ત્યારપછી જન્મમરણના ફેરામાંથી મુક્તિ મળે છે. શ્વાસ અટકે નહીં ત્યાં સુધી આપણે તે ચાલે છે કે નહીં તેની તપાસ કરતાં નથી. તે ચાલે છે એટલા માટે આપણે તેના પ્રત્યે બેધ્યાન છીએ. તે બેદરકારી કે બેધ્યાનપણું આપણને નિયતિ તરફ ધકેલે છે. આપણે ઈશ્વરના સંતાન છીએ. જે કંઈ થાય છે તે ઈશ્વરને ગમ્યું એટલે આપણે કર્યું છે. આજે આપણે જે કરીએ છીએ તે આપણી આવતીકાલ છે. વર્ષો સુધી કેદારનાથમાં પ્લાસ્ટીક અને ગુટખાના પેકેટ ફેંકીએ તો હોનારત થાય. આ નસીબ નથી કર્મોનું ફળ છે. કર્મના ફળમાં કોઈની પસંદગી ચાલતી નથી. શ્રીકૃષ્ણે પણ કર્મનું ફળ ભોગવ્યું હતું. દરેક વ્યક્તિએ પોતાની ભૂમિકા અદા કરવાની હોય છે. તેનું પ્રોડક્ટ-કર્મનું ફળ છે. ઘઉં વાવશું તો ઘઉં જ ઉગશે. તેના ડૂંડા ખોલીને જોવાની જરૂર નથી કે તેમાં ઘઉં છે. આપણે નિષ્ઠાથી કર્મ કરવું જોઈએ.

(વધુ વ્યાખ્યોનો હવે પછીના અંકોમાં)

# ધ્યાનથી દુ:ખ દૂર કરી શકાય છે.

## (આચાર્ય શ્રી મહાપ્રજ્ઞના લેખનો ભાવાનુવાદ)

☐ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

દુ:ખ અનેક પ્રકારના હોય છે. આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ એને ચાર વિભાગોમાં વિભક્ત કર્યા છે–(૧) કલ્પનાજનિત, (૨) અભાવજનિત (૩) વિયોગજનિત અને (૪) પરિસ્થિતિજનિત.

**(૧) કલ્પનાજનિત દુ:ખ :**

માણસ પોતાની કલ્પનાઓથી અનેક પ્રકારના દુ:ખોની સૃષ્ટિ ઊભી કરી નાંખે છે. આનું આમ થશે તો? અથવા આવું નહિ થાય તો? આવી આવી સાચી–ખોટી કલ્પનાઓ કરી વિચારના વમળમાંથી દુ:ખ ભોગવે છે. દા. ત. ઘરેથી નીકળતાં પહેલાં જ કલ્પનાઓ કરે છે કે, ટ્રાફિકમાં ફસાઈ જઈશ ને ટ્રેન/પ્લેન ચૂકી જઈશ તો? ધ્યાનમાં કલ્પનાનો નિષેધ છે. એટલે ધ્યાન કરવાથી કલ્પના જનિત દુ:ખો દૂર કરી શકાય છે. ધ્યાનમાં કલ્પનાથી હટીને નિર્વિકલ્પ સ્થિતિમાં પ્રવેશ કરવાનો હોય છે. આવી સ્થિતિમાં કલ્પનાજનિત દુ:ખ સ્વયમેવ દૂર થઈ જાય છે.

**(૨) અભાવજનિત દુ:ખ :**

એક ગરીબ માણસ અભાવની સ્થિતિમાં જીવી રહ્યો છે. આરામદાયક મકાન, પૂરતી આજીવિકા, આદિના અભાવથી એ દુ:ખી થાય છે. શું ધ્યાન કરવાથી એનો અભાવ દૂર થઈ જશે? મકાન મળી જશે? બે વખતનું ભોજન મળી જશે? ના, ધ્યાન કરવાથી અભાવની સ્થિતિ દૂર નથી થતી, પણ તેથી એને જ્ઞાન થશે કે અભાવ એ દુખ નથી; ગરીબી એ દુ:ખ નથી; ખરી રીતે તો અજ્ઞાન જ મોટું દુ:ખ છે.

લૂ નગરમાં યુ આન સીન નામનો એક દાર્શનિક રહેતો હતો, એને મળવા ચીકુંગ નામનો અમીર માણસ ગયો. એની ફાટી-તૂટી ઝૂંપડી અને ફાટેલા કપડાં જોઈ ચીકુંગે કહ્યું કે, 'તમે તો બહુ ગરીબ લાગો છો. બહુ દુ:ખી હશો નહીં?' યુ આન ચીને બહુ માર્મિક જવાબ આપ્યો, 'તમે બહુ ગંભીર ભૂલ કરી રહ્યા છો. હું ગરીબ જરૂર છું પણ દુ:ખી નથી. જે અજ્ઞાની હોય, તે દુ:ખી હોય છે. હું અજ્ઞાની નથી. તેથી આનંદમાં છું.'

આ વાત ઉપરથી એક સ્પષ્ટ ભેદ-રેખા સામે આવે છે કે ગરીબી એ કંઈ દુ:ખ નથી. અજ્ઞાન જ વાસ્તવમાં દુ:ખ છે. અજ્ઞાની માણસ પોતાની આસપાસ અંધકારની જાળ બિછાવી દુ:ખી થઈ જાય છે. એ આવી બધી માન્યતાઓ અને ધારણાઓ બનાવી લે છે કે પગ-પગ પર દુ:ખી થઈ જાય છે. દુનિયામાં એવા ઘણા માણસો છે કે જે અભાવગ્રસ્ત છે, ગરીબ છે, છતાં પણ દુ:ખી નથી. જ્યારે ઘણા અમીર માણસો અત્યંત દુ:ખી પણ હોય છે. આમ સુખ-દુ:ખનું કારણ અમીરી કે ગરીબી નથી પણ જ્ઞાન-અજ્ઞાન છે.

દુનિયામાં સેંકડો સાધુ-સંન્યાસીઓ ત્યાગમય જીવનમાં પણ સુખી છે. એમની પાસે ધન, દોલત, આલીશાન મકાન, અખૂટ ભોજન–એમાંનું કંઈ નથી. છતાંપણ તેઓ સુખી છે. અને જેમની પાસે આ બધું છે તે શું સુખી જ હશે? એમને કોઈ દુ:ખ નહીં હોય? એવું તો નથી, ભારતમાં તો સંન્યાસની પરંપરા રહી છે. જેણે બધી સુખ-સુવિધાનો ત્યાગ કર્યો છે, જેની પાસે કોઈ સંપત્તિ નથી એ તો સમ્રાટોના પણ સમ્રાટની જેમ લહેરમાં-આનંદમાં જીવે છે. ધ્યાન કરવાથી જ્ઞાન થાય છે. વસ્તુના હોવા-ન હોવાને કારણે માણસ સુખી-દુ:ખી નથી થતો. સુખ-દુ:ખ અને આનંદનો સીધો સંબંધ માણસના જ્ઞાન સાથે છે.

**(૩) વિયોગજનિત દુ:ખ :**

કોઈ પતિને એની પ્રિય પત્નીનો વિયોગ થયો અથવા પત્નીને પ્રિય પતિનો વિયોગ થયો. આ બંને સ્થિતિ વિયોગજનિત દુ:ખ પેદા કરે છે. તો શું ધ્યાન દ્વારા આ વિયોગજનિત દુ:ખ દૂર કરી શકાય છે? પતિને પત્નીનો કે પત્નીને પતિનો પાછો સંયોગ-મિલન ધ્યાન દ્વારા કરાવી શકાય છે? એ તો બિલકુલ સંભવ નથી તો ધ્યાન દ્વારા આ દુ:ખ કેમ દૂર કરી શકાય?

સંસારનું નામ જ છે સંયોગ અને વિયોગ. જે વસ્તુનો સંયોગ છે એનો નિશ્ચિત વિયોગ છે. આ ધ્રુવ સત્ય છે. આ સત્યનું જ્ઞાન, અનિત્યતાનું જ્ઞાન થવાથી સંયોગ કે વિયોગમાં દુ:ખ નહીં થાય. અપ્રિયનો સંયોગ અને પ્રિયનો વિયોગ–આ બંને પરિસ્થિતિમાં સમભાવ રાખવાની શક્તિ ધ્યાન દ્વારા કેળવાય છે.

ધ્યાન દ્વારા જ્ઞાન થાય છે કે વિયોગથી દુ:ખ ઉત્પન્ન નથી થતું. દુ:ખનું મૂળ કારણ છે–ખોટી માન્યતા અથવા અનિત્ય ભાવનાનું અજ્ઞાન. જેને અનિત્ય અનુપ્રેક્ષા દ્વારા આ જ્ઞાન મળી ગયું છે કે સંસારની બધી જ વસ્તુઓ અનિત્ય છે. સંયોગ અને વિયોગ પણ અનિત્ય છે, એ સંયોગ કે વિયોગની પરિસ્થિતિ ઉત્પન્ન થતાં પણ દુ:ખ નહીં થાય. વિયોગ થવો એક વાત છે અને એનાથી દુ:ખ થવું એ બીજી વાત છે. સંસારમાં એવા જ્ઞાની-

**'પ્રબુદ્ધ જીવન' સૌજન્ય દાતા**

'પ્રબુદ્ધ જીવન'ના કોઈ પણ એક અંક માટે રૂા. ૨૦,૦૦૦/- નું અનુદાન આપી આપ એ અંકના સૌજન્યદાતા બની શકો છો. વસ્તુદાન અલ્પજીવી છે, જ્ઞાનદાન ચિરંજીવ છે અને એના જેવું ઉત્તમ દાન એક પણ નથી.

**પુણ્યતિથિ અને પુણ્યસ્મૃતિ માટે ચિરંજીવ સ્મૃતિ**

**સંસ્થાનો સંપર્ક કરવા વિનંતિ–૦૨૨-૨૩૮૨૦૨૯૬.**

વૈરાગી છે જેઓ સંયોગ-વિયોગથી દુઃખી નથી થતા.

આચાર્ય મહાપ્રજ્ઞજી કહે છે કે મેં એવા કેટલાય લોકો જોયા છે જેઓ પતિ અથવા પત્નીનો વિયોગ થવાથી દુઃખી નથી થતા અથવા ઓછા દુઃખી થાય છે. તેઓ આગળ લખે છે કે માણસને સૌથી વધારે દુઃખ પોતાના શરીરના વિયોગની કલ્પનાથી થાય છે. અજ્ઞાની માણસોને પોતાના પ્રાણ માટે એટલો બધો વ્યામોહ હોય છે કે મૃત્યુના નામ માત્રથી દુઃખી દુઃખી થઈ જાય છે. ધ્યાનથી આ વ્યામોહ દૂર થાય છે અને જ્ઞાન થાય છે કે જીવન અને મૃત્યુ એક જ દોરીના બે છેડા છે. પછી એ મૃત્યુને પણ જીવનની જેમ સ્વીકારી (accept) લે છે. જીવન જેમ કળા છે તો મૃત્યુ એનાથી મોટી કળા છે. ધ્યાની અને જ્ઞાની માણસ મૃત્યુનો મહોત્સવ મનાવે છે. ધ્યાની અને જ્ઞાની માણસ મૃત્યુના સ્વાગતની તૈયારી કરી જગતની પળોજણથી મુક્ત થઈ, ધન-દોલત, ધંધો, સ્વજનોના મોહથી મુક્ત થઈ, અંતમાં પોતાના શરીરના મોહનો ત્યાગ કરે છે અને પોતાના આત્માના ગુણોમાં–જ્ઞાન અને આનંદમાં રત થઈ જાય છે. આવા પુરુષને પછી મૃત્યુનો ભય નથી રહેતો. અભય થઈ પોતાના પ્રાણના વિયોગથી થનારા દુઃખને દૂર કરે છે.

**(૪) પરિસ્થિતિજન્ય દુઃખ :**

માણસ અનુકૂળ પરિસ્થિતિમાં સુખી થઈ જાય છે અને પ્રતિકૂળ પરિસ્થિતિ ઉત્પન્ન થતાં દુઃખી થઈ જાય છે. આચાર્ય મહાપ્રજ્ઞજી સવાલ કરે છે કે શું પ્રતિકૂળતા અને દુઃખ બંને પર્યાયવાચી છે ? શું એ બંનેમાં એટલો ઊંડો સંબંધ છે કે જ્યાં પ્રતિકૂળતા હોય ત્યાં દુઃખ હોય જ ? આના જવાબમાં તેઓશ્રી કહે છે કે અનુકૂળતા અને પ્રતિકૂળતા તો માણસની માન્યતા પર નિર્ભર છે. આપણે એક પરિસ્થિતિને અનુકૂળ અને બીજીને પ્રતિકૂળ માની લીધી છે એટલે સુખદુઃખનો અનુભવ કરીએ છીએ. પ્રતિકૂળતાની સાથે દુઃખનું સંવેદન થવું જરૂરી નથી.

ધ્યાનથી દૃષ્ટિકોણ પણ બદલાય છે અને અજ્ઞાનજન્ય મિથ્યા ધારણાઓ પણ બદલાય છે. જ્ઞાની માણસ પ્રત્યેક પરિસ્થિતિમાં સમતા રાખી શકે છે. કોઈ વાત કે કોઈ ઘટનાને તટસ્થપણે– જ્ઞાતાભાવથી – જોઈ શકે છે. એ ઘટનાનો પ્રેક્ષક માત્ર (observer) બને છે, ભાગીદાર (participant) નહીં.

આચાર્ય મહાપ્રજ્ઞજી અંતમાં કહે છે કે ધ્યાનથી માણસ અન્તર્મુખી અવસ્થામાં કલ્પનાજનિત, અભાવજનિત, વિયોગજનિત અને પરિસ્થિતિજનિત દુઃખમાંથી મુક્ત થઈ નિજાનંદમાં મસ્ત બની જાય છે.

✱ ✱ ✱

અર્હમ્, પ્લોટ નં. ૨૨૬, રોડ નં. ૩૨/A, સિકાભાઈ હોસ્પિટલ સામે, સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨. ફોન : મો. : ૯૮૨૧૭૮૧૦૪૬

# મનને વશ કર્યા વિના આધ્યાત્મિક વિકાસ અશક્ય છે

❑ શશિકાંત લ. વૈદ્ય

'ગીતા'નો અધ્યાય ૬ એટલે આત્મસંયમ યોગ. આધ્યાત્મ ક્ષેત્રે મનને વશ કરવા પ્રત્યે ખૂબ ભાર મૂક્યો છે. કૃષ્ણ કહે છે કે, 'જેણે મન વશ કર્યું નથી, તેને યોગ દુર્લભ છે; પણ વશ કરેલા મનવાળો (મનુષ્ય) ઉપાયથી તેની પ્રાપ્તિ કરી શકે છે!' ટૂંકમાં કૃષ્ણ વારંવાર કહે છે કે મન વશ કરવું જ પડે...તેના સિવાય આધ્યાત્મયાત્રા આગળ ચાલે જ નહિ.

–અર્જુન જિજ્ઞાસુ છે. તે કૃષ્ણને પૂછે છેઃ 'મન કઈ રીતે વશ કરવું ? કારણ કે મન ખૂબ ચંચળ છે, તેને વશ કરવું તે વાયુને વશ કરવા જેવું ખૂબ કઠિન કાર્ય છે.'

આનો જવાબ કૃષ્ણ ખૂબ ટૂંકો પણ સચોટ આપે છે. કૃષ્ણ કહે છે, 'હે મહાબાહો! ખરેખર મન ચંચળ અને વશ કરવું મુશ્કેલ છે; તો પણ હે કૌંતેય! **અભ્યાસ** અને **વૈરાગ્ય** વડે તે વશ કરાય છે.' (અધ્યાય-૬, શ્લોક-૩૫) અભ્યાસ એટલે મહાવરો–અધ્યયન. આ તેનો સીધો સાદો અર્થ છે. વૈરાગ્ય એટલે વિકારોનો ત્યાગ (કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર વગેરે પર સંયમ કરવો) મનનો વૈરાગ્ય. ભૌતિક સુખ પ્રત્યે ઉદાસીન ને વિરક્ત.

સામાન્ય જીવનમાં પણ અભ્યાસનું મૂલ્ય છે જ. એક વિદ્યાર્થી પરીક્ષામાં સફળતા મેળવવા જે તે વિષયનું વારંવાર અધ્યયન કરે છે-પારાયણ કરે તે રીતે...પરિણામે પરીક્ષા સમયે તેને તે યાદ આવે છે અને તેને સફળતા મળે છે–પણ પ્રમાદી હોય તેને આવી સિદ્ધિ મળતી નથી. આ રીતે આધ્યાત્મ ક્ષેત્રમાં સાધના કરવી હોય તો આપણે સિદ્ધ મહાત્માનું માર્ગદર્શન મેળવવું અથવા તો સિદ્ધ ઋષિઓએ લખેલા ગ્રંથોનો નિયમિત અભ્યાસ કરવો. આથી આધ્યાત્મ ક્ષેત્રની યાત્રામાં આગળ વધવામાં સહાયરૂપ થશે. આ રોજિંદો સતત અભ્યાસ એજ સ્વાધ્યાય. જો યોગાનુયોગ કોઈ સંતનો ભેટો થાય અને એમની સાથે સત્સંગ થાય તો તે ઉત્તમ, પણ આ શક્ય ન બને તો આવા ધાર્મિક અને આધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ સાધક માટે પરોક્ષ સત્સંગ બની જાય છે. દરેક ધર્મમાં વર્ષમાં એકાદ માસ પવિત્ર માસ આવે છે. દા. ત. શ્રાવણ માસ, જૈનોનું પર્યુષણ વગેરે. આ પવિત્ર પર્વમાં પ્રજ્ઞાવાન સાધુ-સંતો યા જૈન મુનિઓ ભક્તોને પ્રવચનો દ્વારા ખૂબ ગહન વાતો કરે છે...આ પણ પ્રત્યક્ષ સત્સંગ છે જ. આ પવિત્ર માસ હોય ત્યારે સંયમી જીવન જીવીને સાધના કરાય તો પણ અતિ ઉત્તમ કાર્ય થયું

કહેવાય.

ઋષિકેશ દિવ્ય મિશનના બ્રહ્મલીન સ્વામી કહે છે કે ભગવદ્ ગીતા, રામાયણ, ઉપનિષદ, ભાગવત વગેરે ગ્રંથોનો અભ્યાસ જો થાય તો તે અતિ ઉત્તમ. આ ઉત્તમ પ્રકારનો સ્વાધ્યાય છે. ખાસ તો જે આપણે સ્વાધ્યાય દ્વારા વાંચ્યું છે, તેનો તટસ્થ રીતે વિચાર કરવો અને તેને આપણા જીવન રોજિંદા જીવન વ્યવહારમાં વણી લેવું...આવો પ્રયત્ન કરવો. સત્યમય જીવન જીવાય અને મૂલ્યનિષ્ઠ બનીને સાધક આગળ વધે તો તેની સાધના સફળ થાય. જો આમ ન થાય તો અભ્યાસનો કંઈ અર્થ નથી–આ વ્યર્થ કહેવાય. મંત્રનું સતત રટણ પણ શ્રદ્ધાયુક્ત હોવું જોઈએ. શ્રદ્ધાવાન ભક્તને જ સિદ્ધિ મળે છે. યાદ રાખો સતત અભ્યાસ અને જીવન વ્યવહારમાં તેનું આચરણ પ્રભુનું મિલન કરાવે છે. સ્વાધ્યાય પ્રેરણા આપે છે અને આધ્યાત્મિક ઉન્નતિએ પહોંચાડે છે.

આધ્યાત્મિક ઉન્નતિને શિખરે પહોંચેલા સંત યોગેશ્વર કહે છે-કે સાધના દ્વારા પરમાત્માના પરમ પ્રકાશનો સાક્ષાત્કાર થાય છે. આને જ અપરોક્ષાનુભૂતિ કહેવાય. સાધના દ્વારા મનમાં રહેલો અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે અને પછી અંતરજ્ઞાન ઉદ્ભવે છે-જે સદાય સાધકને પ્રસન્નતાનો અનુભવ કરાવે છે. અજ્ઞાનનું આવરણ સાધના દ્વારા જ દૂર થાય છે. સાધક તેની સાધના દ્વારા પ્રભુ સાથે તેનો સંબંધ બાંધે છે. ભક્તનો અર્થ છે જે વિભકત નથી તે...સદાય તે ઈશ્વરમય જ હોય છે.

સાધના દ્વારા ધીમે ધીમે તૃષ્ણાઓ ઓછી થાય છે અને મન ફક્ત પ્રભુમય બની જાય છે. યાદ રહે કે માનવ હોવું તે એક અદ્વિતીય ઘટના છે. માણસ પુરુષાર્થ દ્વારા છેક 'સ્વ'ને પામી શકે છે. ટૂંકમાં માનવ જીવનમાં જ ચૈતન્યને-શિવત્વને પામી શકાય છે. બસ, આપણે માનવ જીવનનું મહત્ત્વ સમજીને શ્રેય માર્ગે પ્રયાણ કરવાનું છે. અંતે તે નરમાંથી નારાયણ બની શકે છે. નારાયણ સુધીની શ્રેષ્ઠ યાત્રા આજ જીવનમાં સંભવ છે. બીજાં પ્રાણીઓ આવી ઉર્ધ્વ ગતિ પામી ન શકે–આજ માનવ જીવનની શ્રેષ્ઠતા છે.

રમણ મહર્ષિ કહેતા કે માનવ જીવનનો મુખ્ય ઉદ્દેશ સ્વને પામવાનો છે. 'સ્વ'ને પામ્યા પછી બધી તૃષ્ણાઓનો લય થઈ જાય છે. બસ, આપણે આ દિશા તરફ ડગલું ભરવાનું છે. ધીમે ધીમે પણ આપણે આપણી અંદર રહેલા અજ્ઞાનરૂપી અંધકારને જ્ઞાનના પ્રકાશ દ્વારા દૂર કરી કરીશું. સ્વામી વિવેકાનંદ આ સંદર્ભમાં ખૂબ મહત્ત્વનું વિધાન કરે છે :`All power is within you; you can do anything and everything.' જે દિવસે અંતરમાં જાગૃતિ આવશે તે ક્ષણ આપણું કલ્યાણ થઈ જશે – કલ્યાણ એટલે આત્મકલ્યાણ. જે છે તે આપણી અંદર છે જ, બસ, તે દિવ્ય શક્તિને સાધના દ્વારા જાગૃત કરવાની છે.

સાધકની સાધના જ્યારે પરિપક્વ બને છે, ત્યારે તેને સ્વયં થાય છે, શાંતિનો અનુભવ. મનના બધા સંકલ્પ-વિકલ્પ શાંત પડી જાય છે અને તેને પરમ શાંતિ મળે છે, જે તે ઝંખતો હતો. આ જે પરિણામ છે તે તેના સતત અભ્યાસનું છે. હવે તેને ભૌતિક સુખ તુચ્છ લાગશે. બાળક જ્યારે પુખ્ત બને છે ત્યારે તેને ચાલણગાડી નકામી લાગે છે. હવે સાધકને સાચું સુખ ક્યાં છે તે સમજાય છે. મહાસાગરના દર્શન પછી વ્યક્તિને એક પાણીનું ખાબોચિયું તુચ્છ જણાય તેમ!! રામકૃષ્ણ કહેતા કે હજારો વર્ષનો અંધકાર ફક્ત એક દીવાસળીના પ્રકાશથી દૂર થઈ જાય છે. તમારી અંદરનો આત્મા જાગ્રત થાય ત્યારે બસ પ્રકાશ જ પ્રકાશ જણાય. સ્વામી વિવેકાનંદ ધર્મની મૂળભૂત વ્યાખ્યા આપતાં જણાવે છેઃ `The Ultimate goal of all religions is the reading of God in the soul.' આપણી અંદર જ ઈશ્વરી તત્ત્વ-તેનું ચૈતન્ય આત્મા-સ્વરૂપે છે, તેને પામવાનું છે. જે છે તે તમારી અંદર જ છે. આજ્ઞાની માણસ અજ્ઞાનને કારણે ઈશ્વરી તત્ત્વ બહાર શોધે છે. આપણે બસ તે માટે પુરુષાર્થ કરવાનો છે. આપણે આપણું વાસ્તવિક સ્વરૂપ નથી જાણતા તેનું જ દુઃખ છે.

શ્રી આદ્ય શંકરાચાર્ય સ્વરૂપ સાક્ષાત્કારની સ્વાનુભૂતિને વાચા આપતાં કહે છેઃ 'અહં નિર્વિકારો નિરાકારરુપો...શિવોડહમ્-શિવોડહમ્ ।। ભાવાર્થ : 'હું નિર્વિકાર છું, નિરાકાર છું, સર્વ વ્યાપક છું. શ્રેષ્ઠ અને સર્વત્ર વિદ્યમાન છું. સદા સમતાથી સંપન્ન તથા વિષમતાથી, મુક્તિ ને બંધનથી મુક્ત છું. જ્ઞાન સ્વરૂપ, આનંદ સ્વરૂપ, કલ્યાણ સ્વરૂપ, પરમાત્મતત્ત્વ છું.' યાદ રહે સાધના દ્વારા એ મૂળભૂત સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકાય છે. આ પછી આપણી મંગળમય જીવનયાત્રા સફળ થાય છે. ઉપનિષદની વાણી પણ સદાય મનમાં રાખવા જેવી છે. સ્વામીજી સદાય ભક્તોને કહેતાઃ `Arise! Awake! and stop not till the goal is reached.' –ધ્યેય જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી સતત પ્રયત્નશીલ બની રહો. ।। હરિ ૐ ।। ✶✶✶

૫૧, 'શિલાલેખ' ડુપ્લેક્ષ, અરૂણોદય સર્કલ પાસે, અલકાપુરી, વડોદરા-૭.

## ગાંધીજી અને ટાગોર

*ગાંધીજી અને ટાગોર સમકાલીન હતા, ભારતના*
*પુનરુત્થાન નિમિત્તે ગાઢ રીતે સંકળાયેલા હતા.*
*પરંતુ ગાંધીજી હતા અનાજના ખેતર જેવા,*
*ટાગોર હતા ગુલાબના બાગ જેવા;*
*ગાંધીજી હતા કર્મરત હાથ જેવા,*
*ટાગોર હતા સૂરીલા કંઠ જેવા;*
*ગાંધીજી હતા સેનાપતિ,*
*ટાગોર હતા અગ્રદૂત;*
*ગાંધીજી હતા કૃશ તપસ્વી,*
*ટાગોર હતા ઉમરાવ પુરુષ.*
*પરંતુ ભારત અને માનવજાતિ માટેના પ્રેમની*
*બાબતોમાં બન્ને વચ્ચે એકરાગિતા હતી.*

❑ **લૂઈ ફિશર**

# ભજન-ધન ૪

## ❑ ડૉ. નિરંજન રાજ્યગુરુ

**સવા ભગત (અવ. ઈ. સ. ૧૯૬૧)**

*ભક્ત કવિ સ્વામી ફૂલગરજીના શિષ્ય. સુરેન્દ્રનગરના જિલ્લાના પીંપળી ગામે પ્રજાપતિ કુંભાર જ્ઞાતિમાં કરસનભગત અને માતા કાશીબાને ત્યાં જન્મ. પત્ની : જમનાબાઈ, ઈ. સ. ૧૯૧૩માં સદાવ્રત શરૂ કર્યું. ઈ. સ. ૧૯૧૬માં રામદેવપીરનું ભવ્ય મંદિર બંધાવ્યું. વિરમગામ તાલુકાના માંડલ ગામના ભક્ત નારી ઝબુબાએ એમનું શિષ્યત્વ સ્વીકારેલું. એમના પણ ભજનો મળે છે. પુત્રો : નાનજી અને હરજીવનદાસ. સવાભગતનું અવસાનઃ ઈ. સ. ૧૯૬૧ વૈશાખ વદી અગિયારસ. જગ્યાના ગાદીપતિ હરજીવનદાસના પુત્ર : બળદેવદાસજી થયેલા.*

સભામાં શ્રોતા સોઈ જન મળે,
મૂંગા, બહેરા, નકટા, આંધળા પ્રભુની ખોજમાં ફરે,
સભામાં શ્રોતા સોઈ જન મળે...

વક્તા પુરુષનો વેશ જ બહેરો, વેદ વાણી ઓચરે,
પ્રેમ થકી પરને પરમોદે પણ પોતે નહીં સાંભળે...
સભામાં શ્રોતા સોઈ જન મળે...

સત અસત બે ય શબદની, મૂંગો પરીક્ષા કરે,
ભલી બૂરીનું ભાન ખરું પણ મુખથી ના ઓચરે...
સભામાં શ્રોતા સોઈ જન મળે...

અત્તર ફૂલેલ કળી કેવડો, તે નકટાની નજરે ચડે,
પદારથ પરખે ખરો પણ, બાસ જરૂરી ના મળે...
સભામાં શ્રોતા સોઈ જન મળે...

અંધો સુગંધી સરવે લેવે, ખાસ ખુશબોઈને કળે,
ભભકામાં ભરપુર રહે પણ વસ્તુ નજરે નવ ચડે...
સભામાં શ્રોતા સોઈ જન મળે...

શીત ઉષ્ણને સહન કરી, મહા અજર જરણા જરે,
ત્રણે ઋતુની ખમે તીતીક્ષા, દુઃખથી કદી નવ ડરે...
સભામાં શ્રોતા સોઈ જન મળે...

આખા જગતમાં આ પાંચ જિગનાસુ, છઠ્ઠો પંડિતાઈ કરે
ઉપાગ કરે આપું ટાળવા પણ ઊલટું અંગમાં ફળે...
સભામાં શ્રોતા સોઈ જન મળે...

આ આંટી કોઈ વિરલા કાઢે, જે પારખ સતગુરુ મળે,
હારજીત હારે તો પલમાં અવિચળ પદવી ફળે...
સભામાં શ્રોતા સોઈ જન મળે...

આ પાંચને જે પરમોદે, પાંચે લાવે એક ઘરે,
દાસ સવો એવા હરિજન સે'જે સે'જે ભવજળ તરે...
સભામાં શ્રોતા સોઈ જન મળે...

**❑ દાસ સવો**

જરાયે અક્ષરજ્ઞાન ન મેળવ્યું હોય છતાં ગુરુગમથી, કેવળ સંતસમાગમ, સહજસાધના ને 'ભજન'થી જેના આંતરચક્ષુ ખુલી ગયા હોય ને આત્મસાક્ષાત્કારથી 'શબ્દ' સાંપડ્યો હોય એની વાણી જ્ઞાનની પરમોચ્ચ કલાએ પહોંચે એમાં નવાઈ શાની? સંતોની સહજસાધનામાં પ્રથમ મહત્ત્વ અપાયું છે માનવદેહને. સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ ચિત્તના પાંચ વિષયોને તાબે રહીને આજનો શબ્દ માનવી સુખદુઃખની ઘટમાળમાં અહીંતહીં આથડે છે, મનોનિગ્રહ દ્વારા જ એને સ્થિરતા મળે.

*'પાંચ વિષયને જેણે પલટાવી લીધા રે, શબ્દાર્થમાં જેની સૂરતા માણે રે;*
*નિરભે નિશાનમાં નિશદિન રમતા, તે નર અલખને લખી જાણે રે...'*

પણ અલખને લખવા આપણી સામાન્ય બોલી કે ભાષા કામ નથી આવતી, એ માટે તો આશરો લેવો પડે અવળવાણીનો. ગૂઢ રહસ્યાત્મક ઊક્તિઓની આ પરંપરાના મૂળ છેક વેદો સુધી પહોંચે છે પણ સંતવાણી પ્રવાહમાં કબીર એના વિશિષ્ટ ને વિરલ પુરસ્કર્તા છે. કબીર-ગોરખની અવળવાણી શબ્દ ફેરે–ભાષા ફેરે આજ સુધીના તમામ ભજનિક કવિઓ સુધી વિસ્તરતી રહી છે.

જીવનવ્યવહારમાં કેવી વિચિત્રતાઓ છે એની સમજણ આપતું આ ભજન આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પંચેન્દ્રિય દ્વારા માનવીને થતાં જ્ઞાન અને એની મર્યાદાઓ દર્શાવે છે.

પરમાત્માની ખોજમાં નીકળેલી આ પાંચે ઈન્દ્રિયની જમાતના લક્ષણો કેવાં છે. સંસારસભામાં મૂંગો, બહેરો, નકટો, આંધળો વગેરે પાત્રો પોતપોતાની રીતે દરેક વસ્તુને મૂલવવાનો પ્રયાસ કરે છે પણ એ પાત્રો જેના તાબામાં છે એ છઠ્ઠું પાત્ર–માલિક મન એ તમામને એક થવા દેતું નથી એટલે જુદા જુદા વિષયોમાં આમતેમ અથડાયા કરે છે.

વેદવાણી ઉચ્ચારનારી જીભ બીજાને ઉપદેશ આપે છે. પણ પોતે તો બહેરી જ છે! પોતે જે બોલે છે તે સાંભળી શકતી નથી, સાંભળવાનું કામ તો કરે છે કાન. એ કેવું–કેટલું સાંભળે છે એની જાણ જીભને ક્યાંથી થાય?

કાન સાચા-ખોટા શબ્દની પરીક્ષા કરી શકે છે પણ તે છે મૂંગા. પોતાનો પ્રતિભાવ નથી આપી શકતા. આંખ સુગંધિત પુષ્પો, અત્તર,

ભોજનપદાર્થો જોઈ શકે છે પણ એની સુગંધ નથી લઈ શકતી. જ્યારે નાક સુગંધ લે છે તો એને જોઈ શકાતું નથી એટલે આંધળું છે. ત્વચા ઠંડું-ગરમ, લીસું-ખરબચડું જાણી શકે છે. પણ એ વ્યક્ત કરવા તો જીભનો જ આશરો લેવો પડે. આ દરેક પોતે જે અનુભવ કરે છે તેની મૂલવણી કોઈ બીજું કરે છે એટલે દરેકને બોધ આપ્યા કરીને આ પંડિતાઈ કરતું મન આ બધા ઉપર કાબૂ ધરાવે છે. એ કારણે તો આત્માને સાચી વસ્તુની પરખ થતી નથી.

મન ઉપર જો આત્માનો કાબૂ આવી જાય તો આ પાંચે ઈન્દ્રિયોની મર્યાદિત શક્તિ શત–સહસ્ત્રગણી થઈ જાય. અંતર્મુખી થયેલી વૃત્તિઓ નિર્વિકાર સ્વરૂપે સ્થિર થઈને અમૃતતત્ત્વનું આચમન કરી શકે. મન ઘણીવાર અધ્યાત્મના–સાધનાના પંથે ચડીને અહમ્ ટાળવાનો પ્રયાસ કરે છે પણ એનું હું પદ તો ઊલટું અંગેઅંગમાં વ્યાપી રહે છે. જો સતગુરુની કૃપા થાય તો જ એની આંટી–ગાંઠ છૂટે. હાર-જીત, સુખ-દુઃખ, હરખ-શોકના દ્વન્દ્વ જો હટી જાય, પંડેથી છૂટી જાય તો પલકવારમાં અવિચળ પદવી પ્રાપ્ત થઈ જાય. આ પાંચને જે પરમોદે, કંઠી બાંધે, વશ કરી લ્યે અને પાંચેને એક ઘરે લાવી શકે તે સાધક સંત સહેજે સહેજે આ ભવસાગર તરી જાય છે.

* * *

આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ, જિલ્લો રાજકોટ. પીન ૩૬૦૩૧૧.
ફોન : ૦૨૮૨૫-૨૭૧૫૮૨. મોબાઈલ : ૦૯૮૨૪૩ ૭૧૯૦૪

# અવસર

## (૧)

### વિશિષ્ટ આયોજન સાથે શાસનસમ્રાટ ભવનનો મંગલ પ્રારંભ

અમદાવાદમાં પ્રખ્યાત જૈન મંદિર હઠીભાઈની વાડીના પટાંગણમાં એક ભવ્ય મસારોહ યોજાઈ ગયો. વીસમી સદીના મહાન જૈનાચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની આચાર્ય પદ – શતાબ્દીના ઉપલક્ષ્યમાં આચાર્ય શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજીની પ્રેરણાથી નિર્માણ પામેલ શાસનસમ્રાટ ભવનના નામે તૈયાર કરવામાં આવેલ આર્ટ ગેલેરી, લાયબ્રેરીના ઉદ્‌ઘાટન નિમિત્તે યોજાયેલા આ સમારોહ ગચ્છાધિપતિ આ. શ્રી વિજયહેમચંદ્રસૂરિજીની નિશ્રામાં તથા આ. વિજયશીલચંદ્રસૂરિજીના માર્ગદર્શન અનુસાર ઉજવાયો હતો.

શાસનસમ્રાટ ભવનનું મંગલ ઉદ્‌ઘાટન, ભારતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા વિદ્વાન પદ્મભૂષણ મધુસુદન ઢાંકીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોતાના ઉદ્‌ઘાટન–પ્રવચનમાં ડૉ. ઢાંકીસાહેબે જૈન મુનિઓને તથા જૈન સમાજને ઇતિહાસના તથા શાસ્ત્રોના સંશોધન માટે તેમજ સંરક્ષણ માટે આહ્વાન કર્યું હતું.

ત્રણ દિવસના આ સમારોહ દરમ્યાન પહેલે દિવસે 'જૈન ધર્મનું વૈશ્વિક પ્રદાન' એ વિષય પર એક પરિસંવાદ યોજવામાં આવેલો, જેમાં ડૉ. કુમારપાળ દેસાઈની અધ્યક્ષતામાં ડૉ. ધનવંત શાહ, પ્રા. લાભશંકર પુરોહિત, ડૉ. સુધીર શાહ, ડૉ. થોમસ પરમાર, બંધુ ત્રિપુટી મુનિ કીર્તિચંદ્રજી, ડૉ. ગુણવંત શાહ જેવા નામાંકિત વિદ્વાનોએ ભાગ લીધો હતો અને જૈનધર્મે વિશ્વના તેમજ વ્યાપક માનવસમાજના શ્રેય માટે આપેલા યોગદાન વિશે પ્રકાશ પાડ્યો હતો.

સમારોહના ત્રીજા અને મહત્ત્વપૂર્ણ દિવસ તા. ૮ ડિસેમ્બરે સવારે ૯-૩૦ કલાકે ઉદ્‌ઘાટનનો ભવ્ય સમારંભ ચાલુ થયો હતો. તેમાં ડૉ. ઢાંકી સાહેબ, આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠ સંવેગભાઈ, ભાવનગરના યુવાન કાર્યકર્તા મનીષભાઈ શાહ તથા આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી, આ. શીલચંદ્રસૂરિજી આદિના મનનીય પ્રવચનો થયા હતા. પંકજભાઈ શેઠે સૌનું સ્વાગત કર્યા બાદ શાસનસમ્રાટ ભવનના દાતાઓ, કાર્યકરો, કલાકારો વગેરેનું બહુમાન કરવામાં આવેલું. ત્યારબાદ આ ભવન નિમિત્તે નિર્માણ કરવામાં આવેલી એક ડોક્યુમેન્ટરી ફિલ્મ દેખાડવામાં આવ્યા બાદ સહુ વાજતેગાજતે શાસનસમ્રાટ ભવન તરફ ગયા હતા, ત્યાં ડૉ. ઢાંકી સાહેબના શુભહસ્તે ભવનનું ઉદ્‌ઘાટન જયનાદ સહિત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે ભવનના પ્રવેશદ્વાર પાસે જ શાસનસમ્રાટ સહિત ત્રણ મહાન ગુરુઓની ભવ્ય મૂર્તિઓની સ્થાપના તા. ૭ના રોજ કરવામાં આવી છે. વિદ્વાનો, સાહિત્યરસિકો અને અધ્યાત્મરસિકોએ આમાં હાજરી આપી હતી.

## (૨)

### 'કૃષ્ણભક્ત કવિ જયદેવ' નાટ્યરૂપાંતરનું વિમોચન

વિશ્વકોશ લલિતકલા કેન્દ્ર અને શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના ઉપક્રમે જયભિખ્ખુએ લખેલા પ્રેમભક્ત કવિ જયદેવના શ્રી ધનવંત શાહે કરેલાં નાટ્યરૂપાંતર 'કૃષ્ણભક્ત કવિ જયદેવ'ના નાટ્ય-વિમોચનનો સમારોહ યોજવામાં આવ્યો. આની ભૂમિકા આપતાં શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું કે આજથી ૬૫ વર્ષ પહેલાં જયભિખ્ખુએ ૧૯૪૫માં સંસ્કૃત સાહિત્યના બારમી સદીમાં રચાયેલાં પ્રસિદ્ધ શૃંગારકાવ્ય 'ગીતગોવિંદ'ને આધારે આ નવલકથાનું સર્જન કર્યું હતું. તે પછી બે વર્ષ બાદ આ નવલકથા પરથી ફિલ્મ નિર્માણ થયું હતું અને આજે તેનું નાટ્યરૂપાંતર પ્રગટ થાય છે. જયભિખ્ખુએ એમના મિત્ર અને ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર કનુ દેસાઈ ફિલ્મ નિર્માણ કરવા ઇચ્છતા હતા તેમને માટે જયભિખ્ખુએ આ નવલકથા લખી હતી અને

કનુ દેસાઈએ એનું નિર્માણ કર્યું હતું. અત્યારે ત્રણેક વર્ષની જહેમત બાદ ધનવંત શાહ જયભિખ્ખુનું શબ્દતર્પણ કરી રહ્યા છે.

જાણીતા વિચારક શ્રી ગુણવંત શાહે કહ્યું આજે હું તમારી સમક્ષ જયભિખ્ખુના વાચક તરીકે ઉપસ્થિત થયો છું. એમને નિયમિત વાંચ્યા છે. ગુજરાતમાં ત્રણ સાહિત્યકારોના સંતાનોએ પિતૃતર્પણ કરવામાં એક નવો ચીલો પાડ્યો. જયભિખ્ખુનું પિતૃતર્પણ કુમારપાળ દ્વારા સતત થતું રહે છે. જયભિખ્ખુની નવલકથા જયદેવ પરથી જે ફિલ્મ ઉતરી તે 'ગીતગોવિંદ' અંગે કેટલાયે લોકોમાં ગેરસમજ પ્રવર્તે છે. કેટલાક માને છે કે કૃષ્ણ અને જૈનધારા વચ્ચે કોઈ મેળ નથી. હકીકતમાં મહાવીર સ્વામી અને શ્રીકૃષ્ણ અહિંસામાં નહિ, પણ અભયમાં મળે છે. અભય ન હોય તો અહિંસા નકામી એમ મહાવીર સ્વામીએ મેઘકુમારને કહ્યું હતું. મહાવીર સ્વામીએ એક શબ્દપ્રયોગ કર્યો છે, જે દુનિયામાં કોઈએ કર્યો નથી. મહાવીર સ્વામી મેઘકુમારને કહે છે કે જીવનનું સારતત્ત્વ શું છે ? તો કહે છે 'સહજ આનંદ સ્ફુરણા'. સહજનો મહિમા શ્રીકૃષ્ણએ પણ કર્યો. સહજ આનંદ સ્ફુરણા આ એક જ બિંદુ ઉપર કૃષ્ણ અને મહાવીર એકઠા થતા જોવા મળે છે. મહાવીર સ્વામી અને કૃષ્ણ વચ્ચે મોટી મિલનભૂમિ છે. ત્યાર પછી તેમણે જયદેવના 'ગીતગોવિંદ' વિશે વાત કરી. એમણે વિપ્રલંભ શૃંગાર આપણો આદર્શ છે તો સંભોગ શૃંગાર આપણી વાસ્તવિકતા છે. કૃષ્ણભક્ત કવિ જયદેવના સર્જક શ્રી ધનવંતભાઈ શાહે પ્રતિભાવ આપતાં કહ્યું કે સંભોગ શૃંગાર અને વિપ્રલંભ શૃંગાર એ બેની વચ્ચે હું એક શૂન્યની જેમ ઊભો છું. જયદેવ શૂન્ય પાસે છે. જયદેવ એ બંનેમાંથી પસાર થયેલા છે અને વિપ્રલંભ શૃંગારથી નીપજતો જે પ્લેટોનિક લવ આપણે કહીએ છીએ તે જયદેવે અહીંયા સિદ્ધ કર્યો છે. હું તો એક ક્રાફ્ટમેન છું. મેં તો નાટકની ગૂંથણી કરી છે. જયભિખ્ખુ પાસે જવાનું મન શા માટે થયું ? તેની વાત તેમણે કરી.

કૃષ્ણભક્ત કવિ જયદેવના નાટ્યાંશોનું પઠન પૂર્વરંગરૂપે શ્રી મહેશ ચંપકલાલે કર્યું. તેના ઉપરથી નર્તન પ્રસ્તુતિ તૈયાર થઈ હતી. તેની પરિકલ્પના શ્રી ઉમાબહેન અનંતાણીએ કરી હતી અને વૈભવ આરેકર તથા શિવાંગી વિક્રમે નર્તન દ્વારા રજૂઆત કરી હતી. સ્વાગત શ્રી હિનાબેન શુક્લએ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નલિની દેસાઈએ કર્યું. જયભિખ્ખુના ચાહકો અને કલારસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**–નલિની દેસાઈ**

(૩)

**શિક્ષણ શાસ્ત્રીઓનું સન્માન**

વર્લ્ડ જૈન કોન્ફેડરેશન સંસ્થા દ્વારા ૧૫મી ડિસેમ્બર ૨૦૧૩ના સ્વાતંત્ર્ય વીર સાવરકર સભાગૃહમાં અગ્રગણ્ય જૈન શિક્ષણ શાસ્ત્રીઓના સન્માનમાં એક કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં રાષ્ટ્રીય સ્તરે અને જૈન શિક્ષણના વિવિધ ક્ષેત્રમાં ભારત અને વિદેશમાં સેવા આપી છે એવા શિક્ષણશાસ્ત્રીઓની પસંદગી કરવામાં આવી હતી. તેમાં ડૉ. રાજેશ એમ. ખજુરીયા, ડૉ. પ્રિયદર્શના જૈન, ડૉ. પ્રવીણ નાહર, ડૉ. કલા શાહ, ડૉ. દુલીચંદ જૈન, ડૉ. કિરણકુમાર મોમાયા, ડૉ. કોકિલા એચ. શાહ, ડૉ. પરેશ શાહ અને ડૉ. સાગરમલ જૈનનો સમાવેશ હતો.

આ પ્રસંગે યોજાયેલા સમારોહમાં કોન્ફેડેશનના પ્રમુખ ડૉ. એન. પી. જૈન, ચેરમેન શ્રી અરુણ આર. મહેતા, શ્રી શ્રેયસ કે. દોશી, શ્રી એચ. એસ. રાંકા, શ્રી પ્રાણલાલ શેઠ વેકરીવાળા, શ્રી જિતેન્દ્ર કોઠારી, શ્રી વી. સી. કોઠારી, શ્રી સિદ્ધાર્થ કાશ્યપ સહિત અનેક જૈન અગ્રણીઓ ઉપસ્થિત હતા. મુખ્ય અતિથિ તરીકે લાડનુના કુલપતિ શ્રી બસંતરાજ ભંડારી અને વિશેષ અતિથિ તરીકે લેખિકા અને સામાજીક કાર્યકર શ્રીમતી મંજુ લોઢા ઉપસ્થિત હતા.

શિક્ષણશાસ્ત્રીઓનું શ્રીફળ, શાલ અને સ્મૃતિચિહ્ન આપીને સન્માન કરવામાં આવ્યું.

શિક્ષણશાસ્ત્રીઓએ તેમને આપેલા સન્માનનો આભાર વ્યક્ત કરતા તેમના અમૂલ્ય વિચારો અને શિક્ષણ ક્ષેત્રના અનુભવો જણાવ્યાં. ઈલા શાહ અને દીપ્તિ દોશીએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. શ્રી એચ. એસ. રાંકા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. ✶✶✶

## કુકેરી મુકામે ચેક અર્પણ વિધિ

અગાઉ ચેક અર્પણ માટે આપણે ૦૪-૦૧-૨૦૧૪ના રોજ જવાના હતા. તેમાં અનિવાર્ય સંજોગોને લીધે ફેરફાર કરવામાં આવ્યો છે. **હવે આપણે શનિવાર તા. ૧૫-૨-૨૦૧૪ના રોજ** સવારે ૦૮-૦૦ કલાકે નીકળી રસ્તામાં ચાહ-પાણી પતાવી ૧૧.૦૦ કલાકે શ્રીમદ રાજચંદ્ર આશ્રમ, મોહનગઢ, ધરમપુર પહોંચશું. આશ્રમની મુલાકાત, દેવદર્શન અને જમવાનું પતાવી ત્યાંથી શ્રી નિતીનભાઈ સોનાવાલાના શબરી આશ્રમ, કપરાડા સાંજના ૪-૦૦ કલાકે પહોંચીશું. દીકરીઓનો કાર્યક્રમ જોઈશું અને રાતવાસો ત્યાંજ કરીશું. રવિવાર તા. ૧૬-૨-૨૦૧૪ના સવારે ૮-૦૦ કલાકે ચા-નાસ્તો પતાવી આપણે બધા કુકેરી ગામ રવાના થઈશું. સવારે ૧૦.૦૦ કલાકે ત્યાં પહોંચીશું. ૧૧.૦૦ વાગે ચેક અર્પણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ પછી જમીને બધા મુંબઈ તરફ રવાના થઈ સાંજના ૬-૦૦ કલાકે મુંબઈ પહોંચીશું. બધાએ સ્વખર્ચે જવાનું છે. નામ નોંધાવવા કાર્યાલયનો સંપર્ક કરવો.

**નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૨૫-૦૧-૨૦૧૪ છે.**

સંપર્ક : ટે. નં. ૨૩૮૨૦૨૯૬,
મથુરાદાસ મો.: ૯૮૩૩૫૭૬૪૨૧,
પ્રવીણભાઈ મો.: ૯૮૬૯૫૦૩૦૭૨.

# 'ભાતભાતકે લોગ'

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

આ વિચિત્ર સંસારમાં ભાતભાતના લોકો રહેતા હોય છે. દરેકને ભાતભાતના અનુભવો પણ થતા હોય છે. એ અનુભવોમાં કેટલાક મીઠા હોય છે, કેટલાક કટુ, એટલે તો સંત તુલસીદાસે ગાયું છેઃ-

*'તુલસી યે સંસાર મેં ભાતભાત કે લોગ,*
*સબસે હિલમિલ ચાલીયે, નદી-નાવ સંજોગ.'*

(૧) વડોદરામાં સ્થિર થયે મને અર્ધી સદી થઈ. કદાચ બે દાયકા ઉપરની વાત હશે. મારી જમણી આંખમાં દવા નાખતા મારા મોટા દીકરાના હાથમાંથી ટ્યૂબ સરકી ગઈ ને એની એણી આંખના ખૂણામાં વાગી...થોડુંક લોહી નીકળ્યું. દીકરો છોભીલો પડી ગયો. ફેમિલી ડૉક્ટર જેવા શ્રીમતી સુષમાબહેન દેસાઈને ત્યાં તપાસ કરી. તેઓ વડોદરામાં નહોતાં. 'નૂતન ભારત સોસાયટી' આગળથી પસાર થતાં ડૉ. રમેશ દેસાઈનું બોર્ડ જોયું. તેઓ એમ.એસ. હતા પણ નેત્રરોગ નિષ્ણાત નહોતા; છતાંયે તેમણે તપાસીને કહ્યુંઃ 'ખાસ ગંભીર નથી. ચિંતાનું કોઈ કારણ નથી. તાત્કાલિક ઉપચાર કરી કહે, 'આઈ સ્પેશ્યાલિસ્ટને બતાવજો. મેં એમની ફીની પૃચ્છા કરી તો સ્મિત કરીને કહેઃ 'ફી પેટે પાંચ કાવ્યો આપજો. કવિ અનામી! તમારા નામથી ને કામથી હું પરિચિત છું.' પાંચ કાવ્યોને બદલે મેં ઉપલબ્ધ હતા તે ત્રણેક કાવ્યસંગ્રહો આપ્યા. પછી તો સંબંધ પ્રગાઢ બન્યો. ડૉ. દેસાઈને ભવાઈ અને કાવ્ય-સાહિત્યમાં ઝાઝો રસ. કવિ રમેશ પારેખના ઉત્તમ કાવ્યસંગ્રહ-'છ અક્ષરનું નામ'માંનાં અનેક કાવ્યો ડૉ. દેસાઈને કંઠસ્થ. કદાચ એટલાં કાવ્યો તો ખૂદ કવિની સ્મૃતિમાં પણ નહીં હોય!

(૨) કેડ્યના દુઃખાવા માટે હું ડૉ. ચીમનભાઈ પટેલના ક્લિનિકે ગયો. પૂર્વ પરિચય શૂન્ય. મારા એક વડીલની ભલામણથી ગયેલો. મારો વારો આવ્યો એટલે મધુર સ્મિત સાથે મને આવકાર્યો ને ટ્રીટમેન્ટ શરૂ કરી. ઉપચારને અંતે મેં સો સો રૂપિયાની બે નોટો ધરી....કશા પણ સંકોચ વગર લઈ લીધી...પછી એમના ગજવામાંથી સો સોની ત્રણ નોટો કાઢી પાંચસો રૂપિયા મારા ગજવામાં મૂક્યા ને કહેઃ 'હવે જ્યારે, ત્રણેક દિવસ માટે આવો ત્યારે એ ફી આપજો.' ઈદી અમીનના કો'ક દર્દને ડૉ. ચીમનભાઈએ મટાડેલું...ઈદી અમીને નૈરોબીમાં ડૉ. પટેલનું બાવલું મૂકાવેલું. જતાં જતાં મને કહેઃ 'પ્રોફેસર સાહેબ! પ્રેમાનંદ સાહિત્ય સભામાં તમોએ ભક્તકવિ દયારામ ઉપર ભાષણ આપેલું ત્યારે શ્રોતાજનોમાં હું પણ હતો. ડૉ. ચીમનભાઈને થિયોસોફીમાં અનહદ રસ. સંતતિમાં ચાર દીકરીઓ. ચારેય દીકરીઓને અક્કેક બંગલો આપેલો. ગુલાબી પ્રકૃતિનો ઝિન્દાદિલ આદમી. મહિનો થાય એટલે કિલો–બે કિલો આઈસ્ક્રીમ લઈને આવે...સાથે બે-ત્રણ મઝિયારા મિત્રોને પણ લાવે. ડૉ. ચીમનભાઈ મહેફિલનો માનવી.

(૩) ચોક્કસ સાલ તો યાદ નથી, હશે સને ૧૯૬૨–૬૩. પ્રો. સી. સી. મહેતા ત્યારે શ્રી મનુભાઈ મહેતા હૉલમાં એકલા રહે. શ્રીમતી હંસાબહેન મહેતા-લાયબ્રેરીમાં, લાયબ્રેરી સાયન્સના વર્ગો લેવા પણ જાય. એક દિવસ હું પ્રો. સી. સી. મહેતા સાહેબને મળવા ગયો ને જ્યાં સાહિત્યની વાત કાઢી ત્યાં સીસોટી વગાડી, ડાબા હાથની તર્જની નાકે અડાડી કહેઃ 'ચૂપ થઈ જાવ, અહીં મારી સાથે સાહિત્યની વાત જ નહીં કરવાની.' મેં કહ્યુંઃ 'બે સાધુઓ મળે એટલે હિંદી તો બોલે જ ને!' મને કહે, 'ઝાઝી દલીલ નહીં કરવાની.' મેં કહ્યુંઃ 'આટલા બધા નિર્વેદનું રહસ્ય શું?' તો એમણે બે વાતો તરફ મારું ધ્યાન દોર્યું. કહેઃ 'આ હોસ્ટેલની આજુબાજુ ફરતા, પેન્ટકોટમાં કે કફની-પાયજામામાં સજ્જ, વીસથી બાવીસ વર્ષના જુવાનિયાને તું પૂછ કે પ્રો. સી. સી. મહેતા ક્યાં રહે છે?' રજ માત્ર-રસ દાખવ્યા વિના કહેશેઃ 'આઈ ડોન્ટ નો.' સી. સી. મહેતા કઈ વાડીનો મૂળો! બીજું...હમણાં–સને ૧૯૬૧માં ટાગોર શતાબ્દી ગઈ. કવિવરના કેટલાં પુસ્તકો વેચાયાં જાણે છે? મારી જાણ પ્રમાણે ત્રણ કરોડના...ને તમારા કલ્પનામૂર્તિ મૂર્ધન્ય સાક્ષર નવલકથાકાર શ્રી ગોવર્ધનરામનાં? માંડ ત્રણ લાખનાં પણ નહીં. આવી પરિસ્થિતિમાં સાહિત્યની શી વાતો કરવાની?'

(૪) ત્રણ ત્રણ વાર અનુસ્નાતક થયેલી મારી એક વિદ્યાર્થિની વડોદરાની રોઝરી હાઈસ્કૂલમાં નોકરી કરે. એની સાથે બીજી એની બહેનપણી પણ નોકરી કરે. નિયમ પ્રમાણે એ નોકરીમાંથી નિવૃત્ત થઈ. કુટુંબમાં સાવ એકલી. પરણેલી નહીં. એકવાર એ બિમાર પડી. વડોદરાના પ્રખ્યાત ડૉક્ટર મુનશીને દવાખાને ગઈ. ડૉ. મુનશીએ એને સારી રીતે તપાસી. એના રોગથી એને સંપૂર્ણ પરિચિત કરી. ઉપચાર કદાચ વધુ સમય માટે કરવો પડે. દર્દીએ ડૉક્ટરને ફી આપવાની વાત કરી તો ડૉક્ટર મુનશી કહેઃ 'જુઓ બહેન! આખી જિન્દગી તમોએ વિદ્યાનું દાન, જે વિશ્વમાં મોટામાં મોટું ને શ્રેયસ્કર દાન છે - તે કર્યું. એક નિયમ તરીકે હું કોઈપણ શિક્ષક કે પ્રોફેસર પાસેથી ફી પેટે રાતી પાઈ પણ લેતો નથી.' પેલાં દર્દી બહેન કહેઃ 'સાહેબ! તો તો બીજીવાર આવતાં મને સંકોચ થશે.' ડૉ. મુનશી કહેઃ 'રજ માત્ર સંકોચ રાખ્યા વિના જરૂર જણાય ત્યારે બે–ધડક આવવાનું ને મને સેવા કરવાની તક આપવાની.' આ લેખકને પણ આવા અર્ધો ડઝન ડૉક્ટરોનો અંગત સુખદ અનુભવ થયો છે.

(૫) આ વાત છે ભાયલી નામના ગામની. ભાયલીમાં મારા કેટલાક વિદ્યાર્થીઓ ને સુખી પ્રતિષ્ઠિત સજ્જનો રહે છે. બેરી. એ. બી. પટેલ ભાયલીના. એમનાં આઠેય સંતાનો નૈરોબી, ઈંગ્લેન્ડ ને અમેરિકામાં. થોડાક દિવસ પહેલાં એ.બી.ના ભત્રીજા-વહુએ આ વાત કરી. ભાયલીના એક મોભી પટેલનું અવસાન થયું. કુટુંબમાં વિધવા ને એના ત્રણ સંતાનો. મુશ્કેલીઓ આવે છે ત્યારે એકલદોકલ આવતી નથી...ઉપરા ઉપરી

સામટી આવે છે. પતિના અવસાન બાદ, દૈવ જાણે શાથી, એનું ઘર બેસી ગયું. રહેવા લાયક રહ્યું નહીં. વિધવા માતા એના ત્રણેય સંતાનો સાથે ભાડાના મકાનમાં એક ઓરડો રાખીને રહ્યાં. વિધવા, બ્યૂટી પાર્લરમાં નોકરીએ રહી. જેમ તેમ ગુજરાન ચાલતું હતું ત્યાં એક ચમત્કાર થયો. ભાયલીના ત્રણેક સજ્જનો પરદેશથી સ્વદેશમાં પધાર્યા. ઘણે વર્ષે દેશમાં આવ્યા એટલે ગામ જોવા નીકળ્યા. ફરતાં ફરતાં પેલું બેસી ગયેલું મકાન જોયું...પડોશી પાસેથી રજેરજ વિગતો મેળવી અને પેલી વિધવા માતાને મળ્યા. એના બાળકોને મળ્યા...અને જાહેર કર્યુંઃ 'બહેન! તું જરાય હિંમત હારતી નહીં. પ્રથમ તો તું આખું વર્ષ ચાલે એટલી ખાદ્યસામગ્રી ઘરમાં ભરી દે. તારાં બાળકોને ભણાવજે. ત્રણેય સંતાનોનું ભણતર-ખર્ચ તને અમારા તરફથી મળી રહેશે..અને તારું આ બેસી ગયેલું મકાન તને વહેલામાં વહેલી તકે નવું મળી જશે. જીવનમાં પ્રામાણિકતાથી રોટલો રળજે ને તારા સંતાનોને શિક્ષિત-સંસ્કારી નાગરિક બનાવજે. કોઈ પણ વસ્તુની જરૂર જણાય તો રજમાત્ર સંકોચ રાખ્યા વિના અમને જણાવજે. ભગવાન તારું કલ્યાણ કરે.'

(૬) આજથી ચાર વર્ષ પૂર્વે મારો પ્રપૌત્ર વેદાન્ત અમેરિકાથી વડોદરે આવ્યો ત્યારની આ વાત છે. અહીં એને બધું નવું નવું લાગે...રસ્તા પર ફરતાં-રખડતાં ગાય, ભેંસ, ભૂંડ, કૂતરાં...સંબંધે એને કુતૂહલ થયા જ કરે. ઘરે કોઈ પણ આવે તો એની સાથે વાતો કરવાનું એને ગમે. બીજી વાર કોઈ વ્યક્તિ આવે તો નામ દઈને બોલાવે-આવકારે. પૂજાપાઠ ટાણે ભગવાનના મંદિરમાં એની દાદી સાથે ઠીક ઠીક બેસેઃ દાદી એને ભજન ગાતાં શીખવે. એકાદ માસમાં ગાયત્રી મંત્ર,

ૐ તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ
ધિયો યો નઃ પ્રચોદયાત્ ।।

બોલતાં શીખી ગયેલો. મારી સાથે હીંચકે બેસે ત્યારે હું ધૂન ને ભજન ગવડાવું. એની કાલીઘેલી ભાષામાં આવડે તેવું બોલે. સમી સાંજના મારા મિત્રો મળવા આવે તેમની સાથે પણ ભળી જાય. મિત્રોમાં નિયમિત આવનાર, શેરો શાયરીના ઉસ્તાદ-ખાં-શ્રી નટવર ભટ્ટ પણ આવે. વેદાન્તને ભટ્ટ સાહેબ સાથે ગાઢી માયા થઈ ગયેલી. એને અમેરિકા જવાનું માંડ અઠવાડિયું બાકી રહેલું ત્યારે એક સાંજે ભટ્ટ સાહેબ આવ્યા. કંપની ઠીક ઠીક જામી એટલે ભટ્ટ સાહેબે વેદાન્તને પૂછ્યુંઃ 'હવે તું અમેરિકા જવાનો.' કહે 'હા.' આ તારા દાદાને સાથે લઈ જવાનો? ભટ્ટ સાહેબે પૂછ્યું એટલે તરત જ બોલ્યોઃ 'લઈ તો જાઉં પણ એમની પાસે પાસપોર્ટ નથીને!' ભટ્ટ સાહેબે ગમ્મત ખાતર પૂછ્યુંઃ 'મને અમેરિકા લઈ જવાનો?' એણે સ્પષ્ટ 'ના' ભણી એટલે ભટ્ટ સાહેબે પૂછ્યુંઃ 'તું ન હોય પછી અમારે અહીં શું કરવાનું? નવાઈ લાગે એવો તેનો જવાબ હતોઃ 'ભગવાનનું ભજન કરવાનું ને ઘંટડીઓ વગાડવાની, પ્રસાદ ખાવાનો.' આઠમે વર્ષે જ્યારે વેદાન્ત વડોદરે આવ્યો ને ભટ્ટ સાહેબે ચાર વર્ષ પૂર્વેની આ વાત કહી ત્યારે એ ખડખડાટ હસી પડ્યો. એ સદાય હસતો રહે છે એટલે ઘરમાં બધા એને હસમુખલાલ કહી બોલાવે છે.

(૭) લગભગ સરખી વયના, એક જ જ્ઞાતિના, સાત દાયકા પૂર્વે અમદાવાદમાં રહીને ભણનારા મારા મિત્ર શ્રી માણેકલાલ પટેલ વિદેશમાં વસીને ઠીક ઠીક કમાયા. નિવૃત્તિ ગાળવા વડોદરું એમને ને મને સાનુકૂળ રહ્યું. પૈસે ટકે એ વધુ સદ્ધર એટલે ખાનગીમાં ધીરધારનો ધંધો પણ કરે. મને કે મારા મિત્રોને પૈસાની જરૂર પડે તો સંકટ સમયની સાંકળ શ્રી માણેકલાલ. વ્યાજ લેવામાં જરાય જતું નહીં કરનારા. એકવાર મારા સ્નેહીને લગભગ પચાસ હજારની જરૂર હતી. મારી મારફતે પૈસા તો મળ્યા. ચારેક માસ બાદ મારા સ્નેહીને પૈસાની સગવડ થઈ એટલે મૂડી ને વ્યાજ સમેતની રકમ મને પરત કરવા આપી. એક દિવસ લગભગ સાંજના ચારેકના સુમારે હું શ્રી માણેકલાલને રકમ આપવા ગયો તો પૈસા તો ગણી લીધા...એકાદ મિનિટ પછી મને કહેઃ 'અનામીજી! સાંજના ચાર તો થઈ ગયા. બેન્કો પૈસા સ્વીકારશે નહીં, એટલે આજનું તો મારું વ્યાજ ગયું!' હકીકત તરીકે એમની વાત સાવ સાચી હતી પણ સંબંધનો એમણે જરાય વિચાર કર્યો નહીં. હિસાબ પ્રમાણે મેં એમને એક દિવસના વ્યાજની રકમ આપી દીધી. થોડાક માસ બાદ એમની સ્મૃતિ એકદમ ક્ષીણ થઈ ગઈ. બેન્ક એકાઉન્ટ ક્લોઝ કરાવી દીધા...ને લગભગ એકાદ માસમાં એમના નામના બે ચેક આવ્યા જે સાત આંકડાની રકમના હતા. પંદરેક દિવસમાં એમનું અવસાન થયું. હજી હું એક દિવસનું વ્યાજ ભૂલ્યો નથી!

(૮) આ વાત છે લગભગ આઠેક દાયકા પુરાણી. એક કૉલેજમાં એક જ જ્ઞાતિની ત્રણ વ્યક્તિઓ ભણે. બે યુવકો ને એક યુવતી. બે યુવકો એમ.એ.માં યુવતી બી.એ.માં. ત્રણેય વ્યક્તિઓ ઉચ્ચ જ્ઞાતિની, સંસ્કારી ને સમાજમાં પ્રતિષ્ઠિત. આ બંનેય યુવકો યુવતીને ચાહે. યુવતી પણ બંનેને ચાહે-હૃદય ત્રિપુટી! યુવતીના માતા-પિતાએ દીકરી બી.એ. થઈ જાય એટલે પરણાવવાની વાત વહેતી મૂકી. દીકરીને પણ એની જાણ કરી. દીકરીના માતા-પિતા જાણતાં હતાં કે તે એમ.એ.માં ભણતાં બંનેય યુવકોને ચાહે છે ને યુવકો પણ તેની સાથે લગ્ન કરવા ઉત્સુક છે. એકવાર યુવતીએ જ પોતાની આ વાત બંને યુવકો સમક્ષ કરી, શું કરવું? તેની સમજ પડતી નહોતી. ત્રણેય વચ્ચે પાકો મનમેળ હતો. પણ બંનેય યુવકોમાંથી કોઈ પીછેહઠ કરવા તૈયાર નહીં. આખરે યુવતીએ જ સ્વયંવરની શરત મૂકી. એણે રોશન કર્યું કે બંને યુવકોમાંથી જે કોઈ એમ.એ.ની પરીક્ષામાં વધુ ગુણ (Marks) લાવેતેને તે પરણશે. શરત પ્રમાણે વધુ ગુણવાળાને પરણી ગઈ. આ બંનેય યુવકોની રાશિ એક છે. ભણી રહ્યા બાદ આ બે યુવકો વ્યવસાય નિમિત્તે જે શહેરોમાં વસ્યા ત્યાં એમના નામના (Roads) છે. સાંભળ્યા પ્રમાણે એમનું દામ્પત્ય-જીવન સુખી નહોતું.

(૯) આ કિસ્સો બહુ વિચિત્ર પ્રકારનો છે. ચરોતરનાં બે ગામના બે પટેલોનો કિસ્સો છે. એક પટેલ એની દીકરીને અમુક ગામના પટેલના

દીકરા સાથે પરણાવવા માગતો હતો. દીકરાનો બાપ દીકરીના બાપને દાદ દેતો નહોતો. હવે શું કરવું ? દીકરો મેટ્રીકમાં (ધોરણ બારમામાં) આવ્યો. પરીક્ષા આપવાને એક માસ બાકી હતો ત્યાં દીકરીના બાપને ખબર પડી કે એનો એક સંબંધી મેટ્રીકની પરીક્ષામાં અમુક વિષયમાં ચીફ-મોડરેટર હતો. દીકરીના બાપ એ ચીફ-મોડરેટરને મળ્યો ને પોતાની કથની કહી. દીકરીના બાપે જ સૂચવ્યું કે ચીફ-મોડરેટરે પેલા છોકરાને કોઈ પણ રીતે નાપાસ કરવો. બીજા વિષયના મોડરેટરો પણ આ બાબતમાં મદદ કરે. તે વખતે મોડરેટરો અને ચીફ-મોડરેટરો પૂના શહેરમાં રહીને મેટ્રીકની પરીક્ષાનું કામકાજ કરતા. પેલા ચીફ-મોડરેટરે કાવાદાવા કરીને છોકરાને બે વિષયમાં નાપાસ કર્યો. છોકરો બીજે વર્ષે પરીક્ષામાં બેઠો...એ જ કારસ્તાનનો ભોગ બન્યો. મેટ્રીકની પરીક્ષામાં બે વાર નિષ્ફળ થનારને કઈ દીકરીનો બાપ ઉમળકાથી કન્યા આપે ? આખરે જે દીકરીની ઑફર નકારી હતી તેનો સ્વીકાર થયો ને લગ્ન પણ થઈ ગયાં. આ કરુણ કિસ્સો બન્યો ત્યારે હું પણ મોડરેટર તરીકે પૂનાની રીટ્ઝ હોટલમાં હતો. દીકરાના બાપને આ ક્રૂર-કરુણ કરામતની ક્યારેય ખબર પડી નહોતી. સાડા દાયકા પૂર્વેની આ સત્યકથા છે.

(૧૦) સને ૧૯૫૦ થી ૧૯૫૮ સુધી હું નડિયાદની સી. બી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ અને જે. એન્ડ જે. કૉલેજ ઓફ સાયન્સમાં વાઈસ પ્રિન્સિપાલ તરીકે નોકરી કરતો હતો. 'શ્રી ગોવર્ધન સાહિત્ય સભા'નો હું પ્રમુખ હતો. એના ઉપક્રમે નડિયાદના ત્રણ સાક્ષરોની જન્મ શતાબ્દી ઉજવેલી. (૧.) શ્રી ગો. મા. ત્રિપાઠી, (૨) પ્રો. મણિલાલ ન. દ્વિવેદી અને (૩) મસ્તકવિ બાલાશંકર કંથારિયા. આ ઉજવણી સમયે ગુજરાતના મોટા ભાગના સાહિત્યસર્જકો અને મૂર્ધન્ય સાક્ષરોને પ્રવચન માટે બોલાવેલા. એમાંના બે સાક્ષરોનો અનુભવ જાણવા જેવો છે. હાસ્ય લેખક શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ પ્રવચન આપવાનું સ્વીકાર્યું...ફર્સ્ટ કલાસ ફેર, લેખિત પ્રવચનનો પુરસ્કાર ઉપરાંત એમણે શરત મૂકી કે મને નરસંડા ગામના વેણીભાઈ અને સરોજબહેનની વાડીના પાંચ કિલો આમળાં આપવાનાં. મજાકમાં નહીં પણ ગંભીર રીતે લખેલું. એમની શરત પાળવામાં આવેલી.

બીજા સાક્ષર હતા પ્રો. વિજયરાય ક. વૈદ્ય. તે કાળે ત્રણ વિવેચકોની બોલબાલા હતી. (૧) પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, (૨) પ્રો. વિશ્વનાથ મગનલાલ ભટ્ટ ને ત્રીજા પ્રો. વિજયરાય વૈદ્ય. પ્રો. વૈદ્ય શ્રી ગો. મા. ત્રિપાઠીના 'સાક્ષરજીવન' ઉપર અભ્યાસ-લેખ તૈયાર કરીને લાવેલા. એમની આગતા સ્વાગતા કરીને મેં જમવા માટે પ્રસ્તાવ મૂક્યો તો કહેઃ 'જમવા કરવાનું પછી પ્રથમ તમો 'સાક્ષરજીવન' સંબંધેનો મારો આ લેખ સ્વીકારો ને નિયમ પ્રમાણેનો પુરસ્કાર આપો.' મેં વૈદ્ય સાહેબને કહ્યું કે એ બધું જમ્યા બાદ થઈ શકશે પણ એમણે એમની આ પ્રકારની જક છોડી નહીં. આખરે મેં પુરસ્કારની રકમ આપી એટલે ખુશ થઈને ભોજન માટે તૈયાર થઈ ગયા. એમની આ પ્રકારની જકને હજુ સુધી હું સમજી શક્યો નથી ને ભૂલ્યો પણ નથી. સંભવ છે કે ભૂતકાળમાં એમને કટુ અનુભવ થયા હોય!

(૧૧) સાયન્સની એક કૉલેજના રસાયણ શાસ્ત્રના પ્રોફેસર શાહ મારા ખાસ મિત્ર. એમણે કહેલી આ વિચિત્ર પ્રકારની કથા છે. મેટ્રીકમાં એ પરીક્ષક હતા. એમની પાસે એક છોકરી આવીને કહેઃ 'સર, તમને એક ખાસ વિનંતી કરવા આવી છું. તમો કહો તેટલા રૂપિયા આપું પણ તમોને હું જે નંબર આપું તેને નાપાસ કરવાનો. પ્રથમ તો પ્રો. શાહે એને ધમકાવી, એની ધૃષ્ટતા માટે ડારી પણ કુતૂહલ ખાતર પૂછ્યુંઃ 'કેટલાક પાસ કરાવવા લાગવગ લાવે છે, પૈસાની લાલચ આપે છે પણ અમુક નંબરને નાપાસ કરાવવા પૈસા આપનાર તું અપવાદરૂપ છે. એ નંબર નાપાસ થાય એમાં તને શો રસ છે ?' ત્યારે એણે કહ્યુંઃ 'સર, હું જે છોકરાને ચાહું છું તેની આ નંબરવાળો છોકરો ઈર્ષ્યા કરે છે ને ધમકી આપ્યા કરે છે. એ નાપાસ થાય એટલે કૉલેજના દ્વાર એને માટે બંધ થઈ જાય ને અમારા સંબંધમાં વિઘ્ન ન નાખે.' પ્રથમ તો છોકરીને ધમકાવીને ને પછી શાંતિપૂર્વક સમજાવીને એને વિદાય કરી, બોલો, છે ને ભાતભાતના લોગ આ વિચિત્ર સંસારમાં. ✷ ✷ ✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
સી-૧૨, નવદીપ એપાર્ટમેન્ટ, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

### ડૉ. શેખરચંદ્રજી જૈન પૂ.આ.જ્ઞાનસાગરજી પુરસ્કારસે પુરસ્કૃત

જૈન સાહિત્ય મનીષી ડૉ. શેખરચંદ્રજી જૈન કો ગુના (મ.પ્ર) મેં પૂ. મુનિ પુંગવ ૧૦૮ શ્રી સુધાસાગરજી જો સંત શિરોમણિ આ. વિદ્યાસાગરજી કે પ્રિય હૈં, ઉનકી ઉપસ્થિતિ મેં પૂ. આ. વિદ્યાસાગર શ્રી કે ગુરુ સ્વ. પૂ. આ. જ્ઞાનસાગરજી કા ૨૪વાં પુરસ્કાર દિનાંક ૧૪ અક્ટૂબર કો વિશાલ જનસમૂહ વ વિદ્વત્વર્ગ કે સમક્ષ બડે હી ગૌરવશાલી ઢંગ સે પ્રદાન કિયા ગયા. યહ પુરસ્કાર પૂ. આ. જ્ઞાનસાગર વાગાર્થ વિમર્ષ કી ઓર સે પ્રદાન કિયા જાતા હૈ. સાથ હી વિદ્વત્ પરિષદ કા સહયોગ પ્રાપ્ત હોતા હૈ. વાગાર્થ વિમર્ષ કે અધ્યક્ષ ડૉ. અરુણ જૈન એવં વિદ્વત્ પરિષદ કે અધ્યક્ષ ડૉ. જયકુમાર જૈન મુઝફ્ફરનગર કે સાથ ગુના કે અધ્યક્ષ શ્રી ને ઈસે પ્રદાન કિયા.

પુરસ્કાર રાશિ મેં ૫૧ હજાર રુપયે, સન્માન પત્ર, લગભગ ૫ હજાર વસ્ત્રાભૂષણ સૂરતનિવાસી શ્રી જ્ઞાનેન્દ્રકુમાર જૈન (ગદિયાજી) કી ઓર સે પ્રતિ વર્ષ કી ભાંતિ પ્રદાન કિયે ગયે. વિદ્વાનોં વ સમાજ કે શ્રેષ્ઠિયોં ને માલાઓં સે ભવ્ય સ્વાગત કિયા.

વાસ્તવ મેં યહ પુરસ્કાર પૂ. સંત શિરોમણિ આ. વિદ્યાસાગરજી કે પરોક્ષ એવં ૧૦૮ મુનિ પુંગવ શ્રી સુધાસાગરજી કે પ્રત્યક્ષ આશીર્વાદ કા હી પ્રતિબિંબ હૈ. ડૉ. જૈન કો બધાઈ કિ વે ઈસ પુરસ્કાર કે લિએ ચુને ગયે.

# બધા રસ્તાઓ ભલે રોમ તરફ જતા હોય...

**☐ ગુલાબ દેઢિયા**

માથું નમાવવા જેવી ઉન્નતિ ક્યાં છે? માથું ધરતીને અડાડું છું ને મન તો રાજી રાજી થઈ જાય છે. ધરતીનો રવ સાંભળું છું. ધરતીનો મૃદુ સુગંધી શ્વાસ મને સ્પર્શે છે.

ધારદાર ખૂણા ઘસી નાંખે તે પ્રાર્થના. પ્રાર્થના વિના ચેન ન પડે એવું પણ બને ખરું! નવકારમાં માથું નમે કે સામે અનેકાનેક પંચ પરમેષ્ઠિ હાજરાહજૂર દેખાય છે.

'નવકાર કલ્પવૃક્ષ નીચે ઊભો છું.
મેં હાથ જોડ્યા છે.
મારે કંઈ જ નથી માંગવું.
ચરણમાં છું.
શરણમાં છું.
ફરી ફરી આ છાંયડામાં રહું
એ અભિલાષા છે.
આમ તો એક સારા માણસને મળવાનું
કેટલું દુષ્કર છે!
જ્યારે અહીં તો પંચ પરમેષ્ઠિ,
પાંચ પરમેશ્વર હાજરાહજૂર છે.
નમો લોએ સવ્વ સાહુણં
બોલું છું ત્યાં તો જગતના
સર્વે સાધુજનોને વંદન થઈ જાય છે.
મનની પ્રસન્નતાનો કોઈ પાર નથી.
હવે હું રંક નથી.
હવે હું કંક નથી.
મારા મનમાં પંક નથી.
મારી પાસે નવકાર છે.
નવનિધ છે.
એને હું મારા શ્વાસમાં પરોવું છું.
મારા રક્તકણમાં ભેળવું છું.
મારા રોમેરોમમાં ગૂંથું છું.
હવે મારે કંઈ પણ માગવાની મૂર્ખાઈ નથી કરવી.
મારો છેલ્લો ઉચ્છ્વાસ જતો હશે ત્યારે
એમાં પણ નવકારની સૌરભ હશે.
કલ્પવૃક્ષ પર બારે માસ વસંત હોય છે.
પંચ પરમેષ્ઠિ,
પરમ તારક,
મારા વ્હાલા,
હું ત્રિવિધે ત્રિવિધે
તમને નમસ્કાર કરતો રહું
મારું માથું નમે તે મને ગમે.
'ચરણકમળ ચિત્ત રાખલડી'
એ પંક્તિ હવે સમજાય છે.
તમારા ચરણોમાં મારું ચિત્ત રહો
એ જ મારી પ્રાર્થના છે.

વિપદામાં જ શા માટે, મારે તો હર ખુશીના, શાંતિના, નિરાંતના, સ્વસ્થતાના, પ્રસન્નતાના અવસરે પ્રાર્થના કરવી છે.

આજે કાયોત્સર્ગમાં
ઊભા રહેતાં અદ્ભુત લાગણી થઈ!
કાઉસગ્ગે દેખાડ્યું કે
હું કાયાથી, માયાથી ભિન્ન થાઉં
ત્યારે કેવો હોઉં છું.
એ ભાવ મારા અંતરને પુલકિત કરે છે.
મેં લોકાલોકમાં અસંખ્ય આત્માઓને
કાઉસગ્ગની પ્રસન્ન મુદ્રામાં નીરખ્યા.
મારા વ્હાલા બાહુબલી, સ્થૂલીભદ્ર,
મેતારજ મુનિ, ગજસુકુમાલ કાઉસગ્ગને જીવી ગયા.
બંધ આંખે જે જોયું તે ખુલ્લી આંખે થોડું દેખાત?
એક કાઉસગ્ગે નવી દુનિયા ખોલી આપી.
શ્વાસનું દિવ્ય સંગીત!
મનના અદ્ભુત પ્રદેશો!
કાયા ખોવાણી ત્યાં તો
આત્માનો હીરો ઝગમગ ઝગમગ!
કાયોત્સર્ગ મારો સ્વભાવ બનો
મારું સરનામું બનો એ માગું છું.
ન કોઈ વર્ગ માગું, ન સ્વર્ગ માગું,
માગું તો માગું કાયોત્સર્ગ માગું.

મિત્રો આપણા જીવનનો અભિન્ન ભાગ છે. મિત્રો યાદ આવ્યા જ કરતા હોય છે. પાઠકસાહેબે 'પરણામ મારા' કાવ્યમાં મિત્રોને પ્રણામ કરતાં કહ્યું છે કે, 'હસીને ધોવરાવ્યા અમારા મેલજી.' આજે એક જિગરજાન મિત્રને યાદ કરવો છે.

'સાચું તો કહ્યું છે
મિત્રો વગર જીવન અધૂરું છે.
વિનય! તું મારો મિત્ર છે.
તારી મૈત્રીથી જીવન મધુરું છે.
વિનય, તું ચૂપચાપ મારી ચિંતા કરતો રહે છે.

તું હોય મારી સાથે ત્યારે મારું તો
વ્યક્તિત્વ જ બદલાઈ જાય છે.
મારા વિચાર, વાણી, વર્તન તારાથી પ્રભાવિત છે.
કાળમીંઢ પાષાણ વચ્ચે રમતું ભમતું તું તો
ઝરણું છે.
જ્યાં જ્યાં મારું માથું ફરે,
માથું ચડે, માથું નડે, માથું લડે.
ત્યાં ત્યાં વિનય દોસ્ત!
હળવે હાથે માથું પંપાળી દેજે.
વિનય તું મારું માથું સાચવજે
બીજું બધું સચવાઈ જશે.
તું મારો સરતાજ!
તું મારે માથે, બધું મારી સાથે.
જ્યાં મન લાગે ત્યાં નમન કરવાનું, નમવાનું.
શીખવજે મારા જિગરી દોસ્ત!'

પ્રાર્થનામાં આત્મારામ સાથે થોડી ગાંડીઘેલી વાતો પણ થઈ શકે ને! જાત સાથેની મુલાકાત, રૂ-બ-રૂ થવું, સન્મુખ થવું એ તો આનંદ જ આનંદ. મનને તળિયે બેઠેલો એક અનુભવ પ્રાર્થનામાં આ રીતે આવે છે.

'દશે આંગળીએ,
દશે દિશાએ,
દશ દશ ગાંઠો બાંધતાં મને આવડે છે.
બાંધવું એ તો મારો સ્વભાવ છે.
બાંધતાં બાંધતાં હું જ બંધાતો જાઉં છું.
સમજતો નથી કારણ કે સમજ પણ
બંધાતી જાય છે.
હું ગાંઠ બાંધું છું.
કસકસાવીને બાંધું છું
દાંત ભીડીને બાંધું છું
છૂટી ન છૂટે એવી ગાંઠ માટે
મલકાઉં છું, હરખાઉં છું.
મારી વાચામાં ગાંઠ
મારી દૃષ્ટિમાં ગાંઠ
મારા શ્રવણમાં ગાંઠ
મારા વ્યવહાર-તહેવારમાં ગાંઠ.
હું સોયમાં દોરો પરોવતાં પહેલાં જ
ગાંઠથી આરંભ કરું છું.
પછી સોયના નાકાને, દોરાને દોષ દઉં છું.
બાંધેલી ગાંઠો નડે-કનડે ત્યારે કાપું છું.
મારા કષાયોને થાપું છું.
પ્રભુ, માટે સરકતી સરળ ગાંઠ શીખવી છે.
ગાંઠ સંકલ્પની,
ગાંઠ આગ્રહની,
દુરાગ્રહની નહિ, વિગ્રહની નહિ.
મારે ગાંઠો છોડવી છે.
ખરેખર તો મારે મને છોડવો છે.
આ અડાબીડ ગાંઠ કેમ છૂટશે?
મારે દશે આંગળીએ, દશે દિશાએ છૂટવું છે.
હવે ગાંઠ હું નથી છોડતો.
ગાંઠ મને છોડી રહી છે.

સરળતા-આર્જવ જેવી મજા ક્યાં છે! શહેરના જાણીતા રસ્તેથી ઘણાં વખત પછી હું નીકળ્યો. એક વળાંક પછી સામે નજર ગઈ. નજર ત્યાં જ થંભી ગઈ. એક ઝાડ ફૂલોથી છલોછલ. અધધ ફૂલો. એ પુષ્પોને જોતાં જ પ્રાર્થના થઈ ગઈ. આનંદ પ્રાર્થના રૂપે પ્રગટ્યો. હજી સ્વપ્નમાં એ પુષ્પો અને પ્રાર્થના સાથે જ આવે છે.

બધા રસ્તાઓ ભલે રોમ તરફ જતા હોય મારો રસ્તો ૐમ તરફ જાય છે.

કેટકેટલું રડ્યો!
રડવાના કોઈ હિસાબ હોતા હશે?
વિરહ ને સંતાપમાં આંખે આવ્યાં આંસુ.
મિલન કે મનગમતું મળ્યું આંખે હર્ષાશ્રુ.
ક્યારેક રડ્યો કાચું
ક્યારે રડ્યો પાકું
અહીં આંસુનો દુકાળ નથી.
તોય માગું એક જ આંસુ
બસ, એક જ આંસુ.
પ્રભુ, તમે એક જ બિન્દુ પાડ્યું
સંગમદેવ તમને સતાવી
બાંધી રહ્યો'તો કર્મોના ભારે ભારા.
ભવાંતરે નહિ આવે કોઈ ઉગારા.
સહજ કરુણાના કરનારા
તમે દુઃખદાતા સંગમ માટે પાડું
એક અશ્રુ
પ્રભુ, હું માગું એ અશ્રુ.
મારા મનમાં પ્રગટો એવી કરુણા.
જેવી પ્રભાતે પ્રગટે અરુણા...

અશ્રુનું સાચું મૂલ્ય સમજાય અને કોઈના દુઃખદર્દ જોઈ આંસુ અવતરે એવી પ્રાર્થના છે. એ અશ્રુ કંઈક ભલું કરવા પ્રેરે એ પણ ઈચ્છું છું.

કોઈનો ઉપકાર યાદ આવે અને અંતરમાંથી આભારનો ભાવ પ્રગટે તે પ્રાર્થના છે. પ્રાર્થના એ વિનંતી છે. ઋજુ, નમ્ર, નાજુક, પમરાટવાળા

શબ્દોની માળા છે.

પ્રાર્થના બારી છે. મુંઝાયેલા મનને સ્ફૂર્તિ દેતો પ્રાણવાયુ એ બારી વાટે આવે છે. પ્રાર્થના ડૂબકી છે. પૂરેપૂરા ડૂબી જઈને તરી જવાનો કીમિયો છે. પ્રાર્થના શ્વાસમાં મોતી પરોવવાનું કામ છે. પ્રાર્થના ડહોળાયેલા જળને માથે મમતાભર્યો હાથ ફેરવે છે. અવાવરુ ઓરડા ઉઘાડવાની કૂંચી તે પ્રાર્થના છે. પ્રેમપત્રમાં અને બાળકની વાતોમાં કાલીઘેલી ભાષા ચાલે કારણ કે ત્યાં અંતર ધબકે છે. પ્રાર્થના એ તો કંઈ ન માંગીને માગી લેવાની નિર્દોષ ચતુરાઈ છે. પ્રાર્થના સુગંધનો સ્વસ્તિક છે.

કૂણા પડવાનો આરંભ તે પ્રાર્થના છે. કષાયોના કાન આમળવાનો આરંભ તે પ્રાર્થના છે. અંકૂર ફૂટવાની વેળા તે પ્રાર્થના છે.

પારંગતને પૂજવાની વાત,
પોતાના લગી પૂગવાની વાત,
પોતાની સાથે નીકળી પડવાની વાત,
પૉ ફાટતાં ઊગમણી દિશા તરફ
ચાલવાની હોંસભરી ધડપડ તે પ્રાર્થના છે.
પ્રભુ ! મારાથી પ્રાર્થના થઈ જાય
એ શીખવો
એ જ મારી પ્રાર્થના છે.

એક નવકારમાં મન પરોવ્યું તો જગ જીત્યા જેવી વાત છે. સદાય હોઠવગું નહિ પણ હૈયાવગું આ મંત્રનું રટણ રહે, સ્મરણ રહે તો રાજી રાજી.

મારા શ્વાસના કાચા દોરામાં
પાકો નવકાર પરો'વા દ્યો,
ઝળહળ પ્રગટે જે અજવાળું
એ ભીની આંખે જોવા દ્યો.
હળવે હળવે જે સંઘર્યું
તે એક સામટું ખોવા દ્યો.
એક રંગમાં જાત ઝબોળું
સઘળા કાચા રંગ ધોવા દ્યો.
મારા શ્વાસના કાચા દોરામાં,
પાકો નવકાર પરો'વા દ્યો.

જાત સાથેની ગોઠડી તો ચાલ્યા કરે છે, આપણે ક્યાંક અટકવું જોઈએ.

✷ ✷ ✷

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા,
અંધેરી (વે.), મુંબઈ-૪૦૦ ૦૫૩.
મો.: ૯૮૨૦૬૧૧૮૫૨.

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૯ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |
| ૧૯ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ (ડૉ. કલા શાહ સંપાદિત) | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૦ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૧ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૨ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૩ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **ડૉ. સુરેશ ગાલા લિખિત** | |
| ૩૪ | મરમનો મલક | ૨૫૦ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીકૃત** | |
| ૩૫ | જૈનધર્મ | ૭૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૬ | જૈન કથા વિશ્વ | ૨૮૦ |

**નવા પ્રકાશનો**
**ડૉ. કલાબેન શાહ સંપાદિત**
**ડૉ. ધનવંત શાહ લિખિત**

| | | |
|---|---|---|
| ૧. | વિચાર મંથન | રૂા. ૧૮૦ |
| ૨. | વિચાર નવનીત | રૂા. ૧૮૦ |

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# ભાવ-પ્રતિભાવ

(૧)

હરહંમેશ કંઈ નવું જ અદ્વિતીય પીરસતા 'પ્રબુદ્ધ જીવન'માં જેના વિશે બહુ ઓછી જાણકારી છે એવા '**ગણધરવાદ**' વિશે ૧૧ ગણધરોના પ્રશ્નો અને પૂજ્ય ભગવંત મહાવીર સ્વામીએ આપેલા ઉત્તરોનું વિસ્તૃત વર્ણન પીરસીને આપે અમારા જેવા અલ્પજ્ઞાની વાચકો ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. તેમાં પણ આપે વિદ્વાન ડૉ. **રશ્મિકુમાર ઝવેરી**ને તેમના ધર્મપત્ની **અંજનાબેન** દ્વારા આ અંકના સંપાદન કાર્ય માટે મનાવી લીધા એ પણ એક શુભકાર્ય થયું ગણાય.

ગણધરવાદ એટલે વેદના પ્રકાંડ અભ્યાસી બ્રાહ્મણ પંડિતો કે જેઓ ભગવાન મહાવીરની સાથે પોતાના સંશયોનું વેદોના જ સાચા અર્થઘટન દ્વારા સમાધાન મેળવીને પછી જૈન ધર્મ અંગીકાર કરે છે અને ભગવંતના શિષ્યો બની જાય છે એ વિશેનું તત્ત્વજ્ઞાન. સર્વજ્ઞ ભગવાન મહાવીર સ્વામી આ ૧૧ બ્રાહ્મણ વિદ્વાનોને તેમના જ નામે આવકારે છે અને તેમને પુછ્યા વગર જ તેમના મનમાં ઘૂંટાતી શંકાને નિર્મૂળ કરીને પ્રેમથી જૈન ધર્મમાં દીક્ષીત કરાવે છે એ વાંચીને મનમાં શાતા ઉપજે છે.

આ વિશેષાંકના સંપાદક ડૉ. ઝવેરીએ અત્યંત કુશળતાથી **૧૧ વિદ્વાન લેખકો** પાસે જે સંશોધન કરાવ્યું એ તેમની વિચક્ષણ દૃષ્ટિ દર્શાવે છે. આ અંકના પાને પાને મૂકવામાં આવેલી આખા પાનાના સારરૂપ વિચારકણિકાઓ અંકને વાંચવામાં-સમજવામાં મદદરૂપ બને છે. ગણધરવાદ અંકના સર્જનમાં નિમિત્ત બનનાર સહુ કોઈ સહયોગીઓ અનુમોદનાના અધિકારી છે. અભિનંદન અને આભાર.

□ **જાદવજી કાનજી વોરા**
૨૦૪, બી.પી.એસ.પ્લાઝા, દેવીદયાલ રોડ, મુલુંડ,(વેસ્ટ),મુંબઈ-૪૦૦૦૮૦
મો.: ૯૮૬૯૨૦૦૦૪૬

(૨)

જય જિનેન્દ્ર સાથે નવા વર્ષની મંગલમય આભા અને સ્વર્ણિમ સવારની તેજોમય ગરિમા...આપ સૌના માટે શુભ અને ઉજ્જવળ ભાવોની જ્યોતિ પ્રગટતી રાખે એવી અંતરની શુભેચ્છા.

આપ સૌ સુખશાતામાં હશો. તબિયત સારી હશે. સ્વસ્થતાની કસોટી થાય એવા પરિબળોમાંથી પસાર થવાનું બને ત્યારે 'પ્રબુદ્ધ જીવન'ના લેખો નવું બળ આપે છે. પર્યુષણ વિશેષાંકમાં ગણધરવાદનું વિશદ અને વિદ્વતાપૂર્ણ આલેખન ખૂબ જ ગમ્યું. આ અંક બીજાને વાંચવા આપતાં તેઓ પણ ઘણા જ પ્રભાવિત થયા.

'પ્રબુદ્ધ જીવન'ના ઓક્ટોબર અંકમાં માનદ તંત્રી તરીકેના આપના લેખમાં જૈન સાધુ-સાધ્વીના પાદવિહાર વિષે આપે ખૂબ જ માર્મિક ટકોર કરી છે. 'કાફલા' વિહાર, ઈર્યાસમિતિનું પાલન, ખર્ચાળ વિહાર વગેરે સાથે દર્શાવેલાં ઉપયોગી સૂચનો-આ બધું જ સરસ રીતે સમજાવ્યું છે.

અંતમાં સિકંદરના ગુરુની સિકંદરને જૈન સાધુ લાવવા માટે વિનંતી...આખો લેખ સમજાય એ રીતે લખ્યો છે.

□ **પ્રફુલ્લા વોરા** (ભાવનગર)
ફોન : ૦૨૭૮-૨૫૨૩૯૪૯

(૩)

'પ્રબુદ્ધ જીવન' ભલે ૩૦૦૦ ઘરોમાં વંચાતુ હોય, પરંતુ તેમાં આવતા લેખો અને સમાચારો સમાજ ઉપર કદાચ વધારે અસર કરનાર સાબિત થાય. આ બધાંનો કોઈ સર્વે આવતો નથી, પરંતુ મોટા ભાગના વાચકો સામયિકોના વાંચનને વધારે ધ્યાનથી વાંચે છે. અખબારોમાં આવતાં લેખો કરતાં સામયિકોના લેખો વિશેષ વાંચતા હોય છે એમ મને પોતાને લાગે છે.

□ **સૂર્યકાંત પરીખ**
(સ્વાતંત્ર્ય સેનાની) (અમદાવાદ)
મો. : ૦૯૮૯૮૦૦૩૯૯૬

(૪)

'પ્રબુદ્ધ જીવન'નો નવેમ્બર '૧૩નો અંક જોયો, વાંચ્યો, વંચાવ્યો; એટલે અંકો વાંચવા માટે અન્ય મિત્રોને, સ્નેહીઓને રસ જાગ્યો. મારે વિશેષમાં કહેવું છે કે મુખપૃષ્ઠ ઉપરનો મા સરસ્વતીજીનો ફોટો જોઈને મુગ્ધ થઈ જવાયું. દર્શન યોગ્ય ઝલક ઝગઝગાટ અને ઝપકી અંતરતમ જાગી જાય તેમ હૃદયસ્થ પ્રતિમાનો પ્રભાવ પડ્યો.

થરાદ પ્રત્યક્ષ દર્શનાર્થે જવાની ઈચ્છા જાગી ગઈ.

## શ્રીમદ્ રાજચંદ્ર પ્રસાદ

### વચનામૃત

**(ડિસેમ્બર અંકથી આગળ)**

૭૨ *ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભ્રમ એ મિથ્યાત્વ, બ્રહ્મ તે આત્મા અને શંકા એ જ શલ્ય છે. શોકને સંભારવો નહીં; આ ઉત્તમ વસ્તુ જ્ઞાનીઓએ મને આપી.*

૭૩ *જગત જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જુઓ.*

૭૪ *શ્રી ગૌતમને ચાર વેદ અને પઠન કરેલા જોવાને શ્રીમત્ મહાવીર સ્વામીએ સમ્યક્નેત્ર આપ્યાં હતાં.*

૭૫ *ભગવતીમાં કહેલી પુદ્ગલ નામના પરિવ્રાજકની કથા તત્ત્વજ્ઞાનીઓનું કહેલું સુંદર રહસ્ય છે.*

૭૬ **વીરનાં કહેલાં શાસ્ત્રમાં સોનેરી વચનો છૂટક છૂટક અને ગુપ્ત છે.**

૭૭ *કુદરત, આ તારો પ્રબલ અન્યાય છે કે મારી ધારેલી નીતિએ મારો કાલ વ્યતીત કરાવતી નથી! (કુદરત તે પૂર્વિતકર્મ)*

૭૯ *માણસ પરમેશ્વર થાય છે એમ જ્ઞાનીઓ કહે છે.*

૮૦ *ઉત્તરાધ્યયન નામનું જૈનસૂત્ર તત્ત્વદૃષ્ટિએ પુનઃ પુનઃ અવલોકો.*

**(ક્રમશઃ આગળ આવતા અંકે)**

અણમોલ પ્રતિમા અંતરમાં ઉતરે છે. દરેક અંકોમાં મા સરસ્વતીના ફોટાઓ મુખપૃષ્ઠ ઉપર બિરાજતા હોય છે. તે અંકની શોભા– પ્રતિભા છે. આપની આ રૂચિ એ અમારી રૂચિ છે.

□ **શંભુ યોગી** (મણુંદ, જિ. પાટણ)

(૫)

ડૉ. નરેશભાઈ વેદનો ત્રીજો લેખ વાંચવાની મજા મડી, ગહન ચિંતનમાં ઊતરી જવાયું. ચિત્ત, ચૈતન્ય (Spirit) એટલે આપણાં નર્મદનો જોસ્સો, જુસ્સો, કંઈપણ કર્મ કરવાની ધગશ.

ચિત્ત પાછળનો અહંકાર નાથવાની આવશ્યકતા રહે. 'હું' ઓગાળવો આવશ્યક બને. આપણે સૌ સમગ્ર સૃષ્ટિના યંત્રનાં એકમાત્ર પૂર્જા છીએ. 'ફીટ-ટાઈટ-નટ એન્ડ બોલ્ટ', ઓન્લી! આખું યંત્ર તો દેખાવું, અસંભવ! કીડી અને હાથી, એકમેકને જોઈ શકતા નથી, એક 'માઈક્રો અને બીજું મેક્રો' જેવું. છતાં બંને આત્મા, Inner Self સરખાં! એ કેવું? બંનેને પોતાનું નિશ્ચિત સ્થાન, કાર્ય પણ અલગ-અલગ, કણ અને મણનો તફાવત. સમાજ-સંસારમાં પણ એવું જ. ઊર્જાની ઉત્પત્તિ, સ્થિતિ અને લય, નિરંતર ચાલ્યા કરે.

□ **હરજીવન થાનકી**

(પોરબંદર)

(૬)

'પાદ વિહાર' લેખ વાંચી ગયો. સુંદર તાત્ત્વિક ચર્ચા થઈ છે. મૂળમાં ચાલવું, વિચારીને ડગલું ભરવું, જીવ-હિંસાને રોકવી, સુંદર ભાવના પ્રધાન વિચાર છે. પગના તળિયાં ઘસાતા નથી, 'ટાયર' ઘસાય છે. કેમકે તે ગબડે-બગડે, દોડે અને અડફેટે લે. ચાલવાથી તન સાથે મન પણ ચાલતું રહે, ને સાથે, તેને પરોપકારના વિચાર કરવાની તક પણ મળતી રહે. અન્યને મળાતું રહે. આદાન-પ્રદાન થતું રહે. વિહાર પાછળ તાર્કિક મનોવિજ્ઞાન પણ રહેલું છે જ. વિચારને, આચાર સાથે સીધો સંબંધ છે, જે પગે ચાલવાથી દૃઢ થતો રહે છે. વળી 'વિહાર' દરમ્યાન હવા-પાણી-લોકસમૂદાયનો સીધો સંપર્ક 'જૈન'ને સમજવા પૂરતો થઈ પડે.

ડૉ. રમજાન હસનિયાનો લેખ પણ સુંદર તાત્ત્વિક હોઈ ગમ્યો. 'લોગસ્સ'નો અર્થ જ આ લોકને ઉજાગર કરનાર. આજે લોકશાહી પણ શાહી લોકમાં પરિણમતી દેખાય છે, ત્યારે લોકો-સમાજ અને આમ જનતાને ઉગારવાનું આડકતરું સૂચન ગમ્યું. 'પ્રાર્થના'માં પણ જે હેતુ છે, તે તો પોતાની જાત દ્વારા જગતને બદલવાનો છે. એક સારી વ્યક્તિ જગતની અનેક બૂરી વ્યક્તિમાંથી, એકની બાદબાકી એક કરતી રહે છે, તે શું ઓછું છે? ડૉ. નરેશ વેદ પણ ઉત્તમ રહ્યા. મારું ૭મું પુસ્તક 'સાક્ષર ઊર્જા, પ્રસિદ્ધ કરવાની તૈયારી ચાલે છે. સાક્ષરો દ્વારા જ ચૈતન્યરૂપ બ્રહ્મ વ્યક્ત થતો રહે છે. ચૈતન્ય એટલે Spirit ભીતરની ઊર્જાને બહાર વહેવડાવીને, સમાજમાં તેનો પ્રકાશ પાથરવાનો રહે છે. આમ તો પ્રત્યેક વ્યક્તિ 'ડાયનેમો' જેવી હોય છે. તેમાંથી વિદ્યુત તરંગો છૂટતાં રહે છે, પણ ઝીલાય છે, ઓછા વીજળીના ઝબકારે મોતી પરોવવાની વાત છે.

□ **હરજીવન થાનકી**

(પોરબંદર)

(૭)

નવેમ્બર ૨૦૧૩ના અંકમાં અધ્યાપક શ્રી અર્પણભાઈ હર્ષદભાઈ શાહે અજ્ઞાનતાથી થતા માંસાહાર પ્રત્યે અંગુલી નિર્દેશ કરીને ચેતવણી આપી. લેખ ખરેખર આંખો ઉઘાડનાર છે. સદર લેખમાં એમણે વિવિધ ખાદ્ય પદાર્થોમાં વપરાતા માંસાહારી તત્ત્વોના ટેકનિકલ નામો આપ્યા છે જે સામાન્ય જનતાની સમજ બહારની વસ્તુ છે. વિવિધ માંસાહારી પદાર્થોના ગુજરાતી પર્યાયવાચી શબ્દો અને એ પદાર્થો શેમાંથી બનાવવામાં આવે છે તેની સમજ સામાન્યજન માટે અનિવાર્ય છે. ટેકનિકલ માહિતીથી ભરપૂર લેખ સામાન્યજનની સમજ બહાર જાય છે. જો આ બાબત ખ્યાલમાં રાખવામા આવે તો કરેલી મહેનત લેખે લાગે.

□ **પ્રવીણ ખોના**

(મુંબઈ)

✱ ✱ ✱

## સત્યમેવ જયતે

*જીવનમાં બાલ્યકાળના સંસ્કારોનું એક આગવું મહત્વ હોય છે. જન્મદાતા માતા-પિતા અને શિક્ષક આ સંસ્કારોના મુખ્ય દાતા હોય છે. અને એમનો જીવન ઘડતરમાં અમૂલ્ય ફાળો પણ હોય છે. આજે એ બધું યાદ કરું છું તો એ શૈશવના સ્મરણો જાણે તાદૃશ થાય છે.*

*મને જણાવતાં ગર્વ થાય છે કે અમારા ભાઈ-બહેનોના જીવન ઘડતરમાં અમારા પિતાશ્રીનો ફાળો અમૂલ્ય હતો. એક દૃષ્ટાંત અહીં રજૂ કરું છું. નાનપણથી જ મારા પિતાશ્રીનો એક નિયમ હતો કે ગમે તેવા સંજોગોમાં પણ કોઈએ જૂઠું ન બોલવું. અને બોલી ગયા તો ખલાસ એની શિક્ષા પણ અનોખી હતી. અમને કોઈ ભાઈ બહેનને એની સજા કરતાં પહેલાં તેઓ પોતે સજા ભોગવતા. એ સજા હતી બીજા દિવસે તેઓ ઉપવાસ કરતા.*

*એમના સત્ય બોલવા પ્રત્યેના દૃઢ આગ્રહને કારણે સામાન્યતઃ અમારામાંથી કોઈ ક્યારેય જૂઠું ન બોલતા. પણ એકવાર હું સ્કૂલમાં ડરના માર્યા જૂઠું બોલી ગઈ. પિતાજીને આની ખબર પડી ગઈ અને તેઓએ બીજી સવારે ઉપવાસના પચ્ચક્ખાણ લઈ લીધા. મારી સ્થિતિ કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ. માફી માંગી, વિનંતી કરી પણ પિતાજી એક ના બે ન થયા. બીજા દિવસે તેઓએ પારણું પણ મારા હાથે જ કર્યું. સંતાન માત્રની ભૂલની સજા કરવાનો એમનો આ પ્રયોગ ખૂબ જ અનોખો તો હતો પણ એટલો જ મર્મસ્પર્શી હતો. કોઈ આપણી ભૂલની સજાને બદલે મૂંગી માફી બક્ષે એ જીરવવાનું ક્યારેક કઠીન બની જાય છે.*

*આ પ્રસંગે અમને સૌ ભાઈ-બહેનોને ચેતવી દીધા અને હંમેશાં સત્ય બોલવાનો પદાર્થપાઠ અમને નાનપણથી જ મળી ગયો.*

□ **હેમલતા હિરાચંદ શાહ**

# વધામણાં : જૈન પૂજાસાહિત્યના અભ્યાસગ્રંથને

☐ ડૉ. કાંતિભાઈ બી. શાહ

'દશવૈકાલિક સૂત્ર'ની પ્રથમ ગાથામાં કહ્યું છે કે ધમ્મો મંગલમુક્કિટ્ઠં અહિંસા-સંજમો-તવો।' અહિંસા, સંયમ અને તપથી યુક્ત એવા ધર્મને ઉત્કૃષ્ટ મંગલ કહેવામાં આવ્યું છે. જૈન ધર્મમાં અહિંસા-સંયમ-તપની પ્રધાનતા છે. સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર્યને મોક્ષમાર્ગ કહ્યો છે, અને સંપૂર્ણ કર્મક્ષય–કર્મનિર્જરા દ્વારા ભવભ્રમણમાંથી જીવની મુક્તિને મોક્ષપદની પ્રાપ્તિ કહી છે. આવા મોક્ષપદને પામેલા તીર્થંકરો વીતરાગ પ્રભુ આપણા માર્ગદર્શક અને પ્રેરણાસ્રોત રહ્યાં છે.

આ વીતરાગ પ્રભુ પ્રત્યેના પ્રબળ ભક્તિભાવના આવિષ્કાર રૂપે એક બાજુથી જેમ દ્રવ્યપૂજા, તેમ ભાવસ્તવનાની સત્ત્વશીલ પરંપરા સર્જાઈ છે. ભાવસ્તવનની અભિવ્યક્તિ રૂપે જેમ સ્તવનો, ચોવીસે તીર્થંકરોના સ્તવનસંપુટ સમી ચોવીશીઓ, સ્તુતિઓ, ચૈત્યવંદનો, જેવાં પદ્યાત્મક જૈન સાહિત્યસ્વરૂપો નીપજી આવ્યાં, તેમ વિવિધ દ્રવ્યોથી થતી પૂજાવિધિ સમયે કરવામાં આવતા ગાન રૂપે પૂજાસાહિત્ય નિર્માણ પામ્યું. ભક્તિભાવની એક વિશેષ અભિવ્યક્તિ રૂપે વિવિધ દેશીઓમાં અને એની વિવિધ લયછટાઓમાં વાજિંત્રોની સૂરાવલિના સથવારે થતું આ પૂજાગાન સૌને માટે ભક્તિ-મહોત્સવનો અનેરો લ્હાવો બની રહે છે.

મુખ્યત્વે મધ્યકાળના જૈન સાધુકવિઓ અને કવચિત્ શ્રાવક કવિઓ દ્વારા જે પૂજાસાહિત્ય રચાયું છે એનો વિષયવ્યાપ જોતાં એટલું જરૂર કહી શકાય કે આ સાહિત્ય ભક્તિભાવે રચિત હોવા છતાં એ કેવળ ભજન-કીર્તન પણ નથી. જૈન દર્શનના મહત્ત્વના અંશોનો પણ આ પૂજા રચનાઓમાં સમાવેશ થયો છે. જેમ કે ચોસઠ પ્રકારી પૂજામાં જૈન ધર્મના પાયાના સિદ્ધાંત સમા કર્મવાદનું આલેખન છે. ઉદયમાં આવતાં વિવિધ કર્મો, કર્મબંધનનાં કારણો, કર્મોથી આત્માને મુક્ત કરવાના ઉપાયો વગેરેને ભક્તિતત્ત્વની સાથે સાંકળી લેવાયા છે. પિસ્તાળીસ આગમની પૂજામાં આગમોના વર્ણન દ્વારા જેનો મહિમા દર્શાવી શ્રુતભક્તિને અનુસરવાની વાત કરવામાં આવી છે. નવ્વાણુ પ્રકારની પૂજામાં પાવન તીર્થાધિરાજ શત્રુંજયનો મહિમા દર્શાવાયો છે, તો પંચકલ્યાણની પૂજામાં સર્વ જીવોને કલ્યાણકારી એવાં, પ્રભુજીના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, નિર્વાણ એ પાંચેય કલ્યાણકોમાં ભાવોલ્લાસનું પ્રાગટ્ય છે. બારવ્રતની પૂજામાં શ્રાવકના પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ શ્રાવકના પવિત્ર આચારરસમાં બાર વ્રતોનું નિરૂપણ છે. નવપદની પૂજામાં જૈન મતાનુસાર નવ પદોનું તાત્ત્વિક આલેખન છે. વળી, આ દાર્શનિક પાસાંઓના નિરૂપણમાં જૈન કથાનુયોગને પણ ઉપયોગમાં લેવાયો છે; તેમજ આગમ-આગમેતર ધર્મગ્રંથોના સંદર્ભો પણ એમાં અપાયા છે.

બહેન ફાલ્ગુની ઝવેરીએ એમના પીએચ.ડી.ના શોધનિબંધ માટે જૈન પૂજાસાહિત્યનો વિષય પસંદ કર્યો. એમના આ અધ્યયન સંદર્ભે જ એકવાર તેઓ મને મળવા આવેલાં. એ મારો એમની સાથેનો પ્રથમ પરિચય. મૂર્તિપૂજા, આગમોમાં મળતા એના આધારો, પૂજાવિધિ, પૂજાસાહિત્યનું વૈવિધ્ય વગેરે એકાધિક પ્રશ્નો લઈને આવેલાં ત્યારે જ મને એમની તીવ્ર જિજ્ઞાસા અને ધગશની પ્રતીતિ થયેલી. મુંબઈથી આવીને અમદાવાદમાં આચાર્ય ભગવંતોથી માંડીને અન્ય તજજ્ઞો સાથે એમણે બેઠકો કરેલી.

કૌટુંબિક ફરજો, વિદેશયાત્રાઓ, જૈન ધાર્મિક આવશ્યક ક્રિયાઓ અને અનુષ્ઠાનોમાં વ્યસ્તતા છતાં પ્રમાણમાં અલ્પ સમયમાં એમણે શોધનિબંધનું કામ પૂર્ણ કરીને મુંબઈ યુનિવર્સિટીની પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. શોધનિબંધમાંથી મેળવી સામગ્રીની કાટછાંટ કરીને જે મુદ્રિત રૂપ અપાયું તે હવે 'જૈન પૂજા સાહિત્ય' પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે.

ગ્રંથનાં પાંચ પ્રકરણો પૈકી પ્રથમ પ્રકરણમાં મધ્યકાલીન સાહિત્યના કેટલાંક પદ્યસ્વરૂપો, જૈન-જૈનેતર મતાનુસાર ભક્તિનું સ્વરૂપ અને એનો પ્રવાહ, પ્રભુપૂજાનો ઉદ્ભવ, પૂજાવિધિનું સ્વરૂપ એનો વિકાસ, પૂજાના વિવિધ પ્રકારો, એ પ્રકારવૈવિધ્યને અનુલક્ષીને થયેલી જૈન પૂજારચના વગેરેનો સંક્ષેપમાં પરિચય અપાયો છે, તેમજ કેટલાંક તજ્જ્ઞોના તદ્વિષયક અભિપ્રાયો ટાંકવામાં આવ્યા છે.

ગ્રંથનું બીજું પ્રકરણ સૌથી લાંબુ, લગભગ ૧૪૦ પાનામાં વિસ્તરેલું છે. શોધનિબંધ માટે જે વિષય પસંદ કરવામાં આવ્યો છે તેનો મહત્ત્વનો ભાગ આ પ્રકરણમાં સમાવિષ્ટ છે.

વિવિધ વિષયોને અનુલક્ષીને જે પચીસ પ્રકારની પૂજાઓ રચાઈ છે તે તમામ પૂજાઓનો અભ્યાસ અહીં પ્રસ્તુત થયો છે. મુખ્યત્વે મધ્યકાલીન અને પછી અર્વાચીનકાળમાં પણ રચાયેલી પૂજાઓને આવરી લેવામાં આવી છે. ડૉ. ફાલ્ગુનીએ વિષયાનુસારી પૂજાઓનો ક્રમ પસંદ કર્યો હોઈ, એક જ વિષયની પૂજા જુદાં જુદાં કર્તાઓને હાથે સર્જાઈ હોય તો તે તમામ કર્તાઓની તદ્વિષયક પૂજાઓનો પરિચય અહીં એકસાથે જ અપાયો છે. આ પૂજારચનાઓના વિવરણમાં લેખિકાએ કર્તા, પૂજાનો વિષય, કૃતિના આસ્વાદમૂલક કાવ્યાત્મક અંશો, કૃતિમાં નિરૂપાતું જૈનદર્શન, વિષયને અનુરૂપ સંક્ષેપમાં નિર્દેશાયેલાં કથાનકો, આલેખિત વિષયના આધારસ્રોતો અને એનાં સંક્ષિપ્ત ઉદ્ધરણો વગેરેનો સમાવેશ કર્યો છે.

આ વૈવિધ્યસભર પૂજારચનાઓનો આરંભ લેખિકાએ સ્નાત્રપૂજાથી કર્યો છે. સ્નાત્રપૂજામાં દેવો પ્રભુજીના જન્મ સમયે એમને મેરુશિખરે લઈ જઈ સ્નાન-અભિષેકવિધિ કરે છે. પ્રભુજીના જન્મકલ્યાણકના આનંદમંગલનું પ્રવર્તનગાન એમાં છે.

આ સ્નાત્રપૂજાની વિશેષતા છે કે કોઈપણ પ્રકારની પૂજા ભણાવતી વેળાએ પ્રારંભે પ્રભુજીના જન્માભિષેકની વિધિ કરાવાતી હોવાથી સ્નાત્રપૂજા અનિવાર્ય ગણાય છે. જિનાલયોમાં કે શ્રાવકોના કોઈ શુભ-મંગલ અવસરે કેવળ સ્નાત્રપૂજા પણ ભણાવતી હોય છે.

ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે પ્રાચીન કાળમાં કેવળ સ્નાત્રપૂજા-

જલાભિષેક પૂજા હતી. અન્ય વિષયની પૂજાઓ મધ્યકાળમાં રચાવા માંડે છે. નવમા શતકની સંસ્કૃત-પ્રાકૃત સ્નાત્રરચનાઓના પરિચયથી માંડીને શ્રાવક કવિ દેપાલ, દેવચંદ્રજી, વીરવિજયજી, રૂપવિજયજી, લબ્ધિસૂરિજી, આત્મારામજી, બુદ્ધિસાગરજી વગેરેની આવી રચનાઓનો અભ્યાસ અહીં પ્રસ્તુત થયો છે.

તે પછી અષ્ટપ્રકારી પૂજા, પંચકલ્યાણક પૂજા, સત્તરભેદી પૂજા, નવ્વાણું પ્રકારની પૂજા, ૪૫ આગમની પૂજા, ચોસઠ પ્રકારી પૂજા, બાર વ્રતની પૂજા, નવપદ પૂજા, વગેરે પૂજાઓ જે જુદાં જુદાં મધ્યકાલીન-અર્વાચીન કર્તાઓની કલમે સર્જાયેલી છે તે પૂજાઓનું વિવરણ અહીં થયું છે. આ પૂજાઓના કર્તાઓ મુખ્યત્વે જૈન સાધુઓ છે. આ કર્તાઓની સંખ્યા લગભગ ત્રીસેકથી અધિક થવા જાય છે; જેમાં કવિ દેપાલ, વીરવિજયજી, રૂપવિજયજી, પદ્મવિજયજી, સકલચંદ્રજી, બુદ્ધિસાગરજી, લબ્ધિસૂરિજી જેવાં નામો ગણાવી શકાય.

પણ આ બધાં રચયિતાઓમાં જૈન સમુદાયમાં સૌથી વધુ ગવાતા રહ્યાં છે સંવત ૧૮૨૯માં જન્મેલા અને શ્રી 'શુભવીર'ને નામે જાણીતા બનેલાં પં. વીરવિજયજી. જિનાલયોમાં બહુધા પં. વીરવિજયજીની જ રચેલી પૂજાઓ ભણાવાય છે. વીરવિજયજી એટલે જાણે કે પૂજાસાહિત્યનો પર્યાય. ભાવ-સંવેદનાની નજાકત, શબ્દાવલિનું માધુર્ય, અર્થ-સૌંદર્ય, પંક્તિખંડોના લયાત્મક આવર્તનો, વિવિધ દેશીઓનું કર્ણમધુર ગૈયત્વ–આ બધાના સમન્વયથી રચાયેલી એમની પૂજાઓમાં વીરવિજયજીની એક અનોખી પ્રતિભાના દર્શન થાય છે. જિનાલયોમાં વાજિંત્રોની સંગતમાં જ્યારે આ પૂજાગાન થાય છે ત્યારે ભક્તિમહોત્સવનો એક વિશિષ્ટ માહોલ સર્જાઈ રહે છે.

સકલચંદ્રજીએ એમની સત્તરભેદી પૂજામાં છેલ્લી ત્રણ ૧૫ થી ૧૭મી પૂજામાં અનુક્રમે ગીત, નૃત્ય અને વાદ્યપૂજા મૂકી છે. આ ગીત, નૃત્ય અને વાદ્યના સમાહાર સાથે પૂજાઓની સંલગ્નતાનું સમર્થન ડૉ. ફાલ્ગુનીએ આગમ-આગમેતર ધર્મગ્રંથોમાં આ ત્રણે કલાઓના મળતાં વિશિષ્ટ વર્ણનો દ્વારા કર્યું છે.

વીસમી સદીનો રચનાકાળ ધરાવતા બે અર્વાચીન સાધુકવિઓ બુદ્ધિસાગરજી અને લબ્ધિસૂરિજી બન્નેએ વિવિધ વિષયની પંદરેક પૂજા રચનાઓ આપી છે. આ બન્ને કર્તાઓની બધી રચનાઓનો પરિચય એકસાથે જ આપવામાં આવ્યો છે.

એકાધિક કવિઓની રચેલી નવપદની પૂજાઓ પૈકી ઉપા. યશોવિજયજીની નવપદ પૂજા પણ મળે છે. પણ ગ્રંથમાં અપાયેલી માહિતી અનુસાર ઉપાધ્યાયજીએ સ્વતંત્ર આ પૂજા રચી નથી. એમના 'શ્રીપાળ રાજાનો રાસ'ની ઢાળ ૧૧-૧૨ને જ નવપદની પૂજા તરીકે સ્થાન અપાયું છે. ખાસ પૂજાર્થે આ રચના થઈ નથી.

ત્રીજા પ્રકરણ 'પૂજાઓનાં વિવિધ પરિબળો'માં પૂજારચનાના પરિબળો લેખે તત્ત્વજ્ઞાન, જિનભક્તિ, આધ્યાત્મિકતા, સામાજિક ચેતનાનું નિરૂપણ કરાયું છે. જો કે બીજા પ્રકરણમાં જે તે પૂજાકૃતિના અવલોકનમાં વિષય વસ્તુ લેખે આ બાબતે કેટલુંક વિવરણ થયેલું છે, પણ આ પરિબળોને કેન્દ્રમાં રાખીને અહીં વિસ્તૃત આલેખન મળે છે. તે ઉપરાંત લેખિકાએ અહીં બાધક-ઘાતક પરિબળો અને સાંપ્રત સમયમાં પ્રવેશેલી વિકૃતિઓની આપેલી માહિતી નોંધનીય છે. જોકે આવા બાધક-ઘાતક પરિબળો અને વિકૃતિઓ જિનપૂજાવિધિ સંદર્ભે જ સવિશેષ સંબંધ ધરાવે છે જે શ્રાવકસમુદાયને માટે વિચારણીય બની રહે એમ છે.

'કથાનુયોગ' નામના ચોથા પ્રકરણમાં જૈન પૂજાસાહિત્યમાં સમાવિષ્ટ કથાતત્ત્વની નોંધ લેવાઈ છે. તીર્થંકરો, ચક્રવર્તીઓ, સાધુમહાત્માઓ, શ્રેષ્ઠીઓ, શ્રાવક-શ્રાવિકાઓના ચરિત્ર-કથાનકોનો નિર્દેશ કે સંક્ષિપ્ત કથાસાર દૃષ્ટાંતરૂપે પૂજારચનાઓમાં નિરૂપિત કરાયો છે. લેખિકાએ અહીં 'વીસ સ્થાનકની પૂજા'માં મળતી કથાઓ પં. વીરવિજયજી 'નવ્વાણું પ્રકારની પૂજા'માં મળતી સિદ્ધાચલયાત્રાનો મહિમા દર્શાવતી દૃષ્ટાંત કથાઓ, આ જ કવિની 'ચોસઠ પ્રકારી પૂજા'માં કર્મની આઠ પ્રકૃતિઓના બંધ સાથે સંકળાતી કથાઓ તેમજ 'બારવ્રતની પૂજા'માં વિવિધ વ્રતપાલનનાં શુભ પરિણામ અને એના વિષયોસનાં દુષ્પરિણામ દર્શાવતી કથાઓમાંથી કેટલીકનો કથાસાર રજૂ કર્યો છે.

પાંચમા પ્રકરણમાં એક અપ્રકાશિત કૃતિ 'મહાવીર જન્માભિષેક કળશ'માં પ્રયોજાયેલા વિવિધ છંદો, પ્રત્યેક છંદ નીચે આવતા શ્લોકોનો ગદ્યાનુવાદ, કૃતિમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, ગુજરાતી જેવી વિવિધ ભાષામાધ્યમોના ઉલ્લેખો સહિતનો પરિચય પ્રાપ્ત થાય છે. જો કે હસ્તપ્રત-પરિચય અને એના પ્રાપ્તિસ્થાનની માહિતી અપેક્ષિત ગણાય.

ડૉ. ફાલ્ગુનીએ જૈન પૂજા સાહિત્યના આ અધ્યયન નિમિત્તે વિપુલ સામગ્રી એકઠી કરી છે. એમણે અહીં તપાગચ્છીય, ખરતરગચ્છીય, પાર્શ્વચંદ્રગચ્છીય, અંચલગચ્છીય એમ બધા જ ગચ્છોના સાધુકવિઓની તેમજ શ્રાવક કવિઓની ઉપલબ્ધ તમામ પૂજારચનાઓને અવલોકી છે. અને એમાંથી સારી એવી કૃતિઓનું તો વિસ્તારથી આસ્વાદમૂલક વિવરણ કર્યું છે.

વળી, આ પુસ્તકમાં કેવળ પૂજાસાહિત્યની જ વાત નથી થઈ, પણ આવી પૂજાઓ જેની સાથે સંલગ્ન છે તે પૂજાવિધિ વિશે પણ ભરપૂર માહિતી અપાઈ છે, તેમ જ આ પૂજાવિધિમાં સમયાંતરે આવેલાં પરિવર્તનો પણ દર્શાવાયાં છે. ભક્તિમાર્ગના એક પ્રવાહ તરીકે આ પૂજાવિધિના આગમ જૈન દર્શન, કથાનુયોગ અને ભક્તિભાવના સમન્વય સ્વરૂપ વિષયો અને એનું વિવિધ દેશીઓમાં થતું પૂજાગાન–એ દૃષ્ટિએ જૈન પૂજાઓ કેવી જુદી તરી આવે છે એ પણ અહીં જોવા મળે છે.

આ રીતે ડૉ. ફાલ્ગુનીનો પ્રકાશિત થતો આ શોધનિબંધ જૈન પૂજાસાહિત્યના જિજ્ઞાસુઓ અને અભ્યાસાર્થીઓને માટે મહત્ત્વનો સંદર્ભગ્રંથ બની રહે એમ છે. જૈન પૂજાસાહિત્યનો આવો અભ્યાસગ્રંથ આપવા બદલ ડૉ. ફાલ્ગુની ઝવેરીને અને ગ્રંથ પ્રકાશિત કરવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને એના હોદ્દેદારોને ધન્યવાદ ઘટે છે. બહેન ફાલ્ગુની હવે પછી આવાં અધ્યયનો સમાજને સમર્પિત કરતાં રહે એવી શુભેચ્છા.

પ્રસ્તુત પુસ્તક, આ સંચય શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પ્રકાશન છે, એ સંસ્થાના કાર્યાલયમાંથી મેળવી શકાશે. ✶ ✶ ✶

'નિશિગંધા', ૭ કૃષ્ણ પાર્ક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.

# જયભિખ્ખુ જીવનધારા : ૫૬

**❑ ડૉ. કુમારપાળ દેસાઈ**

*[ પ્રસન્ન જીવનના ધારક અને સાહિત્યમાં માનવમૂલ્યની સદૈવ ઉપાસના કરનાર સર્જક જયભિખ્ખુએ એમની કલમથી સમાજને માટે પ્રેરણાદાયી લેખન કર્યું. એમની પ્રેમાળ પ્રકૃતિ અને એમના પરગજુપણાને કારણે એમનું મિત્રવર્તુળ પણ ઘણું વિશાળ હતું. આથી એમની અક્ષરયાત્રાની સાથોસાથ એમના જીવનની આનંદયાત્રા પણ ચાલતી રહી. એ વિશે જોઈએ આ છપ્પનમાં પ્રકરણમાં. ]*

## કલમ અને કિતાબની દોસ્તી

કલમજીવી લેખકના જીવનમાં એના પુસ્તકોના પ્રકાશકનું સવિશેષ મહત્ત્વ હોય છે. પ્રકાશકનો ઉત્સાહ લેખકને પ્રેરતો રહે છે. એનો પુરસ્કાર લેખકને માટે આજીવિકાનું મહત્ત્વનું માધ્યમ હોય છે. આ સંબંધમાં ક્યારેક લેખક રૉયલ્ટી કે પુનરાવૃત્તિની બાબતમાં પ્રકાશક વિશે ફરિયાદ કરતો હોય છે તો બીજી બાજુ પ્રકાશકો પણ લેખકના પુસ્તક-પ્રકાશનના અતિ આગ્રહથી અકળાતા હોય છે.

સર્જક જયભિખ્ખુના જીવનનું સદ્ભાગ્ય એ ગણાય કે એમને એવા પ્રકાશક મળ્યા કે જેમણે જીવનમાં સ્વયં પારાવાર મુસીબતોનો સામનો કર્યો હતો અને સમર્થ પંડિતોના અંગત પરિચય તેમ જ સરળ પ્રકૃતિને કારણે એમના સ્વભાવમાં સ્નેહ અને ઉદારતા સાથે સાહિત્યપ્રેમ અને સંસ્કારિતા હતાં. યુવાન જયભિખ્ખુ અમદાવાદમાં આવ્યા ત્યારે શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના શંભુભાઈ શાહ અને ગોવિંદભાઈ શાહનો પરિચય થયો.

ઘેઘૂર કબીરવડનું બી જેમ નાનું હતું અને કોઈ અજાણી ભૂમિમાંથી આવ્યું હતું તેમ શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના ગુજરાતી સાહિત્યના વિશાળ વડલાનું બી કચ્છ-વાગડના અજાણ અને અંધારિયા પ્રદેશમાંથી આવ્યું હતું. આજીવિકાના પ્રશ્ને તેઓ છેક કચ્છથી અમદાવાદ આવ્યા હતા. પ્રકૃતિ જે પુષ્પોને રંગબેરંગી અને વિકસિત બનાવવા માગે છે, એને માથે શેકી નાખે એવા ગ્રીષ્મના તાપ-સંતાપ ઠાલવે છે.

ગુજરાતની સીમાસરહદે આવેલા કચ્છ-વાગડના રાપર તાલુકાના ફતેહગઢના આ બે રહેવાસીઓ જન્મભૂમિના જીર્ણ ખોરડાં ત્યજીને અમદાવાદ આવ્યા હતા. શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના આ બે પ્રકાશકોમાં ગોવિંદભાઈ નાના હતા છતાં મોટા લાગતા હતા અને શંભુભાઈ મોટા હતા છતાં નાના લાગતા હતા. એમાં પણ શંભુભાઈ મહેસાણાની પ્રસિદ્ધ જૈન પાઠશાળામાં અભ્યાસ કરતા હતા. અહીં અભ્યાસ કરનારને કાં તો ધાર્મિક શિક્ષકની નોકરી પ્રાપ્ત થતી અથવા ભાગવતી દીક્ષા મળતી. શંભુભાઈનું જીવન સાદું હોવાથી આ બંને માટે એમની તૈયારી હતી. મહેસાણાની પાઠશાળાએ શંભુભાઈમાં ધર્મનો રંગ પૂર્યો, પરંતુ ગુજરાતમાં મહાત્મા ગાંધીજીની પ્રવૃત્તિનો સૂર્ય તપતો હતો, તેનો એમના પર વિશેષ પ્રભાવ પડ્યો. શંભુભાઈ અને એમના નાનાભાઈ ગોવિંદભાઈએ અમદાવાદ આવીને ધંધાની શોધ આદરી.

શંભુભાઈ તો મહેસાણા પાઠશાળાની કેળવણી પામીને આવ્યા હતા, પરંતુ ગોવિંદભાઈની પાટી તો કોરી હતી. તે માત્ર બે ગુજરાતી ભણ્યા હતા, પણ મહેનતમાં અને વ્યવહારમાં સહેજે પાછી પાની ન કરે. અન્યને સમજવાની અને એને સન્માનવાની એમની ખૂબીઓમાં એમના વ્યક્તિત્વનું વશીકરણ હતું એટલે લેખકો એમના સ્વજન બની જતા. આ બંને ભાઈઓ સાથે બીજા નાના ભાઈ છગનભાઈ અમદાવાદ આવ્યા અને ફેરિયાને ધંધો શરૂ કર્યો. વ્યવસાય માટે તો ફૂટી કોડીય નહોતી. ધંધો ખેડવો હોય તો થોડી-ઘણી રકમ તો જોઈએ ને ! કચ્છના પાણી પીધેલા ખડતલ શરીર ધરાવતા આ ભાઈઓને માટે બે-ત્રણ મણનો બોજ ઊંચકવો એ સાવ સામાન્ય બાબત હતી.

એમણે ઘેર ઘેર ફરીને ચોપડીઓ પહોંચાડવા માંડી. ન આળસ કે ન શરમ. ગ્રાહકનો સંતોષ એ જ મહામૂડી. એ સમયે બીજા ફેરિયાઓ ગ્રાહકોને ઠગતા હતા, ત્યારે શંભુભાઈ અને ગોવિંદભાઈ પ્રમાણિકતાથી વેપાર કરતા અને એ પ્રમાણિકતાને કારણે એમનો લોકસંપર્ક વધતો ગયો. શંભુભાઈ પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી પાસે વાંચનાર તરીકે રહ્યા અને જીવનની ધારા આગળ ચાલી. આ સાથે ફેરિયાનો ધંધો પણ ચાલે અને વિચાર કરે કે એકાદ નાની હાટડી મળી જાય તો લઈને બેસી જાઉં ! પરંતુ એ સમયે ગુજરાતમાં ગુજરાતી વાઙ્મયની દશા ઘણી વિચિત્ર હતી. એક તો પુસ્તકલેખનમાં જ ઓછો રસ હતો, એનાથી ઓછો રસ પુસ્તક-પ્રકાશનમાં અને એથીય ઓછો રસ પુસ્તકના વેચાણમાં. કોઈ પુસ્તક ખરીદીને વાંચવામાં માનતું નહોતું. શ્રી મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે જેવા એક-બે પ્રકાશકોને સફળતા મળી હતી; બાકી બીજા તો આ ધંધો કરવા જતાં દેવામાં ડૂબી ગયા હતા.

એવામાં મહત્મા ગાંધીજીના સાહિત્યે દેશમાં પુસ્તક-વાચનની નવી ઇચ્છા અને શક્તિ જગાડી. 'નવજીવન' પત્ર અને નવજીવન પ્રેસે પ્રગટ કરેલાં પુસ્તકોના વેચાણને કારણે બંને ભાઈઓ બે ટંકના ભોજનની ચિંતામાંથી મુક્ત થયા. એવામાં ૧૯૨૭માં મોરબી પાસે ટંકારામાં આર્યસમાજના સ્થાપક દયાનંદ સરસ્વતીની જન્મભૂમિમાં એમની જન્મશતાબ્દી ઊજવવાનું નક્કી થયું. આ તક ઝડપી લઈને ગોવિંદભાઈ પુસ્તકોના મોટા પોટલા સાથે ટંકારા પહોંચી ગયા. સાથે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ દયાનંદ સરસ્વતીનું 'ઝંડાધારી' નામે ચારિત્ર લખ્યું હતું, તે પણ લીધું. આમાંથી સારી એવી રકમ મળતાં મનોમન વિચાર્યું કે હવે સ્વતંત્ર રીતે જ વ્યવસાય કરવો. પણ બન્યું એવું કે મૂડી લઈને પાછા આવતા હતા, ત્યારે રાત્રે ગાડીમાં ગોવિંદભાઈનું ખિસ્સું કપાઈ ગયું અને કચ્છમાંથી પિતા જગદીશભાઈ સાથે આવતા કુટુંબને અડધે

રસ્તેથી પાછું વળવું પડ્યું.

સામાન્ય રીતે બીજી વ્યક્તિની હિંમત ભાંગી જાય અને વતન વાગડ-કચ્છમાં પાછા ફરવાનો વિચાર કરે, પણ ગોવિંદભાઈ ગજવેલનું હૈયું ધરાવતા હતા. એમણે વિચાર્યું કે ભલે ખિસ્સાકાતરુ પુસ્તક-વેચાણની સઘળી રકમ લઈ ગયો, પણ એટલું તો પાકું થયું કે આ વ્યવસાયમાંથી જીવનનિર્વાહ માટે કમાણી થઈ શકે તેમ છે. એમને આ સમયે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી, મુનિ શ્રી જિનવિજયજી, પં. બેચરદાસ દોશી અને શ્રી ધર્માનંદ કૌસામ્બીની પ્રેરણા સતત મળ્યાં કરતી હતી અને મહાત્મા ગાંધીજીએ વાતાવરણમાં જગાડેલી કંઈક કરી છૂટવાની તમન્ના તેમને સાહસ માટે પ્રેરતી હતી.

આ પૂર્વે એમ મનાતું કે પુસ્તક વાંચવું એ નવરા માણસનું કામ છે. આ માન્યતા ગાંધીસાહિત્ય અને એ પછી મૉન્ટેસરી પદ્ધતિના બાલસાહિત્યને કારણે બદલાઈ ગઈ અને પુસ્તકોનું વેચાણ વધવા લાગ્યું.

બંને ભાઈઓ નીતિ અને પ્રામાણિકતાથી પોતાનો વ્યવસાય વધારતા રહ્યા. એવામાં ઈ. સ. ૧૯૨૮માં ગુજરાતના વિખ્યાત નવલિકાકાર 'ધૂમકેતુ' સાથે એમનો મેળાપ થયો. 'તણખા' નવલિકાસંગ્રહના ત્રણ ભાગને કારણે 'ધૂમકેતુ'ની ખ્યાતિ સમગ્ર ગુજરાતમાં પ્રસરેલી હતી. આ નવલિકાઓમાંથી ત્રણ-ચાર વાર્તાની ૪૮ પાનાની નાનકડી પુસ્તિકા બે આનામાં આપવાનો વિચાર આવ્યો! આર્થિક દૃષ્ટિએ કેટલો લાભ થશે, તેનો વિચાર કર્યા વિના 'ધૂમકેતુ'એ આ વિચારનો સ્વીકાર કર્યો અને નવા સ્નેહભીના સંબંધનું સર્જન થયું.

'ગોવિંદનું ખેતર', 'વીરાંગના અને બીજી વાતો', 'લખમી અને બીજી વાતો' તથા 'નરકેસરી નેપોલિયન' જેવી ૪૮ પાનાની પુસ્તિકાઓ પ્રગટ થઈ. આ પુસ્તિકાનો કરાર થતાં ગૂર્જર મુખ્ય વિક્રેતા બન્યું અને એક પણ કાવડિયા વગર કલમ અને કિતાબનો પંથ સ્વીકાર્યો. થોડું સાહસ ખેડ્યું, આબરૂ તો હતી જ, અમદાવાદની મરચી પોળની ધર્મશાળાની એક ઓરડી ભાડે રાખીને સ્વતંત્ર પ્રકાશન તરીકે 'સ્વતંત્રતાના ગીતો' અને 'સ્વાધીનતાના ગીતો' એ બે પુસ્તકો પ્રગટ કર્યાં. ૧૯૩૦ની દાંડીકૂચના ઐતિહાસિક પ્રસંગ પર શંભુભાઈ અને ગોવિંદભાઈએ 'મીઠાવેરો' નામનું પુસ્તક પોતે પ્રગટ કર્યું અને પોતે એનું વેચાણ કર્યું. એ પછી તો રાષ્ટ્રીય સાહિત્ય પ્રકાશનના ક્ષેત્રમાં બંને સાધુઓ આગળ વધતા રહ્યા અને એક દિવસ ગાંધીમાર્ગ (રીચી રોડ)ના રાજમાર્ગ પરના એક મેડા પર શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનો પ્રારંભ થયો.

એ સમયે હિંદી સાહિત્યમાં 'હિંદી ગ્રંથરત્નાકર કાર્યાલય'ની પ્રકાશક તરીકે આગવી પ્રતિષ્ઠા હતી, તેમાંથી પ્રેરણા લઈને આ નામાભિધાન કરવામાં આવ્યું. પુસ્તકના છાપકામ અર્થે ગાંધીમાર્ગ પર શારદા મુદ્રણાલય લીધું અને જયભિખ્ખુ એમની સાથે જોડાયા. ગોવિંદભાઈ અને શંભુભાઈ સાથે એમને લેખક-પ્રકાશકનો સંબંધ નહોતો, પરંતુ અંગત આત્મીય સ્વજનનો સંબંધ હતો. 'શારદા મુદ્રણાલય'માં મુદ્રણકલા અને શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયની પ્રકાશનપ્રવૃત્તિ પરાકાષ્ઠાએ પહોંચી.

એવામાં મુંબઈમાં કનૈયાલાલ મુનશીનો ષષ્ટિપૂર્તિ મહોત્સવ ઊજવાયો. શંભુભાઈ અને ગોવિંદભાઈએ એના સમાચાર જયભિખ્ખુને આપ્યા. કનૈયાલાલ મુનશીનાં લોકપ્રિય પુસ્તકોનું મુખ્ય વિક્રેતા શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય હતું, આથી જયભિખ્ખુએ બંને ભાઈઓને કહ્યું કે જો મુંબઈમાં આવો મહોત્સવ થાય તો અમદાવાદમાં કેમ નહીં? શંભુભાઈ અને ગોવિંદભાઈને આ વાત સાચી લાગી અને એમણે એ માટે સંમતિ આપી.

જયભિખ્ખુએ એની તૈયારી આરંભી દીધી. કનૈયાલાલ મુનશીની 'વાહ રે મેં વાહ' ત્વરાથી પ્રકાશિત કરવામાં આવી અને અંતે અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં ઉલ્લાસભેર આ મહોત્સવ ઊજવવામાં આવ્યો. એવામાં વળી નવો વિચાર જાગ્યો. શંભુભાઈ અને ગોવિંદભાઈને ધૂમકેતુ સાથે ગાઢ સંબંધ. શારદા મુદ્રણાલયના ડાયરાના ધૂમકેતુ આધારસ્થંભ અને જયભિખ્ખુને 'ધૂમકેતુસાહેબ' પ્રત્યે અગાધ આદર. એમની 'પોસ્ટઑફિસ', 'ભીખુ' કે 'ગોવિંદનું ખેતર'ની વાત કરતા અને સર્જક ધૂમકેતુ પર વારી જતા.

વળી ધૂમકેતુ અવારનવાર જયભિખ્ખુના નિવાસે આવે. અમને બાળકોને ખિસ્સામાંથી કાઢીને ચૉકલેટ આપે. બંને વચ્ચે બ્રાહ્મણ અને વાણિયાની પરસ્પર મજાક ચાલે. એક વાર ધૂમકેતુએ જયભિખ્ખુને મજાકમાં કહ્યું, 'અમારી મીરાં દુનિયા આખીની કવયિત્રી બની, અને એ જ મેડતાના આનંદઘન જૈનસમાજમાં જ સીમિત રહ્યા.' એમના આ વિધાને અમને મહાયોગી આનંદઘન વિશે મહાનિબંધ લખવાની પ્રેરણા આપી હતી.

એક વાર ધૂમકેતુ ભોજનસમારંભ માટે આવ્યા. જયભિખ્ખુએ ઘણા મિત્રોને નિમંત્રણ આપ્યું હતું. સ્વાસ્થ્યને કારણે ધૂમકેતુએ શીખંડને બદલે કઢી લીધી. એ પછી કઢીના સબડકા બોલાવતા જાય અને કઢીની પુષ્કળ પ્રશંસા કરતા જાય! પરિણામે બધાએ શીખંડ બાજુએ મૂકીને કઢી ખાધી! આવી ટીખળ પણ ચાલતી રહેતી.

સહુને વિચાર આવ્યો કે શ્રી કનૈયાલાલ મુનશી મુંબઈમાં વસતા હોવા છતાં એમનો ષષ્ટિપૂર્તિ મહોત્સવ અમદાવાદમાં ઉજવાય તો પછી આપણાં 'ધૂમકેતુસાહેબ'નો ષષ્ટિપૂર્તિ મહોત્સવ પણ ઊજવાવો જોઈએ. એ તો આપણા સહુના પરમ આત્મીયજન. આથી રંગેચંગે એમનો ષષ્ટિ પૂર્તિ મહોત્સવ ઊજવવાનું નક્કી કર્યું.

અમદાવાદના પાનકોરનાકા પાસે આવેલા શારદા મુદ્રણાલયમાં જોરશોરથી તૈયારી આરંભાઈ. ધૂમકેતુએ સોલંકીયુગની નવલકથાઓ લખી હતી, તેથી એમને ચાંદીનો રુદ્રમાળ અર્પણ કરવાનું વિચાર્યું. આ રુદ્રમાળ બનાવનાર ભાઈને ખાસ પાટણ મોકલવામાં આવ્યા. એ રુદ્રમાળની કોતરણીને કાગળમાં કંડારીને લાવ્યા. એ જોઈને જયભિખ્ખુએ તાકીદ કરી, 'તમે ચાંદી પર બરાબર આવી જ આબેહૂબ કોતરણી કરજો. આપણી પાસે એક મહિનાને પૂરતો સમય છે. ઉતાવળ

ન કરશો, સરસ બનાવજો.'

એ પછી ૧૯૫૩ની ૧૨મી ફેબ્રુઆરીનો દિવસ ષષ્ટિપૂર્તિ માટે નક્કી કરવામાં આવ્યો. સાક્ષર શ્રી કૃષ્ણલાલ ઝવેરીના અધ્યક્ષપદે એ સમારંભ યોજવાનું પાકું થયું. અમદાવાદના કાળુપરમાં આવેલી ખજૂરીની પોળમાં યોજેલા ભોજન-સમારંભની નિમંત્રણ-પત્રિકા પણ તૈયાર થઈ. વળી એ દિવસે શિવરાત્રી હોવાથી ફરાળી ભોજનનો પણ વિશેષ પ્રબંધ કરવામાં આવ્યો. મનુભાઈ જોધાણીએ એમના 'સ્ત્રીજીવન' માસિકના 'ધૂમકેતુ ષષ્ટિપૂર્તિ' અંકની તૈયારી આરંભી દીધી.

૧૯૫૩ની ૧૦મી ફેબ્રુઆરીએ શંભુભાઈ, ગોવિંદભાઈ, જયભિખ્ખુ અને મનુભાઈ જોધાણી ધૂમકેતુને મળવા ગયા અને કહ્યું, 'તમને પૂછ્યા વગર અમે એક ભૂલ કરી બેઠા છીએ. અમે તમારાથી એક વાત છાની રાખી છે.'

'મારાથી વાત છુપાવવી પડે એટલી હદ સુધની વળી કઈ વાત છે?' ધૂમકેતુએ વળતો સવાલ કર્યો

જયભિખ્ખુએ કહ્યું, 'ધૂમકેતુસાહેબ, તમારી સંમતિ વગર તમારી ષષ્ટિપૂર્તિ ઊજવવાની અમે સઘળી તૈયારી કરી છે. નિમંત્રણ-પત્રિકાઓ પણ સઘળે રવાના કરી છે. આવનારા શ્રોતાજનોને આપવા માટેની નાની પરિચય-પુસ્તિકા અને 'સ્ત્રીજીવન'નો વિશેષાંક પણ તૈયાર થઈ ગયો છે.'

ધૂમકેતુ બધાની સામે જોઈ રહ્યા. લાગણીના ઘૂઘવતા મહાસાગરની સામે મૌન બની ગયા, પણ સાથે એમણે કહ્યું, 'તમે સહુએ બધું પાકે પાયે નક્કી કરી નાખ્યું છે એટલે મારે કશું કહેવાનું નથી, પણ એ જો જો કે શ્રોતાઓ કરતાં વક્તાઓ વધી ન જાય. આપણા વનસ્પતિશાસ્ત્રી જયશંકર ઈન્દ્રજીની શતાબ્દી અમદાવાદમાં ઊજવાઈ, ત્યારે દસ પ્રેક્ષકો હાજર હતા અને બોલનારાની સંખ્યા પણ દસ જ હતી.'

એ દિવસોમાં દોઢેક મહિનાથી જયભિખ્ખુ એમના સન્માનનીય વડીલના ષષ્ટિપૂર્તિ મહોત્સવની ઉજવણીમાં વ્યસ્ત હતા. સતત જુદાં જુદાં આયોજનો થતાં, સંપર્કો સધાતા અને અંતે પ્રેમાભાઈ હૉલમાં ૧૯૫૩ની ૧૨મી ફેબ્રુઆરી ને મહાશિવરાત્રીએ સવારે નવ વાગ્યે આ કાર્યક્રમ યોજાયો. લેડી વિદ્યાગૌરી નીલકંઠ, ઉપકુલપતિ હરસિદ્ધભાઈ દિવેટિયા, પંડિત સુખલાલજી, પ્રો. દાવર, શ્રી ઉમાશંકર જોશી, શ્રી રવિશંકર રાવળ, શ્રી કનુ દેસાઈ, શ્રી અનંતરાય રાવળ, શ્રી પુનિત મહારાજ, શ્રી રસિકલાલ પરીખ, શ્રી ઈશ્વર પેટલીકર. પ્રો. ધીરુભાઈ ઠાકર, શ્રી સ્નેહરશ્મિ જેવા મહાનુભાવોથી હૉલ ઊભરાઈ ગયો અને જયભિખ્ખુએ એના સુઘડ આયોજન માટે નાનામાં નાની બાબતનું ધ્યાન રાખ્યું હતું.

મજાની વાત તો એ છે કે પોતે આ સમગ્ર આયોજન કર્યું હોવા છતાં જયભિખ્ખુ પડદાની પાછળ રહ્યા. જે સારસ્વત માટે અગાધ આદર ધરાવતા હતા, એમના સન્માન-સમારંભની સફળતાનો આનંદ એમની આંખમાં છલકાઈ રહ્યો હતો.

થોડા સમય બાદ શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના માલિક શ્રી ગોવિંદભાઈના પુત્ર કાંતિભાઈનો લગ્નપ્રસંગ આવ્યો. જયભિખ્ખુને માટે આ ઘરઆંગણનો પ્રસંગ બની રહ્યો. વિદ્યાપ્રેમી શંભુભાઈ અને ગોવિંદભાઈએ આ પ્રસંગે લગ્નમાં સર્વ સાહિત્યકારોને કચ્છમાં લઈ જઈને એમનું સન્માન કરવાનું વિચાર્યું. આને માટે ટ્રેનના સ્પેશિયલ ડબ્બાની વ્યવસ્થા કરી. સોએક સાહિત્યકારો સાથે જાન ભુજમાં પહોંચી. ભુજમાં આટલા બધા ગુજરાતી સાહિત્યકારો એકત્રિત થયાનો આનંદભર્યો અવિસ્મરણીય પ્રસંગ યોજાયો. વળી ભુજ સુધી આવ્યા છીએ તો ભદ્રેશ્વર તીર્થની યાત્રા પણ કરાવીએ, એમ માનીને બધા સાહિત્યકારોને માટે લગ્નમહોત્સવ સાથે કચ્છદર્શન સાહિત્યસંગમનો યોગ સધાયો.

આમ પચીસ-પચીસ વર્ષ સુધી જયભિખ્ખુનો ગૂર્જર સાથે સ્નેહભીનો સંબંધ રહ્યો. એ સમયનું સ્મરણ કરીને શ્રી રમણીકલાલ જયચંદભાઈ દલાલ નોંધે છેઃ 'આ સૌના મીઠા સાથ ને સંબંધથી ઈસવી સન ૧૯૪૫થી ૧૯૬૦ સુધીના વર્ષોમાં ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે સૌ કોઈની આંખમાં આવે એનવી જાહોજલાલી જોઈ નાંખી, એટલું જ નહીં, પણ પુસ્તકવિક્રેતાના ધંધા ઉપરાંત સુંદર ને આકર્ષક સાહિત્યપ્રકાશન ને મનોરમ મુદ્રણકળાના ગુજરાતને દર્શન કરાવ્યાં. પ્રામાણિકતા ને સહકારથી નાણાંનું ઉપાર્જન થયું ને સમભાવ ને દિલની ઉદારતાથી નાણાંનું વિસર્જન થયું, પૈસા કમાયા પણ ખરા ને ખર્ચી પણ જાણ્યા.

''ભગવદ્ગીતાના ગાયક શ્રીકૃષ્ણ અને પાંડવોના સેનાપતિ અર્જુન એકઠા મળ્યા, તો મહાભારત ઉકેલાયું ને જગતને ભગવદ્ગીતા મળી, તેમ પુસ્તક-પ્રકાશક ને વિક્રેતા શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને તેના લેખકમંડળને શારદા મુદ્રણાલયના સુકાની તરીકે શ્રી બાલાભાઈ (જયભિખ્ખુ) જેવા સારથિ મળી ગયા તો ગુજરાતે અવનવા સાહિત્ય-પ્રકાશનની પચ્ચીસીનો યશોજ્જવલ ગાળો માણ્યો. કદી ન ભુલાય એવી રીતે ગાળ્યો ને અમર બનાવ્યો.

અમદાવાદના ઇતિહાસમાં આ એક અવનવી સહકાર ઘટના બની ગઈ. રસનાં રંગછાંટણાં તો વિરલ જ હોય ને!'' (જયભિખ્ખુ સ્મૃતિગ્રંથ, પૃ. ૫૫)

સમયનો પ્રવાહ બદલાયો અને આ મંડળીએ વિદાય લીધી. જયભિખ્ખુએ એમની કૉલમ 'ઈંટ અને ઈમારત'માં લખ્યું 'સમયનો પ્રવાહ પલટાયો. રુચિ બદલાઈ, છતાંય શિષ્ટતાના ધોરણો ગૂર્જરે ચાલુ રાખ્યાં. આ સંસ્થાના તપ અને તેજસ્વિતા સાહિત્યના ઇતિહાસનું એક સોનેરી પાનું છે. રંગગૂર્જરીની વાડીને પ્રફુલ્લાવવા લેખક, પ્રકાશક ને વાચકોની સહાનુભૂતિ અને શુભેચ્છાથી ચાલેલો કાર્યાભર હરકોઈ આદમીની દાદ માગી લે છે અને એ દાદ અને યાદ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનો આજ સુધીનો ઇતિહાસ પૂરો પાડે છે.'

વળી એ સંદર્ભમાં રમણિકલાલ દલાલ એક ઘટનાને નોંધે છે, 'શ્રી ધૂમકેતુની છેલ્લી નવલકથા 'ધ્રુવદેવી' અને ભાઈ કુમારપાળના 'લાલ ગુલાબ'નો પ્રાગટ્યવિધિ શ્રી હરિવલ્લભદાસ કાલિદાસ વિનયન વિદ્યાલયના રંગભવનમાં ઊજવાયો. શ્રી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પોતાના બે સાહિત્યસ્થંભો શ્રી ધૂમકેતુ અને શ્રી 'જયભિખ્ખુ'ની

પ્રવૃત્તિઓને જાહેરમાં અંજલિ આપી ઋણમુક્તિ અનુભવી.'

મંડળીના એક પછી એક મિત્રોએ વિદાય લીધી અને આ વિદાય જયભિખ્ખુના હૃદયમાં કેટલીય સંવેદનાઓ જગાવતી ગઈ. ૨૯મી મે, ૧૯૬૮ અને બુધવારના દિવસે પોતાની રોજનીશીમાં એ દિવસે (જયભિખ્ખુની અવસાન તારીખ ૨૪-૧૨-૧૯૬૯) મિત્રોની વિદાયના અણધાર્યા આઘાતો અનુભવનાર જયભિખ્ખુ નોંધે છે.

''જિંદગીમાં આનંદ છે, હર પગલે વિજય છે. ચિંતા કાંઈ નથી. કહ્યાગરો પુત્ર છે, ને કર્મચારીઓ ભક્તિવંત છે. મિત્રો સારા છે ને કુટુંબનો પ્રેમ પણ સારો છે.

કદાચ બોલવાની પળ છેલ્લે ન મળે, એવું રોગનું પરિબળ થઈ જાય. મારા વડીલ મિત્ર શ્રી ધૂમકેતુને એવું થયું. છેલ્લા દિવસો બેહોશીમાં ગયા. શ્રી ગોવિંદભાઈની પણ અંતિમ પળો એ રીતે વીતી. મોંએથી હરફ ઉચ્ચારી ન શક્યા. એ જ રીતે શંભુભાઈ પણ ગયા. શ્રી ગુણવંતરાય અને શ્રી મેઘાણી પણ એ રીતે જ ગયા હાર્ટફેઈલથી.

એ રીતે જવાનું થાય તો-બોલવાનું કંઈ શેષ નથી.

હાથીઓ જીવવા મમાટે ગીચ જંગલ પસંદ કરે છે, પણ મરવા માટે અતિ રમણીય એકાંત પસંદ કરે છે. મારી ગતિ એવી છે.''

લેખક અને પ્રકાશકના આ આત્મીય સંબંધની સુવાસ ક્ષર દેહના વિલય પછી પણ જીવંત અને મઘમઘતી રહેતી હોય છે. ઈ. સ. ૨૦૦૮માં જયભિખ્ખુની જન્મશતાબ્દીના સમયે જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટે જયભિખ્ખુનાં ૫૭ પુસ્તકો પ્રગટ કર્યાં, જેમાં નવલકથા, નવલિકાસંગ્રહ, બાલકિશોરસાહિત્ય, ચરિત્ર અને જૈન બાલગ્રંથાવલિનો સમાવેશ થાય છે. જયભિખ્ખુના નાનાં-મોટાં ત્રણસો પુસ્તકોમાંથી એમની જન્મશતાબ્દીએ આ મહત્ત્વના પુસ્તકોનું પ્રકાશન થયું અને તેની પાછળ પણ ગૂર્જરનો હૂંફાળો સાથ મળી રહ્યો.

**(ક્રમશઃ)**

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨



## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓ

Website : www.mumbai_jainyuvaksangh ● E-mail : shrimjys@gmail.com

- 'પ્રબુદ્ધ જીવન' (સંઘનું માસિક મુખપત્ર) દર માસની ૧૬ તારીખે પ્રગટ થાય છે.
- શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ આર્થિક સહયોગથી ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળા
- સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહ ટ્રસ્ટના ઉપક્રમે તત્ત્વ-ચિંતનનાં પ્રકાશનો
- સ્વ.વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાલા પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ'ના ઉપક્રમે જરૂરિયાતવાળાને દવાની મદદ તેમજ સ્કૂલના બાળકોના યુનિફોર્મ રાહતના દરે.
- શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અને ભાનુ ચેરિટી ટ્રસ્ટના ઉપક્રમે જરૂરિયાતવાળા પરિવારોને અનાજ આપતો વિભાગ.
- શ્રી કિશોર ટીંબડિયા કેળવણી ફંડના ઉપક્રમે વિદ્યાર્થીને સ્કોલરશિપ આપવામાં આવે છે.
- ભક્તિ સંગીત વર્ગ દ્વારા સંઘની બહેનો ભક્તિ ગીતના કલાસ ચલાવે છે.
- વિદ્યાબેન મહાસુખલાલ ખંભાતવાલા મહાવીર વંદના ઉપક્રમે દર વર્ષે મહાવીર જયંતી નિમિત્તે ભક્તિ સંગીતનો પ્રોગ્રામ કરવામાં આવે છે.
- 'પ્રબુદ્ધ જીવન' નીધિ ફંડ 'પ્રબુદ્ધ જીવન' માસિક મુખપત્ર માટે આર્થિક સહાય સ્વીકારતો વિભાગ

આપ ઉપરની કોઈ પણ પ્રવૃત્તિ માટે આપના દાનનો પ્રવાહ વહાવી શકો છો. લગભગ ૮૪ વર્ષથી સંસ્થાનું વૈચારિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રગટ થાય છે. આપ કોઈ પણ એક અંકના રૂા. ૨૦,૦૦૦/-નું દાન આપી એ અંકના સૌજન્યદાતા બની શકો છો. વિચાર દાન એ ઉત્તમ દાન છે. આ ધન દાનથી આપ બન્ને દાનના લાભાર્થી બની શકો છો.

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત અન્ય પ્રવૃત્તિઓ

**પ્રેમળ જ્યોતિ**

**સંચાલકો :**

શ્રીમતિ નિરુબહેન સુબોધભાઈ શાહ ટે. નં. ૨૩૬૩૧૨૮૫
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ ટે. નં. ૨૩૮૭૩૬૧૧

**કિશોર ટિંબડિયા કેળવણી યોજના ફંડ**

**સંચાલકો :**

શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા મો. ૯૬૧૯૧૯૫૯૩૮
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ મો. ૯૮૧૯૭૮૨૧૯૭
કુ. વસુબહેન ચંદુલાલ ભણશાલી મો. ૯૮૨૧૧૬૮૩૧૯

**જમનાદાસ ટીંબડિયા કેળવણી યોજના ફંડ**

**સંચાલકો :**

શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા મો. ૯૬૧૯૧૯૫૯૩૮
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ મો. ૯૮૧૯૭૮૨૧૯૭
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ ટે. નં. ૨૩૮૭૩૬૧૧

**ભાનુ ચેરિટી ટ્રસ્ટ : અનાજ રાહત ફંડ**

**સંચાલકો :**

શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ મો. ૯૮૧૯૭૮૨૧૯૭
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા મો. ૯૬૧૯૧૯૫૯૩૮
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ ટે. નં. ૨૩૮૭૩૬૧૧

**ભક્તિ સંગીત**

**સંચાલક :**

શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખ ટે. નં. ૨૩૮૭૩૬૧૧

# સર્જન-સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **સિંહ સવારીનો અસવાર**
પૂ. પં. ચન્દ્રશેર વિ.મ.સા.ના જીવન સંસ્મરણો
લેખક : **મુનિ આત્મદર્શન વિજય**
પ્રકાશન : ગુરુભક્ત પરિવાર
પ્રાપ્તિસ્થાન : અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ, ચંદનબાળા કોમ્પલેક્સ, પાલડી, ભદ્રા, અમદાવાદ.
મૂલ્ય-૧૦૦/, પાના-ભાગ-૬૪.

પૂ. શ્રી સાથે કેટલોક અમૂલ્ય સમય ગાળવાનો, માણવાનો જેમને યોગ મળ્યો છે, એવા મુનિ આત્મદર્શન વિજય મહારાજ સાહેબ 'સિંહ સવારીનો અસવાર' લિખીત પુસ્તક જેનું નામ સ્મરણ કરતાં જ ખુમારીનો ઈતિહાસ ખડો થઈ જાય તેવું હૃદયસ્પર્શી છે. એ મહાપુરુષ હતા પૂ. પં. ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબ.

સમગ્ર પુસ્તક આર્ટ પેપર પર ચિત્રાત્મક રૂપે રજૂ કરેલું હોઈ અત્યંત આકર્ષક બન્યું છે. તેઓશ્રી ઉર્જાપુરુષ હતા. ચતુર્વિધ સંઘનું નેતૃત્વ કરવામાં સફળ સુકાની હતા. તેઓ આર્યાવર્તના નભોમંડળમાં ધૂમકેતુની જેમ ચમકતા સિતારા હતા. પૂજ્યશ્રી દેશી-વિદેશી અંગ્રેજો સામે ત્રાડ નાખનારા સિંહ હતા અને જિનશાસનમાં જાજરમાન કિરણોથી ઝળહળતા સૂરજ હતા. આ બધા ગુણોની પ્રતીતિ આ સુંદર કલાત્મક રંગીન પુસ્તક કરાવે છે. તેમની લોકપ્રિયતા અને ગુણવત્તા અડધી સદી સુધી જોડાજોડ ચાલી શકે છે. તેઓના વ્યક્તિત્વમાં સંત અને સૈનિક, ચારિત્ર અને ચાણક્યવૃત્તિનો સમન્વય હતો. પૂજ્યશ્રીની વાણી વીર-વાણીની સરવાણી હતી. મિથ્યાત્વાદિ દોષોના દર્દની દવા હતી. યુવાનોના સ્વપ્નની રાણી હતી. આવા સિંહ સવારીના અસવારના જીવનનો ચિત્રાત્મક સંક્ષિપ્ત અને મનાકર્ષક પરિચય વાચકના જીવનને ધન્ય કરી દે તેમ છે. તેઓ જીવંત હતા ત્યારે શબ્દો બોલતા હતા. મૃત્યુ બાદ મૌન બોલવા લાગ્યું એવા મહાન હતા પૂ. પં. ચંન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબ.

xxx

પુસ્તકનુ નામ : **શ્રી નવતત્ત્વ પ્રકરણ**
સંસ્કૃત ટીકાના ગૂર્જર ભાવાનુવાદ સહિત
ટીકાકાર : આ.ભગવંત શ્રી વિજય ધર્મરસૂરીશ્વરજી મ.સા.
ભાવાનુકાર : આ. ભગવંત શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.
પ્રકાશક-પ્રાપ્તિસ્થાન : શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ, ડભોઈ-દર્ભાવતી તીર્થ, પ્રો. નટુભાઈ પી. શાહ યથારિષભ મનપોર ચકલા પાસે, જૈન વગા. મહો. શ્રી યશોવિજયજી માર્ગ, ડભોઈ, જિ. વડોદરા (ગુજરાત).
મૂલ્ય : રૂા. ૪૦૦/- પાના ૫૩૦, આવૃત્તિ-પ્રથમ-તા. ૨-૧૦-૨૦૧૧.

જૈન શાસનમાં જીવજીવાદિ નવતત્ત્વોનું પ્રતિપાદન અને તે પ્રતિપાદનનું ગૌરવ ઘણાં વિશેષ પ્રમાણમાં રહેલું છે. બીજી રીતે કહીએ તો 'નવ તત્ત્વના પ્રતિપાદન ઉપર જૈન દર્શનનું મંડાણ છે.'

ગાથાઓમાં તત્ત્વની વહેંચણીનો વિચાર કરતાં જણાય છે કે ૫૯ ગાથાના આ નવતત્ત્વ પ્રકરણમાં ૧ થી ૭ ગાથામાં જીવતત્ત્વ, ૮ થી ૧૪ ગાથામાં અજીવતત્ત્વ, ૧૫ થી ૧૭ ગાથાઓમાં પુણ્યતત્ત્વ, ૧૮ થી ૨૦ ગાથામાં પાપતત્ત્વ, ૨૧ થી ૨૪ ગાથામાં આસ્રવતત્ત્વ, ૨૫ થી ૩૩ ગાથામાં સંવરતત્ત્વ, ૩૪ થી ૩૬ ગાથામાં નિર્જરાતત્ત્વ, ૩૭ થી ૪૨ ગાથામાં બંધતત્ત્વ, ૪૩ થી ૫૦ ગાથામાં મોક્ષતત્ત્વ અને ૫૧ થી ૫૯ ગાથાઓમાં પ્રકીર્ણક અધિકાર આપવામાં આવેલ છે.

આ ટીકાગ્રન્થમાં સ્થળે સ્થળે આચારાંગ, સૂયગડાંગ, શ્રી ભગવતીજી, પન્નાવણાજી, તત્ત્વાર્થસૂત્રસટીક-યોગશાસ્ત્ર, નવતત્ત્વભાષ્ય વિગેરે અનેક ગ્રંથોના ઉપયોગી પ્રમાણો આપ્યા છે. કોઈ કોઈ ઠેકાણે સૂત્રોના અખંડ પાઠો પણ આપ્યા છે અને ટીકાના જરૂરી પાઠો પણ આપ્યા છે. ગ્રંથને શક્ય તેટલો સુગમ બનાવ્યો છે.

આ ગ્રંથના વાચનથી જૈન-જૈનેતર સમાજમાં જિનેશ્વર ભગવંતોએ પ્રતિપાદન કરેલ જીવજીવાદિ તત્ત્વોનું જ્ઞાન વિસ્તાર પામે તેમ છે અને તત્ત્વજ્ઞાનજન્ય સમ્યગ્દર્શન-સમ્યક્ચારિત્રાદિ ગુણોની પ્રાપ્તિ દ્વારા ભવ્યાત્માઓ આત્મકલ્યાણમાં અભિમુખ બને તેમ છે.

xxx

પુસ્તકનું નામ : **વેલિકાવ્ય : સ્વરૂપ અને સમીક્ષા**
લેખક-સંપાદક-સમીક્ષક : **ડૉ. કવિન શાહ**
**પ્રકાશક-પ્રાપ્તિસ્થાન : રૂપાબેન અસ્તિકુમાર શાહ**
૧૦૩/સી, જીવનજ્યોત એપાર્ટમેન્ટ, વખારિયા બંદર રોડ, બિલીમોરા-૩૯૬૩૨૧.
મૂલ્ય-રૂા. ૧૫૦/-, પાના-૨૭૦, પ્રથમ આવૃત્તિ-વિ. સં. ૨૦૬૯.

ડૉ. કવિન શાહ મધ્યકાલીન સાહિત્યના એક બહુશ્રુત વિદ્વાનના હસ્તે તૈયાર થયેલ 'વેલિ'-કાવ્ય પુસ્તક અત્યંત આવકાર્ય છે. 'વેલિકાવ્ય સ્વરૂપ અને સમીક્ષા પુસ્તક'માં લેખકે મધ્યકાલીન સાહિત્યમાં જૈન ગુરુભગવંતોના હાથે રચાયેલ વેલિ કાવ્યનો સુંદર પરિચય કરાવ્યો છે.

લેખક ડૉ. કવિન શાહે જૈન સાહિત્યમાં રચાયેલ વેલિઓનો અભ્યાસ કરી તે વેલિઓને ચાર વિભાગમાં વિભાજિત કરી તેનો કાવ્યાત્મક અને વિવેચનાત્મક પરિચય કરાવ્યો છે.

(૧) ચરિત્રાત્મક વેલિકાવ્યો: આ વિભાગમાં કુલ ૧૧ ચરિત્રાત્મક પુરુષોના જીવન પર આધારિત વેલિઓનો વિવેચનાત્મક પરિચય કરાવ્યો છે. (૨) તાત્ત્વિક વેલિઓ (૩) ઉપદેશાત્મક વેલિઓ અને (૪) પ્રકીર્ણ વેલિઓનો લેખકે સુંદર રીતે વિવેચનાત્મક પરિચય કરાવ્યો છે.

લેખક શ્રી ડૉ. કવિન શાહ કહે છે-'પદ્યરચના સમજવી કઠિન છે પણ દુષ્કર નથી. જિજ્ઞાસુ આત્મા આ અંગે પુરુષાર્થ કરે તો પદ્યરચનાનો સારો અને સાચો આસ્વાદ કરી શકે છે. 'વેલિ' કાવ્યો મધ્યકાલીન સમયમાં રચાયાં છે. તેમાં આત્માના વિકાસનો મૂલ્યવાન સંદર્ભ પ્રાપ્ત થાય છે.'

મધ્યકાલીન સાહિત્યના અભ્યાસીઓને અત્યંત ઉપયોગી થાય તેવું આ પુસ્તક છે.

xxx

પુસ્તકનું નામ : **સ્વાનુભૂતિની પગથારે**
મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી દ્વારા રચિત શ્રી સિમંધર જિન સ્તવનની કેટલીક કડીઓ પર સ્વાધ્યાય
લેખક : **આચાર્ય શ્રી યશોવિજય સૂરિજી**
પ્રકાશન : આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન, સુભાષ ચોક, ગોપીપૂરા, સુરત. મૂલ્ય-૯૦/-, પાના-ભાગ-૧૫૬, પ્રથમ આવૃત્તિ-૨૦૧૩.

નિશ્ચય દૃષ્ટિ અને વ્યવહાર દૃષ્ટિને સરળતાથી સમજાવતાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજની આ કૃતિ પર ગુજરાતી સ્તબક તથા અન્ય વિવેચનો ઉપલબ્ધ છે. અહીં સ્તવનની સવાસો કડીઓમાંથી માત્ર પંદર કડીઓનો સ્વાધ્યાય પ્રસ્તુત છે.

આ લેખના વાંચનથી વ્યવહારનો રન-વે, દોડપથ, નિશ્ચયનું આકાશ-સાધનાનું વિમાન વ્યવહારના મઝાના દોડપથ પર દોડીને નિશ્ચયના આકાશમાં છલંગાશે. નિશ્ચયદૃષ્ટિ અને વ્યવહાર દૃષ્ટિનું અદ્ભુત સમતુલન છે. શ્રી સીમંધર જિન સ્તવનમાં સરળ ગુજરાતીમાં લખાયેલી કડીઓ વાંચતા, અનુપ્રેક્ષતાં, પ્રારંભિક સાધકની દૃષ્ટિ સામે છવાયેલ નિશ્ચય વ્યવહારની અસ્પષ્ટતાનું ધુમ્મસ છંટાતું જાય છે. અને ભાગવત પથ આ જ છે એવો નિશ્ચય મનમાં ઊગે છે.

લેખક આ પુસ્તકમાં નિશ્ચય દૃષ્ટિ અને વ્યવહાર દૃષ્ટિનું સુંદર મિશ્રણ કરી બતાવે છે અને ઝંખના, સદ્ગુરુયોગ, ગતિ અને વ્યવહાર સાધનાની નિશ્ચય તરફ ઢળવાની આ પ્રક્રિયા કેટલી મોહક છે તે સ્પષ્ટ કરે છે.

ગંભીર અને તત્ત્વસભર વાચકોને ખૂબ ગમી જાય તેવું આ પુસ્તક આવકાર્ય છે.

xxx

પુસ્તકનું નામ : **કાન દઈને સાંભળજો**
લેખક : **ગુણવંત શાહ**
સંપાદન : ડૉ. મનીષા મનીષ

પુસ્તક-પ્રકાશક : વિક્રેતા,૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, 'અર્થબાગ', મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : (૦૨૨) ૨૧૦૧૩૪૪૧.
મૂલ્ય-રૂા. ૩૫૦/-, પાના-૪૧૨, આવૃત્તિ-પ્રથમ, મે-૨૦૧૩.

લેખક શ્રી ગુણવંત શાહના વ્યક્તિત્વમાં અનેરી ઉષ્મા, કર્તૃત્વમાં કોઈ ઓર ઉર્જા છે. તેઓ સાચા અને સહૃદયી શિક્ષક છે. તેમના લખાણમાં મૌલિકતા છે. ક્યારેક ક્યારેક તેઓ નર્યા શબ્દવિહારમાં લપસતાં કે તણાતા જણાય છે. પણ એમનું ગદ્ય કાવ્યમય અને લાલિત્યપૂર્ણ છે. તેમની અભિવ્યક્તિ રસભરી અને અનોખી છે. દંભ અને ઢોંગ ક્યાંય નજરે પડતાં નથી. તેઓ નિખાલસતાથી પોતાના મંતવ્યો સુરેખ શૈલીમાં રજૂ કરે છે. આ પુસ્તકની ખાસ વિશેષતા એ છે કે લેખકના ગાઢ અને વિશાળ વાચનને કારણે વિધ વિધ શાસ્ત્રોના ઊંડા અભ્યાસને લીધે તેમના લખાણોમાં અર્થગાંભીર્ય અને શબ્દગૌરવનો સમન્વય જોવા મળે છે.આ પુસ્તકના લેખોને લેખકે ત્રણ વિભાગમાં વહેંચ્યા છે.

(૧) વિભાગ-૧ : જીવન અને સાહિત્ય
(૨) વિભાગ-૨ : વ્યક્તિ-વિભૂતિ
(૩) વિભાગ-૩ : શિક્ષણ વિચાર

ગુણવંત શાહ લખે છે 'પોતે સાહિત્યકાર નહીં પરંતુ 'જીવનકાર' છે.' સાહિત્ય કેવું જીવનમય અને જીવનમૂલક હોય તેની પ્રતીતિ આ વિભાગમાં સમાયેલાં પ્રવચનો કરાવે છે.

x x x

પુસ્તકનું નામ : **તર્પણ** (૪૦ ટૂંકી વાર્તાઓ)
લેખિકા : **આશા વીરેન્દ્ર**
પ્રકાશક : યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧.
મૂલ્ય-૬૦/-, પાના-૧૦૮, પ્રથમ આવૃત્તિ-મે-૨૦૧૩.

આ પુસ્તકમાં લેખિકા બહેન શ્રી આશાબહેને પારિવારિક મુદ્દા ઉપરાંત દલિત-પીડિત સમાજ, મુસ્લિમ સમાજ, કિશોરીઓ-યુવતીઓ કે વયસ્ક નાગરિકોની સમસ્યા-એમ વિવિધ મુદ્દાને સ્પર્શતી વાર્તાઓ આપવાનો પ્રયત્ન કર્યો છે.

આ વાર્તાઓની વિશેષતા એ છે કે સૌ પ્રથમ તેના કદની-ભૂમિપુત્રનું એક જ પાનું ૮૦ થી ૮૨ લીટી, સાતસો, સાડા સાતસો શબ્દોનો ઉપયોગ કર્યો છે. તેમા નવલિકા કે ટૂંકીવાર્તાનો વ્યાપ પણ વર્જ્ય છે. એટલે વર્ણન તો અતિ સંક્ષેપમાં લીધાં છે. શક્ય હોય ત્યાં સુધી સંવાદો દ્વારા જ કથા વસ્તુને સ્ફોટ થવા દીધી છે. પાત્રા-લેખન પણ મહદ્ અંશે સંવાદો દ્વારા સાધ્યું છે.

આ બધી વાર્તાઓ કોઈ ને કોઈ અન્ય ભાષાની વાર્તા પરથી તૈયાર કરવામાં આવી છે પરંતુ આ વાર્તાઓનો સીધો અનુવાદ કે રૂપાંતર નથી.

૪૦-૪૦ ટૂંકી વાર્તાના ગુચ્છો, અન્ય ભાષાની વાર્તાને આધારે ગુજરાતીમાં લાઘવપૂર્ણ રસમય રૂપાંતર-દરેક વાર્તા માત્ર બે જ પાના-૬૦ લાઈન, સાતસો-સાડા સાતસો શબ્દ વાચકના મનમાં કંઈક સંવેદન જગાવી જાય છે, વાચનકે કશાક જીવન રસની અનુભૂતિ કરાવી જાય છે.

x x x

પુસ્તકનું નામ : **અતીતની અટારીએથી...ચલના જીવન કી કહાની-**
લેખક : નટવર દેસાઈ
સંપાદન : હિતેન આનંદપરા
પ્રકાશક : પ્રકાશ દેસાઈ (98211337777)
મૂલ્ય-૩૦૦/-, પાના-ભાગ-૧૫૦, આવૃત્તિ-૧.

માનનીય નટવરભાઈ દેસાઈને ત્રણ શબ્દોમાં બિરદાવવાનો પ્રયત્ન કરું છું. તેમનું વ્યક્તિત્વ સાલસ, નિખાલસ અને મિલનસાર. અને આવી વ્યક્તિ જ મોટી સંસ્થાના સુકાનને સફળતાપૂર્વક સંભાળી શકે છે. પુસ્તકનું શીર્ષક 'ચલના જીવન કી કહાની' અત્યંત સાર્થક છે. નટવરભાઈ ૮૫ વર્ષની વયે યુવાનની જેમ ચાલે છે. અને સૌ કોઈને ચલાવે છે. જેના જીવનનું ધ્યેય જ ચાલવું અને ચલાવવું એ જ છે-એ જ જીવનની કથા છે, કહાની છે, વાત છે અને વાર્તા છે.

આવા વ્યક્તિત્વના માલિકને પુસ્તક રૂપે મળવાનું થયું એને હું મારું સદ્ભાગ્ય સમજું છું. પુસ્તક 'ચલના જીવન કી કહાની'ના વાચન પછી કોણ જાણે કેમ પણ હું એ માનવીને-વડીલને પ્રત્યક્ષ મળી નથી પણ જાણે કેટલાંય સમયથી ઓળખું છું એવો ભાવ મનમાં સ્થિર થઈ ગયો. મુરબ્બી નટુભાઈ સાચા અર્થમાં 'સ્વજન' મળ્યા હોય એવો ભાવ જાગ્યો.

પુસ્તનકા પાને પાને નટુભાઈએ પોતે પોતાના નિજ અનુભવો દ્વારા પોતાના જીવનની અંગત વ્યક્તિઓ-પોતાની પત્ની પુષ્પાબેન, પુત્ર, પુત્રી, પુત્રી સમાન વહુઓ, મિત્રો, ત્રીજી પેઢી સુધીની વ્યક્તિઓની રૂપરેખા દોરી સાથે સાથે આપણને પણ સ્વજન બનાવી દીધાં છે.

માનનીય શ્રી નટુભાઈ વિશે લખાયેલા મૈત્રીભાવથી-સ્વજન ભાવથી લખાયેલા લેખોમાં માનનીય નટુભાઈ અન્ય માટે જ જીવન જીવતા હોય-પ્રેમથી, વ્હાલથી, મૈત્રીભર્યા નટુભાઈના વ્યક્તિત્વનો પરિચય થાય છે.

પુસ્તનકા પાને પાને, વાકયે વાક્યે નટુભાઈનું વ્યક્તિત્વ નિખરે છે. હું એમને મળી નથી-કદાચ જોયા હશે એવું સ્મરણમાં આવે છે. 'અતીતની અટારીએથી-ચલના જીવન કી કહાની'-પુસ્તક માનનીય નટુભાઈના વ્યક્તિત્વની સાચી ઓળખ આપે છે. પુસ્તક વાંચતા વાંચતા તેઓના આંતરિક વ્યક્તિત્વનો, આંતરિક સ્વભાવનો, પ્રેમાળ પ્રકૃતિનો પરિચય થાય છે. નટુભાઈ જાણે આપણા સ્વજન હોય એવી અનુભૂતિ કારવે છે.

તેમના પત્ની પુષ્પાબહેન સાથેના જીવનની મધુર યાદો, તેમની બિમારી, પોતાની પત્નીની ખડે પગે કરેલી સેવા વગેરે નટુભાઈના અતિપ્રેમાળ વ્યક્તિત્વનો પરિચય કરાવે છે.

આવા સુંદર પ્રેમાળ સ્વભાવને કારણે કાર્યક્ષેત્રે મળેલા મિત્રો અને તેમણે લખેલા લેખો દ્વારા પૂ. નટુભાઈના પ્રેમાળ અને સ્નેહાળ વ્યક્તિત્વનો મધુર પરિચય આપણા હૃદયને ભર્યું ભર્યું કરી દે છે. અને એક એવી અનુભૂતિ થાય છે કે આ વિશ્વમાં સાચા અર્થમાં કહી શકીએ એવા માનવો, મનથી, હૃદયના પ્રેમથી ભરેલા માનવોની ખોટ નથી અને નટુભાઈ એક પ્રેમાળ વ્યક્તિ તરીકે સમાજના અસંખ્ય માનવો સાથે અંગત વ્યક્તિની જેમ જોડાયેલા છે એવી અનુભૂતિ મારા હૃદયમાં થઈ તેને મેં શબ્દસ્થ કરી છે. પૂ. મુરબ્બી નટુભાઈ દેસાઈ-શતમ્ જીવ શરદમ્.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩. મોબાઈલ નં. : 9223190753.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલું અનુદાન

**પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | શ્રી પન્નાલાલ આર. શાહ (જાન્યુઆરી-૨૦૧૪) |
| ૨૦૦૦૦ | પ્રહિર ફાઉન્ડેશન (ફેબ્રુઆરી-૨૦૧૪) |
| ૪૦૦૦૦ | કુલ રકમ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૫૦૦ | શ્રી સુંદરજી મંગલદાસ પોપટ-પુના |
| ૫૦૦ | કુલ રકમ |

**દિપચંદ ટી. શાહ પુસ્તક-પ્રકાશન (વેચાણ)**

| | |
|---|---|
| ૭૫૦૦ | ડૉ. અશોક જૈન-રાયપુર |
| ૭૫૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ**

| | |
|---|---|
| ૨૦૦૦૦૦ | શ્રીમતી સવિતાબેન શાહ-લંડન |
| ૫૦૦૦ | શ્રી જગદીશ શાહ-સુરત |
| ૨૫૦૦ | શ્રી હિતેનભાઈ મોરારજીભાઈ દેઢિયા |
| ૧૦૦૦ | શ્રી વસંતકુમાર એન. મહેતા |
| ૨૦૮૫૦૦ | કુલ રકમ |

# Thus He Was Thus He Spake

## MARCEL PROUST

*The real voyage of discovery consists not in seeking new landscapes, but in having new eyes.*

☐ Marcel Proust

Marcel Proust was a French novelist, critic and essayist best known for his monumental novel *In Search of Lost Time.* Much of it concerns the decline of aristocracy and the rise of the middle class that occurred in France during the end of the 19th century.

Superficially, the narration follows the lives of three families, Marcel's own, the aristocratic de Guermantes and the family of the Jewish bohemian dilettante Swann. Among the characters are faithless coquette Odette, whom Swann marries, Baron de Charlus (with a fetish for Balzac and Latin quotes), Duchess de Guermantes, Mme de Villeparisis, Robert Saint-Loup and Marcel's great love Albertine.

"Remembrance of things past is not necessarily the remembrance of things as they were."

The novel begins with the childhood recollections of a character called Marcel who shares Proust's first name though he is not actually Proust. However both were haunted throughout their lives by their desire to do 'great work'. The memories are occasional and involuntary, triggered when he eats a Madeleine cake dipped in herbal tea such as he had when he was a child. Involuntary gusts of memory have now been baptized Proustian moments by some. In the book, Marcel uses this cake-soaked flavor to return to his childhood home in the town he lived in. This becomes a theme through the book with sensations returning both Marcel and the readers to his previous experiences. More than voluntary memory, Proust called involuntary memory the essence of the past.

"Thanks to art, instead of seeing one world only, our own, we see that world multiply itself and we have at our disposal as many worlds as there are original artists, worlds more different one from the other than those which revolve in infinite space, worlds which, centuries after the extinction of the fire from which their light first emanated, whether it is called Rembrandt or Vermeer, send us still each one its special radiance."

Proust was born in a suburb of Paris in the 19th century. His father was a celebrated doctor known for his research work in epidemiology. His mother was the daughter of a wealthy stockbroker. Proust was an asthmatic child but he had been sickly right from birth. As he grew, he showed an interest in studying law and political science and he even did a bit of military service. His ill health prevented him from pursuing a professional like actively but he had shown an interest in writing right from his early student days; he excelled in literature in school. His sketches were published in Le Figaro in the 1890s and in Le Banquet, a magazine founded by some of his school friends.

"People do not die for us immediately, but remain bathed in a sort of aura of life which bears no relation to true immortality but through which they continue to occupy our thoughts in the same way as when they were alive. It is as though they were traveling abroad."

His first book was Pleasure and Days, a collection of poems, essays and stories that came out in 1896. His sickly nature did not prevent him from enjoying himself socially. He moved around in circles filled with intellectually and artistically energetic people. Greats like John Ruskin, Henri Bergson, Wagner and Anatole France influenced his thoughts. He began work on his masterpiece in 1908 after withdrawing from society almost completely, following the death of his mother.

"Happiness is beneficial for the body, but it is grief that develops the powers of the mind."

☐ **RESHMA JAIN**
The Narrators
Mobile: 9820427444

*"The thirst for something other than what we have…to bring something new, even if it is worse, some emotion, some sorrow; when our sensibility, which happiness has silenced like an idle harp, wants to resonate under some hand, even a rough one, and even if it might be broken by it."*

☐ **Marcel Proust**

# THE GLORIOUS DARŚANAS

BY : ATISUKHSHANKAR TRIVEDI

## CHAPTER-2 : NĀSTIKA DARŚAN

**Materialism or the Lokāyata View:**Lokāyata=di-rected to the world Sense. It is the view which rests on Sense-perception as the only source of knowledge. The doctrine is connected with the name of Chārvāka, and was first collected in the Sūtras of Brihaspati which have perished. Accoridng to it there is no soul. The soul is identified differently with the gross body, the sense, the breath and the organ of thought. Matter alone is real, for perception can cognise nothing else, There is nothing like inference. Heaven and Hell are delusions. Only this world exists.

In this world pleasure and pain are central facts. `Eat, drink and be marry' should be the rule of life.

The Vedas are to be disregarded. The Vedic rites were only invented as a means of livelihood. If a beast slain in a sacrifice goes to heaven, why does not the sacrificer slay his own father and send him to heaven? When the body is reduced to ashes, nothing remains of it; how can it ever return?

**Jainism :** Jainism is older than Buddhism. The first Tirthankara was Rishabha and the 24th was Vardhamāna Mahāvira who flourished from 599 B.C. to 527 B.C. There are two Sects of Jainism, the Śvetāmbaras and the Digambaras, the latter having more rigorous ascetic rules than the former. Their sacred books consist of 14 Parvas and 11 Angas, almost all written between the 6th and 12th century A.D.

The Chhāndogya Upaniṣad saw that the Permanent alone was Real. As against this Buddhism held that there is no Unchanging Substance, only the passing qualities exist.

Jainism offers a reconciliation of Vedāntism and Buddhism, against the Absolutism of the Upaniṣads and the Pluralism of Buddhism. It offers Relative Pluralism (Anekāntavāda). The Jaina view was that nothing could absolutely exist (Na-Ekānta) : affirmations are true only relatively. Thus a gold jug is substance as a collection of gold atoms, but is *not* so in the sense of jug-space (ākāśa). It *is* and *is not* a substance. It is atomic as made up of earth-atoms and not of water-atoms, and so on. Affirmation is thus true only in a limited or relative sense.

**Syādvāda :** The different points of view from which things may be viewed are called Nayas in Jain Philosophy; they talk of 7 points of view and so of Saptabhanginaya (7 alternative view-points). This is their view of the Relativity of Being.

In the same way there is also the Ralativity of Predication. This view of theirs is known as their Syādvāda, i.e., Maybe-ism; May be, it is; may be, it is not; may be, it is and is not; may be it is not predicable; may be, it is and yet not predicable; may be, it is *not*, and yet not predicable; may be it is and is not, and yet predicable. The brief upshot of all this is : affirmation can never be absolute.*

In their theory of knowledge the Jains recognise two kinds of knowledge-Perceptual and Non-Perceptual, the former giving direct, the latter indirect, and therefore includes Inference, Imagination, Memory. They do not accept Testimony i.e. the Vedas.

Metaphysically, they accept two chief categories: Jīva (souls) and Ajīva (not-souls). The Jains believe that even the smallest particles are possessed of souls; that the universe is full of minute beings, groups of infinite souls, the nigodas, which are like the Monads of the Leibnitzian Philosophy or like the life element of Bergson. The Jīvas have gradations is them as there

* A thing may be considered in its स्वरूप (own form), स्वद्रव्य (own matter), स्वक्षेत्र (own place), स्वकाल (own time), or not in its form, but other form (पररूप), परद्रव्य, परक्षेत्र & परकाल, Now a jug *is*; it is clay; but it is not , as not, gold; is = is here, but is not = is not there. So may be it is, may be it is not. If we emphasise one view, the other is not predicable; again, if we emphasise *both* predicates, here and there, of the jug, the jug is indescribable. All judgements are according to Jainism double-edged; every affirmation has a negation; if we say that the jug is clay, we imply that it *is not* gold or stone and so on. This means that things have a *complex* nature, an identity in difference. A pot (1) *is* अनित्य (non-permanent : it breaks, (2) *is not* so as clay; (3) is and is not अनित्य from different points or view; (4) is indescribable, if without refering to points of view you say it is and is not अनित्य, (5) is (अनित्य) and is indescribable; (6) *is not* and is indescribable, and (7) is and is not indescribable.

is more or less of the control of self or not-self in them. The highest level of souls are the Siddhātmās, the souls having no taint of Matter in them.*

The perfect nature of Souls is alloyed by Karmas or Actions. Liberation would be possible by freeing the Souls of actions or the Karmas.

Right faith, (Śraddhā), Right knowledge (Jnāna) and Right conduct (Charita) are the *means* for liberating the soul in Bondage. The Ethics of Jainism is rigorous, laying down stricter rules for the mendicants than for the laymen, and emphasising among other principles the doctorine of Ahimsā, or Non-killing a Jīva.

**Buddhism :** The founder of this school was Gautama Buddha, born 560 B. C. The earliest literature of Buddhism is the 3 Pitakas or Baskets of the Law, the Vinaya Pitaka or the Code of Buddhistic Disciplines, the Sutra Pitaka or the Buddhistic Tales and Parables and the Abhidhamma Pitaka or the Doctrines treated scholastically and in a lengthy way. It was about the third century B. C. that these Pitakas were complied. Another important work is the Mahāvarta, which contains the life of the Bodhisattva–the Jatākas i.e., different Buddhistic tales and parables being included in them. The Milinda Pañka or Questions of Milinda is a later but another important Buddhistic book. It is a dialogue between Nāgasena, a Buddhist teacher, and the greek king Menander (who ruled between 125 and 95 B. C. over the Indus territory). The book represents to us Buddhism as it was not in its pure early form, but much later than the age of Buddha, about 400 years after his death. And finally we might note Buddhaghoṣa's Viśuddhimagga (A. D. 400), composed by a Brahmin convert to Buddhism, and setting forth the Hinayana ideal of Buddhism in it.

Buddha was a moral reformer. He had a contempt for ritualism as well as for empty metaphysical discussions. He preached the Āryasatyāni or the Four Āryan Truths, and the Ārya-aṣṭāngamārga or the Eightfold Āryan Path of Salvation.

The Four Ārya Truths declare that (1) there is *Suffering,* (2) it has a *Cause,* (3) it is capable of Suppression and (4) there is a *way* for this suppression. [दुख, समुदय, निरोध, मार्ग]. Buddha considers life to be a series of unending sufferings and believes that by an ethical discipline these suffering can be controlled.

**Buddha View of Life :** Buddha is thus a Pessimist as the Upaniṣadic thinkers were. That life is Sorrow is a fundamental Truth which he dogmatically accepted from the Upaniṣads. Nothing is permanent in this world. All is change. Even the Self is a succession of conscious states. The only continuity is the continuity of Becoming : one thing depends on another : Paticcasamuppada* or the origin of one thing in dependence on another.

In his dynamic view of all Things, Buddha resembles Heraclitus, and foreshadows Bergson at a very early age. In his view that the Soul is a series of States of Consciouṣness he resembles the modern philosopher Hume.

Buddha explains the origin and supperssion of suffering by his doctrine of Paticcasamuppada (प्रतीत्यसमुत्पाद) i.e, the the theory of Dependent Origination. It sets forth 12 Fundamental sources of Evil in the form of a causally connected series as under:

A. Evils due to the Past Life :

1. Ignorance. 2. Hereditary Impressions (संस्कार)

B. Evils due to the Present Life :

3. Consciousness of self (विज्ञान),

4. Mind and Body (नामरूप).

5. Sense Organs (षड्आयतन). 6. Contacts (स्पर्श).

7. Emotion (वेदना), 8. Desire (तृष्णा).

9 Atttachment (उपादान).

C. Evils due of the Future Life :

10. Becoming or begining of existence (भाव).

11. Rebirth (जाति)12. Old age and Death (जरा मरण).

From Ignorance spring Mis-impressions, from them Consciousness of Self etc., etc., down to the last, i.e., from Rebirth spring Old age and Death. And by the destruction of Ignorance, Mis-impressions are de-

* The total number of categories according to Jainism is nine: जीव, अजीव, पुण्य, पाप, आस्त्रव (inrush of Karma-matter in the soul), संवर (cessation of Karma-rush on the soul, बन्ध (Bondage, cleavage or attachment of Karma with the soul), निर्जरा (Destruction of Karma which are enjoyed and after they are enjoyed), मोक्ष (Salvation).

* प्रतीत्यसमुत्पाद-arising in correlation with. It is a general principle of causation. What exists has a cause; remove the cause, and the effect will disappear. Buddha expounded a special causal formula which expounded the removal of suffering by the ultimate removal of ignorance. This compares well with Spinoza's Law of Necessity, though it also shows superiority of Buddhism.

stroyed, and so on, till the last chain, : by destruction of Rebirth, Old age and Death are Destroyed, There is thus a twelvefold dependent origination which positively and negatively sets forth the causes of suffering and their Annihilation respectively.

Ethically Buddha preaches a Moderate Idealism, a मध्यम मार्ग, avoiding Devotion to Passions and Self-Mortification. This middle path leads to Nirvāṇa (the Buddhist Salvation). It stops the working of Karma or Action. It consists 8 factors and so it is named the Ārya-aṣṭāngamārga: Right Belief, Right Aspirations, Right Speech, Right Conduct, Right Livelihood, Right Effort, Right Mindedness and Right Meditation.

When Suffering is controlled by a discipline as set forth above, the final stage of acquisition is Nirvāṇa. It means (1) Blowing out or Destruction, or (2) Cooling. When only human passions are extinct, it is a Secondary type of Nirvāṇa (उपाधिशेष); when there is total disappearance from the transitory world it is Absolute Nirvāṇa or Parinirvāṇa (अनुपाधिशेषनिर्वाण).

Buddha was a reviler of the Vedas. Also, he hated exoteric, i.e. secret doctrines. `O disciples, there are those to whom secrecy belongs, to women, to priestly wisdom and to false doctrines.' He did not believe in the existance of God, All world is a Momentary Flux (क्षणिक वाद) and Salvation is possible only by a practical Method, moral discipline (a यान or Vehicle) and not by Knowledge (दर्शन or Philosophy).

There are two forms of Buddhism as it developed : (1) the Hinayāna or the Little Vehicle, and (2) the Mahayāna or the Big Vehicle. The Hinayāna goal was only that of Individual Salvation.The Mahayāna goal was higher, that of Universal Salvation. Philosophically, the former were phenomenalists. They believed that All things were impermanent. The latter were Nihilists i.e., they believed that All is Void at bottom.

There were two schools of Hinayānism: (1) that of Vaibhāsikas, the Presentationists, and (2) that of the Sautrāntikas, the Representationists. They believe only in the authority of Sūtras. So they are called Sautrāntikas. According to the Vaibhāsikas, we get a direct knowledge of the external world.* According to the Sautrāntikas, we do not have direct knowledge of the objects. The two Schools are Sarvāstivavādins (believe that everything exists).

The Mahāyānist Schools were: (1) that of the Vijñānavādins or the Idealists. It is the school of Yogāchāra (on its prectical side). It says that nothing but States of consciousness exist. Phenomena are nothing external, they are only of our own mind. It is only due to Illusion (माया) that they appear as subject and object. The Vijñānavādins are to the Sautrānikas what Berkeley was to Locke, as when Berkeley denied the unknown matter and said that only ideas exist. (2) The Mādhyamika School or Nihilism. No appearances have any intrinsic value of their own; all is Void, The world is only the apprearance of IIlusions. Like the Vedāntins this school believing in the theory of world-illusion recognises two kinds of Truth, the Absolute or Ultimate, and the Phenomenal or Illusory. The Mādhyamikas are sometimes known as Sarvavaināśikas (Nihilists). The Vijñānavādins or Buddhisits of the school of Yogāchāra believe in the reality of cognitions only, but not in the existence of external objects; while the Mādhyamikas deny the reality of cognitions also, after proving the non-existence of objects. Both deny the existence of external objects. But the Mādhyamika's denial of the reality of cognitions is based on his denial of the reality of external objects.

The Vaibhāṣikas came into prominence about the third century after Buddha's death, the Sautrāntikas about the fourth century, the Mādhyamikas about the fifth century, and the Vijñānavādins about the 8th, i.e., in about the third century A.D. Buddhism was very strong in the 5th, 6th and 7th centuries.

(To be continued in next issue)

* प्रत्यक्षसिद्धं बाह्यार्थमसौ वैभानिको ऽ ब्रवीत् ।
बुद्धयाकारानुमेयोऽर्थो बाह्य: सौत्रान्तिकौदित: ।।
बुद्धिमात्रं वदत्यत्र योगाचारो न चापरम् ।
नास्ति बुद्धिरपीत्याह वादी माध्यमिक: किल ।।

## GANDHI'S QUOTES

- You must not lose faith in humanity. Humanity is an ocean; if a few drops of the ocean are dirty, the ocean does not become dirty.
- Prayer is not asking. It is a longing of the soul. It is daily admission of one's weakness. It is better in prayer to have a heart without words than words without a heart.
- A man who was completely innocent, offered himself as a sacrifice for the good of others, including his enemies, and became the ransom of the world. It was a perfect act.

# Eleventh Tirthankar Bhagwan Shreyaunsnath

Vishnuraj and Vishnudevi were the king and queen of Sinhpur. The queen was very religious minded. The king always supported her and tried to fulfill all her wishes. They were living a very happy life. The king was very happy to listen from the queen's mouth the good news about the queen's pregnancy. They were waiting for the new arrival in their family. With the grace of God the queen delivered a baby boy on the twleth day of the dark half of the month of Bhadrapad. The son was named Shreyaunskumar.

The prince was also very clever. As he grew up the king also realized that after the prince becomes major he can become free from his duty and practice religion after giving responsibility to the prince.

So one day he called and conveyed Prince his wishes. The prince Shreyaunskumar also willingly accepted the offer.


The king Shreyaunsnath also after ruling for some years felt like his father of retiring and practicing penance so he also handed over the kingdom's responsibility to his son and joined some group of Jain monks. He became a Jain saint and started living a saintly life till he attained `Keval Gyan' under a mango tree. After some time i.e. after a certain period he also attained Nirvan on the third day of the dark half of the month of Shravana on Samet Shikhar after one month's fasting.

It is said during the period of Shreyaunsnath only Bhagwan Mahavir was the first Vasudev in his last birth by the name of Tripushta.


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં


**ડી.વી.ડી.**




**।। મહાવીર કથા ।।**

**બે ડી.વી.ડી. સેટ**


ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**



**।। ગૌતમ કથા ।।**

**ત્રણ ડી.વી.ડી. સેટ**


અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**।। ઋષભ કથા ।।**

**ત્રણ ડી.વી.ડી. સેટ**

પ્રાચીન કાળના વાતાવરણ સાથે રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**




**।। નેમ-રાજુલ કથા ।।**

**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા

+ પ્રત્યેક સેટ (ત્રણ ડી.વી.ડી.) ની કિંમત રૂા. ૨૦૦/- + ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ

**ઘરે બેઠા દિવાનખાનામાં ધર્મતત્ત્વ કથાશ્રવણનો દૃશ્ય લાભ**

**ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાનભૂમિનું આત્મસ્પર્શી દર્શન કરાવશે જ સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્યકર્મ પ્રાપ્ત કરો + વસ્તુ કરતાં વિચારદાન શ્રેષ્ઠ છે.**

+ ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ

+ બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.

૨. ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453
Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month

Published on 16th of every month & Posted at
Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# પંથે પંથે પાથેય

## પૂ. મોરારીબાપુ અને સર્વ ધર્મસમભાવ

❑ ડૉ. મહેબૂબ દેસાઈ

પ. પૂ. મોરારીબાપુ માત્ર ગુજરાતના જ નહિ પણ સમગ્ર વિશ્વના સંત અને કથાકાર છે. પણ તેમની ઓળખ અહિંયા અટકતી નથી. તેઓ કથાકાર કરતાં એક શિક્ષક અને સુધારક વિશેષ છે. રામાયણની કથા તો વર્ષોથી એક જ છે. પણ તે કથામાં સાંપ્રત વિચારો, સમસ્યાઓ અને સર્વધર્મસમભાવને સુંદર અને અસરકારક રીતે સાંકળીને તેમણે એક સામાજિક ચિંતકનો દરજ્જો પણ પ્રાપ્ત કર્યો છે. તેમની કથામાં વ્યક્ત થતો સર્વધર્મસમભાવ એ માત્ર શબ્દો કે વિચાર નથી. પણ જીવનમાં અપનાવેલ વ્યવહાર અને સંસ્કાર પણ છે.

આજથી લગભગ ૧૫ વર્ષ પૂર્વે ૧૯૯૮માં 'શમ્મે ફરોઝા' નામક મારી કોલમનો પ્રથમ સંગ્રહ 'માનવ ધર્મ ઈસ્લામ'ના નામે પ્રસિદ્ધ થવામાં હતો. ત્યારે તેને બાપુના આશિષ વચનો પ્રાપ્ત થાય તેવી ઈચ્છાએ મારા મનમાં જન્મ લીધો. એ સમયે હું અંગત રીતે બાપુના પરિચયમાં ન હતો. એટલે બાપુના નાના ભાઈ ચેતન બાપુ ભાવનગરની શ્રી જમોડ હાઈસ્કૂલમાં શિક્ષક છે. તેમને મેં મારી ઈચ્છા દર્શાવી. અને પૂ. મોરારીબાપુએ મને જોયા કે મળ્યા વગર પુસ્તકની પ્રત જોઈ મને આશિષ વચનો લખી આપ્યા. તેમનું એ ટૂંકું લખાણ આજે પણ જાણવા અને માણવા જેવું છે. તેમાં એક અજાણ્યા મુસ્લિમ પ્રત્યેનો બાપુનો નિર્મળ પ્રેમ અને સર્વધર્મસમભાવ અભિવ્યક્ત થાય છે.

'આ. ડૉ. મહેબૂબ સાહેબનું આ દર્શન ઉપર ઉપરથી જોઈ ગયો છું. સમય અભાવે પૂરું જોઈ શક્યો નથી. પરંતુ જે વિષયો ઉપર સરળ અને સહજ સમજ વ્યક્ત થઈ છે એ સૌ માટે માર્ગદર્શક છે. વાત શાસ્ત્રાત્મક, સત્યાત્મક અને સ્નેહાત્મક હોય ત્યારે એ વ્યક્તિના આત્મતત્વ સુધી પહોંચે છે. મહેબૂબ સાહેબનો આ પ્રયાસ સૌ માટે પ્રસાદ બની રહો એવી પ્રભુ પ્રાર્થના! શુભકામના! રામ સ્મરણ સાથે.'

એ પછી અમારા વચ્ચે સાચ્ચે જ નિર્મળ પ્રેમનો નાતો બંધાયો. ૨૦૦૨ના રમખાણોમાં મારા ઘર ઉપર પણ પથ્થરમારો થયો. એ સમાચાર બીજે દિવસે અખબારમાં પ્રસિદ્ધ થયા. સવારની નમાજ પૂર્ણ કરીને હું હજુ ચિંતિત મુદ્રામાં બેઠો હતો ને મારો ફોન રણક્યો. સામે છેડેથી બાપુનો પ્રેમાળ અવાજ સંભળાયો.

'મહેબૂબભાઈ, તમારા ઘર પર પથ્થરમારો થયાના સમાચાર વાંચી દુઃખ થયુ. અહિયા ચાલ્યા આવો. મને તમારી અને તમારા કુટુંબની ચિંતા થાય છે.'

તેમનો લાગણીભર્યો ભીનો અવાજ મને સ્પર્શી ગયો. મેં કહ્યું, 'બાપુ, ઈશ્વર જ્યાં સુધી નૈતિક હિંમત આપશે ત્યાં સુધી ટકી રહીશ. પછી આપની શરણમાં જરૂર આવી જઈશ.'

એ પછી ૨૦૦૫માં મારા એક વડીલ અધ્યાપકના વિદાય સમારંભમાં બાપુ મહેમાન હતા. અને હું યજમાન હતો. ત્યારે મંચ પર અમે સાથે કદમો માંડ્યા હતા. એ પળ મારા માટે ધન્ય હતી. ચાલતા ચાલતા બાપુ એટલું જ બોલ્યા હતા.

'મહેબૂબભાઈ, શિક્ષક તરીકે તમે મને ગમે તેવું કાર્ય કરો છો.'

૨૦૧૦માં અમે બંને પતિ-પત્ની બીજીવાર હજ્જ કરવા ગયા. હજ્જયાત્રાએથી પાછા આવ્યા પછી હું બાપુને ઝમઝમનું પાણી અને આજવા ખજુરની ન્યાઝ (પ્રસાદી) આપવા તેમના મહુવાના આશ્રમે ગયો. અનેક ભક્તોની હાજરીમાં તેમણે મને આવકાર્યો. ઝમઝમના પાણીનું મારા હસ્તે જ તેમણે આચમન કર્યું. અને પછી ઝમઝમના પાણીની બોટલ મારી પાસેથી માંગતા કહ્યું, 'મહેબૂબભાઈ સાથે આજે મારી પણ હજ થઈ ગઈ.'

પછી થોડીવાર અટકી બોલ્યા, 'ઝમઝમના પાણીમાં રોટલો બનાવીને જમીશ.'

અને ત્યારે ભક્તોની વિશાળ મેદનીએ બાપુના આ વિધાનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું. લગભગ એકાદ વર્ષ પૂર્વે બાપુ બગદાદ (ઈરાક)માં કથા કરવા જવાના છે તેવા સમાચાર અખબારમાં પ્રસિદ્ધ થયા. ઈરાકના બગદાદ શહેરથી એક સો કિલોમીટર દૂર કરબલાનું મેદાન આવેલું છે. જ્યાં હઝરત ઈમામ હુસૈન અને યઝીદ વચ્ચે ૧૦ ઑક્ટોબર ૬૮૦, ૧૦ મોહરમ, હિજરી ૬૧ના રોજ યુદ્ધ થયું હતું. સત્ય અને અસત્યની એ લડાઈમાં હઝરત ઈમામ હુસૈન અને તેમના ૭૨ સાથીઓ શહીદ થયા હતા. ઈસ્લામમાં એ સ્થાનની યાત્રાનું પણ વિશેષ મહત્વ છે. એટલે એ સ્થાનની ઝીયારત કરવાના મોહમાં મેં બાપુને એક પત્ર પાઠવ્યો. તેમાં લખ્યું,

'અલ્લાહ સૌની દુવા કબુલ ફરમાવે છે. પણ તે માટે ખુદા માધ્યમ તરીકે કોઈ માનવી કે ફરિશ્તાની પસંદગી કરે છે. કદાચ મારી આ યાત્રા માટે ખુદાએ આપની પસંદગી કરી હશે. આપ બગદાદ જાવ તો મને પણ આપની સાથે યાત્રાની તક આપશો એવી ગુજારીશ છે.'

આ પત્ર પાઠવ્યા પછી તો એ વાત હું ભૂલી પણ ગયો. પણ થોડા દિવસો પૂર્વે હું સહકુટુંબ બાપુના આશ્રમમાં ગયો હતો. ત્યારે મારા સમગ્ર કુટુંબને આશીર્વાદ આપતા બાપુએ કહ્યું,

'મહેબૂબભાઈ, તમારી પણ એક ખ્વાહિશ મારે પૂરી કરવાની છે.'

હું અચરજ નજરે બાપુને તાકી રહ્યો. જ્યારે મન તેમની વાતનું અનુસંધાન શોધવા લાગ્યું. પણ મને કશું યાદ ન આવ્યુ. અંતે મને દ્વિધામાં પડેલો જોઈ બાપુના ચહેરા પર સ્મિત પથરાઈ ગયું અને તેઓ બોલ્યા, 'મહેબૂબભાઈ, બગદાદમાં કથા થશે તો તમારી ધાર્મિક યાત્રા પાકી.'

અને હું એ સંતની અન્ય ધર્મના માનવીની અભિલાષાને પૂર્ણ કરવાની તત્પરતા ગળગળો બની સાંભળી રહ્યો. મારી આંખોમાં પાણી ઉભરાઈ આવ્યું. એ ઉભરાઈ આવેલા નીરને ખાળતા હું એટલું જ બોલી શક્યો.

'બાપુ, કરબલાની મારી યાત્રા થાય કે ન થાય, પણ આપે મને આટલો પ્રેમ અને આદર આપી અહિંયાં જ કરબલાની યાત્રાનું પુણ્ય મેળવી લીધું છે. કારણ કે કુરાને શરીફમાં કહ્યું છે.

'અલ આમલ બિન નિયતે' અર્થાત્ સદ્ કાર્યનો વિચાર માત્ર પુણ્ય છે.'

અને આંખના નીરને અન્ય ભક્તજનોથી છુપાવવા મેં બાપુના હીંચકાથી દૂર જવા કદમો ઉપાડ્યા. અને બાપુએ હિંચકામાંથી ઊભા થઈ મને વિદાય આપી. ત્યારે એ અદ્‌ભુત દૃશ્યને સમગ્ર ભક્તો એક નજરે તાકી રહ્યા હતા. ✱ ✱ ✱

૮, મીનલ કૉઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, રોયલ અકબર ટાવર પાછળ, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૦૯૮૨૫૧૧૪૮૪૮

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૧ (કુલ વર્ષ ૬૨)

અંક-૧૧, ફેબ્રુઆરી, ૨૦૧૪ પાના ૪૪ કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



જૈન સરસ્વતી, ગામ-ઉમતા (વિસનગર, ગુજરાત) વિ. સં. ૧૨૩૬, ઈસ્વી સન્ ૧૧૮૦

## જિન-વચન

**જે આત્માને અહિત કરનાર છે તેને જ્ઞાની પુરુષોએ છોડી દેવા જોઈએ**

जसं कित्तिं सिलोगं च जा य वंदणपूयणा ।
सव्वलोयंसि जे कामा तं विज्जं परिजाणिया ।।

(सू. १-९-२२)

યશ, કીર્તિ, પ્રશંસા, વંદન, પૂજન તથા આ સમસ્ત લોકમાં જે કામભોગો છે તે બધાં આત્માને અહિત કરનાર છે, એમ જાણીને જ્ઞાની પુરુષે તે છોડી દેવાં જોઈએ.

A wise man should know that fame, glory, praise, honour, homage and the material pleasures of the whole world are harmful to the self and therefore should renounce them.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૧.
- કુલ ૬૨મું વર્ષ.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

### દિવસ – આ શબ્દનો અર્થ કેટલો વિસ્તરી શકે ?

વાત જસદણના આલા ખાચરની છે.

આલા ખાચરના હૃદયમાં દાનની પાતાળગંગા સમી સરવાણી સતત વહેતી રહેતી હતી, યાચક આવ્યો નથી અને દાન દીધું નથી!

સહજ રુચિવાળા જીવ જ્યારે દાન આપે ત્યારે લેનારને એનો ભાર લાગતો નથી અને દેનારનો હળવો થાય છે. આલા ખાચરની દાન-સરવાણી નદીનું રૂપ ધારણ કરે, આગળ વધતાં એનો ધોધ રચાય ત્યારે રાજ્યના દીવાનને ચિંતા થાય જ થાય! આમ ને આમ સતત દાનપ્રવાહ ચાલુ રહેશે તો તિજોરીનું તળિયું આવી જશે. રાજ કેમ ચાલશે?

એકવાર એકાંત જોઈને દીવાને ઇશારો કર્યો: બાપુ! હવે તો હાઉ કરો! આ તો યાચકો છે, રોજ-રોજ આવ્યા કરશે. આપ આપો છો એટલે આવે છે.

બાપુ કહે: યાચક આવે છે એટલે હું આપું છું.

દીવાન કહે:એ તો ગોળ છે તો માખી આવે જ ને!

બાપુના સ્વભાવમાં દાન આપવાનું વણાઈ ગયું હતું. સ્વભાવને કારણની શી જરૂર? આપ્યા વિના ચેન ન પડે તેવો સ્વભાવ હતો.

એક રાત્રે ડાયરો બરાબર જામ્યો હતો. છેક મોડે સુધી ચાલતો રહ્યો. છેવટે બગાસાંએ તેડું મોકલ્યું અને ડાયરો વિખરાયો. આછા અજવાળાં વેરતા દીવા ટમટમતા હતા.

બાપુએ દીવાનને નજીક બોલાવ્યા: અહીં આવો તો! જુઓ, આ શું છે?

સેવક પાસે કપડું આઘું કરાવ્યું જોયું તો ગોળનો રવો!

દીવાન બોલ્યા : બાપુ! ગોળ છે!

આલા ખાચર કહે: તો માખી કાં નથી?

દીવાન કહે: એ તો દિવસ હોય ત્યારે આવે!

બાપુએ આ સાંભળતાં જ કહ્યું: હું પણ એ જ કહું છું. મારા પણ દિવસો છે, તો યાચકો આવે છે!

ચતુર દીવાન મર્મ સમજી મૂછમાં મરકી રહ્યા. બાપુને મનોમન પ્રણામ કર્યા.

('આલા' અરબી ભાષાનો શબ્દ છે. 'અવ્વલ' શબ્દ પણ એમાંથી બન્યો. આલા એટલે મોટો. આલા ખાચરે આ નામને પણ શોભાવ્યું!)

સૌજન્ય : 'પાઠશાળા'

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | દંતકથા સમાન શ્રાવક : શ્રી દીપચંદભાઈ ગાર્ડી | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | સમતાની સાધના-સર્વજ્ઞ કથિત પરમ સામાયિક ધર્મનું મહત્ત્વ | પારૂલબેન ભરતકુમાર ગાંધી | ૬ |
| (૩) | સામાયિક પ્રશ્નોત્તરી | — | ૮ |
| (૪) | ૧૦૮ અંકનો મહિમા | ડૉ. પ્રવીણ સી. શાહ | ૧૦ |
| (૫) | ઉપનિષદમાં અક્ષરબ્રહ્મનો વિચાર | ડૉ. નરેશ વેદ | ૧૧ |
| (૬) | જર્મન સંન્યાસિની | ભાણદેવજી | ૧૩ |
| (૭) | ભજન-ધન-૫ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૧૬ |
| (૮) | શ્રી મું. જૈ. યુ. સંઘ યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા | — | ૧૮ |
| (૯) | રે પંખીડા, અનંતાકાશે વિહરજો! | મીરા ભટ્ટ | ૨૧ |
| (૧૦) | જાત્રા બહારથી આંતરીય | ઉષા રાજીવ પરીખ | ૨૩ |
| (૧૧) | ભાવ-પ્રતિભાવ | — | ૨૫ |
| (૧૨) | જયભિખ્ખુ જીવનધારા : ૫૭ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૮ |
| (૧૩) | જીવનમાં હળવાશ અનુભવો | જાદવજી કાનજી વોરા | ૩૧ |
| (૧૪) | સંગીતમય જૈન મંત્ર સ્તવનઃ ફંડ રેઇઝીંગ કાર્યક્રમ | — | ૩૨ |
| (૧૫) | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૪ |
| (૧૬) | શ્રી મું. જૈ. યુવક સંઘને મળેલું અનુદાન | — | ૩૫ |
| (17) | Karma Talks | Reshma Jain | 36 |
| (18) | The Glorious Darshanas Chapter III | Atisukhshankar Trivedi | 37 |
| (૧૯) | પંથે પંથે પાથેયઃ(૧) બાપે ૨૫૦૦૦માં દીકરીનો સોદો કર્યો (૨) બાળપણ છીનવાઈ ગયું | ઇંદિરા સોની | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૧ (કુલ વર્ષ ૬૨) • અંક : ૧૧ • ફેબ્રુઆરી ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૦ • વીર સંવત ૨૫૪૦ • માહ વદિ તિથિ-૧ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •  • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## દંતકથા સમાન શ્રાવક

## શ્રી દીપચંદભાઈ ગાર્ડી

સમય : ૧૫ ઓગસ્ટ, ૨૦૦૬, સવારે.

સ્થળ : બિરલા માતુશ્રી સભાગૃહ.

પ્રસંગ : ડૉ. રમણભાઈના સાહિત્યના સાત પુસ્તકોનું લોકાર્પણ.

પ્રમુખ : શ્રી દીપચંદભાઈ ગાર્ડી.

નિયત થયેલા સમય કરતાં પોણો કલાક મોડો સમારંભ શરૂ થયો. મહાનુભાવ વક્તાઓએ પણ સમય મર્યાદા ન જાળવી. મોડું થતું ગયું. અંતે પ્રમુખશ્રીનું વ્યાખ્યાન. પ્રમુખ શ્રી દીપચંદભાઈ ગાર્ડીને વક્તવ્ય આપવાની અમે વિનંતી કરી. પ્રમુખશ્રીનું વક્તવ્ય માંડ અડધું થયું ત્યાં ચાલુ વક્તવ્યે જ બિરલા સભાગૃહની મેનેજમેન્ટે પડદો પાડી દીધો. કેટલું બધું અપમાનજનક ! વધુ સમય આપવો બિરલા સભાગૃહની મેનેજમેન્ટ માટે શક્ય નહોતું. કારણકે પછીના કાર્યક્રમવાળા આવી ચૂક્યા હતા, અને એમને સ્ટેજ આપવાનું હતું. અમે બધા અવાક્ , મૂંઝવણ, છોભીલા પડી ગયાં. શ્રોતાઓમાં ગણગણાટ અને ગુસ્સો. હું અને પૂ. તારાબહેન ખૂબ જ અસ્વસ્થ મને શ્રી દીપચંદભાઈ પાસે પહોંચી ગયા, અને દિલગીરી વ્યક્ત કરી, પણ દીપચંદભાઈ તો પૂરા સ્વસ્થ અને અમને હસતા હસતા કહે, 'થિએટરવાળાને તો એનો નિયમ પાળવો જોઈએ ને ? અને મારે કાંઈ વધુ કહેવાનું પણ બાકી રહ્યું ન હતું !'

દીપચંદભાઈની જગ્યાએ બીજા કોઈ શ્રેષ્ઠિ કે મહાનુભાવ હોત તો ? કેટલાં ધૂંઆપૂંઆ થયા હોત ? પ્રસંગને કેટલો અશોભનીય બનાવી દીધો હોત !

દીપચંદભાઈ વિશે, એમની દાનવીરતા વિશે મેં ઘણું ઘણું સાંભળ્યું હતું. મારે એમની સાથે કોઈ ખાસ પરિચય પણ નહિ. પરંતુ ઉપરના પ્રસંગે દીપચંદભાઈ મારા અંતરમાં એક સાચા શ્રાવક તરીકે બિરાજાઈ ગયા, મનથી વંદનીય બની ગયા.

દીપચંદભાઈ કહેતા કે મને કોઈ ગુસ્સે કરાવે તો એક લાખનું ઈનામ આપું. આ ઈનામ કોઈ જીતી શક્યું નથી. કદાચ એમના દીર્ઘ આયુષ્યનું આ પણ એક કારણ હશે.

ભગવાન મહાવીરે પ્રબોધેલા મહાવ્રતોમાં અપરિગ્રહ, અહિંસા અને જીવદયા એમના જીવનના અણુએ અણુમાં રસાયણની જેમ વહે. મહાત્મા ગાંધીની ટ્રસ્ટીશીપની ભાવનાને દીપચંદભાઈએ પોતાના વ્યવહારમાં સાકાર કરેલી.

ઉપનિષદ-વેદના ભવ્ય વિચાર 'ત્યેન ત્યક્તેન ભુંજિથાઃ' –'તેનો ત્યાગ કરીને ભોગવ'ના ઉમદા ભાવ-વિચારને પોતાના જીવનમાં

**સ્મૃતિ-શ્રદ્ધાંજલિ**

**સ્વ. શ્રીમતિ પ્રભાવતી ગાંધી**
**સ્વ. શ્રી હીરાલાલ ગાંધી**
**સૌજન્યદાતા પ્રાર્થી**
**શ્રી ગૌતમ હીરાલાલ ગાંધી • શ્રીમતિ દક્ષા પ્રકાશ ગાંધી**
**શ્રીમતિ ભારતી ગૌતમ ગાંધી • શ્રીમતિ પારુલ હિમાંશુ દોશી**
**શ્રીમતિ સુહાસ ઉમેશ ગાંધી**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

દીપચંદભાઈએ ચરિતાર્થ કર્યો હતો.

જીવનભર કરોડોનું દાન કરનાર આ પુણ્યાત્મા જન્મથી ગર્ભશ્રીમંત ન હતા.

*મને મોક્ષના આશીર્વાદ ન આપો, હું તો ફરી ફરી જન્મ લઉં અને ધર્મ, સમાજ, રાષ્ટ્રની સેવા કરું એવા આશીર્વાદ આપો.*

ચોવીસ એપ્રિલ ૧૯૧૫માં સૌરાષ્ટ્રના નાના ગામ પડધરીમાં પિતા સાવરાજને ત્યાં માતા કપૂરબેનની કૂખે મધ્યમવર્ગી પરિવારમાં જન્મ. ચાર વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી ત્યારે માતાની ઉંમર માત્ર વીસ વર્ષની. ગરીબાઈમાં માતાએ આ ભવિષ્યના દાનવીરને ભણાવ્યો. બી.એસસી., એલએલ. બી. સુધી. ૧૯૪૨માં ઈંગ્લૅન્ડ જઈ બેરિસ્ટર એટ લો બન્યા. મુંબઈમાં હતા ત્યારે ભણતી વખતે આજીવિકા માટે નોકરી કરી, જમીનની દલાલી પણ કરી, અને આ જમીન – જમીનો થઈ એમને અગણિત ગુણાકારે ફળી. પરંતુ એ આવકના ગુણાકારને એમણે સમાજ પાસે ધરી દીધો. નિયતિએ આપ્યું એ એમણે શ્રાવક નિયમમાં પરિવર્તીત કરી દીધું.

ધરતીના બે મહાન ગુણ. એક ક્ષમા અને બીજું ઉપાર્જન. ધરતીને એક દાણો આપો, એ આપણને હસતા હસતા અનેક દાણા આપે. દીપચંદભાઈમાં આ બંન્ને ગુણ. ક્ષમાવાન શ્રાવક તો ખરા જ, પણ જમીનમાંથી જે મળ્યું એને અનેકગણું કરી સમાજ–રાષ્ટ્રને ચરણે ધરી દીધું.

ભણ્યા કાયદાનું, થોડી કાયદાની કોર્ટ વકીલાત પણ કરી, ૧૯૪૯માં ચોંત્રીસ વરસની ઉંમરે વકીલાત છોડી, અને પછીના સતત પાંસઠ વર્ષ સુધી સમાજ-ધર્મને આપવા આપવાનું જ કામ કર્યું.

સીધી લીટીના આ શ્રાવકે બાળ વયમાં એવી ભાવના ભાવી હતી કે હું રોજ રૂા. સો, રૂા. એક હજારનું દાન કરું. પણ આ ઉચ્ચ ભાવનાએ નિયતિએ એમને એવી શક્તિ આપી કે રોજનું એક લાખનું દાન આપી શકે, અને આપ્યું. ધર્મ, તીર્થ, કેળવણી, આરોગ્ય, જીવદયા અને વિવિધ ક્ષેત્રે અગણિત દાનનો પ્રવાહ આ સાધુચરિત શ્રાવકે વહાવ્યો.

પોતાના જીવનમાં સંપૂર્ણ સાદાઈને અપનાવનાર દીપચંદભાઈ પોતાને ભગવાનનો મુનીમ સમજતા. ઉપરાષ્ટ્રપતિ પદ માટે વિવેકપૂર્વક ના કહેનાર આ દાનવીરે સરકારને કહ્યું, એ પદ ઉપર હું બેસીશ તો સમાજ સેવાનું મારું વ્રત તૂટશે. સાધુ મહાત્માઓને એઓ કહેતા, મને મોક્ષના આશીર્વાદ ન આપો, હું તો ફરી ફરી જન્મ લઉં અને ધર્મ, સમાજ, રાષ્ટ્રની સેવા કરું એવા આશીર્વાદ આપો.

દીપચંદભાઈએ એટલું બધું ધન ઉપાર્જન કર્યું હતું કે એઓ પોતે અતિવૈભવ અને આલીશાન મહેલમાં રહી શકત. પણ એમણે એ ન કર્યું, અને એ વૈભવ સમાજને અર્પી દીધો.

જૈનરત્ન, સમાજરત્ન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ડૉક્ટર ઑફ લેટર-ડીલીટ-ગુજરાત ગરિમા એવોર્ડ, રાજીવ ગાંધી એવોર્ડ, ગિરનાર એવોર્ડ, મિલેનિયમ સંત–આવા તો અનેક એવોર્ડ પ્રાપ્ત કરનાર દીપચંદભાઈ ધર્મ અને સમાજની અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી સ્થાને હતા, અને એ સંસ્થાઓના રાહબર હતા.

શ્રી ગાર્ડી સાહેબ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જીવનના અંતિમ શ્વાસ સુધી સતત ૨૧ વર્ષ પ્રમુખ રહ્યા. પોતાના શિક્ષણકાળ દરમિયાન દીપચંદભાઈ મહાવીર વિદ્યાલયમાં એક જ વર્ષ રહ્યા હતા, પણ એ ઋણ એમણે કેટલા બધા ગુણાકારથી ચૂકવ્યું!

દીપચંદભાઈની રાહબરીમાં વિદ્યાલયે હિમાલય જેવી પ્રગતિ કરી. આ સંસ્થામાં દીપચંદભાઈનું ખાસ યોગદાન તો એ કે એમણે ત્રણ કન્યા છાત્રાલયનું નિર્માણ કરાવ્યું અને એ પણ એ ભાવનાથી કે દીકરી એ દીકરી છે, પછી એ ભલે એ લખપતિની હોય, પણ દીકરી પાસેથી ફી તો ન જ લેવાય. આ નિયમમાં દીપચંદભાઈ અડગ રહ્યા. કેવી ઉચ્ચ ભાવના!

દીપચંદભાઈએ જ્યાં જ્યાં દાન આપ્યું છે એનો ઉલ્લેખ કરવા જાઉં તો પાના ભરાય, પણ અહીં બે સંસ્થાની વાત કરવા માટે મારું મન મને આગ્રહ કરી રહ્યું છે.

દીપચંદભાઈએ સોલાપુરમાં અંગ્રેજી માધ્યમની એક કન્યાશાળા 'વાત્સલ્યધામ'ના નામથી શરૂ કરી. કઈ કન્યાઓ માટે? રૂપજીવીનીની કન્યાઓ માટે! આવો વિચાર અન્ય કોઈને આવ્યો? ન સરકારને, ન કોઈ શિક્ષણવિદ્ કે ન કોઈ દાતાને! આવી કન્યાઓને શિક્ષણ ન મળત તો એ કન્યા ભવિષ્યમાં શું થાત? આ કન્યાઓને શાળા પછી આગળ શિક્ષણ મળે એની જોગવાઈ પણ દીપચંદભાઈએ કરી. દીપચંદભાઈએ સમગ્ર નારી જાતની આ કેટલી મોટી સેવા કરી છે. દીપચંદભાઈની દીર્ઘદૃષ્ટિ અને આવી કરુણા માટે આપણું હૃદય નમે જ નમે!

ગાર્ડીસાહેબે કરોડોના ખર્ચે


## 'પ્રબુદ્ધ જીવન' સૌજન્ય દાતા

'પ્રબુદ્ધ જીવન'ના કોઈ પણ એક અંક માટે રૂા. ૨૦,૦૦૦/- નું અનુદાન આપી આપ એ અંકના સૌજન્યદાતા બની શકો છો. વસ્તુદાન અલ્પજીવી છે, જ્ઞાનદાન ચિરંજીવ છે અને એના જેવું ઉત્તમ દાન એક પણ નથી.

રૂા. ૩,૦૦,૦૦૦/- રૂા. ત્રણ લાખનું અનુદાન 'પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા કોર્પસ ફંડ'માં આપી ૨૦ વર્ષ માટે કોઈ પણ એક મહિના માટે સૌજન્ય લખાવી શકો છો.

**પુણ્યતિથિ અને પુણ્યસ્મૃતિ માટે ચિરંજીવ સ્મૃતિ**
**સંસ્થાનો સંપર્ક કરવા વિનંતિ–૦૨૨-૨૩૮૨૦૨૯૬.**



• **૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–**(U.S. $ 20) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–**(U.S. $ 50) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–**(U.S. $ 80)
• **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–**(U.S. $180)

ઈંદોરમાં એક હોસ્પિટલ ઊભી કરી છે, જ્યાં 'કેશ કાઉન્ટર' જ નથી. કોઈ પણ દર્દી ક્યારે પણ આવે, એક પૈસો પણ ચૂકવવાનો નહિ! ગાર્ડીસાહેબે માનવ માત્રની લાચારીનો કેટલો ઊંડો અભ્યાસ કર્યો હશે?

> તેઓ દુ:ખી મનુષ્યના ચહેરા ઉપર મેઘધનુષી પ્રસન્નતા પ્રગટાવી શકે છે.

નાત-જાતના ભેદભાવ વગર એમણે બધાંને મદદ કરી છે. મુસલમાન બિરાદરોને હજની યાત્રા કરવા માટે પણ એમણે મદદ કરી છે.

દીપચંદભાઈ 'ગીવોલોજી' પંથના પંથક છે. એમણે બસ બધે જ અને બધાને આપે જ રાખ્યું છે. આ આપવાની અદ્ભુત પ્રસન્નતા એમણે મ્હાણી છે. જ્યારે જ્યારે, જ્યાં જ્યાં આપણે તેમને મળીએ ત્યારે આ પ્રસન્નતા એમના મુખ ઉપર છવાયેલી આપણને દેખાય જ. આ પ્રસન્નતા જોવી એ પણ એક લ્હાવો છે. આવી પ્રસન્નતા એમણે આપણને આપી જ છે.

આ 'પ્રબુદ્ધ જીવન'ના એઓ વાચક અને ચાહક હતા. ૧૫-૦૫-૨૦૦૭માં એમણે અચાનક રૂા. એક લાખ અને પચ્ચીસ હજાર અમને મોકલી આપ્યા અને અમને સૂચના આપી કે ગુજરાતની ૧૦૦ કેળવણી સંસ્થા, પુસ્તકાલય તેમ જ બૌદ્ધિકોને પોતાના તરફથી 'પ્રબુદ્ધ જીવન' આજીવન મોકલવું.

થોડાં વર્ષો પહેલાં આપણા પ્રસિદ્ધ સાહિત્યકાર જયભિખ્ખુની શતાબ્દી નિમિત્તે હું અને ડૉ. કુમારપાળભાઈ દીપચંદભાઈને અન્ય કામ માટે મળવા ગયા. દીપચંદભાઈને ત્યાં સવારે જાવ તો પાકો નાસ્તો કરાવ્યા વગર આપણને ઊઠવા જ ન દે, એમાંય ગાંઠિયા તો ખાસ. આપણને એવા વ્હાલથી ખવડાવે કે આપણે અસલ કાઠિયાવાડના મોસાળમાં બેઠા હોઈએ. પોતે જાતે એક પછી એક વાનગી ડબ્બામાંથી કાઢતા જાય અને આપણી પ્લેટમાં મૂકતા જાય. અને કુલ બે-ત્રણ કલાક તો એમની સાથે ક્યાંય પસાર થઈ જાય. હોંશે હોંશે નવી યોજનાઓ કહેતા જાય, એમાં આત્મપ્રશંસાનો છાંટો ય ન હોય, પણ આત્મસંતોષ છલકાતો આપણે અનુભવી શકીએ.

વાતવાતમાં જયભિખ્ખુની નવલકથા 'પ્રેમભક્ત કવિ જયદેવ'નું મેં નાટ્ય રૂપાંતર કર્યું છે એ વાત નીકળી તો રાજી થતાં કહે, 'આ તો નવી વાત, જયભિખ્ખુ, કુમારપાળ અને તમે જૈન ધર્મી, પણ આ કથા-નાટકમાં તમે કૃષ્ણની ભક્તિની વાત કરી છે. આ વાત અન્ય સમાજ પાસે પહોંચાડવી જ જોઈએ કે જૈનોએ કૃષ્ણ ભક્તિ પણ કરી છે. જૈનો અનેકાંતવાદમાં માને છે અને અનુસરે છે. શક્ય હોય તો આ નાટક ભજવજો અને પુસ્તકનું લોકાર્પણ ભવ્ય રીતે કરજો જેથી બધાંને જાણ થાય.' આમ કહી તરત જ આ કાર્ય માટે જયભિખ્ખુ ટ્રસ્ટને નામે એક ચેક આપ્યો. અમને જણાવતાં આનંદ થાય છે કે આ કાર્ય ૭ ડિસેમ્બર ૨૦૧૩ ગૌરવપૂર્વક સંપન્ન થયું. આ શુભકાર્યના નિમિત્ત પણ દીપચંદભાઈ બન્યા. દીપચંદભાઈ અન્ય ધર્મને આવો આદર આપતા.

દીપચંદભાઈ વિશે વિગતે જીવનચરિત્ર લખાવું જોઈએ, જે ભવિષ્યની પેઢીને અમૂલ્ય પ્રેરણા આપશે. દીપચંદભાઈએ તો સમાજ માટે ઘણું બધું કર્યું. હવે એમનું જીવનચરિત્ર લખીને આ બધી સંસ્થાઓએ એમના પ્રત્યેનું ઋણ ચૂકવવું રહ્યું.

મારા વિદ્વાન ગઝલકાર મિત્ર શૈલેષ કોઠારીએ દીપચંદભાઈ વિદ્યમાન હતા ત્યારે એક નાની પુસ્તિકા લખી છે. એમણે દીપચંદભાઈને યથાર્થ રીતે આજના ભામાશા, જગડુશા અને મોતીશા કહ્યાં છે.

૯૯ વર્ષનું દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત કરનાર દીપચંદભાઈના આત્માને પ્રેમાંજલિ, શ્રદ્ધાંજલિ અર્પી આ ઉમદા શ્રાવકના મહાન આત્માને મારા મિત્ર શૈલેષભાઈ કોઠારીના આ શબ્દો થકી જ વિરમું છું.

'કાઠિયાવાડમાંના પડધરીમાં જન્મ લઈને એક બેરિસ્ટર સુધીની જીવનયાત્રા ખેડનાર આ નરબંકા જૈન આત્માએ મહાજ્ઞાની, મહાત્યાગી અને મહાફકીર મહાવીરના માર્ગે જ કદમો મૂક્યાં છે જે હંમેશા ઇતિહાસના પાને સુવર્ણ અક્ષરોમાં અંકિત થયેલા રહેશે. ગાર્ડી સાહેબનું વ્યક્તિત્વ બહુમુખી રહ્યું છે. તેઓ દુ:ખી મનુષ્યના ચહેરા ઉપર મેઘધનુષી પ્રસન્નતા પ્રગટાવી શકે છે. તેઓ ઓલવાતા મનુષ્યોની બાજુમાં બેસીને તથા ઘીના દીવાનો ઉજાસ બનીને શાતા આપે છે. તેમનું જીવન માનવતાની મહેક રેલાવતું અખંડ સેવાવ્રતના માર્ગે ગતિ કરનારું બની રહ્યું છે.'

ૐ શાંતિ ૐ અર્હમ્ નમઃ

**❑ધનવંત શાહ**

drdtshah@hotmail.com

## શ્રીમદ્ રાજચંદ્ર પ્રસાદ

### વચનામૃત

**(જાન્યુઆરી અંકથી આગળ)**

*૮૧ જીવતાં મરાય તો ફરી મરવું ન પડે એવું મરણ ઈચ્છવા યોગ્ય છે.*
*૮૨ કૃતઘ્નતા જેવો એક્કે મહા દોષ મને લાગતો નથી.*
*૮૩ જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત!*
*૮૪ વસ્તુને વસ્તુગતે જુઓ.*
*૮૫ ધર્મનું મૂળ વિ. છે.*
*૮૬ તેનું નામ વિદ્યા કે જેનાથી અવિદ્યા પ્રાપ્ત ન થાય.*
*૮૭ વીરના એક વાક્યને પણ સમજો.*
*૮૮ અહંપદ, કૃતજ્ઞતા, ઉત્સૂત્રપ્રરૂપણા, અવિવેકધર્મ એ માઠી ગતિના લક્ષણો છે.*
*૮૯ સ્ત્રીનું કોઈ અંગ લેશમાત્ર સુખદાયક નથી છતાં મારો દેહ ભોગવે છે.*
*૯૦ દેહ અને દેહાર્થમમત્વ એ મિથ્યાત્વ લક્ષણ છે.*

**(ક્રમશઃ આગળ આવતા અંકે)**

# સમતાની સાધના–સર્વજ્ઞ કથિત પરમ સામાયિક ધર્મનું મહત્વ

☐ શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી

આજનો માનવી ભૌતિક સુખ-સગવડના સાધનોથી સમૃદ્ધ બનતો જાય છે અને પોતાની જાતને મહાન માનવાનો પ્રયત્ન કરે છે. પરંતુ વાસ્તવમાં તે આંતરના શત્રુઓથી જ મહાત થાય છે. જેમ જેમ બાહ્ય પદાર્થો પરનું મમત્વ વધે તેમ આત્માના કર્મબંધન વધુ ગાઢ બને છે, સંસારભ્રમણ વધે છે. દરેક માનવીના જીવનમાં જે અશાંતિ, પીડા, તૃષ્ણા, ઈર્ષ્યા આદિની અનુભૂતિ થાય છે તેનું મૂળ કારણ રાગ-દ્વેષ જેવા આંતરશત્રુઓ છે. જડ પ્રત્યેનો રાગ અને ચૈતન્ય પ્રત્યેનો દ્વેષ સર્વે આપત્તિ–અનર્થોના કારણરૂપ છે. માનવજીવનની મહત્તા ભૌતિક સંપત્તિ, સત્તા કે સુખભોગમાં નહિ પરંતુ અંદરમાં રહેલા રાગ-દ્વેષ-કામ-ક્રોધ વગેરે પર વિજય મેળવવામાં છે. એ માટેની સાધનાનો માર્ગ 'સમતાની સાધના– સામાયિક'થી શરૂ થાય છે.

કોઈ વ્યક્તિ ગમે તેટલા જપ, તપ કરે. સાધુવેશ ધારણ કરીને સ્થૂળ ક્રિયાકાંડરૂપ સામાયિક ચારિત્રના આચારનું પાલન કરે પરંતુ સમતાભાવરૂપ સામાયિક વિના કોઈનો મોક્ષ થયો નથી ને થશે પણ નહિ. તીર્થંકરદેવ સર્વપ્રથમ ઉપદેશ સામાયિક ધર્મનો જ આપે છે. વળી તેઓ પોતે દીક્ષા ગ્રહણ કરતી વખતે પ્રથમ સામાયિક સાધનાના જ પચ્ચક્ખાણ લે છે.

સામાયિક સમગ્ર વિશ્વને સુખ–શાંતિ અને સમાધિ આપે છે. જે જીવને શિવ, આત્માને પરમાત્મા રૂપે પરિવર્તિત કરવાની અદ્ભુત ક્ષમતા ધરાવે છે. જીવમાત્ર માટે 'આત્મવત્ સર્વ ભૂતેષુ'ની ભાવના. પ્રેમના ક્ષેત્રની મર્યાદાને વિકસાવવી, જે પ્રેમ કુટુંબ પરિજન પૂરતો મર્યાદિત છે તેને સમસ્ત પ્રાણીઓમાં વિસ્તારવો, નિરવધિ અને વિશ્વવ્યાપી બનાવવો એ સામાયિક ધર્મની સાધના છે; એ જ મોક્ષમાર્ગ છે. સામાયિકની સાધના દ્વારા પાપકારી પ્રવૃત્તિઓથી નિવૃત્ત થતાં અશુભ કર્મોનો બંધ અટકે છે. પૂર્વસંચિત કર્મોની નિર્જરા થાય છે.

સામાયિક એ **આવશ્યકનું મૂળ છે. જિનશાસનનું પ્રધાન અંગ છે.** તેનાથી આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ સઘળા **તાપ-સંતાપનો નાશ થાય છે.** સામાયિક એ **દિવ્ય જ્યોતિ** છે. મોહાંધકારથી વ્યાપ્ત જગતમાં **મોક્ષમાર્ગ દેખાડનાર** છે! સામાયિક એ **જિનેશ્વરદેવની આજ્ઞા સ્વરૂપ** છે કારણ આશ્રવનો સર્વથા ત્યાગ અને સંવરનો સ્વીકાર એ છે જિનાજ્ઞા. સામાયિક એ **પરમમંત્ર** છે. જેના પ્રભાવથી રાગ-દ્વેષના હળાહળ ઝેર પણ ઉતરી જાય છે. સામાયિક એ **અચિંત્ય ચિંતામણિ** છે, **અપૂર્વ કલ્પવૃક્ષ** છે. જેના પ્રભાવથી સાધકની સાધના ફળે છે અને સર્વે શુભ કામનાઓ પૂર્ણ થાય છે. સામાયિક એ **સર્વગામી-ચક્ષુ** છે. વિવેક-અંતરચક્ષુ ઊઘડી જતાં અનુક્રમે સર્વ પદાર્થોના જ્ઞાતા-દૃષ્ટા બને છે. સામાયિક દ્વારા જ પાપનો પરિહાર અને જ્ઞાનાદિ સદ્ અનુષ્ઠાનોનું સેવન થાય છે. આવા સામાયિકનું મહત્ત્વ આજકાલ ઘટતું જાય છે. દેવ-દર્શનમાં, જાહેર વ્યાખ્યાનોમાં અને હજારોની સંખ્યામાં માનવમેદની ઊમટી પડી હોય તેવા સમારંભોમાં આજકાલ સામાયિક કરવી અશક્ય તો નહિ પરંતુ મુશ્કેલ જરૂર બની જાય છે.

સામાયિકનું મહત્ત્વ કેટલું છે તે તેનું સ્વરૂપ જાણવાથી ખ્યાલ આવે છે. એનું સ્વરૂપ જાણ્યા પછી વ્યક્તિને સમજાશે કે આપણે સામાયિક નથી કરી તો આપણે જિંદગીમાં કેટલું ગુમાવ્યું છે. **દુનિયામાં જે આખી જિંદગી ખર્ચો કર્યા વગર ધન ભેગું કરે એનાથી વધુ કમાણી બે ઘડીના એક સામાયિકમાં છે.** જેવી રીતે વ્યક્તિ યુદ્ધ કરવા જાય તો શણગાર ન સજે પરંતુ શસ્ત્રો સજે તેવી રીતે સામાયિક કરી આત્માના શત્રુઓ સામે યુદ્ધ કરનારો, મોહરાજા સામે બાથ ભીડનારો સામાયિકના ઉપકરણોમાં સજ્જ થઈ સામાયિક આદરે.

ત્રણ લોકમાં, ત્રણ કાળમાં દુ:ખ મુક્તિનો અને સુખપ્રાપ્તિનો, મમતાને મારવાનો અને સમત્વ ધારણ કરવાનો, મોહને મારી મોક્ષપ્રાપ્તિનો એક માત્ર ઉપાય એટલે સામાયિક. સુખમાં લીન ન થવું અને દુ:ખમાં દીન ન થવું, અનુકૂળતામાં રાગવિજય, પ્રતિકૂળતામાં દ્વેષવિજય કરી સમતા ટકાવવી તે સામાયિક. ગમતામાં આસક્તિ નહિ અણગમતામાં દ્વેષ નહિ, સંયોગમાં હર્ષ નહિ વિયોગમાં ખેદ નહિ, મિત્રમાં સ્નેહ નહિ શત્રુમાં વેર નહિ, જીવન જીવવાનો મોહ નહિ, મરણ આવે તો ભય નહિ તેનું નામ સામાયિક. સામાયિક એ શ્રાવકનું નવમું વ્રત, પહેલું શિક્ષાવ્રત, બીજો વિસામો અને શ્રાવકની ત્રીજી પડિમા છે.

સામાયિક એ છ આવશ્યકમાં પહેલો આવશ્યક છે, સમ્યક્ પરાક્રમનો આઠમો બોલ છે, શ્રાવકનો બીજો મનોરથ છે. ચાર પરમ અંગમાં ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા, સંયમમાં પરાક્રમરૂપી પરમ અંગ રહેલા છે. તીર્થંકર ભગવાનની પહેલી દેશનામાં મનુષ્યો જ્યારે પ્રત્યાખ્યાનરૂપી સામાયિક કરે ત્યારે જ તો તીર્થની સ્થાપના થાય છે. **દેવલોકમાં અસંખ્ય દેવો પાસે સમ્યગ્ દર્શન છે, ૧૧ અંગ છે, અવધિજ્ઞાન છે, ક્ષાયિક સમકિત છે પણ તેઓ તીર્થમાં નથી; કારણ સામાયિક-પ્રત્યાખ્યાન નથી. જન્મથી મહાસંવેગ-નિર્વેદ હોવા છતાં સામાયિક લીધા વિના તીર્થંકરોને કેવળજ્ઞાન તો શું મન:પર્યવજ્ઞાન પણ થતું નથી કારણ ધર્મ માત્ર ભાવપ્રધાન નથી, આચારમૂલક અને ચારિત્રપ્રધાન પણ છે.** અને એટલે જ ચક્રવર્તીઓ પણ ૬ ખંડ, ૯ નિધાન, ૧૪ રત્નો, ૧૬૦૦૦ દેવ, ૩૨૦૦૦ રાજા, ૬૪૦૦૦ રાણીઓને છોડી સામાયિક રત્ન અંગીકાર કરે છે, સંયમ લે છે. સામાયિક રત્ન ગ્રહણ કર્યા વિના ચક્રેશ્વરી તે નરકેશ્વરી અર્થાત્ ચક્રવર્તી નિયમા નરકે જાય છે. આથી જ ભૂતકાળમાં અનંતા

ચક્રવર્તીઓએ છકાય દયા પાળવા સંયમ અંગીકાર કર્યો છે.

સમભાવપૂર્વક એક મૂહૂર્ત (બેઘડી) માટે શુદ્ધ સામાયિક કરનાર શ્રાવક સામાયિકમાં આયુષ્ય બાંધે તો દેવલોકનું ૯૨, ૫૯, ૨૫, ૯૨૫ ૩/૮ પાયોપમનું શુભ આયુષ્ય બાંધે છે. આ તો દેશવિરતિ એક સામાયિકનું ફળ છે. જે સર્વવિરતિ સામાયિક વરસો માટે આદરે છે તેને કેટલું ફળ મળશે એ કલ્પના બહારની વાત છે.

આ જ તિર્છાલોકમાં, અઢીદ્વિપ બહાર, અસંખ્ય દ્વિપોમાં, અસંખ્ય સમુદ્રોમાં અસંખ્ય તિર્યંચ પંચેન્દ્રિયો ૧૨ વ્રત ધારીને નિત્ય અને નિયમિત સામાયિક કરે છે તે તમે જાણો છો? સરેરાશ અનંતા ભવોમાં એક ભવ માનવનો, અનંતાકાળમાં અલ્પકાળ માનવનો, અનંતા જીવોમાં એક જીવને દુર્લભ એવો માનવભવ મળે છે. જ્યાં માનવભવ જ દુર્લભ છે ત્યાં શ્રુત સામાયિક અને જિનવાણી તો દુર્લભ જ ને? કારણ એ માટે સમ્યક્ પરાક્રમ કરવું પડે.

સામાયિક ત્રણ પ્રકારની છે. **સમ્યક્ત્વ સામાયિક** એટલે જિનવાણીમાં નિર્ગ્રંથ પ્રવચનમાં પ્રતીતિ–રુચિ કરવાથી થાય. બીજી **શ્રુત સામાયિક** જિનવાણી શ્રવણથી, જીવ આદિના જ્ઞાનથી સમ્યક્જ્ઞાન પામવાથી સમતાની પ્રાપ્તિ થાય. ત્રીજી **ચારિત્ર સામાયિક** એના બે પેટા પ્રકાર દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક. આ બંને પ્રત્યાખ્યાન કરી ચારિત્રના નિયંત્રણ દ્વારા સમતાની પ્રાપ્તિ કરાવે છે. આથી જ **અસંખ્યકાળની સમ્યક્ત્વ સામાયિક કરતાં બે ઘડીની દેશવિરતિ સામાયિક ચડે અને ક્રોડ પૂર્વની દેશવિરતિ સામાયિક કરતાં બે ઘડીની સર્વવિરતિ સામાયિક ચડે.** આથી જ અસંખ્ય સમકિતી દેવો ચોથા ગુણસ્થાનકે અને માનવી એક સામાયિક પણ કરે તો અસંખ્ય દેવોથી પણ ચડી જાય પાંચમા ગુણસ્થાનકે.

આવી સામાયિક કરીએ ત્યારે કરોડ રૂપિયાની લોટરી લાગે એનો જે આનંદ આવે એનાથી વધુ આનંદ હોય. કારણ **ધર્મની સામે ધન તો કોહિનુરની સામે કોલસા સમાન છે.** અરિહંતો અચેલ હોય છે. તેમના હાથની આંગળીઓ વચ્ચે છિદ્ર હોતાં નથી. તેઓ અપ્રમત્ત હોય છે. ખુલ્લા મુખે બોલતા નથી. કેવળી ભગવાન પણ મુહપત્તિ બાંધે જ છે તો આ ઉપકરણ અનંત સૌભાગ્ય દેનાર ધર્મની ધજા છે! ચક્રવર્તીઓ, રાજાઓ, તેમની પટરાણીઓ સહિત અસંખ્ય લોકોએ જે ઉપકરણો પહેર્યા એ મુહપત્તિ, ચોલપટ્ટા, પછેડી, રજોહરણ (ઓઘો) વગેરે જેવા ઉપકરણો–એનું મહત્ત્વ સમજો. **માનવભવ જો મુક્તિનું મંગળદ્વાર છે તો ચારિત્ર ચાહે બેઘડીનું (દેશવિરતિ) હોય કે આજીવન (સર્વવિરતિ) એનું ઉદ્ઘાટન કરાવીને અંદર પ્રવેશ અપાવતી ગુરુ ચાવી છે.** આવા ઉપકરણોની ઉપેક્ષા ન હોય. આ તો અરિહંતની આજ્ઞા છે, ધર્મના ધ્વજ છે, જીવદયાના સાધન છે, અભયદાનનું પ્રતીક છે, સાધનાની સ્મૃતિ છે, અહિંસાનો સતત વહેતો પ્રવાહ છે, સમભાવની સાધનાની પ્રતીતિ કરાવનાર છે. રસોઈ બનાવતી વખતે તેમાં જો મીઠું જ ભૂલાઈ જ ગયું હોય તો તે રસોઈ કેવી બને? આપણે પણ જ્યારે વિધિ અને ઉપકરણોમાં વેઠ ઊતારીએ ત્યારે એ સામાયિક કેવી થાય? દૂધમાં પાણી પણ ન નંખાય તો ઝેર તો કેમ નંખાય? તેવી જ રીતે સામાયિક કરતી વખતે તેમાં અવિધિનું પાણી પણ ન નંખાય તો સાવદ્યતા, શિથિલાચાર, કીર્તિ અને લાલચના ઝેર કેમ નંખાય?

સંસારના માર્ગમાં આત્માના કલ્યાણનો વિચાર કર્યા વિના જેમ-તેમ, દેખાવની, લોલમલોલ સામાયિક કરીશું તો જેમ રાજાના વેષના પણ ઠેકાણા ન હોય એવો નાટકીયો રાજા ક્યાંથી હોય? તેમ આપણે પણ ન સામાયિકનો વેષ હોય કે ન આવદ્યત્યાગ આપણે પણ ધર્મના નાટકીયા બનવું છે? જો એમ ન કરવું હોય તો બાહ્ય પરિણતિઓથી વિરક્ત થઈ આત્મોન્મુખ બનો. સર્વ જીવો પ્રત્યે સમભાવ-મૈત્રીભાવ, સાવદ્યયોગથી નિવૃત્તિ, નિરવદ્ય યોગમાં પ્રવૃત્તિ, નિમય-તપ, સમભાવનું સંગઠન છે એવી સામાયિક આદરો. સામાયિક અને પ્રતિક્રમણ એ બંનેને ભગવાને આવશ્યક કહ્યા છે. આથી જ એને કોઈપણ જાતના બંધન નડતાં નથી. સામાયિક-પ્રતિક્રમણની સાધના વિના મોક્ષમાર્ગની સાધના શક્ય જ નથી. સામાયિક વિનાનું જીવન એટલે સુગંધ વિનાનું ફૂલ, માખણ વિનાનું દૂધ અને તેલ વગરના તલ જેવી વાત છે. જેમ તત્ત્વના અભાવમાં જે તે વસ્તુ નિઃસાર બની જાય છે, તેવી રીતે જેના જીવનમાં સામાયિક રૂપી સમભાવ નથી તે ક્યારેય મોક્ષમાર્ગે આગળ વધી જ શકવાનો નથી. આમ અમૂલ્ય એવા સામાયિક રત્નનું મહત્ત્વ સમજી જે જીવો તેની સાધના-આરાધના સમ્યક્ભાવે કરશે તેઓ મોક્ષરૂપી મંઝીલે અવશ્ય પહોંચશે જ..

✷ ✷ ✷

૧ ભક્તિનગર સોસાયટી, ઉષા સ્મૃતિ, રાજકોટ-૩૬૦૦૦૨.
ફોન : ૯૮૨૪૪૮૫૪૧૦ / ૦૨૮૧-૨૨૨૨૭૯૫.

## STORY TELLING

અંગ્રેજી માધ્યમમાં ભણેલા આજના કિશોર અને યુવાનોને અંગ્રેજીમાં જૈન ધર્મની કથા કહેશું તો આ પેઢીને આ દ્વારા જૈન ધર્મના તત્ત્વ અને આચારની ખબર પડશે. જે એમના સંસ્કારને ઉજળા કરશે.

આ માટે આ સંસ્થા શ્રી મું. જૈ. યુ. સંઘ-મુંબઈના પ્રતિનિધિઓ મુંબઈના ઉપાશ્રયમાં જઈ ૫ થી ૨૦ વર્ષના બાળકોને અંગ્રેજીમાં કથા કહેવાનું અભિયાન શરૂ કરશે.

જૈન ધર્મના પ્રચાર માટે આ અભિયાનમાં સાથ આપવા માંગતા હોય એવા અંગ્રેજી જાણનાર બહેનોને અમે નિમંત્રણ પાઠવીએ છીએ.

સંપર્ક : **ડૉ. રેણુકા પોરવાલ–૯૮૨૧૮૭૭૩૨૭**

**ડૉ. કામિની ગોગરી–૯૮૧૯૧૬૪૫૦૫**

# સામાયિક પ્રશ્નોત્તરી

**સામાયિક :**

**પ્રશ્ન :** સામાયિક એટલે શું ?

(૧) સમ+આઈ+ઈક=સામાયિક. જેમાં સમભાવની વૃદ્ધિ થાય, તેનું નામ સામાયિક.

(૨) સર્વ સાવદ્ય હિંસાકારી વ્યાપારનો ત્યાગ તેનું નામ સામાયિક.

(૩) બે ઘડીનું સાધુપણું.

(૪) સિદ્ધના સુખનું સેમ્પલ.

**પ્રશ્ન :** સામાયિકના કેટલા પ્રકાર છે ?

સામાયિકના ૪ પ્રકાર છે.

(૧) **સમ્યક્ત્વ (દર્શન) સામાયિક :** સુદેવ-સુગુરુ-સુધર્મ ઉપર નિશ્ચલ શ્રદ્ધા.

(૨) **શ્રુત સામાયિક :** સ્વાધ્યાય આદિ કરે તે શ્રુત સામાયિક.

(૩) **દેશવિરતિ સામાયિક :** શ્રાવકનાં ૧૨ વ્રત સ્વીકારે.

(૪) **સર્વવિરતિ સામાયિક :** આજીવન સર્વ પાપ-વ્યાપારનો ત્યાગ કરે.

એક સામાયિક હોય તો સમ્યક્ત્વ સામાયિક.

બે સામાયિક હોય તો સમ્યક્ત્વ સામાયિક અને શ્રુત સામાયિક.

ત્રણ સામાયિક હોય તો સમ્યક્ત્વ અને શ્રુત અને દેશવિરતિ અથવા સર્વવિરતિ.

**પ્રશ્ન :** સામાયિક કોણ કરી શકે ?

સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય અને તિર્યંચ કરી શકે.

**પ્રશ્ન :** સામાયિક ક્યારે કરી શકાય ?

સામાયિક ગમે તે સમયે કરી શકાય.

**પ્રશ્ન :** સામાયિક કરતાં પહેલાં સ્નાન-વસ્ત્રશુદ્ધિ જરૂરી છે ?

ના. સ્નાન કરવાથી અપ્‌કાયના જીવોની હિંસા થાય છે, પાપ બંધાય છે, તેથી સામાયિક કરતાં પહેલાં સ્નાન આદિની શુદ્ધિ જરૂરી નથી. પરંતુ શાસ્ત્રના મૂળપાઠનું વાંચન કરતાં પહેલાં વસ્ત્ર અશુદ્ધિથી ખરડાયેલા ન હોય તે જોવું જોઈએ.

**પ્રશ્ન :** એક સામાયિક લઈને ૨ ઘડીને બદલે ૪ ઘડી બેઠાં તો લાભ પૂરો મળે ?

જેણે પહેલેથી ૨ સામાયિક બાંધી હોય તે ૪ ઘડી બેઠાં, તેને વધુ લાભ મળે. જેણે ૧ સામાયિક બાંધી હોય અને જેટલી વહેલી ઉમેરે તેટલો વધુ લાભ મળે અને વધુ લાભ વહેલો શરૂ થઈ જાય. પછી બીજી સામાયિક ઉમેરે તો નિર્જરા ઓછી થાય છે. અને જો બીજી સામાયિક મોડી ઉમેરે, તો નિર્જરા ઓછી થાય છે, અને બીજી ઉમેરી જ ન હોય તો ૨ સામાયિક જેટલો લાભ મળે, પણ નિર્જરા થોડી ઓછી થાય. જેમ ફિક્સ ડિપોઝિટમાં વ્યાજ વધુ અને સેવિંગ ખાતામાં વ્યાજ ઓછું તે રીતે સમજવું.

**પ્રશ્ન :** સામાયિકનો સમય ૪૮ મિનિટનો જ શા માટે ?

એક અંતર્મૂહૂર્ત સુધી જીવના પરિણામો સ્થિર રહી શકે છે, એટલે સામાયિક ૪૮ મિનિટની જ હોઈ શકે છે.

**પ્રશ્ન :** સામાયિક ને શિક્ષાવ્રત કેમ કહ્યું છે ?

સામાયિક દ્વારા સમતાભાવ, નિર્વદ્ય યોગ, અહિંસા આદિના ભાવ, સંસ્કાર આત્મામાં ગાઢ બનાવવાના હોય છે. આત્માને શિક્ષિત કરવાનો હોય છે.

**પ્રશ્ન :** સામાયિકમાં લેવા-પાળવાની વિધિની શું જરૂર છે ?

કોઈ પણ પ્રત્યાખ્યાન પૂર્વે જે પાપ કર્યા હોય, તેનું મિચ્છામિ દુક્કડં દેવાનું હોય છે; અને તો જ ભાવોની શુદ્ધિ થાય છે. માટે સામાયિક લેવાની વિધિમાં તેનું શુદ્ધિકરણ કરવામાં આવે છે. સામાયિક દરમિયાન સ્થિરતા વધે છે. હું સામાયિકમાં છું એવો ઉપયોગ આવતાં પાપકારી પ્રવૃત્તિથી પાછો ફરે છે. અંતે સામાયિક દરમિયાન જે દોષ લાગ્યા હોય તેનાં શુદ્ધિકરણ માટે પાળવાની વિધિ છે. અજાણતાં નાના દોષ લાગ્યા હોય તે તેનાથી ટળી જાય છે અને તેની શુદ્ધિ થાય છે.

**પ્રશ્ન :** સામાયિક જુદા જુદા કયા ભાવોને પ્રગટ કરે છે ?

સામાયિક જુદા-જુદા આઠ ભાવોને પ્રગટ કરે છે, અથવા સામાયિક શબ્દને આઠ નામથી ઓળખાય છે, સંબોધાય છે.

(૧) **સમભાવ સામાયિક :** રાગદ્વેષયુક્ત સંસારસાગરમાંથી પેલે પાર પહોંચાડવામાં સહાયક સમભાવ સામાયિક છે.

દમદત મુનિની જેમ.

(૨) **સમયિક સામાયિક :** જગતમાં સર્વ પ્રાણીઓ પ્રત્યે કરુણા-દયાભાવ રાખવો તે આ સમયિક સામાયિક છે.

મેતારજ મુનિની જેમ.

(૩) **સમવાદ સામાયિક :** રાગ-દ્વેષને છોડી જેવું હોય તેવું જ સત્ય વચન ઉચ્ચારવું તે આ સમવાદ સામાયિક છે.

કાલકાચાર્યની જેમ.

(૪) **સમાસ સામાયિક :** થોડા શબ્દોમાં તત્ત્વના સારને ગ્રહણ કરવાની શક્તિ, પચાવવાની તાકાત તે સમાસ સામાયિક છે.

ચિલ્લાતીપુત્રની જેમ (ઉપશમ, સંવર અને વિવેક)

(૫) **સંક્ષેપ સામાયિક :** થોડાક શબ્દોમાં શાસ્ત્રના ઘણાં ભાવને તરત જ ગ્રહણ કરવાને સંક્ષેપ સામાયિક કહે છે.

ગૌતમ સ્વામીની જેમ.

(૬) **અનવદ્ય સામાયિક :** પાપવ્યાપારોના ત્યાગરૂપ સામાયિક તે અનવદ્ય સામાયિક છે.

ધર્મરુચિ અણગારની જેમ.

(૭) **પરિજ્ઞા સામાયિક :** વસ્તુ-તત્ત્વનું સાચું જ્ઞાન થવું તે પરિજ્ઞા

સામાયિક છે.

ઈલાયચીકુમારની જેમ.

(૮) **પ્રત્યાખ્યાન સામાયિક :** ત્યાગ કરવા યોગ્ય વસ્તુનો ત્યાગ કરવો. ત્યાગ કર્યા પછી ફરીને સ્વીકારવી નહિ, તે પ્રત્યાખ્યાન સામાયિક છે.

તેતલીપુત્રની જેમ.

**પ્રશ્ન :** સામાયિકમાં કેટલા તપની આરાધના થાય છે?

સામાયિકમાં ૧૨ તપની આરાધના થાય છે.

૬ બાહ્યતપ + ૬ આભ્યંતરતપ.

**પ્રશ્ન :** એક સામાયિક કરવાથી કેટલું દેવ-આયુ બંધાય?

૯.૨૫, ૯.૨૫,૯.૨૫ ૩/૮ પલ્યોપમનું દેવ-આયુ બંધાય.

**પ્રશ્ન :** શ્રાવકની ૧૧ પ્રતિમા (પડિમા)માં સામાયિકની કેટલી પ્રતિમા છે?

શ્રાવકની ૧૧ પ્રતિમા (પડિમા) એ સામાયિકની ત્રીજી પ્રતિમા છે.

**પ્રશ્ન :** સામાયિકનું ફળ કેટલું?

પારણામાં કુશ (દાભ)ના અગ્રભાગ જેટલું અનાજ વાપરે અંજલિમાં સમાય તેટલું પાણી લઈ માસખમણના પારણે માસખમણ તપ ક્રોડ વર્ષ સુધી કરે, તેનું ફળ સમકિતી શ્રાવકની સામાયિકના ૧૬મા ભાગ બરાબર થતું નથી. પ્રતિદિન લાખ ખાંડી સોનાના દાન કરતાં અધિક મૂલ્યવાન સામાયિક છે.

**પ્રશ્ન :** સામાયિક માટે ૪૮ મિનિટનો સમય ન હોય, ત્યારે શું કરવું?

૪૮ મિનિટનો સમય ન હોય ત્યારે જેટલી મિનિટનો સમય હોય તેટલો સંવર કરવો. સંવરની વિધિ આસન પાથરી મુહપત્તી બાંધી ૩ વંદના કરી પચ્ચક્ખાણ ગ્રહણ કરવા. 'ન પારું ત્યાં સુધી ૫ આશ્રવ ૧૮ પાપ છકાય જીવની હિંસાના પચ્ચક્ખાણ તસ્સ ભંતે! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણં વોસિરામિ. પારવાની વિધિ. સંવરમાં કોઈ દોષ લાગ્યો હોય તેમાં સમ્મં કાએણં...આણાએ અણુપાલિતા ન ભવઈ તસ્સ મિચ્છા મિ દુક્કડં.'

**પ્રશ્ન :** સામાયિકથી શું લાભ થાય છે?

(૧) સંવર અને નિર્જરાનો મહાલાભ થાય છે.

(૨) મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ-આ પાંચેનો આશ્રવ ઘટે છે.

(૩) સામાયિકમાં જેટલો શુભયોગ પ્રવર્તે એ પ્રમાણે પુણ્ય ઉપાર્જન થાય છે.

(૪) સામાયિકમાં જ્ઞાન આદિ ભણવાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય છે.

(૫) આંખ આદિનો સદુપયોગ કરવાથી દર્શન અને દર્શનિક પ્રત્યેના દ્વેષત્યાગથી દર્શનાવરણીય કર્મની નિર્જરા થાય છે.

(૬) લોકમાં રહેલા સર્વજીવોને અભયદાન દેવાથી શાતાવેદનીય કર્મ ઉપાર્જન થાય અને અશાતાવેદનીય કર્મની નિર્જરા થાય છે.

(૭) સામાયિકમાં કષાયત્યાગથી મોહનીય કર્મ, મિથ્યાત્વ આદિમાં નિર્જરા થાય છે.

(૮) સામાયિકમાં હોય અને આયુષ્ય બંધાય તો વૈમાનિકદેવનું આયુષ્ય બંધાય. ઉત્કૃષ્ટ ૧૫ ભવે મોક્ષે જાય. નરક અને તિર્યંચનું આયુષ્ય ક્યારેય ન બાંધે, તેનો મહાલાભ થાય છે.

(૯) વિભૂષાદિનો સામાયિકમાં ત્યાગ હોવાથી અશુભ નામકર્મની નિર્જરા થાય છે અને શુભનામ કર્મ ઉપાર્જન થાય છે.

(૧૦) સામાયિકમાં નમ્રતા રાખવાથી ગુણીજનોના ગુણગ્રામ, ભક્તિ કરવાથી ઉચ્ચગોત્ર ઉપાર્જન થાય છે. જેનાથી ભવિષ્યમાં જૈનકુળ મળે સાધુ-સાધ્વીનો યોગ મળે, એવું પુણ્ય ઉપાર્જન થાય અને નીચગોત્રનો ક્ષય થાય છે.

(૧૧) સામાયિકમાં કોઈને અંતરાય આપવામાં આવતી નથી, માટે અંતરાય કર્મની નિર્જરા થાય છે. સામાયિક હોય ત્યાં સુધી નરકગતિ નામકર્મ, તિર્યંચ નામકર્મ, સ્થાવર નામકર્મ, એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય નામકર્મ, સૂક્ષ્મ નામકર્મ, અપર્યાપ્ત નામકર્મ, આતાપ નામકર્મ, અનાદેય નામકર્મ, દુર્ભાગ્ય નામકર્મ, દુસ્વર નામકર્મ, ઉદ્યોત નામકર્મ વગેરે ૫૫ નામકર્મની પ્રકૃતિનો બંધ થતો નથી. સામાયિક હોય ત્યાં સુધી હલકા પાંચ સંઘયણ, સંઠાણ, સ્ત્રીવેદ, નપુંસકવેદનો બંધ થતો નથી. અશુભ વિહાયોગતિનો બંધ પડતો નથી. શુભ-વિહાયનો જ બંધ થાય છે.

(૧૨) સામાયિક હોય ત્યાં સુધી મિથ્યાત્વ મોહનીય, અનંતાનુબંધી કષાય, અપ્રત્યાખ્યાનીય કષાયનો બંધ થતો નથી.

(૧૩) સામાયિક કરવાથી જીવ તીર્થંકર નામકર્મનો બંધ કરે છે.

(૧૪) દેવલોકની પ્રાપ્તિ સામાયિક વગર થઈ શકે, પણ મોક્ષની પ્રાપ્તિ માટે સામાયિક આવશ્યક છે.

(૧૫) સામાયિક કરવાથી પાપનો ખેદ થાય. મન, વચન, કાયાનું નિયંત્રણ થાય છે.

સૌજન્ય : શાસન પ્રગતિ

[ તત્ત્વવેત્તા પૂ. વનિતાબાઈ મ.સ.ની નિશ્રામાં આયોજિત 'જ્ઞાનશિબિર'માંથી ]

*અજ્ઞાની માણસ એટલે અશિક્ષિત માણસ નહીં., પણ જે પોતાની જાતને ઓળખતો નથી તે અજ્ઞાની છે. પોતાની જાતને સમજવી એ જ શિક્ષણનો સાચો અર્થ છે. જ્યાં સુધી શિક્ષણના પરિણામે જીવનની સમગ્ર દૃષ્ટિ ન આવે ત્યાં સુધી શિક્ષણનો કોઈ અર્થ નથી.*

# ૧૦૮ અંકનો મહિમા

☐ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

જ્યારે આપણે નામ સ્મરણ જાપની માળા જપીએ છીએ ત્યારે તેમાં ૧૦૮ મણકા જોવા મળે છે અને બીજા ઘણા સ્થાનોમાં ૧૦૮નો આંકડો જોવા મળે છે, તેનો મહિમા જાણવા માટેનું સંશોધન કરતાં નીચેની માહિતી સાંપડે છે.

લગભગ તમામ દર્શનોમાં ૧૦૮ આંકડાને પવિત્ર ગણીને તેનો મહિમા ગાવામાં આવે છે. પૃથ્વીના વ્યાસ કરતાં સૂર્યનો વ્યાસ ૧૦૮ ગણો માનવામાં આવે છે. સૂર્યના વ્યાસ કરતાં ૧૦૮ ગણું અંતર સૂર્યથી પૃથ્વીનું છે. ચંદ્રના વ્યાસ કરતાં ૧૦૮ ગણું સરેરાશ અંતર પૃથ્વી અને ચંદ્ર વચ્ચે છે. આયુર્વેદની અંદર ૧૦૮ મુદ્દાઓ જીવસૃષ્ટિને જીવવા માટે બતાવ્યા છે. શ્રીચક્ર યંત્રની અંદર ૫૪ પુરુષો અને ૫૪ સ્ત્રીના ગ્રહો પાવરફુલ બતાવ્યા છે. જેનો સરવાળો ૧૦૮ થાય છે. ભારતના જ્યોતિષશાસ્ત્રમાં ૧૨ ઘર અને ૯ પ્લાન્ટ બતાવ્યા છે જેનો ગુણાકાર ૧૨ ગુણ્યા ૯=૧૦૮ થાય છે. એવું માનવામાં આવે છે કે સૂર્યની શક્તિથી ૧૦૮૦૦ વાર આપણે દરરોજ શ્વાસ લઈએ છીએ, અને આ આંકડો ૧૦૮ ગુણ્યા ૧૦૦ બતાવે છે. ભરતઋષિ નૃત્યશાસ્ત્રમાં હાથ-પગની નૃત્યની મુદ્રાઓ જેને કરણ કહેવાય છે તેની સંખ્યા ૧૦૮ બતાવી છે. સંસ્કૃત બારાખડીમાં ૫૪ અક્ષરો પુરુષના એટલે કે શિવના અને ૫૪ અક્ષરો શક્તિના ગણીએ તો કુલ ૧૦૮ થાય છે. હિન્દુ સંસ્કૃતિમાં ૧૦૮ પુરાણ જોવા મળે છે અને ૧૦૮ ઉપનિષદ જોવા મળે છે. હિન્દુ વિધિમાં ૧૨નો અંક અને ૯નો અંક આધ્યાત્મિક વિધિ વિધાનમાં અવાર-નવાર પવિત્ર મનાય છે, જેનો ગુણાકાર ૧૦૮ થાય છે. ૧+૮=૯ ગુણ્યા ૧૨ નો જવાબ ૧૦૮ આવે છે. ગણિતશાસ્ત્રમાં ૧ ગુણ્યા ૧=૧, ૨ ગુણ્યા ૨=૪ અને ૩ ગુણ્યા ૩ ગુણ્યા ૩=૨૭ એટલે કે ૧ ગુણ્યા ૪ ગુણ્યા ૨૭=૧૦૮ હર્ષદ નંબર કહેવાય છે. હર્ષદનો અર્થ સંસ્કૃતમાં આનંદનો ગણાય છે અને મનુષ્યની ઈચ્છાઓનો ગણાય છે. એવું પણ માનવામાં આવે છે કે ૧૦૮ પ્રકારના મોરલ હોય છે અને ૧૦૮ પ્રકારના જુઠાણા હોય છે અને ૧૦૮ પ્રકારના માનવીને અજ્ઞાન હોય છે. હાર્ટ ચક્રની (હૃદયના) ચક્રની અંદર ૧૦૮ શક્તિની રેખાઓના છેદ જોવા મળે છે.

જો પ્રાણાયામ કરતી વખતે દિવસમાં ૧૦૮ શ્વાસોચ્છવાસની ક્રિયા કરે તો વ્યક્તિને અંદરથી આનંદ અનુભવાય છે. શ્રીયંત્રમાં ૩ રેખાઓ એકબીજાને છેદે છે અને આવા ૫૪ છેદ શ્રી યંત્રમાં મનુષ્યના શરીરના બતાવે છે. ગણિતશાસ્ત્રમાં એક સીધી રેખાના વચ્ચેના બિંદુથી ૧૦૮ અંશનો ખૂણો રચાય છે. એવું માનવામાં આવે છે કે માનવીના અનુભવની ભૂતકાળની લાગણીઓ ૩૬ હોય છે, વર્તમાનની ૩૬ લાગણીઓ અને ભવિષ્યની લાગણીઓ ૩૬ હોય છે એટલે ત્રણેનો સરવાળો ૧૦૮ થાય છે.

ગંગા નદીનો પટ ૧૨ ડીગ્રીએ લાંબો થાય છે અને ૯ ડીગ્રીએ પહોળો થાય છે એનો ગુણાકાર ૧૦૮ થાય છે. કૃષ્ણ ભગવાનની ગોપીઓ ૧૦૮ મનાય છે. ચાંદીનું દ્રવ્યનું વજન ૧૦૮ ગણાય છે. અધ્યાત્મિક ક્ષેત્રમાં જ્ઞાનની ૧૦૮ રીતો બતાવવામાં આવી છે. જૈન દર્શનમાં પંચપરમેષ્ટિના ૧૦૮ ગુણો બતાવવામાં આવ્યા છે. (અરિહંત-૧૨, સિદ્ધના-૮, આચાર્યના-૩૬, ઉપાધ્યાયના-૨૫ અને સાધુના ૨૭). પંચપરમેષ્ટિના જાપ એટલે કે નવકાર મંત્રના જાપ માટે જૈનદર્શનમાં ૧૦૮ મણકાની માળા રાખવામાં આવે છે. જૈન વિધિમાં ૧૦૮ દીવાની આરતી થાય છે. જૈનોના ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦૮ નામ બતાવવામાં આવ્યા છે. શ્રેણિક મહારાજા ૧૦૮ સોનાના જવનો દરરોજ સાથીઓ કરતા હતા. શત્રુંજય તીર્થની ૧૦૮ જાત્રા કરવાથી નવાણું કર્યું કહેવાય છે. જૈનોના તીર્થાધિરાજ શત્રુંજય તીર્થના ૧૦૮ નામ પ્રસિદ્ધ છે.

ચક્રવર્તી પછી વાસુદેવ અને બળદેવમાં ૧૦૮ લક્ષણો હોય છે. શીખ દર્શનમાં પણ ૧૦૮ મણકા રાખવામાં આવે છે. બુદ્ધ દર્શનમાં પણ ૧૦૮ હોય છે. નીતિશાસ્ત્રમાં ગુણો કેળવવાની સંખ્યા ૧૦૮ અને દોષો છોડવાની સંખ્યા પણ ૧૦૮ હોય છે. ચીનમાં બુદ્ધ લોકો અને ટાયો લોકો ૧૦૮ મણકાની માળા રાખે છે, જેને શુકુ કહેવાય છે. ચીનના જ્યોતિષશાસ્ત્રમાં ૧૦૮ પ્રકારના પવિત્ર સ્ટાર હોય છે.

✷ ✷ ✷

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

*●ખરેખર વિદ્યા કલ્પવૃક્ષની જેમ શું શું સિદ્ધ નથી કરી આપતી! માતાની જેમ વિદ્યા રક્ષા કરે છે, સુંદર કાર્યોમાં પિતાની જેમ આગળ વધારે છે, સુંદર પત્નીની જેમ દુઃખ દૂર કરી આનંદ આપે છે, વિદ્યા લક્ષ્મીનો વિસ્તાર કરે છે, સર્વ દિશાઓમાં વિદ્યા કીર્તિને ફેલાવે છે, માટે જ કલ્પવૃક્ષ જેવી વિદ્યાને મેળવવી જરૂરી છે.*

*●કાગડા જેવું ઝડપી સ્નાન હોય, બગલા જેવું અભ્યાસમાં એકાગ્ર ધ્યાન હોય, કૂતરાના જેવી અતિઅલ્પ નિદ્રા હોય, ભૂખ કરતાં ઓછો આહાર હોય, અભ્યાસ માટે ઘરને છોડ્યું હોય, આ પાંચ બાબતો વિદ્યાર્થીનાં હિતકારક લક્ષણ કહેવાય છે.*

# ઉપનિષદમાં અન્નબ્રહ્મનો વિચાર

❑ ડૉ. નરેશ વેદ

ઉપનિષદના સ્રષ્ટાઓએ આત્માના પાંચ કોશ (પડ) કલ્પ્યા છે. એ છે : અન્નમયકોશ, પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમયકોશ અને આનંદમયકોશ. મતલબ કે આત્મા પાંચ (આવરણો) (Sheath) ની અંદર રહેલો છે. અન્નમયકોશ ઓટલે શરીર, પ્રાણમયકોશ એટલે પ્રાણો, મનોમયકોશ એટલે સંકલ્પવિકલ્પાત્મક મન, વિજ્ઞાનમયકોશ એટલે આંતર પ્રજ્ઞા અને આનંદમયકોશ એટલે આત્માની આનંદમય અવસ્થા. આત્મા આ મ્યાન કે વેષ્ટનમાં રહે છે. પરંતુ એ સ્વયં આ પાંચેય કોશોથી પર છે. આત્માના આ પાંચેય પડો, વેષ્ટન કે આવરણોને તેઓ વિગતે સમજાવે છે. એવી વિગતો આપણને મુખ્યત્વે તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય અને પ્રશ્ન ઉપનિષદોમાં મળે છે. આપણે આ લેખમાં ઉપનિષદના સ્રષ્ટાઓએ જે પાંચ કોશોની વાત કરી છે એમાંથી પ્રથમ કોશ અન્નમયકોશની વાત કરીએ.

બ્રહ્મ ઉર્ફે આત્મા જ સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં હતો. તેણે જ્યારે એવો વિચાર કર્યો કે 'હું લોકો (વિશ્વો)ને ઉત્પન્ન કરું' ત્યારે તેણે અંભ, મરીચિ, મર અને આપમાંથી અંભલોક, દ્યુલોક, મરીચિલોક, મરલોક અને આપોલોક ઉત્પન્ન કર્યા. આવા લોકોનું સર્જન કર્યા પછી એમણે લોકપાળોનો ઉત્પન્ન કર્યા. પછી એણે વિચાર્યું કે આ લોકો અને તેમનું પાલન કરનારા લોકપાળોને તો મેં ઉત્પન્ન કર્યા; હવે તેમને માટે અન્ન ઉત્પન્ન કરું. એવો વિચાર કરીને આત્માએ જળને સેવન દ્વારા ઉષ્ણતા આપી. તેનું સેવન થતાં જ તેમાંથી એક મૂર્તિ (આકૃતિ) ઉત્પન્ન થઈ. જે એ મૂર્તિ (આકૃતિ) ઉત્પન્ન થઈ તે અન્ન હતું. આ અન્નને વાણી દ્વારા, પ્રાણ દ્વારા, આંખ દ્વારા, કાન દ્વારા, ત્વચા દ્વારા, મન દ્વારા કે ગુહ્યેન્દ્રિયો દ્વારા – એમ શેનાથીયે મેળવી શકાતું નથી. કેવળ અપાન વાયુ જ અન્નને મેળવી લે છે. આ અપાન વાયુ જ અન્ન દ્વારા આયુષ્યને ટકાવે છે, એટલે કે અન્ન પ્રજાપતિ છે. તેમાંથી વીર્ય ઉત્પન્ન થાય છે અને તેમાંથી આ પ્રજા ઉત્પન્ન થાય છે.

પૃથ્વીને આધારે જે રહ્યાં છે તે બધાંય પ્રાણીઓ અન્ન દ્વારા જ ઉત્પન્ન થયાં છે, વળી તેઓ અન્ન વડે જ જીવે છે અને છેવટે તેમાં જ લીન થાય છે. પ્રાણીઓ (જીવો-જંતુઓ) માટે અન્ન જ આધારરૂપ અને મુખ્ય છે, અને તેથી જ તે સર્વનું ઔષધ કહેવાય છે. અન્નમાંથી જ પ્રાણીઓ જન્મે છે. જન્મેલા પ્રાણીઓ અન્ન વડે જ વૃદ્ધિ પામે છે. અન્ન પ્રાણીઓનો ખોરાક છે અને પ્રાણીઓ તે અન્નનો ખોરાક છે. અન્ન શબ્દ અદ્ = ખાવું, એ ધાતુ ઉપરથી બન્યો છે, માટે જ તે અન્ન કહેવાય છે. આથી અન્નને બીજું કશું ન સમજતાં બ્રહ્મ જ સમજવું જોઈએ. જેઓ આ અન્નરૂપી બ્રહ્મની ઉપાસના કરે છે, તેમને જરૂર સર્વ પ્રકારનું અન્ન મળે છે.

અન્ન કોના દ્વારા કેવી રીતે ઉત્પન્ન થયું, તેનું સ્વરૂપ અને કાર્ય શું છે, તે સંજ્ઞા કેવી રીતે બની છે, તેનો ધાતુગત અર્થ શો છે, તેનું ખરું સ્વરૂપ શું છે અને તેની મહત્તા કેવી અને શા માટે છે એટલું સ્પષ્ટ કર્યા પછી ઉપનિષદના ઋષિઓ એમની લાક્ષણિક શૈલીમાં અન્નનું મહત્ત્વ આંકતાં જણાવે છે : અન્નની નિંદા કરવી નહિ, કારણ કે એ વ્રત છે. પ્રાણી (જીવ-જંતુ) માટે પ્રાણ અન્ન છે અને એમના શરીરો અન્ન ખાનારા છે. મતલબ કે પ્રાણમાં શરીર સ્થિર બન્યું છે અને શરીરમાં પ્રાણ સ્થિર બન્યો છે. એટલે એમ કહી શકાય કે અન્ન અન્નમાં સ્થિર બન્યું છે. જે, આમ, અન્નને અન્નમાં સ્થિર બનેલું જાણે છે, તે સ્થિર બને છે અને અન્નવાળો તેમજ અન્ન ખાનારો થાય છે.

વળી, તેઓ કહે છે : અન્નનો ત્યાગ કરવો નહિ. કારણ કે એ વ્રત છે – જેમ પ્રાણ તેમ જળ પણ અન્ન છે અને જળમાં રહેલું તેજ અન્ન ખાનારું છે. જેમ જળમાં તેજ સ્થિર બન્યું છે તેમ તેજમાં જળ સ્થિર બન્યું છે. એટલે એમ કહી શકાય કે આ અન્ન અન્નમાં સ્થિર બન્યું છે. જે આમ, અન્નને અન્નમાં સ્થિર બનેલું જાણે છે, તે સ્થિર બને છે અને અન્નવાળો તેમ જ અન્નને ખાનારો થાય છે. તેમ જ પ્રજા, પશુ, બ્રહ્મતેજ અને કીર્તિ વડે જ મહાન થાય છે.

વળી, તેઓ જણાવે છે કે : અન્ન ખૂબ મેળવવું. કારણ કે એ વ્રત છે. પૃથ્વી અન્ન છે અને આકાશ અન્ન ખાનારું છે. આકાશમાં પૃથ્વી સ્થિર બની છે અને પૃથ્વીમાં આકાશ સ્થિર બન્યું છે. એટલે એમ કહી શકાય કે આ અન્ન અન્નમાં સ્થિર બન્યું છે. જે, આમ, અન્નને અન્નમાં સ્થિર બનેલું જાણે છે, તે સ્થિર બને છે અને અન્નવાળો તેમજ અન્ન ખાનારો થાય છે, તેમજ પ્રજા, પશુ, બ્રહ્મતેજ અને કીર્તિ વડે મહાન થાય છે.

પછી તેઓ આગળ વધતાં કહે છે : ઘરઆંગણે ઉતારા માટે આવેલા કોઈને ના પાડવી નહિ. કારણ કે અતિથિસત્કાર એ વ્રત કે નિયમ છે. એવા અતિથિને ઉતારો આપ્યા પછી તેને તૃપ્ત કરવા માટે અન્ન એકઠું કરવું જોઈએ, કારણ કે તો જ એવા અતિથિને રસોઈ તૈયાર છે કહી ભોજન કરાવી શકાય. આવા અતિથિને માટે જે ઉત્તમ સત્કારપૂર્વક અન્ન રાંધે છે, તેને ઉત્તમ સત્કારપૂર્વક અન્નની પ્રાપ્તિ થાય છે. અતિથિને માટે જે મધ્યમ સત્કારપૂર્વક અન્ન રાંધે છે, તેને મધ્યમ સત્કારપૂર્વક અન્નની પ્રાપ્તિ થાય છે. અતિથિને માટે જે તિરસ્કારપૂર્વક અન્ન રાંધે છે, તેને તિરસ્કારપૂર્વક અન્નની પ્રાપ્તિ થાય છે. આ વાત ઘણી અગત્યની અને સમજવા જેવી છે. જે, આમ, જાણે છે, તેને તે તે અનુસાર અન્ન દાનનું ફળ મળે છે.

નામથી વાણી મોટી છે, મન વાણીથી મોટું છે, સંકલ્પ મનથી

મોટો છે, ચિત્ત સંકલ્પથી મોટું છે, ધ્યાન ચિત્તથી મોટું છે, વિજ્ઞાન ધ્યાનથી મોટું છે, બળ વિજ્ઞાનથી મોટું છે પણ અન્ન તો બળથીય મોટું છે. જો કોઈ પ્રાણી દશ રાત સુધી અન્ન ગ્રહણ ન કરે, તો એ આંખથી સારી રીતે જોઈ શકે નહિ, કાનથી બરાબર સાંભળી શકે નહિ, મનથી વિચારી શકે નહિ, બુદ્ધિથી જાણી શકે નહિ, ઈન્દ્રિયોથી કામ કરી શકે નહિ અને પોતાનાં કાર્યોનું ફળ ભોગવી શકે નહિ. પણ ત્યાર પછી જો એ પ્રાણી અન્ન ગ્રહણ કરે તો એ ફરીથી જોઈ શકે, સાંભળી શકે, વિચારી શકે, જાણી શકે, કામ કરી શકે અને એના ફળ ભોગવી શકે. માટે અન્નને બ્રહ્મ સમજીને તેની પૂજા કરવી જોઈએ. જે પ્રાણીઓ અન્નને બ્રહ્મ સમજીને પૂજે છે, એ ખૂબ અન્ન અને પાણીવાળા લોકમાં જાય છે.

વળી, પાણી અન્નથી મોટું છે. આથી જ જ્યારે વરસાદ ઓછો પડે છે, ત્યારે અન્ન ઓછું પાકશે એમ સમજીને માણસો દુઃખી થાય છે; અને જ્યારે વરસાદ સારો પડે છે, ત્યારે અન્ન ઘણું પાકશે એમ સમજીને માણસો રાજી થાય છે. પણ તેજ પાણીથી મોટું છે. એ તેજ વાયુને વશ કરીને જયારે આકાશને ચારેય તરફથી તપાવે છે, ત્યારે આખું જગત તપે છે. એ તેજ જ પાણીને ઉપજાવે છે અને વરસાદ વરસાવે છે. આમ, અન્ન, પાણી અને તેજ ત્રણ દેવતાઓ (શક્તિઓ) છે. આ ત્રણ દેવ (શક્તિઓ) શરીરમાં જાય છે ત્યારે એના ત્રણ ત્રણ ભાગ પડે છે.

જેમ કે, ખાધેલા અન્નના ત્રણ ભાગ થાય છે. તેમાં જે સ્થૂળ ભાગ હોય છે, તેનો મળ થાય છે, જે મધ્યમ ભાગ હોય છે, એનો રસ બનીને છેવટે માંસ થાય છે; અને જે બહુ સૂક્ષ્મ ભાગ હોય છે તેનુ મન થાય છે. પીધેલા પાણીના પણ ત્રણ ભાગ થાય છે. તેમાં જે સ્થૂળ ભાગ હોય છે; તેનું મૂત્ર થાય છે, જે મધ્યમ ભાગ હોય છે, તેનું લોહી બને છે અને જે બહુ સૂક્ષ્મ ભાગ હોય છે, તેનો પ્રાણ બને છે. ખાધેલા તેજ (તેલ અને ઘી)ના પણ ત્રણ ભાગ થાય છે. તેનો જે સ્થૂળ ભાગ હોય છે, તેનાં હાડકાં બને છે, જે મધ્યમ ભાગ હોય છે, તેમાંથી ચરબી થાય છે અને જે સૂક્ષ્મ ભાગ હોય છે, તેની વાણી બને છે. એટલે એમ કહેવું જોઈએ કે અન્નનું કાર્ય મન છે, પાણીનું કાર્ય પ્રાણ છે અને તેજનું કાર્ય વાણી છે.

આ શરીર ઊપજ્યું છે તેથી તે કાર્ય છે. કોઈ પણ કાર્ય કારણ વગર થતું નથી. માટે આ શરીરરૂપ કાર્યનું પણ કોઈક કારણ હોવું જ જોઈએ. અન્ન વગર આ શરીરનું બીજું શું કાર્ય હોય ? એ જ રીતે અન્નરૂપ કાર્યનું કારણ પાણી છે અને પાણીનું કારણ તેજ છે. અને એ તેજનું કારણ સત્ છે. મતલબ કે બધી પ્રજાનું મૂળ કારણ 'સત્' છે. મરનાર પુરુષની વાણી મનમાં સમાઈ જાય છે. ત્યારે એ બોલી શકતો નથી, પણ માત્ર મનથી વિચાર કરી શકે છે. પછી મન પ્રાણમાં સમાઈ જાય છે, પ્રાણ તેજમાં સમાઈ જાય છે અને છેવટે એ તેજ 'સત્' રૂપમાં સમાઈ જાય છે. આ 'સત્'રૂપ સૂક્ષ્મ તત્ત્વ એ જ જગતનું મૂળ છે. એ જ આ જગતનો આત્મા છે એ જ સત્ય છે.

તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય અને પ્રશ્ન ઉપનિષદો ઉપરાંત એક આખું ઉપનિષદ અન્નબ્રહ્મનો મહિમા કરનારું છે. એનું નામ છે 'અન્નપૂર્ણા ઉપનિષદ'.

જોઈ શકાશે કે આ ઋષિઓએ આત્મા અને શરીરને સમજવા માટે કેટલી જહેમત ઉઠાવી છે. આત્મા શરીર, પ્રાણ, મન અને બુદ્ધિ જેવા ચાર વેષ્ટનમાં રહેલો છે. એ બધાંથી એ સ્વતંત્ર અને સ્વાયત્ત છે. એનું અસલી સ્વરૂપ નિત્ય, મુક્ત, નિષ્કામ, નિષ્પ્રપંચ, શાંત અને આનંદમય શિવરૂપ છે એટલી સ્પષ્ટ સમજ તેઓએ બતાવી છે. આજની વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો એમનું આ વિશ્લેષણ નિતાંત વૈજ્ઞાનિક અને સાચું જણાય છે. ભલે એમની પાસે આજના વૈજ્ઞાનિકો જેવાં આ બધું ચકાસવા, તપાસવા અને પ્રમાણવાના સાધનો ન હતાં; છતાં તેઓએ શરીરરચના બરાબર સમજાવી છે. આપણે ઉપનિષદોને શા માટે જીવનવિજ્ઞાનના ગ્રંથો કહીએ છીએ એ આ વિચારણાથી પણ સમજાશે. ✱ ✱ ✱

૩૫, પ્રોફેસર સોસાયટી,
મોટા બજાર, વી. વી. નગર.
Tele. : 0269-2233750.
Mobile : 09825100033,
09727333000

## વિદ્વદ્જન પ્રા. નગીનદાસ શાહ-અરિહંતશરણ

પ્રો. નગીનભાઈ જે. શાહનુ તા. ૪-૧-૨૦૧૪ના રોજ દુઃખદ અવસાન થયું છે. પ્રો. નગીનભાઈ જે. શાહ ભારતીય દર્શનો, જૈન દર્શન, બૌદ્ધ દર્શનના વિશિષ્ટ વિદ્વાન હતા. શાસ્ત્ર અને ધર્મગ્રંથોનો મૂળગામી અભ્યાસ તેઓએ કર્યો હતો. તેમનો વિદ્યાવ્યાસંગ આજીવન રહ્યો. આજીવન વિદ્યાસાધનાની પૂ. સુખલાલજીની પરંપરાને તેમણે સાચવી જેના પરિપાકરૂપે આપણને અનેક દુર્લભ ગ્રંથો પ્રાપ્ત થયા. તેઓએ અનેક દુર્લભ ગ્રંથોનું સંપાદન અને પ્રકાશન કર્યું હતું. અનેક ગ્રંથોને ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદિત કર્યાં. તેમના માર્ગદર્શન હેઠળ દેશવિદેશના અનેક વિદ્વાનો તૈયાર થયા હતા. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં ત્રણથી વધુ દશક સુધી સેવાઓ આપી સંસ્થાના ગૌરવમાં અભિવૃદ્ધિ કરી હતી. તેમના અવસાનથી વિદ્યાજગતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

તેમને નિવાપાંજલિ રૂપે અને તેમની સ્મૃતિને ટકાવી રાખવા માટે તથા તેમના પ્રદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે 'સંબોધિ'નો એક વિશેષાંક પ્રકાશિત કરવાનું એલ.ડી. ઈન્સ્ટીટ્યુટ અમદાવાદે નક્કી કર્યું છે. આ વિશેષાંક બે વિભાગમાં વિભાજિત કરવામાં આવશે. પ્રથમ ભાગમાં પ્રો. નગીન જે. શાહના જીવનચરિત્ર વિશે તથા વિદ્વાનો અને સ્વજનોના સંસ્મરણો હશે અને બીજા વિભાગમાં શોધલેખો પ્રગટ કરવામાં આવશે.

# જર્મન સંન્યાસિની

❑ ભાણદેવજી

ભારત અધ્યાત્મની ભૂમિ છે. આપણા આ વહાલા ભારતદેશનું કેન્દ્રસ્થ તત્ત્વ છે – અધ્યાત્મ! અધ્યાત્મ ભારતનો આત્મા છે. અધ્યાત્મ થકી ભારત ભારત છે. આપણા ભારતના આ ભવ્ય-દિવ્ય અધ્યાત્મ વારસાને હવે ભારત બહારના લોકો પણ કાંઈક અંશે સમજવા, જાણવા લાગ્યા છે. આ અધ્યાત્મ તત્ત્વથી આકર્ષાઈને અનેક વિદેશી માનવો ભારતમાં આવે છે. અનેક વિદેશી સ્ત્રીપુરુષો સંન્યાસ પણ ધારણ કરે છે. આવા અનેક વિદેશી સંન્યાસીઓ ભારતમાં અને વિશેષતઃ હિમાલયમાં રહે છે. આ સંન્યાસી જન્મે વિદેશી, પરંતુ હૃદયથી ભારતીય બની ગયા હોય છે. હિમાલયમાં આવા જ એક જર્મન સંન્યાસિનીના દર્શન થયાં.

કાલીમઠની અમારી આ ત્રીજી યાત્રા છે. અમે જાણ્યું છે કે કાલીમઠથી એ પહાડી પગદંડી કાલિશિલા જાય છે. કાલીશિલા અમે કદી ગયા નથી. પરંતુ આ વખતે અમારે કાલીશિલા જવું છે, તેવો સંકલ્પ કરીને અમે આવ્યા છીએ.

અમારી મિત્ર મંડળીમાંથી કોઈને મારી સાથે કાલીશિલા આવવાની હિંમત થતી નથી. કાલીશિલા ઘણું દુર્ગમ સ્થાન છે; રસ્તો ખૂબ કઠિન છે, આકરી ચઢાઈ છે-આવી ઘણી વાતો સૌએ કાલીશિલા વિશે સાંભળી છે. આમાં કાલીશિલા આવવાની હિંમત કોણ કરે? પરંતુ મારે તો આ વખતે કાલીશિલા જવું જ છે. કોઈ મારી સાથે આવે કે ન આવે હું તો મારી સાથે છું જ ને! હું મારી સાથે હોઉં એટલે અમે બે થયા ને! કોઈ આવે કે ન આવે તો પણ મંડળીના સૌથી નાના સભ્ય વાસુદેવભાઈ અમારી સાથે આવવા તૈયાર થયા. મેં તેમને તૈયાર કર્યા, તેમ નથી. તેઓ તૈયાર થયા છે.

કાલીમઠથી કાલીશિલાનું અંતર માત્ર ૬ કિ.મી. છે. પરંતુ ૬x૧૦ કેટલા થાય? અમે પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે ગણકયંત્ર શોધાયાં નહોતાં. તે વખતે અમે યાદ કરેલું હજુ યાદ છે ૬x૧૦=૬૦. બરાબર છે, તો કાલીમઠથી કાલીશિલા ૬ કિ.મી. દૂર છે, પરંતુ ૬૦ કિ.મી. જેટલું કઠિન છે.

કાલીમઠમાં કાલીગંગાને કિનારે કિનારે રસ્તો છે. આ રસ્તાની જમણી બાજુએથી એક પગદંડી કાલીશિલા સુધી જાય છે. ખરેખર તો પગદંડી ક્યાંય જતી નથી. પગદંડી તો જ્યાં છે, ત્યાં જ છે! પગદંડી કાલીશિલા જાય છે, તેનો અર્થ એમ કે આ પગદંડી પર ચાલે તો ચાલનાર કાલીશિલા પહોંચી જાય છે!

કાલીમઠથી કાલીશિલાના આ પહાડી રસ્તા પર બરાબર અધવચ્ચે 'બ્યુખી' નામનું ગામડું છે. આવી અને આટલી આકરી ચઢાઈને રસ્તે ગામડું! માનવ વસાહત! હા, ગામડું! માનવ વસાહત! આ કાળા માથાના માનવી ક્યાં નથી પહોંચ્યા? સાંભળ્યું છે કે તિબેટમાં સત્તર હજાર ફૂટની ઊંચાઈ પર એક ગામડું છે! કાયમી વસાહત! બારમાસી વસાહત! કાળામાથાના આ માનવી ચંદ્ર પર વસાહત ક્યારે બનાવવાના છે? સાંભળ્યું છે કે અમેરિકામાં બુકીંગ શરૂ થઈ ગયું છે!

રસ્તા પરથી પગદંડી શરૂ થાય છે, તે સ્થાને પ્રારંભમાં જ હનુમાનજી મહારાજનું નાનું મદિર છે. જાણે મહાકાલીના દ્વારપાલ! અમે હનુમાનજી મહારાજને પ્રણામ કરીને આગળ ચાલ્યા.

પગદંડીની બંને બાજુ અરણ્ય છે, પરંતુ આજુબાજુના પહાડો પર અપરંપાર નાનાં નાનાં ખેતરો છે. તેમાં અનાજ પાકે છે-મંડવા, ઘઉં, ચોખા! પ્રત્યેક ખેડૂત બે નાના પહાડી બળદ રાખે છે. પ્રત્યેક પરિવાર પાસે એકાદ બે નાની ગાય હોય છે! દૂધ-ઘી મળી જાય છે. ઘેટાંબકરાં પણ રાખે છે. ઊન મળી રહે છે! શિયાળામાં બરફ પડે પછી પ્રત્યેક ઘરમાં કાંતણ વણાટ ચાલે છે. પોતાના પરિવાર માટે આવશ્યક વસ્ત્રો તૈયાર થઈ જાય છે. પ્રત્યેક પરિવાર પાસે થોડીઘણી જમીન છે. અનાજ, ફળ, શાકભાજી મળી રહે છે. સૌ સંપીને રહે છે. સારે માઠે પ્રસંગે એકબીજાને મદદ કરે છે. ગ્રામપંચાયત ગામનો વહીવટ કરે છે. ગામમાં સારી પ્રાથમિક શાળા છે. શિક્ષણનો ખૂબ સારો માહોલ છે! વિનોબાજી અહીં આવ્યા હોત તો ભૂદાન-ગ્રામદાન વિના જ 'ગ્રામ સ્વરાજ'નું પ્રમાણપત્ર આપીને ચાલ્યા ગયા હોત!

આ ગામમાં અને આજુબાજુના ગામોમાં રાણાઓની વસ્તી ખૂબ છે. આ રાણા પ્રજા મૂળ રાજસ્થાનની પ્રજા છે. એકાદ હજાર વર્ષ પહેલાં મુસ્લિમ આક્રમણો દરમિયાન પોતાના ધર્મને બચાવવા માટે આ લોકો અહીં હિમાલયમાં આવીને વસ્યા છે!

પગદંડીનું આ ચઢાણ અતિશય કઠિન છે, પરંતુ અમારી પાસે બે મંત્રો છે-

૧. આખરે રસ્તો ખૂટવાનો છે, અમે ખૂટવાના નથી.

૨.આપણે જેમ જેમ ચાલીએ તેમ તેમ રસ્તો ઘટતો જાય છે.

આ મંત્રને આધારે અમે ચાલ્યા અને પહોંચ્યા.

કાલીશિલાના દર્શન થયાં. કાલીશિલા પર પ્રાકૃતિક રીતે જ બની આવેલાં જગદંબાના યંત્રો અને શિલાની પાછળ જગદંબાના ચરણારવિંદ અને મુખારવિંદના દર્શન-પૂજા થયાં.

કાલીશિલાની બાજુમાં એક મંદિર છે. તે મંદિર પણ દેવી મંદિર છે. તે મંદિરમાં પણ દર્શન-પાઠ થયા.

અમે વર્ષોથી જાણીએ છીએ કે આ કાલીશિલા દેવસ્થાનમાં એક સંન્યાસી રહે છે. તેમના એક શિષ્યા, જર્મન સંન્યાસી પણ અહીં જ રહે છે. અમારે હવે તેમના દર્શન-સત્સંગ માટે જવાનું છે.

અહીં આ સ્થાનમાં વર્ષોથી બેઠેલા આ સંન્યાસી મહારાજનું નામ

છે-બર્ફાગિરિ! શાંકરમતાનુયાયી સંન્યાસીઓના દશ નામ હોય છે-ગિરિ, પુરી, ભારતી, સરસ્વતી, આશ્રમ, તીર્થ, વન, પર્વત, અરણ્ય, સાગર. આપણા આ બર્ફાગિરી સ્વામીના નામની પાછળ 'ગિરિ' નામ આવે છે. તેનો અર્થ એમ થયો કે તેઓ શાંકરમતાનુયાયી દશનામી સંન્યાસી છે. નેપાલના મૂળ વતની છે. વર્ષોથી અહીં જ રહે છે. લોકો તેમને નેપાલીબાબા કહે છે.

**પગરવ સંભળાય કે ન સંભળાય,**
**પણ દિલરવ તો અવશ્ય સંભળાય છે.**

અમને સમાચાર મળ્યા કે બર્ફાગિરીબાબા હમણાં અહીં નથી. તેઓ નીચેના કોઈ ગામમાં કોઈ એક ભક્તને ઘેર ગયા છે. પરંતુ માતાજી અર્થાત્ આપણા 'જર્મન માતાજી' અહીં જ છે.

અમે તેમની કુટિયાના પ્રાંગણમાં પ્રવેશ કર્યો. પ્રાંગણ સ્વચ્છ અને વ્યવસ્થિત છે. અમને લાગ્યું કે અંદર રહેનાર પણ સ્વચ્છ અને વ્યવસ્થિત હોવા જોઈએ. જે અંદર હોય છે, તે જ તો બહાર આવે છે. મુખ્ય પ્રવેશ દ્વારથી કુટિયાના દ્વાર સુધી પહોંચવા માટે એક નાની અને સરસ રીતે વળાંક લેતી સુંદર પગદંડી છે. આ પગદંડીની બંને બાજુ નાના નાના સુંદર પથ્થરો ગોઠવીને પગદંડીને સજાવી છે. કોણ હશે આવી સુંદર સજાવટ કરનાર? જર્મન માતાજી જ હોય ને! બર્ફાની બાબા તો આવું ન જ કરે ને! સત્યમ્ જ્યારે સુંદરમ્ રૂપે વ્યક્ત થાય છે, ત્યારે તે કેવું દીપી ઊઠે છે! અહીં સત્યમ્ સુંદરમ્ રૂપે વ્યક્ત થયું છે. ભારતનું સત્યમ્ અને જર્મનીથી આવીને ભારતીય બનેલું સુંદરમ્!

સાધુની કુટિયામાં પ્રવેશતાં પહેલાં સાત વાર વિચાર કરવો જોઈએ અને સો વાર સાવધાન રહેવું જોઈએ. તેમની જીવનશૈલી અને તેમની અધ્યાત્મ સાધનાને જફા ન પહોંચે તેવા સમયે અને તેવી રીતે પ્રવેશ કરવો જોઈએ, તેવી રીતે વર્તાવ કરવો જોઈએ, તેવી રીતે સત્સંગ કરવો જોઈએ. તદ્નુસાર અમે દબાતે પગલે આગળ વધ્યા.

અમે દૂરથી જ જોયું કે માતાજીની પૂજા ચાલી રહી છે. કુટિયાના દ્વાર પાસે બીજા એક સજ્જન પુરુષ બેઠા છે. અમે તેમનું ધ્યાન અમારા તરફ ખેંચવાનો કોઈ પ્રયત્ન નથી કર્યો. પરંતુ કોઈ માનવી આવે અને માનવીનું ધ્યાન ન ખેંચાય તેવું બને? પગરવ સંભળાય કે ન સંભળાય, પણ દિલરવ તો અવશ્ય સંભળાય છે. અમારો દિલરવ ત્યાં પહોંચી ગયો! અમે તેમને સાંકેતિક ભાષામાં પૂછ્યું, 'અમે આવી શકીએ?' તેમણે મસ્તક હકારમાં હલાવીને સસ્મિત કહ્યું,

'આવો, આવો! જરૂર આવો!' ચહેરાની પણ એક ભાષા હોય છે! અમે આગળ વધ્યા. કુટિયામાં પ્રવેશ્યા. માતાજીએ મૌન સ્મિતપૂર્વક અમારું સ્વાગત કર્યું. અમે શાંતિથી બેઠા.

માતાજીની પૂજા ચાલે છે. અમે પૂજાના દર્શન-શ્રવણ કરીએ છીએ. આ જગદંબા મહાકાલીનું સ્થાન છે અને માતાજી શૈવપંથી દશનામી સંન્યાસિની છે. શિવ–શક્તિની પૂજા ચાલે છે. જન્મે જર્મન પણ હૃદયથી અને જીવનશૈલીથી પૂરેપરાં ભારતીય એવા આપણા આ માતાજી પૂજન કરી રહ્યાં છે. અમે પૂજાનાં દર્શન-શ્રવણ કરી રહ્યા છીએ. બારીમાંથી દૂર સુદૂરનાં હિમાચ્છાદિત શિખરોનાં દર્શન થાય છે. આ સમગ્ર વિસ્તારના સૌથી ઊંચા શિખરની ટોચ પર અવસ્થિત એક નાની કુટિયામાં બેઠા બેઠા અમે એક ભાવપૂર્ણ પૂજામાં સંમિલિત થયા છીએ. જાણે જગદંબા જ જગદંબાની પૂજા કરી રહ્યા છે!

આ અતિ ઊંચા અને અતિ કઠિન સ્થાન પર બહુ ઓછા માનવો આવે છે. એક પ્રગાઢ શાંતિની વચ્ચે અમે બેઠા છીએ. માતાજીએ શંખ વગાડ્યો. શંખના નાદથી આ પ્રગાઢ શાંતિ ખંડિત થતી નથી, વધુ પ્રગાઢ બને છે. અનુભવાય તો સમજાય! માતાજી ઘંટાનાદ કરે છે. કેવો મધુર ઘંટાનાદ! શાંતિ ને વધુ ગહન શાંતિ બનાવે તેવો મધુર ઘંટાનાદ!

કુટિયાની બહાર વિસ્તૃત હિમાલય, ઉત્તુંગ શિખરો, ગાઢ અરણ્ય, કલકલનિનાદિની નદીઓ, રમતાં, કૂદતાં ઝરણાં, સ્વચ્છ નિર્મળ આકાશ, ત્રિવિધ-મંદ-શીતલ-સુગંધિત વાયુ અને કુટિયાની અંદર એક દેવી જગદંબાની પૂજા કરી રહ્યા છે! આથી અધિક બીજું શું હોઈ શકે?

...અને હા, આ સમગ્ર વિસ્તાર કસ્તુરીમૃગ અભયારણ્ય છે. અહીં આજુબાજુ કસ્તુરીમૃગો પણ ઘૂમતા જ હશે ને! અહીં ક્યારેક તો તેમની નાભિમાં રહેલી કસ્તુરીની સુગંધ આવતી હશેને! અહીંના શીતલ વાયુમાં તે સુગંધ પણ ભળેલી જ હશે ને! આ અભયારણ્યનું નામ પણ ખૂબ વિચારપૂર્વક અપાયું છે.

'કાલીશિલા કસ્તુરીમૃગ અભયારણ્ય.'

માતાજીની પૂજા પરિપૂર્ણ થઈ. પૂજાને અંતે આરતી થઈ!

આરતીમાં સ્તોત્ર ગવાયું-

कुपुत्रो जायते कवचिद्
न कव्चिद्पि कुमाता भवति ।

અને પછી

गतिस्तवं गतिस्तवं त्वमेका भवानि ।

ભાવવિભોર વાતાવરણ સર્જાયું અને...

'અધખૂલી બે છીપથી મોતી ઝરી ગયાં.'

આરતીને અંતે અમને આશકા મળી અને પ્રસાદ પણ મળ્યો.

કોણ છે આ માતાજી?

ઉજ્જવળ ગૌરવવર્ણ, સપ્રમાણ, સુંદર, દેહયષ્ટિ, ભગવાં વસ્ત્રો, મસ્તક પર પિંગળી જટા, રુદ્રાક્ષની માળા અને કપાળમાં ત્રિપુંડ!

કોણ છે આ દેવી?

અહીં કેવી રીતે આવી ગયાં છે?

અહીં શા માટે રહે છે?

એકવીશ વર્ષ પહેલાં જર્મનીથી એક નવયુવતી ભારત આવી. ત્યારે તો તેમની ઉંમર માત્ર ઓગણીશ વર્ષની! ઓગણીશ વર્ષની આ યુવતી ભારતમાં ફરી-એકલી જ! હિમાલયમાં પણ આવી. આ યુવતી ભારત, ભારતના મુકુટમણિ હિમાલય અને ભારતીય ધર્મ-અધ્યાત્મથી અત્યંત પ્રભાવિત થઈ! તે જ ક્ષણે સંકલ્પ થયો-

'ભારત આવીશ.'

'સંન્યાસ ધારણ કરીશ.'

હિમાલયમાં જ નિવાસ કરીશ.'

આ ગાર્ગી પચીસ વર્ષની વયે પુનઃ ભારત આવી આજીવન ભારતમાં જ અને હિમાલયમાં જ નિવાસ કરવા માટે!

વિચરણ કરતી કરતી આ જર્મન ગાર્ગી અહીં કાલિશિલામાં પહોંચી. વર્ષોથી અહીં જ રહેતાં નેપાલી બાબા સ્વામી બર્ફાગિરિ બાબાના દર્શન-સાંનિધ્ય પામી! જન્મ જન્મનો ઋણાનુબંધ પામી. બર્ફાગિરિ બાબાને ગુરુ સ્વરૂપે ધારણ કર્યા. બર્ફાગિરિ બાબા પાસેથી સંન્યાસ ધારણ કર્યો. ગુરુ મહારાજે સંન્યાસનું નામ આપ્યું-'સ્વામિની સરસ્વતીગિરિ.'

બસ ત્યારથી અર્થાત્ છેલ્લા પંદર વર્ષથી આ સંન્યાસિની, આ દેવી, આ ગાર્ગી અહીં આ કાલીશિલા દેવસ્થાનમાં પોતાના ગુરુ મહારાજ બર્ફાગિરી મહારાજ સાથે રહે છે! આ છે ત્યાગ! ત્યાગ તે આનું નામ!

હવે હિન્દીમાં સડસડાટ બોલે છે. પ્રારંભમાં અહીં આવા દુર્ગમ એકાંત સ્થાનમાં ગુરુ સાથેના અને અન્ય સાથેના વ્યવહારમાં ભાષાકીય મુશ્કેલી પડી જ હશે! જેઓ મુશ્કેલીઓથી ડરી જાય તેઓ હિમાલયમાં રહી ન શકે. જેઓ મુશ્કેલીઓથી ડરે તેઓ આવો યથાર્થ સંન્યાસ પચાવી ન શકે! અધ્યાત્મ તો વીરોનો માર્ગ છે. नाऽयं आत्मा बलहीनेन लभ्य। આ માર્ગ પર તો...

પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને...

માતાજી સંન્યાસિની સરસ્વતીગિરિજી પવિત્ર અને સાધન પરાયણ જીવન જીવે છે. ભારતનું નાગરિકત્વ મળ્યું નથી. તેથી દર છ મહિને એક વાર જર્મની જવું પડે છે, પરંતુ જઈને તુરંત અહીં પોતાના પ્રિય સ્થાનમાં આવી જાય છે.

માતાજી સરસ્વતીગિરિજી સાથે અમારે નિરાંતે સત્સંગ થયો. લગભગ બેએક કલાક અધ્યાત્મની જ ગૂફતેગુ ચાલી!

માતાજીએ હિમાલયની ઘણી યાત્રાઓ કરી છે. પંચકેદાર, અત્રિગુફા, ચારધામ આદિ તીર્થોમાં તેઓ જઈ આવ્યા છે, દર્શન કરી આવ્યા છે. અરે! આ માતાજી આપણાં ગુજરાતમાં પણ આવી ગયા છે. દ્વારિકા, સોમનાથ, જૂનાગઢ આદિ તીર્થોમાં આવ્યા છે. અરે! તેમણે ગિરનારનું આરોહણ પણ કર્યું છે. હિમાલયની ગિરનાર યાત્રા! હિમાલયનું ગિરનાર પર આરોહણ!

માધવપુર પાસે સમુદ્ર કિનારાના રસ્તા પર મોચા હનુમાનજીનું સ્થાન છે. અહીં 'સંતોષપુરી' નામના એક સંન્યાસિની માતાજી રહે છે. મૂળ યુરોપિયન છે, પરંતુ હૃદયથી પુરા ભારતીય બની ગયા છે. અમને માતાજી સરસ્વતીગિરિજી સાથેની વાત પરથી લાગ્યું કે બંને વચ્ચે સખીભાવ છે, પ્રગાઢ સ્નેહસંબંધ છે. માતાજી સંતોષપુરીજી ક્યારેય માતાજી સરસ્વતી ગિરિજીના સ્થાન, આ કાલીશિલા આવ્યા હશે કે નહિ તે તો ખબર નથી. પરંતુ માતાજી સરસ્વતીગિરિજીની વાતો પરથી લાગ્યું કે તેઓ સંતોષપુરીજીના સ્થાનમાં અર્થાત્ મોચા હનુમાનજીના સ્થાનમાં આવી ગયા છે અને બંને વચ્ચે પ્રગાઢ પ્રીતિસંબંધ રચાયો છે.

અમારો સત્સંગ ચાલે છે. કુટિયાની બહાર ચારપાંચ નાના નાના બાળકો આવીને બેસી ગયા છે. માતાજીનું ધ્યાન તેમના તરફ ગયું. મા પોતાના સંતાનોને પૂછે, તેવા જ ભાવથી, તેવી જ હલકથી તેમણે છોકરાઓને પૂછ્યું-

'છોકરાઓ, કાંઈ કામ છે? કાંઈ જોઈએ છે?'

'હા, દવા જોઈએ!'

માતાજી ઊભાં થયાં. તેમની પાસે ગયા. છોકરાંઓ માતાજીને ઘેરીને ઊભાં રહી ગયાં; જાણે માની આજુબાજુ તેમના સંતાનો!

માતાજીએ બે બાળકોના મસ્તક પર હાથ મૂકીને પૂછ્યું-

'શું થયું છે?'

એકે કહ્યું-'ઉધરસ આવે છે'

બીજાએ કહ્યું-'શરદી થઈ છે'

ત્રીજાએ કહ્યું-'તાવ આવે છે'

માતાજી બાજુની ઓરડીમાં ગયાં. એક નાની પેટી લઈને બહાર આવ્યા. માતાજીએ તેમની જરૂરિયાત પ્રમાણે દવા આપી. બાકીનાઓને ચોકલેટ! ભોજન-સ્નાન આદિ વ્યવહાર વિશે આવશ્યક સૂચનાઓ પણ આપી.

આ બધાં બાળકો નીચેના એક નાના ગામના છે. તેઓ ક્યારેક દવા લેવા અને વિશેષતઃ માતાજીનો સ્નેહ, અનુભવવા અહીં આવતાં રહે છે. કેવી કઠિન ચઢાઈ પાર કરીને અહીં આવે છે! હા, પણ આપણને જે ચઢાઈ કઠિન લાગતી હોય, તે ચઢાઈ તેમના માટે કઠિન ન પણ હોય. આ હિમાલયના બાળકો છે! સૂરત-અમદાવાદની પોળોના નહિ!

હિમાલયની અનેક યાત્રાઓ દરમિયાન અમે જોયું છે કે હિમાલયના ઊંડાણના વિસ્તારમાં ચિકિત્સા અને તે માટેની દવાઓની બહુ ખેંચ છે. આપણા જેવા યાત્રીઓને જોઈને લોકો દવા માટે પાગલની જેમ દોડતાં હોય તેવા દૃશ્યો મેં અનેકવાર જોયા છે. આ ખેંચની માતાજી અહીં રહ્યાં રહ્યાં પોતાની રીતે, પોતાના પ્રમાણમાં પૂર્તિ કરી રહ્યાં છે. જે સ્થાનમાં લોકોને જેવી સેવાની જરૂર હોય તે સ્થાનમાં લોકોની તેવી સેવા કરવી – આ ડહાપણ છે અને માતાજીમાં આવું ડહાપણ છે. કચ્છના રણમાં પાણીનું પરબ બાંધવું, તે સેવા છે. ગંગાકિનારે પાણીનું પરબ બાંધવું તે ઉપદ્રવ છે.

હવે અમે નીકળવા માટે તૈયાર થયાં. માતાજીએ અમને થોડાં ફળ આપ્યા. અમે તેમને પ્રણામ કર્યા અને સત્સંગદર્શન માટે આનંદ વ્યક્ત કર્યો.

અન્યોન્ય 'નારાયણ' 'નારાયણ' કહીને અમે અભિવાદન કર્યું અને નીચે ઉતરવા પ્રયાણ કર્યું!

પ્રયાણ કેવું? પુનરાગમનાય!

નીચે ઉતરવા માટે પ્રયાણ શા માટે? ઉપર ચઢવા માટે! ✷ ✷ ✷

ફોન નં. : 02822-292688. મો. નં. : 09374416610

ભજન-ધન : ૫

# વિસરાતી વાણી - અનહદની ઓળખાણી

□ડૉ. નિરંજન રાજ્યગુરુ

### સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી

*સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી.*
*જ્ઞાન ગણેશિયો ઘડાયો રે...*
*પવન રૂપી મેં ઘોડો પલાણ્યો, ઊલટી ચાલ ચલાયો રે;*
*ગંગા જમના ઘાટ ઉલંઘી જઈ અલખ ધીરે ધાયો રે...*
*સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...*
*ધમણ ધમુંકે તિયાં વીજું ચમુંકે, અનહદ નોબત વાગે રે;*
*ઠારોઠાર તિયાં જ્યોતું ઝલત હે, ચેતન ચોકી માંહી જાગે રે...*
*સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...*
*સાંકડી શેરી જિયાં વાટું વસમી, માલમીએ મુંને મૂક્યો રે;*
*નામની નીસરણી કીધી, જઈ ધણીને મોલે ઢુંક્યો રે...*
*સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...*
*શીલ સંતોષનાં ખાતર દીધાં, પ્રેમે પેસારો કીધો રે;*
*પેસતાં પારસમણિ લાધી, માલ મુગતિ લીધો રે...*
*સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...*
*આ રે વેળાએ હું તો ઘણું જ ખાટ્યો, માલ પૂરણ પાયો રે;*
*દાસી જીવણ સત ભીમનાં ચરણાં, આજ મારો ફેરો ફાવ્યો રે...*
*સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...*

**દાસી જીવણ**

સૌરાષ્ટ્રની સંતવાણીમાં રૂપક પ્રકારના અનેક ભજનો મળે છે. મોરલો, બંગલો, હાટડી, નીસરણી, ખંજરી, બંસરી, વિવાહ, ચૂંદડી...લગભગ તમામ ભજનિક સંત-કવિઓએ આ પ્રકારના ભજનોની રચના કરી છે. એમાંય પ્યાલો, કટારી, આંબો જેવા ભજનો તો અવનવા ઢંગ-ઢાળે જ્ઞાન, ભક્તિ કે એમની પરિભાષામાં ઢાળીને ભજનિક સંતોએ એક સુસમૃદ્ધ પરંપરા ઊભી કરી છે. રૂપકાત્મક ભજનોનાં ક્ષેત્રમાં દાસી જીવણનું પ્રદાન ઉત્કૃષ્ટ કોટિનું છે. 'મારી વાડીના ભમરલા વાડી વેડીશમાં...' 'પ્રેમ કટારી આરંપાર...', 'મોરલો ગગન મંડળ ઘર આયો...', 'ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...', 'પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...', 'હાટડીએ કેમ રેખાશે ભઈ...' જેવાં રૂપકગર્ભ ભજનોની સાથોસાથ ગુરુમહિમા અને યોગસાધનાનો સમન્વય દર્શાવતું ચોરીનું રૂપક દાસી જીવણ દ્વારા સર્વપ્રથમવાર સૌરાષ્ટ્રની સંતવાણીમાં દેખા દે છે.

ચોરી છે તો તદ્દન હલકી કક્ષાનું કાર્ય અને ચોરી કરનારને તો શિક્ષા મળે એના ગુરુ દ્વારા. જ્યારે દાસી જીવણને એના સદ્‌ગુરુ તરફથી જ ચોરીની તાલીમ મળી છે! ચોરી કરવા જનાર ચોર પાસે ખાસ પ્રકારનું હથિયાર હોય છે જેનું નામ છે ગણેશિયો. એની સહાયથી ભલભલા મજબૂત તાળાં ખૂલી જાય. આગળિયા તૂટી જાય આવરણ હટી જાય... દાસી જીવણ જ્ઞાનગણેશિયો લઈને ચોરી કરવા નીકળ્યા છે. સાધનાના ક્ષેત્રમાં સૌથી પ્રથમ જરૂરિયાત છે સદ્‌ગુરુની. ગુરુની કૃપા થાય તો જ એ ક્ષેત્રમાં આગળ વધવાનું માર્ગદર્શન મળે. પ્રથમ પંક્તિમાં જ દાસી જીવણ પોતાના માર્ગદર્શકને યાદ કરે છે. અને પછી પોતાને જે અનુભવો થયા છે તેનું ક્રમશઃ આલેખન કરે છે.

પરમતત્ત્વની પ્રાપ્તિ અર્થે સાધકે જ્ઞાન, યોગ અને ભક્તિ એમ

વિવિધ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. માત્ર જ્ઞાની થવાનું કે માત્ર યોગી થવાનું જ સંતોનું લક્ષ્ય નથી. પોથી, પુસ્તકમાંથી તો માત્ર માર્ગની જાણ થાય. એ પછી તેને પ્રાપ્ત કરવાના ઉપાયો (સાધના) કરવા માટે જાતે જ સજ્જ થવું પડે, અને પ્રાપ્તિની ક્ષણોને ચિરંજીવ બનાવવા જરૂર પડે ભક્તિની... આત્મિય સંબંધની... દાસી જીવણે પ્રાથમિક ભૂમિકાથી માંડીને સાક્ષાત્કાર સુધીની તમામ પ્રક્રિયા રૂપકાત્મક રીતે આ ભજનમાં વણી લીધી છે. ગુરુ પાસેથી માર્ગદર્શન મેળવીને તુરત સાધનાનો પ્રારંભ થાય છે. 'પવનરૂપી મેં તો ઘોડો પલાણ્યો...' સીધેસીધી પ્રાણાયામની પ્રક્રિયા! આપણા શ્વાસને પ્રાણને સંતોએ અનેકવાર ઘોડાની ઉપમા આપી છે. આ ઘોડા છે તોફાની-બેકાબૂ, એને ઊલટી ચાલ ચલાવવા કેટલી મથામણ કરવી પડી હશે? એની પોતાની સહજ ગતિ બદલાવીને–પ્રાણ ઉપર કાબૂ પ્રાપ્ત કરીને સાધક ઈડા-પિંગલા (ગંગા જમુના) નાડીમાંથી પ્રાણને સુષુમ્ણામાં સ્થિર કરે છે ત્યારે ત્યાં શું જોવા મળે છે? કોઈ પણ સાધક યોગસાધનાની શરૂઆત કરે અને પ્રાણ ઉપર કાબૂ મેળવે કે તુરત જ એને અલૌકિક અનુભવો થવા માંડે. જીવનમાં ચમત્કારિક ઘટનાઓ બનવા માંડે, અનહદ નાદ સંભળાય, શબ્દનો પ્રકાશમય અર્થ સાંપડે.

દાસી જીવણ નીકળ્યા છે ચોરી કરવા, પણ એ ચોરી કઈ જગ્યાએ કરવી છે? જ્યાં જાગૃત ચોકીદાર બેઠા છે. નિયોન લાઈટના અજવાળાં ઝોકાર છે, નોબતું વાગે છે, વીજળી ચમકી રહી છે, ધમણ ધમુકી રહી છે. છે તો આ બધી અંદરની જ વાત. પણ માત્ર અભિધા લઈએ તોયે ખ્યાલ આવે કે આવી જગ્યાએ ચોરી કરવા જનાર ચોર તુરત જ પકડાઈ જાય. ચેતન ચોકી માંઈ જાગે રે...' પણ ત્યાં સુધી પહોંચવા–પોતાની ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરવા ગમે તેવા જોખમ ઉઠાવવા ચોર તૈયાર છે. ભલે એ માર્ગ દુષ્કર છે. સાંકડી શેરી ને વસમી છે વાટ...પણ મોકલાવ્યો છે કોક માલમીએ... જાણકારે...જાણભેદુએ... હરિનામની નિસરણી કરીને પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી જનાર આ સંત-ચોર શીલ, સંતોષ અને પ્રેમ એ ત્રણ યુક્તિ અજમાવે છે. જ્યાં મુક્તિરૂપી પારસમણી પડ્યો છે તેની આડેની માયારૂપી દિવાલમાં શીલ-શુદ્ધ ચારિત્ર્ય અને સંતોષના ગાબડાં પડે અને પ્રેમ-ભક્તિથી પેસારો થાય તો જ પુરણમાલ પમાય. સદ્ગુરુની કૃપાથી દાસી જીવણ કહે છે તેમ પછી સાધક ગાઈ ઊઠે 'આજ મારો ફેરો ફળ્યો રે...' ✷ ✷ ✷

આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ,
જિલ્લો રાજકોટ. પીન ૩૬૦૧૧૧.
ફોન : ૦૨૮૨૫-૨૭૧૫૮૨. મોબાઈલ : ૦૯૮૨૪૩ ૭૧૯૦૪

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ३०० |
| ૯ | जैन धर्म दर्शन | ३०० |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫ | ૧૫૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૯ | નમો તિત્થસ્સ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ (ડૉ. કલા શાહ સંપાદિત) | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |

**નવા પ્રકાશનો**
**ડૉ. કલાબેન શાહ સંપાદિત**
**ડૉ. ધનવંત શાહ લિખિત**

| | | |
|---|---|---|
| ૧. | વિચાર મંથન | રૂા. ૧૮૦ |
| ૨. | વિચાર નવનીત | રૂા. ૧૮૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૦ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૧ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૨ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૩ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **ડૉ. સુરેશ ગાલા લિખિત** | |
| ૩૪ | મરમનો મલક | ૨૫૦ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીકૃત** | |
| ૩૫ | જૈનધર્મ | ૭૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૬ | જૈન કથા વિશ્વ | ૨૮૦ |

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત

# ૭૯મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

[ ગત જાન્યુઆરી '૧૪ અંકથી આગળ ]

### દેહમાં સમવસરણ સર્જશો તો પ્રભુ તેમાં આવી બિરાજશે

[યાત્રિકભાઈ ઝવેરીએ ૧૯૭૫થી કિરણભાઈ પાસે જૈન ધર્મનો અભ્યાસ કર્યો છે. તેમણે 'સ્વદોષ દર્શન' નામક પુસ્તક લખ્યું છે. દર સોમવારે તેઓ ગામદેવી (મુંબઈ)માં સત્સંગ કરે અને કરાવે છે. ડૉ. ધનવંતભાઈ શાહ તેમને સારા અને સાચા શ્રાવક કહી બિરદાવે છે.]

યાત્રિકભાઈ ઝવેરીએ 'મહાવીરનો ઉપદેશ, વર્તમાન સંદર્ભમાં' વિશે વ્યાખ્યાન આપતા જણાવ્યું હતું કે અતિમુક્ત નામના બાળમુનિએ ગૌતમ સ્વામી બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આપણે ગૌતમ બની શકીએ ? પ્રભુએ પોતાના જીવન દ્વારા તે માર્ગ પ્રસ્તુત કર્યો છે. આપણે ગૌતમ કેવી રીતે બનવું તેની સાધના સમજીએ. દીક્ષા લીધા પછી પ્રભુના જીવનમાં ગોવાળ, ગૌતમ અને ગોશાલકનો સંપર્ક થયો. પ્રભુને પહેલો ઉપસર્ગ અને અંતિમ ઉપસર્ગ ગોવાળે કર્યો. આ ગોવાળ એટલે શું ? આ ત્રણેય નામની શરૂઆત 'ગો'થી થાય છે. આ ત્રણેયનો એકમેક સાથે સંબંધ છે. 'ગો' એટલે ઈન્દ્રિયો. આપણા બધાની પાંચેય ઈન્દ્રિયો વિષય જગતમાં ચરવા ચાલી ગઈ છે. ૧૮ પાપસ્થાનકોનું સેવન આપણે વિષયો માટે કર્યું છે. તેથી આપણો આત્મા દુઃખી થયો છે. આ ગોવાળ છે. ગોશાલક એટલે અભ્યંતર ઈન્દ્રિયો. તેમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો સમાવેશ થાય છે. મનને ગમે અને અણગમો પણ થાય. બુદ્ધિને સારું કે ખરાબ લાગે. ચિત્તમાં આદતો અને સંસ્કાર રહેલા છે. રીતીરિવાજ રહેલા છે. અહંકાર એટલે હું અને મારું. સ્પર્શ, રસ, ગંધ, ચક્ષુ અને કર્ણ એ બાહ્ય ઈન્દ્રિયો છે. ગોશાલકે પ્રભુ ઉપર શું શું અત્યાચાર નથી કર્યા ? સમવસરણમાં તીર્થંકરપદ પામ્યા પછી ગોશાલકે તેજોલેશ્યાનો ઉપસર્ગ કર્યો છે. આ જ વિષયો, આસક્તિ, મનોરથો અને મહત્ત્વાકાંક્ષામાં આપણે ફસાયેલા છીએ. ગોવાળ એ કોન્શીયસ માઈન્ડ અને ગોશાલક સબકોન્શીયસ માઈન્ડ છે. આપણે સંસારમાં લુપ્ત થયા છીએ. આપણે કર્તૃત્વ કે ભોગેષણાથી પીડાઈએ છીએ. આ હોવું જોઈએ અને આ ન હોવું જોઈએ એનાથી પીડાઈએ છીએ. એ સિવાય આપણને બીજું કોઈ દુઃખ નથી. મને તે મળવું જોઈએ. હું તેને પાત્ર છું. આપણે સતત મૂલ્યાંકન કરતા રહીએ છીએ. કોન્શીયસલી અને સબકોન્શીયસલી તેમાં ફસાયા છીએ. ગૌતમસ્વામી એટલે ગૌયમ સ્વામી. જેણે પોતાની ઈન્દ્રિયોને યમ, નિયમ, અને સંયમ કર્યો છે તે ગૌતમ સ્વામી. આપણા પોતાના કોન્શીયસને અને સબકોન્શીયસને સુપર કોન્શીયસ બનાવવા તેમને યાદ કરવા જોઈએ. સમજો કે તું આ દેહ નથી. તેનાથી ઘણો વિશેષ આત્મા છે. જ્ઞાની ભગવંતો કહે છે કે કૈવલ્ય પામ્યો નથી એવી વ્યક્તિમાં પણ પુષ્કળ શક્તિ છે. આપણે આ જાણતા નથી. આપણે વિષય-આસક્તિમાં લુપ્ત છીએ. આપણે ગોયમ બનવું પડશે. જો અતિમુક્ત કહે કે મારે ગૌતમ બનવું છે તો આપણે કેમ ન કહી શકીએ ? પ્રભુ તો સ્વઆત્મકલ્યાણની સાધનામાં લીન થાય છે. તે જ સમયે તેઓ જગત કલ્યાણ કરતા હતા. આ જ તો છે ગોયમ બનવાનો માર્ગ. મારા અને તમારા વચ્ચેનો ભેદ હું મટાડી દઉં. મારા અને તમારા વચ્ચે અભેદ પ્રગટાવો. હું અને તમે એક છીએ એ સમદર્શીત્વ. પરમાત્મા દર્શીતપણું. મારા, તમારા અને જગતના જીવો વચ્ચે કોઈ ભેદ નથી. પ્રભુ માટે નમુત્થુણં સ્તોત્રમાં કહેવાયું છે–અભય આપનારા, શરણ આપનારા, ચક્ષુ આપનારા અને માર્ગ આપનારા. જગતમાં કોઈ ને કંઈ આપવાનું હોય કે લેવાનું હોય એવા બે સંબંધ હોય. આજના પવિત્ર દિવસે હું એમ કહી શકું કે મારે જગત પાસેથી લેવાનું છે તે બધું જતું કર્યું. મારે કંઈ લેવાનું નથી. મારા ઉપર જે દીવ્યદૃષ્ટિ પડી રહી છે તેનાથી હું જીવન વ્યતિત કરી ન શકું ? મને કંઈ જોઈતું નથી. તેનો અર્થ મેં ૫૦ ટકા લોકોને અભયદાન આપી દીધું. જેઓને મારે આપવાનું છે તેઓની વાત. આજે મારી પાસે નથી પણ જ્યારે મારી પાસે હશે ત્યારે કટુતા વિના અને પ્રસન્નતાથી તમારે ઘરે આવીને આપી દઈશ. આ ધંધાના વ્યવહાર કે લેવડદેવડની નહીં પરંતુ ભાવનાત્મક અને સાધનાત્મક વાત છે. શુલપાણિ પૂર્વ ભવમાં બળદ હતો. તેણે ભોગવો નદીના રેતાળ પટમાંથી ૫૦૦ ગાડાં બહાર કાઢ્યા હતા. તે બિમાર પડ્યો પછી સાર્થવાહે ગ્રામવાસીઓની પાસેથી તેની સારસંભાળ લેવાની ખાતરી મેળવી. જોકે પછી ગ્રામવાસીઓએ તેને ન તો ઘાસપાણી આપ્યા કે ન તો સારવાર કરી. તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં મૃત્યુ પામ્યો. તે બળદની શું ભૂલ હતી ? તે બીજા જન્મમાં શૂલપાણિ થયો. બીજા જન્મમાં શૂલપાણી થઈને આસ્તિક ગામમાં લોકોને રંજાડતો. ભગવાન મહાવીર તે ગામમાં આવ્યા ત્યારે અવધિજ્ઞાનથી જોયું. આ બળદને પણ જીવ છે તેણે વેદના વેઠી છે અને શૂળ ભોકાયા છે એટલે એ શૂલપાણી થયો છે તેને હું પ્રેમની વર્ષાથી નવડાવું. આપણા કારણે કોઈ વ્યક્તિ તપ્ત તો નથી થઈ ? મેં કરેલા કાર્યોને કારણે સામી વ્યક્તિ મને સતાવી રહી છે. જે વાવો તે જ ઉગે એ સનાતન સત્ય છે. જગતના બધા જ ક્ષેત્રોમાં આ સત્ય છે. આસ્તિક ગામમાં સમ્યક્ દર્શન પ્રગટાવવાની કામગીરી મહાવીરે કરી. મૌન વડે, તે હીન છે એમ નહીં માનીને, યુદ્ધ વિના

અને આક્ષેપ કર્યા વિના આ કામ મહાવીરે કર્યું. શું આપણે આ કરી ન શકીએ? આપણે કરી શકીએ એમ છીએ. આપણે તે નથી કરતા તેનું કારણ એ છે કે આપણી અંદર ગૌશલકપણું અને ગોવાળત્વપણું પ્રવર્તી રહ્યું છે. મહાવીર જેવી શક્તિ આપણામાં પણ છે પણ ગૌશલકપણું પડેલું છે તેથી થઈ શકતું નથી. પ્રભુનું એક વાક્ય છેઃ તને કોઈ દુઃખી કરી શકતું નથી. મારે દુઃખી થવું નથી તો હું દુઃખી થતો નથી. આપણે સુખ કે દુઃખ માટે બીજાને જવાબદાર ગણીએ છીએ. બીજા બદલાશે એ જોવામાં આપણે આખો જન્મ વેડફી નાંખીએ છીએ. આપણે શરીરના સુખો માટે પ્રપંચ કરીએ છીએ પણ શરીર સાથે આવવાનું નથી. આમ છતાં આપણે રોકાતા નથી કે રોકાવું નથી? તેનો જવાબ આપણે આપવો છે. કોઈ બનાવ કર્મની ઉત્પત્તિ નથી પણ તેના પ્રત્યે પ્રતિભાવ આપવાનું આપણા હાથમાં છે. તે બનાવ પ્રત્યે ક્રોધ કરવો કે પછી સમ્યક્‌ભાવ રાખવો એ આપણા હાથમાં છે. આપણે ફક્ત લેવાની વૃત્તિ ધરાવીએ છીએ. પર્યાવરણ આપણને ઘણું આપે છે. એકાંતે લે તે ક્ષુદ્ર અને આપીને લે તે વણિક છે. ક્ષત્રિય માત્ર આપે છે એકાંતમાં. તેમ આપણાં તીર્થંકરો ક્ષત્રિય કુળના જન્મ્યા છે. આપણાં દુઃખો દૂર થાય એ માટે પ્રભુએ મરણાંત ઉપસર્ગો સહન કર્યા છે. તેમની કરુણા અપાર છે. તેમની દેશનાથી આપણું દારિદ્રય દૂર થયું છે. પ્રભુએ સમવસરણમાં દેશના આપી હતી. આપણે કેવી રીતે સમવસરણ બની શકીએ? આપણે સર્વને આપણા હૃદયમાં સ્થાન આપીને સ્વીકાર કરવો. એ રીતે આપણે સમવસરણ બની શકીએ. બધાને અભય આપો અને કહો હું તમારી પડખે ઊભો રહીશ. આપણે આપણાં દેહમાં સમવસરણ સર્જી શકીએ. આપણા માટે આ આવશ્યક છે તો તેમાં પ્રભુ આવીને બિરાજમાન થશે.

x x x

**જગતમાં માત્ર જૈનદર્શન જ સાધકને કહે છે હું છું તે તું થા**

પ્રસિદ્ધ ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈએ 'સાત ક્રોધની સમજ, આઠ ક્ષમાની ઓળખ' વિશે જણાવ્યું હતું કે કેટલાક લોકોએ જૈન વિશ્વકોશ બનાવવાનો વિચાર કર્યો છે. ૫૦૦ પૃષ્ઠોનો એક એવા દશ ગ્રંથો બનાવીએ તો પણ તેમાં સાર સમાવી ન શકાય. આપણા ધર્મની વિરાસત, ભવ્યતા, ભાવના, વિચાર અને તીર્થંકરો અજોડ છે એમ ઊંડા ઉતરતા સમજાય છે. આ બે કાંઠે ઉછળતી ગંગાની ગંગોત્રી કઈ? તે છે 'અપાસ્સો પરમાપ્પા'. અર્થાત્ તારો આત્મા જ પરમાત્મા છે. વિશ્વના ધર્મોમાં કહેવાયું છે કે તું મારો શિષ્ય, અનુયાયી, મિત્ર, પ્રિયતમ અને પ્રિયજન થા. માત્ર જૈન દર્શનમાં કહેવાયું છે કે હું છું એ જ તું થા. ભગવાન મહાવીર કહે છે તું મારે શરણે આવ એમ નહીં પણ તું ધર્મને શરણે જા. સંવત્સરીના દિવસે આપણે પહેલાં આત્માની માફી માગવી જોઈએ. પછી બીજાની માફી માગવી જોઈએ. આત્મશક્તિની તાકાત અદ્‌ભુત છે. આપણે આત્મા સુધી પહોંચવાને બદલે માત્ર અશક્તિઓ સુધી પહોંચી ગયા. જે પ્રકારે ગોટલીમાં વૃક્ષ હોય છે એ રીતે આત્મામાં પરમાત્મા સંતાયેલો છે. એ સંદેશ યાદ કરવો જોઈએ. આપણે આત્માને કર્મરસથી મલિન, કશાયોથી ઘેરાયેલો અને દોષથી ભરેલો બનાવી દીધો છે. આપણે શાંતિ માટે બહારથી યાચના કરીએ છીએ. સમૃદ્ધિ પ્રમોશન માટે ભીખ માંગીએ છીએ. સાચી શાંતિ અને પવિત્રતા આપણામાં છે. તેને પ્રગટ કરવી જોઈએ. આટલી શક્તિ અને સામર્થ્ય હોવા છતાં આપણે કર્મના થપેડાં આત્મા ઉપર કરીએ છીએ. આત્માની શક્તિ જાગૃત થાય ત્યારે આપણે જેને વેરઝેર કહીએ છીએ તેનું અસ્તિત્વ રહેતું નથી. સાત દિવસ સાધના અને આઠમો દિવસ સિદ્ધિનો છે. આ શિખર છે. સંવત્સરીના દિવસે વિચાર કરો કે કર્મોના થપેડા કર્યા હવે પછી મારું જીવન આત્માની ક્ષમા માંગીને આગળ વધશે. જીવદયા અને ક્ષમા એ આપણા સ્વભાવમાં જ હોવી જોઈએ. તમે મને અને હું તમને ક્ષમા આપું. આ બાબત ક્ષમાની લેવડદેવડની બની ન જાય એ જરૂરી છે. વર્તમાન સમયમાં માણસે એકાંત અને ધૈર્ય કે સહિષ્ણુતા ગુમાવી છે. ઘરના વ્યવહારોનો વિચાર કરશો તો આ સત્ય સમજાશે. પિતા અને પુત્ર વચ્ચે ખાઈ વધી છે. અગાઉ સાસુ અપેક્ષા રાખતી કે વહુ ઘરનું કામ સંભાળે. હવે પરિસ્થિતિ વિપરિત હોય છે. જૈન ધર્મમાં ક્રોધ વિશે ઘણું ચિંતન છે. લોભ માત્ર આપણને અસર કરે છે. પણ ક્રોધ સામી વ્યક્તિ અને આખા વાતાવરણને અસર કરે છે. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ અબ્રાહમ લિંકનની પત્ની કર્કશા સ્ત્રી હતી. તેથી તેઓ કોઈને ઘરે બોલાવતા નહીં. એક વકીલ તેમના ઘરે આવ્યા ત્યારે તેમની પત્નીએ ભારે ક્રોધ કર્યો. પછી લિંકને તે વ્યક્તિને કહ્યું કે મારી પત્નીને મારા ઉપર ગુસ્સો કરવામાં ભારે આનંદ આવે છે. તેના આનંદમાં જ મારો આનંદ સમાયેલો છે. તેના આ સ્વભાવને સારી રીતે ઓળખું છું. ક્રોધનું પહેલું અને મુખ્ય કારણ દોષ છે. બીજું કામ માણસને ઘેલો બનાવે છે. ક્રોધ માણસને અંધ બનાવે છે. હું ક્રોધમાં ઘડિયાળ ફેંકી દઉં તો બીજી વાર મને કોઈ નહીં બોલાવે. ત્રીજું બીજાને કલેશ થાય એવી જગ્યાએ રહેવું નહીં. આ એક સંકલ્પ મોટું પરિવર્તન કરે છે. માટે બીજાને કલેશ થાય એવી જગ્યાએ રહેવું નહીં એવો સંકલ્પ મહાવીર ભગવાને કર્યો હતો. તેમણે વેરાન અને અવાવરુ જગ્યામાં રહેવાનું શરૂ કર્યું. તેમણે વૈશાલીમાં આવ્યા પછી લુહારના ઘરમાં રહેવાનું શરૂ કર્યું. તે લુહારને જાણ થતાં તેમણે મહાવીરને મારવા ક્રોધથી ઘણ ઉગામ્યું. તે તેને પોતાને જ વાગ્યું અને તે મૃત્યુ પામ્યો. ક્રોધ પોતાને મારનારી

**હૈયાનો હોંકારો**

જયારે તમે એક કામમાં સંપૂર્ણ તન્મય અને તદાકાર થાવ છો ત્યારે તે કામ તમારી સાથે હૈયું ખોલીને વાત કરે છે. તમને તે કામમાં આગળ આગળ વધવાની સૂઝ પણ પડતી જાય છે. વચ્ચે વચ્ચે તમારા કામનો તમને અંદરથી હોંકારો ય મળતો રહે છે. ક્યારેક તો કોઈ કામ સુંદર રીતે પાર ઉતરે ત્યારે અંદરથી શાબાશી પણ મળતી રહે છે.

વસ્તુ છે. ક્રોધ કોઈપણ પરિણામ પ્રત્યે અંધ બનાવે છે. ચોથું ક્રોધ અંગત પતન કરે છે. ભગવાન મહાવીર ઉત્તર આંચલા તરફ જતા હતા ત્યારે તેમને ખબર પડી હતી કે અહીં કનખલ્લ આશ્રમમાં ચંદ્રકૌશિક રહેતો હતો. તેની દૃષ્ટિમાં વિષ હતું. તે પૂર્વજન્મમાં ઉગ્ર તપસ્વી સાધુ હતા. ક્રોધમાં તે પોતાના શિષ્યને મારવા ગયા ત્યારે થાંભલા સાથે અથડાઈને માર્યા ગયા. થોડા જન્મ પછી તેઓ ૫૦૦ તાપસના સ્વામી બન્યા. તેઓ આશ્રમના વૃક્ષો પરથી ફળ તોડતા રાજકુમારને મારવા ક્રોધમાં દોડે છે ત્યાં ખાડામાં પડવાથી મૃત્યુ પામે છે. તેનો ગુસ્સો એટલો વધ્યો કે દૃષ્ટિવિષ સાપ તરીકે જન્મ્યા હતા. મહાવીર સ્વામીને મારવાનો પ્રયત્ન કર્યો. ક્રોધ આપણું પતન કરાવે છે. પાંચમું આપણે ટાઈમ મેનેજમેન્ટની જેમ એન્ગર (ક્રોધ) મેનેજમેન્ટ કરવાની જરૂર છે. ગૃહ જીવનમાં માણસે ક્રોધની મેનેજમેન્ટ કરવાની જરૂર છે. છઠ્ઠું કારણ ક્રોધ છે. ચંદ્રરુદ્રાચાર્ય શિષ્યોના ખભે બેસે છે. તે સહેજ હિલચાલ કરે એટલે તે ઉપરથી જોરથી દંડ ફટકારે છે. પછી તેમને ખબર પડી કે તે શિષ્ય અંધારામાં જોઈ શકે છે. તે કેવળજ્ઞાની છે. તેથી ચંદ્રરુદ્રાચાર્ય શિષ્યોના પગે પડે છે. સાતમું એ કે ક્રોધ મનમાં અનિષ્ટભાવ જગાડે છે અને તે જીવહત્યા કરવા પ્રેરે છે. ક્રોધથી અનિષ્ઠભાવ જાગે છે. ક્ષમાના આઠ પ્રકાર છે. ક્ષમાથી પોતાના આત્મા સુધી પહોંચી શકીએ છીએ. પહેલું ક્ષમાનું પહેલું અજવાળું એ છે કે આપણે આજની પરિસ્થિતિમાં ઊભા રહીએ ત્યારે આત્માની દિવાળી આવશે. બીજું, બહારની દુનિયાના દરવાજા બંધ કરીને અંદરના દરવાજા ખોલવા. તેનો નવો વિચાર છે કે રેડીકલ ફરગિવનેસ. વિશ્વમાં તેના વિશે કાર્યશાળા ચાલે છે. ભૂતકાળના તમામ બોજામાંથી મુક્ત થાવ. જેના પ્રત્યે સહેજ કટુતા દેખાડી હોય તેની ક્ષમા માંગો. ત્રીજી બાબત એ છે કે સંબંધોની શુદ્ધિ. તેનાથી પતિ-પત્ની કે મિત્રો વચ્ચેના સંબંધો સુધરે છે. કોઈકને દુભવ્યા હોય તો તેની પાસે જઈને ક્ષમા માગવાથી કટુતા દૂર થાય છે. મનની ગાંઠને મારવાનું ઔષધ ક્ષમાપના છે. ચોથું ક્ષમા માગવાથી અહંકાર ઓછો થાય અને વિનય વધે. જીવન પ્રવૃત્તિના બધા ગુણ ક્ષમા પર આધારિત છે. પાંચમું ક્ષમાપના એ આંતરસમૃદ્ધિનો માપદંડ છે. ક્ષમા ન હોય તો અનુષ્ઠાન, તપ અને વ્રત નકામા છે. છઠ્ઠું ક્ષમા એ મૈત્રીનું અજવાળું છે. તેનો પ્રારંભ ક્યાંથી થાય? પહેલાં નજીકનાઓની, પછી સંબંધીઓની, મિત્રોની અને સમાજની ક્ષમા માંગવી જોઈએ. જૈન ધર્મ તેથી આગળ પ્રાણીઓની અને વનસ્પતિની ક્ષમા માંગવાનું કહે છે. પાંદડું તોડ્યું હોય તો તે બદલ. સાતમું અજવાળું સમતાનું છે. તેનાથી વેર અને ક્રોધ રહે નહીં. તેનાથી પ્રેમનો પાર્દુભાવ થાય અને પરમશાંતિ મળે. આઠમું અજવાળું એ છે કે ભગવાન મહાવીરના પટ્ટ શિષ્ય ગૌતમે પુછ્યું કે પ્રભુ તમે વારંવાર ક્ષમાની વાત કેમ કરો છો? ભગવાને કહ્યું કે ક્ષમા કરવાથી હૃદયમાં વિશેષ પ્રકારનો આહ્લાદ જાગે છે અને પ્રસન્નતા જાગે છે. ગૌતમે પુછ્યું કે પ્રસન્નતાથી શું થાય? ભગવાને ઉત્તર આપ્યો કે તેનાથી સર્વજીવો પ્રત્યે મૈત્રી જાગે તેથી નિર્ભયતા આવે અને પ્રસન્નતા આવે. આ આઠમું અજવાળું છે. સંવત્સરીના અનુપમ દિવસે ભવોભવતારિણી અમૃતનો પ્યાલો પીએ. આપણાં હૃદયમાં ક્ષમાનું આકાશ જાગે.

**(સંપૂર્ણ)**

(પર્યુષણપર્વના આઠ દિવસના ૧૬ વ્યાખ્યાનો અને ભક્તિ સંગીતની સી. ડી. જીજ્ઞાસુ ભાગ્યશાળીઓ સંસ્થાના કાર્યાલયમાંથી વિના મૂલ્યે મેળવી શકે છે. સ્ટોકમાં હશે ત્યાં સુધી મળી શકશે. આ સર્વ સી. ડી. વ્યાખ્યાનમાળા સમયે પ્રત્યેક શ્રોતાજનોને પ્રભાવના સ્વરૂપે **જ્વેલેક્ષ ફાઉન્ડેશન-મુંબઈ તરફથી અર્પણ કરવામાં આવી હતી.** સૌજન્યદાતાના અમે આભારી છીએ.)

## પાકિસ્તાનમાં જૈન ધર્મ

પાકિસ્તાનના મ્યુઝિયમમાં મહાવીરની બીજી અને ત્રીજી સદીની મૂર્તિઓ પણ રાખેલી છે. એક આખું સેક્શન જૈન ધર્મને લગતું છે જેમાં પાકિસ્તાનના જૈન મંદિરોમાંથી મળી આવેલી જૂની-ભગવાન મહાવીર, ઋષભદેવની મૂર્તિઓને અહીં મૂકવામાં આવી છે. આખું સેક્શન અહીં જૈનીઝમ માટે રાખવામાં આવ્યું છે.

પાકિસ્તાનના દેરાવરના જૈન શ્વેતામ્બર દાદાવરી દેરાસરમાં જૈન ગુરુ જિન કુશલસૂરિજીની સમાધિ છે. હૈદ્રાબાદના જૈન શ્વેતાંબર દેરાસરમાં પથ્થર ઉપર પગની છાપ છે. મુલતાનના જૈન દિગંબર દેરાસરની મૂર્તિને જયપુરમાં સ્થાપિત કરવામાં આવી છે. લાહોરથી ૧૫૦ કિ.મી. દૂર ભેરામાં શ્વેતામ્બર દેરાસરમાં ૫૦૦ વર્ષ જૂની ચંદ્ર પ્રભુ ભગવાનની મૂર્તિ છે. ગુજરાનવાલાના દેરાસરમાં જે મૂર્તિ હતી તે હવે લાહોરના મ્યુઝિયમમાં મુકવામાં આવી છે.

ભાગલા અગાઉ અસંખ્ય જૈન પરિવાર પાકિસ્તાનમાં રહેતા હતા પરંતુ હાલમાં એક પણ જૈન પરિવાર અહીં નથી. લાહોરના ખાનકાડોગરામાં ૧૯૨૬માં જૈન દેરાસર બનાવવામાં આવ્યું હતું. અહીં ધર્મશાળા અને બોર્ડીંગ સ્કૂલ પણ જૈન દેરાસરના પરિસરમાં ચાલતી હતી. પરંતુ ભાગલા બાદ ધીરે ધીરે જૈન દેરાસરના અવશેષો ખતમ થઈ ગયા.

સિંધના નગર પાટકર વિસ્તાર જે ભારતની સીમાથી માત્ર ૧૫ કિ.મી. દૂર છે ત્યાં આજે પણ જૈન મંદિરના અવશેષ છે. ૧૯૯૭માં અહીં દેરાસર બનાવવામાં આવ્યું હતું અહીં નજીકમાં અન્ય બે જૈન મંદિર છે. જે ૧૩૭૫ અને ૧૪૪૯માં બનેલાં છે. નગર પાટકર કચ્છની સીમાની નજીક છે. અહીંની સંસ્કૃતિ અને મહિલાઓનો પોશાક કચ્છની મહિલાઓ જેવો જ છે.

**□ પ્રીતિ સોમપુરા**

સૌજન્ય : 'ગુજરાત સમાચાર'

# રે પંખીડાં, અનંતાકાશે વિહરજો!

❑ મીરા ભટ્ટ

'પ્રબુદ્ધ જીવન'માં 'રે પંખીડાં સુખથી ચણજો' શીર્ષક હેઠળ ચર્ચા ચાલી રહી છે, એના અનુસંધાને થોડુંક વ્યક્ત ચિંતન રજૂ કરું છું. મુખ્ય બે પરિસ્થિતિ છે. 'વૃદ્ધાવસ્થા' અને 'એકલતા'. જીવનમાં જેટલું મરણ નિશ્ચિત છે એટલી જ નિશ્ચિત આ એકલતાની અવસ્થા ન પણ હોય, તો ય મોટા ભાગના કિસ્સાઓમાં દંપતી માટે સહજીવન છે, પરંતુ 'સહમરણ' નથી. બેમાંથી એકે તો એકલા પડવાનું જ.

આ એકલતા કોઈની માંગી લીધેલી નથી. પ્રારબ્ધ-કર્મને કારણે, નિયતિએ ઋણાનુબંધ પૂરાં થતાં આ નિર્ણય લીધો છે. હવે સહવાસ-સહજીવન પૂરું થયું, હવે એકલવાસ, એકાકિતા આવી પડે ત્યારે એને કેવી રીતે આવકારવી એ પ્રત્યેક વ્યક્તિના વલણ–વિચાર ઉપર આધાર રાખે છે. પરંતુ જો આપણને 'ઈશ્વરની ઈચ્છા'ની વાત પર સહેજ પણ શ્રદ્ધા હોય તો એણે જ નિર્મેલી આ અવસ્થાને પૂરા હૃદયપૂર્વક આવકારી, આફતને અવસરમાં પલટવી જોઈએ.

સહજ રીતે જ્યાંસુધી સાથે હતા ત્યારે પૂરેપૂરા હૃદયપૂર્વક, પ્રેમપૂર્વક સાથે જીવ્યાં, જીવનમાં સંયોગપર્વ ઉજવ્યું. હવે પરિસ્થિતિ બદલાઈ, 'વિયોગપર્વ' આવીને ઊભું રહ્યું છે, તો અને પણ જીવી જવાની કોઈ નવી કળા સાધવાની છે. નવેસરથી જીવનના નવા પાઠ ભણવાના છે. નવી ભાષાના નવા કક્કો-બારાખડી શીખવાના છે એમ સ્વીકારી નિયતિના આ નિર્ધારને માથે ચઢાવવાનો છે.

જીવનમાં જ્યારે સંયોગ હતો ત્યારે સદેહે સગુણ-સાકાર સહજીવન જીવ્યાં. એકની દેહમુક્તિ બાદ નિર્ગુણ-નિરાકાર, સાંનિધ્ય સ્થાપી શકાય? કોઈ એક તંતુ દ્વારા જે આપણને સદ્‌ગત સાથે જોડી રાખી શકે? કલાપીએ ગાયું – ''વ્હાલી બાળા, સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું!'' – જીવનભરના સંભારણાંને ફરી-ફરી જીવીને, એમાંથી નિપજેલી નિષ્પત્તિને દૃઢ કરતા રહેવી! અગાઉના સહજીવનમાં તો બે દેહ વચ્ચેનું અંતર પણ હતું. હવે વચ્ચેનો દેહ હટી ગયો તો પૂર્ણ એકાકાર થઈને સંપર્કતંતુ નિર્માણ કરી શકાય. મૃત્યુ પહેલાં જે હાથવગા હતા, તેને હવે 'હૈયાવગા' રાખવા.

મુખ્ય વાત તો એ છે કે આ આવી પડેલી નવી પરિસ્થિતિનો પણ લાભ ઊઠાવવો. એકલતાને સ્વતંત્રપણે જીવવી એ પણ જિંદગીની એક અનુપમ-અનન્ય અવસ્થા છે. એકલતાપણું અને એકાંત-એકાકીતા બંનેમાં ફરક છે. એકલવાયા થયા પછી 'એકાકીતા'ને પામવાની નવી સાધના કરવા માટે ઈશ્વરે આ વિયોગપર્વ સર્જ્યું છે.

આ થોડો સૂક્ષ્મ અભિગમ છે, પરંતુ ખેડવા જેવું ક્ષેત્ર છે. હકીકતમાં તો આ ક્ષેત્ર જીવનના આરંભે ખેડાવું જોઈએ. પરંતુ તેવું ન બન્યું તો ભલે જાગ્યા ત્યારથી સવાર! આ એકલતા, એકાકીતાના 'એક'ને જાણવો-સમજવો-પામવો. કોણ છે આ એક, ક્યાંથી આવ્યો? ક્યાં જવાનો? કોઈ અફાટ-અગાધ-અપાર સિંધુનું વિખૂટું પડેલું આ બિન્દુ – ક્યાં છે એના મૂળભૂત નામ-રૂપ અને ક્યું છે એનું અંતિમ ગંતવ્ય?

જ્યારે આ 'એક' પૂરેપૂરો સમજાય છે ત્યારે આ વાત પણ સમજાય છે કે એકમાંથી આગળ સરેલા જીવનબિન્દુને બે, ત્રણ કે ચારમાં થોભી જવાનું નથી, એને સર્વ સુધી, અસીમ સુધી નિરંતર વહેતા રહેવાનું છે. એકમાંથી બે થવાની પ્રયોગશાળામાં ચેતોવિસ્તારના પાઠ ભણી લીધા છે, હવે એ જ પાઠના આધારે સગુણ-સાકાર નહીં, પણ નિર્ગુણ-નિરાકાર ચેતનામાં પ્રવેશવાનું છે. સગુણ-સાકારની મુશ્કેલી એ છે કે એ પોતાની 'અસ્મિતા' સાથે રાખીને જીવનમાં પ્રવેશે છે, એટલે ફરી પાછા રાગ-દ્વેષ, કામ-ક્રોધ વગેરે દ્વંદ્વો સાથેનું યુદ્ધ સતત જીવવાનું આવે છે. પરંતુ આવા કોઈ ભયના કારણે નહીં, સાવ સ્વતંત્રપણે નિર્ગુણ-નિરાકાર ચેતોવિસ્તારના ક્ષેત્રને અપનાવવાનો છે. સ્થૂળમાં તો સગુણ-સાકાર એવો માત્ર વ્યાપક સમાજ જ રહેશે જેનામાં હવે વિસ્તરવાનું છે.

તદુપરાંત 'એકાંત' પોતે પીડા નથી. એકાંતનો પણ મહોત્સવ માણી શકાય છે. હકીકતમાં આ એકાંતમાં એકલવાયાપણું છે જ નહીં. એમાં તો 'એક'નો 'અંત' છે. બિંદુને ઓગાળી દઈ સિંધુમાં સમાઈ જવાની પ્રક્રિયા આ એકાંતવાસમાં કરવાની છે. મહાગુહાનો આ પ્રવેશ એટલા માટે છે કે આપણે અસીમ મહાસાગરમાં ભળી જઈ તદ્રૂપ થઈ શકીએ.

એકાંતવાસ એટલે ઓગળવા માટેનું તીર્થધામ. ઘીને કે મીણબત્તીને ઓગળવા માટે અગ્નિ-સ્પર્શ જોઈએ. આપણામાં રહેલા 'એક'ને આપણે ક્યો અગ્નિ-સ્પર્શ કરાવીશું? અહમ્‌ને નિઃશેષ કરવા જેટલી મહાત અને દુષ્કર બીજી કોઈ સાધના નથી. અહંવિલોપનની સાધનામાં જે તપશ્ચર્યા કરવી પડે છે, એ અગ્નિસ્પર્શ જ 'એક'ને મીટાવી 'અનંત' સુધી પહોંચવાનો માર્ગ ખોલી આપશે. પંખીડાં સુખથી સાથે ચણે, ગીતો ગાય એમાં જે આનંદ છે, એના કરતાં અનંતગણો વધારે આનંદ અનંત-અસીમ આકાશમાં વિહાર કરવાનો છે!

જીવન આગળ વધવા માટે છે, ઊંચે ચડવા માટે છે. બીજી કોઈ વ્યક્તિ સાથેનું સહજીવન છે પુનરાવર્તન છે, નૂતનાવર્તન નથી. જિંદગીનું કોઈ નવું દ્વાર ખૂલે, આરોહણ કરવા માટે કોઈ નવું ચઢાણ જડી જાય! ભલે ને ચઢાણ આકરાં હોય, તો પણ એ આપણને કોઈ સાવ નવા જ મુકામે પહોંચાડી શકશે.

આજકાલ પાશ્ચાત્ય જીવનશૈલીને અપનાવી પાછલી વયે પણ કોઈ નવા જીવનસાથીને શોધી વળી પાછો એક નવો લગ્ન-સમારંભ ઉજવવો

– આ બધાનો મને કોઈ વિરોધ નથી. પરંતુ આવું બધું કાંઈક સુરુચિભંગ કરતું અનુભવાય છે. વૃદ્ધાવસ્થા એટલે થોડીક સંવર્ધિત થઈને આગળ વધેલી અવસ્થા! તો એમાં પાછું એનું એ જ પુરાણું ચક્કર! જીવનમાં કશુંક ઉપર ઊડવાપણું ખરું કે નહીં? આપણે મનુષ્ય છીએ. માનવચેતના નિત્ય-નિરંતર નૂતનત્વને પામી શકે તેવી સમર્થશીલ ચેતના છે. મનુષ્યને ચેતોવિસ્તાર શોભે. એકની એક ચેતનામાં ચક્કર મારતાં રહેવાની વાત તો બિચારાં પશુ-પંખી માટે હોય! વિધાતા પોતે જ્યારે આપણા જીવનની કોઈ નવી દિશા ખોલી આપવા સક્રિય થઈ હોય ત્યારે એ નવાં બારણાં ખોલી, નવા પ્રદેશને ખેડવાને બદલે ફરી પાછા ઘાણીના બળદની જેમ એના એ જ ચક્ર મારતાં રહીએ એમાં શોભા નથી.

જ્યારે આપણા દીર્ઘ જીવનનો એક સાથી વિદાય લે છે ત્યારે એના દીર્ઘકાળના સાથ-સથવારાને યથાર્થ અંજલિ ત્યારે જ આપી શકાય, જ્યારે એના વિયોગમાં પણ સદાકાળ સાથે જ હોવાની અનુભૂતિ પ્રાપ્ત કરી શકાય. માત્ર શરીરથી સાથે રહેવું એ સાચું પરિપૂર્ણ સાંનિધ્ય નથી. આત્માનું આત્મા સાથેનું મિલન એ જ સાચી પ્રેમદીક્ષા છે! આપણે સૌ પ્રેમપંથના યાત્રિક બનીએ અને દેહથી ઉપર ઊઠતા અવ્યક્ત, અપ્રગટ પ્રેમના નવા તીર્થોને પામીએ!

✷ ✷ ✷

૭૩, રાજસ્થંભ સોસાયટી, પોલો ગ્રાઉન્ડ પાસે, રાજમહલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧.

## જૈન ધર્મ કી પ્રાચીનતા ઔર સ્વતંત્રતા કે વિષય મેં વિભિન્ન ન્યાયાલયોં કે નિર્ણય

જૈન ધર્મ કી પ્રાચીનતા ઔર સ્વતંત્રતા કે વિષય મેં સમય-સમય પર અદાલતોં મેં પેશ કિએ ગએ દેશ કી ઉચ્ચતમ એવં પ્રદેશો કી ઉચ્ચ ન્યાયાલયોં કે ન્યાયાધીશોં ને નિષ્પક્ષ હોકર જૈનધર્મ કે બારે મેં અપને સટીક નિર્ણય પ્રસ્તુત કિએ થે ઉનકી સંક્ષિપ્ત જાનકારી યહાં દી જા રહી હે.

૧૯૨૭-મદ્રાસ ઉચ્ચ ન્યાયાલય દ્વારા ઈ. સ.૧૯૨૭ મદ્રાસ ૨૨૮ મુકદમે કે નિર્ણય મેં 'જૈન ધર્મ કો સ્વતંત્ર, પ્રાચીન વ ઈસા સે હજારોં વર્ષ પૂર્વ કા માના.'

૧૯૩૯-બમ્બઈ ઉચ્ચ ન્યાયાલય ને બમ્બઈ ૩૭૭ મુકદમે કે નિર્ણય મેં કહા કિ 'જૈનધર્મ વેદોં કો સ્વીકાર નહીં કરતા હૈ, શ્રાદ્ધોં કો નહીં માનતા હૈ વ અનુસંધાન બતાતે હૈ કિ ભારત મેં જૈનધર્મ બ્રાહ્મણ ધર્મ સે પહલ થા.'

બમ્બઈ સરકાર નં. ૧૯ અગસ્ત, ૧૯૪૮ કી અપની અધિસૂચના મેં ઇસ તથ્ય કો સ્વીકાર કિયા કિ 'યદ્યપિ જૈનોં પર હિન્દુ લૉ લાગૂ હૈ પરન્તુ જૈનોં કો હિન્દુઓં કે રૂપ મેં વર્ણિત નહીં કિયા સકતા.'

૧૯૫૧-બમ્બઈ હાઈ કોર્ટ કે મુખ્ય ન્યાયાધીશ એમ. સી. ચાગલા ઔર ન્યાયમૂર્તિ ગજેન્દ્ર ગડકર ને યાચિકા ક્રમાંક ૯૧/૧૯૫૧ પર યહ નિર્ણય દિયા કિ 'હરિજનોં કો જૈનોં કે મંદિરોં મેં પ્રવેશ કરને કા કોઈ અધિકાર નહીં હૈ ક્યોંકિ વે હિન્દુ મંદિર નહીં હૈ. યહ વિદિત હૈ કિ જૈન હિન્દુઓં સે ભિન્ન મતાવલમ્બી હૈં.'

૧૯૫૪-ઉચ્ચતમ ન્યાયાલય ને ઈ.સ. ૧૯૫૪ SC ૨૮૨ કે નિર્ણય મેં માના કિ 'ભારત મેં જૈન ધર્મ વ બૌદ્ધ અપની પહચાન રખતે હૈં વ વૈદિક ધર્મ સે ભિન્ન હૈ.'

૧૯૫૮-ઉચ્ચતમ ન્યાયાલય ને કેરલ શિક્ષા બિલ મામલે મેં કહા કિ 'જૈન સમાજ અલ્પસંખ્યકતા પ્રાપ્ત કરને કે લિએ ઉપયુક્ત હૈ.'

૧૯૬૩-ઉચ્ચતમ ન્યાયાલય ને ૬૪૩ કે નિર્ણય મેં કહા થા કિ હિન્દૂ, મુસ્લિમ, ઈસાઈ વ જૈનોં મેં બ્રાહ્મણ, બનિયા વ કાયસ્થ સમુદાય કે અલાવા સભી સમુદાયોં કો સામાજિક વ શૈક્ષિક રૂપ સે પિછડે માના ગયા હૈ.

૧૯૬૮- કલકત્તા ઉચ્ચ ન્યાયાલય ને એવં ૧૯૬૮ કલકત્તા ૭૪ કે નિર્ણય મેં કહા કિ જૈન હિન્દુ નહીં હૈં કેવલ ઉનક ફૈસલે હિન્દૂ લૉ કે અનુસાર કિએ જાતે હૈં.

૧૯૬૮- કલકત્તા ઉચ્ચ ન્યાયાલય ને ૭૪ (૧૪) કે નિર્ણય મેં 'જૈનોં કો હિન્દુ નહીં માના.'

૧૯૭૫- કલકત્તા ઉચ્ચ ન્યાયાલય ને ઈ.સ. ૧૯૭૫ એવં ૯૬ કે નિર્ણય મેં 'જૈનોં કો દિલ્લી મેં અપને શિક્ષણ સંસ્થાનોં કા પ્રબંધન કરને કા નિર્ણય દિયા થા.'

૧૯૭૬- દિલ્લી ઉચ્ચ ન્યાયાલય ને ઈ.સ. ૧૯૭૬ દિલ્લી ૨૦૭ કે નિર્ણય મેં કહા થા 'સંવિધાન કા અનુચ્છેદ' ૨૫ જૈનોં કો સ્વતંત્ર રૂપ સે માનતા હૈ જો કિ સર્વોચ્ચ નિયમ હૈ..

૧૯૯૩- ઉચ્ચતમ ન્યાયાલય ને બાબરી મસ્જિદ મુકદમે કે નિર્ણય મેં (૧૯૯૩, ૧૯૫૪) 'જૈન ધર્મ કો અન્ય અલ્પસંખ્યક ધર્મ કી તરહ હિન્દુધર્મ સે ભિન્ન માના થા.'

૧૯૯૫-ઉચ્ચ ન્યાયાલય ને ઈ.સ.૧૯૭૫ SC ૨૦૮૯ કે નિર્ણય મેં માના થા કિ 'ભારત મેં બૌદ્ધ વ જૈન ધર્મ જાને પહચાને ધર્મ જો હૈ ઈશ્વર કે હોને મેં વિશ્વાસ નહીં રખતે.'

૨૦૦૩-ઉચ્ચતમ ન્યાયાલય ને ઈ.સ.૨૦૦૩ SC ૭૨૪ મેં કહા કિ 'રાષ્ટ્રીય ગાન મેં જૈનોં કો પૃથક રૂપ સે દિખાયા જાતા હૈ.

૨૦૦૬-ભારતીય સર્વોચ્ચ ન્યાયાલય કે ન્યાયમૂર્તિ શ્રી એસ. બી. સિન્હા ઔર શ્રી જલબીર ભંડારી કી ખંડપીઠ ને અપને એક ફૈસલે મેં કહા કિ 'યહ અવિવાદિત તથ્ય હૈ કિ જૈનધર્મ હિન્દૂધર્મ કા હિસ્સા નહીં હૈ. (દૈનિક હિન્દુસ્તાન નઈ દિલ્લી ૨૪-૦૮-૨૦૦૬)

✷ ✷ ✷

**સૌજન્ય : 'જૈન તીર્થ વંદના'**

# જાત્રા બહારથી આંતરીય

❑ ઉષા રાજીવ પરીખ

ત્રણ ધર્મના સુંદર અપ્રતિમ અને અદ્‌ભુત યાત્રાના સ્થળોના દર્શનનો સુભગ ત્રિવેણી સંગમનો મારો પ્રવાસ મારા મનને ઝંકૃત કરી ગયો.

મુંબઈથી જતાં તે હું કહેતી કે ખાસ તો હું નવા ત્રણ સુંદર સ્થળો જોવા જ જાઉં છું–જાત્રાએ નહીં. 'જાત્રા' શબ્દ સાથે ધર્મ તરફની શ્રદ્ધા અને ભાવ જોડાયેલા છે એનો મને સાક્ષાત્ અનુભવ થઈ ગયો અને મારી દૃષ્ટિ જ બદલાઈ ગઈ.

દિલ્હીમાં સ્વામિનારાયણનું 'અક્ષરધામ', અમૃતસરનું 'સુવર્ણ મંદિર' અને હસ્તિનાપુરનું 'જંબુદ્વીપ', હિંદુ, શીખ અને જૈન ધર્મના આ સુંદર સ્થાપત્યોએ અંતરની લાગણીઓને સાત્ત્વિકતાથી ભરી દીધી અને મારું હૃદય એક અનેરી સાત્ત્વિક આનંદની લહેરખીઓથી પુલકિત થઈ ગયું.

વિજ્ઞાન, ધર્મ અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન (Technology) નો સુંદર સુભગ સમન્વય એટલે દિલ્હીનું 'અક્ષરધામ'. અતિ વિશાળ એવા પરિસરમાં ભવ્યતાથી ઉભરતું સ્થાપત્યનું અપ્રતિમ સૌંદર્ય, પથ્થરને જાણે એક નવું જ રૂપ આપીને તમારું મન મોહી લે. પથ્થરમાં કરેલી કોતરણી જાણે નાજુક જાજમની ડિઝાઈન ન હોય! પથ્થરને કોમળતા, મુલાયમતાનો સ્પર્શ કરાવ્યો હોય એવું લાગે. મારી તો આંગળીઓ એનો સ્પર્શ કરવા જાણે અધીરી થઈ ગઈ હતી. મંદિરની ચારે તરફ પથ્થરમાં કોતરેલા ૧૪૮ હાથીઓ અને તેમાં વર્ણવેલી કથા એક અદ્‌ભુત દૃષ્ય સર્જે છે. દરેક હાથી બીજાથી જુદો જ અને તેઓની રચના એવી રીતે કરેલી છે જાણે ભગવાનનો જાપ જપવાની માળા જ જોઈ લો. અંદરના ભાગમાં ભગવાન સ્વામિનારાયણની ભવ્ય મૂર્તિ જાણે આપણી સાથે વાત કરતી હોય એવી મુદ્રામાં બિરાજમાન છે.

આ સ્થળે જુદા જુદા ત્રણ પ્રદર્શન હૉલ છે. એક નૌકાવિહાર હૉલની તો વાત જ અનોખી છે. નૌકામાં બેસીને પ્રાચીન ભારતમાં થઈ ગયેલા વૈજ્ઞાનિકો, ડૉક્ટરો, સાહિત્યકારો, વ્યાકરણશાસ્ત્રીઓ, આપણી કલા, સંગીત, નૃત્ય વગેરેનો જે વિકાસ થયો હતો તે જોવાનું. ૧૦૦૦ વર્ષનો ભારતીય ઇતિહાસ મનુષ્યકદની સુંદર મૂર્તિઓ દ્વારા આપણા ભવ્ય વારસા તથા સંસ્કૃતિની ઝાંખી કરાવે છે. આ પ્રદર્શન અદ્‌ભુત છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ જેમનું નામ નીલકંઠ હતું તેમની જીવનગાથા જે ફિલ્મ દ્વારા દર્શાવી છે તે જોતાં એમ લાગે કે પ્રભુનો સાક્ષાત્કાર કરવા માટે કેવી કેવી મુશ્કેલીઓ પાર કરીને એ અપાર ઉત્કંઠા પ્રભુ સમીપે પહોંચાડે છે. હિંમત, હામ અને શ્રદ્ધા હોય તો બધું જ શક્ય છે એવો સંદેશ એમનું જીવન આપે છે. જીવનમાં ભયને કદી સ્થાન ન આપો અને પ્રભુ પ્રત્યેની અસીમ શ્રદ્ધાને વળગી રહો તો પ્રભુ મળે જ મળે. આ મંદિર સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે. સમસ્ત પૃથ્વી પર આવેલા સ્વામિનારાયણના જેટલા અક્ષરધામો છે તેમાં આ સૌથી મોટું મંદિર છે. ગીનીસ બુક ઑફ વર્લ્ડમાં આનો ઉલ્લેખ છે. અસંખ્ય લોકોની આવનજાવન હોવા છતાં ક્યાંય ધમાલ, શોર જોવા ન મળે. સ્વચ્છતા તો ઊડીને આંખે વળગે. સાચું જ કહ્યું છે કે જ્યાં સ્વચ્છતા, ત્યાં પ્રભુનો વાસ. અત્રે ન ઘોંઘાટ, ન રઘવાટ, ન હલ્લાદુલ્લા – બસ પરમ શાંતિનો વાસ અને અનુભવ.

આવેલા દર્શનાર્થીઓ માટે ઠેકઠેકાણે કેન્ટીન–જ્યાં સ્વચ્છ પરિસરમાં સ્વાદિષ્ટ નાસ્તો તથા ભોજન પણ મળે. બધું જ વ્યવસ્થિત. અત્રે સ્કૂલના બાળકો પર્યટન અર્થે પણ આવતા હોય છે. પ્રભુના સાન્નિધ્યમાં મોજથી બાળકો નિર્દોષ આનંદ મેળવતા જણાય. આવા સુંદર પવિત્રધામના દર્શન કરીને અમે તો ભાવવિભોર થઈ ગયા અને વિચાર આવ્યો કે મુંબઈમાં જો આવું મંદિર હોય તો તો અવારનવાર આવો લ્હાવો લઈએ.

દિલ્હીથી અમૃતસર શીખોના સુવર્ણ મંદિરના દર્શને પહોંચ્યા તો થયું કે પ્રભુ આવા સુંદર સ્થળે જ વાસ કરી શકે. મંદિરના શુભ્ર સંગેમરમરના પગથિયાં ચઢીને જ્યાં સામે નજર કરી તો જાણે સુંદર સરોવરમાં સફેદ કમળ ન ઉગ્યું હોય! સુવર્ણ મંદિર તો એના શુભ્ર અને સોનેરી બે રંગમાં ભવ્યાતિભવ્ય લાગતું હતું. એના દર્શન માત્રથી જાણે તમે અખિલ બ્રહ્માંડમાં પ્રભુ સાથે એક અનન્ય રિશ્તાથી જોડાયા હોય એવી લાગણીનો અનુભવ થયો. શાંત સરોવરના જળમાં સ્થિત આ મંદિર જરૂર તમારા ડહોળાયેલા મનને શાંત કરી દે છે. મનમાંથી કોઈ અગમ્ય લાગણીનો અનુભવ થઈ રહ્યો હતો. આવા સુંદર, નિરવ, નિર્મળ પરિસરને નજરમાં સમાવતાં લાગ્યું કે પ્રભુનો વાસ અહીં જ હોઈ શકે. તમે કયા ધર્મમાં માનો છે તે તદ્દન ગૌણ બની રહે અને તમે કોઈ ઈશ્વરીય તત્ત્વ સાથે તાદાત્મ્ય અનુભવી શકો. ન કોઈ અવાજ, ન કોઈ ધાંધલ. બસ સુંદર, મધુર શાંત સ્વરમાં ગુરુવાણી વહેતી હોય જે તમારા હૃદયને સ્પર્શી જાય. ભાષાની જરૂર નહીં, શબ્દો ન સમજાય પણ હૃદયને તો જરૂર સ્પર્શી જાય. અસંખ્ય લોકો હોય પરંતુ કોઈ ધક્કામુક્કી નહીં, ન ઘોંઘાટ, ન ઉતાવળ! જાણે બધું જ નિયમ પ્રમાણે સુયોજિત. નાના, મોટા, વડીલ બધા જ અહીં આવીને શાંતિનો અનુભવ ન કરતા હોય! અનેક લોકો દર્શન કરવાની ઉત્સુકતા લઈને પોતાનો નંબર ક્યારે આવે તેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય; પરંતુ ક્યાંય અધિરાઈ, ઉકળાટ કે અવાજ નહીં. બાળકો પણ શાંતિથી ઊભા હોય.

મંદિરના પરિસરમાં દર્શનાર્થીઓ માટે લંગરની (જમવાનું સ્થળ) સુંદર વ્યવસ્થા છે જ્યાં અનેક લોકો સાથે, ભોજન કરી શકે. આ સુંદર ગુરુદ્વારા 'હરમીન્દર સાહેબ' તરીકે ઓળખાય છે. સોળમી સદીમાં

શીખોના પાંચમા ગુરુ અર્જુને એને બંધાવ્યું. ત્યારબાદ એમાં ઘણું બધું બાંધકામ થયું છે. ચારે દિશાના ભવ્ય દરવાજા એવો સંદેશો આપે છે કે અત્રે સર્વેને દાખલ થવાની છૂટ છે. અત્રે ન ધર્મ, ન જાતિ, ન ઉંચ-નીચ કોઈ બંધન નથી. ફક્ત એટલું કે માથું ઢાંકેલું જોઈએ.

અમૃતસર જઈએ અને વાઘા બૉર્ડર ન જોઈએ તો કેમ ચાલે? દેશદાઝ, ઝનૂન સાક્ષાત્કાર એટલે lowering of flag's ceremony. આમજનતાને દેશભક્તિનો પાનો ચઢાવનારી આ રસમ તો એકવાર જરૂર જોવી જોઈએ. રૂબરૂ ન જઈ શકે તેણે. ગુગલ સર્ચમાં જઈ 'વાઘા બોર્ડર' ટાઈપ કરી જોઈ લેવું. ઘેર બેઠા જરૂર નિહાળવા જેવી. B.S.F. (Border Security Force)ના જવાનો તથા સ્ત્રી સૈનિકનો જુસ્સો, છટા અને સશક્ત દેહ સૌષ્ઠવ જોઈને આશ્ચર્યચકિત થઈ જવાય. B.S.F.ના અધિકારી જે જુસ્સાપૂર્વક લોકોને દેશભક્તિના રંગે રંગાવા પાનો ચઢાવતા હતા તે જોવાનું ખૂબ ગમે એવું છે. એક બાજુ દેશભક્તિના ગીતો વાગતા હોય, આવેલા લોકોને સંગીતના તાલે ડાન્સ કરવા પ્રેરતા હોય તો બીજી બાજુ મોટો ભારતીય ધ્વજ લઈને પ્રવેશદ્વારથી બૉર્ડર સુધી દોડવા માટે ઉત્સાહિત કરતા હોય. પોતાની સગવડો, આરામ અને સૌથી વધારે તો પરિવારને ભૂલીને આપણી રક્ષા કાજે આઠ આઠ કલાક સુરક્ષા માટે સીમા પર ઊભા રહે છે. તે જોઈને લાગે કે તેઓને લીધે જ આપણે સુખચૈનની નીંદર લઈ શકીએ છીએ. દેશ ભક્તિના ઝનૂનનો લગભગ બે કલાકનો માહોલ તમને કોઈ જુદી જ દુનિયામાં લઈ જાય છે અને આપણે એક નવી સમજ લઈને પાછા ફરીએ છીએ. આપણે પણ વધુ કંઈ નહીં તો થોડું પણ આપણી આજુબાજુના લોકોને મદદરૂપ થઈ શકીએ અને એ રીતે દેશની આઝાદીનું ઋણ ચૂકવી શકીએ તો કેવું? બહુ જ સુંદર લાગણીની અનુભૂતિનો આવિષ્કાર અમારા માટે સુખદ સંભારણું બની રહેશે.

વાઘા બૉર્ડરથી અમે પ્રયાણ કર્યું અને પહોંચ્યા કૌરવોની નગરી હસ્તિનાપુર. હસ્તિનાપુરના નામ સાથે મનમાં પાંડવો અને કૌરવોનું યુદ્ધ અને ભાઈ ભાઈના ઝગડામાંથી થતી કરૂણાંતિકા છવાઈ જાય. પણ જ્યારે અમે હસ્તિનાપુરના જંબુદ્વિપ પહોંચ્યા તો જાણે કોઈ અલગ જ દુનિયામાં હું આવી ગઈ હોઉં એવું મને લાગ્યું. જંબુદ્વિપ તો અદ્ભૂત, અવર્ણનીય અને અપ્રતિમ છે.

અમારા સંબંધી શ્રી શૈલેષભાઈ કાપડીયાના આગ્રહથી અમે અહીં આવવાનું વિચારેલું અને અમલમાં મૂક્યું તેની મને ઘણી જ ખુશી છે. જ્યારે મુખ્ય 'કલ્પવૃક્ષ' દ્વારેથી અંદર આ ભવ્ય પરિસરમાં પ્રવેશ કર્યો ત્યારે મારું મન બોલી ઉઠ્યું, 'આ તો જાત્રા જ છે'. જે લાગણીઓનો ભાવ થયો-અનુભવ થયો-એમાં જોવાનો જ ફક્ત ભાવ નહોતો પરંતુ ઈશ્વરીય તત્ત્વ, પ્રભુ પ્રત્યેની આસ્થા મારા હૈયામાં જાગી ઊઠી. મને થયું પ્રત્યેક ધાર્મિક સ્થળ આવા જ સુંદર, નીરવ, સ્વચ્છ અને મનને શાતા આપે એવા હોવા જોઈએ. તમારા હૃદયમાં આધ્યાત્મિકતાનો અનુભવ કરાવે એ જ સાચું મંદિર.

કોઈ ધાર્મિક તહેવાર ન હોવાથી ઘણાં ઓછા પ્રવાસીઓ પણ આને માટે કારણભૂત હોઈ શકે.

૧૯૭૨માં દિ. જૈન સાધ્વીજી પૂ. શ્રી ગણિનીય પ્રમુખ જ્ઞાનમતિ માતાજીની પ્રેરણાથી અત્રે જંબુદ્વીપની રચના કરવામાં આવી છે. આ દિ. જૈન મંદિરના પરિસરમાં થોડે થોડે અંતરે બગીચાની વચમાં જુદા જુદા ભગવાન (તીર્થંકરો)ના મંદિરો છે.

કમલ મંદિર જેમાં મનોકામનાપૂરક મહાવીર સ્વામીની સવાદસ ફૂટ ઊંચી ખડ્ગાસન પ્રતિમા છે. ત્યારબાદ તીનમૂર્તિ મંદિર છે, જેમાં ભગવાન આદિનાથ, ભરત તથા બાહુબલિની પ્રતિમાઓ છે. અષ્ટાપદ જિનમંદિરમાં બોંતેર જિનાલય છે જે પહાડ પર બનાવવામાં આવ્યું છે. સુંદર રંગોની મેળવણી અને આકૃતિ એને જુદું જ રૂપ બક્ષે છે. સુમેરૂ પર્વત ૧૦૧ ફૂટ ઊંચો છે. એમાં ૧૬ મંદિરો છે. ઉપરથી જ્યારે નીચે દૃષ્ટિ કરીએ ત્યારે નીચે બનાવેલ જંબુદ્વીપની રચના, એમાં બનાવેલ નદી, પર્વત, મંદિર, ઉપવન વગેરે અતિ સુંદર દેખાય છે. અત્રે એક અતિ સુંદર ધ્યાનમંદિર પણ છે, એને બહારથી ઘાસથી આચ્છાદિત કરવામાં આવ્યું છે. એમાં હ્રીં અને ૨૪ તીર્થંકરો બિરાજમાન કરવામાં આવ્યા છે. વાસુપૂજ્ય મંદિર, સહસ્ત્રકૂટ જિનાલય અને તીન લોકની રચનામાં જૈન ધર્મ અનુસાર અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક પ્રદર્શિત કરેલા છે, જેમાં અત્યંત આધુનિક લીફ્ટ પણ છે.

અદ્વિતીય, અપ્રતિમ એવું તેરહ દ્વીપ જિનાલય તો અદ્ભૂત છે. કલા અને ધર્મનો સુભગ સમન્વય જોઈને ભક્તજનો આનંદથી બોલી ઉઠે છે: 'અદ્ભુત, અદ્ભુત'. જૈન ભૂગોળને એના સમગ્ર સ્વરૂપે પ્રદર્શિત કરતી આ રચનાના નિર્માણનું પૂ. ગણિનીશ્રી જ્ઞાનમતિ માતાજીનું સ્વપ્ન બહુ જ સુંદર રીતે સાકાર થયું છે. પાંચ મેરૂપર્વત, તેર દ્વીપ, ૪૫૮ અકૃત્રિમ જૈન મંદિરો, ૧૭૦ સમવસરણ, અનેક દેવભવનમાં બિરાજમાન ૨૧૨૭ જૈન પ્રતિમાઓના દર્શન થાય છે. સાથે સાથે અનેક નદીઓ, પર્વતો, સાગર, વૃક્ષ, યોગભૂમિ, કલ્પવૃક્ષ, વગેરેની રચના કરવામાં આવી છે. ચિત્રકળા અને શિલ્પકળાનો સમન્વય અત્રે સુંદર રીતે તાદૃષ્ય થાય છે.

જંબૂદ્વીપની પ્રદક્ષિણા કરવા માટે તથા બાળકોના આનંદ માટે લાકડાનો ઐરાવત હાથી બનાવ્યો છે અને તેને ટ્રેક્ટર દ્વારા ખેંચીને ફેરવાય છે. બાળકો તેના પર બેસી આનંદ માણે છે. જીવ હિંસા ન થાય તેનું ધ્યાન રાખીને ઐરાવતને ટ્રેક્ટર દ્વારા ખેંચવામાં આવે છે. નૌકા દ્વારા તથા ચાલીને પણ એની પરિક્રમા કરી શકાય છે.

પૂ. શ્રી ગણિની જ્ઞાનમતિ માતાજીએ બાળકોને પણ ધ્યાનમાં રાખીને ઐરાવત હાથી, મીની ટ્રેન, કોલંબસ, હીંચકા વગેરે રાખ્યા છે, આને કારણે બાળકોને પણ આવા તીર્થધામનું આકર્ષણ રહે.

અત્રે તીર્થંકર જન્મભૂમિ યાત્રાની ટ્રેન પણ છે. તેઓનું કહેવું એમ છે કે આપણા તીર્થંકરો જ્યાંથી મોક્ષ પામ્યા તે ભૂમિનું મહત્ત્વ તો છે જ પરંતુ સાથે સાથે તેઓની જન્મભૂમિ પણ એટલી જ મહત્તા ધરાવે છે

અને તેને માટે તેઓ દરેક તીર્થંકરની જન્મભૂમિનો વિકાસ કરી રહ્યા છે અને જનજાગૃતિ લાવી રહ્યા છે.

ટ્રેનમાં એક બોગીમાં મોટું થિયેટર બનાવ્યું છે જે જ્ઞાનવર્ધક સંદેશા પ્રસ્તુત કરે છે. બીજી બોગીમાં તીર્થંકરોના આકર્ષક પેઈન્ટીંગ્સ દ્વારા એમની જન્મભૂમિનો તત્કાલિન વાસ્તવિક સ્વરૂપે પરિચય કરાવવામાં આવે છે.

અત્રે એક વિશાળ પુસ્તકાલય પણ છે. મોટો પ્રવચન હૉલ પણ છે. કૉમ્પ્યુટર દ્વારા બધી જ માહિતી સંકલિત કરવામાં આવી છે. જેથી યંગ જનરેશન પણ એનો લાભ લઈ શકે. તેમની વેબ સાઈટ પણ બનાવી છે.

અત્રે રહેવાની પણ ઉત્તમ વ્યવસ્થા છે, જેવા કે ડીલક્સ ફ્લેટ્સ, બંગલા, રૂમો, કોઠી વગેરે બધી આધુનિક સગવડો સાથે ઉપલબ્ધ છે. લગભગ ૫૦૦ વ્યક્તિ એક સાથે જમી શકે એટલી મોટી ભોજનશાળા પણ છે.

આટલા સુંદર ધાર્મિક સ્થળના અનેક મંદિરોની માહિતી, તેરહ દ્વીપની માહિતી અને વિગતવાર સમજ ત્રણલોક વિષે પણ આપવા બદલ શ્રી જીવન પ્રકાશજીના અમે અત્યંત આભારી છીએ. તેઓશ્રી આ જંબુદ્વીપના મુખ્ય કાર્યકર્તા છે. તેઓએ અમારી બધી જ સગવડ અત્યંત સારી રીતે સાચવી હતી.

આ સર્વેનું શ્રેય જાય છે શ્રી ગણિની જ્ઞાનમતિ માતાજીને. તેઓશ્રીએ આજ સુધીમાં ૨૫૦ ગ્રંથોનું આલેખન કર્યું છે. તેઓને અવધ વિશ્વ વિદ્યાલય દ્વારા D. Lit.ની પદવી પણ આપવામાં આવી છે. ફક્ત અઢાર વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરીને દીક્ષા લેનાર પૂ. શ્રી ગણિની જ્ઞાનમતિ માતાજીનું વાંચન, લેખન અને જૈન ધર્મનું જ્ઞાન અતિ વિશાળ છે. અનેક લોકોને ધાર્મિક ઉપદેશ આપીને તેઓના જીવનમાં બદલાવ લાવવા માટે તેઓ નિમિત્ત બન્યા છે.

જૈન ધર્મની સમજ, નિયમો, તત્ત્વજ્ઞાન સરળ રીતે સામાન્ય માનવી સુધી પહોંચી શકે તે માટે તેઓ અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. તેઓએ જૈન સમાજની મહિલાશક્તિને સર્જનાત્મક કાર્યોના હેતુ માટે સંગઠીત કરી છે.

આટલા સુંદર જાત્રાના સ્થળોના દર્શન કરીને મને જાત્રા એટલે શું અને એની અગત્યતા સમજાઈ. જાત્રા ફક્ત મંદિરની કે સ્થળની નથી હોતી. તમને તમારી અંદર પણ ડોકાવા માટેના દ્વાર ખોલી આપવાનું કાર્ય યાત્રા કરે છે. વિનમ્રતા, સદ્ભાવ, સમભાવ જેવા ગુણોનો પરિચય અહીંયા જ થાય છે. આટલી સુંદર દુનિયાનો સર્જનહાર જેણે આપણને બનાવ્યા એનો આભાર માનવા માટે તેના દર્શન કરીને ઋણસ્વીકાર કરવો જરૂરી હોય છે. ઘરની નજીકના મંદિરમાં જઈને પણ આ ભાવના વિકસાવી શકાય પરંતુ ધાર્મિક તીર્થસ્થાનોના દર્શનથી ત્યાંના Positive Vibrations તમારામાં ઊર્જાનો આવિર્ભાવ જરૂર કરે છે. તમને Recharge કરી દે છે અને જીવનને એક નવી જ દિશા તરફ લઈ જાય છે.

✷ ✷ ✷

૬-બી, પહેલે માળે, કૅનવે હાઉસ, વી. એ. પટેલ માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૪. મો. : ૯૮૨૦૩૦૬૩૫૧.

## ભાવ-પ્રતિભાવ

આદરણીયશ્રી ધનવંતભાઈ,

'પ્રબુદ્ધ જીવન' ડિસે. ૧૩ના અંકમાં આપશ્રીનો અગ્રલેખ 'ગુરુની મારી શોધયાત્રા' વાંચ્યો. ગુરુ વિષેના આપના અંગત અનુભવો તથા આપને મળેલ નાનીમોટી વિભૂતિઓ વિષે જાણી આનંદ થયો. એમાંય મોચીબાબા સાથેનો અનાયાસ મેળાપ આગવી હકીકત છે. ઘણીવાર આવા નાના પ્રસંગો અને નાના માણસો બહુ મોટો ભાગ જીવનમાં ભજવી જતાં હોય છે.

ગુરુની શોધ જરૂરી છે અને તે કરવી જ જોઈએ. ગોવિંદ એટલે કે દેવ પોતે જ ગુરુ તરીકે મળી જતાં હોય તો તે ઉત્તમોત્તમ છે. એ ન મળે તો ગુરુ એવા મળવા જોઈએ કે તે શિષ્યને 'દેવ' બનાવી દે. ગુણાતીત અને રૂપાતીત બનાવનાર છે તે ગુરુ છે. બાકી તો જે મળે છે તે સ્વયંની યોગ્યતા-ઉપાદાન અનુસાર જ મળે છે. એમાંય ઋણાનુબંધનો બહુ મોટો ફાળો છે. ગુરુ ઉંમરાનો દીવો છે. ઘરમાં તથા બહારમાં ઉભય ક્ષેત્રે પ્રકાશ પાથરે છે. દેવને દેવ તરીકે ઓળખાવનાર તથા દેવ બનાવનારા, ધર્મને ધર્મ તરીકે ઓળખાવનાર ; તત્ત્વત્રયી દેવ-ગુરુ-ધર્મમાં મધ્ય સ્થાને રહેલ ગુરુતત્ત્વ છે. એ તત્ત્વત્રયીની ઉપાસના હોય છે અને રત્નત્રયીની આરાધના હોય છે. શીખવા ધારે તે શિષ્યને તો આખા જગતમાંથી શીખવા મળતું હોય છે. જીવતો સંસાર જ સ્વયં સંસારની આસારતા અને નશ્વરતાનો ઉપદેશ આપે છે. પ્રશ્ન ગ્રાહકતાનો છે.

ગુરુ તો એટલા ખાતર બનાવવાના છે કે એમની સમક્ષ આપણાં બધાં દોષની મોકળા મને જાહેરાત કરી શકાય તથા પ્રાયશ્ચિત, પ્રતિક્રમણ કરી પચ્ચખ્ખાણ લઈને શુદ્ધ થઈ શકાય. ગુરુ જ્ઞાનદાતા કરતાં શુદ્ધિદાતા અધિક છે. જ્ઞાનપ્રદાન પણ ગુરુ દ્વારા શુદ્ધિ-પવિત્રતા માટે હોય છે. વળી ગુર્વાજ્ઞા શિરોધાર્ય કરવાથી વિનયી થવાતું હોય છે અને વિનયી થવાથી જ્ઞાની થવાતું હોય છે માટે ગુરુ જરૂરી છે.

બધાંય જ્ઞાની મહાત્માઓ ગુરુ જેવાં જ છે. જ્ઞાની મહાત્માઓ પાસેથી કાંઈ ને કાંઈ શીખ મળતી જ હોય છે. બધાંને ગુરુ તો બનાવી શકાતા

નથી પણ તેમના જ્ઞાનને ગ્રહણ કરી શકાય છે. ફેમિલિ ડૉક્ટર જેમ એક જ હોય છે તેમ જ્ઞાની નિર્ગ્રંથ ગુરુ કે જેમની આગળ પેટ છૂટી વાત કરી શકાય તે તો એક જ હોય. વળી એ ગુરુની આજ્ઞાથી અન્ય જ્ઞાની પાસેથી પણ જ્ઞાન ગ્રહણ થઈ શકે. જ્ઞાની પાસેથી ભલે જ્ઞાન ગ્રહણ ન કરી શકીએ કે તેમને ગુરુ ન બનાવી શકીએ યા તો તેમની પ્રશંસા ન કરીએ પરંતુ તે જ્ઞાનીની નિંદા ટીકાની અશાતના તો ન જ થવી જોઈએ. જ્ઞાનીની અશાતના એ ઘોર પાપ છે જે ગોશાળાએ કર્યું હતું.

આપે જે અજૈન જ્ઞાનીને સ્ટેશન ઉપર કેવળજ્ઞાન થયાની વાતનો ઉલ્લેખ કર્યો છે તેમને કેવળજ્ઞાન નહીં પણ ઊંચું અવધિજ્ઞાન જરૂર થયું હોવું જોઈએ; એવું મારું માનવું છે. તો જ અજૈન હોવા છતાં જૈન સિદ્ધાંતોનું એક બાળક કે અભણ ગામડિયો પણ સમજી શકે એવી બાળ ગામઠી તળપદી ભાષામાં નિરૂપણ કરી શકે. જે તત્ત્વજ્ઞાન જ્ઞાની ગુરુ કે શાસ્ત્રોથી મેળવવામાં મગજની નસો ફાટી જાય તે સીધી સાદી સરળ ગામઠી ભાષામાં પીરસ્યું છે કે જેવું સિદ્ધસેન દીવાકરસૂરિજીની ભાષા ન સમજનાર ભરવાડને વાદી વૃદ્ધદેવસૂરિજીએ પીરસ્યું હતું. વળી પાંચ આજ્ઞાના પાલનરૂપ તથા 'ભોગવે એની ભૂલ', 'બન્યું તે ન્યાય', 'અથડામણ ટાળો', 'એડજસ્ટ એવરી વૅર', 'દોષ સેવાય તો તુરત જ પ્રતિક્રમણ કરો'ના સૂત્રોથી સૂત્રાત્મક પ્રાયોગિક જ્ઞાન પીરસ્યું છે.

બાકી તો વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતો જ સાચા દેવ અને હિતોપદેશક છે કેમકે વીતરાગ એવા સર્વજ્ઞ દેવ છે. એમની ભક્તિ જ થાય. પરંતુ ગુરુ ગમે તે હોય પણ તે છદ્મસ્થ અપૂર્ણ છે અને મોહ ગયો હોવા છતાંય તેમને હજી સંજવલન કષાયની એક કષાય ચોકડી પૂરતો રાગ રહ્યો છે તેથી તેમના ભકત થવાય અને દોષ દેખાય તો સાક્ષી બની રહેવાય. આમ દેવના ભક્ત થવાય અને ગુરુના ભકત થવા સહ સાક્ષી બની રહેવાય. એક જ્ઞાનીએ ફરમાવેલ છે કે 'રાગ છે તે ભગવાન નથી અને મોહ છે તે ગુરુ નથી.' બાકી તો 'ગુરુ રહ્યાં છદ્મસ્થ અને વિનય કરે ભગવાન' એવું ચંડરુદ્રાચાર્યની દૃષ્ટાંત કથાથી કહેવાય છે. એજ! કુશળ હશો!

**☐ સૂર્યવદન ઠાકોરલાલ જવેરી**

9869712238

xxx

ડિસે. '૧૩ના અંકમાં તંત્રી લેખમાં શરૂઆતમાં જ એક દોહરો લખવામાં આવેલ છે. એના બારામાં મારી દૃષ્ટિએ કોઈક લોકોએ ગેરસમજ ફેલાવેલ છે, અને ફેલાવી રહ્યાં છે.

બીજી લાઈન છે 'બલિહારી ગુરુ દેવ કી જીસને ગોવિંદ દિયો બતલાય' આનો અર્થ એમ કરવામાં આવે છે કે ગોવિંદ અંગેનું જ્ઞાન ગુરુએ આપેલ છે અને તેથી ગોવિંદ કરતાં ગુરુનું પદ ઊંચું છે તેથી પ્રથમ નમન ગુરુને કરવાના રહે છે.

મારી દૃષ્ટિએ એનો ખરો અર્થ એમ થાય છે કે, જ્યારે જીજ્ઞાસુને પ્રશ્ન થાય છે કે, 'ગુરુ અને ગોવિંદ બન્ને ઊભા છે. પ્રથમ નમન કોને કરું? ત્યારે ગુરુ ગોવિંદ પ્રત્યે અંગુલી નિર્દેશ કરીને કહે છે, પહેલાં ગોવિંદને પગે લાગ.

કેટલાંક લેભાગુ ગુરુઓ ગોવિંદ કરતાં પણ પોતે ઊંચા છે એમ સમજાવવા આ દોહરાનો પ્રથમ બતાવ્યો તેમ ખોટો અર્થ કરે છે. અમારા પિતાજી ખૂબ જ ધાર્મિક વૃત્તિના હતા. એમની ધાર્મિકતા વિવેકપૂર્ણ અને ખરી સમજદારીથી ભરપૂર હતી. એઓ જૈન સાધુઓને ખૂબ જ માન આપતા, ગચ્છ કે પંથને ગણકાર્યા સિવાય. તે છતાંય કોઈ પણ સાધુને ગુરુ બનાવેલ નહીં.

એમના જ્ઞાનની ગહનતા જોઈને વિવિધ ગચ્છના આચાર્યો એમને પોતાને ગુરુ તરીકે સ્વીકારવા સંદેશાઓ મોકલતા. પૂ. શ્રી વિજયરામસૂરીશ્વરજી એમને પિતાજી ગુરુ તરીકે સ્વીકારે તે માટે ગોવિંદજી જેવત ખોના (જેઓ પૂ. શ્રી વિજયરામ સૂરીશ્વરજીના અઠંગ અને અગ્રણી શિષ્ય હતા) મારફતે અનેક પ્રયત્નો કરેલ. પરંતુ પિતાજી પોતાના વિચારોમાં અડગ રહ્યા. એઓ કહેતા, દરેક જૈન સાધુ મારો ગુરુ છે. કોઈ એક સાધુને ગુરુ બનાવીને અન્ય સાધુઓને હું નીચા માનવા તૈયાર નથી. ત્યાં સુધી કે અમારા અચલગચ્છના પૂ. આચાર્યશ્રી ગુણસાગરજી (જેઓ દીક્ષા લેતા પહેલાં પિતાજીના મિત્ર હતા) તેઓ પણ એમને ગુરુ તરીકે સ્વીકારવા દબાણ કરતાં. પરંતુ પિતાજી પોતાના વિચારોમાં અડગ રહ્યા. એઓ કહેતા, જે ચોમાસું કરાવે તે ચોમાસા પૂરતા ગુરુ. તે બાદ તે અન્ય સાધુ જેવા જ. કોઈ સાધુને વંદવા એઓ બહારગામ ગયા હોય એવું અમને યાદ નથી. કોઈ ખાસ સાધુ પ્રત્યે આસક્તિ ન હોવી જોઈએ.

એઓ ધર્મચર્ચા કરવા અન્ય ગચ્છ અને પંથના સાધુઓ પાસે જતા. એટલે સુધી કે, તેઓ મુસલમાન, મૌલવીઓ, શીખ ધર્મગુરુઓ પાસે પણ ધર્મચર્ચા કરવા જતા.

અમને હંમેશાં કહેતા, કોઈને પણ ગુરુ બનાવશો નહીં. જો તે ગુરુ સન્માર્ગે નહીં હશે તો તમને પણ સન્માર્ગ પરથી ઉતારી દેશે. આપ આપના તંત્રી લેખમાં આપના અનુભવો વર્ણવીને આ બાબત સાથે સંમત થયા છો.જેઓ જૈન સાધુ છોડીને અન્ય ગુરુઓ પાસે જાય તેના માટે પિતાજી કહેતા, મા છોડીને માસી પાસે જવા અનુરૂપ છે.

ગુરુઓ અંગેના આપના અનુભવો વાંચીને આનંદ થયો અને પિતાજીની શિખામણને પુષ્ટિ મળી. આભાર.

**☐ પ્રવીણ ખોના**

9930302562

xxx

'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં તમારો 'ગુરુની શોધ યાત્રા' લેખ વાંચી ખૂબ જ આનંદ થયો. તમારું અગાધ જ્ઞાન આ લેખ દ્વારા નીતરી રહ્યું છે. તમારી કલમ તમારા અનુભવો દ્વારા આવું સચોટ જ્ઞાન સરળતાથી પીરસી રહી છે, જે વાંચકને ખૂબજ ઉપયોગી થશે. તમોએ તંત્રી બનીને આ માસિકને એક પિતાની છત્રછાયા નીચે લાવી દીધું છે.

**☐ ઊર્મિલા ધોળકિયા**

૩૩, ચિત્રકુટ, અલ્ટામાઉન્ટ રોડ,મુંબઈ

x x x

માંડવીમાં ઉપાશ્રયનો જિર્ણોદ્ધાર ચાલતો હોવાથી એક શ્રાવકના બંધ રહેલ ઘરમાં ઉતરવાનું થયું. જેના ઘરે 'પ્રબુદ્ધ જીવન' માસિકના બેથી ત્રણ વર્ષ જૂના અંકો હાથમાં આવ્યા. (૨૦૧૦, ૧૧ના) એક એક લેખો, વિચારો વાંચતો ગયો અને આંખમાં હર્ષ, અનુમોદના અને કોઈકના દુઃખે દુઃખના અશ્રુથી આંખો છલકાઈ ગઈ. ખરેખર ધનવંતભાઈ તમારા તંત્રી લેખો પણ ખૂબ જ હાર્દિક અને મનનીય છે. તમારી રાષ્ટ્ર સંસ્કૃતિ અને ધર્મ પ્રત્યેની આસ્થા, આનંદ અને ઉમદા વિચારધારાએ મારું મન જીતી લીધું છે. જે પ્રભુ વીરનું શાસન મારા હૃદયમાં વસેલું છે તેટલું જ તમારા હૃદય પર વસેલું છે તે તમારા શબ્દ દેહના વાંચન દ્વારા સુપેરે અનુમાન લગાવી શકું છું. હા, વિચારોને વિચારવાનો દૃષ્ટિકોણ કદાચ થોડો અલગ ભલે હોય, પણ સરવાળે પ્રભુશાસનની ખુમારી તો સમાન જ લાગે છે. 'પ્રબુદ્ધ જીવન'માં આપેલ ઘણાં લેખો ખૂબ જ માહિતીપ્રદ, દિશાસૂચક અને દશા પરિવર્તક છે. સંઘની પ્રવૃત્તિ પણ ખૂબ જ માનવીય પાયાના ગુણોને ઊંચે લઈ જનારી છે. તેના સૌથી વધુ માનવતાના કાર્યોને પ્રોત્સાહન આપવાની ભાવના અને તે અંગે પ્રયત્ન પ્રચાર અનુમોદનીય છે.

**☐ મુનિ શ્રી પ્રીતદર્શનના ધર્મલાભ**

x x x

'પ્રબુદ્ધ જીવન'નિયમિત મળે છે. જીવનમાં ઉજાસ પાથરતું સામયિક છે. વાંચવાની, વિચારવાની તલપ રહે છે. પંથે પંથે પાથેય હૃદયમાં ઋજુતા પ્રગટાવે તેવા હોય છે. તેનો આગવો ગ્રંથ કરવા જેવો છે. ચિંતનાત્મક લેખોથી મનનીય વિચારોથી ઝળહળતા લેખો હૃદયને સ્પર્શી જાય છે.આ અમારે માટે આપનું અમૃત જ્ઞાનદાન છે.

**☐ શંભુ યોગી**

x x x

ઑક્ટોબર મહિનાના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં પૃ. ૩૧ 'ઑપરેશન' જે પ. પૂ. આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજી દ્વારા લખાયો છે તે તો ખૂબ સુંદર છે જ પણ તેમાં આપેલ નોંધથી ખૂબ આનંદ થયો, ખૂબ ખૂબ અભિનંદન.

**☐ મીનાક્ષી ઓઝા**

x x x

સુશ્રી ગીતાબેન જૈન

'પ્રબુદ્ધ જીવન'ના ડિસેમ્બર ૨૦૧૩ના અંકની પછીતે, 'પંથે પંથે પાથેય'માં આપની અનાયાસ 'આનંદધામ' સાંપડ્યાની હૃદયંગમ અનુભૂતિ વાંચતાં મન મ્હોરી ઉઠ્યું !

શું કહું ! મારા વિજ્ઞાનશાખાના ૬૦ વર્ષો પહેલાંના અભ્યાસકાળ દરમ્યાન, મુંબઈ વિશ્વવિદ્યાલય દ્વારા અધિકૃત, 'દ્વિરેફની વાતો'માંનું વિસ્મરી ન શકાય તેવું પાત્ર, 'ખેમી' જાણે કે સદેહે સાક્ષાત્ દૃષ્ટિગોચર થઈ. લગીરે અતિશયોક્તિ વિના કહીશ કે આટલા પ્રલંબ સમયગાળામાં, એક સામાન્ય (હકીકતે ખચિત જ અસામાન્ય) ભાઈ-બહેનનું સચિત્ર પાત્રાલેખન, આટલું તાદૃષ્ય અને ચેતનવંતુ, રામનારાયણ પાઠકની વિશદ કલમ પશ્ચાત્ આજે દૃશ્યમાન થયું અને સાંપ્રત લગ્નગાળામાં, સગાં અને વહાલાંના વર્ષો વીત્યે થયેલ સુખદ મેળાપ કરતાં, ક્યાંયે વધુ આનંદમાં, આ નિર્દંભ, નિષ્કલંક અને સ્નેહસભર વ્યક્તિમય અને તેમને નિરંતર શીળી છાયા આપનાર કેનિયા દંપતિ અવમ્ તેમની સંઘેડાઉતાર સેવિકાનો નિર્વ્યાજ પ્રેમ ભાળી, તેમજ ગ્રામોદ્યોગ દ્વારા પોતાનું પેટિયું રળતા, આ બંધુ-ભગિનીની જુગલ જોડી, અપરિગ્રહના ઉચ્ચ આદર્શને ચરિતાર્થ કરતી, નિજાનંદના સાગરમાં મહાલતી, આવતી કાલની કિંચિત પણ દુવિધાની જફા ન સ્પર્શવા પામે, તેવા સ્વયં રચિત જીવન-શિલ્પના શિલ્પીઓને મારા ઝાઝેરા જુહાર!

મને તો આપની ઈર્ષા આવે છે કે ઝડપથી વિલીન થઈ રહેલ નૈસર્ગિક ગ્રામ્યજીવન, તમે અનાયાસે જોઈ-અનુભવી, તેની અત્યંત સુખદ સ્મૃતિ સ્મરણમાં સદાકાળ સ્થાપીને, અમ વાંચકોને તેનું જીવંત ચિત્રાત્મક વર્ણન, મા શારદાના આશિષ પામીને,નૈવેદ્ય રૂપે હસ્તાંતરિત કર્યું-અમે ધન્ય થઈ ગયા-જાણે કે ગુણદર્શન અને રસદર્શનમાં તરબોળ થઈ, સદ્યસ્નાતા બની રહ્યા!

પ્રાંતે, હું વિરમું એ પહેલાં, મને એ કહ્યા વગર રહેવાતું નથી કે આપે ઉપરોક્ત પાત્રાલેખન, જાણે કે પરકાયા પ્રવેશ દ્વારા બયાન કર્યું છે, એટલું સશક્ત અને હૃદયંગમ થવા પામ્યું છે ! વૃદ્ધિ પામતી વય સાથે, મારી ક્ષમતાના વળતા પાણી થઈ રહ્યા છે, પરંતુ મન માંકડાની ઉછળકૂદ, નિવૃત્ત જીવનમાં નવી ઊંચાઈઓ આંબવા મથે છે. આપનું આવા પ્રચ્છન્ન આનંદધામ પ્રતિ કોઈ પ્રસ્થાન કરવાનું પ્રયોજન, નજીકના ભવિષ્યમાં હોય, તો તેમાં શામેલ થવા હૈયું હિલોળે ચડ્યું છે. અવશ્ય લઈ જશો ને ? આપને રાજી ને મિઠિયાના સોગંદ!

અંતરતલની ઉષ્માસહ, આપનો સદૈવ પ્રશંસક

**☐ દિનેશ વ. શાહ**

૬૦૧, બ્લ્યુ ગાર્ડિના, પાંચમો રસ્તો, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૫. ટે.૦૨૨-૨૬૧૨૯૮૫૫, ૦૨૨-૨૪૭૮૪૫૫૬

* * *

# જયભિખ્ખુ જીવનધારા : ૫૭

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ પ્રજાજીવનમાં મૂલ્યનિષ્ઠા, રાષ્ટ્રભક્તિ અને માનવતાની ભાવનાઓ જગાડવાની નેમ ધરાવતા સર્જક જયભિખ્ખુએ સાહિત્યની માફક પત્રકારત્વના ક્ષેત્રમાં પણ યશસ્વી પ્રદાન કર્યું. પત્રકારત્વની દુનિયામાં એમણે એમની આગવી શાખ અને પ્રતિષ્ઠા ઊભી કરી હતી. આ માટે એમણે કરેલા પુરુષાર્થ વિશે જોઈએ આ સત્તાવનમા પ્રકરણમાં... ]*

## 'ઈંટ અને ઇમારત'ના સ્થપતિ

મધ્યપ્રદેશના ગ્વાલિયર પાસેના શિવપુરીમાં આવેલા ગુરુકુળમાં અભ્યાસ કરીને અમદાવાદ આવનાર યુવાન જયભિખ્ખુને ગુજરાતી સાહિત્યજગતમાં કોઈની પહેચાન નહોતી. જીવનની મસ્તી અને ખુમારીના આશક જયભિખ્ખુને કોઈ પ્રસિદ્ધ સર્જકના કૃપાપાત્ર બનીને સાહિત્યક્ષેત્રે આગળ વધવાનું તો સહેજે ફાવે નહીં. પોતાની દુનિયામાં આગવી મોજ અને છટાથી બાદશાહીભર્યું જીવનારને અન્યનું આધિપત્ય કઈ રીતે અનુકૂળ આવે ? વળી અમદાવાદમાં આવ્યા પછી એવા સાહિત્યકારો પણ વિરલા મળ્યા કે જેમની સાથે સાચા દિલની મૈત્રીનો તંતુ બંધાઈ શકે.

પચીસ વર્ષના યુવાન 'જયભિખ્ખુ'એ મનમાં દૃઢ સંકલ્પ કર્યો હતો કે કલમજીવી બનીને માતા સરસ્વતી જે કંઈ લૂખુંસૂકું આપે, તેનાથી પ્રસન્નતાપૂર્વક જીવવું. આ એમનો જીવનપંથ હતો અને આ જ એમના જીવનનું પરમ સાફલ્ય હતું. મુંબઈથી પ્રસિદ્ધ થતા 'રવિવાર' સાપ્તાહિકમાં કશીય ઓળખાણ-પિછાન કે પરિચય વિના એમણે મોકલેલો 'રસપાંખડીઓ' લેખ એના તંત્રી ઉષાકાંત જે. પંડ્યાને અત્યંત પસંદ પડી ગયો અને જયભિખ્ખુ 'રવિવાર' સાપ્તાહિકના કાયમી લેખક બની ગયા. એના પ્રથમ પૃષ્ઠ પર વર્તમાન સમયની કોઈ ઘટનાઓ વિશે જયભિખ્ખુ એમની છટાદાર શૈલીથી આલેખન કરતા અને એમની સાથોસાથ એક લેખ પણ મોકલતા. એવા લેખોમાં ભારતના ઇતિહાસની વાત હોય તો કોઈ સામાજિક જીવનનો હૃદયસ્પર્શી પ્રસંગ હોય. પત્રકાર જયભિખ્ખુનું આ પ્રારંભબિંદુ ગણાય. જયભિખ્ખુ પોતાના પરિચયમાં આવતી વ્યક્તિને પ્રેમની અવિરત ધારાથી ભીંજવી દેતા હતા. આથી તદ્દન ભિન્ન સામાજિક સ્તરના કે પ્રકૃતિ ધરાવતા લોકો પણ એમના પ્રત્યે મૈત્રી અને સ્નેહ ધરાવતા હતા. એ રીતે 'રવિવાર'ના તંત્રી ઉષાકાંત જે. પંડ્યા સાથે ધીરે ધીરે મૈત્રીની ગાંઠ એવી તો બંધાઈ ગઈ કે મુંબઈ જાય ત્યારે ઉષાકાંતભાઈના ઘેર જતા. એમનાં પત્ની કપિલાબહેન અને જયભિખ્ખુનાં પત્ની જયાબહેન વચ્ચે ગાઢ સ્નેહસંબંધ બંધાયો. ઉષાકાંતભાઈ ચુસ્ત કર્મકાંડી બ્રાહ્મણ, પણ તેઓ કહેતા કે 'આ બ્રાહ્મણ-શ્રમણ કુટુંબમાં એકાત્મભાવ સર્જાયો છે.'

જયભિખ્ખુના ગાઢ પરિચયને પરિણામે ઉષાકાન્તભાઈએ જોયું કે એમનાં લખાણોમાં જે બોધક તત્ત્વ છે તે ઊર્ધ્વજીવનનો સંદેશ છે. 'હાથીના દાંત જેવો' નથી, પરંતુ એમણે લેખનમાં વ્યક્ત કરેલી ભાવનાઓને જીવનમાં પ્રગટાવી છે. 'રવિવાર' સાપ્તાહિકમાં જયભિખ્ખુની કૉલમ એટલી બધી ચાહના મેળવી ગઈ કે સમય જતાં 'રવિવાર' અને જયભિખ્ખુ પર્યાય બની ગયા ! શ્રી ઉષાકાંત પંડ્યાને ત્યાં જૂનાગઢ જિલ્લાના કેશોદમાં એક લગ્નપ્રસંગ નિમિત્તે જયભિખ્ખુ સહકુટુંબ મહાલવા ગયા હતા. ઈ.સ. ૧૯૩૭ના ઑગસ્ટમાં ઉષાકાંતભાઈએ 'કિસ્મત' નામનું સામયિક શરૂ કર્યું. એમાં જયભિખ્ખુ પાસે એમણે આગ્રહપૂર્વક અધ્યાત્મવાદ વિશે લેખો લખાવ્યા અને એ રીતે જયભિખ્ખુને અગમ-અગોચરમાં રસ જાગ્યો. આ સમયે 'રવિવાર'નો લેખ-પુરસ્કાર એ જયભિખ્ખુને માટે જીવનનિર્વાહનો મુખ્ય આધાર હતો.

ધીરે ધીરે સર્જક જયભિખ્ખુની સાથોસાથ પત્રકાર જયભિખ્ખુ કદમ મિલાવે છે. પત્રકારત્વ-ક્ષેત્રની એમની નામના જોઈને એ સમયે મુંબઈમાંથી પ્રસિદ્ધ થતા વાર્તા-સામયિક 'સવિતા'ના વિશિષ્ટ અંકોનું સંપાદન સેવંતીલાલભાઈ શાહ જયભિખ્ખુને સોંપે છે.

એ જમાનામાં ગુજરાતી વાર્તા માટે 'સવિતા' ખૂબ જાણીતું – પ્રખ્યાત હતું અને મુંબઈની લોકલ ટ્રેનમાં મુસાફરી કરનારાઓમાં 'સવિતા'ની મોટી ચાહના હતી. વર્તમાન જીવનની વાર્તાઓ આલેખતા 'સવિતા' સામયિકના તંત્રીએ જયભિખ્ખુને 'સવિતા'ના 'ધર્મકથા વિશેષાંક'નું સંપાદન કરવાની જવાબદારી સોંપી. સંપાદક તરીકે જયભિખ્ખુ જાણીતા લેખકોની કૃતિઓ તો મેળવતા જ હતા, પરંતુ સાથોસાથ ઘણા નવોદિત લેખકોને નિમંત્રણ આપીને એમની પાસે લેખો લખાવતા હતા. કોઈક એવા પણ હોય કે જેમણે જિંદગીમાં એકેય લેખ લખ્યો ન હોય, પણ એમનામાં થોડીક સર્જકતા કે થોડી વિચારશીલતા જુએ, તો એને તુરત પ્રોત્સાહિત કરતા.

નવલકથાકાર અને વાર્તાકાર ભૂપત વડોદરિયા જ્યારે જ્યારે મળતા, ત્યારે જયભિખ્ખુનું કૃતજ્ઞભાવે સ્મરણ કરતા હતા. પત્રકારત્વમાં ગળાડૂબ ભૂપત વડોદરિયાને જયભિખ્ખુએ ધર્મકથા લખવાનું નિમંત્રણ આપ્યું. એમને કલ્પના પણ નહોતી કે આવી કથારચના તેઓ કરી શકશે; પરંતુ જયભિખ્ખુના સ્નેહ અને આગ્રહ આગળ નમવું પડ્યું અને પરિણામે ભૂપત વડોદરિયા કથાલેખન તરફ વળ્યા. સમય જતાં તેઓ ગુજરાતી સાહિત્યમાં નવલકથાકાર અને વાર્તાકાર તરીકે સારી

એવી ખ્યાતિ પામ્યા.

સાહિત્યકાર ન હોય તેવી અન્ય ક્ષેત્રની વ્યક્તિઓ પાસે પણ તેઓ લેખ લખાવતા. તેમનો આશય એ હતો કે એમની લેખનશક્તિને થોડી સંકોરી શકાય. આથી એવું પણ બનતું કે સાવ અજાણ્યા કે તદ્દન જુદા ક્ષેત્રના લેખકો પાસે લેખો મંગાવતા, તેમને પોતે જ સુધારતા, તેમનું પ્રૂફરીડિંગ કરતા અને સુંદર સજાવટ સાથે તે લેખો પ્રગટ કરતા.

૧૯૬૧માં શ્રી પૂજાલાલ જે. પટેલ અને શ્રી મધુસૂદન એમ. દેસાઈના તંત્રીપદે ચાલતા 'વિશ્વવિજ્ઞાન'ના દીપોત્સવી અંકનું જયભિખ્ખુએ સંપાદન કર્યું. બન્યું એવું કે ૧૯૬૧ની ૧૫મી ઑક્ટોબરના રોજ, રવિવારે રાતના સાડા આઠ વાગ્યે એમના મુદ્રણાલયની બાજુમાં આવેલી જનરલ પોસ્ટ ઑફિસમાં આગ લાગી અને તે આગની જ્વાળા વીરવિજય મુદ્રણાલયને ભરખી ગઈ. એની ત્રણ લાખ રૂપિયાની કીમતી સાધનસામગ્રી ખાખ થઈ ગઈ. દુર્ભાગ્યે, વીમાના અભાવે યંત્રસામગ્રી, પુસ્તકો, કાગળો જે બધું સળગી ગયું, તેની ખોટ પૂરવાનો કોઈ માર્ગ ન રહ્યો, પરંતુ વીજવિજય પ્રેસનું પુનર્નિમાણ થયું અને ૧૯૬૧ની નવેમ્બરે એનો દીપોત્સવી વાર્તા અંક પ્રગટ થયો. એમાં પિનાકિન ઠાકોર, હસિત બૂચ, હરિપ્રસાદ શાસ્ત્રી, રતિલાલ નાયક, પ્રો. નટવરલાલ રાજપરા, અંબાલાલ શાહ, નરસિંહભાઈ મૂળજીભાઈ શાહ જેવી વિવિધ સાહિત્યસ્વરૂપો કે વિવિધ ક્ષેત્રોમાં જાણીતી વ્યક્તિઓના લેખો હતા.

પ્રથમ વિશેષાંકની લોકપ્રિયતાના કારણે બીજે વર્ષે 'વિશ્વિવજ્ઞાન' સામયિકે જયભિખ્ખુ પાસે અન્ય બે વિશેષાંકોનું સંપાદન કરાવ્યું. એમાં એક 'તીર્થયાત્રા વિશેષાંક' અને બીજો 'ભારત તીર્થકથા વિશેષાંક'. એ પછી એમણે 'વિશ્વમંગલ' સામયિકનો 'વિદેશીય નીતિ-કથા' અંક પ્રગટ કર્યો અને આ અંકમાં પણ ધૂમકેતુ, ઉમાશંકર જોશી, ચુનીલાલ મડિયા, ગુલાબદાસ બ્રોકર, ગુણવંતરાય આચાર્ય, પીતાંબર પટેલ જેવા લેખકોની સાથોસાથ બિપિન ઝવેરી, ડૉ. ન. મુ. શાહ, જયાબેન ઠાકોર, ઉષાબેન જોશી, ચિત્રભાનુ વગેરેની નીતિકથાઓનો પણ સમાવેશ કર્યો. જેમની કોઈ આંગળી પકડનાર ન હોય, એમની આંગળી પકડનાર જયભિખ્ખુ. જેમને પોતાની કલમની શક્તિની જાણ પણ ન હોય એમની શક્તિને પ્રગટવા અવકાશ આપવો, એ એમની નેમ.

સમય જતાં જયભિખ્ખુ અને પુનિત મહારાજ વચ્ચે મિત્રતા થઈ અને એને પરિણામે 'જનકલ્યાણ'નો ચોથા વર્ષનો પ્રથમ અંક 'વ્યવહારશુદ્ધિ-સદાચાર વિશેષાંક' તરીકે પ્રગટ થયો. આ વિશેષાંકનું સંપાદન ધૂમકેતુ અને જયભિખ્ખુએ સાથે મળીને કર્યું. આ વિશેષાંકે એ સમયે એક આગવી છાપ ઊભી કરી હતી. એના વિમોચનનો સમારંભ પણ યોજાયો હતો.

જયભિખ્ખુ-સંપાદિત વિશેષાંકોની એક મોટી વિશેષતા એ હતી કે તેઓ દરેક લેખને આગવી સજાવટ સાથે પ્રકાશિત કરતા. ક્યારેક લેખને અનરૂપ ચિત્ર સાથે એનું શીર્ષક દોરાવીને એના મથાળે મૂકતા. વળી વિશેષાંકનાં પ્રારંભનાં પૃષ્ઠોમાં કોઈ કલામય ચિત્રની વચ્ચે લખાણ મૂકીને એને આગવો ઉઠાવ આપતા. દરેક લેખ વિશે વાચકની જિજ્ઞાસા જાગે તે રીતે ત્રણ કે ચાર વાક્યમાં એની નોંધ કોઈ ફૂલની માળાની આકૃતિ વચ્ચે પ્રગટ કરતા. લેખને અંતે કોઈ ખાલી જગા રહેતી હોય, તો એ વિષયને અનુરૂપ એવાં અવતરણો કે પ્રસંગો ખોળીને મૂકતા હતા.

એનું આવરણ એવું સુંદર બનાવતા કે જોનારની નજરમાં વસી જતું. આ માટે એ સમયના ચિત્રકાર ચંદ્ર ત્રિવેદી, રજની વ્યાસ, સી. નરેન, પ્રમોદ વગેરે પાસે સુંદર ચિત્રો રસ લઈને દોરાવતા. એના બ્લોક સારી રીતે બને તેની ચીવટ રાખતા અને એનો ફરમો છપાય એટલે એ મંગાવીને બરાબર જોઈ લેતા. આમ જયભિખ્ખુએ તૈયાર કરેલા વિશેષાંકો, તેના સંપાદનમાં એમની સાહિત્યદૃષ્ટિ સાથે કલાદૃષ્ટિનો સુમેળ સધાતાં એ સમયે સારી એવી ચાહના પામ્યા.

સાપ્તાહિકો અને વિશેષાંકોમાં લખતા જયભિખ્ખુને દૈનિક વર્તમાનપત્રમાં લખવાનો અણધાર્યો પ્રસંગ આવ્યો. ચંદ્રનગરમાં વસતા જયભિખ્ખુને બાજુની નારાયણનગર સોસાયટીમાં રહેતા શ્રી ચાંપશી ઉદ્દેશી અને જયંતકુમાર પાઠક સાથે ગાઢ મૈત્રી હતી. આ વિસ્તારમાં જાણીતા એવા ચંદ્રનગરના નવરાત્રીના ગરબાના સમયે ક્યારેક જયંતકુમાર પાઠક આવતા અને બંને વચ્ચે લાંબી ગોષ્ઠિ ચાલતી હતી. એ સમયે 'સંદેશ' દૈનિક કેટલાક નવા કૉલમ-લેખકોને અજમાવવા ચાહતું હતું. જયંતકુમાર પાઠકે જયભિખ્ખુને કહ્યું કે તમારી કલમનો લાભ હજી સુધી દૈનિકપત્રને મળ્યો નથી. તમે 'સંદેશ'ના વાચકોને દર અઠવાડિયે એક વાર તમારી કલમનો લાભ આપો.

આજ સુધી દૈનિક પત્રોમાં જયભિખ્ખુએ કોઈ કૉલમ લખી નહોતી, તેથી એમને થયું કે વણસ્પર્શેલા વાતાવરણને સ્પર્શવાનો લાભ મળશે અને પોતાના સહૃદયી પત્રકાર મિત્ર શ્રી જયંતકુમાર પાઠક સાથે પરિચય વધશે. એ ખ્યાલથી એમણે એમના નિમંત્રણનો સ્વીકાર કર્યો. અઠવાડિયાના ક્યા દિવસે આ કૉલમ પ્રગટ થાય ? એ અંગે જયભિખ્ખુએ શુભારંભ માટેના એમના પ્રિય વાર ગુરુવારની પસંદગી કરી. આને પરિણામે 'સંદેશ'માં 'ગુલાબ અને કંટક' નામનું કૉલમ શરૂ થયું. એમાં રાજકીય અને સામાજિક પ્રસંગોનું રસભરી છટાદાર શૈલીમાં જયભિખ્ખુ નિરૂપણ કરતા હતા. આની પાછળનો એમનો હેતુ તો એ હતો કે અર્ધશતાબ્દીના આરે પહોંચેલા જીવનમાં કરેલાં રઝળપાટો અને અથડામણોમાં મળેલી કેટલીક વિરલ વ્યક્તિઓનાં ચરિત્રો આલેખવાનો હતો. આ વ્યક્તિઓમાંથી કેટલીકમાં કંટકમાંથી ગુલ ખીલેલા નજરે પડ્યા હતા, તો કેટલીક એવી વ્યક્તિઓ પણ મળી કે જેમને ગુલાબમાંના કાંટા વાગેલા હતા!

ગ્વાલિયરમાં વિદ્યાર્થી તરીકે વસનાર જયભિખ્ખુએ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને તાત્યા તોપેની સમાધિઓ નિહાળવાનો રોમાંચ અનુભવ્યો હતો અને એને લગતો બધો ઇતિહાસ મેળવ્યો હતો. એ ઇતિહાસને પરિણામે એમને એવો અનુભવ થયો કે 'જ્યાં ઘણાને ગુલ, ગુલ ને ગુલ લાગ્યા છે, ત્યાં અમને કાંટા વાગ્યા છે, જ્યાં ઘણાને

કાંટા નજરે પડ્યા છે, ત્યાં અમને ગુલ નજરે પડ્યા છે!'

અને પછી ઈ.સ. ૧૮૫૭ના એ સ્વાતંત્ર-સંગ્રામને વિશે જયભિખ્ખુ નોંધે છે :

*''સત્તાવનનો બળવો અમને શાન-શૌકતનો પણ લાગ્યો છે ને આપણી લાજશરમનો પણ લાગ્યો છે. જ્યાં અપૂર્વ વીરત્વ નજરે પડ્યું, ત્યાં ઘોર સ્વાર્થાંધતા પણ નજરે પડી છે!*

*સત્તાવનનું સ્વાતંત્ર્યયુદ્ધ સફળ થયું હોત તો- અમને લાગે છે, કે દેશ લોહશાહીનાં આટલાં વહેલાં દર્શન ન કરી શકત.*

*પણ સત્તાવનનું સ્વાતંત્ર્યયુદ્ધ ન ઝગ્યું હોત, તો હિંદમાંથી મર્દાઈ પરવારી જાત, ભારતીય આત્મા વિનષ્ટ થઈ જાત!''*

પત્રકાર જયભિખ્ખુનો હેતુ માનવમૂલ્યોની માવજતનો હતો, આથી એમણે ક્યારેય આધુનિક દેખાવા માટે અણગમતી ઘટનાઓ, ભાવનાઓ કે જીવનરીતિની તરફદારી કરી નથી. એ માનતા કે ડેલહાઉસીને હરાવવો સહેલો હતો, પરંતુ મેકૉલેને હરાવવો હજુ મુશ્કેલ છે. એમની નજરે આધુનિક કેળવણીમાં થતી યુવાનીની અવદશા અને મૂલ્યનાશ ઘણાં હૃદયવિદારક હતાં. પોતાનો આ મનોભાવ એમણે જુદી જુદી ઘટનાઓ દ્વારા આલેખ્યો. આ રીતે 'ગુલાબ અને કંટક' કૉલમમાં એમણે જીવનના સારા-નરસા અનુભવોની વાત કરી તો બીજી બાજુ રાષ્ટ્રભક્તિના પ્રસંગોનું આલેખન કર્યું.

દૈનિકપત્રના જગતમાં જયભિખ્ખુએ પ્રવેશ કર્યો અને 'ગુલાબ અને કંટક'માં સંસાર એ ગુલાબ અને કંટક – બંનેની શૈયા છે એવી એમની પ્રતીતિ એમાં આલેખાયેલા પ્રસંગોમાં પ્રગટ કરતા હતા. દુનિયા જેમ શેતાનનું ઘર છે, એમ દેવનું દહેરું પણ છે. આ ભાવને અનુલક્ષીને રસભરી અને છટાદાર શૈલીમાં આલેખાતા પ્રસંગો વાચકોને આહ્લાદક લાગતા હતા.

દૈનિકોની દુનિયામાં જયભિખ્ખુનો પ્રવેશ આગળ વધ્યો અને 'ફૂલછાબ' તથા 'જયહિંદ'– બંનેમાં એમની ધારાવાહિક નવલકથાઓ પ્રગટ થવા લાગી. એ જમાનામાં ધારાવાહિક નવલકથા માટે વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામીનું નામ મોખરે હતું. હવે એમાં જયભિખ્ખુનું નામ ઉમેરાયું અને જયભિખ્ખુએ 'લોખંડી ખાખનાં ફૂલ' જેવી દીર્ઘ નવલકથા 'જયહિંદ'માં એના નીડર તંત્રી શ્રી બાબુભાઈ શાહના આગ્રહથી લખી હતી.

ધીરે ધીરે દૈનિકપત્રોની દુનિયામાં જયભિખ્ખુનું નામ આગવી પ્રતિષ્ઠા સાથે જાણીતું બન્યું. 'ગુલાબ અને કંટક' કૉલમ એની સોળે કળા ખીલ્યું હતું, ત્યારે 'સંદેશ'ના સંચાલનતંત્રમાં પરિવર્તન આવ્યું અને એને પરિણામે એ કૉલમ બંધ થઈ. કૉલમલેખક તરીકેની જયભિખ્ખુની લોકપ્રિયતાથી 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી શાંતિલાલ શાહ સુવિદિત હતા. એમણે જયભિખ્ખુને કૉલમ લખવા નિમંત્રણ આપ્યું અને 'ગુજરાત સમાચાર'માં 'ઈંટ અને ઇમારત' કૉલમ પ્રગટ થઈ અને તેય જયભિખ્ખુના પ્રિય એવા ગુરુવારે. 'ગુજરાત સમાચાર'ની આ કૉલમે જયભિખ્ખુને ઘણી ખ્યાતિ અપાવી. પત્રકારત્વમાં આ કૉલમે એક જુદો જ ચીલો પાડ્યો. સામાન્ય રીતે અખબારના લીડર - તંત્રીલેખના પૃષ્ઠ પર (લીડર-પેજ) પ્રેરક કે ચરિત્રાત્મક લખાણો આવતાં નહીં, મોટા ભાગે ચોથું પાનું કહેવાતા તંત્રીલેખના પૃષ્ઠ પર રાજકીય સમીક્ષાઓ હોય કે પછી અર્થકારણ અને સમાજજીવનની ચર્ચા હોય.

જયભિખ્ખુએ 'ઈંટ અને ઇમારત' દ્વારા જીવનની વિધાયક દૃષ્ટિ આપનારાં લખાણો પ્રગટ કર્યાં. આ રીતે ગુજરાતી વર્તમાનપત્રોમાં એક નવો ચીલો પાડ્યો. એમના લખાણોમાં પ્રાચીન કે અર્વાચીન વ્યક્તિનો કોઈ ચરિત્રલેખ આવતો, કોઈ પર્વ પ્રસંગે આગવી ઢબે લખાયેલી પર્વકથા મળતી તો ક્યારેક પ્રજાના જીવનની હાડમારીઓ વ્યક્ત કરતા સ્વાનુભવો પણ રજૂ થતા. આવું જીવનલક્ષી સાહિત્ય અખબારના હાસ્યલેખ, મનોરંજનના સમાચારો અને લોકપ્રિય કથાસામગ્રીની વચ્ચે એક જુદી ભાત ઉપસાવી ગયું.

ભૂતકાળની માફક વર્તમાનકાળની ઘટનાઓને સાહિત્યિક આકૃતિમાં ઢાળવાની જયભિખ્ખુને નૈસર્ગિક ફાવટ હતી. છેક નજીકના વર્તમાનનું વસ્તુ પણ એમની સચોટ શૈલી અને પ્રગાઢ કલ્પનાના સ્પર્શથી સાહિત્યિક વાતાવરણ ઊભું કરી શકતું હતું. શ્રી જયભિખ્ખુની સર્જક પત્રકાર તરીકેની આ વિશિષ્ટ શક્તિ હતી.

આ કૉલમ વ્યાપક રીતે જનસ્પર્શી બની, એનું એક કારણ આ ચરિત્રલેખની સાથોસાથ 'પ્રસંગકથા' આવતી એ હતું. આ પ્રસંગકથામાં કોઈ કથાને નિરૂપીને 'આ વાત અમને એટલા માટે યાદ આવી કે' લખીને સાંપ્રત પરિસ્થિતિ પર નિર્ભીક રીતે કટાક્ષ કરવામાં આવતો. પ્રસંગકથાનો હેતુ કોઈ રાજકીય પક્ષ કે નેતાની તરફદારી કરવાને બદલે સામાન્ય માનવીના હૃદયની વેદનાને કે ભાવનાને વાચા આપતી રજૂઆત કરવાનો હતો અને આમ આ હળવી-વ્યંગ-કટાક્ષ ભરી કથા સૌ કોઈનું આકર્ષણ બની રહેતી.

આ પ્રસંગકથાની જનચાહના વિશે જયભિખ્ખુના અવસાન પછી 'લોકસમાચાર' પત્રમાં પ્રસિદ્ધ બાળસાહિત્યકાર શ્રી હરીશ નાયકે લાક્ષણિક શૈલીમાં આપેલી અંજલિનો એક અંશ જોઈએ:

*''આ વાત અમને એટલા માટે યાદ આવી કે...'*

*એ શબ્દો જ એ રણકાની પ્રતીતિ છે. એ શબ્દો જ્યાં સુધી રહેશે ત્યાં સુધી જયભિખ્ખુ રહેશે! ગુરુવાર કૅલેન્ડર ઉપર જ્યાં સુધી અસ્તિત્વ ધરાવશે, ત્યાં સુધી 'ઈંટ અને ઇમારત'ના એ રણકાને કોઈ ભુલાવી નહિ શકે.*

*ભુલાવવાની એ તાકાત ભૂત, વર્તમાન, ભવિષ્ય પાસે નથી. સાહિત્ય-સંસ્કાર કે સર્જન પાસે નથી, ડહાપણ, બોધ કે જ્ઞાન પાસે નથી.*

*કેમ કે જ્યારે પણ તમને કોઈક વાત યાદ આવશે અને જ્યારે પણ તમે બોલી ઊઠશો.*

*'આ વાત અમને એટલા માટે યાદ આવી...'*

*કે તરત જ તમે બોલી ઊઠશો : 'જયભિખ્ખુ'.*

*સમયની કોર્ટમાં પણ કેવા શબ્દો 'કૉપી રાઈટ' મેળવી જતા હોય છે!*

*રણકતા એ 'કૉપી રાઈટ' જેવા શબ્દો કૉપી ન થઈ શકે એવા રાઈટ સુધી ઉચ્ચારાતા રહેશે.*

*'આ વાત અમને....'*

વળી 'ઈંટ અને ઇમારત'ના લેખની વચ્ચે વાચકોના દિલો-દિમાગને તરબતર કરે એવી શાયરીની બે પંક્તિઓ પણ આવતી.

જયભિખ્ખુએ જે પ્રકારે માનવતા-પ્રેરક અને મૂલ્યલક્ષી સાહિત્યની રચના કરી, એ જ પ્રકારે 'ઈંટ અને ઇમારત' કૉલમ દ્વારા એમણે પ્રજાની વેદનાને વાચા આપવાની સાથોસાથ કલમ દ્વારા વ્યક્તિત્વ-ઘડતર અને માનવમૂલ્યોની હિફાજત કરી. વળી ઝવેરચંદ મેઘાણીની માફક જયભિખ્ખુની રંગદર્શી શૈલીએ પણ વિશાળ વાચકવર્ગ મેળવ્યો. આમ ૧૯૫૩માં શરૂ થયેલી 'ગુજરાત સમાચાર'ની 'ઈંટ અને ઇમારત' કૉલમ એમણે ૧૯૬૯ના ડિસેમ્બર મહિના સુધી ચાલુ રાખી. એમનું અવસાન ૨૬મી ડિસેમ્બર ૧૯૬૯ના બુધવારના રોજ થયું અને ૨૭મી ડિસેમ્બરના ગુરુવારે એમનું કૉલમ એમના વિશેની અંજલિનોંધ સાથે પ્રકાશિત થયું હતું. (૧૯૫૩માં પ્રારંભાયેલું 'ઈંટ અને ઇમારત' કૉલમ ૧૯૭૦થી આજ સુધી આ લેખક દ્વારા અવિરત ચાલતું રહ્યું છે.) એક સાહિત્યકાર પોતાની વિચારસૃષ્ટિને પત્રકારત્વના ક્ષેત્રમાં કઈ રીતે સાંગોપાંગ ઉતારી શકે, એનું ઉજ્જવળ ઉદાહરણ જયભિખ્ખુનું પત્રકારત્વ બની રહ્યું. **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯ ૨૬૬૦ ૨૬૭૫. મોબાઈલ : ૦૯૮૨૪૦ ૧૯૯૨૫.

# જીવનમાં હળવાશ અનુભવો

**□ જાદવજી કાનજી વોરા**

જીવન છે તો પ્રશ્નો તો આવવાના જ, ક્યાંક વાંચ્યું હતું કે, 'જે દિવસે તમારા જીવનમાં કોઈ જ પ્રશ્નો ન ઉદ્‌ભવે તો જરૂરથી વિચારજો કે આમ કેમ ? કાંઈક ગડબડ જેવું લાગે છે ! જીવતા મનુષ્યને પ્રશ્નો તો હોય જ !' માણસ નાનો હોય કે મોટો, રાય હોય કે રંક, અમીર હોય કે ગરીબ, માલિક હોય કે નોકર, સ્વતંત્ર હોય કે આશ્રિત, નાના હોય કે પછી મોટા–પ્રશ્નો તો હોવાના, હોવાના અને હોવાના જ ! જીવનમાં પ્રશ્નો હોવા સ્વાભાવિક જ છે. મનુષ્ય માત્રને પ્રશ્નો તો હોય જ. વિના વિઘ્ને આપણને આપણી મંજીલ પર પહોંચાડે એવો રસ્તો જો મળી આવે તો માનજો કે તે ક્યાંય જતો નહિ હોય. પ્રશ્નોનો સદંતર અભાવ અસંભવ છે. પ્રશ્નો નાના હોય કે મોટા એ વધારે મહત્ત્વનું નથી. પ્રશ્નો પ્રત્યેનો આપણો અભિગમ એ જ ખરી મહત્ત્વની બાબત છે. જીવનમાં ઉદ્‌ભવતા પ્રશ્નો પ્રત્યે આપણો દૃષ્ટિકોણ કેવો હોવો જોઈએ એ તરફ અંગુલીનિર્દેશ કરતો એક સુંદર પ્રસંગ છે.

આજના સમયમાં ડગલે ને પગલે ઉદ્‌ભવતા પ્રશ્નો તથા તેને કારણે ઉત્પન્ન થતી માનસિક તાણને નિયંત્રીત કરવાની કળા ઉપર એક વિશાળ શ્રોતાવર્ગ સમક્ષ એક વિદ્વાન મહિલા માનસશાસ્ત્રી મનનીય પ્રવચન આપી રહ્યા હતા. તેમના વક્તવ્યને શ્રોતાઓ એકચિત્તે માણી રહ્યા હતા. પ્રવચન દરમ્યાન જેવો તેણીએ પાણીનો ગ્લાસ ઉપાડ્યો, બધાએ વિચાર્યું કે હમણાં જ તે પુછશે, 'બોલો, પાણીનો ગ્લાસ અર્ધો ખાલી છે કે ભરેલો ?' પરંતુ, મુખ ઉપર હળવા સ્મિત સાથે તેણીએ પુછ્યું, 'પાણીનો આ ગ્લાસ કેટલો ભારી–કેટલો વજનદાર છે ?'

બહુ જ સ્વાભાવિકપણે જુદા જુદા પ્રત્યુત્તરો પાણી ભરેલો ગ્લાસ ૨૦૦ થી ૩૦૦ ગ્રામ વચ્ચે હશે એમ સૂચવતા હતા. તેણીએ હસીને ખુલાસો કર્યો, 'મૂળભૂત વજન એ મહત્ત્વની બાબત નથી. વજનનો આધાર હું તેને કેટલી વાર–કેટલા સમય સુધી પકડી રાખું છું તેની ઉપર છે.'

પોતાના વક્તવ્યને આગળ વધારતાં તેણીએ કહ્યું, 'જો હું આ પાણીના ગ્લાસને એક જ મિનિટ પછી નીચે રાખી દઉં તો કોઈ જ સમસ્યા નથી. પણ જો હું તેને એક કલાક સુધી પકડી રાખીશ તો મારા હાથમાં એક પ્રકારનું સતત હળવું દર્દ ચાલુ રહેશે. જો હું તેને ચાર કલાક સુધી પકડી રાખીશ તો મારો હાથ જડ થઈ જશે. અને જો હું તેને આખો દિવસ સુધી પકડી રાખીશ તો કદાચ મારા હાથને લકવો કે પક્ષાઘાત જેવી અસર થવાની સંભાવના ઉભી થશે.'

આટલું કહીને ખુલાસો કરતાં એ વિદ્વાન માનસશાસ્ત્રીએ કહ્યું, 'હકીકત તો એ છે કે, ગ્લાસનું વજન કાંઈ જ બદલાતું નથી, તે તો એટલું જ રહે છે, પરંતુ, જેટલો વધારે સમય હું તેને પકડી રાખું છું, તેટલો તે વધારે ને વધારે ભારી અનુભવાતો જાય છે.'

માર્મિક હાસ્ય સાથે તેણીએ ખુલાસો કરતાં કહ્યું કે, 'જીવનમાં માનસિક તાણ, ચિંતાઓ કે મુંઝવણો પણ આ પાણીના ગ્લાસ સમાન છે. એ ઉદ્‌ભવે ત્યારે ખાસ વધારે કાંઈ જ બનતું નથી. પરંતુ થોડા વધારે સમય સુધી એ વિશે વિચારતા રહો તો તે પીડા આપવાનું ચાલુ કરી દે છે. જો તમે દિવસભર એ પ્રશ્નો વિશે વિચારતા રહો તો તમે અન્ય કોઈ પણ કામો કરવા માટે અસમર્થ બની જશો અને લકવાગ્રસ્ત અનુભવવા માંડશો' અને આખરે જાણે કે બ્રહ્મવચન વદતી હોય એમ તેણીએ અંતિમ સત્ય ઉચ્ચાર્યું કે, 'ગ્લાસ (પ્રશ્નો)ને ક્યારેય પકડી ન રાખો, હંમેશાં તેમને નીચે જ રાખી દો. જીવનના વ્યવહારોમાં જેટલું જલ્દી છોડી દેવાનું વલણ અપનાવીશું, એટલી જ જલ્દી મોકળાશ અનુભવીશું.'

✶✶✶

□ **જાદવજી કાનજી વોરા**ની પત્રમાલામાંથી
ટેલિફોન : (૦૨૨ – ૨૫૯૩ ૪૩૭૯)

# સંગીતમય જૈન મંત્ર સ્તવન : ફંડ રેઇઝીંગ કાર્યક્રમ

તા.૨૨-૧૧- ૨૦૧૩ના નેહરુ સેન્ટર મુંબઇમાં સાંજે સાડા સાત વાગે, સંગીત માર્તંડ કુમાર ચેટરજી દ્વારા ઉપરોક્ત શીર્ષકથી એક કાર્યક્રમનું આયોજન થયું હતું. શ્રોતાઓએ મન ભરીને આ ભક્તિ સંગીતના કાર્યક્રમને મ્હાણ્યો હતો.

આ પ્રસંગે **'સેવા'** શીર્ષકથી એક સ્મરણિકાનું પ્રકાશન પણ થયું હતું.સંસ્થાના ચાહકોએ આ સ્મરણિકા માટે જાહેર ખબર આપી હતી તેમજ કાર્યક્રમ પ્રસંગે દાનનો પ્રવાહ પણ વહાવ્યો હતો.

આ સંસ્થા શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ૧૯૮૫ થી ગુજરાતની કેળવણી તેમજ આરોગ્ય સંસ્થા જે અદિવાસી વિસ્તારમાંહોય તે માટે પર્યુષણ પર્વ દરમિયાન દાન એકત્ર કરી એ સંસ્થાને એના વિકાસ કાર્યો માટે દાન અર્પણ કરે છે.

અત્યારે સુધી ૨૯ સંસ્થાને રૂા. ૪,૭૫,૬૦,૭૩૩નું દાન એ સંસ્થાઓને પહોંચાડયું છે. અમારા ફંડ રેઇઝીંગના કાર્યક્રમમાં એ સંસ્થાઓએ પણ અમને યથા શક્તિ દાન મોકલ્યું છે.

તા. ૨૨-૧૧-૨૦૧૩ના કાર્યક્રમ સમયે અમને રૂા. ૨૦,૯૨,૦૫૦ની આવક પ્રાપ્ત થઇ છે, જેની વિગત અહીં નીચે આપેલ છે.

### (અ) દાતાઓ પાસેથી મળેલું દાન

| | |
|---|---|
| ૧,૦૦,૦૦૦ | મે. જ્વેલેક્સ ફાઉન્ડેશન હસ્તે પીયૂષભાઇ કોઠારી |
| ૧,૦૦,૦૦૦ | દિવાળીબાઇ એન્ડ કાલીદાસ એસ. દોશી ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી કીર્તિભાઇ દોશી |
| ૧,૦૦,૦૦૦ | શ્રી પ્રવીણભાઇ એસ. કોઠારી |
| ૧,૦૦,૦૦૦ | જિતેન્દ્ર કીર્તિભાઇ ભણશાલી ટ્રસ્ટ |
| ૧,૦૦,૦૦૦ | ઓનવર્ડ ફાઉન્ડેશન હસ્તે શ્રી હરીશભાઈ મહેતા |
| ૭૫,૦૦૦ | શ્રીમતી સરયૂબેન રજનીભાઇ મહેતા |
| ૫૧,૦૦૦ | શ્રી બિપિનભાઈ જૈન |
| ૫૦,૦૦૦ | મે. રણદીપ એક્ષપોર્ટસ |
| ૫૦,૦૦૦ | મે. જયશ્રી એન્જિયરીંગ કાું. પ્ર. લિ. |
| ૫૦,૦૦૦ | મે. મેરેથોન બિલ્ડર્સ, હસ્તે:શૈલજાબેન અને ચેતનભાઈ શાહ |
| ૧૫,૦૦૦ | શ્રી રમણલાલ નગીનદાસ શાહ |
| ૧૫,૦૦૦ | શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ |
| ૧૫,૦૦૦ | શ્રી કમળાબેન ગંભીરચંદ શાહ ચેરિટી ટ્રસ્ટ |
| ૧૧,૦૦૦ | શ્રી સી.કે.મહેતા |
| ૧૦,૦૦૦ | શ્રી નિખીલ જીતેન્દ્ર શાહ -HUF |
| ૧૦,૦૦૦ | શ્રી પરાગ ઝવેરી |
| ૫,૦૦૦ | શ્રી પુષ્પસેનભાઇ ઝવેરી |
| ૫,૦૦૦ | શ્રીમતી ઉષાબેન દિલીપભાઇ શાહ |
| ૧,૦૦૦ | શ્રી બચુભાઇ વોરા |
| **૮,૬૩,૦૦૦** | **કુલ રકમ** |

### (બ) સેવા સ્મરણિકામાં આર્થિક સહાય મેળવતી સંસ્થા પાસેથી આવેલું દાન

| | |
|---|---|
| ૩૧,૦૦૦ | આત્મવલ્લભહૉસ્પિટલ, ઇડર (સાબરકાંઠા) |
| ૨૧,૦૦૦ | મંથન અપંગ કન્યા સેવા સંકુલ, હાજીપુર (કલોલ) |
| ૨૧,૦૦૦ | લોક વિદ્યાલય, વિનય વિહાર એજ્યુકેશન ટ્રસ્ટ, વાલુકડ (પાલીતાણા) |
| ૧૫,૦૦૦ | શ્રી આર્ક- માંગરોલ - ભરૂચ |
| ૧૧,૦૦૦ | શ્રી સર્વોદય કૃષ્ણયજ્ઞ ટ્રસ્ટ, રાજેન્દ્રનગર ચોકડી |
| ૧૧,૦૦૦ | શ્રીમતી પી. એન. આર. સોસાયટી ફોર રીલીફ એન્ડ રીહેબીલીટેશન -ભાવનગર |
| ૧૧,૦૦૦ | શ્રી સેવા મંડળ મેઘરજ- કસાણા (સાબરકાંઠા) |
| ૧૧,૦૦૦ | શ્રી મંગલ ભારતી ગ્રામ સેવા નિધિ ટ્રસ્ટ-વડોદરા |
| ૧૧,૦૦૦ | શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ -કપડવંજ |
| ૧૧,૦૦૦ | શ્રી ગ્રામ સ્વરાજ સંઘ - નીલપર -કચ્છ |
| ૧૧,૦૦૦ | શ્રી સમાજરત્ન ચીનુભાઇ મંજુલા ભગિની મિત્ર મંડળ - પાલીતાણા |
| ૨,૦૦૦ | શ્રી કસ્તુરબા સેવાશ્રમ, મરોલી ,નવસારી |
| ૧૧,૦૦૦ | શ્રી સ્વરાજ આશ્રમ, વેડછી |
| ૧૧,૦૦૦ | શ્રી વિચારતા સમુદાય સમર્થન મંચ- અમદાવાદ |
| ૧૧,૦૦૦ | શ્રી લોક સેવક સંઘ- થરડી (સાવરકુંડલા) |
| ૧૧,૦૦૦ | શ્રી માલવી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-કુકેરી (નવસારી) |
| **૨,૧૧,૦૦૦** | **કુલ રકમ** |

### (ક) સેવા સ્મરણિકામાં આવેલ જાહેરખબરની આવક

| | |
|---|---|
| ૧,૦૦,૦૦૦ | મે. જ્વેલેક્સ ગ્રુફ ઓફ કંપનીઝ |
| ૧,૦૦,૦૦૦ | મે. ભણશાલી એન્ડ કું. |
| ૧,૦૦,૦૦૦ | મે. અર્થ ગ્રુપ ઓફ કંપનીઝ |
| ૫૦,૦૦૦ | મે. ડી. .નવીનચંદ એક્ષપોર્ટસ |
| ૧૫,૦૦૦ | મે.નીરૂ એન્ડ કાું / પીજેવી એન્ટર પ્રાઇઝીસ |
| ૧૫,૦૦૦ | મે. છેડા જ્વેલર્સ |
| ૧૫,૦૦૦ | મે. એડટેક એડવાન્સ ટેકનો. ટાઇમ ઇન્કો. |
| ૧૫,૦૦૦ | મે. એસ. કાન્ત હેલ્થકેર લિ. |
| ૧૫,૦૦૦ | મે. એચ.ડી. ઇન્ડસ્ટ્રીઝ મે.જતીન એન્ટરપ્રાઇઝીસ |
| ૧૧,૦૦૦ | શ્રી કે.એમ. સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦,૦૦૦ | મે. પરકીન બ્રધર્સ |
| ૧૦,૦૦૦ | ડૉ. સ્નેહલ સંઘવી |
| ૧૦,૦૦૦ | શ્રી કીરણભાઇ એચ. શાહ |
| ૧૦,૦૦૦ | મે.સ્ટુડન્ટસ એજન્સીઝ (ઇ) પ્રા.લી. |
| ૧૦,૦૦૦ | મે.ન્યૂટરીક ઇન્ફરમેટીક લી. |
| ૧૦,૦૦૦ | મે.પોલીથીન પ્રિન્ટીંગ એન્ડ શીલીંગ વર્ક્સ |
| ૧૦,૦૦૦ | શ્રી પ્રકાશભાઇ જે.ઝવેરી |

| | |
|---|---|
| ૧૦,૦૦૦ | મે.સી.યુ.શાહ ગ્રુપ ઓફ કંપનીઝ |
| ૧૦,૦૦૦ | શ્રી રમણિકલાલ ગોસાલીયા |
| ૧૦,૦૦૦ | મે.સુપરસોફ્ટ ઇન્ડીઆ |
| ૭,૫૦૦ | મે. જે.જે.ગાંધી એન્ડ કું. |
| ૫,૦૦૦ | મે.ફ્રેન્ડલી પ્રિન્ટર્સ |
| ૫,૦૦૦ | શ્રી જવાહરભાઇ શુકલ |
| ૫,૦૦૦ | મે. વીપ્લાય સેન્ટર |
| ૫,૦૦૦ | મે.પંચાલી ફરનીચર એન્ડ ઇન્ટીરીયર્સ |
| ૫,૦૦૦ | શ્રીમતી લીના વી. શાહ |
| ૫,૦૦૦ | મે.એગ્રોમેક સ્પર્શ કોરપોરેશન |
| ૫,૦૦૦ | મે.યુનાઇટેડ મોટર સ્ટોર્સ |
| ૫,૦૦૦ | મે.યુનાઇટેડ ઓટો સ્ટોર્સ |
| ૫,૦૦૦ | મે. સુગરકેમ |
| ૫,૦૦૦ | શ્રી કમલેશ શાહ |
| ૫,૦૦૦ | મે.નંદુ ડ્રેપર્સ |
| ૫,૦૦૦ | મે. કોમેટ પેપર કંપની |
| ૫,૦૦૦ | શ્રી મહેશ શ્રોફ અને ફેમીલી |
| ૫,૦૦૦ | મે. શાહ સ્ટીલ કોરપોરેશન |
| ૫,૦૦૦ | મે.કે.મહેન્દ્ર સ્ટીલ |
| ૫,૦૦૦ | મે.કાન્તિ કરમશી એન્ડ કંપની |
| ૫,૦૦૦ | મે.જ્યોતિ આઇસ્ક્રીમ મેન્યુ. કંપની |
| ૫,૦૦૦ | મે.લક્ષ્મીચંદ ડાહ્યાભાઇ (એક્ષપોટ)કં.પ્રા. લી. |
| ૫,૦૦૦ | મે.ત્રીશલા ઇલેક્ટ્રોનીક્સ |
| ૫,૦૦૦ | શ્રી અનિલ પ્રાણ |
| **૬,૪૩,૫૦૦** | **કુલ રકમ** |

**(ક) કાર્યક્રમ સમયે ડોનેશન કાર્ડ દ્વારા પ્રાપ્ત દાન**

**રૂા. ૩,૭૧,૧૫૦**

સર્વ દાતાઓને આભાર

| | | |
|---|---|---|
| કુલ રકમ | અ | ૮,૬૩,૦૦૦ |
| | બ | ૨,૧૧,૦૦૦ |
| | ક | ૬,૪૩,૫૦૦ |
| | ડ | ૩,૭૧,૧૫૦ |
| | સોવેનીયર વેચાણ | ૩૪૦૦ |
| | **કુલ રૂા.** | **૨૦,૯૨,૦૫૦** |

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

દેખભાળ રાખશે. મા-બાપ કાળજાની વેદના કોને કહે ! દીકરીને સારું થઈ જાય એ આશાએ તેને લઈને બાપુ રડતી આંખે મહારાષ્ટ્ર જવા રવાના થયા.

માને દીકરીને બે-ચાર ચોપડી ભણાવી સાસરે વળાવવી હતી. તે સ્વપ્ના જોતી-દીકરી વળાવતી વખતે ગીત ગણગણતી દીકરીને આશીર્વાદ આપવા હાથ ઊંચો થઈ જાય છે...

*બાબુલ કી દુઆએ લેતી જા,*
*જા તું જ કો સુખી સંસાર મિલે*
*જબ યાદ કભી મેરી આયે,*
*મિલને કી દુઆ કરના...*

સાસરે જવાને બદલે આજે મંજુ રક્તપિત્તવાળાની જમાતમાં ભળી જશે.

હૉસ્પિટલમાં જઈને બાપા હાથ-પગના વળી ગયેલા આંગળા, હાથે-પગે પાટાવાળા રક્તપિત્તવાળા ભાઈ-બહેનોને જોઈને વિચારે છે-મારી દીકરીની પણ આવી દશા થશે શું ? આ નાનકડી મંજુને અહીં કોણ સાચવશે, પ્રેમ કરશે ? ડૉક્ટરને કહે છે કે સાહેબ મારી દીકરીની બરોબર દવા કરજો, તેના હાથ-પગ સારા રહે. જલદી ઘેર લઈ જઈ શકું. વોર્ડના દર્દીઓ બધા બાપાને સાંત્વન આપે છે. અને તેને મુકીને તેઓ ઘેર પાછા ફરે છે. મનમાં વિચારે છે મારી મંજુને રક્તપિત્ત રોગનું લેબલ લાગી ગયું છે હવે સમાજ-કુટુંબ તેને નહિ સ્વીકારે તે હું જાણું છું. ગામના લોકો તેને નહીં રહેવા દે. ભગવાન તેનું સારું કરે.

ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે તેની મંજુને કે તેના કુટુંબને સ્વપ્નામાં પણ ખબર ન હતી.

એક બેવાર વર્ષમાં તેના ભાઈ તેને મળવા આવ્યા, પછી તો વર્ષો વહી ગયા સગા વ્હાલાને મળે.

જે બેન તેને સાચવતા હતા તેમણે ત્યાંના જ રક્તપિત્તના દર્દી જોડે તેના લગ્ન કરાવ્યા. ૧ વર્ષ ત્યાં રહ્યા. ત્યાંનો કાયદો કે લગ્નની છૂટ પણ બાળક નહીં થવા દેવાનું. જેથી તેઓ પુનાની સંસ્થામાં રહેવા ગયા. ત્યાં એક બાળકની છૂટ હતી. ત્યાં રહ્યા પછી ભગવાને તેમની ઈચ્છા પૂરી કરી. એક રાત્રે ડીલવરીનું દર્દ શરૂ થયું. સંસ્થા પાસે વાહન ન હતું. કચરાની ગાડીમાં સુવાડી ગામની બહાર હૉસ્પિટલમાં લઈ જવા નીકળ્યા. રસ્તો તદ્દન ભંગાર. નાનકડી ગાડી કચરાની જેમ તેમ હૉસ્પિટલ પહોંચ્યા. થોડી વારમાં બાળક મરેલું અવતર્યું. મંજુ માના પ્રેમ માટે તલસતી હતી, મારા બાળકને હું ખૂબ પ્રેમ કરીશ. પણ મનની ઈચ્છા ભગવાને પૂરી ન કરી. બંને ખૂબ રડ્યા. સંસ્થાના નિયમ અનુસાર ઑપરેશન કુટુંબનિયોજન કરાવવું પડ્યું. તેનો આઘાત ખૂબ લાગ્યો. સંસ્થામાંથી મન ઉઠી ગયું. કોઈકે સલાહ આપી કે ગુજરાતમાં હિંમતનગર પાસે **સહયોગ કુષ્ઠયજ્ઞ**ની સંસ્થા છે. તમારા જેવા ત્યાં ઘણાબધા કામ કરી સ્વમાનભેર જીવે છે. મંજુ અને મહેશ ગુજરાત આવવા નીકળી ગયા. રાત્રે સહયોગમાં આવ્યા.

અને સહયોગમાં નવી જિંદગી શરૂ થઈ. બાળકની યાદ તો સતત આવતી. તેથી મહેશે તેના ભાઈના દીકરાને દત્તક લીધો. હાલ તે દીકરો ધો. ૧૧માં ભણે છે. બંને તેને લાડ-પ્યારથી રાખે છે. બંને જણ મંદબુદ્ધિ વિભાગમાં કામ કરી સુખેથી જિંદગી વિતાવે છે. મંજુ ખૂબ સારી રીતે દીકરીઓને સાચવે છે. તેનું અમદાવાદમાં **મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના હસ્તે સન્માન થયું. રક્તપિત્તની દીકરી માટે ગૌરવ લેવા જેવું છે.

*જિંદગી એક સફર હે સુહાના - યહાં કલ ક્યા હો કિસને જાના*
*હસતે ગાતે યહાં સે ગુજર, દુનિયા કી તુ પરવા ન કર*
*મુશ્કરા કે દિન બીતાના.*

✶ ✶ ✶

ઈંદિરા સોની, સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ. મો. : 94260 54337

# સર્જન-સ્વાગત

## ❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **જિગરના ચીરા**
(હિંદના ભાગલા અને ગાંધીજી)
લેખક : નારાયણ દેસાઈ
પ્રકાશક : યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર, હુજરત પાડા, વડોદરા-૩૯૦૦૦૧.
મૂલ્ય-૧૨૦/-, પાના-૨૧૨,
પ્રથમ આવૃત્તિ-સપ્ટે. ૨૦૧૩.

આ પુસ્તક ગાંધીપુરાણના અંતિમ પર્વના એક ભાગ તરીકે લખાયુ છે. એનો હેતુ સીમિત છે. તે કાળનાં તમામ મુખ્ય પાત્રોની છાની સમજૂતી થકી નિર્ણય લેવાની પ્રક્રિયામાં ગાંધીને કેવી રીતે અપ્રસ્તુત બનાવી દીધા હતા તેના સાક્ષી બનીને શ્રી નારાયણ દેસાઈ વાત કરે છે. પણ તેમ કરતાં એ વાત ગાંધીના રાજનૈતિક જીવનની પણ વાર્તા બની જાય છે. એ વાર્તામાં ભવ્ય શોકાંતિકાના બધા તત્ત્વો સમાયેલાં છે. ગાંધીને કાળજીપૂર્વક એકલા પાડી અને યુક્તિપૂર્વક ઉપેક્ષિત રાખી, નિર્ણય કરવાની પ્રક્રિયામાંથી એમને ખરેખર બહાર રાખવામાં આવ્યા હતા. એમના સૌથી નજીકના અનુયાયીઓ-જવાહરલાલ નહેરુ અને વલ્લભભાઈ પટેલે પણ ભગ્નહૃદયી ગાંધીને દુઃસ્વપ્નોના ઓથારમાં ભટકતા અને નવી અનુભવેલી મનોશારીરિક વ્યાધિમાં ઘેરાઈને એકલા અટૂલા મરવા દીધા હતા. નારાયણ દેસાઈ પોતાનો સાદ ઊંચો નથી કરતાં તો પણ ગાંધીજી જે પાછલા ત્રણ દાયકાથી હિંદના બેતાજ બાદશાહ હતા અને હવે જેનું પોત લીરેલીરા થઈ ગયું હતું-તેમની અસહાયતા બહાર આવે છે; પણ તેમ છતાં ગાંધી જીવનની કથાને યોગ્ય સ્વરૂપે પૂર્ણ કરવા માટે કદાચ મૃત્યુ જ જરૂરી હતું.

આ પુસ્તક એના લેખકના જીવનની માફક એના સમયને અતિક્રમી જશે અને લોકો આ પુસ્તકને ક્ષમાયાચનાના ગ્રંથ તરીકે નહીં પણ એક આધારભૂત ગ્રંથ તરીકે જુએ.

x x x

પુસ્તકનું નામ : વીસરાયેલી લોકોક્તિઓ
લેખક-સંપાદક : કીર્તિલાલ કા. દોશી
પ્રકાશક : શ્રેણુજ એન્ડ કંપની લિમિટેડ
કોર્પોરેટ ઑફિસ, હીરા વિભાગ,
૪૦૫-સી, ધરમ પેલેસ, ૧૦૦-૧૦૩, એન. એસ. પાટકર માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
ટેલિ. નં. : +૯૧ ૨૨૬૬૩૭૩૫૦૦
મૂલ્ય : અમૂલ્ય, પાના : ૧૬૪, આવૃત્તિ-૧.

આ પુસ્તકના લેખક કીર્તિલાલ દોશી માત્ર હીરા પારખુ વ્યાપારી જ નથી પણ સાહિત્ય કૃતિઓના પણ સાચા પારખુ છે. તેઓ પુસ્તક પ્રેમી છે. પુસ્તકો વાંચે છે અને વાંચેલું પચાવે છે. પોતાના વાચનના અનુભવમાંથી જે કાંઈ વીણી વીણીને પ્રજાને અવરણરૂપે આપ્યું તે ઘણાં લોકોને ગમ્યું છે. કીર્તિભાઈના પગ વાસ્તવિક ધરતી પર છે પરંતુ તેઓ હંમેશાં ઊંચી નજર રાખે છે.

આ પુસ્તકમાં લેખક શ્રી કીર્તિલાલ દોશીએ ગુજરાતી ભાષાની પ્રસિદ્ધ, અલ્પ પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ કહેવતોનું સંપાદન કર્યું છે. સાચા અર્થમાં વિચારીએ તો લાગે છે કે કહેવતોમાં સમગ્ર પ્રજાના અનુભવનો નિચોડ હોય છે. આ પુસ્તકના સંપાદક શ્રી કીર્તિલાલ દોશીએ માત્ર કહેવતોનો સંચય નથી કર્યો પણ આ કહેવતોને વ્યવસ્થિત રીતે કક્કાવારી પ્રમાણે ગોઠવી છે. કહેવતોમાં પ્રજાની વ્યવહાર દક્ષતા અને શાણપણ છે. કહેવત ભાષાનું બળ છે. કહેવતમાં ઓછામાં ઘણું કહી શકવાની જબરી તાકાત છે. નિવૃત્ત થયા પછી પોતાની વૃદ્ધાવસ્થાને કેટલી હદે રળિયામણી બનાવી શકાય છે તેની પ્રતીતિ શ્રી કીર્તિલાલ દોશી કરાવે છે.

હીરાપારખુ લેખકનું આ પુસ્તક માણવા જેવું જરૂર છે સાથે આનંદની અનુભૂતિ પણ કરાવે છે.

x x x

પુસ્તકનું નામ : **ઉજાસની આસપાસ**
રાજેન્દ્ર કોષ ભાગ-૭ :
સમ્યગ્દર્શન આધારિત પ્રવચનો
પ્રકાશક : વીર ગુરુદેવ ફેડરેશન-અમદાવાદ
પ્રાપ્તિસ્થાન : રાજ રાજેન્દ્ર ફેડરેશન, શેખનો પાડો, રિલીફ રોડ, અમદાવાદ.
મૂલ્ય-રૂા. ૪૦/-, પાના-૧૫૦, આવૃત્તિ-પ્રથમ.

મુંબઈ નગરીમાં ૨૦૬૩ના વર્ષે વયોવૃદ્ધ મુનિરાજ શ્રી હેમરત્ન મ.સા. સાથે ચાતુર્માસ થયું. જેમાં પ્રવચન દરમ્યાન ગ્રંથાધિરાજ શ્રી અભિયાન રાજેન્દ્ર કોષ-ભાગ-૭ અંતર્ગત 'સમ્મત' સમ્યગ્ દર્શન આધારિત પ્રવચનો થયાં.

સમ્યગ્ દર્શનની યાત્રા જીવનને શિવ તરફ લઈ જાય છે. ભવ ભ્રમણાની ગતિ પર પૂર્ણ વિરામ આવી જાય છે. સંસારના મલિન ભાવોનો ભ્રમ સમાપ્ત થઈ જાય છે. પ્રભુની આજ્ઞાના વિશ્વાસમાં ઓતપ્રોત થઈ જાય છે. આ જીવની મુક્તિયાત્રા સમકિત પ્રાપ્તિ બાદ જ થાય એટલે હવે ગણતરીના ભવ જ અહીં સંસારવાસમાં રહેવાનું પછી તો પ્રભુની સાથે એકમેક થઈ જાય છે.

અનંત આત્માઓએ સત્ય જીવનનો ઉજાસ પામીને જીવનને ઉપવન બનાવી દીધું છે. શ્રી અભિધાન રાજેન્દ્ર કોષના સપ્તમ ભાગની આ લેખોની સાધના પંથ માટે સરળ રીતે સાધકોને સહાયક બને તેવી છે.

x x x

પુસ્તકનું નામ : **પ્રેક્ષા** (અન્યાસ લેખ સંચય)
લેખક : પ્રા. દીક્ષા એચ. સાવલા
પ્રકાશન : ગુરુ ડિઝાઈન શૉપ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.
જિ. આણંદ, ગુજરાત. મૂલ્ય-૯૦/-, પાના-૭૫, આવૃત્તિ-પ્રથમ-૨૦૧૨.

પ્રો. દીક્ષા સાવલા, ૭૫ પાનામાં વિસ્તરાયેલાં આ પુસ્તકના સાત નિબંધોમાં મેઘધનુષના સાત રંગો પાથરે છે અને સાથે સંગીતના સાત સૂરોના વિવિધ આલાપો પણ આપે છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહાપુરુષના જીવન અને કવનની પ્રાપ્ય એટલી વિગતો તટસ્થ ભાવે પ્રકટ કરે છે. 'શ્રી વિનયચંદ્ર સૂરિકૃત કાવ્યશિક્ષા-એક પરિચય લેખમાં ઉત્તમ કૃતિના નિર્માણ માટેના નિયમો જૈન સાહિત્યકારોએ આપ્યા છે તેની પ્રતીતિ લેખિકા કરાવે છે. શ્રી રામચંદ્રકૃત મલ્લિકા મકરંદ નાટકનો પરિચય આપી જૈન સાહિત્યકારોના નાટ્ય સાહિત્યના પ્રદાનની કવિ મુનિ રામચંદ્રના જીવનની, કરુણાન્તિકાની અને એમના નાટ્યદર્પણ ગ્રંથનો પરિચય લેખિકાએ રોમાંચક શૈલીમાં કરાવ્યો છે.

સમરાદિત્ય ચરિત્રમાં નાયક અન્ય ભવોની કથા કહી વેર દ્વારા અને વૈરાગ્નિ આત્માને કઈ કઈ અવસ્થાએ લઈ જાય છે. તેની તાત્ત્વિક વાત કરી છે. પંડિત શ્યામકૃષ્ણ વર્મા એક ક્રાંતિકારી જ નહિ પરંતુ એથી ઘણું ઘણું વિશેષ હતા તેની પ્રતીતિ લેખિકા અહીં કરાવે છે.

આ નિબંધ માટે લેખિકાએ લગભગ ૨૧ જેટલાં ગ્રંથોનો અભ્યાસ કર્યો છે. એમાં તેમની અભ્યાસનિષ્ઠા અને સંશોધન દૃષ્ટિના દર્શન થાય છે.

x x x

પુસ્તકનું નામ : **જ્ઞાનનો ઉજાસ આત્માનો આનંદ**
લેખક : સુધા સુરેશ શાહ
પ્રકાશક : અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેંટર સંચાલિકા S.K.P.G. જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી

રિસર્ચ સેંટર, ઘાટકોપર, મુંબઈ.
ફોન નં. ૦૨૨-૪૨૧૫૩૫૪૫.
મૂલ્ય-રૂા. ૫૦/-, પાના-૧૫૦, આવૃત્તિ-પ્રથમ, ઑક્ટોબર-૨૦૧૩.

'જ્ઞાનનો ઉજાસ-આત્માનો આનંદ' પુસ્તકના લેખિકા સુધા સુરેશ શાહે આ પુસ્તક મહારાષ્ટ્ર રાજ્ય-ગુજરાતી સાહિત્ય અકાદમીની પુસ્તક પ્રકાશન યોજનાના સહયોગથી પ્રગટ કર્યું તે બદલ હાર્દિક અભિનંદન.

આ પુસ્તકના ૩૬ નાના નાના લેખોમાં લેખિકાની જૈન ધર્મ પ્રત્યેની વિશેષ અભિરૂચિના દર્શન થાય છે. સાથે સાથે ટૂંકમાં પણ હૃદયસ્પર્શી શૈલી દ્વારા લેખિકાની અભિવ્યક્તિ ઊડીને આંખે વળગે તેવી છે.

'નમસ્કાર મંત્રની સિદ્ધિ' લેખમાં લેખિકાની નવકારમંત્ર પ્રત્યેની ઊંડી શ્રદ્ધાની અભિવ્યક્તિ છે. એ જ રીતે સંયમ, તપ, બાહ્ય તપ અને અંતરતપ વિષયક લેખો વાચકને મુક્તિ-મોક્ષ સુધીની ગતિનું દર્શન કરાવે છે. 'વસુધૈવ કુટુંબકમ્' લેખમાં ધર્માચરણમાં સાત્ત્વિકતાનું મહત્ત્વ સમજાવ્યું છે. પરિગ્રહો ઈચ્છાનું કારણ છે માટે તેનાથી દૂર થવાનો માર્ગ દર્શાવે છે. અંતનું વાક્ય 'જેનાથી મોટી આત્મશુદ્ધિ સધાય તે ધર્મ' સાચા માનવને સાચા ધર્મનું દર્શન કરાવે છે.

આ પુસ્તકના નાના નાના લેખો જૈન ધર્મના વિવિધ પાસાંઓની અત્યંત સરળતાપૂર્વક સાદી ભાષામાં સદૃષ્ટાંત સમજ કરાવે છે.

x x x

પુસ્તકનું નામ : **યુરોપમાં પ્રવાસ** (ચાર પૈડાં પર)
લેખક-પ્રકાશક : રાયચંદ કોરશી શાહ
એમ.એ.,એલએલ.બી.
સંપાદન : ઈલેશ વ્યાસ
મૂલ્ય-અમૂલ્ય, પાના-૨૩૬, આવૃત્તિ પ્રથમ-એપ્રિલ-૨૦૧૩.

સાડી અને તૈયાર વસ્ત્રોના ધંધામાં પ્રતિષ્ઠા પામેલા શ્રી રાયચંદભાઈએ ઈ. સ. ૧૯૬૭માં ધંધાના વિકાસાર્થે વિદેશ-પ્રવાસ કર્યો હતો. ૧૯૮૪ યુરોપ-અમેરિકા અને ૨૦૧૦માં એક મહિના સુધી યુરોપનો પ્રવાસ ખેડ્યો હતો. ફળ સ્વરૂપે આ પુસ્તક પ્રસિદ્ધ થયું છે.

આ પુસ્તકમાં લેખકની ઝીણવટભરી નિરીક્ષણ શક્તિ, વિવિધ વ્યક્તિઓ, નગરો, પ્રજાજનોની ખાસિયતો, સ્થળ કાળની તવારીખ, ભાતીગળ સાંસ્કૃતિક વિલક્ષણતાઓ-આ બધાંની તટસ્થ અને મૌલિક મુલવણી કરતી, લેખકની પોતિકી રજૂઆત આ પુસ્તકનું જમા પાસું બની રહે છે. લેખકની કલમમાંથી જે શબ્દપિંડ સર્જાયો છે તે જિજ્ઞાસુ વાચકોને સંતોષે તેવો છે. લેખકે ખેડેલો આ બહોળો યુરોપ પ્રવાસ યાદગાર બની રહે તેવી રસળતી કલમે આલેખાયો છે.

પુસ્તકમાં લેખકના વૈજ્ઞાનિક તથા સંશોધનાત્મક મિજાજની સર્વત્ર પ્રતીતિ થાય છે. પહાડો, નદીઓ, ઝરણાંઓ, જંગલો, વનરાજી, ભૂમધ્ય સમુદ્રના અછડતા શબ્દચિત્રોમાં પ્રકૃતિપ્રેમી લેખકની સૌન્દર્ય દૃષ્ટિ પ્રગટ થાય છે. પાને પાને મુકાયેલી તસ્વીરોથી આ પ્રવાસ આંખ સમક્ષ જીવંત થાય છે.

પ્રવાસ પુસ્તક સૌને ગમે તેવું છે. એનો આસ્વાદ કરવો એ જીવનનો લ્હાવો છે.

x x x

**સાભાર સ્વીકાર**

**૧. સમુદ્ર છલકે છે**-લેખક-હર્ષદ ચંદારાણા
લજ્જા પબ્લિકેશન, બીજે માળે, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભવિદ્યાનગર. ફોન નંબર : (૦૨૬૯૨) ૨૩૩૮૬૪. મુલ્ય-રૂા. ૧૨૦/-

**૨. કિરણોની પોટલી**-મૂલ્ય-રૂા. ૧૪૦/-

**૩. ગુજરાતના જાણીતા સંશોધક અને સર્જક પ્રો. મહેબૂબ દેસાઈ-વ્યક્તિત્વ અને વાઙ્મય**
સંપાદકો-એમ.જે.પરમાર, ડૉ. લક્ષ્મણ વાઘેર, ડૉ. અર્જુન વાઘેલા
પ્રકાશક-પાર્શ્વ પબ્લિકેશન, ઝવેરી વાડ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
મૂલ્ય-રૂા. ૫૦/-

**૪. જગત શેઠ**-લેખક-સુશીલ
પ્રકાશક-શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ.
મૂલ્ય રૂા. ૫૦/-

**૫. લોકમત**-લેખક-દેવીપ્રસાદ ચટ્ટોપાધ્યાય
સંકલનકર્તા-સુખદેવ મહેતા
પ્રકાશક-પ્રકાશ વિશ્વાસરાવ, લોકવાઙ્મય ગૃહ, ૮૫ સયાની રોડ, ભૂપેશ ગુપ્તા ભવન, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫. મૂલ્ય-રૂા. ૬૦૦/-

**૬. બહાના ના કાઢ દોસ્ત-**
મૂળ લેખક-વેન ડબ્લ્યુ. ડાયર
ભાવાનુવાદક-દર્શા કિકાણી
વિચારવલોણુ પરિવાર પ્રકાશન.
કિંમત-રૂા. ૪૦/-

**૭. ઝીણી નજર (દશ્ય-૬) સાંખ્ય**
સંકલનકર્તા-સુખદેવ મહેતા
અને દર્શના જોશી (૨૦૧૨)
પ્રકાશક-સુખદેવ મહેતા, ૩૨, ઈલાકુંજ
નેપિયન્સી રોડ, મુંબઈ-૪૦૦ ૦૩૬.
કિંમત-રૂા. ૨૦૦/-

**૮.** The Book of Compassion-
Reverence of All life
(Collection of Articles)
Compiled by Pramoda Chitrabhanu
Jain Meditation International Center
New York-NY-10023-0244.

x x x

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ,
ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. : 9223190753.

* * *

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલું અનુદાન

**પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | શ્રી ચંદ્રકુમાર ગણપતલાલ ઝવેરી |
| ૨૦૦૦૦ | કુલ રકમ |

**કિશોર ટિંબડિયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૨૦,૦૦૦ | શ્રી ધીરેન નગીનદાસ શાહ |
| ૨૦,૦૦૦ | કુલ રકમ |

**સંઘ આજીવન સભ્ય**

| | |
|---|---|
| ૫૦૦૦ | શ્રી મનીષ કાંતિલાલ પોલડિયા |
| ૫૦૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ**

| | |
|---|---|
| ૧૦૧૭ | નલીન એમ. ગાંધી |
| ૫૦૦૦ | ઇન્દીરાબેન ટી. શાહ |
| ૫૦૦૦ | કેતકી દામજી વિસરીયા |
| ૧૧૦૧૭ | કુલ રકમ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૨૦,૦૦૦ | શ્રી ધીરેન નગીનદાસ શાહ |
| ૫૦૦ | શ્રી સુંદરજી મંગલદાસ પોપટ-પુના |
| ૨૦,૫૦૦ | કુલ રકમ |

**ટ્રસ્ટ જનરલ ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | શ્રી રશ્મિન સંઘવી |
| ૫૦૦૦ | કુલ રકમ |

# KARMA TALKS

This month as I was going through all the different philosophers in my mind's eye, I decided to veer off on a tangent- from specific people to the thin thread that governs people- Karma.

So what is Karma?
Lets look at some contemporary thinkers and what do they have to say about 'Karma.'

Even chance meetings are the result of karma… Things in life are fated by our previous lives. That even in the smallest events there's no such thing as coincidence."
-- Haruki Murakami( Japanese iconic writer)

Dangerous consequences will follow when politicians and rulers forget moral principles. Whether we believe in God or karma, ethics is the foundation of every religion."
-- Dalai Lama XIV

I'm not a believer in predetermined fates, being rewarded for one's efforts. I'm not a believer in karma. The reason why I try to be a good person is because I think it's the right thing to do. If I commit fewer bad acts there will be fewer bad acts, maybe other people will join in committing fewer bad acts, and in time there will be fewer and fewer of them."
-- Daniel Handler

So what is this KARMA?
my friend Divyaakummar always says' karma is about learning and so :

Karma is not about justice, it is about **learning;**
Karma is not handed out, it is your **choice;**
Karma is not with another, but **with self!**
Karma is not about right balancing wrong but about **effecting a change in thought patterns.**
**Let us not get bogged down with good and bad karma.**

**Good karma** is where our beliefs are in tandem with our highest potentials, thereby attracting 'positive effects' due to the law of attraction!
There is no one paying us back or a higher authority rewarding us!!
Similarly **Negative karma** is not punishment, but those limiting beliefs that you are yet to align with their higher potential.

There is **no judgment implied** in cause and effect. It is **pure physics** and the laws of energy!

X X X

**Many of us consider karma a burden**… something that we **need to finish or 'get over' in order 'to progress'!**

But actually **karma is the** progress!
It may help if we replace the word karma, and all its pre-conceived notions, with the words **learning, knowing, and growing.**
How can you 'finish' learning knowing growing! It is our **reason to Be!**

So let us all use the word ' Karma' in its highest possible potential-and make all our karma's into wonderful lessons for growth and embrace it wholeheartedly – the good, the bad, the ugly!

☐ **RESHMA JAIN**
The Narrators
Mobile: 9820427444

## QUOTES ON KARMA

*"Even if things don't unfold the way you expected, don't be disheartened or give up. One who continues to advance will win in the end."*
**– Daisaku Ikeda**

*"How people treat you is their karma; how you react is yours."*
**– Wayne W. Dyer**

*"Karma comes after everyone eventually. You can't get away with screwing people over your whole life, I don't care who you are. What goes around comes around. That's how it works. Sooner or later the universe will serve you the revenge that you deserve."*
**– Jessica Brody**

# THE GLORIOUS DARŚANAS

BY : ATISUKHSHANKAR TRIVEDI

## CHAPTER -III
## NYĀYA AND VAIŚEṢIKA

**Dates of the Nyāya and the Vaiśeṣika Schools :** Kautilya, the author of the Arthśāstra, knew Nyāya in some form, as Ânvikshiki, Critical Investigation, in 300 B.C. From this it may be stated that though not as a systematic philosophy, yet in some form, the Nyāya existed as early as the fourth century B.C. The Vaiśeṣika system was much older than the Nyāya system.

**The** Vaiśeṣika *sûtras* were written before Charaka (80 A.D) for not only does he quote one of the Vaiśeṣika Sûtras, but his whole medical physics is dependent on the physics of the Vaiśeṣikas.

The **Nyāya and the Vaiśeṣika Literature** : The history of the Nyāya literature covers a span of about 20 centuries. The first text-book of Nyāya Philosophy was the Nyāya Sutra of Gotama. It was divided into five books. The first book states the 16 Topics* or Categories which lead to the attainment of the Highest Good. The second book deals with the nature of doubt, the means of proof and their validity; the third book deals with the Self, Body, Senses and their objects, Cognition and Mind. The fourth book speaks of Volition, Sorrow, suffering and Liberation; the fifth book–Unereal Objections and Points of Refutation. These Sûtras belong to the 3rd century B. C.

Vātsyayana's Nyāya Bhāṣya is the classic commentary on these Sûtras. This author lived sometime before 400 A. D.

Dignāga criticised Vātsyayana's interpretation of the Nyāya Sûtras from Buddhistic point of view. He lived in the 5th century A. D

A defence of Vātsyayana against the attack of Dignāga is presented by Udyotakāra in his Nyāya Vārtika, 6th century A. D

Vāchaspati, 9th century A. D., Jayanta, 10th century A. D., Vardhaman-13th century A. D., Keśava Miśra (who combines Nyāya and Vaiśeṣika views)13th century A. D., are some later important names in Nyāya School of Philosophy.

Annam Bhattain the 17th century, a Brāhmin of Andhra, gave a consistent system of Nyāya Old and Modern, and Vaiśeṣika in a combined formin his books, of which the Tarka-samgraha and Dīpikā are popular and widely used even now by students.

The first systematic text-book of the Vaiśeṣika Philosophy is Vaiśeṣika Sûtras of Kaṇāda. Kaṇāda alias Kaṇābhuj means atom-eater. Possibly it was nickname due to his theory; just as Akshpada Gautama may be supposed to be the nickname of Gautama, meaning one whose eyes are directed to his feet. One explanation of the name Kaṇābhuj was that Kaṇāda was in the habit of living on Grains (Kaṇas) fallen on the road, like a pigeon. His gentile name was Kāśyapa, and Śiva revealed in owl. (Ulûka) shape the system of his philosophy as a renewed for his austerity, whence the Vaiśeṣika Philosophy is also called Aulûkya Darśana or the Philosophy of the owl.

The Sûtras of Kaṇāda (later than 300 B.C) have influenced the Nyāya Sûtras, but not vice versa; and so they were distinctly earlier in time than the Nyāya Sûtras.

Kaṇāda's Sûtras are in ten books. Book I discusses the five Categories: Substance, Quality, Action, Generality and Particularity. Book II deals with different substances, Book III : the Nature of Inference, Book IV deals with the Atomic structure of the Universe, Book V deals with Actions, Book VI with Ethical Problems, Book VII with Quality, Self and Inference, and Books VIII to X are Logical.

Praśastapada was a scholiast of the school, who while he commented on the Vaiśeṣika sûtras, made also considerable additions in them. He was influenced by the Nyāya Philosophy and was later than Vatsyāyana, about the end of the 4th century A.D.

Ṣrīdhara, Udayana, Langākṣi Bhaskara are later and other Vaiśeṣika Philosophers.

**The Main Spirit of the Nyāya Vaiśeṣika Philosophy:** The Nyāya -Vaiśeṣika Philosophy takes a common-sense view of Reality. Things are permanent objects. It does not accept the Buddhistic Doctrine of Momentariness. The jug is a jug because it has an external existence independent of me, not because of my

*Gotama's 16 topics are : प्रमाण (Proof), प्रमेय, संशय, प्रयोजन, दृष्टांत, सिद्धांत, अवयव (Premise), तर्क (Reductio ad absurdum), निर्णय (Determination), वाद, जल्प (Controversy), वितण्डा (Cavil), हेत्वाभास, छल (Perversion), जाति (Self-contradiction), and निग्रहस्थान (Refutation). These are all Dialectical Topics, while Kanada's Topics are Metaphysical Categories.

consciousness of it as the Buddhists believed. Thus it is a system of Realism, Pluralistic Realism, since the reals are many external objects, independent of our knowledge of them.

The substances which their Philosophy accepts are taken directly from experience, and no attempts at philosophical simplification are made. The Nyāya -Vaiśeṣika accepted the Atomic theory of the existence of four atoms, Earth, Water, Fire and Air. These atoms are eternal and all-pervasive. The 5th substance is Space (Âkāśa) which is also eternal and all-pervasive. Time is another substance which accounts for change. The 7th substance is Relative Space (Dik-Direction). The 8th substance is the Soul (Âtman), which is separate for each person. The 9th is Mind (Manas), which is atomic in size, and which when it comes into contact with the soul, the senses and objects, become the occasion of the generation of knowing, feeling, willing. And finally we have Īśvara or God. In Addition to substances, we have other existences which do not exist by themselves. There are Quality (Guṇa), Action (Karma), Generality (Sāmānya), Speciality (Viśhiṣta), Inherence (Samavāya). The ideal of Philosophy is, with the help of knowledge and a proper understanding of Fallacies whereby error may be avoided, to know the respective characteristics of the above entities, the 6 Padārthas; Dravya, Guṇa, Karma, Sāmānya, Viśeṣa, and Samavāya as stated above. When this Knowledge is attained, all Passions disappear and the Soul is liberated.

**The Origin of Knowledge (Pramāṇa)** and the four Means of Right Knowledge in Nyāya : The Nyāya-Vaiśeṣika regarded that Knowledge is produced by a collocation of certain non-intelligent as well as intellingent elements through their conjoint action: this collocation is the Pramāṇa or the determining cause of Knowledge.

According to the Nyāya School there are four Pramāṇas or Means of Right Cognition–Perception (Pratyakṣa), Inference (Anumāna), Analogy (Upamāna), and Testimony (Śabda).

It is to be noted that different schools had different views as to the Pramāṇas to be accepted by them. The following will give a comparative statement.

Only *one* Pramāṇa was accepted by the Chārvākas, Perception; two were accepted by the Vaiśeṣika and the Buddhists, Perception and Inference; three by the Sānkhyas, Perception, Inference and Testimony; four by the Nyāya School; Perception, Inference, Analogy and Testimony; five by a Mimāṃasaka Prabhākara, Perception, Inference, Analogy Testimony and Presumption; and six by the Mimāṃasakas, the additional sixth being Not-Being.

**The Nyāya theory of Perception :** Gangeśa, a Naiyāyika, defines Perception as Knowledge whose instrumental cause is not knowledge. According to Gautama it arises from the contact of a sense-organ with its object. In normal Perception the factors involved are : (1) the object of Perception, (2) the external medium, e.g., Light in visual Perception, (3) the appropriate sense-organ (4) the Mind or Manas, the central connecting organ, without the help of which the sense organs cannot operate on their objects, and (5) the Self. In normal perception all these factors operate properly. When any of them does not do so, erroneous Perception or Illusions arise.

Manas or Mind is a condition of Perception. It mediates between the senses and the Self. If it is pre-occupied, Perception will not arise. If it is in contact with one sense-organ, it cannot be so with another. It is therefore atomic, aṇu, and not vibhu or all-pervading; for that is the reason why some experiences have a successive character.

The Nyāya School is Realistic and so in the act of Perception a naturalistic relation between the self and the object is believed to take place : the outward object *stamps* its image on the Self as the seal impresses itself on the wax. Further, Nyāya assumes the existence of objects external to the Percipient and by his Realism the Naiyāyika is saved from the subjectivism and solipsism of the Buddhist, which forces the latter to believe that we have only momentary feelings and that the external world is a mere imagination of the unlearned.

Gotama says that Perceptual Knowledge is inexpressible. A thing when simply perceived is perceived as bearing no name. Of Perception there are two kinds: the Determinate and the Indeterminate. The former implies a knowledge of the Genus to which a thing belongs, e.g., as a Cat; but Indeterminate Perception is devoid of such consciousness. While the former is *Knowledge about* an object, the latter is *Knowledge of Acquaintance* with an object.*

**Inference :** It is the second Pramāṇa or Means of

Knowledge. A valuable contribution on the nature and Varieties of correct and incorrect Inferences is made by the Nyāya-Vaiśeṣika Philosophy.

Inference consists in asserting something about something else on the basis of a mark (linga) which is associated with it. By the knowledge of the sign we know the signate; the latter knowledge follows the former. Anumāna is literally measuring *after* some-things : thus : Because there is smoke (sign) therefore there is fire (the signate) in this hill : the one knowledge follows the other knowledge.

Inference has certain points of advantage over perception, the chief one being that whereas the latter is restricted only to objects of the present, Inference relates to the Past, the Present, and the Future.

**Syllogism :** The *Syllogism* is presented in the form of a five-membered inference as under:

1. This hill is on fire. The Proposition (Pratijñā)
2. Because it smokes. The Reason (Hetu)
3. Whatever has smoke, has fire e.g., this kitchen. The Example (Dṛṣṭānata)
4. This hill has smoke. The Application (Upanaya)
5. Therefore this hill is on fire. Conclusion (Nigamana).

This is the form of a syllogism as stated by the Nyāya system. It will be seen that in the above the Proposition is *restated* in the conclusion, and application is a combination of the reason and the example. The three-membered Aristotelian syllogism is compact, and involves no repetition as in the Nyāya syllogism. But the latter is useful from the point of view of debate. It starts with making the Assertion, and then *naturally* proceeds to the conclusion by stages which drive home to the opponent that which is to be proved.

It will also be noticed that in the syllogism as stated above, there are no figures and moods as in the Aristotelian syllogism. The Nyāya syllogism has only one figure and one mood : Barbara, and the Universal affirmative conclusion.

The important parts of the syllogism are the Vyāpti or Universal Relation in the Example, e.g., Whatever has smoke, has fire; and the Application. The first corresponds to the Major Premise of Western syllogism and the second to the Minor Premise.

**The Problem of Induction :** How is the Vyāpti to be arrived at? How, in other words does the Nyāya school tackle with the problem of Induction ? There are 3 ways which help us in establishing Inductions : (a) Enumeration, (b) Indirect Proof, and (c) Intuition or the Alaukika Pratyakṣa of the Universals, which according to Nyāya are Reals.

(a) Enumeration means frequency of experience : the observations in as many cases as possible, that wherever there is smoke there is fire (Positive Instances) and where there is no fire there is no smoke.

(b) Where we do not get such instances, Indirect Proof (Tarka) is to be resorted to. If the proposition, `where there is smoke there is fire' is *not* true, then `sometimes there is smoke but not fire' must be true, which is absurd, for fire is the cause of smoke.

(c) Nyāya also asserts that it is not necessary to collect instances. Universal relations are Reals, and can be intuited, of course by those with exceptional powers of discrimination.

The Problem of Induction therefore has its peculiar solution in Nyāya. To Aristotle, Induction was a syllogism; to Mill and in Modern Logic, it is an inference other than a syllogism. But to Nyāya, it is neither process : it is अलौकिक प्रत्यक्ष, it is extraordinary perception (= प्रत्यासति), सामान्यलक्षणाप्रत्यासति (Association or Close Proximity). It is some sort of immediate Knowledge intermediate between अनुमान (inference) and प्रत्यक्ष (perception). For (a) the Enumeration, the साहचर्यज्ञान and the व्यभिचारविरहज्ञान can be only *limited,* and (b) तर्क or Hypothesis – the Indirect Proof – only drives away indirectly doubts of व्यभिचार (Exceptions). The knowledge that wherever there is smoke there is fire comes from another source and that is अलौकिक प्रत्यक्ष – the सामान्यलक्षणा प्रत्यासत्ति, extraordinary perception of the universal relation of the Reals, धूम्रत्व and वह्नित्व, i. e., of smokeness and fireness. Thus we have the position that Nyāya *did not* neglect Induction, but explained it as प्रत्यक्ष. This was a wrong handling of the subject, but nevertheless the subject did not escape notice.

**The Concept of Cause :** The cause is that which invariably precedes and is necessary for the production of the effect, says the Naiyāyika. Causal relations

*प्रत्यक्ष is divided into लौकिक and अलौकिक. लौकिक प्रत्यक्ष is चाक्षुष, श्रौत, स्पार्शन, रासन, घ्राणज & मानस while अलौकिक प्रत्यक्ष is :
(1) सामान्य लक्षणा e.g., All men are mortal. Here we see mortality in man-nature manhood, But how do we perceive मनुष्यत्व ? By सामान्य लक्षणा प्रत्यक्ष.
(2) ज्ञान लक्षणा e.g., The lake looks cold. Here coldness cannot be seen, yet when we say so we connect what we know–the coldness of water with what we see.
(3) यौगिक : When we say: All men are mortal, we connect for all time mortality with manhood. This cannot be the outcome of ordinary perception, but of an *Intuition*: it is योगज प्रत्यक्ष.

are reciprocal; there is nothing like a plurality of causes in the Nyāya -Vaiśeṣika theoery fo causation. The process of causation is a redistribution of energy. The cause is the totality of conditions (Kāraṇa Sāmagri), the collocations which produces the effect. It was the Nyāya view that cause ceases and the effect is *newly* produced. In other words the effect is non-existent before it was produced by its cause. This view is known as Asatkāryavāda and is opposed to the Sānkhya and the Vedanta theory of causation according to which the effect potentially exists in the cause (satkāryavāda). The Nyāya texts define cause as अनन्यथासिद्ध-कार्यनियतपूर्ववृत्ति (त.सं. & त.दी.) i.e., that which is not अन्यथासिद्ध (proved by any anything else, dependent on any other condition) and which invariably precedes the effect. The effect is प्रागभाव प्रतियोगि i.e., the counterpart of antecedent negation.

The Sānkhya view is that what is existent cannot be destroyed and the non-existent can never be produced. If the non-existent can be produced as Nyāya says, then even a hare's horn can be produced. But the Nyāya-Vaiśeṣika reply to this is that their view is, not that anything which is non-existing can be produced, but only that what is produced is non-existing.

Nyāya-Vaiśeṣika view is the common-sense or Realistic theory of causation, which gives explanations on the basis of mere perceptions. As a matter of fact, cause and effect are not two facts, before and after, but two aspects of a process which is one; and the Satkāryavāda is therefore better theory of causation. Nyāya will have to treat development as mere appearance; and the causal process as merely artificial.

The Sānkhyas reject the Nyāya view of causation on several gorunds. The सांख्यकारिका of ईश्वरकृष्ण says:

असदकरणात्, उपादानग्रहणात् सर्वसंभवाभावात् ।
शक्तस्य शक्यकरणात् कारणभावाच्च सत्कार्यम् ।।

1. What is असत् can never be created. e.g., blue cannot be created out of yellow. 2. The matter of the cause exists in the effect e. g. seasamum with oil. 3. Anything will be produced out of anything. 4. The power in the cause exists in the effect. 5. The effect has कारणभाव in it–is of the same nature as cause. In short, there will be no-determining principle if the effect be quite distinct from the cause. This position would be very near to the Buddhistic one which says that from an unreal cause a real effect is produced. No wonder, the नैयायिक was called अर्धवैनाशिक (Pseudo-Buddhist) by his opponents-Sānkhyas and Vedāntins.

The whole position regarding the controversy about causation was that, to the Buddhists, the cause is unreal, the effect real; to the Vedāntists, the cause is real, the effect unreal; to the नैयायिकs and सांख्यs, both cause and effect are real, but the former regard the effect not existing before causation, while the latter regard cause and effect as co-existing. This difference of opinion on the subject of causation has coloured their Cosmic Philosophy and Metaphysics in general; for to the Budhists, Creation is the creation of a thing out of *Nothing*; to the नैयायिक it is a *new* thing out of an *old* thing; to the सांख्य, an evolution of one aspect of a thing into another, i.e. the properties of the cause into the effect; and to the Vedāntis, it is mental conception only; the cause is real, the effect unreal, and causation mere विवर्त or माया. This controversey about Causation has arisen about what is called उपादान कारण or Material Cause.

**Three Kinds of Causes :** There are three kinds of causes (1) the Material or Inherent Cause (Upādāna or Samavāyi Karāṇa; e.g., the clay of the jar; (2) The Non-Material or Non-Inherent cause (Asamavāyi Kāraṇa); e.g. the *colour* of the clay in relation to the jug; and (3) The Instrumental Cause (Nimitta and Sahakāri Kāraṇa--Insrumental and Accessory Cause), e.g., the potter, turnstick, the wheel in relation to the jug. No. 1 corresponds to Aristotle's Material Cause, No. 2, to his formal Cause, and No. 3 to his Efficient and Final Causes. The Final Cause of Aristotle would be the idea of the end, the jug itself. Nyāya mentions three distinctions as noted above.

**Fallacies :** The Nyāya system pays a great deal of attention to the treatment of fallacies. Several of them are dialetical rather than logical. The logical fallacies may be due to the wrong use of the Minor Term or False Minor, or False Example, or False Middle Term (the Hetvābhāsas). Five kinds Hetvābhāsas are mentioned by Gotama: (1) The Inconclusive Reasoning (Savyabhichāra), i.e. the Reason which leads to more conclusions than one, e.g., Sound is eternal, as it is intangible. Here it is wrong to infer eternality from intangibility; for even non-eternity follows from it, e.g. that of the Intellect. This fallacy can also be called the Irregular Middle. (2) The Contradictory reasoning (Viruddha) is the Reason which contradicts the fact, e.g., `Man is mortal, as he is divine.' Divinity contradicts mortality. (3) Neutralised Reasoning (सत्प्रतिपक्ष) is the Contradicted Middle. In it, the Reason meant to estalblish a conclusion only gives rise to suspense, does not establish the conclusion. (Prakaraṇasama or the equivalent to the Proposition). It simply varies the question that is to be proved. सत्प्रतिपक्ष is illustrated as : `Man

is mortal, as he is irritable.' You can as well prove: 'Man is immortal, as he is capable of knowledge.' You contradict the Middle irrelevantly. You don't prove anything. (4) Reasoning by an Unproved Reason (Sādhyasama). It gives a reason which is not different from that which is to be proved, which itself requires proof, e.g., `Shadow is a substance, as it has motion' or `Man is mortal, because he is a centaur.' This one is असिद्ध. (5) The Mistimed Reason (कालातीत) is the name given when the phenomenon stated as cause is not cause, as it is affected by lapse of time, e.g., `Sound is durable, as it is manifested by union as a colour.' Here sound is produced *after* the union of the stick and drum, but colour is produced *simultaneously* when there is union of Light and the jar. `Because colour is durable, therefore sound is' does not follow; it is a mistimed Reason. Sometimes बाधित is mentiomed. The बाधित is the non-inferentially contradicted middle. Man is immortal, as he is a Being. Being immortal is contradicted by actual experiences and so it is बाधित.

The Nyāya arose in an atmosphere of disputes and debates, and has supplied a whole terminology of points and devices in disputations; e.g., the Tarka, the Nirṇaya, the Vāda (Thesis), Jalpa (Wrangling), Vitaṇḍā (Destructive Criticism), Hetvābhāsa (False Middle), Chhala (Intentional Misrepresentation of the opponent's position, to defeat him), Jāti (Raising false issues), and Nigrahasthāna (Points of Self-Contradiction). One must know this art, for if he does not, his faith cannot be protected.

**Nyāya Theory of Knowledge :** Truth and Error : According Nyāya the Knowledge we get through the four Pramāṇas is valid. Vatsyāyana urges that the Mādhyamika view that we don't know the essence of things, but only ideas, is not correct. If the Real did not exist there would be no difference between Truth and Error; nay, without the existence of a sensible world, dream states could not exist.

Further the Nyāya school holds that the validity of Knowledge is not self-established (it is not svatah prāmāṇya) but is established by something else (prataḥprāmāṇya). If every cognition were self-evident, there would be no likelihood of doubt. Validity is proved by reference to facts – to something existing independent of the cognition itself. Thus Nyāya differs from Buddhism according to which invalidity belongs to *all* cognitions and validity has to be established otherwise. It differs from the Sānkhya view which says that validity and invalidity are both self-established in the cognition, and from the Mimāmsaka view according to whcih validity is self-evident but invalidity is due to external causes.

If then Knowledge according to Nyāya is not self-established how are we to know that cognitions correspond to Reality? The Naiyāyika is a pragmatist; this we are to know by reference to action. Those ideas which lead to successful actions are the ideas which correspond with Reality.

Error, says Nyāya, is the apprehension of an object as *other* than what it is (Anyathākhyāti). This view contrasts with the Madhyāmika view that *all* perception is erroneous; it is only nonexistent silver which manifests itself to us; Knowledge is nonexistent (Asatkhyāti). The Naiyāyika says: no; the error of seeing silver in a shell is not produced by *nothing,* but by *something* in the shell itself; the error is perceiving silver where it is other than silver. The Advaita view, on the other hand, is : Error is undefinable: erroneous Knowledge is inexplicable Knowledge (Anirvachanīya Khyāti). When I see silver instead of shell, my cognition is neither real nor unreal, nor both real and unreal, i.e., therefore, inexplicable.

The Nyāys theory of Knowldege is Realstic. It is the Correspondence theory that in Knowldege, our ideas correspond to things. Its defectiveness is in the sharp contrast of the ideas and the things. We cannot compare Knowldege with Reality, since the latter is external to the former. It is the mechanistic conception of the Universe like that of Locke. The pluralistic view according to which the many reals are unrelated is not true: the unrelatedness of things is only apparent.

**The Soul : its Destiny : Salvation :** The Soul according to Nyāya is a Substance having as its qualities desire, aversion, volition, pleasure, pain and cognition. It is permanent; the permanence is implied in my cognising diferent impressions as *mine*. If the Soul were not permanent, every cognition would be distinct and unrelated. The view that consciousness is a property of the Body is rejected by Nyāya. If it were a quality of the Body, it would exist in various parts of the body. Again if consciousness were an attribute of the body, all matter having the same nature as body would be conscious. At best body is an instrument of consciousness.

The Soul is eternal and is partless. It is all-pervading, but it cannot know many things at a time, for the Manas is atomic.

The pre-existence and future life of the soul are believed in on ethical grounds. The child smiles and cries; now these are not mechanical movements like the opening and shutting of the Lotus flowers. Its drive for the mother's milk is not like the attraction of the Iron by Magnet, for the child is not like metal. All this implies memory of past-experience–Pre-existence. If the pre-existence and future life of souls be not assumed, there would, in ethics, be Kṛtahāni or loss of merited action, and Akṛtābhyāgama or gain of unmerited result: the inequalities of life would be inexplicable.

Salvation is freedon from defilement. It is passionless existence. The Nyāya ideal is different from that of the Vedāntists, for to a नैयायिक, Mokṣa consists in higher self-realisation, in being born anew in God, not in absence of consciousness, but in a higher type of consciousness.

And yet, Nyāya is not far from Materialism; for it treats the soul itself as devoid of consciousness. Consciousness is a tertium quid between the soul and matter (body).

**Nyāya Theism : Īśvara :** The Jains, Sānkhyas and Buddhists are atheists. As against them, the Naiyāyikas are theists. The world is an effect, and has order and arrangement. It has therefore a Creator, just as a potters is of the pot. The World Creator is Īśvara. He is Omniscient and He is the Giver of all fruits of our actions. He supervises the adṛṣṭa or the non-intelligent activities of the Soul. He is a personal being, omniscient, and blissful.

The तर्कदीपिका says नित्यज्ञानाधिकरणत्वं ईश्वरत्वम्. The existence of God is proved by the Law of Causation : क्षित्यंकुरादि कर्तृजन्यम् । कार्यत्वात् । As the Universe is an effect, it must have a Cause, and that is God. This argument *assumes* that causality is universal, that every effect like घट must have an intelligent producer that this world is such an effect, and that producer must be an extraordinary Being, God. The Vedāntins and other Monists attack these weak points in the arguments of the Naiyāyika. Infact Nyāya arguments are inconsistent with part of its own teaching, that Atoms Ether, Time, Space, Souls, and Minds are eternal and cannot be effects or products; and hence can have no Creator. God, says Nyāya is the Creator of the world and He creates it out of the eternal atoms, space, time, ether, mind and souls. Thus He is the efficient but not the material cause of the Universe. He is infinite and omnipotent and has the six Aiśvaryas : is majestic, almighty, all-glorious, infinitely beautiful and possessed of infinite knowledge and freedom from attachments. He is also the moral governor of the Universe.

The proofs are : (1) All composite objects must have a cause, because they are of the nature of effects, like a pot. This intelligent cause of the Universe is God. (2) Some men are happy, others unhappy in this world. Why? Because of the stock of पुण्य and पाप i.e. अदृष्ट. But अदृष्ट is unintelligent. So an intelligent agent is necessary to guide अदृष्ट : that is God. (3) The authoritativeness of the Vedas is accepted by all. But what is the source of the authority of the Vedas ? Not ordinary individuals but the Supreme : Being, God, by whom they are revealed, and therefore are acceptable as authoritative. (4) God exists because the Scriptures say so.

**The Vaiśeṣika and the Nyāya :** The two schools mainly agree as regards the Atomic theory, the nature of the soul, and their Realism. The Vaiśeṣika school is mainly directed against the Buddhist Phenomenalism. Againts that it asserts that Souls and substances are Reals. The Vaiśeṣika school is scientific rather than speculative, analytic rather than synthetic, and its distinctive contribution to Philosophy is the classification of the seven categories and development of the atomic theory.

**The Vaiśeṣika Categories :** These are a metaphysical classification of all nameable objects, and they are six : Substance, Quality, Activity, Generality, Particularity and Inherence. A 7th Padārtha, Non-existence, is an epistemological category, added by the later Vaiśeṣika. These categories bring before the mind the Aristotelian 10 categories, which are a list of possible predicates and are therefore logical, not metaphysical classes.

**Vaiśeṣika Atomism :** The Atomic theory is with Vaiśeṣika a metaphysical theory. It conceives the world of things as consisting of parts originating from parts. The changes in the world are due to the increase and withdrawal of atoms composing them. The atoms do not exist in an uncombined state in creation. They are possessed of a vibratory force (Parispanda). Atoms are not all of the same quality : they differ in quality.

Vaiśeṣika Atomism and Greek Atomism differ. According to Demaritus atoms differ only quantitatively; but the Vaiśeṣika accept also the qualitative differences, each atom possessing its individuality (Viśeṣa). Again, according to the former atoms are by nature in motion; according to the latter they are by nature at rest. Then again, Greek Atomism took a mechanistic conception of the universe; but the Vaiśeṣika Atomism was not thoroughgoing materialism; it admitted God and the hypothesis of a spiritual expalnation of the universe.

**(To be Continued)**

**'મહાવીર કથા', 'ગૌતમ કથા' અને 'ઋષભ કથા'**
**'નેમ-રાજુલ' કથાની અભૂતપૂર્વ સફળતા બાદ**
**ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત ત્રણ દિવસીય

## ।। શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી કથા ।।

પોતાની આગવી શૈલીથી પ્રભાવક વાણીમાં પ્રસ્તુત કરશે
જૈનદર્શનનાં આંતરરાષ્ટ્રીય ચિંતક અને પ્રસિદ્ધ સાહિત્યકાર

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

પરિકલ્પના ડૉ. ધનવંત શાહ

**તા. ૧૩-૪-૨૦૧૪, રવિવાર, સવારે ૧૦ વાગે**

કલિકાલ કલ્પતરુ પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ ● પ્રભુ પાર્શ્વનાથનો ઐતિહાસિક સમય ● પાર્શ્વનાથ ભગવાનનું ચ્યવનકલ્યાણક ● જન્મકલ્યાણક પાર્શ્વકુમારનો વિવાહ ● કમઠ તાપસ અને નાગદંપતીનો ઉદ્ધાર ● દીક્ષાકલ્યાણક ● દાનનો મહિમા

**તા. ૧૪-૪-૨૦૧૪, સોમવાર, સાંજે ૬ વાગે**

તીર્થંકર સર્જે છે તીર્થ ● કલિકુંડ તીર્થ ● અહિછત્રા તીર્થ કુર્કુટેશ્વર તીર્થ મેઘમાળીનો ઉપસર્ગ ● કેવળજ્ઞાનની પ્રાપ્તિ ● ચતુર્વિધ સંઘની સ્થાપના ● સાગરદત્તને પ્રતિબોધ ● ભગવાનના ચાર શિષ્ય ● બંધુદત્તની અને અશોક માળીની કથા

**તા. ૧૫-૪-૨૦૧૪, મંગળવાર, સાંજે ૬ વાગે**

પાર્શ્વપ્રતિમાનો મહિમા ● શ્રી શંખેશ્વર તીર્થની સ્થાપના ● ધરણેન્દ્ર અને પદ્માવતી ● પદ્માવતીની ઉપાસના ● પાર્શ્વનાથના પ્રભાવકારી સ્તોત્ર અને મંત્ર ● પાર્શ્વનાથનો ઐતિહાસિક વારસો: આચાર, ધર્મસંઘ અને શ્રુત ક્ષેત્રે ● શ્રી સમેતશિખર તીર્થ ● પ્રભુનું નિર્વાણ ● ભગવાનનો પરિવાર ● પ્રભુ પાર્શ્વનાથનો દેશવિદેશમાં પ્રભાવ.

**સ્થળ : ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ**

**ત્રણ દિવસની કથાના સૌજન્યદાતા :**
**દિવાળીબેન એન્ડ કાલીદાસ એસ. દોશી ચેરિટેબલ ટ્રસ્ટ**
**હસ્તે : શ્રી કીર્તિભાઈ દોશી**

**ડી.વી.ડી. માટે સૌજન્યદાતા આવકાર્ય**


નિમંત્રણ-પત્ર માટે સંસ્થાની ઑફિસમાં (૨૩૮૨૦૨૯૬) જલદી નામ નોંધાવવા વિનંતી. વહેલા તે પહેલા ધોરણ સ્વીકાર્ય.

### શ્રી પાર્શ્વનાથજી સ્તુતિ


पार्श्वनाथप्रभो! नित्यं, ध्यायामि त्वां मनोहरम् ।
त्रैलोक्यनतपादाब्जं, विघ्न व्रातविनाशकम् ।।१।।
अश्वसेनावनिपाल - कुलनभोनभोमणे!
वामाकुक्षिसरोहंस! जय त्वं धीमहोदधे! ।।२।।
त्वन्नाम च स्मरेत् (द्)यस्तु, प्रात:काले सदा विभो!
तस्य जन्म-जरा-मृत्यु-र्भतभग्यं नास्ति कदाचन।।३।।

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં



**ડી.વી.ડી.**





**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**

**।। ગૌતમ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**





**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**

**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા

- **પ્રત્યેક સેટ (ત્રણ ડી.વી.ડી.) ની કિંમત રૂા. ૨૦૦/-**
- **ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**
- **ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –**
- **પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- બેંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.
૨. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453
Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Published on 16th of every month & Posted at Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# પંથે પંથે પાથેય

(૧)

## બાપે રૂા. ૨૫૦૦૦ માં દીકરીનો સોદો કર્યો

સુરતના ગંગાબેનને ત્રણ દીકરી અને બે દીકરા, ખેતમજૂરી કરી જીવનનું ગાડું ગબડાવે. અચાનક એક દિવસ ગંગાબેનના શરીર પર ચાંઠા દેખાયા. તેથી ડૉક્ટર પાસે ગયા ત્યારે ખબર પડી કે રક્તપિત્તના રોગના આ ચાંઠા છે. તેમના પતિ તેમને સરકારી દવાખાનામાં લઈ ગયા. ત્યાં દાખલ કર્યા. ધીમે ધીમે તેમને સારૂં થવા માંડ્યું. છ વર્ષ હૉસ્પિટલમાં રહ્યા. તેમણે ડૉક્ટર પાસે રજા માંગી મને મારા ઘેર જવાનું મન થયું છે. ખુશી ખુશી ઘેર ગયા. દીકરા-દીકરીને મળ્યા. તેમને ખબર નહીં આ ખુશી, આ આનંદ થોડી ક્ષણોનો છે.

પતિ કામેથી ઘેર આવ્યા, ગંગાબેનને જોઈને કહે-રક્તપિત્તરોગ તો ચેપી છે. તમને હું ઘરમાં નહિ રાખું. તમે હૉસ્પિટલમાં પાછા જાવ. આ સાંભળી ગંગાબેન તો મૂઢની જેમ પતિ સામે જોવા લાગ્યા. રાત તો જેમ તેમ વિતાવી. સવારે વહેલા ઉઠી હૉસ્પિટલની વાટ પકડી. ત્યાંના ડૉક્ટરે સલાહ આપી, ગંગાબેન હિંમતનગર નજીક સહયોગમાં તમારા જેવા ઘણા બધા દર્દીઓ રહે છે તમે ત્યાં જાવ. અને તેઓ સહયોગમાં આવ્યા. અહીં તેમને સ્વમાનભેર જીવવા મળ્યું. થોડા વખત પછી તેમણે બીજા લગ્ન કર્યા.

એક દિવસ તેમનો દીકરો તેમને શોધતો આવ્યો. તે ખૂબ બિમાર હતો. તપાસ કરાવી ત્યારે ખબર પડી કે તેને ટી.બી.ને લીધે બંને ફેફસામાં અસર થઈ છે. તેની સારવાર શરૂ કરી. પણ થોડા મહિનામાં ગુજરી ગયો.

ગંગાબેનનું નસીબ તો જુઓ! જુવાન જોધ દીકરો મૃત્યુ પામ્યો. અને થોડા મહિનામાં દુઃખની મારી તેમની દીકરી મંજુ ઓચિંતી આવી. માને વળગીને રડવા લાગી. મા હું તો કાયમ માટે મારો ઘર સંસાર છોડીને તારી પાસે આવી છું. આખો દિવસ બંગલાના કામ કરી રાત્રે ઘેર આવું ત્યારે તારા જમાઈ દારૂપીને મને ખૂબ મારે છે. મહેનત કરીને પૈસા લાવું છું તે બધા દારૂમાં જ જાય છે. દરરોજનો માર સહન થતો નથી. તેથી મારા બાપને ત્યાં ગઈ. તો બાપે બીજા લગ્ન કરી લીધા છે. નવી માને હું ગઈ તે ગમ્યું નહિ. જેથી ખેતમજૂરી જતી રહેતી. એકવાર રાત્રે ઘેર ગઈ તો ગામના દારૂડીયા જોડે મારી મા અને બાપ બંનેએ મને વેચી દેવા રૂા. ૨૫૦૦૦ નો સોદો નક્કી કર્યો. તે વાત મેં સાંભળી. આખી રાત હું ઉંઘી શકી નહિ, આપઘાત કરવાના વિચાર આવે. પોતાનો સગો બાપ પૈસાની લાલચે દીકરીને વેચી દે. મને બહુ ગુસ્સો આવ્યો. સવારમાં વહેલી ઉઠી સુરત-હિંમતનગરની બસમાં બેસી હું તારા સહારે આવી છું. મા-દીકરી ખૂબ રડ્યા. ગંગામા મંજુને સુરેશ સોની પાસે લઈ આવ્યા. તેની દુઃખની વાત જાણી તેને સહયોગમાં રાખી અને મંદબુદ્ધિ દીકરીઓના વિભાગમાં તેને કામ આપ્યું.

**□ઈંદિરા સોની**

થોડા મહિના પછી એક સાંજે મંજુ મને આવીને કહે બહેન મારે લગ્ન કરવા છે. મેં કહ્યું કોની સાથે? તો કહે પેલા રક્તપિત્તવાળો મુકેશ છે ને એની સાથે. મેં કહ્યું તને રોગ નથી જેથી હું તને બીજા ભાઈ સાથે ગોઠવી આપીશ તો કહે ના મારે તો એની સાથે જ કરવું છે. છેવટે અમે તેને પરણાવી.

કિસ્મતના ખેલ તો જુઓ, માને રક્તપિત્ત રોગને કારણે પતિનું ઘર બાળકો છોડવા પડ્યા, જ્યારે દીકરીને દારૂડીયા પતિ અને સગા બાપની પૈસાની લાલચે ઘર અને બાળકો છોડ્યા અને રક્તપિત્તવાળા સાથે લગ્ન કરવા પડ્યા.

પેલું ગીત યાદ આવે છે...

*કિસ્મત તેરી રીત નિરાલી,*
*પહેલે કદમ પર ઠોકર ખાઈ*
*સદા આઝાદ રહેતે થે, હમે માલુમ હી ક્યા થા*
*મહોબ્બત ક્યા બલા હૈ*
*મેરે તૂટે હુએ દિલસે કોઈ તો આજ ના પુછે*
*કે તેરા હાલ ક્યા હૈ...*

(૨)

## બાળપણ છીનવાઈ ગયું

*'યે દૌલત ભી લે લો, એ શોહરત ભી લે લો.*
*ભલે છીનલો મુઝસે, મેરી જવાની*
*મગર મુઝકો લૌટા દો બચપન કા સાવન*
*વો કાગઝ કી કસ્તી, વો બારીશ કા પાની.'*

જે બાળક રમવાની, ભણવાની ઉંમરે માતાપિતાની છત્રછાયા ગુમાવે છે તે બાળક આખી જિંદગી માબાપનો પ્રેમ મેળવવા ઝૂર્યા કરતો હોય છે. ક્યારેક તેની નજર સામે મા બાળકને વ્હાલ કરતું, ખોળામાં બેસી લાડ કરતું જુએ છે, ત્યારે તેને પણ તેની મા યાદ આવે છે.

આંધ્ર પ્રદેશની ૮ વર્ષની મંજુ પણ આજે ૩૫ વર્ષની થવા છતાં નાનપણમાંથી વિખૂટાં પડવાની વેદના સાથે જીવી રહી છે. રમવાની, ભણવાની ઉંમરે તે રક્તપિત્તના રોગની ભોગ બની. ઘરમાં સૌથી નાની-સૌની લાડકી, ઘરનું કામ કરવાનું બહુ ગમે. માને વાસણ માંજવામાં-ગોઠવવામાં મદદ કરે છે. હાથમાંથી વાસણ પડી જાય. એક દિવસ ચૂલા પર મુકેલી તપેલી ભૂલથી હાથથી ઉતારી. ન તેને દાઝવાની પીડા થઈ, ન બળતરા. થોડીવાર પછી હાથમાં ફોલ્લો પડ્યો ત્યારે ખબર પડી. મા કહે તને ગરમ તપેલી પકડતા ખબર ના પડી, તેં ચીસ પણ ના પાડી. મંજુ કહે મા-મને ગરમ-ઠંડાની હાથમાં ખબર પડતી નથી. કોઈ વસ્તુ પકડું છું તો પડી જાય છે.' માને ચિંતા થઈ, 'કદાચ દેવીમાનો ચમત્કાર તો નહિ હોય ને?'

ગામડામાં અંધશ્રદ્ધામાં ખૂબ માને.

મંજુને તેના બાપા ડૉક્ટર પાસે લઈ ગયા. તેમણે કહ્યું કે તમારી દીકરીને રક્તપિત્તરોગના કારણે હાથમાં સ્પર્શજ્ઞાન જતું રહ્યું છે. તેની સારવાર કરવાથી સારૂં થઈ જશે. મહારાષ્ટ્રમાં આ રોગ માટેની હૉસ્પિટલ છે, ત્યાં લઈ જાવ.

બાપા ઘેર આવ્યા. ઘર તેમજ આજુબાજુમાં રોગની ખબર પડી. આ તો ચેપી રોગ, તેને ઘરમાં ન રખાય. હવે શું કરવું. આ નાનકડી દીકરીને એકલી હૉસ્પિટલમાં રાખવાની, તેની કોણ

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૩૩)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૧ (કુલ વર્ષ ૬૨)
અંક-૧૨, માર્ચ, ૨૦૧૪ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



## જિન-વચન

**અહંકાર, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસને કારણે જ્ઞાન પ્રાપ્ત થતું નથી**

अह पंचहि ठाणेहिं जेहिं सिक्खा न लब्भई ।
थंभा कोहा पमाएणं रोगेणा ऽ ऽ लस्सएण य ।।
(ઉ. ૧૧-૩)

અહંકાર, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ – આ પાંચ કારણોને લીધે જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

Ego, anger, negligence, disease and laziness are the five objects for not getting knowledge.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૧.
- કુલ ૬૨મું વર્ષ.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## શબ્દ શબ્દમાં ફેર

## આચમન

શબ્દ હાર પહેરાવે, શબ્દ હાર પણ અપાવે! કયા ભાવથી શબ્દ-પ્રયોગ કર્યો છે એ મહત્ત્વનું છે. વાત એકની એક જ હોય; રજૂઆત પર યશ કે અપયશનો આધાર છે. રસોઈમાં મીઠું પ્રમાણસરનું જ હોય તેમ.

સામે નેત્રહીન વ્યક્તિ છે. મનમાં તર્ક-વિતર્ક થશે : આ ભાઈ શેના કારણે અંધ થયા હશે? શું જન્મથી જ આવા હશે? કોઈ રોગ થયો હશે? બળિયા થયા હશે?

આ કુતૂહલ મનમાં રાખી, સહજ સદ્ભાવથી, મનમાં યોગ્ય શબ્દ ગોઠવી પૂછશો તો જે જાણવું છે તે ઠીક જાણી શકશો. એને લગતો આ દુહો વારંવાર કાને અફળાયો હશેઃ

કાણાને કાણો કહે, કડવાં લાગે વેણ;
ધીરે રહીને પૂછીએ, શાથી ખોયાં નેણ!

વેણ અને નેણનો પ્રાસ તો સુંદર છે જ; મહત્ત્વનું પદ ધીરે રહીને છે. આવી વાત પૂછતાં આપણો સ્વર કેવો હોવો જોઈએ તે મહત્ત્વનું છે. શબ્દની જેમ સ્વરની પણ અસર હોય છે. સહેજ મોટેથી, ઊંચેથી બોલાય તે અને ધીરેથી બોલાય તેની અસર અલગ-અલગ હોય છે. કોઈને વાગે અને ખૂંચે એવું તો ન જ બોલવું જોઈએ. ધારદાર શસ્ત્રના ઘા કરતાં વાણીના ઘા રુઝાતાં વાર લાગે છે અને ત્યારે મોડું થઈ ગયું હોય છે!

આપણે સાવચેત કાં ન રહીએ?

**સૌજન્ય : 'પાઠશાળા'**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | દામ્પત્ય તીર્થા – લગ્ન-સંસ્થા | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | ઉપનિષદમાં પ્રાણવિચાર | ડૉ. નરેશ વેદ | ૮ |
| (૩) | અંકગણિતમાં શૂન્ય | હરજીવનદાસ થાનકી | ૧૦ |
| (૪) | મતમતાંતરનો અખાડો | શાંતિલાલ સંઘવી | ૧૧ |
| (૫) | ભજન-ધન-૬ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૧૪ |
| (૬) | અંચલગચ્છ પ્રવર્તક આચાર્ય શ્રી આર્યરક્ષતસૂરિ | ડૉ. રશ્મિ ભેદા | ૧૫ |
| (૭) | સબસે બડા વાદ સ્યાદ્વાદ | પૂ. પંન્યાસશ્રી મહાબોધીવિજયજી મ. | ૧૮ |
| (૮) | 'અનાસક્તિ યોગ'નો જન્મ | શાંતિલાલ ગઢિયા | ૧૯ |
| (૯) | જનનીની જોડ જગે નહિ જડે રે લોલ! | કાકુલાલ સી. મહેતા | ૨૦ |
| (૧૦) | ભાવ-પ્રતિભાવ | — | ૨૩ |
| (૧૧) | માલવી એજ્યુકેશન ટ્રસ્ટ-કુકરીને રૂ.૩૫,૨૭,૩૯૦નો ચેક અર્પણ | — | ૨૬ |
| (૧૨) | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૮ |
| (૧૩) | જયભિખ્ખુ જીવનધારા : ૫૮ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૦ |
| (૧૪) | 'આના કરતાં સાધુ થઈ જવું સારું!' | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી મ. | ૩૪ |
| (14) | Thus He Was Thus He Spake...Time | Reshma Jain | 36 |
| (15) | The Glorious Darshana | Atisukhshankar Trivedi | 37 |
| (15) | How To Diffuse Anger | Anop R. Vora | 41 |
| (૨૧) | પંથે પંથે પાથેય : ઑસ્ટ્રીયાના અબજોપતિ કાર્લ રેબેડરને ફક્ત આનંદ અને આનંદ જ | સૂર્યકાંત પરીખ (સ્વાતંત્ર્ય સેનાની) | ૪૪ |
| | એક ગ્લાસ દૂધની કીમત | — | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૧ (કુલ વર્ષ ૬૨) • અંક : ૧૨ • માર્ચ ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૦ • વીર સંવત ૨૫૪૦ • ફાગણ સુદિ તિથિ-૧૫ •

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## દામ્પત્ય તીર્થો–લગન સંસ્થા

***`I HAVE NO TRUST IN TRADITIONAL MARRIAGES...!'***

*આ એ જ દિન, સખી! જે દિન આપણી તો*
*બે આતમજ્યોત મળી એક જ જ્યોત જાગી!*
*ઊગે ને આથમે વર્ષો, ઓટ ને ભરતીભર્યા*
*સ્નેહથી સંચર્યા સાથે, દેવી! તે દંપતી તર્યા.*

કવિ ન્હાનાલાલ

*સુપ્રસિદ્ધ વિદ્વાન આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદીએ અકસ્માતે ગંગામાં ડૂબી ગયેલી પોતાની આદર્શ પત્નીના સ્મરણમાં પત્નીની આરસની મૂર્તિ બનાવીને ગામના લોકોના વિરોધ વચ્ચે ગામના મંદિરમાં લક્ષ્મી અને સરસ્વતીની મૂર્તિની વચ્ચે સ્થાપિત કરી જે આજે પણ એ સ્થાને છે.*

મિત્ર દંપતી ઈન્દુબેન અને શ્રીકાંતભાઈ વસાએ એક સાંજે અમને સંગીતમયી સંધ્યા મ્હાણવા આમંત્ર્યા. ગઝલ અને ફિલ્મના જૂના અને સદાબહાર ગીતોને મ્હાણવા એ એક લ્હાવો છે. જોકે આવા કાર્યક્રમ સમયે ગીતોમાં મગ્ન થવાની સાથોસાથ ડોલતા શ્રોતાઓને જોવાની પણ એક મઝા છે, એમની એ મુખ અને હસ્તની મુદ્રામાં એમનો ભૂતકાળ વંચાઈ જાય.

શ્રીકાંતભાઈ વિવિધ ક્ષેત્રે દાન કરે તે ઈન્દુબેનના નામે, આવું મધુરું દામ્પત્ય.

ગીતો મ્હાણવા કરતાં મને વિશેષ આકર્ષણ એ હતું કે લગભગ પંચાવન વરસ પછી અમેરિકા સ્થિત હોસ્ટેલ મિત્ર જશવંતભાઈ લાખાણી અને એમના પત્ની મને મળવાના હતા. શાળા-કૉલેજ અને હોસ્ટેલની મિત્રતામાં કોઈ ગજબની હૂંફ હોય છે. વર્ષો પછી એ 'તું'કારો સાંભળીએ એટલે આપણા અસ્તિત્વનો અહેસાસ થઈ જાય, મન બાગ બાગ થઈ જાય.

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રી ચંદ્રકુમાર ગણપતલાલ ઝવેરી**

અમે મળ્યા, ભેટ્યા, પરંતુ બેસવા માટે એમની બાજુમાં એક જ જગ્યા ખાલી હતી એટલે મેં મારા શ્રીમતીને કહી દીધું, 'હું તો અહીં મારા મિત્ર પાસેજ બેસીશ, તું બીજી જગ્યા શોધી લે.' અને કોઈ પણ છણકા વગર

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

અમારી મૈત્રીને માન આપી અમારી જ લાઈનમાં છેલ્લી સીટમાં એ બેસી ગયા. પણ કાર્યક્રમ મ્હાણતી વખતે મને અપરાધભાવ વળગી ગયો, એટલે ગીતોના તાલે તાલે હું સ્હેજ ઊંચો થઈ છેલ્લી સીટમાં જોઈ લઉં, અને શ્રીમતીને પણ ગીત મ્હાણતાં જોઈ મારો અપરાધ ભાવ હળવો કરી લઉં. પરંતુ કહેવાય છે ને કે અતિ સ્નેહ વિવેક ભ્રષ્ટાઃ એમ મારી આ ભાવભંગીનો અભ્યાસ અમારી બાજુમાં બિરાજેલા મિત્ર દંપતી સુશીલાબેન અને કનુભાઈ સૂચક પોતાની આંખોમાં મસ્તી ભરીને કરી રહ્યા હતા એનાથી હું અજાણ હતો. કાર્યક્રમના વિરામ વખતે આવીને સુશીલાબેન મને કહે, અમે સીટ એક એક કરીને આગળ કરી લીધી છે એટલે હવે સ્મિતાબેન તમારી બાજુમાં બેસી શકશે અને ઉચાટ વગર તમે બન્ને સાથે ગીતો મ્હાણી શકશો.

સ્વાભાવિક છે, શરમના શેરડાને ઉંમર સાથે શું બાધ?

સુશીલાબેન અને કનુભાઈ સૂચકનું દામ્પત્ય આંખ ઠારે એવું. કનુભાઈ પોતે સાહિત્યકાર, કવિ અને સાહિત્યના પ્રોત્સાહક. પ્રત્યેક ગુરુવારે સાંતાક્રુઝ સાહિત્ય સંસદમાં આપણે એમને મળી શકીએ, અને સુશીલાબેન સંસ્કૃતની પંડિતા, એમણે જૈન આચાર્ય રામચંદ્રસૂરિના સંસ્કૃત નાટકોનો વિષય લઈને પીએચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરી ડૉક્ટરેટ થયાં છે. કોઈ પણ સાહિત્યિક કાર્યક્રમમાં આ બૌદ્ધિક યુગલ સાથે જ હોય અને જેવી આપણી નજર મળે કે તરત જ આપણી પાસે નિખાલસતા સાથે સ્મિતનો પ્રોત્સાહક ઢગલો ધરી દે.

આવું દામ્પત્ય અમારા દામ્પત્યના સંવેદનોને ન ઓળખે તો જ નવાઈ.

સોનગઢ આશ્રમમાં કારાણીસાહેબ અમને કવિ ન્હાનાલાલનું સાહિત્ય વંચાવે, અને કહે વિશ્વ શાંતિનું બીજ પ્રસન્ન દામ્પત્યમાં છે.

કવિ ન્હાનાલાલ અને પત્ની માણેકબાનું દામ્પત્ય સમૃદ્ધ, નરસિંહ મહેતા અને માણેકબા જેવું. બન્નેની પત્નીનું નામ માણેકબા. એ સત્વશીલ દામ્પત્ય હતું એટલે જ તો નરસિંહ પાસેથી આપણને તત્ત્વભરી કવિતા મળી. એવું જ કવિ ન્હાનાલાલની કવિતાનું. કવિ ન્હાનાલાલે દામ્પત્ય અને કુલયોગિનીને મોકળા મને ગાઈ છે, ગૃહિણીને 'સંસ્કૃતિનું પુષ્પ' કહી છે. લગ્નની પવિત્રતાને પોંખી છે અને લગ્નને એક અનેરી ઊંચાઈએ સ્પર્શાવી છે આ પંક્તિઓમાં:

*લગ્ન પ્રાણ વિકાસનું વ્રત છે*
*સ્વર્ગપંથનું પગથિયું છે*
*માનવ બાળનો ધર્મ્ય માર્ગ છે*
*પરણવું તે તો પ્રભુતામાં પગલાં માંડવા.*

અને સ્નેહ લગ્નને આવકારી આ કવિએ એક સમયે નીચેના સૂત્રને ગુજરાતમાં ગુંજતું કર્યું હતું.

*પ્રેમ લગ્નની વિધવાને*
*પુનર્લગ્ન સમું પાપ નથી*
*દેહ લગ્નની વિધવાને*
*પ્રેમ લગ્ન સમી મુક્તિ નથી.*

કવિ ન્હાનાલાલે પોતાના વિશાળ સાહિત્ય પટ ઉપર લગ્નની મિમાંસા કરી છે, જે અહીં લખવાનો અવકાશ નથી. કારાણીસાહેબે કવિ ન્હાનાલાલની કવિતાની મને જે આંગળી પકડાવી હતી તે મને પીએચ.ડી. સુધી લઈ ગઈ અને 'કવિ ન્હાનાલાલની કવિતામાં માનવ જીવન દર્શન' શીર્ષકથી મહાનિબંધ-થિસિસ લખવાનો મને અવસર મળ્યો.

કારાણીસાહેબનું દામ્પત્ય જીવન પણ એટલું જ શુદ્ધ અને સમૃદ્ધ. એમના પત્ની સોનલબા સાથે બન્ને સાંજે ફરવા જાય. સોનલબાની વિદાય થઈ ત્યારે ઋષિ જેવા કારાણીસાહેબને અમે ચીસ પાડીને રડતા જોયા છે. સ્વસ્થ થયા પછી પત્નીને 'સોનલ બાવની' જેવું દીર્ઘ કાવ્ય લખીને શબ્દાંજલિ આપી.

ગાંધીજી અને કસ્તુરબાનું દામ્પત્ય કેવું વિરલ હતું! પૂ. બાપુ પૂ. બાને જગદંબા કહેતા, બા, સંબોધતા. લગ્ન અને દામ્પત્ય જીવનની આ સંબંધોમાં કેવી હિમાલય જેવી ઊંચાઈ!! જ્યારે પૂ. કસ્તુરબાની અંતિમ ક્ષણો હતી, અને પછી પૂ.બા પાસે ગાંધીજી બેઠા છે એ સમયની આ મહાપુરુષની વેદનાને ક્યો ચિત્રકાર કઈ રેખાથી દોરી શકવાનો છે?

પીએ.ડી.નો અભ્યાસ કરતી વખતે મારા ગાઈડ પૂ. રામપ્રસાદ બક્ષી પાસે પ્રત્યેક બુધવારે જવાનું થાય ત્યારે અભ્યાસ-ચિંતન કરતાં કરતાં આ પંડિતવર્ય સાક્ષર નાગર દંપતી રમૂજની છોળો ઉછાળે અને મને જે વહાલ કરે ત્યારે થાય કે આ કેવું સરસ્વતીના નીર જેવું દામ્પત્ય!! જાણે આપણે મંડનમિશ્રની ગૃહસ્થી પાસે બિરાજમાન હોઈએ એવી પ્રતીતિ થાય.

કોલેજકાળ દરમિયાન મિત્ર અરુણાના નાના-નાનીનું દામ્પત્ય માતુશ્રી ડૉ. પુષ્પાબેન પંડ્યા દ્વારા વાંચવા મળ્યું. ડૉ. એમ. જે. દવે, બિલાસપુરની કૉલેજના આચાર્ય, ટાગોરના કાવ્યો ઉપર LA Poese શીર્ષકથી ફ્રેન્ચ ભાષામાં થિસિસ લખી, નાટકો લખ્યા તો એમના પત્ની કનુબેને ટાગોરની ગીતાજંલીનો ગુજરાતીમાં અનુવાદ કર્યો. કનુબેનનો નાની ઉમરે સ્વર્ગવાસ થયા પછી પતિ દવે સાહેબે વિરહ પત્રો લખેલા તે અદ્ભુત. એ સાંભળતી વખતે મારા મનમાં પ્રેમ અને દામ્પત્ય જીવનનો આદર્શ કંડારાયો.

**વિશ્વ શાંતિનું બીજ પ્રસન્ન દામ્પત્યમાં છે**

વિદુષી હીરાબેન પાઠક અને પ્રસિદ્ધ

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–(U.S. $ 20) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–(U.S. $ 50) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–(U.S. $ 80)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–(U.S. $180)

સાક્ષરવર્ય રામનારાયણ પાઠક, બન્ને વચ્ચે પિતા-પુત્રીથી ય વિશેષ ઉંમરનો તફાવત, પરંતુ એમનું દામ્પત્ય ભવ્ય. થોડાંક જ વરસોનો સાથ, પણ હીરાબેનના ઉત્તરાર્ધ જીવનની એ યાદો સંજીવની બની ગઈ. અમારા પરિવાર માટે એ માતાસ્થાને. હું જ્યારે એમને ત્યાં જઉં ત્યારે એમના સદ્ગત પતિ પાઠક સાહેબને ઉદ્દેશીને લખેલી કવિતા 'પરલોકે પત્ર' એટલા ભાવથી સંભળાવે ત્યારે આપણે વિચારતા થઈ જઈએ કે આ દંપતીએ દામ્પત્યની થોડી પણ કેવી ભવ્ય ક્ષણો મ્હાણી હશે! ઉંમરનો કોઈ ભેદ એમને ન નડ્યો.

**સંતુષ્ટ દામ્પત્ય હોય ત્યાં જ બહોળો અને સંપીલો પરિવાર સર્જાય**

અમારા વકીલ મિત્ર એમ. કે. શાહ જૈન ઓછા, માતાજીના ભક્ત વિશેષ. એમના પત્ની મીનાક્ષીબેન પૂરા જૈન શ્રાવિકા અને તપ-ધ્યાન-ભક્તિમાં મગ્ન. આજે લગભગ ૪૫થી વધુ વર્ષના દામ્પત્યે એમ. કે. શાહ પૂરા જૈન અને ધર્મ જિજ્ઞાસુ બની ગયા છે. મેં એમનો વ્યવસાયિક સંઘર્ષ જોયો છે અને પત્નીની હૂંફે એમનો એ હિમાલય જેવો સંઘર્ષ ઓગળી જતા પણ જોયો છે. દામ્પત્યનો આ ચમત્કાર છે.

લગભગ ચાલીસેક વર્ષ પછી મિત્ર ડૉ. માણેક સંગોઈ અને ઝવેરબેન મળ્યા. બન્ને ભીતરથી છલોછલ. વાંચન રસિયા. રમૂજની છોળો ઉછાળે. ઝવેરબેન કોમ્પ્યુટર ઉપર બેસી જાય. નિવૃત્ત થયા પછી આ દંપતી બસ ઉડાઉડ જ કરે છે. પૈડા અને પાંખે લગભગ ૫૪ દેશોની મુસાફરી કરી છે. કોઈપણ વિષયની ચર્ચા કરવા સક્ષમ. એમના દામ્પત્યમાં કેવું અજબ સખ્યપણું!! અન્યને પ્રવેશવાની જગ્યા જ ક્યાં? અપને આપમેં મસ્ત!

પાલિતાણાના શ્રી વસંતભાઈ શેઠે 'પ્રબુદ્ધ જીવન'ના મારા લેખ 'તાંસળીવાળા બાબા'થી શાળામિત્ર કુંદનબેનનો મને મેળાપ કરાવી આપ્યો. વસંતભાઈ અને કુંદનબેનનું હૂંફાળું દામ્પત્ય જોઈને મન પ્રસન્ન થઈ ગયું. પુત્રીઓને સાસરે વળાવી કૌટુંબિક જવાબદારીથી મુક્ત વસંતભાઈ વાંચનમાં વ્યસ્ત અને મસ્ત. કુંદનબેન વ્યવહાર અને સમાજસેવામાં રત અને સાહિત્ય-પત્રમાં પ્રવૃત્ત. આ દંપતીએ ભિન્નતામાં અભિન્ન બની દામ્પત્યનો વસંતોત્સવ ઉજવ્યો.

લગભગ ચાલીસેક વર્ષ પહેલાં એક સવારે આ સંસ્થાના એ સમયના મંત્રી શ્રી ગણપતભાઈ ઝવેરીનું કહેણ આવ્યું. પ્રસંગ હતો એમના દામ્પત્યના પચાસ વરસની ઉજવણીનો. મારે દામ્પત્ય ઉપર ફોલ્ડર તૈયાર કરી આપવાનું હતું. કર્યું. એમને અને બધાને ગમ્યું. લગભગ બીરલા ક્રીડા કેન્દ્રના હોલમાં મોટો જલસો ગોઠવાયો. એમનો બહોળો પરિવાર, એક નાના નેસડા જેવો. પરદેશથી એમના સાયન્ટિસ્ટ પુત્ર આ પ્રસંગે ખાસ આવ્યા અને બોલ્યા કે, ગણપતભાઈ અને માતાનું વ્યક્તિત્વ 'બ્લોટીંગ પેપર જેવું, જે કોઈ બોલે એ બધું પોતામાં સમાવી લે.' દામ્પત્યજીવનની પુત્રે કરેલી આ ઉચ્ચતમ કદર. ગણપતભાઈ સંગીતના શોખીન અને જાણતલ, મ્હાણવા જેવા મહેફીલના ઇસમ હતા. એમના ઘરે દિવાને ખાસ બનાવેલું ત્યાં કાવ્ય સંગીતની ગોષ્ટિ યોજાય. સંતુષ્ટ દામ્પત્ય હોય ત્યાં જ બહોળો અને સંપીલો પરિવાર સર્જાય અને મનગમતા ટહૂકા સંભળાય.

**લગ્નપરિધમાં પ્રેમબિન્દુ જ મહત્ત્વનું છે**

અમારા પૂ. રમણભાઈ અને તારાબેનનું દામ્પત્ય પણ પ્રેરક અને હર્યુંભર્યું. પાછલી ઉંમરે તારાબેનને પગની તકલીફ થયેલી. એક વખત કચ્છમાં લાયજામાં સાહિત્ય સમારોહ યોજાયો હતો. અમે બધાં જમવા બેઠા અને જમ્યા પછી સૌ પોતપોતાની થાળી મૂકવા જાય. અમારા આગ્રહ છતાં રમણભાઈ તારાબેનની થાળી અમને ઉપાડવા ન દે અને પોતે જ તારાબેનની થાળી લઈને યોગ્ય સ્થળે મૂકી આવે. એ દરમિયાન તારાબેન રમણભાઈ માટે દવા કાઢી રાખે અને રમણભાઈ થાળી મૂકીને પાછા આવે એટલે કહે, 'શાહ, આ તમારી દવા પહેલાં લઈ લો, પછી કામમાં ભૂલી જશો.' તારાબેન રમણભાઈને 'શાહ' શબ્દથી સંબોધતા. કેવું રમણિય દૃશ્ય! પહેલાંના સંબોધનો કેવા હતા, પતિ-પત્ની એક બીજાને નામથી ન બોલાવે. કારણકે 'નામ એનો નાશ' એ સિદ્ધાંતે નામ ન બોલાય એટલે 'ટપુના પપ્પા, કે ટપુની મમ્મી' જેવું સંબોધન થતું. હવે તો પતિ-પત્ની વચ્ચે 'તું'કારો આવી ગયો છે, અને હાઈ સોસાયટીમાં 'જાનુ' શબ્દ પ્રચલિત છે જ. જોકે આ 'તુકારા'ને હું આવકારું છું. એમાં વારે વારે 'પતિપણું' ડોકાયા ન કરે, મિત્રભાવ છલકે. લગ્નપરિધમાં પ્રેમબિન્દુ જ મહત્ત્વનું છે.

દવાની વાત આવી તો આવી બાદશાહી માટે હું પણ નસીબદાર છું એમ કહી દઉં. મને કઈ દવા આપવામાં આવે છે એની મને હજી ખબર નથી. સ્મિતાને હું કહું કે, 'નામ તો લખી આપ, ક્યારેક તું બહાર હોય ત્યારે મને દવા લેવાની ખબર પડે,' તો કહે, 'તમે ભૂલથી બીજી દવા લઈ લ્યો. તમને ભાન ન પડે, અને હું બહાર હોઉં તો પુત્રવધૂ આપે જ છે ને.'

દામ્પત્ય તીર્થો વિષે લખવા બેઠો છું ને જેમ પટારો ખોલીએ અને ખજાનો મળી જાય એવી મારી અત્યારે પરિસ્થિતિ છે. કોને કોને યાદ કરું? પણ એ સમૃદ્ધ દામ્પત્યોને મારે શબ્દાંજલિ આપવી જ છે એટલે લેખની દીર્ઘતાની પરવા કરતો નથી. તમે પણ ધીરજથી પડખું ફેરવીને વાંચજો.

અમારા પુષ્પાબેન પરીખ અને ચંદ્રકાંતભાઈનું વાંચન યુગ્લ. બન્ને બહુ વાંચે, સાથે સાથે વાંચે, ક્યાંય એકલા ન જાય. આજે ચંદ્રકાંતભાઈ નથી, પણ ઘરમાં ગોઠવેલા પુસ્તકોના પાને પાને પુષ્પાબેન ચંદ્રકાંતભાઈને વાંચે છે અને એકલતાને ઓગાળે છે.

મિત્ર ગુણવંતભાઈ બરવાળિયા અને ડૉ. મધુબેન. લગ્ન પછી પરિવારની સૌથી મોટી પુત્રવધૂ હોવાથી બહોળા કુટુંબની અનેકાનેક જવાબદારી પૂરી કરતા કરતા મધુબેને ગુણવંતભાઈની હૂંફથી હિંદી

સાહિત્યમાં પીએચ.ડી. માટે મહાનિબંધ લખ્યો. દામ્પત્યમાં આ ઉર્ધ્વગમન!

**નમો-નમો મહાદેવી ! ૐ નમો કુલયોગિની !**

આત્મ મિત્ર કુમારપાળ દેસાઈ કેટલું બધું લખે છે! જાણે એક સર્જન ફેક્ટરી અને પ્રવૃત્તિ પણ કેટલી બધી? 'વિશ્વકોષ', 'જૈનોલોજી', 'જૈન કથા' વગેરે વગેરે ઘણું જ, પણ પ્રતિમાબેન વગર શક્ય બને? આ યુગલ બધે સાથે જ સાથે. એક વખત એક કાર્યક્રમ પૂરો થયો અને એમની નજર શોધને માંડવે બેસી ગઈ. હાંફળા ફાંફળા થઈ મને પૂછી બેઠા, 'પ્રતિમાને જોઈ? ક્યાં છે?' ત્યારે એમના મુખ ઉપરની વ્યથા જોવાની મને મજા પડી ગઈ હતી.

આવું જ અમારા વિદ્વાન મિત્ર ડૉ. નરેશ વેદ અને ઉમાબેનનું. નરેશભાઈની અસ્ખલિત જ્ઞાનવાણી વહેતી હોય અને સર્વ શ્રોતાઓની વચ્ચે ઉમાબેન પણ ભાવથી એ વાણીનું શ્રવણ કરતા હોય. ઉમાબેન ઠાકોરજીની સેવામાં લીન અને નરેશભાઈ જ્ઞાન સમાધિમાં સ્વસ્થ. નરેશભાઈ સાથે એક વખત મારે ફોન ઉપર વાત થતી હતી, ત્યારે કાંઈ કામ માટે ઉમાબેને એમને સંબોધ્યા, તો નરેશભાઈ હસતાં હસતાં મને કહે, 'એક મિનિટ, અંદરથી ટહૂકો આવ્યો છે. સહેજ સાંભળી લઉં.' આ ટહૂકો શબ્દ મને બહુ ગમી ગયો. આ એક શબ્દમાં જ આ દંપતીના બધાં સૂરોના સમન્વયની પ્રતીતિ થઈ ગઈ.

કચ્છી દંપતી વસનજીભાઈ ગાલા અને એમના પત્ની તારાબેનને હંમેશા સાથે જ જોયા છે. સદાય હસતા ને હસતા. એમણે લગ્નની પચાસમી જયંતી ભવ્ય રીતે ઉજવી. એવું જ યુગલ પત્રમાળાના સર્જક જાદવજી વોરા અને જયાબેનનું. જ્ઞાનગોષ્ટિ કરવા બન્ને સાથે જ મારે ત્યાં પધારે અને જયાબેન ઉત્સાહ અને ઉત્સુકતાથી પોતાનું મન પરોવે.

અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં એક યુગલ વર્ષોથી નિયમિત આવે. વ્યાખ્યાન પૂરું થયા પછી બૌદ્ધિક ચર્ચા કરે, અમેરિકા હોય તો ત્યાં બેસીને સાંભળે અને અમને પ્રતિભાવ આપે. એ યુગલ ભારતીબેન અને ભરતભાઈ પરીખ સાથે પગલાં ભરે, સાથે જ જ્ઞાન પિયાલા પીએ.

અમારા યુવક સંઘમાં તો દામ્પત્યનો વૈભવ અનેરો, ચંદ્રકાંતભાઈ અને નિર્બળાબેનનું શ્રાવક-શ્રાવિકા તપ, નીતિનભાઈનો સેવા કરૂણા યજ્ઞ અને દીપ્તિબેનનો જ્ઞાન કવિતાનો અધ્યાત્મ રંગ, નીરૂબેન અને સુબોધભાઈને સાથે કામ કરતા અને બૌદ્ધિક ચર્ચા કરતા જોવાનો લ્હાવો મળ્યો છે. અમારા હસમુખભાઈ અને કલ્પુબેન વ્યાખ્યાનમાળા કે કથા શ્રવણ કે સેવાના કાર્યમાં સાથે સાથે જ હોય, બન્ને એવું સ્મિત કરે કે થોડું સ્મિત ચોરી લેવાનું મન થાય.

ડૉ. રશ્મિભાઈ ઝવેરીની જ્ઞાન સાધનામાં પત્ની અંજનાબેનનો સિંહફાળો. રશ્મિભાઈ કોઈ જ્ઞાન જવાબદારી સ્વીકારવાની સ્વાસ્થ્યને કારણે ના પાડે તો અંજનાબેન રશ્મિભાઈને મનાવી લે.

અને કૉલેજ મિત્ર અનિલા તથા હસમુખભાઈના દામ્પત્યને કેમ ભૂલું? બન્નેની જ્ઞાન જિજ્ઞાસા આશ્ચર્ય પમાડે એવી.

ભગિની તુલ્ય અમારા નિલમબેન અને બિપિનભાઈનું દામ્પત્ય તો આધ્યાત્મિક અને કૌટુંબિક સપ્તપદી, સપ્તસૂર અને સપ્તભંગી જેવું. અંતે તો સંમત સંમત અને ઐક્ય ઐક્ય જ. બિપિનભાઈ અમારી સાથે એકલા પ્રવાસમાં હોય ત્યારે જે વ્યવસ્થાથી નાસ્તાની ડબીઓ ઉઘાડે એમાં નિલમબેનની સોંદર્યદૃષ્ટિના દર્શન થઈ આવે, ભીતરનું ગુંજન સંભળાય.

યુનિવર્સિટી હોસ્ટેલ મિત્ર શિરીષ કામદાર અને સ્મિતાબેનનું દામ્પત્ય તો આધ્યાત્મિક ને વિરલ જ. શિરીષભાઈ ભૌતિક આંકડાશાસ્ત્રી અને સ્મિતાબેન વિપશ્યના સાધનામાં વરસોથી સાધિકા. હું જ્યારે મારા ઘરે એમને આમંત્રું ત્યારે સ્મિતાબેન શિરીષભાઈને ડ્રાઇવ કરીને લાવે, ત્યારે હું કહું કે આ તો રુકમણિ સારથિ બનીને કૃષ્ણને લઈ આવ્યા.

મહેન્દ્રભાઈ કેટકેટલી સામાજિક પ્રવૃત્તિ કરે, એ આશાબેનના સક્રિય સાથ વગર અશક્ય. એટલું જ નહિ મહેન્દ્રભાઈના સેવાયજ્ઞને પતિને અંજલિ સ્વરૂપે એમણે ધબકતો રાખ્યો છે. એ દામ્પત્ય પ્રેમની સાર્થકતા છે.

આ દીર્ઘ લેખનું કેન્દ્રસ્થાન તો છે અમારા કુસુમબેન. દામ્પત્ય વિશે લખવાની ક્યારેક એમણે મને પ્રેરણા આપી હતી. અને આ વાંચવા આ જગતમાં એઓ અત્યારે નથી. શબ્દો સૂકાઈ જાય છે, પણ ભાવ તો ક્યારેય સૂકાતા નથી. ગુલાબભાઈ અને કુસુમબેનનું સામાજિક, કૌટુંબિક, આધ્યાત્મિક અને બૌદ્ધિક સંસારમાં જ્વલ્લે જ જોવા મળે એવું યુગલ. કોઈપણ કાર્યક્રમમાં બન્ને સાથે જ હોય. ભાવ, શોખ, અને ઈચ્છાઓમાં પૂર્ણ ઐક્ય. શ્રી અને સરસ્વતીનું ક્યારેય પ્રદર્શન નહિ. આ યુગલનું સૌજન્ય અને રીતભાવ પ્રેરક. રેસીપ્રોકેટ કરવામાં અજોડ. કુસુમબેન સાથે જ્ઞાનની ચર્ચા કરવાનો મને અનેરો લ્હાવો મળ્યો છે, સાથોસાથ ઉષ્માભર્યું આતિથ્ય પણ. જન્મોજન્મ કોઈપણ સ્વરૂપે મળે એવી ઈચ્છા થાય એવા એ જ્યેષ્ઠ ભગિની તુલ્ય. ગુલાબભાઈને મેં ખડખડાટ હસતા હસાવતા જોયા છે અને કુસુમબેનના ગયા પછી નાના બાળકની જેમ રડતા જોયા છે એ મારા માટે અતિ વેદનાજનક પ્રસંગ હતો. કવિ ન્હાનાલાલે પોતાના અમર કાવ્ય 'કુલયોગિની'માં જે કાવ્ય શબ્દો કહ્યા છે એ હું કુસુમબેનને અર્પણ કરું છું.

દેવી! સતિ! પરમ પાવનકારી ભાર્યા!
કલ્યાણિની! ગૃહિણી! ઓ પ્રભુ પ્રેમી આર્યા
મ્હારા કુલમાં, બીજે, જ્યહાં હો ત્યહાં, ઓ તપસ્વિની!
નમો-નમો મહાદેવી! ૐ નમો કુલયોગિની!

હું સમજું છું. લેખ દીર્ઘ થતો જાય છે પણ હજી એક શાંત મંગલ દામ્પત્યની વાત કહી દઉં.

**થોડાં નિષ્ફળ લગ્નજીવનના દૃષ્ટાંતોથી પોતાને મનગમતો અભિપ્રાય બાંધી ન લેવાય**

થોડા વરસો પહેલાં અમારા ઘરે પ્રત્યેક શનિવારે એક ૫૫-૬૦ની વયના ભાઈ આવે, ખાખરાનો થેલો લઈને. કપાળમાં ચંદન-કેસરનો પીળો ચાંદલો. તન-મનથી સ્વસ્થ. એક દિવસ મેં કુતૂહલથી એમના જીવન વિશે પૂછ્યું. જાણવા મળ્યું. ડોમ્બિવલી રહેવાનું, ધર્મે જૈન, પતિ-પત્ની બે જ. પત્ની ખાખરા-પાપડ બનાવે. ભાઈ વેચવા આવે. પત્નીને પગે ખોડ, ચાલી ન શકે. પણ આ કામમાંથી જે આવક થાય એમાં ઘરસંસાર ચાલે અને વરસમાં એક વખત પાલિતાણાની જાત્રાએ જાય જ. સહચર્યની આ કેવી સુગંધ?

મારા માટે આ બધાં દામ્પત્ય તીર્થો છે. પણ આજે કેમ યાદ કર્યાં?

થોડા સમય પહેલાં એક મિત્રની યુવાન પુત્રી મળી ગઈ, મને કહે, 'મને લગ્નના પરંપરાગત બંધનમાં વિશ્વાસ નથી.'

`I have no trust in traditional marriages...!'

આ દામ્પત્ય પ્રસંગો આ વિધાનનો ઉત્તર છે.

આજે લગ્નપ્રથા તૂટતી જાય છે, છૂટાછેડાનું પ્રમાણ વધ્યું છે. લીવ ઈન રીલેશનનો વાયરો જોરદાર ફૂંકાઈ રહ્યો છે. થોડા સમય પહેલાં 'મૈત્રી કરાર' પ્રચલિત થયો હતો! આ વર્ગને બધાં ભૌતિક લહાવા લેવા છે, પણ લગ્ન બંધનમાં બંધાઈને જવાબદારી સ્વીકારવી નથી.

થોડાં નિષ્ફળ લગ્નજીવનના દૃષ્ટાંતોથી પોતાને મનગમતો અભિપ્રાય બાંધી લેવો છે.

એ સર્વે યુવાન-યુવતીને આ વાસ્તવિક અને સત્ય પ્રમાણના દામ્પત્ય તીર્થો હું અર્પણ કરું છું. આ દામ્પત્ય તીર્થોને વંદુ છું.

બ્રહ્મચર્યાશ્રમ જેટલું જ ગૃહસ્થાશ્રમ જીવનનું મૂલ્ય છે. અહીં રસકથા માંહી ધર્મકથાનું અમૃત જેવું મિશ્રણ છે.

રથનાં બે પૈડાંથી જીવન ગતિ કરે છે. હૂંફે હૂંફે જીવી જવાય છે.

સંયમ વ્રતથી એકાકી જીવન જીવવું હોય તો એ ઉત્તમ છે. સંસારી જીવન સંસારને ગતિમય રાખે છે એટલે એ પણ એટલું જ ઉત્તમ છે. બન્નેમાં અદ્વૈતની યાત્રા છે. એકમાં સ્વથી પરની છે. બીજામાં સ્વ-પરના મિલનથી પરની પ્રાપ્તિની યાત્રા છે.

પરાપૂર્વથી પ્રચલિત અને સર્વ સંસ્કૃતિ દ્વારા સ્વીકૃત લગ્ન પરંપરા એક સામાજિક શિસ્ત છે, પશુતાથી તે બચાવી પ્રભુતા બક્ષે છે, રસની એ પાળ છે, વિશ્વાસનો એ હિમાલય છે, ભવિષ્માં અવતરનાર બાળજીવનું એ કવચ છે, અન્યોન્યની હૂંફ છે, એમાં સમર્પણની સુગંધ છે, તે પ્રેમનું પરમોચ્ચ શિખર છે, એના ઉલ્લાસમાં વિકાસ છે, એકબીજાની અપૂર્ણતાની એ અનુપૂર્તિ છે અને અંતે એ દિવ્યતાની સહયાત્રા છે.

લગ્ન પરંપરાને છીન્નભિન્ન થતી બચાવવી એ પ્રત્યેક માનવજીવનનું સામાજિક અને રાષ્ટ્રીય કર્તવ્ય છે.

હા, વાચકને થશે, બધાનાં લગ્નજીવનની મેં વાત કરી, પણ મારી નહિ?

મેં બે ઝલક તો આગળ આપી દીધી છે. હવે એનું મૂળ કહું.

જી, હા, આજથી ૪૫ વરસ પહેલાં એક પારિવારિક પ્રસંગમાં અમારો મેળાપ અને પરિચય થયો. પરિચય પરિણયમાં પાંગર્યો અને ૪૪ વરસ પહેલાં ચોરીના ચાર ફેરા ફર્યા અને સપ્તપદીની પ્રતિજ્ઞાઓ લીધી. અને મેં ક્યારેય પતિપણાનો દાવો નથી કર્યો. અમારી વચ્ચે આઠ વર્ષનો વય ભેદ છે પણ એ અંતરમાં ક્યારેય અંતરભેદ નથી થયો. વય અને સંબંધોને શી લેવા દેવી? આ જ સાચી લેણા દેણી, ઋણાનુબંધ. અમે મિત્રો છીએ. મતભેદ થાય છે, થવા જોઈએ, પણ મનભેદ ક્યારે જ નહિ. કાળે કરીને કોઈને પણ ક્યારેય એકલતા આવશે ત્યારે સ્મૃતિઓથી જીવી જવાય એવી સ્મૃતિઓ ભેગી કરી લીધી છે!

અમારી વચ્ચે કાયમનો એક ઝઘડો છે, એ કહે કે પહેલાં તું જા, જેથી હું તારા વિરહનો આનંદ મ્હાણી શકું. હું કહું કે પહેલાં તું જા, એટલે હું તારા વિરહનો આનંદ મ્હાણી શકું.

❑ધનવંત શાહ
drdtshah@hotmail.com

## બા-બાપુનું અનોખું દામ્પત્ય!

એકવાર બાપુ સેવાગ્રામ હતા, ત્યારે બા બહારગામથી આવતાં હતાં. બધાં પૂછવા લાગ્યા, બા ક્યારે આવશે? બા કઈ ગાડીમાં આવશે?

બા સુરત તરફ ગયેલાં હતાં. મુંબઈ પહોંચી વર્ધા આવી શકાય, પણ એ લાબો અને મોંઘો રસ્તો. સુરત જઈ 'ટાપ્ટી વેલી' ગાડીમાં ભૂસાવલ રસ્તે આવે તો નૂર ઓછું બેસે.

એક બહેન બાને મળવા ખાસ રોકાયાં હતાં. મુંબઈ તરફથી ગાડી આવવાની હતી. એ બહેને પૂછ્યું, બા અત્યારે તો આવશે ને?

બાપુએ કહ્યું. જો બા પૈસાદારોના બા હશે તો અત્યારે આવશે અને ગરીબોના બા હશે તો સુરત થઈ 'ટાપ્ટી વેલી'માં સવારે આવશે.

અને બા, ગરીબોના બા, ખરેખર બીજે દિવસે સવારે આવ્યા.

અને આ અનોખા દંપતીના મિત્ર હીરેસ અલેકઝાન્ડરે નોંધ્યું છે કે બા અને બાપુ એક ઘરમાં હોય. પાસેપાસેના ઓરડામાં હોય, કશું ખાસ એકમેક સાથે બોલે નહિ, પણ આપણને આખો વખત લાગ્યા કરે કે બંને એકમેકને ઊંડે ઊંડે ખૂબ સમજે છે.

# ઉપનિષદમાં પ્રાણવિચાર

☐ ડૉ. નરેશ વેદ

**(લેખ ક્રમાંક : સાત)**

આપણે આગળ જોયું તેમ ઉપનિષદ જીવનવિજ્ઞાનના ગ્રંથો છે. એટલે એમાં બ્રહ્મ-બ્રહ્માંડ, આત્મા-પરમાત્મા, જગત-જીવનની સાથોસાથ શરીર અને એની રચનાનો પણ વિગતવાર વિચાર થયો છે. મનુષ્યશરીર પાંચ ક્લેવર વડે બનેલું છે. એમાંનું પ્રથમ ક્લેવર અન્ન છે. તેના વિશે આપણે લેખ ક્રમાંક છમાં વિચાર કર્યો હતો. ત્યાર પછીનું ક્લેવર છે પ્રાણનું. આ પ્રાણ શું છે, એ શેમાંથી જન્મે છે, એ શેના પર અવલંબે છે, તેનું શરીરમાં ક્યાં સ્થાન છે અને શું કાર્ય છે, ટૂંકમાં, પ્રાણનું ભૌતિક અને આધ્યાત્મિક સ્વરૂપ કેવું છે એની વિશદ વિચારણા ઉપનિષદમાં થયેલી છે.

આ વિચારણા મુખ્યત્વે પ્રશ્ન, મુંડક, તૈતિરીય, છાંદોગ્ય અને બૃહદારણ્યક નામના ઉપનિષદોમાં થયેલી છે. જીવ, જગત અને જીવનનું વિજ્ઞાન સમજાવતાં એ દૃષ્ટાઓને એ ત્રણ બાબતો વિશેના મૂળભૂત પ્રશ્નોના ઉત્તર આપવાનું થયું. એ મૂળભૂત પ્રશ્નો એટલે : જીવો ક્યાંથી ઉત્પન્ન થાય છે, કેવી રીતે ઉત્પન્ન થાય છે, આ જીવશરીરને ક્યા ક્યા દેવો (શક્તિઓ) ધારણ કરી રાખે છે અને તે બધા દેવોમાં સૌથી મુખ્ય (કે શ્રેષ્ઠ) દેવ કોણ છે. આવા મૂળભૂત પ્રશ્નો ઊભા કરી એના ઉત્તર રૂપે જીવનવિજ્ઞાન સમજાવતાં તેઓ સ્પષ્ટ કરે છે કે પરમેશ્વરને પ્રજા (જીવો) ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ એટલે એમણે તપ (સંકલ્પ) વડે એક યુગ્મ (જોડકું) ઉત્પન્ન કર્યું. આ યુગ્મ એટલે પ્રાણ અને રયિ. આ બંને મળીને અનેક પ્રકારની પ્રજાઓ ઉત્પન્ન કરે છે. આ બે સત્ત્વો આ જગતનું નિર્માણ કરનારા પ્રારંભક સત્ત્વો છે. એમના દ્વારા આ નાનાવિધ પ્રકારના જીવોવાળી સૃષ્ટિની રચના થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ બે સત્ત્વો એટલે સત્ અને ઋત. જેમના વડે આ સચરાચર સૃષ્ટિનું સર્જન અને નિયમન થાય છે. ઉપનિષદના સ્રષ્ટાઓએ આ બે સત્ત્વોને કાવ્યમય ભાષામાં; એટલે કે રૂપક દ્વારા; ઓળખાવ્યાં છે. એમણે કહ્યું કે પ્રાણ અને રયિ એટલે સૂર્ય અને ચંદ્ર. સૂર્ય જીવનદાતા શક્તિ (lifegiving force) છે. જ્યાં સૂર્યનું તેજ અને ઉષ્મા હશે ત્યાં જ જીવન પ્રગટે છે અને મ્હોરે છે. ઉષ્ણ કટિબંધવાળા રાષ્ટ્રોમાં જીવજંતુ જેટલા પ્રમાણમાં પેદા થઈ ફાલેફૂલે છે એટલા શીતકટિબંધવાળા રાષ્ટ્રોમાં થઈ શકે નહીં. રેફ્રિજરેટરમાં રાખેલાં શાકભાજી, ફળફળાદિ કે ખાદ્ય પદાર્થો લાંબા સમય સુધી બગડતાં નથી. આ બધી વાતો આજના વિજ્ઞાને પણ સ્વીકારેલી છે. મતલબ કે સૂર્ય પ્રાણદાયી છે. માટે એને પ્રાણ કહ્યો છે. આ સૂર્ય જેને પ્રાણશક્તિ પ્રદાન કરી કાર્યશીલ કરે છે તે રયિ છે, એટલે કે ચંદ્ર છે. આ જગતમાં જે પાંચ મહાભૂત છે તેમાં કેટલાંક મૂર્ત (પ્રગટ) રૂપ છે અને કેટલાંક અમૂર્ત (આકારવિહીન) રૂપ તત્ત્વો છે. જેમકે, પૃથ્વી, જળ અને અગ્નિ મૂર્ત છે, જ્યારે વાયુ અને આકાશ અમૂર્ત છે. સૃષ્ટિમાંનાં આ મૂર્ત અને અમૂર્ત તત્ત્વો તે રયિ છે. મતલબ કે એક સત્ (હયાતી) ધરાવે છે અને બીજું ઋત (વ્યવસ્થા) ધરાવે છે. જેને આપણે સચરાચર સૃષ્ટિ કહીએ છીએ તે જીવન અને જગત આ સત્ અને ઋતના સંયોગથી ઉત્પન્ન થયેલી છે. એ સત્ત્વો જ એના સર્જનના નિમિત્ત અને ઉપાદાન કારણો છે. ઉપનિષદકાર ઋષિઓની દૃષ્ટિ સમગ્ર બ્રહ્માંડમાં રહેલાં પાયારૂપ તત્ત્વો સુધી પહોંચેલી દેખાય છે.

આ સ્રષ્ટાઓના મત મુજબ બ્રહ્મતત્ત્વની ચાર લાક્ષણિકતાઓ છે. બ્રહ્મ પ્રકાશવાન છે, અનંતવાન છે, જ્યોતિષ્માન છે અને આયાતનવાન છે. એનું આયાતનવાન ક્લેવર પ્રાણ, આંખ, કાન અને મન–એ ચાર મળીને બનેલું છે. એટલે એમ કહેવાય કે પ્રાણ આત્માનો ચોથો ભાગ છે. આત્મામાંથી આ પ્રાણ જન્મે છે. જેમ મનુષ્ય પર તેનો પડછાયો આધાર રાખે છે, તેમ આત્મા પર જ આ પ્રાણ અવલંબિત છે.

મનુષ્યશરીર પાંચ મહાભૂતો (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ), પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ અને ત્વચા) તથા પાંચ કર્મેન્દ્રિયો (હાથ, પગ, મુખ, ઉપસ્થ અને પાયુ) તેમજ ચાર અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહં) વડે બનેલું છે. આ બધાના અધિષ્ઠાતા દેવો (શક્તિઓ) છે. સ્થૂળશરીર, દસ ઈન્દ્રિયો, ચાર અંતઃકરણ વગેરે વડે મનુષ્યશરીર અસ્તિત્વમાં આવે છે. તે બધાંને પોતપોતાના સ્થૂળ અને સૂક્ષ્મ કાર્યો છે. એ કાર્યો કરવા માટે પ્રાણ જ એને શક્તિ આપે છે. મતલબ કે પ્રાણીઓ અંગો અને ઉપાંગોવાળું શરીર પ્રાપ્ત કર્યા પછી પણ પ્રાણ વિના કશું કરી શકે નહીં. પ્રાણના ચૈતન્યસ્પર્શથી જ આ બધાં પોતપોતાના ક્રિયાકર્મો કરી શકે છે. તેથી પ્રાણીશરીરને અનેક દેવતાઓ (શક્તિઓ) મળ્યા હોવા છતાં પ્રાણ જ, એ સૌમાં, શ્રેષ્ઠ દેવ છે.

ત્યારબાદ આ પ્રાણ શરીરમાં કેવી રીતે આવે છે, પોતાને વિભાજિત કરીને શરીરમાં ક્યાં રહે છે, આ પંચભૂત શરીરને અને ઈન્દ્રિયો તેમજ મનને કેવી રીતે ધારણ કરી રાખે છે, કઈ રીતે શરીરની બહાર નીકળે છે એ વાતની સ્પષ્ટતા આ સ્રષ્ટાઓએ કરી છે. આ પ્રાણ મનુષ્યે મન દ્વારા સેવેલી કામનાઓ દ્વારા તેમ જ તેણે કરેલા સંકલ્પ અનુસાર શરીરમાં પ્રવેશ કરે છે. મનુષ્ય ઈચ્છાઓ, કામનાઓ, વાસનાઓ, એષણાઓ, અભિલાષાઓ અને લિપ્સાઓનું પોટલું છે. વ્યક્તિ મનમાં જેવી ઈચ્છાઓ, કામનાઓ, વાસનાઓ, એષણાઓ, અભિલાષાઓ અને લિપ્સાઓ રાખી જીવનમાં જેવાં કર્મો કરે તેને અનુસરીને તેના

જીવનના સંસ્કારો નિર્ધારિત થાય છે. જેના જેવા સંસ્કારો તેવા તેના સંકલ્પો એ ન્યાય અનુસાર મનુષ્યના સંકલ્પ અનુસાર જે તે દેશકાળમાં, જે તે જાતિજ્ઞાતિમાં, જે તે વંશગોત્રમાં, જે તે માતાપિતાને ત્યાં જીવ ધારણ કરે છે અને ત્યારે પ્રાણ તેના શરીરમાં પ્રવેશ કરે છે. મતલબ કે વ્યક્તિમનના સંકલ્પથી પ્રાણ શરીરમાં પ્રવેશે છે.

આ પ્રાણ પંચભૌતિક શરીરને ધારણ કરવા પાંચ રૂપમાં વિભાજિત થઈ મનુષ્યશરીરના જુદા જુદા ભાગોમાં જે તે રૂપ સ્થાન ગ્રહણ કરીને પોતપોતાનું કાર્ય કરે છે. જે રીતે કોઈ નગરનો રાજા પોતાના જુદા જુદા અધિકારીઓને જુદાં જુદાં કાર્યો માટે જુદાં જુદાં ક્ષેત્રોમાં નિયુક્ત કરે છે, તેમ મુખ્ય પ્રાણ પોતાને વિભાજિત કરી શરીરના જુદા જુદા ભાગોમાં જુદાં જુદાં કાર્યો માટે નિયુક્ત કરે છે. પ્રાણના એ પાંચ રૂપો એટલે પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન. પ્રાણ શરીરના ઉર્ધ્વ (ઉપરના) ભાગમાં રહે છે, અપાન શરીરના અધો (નીચેના) ભાગમાં રહે છે, સમાન શરીરના મધ્ય ભાગમાં રહે છે. ઉદાનનું સ્થાન મનુષ્ય કંઠમાં છે અને વ્યાન આખા શરીરમાં વ્યાપ્ત રહે છે. જરા વધારે સ્પષ્ટ કરીને કહીએ તો અપાનવાયુ શરીરની ગુહ્યેન્દ્રિય અને ગુદામાં રહીને મળમૂત્ર વિસર્જનનું કાર્ય કરે છે. આંખ, કાન, નાક અને મુખમાં પ્રાણવાયુ પોતે જ સ્થિર રહે છે અને જ્ઞાનેન્દ્રિય તેમ જ કર્મેન્દ્રિયે કરવાનાં કામો કરી આપવામાં સહાય કરે છે. પ્રાણ અને અપાનની વચમાં સમાન નામનો વાયુ રહે છે. એને સમાન કહેવાનું કારણ એ છે કે ખવાયેલા અન્નને પચાવીને એના રસને શરીરના જુદા જુદા ભાગો સુધી એ એકસમાન રીતે પહોંચાડે છે. આત્મા હૃદયમાં રહેલો છે. આ હૃદયમાંથી સો નાડીઓ નીકળે છે. આ પ્રત્યેક નાડીમાંથી સો સો શાખારૂપ નાડીઓ નીકળે છે અને આ પ્રત્યેક શાખા નાડીમાંથી બોંતેર હજાર, બોંતેર હજાર પ્રતિશાખા નાડીઓ નીકળે છે. એ બધી નાડીઓમાં વ્યાન નામનો પ્રાણ વિચરે છે. જ્યારે આ ઉપરાંતની એકસો એકમી મુખ્ય સુષુમ્ણા નામની નાડી દ્વારા ઉદાન નામનો વાયુ મનુષ્યને એનાં કર્મફળ રૂપે પુણ્યલોક, પાપલોક અથવા મનુષ્યલોકમાં લઈ જવાનું કાર્ય કરે છે. મતલબ કે મનુષ્યની મરણોત્તરગતિ ઉદાન નામના પ્રાણને આધારે થાય છે. મૃત્યુ વખતે જીવાત્મા ઉદાનવાયુને આધારે શરીરના છિદ્રો પૈકી કોઈ એક છિદ્ર દ્વારા શરીરમાંથી બહાર નીકળી દેહ છોડે છે અને એ વાયુને આધારે જ એના પુનર્જન્મની પ્રક્રિયા થાય છે.

ત્રણ લોક છે : ભૂલોક (પૃથ્વીલોક), દ્યુલોક (સ્વર્ગલોક) અને અંતરીક્ષલોક. આ ત્રણેય લોકમાં પણ મુખ્ય વિચરણ પ્રાણનું જ હોય છે. બહારના જગતનો પ્રાણ સૂર્ય છે. તે આંખમાં રહેલા પ્રાણની ઉપર અનુગ્રહ (ઉપકાર) કરતો ઊગે છે. પૃથ્વીમાં જે દેવતા છે તે પુરુષમાં રહેલા અપાન પ્રાણનો આધાર છે. સૂર્ય અને પૃથ્વી એ બેની વચ્ચે જે આકાશ છે તે સમાન પ્રાણ છે અને વાયુ વ્યાન પ્રાણ છે. તેજ (પ્રકાશ) ઉદાન પ્રાણ છે. તેથી જ જ્યારે તેજ ક્ષીણ બને છે, ત્યારે મનમાં લય પામેલી ઈન્દ્રિયો સાથે જીવાત્મા વિદ્યમાન શરીર છોડી બીજો જન્મ લેવા ચાલી જાય છે. અંતકાળે જે વિચાર-સંસ્કાર મનમાં હોય તે મુજબ તે જીવાત્મા પ્રાણ એટલે કે સૂક્ષ્મ શરીરમાં પ્રવેશ કરે છે અને એ પ્રાણ તેજ સાથે જોડાઈને આત્માની સાથે તે જીવાત્માને તેના મનસંકલ્પ અનુસારના લોકમાં લઈ જાય છે.

પ્રાણ અને તેમનાં કાર્યો અને દેવતાઓ (શક્તિઓ)ની વાત આ સ્રષ્ટાઓએ કાવ્યમય રીતે પણ કહી છે. જેમ કે, હૃદયનાં પાંચ દિવ્ય બારણાં છે. જે ઉગમણું (પૂર્વ તરફનું) બારણું છે, તે પ્રાણ છે. તેનો સંબંધ આંખ સાથે છે અને તેના દેવતા સૂર્ય છે. હૃદયનું જે આથમણું (પશ્ચિમ તરફનું) બારણું છે, તે અપાન છે. એનો સંબંધ વાણી (કર્મેન્દ્રિયો) સાથે છે. એના દેવ અગ્નિ છે. હૃદયનું જે ઉત્તરનું બારણું છે, તે સમાન છે. એનો અંતઃકરણ સાથે સંબંધ છે. વરસાદનો દેવ પર્જન્ય એનો દેવ છે. હૃદયનું જે દક્ષિણનું બારણું છે, તે વ્યાન છે. એનો સંબંધ કાન સાથે છે. એના દેવતા ચંદ્ર છે. હૃદયનું જે ઉપલું બારણું છે, તે ઉદાન છે. એ વાયુ છે. એ આકાશ છે. આ શરીરરૂપ પુર (નગર)માં પ્રાણ નામક અગ્નિઓ જ જાગ્રત રહે છે. જેમ કે, અપાન વાયુ ગાર્હપત્ય અગ્નિ છે, તેમાં રોજ રોજ સામાન્ય આહુતિઓ અપાય છે. વ્યાન અન્વાહાર્યપચન અગ્નિ છે અને પ્રાણ ગાર્હપત્ય અગ્નિમાંથી પ્રગટાવાતો આહવનીય અગ્નિ છે. અન્વાહાર્યપચન અગ્નિમાં પિતૃઓને સ્વધાદ્રવ્ય અપાય છે અને આહવનીય અગ્નિમાં દેવોને આહુતિ અપાય છે. મતલબ કે અંદર લેવાતા ઉચ્છ્વાસ અને બહાર કઢાતા નિઃશ્વાસરૂપે બે આહુતિઓને એ સમાનપણે શરીરમાં લઈ જાય છે, તે સમાન પ્રાણ છે. મન યજ્ઞ કરનારો યજમાન છે. યજ્ઞનું ધારેલું ફળ ઉદાન છે; કારણ કે તે આ મનરૂપ યજમાનને દરરોજ (સુષુપ્તિ વખતે) બ્રહ્મ પાસે લઈ જાય છે. જ્યારે સ્વપ્નાવસ્થામાં મન પોતાની શક્તિનો અનુભવ કરે છે.

અહીં ઋષિઓએ મનુષ્યશરીરની ત્રણ અવસ્થાઓ (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ)માં શ્વસન, રુધિરાભિસરણ અને ચયાપચયની જે ક્રિયાઓ કરે છે તેમાં પ્રાણનો કેવો કાર્યદોર (role) છે એની સ્પષ્ટતા કરી છે.

જેમ ગાડાંનાં પૈડાંની નાભિમાં જડેલા આરા એને આધારે રહ્યા હોય છે, એમ આ પ્રાણને આધારે જ આખું જગત રહ્યું છે. જે કાંઈ ત્રણ લોકમાં રહેલું છે, તે સર્વ પ્રાણને આધીન છે. દેવો, મનુષ્યો અને પશુઓ-એ બધાં જ પ્રાણ વડે ક્રિયા કરવાને સમર્થ બને છે. પ્રાણ જ પ્રાણીઓનું આયુષ્ય છે; તેથી જ તે સર્વનું આયુષ્ય કહેવાય છે. પ્રાણ બ્રહ્મ છે. કારણ કે પ્રાણમાંથી જ પ્રાણીઓ જન્મે છે, પ્રાણ વડે જ જન્મેલા જીવે છે અને અંતે પ્રાણ તરફ જ જાય છે અને એમાં લય પામે છે. પ્રાણ પોતાની શક્તિથી જ હાલેચાલે છે. પ્રાણ જે કાંઈ આપે છે, એ પોતાને જ આપે છે અને પોતાને માટે જ આપે છે. આ પ્રાણ બધા અંગોનો રસ-સાર હોવાથી વિદ્વાનો તેને જ આંગિરસ માને છે. વાણીનું

મનુષ્યજીવનમાં ઘણું મહત્ત્વ છે. પ્રાણ એ વાણીનો પતિ છે, તેથી પ્રાણ જ બૃહસ્પતિ છે. પ્રાણ અને સૂર્ય બેય સરખા છે. પ્રાણ ઉષ્ણ છે અને સૂર્ય પણ ઉષ્ણ છે. પ્રાણને સ્વર કહે છે તેમ સૂર્યને પણ સ્વર-પ્રત્યાસ્વર કહે છે. પ્રાણ આસ્ય (મુખ)માંથી નીકળે છે, માટે લોકો તેને આયાસ્ય માને છે.

પ્રાણીઓના જીવનમાં સર્વાધિક મહત્ત્વ પ્રાણનું છે. શરીરમાં જ્યાં સુધી પ્રાણ હોય ત્યાં સુધી જીવાત્મા જીવંત ગણાય છે અને જ્યારે શરીર નિષ્પ્રાણ થાય છે ત્યારે એ શરીર નિશ્ચેતન (મડદું) થઈ જાય છે. આત્માનો શરીર અને મન સાથે સંબંધ જોડી આપનાર પ્રાણ હોવાથી પ્રાણનું મહત્ત્વ સર્વોપરિ છે. પ્રાણની આ મહત્તા અને ઉપયોગીતા સમજી મનુષ્યે ભોજન લેતી વખતે પહેલો કોળિયો પ્રાણાય સ્વાહા એમ બોલીને ભરવો જોઈએ. આ આહુતિથી પ્રાણ તૃપ્ત થાય છે. પછી વ્યાનાય સ્વાહા એમ બોલીને બીજો કોળિયો ભરવો. આ બીજી આહુતિથી વ્યાન તૃપ્ત થાય છે. પછી અપાનાય સ્વાહા એમ બોલીને ત્રીજો કોળિયો ભરવો. આ ત્રીજી આહુતિથી અપાન તૃપ્ત થાય છે. પછી સમાનાય સ્વાહા એમ બોલીને ચોથો કોળિયો લેવો. આ ચોથી આહુતિથી સમાન તૃપ્ત થાય છે. પછી ઉદાવાય સ્વાહા એમ બોલીને પાંચમો કોળિયો ભરવો. એ આહુતિથી ઉદાન તૃપ્ત થાય છે. પ્રાણ તૃપ્ત થવાથી આંખ, સૂર્ય, સ્વર્ગ અને સ્વર્ગ-સૂર્ય જેના માલિક છે તે તૃપ્ત થાય છે. વ્યાન તૃપ્ત થવાથી કાન, ચંદ્ર, દિશાઓ અને દિશાઓ-ચંદ્ર જેના માલિક છે તે સૌ તૃપ્ત થાય છે. અપાન તૃપ્ત થવાથી વાણી, અગ્નિ, પૃથ્વી, પૃથ્વી અને અગ્નિ જેના માલિક છે તે સૌ તૃપ્ત થાય છે. સમાન તૃપ્ત થવાથી મન, પર્જન્ય, વીજળી, વીજળી અને પર્જન્ય જેના માલિક છે તે સૌ તૃપ્ત થાય છે. ઉદાન તૃપ્ત થવાથી ત્વચા, વાયુ, આકાશ, આકાશ અને વાયુ જેના માલિક છે તે સૌ તૃપ્ત થાય છે. આ જાતનાં વર્ણનનો અર્થ એ છે કે જે લોકો પ્રાણને એની શક્તિમત્તા અને ઉપાદેયતા ઓળખીને જીવે છે તે જીવનમાં સફળતા અને સાર્થકતા પામે છે.

શરીર મૂર્ત છે તેથી તેને જોઈ શકાય છે, પરંતુ પ્રાણ અમૂર્ત છે તેથી તેને જોઈ શકાતો નથી. પણ પ્રાણની શરીર અને મન પર થતી અસરો અનુભવી શકાય છે. ઉપનિષદકાલીન ઋષિઓએ આવા અમૂર્ત સત્ત્વને ધારણા (અનુમાન)ને આધારે નહીં, પરંતુ અનુભૂતિ (અનુભવના સાર) રૂપે ઓળખીને એનું સ્વરૂપ અને કાર્ય એટલી સ્પષ્ટતા અને વિશદતાથી વર્ણવી બતાવ્યું છે કે આજના વૈજ્ઞાનિકોને એને વૈજ્ઞાનિક રીતે સમજવામાં બહુ મોટી સહાય થઈ ગઈ છે. ભારતવર્ષમાં અન્ય પાંચ દર્શનો સાથે યોગદર્શન વિકસ્યું એની પીઠિકારૂપે ઋષિઓનો આ પ્રાણવિચાર પડેલો છે. જીવન-વિજ્ઞાનને સમજવા મથતા સૌ કોઈને આ પ્રાણવિચાર અત્યંત ઉપયોગી થઈ પડે તેમ છે. ✷ ✷ ✷

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બઝાર, વલ્લભ વિદ્યાનગર. (૩૮૮૧૨૦). ટેલિ. (રહેઠાણ) : ૦૨૬૯૨-૨૩૩૭૫૦. સેલફોન : ૦૯૭૨૭૩૩૩૦૦૦

# અંકગણિતમાં શૂન્ય

☐ હરજીવનદાસ થાનકી

સૌથી નાનો આંક તે શૂન્ય અને સૌથી મોટો આંક તે નવ; પછી તો પુનરાવર્તન થતાં રહે છે. શૂન્યમાંથી એકનો પ્રસવ થયો, પછી બે-ત્રણ-ચાર-પાંચથી માંડીને તે છેક નવ સુધી પહોંચ્યો; આમ કુલ આંકડા થયા દસ! દસ એટલે બસ. Stop it !

પ્રથમ અંક શૂન્ય જ્યાં સુધી એકની ડાબી બાજુએ હતું, ત્યાં સુધી શાંતિ હતી; પછી તેને જમણી બાજુએ આવવાનું મન થતાં, આંકડાંઓની માયાજાળ રચાતી ગઈ અને છેવટે તે Mouse-Trap બની ગઈ! આપણે, એકડા ઉપર કેટલાં શૂન્યો ચડાવી શકીએ? પ્રશ્ન છે. અનંતતા સૌને મૂંઝવતી રહેવાની. જે અનાદિ છે, તે જ અનંત બનતું રહે છે. શૂન્યની શક્તિ વિરાટ છે!

જ્યારે હું શૂન્ય થઈ જાઉં છું, ત્યારે જ કશું જ અદ્વિતીય પામી શકું છું. દુન્યવી માયા-જાળને ભેદી શકું છું. મોહ-માયાથી પર (above) જઈ કે થઈ શકું છું. કામ, ક્રોધ અને લોભ પછી આવતો આ મોહ પણ ભારે ખતરનાક છે. કેમકે તે મદ અને મત્સરને અનુસરતો રહે છે ત્યારે આ સૃષ્ટિ પર ષડ્રિપુઓનું સામ્રાજ્ય સ્થપાઈ જાય છે!

અંકગણિતની શોધ માનવીએ કરી, એમ માનવું ભૂલ ભર્યું છે. કુદરત (Nature) પણ ગણિત જાણે છે. અને તેનો પુરાવો આપણને તેનું નિરીક્ષણ કરવાથી મળતો રહે છે. બાળકને હાથ-પગની પાંચ-પાંચ આંગળીઓ જ મળે, અંગૂઠો પાંચે આંગળીઓમાં મોટો અને શક્તિશાળી જ ગણાય. આંગળીઓના ટેરવાનું રક્ષણ નખ (Nail) વડે જ થાય. આદિકાળમાં, આ નખની યે ઉપયોગિતા હતી, જો કે આજે તેને રંગવા સિવાય, બીજી કોઈ ઉપયોગિતા રહી નથી! વસ્તુઓને ઉપાડવા-મુકવામાં પાંચે આંગળીઓનો સહકાર-'સંપ ત્યાં જંપ' સૂચવતો રહે અને આ પંજો, સૃષ્ટિના પાંચ મહાભૂતોની યાદ પણ અપાવતો રહે. આ હાથના સાથથી અનેક કાર્યો થઈ શકે; સારા અને માઠાં પણ. હસ્ત-મેળાપ અને હસ્ત-ધૂનન (Shake Hand) આ હાથ સતત હૈયાં સાથે પણ જોડાયેલાં રહે. તે પ્રણામ કરે કે નમસ્કાર, તે દ્વારા હૃદયની ભાવના વ્યક્ત થતી રહે, જે નમે છે તે સૌને ગમે છે. જીવનમાં નમ્રતા કેળવવી રહી. ✷✷✷

સીતારામ નગર, પોરબંદર.

# મતમતાંતરનો અખાડો

☐ શાંતિલાલ સંઘવી

*એક પ્રબુદ્ધ વાચકની મૂંઝવણ અહીં પ્રસ્તુત છે. આ વાચકના પ્રશ્નોના ઉત્તર આપવા પૂ. મુનિ ભગવંતો અને બૌદ્ધિકોને હું નિમંત્રું છું....તંત્રી*

'પ્રબુદ્ધ જીવન'ના મોટા ભાગના અંકમાં જૈન-જૈનેતરોની દાર્શનિક માન્યતાઓ-દાર્શનિક તત્ત્વજ્ઞાન-વિષયના લેખો હોય છે. દાર્શનિક તત્ત્વજ્ઞાન એ એક એવો વિષય છે કે જેમાં જગતનો કોઈ ધર્મ-મત અન્ય મત સાથે સંમત નથી. ભૂતકાળમાં જે જે ધર્મ પંથના જે અનેક ભગવાનો થઈ ગયા છે તેઓ ખુદ પણ દાર્શનિક તત્ત્વજ્ઞાનના વિષયમાં એકમત નથી એટલું જ નહીં પણ અનેક બાબતોમાં એકબીજાથી વિરુદ્ધ મત પણ તેમણે પ્રદર્શિત કર્યો છે.

*દેવલોક બાર હોય કે બાવીસ, નરક સાત હોય કે સત્તર, સામાન્ય માણસને શો ફરક પડે ?*

દાર્શનિક તત્ત્વજ્ઞાન એ એવું કરોળિયાનું જાળું છે જેમાં એકવાર ફસાયેલી માખી ક્યારેય મુક્ત થઈ શકતી નથી. જે જીવે ત્યાં સુધી 'પહેલાં મરઘી કે પહેલાં ઇંડું', 'ઘીના આધારે તપેલી કે તપેલીના આધારે ઘી' એની ચર્ચામાંથી નવરા પડી શકતા નથી અને આ પ્રશ્નનો ક્યારેય જવાબ મળતો નથી.

ઈશ્વર છે કે નહીં, છે તો કેવો છે, સાકાર છે કે નિરાકાર, સગુણ છે કે નિર્ગુણ, પુરુષ દેહધારી છે કે સ્ત્રી દેહધારી છે, આત્મા જેવી કોઈ વસ્તુ છે? આત્મા કેવો છે? ભગવાને સૃષ્ટિ કેમ બનાવી, કેવી રીતે બનાવી, શા માટે બનાવી, બ્રહ્માંડ અનાદિ છે કે સ-આદિ? સ-અંત છે કે અનંત, સ્વર્ગ-નરક છે કે કેમ? છે તો ક્યાં છે-કેવાં છે?

આત્મા, પરમાત્મા, ભગવાન, ધર્મ, સંપ્રદાય, સ્વર્ગ, નરક, પરલોક, મોક્ષ, પુનર્જન્મ વિ. વિ. એકય શબ્દની નિશ્ચિત સર્વસંમત વ્યાખ્યા નથી. દ્વૈતવાદ, અદ્વૈતવાદ, શુદ્ધાદ્વૈત, કેવળાદ્વૈત, દ્વૈતાદ્વૈત, અવતારવાદ, લીલાવાદ, માયાવાદ, વિવર્તવાદ, વાદ-વાદ-વાદ એનો અંત નથી. એકેય વાદનો આખરી નિર્ણય નથી. એક એક વાદમાં પાછાં અનેક પેટાવાદો. સામાન્ય માણસ તો મુંઝાઈને અધમૂઓ થઈ જાય. સરવાળે સામાન્ય માણસને દાર્શનિક તત્ત્વજ્ઞાનમાંથી કશું જ મળે નહીં.

બધાં જ ભગવંતો, અરિહંતો, તીર્થંકરો, અવતારો સર્વજ્ઞ હતા, સર્વશક્તિમાન હતા. ભૂત-ભવિષ્યના, કરોડો વર્ષ આગળ-પાછળના જ્ઞાતા હતા તે છતાં કોઈ કહેતાં કોઈને એ ખબર ન હતી કે આપણાં દેશ આર્યાવર્તના લગભગ દસ ટૂકડા થવાના છે, દેશ ૭૫૦ વર્ષ વિદેશીઓ અને વિધર્મીઓની ગુલામીમાં રહેવાનો છે, બે વિશ્વયુદ્ધ થવાના છે. ઘી-દૂધની નદીઓની તો વાત જવા દો પણ પાણી પણ ખરીદીને પીવું પડશે. દરેક આક્રમણની સામે આપણો ધાર્મિક દેશ કાયમ પરાજીત થતો રહેશે. કોઈ ભગવાન કે કોઈ ઈન્દ્ર મહારાજ કે કોઈ અન્ય દેવી-દેવતા કશી જ મદદ કરવાના નથી. કયા સર્વજ્ઞને આ વાતની ખબર હતી?

***શ્રાવકોના તેમજ સાધુઓના મહાવ્રતમાં સત્ય, અહિંસા આદિ શબ્દો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, સંયમ, તપ. વિ. શબ્દો છે પણ અસલ મૂળ શબ્દ 'પ્રેમ' ક્યાંય નથી.***

કૉમ્પ્યુટર, ઈન્ટરનેટ, સેલફોન, સ્માર્ટફોન, સબમરીન, રોકેટ, રોબોટ વિ.ની કોને ખબર હતી?

જીવતા માણસના શરીરમાંથી એક અંગની ઑપરેશન દ્વારા અન્ય માણનસા શરીરમાં પ્રત્યારોપણ થઈ શકશે એની કોને ખબર હતી?

મોક્ષ પછી આત્માની શી ગતિ? શી સ્થિતિ? ક્યાં જાય? શું કરે? કોને ખબર છે?

બધા જ એટલે કે સો માંથી સો ભગવાનો, વિદ્વાનો, પંડિતો, આચાર્યો, બધા જ પોતાની કલ્પના અને માન્યતાના આધારે ફાવે તેવા અર્થો કાઢતા રહે છે. કોઈને કશાની ખબર નથી. કોઈ પાસે પૂરાવો નથી. બધાની પાસે વધુમાં વધુ સત્યનો એક અતિ નાનકડો અંશ હોઈ શકે છે પણ પૂર્ણ સત્ય-આખરી સત્ય, નિશ્ચિત સત્ય કોઈ પાસે નથી.

દેવલોક બાર હોય કે બાવીસ, નરક સાત હોય કે સત્તર, સામાન્ય માણસને શો ફરક પડે? દેવી-દેવતા તેત્રીસ કરોડ હોય કે તેત્રીસ અબજ હોય, તીર્થંકર ચોવીસ હોય કે ચાલીસ તેથી સામાન્ય માણસને શો ફરક પડે? શ્રાવકોના તેમજ સાધુઓના મહાવ્રતમાં સત્ય, અહિંસા આદિ શબ્દો છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, સંયમ, તપ. વિ. શબ્દો છે પણ અસલ મૂળ શબ્દ 'પ્રેમ' ક્યાંય નથી. **કરુણા અને પ્રેમના અર્થ અને વિભાવનામાં ઘણો જ તફાવત છે. ગૌતમ બુદ્ધે પણ 'પ્રેમ' શબ્દનો ઉપયોગ કર્યો નથી. પ્રેમલક્ષણા ભક્તિ બહુ પાછળથી આવી છે. મૂળમાં 'ભક્તિ'જ ઘણી પાછળથી આવી છે.**

જો કોઈ સામાન્ય માણસ સાવ સીધો, સાદો, સરળ, ભલો, નેક માણસ હોય તો એને દાર્શનિક તત્ત્વજ્ઞાનની રજમાત્ર જરૂર જ નથી. **ભલાઈ અને સદાચારમાં બધું જ તત્ત્વજ્ઞાન સમાઈ જાય છે.**

જો સામાન્ય માણસ તત્ત્વજ્ઞાને રવાડે ચડે તો એટલો ગૂંચવાઈ જાય કે એને શું કરવું અને શું ન કરવું એની કશી

સમજ જ ન પડે. શું સાચું અને શું ખોટું એ જિંદગીભર નક્કી જ ન કરી શકે.

**ભલાઈ અને સદાચારમાં બધું જ તત્ત્વજ્ઞાન સમાઈ જાય છે.**

પંડિતને, વિદ્વાનને, તત્ત્વજ્ઞાનીને જલ્દી મુક્તિ મળે એ મુશ્કેલ છે-ઘણું મુશ્કેલ છે.

'મોક્ષની ઈચ્છા' એ જ મોક્ષ મેળવવામાં સૌથી મોટી બાધા છે. મોક્ષની ઈચ્છાથી કશું પણ કર્મ કરવાવાળાને મોક્ષ મળે એ શક્ય જ નથી.

અને જે લોકો વિવિધ ક્રિયાકાંડોને જ ધર્મનો એક અગત્યનો અંશ સમજે છે-એને જ ધર્મ માની લે છે એને કેવી રીતે સમજીશું? 'ભવ્યાતિભવ્ય' એ આપણો પ્રિય શબ્દ છે. આમાં કોઈ ગરીબને સામાન્ય માણસનું સ્થાન ક્યાં? ગાંધીજીના 'છેવાડાના માણસ'ની ચિંતા ક્યાં? સોના-ચાંદી-હીરા-રત્નોથી ઢંકાયેલા અત્યંત કિંમતી વસ્ત્રાભૂષણોયુક્ત, સોનાના મુગટધારી કે સોનાના સિંહાસન પર બિરાજેલા ભગવાનોને જોઈને જ બિચારો સામાન્ય માણસ ડરી જાય છે.

જૈનો નિરીશ્વરવાદી છે. ભગવાન કે ઈશ્વર જેવું કોઈ છે જ નહીં એમ માને છે. તો પછી ઈન્દ્ર અને જાતજાતના દેવો વિ. ભગવાનનો સ્ટાફ-કર્મચારીઓ ક્યાંથી પ્રગટ્યા? ભગવાનમાં ન માનવું અને દેવી દેવતાઓમાં માનવું એ વાત ગળે ઉતરતી નથી.

'કરુણા'માં કરુણા કરનાર અને જેના પ્રત્યે કરુણા કરવામાં આવી હોય તે બે વચ્ચે દ્વૈત ભાવ છે-એકતા નથી. જ્યારે 'પ્રેમ' એ 'કરુણા' કરતાં ઊંચેરો શબ્દ છે-ઊંચેરો ભાવ છે. આપણા આગમ ગ્રંથોમાં 'પ્રેમ' શબ્દ છે?

હજુ લાખો લોકો માને છે કે આકાશમાં ક્યાંક 'દેવલોક' નામના રિસોર્ટ છે અને ત્યાં જે જે બાબતોની પૃથ્વી પર મનાઈ કરવામાંઆવી છે-ત્યાગ કરવાનો છે તેવી તમામ બાબતોની ત્યાં પૂરેપૂરી છૂટ છે! મફત!

અને તેઓ માને છે કે નીચે ક્યાંક 'નરક' નામના ટોર્ચર હાઉસ છે જ્યાં કલ્પનાનો છેડો આવી જાય એવી યાતના આપવામાં આવે છે!

સાધુ-સાધ્વીઓ પણ આવી વાતોને સાચી માને છે. અમુક સમય પછી પૃથ્વી પરથી સમગ્ર જીવસૃષ્ટિનો સદંતર લોપ થવાનો છે જ. અને ત્યારે બધા આત્માઓ ક્યાં જશે? આત્માઓની સંખ્યા મર્યાદિત છે કે અમર્યાદિત છે?

કહેવાય છે કે 'વાદે વાદે જાય તે તત્ત્વબોધ' પણ તે ઉપર ભાયાણી સાહેબે સરસ વ્યંગ કર્યો છે 'વાદે વાદે જાય તે તત્ત્વલોપ.'

ભલાઈ અને સદાચારને તથા બુરાઈ અને દુરાચારને બરાબર સમજી લીધા પછી બીજું વધારે કશું જ સમજવાની જરૂર નથી. માણસ સારું વિચારે, સારું બોલે અને સારું કરે એટલું પૂરતું છે.

**'પ્રેમ' એ 'કરુણા' કરતાં ઊંચેરો શબ્દ છે–ઊંચેરો ભાવ છે. આપણા આગમ ગ્રંથોમાં 'પ્રેમ' શબ્દ છે?**

'પ્રબુદ્ધ જીવન'માં દરેક અંકમાં 'પંથે પંથે પાથેય'ના પ્રસંગો અને ઘટનાઓ લખાય છે. આવા એકેય પ્રસંગ કે ઘટનામાં લાગે છે ક્યાંય દાર્શનિક તત્ત્વજ્ઞાનની જરૂરત?

મનુષ્યને દાર્શનિક તત્ત્વજ્ઞાનની ઈન્દ્રજાળમાંથી સંપૂર્ણ મુક્ત કરવાની જરૂર છે. જો ભલાઈ અને સદાચાર એ જ એક માત્ર આદર્શ હોય તો એક પણ સંપ્રદાય અને તેના અનેક પેટા સંપ્રદાયોની જરૂર ખરી?

પર્યુષણ શિયાળામાં હોય કે ઉનાળામાં કે ચોમાસામાં હોય, ગમે તે દિવસે ને ગમે તે તારીખે ને તિથિએ હોય એનાથી ભલા અને સદાચારી માણસને શો ફરક પડે છે? સંવત્સરી ચોથના હોય કે ચૌદશના હોય એનાથી સજ્જન માણસને શો ફરક પડે છે? અરે! સંવત્સરી બિલકુલ હોય જ નહીં તો પણ-તો પણ-ભલાઈથી ભરેલા માણસને કશો જ ફરક પડતો નથી. ભલા માણસોની સંવત્સરી જુદી જુદી કદી હોઈ શકે? જેને ભલા બનવું છે અને ભલાઈ જ કરવી છે તેને તિથિ સાથે શું લાગેવળગે?

કોઈને દુઃખ લાગે તો ક્ષમા કરે, પણ આ **બધા મતભેદો માત્ર નવરા માણસો માટે છે, ભલા માણસોને આવી વાહિયાત વાતો માટે ફુરસદ જ નથી હોતી.**

આજથી ૧૦-૧૨ વર્ષ પહેલાં અમદાવાદમાં ખ્રિસ્તી બિશપો સમક્ષ ગુણવંત શાહનું પ્રવચન ગોઠવાયું હતું. મને આ સમાચાર મળ્યા ત્યારે મેં ગુણવંત શાહને પત્ર લખ્યો કે મારે તમારું પ્રવચન સાંભળવું છે. તેમણે જવાબમાં મને લખ્યું કે 'મારા મહેમાન તરીકે તમે પ્રવચનમાં હાજરી આપી શકો છો.'

પ્રવચનને દિવસે આ પત્ર વડા બિશપને બતાવીને તેમણે મને હોલમાં પ્રવેશ આપેલો. ગુણવંત શાહે ત્યારે સુંદર પ્રવચન લગભગ ૧૦૦ જેટલા ખ્રિસ્તી બિશપો સમક્ષ આપેલું. બીન ખ્રિસ્તી-બીન બિશપમાં હું એકલો જ હતો. પ્રવચનમાં ગુણવંતભાઈએ બિશપોને કેટલીક કડવી વાતો પણ કહેલી. સૌએ શાંતિથી કશા જ વિરોધ કે અણગમા વગર સાંભળેલું.

એક સ્વપ્ન આવે છે. અમદાવાદમાં ચાતુર્માસમાં બધા જ ફિરકાના તમામ, એટલે કે તમામ, સાધુ-સાધ્વીજીઓ સમક્ષ નારાયણ દેસાઈનું પ્રવચન ગોઠવાય અને તેમાં મોટાથી મોટા અને નાનાથી નાના સાધુ મહારાજશ્રીઓ અને સાધ્વીજીઓ વિદ્યાર્થી બનીને, શ્રોતાઓ બનીને હાજરી આપે અને વિનમ્ર ભાવે નારાયણભાઈનું પ્રવચન સાંભળે એવું બની શકે?

બની તો શકે પણ એ માટે મહારાજશ્રીઓએ વિદ્યાર્થીભાવ ધારણ કરવો પડે અને અહમ્‌નો ત્યાગ કરવો

પડે.

ખ્રિસ્તી બિશપો કરી શક્યા એવું જૈન સાધુ સમાજ પણ કરી બતાવે તો કેવું સારું ?

**ત્યારે બધા આત્માઓ ક્યાં જશે ? આત્માઓની સંખ્યા મર્યાદિત છે કે અમર્યાદિત છે ?**

ગુણવંત શાહના પ્રવચન વખતે વડા બિશપની ખુરશી ગુણવંત શાહની બાજુમાં ન હતી પણ સામે શ્રોતાઓની વચ્ચે હતી.

સેંકડો વર્ષથી જૈન સાધુ-સાધ્વીઓ એકના એક વિષયો પર પ્રવચનો આપતા રહ્યા છે અને શ્રાવક-શ્રાવિકાઓ વર્ષોથી એક જ પ્રકારના પ્રવચનો સાંભળતા રહ્યા છે. મોટા ભાગના સાધુ-સાધ્વીઓ પ્રાકૃત-સંસ્કૃત અને પોતાની ગુજરાતી-રાજસ્થાની ભાષા જાણતા હોય છે પણ દેશની અન્ય ભાષાઓ જેવી કે મરાઠી, બંગાળી, તામિલ, ઉર્દૂ વિ. જેવી ભાષાઓનો તેઓ અભ્યાસ કરતા નથી. આટલું જ બસ નથી. પરંતુ વિદેશની ભાષાઓ અંગ્રેજી, સ્પેનિશ, ચાઈનીઝ અને અન્ય ભાષાઓનો પણ અભ્યાસ કરતા નથી. ભાષાઓ શીખવામાં તો જરાય પાપ નથી.

**વર્ષો સુધી એક જ પ્રકારના પ્રવચનો આપવા અને સાંભળવા એ ખરેખર કંટાળાજનક કામ છે.**

જો તેઓ વિવિધ ભાષાઓ શીખે તો ત્યાંના જીજ્ઞાસુ લોકો સાથે તેમની ભાષામાં વાત કરી શકે અને તેમને જૈનમત બાબતે સુંદર સમજણ આપી શકે. વર્તમાનમાં આ બહુ જરૂરી છે.

જૈન આચાર્યો પાસે ઘણા શિષ્યો હોય છે. તેઓ પોતાના અલગ અલગ શિષ્યોને અલગ અલગ ભાષાઓ શીખવાની આજ્ઞા કરી શકે જેથી કોઈપણ અન્ય ભાષી વ્યક્તિ નિરાશ થઈને ન જાય. મહારાજશ્રીઓ પાસે પુષ્કળ સમય હોય જ છે. અમુક નિશ્ચિત સમય ભાષાઓ શીખવા માટે નક્કી કરી શકે. સાધુઓ દ્વારા રોજે રોજ કરવામાં આવતી ક્રિયાઓ હવેના સમયમાં અનિવાર્ય નથી.

તેઓ પોતે વિદેશ પ્રવાસ ન કરી શકે તે સમજાય એવું છે પણ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેઓ વિશ્વના વિદ્વાનો અને સ્કોલરોના સંપર્કમાં રહી શકે. તેમની સાથે સતત ચર્ચા વિચારણા કરી શકે. પોતે ઘણું જાણી શકે અને ઘણું જણાવી શકે. વર્ષો સુધી એક જ પ્રકારના પ્રવચનો આપવા અને સાંભળવા એ ખરેખર કંટાળાજનક કામ છે. મહારાજશ્રીઓ જો ગંભીરતાપૂર્વક વિવિધ ભાષાઓ શીખવા ઈચ્છે તો સંઘ તેમને તમામ પ્રકારની મદદ અવશ્ય કરે જ એની મને ખાત્રી છે.

**આપણી પાસે એવા આચાર્યશ્રીઓ છે જે કોઈ જીજ્ઞાસુ મુસલમાન સાથે કુરાન વિશે ચર્ચા કરી શકે ? કોઈ જીજ્ઞાસુ ખ્રિસ્તી સાથે બાઈબલ વિશે વાત કરી શકે ? કેમ ન કરી શકે ?**

આપણું જ્ઞાનનું ક્ષેત્ર આટલું સીમિત કેમ ? જગતમાં જે કંઈ જ્ઞાન છે તે બધું આપણું જ છે અને આપણા માટે જ છે એમ કેમ નહિ ? જ્ઞાનમાં વળી આ અમારું અને આ બીજાનું એમ કેમ ? વિશ્વમાં એક એકથી ચડે એવા ખાંટુ વિદ્વાનો અનેક છે એમના જ્ઞાનનો લાભ પણ આપણે કેમ ન લઈ શકીએ ?

એ બધા પ્રથમ આપણી પાસે આવે અને જ્ઞાનપ્રાપ્તિ કરે એવી અપેક્ષા રાખવી એ તો ભારે અહંકાર ગણાય. આપણે પણ જ્ઞાનવૃદ્ધો પાસે નમ્રપણે જવું જોઈએ. બધું જ્ઞાન ભગવાને આપણને જ આપી દીધું છે અને જગતમાં બીજા તો જ્ઞાનવિહીન છે એમ માનવું પણ ઘોર અહંકાર ગણાય.

દાર્શનિક તત્ત્વજ્ઞાન સિવાય પણ તત્ત્વજ્ઞાનની અગણિત શાખાઓ છે. આપણા આચાર્યશ્રીઓ વિશ્વ સાહિત્યના અભ્યાસી હોવા જોઈએ. ટોલ્સટોય હોય કે રવીન્દ્રનાથ હોય તેમના વિશે પ્રમાણભૂત વાત કરવા જેટલી સજ્જતા તેમનામાં હોવી જોઈએ.

જૂનાને અને માત્ર જૂનાને જ વળગી રહેવું એ પ્રગતિની નિશાની નથી. તેઓ રોજે રોજ નવું નવું જ્ઞાન મેળવતા રહે અને તે નવું નવું જ્ઞાન શ્રાવક-શ્રાવિકાઓને પીરસતા રહે તો કેવું સારું ?

ભણાવવા કરતાં પણ ભણવું વધુ મહત્ત્વનું છે.

✶ ✶ ✶

આરએચ-૨,
પુન્યશ્રી ઍપાર્ટમેન્ટ,
કાશીરામ અગ્રવાલ હૉલની પાસે,
અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (૦૭૯) ૨૬૩૦૧૭૨૯.

## શ્રીમદ્ રાજચંદ્ર પ્રસાદ

### વચનામૃત

**(ફેબ્રુઆરી અંકથી આગળ)**

*૯૧ અભિનિવેશના ઉદયમાં ઉત્સૂત્રપ્રરૂપણા ન થાય તેને હું મહાભાગ્ય, જ્ઞાનીઓના કહેવાથી કહું છું.*

*૯૨ સ્યાદ્વાદ શૈલીએ જોતાં કોઈ મત અસત્ય નથી.*

*૯૩ સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.*

*૯૪ અભિનિવેશ જેવું એક્કે પાખંડ નથી.*

*૯૫ આ કાળમાં આટલું વધ્યું : ઝાઝા મત, ઝાઝા તત્ત્વજ્ઞાનીઓ, ઝાઝી માયા અને ઝાઝો પરિગ્રહવિશેષ.*

*૯૬ તત્ત્વાભિલાષાથી મને પૂછો તો હું તમને નિરાગીધર્મ બોધી શકું ખરો.*

*૯૭ આખા જગતના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે સદ્ગુરુ થવાને યોગ્ય નથી.*

*૯૮ કોઈ પણ શુદ્ધાશુદ્ધ ધર્મકરણી કરતો હોય તો તેને કરવા દો.*

*૯૯ આત્માનો ધર્મ આત્મામાં જ છે.*

*૧૦૦ મારા પર સઘળા સરળ ભાવથી હુકમ ચલાવો તો હું રાજી છું.*

**(ક્રમશઃ આગળ આવતા અંકે)**

## ભજન-ધન : ૬

# વિસરાતી વાણી – અનહદની ઓળખાણી

□ ડૉ. નિરંજન રાજ્યગુરુ

### પ્રેમ ચંદણનાં ઝાડવાં...

*પ્રેમ ચંદણનાં ઝાડવાં,*
*બાયું ! અગર ચંદણનાં ઝાડવાં;*
*મારી દેઈમાં રોપ્યાં રે... માવાની મોરલીયે.*
*મારા મનડાં હેર્યા રે... માવાની મોરલીયે...*
*દલડાં હેર્યા, ચિતડાં ચોર્યા મનડાં હેર્યા રે... રે...*
*વાલમની વાંસળિયે મારાં મનડાં હેર્યા રે... માવાની...*
*આંસુડે ભીંજાય કંચવો બાયું ! આંસુડે ભીંજાય કંચવો,*
*ભીંજાય આછાં ચીર રે... માવાની મોરલીયે...*
*દલડું મારું તલખે બાયું ! જીવડો મારો તલખે,*
*ઘરબાર ઘોળ્યાં જાય રે... માવાની મોરલીયે...*
*માવો માવો શું કરો બાયું ? માવો માવો શું કરો ?*
*માવો મોરી માંય રે... માવાની મોરલીયે...*
*દાસી જીવણ ભીમ પ્રતાપે, પૂરણ પાયો પ્રીતની પાંખે,*
*આજ લ્હેરમલ્હેરાં રે... માવાની મોરલીયે... .*

**□ દાસી જીવણ**

પ્રભુ પ્રેમમાં મસ્ત એવી અદ્વૈત ભાવસ્થિતિ પ્રાપ્ત કરનારી ગોપીની દીવાનગી અને ધન્યતાને વાચા આપતું આ ભજન મીરાંના પદોની હરોળમાં મૂકી શકાય એવું નથી લાગતું ? ભજનની પ્રથમ કડીમાં જ પરમ પ્રિયતમ પરમાત્માના દિવ્યસ્નેહનું ભાજન પોતે બની શકી છે એની પ્રતીતિ કરાવતાં હરિની આ લાડલી દાસી કહે છે : 'મારા શરીરના રોમે રોમ એ તો અગર ચંદન રૂપી પ્રેમનાં વૃક્ષો છે. જેણે મારા દેહમાં આ વૃક્ષોનું વાવેતર કર્યું છે એ જ પ્રિયતમે વાંસળીના મોહક સૂરથી મારા ચિત્તને હરી લીધું છે.'

પોતે પુરુષ હોવા છતાં દાસીભાવે ઈશ્વર આરાધના કરનારા દાસી જીવણે જે આધ્યાત્મિક અનુભૂતિ મેળવી છે તેનું બયાન પ્રેમલક્ષણા ભક્તિનાં આવા અનેક પદોમાં પોતે કર્યું છે. એક વાર શ્રીહરિનો સાક્ષાત્કાર થઈ ગયા પછી, એની સાથે રંગે રમ્યા પછી જે તીવ્ર છતાં અત્યંત મધુર વિરહાવસ્થાનો અનુભવ થાય છે એને વાચા આપતાં કવિ પોતાની વિહ્વળતા અને મસ્તીભરી ભાવદશાનો પરિચય કરાવે છે.

અહીં સંબોધન છે 'બાયું !' કોઈ પણ યુવતી પોતાના પ્રણયવિષયક અનુભવને-ગુપ્ત રસિક રહસ્યને પોતાની સૈયર, સખી, બહેન કે માતાને-એમ ફક્ત સ્ત્રીને જ ખુલ્લા ખુલ્લા કહી શકે. કોઈ પણ ગોપિત વાત; કુટુંબની; વ્યવહારની; પોતાની કે કોઈ બીજાની હોય એ વાત-પોતાની સૈયરું સામે કહેતાં કોઈ નારી અચકાય નહીં. બૈરક બોલીનાં અમુક લક્ષણો-શબ્દો-સંબોધનો આપણને દાસી જીવણના ભજનોમાં દેખાય છે ત્યારે પ્રતીતિ થાય છે કે પોતે સંપૂર્ણ પુરુષ હોવા છતાં ઘરબારી ગૃહસ્થ હોવા છતાં એ ભાવ સ્થિતિ સુધી પહોંચી શક્યા હશે.

એકના એક સંવેદનને વારંવાર ઘૂંટ્યા કરવાનું કવિને ગમે છે, અને એમાંથી જ એક વિશિષ્ટ ભાવ ઊભો થાય છે. આ ભજન ગવાતું હોય અને સાથે રામસગરનો રણકાર ને મંજીરાંનો ઝણકાર તાલ પુરાવતા હોય ત્યારે સાંભળીએ તો જ એનું કારુણ્ય અને એની મસ્તી એ બંને તત્ત્વો ઉપસી આવે.

જેની આંખોમાંથી ચોધાર આંસુ વહે છે અને એ આંસુથી કંચૂકી સમેત સઘળાં ચીર ભીંજાઈ રહ્યાં છે. એનો જીવ હવે બસ વાલમની વાંસળીને જ તલખે છે. એ વાંસળી વગાડનારાને શોધવાનો તલસાટ છે એટલે સંસાર વ્યવહારના બધાં વળગણો ફેંકી દીધાં છે. 'ઘરબાર ઘોળ્યાં જાય રે...' પંક્તિમાંના 'ઘોળ્યાં' શબ્દે કાવ્યનાયિકાની અલ્લડતા પર ઓળઘોળ થઈ જવાય. સૌથી અગત્યની કડી છે 'માવો માવો શું કરો બાયું ! માવો મોરી માંય રે...' ક્યાંક ક્યાંક 'માવો મોરી પાસ રે...' એક પાઠાંતર પણ ગવાય છે. એ પંક્તિમાં પૂર્ણ મિલનની પરિતૃપ્તિ અનુભવાય છે અને એટલે જ છેલ્લી પંક્તિમાં 'મારે લ્હેરમલ્હેરાં રે...' એમ પૂર્ણ સંતોષનો ઓડકાર ખાતી હરિની પ્રિયા અદ્વૈત ભાવમાં લિન થઈ જાય છે.

અહીં તો મેળો છે ભાવનો... શબ્દને ચૂંથતાં ઘણું ઉમેરી શકાય, પણ એનાથી કંઈ પંડમાં પ્રેમના ઝાડ ન ઊગે.

✱ ✱ ✱

આનંદ આશ્રમ, ઘોઘાવદર,
તા. ગોંડલ, જિલ્લો રાજકોટ. પીન ૩૬૦૩૧૧.
ફોન : ૦૨૮૨૫-૨૭૧૫૮૨. મોબાઈલ : ૦૯૮૨૪૩ ૭૧૯૦૪

# અંચલગચ્છપ્રવર્તક આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિ

❑ ડૉ. રશ્મિ ભેદા

આર્યરક્ષિતસૂરિ આ નામના બે યુગપ્રવર્તક થઈ ગયા છે. પહેલા આર્યરક્ષિતસૂરિ તે વજ્રસ્વામીના શિષ્ય અને ૧૯મા યુગપ્રધાન હતા. બીજા આર્યરક્ષિતસૂરિ એ અંચલગચ્છના પ્રવર્તક હતા. આ બંને આચાર્યો ઇતિહાસ સર્જી ગયા છે. બંનેએ જૈનશાસનમાં પ્રવેશેલા શિથિલાચારને દૂર કરવા કાર્ય કર્યું હતું.

અંચલગચ્છપ્રવર્તક આર્યરક્ષિતસૂરિના સમયમાં ચૈત્યવાસીઓનો પ્રભાવ અનન્ય હતો. એ સમયે શિથિલાચારી ચૈત્યવાસી સાધુઓના હાથમાં જ શાસનનો દોર હતો. અલબત્ત સુવિહિત સાધુઓ પણ હતા, પરંતુ એમનું વર્ચસ્વ નામશેષ જેવું રહ્યું હતું. એ જ વખતે શ્રી આર્યરક્ષિતસૂરિએ કોઈ પણ જાતની બાંધછોડ કર્યા વિના, વિલાસાભિમુખ થતા જતા શ્રમણ સમુદાયને મૂળ માર્ગે ચાલવા માટે આગમોક્ત સામાચારીની, વિધિમાર્ગ અનુસરવાની ઉદ્‌ઘોષણા કરી. પોતાના ઉદાત્ત ચારિત્રના પ્રભાવે ચૈત્યવાસના અંધારા ઉલેચ્યા અને સુવિહિત વિધિમાર્ગની પુનઃ પ્રતિષ્ઠા કરી જેની પરંપરા આજ દિવસ સુધી અવિચ્છિન્ન ચાલુ છે. એમણે જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાંતોની જાળવણીમાં ભગીરથ પુરુષાર્થ કર્યો. આગમોની પ્રધાનતા સ્વીકારીને ૭૦ બોલની પ્રરૂપણા કરી વિધિપક્ષગચ્છ પ્રકાશ્યો જે આજે અંચલગચ્છ તરીકે ઓળખાય છે. વિધિપક્ષગચ્છ નામ એટલે પડ્યું કે ચૈત્યવાસીઓએ જૈન શાસનમાં જે અવિધિ કરી નાખેલો તેનો પુનઃ વિધિ કરનાર ગચ્છ એ વિધિપક્ષગચ્છ.

જૈન શ્વેતામ્બર સંઘમાં અનેક ગચ્છોનું અને સંપ્રદાયોનું અસ્તિત્વ રહ્યું છે. શ્વેતામ્બર સંઘ જે સ્વરૂપમાં આજે વિદ્યમાન છે તે સ્વરૂપના નિર્માણમાં અંચલગચ્છના શ્રમણો અને શ્રાવકોનો ઉલ્લેખનીય હિસ્સો છે. વિદ્યમાન મુખ્ય ગચ્છોમાં પ્રાચીનતાની દૃષ્ટિએ ખતરગચ્છ પછી આ ગચ્છનું સ્થાન હોઈ શકે છે.

'ગચ્છ' શબ્દ ભગવાન મહાવીર સ્વામીના સમયમાં યોજાતા 'ગણ' શબ્દનો પર્યાયિક શબ્દ છે. ગણ એટલે વાચના લેનાર મુનિસમુદાય. કલ્પસૂત્રની સ્થવિરાવલીમાંથી આપણે જાણી શકીએ છીએ કે મહાવીર સ્વામીના નવ ગણો અને અગિયાર ગણધરો હતા. એક વાચનાવાળા યતિ સમુદાયને પહેલાં ગણરૂપે ઓળખવામાં આવતો. કાલાન્તરે ગચ્છ શબ્દ પણ એક જ સમાચારી પાળતા યતિ સમુદાયને ઓળખાવવા માટે રૂઢ થયો. ગચ્છોમાં આચારોની માન્યતાઓમાં તથા કેટલીક શ્રુતજ્ઞાનની માન્યતાઓમાં પરસ્પર ભેદ દેખાય છે. પરંતુ તીર્થંકરોએ પ્રરૂપેલા મૂળ સિદ્ધાંતો કે નવ તત્ત્વ, પંચાસ્તિકાય ઇત્યાદિ તત્ત્વ અંગેની માન્યતા એક સરખી જ રહી છે. જૈન શાસનમાં આ જે અલગ અલગ સંપ્રદાય રહેલા છે એને આપણે આવી રીતે કલ્પના કરી શકીએ કે જૈન સંઘ એક વિરાટ વટવૃક્ષ છે. તેના તોતિંગ થડમાંથી શ્વેતામ્બર અને દિગંબર એમ બે મુખ્ય શાખાઓ ઉદ્‌ભવી છે. એ શાખાઓમાંથી પણ ગચ્છો અને પેટાગચ્છોની પ્રશાખાઓ ફૂટેલી છે. જૈન સંઘ આ રીતે જુદા જુદા ગચ્છો-સંપ્રદાયોમાં વિસ્તાર પામેલો હોઈ એ બધામાં એક જ પ્રકારનો રસ વહી રહ્યો છે. આ શાસનના વૃક્ષની શાખાએ શાખાએ, ડાળીએ, ડાળીએ મહાપ્રભાવશાળી સત્પુરુષોના કાર્યની સુવાસ ફેલાઈ રહી છે. એમાંથી જ એક મહાપુરુષ છે–અંચલગચ્છના પ્રવર્તક આચાર્ય આર્યરક્ષિતસૂરિ.

અંચલગચ્છ અને તપાગચ્છ મહાવીર ભગવાનના પંચમ ગણધર આર્ય સુધર્માસ્વામીને આદ્યપટ્ટધર ગણાવે છે. એ પ્રમાણે આર્યરક્ષિતસૂરિ અંચલગચ્છના ૫૭મા પટ્ટધર હતા અને એમના ગુરુનું નામ જયસિંહસૂરિ હતું.

આર્યરક્ષિતસૂરિનો જન્મ આબુતીર્થની નજીક દંતાણી નગરમાં વસતા દ્રોણ શ્રેષ્ઠિના પત્ની દેદીની કૂખે થયો. એમનું નામ વયજા– વિજયકુમાર હતું. વયજાકુમારના જન્મ પૂર્વે ગર્ભાધાનની રાત્રિએ માતા દેદીએ ઉગતા સૂર્યના તેજસ્વી કિરણોનું સ્વપ્નું જોયું. દ્રોણ શ્રેષ્ઠી અને શ્રાવિકા દેદી શ્રાવકધર્મના આચારો સારી રીતે પાળતા હતા ત્યારે જૈનાચાર્યોમાં પ્રસરેલી શિથિલતાથી તેમને ઘણું દુઃખ થતું. એકદા આચાર્ય જયસિંહસૂરિ પાલખીમાં બેસીને દંતાણી પધાર્યા. ત્યારે આ દંપતી તેમના સામૈયામાં ન ગયા. એ રાતે આચાર્યને શાસનદેવીએ સ્વપ્નમાં જણાવ્યું કે દેદીના ઉદરમાં ગર્ભરૂપે જે જીવ ઉત્પન્ન થશે તે શાસનનો પ્રભાવ કરનારો અને શુદ્ધ વિધિમાર્ગનું પ્રવર્તન કરનારો થશે. બીજે દિવસે આચાર્યએ દ્રોણ શ્રેષ્ઠીને બોલાવી સામૈયામાં ન આવવાનું કારણ પૂછ્યું ત્યારે દેદીએ તરત તેજસ્વી વાણીમાં સ્પષ્ટતા કરી કે 'આપ શાસનના નાયક અને શાસ્ત્રોના જાણકાર હોવા છતાં પાલખી આદિ પરિગ્રહને શા માટે ધારણ કરો છો?' ત્યારે ગુરુ મહારાજે સ્વપ્નની વાત કરી બાળકને શાસનને સમર્પિત કરવાની માગણી કરી. શ્રેષ્ઠી દ્રોણ અને એની પત્નીએ જિનશાસનની પ્રભાવના માટે આ માગણી સહર્ષ સ્વીકારી.

વયજાકુમારનો જન્મ વિ. સં. ૧૧૩૬. શ્રાવણ સુદ નવમના દિવસે થયો. સં. ૧૧૪૨માં જયસિંહસૂરિ ફરીને દંતાણી નગરે પધાર્યા ત્યારે શ્રેષ્ઠી દંપતિએ પોતાના વચન પ્રમાણે વયજાકુમારને આચાર્યશ્રીને સોંપ્યો. સં. ૧૧૪૨માં વૈશાખમાં એમને દીક્ષા આપી. હવે એ સંસારી મટી મુનિ વિજયચંદ્ર બન્યા.

દીક્ષા સ્વીકાર્યા બાદ ગુરુની નિશ્રામાં તેઓએ વ્યાકરણ, કાવ્ય, છંદ, અલંકાર, ન્યાયનો અભ્યાસ કર્યો. જિનાગમોના વાચનનો પ્રારંભ કર્યો. વિ. સં. ૧૧૫૯માં ત્રેવીસ વરસની વયે તેમને આચાર્ય પદથી અલંકૃત કર્યા. ત્યાર બાદ અલ્પ સમયમાં જ તેઓના જીવનમાં પરિવર્તન

આણનાર એક ઘટના બની. એક વખત દસવૈકાલિક સૂત્રનો અભ્યાસ કરતા એમનું ધ્યાન એક ગાથાના અર્થમાં સ્થિર થયું.

सीओदगं न सेविज्जा, सिलावुट्ठं हिमाणी अ।
उसिणोदगं तत्त फासुअं, पडिगाहिज्ज संजअे।।

જેનો સાર એવો છે કે,

'ચારિત્રવાન સાધુએ ઉકાળ્યા વિનાનું ઠંડું પાણી, કરા વરસેલું પાણી, તથા બરફ ગ્રહણ કરવા નહીં, પરંતુ ઉકાળેલું પ્રાસુક જલ ગ્રહણ કરવું.'

આ ગાથા વાંચી એમને થયું કે આપણે ચારિત્રવાન સાધુ હોવા છતાં શાસ્ત્રોમાં નિષેધ કરેલા કાચા ઠંડા પાણી તથા અધાર્મિક આહાર કેમ સેવીએ છીએ? પોતાના મનની શંકા તેમણે વિયનપૂર્વક ગુરુ આગળ વ્યકત કરી, જેના જવાબમાં ગુરુએ જણાવ્યું કે-'આજકાલ પંચમ આરાના પ્રભાવથી આપણે શાસ્ત્ર પ્રણીત શુદ્ધ ચારિત્ર પાળવાને અસમર્થ છીએ, તેથી જ આપણે કાચા પાણી આદિને વાપરીએ છીએ. આ સાંભળીને વૈરાગ્યયુક્ત વાણીમાં આર્યરક્ષિતસૂરિએ કહ્યું કે, 'જો આપની આજ્ઞા હોય તો હું ચારિત્રમાર્ગનો સ્વીકાર કરીને શુદ્ધ ધર્મની પ્રરૂપણા કરું.' આ સાંભળી ગુરુને થયું કે શાસનદેવીએ કહેલું વચન સત્ય થશે કેમ કે આર્યરક્ષિતસૂરિ ક્રિયોદ્ધાર કરીને શુદ્ધ વિધિમાર્ગની પ્રરૂપણા કરશે. યોગ્ય જાણીને ગુરુએ આજ્ઞા આપી. ગુરુની અનુજ્ઞા મેળવી આર્યરક્ષિતસૂરિએ આચાર્ય પદનો ત્યાગ કર્યો. ગુરુએ અત્યંત આગ્રહથી આપેલા ઉપાધ્યાય પદને સ્વીકાર્યું અને ક્રિયોદ્ધારપૂર્વક શુદ્ધ આચારવાળી પુનઃ દીક્ષા લઈને કેટલાક સંવેગી મુનિઓ સાથે સં. ૧૧૫૯ના મહાસુદી પાંચમના દિવસે તેઓ જુદો વિહાર કરવા લાગ્યા.

આવી રીતે દસવૈકાલિક સૂત્રની એક જ ગાથાએ વિજયચંદ્રમુનિના જીવનમાં મહાન પરિવર્તન આણ્યું. આના પછી વિજયચંદ્ર ઉપાધ્યાય સાધુનો શુદ્ધ આચાર પાળવા લાગ્યા. તેઓ લાટ આદિ દૂરના પ્રદેશોમાં વિચરવા લાગ્યા. લાટ વગેરેના ઉગ્ર વિહારો દરમ્યાન તેમણે અનેક પ્રતિકૂળતાઓ સહન કરી. આ વિહાર દરમ્યાન તેમને શુદ્ધ આહારપાણી પ્રાપ્ત થતા ન હતા. તેઓ અસુઝતા આહારપાણી વહોરતા નહીં અને સમતાપૂર્વક તપોવૃદ્ધિ કરતા. તેમને લાગ્યું કે આચારશિથિલતા અને અજ્ઞાનતાના મૂળ ખૂબ ઊંડા છે. તેને દૂર કરવા પુરુષાર્થ કરવો પડશે, એટલે તેમણે ઉગ્ર તપ અને સાધનાનો માર્ગ પસંદ કર્યો. વિહાર કરતા તેઓ પાવાગઢ પર્વત પર પહોંચ્યા. ભગવાન મહાવીરના જિનપ્રાસાદમાં દર્શન કરી સંલેખનાને ઈચ્છી ઉગ્ર તપનો પ્રારંભ કર્યો. એક માસ સુધી તપ ચાલ્યું. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામીએ એમની પ્રશંસા કરી. એ સાંભળી ચક્રેશ્વરી દેવીએ વિજયચંદ્ર ઉપાધ્યાય પાસે આવી વંદન કરી વિનંતી કરી કે, 'ભાલેજ નગરથી યશોધન શ્રેષ્ઠી સંઘ સાથે આવે છે. એ તમારા શુદ્ધ ધર્મના ઉપદેશથી બોધ પામશે અને આપને કલ્પે એવું શુદ્ધ અન્નજળ વહોરાવશે.' બીજે દિવસે સંઘ સહિત યશોધન ભણશાળી આવ્યા, એણે ગુરુને પારણું કરાવ્યું અને સંઘ સાથે ગુરુ ભાલેજ પધાર્યા.

આવી રીતે ચૈત્યવાસની ગર્તામાં ડૂબેલા સમાજને આર્યરક્ષિતસૂરિએ કઠોર તપ તપીને, આગમોક્ત શ્રમણ આચાર પાળીને માર્ગ બતાવ્યો. આગમપ્રણીત એ માર્ગ આચારવામાં એમને સતત એક મહિના સુધી શુદ્ધાહાર પ્રાપ્ત ન થયો, છતાં તેઓ પોતાના માર્ગમાં મક્કમ રહ્યા અને સાબિત કરી બતાવ્યું કે દુઃસ્સમ કાળમાં પણ શુદ્ધ શ્રમણાચાર આચરી શકાય છે. એ વખતે એવી માન્યતા રૂઢ થઈ હતી કે આગમપ્રણીત સામાચારી તો ચોથા આરા માટે જ છે. પાંચમા આરામાં તે આચરવી દુષ્કર છે. પરંતુ આર્યરક્ષિતસૂરિએ આ માન્યતાનું ખંડન માત્ર શાસ્ત્રોના પ્રમાણ ટાંકીને નહીં પણ પોતે શુદ્ધાચાર પાળીને કર્યું. સં. ૧૧૬૯માં જયસિંહસૂરિએ વિજયચંદ્ર ઉપાધ્યાયને આચાર્ય પદ આપ્યું અને એમનું નામ આર્યરક્ષિતસૂરિ રાખ્યું. એમણે **આગમમાન્ય ૭૦ બોલની પ્રરૂપણા કરી અને વિધિપક્ષગચ્છનું પ્રવર્તન કર્યું.** શ્રી આર્યરક્ષિતસૂરિએ પ્રરૂપેલ સામાચારી આગમમાન્ય હોવાથી અનેક ગચ્છોએ એ સામાચારીનો આદરપૂર્વક સ્વીકાર કર્યો. અંચલગચ્છની સામાચારી અંગેનું મંતવ્ય મહેન્દ્રસૂરિકૃત સંસ્કૃત શતપદીમાંથી મળે છે. એમાં બધા મળીને ૧૧૭ વિચારો છે, તેમાંથી મુખ્ય વિચારો નીચે મુજબ છે-'સાધુ જિનબિંબની પ્રતિષ્ઠા ન કરાવે, દીપપૂજા, ફળપૂજા, બીજપૂજા કે બલિપૂજા ન કરવી. અક્ષતપૂજા કે પગપૂજા કરી શકાય. શ્રાવક સવારે-સાંજે એમ બે સમય બે ઘડીનું સામાયિક કરે. શ્રાવક વસ્ત્રાંચલથી ક્રિયા કરે. ઉપધાન, માલારોપણ કરવા નહીં, નવકારમાં 'હોઈ મંગલં' કહેવું. ચોમાસી પાંખી પૂનમે કરવી. સંવત્સરી અષાઢી પૂનમથી પચાસમે દિવસે કરવી અને અભિવર્ધિત વરસમાં વીસમે દિવસે કરવી. પાખી પૂનમ-અમાસે કરવી, અધિકમાસ પૂનમ કે અષાઢમાં જ થાય. સ્ત્રીઓએ મુનિને ઊભે ઊભે જ વંદવું ઇત્યાદિ.

આ સામાચારી પાછળ ઐતિહાસિક ભૂમિકા એટલી જ છે કે તે કાળે ચારિત્રનો અભાવ હતો. લોકોને વ્રત નિયમો-વિધિવિધાનો નિરસ લાગતા હતા. સમાજમાં શિથિલાચાર પ્રવર્તતો હતો. એ વખતે સુવિહિત માર્ગની પ્રતિષ્ઠા કરવાની આવશ્યકતા હતી. ત્યારે શ્રી આર્યરક્ષિતસૂરિએ આગમપ્રણીત શુદ્ધ શ્રમણાચારને પુનઃપ્રતિષ્ઠા આપવા સૂચક કદમ ઉઠાવ્યું. એમણે જે બોલ ઉચ્ચાર્યા તે આગમપ્રણીત સિદ્ધાંતોના નિચોડરૂપ જ હતા.

આચાર્ય આર્યરક્ષિતસૂરિના ઉપદેશથી તેઓની નિશ્રામાં યશોધન શ્રાવકે શ્રી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢ્યો. આ સંઘમાં શ્રી મહાકાલી દેવીએ આર્યરક્ષિતસૂરિની સંયમનિષ્ઠાની બે વાર પરીક્ષા કરી. આચાર્ય એમના સંયમમાં અચલ રહ્યા. મહાકાલી દેવીએ પ્રસન્ન થઈ સંઘના અભ્યુદયનું વરદાન આપ્યું. શ્રી મહાકાલી અંચલગચ્છના અધિષ્ઠાયિકા દેવી તરીકે મનાય છે.

ત્યાર બાદ શ્રી આર્યરક્ષિતસૂરિ વિહાર કરતા બેણપ નગરમાં પધાર્યા. ત્યાંનો કર્પદી નામનો કોટ્યાધિપતિ વ્યવહારી આચાર્યના ઉપદેશથી

પ્રતિબોધ પામ્યો અને શુદ્ધ શ્રાવક બન્યો. તેની સોમાઈ નામે પુત્રી જે એક કરોડ મૂલ્યના સોનાના ઘરેણાં પહેરતી હતી, તેણે આચાર્યનો ધર્મોપદેશ સાંભળી એ બધાનો ત્યાગ કરી પોતાની પચ્ચીસ સખીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી અને સમયશ્રી નામે વિધિપક્ષગચ્છના સર્વ પ્રથમ મહત્તરા સાધ્વી થયા. આચાર્ય આર્યરક્ષિતસૂરિનો સમગ્ર પરિવાર આ પ્રમાણે મનાય છે:૧૨ આચાર્ય, ૨૦ ઉપાધ્યાય, ૭૦ પંડિત, ૨૧૦૦ સાધુઓ હતા. ૧૦૩ સાધ્વીઓને મહત્તરા પદ અને ૮૨ સાધ્વીજીને પ્રવર્તિની પદ અપાયેલું હતું. સમગ્ર સાધુ-સાધ્વીઓનો પરિવાર ૩૫૧૭ જેટલો હતો જેમાં ૨૨૦૨ સાધુઓ અને ૧૩૧૫ સાધ્વીજીઓ હતા.

**વિધિપક્ષગચ્છનું નામ અંચલગચ્છ કેવી રીતે પડ્યું ?**

આચાર્ય આર્યરક્ષિતસૂરિ સુપ્રસિદ્ધ આચાર્ય કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રના સમકાલીન હતા. એક વખત કુમારપાળ મહારાજાની સભામાં શ્રી હેમચંદ્રાચાર્ય આદિ ધર્મચર્ચા કરી રહ્યા હતા તે વખતે કર્પદી શ્રાવકે ઉત્તરાસંગના વસ્ત્રાંચલથી અર્થાત્ છેડાથી ભૂમિનું પ્રમાર્જન કરીને વંદના કરી. વંદનાની આ રીતે જોઈ રાજાએ આચાર્યને પૂછ્યું કે વંદનાની આ વિધિ શાસ્ત્રોક્ત છે? હેમચંદ્રાચાર્યે વંદનાની વિધિને શાસ્ત્રોક્ત કહી આર્યરક્ષિતસૂરિનો મહિમા કહ્યો કે શ્રી સીમંધરસ્વામીના વચનથી, શ્રી ચક્રેશ્વરી દેવીના કથન મુજબ શુદ્ધ ક્રિયાવાળા શ્રી આર્યરક્ષિતસૂરિ જિનાગમોના સિદ્ધાંતો પ્રમાણે વિધિમાર્ગને પ્રવર્તાવે છે. આ સાંભળી કુમારપાળ રાજાએ વિધિપક્ષગચ્છને વસ્ત્રાંચલથી વંદન વિધિ કરવાથી અંચલગચ્છ તરીકે ઓળખાવ્યો. ત્યારથી આજ સુધી આ ગચ્છ અંચલગચ્છ તરીકે ઓળખાતો રહ્યો છે.

શ્રી આર્યરક્ષિતસૂરિએ વિધિમાર્ગનું પ્રવર્તન પોતાની વિદ્યા અને તપના બળથી ચારે તરફ કરી ગચ્છનો ખૂબ વિસ્તાર કર્યો. એમણે ગુજરાત, સિંધ, મારવાડ, માળવા, ઉત્તર અને દક્ષિણ ભારતના અનેક પ્રદેશોમાં વિહાર કરી જિનશાસનની ઉન્નતિમાં મહત્ત્વનો ફાળો આપ્યો. એમના ઉપદેશથી અનેક સ્થળે જિનમંદિરો બંધાયેલા. અનેક જીવોને પ્રતિબોધ આપ્યો. સિંધના મહીપાલ રાજા અને મારવાડના પરમારવંશીય રાજા હમીરજીએ જૈન ધર્મ સ્વીકાર્યો. દિલ્હીનો રાજા પૃથ્વીરાજ પણ જૈન ધર્મ પ્રત્યે વિશેષ આકર્ષાયો હતો. સં. ૧૨૨૬માં ૯૧ વર્ષની ઉંમરે એમનો દેહોત્સર્ગ થયો. મેરૂતુંગસૂરિના પટ્ટાવલીમાં તેઓ એકસો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી વિ. સં. ૧૨૨૬માં સાત દિવસનું અનસન કરી સમાધિપૂર્વક દેવલોક ગયા એવો ઉલ્લેખ છે. તેમની વિદાયથી જિનશાસને એક મહત્ત્વનો આધારસ્તંભ ગુમાવ્યો ✷✷✷

૨૩, કાંતિ, વૈકુંઠલાલ મહેતા રોડ, સનફ્લાવર હોસ્પિટલ સામે,
વિલેપારલે (વેસ્ટ), મુંબઈ- ૪૦૦ ૦૫૬. મોબાઈલ : ૯૮૬ ૭૧૮૬૪૪૦


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ३०० |
| ૯ | जैन धर्म दर्शन | ३०० |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |
| ૧૯ | નમો તિત્થસ્સ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ (ડૉ. કલા શાહ સંપાદિત) | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૦ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૧ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૨ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૩ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **ડૉ. સુરેશ ગાલા લિખિત** | |
| ૩૪ | મરમનો મલક | ૨૫૦ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીકૃત** | |
| ૩૫ | જૈનધર્મ | ૭૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૬ | જૈન કથા વિશ્વ | ૨૮૦ |

**નવા પ્રકાશનો**
**ડૉ. કલાબેન શાહ સંપાદિત**
**ડૉ. ધનવંત શાહ લિખિત**
૧. વિચાર મંથન રૂા. ૧૮૦
૨. વિચાર નવનીત રૂા. ૧૮૦

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# સબસે બડા વાદ સ્યાદ્વાદ

❑ પૂ. પંન્યાસશ્રી મહાબોધીવિજયજી મ.

આજકાલ ઘણાં અધૂરા વિદ્વાનો એમ કહેતા હોય છે, સ્યાદ્વાદ એટલે શંકાવાદ, સ્યાદ્વાદ એટલે સંશયવાદ. સ્યાદ્વાદમાં ક્યાંક ચોક્કસ નિર્ણય નથી હોતો...વગેરે. હકીકતમાં વાત ઉલ્ટી છે. સ્યાદ્વાદ એ સંશયવાદ નથી. પણ સમાધાનવાદ છે. ઈટ ઈઝ નોટ પ્રોબ્લેમ ફાઈન્ડર બટ પ્રોબ્લેમ શૂટર. ઈટ ઈઝ ઓલ્સો સોલ્યુશન ફાઈન્ડર. સમસ્યાઓને દૂર કરી સમાધાન કરાવી આપે એવો એક વાદ આ જગતમાં કોઈ હોય તો તે માત્ર સ્યાદ્વાદ જ છે. જે કેવલી ભગવંતોએ પ્રરૂપેલો છે.

સ્યાદ્વાદીના મતે ક્યારેય એક પ્રશ્નનો એક જ જવાબ નથી હોતો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ આદિ બદલાય તેમ તેના જવાબો બદલાયા કરે. જે એમ કહેતા હોય કે ૫૦ વર્ષ પૂર્વે મેં જે જવાબ આપેલો એ જ જવાબ મારો ૫૦ વર્ષ પછી પણ રહેશે. તો તે એકાંતવાદી કહેવાય. અને શાસ્ત્રો કહે છે જ્યાં એકાંતવાદ છે, ત્યાં મિથ્યાત્વ છે. જ્યાં અનેકાન્તવાદ છે, સ્યાદ્વાદ છે ત્યાં સમ્યક્ત્વ છે.

એક સાવ નજીવા દૃષ્ટાંતથી આ વાતને સમજીએ. ગયા વર્ષે તમારા જન્મદિવસે તમને કોઈએ પૂછ્યું તમારી ઉંમર કેટલી? તમે કહ્યું: ૩૫ વર્ષ. હવે એક વર્ષ પછી તમને તમારા જન્મદિવસે ફરી પૂછશે કે ઉંમર કેટલી? તો ત્યારે જવાબ હશે ૩૬ વર્ષ. જો તમે તમારા જવાબમાં ફરવા ન માંગતો હો તો દર વર્ષે તમે તમારું વય એક જ બતાવશો. પણ કાળ બદલાતા જેમ વય બદલાય છે, તેમ જગતના સર્વે પદાર્થો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાપેક્ષ જ છે. ત્યાં એકાન્તે આ આમ જ હતું અથવા આ આમ ન જ હતું... તેમ ન કહેવાય.

દા. ત. આત્મદ્રવ્યની અપેક્ષાએ વાત કરીએ તો આત્મા નિત્ય પણ છે, અનિત્ય પણ છે. એને એકાંતે નિત્ય કે અનિત્ય ન કહેવાય. શરીરની અપેક્ષાએ આત્મા અનિત્ય છે. માનવમાંથી દેવભવમાં જતો આત્મા માનવભવની અપેક્ષાએ મૃત્યુ પામ્યો. કારણ કે એનું માનવનું શરીર છૂટી ગયું. માનવ શરીરધારી આત્મા મરી ગયો. અને દેવ શરીર તરીકે ઉત્પન્ન થયો. પણ માનવમાંથી દેવમાં જતો આત્મા તો એકનો એક જ છે. શરીર બદલાય છે, આત્મા નથી બદલાતો. એ અપેક્ષાએ આત્મા નિત્ય છે.

આમ આ સંસારના દરેક પદાર્થમાં સ્યાદ્વાદ ઘટાડી શકાય છે. એટલે કે સ્યાદ્વાદથી દરેક પદાર્થમાં દરેક ધર્મો ઘટાડી શકાય છે. અલ્ટીમેટલી, સ્યાદ્વાદથી દરેક સંઘર્ષોને દૂર કરી શકાય છે. દરેક સ્થાને સમાધાન કરાવી શકાય છે. અરે, સમાધાન જ શા માટે બીજા અનેક સદ્ગુણો સ્યાદ્વાદીને સહજ બની જાય છે.

**એક કાલ્પનિક દૃષ્ટાંતથી સ્યાદ્વાદથી પ્રાપ્ત થતા સદ્ગુણોને સમજીએ.**

૧. નાનું બાળક સ્કૂલમાં ગયું. સરે શીખવાડ્યું. ૨+૨=૪ થાય. છોકરાએ પૂછ્યું: સર ૨+૨=ચાર જ શા માટે? ત્રણ યા પાંચ કેમ નહિ. સર મુંઝાઈ ગયા. જવાબ ન મળતા છોકરાએ મમ્મીને વાત કરી. માએ સરસ જવાબ આપ્યો: બેટા! ૨+૨=૪ થાય એ વાત તો બરાબર છે. ત્રણ એટલા માટે ન થાય...આપણે કોઈની પાસેથી ચાર લાખ લીધા હોય, સમય પૂરો થયે એને ત્રણ લાખ દેવાઈ ન જાય અને કોઈની પાસેથી ચાર લાખ લેવાના હોય ત્યારે ભૂલમાં પાંચ લાખ લેવાઈ ન જાય એ માટે ૨+૨=૪ કહેવાય. આ સ્યાદ્વાદી માતાએ બાળકને આપેલા સંસ્કાર કહેવાય.

૨. એજ બાળક મોટું થયું. એના લગ્ન થયા. લગ્નના પ્રથમ દિવસે પત્નીએ કહ્યું: આપણા વચ્ચે સંઘર્ષ ન થાય માટે આપણે એક કામ કરીએ... આપણે એક બીજાને ડાયરી આપીએ. એ ડાયરીમાં આપણે એકબીજાની ભૂલ લખવાની. પહેલી એનિવર્સરી આવે ત્યારે અદલબદલ કરી પોતપોતાની ભૂલ સુધારી લેવી. પતિએ વાત સ્વીકારી લીધી. એક વર્ષ ફટાફટ પૂરું થઈ ગયું. એનિવર્સરીના દિવસે રાત્રે બંને ભેગા થયા. બેયની ડાયરી અરસપરસ અપાઈ ગઈ. પતિ વાંચતો ગયો ખડખડાટ હસતો ગયો. કારણ કે પાને પાને પત્નીએ લખેલું તું મને મદદ નથી કરતો, તું મારું કામ વધારી દે છે, તારામાં આ કુટેવ છે... વગેરે. જ્યારે એ જ સમયે પત્ની બેઠી બેઠી ધ્રુસકે ધ્રુસકે રડતી હતી. કારણ કે પતિએ લખેલી આખી ડાયરી કોરી હતી. એમાં છેલ્લે માત્ર એક જ બાબત લખેલી. ડીયર હું તને એટલો બધો ચાહું છું કે મને તારામાં કોઈ ભૂલ દેખાતી નથી.

**સ્યાદ્વાદી માતા તરફથી મળેલા સંસ્કારના પ્રભાવે દીકરામાં આવેલ આ સમજ હતી.**

૩. આગળ જતા આ છોકરાનો બાપ બિમાર પડ્યો. તેઓ કુલ ત્રણ ભાઈ હતા. પોતે નાનો હતો. બાપે ત્રણે દીકરાને બોલાવી પોતાની પાસેના એક કરોડ રૂપિયા ત્રણેયને સરખા ભાગે વેંચી લેવા જણાવ્યું. જેવી બાપે વાત કરી, નાનો દીકરો ઊભો થઈ ગયો. પિતાજી! આ સોદો મને મંજૂર નથી. બાપ વિચારમાં પડી ગયો. મોટા બંને ભાઈને પણ આ સંસ્કારી, સમજદાર ભાઈના જવાબથી આશ્ચર્ય થયું. બાપે કીધું: તો બેટા! તું બોલ! કઈ રીતે હું ભાગ પાડું. ત્યારે દીકરાએ હાથ જોડીને કહ્યું, પિતાજી મારા બે ભાઈ મોટા છે, એમનો પરિવાર પણ મોટો છે. મારો પરિવાર નાનો છે. માટે અમારા ત્રણની ઉંમર મુજબ અમને વહેંચી આપો. મોટા ભાઈને ૩૫ લાખ, વચલા ભાઈને ૩૪ લાખ આપો. મને ૩૧ લાખ આપશો તો ચાલશે. બાપ અને મોટા બે ભાઈ આ સમજુ દીકરાનો સંતોષ જોઈને દિંગ થઈ ગયા. બાપ ખૂબ જ પ્રસન્નતાપૂર્વક મૃત્યુ પામ્યો.

૪. સંતુષ્ટ આ દીકરો વ્યવસાયે વકીલ હતો. એક વખત એની પાસે બે સગા ભાઈનો કેસ આવ્યો. નાના ભાઈની ફરિયાદ હતી... મોટા ભાઈએ મારા ૧૫,૦૦૦ રૂપિયા દબાવી દીધા છે. મારે પાછા જોઈએ

છે. વકીલે સમજાવ્યું: આખરે તારો મોટો ભાઈ જ છે, તો તું જતું કર. ૧૫,૦૦૦ તને ઓછાં આવ્યા એમાં તુ રસ્તા પર નથી આવી જવાનો. ૧૫,૦૦૦ મોટા ભાઈને વધારે ચાલ્યા ગયા એમાં એ બંગલો નથી બનાવી લેવાનો. નાનો ભાઈ સમજવા તૈયાર ન હતો. કોઈ પણ રીતે મારે મારા રૂપિયા જોઈએ એવી એની જીદ હતી. સમજદાર વકીલે કહ્યું: આ કેસ લડવાની ફી શું આપીશ? તમે કહેશો તેટલા. વકીલે ૩૦,૦૦૦ રૂા. ફી પેટે કહ્યા. એમાંથી ૧૫,૦૦૦ રૂા. પહેલાં માંગ્યા. પેલાએ આપ્યા. વકીલે મોટાભાઈ વતી આ જ રૂપિયા નાના ભાઈને અપાવી કેસ વિડ્રો કરાવ્યો. પોતાની ફીના બાકીના ૧૫,૦૦૦ રૂપિયા લઈ બંને વચ્ચે સમાધાન કરાવી દીધું.

૫. આગળ જતાં ત્રણે ભાઈ જુદા થયા. મા કોની સાથે રહે એ પ્રશ્ન આવ્યો. ત્યારે ચાર ચાર મહિનાના વારા પાડવાનું નક્કી થયું. મોટા બે ભાઈ આ વ્યવસ્થામાં સંમત થઈ ગયા. ત્યારે સંસ્કારી, સમજુ, સંતુષ્ટ, સમાધાનપ્રેમી દીકરાની સમર્પણભાવના ઉછળી આવી. એણે કહ્યું: આ ઉંમરે બાના વારા નથી પાડવા. જિંદગી સુધી હું બાની તીર્થની જેમ સેવા કરીશ. મને લાભ આપો. બા એ જિંદગી આપી છે, તો બાની જિંદગી સુધી સેવા કરવાનો લાભ મને આપો.

આ પાંચેય પ્રસંગોના મૂળમાં જઈએ તો એક વાત દીવા જેવી સ્પષ્ટ થાય છે કે તમામ સદ્ગુણોના મૂળમાં સ્યાદ્વાદની વિચારધારા પ્રવર્તી રહી છે જે જીવને સંઘર્ષથી બચાવી લ્યે છે. આવો, આપણે પણ આપણા જીવનમાં જીવનની તમામ પ્રવૃત્તિઓમાં સ્યાદ્વાદની શૈલીને વણી લઈએ. જેથી રાગ-દ્વેષથી થતા કર્મબંધથી બચી જઈએ. અંતે સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિપદને પ્રાપ્ત કરીએ.

સૌજન્ય : ઓસવાલ યુથ

## 'અનાસક્તિ યોગ'નો જન્મ

❑ શાંતિલાલ ગઢિયા

ભગવદ્ ગીતા ઉપર અનેક વિદ્વાન મહાપુરુષોએ ભાષ્ય લખ્યાં છે. જેમ કે, ગીતા રહસ્ય, ગીતા મંથન, ગીતા માધુરી, ગીતા અમૃત વગેરે. એકમાત્ર મહાત્મા ગાંધીએ વિશિષ્ટ નામ આપ્યું છે-'અનાસક્તિ યોગ', તેનો ઇતિહાસ જાણવા જેવો છે.

ગાંધીજી જેલમાં હતા ત્યારે વિચારતા હતા કે આશ્રમવાસીઓ ગીતાનો મર્મ સરળતાથી સમજે એ રીતે અઢારે અધ્યાયનો સાર લખવો. જેલમાંથી પત્રોના માધ્યમથી તેમણે પ્રત્યેક અધ્યાયનું વિવરણ લખી મોકલ્યું, જેનું ગ્રંથનામ બન્યું 'ગીતાબોધ'. પછી કેટલાક રસજ્ઞ જનોએ કાકા કાલેલકર મારફત ગાંધીજીને વિનંતી પહોંચાડી કે સમગ્ર ગીતાનું સારરૂપ નવનીત ટૂંકમાં તૈયાર કરી આપો તો કેવું! ગાંધીજીને સમય નહોતો. વળી એમનું જીવન જ ગીતાનું મૂર્ત રૂપ લઈ રહ્યું હતું. કાકાસાહેબ ફરી ફરી એમને અનુરોધ કરતા. આખરે થોડો સમય કાઢીને ગાંધીજીએ દરરોજ એકેક શ્લોકનો અનુવાદ કરવાનું શરૂ કર્યું. પછી શ્લોકની સંખ્યા વધારતા ગયા અને ૧૯૨૯ની ૨૪મી જૂને આ કામ પૂરું થયું.

ગાંધીજીના કહેવાથી કાકા કાલેલકર તથા અન્ય બે-ચાર આશ્રમવાસીઓએ અનુવાદ જોયો. એમના તરફથી કેટલાક સૂચનો આવ્યાં. ગાંધીજીએ તેમનો સ્વીકાર કર્યો. પછી નામ કયું રાખવું એ પ્રશ્ન આવ્યો. કાકા કાલેલકર નવજીવન પ્રેસમાં હતા. તેમણે ગાંધીજી પર ચિઠ્ઠી લખી. ગાંધીજીએ જવાબમાં એક નામ સૂચવ્યું, પણ કાકાસાહેબને ન રુચ્યું. ફરી માંગણી કરતાં ગાંધીજીએ વિચારપૂર્વક 'અનાસક્તિ યોગ' નામ રાખવાની ઈચ્છા પ્રગટ કરી, જે પૂર્ણતયા સુસંગત હતું. ગીતાનો આ અનુવાદ ૧૨ મી માર્ચ, ૧૯૩૦ના રોજ વિધિવત્ પ્રગટ થયો. પ્રસિદ્ધ દાંડીકૂચ (મીઠાનો સત્યાગ્રહ)નો આરંભ આ જ દિવસે થયો હતો.

ગાંધીજીએ નિખાલસતાથી કહ્યું હતું કે અનુવાદ પરિશુદ્ધ ન હોય. એનું પુનઃ અવલોકન થવું જોઈએ. કારણવશાત્ પોતે એ કામ કરી શકે તેમ નહોતા. કિશોરલાલ મશરૂવાળાએ થોડા સુધારા કર્યા. પછી પણ ગાંધીજીને એ જોઈ જવાનો સમય નહોતો. એમણે નવજીવનવાળા જીવણજી દ્વારા (૧૯૪૮) કાકા સાહેબને સંદેશો મોકલ્યો કે આ કામ એમણે કરી આપવું. કાકાસાહેબે ગાંધીજીના આદેશને પોતાનું સદ્ભાગ્ય માન્યું. સંપાદનને આખરી ઓપ આપતા પહેલાં કાકાસાહેબે આવશ્યક સાહિત્યનો સહારો લીધો, જેમાં મહાદેવ દેસાઈએ કરેલો 'અનાસક્તિ યોગ'નો અંગ્રેજી અનુવાદ, કિશોરલાલ મશરૂવાળાના સુધારા અને વિનોબા ભાવેની 'ગીતાઈ' મુખ્ય ગણાવી શકાય. ઉપરાંત ભૂતકાળમાં ગીતાના એકેક શ્લોકની ચર્ચા ગાંધીજીએ કરી હતી, તેનું સ્મરણ પણ કાકાસાહેબને મદદરૂપ થયું. વળી શંકરાચાર્ય, લોકમાન્ય તિલક તેમજ અરવિંદ ઘોષના ગ્રંથોનો સંદર્ભ પણ લીધો. આમ જુદા જુદા વળાંકમાંથી પસાર થઈ એક દિવ્ય કૃતિએ જન્મ લીધો.

ગીતાના સમગ્ર ચિંતનનું મધ્યબિંદુ છે નિષ્કામ કર્મ અથવા કર્મફળ વિષે અનાસક્તિ. આથી ગાંધીજીને 'અનાસક્તિ યોગ' અભિધાન ઉચિત લાગ્યું. ગાંધીજીના નિમ્નાંકિત શબ્દો (૧૯૨૯) આપણે સૌ હૃદયસ્થ કરીએ:

> *ગીતાને હું જેમ સમજ્યો છું, તેવી રીતે તેનું આચરણ કરવાનો મારો અને મારી સાથે રહેલા કેટલાક સાથીઓનો સતત પ્રયત્ન છે. ગીતા અમારે સારુ આધ્યાત્મિક નિદાનગ્રંથ છે...આ અનુવાદની પાછળ આડત્રીસ વર્ષના આચારના પ્રયત્નનો દાવો છે. આ કારણે હું એમ ઈચ્છું ખરો કે પ્રત્યેક ગુજરાતી ભાઈ-બહેન, જેમને ધર્મને આચારમાં મૂકવાની ઈચ્છા છે તેઓ, એ વાંચે, વિચારે ને તેમાંથી શક્તિ મેળવે.*

✷✷✷

એ-૬, ગુરુકૃપા, હરણી રોડ, વડોદરા-૩૯૦ ૦૦૬.
ફોન : ૦૨૬૫-૨૪૮૧૬૮૦.

# જનની જોડ જગે નહિ જડે રે લોલ!

□ કાકુલાલ સી. મહેતા

આ એક સદી પુરાણું ગીત છે. એ સમયે દેશની ૮૦-૮૫% વસ્તી ગામડાંમાં રહેતી હતી. ત્યાં નહોતી વીજળી કે નહોતાં પાણીના નળ. ગામને પાદર પાણી ભરવા જવું પડતું. એવા એક નાનકડાં પણ રળિયામણાં ગામમાં મારો જન્મ. અંદાજ ૭૫ વર્ષ પહેલાંની વાત છે. સાંજ પડે એટલે છોકરાં-છોકરીઓ શેરીમાં રમવા નીકળી પડે. મોટેરાં પણ શેરીના ઓટલે આવીને બેસે. નવી-નવેલી વહુવારુઓને આવતાં થોડી વાર લાગે પણ કામ પતાવીને એ પણ જોડાય. અંત્યાક્ષરી અને પછી રાસ-ગરબાની રમઝટ પણ જામે. એવું જ એકથી અનેક વાર સાંભળેલું ગીત, આજે પણ મોટી ઉંમરની બહેનોના કંઠે હશે પણ સંભવતઃ નવી પેઢી એથી અજાણ હશે. કવિ શ્રી દામોદર ખુશાલદાસ બોટાદકરના કુટુંબ પ્રેમના ગીતોએ એ સમયે ગુજરાતની ગુજરાતણોને ઘેલું લગાડેલું. ગામે ગામ અને ઘરે ઘરે ગવાતા એવા ગીતોમાંનું એક સહુથી પ્રસિદ્ધ તે 'જનનીની જોડ જગે નહિ જડે રે લોલ'. માતૃ-મહિમાનું આ ગીત બનતાં સુધી રાસતરંગિણીમાં આવેલું છે. યુવા વાચકોને સાનંદ આશ્ચર્ય થશે કે મૂળ બોટાદના પણ મુંબઈમાં જન્મેલા આ કવિ શાખે શાહ પણ બોટાદના એટલે પોતાની ઓળખાણ 'બોટાદકર' રાખેલી એટલું જ નહિ પણ મહિનાના રૂપિયા બેના પગારે શિક્ષક તરીકે નોકરી સ્વીકારેલી. માતૃ-ભાવનાનું આવું ગીત રચનારને કુટુંબ અને મા તરફથી કેવા સંસ્કાર મળ્યા હશે કે માની સરખામણી કરવા જતાં એને માની સાથે સરખાવી શકાય એવું કશુંય જણાતું નથી. તો પ્રસ્તુત છે બાર કડીના આ ગીતમાંથી થોડી પ્રસાદી :

*જનની જોડ જગે નહિ જડે રે લોલ!*
*મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ,*
*એથી મીઠી તે મોરી માત રે...જનનીની...*
*પ્રભુના પ્રેમ તણી એ પૂતળી રે લોલ,*
*જગથી જુદેરી એની જાત રે...જનનીની...*
*અમીની ભરેલી એની આંખડી રે લોલ,*
*વ્હાલનાં ભરેલાં એના વેણ રે...જનનીની...*
*હાથ ગૂંથેલ એના હીરના રે લોલ,*
*હૈયું હેમંત કેરી હેલ રે...જનનીની...*
*દેવોને દૂધ એના દોહ્યલા રે લોલ,*
*શશિએ સીંચેલ એની સોડ્ય રે...જનનીની...*
*જગનો આધાર એની આંગળી રે લોલ,*
*કાળજામાં કંઈક ભર્યા કોડ રે...જનનીની...*
*ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,*
*પળના બાંધેલ એના પ્રાણ રે...જનનીની...*
*મૂંગી આશિષ ઉરે મરકતી રે લોલ..*
*લેતા ખૂટે ન એની લાણ રે...જનનીની...*
*ધરતી માતાએ હશે ધ્રૂજતી રે લોલ*
*અચળા અચૂક એક માય રે....જનની*
*ગંગાના નીર તો વધે ઘટે રે લોલ,*
*સરખો એ પ્રેમનો પ્રવાહ રે...જનની...*
*વરસે ઘડીક વાદળી રે લોલ,*
*માડીનો મેઘ બારે માસ રે...જનનીની...*
*ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,*
*એનો નહીં આથમે ઉજાશ રે...જનની*

કવિશ્રીના અંતરમાં ભાવ જાગે છે કે મારી મા કોના જેવી છે. મારી મા જેવું કોણ છે? અને પછી કહે છે કે ગ્રીષ્મમાં ધખધખતી ધરતી પછી વરસાદનાં છાંટણાં થાય અને આબાલવૃદ્ધ સહુને એ છાંટણાં અને ધોધમાર વરસતા વરસાદમાં પણ ખુલ્લા આકાશ નીચે ભીંજાવામાં જે આનંદની અનુભૂતિ થાય કે પછી મીઠું અને ગુણકારી મધ ચાટવામાં જે મજા આવે છે એ કરતાં પણ મારી મા મને વધુ મીઠી લાગે છે. કહે છે કે એની આંખમાંથી તો અમી છલકાય છે, સ્નેહ નીતરે છે. માની વાણી, માના વચન મને જાદુઈ લાગે છે. સુંવાળા રેશમ જેવા હાથના સ્પર્શમાં અને એના હૈયેથી છલકતા હેત જેવું મને બીજે ક્યાંય જોવા મળતું નથી. માની આંગળીઓ તો આ વિશ્વના આધારરૂપ છે, એના અંતરમાં કેટકેટલા ભાવો ભર્યા છે. અરે દેવોને પણ એમનાં દૂધ પ્રાપ્ત થતાં નથી, એ માટે તો દેવોએ પણ મનુષ્યરૂપે જન્મ લેવો પડે છે. સો સો ચંદ્રમાના પ્રકાશ જેવી શીતળ મારી મા છે. વરસાદ તો ઘડીભર વરસીને થંભી જાય છે પણ માના અંતરેથી વહેતો પ્રેમ તો કાયમ વરસતો રહે છે. કદાચ બાળકને કાંઈ થઈ જાય તો એવી ભીતિને કારણે એનું મન મૂંઝાય છે, એને ક્યાંય ચેન પડતું નથી. એના અંતરમાંથી વણબોલી આશિષ વરસતી રહે છે અને જેટલી માણો એથીય અધિક વધતી રહે છે. કહે છે કે ગંગાના જળ તો વધે અને ઘટે પણ ખરા પણ માના અંતરેથી વહેતો પ્રેમનો પ્રવાહ એકધારો વહેતો જ રહે છે. ચંદ્રમાની ચાંદની ચમકે છે અને જતી પણ રહે છે પણ માના પ્રેમનો ઉજાસ કદી આથમતો નથી, ઘટતો નથી.

આટલું બધું કહ્યા પછી પણ કવિશ્રીને સંતોષ થતો નથી ત્યારે કહે છે કે મા તો પ્રભુના અખૂટ પ્રેમનું પ્રતીક છે. પ્રભુ તો પ્રત્યક્ષ નથી પણ મા તો મા છે. જગતની સર્વ જીવસૃષ્ટિમાં મા સહુથી જુદી પડે છે. મા તો પ્રત્યક્ષરૂપે પ્રભુના પ્રેમનું જ સ્વરૂપ છે. એની સાથે કોઈની સરખામણી થઈ જ ન શકે. એટલે જ માતૃપ્રેમનો મહિમા કરતાં ઘણાં સૂત્રો છે જેમ

કે 'માતૃ દેવો ભવઃ, 'માના ચરણમાં તારું સ્વર્ગ વસેલ છે', 'યત્ર નાર્યસ્તુ પૂજ્યતે રમંતે તત્ર દેવતાઃ' એટલે કે જ્યાં નારીનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે, સુખ, શાંતિ અને આનંદનો અનુભવ થાય છે. આવા મંગલમય માતૃત્વ વિષે થોડું વધારે વિચારીએ.

નારીના ત્રણ સ્વરુપ માનવામાં આવ્યા છે. પહેલું પુત્રીનું, બીજું પત્નીનું અને ત્રીજું માતાનું. અને આ ત્રણેમાં માતૃ સ્વરુપનો મહિમા અનેરો માનવામાં આવ્યો છે. પુત્રીના આગમનને લક્ષ્મીનું આગમન માનવામાં આવે છે. પુત્રી જેમ જેમ મોટી થતી જાય તેમ તેમ ઘરમાં હસતી, રમતી, કૂદતી અને નાચતી જોઈને ઘરમાં એક દિવ્ય આનંદનું વાતાવરણ સર્જાય છે. દીકરી સર્વનું પ્રેમપાત્ર બની જાય છે. આ છે દીકરીનું પ્રાથમિક જીવન. ત્યાર પછી નારી પત્ની બને છે, ઘર છોડીને સાસરે જાય છે ત્યારે એનું જીવન પરિવર્તન પામે છે. પિયરે જે રીતે મુક્તપણે વિહરતી હતી એ હવે ગંભીર બને છે, સંયમી બને છે, પિયરમાં જે પ્રેમ સહજ હતો એવા પ્રેમનું વાતાવરણ સર્જવા એ પ્રયત્નશીલ બને છે. વડીલોની સેવા, જેઠાણી કે નણંદ સાથે સહિયરપણું, બાળકોને પ્રેમ કરવાનો અને નવા વાતાવરણમાં સમાઈ જવાનો એ પ્રયત્ન કરે છે. આ છે નારીનું બીજું સ્વરુપ, સ્નેહમંડિત અને જવાબદારી ભર્યું. અને પછી જ્યારે માતા બને છે ત્યારે એને પ્રભુની સર્વશ્રેષ્ઠ કૃતિનું સર્જન કર્યાના આનંદની તૃપ્તિનો અનુભવ થાય છે અને ત્યારથી એ બાળક પ્રતિ સમર્પિત બની જાય છે, પોતાની જાતને ભુલી જાય છે. આ સમર્પણ ભાવ એ પ્રભુના પ્રેમનું સ્વરૂપ છે એટલે જ માતૃપ્રેમને પ્રભુનું સાક્ષાત સ્વરુપ માનવામાં આવ્યું છે.

આ રીતે નારી પોતાના જીવનમાં સહજ રીતે દીકરીમાંથી પત્ની રૂપે અને પત્નીમાંથી માતા રૂપે એમ ત્રિવિધ જીવન જીવે છે. પુરુષના જીવનમાં આવું બનતું નથી. સ્ત્રીના જીવનમાં સહનશક્તિ, ત્યાગ, ધૈર્ય, સંયમ, કાર્યદક્ષતા વગેરે ગુણો અંતરમાં છૂપાયેલા હોય છે પણ બાલ્યાવસ્થામાં કે મુગ્ધાવસ્થામાં એને ખ્યાલ નથી હોતો. એ બધા ગુણો ખીલી ઉઠે છે મા બને ત્યારે, સહજ રુપે. આવું મોડેથી શાથી બનતું હશે ? આ એક પ્રશ્ન છે. પરંતુ આજની શિક્ષિત કન્યા, પોતાના જીવનનું આ અંતિમ રહસ્ય વિચારી–સમજી શકે એવું બને તો આ કલુષિત વિશ્વને એ સ્વર્ગ બનાવી શકે એવી શક્તિરુપ પણ છે.

પુરુષ અને સ્ત્રી સમાન હોવા છતાં બન્નેમાં ભેદ પણ છે. બુદ્ધિ અને સ્નેહ તો બન્નેમાં છે. મહદ્અંશે પુરુષ બુદ્ધિથી વિચારે છે જ્યારે સ્ત્રીના જીવનમાં લાગણીનું–સ્નેહનું મહત્ત્વ વધારે હોય છે. બુદ્ધિ નિર્મળ પણ હોઈ શકે અને સ્વાર્થી પણ. પરંતુ સ્નેહમાં સમર્પણ હોવાથી સ્ત્રીનું મહત્ત્વ વધી જાય છે કારણકે માનવી શાંતિ અને પ્રેમને ઝંખે છે. આજની શિક્ષિત નારી, મુગ્ધાવસ્થામાં આવે ત્યારથી જ આવું શિક્ષણ એની માતા પાસેથી મેળવી શકે તો પોતાનું, કુટુંબનું, સમાજનું, દેશનું અને વિશ્વનું કલ્યાણ કરી શકે એવી શક્તિ બની શકે છે.

આજના દેશના અને વિશ્વના સંદર્ભમાં જોઈએ તો વિકાસના નામે વિનાશ તરફ આપણે ઢસડાઈ રહ્યા છીએ. છેલ્લા વીસેક વર્ષમાં જીવનમાં જે જીવનનું મહત્ત્વ હતું તેનું સ્થાન ધન દોલતે લઈ લીધું છે. એમાંથી બચવું હશે તો આ નવા યુગમાં સામૂહિક સ્ત્રી શક્તિ જ આપણને ઊગારી શકશે એવો ભાસ થાય છે. પુરુષ સમાજ નારી જીવનના અંતરમાં છૂપાયેલ આ નિર્મળ પ્રેમની ભાવનાનું સ્વાગત કરે એમાં જ સમસ્ત વિશ્વનું હિત સમાયેલું છે. એ વિચારે, દૃષ્ટિ બદલે તો કાયદા કાનૂન જે કરી શકે તેમ નથી તે સહજરૂપે બની શકે. સ્ત્રી શક્તિ અને સ્નેહશક્તિ જાગૃત થાય એ જ અભ્યર્થના!!!

(વાચકોના મંતવ્ય આવકાર્ય)

***

૧૭૦૪, ગ્રીન રીડ્ઝ ટાવર-૨, ૧૨૦, ન્યૂ લીંક રોડ, ચિકુ વાડી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦-૦૯૨.
ફોન : (૦૨૨) ૨૮૯૮૮૮૭૮.


## પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી,મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : માસિક. દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ |
| ૪. પ્રકાશકનું નામ | : શ્રીમતી પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામુઃ | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૫. તંત્રી | : શ્રી ધનવંત તિલકરાય શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામુ | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૪. |

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૧૪ ☐ **ધનવંત તિલકરાય શાહ**, તંત્રી

## પંથે પંથે પાથેય
(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

કરન દાવર નામના શખ્શ લિખીત આ ઘટના આ પ્રમાણે છે.

એક કિશોર પોતાના ભણવાનો ખર્ચ કાઢવા ઘરેઘર ફરી ચીજવસ્તુઓ વેચતો હતો. એક દિવસ એની પાસે કેવળ એક સિક્કો બચવા પામ્યો હતો અને તેને કકડીને ભૂખ લાગી હતી. તેણે વિચાર્યું કે હવે જે ઘેર જશે ત્યાં કંઈક ખાવાનું માગશે.

તેણે એક ઘરના દરવાજાની ઘંટડી દબાવી. એક સુંદર સ્ત્રીએ બારણું ઉઘાડ્યું. તેને જોતાં જ એ પોતાની ખાવાનું માગવાની માગણી ભૂલી ગયો અને તેના બદલે તેણે ખૂબ જ નમ્રતાથી એક ગ્લાસ પાણી માંગ્યું. સ્ત્રીને થયું કિશોર ભૂખ્યો હોય એમ લાગે છે આથી તે અંદર ઘરમાં ગઈ અને એક મોટા ગ્લાસમાં દૂધ ભરીને લઈ આવી અને કિશોરને પ્રેમપૂર્વક આપ્યું. તેણે ધીમે ધીમે દૂધ પીધું. દૂધ પીને તૃપ્ત થયા બાદ તેણે યુવતીને પૂછ્યું, 'આ દૂધનું મારે તમને શું આપવાનું?'

'કશું જ નહિ. અમારી માતાએ અમને શીખવાડ્યું છે કે કદી પણ કોઈ ભલાઈનું કામ કર્યા બદલ એની કિંમત ન લેવી?'

કિશોર ભારે દ્રવીભૂત થઈ ગયો. આભારવશ બોલ્યો: 'હું મારા હૃદય ઊંડાણપૂર્વક તમારો આભાર માનું છું.'

હાવર્ડ કેલી જ્યારે ઘરમાંથી બહાર નીકળ્યો ત્યારે તેણે કેવળ પોતાની જાતને જ સશક્ત ન અનુભવી પરંતુ ઈશ્વર અને માણસમાં પણ તેનો વિશ્વાસ અને શ્રદ્ધા અનેકગણી વધી જવા પામી.

એક તબક્કે ઠેર ઠેર ભટકવાથી કંટાળીને તે તો પોતાનું કામ છોડી દેવા તૈયાર થઈ ગયો હતો, પરંતુ એક અજાણી વ્યક્તિની આ દયાળુતા અને પરોપકારે તેને ભૂખ અને હાલાકીથી બચાવી લીધો હતો એ વાત તેના હૃદયના એક ખૂણામાં બરાબર અંકિત થઈ ગઈ.

વર્ષો બાદ એ જ સ્ત્રી ગંભીર બીમારમાં સપડાઈ. સ્થાનિક ડૉક્ટરો રોગ પારખી ન શક્યા અને એને પાસેના શહેરમાં મોકલી આપી જ્યાં તેમણે સ્પેશીયાલિસ્ટ ડૉક્ટરોને તેના આસાધ્ય રોગનો અભ્યાસ કરવા ને નિદાન કરવા બોલાવ્યા.

ડૉક્ટર હાવર્ડ કેલીને બોલાવવામાં આવ્યા. જ્યારે ડૉક્ટરે એ સ્ત્રી જે પાસેના શહેરમાંથી આવી હતી તેનું નામ જાણ્યું ત્યારે અચાનક એક તેમની આંખોમાં એક વિચિત્ર પ્રકાશ પથરાઈ ઝબકી ગયો. તેઓ તરત જ ઊભા થઈ ગયા એ સ્ત્રીને હૉસ્પીટલના જે રૂમમાં રાખવામાં આવી હતી ત્યાં દોડી ગયા.

તેમણે તેને જોઈ અને તેઓ તરત જ તેને ઓળખી ગયા.

પછી શું હતું ! તેમણે તેના રોગનો ઊંડો અભ્યાસ કર્યો. તેમણે તેને રોગમુક્ત કરવા અને તેને બચાવી લેવા ખાસ વ્યક્તિગત ધ્યાન આપ્યું. તેમણે તનતોડ પ્રયાસો કર્યા અને લાંબા સમય બાદ ડૉક્ટર હાવર્ડ કેલી પોતાના પ્રયાસોમાં સફળ થયા અને સ્ત્રી બચી ગઈ. સ્વસ્થ થઈ ગઈ.

ડૉક્ટર હાવર્ડ કેલીએ હૉસ્પિટલની ઑફિસના એકાઉન્ટસ ડિપાર્ટમેન્ટને જણાવ્યું: 'આ સ્ત્રીનું હૉસ્પિટલ બીલ પ્રથમ મને બતાવવું, મારી અનુમતી બાદ જ દર્દીને આપવું.'

એક તરફ પેલી સ્ત્રીને સાજા થવાનો હર્ષ હતો બીજી બાજુ એ ચિંતા પણ હતી કે હૉસ્પિટલનું લાંબુંચોડું હશે અને મારા ગજા બહારનું હશે! તેને હું ચૂકતે કઈ રીતે કરીશ? સંભવતઃ મારી આખી જિંદગી વીતી જશે તેમ છતાં હું બીલ ચૂકતે નહિ કરી શકું!

બીલ તૈયાર થયે ડૉક્ટર હાવર્ડ કેલીને એ બતાવવામાં આવ્યું, એમની અંતિમ અનુમતી માટે. તેમણે એ બીલના કીનારી પર કશું લખ્યું પછી કહ્યું: 'જાવ બહેનને આપી દો!'

દર્દી સ્ત્રીએ બીલ જોયું અને બીલના ખૂણા પર લખેલા કેટલાક શબ્દો પર એનું ધ્યાન ગયું. આશ્ચર્યસભર નેત્રે તેણે તે વાંચ્યા. લખ્યું હતું :

*'એક ગ્લાસથી દૂધથી સંપૂર્ણ બીલની રકમ ચૂકતે!*

સહી
ડૉક્ટર હાવર્ડ કેલી'

વાત અહીં પૂરી થાય છે. પરંતુ એ જીવનનું કેટલું મોટું સત્ય આપણી સામે લાવીને ખડું કરે છે. કોઈને માટે કંઈ કરી છૂટવું એ આપણા જીવનનો મુખ્ય હેતુ હોવો જોઈએ. તે જ આપણને આ જીવન અને પરલોકમાં સુખ અને શાંતિ આપવા સમર્થ છે, અન્ય કશું નહિ! જગતનો એ અફર નિયમ છે કે તમે જે કાંઈ પણ આપશો એ તમને સામું બમણું થઈ મળશે. માટે આપવામાં કશું બાકી ન રાખશો. આપેલું કદી વ્યર્થ જતું નથી.

અને તમને બમણું થઈ પાછું મળશે એટલે તમારે કોઈને આપવું એ પણ બરાબર નથી. એવી ભાવનાથી કદી કાંઈ ન આપશો. કારણ એમાં કરુણાની અનુભૂતિ નહીં એક પ્રકારનો વેપાર છે, નફા-તોટાનું સરવૈયું છે.

જીવનના કોઈ ને કોઈ મોડ પર તમને અદૃશ્ય અને કલ્પનાતીત સહાયતા મળી જતી હોય છે અને તમે તમારી સ્થિતિને વધુ મજબૂત કરી શકવામાં અને તમારી ઉન્નતિ સાધવામાં કામયાબ થાવ છો. આ વાતને બરાબર લક્ષમાં રાખી તમે પણ કોઈની મુસીબતની ક્ષણોમાં તેને સહાય કરો, તેને પડતો, ભાંગતો કે તૂટતો બચાવી લો એ ઘણું જરૂરી છે. માનવ જીવનની એમાં જ શોભા છે.

એક ગીતની આ પ્રમાણે કડી છેઃ

*જ્યોત સે જ્યોત જલાતે ચલો*
*પ્રેમકી ગંગા બહાતે ચલો,*
*રાહ મેં આયે જો દીનદુ:ખી*
*સભી કો ગલે સે લગાતે ચલો.*

* * *

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલું અનુદાન

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૨૦૦૦૦ | પ્રીતિ મનોજ ખંડેરીયા |
| ૧૦૦૦૦ | છોટાલાલ નાથાલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | મોહનલાલ બેચરદાસ મહેતા |
| ૧૦૦૦ | એક ભાઈ તરફથી |
| ૨૫૦ | સુંદરજી મંગલદાસ પોપટ-પુના |
| ૩૬૨૫૦ | કુલ રકમ |

### પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

| | |
|---|---|
| ૫૦૦ | શ્રી શાંતિલાલ ગઢિયા |
| ૫૦૦ | કુલ રકમ |

### કિશોર ટિંબડિયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૨૦૦૦૦ | પ્રીતિ મનોજ ખંડેરિયા |
| ૧૦૦૦૦ | છોટાલાલ નાથાલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩૦૦૦૦ | કુલ રકમ |

# ભાવ-પ્રતિભાવ

જાન્યુઆરી ૧૪ના 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી ગુલાબભાઈ દેઢિયાનો લેખ વાંચ્યો, **'બધા રસ્તા ભલે રોમ તરફ જતા હોય'** તેમાં વિશેષતા નવકાર મંત્રના આત્મસાત થયેલા ભાવની છે. તે શ્રધ્ધામાંથી નીકળેલા ઉદ્‌ગારો વાંચી ખૂબ પ્રસન્નતા થઈ, તેમને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું.

કેટલાક માર્મિક અવતરણ ટાંકું છું :

- નવકારમાં માથું નમે કે સામે અનેકાનેક પંચ પરમેષ્ઠિ હજરાહજૂર દેખાય છે.
- હવે હું રંક નથી, કંક નથી, મારા મનમાં પંક નથી, મારા છેલ્લા શ્વાસ જતા હશે ત્યારે એમાં પણ નવકારની સૌરભ હશે. વિગેરે.

આવા હાર્દિક ઉદ્‌ગારો નવકાર મળેલાને પ્રેરણાદાયક છે.

કાયોત્સર્ગ મારો સ્વભાવ બનો, મારું સરનામું બનો. સદાય હોઠવગું નહિ પણ હૈયાવગું બનો.

પૂરું લેખન સાધકની શ્રધ્ધામાં પૂરક થાય તેવું છે.

અમને દાદીએ નવકાર ગળથૂથીમાં આપેલો. તે કંઈ ઝાંખો થયો ત્યાં તો પૂ. આચાર્ય ભગવંતે યોગાનુયોગ શ્વાસ સાથે જોડવાનો ઉપાય આપ્યો. તેમાં પૂ. આચાર્ય ભગવંત અધ્યાત્મયોગી શ્રી કલાપૂર્ણભગવંતે હૈયા વગો કર્યો. વળી પન્યાસજી શ્રી ભદ્રંકરજીએ સાહિત્ય દ્વારા તેના મહાત્મ્યની પૂર્તિ કરી. (સહેજ) મારા જેવા મંત્ર ચાહકને આ લેખ વાંચી પ્રસન્નતા થઈ તે વ્યક્ત કરવા આ પ્રતિભાવ દર્શાવ્યો છે.

સાથે એક વિચાર આવ્યો કે, અગાઉ 'પ્રબુદ્ધ જીવન'માં વૃધ્ધાવસ્થાવાળા વડીલોની આકૂળતાના લેખો આવતા હતા. તેમાં સલાહ-પ્રતિભાવ આપનાર ક્યાંક એવું સૂચન પણ કરતાં કે યોગ્ય સ્ત્રી સાથીદાર શોધજો. જોકે તે સફળ ઉપાય બને કે કેમ તે પ્રશ્ન છે. આ ઉપાય આપણી સંસ્કૃતિને યોગ બને કે કેમ? પરંતુ જો આ લેખમાં આપેલા મંત્રનો મહિમા આવે તો (ગમે તે મંત્ર) અને રૂચે તો એકલતા હળવી બને, જીવન સાર્થક બને. વળી અન્ય પણ સાત્વિક ઉપાયો યોજી શકાય. યદ્યપિ આ પ્રયોજન એકાએક સૂઝે કે શક્ય નહિ તેવું બને. મહાપુણ્ય યોગે કે એવા સાત્વિક તાત્ત્વિકજનોના સહારે યોગ્ય થવા સંભવ છે. આજે આવા વડીલો છે જેઓ આવા રસાયણ દ્વારા પ્રતિકૂળતામાં પણ પ્રસન્નતાથી જીવે છે. ખેર.

**'બધા રસ્તા ભલે રોમ તરફ જતા હોય મારો રસ્તો ઓમ' તરફ જાય છે (નવકારમંત્ર તરફ).** આવી શ્રધ્ધા કોઈ શ્રધ્ધાવાનને હોય છે તેનું જીવન આનંદપૂર્ણ બને છે.

આ મંત્રમાં કોઈ ભેદ નથી. ભોગી, ત્યાગી, રોગી, રાજા, રંક, માનવ, પશુ (શ્રવણથી) સૌને માટે છે. જૈનકુળ પ્રાપ્ત થયેલાને વિશેષ સરળ છે. દરેક દર્શનમાં મંત્રનું મહાત્મ્ય છે.

આ મંત્ર અનાદિ અને શાશ્વત છે. અનેક જીવો દ્વારા રટાય છે અને રહેશે. શુદ્ધ ભાવે ઉપયોગમાં આવતો મુક્તિદાતા છે. લેખકે આવા ઘણા ભાવો વ્યક્ત કર્યા છે.

પુનઃ શ્રી ગુલાબભાઈને તેમની હાર્દિક શ્રધ્ધાને અનુમોદન કરું છું.

☐ **સુનંદાબહેન વોહરા,** અમદાવાદ-૭
ફોન નંઃ ૦૭૯-૨૬૫૮૭૯૫૪

x x x

ઉડીને આંખે વળગે એવા લિસ્સા આરસપહાણ જેવા કાગળ પર છપાયેલા, કલાત્મક માતા સરસ્વતીદેવીનાં સુંદર ચિત્રવાળું, 'પ્રબુદ્ધ જીવન' મળ્યું.

માતૃશક્તિ, ધરતીમાતાની પ્રતિકૃતિ, વિશ્વને ધારણ કરનારી આ પ્રચંડ શક્તિને બિરદાવવી રહી. `Sweetness of Lite'ને ઉજાગર કરતો, દક્ષિણ આફ્રિકાનાં પનોતા પુત્રને બિરદાવતો તંત્રીલેખ, દેશભક્તિ, પ્રાણાંતે પણ પોતાનાં દેશબંધુઓ માટે કંઈક કરી છૂટવાની તમન્ના, પોતે સેવેલાં સ્વપ્નાંની પેલે પારની દુનિયાનું દર્શન, 'પ્રબુદ્ધ જીવન' નાં વાચકોને કરાવી ગઈ. કેટકેટલી યાતનાઓ આ મંડેલાજીએ સહન કરી!

શ્રી 'રમણ ગીતા'માં ડૉ. નરેશ વેદ, ખૂબ ખીલ્યા. હાલમાં, હું, ડૉ. ગુણવંત શાહની પુસ્તિકા, 'ઘરે ઘરે ગીતામૃત' વાંચીને, વિચારી રહ્યો છું. ગીતા, ગાયત્રી, સરસ્વતી અને શારદા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતાં રહ્યાં છે. 'જેની બુદ્ધિ દેહની અનિત્યતાને સ્વીકારે છે, તેવો મનુષ્ય આત્મવિચારનો અધિકારી ગણાય છે.' નરેશભાઈ લખે છે.

સ્થૂળ દેહમાં વસેલા સૂક્ષ્મ આત્માની ઉન્નતિ કરવાની ચાવી, અને તેનાં દ્વારા સમગ્ર બ્રહ્માંડનું તાળું ખોલીને માનવાત્માને મુક્તિ-પ્રદાન કરવાનો વિચાર શ્રેષ્ઠ રહ્યો. અધ્યાત્મમાં પણ આત્માની ઉપર જઈને, થઈને, સમગ્ર સૃષ્ટિનું નિરીક્ષણ-પરીક્ષણ કરવાની વાત જ કેન્દ્રમાં રહી છે. જગતનાં અનુભવ દ્વારા થતી અનુભૂતિની કેળવણી, 'હું'ને ઓગાળવાની-પીગળાવવાની વાત! સત્તા, સંપત્તિ કે કીર્તિ, આખરે છે શું? એ વિષેના ગહન ચિંતનમાં દોરી જતો લેખ, મારી જેમ સૌ પ્રબુદ્ધ વાંચકોને ગમ્યો હશે જ.

આપણે સૌએ સાથે મળીને, આ પરિગ્રહ રૂપી, સમગ્ર માનવજાતનાં દુશ્મનને નાથવાની વાત સમજાઈ ગઈ. આજે સંપત્તિ, માનવ મનમાં, પોતાનો પગદંડો જમાવીને, તેનાં સમગ્ર વ્યક્તિત્વને વેરવિખેર કરી રહી છે. તેમાંથી જન્મતી આસક્તિ માનવીને છિન્નભિન્ન કરી રહી છે.

તેને નિર્મૂળ કરવાનો સચોટ કીમિયો, ડૉ. નરેશભાઈએ પ્રસ્તુત કર્યો છે.

આખરે, જીવનનું લક્ષ્ય (ધ્યેય) શું તો કહે 'મુક્તિ', 'મોક્ષ', 'પંચમહાભૂતોનાં બંધનમાંથી મુક્તિ, કે જે જીવન દરમ્યાન મેળવવાની રહે છે. આત્માનો વિકાસ કરવાનો રહે છે. તેને જેટલો ઊંચે ચડાવી શકાય, તેટલો ચડાવવાનો રહે છે, કે જેથી તે ભૂત, વર્તમાન અને ભવિષ્યની સૃષ્ટિને જોવાની દૃષ્ટિ, પ્રાપ્ત કરી શકે !

ત્યારે વ્યવહારમાં શું બની રહ્યું છે. તો કહે, માનવી, સાધનોની માયાજાળમાં, એવો તો ખૂંપી રહ્યો છે કે તેની સમગ્ર દૃષ્ટિને અંધાપો આવી ગયો છે ! સુખ પાછળની દોટ, રંકની ઉપેક્ષા, ખાસની માવજત અને આમ-આદમીની ઘોર ઉપેક્ષાએ પતનને નોતર્યું છે. સત્તા-સંપત્તિનાં પદમાં છકેલા રાજકીય-નેતાઓ, Party-Politicsમાં દેશપ્રેમ (Patriotism)ની આહૂતિ આપી રહ્યા છે, તેને પરિણામે, મોંઘવારી, ભ્રષ્ટાચાર અને આમ-આદમીની મુસીબતો, આસમાનને આંબી રહી છે, ત્યારે કરવું શું ? તો કહે, 'મત'નો ઉપયોગ. Vote For Victory!

☐ **હરજીવન થાનકી,** સીતારામનગર, પોરબંદર

x x x

'પ્રબુદ્ધજીવન' દ્વારા અમારું ઘડતર થઈ રહ્યું છે. જિજ્ઞાસા વધે છે. જાણકારી મળે છે. આપના ઋણી છીએ. આભાર

☐ **શંભુ યોગી**

x x x

'પ્રબુદ્ધજીવન'નો જાન્યુઆરી ૨૦૧૩નો 'ગાંધી સ્મૃતિ ચિંતન' વિશેષાંક' તેના લેખોને કારણે બહુ પ્રેરણા આપે તેવો છે.

આપ વિચારશો કે, ગાંધીજીના જીવન દરમ્યાન ભારતની આઝાદીની લડતના જુદા જુદા તબક્કાઓમાં ઉત્તરોત્તર ગાંધીજીએ ભારતને અંગ્રેજોની હકૂમતમાંથી છૂટકારો મળે અને ભારતના લોકો પોતે જ ભારતનું રાજ ચલાવે તેવા મનનાં સંકલ્પો સાથે લોકોને તૈયાર કરવા માટે અનેક જાતની અહિંસક લડતો કરી, છેલ્લી લડત તો ૧૯૪૨ના જુલાઈ મહિનામાં 'અંગ્રેજો ચાલ્યા જાવ', 'ક્વીટ ઇન્ડિયા' 'ભારત છોડો' એવો જે ઠરાવ કોંગ્રેસ પાસે ગાંધીજીએ કરાવ્યો અને પોતે જ એ ઠરાવના સમર્થનમાં અનશન પણ કરેલાં, અને ગાંધીજીને તથા અન્ય કોંગ્રેસી આગેવાનોને બ્રિટીશ સરકારે પકડીને જેલમાં પૂરી દીધા, તે દિવસો ૧૯૪૨નાં જુલાઈ-ઓગસ્ટના હતા.

ત્યાર બાદ અંગ્રેજો 'ચાલ્યા જાવ'ની ચળવળ ૯મી ઓગસ્ટથી શરૂ થઈ અને ૮મી ઓગસ્ટે રાતના ભારતના ગાંધીજી તથા દેશના મહત્ત્વના નેતાઓને બ્રિટીશ સરકારે પકડીને જેલમાં પૂર્યા.

એના કારણસર ૯મી ઓગસ્ટની સવારથી સમગ્ર દેશની અંદર આઝાદીની લડત સ્વયંભૂ શરૂ થઈ. ગુજરાતમાં પણ એ રીતે થયું અને અમદાવાદમાં વિદ્યાર્થીઓએ અનેક ઠેકાણે સરઘસો કાઢ્યાં.

હું સ્કૂલમાં તે વખતે ભણતો હતો, પણ બીજે દિવસે ખબર પડી કે, ગુજરાત કૉલેજમાં વિનોદ કિનારીવાલા નામના વિદ્યાર્થીને સરઘસ કાઢવાને કારણે બ્રિટીશ પોલીસે ગોળી મારી અને કૉલેજના કમ્પાઉન્ડમાં તે મરી ગયો. ત્યાર પછી તો સાડાત્રણ મહિના સ્કૂલો બંધ રહી અને બ્રિટીશ સરકાર સામે વિદ્યાર્થીઓ અને યુવકોએ ચારે તરફથી જે લડત શરૂ કરી તેમાં ગુજરાત અને અમદાવાદ આગળ હતું. આ અંગેની લડતનો આખો ઇતિહાસ આપણે સ્વતંત્ર થયા પછી બહાર પડ્યો છે તે આજના યુવકોએ પણ વાંચવા જેવો છે. મારું સદ્ભાગ્યે કે ૧૯૪૨ના ઓગસ્ટ મહિનામાં જ હું સરઘસમાંથી પકડાયો અને જેલમાં ગયો-ત્યારે અમારા જેવા યુવાન મિત્રોની ભાઈબંધી થઈ તેનું મહત્ત્વ બહુ હતું. આઝાદી આવ્યા પછી હું ગુજરાત કૉલેજમાં ભણતો હતો ત્યારે વિચાર આવ્યો કે, ૧૯૪૨માં અંગ્રેજ સૈનિકની બંદૂકમાંથી છૂટેલી ગોળીથી, સામી છાતીએ જ ગોળી ઝીલીને મરી ગયેલો ગુજરાત કૉલેજનો તે વિદ્યાર્થી વિનોદ કિનારીવાલાની, તેની મૃત્યુની જગા પર જ તેની ખાંભી કેમ ન કરીએ ? એ માટે નેતૃત્વ લઈને આરસપહાણની ઉત્તમ ખાંભી જૈનોના દેરાસરમાં આરસપહાણનું કામ કરનારા સોમપુરા ભાઈઓ પાસે બનાવી - તેની અંદર જે ચિત્રો ઉપસાવવાના હતા તે કલાગુરુ રવિશંકર રાવળે કરી આપેલા. એ ખાંભીનું ઉદ્ઘાટન ૧૦મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે ભારત દેશના મોટા ગજાના નેતા અને ક્રાંતિકારી શ્રી જયપ્રકાશ નારાયણે કરેલું - ત્યારે મંચ પર તેમના પત્ની, અને અશોક મહેતા, દાદાસાહેબ માવલંકર વગેરે પણ હતા. સમારંભ બહુ જ મહત્ત્વનો બન્યો - અને એ મારા જીવનનું સૌથી મહત્ત્વનું સ્મરણ બન્યું. જેને કારણે દર વર્ષે ૯મી ઓગસ્ટે અમે તે કિનારીવાલા ખાંભી પર મળીએ છીએ. ઉપરાંત આ વખતના 'પ્રબુદ્ધજીવન'ના અંકમાં તમે બહુ જ ઉત્તમ લેખો લીધા છે, તે તમારી વિશાળ દૃષ્ટિ દર્શાવે છે. ખૂબ આનંદ અને અભિનંદન.

એક ખાસ બાબત અંગે લખું છું- તે છે 'મર્ડર ઓફ મહાત્મા ગાંધી' નામની ચોપડી જસ્ટીસ જી. ડી. ખોસલા કે જેઓ પંજાબ હાઈકોર્ટના રિટાયર્ડ જસ્ટીસ હતા અને જેમની ખાસ નિમણૂક ગાંધીજીની હત્યા પછી નાથુરામ ગોડસે પર ખાસ કેસ ચલાવવા માટે એક સ્પેશ્યલ કોર્ટ પંજાબ હાઈકોર્ટે નીમેલી તેના મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટીસ જી. ડી. ખોસલાને નીમેલા–જેમણે એ કેસ ચલાવેલો અને તેનો ફેંસલો આપ્યો તેમાં નાથુરામ ગોડસે, તથા આપ્ટેને ફાંસીની સજા થયેલી. તે પછી જસ્ટીસ ખોસલા રિટાયર્ડ થયેલા, પણ કેટલાક વર્ષ પછી તેમના મિત્રોના આગ્રહથી તેમણે જે મહત્ત્વના કેસો ચલાવેલા તે અંગે ચોપડી લખેલી તેનું નામ 'મર્ડર ઓફ મહાત્મા' અને બીજી સ્ટોરી.

આ ચોપડી છપાયેલી અને મને અકસ્માત ૧૯૬૯ના વર્ષમાં ગાંધી શતાબ્દી વર્ષ વખતે મેં નવજીવન પ્રકાશનને પૂ. મોરારજીભાઈના કહેવાથી એક વર્ષ ગાંધી સાહિત્ય વેચવા માટે દેશમાં મોટા ઉદ્યોગપતિને મળીને તે કામ કરેલું. ત્યારે મને 'મર્ડર ઓફ મહાત્મા' નામની ચોપડી

મળેલી, તે ચોપડીને મેં અંગ્રેજીમાં જ રીપ્રીન્ટ કરી અને તેની ૩૦૦૦ નકલો કરી. કેટલીયે સંસ્થાઓએ તે માંગી અને મોકલી આપી. હજુ પણ ૫૦ નકલો મારી પાસે છે, પરંતુ તેનું ભાષાંતર કરવાનો વિચાર આવ્યો અને મેં એક સારું ભાષાંતર કરનાર એક બહેન પાસે તેનું ભાષાંતર કરાવ્યું અને તે હું છાપવા માગું છું. ભાષાંતર કરનાર બહેન મને અવારનવાર પૂછે છે કે, છાપવાનું શું કર્યું? જ્યાં સુધી નક્કી ન થાય ત્યાં સુધી તેમને શું જવાબ આપવો. આ સંદર્ભમાં જ તમને લખું છું કે, મુંબઈ જૈન યુવક સંઘ 'મર્ડર ઓફ મહાત્મા'નું ભાષાંતર છાપે ખરૂં? તેની ૪૦૦૦ નકલ કરીએ ('પ્રબુદ્ધજીવન'ના ૨૫૦૦ ગ્રાહકો + ૧૫૦૦ બીજા) તો તેનો કુલ ખર્ચ મારી ધારણા પ્રમાણે ૫૦ હજારનો થાય. મારી પાસે એ અંગે ૧૫ હજારની સગવડ છે. તમે આ અંગે હકારાત્મક વિચાર કરતા હો તો તમને એ અનુવાદ ટાઈપ કરેલો છે તેની એક નકલ મોકલી આપું. ૧૫ હજાર ઉપરાંતનો ખર્ચ તમારે ત્યાંથી બહુ સહેલાઈથી મળી શકશે એવું મને લાગે છે. આ સાથે અંગ્રેજી ચોપડી 'મર્ડર ઓફ મહાત્મા' મોકલું છું.

☐ **સૂર્યકાન્ત પરીખ**, અમદાવાદ
મો.નં. ૦૯૮૯૮૦૦૩૯૯૬

x x x

'પ્રબુદ્ધજીવન'નો ગાંધી સ્મૃતિ ચિંતન વિશેષાંક આખો વાંચી ગયો. મારાથી જો શક્ય હશે તો મારી સંસ્થામાં કામ કરતા મારા એક કાર્યકર જે સારા ટાઈપીસ્ટ છે, તેમને હું આ અંકની મુખ્ય બાબતો ગાંધીજી અંગેની તે એક પોકેટ બુક જેવી સાઈઝમાં તૈયાર કરવાનો પ્રયત્ન કરીશ, અને જો એ થશે તો તમને મોકલીશ. અને એ પોકેટ બુક વધારે મોટા પ્રમાણમાં છપાવવાનું યોગ્ય લાગશે તો એ છપાવીશું, જે કોઈને પણ મોકલવા માટે બહુ જ કામ લાગે. ગીતાના અવસાન પછી તેની સ્મૃતિમાં એક ચોપડી કરી, પણ મારા મનમાં હજુ વધારે કંઈક કરવાનું છે. જોઉં છું કે, કરી શકાશે કે નહીં. કરી શકાય અને સફળ થઉં તો તેનો યશ 'પ્રબુદ્ધજીવન'ને જશે.

ભગવાન મહાવીરથી માંડીને ગાંધીજી કે વિનોબા વિગેરેના વિચારોમાં સમાજને સારા વિચારોથી ભરી દેવું એવો એક પ્રયત્ન વર્ષોથી રહ્યો છે. એ રીતે સમાજમાં સારા વિચારોનો ઢગલો થતો જ જાય છે, તે છતાંય બીજી તરફથી સમાજમાં શોષણ માનસ ઓછું થતું નથી. બીજી તરફથી પરિગ્રહ ઓછો કરો કે જેથી મનને અને તનને સુખ અને શાંતિ મળે એવા વિચારો સતત સમાજમાં વહ્યાં કરે છે, છતાં સમાજમાં ખૂબ પૈસાપાત્ર થવું એવી વિચારધારા ઓછી થતી નથી.

૧૯૧૫માં ગાંધીજી ભારત આવ્યા અને ૧૯૪૮માં તેમનું ખૂન થયું તે ૩૨-૩૩ વર્ષના ગાળામાં જે સારા વિચારો સમાજમાં વવાયા, તે છતાં સ્વરાજ પછીની સત્તાધારણ કરેલી સરકારોએ એ મૂળભૂત વિચારોનો અમલ કરવાને બદલે બીજી તરફ સમાજ જાય એવી આર્થિક અને સામાજિક નીતિઓ કરી.

આજે આપણી વચ્ચે એવા મૂળભૂત વિચારોથી સમાજને જાગ્રત કરે, અને એક બીજાનું શોષણ કરવાની વૃત્તિ સમાજમાં ઓછી થાય તેવું કરનાર કોઈ મહાનુભવો પણ નથી, છતાંય તેવા વિચારોને સમાજ તરફ દોરનાર ગાંધી વિચારને વળગી રહેનારી કેટલીય નાની-મોટી સંસ્થાઓ છે. તેઓ પ્રયત્ન કરે છે, પણ રાજદ્વારી સત્તા એ બીજી તરફ સમાજને લઈ જાય છે.

ગાંધી સ્મૃતિ ચિંતન વિશેષાંક વાંચતા મારું મન આ બધા વિચારો કર્યા કરે છે, તે તમારી પાસે અભિવ્યક્ત કરું છું.

વિચાર પ્રચાર માટેનું મોટું સાધન એ વાંચન છે અને સમાજ એવા વાંચન તરફ વળતો રહે એવા પ્રયત્નો તમે કરો છો, તે માટે તમને ખૂબ અભિનંદન ઘટે છે. હું એવા પ્રયત્નોમાં મદદરૂપ થવાનો પ્રયત્ન કરું છું. 'પ્રબુદ્ધજીવન'માં આવેલા ગાંધીના વિચારોનું નાનું સ્વરૂપ હું આપવા માટે સફળ થઈશ, તે ખબર નથી.

☐ **સૂર્યકાન્ત પરીખ**, અમદાવાદ
મો.નં. ૦૯૮૯૮૦૦૩૯૯૬

x x x

હમારા વ્હાલા શ્રી ધનવંતભાઈ,

બાબૂજીના સાદર જય જિનેન્દ્ર આદર સહિત. હમણાં તમારા 'પ્રબુદ્ધજીવન'માં ઘણા ઉચ્ચ આદર્શજનક લેખો વાંચવા મળે છે. તેમાં પણ જાન્યુઆરી અંકમાં નેલ્સન મંડેલા બાબતના લેખની તો શું વાત કરીએ? અતુલનીય જ લાગ્યું અમને. અમો ૧૧-૧૨ જણ આ લેખને વાંચીને પોતાને કૃતાર્થ માનીએ છીએ. તમને અભિનંદન પાઠવીએ છીએ. ભાઈ ડૉ. નવીન વિભાકરની અને ચોપડી તો અત્યારે પણ વાંચવાની ઈચ્છા છે. 'સપનાની પેલે પાર, નેલ્સન મંડેલા' એ ક્યાં છપાઈ છે? અને અમને લખી જણાવો. કાં તો ફોન ઉપર બાબા (દિલીપ બાબા) કાં તો ભરતભાઈ જોડે વાત કરીને જણાવશો. ક્યાંથી મળી શકે એમ છે અને પ્રકાશક વગેરેનું નામ જણાવવાની કૃપા કરશો. બસ. આટલા માટે જ તમને તકલીફ આપીએ છીએ. હવે લેખ ઘણા સારા ને કામના લાગે છે. 'પ્રબુદ્ધજીવન'ના.

તમારા જ
☐ **'બાબૂજી'**, વૃંદાવન

x x x

નમસ્તે. આપ પરિવાર સહ કુશળ હશો. 'પ્રબુદ્ધજીવન' નિયમિત રીતે મળે છે અને વાંચીને ખૂબ જ્ઞાન સાથે સુંદર માહિતી મળે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ પણ ખૂબ સુંદર અને માહિતીપૂર્ણ હોય છે. આટલા બધા વિદ્વાનોને એક મંચ પર લાવી સંગીત વંદનાના કાર્યક્રમ સાથે આયોજિત કરવો તે ખૂબ મહેનત માગી લે તેવું કામ છે. તમને ભગવાને ખૂબ આર્શિવાદ આવા સારા કામ કરવા આપેલ છે.

તેનો લાભ સમગ્ર સમાજને મળે છે. 'પ્રબુદ્ધજીવન'નું તંત્રીપદ પણ તમે ખૂબ સફળતાપૂર્વક પાર પાડી રહ્યા છો તેના અનેકાનેક અભિનંદન અને આપણા સમાજને આનો લાભ મળે તે ખૂબ ધન્યતાની લાગણી અનુભવાય તેવો છે. તમને મળી જાતે અભિનંદન આપવાની ભાવના છે. તમે ભાવનગર આવેલ. તમારી સાદાઈ અને નમ્રતા નજર સમક્ષ આવે છે. તમે આપણા સમાજનું ગર્વ છો. શુભેચ્છાસહ.

**☐ ડો. ભીમાણી**
૦૨૭૮-૨૪૨૫૦૬૭

'પ્રબુદ્ધજીવન'ના દર અંકે આપનો તંત્રીલેખ વિચારોત્તેજક હોય છે જે હું વાંચી જાઉં છું. તે ઉપરાંત પણ રસપ્રદ નોંધો, પુસ્તક પરિચય, છેલ્લા પાનાના પ્રસંગો, 'જયભિખ્ખુ'ના જીવનપ્રસંગો વગેરે રસપૂર્વક વાંચું છું અને તેનાથી નિર્ભેળ આનંદ મળે છે. ખાસ અંકો સમૃદ્ધ હોય છે.

**☐ ગંભીરસિંહ ગોહિલ,** ભાવનગર
૦૨૭૮-૨૫૬૯૮૯૮

✷ ✷ ✷.

## માલવી ઍજ્યુકેશન ટ્રસ્ટ–કુકેરીને રૂપિયા ૩૫,૨૭,૩૯૦નો ચેક અર્પણ

૨૦૧૩ની પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ઉપરની સંસ્થા માટે જે અનુદાન પ્રાપ્ત થયું હતું એ રકમનો ચેક એ સંસ્થાને અર્પણ કરવા આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો, દાતાઓ અને શુભેચ્છકો, એમ ૨૩ વ્યક્તિઓ તા. ૧૫, ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૪ના બસ દ્વારા વલસાડ-ધરમપુર પાસેના કુકેરી ગામે જવા રવાના થયા. પૂ. ગુરુદેવ રાકેશભાઈ ઝવેરી ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન આશ્રમમાં બિરાજમાન છે એવી જાણ થતાં સર્વે સભ્યો એ આશ્રમની ભૂમિના દર્શન કરવા ગયા. સંસ્થાના ટ્રસ્ટી શ્રી મહેશભાઈ ખોખાણી અને અન્ય શિબિરાર્થીએ સર્વેનું ભાવભર્યું સ્વાગત કરી આશ્રમનું વિગતે દર્શન કરાવ્યું. પૂ. રાકેશભાઈના ગણધરવાદ ઉપરના પ્રવચનનો સર્વેએ લાભ લીધો, અને સર્વેની વિનંતીને માન આપી ગુરુદેવ પૂ. રાકેશભાઈએ સર્વેને મુલાકાત આપી વીસેક મિનિટની જ્ઞાનગોષ્ટિનો વિશેષ લાભ આપ્યો. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓ વ્યાખ્યાનમાળા, પ્રબુદ્ધ જીવન અને અન્ય કરુણાના કામોથી પૂ. ગુરુદેવ વાકેફ છે જાણીને સર્વેને વિશેષ આનંદ થયો અને પૂજ્યશ્રીને વ્યાખ્યાનમાળા તથા સ્વાધ્યાય શિબિરમાં પધારવાનું સંઘના પ્રતિનિધિઓએ વિનંતિભર્યું આમંત્રણ આપ્યું જેનો પૂજ્યશ્રીએ પોતાની અત્યંત વ્યસ્તતા છતાં સરળ ભાવે સ્વીકાર કર્યો. પૂજ્યશ્રીના આ ભાવ માટે યુવક સંઘ પૂજ્યશ્રીનો ઋણી રહેશે.

સાંજે છ વાગે ધરમપુરથી નીકળી સર્વે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલાએ સ્થાપેલ કપરાડા ગામના શબરી છાત્રાલયમાં આવ્યા.

શ્રી નીતિનભાઈનો આ સેવાયજ્ઞ જોઈને સર્વે પ્રભાવિત થયા. આ સંસ્થા વિશે વિગત આપવા મેં શ્રી નીતિનભાઈને પ્રેમાગ્રહ કર્યો : હવે એમના જ શબ્દોમાં અહીં ઉતારું છું.

''વર્ષ ૧૯૮૮માં ગુજરાતના ધરમપુર તાલુકાના જંગલ તેમ જ અંતરિયાળ આદીવાસી વિસ્તારમાં કંઈક કરવું છે તેવી પ્રબળ ઈચ્છા થઈ. યોગાનુયોગ પ્રો. ભાનુભાઈ જોષીના સંપર્કમાં આવ્યો. સવારમાં ટીફીન લઈ તેમની બાઈક ઉપર જંગલમાં ખૂબ રખડ્યાં. તે પછી શ્રી નીતિનભાઈ દેસાઈ જોડાયા જેમની ૧૯૫૬ની ફિયાટ ગાડીમાં જંગલ વિસ્તાર ખૂંદી વળ્યા.

કન્યાઓની, સ્ત્રીઓની તેમ જ વડીલ માતાઓની યાતના જોઈ હૃદય દ્રવી ઉઠ્યું. ચિંતન મનન કર્યા પછી એ નિષ્કર્ષ પર આવ્યા કે ભણતર અને ઘડતર જો દીકરીઓનું થશે તો સમાજમાં સ્ત્રીઓની પરિસ્થિતિ સુધરશે અને મહત્ત્વ વધશે. માટે Education is the only remedy for above situation.

માત્ર કપરાડા ગામમાં ઉત્તર બુનિયાદી (Secondary) શાળા હતી. વિસ્તારમાં ૧૩૨ ગામડાઓ દૂર દૂર સુધી છવાયેલા ને પૂરો ડુંગરીયાળ વિસ્તાર. જો દીકરીઓને ભણાવવી હોય તો પોતાના ગામથી Secondary Schoolમાં રોજ આવન જાવન કરવું આર્થિક રીતે તેમ જ સમયની દૃષ્ટિએ પણ અસંભવ હતું. એનો અર્થ એ કે શિક્ષણથી દીકરીઓને વંચિત રાખવી.

૨૫૦૦ ફૂટની ઊંચાઈએ સહ્યાદ્રી પર્વતમાળામાં આવેલા કપરાડા ગામમાં Secondary School છે. જો ત્યાં છાત્રાલય બનાવી દીકરીઓને રાખી સામે સ્કૂલમાં ભણાવવાની વ્યવસ્થા થઈ શકે તો તેમને શિક્ષિત કરી શકાય.

સ્કૂલના આચાર્ય શ્રી છીબુભાઈ પટેલની મુલાકાત લઈ પૂછ્યું: આપને ત્યાં કેટલી દીકરીઓ ભણે છે ? જવાબ મળ્યો એક પણ નહીં. અમે વિનંતી કરી આપ તેમને ભણાવશો તો તેમણે તુરત જ સંમતિ આપી. એક ઝૂંપડામાં દીકરીઓને રાખવાની વ્યવસ્થા થઈ. પણ દીકરીઓને ત્યાં મૂકે કોણ ? મુંબઈથી આવેલ અજાણ વ્યક્તિ પાસે ? ફરી ચિંતન મનન. છીબુભાઈનાં પત્ની વાસંતીબેને ગૃહમાતા બની, દીકરીઓને સાચવવાના સૂચનને વધાવી લીધું. આમ ૧૦ દીકરીઓથી તેમના ભણતર અને ગણતર દ્વારા દીકરીઓના જીવનનું સુંદર ચણતર કરવાનું સપનું સાકાર થતું જોઈ શક્યા.

૨૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલ કપરાડા ગામમાં લાઈટ ન હતી.

ટેલિફોન ન હતા. કાચા રસ્તાઓ અને રસ્તા પર ઘણાં સાપ જોવા મળતા. કપરાડા ગામમાં માત્ર ઝૂંપડાંઓ અથવા કાચા ગણ્યાગાંઠ્યાં મકાનો હતાં.

૧૦ દીકરીઓથી ૧૯૮૯માં શબરી છાત્રાલયના નામથી શરૂ કરેલ યાત્રા ૧૯૯૮માં ૪૫ દીકરીઓને લાભ આપતી થઈ. હિતેન્દ્રભાઈ દેસાઈની ગુજરાત સરકારમાં ઉર્મિલાબેન ભટ્ટ (કીકીબેન)ને અમારી આ પ્રવૃત્તિની જાણ. તેમનાં નાની વહીયળના આશ્રમની કોઈકવાર મુલાકાત લઈ માર્ગદર્શન આપતાં તેમ જ ત્યાં સુખદુઃખની વાતો કરતા.

તેમના આશીર્વાદથી ને સૂચનથી તેમણે યોગ્ય ભાવે આદીવાસી વિસ્તારની તેમના ટ્રસ્ટની કપરાડામાં જગ્યા આપી ને તેમના હસ્તે ખાતમુહૂર્ત કરી ૧૯૯૯માં સંપૂર્ણ સુવિધા સાથેનું છાત્રાલય બનાવી શક્યા જ્યાં આજે ૮૦ ગામની ૧૩૦ દીકરીઓ લાભ લઈ રહી છે. ૧૯૯૯થી આ યજ્ઞમાં અમારી સાથે પ્રવીણભાઈ પટેલ, સુધાબેન પટેલ, તેમ જ ભગુભાઈ સ્ટાફ તરીકે સેવા આપી રહ્યા છે.

અમારો અનુભવ છે કે એક દીકરી ભણે એટલે બે ઘરમાં જ્ઞાનદીપક પ્રગટે તેમ જ ગામ આખું ભણતું થાય. એટલું જ નહીં ભવિષ્યની પેઢી પણ ભણતી થાય. ભણવાથી ત્રુટીઓ, બદીઓ, દુરાચારો અટકે, કાબૂમાં આવે અને સમાજને તેનો લાભ મળે.

આપ સર્વે ધનવંતભાઈના નેતૃત્વ હેઠળ શબરી છાત્રાલયના આમંત્રણને માન આપી પધાર્યા અને દીકરીઓને આશીર્વાદ ને આશીર્વચન કહ્યા તે બદલ સૌના અમો ઋણી છીએ. ખરેખર, ધનવંતભાઈ આપે ખૂબ જ વિસ્તારપૂર્વક નમસ્કાર મહામંત્ર દીકરીઓને સમજાવ્યો તે બદલ અમે સૌ ધન્યતા અનુભવીએ છીએ.

ફરી ફરી પધારશો એવી આશા ને અપેક્ષા, કારણ તમે સૌ કે. એમ. સોનાવાલા ચૅરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શબરી છાત્રાલયનો પરિવાર બની ગયા છો.

એ જ લિ. **નીતિન સોનાવાલા**
શબરી છાત્રાલય ટ્રસ્ટી
કે. એમ. સોનાવાલા ચૅરિટેબલ ટ્રસ્ટ''

આવા પવિત્ર સ્થળમાં અમને ભાવભર્યું ભોજન અને કન્યાઓનું ભજન અને ભાવ મળ્યા. અમારા ચંદુભાઈ ફ્રેમવાળા અને અન્યોએ કન્યાઓને સંબોધી કાવ્ય અને ઉપદેશ રસ પીરસ્યો. કન્યાઓએ પોતાના વક્તૃત્વમાં ગાંધી અને ગાંધીના આદર્શોને તાદશ્ય કર્યા.

રાતવાસો કરી, સવારે અલ્પ ભોજન કરી અને કન્યાઓએ જે વિદાયગીત ગાયું એનાથી તો સર્વ ગદ્ગદીત થઈ ગયા.

નીતિનભાઈને બધી દીકરીઓ જે વ્હાલથી અને આદરથી 'પપ્પાજી' શબ્દ બોલે એમાં તો મને સ્વર્ગ સમાયેલું લાગે. નીતિનભાઈની આવી સેવાઓને અમારા વંદન વંદન.

ત્યાપ પછી અમે સૌ કુકેરી પહોંચ્યા. અમારું ભાવભર્યું ભવ્ય સ્વાગત થયું.

## શાંતાબા વિદ્યાલય કુકેરીને મળેલું માતબર દાન

માલવી ઍજ્યુકેશન એન્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શાંતાબા વિદ્યાલય-વાત્સલ્યધામ કુકેરીમાં બાળકોને વિનામૂલ્યે શિક્ષણ-ભોજન-શૈક્ષણિક સુવિધાઓની કીટસ આપવામાં આવે છે. સરકારશ્રીની કોઈ પણ પ્રકારની ગ્રાંટ મળતી નથી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી ગુજરાત રાજ્યમાંથી દર વર્ષે એક સેવાભાવી સંસ્થાની પસંદગી કરવામાં આવે છે અને પર્યુષણ દરમ્યાન વ્યાખ્યાનમાળા યોજી સંઘના ૨૦૦૦ સભ્યોને પત્રિકા દ્વારા સંસ્થાને આર્થિક સહયોગ કરવા માટે અપીલ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે માલવી ઍજ્યુકેશન એન્ડ ચૅરિટેબલ ટ્રસ્ટની પસંદગી કરવામાં આવી ને ૩૫,૨૭,૩૯૦/- રૂપિયા જેવી માતબર રકમ એકત્ર કરી સંસ્થાને ઘર આંગણે આવી સંસ્થાના ઉપપ્રમુખ શ્રી નીતિનભાઈ સોનાવાલા દ્વારા પરમ પૂજ્ય સંતશ્રી શરદભાઈ વ્યાસને ચેક અર્પણ કર્યો. અને સંતશ્રી શરદભાઈ વ્યાસ દ્વારા સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પરિમલ પરમારને ચેક અર્પણ કરવામાં આવ્યો.

ચેક અર્પણ સમારોહમાં ઉપસ્થિત નડિયાદના દાનવીર ડૉ. હિરુભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે હું પ્રાર્થનામાં ખૂબ વિશ્વાસ રાખું છું અને પ્રભુ મારી પ્રાર્થના સાંભળે છે. સંસ્થાના એડવાઈઝર ને કમિટીના મેમ્બર શ્રી અતુલભાઈ દેસાઈએ જણાવ્યું કે તમે આ સંસ્થા માટે બીજી ત્રણ વ્યક્તિને વાત કરજો જેથી સંસ્થાનો વિકાસ ખૂબ જ ઝડપથી થાય. શ્રી દિલીપભાઈ શાહ મુંબઈએ જણાવ્યું કે સંસ્થામાં અભ્યાસ કરતો દરેક બાળક પગભર થવો જોઈએ અને એ સમાજનો સારો માણસ બનવો જોઈએ. નીતિનભાઈ સોનાવાલા ઉપપ્રમુખ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈએ જણાવ્યું કે આ સંસ્થા ખૂબ જ પ્રમાણિકતાથી કામ કરે છે અને એક જ અવાજે અમારા સૌ સભ્યોએ આ સંસ્થાની પસંદગી કરી. મંત્રી શ્રી ધનવંતભાઈએ જણાવ્યું કે અમે તો પોસ્ટમેનનું કામ કરીએ છીએ. અનેક દાતાઓએ જે દાન આપ્યું છે તે એમને ઘરઆંગણે જઈ આપીએ છીએ. અત્યાર સુધીમાં અંદાજીત ૫ કરોડ રૂપિયા જેટલી રકમ ૨૯ સંસ્થાઓને આપવામાં આવી છે. અને જે જે સંસ્થાને અમે મદદ કરી છે તે સંસ્થાનોખૂબ જ વિકાસ થયો છે. રોટરીના ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી દિનેશસિંહ ઠાકોરે Teach એટલે શું તે જણાવ્યું અને અહીં જે સગવડ આપવામાં આવે છે એવી સગવડ તો પ્રાઈવેટ હોસ્ટેલમાં પણ મળતી નથી. શ્રી રજનીકુમાર પંડ્યા સાહિત્યકાર અને લેખકે જણાવ્યું કે અમે તો તરસ્યાને તળાવ સાથે ભેટો કરાવીએ છીએ.

અંતમાં પરમ પૂજ્ય સંતશ્રી શરદભાઈ વ્યાસે જણાવ્યું કે આ વિસ્તારમાં દરેક ક્ષેત્રમાં ખૂબ જ જરૂરિયાત છે. કોઈકને પંદર દિવસનું અનાજ આપી દેવાથી એનો વિકાસ થતો નથી. પરંતુ એ અનાજનું ઉત્પાદન કરે એવો એને બનાવવો જોઈએ. આઝાદીના ૬૭ વર્ષે પણ આ દેશમાં ૬૭ ટકા ગરીબોને રાહત દરનું અનાજ આપવામાં આવે

છે એના પરથી જ ખબર પડે છે કે આપણે હજુ ક્યાં છીએ? આવી સેવાભાવી સંસ્થાઓના સહારે જ દેશનો વિકાસ થઈ શકે તેમ છે.

શ્રી સૂર્યકાંતભાઈ શાહ ગાર્ડનના દાતાશ્રીએ જણાવ્યું કે આ સંસ્થાનો પરિચય મને મહેશભાઈ કોઠારીએ કરાવ્યો હતો અને આ સંસ્થા દ્વારા ખૂબ જ સારી પ્રવૃત્તિ થઈ રહી છે.

અંતે આભારવિધિ સંસ્થાના ટ્રસ્ટી શ્રી મયૂરભાઈ શાહે કરી હતી.

આ પ્રસંગે ગાર્ડન, બોઈઝ હોસ્ટેલ, ગર્લ્સ હોસ્ટેલ, ધોરણ ૧૧-૧૨ સામાન્ય પ્રવાહ – વાણિજ્ય પ્રવાહના મકાનની તક્તીનું અનાવરણ કરવામાં આવ્યું.

તા. ૧૬-૦૨-૨૦૧૪ના બપોરે કુકેરીથી નીકળી, માર્ગમાં અન્ય સ્થળોએ દર્શન કરતા રાત્રે અમારો પ્રવાસ પૂર્ણ થયો. આ પ્રવાસ અમારા માટે અનેક રીતે ચિરસ્મરણિય રહેશે.

હજુ અમારા હૃદયમાં શબરી છાત્રાલયની કન્યાઓએ ગાયેલું વિદાય-ગીત ગૂંજે છે અને આંખ અને હૃદય ભીના ભીના થઈ જાય છે. ગજબનો અમારો સંબંધ એ કન્યાઓ સાથે બંધાઈ ગયો.

**હસતે મુખડે જાજો**

મુજ દ્વારેથી ઓ પંખીડાં, હસતે મુખડે જાજો
વિદાય ટાણે ઓ પંખીડાં, ગીત મધુરાં ગાજો.

પંખીના મેળાને આજે વિખરાવાની વેળા
કોણ જાણે ક્યારે પાછા સંગ મળીશું ભેળા.
કાળ તણી એ ગત સમજીને ઉજ્જવળ પંથે જાજો.

તું આવ્યાથી મારા સૂના ઉપવન ગાજી ઊઠ્યા
હૈયા કેરી ડાળે ડાળે સુંદર ફૂલડાં ખીલ્યાં.
યાદ તારી મુજને થાતાં અંતર રડતું આજે.

હસતાં આવી હસતાં જાવું, એ જ કળા જીવનની
બોલ્યું ચાલ્યું માફ કરજો, વાણી થંભી જાતી.
સબસે ઊંચી પ્રેમ સગાઈ, વાદી કદી ના વિસરજો.

મુજ દ્વારેથી ઓ પંખીડાં..

✶ ✶ ✶

# સર્જન-સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **છ દ્રવ્યનું સ્વરૂપ**
લેખક : પુષ્પાબહેન ક. શાહ-માંડવી
પ્રકાશક : શ્રી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી, મુંબઈ, જૈન સકળ સંઘ, ૪૦૧, સીવીક સેન્ટર, ચોથે માળે, નાયગાંવ, ક્રોસ રોડ, દાદર, મુંબઈ-૪૦૦ ૦૧૪.
મૂલ્ય-અમૂલ્ય, પાના-૯૬, આવૃત્તિ-ઈ.સ. ૨૦૧૦.

આ પુસ્તકમાં લેખિકા પુષ્પાબેન શાહે છ દ્રવ્યોને એક જીવંત પાત્ર રૂપે રજૂ કર્યા છે. આમ તો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે પાંચ અજીવ તત્ત્વો છે. એ ક્યારેય બોલે નહિ, પણ લેખિકાએ એમને બોલતા બનાવી અસત્ કલ્પના રૂપે મૂક્યા છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે દાદીમાની વાતો સાથે શરૂ થયેલું ચિંતન આલોકને જૈન તત્ત્વજ્ઞાનના પગથારે મૂકે છે. જ્ઞાન પ્રકાશનો આ પૂંજ આલોકની સાથે સાથે આપણને પણ જીવ અજીવ, બંધન અને મુક્તિનો ભેદ સમજાવશે અને સત્યનો રસ્તો બતાવશે.

આ પુસ્તકના મુખ્ય પાત્ર 'આલોક' પાસે છ દ્રવ્યે વારાફરતી આવે છે. છ દ્રવ્યો 'આલોક' પાસે પોતાનું સત્ય સ્વરૂપ કહે છે. પુષ્પાબેને આ પાત્રોને જીવંત બનાવ્યા છે.

સદ્‌ગુરુની પ્રેરણાથકી વ્યક્તિત્વથી અસ્તિત્વ અને જીવથી શિવ સુધીની આપણી યાત્રા શરૂ થાય છે. આ યાત્રાના માર્ગે ચાલતા જ્ઞાનનો પ્રકાશ જરૂરી છે જે આપણને આગમ અને સદ્‌ગુરુના ઉપદેશથી મળે છે. છ દ્રવ્ય આગમવાણીનો એક ઉપયોગી અંશ છે. અને જૈન દર્શનની સમ્યગ્ સમજણ પ્રાપ્ત કરવા છ દ્રવ્યનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

જિજ્ઞાસુ સાધકોને જ્ઞાન પ્રાપ્તિ કરવાનો આ પુસ્તકમાં સરળ માર્ગ બતાવ્યો છે.

x x x

**નવતત્ત્વની સમજ માટે મથામણ કરતાં મળ્યો...**
પુસ્તકનું નામ : **તરાપો**
લેખક : શ્રીમતિ પુષ્પાબહેન શાહ
પ્રકાશક : ડૉ. દુલારીબેન ક. શાહ
વિવેકાનંદ સોસાયટી, મુન્દ્રા-કચ્છ
મૂલ્ય-રૂા ૨૫/-, પાના-૭૨, આવૃત્તિ-પ્રથમ, ૨૦૦૯.

જૈન ધર્મની પાયાની બાબતોમાં એક છે 'બાર ભાવના'. એ ભાવનાની વાત આ પુસ્તકમાં કરવામાં આવી છે અને આ વાત હળવી શૈલીમાં કરી છે. જે સામાન્ય વ્યક્તિ પણ સરળતાથી સમજી શકે.

ભાવનાની સાથે બીજો વિભાગ છે 'મેડીકલ કેમ્પ'. આ કેમ્પમાં આત્માને લાગુ પડેલ, કર્મરૂપી રોગની દવા સૂચવવામાં આવી છે જે સામાન્ય વ્યક્તિ પણ સરળતાથી સમજી શકે એવી રીતે સંવાદના સ્વરૂપમાં મૂકવામાં આવી છે. ભાવનાની સાથે સાથે સંકળાયેલી કથા પણ સંક્ષેપમાં રજૂ કરવામાં આવી છે જેથી ભાવ અને અર્થ બન્ને વધુ સ્પષ્ટ બને છે.

રોજબરોજની ઘટનાઓ, સંવાદો દ્વારા રજૂ થયેલી હોવાને કારણે પોતાની જ હોય એવો અનુભવ વાચકને થાય છે. સંવાદોમાં લખાયેલી બાર ભાવનાની વાત સરળ શબ્દોમાં તત્ત્વજ્ઞાનની સમજ આપે છે.

પુસ્તકનું શીર્ષક યોગ્ય રીતે જ સૂચક છે કારણ કે આ બાર ભાવના તથા દસ યતિ ધર્મને ભાવે તેનો બેડો પાર થઈ જાય માટે આ 'તરાપો' જેણે લીધો તેઓ પાર થઈ ગયા.

વાચકને હળવી શેલીમાં લખાયેલું આ પુસ્તક ધર્મ માર્ગે આગળ વધવાની પ્રેરણા આપે તેવું છે.

x x x

પુસ્તકનું નામ : **આત્મિક સુખનો રાજમાર્ગ-તપ**
લેખક : પુષ્પાબહેન ક. શાહ-માંડવી
પ્રકાશક : શ્રી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી, મુંબઈ, જૈન સકળ સંઘ, ૪૦૧, સીવીક સેન્ટર, ચોથે માળે, નાયગાંવ, ક્રોસ રોડ, દાદર, મુંબઈ-૪૦૦ ૦૧૪.
મૂલ્ય-અમૂલ્ય, પાના-૧૫૪, આવૃત્તિ-ઈ.સ. ૨૦૧૧.

આ પુસ્તકમાં જૈન તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ તપ અને તપના બાર ભેદની સમજ સૂત્ર અનુસાર આપવામાં આવી છે. આત્મા પર રહેલાં કર્મોને સૂકવી નાખવા માટે તપરૂપી તાપ જરૂરી છે. નિર્જરા તત્ત્વમાં બાર ભેદે તપનું વર્ણન છે. સંસારના દુઃખોથી આકુળવ્યાકુળ માણસ એમાંથી છૂટવા

માટે ગુરુદેવના ઉપદેશથી તપ કરે છે.

મોક્ષાર્થી સાધક જેના દ્વારા શરીર અને કર્મોને તપાવે છે તેને 'તપ' કહે છે. તપ એ ઔષધ છે. તેનાથી તનના, મનના, આત્માના રોગો દૂર થાય છે. તપનો પ્રભાવ દેવોને નમાવે છે. ઈન્દ્રોને નમાવે છે. તીર્થંકર દેવે પ્રથમ પોતે તપ કરી આત્માના મૂળભૂત ગુણને પ્રગટ કરી પછી જ તપ કરવાનો માર્ગ દેખાડ્યો છે.

આ પુસ્તકમાં છ પ્રકારના બાહ્ય તપ અને છ પ્રકારના અભ્યંતર તપનું વિસ્તૃત વર્ણન પુષ્પાબેન શાહે સુંદર, સરળ અને આવગી શૈલીમાં કર્યું છે.

શ્રાવક-શ્રાવિકાઓ સમ્યક્ પ્રકારે જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરશે એવી અભ્યર્થના.

x x x

પુસ્તકનું નામ : **અધ્યાત્મનો અધિકારી**

લેખક-સંપાદક : પૂ. મુનિશ્રી સંયમકીર્તિ વિ. મ.સા.

પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ-અમદાવાદ.

મૂલ્ય-સદુપયોગ. પાના-૧૨૨. આવૃત્તિ-પ્રથમ.

વર્તમાનકાળમાં અધ્યાત્મ માર્ગની પ્રાપ્તિ થાય છે અને અધ્યાત્મ માર્ગની પ્રાપ્તિ પુરુષાર્થાધીન છે. આથી અધ્યાત્મમાર્ગને પામવા પુરુષાર્થ કરવો જરૂરી છે. અધ્યાત્મનો અધિકારી કયો આત્મા બને અને કયા ગુણો પ્રાપ્ત કરવા પડે એ જાણી લેવું જરૂરી છે. જીવ અનંતકાળથી સુખ પ્રાપ્તિ કરવાની ઝંખના સેવે છે. અને તેને ખબર નથી કે આત્માને કયા પ્રકારનું સુખ જોઈએ છે. અને તેથી તે જ્યાંથી સુખ મળવાની સંભાવના દેખાય ત્યાં તે દોડી જાય છે અને સુખના બદલે તે દુઃખ પામે છે.

તારક તીર્થંકર પરમાત્માઓએ જીવની જરૂરિયાત–ઝંખના મુજબનું સુખ મોક્ષમાં બતાવ્યું છે. સંસારમાં એ પ્રાપ્ત થતું નથી અને સુખની પ્રાપ્તિ માટે અધ્યાત્મ માર્ગની-મોક્ષ માર્ગની સ્થાપના કરી છે. સંસાર માર્ગ અને અધ્યાત્મ માર્ગ અનાદિકાશથી પ્રવર્તેલા છે.

અધ્યાત્મના માર્ગ જાણવા ઈચ્છુક આરાધકોને જાણકારીમાં સહાયરૂપ બને તે માટે આ પુસ્તકમાં 'અધ્યાત્મસાર' ગ્રંથના આધારે અધિકારી સ્વરૂપનું લક્ષણ બતાવ્યું છે.

અધ્યાત્મના ઈચ્છુકોને આ નાનકડો ગ્રંથ સહાયરૂપ બને તેવો છે.

x x x

પુસ્તકનું નામ : **શ્રાવક ધર્મનું શિખર વૈયાવચ્ચ**

લેખક-રોહિત શાહ

પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતન પોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.

મૂલ્ય-અમૂલ્ય. પાના-૬૪. આવૃત્તિ-પ્રથમ, જાન્યુઆરી-૨૦૧૪.

જે વ્યક્તિ વૈયાવચ્ચ કરે છે એને એ ક્ષણે જ મોક્ષનો સાક્ષાત્કાર થઈ જાય છે. વૈયાવચ્ચ શ્રાવકધર્મનું શિખર છે. વૈયાવચ્ચ કરવા માટેના કેટલાંક જૈન શાસ્ત્રીય નીતિ-નિયમો અને ધોરણો પણ છે. જો કે નીતિ-નિયમો કરતાં ભાવના જ ઊંચી અને પવિત્ર ગણાય. ધર્મને ઊજળો કરવાનું કામ નીતિ-નિયમો નથી કરતાં એ કામ શુદ્ધ ભાવના જ કરે છે. કોઈ વ્યક્તિ તમામ શાસ્ત્રીય નીતિ-નિયમો અને ધોરણો જાણતી હોય, પરંતુ જો એની ભાવના શુદ્ધ ન હોય તો એણે કરેલી વૈયાવચ્ચ નિષ્ફળ છે. એના કરતાં કોઈ વ્યક્તિ શાસ્ત્રીય નીતિ-નિયમો અને ધોરણો જાણતી ન હોય છતાં ભાવોલ્લાસપૂર્વક અને શુદ્ધ ભાવથી વૈયાવચ્ચ કરતી હોય તો એથી ધર્મ ઊજળો બનશે.

લેખકશ્રીનું મંતવ્ય છે કે 'પાપ પુણ્યના લપસણાં પલાખામાં ઊતરવાની જરૂર નથી. એક વ્યક્તિ બીજી વ્યક્તિ પ્રત્યે સદ્ભાવ રાખે, આદર રાખે, સંકટના સમયે એને મદદ કરે, એની સેવા કરે એ ભાવના રળિયામણી અને પ્રિય લાગે તેવી છે.' શુદ્ધ ભાવે વૈયાવચ્ચ કરવાની પ્રેરણા મળે તેવું આ પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **સાધકની સહચરી**

લેખક : સંતબાલ

પ્રકાશક : મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, અમદાવાદ અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, માતૃસમાજ બિલ્ડીંગ, કામાગલી, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.

ફોન : ૦૨૨-૨૫૧૩૫૪૪૪. મૂલ્ય-રૂ. ૧૫/-, પાના-૭૦, આવૃત્તિ-ત્રીજી, ૧-૧-૨૦૦૦.

જૈન ધર્મમાં અતિ પ્રમાણભૂત ગણાતાં શ્રી ઉત્તરાધ્યયન, દશવૈકાલિક અને સૂયગડાંગ વગેરે પદ્યાત્મક સૂત્રોમાંથી થોડાં ચૂંટી કાઢેલા પદ્યપુષ્પો અહીં આપ્યાં છે. એની સંખ્યા ૧૮૦ થી ૧૯૦ સુધીની છે. આ બધાં પદ્યોને અહીં ૧૪ વિભાગમાં વિભક્ત કરવામાં આવ્યા છે.

આ પુસ્તકનું નામ 'સાધક સહચરી' એટલા માટે રાખ્યું છે કે આ પુસ્તકમાં શ્રમણ અને ગૃહસ્થ બંને સાધકના જીવન વિકાસની ઉપયોગી સામગ્રી સંકલિત છે. આ પુસ્તકમાં જિજ્ઞાસુ સાધકના વિકાસમાર્ગમાં અવરોધ કરતાં અભિમાન, ક્લેશ, કાયા, છળપ્રપંચ વગેરે શત્રુઓથી ઉગારી લેવામાં અને સંયમ, બ્રહ્મચર્ય, અહિંસા, તપશ્ચરણ જેવા ઉચ્ચ સદ્ગુણોને આરાધવાની પ્રેરણા મળે એમ છે. આ પુસ્તક સાથે રહી સહચરીની ફરજ પૂરી અદા કરે તેવું છે તેથી તેનું નામ પણ સાધક સહચરી રાખ્યું છે.

કોઈપણ ધર્મ, દર્શન કે મતનો અનુયાયી હો, સદ્ગૃહસ્થ હો, કે ત્યાગી હો, સૌ કોઈ સાધકને મહાવીરના પદ્ય પુષ્પોની આ માલા ઉપયોગી નીવડો.

x x x

પુસ્તકનું નામ : **વિવક્ષા**

લેખક : પ્રા. દીક્ષા એચ. સાવલા

પ્રકાશક : ગુરુ ડિઝાઈન શોપ, વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ-ગુજરાત-ભારત. મૂલ્ય-રૂ. ૯૦/-, પાના-૭૫, આવૃત્તિ-પ્રથમ, ઈ. સ. ૨૦૧૩.

પ્રા. દીક્ષા સાવલાના આ ત્રીજા પુસ્તક 'વિવક્ષા'માં એમણે આઠ અભ્યાસ લેખો પ્રસ્તુત કર્યા છે. પ્રથમ લેખ સંસ્કૃત સાહિત્યમાં ચારુતર-ચરોતરનું પ્રદાનમાં લેખિકાએ એવા મહાપુરુષોની વિગત પ્રસ્તુત કરી છે કે જેમણે સંસ્કૃત સાહિત્યમાં પ્રદાન કર્યું છે. આવા મહાપુરૂષોની વિગત લેખિકાએ ખૂબ જ સરળ અને હૃદયસ્પર્શી કલમે આલેખી છે. બીજા લેખમાં લેખિકાએ અલંકારશાસ્ત્રમાં આચાર્ય ભરત મુનિ દ્વારા રચિત નાટ્યશાસ્ત્ર અને રાજશેખરના કાવ્યમીમાંસામાં ઉલ્લેખીત કાવ્ય પુરુષત્પત્તિ કથામાં તુલનાત્મક દૃષ્ટિથી આલેખન કર્યું છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં નિરૂપિત ગુનાઓ અને કાયદાઓ વિશેની વાત માર્મિક રીતે આલેખી છે. જ્ઞાનાવરણીય કર્મબંધ માટેના કારણો અને મુશ્કેલીઓ લેખમાં લેખિકાની મૌલિકતાની પ્રતીતિ થાય છે. છઠ્ઠા લેખમાં કેન્સર જેવા ભયંકર રોગ અને તેના ઉપાયો વૈદિક સાહિત્યના આધારે કરેલ સંશોધનરૂપે જોવા મળે છે. 'વૈદિક સમયમાં નારીનું મહત્ત્વ' લેખનું અત્યંત હૃદયસ્પર્શી વાણીમાં આલેખન થયું છે. 'પાણીની લ્હાણી' લેખમાં અભ્યાસુ લેખિકા પાણીનું મહત્ત્વ સમજાવે છે. આ રીતે લેખિકા પ્રા. દીક્ષા સાવલાના આ લેખો તેમની સૂક્ષ્મ દૃષ્ટિ અને રોમાંચક શૈલીની પ્રતીતિ કરાવે છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ,
ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. : 9223190753.

# જયભિખ્ખુ જીવનધારા : ૫૮

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ સર્જક જયભિખ્ખુના સાહિત્ય અને પત્રકારત્વમાં માનવીય વેદનાનું પ્રાગટ્ય અને માનવતાની ભાવના કેન્દ્રસ્થાને હતી. એમણે સાહિત્યક્ષેત્રે વિવિધ સર્જનો દ્વારા માનવપ્રેમ, રાષ્ટ્રભક્તિ, નારીગરિમા, ધર્મ અને જાતિની એકતા જેવાં મૂલ્યો ઉજાગર કર્યાં, એ જ રીતે પત્રકારત્વમાં વર્તમાન સમયમાં ચોપાસ દૃષ્ટિગોચર થતાં મૂલ્યોના હ્રાસ અંગે પોતાની મર્મસ્પર્શી અને પ્રવાહી શૈલીથી આક્રોશ પ્રગટ કર્યો અને એ રીતે દર ગુરુવારે પ્રગટ થતી એમની સાહિત્યિક છાંટ ધરાવતી 'ગુજરાત સમાચાર'ની 'ઈંટ અને ઈમારત' કૉલમે લોકચાહના અને પ્રતિષ્ઠા ઊભી કરી. પત્રકારત્વની રોજિંદી દુનિયાના એમને થયેલા અનુભવોનો આલેખ મેળવીએ આ અઠ્ઠાવનમાં પ્રકરણમાં... ]*

## રસ-ઊછળતું હૃદય!

જયભિખ્ખુના પરિચયમાં આવનારને એમના પ્રેમાળ અને પરગજુ વ્યક્તિત્વનો સ્પર્શ થયા વિના રહેતો નહીં. સામાન્ય કારીગરથી માંડીને ધૂમકેતુ કે કનુ દેસાઈ જેવા સર્જકો પ્રત્યે એમનો પ્રેમ એકધારો વરસ્યા કરતો હતો. શારદા મુદ્રણાલયના ડાયરામાં અને એમના નિવાસસ્થાને યોજાતા ભોજનસમારંભમાં એમનો આ સ્નેહતંતુ વિશેષ દૃઢપણે બંધાતો રહેતો. એ પછી પરિચિત વ્યક્તિના દુઃખના પ્રસંગોએ કે મુશ્કેલીના સમયે જયભિખ્ખુ ખડે પગે ઊભા રહેતા. કોઈ અણધારી આફતમાં ફસાયું હોય તો એ આફતને પોતાને માથે ઓઢીને જાનના જોખમે પણ કામ કરતા. આનું પરિણામ એ આવ્યું કે એમના જીવનમાં એમણે જેમની સાથે કામ કર્યું, તે સહુ કોઈ એમના મિત્ર બન્યા; પરંતુ જેઓ એમને પુરસ્કાર આપતા હતા તેવા તંત્રીઓ પણ એમના પ્રત્યે માલિક તરીકે વર્તવાને બદલે એમના અંગત કુટુંબીજનો બનીને રહ્યા. પછી એ 'રવિવાર'ના ઉષાકાંત જ. પંડ્યા હોય, 'જયહિંદ'ના બાબુભાઈ શાહ હોય કે પછી 'ગુજરાત સમાચાર' અખબારના તંત્રી શાંતિલાલ શાહ હોય.

જયભિખ્ખુના વ્યક્તિત્વનો જાદુ એવો હતો કે સામી વ્યક્તિ સાથે આપનાર કે લેનાર, અમીર કે ગરીબ, ઉચ્ચ કે સામાન્ય-એવા ભેદ લોપાઈ જતા અને માત્ર મૈત્રીનો તંતુ વધુ ને વધુ ગાઢ બનતો જતો હતો. જેમ મિત્રોને સલાહ આપતા તેમ તંત્રીઓને પણ સલાહ આપતા અને જયભિખ્ખુના સૂચનને એમના પ્રેમાળ વ્યક્તિત્વને કારણે સહુ હોંશભેર સ્વીકારતા. 'ગુજરાત સમાચાર'માં 'ઈંટ અને ઈમારત' કૉલમ લખવાનું શરૂ કર્યું, ત્યારે એના માલિક અને તંત્રી શ્રી શાંતિભાઈ શાહ સાથે સમય જતો ગયો તેમ વધુ ને વધુ ગાઢ મૈત્રી સધાતી ગઈ.

જયભિખ્ખુ અઠવાડિયે એક વાર પોતાના મિત્ર નાનુભાઈ શાસ્ત્રીના સ્કૂટર પર બેસીને 'ગુજરાત સમાચાર'ના કાર્યાલયમાં જતા. શાંતિભાઈ 'આવો, આવો, બાલાભાઈ' એમ કહીને પ્રેમાળ સ્વાગત કરતા અને પછી પોતાના ખંડમાં લઈ જતા. ધીરે ધીરે ચિનુભાઈ પટવા, વાસુદેવ મહેતા, જયવદન પટેલ, શ્રી કીકુજી દેસાઈ જેવા મહાનુભાવો આમાં સામેલ થતા. દુનિયાભરની વાતો ચાલતી. શ્રી શાંતિલાલ શાહ જાડી સેવ અને બીજો નાસ્તો મંગાવતા. બધા નાસ્તો કરતા અને ત્યારબાદ અખબારી આલમની ખાટીમીઠી વાતો થતી. એમાં પણ જયભિખ્ખુને જાણ થાય કે કોઈ યુવાન પત્રકાર કે નવોદિત લેખક 'ગુજરાત સમાચાર'માં પ્રવેશ્યો છે તો એને ખાસ મળવા બોલાવે અને લેખન માટે ઉત્સાહ આપે.

શાંતિભાઈના શ્વાસમાં 'ગુજરાત સમાચાર' હતું અને એને ગુજરાતનું મોખરાનું અખબાર બનાવવા માટે એમણે રાતદિવસ પુરુષાર્થ કર્યો. નવા વિષયોનું ખેડાણ કરવાની એમની પાસે આગવી સૂઝ હતી તો બીજી બાજુ સાહિત્યસર્જકોની કૉલમ દ્વારા સંસ્કારિતાનું સંવર્ધન કરવાની એમની ખેવના રહેતી. વહેલી સવારથી મોડી રાત સુધી લગભગ અખબારની કચેરીમાં જ હોય. પોતે જાતે ઊઠીને તંત્રીવિભાગ, જાહેરખબર-વિભાગ કે ખબરપત્રીઓના વિભાગ તરફ જતા અને એમની સાથે વાત કરતા. એમણે જોયું કે અખબારના પૂર્ણ વિકાસ માટે તંત્રીની ચોવીસે કલાક હાજરી જરૂરી છે, તેથી રતનપોળ, હાથીખાનાના મકાનમાંથી નીકળીને 'ગુજરાત સમાચાર'ના ઉપરના માળે રહેવા આવ્યા. સામાન્ય કારીગર અડધી રાત્રે પણ જરૂર પડતાં શેઠને ઉઠાડી શકતો. લોકસંપર્કની અને મેનેજમેન્ટની એમની આગવી પદ્ધતિ હતી અને એ દ્વારા પ્રજાની વેદના-સંવેદનાનું પ્રાગટ્ય કરીને તથા જુદાં જુદાં કૉલમો, પૂર્તિઓ અને સાપ્તાહિકો પ્રગટ કરીને અખબારી સંસ્થાનો વિકાસ સાધતા રહ્યા.

જયભિખ્ખુ અને અન્ય લોકોને મળે ત્યારે શાંતિભાઈ પહેલો પ્રશ્ન પૂછતા, 'કેમ, શું ચાલે છે?' અને પછી એમનો બીજો પ્રશ્ન હોય, 'છાપું કેવું લાગે છે?' આ બે પ્રશ્નો દ્વારા એ આસપાસની આલમ પાસેથી પોતાના અખબાર અંગેના પ્રતિભાવો મેળવી લેતા હતા. ક્યાંય કોઈને મળવા ગયા હોય ત્યારે પણ 'અખબાર કેવું લાગે છે?' એમ સહજ રીતે પૂછતા અને પછી એના અભિપ્રાય અંગે વિચાર કરીને પોતાના અખબારમાં જરૂરી ફેરફાર કરતા. અમુક વિષયમાં જાણવાની વાચકો જિજ્ઞાસા ધરાવે છે એવી જાણકારી મળતાં તેઓ એ અંગે પુખ્ત વિચાર કરીને એ નવો વિભાગ અખબારમાં શરૂ કરતા હતા.

એક વાર જયભિખ્ખુને એમણે કહ્યું કે 'રવિવાર' અને 'કિસ્મત' જેવા સાપ્તાહિકોમાં તમે અગમનિગમ વિશે લખ્યું છે. એવી એક કૉલમ આપણે ચાલુ કરીએ તો ? જયભિખ્ખુ એમના વિચાર સાથે સંમત થયા અને 'ગુજારત સમાચાર'માં અગમનિગમનું આલેખન કરતી કૉલમ 'જાણ્યું છતાં અજાણ્યું' શરૂ કરી; પરંતુ એ કૉલમના પ્રારંભ પૂર્વે જયભિખ્ખુએ કહ્યું કે 'આમાં એવું પણ બને કે ઘણી વ્યક્તિઓ એ મંત્રો કે એ ઘટનાઓ વિશે પૃચ્છા કરે. વળી સમાજમાં આ પ્રકારના વિષયમાં રસ લેનારાઓ વારંવાર ફોન કરીને કે પ્રત્યક્ષ મળીને ઘણો સમય પણ લે. આથી એણે આ કૉલમ 'મુનીન્દ્ર'ના ઉપનામ સાથે 'ગુજરાત સમાચાર'માં શરૂ કરી, પરંતુ આમાં અંધશ્રદ્ધા કે વહેમની સૃષ્ટિનું નિર્માણ થાય નહીં તેની તકેદારી રાખી. આ કૉલમ એ અગમનિગમમાં રસ ધરાવનારાઓને ખૂબ પ્રિય બની ગઈ. વાચકોના અનેક પત્રો આવવા લાગ્યા અને શાંતિભાઈનો એ વિચાર અખબારના અમુક પ્રકારના વાચકવર્ગના રસરુચિને પોષનારો બની રહ્યો.

એક વાર જયભિખ્ખુએ શાંતિભાઈ સમક્ષ પોતાની ભાવના વ્યક્ત કરી કે આપણા અખબારે સસ્તી કિંમતે પુસ્તકો પ્રકાશિત કરીને લોકઘડતર કરવું જોઈએ. એ પુસ્તકો એટલી ઓછી કિંમતના હોય કે સામાન્ય માનવી પણ એને ખરીદી શકે અને એના દ્વારા પોતાના બાળકો અને કિશોરાના જીવનને ઘડી શકે.

શાંતિભાઈએ આ વિચાર ઝીલી લીધો અને 'ગુજરાત સમાચાર' દ્વારા 'સિદ્ધરાજ જયસિંહ', 'ઉદા મહેતા', 'મંત્રીશ્વર વિમલ' જેવા પુસ્તકો પ્રગટ થયા. આ પુસ્તકો મોટા ટાઈપમાં પ્રગટ થતાં અને એનું ફોર-કલર મુખપૃષ્ઠ વાચકને આકર્ષતું હતું. એ સમયે 'ગુજરાત સમાચાર'માં એનું વિજ્ઞાપન પણ આવતું. સમાચારપત્રના વિશાળ નેટવર્કને કારણે એનું મોટી સંખ્યામાં વેચાણ થતું.

જયભિખ્ખુના હૃદયમાં સસ્તી કિંમતે સંસ્કારી વાચન આપવાની જે ભાવના હતી, તે ગુજરાતવ્યાપી બની. આ પુસ્તકો ઘણી મોટી સંખ્યામાં પ્રગટ થતાં હતાં. દોઢસોથી વધુ પૃષ્ઠ ધરાવતા પુસ્તકની કિંમત માત્ર એક રૂપિયો રાખવામાં આવતી. ધીરે ધીરે અન્ય લેખકોનાં પુસ્તકો પણ આ રીતે પ્રગટ થવા લાગ્યાં અને ગુજરાતના બાળકિશોરોને શાંતિલાલ શાહ અને જયભિખ્ખુની મૈત્રીનું સુફળ ચાખવા મળ્યું.

શાંતિભાઈમાં ઊંડી ધર્મનિષ્ઠા હતી અને રોજ સવારે દેરાસરમાં દર્શન કરીને જ પોતાની દિનચર્યાનો પ્રારંભ કરતા. જૈન ધર્મની વૈજ્ઞાનિકતામાં એમને ઊંડો રસ હતો અને જૈન સાધુઓ સાથે એમનો જીવંત સંપર્ક હતો. એ વારંવાર જૈન સાધુઓના દર્શને જતા અને એ પછી જયભિખ્ખુ સાથે જૈન ધર્મ વિશે ઘણી ચર્ચાઓ કરતા. કોઈ મહત્ત્વની ઘટના બને તો તે 'ગુજરાત સમાચાર'માં સરસ રીતે પ્રગટ કરતા હતા. આ દોસ્તીનો તંતુ એવો લંબાયો કે દિવાળી પર્વ સમયે અખબારની કચેરી બે દિવસ બંધ રહેતી હોવાથી શાંતિભાઈ કોઈ તીર્થયાત્રાએ જતા. જયભિખ્ખુ સાથે મૈત્રી સધાતાં આ બંને મિત્રો દર દિવાળીએ આવી તીર્થયાત્રાએ સાથે જતા. ક્યારેક રાણકપુર જતા તો ક્યારેક શત્રુંજય તીર્થની સાથે યાત્રા કરતા.

આ સમયે ધર્મસત્સંગ ચાલતો હોય, જયભિખ્ખુ એમની જીવનની ઘટનાઓ કહેતા હોય અને શાંતિભાઈ પણ 'ગુજરાત સમાચાર'ની કોઈ વાત કરતા હોય. જયભિખ્ખુની પરગજુ વૃત્તિને કારણે ઘણી વાર એ મિત્રોની મુશ્કેલીઓને સમયે અડીખમ ઊભા રહેતા અને એ સમયે શાંતિલાલ શાહ એમને સદૈવ સાથ આપતા હતા. વિખ્યાત જાદુગર કે. લાલે એમના શોમાં ષડ્યંત્ર કરનાર પોતાના મૅનેજરને કારણે આઘાત પામીને શો બંધ કરી દીધા હતા. જયભિખ્ખુએ એમને એ શો ફરી ચાલુ કરવા માટે પ્રેરણા આપી. જેણે એમની સામે ષડ્યંત્ર કર્યું હતું, તે અમદાવાદમાં રહેતા હોવા છતાં અમદાવાદથી જ શોનો પુનઃપ્રારંભ કરવાનું નક્કી કર્યું. કે. લાલને એમના ચહેરા પર તેજાબ નાખવાની ધમકી મળી હતી, ત્યારે જયભિખ્ખુએ અમદાવાદમાં જ શો કરવાની એમની વાતમાં મક્કમ રહેવા જણાવ્યું. એ પછી જયભિખ્ખુ કે. લાલ સાથે શાંતિભાઈને મળવા ગયા, ત્યારે શાંતિભાઈએ કહ્યું, 'તમે સહેજે ફિકર કરશો નહીં, બસ તમે નિરાંતે શો કરો.'

જયભિખ્ખુની પ્રેરણા અને શાંતિભાઈના સધિયારાને કારણે કે. લાલે અમદાવાદથી જ શો કરૂ કર્યા. એ પછી તો શાંતિલાલ શાહ સાથે એવા પારિવારિક સંબંધો થયા કે એમના જ્યેઠ પુત્ર શ્રેયાંસભાઈ શાહ થોડો સમય જયભિખ્ખુ પાસે લેખ કેવી રીતે લખવો જોઈએ, તે સમજવા માટે આવ્યા હતા તેમ જ શાંતિલાલ શાહના અન્ય બે પુત્રો બાહુબલિ શાહ અને શાલિભદ્ર શાહ પણ અવારનવાર શાંતિભાઈ સાથે જયભિખ્ખુના નિવાસસ્થાને આવતા અને જયભિખ્ખુની વાતો રસપૂર્વક સાંભળતા હતા.

'ગુજરાત સમાચાર'ના અત્યંત જાણીતા એવા 'ઝગમગ'ના પહેલા પાને લખવા માટે શાંતિભાઈએ જયભિખ્ખુને નિમંત્રણ આપ્યું અને એ પછી 'ઝગમગ'ના પ્રથમ પૃષ્ઠ પર જયભિખ્ખુની બાળવાર્તા પ્રગટ થવા માંડી. આમાં કોઈ વાર એ પ્રાચીન કથાનું આલેખન કરતા, તો કોઈ વાર એ કોઈ મહાપુરુષ કે કોઈ તહેવારકથાનું નિરૂપણ કરતા. 'ઝગમગ'ના પ્રથમ પૃષ્ઠ પર આવતી એમની વાર્તાઓએ એક આખી પેઢીને એમના ભૂતકાળના સંસ્કારવારસાની ઓળખ આપી.

એમની ટૂંકાં ટૂંકાં વાક્યોવાળી છટાદાર શૈલી એટલી બધી જાણીતી થઈ કે એ પછી બાળસાહિત્યના ઘણા લેખકોએ એ પ્રકારની શૈલી અજમાવવાનો પ્રયત્ન કર્યો. આ શૈલીથી તેઓ સાધારણ કથામાં પણ નવા ભાવ અને જોમનો સંચાર કરતા હતા. ઘણાને એમની શૈલી કોઈ ઝરણા જેવી સંગીતમય, પ્રવાહી અને નિર્મળ લાગી હતી. એ પછી 'માણું મોતી' નામે 'ઝગમગ'માં એક નાની કહેવતકથા પણ લખતા હતા. બાલસાહિત્યની આ વાર્તાઓમાંથી એમણે કેટલીક બાળકથાઓના

સંગ્રહો કર્યા તેમજ જે કહેવતકથાઓ હતી તેમને 'માણું મોતી', 'પાલી પરવાળાં', 'બાર હાથનું ચીભડું', 'તેર હાથનું બી' જેવાં પુસ્તકો રૂપે પ્રગટ કરી.

જયભિખ્ખુ રોજ સવારે કૉલમ લખવા બેસતા. એ પહેલાં જે વિષય પર કૉલમ લખવાનું હોય, તેનાં ટાંચણો છુટ્ટા કાગળમાં કે નોટબુકમાં લખેલા હોય. એ પછી લીટી વગરના કોરા કાગળ પર લખવાનું શરૂ કરે. બાજુમાં શાહીનો ખડિયો હોય, એ શાહીમાં કલમ બોળીને મોતીના દાણા જેવા અક્ષરે લખતા જાય. સવારે બે-ત્રણ કલાક લેખનકાર્ય ચાલે, પરંતુ ક્યારેય મન પર કૉલમ લખવાનો ભાર જોવા ન મળે. અઠવાડિયે 'ગુજરાત સમાચાર'માં બે અને 'ઝગમગ'માં બે–એમ ચાર ચાર કૉલમ લખવાનાં હોય. કોઈ નવલકથા ચાલતી હોય તો એનો એક હપ્તો પણ લખવાનો હોય. 'ગુજરાત ટાઈમ્સ'માં 'ન ફૂલ, ન કાંટા' નામની દર અઠવાડિયે એક કૉલમ લખતા. 'અખંડ આનંદ' કે 'જનકલ્યાણ' જેવાં સામયિકો માટે કોઈ પ્રેરક કે બોધદાયક કથા પણ લખવાની હોય. આ બધું લેખનકાર્ય કરવાનું હોય, પરંતુ ક્યારેય સહેજે રઘવાટ નહીં કે કોઈ ઉતાવળ નહીં. સવારે નિરાંતે ઊઠે. પછી અર્ધો પોણો કલાક બહાર ફરવા જાય. રસ્તામાં મળે એમની સાથે પ્રેમથી નિરાંતે વાતો કરે. ત્યારબાદ સ્નાનાદિથી પરવારીને લેખનકાર્ય શરૂ કરે.

લખતી વખતે ક્યારેક મોંમાં સોપારીનો એક ટુકડો મૂકે, પણ એથી વિશેષ બીજું કંઈ નહીં. લખવાનું શરૂ કરે પછી લેખ પૂરો થાય ત્યારે અટકે. લેખને રી-રાઈટ કરવાની કોઈ વાત નહીં. સીધેસીધું સંઘેડાઉતાર લખાણ થાય. લખતી વખતે સોસાયટીનો રહેવાસી કોઈ પ્રશ્નમાં સલાહ લેવા આવે, બહારથી કોઈ પરિચિત જાણ કર્યા વિના મળવા આવે, તો એમના ચહેરા પર સહેજે અણગમો કે તાણ જોવા ન મળે. બધું બાજુએ મૂકીને નિરાંતે એની સાથે વાતો કરે, ચા પિવડાવે અને પછી વિદાય આપે. પત્રકારને ઘણી વાર પ્રતિકૂળ સંજોગો વચ્ચે લખવું પડતું હોય છે. એની પાસે અનુકૂળતાએ નિરાંતે લખવાની કોઈ મોકળાશ હોતી નથી, કારણ કે વર્તમાનપત્રના 'વાર' અને 'સમય'નું ચુસ્તપણે પાલન કરવું પડે છે. આવી પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ જયભિખ્ખુ સ્વસ્થ અને શાંત ચિત્તે લેખન કરી શકતા હતા. લખતી વખતે માત્ર શાંતિ જોઈએ. એમાં કોઈ ખલેલ પડે તો અકળાઈ ઊઠતા હતા.

એમનો હંમેશાં આગ્રહ રહેતો કે સવારે જ લખવું. ગમે તેટલું લેખનકાર્ય બાકી હોય તોપણ રાત્રે કે મોડી રાત્રે ન જ લખવું. આનું એક કારણ એ કે એમની નબળી આંખોને વધુ શ્રમ આપવા માગતા નહોતા અને બીજું કારણ એ કે એમણે મોડી રાત સુધી સર્જન કરનારા લેખક ગુણવંતરાય આચાર્ય, પત્રકાર જયંતકુમાર પાઠક અને ચિત્રકાર 'ચંદ્ર'ને નજીકથી નિહાળ્યા હતા. એમના સ્વાસ્થ્ય પર ઉજાગરાની પડેલી પ્રતિકૂળ અસરને જોઈ હતી અને કહેતા પણ ખરા કે, 'એક વાર રાત્રે શાંતિ હોય છે એમ માનીને લખવાનું શરૂ કરો તો પછી તમે મધરાત સુધી લખતા થઈ જશો અને પછી એવું પણ બને કે મધરાત વીતી ગયા પછી પણ તમે લખતા હશો અને બાકીની રાત્રી પડખાં ઘસવામાં પસાર કરતા હશો.'

લોકપ્રિયતા મેળવવા માટે જયભિખ્ખુએ ક્યારેય પોતાના મસ્તી કે મૂલ્યોને હોડમાં મૂક્યાં નહોતાં. કોઈ સમાધાન સાધ્યું નથી. વાચકોને 'આવું ગમશે' અથવા તો લોકોને આ મુદ્દો 'આધુનિક' લાગશે કે પછી એકાદ આઘાતજનક વાત લખીને લોકોનું ધ્યાન મારા પ્રત્યે આકર્ષું એવો કોઈ ખ્યાલ એમને ક્યારેય આવ્યો નહીં. પોતાના જીવનની માફક કવનમાં પણ મૂલ્ય સાથે બાંધછોડ કરી નહીં. આથી ક્યારેક 'ઈંટ અને ઈમારત'માં પ્રાચીન પ્રસંગો આવે અથવા તો ધર્મમય કથાનકો આવે તો કેટલાક આધુનિકો એના પ્રત્યે ઉપેક્ષા દાખવતા હતા, પણ આવી ઉપેક્ષાની લેશમાત્ર અસર જયભિખ્ખુની વિચારધારા પર થતી નહીં

એનું એક કારણ એ પણ હતું કે લોકો એમના વ્યક્તિત્વને ચાહતા હતા. જિંદગીને ઝિંદાદિલી અને મસ્તીથી જીવીને એમણે માનવમૂલ્યોને ઉજાગર કર્યાં હતાં. આવા સંવેદનશીલ અને સમર્થ સાહિત્યસર્જકની રચનાઓનો જાદુ, કલમનું કામણ અને શૈલીની મોહિની વિશે લખતાં શ્રી રતિલાલ દેસાઈ નોંધે છે, 'કલ્પવૃક્ષની કલ્પના કોને કામણ નથી કરતી, ભલા ? પણ કલ્પવૃક્ષની ભાવનાનો આનંદ તો કલ્પનાશીલ કવિઓ અને રસઝરતા ગદ્યના સર્જકો જ માણી શકે છે. આવા ઊર્મિલ અને સંવેદનશીલ સરસ્વતીપુત્રો પોતેય કલ્પનાની પાંખે વિહાર કરીને દુઃખ અને અશાંતિને ભૂલી જાય છે અને પોતાના વાચકોનેય અજબ કલ્પનાવિહાર કરાવીને દિવ્ય શાંતિ અને આનંદનો અનુભવ કરાવે છે. તેઓ જ એ ધરતીનું કલ્પવૃક્ષ !' (જયભિખ્ખુ સ્મૃતિ ગ્રંથ, પૃ. ૧૪૬).

આથી એમનાં વાચક એવાં એક શિક્ષિત બહેને લખેલું, 'મને તમારા પુસ્તકો ખૂબ ગમે છે, તમારું 'કામવિજેતા સ્થૂલિભદ્ર' પુસ્તક મેં એકવીસ વાર વાંચ્યું, છતાં એ નવું જ લાગે છે.'

જયભિખ્ખુએ એક વાર રામાયણના એક પ્રસંગનું એવું ચોટદાર હૃદયસ્પર્શી નિરૂપણ કર્યું કે એ કથાનક રામાયણના મર્મજ્ઞ અને એના પ્રસંગોને કાવ્ય રૂપે આલેખનાર ભક્તકવિ શ્રી દુલા કાગના અંતરને સ્પર્શી ગયું અને એમણે તરત જ અમદાવાદમાં રહેતા એમના પટ્ટશિષ્ય સમાન શ્રી રતિકુમાર વ્યાસને લખ્યું, 'મને જયભિખ્ખુનાં સોણલાં આવે છે. એમને લઈને વહેલામાં વહેલા મજાદર આવો.'.

જયભિખ્ખુના આવા પ્રસંગોના આલેખન પછી એમના પિત્રાઈ ભાઈ અને જાણીતા લેખક શ્રી રતિલાલ દેસાઈએ લખ્યું, 'આ બધું જોઈને જાણે મનમાં મીઠી અદેખાઈ જાગી ઊઠે કે આ તે કેવો કામણગારો લેખક કે જે વૃદ્ધો, સ્ત્રીઓ, બાળકો, બહુ ભણેલાઓ અને ઓછા ભણેલાઓના મનમંદિરમાં સમાન રીતે બિરાજી ગયો છે !'

'ઈંટ અને ઈમારત'માં આપેલા સરદાર વલ્લભભાઈ પટેલના ત્રણ

લેખો એ સમયના ઉચ્ચ પોલીસ-અધિકારીને ખૂબ પસંદ પડ્યા હતા. જયભિખ્ખુએ ૨૩મી ડિસેમ્બર, ૧૯૬૯ ને મંગળવારે 'ઈંટ અને ઈમારત' કૉલમ મોકલ્યું. ૨૪મી ડિસેમ્બર, ૧૯૬૯ને બુધવારના દિવસે એમનું અવસાન થયું. ૨૫મી ડિસેમ્બર, ૧૯૬૯ના ગુરુવારે એમનું કૉલમ એમની અવસાનનોંધ સાથે પ્રગટ થયું ! એ સમયે 'ગુજરાત સમાચારે' એના તંત્રીલેખમાં જયભિખ્ખુને અંજલિ આપતાં લખ્યું,

*''લક્ષ્મીને બદલે સરસ્વતીને ખોળે માથું મૂકવાનું આકરું નર્મદ-વ્રત પચીસમે વર્ષે લઈ ૪૦ વર્ષનું સાહિત્યતપ કરનારા શ્રી જયભિખ્ખુએ અચાનક વિદાય લીધી! અને પોઢ્યા તેય કલમને જ ખોળે પોઢ્યા. છેલ્લો લેખ લખ્યો ને ચાલી નીકળ્યા. તારો અસ્તાચળે પોઢે તે પહેલાં જ ખરી ગયો. રસ અને માનવતા એમના ઉપાસ્ય દેવ હતા. ટૂંકાં વાક્યો, સચોટ શૈલી, હૈયું હલાવતી કથા–જયભિખ્ખુ સામાન્ય વાચકના લાડીલા હતા. ધર્મની ગુફામાં સંતાયેલાં ગૂઢ સત્યોને અને અધ્યાત્મજીવનનાં અનોખાં રહસ્યોને શ્રી બાલાભાઈ આબાલવૃદ્ધ સૌના હૃદય સુધી ખેંચી લાવ્યા. અસંખ્ય અદના લોક એમની ખોટ અનુભવશે ને એમને નિત્ય વરતાતી એ ઊણપ એ જ સ્વર્ગીયને અપાતી દિલભર અંજલિઓ હશે. પરમાત્માને પ્રાસાદે પોતાનું રસ-ઊછળતું હૃદય લઈને જઈ પહોંચેલા બાલાભાઈ પરમ શાંતિ પામો એ જ પ્રાર્થના.'*

*('ગુજરાત સમાચાર'નો અગ્રલેખ)*

અને 'ગુજરાત સમાચાર'ની 'ઈંટ અને ઈમારત' કૉલમમાં આવતી 'પ્રસંગકથા'નું શીર્ષક બદલીને એ અખબારે 'કથાનો પ્રસંગ' એમ લખીને આ પ્રમાણે બૉક્સમાં નોંધ પ્રગટ કરી :

*''મધ્યરાત્રિનો વખત હતો. ઓરડામાં અંધારું હતું. લોકોના સેવક ભક્ત આબુબન નિરાંતે સૂતા હતા. એવામાં ઓરડામાં પ્રકાશ ફેલાવા લાગ્યો, સંત આબુબનની આંખો ખૂલી ગઈ. જોયું તો એક દેવદૂત પોતાના સોનેરી પુસ્તકમાં કંઈક લખી રહ્યો હતો.*

*સંતે પૂછ્યું, 'આપ આમાં શું લખી રહ્યા છો ?'*

*'જેઓ પ્રભુને સાચા દિલથી ચાહે છે, એમના નામ હું લખી રહ્યો છું.' દેવદૂતે જવાબ આપ્યો.*

*સંતે કહ્યું, 'મારું નામ એમાં લખ્યું છે ખરું ?'*

*દેવદૂતે કહ્યું, 'જી ના.'*

*સંતે કહ્યું, 'તો આપ એટલું નોંધી લ્યો કે આબુબન બધા માનવીઓને દિલથી પ્યાર અને ખિદમત કરે છે.'*

*દેવદૂત રવાના થયો. બીજે દિવસે દેવદૂતે આવીને પોતાનું પુસ્તક સંત આબુબનની સામે મૂક્યું. સંતે જોયું કે એમાં એમનું નામ સૌથી મોખરે હતું. કેમ કે એ સાચા જનસેવક હતા.*

*આ પવિત્ર કથા યાદ કરવાનો પ્રસંગ એ છે કે શ્રી જયભિખ્ખુભાઈ પોતાના નિર્મળ સાહિત્ય અને સેવાપ્રેમ દ્વારા જનકલ્યાણના સહભાગી બનીને પ્રભુના પ્યારા બની ગયા.'*

એક અખબાર દ્વારા ગુજરાત અને ગુજરાતી ભાષાની કેવી સેવા થઈ શકે અને પ્રજા ઘડતરનું કેવું કાર્ય થઈ શકે એનું દૃષ્ટાંત અપાર લોકચાહના ધરાવતું 'ઈંટ અને ઈમારત' કૉલમ બની રહ્યું.

જયભિખ્ખુએ પત્રકારત્વનું લેખન શરૂ કર્યું, ત્યારે અખબારના કૉલમલેખકને સાહિત્યજગતમાં બીજી કક્ષાનો સર્જક માનવામાં આવતો હતો. અખબારમાં લખતા કૉલમલેખકો પ્રત્યે કેટલાક સાહિત્યકારો ઉપેક્ષાભર્યું વલણ ધરાવતા હતા. આવે સમયે જયભિખ્ખુએ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જેમ પત્રકારત્વક્ષેત્રે પ્રવેશ કર્યો અને એમની રંગદર્શી શૈલીથી પત્રકારત્વ દ્વારા વ્યક્તિઘડતર અને માનવમૂલ્યોની હિફાજત કરવાનું કામ કર્યું. સાહિત્યકાર અને પત્રકાર વચ્ચેની જે જુદાઈ પ્રવર્તતી હતી એ ઓછી કરી; એટલું જ નહીં, પણ બંનેનું આદાન-પ્રદાન એકબીજાને માટે લાભદાયી છે એમ સિદ્ધ કરી આપ્યું. આનું પરિણામ એ આવ્યું કે જયભિખ્ખુના સાહિત્યસર્જનનો અડધો હિસ્સો એ પત્રકારત્વની નીપજ છે. જોકે જ્યારે અખબાર કે સાપ્તાહિકનું લખાણ ગ્રંથ રૂપે પ્રકાશિત કરતા, ત્યારે આખેઆખું તપાસી જતા, એમાં જરૂરી સુધારા-વધારા કરતા અને પછી એને પુસ્તકને યોગ્ય શીર્ષક આપતા હતા. જયભિખ્ખુના પત્રકારત્વ પાસેથી પ્રેરણા પામીને જયભિખ્ખુની જેવી શૈલીએ રસપ્રદ અખબારી કૉલમ લખનાર પ્રિ. શ્રી નટુભાઈ ઠક્કરે જયભિખ્ખુ વિશે મહાનિબંધ લખીને પીએચ.ડી.ની પદવી મેળવી. એમાં એમણે જયભિખુના જીવન-કવનનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેઓ પત્રકાર જયભિખ્ખુ વિશે 'જયભિખ્ખુ : વ્યક્તિત્વ અને વાઙ્મય'માં નોંધે છે :

*''કલમને ખોળે જીવતા અને શબ્દનો વેપલો કરતા સર્જકને અનેકોના હૈયામાં આવું સ્થાન મળે એ જ તો એની મોટામાં મોટી સિદ્ધિ. કોઈ પણ જાતનો નોકરીધંધો સ્વીકાર્યા વગર માત્ર 'કલમી જીવ' તરીકે જયભિખ્ખુ આટલા લાંબા ગાળા સુધી મોટા જથ્થામાં સાહિત્ય આપીને પોતાના યોગક્ષેમનું નિર્વહન કરતા રહ્યા એનાથી મોટી સિદ્ધિ સર્જકને બીજી કઈ જોઈએ ?''*

**(ક્રમશઃ)**

(૧૩બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.)
ફોન : ૦૭૯ ૨૬૬૦ ૨૬૭૫. મોબાઈલ : ૦૯૮૨૪૦ ૧૯૯૨૫.

# 'આના કરતાં તો સાધુ થઈ જવું સારું!'

☐ પ. પૂ. આચાર્યશ્રી 'વાત્સલ્યદીપસૂરીશ્વરજી મ.'

જીવન એટલે સુખ અને દુઃખની ઘટમાળ. સુખ આવે ત્યારે છકી ન જવું અને દુઃખ આવે ત્યારે અકળાઈ જવું ન જોઈએ.

મનુભાઈ અને તેની પત્ની રસીલા અમદાવાદમાં રહેતાં હતાં. મનુભાઈના લગ્ન થયા એટલે તે પત્ની સાથે અમદાવાદ આવી પહોંચ્યા. નાનકડી મૂડી હતી તેમાંથી નાને પાયે કાપડનો ધંધો શરૂ કર્યો. પોળમાં નાનકડું ઘર ભાડે લીધું. રસીલા શાણી ગૃહિણી હતી. તેણે પતિની નાની આવકમાં ઘરને સુખથી ભર્યુંભર્યું બનાવવા કોશિષ કરવા માંડી.

મનુભાઈ અને રસીલાબહેન ધાર્મિકવૃત્તિમાં માનનારા હતા. સમય મળે ત્યારે સ્થાનક-ઉપાશ્રયે જાય. ધર્મક્રિયા કરે, ગુરુજનોના આશીર્વાદ લે.

મનુભાઈનો સ્વભાવ તીખો. વાત નાની હોય કે મોટી, પોતાનું ધાર્યું ન થાય તો દરેક વાતમાં અકળાઈ જાય. રસીલા પોતાના પતિનો સ્વભાવ જાણે. તે ગામડાની ગરીબ ઘરની કન્યા હતી. એ સમજતી હતી કે પોતાના જીવનમાં સુખ અથવા દુઃખ અહીંથી જ પ્રગટાવવાનું છે.

મનુભાઈને કોઈક દિવસ ઘરાકી ન મળે એટલે એ ગુસ્સે થઈ જાય. એ ગુસ્સો ઘરે આવીને ઠાલવે. કોઈક દિવસ ઉઘરાણી ન આવે એટલે મનુભાઈ ગુસ્સે થઈ જાય. એ ગુસ્સો ઘરે આવીને ઠાલવે. ઉનાળાના દિવસે મનુભાઈને ગરમી ઘણી લાગી હોય એટલે મનુભાઈ ગુસ્સે થઈ જાય. એ ગુસ્સો ઘરે આવીને ઠાલવે.

રસીલા મનુભાઈનો સ્વભાવ જાણી ગયેલી. એ શાંતિથી આખી વાત સંભાળી લે.

મનુભાઈ અને રસીલા રોજ સ્થાનકમાં ઉપાશ્રયમાં જાય અને ગુરુમહારાજને પ્રણામ કરીને આશીર્વાદ માંગે અને પછી બોલે, 'સંસાર કરતાં સાધુપણામાં મજા ઘણી છે!'

ગુરુમહારાજ કહે, 'ભાઈ, સાધુ બનવાનું સરળ નથી.'

મનુભાઈ હસે.

એકવાર એવું બન્યું કે, ઘરમાં રસીલાની કંઈક ભૂલ થઈ ગઈ. મનુભાઈનો ગુસ્સો પહોંચ્યો આસમાન પર. એમણે રસીલાને કહ્યું, 'રોજના આ લોહી ઉકાળા કરતાં સાધુ થઈ જવું સારું!'

રસીલાએ કોઈ દિવસ નહીં ને પહેલીવાર ઘરમાં આ વાક્ય સાંભળ્યું. એ ગભરાઈ ગઈ. એને થયું કે ખરેખર આ માણસ સાધુ થઈ જાય તો મારું શું થાય?

રસીલાએ પોતાની ભૂલ માટે માફી માંગી લીધી.

મનુભાઈનો પછી તો આ રોજનો ક્રમ થઈ ગયો. એ ગુસ્સે થાય એટલે બોલે, 'આના કરતાં તો સાધુ થઈ જવું સારું!'

સાંજ પડી હતી. મનુભાઈ બહારગામથી ધંધાનું કામ પતાવીને પાછા આવ્યા હતા. આજે નફો નહોતો થયો. પોતાનું કાપડ પડતર કિંમતે વેચીને આવ્યા હતા. બસ ભાડું પણ માથે પડ્યું હતું એટલે દિમાગ ગરમ હતું. એમાં વળી રસીલાબહેનને ઠંડા પાણીનો ગ્લાસ લઈને આવતા બે મિનિટ મોડું થયું. એટલે મનુભાઈનો ગુસ્સો આસમાન પર!

રસીલાને એમણે બરાબર ખખડાવી અને છેલ્લે કહ્યું, 'આના કરતાં તો સાધુ થઈ જવું સારું!'

રસીલાની ગભરામણનો પાર નહીં.

રવિવારનો દિવસ હતો. છોકરાઓ પોળમાં ક્રિકેટ રમતા હતા. બેટ્સમેને બોલને જોરથી ફટકાર્યો. મનુભાઈના ઘરની બાજુના ઘરમાં બારી પર બોલ અથડાયો અને તોય મનુભાઈનો ગુસ્સો આસમાન પર! એમણે ગમેતેમ બોલવા માંડ્યું! પત્ની રસીલાને ખખડાવવા માંડી! છેલ્લે પેલું વાક્ય આવ્યું, 'આના કરતાં સાધુ થઈ જવું સારું!'

રસીલાની ગભરામણનો પાર નહીં.

એને મનમાં થાય કે ખરેખર આ સાધુ થઈ જશે તો મારું શું થશે?

એક દિવસ સવારના પહોરમાં મનુભાઈને વેળાસર બહાર જવાનું હતું. એમણે રસીલાને ગરમ પાણી મુકવાનું કહ્યું. ધગધગતું ગરમ પાણી તૈયાર જ હતું. રસીલાએ ડોલમાં પાણી ભર્યું અને ડોલ ચોકડીમાં મૂકી. મનુભાઈને એ પાણી વધારે પડતું ગરમ લાગ્યું અને મનુભાઈનો ગુસ્સો આસમાન પર! એમણે રસીલાને ખખડાવી નાખી. 'તને કાંઈ કામ આવડતું જ નથી. કોઈ કામની ખબર જ પડતી નથી. તારા કોઈ કામના ઠેકાણાં નથી. હું પરણ્યો જ ન હોત તો સારું થાત. આના કરતાં તો સાધુ થઈ જવું સારું!'

રસીલાની આંખમાંથી ચોધાર પાણી જાય ચાલ્યા. એકબાજુ દુઃખ થાય અને બીજી બાજુ ગભરામણ થાય. દુઃખ એ માટે થાય કે પોતાની કાંઈક ભૂલ થઈ ગઈ અને ગભરામણ એ માટે થાય કે ખરેખર આ સાધુ થઈ જશે તો મારું શું થશે?

રસીલાની આંખમાંથી ચોધાર પાણી ખરતાં હતાં. એને અપાર મૂંઝવણ થતી હતી. મનમાં ખૂબ ડર લાગતો હતો. પોતે શું કરવું તે સમજાતું નહોતું.

એ સમયે રસીલાને થયું કે આ પ્રશ્નનો ઉત્તર સ્થાનકમાં જઈને ગુરુ મહારાજને જ પૂછવો જોઈએ. મનુભાઈ પોતાના કામે ગયા એટલે રસીલાબહેન સ્થાનકમાં પહોંચ્યા. ગુરુદેવને વંદન કરીને રસીલાબહેને બધી વાત કરી અને પછી વિનંતી કરીને પૂછ્યું કે, 'મારો પતિ રોજ મને વાતવાતમાં સંભળાવે છે કે 'આના કરતાં તો સાધુ થઈ જવું સારું!' તે વખતે મને ખૂબ ડર લાગે છે કે ખરેખર તે સાધુ થઈ જશે તો મારું શું થશે?'

ગુરુદેવ રસીલાબહેન ભણી તાકી રહ્યા. એ સ્ત્રીની પીડા તેના ચહેરા પર જામી ગઈ હતી.

ગુરુદેવે કહ્યું, 'બહેન, સાધુ થવાનું સહેલું નથી. સાધુપણામાં પણ અનેક કષ્ટ છે, અનેક તકલીફો છે. તું એક કામ કર, હવે જ્યારે તે બોલે કે 'આના કરતાં તો સાધુ થઈ જવું સારું!' ત્યારે તું આમ કરજેઃ એમને કહેજે કે, 'જાવ, તમે દીક્ષા લઈ લો, મને વાંધો નથી' અને પછી જે થાય તે જોયા કરજે!'

રસીલા ભડકી. એ ખરેખર સાધુ થઈ જશે તો?

ગુરુદેવ શાંત હતા. એમણે કહ્યું, 'મેં જેમ કહ્યું છે તેમ કરજે.'

રસીલા ઘરે પહોંચી.

ફરી એકવાર મનુભાઈએ સપાટો બોલાવવાનું શરૂ કર્યું. વાત બહુ નાનકડી હતી. એ દિવસે ઘરમાં ભીંડાનું શાક બન્યું હતું. મનુભાઈને ભીંડા ભાવે નહીં અને મનુભાઈનો ગુસ્સો આસમાન પર! એમણે રસીલાને ખખડાવવા માંડી અને છેલ્લે પેલું વાક્ય આવ્યુંઃ 'આના કરતાં સાધુ થઈ જવું સારું!'

આજે રસીલા શાંત ઊભી હતી. એના દિલમાં ગભરામણ હતી પણ ચહેરા પર શાંતિ છવાયેલી હતી. રસીલાએ ધીમેથી કહ્યું, 'જો તમને લાગતું હોય કે સાધુ થવાથી તમને સુખ મળશે, તો જાવ તમે દીક્ષા લઈ લો. મને વાંધો નથી.'

મનુભાઈ સ્તબ્ધ થઈ ગયા.

આજ સુધીમાં ક્યારેય રસીલા સામે બોલી નહોતી. એણે કોઈ જવાબ આપ્યો નહોતો. અને આજે કહી દીધું કે તમે દીક્ષા લેશો તો મને વાંધો નથી! એ મારી સામે બોલી શકે જ શી રીતે? અને પાછું એમ કહી દે કે જાવ, તમે દીક્ષા લઈ લો તો મને વાંધો નથી, એમ?

મનુભાઈ ગુસ્સામાં તો હતા જ. એ જમવાની થાળી પરથી ઊભા થઈ ગયા અને કશું જ બોલ્યા વિના ઉપડ્યા સીધા સ્થાનક-ઉપાશ્રય તરફ.

રસીલાબહેનની આંખોમાંથી આંસુનો વરસાદ વરસતો હતો. હવે શું થશે તેની ચિંતા થતી હતી.

સ્થાનકમાં ગુરુદેવ શાંત મુદ્રામાં ભક્તો સાથે વાત કરતા હતા. મનુભાઈ ત્યાં પહોંચ્યા. વંદન કરીને બેઠા. ગુરુદેવે મનુભાઈને જોયા અને આખી ઘટના સમજી ગયા. એમણે વાતવાતમાં ભક્તોને કહ્યું,

'આ જગતમાં જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરવી અત્યંત કઠિન કાર્ય છે. જૈન ધર્મના જે નિયમો સાથે સંયમ જીવનનું પાલન કરવાનું છે તેમાં અનેક કષ્ટ છે, અનેક તકલીફ છે, અને છતાં તેમાં હસતાં મુખે કષ્ટ સહન કરીને સંયમવ્રતનું પાલન કરવાનું હોય છે.'

એક ભક્તે પુછ્યું, 'ગુરુદેવ, સંયમ જીવનમાં ખાસ શું કરવાનું હોય છે?'

ગુરુદેવ કહે, 'ભાઈ, ભગવાન મહાવીરે કહેલું, સંયમ જીવન એ આ જગનતી અજાયબી છે. એક કવિની પંક્તિ છે કે, 'જેના રોમ રોમથી ત્યાગ અને સંયમની વિલસે ધારા, આ છે અણગાર અમારા!' સંયમ જીવનમાં જ્ઞાન પામવા માટેનો પુરુષાર્થ કરવાનો હોય છે. વિશિષ્ટ તપશ્ચર્યા કરવાની હોય છે. પગે ચાલીને સર્વત્ર ભ્રમણ કરવાનું હોય છે. માથાના વાળનો લોચ કરવાનો હોય છે અને આ તમામ વખતે પડતી તલીફને હસતા મુખે સહન કરવાની હોય છે.'

સૌ ભક્તોની આંખમાં અહોભાવ છલકાયો!

તે સમયે એક ભક્તે આવીને વિનંતી કરી કે, 'ગુરુદેવ મારે ત્યાં ગોચરી-ભિક્ષા લેવા પધારો.'

ગુરુદેવે કહ્યું, 'ભાઈ, અમે ત્રણેય સાધુઓ ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા કરી રહ્યા છીએ એટલે વહોરવા આવીશું નહીં.'

સૌ ભક્તો વિદાય થયા ત્યારે મનુભાઈએ હાથ જોડીને કહ્યું, 'ગુરુદેવ, હું સાધુ થવા આવ્યો છું. મને દીક્ષા આપો.'

ગુરુદેવ કહે, 'હમણાં મારી પાસે રહો. પછી જોઈશું.'

મનુભાઈ એક ખૂણામાં જઈને બેઠા, પણ પેટમાં કકડીને ભૂખ લાગી હતી. એમને થતું હતું કે ગુરુદેવ ભોજન માટે કંઈક વ્યવસ્થા કરે તો સારું. ગુરુદેવ પોતાની ગોચરી-ભિક્ષા લઈ આવ્યા. ગુરુદેવ મનુભાઈના મનોભાવ સમજતા હતા. એમણે કહ્યું, 'ભાઈ અમે તો ભોજનમાં માત્ર કરીયાતું લાવ્યા છીએ અને હવે તમારે દીક્ષા લેવી છે માટે તમે પણ કરીયાતું શુષ્ક આહાર લેવાનું શરૂ કરી દો.'

'એટલે?'

ગુરુદેવ કહે, 'મનુભાઈ, સંયમ જીવનનો આનંદ ત્યાગમાંથી મળે છે. હવે ખટમધુરા ભોજન છોડીને તમારે આજથી જ તપ શરૂ કરવાનું છે.'

'એટલે?'

'મનુભાઈ, જૂઓ, સામે લીમડાનું ઝાડ છે. થોડા લીમડાના પાંદડાં લેતા આવો. એમાં થોડું પાણી ઉમેરીને લાડુ બનાવો અને પછી તે જમી લો એટલે પેટની ભૂખ શમી જશે.'

'અરે, પણ એ તો કેવી રીતે ખવાય? એ તો કડવું, કડવું લાગે.' મનુભાઈ ધ્રૂજી ગયા.

ગુરુદેવ કહે, 'મનુભાઈ, સાધુપણું સરળ નથી. એમાં જીભને પણ જીતવાની છે.' લુખ્ખા-સૂકા આહારથી શરીરને નિભાવવાનું છે. મિષ્ટાન્ન ખવડાવીને જીભને પોષવાની નથી. આ તો સાધુ જીવન છે. જ્યાં પળે પળે ત્યાગ કરીને આનંદ પ્રાપ્ત કરવાનો છે.'

મનુભાઈ કહે, 'ગુરુદેવ, મને ભીંડા ભાવતા નથી અને જો મારી ઘરવાળી ભીંડા બનાવીને મૂકે તો હું તોફાન મચાવી મુકું છું.'

'અને પછી,' ગુરુદેવે કહ્યું, પત્નીને ધમકી આપો છો કે 'આના કરતાં સાધુ થઈ જવું સારું!' ભાઈ, સાધુપણામાં તો શ્રીખંડ પણ ભૂલી જવાનો હોય છે ત્યાં ભીંડાની તો શી વાત કરવી?'

એમને થયું કે આજ સુધી પત્નીને ધમકી આપી આપીને પોતે ક્રોધનો કાળો કેર વર્તાવ્યો! સાધુજીવન એ કાંઈ રમત નથી પરંતુ હાડોહાડ વૈરાગ્યનો આવિષ્કાર છે!

ગુરુદેવ કહે, 'મનુભાઈ, શાંતિથી ઘરે જાઓ અને ઘરમાં સૌપ્રથમ ક્રોધનો ચૂલો સળગે છે તેને ઠારીને સુખનો દીપક પ્રગટાવો. પછી સાધુજીવનની વાત કરવા આવજો.'

મનુભાઈ ઘરે પહોંચ્યા ત્યારે રસીલા આંગણામાં આવકારવા ઊભી હતી. એની આંખમાં સુખના આંસુ હતા! ✶✶✶

# Thus He Was Thus He Spake : Time

'Main samay hoon...' ( I am Time) was a line I grew up with while watching Mahabharat every Sunday for years and that commanding sound used to resonate in my child ears , intimidated but in awe of the complete power that Time had.

And yet would wonder with my half child half growing up woman brain- if Time was really this powerful, why could it never turn back, give more, stay frozen- None of it- The only thing it could really do is Go... This invaluable irreplaceable concept/ object called Time was actually like a chameleon- It became light or heavy depending on situation and it never stopped ever.

Then; when I turned sixteen and was offering my slam book to various people - our dear Tara ben (Prabudh Jivan's ex editor Raman Bhai's wife) wrote

'Priya Reshma- Samayam Goyam ma pamaye-( Lord Mahavir's message that was told 36 times to his Gandhar Gautam Swami ji) -That became my touchstone in life. She explained the meaning to me and it became my favourite quote churning in my head constantly striving but I could never really live by.

And then Pujyashri Rakesh Bhai happened.

A spiritual guide/ master whose 'Time' table comes out on the 31st of December for the whole year ahead- the finest time management coach whose each minute was accounted for and who yet always had time for everyone.

This was alluring- For me it was a phenomenon- Here was a human being who made his every minute count and yet ate, drank, did body kriyas, laughed, loved, chit chatted, went for 'coffees', had family retreats, had alone time, had friendships, and all this was along with being a master for thousands of his disciples and spreading the message from his master every second of his life.

Gurudev (Pujyashri Rakesh Bhai) introduced us this week to the inner workings of Mahatma Gandhi (Bapu) and his phrases resonate through my mind tilll now - 'Gaja thi vadhare kaam karvani and karavani aavdat hati bapu ma. About ' Samay ni keemat.' - Gurudev informed that Bapu used to say 'Ghadiyal na takore shuru thavu joiye, but also ghadiyal na takore kaam puru thavu joiye.'- He gave many other heartwarming and occasional exasperating examples of Bapu's always keeping his own deadline by the minute and expecting the same precision from all others - including when he chided the then Congress President Lokmanya Tilak on being half an hour late for a meeting - ' Jo Swaraj ardho kalak maudho padyo, to tame jawabdar....." The stories of Bapu are so inspiring, so within our reach, touchable, doable, so extraordinarily simple...and yet what it requires is passion, purpose, persistence.

In my 37 years I have seen ordinary people leading a purposeful gentle life by understanding and managing time well- I have seen extraordinary people do extraordinary things by managing Time.

Looking back at my life and the spiritual guides I have encountered- Smt Neela Shashi Mehta (Neela Ma), Suman Dalal- all of them had one thing in common- they never complained about time- They always had enough time for everything.and thus I slowly realized that for time to matter, for every second, minute to matter, every breath to matter- every word you speak , every action coming your way,every thought springing in your head, every feeling bursting out has to count and can you imagine the wonder of cultivating such a persona where there is no day dreaming( and yet the world itself appears at all times like a dream), where these is no inane talk, where there are no voids,no time wasted. And that for me was magical- discovering that time , this all powerful time was actually putty in our hands. We could make time good or bad by simply willing it-that we as human beings are far greater than time only if we stop doing sankalp vikalp which is essentially constant thinking based on past or future

So as i sit here giving this article way past the deadline, I bow to all the people who know and work their lives out within 'samay maryada' and make an inner resolve to reach my final timeless existence through the strict discipline of time. AMEN

☐ **RESHMA JAIN**
The Narrators
Mobile: 982042744

# THE GLORIOUS DARŚANAS

BY : ATISUKHSHANKAR TRIVEDI

## CHAPTER - IV : SĀNKHYA-YOGA

**The Sānkhya-Yoga Philosophy : Main Spirit :** Just as the Nyāya-Vaiśeṣika are allied philosophy, so are the Sānkhya and the Yoga, the former mainly speculative, the latter practical. The Sānkhya resolves the Universe into Souls (Puruṣa) and the root principle of Matter (Prakṛti). The world is not created by a Creator, God, but is the product of the interaction between the infinite number of Puruṣas and the ever-active Prakṛti. Unlike the rigid categories in the atomic pluralism and Realism of the Nyāya-Vaiśeṣika we have here an attempt to interpret things by the concept of Continuity. In order to acquire Mokṣa, a correct knowledge of the Prakṛti and the Puruṣa should be acquired. The yoga lays stress on the evolution of the self by Yogic practices, Moral and Intellectual disciplines.

**The Sānkhya Literature :** The important names of the teachers of the Sānkhya Phiolosophy were in order of time succession, Kapila, Āsuri, Panca Śikha and Īśvarakṛṣṇa. Kapila was the author of the Sānkhya system, but nothing definite can be said about his life and works. The Sānkhya Pravachana Sūtra and the Tattvasamāsa are attributed to him, but there is no evidence to show that these works were composed by him. In all probability, he must have lived in the century preceding Buddha. Āsuri lived in about 600 B.C. and Panchaśikha in the 1st century A.D. The earliest available book on Sānkhya Literature is the Sānkhya Kārikā of Īśvarakṛṣṇa of the 3rd century A.D. Gauḍapada, Rāja and Vāchaspati Miśra wrote commentaries on this Kārikā. Vāchaspati Miśra's Sānkhya Tattva Kaumudī (9th Century A.D.) is a popular work of the Sānkhya doctrines.

Aniruddha (15th Century A.D.), Mahādeva (16th Century A.D.), and Vijnānabhikṣu (16th Century A.D.) are other commentators, of whom the last is the most prominent.

**The Sānkhya Categories :** The Sānkhya mentions 25 elements of Being, classifying them under four chief heads:*

(1) That which is only a cause,

(2) That which is both cause and effect,

(3) That which is only an effect, and

(4) That which is neither cause nor effect.

Under (1) is put Prakṛti or Pradhāna, i.e. the Unmanifested Primordial Matter. Under (2) are put Mahat (The Great Element, i.e. Buddhi or Consciousness), Ahankāra (Egoism i.e., Self-Consciousness), and the five subtle Elements, the Tanmātrāṇi. Under (3) are put the five Gross Elements (Mahābhutani, i.e. Earth, Water, Fire, Air and Ether, the gross elements which arise out of the corresponding 5 Tānmatras), the 5 organs of sense (the Jnānendriyāṇi, the Eye, the Nose, the Tongue, the Ear, the Skin.), the 5 Organs of Action (the Karmendriyāṇi, the Voice, the Hands, the Feet, the Organ of Generation, and the organ of evacuation), and Manas (the Receptive and Discriminative Faculty). Under (4) is put Puruṣa or Spirit. The Soul is neither the cause nor the effect of anything.

The 25 Principles are as under :-

| | | | |
|---|---|---|---|
| Prakṛti - | 1 | Organs of Sense - | 5 |
| Mahat - | 1 | Organs of Action - | 5 |
| Ahaṃkāra - | 1 | Mahābhūtas - | 5 |
| The Tanmātras - | 5 | Manas - | 1 |
| Puruṣa - | 1 | Total | 25 |

**Prakṛti and Sānkhya Satkaryāvāda :-** The Sānkhya Theory of causation is that the effect is not new to the cause, it is simply the development of the latter, it *exists* in the latter. All production is development and all destruction is envelopment. For what is non-existent cannot be made to exist; the sky-flower cannot be produced. Blue cannot be produced into yellow. Again the product is in its *material* the same as the cause out of which it is produced. The cause and effect therefore

*मूलप्रकृतिविकृतिर्महद द्या: प्रकृतिविकृतय: सप्त ।
षोडशकस्तु विकारो न प्रकृति न विकृति: पुरुष: ।। ईश्वरकृष्ण-२.

are not new to each other; and the effect is not non-existent or newly created.*

Now since all effects are latent in their causes, unless we are to have an infinite regress, we must admit the existence of an uncaused cause. That is Prakṛti. It is the Unmanifested Primordial world-element. It must be assumed to exist; because individual things are limited and as such are dependent on something external. They possess certain pervasive characteristics in common. Therefore there must be a common source of their production. Further the unity of the Universe implies a single principle behind it. This is Prakṛti. It is also called the Pradhāna or the Chief Existence, for all effects depend on it. It is one, all-pervading and eternal. It is imperceptible. But that does not affect its Reality, for many things which are not perceptible are accepted as real. It is not to be identified with Matter. For it is the source of all objective existence; it gives rise to psychical as well as material elements. It is the symbol of all Becomning and Change in the Universe. In its fullness the Real is distinguished into Puruṣa or the Unchanging Subject and Prakṛti or the changing object.

**The Guṇas : Prakṛti and Evolution :** The unevolved Prakṛti is in a state of equilibrium constituted by the mutual opposition of 3 Guṇas, or the 3 constituent factors : the Sattva, Rajas and Tamas.** The Sattva is Intelligence-stuff, the Rajas is energy-stuff, and Tamas is Mass-stuff. Sattva produces goodness, Rajas-activity and Tamas Ignorant indifference. These three guṇas are never separate; they are interrelated. The Sānkhya Kārikā compares them in a homely simile to the constituents of a lamp : the flame, the oil and the wick respectively. The guṇas have a common purpose like a lamp. They are all the very substance of Prakṛti and all things are evolved due to the predominence of the different Guṇas. The evolution of the world, according to the Sānkhya, is from Prakṛti or Perfect Homogenity to the heterogenous existences due to the union of the Guṇas in different proportions.

As to why the sum-total of the Guṇas should be disturbed, no explanation is offered. It is taken for granted that there is blind purpose in the Prakriti whereby its transformations take place to serve the purposes of the Puruṣa. When the actions of the Puruṣas require that there should be a temporary cessation of experience, the world returns to the quiescent state (the Pralaya) of Prakṛti.

**Puruṣa :** He is a Conscious subject, the Spirit, the existence of which is proved in the Sānkhya Kārikā by a number of arguments. *(1) The aggregate of Nature must exist for the sake of something. (2) There must be a subject to experience the three Guṇas (3) There must be a presiding power to co-ordinate all experiences. (4) Prakṛti is non-intelligent; so something intelligent must exist. (5) The evolution of Prakṛti proceeds for the emancipation of something : there is a striving after liberation, and so the reality of one that can effect the escape must be assumed.

Further, Spirits are many; for experience show us separate truths, separate organs, different actions. Nature is one and the same to all; so Spirits must be the reverse of nature, many. Prakṛti is object, Puruṣa subject; the former unconscious, the latter conscious; the former is a cause, the latter produces nothing, it is without participation in any activity. The empirical conjunction of Prakṛti and Puruṣa is like the union of a blind man with a lame man. (पङ्गवन्धवत्)** And yet it should be noted that the analogy is false; for the two man are

---

*The कारिका says
असदकरणादुपादानग्रहणात् सर्वसंभवाभावात्
शक्तस्य शक्तकरणात् कारणभावाच्च सत्कार्यमं ।।९।।

The effect exists (before the cause causes), because (1) Nothing can come from nothing; (2) from taking an adequate material, e.g., one who wants curds will take milk; (3) there is an adequate instrument for an adequate effect, e.g., the potter uses his implements for a pot, not for cloth; (4) from the nature of the cause itself, i.e., of same nature is the cause with the effect.

** सत्त्वं लघु प्रकाशकमिष्टमुपष्टभ्भकं चलं च रजः ।
गुरु वरणमेव तमः प्रदीपनच्चार्थतो वृत्ति : ।। (१६ का.)

---

* सहंतपरार्थत्वात् त्रिगुणाधिविपर्ययादधिष्ठानात् ।
पुरुषोऽस्ति मोक्तृभावात् कैवल्यार्थप्रवृत्तेश्च ।। (१७ का.)

** जननमरणकरणानां प्रतिनियमादयुगपत् प्रवृत्तेश्च ।
पुरुषबहुत्वं सिद्धं त्रैगण्यविपर्ययाच्चैव ।। (का. १८।।)

There are many पुरुषs because (1) births and instruments of life are allotted sepesrately. (2) occupations are अयुगपत् (3) qualities affect variously.

possessed of activity and can co-operate but not so are Prakṛti and Puruṣa. In fact the relation of the two is the most difficult to establish in the Sānkhya Philopsophy.

**The Mechanism of Knowledge :** A criticism on Sānkhya Theory of Knowledge (Epistemology) :- According to the Sānhkya Philosophy, Buddhi (Intellect), Ahaṃkāra (Selfconsciousness), Manas (Mind), and the Senses constitute the mechanism at work in Knowledge. The object excites the Senses, the Manas arranges the sense-impressions into precepts, the Ahaṃkāra refers them to the Self and the Buddhi forms the concept.

In this process, Puruṣa and Prakṛti are somehow related, though Sānkhya starts with the independence of the two. The relation is explained by metaphors of proximity, reflection and the like. But how can refletion be possible unless the subject and the object are alike? How can Formless Puruṣa be reflected in Buddhi which is changing ? With radical opposition between Puruṣa and Prakṛti the Problem of Knowledge is insoluble in the Sānkhya.

**Is Puruṣa one or many ?** The Sānkhya answer to this question is that the Puruṣa is many, for there is a variety in the experiences of pleasure, pain, trouble, confusion, purifying of vice, health, birth and death, stages of life (ashramas) and differences of caste. If only one Puruṣa exists, all would be happy, or all would be unhappy, if one is either happy or unhappy. As against this, it should be noted that the Vedānta view is that the Puruṣa is one and not many.

**The Sānkhya view of the World :** This view is dualistic as opposed to the Vedānta view which is monistic. According to the Sānkhya, world-creation is the result of a temporary union between Puruṣa and Prakṛti. This union arises from Aviveka or want of Discrimination, and vanishes with Viveka or Discrimination i.e. Knowledge. Opposed to this, but still allied is the Vedānta view whcih says that the world-creation is a mere illusion : it is Avidyā or Nescience. What is Avivaka in Sānkhya is Avidyā in Vedānta : a close similarity indeed; and yet the underlying difference is there, that the one system is Dualistic, while the other is Monistic.

**The Yoga Literature :** The germs of Yoga Philosophy are as old as the Ṛgveda, and we find mention of Yogic practices in the Upaniṣads, in the Mahābhārata and in Jainism and Buddhism. The oldest text-book of the Yogic Philosophy is the Yoga Sūtra of Pantanjali. Even his work is called anuśāsana, which implies a previous exposition, and according to the Yajnāvalkya Smṛti, the founder of the Yoga system is Hiranyagarbha. The Yoga Sūtra is in 4 parts; Part I is Samādhipāda i.e., it shows the aim of Samādhi; Part II is Sādhanāpāda i.e., it deals with the means to attain it; Part III is the Vibhūtipāda, i.e., it deals with divine powers acquired by Yoga; and Part IV-Kaivalyapāda i.e., it deals with liberation. The date of the Yoga Sūtra is difficult to fix, but Vyāsa's commentary on them may be fixed in about the 4th century A.D. A commentary on this Vyāsbhāṣya was later written by Vāchaspati (9th century). Later useful Yoga works are Vigñānabhikṣu's Yogāvarttika and Yogasārasamgraha.*

**The Main Teachings of the Yoga :** According to the Sānkhya, Knowledge is the only source of liberation. The Yoga differs and holds that liberation depends on mental concentration and right discipline. Sweet tastes which are well-known are not experienced when one has bilious fever. Therefore one should destroy these tainting evils which cling to the body. Just so, there is nothing other than Yoga which can destroy the evils appertaining to man, who has acquired knowledge. In short, while Sānkhya is busy with Knowledge, Yoga is with Action, mental discipline and devotional exercises. It therefore brings in the conception of God

---

* योगसारसंग्रह of विज्ञानभिक्षु: It has four chapters. (I) Two kinds of योग : संप्रज्ञात and असंप्रज्ञात; योग is चित्तवृत्तिनिरोध. The वृत्तिs are प्रमाण, विपर्यय, विकल्प, निद्रा, स्मृति. There are four Kinds of सप्रंज्ञात योग : सवितर्क, सविचार, सानन्द, सास्मिता; and four Kinds of असंप्रज्ञात योग: प्रथमकल्पिक, मधुभूमिक, प्रज्ञाज्योति and अतिक्रान्तभावनीय. Thus (I) deals with योग स्वरूप; (II) योग साघनs : Different for different types. 3 types : मन्द, मध्यम्, उत्तम or आरुरुक्षु, युज्जान, and योगारूढ. For the योगारूढ, two साघनs : अभ्यास and वैराग्य : अभ्यास being strengthend by परिकर्मs or purificatory mental prctices. For the युज्जान, three साघनs : तप, स्वाध्याय: and ईश्वरप्रणिधान. For आरुरुक्षु, the eight-fold योग: यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमाधयश्च । The यमs being moral restraints, four external formal controls अहिंसा सत्यमस्तयं ब्रह्म:श्चर्यापरिग्रह: । The नियमs being religious restraints, तप: स्वाध्यायसंतोषा: शौचमीश्वरपूजन्। (III) deals with the सिद्धिs or occult powers got by यम. (IV) deals with the फल, which is कैवल्यप्राप्ति.

and is called the Theisitc Sānkhya (Seśvara Sānkhya).

Birth, life and enjoyment are the results of *Karma.* The actions in their turn are the results of five afflictions (Kleśa); Ignorance (अविद्या), Egoity (अस्मिता), Desire (राग), Aversion (द्वेष), and Anxious attachment or The Will to Be (अभिनिवेश). Yoga is the controlling of the various processes of consciousness, and it is on the Yoga practices that the destruction of the various mental dispositions (संस्कार and वासना), is dependent.

**What is Yoga ?** What are Forms of Yoga ? Yoga is the suppression of mental activities leading to the absolute abidance of the Puruṣa in his real nature.* It is of two forms (1) Concrete Meditation (संप्रज्ञात योग) and (2) Abstract Meditation (असंप्रज्ञात योग). The mental activities (वृत्ति) to be suppressed are-Right Notion (प्रमाण), Misconception (विपर्यय), Fancy (विकल्प), Sleep (निद्रा) and Memory (स्मृति). Both of the two forms of Yoga have their sub-varieties, and four interesting stages of the असंप्रज्ञातयोगिन् are mentioned: (1) प्रथमकल्पिक, (2) मधुभूमिक, (3) प्रज्ञाज्योति and (4) अतिक्रान्तभावनीय. The last results in the योगी becoming Cloud of Virtue (धर्ममेघ); his Yoga showers virtue, and he is in this stage called a living adept (जीवन्मुक्त).

**The Art of Yoga :** The constituents of Yoga are 8 in number : Abstention (यम), Regulation (नियम), Bodily Postures (आसन), Breath Control (प्राणायाम), Withdrawal of Senses from outside objects are (प्रात्याहार), Attention (ध्यान), Contemplation or meditative concentration (धारण), and Attentive Self-Realisation (समाधि). The first two : Abstention and Regulation are the ethical preparations of the life of a Yogi, Āsana, Prāṇāyāma and Pratyāhāra, the physical or external aids to Yoga, while the Dhyāna, dhāraṇā and Samādhi are the internal aids to Yoga.

The Yamas or Abstentions are the prohibitions which act as moral disciplines. They are to be strictly followed, and no exception is to be allowed. They are : (1) Non-Violence (अहिंसा) (2) Truthfulness (सत्य) (3) Honesty (अस्तेय) (4) Continence and Celebacy (ब्रह्मचर्य) and (5) Non-acceptance of gifts (अपरिग्रह).

The Niyamas or Regulations are : (1) A life of asceticism (तपस्) (2) Study of Scriptures (स्वाध्याय), (3) Devotion to God (ईश्वरप्रणिधान), (4) Purity (शौच) and (5) Contentment (संतोष). These five are positive observances of the Yoga. In contrast to Yamas, They are optional, though of course all who resort to Yoga must practise them regularly.

When there is a temptation to violate the ethical rules thus prescribed, additional moral disciplines are suggessted as helps: (1) Defence-Reaction (प्रतिपक्षभावना) i.e., when there is a bad thought, meditate the opposite good one in its place, (2) Friendliness (मैत्री), (3) Sympathy (करुणा), (4) Cheerfulness (मुदिता) and Toleration (उपेक्षा).

The ethical ground being ready, the actual practice of Yoga involves certain bodily posture, breath-control and withdrawal of senses from external objects. These are all described with careful and detailed analysis.

The last stage which is the ecstacy in which the connection with the outside objects is destroyed is the Samādhi. Even this is sub-divided into the Conscious Samādhi (संप्रज्ञात समाधि) and the Superconscious Samādhi (असंप्रज्ञात). In the former though the connection is broken the mind is still conscious of the external object; in the latter, even that is absent, and the mind is Pure Intelligence : the Seer abides in himself, he sees his Spirit in its own plane, above all confusion with Prakṛti.

These divisions imply degrees of concentration. The consclous Samādhi is subdivided into four stages: (1) सवितर्क, in which the name and qualities of the object of contemplation are present to the mind, (2) the निर्वितर्क, in which these are absent, (3) निर्विचार, in which there is no thought of the qualities of the object, (4) the आनन्द, where there is only joy in the activity of the Intellect, (5) अस्मिता, in which the mind thinks of the Pure Substance or Pure Existence of the object.

**The Concepts of God in Yoga Philosophy :** Īśvara is that particular Spirit ever untouched by the 5 troubles, Ignorance etc., and by Virtue, Vice and their developments (विपाक) as well as by the general संस्कारs.* Devotion to God is only an aid to Yoga, and that is why the concept is introduced in this philosophy. It does not believe in God, the Creator and the Preserver of the Universe, nor is He the Moral Guide, rewarding or punishing men for their actions. God is a Particular Self just as each man's Puruṣa is : it is not union with God, but separation from Prakriti which is the end of human aspiration. God, in Yoga Philosophy, simply helps us in removing obstacles to progress. This is deistic–and not

* पुरुषष्यास्वात्यन्तिकस्वरूपावस्थितेहेतुश्चित्तवृत्तिनिरोधः।

a theistic–concept of God, and is hardly satisfactory. Perhaps the Yoga Philosophy introduced the idea only in order to popularise its tenets. Later on in the Yoga as we find it in popular mind, God begins to reoccupy a central place. But in Yoga proper, there is only a thin line of demarcation between theism and atheism.

**Mokṣa :** The Yoga lays down कैवल्यम् or Isolation as its goal. It is defined as पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरूपप्रतिष्ठा वा चितिशक्ति : It is the regression of attributes, devoid of soul's purpose or the abidance in its own nature, of Intelligence (Self-Realisation). It extirpates pain. This doctrine is *not* opposed to सांख्य, for which the ideal of Mokṣa is directly described as the annihilation of 3 kinds of pain (आध्यात्मिक, आधिभौतिक and आधिदैविक). मोक्ष to Vedānta means the return of the Human Spirit to the bosom of the Supreme Spirit. The view does not come into conflict even with Nyāya for which मोक्ष is the absolute cessation of pain, nor with Vaiśeṣika for which it is the destruction of qualities. It is only with the Neo-Vedāntists (नवीनाः वेदान्तब्रुवाः) that Yoga differs. For the former considers मोक्ष to consist in Eternal Bliss (नित्यानंद). This in how the योगसार puts the matter. It is interesting to note how the सिद्धांतसारसंग्रह of Śankara differentiates between Nyāya-Vaiśeṣika view: The नैयानिक longs for bliss Eternal as opposed the वैशेषिक who wants पाषाणवदवस्थितिः (stony indifference)* (सिद्धांतसारसंग्रह ४१-४३)*

(To be Continued)

* नित्यानंदानुभूतिः स्यान्मोक्षे तु विषयाद्दते।
वरं वृन्द्रावने रम्ये शृगालत्वं वृणोम्यहम्।।
वैशेषिकोक्तमोक्षातु सुखलेशविवर्जितात्।
यो वेदविहितैर्यज्ञैः ईश्वरस्य प्रसादतः।।
मूर्च्छामिच्छति यत्नेन पाषाणवदवस्थितिम्।
मोक्षोहि हरिभक्तयाष्तयोगेनेति पुरोदितः

# HOW TO DIFFUSE ANGER

By : ANOP R. VORA, Rochester, NY

*[ Anop Vora is a former president of Federation of Jains in North America and the Jain Society of Rochester and is the founding president of International Alumni Association Mahavir Jain Vidyalay (IAAMJV). He recently hosted a series of shows on toxic emotions such as anger for the Jain TV program Mangalam. His interests include the in-depth study of topics such as anger, arrogance, deception greed, forgiveness, the theory of karma, meditation and others. He has attended camps on Vipassana meditation is Springfield, MA, and Preksha meditation in Ladnu, India. He has also praticipated in interfaith programs in Barcelona, Spain, and Monterrey, Mexico. He has been in the U.S.A. for ever 45 years. ]*

In day-to-day life we are bound to come across situations that make us angry: a disagreement with our spouse, frustration at work, disappointment with our children, harassment at a social event, jealosy at a classmate's success, and our own unmet expectations. These and other experiences act as catalysts that trigger anger within us. Some of these situations are within our control; others are not.

Is there anything we can do to manage these situations instead of getting upset ? Is there a better way to handle conflicts and problems? To answer these questions, let us try to understand the fundamental process of anger.

For most people, anger has two major components: origination and expression. Anger originates when we allow ourseleves to be provoked. When an event occurs that instigates anger, our ego takes over, and we react. The intensity of our expression of anger then depends upon our psychological make-up. Some of us express anger instantly, while others express it over a long period of time – sometimes over decades.

The initial feeling of anger invokes other destructive emotions, such as hate, revenge, resentment, and the desire to inflict violence. Anger also blocks our ability to reason and makes us momentarily insane. As a result, people lash out physically or verbally, or on the other end of the spectrum, they become passive-aggressive.

Jain philosophy describes four major negative emotions: *krodh, maan, maya,* and *lobh,* which are anger, arrogance, deceit and greed. Jainism further describes the consequences of these emotions as depicted in

the book *Saman Suttam*, `Anger destroys love, pride destroys modesty, deceit destroys friendship, and greed destroys everything.'

A major step is often missing between the originnation of anger and its expression: awarness of our anger.

If we recognize the negative emotion of anger as it arises, we can dilute and even dissipate the emotion. How can we identify and control anger? This requires us to pause, assess, and reflect. If we walk away from the situation and take a few minutes, or even a few days, to think through the problem constructively, the rage most certainly loses its intensity.

Jainism shows a strong connection between karmic bondage and anger. The higher the intensity of anger, the stronger the bondage and the more serious the impact on one's destiny. When a person walks away from an anger-provoking experience, he should think about how that anger can harm his future. In addition, whether Jain or non-Jain, a person should use the time to consider the following:

Alow for the possibility that we may be wrong.

Listen to the other party.

Look at the situation from other person's point of view.

See if it is a fair criticism. Perhaps you can learn from the feedback.

Be gentle to others. We ourselves are far from being perfect.

Laugh it off !

Ask : Why am I wasting precious time brooding over what can't be changed? It is better to look ahead and prepare than to look back and regret.

Focus on worthwhile long-term goals, and ignore the minor irritations of life.

Remember it is a lot easier to change ourselves than others.

Think: `This shall pass, too.' Remember everything in life is transient.

Introspection on the above points can calm us down and make us think from a different perspective.

Some people may ask: What do we do about `righteous anger,' or feelings that arise from compassion and justice? In my opinion, anger based upon noble intention, compassion, and justice is really not anger, as there is no ego or feeling of revenge involved. People usually express this emotion to improve the behaviour of the offending person or situation. A good example is a mother getting angry with a child, or a teacher getting angry with a student, for misbehaving. Clearly both cases involve a harmless emotional response based upon a pure motive.

Some anger management consultants suggest we must express our anger and not keep it botteld up. I do not agree with this, because immediately expressing anger does not provide any permanent solutions to the issue at hand and frequently exacerbates the situatiuon. In contrast, becoming aware of the anger attempts to stop the emotion immediately. The goal is *controlling* and *preventing* anger rather than *expressing* it in destructive ways.

In addition to becoming aware of our anger, we can also utilize a huge reservoir of positive emotions, such as humility, tolerance, love, and forgiveness. These feelings help us alleviate anger if it occurs. In the Jain faith, we follow the example of Lord Mahavir, Jain Enlightened Master, who was tortured, beaten, and abused several times but never became angry.

One day, Lord Mahavir was meditating in woods. A shepherd approached him and asked him to look after his cows while he went for an errand, not realizing that the man was deep in meditation. When the shepherd returned, he found that the cows had wandered away because Lord Mahavir had not taken care of them as he had requested. The shepherd got angry and started beating him. Lord Mahavir stayed clam. When the shepherd realized his mistakes and apologized, Lord Mahavir forgave him. Lord Mahavir's deep awarness of his emotions prevented anger from originating and thus from ever being expressed.

When Lord Jesus Chirst was being crucified, he did not get angry. Instead, he uttered the famous words out of compassion: `Lord, forgive them. They know not what they are doing'. Granted, not many of us can respond the way the spiritual masters of many religions have done in the past but there are other ways discussed above that can be effectively used in daily living. The whole idea is not to start a cycle of revenge when some one misbehaves. Perhaps we can find more peaceful and creative ways to manage unpleasant situations without getting angry or upset.

Stressful situations will come, but it is our choice whether to allow ourselves to get angry or not. The key is being aware of our emotions as they arise. ✷ ✷ ✷

'મહાવીર કથા', 'ગૌતમ કથા' અને 'ઋષભ કથા'
'નેમ-રાજુલ' કથાની અભૂતપૂર્વ સફળતા બાદ
ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત ત્રણ દિવસીય

## ।। શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી કથા ।।

પોતાની આગવી શૈલીથી પ્રભાવક વાણીમાં પ્રસ્તુત કરશે
જૈનદર્શનનાં આંતરરાષ્ટ્રીય ચિંતક અને પ્રસિદ્ધ સાહિત્યકાર

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

પરિકલ્પના ડૉ. ધનવંત શાહ

**તા. ૧૩-૪-૨૦૧૪, રવિવાર, સવારે ૧૦ વાગે**

કલિકાલ કલ્પતરુ પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ ● પ્રભુ પાર્શ્વનાથનો ઐતિહાસિક સમય ● પાર્શ્વનાથ ભગવાનનું ચ્યવનકલ્યાણક ● જન્મકલ્યાણક પાર્શ્વકુમારનો વિવાહ ● કમઠ તાપસ અને નાગદંપતીનો ઉદ્ધાર ● દીક્ષાકલ્યાણક ● દાનનો મહિમા

**તા. ૧૪-૪-૨૦૧૪, સોમવાર, સાંજે ૬ વાગે**

તીર્થંકર સર્જે છે તીર્થ ● કલિકુંડ તીર્થ ● અહિછત્રા તીર્થ કુર્કુટેશ્વર તીર્થ મેઘમાળીનો ઉપસર્ગ ● કેવળજ્ઞાનની પ્રાપ્તિ ● ચતુર્વિધ સંઘની સ્થાપના ● સાગરદત્તને પ્રતિબોધ ● ભગવાનના ચાર શિષ્ય ● બંધુદત્તની અને અશોક માળીની કથા

**તા. ૧૫-૪-૨૦૧૪, મંગળવાર, સાંજે ૬ વાગે**

પાર્શ્વપ્રતિમાનો મહિમા ● શ્રી શંખેશ્વર તીર્થની સ્થાપના ● ધરણેન્દ્ર અને પદ્માવતી ● પદ્માવતીની ઉપાસના ● પાર્શ્વનાથના પ્રભાવકારી સ્તોત્ર અને મંત્ર ● પાર્શ્વનાથનો ઐતિહાસિક વારસો: આચાર, ધર્મસંઘ અને શ્રુત ક્ષેત્રે ● શ્રી સમેતશિખર તીર્થ ● પ્રભુનું નિર્વાણ ● ભગવાનનો પરિવાર ● પ્રભુ પાર્શ્વનાથનો દેશવિદેશમાં પ્રભાવ.

**સ્થળ : ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ**

**ત્રણ દિવસની કથાના સૌજન્યદાતા :**
**દિવાળીબેન એન્ડ કાલીદાસ એસ. દોશી ચેરિટેબલ ટ્રસ્ટ**
**હસ્તે : શ્રી કીર્તિભાઈ દોશી**


**ડી.વી.ડી. માટે સૌજન્યદાતા આવકાર્ય**

નિમંત્રણ-પત્ર માટે સંસ્થાની ઑફિસમાં (૨૩૮૨૦૨૯૬) જલદી નામ નોંધાવવા વિનંતી. વહેલા તે પહેલા ધોરણ સ્વીકાર્ય.


**શ્રી પાર્શ્વનાથજી સ્તુતિ**

पार्श्वनाथप्रभो! नित्यं, ध्यायामि त्वां मनोहरम् ।
त्रैलोक्यनतपादाब्जं, विघ्न व्रातविनाशकम् ।।१।।
अश्वसेनावनिपाल - कुलनभोनभोमणे!
वामाकुक्षिसरोहंस! जय त्वं धीमहोदधे! ।।२।।
त्वन्नाम च स्मरेत् (द्)यस्तु, प्रात:काले सदा विभो!
तस्य जन्म-जरा-म=त्यु-र्भतभग्यं नास्ति कदाचन ।।३।।

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**
આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં



**ડી.વી.ડી.**





**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**

**।। ગૌતમ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**





**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**

**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા

- **પ્રત્યેક સેટ (ત્રણ ડી.વી.ડી.) ની કિંમત રૂા. ૨૦૦/-**
- **ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**
- **ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડી.વી.ડી. –**
- **પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ**
- બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.
૨. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453
Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month

Published on 16th of every month & Posted at
Regd. No. MH/MR/SOUTH-379/2013-15



## ઑસ્ટ્રીયાના અબજોપતિ કાર્લ રેબેડરને ફક્ત આનંદ અને આનંદ જ

☐ સૂર્યકાન્ત પરીખ (સ્વાતંત્ર્ય સેનાની)

(૧)

જ્યારે કાર્લ રેબેડર અંગે વાંચ્યું કે, તેમણે જીવનનો એક મોટો આંચકો લાગ્યા પછી મનમાં નક્કી કર્યું કે, 'મારી અબજોની જે સંપત્તિ છે. તે મારે સમાજને સમર્પિત કરવી.' તો એવો કયો આંચકો એમના જીવનમાં આવ્યો કે, વર્ષ-૨૦૦૩માં તેની પત્ની તેને છોડીને બીજા કોઈની સાથે લગ્ન કરવાની હતી. આ સમય એવો હતો કે, જ્યારે રેબેડરની ઉંમર ૪૮ વર્ષની હતી. ત્યારે પોતાની અબજો રૂપિયાની સંપત્તિ છોડવાનો નિર્ણય કર્યો. રેબેડર એક નાનકડા ટેલ્ક નામના શહેરમાં ૧૩ વર્ષથી રહેતો હતો અને તેનું કામ તૈયાર કપડાં વેચવાનું હતું, જેમાં એ કરોડો રૂપિયા કમાયો. તે જ્યારે દક્ષિણ ફ્રાન્સના શહેરમાં રહેતો હતો ત્યારે એણે પોતાની સંપત્તિ છોડવાનો સંકલ્પ કર્યો. ત્યારે એનો ધંધો ખૂબ મોટો થતો ગયો હતો. એટલું જ નહીં તેના રહેવાનું ઘર પણ પાંચ કરોડ રૂપિયાનો મોટો બંગલો હતો અને તેણે નક્કી કર્યું કે, યુરોપની એક લોટરીમાં જે માણસ ઈનામ જીતે તેને આ મોટા બંગલાની ચાવી આપી દેશે. એને પોતાની સંપત્તિ છોડવાનો વિચાર કયા કારણસર આવ્યો તે સ્પષ્ટ નથી, પરંતુ એ જ્યારે દુનિયાના ગરીબ દેશોમાં ફરવા ગયો અને ત્યાં એણે હજારો લોકો જોયા કે તેમની પાસે ખાવાનું પણ નહોતું. ત્યારબાદ ૧૯૯૪ સુધી તેણે સમાજની પ્રવૃત્તિમાં મદદ કરવા ખાસ કરીને દક્ષિણ અમેરિકાના ગરીબ ભાગમાં કેટલીય સ્કૂલોને દાન આપ્યા કે જેથી હજારો વિદ્યાર્થીઓ ભણી શકે. જર્મનીમાં કહેવત છે કે, જે માણસ સાદું જીવન જીવે તેને જીવનમાં ખૂબ આનંદ મળે છે. એ વાત એના મનમાં ઉતરી હતી. એટલે એનું પોતાનું જીવન સાદું બને એટલા માટે પોતાની કરોડો રૂપિયાની સંપત્તિ સમાજના જુદા જુદા કામોમાં વપરાય અને ગરીબ લોકોને મદદરૂપ થાય એવા કામોમાં આપી. એ જર્મની પાસે આવેલા ઑસ્ટ્રિયામાં રહેતો હતો. ત્યારે જર્મનીની સંપત્તિ ખૂબ વધી રહી હતી. એના સંપત્તિ દાનને કારણે કેટલાય કુટુંબોને જીવનમાં બહુ મોટી રાહત મળી.

ત્રીજી દુનિયા એટલે કે જેમાં આફ્રિકાના કેટલાક દેશો આવે, ભારત-પાકિસ્તાન, બાંગલાદેશ આવે તેમાં જ્યારે ફરવા નીકળ્યા, અને તેમણે આર્થિક રીતે ઘણી પછાત વસ્તી જોઈ તેમાં એક કારપેન્ટર ભેગો થયો, એ કારપેન્ટર એટલું સરસ ફર્નિચર બનાવતો હતો કે, એને જોઈને કાર્લ રેબેડરે ત્રણસો ડોલરની મદદ કરી. તે જેમ રકમ આપતો ગયો તેમ તેનો આનંદ વધતો ગયો, અને તેમાંથી તેના મનમાં વિચાર આવ્યો કે, 'માઈક્રો ક્રેડિટ' એટલે કે, બહુ નાના પ્રમાણમાં ધીરાણ, જો નાના કારીગરોને આપવામાં આવે તો તેઓ તેનો સદુપયોગ કરીને ખૂબ આગળ વધી જાય છે. આ વિચારથી એણે ૧૯૯૪માં એક દક્ષિણ અમેરિકામાં અને બીજા સેન્ટર અમેરિકામાં એમણે સ્થાપ્યા, જેમાંથી કેટલાંક લોકોએ નાની બેકરી એટલે કે બિસ્કિટ બનાવવાનો ધંધો શરૂ કર્યો, તેના કારણસર સસ્તા બિસ્કિટ બનવા માંડ્યા અને ગરીબ લોકોને ઘણો લાભ થયો. એના પોતાના ધંધામાં તેણે નક્કી કર્યું કે, મારે કોઈ નફો કરવો નથી, પરંતુ લોકોને નાની-નાની લોન આપીને તેમને જીવનમાં કમાતા કરવા છે.

એમ લાગે છે કે, આવા લોકોના જીવનમાંથી જ સેવાના પાઠ ઈલાબહેન શીખ્યાં હશે કે, તેમના મનમાં વિચાર આવ્યો હશે કે, નાની લોન આપીને નાના લોકોને આત્મનિર્ભર કરવા. તેમણે હજારો લોકોને આત્મનિર્ભર કર્યા અને એનો આનંદ એમના મનમાં રહ્યો, તેને કારણસર તેની કીર્તિ ચારે તરફ ફેલાઈ ગઈ. આવા કાર્લ રેબેડરની આ એક કથા આપણને આનંદ આપનારી છે. ✱ ✱

'રિડર્સ ડાઈજેસ્ટ' નવેમ્બર ૨૦૧૦ના અંકમાં આવેલ લેખને આધારે.

સૂર્યકાંત પરીખ, અમદાવાદ.
મોબાઈલ : ૦૯૮૯૮૦૦૩૯૯૬

---

આપણા શાસ્ત્રોએ તેન ત્યક્તેન ભુંજીથા: કહી ત્યાગનો મહિમા ગાયો છે. જૈન ધર્મે અપરિગ્રહના આનંદ અને એ થકી આત્માનંદની પ્રાપ્તિના સિદ્ધાંતને સિદ્ધ કર્યો છે. ધરતીને એક બીજ આપો તો એ આપણને અનેક દાણા અને મહાકાય વૃક્ષ સુધી સમૃદ્ધિ આપે છે. આપવું એ ભારતીય સંસ્કૃતિ છે જે પરિણામે શાંતિ અને પરમાનંદ આપે છે.

પશ્ચિમને પણ હવે આ Giveology–ગીવોલોજીના આનંદની પ્રતીતિ થવા લાગી છે. બધું જ પરિવર્તિત અને અનિત્ય છે. નિત્ય છે નિજાનંદ જે મેળવવાથી નહિ પણ આપવાથી મળે છે. અને આ આપવાથી આપોઆપ કાંઈ મેળવાઈ જાય છે. ભીતરમાં કાંઈક ભવ્ય-દિવ્ય ઉગી જાય છે એની ખબર પણ પડતી નથી. શી જરૂર છે?

આપવાના આનંદના આ પ્રસંગો મ્હાણવા જેવા છે.

☐ તંત્રી

---

## પંથે પંથે પાથેય

## એક ગ્લાસ દૂધની કીમત !

(૨)

આજે મારે તમને એવી વાત કહેવી છે જેને સ્થળ, કાળ, જાતિ કે ધર્મના કોઈ પણ બંધનથી વિમુક્ત છે. તે કાલે પણ માનવ જીવનની સાર્થકતા સાથે એટલી જ અભિન્નતાપૂર્ણ રીતે સંકળાયેલી હતી જેટલી કે આજે. અને યકીન માનો પણ માનવ જીવનની સાર્થકતા સાથે વર્ષાનુવર્ષ એટલી જ અભિન્નતાપૂર્ણ રીતે સંકળાયેલી રહેશે. માનવ જીવનની સાર્થકતા અને મહત્તા સાથે એનું જોડાણ એટલું જ પાકું અને અકબંધ રહેશે.

થોડા સમય પૂર્વે મેં ઈન્ટરનેટ પર એક સત્ય ઘટનો વાંચી હતી. વાત તદ્દન સીધી અને સામાન્ય છે. પરંતુ એમાં જે જીવનનું સત્ય નિહીત છે તે સો ટચના સોનાથી રતીભાર પણ કમ નથી.

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૨૨)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨)

અંક-૧, એપ્રિલ, ૨૦૧૪ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



મૂળ બીજ મંત્રમાં વિરાજમાન

**શ્રી સરસ્વતી દેવી**

# જિન-વચન

**મેધાવી પુરુષે પાપ કરવાથી દૂર રહેવું જોઈએ**

सीहं जहा खुड्डमिगा चरंता
दूरे चरंति परिसंकमाणा ।
एवं तु मेहावि समिक्ख धम्मं
दूरेण पावं परिवज्जएज्जा ।।

(સૂ. ૧-૧૦-૨૦)

જેવી રીતે જંગલમાં વિચરનાર હરણ વગેરે નાનાં પશુઓ ભયની શંકાથી સિંહથી દૂર રહે છે, તેવી રીતે મેધાવી પુરુષે ધર્મના તત્ત્વની સમીક્ષા કરીને પાપ કરવાથી દૂર રહેવું જોઈએ.

Just as the small animals like deer etc., always keep them-selves away from a lion on account of fear, similarly, a wise man, discerning true religion, should always keep himself away from committing sinful acts.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૧.
- કુલ ૬૨મું વર્ષ.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

# આચમન

## સ્યાદ્‌વાદીને શોભતી વાણી

વિશાળ જંગલમાં એકવાર એવું બન્યું કે તળાવના કાંઠે એક સિંહ પાણી પી રહ્યો હતો, તેવામાં એક વાઘ પણ ત્યાં ગયો.

બંનેએ પાણી પીધાં અને વાતોએ વળગ્યા. વાઘ કહે હમણાં ઠંડી ખૂબ પડે છે. મહા મહિનો ચાલતો હતો. સાંજનો સમય હતો, સૂર્ય હમણાં જ પશ્ચિમે ઢળ્યો હતો. વનનાં રાજા બોલ્યાં : ઠંડી તો ફાગણમાં પડે. વાઘભાઈ કહે : હોતું હશે! ઠંડી તો મહા મહિને પડે.

બને નહીં પણ બન્યું એવું કે સામે રસ્તે શિયાળ આવતું દેખાયું. સિંહ કહે : આ શિયાળ આવે છે, તેને જ પૂછીએ. તે કહે તે સાચું.

વાઘ કહે : શિયાળ? ક્યાં છે શિયાળ?

સિંહ કહે : હમણાં વાડ કૂદીને રસ્તે ચાલતાં જોયું. વળાંકમાં છે, જોજોને હમણાં દેખાશે. શિયાળ રસ્તે આવ્યું. તેણે સિંહ-વાઘ જોયા. લપાતાં લપાતાં તે આવી પહોંચ્યું. વાઘે જ બોલવામાં પહેલ કરી. પછી સિંહ બોલ્યા : બોલો, ઠંડી માહમાં પડે કે ફાગણમાં પડે? શિયાળ વિમાસણમાં પડ્યું. શું બોલવું? બેમાંથી એક પણ નારાજ થાય તો મારા સો વર્ષ એ જ ક્ષણે પૂરાં! ક્ષણભર વિચારીને હિંમત ભેગી કરીને શિયાળ બોલ્યું :

माघे वा फाल्गुने वापि शीतं वहति मारुतः।
तदा शीतं विजीनीयाद् न माघे न च फाल्गुने।।

*મહા કે ફાગણમાં, જ્યારે ઠંડી ઠંડી હવા વહે;*
*શિયાળો જાણવો ત્યારે, ન માહે નહીં ફાગણે.*

શિયાળ કહે : *તમે બંને મારા વડીલ છો. આપનો ન્યાય હું શું કરું? પરંતુ આપની આજ્ઞા ઉથાપવાની મારી હિંમત નથી;*

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૬)

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શ્રુત ભાગીરથીનું અવિરત અવતરણય શ્રીમદ્‌રાજચંદ્ર મિશનયધરમપુર | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | શ્રીમદ્‌રાજચંદ્ર આશ્રમયધરમપુર | ? | ૭ |
| ૩. | ઉપનિષદમાં મન અને બુદ્ધિ તત્ત્વનો વિચાર | ડૉ. નરેશ વેદ | ૮ |
| ૪. | ભજન-ધન-૭ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૧૧ |
| ૫. | માઈકનો ઉપયોગ ન કરાય-૧૪ કારણો | રવિલાલ કુંવરજી વોરા | ૧૩ |
| ૬. | બાયનિરંતર ન્યારી વાટની યાત્રી | તરુ કજારિયા | ૧૫ |
| ૭. | શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત બાવીસમો જૈન સાહિત્ય સમારોહ | ? | ૧૭ |
| ૮. | ભાવ-પ્રતિભાવ : મતમતાંતરનો અખાડો | સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી | ૨૧ |
| ૯. | મારું જીવન દર્શન | ? | ૨૭ |
| ૧૦. | અવસર | ? | ૨૯ |
| ૧૧. | રે પંખીડાં... | સૂર્યકાંત પરીખ | ૩૦ |
| ૧૨. | માનવ મનની અદ્‌ભુત શક્તિ | શશિકાંત લ. વૈદ્ય | ૩૧ |
| ૧૩. | જયભિખ્ખુ જીવનધારા : ૫૯ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૨ |
| ૧૪. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૫ |
| 15. | Embrace Acceptance | Reshma Jain | 38 |
| 16. | Karm -- Scientifically | Laxmichand Kenia | 39 |
| 17. | The Glorious Darshans | Atisukhshankar Trivedi | 41 |
| 18. | Prosperity of Shalibhadra : Pictorial Story (Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૯. | પંથે પંથે પાથેય : પ્રત્યક્ષ દાન | ગીતા જૈન | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) • અંક : ૧ • એપ્રિલ ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૦ • વીર સંવત ૨૫૪૦ • ચૈત્ર વદિ તિથિ-૧ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •    • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## શ્રુત ભાગીરથીનું અવિરત અવતરણ

## શ્રીમદ્ રાજચંદ્ર મિશન – ધરમપુર

**'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજ કર્મ',**
**'છે ભોક્તા' વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ.'**

-ગાથા-૪૩

૨૦૦૫ના મે-જૂનની આસપાસ એક સવારે સાહેબનો ફોન આવ્યો–સાહેબ એટલે અમારા ડૉ. રમણલાલ ચી. શાહ–મને કહે, ''અનુકૂળતાએ એક–બે દિવસમાં સાંજે મુલુંડ ઘરે આવશો ?'' એ દિવસોમાં સાહેબની તબિયત અસ્વસ્થ રહેતી. તરત જ એક સાંજે ત્યાં પહોંચી ગયો. ઘણી બધી વાતો કરી અને છુટા પડતા સાહેબે મને છ દળદાર ગ્રંથો આપ્યા, (૧) પ. પૂ. ઉપાધ્યાય યશોવિજયજી રચિત જ્ઞાનસાર અને (૨) અધ્યાત્મસાર–સંપૂર્ણ. આ બન્ને ગ્રંથોના અનુવાદક અને વિશેષાર્થક ડૉ. રમણલાલ ચી. શાહ અને બીજા ચાર ગ્રંથો તે 'શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મ સિદ્ધિશાસ્ત્ર વિવેચન ભાગ-૧ થી ૪'– **વિવેચનકાર પૂજ્ય શ્રી રાકેશભાઈ ઝવેરી.**

આ છએ ગ્રંથો મને સાથે આપવા એમાં પૂ. સાહેબનો જે સમકક્ષ ભાવસંકેત હતો એ મને પછી સમજાયો, જ્યારે પૂ. રાકેશભાઈના આ ચારે ગ્રંથોનું વાંચન પૂરું કર્યું ત્યારે.

'આત્મસિદ્ધિ શાસ્ત્ર' સ્વયં અને એ વિશેના આ વિવેચન ગ્રંથો, બેઉ પૂર્વ ગ્રંથોની સમકક્ષ એની ભીતર દર્શિત થયેલા જ્ઞાનભંડારને કારણે.

અવનિના અમૃત અને મહાસાગર જેવા આ આત્મસિદ્ધિ શાસ્ત્ર કાવ્યનો મારા જીવનમાં આ પહેલાં અને પછી ચમત્કારિક પ્રવેશ થઈ ચૂક્યો હતો.

સર્વ પ્રથમ બાળપણમાં સોનગઢમાં પૂ. કાનજી સ્વામી પાસે પછી લગભગ ૧૯૮૫-૮૬ની આસપાસ મહાસતી પૂ. તરુલતાજીનો ચાતુર્માસ મદ્રાસમાં હતો ત્યારે એઓશ્રી પૂજ્યશ્રી શ્રીમદ્ રાજચંદ્ર, આનંદઘનજી, કબીર અને બનારસીદાસ ઉપર પીએચ.ડી. માટે શોધ-નિબંધ લખી રહ્યા હતા ત્યારે વિષયની ચર્ચા કરવા પૂજ્યશ્રી સમીપ મને જવાનું થયું. ચર્ચા પછી સાંજે જ ફ્લાઈટમાં મુંબઈ જવાનું હતું, પણ સંઘના અગ્રણી શ્રી સુરેન્દ્રભાઈએ, મને આગ્રહ આજ્ઞા કરી કે સવારે પૂ. તરુલતા મહાસતીજી 'હું આત્મા છું' એ વિષય ઉપર પ્રવચન

**આ અંકના સૌજન્યદાતા**
**રામપુરા ભંકોડા નિવાસી**
**સમાજરત્ન**
**શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહના**
**જન્મદિવસ નિમિત્તે**
**મંજુલાબેન, ધર્મેશ, રાજેશ,**
**જ્યોતિ, છાયા, મીનલ અને સંગિતા**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

શ્રેણી શરૂ કરવાના છે, એ પ્રથમ વ્યાખ્યાન સાંભળીને જ મારે બીજા દિવસની બપોરની ફ્લાઈટમાં મુંબઈ જવું. પ્રવચનનો લાભ લીધો, હું આનંદ વિભોર થઈ ગયો, ધન્યતા અનુભવી. તે દિવસે આત્મસિદ્ધિ શાસ્ત્રની પ્રથમ ગાથાની પ્રથમ પંક્તિ વિશે પ્રવચન હતું. ફ્લાઈટમાં વિચાર્યું. આ પ્રવચન શ્રેણીને 'ટેપ'માં સંગ્રહિત કરાય તો સારું, ત્યારે સી.ડી.નો પ્રવેશ થયો ન હતો.

અને મારા આશ્ચર્ય વચ્ચે બે વર્ષ પછી એ પ્રવચનના પુસ્તકાકારે પ્રુફ મને પૂજ્યશ્રીએ મોકલ્યા. પછી તો આ 'હું આત્મા છું' એના અંગ્રેજી, હિંદી અનુવાદ થયા અને ૧-૨ ભાગની પાંચ આવૃત્તિ. એક ઇતિહાસ રચાતો ગયો. 'હું આત્મા છું એ ગ્રંથ દેવતાઈ અરીસા જેવો મહાન ગ્રંથ છે, જ્ઞાન ગ્રંથ છે', 'અમૃત ભંડાર જેવો ગ્રંથ છે, આ એવું કલ્પવૃક્ષ છે જેને કદી પાનખર આવતી જ નથી, તેને તો સદાય વસંત વસંત જ છે' આવા વાક્યોથી આ ગ્રંથ નવાજાયો છે.

'હું આત્મા છું' પછી કોણ જાણે કેમ, મારા ઉપર 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની અતાર્કિક કૃપાવર્ષા થતી રહી, પ્રયત્ન વગર એ વિશે પુસ્તક આવતા રહ્યાં, 'આત્મસિદ્ધિ અનુશીલન'–પંડિત ફૂલચંદ શાસ્ત્રી, 'આત્મસિદ્ધિ મહાભાષ્ય'-ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. જયંતિલાલજી મ.સા. અને હમણાં ૬ એપ્રિલના સર્વમંગલમ્ આશ્રમ-સાગોડિયા, પાટણ જવાનું થયું ત્યાંથી પણ પૂ. ભાનુવિજયજી મ.સા.એ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર પ્રવચનમાળા'ના ત્રણ દળદાર ગ્રંથ આપ્યા.

'આત્મસિદ્ધિ શાસ્ત્ર' વિશે અત્યાર સુધી જેટલાં વિવેચન ગ્રંથો લખાયા છે એ ઉપર એક મહાનિબંધ લખાવો જોઈએ. કોઈ અભ્યાસી એ કામ કરશે તો શ્રુતપૂજાની એ મહાપૂજા હશે.

કોઈ માને કે ન માને, પણ આશ્ચર્યજનક એક સત્ય ઘટના એવી થઈ કે ૨૦૧૧ના જુલાઈમાં શાંતિનિકેતનથી આવ્યા પછી આત્મમિત્ર બિપિનભાઈ અને રેશ્માના સતત આ આત્મસિદ્ધિના ગાન ગુંજારવના ધ્વનિએ મારા ઉપર આવેલ હૃદયરોગના હુમલાને સ્થિર કર્યો, સારવાર માટે સમય મળી ગયો, અને આજે આપની સેવામાં ઉપસ્થિત છું. આ ઘટના 'પ્રબુદ્ધ જીવન'ના ઑક્ટોબર-૨૦૧૧ના અંકમાં મેં વર્ણિત કરી છે.

હમણાં ૧૫ ફેબ્રુઆરીના ભાગ્ય સંયોગે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-ધરમપુર જવાનું થયું. પૂ. રાકેશભાઈની 'ગણધરવાદ' વિશેની શ્રુત ભાગીરથીમાંથી યથામતિ આચમન કર્યું અને પૂર્વ નિર્ણય ન હોવા છતાં પૂ. રાકેશભાઈએ જ્ઞાનગોષ્ટિ માટે અમને રૂબરૂ વીસેક મિનિટ આપી. પૂ. રાકેશભાઈની સૂરતી ભાષા ધ્વનિત લહેકાવાળી–જે કાલી કાલી ભાષામાં પ્રેમ અને સરળતા નિતરતી હોય–વાણીનો હૃદયસ્પર્શ અનુભવતા આ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની ચર્ચાનો આંશિક ઉલ્લેખ પણ થયો.

**આ મહાનિબંધ માત્ર એમના અભ્યાસનું જ નહિ. એમની આત્મસાધનાનું પણ પરિણામ છે.**

પૂ. રમણભાઈએ ત્યારે મને કહ્યું હતું કે, 'આ શોધ-નિબંધ લખનાર શ્રી રાકેશભાઈ પૂર્વજન્મના આરાધક જીવ છે અને આત્મસાધનાનું મોટું ભાથું લઈને આવ્યા છે, અને આ મહાનિબંધ માત્ર એમના અભ્યાસનું જ નહિ. એમની આત્મસાધનાનું પણ પરિણામ છે.'

પ્રત્યેક ગ્રંથ લગભગ ૭૮૦ પૃષ્ઠો એટલે કુલ ૩૦૫૯ પૃષ્ઠોની ભિતર 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું વિશાળ અને ભવ્ય આકાશ! મેં મારી એકેડેમિક યાત્રામાં આટલી મોટી થિસિસ હજુ સુધી જોઈ નથી. પીએચ.ડી.ના Refree તરીકે અને VIVA/VOCE સમયે થિસિસ લખનારને જ્યારે પૂછ્યું છે કે આ થિસિસ તમે શા માટે લખી? તો ઉત્તર મળે કે ડૉક્ટરેટની ડીગ્રી માટે, જ્યારે અહીં તો આ ડીગ્રી પ્રાપ્ત કર્યા પછી શ્રી રાકેશભાઈ લખે છે, 'તા. ૨-૧૨-૯૮ના રોજ સંધ્યાકાળે મુંબઈ યુનિવર્સિટીની પદવીદાન દીક્ષાંત સમારંભમાં પ્રસ્તુત શોધપ્રબંધ (થિસિસ) માટે મને પીએચ.ડી.ની ઉપાધિ એનાયત કરવામાં આવી તે જ રાત્રે એ ઉપલબ્ધિના ઊગમ સમા મારા પરોપકારી પ્રભુના ઉદાત્ત ચરણોમાં તે ઉપાધિ મેં અર્પણ કરી દીધી.'

એટલે પૂ. રાકેશભાઈ માટે આ શોધપ્રબંધ કોઈ પણ પ્રકારની સ્પૃહા વિનાનું એ વિષયના અભ્યાસ માટેનું માત્ર અવલંબન જ.

આપણે હવે આ પૂજ્યશ્રીને ડૉ. રાકેશભાઈ ઝવેરી એમ ઉદ્બોધન ન કરી શકીએ. આ પ્રસંગે મને મારા પીએચ.ડી.ના માર્ગદર્શક પ્રકાંડ પંડિત રામપ્રસાદ બક્ષીનું સ્મરણ થાય છે. મને બરોબર યાદ છે, મને ઉપાધિ મળ્યા પછી એ પૂજ્યશ્રીએ મને કહ્યું હતું, 'એકેડેમિક યાત્રામાં આ છેલ્લી ઉપાધિ છે, પણ સાચા જ્ઞાનની પ્રાપ્તિનો પ્રારંભ હવેથી શરૂ થાય છે, માટે આ ઉપાધિને ઉપાધિ સમજી એને છોડી દે, તો સમાધિ મળશે. નહિ તો જીવનભરનું આ વળગણ સાચા જ્ઞાનની દિશા નહિ દેખાડે.'

આશ્ચર્ય પમાડે એવો બીજો જોગાનુજોગ એ જડ્યો કે રાકેશભાઈને આ ઉપાધિ પ્રાપ્ત થઈ ૧૯૯૮માં, એટલે ત્યારે એ પૂજ્યશ્રીની ઉંમર ૩૨ વર્ષ. ડૉ. રમણભાઈ લખે છે કે આ શોધ પ્રબંધ લખતા રાકેશભાઈને સાડા ત્રણ વર્ષ લાગ્યા–જો કે આટલા મોટા ગ્રંથ લખવા માટે ઓછામાં ઓછા પાંચ વર્ષ જોઈએ–એટલે લગભગ ૨૮ વર્ષની ઉંમરે પૂ. રાકેશભાઈએ આ શોધપ્રબંધ માટે નિર્ણય કર્યો હશે. આ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની રચના પરમ કૃપાળુ પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્રે કરી ત્યારે કૃપાળુદેવ પૂજ્યશ્રીની ઉંમર ૨૮ વર્ષની હતી!

પૂર્વ જન્મના સંસ્કારોની આથી વિશેષ શી સાબિતી?

પૂ. રમણભાઈએ જે ગ્રંથો મને આપ્યા, ત્યારે 'જ્ઞાનસાર અને અધ્યાત્મસાર'નું તો અધ્યયન એ સમયગાળામાં કર્યું હતું, પણ પૂ.

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–(U.S. $ 20) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–(U.S. $ 50) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–(U.S. $ 80)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–(U.S. $180)

રાકેશભાઈના આ ચાર ગ્રંથો માત્ર ઉપર ઉપરથી જોઈ ગયો હતો, અને પ્રભાવિત થયો હતો અને ક્યારેક વિગતે વાંચીશ એવું નક્કી કર્યું હતું.

> ઘણાં ઝાળાં તૂટી જશે, અને જે પ્રાપ્ત થશે એ કહેવા તું રોકાઈશ નહીં.

પણ ૧૫ ફેબ્રુઆરીએ પૂજ્યશ્રીના રૂબરૂ દર્શન થયા પછી બીજે દિવસે નિત્યક્રમમાં કબાટ ખોલતા સામે જ આ ચાર ગ્રંથના દર્શન થયા. નક્કી કર્યું, હવે તે નિયમિત વાચન અધ્યયન કરી જ લઉં, અને દોઢેક મહિને એ શક્ય બન્યું, પણ હજી તૃપ્તિ થઈ નથી. ફરી, ક્યારેક, ક્યાંક, નિરાંતે બેસીને અધ્યયન કરીશ, એ થશે, એ પ્રમાણે જીવાશે તો મોક્ષ નક્કી, એવી શ્રદ્ધા જન્મી ચૂકી છે.

કાલિદાસનું શાકુંતલ વાંચી જર્મન કવિ ગટે એ ગ્રંથને માથા ઉપર મૂકી નાચ્યો હતો. આ ગ્રંથો વાંચી મુમુક્ષુનો આત્મા ન નાચી ઊઠે તો જ નવાઈ!

પૂજ્યશ્રીના આ ચાર વિવેચન ગ્રંથોનું વિવેચન કરવાની મારી કોઈ ક્ષમતા નથી. અહીં માત્ર મારા વાચન-અધ્યયન આનંદની અનુભૂતિનું રસદર્શન છે. અને જ્યાં હોય ત્યાં અન્ય મુમુક્ષુને આ ગ્રંથ વાંચવાના ભાવ જાગે એ જ ભાવ છે.

સાગર જેવા વિશાળ અને ઊંડા આ ગ્રંથોને પાર કરતા અવશ્ય હાંફી જવાય, પણ એ તરણને અંતે જે જે મોતી મળ્યા હોય એનો આનંદ તો પરમોચ્ચ કક્ષાનો સચ્ચિદાનંદ જેવો જ હોય. મહીં પડ્યા હોય એ જાણે અને મહાસુખ મહાણે.

પૂ. રાકેશભાઈના પ્રસન્ન ચિત્તની ભાગીરથી ધારાનું અહીં અવિરત અવતરણ છે. જ્ઞાન ચયનની ખળખળ વહેતા ઝરણાં જેવી નિષ્પત્તિ છે.

સંસ્કૃત, પ્રાકૃતના ૧૯૦ ગ્રંથો, ગુજરાતી ભાષાના ૧૪૫ ગ્રંથો અંગ્રેજીના ૧૫ અને અન્ય ૧૧ એમ કુલ ૩૬૧ થી વધુ ગ્રંથોનું અધ્યયન અને એ સાથે સ્વ પ્રજ્ઞા અને સર્જકતાનું પરિણામ એટલે આ ચાર ગ્રંથો. પૂજ્યશ્રીએ સુંદરમ્‌ની અર્વાચીન કવિતા, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગાંધીજીની આત્મકથા, આનંદ શંકરનું 'આપણો ધર્મ' અને રાહુલ સાંકૃત્યાયનનો પણ સ્પર્શ કર્યો છે. જિજ્ઞાસુએ ચોથા ભાગના અંતે પરિશિષ્ટ જોવું. ઉપરાંત ૬૫ પાનાની વિષય સૂચિના અવશ્ય દર્શન કરવા.

ચાર ભાગમાં વિસ્તરાયેલી 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની ૧૪૨ ગાથાનું રસ, અર્થ અને ધ્વનિદર્શન, પિતા કે ગુરુ પોતાના બાળક-શિષ્યની આંગળી પકડીને કરાવે એ રીતે કરાવે છે.

પ્રથમ પૂર્વની ગાથાનું અનુસંધાન વિચાર ભૂમિકા સ્વરૂપે. પછી ગાથા, પછી એ ગાથાનો અર્થ, પછી ભાવાર્થ અને ત્યારપછી વિશેષાર્થ અને છેલ્લે પ્રત્યેક ગાથાને અંતે શ્રી ગિરધરભાઈની કાવ્ય પંક્તિમાં પાદપૂર્તિ.

ગ્રંથકાર પૂ. રાકેશભાઈ આપણી આંગળી પકડે, થોડું ચલાવે, થોડું ચઢાવે અને પછી બેસાડીને નિરાંતે વિશેષાર્થ સમજાવે. આ વિશેષાર્થનું ફલક અતિ વિશાળ અને ગહન. અહીં અનેક ગ્રંથો અને દર્શનોનો આપણને પરિચય-ચિંતન કરાવે. બધું ખૂબ જ સરળ ભાષામાં, ક્યાંય અતિશયોક્તિ કે આડંબર નહિ, જે કહેવું છે, જેટલું સમજાવવું છે એટલી જ ચર્ચા-ચિંતન કરવાના. પછી ઉઠો, અને ચાલો મારી સાથે.

> વાચકના ભીતરની ધન્યતા ઉઘડતી જાય છે.

આ યાત્રા કરો એટલે આ ગ્રંથાધિરાજ, કાવ્યશિરોમણિ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની પ્રાપ્તિ નક્કી. સ્વની ઓળખ, સ્વ સાથેનું જોડાણ, મતાર્થીપણું ગયું, આત્માર્થી થવાયું, આજ સિદ્ધિ; એટલે જ આત્મખ્યાતિ ટીકામાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે 'હે જીવ! તું છ મહિના આ તત્ત્વનો અભ્યાસ કર, તને જરૂર આત્માની પ્રાપ્તિ થશે.'

હું પણ કહું છું કે હે સાધક બધું ત્યજી આ ગ્રંથનો છ મહિના સતત અભ્યાસ કર, તો ઘણાં ઝાળાં તૂટી જશે, અને જે પ્રાપ્ત થશે એ કહેવા તું રોકાઈશ નહીં. સહજ સ્વરૂપે સમજાશે અને સહજ જીવી જવાશે.

ગ્રંથકર્તાએ સન-૧૯૯૮ સુધી 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' વિશે જ્યાં જ્યાં જે જે લખાયું છે એનો ગહન અભ્યાસ કરી એ સર્વનો અર્ક અહીં પીરસ્યો છે.

આત્મસિદ્ધિ પામેલા મહા આત્માએ આ 'આત્મસિદ્ધિ'નું સર્જન કર્યું એમ આ કાવ્યને પૂર્ણ રીતે પામેલા એવા જ આ ગ્રંથકર્તા પ્રાજ્ઞ આત્માએ એના ઉપર ગહન અને વિશદ વિવેચન કર્યું છે એની પ્રતીતિ વાચકને પૃષ્ટે પૃષ્ટે થાય છે, અને વાચકના ભીતરની ધન્યતા ઉઘડતી જાય છે.

ક્રિયા જડતા, સદ્‌ગુરુનું સેવન, મતાર્થીની શંકા, ગુરુ-શિષ્ય સંવાદ, અન્ય દર્શનોનું દર્શન, આ બધું તટસ્થ ભાવથી ગ્રંથકર્તા અહીં જણાવે છે. ક્યાંય પૂર્વગ્રહ નથી. સાપેક્ષવાદના સિદ્ધાંતને ગ્રંથકર્તા પૂરા વફાદાર રહ્યા છે. પોતાના વિચારના સમર્થન માટે પૂર્વસૂરિઓના વિચારને વિગત સાથે દર્શાવે છે. વિચારોની પારદર્શિકતા છે, ખંડન ક્યાંય નથી.

પ્રત્યેક ગાથાની ચર્ચા-ચિંતન એક એક સ્વતંત્ર પ્રકરણ બને એવા છે. શાસ્ત્રની સાથે વૈજ્ઞાનિક આધાર છે, ઉપરાંત કથા દૃષ્ટાંતોથી એ વિવેચન ગ્રાહ્ય, સહ્ય અને આસ્વાદ્ય બને છે.

મહાપ્રજ્ઞાવંત શ્રીમદ્ રાજચંદ્ર રચિત આ કાવ્ય શિરોમણિમાં આગમ તત્ત્વો અને ગણધરવાદના પ્રશ્ન-ઉત્તરો છે. પ્રારંભમાં જે પંક્તિ ટાંકી છે તે છ પદ (૧) આત્મા છે, (૨) આત્મા નિત્ય છે, (૩) આત્મા કર્મનો કર્તા છે, (૪) આત્મા કર્મનો ભોક્તા છે (૫) મોક્ષ છે અને (૬) મોક્ષનો ઉપાય છે. આ બધું સમજાવવા ષડ્ દર્શન, ચાર્વાક, જૈન, બૌદ્ધ, ન્યાય-વૈશેષિક, સાંખ્ય, પૂર્વમિમાંસા અને ઉત્તર મિમાંસા દર્શનની વિગતે ચર્ચા છે, એનો પુનઃ પુનઃ આધાર લેવાયો છે, જે તે તે સ્થાને યથાર્થ છે. આ માટે ગ્રંથકર્તાએ આ દર્શનોનો અતિ ઊંડાણથી અભ્યાસ કર્યો છે એની

પ્રતીતિ થાય છે.

*એ વાંચતી વખત ગ્રંથના પૃષ્ટો ભેગા કરવાની ઈચ્છા ન થાય.*

ગુરુ-શિષ્ય સંવાદ શૈલીથી લખાયેલા આ મહાકાવ્યને ગ્રંથકાર ગીતાકાર કૃષ્ણની જેમ આપણને સમજાવે છે. એમાં કર્મચક્ર અને મોક્ષની પ્રાપ્તિની સ્પષ્ટતા છે.

ભાગ-૩ ગાથા ૧૦૭માં ગ્રંથકાર આ ગાથાનો વિશેષાર્થ સમજાવતા લખે છે, 'શુદ્ધ આત્માનું ભાન થવું તે સમ્યગ્ જ્ઞાન, તેની પ્રતીતિ થવી તે સમ્યગ્ દર્શન અને તેમાં રમણતા થવી તે સમ્યગ્ ચરિત્ર.' ભારે તત્ત્વને ગ્રંથકાર કેવી સરળ ભાષામાં સમજાવે છે એનું આ દૃષ્ટાંત છે.

ભાગ ૩, ગાથા ૧૧૦નો વિશેષાર્થ સમજાવતા પૂજ્યશ્રી લખે છેઃ 'સંસારથી થાકેલાને જ આ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થાય છે. જીવમાં જિજ્ઞાસુનાં લક્ષણો પ્રગટે, સદ્‌ગુરુઓનો યોગ થાય, બોધ મળે અને સદ્‌ગુરુના લક્ષે વર્તે તો જીવને શુદ્ધ સમકિતી પ્રાપ્તિ થાય. સદ્‌ગુરુની નિશ્રામાં સ્વરૂપનો બોધ થયા પછી, યથાર્થ તત્ત્વ નિર્ણય અને ઉપયોગની અંતર્મુખતાના અભ્યાસથી સ્વાનુભતિ થાય છે. સદ્‌ગુરુના લક્ષે મિથ્યાત્વના દળિયા ખસે છે અને આત્મ સાક્ષાત્કાર થાય છે. એક ક્ષણ પણ આત્માનું સ્વસંવેદન થાય તો જીવનો અમર્યાદિત સંસાર મર્યાદિત થઈ જાય છે. ગાયના શિંગડાની અણી ઉપર રાઈનો દાણો જેટલો કાળ રહી શકે, એટલા અલ્પકાળ માટે પણ જો આત્માનો અનુભવ થાય તો પછી મોક્ષ વિશેષ દૂર નથી.'

આવું ઉત્તમોત્તમ સ્વચિંતન અને ગ્રાહ્ય દૃષ્ટાંતો આ ગ્રંથકાર આપણને આ વિશાળ પૃષ્ટ પટોમાં આપે છે.

બીજું એક સરળ દૃષ્ટાંત જૂઓ–ભાગ ૩–પાનું ૧૦૨.

'બંધ છેદ–એરંડા બીજઃ એરંડાનું ફળ પાકતાં, તેની ઉપરનું પડ સૂકાઈ જવાથી તે ફાટી જાય છે અને તેમાં રહેલ બીજ એકદમ ઉપર ઉછળે છે. એરંડ ફળનું બંધન છેદાતાં બીજની તુરંત ઉપરની તરફ ગતિ થાય છે. જ્યાં સુધી પડના બે ભાગ ન થાય ત્યાં સુધી બીજ એ પડમાં રહે છે, કારણ કે પડનું બંધન તેને ઉપર જતાં અટકાવે છે. તેમ સંસારી જીવને કર્મનું બંધન છે. કર્મના બંધનનો વિયોગ થતાં જીવ એરંડાના બીજની જેમ ઊર્ધ્વ ગતિ કરે છે. જે રીતે ઉપરનું ફોતરૂં નીકળતાં જ એરંડાનું બીજ છૂટીને ઉપર જાય છે, તે રીતે ભવ પ્રાપ્ત કરાવનારાં કર્મનાં બંધન દૂર થતાં જ જીવની ઊર્ધ્વ ગતિ થાય છે. જ્યારે જીવના કર્મ બંધનનો છેદ થતાં તે મુક્ત થાય છે ત્યારે તે મુક્ત જીવ ઊર્ધ્વગમન કરીને સિધ્ધાલયમાં જાય છે.'

કર્મ, તત્ત્વ, સદ્‌ગુરુ, આત્મા, મોક્ષ અને અન્ય ગહન વિષયોનું એક પછી એક રહસ્યોદ્‌ઘાટન થતું જાય છે. ગ્રંથકાર ગાથાના એક એક શબ્દના તારને છૂટા કરી પોતાની પ્રજ્ઞાથી પિંજે છે અને શુદ્ધ અને સ્પષ્ટ સ્વરૂપે એના વહાલા સાધકને આપે છે.

ગ્રંથકાર આત્મસિદ્ધિ કાવ્યના માત્ર તત્ત્વની જ તપાસ નથી કરતા, પણ આ કાવ્યના કાવ્ય સૌંદર્ય, એની ભાષા, શબ્દાલંકાર, અર્થાલંકાર, કાવ્યના દોહરા છંદનું બંધારણ, ગુરુ-શિષ્ય સંવાદ શૈલીથી ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સંવત ૧૭૦૧માં અખાએ આરંભ કર્યો હતો એ ઘટના, ઉપરાંત ગીતામાં કૃષ્ણ-અર્જુન સંવાદ છે, વગેરે ભાષાકીય સાહિત્યિક તત્ત્વોની પણ ચર્ચા મૂલ્યાંકન કરે છે.

જૈન શાસ્ત્રો ચાર વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યા છેઃ (૧) દ્રવ્યાનુયોગ, (૨) ચારણાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને (૪) ધર્મકથાનુયોગ.

ષડપદ અને ષડદર્શનની સાથોસાથ ઉપરોક્ત વિષયની પણ યથાસ્થાને ચર્ચા ગ્રંથકાર કરે છે. સંક્ષેપમાં કહીએ તો ગ્રંથકારે વિવિધ દર્શનોનો જે ગહન અભ્યાસ કર્યો છે એનો અર્ક અહીં શબ્દ સુગંધ દ્વારા પ્રસ્તુત કર્યો છે.

ક્રિયાજડ અને શુષ્ક જ્ઞાનીને માર્ગદર્શન આપી સાધકને યથાર્થ મોક્ષ માર્ગે વાળ્યા છે. નયની ચર્ચા કરતાં વ્યવહારનય અને નિશ્ચયનયને રેલવેના પાટાની સાથે સરખાવી, બંનેનું મહત્વ સમજાવી, મંઝિલ તો એક મોક્ષની જ છે એવું સરળ દૃષ્ટાંત દ્વારા સમજાવ્યું છે, એટલે ક્યાંય કોઈ વસ્તુનું ખંડન નથી, મંડન અને મોક્ષમાર્ગનું નિર્માણ માત્ર અહીં છે.

આવું ગહન તત્ત્વજ્ઞાન ગ્રંથકારે ખૂબ જ સરળ અને પથ્ય ભાષામાં પ્રસ્તુત કર્યું છે. દૃષ્ટાંતો સાથેની શૈલી રસવંતી છે. વિચાર-શૃંખલાની કડી રસાયણની જેમ એવી ઓતપ્રોત થાય છે કે એ વાંચતી વખત ગ્રંથના પૃષ્ટો ભેગા કરવાની ઈચ્છા ન થાય.

કર્મક્ષયથી મોક્ષ સંપદાની પ્રાપ્તિ કરાવનાર કાવ્ય ચૂડામણિ ગુણગર્ભિત લબ્ધિવાક્યાવલીથી ભર્યા ભર્યા 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ને પૂરા ભાવ સાથે સરળ ભાષામાં સમજાવતા આ ગ્રંથો જિજ્ઞાસુ માટે દીપક સમાન છે.

મહાકવિ જયદેવને એમની એકમાત્ર કૃતિ 'ગીતગોવિંદ'થી જે યશકળશ મળ્યો એવી જ યશસંપદા 'આત્મસિદ્ધિ શાસ્ત્ર વિવેચન'ના ગ્રંથકારે પ્રાપ્ત કરી લીધી છે જ અને એ ચિરંજીવ રહેશે.

શકવર્તી બનવાને સર્જાયેલા આ ગ્રંથોનું વાંચન, મનન, અધ્યયન, પરિશિલન ચિંતન જે મમુક્ષુ કરશે તો એમના આત્મ-કલ્યાણનું, જીવને શિવ તરફ ગતિ કરાવવાનું એ અવશ્ય નિમિત્ત બની રહેશે.

આ ચારે ગ્રંથોનો સત્વરે અંગ્રેજી અને અન્ય ભાષામાં અનુવાદ થવો જોઈએ, તો એ અન્ય સાધક વર્ગ પાસે પહોંચી જઈ એ વર્ગ માટે કલ્યાણકારી બની રહેશે.

ચોથા ભાગમાં 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' વિશે ગ્રંથકારે જે વાક્યો લખ્યા છે એમના એ જ વાક્યો આ ગ્રંથના સંદર્ભમાં હું એ પૂજ્યશ્રીને અર્પણ કરું છું.

'આવા અર્થગંભીર ગ્રંથનું વિવેચન કરવું એ ખરેખર સમુદ્રને કળશથી ઉલેચવા જેવું દુર્ગમ કાર્ય છે.'

આ ગ્રંથો વિશે અધિકાધિક લખવાના ભાવ અંતરમાં ભરાયા છે,

પણ સ્થળ મર્યાદાને કારણે અહીં, અત્યારે તો આ અલ્પોઅલ્પ જ.

મેઘધનુષ્ય અને સંધ્યાના રંગોને ક્યાં જૂદા પાડી શકાય છે!

આવા ઉત્તમોત્તમ ગ્રંથોનું માર્ગદર્શન આપવા માટે આપણે ડૉ. રમણભાઈનો આભાર તો માનીએ જ, પણ વિશેષ આભાર તો શ્રી સુરેન્દ્રભાઈ ઝવેરીનો અને શ્રી મહેશભાઈ ખોખાણીનો માનીએ, કે જેમણે મુંબઈ યુનિવર્સિટીના અભિમન્યુ કોઠાને પાર કરી પીએચ. ડી.ના અભ્યાસ માટે આવશ્યક પરવાનગી પ્રાપ્ત કરાવી.

પુનઃ પુનઃ લખું છું કે આ ગ્રંથ સમજવામાં સરળ છે, અને એનો જે અભ્યાસ કરશે એના માટે મોક્ષ પથ ઢૂંકડો છે.

કીડી જેમ કરતાલ લઈને ભક્તિ કરવા જાય, એમ, એવી રીતે અહીં આ ગ્રંથની શબ્દ ભક્તિ મેં કરી છે, આનંદ દર્શન કર્યું કરાવ્યું છે, એથી વિશેષ મારી કોઈ ક્ષમતા નથી.

□ધનવંત શાહ
drdtshah@hotmail.com

## શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – ધરમપુર

'શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર એ સાધકોના આત્મવિકાસની વૃદ્ધિ તથા સમાજોત્થાન અર્થે કાર્યરત વિશ્વવ્યાપી યજ્ઞ છે.'

'પોતાનું સ્વરૂપ ઓળખો અને અન્યની નિષ્કામ સેવા કરો.'

'આ પુરુષે (શ્રીમદ્ રાજચંદ્ર) ધાર્મિક બાબતમાં મારું હૃદય જીતી લીધું અને હજુ સુધી કોઈ પણ માણસે મારા હૃદય ઉપર તેવો પ્રભાવ પાડ્યો નથી. મેં બીજે સ્થળે કહ્યું છે કે મારું આંતરિક જીવન ઘડવામાં કવિ (શ્રીમદ્જી) સાથે રસ્કિન અને ટૉલ્સટોયનો ફાળો છે, પણ કવિની અસર મારા મન ઉપર વધુ ઊંડી છે, કારણ કે હું કવિના પ્રત્યક્ષ ગાઢ પરિચય અને સહવાસમાં આવ્યો હતો.'

–મોહનદાસ ગાંધી
(મોડર્ન રિવ્યૂ,જૂન-૧૯૩૦)

આગળ જે ગ્રંથનો આનંદ-ઉલ્લાસ ગાયો એ ગ્રંથના કર્તા પૂ. રાકેશભાઈ ઝવેરીએ ૧૯૯૪માં જેની સ્થાપના કરી છે, જે વર્તમાનમાં ૨૨૩ એકરમાં વલસાડ પાસે ધરમપુરની મોહનગઢ ટેકરી ઉપર આકાર પામ્યો છે એ ધરતીમાં પ્રવેશતા જ અશાબ્દિક અનુભવ થયો.

આ આશ્રમ, એમાં યોજાતા સત્સંગ અને સ્વાધ્યાય, સેવા અને કરુણાના કામો, અજબ ગજબની શિસ્ત અને વ્યવસ્થા, આ સુવાસ સાંભળી હતી અને એ જોવા મન ઉત્સુક પણ હતું.

આશ્રમના ટ્રસ્ટી મહેશભાઈ ખોખાણીએ આત્માર્પિત ભાઈ શ્રી નેમીનો પરિચય કરાવ્યો અને સમયની મર્યાદા પ્રમાણે શક્ય એટલું અલ્પ આશ્રમ દર્શન ભાવ અને ઉત્સાહ સાથે અમને કરાવ્યું. પ્રત્યેક સ્થળે અધ્યાત્મની સુવાસ અને આધ્યાત્મનું દર્શન.

સામાન્ય રીતે આવા સાધના સ્થળોએ ૫૦-૬૦ થી વધુ ઉંમરના સાધકોના દર્શન થાય પણ અહીં તો યુવાવર્ગ વિશેષ હતો. આજના યુવાનને ધર્મ સમજવો છે, પણ એમને એમની રીતે સમજાવાય તો એ એવા ધર્મને સ્વીકારે.

ગુરુદેવ પૂ. રાકેશભાઈ ઝવેરીએ યુવાનોને ધર્મનું તત્ત્વ સમજાવી એ સર્વેને આ સાધના અને સેવાની પ્રવૃત્તિથી દીક્ષિત કર્યા છે.

સેવા અને સમર્પણ માટે વય પ્રમાણે જૂથોની રચના કરાઈ છે. છે. ગર્ભાર્પિત, સમર્પિત, જીવનાર્પિત, હૃદયાર્પિત, સર્વાર્પિત, શરણાર્પિત, પ્રેમાર્પિત, ચરણાર્પિત, આત્માર્પિત અને સેવાર્પિત.

'હું તમને સુખ તજી દેવાનું કહેતો નથી. હું તો માત્ર તમને સુખનો ચડિયાતો સ્તોત્ર દર્શાવવા ઈચ્છું છું.'

આ વાક્યો સાથે બાળકો અને યુવાનો માટે વિવિધ શિક્ષણ યોજના ડીવાઈન ટચ, મેજિક ટચ, અર્હત ટચ અને સ્પિરિચ્યુઅલ ટચના શીર્ષકથી યોજી છે.

માત્ર આધ્યાત્મ અને શિક્ષણ જ નહિ, વિવિધ સેવા માટે 'લવ એન્ડ કેર' શીર્ષકથી અહીં કરૂણાના કામો થાય છે. જેમાં કેળવણી, આરોગ્ય, પશુ ચિકિત્સા, ગૌશાળા, વિગેરે મુખ્ય છે.

'થોડાં માટે સહાનુભૂતિ એ આસક્તિ છે. સર્વ માટે કરૂણા એ પ્રેમ છે. તમે પ્રેમ કરો છો ત્યારે સેવા સહજ બની જાય છે.'

અહીં અધ્યાત્મ, ભક્તિ અને સેવાનો સમન્વય છે.

નવું વર્ષ, હોળી, જન્મકલ્યાણક વગેરે યુવા દ્વારા યોજિત અહીંના ઉત્સવો મ્હાણવા એક લ્હાવો છે. અહીં ઉલ્લાસ સાથે આત્મિક વિકાસ છે, જે યુવાનોને અહીં આકર્ષે છે. એક સાથે હજારો સાધકોની વ્યવસ્થા કરવી, થવી, એ એક અજાયબ યોજના શક્તિનું અહીં દર્શન છે. અહીં ઉત્સવોમાં શિસ્ત છે, ધર્મ છે અને તત્ત્વની સંસ્કાર દીક્ષા છે.

પૂ. ગુરુદેવે અત્યાર સુધી વિવિધ શાસ્ત્રો ઉપર ચિંતીય પ્રવચન આપ્યાં છે. આ જ્ઞાનની સી.ડી. અહીં ઉપલબ્ધ છે. ધબકતા ધર્મ ઉત્સવો હોય, જ્ઞાનની સાચી સમજણ વહેતી હોય તો ત્યાં યુવાધન ખેંચાય આવે જ.

આ સંસ્થાના ભારત તેમજ અન્ય દેશોમાં લગભગ ૬૫ કેન્દ્રો છે.

મુંબઈ કેન્દ્ર : ૧૦-બી, ઈસ્ટ વિંગ, બોમ્બે માર્કેટ એપાર્ટમેન્ટસ, ૭૮, તારદેવ રોડ, મુંબઈ- ૪૦૦ ૦૩૪.

ફોન : ૦૨૨ ૨૩૫૧૧૩૫૨.

www.shrimadrajchandramission.org

E-Mail : info@shrimadrajchandramission.org

# ઉપનિષદમાં આનંદ અને બ્રહ્માનંદ વિચાર

❑ ડૉ. નરેશ વેદ

**(લેખક ક્રમાંક નવમો)**

છેક પ્રાચીન કાળથી માંડીને આજ સુધી શરીર શું છે અને મન શું છે એ જાણવા અને સમજવાના પ્રયત્નો થતા રહ્યા છે. ઉપનિષદના સ્રષ્ટા ઋષિઓ પણ આ બે વિષયો વિશે વિચારતા રહ્યા હશે અને પોતાના અનુભવજન્ય (Emperical) જ્ઞાનને ઉપનિષદોમાં મૂર્ત કરતા રહ્યા છે. તેથી ઉપનિષદોમાં વેદવિદ્યા, સૃષ્ટિવિદ્યા, દેવવિદ્યા અને આત્મવિદ્યાના નિરૂપણ દ્વારા જીવનવિજ્ઞાન (life science) સ્પષ્ટ થયું છે. તેથી તેમાં મનુષ્યજીવનના બાહ્ય કરણો (શરીર અને ઈન્દ્રિયો) તથા અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહં)ની વિગતે વિશદરૂપે વિચારણા થયેલી છે. આ વિચારણા સાંગોપાંગ અને સઘનરૂપે કોઈ એક ઉપનિષદમાં થયેલી નથી, બલ્કે જુદા જુદા ઉપનિષદમાં અલગ અલગ વિષયોને અનુલક્ષીને થયેલી છે.

તૈત્તિરીય ઉપનિષદમાં આત્મા પાંચ કોશો (આવરણો)માં રહેલો છે એની વાત રજૂ થયેલી છે. આ પાંચ કોશો એટલે અન્નમય કોશ, પ્રાણમય કોશ, મનોમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ. અગાઉના બે લેખોમાં આપણે, તેથી, ઉપનિષદમાં રહેલા અન્નવિચાર અને પ્રાણવિચારને સમજવાનો પ્રયત્ન કરેલો, આ લેખમાં આપણે મનોમય અને વિજ્ઞાનમય કોશને સમજવાનો પ્રયત્ન કરીશું. મનને ઉપનિષદના ઋષિઓ પ્રજ્ઞાન કહે છે અને બુદ્ધિને વિજ્ઞાન કહે છે. આ પ્રજ્ઞાન અને વિજ્ઞાનની વિચારણા કેન, કઠ, મુંડક, માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક અને મૈત્રાયણીય – એમ નવ ઉપનિષદોમાં થયેલી છે. એમાંથી કેનોપનિષદ, માંડૂક્ય ઉપનિષદ અને છાંદોગ્ય ઉપનિષદ–એ ત્રણ ઉપનિષદનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય પ્રજ્ઞાન મન છે.

તૈત્તિરીય ઉપનિષદની બીજી વલ્લી બ્રહ્મવલ્લીમાં બીજા અનુવાકમાં જીવનને માટે અન્નનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે. ત્રીજા અનુવાકમાં પ્રાણમય કોશની સમજૂતી આપી તેના ઉપર મનોમય કોશનો મહિમા બતાવવામાં આવ્યો છે અને ચોથા અનુવાકમાં મનોમય કોશથી પણ સૂક્ષ્મ વિજ્ઞાનમય કોશની સમજૂતી આપવામાં આવી છે. પછી તરત મન અને વિજ્ઞાનની વ્યાખ્યા કરવામાં આવી છે. 'ઈન્દ્રિયો સાથે ગતિ કરતી ચેતનાશક્તિના આધારને **મન** કહેવામાં આવે છે અને વિરાટની સાથે સૂક્ષ્મ અનુભવ કરનારી મનોમય શક્તિને **વિજ્ઞાન** કહેવામાં આવે છે.' આ વ્યાખ્યાને આધારે સમજાય છે કે માણસને **મન** વ્યષ્ટિ (અમુક વિષયો તરફ) અને **વિજ્ઞાન** સમષ્ટિ (વિરાટ બ્રહ્માંડ) તરફ મનન, ચિંતન, વિમર્શણ, વિશ્લેષણની પ્રવૃત્તિ કરાવે છે.

આપણા શરીરમાં 'હું વિચાર કરું' એમ જે ઈચ્છે છે, તે આત્મા છે. એ વિચાર કરી શકે એટલા માટે મન છે. એટલે ઋષિઓ મનને 'આત્માની દૈવી આંખ' કહે છે. બધા દેવો, પાંચેય મહા ભૂતો, નાના-મિશ્ર ભૂતો, બધા પ્રકારની યોનિના જીવો તેમ જ પશુ, પક્ષી વગેરે સૌ કોઈ આ પ્રજ્ઞાનરૂપ આંખવાળા છે. આ પ્રજ્ઞાન સૌનો આધાર છે. માટે પ્રજ્ઞાન જ બ્રહ્મ છે. આ વાત કેવળ જ્ઞાની જ સમજી શકે છે અને તેથી જ્ઞાની આત્મા મનરૂપી દૈવી આંખથી બધાં સુખોને સમજીને આનંદ માને છે.

મન વાણીથી મોટું છે. જેમ કોઈ બે આમળાં કે બે બોર અથવા બે બહેડાં મૂઠીમાં રાખે, તેમ મનની અંદર વાણી અને નામ રહે છે. પહેલાં માણસ મનમાં વિચાર કરે છે કે 'હું વેદના મંત્રો બોલું', ત્યાર પછી જ એ બોલે છે. 'હું કામ કરું' એમ વિચાર કર્યા પછી જ એ કામ કરે છે. 'પુત્રો અને પશુઓને હું મેળવું' એમ વિચાર કર્યા પછી જ એ એમને મેળવે છે. તેમ જ 'આ લોકને અને પરલોકને હું મેળવું' એમ ઈચ્છા કર્યા પછી જ એ એને મેળવે છે. તેથી એમ સમજવું જોઈએ કે મન જ લોક છે, મન જ મનુષ્ય છે. મન જ આત્મા છે. મન જ બ્રહ્મ છે.

મતલબ કે મન બ્રહ્મનું રૂપ છે. (प्रज्ञानम् ब्रह्मः) આ મનના બે ભેદો છે: એક વિરાટ રૂપ (macro) અને બીજો વ્યક્તિરૂપ (micro). પ્રત્યેક પ્રાણકેન્દ્રમાં પ્રજ્ઞાન (મન)ની ત્રણ અવસ્થાઓ છે. આ અવસ્થાઓ દ્વારા તે પ્રાણકેન્દ્ર (વિરાટ અને વ્યક્તિ) વિશ્વના કે જીવનના વ્યવહારો કરે છે. મનની આ અવસ્થાઓમાં નામ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ છે. કોઈ પણ વ્યક્તિ એવી નથી જે આ ત્રણ અવસ્થાઓથી રહિત હોય. પ્રત્યેક વ્યક્તિને મનની આ ત્રણ અવસ્થાઓનો સ્વયંસિદ્ધ અનુભવ હોય છે. મન જ મનુષ્ય છે. સંકલ્પ, સ્મૃતિ, મેધા, શ્રદ્ધા, મતિ, ધૃતિ વગેરે જેટલી માનસિક શક્તિઓ છે, તે બધાં મનનાં જ રૂપ છે. આ બધી શક્તિઓ જ સ્થૂળ તેમ જ સૂક્ષ્મ રૂપમાં માનસિક ક્રિયાઓનું સંચાલન કરે છે. મનની ત્રણેય અવસ્થાઓમાં તેમનું અસ્તિત્વ રહે છે. મનમાંથી જ નામ અને વાણી એ બંને શક્તિઓ જન્મ લે છે. મનમાં જે વિચારો આવે છે તે વાણી અને શબ્દ બની જાય છે. આ મનમાં જો સંકલ્પ ન હોય તો મન નિર્વીય બની જાય છે. વાણી, નામ, મન, મંત્ર, કર્મ–આ બધાંનું મૂળ સંકલ્પ છે. આ મન, સંકલ્પ, ચિત્ત અને વિજ્ઞાન–આ એક જ મન તત્ત્વના જુદાં જુદાં રૂપો હોવા છતાં આ બધાંની વચ્ચે રહેલો સંબંધ વિજ્ઞાન દ્વારા સમજી શકાય છે. કામ, સંકલ્પ, વિચિકિત્સા (સંશય), લજ્જા, બુદ્ધિ, ભય વગેરે પણ મનના જ ભેદો અથવા પર્યાયો છે.

***મન જ લોક છે, મન જ મનુષ્ય છે. મન જ આત્મા છે. મન જ બ્રહ્મ છે.***

મનની બીજી મોટી

> **સારીય સચરાચર સૃષ્ટિ, બધું જ્ઞાન, ભૂત, વર્તમાન, ભવિષ્ય જેવા ત્રણેય કાળ, વિશ્વના સર્વ પદાર્થો મનની અંદર છે. આ મન આકાશ જેવું છે. આકાશ અવકાશ (કશું નથી) છે છતાં બધું છે; તેમ મન કશું નથી; છતાં બધું છે.**

વિશેષતા એ છે કે સ્થૂળ અને સૂક્ષ્મ જગતની સાથે મનુષ્યોનો જે ભોગાત્મક વ્યવહાર થાય છે, તેનું માધ્યમ (સાધન) પણ મન જ છે; એટલે કે, મન દ્વારા જીવ જગતના સ્થૂળ અને સૂક્ષ્મ ભોગોનો ઉપભોગ કરી શકે છે. સંજ્ઞાન (ચેતના), આજ્ઞાન (બહારના વિષયોનું જ્ઞાન), વિજ્ઞાન (બુદ્ધિ વડે થતું જ્ઞાન), પ્રજ્ઞાન (મન વડે થતું જ્ઞાન), મેધા (યાદશક્તિ), દૃષ્ટિ (આંતરિક દૃષ્ટિ), ધૃતિ (ધૈર્ય), મતિ (મતિ), મનીષા (માનસિક પ્રેરણા), જૂતિ (અંદરની, આત્માની પ્રેરણા), સ્મૃતિ (સ્મરણશક્તિ), સંકલ્પ (ઈચ્છાશક્તિ), ક્રતુ (ક્રિયામાં ફેરવાયેલી ઈચ્છાશક્તિ), અસુ (જીવનશક્તિ), કામ (કામના), વશ (સ્ત્રી વગેરેને કાબૂમાં રાખવાની અભિલાષા) – એ બધાં આ પ્રજ્ઞાન (મન)નાં જ નામો છે. મનના આ જુદાં જુદાં સ્તરો છે. આ સ્તરોને કેળના થડમાં એક એક સ્તરની નીચે રહેલા જુદા જુદા સ્તરોની ઉપમા આપીને ઓળખી શકાય.

આપણો આત્મા (ચૈતન્ય) ચાર પાદ (અવસ્થા)વાળો છે. એ ચાર અવસ્થાઓ એટલે જાગ્રતાવસ્થા, સ્વપ્નાવસ્થા, સુષુપ્તિ અવસ્થા અને તુરીય અવસ્થા. આમાં પહેલી ત્રણ અવસ્થાઓમાં આપણે જીવનના વ્યવહારો કરીએ છીએ. આ ત્રણથી પર જે ચોથી તુરીય અવસ્થા છે તે પરાત્પર બ્રહ્મ સમાન છે. મનની આ ચાર અવસ્થાઓની સ્પષ્ટતા માંડૂક્ય ઉપનિષદમાં ૐકારની ચાર માત્રાઓ દ્વારા મૌલિક રીતે કરવામાં આવી છે. જેમ કે, આત્મા (બ્રહ્મ) ચતુષ્પાદ છે, તેના ત્રણ પાદ વિશ્વરૂપે છે અને એક પાદ વિશ્વાતીત છે. તેવી જ રીતે પ્રજ્ઞાનાત્મક મન પણ ચતુષ્પાદ છે. તેનો પહેલો પાદ જાગ્રત અવસ્થા છે. તેમાં આપણે સ્થૂળ જગતમાં ઈન્દ્રિયોનો વ્યવહાર ચલાવીએ છીએ. તે મનની જાગ્રત અવસ્થારૂપ સ્થિતિ છે. તેથી મનની આ અવસ્થાને 'સ્થૂલભૂક્' એટલે કે સંસારના સ્થૂળ પદાર્થોનો ભોગ કરનારી કહેવામાં આવી છે. મનની મોટા ભાગની શક્તિ બહારની વસ્તુઓના જ્ઞાનમાં લાગેલી રહે છે. આથી જ એને ઈન્દ્રિયાનુગામી મન કહે છે. જો કોઈ ઈન્દ્રિય સાથેનો મનનો સંબંધ તૂટી જાય તો તે ઈન્દ્રિયની ક્રિયા બંધ થઈ જાય છે. જાગ્રત અવસ્થાવાળા આ મનનાં ઓગણીસ મુખ અથવા ભોગ દ્વાર છે. તે છે પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ પ્રાણ તેમ જ મન, બુદ્ધિ, ચિત્ત અને અહં. આ બધી મન સંચાલિત શક્તિઓ છે. આ બધી શક્તિઓના સંયોગથી બનેલું જે સ્થૂળ માનવશરીર છે તેનું જ નામ 'વૈશ્વાનર' છે. મન, પ્રાણ અને ભૂતો–આ ત્રણ 'નર' એટલે કે સંચાલક શક્તિઓ શરીરમાં છે. આ ત્રણેયની આધારભૂત જે એક શક્તિ છે એને સરળ શબ્દોમાં પ્રાણાગ્નિ અથવા જીવનશક્તિની ચિનગારી કહેવાય. ૐકારની અ માત્રાનો આ વૈશ્વાનર અવસ્થા સાથે સંબંધ છે. આ અવસ્થામાં મનશ્ચેતના બહિર્મુખી હોય છે. મનની આ અવસ્થા દ્વારા જે વાસ્તવનો અનુભવ થાય છે તેને આજની ભાષામાં આપણે વ્યાવહારિક વાસ્તવ (emperical reality) કહીને ઓળખાવી શકીએ.

આ પ્રજ્ઞાનસ્વરૂપ મનની બીજી અવસ્થા સ્વપ્નાવસ્થા છે. મનની આ અવસ્થાને ઋષિઓએ 'પ્રવિવિક્તભૂક્' કહી છે. કારણ કે આ અવસ્થામાં મન સ્થૂળ વિષયોનો ભોગ નથી કરતું. સ્વપ્નાવસ્થામાં જે વિષયો દેખાય છે, તેમાં મનની એક ભાવના કે કલ્પના માત્ર જ હોય છે. માણસ સ્વપ્નોમાં સ્વકલ્પિત વિષયોને ભોગવતો હોવાથી મનની આ અવસ્થાને આવું નામ અપાયું છે. આ સ્વપ્નાવસ્થાનું મન પણ જાગ્રત મન (વૈશ્વાનર)ની પેઠે ખરેખરા નહીં, પણ સ્વકલ્પિત વિષયોની પાછળ પાછળ જાય છે. સ્વપ્નાવસ્થાના આ મનને ઋષિઓએ 'તેજસ્' એવી સંજ્ઞા આપી છે. તેમાં મનનું સ્વરૂપ તેજયુક્ત એટલે કે જ્યોતિર્મય પ્રકાશયુક્ત હોય છે. આ મનને પોતાના વ્યવહારો માટે સ્થૂળ દેહની આવશ્યકતા હોતી નથી. ફોટોગ્રાફની નેગેટિવ પ્લેટની માફક મનુષ્યના મસ્તકકોશમાં અથવા ચિત્કોશમાં લાખો-કરોડો ઈચ્છાઓ, વાસનાઓ, કામનાઓ, લિપ્સાઓ, એષણાઓ, અભિલાષાઓ સંસ્કારોરૂપે ઢબુરાઈને પડેલી હોય છે. જાગ્રત અવસ્થામાં એ બહુ દેખાતી નથી; પરંતુ સ્વપ્નાવસ્થામાં જેમ બંધ ઓરડાના કમાડ ખુલી જાય તેમ એ બધી ખુલી જાય છે અને નિદ્રાધીન સ્વપ્નાવસ્થાના ગાઢ અંધકારરૂપી પડદા ઉપર જ્યોતિર્મય કલ્પનાચિત્રો ઉપસાવતી રહે છે. એ ચિત્રોને જ સ્વપ્ન કહેવામાં આવે છે. આ અવસ્થામાં મનશ્ચેતનાની ગતિ અંતર્મુખી હોય છે. મનની આ અવસ્થામાં જે વાસ્તવનો અનુભવ થાય છે તેને આજની ભાષામાં આપણે પ્રાતિભાષિક વાસ્તવ (apperent reality) કહીને ઓળખાવી શકીએ. ૐકારની 'ઉ' માત્રાને આ તેજસ્ અવસ્થા સાથે સંબંધ છે.

સુષુપ્તિ અવસ્થામાં પ્રજ્ઞાનનાં બધાં જ કિરણો એક જગ્યાએ સમેટાઈ જાય છે. આથી આ અવસ્થાને 'પ્રજ્ઞાન ઘન' પણ કહે છે. આ અવસ્થામાં જાગ્રત તેમ જ સ્વપ્નાવસ્થાના સંસારના ઉપભોગને માટે કોઈ પણ ઈન્દ્રિયની જરૂર રહેતી નથી. એમાં એક માત્ર ચિત્ત જ અવશિષ્ટ રહે છે. આ અવસ્થામાં કોઈ સ્થૂળ અથવા સૂક્ષ્મ ભોગનો કે સુખદુઃખની કે પછી ક્લિષ્ટ-અક્લિષ્ટ વૃત્તિઓનો અનુભવ થતો નથી; પણ કેવળ આનંદની જ પ્રતીતિ થાય છે. ચિત્તમાં જ બધી વૃત્તિઓ લીન રહે છે. તેથી આ અવસ્થાને ચેતોમુખી કહે છે. આપણે પ્રગાઢ નિદ્રા (sound sleep) માં હોઈએ છીએ ત્યારે આપણે ચિત્ત (ચૈતન્યનાં સ્થૂળ રૂપ)ની સૌથી વધુ નજીક હોઈએ છીએ. આવી નિદ્રામાંથી જાગ્યા પછી આપણા મનમાં આનંદની, પ્રસન્નતાની એક ઝલક મનમાં રહી જાય છે. તેથી આ અવસ્થાને પ્રજ્ઞાનઘન એટલે કે જ્ઞાનાનંદની એક ધન (નક્કર) સ્થિતિ કહે છે અને તેનો અનુભવ કરનાર મનને 'પ્રાજ્ઞ' કહે છે. ૐકારની મ માત્રાને મનની આ અવસ્થા સાથે સંબંધ છે. મનની આ અવસ્થા દ્વારા જે વાસ્તવનો અનુભવ થાય છે તેને પારમાર્થિક વાસ્તવ

(ultimate reality) કહે છે.

આ સુષુપ્તિથી આગળ પણ મનની સત્તા છે. તેને તુરીય અવસ્થા કહે છે. આગળ આપણે જોયું કે મનનું સ્વરૂપ 'પ્રજ્ઞા' છે; પરંતુ આ ચોથી અવસ્થાની પ્રજ્ઞા નથી બહાર તરફ રહેતી કે નથી અંદરની તરફ રહેતી; તેમ જ નથી તે એકી સાથે બંને તરફ રહેતી. એ અવસ્થા પ્રજ્ઞાનઘન પણ નથી. તે એક વિલક્ષણ અને અનેરી અવસ્થા છે. તેને અચિંત્ય અને અગ્રાહ્ય કહેવામાં આવી છે. એ સ્થિતિમાં આ વિશ્વનો બધો પ્રપંચ શાંત થઈ જાય છે. તે અદ્વૈતાવસ્થા છે. તેમાં ૐકારની અ, ઉ અને મ માત્રા સાથે રેફયુક્ત અર્ધ માત્રાનો સમવાય સધાય છે. મતલબ કે ત્યાં મન સાથે બ્રહ્મની એકતા સધાય છે. ત્યાં મનની ગતિ બહિર્મુખી, અંતર્મુખી કે ચેતોમુખી નથી, પણ શિવમુખી છે. તે અખંડ ચૈતન્યનો અનુભવ કરાવતી બ્રાહ્મી અવસ્થા છે. મનની આ અવસ્થા દ્વારા જે વાસ્તવનો અનુભવ થાય છે તેને આજની ભાષામાં આપણે પરાત્પર વાસ્તવ (trancendental reality) કહીને ઓળખાવી શકીએ.

બ્રહ્મે આ સૃષ્ટિનો વિકાસ મનના સંકલ્પથી જ કર્યો છે. તેથી ઋષિઓએ મનની આ ચાર અવસ્થાઓને સમજાવવા માનસ-સ્વસ્તિકની કલ્પના કરી છે. તેનું પ્રતીકાત્મક સ્વરૂપ સ્વસ્તિક (સાથિયો) છે. એ બધી દિશાઓનો નિર્દેશ કરે છે. જેમકે, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય. તેને 'પ્રજ્ઞાનની દિશાઓ' ઋષિઓએ કહી છે. અથર્વ વેદમાં પ્રજ્ઞાન સ્વરૂપ આ મનને ત્રણ દોરાથી લપેટાયેલ 'હૃદયકમળ'ના રૂપકથી ઓળખાવવામાં આવ્યું છે. એ કમળમાં બેઠેલો આત્મવાન યક્ષ મન જ છે. પ્રજ્ઞાન-સ્વરૂપ આ મન એ શિર અથવા મસ્તક છે. તે દેવતાઓ (પ્રાણ અને મનની બધી શક્તિઓ)નું નિવાસસ્થાન છે. તેથી તેને 'દેવકોશ' અથવા 'બ્રહ્મનો વિશ્વરૂપ કોશ' કહીને ઋષિઓએ ઓળખાવ્યો છે. ઋષિઓ કહે છે આ 'સોનેરી કટોરો' (હિરણ્મય કોશ) પ્રત્યેક મનુષ્યના માનસ સ્તર પર રહેલો હોય છે. આ સોનેરી કટોરાનું તાત્પર્ય છે શુદ્ધ મનોમય લોક (શુદ્ધ મન). આવું મન કદી મલિન થતું નથી અને સદા શુદ્ધ, તેજોમય અને ભાસ્વર (પ્રકાશિત) રહે છે. અથર્વ વેદમાં એને જ 'સ્વર્ગ' કહેવામાં આવ્યું છે. કામનાયુક્ત મન અશુદ્ધ કહેવાય, જ્યારે કામના રહિત મન શુદ્ધ કહેવાય. આવું અશુદ્ધ મન બંધન અને શુદ્ધ મન મોક્ષનું કારણ બને છે.

વાક્, પ્રાણ અને ચક્ષુની માફક મન પણ અધ્યાત્મયજ્ઞની શક્તિ છે. જેમ વાક્નો સંબંધ અગ્નિ સાથે, પ્રાણનો સંબંધ વાયુ સાથે, ચક્ષુનો સંબંધ આદિત્ય સાથે છે, તેમ મનનો સંબંધ ચંદ્ર સાથે છે. ચંદ્ર મન માટેની અધિદૈવત શક્તિ છે. આ ચંદ્રનું જ બીજું નામ ઉપનિષદમાં સોમતત્ત્વ છે. આ સોમતત્ત્વનો સંબંધ ચંદ્ર ઉપરાંત સૂર્ય સાથે પણ છે. તેથી જ મન સૌમ્ય-રૌદ્ર, કરાળ-કોમળ રૂપો ધારણ કરે છે. ચંદ્ર રૂપે મનની ક્રિયા ઈક્ષણ છે અને સોમરૂપે મનની ક્રિયા મનન છે. આ મન સર્વનું આયાતન છે, એટલે કે સારીય સચરાચર સૃષ્ટિ, બધું જ્ઞાન, ભૂત, વર્તમાન, ભવિષ્ય જેવા ત્રણેય કાળ, વિશ્વના સર્વ પદાર્થો મનની અંદર છે. આ મન આકાશ જેવું છે. આકાશ અવકાશ (કશું નથી) છે છતાં બધું છે; તેમ મન કશું નથી; છતાં બધું છે.

ઋષિઓ કહે છે મન ઈન્દ્રિયો કરતાં ચડિયાતું છે, બુદ્ધિ મન કરતાં ચડિયાતી છે. મહત તત્ત્વ બુદ્ધિ કરતાં ચડિયાતું છે, અવ્યક્ત પ્રકૃતિ મહત તત્ત્વ કરતાં ચડિયાતી છે, પરંતુ વ્યાપક અને સર્વ લક્ષણો અથવા ચિહ્નોથી રહિત એવો પુરુષ (આત્મા) અવ્યક્ત પ્રકૃતિ કરતાં પણ ચડિયાતો છે. જે આ ઉચ્ચાવચ્ચ ક્રમ (hierarchical order) સમજે છે એને મન શું છે એ સમજાય જાય છે.

બૃહદારણ્યક ઉપનિષદના પાંચમા અધ્યાયના છઠ્ઠા બ્રાહ્મણમાં સૂર્ય, સત્ય અને બ્રહ્મની એકરૂપતા બતાવીને કહેવામાં આવ્યું છે કે જેમ આ ત્રણેય જ્યોતિરૂપ છે, તેમ આ મન પણ જ્યોતિરૂપ છે. એ જ્યોતિ વ્યક્તિ માત્રના હૃદયમાં બિરાજમાન છે. વિષયોની આસક્તિઓમાં લપેટાયેલા રહીને એ શુભ્ર તથા જ્યોતિઓના જ્યોતિ ચૈતન્યનો અનુભવ કરી શકાતો નથી. એને માટે મનની સર્વોચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવી જોઈએ.

આ આખી વિચારણાનો સાર આજની **કમ્પ્યુટરની ભાષામાં રજૂ કરવો હોય તો એમ કહેવાય કે સંવિત mother board છે, હૃદય server છે, શરીર અને ઈન્દ્રિયો hardware છે અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહં software છે.✷**

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, સૌરાષ્ટ્ર કોલોની પાસે, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર, પિનકોડ-૩૮૮૧૨૦.
(મો.) : ૦૯૭૨૭૩૩૩૦૦૦
ફોન : (ઘર) : ૦૨૬૯૨-૨૩૩૭૫૦

## 'પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા કોર્પસ ફંડ'

'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી અંકમાં ઉપરની યોજના આ સંસ્થાએ પ્રસ્તુત કરતાં જણાવ્યું હતું કે રૂા. ૩,૦૦,૦૦૦/- રૂા. ત્રણ લાખનું અનુદાન ઉપરોક્ત ફંડમાં અર્પણ કરનાર દાતાને પોતાને ઈચ્છિત કોઈ પણ એક મહિનાનું વીસ વર્ષ સુધી 'સૌજન્ય દાતા' સ્થાન પ્રાપ્ત થશે.

અમારી આ યોજનાને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. એ માટે અમે વિદ્વાન વાચક અને કદરદાન દાતાઓના આભારી છીએ.

આ યોજના અંતર્ગત અમને સુશ્રાવક શ્રી સી. કે. મહેતા તરફથી રૂા. ૫,૦૦,૦૦૦/- રૂાં. પાંચ લાખનું અનુદાન પ્રાપ્ત થયું છે.

હવેથી વીસ વર્ષ સુધી પ્રત્યેક પર્યુષણ અંકના સૌજન્યદાતા તરીકે એઓશ્રીનું પૂણ્ય નામ પ્રકાશિત થશે.

આશા છે કે હવે બાકીના અગિયાર મહિનાના દાતા પણ આ કોર્પસ ફંડ માટે અમને મળી રહેશે.

જ્ઞાનદાન એ ઉત્તમ દાન છે. ચિર સ્મરણીય છે. કર્મ નિર્જરાનું સોપાન છે. મોક્ષ પ્રત્યેની દૃષ્ટિ છે.

**–તંત્રી**

ભજન-ધન : ૭

# વિસરાતી વાણી – અનહદની ઓળખાણી

□ડૉ. નિરંજન રાજ્યગુરુ

દાસીભાવે પ્રેમલક્ષણા ભક્તિનું ગાન કરનારા દાસી જીવણની આ રચનામાં પરબ્રહ્મ પરમાત્માના મિલનનો ભાવ કવિના રચના કૌશલ્યને કારણે એક સરસ કલાકૃતિ તરીકે કઈ રીતે શબ્દબદ્ધ થાય છે તેની વાત અહીં કરવી છે. સાથોસાથ એમાં શબ્દ, પસંદગી, લય, સંગીત, કલ્પન, પ્રતિકાયોજન અને ધ્વનિવ્યંજના જેવાં તત્ત્વો એકબીજા સાથે ગૂંથાઈને કેવું મનોહર સ્વરૂપ ધારણ કરે છે તે અવલોકવાનો પ્રયાસ છે.

**શામળિયે, મુંને રંગમાં રમાડી રે...**

*રંગમાં રમાડી રમાડી મુંને, હેતમાં હુલાવી રે,*
*આજ સખી રે ઓલ્યે શામળિયે, મુંને રંગમાં રમાડી રે...આજ સખી રે.*

*સપનાસુખમાં હું રે સૂતી'તી, નીંદરમાંથી જગાડી રે,*
*પિયુજીની પ્રેમપટોળી મારા, અંગ પર ઓઢાડી રે...આજ સખી રે.*

*અડધી રેને હું રે જાગી, વાલાજીએ વેણ વગાડી રે,*
*ગગનમોતીડે વા'લાજી જાગ્યા, ફોર્યું ઘે ફૂલવાડી રે...આજ સખી રે.*

*કૂડા કૂડા સ્નેહ છોડાવ્યા, મુંને એવી કીધી આડી રે,*
*કસમતવાળે કાનુડે અમને, પ્રીતે લીધાં પાડી રે...આજ સખી રે.*

*દાસી જીવણ કે' ભીમપ્રતાપે, દરશનિયાં દેજો દાડીદાડી રે,*
*વા'લાજીના વંદન નીરખી, ઠરે મારી નાડી રે...આજ સખી રે.*

□દાસી જીવણ

હરિમિલનનું-સંયોગાવસ્થાનું સૂચન કવિ પ્રારંભમાં જ 'રંગમાં રમાડી રમાડી મુંને...' એ પ્રથમ પંક્તિમાં કરે છે. પ્રિયતમની સાથે ખેલેલા રંગવિહારની વાત સખી સિવાય બીજા કોને કહી શકાય? નટવરનાગર શામળિયાએ એની પ્રિયતમાને કેવી રીતે રંગમાં રમાડી છે, હેતમાં હુલાવી છે તેની વાત સખીને કરતી એક માનિનીના હૈયાનો હર્ષ અહીં છતો થયો છે.

શમણાના સુખોમાં સ્વૈરવિહાર કરતી સુગર્વિતાને નીંદરમાંથી જગાડી, પોતાનું ઉપવસ્ત્ર – પટોળી એના અંગ પર ઓઢાડી વેણુ વગાડતાં કૃષ્ણકનૈયાએ પ્રેમથી કેમ જીતી લીધી એનું વર્ણન કરતાં આખા પ્રસંગનું આલેખન થયું છે.

આકાશમાં તારલાઓ મોતીઝૂલ બિછાવી હોય એમ ટમટમતા હતા. ફૂલવાડીમાંથી મત્ત સુગંધ ફોરી રહી હતી ત્યારે દુન્યવી સંબંધોના તાળાં તોડી, એની માયા છોડાવી આડી પાળ બાંધી દઈને કિસ્મતવાળા કાનુડાએ પ્રેમથી અમને મેળવી લીધાં એમ સખીને પોતાના સ્વાનુભવની વાત કહેતી પ્રિયતમાની મનોભૂમિકા દાસી જીવણે પ્રસ્તુત ભજનમાં સ્પષ્ટ કરી છે. વાલાજીનું વદન નીરખતાં જેની નાડી ઠરે છે, અંતરમાં શાતા વળે છે એવા દાસી જીવણે આત્મા-પરમાત્માના શાશ્વત સંબંધને પ્રિયા-પિયુના રૂપક દ્વારા સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

પ્રથમ પંક્તિમાં મિલન-શૃંગારના વર્ણન માટે 'રંગમાં રમાડી' અને 'હેતમાં હુલાવી' એ બે પ્રક્રિયાઓ એક સાથે દર્શાવીને કવિ પોતાના અંતરના ભાવને વધુ પુષ્ટિ આપવા પ્રયાસ કરે છે. અતિશય સ્નેહ સાથે પ્રિતમને રંગમાં રમાડી છે, માત્ર પોતે મોજ કરીને ચાલી જનારો પ્રિયતમ નથી. અહીં ગૌરવનો ભાવ પણ સૂક્ષ્મ રીતે આલેખાયો છે. મને હુલાવી-ફુલાવીને, સમજાવી પટાવીને, પોતાની પ્રેમપટોળી મારા અંગ પર ઓઢાડીને, મને ઊંઘમાંથી જગાડીને કિસ્મતવાળે કાનુડે લાડ લડાવ્યા છે ને મારી ચાહના પ્રાપ્ત કરી છે, એ કારણે તો એનું મુખકમળ જોઈ મારી નાડી ઠરે છે, આ સમગ્ર ભાવપરિવેશ માત્ર બે શબ્દો 'રંગમાં રમાડી મુંને હેતમાં હુલાવી રે...'માં લાઘવની ત્રેવડથી દાસી આલેખી દે છે. 'શામળિયો' 'કાનુડો' જેનવાં લઘુતાદર્શી રૂપો એનો નિકટનો સંબંધ દર્શાવે છે.

સૂતેલી પ્રિયતમાને જાગડવા આવે, પોતાની પટોળી ઓઢાડે, જગાડવા માટે વેણુ વગાડે એવો વાલમ તો કોઈક ભાગ્યશાળીને જ હોય ને! પોતાના આ સદ્ભાગ્યની વાત કવિ પોતાની સખીને કહેવા ઈચ્છે છે. પ્રિયપાત્ર દ્વારા ઊંઘમાંથી જગાડવાની ક્રિયાથી માંડીને રંગમાં રમાડવાની ક્રિયા સુધીના કવિચિત્તના સંવેદનો શબ્દમાં ઢાળીને કવિ સંસારમાં ઊઠતાંવેંત, પોતાની સખીને આજની રાતની વાત કરતી કોઈ પિયુઘેલી નવોઢાના મનોભાવનું સરસ ચિત્ર આલેખે છે. ભાવને કલાત્મક રીતે અભિવ્યક્ત કરવાની રીતિ, અર્થપૂર્ણ રીતનું લયઆયોજન અને સ્પર્શક્ષમ એવાં કલ્પનોનો વિનયોગ દાસી જીવણની કવિપ્રતિભાના દ્યોતક છે. વાતચીતનો લહેકો અર્પે એવી ટૂંકી વાક્યરચનાવાળી બાની લઈને દાસી જીવણે પોતાની હરિમિલનની ક્ષણોને તાદશ રીતે ચિત્રિત કરી છે.

***માનવી પર પરમતત્ત્વની કૃપા થાય ત્યારે સ્વપ્ન જેવાં મિથ્યા સુખોની એને સાચી ઓળખ આપી અજ્ઞાનરૂપી ઊંઘમાંથી જાગૃત કરી હરિકૃપારૂપી પ્રેમપટોળી ઓઢાડી દે છે.***

પરબ્રહ્મ પરમાત્માના મિલનનો ભાવ અહીં વ્યક્ત થયો છે. સદ્ગુરુની કૃપાથી કવિને–સાધકને જે ક્ષણની પ્રાપ્તિ થઈ છે, જે

અલૌકિક અનુભવ થયો છે એને સરળ શબ્દોમાં–પ્રતિકાત્મક વાણીમાં રજૂ કરવાની કવિની નેમ અહીં સફળ થઈ છે.

સ્વપ્નના સુખમાં સૂતેલા માનવી પર, સંસારના સુખોને સત્ય માનીને એમાં રચ્યાપચ્યા રહેલા માનવી પર પરમતત્ત્વની કૃપા થાય ત્યારે સ્વપ્ન જેવાં મિથ્યા સુખોની એને સાચી ઓળખ આપી અજ્ઞાનરૂપી ઊંઘમાંથી જાગૃત કરી હરિકૃપારૂપી પ્રેમપટોળી ઓઢાડી દે છે. દાસી જીવણને અર્ધનિશાએ–અંધકારમય ગુરુની કૃપા થઈ, ને સાચું જ્ઞાન લાધ્યું, જાગરણ થયું, વાલાજીએ અનહદ નાદરૂપી વેણુ વગાડી, હઠયોગમાં જેને શૂન્ય શિખર કહે છે એ સ્થાન 'ગગન'માં સુરતા ચડી, કાયાવાડી–શરીરરૂપી બાગમાં ફોરમ છૂટી ને મોહ, માયા, કામ, ક્રોધ, મદ, મત્સર જેવાં હીન તત્ત્વો સાથે જે દુન્યવી સંબંધ બંધાયેલો હતો તે છોડાવી એના આડી પાળ બાંધી દીધી, બંધી ફરમાવી દીધી. એથી રોમ રોમ આનંદની લીલાલહેર થઈ ગઈ ને વિરહની ઝાળમાં પ્રજળતાં આત્માને પરમાત્માનું મિલન થતાં પરિતૃપ્તિનો અનુભવ થયો. આવા ચૈતસિક વ્યાપારોનું આલેખન દાસી જીવણે પ્રસ્તુત ભજનમાં કર્યું છે.

'હુલાવી' શબ્દ અહીં દૃશ્યકલ્પન બની રહ્યો છે, પ્રિયતમની પ્રિયતમા પ્રત્યેની આસક્તિની એક મોહક ચેષ્ટા એમાં ઝિલાયેલી છે; લાડ, પ્રેમ, સ્નેહના ઉમળકાથી હુલાવી, ફુલાવીને લાડઘેલી પ્રિયતમાને રીઝવતા પ્રિયતમનું રમતિયાળ સ્વરૂપ અહીં ચિત્રિત થયું છે. 'હુલાવી' શબ્દ દાસી જીવણના અન્ય ભજનોમાં 'કટારી હુલાવવી' એવા અર્થમાં પણ વપરાયો છે. પણ અહીં તો રંગરસિયા એવા વાલમ સાથેના ઉલ્લાસમય શૃંગારનું આલેખન કરવા આ શબ્દ પ્રયોજાયો છે. પોતે અનુભવેલી એક અલૌકિક ઘટનાને– પોતાના ચિત્તના સંવેદનોને નાટ્યાત્મક સ્વરૂપ આપીને કવિ કલાત્મક રીતે આપણી દર્શનેન્દ્રિયને પ્રેરે એવું શબ્દચિત્ર આલેખે છે. તળપદા કાઠિયાવાડી બોલીના શબ્દો–શબ્દપ્રયોગો : રંગે રમાડી, હેતે હુલાવી, વેણુ વગાડી, ફોરી ફુલવાડી, નીંદરથી જગાડી, અંગે ઓઢાડી, પ્રીતે લીધાં પાડી, ઠરી મારી નાડી, એવી કીધી આડી...માં અનાયાસે પ્રાસાનુપ્રાસની ગોઠવણી થતી આવે છે, કવિએ ક્યાંય શબ્દ શોધવાની મથામણ કરી હોય એવું જોવા મળતું નથી, એક એક શબ્દ ભારે સૂક્ષ્મ અર્થચ્છાયાઓ પ્રગટાવે છે. જેમ જેમ એમાં ઊંડા ઊતરતા જઈએ તેમ તેમ એના ભાવસ્પંદનો વિસ્તરે છે. સમગ્ર પદમાં ક્યાંયે સ્થૂલ કે અનુચિત્ત પ્રેમચેષ્ટાનું આલેખન કર્યા વિના લાઘવની ત્રેવડથી કવિ આસાનીથી પરિતૃપ્તિનો અનુભવ વર્ણવી શક્યા છે એ કવિકર્મનું સાફલ્ય છે.

* * *

આનંદ આશ્રમ, ઘોઘાવદર,
તા. ગોંડલ, જિલ્લો રાજકોટ.
પીન ૩૬૦૧૧૧.
ફોન : ૦૨૮૨૫-૨૭૧૫૮૨.
મો. : ૦૯૮૨૪૩ ૭૧૯૦૪

## ગ્રંથ સ્વાધ્યાય

### શ્રી ભદ્રંકર વિદ્યા દીપક જ્ઞાન-વિજ્ઞાન સ્વાધ્યાય સત્ર

સુશ્રાવક શ્રી સી. કે. મહેતાની પ્રેરણા અને સહકારથી પ્રતિ વર્ષ ઉપરોક્ત શીર્ષકથી ત્રિદિવસીય સ્વાધ્યાય સત્રનું આયોજન આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ કરશે.

જૈન તત્ત્વજ્ઞાનનું સાહિત્ય સાગર જેટલું વિશાળ અને ગહન છે. જ્ઞાન-વિજ્ઞાનથી તરબતર એવા અનેક મહાન ગ્રંથો આ ધર્મ પાસે છે. આવા ગ્રંથોને વાંચવાની અને સમજવાની અનેક જિજ્ઞાસુને ઈચ્છા થાય, પરંતુ સંસારની વ્યસ્તતાને કારણે એ જિજ્ઞાસાને સંતોષવાનું શક્ય ન બને, ઉપરાંત એ ગ્રંથો એવા ગહન હોય છે કે કોઈ તજજ્ઞ જ્ઞાનીજન જ આ ગહનતાને સમજાવી શકે.

આ વિચારને કેન્દ્રમાં રાખીને પ્રતિ વર્ષ એવા એક ગ્રંથનો વિગતે સ્વાધ્યાય તજજ્ઞ જ્ઞાની જન કરાવશે.

નિર્ધારિત મહિનાના શુક્ર-શનિ-રવિ એમ ત્રણ દિવસ સવારે ૧૦ થી સાંજે પાંચ સુધી સતત આ જ્ઞાનધારાનો સમૂહ સ્વાધ્યાય યોજાશે.

અનુકૂળતા પ્રમાણે સમયમાં ફેરફાર થશે.

તા. ૧૫ ફેબ્રુઆરીના આ સંસ્થાના કાર્યકરો માલવી ઍજ્યુકેશન ટ્રસ્ટ, ગામ કુકેરીને ચેક અર્પણ કરવા ગયા ત્યારે વલસાડ-ધરમપુરમાં **શ્રીમદ્ રાજચંદ્ર મિશન આશ્રમમાં બિરાજમાન પ. પૂ. ગુરુદેવ ડૉ. રાકેશભાઈના દર્શનાર્થે ગયા હતા,** ત્યારે પોતાની અતિ વ્યસ્તતા છતાં સંઘના કાર્યકરોને વીસ મિનિટની જ્ઞાન-ગોષ્ટિ મુલાકાત પૂજ્યશ્રીએ આપી ત્યારે સંઘના કાર્યકરોએ પૂજ્યશ્રી પાસે આ સ્વાધ્યાય સત્રની યોજના અને હેતુ સમજાવી પ્રથમ સત્રનો પ્રારંભ પૂજ્યશ્રીની જ્ઞાનવાણી દ્વારા થાય એવી વિનંતી કરી હતી અને પૂજ્યશ્રીએ સરળ ભાવે એ સ્વીકારી આ શ્રુત વંદનાના કાર્યની અનુમોદના કરી હતી.

શ્રુતપૂજાના આ શુભ કાર્યનો પ્રારંભ પૂ. ગુરુદેવ રાકેશભાઈ ઝવેરીની શ્રુતવાણીથી થશે એ સર્વ માટે આનંદ-ગૌરવની ઘટના બની રહેશે.

સંમતિ માટે આ સંસ્થા અને સર્વ જિજ્ઞાસુ શ્રોતા પૂજ્યશ્રીના સર્વદા ઋણી રહેશે.

સ્થળ-કાળનો વિગતે કાર્યક્રમ યથા સમયે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થશે.

આ સ્વાધ્યાય સત્રનો જે જિજ્ઞાસુને લાભ લેવો હોય એમને પોતાના નામો સંઘના કાર્યાલયમાં નોંધાવવા વિનંતિ.

શ્રુતવાણી, શ્રુતચિંતન અને શ્રુતપૂજાના ત્રિવેણી સંગમનું આચમન કરવા સર્વ જિજ્ઞાસુજનને નિમંત્રણ છે.

**મુંબઈ જૈન યુવક સંઘ :**
**કાર્યવાહક સમિતિ**

# માઈકનો ઉપયોગ ન કરાય-૧૪ કારણો

☐ રવિલાલ કુંવરજી વોરા

મારો લેખ 'હિંસાથી ઉત્પન્ન થયેલ ઉર્જા દોષયુક્ત છે', 'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૧૩ના અંકમાં પ્રસિદ્ધ કરવા બદલ તંત્રીશ્રી ધનવંતભાઈનો ખૂબ ખૂબ આભાર. શુદ્ધ જૈન ધર્મ પાળનારા વાચકો તરફથી મને અભિનંદન આપવામાં આવ્યા. કેટલાક વાચકોનું કહેવું હતું કે મેં ફક્ત એક જ મુદ્દાથી પુષ્પાબેનના લેખનો છેદ ઉડાડી દીધો. એમને મારા લેખથી સંતોષ થયો નથી. માઈક વિરૂદ્ધના અનેક મુદ્દાઓ વિસ્તાર કરીને જોઈએ. મને લાગે છે વાચકોને મારા આ ૧૪ મુદ્દાઓના લેખથી સંતોષ થશે.

વિજળી, અગ્નિ, ઉર્જા કે શક્તિ છે એને કેન્દ્રસ્થાનમાં રાખીને નીચેના ૧૪ મુદ્દાઓ આપની સમક્ષ રજૂ કરું છું. એ પહેલાં કલ્યાણ અને મુક્તિ પંથના થોડા અંશો રજૂ કરું છું. ચુસ્ત રીતે મલાડ, મુંબઈના મોટા ઉપાશ્રયનું સંચાલન કરનાર ટ્રસ્ટી શ્રી મુલચંદભાઈનું ઉદાહરણ આપું છું.

શ્રી મુલચંદભાઈએ જૈન જગતમાં ચુસ્ત પાલન કરનારની નામના મેળવી છે. મલાડના મોટા ઉપાશ્રયમાં ચાતુર્માસ માટે એક પ્રખર સાધ્વી ભગવંત સાથે વાટાઘાટો છેલ્લી અણી ઉપર હતી ત્યારે સાધ્વી ભગવંતે શ્રી મુલચંદભાઈ પાસે એક શર્ત મૂકી કે એમને ચાતુર્માસ દરમિયાન ઉપાશ્રયમાં માઈકના ઉપયોગની પરવાનગી આપવામાં આવે. આ શર્ત શ્રી મુલચંદભાઈને કબૂલ ન હતી. વાટાઘાટો પડી ભાંગી. બીજા એક કિસ્સામાં મુલચંદભાઈ કેટલા ચુસ્ત છે એની સમજ પડશે. એક સાધુજીની મોટા ઉપાશ્રયમાં સ્થિરતા હતી. જ્યારે મુલચંદભાઈને સમજ પડી કે સાધુજી શ્રાવક-શ્રાવિકાઓને દોરા, ધાગા આપતા હતા એટલે એમણે તરત જ સાધુજીને વિહાર કરવાની ફરજ પાડી.

'તારંગા તીર્થમાં માઈક પર પ્રતિબંધ' એ મથાળા હેઠળ લેખ કલ્યાણના અંકમાં છપાયો હતો. જે વર્ષાંક ૬૮:૭૦/૩ પાને છે. કલ્યાણની એ પ્રત આપને મોકલી રહ્યો છું. જો આપને યોગ્ય લાગે તો 'પ્રબુદ્ધ જીવન'માં વાચકોની જાણકારી માટે છાપવા વિનંતી. કેટલાંક અંશો હું અહીં રજૂ કરું છું. '...તા. ૬-૪-૨૦૧૩ના મળેલ ટ્રસ્ટી મંડળની મિટીંગમાં 'તારંગા તીર્થ'માં 'માઈકનો ઉપયોગ કરવો નહિ' એવો નિર્ણય લીધો હતો...તેમજ દરેક તીર્થ આના પરથી બોધપાઠ લઈને માઈક વિડીયો જેવા આધુનિક સાધનો પર પ્રતિબંધ મૂકવાનું નક્કી કરે એવી અપેક્ષા પણ રાખીએ છીએ.'

નવેમ્બર ૨૦૧૩ના મુક્તિ પંથ માસિકના ૪થે પાને શ્રીમતી નીતિબહેન અતુલભાઈ ચૂડગર તંત્રી લેખમાં 'માઈકનો ઉપયોગ થઈ ગયો તો એમાં ક્યો ધર્મનો લોપ થઈ જવાનો હતો' એના થોડાં અંશો હું અહિંયા રજૂ કરું છું.' વિ. સં. ૨૦૩૪માં મુનિશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબ મુંબઈમાં 'રામાયણમાં સંસ્કૃતિનો સંદેશ' એ વિષય ઉપર જૈન જૈનેતર ૧૦ હજારની મેદની સમક્ષ જાહેર વ્યાખ્યાન વગર માઈકે આપતા હતા. વિજ્ઞાનની શોધોએ નવી ક્ષિતિજ ખોલી નાંખી છે ત્યારે વગર માઈકે બોલવાનો આગ્રહ રાખનાર આ જૈન સાધુઓ કઈ દુનિયામાં વસે છે! માઈકનો ઉપયોગ થઈ ગયો તો એમાં કયો ધર્મ લોપ થઈ જવાનો હતો. એક જૈનેતર પત્રકારને તેઉકાય, વાઉકાય કે છકાયના જીવની હિંસાનું સૂક્ષ્મજ્ઞાન ન હોય તે સ્વાભાવિક છે. પત્રકારને ગળે ઉતરી જાય તેવો સુંદર જવાબ મુનિશ્રીએ આપ્યો. જે આજના જમાનાવાદના વમળમાં ફસાતા જતા શ્રોતા અને વ્યાખ્યાતા માટે આંખ ઉઘાડનાર આદર્શ દૃષ્ટાંત છે. પૂજ્યશ્રીએ કહ્યું, 'માઈકનો ઉપયોગ કરવામાં શાસ્ત્રની આજ્ઞાનું ઉલ્લંઘન છે. એમાં અસરકારતા ખલાસ થઈ જાય છે. આંખોથી આંખો મળે છે ત્યારે સાક્ષાત અસર થાય છે. અમે પ્રચારક નથી, પ્રભાવક છીએ. માઈકમાં બોલવું શરૂ કરીશ તો પ્રચારક થઈ જઈશ અને પ્રભાવક મટી જઈશ. આજના યુગમાં મનુષ્ય જ્યારે પોતાની બુદ્ધિ મુજબ વર્તવા લાગ્યો છે ત્યારે આપણે શાસ્ત્ર પકડી રાખવું જોઈએ. અમારે બ્રોડકાસ્ટ નથી કરવાનું પરંતુ ડિપકાસ્ટ (હૈયા સોંસરવું) કરવાનું છે. સાધુ સૂક્ષ્મના બળથી જગતમાં પ્રચાર કરે છે, માઈક સ્થૂળ બળ છે. થોડો પણ શુદ્ધ પ્રભાવ સૂક્ષ્મના બળથી જ થાય છે.

શ્રીકૃષ્ણ મહારાજના એક શંખનાદથી ઘાતકી ખંડના કોટના કાંગરા ખરવા લાગ્યા હતા. આજે તો આપણા સાધુ ભગવંતોમાં એટલી શિથિલતા, એટલું ઢીલાપણું આવી ગયું છે કે જૈન ધર્મના કાંગરા ખરવા લાગ્યા છે. એક વાતમાં કે વસ્તુમાં છુટ આપવામાં આવે છે કે પછી એ પરંપરા બની જાય છે અને વધુ ને વધુ છુટો લેવામાં આવે છે. કેથોલિક ધર્મના પાદરીઓ આજીવન અવિવાહિત રહે છે. લગ્ન કરતા નથી. જ્યારે કેથોલિક ચર્ચથી છુટા થયેલા પ્રોટેસ્ટન્ટો વિવાહ પણ કરે છે અને પરિવાર સાથે જીવન ગાળે છે. શું આપણને આવા દિવસોની રાહ જોવાની છે? કે પછી એના ઉપર કોઈ અંકુશ લાવવાની જરૂર છે? કેમકે આજે આપણાં સાધુ-ભગવંતોમાં શિથિલતા એટલી હદે પહોંચી છે કે માઈકનો ઉપયોગ, મોબાઈલનો ઉપયોગ, ધનનો સંચય વગેરે સામાન્ય વાત બની ગઈ છે. સહજ બની ગઈ છે.

માઈકનો ઉપયોગ ચારે તીર્થો માટે વર્જ્ય છે તેમાં સાધુ-સાધ્વી ભગવંતો માટે ખાસ કેમકે એમણે સંયમ લીધો છે તે પાંચમી ગતિમાં પહોંચવા માટે! હવે હું આપની સમક્ષ માઈકનો ઉપયોગ ન કરાય એ વિષય ઉપર ૧૪ મુદ્દાઓ સંકલન કરી રજૂ કરું છું. જે ચિંતનીય છે મનનીય છે અને વિચારવા યોગ્ય છે.

૧૪ કારણો કે મુદ્દાઓ નીચે પ્રમાણે છે.

૧. વિજળી સ્ટોર કરવામાં વિજ્ઞાને કોઈ ટેકનોલોજી વિકસાવી નથી. વિજળી, ૧૪ પ્રકારના જીવોની હિંસાથી, જેવી ઉત્પન્ન થાય છે એને તાંબાના વાયર મારફતે વપરાશકારોને ડાયરેક્ટ મોકલવામાં આવે છે. હિંસાના ભાગીદારો સૌ વપરાશ કરનારા બને છે. જો વિજળી

સ્ટોર થઈ શકે તો પણ એ વર્જ્ય છે. જેવી રીતે બેટરી સેલ વર્જ્ય છે.

૨. સામાન્ય કે વ્રતધારી શ્રાવક-શ્રાવિકાઓ, સાધુ-સાધ્વી ભગવંતોનો પ્રથમ અભિગમ (પાંચ અભિગમમાંથી) સચિતનો ત્યાગ. આ ચારે તીર્થો સચિત અગ્નિનો ઉપયોગ કરી ના શકે.

૩. શ્રાવકજીના ત્રણ મનોરથમાંનો પ્રથમ મનોરથ 'ક્યારે આરંભ પરિગ્રહ છોડીને નીવર્તીશ છે.' માઈકનો ઉપયોગ કરવાથી આ આરંભ પરિગ્રહ અભિગમ કેમ સચવાય?

૪. ધર્મધ્યાનના ચાર પાયામાંથી બીજા પાયામાં જીવોના દુઃખના પાંચ કારણો બતાવ્યા છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ કષાય, અશુભ યોગ. માઈકનો ઉપયોગ જીવને દુઃખરૂપ છે. જીવોની હિંસાથી ઉત્પન્ન થાય છે, માટે હેય છે. આદરવા યોગ્ય નથી.

૫. શ્રી ભગવતી સૂત્રમાં શ્રી જયંતિ શ્રાવિકાએ શ્રી વીતરાગ પરમાત્માને પ્રશ્ન કર્યો કે જીવ ભારે શાથી થાય છે? અને હળવો શાથી થાય છે? એના જવાબમાં વીતરાગ પરમાત્માએ કહ્યું કે ૧૮ પાપ સ્થાનકના સેવનથી જીવ ભારે થાય છે, જે કર્મની શિથિલ કૃતિને ગાઢ કરે છે. અલ્પકાળની હોય તો લાંબા કાળની કરે, મંદરસને તીવ્ર રસવાળી કરે, અલ્પ પ્રદેશને બહુ પ્રદેશવાળી કરે તો આપણને ધર્મસ્થાનમાં હળવું થવું છે કે ભારે થવું છે? માઈકમાં પ્રાણાતિપાત પ્રથમ પાપ પ્રત્યક્ષ છે. બીજો પરોક્ષ છે માટે હળવા થવા માટે માઈકનો ઉપયોગ ન કરાય.

૬. માઈકની બહુ જ સારી વ્યવસ્થા હતી એવું ચિંતવીને આપણે ખુશ થઈએ છીએ કે આનંદ મનાવીએ. એટલે આપણે અગ્નિકાય, વાયુકાયની હિંસાને વખાણી કહેવાય. સામાયિકમાં બન્ને અશુભ સ્થાનનો ત્યાગ છે. માઈકનો ઉપયોગ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની વૃદ્ધિ કરે છે. માટે વર્જ્ય છે.

૭. જ્યારે શ્રાવક-શ્રાવિકા સામાયિકમાં હોય ત્યારે હિંસા કરવાના અને કરાવવાના મન, વચન, કાયાથી છ કોટીએ પચ્ચક્ખાણ હોય છે. તે માઈકના શબ્દો સાંભળતા, કાનની સાંભળવાની ક્રિયાને કારણે પચ્ચક્ખાણનો ભંગ થાય છે. જ્યારે છકાયની હિંસાના પચ્ચક્ખાણ હોય ત્યારે રેડિયો ઉપર કે માઈક ઉપર કે ટેપ રેકોર્ડર ઉપર સાંભળવાથી આ વ્રતનો ભંગ થાય છે.

૮. એવી જ રીતે સંવત્સરી પ્રતિક્રમણ માઈક વાટે બોલાય ત્યારે પહેલાં બોલાવનારનું વ્રત ભાંગે. એ સાથે હજારોની સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓનું વ્રત ભાંગે. એ સિવાય અન્ય તપસ્યાના, બહુમાનના કે ગુણાનુવાદની સભાઓના પ્રસંગોમાં જ્યારે માઈકમાં બોલવાથી વ્રતધારીઓની સામાયિક ભંગ થવાના નિમિત્ત માઈક ઉપર બોલનાર બને છે. વર્તમાનમાં જે શ્રાવકપણું પ્રાપ્ત થયું છે એ આપણા પુણ્યના કારણે, પરંતુ બીજા ભવોમાં શ્રાવકપણું અને ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ બની જવા પામે એનો વિચાર આપણે કર્યો છે.

૯. ઘણી વખત ગુરુ ભગવંતો કાળધર્મ પામ્યા પછી ગુણાનુવાદ સભા યોજવામાં આવે છે. એ સાધુ ભગવંતોના ગુણોનું વર્ણન માઈક ઉપર દોહરાવવાથી માઈક વાટે હિંસા કરવાથી એ જીવને કેટલી શાંતિ પ્રાપ્ત થશે? કેમકે કાળ પામેલા ગુરુ ભગવંતે ક્યારે પણ માઈકનો ઉપયોગ કર્યો ન હોય. જે આત્માને જીવોને યાવતજીવ હિંસા ન કરવાના પચ્ચક્ખાણ હોય તો એ જીવના ગુણોને મોટી મેદની સમક્ષ માઈક ઉપરથી પ્રસ્તુત કરવાથી એ જીવના આદર્શોને કેટલી ઠેસ પહોંચતી હશે? આમાં સાવધાની વર્તવાની જરૂર છે. ખૂબ જ વિચારવા જેવો પ્રશ્ન છે!

૧૦. આપણે બીજાના વ્રતને સહાયભૂત ન થતા, તેને બદલે આપણે બીજાના વ્રત ભંગાવીએ તો એનું ફળ આપણને શું મળે? બીજાના વ્રતમાં બાધારૂપ બનવા માટે બીજા ભવમાં આપણને ચરિત્રની પ્રાપ્તિ થાય? ચારિત્ર શક્ય બને?

૧૧. પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું. જો પ્રતિક્રમણમાં માઈક વાપરવાથી હિંસાની ક્રિયા ચાલુ રહેવા પામે તો પછી પાપથી પાછા ફરવાપણું ક્યાં રહ્યું? હકીકતમાં પ્રતિક્રમણ પ્રતિક્રમણ રહેતું નથી, પરંતુ પાપક્રિયાને સહાયરૂપ બનવાની ક્રિયા ચાલુ રહેવા પામે છે. સંવત્સરીનું મહાપર્વ સર્વને અભયદાન આપવાનું પર્વ છે. તો પછી જીવો સાથે ક્ષમાપના કરવાનું પર્વ પોતે જ નષ્ટ પામે છે.

૧૨. આપણે 'ખામેમિ સવ્વે જીવા'ના પાઠમાં સર્વ જીવોને આપણે ખમાવીએ છીએ. સર્વ જીવો મારા અપરાધની ક્ષમા આપે એવી ભાવના ભાવીએ છીએ. તેમજ મને જગતના સર્વ જીવો સાથે મૈત્રી છે એમ બોલીએ ત્યારે અગ્નિકાય અને વાયુકાયના સર્વ મળી ૧૪ પ્રકારના જીવોની હિંસા માઈક દ્વારા ચાલુ રહે તો આપણી ક્ષમાપનાનો અર્થ શું રહ્યો? મૈત્રીભાવ ક્યાં ગયો? આપણે શિષ્ટાચાર તરીકે સંતોષ લેવા માંગતા હોઈએ તો એ શિષ્ટાચાર અલ્પ જીવી છે. આપણને ક્ષમાપનાને બદલે વેરનો બંધ થાય. વેર ચાલુ રહેવા પામે!

૧૩. માઈકમાં બોલવું તેઃ ૧. એ ધર્મ નથી અધર્મ છે. ૨. એ આશ્રવ છે. ૩. ઉપાદેય નથી પણ હેય છે. ૪. નિર્જરા નથી પણ બંધ છે. ૫. સ્વભાવ નથી પણ વિભાવ છે. ૬. શુભ યોગ નથી પણ અશુભ યોગ છે. ૭. હળવાપણું નથી પરંતુ ભારેપણું છે. ૮. સુખનું કારણ નથી પણ દુઃખનું કારણ છે. ૯. ધર્મધ્યાન નથી પણ આર્તધ્યાન છે. જે વિષમય છે.

૧૪. શ્રી વીતરાગ પ્રભુની આજ્ઞા જીવદયાની છે. જ્યાં દયા છે ત્યાં વીતરાગ ધર્મ છે. અહિંસા એ જ જૈન ધર્મ છે. ધર્મનો પાયો છે. શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા ચારે તીર્થો માટે એક સમાન છે. જે મહાનુભવો, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, વ્રતધારીની હાજરીમાં માઈકની છુટ લે છે, કે સાધુ ભગવંતો પોતે માઈકનો ઉપયોગ કરતા હોય તો એ ઈચ્છનીય નથી. વર્જ્ય છે. નિષેધરૂપ છે. ધર્મને અધર્મ તરફ લઈ જનારી છે. આપણે વીતરાગ માર્ગને ઉજ્જવળ બનાવીએ. આરાધક બનીને ધર્મના પાયાને મજબુત બનાવીએ. ક્યારે પણ વિરાધક ન બનીએ. વિરાધક બનવાથી ક્યારે આપણે પાછા નિગોદમાં ફેંકાઈ જશું એની આપણને ખબર નહિ પડે! મિચ્છા મિ દુક્કડમ્. ✱✱✱

૧૯, સાગર મંથન, સેક્ટર-૩, ચારકોપ, કાંદિવલી (વે.), મુંબઈ-૪૦૦૦૬૭
મો. : ૯૨૨૦૫૧૦૮૪૬, ૯૯૬૯૪૧૨૧૧૯.

# બા–નિરંતર ન્યારી વાટની યાત્રી

❑ તરુ કજારિયા

'માની કોઈ અંતિમ ઈચ્છા હતી?' આ સવાલ પૂછાયો ત્યારે સ્મૃતિને સારો એવો વ્યાયામ આપવો પડ્યો. ખૂબ ખાં-ખાં ખોળાં કર્યાં. મારા બા–બંધુબેન રમણીકભાઈ મેઘાણી–સાથે વિતાવેલાં વર્ષો વાગોળ્યાં. પણ બાની અંતિમ તો શું, અમસ્તાં પણ ક્યારેય કરેલી કોઈ જ ઈચ્છા યાદ ન આવી. બાને કોઈ સાડી કે ઘરેણાંની ઈચ્છા કરતી તો દૂર, એના પ્રત્યે આકર્ષિત થતી પણ ભાગ્યે જ જોઈ છે. હકીકતમાં ઘરેણાં પહેરેલી તો બાને ક્યારેય જોઈ જ નથી. હા, કપડાંની પસંદગીમાં બાનો ટેસ્ટ એકદમ આગવો અને એસ્થેટિક. તે બાને અન્ય સ્ત્રીઓથી તદ્દન જુદી તારવી આપતો. ઘર માટે પણ બાપુજી પાસે આ કે તે વસ્તુની માંગણી કરતી બાને કદી સાંભળી નથી. જે હોય તેમાં ચલાવી લેવાની અને જે મળ્યું તેનો પરમ સંતોષ અનુભવવાની બાની જાણે પ્રકૃતિ હતી.

તો શું બા વૈરાગી હતી? ના. રાગ તો તેને હતો પણ એ સદ્‌વાચન અને લેખન પ્રત્યે હતો, ગીત અને સંગીત પ્રત્યે હતો. તેના હૃદયમાં ઝંખના તો હતી પણ એ સ્વ માટેની નહીં, સંતાનો અને સ્વજનોના કલ્યાણની હતી. અને સમજણી થયા બાદ સમજાયું હતું કે બાની આ ખેવના તેના સંપર્કમાં આવનાર સૌ કોઈ માટે હતી, જાણ્યા-અજાણ્યા ને સૃષ્ટિના તમામ જીવો માટે હતી. વાંચવું, લખવું, ગાવું ને સંગીત સાંભળવું એ બાનો પરમ શોખ. તો લાગણી અને અનુકંપાથી છલોછલ હૃદય બાની મોંઘેરી મિલકત. આ મૂલ્યવાન મૂડીની મહેર બાના સંપર્કમાં આવનાર એકે એક વ્યક્તિ પર વરસતી. બાની આવી ઉર્મીશીલતાને કારણે જ અમારા કુટુંબના વાતાવરણમાં હંમેશાં લાગણીનો હિલ્લોળ પ્રવર્તતો. અમારા મિત્રો, પાડોશીઓ, સગાં સંબંધીઓ તો ખરાં જ, પણ તદ્દન અજાણ અને આગંતૂક વ્યક્તિ પણ બાના નિર્વ્યાજ સ્નેહની વર્ષામાં ભીંજાઈ શકતી.

મને યાદ છે બ્યાંશી વર્ષે બાની એક બેનપણી થઈ હતી. એય પાછી ફોન ફ્રેન્ડ! પેન ફ્રેન્ડઝ તો તેમનાં ઘણાં હતાં કેમકે બાની પાસે જેવું ઉર્મિસભર હૈયું હતું તેવી જ હૃદયસ્પર્શી અભિવ્યક્તિ હતી અને તે તેમની ડાયરીમાં અને પત્રોમાં ખળખળતી નદી-સી વહેતી. બાનાં પત્રો મેળવનાર ધન્ય થઈ જાય. આમ બાના પેન ફ્રેન્ડઝની સમૃદ્ધિ ઘણી હતી. બાના અંતરનું વહાલ તેમની વાણીમાં પડઘાતું. પાછલી જિંદગીમાં બા બહાર જઈ શકતી નહીં. પણ ટેલિફોન અને પત્રો દ્વારા એ સ્વજનો, મિત્રો ને સ્નેહીઓ સાથે સંપર્કમાં રહેતી. એક વાર બા પોતાની સખીને ફોન જોડીને વાત કરવા માંડ્યાં. સામેથી પૂછાયું, 'આપ કોન?' બાએ કહ્યું, 'હું બા બોલું છું, કોણ ઉષા?' સામેથી જવાબ મળ્યો કે હું તો સુનીતા છું. પછીની થોડી ક્ષણો બા અને એ અજાણી છોકરી વચ્ચે એવી તે શી વાત થઈ એ ખબર નથી પણ સોળ-સત્તર વર્ષની એ છોકરી પછી બાને 'બા, યુ આર માય બેસ્ટ ફ્રેન્ડ' કહીને દર બીજે દિવસે ફોન કરતી થઈ ગયેલી! બાએ પોતાની આ નવી અને નાનકડી દોસ્ત વિશે મને પત્રમાં લખ્યું હતું. એકાદ વર્ષ પછી સુનીતાના પપ્પાની બદલી થઈ. જવા પહેલાં તેઓને લઈને સુનીતા બાને પહેલી વાર મળવા આવેલી અને વહાલથી ભેટી પડેલી. બાએ તે મુલાકાતનું મારા પરના પત્રમાં એટલું અદ્‌ભુત વર્ણન કરેલું!

મારા મિત્ર અવંતિકા ગુણવંત પહેલી જ વાર બાને મળીને આવ્યાં ત્યારે તેમણે લખેલું, 'ખૂબ જીવંત છે તમારા બા. બા થવામાં સંપૂર્ણ સફળ. ક્યાંય એક ક્ષણ માટેય વાણી, વર્તનથી જ નહીં, મનથી પણ ઊણાં નહીં ઊતર્યાં હોય. પ્રેમથી છલકાતું આવું હૃદય ઈશ્વરની દેન છે. તેમનું ધોધમાર હેત ભૂલાતું નથી. ખરેખર શરદબાબુની પાત્રસૃષ્ટિનું એક પાત્ર નીકળીને તમારા ઘરને શોભાવી રહ્યું છે જાણે!'

વહાલથી બધાને પોતાના કરી લેતી બા ભૌતિક લાલસા કે સ્થૂળ વસ્તુઓ માટેના આગ્રહોથી જોજનો દૂર હતી. અરે પોતે જેના માટે પ્રાણ પાથર્યા હોય તેના તરફથી પણ પ્રતિભાવ કે પ્રતિસાદની અપેક્ષા એને નહોતી. ઈર્ષા કે માલિકીભાવ જેવી વૃત્તિ મેં કદી બાના વર્તન કે વ્યવહારમાં જોઈ નથી. અમારા છયે ભાઈ-બહેનો વચ્ચેના હેત અને લાગણી પર હંમેશાં ભગવાનની કૃપા બની રહે તેની પ્રાર્થના બા કરતી. એ કહેતી બસ આવા જ એક માળાના મણકા થઈને રહેજો. આજે અમે એવા જ એક-બીજાના સુખ-દુ:ખના અંતરંગ સાથી બની રહ્યાં છીએ તે બાની ઈચ્છાનો જ પ્રતાપ હશે.

બાના અંતિમ સમયે હું તેમની પાસે પહોંચી શકી નહોતી પણ તેના બે મહિના પહેલાં તેમની પાસે ગયેલી. ત્યારે બાની આંખોમાં અમને જોઈને દર વખતે ઉમટતી એવી ખુશી કે ઉત્તેજના નહોતી દેખાઈ. ખાસ બોલતાં પણ નહોતાં. આમ છતાં શાંતિમાં હોય, પોતાનામાં જ ઊંડા ઉતરી ગયા હોય તેવું લાગતું હતું. એ મુલાકાત દરમિયાન તેમની પથારીમાં પાસે જ પડેલી તેમની ડાયરીના પાના ઉથલાવતાં તેમના મનોજગતનો ચિતાર મળી શક્યો હતો. ઈશ્વર પ્રત્યે બાની ઊંડી અને અપાર શ્રદ્ધાનો તો ખ્યાલ હતો જ પણ એવી જ ઉત્કટ ઝંખના તેને પામવાની હતી અને તે માટેની તેની કેટલી સજ્જતા હતી તેની પ્રતીતિ આ પાનાં પરથી મળી.

*ખરેખર શરદબાબુની પાત્રસૃષ્ટિનું એક પાત્ર નીકળીને તમારા ઘરને શોભાવી રહ્યું છે જાણે!'*

લગભગ એંશીના દાયકામાં એણે લખ્યું હતું:

'ભવની ભવાટવિ લાગે ભૂલામણી
આવે છે અધવચ કેડી બિહામણી
કરવા એ વંકી વાટ બંકી રળિયામણી
લાધી સદ્-સંયમની કેડી સોહામણી.'

બીજી ઑગસ્ટ, ૧૯૮૫ને દિવસે ડાયરીમા લખેલું:

'હવે જાત-તપાસ અને આત્મ નિરીક્ષણનો તબક્કો શરૂ થયો. લાંબા, પહોળા પટ્ટે પથરાયેલા જીવનના વિધ-વિધ ગાળાઓને સંકેલતાં જ સાંજ પડી જશે? રાત તો ક્યાં પૂરી થાય છે તેની ક્યાં ખબર જ પડે છે? પ્રભાતે પ્રયાણની પળે તૈયારી પૂરી કરી લેવાની છે. છેલ્લી ઘડી ધાંધલ-ધમાલ ને હો-હલ્લો મચાવવા ગમશે?

જીવ, કઈ રીતે આ અનંત ઘટમાળમાં તારે પોતાને ભાગે આવેલું જીવતર જીવવું એ શીખવા-સમજવાની અને જોવા-અનુભવવાની તને ભરપૂર તકો મળી છે. પ્રસન્ન રહેવું અને પવિત્રતા વગર પ્રસન્નતા સંભવે? ચિત્ત-મનના આંગણાંને હરદમ નિર્મળ રાખવા અને મલિનતા, હીનતા ને કષાયોના રજકણોથી બચાવવા સતત સફાઈ માટે સજ્જ રહેવું પડશે. મોટા ભાગનો પંથ તો કપાઈ ચૂકયો છે. હવે જે પ્રદેશનો બાકી પ્રવાસ છે તેમાં જે છોડવાનું છે તે છોડીને અને સાથે રાખવાના સરંજામની જ માત્ર ખેવના જારી રાખવાની છે. નિરંતર ન્યારી વાટે વહેવું છે.'

પછી ૮મી ઑગસ્ટે લખે છે:

'ઈશ્વર સ્મરણ જ્યારે શરણ અને રટણરૂપ થઈ રહે છે ત્યારે અંતર્યામીના સહવાસનો સતત અનુભવ થાય છે. આત્મતત્ત્વની ચેતનાનો સાવ નાનકડો સૂર આવી અડાબીડ આંધી વીંધીને અંતરતમ ઊંડાણેથી ઉઠ્યો ને બધું જળાંહળાં થઈ ઊઠ્યું! ચિત્તનું મણિમંદિર રણઝણી ઉઠ્યું! ક્ષણભંગુર જીવતર રળિયાત થઈ ઊઠ્યું.'

૧૯મી નવેમ્બર, ૧૯૯૮ના મારા પરના પત્રમાં લખેલું:

'હમણાં મારું બનાવેલું આ મુક્તક હૈયે ચડી ગયું. આખો દિવસ તેનું જ રટણ રહ્યું. તને પત્રમાં સંભળાવવાનું મન રોકી નથી શકતી.

ક્ષણ ક્ષણ ખૂટતું આયખું, કાળ અનાદિ અનંત,
તોયે આ મનવો ના બુઝે, ફેરા રહ્યો ફરંત.

ફરી ફરી મનખો ક્યાં મળે? ક્યાં મળે આ ધર્મ?
નમી, ખમી, વંદી લઈ, ઉકેલીએ એ મર્મ

અમુલખ અવસર આ મળ્યો, આવી અનુપમ વેળ
અહમ્, મમત સૌ છોડી દઈને, સાધી લઈએ મેળ.

પરમ કૃપાળુ પરમ સખા, પડતાંના ઝીલનાર
શરણાં તારા સાહી લઈને, ઊતરીએ ભવપાર.'

જીવનના આખરી વર્ષ સુધી બાએ લખેલાં પત્રો અને ડાયરીનાં પાનાં ઉથલાવતાં તેમની ભવપાર થવાની ઝંખનાં સ્પષ્ટ સંભળાઈ રહી. ૨૦૦૫માં બાના અંતિમ દિવસોમાં તેમની એક ઈચ્છા હતી. નાનપણથી શ્રીમદ્ રાજચંદ્રના પરમ ભક્ત બાને એ દિવસોમાં કલકત્તા આવેલા શ્રી રાકેશભાઈ ઝવેરીને મળવાનું ખૂબ જ મન હતું. પોતાની સ્થિતિ તો તેમના સત્સંગમાં જઈ શકે તેવી હતી નહીં પણ દીકરીને મોકલે અને પછી તેની પાસેથી બધી વાત સાંભળે ને રાજી થાય. મોટી બહેને કેમેય કરીને રાકેશભાઈને બાના મનની ઈચ્છા જણાવતો સંદેશો પહોંચાડ્યો અને તેમણે કહેવડાવ્યું કે બાને મળવા આવશે. પથારીમાં સૂતેલી બાના ચહેરા પર એ જાણી ખુશીની ઝલક ફરી વળી હતી.

> ***રાકેશભાઈને બાના મનની ઈચ્છા જણાવતો સંદેશો પહોંચાડ્યો અને તેમણે કહેવડાવ્યું કે બાને મળવા આવશે. પથારીમાં સૂતેલી બાના ચહેરા પર એ જાણી ખુશીની ઝલક ફરી વળી હતી.***

રાકેશભાઈની આવવાની વાત હતી તે દિવસે ખૂબ રાહ જોઈ પણ તેમના તરફથી કોઈ ખબર નહીં આવતાં બેને તેમનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો પણ સંપર્ક ન થઈ શક્યો અને સમાચાર મળ્યા કે રાકેશભાઈ તો કલકત્તાથી નીકળી ચૂક્યા. બાને એ ખબર પડી તો સહેજ પણ કલેષ કર્યા વગર કહ્યું, 'હશે. હજી મારી પાત્રતા પૂરી તૈયાર નહીં હોય.' એ પછી ત્રીજે દિવસે બાએ આંખ મીંચી દીધી.

બાના મનોજગતમાં ડોકિયું કરવાની તક મળી છે ત્યારે જે અનુભૂતી થઈ તેને વ્યક્ત કરવા બાએ પોતાના મા-બાપુની સ્મૃતિ સંદર્ભે લખેલા શબ્દોનો જ આશરો લેવો રહ્યો:

યાદોનાં ફૂલ સુંઘી મારું મનડું ઓળઘોળ,
યાદોનાં દિવડે આખું આયખું ઝાકમઝોળ. ✷✷✷

મોબાઈલ : ૯૮૧૯૦૭૫૯૫૯.

## માતા

*શીતળ પામવાને માનવી, તું દોટ કાં મૂકે?*
*જે માતાની ગોદમાં છે તે હિમાલયમાં નથી હો...*

–સુરેન ઠાકર (મેહુલ)

*ચંદરની શીતળતા મા, તારે ખોળલે ને આંખોમાં ઝરતી પ્રીત,*
*હાલરડે ઘૂઘવતા સાત સાત સમંદર ને કોયલ શું મીઠું તવ ગીત,*
*મીઠલડી, હેતાળી, ગરવી તું મા.*

–શિવકુમાર નાકર (સાજી)

*● માનું દ્રવ્ય આકાશથી ઊંચું અને કરુણા સાગરથીય અગાધ છે એની ગોદ વસુંધરાથી પણ મીઠી છે, મનોહર છે, આકર્ષક છે. માના હાથના સ્પર્શથી સારુંય દુઃખ દૂર થઈ જાય છે.એવો એનો પ્રેમ છે.*

*● માની મમતાનું એક ટીપું અમૃતના સરોવરથી વધુ મીઠું છે.*

શ્રી મહાવીર જૈન વિદ્યાલય યોજિત

# ૨૨મો જૈન સાહિત્ય સમારોહ

**તા. ૭,૮,૯ માર્ચ –૨૦૧૪ : મોહનખેડા (મ.પ્ર.)**

**સૌજન્ય : રૂપ-માણેક ભંશાલી ચૅરિટેબલ ટ્રસ્ટ – મુંબઈ**

**શુભ નિશ્રા : જ્યોતિષ સમ્રાટ મુનિ મહારાજ પ. પૂ. ઋષભચંદ વિજયજી મ. સા.**

**ઉદ્ઘાટક :** આશીર્વચન : પ. પૂ. શ્રમણીજી ચારિત્રપ્રજ્ઞાજી – વાઈસ ચાન્સેલર, જૈન વિશ્વભારતી ઈન્સ્ટિટ્યૂટ, લાડનૂ (રાજસ્થાન)

**અતિથિ વિશેષ :** શેઠશ્રી સુજનમલજ જૈન – મેનેજિંગ ટ્રસ્ટી, આદિનાથ ભગવાન રાજેન્દ્ર જૈન શ્વેતાંબર ટ્રસ્ટ

**વક્તવ્ય :** પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

**વિષય :** પ. પૂ. રાજેન્દ્રસૂરીશ્વરજી, શ્રી અભિધાન રાજેન્દ્ર કોષ અને વર્તમાનમાં જૈન વિશ્વકોશની આવશ્યકતા

**વક્તવ્ય :** શ્રી ગુણવંત બરવાળિયા

**વિષય :** જૈન વિશ્વકોશની રચના

**વક્તવ્ય :** પંડિતવર્ય ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**વિષય :** વિશ્વ સાહિત્યમાં જૈન સાહિત્ય અને ચિંતન

**વિષયો :** (૧) જૈન ગઝલ, (૨) જૈન ચોવીસી કાવ્યો (૩) જૈન ફાગુ અને બારમાસી કાવ્યો (૪) ૧૯-૨૦મી સદીના જૈન સાહિત્યકારો.

**વિષય માર્ગદર્શક :** (૧) ડૉ. કલાબેન શાહ (૨) ડૉ. અભય દોશી (૪) ડૉ. સેજલ શાહ (૫) ડૉ. માલતી શાહ

**બેઠક પ્રમુખ :** (૧) ડૉ. કલાબેન શાહ (૨) પંડીતવર્ય બી. વિજયભાઈ જૈન (૩) ડૉ. સાગરમલજી જૈન (૩) ડૉ. સુધાબેન પંડ્યા

**સમારોહ સંયોજક :** ડૉ. ધનવંત શાહ

**પ્રાપ્ત થયેલ શોધ-નિબંધોની યાદી**

| ક્રમ | નામ | ટેલિફોન નં. | મોબાઈલ નં. | નિબંધનો વિષય |
|---|---|---|---|---|
| ૦૦૧. | અભય આઈ. દોશી | ૦૨૨ ૨૬૧૦૦૨૩૫ | ૯૮૯૨૬ ૭૮૨૭૮ | જિનવિજયજીકૃત સ્તવન ચોવીસી |
| ૦૦૨ | અલકા રાકેશ શાહ | — | ૯૬૮૭૩ ૦૫૫૧૧ | ફાગુ કાવ્યો :ચક્રવર્તી ભરતેશ્વર ફાગ |
| ૦૦૩ | અનિતા ડી. આચાર્ય | ૦૨૭૮ ૨૪૭૦૩૩ | ૦૯૪૨૭૪ ૯૬૨૭૧ | શેઠ અનુપચંદ રચિત 'ચૈત્યવંદન ચોવીસી' |
| ૦૦૪ | અંજના આર. ઝવેરી | ૦૨૨ ૨૪૦૯૪૧૫૯ | ૯૮ ૨૧૬ ૮૧૦૪૬ | જયાચાર્યની ચોવીસી |
| ૦૦૫ | ભાનુબેન જે. શાહ (સતરા) | — | ૯૮૯૨૪ ૨૨૫૩૫ | અમૃતવિજય કૃત રાજીમતી બારમાસા કાવ્ય |
| ૦૦૬ | ભરતકુમાર એમ. ગાંધી | ૦૨૮૧ ૨૨૨૨૭૯૫ | ૦૯૮૨૪૪ ૮૫૪૧૦ | કવિશ્રી ગઝલકાર મોહનલાલ ચુ. ધામી |
| ૦૦૭ | બીના વીરેન્દ્ર શાહ | — | ૯૫૩૭૬ ૯૯૯૧૯ | વિનયચંદ્રકૃત 'સ્થૂલિભદ્ર બારમાસા' |
| ૦૦૮ | ચંદ્રેશ પી. મસાલિયા | ૦૨૨ ૨૩૮૬૩૪૫૫ | ૯૮૨૦૯ ૩૬૫૨૯ | મોહનવિજયજીકૃત જૈન ચોવીસી |
| ૦૦૯ | ચંદ્રિકાબેન કે. શાહ | ૦૨૬૯૮ ૨૨૦૧૯૭ | ૦૯૪૨૮૫૬૪૯૪૮ | આચાર્ય ભદ્રગુપ્તસૂરિજી 'પ્રિય દર્શન' |
| ૦૧૦ | ચેતનકુમાર ચંદુલાલ શાહ | — | ૯૮૭૯૫ ૧૨૬૫૧ | ગૃહસ્થ સાહિત્યકાર શ્રી મોતીલાલ જી. કાપડિયા |
| ૦૧૧ | છાયાબેન પી. શાહ | — | ૯૯૯૮૩ ૩૬૯૯૨ | શ્રી રમણલાલ ચી. શાહ |
| ૦૧૨ | ચિત્રા ડી. મોદી | ૦૭૯ ૨૬૬૦૪૧૮૩ | ૯૪૦૯૪ ૦૬૯૪૯ | પાર્શ્વચંદ્રકૃત સ્તવન ચતુર્થીધિકા (૬) |
| ૦૧૩ | ધનવંતભાઈ ટી. શાહ | — | ૯૮૨૦૦ ૦૨૩૪૧ | આચાર્ય બુદ્ધિસાગરજી |
| ૦૧૪ | દિલીપ ધીંગ | ૦૯૯૫૨૦૪૮૧૦૭ | ૦૯૪૧૪૪ ૭૨૭૨૦ | જૈન દિવાકર મુનિ ચોથમલજી રચિત ચોવીસી |
| ૦૧૫ | દિલસુખ એફ. મહેતા | ૦૨૮૧ ૨૫૮૮૧૪૪ | ૦૯૪૨૮૨ ૭૪૨૦૫ | તપસમ્રાટ 'રાજેન્દ્રસૂરિ મહારાજ સાહેબ' |

| ક્રમ | નામ | ટેલિફોન નં. | મોબાઈલ નં. | નિબંધનો વિષય |
|---|---|---|---|---|
| ૦૧૬ | દીનાનાથ શર્મા | ૦૭૯ ૨૬૩૦ ૫૧૫૭ | ૦૯૪૨૮૨ ૪૫૯૪૪ | જૈન ચોવીસી |
| ૦૧૭ | દીપક જે. મોદી | ૦૭૯ ૨૬૬૦૪૧૮૩ | ૦૯૪૦૯૪૦૬૯૪૯ | લક્ષ્મીવલ્લભ (હેમરાજ) ૧૭ |
| ૦૧૮ | દીક્ષા એચ. સાવલા | | ૯૩૨૭૯૧૪૪૮૪ | ગુણચંદ્રસૂરિકૃત વસંત ફાગુ |
| ૦૧૯ | ફાલ્ગુનીબેન ઝવેરી | ૦૨૨ ૨૬૧૬૯૧૬૧ | ૯૯૩૦૪ ૯૫૭૪૫ | પંડિત વીરવિજયવલ્લભજી મ.સા. |
| ૦૨૦ | ગંગારામ ગર્ગ | — | ૯૪૧૪૨ ૫૦૩૬૧ | બારમાસા કાવ્ય : રાજુલ વિરહ |
| ૦૨૧ | ગુણવંતભાઈ બરવાળિયા | — | ૦૯૮૨૦૨૧૫૫૪૨ | કાંતદ્દષ્ટા શ્રી સંતબાલજી |
| ૦૨૨ | ગુણવંત ઉપાધ્યાય | ૦૨૭૮ ૨૨૦૦૫૫૫ | ૦૯૪૨૬૪૫૦૧૩૧ | 'જૈન ગઝલ' માધ્યમ મનોભૂમિ માર્ગ |
| ૦૨૩ | હંસાબેન એચ. શાહ | ૦૨૬૧ ૩૦૪૩૫૩૦ | ૯૩૨૮૧૭૩૭૩૩ | ઉદયરત્નસૂરિકૃત જૈન ચોવીસી |
| ૦૨૪ | હંસા એસ. શાહ | ૦૨૨ ૬૫૨૪ ૯૩૧૩ | ૯૮૧૯૭૨૦૩૯૮ | સાધ્વીશ્રી મયણાશ્રીજી ઉર્ફે સૂર્યાશિશુશ્રીજી |
| ૦૨૫ | હંસા યુ. ગાલા | ૦૨૨ ૨૪૩૨૩૫૩૯ | ૯૨૨૪૪૫૫૨૬૨ | આચાર્ય દેવેન્દ્ર મુનિ |
| ૦૨૬ | હંસાબેન પી. શાહ | — | ૯૪૨૭૨૮૪૯૯૧ | હંસીધરકૃત હેમાવલ્લભસૂરિ ફાગ |
| ૦૨૭ | હરેશ એ. જોશી | ૦૨૭૮ ૨૪૭૧૪૫૦ | ૦૯૮૨૪૦૧૩૧૯૬ | વસંતવિલાસ મહાકાવ્યમ્ |
| ૦૨૮ | હર્ષદ કે. શાહ | ૦૨૭૮ ૨૨૦૨૨૦૦ | ૦૯૪૨૬૭૩૩૯૨૨ | ૧૯મી–૨૦મી સદીનું જૈન સાહિત્ય |
| ૦૨૯ | હર્ષદ પી. મહેતા | ૯૪૨૯૧૪૧૨૦૯ | ૯૨૨૮૨૪૧૪૨૮ | જૈન સાહિત્ય ગઝલો કવિ નિહાલચંદ |
| ૦૩૦ | હસમુખભાઈ આર. શાહ | ૦૨૬૧ ૩૦૪૩૫૩૦ | ૯૩૭૭૯ ૪૬૬૬૦ | આનંદસાગર સૂરિ |
| ૦૩૧ | હિંમતલાલ એસ. ગાંધી | ૦૨૨ ૨૪૧૩ ૧૪૯૩ | ૯૩૨૩૩૩૧૪૯૩ | વીરચંદ રાઘવજી ગાંધી |
| ૦૩૨ | હિંમતભાઈ જી. કોઠારી | — | ૯૪૨૮૪૭૪૦૪૫ | જૈન કવિ અને સાહિત્યકાર પં. વીરવિજયજી |
| ૦૩૩ | હીના યશોધર શાહ | — | ૯૯૨૫૦ ૩૮૧૪૮ | ઝવેરચંદ મેઘાણી |
| ૦૩૪ | હિતેશકુમાર પંડ્યા | ૦૭૯ ૨૭૯૧ ૩૧૬૪ | ૯૮૨૫૯ ૨૮૮૨૨ | મોક્ષ માર્ગ પ્રકાશક ટોડરમલજી |
| ૦૩૫ | ઈલાબેન શાહ | — | ૯૮૨૦૬ ૯૭૬૫૭ | જૈન ચોવીસી |
| ૦૩૬ | જાદવજી કે. વોરા | ૦૨૨ ૨૫૬૦ ૫૬૪૦ | ૦૯૮૬૯૨ ૦૦૦૪૬ | તારાબેન રમણલાલ શાહ |
| ૦૩૭ | જાગૃતિ નલિન ઘીવાલા | — | ૯૪૨૮૯ ૧૩૭૫૧ | જ્ઞાન ગીતા ફાગુ કાવ્યો |
| ૦૩૮ | જસવંતલાલ વી. શાહ | ૦૨૨ ૨૧૦૨૧૧૭૧ | ૯૭૬૯૨૮૭૫૦૭ | શ્રી ભોગીલાલ શેઠ |
| ૦૩૯ | જયશ્રી ભરત દોશી | — | ૯૮૭૦૪૦૨૮૨૯ | મુનિશ્રી પ્રેમવિજયજી |
| ૦૪૦ | જિનેશ ગાંધી | ૦૮૮૬૬૨૦૩૧૫ | ૦૯૪૦૮૯૨૩૮૮૨ | કવિ (ગઝલકાર) શ્રી રસિક |
| ૦૪૧ | જ્હોની કીર્તિકુમાર શાહ | ૦૨૨ ૬૫૨૪ ૯૩૧૩ | ૦૯૨૨૩૨૭૨૫૧૫ | મુનિચંદ્રજી આનંદની ગઝલો |
| ૦૪૨ | જ્યોત્સના આર. ધ્રુવ | ૦૨૨ ૨૧૦૨૪૦૭૫ | ૯૮૬૯૩૨૨૪૬૭ | શ્રી યશોવિજયજી ચોવીસી કાવ્ય |
| ૦૪૩ | કૈલાશ અરવિંદ શાહ | ૦૨૭૧૭ ૨૪૯૮૧૦ | ૦૯૯૦૯૭ ૧૬૦૨૨ | પૂ. શક્તિસૂરિશ્વરજી માંડલીવાળા |
| ૦૪૪ | કૈલાશબેન મહેતા | — | ૮૮૨૦૦૪૬૨૬૪ | નવમાથી સોળમા તીર્થંકરોની આંદઘનજીકૃત ચોવીસીઓ |
| ૦૪૫ | કલા એમ. શાહ | — | ૯૨૨૩૧ ૯૦૭૫૩ | જૈન ગઝલ સાહિત્ય |
| ૦૪૬ | કાનજી જે. મહેશ્વરી | ૦૨૮૩૬ ૨૫૨૮૨૫ | ૯૪૨૬૭ ૮૯૬૭૦ | સંવેગી આચાર્ય શ્રી કુશલચંદ્રજી |
| ૦૪૭ | કેતકી શરદ શાહ | — | ૯૩૨૦૯૯૫૩૭૨ | ધર્મસૂરિ મહારાજ સાહેબ |
| ૦૪૮ | ખીમજી એમ. છાડવા | ૯૮૯૨૮૨૮૧૯૬ | ૯૮૨૧૨૮૬૮૭૯ | જૈન સાહિત્યકાર પૂ. રત્નચંદ્રજી મ.સા |
| ૦૪૯ | કીર્તિભાઈ જે. શાહ | ૦૨૬૯૮ ૨૨૦૭૯૧ | ૯૯૭૯૧૫૭૩૭૪ | જૈન સાહિત્યકાર આચાર્ય કનકસૂરિજી |
| ૦૫૦ | કીર્તિકુમાર એન. શાહ | ૦૨૬૯૮ ૨૨૦૧૯૭ | ૦૯૪૨૮૫૬૪૯૪૮ | વીસમી સદીના જૈન સાહિત્યકાર આચાર્ય લબ્ધિસૂરિજી |
| ૦૫૧ | કીર્તિબેન બી. દોશી | ૦૨૨ ૨૮૬૩૭૫૪૩ | ૯૩૨૨૪૪૩૮૫૦ | જૈન ચોવીસી સાહિત્ય |
| ૦૫૨ | કોકિલા એચ. શાહ | ૯૩૨૩૦ ૭૯૯૨૨ | ૯૩૨૩૦ ૭૯૯૨૨ | શ્રીમદ્ રાજચંદ્ર |
| ૦૫૩ | મધુ શર્મા | — | ૯૬૯૦૯૪૪૫૦૮ | जैन धर्म में अहिंसा |
| ૦૫૪ | મધુકરભાઈ એન. મહેતા | — | ૯૮૨૪૦૯૩૦૬૩ | ફાગુ કાવ્યો : હરિવિજયસૂરિકૃત ફાગુ |

| ક્રમ | નામ | ટેલિફોન નં. | મોબાઈલ નં. | નિબંધનો વિષય |
|---|---|---|---|---|
| ૦૫૫ | મહેન્દ્રકુમાર મસ્ત | ૦૧૭૨ ૨૫૬૯૫૬૨ | ૦૯૩૧૬૧ ૧૫૬૭૦ | આ. વિજય વલ્લભ સૂરિ |
| ૦૫૬ | મહેન્દ્ર ભાઈલાલ ગાંધી | — | ૯૭૨૩૩૫૩૫૮૧ | મધ્યકાલીન યુગના સાહિત્યકાર પદ્મવિજયજી |
| ૦૫૭ | મહેન્દ્ર મોતીલાલ ગાંધી | ૦૨૨ ૨૩૫૨૧૫૧૩ | — | સાહિત્ય સામ્રાજ્ઞી પ. પૂ. જ્ઞાનમતી માતાજી |
| ૦૫૮ | મહેશ ચંપકલાલ શાહ | ૦૨૬૫ ૨૫૭૨૬૮૩ | ૦૯૩૭૪૨ ૩૪૫૭૪ | જયભિખ્ખુ નાટ્યકાર રૂપે |
| ૦૫૯ | માહેશ્વરી એચ. મહેતા | ૦૨૭૮ ૨૨૦૪૪૬૪ | ૦૯૪૨૬૫૯૦૦૪૬ | જૈન શ્રાવક મો. ચુ. ધામી, કવિ રસિક, કવિ સાંકળચંદજીનું જૈન ગઝલ સાહિત્ય ક્ષેત્રે પ્રદાન |
| ૦૬૦ | માલતી કે. શાહ | ૦૨૭૮ ૨૨૦૫૯૮૬ | ૯૮૨૪૮૯૪૬૬૯ | ૧૯મી-૨૦મી સદીના સાહિત્યકારો વિશે અભ્યાસ લેખ |
| ૦૬૧ | મંજુ આર. શાહ | ૦૭૯ ૨૩૫૫૨૦૬૩ | ૦૯૬૬૨૮૪૧૦૪૫ | આચાર્યશ્રી ભુવનભાનુ સૂરિજી |
| ૦૬૨ | મધુબેન બરવાળિયા | ૦૨૨ ૨૫૦૧૦૬૫૮ | ૦૯૮૨૦૨૧૫૫૪૨ | કવિવર નાનચંદજી મ. સા. |
| ૦૬૩ | મંજુલા મહેન્દ્ર ગાંધી | ૦૨૨ ૨૩૫૨ ૧૫૧૩ | — | સાહિત્યકાર શ્રી વિજય યશોદેવસૂરિજી |
| ૦૬૪ | મનોજકુમાર એ. ઉપાધ્યાય | — | ૯૮૨૫૬૮૬૩૧૨ | શ્રી રત્નમંડનગણિકૃત નારીનિરાસ ફાગ એક અભ્યાસ |
| ૦૬૫ | મનુભાઈ જાદવજી શાહ | ૦૨૭૮ ૨૫૭૦૬૭૦ | ૦૯૪૨૯૫૦૫૭૫૬ | આત્મારામજી મહારાજ સાહેબ |
| ૦૬૬ | મીના પરેશ દોશી | ૦૭૯ ૨૬૬૩૫૦૫૨ | ૦૭૯ ૬૫૨૨૧૬૭૭ | ધૂમકેતુનું હેમચંદ્રાચાર્ય |
| ૦૬૭ | મીનાબેન પાઠક | ૦૨૬૫ ૨૪૬૨૮૧૨ | ૯૪૨૭૫૯૧૪૧૪ | અજ્ઞાત કવિકૃત વિરહ દેશાઉરી ફાગુ |
| ૦૬૮ | મીલિન્દકુમાર એસ. જોશી | — | ૯૮૨૫૩૧૭૪૯૨ | આનંદમણિ રચિત શ્રી નવખંડ પાર્શ્વનાથ ફાગુ |
| ૦૬૯ | મીતા કે. ગાંધી | ૦૭૯ ૩૦૧૬૦૦૮૦ | ૦૯૩૨૮૪૨૯૫૬૦ | શ્રી જિનવિજયજી મ. સા. |
| ૦૭૦ | નલિની ડી. શાહ | ૦૨૨ ૨૬૭૩૫૯૦૫ | ૯૦૨૯૪૭૧૭૪૨ | આચાર્ય લબ્ધિસૂરિની જૈન ગઝલો |
| ૦૭૧ | નંદિની ઝવેરી | ૦૭૯ ૬૫૨૨૧૬૭૭ | ૦૯૬૦૧૪૦૦૯૭૫ | શ્રી લક્ષ્મણભાઈ ભોજક |
| ૦૭૨ | નરેન્દ્ર એન. પંડ્યા | — | ૮૫૧૧૧૯૭૬૭૧ | આ. શ્રી વિજયવલ્લભ સૂરિજીમહારાજનું જીવનચરિત્ર |
| ૦૭૩ | નીતાબેન એમ. મહેતા | — | ૯૪૨૭૫૧૨૮૯૮ | ફાગુ કાવ્યો : શાલિભદ્ર ફાગુ |
| ૦૭૪ | નિરાલી કે. શાહ | ૦૭૯ ૨૬૬૪૩૪૨૮ | ૦૯ ૪૨૮૪૨૦૩૦૩ | આનંદઘનજી ચોવીસી સ્તવન ૧૭ થી ૨૪. |
| ૦૭૫ | નિરંજના એચ. દેસાઈ | ૦૨૨ ૨૩૫૧૭૯૬૫ | ૯૩૨૩૦૦૨૦૧૩ | લક્ષ્મીવિજયકૃત 'આધ્યાત્મ ફાગ' |
| ૦૭૬ | પંકજ જૈન | — | ૯૮૨૭૦૧૦૯૦૮ | માંડવગઢના જૈન મંદિરનો ઇતિહાસ |
| ૦૭૭ | પંકજકુમાર આર. શાહ | — | — | બુદ્ધિસાગરજીકૃત ચોવીસી |
| ૦૭૮ | પારુલ સી. પરબતાની | — | ૯૪૨૯૬૪૩૮૮૬ | ઉપા. યશોવિજયજીકૃત ત્રીજી ચોવીસી |
| ૦૭૯ | પારુલબેન બી. ગાંધી | ૦૨૮૧ ૨૨૨૨૭૯૫ | ૦૯૮૨૪૪૮૫૪૧૦ | મોહનલાલ ચુનીલાલ ધામી |
| ૦૮૦ | પાર્વતીબેન એન. ખીરાણી | ૦૨૨ ૨૪૦૧૧૬૫૭ | ૯૮૬૯૭૮૭૬૯૨ | કવિશ્રી વીરવિજયજીની ગઝલો |
| ૦૮૧ | પ્રભુભાઈ રૂપાભાઈ પટેલ | — | ૯૯૭૯૦૫૫૯૦૫ | ફાગુ કાવ્ય : 'પાર્શ્વનાથરાજ ગીતા' |
| ૦૮૨ | પ્રદિપકુમાર એ. ટોલિયા | ૦૨૮૧ ૨૨૨૦૬૭૬ | ૯૮૨૪૮૭૩૩૫૬ | આનંદઘન ચોવીસી અધ્યાત્મક પરમામૃત |
| ૦૮૩ | પ્રફુલ એમ. પુરોહિત | — | ૯૩૭૬૨૧૭૪૭૭ | વૃદ્ધિવિજયકૃત જ્ઞાનગીતા |
| ૦૮૪ | પ્રફુલ્લા રસિકલાલ વોરા | ૦૨૭૮ ૨૫૨૩૯૪૯ | ૦૯૪૦૯૪૬૭૯૩૪ | બુદ્ધિસાગરજી-મુનિચંદ્રજીની ગઝલોનો તુલનાત્મક અભ્યાસ |
| ૦૮૫ | પ્રવીણ સી. શાહ | ૦૭૯ ૨૬૬૧૨૮૬૦ | ૦૯૯૯૮૩૩૬૯૯૨ | આનંદઘન ચોવીસી : તીર્થંકર ૧ થી ૮ |
| ૦૮૬ | પ્રવીણાબેન એમ. શાહ | ૯૯૯૮૨૫૨૧૯૭ | ૯૪૨૮૯૯૦૪૫૬ | શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ |
| ૦૮૭ | પ્રીતિ નરેન્દ્ર શાહ | ૦૭૯ ૨૬૩૦૦૫૩૦ | ૦૯૪૨૬૩૪૭૩૬૩ | આચાર્ય રજનીશ (ઓશો) |
| ૦૮૮ | પૂર્ણિમાબેન એસ. મહેતા | — | ૯૪૨૭૦૨૧૨૨૧ | પૂ. શ્રી જંબૂવિજયજી મ.સા. |
| ૦૮૯ | પુષ્પક ઝવેરી | ૦૭૯ ૬૫૨૨૧૬૭૭ | ૦૮૧૨૮૮૦૫૩૧૦ | તપસ્વી નાનજીચંદ્રજી મ. સા. |
| ૦૯૦ | આર. એલ. મુનશી | ૦૨૯૪ ૨૪૨૧૦૩૫ | ૦૯૪૬૧૬૪૫૯૪૬ | આત્મજાગૃતિનો અભાવ |
| ૦૯૧ | રઘુનાથ પવાર | — | ૯૮૩૩૮૩૪૧૦૫ | — |
| ૦૯૨ | રજનીકાંત સી. શાહ | ૦૭૯ ૨૩૫૫૨૦૬૩ | ૯૯૨૫૧૯૪૩૮૮ | શ્રી યશોવિજયજી ચોવીસી |

| ક્રમ | નામ | ટેલિફોન નં. | મોબાઈલ નં. | નિબંધનો વિષય |
|---|---|---|---|---|
| ૦૯૩ | રશ્મિબેન ઝેડ. ભેદા | ૦૨૨ ૨૬૧૭૧૭૭૦ | ૦૯૮૬૭૧૮૬૪૪૦ | શ્રી દેવચંદ્રજી સ્તવન : સ્તવન ચોવીસી |
| ૦૯૪ | રશ્મિકુમાર જે. ઝવેરી | ૦૨૨ ૨૪૦૯૪૧૫૯ | ૯૮૨૧૬૮૧૦૪૬ | મહાન આચાર્ય મહાપ્રજ્ઞજી |
| ૦૯૫ | રતનબેન કે. છાડવા | ૦૨૨ ૨૪૭૧ ૫૫૦૨ | ૯૮૯૨૮૨૮૧૯૬ | કવિશ્રી નાનચંદજી મ.સા.ની ગઝલો |
| ૦૯૬ | રક્ષાબેન અજિતચંદ્ર ઉપાધ્યાય | — | ૮૧૨૮૯૮૧૨૭૭ | મુનિશ્રી હર્ષવિજયજી મહારાજનું જીવન ચરિત્ર |
| ૦૯૭ | રેખા વી. વોરા | ૦૨૨ ૨૮૦૭૮૭૯૪ | ૯૮૨૦૮૨૪૨૮૧ | ૧૯-૨૦મી સદીના જૈન સાહિત્યકારો |
| ૦૯૮ | રેણુકાબેન જે. પોરવાલ | ૦૨૨ ૨૫૬૧ ૬૨૩૧ | ૦૯૮૨૧૮ ૭૭૩૨૭ | શ્રી બુદ્ધિસાગરજીની ગઝલો |
| ૦૯૯ | રેશમા ડી. પટેલ | — | ૯૮૨૫૧૮૫૧૬૭ | કનક સોમકૃત મંગલકલશ ફાગુ |
| ૧૦૦ | રુચિ મયૂર મોદી | ૦૨૨ ૨૬૧૬ ૯૧૬૨ | ૯૭૬૯૦ ૫૦૨૫૨ | આચાર્ય નેમિસૂરિ મહારાજ સાહેબ |
| ૧૦૧ | રુપાલી એ. બાફના | ૦૨૫૬૩ ૨૫૬૮૭૧ | ૯૪૦૪૩૪૦૧૭૧ | દેવરચના |
| ૧૦૨ | શાંતિલાલ સી. ખોના | — | ૯૯૩૦૦ ૬૯૧૪૨ | પૂજ્ય વિજયવલ્લભસૂરિજી–મોહનલાલ દ. દેસાઈ |
| ૧૦૩ | શીતલ મનન શાહ | — | ૯૪૨૬૪૨૫૬૦૦ | શ્રી મેઘવિજયજીકૃત ચોવીશી |
| ૧૦૪ | શોભના આર. શાહ | — | — | ખરતરગચ્છ |
| ૧૦૫ | શ્રીકાંત આર. ધ્રુવ | ૦૨૨ ૨૧૦૨૪૦૭૫ | ૯૮૬૯૮૧૬૩૮૪ | શ્રી માનવિજયજીકૃત 'જૈન ચોવીશી' |
| ૧૦૬ | સીમા ડી. રાંભિયા | — | ૯૮૨૦૦૭ ૩૯૪૫ | કવિશ્રી મોહનવિજયજીકૃત ચોવીશી |
| ૧૦૭ | સુદર્શનાબેન પી. કોઠારી | ૦૨૨ ૨૩૮૬ ૮૮૬૫ | ૦૯૮૧૯૬૦૦૪૨૯ | દેવચંદ્રકૃત સ્તવન : જૈન ચોવીશી |
| ૧૦૮ | સુધા એન. પંડ્યા | ૦૨૬૫ ૨૭૯૪૨૭૯ | ૯૪૨૭૫૩૯૨૭૯ | ચતુર્ભુજકૃત 'ભ્રમરગીતા': વૈષ્ણવ ફાગુ કાવ્ય |
| ૧૦૯ | સુધા પી. ઝવેરી | ૦૨૮૩૨ ૨૨૫૫૩૧ | ૦૯૮૨૪૬૪૧૩૫૫ | સંતબાલજી |
| ૧૧૦ | સુધાબેન મહેન્દ્ર ગાંધી | — | ૯૨૨૭૪ ૨૩૨૩૪ | નેમિનાથ ફાગુ |
| ૧૧૧ | સુવર્ણા વિનોદ જૈન | — | ૮૯૭૬ ૪૮૪૨૧૬ | શ્રી ચિદાનંદજી મુનિ કપુરવિજયજી |
| ૧૧૨ | તન્વી મહેન્દ્ર ગાંધી | — | — | જૈન ચોવીશી |
| ૧૧૩ | તેજસભાઈ ગાંધી | — | ૯૪૦૯૧૬૪૫૭૫ | વસંત શૃંગાર ફાગ |
| ૧૧૪ | તૃપ્તિ જૈન | — | ૮૦૫૮૬૧૪૮૮૮ | ચોવીશી આચાર્ય |
| ૧૧૫ | ઉર્વશી એમ. પંડ્યા | ૦૨૨ ૨૬૫૨ ૩૪૪૬ | ૦૯૮૨૧૬૭૩૫૭૭ | શ્રી નયસાગરજીકૃત સ્તવન ચોવીશી |
| ૧૧૬ | ઉષાબેન આર. પટેલ | — | ૮૦૯૭૭૩૧૩૯૭ | જૈન ગઝલ |
| ૧૧૭ | વર્ધમાન આર. શાહ | — | ૯૮૯૨૩૬૪૪૨૦ | શ્રી જિનેન્દ્રસૂરિકૃત ચોવીશી |
| ૧૧૮ | વર્ષા પી. દોશી | ૯૩૨૪૦૫૮૯૧૦ | ૯૮૧૯૮૬૯૮૧૦ | જૈન ચોવીશી |
| ૧૧૯ | વર્ષા વી. શાહ | ૦૨૨ ૨૬૮૩૪૦૬૧ | ૯૭૫૭૧૨૪૨૮૨ | પ્રો. કોલેટ કેઈલટનું જૈનત્વના દાયરામાં પ્રદાન |
| ૧૨૦ | વસંતભાઈ મોરારજી વીરા | ૦૨૨ ૨૫૬૬૪૩૪૭ | ૯૭૫૭૨૬૯૯૮૯ | શતાવધાની શ્રી ધીરજલાલ ટોકરશી શાહ |
| ૧૨૧ | વિજયાલક્ષ્મી પોરવાલ | ૦૭૪૧ ૨૩૦૦૪૯ | — | આચાર્ય લોહરીનું સાહિત્ય પ્રદાન : શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી |
| ૧૨૨ | વીણાબેન કે. ઉદાણી | — | — | પં. શીલચંદ્ર વિજયજી રચિત 'ભીની ક્ષણના ઉત્સવ' : જૈન ચોવીશી |
| ૧૨૩ | વિશ્વા મહેતા | — | ૯૮૭૦૦૬૦૩૪૪ | આત્મારામથી આતમરામ |

## રાત્રિ કાર્યક્રમ

(૧) સંગીતમય જૈન મંત્ર સ્તવન : દૃશ્ય-શ્રાવ્ય સંગીત – સંગીત માર્તંડ કુમાર ચેટરજી

(૨) પૂ. વિજય વલ્લભસૂરીશ્વરજીને ભાવ વંદના –જ્હોની શાહ

(૩) જૈન ધર્મના વૈજ્ઞાનિક રહસ્યો – પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન – ડૉ. સુધીર શાહ

(૪) પ્રબુદ્ધ રોહિણેય – નાટ્ય એકોક્તિ – ડૉ. મહેશ ચંપકલાલ

## ભાવ-પ્રતિભાવ

# મતમતાંતરનો અખાડો

□ સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી

'પ્રબુદ્ધ જીવન'ના માર્ચ-૨૦૧૪ના અંકમાં જિજ્ઞાસુ શ્રી શાંતિલાલભાઈ સંઘવીનો **'મતમતાંતરનો અખાડો'** લેખ વાંચ્યો. તંત્રીશ્રીના પ્રત્યુત્તર આપવાના નિમંત્રણને સ્વીકારી પ્રતિભાવ દર્શાવી રહ્યો છું.

આપણે ભૂલોકમાં રહેનારા સંસારી માનવીઓ બધાંય પગથી સરખા છીએ અને માથેથી (હાઈટ)થી જુદા પડીએ છીએ, તેથી 'તુંડે તુંડે મતિર્ભિન્ના' એ ન્યાયે મતમતાંતર છે.

સિદ્ધો બધાંય સિદ્ધલોકમાં લોકાગ્રશિખરે માથેથી સરખા છે, માટે તે બધાય સર્વજ્ઞોનું જ્ઞાન-કેવળજ્ઞાન એક સરખું છે. કોઈ જ મતભેદ કે મતમતાંતર નથી. મન તો છે જ નહીં એટલે મનભેદને કોઈ અવકાશ જ નથી. એ તો સર્વના સ્વાનુભવની વાત છે કે એક મૂર્ખ અજ્ઞાનીના હજાર મત હોય છે તો હજાર શાણા જ્ઞાનીઓનો એક મત હોય છે.

જેણે જેણે જેટલું જોયું, જાણ્યું, માણ્યું (અનુભવ્યું) તેટલું તેટલું આપ્યું અને ત્યાંથી અટકી ગયા. જેણે પરિપૂર્ણ જોયું, જાણ્યું, વેદ્યું તે સર્વજ્ઞોએ સર્વાંગી આપ્યું. તેથી તો વસ્તુ સ્વરૂપને સમજવા અનેકાંતવાદ તથા સ્વરૂપ નિરૂપણને કહેવા સ્યાદ્વાદ દર્શનનું પ્રરૂપણ કર્યું.

સંસાર એ ભવચક્ર છે. ચક્રને કોઈ આદિ કે અંત ન હોય. ચક્ર તો ચક્રાવા લીધે જ રાખે. એની શરૂઆત કે એનો અંત ન હોય. એ કાળચક્ર તો ફરતું ચક્રાવા લેતું જ રહે. સંસારમાં કાર્ય-કારણની શૃંખલા (સાંકળ) ચાલતી જ રહે. કાર્ય જ કારણ બનતું હોય છે અને કારણ જ કાર્ય રૂપે પરિણમતું હોય છે. બીજ જ ફળરૂપે પરિણમતું હોય છે અને તે ફળમાં જ બીજ રહેતું હોય છે. બાકી તો મૂળનું મૂળ ન હોય. અનાદિની કોઈ આદિ ન હોય. તથા ફળનું ફળ ન હોય અર્થાત્ અનાદિ-અનંત આત્મત્વના અનંત એવા પરમાત્મત્વના પર્યાય (અવસ્થા)માં પ્રાગટ્ય પછી કૃતકૃત્યતા હોવાથી કાંઈ કરવાપણું-બનવાપણું-થવાપણું સિલક રહેતું નથી અને કૃતાર્થતામાં હોવાપણું હોય છે. પહેલું ઈંડું કે મરઘી? એવો કાર્ય-કારણના ભવચક્રાવાનો પ્રશ્ન જ નથી રહેતો.

ઘી, ઘીના આધારે છે તથા તપેલી, તપેલીના આધારે છે. કોઈને કોઈનો આધાર નથી. પ્રત્યેક દ્રવ્ય, પ્રત્યેક વસ્તુ પોતપોતાના તે કાળના પર્યાયાનુસાર તે તે આકાશપ્રદેશની ક્ષેત્રાવગાહના લે છે. બધું આકાશ (અવકાશ)માં જ રહેલ છે અને આકાશની બહાર કાંઈ જ નથી. તે જ પ્રમાણે બધુંય જ્ઞાન એટલે કેવળજ્ઞાનમાં જ રહેલ છે અને જ્ઞાનની બહાર કશુંય નથી. જો તપેલી ભાંગીતૂટી જાય કે પડી જાય કે પછી હાથને લકવા મારી જાય તો ઘી ઢોળાઈ પણ જાય. પછી આધાર આપવાપણું ક્યાં રહ્યું?

જૈનદર્શને ઈશ્વરને કર્તા, ધર્તા, હર્તા માન્યો જ નથી. જૈનમત પ્રમાણે સર્વને જાણનાર વીતરાગ સર્વજ્ઞ જરૂર ઈશ્વર છે પણ તે ઈશ્વર કોઈ ઘટનામાં કે પર્યાયમાં ફેરફાર કરનાર કર્તા-હર્તા ઈશ્વર નથી. જગત જેવું છે તેવું યથાતથ જગતસ્વરૂપ-સંસારસ્વરૂપ જણાવનારા અને દેખાડનારા છે. બાકી તો જીવ પોતે જ પોતાના કાર્ય (કર્મ)નો કરનારો, તે કાર્ય (કર્મ)ના પરિણામને ભોગવનારો ભોક્તા છે અને કાર્ય કરવાથી અલિપ્ત રહી કર્મરહિત એવો નિર્લેપ થનારો છે અને નિરંજન નિરાકાર રહેનારો છે.

શું આત્મા છે? આત્મા કેવો છે? એવા જે જે પ્રશ્નો પૂછ્યા છે, તેવા જ પ્રશ્નો દાર્શનિકોને થતાં તેમણે તેનું સમાધાન શોધ્યું છે. એનો તર્કસંગત હૃદયંગમ ઉકેલ સ્યાદ્વાદ દર્શન પાસેથી મળતો હોય છે.

જેની પાસે ઐશ્વર્ય છે તે ઈશ્વર છે. જગતસ્વરૂપ (સંસારસ્વરૂપ) જેવું છે તેવું યથાતથ બતાવનારા છે તે ઈશ્વર છે. એ જગતદ્રષ્ટા છે પણ જગતસૃષ્ટા અર્થાત્ જગતને બનાવનારા, ચલાવનારા કે તેનો નાશ કરનારા નથી.

તીર્થંકર ભગવંતો-અરહંત ભગવંતો સદેહી હોવાથી સાકાર પરમાત્મા છે. એ જ્ઞાતા-દ્રષ્ટા એવા જગતને બતાડનારા ઈશ્વર છે.

સિદ્ધ ભગવંતો જેનો જગત સાથે વ્યવહાર નથી એવા શરીર રહિત અદેહી નિરાકાર પરમાત્મા છે. એ અરુહન્ત છે. વીતરાગ સર્વજ્ઞ છે.

સ્વ આત્મગુણોથી સંયુક્ત હોવાથી સગુણ પરમાત્મા છે. પર દ્રવ્યોના ગુણો ન હોવાથી તે અપેક્ષાએ નિર્ગુણ છે.

પુરુષાર્થથી યુક્ત વીર્યવાન-શક્તિમાન હોવાથી આત્મા પુરુષ છે. આત્મદ્રવ્ય નર કે નારી (માદા) નથી પરંતુ પુરુષ છે. નર અને માદા એ આત્માની અશુદ્ધ પર્યાય (અવસ્થા) છે.

છ દ્રવ્યમાંનું એક દ્રવ્ય આત્મા છે. અસંખ્યાત પ્રદેશી ત્રિકાળી ધ્રુવ (નિત્ય) અનાદિ અનુત્પન્ન અવિનાશી સ્વયંભૂ, સ્વયંસિદ્ધ, સ્વતઃસિદ્ધ, સ્વનિષ્પન્ન જ્ઞાનસ્વરૂપી આનંદઘન જે છે તે આત્મા છે. ભગવાન એટલે ઈશ્વર કદી કર્તા હોય નહિ, તેથી સૃષ્ટિ ભગવાને બનાવી નથી. ભગવાન સૃષ્ટિના સૃષ્ટા નથી પણ દ્રષ્ટા છે. સૃષ્ટિ અનાદિની છે અને અનંતકાળ રહેનાર છે. સૃષ્ટિ-બ્રહ્માંડ-જગત સાદિ-સાન્તપૂર્વક અનાદિ-અનન્ત છે. જગત ઘટના-બનાવ-Event થી સાદિ-સાન્ત છે પણ અસ્તિત્વથી અનાદિ-અનન્ત છે.

**આત્મા :**

આત્માની વ્યાખ્યા ઉપર જણાવ્યા મુજબની છે.

**પરમાત્મા:**

આત્માની પરમ અને ચરમ શુદ્ધતમ અવસ્થા પર્યાયમાં જેણે પ્રગટ કરી છે, તે શુદ્ધાત્મા-સિદ્ધાત્મા-પરમાત્મા છે.

**ભગવાન :**

જે ભાગ્યવાન-ઐશ્વર્યવાન છે તે ભગવાન છે.

**ધર્મ :**

'धारयति इति धर्म' એ ન્યાયે જે આત્માને એના આત્મસ્વરૂપ (સ્વભાવ)માં ધારી રાખે છે તે ધર્મ છે અને જ્યાં સુધી આત્મસ્વરૂપમાં અવાય નહિ ત્યાં સુધી દુર્ગતિમાં પડતા બચાવીને પરમગતિમાં પહોંચાડનારી સદ્‌ગતિમાં ધરી રાખે છે તે ધર્મ છે.

**સંપ્રદાય :**

જે સંસ્કૃત સમુદાય (સમાજ) પ્રકૃષ્ટ સંસ્કારનું પ્રદાન કરે છે તે સંપ્રદાય છે.

**સ્વર્ગ :**

કર્મના ભારથી હળવો થઈને ઉપર ઉઠીને જીવ જે પુણ્યલોકમાં પુણ્યના ભોગવટા માટે ઉર્ધ્વલોકમાં વસે છે તે સ્વર્ગ છે.

**નરક :**

કર્મના ભારથી ભારે થઈને નીચે ઉતરીને જીવ જે પાપલોકમાં પાપકર્મના ભોગવટા માટે અધોલોકમાં વસે છે તે નરક છે.

રાજ્ય વ્યવસ્થામાં અપરાધી દંડાય છે તો દંડ ભોગવવા ન્યાયતંત્ર તેને જેલની સજા આપે છે. સુકૃત કરનાર રાજ્ય વ્યવસ્થા તરફથી પદ્મશ્રી, પદ્મભૂષણ, પરમવીરચક્ર, ભારતરત્ન જેવા ખીતાબોને પામી બધી રાજસુવિધા સુખ સગવડને ભોગવે છે. રાજ્યવ્યવસ્થા જેવી જ વિશ્વ વ્યવસ્થા તે સ્વર્ગ અને નરક.

**પરલોક :**

વર્તમાનમાં જીવાતા જીવતર (ભવ)ની પહેલાંનો ભવ કે હવે પછી મળનારો ભવ પરલોક કહેવાય છે. જે જીવાતો-ભોગવાતો ભવ છે તે આલોક-ઈહલોક કહેવાય છે.

**મોક્ષ :**

સર્વથા કર્મબંધથી રહિત મુક્તાવસ્થાને મોક્ષ કહે છે.

**પુનર્જન્મ :**

ફરીથી દેહધારણ કરવો એટલે કે જન્મ લેવો તેને પુનર્જન્મ કહે છે. એ દેહ પરિવર્તન છે. ખોળિયું બદલાય છે પણ આત્મા ટકીને રહે છે. એ આત્માનો ટકીને (ધ્રુવ રહીને) થતો બદલાવ છે.

(૧) આત્મા છે. (૨) આત્મા નિત્ય છે (૩) અજ્ઞાન કર્મયુક્ત દશામાં આત્મા કર્મનો કર્તા છે તથા (૪) કર્મનો ભોકતા છે. (૫) આત્માનો મોક્ષ છે અને (૬) મોક્ષના ઉપાય છે. આત્માના ષડ્‌સ્થાનને સ્વીકારનાર–માનનારની માન્યતા ઉપર મુજબની વ્યાખ્યાઓ છે. માનવું ન માનવું એ વ્યક્તિની મુનસફી છે. માને તોય વ્યાખ્યા આ છે અને ન માને તો પણ વ્યાખ્યા તો આ જ છે. વસ્તુસ્વરૂપ તથા વિશ્વસ્વરૂપું–વિશ્વવ્યવસ્થા જ તે પ્રકારની છે.

હવે વાદનો વાદ કરીએ. અહીં વાદ એટલે વિવાદ કે ચર્ચા નહિ પણ વાદ એટલે મત-માન્યતા.

**દ્વૈતવાદ:**

જ્યાં એકથી અધિક જઘન્ય (Minimum) બેની સંખ્યાથી માંડી ઉત્કૃષ્ટ (Maximum) અનંતની સંખ્યાની વાત છે તે દ્વૈતવાદ છે. એમાં 'હું' એટલે `I' સહિત બધાંય 'મારા' એટલે My નો સમાવેશ થતો હોય છે.

**અદ્વૈતવાદ :**

જ્યાં માત્ર 'હું'–`I' એક આત્માની જ વાત છે. એ એક છે–એકરૂપ છે–અભેદ છે–નિત્ય છે–સ્થિર છે–સ્વ છે. `I' without `My' is `GOD'.

**શુદ્ધાદ્વૈત-કેવળાદ્વૈત :**

જ્યાં 'હું' જ છું. બીજું (પર) છે જ નહિ. પર છે જ નહીં અને માત્ર ને માત્ર સ્વ જ છે કેમકે વેદન-સંવેદન માત્ર સ્વનું (નિજનું) જ હોય છે તે શુદ્ધાદ્વૈત-કેવળાદ્વૈત છે.

**દ્વૈતાદ્વૈત :**

જ્યાં અદ્વૈત એક એવા આત્માની અને એની બધીય દ્વૈત (કર્મ સહિતની) અવસ્થા (પર્યાય)ની વાત છે ત્યાં દ્વૈતાદ્વૈત છે. દ્વૈતાદ્વૈતમાં `I' 'હું' સહિત My (મારા)ની વાત હોય છે. આત્મા અને દેહ તથા દૈહિક સંબંધોની વાત દ્વૈતાદ્વૈત છે.

**અવતારવાદ:**

જુદા જુદા અવતાર (જન્મ)ની વાત છે તે અવતારવાદ. અન્ય દર્શનમાં મત્સ્યાવતારથી લઈને રામ, કૃષ્ણ, કલ્કી સુધીના ઈશ્વરે ધારણ કરેલા અવતારની જે વાત છે તેને અવતારવાદ કહે છે, જે જૈનમત નથી.

**લીલાવાદ:**

દુનિયાના રંગમંચ ઉપર જુદા જુદા વિધવિધ વેષ ભજવાય છે અને ખેલ ખેલાય છે તે બધીય લીલા છે. આત્માની જુદા જુદી અવસ્થાઓ છે.

**માયાવાદ:**

હોઈએ તેવા દેખાવું નહીં અને દેખાઈએ તેવા હોવું નહીં એવું દંભીપણું માયાવાદ છે. સત્તા બ્રહ્મ (આત્મા)ની છે અને માયા પુદ્‌ગલની (જડની) છે. આત્મા એકરૂપી છે. એ જેવો છે તેવો જ છે. પુદ્‌ગલ બહુરૂપી છે.

**વિવર્તવાદ:**

ભ્રામકતા–ભ્રમિતતા–Illusion એ વિવર્તવાદ છે. દોરડામાં સર્પનું અને સર્પમાં દોરડાનું દેખાવું, સાગરતટે સૂર્યપ્રકાશમાં છીપલામાં રજતનું જણાવું, રણપ્રદેશમાં મૃગજળ (ઝાંઝવાના નીર)માં પાણી દેખાવું, વિગેરે વિવર્તવાદના ઉદાહરણો છે.

જે અધૂરો હોય છે તે અધમૂઓ થતો હોય છે અને મોહનો માર્યો જે મૂઢ મૂર્ખ હોય છે તે આવી બધી વાતોમાં મૂંઝાતો હોય છે. એ સાચું છે કે સામાન્ય માણસને કશુંય ન મળતા સામાન્ય જ રહે છે. સામાન્ય

વિશેષ થાય તો વિશિષ્ટતાને પામે–પરમતાને પ્રગટાવે. બાકી પરમ થવા સર્જાયેલ પામર જ રહે તો એમાં દર્શનશાસ્ત્રનો કોઈ જ વાંક નથી. શીખવા જ ન માગતા વિદ્યાર્થીને શિક્ષક કેમ કરી શીખવી શકે ?

હા! બધાં જ અરિહંત ભગવંતો અને તીર્થંકર ભગવંતો સહિત સિદ્ધ ભગવંતો પણ સર્વજ્ઞ જ હોય છે. સર્વ શક્તિમાન હોય છે. બધાં જ સર્વજ્ઞ ભગવંતોને સર્વ ક્ષેત્રના, સર્વકાળના, સર્વ દ્રવ્યોના સર્વ ભાવ (ગુણપર્યાય)નું જ્ઞાન હોય છે. એ માટેની પૂર્વ યોગ્યતા (Prequalification) વીતરાગતા–નીરિહીતા–નિર્મોહીતા–નીરિચ્છતા (Desirelessness) નિર્વિકલ્પતા છે. બધાંય સર્વજ્ઞ ભગવંતો અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ, અને અનંતવીર્યના સ્વામી હોય છે. અર્થાત્ સર્વદર્શી, સર્વજ્ઞ, સર્વાંનંદી, સર્વશક્તિમાન હોય છે. એ ભગવંતો પરથી પર થયેલા અને સ્વમાં સ્થિર હોય છે. તેઓ સ્વમાં સર્વશક્તિમાન હોય છે અને પરથી પર એવા પરમાં અશક્તિમાન છે. જીવનવ્યવહારમાં પણ આપણો સ્વાનુભવ છે કે વ્યક્તિ સ્વમાં સ્વાધીન હોય છે અને પરમાં પરાધીન હોય છે.

એ અનંતજ્ઞાની ભગવંતો જો અનંતને કહેવા–જણાવવા રોકાઈ જાત તો તેમનો મોક્ષ થાત નહિ અને અદેહી સિદ્ધ ભગવંત થાત નહીં. એ અનંતમાંની થોડી પ્રયોજનભૂત આત્મોદ્ધાર (આત્મહિત)ની આત્મધર્મની વાતો અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતો કરત નહિ તો શ્રોતાનો મોક્ષ થાત નહિ. વળી જો બધું–અનંત કહી શકાતું હોત તો પછી અનુભવવાનું શું રહેત? છતાંય જણાવવું રહ્યું કે યોગાચાર્ય શ્રી બુદ્ધિસાગરજી મહારાજાશ્રીએ વર્ષો પહેલાં ટેલિફોનની શોધની વાત કરેલ હતી, તે તો સહુ કોઈ જાણે જ છે.

અંગ પ્રત્યારોપણની વાતો ગર્ભ પ્રત્યારોપણના રૂપમાં શ્રી મહાવીર ભગવાન જીવન ચરિત્રમાં જાણવા મળે છે. ભગવતીસૂત્રમાં ગર્ભમાં રહેલ શિશુના ક્રમબદ્ધ વિકાસની વાતો જે કરવામાં આવેલ છે તેને આજના સ્ત્રીરોગ નિણાત ગાયનેકોલોજીસ્ટ ડૉક્ટરો માન્ય રાખે જ છે. શાસ્ત્રોએ કરેલ જીવવિચારની વાતોનો વિરોધ થઈ શકતો નથી. એનું સમર્થન વિજ્ઞાન કરે છે.

મનઘડત અર્થ કરનારા પંડિતો, આચાર્યાદિ સ્વચ્છંદી છે. શબ્દાર્થમાંથી તત્ત્વાર્થમાં અને પછી ઐદંપર્યાયાર્થમાં પ્રવેશવાનું હોય છે. તેથી જ મહુપત્તીના ૫૦માંનો બીજો બોલ છે કે તત્ત્વ અર્થ કરી સદ્દહું. જે વધુ ન જાણે તેને માટે અધ્યાત્મમાર્ગ–મોક્ષમાર્ગ સમજવા માટે મુહપત્તીના ૫૦ બોલ માત્ર જ પૂરતાં છે.

વ્યવહાર સત્યો સાપેક્ષ (Relative) સત્યો છે, જે પરિવર્તનશીલ છે. પારમાર્થિક–નૈશ્ચયિક સત્યો નિરપેક્ષ (Real-Absolute) સત્યો છે, જે અપરિવર્તનશીલ છે.

બ્રહ્માંડ એટલે છ દ્રવ્યમય ચૌદ (૧૪) રાજલોકનું જે સ્વરૂપ શાસ્ત્રોએ બતાવ્યું છે તે ધાર્મિક શાશ્વત ભૂગોળ છે. એ વિશ્વ સ્વરૂપ છે. વિદ્યાર્થીને શીખવવામાં આવતી દેખાતા જગતની માત્ર જાગતિક ભૂગોળ છે કે જેમાં આસમાની (કુદરતી) તથા સુલતાની (રાજકીય) કારણોથી અનેક બદલાવ આવતા હોવાથી શાશ્વત નથી. બ્રહ્માંડની ભૂગોળમાં ક્યાંક થોડા મતમતાંતર, પૂરતા શાસ્ત્રો ન મળવાથી હોઈ શકે છે. બાકી સામાન્ય માણસને સામાન્યમાંથી વિશેષતામાં જવાની કોઈ મનીષા જ ન હોય તેને જાણવા ન જાણવાથી કોઈ ફરક પડતો નથી. સામાન્યજનને તો પોતાના શહેરની કે પ્રાંતની ભૂગોળમાં પણ રસ નથી અને જાણવાની ફૂરસદ નથી.

પ્રણીપાતવિરમણ વ્રત, મૃષાવાદવિરમણ વ્રત, અદત્તાદાન- વિરમણ વ્રત, બ્રહ્મચર્યવ્રત, પરિગ્રહ પરિમાણવ્રત કે અપરિગ્રહવ્રત એ પાંચના સ્થૂલ ત્યાગથી અણુવ્રત છે તો સર્વથા ત્યાગથી તે મહાવ્રત છે. આ વ્રતો સહુ કોઈને માન્ય અને સ્વીકાર્ય છે. સમાજ વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા અને વિશ્વ વ્યવસ્થા માટે આ પાંચ વ્રતો આવશ્યક છે.

જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ આત્માના હકારાત્મક વિધેયક (Positive) ગુણો છે, જે માત્ર જૈનદર્શન કથિત છે. અન્યત્ર આત્માના વિધેયક સ્વરૂપની સમજ ન હોવાથી તેને નેતિ નેતિ કહીને નકારથી નાસ્તિસ્વરૂપ સમજાવ્યું છે.

ચારિત્રની પરાકાષ્ટા જ વીતરાગતા છે. વીતરાગતા પ્રેમ સહિત જ હોય અને પ્રેમ વીતરાગતાપૂર્વક જ હોય. પ્રેમ વિનાની વીતરાગતા રીસ (રોષ-ખેદ) છે અને વીતરાગતા વિહોણો પ્રેમ મોહ કે વાસના છે. 'સવિ જીવ કરું શાસનરસી–સહુ જીવો મોક્ષે જાઓ' એ સર્વોદયની ભાવનામાં શું પ્રેમ નીતરતો દેખાતો નથી?! જીવને જીવથી જાતિ–ઐક્યતા અને સ્વરૂપથી સ્વરૂપસામ્યતા હોય ત્યાં પોતાપણાના પ્રેમનું વહેણ તો વહેતું જ રહેતું હોય છે. મૈત્રી–પ્રમોદ–કરુણા–માધ્યસ્થના ભાવોમાં પ્રેમ જ છે. ધિક્કાર કે દ્વેષ નથી. અભયદાન શું છે ?

કરુણામાં દયાના ભાવ છે જ્યારે પ્રેમમાં વ્યાપકતાના, સ્વાર્પણ અને સર્વાર્પણના ભાવ છે. પ્રેમ હોય ત્યાં કરુણાના ભાવ હોય જ! પરંતુ કરુણાના ભાવ હોય ત્યાં પ્રેમના ભાવ હોઈ શકે યા ન પણ હોઈ શકે. સ્વાર્પણ ને સર્વાર્પણનું નામ જ ભક્તિ (પૂજ્યભાવ) હોય છે. વડીલો, માતપિતા, પૂજ્યો, ગુરુદેવો, ભગવંતો પ્રત્યે ભક્તિભાવ હોય છે. જ્યારે સમવયસ્ક (મિત્રો), સખી, પ્રેયસી પ્રત્યે પ્રેમપૂર્વકની પ્રીતિ-સૌખ્ય હોય છે. ત્યાં પ્રેમપૂર્વકની પૂજ્યતા કે ભક્તિ નથી હોતી.

સામાન્ય માણસનું સીધા-સાદા-સરળ-ભલા-ભદ્રિક હોવું, તે તો તેની લૌકિકતા એટલે કે લૌકિક ગુણો છે. એ તો Art of Livingની જીવનકલા છે પણ Being–હોવાપણાની લોકોત્તર આત્મકલા નથી. એ પર (અન્ય) તરફના બીજા માટે હોય છે, પણ સ્વ માટે નહિ. એ ગુણોથી પુણ્યકર્મનો બંધ થાય પરંતુ આત્મશુદ્ધિ નહિ આવે અને મોક્ષ ન પમાય.

જો દુન્યવી ભૌતિક ક્ષેત્રે સાચા-ખોટાની પરખ થઈ શકતી હોય તો પછી અધ્યાત્મ (ધર્મ) ક્ષેત્રે કેમ હેય-ઉપાદેયનો વિવેક ન આવે ? જો એક બાળક પણ સેંકડો સ્ત્રીઓમાંથી પોતાની સાચી માતાને ઓળખી

લેતો હોય તો પછી શું આત્મા પોતાનું આત્મહિત શેમાં છે તે પારખી નહિ શકે ?

હા! પંડિત-વિદ્વાન-શાસ્ત્રજ્ઞાનીને મોક્ષ ન મળે પણ આત્મજ્ઞાની-સમ્યગ્જ્ઞાનીનો તો મોક્ષ થાય જ! એ સાચું છે છે કે મોક્ષની ઈચ્છા એ પણ રાગ હોવાથી મોક્ષ ન થાય. ભવે-મોક્ષે સમસ્થિતિ–સમભાવ આવે ત્યારે સ્વભાવ પર્યાયમાં પ્રગટે તે જ મોક્ષ છે. એ તો પ્રાપ્તની પ્રાપ્તિ છે. દટાયેલ ચરુ મળી આવવા બરોબર છે. ખોવાયેલું મળી આવે છે.

ક્રિયાકાંડ તો શરીરાદિ પુદ્‌ગલો વડે પુદ્‌ગલના માધ્યમથી પુદ્‌ગલમાં થતી પૌદ્‌ગલિક જડ ક્રિયા છે. એનાથી તો મોક્ષ ન જ થાય. પરંતુ એ ક્રિયાકાંડના માધ્યમે જો ભાવની વિશુદ્ધિ થાય, દુર્ભાવમાંથી સદ્‌ભાવના રસ્તે સ્વભાવમાં અવાય તે મોક્ષ છે. લક્ષ્યના સ્મરણપૂર્વકની આશયશુદ્ધિ હોય તો ક્રિયાકાંડ તારક છે. એટલે જ તો શાસ્ત્રે 'જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ'નું ટંકશાળી સૂત્ર આપ્યું છે.

*જો એક બાળક પણ સેંકડો સ્ત્રીઓમાંથી પોતાની સાચી માતાને ઓળખી લેતો હોય તો પછી શું આત્મા પોતાનું આત્મહિત શેમાં છે તે પારખી નહિ શકે ?*

જૈન દર્શનની ભગવતભક્તિ એ 'કૃતજ્ઞતાભક્તિ' છે. જેણે ભગવાન બનવાનો માર્ગ બતાવ્યો તે મગ્ગદયાણં (માર્ગદાતા) પ્રતિના આદર, બહુમાન, સન્માન, સત્કાર, અહોભાવ રૂપ માર્ગે ચડાવનારાના ઉપકારથી ઉપકૃત થયાના ભક્તિભાવ છે. અન્યત્ર તો 'કૃપાભક્તિ' છે. જૈન યાચક નથી પણ નિત પરમાત્મ સ્વરૂપ ઉદ્‌ઘાટક છે. જૈનોના જ માત્ર ભગવાન એવું કહે છે કે ભક્ત તું સ્વયં ભગવાન છે અને નિજ ભગવાનને પ્રગટ કરી ભક્ત મટી ભગવાન થઈ શકે છે. હાલ તું ભવમાં ભૂલો પડેલો ભગવાન છે. દૂધમાં રહેલું 'ઘી' છે. સમ્યગ્દૃષ્ટિ, ગુણારોહણ કરી રહેલા ગુરુઓ માર્ગને પામેલા અને માર્ગે ચઢેલા, ભગવાન બનવા જઈ રહેલા ભગવાન છે. એ છાશમાં થતું વલોણું કે તવાતું માખણ છે. જેનું આલંબન લેવાય છે અને ભક્તિ કરાય છે, તે પ્રગટ ભગવાન 'ઘી' સ્વરૂપ છે. 'ઘી'નો સ્વાદ તો જે ચાખે તેને જ આવે. અન્યથા ઘીનો સ્વાદ અકથ્ય અવર્ણનીય છે.

જૈનદર્શન ૨૪ તીર્થંકર ભગવંતો તથા મહાવિદેહક્ષેત્રે વિદ્યમાન શ્રી સીમંધરસ્વામી આદિ ૨૦ વર્તમાન તીર્થંકર ભગવંતો જે અષ્ટ પ્રાતિહાર્યોથી શોભિત, ૩૪ અતિશયોથી મહામહિમાવંત, ૩૫ ગુણ અલંકૃત વાણીના ઐશ્વર્યથી ઐશ્વર્યવાન હોવાથી ઈશ્વર માને છે તેથી નિરીશ્વરવાદી નથી. હા! જૈનદર્શન અન્યોની જેમ એના ઈશ્વરને તે વીતરાગ હોઈ કર્તા-ધર્તા-હર્તા રૂપ નથી માનતું. જૈનોના ઈશ્વર, સંસારસ્વરૂપ જેવું છે તેવું જ યથાતથ બતાડનારા છે પણ સંસારને બનાવનારા, ચલાવનારા, બગાડનારા, નાશ કરનારા ઈશ્વર નથી. નર નરેન્દ્રો, દેવ દેવેન્દ્રો એમની વિશ્વકલ્યાણની ભાવનાના પુણ્યપ્રભાવથી ખેંચાઈ (આકર્ષાઈ) આવે છે અને સ્વાત્મકલ્યાણ સાધે છે. વર્તમાનમાં રાષ્ટ્રપ્રમુખો, નેતાગણો, લોકનાયકો, અભિનેતાઓ પ્રતિ આકર્ષાઈને આવી ટોળે વળેલા લોકોને જોતાં આપણને આશ્ચર્ય થતું નથી. એ જેમ તેમની પુણ્યાઈ છે તેમ અરહન્ત ભગવંતોની પણ સર્વોત્કૃષ્ટ પુણ્યાઈ હોય છે.

છઠ્ઠા આરાના દુષમ-દુષમ કાળમાં જીવસૃષ્ટિ તો રહેનાર જ છે. એનો કોઈ નાશ થનાર નથી. આત્માની સંખ્યા અનંત છે. મનુષ્યની સંખ્યા મર્યાદિત ૨૯ આંકડાથી ગણી શકાતી સંખ્યાતી છે. દેવોની અને નારકોની સંખ્યા અગણિત એવી અસંખ્યાતી છે. તેથી અધિકી અસંખ્યાતી એટલે કે અકલ્પનીય અનંતી સંખ્યા તિર્યચીની છે.

'વાદે વાદે તત્ત્વબોધ' છે કારણ કે તે તત્ત્વબોધને પામનાર સમ્યગ્જ્ઞાની તો 'જ્ઞેયે જ્ઞેયે જ્ઞાનને' જુએ છે. પ્રત્યેક પરિસ્થિતિમાં, પ્રત્યેક વસ્તુમાં, પ્રત્યેક પળમાં, પ્રત્યેક ભાવમાં અર્થાત્ હરેક જ્ઞેયમાં તે જ્ઞેયને જાણનારા નિજજ્ઞાનને સ્વ આત્માને જ જાણે છે. તેને તત્ત્વનો લોપ નથી હોતો. એને તો તત્ત્વનો સાચો બોધ હોય છે તેવો બોધી સમ્યગ્જ્ઞાની હોવાથી એ જાણનારાને જ જાણે છે. એને તો સ્વ જાણાતા પર જણાઈ જતું હોય છે.

ભલાઈ તો જડ પર વિનાશી એવા પુદ્‌ગલના માધ્યમથી થતી પૌદ્‌ગલિક ક્રિયા છે. પર વડે પરમાં પર માટે થતી તે ક્રિયા છે. એ પરાધીન, મર્યાદિત અને ક્રમિક હોય છે. ભાવ સ્વ (પોતા) દ્વારા થતાં હોય છે. તેથી તે સ્વાધીન. વ્યાપક અને અક્રમિક હોય છે. ભલું કોનું કરીશું અને કેટલું કરીશું ? સવિ જીવ કરું શાસનરસી, સહુનું ભલું થાઓ! સહુ કોઈનો મોક્ષ થાઓ! એ ભાવ ભાવવામાં કેટલી બધી સ્વાધીનતા–વ્યાપકતા–અક્રમિકતા છે!

પર્યુષણ એ ઋષિમુનિઓ દ્વારા આત્મહિત સાધવા માટેની ગોઠવવામાં આવેલી પર્વવ્યવસ્થા છે. એ શાશ્વત નથી. બારે માસ આત્મહિત સાધનારા સાધકને માટે તો બારે માસ પર્યુષણ અર્થાત્ આત્મોપાસના જ છે. જે નથી કરી શકતા તેના માટે પર્યુષણની વિશેષ વ્યવસ્થા છે. એ તો નિત્યોપાસનાને વિશિષ્ટતા બક્ષતી-ઓપ ચડાવતી નૈમિત્તિક ઉપાસના છે.

આ જે ચર્ચાસ્પદ કડવી વાતો લખવામાં આવી છે તે શું કોઈ તમારો વિરોધ કરવા આવ્યા ? શું તમારી સામે મોરચો માંડ્યો ? તમારો તેવો જ વિકાસક્રમ છે કે આવા પ્રશ્નો ઉઠે અને તેનો ઉકેલ શોધવા પ્રયત્નશીલ થઈને સત્યને પામો. તમારી આ પારમાર્થિક સત્યની જ શોધ છે ને ?

નારાયણ દેસાઈનું પ્રવચન કે કથા ગોઠવાય તેમાં આત્મહિતની વાત આવતી હોય તો આત્મસાધકો જરૂર સાધનામાંથી સમય કાઢીને હાજરી પૂરાવે. બાકી **સાધુ–સાધ્વી કોઈની બુરાઈ કરતા નથી તે અર્થમાં શું ભલાઈ નથી ?** એ ભૂલવા જેવું નથી કે તેઓ સાધુ સંન્યાસી છે પણ સામાજિક કાર્યકરો નથી. અભયદાન શું છે ?

શ્રુતજ્ઞાનોપાસક જ્ઞાનકોષોદ્ધારક ભાષાવિદ્ સ્વ. મુનિ જંબુવિજયજી ૧૮ ભાષાના જાણકાર હતા અને વિદેશીઓ ગામડા ખૂંદતા એમની પાસે જૈનદર્શનનો અભ્યાસ કરવા સામે ચાલીને આવતા હતા; તે આપની જાણ બહાર નહિ હોય. 'ભૂવલય' નામક ગ્રંથ ૧૮ ભાષામાં

> **'ભૂવલય' નામક ગ્રંથ ૧૮ ભાષામાં વાંચી શકાતો એક અદ્‌ભૂત ગ્રંથ છે**

વાંચી શકાતો એક અદ્‌ભૂત ગ્રંથ છે કે જેને રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે આઠમી અજાયબી જણાવી છે. આજેય એ ગ્રંથ ઉપર દિલ્હીમાં સંશોધન થઈ રહ્યું છે અને ડીકોડ કરવાના પ્રયત્નો ચાલુ છે. કર્ણાટકની કન્નડ ભાષા તથા દક્ષિણની કેટલીક ભાષાઓના જાણકાર દિગંબર મુનિઓ આજે પણ વિદ્યમાન છે. પૂર્વકાળમાં બાર વર્ષના દેશાટન અને બારેક ભાષાની જાણકારી બાદ જ આચાર્ય પદવીનું પ્રદાન થતું હતું. આજે ચૌદ પૂર્વનું જ્ઞાન નથી પણ ચૌદ પૂર્વના જ્ઞાનધારકને બધી જ ભાષાઓ આપોઆપ આવડી જતી. જિનવાણી–દિવ્યધ્વનિ તિર્યંચ સહિત સર્વને પોતપોતાની ભાષામાં સમજાતી હોય છે; જેમ યુનોની સભામાં સભ્યો પોતપોતાની ભાષામાં પ્રવચન સાંભળી શકતા હોય છે. પં. પ્ર. શ્રી અભયસાગરજીને અમેરિકી સંસ્થા દ્વારા ફેલૉશીપ અપાયેલ.

સાધુએ સાધુપણાનો સ્વીકાર સ્વ આત્માના ઉત્કર્ષ માટે કર્યો હોય છે. એ મુનિઓને તો સાતમા ગુણસ્થાનના નિર્વિકલ્પ મુનિપણામાંથી છઠ્ઠા ગુણઠાણાના સવિકલ્પક ઉપદેશકપણામાં નીચે ઉતરવાપણું હોવાથી સાધનામાં વિઘ્નરૂપ લાગતું હોય છે. શિષ્ય કે જેને કંઈક હિતશિક્ષા ગ્રહણ કરવી છે તે સદ્‌ગુરુ-મુનિ પાસે જાય કે મુનિ શિષ્યો-અનુયાયી ભક્તો પાસે જાય ? વિવેક વિનય શેમાં છે ? પોતાને પોતાનો મહિમા ન હોય અને બધે ઠેકાણે દોડતો ફરતો હોય તો તેમાં તેની લઘુતા-નમ્રતા નહીં પણ હીનતા (ગૌરવભંગ) છે. ભણાવવા કરતાં ભણવું મહત્ત્વનું છે; એવું તો તમે જ માનો છો.

મહાન મોગલ સમ્રાટ અકબર સાથે જગદ્‌ગુરુ હીર સૂરીશ્વરજીને ધર્મચર્ચા થયેલ હતી અને તેને ધર્મ પમાડ્યો હતો, તે વાત પ્રસિદ્ધ છે.

આપણું જ્ઞાન સીમિત નથી. એ તો દ્વાદશાંગી પ્રમાણ વિરાટ અને વિશાળ છે. આજેય ૪૫ આગમપ્રમાણ જે કાંઈ જ્ઞાનખજાનો ઉપલબ્ધ છે, તેને આત્મસાત્ કરવામાં ૧૦૦ વર્ષનો જીવનકાળ પણ ટૂંકો પડે તેમ છે.

શાસ્ત્રોએ તો આચાર્યને ષડ્‌દર્શનના જ્ઞાતા તથા વર્તમાન પ્રચલિત માન્ય જ્ઞાનવિકલ્પોથી માહિતગાર થવા જણાવેલ જ છે.

અગાઉ જણાવ્યા મુજબની દ્વૈત, અદ્વૈત, દ્વૈતાદ્વૈત આદિ વાદોની વાત તો વૈદિક દર્શનોની વાતો છે. જૈનદર્શન તો દ્રવ્ય-ભાવ, સામાન્ય-વિશેષ, નિશ્ચય-વ્યવહાર, જ્ઞાન-ક્રિયા, એક-અનેક, નિત્ય-અનિત્ય, ધ્રુવ-અધ્રુવ, સચલ-અચલ-સવિકલ્પ-નિર્વિકલ્પ, સાવરણ-નિરાવરણ, સાલંબન-નિરાલંબન, રૂપી-અરૂપીના દ્વંદ્વાત્મક ધર્મોમાંથી એક-અભેદ-નિત્ય-ધ્રુવ-સ્થિર-જ્ઞાનાત્મક દ્રવ્યસ્વભાવી નિર્દ્વંદ્વમાં લઈ જનાર છે. એ તો ત્રિકાળી ધ્રુવ, જ્ઞાયકથી અભેદ થવાની સાધના બતાવનાર સમ્યગ્ અનેકાન્તવાદી ધર્મ છે. કારણકે વસ્તુસ્વરૂપ અનેકાન્તમક છે અને તેનું નિરૂપણ કરવા માટે સ્યાદ્‌વાદની કથનશૈલિ છે.

જ્યાં અક્ષરના અનંતમા ભાગનું જ્ઞાન છે તેવા નિગોદમાંથી વ્યવહારરાશિમાં આવેલ અલ્પ છદ્મસ્થ જ્ઞાની જો વીતરાગ પૂર્ણ અનંતજ્ઞાનને પર્યાયમાં પ્રગટ નહિ કરીશું તો વળી પાછા અજ્ઞાનમય અંધકારમય નિગોદની અવ્યવહાર રાશિમાં જવાનો વારો આવી શકતો હોય છે. માટે સાવધાન થવા જેવું છે.

અંતે, **સુખ હોય ત્યાં શાંતિ હોય પણ ખરી અને ન પણ હોય. પરંતુ જ્યાં શાંતિ હોય ત્યાં સુખ જ હોય !** અસુખ ન જ હોય ! આ બધા પ્રશ્નો તો અશાંત કરનારા અને ઉહાપોહ કરાવનારા છે. પ્રશ્નો ઉઠ્યા છે તો તેનું સમાધાન તો શોધશો જ ને ? શોધશો અને જો શોધ સાચી દિશામાં હશે તો સમાધાન સાંપડશે જ ! શોધ જારી રાખશો.

મારા પોતાના ક્ષયોપશમ જ્ઞાન મુજબ સમાધાન કરવાનો આ નમ્ર પ્રયત્ન છે. એ સાચી દિશાનો ને સમાધાન પહોંચાડી નિઃશંક કરનારો હોય તો સારું છે. ન હોય તો જ્યાંથી પણ સમાધાન મળી શકે ત્યાંથી મેળવવા ઉદ્યમી રહેશો અને નિઃશંક જરૂર થશો, નિઃશંક થશો તો નિર્ભય થશો અને પરંપરાએ નિરંજન નિરાકાર પરમાત્મ સ્વરૂપને હાંસલ કરશો. આપ સહ સહુ કોઈનું મારા સહિત આત્મકલ્યાણ થાઓ ! એ જ અભ્યર્થના.

✷ ✷ ✷

૮૦૨, સ્કાય હાઈ ટાવર,
શંકર લેન, માલાડ (પ.),
મુંબઈ-૪૦૦ ૦૬૪.
(મો.) : ૦૯૮૬૯૭૧૨૨૩૮.

## મતમતાંતરનો અખાડો

'પ્રબુદ્ધ જીવન'ના માર્ચ માસના અંકમાં શ્રી શાંતિલાલ સંઘવીનો લેખ વાંચી આનંદ થયો એ બદલ એમને અને તમને પણ લાખ લાખ અભિનંદન પાઠવું છું.

જો કે શ્રી શાંતિલાલભાઈની વાતો ઘણાંને નહિ ગમે પણ આપણે જ્યારે એકવીસમી સદીમાં જીવી રહ્યા છીએ, ત્યારે મનુષ્ય જીવનની સૌથી મહત્ત્વની વસ્તુ 'ધર્મ'ને સમજવાની ખાસ જરૂર છે. આજનો યુવાન વર્ગ જે ધર્મથી દૂર થતો જાય છે, તેનું મુખ્ય કારણ એ જ છે, કે આપણે સમાજમાં ચાલી આવતી માન્યતાઓને પકડી બેઠા છીએ.

શ્રી શાંતિલાલભાઈનો લેખ આજના યુવાન વર્ગને ખાસ વાંચવા યોગ્ય છે.

ચાલો, આપણા મુનિ ભગવંતો અને બૌદ્ધિકો આ લેખ માટે શું અભિપ્રાય આપે છે, તે જોઈએ. આભાર સાથે...

☐ **લક્ષ્મીચંદ દેવજી શાહ**
અગર બજાર, RBSK બોલે રોડ, દાદર,
મુંબઈ-૪૦૦ ૦૨૮. ટેલિ: ૦૨૨ ૨૪૩૧૬૪૪૪

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

ડૉ. મુકેશભાઈ દોશીએ ભાર્ગવના ભણતરની સઘળી જવાબદારી સ્વીકારી લીધી. આજે એન્જિનિયરિંગની માસ્ટર્સ ડીગ્રીનો અભ્યાસ કરતો ભાર્ગવ આ 'પ્રત્યક્ષ દાન'થી પોતાના પગ પર ઊભો રહેવા સક્ષમ બની રહ્યો છે.

**(૮) કલ્પનાબેનની વાસ્તવિક ઉદારતા**

ભૂકંપ પછી ચલ Project અંતર્ગત ૨૦૦ જણાને માસિક સહાય પાંચ વર્ષ સુધી કરવામાં આવી. પાંચ વર્ષ પછી બંધ થતી આ યોજનાથી હું વ્યથિત હતી. અઢારેક એવી વ્યક્તિઓ હતી કે જેમને મદદ બંધ કરી જ ન શકાય. મારી આ વ્યથાને કલ્પનાબેન મોરખિયાએ હળવાશથી હરી લીધી એમ કહીને કે દર મહિને એ જ રીતે M.O. જશે, અને આજે પણ એ કાર્ય યથાવત્ છે. જેમને જોયા પણ નથી એવા અપ્રત્યક્ષ જણ માટેનું આ 'પ્રત્યક્ષ દાન.'

(૯)

**સહારો આપવો તો પૂરો જ**

મધ્યપ્રદેશના ગુનામાં એક યોગ શિબિરાર્થી ભાઈ પોતાની સાથે પગની પીડાથી કણસતા દરજીભાઈને લઈ આવ્યા. મેં કહ્યું, આમાં યોગ થેરાપીથી નહીં ચાલે. સહસાધક સુભાષ સડાના અને ગુલશન દાવરે એ રમેશને સહારો આપ્યો. હું પાંચ-દશ હજારનો ખર્ચ માનતી હતી, પણ ઑપરેશન થયું અને ૮-૧૦ મહિના દવાનો ખર્ચ પણ ખરો. બે થી અઢી લાખના પ્રત્યક્ષ દાનથી એ ભાઈ ચાલતા થઈ ગયા છે.

(૧૦)

**માયાબા સાથે થઈ માયા**

અને છેલ્લે મોટીખાખરમાં તા. ૨૮-૧૦-૨૦૧૩ના વાતોના વડા તળી રહ્યા હતા ને મારાથી રજુઆત થઈ ગઈ. આવતીકાલે દીકરી માયાબાના ઘરે જવું છે અને ગુણવંતીબેને વિગતવાર જાણકારી પૂછી. વાત પૂરી કરું એ પહેલાં મનસુખભાઈએ રૂા. ૨૦૦૦/-, મિઠાઈ-ફરસાણ પકડાવી દીધા. માયાબાને મળીને સાંજે પાછા આવ્યા. ફરી એ જ વાતો...અને મનસુખભાઈની ભીની લાગણીઓ શબ્દોમાં વહી. દર મહિને માયાબાને રૂા. ૧૦૦૦ મોકલીએ! ગુણવંતીબેન અને મનસુખભાઈને 'પ્રત્યક્ષ દાન' આપતા તમે જોતા રહો તોય અજાણ રહી જાઓ કે એઓ ક્યાં ક્યાં દાન કરી રહ્યાં છે!

જીંદગીની મારી યાત્રાને આવા અનેક લોકોએ પોતાની મહેંકથી બાગ-બાગ કરી દીધી છે. નામ, તક્તી કે સન્માન જેવી કોઈ પણ પ્રકારની અપેક્ષા વિના જ્યારે તક મળી ત્યારે તેને ઝડપી લઈ સામેવાળાને મદદ કરી હાથ ખંખેરી ચાલતા થઈ જનાર આવા લોકો મને મળ્યા છે, જેમણે દાનધર્મનો ખરો મર્મ શીખવી દીધો છે. આપણને પણ કુદરત આવી તક આપે ત્યારે આપણું `Re-action' શું હોય છે? એ આપણી જાતને પૂછવા જેવો સવાલ છે! ✷✷✷

૧૨, હીરા ભુવન, વી. પી. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૦.મો.: ૦૯૯૬૯૧૧૦૯૫૮
Email ID : geeta_1949@yahoo.com

✷✷✷

## આચમન

(અનુસંધાન પૃષ્ટ બીજાનું ચાલુ)

*તેથી મને તો એમ લાગે છે કે જ્યારે-જ્યારે હવા ઠંડી ચાલુ થઈ જાય ત્યારે શિયાળો કહેવાય છે; પછી તે દિવસો મહા મહિનાના હોય કે ફાગણ મહિનાના હોય! શિયાળાને ઠંડી હવા સાથે સંબંધ છે, એવું મને લાગે છે.* વાત સાચી હતી શિયાળે ભલે ચતુરાઈથી બંનેને નારાજ ન કરવા માટે આ જવાબ આપ્યો હોય, પણ એક રીતે વિચારતાં આ જવાબ જ સત્યની સૌથી નજીકનો છે.

આ પ્રાણીકથામાં શિયાળની જે ભાષા છે તે પ્રભુ મહાવીરની અનેકાંત શબ્દકોશની ભાષા છે. આમાં આગ્રહનાં દર્શન ન થાય; માત્ર સત્યના જ દર્શન થાય. આ એકાંત નહીં, પણ એનેકાંત કહેવાય છે. તેને ખુલ્લા મનથી સ્વીકારીએ તો સૌથી પહેલો લાભ આપણને થાય અને તે લાભ સંક્લેશ મુક્તિનો લાભ. તેથી આપણા બદ્ધ વિચાર-કોચલામાંથી બહાર નીકળીએ. આપણે સીમામાં બદ્ધ ન હોય એવા વ્યાપક સત્યને (અનેકાન્તને) સમજીએ અને સ્વીકારીએ.

✷✷✷

સૌજન્ય 'પાઠશાળા'

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલું અનુદાન

**'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા કોર્પસ ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦૦૦ | શ્રી ચિમનલાલ કે. મહેતા [વીસ વર્ષ માટે પર્યુષણ પર્વ વિશેષાંકના સૌજન્યદાતા] |
| ૫૦૦૦૦૦ | કુલ રૂા. |

**'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | મંજુલા ચિનુભાઈ એચ. શાહ ટ્રસ્ટ સૌજન્યદાતા એપ્રિલ ૨૦૧૪ |
| ૨૦૦૦૦ | પોપટલાલ જેસિંગભાઈ એન્ડ કું. સૌજન્યદાતા મે ૨૦૧૪ |
| ૨૦૦૦૦ | જાદવજી કાનજી વોરા સૌજન્યદાતા જુન ૨૦૧૪ |
| ૬૦૦૦૦ | કુલ રૂા. |

**દીપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન**

| | |
|---|---|
| ૧૫૦૦૦ | કામધેનુ એગ્રો કેમ ઈન્ડસ્ટ્રીઝ |
| ૧૫૦૦૦ | કુલ રૂા. |

**પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ**

| | |
|---|---|
| ૩૦૦૦ | સોનલ પી. પારેખ |
| ૨૫૦ | દેવીબેન રજનીકાન્ત ગાંધી |
| ૫૦૦૦ | નાનજીભાઈ એચ. શાહ, પુણે |
| ૫૦૦ | શ્રી શાંતિલાલ સંઘવી |
| ૮૭૫૦ | કુલ રૂા. |

**કિશોર ટિંબડિયા કેળવણી યોજના**

| | |
|---|---|
| ૨૫૦ | દેવીબેન રજનીકાન્ત ગાંધી |
| ૨૫૦ | કુલ રૂા. |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૨૫૦ | દેવીબેન રજનીકાન્ત ગાંધી |
| ૨૫૦ | સુંદરજી મંગલદાસ પોપટ, પુણે |
| ૩૦૦૦ | એક ભાઈ તરફથી |
| ૩૫૦૦ | કુલ રૂા. |

**પાર્શ્વનાથ-પદ્માવતી કથા સૌજન્ય**

| | |
|---|---|
| ૧૫૦૦૦૦ | દિવાળીબેન એન્ડ કાલીદાસ એસ. દોશી ચૅરિટેબલ ટ્રસ્ટ |
| ૧૫૦૦૦૦ | કુલ રૂા. |

# મારું જીવન દર્શન

*[ પ્રબુદ્ધ જીવન'ના એક પ્રબુદ્ધ વાચકે પોતાના નામનો ઉલ્લેખ કર્યા વગર, કદાચ આ લેખના લેખકે જ મને કોઈ 'શ્રેયસ' નામના સામયિકમાં પ્રગટ થયેલો આ લેખ મોકલ્યો અને લખ્યું, 'શક્ય હોય તો પ્રસ્તુત લેખ 'પ્રબુદ્ધ જીવન'માં પુનઃ પ્રકાશિત કરીને આભારી કરશોજી.'*

*આ લેખમાં મુંબઈ જૈન યુવક સંઘના 'અભ્યાસ વર્તુળ'નો ઉલ્લેખ છે એટલે આ લેખ હું વાંચી ગયો. તા. ૬-૫-૧૯૮૧માં લખાયેલ લેખ આજે પણ એટલો જ, અક્ષરસઃ ઉચિત છે. આજે પણ આ જ સમસ્યાઓ છે. તો તેંત્રીસ વર્ષ પછી હજી પણ આપણે ત્યાંના ત્યાં જ છીએ ? –***તંત્રી** ]

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૬-૫-'૮૧ની સાંજે ૬-૧૫ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં, અભ્યાસ વર્તુળમાં આપેલું પ્રવચન**

પ્રત્યેક વ્યક્તિનું દર્શન અલગ અલગ હોઈ શકે. આ દર્શન કરવા માટે સ્થૂળ આંખ કરતાં વધુ સૂક્ષ્મ દૃષ્ટિની આવશ્યકતા રહે. છતાં કેવળ દૃષ્ટિથી કામ સરતું નથી! આંખ આગળ પ્રકાશ અને પાછળ આત્મા હોવો જોઈએ! રાતે અંધારામાં આંખ નકામી બને. મુડદાંની આંખ ખુલ્લી હોવા છતાં કંઈ જોઈ શકતી નથી, કેમ કે 'જોનાર' તેમાં હાજર નથી. બીજી બાજુ જોનાર છે, આંખ છે છતાં પ્રકાશ નથી તોયે નકામું. આમ આગળ પ્રકાશ, વચ્ચે ખુલ્લી આંખ અને પાછળ જોનાર હોય તો કામ ચાલે! એ પછીના પ્રશ્નો શું જોવું અને શું ન જોવું ને લગતા ઉપસ્થિત થાય.

મને જે કંઈ દેખાયું છે તે આપની સમક્ષ રજૂ કરતાં અવશ્ય આનંદ થશે. આજે બુધવારે શ્રી સુબોધભાઈએ મને પોતાના અભ્યાસ વર્તુળમાં વિચાર આંદોલનો ઉત્પન્ન કરવાની જે તક આપી તે બદલ તેમનો ઋણી છું. આજે બુધના ગ્રહ કરતાં, ભગવાન બુદ્ધના ગૃહની આપણે વધુ નજીક છીએ કે જ્યાં સત્ય, પ્રેમ અને કરુણા પાયામાં પડ્યાં છે. Let Truth Prevail 'સત્યમેવ જયતે' એ આપણાં દેશનો ધ્યાનમંત્ર હોવા છતાં આપણે સૌથી વધુ બેધ્યાન તેના પ્રત્યે છીએ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ તો સત્યને ઈશ્વર અને ઈશ્વરને સત્ય કહ્યા. સત્યમાંથી જ શ્રદ્ધા અને નિષ્ઠા જેવા પાયાના મહાન ગુણો જન્મે છે, છતાં તે સાપેક્ષ હોઈ શકે. પ્રત્યેક વ્યક્તિ અને સ્થળ-સંયોગનું સત્ય અલગ અલગ હોઈ શકે, માટે તો આપણે સૌ એ ઋતંભરા પ્રજ્ઞાની ઉપાસના કરવાની છે.

ઋત ઉપરથી આપણી ઋતુઓ ઊતરી આવી. કુદરતી નિયમોમાં બાંધછોડને અવકાશ ન હોવા છતાં ત્યાં પણ સુખદ કે દુઃખદ અકસ્માતો તો થાય છે જ, જેમકે વાવાઝોડાં તથા ઠંડી-ગરમીના અતિરેકો. અતિ શબ્દ સમજવા જેવો છે. વર્જ્ય કરવા જેવો છે. શાસ્ત્રોમાં કહ્યું છે તેમ 'અતિ સર્વત્ર વર્જયેત્' અલબત્ત, સ્થૂળ બાબતો માટે પણ. સૂક્ષ્મ બાબતો માટે તો કહ્યું, 'અધિકસ્ય્ અધિકમ્ ફલમ્.' કોઈનું ભલું કરવામાં અતિરેકની મનાઈ નથી, પણ પૈસા દ્વારા ખરીદાતા પદાર્થમાં અતિરેક ન થવો જોઈએ, પણ થઈ રહ્યો છે! પૈસો એક એવી બાબત છે કે તે ગમે તેટલો મળે છતાં માણસ ધરાતો નથી! ભોજનાન્તે જે તૃપ્તિ મળે છે તે પૈસો કમાયા પછી મળતી નથી! આજે પૈસામાંથી સુ-વાસ ચાલી ગઈ છે. ચંચળતા વધી ગઈ છે. પરિણામે સંતોષ અને શાંતિએ સમાજમાંથી વિદાય લીધી છે. ત્યારે બુદ્ધના પ્રેમ અને કરુણા ઉપરાંત મહાવીરની અહિંસાની વાત જ ક્યાં કરવી?

આજે જીવન અને જગતની સમસ્યાઓ ઝડપથી વધી રહી છે. મોંઘવારી માઝા અને મજા મૂકી રહી છે. જીવન દોહ્યલું બની ગયું છે. આવકજાવકના બે પાસાં સરખાં કરતાં નાકે દમ આવી જાય છે. વિચાર આવે છે કે આ 'ભાવવધારો' ક્યાં જઈને અટકશે. આમ તો ભાવ વધે તેમાં કંઈ ખોટું નથી. *ભગવાન બુદ્ધે અને મહાવીરે પણ ભાવ વધારાનું કહ્યું છે, પણ હૃદયના ભાવ.* આજે આપણે ચીજવસ્તુઓના ભાવ વધારી રહ્યાં છીએ. સૂક્ષ્મભાવનું સ્થૂળમાં રૂપાંતર કરી રહ્યા છીએ. પરિણામે, આજે માણસનો આત્મા કચડાઈ રહ્યો છે. આત્મા ઉપર શરીરનું પ્રભુત્ત્વ ઝડપથી વધી રહ્યું છે. પૂર્વ ઉપર પશ્ચિમ સવાર થઈ રહ્યું છે. પાયાના મૂલ્યો પ્રત્યે આંખ આડા કાન થઈ રહ્યા છે.

છેલ્લાં એક અઠવાડિયાથી મુંબઈમાં છું. અનેક માણસોને મળું છું. તેમના જીવનમાં રસ લઉં છું. કોઈ સાચા અર્થમાં સુખી નથી. સૌને પોતપોતાની સમસ્યાઓ છે. ગરીબો અને અમીરો વચ્ચેનું અંતર ઝડપથી વધી રહ્યું છે. એક બાજુ ધનના ઢગ અને બીજી બાજુ કારમી ગરીબીની ખીણ! તેની વચ્ચે મધ્યમવર્ગ ભીંસાઈ રહ્યો છે. ખીણમાંથી પર્વત ઉપર ચઢવાની કેડી સાંકડી છે. ક્રાંતિ નજીક છે. અલબત્ત, મનોજકુમારની ક્રાંતિ જેટલી સ્પષ્ટ રીતે તેને પડદા પર જોઈ શકાતી નથી! પણ કવિ ઉમાશંકરના શબ્દોમાં કહું તો,

*'ભુખ્યાંજનોનો જઠરાગ્નિ જાગશે*
*ત્યારે 'ખંડેર'ની ભસ્મકણી ન લાધશે.'*

આપણી સંસ્કૃતિને ખંડેરમાં ફેરવાતી જતી અટકાવવાના ઉપાયો છે. વ્યાપક રીતે થતી શોષણખોરી અટકાવવી, સ્થૂળ ભૌતિક વસ્તુઓ પ્રત્યેનો મોહ અંકુશિત કરી, અનાસક્તિ કેળવવી. અલબત્ત, તે બોલવા જેટલું સહેલું નથી, તેમ અશક્ય પણ નથી. એને માટે જરૂરી છે : સાચા પાયાના જ્ઞાનની. નહિ જ્ઞાનેન્ સદશં પવિત્રં ઈહ વિદ્યતે! આ જગતમાં જ્ઞાનથી વધુ પવિત્ર ભાગ્યે જ કોઈ ચીજ હોઈ શકે. માટે તો જીવનમાં કર્મ અને ભક્તિ કરતાં પણ વધુ શ્રેષ્ઠ માર્ગ– જ્ઞાનમાર્ગને ગણ્યો. જ્ઞાન–to know. જ્ઞાન એટલે જાણવું. શું જાણવું ? તો કે જે છે તે. જે છે તેને જાણવું. જગતને જાણતાં પહેલાં પોતાની જાતને જાણવી.

ભગવાન ઈસુએ બાઈબલમાં કહ્યું છે તેમ `Know thy Self' તું તારી જાતને ઓળખ. બુદ્ધે કહ્યું, 'આત્મ દીપોભવ' તું તારા દિલનો

દીવડો થા ને ! કેટલું સ-રસ ભજન છે. મંદિરોમાં અને મસ્જિદોમાં તો બહુ દીવા પ્રગટ્યા. હવે આપણે આપણાં અંતરમાં જ્ઞાનદીપ પ્રગટાવીએ જેથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય. આપણે જાણીએ છીએ કે અંધકાર વડે તો આખો ઓરડો ભરાયેલો છે, પણ આપણાં ખિસ્સામાં જે બાક્સમાં પચાસ દીવાસળીઓ છે તેમાંથી ફક્ત એક વાપરીને, આપણા ચિત્તતંત્રની સપાટી ઉપર ઘસવાથી કમસે કમ આપણા ઘરનો અંધકાર તો જરૂર દૂર થશે જ. યાદ રાખીએ કે ઘર સુધાર્યા વિના સમાજ, દેશ કે દુનિયા સુધારી શકાતી નથી. જાતને સુધાર્યા વિના જગતને સુધારી શકાતું નથી. બાકી તો વર્ષોથી જે પ્રક્રિયા ચાલી આવી છે તે ચાલશે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. સ્વર્ગ, પૃથ્વી ને પાતાળ. દેવ, માનવ અને દાનવ. આપણે માનવો કે જે પૃથ્વી ઉપર રહીએ છીએ તે માટે બે માર્ગો ખુલ્લા છે. એક દેવ બનીને સ્વર્ગમાં જવાનો, બીજો દાનવ બનીને નર્કમાં પડવાનો. આપણે એક રસ્તો પકડવાનો છે. એક માર્ગ છે હીરોનો, બીજો વિલનનો. હિરોના માર્ગે હરિ મળશે, જો આપણામાં સાચું હીર હશે તો ! આમેય સમાજમાં હીરો ઓછા હોય છે. વિલનો ઝાઝા. હીરો બનવાની તક મળે એ માટે તો આપણે કેટલી બધી શાળાઓ અને કૉલેજો ખુલ્લી મૂકી છે. શિક્ષણ વધ્યું તેમ સંતો વધવા જોઈતા હતા. પણ ખરેખર તેમ બન્યું છે ? તેથી ઊલટું આજે તો ધર્મને નામે ધતિંગો વધી પડ્યાં છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે. લોકોનો ભગવાં વસ્ત્રોમાંથી વિશ્વાસ જ ડગી રહ્યો છે. કેસરી રંગમાંથી કેસર ઊડી રહ્યું છે. ભગવા રંગમાંથી ભક્તિ ચાલી ગઈ છે. ભગવાનનો સીધો ઉપયોગ (કે કઉપયોગ ?) પેટનો ખાડો પૂરવા માટે થઈ રહ્યો છે. ભગવાનને પણ આપણે લાંચ રૂશ્વત લેતા કરી દીધાં છે. વિદ્યાર્થી મંદિરમાં જઈને પ્રાર્થના કરે છે કે હે ભગવાન જો હું પાસ થઈ જઈશ તો તમને એક નાળિયેર વધેરીશ. આજની પ્રાર્થનામાં પણ અર્થ એટલે કે હેતુની શુદ્ધિ રહી નથી માટે સિદ્ધિ મળતી નથી. પ્રાર્થનામાં પણ સોદાબાજી પ્રવેશી ગઈ છે. ભક્તિ પણ શરતી, હેતુપૂર્વકની થઈ ગઈ છે. ત્યારે વિચારવાનું એ છે કે આમાંથી ઉગરવાનો માર્ગ ક્યાં ?

ચઢવું હંમેશાં મુશ્કેલ હોય છે, પડવું સહેલું. ઉપર ચડવામાં મુશ્કેલીઓ આવવાની જ પણ સાથે સાથે ઉપર ચડવાનો આનંદ, ક્ષિતિજ વિસ્તારવાનો આનંદ, દૂરદૃષ્ટિ કેળવવાનો આનંદ, સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં સરી પડવાનો આનંદ પ્રાપ્ત થાય છે. ભારે દુઃખ એ વાતનું છે કે મુંબઈના Cream ગણાતા, ધનાઢ્ય વિસ્તારોમાં રહેતી વ્યક્તિઓ બાવીસમે માળે રહેતી હોવા છતાં, પોતાના શરીરની ઉપર ચડી મનમાં પ્રવેશી શકી નથી ! આપણે સૌએ શરીરમાંથી નીકળી મન અને હૃદયમાં રહેવા જવાનું છે, કેમ ? તો કે 'મનઃ એવ મનુષ્યાણાં બંધનઃ મોક્ષઃ એવ ચ' એમ કહ્યું. મનમાં જ બંધન અને મુક્તિ વસે છે માટે તો સમાજમાં મનની કેળવણી વધવી જોઈએ. ઈન્દ્રિયો પર, વાસનાઓ પર સંયમ મુકતા શીખવે એ જ સાચી કેળવણી.

કેળવવું એટલે વાળવું. મનને સારી દિશામાં, સાચી દિશામાં વાળવું. અંદરમાં, અંતરમાં વાળવું. વાળીને ત્યાં બેઠેલાં ષડરિપુનો કચરો સાફ કરવો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. આજે ઉપલા ઘરના ગણાતા સમાજમાં કામનું સામ્રાજ્ય વધી રહ્યું છે. તેની પાછળ ચૂપકીદીથી આપણને ખબર પણ ન પડે તેમ ક્રોધ, લોભ, મોહ આદિ પ્રવેશતા રહે છે. ત્યારે આપણું મોઢું પશ્ચિમ તરફ રાખવાને બદલે પૂર્વ તરફ વાળીએ, અસ્તાચળ તરફ જોયા કરવાને બદલે ઉદયાચલ તરફ વળીએ. આપણે ત્યાં શું નથી ? આપણા વેદો, ઉપનિષદો અને પુરાણોમાં શેની ખામી છે ? ફોરેનનો મોહ છોડીએ.

આ બધું કોણ કરશે ? તો કે દેવો. સમાજના ઉપલા થરનું બાકીના અનુકરણ કરે છે. નેતા સુધરશે તો પ્રજા સુધરશે. 'યથા રાજા તથા પ્રજા' સંસ્કૃતમાં કહ્યું છે તેમ.

✶ ✶ ✶

## ભગવાન મહાવીર નિર્વાણ સમયે (ઈ. સ. પૂર્વે ૫૨૬માં) દેખાયેલો ધૂમકેતુ

કોઈ ચોક્કસ સમયે આકાશમાં નિશ્ચિત સ્થાને ધૂમકેતુ દેખાયો હતો એવી વ્યવસ્થિત ખગોળીય નોંધ ભારતીય પ્રાચીન ગ્રંથોમાં ભાગ્યે જ જોવા મળે છે. એવો ઉપરોક્ત કથનનો એક નોંધપાત્ર અપવાદ તે સમયમાં જાણવા મળ્યો હતો.

ભદ્રબાહુસ્વામી રચિત (રચનાકાળ, આશરે ઈ. સ. ૭૦૦-૮૦૦) કલ્પસૂત્ર ઉપરની ઉપાધ્યાય વિનયવિજયજીની ટીકા (પાના નં. ૧૯૨-૧૯૩) મુજબ, સૂત્રો ૧૨૮-૧૨૯માં ઉલ્લેખ છે કે ભગવાન મહાવીરના નિર્વાણ સમયે એમના જન્મનક્ષત્ર–ઉત્તરા ફાલ્ગુનીમાં ભસ્મરાશીગ્રહ(ધૂમકેતુ)એ દેખા દીધી હતી. ભગવાન મહાવીર ૧૯૯૦ વર્ષ થશે ત્યારે બીજો ધૂમકેતુ એમના જન્મનક્ષત્રમાં દેખાશે એવી પણ નોંધ એમાં થઈ છે. ઈ. સ. પૂર્વે ૫૨૬માં આસો સુદ અમાસ (દિવાળી)ની રાતે સૂર્ય-ચંદ્ર સ્વાતિ નક્ષત્રમાં હતા. સૂર્યોદયને ૪ ઘડી (૯૬ મિનિટ) બાકી હતી ત્યારે ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા હતા અને તે સમયે ઉત્તરફાલ્ગુની નક્ષત્રનો પૂર્વક્ષિતિજ ઉપર ઉદય થઈ રહ્યો હતો.

આના સંદર્ભમાં પી. પી. ચોપરાએ 'જૈન જર્નલ' (જાન્યુ. ૧૯૮૫, ગ્રંથ ૧૯, અંક-૩, પાના નં. ૬૬-૭૪)માં એક શોધનિબંધ રજૂ કર્યો છે. તેમનો મત એવો છે કે આ ધૂમકેતુ તે બીજો કોઈ નહીં પણ હેલીનો ધૂમકેતુ જ હતો. તેમણે આ ધૂમકેતુનો આવર્તનકાળ ૭૬.૧ વર્ષ જ ધાર્યો હતો. તે મુજબ ઈ. સ. પૂર્વે ૫૨૬ થી માંડીને ઈ. સ. ૧૯૮૬ સુધીના લગભગ ૨૫૧૨ વર્ષો દરમિયાન આ ધૂમકેતુનાં ૩૪ આવર્તનનો પૂરાં થયા છે અને એ માન્યતા સાચી ઠરી હતી કારણ કે વર્ષ ૧૯૮૬માં હેલીનો ધૂમકેતુ દેખાયો હતો. ધૂમકેતુઓના પુનરાગમનોની હારમાળાને ઈ. સ. પૂર્વે ૫૨૬ સુધી લંબાવવામાં ધૂમકેતુ દર્શન અંગેની આ ભારતીય નોંધ કારણભૂત થઈ હતી.

સૌજન્ય : વિજ્ઞાન દર્શન-અંક ૪૨૬

# અ...વ...સ...ર

(૧)

**હસ્તપ્રતવિદ્યાના યુનિવર્સિટી માન્ય કોર્સનો સમાપન-સમારોહ**

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી અને ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવનના ઉપક્રમે હસ્તપ્રતવિદ્યાના છ મહિનાના સર્વ પ્રથમ ગુજરાત યુનિવર્સિટી માન્ય કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સમાં અભ્યાસીઓ, નિવૃત્ત અધ્યાપકો, સંશોધકો, હસ્તપ્રતના કાર્ય સાથે જોડાયેલાં યુવાનો, સંસ્કૃત, પ્રાકૃતના કાર્યરત અધ્યાપકો તથા વિવિધ સંસ્થાઓના આશરે ૬૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા અને વીસથી વધારે તજજ્ઞોએ વિદ્યાર્થીઓને અધ્યયન તથા પ્રત્યક્ષ તાલીમ આપી હતી.

આ સમારોહના પ્રમુખ તરીકે શ્રી મધુસુદન ઢાંકી, મુખ્ય મહેમાન તરીકે શ્રુતભવન, કાત્રજ, પૂણેના શ્રી ભરત શાહ, શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રના શ્રી મુકેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે અતિથિવિશેષ તરીકે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ટ્રસ્ટી ડૉ. કુમારપાળ દેસાઈ, ભો. જે. વિદ્યાભવનના કાર્યકારી નિયામક શ્રી આર. ટી. સાવલિયા અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. બળવંત જાની ઉપસ્થિત રહ્યા હતા.

હસ્તપ્રતવિદ્યાના સર્ટિફિકેટ અર્પણ કરવાના સમાપન સમારોહનો પ્રારંભ શ્રી અલ્પાબહેન શાહની પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ત્યારબાદ શ્રી આર. ટી. સાવલિયાએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે, આ કોર્સને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. યુનિવર્સિટીની માન્યતા, અભ્યાસક્રમ નક્કી કરવા જેવા કઠિન કામો પણ પાર પડી શક્યા તેનો આનંદ છે.

શ્રી મુકેશભાઈ શાહે તેમના વક્તવ્યમાં કહ્યું કે આ કોઈ સામાન્ય ઘટના નથી, વિદ્યાજગતની અતિ વિશિષ્ટ ઘટના છે. હસ્તપ્રત આપણી આગવી ઓળખ છે, જેમને તમે ઉજાગર કરી છે. આ એક આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિ બની રહેશે અને શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા આમાં તાલીમ પામેલા વિદ્યાર્થીઓને યોગ્ય મહેનતાણું આપીને એમની સેવા લેવા ઉત્સુક છે.

શ્રી ભરતભાઈ શાહે જણાવ્યું કે આ કામ કોઈ એકનું નથી. બધાના સહકારથી જ એ થઈ શકે અને તે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીએ કરી બતાવ્યું છે. વળી આ કામની કોઈ સમય મર્યાદા નથી, જિંદગીપર્યંત ચાલે એવું કામ છે. ટેકનોલોજીના વર્તમાન સમયમાં વિદ્વાનો ઘરે રહીને પણ આ કામ કરી શકે એવી સુવિધા ઉપલબ્ધ છે અને જેઓ આ કામ કરવા ઈચ્છે તેને અમે કામ આપવા કટિબદ્ધ છીએ.

આ સમારોહમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી-લંડનના શ્રી વિનયભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (લંડન) દ્વારા ચાલતા જૈનપીડિયા, ઈન્ટરફેઈથ અને ઍજ્યુકેશન લેક્ચર અંગે વાત કરી. એમણે એમ પણ જણાવ્યું કે ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (ભારત) દ્વારા થયેલું આ કાર્ય અનુમોદનીય છે.

શ્રી કુમારપાળ દેસાઈએ એમના વક્તવ્યમાં જણાવ્યું કે હસ્તપ્રતિવિદ્યાના આ કોર્સની સફળતા માટે ઘણી વ્યક્તિઓ અને સંસ્થાઓના સહયોગ પ્રાપ્ત થયો છે. એમણે હસ્તપ્રતોના અભ્યાસનું સાહિત્યિક, સામાજિક, આધ્યાત્મિક અને શાસ્ત્રીય મહત્ત્વ સમજાવીને ભવિષ્યમાં આને ભારતવ્યાપી સ્વરૂપ આપવાની યોજના દર્શાવી હતી. વળી આ વિદ્યાર્થીઓએ માત્ર અભ્યાસ કર્યો એટલું જ નહીં, હસ્તપ્રતોને ઉકેલવાનું પ્રેકટિકલ કાર્ય પણ કર્યું છે.

ડૉ. બળવંત જાનીએ કહ્યું કે આ કાર્યમાં નિપુણતા મેળવી અન્ય સંસ્થા સાથે જોડાઈ કાર્ય થશે, ત્યારે અપ્રાપ્ય હસ્તપ્રતોના સંપાદન દ્વારા મહત્ત્વનું કાર્ય થશે. વધુમાં તેઓએ એમ પણ જણાવ્યું કે પૂજાકાવ્યોની સાથે સ્વરાંકન યાદી હોય તો યોગ્ય રીતે તેને ગાઈ શકાય. આપણો વારસો કોઈપણ ભોગે સચવાવો જોઈએ.

શ્રી મધુસુદન ઢાંકીએ આશીર્વચન આપતાં જણાવ્યું કે સમાજમાં આવા કસબીઓ-જાણકારોની જરૂર છે. આવા પ્રયત્નોથી ખાલીપો ભરાશે એવી આશા છે. જૈનો પાસે ભંડારોની વ્યવસ્થા હોવાથી હસ્તપ્રતો સચવાયેલી છે, જેમાંનું ઘણું અપ્રકાશિત સાહિત્ય છે તે બહાર આવે તે જરૂરી છે.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ડૉ. નલિનીબહેન દેસાઈએ કર્યા.

(૨)

**આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરિજી લિખિત પુસ્તક 'ત્યાગાચે વૈભવ'નો વિમોચન સમારોહ**

પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી મ. જૈન દર્શન અને સાહિત્યના સુવિખ્યાત વક્તા અને લેખક છે. તેઓશ્રી લિખિત પુસ્તક 'ત્યાગનો વૈભવ' ગુજરાતી પુસ્તકનું મરાઠીકરણ સ્થાનકવાસી સંઘના વિદૂષી સાધ્વી ડૉ. પુણ્યશીલાજી મહાસતીજીએ કર્યું છે. આ 'ત્યાગાચે વૈભવ' પુસ્તકનું વિમોચન પ્રવચન પ્રભાવક શ્રી ગૌતમમુનિ મ. તથા ઉપપ્રવર્તીની શ્રી શાંતાકંવરજી તથા ડૉ. સાધ્વીશ્રી પુણ્યશીલાજી મહાસતીજી આદિની નિશ્રામાં તા. ૨-૩-૧૪, રવિવાર, સવારે ૯ કલાકે શ્રી ધુલિયા જૈન સંઘ (સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગલી નં. ૨) (મહારાષ્ટ્ર)માં જૈન અગ્રણી અને જૈન શ્વેતાંબર સ્થાનકવાસી કૉન્ફરન્સના મહામંત્રી ડૉ. અશોકભાઈ પગારીયાના હસ્તે થયું હતું. શ્રી આનંદ ઉજ્જવળ ધર્મ ચેરિટેબલ ટ્રસ્ટ (ઈગતપુરી) તરફથી પ્રકાશિત થયેલા આ પુસ્તકમાં આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજીની ૧૯ નવલિકાઓનું મરાઠી ભાષાંતર વાંચવા મળે છે.

✷ ✷ ✷

# રે પંખીડા...

**❑ સૂર્યકાંત પરીખ**

ફેબ્રુઆરી-૨૦૧૪ના અંકમાં બહેન મીરાંબહેન ભટ્ટનો જે લેખ છે, તે લેખ વાંચતા મને એમ લાગ્યું કે, મારે કેટલીક વાતો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો પાસે મૂકવી જરૂરી છે.

મીરાંબહેનના લેખનું મધ્યબિંદુ વૃદ્ધાવસ્થા અને એકલતા છે, જે અંગે મેં વૃદ્ધાવસ્થાને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં વૃદ્ધાશ્રમો અંગે વિગતો ભેગી કરીને આજથી ૩-૪ વર્ષ પહેલાં એક ચોપડી તૈયાર કરી જેમાં બધા વૃદ્ધાશ્રમોની માહિતી આપી. એ માહિતીમાં વૃદ્ધાશ્રમો ક્યાં છે, કોણ ચલાવે છે, કોને તેમાં પ્રવેશ મળે છે, તેમાં રહેનારાઓને આર્થિક રીતે શું આપે છે, અથવા તો તે વિનામૂલ્યે છે, વૃદ્ધ લોકોની જરૂરીયાતો શું છે, વિગેરે અનેક બાબતો આવી જાય છે. આ મારા પ્રકાશન પછી મુંબઈના બોરીવલી પાસે રહેતા શ્રી કુલીનકાંત વોરાએ મારો સંપર્ક કર્યો, અને એમની ઈચ્છા બધા વૃદ્ધાશ્રમોને જોવાની થઈ.

એ પહેલાં મેં એ કામ કર્યું કે, અમદાવાદના એક જાહેર હૉલમાં વૃદ્ધાશ્રમો અને તેની જીવનમાં અગત્ય તે વિષય ઉપર એક ભાષણ રાખ્યું તેમાં જે લોકો સારા વૃદ્ધાશ્રમો ચલાવે છે તેમને ઈનામો આપ્યા. અને એ રીતે આ વિચારને જાહેરમાં ચર્ચાનો વિષય બનાવ્યો. પરિણામ એ આવ્યું કે, કેટલાંકે પોતાની મેળે જ વૃદ્ધાશ્રમોની મુલાકાત લઈને તે કેવા હોવા જોઈએ, અને અત્યારની જરૂરત પ્રમાણે નિત્ય તેની માંગ વધી રહે છે તે બાબત પરત્વે ધ્યાન દોર્યું.

બે મહત્ત્વની બાબત તેમાં ઉપસી આવી. એક તો આધુનિક સગવડોને કારણે સામાન્ય માણસના જીવનની મર્યાદા વધતી ગઈ છે અને પહેલાં ૪૫-૫૦ વર્ષની આવરદા મૃત્યુપ્રમાણ હતું, તેને બદલે આજે લોકો ૬૦-૬૫ વર્ષ સુધી જીવતા થયા છે અને એ રીતે વૃદ્ધ લોકો વધતા જાય છે.

બીજી તરફથી શહેરો વધતા, જે વૃદ્ધો થયા છે તેમના સંતાનોમાંથી કેટલાંક લોકો વૃદ્ધોને સાથે રાખે છે, કેટલાંક લોકો સાથે નથી રાખતા. વૃદ્ધોને ૬૦ વર્ષ પછી શું કામ કરવું એની પણ મૂંઝવણ હોય છે. ઘરમાં કેવી રીતે મદદરૂપ થવું, તેની પણ મૂંઝવણ થાય છે. દીકરા સાથે સારું બનતું હોય, પણ પુત્રવધૂ સાથે સારું બનતું ન હોય, એવી પણ બાબતો બહાર આવી છે. તે ઉપર લેખો પણ લખાય છે અને લોકો વૃદ્ધાશ્રમો બાંધવા માટે દાનો પણ આપતાં હોય છે.

આ બાબતમાં અદ્યતન સુવિધાવાળા વૃદ્ધાશ્રમો વધતાં જાય છે. કેટલાંક વૃદ્ધાશ્રમોમાં એરકન્ડીશન રૂમ પણ હોય છે. જેમાં પતિ-પત્ની ૭૦-૭૫-૮૦ વર્ષના પોતાના સંતાનો સાથે રહેવાને બદલે વૃદ્ધાશ્રમોમાં રહેતા હોય છે. આ બાબત ઘટતી નથી, પણ વધતી જાય છે. કેટલાંક વૃદ્ધો એવા છે કે, જેમની પાસે નિવૃત્તિ પછી પોતાના પૈસા પણ છે, એટલે તેઓ આવા વૃદ્ધાશ્રમોમાં બધી સગવડ હોય પછી ભલે મહિને ૫ થી ૧૫ હજાર સુધી આપવા પડે તેની તૈયારી સાથે વૃદ્ધાશ્રમોમાં રહેતાં હોય છે.

મીરાંબહેનની એક વાત સાચી છે કે, મોટી ઉંમરના પતિ-પત્નીમાંથી એકનું અવસાન થાય તો તેમને એકલતા તો આવે જ છે, તેને આવકારવી પણ પડે છે અને જીવનને પોતાના સંતાનો સાથે ગોઠવવું પડે છે. સમાજની આ વાસ્તવિકતા હોવાથી તેના ઉપાયો શું ? અને મોટી ઉંમરના એટલે કે ૭૦ વર્ષની જે લોકોની ઉંમર છે પછીનું જીવન કેવી રીતે ગાળે તેનું ચિંતન પણ સતત ચાલતું રહે છે.

મારા બહુ નજીકના મિત્રોનું જે જીવન હું જાણું છું. જેઓ ૭૫–૮૦ વર્ષની વચ્ચેના છે. સંતાનો સાથે રહેવાનું ફાવતું નથી. એટલે વૃદ્ધાશ્રમોમાં રહેવા ગયા છે. જ્યાં બધી જ સગવડો મળે છે, પણ છતાંય પોતાના એકલાપણાનો એમને અનુભવ થાય છે.

બીજું પણ નિરીક્ષણ એવું છે કે, પુરુષો કરતાં સ્ત્રીઓની સહનશક્તિ ઘણી હોય છે. જેઓ એકલા રહે છે તેઓ પુરુષો કરતાં વધુ પ્રમાણમાં એકલા હોય તો પણ તેઓ તે સહન કરે છે. પણ એક વાત સત્ય છે કે, એકાંતમાં રહેવાની ટેવ પાડવી એ આધુનિક યુગનું આપણને પ્રદાન છે.

થોડું અંગત રીતે જણાવું કે, મારી ૮૭ વર્ષની ઉંમરે મેં મારા જીવનસાથીને ગુમાવ્યા ત્યારે ૫૭ વર્ષના મારા લગ્ન જીવનને કારણે અમારું એકત્વ ઘણું હતું. જેથી મને બહુ જ અત્યંત દુઃખનો અનુભવ થયો, પરંતુ હું મારા સામાજિક કામોમાં પૂરેપૂરું ધ્યાન આપતો હતો, તેને કારણે મારું એકલાપણું જીરવી શક્યો અને હજી જીરવી રહ્યો છું. મારા દાખલા પરથી એમ લાગે છે કે જેઓ ૬૫-૭૦ વર્ષથી વધારે લાંબુ જીવતા હોય છે તેમણે કોઈક ને કોઈક સામાજિક કામમાં પ્રવૃત્ત રહી તેને સમય આપવો સારો છે. એવી ટેવને કારણે એકલાપણું થોડું ઓછું લાગશે.

હું ઈચ્છું કે, આ બાબત અંગે અન્ય વાંચકો પણ આ વિષય ઉપર લખે, કારણ કે આ વિકસતા જતા સમાજમાં મનુષ્યનું આયુષ્ય લંબાતું ગયું તેથી ઉપરનાં મુદ્દાઓ બહુ મહત્ત્વના બની રહે છે, તેની ચર્ચા-વિચારણા થાય તો તેમાંથી માર્ગ પણ નીકળે. મીરાંબહેન ભટ્ટે જે લેખ લખ્યો, તે લેખને કારણે મેં જે મારા પ્રતિભાવ આપ્યાં, તે કારણસર ફરીથી આ બાબત ઉપર બીજા લોકો પણ લખે તેમ હું ઈચ્છું છું.

✱✱✱

એ-૨, મનાલી એપાર્ટમેન્ટ, ડૉ. વી. સારાભાઈ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મોબાઈલ : ૦૯૮૯૮૦૦૩૯૯૬

# માનવ મનની અદ્ભુત શક્તિ

❑ શશિકાંત લ. વૈદ્ય

સંસ્કૃત ભાષાને દેવભાષા કહેવામાં આવે છે. આ ભાષા ખૂબ સમૃદ્ધ છે અને આ ભાષામાં લખાયેલું સાહિત્ય અને શાસ્ત્ર પણ ખૂબ સમૃદ્ધ છે. આજના કૉમ્પ્યુટર યુગમાં પણ આ ભાષાને– વૈજ્ઞાનિકો સંપૂર્ણ ભાષા કહે છે અને તેનો સ્વીકાર પણ મુક્તમને કરે છે. આજે જ્યારે 'ગ્લોબલ વોર્મિંગ' પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે ત્યારે સૃષ્ટિના વાતાવરણમાં જે કંઈ પરિવર્તન જોવા મળે છે તે માટે કુદરત કે પ્રકૃતિ કરતાં માણસ જ અને તેનું લોભી મન જ જવાબદાર છે-જેણે આ પરિસ્થિતિનું સર્જન કર્યું છે. જોકે આજે જે કંઈ ચર્ચા કરવાની છે તે 'માનવ મન' પર કરવાની છે–જે 'મન' આપણાં બધાં પ્રશ્નોનું સર્જન કે નિરાકરણ પણ, શાંતિથી કરે છે. આ માટે મનને કેળવવું પડે છે, કારણ કે તે મૂળભૂત રીતે ખૂબ ચંચળ છે. તેની સરખામણી તોફાની માંકડા સાથે કરવામાં આવે છે–તે અસ્થિર છે, સ્વભાવે. એક વખત જો તમે કોઈ સ્વર્ગભૂમિ જેવા પ્રદેશમાં ગયા હો, તો તમે કોઈવાર તેનો વિચાર કરશો તો તે સ્વર્ગભૂમિ તમારી સમક્ષ ખડી થઈ જશે. વીજળીના પ્રવાહ કરતાં પણ તેની ગતિ વધુ જોવા મળે છે! એટલે જ યોગીઓ આત્મિક વિકાસ માટે યોગ દ્વારા–તેના નિયમ દ્વારા, (યોગ દ્વારા) મનને સ્થિર કરે છે. મહર્ષિ અરવિંદ, રમણ મહર્ષિ અને મા આનંદમયીના જીવન પરથી આનો ખ્યાલ આવે છે. આપણાં પરમપિતા સર્જનહાર પરબ્રહ્મ પરમાત્માએ બ્રહ્માંડનું સર્જન કર્યું. જગત કે વિશ્વના કારણરૂપ મૂળભૂત રીતે આ 'બ્રહ્મ' જ છે. આ 'બ્રહ્મ' મૂળભૂત સ્વરૂપે સનાતન અને શાશ્વત પણ છે. શાસ્ત્રમાં આના સંદર્ભમાં ખૂબ સુંદર શ્લોક છે જેમાં બ્રહ્મનું શાબ્દિક શબ્દ ચિત્ર દોર્યું છે. આ રહ્યો તે શ્લોક

नमस्ते सते ते जगत्कारणाय नमस्ते चित सर्वभ्येश्रयाय ।

नमोऽद्वैततत्त्वाय मुक्तिप्रदाय नमो ब्रह्मणे व्याधिने शाश्वताय ।।

**અર્થ :**- જગતના કારણરૂપ, સર્વ લોકોના આશ્રય એવા ચેતન-સ્વરૂપને નમસ્કાર હો. મુક્તિ આપનાર, અદ્વૈત તત્ત્વને અને સર્વ વ્યાપક એવા સનાતન બ્રહ્મને નમસ્કાર હો. યાદ રહે કે પ્રાણી માત્રનો પરમપિતા આ બ્રહ્મ જ છે જેણે આ સમગ્ર બ્રહ્માંડનું સર્જન કર્યું છે. તેના એક અંશ સ્વરૂપ આપણે–માનવ સ્વરૂપે, બધાં પ્રાણી કરતાં માણસ શ્રેષ્ઠ પ્રાણી જ છે. કારણ તેની બુદ્ધિશક્તિ, બધા કરતાં વિશિષ્ટ છે. બુદ્ધિના કારણે તે વિચારી શકે છે–સારું-નરસું વિચારી શકે છે અને તે વચ્ચેનો ભેદ પણ સમજી શકે છે. અને આ વિચારવામાં આપણું મન જ કાર્ય કરે છે. મન જ વિચારવાનું કાર્ય કરે છે. તત્ત્વચિંતક કહે છે આપણું મન માપ વિનાનું છે. તેનો વ્યાપ ખૂબ લાંબો છે...જેનો કોઈ છેડો જ નથી. પાતંજલ યોગ સૂત્રનું એક ખૂબ પ્રચલિત સૂત્ર છે–'ચિત્તવૃત્તિ નિરોધઃ યોગઃ।' ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો એ જ યોગ છે. યોગીઓ ચિત્તને શાંત કરવા જ યોગ દ્વારા (તેના નિયમન દ્વારા) મનને શાંત કરે છે. યાદ રહે કે આપણાં સુખદુઃખનું કારણ જ મન છે. તત્ત્વચિંતક જે. કૃષ્ણમૂર્તિ કહે છેઃ 'સરસ મન સ્વચ્છ મુક્ત મન છે. જ્યારે આપણે કોઈપણ પૂર્વગ્રહ વિના મુક્ત રીતે મનથી વિચારીએ ત્યારે જ તે તટસ્થ ચિંતન કહેવાય. આવા ચિંતનનું આગવું મૂલ્ય છે. કોઈ સફળ શિક્ષક જ્યારે તેના વિદ્યાર્થીને કોઈ પ્રશ્ન અંગે તટસ્થ રીતે વિચારવાનું કહે અને તેને સ્વતંત્ર રીતે નિર્ણય લેવાનું સૂચવે–તેવી રીતે જ, તે યોગ્ય કહેવાય. કૃષ્ણ અર્જુનનો વિષાદ દૂર કરીને અંતે કહે છે, પૂછે છેઃ 'હે પાર્થ! આ ઉપદેશ-ગીતા જ્ઞાન- તેં એકાગ્રચિત્તે સાંભળ્યો? અને હે ધનંજય! એથી તને અજ્ઞાનથી થયેલો મોહ સારી રીતે નાશ પામ્યો? ત્યારે અર્જુન કૃષ્ણને કહે છે કે-'હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે, અને મેં (સ્વધર્મકર્મ-આત્મજ્ઞાન આદિની) સ્મૃતિ મેળવી છે; (હવે) સંશયરહિત થઈ હું ઊભો છું અને આપના વચન પ્રમાણે કરીશ. (અ. ૧૮, શ્લોક-૭૨-૭૩). એક નિષ્ઠાવાન અને સફળ શિક્ષક બધું સમજાવીને વિદ્યાર્થીને કહે છે કે શું તમે સમજ્યા? આ રીતે મનમાં જે ગૂંચવાડો હતો તે દૂર થયો અને આત્મજ્ઞાન થયું. ગીતાજી (શરીરથી) ઈન્દ્રિયોને પર કહે છે, ઈન્દ્રિયોથી મન પર છે, મનથી બદ્ધિ પર છે અને બુદ્ધિથી પણ જે પર (મહાન) છે, તે આત્મા છે. (અ. ૩ શ્લો. ૪૨) આત્માને ગીતાજી અને શાસ્ત્રો સર્વશ્રેષ્ઠ કહે છે. આપણું અંતિમ લક્ષ–આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. પવિત્ર ગંગા ગંગોત્રીથી નીકળી, તેનો પ્રવાહ અંતે ગંગાસાગરમાં ભળી જાય અને તે મહાસાગરમાં એકરૂપ બને તે રીતે આપણાં જીવનનું પણ અંતિમ લક્ષ પ્રભુમય જીવન જીવીને, આત્મનિષ્ઠ થઈને પરમ જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. આ માટે જ મનને કેળવવું જોઈએ. ઈન્દ્રિયોને વશ કરવાની છે અને આ માટે યોગીઓ 'યોગ'ના નિયમો પાળીને ઈન્દ્રયોને વશ કરે છે. આવા યોગીઓની બુદ્ધિ સ્થિર થાય છે. આવા સાધકો–યોગીઓ રાગદ્વેષ રહિત હોય છે અને તેઓ સદાય પ્રસન્ન હોય છે–કોઈ પણ સ્થિતિમાં. મન પર કાબૂ મેળવ્યા પછી જ સંયમપૂર્વક આગળ વધાય છે અને આત્મનિષ્ઠ થવાય છે અને અંતિમ ધ્યેય છે, સ્વને પામવાનું, તે સિદ્ધ થાય છે. જો દૃઢ મન થાય અને મન પર કાબૂ પ્રાપ્ત થાય તો જ આ શક્ય બને છે. યાદ રહે કે જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે મગજ વિચારનું આસન છે. વિચાર મનમાં જન્મે છે. એક સારો વિચાર વ્યક્તિનું જીવન બદલી શકે છે. માનનીય અન્ના હજારે દિલ્હીના સ્ટેશન પર બેઠા હતા અને એમના મનમાં આત્મહત્યાનો વિચાર આવ્યો. એમણે બુક સ્ટોલ પરથી સ્વામી વિવેકાનંદનું પુસ્તક લીધું અને વાંચ્યું અને આત્મહત્યાનો વિચાર ઉડી ગયો અને પછી તેમનું ખરું જીવન શરૂ થયું. આ શક્તિ છે સારા વિચારની–જે મનને પ્રભાવિત કરે છે

✶✶✶

૫૧, 'શિલાલેખ' ડુપ્લેક્ષ, અરુણોદય સર્કલ પાસે, અલકાપુરી, વડોદરા-૩૮૦૦૦૭

# જયભિખ્ખુ જીવનધારા : ૫૯

**❑ ડૉ. કુમારપાળ દેસાઈ**

*[ કલમને ખોળે જીવવાનું જીવનવ્રત અને ભાવકને મૂલ્યનિષ્ઠ સાહિત્ય આપવાનું ધ્યેય ધરાવનાર જયભિખ્ખુએ એમના સાહિત્યસર્જન અને પત્રકારત્વ દ્વારા આગવું પ્રદાન કર્યું. સાહિત્યની માફક પત્રકારત્વમાં પણ એમણે એમની પ્રવાહી, વિશિષ્ટ ગદ્યશૈલી દ્વારા માનવતા, રાષ્ટ્રપ્રેમ, નારીગૌરવ અને ધર્મઐક્યની ભાવનાઓ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો. પરિણામે એમને મળેલી વ્યાપક લોકચાહનાની વાત કરીએ આ ૫૯મા પ્રકરણમાં. ]*

## રાજા જેવું માન ને શ્રીમંત જેવું સુખ

એ પરમ આશ્ચર્યની ઘટના કહેવાય કે ગુજરાતના એક સર્જકને કૉલકાતાના ગુજરાતી સમાજે પોંખવાનું નક્કી કર્યું. ગુજરાતથી આટલે દૂર કૉલકાતા સુધી જયભિખ્ખુની કલમસુવાસ ફેલાયેલી હતી. કોઈને એમની બોધપ્રદ કથાઓ પસંદ હતી, તો કોઈને એમના ચરિત્રોમાં અવગાહન કરવું પસંદ પડતું હતું. કોઈ એમની નવલકથાઓના શોખીન હતા, તો કેટલાક એમની શૈલી અને છટાના દિવાના હતા. જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિ ઊજવવાનો વિચાર થયો, ત્યારે જુદાં જુદાં શહેરોમાં વસતા એમના પરિચિતો અને ચાહકોએ એનો પ્રારંભ પોતાના શહેરમાંથી કરવાનો આગ્રહ સેવ્યો. અમદાવાદ, મુંબઈ અને કૉલકાતાએ જયભિખ્ખુના સાહિત્યિક જીવનને બિરદાવવા માટે કાર્યક્રમ યોજવાનું વિચાર્યું. સહુએ વિચાર કર્યો કે જયભિખ્ખુ ભલે અંગત રીતે કશું સ્વીકારે નહીં, પરંતુ આપણે સાથે મળીને રંગેચંગે એમની સરસ્વતી સેવાનો સાહિત્યોત્સવ તો ઉજવી શકીએ ને !

છેક કૉલકાતામાં વસતા સાહિત્યરસિકો અને ગુજરાતીઓએ જયભિખ્ખુનું અભિવાદન કરવાનો વિચાર કર્યો. ષષ્ટિપૂર્તિ સમારોહ આયોજન સમિતિની રચના થઈ. સહુએ ઉત્સાહપૂર્વક આ કાર્ય ઉપાડી લીધું. ષષ્ટિપૂર્તિ સમારોહના પ્રમુખ એવા એ સમયના કૉલકાતાના જાહેરજીવનના અગ્રણી શ્રી મણિલાલ વનમાળીદાસ શેઠે આયોજન માટે અતિ ઉત્સાહ દાખવ્યો. આનું કારણ એ હતું કે વનમાળીદાસ શેઠે જયભિખ્ખુએ લખેલું 'ભગવાન મહાવીર'નું ચરિત્ર વાંચ્યું હતું અને એમની શૈલીથી અતિ પ્રભાવિત અને પ્રસન્ન હતા. એમણે અને સહુ સાથીઓએ જાદુવિદ્ શ્રી કે. લાલના માર્ગદર્શન હેઠળ જયભિખ્ખુનો ઉમળકાભેર સત્કાર કરવાનું નક્કી કર્યું. ભારે ઉષ્માથી શ્રી મણિલાલ શેઠે 'ભલે પધાર્યા' એ શીર્ષક હેઠળ બંગાળની સાહિત્યભૂમિમાં સ્વાગતની ભાવના વ્યક્ત કરતાં લખ્યું.

*'સ્વ. આચાર્ય પુંગવ વિજયધર્મસૂરીશ્વરજી સ્થાપિત સંસ્કૃત વિદ્યાલયના તેજસ્વી વિદ્યાર્થી જયભિખ્ખુ ભલે પધાર્યા.*

*પૂર્વ આરાધનાના પ્રતાપે પ્રાપ્ત થયેલ શક્તિ-બુદ્ધિનો સાહિત્યક્ષેત્રે સદ્વ્યય કરનાર જયભિખ્ખુ ભલે પધાર્યા.*

*આબાલ-વૃદ્ધ સૌ એક જ હરોળમાં મીઠાઈથી પણ મીઠી રસવતીનું યથેચ્છ આસ્વાદ કરી શકે એવું પીરસનારા ભલે પધાર્યા.*

*થોડામાં ઘણું કહી નાખે એવા સારગર્ભિત, ટૂંકાં પણ ટંકશાળી, દિવાલમાં આલેખવા જેવાં, સૌ કોઈ સમજી શકે, માણી શકે એવા સુવાક્યો સંસ્કારી ગુર્જરગિરામાં વ્યક્ત કરનાર શિલ્પી જયભિખ્ખુ ભલે પધાર્યા.*

*આસન્ન ઉપકારી, પરમતારક, ચરમતીર્થપતિ ભગવાન મહાવીરનું આદર્શમય, હિતકારક કલ્યાણકારી ચરિત્ર અજોડ શૈલીમાં ઉતારનાર જયભિખ્ખુ ભલે પધાર્યા.*

*જ્ઞાન સાથે ગમ્મત છતાં જીવનનો ઊર્ધ્વગામી આદર્શ બતાવતી ચઢવાની નિસરણી સમાન ટૂંકી કથાઓની શ્રેણી પ્રગટ કરનાર જયભિખ્ખુ, તમે ભલે પધાર્યા.*

*કર્મ કર્યાથી કર્મ બંધાય છે, કર્મ કર્યાથી કર્મ તૂટે છે, નિષ્કામ થવું એ નિષ્કર્મ થવાનો મહાન માર્ગ છે. જૈન ધર્મનું પ્રાણભૂત તત્ત્વ હોય તો તે કર્મ છે. અંતરાય કર્મ નિવારણ અષ્ટપ્રકારી પૂજામાં આ બિના સચોટપણે સમજાવનાર જયભિખ્ખુ ભલે પધાર્યા.'*

કૉલકાતાની પ્રજામાં જાણીતા અને છેક ૧૯૨૨માં કૉલકાતાથી 'નવચેતન' સામયિકનો પ્રારંભ કરનાર એના તંત્રી શ્રી ચાંપશીભાઈ ઉદ્દેશીએ કૉલકાતાને આ સાહિત્યકારના વ્યક્તિત્વ અને કૃતિત્વનો પરિચય આપતો 'જીવનમાંગલ્યનો પુરસ્કર્તા સાહિત્યકાર' લેખ લખ્યો.

આ રીતે કૉલકાતામાં ષષ્ટિપૂર્તિ ઉજવણીના વિચાર સાથે જ જયભિખ્ખુને તદ્દન ભિન્ન એવા ઉમળકાનો અનુભવ થયો. જીવનભર સંઘર્ષ ખેડનાર અને પારકાને કાજે જાત ઘસી કાઢનારને પોતાને ચાહનારાઓના નિર્વ્યાજ સ્નેહને જોઈને આશ્ચર્ય સાથે આનંદ થયો. કૉલકાતાના અગ્રણી કાર્યકર અને સાહિત્યરસિક એવા શ્રી નરેન્દ્રભાઈ શેઠ અને મૂક કાર્યકર શ્રી નગીનદાસ મહેતાએ ખભેખભા મિલાવીને કામ કર્યું. આને માટે કૉલકાતામાં શ્રી જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સમારોહ સમિતિની રચના કરવામાં આવી. ૧૯૩૨માં ચાંપશીભાઈ ઉદ્દેશી દ્વારા સ્થપાયેલા ગુજરાતી સાહિત્યમંડળ અને સં. ૧૯૫૨માં સ્થપાયેલા શ્રી ગુજરાત મિત્ર મંડળ જેવી બે અગ્રણી સંસ્થાઓએ કાર્યક્રમના આયોજનની ધુરા સંભાળી અને કૉલકાતાના ગુજરાતી સમાજમાં એક આગવા ઉત્સાહની લહેર પ્રસરી ગઈ.

ષષ્ટિપૂર્તિ સમારોહનો પ્રારંભ થાય તે પૂર્વે ૧૯૬૮ની તેરમી એપ્રિલે

કૉલકાતાની ઍંગ્લો ગુજરાતી શાળામાં જયભિખ્ખુની ૩૦૦ જેટલી સાહિત્યકૃતિઓનું પ્રદર્શન યોજાયું. ઉત્તર ગુજરાતના વીસનગરના વિદ્યાર્થીઓએ શ્રી જતીન્દ્રભાઈ આચાર્યની દોરવણી હેઠળ જયભિખ્ખુની ૩૦૦ જેટલી કૃતિઓનાં મુખપૃષ્ઠનાં ચિત્રો અને તેની નીચે એ કૃતિઓ વિશેની નોંધ તૈયાર કરાવી હતી. જયભિખ્ખુના લખાણમાં આવતા સુવિચારો અને સુવાક્યો તારવીને એનાં જુદાં જુદાં ભીંત-ચિત્રો તૈયાર કર્યાં હતાં. એટલું જ, નહીં પણ એ કૃતિઓમાં મળતા નવા શબ્દપ્રયોગોની પણ સૂચિ આપી હતી. કલા અને સાહિત્યના સુભગ સંગમ સમું આ પ્રદર્શન કૉલકાતામાં યોજવામાં આવ્યું. વળી એમાં જે કોઈ કૃતિ વિશે ભીંત-ચિત્ર હોય, એ કૃતિ એની નીચે મૂકવામાં આવી, આથી પ્રદર્શન જોવા આવનારને એ કૃતિ જોવાનો અને મન થાય તો વાંચવાનો બેવડો લાભ પ્રાપ્ત થતો.

આ પ્રદર્શને ગુજરાતથી દૂર રહેનારા કૉલકાતાવાસી ગુજરાતીઓને જયભિખ્ખુના વિપુલ સાહિત્યસર્જનનો પ્રત્યક્ષ ખ્યાલ આપ્યો. આ પ્રદર્શન કૉલકાતાના અગ્રણી લેખક ડૉ. મૂળજીભાઈ પી. શાહના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું, ત્યારે એ નિહાળતી વખતે શ્રી મૂળજીભાઈ શાહની નજર જયભિખ્ખુની 'દહીંની વાટકી' નામની પુસ્તિકા પર પડી. તેઓ એમાંથી ચાર-પાંચ વાર્તાઓ ઊભા ઊભા 'એકી શ્વાસે' વાંચી ગયા. આ પ્રદર્શનના પ્રારંભ ષષ્ટિપૂર્તિ સમારોહ સમિતિના પ્રમુખ અને કૉલકાતાના અગ્રણી મહાનુભાવ શ્રી મણિલાલ વનમાળીદાસ શેઠ ઉપસ્થિત હતા તેમજ એ સમયે શ્રી નરેન્દ્રભાઈ બી. શેઠે જીવનમાંગલ્યના પુરસ્કર્તા એવા સારસ્વતપુત્ર જયભિખ્ખુના અભિવાદન માટે ઉત્સુક કૉલકાતાના ગુજરાતીઓની ભાવના વ્યક્ત કરી હતી.

શ્રી જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સમારોહને આવકારવા માટે કૉલકાતાના પ્રસિદ્ધ સાપ્તાહિક 'નવરોઝે' ૨૧ એપ્રિલ, ૧૯૬૮ના રોજ એમની સાહિત્યસેવાને અભિનંદતી વિશેષ પૂર્તિ પ્રગટ કરી. એમાં ગુજરાતના મુખ્યપ્રધાન હિતેન્દ્ર દેસાઈ, શિક્ષણ અને નગરપાલિકા મંત્રી ગોરધનદાસ ચોખાવાલા, વિધાનસભાના અધ્યક્ષ રાઘવજીભાઈ લેઉવા, માહિતી નિયામક મણિલાલ શાહ, 'ફૂલછાબ'ના તંત્રી હિંમતલાલ પારેખ અને 'મુંબઈ સમાચાર'ના તંત્રી શ્રી મીનુ બ. દેસાઈનો સંદેશો મેળવીને પ્રકાશિત કર્યો હતો. ગુલાબદાસ બ્રોકર અને ડોલરરાય માંકડના સંદેશાઓ પણ આવ્યા હતા.

આ સમયે જયભિખ્ખુ વિચિત્ર મૂંઝવણ અનુભવી રહ્યા હતા. પાંચમી જુલાઈ, ૧૯૬૭ના દિવસે જયભિખ્ખુએ ૫૯ વર્ષ પૂર્ણ કરીને સાઈઠમા વર્ષમાં પ્રવેશ કર્યો, એ પ્રસંગે તેમની સાહિત્યિક અને બીજી સેવાઓને લક્ષમાં લઈને તેમના મિત્રો, પ્રશંસકો અને વાચકો તરફથી ષષ્ટિપૂર્તિ સમારોહ ઊજવવાનો નિર્ણય કરવામાં આવ્યો. વળી એ સમયે એક સારી એવી રકમની થેલી તેમને અંગત ઉપયોગ માટે અર્પણ કરવાનું વિચારવામાં આવ્યું હતું. જયભિખ્ખુએ અંગત રીતે કોઈ રકમ લેવાની અનિચ્છા દર્શાવતાં સાહિત્યિક પ્રવૃત્તિ કરતું એક સાર્વજનિક ધર્માદા ટ્રસ્ટ રચ્યું પણ હવે આ ષષ્ટિપૂર્તિ સમારોહની ઉજવણીનું શું કરવું ? એકલા, જાહેર સમારંભોથી દૂર રહેનારા, મસ્તીમાં જીવનારા આ સર્જકને માટે મોટી પરેશાની ઊભી થઈ. આખરે જયભિખ્ખુએ આયોજકોને કહ્યું,

'આ પ્રસંગે મારી નહીં, પણ જ્ઞાનની પ્રભાવના થાય તેમ ઈચ્છું છું.' જયભિખ્ખુએ ષષ્ટિપૂર્તિ સમિતિના પ્રમુખ શ્રી મણિલાલ વનમાળીદાસને લખ્યું,

*'હું તો બહુ સામાન્ય પ્રકૃતિનો માણસ છું. મારામાં જે કંઈ છે તે સરસ્વતીની કૃપા છે. જ્યાં સારપ દેખાય, સત્ય નજરે પડે, શુચિતા અને સેવાભાવ જોવા મળે, ત્યાં સરસ્વતીનો ઉપયોગ કરવો એ વ્રત રાખ્યું છે.'*

*'મારે મન મારો લેખનનો વ્યવસાય એ અત્તરની દલાલી જેવો છે. અત્તર ન મળે, પણ સુગંધી તો જરૂર મળે.'*

જીવનમાં કેવી મસ્તીથી સરસ્વતીની સાધના કરી છે અને એમની કૃપાનો કેવો અપૂર્વ આનંદ પામ્યા છે, એ દર્શાવતાં જયભિખ્ખુએ ૧૯૬૮ની ૨૧મી માર્ચ મણિલાલભાઈ શેઠને લખ્યું.

> *'એ વખતે લેખકને કમાણી કરવી હોય તો શ્રીમંતો અને સાધુઓનાં ખોટાં ગુણગાન કરવાં એવી પ્રથા હતી. મેં ચમરબંધીઓને પણ ના સુણાવી દીધી છે. કલમમાં તેજ રહે, તે માટે દયા કે દાન કંઈ પણ સ્વીકાર્યું નથી. ને આજે ખૂબ મોજમાં છું. ખૂબ કીર્તિ મળી ને જરૂર પડ્યે જોઈતું દ્રવ્ય આવી મળ્યું છે. એક સભામાં મેં કહ્યું હતું કે કોઈનો પણ આભાર માનું તો માતા સરસ્વતીનો માનું, જેણે મને રાજા જેવું માન ને શ્રીમંત જેવું સુખ આપ્યું છે.'*

૧૯૬૮ની ૨૧મી એપ્રિલે કૉલકાતાના વિશાળ રવીન્દ્રસદનમાં જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજન સમારોહમાં આયોજકોએ કૉલકાતાના બે સર્જકોને નિમંત્રિત કર્યા. એક હતા બંગાળના એકસોથી વધુ નવલકથાઓ અને નવલિકા સંગ્રહોના લેખક અને 'સાહિબ, બીબી ઔર ગુલામ' (૧૯૫૩) જેવી લોકપ્રિય ફિલ્મના કથાલેખક શ્રી બિમલ મિત્રા અને બીજા હતા ગુજરાતના વિખ્યાત લેખક અને કૉલકાતાના ગુજરાતી સાહિત્ય મંડળની વિવિધલક્ષી પ્રવૃત્તિઓના પ્રાણ સમા શ્રી શિવકુમાર જોશી. સ્વાગત સમારોહ શ્રી સવાઈલાલ કેશવલાલ જે.પી.ના પ્રમુખસ્થાને યોજાયો. અતિથિવિશેષ તરીકે યુનાઈટેડ કોમર્શિયલ લિમિટેડ બૅંકના ચૅરમૅન શ્રી રમણલાલ બી. શાહ ઉપસ્થિત હતા. પ્રારંભે ષષ્ટિપૂર્તિ અભિવાદન સમારોહ યોજાયો. એ પછી મધ્યાંતર બાદ કૉલકાતામાં વસતા એવા જગવિખ્યાત જાદુગર કે. લાલના જાદુ-પ્રયોગો થયા અને ત્યારબાદ કૉલકાતાના શ્રી ગુજરાત મિત્ર મંડળ તરફથી સંગીત, નૃત્ય, ગરબા અને લોકસાહિત્યનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમ સમયે રવીન્દ્રભવન ઊભરાઈ ઊઠ્યો. શિવકુમાર

જોશીએ જયભિખ્ખુની સાહિત્યસેવાની વાત કરી, તો બિમલ મિત્રાએ પ્રજાના સંસ્કારજીવનમાં સાહિત્યના મહત્ત્વ વિશે કહ્યું.

આ કાર્યક્રમ સમયે જયભિખ્ખુના અમદાવાદમાં વસતા સાથીઓ અને સ્નેહીજનો પણ ઉપસ્થિત હતા. એ દિવસોમાં કૉલકાતાના ગુજરાતી સમાજે એના સાહિત્યકારને અતિ ઉમળકાથી વધાવી લીધો.

એ પછી મુંબઈના સ્વજનોએ મુંબઈમાં ષષ્ટિપૂર્તિ સમારોહનું આયોજન કર્યું અને તેમાં સાહિત્યકારો અને મુંબઈના અગ્રણી સાહિત્યકારો, શ્રેઠીઓ, તંત્રીઓ, પત્રકારો અને કલાકારો શામેલ થયા. જાણીતા ચિંતક અને વિદ્વાન મુનિશ્રી ચંદ્રપ્રભસાગર (ગુરુદેવ ચિત્રભાનુજી) જયભિખ્ખુની કલમના ચાહક હતા અને એથીય વિશેષ એમની ઝિંદાદિલી અને ખુમારીના પ્રશંસક હતા. આ સમારોહ માટે એમની પ્રબળ પ્રેરણા પ્રાપ્ત થઈ તેમજ જે. આર. શાહ, પ્રતાપ ભોગીલાલ, વ્રજલાલ કપૂરચંદ મહેતા અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કર્મઠ મંત્રી શ્રી કાંતિલાલ કોરાએ આની સફળતા માટે અથાગ પ્રયત્ન કર્યો.

આ પ્રસંગે શ્રી ભુલાભાઈ દેસાઈ ઑડિટોરિયમમાં ઉપસ્થિત રહેનારા સહુ કોઈ આજે પણ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી લિખિત અને દિગ્દર્શિત ગુજરાતના મંત્રીઓ વસ્તુપાળ અને તેજપાળના યશસ્વી જીવન પર આધારિત 'ઈશાવસ્યમ્'નું ત્રિઅંકી ઐતિહાસિક નાટક 'બાંધવ માડીજાયા'ને સ્મરે છે. એમાં કનુ દેસાઈની કલા, વિનાયક વોરાનું સંગીત અને મનસુખ જોશીની મંચવ્યવસ્થા હતી. આ નાટકમાં ગુજરાતના સાહિત્યરસિક, દૂરંદેશી અને સાહસિક જૈન મંત્રી વસ્તુપાળની ભૂમિકા સમર્થ અભિનેતા અને ચલચિત્રના કુશળ કસબી, નિર્માતા અને દિગ્દર્શક શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીએ અને ગુજરાતના પરાક્રમી સેનાપતિ અને અનુપમાદેવીના પતિ તેજપાળની ભૂમિકા એમના લઘુબંધુ અને ગુજરાતી રંગભૂમિ અને ચલચિત્રોના જાણીતા અભિનેતા શ્રી અરવિંદ ત્રિવેદીએ કરી હતી. આ નાટકમાં પ્રતાપ ઓઝા, તરલા મહેતા, દુષ્યંત જોગેશ, અરવિંદ આસર જેવાં અગ્રણી કલાકારોએ અભિનય આપ્યો હતો.

મુંબઈનો ષષ્ટિપૂર્તિ સમારોહ ભવ્ય રીતે પૂર્ણ થતાં જ સહુ મિત્રો અમદાવાદમાં જયભિખ્ખુનો ષષ્ટિપૂર્તિ સમારોહ યોજવા માટે આતુર બની ગયા. આ માટે જયભિખ્ખુના વ્યક્તિત્વ અને સાહિત્યના વિવિધ પાસાંઓ વિશે લેખો ધરાવતો એક ગ્રંથ પ્રકાશિત કરવાનું નક્કી થયું. એની પાછળનો હેતુ એ હતો કે કૉલકાતા અને મુંબઈના ષષ્ટિપૂર્તિ સમારંભમાં જયભિખ્ખુએ કહ્યું કે જીવનમાં તેમ સાહિત્યમાં રસ અને કસ બંને જરૂરી છે. વાચકના ધ્યાનને પહેલેથી છેલ્લે સુધી જકડી રાખે અને કોઈ ઉન્નત અનુભવ કરાવે તે સાહિત્ય.

એમના આવા સાહિત્યિક પુરુષાર્થની અને માનવતાની મધુર ફોરમ ફોરવતા એમના વ્યક્તિત્વની ઝાંખી કરાવવા માટે એક ગ્રંથ સંપાદિત કરવાનું કામ ડૉ. ધીરુભાઈ ઠાકર, ડૉ. ચિમનલાલ ત્રિવેદી, શ્રી રતિલાલ દેસાઈ, પ્રો. નટુભાઈ રાજપરા અને પ્રો. શાંતિલાલ જૈન તથા પ્રો. કુમારપાળ દેસાઈના સંપાદક મંડળે માથે લીધું અને જયભિખ્ખુ વિશે એમના પરિચિતો તેમજ સાહિત્યસર્જકો પાસેથી લેખો મંગાવીને એનું પ્રકાશન કાર્ય પણ શરૂ કર્યું. ત્રેપન જેટલા લેખો સંપાદકમંડળને મળ્યા અને એના પ્રકાશન કાર્યનો પ્રારંભ પણ થઈ ચૂક્યો. જયભિખ્ખુના જીવનની ઝાંખી દર્શાવતી તસવીરોની આર્ટપ્લેટ પણ છપાઈ ગઈ. લેખો પણ છપાઈ ગયા અને ષષ્ટિપૂર્તિ સ્મરણિકાના ૧૩૮ પૃષ્ઠો પણ છપાયાં હતા, ત્યાં એકાએક આ 'ષષ્ટિપૂર્તિ સ્મરણિકા'ને 'સ્મૃતિગ્રંથ' રૂપે પ્રગટ કરવાની પરિસ્થિતિ ઊભી થઈ!

**(ક્રમશઃ)**

(૧૩બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯ ૨૬૬૦ ૨૬૭૫.
મો. : ૦૯૮૨૪૦ ૧૯૯૨૫.

## શ્રીમદ્ રાજચંદ્ર પ્રસાદ
### વચનામૃત

**(માર્ચ અંકથી આગળ)**

૧૦૧ *હું સંસારથી લેશ પણ રાગસંયુક્ત નથી છતાં તેને જ ભોગવું છું; કાંઈ મેં ત્યાગ્યું નથી.*

૧૦૨ *નિર્વિકારી દશાથી મને એકલો રહેવા દો.*

૧૦૩ *મહાવીરે જે જ્ઞાનથી આ જગતને જોયું છે તે જ્ઞાન સર્વ આત્મામાં છે, પણ આવિર્ભાવ કરવું જોઈએ.*

૧૦૪ *બહુ છકી જાઓ તોપણ મહાવીરની આજ્ઞા તોડશો નહીં. ગમે તેવી શંકા થાય તોપણ મારી વતી વીરને નિઃશંક ગણજો.*

૧૦૫ *પાર્શ્વનાથ સ્વામીનું ધ્યાન યોગીઓએ અવશ્ય સ્મરવું જોઈએ છે. નિઃશંક એ નાગની છત્રછાયા વેળાનો પાશ્વર્ઓનાથ ઓર હતો!*

૧૦૬ *ગજસુકુમારની ક્ષમા અને રાજેમતી રહનેમીને બોધે છે તે બોધ મને પ્રાપ્ત થાઓ.*

૧૦૭ *ભોગ ભોગવતાં સુધી! (જ્યાં સુધી તે કર્મ છે ત્યાં સુધી) મને યોગ જ પ્રાપ્ત રહો!*

૧૦૮ *સર્વ શાસ્ત્રનું એક તત્ત્વ મને મળ્યું છે એમ કહું તો મારું અહંપદ નથી.*

૧૦૯ *ન્યાય મને બહુ પ્રિય છે. વીરની શૈલી એ જ ન્યાય છે, સમજવું દુર્લભ છે.*

૧૧૦ *પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યક્દર્શન.*

**(ક્રમશઃ આગળ આવતા અંકે)**

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **પ્રશ્નોત્તર રત્નમાલા-ભાગ-૧**
(તત્ત્વજ્ઞાન વિષયક ૩૫૦-સવાલ-જવાબ)
લેખિકા : સુબોધી સતીશ મસાલીયા, રાધનપુરવાળા
પ્રકાશક : બાબુભાઈ મફતલાલ પારેખ
૫૦૨/૫૦૩, દ્વારકા બિલ્ડીંગ, થાનાવાલા લેન,
શ્રી પાર્શ્વનાથ જૈન દેરાસર પાસે,
વિલેપાર્લા (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.
પ્રાપ્તિસ્થાન : સુબોધી સતીશ મસાલીયા
૧૯, ધર્મપ્રતાપ, અશોક રોડ, અશોક નગર, દામોદરવાડીની સામે, કાંદિવલી (ઈસ્ટ) ૪૦૦૧૦૧. મોબાઈલ : ૯૮૯૨૧૬૩૬૦૯.
મૂલ્ય : અમૂલ્ય, પાના : ૧૮૬, આવૃત્તિ-પાંચમી.

શ્રાવિકા સુબોધીબેન મસાલીયા તરફથી 'પ્રશ્નોત્તર રત્નમાલા' નામનું પ્રશ્નોત્તર પદ્ધતિથી તત્ત્વજ્ઞાનની વાતો સહજ રીતે સમજાવતું પુસ્તક જૈન સમાજના વાચકોને જૈન ધર્મને સરળતાથી સમજવા માટે અત્યંત ઉપયોગી છે.

આ પુસ્તકની વિશેષતા એ છે કે સામાન્ય વાચક મોટા ગ્રંથોનું વાચન કરી શકતો નથી પણ આ પુસ્તક ૩૫૦ સવાલ જવાબ દ્વારા સામાન્યમાં સામાન્ય વાચક પણ જૈન તત્ત્વજ્ઞાનને સમજી શકે તેવું છે. નિગોદની નિકૃષ્ટ જીવ અવસ્થાથી લઈને સર્વોત્કૃષ્ટ સિદ્ધાવસ્થા સુધીના જીવ વિષેના પ્રશ્નો, દેરાસરમાં પૂજા કર્યા બાદ સાથિયા વગેરેના રહસ્યો, સંસાર ભ્રમણની બાબતો, મૃત્યુ, સમાધિમૃત્યુ, સામાયિક, તપ વગેરે વિવિધ વિષયો વિષે ઉઠતા પ્રશ્નોનું સમાધાન આ પુસ્તકમાં મળે છે. પ્રશ્નોત્તર પ્રકૃતિને કારણે વાચકને વાંચવામાં વધુ રસ પડે છે.

માનનીય શ્રી અનોપચંદ શાહ આ પુસ્તક વિશે લખે છે-'વર્તમાન શિક્ષણ પદ્ધતિ માનવીને અનેક તર્ક-વિતર્ક, શંકા-કુશંકા-સંદેહ કરતાં કરી મૂકે છે. દરેક વસ્તુને માત્ર બુદ્ધિની દૃષ્ટિએ જ માપવાનું જે ધોરણ બની ગયું છે તેના જવાબ રૂપે આપનો પ્રયાસ ખરેખર અનુમોદનીય છે.'

x x x

પુસ્તકનું નામ : **આત્મવિશુદ્ધિ**
લેખક : આચાર્ય શ્રીમદ્ વિજયકેશરસૂરિજી મહારાજ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧.
ફોન નં. : ૦૨૭૮ ૨૫૨૧૬૯૮.
મૂલ્ય-૨૫/-, પાના-૧૧૫, તૃતીય વિ. સં. ૨૦૬૧.

જૈન તત્ત્વજ્ઞાનમાં આત્માના શુદ્ધ સ્વરૂપની વિચારણા અનેક સાધુ ભગવંતોએ કરેલી છે. પ. પૂ. શ્રીમદ્ આચાર્ય વિજયકેશરસૂરિજીએ આ નાનકડા પુસ્તકમાં આત્માનું શુદ્ધ સ્વરૂપ, આત્મ-પ્રાપ્તિના સાધનો, વિકલ્પોથી થતું દુઃખ, જીવનો પશ્ચાતાપ વગેરે વિષયોથી ભરપુર સારી, સરળ અને સમજાય તેવી ગુજરાતી ભાષામાં સમજાવેલ છે.

આ ગ્રંથ આત્મસ્વરૂપની જાગૃતિ આપે તેવો ગ્રંથ છે. આ ગ્રંથ નાનો છે છતાં ઉપયોગી વિષયોથી ભરેલો છે. આ ગ્રંથના અઢાર પ્રકરણો છે. આ ગ્રંથનું નામ આત્મવિશુદ્ધિ સાર્થક એટલા માટે છે કે આ ગ્રંથમાં વસ્તુ તત્ત્વનો નિશ્ચય કરાવીને જીવને પોતાના ખરા કર્તવ્ય તરફ દોરવામાં આવે છે. માયાના ખરા સ્વરૂપને સમજીને જીવ તે તરફ જતો પાછો હઠી માયાના સત્ય સ્વરૂપ આત્મા તરફ વળે છે તે આ ગ્રંથનો ઉદ્દેશ છે.

આ ગ્રંથ નાનો છે છતાં ઉપયોગી વિષયોથી ભરપૂર છે. આ ગ્રંથના અઢાર પ્રકરણો છે. આ પ્રકરણોનો અન્યોન્ય કોઈક સંબંધ છે. લેખક કહે છે-'આ ગ્રંથ મેં કોઈ સ્વતંત્ર લખ્યો નથી પણ પૂર્વના અનુભવી મહાન પુરુષોએ સંગ્રહી રાખેલ વિચારોનું દોહન કરીને આત્માર્થી જીવો માટે આ આકારમાં ગોઠવ્યો છે. જે સારૂં છે તે મહાન પુરુષોનું છે.'

આત્મતત્ત્વના જિજ્ઞાસુ વાચકાએ વસાવવા અને વાંચન કરવા જેવું આ પુસ્તક છે.

x x x

પુસ્તકનુ નામ : **જૈન ધર્મ**
લેખક : પૂ. આ. વાત્સલ્યદીપ મહારાજ સાહેબ
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : ૨૬૫૬૪૨૭૯
મૂલ્ય : રૂા. ૭૦/-, પાના : ૧૦૦, ત્રીજી આવૃત્તિ-૨૦૧૩.

જૈન ધર્મ પોતાના ગહન અને વિશિષ્ટ તત્ત્વજ્ઞાનના લીધે વિશ્વમાં સર્વને આકર્ષે છે. જૈન ધર્મ તત્ત્વજ્ઞાનને પણ તર્કબદ્ધ અને વૈજ્ઞાનિક રીતે સમજાવે છે. જૈન દર્શન વિષયક પ્રાથમિક છતાં મહત્ત્વની સમજ આ પુસ્તકમાંથી પ્રાપ્ત થશે.

તેર પ્રકરણમાં વિભાજિત એવા આ પુસ્તકમાં જૈન ધર્મના મહત્ત્વના અનેક વિષયોને-જેવા કે જૈન ધર્મ, તત્ત્વજ્ઞાન, જ્ઞાન-વિજ્ઞાન, જીવવિજ્ઞાન, અજીવવિજ્ઞાન, આચાર સંહિતા, આહાર-વિહાર સંહિતા, કર્મવિજ્ઞાન, અજીવવિજ્ઞાન, આચાર સંહિતા, આહાર-વિહાર સંહિતા, કર્મ-વિજ્ઞાન, ધ્યાન, મરણવિજ્ઞાન, મોક્ષ અને ૪૫ આગમો જેવા ગહન વિષયોને પૂ. મહારાજશ્રીએ સંક્ષિપ્તમાં સરળ અને સાદી ભાષામાં આલેખ્યા છે. જિજ્ઞાસુ છતાં સામાન્ય વાચક પણ સહજ રીતે આવા વિષયોને વાંચી અને સમજી શકે તેવું આ પુસ્તક દરેક જૈન અભ્યાસુ વાચકોએ વસાવવું અને વાંચવું જોઈએ.

પૂ. આ. વાત્સલ્યદીપની વિશેષતા એ છે કે તેઓશ્રી ગહન વિષયને પણ પોતાની નીજી શૈલી દ્વારા રસમય બનાવે છે. દેશ-વિદેશમાં અનેક ભાષાઓમાં જેમનું સાહિત્ય લોકપ્રિય થયેલ છે. તેઓશ્રીનું આ પુસ્તક 'જૈન ધર્મ'માં લેખક જૈનધર્મની પ્રાથમિક અને તાત્ત્વિક પીઠિકા સરળ અને સચોટ બાનીમાં સમજાવે છે.

x x x

પુસ્તકનું નામઃ **त्यागाचे वैभव** (કથા સંગ્રહ) (મરાઠી)
અનુવાદક : પ. પૂ. ડૉ. પુણ્યાશીલાજી મ. સા.
પ્રકાશક : શ્રી આનંદ ઉજ્જવલ ધર્મ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ.
પ્રાપ્તિસ્થાન : પ્રા. ડૉ. અશોકકુમાર એન. પગારિયા, કાસારવાડી, પુણે-૪૧૧૦૪.
મો.: ૯૪૨૨૦૩૬૮૩૧.
મૂલ્ય-રૂા. ૫૦/-, પાના-૧૨૮, આવૃત્તિ-દ્વિતીય

પ. પૂ. આચાર્ય વાત્સલ્યદીપસૂરિજી રચિત ગુજરાતીમાં 'ત્યાગનો વૈભવ' કથાસંગ્રહનું મરાઠી ભાષામાં રૂપાંતર કરવાનું કાર્ય પ. પૂ. ડૉ. પુણ્યશીલાજી મ. સાહેબે કર્યું છે, જે અભિનંદનને પાત્ર છે.

ધર્મકથાઓ અઢળક પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, જેમાં દાન, શીલ, તપ, પૂજા, સદાચાર વગેરે અનેક ભાવનાઓ પ્રગટ થઈ છે. પ્રાચીન ગ્રંથોમાં પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ ભાષામાં અને વિવિધ

પ્રાંતોની ભાષામાં લખાયા છે. પરંતુ આજે સર્વસામાન્ય પ્રજાને બહુ ઓછા સમજાય છે. માત્ર સાધુ-સાધ્વીઓ સમજી શકે છે. સામાન્ય લોકોને વધુ લાભ મળતો નથી.

આ જરૂરિયાત પૂર્ણ કરવા માટે પૂ. વાત્સલ્યદીપે અનેક વાર્તાઓ, કથાઓ ગુજરાતીમાં લખી અને એ કથાઓનો મરાઠી ભાષામાં અનુવાદ કરી મરાઠી વાચકો સુધી પહોંચાડવાનું કામ પ. પૂ. ડૉ. પુણ્યશીલાજી મ. સાહેબે કર્યું.

આ પુસ્તકમાં ૧૭ કથાઓ છે. બધી કથાઓની ભાષા, સરળ, શિષ્ટ અને સત્ય છે. કથાનું ઘટનાતત્ત્વ અથવા વિષયવસ્તુ રોચક અને આકર્ષક છે. દરેકે કથાઓ બોધાત્મક અને સત્યકથા છે.

આ સમગ્ર પ્રયાસ અનેકાનેક અભિનંદનને પાત્ર છે. ભગિની ભાષાઓમાં કથાઓનું આદાન-પ્રદાન થાય તે અત્યંત આવશ્યક છે.

x x x

પુસ્તકનું નામ : **હાથે લોઢું હૈયે મીણ**
(સ્વ. શ્રી માનભાઈ ભટ્ટનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર)
લેખક : મીરા ભટ્ટ
પ્રકાશક : શુશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪૦૦૧.
સંકલન : ડૉ. નાનક ભટ્ટ
મૂલ્ય-૧૦/-, પાના-ભાગ-૧૬૦, આવૃત્તિ-ચતુર્થ સંક્ષિપ્ત આવૃત્તિ-ઈ. ૨૦૦૮.

મીરાબેન ભટ્ટે સ્વ. માનભાઈ ભટ્ટના સંક્ષિપ્ત જીવનચરિત્રમાં તેઓશ્રીના હિમાલય જેવડા ઉત્તુંગ વ્યક્તિના જીવનનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે.

સ્વ. શ્રી માનભાઈ એટલે બહારથી બરછટ, વ્યવહારમાં શુદ્ધ અને સખત દેખાતા કર્મઠ માણસની ભીતરમાં લીલાછમ રણ જેવા આ લોખંડી પુરુષના લોહત્વમાં ગુલાબીપણું છે. સામાન્ય અને સાધારણ કહી શકાય એવા આ માનવે પોતાના જીવનમાં અસાધારણ કર્મપૂંજ ખડો કર્યો છે અને છતાં પોતે સાવ નિસ્પૃહી અને નિજાનંદી રહે છે. તેમનું વ્યક્તિગત જીવન વૃક્ષની જેમ પોતાની 'નિજ લીલા' છે. એનો પોતાનો છંદ છે અને છંદે છંદે આપોઆપ આ વૃક્ષને શાખા-પ્રશાખા, ફૂલ-પાંદડા અને ફળ બેસતાં રહ્યાં છે. એમના જીવન વિકાસમાં ચેતોવિસ્તારનું પ્રાગટ્ય જોવા મળે છે.

તેઓ કહે છે તેમ એમની સફળતા-નિષ્ફળતા, સિદ્ધિ-અસિદ્ધિ એ તમામ જીવનની નીપજ છે. કોઈ ધર્મ ગ્રંથો કે શાસ્ત્રોના ઊંડા અધ્યયન એમણે કર્યા નથી પરંતુ સહજ જીવન દૃષ્ટિ ખીલે છે અને અપાર કર્મોના દરિયા એ ખેડે છે. અને છતાંય એ કર્મોથી તેઓ લેપાતા નથી. અનેકાનેક પ્રવૃત્તિઓમાં પરોવાયેલાં હોવા છતાં તેઓ નિજાનંદમાં મસ્ત રહી શકે છે.

પૂ. માનભાઈ હવે આપણી વચ્ચે નથી પણ હવે તો સળગી ચૂકેલી ધૂપસળીની સુગંધ છે.

x x x

પુસ્તકનું નામ : **શંખેશ્વર તીર્થ** (હિન્દી)
લેખક : પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક : પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન, ૧૦/૩૨૬૮-એ, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૧૦.
પ્રાપ્તિસ્થાન : પ્રવચન શ્રુતતીર્થ, શંખેશ્વર, વિરમગામ હાઈવે, શંખેશ્વર. જિલ્લો : પાટણ-૩૮૪૨૪૬. ફોન નં. : ૦૨૭૩૩-૨૯૫૯૬૫.
મૂલ્ય : રૂા. ૫૦/-, પાના : ૮+૧૨૮, આવૃત્તિ-૧, માગશર-સંવત ૨૦૬૯.

શ્રી શંખેશ્વર તીર્થધામ-મહાતીર્થ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. દેશ-વિદેશથી યાત્રાળુઓ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પાવન પ્રતિમાના દર્શન કરવા આવે છે. આ મૂર્તિનો ઇતિહાસ ૧૮ કોડાકોડી સાગરોપમથી પણ પ્રાચીન છે. પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજે તેમની લાલિત્યપૂર્ણ લેખિની દ્વારા આ ઇતિહાસને ઉજાગર કર્યો છે. ગુરુદેવે વેરવિખેર પાનાઓમાં પડેલા ઇતિહાસને એક સૂત્રમાં પરોવી વાચકોના હાથમાં મૂક્યો છે એ તેમની લાલિત્યપૂર્ણ લેખિનીની સફળતા છે. શંખેશ્વર તીર્થ એ ગુજરાતનું ગૌરવ છે. દેશ-વિદેશથી આવનાર યાત્રાળુઓ આ તીર્થની યાત્રા કરે જ છે. શંખેશ્વર તીર્થનો મહિમા અતિ પ્રાચીન છે અને તે શંખેશ્વર દાદાની પ્રાચીન પ્રતિમાને કારણે છે. અગણિત વર્ષોથી સ્થિત પ્રાચીન પાર્શ્વપ્રભુની પ્રતિમાનો પ્રભાવ શંખેશ્વરના શંખનાદમાં રહેલો છે જે અવિરત પ્રતિધ્વનિત થાય છે.

> *દરેક રાષ્ટ્રનો વિશ્વ માટે એક ધ્યેય હોય છે.અને જ્યાં સુધી એ ધ્યેય પ્રાપ્ત નથી થતો ત્યાં સુધી એ રાષ્ટ્ર જીવંત રહે છે – ભલે કેટલાંય સંકટ કેમ ન આવે. પણ એ ધ્યેય નષ્ટ થાય કે તરત એ રાષ્ટ્ર ભાંગી પડે છે.*
>
> **❑ સ્વામી વિવેકાનંદ**

શંખેશ્વર તીર્થના ભૂતકાળનું આલેખન આ પુસ્તકમાં પ્રતિબિંબિત થયું છે. વર્તમાન શંખેશ્વરનું હૂબહૂ ચિત્ર નજર સમક્ષ આ પુસ્તકમાં પ્રાપ્ત થાય છે. શંખેશ્વર તીર્થ અદ્‌ભુત અને અનોખું છે. તેનું યથાર્થ દર્શન આ પુસ્તકમાં થાય છે.

આ પુસ્તકના વાંચન દ્વારા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ વાચકના માનસપટ પર જીવંત અને જાગૃત હોય એવી અનભૂતિ થાય છે.

x x x

પુસ્તકનુ નામ : **અહિંસાની અમરવેલ**
લેખક : આચાર્ય શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક : પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન, ૧૦/૩૨૬૮-એ. કાજીનું મૈદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૧૦.
પ્રાપ્તિસ્થાન : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.
મૂલ્ય : રૂા. ૭૦/-, પાના : ૧૪+૧૬૨=૧૭૬, આવૃત્તિ-ડિસેમ્બર, ૨૦૧૩.

પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયપૂર્ણચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજના આ ગ્રંથ 'અહિંસાની અમરવેલ' અહિંસાની ભાવનાને જીવંત અને તાદૃશ દૃષ્ટાંતોનો આલેખ આપે છે. લેખકે પોતાની પ્રવાહી શૈલીથી અહિંસાની ઘટનાઓને કેન્દ્રમાં રાખીને ભાવકના ભીતરના ભાવને જગાડ્યા છે.

જૈન સાહિત્યમાં કથાઓનો ભંડાર છે અને સમયે સમયે સમર્થ કથાલેખકો મળતા રહ્યા છે. આવા કથા લેખકોમાં આચાર્યશ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજીનું સ્થાન અને યોગદાન આગવું છે. તેઓ એવા કલમ કસબી છે કે એમના શબ્દો કથાના અનુભવને પાર જઈને વાચકના ચિત્તને ભાવનાના રંગે રંગી દે છે. આ ગ્રંથમાં

અહિંસાના આધારસ્તંભ જેવી ઘટનાઓનું આલેખન કર્યું છે. જીવરક્ષા માટે પોતાના જીવનને ન્યોચ્છાવર કરનારા અનેક માનવીઓની કથા અહીં મળે છે. આ ગ્રંથમાં લેખકશ્રીએ માનવતાનો સંદેશો આપ્યો છે. અહિંસાની ભાવનાનું મહિમાગાન કરીને એને આત્મસાત્ કરવાનું દિગ્દર્શન કરાવ્યું છે.

x x x

પુસ્તકનું નામ : **પ્રાચીન એવં અર્વાચીન ઇતિહાસ માણ્ડવગઢ તીર્થ-એક ઝલક** (હિન્દીમાં)
લેખક : મનોહરલાલ જૈન. સંપાદક : પંકજ જૈન
પ્રકાશક : સુનીલ જૈન અને નિખિલ જૈન
પ્રાપ્તિસ્થાન : (૧) માંડવગઢ તીર્થ પેઢી, માંડવગઢ (૨) ૭૪, મહાવીર માર્ગ, ધાર (મ.પ્ર.)
મોબાઈલ : ૦૯૮૨૭૦-૧૦૯૦૮.
મૂલ્ય : પઠન પાઠન, પાના : ૪૦, આવૃત્તિ-પ્રથમ.

એક આચાર્યના આશીર્વાદ થકી વર્તમાન કાલીન માંડવગઢ તીર્થ આજે વિશાળવૃક્ષ બની ગયું છે તેની સર્વ હકીકત આ નાનકડા પુસ્તકમાં લખેલ છે. લેખકના પિતાશ્રી એક સત્ત્વશીલ, સદાચારી અને સત્યના પક્ષપાતી હતા અને તીર્થ પ્રતિ સમર્પિત હતા. તીર્થના વિષયમાં ઝાઝી જાણકારી ન હોવા છતાં તેઓએ પ્રભુ શાંતિનાથજીની કૃપાથી પ્રાપ્ત કરી. આ પુસ્તકમાં પ. પૂ. ગુરુદેવ, શ્રી ધર્મસાગરજી અને પ. પૂ. અભયસાગરજી મહારાજાના તપ, તેજ અને ચમત્કારિક અનુભવોનું આલેખન છે. લેખકને જો આ તીર્થની પૂરી નોંધ જે ખોવાઈ ગઈ છે તે મળી હોત તો આજની પેઢીને તેઓ વિસ્તૃત માહિતી આપી શક્યા હોત. તેમ છતાં ડાયરીમાં લખેલી માહિતી અદ્ભુત જાણકારી આપનારી છે.

લેખકનો આ પ્રયાસ તીર્થભક્તિ માટે પ્રશંસનીય છે. તે ઉપરાંત જૈન ઐતિહાસિક સંતો અને પ્રબુદ્ધ શ્રાવકોનું ઉલ્લેખનીય વર્ણન પણ આપવામાં આવ્યું છે.

x x x

**સ્વીકાર-નોંધ**

**(૧) જૈન દર્શન અને પુરાવસ્તુ વિદ્યા**
લેખક : ડૉ. રમણલાલ નાગરજી મહેતા
પ્રકાશક : ડૉ. પ્રવિણચંદ્ર પરીખ, નિયામક ભો.જે. અધ્યયન સંશોધન વિભાગ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**(૨) શત્રુંજય સત્કાર**
લેખક : ગણિ ઉદયવલ્લભ વિજય
પ્રકાશક : પ્રજ્ઞા પ્રબોધ પરિવાર
મહાદેવસિંગ ચાલ, કોલ ડુંગરી, અંધેરી, મુંબઈ-૪૦૦ ૦૬૯. ફોન નં. : ૨૬૮૪૧૬૬૦.

**(૩) ઝીણી નજર, દશ્ય-૧ જીવન, અંકુર, ઉર્જા**
સંકલનકર્તા : સુખદેવ મહેતા (જૂન-૨૦૦૮)
પ્રકાશક : સુખદેવ મહેતા, ૩૨, ઈલાકુંજ, નેપયન્સી રોડ, મુંબઈ-૪૦૦ ૦૩૬.

**(૪) હું ફળાહારથી જીવું છું**
મૂળ લેખિકા : શ્રીમતિ એસી હોનિ બોલ,
અનુવાદક : શ્રી દેવિદાસ મેન્થિયા,
યજ્ઞ પ્રકાશન સમિતિ, ભૂમિપુત્ર, હુજરતપાગા, વડોદરા-૩૯૦૦૦૧.

**(5) The Idea of Ahimsa & Asceticism in Ancient Indian Tradition**
Prof. Dr. Bansidhar Bhatt.
Punlished by Dr. Pravinchandra C. Parikh, B. J. Institute of Learning of Research, R.C. Road, Ahmedabad-380 009. (Gujarat).

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. : 9223190753.

## જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત યોજના માટેની અપીલ

દરેક પર્યુષણ પછી બધા જ સ્થાનકોમાં સાધર્મિક ભક્તિ થાય છે. તેમાં ફક્ત આપણે જૈનોની જ સાધર્મિક ભક્તિ કરીએ છીએ. પરંતુ અમારે આપ સર્વ સુજ્ઞ વાચકોને અપીલ કરવી છે કે આપણે સર્વધાર્મિક ભક્તિ કરીએ તો કેવું? જે બારે-મહિના થઈ શકે. નાત-જાતના ભેદભાવ વિના પ્રત્યેક વ્યક્તિના ઘરમાં જ્યાં આપણે અનાજ આપવામાં પહોંચી શકીએ ત્યાં (જેટલું ફંડ હોય તેટલા પ્રમાણમાં) ક્યારેય અનાજ ન હોય તેમ ન બને? જે જવાબદારી આપણી સૌની બને તે આવકારદાયક છે.

ભગવાન મહાવીરના સમયમાં પણ નાત-જાત જોયા વિના ગુણગ્રાહીને પ્રભુ દીક્ષા આપતા હતા. 'પ્રબુદ્ધ જીવન' પણ સર્વધર્મ સમભાવની ભાવના ભાવે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા પણ એ જ ઉદ્દેશથી ચાલે છે. તો અમે સૌ સુજ્ઞ વાચકોને અપીલ કરીએ છીએ કે આપ સૌ યથાશક્તિ જેટલો બને તેટલો વધુ ફાળો અનાજ રાહત ફંડમાં નોંધાવી શકો તો ઘણાં જ કુટુંબના આશીર્વાદ મળશે.

પહેલાં પણ અપીલ કરી હતી, તેમાં પણ સારી એવી રકમ આવી હતી. પણ આજના મોંઘવારીના જમાનામાં થોડુંઘણું પણ સારું અનાજ આપવું હોય તો પૈસાની ઘણી જ જરૂર રહે છે.

અમે ૩ કિલો ઘઉં, ૨ કિલો ચોખા, ૦।। કિલો તુવેર દાળ, ૦।। કિલો સાકર, ૦। કિલો મગની દાળ–એમ આપીએ છીએ. રીતસરના કાર્ડ બનાવ્યા છે. વ્યવસ્થિત પદ્ધતિથી વિતરણ થાય છે. આ મુંબઈ જૈન યુવક સંઘ તરફથી અપાય છે.

આ ઉપરાંત અમે બીજા બધા આગળથી ડોનેશન ભેગું કરીને ફ્રી નોટબુક્સ, દવા તેમજ જૂના કપડાં પણ આપીએ છીએ.

આપ સૌને વધારે વિગત જોઈતી હોય તો જૈન ક્લિનિકના ઑ.પી.ડી.માં નીચે અમે ત્રણ બહેનો ૩ થી ૪ સુધી બેસીએ છીએ. આપ આવી શકો છો. (દર બુધવારે).

ભૂખ્યાને ભોજન અને તપસ્વીને શાતા એ જ જીવનમંત્ર સૌનો રહે એ જ અભિલાષા.

**☐ રમા મહેતા,**
**☐ ઉષા શાહ,**
**☐ પુષ્પા પરીખ**

# Thus Embrace Acceptance

I am in a restless state of mind today

The state where the mind gives contradictory signals- there is wish to break free of all the worldly and yet there is an equal wish to belong to it.

And all this because we wish to control and manage our present and our futures. We wish to manage our relationships, other people's thoughts, their actions, situations etc – we want to in a way make everyone and everything our puppet and in a manner even ourselves our own puppets. Instead of embracing 'Acceptance' wholeheartedly

My favorite line of Kripadu Dev's (Shrimad Rajchandra ji) is something on these terms –' …. je pan thay chhey ae vyavasthit kaaranna lidhe j thay chey…. જે પણ થાય છે એ વ્યવસ્થિત કારણના લીધે જ થાય છે (all that happens – so happens as it was meant to happen) Everything is perfect as is !!

In short:

It is not action that we have to surrender – but the thought of karta bhaav or doership!

It is not effort that we move have to move away from – but 'aagrah' insistence

Its not passion that we must let go off – but "raag or attachment!

Its not activity or engaging with life & its people/ events that we must step back from- but from identifying self through them/that!

There is a huge difference in being indifferent– and in being truly all--accepting & non judgmental-

In indifference – everything is rejected – and thus nothing matters!

In acceptance - everything is embraced - and thus nothing matters!

A friend put it very succinctly:

Acceptance is like a having box of all your favorites chocolates. So then; it doesn't matter which chocolate you get; you know you will be happy with what you get. Thats not because you are indifferent but because you truly embrace them all!

While indifference is like viewing a box of chocolates in which you like none – and when you say it doesn't matter which chocolate you get -it's because you have rejected all!

So while I sit here still in a conflict of control and acceptance, i wish and pray for my my dear readers that they taste the joy of acceptance – the khumari. Surrender but with a surrender that empowers you, have humility but a humility that makes you more powerful and a joy that comes from knowing that "everything is perfect as is.', not a crease less, not a penny more.

❑ **RESHMA JAIN**
The Narrators
Mobile: 9920951074

## LIFE

- *If we hope to live not just from moment to moment, but in true conciousness of our existence, then our greatest need and most difficult achievement is to find meaning in our lives.*
- *Life is not made up of great sacrifices and duties but of little things in which smiles and kindness and small obligations given habitually, are what win and preserve the heart and secure comfort.*
- *I accept life unconditionally....Most people ask for happiness on condition. Happiness can only be felt if you don't set any condition.*
- *Life is not a spectator spark if you're going to spend your whole life in the grandstand just watching what goes on, you are wasting your life.*
- *Life of rhythm and joy is the life of complete relaxation and perfection.*

# KARM - SCIENTIFICALLY

◻ LAXMICHAND KENIA

Karm Theory is associated with Jainism, Buddhism Hinduism etc. Indian Religions, also called Karm Sanskar by some, can be explained by science to aid individual's understanding and thus shaping their own life.

Karm theory means `Cause and effect' relationship in science and as such `**if you want to remove effect you simply take away the cause. For example if you do not want suffering in life...remove the cause of suffering and suffering will disappear.'**

The karm principles and cause - effect can be understood completely only by **Kewli Bhagwant** or **TIRTHANKAR, ARIHANT, SIDHHA** etc who have fathomed the entire causality. They know past, present and future, why and what etc and evolved as a Kevalya Gyani. However, everyone should attempt to understand the theroy to better shape their current and future lives and own `SADHANA' thus aiding the process of Karm-Nirjara leading to Maux.

Karm is a way of looking at things that is part of right understanding. It is also essence of right action because **it's both intentions and the actions** in which intentions become translated, which becomes part of karm. The difficulty with Karm is it's not always obvious where our Karm is coming from or to what karm really refers to.

**Karm as a Tool : Karm is a concept, a tool that can be applied only to ONESELF. We can not and should not use this word or idea of karm when we look at the other people.**

For example

(1) When you say ``Mr. Mehta had a heart attack and he was a smoker...you know it was just his karm.'

**No...you can not apply karm theory for other person and seemingly apply implicit judgement and devalue him. Its not right use of word karm.**

(2) Similarly with your generous intentions you can not say `Mrs. Sethia has worked hard, she trained & trained, that's why she won the price at Marathon. What a great karm.'

**Only Kewli knows the cause and effect every where and understand it perfectly can apply it to some one else. You can not and should not apply.**

**Each tool has right way and scope of using. You must understand the limitations first. The laptop can not be used to tighten nut and bolt !!!!**

**So understand the Correct use.**

**(a) Human Being is a sequentially Causal Phenomenon :** When you sit in Samayik or meditation with closed eyes and look inward and see sensation of body and concentrate on it you realise that `**Every thing is Changing.'** Atom is changing. Molecule is changing. Compound is changing, Cells are changing, Organs are changing, Blood is changing etc. We notice that one event causes next event.

Each event every moment flows in to another one in the same manner as a river flows in a serial harnessed sequence.

**Learn to Accept Change naturaly, without Raag and Dwesh.**

**(b) Newtonian Physics :** On Billiard or Pool table, you take cue and hit one ball and that ball hits another ball. **It's possible to predict what a second ball will do.** As per Newtonian physics of linear cause and effect, **The momentum of first ball and the angle of its** strike to second ball with give you exact prediction of what will happen to second ball.

This is how some Karm works in a simple predictable Manner. They can be described by **linear equations.** However other karmas are more **complex.**

**(c) Non Linear Equations :** More complex Karm-cause and effect can be understood with tools like Non-linear equations.

**An equation is a law or a statement and the statement creates a line, picture, a graphy and that give you ability to predict in to future based up on original statement.** Complex equation can be solved using algorithms and use of computer technology. Meteorologist use may non linear equations to analyze complex cause and effect relationships to predict weather.

This is the reason we can now better predict weather

than it used to be 25 years ago.

What scientists have learned over the years that weather is actually varies with in **CONTROLLED RANGE.** It does not vary TOTALLY.

Similarly at the age of SIXTY I look similar to what I was at twenty five!!! I changed within Range and did not change totally in to a person from **AFRICAN ORIGIN !!!** We all change within Range !!!

Karm manifiest logically with in a range.

**(d) Attractors :** Reality of attractors helps us to understand **`What we cause and what causes us.'**

When we close our eyes in Samayik or meditation observing reality many thought occur...such as `why did he said that to me? He is very rude. I do nice things to him and yet he does nasty things to me. I have not caused that, that's not my karm...and that struggle goes on to understand how to create a good life for ourselves, a peaceful mind, free of anger, blame and feeling of mind running down a track of negativity.

When you meditate your mind becomes **attracted to a Problem,** which seems to occupy your whole life. For example in case of student it will be what should I do with my carrier? How should I earn my living ? Do I Go to `Shah and Anchor College' or VJTI College ! etc.

In that moment of insight, decision & commitment, hundreds of other problems disappear. Many moral dilemmas evaporate, once you have proper, insight/Decision.

**Meditation, Samayik resembles a weather Guidence**

**First** it gives life an organising principle with in certain bounds with out rigid rules.

**Seceond** it can help you organize your life around a strong attractor that holds you steady even though there is no fix or rigid point.

Thus meditation/Samayik, etc. Dharmik activity should help you organise your life around zones **(Around Attractors)** and realms of morality and reality as revealed to you by the vows and meditation it self. We should understand that **we have freedom to choose and our choices will have consequences,** but there may well be many variations up on that sequence of choice and consequence.

**(e) Small Deviations & long term Ramifications:** Moral Vows are important and judicious thoughtful compliance is essential. **Speaking Truth, Non stealing, No alchohol, Brahmacharya, Aparigriha, Ahimsa etc.** all vows are difficult to keep but are essential in spiritual journey. Small devitations do have a long term effect.

To illustrate point here is a **Butterfly effect.** A small butterfly flapping wings over **Indian Ocean** leads to earthquake in JAPAN!!!!

1. The flapping of wings creates turbulence in air.
2. The turbulence creates temperature difference leading to convection currents resulting in wind.
3. These winds travelling across ocean gathers strength resulting in storm over Tokyo.
4. Bringing torrential rain-mud slides.
5. Shifting earth and an Earthquake.

It's just a metaphor to understand that small deviation can result in magnified cause and effect leading to long term ramifications. **Thus meditator (Shrawak) should always be very careful about own personal morality.**

**Complex cause-Effect (Karma) thinking reminds us**

- To consider variations with in limits
- The strenght of attractive variables
- The long term ramifications of minor deviations and
- Multiple effects from same action...

**That's Karm explained in a scientific way. Try to understand them for better life, tranquil life, harmonious peaceful life.**

**The Regular practice of Samayik/Meditations should be focused with progressing betterness of mind for shravak and shrawika. i.e. Today's samayik/meditatiion hour/Puja should be better than yesterdays. Tomorrows samayik/Puja better than today's. You should be accountable to your self.**

**Samayik/Meditation/puja should be with inquiry and Observation as to Why do I Change? How do I Change? How can I find Happiness in a self and in a world that is constantly changing?**

**It will lead in to LIVING IN PRESENCE WITH more and more AWARENESS. i.e. Karm that will make you ready for assured next tranquil moment.**

**Isn't that what all Jain want? JUST DO IT.**

✷ ✷ ✷

Laxmichand Kenia, 113 Keshavji Naik Road
Mumbai- 400 009.
Mobile : 9869036900.
Email ID : chand235@hotmail.com

# THE GLORIOUS DARŚANAS

BY : ATISUKHSHANKAR TRIVEDI

## CHAPTER - V : THE PÛRVA MĪMÂNSÂ

**The Pûrva Mīmânsâ :** Its main spirit : Jaimini's system known as the Pûrva Mīmânsâ, i.e., Prior Critical Philosophy (logically prior) is to be distinguished from Bâdarâyaṇa's system known as Uttara Mīmânsâ or the Vedânta, i.e., Posterior Critical Philosophy. Jaimini's system is mainly a sacrifical system. Its main endeavour is to lay down *rules for the interpreatation* of Vedic texts for sacrifical rites. Its emphasis is on action as the key to salvation, opposed to which Vedânta says that it is Knowledge that does so. The Vedas are eternal and are not dependent on the authority of God. The world has no God-creator; it is eternal. Knowledge is self-valid; it does not need any external test. In this theory of Knowledge the Mīmânsâ Philodophy differed fron the Nyâya, and Buddhists as well as Vedântist view; and accordingly its explanations of Error and illusion as Akhyâti or Non-apprehension of the discrimination between the real and the unreal, as in Illusion between the conch-shell and silver.

**The Mīmânsâ Literature :** The Jaimini Sûtras were written about 200 B.C. They are the groundwork of the system. Śâbara Bhâṣya is the first known commentary on these Sûtras. There were probably other commentators, but their works are not available. Śâbara lived about 57 B.C. Next we have Kumârila who commented both on Sûtras and on Bhâṣya. Kumârila Bhatta is a little earlier than Śankara and lived about the 7th century A.D. His exposition is in 3 parts: the Ślokavârtika, the Tantravârtika and the Tuptikâ. The next is Prabhâkara who, according to tradition, was Kumârila's pupils. He wrote a commentary on the Śâbara Bhâṣya, the Bṛhati. Among other Mīmânsakas worth mentioning is Mandana Miśra, the follower of Kumârila, who was defeated in arguments and converted to Vedântism by Śankara. His chief works were Vidhiviveka, Mīmânsânukramaṇi, and the commentary on Tantravârtika.There are various other Mīmânsâkâs of minor importance, too numerous to be noticed. The system was of great *practical* utility to Hindu Religion and Law.

**Pramâṇas or the Means of Knowledge :** Different schools differ on this subject, Jaimini accepts only Perception, Inferences and Testimony, to which Prabhâkara adds Comparison and Implication (Arthâpatti), and Kumârila one more, Non-Apprehension (Anupalabdhi).

Perception is explained realistically as proceeding directly from the contact of the sense-organ with the object, and both Prabhâkara and Kumârila admit determinate and indeterminate perception. Again, both of them admit the reality of the Universals as objects of Perception. the Mīmânsâkas thus differ from the Buddhists who deny reality to the Universals, and the Jains who identify Universality with Similarity, and so deny reality to it.

Non-apprehension is admitted as an independent Pramâṇa, because Absence is not apprehended by Perception or by any other Pramâṇa. Prabhâkara does not accept it, for he says: Non-apprehension is included in Inference.

**The Mīmânsâka Theory of Knowledge :** The Doctrine of the self-validity of Knowlwdge (स्वत:प्रामाण्य) forms the very central principle of the Mīmânsâka's theroy of Knowledge as opposed to the Naiyâyika veiw of परत:प्रामाण्य. Knowledge gives its own validity : this means all cognitions are true, and their validity can be set aside by the contrary nature of their objects or by discrepancies in their causes. When I see a serpent instead of a rope, the congnition for the time is valid; it is set aside only when we realise the object, rope. When a jaundiced man sees silver as yellow, the cognition is for the time valid; it is set aside when he knows of the disorder in his eye. The invalidity of a conception is never inherent; every cognition is valid. Even a cognition of shell as silver is valid as cognition. Then how is Erroneous Cognition dealt with by the Mīmânsâka? He simply calls it Akhyâti, i.e., Non-Apprehension; when we see silver where there is shell, there is non-Apprehension of the difference between the *this* and the *silver* (the remem-

bered element). This non-discrimination is due to defects of sense-organ and suggestions of similarity.

Against this the objection is, if all knowledge be self-valid, illusion would not arise at all. But they do arise, and in cases of doubt we do not rely on self-validity, but ascertain validity by correspondence of perception with practical experience (फलज्ञान).

Now when Knowledge takes place, according to Prabhâkara, there are three elements present : (प्रवृतिसंवित्) there is the knower, the known, and the conscious awarness of the knowledge. That is, all knowledge is, at once, Self-consciousness and object-consciousness. Prabhâkara cannot distinguish between `I know' and `I know that I know.' Kumârila does not accept that all consiousness is self-consciousness, and therein he is right, if we judge by any ordinary psychological analysis.

**Self, Salvation, God :** The Mīmânsâka admits the existence of the soul, for without it who would perform the Vedic commandments? And who would have the promises of rewards to be enjoyed in the other world? The soul is distinct from the body, from the sense-organs, and from Buddhi. Further, there is a plurality of selves, for that accounts for a variety of experiences. According to Prabhâkara, the soul is something non-intelligent, which is the support of qualities like knowledge, activity and experience or enjoyment and suffering. According to Kumârila, the self is an object of perception, the mental perceptions (मानसप्रत्यक्ष). Salvation comes as a result of a man's enjoying the fruits of good and bad actions, and there by exhausting them.

God as creator or destroyer of the Universe does not exist. Animals come into existence from their parents, and no God is required to create them.

There is necessary tie between the act and its fruits. The imperceptible anteccedent of the fruit or the after-effect of an act is calld Apûrva: it is the metaphysical link between act and result, and so God is not required as the moral controller of the Universe.

Nyâya supposes that Dharma and Adharma should have a Supervisor. But this cannot be accepted, say the Mīmânsâka, for Dharma and Adharma belong to the performer and none can know them.

This is a very unsatisfactory view of the Universe. The unconscious principle of Apûrva fails to explain the harmony of the Universe, and later Mīmânsâkas gradually smuggled in the concept of God.

To the Mīmânsâka, the only essential thing was *Formalism*, the performance of the rituals laid down in the Vedas. All Ethics was formal and religion absured. In fact, Mīmânsâkas have even the audacity to say that the diety is that whose name is inflected in the dative case (इन्द्राय स्वाहा). Such an attitude hardly touches the heart, and no wonder we have religious reactions in the form of Vaishṇavism and Śaivism, which recognised a Spureme God who can be worshipped in a personal way.

**(To Be Continued)**

## 'પ્રબુદ્ધ જીવન' : ચોથી પેઢી

ડિસેમ્બર-૨૦૧૩ના એક દિવસે એક પ્રસંગે અમદાવાદ જવાનું થયું. વક્તવ્ય પૂરું થયા પછી લગભગ ૪૫-૫૦ની આસપાસના એક શ્રીમાન મારી પાસે આવ્યા. ઔપચારિક વાત થયા પછી કહે, 'પ્રબુદ્ધ જીવન' અમારા ઘરમાં ત્રણ પેઢીથી આવે છે. મારા દાદા અને પિતા અને કુટુંબીજનોને 'પ્રબુદ્ધ જીવન' વાંચતા મેં જોયા છે. હું અને અમારો પરિવાર નિયમિત 'પ્રબુદ્ધ જીવન' વાંચીએ છીએ. 'પ્રબુદ્ધ જીવને' અમારી ત્રણ પેઢીનું સંસ્કાર અને ધર્મ ઘડતર કર્યું છે.

પ્રસંશા કોને ન ગમે ? પણ એ ગમવા સાથે સમાંતરે જવાબદારી અને અપેક્ષાનો પણ વિચાર કરવો જોઈએ.


મને વિચાર આવ્યો, હવે ચોથી પેઢી પાસે પણ 'પ્રબુદ્ધ જીવન' પહોંચે એવા પ્રયત્નો કરવા જોઈએ. 'પ્રબુદ્ધ જીવન'માં અંગ્રેજી વિભાગ તો શરૂ કર્યો જ છે, ઉપરાંત માતા-પિતા અત્યારથી જ પોતાના બાળ સંતાનોને 'પ્રબુદ્ધ જીવન' વંચાવે એવા સંસ્કાર મળે એવું કાંઈક કરવું જોઈએ. અને અમારા સહકાર્યકર ડૉ. રેણુકાબેન પોરવાલના સહકારથી **આ અંગ્રેજી વાર્તા-પટ્ટીનો જન્મ થયો.**

હવેથી પ્રત્યેક અંકે અંદરના કવર પેજ ઉપર આવી ચિત્રપટ્ટી પ્રકાશિત થશે.

દાદા-દાદીને, માતા-પિતાને અમારી વિનંતિ છે કે પોતાના સંતાનોને આ વાર્તા સંભળાવે અને 'પ્રબુદ્ધ જીવન' એ પુણ્યાત્માના હાથમાં પકડાવે, તો ક્યારેક ભવિષ્યમાં 'પ્રબુદ્ધ જીવન' અંદર પણ એ ભાગ્યશાળી આત્મા વાંચશે.

☐ **તંત્રી**

# Prosperity of Shalibhadra - By Dr.Renuka Porwal



Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453
Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month

Published on 16th of every month & Posted at
Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# પ્રત્યક્ષ દાન

□ ગીતા જૈન

*'સ્મરણ લીલું કપુરી પાન જેવું,*
*હવામાં ચોતરફ લોબાન જેવું.*

**–અદમ ટંકારવી**

પ્રત્યક્ષ દાનના મારા અનુભવો અને કિસ્સાઓ મનની સપાટીએ તરવા લાગ્યા છે, કેટલાને શબ્દદેહ આપી શકાશે તે નક્કી નથી, પણ શરૂઆત કરું છું. હા! ટૂકમાં જ સ્તો!

(૧)

**મને મળ્યું માત્ર ૧૦ રૂા.નું અમૂલ્ય દાન**

ચુનાભઠ્ઠીના બસ સ્ટોપ પર મારું પર્સ કોઈએ તફડાવી લીધું છે એની જાણ વગર બસમાં ચડી ગઈ. કે.ઈ.એમ. પરેલ હૉસ્પિટલની ટિકિટ લેવા બેગમાં પર્સ શોધવા હાંફળી થઈ ગઈ! પણ એ ત્યાં નહોતું!

મારી પાછળ બેઠેલા યંગ કપલે મારી ટિકિટ કઢાવી આપી. કે.ઈ.એમ. સુધી સૂનમૂન રહી. કંડક્ટર કદાચ મને જોતો હશે. ડ્રાઈવર પાસે છેક ગેટ પાસે બસ ઊભી રખાવી અને મને કહે હવે તમે પાછા કેવી રીતે જશો? મને વળતાની ટિકિટ કઢાવવા માટે ૧૦ રૂા. આપવા લાગ્યો. મેં કહ્યું, ડૉક્ટર મારા મિત્ર છે, પૈસા લઈ લઈશ તો કહે ના આ તમે લઈ જ લો, નહીં તો મને દુ:ખ થશે. આ મળ્યું ને પ્રત્યક્ષ દાન! ખબર નહીં એ કંડક્ટરભાઈ ફરી ક્યારેય મળશે ખરા? હું ઓળખીશ ખરી?

(૨)

**અંધારે ચમકારો**

વરસતા વરસાદે વડોદરાના હાઈ-વે પર રાત્રે ૯-૦૦ વાગે થયો અકસ્માત. ઓમનીના આગળથી થયા ચૂરા! અમે કેમ બચ્યા તે તો ભગવાન જાણે! પણ કૃષ્ણ ભગવાન જેના સારથિ બન્યા હતા તે નામધારી અર્જુનભાઈ આવી ચડ્યા. અને કહે આ ગાડી અહીં હાઈ-વે પર વધારે વાર ન રખાય. તરત પોતાની વાડીમાંથી ટ્રેક્ટર, રસ્સી, ટોર્ચ વગેરે ફોન કરી મંગાવી અમને સહીસલામત વાડીમાં પહોંચાડ્યા. તે વખતે લાઈટ પણ નહોતી.

બીજે દિવસે ગાડીને ફરી ટ્રેક્ટર સાથે જોડી શોરૂમમાં પણ પહોંચાડી, અને જ્યારે મેં થયેલ ખર્ચ માટેની વાત કરી તો કહે, આ તો 'પ્રત્યક્ષ દાન'ની પ્રભુએ તક આપી!

(૩)

**અજાણી જગ્યાએ અજાણ્યાને અજાણ્યાનું દાન**

વડોદરાના એક રીક્ષા ડ્રાઈવરના પુત્રને કોચીન ઑપરેશન માટે મોકલાવેલ. કોઈમ્બતુરના શ્રી પ્રદીપભાઈ લોડાયાને ફોન કર્યો. કોચીનમાં ભાષાની સમસ્યા નડે, ગરીબ વ્યક્તિ છે. જો દેરાસર સંલગ્ન ધર્મશાળામાં રહેવાની સગવડ કરી શકાય એમ હોય તો અને પ્રદીપભાઈએ ફોન કર્યો કોચીનના પ્રફુલ્લભાઈને. મારા આશ્ચર્ય વચ્ચે મારાથી અજાણ એવા પ્રફુલ્લભાઈએ એ રીક્ષા ડ્રાઈવરને 'પ્રત્યક્ષ દાન' રૂપે રૂા. ૫૦,૦૦૦/- ની મદદ કરી દીધી. મેં પ્રદીપભાઈને ફોન કર્યો તો કહે તમે કહ્યું એટલે યોગ્ય જ હોય. પ્રફુલ્લભાઈ પાસેથી ફોન પર સર્વ વિગત જાણી એટલે અમે બંનેએ ૨૫-૨૫ના 'પ્રત્યક્ષ-દાન'નું નક્કી કરી લીધું.

(૪)

**ડૉ. તરલની સજ્જ સરલતા**

મુલુન્ડ કોલોનીમાં સામાન્ય ડ્રાઈવરનો પુત્ર અભય સાત વર્ષની ઉંમર સુધી ચાલ્યો જ ન હતો. એવી ખબર મળતાં ડૉ. તરલ નાગડા પાસે મોકલ્યો. તરલભાઈએ આજ સુધી એની પર પાંચ ઑપરેશન કર્યા છે. એક પૈસાની પણ ફી લીધા વગર-છે ને 'પ્રત્યક્ષ-દાન'. મારા સહસાધકોએ ઑપરેશન સિવાયનો અધધધ ખર્ચ હસતા મુખે ઉઠાવી લીધો છે.

(૫)

**જયંત લંબાયા કૌસાની સુધી**

ઉત્તરાંચલના કૌસાનીમાં આવેલ લક્ષ્મી આશ્રમમાં 'કસ્તુરબા વિદ્યાલય'ની બાળકીઓ

## પંથે પંથે પાથેય

માટે યોગશિબિરનું સંચાલન કરવા ૧૦ દિવસ રોકાવાનું થયું. સામાન્ય સ્થિતિની પરિવારવિહોણી બાળાઓ આશ્રમના વાતાવરણમાં જીવનના અનેક રંગો ખીલવવા કેળવણી લઈ રહી હતી. સાંજે પ્રાર્થનામાં મધુર કંઠે તાલબદ્ધ ગવાતી પ્રાર્થના/ગીત/ભજનથી મન તરબતર થઈ ગયું. ઢોલક, તબલા, મંજીરાની વચ્ચે હાર્મોનિયમની ગેરહાજરી વર્તાઈ. પૃચ્છા કરી તો ખબર પડી કે નવું લેવું પડે તેમ હતું. રાત્રે આજ વાત વિચારતા સૂઈ ગઈ અને સવારે મુંબઈથી જયંતભાઈ ગંગરનો ફોન આવ્યો. વાતવાતમાં હારમોનિયમની જરૂરિયાત કહેવાઈ ગઈ અને તરત જ મળી ગયું 'પ્રત્યક્ષદાન'.

(૬)

**વિશાલની વિસ્મીત કરતી વિશાલતા**

કચ્છના ભૂકંપપીડિત અંજારના માયાબાની વાત પણ તમને જણાવું. ભૂકંપ સમયે પ્રેગનેન્ટ માયાબા ભાગવા જતાં પથ્થર તળે દબાયા. શરીરનો નીચેનો ભાગ નિર્જીવ બન્યો. પતિએ સાથ છોડી દીધો, સસરાપક્ષે સ્વીકારી નહીં. અને તોયે અર્ધનીર્જીવ શરીરે 'ચેતના'ને જન્મ આપ્યો. આજે એ દિકરી આઠમા ધોરણમાં ભણે છે. ગત વર્ષે વરસાદથી ઘરના પતરામાંથી પાણી ટપકવાની ભીતિ ઊભી થઈ. ગાંધીધામના વિશાલભાઈ લાલકાને વાત કરી થોડી મદદ માટે! વિશાલભાઈ એના ઘરે પહોંચ્યા-માત્ર પતરું નહીં, છજ્જાનો વિસ્તાર કરી એક નવો રૂમ ઊભો કરી આપ્યો. આને જ તો હવે આપણે 'પ્રત્યક્ષ દાન' કહીશું ને!

(૭)

**ભણતરનું થડ બન્યા ડૉ. મુકેશભાઈ**

અરે! ચેતનાબેનની વાત તો કરું! ભૂકંપ બાદ ત્રણ દિવસ પછી જેમને મલ્બામાંથી ખોળી કાઢવામાં આવ્યા હતા એવા ચેતનાબેને માત્ર બંને પગ જ નહિ પણ પતિ અને દીકરી સુદ્ધાં ગુમાવ્યા હતા. પુત્ર ભાર્ગવની સાથે આ અપંગ મહિલાની જીવનયાત્રા ઘણી કઠિન બની ગઈ હતી. મુંબઈના

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૬)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨)
અંક-૨, મે, ૨૦૧૪ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



વિશ્વની સર્વપ્રથમ વિરાટ સ્વરૂપવાન શ્રુતજ્ઞાન અધિષ્ઠાત્રી શ્રુતદેવી સરસ્વતી ભગવતી

## જિન-વચન

*તમામ પાપમય પ્રવૃતિઓ*
*અંતે દુઃખમાં પરિણમે છે.*

*वेराइं कुव्वई वेरी तओ वेरेहिं रज्जती ।*
*पावोवगा य आरंभा दुक्खफासा य अंतसो ।।*

*(सू. १-८-७)*

**વેરી માણસ વેર બાંધીને પાછો વેરને વધાર્યા કરે છે અને તેથી રાજી થાય છે. પરંતુ તમામ પાપમય પ્રવૃત્તિઓ અંતે દુઃખમાં પરિણમે છે.**

A revengeful person goes on inflicting injury on others and then takes delight in doing injury. But all such activities are sinful and ultimately result in miseries.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन'માંથી)

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૧.
- કુલ ૬૨મું વર્ષ.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

### પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

### પરિસ્થિતિને પ્રેરણા બનાવો

રાજ્ય છોડ્યા પછી ભર્તૃહરિ બેઠા બેઠા ગોદડી સીવી રહ્યા હતા ત્યાં સાંજ પડી ગઈ. સોય દોરામાંથી સરકી ગઈ. ઉંમરને લીધે આંખોનું તેજ ઓછું થઈ ગયું. પ્રકાશ ઓછો હતો. ભર્તૃહરિને સોય પરોવવી હતી. એટલામાં ત્યાંથી લક્ષ્મીદેવી પસાર થતાં હતાં. પૂછ્યું: 'ભર્તૃહરિ! આ શું ફાટેલી ગોદડી સાંધો છો? લો, આ નવી રેશમી ગોદડી લઈ લો.' ભર્તૃહરિએ કહ્યું: 'મારે તમારી ગોદડી નથી જોઈતી. મારે તો મારી જ ગોદડી સીવવી છે.'

દેવીએ કહ્યું: 'હું ખાલી હાથે કેમ જાઉં? બોલો, તમારે શું જોઈએ છે? કંઈક તો માગો જ.'

'લો, આ સોયમાં દોરો પરોવી આપો!'

'શું કહો છો? માગી માગીને આ માગ્યું?' દેવીએ પૂછ્યું: 'તમારે સુખ નથી જોઈતું?'

ભર્તૃહરિએ કહ્યું: 'જે ચિત્ત અંતરયામીમાં લાગી પ્રસન્ન થઈ ગયું છે એને ફરી પાછાં સુખસાહેબી, ભોગ મળે તો સુખની એષણામાં મન તૃષ્ણામાં લાગી જાય, અંતરયામીમાં લાગેલું મન સુખની એષણામાં લપસે તો ઉપર જનારું મન નીચે આવી જાય. આ ગોદડી ઠીક છે, સીવતાં સીવતાં અંતરયામીમાં હું ડૂબી ગયો છું, તો શા માટે સુખની એષણામાં મનને જવા દઉં? વસ્તુઓ આવે છે, પણ અંતે અશાંતિ મૂકીને જાય છે. મારે અશાંતિ નથી જોઈતી. મારે ફાટેલી ગોદડી મજાની છે. ન એને કોઈ લેવા આવે કે ન એને માટે કોઈને ઈચ્છા થાય, ન એને માટે મારામારી કે ન એને માટે કોઈ ઝઘડા.'

પ્રાપ્ત પરિસ્થિતિમાં સુખ અને સંતોષ માની પ્રયત્નથી પ્રારબ્ધને જગાડે તો માણસ જરૂર ઉપર આવી શકે. પરિસ્થિતિને પ્રેરણા બનાવી શકે.

***

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જૈનો – આટલા શ્રીમંત?! આટલા ગરીબ?! | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | ભગવાન મહાવીર...મહાવૈજ્ઞાનિક..!! | પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. | ૬ |
| ૩. | પાર્શ્વનાથ-પદ્માવતી કથા : એક ઝલક અવિસ્મરણીય આંતર અનુભવ | — | ૯ |
| ૪. | ઉપનિષદમાં આનંદ અને બ્રહ્માનંદ વિચાર | ડૉ. નરેશ વેદ | ૧૩ |
| ૫. | જન-ગણ-મન | સૂર્યકાંત પરીખ | ૧૫ |
| ૬. | પૂર્વ અને પુનર્જન્મ વિષેનાં તર્ક | હરજીવન થાનકી | ૧૬ |
| ૭. | ભજન-ધન-૮ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૧૭ |
| ૮. | બિહાર, ઝારખંડ, બંગાળ વગેરે રાજ્યોમાં વસતા સાધર્મિક સરાકબંધુઓને રૂબરૂ મળવાનો રોમાંચ | રોહિત શાહ | ૨૧ |
| ૯. | ભાવ-પ્રતિભાવ : મતમતાંતરનો અખાડો | — | ૨૫ |
| ૧૦. | ઘડી – સમયની સખી | ડૉ. ગુલાબ દેઢિયા | ૨૯ |
| ૧૧. | કબીરના પદોમાં સામાજિકતાનું નિરૂપણ | શશિકાંત લ. વૈદ્ય | ૩૦ |
| ૧૨. | આત્માનું સક્રિયપણું અને અક્રિયપણું | સુમનભાઈ શાહ | ૩૨ |
| ૧૩. | જયભિખ્ખુ જીવનધારા : ૬૦ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૩ |
| ૧૪. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૬ |
| 15. | Thus He Was Thus He Spake : Happiness | Reshma Jain | 38 |
| 16. | The Glorious Darshans : Chapter VI | Atisukhshankar Trivedi | 39 |
| 17. | The Kind Hearted Megh Kumar : Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૮. | પંથે પંથે પાથેય : સંવેદનશીલ ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. મોરારજીભાઈ દેસાઈ | મનુભાઈ શાહ | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) • અંક : ૨ • મે ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૦ • વીર સંવત ૨૫૪૦ • વૈશાખ વદિ તિથિ-૨ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •  • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## જૈનો
## આટલા શ્રીમંત ?!
## આટલા ગરીબ ?!

(૧)

સર્વ મંગલમ્ આશ્રમ સાગોડિયા–પાટણમાં તા. ૫, ૬, ૭ એપ્રિલ-૨૦૧૪ના અર્હમ્ સ્પિરિચ્યુલ સેંટર સંચાલિત, સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર મુંબઈ દ્વારા ૧૧મા જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન થયું.

આ વખતે આ જ્ઞાનસત્રના સંયોજક મિત્ર ગુણવંત બરવાળિયાએ એક નવતર સફળ પ્રયોગ કર્યો. અત્યાર સુધી મહાવીર જૈન વિદ્યાલય આયોજિત જૈન સાહિત્ય સમારોહ અને આવા જ્ઞાનસત્રમાં માત્ર ચાર ફિરકાના વિદ્વાન સાહિત્યકારો ઉપસ્થિત થઈ એકત્રિત થતા હતા, જૈન-સાહિત્યની ગોષ્ટિ કરતા હતા, શ્રુતજ્ઞાન માટે અવશ્ય એ ઉપકારક હતું, પણ એ સાહિત્ય ચર્ચા વિદ્વાનો વચ્ચે સીમિત જ રહેતી.

આ અગિયારમા જ્ઞાનસત્રમાં વિદ્વાનો ઉપરાંત જૈન સંઘોના સંઘપતિઓ તેમજ જૈન આધારિત ગ્રુપોના મોવડીઓ પણ ઉપસ્થિત રહ્યાં અને વર્તમાન જૈન સમાજની સમસ્યાઓની ખુલ્લે હૃદયે ચર્ચા થઈ, જેથી આ 'સૂર' આ આગેવાનો દ્વારા જૈન સમાજના અન્ય વર્ગ પાસે પહોંચી શકે અને સાચા અર્થમાં પરિવર્તનનો પવન આગળ વધે અને જૈન સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને એને શક્ય હોય ત્યાં મૂર્ત સ્વરૂપ અપાય.

જે વિષયો ચર્ચાવાના હતા, એ વિશે એ વિચારકો પાસેથી ગુણવંતભાઈએ પહેલેથી જ લેખો મંગાવી રાખ્યા હતા. એટલું જ નહિ, એ લેખોને પુસ્તક આકાર આપીને સર્વ સમક્ષ ત્યાં પ્રસ્તુત પણ કર્યું.

પ્રસ્તુત પુસ્તકમાં સમાવિષ્ટ વિષયો ઉપર સહેજ નજર કરીએ:

વિજળીના સાધનોનો ઉપયોગ, વિવેક અને મર્યાદા, શિથિલાચારના કારણો, દેશકાળ અનુસાર વિવેકપૂર્ણ પરિવર્તન, એકાંતિક ક્રિયાકાંડ, ધર્મ એક સંવત્સરી એક, ચતુર્વિધ સંઘને જોડતી કડી, વર્તમાન સમસ્યાઓ, પરંપરાગત માન્યતાઓ, વેયાવચ્ચ, દાનનો પ્રવાહ, દેવદ્રવ્ય, લઘુમતીની માન્યતા, લગભગ એકત્રીસ લેખો. જિજ્ઞાસુ આ ગ્રંથ ગુણવંત બરવાળિયા પાસેથી પ્રાપ્ત કરી શકે છે. - ૦૯૮૨૦૨ ૧૫૫૪૨.

**આ અંકના સૌજન્યદાતા**
**સ્વ. શ્રીમતી પદ્માબેન રમેશચંદ્ર શાહના સ્મરણાર્થે**
**હસ્તે : શ્રી રમેશચંદ્ર પોપટલાલ શાહ**
**તથા**
**શ્રી પોપટલાલ જેસીંગભાઈ શાહ પરિવાર**
**(અમદાવાદ–મુંબઈ)**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

(૨)

સેમિનાર પૂરો થયા પછી અમે ૭મી એપ્રિલે પાટણની આજુબાજુ અને પાટણમાં તીર્થદર્શન કરવા ગયા.

એક દેરાસર પાસે અમે ગાડી ઊભી રાખી અને જેવા નીચે ઊતર્યા કે એક બેન અમારી પાસે આવ્યાં, ગરીબી કક્ષાએ મધ્યમવર્ગના એ બહેનના હાથમાં એક મોટો થેલો હતો. મુખ ઉપર મહેનતની ઉદાસિનતા, તડકાનો થાક, કપાળમાં સૌભાગ્યના ચાંદલા સાથે ચંદન-કેશરનો ચાંદલો, પગમાં તુટેલી પટ્ટીવાળા ચપ્પલ, અને અવાજમાં વિનંતિના કંપન સાથે બોલ્યા, 'ભાઈ, દેવડા લેશો ? (દેવડા એ પાટણની પ્રખ્યાત મિઠાઈ) તાજાં છે, ૨૫૦ રૂા. કિલો, સરસ રીતે પેક કર્યા છે, બહારગામ લઈ જવામાં તકલીફ નહિ પડે.'

ભાવમાં ન કસવાની ભલામણ સાથે મેં શ્રીમતીને શક્ય હોય તો પૂરી થેલીના દેવડાં લઈ લેવા કહ્યું.

અમે ગાડીમાં બેઠા અને અમારી સાથે બેઠેલા સર્વ મંગલમ્ આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જગદીશભાઈ વોરાએ આક્રોશયુક્ત પોતાનો વાણી પ્રવાહ ચલાવ્યો, 'જુઓ આપણા જૈનો કેટલાં શ્રીમંત અને આવા કેટલાં ગરીબ ?'

મારું મન વિચારે ચઢ્યું, અને મિત્ર હિંમતભાઈ ગાંધી પાસેથી થોડી વિગતો મેળવી. એમણે કહ્યું:

''દેશના જીડીપી દરમાં ૨૮ ટકા જૈનોનું પ્રદાન છે, ભારતના આવકવેરામાં જે કર પ્રાપ્ત થાય છે એમાં ૩૫ ટકા જૈનોનું પ્રદાન છે. ભારતની વિવિધ સંસ્થાઓને જે જે દાનની રકમ પ્રાપ્ત થાય છે એમાં ૫૦ ટકા જૈનોનો ફાળો છે.

વિશ્વમાં લગભગ દોઢ કરોડ જૈનો છે એમાંથી લગભગ વીસ લાખ પરદેશમાં છે અને એ બધા પરદેશમાં સમૃદ્ધ છે.

કુલ દોઢ કરોડ જૈનોમાંથી ૬૦ ટકા જૈનોની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. કેટલાંક તો ગરીબીની રેખા નીચે જીવે છે, કેટલાંક ઝુંપડપટ્ટી જેવા ઘરમાં વસે છે, આ બધાં દવા અને કેળવણીની માંડ માંડ વ્યવસ્થા કરી શકે છે.''

વૃદ્ધાશ્રમો વધતા જાય છે, મુંબઈના શ્રી કુલિન વોરા પ્રતિદિન એકસો વૃદ્ધોને નિઃશુલ્ક ટિફિન મોકલે છે એમાં ૨૫ ટકા જૈન વૃદ્ધો છે. આ સંસ્થા શ્રી મું. જૈ. યુ. સંઘ પ્રતિ માસ અનાજનું વિતરણ કરે છે એમાં કેટલાંક જૈન પરિવાર છે. કેટલાંક પરિવારો ફરજિયાત આયંબિલ કરે છે.

ભવ્યાતિભવ્ય ઉત્સવો યોજાય છે. અલ્પકાલિન મહાલયો ખડા થાય છે. નવા નવા સ્થાપત્યના નિર્માણો થાય છે. ભવ્ય પુસ્તકો અને ભવ્ય નિમંત્રણ પત્રિકા છપાય છે, જે પ્રસંગ પૂરો થયા પછી પસ્તીને હવાલે થવાની છે. કરોડો રૂપિયાના ઘીની બોલી બોલાય છે. આ ધન સર્જનની શુદ્ધિ કે માર્ગાનુસારી કે ન્યાય સંપન્ન એ ધન છે કે નહિ, એવો કોઈ પ્રશ્ન કરી શકતું નથી.

આવી સમૃદ્ધિ છે થતાં ૬૦ ટકા જૈનોની આ પરિસ્થિતિ ?

ક્યાંક કોઈ કડી નક્કી ખૂટે છે.

'જગતના માત્ર પાંચ ટકા માણસો ૯૫ ટકા નાણાંકીય સ્રોત્રો પર કબજો ધરાવે છે ! આ હકીકત શું સૂચવે છે ? પ્રગતિ કે દુર્ગતિ ?'

–નવનીત સમર્પણ-એપ્રિલ, પાનું ૧૨૬

મહાવીર જગતના પહેલા સમાજવાદી. અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહ જેવા સિદ્ધાંતો મહાવીરે જગતને આપ્યા. અપરિગ્રહની સાથે સહ અસ્તિત્વ અને એથી વિશ્વશાંતિનો સંદેશો એમણે આપ્યો.

પરિગ્રહના ગેરફાયદા અને અપરિગ્રહના ફાયદા મહાવીરે વિગતે જગતને સમજાવ્યા. સંપત્તિવાનોને 'ટ્રસ્ટીશીપ'નો વિચાર ગાંધીજીએ આપ્યો અને એના પ્રેરક મહાવીર.

જૈનો સમૃદ્ધ અને સંપત્તિવાન છે એવી છાપ અન્ય સમાજમાં છે. વધુ ફાયદા માટે જૈનોને લઘુમતીનો દરજ્જો પણ મળ્યો. પણ જૈન ધર્મના સંસ્કાર જાળવીને ગરીબાઈની વિપત્તિ સાથે જીવતા આ ૬૦ ટકા જૈનોનું શું ? જૈનો પાસે સંપત્તિ સમૃદ્ધિ છે, ભંડારો અને બૅંકોમાં જૈનોનું કરોડોનું દ્રવ્ય પડ્યું છે જેનો લાભ અન્ય સમાજ લે છે, પણ આ અભાવો સાથે જીવતા જૈનોનું શું ? વ્યવસ્થામાં ક્યાંક કશું ખૂટે છે જરૂર.

તબીબી સહાય છે, નિઃશુલ્ક કેળવણી સંસ્થા છે, છતાં આ ૬૦ ટકા વર્ગ એ લાભોથી વંચિત છે.

ટ્રસ્ટોની હજારો કરોડની સંપત્તિ બૅંકોમાં પડી છે. એના વ્યાજમાંથી વહીવટો ચાલે છે, પણ આ બૅંકો આ ૮ ટકા વ્યાજ આપવા માટે ૧૫ ટકા કેવા ઉદ્યોગો કે વ્યવસાય પાસેથી કમાય છે, એ આ અહિંસક જૈન જગતની સંપત્તિને બૅંકમાં થાપણ તરીકે મૂકનારને ખબર છે ?

આ બૅંકો હિંસક પ્રવૃત્તિ કરનાર અથવા હિંસક પ્રવૃત્તિને પ્રોત્સાહન કરનાર–દા. ત. માંસના નિકાસકારોને જૈનોની આ થાપણ આપી, એ નફામાંથી પ્રાપ્ત નફો આ ૮ ટકા વ્યાજ રૂપે જૈન ટ્રસ્ટોના થાપણકારોને આપે છે. તો પ્રત્યેક જૈન કેટલો બધો પાપનો ભાગીદાર બન્યો ? આ જ હકીકત વ્યક્તિગત જૈન થાપણકારને લાગુ પડે છે.

જૈનો પાસે પોતાની બૅંક હોવી જોઈએ, જ્યાં આવી થાપણો એ બૅંક અહિંસક પ્રવૃત્તિના ઉદ્યોગને જ આપે, ઉપરાંત જૈનોને પોતાના વ્યવસાય માટે લોન આપે, તો મહાવીરના આ અભાવગ્રસ્ત પરિવારો

માનપૂર્વક ઉજળા દિવસો જોઈ શકશે અને મહાવીરના અહિંસાના સિદ્ધાંતની રક્ષા થશે તેમ જ પાપના ભાગીદાર થવાના પાપથી બચીશું.

આજે જૈનો સંપ્રદાય અને ગચ્છોમાં વિભાજીત થઈ ગયા છે. પ્રત્યેક સંસ્થામાં 'અહં'ની મૂર્તિ મહાકાય બનતી જાય છે. અને નાનો જૈન એમાં ચગદાતો જાય છે, ત્યાં એના ઉદ્ધારની તો કલ્પના જ કેમ કરવી?

એક સંસ્થાનો જન્મ થાય, એ વિરાટ બનવા જાય ત્યાં, એમાંથી વળી નવી સંસ્થા જન્મે, અને અહંના ગુણાકાર થાય અને સામાન્ય જૈનના ભાગાકાર થતા જાય. ખંડિત થવું સહેલું છે. અખંડિત અને સંગઠીત થવું એજ ધર્મની સાચી સેવા છે, એના માટે આકાશ જેવું હૃદય જોઈએ.

આપણે જૈન ધર્મના વિશ્વ પ્રચારની વાતો કરીએ છીએ, પણ આ ઘર આંગણાના અભાવગ્રસ્ત આ જૈનને જીવતો રાખવા શું કરીશું? સાધર્મિક ભક્તિ એ સિદ્ધાંતને ક્યારે ઉજળો કરીશું?

હમણાં મારા હાથમાં જૈન સોશિયલ ગ્રુપ (બોમ્બે) ફાઉન્ડેશનની સુશોભિત અહેવાલ પત્રિકા આવી. હૃદયને શાતા મળી અને ગ્લાનિ પણ થઈ.

બૅંકો તો બે રૂપિયાની ગેરંટી લઈને એક રૂપિયો આપે, એટલે સામાન્ય જન માટે તો બૅંકનો દરવાજો શું કામનો? એટલે ૨૫ વર્ષ પહેલાં સ્વરોજગાર કરવા ઇચ્છુક જૈનોને રૂા. પચાસ હજાર સુધી વગર વ્યાજે લોન આપવાની યોજના આ સંસ્થાએ કરી. ઉપરાંત ઉચ્ચ અભ્યાસ અને તબીબી સહાય માટે પણ. લગભગ બે કરોડની થાપણનું કરોડો સુધી ટર્નઓવર. સ્વરોજગાર યોજનામાં અત્યાર સુધી લગભગ ચાર કરોડની લોન અપાઈ. અત્યાર સુધી ૧૩૧૬ પરિવારો આર્થિક રીતે પગભર થયા. ઉપરાંત ૩૭૭ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે લોન વગેરે.

આવી સરસ યોજના માટે એ સંસ્થા, એના પ્રેરક અને દાતાઓ અને વહીવટકર્તા અવશ્ય અભિનંદનના અધિકારી છે. પણ ગ્લાનિ એ થઈ કે જે જૈન સંપત્તિવાન સો સો કરોડની પાર્ટી હોય, ત્યાં પચ્ચીસ વરસમાં આટલી બે કરોડની જ સ્થાયી થાપણ થઈ? પ્રત્યેક વર્ષે માત્ર ૫૩ પરિવારોને જ લાભ મળ્યો. આવી સંસ્થા હોય, શ્રીમંતો જેના સભ્યો હોય, ત્યાં તો સો કરોડથી વધુ થાપણ થવી જોઈએ અને પ્રતિ વર્ષે સેંકડો પરિવાર એ યોજનાથી લાભાન્વિત થાય તો પેલા ૬૦ ટકાનો આંક નીચો આવે.

છેલ્લા પાંચ સૈકામાં જૈનોની વસ્તી વધી કે ઘટી? કેટલા જૈન ધર્મી વૈષ્ણવ અને સ્વામીનારાયણ ધર્મમાં પ્રવેશ્યા? આ પ્રશ્નો એક ઊંડો અભ્યાસ માગી લે છે.

આપણે દેવદ્રવ્યની રક્ષા કરવા ભલે વચનબદ્ધ હોઈએ પણ જૈન શ્રાવક-શ્રાવિકાનું શું?

જૈનો માત્ર સંપત્તિવાન જ નથી, વ્યવહારદક્ષ અને સુજ્ઞ આયોજનકાર છે, એટલે જ સંપત્તિવાન બની શક્યા છે. ધનસર્જનમાં એટલી કુશાગ્ર બુદ્ધિ છે તો પછી એ બુદ્ધિ અને ધનલાભ આ ૬૦ ટકા જૈનોને કેમ નહિ?

દાનનો મહિમા અપાર છે. ધરતીને એક બીજ આપો તો એ ઘટાટોપ વૃક્ષ બનીને બીજ વાવનારને ફળો સાથે આપે છે. આ કુદરતનો નિયમ છે, જે સર્વ ક્ષેત્ર માટે સનાતન છે.

હવે આ ૬૦ ટકા જૈનોનો વિચાર નહિ કરાય તો ભવિષ્યમાં જૈનોની સંખ્યા ઓછી થશે અથવા જૈન ધર્મથી વિમુખ થશે તો એના જવાબદાર વર્તમાનના આ સંપત્તિવાનો, વ્યવસ્થા શક્તિને આકાર નહિ આપી શકનાર બૌદ્ધિકો, અને એના પ. પૂ. માર્ગદર્શકો હશે એ કહેવાની જરૂર ખરી?

❑ધનવંત શાહ
drdtshah@hotmail.com

**પર્યુષણ પર્વ વિશિષ્ટ અંક**

**કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન**

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક ઉપરોક્ત શીર્ષકથી ૨૦૧૪, ઓગસ્ટની ૧૬મી તારીખે પ્રકાશિત થશે.

જૈન દર્શનમાં કર્મવાદ કેન્દ્ર સ્થાને છે. તેમજ અન્ય દર્શનમાં પણ કર્મવાદનું મહત્ત્વ છે.

જૈન અને અન્ય દર્શનના વિદ્વાનોના અભ્યાસપૂર્ણ લેખોનો આ અંકને લાભ મળશે.

આ દળદાર અંકનું સંપાદન કરશે જૈન ધર્મની વિદુષી લેખિકાઓ–

ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવા.

પર્યુષણ પ્રસંગે પ્રભાવના કરવા ૧૦૦થી વધુ નકલોનો ઓર્ડર લખાવનારને એ અંકોમાં પ્રભાવના કરનારનું નામ પ્રકાશિત કરી અપાશે.

**અંકની કિંમત માત્ર રૂા. ૬૦/–**

આપ આપનો ઓર્ડર સત્વરે લખાવશો. ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

# ભગવાન મહાવીર...મહાવૈજ્ઞાનિક...!!!

❑ પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિજી મ.સા.

થોડા સમય પહેલાં છાપામાં ન્યૂઝ આવ્યા હતા...'જે વ્યક્તિને આંખો નથી તેને દુઃખી થવાની જરૂર નથી, તે વ્યક્તિ કાનથી જોઈ શકશે.' સમાચાર વાંચીને ઘણાની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ... અરે! આ તે કેવી શોધ??

પણ આ જ વાત ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં જ કહી દીધી છે. જે જૈન ધર્મના ઉપદેશ ગ્રંથ આગમમાં દર્શાવવામાં આવી છે. ભગવાન મહાવીરે તે સમયે કહ્યું હતું કે આપણી પાંચેપાંચ ઈન્દ્રિયોમાં પાંચેપાંચ સંજ્ઞાઓની ક્ષમતા છે. આ વાત વૈજ્ઞાનિકોએ અનેક પ્રકારના પ્રયોગો બાદ આજે પુરવાર કરી!! ભગવાને આ પ્રકારની શક્તિને 'સંભિન્ન શ્રોત' લબ્ધિ કહી છે.

હવે વિચારો, ભગવાન કેવા સુપર સાયન્ટિસ્ટ હશે...!!

આપણે ભગવાનને 'ભગવાન' તરીકે જોઈએ છીએ, તીર્થંકરરૂપે એમની પૂજા કરીએ છીએ, વિતરાગી તરીકે એમના ત્યાગ પ્રત્યે અહોભાવ પ્રગટ કરીએ છીએ, પણ ક્યારેય એમને 'પરમ જ્ઞાની', મહાજ્ઞાની તરીકે અનુભવતા નથી. એકવાર એમના જ્ઞાન સાથે આજના વિજ્ઞાનની તુલના કરીએ તો ખબર પડે. ભગવાન મહાવીર માત્ર જ્ઞાની કે વિજ્ઞાની જ ન હતા, પણ પરમ જ્ઞાની અને મહાવિજ્ઞાની હતા.

આજે વૈજ્ઞાનિકો વર્ષોનાં વર્ષોનો સમય અને કરોડો રૂપિયાનો ખર્ચો કરી જે શોધ કરે છે એ જ વાત તો ભગવાને વગર પ્રયોગે, વગર લેબોરેટરીના ઉપયોગે માત્ર પોતાની પ્રજ્ઞા દ્વારા ક્ષણમાં સમજાવી દીધી છે.

આજની કે છેલ્લાં સેંકડો વર્ષોની કોઈ પણ શોધ લો, એનો સિદ્ધાંત ભગવાન મહાવીરના આગમ ગ્રંથમાં અવશ્ય મળશે.

'વનસ્પતિમાં જીવ છે' આચાર્ય જગદીશચંદ્ર બોઝે રિસર્ચ કર્યું. જ્યારે ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં જ કહ્યું છે, વનસ્પતિમાં જીવ છે અને આપણા જેવી સંવેદના પણ છે.

વિજ્ઞાન આજે કહે છે, પહાડો દિવસે દિવસે વધે છે એટલે 'માટીમાં જીવ છે.' ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં કહ્યું છે.

ભગવાને કહ્યું હતું, કોઈ પણ જાતના માધ્યમ વિના શબ્દોનો ધ્વનિ સેકન્ડના લાખમા ભાગમાં યુનિવર્સના ઉપરથી લઈ નીચે સુધી પહોંચી જાય. વિજ્ઞાને એ સિદ્ધાંતના આધારે જ મોબાઈલ ફોનની શોધ કરી.

ભગવાને કહ્યું હતું, આજે જે સૂર્યને આપણે જોઈએ છીએ તે જ સૂર્ય કાલે આપણી સમક્ષ નથી આવતો, પણ પરમ દિવસે આવે છે. વૈજ્ઞાનિકોને હવે જણાય છે કે ગઈકાલના સૂર્યમાં અને આજના સૂર્યમાં ફરક છે. એ જ પ્રમાણે ચંદ્રમા પણ બે છે.

ભગવાને કહ્યું હતું, જે વૃક્ષના મૂળમાં અમુક પ્રકારના કોશો હોય તો એ વૃક્ષને ઉખાડીને બીજે ઉગાડી શકાય છે. વૈજ્ઞાનિકો કલમને કાપીને બીજી જગ્યાએ ઉગાડવામાં આજે સફળ થયા છે.

ભગવાને કહ્યું હતું, કંદમૂળમાં અસંખ્ય જીવો હોય છે માટે એ અભક્ષ્ય છે. સાયન્સ આજે પ્રયોગો દ્વારા સાબિત કરે છે કંદમૂળમાં અબજો સેલ્સ છે.

ભગવાને તે સમયે કહ્યું હતું, પરમાણુ અવિભાજ્ય છે. એના ક્યારેય બે ટૂકડા થઈ જ ન શકે. આ જ સત્ય જાહેરમાં આવ્યું.

ભગવાને ત્યારે કહ્યું હતું, જો વિશ્વને કોમ્પ્રેસ કરવામાં આવે તો સોયની અણી પર સમાઈ જાય. આજે મોટા મોટા વૈજ્ઞાનિકો તેના પર રિસર્ચ કરી રહ્યા છે.

ભગવાને કહ્યું હતું, માનવશરીરમાં કુલ સાડાત્રણ કરોડ રૂવાટાં હોય. હમણાં સાયન્સે શોધ કરી કે માનવશરીરમાં ત્રણ કરોડ અને સાઠ લાખ જેટલાં રૂવાટાં છે.

ભગવાને કહ્યું હતું, કોઈ પણ પદાર્થ કે જીવનું તાપમાન ઠંડું કરી દેવાથી તે તેવી સ્થિતિમાં અબજો વર્ષ રહી શકે છે. વૈજ્ઞાનિકો હવે કહે છે, ઝીરો ડિગ્રી નીચે પદાર્થ વર્ષોનાં વર્ષો એમ જ રહી શકે છે. આ જ સિદ્ધાંતની આધારે તો રેફ્રિજરેટરની શોધ થઈ છે!

ભગવાને કહ્યું હતું, બેના સંયોજન થવા પર ત્રીજું જન્મે છે, પણ એ ક્યારેય ટકતું નથી. વિજ્ઞાને આજે સાબિત કર્યું કે સંયોજનથી સર્જાયેલું ટેમ્પરરી હોય છે. જ્યારે મૂળ હોય તે પરમેનન્ટ હોય છે.

ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં કહ્યું હતું કે વિશ્વમાં જેટલા જીવો છે તેટલા જ હતા, તેટલા જ છે અને તેટલા જ રહેશે અર્થાત્ વસ્તી વધતી પણ નથી અને ઘટતી પણ નથી, ફક્ત એનો પર્યાય અને પ્લેસ બદલાય છે.

જેમ બંગડીમાંથી ચેન બને છે, તો કાલે એ ચેનમાંથી વીંટી પણ બની શકે છે, પણ સોનું તો સોનું જ રહે છે.

તેમ આજે જે હાથી છે તે કાલે મનુષ્ય પણ બની શકે છે અને મનુષ્યમાંથી પક્ષી પણ બની શકે છે, પણ આત્મા તો આત્મા જ રહે છે.

વિજ્ઞાનીઓ હવે માનવા લાગ્યા છે, જેને આપણે વસ્તીવધારો કહીએ છીએ તે ખરેખર વસ્તી વધતી નથી. અહીંના ત્યાં જાય છે અને ત્યાંના અહીં આવે છે. બાકી, જેટલા જીવ જન્મે છે એટલા જ જીવ મૃત્યુ પામે છે અને જેટલા મૃત્યુ પામે છે એટલા જ જન્મે છે.

ભગવાને તો સંખ્યા પણ બતાવી

> *ભગવાન મહાવીર માત્ર જ્ઞાની કે વિજ્ઞાની જ ન હતા, પણ પરમ જ્ઞાની અને મહાવિજ્ઞાની હતા.*

છે. એકડાની આગળ ૨૯ મીંડાં મૂકો એટલી જ સંખ્યા હતી, છે અને રહેશે.

ભગવાને કહ્યું હતું, વિશ્વમાં ૯ કરોડ X ૧ કરોડ કરો એટલા જીવો ધાર્મિક વૃત્તિવાળા હોય. સાયન્સે હમણાં જે બુલેટીન બહાર પાડ્યું એમાં એમણે માનવમનની બે પ્રકારની સાયકોલોજી બતાવી અને એમાં ધાર્મિક મનુષ્યનો જે આંક બતાવ્યો તે આંક ભગવાને બતાવેલા આંક પ્રમાણે જ હતો.

ભગવાને ત્યારે કહ્યું હતું, દરિયાના ખારા પાણીમાંથી મીઠું પાણી બનાવી શકાય. એ આજે સાબિત થઈ ગયું છે.

ભગવાન મહાવીરે આગમમાં રાજા અને મંત્રીના દૃષ્ટાંત સાથે સમજાવ્યું છે કે ગટરના પાણીને પણ જો સાત પ્રકારની પ્રક્રિયાથી શુદ્ધ કરવામાં આવે તો એ પીવા લાયક શુદ્ધ પાણી બની જાય. ભગવાને બતાવેલા એ સિદ્ધાંતના આધારે આજે પાણી ફિલ્ટર થાય છે અને પાણીનું રિસાઈકલિંગ પણ થાય છે.

ભગવાને કહ્યું હતું, કોઈ પણ પદાર્થની સુગંધ પરમેનન્ટ નથી હોતી, એ સમય પ્રમાણે બદલાયા કરે છે.

ભગવાને પૃથ્વી અને ચંદ્ર વચ્ચેનું જે અંતર બતાવ્યું છે, એસ્ટ્રોનટ્સે પણ એ જ અંતર બતાવ્યું છે. ભગવાને યોજનમાં માપ બતાવ્યું છે. આજના વૈજ્ઞાનિકો કિલોમિટરમાં બતાવે છે.

ભગવાને કહ્યું હતું, જેમ જેમ ગરમી વધે તેમ તેમ મનુષ્યની ઊંચાઈ ઘટે. ઠંડકમાં બોડીના સેલ્સ જેટલો વિકાસ કરી શકે તેટલો ગરમીમાં ન કરી શકે.

ભગવાને કહ્યું હતું, કોઈ પણ પદાર્થની એક જ સમયે ફક્ત એક લાખ જ ઈમ્પ્રેશન પાડી શકાય એનાથી વધારે ક્યારેય નહીં. આજે ટેકનોલોજી ડિપાર્ટમેન્ટવાળા ગમે તેવું હાઈફાઈ કૉમ્પ્યુટર બનાવે છે, જર્મનીવાળા પણ કેટલા સમયથી પ્રયત્ન કરે છે, પણ એક લાખથી વધારે કોપી એક સમયમાં નીકળતી જ નથી.

માનો કે ગૂગલ સર્ચમાં એક જ સમયે વિશ્વના દસ લાખ લોકો એક જ શબ્દ પર સર્ચ કરે તોપણ એક સમયે તો એક લાખ જ લોકો સર્ચ કરી શકે, એક સેકન્ડમાં અસંખ્ય સમય હોય.

> ***માનો કે ગૂગલ સર્ચમાં એક જ સમયે વિશ્વના દસ લાખ લોકો એક જ શબ્દ પર સર્ચ કરે તોપણ એક સમયે તો એક લાખ જ લોકો સર્ચ કરી શકે, એક સેકન્ડમાં અસંખ્ય સમય હોય.***

ભગવાને કહ્યું છે, પદાર્થ બે પ્રકારના હોય. એકનું વજન હોય, એકનું વજન ન હોય. એટલે જેનું વજન ન હોય એ રહે કે એનો નાશ થાય તોપણ ખબર પડતી નથી. આની સ્પષ્ટ સાબિતી એટલે એ કે કૉમ્પ્યુટરમાંથી તમે ગમે તેટલી મોટી ફાઈલ, ગમે તેટલા જીબીની ફાઈલ હોય તેને ડીલીટ કરો છો ત્યારે તે ક્યાં જાય છે ? ખબર નથી!!

ભગવાને કહ્યું હતું, કોઈ પણ પદાર્થ પોતાની મેળે ગતિ કરી શકે છે. અને એના તર્કમાં જણાવ્યું હતું કે ઉષ્ણતામાન ગતિ કરવામાં સહાયક બને છે. સાયન્સે હવે એ સાબિત કર્યું છે, એ પણ અનેક પ્રકારના પ્રયોગો કર્યા બાદ...!!

ભગવાન મહાવીરે દેશના આપતી વખતે કહ્યું હતું: આ શબ્દો

## પાટણમાં જૈનસાહિત્ય જ્ઞાનસત્ર સંપન્ન

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર આયોજિત, સર્વમંગલમ્ આશ્રમ સાગોડિયા તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણ પ્રેરિત ત્રિદિવસીય જૈનસાહિત્ય જ્ઞાનસત્ર-૧૧ સંપન્ન થયું.

પૂજ્ય ભાનુવિજયજી મ.સા.ના મંગલાચરણ બાદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. આર. એલ. ગોદરાએ સત્રનું ઉદ્ઘાટન કર્યું હતું.

**અ...વ...સ...ર...**

સર્વમંગલમ્ આશ્રમ વતી જગદીશભાઈ વોરાએ વિદ્વાનોનું સ્વાગત કર્યું હતું.

જ્ઞાનસત્રના સંયોજક ગુણવંત બરવાળિયાએ સેંટરની પ્રવૃત્તિ અને જ્ઞાનસત્રની પૂર્વભૂમિકા રજૂ કરી હતી.

પ્રમુખસ્થાનેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ 'હેમચંદ્રાચાર્યનો વિરાટ પ્રતિભાપુંજ અને પાટણની અસ્મિતા' પર પ્રવચન આપ્યું હતું.

ગુણવંત બરવાળિયા સંપાદિત જ્ઞાનસત્રમાં પ્રસ્તુત થયેલા શોધ નિબંધોનો સંગ્રહ 'જ્ઞાનધારા-૧૧'નું વિમોચન ડૉ. શેખરચંદ્ર જૈન, ડૉ. ધનવંત શાહ તથા શ્રી યશ્વિન કાપડીએ કર્યું હતું.

જૈન વિશ્વભારતી ઈન્સ્ટિટ્યૂટના વાઈસ ચાન્સેલર સમણી ચરિત્રપ્રજ્ઞાજીએ આશીર્વચન કહ્યાં હતાં.

'ચતુર્વિધ સંઘમાં વીતરાગ માર્ગની વર્તમાન સમયની સમસ્યાઓ, ભાવિ પરિણામો અને સમાધાનો : મારી દૃષ્ટિએ' એ વિષય પર તેત્રીસ વિદ્વાનોએ શોધનિબંધોની પ્રસ્તુતિ કરી હતી અને છ સંઘશ્રેષ્ઠિઓએ પોતાના વિચારોની અભિવ્યક્તિ કરી હતી.

જૈન શ્રુતજ્ઞાન, હસ્તપ્રતો, જૈન લિપિ અને પેઈંટિંગ્સ પર ત્રણ વિદ્વાનોએ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન કર્યું હતું.

હેમચંદ્રાચાર્ય ગ્રંથ ભંડાર, રાણકી વાવ, ચારૂપ તીર્થ અને પંચાસર દેરાસર વિગેરે યાત્રા દ્વારા આ સત્રની પૂર્ણાહૂતિ થઈ હતી.

૨૧૦૦૦ વર્ષ સુધી સચવાયેલા રહેશે. વૈજ્ઞાનિકો મશીન્સ દ્વારા એ શબ્દોને પકડવામાં કંઈક અંશે સફળ થયા છે, પણ ભાષા અલગ હોવાના કારણે એ શબ્દોને સમજી શકતા નથી.

ભગવાને કહ્યું હતું, મનઃપર્યવ જ્ઞાન દ્વારા મનના વિચારોને જાણી શકાય છે, મનના વિચારોને પકડી શકાય છે. સાયન્સે આજે એ પુરવાર કરી બતાવ્યું છે.

ભગવાને કહ્યું હતું, પાંચ ઈન્દ્રિયોમાંથી ચાર ઈન્દ્રિયોના ઉપયોગ માટે માધ્યમની જરૂર પડે છે. પણ આંખ વગર માધ્યમ જોઈ શકે છે. આજ સુધી વિજ્ઞાન એમ માનતું હતું કે આંખ દ્વારા પદાર્થને જોવામાં રીફ્લેક્શનનો સિદ્ધાંત કામ કરે છે. પણ હવે વિજ્ઞાને જ સાબિત કર્યું છે કે જોવા માટે કોઈ કિરણોનો ઉપયોગ થતો નથી.

પહેલાં કેમેરા પણ એ સિદ્ધાંતના આધારે બનતા હતા, હવે કેમેરા પણ નવી ટેકનોલોજીના આધારે બનવા લાગ્યા છે.

એક હોય છે બલ્બ બનાવવાની શક્તિ અને એક હોય છે બલ્બ વાપરવાની શક્તિ. એમ એક હોય છે ઈન્દ્રિયો બનાવવાની શક્તિ અને તેને કહેવાય છે પર્યાપ્તિ અને એક હોય છે બની ગયેલી ઈન્દ્રિયોને વાપરવાની શક્તિ જેને કહેવાય છે પ્રાણ...! આપણે જે જોઈએ છીએ તે પ્રાણ દ્વારા જ જોઈએ છીએ.

ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં કહ્યું હતું, વાદળાં છ મહિનાથી વધારે ન ટકે અને હવાને હવા જ મારી શકે. સાયન્સે એ પ્રયોગો દ્વારા સાબિત કર્યું.

ભગવાને કહ્યું હતું, તમે વર્ષો સુધી જેટલું ભણ્યા હો...જેટલું જ્ઞાન તમારા મગજમાં પડ્યું હોય તે બધું જ તમારા મગજમાંથી બીજાના મગજમાં ટ્રાન્સફર કરી શકાય.

જર્મનીના વૈજ્ઞાનિકો એના પર ઘણા સમયથી પ્રયોગ કરી રહ્યા છે અને કંઈક અંશે મિકેનિઝમમાં સફળ થયાં છે, જેમકે, મોબાઈલમાં બ્લુટુથ દ્વારા ફાઈલ ટ્રાન્સફર થવી...!!!

આવા તો હજારો સિદ્ધાંતો અને સત્ય છે જે ભગવાને અઢી હજાર વર્ષ પહેલાં કહ્યા છે અને એને વૈજ્ઞાનિકો અનેક પ્રકારના પ્રયોગો, અનેક પ્રકારની ટેકનોલોજી અને અનેક પ્રકારની લેબોરેટરીની સહાય દ્વારા સાબિત કરવા વર્ષોના વર્ષો અથાગ મહેનત કરી રહ્યા છે.

વૈજ્ઞાનિકો જેને પ્રયોગ દ્વારા પુરવાર કરે, ભગવાન એને પ્રજ્ઞા દ્વારા જાણે..!! એટલે જ કહીશું ભગવાન માહવીર મહાવૈજ્ઞાનિક..??

સૌજન્ય : જૈન પ્રકાશ


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૯ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૧૯ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ રાજાનો રાસ | ૧૦૦ |

**નવા પ્રકાશનો**
**ડૉ. સુરેશ ગાલા લિખિત**
**નવપદની ઓળી-રૂા. ૫૦**
**ભારતીબેન શાહ લિખિત**
**શ્રી ગૌતમ તુભ્યં નમઃ -રૂા. ૨૫૦**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૦ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૧ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૨ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૩ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **ડૉ. સુરેશ ગાલા લિખિત** | |
| ૩૪ | મરમનો મલક | ૨૫૦ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીકૃત** | |
| ૩૫ | જૈનધર્મ | ૭૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૬ | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૭. | વિચાર મંથન | રૂા. ૧૮૦ |
| ૩૮. | વિચાર નવનીત | રૂા. ૧૮૦ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

## ।। શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી કથા ।।

# એક ઝલક

# અવિસ્મરણીય આંતર અનુભવ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત ત્રિદિવસીય 'શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી કથા' શ્રોતાજનોને માટે એક અવિસ્મરણીય સંભારણું તો બની રહી, પરંતુ એથીય વિશેષ ધર્મદર્શન અને તત્ત્વજ્ઞાનની એક એવી ઊંચી ભૂમિકાએ આ કથા પ્રસ્તુત થઈ કે ભારતીય વિદ્યાભવનમાં ઉપસ્થિત એવા સહુ શ્રોતાઓના હૃદયમાં નવો ચેતનાસ્પર્શ જગાવી ગઈ. શ્રી ધનવંત શાહની પરિકલ્પનાને આધારે જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક અને સાહિત્યકાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની અસ્ખલિત વાણીમાં સહુએ મંત્રમુગ્ધતાનો અનુભવ કર્યો.

આમાં જૈન ધર્મના કેટલાય નવા પાસાંઓને ઉજાગર કરવામાં આવ્યાં. એમાં પણ કેટલીક ઘટનાઓ વિશે આગવું, વ્યાપક ચિંતન અને નવીન અર્થઘટન રજૂ થયું. ભગવાન પાર્શ્વનાથના દસ પૂર્વભવનો મર્મ દર્શાવવાની સાથોસાથ જે રીતે ભગવાન પાર્શ્વનાથની અઢાર-અઢાર વિશેષતાઓ બતાવી, એ વિગતો સહુને આશ્ચર્યજનક અને ઉલ્લાસપ્રેરક લાગી.

પ્રભુ મહાવીરનું શાસન હતું છતાં પ્રભુ પાર્શ્વનાથનો આટલો પ્રભાવ કેમ ? એને વિશે માર્મિક વિચારધારા વ્યક્ત કરતાં કહ્યું કે 'શ્રી આચારાંગ સૂત્ર'ના દ્વિતીય શ્રુતસ્કંધમાં ભગવાન મહાવીરના માતાપિતા પાર્શ્વનાથના અનુયાયી હતા એમ કહેવામાં આવ્યું છે. પાર્શ્વ યક્ષ અને ગણેશની મૂર્તિના સામ્ય વિશે જિકર કર્યા બાદ જૈન ધર્મની સૌથી વધુ પ્રતિષ્ઠા પ્રાપ્ત યક્ષિણી પદ્માવતીની વાત કરી હતી.

પોતાના જન્મપૂર્વે જિનાલયમાં જતી ભાવિ ધર્મમાતાનું મુખ નિહાળવા બાળરૂપમાં આવ્યા તે વિરલ અને અદ્વિતીય ઘટનાનો મર્મ દર્શાવીને પાર્શ્વપ્રભુની વ્યાપકતા, એમને વિશે થયેલું વિપુલ સર્જન તથા ક્રિયાઓ, ચૈત્યવંદન, દીક્ષા, વડી દીક્ષામાં એમનો મહિમા, સર્વાધિક તીર્થ અને સર્વાધિક પ્રતિમાઓ તથા એમના વિશુદ્ધ આધ્યાત્મ વગેરે પાસાંને વિશે વાત કરી હતી. એમણે સર્જેલી ક્રાંતિને પરિણામે માણસ માણસની વધુ નજીક આવવા લાગ્યો. પરસ્પરનો વિશ્વાસ વધ્યો અને વિશુદ્ધ અધ્યાત્મ તરફ લોકોનું ધ્યાન ગયું.

પાર્શ્વકથાના બીજા દિવસે યુવરાજ પાર્શ્વકુમારે કઈ રીતે યુદ્ધનું નિવારણ કર્યું તેની વિશ્વમાં વિરલ એવી ઘટનાનું રસપ્રદ વર્ણન કર્યું. કુમાર પાર્શ્વના અંતરમાં જાગેલું યુદ્ધ કેવું નૂતન પરિણામ સાધે છે તે દર્શાવીને 'યુદ્ધ પણ જીતીશ અને અવેરની પ્રતિષ્ઠા પણ કરીશ' એ નવીન ભાવને કઈ રીતે સાકાર કર્યો, એનું વિશેષ નિરૂપણ કરીને દર્શાવ્યું કે પાર્શ્વકુમારે યુદ્ધના મેદાન પર સ્નેહની શાંતિ-ગીતા રચી. પાર્શ્વનાથના ઐતિહાસિક સમયના આલેખન ઉપરાંત એમણે કરેલા ઉપદેશની વાત રજૂ થઈ. તપ પ્રત્યે એક દૃષ્ટિ તે યશ, કીર્તિ, રિદ્ધિ, સિદ્ધિ અને કામનાની પૂર્તિની હોય છે, ત્યારે તપ પ્રત્યેની બીજી દૃષ્ટિ તે ઇચ્છાનિરોધ, ઇંદ્રિયઅંકુશ, મન પર અંકુશ, ચાર ગતિમાં લાગતાં સંસ્કારો દૂર કરવા, કર્મજયને પોષવા, આત્માને પોષવા અને અંતે પ્રતિદિન તપ માટેની આત્મિક તૈયારી છે.

એ દૃષ્ટિએ શ્રી પાર્શ્વનાથે દર્શાવ્યું કે તપ કે જપ ગમે તેટલાં કરીએ અને દેહના કષ્ટો ગમે તેટલા સહન કરીએ, તો પણ એમાં વિશ્વમૈત્રીનો અને વિશ્વના સમસ્ત જીવો પ્રત્યેના પ્રેમ અને કરુણાનો ઘાત થવો જોઈએ નહીં. તપ એ દેહકષ્ટ, દેહદમન કે દેહપીડન નથી, પણ આત્મઉલ્લાસ, આત્માનંદ અને આત્મવૈભવ છે. માનવીને જેમ દુઃખ ગાવું ગમે છે, તેમ તપ કહેવું ગમે છે. હકીકતમાં પ્રસિદ્ધિ, પ્રાપ્તિ કે પ્રભાવનાથી તપ ઘણું દૂર વસે છે. વળી તાપસ કમઠ પંચાંગી તપ દ્વારા વ્યક્તિ શરીરને બાળે છે અને એની સાથે અનેક જીવજંતુઓનું જીવવું મુશ્કેલ બનાવે છે. આ રીતે જે સાધનામાં આત્મપીડન કે પરપીડન હોય નહીં, એમાં તો જ્ઞાન અને વિવેકની પ્રતિષ્ઠા હોય.

અહીં આનાતોલ ફ્રાંસની જગવિખ્યાત નવલકથા 'થેઈસ'ના ઉદાહરણથી ડૉ. કુમારપાળ દેસાઈએ દર્શાવ્યું કે સાધનાનો માપદંડ જ એ કે જેમાં મનોવિકારની નિર્મળતા દ્વારા આત્મામાં સહજ આનંદની અનુભૂતિ થાય.

કમઠ તાપસના પંચાંગી તપ સમયે તપશ્ચર્યામાં થતી હિંસાને દર્શાવતા કુમાર પાર્શ્વે પોતાના પરિચારક પાસે અગ્નિમાં બળતું લાકડું બહાર કાઢીને એને ફાડી નાંખવાનું કહ્યું તો તેમાંથી બળતો સાપ બહાર આવ્યો અને એ દાહની પીડાથી તરફડી રહ્યો હતો.

પ્રેમના અવતાર સમા કુમાર પાર્શ્વની આંખો એ સર્પને જોઈને કરુણાભીની થઈ ગઈ. એમણે તામસ કમઠને એટલું કહ્યું કે તમારી આવી તપશ્ચર્યામાં અત્યાર સુધીમાં કેટલા નિર્દોષ જીવો સ્વાહા થઈ ગયા હશે માટે વિવેકને જાગ્રત કરો. સત્યને સમજો અને તમારી સાધનાને અવેર, અહિંસા ને કરુણાને માર્ગે વાળો. આ રીતે ગૃહસ્થજીવનમાં પાર્શ્વકુમારે યુદ્ધમાંથી શાંતિ અને હિંસામાંથી અહિંસાનો સંદેશ પ્રગટાવ્યો.

એ પછી એક વાર ઉદ્યાનભવનમાં પાર્શ્વકુમાર ભગવાન નેમિનાથના વૈરાગ્યનો પ્રસંગ જુએ છે અને એમની સંવેદના જાગી ઊઠે છે. આ એક જ ચિત્રએ પાર્શ્વકુમારના મનનું ચિત્ર બદલી નાંખ્યું અને ત્રીસ વર્ષની ભરયુવાન વયે પાર્શ્વકુમાર ધનવૈભવ, વહાલસોયું કુટુંબ અને હેતાળ પત્નીનો ત્યાગ કરી શ્રમણ માર્ગના સાધક બનીને ચાલી નીકળ્યા. એમની સાથે ત્રણસો રાજકુમારોએ પણ વૈરાગ્ય ધારણ કર્યો. 'પાર્શ્વ' નામ વિશેના જુદા જુદા ગ્રંથોના મંતવ્યોને આલેખીને એમના વિહારની વાત કરી અને એ પછી મેઘમાળીના ઉપસર્ગ દ્વારા નવ-નવ ભવ સુધી પરેશાન કરતી વેરવૃત્તિને દર્શાવી. મેઘમાળીના ઉપસર્ગ સમયે નાગરાજ ધરણેન્દ્રએ પોતાની કાયાથી ભગવાનની પીઠ અને બે પડખાં ઢાંકીને સાત ફણા વડે પ્રભુ પાર્શ્વનાથને માથે છત્ર કર્યું.

નાગરાજ ધરણેન્દ્રએ મેઘમાળી દેવને કઠોર શબ્દોમાં કહ્યું, 'અરે! ઓ દુષ્ટ! તું આ શું કરે છે? આ ત્રણ લોકના નાથને કષ્ટ આપીને શા માટે પાપ કર્મોથી તું ભારે બની રહ્યો છે? તું જલદી તારો ઉપસર્ગ સંકેલી લે.'

નાગરાજ ધરણેન્દ્રએ કોપ કરીને કહ્યું, 'અરે દુર્મતિ, પોતાના અનર્થને માટે તું આ શું આરંભીને બેઠો છે? હું એ મહાકૃપાળુનો શિષ્ય છું, તેમ છતાં હવે હું સહન કરીશ નહીં. આ પ્રભુએ કાષ્ઠમાંથી બળતાં સર્પને બતાવીને તને પાપ કરતાં અટકાવ્યો હતો, તેથી તેમણે શો અપરાધ કર્યો? ખારી જમીન પર પડતું મેઘનું મીઠું જળ પણ જેમ લવણ (મીઠું) થાય છે, તેમ પ્રભુનો સદુપદેશ પણ તારા વેરને માટે થયો છે. નિષ્કારણ બંધુ એવા પ્રભુ ઉપર દુષ્કારણ શત્રુ થઈને તું જે કરી રહ્યો છે, તે બંધ કર, નહીં તો પછી તું આ સ્થિતિમાં રહી શકીશ નહીં.'

મેઘમાળીને ધરણેન્દ્રનો ભય લાગ્યો. તેણે તરત જ બધું પાણી સંહરી લીધું અને તત્કાળ મેઘમંડળને સંહરીને ભયભીત મેઘમાળી પ્રભુ પાસે આવ્યો અને નમસ્કાર કરીને બોલ્યો, 'હે પ્રભુ, જો કે તમે તો અપકારી જન ઉપર પણ ક્રોધ કરતા નથી, તથાપિ હું મારા પોતાના દુષ્કર્મથી દૂષિત થયેલો હોવાથી ભય પામું છું. આવું દુષ્કર્મ કરીને પણ હું નિર્લજ્જ થઈ તમારી પાસે યાચના કરવા આવ્યો છું; હે જગન્નાથ! દુર્ગતિમાં પડવાથી શંકાવાળા આ દીનજનની રક્ષા કરો.'

આ પ્રમાણે કહી, નવ-નવ ભવ સુધી અને દસમા ભવમાં પણ પ્રભુના દેહ પર કેર વર્તાવનારો મેઘમાળી પ્રભુને ખમાવી, નમસ્કાર કરીને પશ્ચાત્તાપ કરતો કરતો સ્વસ્થાનકે ગયો. પછી પ્રભુને ઉપસર્ગ રહિત થયેલા જાણી સ્તુતિ અને પ્રણામ કરીને નાગરાજ ધરણેન્દ્ર પણ પોતાને સ્થાનકે ગયા. ભગવાનના અંતરંગ ભાવમાં તો સમભાવ હતો. પ્રભુ આત્મભાવે બધું સ્વીકારતા રહ્યા. બંનેએ પોતાની

## તત્ત્વદર્શી અનુભૂતિ

મહાવીર જન્મ કલ્યાણક દિવસ પ્રસંગે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ આ સંસ્થા–શ્રી મુંબઈ જૈન યુવક સંઘે–એપ્રિલ ૧૩, ૧૪, ૧૫ના મુંબઈમાં ભારતીય વિદ્યા ભવનના વિશાળ ઑડિટોરિયમમાં કથા શ્રેણીમાં પાંચમી કથા શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી કથાનું પ્રશંસનીય આયોજન કર્યું.

જૈન દર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાની આવગી શૈલીએ પ્રભાવક વાણી દ્વારા જૈન ધર્મના તત્ત્વ સાથે આકર્ષિત કથા પ્રવાહ વહાવ્યો.

ત્રણે દિવસની કથાના સૌજન્ય દાતા દિવાળીબેન એન્ડ કાલીદાસ એસ. ચેરિટેબલ ટ્રસ્ટ વતી શ્રી કીર્તિભાઈ દોશીએ પોતાના શુભ હસ્તે દીપ પ્રાગટ્ય અને ભાવ વંદના કરી.

સંસ્થાના પ્રમુખ શ્રી ચંદ્રકાંત ડી. શાહ, ઉપપ્રમુખ શ્રી નીતિન સોનાવાલા, મંત્રી નિરૂબેન શાહ, ડૉ. ધનવંત શાહ, વર્ષાબેન શાહ અને કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્ર જવેરીએ પણ દીપ પ્રાગટ્યમાં પોતાનો ભાવ પ્રગટ કર્યો.

શ્રી કીર્તિભાઈ દોશીના શુભહસ્તે ડૉ. કુમારપાળ દેસાઈનું પાઘડી, શાલ અને મોતીની માળાથી અભિવાદન કરાયું.

ત્રણે દિવસ સંઘના માનદ મંત્રી ડૉ. ધનવંત શાહે આ કથા શ્રેણીનો હેતુ સમજાવી, ડૉ. કુમારપાળ દેસાઈનો પરિચય આપી આ કથાની સફળતાનો યશ જિજ્ઞાસુ શ્રોતાજનોને આપી સર્વેનું શબ્દ સ્વાગત કર્યું હતું.

ત્રણે દિવસ પ્રસદ્ધ ગાયિકા ઝરણાં વ્યાસ અને સાથીઓએ ભગવાન પાર્શ્વનાથના સ્તવનોનું ભાવવાહી ગાન પ્રસ્તુત કર્યું હતું.

સંસ્થાના ઉપપ્રમુખ શ્રી નીતિન સોનાવાલાએ ત્રણે દિવસ કથા વિશેની પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી વકતા, શ્રોતા અને આ કથા સંયોજનમાં જે જે મહાનુભાવોએ સાથ આપ્યો હતો એ સર્વેનો આભાર માન્યો હતો.

કથાના પ્રથમ દિવસે, તા. ૧૩ એપ્રિલના રવિવારે સવારે શ્રી સુરેશ ગાલા લિખિત નવપદની ઓળી–(આયંબિલની ઓળીની આત્મ સાધનાની દૃષ્ટિએ છણાવટ) પુસ્તિકાનું અને તા. ૧૪ એપ્રિલે સોમવારે સાંજે ભારતીબેન ભગુભાઈ શાહ લિખિત પુસ્તક–'શ્રી ગૌતમ તુભ્યં નમઃ'નું ડૉ. કુમારપાળ દેસાઈના શુભ હસ્તે વિમોચન થયું હતું.

બન્ને પુસ્તકોના પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. બન્ને પુસ્તકોને જિજ્ઞાસુઓએ અદ્ભુત પ્રતિસાદ આપી પુસ્તકોની ખરીદી કરી હતી.

આ કથા સદૃશ્ય મહાણવા માટે જિજ્ઞાસુઓના લાભાર્થે ડી.વી.ડી. તૈયાર થઈ રહી છે, જેના સૌજન્યદાતા છે શ્રી મહેશભાઈ ગાંધી પરિવાર.

આ ડી.વી.ડી. એકાદ મહિનામાં તૈયાર થઈ જશે. જિજ્ઞાસુઓને પોતાનો ઑર્ડર લખાવવા વિનંતિ.

ઘરના દિવાનખાનામાં પરિવાર અને મિત્રો સાથે ભગવાન પાર્શ્વનાથના જીવન અને તત્ત્વને જાણવું એ જ્ઞાન લ્હાવો છે, જ્ઞાન કર્મનું ઉપાર્જન છે.

પ્રકૃતિને ઉચિત કર્મ કર્યું.

कमठे धरणेन्द्रे च स्वोचित्तं कर्म कुर्वीति ।

प्रभुस्तुल्य मनोवृत्तिः पार्श्वनाथ श्रियेऽस्तुवः ।।

પ્રભુને ધરણેન્દ્રની ભક્તિથી કંઈ રાજી થવાનું ન હતું અને કમઠના ઉપસર્ગથી નારાજ થવાનું ન હતું. એમની આ અનુકંપાએ મેઘમાળીની મનોદશા પલટી નાખી હતી.

આ સમયે ચૈત્ર માસની કૃષ્ણ ચતુર્થીએ અઠ્ઠમ તપ ધારી પ્રભુએ બાકીના ચારઘનઘાતી કર્મનો ક્ષય કરી અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરી લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન પ્રગટ કર્યું હતું. ચોત્રીસ અતિશયયુક્ત દિવ્ય ધ્વનિની ધારા અખંડપણે વહ્યા કરતી હતી. પશુ, પક્ષી, માનવ, દેવ સર્વ પોતપોતાની ભાષામાં એ વાણી સમજી જતાં અને ભવસાગરને તરી જવાના પુરુષાર્થમાં લાગી જતાં.

પ્રભુ પાર્શ્વનાથે જગતને ઉપદેશ આપ્યો કે, આ જગતમાં દરેક પદાર્થ વસ્તુ પોતપોતાના સ્વભાવે રહે છે, ટકે છે, લય પામે છે, અને ઉત્પન્ન થાય છે. કોઈ વસ્તુને કોઈ બનાવી શકતું નથી, રક્ષી શકતું નથી કે નાશ કરી શકતું નથી. જો કોઈ માનવ કે દેવને એવું કરવાની શક્તિ હોય તો દરેક માનવ ઈચ્છા કરે કે મારે સુંદર બંગલો હોય, પુત્ર હોય વગેરે; પણ એમ બનતું નથી. એમ બને તો પૃથ્વી પરની ધરતી ઓછી પડે, કે કોઈ નિઃસંતાન રહે જ નહીં.

> *ઈ. સ. પૂર્વે ૫૮૦માં થયેલા ગ્રીસના દાર્શનિક પાયથાગોરસ, જીવાત્માના પુનર્જન્મ અને કર્મસિદ્ધાંતમાં વિશ્વાસ કરતા હતા.*

દરેક વસ્તુનો ગુણધર્મ એ છે કે તે કદી મૂળમાંથી નષ્ટ થતો નથી. વસ્તુની અવસ્થા સમયે-સમયે પળે-પળે પરિવર્તન પામે છે. જેમ કે ખુરશી, ટેબલ, મકાન આદિ સમયે સમયે જૂના થતાં જાય છે. જ્યારે તે નાશ પામે છે ત્યારે પરમાણુરૂપે રાખ કે રજકણોરૂપે શેષ રહે છે. અવસ્થા બદલાય છે. જેમ સોનાની લગડીમાંથી કંકણ બન્યું અને વળી કંકણને ગાળીને વીંટી બનાવી તો સોનાની અવસ્થા બદલાઈ. કંકણ મટી વીંટી બની, પણ સોનારૂપ અસ્તિત્વ ટકી રહ્યું. મૂળ વસ્તુનો નાશ ન થવો તે તેનું ધ્રુવત્વ છે. સોનાની લગડીનો વ્યય છે, કંકણનું ઉત્પન્ન થવું છે.

આ પ્રમાણે દરેક પદાર્થની જેમ દેહથી માંડીને મનોગત વિચારોનો શુદ્ધાત્માના જ્ઞાનાદિમાં ધ્રુવ, ઉત્પાદ અને વ્યયનો એક ક્રમ ચાલ્યા કરે છે. આ વાત જો સમજાઈ જાય તો માનવનો 'હું કરું', 'મેં કર્યું' એ મિથ્યા ગર્વ છૂટી જાય. જીવ જ્ઞાન સિવાય કંઈ કરી શકતો નથી. કેવળ મિથ્યાભાવ કરીને સંસારના બંધનમાં બંધાઈને દુઃખ અને સંતાપને નિમંત્રે છે અને દેહાદિને વળગી જે અનિત્ય છે તેને સદા સાચવી રાખવાનો પ્રયત્ન કરે છે. જે દેહને ચક્રવર્તી કે મહામુનિઓ પણ રાખી શક્યા નથી, તે દેહમાં રહીને મહાત્માઓએ આત્મપદની અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. એ જ માર્ગ ઉત્તમ છે.

પાર્શ્વકથાના ત્રીજા દિવસે પ્રભુ પાર્શ્વનાથની અનુપમ વાણી અને ધર્મવચનોનાં માર્મિક આલેખન બાદ એમણે કરેલા ચતુર્વિધ સંઘની સ્થાપનાની વાત કરવામાં આવી. સિત્તેર વર્ષ સુધી ભગવાન પાર્શ્વનાથે વિહાર કર્યો અને જે સમયે તાપસ પરંપરાનું પ્રાબલ્ય હતું, ત્યારે એમણે વિવેકયુક્ત તપની પ્રેરણા આપી અને એમના જ્ઞાનવૈરાગ્યપૂર્ણ ઉપદેશથી તપનું સાચું સ્વરૂપ પ્રગટ થયું.

વૈદિક ઋષિઓ પર પણ પાર્શ્વનાથના ઉપદેશની પ્રતિછાયા જોવા મળે છે. એ સમયના પ્રસિદ્ધ ઋષિ પિપ્પલાદ પર અને એ સમયના એક સ્વતંત્ર સંપ્રદાય મુંડક સંપ્રદાય પર પાર્શ્વનાથનો પ્રભાવ દેખાય છે. ઉપનિષદકાલીન મહાન વૈદિક ઋષિ નચિકેતા પર પણ પાર્શ્વનાથના વિચારોનો પ્રભાવ છે.

ઈ. સ. પૂર્વે ૫૮૦માં થયેલા ગ્રીસના દાર્શનિક પાયથાગોરસ, જીવાત્માના પુનર્જન્મ અને કર્મસિદ્ધાંતમાં વિશ્વાસ કરતા હતા. કેટલીક વનસ્પતિઓને ધાર્મિક દૃષ્ટિએ અભક્ષ્ય માનતા હતા. સ્મૃતિ દ્વારા પૂર્વજન્મના વૃત્તાંતને કહી શકાય અને આત્માની તુલનામાં દેહ હેય અને નશ્વર છે એમ કહેતા હતા. શાકાહારી હતા અને શ્વેતવસ્ત્રી હતા.

અનેક ગ્રંથોમાં વૈદિક ઋષિઓ અને બૌદ્ધભિખ્ખુઓ પર પડેલા પાર્શ્વનાથના પ્રભાવની અસર જોવા મળે છે. વળી પાર્શ્વનાથના સમયમાં એવા કેટલાય રાજ્યો હતા, જ્યાં પાર્શ્વનાથને ઈષ્ટદેવ માનવામાં આવતા હતા. અનેક રાજાઓએ પણ પાર્શ્વનાથ ભગવાન પાસે દીક્ષા લીધી.

'કલ્પસૂત્ર' અને 'સમવાયાંગ'માં પ્રભુ પાર્શ્વનાથના આઠ ગણધરો બતાવવામાં આવ્યા છે. જ્યારે 'આવશ્યક નિર્યુક્તિ' જેવા ગ્રંથોમાં દસ ગણધરોની વાત મળે છે. જો કે સંખ્યાભેદના વિષયમાં ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી લખે છે કે બે ગણધર અલ્પાયુવાળા હતા તેથી માત્ર આઠ જ ગણધરનો નિર્દેશ મળે છે.

પ્રભુ પાર્શ્વનાથ કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી જ્યારે પ્રથમ સમવસરણ રચાયું, ત્યારે ભગવાનની ત્યાગ અને વૈરાગ્યપૂર્ણ વાણીનું શ્રવણ કરીને હજારો નર-નારીઓએ દીક્ષા ગ્રહણ કરી. ચતુર્યામ ધર્મ પ્રસરી રહ્યો હતો. આર્ય શુભદત્ત આદિ વિદ્વાનોએ પ્રભુ પાસેથી ત્રિપદીનું જ્ઞાન પ્રાપ્ત કરીને ચૌદ પૂર્વની રચના કરી અને તેઓ ગણનાયક-ગણધર-કહેવાયા.

એ પછી એમના દરેક ગણધરની ગૃહસ્થ સ્થિતિનું વૈશિષ્ટ્ય પ્રગટ કરી એમનામાં પ્રગટેલા વૈરાગ્યનું આલેખન કર્યું હતું. ત્યારબાદ નિર્વાણ સમયે પ્રભુ પાર્શ્વનાથ શ્રી સમેતશિખર તીર્થ પર ગયા. એ પછી ડૉ. કુમારપાળ દેસાઈએ શ્રી સમેતશિખર તીર્થની વિશેષતા પ્રગટ કરતાં કહ્યું કે એ ભૂમિ છે, જ્યાં વીસ વીસ તીર્થંકરોએ નિર્વાણપદને પ્રાપ્ત કર્યું છે. પોતાનો નિર્વાણ સમય નજીક આવેલો જોઈને પ્રભુ પાર્શ્વનાથે બીજા ૩૩ મુનિવરો સાથે અનશન ગ્રહણ કર્યું. કારણ (૧) આ ભૂમિ પ્રભુને વિશેષ પ્રિય હતી. ત્રીસ વર્ષની યુવાનવયે દીક્ષા અંગિકાર કર્યા

પછી તેઓ વારંવાર આ પાવનભૂમિ પર પધાર્યા હતા. (૨) એમનાં અનેક સમવસરણો આ ભૂમિ પર રચાયા હતા અને કેવળજ્ઞાની પરમાત્માની દેશના સાંભળીને અનેક જીવો પ્રતિબોધ પામ્યા હતા. માત્ર જૈન નહીં, જૈનેતર પણ નહીં, આર્ય અને અનાર્ય સહુ કોઈ એમની દેશનાથી પ્રભાવિત થયા હતા. (૩) આજે અહીંના આદિવાસી લોકો પણ પ્રભુ પાર્શ્વને પારસમણિ મહાદેવ, પારસબાબા, ભયહર પાર્શ્વનાથ અને કાલિયા બાબા એવા નામથી સંબોધે છે. (૪) સમ્મેતશેખર તીર્થાધિરાજને સહુ કોઈ પારસનાથ પહાડ તરીકે ઓળખે છે. અહીંનું ઈસરી રેલ્વે સ્ટેશન પણ પારસનાથ સ્ટેશન તરીકે પ્રસિદ્ધ છે અને (૫) પ્રતિવર્ષ પ્રભુના જન્મકલ્યાણક દિવસે એટલે કે પોષ દશમીએ અહીં મોટો મેળો ભરાય છે. સમ્મેતશિખરના કણકણમાં પ્રભુ પાર્શ્વની ભાવનાઓ ગુંજી રહી છે. અહીં તેત્રીસ મુનિવરો સાથે પ્રભુ એક મહિનાનું અનશન કરીને કાયોત્સર્ગ મુદ્રામાં શ્રાવણ સુદ આઠમના દિવસે વિશાખા નક્ષત્રમાં નિર્વાણ પામ્યા.

શ્રી સમ્મેતશિખર તીર્થના મહિમાનું વિસ્તૃત આલેખન કર્યા બાદ શ્રી શંખેશ્વર તીર્થના પ્રભાવ અને મહાત્મ્યનું વિસ્તૃત વર્ણન કર્યું. એ પછી સોળ હજાર દેવ-દેવીઓના પરિવારમાં મહાદેવી પદ્માવતીના આધિપત્યની વાત કરી અને કહ્યું કે અમંગલનો નાશ કરનારી, ભક્તોનું કલ્યાણ કરનારી એવી સમ્યક્દૃષ્ટિ દેવી મોક્ષસાધનામાં સહાયક બને છે. આ સંદર્ભમાં પ્રભુ પાર્શ્વનાથની ભક્તિ કરતાં શ્રી ઉવસગ્ગહરં સ્રોત જેવા સ્તોત્રની રચનામાં આલેખાયેલી ભક્તિની વાત કરી હતી. નાગરાજ ધરણેન્દ્ર અને પદ્માવતી દેવીની વિશેષતા દર્શાવતાં કહ્યું કે તેઓ પ્રભુ પાર્શ્વનાથના તીર્થોની નિત્ય સેવા કરે છે. હંમેશાં સાનિધ્યમાં રહે છે. પર્વના દિવસોમાં તેઓ પૂજન કરે છે અને જે તીર્થના સાન્નિધ્યમાં અધિષ્ઠાયક દેવો રહેતા હોય, તે તીર્થ અધિક મહિમાવંતુ હોય છે.

આ અધિષ્ઠાયક દેવોનાં ચરિત્રો હોતા નથી. એમના કુટુંબની ઘટના કે એમના જીવનની કોઈ ઘટના મળતી નથી. માત્ર એમના પ્રત્યક્ષ અનુભવો અને એમણે બતાવેલા પ્રભાવો મળે છે. જિનશાસનના રક્ષણ માટે પદ્માવતીદેવીને તથા પ્રભુ પાર્શ્વનાથને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તે દિવસે વારાણસી નગરીમાં તેઓને નિયુક્ત કર્યા. ભગવાન પાર્શ્વનાથના જિનાલયોનું સર્જન થયું, ત્યારે પ્રારંભે મંદિરમાં ગોખલા બનાવીને પાર્શ્વનાથના અધિષ્ઠાયક દેવદેવીઓને પધરાવવાનું શરૂ થયું હશે.

પદ્માવતી દેવી પદ્માસન પર બેઠી છે. મહાલક્ષ્મી, સરસ્વતી અને ગાયત્રી પણ પવિત્ર પદ્માસન પર બેસે છે. દેવ-દેવીઓના આસન તરીકે – પદ્મ – પવિત્ર મનાય છે અને કમળ એ ત્રણેય ભુવનનું આધિપત્ય સૂચવે છે. દેવદેવીઓ ચતુર્ભુજા કે અષ્ટભૂજા હોય છે. એમને મનુષ્યેતર બતાવવા માટે – પદ્માવતીના ચારમાંથી ત્રણ હાથમાં પાસ, અંકુશ અને બિજોરું છે અને જમણો નીચેનો હાથ વરમુદ્રામાં છે. કોઈ પ્રતિમામાં વરમુદ્રાના સ્થાને હાથમાં કમળ પણ હોય છે.

દેવીઓના બે સ્વરૂપ : એક સૌમ્ય રૂપ અને બીજું રૂદ્ર રૂપ. પદ્માવતી એ સૌમ્યરૂપ ધરાવતી દેવી છે અને એમનું મુખ્ય કાર્ય ભક્તોનું કલ્યાણ કરવું અને સંસારના અનિષ્ટ તત્ત્વોથી રક્ષણ કરવું તે છે. પદ્માવતીના મંત્રો મોટે ભાગે ચંડી શપ્તશતીના ઘણાં મંત્રો સાથે સામ્ય ધરાવતી દેવી છે અને એમનું મુખ્ય કાર્ય ભક્તોનું કલ્યાણ કરવું અને સંસારના અનિષ્ટ તત્ત્વોથી રક્ષણ કરવું તે છે. પદ્માવતીના મંત્રો મોટે ભાગે ચંડી શપ્તશતીના ઘણાં મંત્રો સાથે સામ્ય ધરાવે છે.

ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં 'પદ્માવતીકલ્પ' અને 'પદ્માવતીદંડક'માં આ પ્રમાણે વર્ણન મળે છે. (૧) પાર્શ્વનાથ પ્રભુની શાસનસેવિકા (પાદસેવિકા, યક્ષિણી) (૨) કૂકડા અને સર્પ (અથવા હંસ)ના વાહનવાળી–પદ્માસના (૩) સુવર્ણ અથવા રાતા પુષ્પ જેવા વર્ણને ધારણ કરનારી (૪) ચતુર્ભુજ : બંને ડાબા હાથોમાં (વામ ભુજાઓ)માં ફળ (બિજોરુ) અને અંકુશ છે અને બંને જમણા હાથોમાં (દક્ષિણ ભુજાઓ)માં પદ્મ અને પાશ ધરાવનારી (૫) માથે ત્રણ અથવા પાંચ ફણાઓ યુક્ત સર્પાકૃતિ (૬) તે ત્રિનેત્રી છે (૭) ત્રણ લોકને મોહિત કરનારી છે (૮) શિવની જેમ સૌમ્ય રૂપથી વિશ્વનું કલ્યાણ કરનારી છે.

પદ્માવતીને અનેક સ્વરૂપે જોવામાં આવે છે. (૨) અધિષ્ઠાત્રી રૂપે, લક્ષ્મી રૂપે, કુંડલિની શક્તિ રૂપે, (૩) આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક એવા ત્રિરૂપ તરીકે વર્ણવવામાં આવે છે. (૪) તંત્ર, યંત્ર અને મંત્ર દ્વારા એની ઉપાસના થાય છે.

એ પછી ડૉ. કુમારપાળ દેસાઈએ વિવિધ ગ્રંથોમાં આલેખાયેલા પદ્માવતી દેવીના મહિમાનું અને સાથોસાથ એ મહિમાનું અંતિમ શિખર પ્રભુ પાર્શ્વનાથની આરાધના કરવામાં છે તે દર્શાવ્યું હતું. એ પછી ભગવાન પાર્શ્વનાથ વિષયક મહત્ત્વના ગ્રંથોનું વિગતે તેમજ જૈન સંઘ, જૈન આચાર અને જૈન શ્રુતને મળેલા પ્રભુ પાર્શ્વનાથના વારસાની વાત કરી ત્રીજી દિવસની કથાનું સમાપન કર્યું હતું.

આ કથા સમયે સભાગૃહના વાતાવરણમાં એક પ્રકારની આંતરિક આધ્યાત્મિક ઊર્ધ્વતાનો સહુને અનુભવ થયો. પ્રત્યેક ઘટનાના મૌલિક અને વ્યાપક અર્થઘટને એક નવી જ દિશા ઉઘાડી આપી. આ કથા માત્ર કથા કે રસપ્રદ વર્ણનને બદલે જ્ઞાનકથા, સંશોધનકથા અને અધ્યાત્મકથા બની રહી. ત્રણે દિવસ શ્રોતાઓથી સભાગૃહ ખીચોખીચ ભરાયેલું રહ્યું. ત્રણે દિવસ પૂજ્ય સાધ્વીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા. સવિશેષ તો શ્રી મુંબઈ જૈન યુવક સંઘે આજથી પાંચ વર્ષ પૂર્વે શરૂ કરેલો આ નવો પ્રકલ્પ જૈન સમાજમાં માર્ગદર્શન બની રહ્યો અને અન્ય સમાજને જૈનદર્શન તરફ અભિમુખ કરવાનું કારણ બની રહ્યો.

***

*આ કથા સમયે સભાગૃહના વાતાવરણમાં એક પ્રકારની આંતરિક આધ્યાત્મિક ઊર્ધ્વતાનો સહુને અનુભવ થયો.*

# ઉપનિષદમાં આનંદ અને બ્રહ્માનંદ વિચાર

☐ ડૉ. નરેશ વેદ

**(લેખક ક્રમાંક નવમો)**

મનુષ્ય પાસે શરીર અને આત્મા બંને છે એવું ઉપનિષદકારોનું માનવું છે. શરીર સ્થૂળ છે, બાહ્ય છે અને તેથી દૃશ્યમાન છે. આત્મા સૂક્ષ્મ છે, શરીરની અંદર છે અને તેથી તે દૃશ્યમાન નથી. પ્રજાપતિ બ્રહ્માએ આ શરીરની રચના એવી કરી છે કે એમાં એકની અંદર એક એક એમ શક્તિના સંપુટ રહેલા છે. આ કારણથી આ શરીરને ઋષિમુનિઓએ 'વસુધાનકોશ' (શક્તિઓને ધારણ કરતા કોશ) રૂપે ઓળખાવ્યું છે.

શરીરની અંદર રહેલો આત્મા અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય શક્તિસંપુટોથી આવૃત (વીંટળાયેલો) છે, તેથી તે સૂક્ષ્મ છે અને અદૃષ્ટ છે. 'તૈત્તિરીય ઉપનિષદ'ની બીજી બ્રહ્મવલ્લીમાં એના રચયિતા ઋષિ ચોથા અને પાંચમા અનુવાકમાં મન અને બુદ્ધિનું સ્વરૂપ અને સત્તા વર્ણવ્યા પછી તેનાથી પણ ઉપરના આનંદમય ચૈતન્યકોશનો પરિચય આપે છે.

તેઓ કહે છે, આ વિજ્ઞાનમય આત્મા કરતાં જુદો અને અંદર રહેલો આત્મા આનંદમય છે. આ આનંદમય આત્મા વડે જ વિજ્ઞાનમય આત્મા ભરેલો છે. એ આત્મા મનુષ્ય આકારનો જ છે એમ જો કલ્પીએ તો 'પ્રિય' તેનું માથું છે, 'મોદ' તેનું જમણું પાસું છે, 'પ્રમોદ' તેનું ડાબું પાસું છે, આનંદ તેનો આત્મા છે, બ્રહ્મ તેની પૂંછડીરૂપ છે અને તેનો આધાર છે. આપણે આનંદને ઓળખાવવા માટે આપણી ભાષામાં મોદ, પ્રમોદ, પ્રસન્નતા, હર્ષ, સુખ વગેરે સંજ્ઞાઓ પ્રયોજીએ છીએ. અહીં ઋષિએ પ્રયોજેલા રૂપકમાં એમણે યોજેલી 'પ્રિય', 'મોદ' અને 'પ્રમોદ' સંજ્ઞાઓ એકમેકથી ભિન્ન અર્થોવાળી છે, અને તેથી સમજવા જેવી છે. 'પ્રિય' એટલે ગમતી વસ્તુ જોવાથી ઊપજતું સુખ, 'મોદ' એટલે પ્રિય વસ્તુ મળવાથી ઊપજતો હર્ષ, અને 'પ્રમોદ' એટલે પ્રિય વસ્તુનો ઉપભોગ કરવાથી ઊપજતો અતિશય હર્ષ.

આત્મા અંતઃ એમ જે કહેવાયું છે તેના બે અર્થો છેઃ (૧) તે અંદર છે અને (૨) તે સૂક્ષ્મ છે. પણ આત્મા અંદર છે એનો અર્થ સીમિત કરવાનો નથી. આત્મા અંદર, બહાર, નીચે, ઉપર, આગળ, પાછળ એમ સર્વત્ર છે. આ સચરાચર સૃષ્ટિમાં જે કાંઈ છે તે આત્માયુક્ત જ છે. જે કોઈ આમ જોઈને અને વિચારીને સમજે છે, તે આત્મામાં આનંદ માને છે અને આત્મા સાથે જ રમે છે. આત્મા જ એનો આનંદ છે. સર્વ પ્રાણીઓમાં રહેનારો આ અંતરાત્મા એક હોવા છતાં અનેક રૂપોમાં ભાસિત (દેખાય) છે. જે બુદ્ધિમાન મનુષ્યો એ અંતરાત્માની એકતાનો અનુભવ કરે તેને જ નિત્ય સુખ (કેવલાનંદ કે પરમાનંદ) પ્રાપ્ત થાય છે.

જેમ સાયકલનાં પૈડાનાં બધા આરાઓ તેની નાભિ (hub) સાથે જોડાયેલા રહે છે, તેવી જ રીતે શરીરની જે નાડીઓમાં પ્રાણનો સંચાર થાય છે, તે બધી હૃદય સાથે જોડાયેલી છે; જ્યાં અક્ષર (આત્મા)નો નિવાસ છે. જો પ્રણવવિદ્યા દ્વારા તે અક્ષરનું ધ્યાન કરવામાં આવે તો અજ્ઞાન કે તમસ (અંધકાર)ની ગ્રંથિનો છુટકારો થાય અને અક્ષરનો અનુભવ કરી શકાય છે. આ બધો જેનો મહિમા છે તેનો સાક્ષાત અનુભવ આ શરીરરૂપી બ્રહ્મનગરીમાં થઈ શકે છે. મન, પ્રાણ તેમજ શરીરની અંદર છુપાયેલા આ અક્ષરબ્રહ્મનું સાચું સ્વરૂપ આનંદમય અને અમૃતમય છે.

મનુષ્ય આનંદનું કે અમૃતનું સંતાન છે. એમ કહેવા પાછળનું આ ઋષિઓનું તાત્પર્ય જ એ હતું કે જેમ બ્રહ્મ સચ્ચિદાનંદ છે તેમ મનુષ્ય પણ સત્, ચિત્ત અને આનંદરૂપ ચૈતન્ય છે. મનુષ્યની ચેતના આનંદમયી, ચૈતન્યમયી અને સત્યમયી પરમ ચેતના છે. આ સત્ય, આ ચૈતન્ય કે આ આનંદ જ બ્રહ્મ છે. આ બ્રહ્માંથી જ પ્રાણીઓ જન્મે છે, એના વડે જ જન્મેલા જીવે છે અને અંતે એ એના તરફ જ જાય છે અને એમાં લય પામે છે.

તેથી જ તો મનુષ્ય જીવનમાં મોજ, મઝા, સુખ, પ્રસન્નતા, મોદ, પ્રમોદ અને આનંદની ઝંખના કરતો રહે છે. શરીર અને ઈન્દ્રિયો ખાનપાન, ભોગવિલાસ, રમત-ગમતમાં જે મોજ કે મઝાનો અહેસાસ કરે છે તે સાચું સુખ કે સાચો આનંદ નથી. કેમકે શરીર અને સંસાર ભંગુર છે અને એમાં પ્રાપ્ત થતાં મોજ-મઝા ક્ષણિક રૂપના છે. સાચું સુખ અને સાચો આનંદ સમ્યક્ ચારિત્ર્ય, સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાન વડે બ્રહ્મરૂપ આત્મતત્ત્વ સાથે અનુસંધાન સંધાતાં અદ્વૈતાનુભૂતિનો પરમ રસ પ્રાપ્ત થાય છે તેમાં છે. જ્યારે મનુષ્ય અદૃષ્ય, શરીરરહિત, વાણીથી પર, કોઈના ઉપર પણ આધાર ન રાખનારા અને ભયરહિત એવા આ બ્રહ્મતત્ત્વનો આધાર મેળવે છે, ત્યારે તે અભયને પામે છે. પણ જ્યારે તે જરા જેટલો પણ એ તત્ત્વ અને પોતાની વચ્ચે ભેદ સમજે છે, ત્યારે તે ભયભીત થાય છે. જ્યારે બ્રહ્મના આનંદને જાણનારો કશાથી પણ ભય પામતો નથી. તેવા જ્ઞાનીને, 'શા માટે મેં પુણ્ય ન કર્યાં, શા માટે મેં પાપ કર્યાં', એવા વિચારો કદી સંતાપતા નથી. જે આ બ્રહ્માનંદને જાણે-પ્રમાણે છે તે ભયથી અને પાપ-પુણ્યના ખ્યાલથી મુક્ત થઈ જાય છે.

> ***સાચું સુખ અને સાચો આનંદ સમ્યક્ ચારિત્ર્ય, સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાન વડે બ્રહ્મરૂપ આત્મતત્ત્વ સાથે અનુસંધાન સંધાતાં અદ્વૈતાનુભૂતિનો પરમ રસ પ્રાપ્ત થાય છે તેમાં છે.***

'તૈત્તિરીય ઉપનિષદ'ની

બીજી બ્રહ્મવલ્લીના છઠ્ઠા અને સાતમા અનુવાકમાં ઋષિ સમજાવે છે કે આત્માનું શુદ્ધ સ્વરૂપ આ પાંચેય કોશો (અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય)થી પર છે. મનુષ્યાવતાર આનંદ સ્વરૂપ છે, પણ એ આનંદથી ઉપર બીજું જે તત્ત્વ છે એ સમજવું જરૂરી છે. આનંદથી ઉપરનું એ તત્ત્વ તે 'રસ' તત્ત્વ છે. વાસ્તવમાં આ રસ જ બ્રહ્મનું અદલ સ્વરૂપ છે. જે મનુષ્ય પોતાના જીવનમાં આ 'रसो वैस:'નો સ્વાદ ચાખી લે છે તે બ્રહ્મને જાણી લે છે. પછી તેને એથી નીચેનો કોઈ લૌકિક રસ સારો લાગતો નથી. આ રસ મળવાથી જ સાચો આનંદ પ્રાપ્ત થાય છે. આ રસાનુભવ એટલે બ્રહ્માનુભવ. આ આનંદ એટલે સ્વરૂપાનંદ, આત્માનંદ કે બ્રહ્માનંદ.

આપણાં ભૌતિક જગતમાં વસતા એક આમ આદમીના સરેરાશ આનંદનું એક માપ નક્કી કરી એને આધારે આ બ્રહ્માનંદની વિલક્ષણતા સ્પષ્ટ કરવાનો આ ઋષિએ પ્રયત્ન કર્યો છે. જેમકે, કોઈ ભરજુવાનીવાળો યુવાન હોય, તેણે વેદનો અભ્યાસ કર્યો હોય (મતલબ કે શિક્ષિત હોય), તેમ જ તે પૂર્ણ આશાવાળો, સુદૃઢ અને બળવાન હોય (મતલબ કે શારીરિક, માનસિક અને બૌદ્ધિક રીતે સંપન્ન હોય), અને આ આખી પૃથ્વી ધન વડે પૂર્ણ હોય (મતલબ કે આર્થિક રીતે ધનદોલત, સત્તાસંપત્તિ, શાખઆબરૂ સંપન્ન હોય) તો તેનો જે આનંદ હોય તે એક આદમીનો આનંદ ગણીએ. મનુષ્યના તેવા સો આનંદ તે મનુષ્યગંધર્વોના એક આનંદ બરાબર છે. દેવગંધર્વોના તેવા સો આનંદ તે પિતૃઓના એક આનંદ બરાબર છે. પિતૃઓના તેવા સો આનંદ તે આજાનજ દેવોના એક આનંદ બરાબર છે. આજાનજ દેવોના તેવા સો આનંદ બરાબર કર્મદેવનો એક આનંદ છે. કર્મદેવના તેવા સો આનંદ બરાબર દેવોનો એક આનંદ છે. દેવોના તેવા સો આનંદ બરાબર ઈન્દ્રનો એક આનંદ છે. ઈન્દ્રના તેવા સો આનંદ બરાબર બૃહસ્પતિનો એક આનંદ છે. બૃહસ્પતિના તેવા સો આનંદ બરાબર પ્રજાપતિનો એક આનંદ છે અને પ્રજાપતિના એવા સો આનંદ તે બ્રહ્મના એક આનંદ બરાબર છે.

મતલબ કે એક આમ આદમીના આનંદ કરતાં મનુષ્ય ગંધર્વોનો આનંદ સોગણો અધિક છે. એક મનુષ્યગંધર્વના આનંદ કરતાં એક દેવગાંધર્વનો આનંદ સોગણો અધિક છે. એ જ રીતે દેવગાંધર્વના આનંદથી પિતૃનો આનંદ સોગણો અધિક છે. પિતૃઓના આનંદ કરતાં આજાનજ દેવોનો આનંદ સોગણો અધિક છે. આજાનજદેવો કરતાં કર્મદેવનો આનંદ સો ગણો અધિક છે. કર્મદેવના આનંદ કરતાં દેવનો આનંદ સોગણો અધિક છે. દેવોના આનંદ કરતાં ઈન્દ્રનો આનંદ સોગણો અધિક છે. ઈન્દ્રના આનંદથી બૃહસ્પતિનો આનંદ સોગણો અધિક છે. બૃહસ્પતિના આનંદથી પ્રજાપતિનો આનંદ સો ગણો અધિક છે. એ પ્રજાપતિના આનંદ કરતાં બ્રહ્મનો એક આનંદ સોગણો અધિક છે. એટલે કે મનુષ્યના આનંદ કરતાં હજાર ગણો ચડિયાતો આનંદ બ્રહ્મનો આનંદ ગણાય. મનુષ્યના ઈન્દ્રિયજનિત તુચ્છ મોજમઝા કરતાં બ્રહ્મનો આનંદ કેટલો મહત્ અને ઊર્જિત છે એ આ સરખામણી દ્વારા ઋષિએ સમજાવ્યું છે.

જીવન આનંદમય છે. મનુષ્યનો મૂળ સ્વભાવ આનંદ છે. પણ મનુષ્ય આ સંસાર જગતથી ચકાચૌંધમાં અંજાઈ જઈ એ અસલી આનંદ શું છે અને કેમ મળે એ ભૂલી ગયો છે. એ તન, મન અને ધનને અગત્યના માની એને વળગીને આનંદને શોધ્યા કરે છે આ બાહ્ય જગત અને સંસારમાં. એટલે એને મોજમઝા પ્રાપ્ત થાય છે પણ સાચું સુખ કે સાચો આનંદ પ્રાપ્ત થતાં નથી. સુખ નામનો પ્રદેશ અને આનંદ નામનો લોક બહાર નહિ, પણ આપણી અંદર રહેલા છે. પોતે જેનાથી વિખૂટા પડ્યા છે એ મૂળ તત્ત્વ સાથે જ્યારે એ પુનઃઅનુસંધાન સાધે, સ્વ-રૂપ સાથે સંધાન કરે ત્યારે આ અદલ સુખ અને આનંદ પ્રાપ્ત થાય એ વાત ઋષિ સમજાવે છે. આ સાંસારિક જીવનના સુખો ક્ષણિક અને ભ્રામક છે. કારણ કે આ જગત અને આ સંસાર અલ્પ છે, ભૂમા નથી. સાચુ સુખ અને સાચો આનંદ ભૂમામાં છે, સ્વને સર્વમાં અને સર્વમાં સ્વને એકરૂપે નિહાળવામાં છે. આપણે વધુ ને વધુ સંકુચિત મનવાળા, ટૂંકી દૃષ્ટિવાળા અને અલ્પસંતોષી થતાં જઈએ છીએ, વાસ્તવમાં આપણે વધારે ને વધારે ખુલ્લા મનવાળા, વિશાળ દૃષ્ટિવાળા અને ભૂમાથી સંતોષ પામનારા થવું જોઈએ.

> સુખ નામનો પ્રદેશ અને આનંદ નામનો લોક બહાર નહિ, પણ આપણી અંદર રહેલા છે.

આખા બ્રહ્માંડનો સાર બ્રહ્મ છે અને બ્રહ્મનો સાર આનંદ છે. આ આનંદ અનુપમ, અનર્ગળ, નિર્વ્યાજ અને શાશ્વત છે. એ મનુષ્યને સ્વર્ગીય સુખ આપનારો છે. એ રસરૂપ અને આનંદરૂપ બ્રહ્મતત્ત્વ, જે શોધે તે પામે, તે મથે તે મેળવે. ✷ ✷ ✷

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, સૌરાષ્ટ્ર કોલોની પાસે, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર, પિનકોડ-૩૮૮૧૨૦.
(મો.) : ૦૯૭૨૭૩૩૩૦૦૦ .ફોન : (ઘર) : ૦૨૬૯૨-૨૩૩૭૫૦

## પાર્શ્વનાથ-પદ્માવતી કથા

શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી કથાની પરિકલ્પના તથા આયોજન અંગે આપને અભિનંદન આપવા શબ્દો નથી.

પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈનો શાસ્ત્રોક્ત ઊંડો અભ્યાસ, સરળ છતાં શબ્દો અને ભાષાના પ્રભુત્વવાળી વાણીમાં શ્રોતાજનો એટલા રસ-તરબોળ થયા હતા કે તેમને સાંભળ્યા જ કરીએ.

આટલો અમૂલ્ય લાભ આપવા બદલ આપ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સૂત્રધારો તથા પરિવારના સર્વે શ્રોતાજનો હંમેશાં ઋણી રહેશે. આટલી સુંદર ધર્મ-પ્રભાવના માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું નામ જૈન ઇતિહાસમાં હંમેશ માટે સ્થાન પામવું જોઈએ. કથામૃતનો સમય થોડો વધે અને દર વર્ષે લાભ મળતો રહે તે જ અભ્યર્થના.

**હિંમત ગાંધી**ના જય જિનેન્દ્ર (મુંબઈ)
મો. : ૦૯૩૨૩૩૩૧૪૯૩

# જન ગણ મન

❑ સૂર્યકાંત પરીખ

**મે મહિનો એટલે મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ-માસ. ૭ મે, ૧૮૬૧ એ મહામાનવને આ શ્રદ્ધાંજલિ...**

વર્ષ-૧૯૧૧માં લખાયેલું રવીન્દ્રનાથ ટાગોરે લખેલું જનગણમન અધિનાયક જય હે રાષ્ટ્રગીતને ૧૦૨ વર્ષ પૂરા થયા. આ વર્ષોમાં ભારત માતાનું ભૌગોલિક સ્વરૂપ હતું તેમાં પાકિસ્તાન જુદું થયું અને બાંગલાદેશ જુદું થયું. એ ભાગો ભારતમાંથી ગયા, છતાં ટાગોરે એ વખતે પહેલી જ કડીમાં જે પ્રદેશોનું વર્ણન કરેલું છે તે એક યા બીજા સ્વરૂપે ભારતમાં રહ્યાં છે. ફક્ત સિંધૂ શબ્દ આવ્યો છે. તે સિંધ ભારતમાં નથી.

જનગણમન અધિનાયક જય હે એના પાંચ ભાગ છે. એનો પહેલો ભાગ છે.

*જનગણમન-અધિનાયક જય હે ભારત-ભાગ્યવિધાતા!*
*પંજાબ સિંધુ ગુજરાત મરાઠા, દ્રવિડ ઉત્કલ બંગ!*
*વિન્ધ્ય હિમાચલ યમુના ગંગા, ઉચ્છલ-જલધિતરંગ!*
*તવ શુભ નામે જાગે, તવ શુભ આશિશ માગે-*
*ગાહે તવ જય-ગાથા!*
*જનગણ-મંગલદાયક જય હે, ભારત-ભાગ્યવિધાતા!*
*જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!*

બીજો ભાગ શરૂ થાય છે. તેમાં જુદા જુદા ધર્મોનું વર્ણન છે, અને છતાં બધા સાથે છીએ, કારણ કે ભારતમાતાએ તેના પ્રેમહારથી સૌને સાથે રાખેલાં છે.

*અહરહ તવ આહ્વાન પ્રચારિત, શુનિ તવ ઉદાર વાણી!*
*હિન્દુ બૌદ્ધ શીખ જૈન પારસિક, મુસલમાન, ખ્રિસ્ટાની!*
*પૂરવ પશ્ચિમ આસે, તવ સિંહાસન પાશે! પ્રેમહાર હય ગાથા!*
*જનગણ-એક્યવિધાયક જય હૈ, ભારત-ભાગ્યવિધાતા!*
*જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!*

ત્રીજો ભાગ શરૂ થાય છે, જેમાં ભારત માતાના જુદા જુદા પ્રદેશોના સંતાનો-ચઢતી અને પડતીમાં સાથે રહ્યા-તેમાં મહાભારતના યુદ્ધમાં કૃષ્ણે ભાગ ભજવેલો તેનો ઉલ્લેખ છે.

*પતન-અભ્યુદય-બંધુર પથા યુગ-યુગ-ધાવિત યાત્રી!*

## 'જનગણમન'ના ૧૦૨ વર્ષ

૨૭ ડિસેમ્બર, ૧૯૧૧ના રોજ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં 'જન ગણ મન' સૌપ્રથમવાર જાહેરમાં ગવાયું હતું જેને આજે ૧૦૨ વર્ષ પૂરા થયા છે. નોબેલ પારિતોષિક વિજેતા ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે સંસ્કૃત સાથેની બંગાળી ભાષામાં આ ગીત લખ્યું છે. દેશનું બંધારણ ઘડવા માટે રચાયેલી બંધારણીય સભાએ ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ આ ગીતને રાષ્ટ્રગાન (નેશનલ એન્થમ) તરીકે સત્તાવાર રીતે સ્વીકૃતિ આપી હતી.

ટાગોરે ૧૯૧૧માં 'જન ગણ મન' ગીત લખ્યું હતું. તે સમયે ટાગોર બ્રહ્મોસમાજની પત્રિકા 'તત્ત્વબોધ પ્રકાશિકા'ના તંત્રી હતા. આ પત્રિકા માટે તેમણે આ ગીત લખ્યું હતું. આથી શરૂઆતમાં આ પત્રિકાના વાચકો સિવાય કોઈ રાષ્ટ્રગાનથી વાકેફ ન હતું. ત્યારબાદ એ જ વર્ષમાં કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં જાહેરમાં આ ગીત સૌપ્રથમવાર ગવાયું. ૧૯૧૯માં રવીન્દ્રનાથના મિત્ર અને આયર્લેન્ડના કવિ જેમ્સ કઝીન્સના આગ્રહથી બેસન્ટ થિયોસોફિકલ કોલેજમાં વિદ્યાર્થીઓ સમક્ષ ટાગોરે ૨૮ ફેબ્રુઆરી, ૧૯૧૯ના રોજ જન ગણ મન ગીત બંગાળીમાં ગાયું. તેની ભારે પ્રશંસા થઈ અને કોલેજના પ્રાર્થના ગીત તરીકે આ ગીત પસંદ કરી લેવાયું. ત્યારપછી દેશભરમાં તે પ્રચલિત થઈ ગયું અને નેશનલ એન્થમ બની ગયું.

**'જન ગણ મન' સંગીતબદ્ધ પણ થયું**

મૂળભૂત રીતે 'જન ગણ મન' બંગાળી ભાષામાં તૈયાર કરાયું હતું અને પછી તેનો ટાગોરે જ અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. તેમણે આંધ્રના ચિતૂર જિલ્લાના મદનપલ્લી ગામમાં અનુવાદ કર્યો. એટલું જ નહીં, કઝીનના પત્ની સાથે મળીને તેને સંગીતબદ્ધ પણ કર્યું.

**શું ધ્યાનમાં રાખશો**

રાષ્ટ્રગાન 'જન ગણ મન' વિવિધ પ્રસંગે-પર્વએ ગવાતું હોય છે. તે અંગેની કેટલીક સૂચનાનું પાલન કરવું ખાસ જરૂરી છે. આ પૈકી મુખ્ય બાબત ગીત ગાતી વખતે તેનો રાષ્ટ્રગાન તરીકે સંપૂર્ણ આદર કરવો. રાષ્ટ્રગાન ઊભા રહીને ગવાતું હોય છે. આ અંગે સરકારે વિસ્તૃત માર્ગદર્શિકા પણ બહાર પાડી છે. સમૂહમાં 'જન ગણ મન' સંપૂર્ણ ગાવાનું હોય છે.

**વિવાદ**

દેશના રાષ્ટ્રધ્વજથી લઈને રાષ્ટ્રગાનની રચના સુધીની અનેક બાબતો વિવાદોથી ઘેરાયેલી છે. દેશના બે નામ (ઈન્ડિયા અને ભારત)નો વિવાદ પણ છે. રાષ્ટ્રગાન અંગે એવું કહેવાય છે કે રવીન્દ્રનાથ ટાગોરે ડિસેમ્બર ૧૯૧૧માં એવા સમયે આ ગીતની રચના કરી હતી કે જે સમયે અંગ્રેજ રાજા જ્યોર્જ પંચમનો રાજ્યાભિષેક થવાનો હતો. આથી એક વર્ગ એવું માને છે કે ટાગોરે રાજા જ્યોર્જ પંચમની પ્રશંસામાં 'જન ગણ મન' ગાયું હતું. ઈશ્વરની પ્રશંસામાં નહીં.

*હે ચિરસારથિ! તવ રથચક્રે મુખરિત પથ દિનરાત્રી!*
*દારુણ વિપ્લવ માઝે, તવ શંખધ્વનિ બાજે! સંકટ-દુઃખ ગાતા!*
*જનગત-પથપરિચાયક જય હે, ભારત-ભાગ્યવિધાતા!*
*જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!*

અને ચોથો ભાગ શરૂ થાય છે, જેમાં ઘોર-અંધકાર-મૂર્છિત થયેલાઓનું પણ હે માતા તેં રક્ષણ કર્યું છે તેનો ઉલ્લેખ છે.

*ઘોર તિમિરઘન નિબિડ નિશીથે પીડિત મૂર્છિત દેશે!*
*જાગ્રત છિલ તવ અવિચલ મંગલ નતનયને અનિમેષે!*
*દુઃસ્વપ્ને આતંકે, રક્ષા કરિલે અંકે!*
*સ્નેહમયી તુમિ માતા!*
*જનગણ-દુઃખદાયક જય હે, ભારત-ભાગ્યવિધાતા!*
*જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!*

અને પાંચમો ભાગ છે.

*રાત્રી પ્રભાતિલ, ઉદિલ રવિચ્છબિ પુર્વ-ઉદય-ગિરિ-ભાલે!*
*ગાહે વિહંગમ, પુણ્ય સમીરણ નવ-જીવન-રસ ઢાલે!*
*તવ કરૂણારૂણ રાગે, નિદ્રિત ભારત જાગે!*
*તવ ચરણે નત માથા!*
*જય જય જય હે જય રાજેશ્વર, ભારત-ભાગ્યવિધાતા!*
*જય હે! જય હે! જય હે! જય જય જય જય હે!*

ભારતની પડતી અને ચડતી છેક મહાભારતના સમયથી થઈ જેમાં આડકતરી રીતે કૃષ્ણનો શંખધ્વનિનો ઉલ્લેખ છે. આગળ આવો ભારત જે ઘોર અંધકારવાળો ભારત દેશ, તે છતાંય ભારત માતા તેં બધામાં અમારું રક્ષણ કર્યું છે અને છેલ્લે આવી ભારત માતાના જીવન અંગે અમને જે કંઈ પુણ્ય સ્મરણ છે તેમાંથી તેમની સમગ્ર પ્રજા ઉપર કરૂણામય દૃષ્ટિ જાગે છે, અને એ બધું ભેગું થઈને આ આપણો ભારત દેશ જે નિદ્રાધીન થયો છે, જે જાગે તેમ ઈશ્વરને પ્રાર્થના છે. ✱✱✱

એ-૨, મનાલી એપાર્ટમેન્ટ, ડૉ. વી. સારાભાઈ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫. મોબાઈલ : ૦૯૮૯૮૦૦૩૯૯૬

# પૂર્વ અને પુનર્જન્મ વિષેનાં તર્ક

❑ હરજીવન થાનકી

પૂર્વ અને પુનર્જન્મ વિષેનાં તર્ક પણ રસપ્રદ હોય છે. માનવ આત્માનો પ્રવાહ તો સતત વહેતો રહે છે. આપણાં પિતા, દાદા અને પરદાદા, તો બીજી બાજુ આપણો પુત્ર, પૌત્ર અને પ્રપૌત્ર, પુરાવા રૂપે હાજર હોય છે!

ગયા જન્મનું અને આવતા જન્મનું રહસ્ય, ઉકેલવાનો વિષય જણાય છે. પુરુષોના વંશવેલામાં સ્ત્રીઓ પણ ભળતી રહે છે. સ્વાભાવિક રીતે જ આપણાં દાદીમા, નાનીમા, જુદા પરિવારમાંથી આવ્યાં હોય છે, તો વળી પુત્રવધૂ અને પૌત્રવધૂ પણ!

જે-તે આત્મા, પોતાના કર્માનુસાર ગતિ કરતો રહેતો હોય, એમ પણ લાગે! એટલે, પુરુષાર્થીએ, પ્રકૃતિ (સ્ત્રી)ની પસંદગીમાં, અત્યંત સાવધ રહેવું રહ્યું. સાત્ત્વિક વીર્ય અને રજનું મિલન થતું રહે તો પ્રગતિ સધાતી રહે, અન્યથા અધોગતિનો સંભવ પણ રહે જ.

જ્યાં-ત્યાં, જેની તેની સાથે લગ્નના બંધનમાં બંધાવાના જોખમો પણ હાજર હોય છે. માટે અગાઉ, ખાનદાન પરિવાર, તેની સમકક્ષ પરિવાર પર પોતાની પસંદગી ઊતારતા, એ વિચારમાં Logic તર્ક છે જ.

સમાન ગુણધર્મ ધરાવતા, યુવક-યુવતી, સંલગ્ન રહે, તો આત્માની પ્રગતિ થતી રહે, એ સ્પષ્ટ છે. મૂળે, ખેંચાણ આંતરિક સદ્‌ગુણોનું હોવું ઘટે, બહારની સ્થિતિ કે પરિસ્થિતિનું નહીં. પ્રેમ, જેટલો ઊંડો તેટલો ઊંચો અને વ્યાપક થઈ શકે! પસંદગીમાં ધોરણો જળવાવા જોઈએ કે જેથી Children of Passion નું સ્થાન, Child of Love લેતું રહે. આજે મોટા ભાગના દંપતીઓ, માત્ર એક જ પુત્ર કે પુત્રીના જન્મથી સંતોષ લઈ રહ્યાં છે, તે એક સારું ચિહ્ન છે કે જેથી તેનાં ઉછેરમાં પુરતું ધ્યાન આપી શકાય. તેને ભણાવી-ગણાવી, પરણાવીને, સંસ્કારી બનાવી શકાય, કે જેથી તેના વડવાઓના આત્માનો પ્રવાહ (Flow) ઊંચે ચડતો રહે. વિશાળતા અને વ્યાપકતા કેળવતો રહે.

Higher-Society એટલે સમૃદ્ધ જ્ઞાનવાન છતાં પ્રાણવાન સમાજ. સ્વામી વિવેકાનંદ, પૂરા ચાલીસ વર્ષ પણ જીવી શક્યા નહોતા. છતાં તેમણે પોતાના પૂર્વ જન્મના બળ વડે ૪૦૦ વર્ષમાં ના થઈ શકે, એવું કર્મ કરી બતાવ્યું. એ શું સૂચવે છે? તેઓ ગયા જન્મનું સૂક્ષ્મ ભાથું, એટલું બધું શક્તિશાળી લાવ્યા હતા કે તેને બાલપણથી જ શક્તિ અને ભક્તિનો સંચાર થતો રહ્યો. ભારત ભ્રમણ કર્યું, વિદેશ ગયા, ગુરુ પાસેથી જ્ઞાન મેળવ્યું અને તેને દીપાવ્યું ય ખરું. શાસ્ત્રોનો સાર ગ્રહણ કરીને, તેનો ફેલાવો પણ કર્યો. પોતાના ધર્મની શ્રેષ્ઠતા સમગ્ર વિશ્વમાં સાબીત કરતા રહ્યા, પછી ભલે વર્તમાન શરીરે બહુ સાથ-સહકાર ના આપ્યો. તેઓ ખુદ કહેતા, 'હું ચાલીસ વર્ષ પૂરાં નહીં કરી શકું! એ તેમની જાતનું નિરીક્ષણ અને પરિક્ષણ હતું. શરીર અનેક રોગગ્રસ્ત બનતું રહ્યું. તેની પાછળ પણ તેના પૂર્વ જન્મ અને કર્મની છાયા હોઈ શકે! છતાં, તેમણે ભારતના યુવાધનને આપેલી પ્રેરણા અદ્‌ભૂત રહી હતી. સાચા અર્થમાં તેઓ નરમાં ઈન્દ્ર બની રહ્યા અને વિવેકનો બહોળો પ્રચાર અને પ્રસાર કરતા ગયા. ✱✱✱

સીતારામનગર, પોરબંદર.

ભજન-ધન : ૮

# વિસરાતી વાણી – અનહદની ઓળખાણી

☐ડૉ. નિરંજન રાજ્યગુરુ

*હાલો કીડીબાઈની જાનમાં...*
*કીડી બિચારી કીડલી રે, કીડીના લગનિયાં લેવાય;*
*પંખી પારેવડાંને નોતર્યા, કીડીએ દીધાં સનમાન...*
*હાલો રે કીડીબાઈની જાનમાં...*

કીડીનાં લગન! એલા લગન એલા લગન તો માણાંના થાય... કોક કોક શોખીન રાજા-બાદશા કુતરાના ય લગન કરે પણ કીડીના તે કાંઈ લગન હોય? છે ને દાંત કાઢવા જેવી વાત? પણ આ વેણ તો છે સંતના... સંત ભોજાભગતના...ને સંતના વેણ...સંતની વાણી કાંઈ બે ઘડી દાંત કાઢીને ભૂલી જાવા જેવી નો હોય...એમાં ઊંડો અરથ ભર્યો હોય. જેણે આખા જગતને વેરાગના, સતધરમના ભગતિના, નેક, ટેક ને સેવાના ઉપદેશ દીધા હોય, સત શબદના ચાબખા માર્યા હોય એવા સંત કાંઈ નાખી દીધા જેવી વાત નો કરે...

કીડી બિચારી કીડલી રે, કીડીના લગનિયાં લેવાય;
પંખી પારેવડાંને નોતર્યા, કીડીએ દીધાં સનમાન...
હાલો રે કીડીબાઈની જાનમાં...

ભોજાભગતે આ ભજનમાં જીવાત્માને કીડીને નામે ઓળખાવ્યો છે. કીડી એટલે આ સૃષ્ટિનો નાનામાં નાનો દેખાતો જીવ. પાછો આ જીવ છે બીચારો-દયાપાત્ર. એને કોઈનો આધાર નથી. સંસારની માયાજાળમાં અટવાતો જીવ જ્યાં લગી સદ્‌ગુરુને શરણે નો જાય ત્યાં લગી ઈ બીચારો હોય, એને કોઈનો આશરો કે આધાર નો હોય. પણ એના લગન એના વિવાહ આ સૃષ્ટિના સરજનહારની હાર્યે થઈ જાય તો? ઈ બીચારો મટી જાય. ચૌદ બ્રહ્માંડના ધણીની હાર્યે જો ચાર ફેરા ફરી જાય તો ઈ જીવના આવાગમનના ફેરા ટળી જાય. જ્યાં લગી સંસારની મારું-તારું એવી ભ્રમણામાં જીવ અટવાણો હોય ત્યાં લગી ઈ દયાપાત્ર હોય. બિચારો હોય. પણ સદ્‌ગુરુની કૃપા થઈ જાય; ને અલખ ધણીની ઓળખાણ થઈ જાય ને! તો પછી ઈ બીચારો જીવ બીચારો મટીને શિવરૂપ-બ્રહ્મરૂપ થઈ જાય.

આપણાં સંતોએ પરિબ્રહ્મ પરમાત્મા હાર્યે જીવાત્માના લગનની-સુરતાબાઈના વિવાહની વાતના ઘણાં ભજનો લખ્યાં છે. કીડીના લગન એટલે સાધકનું પરમ તત્ત્વ સાથેનું જોડાણ. આવી કીડીના પરિબ્રહ્મ હાર્યે વિવાહ થાતા હોય તયેં કોને નોતરાં દીધા? 'કીડી બિચારી કીડલી રે કીડીના લગનિયાં લેવાય, પંખી પારેવડાંને નોતર્યા, કીડીએ દીધાં સનમાન, હાલો રે કીડીબાઈની જાનમાં...

કીડીના લગનમાં પંખી-પારેવડાંને નોતરાં દીધાં. પંખી એટલે આત્મજ્ઞાની સંતો. વિહંગમ પુરુષ, સદ્‌ગુરુની કૃપાએ જેને જ્ઞાનરૂપી પાંખું ફૂટી હોય એવા આકાશીવૃત્તિવાળા વિહંગમ સંતો-ભક્તો-મુનિવરોને તેડાં મોકલ્યાં આ કીડીના વિવાહ ટાણે. જેમ પંખીડાં આકાશમાં ઊંચે ચડીને પછી સ્થિર થઈ જાય, એની પાંખું ફેલાવી દયે ને સ્થિર કરી દયે પછી એને ઉડવા સારૂ મહેનત નો કરવી પડે. ને નિર્લેપભાવે આકાશમાં ઉડતા રહીને ધરતીને જોયા કરે. એ ગતિમાં હોય છતાં સ્થિર હોય. કોઈ પણ જાતના કર્મ વિના સહજ ભાવે આકાશમાં વિહાર કરતા હોય એમ સિદ્ધ પુરુષો, આત્મજ્ઞાની સંતો સંસારની માયાથી પર થઈને ઉદાસીનવૃત્તિથી સઘળી લીલા જોયા કરતા હોય. એનામાંથી કર્મનો અહંકાર ઓગળી ગ્યો હોય. ને ભાઈ! આ કર્મના અહંકારના તરણાંની વાંહે જ આ સૃષ્ટિનો સર્જનહાર ડુંગરો ઢંકાઈ જાય છે ને? ધીરા ભગતે નથી ગાયું? એવો તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં... હુંપદનું તરણું એવડું તો મોટું થઈ ગ્યું કે ડુંગર જેવને અલખ ધણી એમાં ઢંકાઈ ગ્યો...

'પંખી પારેવડાંને નોતર્યા કીડીએ દીધાં સનમાન...હાલો રે કીડીબાઈની જાનમાં....'

જીવાત્માના પરમાત્મા હાર્યે લગન થાતાં હોય એમાં

### ભોજલરામ (ઈ. સ. ૧૭૮૫-૧૮૫૦)

*જ્ઞાની-ઉપદેશક સંતકવિ, ગિરનારી સાધુ રામેતવનના શિષ્ય, દેવકીગાલોળ (તા. જેતપુર, જિ. રાજકોટ) ગામે લેઉવા કણબી જ્ઞાતિમાં જન્મ. પિતાઃ કરસનદાસ, માતાઃ ગંગાબાઈ, અવટંકેઃ સાવલિયા. પોતાના બે ભાઈઓ કરમણ અને જસા સાથે અમરેલી પાસેના ચક્કરગઢ ગામે ખેતી કરવા ગયા અને ફતેહપુર ગામ વસાવ્યું. અમરેલીના ગાયકવાડી સૂબા વિઠ્ઠલરાવને ઉપદેશ આપવા 'ચાબખા' પ્રકારના ભજનોની રચના કરેલી. શિષ્યોઃ ૧. જલારામ (વીરપુર), ૨. વાલમરામ (ગારિયાધાર), ૩. જીવણરામ (ફતેપુર). શિષ્ય જલારામને ત્યાં વીરપુર ગામે સમાધિ લીધી. રચનાઃ 'ચેલૈયા આખ્યાન', વાર તિથિ, મહિના સરવડાં, 'ભક્તમાળ' કાફી, હોરી, કક્કો બાવનાક્ષરી અને ચાબખા. સમાધિ ફતેપુર (અમરેલી).*

આતમજ્ઞાની સંતો રૂપી પંખીડાંને નોતરાં દીધાં. આ પંખીડામાંય પારેવડાં તો સાવ ગભરૂ ભોળાં. કબુતર કોઈને નડે નૈં ઈ શાંતિના દૂત કેવાય. આતમજ્ઞાની સંતોમાંય જે ભક્તિના પંથે ચડ્યા હોય એવા ને સમરણના મારગે હાલતા હોય એવા જ્ઞાની, ધ્યાની, યોગી, સિદ્ધિ, સંત, ભાગતુંને કીડીએ જીવાત્માએ નોતરાં દીધાં ને સન્માન આવ્યું. આદર સત્કાર કરીને, સંતોને શરણે પડીને જીવે માગ્યું કે હે સંતો, તમારી દયાથી–તમારી કૃપાથી અમને અજર અમર અવિનાશી અલખધણીનો ભેટો થાય એવા આશીર્વાદ દે જો.

***મોરલે બાંધ્યો રૂડો માંડવો રે, ખજુરો પીરસે ખારેક***
***ઘુડે ગાયાં રે રૂડાં ગીતડાં, પોપટ પીરસે પકવાન...***
***હાલો રે કીડીબાઈની જાનમાં....***

આપણાં સંતોએ આ કાયાને બંગલો, ચરખો, રેંટિયો, વણઝારો, હંસલો... એમ જુદા જુદા રૂપકથી સમજાવી છે. એમાં સહુથી લોકપ્રિય ને રૂપાળું રૂપક છે મોરલાનું...એ જી મોર તું આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો રે...મોરલો મરતલોકમાં આવ્યો...લીલો અને પીળો મોરલો અજબ રંગીલો ને વરણ થકી વરતાયો... મોરલો મરતલોકમાં આવ્યો...

આવા રૂપાળા મોરલાએ માનવદેહ રૂપી પાંચ તત્ત્વનો માંડવો બાંધ્યો. પૃથ્વી, પાણી, આકાશ, અગ્નિ ને વાયુ આ પાંચ મૂળ તત્ત્વમાંથી બ્રહ્માંડનું સર્જન થયું. ને ઈ જ પાંચ તત્ત્વમાંથી બંધાણો આપણો પિંડ. સંત કવિ રવિસાહેબે અલખધણી સાથેના જીવાત્માના વિવાહનું એક ભજન ગાયું છેઃ ત્રણ ગુણ તોરણિયા બંધાવું રે સાહેલી મોરી, બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...

'મોરલે બાંધ્યો રૂડો માંડવો રે, ખજુરો પીરસે ખારેક...' મોરલાએ આવો માંડવો બાંધ્યો. તયેં ધીરજ નામના ઢોલ ધડુક્યા ને ખમૈયાની ખારેકું વેચાણી. રવિસાહેબે નથી ગાયું ? ગુણ નામના ગણેશ બેસાડિયા, પ્રેમની પીઠી ચોળાય; વરનું નામ છે અજર અમર, ધમળ મંગળ ગીતડાં ગવાય... રે સાહેલી મોરી બેની મારો પાંચ રે તતવ કેરો માંડવો...' પાંચ તત્ત્વના માંડવા રૂપી આ માનવ દેહમાં સુરતા રાણીના વિવાહ અલખ ધણી હાર્યે તયેં ખારેક વેચવા નીકળે કોણ ? તો ક્યે કાન ખજુરો... માણસનું મન કાનખજુરા જેવું છે. કાનખજુરાને ગણ્યા ગણાય નૈં એટલા પગ હોય. કાનખજુરો અતિ ચંચલ હોય... એની ગતિ ભાર્યે તેજ હોય... માણસનું મન કયેં ક્યાં ભાગે એનું કાંઈ કેવાય નૈં, પણ ધજાની પૂંછડીની જેમ ફરફરતા મનને બાંધી લીધું હોય તો ? ક્ષમા, ધીરજ ને વિશ્વની સાંકળે મન જો બંધાઈ જાય તો પછી એની ગતિ એક જ દિશાની રયે. આવું કાનખજુરા રૂપી મન આજ કીડીબાઈના–સુરતારાણીના જીવાત્માના વિવાહ ટાણે સહુને ખમૈયાની–ક્ષમારૂપી ખારેક વહેંચવા નીકળ્યું છે.

મારું તારું, સંખ-દુઃખ, લાભ-હાનિનો ભેદ ટાળી દઈને મન ક્ષમા રૂપી ખારેક વહેંચવા નીકળ્યું ત્યારે 'ઘુડે ગાયાં રૂડાં ગીતડાં...' ઈ ટાણે ઘુવડ ગાય છે ધમળ મંગળ ગીત. ઘુવડ એટલે અજ્ઞાન. જે જ્ઞાનરૂપી સૂરજનો પ્રકાશ સહન કરી શકતું નથી, અજવાળાં સામે બંધ કરીને બેસી રયે છે, એનો વ્યવહારના રાતના અંધારામાં જ થાતો હોય. અજ્ઞાનરૂપી અંધારામાં જ ઈ જીવે ને આથડે. આવા અજ્ઞાની-આંધળા ઘુવડની ઉપર સંતો-મહાપુરુષોની સદ્‌ગુરુની કૃપા થઈ ગઈ ને અંતરમાં અજવાળાં થ્યાં એની જ્ઞાન રૂપી આંખ ખૂલી ગઈ ને હૈયામાંથી શબ્દની સરવાણી ફૂટી.

સત શબ્દની વાણીના વરદાન મળ્યાં, અજ્ઞાન અંધારૂં ટળ્યું ને જ્ઞાનરૂપી પ્રકાશ ઘટેઘટમાં વ્યાપી રયો તયેં પોપટ પકવાન પીરસવા નીકળ્યો. પોપટ એટલે શુકદેવ. અંતરના અનુભવને શબ્દમાં ઉતારનાર વાણી... જ્ઞાનનો

## ચકલીઓનો કલરવ

માનો કે ન માનો સૌરાષ્ટ્રના જેતપુરના રાજકોટ રોડ પર આવેલ જૂની અંકુર હૉટેલમાં લોકોની સાથે ચકલી સહીતના પારેવાઓ સ્વાદિષ્ટ ભોજન લેવા આવે છે. હોટલ માલિક મનસુખભાઈનો ચકલી પ્રત્યેનો પ્રેમ અથાગ છે. તે એક વર્ષ દરમ્યાન ૪ થી ૫ હજાર ચકલીના માળાઓનું વિના મૂલ્યે વિતરણ કરે છે. વિશ્વ ચકલી દિવસ નિમિત્તે જેતપુરમાં મનસુખભાઈ પટેલની ચકલી પ્રત્યેની પ્રેમ સભર કહાની રજુ કરવામાં આવી છે.

સામાન્ય રીતે પ્રવેશ દ્વાર પર તોરણ બાંધેલ હોય છે પરંતુ અંકુર હોટલમાં ચકલીના માળાનું તોરણ જોવા મળે છે. મનસુખભાઈને પહેલેથી જ અબોલ જીવ સાથે પ્રેમ હોવાથી હોટલની પાછળના ભાગે ચકલી તેમજ પારેવાઓને રહેવા માટે ૩૦ જેટલા વૃક્ષ વાવેલ છે. વૃક્ષો વચ્ચે મોટા કુંડા ટીંગાડેલ છે જેથી ચકલી પાણી પી શકે સાથે સાથે ગરમીથી બચવા નહાઈ પણ શકે.

ચકલીઓને આકર્ષવા મનસુખભાઈએ હોટલમાં ૭૦ થી ૮૦ જેટલા પુઠા તેમજ માટીના માળાઓ મુક્યા છે. છેલ્લા ત્રણ ચાર વર્ષથી લોકોને ચકલી પ્રત્યેનો પ્રેમ વધારવા તેમજ ઘરના આંગણામાં ચકલી ફરી વખત ચી ચી કરતી થાય તે માટે ચકલી બચાવો અભિયાન શરૂ કરેલ છે. આજે મનસુખભાઈની હોટલમાં ૪૦૦ જેટલી ચકલીઓ ચી ચી કરે છે.

**બીજા ચકલી પ્રેમી મયુરભાઈની રસપ્રદ કહાની**

રાજકોટ શહેરના મયૂર પરસોતમભાઈ રામાણી નામના એક યુવાને શહેરથી ૧૮ કિ.મી. દૂર હડમતીયા ગામે શ્રી કૃષ્ણ મંદિર (રાણીમાનો વિસામો) ખાતે ચકલીઓ માટે ૬૦ માળાનું આવાસ બનાવ્યું છે. ૧૫૦થી ૨૦૦ ચકલીઓરહી શકે તેવી વ્યવસ્થા છે.

અનુભવરસ શબ્દ રૂપે, વાણી રૂપે સૌને પીરસવા પોપટ નામે જીભ વહેતી થઈ. ને પોપટનું કામ શું ? જેટલું માલિક શીખવાડે એટલું બોલે. એને શ્લોક શીખવાડો તો શ્લોક બોલે, ગાળો શીખવાડીએ તો ગાળો બોલે. અજ્ઞાની પણ વાત કરતો હોય ને જ્ઞાની પણ વાત કરતો હોય પણ જ્ઞાનીની વાત પકવાન જેવી મીઠી લાગે.

*મકોડાને મોકલ્યો માળવે રે, લેવા માળવિયો ગોળ પંડે રૂડો ને કેડ પાતળી,*

*ગોળ ઈ થી ઉપડ્યો નો જાય હાલો રે કીડીબાઈની જાનમાં...*

સુરતારાણીના આત્માના પરમાત્મા હાર્યે લગન થાય છે ઈ ટાણે મકોડા રૂપી મોહને માળવિયો ગોળ લેવા મોકલ્યો. મકોડો મોહનું પ્રતીક છે. એને ગમે ત્યાં મીઠી વસ્તુ પડી હોય એની ગંધ આવી જાય. વળી એક દિશામાં જાતો હોય એને ઝાપટ મારીને બીજી દિશામાં ફેંકી દયો તો ય પાછો ઈ જ દિશામાં ગતિ કરે. ઈ ભૂલે નૈં. તૂટી જાય પણ જેને ચોંટ્યો હોય એને મેલે નૈં. ઉખડે નૈં. મોહમાં અટવાયેલો જીવ ગમે એટલી ઠોકર ખાય. લાતું ખાય, ગોથાં ખાય પણ લીધી વાત નો મેલે. આવા મોહને ઠેઠ માળવે મોકલ્યો. જ્યાં શુદ્ધ સાત્ત્વિક બ્રહ્મરસના ભંડાર ભર્યા છે એવા ઉપરને માળિયે. જ્યાં ભરપૂર પ્રેમરસના પિયાલા ભર્યા છે ઈ માલિકના મોલે. હરિરસનો ભંડાર લેવા. હરિનામનો ગોળ લેવા મોહને મોકલ્યો. ને ઈ મોહરૂપી મકોડો ય કેવો ? પંડે રૂડો ને કેડ પાતળી.. રૂડું રૂપાળું સ્વરૂપ લઈને મોહ માણસને છેતરી જાય પણ ઈ મોહને જ જો ભરપૂર ભંડારમાં મોકલી દીધો હોય તો એનો સ્વાદ છૂટે નૈં, એનો ભાર ઉપડે નહીં ને ઈ ધણીના મોલમાં જ પડ્યો રયે માળવે જ રોકાઈ જાય...

મોહરૂપી મકોડાને આમ માળવે ગોળ લેવા મોકલ્યો પણ મોહનું સ્વરૂપ બદલાઈ ગ્યું એને લે લાગી ગઈ મોહનની. ને મોહ મોહનમાં જ ગુંથાઈ ગ્યો. પાછો આવી શક્યો નહીં. શુદ્ધ રસમાં સ્થિર થઈ ગ્યો લીન થઈ ગ્યો. એને હરિ સમરણનો સ્વાદ લાગી ગ્યો. ઈ ટાણે.

*મીનીબાઈને મોકલ્યાં ગામમાં રે, એવા નોતરવા ગામ*

*સામા મળ્યા બે ડાઘિયા બિલાડીના કરડયા બે કાન*

*હાલો રે કીડીબાઈની જાનમાં...*

મીંદડીને ગામમાં નોતરાં દેવા મોકલી પણ શેરીમાં એને એ ડાઘિયાં કૂતરા સામા મળ્યા ને મીંદડીના બે કાન કરડી ગ્યા. મીંદડી એટલે કર્ણેન્દ્રિય. ઈ કાયમ બહારના ધ્વનિને જ સાંભળતી હોય. જરાક સંચળ થાય કે મીંદડી સતેજ થઈ જાય ને ઉંદર રૂપી શબ્દને ઝડપી લ્યે. એવી બહિર્મુખી વૃત્તિને આજ અંદર વાળી, કાયાનગરમાં નોતરાં દેવા. એના અહંતા ને મમતા... હું ને મારું એવા બે કાન કાયાનગરમાં વસતા જ્ઞાન ને વિવેક નામના ડાઘીયા કુતરાએ કરડી ખાધા. ને મીંદડી અંતર્મુખી થઈ ગઈ. જ્ઞાન ને વિવેક આવે તયેં મારું-તારું, હું પણું ને મમતાનો નાશ થઈ જાય. હવે બહારના કાન ગયા એટલે અંદરનો અનહદ નાદ, અનાહત ધ્વનિ સંભળાણો....ભાઈ ! આ તો કીડીબાઈની જાન છે ને ?

***ઘોડે રે બાંધ્યા પગે ઘૂઘરા રે, કાકીડે બાંધી કટાર;***

***ઊંટે બાંધ્યા રે ગળે ઢોલકાં, ગધેડો ફૂંકે શરણાઈ...હાલો રે કીડી.***

કીડીની જાન નીકળી છે એમાં, જીવાત્માના-સુરતારાણીના લગનમાં ઘોડાને પગે ઘુઘરા બાંધ્યા. ઘોડો એટલે શ્વાસ. શ્વાસરૂપી ઘોડાને પગે હરિનામ રૂપી ઘુઘરા બાંધી દીધા એટલે એની ગતિ તાલમાં આવી ગઈ. શ્વાસે શ્વાસે સમરણની અજપાજાપની સ્થિતિ આવી ગઈ. આપણો શ્વાસ છે ને એને સંતોએ બેકાબુ ઘોડાની ઉપમા આપી છે. આવા શ્વાસરૂપી-પવનરૂપી ઘોડાને પગે નામ-વચનના ઘુઘરા સદગુરુ બાંધી દયે તો એના ઉપર જીવનો આત્માનો કાબુ આવી જાય. શ્વાસની ગતિ એકતાલ-એકરૂપ થઈ જાય.

ઘોડારૂપી શ્વાસને સમરણના ઘુઘરા બાંધી દીધાં તયેં આ કીડીના લગનમાં કાકીડો કટાર બાંધીને-શુરવીર થઈને મરજીવો થઈને આગળ ઉભો રયો. કાકીડો એટલે શું ? વારે વારે ઘડીએ ઘડીયે રંગ બદલતી ચિત્તની વૃત્તિઓ. કાકીડો વારંવાર રંગ બદલાવે. એનો કોઈ રંગ કાયમ સ્થિર નો હોય. આવી ચંચળ-અસ્થિર ચિત્તની વૃત્તિઓ શાંત થઈ ગઈ. સદ્‌ગુરુની કૃપાએ કાકીડાએ એકરંગા થઈનો શૂરવીર થઈને કટારી બાંધી, એનામાં અભયભાવ જાગૃત થઈ ગ્યો, એની કાયરતા નીકળી ગઈ. એકરંગો સુગરો થઈને સનમુખ મેદાને ખાંડાધારે ખેલ ખેલવા ઈ કાકીડો કટાર બાંધીને તૈયાર થઈ ગ્યો. ઈ ટાણે કીડીના લગનમાં

## શ્રીમદ્ રાજચંદ્ર પ્રસાદ

### વચનામૃત

**(એપ્રિલ અંકથી આગળ)**

*૧૧૧ ભર્તૃહરિએ કહેલો ત્યાગ વિશુદ્ધ બુદ્ધિથી વિચારતાં ઘણી ઊર્ધ્વજ્ઞાનદશા થતાં સુધી વર્તે છે.*

*૧૧૨ કોઈ ધર્મથી હું વિરુદ્ધ નથી. સર્વ ધર્મ હું પાળું છું. તમે સઘળા ધર્મથી વિરુદ્ધ છો એમ કહેવામાં મારો ઉત્તમ હેતુ છે.*

*૧૧૩ તમારો માનેલો ધર્મ મને કયા પ્રમાણથી બોધો છો તે મારે જાણવું જરૂરનું છે.*

*૧૧૪ શિથિલ બંધ દૃષ્ટિથી નીચે આવીને જ વિખેરાઈ જાય. (જો નિર્જરામાં આવે તો.)*

*૧૧૫ કોઈ પણ શાસ્ત્રમાં મને શંકા ન હો.*

*૧૧૬ દુ:ખના માર્યા વૈરાગ્ય લઈ જગતને આ લોકો ભ્રમાવે છે.*

*૧૧૭ અત્યારે, હું કોણ છું એનું મને પૂર્ણ ભાન નથી.*

*૧૧૮ તું સત્પુરુષનો શિષ્ય છે.*

**(ક્રમશઃ આગળ આવતા અંકે)**

કીડીબાઈની જાનમાં ઊંટે ગળામાં ઢોલકાં બાંધ્યાં. ઊંટ એ જડતા ને અહંકારનું પ્રતીક છે. હું જ સહુથી ઊંચો, હું જ સહુથી સુંદર, હું જ સહુથી બળવાન એવો અહંકાર આજ ઓગળી ગ્યો. ને નાનકડી એવી કીડીબાઈના લગનટાણે ગળામાં ઢોલ ભરાવીને ઢોલી તરીકે હાજર થઈ ગ્યો. એનું હું પણું એનો અહમ્ભાવ સત્ગુરુના શબ્દે ચૂરેચૂરા થઈ ગ્યો તો. ને ગળામાં એણે ઢોલકાં ઢોલ ભરાવીને હું કાંઈ નથી હું કાંઈ નથી એવી દાંડી પીટવાનું શરૂ કર્યું તું. ગધેડો ફૂંકે શરણાઈ...ઈ ટાણે ગધેડો કે જે ક્રોધનું મૂર્ખતાનું ને બસુરાપણાનું પ્રતીક છે ઈ ગધેડો શરણાઈ ફુંકતો તો. ક્રોધ કોઈ દી સૂર તાલમાં નો રયે. એને કોઈ નીતિ-નિયમના બંધન નો બાંધી શકે. કોઈ શાસ્ત્ર-રાગ-તાલના બંધારણમાં ક્રોધ બંધાય નહીં પણ જો સમતા, ધીરજ, ક્ષમા, સેવા, સ્મરણ, સંત શરણ ને સાધનાના સાત સુરની શરણાઈમાં બાંધી લ્યો તો બેડો પાર થઈ જાય. ક્રોધનું સ્વરૂપ બદલી જાય. ગધેડાનું બસુરાપણું શરણાઈના સૂર જેવું સુરીલું થઈ જાય. આજ કીડીબાઈની જાનમાં ક્રોધનું, કામનું, લોભનું, મોહનું ને અભિમાનનું સ્વરૂપ બદલાઈ ગ્યું તું.

***ઉંદરમામા હાલ્યા રીસામણે રે, બેઠા દરિયાને બેટ***
***દેડકો બેઠો ડગમગે, મું ને ડગલો પે'રાવ, મું ને ચુંદડી ઓઢાડ...***
***હાલો ને કીડીબાઈની જાનમાં...***

સુરતારાણીના અલખધણી હાર્યે લગન લેવાણાં હોય તયેં માંયલા શત્રુઓનું કાં સ્વરૂપ ફરી જાય ને કાં ઈ દુશ્મન નગર છોડીને હાલી નીકળે. ઉંદર એ ઈર્ષ્યાનું પ્રતીક છે. માણસને અંદરથી ફોલી ફોલીને ખાઈ જાય ઈર્ષ્યા. સાવ પોલો બનાવી દયે પણ શ્રી સદ્ગુરુની શબ્દસાન જેને સાંપડી છે એવા જીવાત્માના પરમાત્મા હાર્યે વિવાહ થાતા હોય તયેં ઈર્ષ્યા અભાગણી કહી શકે? એણે તો સામે ચાલીને દેશવટો સ્વીકારી લીધો. આ કાયાનગરી છોડીને સાગર પાર કર્યો. સંસાર વેવારિયાના બેટમાં એણે આશરો લઈ લીધો. ઈ ટાણે કામવાસના રૂપી દેડકો બેઠો બેઠો ડગમગવા માંડ્યો. દેડકો કામવાસનાનું સ્વરૂપ છે. આઠ મહિના દેડકો ક્યાંય દેખાય નૈં પણ જ્યાં વરસાદના બે છાંટા પડ્યા કે તરત જ દેડકાનું ડ્રાઉ ડ્રાઉં શરૂ થઈ જાય. સત્સંગ, ભજન, સેવા, સમરણમાં જીવ હોય તયેં કામવાસના દેખાય નૈં પણ અચાનક શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ જેવા પંચ વિષયોમાંથી કોઈ પણનો છાંટો અડ્યો કે તરત જ વાસના જાગૃત થઈ જાય. આ વાસનાનું સ્વરૂપ ફરી ગયું, એને શ્રી હરિની કૃપા રૂપી ચુંદડી ઓઢવાની હોંશ થઈ.

ચેતનવરની ચૂંદડી ઓઢીને અખંડ હેવાતણ મેળવવાની ઝંખના દેડકારૂપી કામવાસનાને થઈ. સદ્ગુરુ અને પહિબ્રહ્મની કૃપા રૂપી આવરણ-ઓઢણું-વસ્ત્ર પહેરવાની અરજ દેડકો કરવા માંડ્યો..

***વાંસડે ચડ્યો એક વાંદરો રે જુએ જાનુંની વાટ***
***આજ તો જાનને લૂંટવી, લેવા મારે સરવેના પ્રાણ...***
***હાલો રે કીડીબાઈની જાનમાં..***

કીધું છે ને સારા કામમાં સો વિઘ્ન...સાધનાના મારગમાંય વિઘ્નના પાર નો હોય. આશા, તૃષ્ણા ને સિદ્ધિના આડંબર રૂપી વાંદરો વાંસડે ચડીને બેઠો છે. ઈ વાટ જોવે છે જીવનની... હમણાં ભગવાન હાર્યે ફરવા જીવ આવશે તયેં રસ્તામાં જ એને ચમત્કારના સિદ્ધિના અલૌકિક અનુભવોના ફાંસલામાં બાંધી લઉં. બધાય જાનૈયાને લૂંટી લઉં, એના તપ, ત્યાગ, વેરાગ, સેવા, સાધના ઈ ઘરેણાં પડાવી લઉં. સિદ્ધિરૂપી ભ્રમણામાં ઈ જીવને ગોથાં ખવડાવી દઉં... વળી વાંદરો એ કાળનું ય પ્રતીક છે. કાળ રાહ જોઈને બેઠો છે કયેં આ જીવને લૂંટી લઉં, પણ, હરિશરણે જેનું મન લાગી ગ્યું હોય ઈ તો કાળનેય જીતી લ્યે, પછી કાળ એના કબજામાં આવી જાય. ઈ કાળને કબજે નો થાય. આપણાં સંતોએ તો મોતનેય પાછાં ઠેલ્યાં છે ને ભાઈ! ઈ કાળદેવતાની સામે પડકારો કરીને આપણાં સંતો કહેતા હોય કે હવે તમારી સત્તા નૈં હાલે. આ કાયા એક દી ધૂતારાનું શેર હતી પણ એણે પ્રીતમવરની ચૂંદડી ઓઢી લીધી છે. શ્રી હરિના નામનું ઓઢણું ઓઢી લીધું છે. હવે તો અમે સામે હાલીને જે દી બોલાવી તેદી જ તમારાથી અવાય. ને આપણાં સંતોએ તો ભાઈ! જીવતાં જ સમાધિયું લીધી છે ને! મોરાર સાહેબ જેવા એ બાર મહિના મરતક ને પાછાં ઠેલ્યાં કાળને આઘો હડસેલ્યો.... ને કેટલાય સંતોએ કૈંક પશુ-પંખી કે આશરે આવેલા માનવીના મોતને ય પાછાં ઠેલ્યાં છે. કેટલાયને જીવતદાન દીધાં છે. કેટલાયના ખડાં બેઠાં ક્યાં છે ઈ કાળરૂપી વાંદરાનું સંતોની સામે કાંઈ નથી હાલ્યું.

વીરપુરના સંત જલારામના ગુરુ તરીકે ભોજાભગતની ખ્યાતિ આખા ભારતમાં પ્રસિદ્ધ છે. આજે ય અમરેલી પાસેના ફતેપુર ગામે ભોજાભગતની જગ્યા ધરમની ધજા ફરકાવતી ઊભી છે. આવા આત્મજ્ઞાની સંત ભોજા ભગતે પછી ગાયું છેઃ

***કઈ કીડીને કોની જાન છે રે, સંતો કરજો વિચાર***
***ભોજા ભગતની વિનતી, સમજી લેજો ચતુર સુજાણ***
***હાલો રે કીડીબાઈની જાનમાં...***

* * *

આનંદ આશ્રમ, ઘોઘાવદર,
તા. ગોંડલ, જિલ્લો રાજકોટ. પીન ૩૬૦૩૧૧.
ફોન : ૦૨૮૨૫-૨૭૧૫૮૨. મો. : ૦૯૮૨૪૩ ૭૧૯૦૪

***જે વ્યક્તિ એવી કલ્પનામાં રાચે છે કે આ સંસાર વિના પોતાનું કામ ચલાવી લેશે તો તે પોતાને છેતરે છે. પરંતુ જે એ ગુમાનમાં જીવે છે કેઆ દુનિયા પોતાના વિના ચાલશે નહીં તો તે પોતાની જાતને તેથીય વધારે છેતરે છે.***

## બિહાર, ઝારખંડ, બંગાળવગેરે રાજ્યોમાં વસતા

# સાધર્મિક સરાકબંધુઓને રૂબરૂ મળવાનો રોમાંચ

❑ રોહિત શાહ

બંગાળ, બિહાર અને ઝારખંડ જેવા રાજ્યોમાં ગુમનામ કહી શકાય એવી એક જાતિનો બહુ વિશાળ સમૂહ વસે છે, એવું જાણ્યા પછી એ જાતિના લોકોને મળવાનો ઉત્સાહ અને ઉમળકો જાગ્યો હતો. જેમણે એ જાતિ વિશે મને માહિતી આપીને મારા દિલમાં ઉમળકો જગાડ્યો હતો, એમણે જ મને ત્યાં મોકલવાની અને પેલી ગુમનામ જાતિના લોકોને મળવાની ભરપૂર સગવડ સહિતની અનુકૂળતા પણ કરી આપી. થેંક્સ ટુ આચાર્ય રાજશેખરસૂરિજી મહારાજ. (કલિકુંડ)

જેનો ઉલ્લેખ મેં ગુમનામ જાતિ તરીકે કર્યો છે એ ગુમનામ જાતિ હવે ઝાઝી ગુમનામ નથી રહી. એને હવે સૌ સરાક જાતિ તરીકે ઓળખે છે. એટલું જ નહિ, સરાક એટલે શ્રાવક અને શ્રાવક તો જૈન જ ગણાય એવું સીધું સમીકરણ પણ સૌને સમજાઈ ગયું છે. આ સમીરકરણના મુળિયા આપણને શ્રી મંગલવિજયજી મહારાજના સંશોધનાત્મક પરિશ્રમની સુગંધનું સરનામું આપે છે. એમ કહેવાય છે કે શ્રી મંગલવિજયજી મહારાજે જ સૌપ્રથમ આપણને આ સરાક જાતિ વિશે એટલે કે આપણા સાધર્મિક બંધુઓ વિશે બ્રેકિંગ ન્યૂઝ આપ્યા હતા.

તમે જ કહો, સદીઓ સુધી આપણાથી અજાણ અને આપણાથી દૂર રહી ગયેલા આપણા સાધર્મિક બંધુઓ વિશે ભાળ મળ્યા પછી, એમને મળવાનો ઉમળકો જાગે કે નહિ ? માત્ર જૈન હોવાના નાતે જ નહિ, મારે તો એક પત્રકાર અને સાહિત્યકાર તરીકે પણ એ સરાક ભાઈઓને મળવું હતું. એ લોકોની અત્યારની લાઈફસ્ટાઈલ કેવી છે, તેમની પાસે જૈન પરંપરાનો વારસો કેવો અને કેટલો જળવાયેલો છે, તેમની સામે પોતાની આઈન્ડેન્ટિટી માટે શું શું છે, તેમની સમસ્યાઓ શી છે, આપણા જૈન સમાજમાં ભળવાની ભાવના તેઓ રાખે છે કે નહિ, કાળના પ્રવાહે એમની સંસ્કારિતા પર કેવો અને કેટલો પ્રભાવ પાડ્યો છે, એમની જરૂરિયાતો શી છે અને આપણી પાસેથી એમની અપેક્ષાઓ શી છે-આ બધું જાણવાની ક્યુરિયોસિટી સાથે મારે પ્રવાસ કરવો હતો. પ્રવાસ શરૂ કરતાં પહેલાં મને એ પણ જાણવા મળ્યું હતું કે સરાક બંધુઓને યોગ્ય રીતે જૈન તરીકેની આઈડેન્ટિટી મળી રહે એ માટે કેટલીક સંસ્થાઓ પોતપોતાની રીતે ટીમવર્ક કરી રહી છે. એ સંસ્થાઓમાં માત્ર શ્વેતાંબર પરંપરાના જ જૈનો નથી, દિગંબર અને સ્થાનકવાસી પરંપરાના સુજ્ઞ જૈનો પણ સક્રિય છે. મારે એ સંસ્થાઓને અને એમાં કાર્ય કરતા મહાનુભાવોને પણ મળવું હતું. એ ઉપરાંત મને એ પણ જાણવા મળ્યું હતું કે કલકત્તામાં રહેતાં લતાબહેન બોથરા નામના એક લેખિકાએ સરાક જાતિ વિશે ઉલ્લેખપાત્ર સંશોધન કાર્ય કર્યું છે અને એ વિશે એમણે પુસ્તકો લખ્યાં છે તથા પોતાના 'તિત્થયર' સામયિકમાં ઘણાં લેખો પણ લખ્યાં છે.

બસ, સૌપ્રથમ એ લતાબહેન બોથરાને જ મળવું જોઈએ એવો સંકલ્પ થયો. તેમનો ફોનનંબર પણ આચાર્ય રાજશેખરસૂરિજી મહારાજે જ મેળવી આપ્યો. મેં લતાબહેન સાથે ફોન પર વાત કરીને તેમને મળવાનાં કારણ અને ઈચ્છા બતાવ્યાં. લતાબહેને તરત તારીખ, સમય અને સ્થળ જણાવીને મળવાનો ઉત્સાહ બતાવ્યો. હકીકતમાં એમ કરીને એમણે મારો ઉત્સાહ વધાર્યો એમ કહેવું જોઈએ.

તા. ૨૧ માર્ચના રોજ સવારે અમારો પ્રવાસ પ્રારંભાયો. 'રાજ પરિવાર' સંચાલિત 'શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સરાક મહાસંઘ'ના કાર્યકર શ્રી હિતેશભાઈ શાહ મારી સાથે પ્રવાસમાં હતા. સવારે અગિયાર વાગ્યે અમે બંને જણા લતાબહેન બોથરાને કલકત્તા ખાતે જૈન ભવનમાં મળ્યા. પહેલી વખત જ મળવાનું થયેલું એટલે પરસ્પરના પરિચયની પ્રાથમિક વાતો થઈ. પછી તરત જ અમે મૂળ વાત પર આવી ગયાં.

લતાબહેન બોથરા પાસેથી ઘણી નવી અને અવનવી વાતો જાણવા મળી. સરાક જાતિ વિશે, સરાક જાતિમાંથી થયેલા સાધુઓ વિશે, સરાક જાતિ માટે કામ કરતી કેટલીક સંસ્થાઓ વિશે, સરાક જાતિ માટે હવે પછી શું કરવું જોઈએ એ વિશે એમણે વિસ્તારપૂર્વક રજૂઆત કરી. તેમણે અમને કેટલાંક પુસ્તકો ભેટ આપ્યાં અને 'તિત્થયર' મેગેઝિનના કેટલાંક અંકો પણ રેફરન્સ માટે ઉમળકાપૂર્વક આપ્યા. અલબત્ત, લતાબહેન બોથરાના દિલમાં જેટલો ઉત્સાહ હતો, એટલો રણકો તેમના અવાજમાં નહોતો. એનું કારણ પણ એમણે જ જણાવી દીધું કે સરાક જાતિ માટે અવારનવાર ઘણાં જૈનો શરૂઆતમાં ભારે ઉત્સાહ બતાવે છે, પરંતુ થોડા વખતમાં જ બધું થીજી જાય છે. અનેક સંસ્થાઓ અને અનેક લોકો જરાક આગળ આવીને અટકી જાય છે અથવા તો પિછેહઠ કરી નાંખે છે. આ કારણે સરાક લોકોનો ભરોસો ખોવાની સ્થિતિ પેદા થઈ હોવાનો સંકેત એમણે આપ્યો. આમ છતાં હજી પણ જો કોઈ સંસ્થા નક્કરરૂપે અને સ્પષ્ટ આયોજનપૂર્વક આગળ વધવા તૈયાર હોય તો તેઓ પોતાનો સંપૂર્ણ સહયોગ આપવા ઉત્સુક હોવાનું પણ જણાવ્યું. તેમની પાસેથી જાણવા મળ્યું કે સરાક જાતિમાંથી સાધુ થયેલા આચાર્ય સુયશ મુનિએ આ ક્ષેત્રે કેટલુંક કામ કર્યું છે અને તેમની પાસેથી પણ માર્ગદર્શન મેળવી શકાય. જોકે લતાબહેન પાસે એ ક્ષણે આચાર્ય સુયશ મુનિ ક્યાં છે તેની માહિતી નહોતી,

તેથી એમની મુલાકાત ક્યાં અને ક્યારે થઈ શકે એની અમારે રાહ જોવાની હતી. લતાબહેન પાસેથી વાતવાતમાં એક નવી વાત એ પણ જાણવા મળી કે ગણધર ગૌતમ એ જ ગૌતમ બુદ્ધ છે. એ બાબતે એમણે કેટલાંક પ્રમાણો પણ રજૂ કર્યાં. પરંતુ એની વાત ભવિષ્યમાં ક્યારેક કરીશું. લતાબહેન ટૂંક સમયમાં જ અષ્ટાપદની યાત્રા માટે જવાનાં છે એ પણ એમણે અમને કહ્યું. અમે એમને અષ્ટાપદની યાત્રા માટે શુભેચ્છાઓ પાઠવીને વિદાય લીધી.

૨૧મી માર્ચે રાત્રે કલકત્તાથી નીકળીને સવારે અમે બોકારો (ચાસ) પહોંચ્યા. અહીં રાજ પરિવારનું કાર્યાલય ચાલે છે. એ કાર્યાલય દ્વારા આસપાસના ગામોમાં–જ્યાં સરાક લોકો રહે છે ત્યાં–એમના બાળકો માટે પાઠશાળાઓનું આયોજન થાય છે. એ ઉપરાંત કેટલીક જગાએ ધાર્મિક શિબિરો પણ થતી રહે છે. સરાક લોકોને જૈન ધર્મના સંસ્કારો અને શિક્ષણ મળે એવા પ્રયત્નો ચાલી રહ્યા છે. એ કાર્યાલયના જયેશભાઈ શાહ અને વિકાસભાઈ શાહ પાસેથી ઘણી નવી અને અનુભવસમૃદ્ધ વાતો જાણવા મળવાની આશા હતી, પરંતુ એ બંનેને એ જ દિવસોમાં અન્ય રોકાણ હોવાથી તેઓ અમને મળી ન શક્યા. અમારે ચાસ-બોકારોની આસપાસના ગામોમાં વસતા સરાકબંધુઓને રૂબરૂ મળવું હતું. રાજ પરિવારના કાર્યાલય દ્વારા અમને એક ગાડીની સગવડ મળી ગઈ. એટલું જ નહિ, એ ઑફિસના લોકેશભાઈ અને મનોજભાઈ વારાફરતી અમારી સાથે સતત રહ્યા.

તા. ૨૨મી માર્ચે અમે સૌપ્રથમ ચેચકા ગામમાં પહોંચ્યા. અહીં દામોદર નદીના કિનારે જૈન મૂર્તિઓના કેટલાક અવશેષો જોવા મળ્યા, એ દ્વારા ભૂતકાળમાં ત્યાં જૈનોની વસ્તી હશે એવું લાગ્યું. ત્યાંથી અમે પર્વતપુર-કાલાપથ્થર ગામમાં ગયા. કલકત્તામાં લતાબહેન બોથરાએ જેમનો ઉલ્લેખ કરેલો તે આચાર્ય સુયશ મુનિ મૂળ પર્વતપુર ગામના જ છે એ વાતની અમને ખબર પડી. એમના સંસારી પરિવારજનો અત્યારે પણ એ ગામમાં જ વસી રહ્યા છે એ જાણ્યા પછી એમને મળવાનું મન થવું સ્વાભાવિક હતું. વળી આચાર્ય સુયશ મુનિ હાલમાં ક્યાં વિહાર કરી રહ્યા છે એની વિગત મળે એવી લાલચ પણ અમને હતી. લોકેશભાઈ અમને આચાર્ય સુયશ મુનિના પરિવારજનો પાસે લઈ ગયા. અહીં દિલીપકુમાર સરાક (આચાર્યશ્રીના સંસારી કાકાના દીકરા) તથા તેમના પિતાશ્રી અને વિશ્વનાથ મંડલ નામના એક તેજસ્વી અને આત્મવિશ્વાસથી છલોછલ યુવાન સાથે ખાસ્સો સમય વીતાવ્યો. અહીં નવી એક વાત એ બની કે અત્યારે ભારત સરકાર દ્વારા જૈનોને લઘુમતિ જાહેર કરવામાં આવ્યા છે અને સરાકો પણ જૈનો જ છે તો એમને લઘુમતિ હોવાનો લાભ કેવી રીતે મળે તથા સરાકો જૈનો જ છે એ કઈ રીતે પુરવાર કરી શકાય એ અંગે ઘણી વાતો થઈ. ને સાથે ખાસ તો આચાર્ય સુયશ મુનિ અત્યારે સમેતશિખરમાં આવેલા જહાજ મંદિરમાં ઉપસ્થિત છે એ જાણવા મળ્યું. તેમનો મોબાઈલ નંબર પણ મળ્યો. એમને મળવા સમેતશિખર જઈશું જ તેવા નિશ્ચય સાથે અમે પર્વતપુરથી નીકળીને કર્માટાંડ ગામ તરફ રવાના થયા.

કર્માટાંડ ગામમાં માત્ર સરાક બંધુઓ જ વસે છે. આખા ગામમાં ઈતર કોમના કોઈ લોકો વસતા નથી. અમે જ્યારે એ ગામમાં ગયા ત્યારે સાંજ પડવા આવી હતી. ત્યાં ચારેક દિવસથી શિબિર ચાલી રહી હતી. અમે પહોંચ્યા ત્યારે શિબિર માટેની તૈયારી ચાલી રહી હતી. આગ્રાથી આવેલા પંડિત સાથે થોડો સંવાદ કરીને અમે ગામના સરાકબંધુઓને મળ્યા. અહીં રાજેશભાઈ સરાક-કે જેઓ પંન્યાસ ચંદ્રશેખર મહારાજના તપોવનમાં અભ્યાસ કરી ચૂક્યા હતા અને અત્યારે પંડિત તરીકે કામ કરવા ઉપરાંત મહાવીર કલ્યાણ ટ્રસ્ટ સાથે પણ જોડાયેલા છે–તેમની સાથે મુલાકાત થઈ. ભારત સરકાર દ્વારા જૈનોને લઘુમતિનો દરજ્જો મળ્યો છે, ત્યારે એનો લાભ કઈ રીતે સરાકોને મળે એ વિશે ગામના સરાકબંધુઓ સાથે ચપટી ચિંતન પણ કર્યું.

> **કર્માટાંડ ગામમાં માત્ર સરાક બંધુઓ જ વસે છે. આખા ગામમાં ઈતર કોમના કોઈ લોકો વસતા નથી.**

રાત્રે અમે પાછા બોકારો આવી ગયા. ૨૩મી તારીખે અમે આસપાસના ગામોમાં ફરવા નીકળીએ એ પહેલાં મારી સાથેના હિતેશભાઈએ મહાવીર કલ્યાણ ટ્રસ્ટના ડૉ. ઉનિથન વિશ્વનાથન સાથે ફોન પર વાત કરી. તેમણે જણાવ્યું કે તેઓ પોતે તો અત્યારે કેરાલા ગયેલા છે, પરંતુ તમારે જોઈતી માહિતી માટે આસપાસના ગામોમાં જઈને સરાકબંધુઓને મળવું હોય તો એમનો પુત્ર પોતાની કારમાં સાથે આવીને બધી વ્યવસ્થા કરી આપશે. અમારી પાસે ગાડી તો હતી જ એટલે અમે માત્ર થોડા ગાઈડન્સની જ અપેક્ષા વ્યક્ત કરી. એમણે એમના પુત્ર શ્રી અનિશભાઈ સાથે ફોન પર વાત કરીને તેમને અમારી પાસે હોટલ પર મોકલી આપ્યા. દોઢેક કલાક સુધી તેમની સાથે વાતો કરી. તેમની પ્રવૃત્તિઓ વિશે જાણ્યું. તેમની સંસ્થા વિશેષરૂપે સરાકબંધુઓના બાળકો માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરે છે. સ્કૂલ, હૉસ્ટેલ અને શૈક્ષણિક સામગ્રી ઉપરાંત સ્કૂલની ફી વગેરેની વ્યવસ્થા મહાવીર કલ્યાણ ટ્રસ્ટ દ્વારા થતી હોવાનું જાણીને આનંદ થયો. અહીં ગઈકાલે રાત્રે કર્માટાંડ ગામમાં જેમની સાથે મુલાકાત થઈ હતી તે રાજેશભાઈને પણ બોલાવી લીધા હતા. તેમની સાથે અમે આગળના કાર્યક્રમ માટે નીકળ્યા.

સૌપ્રથમ અમે તદગામ ગયા. આ ગામમાં કુલ ૩૦૦ ઘરની વસ્તીમાં ૧૫૦ ઘર સરાકબંધુઓના છે. એ ગામમાં પણ પાઠશાળા ચાલે છે અને નિવાસભાઈ માઝી નામના સરાક શિક્ષક આશરે ૬૦ જેટલાં બાળકોને ધાર્મિક શિક્ષણ આપી રહ્યા છે. ત્યાંથી અમે ભોજુડી ગામની મુલાકાતે ગયા. અહીં નદી કિનારે પ્રાચીન જિનાલય હતું, પરંતુ એ જિનાલય અત્યારે માત્ર ખંડેર રૂપે જ જોઈ શકાય છે. એમાં કોઈને પ્રવેશવું પણ પૉસિબલ ન લાગે એવું હતું. એની બાજુમાં એક અન્ય

મંદિર હતું, જ્યાં દર મંગળવારે બકરાનો બલિ ચઢાવવામાં આવે છે. હિંસાત્મક કોઈ પણ પૂજાવિધિમાં સરાક લોકો શામેલ થતા નથી, છતાં ત્યાં સરાકોનો કબજો રહ્યો નથી એ કારણે બલિ વગેરે જેવી પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

ભોજુડી ગામથી નીકળીને અમે બાકણબારી ગામની મુલાકાત લીધી. અહીં ગામથી દૂર એક વેરાન જગા પર એક બ્રિજ પાસે ભૈરોજીનું મંદિર આવેલું છે ત્યાં ગયા. હકીકતમાં આ ભૈરોજી તરીકે ઓળખાતી પ્રતિમા ભગવાન નેમિનાથની હોવાનું જાણવા મળ્યું. ભગવાન નેમિનાથની દિગંબર પ્રતિમા પર લાલ રંગનું કપડું વીંટાડી રાખીને તેની ભૈરોજી તરીકે પૂજાવિધિ કરવામાં આવે છે. અહીં પણ બલિ ચઢાવવાની પરંપરા તો છે જ, પણ પૂજારીના જણાવ્યા અનુસાર મૂર્તિની સન્મુખ બલિ ચઢાવાતો નથી. મૂર્તિની સામે માત્ર સંકલ્પ કરાય છે. બલિ ચઢાવવાની વિધિ તો મંદિરથી થોડે દૂર જઈને કરવામાં આવે છે.

બાકણબારી જતી વખતે વચ્ચે અમે રઘુનાથપુર, કમલગોડા વગેરે ગામોની પણ મુલાકાત લીધી.

પછીના દિવસે એટલે કે તા. ૨૪મી માર્ચે અમે બેલૂટ ગામમાં ગયા. બેલૂટ ગામમાં સરાકબંધુઓના ૧૬૦ જેટલાં ઘર છે. અહીં અમારે અમરેન્દ્રનાથ સરાકને મળવાનું હતું. અમરેન્દ્રનાથ સરાક રિટાયર શિક્ષક છે અને એમણે બંગાળી ભાષામાં સરાક જાતિના વિસ્મૃત ઇતિહાસ વિશેનું એક પુસ્તક પણ લખેલું છે. અમરેન્દ્રભાઈનો સમગ્ર પરિવાર શિક્ષિત અને વિચારશીલ લાગ્યો. તેમણે સરાક જાતિ વિશે માહિતી આપવા ઉપરાંત એમના બંગાળી પુસ્તકની નકલ પણ ભેટ આપી. એટલું જ નહિ, એમના એ બંગાળી પુસ્તકનો હિન્દીમાં અનુવાદ કરાવીને એનું પ્રકાશન કરવું હોય તો એ માટેની અનુમતિ પણ આપી.

આ રીતે ચાસ-બોકારો ગામની આસપાસના અનેક ગામોની મુલાકાત પછી અમે તા. ૨૪-૩-૨૦૧૪ના રોજ બપોરે સમેતશિખર તરફ જવા રવાના થયા.

સમેતશિખર તો જૈનોનું ખૂબ જ મહત્ત્વનું તીર્થ ગણાય છે, પરંતુ આ વખતે અમે તીર્થયાત્રાના ઉદ્દેશથી નહિ પણ આચાર્ય સુયશમુનિને મળીને તેમની પાસેથી સરાક જાતિ વિશે વિસ્તૃત જાણકારી મેળવવાના ઉદ્દેશથી ગયા હતા. સમેતશિખર પહોંચીને અમે આચાર્યશ્રીને ફોન કરીને તેમને મળવાની અનૂકૂળતા પૂછી. એમણે ખૂબ ઉમળકાપૂર્વક અમને મળવા બોલાવ્યા. બે દિવસ સુધી સતત એમને મળવાની તક અમને મળી. તેમણે ઘણાંબધાં કામ કર્યાં છે અને ઘણીબધી નિષ્ફળતાઓ પણ મેળવી છે એવું એમણે સ્વયં જણાવ્યું. એમના અવાજમાં પણ લતાબહેન બોથરાના અવાજમાં હતી એવી થોડી ગ્લાનિ જરૂર હતી છતાં હજી એમણે દાવ ડિકલેર કરી દીધો નહોતો કે સરાકો માટે કંઈક કરવાના ઈરાદામાંથી ક્ષેત્રસંન્યાસ પણ લીધો નહોતો. તેઓ નિષ્ફળ ગયા હોવા છતાં હજી નિરાશ કે હતાશ થયા નહોતા. કેટલીક સંસ્થાઓએ તથા કેટલીક વ્યક્તિઓએ એમનો યૂઝ કર્યો હોવાની ઝીણી ફરિયાદ એમના અવાજમાં ઘૂંટાતી હતી. અલબત્ત, એક સાધુને શોભે એવો આશાવાદ એમની આંખોમાં સતત ચમકતો જોઈ શકાતો હતો.

અમારા આ પ્રવાસનું સરવૈયું એટલું મળ્યું કે સરાક જાતિ માટે જૈનોએ ઘણું આયોજનપૂર્વકનું કામ કરવાની જરૂર છે. બહારની કોઈ વ્યક્તિને જૈન બનાવવાની વાત નથી, જૈનોથી વિખૂટા પડેલા સાધર્મિક બંધુઓને પુનઃ પોતાની સાથે બેસાડવાનો પ્રયત્ન કરવાની વાત છે. એમને જો જૈનત્ત્વના સંસ્કાર આપીને, સ્નેહપૂર્વક સાથે બેસાડવામાં જૈનો આગળ આવે તો એમનું ભવિષ્ય તો ઉજ્જવળ બનશે જ, સાથેસાથે જૈનોને પણ પોતાનો સંઘ વિશાળ કરવાની તક મળશે. સરાક લોકો માટે ખાસ તો તપોવન જેવી સંસ્થાઓની વિશેષ આવશ્યકતા છે. એવી સંસ્થા શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરીને નવી જનરેશનને જૈનત્ત્વની સુગંધ પહોંચાડી શકશે.

કેટલીક વખત સરાક લોકોને માત્ર આર્થિક રોકડ રકમ આપીને સંતોષ માનવામાં આવે છે, તો ક્યારેક એમને વસ્ત્રો કે અન્ય સહાય આપીને પોતાનું કર્તવ્ય સંપન્ન થયું હોવાનું માની લેવાય છે. આપણે આપણાં સરાકબંધુઓને લાચાર કે ઓશિયાળા બનાવવા નથી. વળી મેં એ પણ જોયું કે ખુદ સરાક બંધુઓ પણ ખૂબ સ્વમાની છે. તેમને સહાય કરતાં સ્નેહની વધુ જરૂર છે. સરાક લોકો મોટે ભાગે ગરીબ છે, કાચાં ઘરોમાં રહે છે, ચૂલામાં લાકડાં સળગાવીને રસોઈ કરે છે. નહાવા માટે તળાવે જાય છે. પર્યુષણ જેવાં પર્વોથી તેઓ તદ્દન બેખબર છે, જૈન ધર્મના કોઈપણ અનુષ્ઠાન કે પૂજા-પૂજનવિધિ તેઓ કરતા નથી, મોટો ભાગે હિન્દુ ધર્મના રંગે તેઓ રંગાઈ ગયા છે. છતાં ખૂબીની વાત એ છે કે સરાક લોકો કાંદા-લસણ ખાતા નથી, આસપાસમાં નર્યો માંસાહાર થયો હોવા છતાં તેઓ માંસાહાર કરતા નથી, પાણી ગાળ્યા પછી જ પીએ છે. સરાકલોકોના ગોત્રના નામ આપણા તીર્થંકરોના નામ પરથી પડેલાં જોઈ શકાય છે. જેમ કેઃ આદિનાથગોત્ર, શાંતિગોત્ર, ધર્મનાથગોત્ર, અનંતનાથગોત્ર વગેરે. સરાક લોકોની સરનેમ (અટક) પણ જાણવા જેવી છે. જેમ કેઃ સરાક, માઝી, મંડલ, ચૌધરી, સિંહ, રાય, બૈસ્વન, લાયક, પાત્ર વગેરે.

જો સરાક લોકો જૈન હતા તો જૈનત્ત્વના સંસ્કારો અને પરંપરાઓથી એમને કેમ છેટું પડી ગયું એવો પ્રશ્ન સ્વાભાવિક રૂપે જ થઈ શકે છે. દસ-પંદર લાખ જેટલી વસ્તી ધરાવતી આ જાતિ કઈ રીતે જૈનોથી વિખૂટી પડી ગઈ? આ પ્રશ્નોના જવાબ મેળવવા માટે તો ઇતિહાસના પાનાં ઉથલાવવા પડે, ગહન સંશોધન કરવું પડે. અલબત્ત, ટૂંકમાં કહેવું હોય તો એટલું જ કહી શકાય કે ભગવાન મહાવીર જે પ્રદેશમાં વિચરતા હતા એ બિહારક્ષેત્રમાં શ્રાવકો વસતા હતા. 'સરાક' શબ્દ 'શ્રાવક'માંથી જ અપભ્રંશ થયેલો હોવાનું વિદ્વાનો માને છે. વિધર્મીઓનાં આક્રમણોને કારણે એ શ્રાવકોને પોતાના ગામ-વતન

છોડવા પડ્યાં. મોટા ભાગના શ્રાવકો અન્યત્ર ચાલ્યા ગયા એ જૈન તરીકે ઓળખાયા. જે લોકો ઘરબાર સાચવવા ત્યાં જ રહ્યા અને કાળક્રમે શ્રાવકધર્મથી વિખૂટા પડતા રહ્યા તે સરાક બની રહ્યા. અન્યત્ર ગયેલા જૈનોને વ્યવસાય-રોજગારની સારી તકો મળી, પોતાના ધર્મના સંસ્કારોની માવજત માટે સાધુ-સાધ્વીજીનો સંપર્ક રહ્યો. એ કારણે તેઓ દરેક રીતે વિકાસ કરી શક્યા. સરાક લોકોને તો સાધુઓનો સંપર્ક બિલકુલ ન રહ્યો, ઊલટાની અન્ય ધર્મના લોકો સાથેની નિકટતા વધતી રહી એ કારણે તેઓ પોતાના કેટલાક મૂળ સંસ્કારો જાળવીને ય ઘણાખરા હિન્દુ સંસ્કારો સ્વીકારતા રહ્યા.

જૈન ધર્મની ખૂબી એ છે કે જિનાલયમાં જઈને વ્યક્તિએ જાતે જ મૂર્તિની પૂજાવિધિ કરવાની હોય છે, એ માટે કોઈ પંડિત-પુરોહિતની હેલ્પ લેવાની નથી હોતી. તેથી પોતાને પૂજાવિધિ ન આવડતી હોય તો કંઈક ખોટું થઈ જવાની ભીતિ રહે છે. જ્યારે હિન્દુધર્મમાં સામાન્ય રીતે પૂજારી-પુરોહિતો દ્વારા પૂજાવિધિ થતી હોય છે. આથી વ્યક્તિને રાહત રહે છે. સરાકો આ કારણે મંદિરમાં જઈને હિન્દુવિધિ પ્રમાણે પૂજા-અર્ચન કરવા લાગ્યા.

સરાક લોકો અત્યારે ભલે પર્યુષણ વગેરે પર્વોથી બેખબર રહ્યા, છતાં તેમની લાઈફસ્ટાઈલમાં જૈન સંસ્કારની છાયા અવશ્ય જોવા મળે છે. દીપોત્સવ વખતે સરાક લોકો મહોલ્લાના નાકે કે ચૌરાહા પર લાકડા અને ઘાસનું પૂતળું બનાવીને એના અગ્નિસંસ્કાર કરે છે. દિવાળી એ ભગવાન મહાવીરનો નિર્વાણદિન છે એનું અનુસંધાન આ ટ્રેડિશનમાં જોઈ શકાય છે.

ભગવાન મહાવીરે પોતાની તપસ્યાનું પારણું ખીર દ્વારા કર્યું હતું એનું અનુસંધાન પણ સરાકોની લાઈફસ્ટાઈલમાં જોઈ શકાય છે. કોઈ નવજાત શિશુ જ્યારે પ્રથમ વખત બહારનો આહાર લેવાનું શરૂ કરે ત્યારે સરાક લોકો એને સૌપ્રથમ ખીર ખવડાવે છે. વળી લગ્નપ્રસંગે લગ્નના આગળના દિવસે વર અને કન્યા બંનેના ઘેર ગોળ નાખીને બનાવેલી ખીર ખાવા-ખવડાવવાની પરંપરા છે.

આ ઉપરાંત પણ સરાક લોકોની લાઈફસ્ટાઈલમાં એવી ઘણીં પરંપરાઓ જોવા મળે છે, જેના મૂળ સીધેસીધા જૈન ધર્મ સાથે જોડાયેલાં છે.

પ્રવાસ દરમિયાન એ પણ જાણવા મળ્યું કે સરાક જાતિના પરિવારો સાથે જૈનોએ ક્યારેક કન્યાની લેવડ-દેવડનો વ્યવહાર પણ શરૂ કર્યો છે. આવી ઘટનાઓ વધતી રહે તો નિકટતા સહજ બની રહે.

સરાકજાતિ માટે અત્યારે વિવિધ ફિરકા – સમુદાયના જૈનો ખૂબ લાગણીપૂર્વક સક્રિય બન્યા છે અને સૌ પોતપોતાની રીતે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો પણ કરે છે. છતાં એ બધું વેરવિખેર થઈ જાય છે. નક્કર પરિમાણલક્ષી કશું થઈ શકતું નથી. જો આવી તમામ સંસ્થાઓ એક જ સંસ્થા (ઓર્ગેનાઈઝેશન) અંતર્ગત કામ કરે તો નિશ્ચિતરૂપે ઈચ્છિત રિઝલ્ટ સુધી પહોંચી શકાય. દરેક સંસ્થા પોતપોતાની રીતે કામ કરે તેથી ક્યારેક બિનજરૂરી પુનરાવર્તન પણ થાય અને સમય-સંપત્તિ બંનેનો વ્યય પણ થાય. કાર્યક્ષેત્રની વહેંચણી કરીને આવી તમામ સંસ્થાઓ પરસ્પરની પૂરક બને તેવી અપેક્ષા જાગે છે.

તા. ૨૧થી ૨૮ માર્ચ, ૨૦૧૪નો આ પ્રવાસ વ્યક્તિગત રીતે મને વિશિષ્ટ લાગ્યો. ✷ ✷ ✷

'અનેકાન્ત'ડી-૧૧, રમણકલા ઍપાર્ટમેન્ટ, સંઘવી સ્કૂલ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૦૭૯-૨૭૪૭૩૨૦૭.

## પંથે પંથે પાથેય... (અનુસંધાન છેલ્લા પાનાનું ચાલુ)

કરી. ઑફિસરે પેસેન્જરોનું લીસ્ટ જોયું તો તે યુવાન પ્લેઈનમાં આવ્યો જ છે. હીરાભાઈ તો જોતા હતા ત્યાં યુવાન હીરાભાઈને જોઈ ગયો. તેમને નમસ્કાર કર્યા.

યુવાનની અમેરિકામાં એવી સારી સારવાર કરી કે તે ઓળખાયો નહિ.

હીરાભાઈએ મનોમન માનનીય શ્રી મોરારજીભાઈની સંવેદનશીલતાને પ્રણામ કર્યા. પેલા નાઈજીરીયાના ભાવનગરના વતનીને પણ મનોમન પ્રણામ કર્યા.

એક વ્યક્તિ સેવાકાર્યમાં સંકલ્પ કરે અને તે સંકલ્પને પાર પાડવા રાત દિવસ સૂજ સમજ ભાવથી પુરુષાર્થ કરે તો એ સંકલ્પ પાર પાડવા ઈશ્વર અવશ્ય સહાય કરે જ.

ગુજરાતમાં જન્મેલ પછી ભલે દેશના ઊંચા હોદ્દા પર હોય કે દુનિયાના કોઈપણ દેશમાં વતની થઈને રહેતાં હોય પણ તે સંવેદનશીલ હોય છે. આ ગુજરાતની ભૂમિની તાસીર છે. તેની માટીમાં જ આ તત્ત્વ પડેલું છે. તે તત્ત્વ સમયે સમયે બહાર આવે જ છે, જે તત્ત્વ અમુલ્ય હોય છે.

આખા દેશની ચિંતા કરનારા મોરારજીભાઈ એક ગરીબ બીમાર યુવાન માટે પણ ચિંતા કરે તે ખરેખર નાનીસૂની બીના નથી. મોરારજીભાઈ જીવનભર અણિશુદ્ધ રહ્યાં આવા કાર્યો મોરારજીભાઈ જ કરી શકે. ✷✷✷

શાંતિવન સોસાયટી, સિટી રોડ, ભાવનગર.
મો.: ૦૯૪૨૯૫૦૫૭૫૬.

*અપરિગ્રહ એટલે આત્મનિષ્ઠા. પરિગ્રહનો વિશ્વાસ વસ્તુઓમાં છે અને અપરિગ્રહનો સ્વયંમાં. આનો મૂળભૂત સંબંધ સંગ્રહ સાથે નહીં, સંગ્રહની વૃત્તિ સાથે છે. જે તેનો સંબંધ માત્ર સંગ્રહ સાથે સમજે છે તે સંગ્રહના ત્યાગમાં જ અપરિગ્રહ માની લે છે. ખરેખર તો સંગ્રહનો આગ્રહપૂર્વકનો ત્યાગ પરિગ્રહ છે. આ પરિવર્તન ઉપરછલ્લુ છે અને વ્યક્તિનું અંતઃકરણ તેનાથી કોરું રહી જાય છે.*

# ભાવ-પ્રતિભાવ

## 'મતમતાંતરનો અખાડો'

(૧)

શ્રી શાંતિભાઈ સંઘવીનો લેખ છાપી આપે મધપૂડો છંછેડવાની હિંમત કરી છે! વાચકોના પણ ઢગલાબંધ પ્રતિભાવ આવશે.

❑ **યશવંત એન. શાહ**
યેરા હાઉસ, સરદાર નગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૨)

'પ્રબુદ્ધ જીવન' જૈનેતર પ્રજામાં પણ કેટલું પ્રેરણાત્મક છે, તે એ વાંચે તે જ સમજી શકે.

આપના માર્ગદર્શન હેઠળ ચાલતું 'પ્રબુદ્ધ જીવન' અને અન્ય પ્રવૃત્તિઓ કેવળ પ્રશંસનીય જ નહિ પણ પ્રેરણાદાયક મશાલ બની રહે છે એનો આનંદ વ્યક્ત કરું છું.

માર્ચ-૨૦૧૪ના અંકમાં શ્રી શાંતિલાલભાઈ સંઘવીનો લેખ: **'મતમતાંતરનો અખાડો'**માંના કેટલાંક પ્રશ્નો મારા મનમાં પણ ઉઠતા હતા. લેખકશ્રીએ એને વાચા આપી એ ખૂબ ગમ્યું. અભિનંદન!

પ્રગતિ કરતા જ રહેશો એવી શુભેચ્છા.

❑ **હંસા રાજડા**-મુંબઈ
૦૨૨-૨૪૯૪૮૯૯૯

(૩)

સાદર ધર્મલાભ,

'મતમતાંતરનો અખાડો' લેખ વાંચ્યો. આઘાત લાગ્યો. કેટલાક લેખકો માત્ર એટલા માટે લખતા હોય છે કે જેથી એમનું નામ જે-તે પત્રોમાં છપાય. આ લેખ એવી મનોવૃત્તિનું પ્રતિબિંબ તો નથી ને?

પોતે લખેલી માન્યતાઓ સ્વયં સ્વીકારતા હશે કે કેમ? એ શંકા છે. જો સાચી વેદનાથી લખેલો લેખ હોય તો એમના દુ:ખમાં સહભાગી થવા સમગ્ર મુનિભગવંતોને એમના વતી પ્રાર્થના કરીશ. પણ એમના શબ્દો પરથી આ ઉલઝન નથી ઉંબાડીયું છે. આ મૂંઝવણ નથી, મજાક છે તેવું સ્પષ્ટ ભાસે છે.

પ્રબુદ્ધ જીવને નોંધ્યું છે: 'એક પ્રબુદ્ધ વાચકની મૂંઝવણ..' શું આ પ્રબુદ્ધ વાચકની મુંઝવણ છે કે 'અબૂઝ' વાચકની? આવા છીછરા લેખો છાપીને મહાત્માઓ અને સજ્જનોને એના પ્રતિભાવ માટે આમંત્રવા એ બિલકુલ વ્યર્થ સમય-યાપન જેવી ઘટના છે.

ગુર્વાજ્ઞાથી **ગણિ ઉદયરત્ન વિ.**
પ.પૂ.આ.ભ. શ્રી વિજયરત્નચંદ્ર સૂરીશ્વરજી મ.સા.(ડહેલાવાળા)
શારદાબેન જૈન ઉપાશ્રય, આશ્રમ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. મો. નં. ૦૮૩૦૬૪૨૩૫૩૧

(૪)

જે માણસ વિવેકપૂર્વક બોલી શકતો નથી, વિવેકપૂર્વક લખી શકતો નથી અને વિવેકપૂર્વક વિચારી શકતો નથી એ વક્તા હોય, લેખક હોય, વિચારક હોય કે ચાહે ગમે તે હોય, અભણનું લેબલ એને આરામથી લગાડી શકાય. આવા ભણેલા અભણોનો આપણે ત્યાં તોટો નથી.

હવે હૃદયજીવી, શ્રદ્ધાજીવી કરતાં બુદ્ધિજીવીઓ વધી ગયા છે. એ જ શૃંખલામાં બુદ્ધિખોર પણ આવે છે. આવા કેટલાક બુદ્ધિખોરો નામના મેળવવા માટે નવરા બેઠા બેઠા કીમિયા ઘડતા હોય છે. માથાફોડિયા માણસો સાથે વધુ માથાકૂટ કરવાની ન હોય છતાં 'મતમતાંતરનો અખાડો' સામે કેટલીક વાતો રજૂ કરું છું. બેટ્સમેન બધા જ બોલનો જવાબ નથી આપતો.

● 'ભવ્યાતિભવ્ય' એ આપણો પ્રિય શબ્દ છે. આમાં કોઈ ગરીબ ને સામાન્ય માણસનું સ્થાન ક્યાં? ગાંધીજીના છેવાડાના માણસની ચિંતા ક્યાં?

છોકરાના લગ્ન હોય ત્યારે એને મોંઘાદાટ કપડાં નહિ પહેરાવવાના! દેહ ઘરેણાંથી લાદી નહીં નાંખવાનો! લગ્ન મંડપમાં, ચોરીમાં કન્યાની બાજુમાં માત્ર ટુવાલ વીંટાળીને જ બેસાડવાનો! ગાંધીજીના છેવાડાના માણસની ચિંતા ખાતર!!! સોના-ચાંદી-હીરા-રત્નોથી ઢંકાયેલા કિંમતી વસ્ત્રોભૂષણાયુક્ત સોનાના બ્રેસલેટો-હાર પહેરીને બેઠેલા એને (વર) જોઈને જ બિચારો સામાન્ય માણસ ડરી જાય છે. આ વાત સાથે લેખક સંમત થશે?

જગતનો કોઈ સામાન્ય માણસ ક્યારેય ભગવાનને જોઈને ડર્યો નથી. જો એવું કંઈ બન્યું હોત તો જગતનો એક પણ સામાન્ય માણસ ક્યારેય ભગવાન પાસે ગયો જ ન હોત! અને મોટે ભાગે ભગવાન પાસે સામાન્ય માણસો જ વધુ જનારા હોય છે.

● છોકરાના લગ્ન શિયાળામાં હોય, ઉનાળામાં હોય કે ચોમાસામાં હોય, ગમે તે દિવસે, ગમે તે તારીખે, ગમે તે તિથિએ ને ગમે તેની સાથે હોય, વહુ ગમે તેવી હોય તો એનાથી ભલા ને સદાચારી માણસને શો ફરક પડે છે? છોકરો કોર્ટમાં પરણે કે જાહેરમાં પરણે એનાથી સજ્જન માણસને શો ફરક પડે છે? અરે! બિલકુલ પરણે જ નહિ ને વાંઢો ને વાંઢો ફર્યા જ કરે તો પણ ભલાઈથી ભરેલા માણસને કશો જ ફરક પડતો નથી. જેને ભલા બનવું છે અને ભલાઈ જ કરવી છે એને ગમે તેની સાથે કરવામાં શું લાગે વળગે?

ભલા માણસની લગ્ન વ્યવસ્થા-લગ્નપરંપરા જુદી જુદી કદી હોઈ

શકે ?

● તારીખ અને સ્થળ સાથે નોંધું છું કે ૧૫-૬-૨૦૦૨ના દિવસે અમદાવાદમાં પ્રેમળ જ્યોતિ નામની ખ્રિસ્તી સેવા સંસ્થામાં ગુણવંત શાહનું પ્રવચન ગોઠવાયું હતું. એ પ્રવચનમાં માત્ર બિશપો નો'તા, અન્ય ખ્રિસ્તીજનો પણ હતાં. શાંતિલાલ સંઘવી લખે છે કે 'પ્રવચનમાં ગુણવંતભાઈએ બિશપોને કેટલીક કડવી વાતો પણ કહેલી. સૌએ શાંતિથી કશા જ વિરોધ કે અણગમા વગર સાંભળેલું.'

હું લખીશ કે ગુણવંતભાઈએ જે કડવી વાતો કહેલી એ કઈ કડવી વાતો હતી એનો સ્પષ્ટ ઉલ્લેખ કેમ નથી કરતા ? કારણ કે બિશપો એ વાણી સાંભળવાને યોગ્ય જ હતાં. જેવી કરણી કરી હોય એવું સાંભળવું પણ પડે...

ખ્રિસ્તી બિશપો વંચિત, શોષિત, દલિત, પીડિત લોકોને લાલચ આપી આપીને ધર્માંતર કરાવે છે. ધર્માંતર કરાવવું શું યોગ્ય છે ? ગુણવંતભાઈએ કહ્યું કે ખ્રિસ્તી બિશપોએ જાહેર કરવું જોઈએ કે 'અમને એક પણ વ્યક્તિના ધર્માંતરમાં રસ નથી.'

આવું કાર્ય જ્યાં થતું હોય ત્યાં કડવી વાણી ઉચ્ચારવામાં કશો વાંધો નથી. છેલ્લે ગુણવંત શાહે ફાધરને લાગવો જ પ્રશ્ન પૂછ્યો: 'બટ વ્હાઈ ટુ કન્વર્ટ ધેમ ?' ફાધર પાસે આ પ્રશ્નનો જવાબ ન હતો.

શાંતિલાલ સંઘવી બધું મોઘંમોઘ લખે છે પણ પડદા પાછળનું સત્ય કેમ પ્રગટ નથી કરતા ? ગુણવંત શાહ કયા સંદર્ભમાં બોલ્યા હતા ને તેઓ કયા સંદર્ભમાં લખે છે એનીય એમને ગતાગમ નથી.

ગુણવંત શાહ પાદરીઓને, બિશપોને જાહેરમાં કડવું કહે એમાં કશો વાંધો નથી, કારણ કે ફાધર વિલિયમે એક પત્રમાં ગુણવંત શાહને લખ્યું હતું...વાંચો ફાધર વિલિયમના શબ્દો...

'ધર્માંતરની બાબત ધર્મના નામે અને બાઈબલના નામે એવી તો મનમાં ઊંડે ઉતારી દીધી છે કે એમાંથી મુક્ત થવું અતિ મુશ્કેલ છે. વિદેશી મિશનરીઓ તો એ માનવા જ તૈયાર નથી કે ધર્માંતર કરાવ્યા વિના ગરીબો, વંચિતોની સેવા થઈ શકે... મેં જોયું છે કે ધર્માંતર કર્યા પછી પણ વ્યક્તિના જીવનની ગુણવત્તામાં ઝાઝું પરિવર્તન આવતું નથી. આમાં અપવાદો તો હોઈ શકે પરંતુ આવા અપવાદો તો બહુ જ સમજપૂર્વક અને ગંભીરતાપૂર્વક ધર્મ બદલાયો હોય તો બને છે. આ દીવા જેવી ચોખ્ખી વાત પણ ભણેલા-ગણેલા પાદરીઓ સમજતા નથી–સમજવા માંગતા નથી.'

બતાવો એક પણ જૈન સાધુએ આવું કૃત્ય કર્યું હોય તો ? શાંતિલાલ સંઘવી સિક્કાની એક બાજુ જુએ છે. ગુણવંત શાહ જૈનો માટે મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળામાં ૨૭-૮-૨૦૦૦ના દિવસે શું બોલ્યા હતા ? વાંચો એ શબ્દો...

'આજે જૈન સાધુઓ પર ચોમેરથી મનોવૈજ્ઞાનિક આક્રમણો થઈ રહ્યાં છે. આસપાસ અટવાતી ભોગપ્રધાન જીવનશૈલી એમની સ્વસ્થતાને હચમચાવી મૂકે તેટલી મુખર હોય છે. જૈન સાધુ હોવું એ ખાવાના ખેલ નથી. સાધુઓને પણ સમભાવપૂર્વક સમજવાની જરૂર છે. આકરું તપ, આકરી તાવણી કરે છે. ક્યાંક નાનું સ્ખલન થાય ત્યારે લોકો તૂટી પડે છે. સાધુઓના પતન માટે ક્યારેક ધર્મની સાચી સમજણ વગરના શ્રાવકોની અંધશ્રદ્ધાળુ હરકતો જવાબદાર હોય છે.'

● શાંતિલાલ સંઘવીને તો હજુ સ્વપ્ન આવે છે કે જૈન સાધુઓ નારાયણભાઈનું પ્રવચન સાંભળે. પણ જૈન સાધુઓ તો વાસ્તવિક રીતે જ વર્ષોથી આ પ્રમાણે પ્રવચન જ નહીં પણ તદ્યોગ્ય બધું જ સાંભળે છે. કેટલા દાખલા ટાંકુ !

૧. મુંબઈ ઈર્લામાં ઈ. સ. ૨૦૦૫માં ૧૨૫ ઉપર સાધુઓ ભેગા થયા હતા અને એ વખતે રાજીવ દીક્ષિતે દોઢ કલાક સુધી પ્રવચન આપ્યું હતું. માત્ર સાધુઓ જ નહીં વિધવિધ સમુદાયના ગચ્છાધિપતિઓ પણ આ પ્રવચનમાં હાજર હતા.

૨. હમણાં જ શંખેશ્વરમાં સા. શ્રી હંસકીર્તિશ્રીજીનું ૩૦૦મી ઓળીનું પારણું હતું. એમાં ૮૦૦ ઉપરાંત સાધુ-સાધ્વીજી હતા અને દરેકની વચ્ચે રહીને કેટલાંય બહુશ્રુત જનોએ પ્રવચન આપ્યું હતું. દરેક સાધુ-સાધ્વીજી શ્રોતા બનીને, વિદ્યાર્થી બનીને આ પ્રવચનો સાંભળતા હતા. જૈનો, જૈન સાધુઓ ગુણગ્રાહી છે. बालात् अपि हितं ग्राह्यं આવા સંસ્કારો મૂળથી જ છે.

● ખ્રિસ્તી બિશપો કરી શક્યા એવું જૈન સાધુ સમાજ કરી બતાવે એમ નહીં પણ કરી બતાવ્યું છે. શાંતિલાલ સંઘવી લખે છે: 'ગુણવંત શાહના પ્રવચન વખતે વડા બિશપની ખુરશી ગુણવંત શાહની બાજુમાં ન હતી પણ સામે શ્રોતાઓની વચ્ચે હતી.'

પ્રવચન ગમે તે નાની વ્યક્તિનું હોય તો પણ જૈનોએ કે સાધુઓએ ખુરશી ઉપર બેસીને પ્રવચન ન સંભળાય. આચાર વિરુદ્ધ છે. વિનયભંગ થાય. એટલે જ જૈન સાધુઓ પંડિત કે બહુશ્રુતની પાસે ભણતી વખતે કે વિશિષ્ટ જ્ઞાન મેળવતી વખતે કયારેય ખુરશી કે ઊંચા આસને બેઠા નથી અને સામે જ બેઠા છે. જૈન સાધુઓ વિદ્યા ગુરુને માન આપે જ છે.

● જૈન સાધુઓ દરેક ચાતુર્માસમાં દરેક વખતે અલગ-અલગ ગ્રંથો ઉપર પ્રવચન આપે છે. અમદાવાદ-મુંબઈ-સુરત વિગેરે સંઘોમાં તપાસ કરી શકો છો. ત્યાંના સંઘોમાં પૂછજો કે તમારા ત્યાં દરેક વર્ષે એક સરખા જ પ્રવચનો થાય છે ? જૈન શાસનના એક એક સાધુઓ એક એકથી ચઢિયાતા છે. કેટલાય સાધુઓ એવા છે જે સળંગ ૪-૪ માસ સુધી, સવાર-બપોર અને રાત્રે આમ એક દિવસમાં ત્રણ-ત્રણ પ્રવચનો આપે તો પણ પ્રવચનમાં એકની એક વાત ક્યારેય રીપીટ ન થાય.

● સાધુઓના વિચરણ ક્ષેત્રો જુદા જુદા હોય છે અને ક્ષેત્રો મુજબની ભાષાઓ તેઓ શીખેલા જ હોય છે. આપણી પોતાની ગુજરાતીમાંય ઠેકાણું ન હોય અને આપણે બીજાને શિખામણ આપીએ કે સાધુઓ

ભાષા શીખતા નથી.' ડાહી સાસરે જાય નહીં ને ગાંડીને શિખામણ આપે.'

● સંઘ માત્ર ભાષાઓ શીખે તો જ મદદ કરે ? અરે...! સાધુ કોઈપણ વિષયનો અભ્યાસ કરે, કોઈપણ તકલીફમાં હોય ત્યારે જૈન સંઘ તેના પડખે જ હોય છે. શાંતિલાલ સંઘવીને સાધુ ભાષા શીખે તો જ સંઘ મદદ કરે એવી ખાતરી છે. જ્યારે દરેક સાધુઓને સંઘ ગમે તે પળોમાં મદદ કરે એનો અનુભવ છે. અનુભવ મહત્ત્વનો કે ખાતરી?

અમને ભણાવવા માટે છેલ્લા ૧૦ વર્ષથી ૨ પંડિતજી (મૈથિલી) અમારી સાથે જ છે. દર વર્ષે નવસારીનો એક જ સંઘ પગાર આપે છે. આજીવન રાખો તો પણ પગાર આપવા તૈયાર છે. આ એક ગ્રુપની વાત થઈ. આવા તો સેંકડો ગ્રુપો પંડિતો પાસે ભણે છે.

● જ્ઞાન માટે સાધુઓએ આ અમારું અને આ બીજાનું એવું કર્યું હોત તો સાધુઓ ક્યારેય મૈથિલી-બિહારી કે કાશીના વિદ્વાનો, પંડિતો કે પ્રોફેસરો પાસે ભણ્યા જ ન હોત. અમદાવાદના કેટલાય વિદ્વાનોની આજીવિકા જૈન સાધુઓના કારણે ચાલે છે.

બે-ત્રણ પેજ લખતા આવડી જાય એનાથી જ્ઞાની નથી બની શકાતું. આપણે કેવી રીતે લખવું એના માટે કોઈક વિદ્વાન લેખકનો જ્ઞાનીનો સહારો લેવો જોઈએ. બધું જ મને આવડે છે એવા ફોગટ અભિમાનમાં ન રહેવાય. શાંતિલાલ સંઘવીના જ શબ્દો ફરી રિપીટ કરું છું: 'આપણે પણ જ્ઞાનવૃદ્ધો પાસે નમ્રપણે જવું જોઈએ. બધું જ્ઞાન ભગવાને આપણને જ આપી દીધું છે અને જગતમાં બીજા તો જ્ઞાનવિહિન છે એવું માનવું પણ ઘોર અહંકાર ગણાય.'

હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જિમ શ્વાન તાણે.

☐ **મુનિ રાજદર્શન વિજય**
ઝવેરી જૈન ઊપાશ્રય, મિત્ર મંડળ સોસાયટી,
ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમ રોડ, અમદાવાદ

(૫)

શ્રી શાંતિલાલ સંઘવીજીને, **'મતમતાંતરના અખાડા'** સંદર્ભે વિચાર્યા. તેમને, 'કચ્છ-ગુર્જરી'માં યે ખૂબ ખૂબ વાંચ્યા-વિચાર્યા છે. તેઓશ્રી એક જાગૃત જૈન સજ્જન હોવાથી, જૈન-ધર્મ-કર્મમાં, પરિવર્તન ઈચ્છતા રહ્યા છે. આપણા જૈન સાધુ-સાધ્વીઓ, નાની નાની, ઝીણી-ઝીણી બાબતોમાં ગૂંચવાયેલાં રહેતાં હોવાથી, મૂળભૂત બાબત વિસરાઈ જતી હોવાની બાબત, સૌના ધ્યાનમાં હોય છે જ. તેમાં, સમય પ્રમાણે પરિવર્તન લાવવું રહ્યું. સ્થાપિત હિતોની સંકુચિતતાને કારણે, આપણો જૈન ધર્મ સ્થગિત થઈ ગયો છે, એ એક હકીકત છે.

મહર્ષિ વ્યાસે લખ્યું છે:
શ્લોકાર્યેન પ્રવક્ષ્યામિ, ચટ્ઉક્તં ગ્રંથ કોટી ભીઃ।
પરોપકારાય પુણ્યાય,પાપાય પર પીડનમ્।।

પર પીડામાં પાપ અને પરોપકારમાં પુણ્ય જેવી સીધી-સાદી વાતને આપણે સૌએ, 'ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી', દ્વારા ગૂંચવી-ચૂંથી નાંખી છે. અને 'પ્રપંચ સૌ પેટ ભરવા તણાં'માં રોકાઈ ગયા છે તેથી પેલો 'પરોપકાર' આપણી દૃષ્ટિ મર્યાદાની બહાર ફેંકાઈ ગયો, તેની જાણ પણ ન રહી!

સ્નેહીશ્રી શાંતિલાલ સંઘવીના વિચારો ક્રાંતિકારી અને વાસ્તવદર્શી રહ્યાં છે. તેઓ 'સુધારો', નર્મદની દૃષ્ટિએ ઈચ્છી રહ્યાં છે. ધર્મમાં જામેલાં બાવા-જાળાંને, અરવિંદ કેજરીવાલની અદાથી ઝાડૂ હાથમાં લઈને સાફ કરવા ઈચ્છી રહ્યાં છે, તે આવકાર્ય છે. પૂજા-પાઠ, ધ્યાન-મનન્ આ બધું જ પરમતત્ત્વને પામવાના સાધન રૂપે દેખાવું જોઈએ, તેને બદલે વિતંડાવાદો, મતમતાંતરો અને અહમ્‌ની ટકરામણથી શી રીતે પોષાય? અમારો બ્રાહ્મણ વર્ગ પણ ક્રિયાકાંડ, કર્મ-કાંડમાં એટલો બધો ફસાઈ ગયેલો કે તેને ઉગારવા માટે જ જૈન અને બૌદ્ધ ધર્મો ઊમટી આવ્યા.

☐ **હરજીવનદાસ થાનકી,** પોરબંદર

(૬)

**પ્રેમ-સમર્પણ**

શ્રી શાંતિભાઈ સંઘવીના 'મતમતાંતરના અખાડા'માં સફર કરવાની, દ્વંદ્વની કુસ્તી જોવા-જાણવા મળી. આ વિશ્વમાં બધે જ દ્વંદ્વ-યુદ્ધ ચાલે છે. સુખ-દુઃખ, શ્રદ્ધા-શંકા, શાંતિ-અશાંતિ, પ્રેમ-ઘૃણા, વૈભવ-ત્યાગ, રાગ-દ્વેષ, યોગ-વિયોગ, પાપ-પુણ્ય જેમાં સ્ત્રી-પુરુષ, રાજા-પ્રજા, દેવ-દાનવ, ઈશ્વર-અનિશ્વર વગેરેને પણ ઊમેરી શકાય. આ દ્વંદ્વના આધારે તો આ વિશ્વનું મંડાણ અને અસ્તિત્વ છે. અને છતાં બન્ને સંકળાયેલા છે. દેખીતી રીતે અલગ છતાં જોડાણ પણ છે. હરેક વ્યક્તિનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ પણ છે અને સમાજથી લઈને વિશ્વ સાથે પણ સંબંધ ધરાવે છે. સમાન વિચારધારામાં પણ વધુ વિગતમાં ઊતરો તો વૈવિધ્ય જોવા મળશે. અને આ બધું આપણને માનવ જીવનમાં જોવા મળે છે. આપણાં જીવનમાં રહેલું પ્રાણતત્ત્વ વિશ્વ-વિસ્તૃત છે એવું નથી લાગતું?

અન્ય જીવ-સૃષ્ટિથી વિશિષ્ટ એવું ખાસ મહત્ત્વનું વરદાન માનવીને મળ્યું છે તે એ કે એની પાસે વિચારવાની-સમજવાની શક્તિ અને એ મુજબ જીવનનું ઘડતર કરવાની શક્યતા સમાયેલી છે. માનવીને વાચા પણ મળી છે અને ભાષા પણ વિકસાવી છે જેથી વિચારોની આપ-લે પણ થઈ શકે છે. આપણું જીવનમાં પ્રવેશવું એ આપણાં હાથમાં નથી, મૃત્યુ પણ આપણાં હાથમાં નથી, જીવનમાં જે કાંઈ એકઠું કર્યું એ બધું પણ અહિં છોડીને જવાનું છે એ પણ આપણે જાણીએ છીએ. તો આપણે સ્વતંત્ર ક્યાં છીએ એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. જવાબ એ હોઈ શકે કે આપણે કુદરતના-પ્રકૃતિના બાળ છીએ અને અંતે તો કુદરતમાં ભળી જવાનું છે.

ખુદ માનવ જીવન પણ વિભાજિત છે, ખંડિત છે, બે ભાગમાં

વહેંચાયેલું છે. એક છે બાહ્ય જીવન અને બીજું છે આંતરિક જીવન. કુટુંબ, સ્વજન, સમાજ, વ્યવહાર, સંબંધો, સ્વાર્થ, દંભ વગેરેથી ઘેરાયેલું જીવન એ બાહ્ય જીવન છે. આપણે સવારે ઊઠીએ ત્યારથી સાંજ સુધી, બલ્કે હવે તો મધરાત સુધી આ બાહ્ય જીવનમાં જ અટવાયેલા રહીએ છીએ એથી આંતરિક જીવન પ્રતિ આપણી દૃષ્ટિ જ નથી જતી. આંતરિક દૃષ્ટિ એ છે કે જેમાં આપણને ક્યારેક એ વિચાર આવે છે કે આ જીવન શું છે, શા માટે છે, ક્યાંથી આવ્યા, ક્યાં જવાનું છે, શા માટે ખાલી હાથે જવાનું છે? પ્રશ્ન ઢંઢોળે છે પણ જવાબ મળતો નથી અને આપણે જાણતાં કે અજાણતાં એ વિચારથી દૂર ભાગીએ છીએ. જ્યારે કુદરતે આપણને અણમોલ એવું માનવ શરીર આપ્યું છે, શરીરમાં ગ્રહિત ચૈતન્યને ઉન્નતિ તરફ લઈ જવા માટે, ચૈતન્યમય બની જવા માટે આપ્યું છે, ત્યારે જ આપણે એની અવગણના કરીએ છીએ.

આ વિશ્વનું સર્જન કોણે કર્યું કે શા માટે એ આપણે જાણતા નથી. કલ્પના કરવી રહી અને થઈ રહી છે. પરંતુ વિજ્ઞાન કહે છે કે આ વિશ્વ અબજો વર્ષ જૂનું છે. વિજ્ઞાન એ પણ સ્વીકારે છે કે આ વિશ્વમાં ધીમે પણ સતત પરિવર્તન (ઈવોલ્યુશન) અને વિસ્તાર (એક્સપાન્શન) થઈ રહ્યો છે. ઉત્ક્રાંતિ થઈ રહી છે, વિકાસ થઈ રહ્યો છે. માનવીને બુદ્ધિ એટલા માટે આપી છે કે તેનો ઉપયોગ આ ઉત્ક્રાંતિમાં કરી શકે પણ આપણે જાણીએ છીએ કે માનવબુદ્ધિ પ્રકૃતિનો નાશ પણ કરી શકે છે. પ્રકૃતિમાતાએ આપણાં દેહનું ઘડતર કર્યું છે તે એટલા માટે કે આપણે પ્રકૃતિમાતાના ખોળામાં વિસર્જન પામીએ. એથી લાગણી કે પ્રેમભાવ કે સમર્પણભાવ પણ એ માટે આપેલ છે કે માનવી આ ઉત્ક્રાંતિમાં સહકાર આપી શકે. જે મહામાનવો થઈ ગયા એ બધાએ આવી સમજ સાથે પ્રકૃતિને સાથ આપ્યો છે. મહાવીર કે બુદ્ધ, વિવેકાનંદ કે મહાત્મા ગાંધી, ઓરોબિંદો ઘોષ કે અન્ય અનેક મહાત્માઓ, સંતો, વૈજ્ઞાનિકો કે વિચારકો વગેરેએ એમ જ કર્યું છે કારણકે એમણે આત્માને ઢંઢોળ્યો છે. મીરા ગાય છેઃ 'હે રી મૈં તો પ્રેમ દિવાની, મેરા દરદ ન જાને કોઈ.' આ છે પ્રેમનું નિર્મલ સ્વરૂપ.

પ્રેમ પણ એક વિભાજિત, ખંડિત શબ્દ છે. જ્યાં પ્રેમમાં કોઈ ઈચ્છા સમાયેલી છે, કોઈ વિષય કે વાસના સમાયેલા છે એ નિર્મળ પ્રેમ નથી. અનપેક્ષિત, સમર્પિત ભાવ એ છે સાચો પ્રેમ. શાસ્ત્રોમાં પ્રેમ શબ્દ છે કે નહિ એ હું નથી જાણતો કેમ કે શાસ્ત્રોનો મને અભ્યાસ નથી. પણ બીજા કેટલાક શબ્દો છે જેમાં પ્રેમનો સમાવેશ થઈ જાય છે જેમ કે 'અહિંસા'. અહિંસા એ કેવળ, તન, મન કે વર્તનથી કોઈને દુઃખ ન પહોંચાડવા પૂરતો સીમિત નથી. અહિંસામાં સર્વ જીવો પ્રતિ પ્રેમ, વિરોધી પ્રતિ ક્ષમાભાવ અને અજ્ઞાન વ્યક્તિ પ્રતિ કરુણાનો ભાવ સમાયેલો છે. બીજો શબ્દ છે સમર્પણ. સમર્પણમાં વ્યક્તિ પોતાના અસ્તિત્વને ભૂલીને અન્યના ભલા માટે પ્રયત્નશીલ રહે છે. પ્રત્યેક દૃષ્ટાંત રૂપે મહાત્મા ગાંધી. આવો પ્રેમ આપણને સંસારમાં, વ્યવહારમાં, સંબંધોમાં, સ્વાર્થમાં, દંભમાં મળતો નથી. એટલે સમર્પણને આપણે યોગ્ય અર્થમાં પ્રેમ કહી શકીએ.

શાંતિભાઈની વાત 'ભલાઈ અને સદાચારમાં બધું જ તત્ત્વજ્ઞાન સમાઈ જાય છે' એનો અસ્વીકાર કોણ કરે? પરંતુ પ્રશ્ન એ છે કે આપણા જીવનમાં ભલાઈ અને સદાચાર કેટલા વણાયેલા છે? સ્વાર્થમાં રચેલા આપણે આ બે જ શબ્દોઃ 'ભલાઈ અને સદાચાર'ને જીવનમાં કેટલે અંશે ઊતારી શક્યા કે શકીએ છીએ? આ જ કારણ છે કે આપણે દ્વંદ્વમાં ફસાઈએ છીએ. બધા જ દ્વંદ્વથી અલગ અને અલિપ્ત રહી શકે એવી કોઈ શક્તિ હોય તો તે છે શરીરસ્થ ચૈતન્ય તત્ત્વ. રોજનો એક કલાક જો આ ચૈતન્ય તત્ત્વને આપી શકાય તો કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મમત્વ, અહંકાર વગેરેથી બચી શકાય અને તો જ જીવનમાં ભલાઈ અને સદાચાર ખીલી શકે. વાદવિવાદમાં પડ્યા વગર આટલું થઈ શકે તો શાસ્ત્રોની કોઈ જરૂર રહેતી નથી પરંતુ આટલું પામવા માટં ચૈતન્ય તરફ દૃષ્ટિ તો વાળવી જ પડે. પ્રભુ, ઈશ્વર, સર્જનહાર. પ્રાણ, આત્મા, રુહ કે 'સોલ' કે ગમે તે કહો અંતે તો ચૈતન્ય સ્વરૂપ જ છે.

બીજો પ્રશ્ન છે કે 'વર્ષો સુધી જૂની વાતો?' જે સત્ય છે તે શાશ્વત છે, તેમાં બદલાવ આવતો નથી. પરંતુ એ જ વાત આજના સંદર્ભમાં જુદી રીતે, રોજ-બરોજના સાંસારિક કે આધ્યાત્મિક જીવનમાં અનુભવવામાં આવતા પ્રસંગોને વણીને જરૂર કહી શકાય. સમયના પરિવર્તન સાથે કાર્ય-કારણમાં પણ પરિવર્તન તો થાય જ છે. જૂની વાતો નવી રીતે નવા શબ્દોમાં, આજના સંદર્ભમાં કહી શકાય તો યુવા પેઢીને આકર્ષિત કરી શકાય અને રસ ધરાવતા થાય. એ જરૂરી પણ છે.

એક પ્રશ્ન એ પણ થાય છે કે 'ત્યારે બધા આત્માઓ ક્યાં જશે?' વિચારીએ કે આત્મા શું છે? આત્મા શરીર નથી. શરીરમાં રહેલું એક ચૈતન્ય તત્ત્વ છે જેને આપણે ભાવસ્વરૂપ કહી શકીએ. શ્વાસ બંધ પડવાથી મૃત્યુ થાય છે. શરીર નિરર્થક બની જાય છે, નાશ પામે છે. જે નિરિશ્વરમાં માને છે, આત્માના અસ્તિત્વનો સ્વીકાર નથી કરતા એમના માટે વાત અહિં પૂરી થઈ જાય છે. પરંતુ જે આત્મામાં અને એના શાશ્વતપણામાં માને છે એમના માટે આત્મોન્નતિ અને એ દ્વારા પ્રકૃતિમાં ભળી જવું, સમાઈ જવું, ઐક્ય સાધી લેવું કે મોક્ષ પામવો એવો અર્થ થાય અને જે હવામાં ભળી જાય કે ચૈતન્યમાં મળી જાય એના માટે સંખ્યા મર્યાદિત કે અમર્યાદિત એ પ્રશ્ન ઉદ્ભવતો નથી.

શાસ્ત્રોક્ત વાતો જે તે કાળમાં, આત્માની વ્યક્તિગત શોધમાંથી જન્મેલી વાતો છે. જે સત્ય અને શાશ્વત લાગી હોય એની જ વાતો છે. વિશ્વ જ્યારે ઉત્ક્રાંતિમાંથી પસાર થઈ રહ્યું છે એ પ્રમાણે નવા તત્ત્વોની નવી શોધો થઈ શકે કે નવી દૃષ્ટિ પણ મળી શકે. પરંતુ એ બધું પણ ચૈતન્યતત્ત્વને નજરમાં રાખેલું હોવું જોઈએ. ભૌતિક દૃષ્ટિએ થયેલા સંશોધનો એ જુદી વાત છે. ધર્મ અંતે તો સદ્ગુણો કેળવવાની અને

દુર્ગુણોથી બચવાની જ વાતો કરે છે. આ થાય ત્યારે જ 'ભલાઈ અને સદાચાર'નો જીવનમાં પ્રવેશ થાય.

કદાચ વિષયાંતર થશે પણ એક વાત નોધવાનું મન થાય છે. તંત્રી લેખમાં શ્રી ધનવંતભાઈએ 'દામ્પત્ય તીર્થો-લગ્ન સંસ્થા'માં લગ્ન-સંસ્થાને તીર્થ સમાન ગણી છે. કહે છે કે પતિ-પત્નીનો સંબંધ સાત ભવનો હોય છે. લગ્ન જીવન દરમ્યાન કાંઈક અને કાંઈક અને ક્યારેક તો અતિ મનદુ:ખના પ્રસંગો થતા રહે છે. અજાણ કારણોસર મન ખુલી નથી શકતા. વિયોગના સમયે મૌનમાં જ અંતર ખૂલે છે અને જ્યારે કાંઈ જ ઉપાય હાથમાં નથી રહેતો ત્યારે મનોભાવ જાગે છે કે 'આવતા ભવે મળીએ તો હું એને સુખ-સંતોષ આપવા બધું જ કરી છૂટીશ.' ઉભય પાત્રો જ્યારે એકાકી બને છે ત્યારે જ દાન-પુણ્ય કરે છે, ધર્મ-ધ્યાન કરે છે તેની પાછળ કાંઈક આવો જ ભાવ રહેતો હશે. એટલે જ દામ્પત્ય જીવન એ તીર્થ સમાન બની રહે છે. સમર્પણ-ભાવનાના અભાવનો વિચાર જ અંતે સમર્પણ તરફ દોરી જતો હોય એવું લાગે છે ? તો સમર્પણ ભાવને જાગૃત કરીએ. સુખી થઈએ અને અન્યોને સુખી કરીએ એવી ભાવના પ્રાપ્ત થાય એજ પ્રાર્થના ! !

હું એ કહી જ ચૂક્યો છું કે શાસ્ત્રો કે ધર્મશાસ્ત્રોનો મને અભ્યાસ નથી એટલે અજાણતા, અજ્ઞાનવશ કે બીજા કોઈ કારણે કાંઈ પણ ધર્મ વિરૂદ્ધ લખાયું હોય તો અંતરથી ક્ષમા માંગું છું અને સુજ્ઞ વાચકોને વિનંતી કરું છું કે એ બાબત મારું ધ્યાન દોરશે તો હું આભારી માનીશ.

☐ **કાકુલાલ મહેતા**, મુંબઈ
૦૨૨-૨૮૯૮૮૮૭૮

# ઘડી – સમયની સખી

☐ **ડૉ. ગુલાબ દેઢિયા**

ગામથી બાઈનો ફોન આવ્યો, પૂર્વાપર સંદર્ભ વગર જ વાત શરૂ કરતાં પૂછ્યું, 'તું કહેતો હોય તો ખરીદી લઈએ.'

'શું ?' હું સમજી ન શક્યો, શું ખરીદવાની વાત છે જેને માટે ફોન કર્યો છે.

'ઘડી. હજાર રૂપિયા કહે છે. ભાવ તો વધુ છે. તેં અગાઉ કહેલું એટલે ફોન કર્યો છે. જૂની વસ્તુઓ ખરીદનાર પાસે ક્યાંયથી ઘડી આવી છે. બાકી હવે તો ઘડી કોણ રાખે છે ? કોણ વાપરે છે ? ઘડી તો હવે જોવાય નથી મળતી.' બાઈએ હવે વાતની રીતસરની માંડણી કરી.

હું વિચારમાં પડી ગયો. કચ્છમાં ગયો હતો ત્યારે કોઈ વાતમાં ઘડીનો સંદર્ભ આવતાં એ દુર્લભ વસ્તુ ખરીદવાની વાત કરી હતી.

વડીલોને સામાયિક કરતી વખતે ઘડિયાળને બદલે સામે ઘડી રાખીને બેઠેલા બચપણમાં જોયા હતા. વર્ષો પહેલાં ઘડિયાળનું ચલણ ઓછું હતું.

ઘટિકાયંત્ર જેવું જાજરમાન નામ ધરાવતી એ ઘડી બાળકને મન તો રમકડું લાગે. બધી રેતી કાચના ઉપરના પાત્રમાંથી સરતી સરતી નીચેના પાત્રમાં બરાબર ચોવીસ મિનિટમાં આવી જાય એ સમયગાળાને એક ઘડી કહે. ફરી ઘડીને પલટાવીને મૂકે એટલે ફરી રેતી ખરે. ત્યારે બીજી ઘડી થાય. સામાયિક માટે બે ઘડીનો સમય નિયત કરેલો છે.

મનને શાતા પહોંચાડતું, સમતાના પાઠ ભણાવતું જાતને પોતાની તરફ પાછી વાળતું સામાયિક. અંદર-બહારના બધા રવ સમી જાય તેવું નીરવ સામાયિક. બસ સામાયિકને સહાયક થતી આ ઘડી પણ નીરવ. ચૂપચાપ રેતી ખર્યા કરે. ધારીને જોતાં લાગે કે સમય ખરી રહ્યો છે.

બચપણમાં ઘડીનું ખાસું આકર્ષણ હતું. યાદ છે ત્યાં લગી ઘડીને હાથ અડાડી શક્યો નથી. કાચનું ઉપકરણ છે, તૂટી જશે. બાળકનો શો ભરોસો ? ઘડીને બહુ સાચવતા. સામાયિકની બે ઘડીમાં રાગદ્વેષથી અલિપ્ત રહેવાનું હોય. આ ઘટિકાયંત્રને તો સામાયિક થઈ ગયા પછી તરત જ એના ખાસ બનાવેલા લાંબા ડબ્બામાં હળવેથી મૂકી દેતા.

સાચવણી માટે સારી કડકાઈ હતી. કોઈના હાથે ઘડી ભાંગે તો બે ઉપવાસ પ્રાયશ્ચિત રૂપે કરવા પડે. મૂળ તો કાળજીનો ભાવ. ઉપકરણ તરફ આદરનો ભાવ. વસ્તુ વેડફાય નહિ, રફેદફે ન થાય, બગાડાય નહિ એથી ત્રેવડ. ધર્મ કાળજામાંથી આવે અને કાળજી પણ કાળજામાંથી જ આવે ને ! દરેક વસ્તુ–ઉપકરણના નિર્માણમાં જરાક સૂક્ષ્મ હિંસા તો થતી જ હોય એ ફરી ન કરવી પડે એ ભાવ પણ કાળજી પાછળ હશે. પુસ્તકો સાચવવા પાછળ પણ આવો જ ભાવ આદરભાવ હશે ને !

ઘડી એવું યંત્ર કે એક વખત નિર્માણ થાય પછી ન ચાવી, પાવર જોઈએ, ન કોઈ ખર્ચ, ન બટન, ન રિપેરીંગ વર્ક. ઘડી એ તો સમયની સખી એટલે સમય જેવી જ સહજ, શિસ્તબદ્ધ, સામાયિક જેવી અલિપ્ત. રેતી અલિપ્ત હોય ત્યારે તો બરોબર ખરી શકે. ન ભેજ. ન કદમાં ઝીણી-જાડી. મને તો એ રેતી માટે કૌતુક છે. કેવી એક સરખી રેતી પસંદ કરતા હશે ? કાચનું એ માપસરનું છિદ્ર. ચોવીસ મિનિટમાં જ ખરી રહે એવી નિયમબદ્ધ. ન અવાજ ન ટકટક. સામાયિક કરનારની એકાગ્રતા અને ખરતી રેતીની એકાગ્રતા કેવા એકરૂપ થતાં હશે !

સાંજે અંધારું ઉતરે હળવે હળવે...રેતી ખરે હળવે હળવે...છેલ્લે ઘડીને પાસે લઈને જોવી પડે. પ્રભાતે અંધારું ઘટતું જાય હળવે હળવે...પ્રકાશની ટશર અને ઘડીને જોતાં ખબર પડે કે બે ઘડીનો સમય થયો.

અર્ધી સદી પહેલાં ગામડાંના લોકોને સમયના ચોક્કસ માપ કલાક-

મિનિટનો બહુ ખપ ન પડતો. દિવસના ચાર પહોર. રાતના ચાર પહોર. ત્રણ કલાકનો સમગાળો. સૂર્ય, ચંદ્ર, તારા કે પડછાયાથી અનુમાન બાંધી લેતા. ક્યાંક પંખીઓનો કલરવ સાથ દેતો.

ઘડિયાળ એ યંત્રોમાં અદ્ભૂત વસ્તુ છે. એ શોધ કેવી જબરી છે. કલાક, મિનિટ અને સેકન્ડના નિર્દેશમાં ચોક્કસાઈ તાજૂબ કરી દે. ઘડિયાળ રિપેર કરનાર ઘડિયાળી, ખાસ તો ભીંત ઘડિયાળને ખોલી નાખે ત્યારે યંત્રોની કરામત જોવાનું મને હજી પણ કૌતુક છે. ઘડિયાળની સ્પ્રિંગ અને કમાનો ધબકતી લાગે.

બચપણમાં તો કૌતુક એ જ ખરી મૂડી હતી. કેટકેટલી વસ્તુઓનું કૌતુક. ગમે ત્યારે આંખો પહોળી થઈ જાય. થંભી જઈએ. મોઢું ખુલ્લું રહી જાય. એકાગ્ર થઈ જઈએ અને રાજી રાજી થઈ જઈએ. અમારા ફોઈનું ગામ નાનકડું. રમવા માટે બીજું વિશેષ કાંઈ નહિ તો પણ મને ફોઈના ઘેર જવાનું ખેંચાણ રહેતું, કારણ કે ફોઈના ઘરે થાળી વાજું હતું. એ રેકોર્ડ ફરતી રહે. અવાજ ક્યાંથી આવે છે એ જ કૌતુક. કયા ગીતો, કયા નાટકના સંવાદો એ તો ન સમજાતું પણ વાજું વાગે છે એ જ આનંદ આપવા પૂરતું હતું.

હાં...પેલી ઘડી હજી યાદ આવે છે. ઉપાશ્રયમાં ક્યાંક સાચવેલી પડી હશે. શું સમય એ ઘડી પાસે જતો હશે! બંધ ઘડીમાં રેતીને કેવું લાગતું હશે! વર્ષો સુધી ન વપરાયેલી ઘડી ફરીથી ગોઠવીએ તો... ફરી સમય આળસ મરડી ઘડીભરનો સમય દેખાડે. સત્સંગની આધી ઘડી યાદ આવે છે.

બહાર વરસાદ વરસતો હોય..નેવાં પરથી પાણી ટપકવાનો રવ ઊઠતો હોય ત્યારે કોઈ ઘડી સામે રાખી શાંત મનથી સામાયિકમાં ભળી જાય એ ઘડી કેવી આહ્લાદક હોય! મનમાં એવા તરંગો પણ ઊઠે છે કે, ઘડી ગોઠવીને વાંચવા બેસવું, ઘડી ગોઠવીને લખવા બેસવું, ઘડી ગોઠવીને પ્રિયજનને નીરખ્યા કરવું. ઘડી તો પાછી એવી વિવેકશીલ કે ઘડીભર સમય વિતી જાય તો કહે નહિ, ચૂપ રહે. સમય દેખાતો નથી, પકડાતો નથી, અટકતો નથી પણ આ રીતે ઘડીને અડકીને કલ્પના કરવાની પણ એક મજા તો છે જ!

ઘટિકાયંત્ર હોય કે ઘડિયાળ. યાદ તો એક જ અપાવે છે, તારી કેટલી ઘડીઓ વીતી ગઈ. એવું કંઈક કર કે ઘડિયાળના ચહેરા પર પણ સ્મિતની લહેરખી આવે. ✷ ✷ ✷

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા, અંધેરી (વે.)
મુંબઈ-૪૦૦૦૫૩. મો. : ૯૮૨૦૬૧૧૮૫૨.

# કબીરના પદોમાં સામાજિકતાનું નિરૂપણ

□ શાંતિલાલ ગઢિયા

સાહિત્ય-સર્જક કોને કહેવો? વ્યક્તિનું આંતરબાહ્ય જીવન ઉન્નત થાય એ ઉદ્દેશથી સાહિત્યનું સર્જન કરે તે. મહાત્મા કબીર આ કસોટી પર નિઃશંક સફળ પાર ઊતરે તેવા સાહિત્યકાર કહી શકાય. વ્યક્તિનું ફક્ત અંગત જીવન મહત્ત્વનું નથી, પરંતુ એનો વ્યવહાર સામાજિક વ્યક્તિ તરીકે કેવો છે, એના પરથી એના શીલ સંસ્કારનું માપ નીકળે છે. આ ચિંતન કબીરની સરળ બાનીમાં વ્યક્ત થતું જોવા મળે છે. તેના પદો આદર્શ સમાજજીવન પર પ્રકાશ ફેંકે છે.

કબીર ક્યારેક વ્યંગ દ્વારા વ્યક્તિના અંગત જીવન પર પ્રહાર કરી વ્યાપક સમાજના સંદર્ભમાં અપેક્ષિત વર્તન-વ્યવહાર તરફ આંગળી ચીંધે છે. દા. ત.

*માલા તો કર મેં ફિરૈ જીભ ફિરૈ મુખમાહિં,*
*મનુઆ તો દહું દિસ ફિરૈ યહ તો સુમિરન નાહિં.*

હાથમાં માળા હોય, મોઢામાં જીભ યંત્રવત્ ફરતી હોય, પણ મન દશે દિશામાં ફરતું હોય, એને કાંઈ પ્રભુસ્મરણ કહેવાય?

*ના જાને તેરા સાહબ કૈસા હૈ?*
*મસજિદ ભીતર મુલ્લા પુકારૈ*
*ક્યા સાહબ તેરા બહિરા હૈ?*
*ચિઉંટીકે પગ નેવર બાજૈ*
*સો બી સાહબ સુનતા હૈ.*

તારો સાહબ (ઈશ્વર) બહેરો નથી. કીડીના પગે બાંધેલ નૂપુર બજે, તો ય એને સંભળાય. એટલે તારે મંદિર-મસ્જિદમાં જઈ બૂમો પાડીને એને બોલવવાની જરૂર નથી.

ઉપરના બંને ચરણમાં કબીરે કુશળતાપૂર્વક કર્મયોગનું દર્શન વણી લીધું છે. કુટુંબમાં, સમાજમાં રહીને વ્યક્તિને ભાગે જે કર્મ કરવાનાં આવ્યાં છે, તે તેણે નિષ્ઠાથી પરિપૂર્ણ કરવા જોઈએ. કર્મ એ જ ધર્મ. કર્મથી વિમુખ થવું એટલે સમાજધર્મથી વિમુખ થવું. આ આત્મવંચના છે. આત્મવંચનાને ઢાંકવા માટે વ્યક્તિએ માળા ફેરવવી પડે છે અથવા મંદિર-મસ્જિદ જઈ મોટે મોટેથી ભગવાનને પોકારવો પડે છે.

માનવ સામાજિક પ્રાણી છે. એસ.પી. આદિનારાયણન્ એમના પુસ્તક 'સોશિયલ સાયકોલોજી'માં લખે છેઃ

*Man found himself in society before he found himself. His first commitments were communal.*

(મનુષ્ય ખુદના અસ્તિત્વથી સભાન થયો તે પહેલાં સમાજ થકી જ પોતાનું અસ્તિત્વ છે એ હકીકતથી સભાન થયો. મનુષ્યની સૌ પ્રથમ

પ્રતિબદ્ધતા સમુદાય પ્રત્યેની હતી.)

મનુષ્ય સમાજમાં જ સંભવે છે. સમાજથી અલગ એના હોવાપણાની કલ્પના થઈ શકતી નથી. સૌથી પ્રબળ એવું કયું તત્ત્વ છે, જે મનુષ્યને સમાજ સાથે બાંધી રાખે છે? નિરપવાદ સર્વસ્વીકૃત જવાબ છેઃ 'પ્રેમ'. શું કહે છે કબીર પ્રેમ વિષે?

*પ્રેમ ન બાહિર ઉપજૈ પ્રેમ ન હાટ બિકાય*
*રાજા પરજા જેહિ રુચૈ સીસ દેઈ લૈ જાય.*

પ્રેમ ખેતર કે વાડીમાં પાકતો નથી કે દુકાને વેચાતો નથી. બસ, જે માથું આપી જાણી છે, ત્યાગ ને સમર્પણ કરી જાણે છે, તે પ્રેમ પામે છે. એ રાજા હોય કે પ્રજા. કેટલી સચોટ છે પ્રેમની મીમાંસા! વળી કબીર કહે છે-

*પોથી પઢિ પઢિ જગ મુઆ પંડિત હુઆ ન કોય*
*ઢાઈ અચ્છર પ્રેમકા પઢૈ સો પંડિત હોય.*

ગ્રંથો વાંચી વાંચીને તમે મરી જાવ, પણ પંડિત થઈ શકતા નથી. પંડિત તો ત્યારે થવાય, જ્યારે હૃદય અઢી અક્ષરનો શબ્દ 'પ્રેમ' આત્મસાત્ કરે. 'પ્રેમ' અને 'વિદ્વતા'ની શાશ્વત પરિભાષા કબીર જ આપી શકે.

સમાજ ઊંચનીચ, રાયરંક, સબળ-નિર્બળ એવા બે અંતિમ છેડાવાળા વર્ગોમાં વહેંચાયેલો છે. ઊંચા વર્ગને અહંકાર હોય છે કે નીચલો વર્ગ તેમના તાબામાં છે, તેમની પકડમાં છે. વસ્તુતઃ આ સૃષ્ટિમાં કોઈ કોઈને સદાને માટે કચડી શકતું નથી. એક સમય આવે છે કે દલિત સમૂહ માથું ઊંચકે છે અને મદોન્મત હાથી જેવા ઉપલા વર્ગની દશા દયનીય બની જાય છે. કબીર માટી અને કુંભારનું સરળ ઉદાહરણ આપે છે-

*માટી કહૈ કુમ્હાર કો તૂ ક્યા રૂંદૈ મોહિં*
*એક દિન ઐસા હોઈગા મૈં રૂંદૂંગી તોહિં.*

કુંભાર ભીની માટીને પગથી કચડે છે ત્યારે માટી કુંભારને કહે છે, 'તું મને શું કચડવાનો હતો? એક દિવસ એવો આવશે કે હું તને કચડીશ.' સાચે જ, અંતવેળા મનુષ્ય માટીમાં જ મળી જાય છે ને!

ગુરુ અથવા શિક્ષક સમાજનું મહત્ત્વનું અંગ છે. માતા-પિતાની જેવું જ ગુરુને 'દેવ'નું સ્થાન આપવામાં આવ્યું છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું ત્રિવિધ રૂપ ગુરુમાં નિહિત છે. કબીર ગુરુ-શિષ્યના સંબંધને આ શબ્દોમાં ઢાળે છે-

*સિષ તો ઐસા ચાહિયે ગુરુ કો સબ કછુ દેય*
*ગુરુ તો ઐસા ચાહિયે સિષસે કછુ નહિં લેય.*

શિષ્ય એ છે જે ગુરુને સર્વસ્વ આપી દેવા તત્પર છે. ગુરુ એ છે જે શિષ્ય પાસેથી કંઈ જ ન લે.

સમાજમાં નાતજાતનો ખ્યાલ એટલો રૂઢ છે કે સાધુ-સંતની પણ જાતિ પૂછવામાં આવે છે. આ અંગે કબીર ટકોર કરે છે-

*જાતિ ન પૂછો સાધુ કી પૂછિ લીજિયે જ્ઞાન*
*મોલ કરો તરવારકા પડા રહન દો મ્યાન.*

સાધુની જાતિ નહિ, એનું જ્ઞાન કેટલું છે એ પૂછો. તલવારનું મૂલ્ય છે, મ્યાનનું નહિ.

એકમેકના વ્યવહારમાં વાણી મુખ્ય ભાગ ભજવે છે. સંબંધો ટકી રહેવામાં કે તૂટવામાં વાણી મહદ્ અંશે જવાબદાર હોય છે. તેથી કબીર તેનો રામબાણ ઉપાય બતાવે છે-

*ઐસી બાની બોલિયે મનકા આપા ખોય*
*ઔરનકો સીતલ કરૈ આપ હુ સીતલ હોય.*

વાણી તો એવી બોલવી કે બીજાનું હૈયું ઠરે અને સ્વયંનું પણ.

ડગલે ને પગલે આપણાં મુખમાંથી કટુ વાણી એટલા માટે ઝરે છે કે આપણને બધા લોકો ખરાબ જ લાગે છે. કબીર કહે છે, 'હૃદય પર હાથ મૂકી ભીતર નીરખો તો તમને ભાન થશે કે તમારા જેવા ખરાબ બીજા કોઈ નથી.'

*બુરા જો દેખન મૈં ચલા બુરા ન મિલિયા કોય*
*જો દિલ ખોજૌં આપના મુઝસા બુરા ન કોય...*

પારસ્પરિક વ્યવહારનો સુદૃઢ પુલ 'અહંકાર' નામની સુરંગથી કકડભૂસ થઈ જાય છે. હું અમુક છું, તમુક છું-આવું અભિમાન વ્યક્તિને અળખામણી બનાવે છે. માણસ એની રીતે મોટો હશે, પણ એનામાં નમ્રતા ન હોય તો ખજૂરના ઝાડમાં અને એનામાં કોઈ ફેર નથી. ખજૂરનું ઝાડ ઘણું ઊંચું હોય છે, પણ એ મુસાફરને ઠંડો છાંયડો આપતું નથી. એને ફળ પણ કેટલા દૂર દૂર લાગે છે!

*બડા હુઆ તો ક્યા હુઆ જૈસે પેડ ખજૂર*
*પંથીકો છાયા નહીં ફલ લાગૈ અતિ દૂર.* ✶✶✶

એ-૬, ગુરુ કૃપા સોસાયટી, ઈન્દ્રપુરી પાછળ, હરણી રોડ,
વડોદરા-૩૯૦૦૦૬. ફોન : ૦૨૬૫-૨૪૮૧૬૮૦

## પ્રભાવતીબેન પન્નાલાલ છેડા

આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંનિષ્ઠ કાર્યકર અને કચ્છી જૈન સમાજના ક્રાંતિકારી વિચારક શ્રી પન્નાલાલ છેડાના ધર્મપત્ની શ્રીમતી પ્રભાવતીબેન છેડાએ તા. ૫-૫-૨૦૧૪ના દેહત્યાગ કર્યો.

મિત્ર પન્નાલાલ અને પ્રભાબેનનું પચાસ વર્ષનું સમૃદ્ધ અને અખંડ દામ્પત્ય જીવન કુદરતે ખંડિત કર્યું.

વાત્સલ્યમૂર્તિ પ્રભાબેને પોતાના સમૃદ્ધ અને તેજસ્વી પરિવારનું મૂલ્યવાન સંસ્કારથી સિંચન કર્યું હતું.

સદ્ગતના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત હો.

મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ તું લઈ જા...

**–શ્રી મું. જૈ. યુ. સંઘ પરિવાર**

# આત્માનું સક્રિયપણું અને અક્રિયપણું

□ સુમનભાઈ શાહ

**ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ-પ્રભાવ.**

શ્રીમદ્ રાજચંદ્રજી રચિત આત્મ-સિદ્ધિ ગા. ૭૮

**શબ્દાર્થ :**

પોતાના સ્વરૂપના ભાનમાં આત્મા પોતાના સ્વભાવનો એટલે ચૈતન્યાદિ સ્વભાવનો જ કર્તા છે, અન્ય કોઈ કર્માદિનો કર્તા નથી; અને આત્મા જ્યારે પોતાના સ્વરૂપના ભાનમાં વર્તે નહીં ત્યારે કર્મના પ્રભાવનો કર્તા કહ્યો છે.

**નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિએ ભાવાર્થ :**

ઉપરની આત્મ-સિદ્ધિની ગાથામાં મનુષ્યગતિના સાંસારિક જીવના કર્તાપણાનું નિરૂપણ થયેલું જણાય છે, જેને નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિએ (અપેક્ષાએ) નીચે મુજબ ઘટાવી શકાય.

મનુષ્યગતિના સાંસારિક જીવને મન, વચન અને કાયાનો યોગ વર્તે છે. આ ત્રણ અંગો ગમનાગમન, શ્વાસ-ઉચ્છ્વાસ અને મનથી થતાં કાર્યોમાં કંપાયમાન થાય છે. જ્ઞાનીઓનું કથન છે કે શુદ્ધાત્માના અસંખ્યાત આત્મપ્રદેશો શરીરમાં વ્યાપ્તિ પામેલા છે. જ્યારે હલન-ચલનથી શરીરના વિવિધ અંગો કંપાયમાન થાય છે ત્યારે તેના નિમિત્તથી આત્મપ્રદેશો પણ કંપાયમાન થાય છે. પારિભાષિક શબ્દમાં આવા કંપાયમાનપણાને 'યોગ' કહેવામાં આવે છે. જ્ઞાનીઓનું કથન છે કે આવું કંપાયમાનપણું એ દરઅસલપણે નિશ્ચયદૃષ્ટિએ આત્માનો મૂળભૂત સ્વભાવ નથી. પરંતુ તે શરીરના કંપાયમાનપણાના નિમિત્તે થાય છે. આવી અપેક્ષાએ એવું ઘટાવી શકાય કે શુદ્ધાત્માને યોગક્રિયા નહીં હોવાથી તે **અક્રિય** છે. પરંતુ શુદ્ધાત્માને સ્વાભાવિક ચૈતન્યાદિ સ્વભાવરૂપ ગુણપર્યાયોના પરિણમનથી ક્રિયા હોવાથી તેને **સક્રિય** પણ ઘટાવી શકાય. શુદ્ધાત્માનું સ્વાભાવિક સ્વરૂપ પરિણમન એટલે સામાન્ય સ્વભાવ અને જ્ઞાનદર્શનાદિ વિશેષગુણોના (જે દરેક આત્મ પ્રદેશે રહેલા છે) પર્યાયોનું ષટ્સ્થાન હાનિ-વૃદ્ધિ મુજબ અગુરુલઘુ ગુણના ઉદાસીન નિમિત્તે સમયે-સમયે થતું સહજ પરિણમન (ઉત્પાદ્-વ્યય-ધ્રુવતા). પર્યાયોનું આવું સ્વાભાવિક પરિણમન કેવળીગમ્ય છે એવું જ્ઞાનીઓનું કથન છે. સામાન્યપણે ઘણાં સમયના પરિણમન પછી સાંસારિક જીવને જાણ થાય છે જેને લોકભાષામાં **અવસ્થા** કે **ભાવ** કહે છે. ઉપર મુજબની અપેક્ષાઓથી એવું ઘટાવી શકાય કે શુદ્ધાત્મા 'પર' યોગ, 'પર' ભાવ અને વિભાવનો કર્તા નથી માટે શુદ્ધાત્મા **અક્રિય** કહેવાને યોગ્ય છે, પરંતુ તે પોતાના ચૈતન્યાદિ સ્વભાવમાં નિરંતર પરિણમન પામે છે માટે શુદ્ધાત્માને **સક્રિય** કહેવામાં પણ દોષ નથી.

જ્ઞાનીઓનું કથન છે કે એકથી દસમા ગુણસ્થાનકે સ્થિત સાંસારિક જીવોને સકષાયી ઘટાવી શકાય, એટલે ન્યૂનાધિક કષાય સહિત જીવો ('પર'માં પોતાપણું અથવા રાગદ્વેષ અને અજ્ઞાનવશ). આવા સાંસારિક જીવોના જ્યારે આત્મપ્રદેશો કંપાયમાન થાય છે (શારીરિક અંગોના હલન-ચલનાદિ નિમિત્તથી) ત્યારે તે પૌદ્‌ગલિક સ્કંધોને લોહચૂંબક માફક આકર્ષિત કરે છે, જેને પારિભાષિક શબ્દમાં રાગાદિ **ભાવકર્મો** કહેવામાં આવે છે. આવા પૌદ્‌ગલિક સ્કંધોનું જ્યારે આત્મપ્રદેશો ઉપર રહેલા વિશેષ ગુણો સાથે મિશ્રભાવે જોડાણ થાય છે, તેને પારિભાષિક શબ્દમાં દ્રવ્યકર્મો કહેવામાં આવે છે. આવા જોડાણ વખતે કાર્મણ વર્ગણાનું ભારણ જીવને થાય છે અથવા વિશેષ ગુણો આવરણ પામે છે. ઉપરાંત આવા જોડાણ વખતે કર્મોની પ્રકૃતિ (પ્રકારો), સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધનું નિર્માણ થાય છે. સકષાયી (રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવ) આવી રીતે કર્મબંધ અને કર્મફળની પરંપરા ચારગતિના ભવભ્રમણમાં ભોગવે છે. આમ જીવ જ્યારે પોતાના આત્મસ્વરૂપના ભાનમાં વર્તતો નહીં હોવાથી તેને કર્મ-પ્રભાવનો કર્તા વ્યવહાર દૃષ્ટિએ કહેવામાં આવે છે. એક વાર દ્રવ્યકર્મો આત્મપ્રદેશો ઉપર સ્થિત વિશેષગુણો સાથે મિશ્રભાવે જોડાણ થઈ ગયા પછી તે કુદરતી નિયમાનુસાર યોગ્ય સમયે અને યોગ્ય માત્રામાં ઉદયમાન થઈ ફળ આપે છે જેને પારિભાષિક શબ્દમાં **'કર્મ-વિપાક'** કહેવામાં આવે છે. આમ સકષાયી જીવને ભાવકર્મ એ પોતાની ભ્રાંતિ છે માટે ચેતનરૂપ છે. આવી ભ્રાંતિને અનુયાયી થઈ જીવવીર્ય (શક્તિ) સ્ફુરાયમાન થાય છે તેથી જીવ જડ એવા દ્રવ્યકર્મોની વર્ગણાઓ ગ્રહણ કરે છે. જીવ આ અપેક્ષાએ વ્યવહારદૃષ્ટિએ કર્મનો કર્તા છે.

અનંત ચતુષ્ટય ધારક દેહધારી કેવળજ્ઞાનીને પણ મન, વચન, કાયાદિનો સંજોગ વર્તે છે અને તેઓનું શરીર પણ ગમનાગમનાદિ ક્રિયામાં કંપાયમાન થાય છે. આવા કંપાયમાનપણાના નિમિત્તથી તેઓના શરીરમાં વ્યાપ્તિ પામેલા અસંખ્યાત આત્મપ્રદેશો પણ કંપાયમાન થાય છે. તેઓના કંપાયમાન થયેલા આત્મપ્રદેશો ઈર્યાપથિક પૌદ્‌ગલિક સ્કંધોને આકર્ષિત કરે છે, પરંતુ તેઓ સર્વથા અકષાયી હોવાથી આવા સ્કંધો આત્મપ્રદેશોને માત્ર સ્પર્શી બે-ચાર સમયમાં જ ખરી પડે છે. અર્થાત્ ઈર્યાપથિક પૌદ્‌ગલિક સ્કંધો વિપાકનું જનક થતા નથી એવું જ્ઞાનીઓનું કથન છે. વ્યવહારદૃષ્ટિએ એવું ઘટાવી શકાય કે કેવળજ્ઞાની પોતાના અઘાતિ કર્મોની નિર્જરા માત્ર જોઈ-જાણે છે, પરંતુ તેનો અનુભવ કરતા નથી.

**ઉપસંહાર :**

નિશ્ચયદૃષ્ટિએ સાંસારિક જીવમાં સ્થિત શુદ્ધાત્મા **અક્રિય** અને **સક્રિય** એમ ઘટાવી શકાય, માટે શુદ્ધાત્મા નિજ સ્વભાવનો કર્તા કહેવામાં આવે છે. વ્યવહારદૃષ્ટિએ રાગદ્વેષ અને અજ્ઞાનવશ (સકષાયી) જીવ ભાવકર્મ-નોકર્મ-દ્રવ્યકર્માદિનો કર્તા કહેવામાં આવે છે. ટૂંકમાં કષાય જ સંસારવૃદ્ધિનું પ્રમુખ કારણ ઘટાવી શકાય. ✶✶✶

'સૌરભ', ૫૬૩, આનંદવન સોસાયટી,
ન્યૂ સામા રોડ, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૭૯૫૪૩૯.

# જયભિખ્ખુ જીવનધારા : ૬૦

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ પોતાની ચોપાસના સમાજની સુખાકારી માટે અને વ્યાપક રૂપે જનસમુદાયના કલ્યાણ માટે પ્રયત્નો કરનાર મૂલ્યનિષ્ઠ સર્જક જયભિખ્ખુ એમની કલમની માફક એમના કાર્યોથી પણ સ્મરણીય બની રહ્યા છે. એમના પ્રેમાળ વ્યક્તિત્વને કારણે એમને ચાહનારા લોકોનો વિશાળ વર્ગ હતો અને એમના પરગજુ સ્વભાવને કારણે આસપાસના સમાજમાં એમના વ્યક્તિત્વની આગવી સુવાસ પ્રસરેલી હતી. એમના જીવનની એવી કેટલીક ઘટનાઓ જોઈએ આ ૬૦મા પ્રકરણમાં. ]*

## હું સહેજે ડરાવી શક્યો નહીં!

સર્જક જયભિખ્ખુને એમના પિતા વીરચંદભાઈ દેસાઈ પાસેથી કુટુંબ-પ્રેમ, વ્યવહાર-કુશળતા, પ્રામાણિકતા અને પોતે માનતા હોય તેને માટે માથું મૂકવાની ભાવના મળ્યાં હતાં. પિતા વીરચંદભાઈનો જન્મ એમના મોસાળમાં વિ. સં. ૧૯૪૪ના ચૈત્ર સુદ બીજના દિવસે જેગરવા (ધ્રાંગધ્રા પાસે) જેવા નાનકડા ગામડામાં થયો. એમના પિતા હીમચંદભાઈ દેસાઈ (જયભિખ્ખુના દાદા) એ સોરાષ્ટ્રના રાજકોટ પાસે આવેલા અને 'ભગતના ગામ' તરીકે જાણીતા સાયલા ગામમાં રૂનો ધંધો કરતા હતા, પરંતુ રૂના ધંધામાં ઘણી મોટી ખોટ આવી અને એ પછી થોડા સમય બાદ હીમચંદભાઈનું અવસાન થયું. ઘણી નાની વયે વીરચંદભાઈના માથે વિશાળ કુટુંબની સંભાળ લેવાની મોટી જવાબદારી આવી પડી.

એમણે વિચાર્યું કે આ સાયલા ગામમાં કુટુંબનો નિર્વાહ થઈ શકે એટલી આજીવિકા મેળવવી મુશ્કેલ છે. ઓછી આવકમાં આટલા મોટા કુટુંબનો નિર્વાહ કરવો કઈ રીતે? પરિસ્થિતિને મૂંગે મોંએ વશ થવાને બદલે નવું સાહસ કરવાનું વિચાર્યું. પોતે કાઠિયાવાડના, પણ કાઠિયાવાડ છોડીને ઉત્તર ગુજરાત તરફ જવાનું નક્કી કર્યું. સાયલાથી બસો માઈલ દૂર આવેલા વિજાપુર તાલુકાના વરસોડા ગામે જઈને વરસોડાના દરબારને ત્યાં આશરે ૨૩ વર્ષની ઉંમરે પંદર રૂપિયાના પગારથી કારભારી તરીકે નોકરી સ્વીકારી.

આ સમયે વીરચંદભાઈના મોટાભાઈ જીવરાજભાઈ પણ નાની ઉંમરમાં ગુજરી ગયા હતા અને એમના નાના ભાઈ દીપચંદભાઈએ તો સંસાર છોડીને દીક્ષા અંગીકાર કરી હતી, તેથી પોતાના કુટુંબની અને બંને ભાઈઓના કુટુંબની સઘળી જવાબદારી વીરચંદભાઈના શિરે આવી. કમાનાર એક વ્યક્તિ અને ખાનાર આટલા બધા, પણ વીરચંદભાઈ બાહોશ, ચતુર અને કુશાગ્ર બુદ્ધિશાળી હતા. એ સમયે પણ તેઓ નારી-કેળવણીના હિમાયતી હતા અને તેથી પોતાની પુત્રી સુશીલાબહેનને લોદરા ગામમાં સાત ધોરણ સુધી અભ્યાસ કરાવ્યો. લોદરાની એ નિશાળમાં વીસ વિદ્યાર્થીઓ હતા અને વિદ્યાર્થિની તરીકે એક માત્ર સુશીલાબહેન જ! સાત ધોરણ પૂરા કર્યા પછી વર્નાક્યુલરની પરીક્ષા આપવા માટે વીરચંદભાઈએ સુશીલાબહેનને વડોદરા પણ મોકલ્યાં હતાં.

વીરચંદભાઈ પ્રામાણિક અને કર્તવ્યનિષ્ઠ હતા, તેથી વરસોડાના દરબારની નોકરી એમણે ઘણી વફાદારીથી કરી. માત્ર સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હોવા છતાં કોર્ટના કાયદાઓનું જ્ઞાન અને કોઠાસૂઝ અદ્ભુત હતાં. આને પરિણામે રાજની કોર્ટના વકીલો પણ એમની કાયદાકીય સલાહ લેવા આવતા અને એમના માર્ગદર્શનને પરિણામે એ મુજબ કેસ લડીને જીત મેળવતા હતા. વરસોડામાં વીરચંદભાઈનો ઘણો પ્રભાવ હતો અને ગામમાં સહુ કોઈ એમને કારભારી તરીકે માન આપતા હતા, પરંતુ એ પછી વરસોડાના દરબાર સાથે નીતિવિષયક પ્રશ્ને મતભેદ ઊભો થતાં એમણે નોકરી છોડી દીધી અને વરસોડાથી નજીક આવેલા લોદરા ગામમાં રહ્યા. અહીં લાકરોડાના અને વરસોડાના નાના દરબારના કારભારી તરીકે કામગીરી શરૂ કરી. એમના મિત્રોમાં વિજાપુરના મુસ્લિમ લાલમિયાં સુજાતમિયાં હતા. હિંદુ-મુસ્લિમની આ એક સાચી દોસ્તી હતી અને એ દોસ્તી બંનેએ જીવનભર નિભાવી.

વીરચંદભાઈના કામમાં ચોકસાઈ, ચીવટ અને ઝીણવટભરી દૃષ્ટિ જોવા મળતી હતી. એક વિશાળ વડલા જેવા કુટુંબના મોભી તરીકે એમણે પોતાના ભાઈઓના સંતાનોને એવી રીતે સાચવ્યાં કે જાણે બધાં જ સંતાનો એમના પોતાના ન હોય! એ સમયે એક સાથે વિવાહ-લગ્નના પ્રસંગો ઉકેલતા અને એ ખાસ ધ્યાન રાખતા કે પોતાનાં સંતાનો અને ભાઈઓનાં સંતાનોના લગ્નમાં સહુને સરખું જ મળે. બધાને માટે સાડી સરખી, દાગીના સરખા અને લગ્નનો ખર્ચ પણ સરખો! લગ્નના વ્યવહારમાં પોતાનાં સંતાનોને વધુ અને અન્યને ઓછો વ્યવહાર થાય એવો ભેદ રાખતા નહીં. સમગ્ર કુટુંબની જવાબદારી એમણે હસતે મુખે સ્વીકારી હતી અને પોતાની આવગી કાર્યકુશળતાથી એ પાર પાડી હતી.

માત્ર પોતાના જ ભાઈઓના સંતાનો નહીં, બલકે એમના કાકાના દીકરા અમુલખભાઈને જિંદગીભર પોતાની સાથે રાખ્યા. તેમના સાળા ચુનીભાઈના અભ્યાસ અને લગ્નની સઘળી જવાબદારી પણ એમણે હોંશભેર ઉપાડી હતી. વીરચંદભાઈનું મૃત્યુ વિ. સં. ૨૦૦૪ વૈશાખ સુદ તેરસના દિવસે અમદાવાદમાં થયું.

વીરચંદભાઈની આ કુટુંબભાવના એમના અને એમના ભાઈઓના

સંતાનોમાં એવી ઊતરી કે એમની વચ્ચે સગા ભાઈઓ જેવો જ વ્યવહાર રહ્યો. વીરચંદભાઈના કુટુંબપ્રેમના સંસ્કારો જયભિખ્ખુમાં પૂરેપૂરા ઊતર્યા. કુટુંબનો કોઈ પ્રશ્ન હોય, ત્યારે જયભિખ્ખુ સદા આગળ આવીને ઊભા રહેતા. કુટુંબમાં લગ્નની બાબતમાં કોઈ સમસ્યા ઊભી થાય તો એના ઉકેલ માટે જયભિખ્ખુ રાત-દિવસ એક કરતા. આવું બને ત્યારે કુટુંબના બધા ભાઈઓ ભેગા થતા, ચર્ચા કરતા, કોઈની ભૂલ થતી હોય તો ઠપકો આપતા, પણ પછી જે નિર્ણય લેવાય તે મુજબ સહુ કોઈ એનું પાલન કરતા.

વળી, કૌટુંબિક લગ્ન કે મૃત્યુ જેવા પ્રસંગોએ બધાં એક સાથે મળીને કામ ઉપાડી લેતા. કોઈ લગ્નપ્રસંગ હોય તો સરભરાનું કામ જયભિખ્ખુના પિતરાઈ મોટાભાઈ રતિલાલ દેસાઈ અને જયભિખ્ખુ સંભાળતા. રસોડાની સઘળી જવાબદારી છબીલભાઈ સંભાળતા અને બીજાં કામો ધરમચંદભાઈ, કાંતિભાઈ અને મૂળચંદભાઈને સોંપી દેવામાં આવતાં. પોતાના કુટુંબના લગ્નપ્રસંગો તો એમણે આ રીતે ઉકેલ્યા હતા, પરંતુ નજીકના પરિચિતોના પ્રસંગોએ પણ આ દેસાઈ ટીમ પહોંચી જતી અને એ પ્રસંગ ધામધૂમથી ઊજવાય એવી વ્યવસ્થા કરાતી. એકવાર જયભિખ્ખુ રાણપુરમાં લગ્નપ્રસંગે ગયા હતા અને ત્યારે પોતાની સાથે શ્રી રતિકુમાર વ્યાસ જેવા લોકગાયકને પણ લઈ ગયા હતા, જેમના લોકસાહિત્યની રસલ્હાણથી મુંબઈથી આવેલા જાનૈયાઓ પ્રસન્ન થઈ ગયા હતા.

જયભિખ્ખુને દલીચંદભાઈ દોશી સાથે ગાઢ દોસ્તી. દલીચંદભાઈ એમના સાઢુભાઈ થાય, પણ બંને વચ્ચે એવી સ્નેહગાંઠ એટલી મજબૂત કે મળે એટલે છૂટા પડવાનું નામ જ ના લે. ક્યારેક તો એકબીજાને છોડીને જતા અટકાવી રાખવા માટે જાતજાતની તરકીબો અજમાવે. દલીચંદભાઈ એક વાર પોતાના સાસરે રાણપુર આવ્યા હતા. વહેલી સવારે જવાના હતા. પહેલે દિવસે તો બધાએ ભેગા મળીને ઊઠવા માટેના એલાર્મનો કાંટો ફેરવી નાખ્યો. દલીચંદભાઈ મોડા ઊઠ્યા અને ગાડી જતી રહી. પરિણામે દલીચંદભાઈને સાસરામાં એક દિવસ વધુ રહેવું પડ્યું. બીજે દિવસે જયભિખ્ખુ અને મિત્રોએ એવો પેંતરો કર્યો કે રાણપુરના સ્ટેશને ગાડી આવે, ત્યારે બાંકડા પર બેઠેલા દલીચંદભાઈને બે હાથથી પકડી રાખવા. ગાર્ડને કહેવું કે જમાઈરાજા રિસાઈને જાય છે એટલે અમે એમને પકડી રાખ્યા છે. ગાડીમાં બેસવા દેતા નહીં. તમે ગાડી જલદી ઉપાડો. ટ્રેનના ગાર્ડ ગામલોકોને ઓળખતા હતા એટલે એમણે આ કાર્યમાં ઉષ્માભર્યો સહયોગ આપ્યો અને દલીચંદભાઈને એક દિવસ વધુ રોકાઈ જવું પડ્યું.

બધા ભેગા મળીને ચોપાટ રમે, ત્યારે આખુંય ગામ ગજવે. કોઈની કૂકરી ઉડાડે, ત્યારે મોટો વિજયનાદ કરે અને બીજા કેટલાયની ઊંઘ ઉડાડી દે. પરંતુ આ બધાંયનાં મૂળમાં પરસ્પર માટેનો ગાઢ પ્રેમ હતો અને તેને કારણે એ નિરાંતના જમાનામાં આમ એકાદ દિવસ રોકાઈ જવામાં મહેમાનનેય કોઈ વાંધો આવતો નહોતો. બન્યું એવું કે ૧૯૪૪ની ૨૫મી ડિસેમ્બરે શ્રી દલીચંદભાઈ દોશીનું હૃદયરોગથી અણધાર્યું અવસાન થયું.

એમના પરિવારમાં એમના પત્ની મોંઘીબહેન તથા ચંપકભાઈ, રસિકભાઈ, કાંતિભાઈ, કિશોરભાઈ, રમેશભાઈ, મહેશભાઈ એ છ પુત્રો અને કંચનબેન અને પ્રમિલા એ બે પુત્રીઓ હતાં. આ બધાંની ઉંમર પ્રમાણમાં ઘણી નાની હતી. એમને માથે મોટું આભ તૂટી પડ્યું, કારણ કે બાળકો બધાં નાનાં હતાં અને હજી અભ્યાસ કરતાં હતાં. ધીરે ધીરે આ પ્રચંડ આઘાતની કળ વળવા લાગી અને ૨૮-૨-૪૫ના દિવસે ચૌદ વર્ષના સૌથી મોટા પુત્ર ચંપકભાઈને એમણે લખ્યું કે 'હવે તમે નાના નથી. તમારે ઘરની જવાબદારી ઉપાડી લેવી જોઈએ.'

માત્ર ચૌદ વર્ષની ઉંમરે ચંપકભાઈ દોશીએ આ વહીવટ સંભાળ્યો અને પૂજ્ય મોંઘીબહેન અને ચંપકભાઈએ ભાઈ-બહેનોના ઉછેરની જવાબદારી સ્વીકારી લીધી. આ સમયે જયભિખ્ખુનું સતત માર્ગદર્શન મળ્યું. વિશેષે એમના અભ્યાસની સતત કાળજી લીધી. એમના પત્ની જયાબહેને પણ પોતાની બહેનના કુટુંબના સંતાનોને પોતાના સંતાનો ગણીને સાચવ્યાં.

આ સમયે જયભિખ્ખુએ એમને એક સોનેરી સલાહ આપી. સવાલ એ હતો કે દલીચંદભાઈના અણધાર્યા અવસાન પછી ઘરની આજીવિકા કઈ રીતે ચલાવવી? કેટલાકે કહ્યું કે દર વર્ષે થોડું-થોડું સોનું વેચવા કાઢવું અને એમાંથી ઘર ચલાવવું. જ્યારે જયભિખ્ખુએ કહ્યું કે એમ કરવાને બદલે એકસાથે સોનું વેચીને એની રકમ વ્યાજે મૂકી દેવી, જેથી એ વ્યાજમાંથી નિયમિતપણે ઘર ચાલ્યા કરે. શ્રી રસિકભાઈ દોશી આજે કહે છે કે એમની આ સલાહને કારણે જ અમે આબરૂભેર જીવી શક્યા. એ પછી જયભિખ્ખુએ જીવનભર પોતાના મિત્ર સમા દલીચંદભાઈના કુટુંબને પ્રેમ, હૂંફ અને માર્ગદર્શન આપ્યાં અને એમના પ્રેમાળ વડીલ બની રહ્યા.

સમય જતાં એવું પણ બન્યું કે જયભિખ્ખુના દરેક કાર્યમાં અને એમની ષષ્ટિપૂર્તિ ઉજવણીના પ્રસંગોમાં કે જયભિખ્ખુના સાહિત્ય ટ્રસ્ટના કાર્યક્રમોમાં ચંપકભાઈ દોશી અને રસિકભાઈ દોશીએ ઘણી જવાબદારી ઉપાડી લીધી અને આ અંગે ભક્ત કવિશ્રી દુલા ભાયા કાગે લખ્યું છે કે-

'શ્રી ચંપકભાઈ અને રસિકભાઈ–આ બંને ભાઈઓની બાલાભાઈમાં એટલી ભક્તિ છે કે જેટલી શ્રીરામમાં હનુમાનને હતી.'

જયભિખ્ખુના આ પ્રેમનો અનુભવ એમના વિશાળ મિત્રવર્તુળને પણ થતો. એમણે ૧૯૬૨ના ગાળામાં એક 'સપ્તર્ષિ મંડળ' કર્યું હતું. આ મંડળના ચેરમેન જયભિખ્ખુ હતા અને મંત્રી શ્રી ઠાકોરભાઈ અમીન હતા. મંડળનું કોઈ ધારાધોરણ નહીં, મંડળના સભ્ય થવાની કોઈ ફી નહીં, માત્ર એટલું જ કે બધાએ સાથે મળીને મંડળના એક સભ્યને ઘેર આનંદભેર ભોજન લેવું. આમાં જુદા જુદા વ્યવસાયના ૩૮ લોકો જોડાયા હતા. એમાં 'ચંદ્ર' ત્રિવેદી, કે. સી. નરેન જેવા ચિત્રકાર હોય

અને ગિજુભાઈ વ્યાસ જેવા રેડિયો નિયામક પણ હોય. સી. એન. શાહ કે એમ. જી. શાહ જેવા સેલ્સ-ટૅક્સમાં ડેપ્યુટી કમિશનરપદે બિરાજનારા પણ હોય, એ સમયના ગૃહપ્રધાન માધવસિંહ સોલંકી અને ધારાસભ્ય વિઠ્ઠલભાઈ અમીન પણ હોય અને હમીદ ગુલામરસુલ કુરેશી પણ હોય. ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર કંચનભાઈ પરીખ કે પછી ગોવિંદભાઈ પટેલ અને પશાભાઈ પટેલ જેવા પ્રભાત પ્રોસેસ સ્ટુડિયોના સંચાલકો પણ હોય.

આમ ભિન્ન ભિન્ન વ્યવસાયના લોકો સાથે મળે, ભોજન કરે અને મોકળા મને આનંદ કરે. એમની આ મૈત્રીમાં જાણીતા વૈદ્ય શ્રી ગોવિંદપ્રસાદનો પણ સમાવેશ થાય. ગોવિંદપ્રસાદ અને જયભિખ્ખુ મળે, ત્યારે એકાએક હાસ્યનો ફુંવારો ઊડતો લાગે. એવા ખડખડાટ હસે કે છેક નીચે અવાજ સંભળાય. ગોવિંદપ્રસાદ આયુર્વેદના જાણીતા વિદ્વાન અને ચિકિત્સક, ત્યારે જયભિખ્ખુ જાણીતા લેખક. પણ બંનેની મૈત્રી એમની કારકિર્દીના પ્રારંભ કાળમાં થયેલી અને બંને પોતાના વ્યવસાયમાં પ્રગતિ સાધવાની કોશિશ કરતા હતા. સમય જતાં ગોવિંદપ્રસાદે એક બહુમુખી પ્રતિભાસંપન્ન વૈદ્ય તરીકે નામના મેળવી અને અમદાવાદ અને ગુજરાતની આયુર્વેદની અનેક પ્રવૃત્તિઓમાં આધારસ્થંભરૂપ બની રહ્યા.

જયભિખ્ખુને જ્યારે કોઈ વ્યાધિ આવે કે તરત એમના મિત્રનું સ્મરણ કરે અને ગોવિંદપ્રસાદ વૈદ્ય મોટરમાં મદદનીશો સાથે ઘેર આવે. એ ઘેર આવે એટલે જયભિખ્ખુ પાસે બેસે અને જયભિખ્ખુ આતિથ્યનો હુકમ હાંકે. બૂમ પાડીને કહે કે 'વૈદ્યરાજની મોળી ચા અને મારી ડબલ ખાંડવાળી ચા મોકલો.'

આ સમયે ગોવિંદપ્રસાદ હસતાં હસતાં કહે પણ ખરા કે, 'વૈદ્યરાજ! જે તિથિ લખાઈ હશે, તેમાં કોઈ કશો ફેર કરી શકવાનું નથી. શાને માટે આટલી બધી ફિકર કરવી? બસ, એટલી ઈચ્છા છે કે શાંતિથી મોત મળે.'

'એટલે ?'

જયભિખ્ખુ બોલ્યા,'હાથી ગીચ જંગલમાં આખી જિંદગી પસાર કરે છે, પણ એના મૃત્યુ વેળાએ એ એકાંત પસંદ કરે છે. મારે પણ એવું એકાંત મૃત્યુ જોઈએ છે.'

વૈદ્યરાજ કહે, 'એ તો બરાબર, પણ તમને ખ્યાલ છે કે તમારો રોગ કેટલો ગંભીર છે? પગમાં સોજા, કિડનીની તકલીફ, પુષ્કળ ડાયાબિટીસ અને વધારામાં બ્લડપ્રેશર પણ ખરું.'

જયભિખ્ખુ કહે, 'તેથી શું ? એક દિવસ તમે વહેલી સવારે અખબારમાં વાંચશો કે તમારા મિત્ર ચાલ્યા ગયા.'

આમ બંને વચ્ચે ગપસપ ચાલતી હોય અને બન્યું પણ એવું કે જયભિખ્ખુનું એકાએક અવસાન થતાં શ્રી ગોવિંદપ્રસાદ વૈદ્યને ઊંડો આઘાત લાગ્યો. એ તત્કાળ ઘેર આવ્યા, ત્યારે મેં એમને કહ્યું,

'વૈદ્યરાજજી, જયભિખ્ખુને તમે કહેતા હતા કે તમે અમને દગો આપશો અને એકાએક ચાલ્યા જશો, એવું જ બન્યું.'

ગોવિંદપ્રસાદે કહ્યું કે, 'ભાઈ, આવું તો હું મારા મિત્રને વર્ષોથી કહેતો હતો. વૈદ્યરાજ તરીકે હું રોગના વર્ણનથી અને એના ભવિષ્યના પરિણામોથી ભલભલાને ધ્રુજાવી શકું છું, પણ આ એક જયભિખ્ખુ એવા જોયા કે જેમને હું ધ્રુજાવી કે ડરાવી શક્યો નહીં. ખરા મર્દ હતા એ તો ?'

જયભિખ્ખુ પોતાની સાથે પોતાના ઘેર અને પ્રવાસમાં એક દવાની પેટી રાખતા હતા. ચંદ્રનગર સોસાયટીમાં કોઈ બીમાર પડે એટલે એમની પાસે દોડી આવે અને જયભિખ્ખુ જાણે પ્રાથમિક સારવાર આપતા હોય તેમ તરત ગોળી કાઢીને આપી દે.

એક વાર ગુજરાતનું વિકાસકાર્ય જોવા માટે સરકાર તરફથી લેખક-પત્રકારોનું દસેક દિવસનું પર્યટન યોજાયું હતું. આ પર્યટનમાં પન્નાલાલ પટેલ હતા અને સાથે જયભિખ્ખુ પણ હતા. આ સમયે પન્નાલાલ પટેલને એકાએક પુષ્કળ શરદી થઈ ગઈ. જયભિખ્ખુને એની જાણ થતાં એમના રૂમમાં દોડી ગયા. અને એમના નાનકડા દવાખાનામાંથી બે-ત્રણ જાતની દવા લઈને આવ્યા. દવા આપવાની સાથોસાથ એમણે પન્નાલાલ પટેલને થોડી શિખામણ અને સૂચના આપી અને શરીર સંભાળ માટેની કરામત પણ શિખવાડી.

આ બનાવ વર્ણવીને શ્રી પન્નાલાલ પટેલ લખે છે કે, 'આ પછી એમણે આખીય સફર દરમિયાન મારી સંભાળ લીધા કરેલી. મેં જોયું તો મારી જ નહિ, જેની તબિયતમાં વાંધો આવતો એ દરેકની એ મમતાપૂર્વક ખબર રાખતા. આ ઉપરાંત વાતો પણ એમની એવી કે જ્યાં જુઓ ત્યાં એમની આસપાસ અમારા બધાનું ટોળું જ હોય!... પછી તો મને સમજાઈ ગયું કે બાલાભાઈ એટલે અનુભવોનો, પણ ખજાનો.'

આ પ્રવાસમાં એક વાર એક સરકારી અધિકારીને એકાએક છાતીમાં દુખાવો ઊપડ્યો. હૃદયરોગનો હુમલો થયો હતો, થોડી ક્ષણો એનું હૃદય બંધ પડી ગયું. ચોતરફ સન્નાટો મચી ગયો, કારણ કે બધા એટલે દૂર પ્રવાસમાં હતા કે એમને કોઈ તાત્કાલિક સારવાર મળી શકે તેમ નહોતું.

જયભિખ્ખુ તરત જ દોડી આવ્યા અને એમની છાતી પર માલિશ કરીને પોતાની પાસેની સોર્બિટ્રેડ ટૅબ્લેટ આપી, એને પરિણામે એમનો જીવ બચી ગયો. પેલા સરકારી અધિકારી જીવનભર જીવનદાન માટે જયભિખ્ખુનો આભાર માનતા રહ્યા.

આ રીતે પિતા વીરચંદભાઈ પાસેથી મળેલો કુટુંબપ્રેમ તો જયભિખ્ખુએ જાળવ્યો, પરંતુ પોતાના પ્રેમાળ વ્યક્તિત્વથી આસપાસના સમાજમાં સ્નેહભર્યું આકર્ષણ સર્જ્યું હતું. **(ક્રમશઃ)**

(૧૩બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯ ૨૬૬૦ ૨૬૭૫. મો. : ૦૯૮૨૪૦ ૧૯૯૨૫.

# સર્જન-સ્વાગત

**❑ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **સંવાદિતા એ જ ધર્મ**
લેખક : રફીક ઝકરિયા
ભાવાનુવાદ : પ્રફુલ્લ દવે
પ્રકાશક : પારુલ દાંડીકર
યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગળાજ માતાની વાડીમાં, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧.
ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭.
મૂલ્ય-૫૦/-, પાના-૯૦, પ્રથમ આવૃત્તિ-જાન્યુઆરી-૨૦૧૪.

આ પુસ્તકના લેખક શ્રી રફીક ઝકરિયાએ ગોધરામાં જે બરર્બતાપૂર્ણ ઘટનાઓ બની તેથી ક્ષુબ્ધ થઈને એક પુસ્તક લખ્યું–'Communal Rage in Secular India'

આ પુસ્તક શ્રી ઝકરિયા સાહેબના ઉપરના પુસ્તકમાંથી કેટલાંક પ્રકરણોનો ભાવાનુવાદ છે. શ્રી ઝકરિયા સાહેબ ઉદારવાદી વલણ ધરાવે છે. આધુનિક વિચારો સ્વીકારે છે તેથી રાજકારણ અને મુસ્લિમ જગતના પ્રવાહોને સ્વસ્થતાથી સમજી શકે છે, તેનું તટસ્થતાપૂર્વક વિશ્લેષણ કરે છે અને બંને કોમ વચ્ચે સંવાદિતા પેદા થાય તેવી આશા રાખે છે.

આ પુસ્તકમાં તેઓએ જેહાદ, બહુપત્નીત્વ, સંતતિ-નિયમન, કાફિર, તલ્લાક, સમાન નાગરિક ધારા અંગે વિગતથી સ્પષ્ટતા કરી છે. વિધાયક વલણ દાખવ્યું છે. શિવાજી, સ્વામી વિવેકાનંદ તથા સરદાર પટેલ અંગે જે જૂઠી વાતો ફેલાવાય છે તેની સુંદર સ્પષ્ટતા કરી છે.

૨૦૧૪ની સંસદની ચૂંટણીનો માહોલ ગરમ થઈ રહ્યો છે ત્યારે બંને કોમના મતદારો શાંત ચિત્તે વિચારે. પુસ્તકમાં હિંદુઓની મુસ્લિમો સામેની ફરિયાદો તથા સાંપ્રત પરિસ્થિતિમાં મુસ્લિમોના કર્તવ્ય વિશે આશાવાદી સલાહો અપાઈ છે. આ દિશામાં કાર્યરત નાગરિકોને જરૂર માર્ગદર્શન મળશે.

X X X

પુસ્તકનુ નામ : **ભાવના ભવનાશિની**
લેખક-સંપાદક : પૂ. મુનિરાજ સંયમકીર્તિ વિ. મ.સા.
પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ
પ્રાપ્તિસ્થાન : (૧) શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ,
બીજલ ગાંધી, ૪૦૧, ઓપ્સન્જ, નેસ્ટ હૉટલની સામે, સી. જી. રોડ, નવરંગ પુરા, અમદાવાદ-૯.
(૨) નરેશભાઈ નવસારીવાળા,
૩૦૪, શ્રીજીદર્શન, બિલ્ડીંગ-બી, ટાટા રોડ નં. ૨, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
મૂલ્ય : સદુપયોગ, પાના : ૩૬૬, આવૃત્તિ-પ્રથમ, ફાગણવદ-૮, વિ. સં. ૨૦૭૦.

પૂ. મુનિરાજ સંયમકીર્તિજીએ આ પુસ્તકમાં સોળે ભાવનાઓનું વર્ણન કર્યું છે તેમાં મુખ્યત્વે નીચેના ચાર મુદ્દાને પ્રાધાન્ય આપીને નિરૂપણ કર્યું છે. (૧) ભાવનાના વિષયની સમજૂતી (૨) અનિત્ય વગેરે ભાવનાઓમાં પરિશીલનની શૈલી. (૩) નિષ્કર્ષ–જ્ઞાનીઓનો ઉપદેશ (૪) પરિશીલનથી થતા લાભો.

તદુપરાંત, તે તે સ્થળે અનેક વિષયોના ખુલાસા પણ કર્યા છે અને કોઈક સ્થળે પ્રશ્નોત્તરી દ્વારા વિષયને સ્પષ્ટ કર્યા છે.

જૈન શાસનમાં ભાવનાઓનું આગવું સ્થાન છે. દરેક કક્ષાના સાધક માટે તે આવશ્યક છે. અનાદિના વિષય-કષાયના સંસ્કારો ખૂબ ઊંડા ઊતરી ગયેલા છે. એ સંસ્કારોનો ઉદય થાય અને સંકલ્પ વિકલ્પોનું વાવાઝોડું આત્માને ધર્મવિમુખ ન બનાવી દે એની સતત કાળજી સાધકોએ રાખવાની હોય છે.

દરેક જીવો અનાદિની ભૂલને સુધારી લઈ આત્મશ્રેય સાધે એ હેતુથી જ્ઞાનીઓએ પોતાના ગ્રંથોમાં સોળ ભાવનાઓને વર્ણવી છે.

આ પુસ્તકના માધ્યમે ભાવનાના સ્વરૂપને સમજીને સૌ કોઈ ભાવનાઓને ભાવતાં ભાવતાં વૈરાગ્ય પામી મોક્ષ માર્ગે આગળ વધે એ જ અભ્યર્થના.

X X X

પુસ્તકનુ નામ : **વિદેશે મુજ મુગ્ધ ભ્રમણ**
(લલિત, પ્રવાસ, ચારિત્ર અને વિચારપ્રધાન નિબંધોનો સંગ્રહ)
લેખક : જગદીશ દવે
પ્રકાશક : ગાડી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડાયસ્પોરા સ્ટડીઝ, રાજકોટ-૫.
પાર્શ્વ પબ્લિકેશન, નિશા પોળ, ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
મૂલ્ય : રૂ. ૨૦૦/- પાના : ૧૭૬, આવૃત્તિ : પ્રથમ-૨૦૧૩.

શ્રી જગદીશ દવેએ આ પુસ્તકના ત્રીસ લેખોમાં વિભિન્ન સ્તરેથી પોતાને, પોતાના 'હું'ને પ્રકટ કર્યો છે. તેમાં લાલિત્યપૂર્ણ દશ્યો, વ્યક્તિઓ, સ્થળો લલિત નિબંધ રૂપે અવતર્યા છે. સાથે સાથે ચરિત્રોની પણ એક આખી વિથિકા રચી આપી છે. જે વ્યક્તિની સાથે જે તે ભૂભાગની સાથે વાચકને જોડી આપે છે. કટાક્ષની રગમાં લખાયેલું કેટલુંક લેખકના સત્યપરખ વ્યક્તિત્વને નાથે છે તો શિક્ષણ વિષયક સર્વ લેખો તેમના શિક્ષકત્વને, અઢળક ભાષા પ્રેમને ધ્વનિત કરી આપે છે. વિદેશની આ અને આવી અન્ય દશ્યાવલિઓ ભારત અને ગુજરાત, તેની સંસ્કૃતિ વગેરે પણ ભળતાં રહ્યાં છે તેનો સ્વાદ કંઈ નોખો જ છે.

જગદીશ દવેની આવી ભાતીગળ રસવૃત્તિનો પરિચય આ નિબંધો કરાવે છે. તેમનું સરળ, સહજ, નમ્ર મર્મ યુક્ત ગદ્ય, સ્વોક્તિ ગદ્ય, કારગત નીવડ્યું છે.

લેખકના સંવેદન વૈભવ અને વિચારવૈભવનું હૃદયથી સ્વાગત.

X X X

પુસ્તકનું નામ : **નિસબત**
એક નાગરિકની સમાજ પ્રત્યે-દેશ પ્રત્યે
લેખક : કિશોર દેસાઈ
પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, પારુલ દાંડીકર
ભૂમિપુત્ર, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧.
ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭.
મૂલ્ય-૧૦૦/, પાના-૨૫૦, પ્રથમ આવૃત્તિ-જાન્યુઆરી-૨૦૧૪.

લેખક કિશોર દેસાઈએ અઢીસો પાનાના આ સુંદર સંગ્રહમાં પાંચ પાનામાં આવે એવા નિબંધો સંક્ષિપ્ત ચર્ચાપત્રોમાં ઢાળેલા છે. આ નિબંધો ગુજરાતના યુવાનોને સારી ચિંતન સામગ્રી પૂરી પાડશે. આ પુસ્તકમાં એમણે કેટલાક ચર્ચાપત્રો મૂક્યા છે. આમ જુઓ તો આ પત્રકારોના રાજકીય-સામાજિક લેખોનો સંગ્રહ જેવો આ વિશિષ્ટ પ્રકારનો સંગ્રહ છે. જે વાત પાંચ પાનાના લેખમાં કહેવાની હોય તે જ વાત અડધા પાનાના ચર્ચાપત્રમાં સચોટ રીતે સોંસરવી ઊતરી જાય એ રીતે કહેવી એ જેવા તેવા માણસનું કામ નથી. સડી રહેલી રાજકીય, સામાજિક પરિસ્થિતિની વેદના જેના મનમાં હોય તેવો જ કોઈ માણસ આવી રીતે પોતાની વાત વ્યક્ત કરી શકે.

આ ચર્ચાપત્રોમાં કિશોરભાઈ 'વ્હીસલ બ્લોઅર'નું કામ તો કરે જ છે. સાથે સાથે રાજકારણ અને સમાજને સુધારવાના વિચારો પણ દર્શાવે છે. આ રીતે તેઓ રાજકીય અને સામાજિક અનિષ્ટો તોડવાનું કામ કરે છે.

આ પ્રકારના ચર્ચાપત્રોનો આ સંગ્રહ કિશોરભાઈના મનની વાત ઘરેઘર પહોંચાડશે અને આજની ચિંતાજનક પરિસ્થિતિમાં લોકોને નવો સંદેશ આપશે.

x x x

પુસ્તકનું નામ : **સહયાત્રા**
પ્રકાશક : નિરંજન એસ. મહેતા
૮, બોલે સ્મૃતિ, ૧૧૫૬, સૂર્યવંશી હૉલ લેન, મુંબઈ-૪૦૦ ૦૨૮.
મૂલ્ય-અમૂલ્ય, પાના-૧૩૬. આવૃત્તિ-પ્રથમ.

સ્વ. ઈન્દુબહેન ઉદાણીને ગમતી કેટલીક કવિતાઓ, ચિંતનપ્રેરક ભાવધારાઓ, મૂઠી ઊંચેરા માનવીની જીવનદૃષ્ટિ અને સિદ્ધાંતોને આ સંકલનમાં સમાવી લેવામાં આવ્યા છે. સ્વજનોના સંગમાં રાજી રાજી રહેનાર ઈન્દુબહેને પ્રેમના એક મર્મને વિશાળ પરિઘમાં જાળવેલો. એમની ઉમદા જીવનસાથી તરીકેની નિષ્ઠાએ પતિ સાથેની હરેક પળને રાજીપાથી ભરી દીધેલી. તેથી આદર્શ દામ્પત્ય જીવનની અને પ્રેમવિષયક કેટલીક વિચાર કંડિકાઓ આ પુસ્તકમાં સમાવી છે.

પુસ્તકના બીજા વિભાગમાં જીવન-મૃત્યુની ચિંતનલીલાની રચનાઓ છે. ત્રીજા વિભાગમાં નરસિંહ મહેતા અને મીરાબાઈથી માંડી આજના નવા કવિની ભાવના યુગે યુગે કેવી બદલાતી રહી છે એની ઝાંખી ઈન્દુબહેનને ગમતાં કાવ્યો દ્વારા કરાવી છે. ચોથા વિભાગમાં શ્રીમદ્ રાજચંદ્રના વચનામૃતનું થોડુંક સંકલન મૂક્યું છે. અને પાંચમાં વિભાગમાં વિશ્વવિદિત ધર્મો અને એના મુખ્ય સિદ્ધાંતોની માહિતી એક અંગૂલિનિર્દેશ રૂપે આપવામાં આવી છે. તેમજ મૂઠી ઊંચેરા કેટલાક કવિ વિચારકોના પ્રેરણાત્મક વિચારો રજૂ થયા છે.

'સહયાત્રી'ના આ ચહેરાઓ સર્જક-વિચારક કવિ અને સહૃદયના સહયોગનું સંકલન છે.

x x x

પુસ્તકનું નામ : **ભાવથી ભવ તરીએ**
લેખક : મુનિશ્રી જિનાગમ રત્નવિજય
પ્રકાશક : શ્રી રાજ-રાજેન્દ્ર ટ્રસ્ટ, અમદાવાદ.
પ્રાપ્તિસ્થાન : (૧) કમલેશ કે. વોરા
રત્નરાજ એક્સપોર્ટ્સ, એફ-૩૮, પર્લ આર્કેડ, ટાટા રોડ નં. ૨, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪. મો. : ૯૮૨૦૦૭૧૦૩૬.
મૂલ્ય-ભાવ અનુભૂતિ રૂ. ૧૦૦/-, પાના-૧૩૪, આવૃત્તિ-પ્રથમ

મનનું સ્થિર તત્ત્વોથી જોડાણ થાય તો તે પણ સ્થિરત્વને પામે એવા અનેક પ્રસંગો શાસ્ત્રોના પાને આલેખાયેલાં જોવા મળે છે. સ્વભાવે સ્થિર બની શાશ્વત સ્થાને બિરાજેલા આપણાં પ્રભુજીએ પોતાની દેશનામાં શુભ ભાવોને પ્રગટાવવા ૧૨ ભાવનાઓનું સુંદર સ્વરૂપ સમજાવ્યું. આ ભાવો આપણી અનુભૂતિનો વિષય બને એવા ભાવે મુનિ શ્રી જિનાગમરત્નવિજયજીએ પોતાની ચિંતનધારાના પ્રવાહથી આ બાર ભાવનાઓનું સરળ ભાષામાં આલેખન આ પુસ્તકમાં કર્યું છે.

'ભાવના ભવ નાશિની' આ વાક્ય આત્માના ઊંડાણમાં જાગૃતિનું પ્રતીક છે. ભાવથી જ ભ્રમણ અને ભાવથી જ ભ્રમણનું સમાપ્તિકરણ કરતાં જીવ આ સંસારમાં દુઃખ અથવા સુખનો અનુભવ કરે છે. જ્ઞાનીઓની અગમ્ય વાણીને શ્રદ્ધાથી સ્વીકારી જે સ્વયંના હિત માટે ગતિશીલ બને છે તે અવશ્ય કરી આત્મા માટેના માર્ગે આગળ વધી જાય છે.

આવું ભાવનાનું સ્વરૂપ આ પુસ્તકમાં મુનિશ્રીએ લખીને નિજ હિતની સાથે અર્થાત્ સ્વથી સર્વના માટે સુંદર લખ્યું છે.

x x x

રૂપ માણેક ભંસાલી ટ્રસ્ટ પ્રકાશિત
પુસ્તકનું નામ : **જૈનપત્રકારત્વ**
સંપાદન : ગુણવંત બરવાળિયા
પ્રકાશક : શ્રી વીર તત્ત્વ પ્રકાશક મંડળ
શિવપુરી તથા શ્રી રૂપ માણેક ભંસાલી ચેરિટેબલ ટ્રસ્ટ, ૪૪, બૅંક સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.
મો.: ૦૯૯૮૭૧૦૬૫૦૧/ ૦૯૩૩૯૨૦૩૩૩.
પ્રાપ્તિસ્થાન : શ્રી રૂપ માણેક ભંસાલી ચેરિટેબલ ટ્રસ્ટ, ૧૭/૧૯, ખટાઉ બિલ્ડીંગ, બીજે માળે, ૪૪ બૅંક સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.
મૂલ્ય-૨૦૦/-, પાના-૨૩૦, આવૃત્તિ-પ્રથમ.

મહાવીર જૈન વિદ્યાલય ઈ. સ. ૧૯૭૭થી શ્રુત યજ્ઞરૂપ જૈન સાહિત્ય સમારોહનું આયોજન કરે છે, જેમાં ચોક્કસ વિષયો વિદ્વાનોને અગાઉથી જણાવી તેના શોધ-નિબંધ પ્રસ્તુત કરવામાં આવે છે.

૨૧મો જૈન સાહિત્ય સમારોહ પાવાપુરી-રાજસ્થાન મુકામે માર્ચ-૨૦૧૨માં યોજાયો હતો. જેમાં પત્રકારત્વ વિષય પર વિદ્વાનોએ શોધ-નિબંધ પ્રસ્તુત કર્યા હતા તેને 'જૈન પત્રકારત્વે' ગ્રંથ રૂપે પ્રગટ કરવામાં આવ્યા છે.

આ ગ્રંથમાં જૈન પત્રકારત્વનો ઇતિહાસ, જૈન પત્ર-પત્રિકાઓ અને જૈન પત્રકારોના સમયે-સમયે જિન શાસનના સંરક્ષણ અને ઉત્કર્ષમાં અપાયેલ યોગદાનની રસપ્રદ વિગતો છે.

જૈન પત્રો અસત્ય અને અન્યાયને સ્થાને સત્ય અને ન્યાય, હિંસાને સ્થાને અહિંસા, પરિગ્રહને સ્થાને દાન અને ત્યાગ, વૈચારિક સંઘર્ષને સ્થાને અનેકાંત દ્વારા સામંજસ્યની પ્રતિષ્ઠાનો પુરુષાર્થ કરે છે. તેની નીતિમાં ચતુર્વિધ સંઘ અને જિન શાસનનું હિત અભિપ્રેત છે. આ વિચારો 'જૈન પત્રકારત્વ' ગ્રંથમાં પ્રકટ થયા છે.

**સાભાર સ્વીકાર**

(૧) **'હિટલરની ચડતી અને પડતી'**. લેખક : યશવંત મહેતા પારુલ દાંડીકર. યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગલાજ માતાની વાડીમાં, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧. ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭. કિંમત : રૂા. ૧૫/-

(૨) **'એક અધ્યાય'**-લેખક : ડૉ. હસમુખ દોશી. પ્રકાશક : સૌ. નિરંજના દોશી, 'સંદીપ', સેતુબંધ સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭. ફોન : ૨૪૫૩૪૮૨.

(૩) **'અધૂરી કવિતા'** લેખક : ડૉ. હસમુખ દોશી-પ્રકાશક : સૌ. નિરંજના દોશી, 'સંદીપ', સેતુબંધ સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭. ફોન : ૨૪૫૩૪૮૨.

(૪) **'સંભારણાં'**-ઈન્દુબહેન ઉદાણીનો સ્મૃતિ અંક

(૫) **પ્રતિભાવ**-લેખક-સંપાદક-જાદવજી કાનજી વોરા
પ્રકાશક-શ્રીમતિ પ્રેમિલાબેન જયંતિલાલ શાહ પરિવાર , પ્રેમજ્યોતિ બંગલો, ૭/બી, જીવન સ્મૃતિ, પાટણવાળા સોસાયટી. ફોન : ૦૭૯-૨૭૪૩૫૪૧૮.
મીરાંબિકા સ્કૂલ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(૬) **શબ્દસૃષ્ટિ :** રજિ. વર્ષ-૨, અંક : ૭, વર્ષ-૩૦, અંક-૧૨, ડિસેમ્બર-૨૦૧૩. સળંગ અંક-૩૬૩. સંપાદક-હર્ષદ ત્રિવેદી
ગુજરાતી સાહિત્ય અકાદમી, અભિલેખાગાર, ગુલાબ ઉદ્યાન સામે, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭. ફોન : ૦૭૯-૨૩૨૫૬૭૯૮.

(૭) **જ્ઞાનદેશના** (હિન્દી) સંપાદક- ડૉ. અનુપમ જૈન, પ્રકાશક : શ્રુત સંવર્ધન સંસ્થાન, પ્રથમ તલ, ૨૪૭, દિલ્હી રોડ, મેરઠ-૨૫૦ ૦૦૨. ફોન : ૦૧૨૧ ૨૫૨૮૭૦૪. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. 9223190753.

# Thus He Was Thus He Spake : Happiness

Sitting forlorn, contemplative, trying to grasp - what exactly is this elusive thing called happiness?Was trying to jot thoughts as they were rushing through and I remembered this exercise we did a decade ago with my friend Divyaa where we wrote about what constituted happiness- While mine were more mundane, hers more existential- So here is a synopsis

As you read , please take a pen and paper and write down all that constitutes as happiness to you-

- Happiness is acceptance; unhappiness is in resistance
- Happiness is embracing the flow of events; unhappiness is in trying to/thinking we can control them
- Happiness is the deep abiding trust that everything is happening for the larger good even if we cant see it now; unhappiness is in wrestling with the reasons
- Happiness is a state of forgiveness where no one is seen as transgressor- thus no one to blame or forgive; unhappiness is in the burdens of blame and guilt
- Happiness is seeing the gift/opportunity/positive in everything; unhappiness is seeing the problem, difficulty, negativity
- Happiness is in Self – in Its empowerment that no outside agency be it 'another', 'fate' or 'God' is responsible for our experiences( the gnosis that we reflect, attract or put into our blueprints everything we meet in life);

  unhappiness is in abdication of this responsibility and deeming this point of power to be on the outside.
- Happiness is the equanimity of non judgment;

  unhappiness is in the e-motions of judgment & labels (good/bad – right/wrong - happy/pain)
- Happiness is in witnessing – knowing one is not ones thoughts or the content of one's mind ;

  unhappiness is in getting caught in the minds drama of duality and thoughts and their seeming ups and downs
- Happiness is mindfulness in the Now; unhappiness is focus on the past/ future
- Happiness is in surrender of 'happiness'; unhappiness is in trying hard to be happy
- Happiness is in not defining what happiness is or what can make us happy; unhappiness is in the limited images we have of happiness and what brings us happiness
- Happiness is in being free of the 'me' (individuated/ separated ego notion);

  unhappiness is part of the individuated separate ego self experience!No me = no worries, concerns, agenda's = happiness

☐ **RESHMA JAIN**

The Narrators

Mobile: 9920951074

## SPIRITUAL THOUGHT

- *If someone is rude and unkind, i will remember that the persons must be miserable inside. And so I will try to b kind and forgiving and when someone commits a mistake, I will forgive.*
- *Accept things and people as they are and one will be happy always.*
- *Everybody is full of violence, greed but since they don't have power, they behave like saints.*
- *Power in itself is neutral in good man's hand. It is blessing and in others hand, it's curse.*
- *Meditation can clean the ugly insticts within man, so when he has power, he is not corrupted.*
- *If friendship is your your weakest point, you are the strongest person in the world.*
- *You only live once, but if you it right, once is enough.*
- *Man is not what he thinks he is, he is what he hides.*

# THE GLORIOUS DARŚANAS

BY : ATISUKHSHANKAR TRIVEDI

## CHAPTER - VI : VEDANTA

**The Vedānta Sūtra :** The Pūrva Mīmānsā of Jaimini expounds the duties enjoined by the Vedas. As supplementary or on a view different from this, the Uttara Mīmānsā describes the philosophical and theological view of the Upaniṣads. This work of systematisation is done by Bādarāyana in the Vedānta Sūtra or the Brahma Sūtras, which constitute 555 Sūtras in all, which in a compact form the Vedānta Philosophy is developed.

These Sūtras bear different interpretations with different interpreters. Chief among the commentators of the Sūtras are Śankara, Bhāskara, Yādavprakāśa, Rāmānuja, Keśava, Nilakanṭḥa, Madhva, Baladeva, Vallabha and Vijnānabhikṣu.

Bādarāyaṇa is by Indian tradition identified with Vyāsa. But opinions differ. The Sūtra was composed, probably, in the period between 500–200 B.C. According to Maxmuller, the Vedānta Sūtra was earlier in date than the Mahābhārata. Keith is of opinion that Bādarāyaṇa cannot be later than 200 A.D.

The Vedānta Sūtra has 4 chapters. Chapter I reconciles the different Vedic statements about the Brahman (समन्वय). Chapter II meets the objections against the theory of the Brahman as the Real and criticises rival doctorines (अविरोध). Chapter III deals with the ways and means of attaining Brahmavidyā (साधन). Chapter IV deals with the fruits of this knowledge (फल).

**Philosophy of the Vedānta Sūtra :** According to Bādarāyaṇa the final authority is the Veda; Tarka is not the means for ascertaining truth. There were two sources of knowledge, Śruti and Smṛti, which are Pratyakṣam or Perception (Direct Knowledge) and Anumānam or Inference. The Śruti is selfevident and includes the Upaniṣads, and the Smṛti includes the Bhagvadgīta, the Mahābhārata, and the Manusmṛti. Reasoning is valid only to the extent to which it is in conformity with the Veda.

According to the Vedānta Sūtras there is only one Reality as set forth in the Upaniṣads, the Brahman. The Puruṣa and the Prakṛti are not independent substances but only modifications of a single Reality, which is the Origin, Support and End of the Universe. Brahman is not the same as the unintelligent Pradhāna or the individual soul. He has purity, truth, omniscience, omnipotence, etc. and cosmically he is the golden person in the gun, the cosmic light, the cosmic space, and the cosmic breath or prāṇa.

Brahman is the material and the instrumental cause of the Univese. The Sūtra brings out the identity of cause and effect. Cause and effect are the same like the cloth rolled up and the cloth spread out, or the man with the breath held up and again with the breath let loose. Brahman and the world are not different : like unto the clay pot.

Brahman develops itself into the world without undergoing change; it does this for its own sports. Bādarāyaṇa does not explain this as, later on, Rāmānuja does by saying that even the impossible might be accomplished by the Brahman. For Śankara the explanation is that the Brahman does not change, it is *we* who believe that the one transforms itself into the many.

The world is the result of the will of God, created as his play (Lilā). The differences in life are the results of differences in Karma. There is a moral order in the world, which is determined by the karmas; and Brahman is neither pitiless nor partial.

The three upper classes have the right to perform sacrifices; but even Śudras and women attain salvation through the grace of God.

The ultimate goal is the attainment of the Self. Knowledge of Brahman puts an end to the operation of Karmas, and Jivanmuktatā or liberation in life is possible.

The Bādarāyaṇa Sūtras are vague and indecisive, but they are monistic in essence.

**Gauḍapāda :** The first systematic exponent of the Monistic Vedānta is Gauḍapāda, 8th century A. D. He is the teacher of Govinda, the teacher of Śankara. He was probably living when Śankara was a student. Taking 788 A. D. to be the date of Śankara we might say that Gauḍapāda must have flourished about the 8th century A.D.

Gauḍapāda thus flourished after the great Buddhist teachers Aśvaghoṣa, Nāgarjunā, Asanga and Vasubandhu. He was possibly a Buddhist, and tried to show that the Upaniṣads tallied with Buddhism.

His work, the Gauḍapādakārikā is divided into 4

chapters: (1) The Āgama or Scripture. It explains the text of the Manḍūkyopaniṣhad. (2) The Vaitathya or Reality. It explains the phenomenal nature of the Universe. (3) The Advaita or Monism. It establishes the Monistic Theory. (4) Alātashānti or quenching of the Firebrand. It further explains the relativity of all experinces. As a stick burning at one end, when turned *round produces a circle* of fire, so is the world–an illusion.

Gauḍapāda presents an analysis of experience according to which life is a waking dream. Waking and dream experiences are on an equal par : they are equally real in their own orders or equally unreal in an absolute sense.

What is meant by calling the world a dream is that all existence is unreal. That which neither exists in the begining nor in the end cannot be said to exist in the middle or the present. There is neither production nor destruction; imagination realises non-existent existents.

Truth is like the Void. All things are but dreams and Māyā. Duality is imposed on the one by Māyā.

There is only an appearance of production in the world. Just as the movement of burning charcoal is percieved as straight or curved, so it is the movement of consciousness that is the Percieved and the Perceiver. Just as the attributes (straight or curved) are imposed on the charcoal, so all appearances are imposed on the consciousness. All things are relative (संवृत्ति) and nothing is permanent (शाश्वत).

These are Buddhistic views and Gauḍapāda assimilated the Śūnyavāda and Vijnānavāda teachings with the teachings of the Upaniṣads. In him the negative tendencies of Budhhism predominate, while contrasted with that of Śankara who takes a more balanced outlook of Reality.

Gauḍapāda says that the category of causation does not apply to Ultimate Reality. What is the order of cause and effect ? If the two were simultaneous, like the horns of an animal, they cannot be cause and effect. If thay are like seed and tree, we don't know the cause itself. Causation, to Gauḍapāda, is an imposibility. Neither is God the cause of the world nor is waking experience the cause of dream-states. The various things are all unreal; they only seem real so long as we accept casuality.

In short, Gauḍapāda establishes the unreal character of the world : (1) by its similarity to dream-states, (2) by the unintelligibility of causation, (3) by its non-persistence for all time.

In talking of the unreality of the external world, Gauḍapāda shows Buddhistic tendencies. He is very near to Buddhist Nihilism and like Nagārjunā denies causation, and the empirical world is traced to Avidyā or Samvṛti (Relativism).

**Śankara : Life and Literature :** Opinions differ as to the time when Śankara flourished, but according to Maxmuller and Macdonell, he was born in 788 A. D. and died in 820 A.D. His place of birth was Kalādi near Alwaye on the Malabar Coast. He had a prodigious intellect, and was pupil of Govinda, the pupil of Gauḍapāda. Very early-at an age of 8-he became a Sanyāsin, after tactfully taking his mother's permission. Interesting and instructive stotries are narrated about his wandering and contact with different men. He entered into mataphysical discussion with Kumārila and Manḍana Miśra, who were Mīmānsists. Story has it that when he controverted Manḍana Miśra, Bhārati, the learned wife of this opponent was accepted as the umpire by both; and after a long discussion, the Vedāntin Śankara was declared successful by the lady, and Manḍana Miśra was convered into his pupil, and since then known in the changed name of Sureśvarāchārya. Story also has it, how when Manḍana was declared defeated, Bharāti said that only half the success was won, for she was the other, better half of her husband, and unless she be defeated, Śankara cannot be said to have fully won, She asked him questions on Kāmaśāstra, which he as a Sanyāsin was ignorant of, and story has it, how he entered the body of Amaru, got the experience, and satisfied Bhārati, This shows that Śankara was an adept in Yoga practices. He established four maṭhs or Seminars, at Śṛingerim Puri, Dwārakā, and Badrināth. He died at Beadri at an age of 32.

At the time Śankara's birth, Buddhism was on its decline and demoralised. Vedic rites had fallen into disrepute. Śaivites and Vaiṣnavites were following superstitious practices. To prevent Buddhistic Atheism, Kumārila and Manḍana Miśra were emphasising the value of Karma and denouncing Knowledge and Sanyāsa. In the midst of these tendencies Śankara flourished as a philosopher and a saint. He was very liberal for he preached the highest Monism and yet permitted the worship of Śiva, Vishnu, Śakti and Sūrya. He was a poet and a philosopher, and his philosophy as well as his philosophic hymns have left a permanent impression on Indian thought and literature.

**His Works :** Śankara's chief writings are his com-

mentaries on the principal Upaniṣads, the Gitā and the Vedānta Sūtra (the Śārīraka Bhāṣya). Other important books, on a popular level, written by him are the Upadeśasāhasri, Vivekachūḍāmaṇi, Ānandalahrī, Harimidestotra, Mohamudgara, Ātmabodha, etc. The importance of his philosophical views can be judged easily by the simple fact that even those who advance views other than Śankara's find it necessary to refute him before they do so.

**The Vedānta of Śankara :** So great was the personality of Śankara and so logical was his exposition of the Vedānta philosophy that when the Vedānta system is referred to, it is generally Śankara Vedānta that is meant. His great opponents were the Mīmānsists who held that the Vedas did not preach any philosophy, but only issues commands for this or that action. Śankara held that in the Brāhmaṇa literature of the Vedas, which laid down the Karma Kānda or sacrificial rites, the Vedas were mandatory, but that the Upaniṣads expounded a philosophy, which demonstrated the One, Absolute, Unchangeable Truth of the Universe. The two parts of the Vedas, the Brāhmaṇas and the Upaniṣads, were meant for two classes of people, the ordinary men of the world who wanted this or that pleasure and the wise people who were averse to worldly joys and wanted Ultimate Truth, respectively. Śankara in his philosophy had thus to show that the Upaniṣads consistently aimed at one set of notions. He had to explain away doubtul texts which presented any colour of the Sānkhya dualism, and of the references to Mahat, Prakṛti etc. This he did in his Bhāṣya or the commentary on the Śūtras of Bādrāyana and in his interpretation of the10 Upniṣads.

**The Brahma Sūtras :** The Brahma Sūtras are in 4 adhyāyas or books; each divided into 4 pādas or chapters. Each of these has a number of topics of discussion, called adhikaraṇa, topical subdivision. The first four sūtras and the first two padās of the second adhyāya are the important portion of the constructive philosophy of Śankara; the rest are mere textual interpretations of the Upaniṣad passeges.

**Adhikāra :** Accroding to Śankara, the place of Reason is subordinate. It is to be used only for understanding the Upaniṣads, which convey truth. Reason is in itself unsatisfactory, for where one debater proves one thing, another cleverer still may prove just the contradictory. Reason therefore is not final. And yet, if the Upaniṣads conveyed Truth, it was necessary to harmonise the same with experience, for Truth cannot contradict experience. Śankara's skill lay in doing this. He starts with the conclusions of Gauḍapāda, that the Self is one and is a Relaity, and that our empirical experiences are based on the identification of the Self with the body, the senses etc. Śankara accepts all that, and uses his skill in showing that all else is illusion or māyā and all dualism is unsatisfactory. His opposition, therefore, is mainly against two sets of thinkers, the Mīmānsaka Realists, and the Sānkhya dualists.

It is evident that the study of the Vedānta is not for those who follow the path of Karma, but for those who follow the way of wisdom. It is only for advanced people and not for the ordinary men of the world who are steeped in pleasures. The study of the Vedas and Vedāngas, strictly the study of the eleven old Upaniṣads is essential to every student of the Vedānta : the Aitareya, Kauśītaki, Chhāndogya, Kena, Taittarīya, Katha, Śvetāśvatara, Bṛhadāraṇyaka, Īśa, Muṇdaka and Praśna Upaniṣads. A knowledge of these is presupposed in the study of the Vedānta. But as further conditions Śankara lays down the following requirements:

(1) Discrening between eternal and non-eternal substance : (नित्यानित्यवस्तुविवेक). Really speaking this discernment is to come as a result of the study of Vedānta. Deussen therefore rightly says that what is meant is a metaphysical disposition whereby one cognises an unchanging being. We have a similar requirement accepted by Plato in his philosophy.

(2) Renunciation of the enjoyment of the reward here and in the other world. (इह-अमुत्र-अर्थफलभोगविराग)

(3) The attainment of 6 equipments–

A. Tranquility (शम), B. Restraint (दम), C. Renunciation (उपरति), D. Resignation (तितिक्षा), E. Concentration (समाधि) and F. Belief (श्रद्धा).

It is clear that these requirements imply that the highest moral purification must be realised, without experiencing which metaphysical intuition is not possible. Deussen criticising on this says that this gives us a picture which is just opposite to that which we have of a philosopher in modern days. A philosopher is expected to be intensely excitable and disposed to have a full interest in the visible world and its phenomena. Regarding this criticism of Deussen, it might be said that even when modern philosophy has advanced on the basis of empirical studies, the highest flight of even modern philosophy are intuitional, they come from within the mind, and not from the study of the visible world. Further, it cannot be gainsaid that Moral Restraint

and Moral Tranquility are aids to the disposition on which a speculative life is possible.

(4) The longing for liberation (मुमुक्षुत्व) : This is the last condition mentioned by the Vedānta. This means that the motive of philosophy is a longing for Mokṣa; there should be a strong feeling of the nothingness of life and a keen desire to be relieved of this : `from the non-existent, to the existent, from darkness to light, from death to immortality' as the Bṛahadāraṇyaka says, should be the longing of the philosophic mind.

**The Brahman :** There is only one Reality and that is Brahman : the self is identical with it. Śankara agreed with Gauḍapāda in the interpretations of the Upaniṣads except that Buddhistic (Negative) tendencies in the latter were absent in him, though yet by some he was called the Hidden Buddhist (प्रच्छन्नबौद्ध) due to his doctrine of Māyā. Brahman is the cause from which the world begins, and the world as we experience is nothing but names amd forms (नामरूप). Śankara justifies the Ultimate Reality of the Brahman by saying that the Upaniṣads state that all other things originate from Brahman, and so Brahman cannot be derived from anything else, otherwise it would lead to an infinite regress. Again the world is orderly, and so it canont be supposed to have originated from a non-intelligent principle. The Brahman is immediately experienced by us in our consciousness of our Self. Even when we try to deny the Self we affirm it. It is pure intelligence, pure being, pure blessedness. We realise it in dreamless sleep : in waking life we identify the self with various illusory objects.

The world is Māyā or Illusion. As such it is the sport of Īśvara. From the ultimate point of view there is no Isvara, but phenomenally he exists just as we separate individuals exist.

Really only the One exists. He, Brahman, is the material as well as efficient cause of the world. The cause and the effect are not different; the effect being only an illusory imposition on the cause.

The above constitute the central thoughts in the teaching of Śankara. He was so greatly revered that he was regarded as a divine person, an incarnation of God, and his disciples and disciples of disciples tried to build a rational system on his own lines, in a way stronger even than was done by him. What is generally reffered to as the Advaita Vedānta is Śankara's system as strengthened by the later developments of his disciples and disciples' disciples.

**The Ultimate Reality and the Mechanism of Knowledge :** Ātman is the ultimate Reality. Its existence cannot be doubted. According to Buddhism (Yogāchāra school) the self is series of mental states. But then how can we account for Memory and Recognition? This self according to Śankara cannot be known by thought. It cannot be proved, for it is the basis of proof. It is a Postulate.

Knowledge comes to us through Perception, Inference and Scripture.

What we know is objects and not mental states. Śankara is not a Subjective Idealist, or Absolute Idealist; objects known are to him phases of spirit.Ātman is the final fact, the final object—transcending the subject and the object.


In an act of knowledge, we get cognitions that are self-luminous. Error is due to the Intellect being clouded by passions and prejudices. The empirical tests of Truth are practical, corresponding with the nature of things. What is contradicted is not truth. Deams are contradicted by waking experience, the latter by Insight into Reality (ब्रह्मानुभव); and therefore we reject the former in relation to the latter.

**Exoteric and Esoteric Vedānta :** The Lower Knowledge and Higher Knowledge : Parā Vidyā is absolute truth. Aparā Vidyā is empirical truth. This latter is not illusory, but only relative. It leads us ultimately to the Parā Vidyā. Śankara's metaphysics has two forms which run parallel in the teachings of Vedānta in all its aspects–Theology, Cosmology, Psychology, the Doctrine of Transmigration and Liberation (Eschatology). Thus in Theology, we have the lower, attribute-possesssing Brahman, and the higher attribute-less Brahman – the Saguṇa and Nirguṇa.Then there is the doctrine of creation and that of the unreality of pluralistic Universe. There is from the lower point of view a plurality of Jīvas or individual souls, but from the higher point of view the One Brahman Reality with which the soul is identical. There is the lower Knowledge which says that the Brahman is an object of worship and talks of the rewards which the worshiper is to get, and higher Knowledge of the Nirguṇa Brahman and the idea that he who knows the Parama Brahman becomes Brahman, and does not stand in need of anything like heaven at all.

In fact we have in Śankara three kinds of existence : (1) Ultimate Reality (परमार्थिक सत्ता), (2) Empirical Existence (व्यावहारिक सत्ता), and (3) Illusory Existence (प्रतिभासिक सत्ता) as the perception of a snake instead of a rope

**[To be continued]**

## The kind-hearted Megh Kumar - By Dr. Renuka Porwal, Mo. 09821873327



Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453
Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month

Published on 16th of every month & Posted at
Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# સંવેદનશીલ ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. મોરારજીભાઈ દેસાઈ

❑ મનુભાઈ શાહ

ભાવનગરમાં એક ગરીબ યુવાન બીમાર પડ્યો હતો. ભાવનગર, રાજકોટ, જીથરી બતાવ્યું. નિદાન ન થતાં મુંબઈ હૉસ્પિટલમાં બતાવ્યું. આ રોગ એવો હતો કે તેની સારવાર ભારતમાં ક્યાંય થઈ શકતી ન હતી. મુંબઈના ડૉક્ટરોએ કહ્યું કે અમેરિકાની હૉસ્પિટલમાં થશે. દોઢથી બે લાખનો ખર્ચ થશે. ગરીબ પરિવાર આટલો ખર્ચ ઉપાડી શકે તે શક્ય જ ન લાગ્યું.

આ સમાચાર ભાવનગરના સેવાભાવી સંવેદનશીલ એવા હીરાભાઈ સિંધ્ધીને મળ્યા. તેમણે ભાવનગરના ઘોઘાગેટ પર ત્રણ-ચાર ભાઈઓ ડબ્બા લઈ રેંકડીવાળા, સ્કૂટરવાળા, રસ્તે ચાલનારા પાસે બીમારીની સારવાર માટે માંગણી કરતાં રહ્યાં. લોકો પણ સંવેદનશીલ હોય છે. જેવી જેની શક્તિ તે પ્રમાણે ડબ્બામાં રકમ નાંખે.

આ ઉપરાંત ભાવનગરની વૈશાલી ટોકીઝમાં એક ચેરીટી શો રાખેલ-'મધર ઈન્ડિયા' ફિલ્મ હતી. રૂા. ૫/-ની ટિકિટ રાખેલ. ટોકીઝના માલિક શ્રી ભોપાશેઠે કહેલું કે હું શોમાંથી રૂા. ૭,૦૦૦/- આપીશ.

રાતના આઠ કલાકે માત્ર ૨૫ ટકા ટિકિટનું વેચાણ થયેલ. હીરાભાઈને ચિંતા થઈ. શ્રી ભોપાશેઠને તો પૂરો વિશ્વાસ હતો. તેમણે હીરાભાઈને ચિંતા નહીં કરવાનું કહ્યું. નવ વાગ્યામાં બે-પાંચ મિનિટ બાકી હતી ત્યાં તો આખી ટોકીઝ ભરાઈ ગઈ. ઉપરાંત બીજી ખુરશીઓ પણ મૂકવી પડી.

ભોપાશેઠે સાત હજારને બદલે સાડા આઠ હજાર હીરાભાઈને આપ્યા. સંકલ્પ અને બીમાર તરફની સંવેદનશીલતાના પરિણામે લોકો ફિલ્મ જોવા તરફ પ્રેરાયા.

ગ્રામ વિદ્યાપીઠ લોકભારતી સણોસરાના પ્રમુખ ટ્રસ્ટી સ્વ. મોરારજીભાઈ તેઓ ૧૯૭૭માં વડાપ્રધાન થયા. આ દરમ્યાન ગુજરાત અને લોકભારતીની મુલાકાતે આવનાર છે તેવા સમાચાર હીરાભાઈને મળ્યા. તેમણે સંકલ્પ કર્યો કે માનનીય વડાપ્રધાનને મળી બીમાર યુવાનની સારવાર માટે રજૂઆત કરવી.

ભાવનગરમાં આ ગાળામાં ડી.એસ.પી. શ્રી સુભાષભાઈ ત્રિવેદી હતા. તેમને વિગતે વાત કરી વડાપ્રધાનને મળવાની ઈચ્છા બતાવી. જોગાનુજોગ વડાપ્રધાનના અંગત સચિવ સાવરકુંડલાના હતા. ભાવનગરમાં તેમના ઓળખાણવાળા હતા એટલે તેમને હીરાભાઈએ વાત કરી અને વડાપ્રધાનને મળવા (મુલાકાત) માટે વિનંતી કરી.

'લોકભારતી'માં વડા પ્રધાન મળી શકશે તો તમો ત્યાં આવજો.

હીરાભાઈ, બે-ત્રણ મિત્રો લોકભારતીમાં ગયા. સમય થયો એટલે મુલાકાત આપી. ગરીબ બીમાર યુવાનની વિગતે વાત કરી. સચિવે તેની નોંધ કરી લીધી.

માત્ર ચાર કલાકમાં દિલ્હીમાં ટેલિફોનની ઘંટડી વાગતી રહી અને આખરે ત્રણ ટિકિટ અમેરિકા આવવા જવાની મળી ગઈ.

હીરાભાઈએ જે રકમ ભેગી કરેલી તેનાથી હૉસ્પિટલનો ખર્ચ નીકળે નહીં. હવે શું કરવું?

ભાવનગરના એક ડૉક્ટર સાથે હીરાભાઈને સારો સંબંધ. તેઓ સમયે સમયે નિરાંતવા ડૉક્ટરને ત્યાં બેસવા જાય. એક દિવસ ડૉક્ટરને ત્યાં ભાવનગરના વતની અને નાઈજીરિયા દેશમાં મોટી પેઢી (કંપની) ચલાવે, તે ભાવનગર આવેલ. તેમની ઈચ્છા મોટું ડોનેશન સારી સંસ્થાને આપવું હતું.

હીરાભાઈ રાતના ડૉક્ટરને ત્યાં બેઠા હતા ત્યાં આ અતિથિ આવ્યા. તેમણે ડૉક્ટરને પૂછ્યું, આ ભાઈ કોણ છે? ડૉક્ટરે બધી વિગતે વાત કરી. અતિથિએ કહ્યું, મારે તમને એકલાને મળવું

## પંથે પંથે પાથેય

છે. એટલે હીરાભાઈ બહાર બેઠા.

અતિથિ તો ડૉક્ટરને મળી ચાલ્યા ગયા. થોડા સમય પછી નાઇજીરિયાથી ડૉક્ટર ઉપર ફોન આવ્યો કે ગરીબ બીમાર યુવાનની અમેરિકાની હૉસ્પિટલમાં સારવારનું બધું ગોઠવી દીધું અને તેની સારવારનો બધો ખર્ચ હૉસ્પિટલના સંચાલકને મોકલી આપ્યો. આ વાત હીરાભાઈને કરી. હીરાભાઈએ મનોમન પ્રભુને પ્રાર્થના કરી.

આ બાજુ વડાપ્રધાનશ્રી દિલ્હી પહોંચ્યા પહેલાં ટિકિટની વ્યવસ્થા થઈ એટલે વડાપ્રધાનની ઑફિસમાંથી ગુજરાતમાં ત્યાંથી ભાવનગર ડી.એસ.પી. પાસે ફોન આવ્યો કે હીરાભાઈ સિંધ્ધીને કહો કે ગરીબ બીમાર યુવાનને તત્કાલ તૈયાર કરે.

રાતના અગિયાર કલાકે હીરાભાઈના દરવાજા પોલીસે ખટખટાવ્યા. દરવાજો ખોલ્યો તો પોલિસ. હીરાભાઈને નવાઈ લાગી. પોલીસે વાત કરી કે દિલ્હીથી ફોન આવ્યો છે. પેલા બીમાર યુવાનને તૈયાર કરો. તેમની અમેરિકાની ટિકીટ આવી ગઈ છે. હીરાભાઈએ માનનીય મોરારજીભાઈને મનોમન નમસ્કાર કર્યા.

યુવાન, તેના પિતા અને ડૉક્ટર ત્રણે અમેરિકા સારવાર માટે જવા તૈયાર થયા. હીરાભાઈ એરોડ્રોમ ઉપર મૂકવા ગયા.

અમેરિકાની હોસ્પિટલના ડૉક્ટરોએ બીમાર યુવાનની રોગ પ્રમાણે સારવાર કરી. થોડાક દિવસોમાં તો યુવાન સાજોસારો થઈ ગયો. ત્યાંના ડૉક્ટરોનો આભાર માની ત્રણે સ્વદેશ આવવા રવાના થયા.

હીરાભાઈ યુવાનને સત્કારવા ભાવનગર એરોડ્રોમ પર ગયા. પ્લેઈન મુંબઈથી આવ્યું. હીરાભાઈ પેસેન્જરો તરફ ધ્યાન દઈ ઊભા હતા પણ યુવાન દેખાયો નહીં.

હીરાભાઈએ એરોડ્રોમની ઑફિસમાં જઈ વાત

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૨૪)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨)
અંક-૩, જૂન, ૨૦૧૪ • પાના ૫૨ • કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



# જિન-વચન

## અસંયમી મનુષ્યના લક્ષણ

मणसा वयसा चेव कायसा चेव अंतसो ।
आरओ परओ वावि दुहा वि असंजया ।।
(सू. १-८-६)

અસંયમી માણસ મન, વચન અને કાયાથી પોતાને માટે તથા પારકાને માટે પ્રાણીઓનો ઘાત કરે છે અને બીજા પાસે કરાવે છે.

A man without self-control kills living beings mentally, verbally or physically, either for himself or for others or gets them killed through others.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૧.
- કુલ ૬૨મું વર્ષ.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન — શબ્દબ્રહ્મની અગાધતા

શબ્દો તો એના એજ રહે છે.

અર્થ બદલાતા રહે છે. અર્થ કાઢવાનું શરૂ કરીએ તો, કાઢતા જ રહીએ. અર્થ ખૂટે નહીં! અર્થ કાઢનાર હોય તેવો તેમાંથી અર્થ નીકળે. વર્ષાના વહાણાં વીતતાં જાય તેમ-તેમ શબ્દના અર્થ બદલાતા રહે, વિસ્તરતા રહે. ક્યારેક સંકોચાતા પણ રહે! કોમલ પણ બને અને ક્યારેક કર્કશ પણ!

ઋષિઓએ શબ્દને બ્રહ્મ કહ્યો છે, તે આ સંદર્ભમાં જ. શબ્દની લીલા અનંત છે. ક્યારે ક્યો અર્થ પ્રગટશે તે કહેવું સહેલું નથી. શબ્દ એક જ હોય છતાં, શ્રોતા-શ્રોતાએ અર્થ જુદા જુદા જણાય. આવા ભાવનો એક પ્રસિદ્ધ કથા-પ્રસંગ છેઃ

કોઈ એક દેશનો રાજા વિદ્વાન અને કવિ-હૃદય હતો. તેને ત્રણ રાણી હતી. એકદા ત્રણે રાણીઓ સાથે તે વન-વિહાર કરવા નીકળ્યો. વનની શોભા-વૃક્ષો-વેલીઓ-પક્ષીઓ જોતાં બધા બહુ દૂર નીકળી ગયાં!

ઘણીવાર સુધી આમ ભ્રમણ કરી એક ઘટાદાર વૃક્ષની છાયામાં બધાં બેઠાં. થાક્યાં હતાં. ભૂખ્યાં પણ થયાં હતાં. ત્રણે રાણીઓએ રાજાની પાસે પોતપોતાની માંગણી કરી. એક રાણી જે તરસી થઈ હતી, તેણે બાળક જેવા લહેકા કરી કહ્યું: ખૂબ તરસ લાગી છે, પાણી પીવું છે. એ બોલી રહી ત્યાં બીજી રાણી કહેઃ મને તરસ તો લગી છે, અને ભૂખ પણ બહુ લાગી છે. જુઓ! મારી આંખો પણ ઊંડી ઊતરી ગઈ છે! ત્રીજી રાણી બાકી રહે? તેની માંગણી જુદા જ પ્રકારની હતીઃ કેવું મધુર સુંદર શાંત વાતાવરણ છે! એક મજાનું ગીત સાંભળવાની તીવ્ર ઈચ્છા છે. તમારા સુંદર અવાજમાં એક ગીત સંભળાવો!

રાજા મુંઝાયો. આ તો વનવગડો. ગામ-મહેલથી ખાસ્સું દૂર! અહીં આ બધું શે મળે?

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૩)

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ઊગ્યો નવયુગનો ભાણ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | જયભિખ્ખુ જીવનધારા : ૬૧ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૩૩ |
| ૩. | પરમ સુખનું સરનામુ | સૂર્યવદન ઝવેરી | ૧૨ |
| ૪. | ઉપનિષદમાં ૐકાર વિચાર | ડૉ. નરેશ વેદ | ૧૫ |
| ૫. | ભજન-ધન-૯ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૧૮ |
| ૬. | વર્તમાન જિન-શાસન અને સાંપ્રત સમસ્યાઓ | હિંમતલાલ ગાંધી | ૨૦ |
| ૭. | ખગોળનો આનંદ | હરજીવન થાનકી | ૨૩ |
| ૮. | સ્વભાવ | કિશોર હરિભાઈ દડિયા | ૨૪ |
| ૯. | ગજલક્ષ્મી-મહાલક્ષ્મી | પ્રવર્તક : મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી મ. | ૨૫ |
| ૧૦. | સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા? | વિમલા ઠકાર | ૨૭ |
| ૧૧. | નવકાર મંત્ર પર થોડા સવાલ-જવાબ | સુબોધી સતીશ મસાલીઆ | ૨૯ |
| ૧૨. | ભાવ-પ્રતિભાવ : મતમતાંતરનો અખાડો | — | ૩૧ |
| ૧૩. | ભાવ-પ્રતિભાવ : પ્રકીર્ણ | — | ૩૪ |
| ૧૪. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૯ |
| ૧૫. | ચાર કષાય | આ. શ્રી વાત્સલ્યદીપસૂરિજી | ૪૨ |
| 16. | Thus He Was Thus He Spake :VIPASSANA | Reshma Jain | 44 |
| 17. | What to do, when you have Nothing to do? | Laxmichand Kenia | 46 |
| 18. | The Glorious Darshans : Chapter VI (Cont.) | Atisukhshankar Trivedi | 47 |
| 17. | Jagadguru Shri Hirvijaysuri : Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 51 |
| ૧૮. | પંથે પંથે પાથેય : પ્રસન્ના | ઉર્મિલાબેન સુરેન્દ્રભાઈ ધોળકિયા | ૫૨ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) ● અંક : ૩ ● જૂન ૨૦૧૪ ● વિક્રમ સંવત ૨૦૭૦ ● વીર સંવત ૨૫૪૦ ● જેઠ વદિ તિથિ-૪ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## ઊગ્યો નવયુગનો ભાણ

*પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ?*
*હું પડકાર ઝીલનારો માણસ છું.*
*હું તેજ ઉછીનું લઉં નહિ.*
*હું જાતે બળતું ફાનસ છું.*
*હું પોતે જ મારો વંશ જ છું.*
*હું પોતે જ મારો વારસ છું.*

**□ નરેન્દ્ર મોદી**

૨૬મી મે, ૨૦૧૪ના ભારતના પાટનગર દિલ્હીમાં ગોરજ ટાણે વડાપ્રધાન તરીકે સપથ લેનાર 'હું નરેન્દ્ર દામોદરદાસ મોદી'ની–કવિ નરેન્દ્ર મોદીની–ઉપરની કાવ્ય પંક્તિ આ યુગના આ મહાનાયક વિશે–પોતાની વિશે–ઘણું કહી જાય છે.

નરેન્દ્ર મોદીનો એક કાવ્ય સંગ્રહ 'સાક્ષીભાવ' શીર્ષકથી પ્રકાશિત થયો છે.

ભાજપે ભારતને બે કવિ વડાપ્રધાન આપ્યા, એક અટલ બિહારી વાજપાઈ અને બીજા આ નરેન્દ્ર મોદી. બીજું સામ્ય તે, એક અપરિણિત અને બીજા સામાજિક છાપથી પરિણિત છતાં અંગત ભાવથી અપરિણિત જેવા જ. એટલે બન્નેને ન કોઈ વંશજ કે ન કોઈ સગાવાદ. એકે કોઈ પણ દાગ કે વિવાદ વગર સત્તા સંભાળી અને વિદાય લીધી, બીજા પણ એવા અને એથી વિશેષ સાબિત થશે એવી ૧૨૫ કરોડ ભારતની જનતાને પરમ શ્રદ્ધા છે.

*સમાધાનને જીવન શા માટે બનાવવું ?*
*સંકલ્પ જ જીવન હોઈ શકે.*

**□ નરેન્દ્ર મોદી**

નરેન્દ્ર મોદી એટલે પ્રચંડ પુરુષાર્થનો માનવ, આ માનવનો પુરુષાર્થ અને સંકલ્પ પણ એવા કે નિયતિને પણ પોતાનો નિર્ણય બદલવો પડે.

નરેન્દ્ર મોદીએ પડકાર ઝીલ્યો, પ્રચંડ પુરુષાર્થ કર્યો એ પણ પોતાના તેજે અને એમણે ભાજપને તાર્યું, એમની સાથે કેટલાંય ભાજપીઓ તરી ગયા અને ઊંચા આસને બેસવા ભાગ્યશાળી બન્યા. આ બધાંએ હવે એમની નિષ્ઠા અને શક્તિ સાબિત કરવાના છે.

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી જયાબેન જાદવજી કાનજીભાઈ વોરા**

ભાજપના જે સભ્યો ચૂંટણી જિત્યા છે અને જે ૨૮૧ સાંસદો સાંસદમાં પ્રવેશ્યા છે એમાંના ૯૮ સાંસદો સામે ફોજદારી કેસો ઊભા છે. કુલ સંખ્યાની વાત કરીએ તો નવા ૧૮૬ સાંસદમાં ૧૧૨ સામે

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ફોજદારી કેસો નોંધાયા છે. મતદારોએ એક જ વિચાર્યું. નરેન્દ્ર મોદી ભાજપ છે, તો ઉમેદવારને નહિ, ભાજપને મત આપો. મોદી જ્યાં હોય ત્યાં અમે, એમને મત આપીશું. મોદીના હાથ અમે મજબૂત કરીશું.

**સર્વ સંમતિનું રાજકારણ અને સર્વ સમાવેશક વિકાસ દેશની પ્રગતિ માટે આવશ્યક છે.**

૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં ૩૦ ટકા સાંસદ સામે ફોજદારી કેસો હતા, પરંતુ આ વખતે આવા સાંસદોની સંખ્યામાં ચાર ટકાનો વધારો થયો છે. ચૂંટાયેલા કુલ ૫૪૧ સાંસદમાંથી ૧૮૬ સામે ફોજદારી કે ક્રિમીનલ કેસ ઊભા છે. આપણાં જનજીવને કેટલી નૈતિક પ્રગતિ કરી એ એક મોટો પ્રશ્ન છે. નરેન્દ્રભાઈએ આ બધાંને સંભાળવાના અને સુધારવાના પણ છે. અને દોડતા, કામ કરતા પણ કરવાના છે. આ ટાસ્ક માસ્ટર એ કામ કરશે જ.

ભાજપની જિત એ સાચી જિત છે? અતિ ઉત્સાહમાં આત્મમંથન ભૂલાઈ જવું ન જોઈએ. આ જિત નિરાશા અને ધિક્કારમાંથી જન્મેલી જિત છે. દેશ કોંગ્રેસ અને એના કૌભાંડો અને ભ્રષ્ટાચાર અને મોંઘવારીથી થાકેલો, કંટાળેલો હતો એટલે એને પરિસ્થિતિ બદલવી હતી. એમાં 'અબ અચ્છે દિન આનેવાલે હે' અને 'અબ કી બાર મોદી સરકાર'નું હલેસું એને મળી ગયું. પ્રત્યેક ભારતવાસીના હૃદયમાં શ્રદ્ધા જન્મી, એ શ્રદ્ધા માત્ર ભાજપ પ્રત્યે નહિ, માત્ર અને માત્ર મોદી પ્રત્યે જ જન્મી. એક સામાન્ય ભારતીજનને મોદીમાં એક મસિહા દેખાયો. સાથોસાથ મોદીએ પોતાના લગભગ ૧૩ વર્ષના શાસન દરમિયાન ગુજરાતને પ્રગતિને પંથે મૂક્યું હતું એ પણ જોયું હતું. ઉપરાંત ચૂંટણી પ્રચાર અર્થે પ્રબળ, પ્રચંડ પુરુષાર્થ, સંકલ્પ અને આત્મશ્રધ્ધા મોદીમાં જોયાં. સામાન્ય રીક્ષાવાળો પણ બોલે કે 'યે આદમી હૈ કિ થકતા નહિ હૈ! ક્યા ઉસકી સોચ હૈ! ક્યા ઉસકી વાણી હૈ! ચલો કુછ બદલે ઔર એક ચાન્સ ઉસકો ભી દે દેં.' અને પરિણામ આપણી સામે છે.

વંશ-વારસાનો યુગ આથમી ગયો અને સાચી લોકશાહીનો સૂર્યોદય થયો.

મોદીનું સત્તારૂઢ થવું એ ભારતના નવા યુગનો સૂરજ ઊગ્યો એવી પ્રતીતિ પ્રત્યેક ભારતવાસીને આજે થાય છે. સાચે જ, અબ અચ્છે દિન આનેવાલે હૈ એવો અહેસાસ પ્રત્યેક ભારતીને થઈ રહ્યો છે.

પાંચ વરસને અંતે મોદી સરકારે ઘણી સિદ્ધિ પ્રાપ્ત કરી હશે, અને દશ વરસ પછી તો ભારત કોઈ અનેરા શિખર ઉપર બિરાજમાન હશે. આવી આશા આજે પ્રત્યેક ભારતીજન સેવી રહ્યો છે, કારણ કે એમને મોદીમાં અપાર શ્રદ્ધા છે.

આ સ્વપ્નું સાકાર તો જ થાય જો મોદીને બધાંનો સાથ-સહકાર મળે તો. મુખ્ય તો વહીવટી બાબુઓનો. મોદી ભલે ગમે તેટલા ટાસ્ક માસ્ટર હોય, કે ગુજરાતના વહીવટકાર બાબુઓ પાસે કામ કરાવી શક્યા હોય, પણ આ બાબુઓ અંગ્રેજ પ્રણાલિની જાતના છે. અંગ્રેજે આપણને આ વહીવટદાર અને કેળવણીની પ્રથા આપી, એમાં આ ૬૦ વરસમાં ક્યા સત્તાધારીઓએ પરિવર્તન કર્યા? આ બાબુઓ તો રાજકારણી અને સાંસદને ક્યારેક રોકડું પરખાવી દે છે કે 'તમો, એટલે સાંસદો તો પાંચ વરસ માટે છો, અમે તો અહીં 'પરમેનન્ટ' છીએ. પાંચ વરસ પછી તમારે અમારી સામે 'બેસવું પડશે'. ભ્રષ્ટાચાર અહીં છે.

આવા બાબુઓ, એક થી ચોથા વર્ગના કર્મચારીઓની માનસિકતા મોદીજીએ બદલવી પડશે. ગુજરાતમાં જેમ આ બાબુઓ માટે મોદીજી ચિંતન શિબિરો યોજતાં એવી શિબિરો કરવી પડશે. લાકડી અને લાડ બન્નેનો સમન્વય કરવો પડશે.

મોદી યુગ ભારતનો સુવર્ણ ઇતિહાસ લખશે એવી પ્રતીતિ મોદી શાસનના પ્રથમ દશ દિવસે જ ઝાંખી કરાવી દીધી છે. 'પુત્રના લક્ષણ પારણામાંથી અને વહુના બારણામાંથી.' આ સંકલ્પ અને જીદના ઈસમે ક્યારેક ક્યાંક કહ્યું હતું સર્વ સંમતિનું રાજકારણ અને સર્વ સમાવેશક વિકાસ દેશની પ્રગતિ માટે આવશ્યક છે. જોઈએ, મોદીજી આ બે શબ્દને કેવી ગતિ કરાવે છે!

જગમશહુર ચીની પ્રવાસી હ્યુ એન ત્સાંગે જે નગરીની સાતમી સદીમાં મુલાકાત લીધી હતી, જે એક વખત ગુજરાતનું પાટનગર હતું, જે નગરની બે તેજસ્વી નાગર કન્યા તાના-રીરીએ અકબરના રત્ન સંગીત સમ્રાટ તાનસેનના દાહને મેઘ મલ્હાર ગાઈને શાંત કર્યો હતો, જે નગર ૨૫૦૦-પચ્ચીસસો વરસ જેટલું પ્રાચીન છે, જ્યાં શિલ્પ-સ્થાપત્યની યશોગાથા છે, એવા નગર વડનગરમાં પિતા દામોદરદાસ મૂલચંદ મોદી અને માતા હિરાબેનની કુખે ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ના છ બાળકો પૈકી ત્રીજા નંબરના પુત્ર તરીકે નરેન્દ્ર મોદીનો ગરીબ ઘાંચી-તેલી સમુદાયમાં જન્મ થયો.

હાટકેશ્વર મહાદેવ અને અંબામાના ભક્ત આ નરેન્દ્ર ૮ વર્ષની વયથી જ આર.એસ.એસ.માં જોડાયા, ૧૭ વર્ષની ઉંમરે ઘર છોડ્યું, કલકત્તા બેલુર મઠમાં રહ્યા. એક નરેન્દ્ર–સ્વામી વિવેકાનંદ–આ નરેન્દ્રના પ્રેરણામૂર્તિ બન્યા. હિમાલયનો ખોળો ખૂંદવા રઝળપાટ કરી અને અંદરનો આધ્યાત્મિક વિકાસ કર્યો. આર. એસ. એસ.ના પ્રચારક તો ૨૦ વર્ષની ઉંમરે જ થઈ ગયા હતા, અને પછી ભાજપ, ગુજરાતની ગાદી, ગુજરાતનો વિકાસ અને આજે ભારતની ગાદીએ બિરાજમાન આ નરેન્દ્ર મોદીની જીવન કથા પ્રેરક, પ્રેરક અને પ્રેરક છે.

ચાની કિટલી ફેરવવાવાળો, સમગ્ર ભારતની ચાહ મેળવી આજે પરમોચ્ચ સ્થાને બિરાજમાન છે. આજ સુધી ભારતની સંસદને કોઈએ મંદિર કહ્યું છે? પ્રથમ સોપાને મસ્તકથી નમન કર્યું છે?

આ ઇસમ સરમુખત્યાર છે, પણ એ ન્યાયી છે. માણસને પારખી લેવાની એમની દૃષ્ટિ છે અને ભીતરથી નિસ્પૃહી છે. પોલિટિકલ

● ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–(U.S. $ 20) ● ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–(U.S. $ 50) ● ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–(U.S. $ 80)
● ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–(U.S. $180)

સાન્યસમાં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી છે. ભારતીય અને અન્ય સંસ્કૃતિનું એમનું વાંચન વિશાળ છે.

ભારતના રાજકીય તખ્તા ઉપર વર્તમાન યુગમાં ગુજરાતે મહા માનવ ગાંધી આપ્યા, વિચક્ષણ નિડર સરદાર પટેલ આપ્યા, સ્વમત આગ્રહી અને તેજસ્વી મોરારજી દેસાઈ આપ્યા, અને આ ત્રણે મહા માનવના આંશિક ગુણો સાથે હવે આ નરેન્દ્ર મોદી, રાષ્ટ્રને ચરણે. ગુજરાતનું આ અહોભાગ્ય છે.

બુદ્ધિ, રાજ વહીવટ અને ચારિત્રની દૃષ્ટિએ નરેન્દ્રભાઈ ચાણક્ય જેવા છે.

આ સંસ્થા મુંબઈ જૈન યુવક સંઘનું સદ્ભાગ્ય કે નરેન્દ્રભાઈ જ્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે ૨૯-૪-૨૦૦૬ના ગુજરાતી વિશ્વકોષના ૨૧મા ગ્રંથના વિમોચન માટે આ સંસ્થામાં પધાર્યા હતા, અને સંસ્થાની પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. ખાસ તો પ્રતિ વરસે આ સંસ્થા ગુજરાતના પછાત વર્ગના પ્રદેશની કેળવણી સંસ્થાને લાખો રૂપિયામાં આર્થિક મદદ કરે છે એ જાણીને એમણે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૧-૨૦૦૮ના અંકમાં 'મોતીડે વધાવો-ભવ્ય ભવ્ય ગુજરાત' શીર્ષકથી આ લખનાર પાસે કાળે જે શબ્દો ત્યારે લખાવડાવ્યા હતા, એ આજે એટલા જ પ્રસ્તુત છે એટલે એનું અહીં પુનઃ અવતરણ કરવાની વાચક પાસે રજા લઉં છું.

**'હવે ભવ્ય ભવ્ય ભારત'**

'નરેન્દ્ર મોદી, નરેન્દ્ર મોદી અને નરેન્દ્ર મોદી....

ગુજરાતી માણસ બડો સમજદાર છે, સાંભળે બધાનું પણ કરે આંખો દેખ્યું અને મનનું દોર્યું...

ભારતનો મતદાર હવે સમજણો થયો છે. હવે એ દોર્યો દોરાતો નથી. વિકસતા ભારતના સૂર્યોદયની આ સોનેરી કોર છે. સાત ઘોડલે એ આજે દોડી રહ્યો છે. અંતરના કૃષ્ણથી એ દોરાય છે અને અર્જુનના કર્મ, પુરુષાર્થ અને લક્ષ્ય ઉપર એની અનિમેષ દૃષ્ટિ છે. ભલે ગમે તેવા ધૂર્તરાષ્ટ્ર, દુર્યોધન કે શકુનિ જેવા રાજ્યકર્તા એને માથે પડ્યાં હોય !...

ચૂંટણી પહેલાં બન્ને પક્ષોએ પોતાના વિજય અને સામા પક્ષના પરાજય માટે જે વાણીનો ઉપયોગ કર્યો એમાં ભદ્રતા ઓછી હતી. છતાં મતદારે 'સત્ય'ને પકડ્યું. જ્યારે વિવાદો વધે છે–આક્ષેપ પ્રતિ આક્ષેપતાના મંથનો થાય છે ત્યારે જ સત્ય આપોઆપ પ્રગટે છે...

નરેન્દ્ર મોદીના શાસન કાળમાં વિકાસ થયો છે પણ ભ્રષ્ટાચાર ઓછાં થયાં છે ? પ્રજા વહીવટકારોના ભ્રષ્ટાચારથી ત્રાહિમામ થઈ ગઈ છે, પરંતુ 'ખાતો નથી અને ખાવા દેતો નથી' ન.મો.ના આ વાક્ય ઉપર મતદારે શ્રદ્ધાની સહી કરી દીધી છે. અસંતુષ્ટોના ઈરાદા મતદાર સમજી ગયો છે અને મૂછમાં હસી લીધું છે...

પ્રશ્ન એ છે કે નરેન્દ્ર મોદી જિત્યા કે ભાજપની જિત થઈ ? નરેન્દ્ર મોદીની જ. મોદી સાહેબ ભલે કહે કે પક્ષ મોટો છે, પક્ષે મને મોટો કર્યો છે. આ એમની ખરેખર નમ્રતા છે. નરેન્દ્ર મોદીની બાદબાકી કરો તો ભાજપને આટલી બધી બહુમતી મળત ? આ 'હવા' તો છેક હિમાલય પ્રદેશ સુધી પહોંચી ગઈ...

ન. મો. નમી પણ શકે છે. આ બહુશ્રુત અને સંસ્કારી નરેન્દ્ર મોદીના હૃદયના આ સાચા ભાવ હતાં. જીવનની શરૂઆતમાં 'ચા'ની રેંકડીમાં કામ કરી આ કવિ હૃદયીએ જો 'ચાહ'ની વહેંચણી ન કરી હોત તો આ સ્થાને પહોંચત નહિ. મોતના સોદાગર નહિ, મતોના સોદાગર પણ નહિ, પણ મતોના અધિકારી બન્યાં છે...

પરંતુ કોઈ માનવી સંપૂર્ણ નથી. નરેન્દ્ર મોદીમાં કઈ અપૂર્ણતા છે એ નરેન્દ્ર મોદી પણ જાણે છે અને પ્રજા પણ જાણે છે. આ અપૂર્ણતાને પ્રકૃતિદત્ત ભાવ કહો કે સિદ્ધાંતનિષ્ઠા કહો, સમજદાર એ શોધી લેશે !...

> *નરેન્દ્ર મોદીની જીવન કથા પ્રેરક, પ્રેરક અને પ્રેરક છે.*

આટલાં મોટા વિજયની પછી સમજુ માણસ 'છકી' ન જાય અને વ્યક્તિ પૂજાના ઢોલ નગારા વગાડનારથી એઓ ચેતતા રહેશે જ, એવી શ્રદ્ધા રાખીએ...

એક વ્યક્તિની આટલી મોટી જિત, સિદ્ધિ-પ્રસિદ્ધિ આપણે ભૂતકાળમાં જવાહરલાલ નહેરુ અને ઇંદિરા ગાંધીમાં જોઈ હતી ત્યારે પણ 'વ્યક્તિ'થી પક્ષ તરી ગયો હતો. અને આપણને ખાલી કરે એવાંને પ્રધાન પદુ મળી ગયું હતું. (યાદ કરો જીપ અને બોફર્સ અને અન્ય કૌભાંડોને) આવી વ્યક્તિથી પક્ષ તો તરી જાય, પણ એથી મતદારને 'રાજી રાજી' થવાનો અવસર નથી આવતો. પ્રધાન પદ માટે પક્ષમાં ચૂંટાયેલ વ્યક્તિમાંથી જ પસંદગી કરવી પડે છે. પછી ભલે એ વિષયની એ 'પ્રધાનજી'માં લાયકાત હોય કે નહિ. આપણે જાણીએ છીએ કે હવે પહેલાં જેવા દેશભક્તો કે પ્રામાણિક વ્યક્તિઓ રાજકારણમાં પ્રવેશતી નથી. લગભગ 'કભી અપુનકા ભી ચાન્સ લગ જાયેગા' એવી વ્યક્તિઓ જ રાજકારણમાં પ્રવેશે છે. પરિણામે જેની સામે ઢગલાબંધ કેસો પડ્યા હોય, સમાજમાં જેની છબિ ખરડાયેલી હોય એવા 'મહાનુભાવો' ચૂંટાયા હોય એટલે 'એઓશ્રી'ને પ્રધાન બનાવવા પડે. પરિણામે એ બધા તદ્વિષયના નિષ્ણાતોનો સહારો લે અને અહીંથી શરૂ થાય ભ્રષ્ટાચારનું વિષચક્ર! 'ખાવા દેતો નથી' એવું કહેનારનું આ તબક્કે કંઈ ચાલતું નથી. આપણા મહદ્ અંશે પ્રધાનોની દશ-પંદર વરસ પહેલાંની આર્થિક સ્થિતિ જુઓ અને 'પ્રધાન' બન્યા પછીની એમનો છલોછલ જાહોજલાલ જુઓ ! !...

તો આનો વિકલ્પ શો ?...

જો **પ્રમુખીય લોકશાહી** પદ્ધતિ આપણે અપનાવીએ તો ? અમેરિકા, જર્મની, ફ્રાન્સ, શ્રીલંકા તેમજ અન્ય દેશોમાં એ લગભગ સફળ રહી છે...

અરુણ શૌરીના 'પાર્લામેન્ટ સિસ્ટમ' ઉપરના પુસ્તકમાં આપણી આ 'પાર્લામેન્ટરી' (સંસદીય) સિસ્ટમ કેટલી બધી નિષ્ફળ ગઈ છે એની વિગતો લખી છે. અને શૌરિએ 'પ્રેસિડેન્ટ સિસ્ટમ'ની હિમાયત કરી છે એના કારણો પણ આપ્યાં છે...

દેશ આઝાદ થયો ત્યારે બંધારણ ઘડતી વખતે દેશની નિરક્ષરતાનો

**વિશાળ બહુમતિથી એક વ્યક્તિ–નરેન્દ્ર મોદીનું ચૂંટાવું એ શું પ્રમુખીય લોકશાહી તરફ ભરાયેલું એક ડગલું નથી ? કુદરતનો સંકેત છે ?**

આંક ખૂબ જ ઊંચો હતો, એટલે સંસદીય લોકશાહીની હિમાયત કરી. પણ **હવે તો આપણો નાગરિક માત્ર શિક્ષિત જ નહિ પણ સમજદાર પણ બન્યો છે.** એનું ઉદાહરણ નરેન્દ્ર મોદીને બહુમતીથી ચૂંટ્યા એ આપણી સમક્ષ જ છે...

નરેન્દ્ર મોદીને તો ચૂંટ્યા પણ એમણે હવે એમના પક્ષના સાંસદોને પ્રધાન બનાવવા પડશે, પછી ભલે એમનામાં એ કાર્યની નિપુણતા ન હોય, કારણકે એમને ય પક્ષના સાથીઓનો સહકાર 'ખાવા'નો હોય છે. નહિ તો અસંતુષ્ટ થવાની ક્યાં વાર લાગવાની છે ? પછી 'ખાવા દેતો નથી'નું શું ચાલવાનું ?...

જો પ્રમુખીય લોકશાહી હોત તો નરેન્દ્ર મોદી સો ટકા ટકોરા બંધ નિષ્ણાતો અને નીતિમાન મહાનુભાવોને તદ્‌વિષયક ખાતા આપી શકત...

હવે આ પુસ્તકમાંથી થોડાં અવતરણો આપના ચિંતન માટે...

'રાજકારણમાં ગળાડૂબ ડૂબેલા લોકોને સંસદીય પદ્ધતિ, પ્રધાનપદાં, ભથ્થાં અને વિશિષ્ટ હક્કો ખૂબ સદી ગયાં છે. પોતાના સ્થાપિત હિત ઉપર તરાપ મારે એવો કોઈ વિકલ્પ એ વિચારવા તૈયાર જ નથી. જે બૌદ્ધિકોને સૈદ્ધાંતિક રાજકારણ અને એની પ્રક્રિયામાં રસ છે એ નાની લઘુમતીમાં છે અને પોતે જાતે રાજકારણમાં ઝંપલાવવા તૈયાર નથી. ઘસાઈ ગયેલો રૂપિયો નગદ રૂપિયાને ભૂગર્ભમાં ધકેલી દે છે એ ગ્રેશામનો આર્થિક સિદ્ધાંત આપણાં રાજકીય જીવનમાં આજે ખૂબ જ વ્યાપક છે. ખુશામત વડે જ ભારતીય લોકશાહીમાં વ્યક્તિ આગળ આવે છે, કૌવતને કારણે નહિ, એટલું તો અનુભવે સાબિત થઈ ચૂક્યું છે.

'આપણી સંસદીય લોકશાહીમાં ફાલેલાં આ અનિષ્ટોનો યોગ્ય વિકલ્પ લેખક પ્રમુખીય લોકશાહીમાં જુએ છે. ભૌગોલિક કદમાં નાના એવા દેશોમાં સંસદીય લોકશાહી મહદ્ અંશે સફળ નીવડી છે. પરંતુ ભારત જેવા વિશાળ દેશનું સફળ સંચાલન રાષ્ટ્રીય પ્રતિભા ધરાવતી, સમગ્ર દેશના મતદારોની ચૂંટેલી વ્યક્તિ જ, તજજ્ઞોની સહાય વડે કરી શકે. પ્રધાનોની ગુણવત્તા અને કાબેલિયત ખૂબ ઓછાં છે અને એમની પસંદગીમાં પ્રાદેશિકતા, ધર્મ, જાતિ, સ્થાનિક વર્ગ, ઉત્પાત મચાવવાની શક્તિ વગેરે મુદ્દા વિશેષ ભાગ ભજવે છે. પ્રધાનો સતત ભાષણો–ઉદ્‌ઘાટનો અને ભારતદર્શન ને વિશ્વદર્શનમાં અટવાયેલા રહે છે. એમના ખાતાં પણ છાશવારે બદલાતાં રહે છે, આથી એ નથી કોઈ વિષય ઉપર પક્કડ જમાવી શકતા કે નથી એમના ખાતાંની નીતિના અમલનો દોર પોતાના હાથમાં રાખી શકતા. પરિણામે સાચી સત્તા નોકરશાહીના હાથમાં સરી પડે છે. પ્રજાનું કલ્યાણ ભૂલાઈ જાય છે. અને નિયમો, પેટાનિયમો અને છટકબારીઓમાં નોકરશાહી અટવાઈ જાય છે.'

'ભારતીય સંસદીય લોકશાહીએ રાજ્યોમાં અસ્થિરતા સર્જી છે. આયારામ ગયારામ શૈલીના રાજકારણને ઉત્તેજન આપ્યું છે. **પ્રમુખીય લોકશાહીમાં વ્યક્તિએ સમગ્ર રાષ્ટ્રનો વિશ્વાસ પ્રાપ્ત કરવો પડશે, માત્ર કોઈ ભાષાકીય જૂથનો નહિ.** આથી પ્રમુખ બનનારે ચૂંટાયા પછી સત્તાલોલુપ સંસદ સભ્યોને સતત રાજી રાખવામાં કે એમની કદમબોસી કરવામાં વખત નહિ બગાડવો પડે.'...

'આ પદ્ધતિના મૂળભૂત અંગો જેવા કે સ્થિરતા, પ્રધાનમંડળમાં શ્રેષ્ઠ વ્યાવસાયિક વ્યક્તિઓનો સીધો સમાવેશ, પ્રધાનમંડળ તથા વિધાનસભાનું વિશ્લેષણ અને પક્ષ પદ્ધતિને અપાતું ઓછું અનુમોદન, આ સર્વનું મહત્ત્વ ઓછું ન આંકી શકાય. પ્રમુખીય પદ્ધતિનું આ પ્રત્યેક અંગ આપણી બ્રિટીશ ઢબ પર રચાયેલી પદ્ધતિ કરતાં ચડિયાતું છે. આ ઉપરાંત મેયરથી માંડીને સર્વોચ્ચ પદ માટેની ચૂંટણી પ્રત્યક્ષ પદ્ધતિથી થતી હોવાથી યોગ્ય અને મેધાવી વ્યક્તિઓ સર્વશ્રેષ્ઠ નેતાગીરીના પદ માટે વધારે સુસજ્જ રીતે તૈયાર થાય છે.'...

શ્રી નાની પાલખીવાલા લખે છેઃ

'દેશ સમક્ષ પડેલી પ્રચંડ સમસ્યાઓ આપણાં ધંધાદારી રાજકારણીઓ કદી જ નિવારી શકવાના નથી, કારણકે એમ કરવું એમના ગજા બહારની વાત છે. સંનિષ્ઠ, કાર્યકુશળ અને વહીવટકુશળ પ્રધાનો હોય તો જ ભ્રષ્ટાચારી અને બિનકાર્યક્ષમ વહીવટતંત્રની ચૂડમાંથી મુક્ત થઈ શકાય. દૂરંદેશીપણું ધરાવનાર અને રાષ્ટ્રસંપત્તિનું નિર્માણ કરવાની વહેવારુ સૂઝ અને આવડત ધરાવનાર મહારથીઓના હાથમાં દેશની લગામ મૂકાય તો જ ગરીબીને મિટાવી શકાય. મૂડી ઉત્પાદન, વિતરણ-વેચાણ, ઇત્યાદિ બાબતોના નિષ્ણાતો તેમ જ રાષ્ટ્રસંપત્તિ જનકલ્યાણાર્થે ઉપયોગમાં શી રીતે લેવાય અને એનું વિતરણ શી રીતે કરાય એનું વિશિષ્ટ જ્ઞાન ધરાવતી વ્યક્તિઓ જ અતીતકાળથી રીબાતા પ્રજાના વર્ગને પાયમાલીમાંથી બહાર લાવી શકે. પ્રધાન કક્ષાએ સંનિષ્ઠ નેતૃત્વનો શૂન્યાવકાશ હોય એવી આપણી નોકરશાહી, સામાજિક નિષ્ક્રિયતા અનિવાર્ય બનાવી દે છે.'...

અંગ્રેજો ગયા, પણ અંગ્રેજોના બંધારણમાંથી આપણે ઘણું લીધું. શિક્ષણ અને વહીવટકારો માટે પણ એ જ ઢાંચો આપણે રાખ્યો. હવે આ ત્રણેમાં ફેરફાર કરી આપણી સર્જનશીલતાની ઓળખ નથી આપવી ?...

અમેરિકાના અર્થતંત્રની પ્રેરણા આપણે લઈએ છીએ તો એની રાજકારણ પદ્ધતિમાંથી પ્રેરણા કેમ ન લેવી ?'...

વિશાળ બહુમતિથી એક વ્યક્તિ–નરેન્દ્ર મોદીનું ચૂંટાવું એ શું પ્રમુખીય લોકશાહી તરફ ભરાયેલું એક ડગલું નથી ? કુદરતનો સંકેત છે ?

ભારતના પૂર્વજોના પ્રતાપે નવો સૂરજ ઉગ્યો છે, આપણે એને મોતીડે વધાવીએ.

*મારે તો જગતને લાગણીઓથી જોડવું છે,*
*મારે તો સૌની વેદનાની અનુભૂતિ કરવી છે.*

કવિ નરેન્દ્ર મોદીએ આ પંક્તિ ગાઈ છે, એ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાચી પાડશે એવી સર્વને શ્રધ્ધા છે.

વર્તમાનમાં વેદનાગ્રસ્ત ભારતીઓએ નરેન્દ્ર મોદીમાં એક આશા મૂકી છે, શ્રદ્ધા મૂકી છે, અમને એ શ્રદ્ધામાં શ્રદ્ધા છે.

ભારતનું ભવિષ્ય ઉજળું છે જ.

❑ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

# જયભિખ્ખુ જીવનધારા : ૬૧

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ પોતાની આગવી મસ્તી, સાહજિક ફકીરી અને સરસ્વતીસાધનાના ગૌરવ સાથે સ્વમાનભેર જીવન જીવનાર જયભિખ્ખુની કલમના ચાહકોની માફક એમના પરગજુ સ્વભાવના અને એમના મનની નિર્મળતાના ચાહકોનો વિશાળ વર્ગ હતો. અનેક વિપરીત સંજોગો વચ્ચે અને સાંસારિક વ્યવહારો વચ્ચે એમણે લેખનસફર અવિરતપણે જારી રાખી. અક્ષરની આરાધનાથી સમાજને માનવતાના મૂલ્યો અને ઉચ્ચ ભાવનાઓની સુવાસ આપી. સર્જક જયભિખ્ખુના અંતિમ સમયની કેટલીક ઘટનાઓ જોઈએ આ ૬૧માં પ્રકરણમાં. ]*

## અજલ આઝાદ મર્દ થા!

સ્વમાની સર્જક જયભિખ્ખુને જીવનની માફક મૃત્યુમાં પણ 'સ્વ-માન' સાચવવાની ભારે ખેવના હતી. જીવનમાં જેમ ભયને જાણ્યો નહોતો, એ જ રીતે મૃત્યુ વિશે ચિત્તમાં લેશ પણ ભય નહીં. ચોથની પાંચમ થતી નથી, તેવી ઉક્તિમાં આસ્થા ધરાવનારને આવનારા મૃત્યુની કોઈ ફિકર નહોતી. તીર્થંકરોના નિર્વાણની ઘટનાઓ આલેખનાર કે વીરપુરુષોનાં ચારિત્રો અથવા તો આઝાદી માટે પ્રાણ પાથરનારા શહીદોની ગાથા આલેખનાર આ લેખકને માટે મૃત્યુ એ જીવનસાર્થક્યની દૃષ્ટિએ માત્ર અલ્પવિરામ જ હતું.

એક વ્યાધિની આંગળી પકડીને એની પાછળ બીજી વ્યાધિ પ્રવેશે, તે રીતે જયભિખ્ખુના શરીરમાં વ્યાધિઓએ પોતાનો વ્યાપ ફેલાવ્યો હતો, પરંતુ એ વ્યાધિઓ વિશે જયભિખ્ખુને ઉપાધિ નહોતી કે મનમાં કોઈ તાપ-સંતાપ નહોતો. કોઈની સામે શીશ નહીં ઝુકાવનાર આ સર્જકને મૃત્યુ સમયે પણ એવી જ ખુમારી પસંદ હતી. તેથી પરિવારજનો, સાથે બેસીને ક્યારેક મોજથી વાત કરતા હોય ત્યાં કોઈના મૃત્યુનો ઉલ્લેખ થાય તો જયભિખ્ખુ કહેતા:

'જિંદગીમાં સઘળી ઈચ્છાઓ પૂર્ણ થઈ છે. લોકોનો સ્નેહ અને સરસ્વતીની કૃપા અનરાધારે વરસી છે, બસ, હવે એક જ ઈચ્છા બાકી છે કે લહલહાતી ખુશાલી સાથે વિદાય લઉં. હું મારી જાતે હાથમાં પાણીનો પ્યાલો પીતો હોઉં અને દુનિયામાંથી વિદાય લઈ લઉં! મારા હાથ થરથર ધ્રુજતા હોય, શરીર એટલું બધું અશક્ત બની ગયું હોય કે જાતે પાણી પી શકું નહીં, મારા સૂકા હોઠ આગળ કોઈ પાણીનો પ્યાલો ધરે અને હું ધ્રૂજતા હોઠ સાથે એક એક ઘૂંટડે પાણી પીઉં એવું ઓશિયાળાપણું મને સહેજે ખપે નહીં.'

જ્યારે જ્યારે મૃત્યુ વિશે વાત નીકળતી ત્યારે એમની પાસેથી બે વાત હંમેશાં સાંભળવા મળતી. એક તો ચપટી વગાડો એટલી વારમાં વિદાય લઈ લઈશ અને બીજી જાતે જ પાણીનો પ્યાલો પીતો હોઉં ને તમારા સહુની વિદાય લઈશ.

એમનાં આ વચનો અમને સહુને પહેલાં તો પીડાકારક લાગતાં. એમાંથી ક્યારેક મીઠો ઝઘડો પણ થતો. ફરિયાદી રૂપે અમે સહુ કહેતા પણ ખરા: 'તમને એમ લાગે છે કે શું અમે તમારી સેવા નહીં કરીએ? તમારી પૂરેપૂરી સંભાળ નહીં લઈએ?' ત્યારે જયભિખ્ખુનો અવાજ જરા લાગણીભર્યો બની જતો અને ઉત્તર આપતા: 'જે ખુમારીથી જીવન જીવ્યો છું, એ ખુમારી છેક અંત સુધી જળવાય એવી મારી ઈચ્છા અને ઈશ્વરને પ્રાર્થના છે.'

એમની આ ભાવનાની ઉચિતતા સમય જતાં અમને સમજાઈ. જિંદગીભર કોઈના ય આધારે કે કોઈનાય ઓશિયાળા થઈને એ જીવ્યા નહોતા. જીવનના અને સાહિત્યના ક્ષેત્રે આપબળે ઊગ્યા હતા અને આપબળે ખીલ્યા હતા. કેટલાય મિત્રો અને જન સામાન્યના તેઓ આધાર બન્યા હતા. એમણે કશી અપેક્ષા વિના સહુને સહાયરૂપ થવાનું પસંદ કર્યું હતું. વળી નફા-તોટાની ચિંતામાં રાત-દિવસ ગુજારતા સમાજની વચ્ચે એમણે કલમને ખોળે માથું મૂકીને જીવવાનું ધ્યેય રાખ્યું હતું.

માત્ર જીવનના આરંભમાં અમદાવાદના માદલપુરમાં રહેવા આવ્યા, ત્યારે ઘરગૃહસ્થીના પ્રારંભ કરતી વખતે એલિસબ્રિજ વિસ્તારના માદલપુરમાં મહિનાના સાત રૂપિયે ભાડાનું ઘર રાખ્યું હતું. તે સમયે ગજવામાં ફૂટી કોડી નહીં. પત્ની જયાબેન પાસે આણાના થોડા પૈસા આવ્યા હતા, એનાથી પહેલું ભાડું ભર્યું અને ઘર ચલાવ્યું. પત્નીની મદદ એ તો મદદ ગણાય નહીં. પણ એ સિવાય એમણે ક્યારેય કોઈની મદદ લીધી નહોતી, કોઈને કરી જાણી હતી ખરી.

જયભિખ્ખુનું શરીર ધીરે ધીરે રોગનું ઘર બની ગયું હતું. નાની વયે ચશ્માં આવતાં બાળપણમાં મિત્રો 'ચશ્મીસ' કહીને ચીડવતા હતા. એમાંય પંદર વર્ષ પછી તો આંખો ઘણી નબળી અને આંખના નંબર પણ ઘણાં વધારે હતા. વળી છેલ્લાં પંદર વર્ષથી ડાયાબિટીસે દેખા દીધી હતી. કુટુંબમાં એટલા બધા લોકોને ડાયાબિટીસ કે ઘણી વાર બધાં હસતાં હસતાં એને 'ડાયાબિટીસ ક્લિનિક' કહેતા!

જયભિખ્ખુએ ક્યારેય ડાયાબિટીસની ચિંતા કરી નહોતી. મોજથી મિઠાઈઓ ખાધી હતી, ખવડાવી હતી અને 'ડબલ' ખાંડવાળી ચા એમને વિશેષ પ્રિય હતી. છેલ્લાં દસ વર્ષથી બ્લડપ્રેશર રહેતું હતું અને છેલ્લાં બે વર્ષથી કિડની પર પણ એની થોડી અસર થઈ હતી. પગમાં સતત સોજા રહેતા હતા. રોજેરોજ કોઈ નાની-મોટી બિમારી હોય, ક્યારેક અણધારી રીતે કફ થઈ જાય, તો ક્યારેક કબજિયાત પરેશાન કરે. શરીર રોગોનું ઘર હોવા છતાં ક્યારેય કોઈ ફરિયાદ નહીં. ડૉક્ટરો અને વૈદ્યો એમના મિત્રો એમને તપાસવા આવે તે પહેલાં ડૉક્ટરો સાથે ઘણી ગપસપ ચાલે. દુનિયાભરની વાતો થાય. જયભિખ્ખુ એમના

જીવનના અનુભવો કહે અને ચિકિત્સકો એમના જીવનની મુશ્કેલીઓ વર્ણવે. આમ ક્યારેક તો એવી વિપરીત પરિસ્થિતિ થતી કે દર્દીનું નિદાન કરવાને બદલે જયભિખ્ખુ ડૉક્ટરના દર્દનું નિવારણ સૂચવતા હોય!

આથી તો એમના ફેમિલી-ડૉક્ટર શ્રી એચ. એમ. દ્વિવેદી જયભિખ્ખુના અવસાન પછી ઘરના એક લગ્ન-પ્રસંગે અમને નિમંત્રણ આપવા આવ્યા, ત્યારે જયભિખ્ખુની તસ્વીર જોઈને ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યા અને બોલ્યા, 'આજે જો એ હયાત હોત, તો મને આ પ્રસંગ ઉકેલવાની સહેજે ચિંતા ન હોત.'

આંતરિક આનંદશક્તિના બળે ભર્યું ભર્યું જીવન ગાળનારા આ સર્જકે પોતાની રોજનીશીમાં રોગોની સૂચિ લખ્યા પછી અંતે એક જ વાત લખી–

'મનમાં ખૂબ મોજ છે, જિંદગી જીવવાની રીતે જીવાય છે.'

આથી ઈ. સ. ૧૯૬૯ના વર્ષની દિવાળીના સમયે એમની તબિયત નાદુરસ્ત હોવા છતાં ભાઈબીજની વહેલી સવારે શંખેશ્વર તીર્થની યાત્રાએ ગયા. જેમ જેમ તીર્થભૂમિ નજીક આવતી ગઈ, તેમ તેમ તેમની તબિયતમાં સુધારો થયો. રોગોની ફરિયાદ દૂર થઈ; એટલું જ નહીં, પણ દવાઓની બેગ જ ખોલવી પડી નહીં. પછી લાભ પાંચમના દિવસે શંખેશ્વરથી વિદાય થઈને પાછાં આવી શંખેશ્વર તીર્થ પર અનુપમ પુસ્તકની તૈયારી કરી અને પુસ્તક પુરું તૈયાર કર્યું. એ દિવસોમાં શરીરમાં તાવ હતો, છતાં એની કશી પરવા ન કરી, ચાર ચાર કલાક સુધી દીપક પ્રિન્ટરીમાં જુદા જુદા રંગોમાં શ્રી શંખેશ્વર ભગવાનની છબીઓ કઢાવી. મુદ્રણ અને કલાની સૂઝને કારણે જયભિખ્ખુ કંકોતરી હોય કે તસવીર ત્રણ-ચાર રંગમાં એનું પ્રુફ કઢાવતા અને દીપક પ્રિન્ટરીના માલિક શ્રી સુંદરભાઈ રાવત ઉત્સાહથી રસ લઈને જુદી જુદી પ્રિન્ટ કાઢી દેતા. આમ અંધારું થઈ ગયું હોવાથી કાચી આંખોને કારણે 'બીજે દિવસે આમાંથી તસવીર પસંદ કરીને મોકલી આપીશ' એમ કહ્યું અને જતી વેળાએ એમ પણ કહ્યું કે 'હવે હું આવવાનો નથી.'

૨૪મી ડિસેમ્બરે સવારે ફ્લૂના કારણે શરીર બેચેન હતું. બપોરે તાવ ધખતો હોવા છતાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની જુદી જુદી છબીઓ જોઈને પોતાની પસંદગીની છબી સૂચના સાથે મોકલી આપી. કાર્ય અને ગ્રંથ પૂર્ણ થયાના સંતોષ સાથે પલંગ પર સૂતા.

૧૯૬૯ની ૨૪મી ડિસેમ્બરનો સૂર્ય મધ્યાહ્નેથી ધીરે ધીરે અસ્તાચળ તરફ ગતિ કરતો હતો. એ સમયે જયભિખ્ખુને ૧૦૨ ડિગ્રી તાવ હતો, છતાં એમણે મને કહ્યું,

'થોડો તાવ છે. બાકી મારી તબિયત સારી છે, તું પ્રેસ ('ગુજરાત સમાચાર')માં જા, તારું કામ ખોટી થશે.' એ સમયે 'ગુજરાત સમાચાર'માં હું શ્રી વાસુદેવ મહેતાના માર્ગદર્શન હેઠળ લેખો લખતો હતો અને પત્રકારત્વની સવિશેષ તાલીમ મેળવતો હતો.

મેં કહ્યું, 'તમારો તાવ થોડો ઓછો થાય પછી જઈશ.'

અને પછી એમણે કોફી બનાવવાનું કહ્યું. કૉફી આવી એટલે મારાં માતુશ્રી જયાબહેને કહ્યું, 'તમને ઘણો તાવ છે, લાવો, હું રકાબીમાં કૉફી રેડીને તમને પીવડાવું.'

જયભિખ્ખુએ ઘસીને ના પાડી. એમની પથારીની આસપાસ મારા માતુશ્રી જયાબહેન, પત્ની પ્રતિમા અને હું–એમ ત્રણેય ઊભાં હતાં. ત્રણેએ એમને મદદ કરવા કોશિશ કરી, પણ કોઈ ફાવ્યું નહીં. એમણે જાતે જ સ્ટૂલ પર પડેલા કૉફીના કપમાંથી કૉફી રકાબીમાં રેડી અને રકાબી હાથમાં લઈને ધીરે ધીરે પીધી.

એ પછી થોડો થાક લાગ્યો હોય તેમ પથારીમાં સૂતા અને તત્ક્ષણ હાર્ટ-ઍટેકનો ગંભીર હુમલો થયો. તરત જ ડૉ. દ્વિવેદી આવ્યા. એમણે છાતી પર જોશથી મસાજ કર્યું, પરંતુ કશું કારગત ન નીવડ્યું.

ઈ. સ. ૧૯૬૯ની ૨૪મી ડિસેમ્બર ને બુધવારે સાંજે પાંચ વાગ્યે જયભિખ્ખુની સ્થૂળ જીવનલીલાની સમાપ્તિ થઈ. પરિવારજનોને માથે જાણે વિજળી પડી. ધોળે દિવસે મધરાત થઈ. એકાએક કોઈ મોટો ડુંગર માથા પર તૂટી પડે અને એની કાળમીંઢ શિલાઓ અમારી આસપાસ પછડાવાના મોટા અવાજ સાથે ગબડતી હોય તેવો સહુને અનુભવ થયો.

સાંજના ચાર વાગ્યે જયભિખ્ખુ એમના પૌત્ર કૌશલને પહેલા માળે આવેલા એમના ખંડમાં બોલાવતા અને એની સાથે બેસીને પપૈયું ખાતા હતા. એક ટુકડો એના મોંમાં મૂકે અને બીજો પોતે લે. તે દિવસે એ નીચે રાહ જોઈને બેઠો હતો. ઉપરથી જયભિખ્ખુ બૂમ પાડે 'બકા, પપૈયું ખાવા ચાલ.' પણ આજે જયભિખ્ખુ અસ્વસ્થ હોવાથી કોઈનું તે તરફ ધ્યાન ગયું નહીં. અઢી વર્ષનો કૌશલ નીચે રાહ જોતો રહ્યો. કોઈએ એને બોલાવ્યો નહીં અને એ પછી બનેલી ઘટનાની કૌશલ પર એવી અસર થઈ કે એણે વર્ષો સુધી પપૈયું ખાધું નહીં!

૨૫મી ડિસેમ્બરે ગુજરાતી સાહિત્ય પરિષદનું જૂનાગઢમાં અધિવેશન હોવાથી અમદાવાદના સાહિત્યકારો રાત્રે ટ્રેન દ્વારા બહારગામ જવાના હતા. જયભિખ્ખુના અવસાન બાદ થોડાક જ સમયમાં રેડિયો પર એમના અવસાનના સમાચાર પ્રસારિત થયા. એ સાંભળીને મુ. શ્રી ઉમાશંકર જોશી જયભિખ્ખુના નિવાસસ્થાને દોડી આવ્યા. એમના મૃતદેહ પાસે બેસીને થોડી વાર મૌન પ્રાર્થના કરી. ત્યારબાદ જેમની પાસે એમ.એ.નો અભ્યાસ કરવાની તક મળી હતી અને જેમનો અપાર સ્નેહ પામ્યો હતો એવા ઉમાશંકરભાઈએ મારા ખભે હાથ મૂકતાં કહ્યું, 'કુમાર, હવે કુમાર-પાળ થજે.'

ઘરમાં ચોતરફ ગમગીનીનું વાતાવરણ ફેલાઈ ગયું. એવામાં રામના હનુમાન જેવા જયભિખ્ખુની સેવા કરનારા તુલસીદાસની નજર જયભિખ્ખુના ટેબલ પર પડી હતી. લાકડાના એ જૂના ટેબલ પર થોડાં પુસ્તકોની ઉપર જયભિખ્ખુની ડાયરી પડી હતી. ૧૯૬૯ના વર્ષની એ ડાયરીમાં એક જગાએ વચ્ચે જાડી ચબરખી મૂકી હતી અને એમાં લખ્યું હતું, 'કંઈ રજા-કજા થાય' તો આ જોવું.'

તુલસીદાસ એ ડાયરી લઈને મારી પાસે આવ્યા તો એમાં પોતાના મૃત્યુ અગાઉ લગભગ એક મહિના પૂર્વે ઈ. સ. ૧૯૬૯ની ૨૪મી નવેમ્બરે લખેલી રોજનિશીમાં એમણે એમનો વિદાયસંદેશ આપ્યો હતો. જાણે પોતાના દેહવિલયને દૃષ્ટિપ્રત્યક્ષ કરતા હોય તે રીતે એમાં સઘળી

આવશ્યક સૂચનાઓ હતી. પોતાના જીવન વિશેનો પરમાનંદ ભાવ હતો અને આવનારી પેઢીને જીવવા માટે પોતાના જીવનમાંથી પ્રગટેલો સચ્ચાઈ નીતરતો સંદેશ હતો. એક સ્વસ્થ મનનશીલ પ્રકૃતિવાળા માનવીના હૃદયની ભાવોર્મિથી એ અંકિત હતો.

કરવી, કાં એકાદ ભજન યા ધૂન ચલાવવી.'

'નનામીની પ્રથા નાછૂટકે અજમાવવી. મળી શકે તો મ્યુ. બસ મંગાવી એમાં દેહને લઈ જવો ને અગ્નિસંસ્કાર કરવો. સ્મશાનમાં કાં ભજન કાં નિવાપાંજલિની સભા ભરવી.'

# અલવિદા...

પ્રત્યેક મહિનાની છેલ્લી તારીખોમાં મિત્ર કુમારપાળ પાસે 'જયભિખ્ખુ જીવનધારા'ના આગળના પ્રકરણ માટે મારી ઉઘરાણી ચાલુ થઈ જાય. ક્યારેક આવી ઉઘરાણી માટે મિત્ર નહિ, તંત્રી બની જવું પડે અને પઠાણી ઉઘરાણી પણ શરૂ થાય. પણ દરેક વખતે કુમારપાળભાઈ મિત્ર જ બની રહે અને સહેજ પણ અણગમો બતાવ્યા વગર નવું પ્રકરણ પ્રેમથી મોકલી આપે. નિયમિત.

સાડા પાંચ વર્ષથી આ સિલસિલો ચાલુ છે. અને એક સવારે ફોનમાં કહી દે કે, 'હવે, કોઈ વિગત કે પ્રસંગ બાકી નથી રહ્યા, એટલે હવે આ છેલ્લું પ્રકરણ.'

આ સાંભળીને મારા મનમાં કેવી વેદનાએ આકાર લીધો હશે એ વાચક મિત્રો, તમે કલ્પના કરી શકશો.

**જયભિખ્ખુના મંગલ મૃત્યુને તાદૃશ્ય કરતું આ પ્રકરણ, અને આ 'ધારા'થી વિખુટા પડવું, આ બે સમાંતર ઘટના બે આંખોને અશ્રુથી છલકાવી દે છે.**

એક પ્રિયજન પોતાના પ્રિયજનને કહે કે હવે આપણે નહિ મળી શકીએ, ત્યારે કેવી વેદના થાય!

હું કલ્પના કરી શકું છું કે મારા પ્રિયજન કુમારપાળને પણ આવું કહેતી વખતે આવી જ વેદના થઈ હશે. અને વાચક મિત્ર! આપ મારી આ ઘટના વાંચી રહ્યા છો ત્યારે તમને પણ આવી વેદના થઈ હશે.

આ 'જયભિખ્ખુ જીવનધારા'એ સતત સાડા પાંચ વરસ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના વાચકને પ્રેરણા આપી છે, સાહિત્યરસ પીરસ્યો છે, જીવન ઘડતર કર્યું છે અને કથારસથી વાચકને તરબોળ કર્યો છે.

જયભિખ્ખુના મંગલ મૃત્યુને તાદૃશ્ય કરતું આ પ્રકરણ, અને આ 'ધારા'થી વિખુટા પડવું, આ બે સમાંતર ઘટના બે આંખોને અશ્રુથી છલકાવી દે છે.

આવું ઉમદા જીવન ચરિત્ર લખનાર મિત્ર કુમારપાળ દેસાઈનો હું તો અંગત આભાર માનું, ઋણી બન્યો છું, અને આ સંસ્થા મુંબઈ જૈન યુવક સંઘ અને 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો પણ ડૉ. કુમારપાળનો હૃદયથી આભાર માને છે.

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં બે અજોડ ઘટના બની. એક કવિશ્વર દલપતરામ અને એમના સુપુત્ર પ્રસિદ્ધ કવિવર કવિ ન્હાનાલાલની બે પેઢીની દીર્ઘ સાહિત્ય સેવા અને સાહિત્ય સર્જન. એવી જ મુઠી ઊંચેરા સર્જક જયભિખ્ખુ અને એમના સુપુત્ર કુમારપાળ દેસાઈની સાહિત્ય સેવા અને સર્જન. ગુજરાતની સરસ્વતી આ રીતે અતિ ભાગ્યશાળી છે.

આ 'જયભિખ્ખુ જીવનધારા' આધારિત સચિત્ર ગ્રંથો તૈયાર થઈ રહ્યા છે. જેનો લોકાર્પણનો ભવ્ય સમારોહ તા. ૨૩ ડિસેમ્બર સાંજે છ વાગે મુંબઈમાં ભારતીય વિદ્યા ભવનમાં એક મહાન સર્જકને શોભાવાય એ રીતે દબદબાથી યોજાશે.

'પ્રબુદ્ધ જીવન'ના પ્રત્યેક વાચકને આ સમારોહમાં પધારવાનું આમંત્રણ છે.

'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થયેલી આ 'જયભિખ્ખુ જીવનધારા' માટે ડૉ. કુમારપાળભાઈને જે જે મહાનુભાવોએ મદદ કરી હશે, ખાસ તો જયભિખ્ખુના પુત્રવધૂ પ્રતિમાબેન જેમણે જયભિખ્ખુની પુત્રી તુલ્ય સેવા કરી છે, વગેરે એ સર્વેનો અમે હૃદ્યયપૂર્વક આભાર માનીએ છીએ. પ્રત્યેક પ્રકરણે વાચકોએ પ્રતિભાવ આપ્યો, એટલે તો આ કોલમે ગતિ કરી. એટલે વાચકોનો વિશેષ આભાર.

મળવું, વિખુટા પડવું એ તો કુદરતનો ક્રમ છે. જે પળે મળવાનું થાય એ પળે જ વિખુટા પડવાની પળ વિધાતાએ લખી જ નાખી હોય છે, પછી એ પરસ્થિતિજન્ય હોય કે કુદરતી. આ 'જયભિખ્ખુ જીવનધારા'થી વિખુટા પડવું એ કુદરતી છે, એટલે એની ફરિયાદ ન હોય, પણ આ વેદનાનું શું? છલોછલ ભરેલા કટોરામાંથી એક એક ચમચી આચમન કરીએ તો એ પ્યાલો ક્યારેક તો ખાલી તો થવાનો જ છે, ત્યારે ખાલીના શૂન્યનો વિચાર ન કરતા મ્હાણેલા આચમનની સ્મૃતિને વાગોળતા વાગોળતા એ સ્મૃતિના આનંદમાં ભીંજાતા રહેવું એમાં જ સમજદારી છે.

આ જ નિયતિ છે.

☐ **ધનવંત**

એ રોજનીશીમાં જયભિખ્ખુએ લખ્યું હતું.

'જીવન તો આખરે પૂરું થવાનું છે.'

'બાસઠ વર્ષનો માણસ–અનેક રોગોની ભરેલો ને મનસ્વી પુરુષ માગી માગીને કેટલાં વર્ષ માગે?'

'જીવ જાય ત્યારે કોઈએ શોક કરવો નહીં. કાં તો ગંભીરતા ધારણ કરવી, કાં એકાદ ભજન યા ધૂન ચલાવવી.'

'એક જ દિવસે સહુને બોલાવી લેવા. એક જ ટંક રોકવા. લૌકિક ખાસ સગાં સિવાય ઝમેલો એકત્ર ન કરવો. વ્યવહારની ક્રિયાઓ ઓછી કરવી, વહાલપની ક્રિયા વધુ થવા દેવી.'

'પત્નીએ બંગડીઓ રાખવી, ચાલુ વસ્ત્રો પહેરવાં, ખૂણો ન રાખવો. રોજ બની શકે તો શંખેશ્વર ભગવાનનો ફોટો મૂકી ધ્યાન ધરવું કે

સ્તવન ગાવું.'

'વૈધવ્યનાં કોઈ ચિહ્ન ન પહેરવાં. પહેરાવવા જે પ્રયત્ન કરે તેને ચાર હત્યા લાગે.'

'મરણ બાદ, કોઈએ એ અંગેનો વ્યવહાર ન કરવો. બને તો પ્રભુભજન અવારનવાર રાખવાં. નિરાધાર, અશક્ત, ગરીબને ભોજન આપવું. પારેવાને દાણા નાખવા, ગાયને ચાર નાખવી, બને ત્યારે તીર્થયાત્રા કરવી.'

'રોવું, કૂટવું, હાય હાય કરવું સદંતર બંધ. કરે, કરાવે તે પાપના ભાગી.'

'સૌ. જયાએ હિંમતથી વર્તવું. જિંદગી જાત્રા જેવી, રાજા મહારાજા જેવી, શ્રીમંત શાહુકાર જેવી ગઈ છે, પાછળ તે હસતે મોઢે રહેવું.'

'સંસારમાં ઓછાને મળે એવો પુત્ર મને મળ્યો છે, તેવી વહુ મળી છે, તેવો દીકરો મળ્યો છે. સહુએ અગરબત્તી જેવું જીવન જીવવું.'

બાલ્યકાળથી સદાય સંઘર્ષ વેઠતી વ્યક્તિ કેવી આનંદભરી સ્થિતિમાં મૃત્યુ સમીપ જાય છે અને કશાય ભય-શોક વિના સાર્થક જીવનના ઉલ્લાસથી મૃત્યુનું સ્વાગત કરે છે! એમના આ સંદેશમાં આલેખાયેલી એમની ભાવનાઓ જોઈને ખુદ એમના મિત્ર શ્રી ઈશ્વર પેટલીકરે એમ કહ્યું: પોતે જયભિખ્ખુને રૂઢિચુસ્ત માનતા હતા અને 'સંત'ને નામે સંબોધતા હતા, પરંતુ એમના આ વિદાયસંદેશમાં અંતિમ યાત્રા અંગે અને વિશેષે પત્નીના વૈધવ્ય અંગે લખ્યું કે 'વૈધવ્યનાં કોઈ ચિહ્નો ન પહેરવાં, પહેરાવવા જે પ્રયત્નો કરે તેને ચાર હત્યા લાગે' તેમાં પ્રખર સુધારકની છબી દેખાય છે. આવું કહેનારી વ્યક્તિ એના વિચારોમાં કેવી દૃઢ હશે ?'

એમનો આ વિદાયસંદેશ પરિવારજનોને માટે એક જુદો જ ભાવ લઈને આવ્યો. એમના મૃત્યુ પછીના એમના બેસણાના દિવસે શ્રી ભાઈલાલભાઈ શાહ તથા પૂ. નિર્મળાશ્રીજી મહારાજના આદેશથી પન્નાબેન શાહ વગેરેએ ભજનો અને સ્તવનો પ્રસ્તુત કર્યાં. અત્યાર સુધી પરિવારમાં આવા પ્રસંગોએ રોકકળ થતી. એ સમયે એકાદ પરિવારજને વિરોધ પણ કરેલો કે બેસણામાં હાર્મોનિયમ કે તબલાં ન હોય; પણ એ વિરોધને કોઈએ ગણકાર્યો નહીં.

મરણોત્તર રિવાજોમાંથી પણ આ વિદાયસંદેશને કારણે ઘણી મુક્તિ મળી ગઈ. પરિવારજનોને લૌકિકે બોલાવતી વખતે એની જાણ કરવાની સાથોસાથ આ વિદાયસંદેશ પણ મોકલી આપ્યો. મોડાસાથી ડૉ. ધીરુભાઈ ઠાકર અને વડોદરાથી શ્રી કે. લાલ. અને અન્ય સગાં-સંબંધીઓ સ્મશાનયાત્રા સમયે પહોંચી ગયા અને સ્મશાનમાં શ્રદ્ધાંજલિ સભા યોજવામાં આવી.


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૯ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૧૯ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ રાજાનો રાસ | ૧૦૦ |

**નવા પ્રકાશનો**
**ડૉ. સુરેશ ગાલા લિખિત**
**નવપદની ઓળી-રૂા. ૫૦**
**ભારતીબેન શાહ લિખિત**
**શ્રી ગૌતમ તુભ્યં નમઃ -રૂા. ૨૫૦**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૦ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૧ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૨ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૩ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **ડૉ. સુરેશ ગાલા લિખિત** | |
| ૩૪ | મરમનો મલક | ૨૫૦ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીકૃત** | |
| ૩૫ | જૈનધર્મ | ૭૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૬ | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૭. | વિચાર મંથન | રૂા. ૧૮૦ |
| ૩૮. | વિચાર નવનીત | રૂા. ૧૮૦ |

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

આકસ્મિક મૃત્યુ મૃત વ્યક્તિને આશીર્વાદરૂપ હશે, પરંતુ એના આપ્તજનોને એનો દારૂણ અનુભવ થાય છે. સદાયે પિતાની છાયા માફક રહેલી, એમની સેવા-સુશ્રૂષા કરનાર અને એમના આદર્શો અને ધ્યેયને પોતીકાં માનીને રહેનારી માતા એકાએક એવી નોંધારી થઈ જશે એનો વિચાર માત્ર કરતાં મારા મનમાં કંપારી છૂટતી હતી. વળી મેં પણ માત્ર છત્રછાયાસમા પિતા જ ગુમાવ્યા નહોતા, બલકે એક જીગરજાન મિત્રે જાણે એકાએક હાથતાળી આપી વિદાય લીધી હોય, તેવી વેદનાભરી અનુભૂતિ થઈ! આવે સમયે હું સતત ગમગીન રહેતો હતો. રોજ સાથે બેસીને ભોજન કરવાનું હોય, આથી ભોજન કરવા બેસું અને બધી જ સ્મૃતિઓ સળવળી ઊઠે, હું જમ્યા વિના જ ઊભો થઈ જતો. આ જાણીને જયભિખ્ખુના લઘુબંધુ શ્રી છબીલદાસ દેસાઈ રોજ દુકાનનું કામ પતાવી મારે ઘેર આવતા અને પંદરેક દિવસ સુધી મારી સાથે બેસીને ભોજન કરતા હતા.

બે દિવસ પછી સાંજે હું ઉદાસ બેઠો હતો. મારા માતુશ્રી મારી પાસે આવ્યાં અને હિંમતથી કહ્યું, 'તું સિંહનું સંતાન છે, તું આમ કાયર ના થા. મને જો. હું કેટલી હિંમત રાખું છું.' અને સાચે જ હું બાની હિંમતને જોઈને ચકિત થઈ ગયો. સતત જયભિખ્ખુની છાયામાં જીવનારી નારીએ પુત્રના ભાવિ તરફ પોતાનું મુખ વાળી લીધું.

એ પછી અંજલિનો પ્રવાહ શરૂ થયો. સ્વજનો અને અખબારો તથા સામયિકોમાં શ્રદ્ધાંજલિઓ પ્રગટ થવા લાગી. પ્રેમ અને શૌર્યથી અંકિત, શીલ અને સત્યથી છલકાતા આનંદને લક્ષતા એમના સાહિત્યને અને એવા જ જીવનને સહુ સ્મરવા લાગ્યા. કવિ દુર્ગેશ શુકલે લખ્યું,

'ભિક્ષાપાત્ર ભિખ્ખુનું ખાલી,
એને ખપે પ્રેમની પ્યાલી.
નિર્મોહી નિર્દંભ નિખાલસ,
ગુણના રાગી, સ્વભાવ સાલસ.
બે બિંદુ કો નેત્ર ઝબૂકે,
સજળ નયનમાં વાદળ ઝૂકે,
ભાવ તણી ભરતી લે તાણી,
ઉષ્મા મૃદુ અંતરની વાણી.
ભિક્ષાપાત્ર વિના અવ ભિખ્ખુ,
લાગે સઘળું લુખ્ખું લુખ્ખું.'

## ઋણસ્વીકાર

*કલ્પના પણ નહોતી કે જયભિખ્ખુનું આટલું વિસ્તૃત જીવનચરિત્ર લખી શકીશ! મારા પરમ મિત્ર શ્રી ધનવંતભાઈ શાહે એમના સર્જક જયભિખ્ખુ પ્રત્યેના સાહજિક સ્નેહને વશ થઈને કહ્યું કે જયભિખ્ખુનું એક જીવનચરિત્ર 'પ્રબુદ્ધ જીવન'ને માટે લખો તો! મેં એમને કહ્યું કે જયભિખ્ખુના જીવનમાં એટલા બધા પ્રસંગો છે કે થોડાક હપ્તાથી એને ન્યાય ન આપી શકાય. એમણે કહ્યું કે જેટલા હપ્તા થાય એટલા લખો, પણ લખો તો ખરા જ. અને એમના આગ્રહવશ જયભિખ્ખુ જીવનધારાની લેખમાળાનો આરંભ થયો. જેમ જેમ જીવનકથા આલેખતો ગયો, તેમ-તેમ સ્મૃતિમાંથી અનેક સ્મરણો પ્રગટવા લાગ્યા અને એને પરિણામે એકસઠ હપ્તા સુધી આ જીવનચરિત્ર લખાયું. આમાં જયભિખ્ખુના નાના ભાઈ શ્રી જશવંત દેસાઈ અને પ્રતિમાબેન કુમારપાળ દેસાઈએ ઘણી વિગતોની ચકાસણી કરી આપી. જયભિખ્ખુ જીવનધારાના પ્રત્યેક લખાણ પર ગુજરાતના પ્રસિદ્ધ સર્જક શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠની નજર ફરી છે. એમણે કરેલાં સૂચનો કીંમતી નીવડ્યાં છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુરબ્બીઓનો મોકળો અવકાશ આપવાને માટે ઋણી છું.*

*જયભિખ્ખુ જીવનધારાના લેખન સમયે ઘણી વ્યક્તિઓએ પત્ર અને ફોનથી આનંદ વ્યક્ત કર્યો અને કેટલાકે જયભિખ્ખુ વિશેના પોતાના સ્મરણો પણ લખી મોકલ્યા. હવે જ્યારે એ ગ્રંથરૂપે પ્રગટ થશે, ત્યારે બીજાં થોડાંક સ્મરણોનો એમાં સમાવેશ કરીશું.*

*આગામી ડિસેમ્બરમાં સર્જક જયભિખ્ખુની પુણ્યતિથિ સમયે આ ચરિત્ર તસ્વીરોથી મઢીને અને થોડા વધુ પ્રસંગો ઉમેરીને પ્રગટ કરવાનો આશય રાખું છું.*

**❑ કુમારપાળ દેસાઈ**

માનવમૂલ્યોની હિફાજત, કરનારા આ લેખકના મૂલ્યલક્ષી અને પ્રેરક લખાણોએ અનેકના દિલમાં માનવતાનો દીપક પ્રગટાવ્યો હતો. એચ. બલજી નામના અમદાવાદની સાબરમતી જેલમાં રહેતા કેદીએ એમનાં લખાણો વાંચ્યાં અને એનું મન-પરિવર્તન થયું. જ્યારે અખબારોમાં જયભિખ્ખુના અવસાનના સમાચારો પ્રગટ થયા, ત્યારે આ ગમગુસાર કેદીએ લખેલી શ્રદ્ધાંજલિથી જયભિખ્ખુની આ જીવનધારાની સમાપ્તિ કરીએ:

ઘરવાલોં કો મેરા આદાબ ઓર સલામ,
જનાબ જયભિખ્ખુ સાહબ કી અચાનક મોત કી ખબર પઢકર દિલ કો નિહાયત હી અફસોસ ઔર મલાલ (દુ:ખ) હુઆ.
મર્હૂમને અપની ઝિંદગી બકૌલ શાઈરકે (કવિના શબ્દોમાં કહીએ તો)
આજીઝી શીખી ગરીબોં કી હિમાયત શીખી,
ઝેરદસ્તોં કે મસાઈલ કો સમજના શીખા.
(ગરીબોનું દુ:ખ શીખ્યા, જાણ્યું અને એનો પક્ષ પણ લીધો. પીડિતોના પ્રશ્નોને સમજવાનું પણ શીખ્યા.)
કુછ નહીં માંગતે હમલોગ બજુઝ ઇઝને કલામ
હમ તો ઈન્સાન કા બેસાખ્તાપન માંગતે હે.
(અમને કોઈ પણ વસ્તુની અભિલાષા નથી. અમે તો માનવની નિખાલસ પ્રેમાળ ભાષા માગીએ છીએ.)
મેં ઈન્સાનિયત કે ઈસ દેવતા કો ખીરાજે અકીદત (શ્રદ્ધાંજલિ) પેશ કરતે હૂએ અલ્લાહસે દુવા કરતા હું કે ઉનકો જન્નત મેં જગા આત ફરમાયેં ઓર તમામ ઘરવાલોં કો સબ્ર કરને કી તોફીક અતા ફરમાયે.
અલ્લાહ મગફરત કરેં અજલ, આઝાદ મર્દ થા!
(ઈશ્વર મારી આ લાગણી કબૂલ કરશે કે તે વિરલ પ્રકારના આઝાદ મર્દ હતા!)
ફક્ત આપકા ગમગુસાર
**એચ. બલજી (એક કેદી)**

**(સંપૂર્ણ)**

(૧૩બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯ ૨૬૬૦ ૨૬૭૫.
મો. : ૦૯૮૨૪૦ ૧૯૯૨૫.

# પરમસુખનું સરનામું

❑ સૂર્યવદન ઝવેરી

કોણ સુખ ઈચ્છતું નથી ? સહુ કોઈ સુખ ઈચ્છે છે. જીવ માત્ર સુખને ચાહે છે. જીવ માત્રની માંગ સુખની છે. તેથી જ તો મળીએ ત્યારે એકબીજાને પૂછીએ છીએ કે મજામાં તો છો ને ? પત્રનો આરંભ કુશળ સમાચારની પૃચ્છાથી થતો હોય છે. કારણ શું ? એનું કારણ એ જ છે કે સુખ એ જીવમાત્રનું સ્વરૂપ છે. એ આત્માનો સ્વરૂપગુણ છે. જીવનું જીવત્વ, જ્ઞાનત્વ, વેદકતા તો જીવની સાથે ને સાથે જ રહેલ છે. એ કાંઈ ખોવાઈ કે ગુમાઈ ગયા નથી. જે ખોવાઈ ગયું છે તે તો સુખ ખોવાઈ ગયું છે. જીવમાત્ર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ એટલે ત્રિકાળ અસ્તિત્વ કે જે જીવત્વ છે, તે તો સદાય સાથે ને સાથે છે. ચિદ્ એટલે જાણંગપણું અર્થાત્ જ્ઞાનત્વ અને આનંદ એટલે વેદકત્વ-સુખ. જીવનું સત્પણું અને જાણંગપણું એના આનંદપણાથી વિખૂટું પડી ગયું છે, માટે તો અત્ર તત્ર સર્વત્ર સર્વદા એના આનંદ ને સુખને શોધતો ફરે છે. વળી એ જે સુખને શોધે છે, તે કેવા સુખને શોધે છે ?

જો મળી શકે એમ હોય તો મનોમન એવા ટોચના સુખને ઈચ્છે છે કે જે સુખમાં દુઃખનો છાંટો ય ન હોય એવું નિતાંત નિર્ભેળ શુદ્ધ PURE સુખને ઈચ્છે છે. તે પણ પાછું પૂરેપૂરું પરિપૂર્ણ હોય તેવું સંપૂર્ણ PERFECT ઈચ્છે છે. વળી જે સુખ ઈચ્છે છે તે આવ્યા પછી ચાલી નહીં જાય તેવું અને તેમાંય વધઘટ ન થાય એવું શાશ્વત PERMANENT સુખ ઈચ્છે છે. એ પણ પાછું પોતાની માલિકીનું સ્વાધીન એટલે કે PERSONAL ઈચ્છે છે. પરદેશ રહેતા માલિકના બંગલાના કેરટેકર તરીકે બંગલા અને બંગલામાંની સામગ્રીના મળતા ઉછીના ઉધાર સુખને તે ચાહતો નથી. આ બધું મળવા ઉપરાંત પણ તે ઈચ્છે છે કે તેનું સુખ પાછું સર્વોચ્ચ એટલે કે બધાંથી નોખું, નિરાળું, આગવું, વિશિષ્ટ PARAMOUNT EXCLUSIVE હોય. સહુ કોઈની પસંદગી આવા જ સુખની છે કે જે મળેથી સુખની શોધ પૂરી થઈ જાય, સંતૃપ્ત (પૂર્ણકામ) કૃતકૃત્ય થઈ જવાય અને કૃતાર્થ રહેવાય.

ઊંચા લોકોની પસંદગી તો ઊંચી છે. આવું ઊંચી પસંદગીનું ઊંચું, ઈચ્છા જ ન રહે તેવું પૂર્ણ, અનંત, અવ્યાબાધ સુખ ક્યાંથી મળે ? કેવી રીતે મળે ? આવા સુખના માર્ગથી, સુખના સરનામાથી અજાણ છીએ.

અજ્ઞાનતાના કારણે તથા અશક્તિ-નબળાઈના કારણે, બત્રીસ પકવાનના ભર્યા ભોજનનો થાળ ન મળતા દરિદ્રી ભિખારી ઉકરડા કે એંઠવાડને ફંફોસીને ભૂખ ભાંગવાના અને પેટ ભરવાના ફાંફા મારતો હોય છે. એ જ રીતે સાચા સુખથી અજાણ જીવ જ્યાં ત્યાંથી જેવું તેવું બહાર પર, જડ, નશ્વર પુદ્ગલમાંથી સુખ મેળવવા મથામણ કરે છે.

પુદ્ગલ પોતે જ નામ પ્રમાણે પુરણ-ગલન સ્વભાવી સંઘાત-વિઘાતને પામનારું જડ અને નાશવંત છે. એવા પુદ્ગલમાં સુખ નામનો ગુણ તો છે જ નહિ. જે પુદ્ગલમાં પોતામાં સુખ નામનો ગુણ તો છે જ નહીં તે સુખ આપી કેમ શકે ? પુદ્ગલમાં તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ચાર ગુણ છે. પુદ્ગલ જે પોતામાં છે તે પોતાનું એની પાસે માંગવા આવેલા જીવને આપે છે. પુદ્ગલના એ ગુણોના પર્યાય (અવસ્થા) પાછા પલટાતા-બદલાતા-ફેરફાર પામતા રહે છે. સફેદ, કાળા, લાલ, પીળા, ભૂરા રંગો–વર્ણમાં વણાંતર થતાં રહે છે. સુગંધ-દુર્ગંધમાં ગંધાતર થતી રહે છે. ખારા, ખાટા, મીઠા, તીખા, કડવા, તુરા રસમાં રસાંતર થયા કરે છે. ઠંડા-ગરમ, હલકા-ભારે, નરમ-સખત, સુંવાળા-ખરબચડા, ચીકણા-લુખ્ખા સ્પર્શમાં પણ સ્પર્શાંતર થયા કરે છે. વળી તે શુદ્ધ પણ નથી અને સ્થાયી– કાયમી પણ નથી. ગમતા વર્ણાદિ મળતા સુખ માનીએ છીએ. અણગમતા વર્ણગંધાદિ મળતા દુઃખી થઈએ છીએ. પુદ્ગલના વર્ણગંધાદિ વખતો વખત ફેરફાર પામતા રહે છે અને જીવના ગમા અણગમા પણ વ્યક્તિએ, વ્યક્તિએ તેમજ સમયાનુસાર વખતોવખત બદલાતા રહે છે. વળી વસ્તુ, વ્યક્તિ અને બનાવ–પ્રસંગ ફરતા તે ફરતા રહે છે.

પુદ્ગલમાં સુખ છે નહીં. જીવ પુદ્ગલમાં સુખબુદ્ધિ કરીને એટલે કે સુખની કલ્પના કરીને પોતાનું જ સુખ પુદ્ગલના માધ્યમથી ભોગવે છે. આ કૂતરાના હાડકાંને ચગળવાથી પોતાના તાળવા છોલાવાના કારણે પોતાના લોહીનું સુખ હાડકું ચગળવા દ્વારા મેળવાતા સુખ જેવું આભાસી જૂઠું સુખ છે. જીવનો ઉપયોગ અને પુદ્ગલના ભેળાં થવાથી મળતું આ કાલ્પનિક આભાસી સુખ ભેળસેળિયું અશુદ્ધ IMPURE છે. વળી ભોગવાતું સુખ શુદ્ધ પુદ્ગલ પરમાણુથી નથી ભોગવાતું પરંતુ અસંખ્યાત કે અનંતા પુદ્ગલ પરમાણુના બનેલ સ્કંધના માધ્યમથી ભોગવાતું હોવાથી પણ ભેળસેળિયું અશુદ્ધ છે. પુદ્ગલમાં ક્રમિકતા છે. બધાં જ ગમતાં પુદ્ગલો એક સાથે મળતા નથી તથા એક સાથે ભોગવાતા નથી માટે તે પૌદ્ગલિક ભૌતિક સુખ અધુરૂં–અપૂર્ણ–IMPERFECT છે. વળી પુદ્ગલ સંયોગ-વિયોગ અર્થાત્ સંઘાત-વિઘાત સ્વભાવી હોવાથી તે પુદ્ગલનું સુખ આવવા જવાના વધઘટના સ્વભાવવાળું TEMPORORY–ક્ષણિક છે. ઉપરાંતમાં આ ભૌતિક સુખ પુદ્ગલ-સ્કંધ તથા મન ને ઈન્દ્રિયોના માધ્યમથી ભોગવાતું હોવાથી પરાધીન –પરોક્ષ INDIRECT છે. વળી તે વધઘટ થતું તરતમતાવાળું હોવાથી સાપેક્ષ–RELATIVE છે.

સુખ નામનો ગુણ તો આત્માનો પોતાનો છે. આત્મા સ્વયં પોતે છે. પરંતુ ખાટલે મોટી ખોટ એ છે કે પોતે જ પોતાને જાણતો નથી અને તેથી જ બધે બધાને બાઘો બની પૂછતો ફરે છે કે હું કોણ ? યાદશક્તિ ખોઈ બેઠેલ, પોતાનું કોઈ વજૂદ ન રહ્યું હોય એવા જીવના

બેહાલ છે. પોતાના પોતાપણાથી અજાણ પરમાં પોતાપણાની તથા સુખની બુદ્ધિ સ્થાપીને પરમાંથી પોતાપણાંને મેળવવા ને ભોગવવા જાય છે તો તેને તે કેમ મળે? એ તો સુખની શોધમાં દુઃખી થવાના જ રસ્તા છે.

મનગમતું મળી જતાં કે ઘટી જતાં થતી શાતાને કે અનુકૂળતાને સુખ કહીએ છીએ પણ તે મનથી માની લીધેલું સુખ છે. એ તો મનને મનાવવા જેવું–પઢાવવા જેવું છે કે 'ન મામા કરતાં કહેણો મામો તો છે ને!'

જીવ જે ચાહે છે, જેવું સુખ માંગે છે, તે કાંઈ બહારથી આવનારું કે બહારથી મેળવી શકનારું, મોલમાંથી ખરીદી શકાનારું યા સાધન સામગ્રીમાંથી નીપજનારું નથી હોતું. એ તો પોતામાંથી જ ભીતરમાંથી ઉગનારું–પ્રગટનારું–નિખરનારું સ્વયંને સ્વાધીન અખૂટ આત્મિક સુખ છે. પોતાથી પોતામાંથી ખોવાઈ ગયેલું પોતામાં મળી આવતું–જડી આવતું સુખ છે. એ પ્રાપ્તની પ્રાપ્તિ છે.

જીવ જે આકુળતા-વ્યાકુળતા રહિતની નિરાકુળતા તથા અગ્રતા-એકાગ્રતા–વ્યગ્રતા વિનાની સમગ્રતાને ચાહે છે, તે તો તેનું પોતાનું શુદ્ધ સ્વ રૂપ–પરમ આત્મસ્વરૂપ છે. આમ જાણે અજાણે જીવ જે માંગે છે તે મોક્ષ એટલે કે પરમસુખ–મુક્તિસુખ માંગે છે. જીવની માંગ સાચી છે પણ વર્તમાનમાં માંગપૂર્તિનો માર્ગ ખોટો છે. ચાહ સાચી છે તો પણ ચાલ ખોટી છે.

સ્વ ચેતનનું ચૈતન્યસુખ પોતાના ઘરમાંથી–પોતામાંથી મળે એમ છે પણ તેને તે પર જડ પુદ્ગલમાંથી મળે છે, એવી ખોટી માન્યતાથી બહારમાં શોધે છે. જીવની આ અવળી દિશામાંની અવળી ચાલથી તેની અવદશા થઈ છે.

ડોશીમાની સોય ઘરના અંધારામાં ખોવાઈ ગઈ છે. પંરતુ ડોશીમા તે સોયની શોધ શેરીમાંના અજવાળામાં કરી રહ્યાં છે. આપણાં સહુની સુખની શોધ પણ આ ડોશીમા જેવી મૂર્ખામી ભરી જ છે. આતમઘરમાં ખોવાઈ ગયેલ સુખને બહારમાં પુદ્ગલમાં એટલે કે જડ પદાર્થમાંથી શોધીએ છીએ; કારણ કે આતમઘરમાં અજ્ઞાનનું અંધારું છે. હવે જો આત્મજ્ઞાનનો પ્રકાશ આત્મઘરમાં લઈ જઈએ તો સ્વ ઘરમાં અજવાળું પથરાય અને જે સ્વઘરમાં ખોવાઈ ગયેલ છે તે જડી (મળી) આવે.

આપણાં તીર્થંકર ભગવાન વીતરાગ છે અને સર્વદર્શી સર્વજ્ઞ છે. તેઓશ્રી સર્વદર્શી અને સર્વજ્ઞ છે, તેથી સાચા માર્ગના જાણકાર છે. વળી વીતરાગ છે અને 'સવિ જીવ કરું શાસનરસી'ની સર્વકલ્યાણની સર્વોચ્ચ ભાવનાથી ભાવિતતાના વિપાકરૂપ તીર્થંકરપદે બિરાજમાન થયેલ હોવાથી તેઓશ્રી સાચો જ માર્ગ બતાવનારા સત્ય માર્ગદર્શક છે. જાતે પોતે એ માર્ગે ચાલીને મુકામે (મંઝીલે) પહોંચ્યા પછી એ મુકામ અને ત્યાં પહોંચવાના માર્ગની જાણ કરે છે.

પ્રભુ જણાવે છે કે મનોમન તું જે ચાહે છે–માંગે છે તે મોક્ષને એટલે કે પરમસુખને માંગે છે. એ તારો મુકામ છે. એ મુકામના સરનામાથી અને માર્ગથી અજાણ જીવ જ્યાં ત્યાં ભટક્યા કરે છે અને ભવાટવિમાં અટવાયા કરે છે. એ મુકામનું સરનામું આપતાં પ્રભુ જણાવે છે કે તારા પોતાના જીવ હોવાના જે લક્ષણો છે, તે જ તારું તારા લક્ષ્ય સુધી લઈ જનારું મંઝીલનું સરનામું છે.

नाणं च दंसण चेव चरित्तं च तवो तहा ।
वीरियं उवभोगो य, एयं जीवस्स लक्खणं ।।५।।

નવતત્ત્વ પ્રકરણ–ઉમાસ્વાતિવાચક

આત્મા અનંત ગુણધામ છે અને અનંત સુખધામ છે. આત્માના અનંત ગુણોનું વર્ણન કરવા માટે ભગવાન ભૂતલ ઉપર રોકાત તો ભગવાનનો મોક્ષ થાત નહિ અને સિદ્ધલોકમાં વાસ થાત નહિ. વળી એ અનંત ગુણોમાંના આત્માના વિશિષ્ટ ગુણો જો ભગવાન જણાવત નહિ તો અનંત સુખધામ આત્માનું સરનામું આપણને મળત નહિ અને આપણા સહુનો મોક્ષ તથા સિદ્ધલોકવાસ સંભવિત ન થાત. તેથી જ ભગવાને જીવના જીવ હોવાના જીવત્વના લક્ષણ રૂપ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવના ત્રિદોષ રહિત પરમસુખના સરનામા રૂપે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગને જીવત્વના લક્ષણ જણાવ્યા. આ લક્ષણનું લક્ષ્ય સાથે અનુસંધાન કરીએ એટલે કે લક્ષણને લક્ષ્યથી લક્ષિત કરીએ તો લક્ષણથી લક્ષ્યને આંબી શકાય અને મોક્ષને પામી શકાય તો પરમસુખને વેદી શકાય.

જ્ઞાન-દર્શન એ જીવની જાણવા–જોવાની શક્તિ છે. ચારિત્ર એ જાણેલ–જોયેલમાં રમણતા છે. તપ એ રમણતામાંથી નીપજતી લીનતા છે. જાણવા, જોવા, રમણતા, લીનતા માટેની જરૂરી ક્રિયાશક્તિ એ વીર્ય છે. ઉપયોગ એ ચેતનની ચૈતન્યમય ચેતના શક્તિનો વ્યાપાર (વપરાશ) છે. આ ચેતનાશક્તિનો દુર્વ્યાપાર, સદ્વ્યાપાર પણ હોય અને સહજ સ્વાભાવિક વ્યાપાર પણ હોય.

ચેતનાશક્તિનો દુર્વ્યાપાર જડત્વ છે, સદ્વ્યાપાર શિવત્વ છે અને સહજ વ્યાપાર શિવસ્વરૂપ છે. જડ પરના લક્ષ્યે પરની પ્રાપ્તિ અને પૂર્તિમાં પ્રવર્તતી ચેતનાશક્તિ દુર્વ્યાપાર એટલે કે દુરુપયોગ છે. સત્ સ્વ શુદ્ધ ચેતનાના લક્ષ્યે સ્વની પ્રાપ્તિ અને પૂર્તિ માટે પ્રવર્તતી ચેતનાશક્તિ એટલે સદ્વ્યાપાર છે જે સદુપયોગ છે. ચેતનાશક્તિનો શુદ્ધ ચેતનમય બની રહી થતો શુદ્ધ ચૈતન્ય વ્યાપાર એ સહજ સ્વાભાવિક વ્યાપાર છે. એ પરનિમિત્તરહિત પરનિરપેક્ષ પોતા થકી પોતામાંની પોતામયતાનું પ્રવર્તન છે. એ સ્વનો સ્વમાં સ્વૈરવિહાર છે. એ સ્વમયતા–સમયતા–સ્વરૂપસ્થતા–સ્વસ્થિતતારૂપ સ્વસ્થતા છે. એ ઉપયોગની ઉપયોગમાં જ રહેવારૂપ ઉપયોગમયતા છે.

પર પ્રવર્તના જડ માટે થતી હોવાથી તે જડત્વ છે. પર નિવર્તના અને સ્વ પ્રવર્તના સ્વ લક્ષે સ્વરૂપ–શિવસ્વરૂપ માટે થતી હોવાથી તે શિવત્વ-સમ્યક્ત્વ છે. જડસંયોગે જડસંયોગી જડત્વભાવથી જ્ઞાનનું અજ્ઞાનરૂપ, દર્શનનું મોહરંજિત, ચારિત્રનું પરમણતારૂપ અસંયમી, તપનું પરની ઈચ્છા (પરેચ્છા)રૂપ, તલપરૂપ પ્રવર્તન હોય છે.જડત્વમાં

પર ઈચ્છિતને માટે પ્રવૃત્તિ–પ્રાપ્તિ–પૂર્તિ–તૃપ્તિ અને ફરી ફરી તૃષ્ણાનું ચક્રાકાર પ્રવર્તન હોય છે. આ ભવસાગરમાં વમળ–ભંવરના ચકરાવામાંથી ઉગરવાનો એક માત્ર ઉપાય જડત્વને શિવત્વમાં પરિવર્તિત કરવામાં છે. શિવત્વમાં ઉર્ધ્વારોહણ– ગુણારોહણ છે. ગુણારોહણ રૂપ શિવત્વમાં સ્પાઈરલીંગ–Spiraling છે, જડત્વના જેવું સર્કલીંગ–Circling નહિ. ઉર્ધ્વારોહણરૂપ શિવત્વથી શિવસ્વરૂપ પ્રાગટ્યથી સિદ્ધલોકમાં આદિ–અનંત સ્થાયી વસવાટ છે.

જીવ મિથ્યાત્વ એટલે કે જડત્વના ઉન્માર્ગેથી પ્રતિક્રમણ કરવા દ્વારા શિવત્વના સમ્યગ્ સન્માર્ગે પાછો વળે છે. સમ્યગ્ મોક્ષમાર્ગે ચઢેલો તે જીવ પર્યાય (અવસ્થા)ના વિસદૃશ પરિણમનમાંથી પછી પર્યાયના સદૃશ (સમ) પરિણમનને પામે છે. આ જ પર્યાયનું દ્રવ્યની સાથેનું અભેદ પરિણમન છે તે પર્યાયની દ્રવ્યમયતા છે. આવી દ્રવ્યમયતા આવેથી દ્રવ્યની શુદ્ધ, સંપૂર્ણ, અનંત, અવ્યાબાધ, સ્વાધીન, સર્વોચ્ચ શક્તિની પર્યાયમાં અભિવ્યક્તિ (પ્રાગટ્ય) છે. આ જ જીવનું પરમસુખ, અસ્તિત્વનો આનંદ એટલે કે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આ અવસ્થા એટલે દ્રવ્યરૂપી માતાની ગુણરૂપી ગોદમાં જ (પોતામાં જ) પર્યાયરૂપી સંતાનનું (પોતાનું) સુરક્ષિત રમવાપણું અર્થાત્ કિલ્લોલ કરવાપણું છે. જે અસ્તિત્વને માન્યું (શ્રદ્ધ્યું), જાણ્યું (સમજ્યું), માણ્યું (સંવેદ્યુ) તે ત્રિકાલી સ્વ અસ્તિત્વના આનંદમાં ઠરી જવાપણું, સ્થિર થઈ જવાપણું, જામી જવાપણું છે. આને જ તત્ત્વવેત્તાઓ માનના, જાનના, રમજાના ઔર જમજાના કહે છે. આવા પોતાપણામાં સ્થિર થઈ ગયેલ પરમ આત્માઓને અનંતકાલ ઠરીઠામ થવાનું સ્થાન અધોલોક, મધ્યલોક, ઉર્ધ્વલોકની ટોચે એટલે કે લોકાગ્ર શિખરે છે, જે સિદ્ધલોક છે તેથી સિદ્ધ થયેલ પરમાત્માઓ સાદિ–અનંતકાળ સિદ્ધલોકવાસી થાય છે.

સાધક આત્મા આવા પરમસુખના સુખધામ સિદ્ધલોક વાસી થવા માટે સ્વયં શુદ્ધ થવું પડે એટલે કે પર જડ પુદ્‌ગલ (કર્મ) રહિત થવું પડે. જીવે અજીવના સંયોગ અને સંયોગીભાવથી છૂટવા આશ્રવથી અટકવું પડે. પુણ્યકર્મ આશ્રવથી અને પાપ કર્મ આશ્રવથી પર (છૂટા) થવું પડે. તે માટે સંવરમાં આવવું પડે એટલે કે સંયમમાં રહેવું પડે. નવા પુદ્‌ગલ પરમાણુઓના સંબંધો ઘટી જાય અને તૂટી જાય. જૂના સંબંધોના જે બંધનો છે તેને ઉખેડવા પડે, ખેરવવા પડે એટલે કે નિર્જરા કરવી પડે. નવા બંધનો બંધાય નહિ, જૂના બંધનોથી છૂટા થવાતું જાય અને જ્યારે સર્વથા સર્વદા સર્વ બંધનોથી છૂટા થઈ જવાય જ્યારે તે મુક્તાત્મા સિદ્ધાત્મા સિદ્ધલોકવાસી થાય.

આમ શુદ્ધ સુખ મેળવવા માટે સ્વયં શુદ્ધ થવુ પડે. સ્વાધીન સુખ મેળવવા, સાપેક્ષ સુખ છોડી સ્વાવલંબી નિરપેક્ષ થવું પડે. પૂર્ણશુદ્ધ થયેલ–પૂર્ણ વીતરાગ બનેલ પૂર્ણ સુખને પામે છે અને નિર્મોહી બનેલ બધાંય બાકીના આવરણો–આડશો–અંતરાયોને પૂર્ણતા (વીતરાગતા)ના બળે હટાવે છે ત્યારે તે પૂર્ણસુખ અંત ન પામે તેવી અનંતતાને અસીમતાને પામે છે. એ જ પૂર્ણ અનંત સુખ યોગાતીત થાય છે ત્યારે તે અવ્યાબાધ થાય છે. વ્યાબાધ–બાધ્ય બાધકતા ટળી જાય છે. શાશ્વતતાને પામે છે. આ પરમસુખ છે તે જ સર્વોચ્ચતા છે. અને તે સર્વોચ્ચપદે–સ્વપદે–પરમપદે–સિદ્ધપદે સર્વોચ્ચસ્થાને સિદ્ધલોકમાં બિરાજમાન થાય છે.

વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવંતે જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યનું એ જ સરનામું આપ્યું તે ઠેકાણે પહોંચતા અનંતજ્ઞાન–અનંતદર્શન–અનંતસુખ–અનંતવીર્યના સ્વામીત્વનો ભોગવટો છે. એ સ્વમાંથી નિષ્પન્ન થતું શુદ્ધ–સંપૂર્ણ–શાશ્વત–સ્વાધીન–સર્વોચ્ચ– નિરપેક્ષ (Real–રીયલ) સાચું સ્વસુખ છે, જેમાં સર્વ દુઃખનો, સર્વ આકુળતા–વ્યાકુળતા–વ્યગ્રતાનો અંત છે. આ જ સ્વ અર્થતા–સ્વાર્થતા–પરમાર્થતા–સાર્થકતા છે કારણ પૂર્ણકામ–પૂર્ણસુખ છે. અભાવ છે નહિ તેથી ઈચ્છા છે નહિ તેથી વીતરાગતા છે. સર્વના સર્વક્ષેત્રનું અને સર્વસમયનું સર્વજ્ઞાન સમ-સમુચ્ચય અક્રમિક છે તેથી વિચાર–વિકલ્પને અવકાશ જ નથી, કારણ કે નિર્વિકલ્પ સર્વજ્ઞતા છે. આજ ધર્મના અર્થને પામીને સધાતો પૂર્ણકામ તે મોક્ષ છે. એ પુરુષ બનીને સધાતા પુરુષાર્થનું પરિણામ છે.

મહોપકારી વાચકશ્રી ઉમાસ્વાતીજી મહારાજાએ ભગવાને આપેલા સરનામાને સૂત્રબદ્ધ કરતાં કહેલ છે કે...

।। सम्यग् दर्शन ज्ञान चारित्राणि संसार: ।।

દુઃખનો, ત્રાસનો, બંધનનો ઉન્માર્ગ છે કે જ્યાંથી પાછા વળવાનું છે તે...

।। मिथ्या दर्शन ज्ञान चारित्राणि मोक्ष: ।।

સમ્યગ્ સન્માર્ગે–મોક્ષમાર્ગે ચાલીને પહોંચવાનું છે તે પરમધામ...

।। पूर्ण दर्शन ज्ञान चारित्राणि मोक्ष: ।।

તનસુખ–ધનસુખ–મનસુખ ઈન્દ્રિયજન્ય સુખ સીમિત,ક્રમિક, પરાધીન ક્ષણિક છે. તેથી તે હેય છે, ત્યાજ્ય છે. તે તન-ધન-મનની પેલે પારનું ચરમ અને પરમ સુખ અતીન્દ્રિય, સ્વાધીન, શાશ્વત સુખ જ પરમ ઉપાદેય-આરાધ્ય છે.

સહુ કોઈ લઘુકર્મી ભવ્યાત્માઓ પરમ સુખના શીઘ્રાતીશીઘ્ર સ્વામી થાઓ એ જ અભ્યર્થના!

✱ ✱ ✱

૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકર લેન, માલાડ (પ.), મુંબઈ-૪૦૦ ૦૬૪.
(મો.) : ૦૯૮૬૯૭૧૨૨૩૮.

## ડૉ. કુમારપાળ દેસાઈનું વિશિષ્ટ સન્માન

રાજસ્થાનના લાડનૂમાં આવેલી જૈન વિશ્વભારતી ઈન્સ્ટિટ્યૂટ સમગ્ર વિશ્વમાં જૈનદર્શનનો વિસ્તૃત અભ્યાસ કરાવતી એકમાત્ર સંસ્થા છે. એના જૈનોલોજી ડિપાર્ટમેન્ટમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની પ્રોફેસર ઇમેરિટ્સ તરીકે નિમણૂક કરવામાં આવી છે અને જૈન વિશ્વભારતીના ફિલોસોફીના ઇતિહાસના મેગા પ્રોજેક્ટમાં તેઓની સેવાઓ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. જૈન વિશ્વભારતીમાં આવું પદ પામનાર ગુજરાતના આ સૌપ્રથમ વિદ્વાન છે.

# ઉપનિષદમાં ૐકાર વિચાર

☐ ડૉ. નરેશ વેદ

**(લેખક ક્રમાંક દસમો)**

ઉપનિષદના ઋષિ પોતાના શિષ્યને પરમ તત્ત્વનું જ્ઞાન આપતાં કહે છેઃ 'જે પદનું સર્વ વેદો વર્ણન કરે છે, જે બધી તપશ્ચર્યાઓનું ધ્યેય છે, જેની ઈચ્છા રાખીને લોકો જ્ઞાનની પ્રાપ્તિ પાછળ મંડ્યા રહે છે, તે પદ હું તને ટૂંકમાં કહું છું : તે 'ૐ' છે. આ ૐ અક્ષર જ પરમ-તત્ત્વ છે. આ ૐ અક્ષરને જાણીને જે જેની ઈચ્છા કરે છે તે તેને મળે છે. આ ૐનો આધાર સૌથી મહાન છે. આ ૐનો આધાર સૌથી ઉત્તમ છે અને આ ૐના આધારને જાણીને મનુષ્ય બ્રહ્મ લોકમાં પૂજાય છે.

જે આ ૐકાર છે તે જ પરબ્રહ્મ અને અપર બ્રહ્મ છે. આથી જ્ઞાની મનુષ્યો એ ૐકારના આશ્રય વડે બેમાંથી એકને મેળવે છે. તે જો अ એવી એક માત્રાવાળા ૐકારની ઉપાસના કરે છે, તો તેના વડે જ્ઞાન મેળવીને જલ્દી આ જગતમાં જન્મે છે. ઋગ્વેદની ઋચાઓ તેને મનુષ્યલોકમાં લઈ જાય છે. તે ત્યાં તપ, બ્રહ્મચર્ય અને શ્રદ્ધાથી યુક્ત થઈ મહત્તા અનુભવે છે. હવે જો એ अ અને उ એવી બે માત્રાવાળા ૐકારની ઉપાસના કરે છે, તો તે મનમાં લય પામે છે અને યજુર્વેદના મંત્રો વડે અંતરિક્ષમાં રહેલા ચંદ્રલોકમાં ઊંચો ચઢે છે. ચંદ્રલોકમાં વૈભવ ભોગવીને તે પાછો આવે છે. વળી જે મનુષ્ય, अ, उ અને म् એવી ત્રણ માત્રાવાળા ૐ અક્ષર વડે પરમ પુરુષનું ધ્યાન કરે છે, તે તેજોમય સૂર્યલોકને પ્રાપ્ત કરે છે. જેવી રીતે સાપ કાંચળીમાંથી છૂટો થાય છે, તેવી રીતે તે પાપમાંથી મુક્ત થઈ સામવેદના મંત્રો વડે બ્રહ્મલોક તરફ ઊંચો ચઢે છે. ત્યાં તે આ જીવસમુદાયથી પર રહેલા અને શરીરરૂપ પુર (નગર)માં રહેનારા પરાત્પર (પરથી પણ પર) પુરુષનો સાક્ષાત્કાર કરે છે.

ૐ કારની ત્રણ अ, उ અને म् એવી માત્રાઓ મૃત્યુલક્ષણ (એટલે કે વિનાશી) છે અને તેઓ અમૃતલક્ષણ (એટલે કે અવિનાશી) એવી અર્ધમાત્રામાં (જે પરબ્રહ્મનું આદ્યસ્વરૂપ છે તેમાં) જોડાયેલી છે. એ માત્રાઓ પહેલાં તો પરસ્પર સંકળાયેલી છે અને પાછળથી જ છૂટી પડે છે. આમ જાણનારો જ્ઞાની બહારની, અંદરની અને વચમાંની (ૐકારના ઉચ્ચારરૂપ) ક્રિયાઓ બરાબર કરતો હોઈ ને કંપતો નથી. ઋગવેદની ઋચાઓ વડે આ મનુષ્યલોકની, યજુર્મન્ત્રો વડે અંતરિક્ષ-લોકની અને સામયંત્રો વડે સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે, એમ બુદ્ધિમાન મનુષ્યો જાણે છે. જે સ્વયં શાંત, અજર, અમર, અભય અને પર છે, તેને ૐકારના આશ્રય વડે જ એ મેળવે છે.

આ બધી સૃષ્ટિ ૐ અક્ષરરૂપ જ છે. તેની વિશેષ સમજણ આ મુજબ છે : ભૂત, વર્તમાન અને ભાવિ એ બધું ૐકાર રૂપ જ છે. તેમજ જે કાંઈ આ ત્રણ કાળથી પર છે, તે પણ ૐકાર રૂપ જ છે. આ બધુંય બ્રહ્મ જ છે. આ આત્મા પણ બ્રહ્મ છે. આ આત્મા અક્ષરની નજરે ૐકાર છે અને એની માત્રાઓની નજરે, તેના પાદો (એટલે કે અવસ્થાઓ) ૐકારની માત્રાઓ છે, અને તે ૐકારની માત્રાઓ તેના પાદો (અવસ્થાઓ) છે. એ માત્રાઓ ત્રણ છે-'अ'કાર, 'उ'કાર અને 'म्'કાર. જાગ્રત અવસ્થાનો વૈશ્વાનર આત્મા 'अ'કાર રૂપ પહેલી માત્રા છે. એ 'अ'કાર 'આપ્તિ' (પ્રાપ્તિ)માંથી અથવા 'આદિમત્ત્વમાંથી ઉપજાવવામાં આવ્યો છે. જે આ વ્યુત્પત્તિને જાણે છે, તે બધીય કામનાઓને પ્રાપ્ત કરે છે અને આદિરહિત બને છે. સ્વપ્ન અવસ્થાનો તૈજસ આત્મા 'उ'કાર રૂપ બીજી માત્રા છે. એ 'उ'કાર 'ઉત્કર્ષ' શબ્દમાંથી અથવા 'ઉભયત્વ' શબ્દમાંથી ઉપજાવવામાં આવેલો છે. જે આ વ્યુત્પત્તિને જાણે છે, તે પોતાના જ્ઞાનના પ્રવાહની ઉન્નતિ કરે છે અને બધા તરફ સમાન બને છે. સુષુપ્તિ અવસ્થાનો પ્રાજ્ઞ આત્મા 'म्'કાર રૂપ ત્રીજી માત્રા છે. એ 'म्'કાર 'ત્રિતિ' (માપ) અથવા 'અપિતિ' (લય) શબ્દમાંથી ઉપજાવવામાં આવ્યો છે. જે આ વ્યુત્પત્તિને જાણે છે, તે (પોતાના જ્ઞાન વડે) આ બધાનું માપ કાઢી શકે છે અને (આત્મામાં) લય પણ પામે છે. માત્રા વિનાનો ચોથો આત્મા વાણીના વ્યવહારથી પર છે. સંસારરૂપ પ્રપંચ ત્યાં શાંત થઈ જાય છે. તે કલ્યાણ સ્વરૂપ છે, દ્વૈત વિનાનો છે. આ પ્રમાણે ૐકાર આત્મા જ છે. જે આ પ્રમાણે જાણે છે, તે પોતે પોતાની મેળે જ આત્મામાં પ્રવેશ કરે છે.

**ૐ બ્રહ્મ છે. ૐ જ બધું છે.**

ૐ બ્રહ્મ છે. ૐ જ બધું છે. ગુરુએ ઉચ્ચારેલાં કોઈ પણ વચનોનું અનુકરણ કરતી વખતે શિષ્ય પહેલાં ૐ જ બોલે છે. યજ્ઞમાં દેવોને હવિ આપતી વખતે, અધ્વર્યુ ૐ ઉચ્ચાર સાથે જ બોલે છે. ૐ ઉચ્ચાર સાથે જ સામવેદનો પાઠ થાય છે. 'ૐ શોમ્' એવા ઉચ્ચાર સાથે જ બ્રાહ્મણો શસ્ત્રો નામના ઋગ્વેદના સૂક્તો ઉચ્ચારે છે. 'ૐ' ઉચ્ચાર સાથે જ અધ્વર્યુ પ્રતિગર નામના પ્રોત્સાહક શબ્દો બોલે છે. 'ૐ' ઉચ્ચાર સાથે જ 'બ્રહ્મા'નામનો યજ્ઞનો બ્રાહ્મણ પ્રેરણા આપે છે. 'ૐ' ઉચ્ચાર વડે જ દેવોને અગ્નિહોત્રમાં હોમ થતી વખતે અનુજ્ઞા અપાય છે. પ્રવચનો આરંભ કરતાં, બ્રાહ્મણ 'ૐ' 'હું બ્રહ્મને પામું' એમ કહે છે, કારણ કે ૐ બ્રહ્મને જાણનારો પરબ્રહ્મને પામે છે.

એક રૂપક દ્વારા ઋષિ શિષ્યને સમજાવે છે કે ૐકાર ધનુષ્ય છે, આત્મા બાણ છે અને બ્રહ્મ નિશાન છે. સાવચેતીથી એ નિશાન વિંધવાનું છે, અને બાણની જેમ તેમાં તારે લીન થવાનું છે. ૐકાર રૂપે જ તું આત્માનું ધ્યાન કર.

સર્વ પ્રાણીઓનો સાર પૃથ્વી છે; પૃથ્વીનો સાર પાણી છે; પાણીનો સાર અન્ન છે; અન્નનો સાર માણસ છે; માણસનો સાર તેની વાણી છે; વાણીનો સાર ઋક્ (મંત્રો) છે; ઋક્‌નો સાર સામ (ગવાતા મંત્રો) છે અને સામનો સાર ઉદ્‌ગીથ (ૐ મંત્ર) છે. આ જે આઠમો સાર ૐ મંત્ર છે, તે દરેક સારનો પણ સાર છે, તેથી પરમાત્માની જેમ તેની પૂજા કરવી જોઈએ.

વાણી એ જ ઋક છે, પ્રાણ એ જ સામ છે, અને ૐ અક્ષર એ જ ઉદ્‌ગીથ છે. આ વાણી અને પ્રાણની તેમ જ ઋક અને સામની જોડી છે. ૐમાં જ આ જોડી ભેગી મળે છે. જ્યારે કોઈ પણ જોડાં (યુગલ)નાં બંને જણ એકબીજાને મળે છે ત્યારે જ બંનેની ઈચ્છાઓ પૂરી થાય છે. આવી રીતે સમજીને જે ૐની પૂજા કરે છે, તેની બધી ઈચ્છાઓ પૂરી થાય છે.

ત્રણેય વેદના મંત્રો 'ૐ'થી શરૂ થાય છે. યજ્ઞમાં પ્રાર્થના પણ ૐથી શરૂ થાય છે. આજ્ઞા કરવા માટે તેમ સંમતિ (હકાર) જણાવવા માટે ૐ શબ્દ વપરાય છે, યજ્ઞમાં ઊંચે અવાજે ગવાતા મંત્રો પણ ૐથી જ શરૂ થાય છે. આ બધી ક્રિયાઓ આ ૐ અક્ષરની પૂજા માટે તથા એનો મહિમા અને સાર સમજાવવા માટે જ છે. જે માણસ આ વાત સમજે અને જે માણસ ન સમજે, તે બંનેય વેદમાં કહેલાં કાર્યો તો કરે જ છે; છતાં જાણી સમજીને કરવું અને જાણ્યા સમજ્યા વિના કરવું એમાં ઘણો ફેર છે. આથી, જો કોઈ ક્રિયાને સમજીને, શ્રદ્ધાથી અને તેનો સાર સમજીને કરે, તો તેની ક્રિયા તેને વધારે ફળ આપે છે.

મૈત્રાયણીય ઉપનિષદના ઋષિ કહે છે, બ્રહ્મના બે રૂપ છેઃ મૂર્ત અને અમૂર્ત. મૂર્ત છે તે અસત્ય છે અને અમૂર્ત છે તે સત્ય છે. બ્રહ્મ છે તે જ્યોતિ છે અને જ્યોતિ છે તે આદિત્ય છે. તે જ પ્રણવ અથવા ૐનો આત્મા છે. તે આત્મા ત્રણ રૂપોમાં પ્રકટ થયો છે. તે જ ૐ કારની ત્રણ માત્રાઓ છે. આ ત્રણ માત્રાઓના તાણાવાણાથી આ વિશ્વ વણાયેલું છે. આ પ્રકારની ભાવનાથી આદિત્યમાં પ્રણવ અને આત્માનું ધ્યાન કરવું જોઈએ. જે પ્રણવ છે, તે જ ઉદ્‌ગીથ છે અને જે ઉદ્‌ગીથ છે તે જ પ્રણવ છે. અથવા આદિત્ય ઉદ્‌ગીથ છે અને તે જ પ્રણવ છે. આ ઉદ્‌ગીથરૂપ પ્રણવ જ્યોતિરૂપ, નિદ્રારહિત, વિજર (ઘડપણ રહિત), વિમૃત્યુ (મૃત્યુરહિત), ત્રિપદ, ત્ર્યક્ષર અને શરીરમાં રહેલો મુખ્ય પ્રાણ છે, જે પાંચ પ્રકારે કામ કરવાથી પંચધા (પાંચ પ્રકારનો) બની જાય છે. તેને જ ઊર્ધ્વમૂલ ત્રિપાદબ્રહ્મ કહેવામાં આવે છે. આ એક અશ્વત્થ છે. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી આ પાંચ તેની શાખાઓ છે. આદિત્ય તેનું તેજ છે. આ જ ૐકાર નામનું અક્ષરબ્રહ્મ છે. એ જ વિશુદ્ધ સ્વરૂપવાળું પરમ અક્ષર (તત્ત્વ) છે. ૐકાર દ્વારા તે જ ઉપાસના કરવા યોગ્ય છે.

આગળ ચાલતાં ૐકારની ત્રણ માત્રાઓને અગિયાર પ્રકારની ભૂમિકાઓમાં સમજાવવામાં આવી છે. જેમ કે, સ્ત્રી, પુરૂષ અને નપુંસક આ લિંગવતી તનુ (ચિહ્નવાળા શરીરો) છે. અગ્નિ, વાયુ અને આદિત્ય એ ભાસ્વતી તનુ (પ્રકાશવાળા સ્વરૂપો) છે. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એ અધિપતિ તનુ (વિધાયક સ્વરૂપો) છે. ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ અને આહવનીય એ ત્રણ મુખવતી તનુઓ (મુખ દ્વારા આહુતિ ગ્રહણ કરતા હોવાથી મુખવાળા સ્વરૂપો) છે. ઋક્, યજુસ્ અને સામ એ ત્રણ વિજ્ઞાન વતી તનુઓ છે. પ્રાણ, અગ્નિ અને સૂર્ય એ ત્રણ પ્રતાપવતી તનુઓ છે. અન્ન, જળ અને ચંદ્રમા અયનવતી (ગતિવાળા) તનુઓ છે. મન, બુદ્ધિ અને અહંકાર ચેતનવંતી તનુઓ છે. પ્રાણ, અપાન અને વ્યાન એ પ્રાણવતી તનુઓ છે. ૐકાર સંજ્ઞાથી ત્રણ ત્રણ પ્રકારનાં આ તમામનો બોધ થઈ જાય છે. આ ૐકાર અક્ષર પરબ્રહ્મ અને અપરબ્રહ્મ બંનેનો સંકેત કરે છે. અ, ઉ અને મ્ આ ત્રણ અક્ષરોથી અપરબ્રહ્મનો અને ચોથી અર્ધમાત્રાથી પરબ્રહ્મનો સંકેત થાય છે.

સૌથી મોટું આકાશ પોતે ૐ મંત્ર છે અને એનો નાશ નથી. ૐ મંત્રને આવી રીતે સમજીને જે તેની ઉપાસના કરે છે, તે સારું જીવન જીવે છે અને તે છેવટે સૌથી ઊંચા લોકમાં જાય છે.

'યોગચૂડામણિ ઉપનિષદ'માં ૐના જપની વિશિષ્ટ પ્રક્રિયા, પ્રણવ (ૐ) અને બ્રહ્મ (આત્મા)ની એકરૂપતા, ૐકારના અવયવો અને તેમના અર્થો તથા તુરીય ૐકાર દ્વારા બ્રહ્મની સાધનાનું વિશદ વર્ણન છે. 'નૃસિંહપૂર્વતાપિની ઉપનિષદ'માં કહેવાયું છે કે ૐકાર અવિનાશી છે. સમગ્ર દૃશ્ય જગત તેનો જ વિસ્તાર છે. ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણેય કાળ પણ ૐકાર સ્વરૂપ છે. જે કાંઈ ત્રિકાળયુક્ત અને ત્રિકાલાતીત છે તે સઘળું ૐકાર જ છે. 'મંડલ બ્રાહ્મણોપનિષદ'માં જણાવાયું છે કે ૐના સ્વરૂપનું દર્શન થાય ત્યારે મનુષ્યે પ્રાણ અને અપાન વાયુને એક કરી પ્રાણાયામ કરવો જોઈએ, ત્યારબાદ નાકના ટેરવા પર શાંભવી દૃષ્ટિ એકાગ્ર કરીને, બંને હાથની આંગળીઓની ષણમુખી મુદ્રા ધારણ કરીને ૐના પ્રણવનાદને સાંભળવો જોઈએ; જેથી મન એમાં લીન થઈ જાય. 'નારાયણ ઉપનિષદ' કહે છે, પ્રણવરૂપ ૐકારનો જપ કરીને સાધક જન્મ-મૃત્યુ રૂપી સંસાર બંધનોથી મુક્ત થઈ જાય છે. 'ધ્યાનબિંદુ ઉપનિષદ'માં કહેવાયું છે કે ૐકાર બધા જ સાધકો અને મુમુક્ષુઓનું લક્ષ્ય રહ્યું છે. આઠ અંગ, ચાર પગ, ત્રણ નેત્ર અને પાંચ દૈવતથી યુક્ત, મનુષ્યના અંતઃકરણમાં બિરાજમાન હંસાત્મક પ્રણવનું જે દર્શન કરે છે, તે કૃતકૃત્ય થઈ જાય છે. 'અથર્વશિર ઉપનિષદ'માં કહેવાયું છે કે મનુષ્યની સ્વથી પરમાત્મા સુધીની યાત્રા ૐકાર થકી છે. 'કૈવલ્ય ઉપનિષદ'માં કહેવાયું છેકે ૐકારના જપથી મનમાં એકાગ્રતા અને સૂક્ષ્મતા આવે છે. લાંબા સમય

*પ્રણવરૂપ ૐકારનો જપ કરીને સાધક જન્મ-મૃત્યુ રૂપી સંસાર બંધનોથી મુક્ત થઈ જાય છે.*

સુધી તેનો જપ કરવાથી ૐકાર મનની અશુદ્ધિઓને દૂર કરી, મનને શુદ્ધ અને સૂક્ષ્મ બનાવે છે. 'બ્રહ્મવિદ્યા ઉપનિષદ' કહે છે, બ્રહ્મની અક્ષરાત્મક અભિવ્યક્તિ એટલે ૐ. તેની સાધના દ્વારા મનુષ્યની ઈચ્છાઓ, કામનાઓ, વાસનાઓ અને લિપ્સાઓ શાંત થઈ જાય છે. 'શાટ્યાયની ઉપનિષદ'માં કહેવાયું છે કે વિષ્ણુલિંગ સંન્યાસી માટે અન્ય કર્મકાંડને બદલે માત્ર ૐકાર જ તેના જ્ઞાન, દંડ, શિખા અને યજ્ઞોપવીત છે. 'અમૃતનાદ ઉપનિષદ' કહે છે, ૐકારનો પ્રાણાયામના રૂપમાં અભ્યાસ કરવો જોઈએ તથા મનુષ્યે પોતાનું મન તેના ગુંજનઘોષમાં હંમેશાં લગાવી રાખવું જોઈએ. 'નાદબિંદુ ઉપનિષદ' પ્રાણમાં ૐકાર કઈ રીતે વ્યાપ્ત છે તે દર્શાવે છે. 'પ્રણવ ઉપનિષદ'માં કહેવાયું છે કે જ્યારે સાધક ૐકારની સાધના વડે બ્રહ્મની સમીપ પહોંચે છે ત્યારે કાંસાના ઘંટના નાદ જેવો અવાજ સંભળાય છે. એ ધ્વનિની અનુભૂતિ એટલે જ બ્રહ્માનુભૂતિ, એટલે જ અમૃતરસની પ્રાપ્તિ. 'આત્મબોધ ઉપનિષદ' કહે છે એની આરાધના કરનાર સાધક શોક, મોહ અને મૃત્યુભયથી મુક્ત થઈ, જ્ઞાન પ્રાપ્ત કરી, સર્વકામનાઓ સિદ્ધ કરી, અમરત્વ પામે છે.

બ્રહ્મવિદ્યાને મુખ્ય વિષય તરીકે ચર્ચતા ઉપનિષદોમાં ૐકારનો, આમ, ખૂબ મહિમા થયો છે. એનું કારણ એ છે કે બ્રહ્મ સ્વયં નિરંજન, નિરાકાર, નિર્ગુણ હોવાથી અમૂર્ત છે. અમૂર્ત તત્ત્વનો અહેસાસ કે તેની અનુભૂતિ કરવી દુષ્કર છે. જો એને કોઈક રીતે મૂર્ત રૂપમાં સંકેતિત કરાય તો મનુષ્યનું કામ આસાન બને. એટલે અમૂર્ત પરમ તત્ત્વનો સંકેત ૐકાર રૂપે કરવામાં આવ્યો છે. ૐકારની આરાધના કે ઉપાસના કરવાથી વાસ્તવમાં પરમ બ્રહ્મની જ આરાધના–ઉપાસના થાય છે. આ રીતે એને ૐકારના સંકેતથી મૂર્ત કરવામા આવ્યું હોવા છતાં પણ જો કોઈને એ પણ અગ્રાહ્ય જણાતું હોય તો એનું એક દૃષ્યાત્મક પ્રતીકરૂપ પણ રજૂ કરવામાં આવ્યું છે. બ્રહ્મનું સંકેતરૂપ ૐકાર અને એનું પ્રતીકરૂપ ગણેશ છે. દૂંદાળું શરીર, વાંકી સૂંઢ, લાંબા કાન દ્વારા ૐકારને જ ઉપસાવવાનો પ્રયત્ન થયો છે. દરેક સાધના, ઉપાસના, યજ્ઞ, વ્યાકૃતિ કે ક્રિયાના આરંભમાં જેમ ૐકારનો નાદ થાય છે તેમ એવી દરેક પ્રક્રિયા વખતે વિઘ્નહર્તા શુભ અને મંગલ કર્તા દેવ તરીકે ગણેશનું સ્થાપન કરવામાં આવે છે.

ચંચળ વાણીને નિયંત્રિત કરવા મંત્રયોગ છે. એકાક્ષરીથી માંડી અનેકાક્ષરી મંત્રો, બીજમંત્ર, મંત્ર, મંત્રબાલા એમ વિવિધ રૂપે રચાયેલાં છે. પરંતુ એ સૌ મંત્રોનો સાર (એટલે કે સૌમાં શ્રેષ્ઠમંત્ર) ૐકારનો છે. એકાક્ષરી એવા આ મંત્રમાં સ્વર-વ્યંજનની એવી સંકલના છે કે એના જપથી, ઉચ્ચારણથી, ઉદ્ગાનથી આપણો પ્રાણ સન્નદ્ધ થાય છે. ચેતાતંત્ર, શ્વાસનતંત્ર, પાચનતંત્ર, રુધિરાભિસરણ તંત્ર સક્રિય અને વેગવંત બને છે. એના વર્ણન, અર્થ, નાદ અને લય વડે એવું સ્પંદન (Vibration) પેદા થાય છે, જેનો સંબંધ વૈશ્વિક સ્પંદન સાથે હોય. મતલબ કે, સારાય બ્રહ્માંડમાં વિલસતો ચૈતન્યનો જે નાદલય છે તેની સાથે, તેની મદદથી, આપણું સાહચર્ય (Tunnig) સધાય છે. એ જ તો કારણ છે કે આજનું મનોવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, તબીબીવિજ્ઞાન અને અધ્યાત્મવિજ્ઞાન ૐકારનો મહિમા સ્વીકારે છે.

✱ ✱ ✱

'(કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર, પિન કોડ : ૩૮૮ ૧૨૦).
ફોન : 02692-233750 / 09727333000


## પર્યુષણ પર્વ વિશિષ્ટ અંક

### કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક ઉપરોક્ત શીર્ષકથી ૨૦૧૪, ઓગસ્ટની ૧૬મી તારીખે પ્રકાશિત થશે.

જૈન દર્શનમાં કર્મવાદ કેન્દ્ર સ્થાને છે. તેમજ અન્ય દર્શનમાં પણ કર્મવાદનું મહત્ત્વ છે.

જૈન અને અન્ય દર્શનના વિદ્વાનોના અભ્યાસપૂર્ણ લેખોનો આ અંકને લાભ મળશે.

આ દળદાર અંકનું સંપાદન કરશે જૈન ધર્મની વિદુષી લેખિકાઓ–

**ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવા.**

પર્યુષણ પ્રસંગે પ્રભાવના કરવા ૧૦૦થી વધુ નકલોનો ઓર્ડર લખાવનારને એ અંકોમાં પ્રભાવના કરનારનું નામ પ્રકાશિત કરી અપાશે.

**અંકની કિંમત માત્ર રૂા. ૬૦/–**

આપ આપનો ઓર્ડર સત્વરે લખાવશો. ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

## ભજન-ધન : ૯

# વિસરાતી વાણી – અનહદની ઓળખાણી

**□ડૉ. નિરંજન રાજ્યગુરુ**

### મન પવનને બાંધો

*સે'જે સાયાંજી મારું મનડું ન માને મમતાળું,*
*કહો ને ગુરુજી મારું, દિલડું ન માને દુબજાળું...*
*વારી વારી મનને હું તો વાડલે પૂરું રે ગુરુ મારા,*
*પતળેલ જાય પરબારું...ગુરુજી મારું...મનડું ન માને મમતાળું.*
*ઘડીકમાં મનડું કીડી અને કુંજર વા'લા*
*ઘડીક ઘોડે ને ઘડીક પાળું...ગુરુજી મારું...મનડું ન માને મમતાળું.*
*કામ અને કાજ મુંને કાંઈ નવ સૂઝે વા'લા*
*ખલક લાગે છે બધું ય ખારું...ગુરુજી મારું...મનડું ન માને મમતાળું.*
*તીરથ જઈને ક્યો તો તપસ્યા રે માંડુ વા'લા,*
*ક્યો તો પંચ રે ધૂણી હું પરજાળું...ગુરુજી મારું...મનડું ન માને મમતાળું.*
*કહો તો ગુરુજી રૂડાં મંદિરું ચણાવું ને,*
*હવે કહો તો સમાત્યું રે ગળાવું...ગુરુજી મારું...મનડું ન માને મમતાળું.*
*કહો તો ગુરુજી રૂડી રસોયું બનાવું ને,*
*રૂઠડા રે રામને જમાડું...ગુરુજી મારું...મનડું ન માને મમતાળું.*
*દાસી જીવણ સત ભીમ કેરાં શરણાં ને,*
*હે જી તમે સરજયું હશે તો થાશે સારું...ગુરુજી મારું...મનડું ન માને મમતાળું*

**□દાસી જીવણ**

દાસી જીવણે સત્તર સત્તર ગુરુ ધારણ કર્યા પણ મનને સ્થિર કરવાનો ઉપાય દેખાડે એવા સદ્‌ગુરુ ન સાંપડ્યા. છેલ્લે રવિ-ભાણ સંપ્રદાયના ભીમસાહેબની ખ્યાતિ સાંભળી અને એક પત્ર લખ્યો. એમાં ભજનરૂપે આલેખી પોતાના માનસિક આંતરદ્વન્દ્વની સ્થિતિ.

'હે ગુરુજી! દુર્બુદ્ધિવાળું–દ્વિધાવાળું મારું મન ક્યાંય સ્થિર નથી થાતું, મારે શું કરવું? વારે વારે મારા મનને યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર કે ધ્યાનના વાડામાં પૂરવાનો પ્રયાસ કરું છું. જુદા જુદા પંથ-સંપ્રદાયની સાધના તરફ વાળું છું પણ એ તો જેમ હરાયું ઢોર પોતાના બંધનો તોડીને ભાગે એમ વછૂટી જાય છે, મારે શું કરવું?

ઘડીકમાં કીડી જેવડું હોય તો ઘડીકમાં હાથી જેવડું, એની ગતિને કોઈ માપી શકતું નથી. જો તમે કહેતા હો તો તીરથ જઈને તપશ્ચર્યા કરું, ને તમે કહો તો સમાધિ લઈ લઉં. ધજાની પૂંછડીની જેમ ફરફરતું આ મન ઘડીકમાં કીડી જેવડું હોય તો ઘડીકમાં મદમસ્ત હાથી જેવડું થઈ જાય. ઘડીકમાં ઘોડાની ગતિએ જાય તો ઘડીકમાં વટેમાર્ગુની જેમ પરપાળા પળે પળે એના રંગ રૂપ બદલાય. એને પકડવાનો કોઈ ઉપાય ખરો? હવે તો આ મનનો તાગ લીધે જ છૂટકો છે. તમે કહેતા હો તો તીરથ જાત્રાએ જઈને તપસ્યા કરું, પંચ ધૂણીમાં બેસી જાઉં, કેતા હો તો મંદિર ચણાવું ને જો તમે ક્યો તો પછી જીવતાં સમાધિ લઈ લઉં–આત્મવિલોપન કરી નાંખું.

આ ભજનના જવાબમાં ભીમસાહેબે સંદેશો મોકલાવ્યો:

***હે જી વાલા જીવણ, જીવને જ્યાં રાખીએ, વાગે અનહદ તૂરા***
***ઝળહળ જ્યોતું ઝળહળે વરસે નિરમળ નૂરા, હે જી વાલા જીવણ જીવને...***
***પાંચ તત્ત્વને ત્રણ ગુણ છે, પચવીસાં લેજો રે વિચારી***
***મંથન કરોને એના મૂળનાં, એમાંથી તત્ત્વ લેજો એક તારી... જીવણ જીવને...***

આ ઉપદેશમાં જ્ઞાન અને યોગનો સમન્વય કરીને મન ઉપર કાબુ લાવવાના ઉપાયો બતાવ્યા છે. આ શરીરનું બંધારણ જે પાંચ તત્ત્વથી થયું છે એ પૃથ્વી, પાણી, આકાશ, અગ્નિ અને વાયુ એ પાંચ તત્ત્વો; સત્ત્વ, તમ અને રજ એ ત્રણ ગુણ અને પચીસ પ્રકૃતિને જાણી લઈને એના મૂળ સુધી પહોંચીને એક તત્ત્વની શોધ કરવાની આ યાત્રા છે. લોકસંતોએ સાવ સીધી સાદી સરળ વાણીમાં વેદાન્તના તત્ત્વદર્શનનો અર્ક આપી દીધો હોય એમ લાગે છે.

દાસી જીવણે તો કરી સાધના અને પછી ગાયું: 'અજવાળું રે હવે અજવાળું, ગુરુજી તમ આવ્યે મારે અજવાળું...' પણ એ બધું સાધનાને પ્રતાપે, મન ઉપર કાબુ મેળવ્યા પછી. આટલો તીવ્ર વૈરાગ્ય જન્મ્યો હોય ત્યારે જ મન વશ થાય, અને છતાં ગુરુની કૃપા તો હોવી જ જોઈએ. આપણે તો ઘણીવાર ડંફાસો મારતા હોઈએ છીએ કે અરે મારું મનોબળ એવું દૃઢ છે કે ધારું તેમ કરી શકું. મારા મન ઉપર એટલો કાબૂ છે કે મને કોઈ બંધન બાંધી શકે નહીં; પણ આ ભ્રમણામાંથી બહુ ઓછા બહાર આવે છે. ભલભલા ઋષિ-મુનિ-સંતો પણ મનની માયાને કારણે ગોથાં ખાઈ ગયા છે. સંસ્કૃતમાં એક સુભાષિત છે કે માણસના બંધન અને મોક્ષનું કારણ મન છે. આવું મન મોટપને માળે ચડ્યું હોય એની વેળા પ્રભુ પણ ન વાળી શકે. મનની શક્તિ પ્રચંડ છે. આત્મજ્ઞાની યોગી પુરુષો મનમાં જે સંકલ્પ કરે એ સિદ્ધ થઈ જાય, પણ એ રીતે મનને કેળવવું ખૂબ જ મુશ્કેલ છે. મનની ચંચળતા મટી ગઈ એ જ સમાધિ. અન્ય કર્મેન્દ્રિયોને બાંધવી કંઈક સહેલી છે. હઠયોગથી એના ઉપર કાબૂ મેળવી શકાય પણ મન સાથે તો બહુ ધીરજથી, સમજાવટીથી કામ લેવું પડે.

***ન મન મરે, ન માયા મરે, મર મર જાય શરીર;***
***આશા-તૃષ્ણા ના મરે, કહ ગયો દાસ કબીર.***

> ***એકવાર મન મરી જાય, બંધાઈ જાય, કાબુમાં આવી જાય પછી મૃત્યુનો કોઈ ભય રહેતો નથી,***

માણસના જીવનમાં કોઈ દિ' આશા તૃષ્ણાનો અંત આવતો નથી એનું કારણ છે માણસનું મન. શરીર મરી જાય પણ મનનો નાશ નથી થાતો. ભલભલા સંતોને પણ મન ઉપર કાબૂ મેળવવા ભારે મથામણ કરવી પડી છે. શ્રી કબીરજીને નામે ગવાતું એક ભજન છે:

કેઈ પેરે સમજાવું ? ભૂલ્યા મનને, કેઈ પેરે સમજાવું ?
લોઢું જો હોય તો લુવારી તેડાવું, ખેરના અંગારા પડાવું
ધમણ ધીકાવી એને તપાવું, ઉપર ધણ પછડાવું...ભૂલ્યા મનને...
સોનું જો હોય તો સોની તેડાવું, સુરત નુરત કઢાવું;
ખાર નંખાવી જો ને રે ઓગળાવું, નીરની પેઠે ઢળાવું...ભૂલ્યા મનને.
હસ્તિ જો હોય તો સાંકળું મંગાવું, ઉપર જંજીરું જડાવું,
માવત બેસાડી અંકુશ રખાવું, હે ધીરે ધીરે ચલાવું...ભૂલ્યા મનને.
સરપ જો હોય તો કંડિયો મંગાવું, માંહી લઈને પધરાવું,
મોરલીને નાદે એને બોલાવું, સુરતે નુરતે ડોલાવું....ભૂલ્યા મનને.
જો જ્ઞાની હોય તો તેને જ્ઞાન બતાવું, પણ અવજ્ઞાનીને શું બતલાવું,
કહેત કબીરા સુણો ભઈ સંતો, તો અમરાપુરમાં લેઇ આવું... ભૂલ્યા મનને.

કબીરજી કહે છે : મન જો સોનું હોય ને ! તો સોનીને બોલાવી એને ભઠ્ઠીમાં નાખી અંદર ખારં ભભરાવું એટલે એનો મેલ બળી જાય. મન જો હાથી હોય ને ! તો લોઢાની સાંકળમાં બાંધું ને અંકુશથી ધીમે ધીમે ચલાવું. મન જો સાપ હોય તો કરંડિયામાં પૂરી મોરલીના નાદે ડોલાવું પણ મન આમાંનું કાંઈ નથી. એને વશ કરવાના ઉપાય તો બીજા જ છે. એ ઉપાય યોગી અને જ્ઞાનીને જ આવડે. મન કી હારે હાર હે, મન કી જીતે જીત, મન મિલાવે રામકું, મન હી કરે ફજીત...મનની સામે તમે હારી જાવ તો બધે તમારી હાર થવાની. મનકી જીતે જીત...મનને જીતી લીધું તો બધેય વિજય થવાનો. મન ભગવાનનો સાક્ષાત્કાર કરાવે અને એ મન સમાજમાં ફજેતી પણ કરાવે. તમે મનનો ઉપયોગ કેમ કર્યો તેના ઉપર આધાર છે. એકવાર મન મરી જાય, બંધાઈ જાય, કાબુમાં આવી જાય પછી મૃત્યુનો કોઈ ભય રહેતો નથી, પોતાની ભીતરનો અહંકાર ઓગળી ગયો હોય એના ચોરાશીના ફેરા પછી ટળી જ જાયને ! મન પવનને બાંધ્યો હોય એવા સાધક જ એનો ઉપદેશ આપી શકે.

ગંગાસતીએ ગાયું છે ને ! મેરૂ રે ડગે પણ જેનાં મનડાં ડગે નૈ ને, મરને ભાંગી પડે ભરમાંડ રે... એના આ ભજનમાં મેરૂ શબ્દના બે અર્થ છે. એક તો મેરુ પર્વત. મેરુ પર્વત કદાચ ડગી જાય પણ જે સાધકનું મન સ્થિર હોય, બ્રહ્માંડ ભાંગી પડે તોય મનમાં કોઈ ચંચળતા ઉત્પન્ન ન થાય એ જ સાચા ભક્ત યોગી કે જ્ઞાની.

મેરૂ શબ્દ અહીં બીજા અર્થમાં પ્રયોજાયો છે મેરૂ દંડનો... યોગી ધ્યાનમાં બેઠો હોય ત્યારે તો મન સ્થિર હોય પણ જ્યારે ધ્યાનમાંથી ઊઠે, મેરુ દંડ ટટ્ટાર ન હોય, સ્થિર ન હોય, તેમાં હલચલ થાય પણ રાત દિવસ પોતાની તમામ પ્રવૃત્તિઓ વચ્ચે પણ મન તો એક જ જગ્યાએ સ્થિર થયેલું હોય એ જ સાચો સાધક કહેવાય. જ્યાં સુધી ધ્યાનમાં હો ત્યાં સુધી જ કાબુ રહે એટલું પૂરતું નથી. 'મન બાંધે ને મન છોડે' એમ આપણાં અધ્યાત્મમાર્ગી સૌ સંતભક્તોએ કહ્યું છે. મમતાળુ મનડાંને જેણે માર્યા હોય, પોતાના કાબૂમાં લઈ લીધાં હોય એવા મહાપુરૂષો જ જીવન્મુક્ત થઈ શકે, આત્મસાક્ષાત્કાર કરી શકે. માનવીનું મન ભારે અજાયબ ચીજ છે. જેમ જેમ મનુષ્ય માયાનાં બંધનોમાંથી છૂટવાનો પ્રયાસ કરે તેમ તેમ મનની ચંચળતા વધતી જાય છે. એની સામે તો રીતસરનું યુદ્ધ જ આદરવું પડે. સાંસારિક એષણાઓથી છૂટવાની તીવ્ર આકાંક્ષા અને એની પાછળ મથામણનું આલેખન દરેક સંત-કવિએ કર્યું છે.

રૈદાસજીનું એક પદ છેઃ એસોઈ હરિ ક્યું પાઈબો, મન ચંચલુ રે ભાઈ...ચપલ ભયો ચહું દિશ ધાવઈ, રાખ્યો ન રહાઈ...મન ચંચલુ રે ભાઈ... તો ગુરુ નાનક પણ આ જ ભાવ અનુભવે છેઃ અબ મૈં કૌન ઉપાય કરું ? જેહિ બિધિ મનકો સંશય છૂટે, ભવનિધિ પાર કરું, અબ મૈં કૌન ઉપાય કરું ?..

કહેવાય છે કે ગાયના શીંગ ઉપર રાઈનો દાણો ટકે એટલા સમય સુધી એટલે કે આંખનો એક પલકારો પડે ત્યાં સુધીય, ક્ષણાર્ધ માટે પણ, જો મન સ્થિર થઈ જાય તો, સાધનામાર્ગમાં પ્રવેશી શકાય. બહુ મથામણ કરવી પડે છે એને માટે.

✱ ✱ ✱

આનંદ આશ્રમ, ઘોઘાવદર,
તા. ગોંડલ, જિલ્લો
રાજકોટ. પીન ૩૬૦૧૧૧.
ફોન : ૦૨૮૨૫-૨૭૧૫૮૨.

## શ્રીમદ્ રાજચંદ્ર પ્રસાદ

### વચનામૃત

**(મે અંકથી આગળ)**

૧૧૯ *એ જ મારી આકાંક્ષા છે.*
૧૨૦ *મને કોઈ ગજસુકુમાર જેવો વખત આવો.*
૧૨૧ *કોઈ રાજેમતી જેવો વખત આવો.*
૧૨૨ *સત્પુરુષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.*
૧૨૩ *સંસ્થાનવિચયધ્યાન પૂર્વધારીઓને પ્રાપ્ત થતું હશે એમ માનવું યોગ્ય લાગે છે. તમે પણ તેને ધ્યાવન કરો.*
૧૨૪ *આત્મા જેવો કોઈ દેવ નથી.*
૧૨૫ *કોણ ભાગ્શાળી? અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ કે વિરતિ ?*
૧૨૬ *કોઈની આજીવિકા તોડશો નહીં.*

**(ક્રમશઃ આગળ આવતા અંકે)**

# વર્તમાનમાં જિન-શાસન અને સાંપ્રત સમસ્યાઓ

☐ હિંમતલાલ ગાંધી

વીતરાગ માર્ગ એટલે જૈન ધર્મ-જિન શાસન. વીતરાગ તીર્થંકર ભગવંતોએ સ્થાપેલ માર્ગ એ વીતરાગ માર્ગ અને એ માર્ગે ચાલનાર દરેક માનવ એ જૈન. અતિત ચોવીસી બાદ વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવે અસિ, મસિ અને કૃષિનું જ્ઞાન આપીને આદિ માનવને સંસ્કૃતિ, સમાજ અને ધર્મનું સ્થાપન કર્યું. ત્યારબાદ તીર્થંકર ભગવંતોએ તે તે સમયની જરૂરિયાત મુજબ જીવન અને ધર્મ અંગે જ્ઞાન ફેલાવીને વિશ્વનું કલ્યાણ કર્યું.

પરંતુ આજથી ૨૬૦૦ વર્ષ પૂર્વે, વર્તમાન ચોવીસીના છેલ્લા-ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરે જીવન, જિન-શાસન તથા તેની વ્યવસ્થા અને સુ-ચારુ સંચાલન માટે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તથા તે માટે સમાચારી-સિદ્ધાંતો-નિયમો આપ્યા, જે આગમના આચારાંગ સૂત્રમાં છે. પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરીને, મુળભૂત સિદ્ધાંતોને સુરક્ષિત રાખીને પરંપરામાં પરિવર્તન સમયે સમયે થયા છે.

શાસ્ત્રો અને ગ્રંથો મુજબ-જિન શાસનને સાત ક્ષેત્ર-ભાગમાં વહેંચવામાં આવ્યું છે. જેમાં ઉપરથી (૧) જિન પ્રતિમા (૨) જિનમંદિર (૩) જિનાગમ (૪) સાધુ (૫) સાધ્વી (૬) શ્રાવક અને (૭) શ્રાવિકા-આમાં ધર્મજ્ઞાન, પ્રસાર અને પ્રભાવના, આચાર અને સમાચારીનું પાલન તથા તે અંગે સંપૂર્ણ માર્ગદર્શનની જવાબદારી ચોથા તથા પાંચમા ક્ષેત્ર-એટલે સાધુ-સાધ્વી ઉપર આવે છે. જ્યારે સંચાલન, વ્યવસ્થા અને તે અંગેની સર્વ જરૂરિયાતો પૂરી કરવાની મહત્ત્વની જવાબદારી છઠ્ઠા તથા સાતમા ક્ષેત્ર-એટલે સાધર્મિકો ઉપર જ આવે છે. તદ્ઉપરાંત સાત શુભ ખાતાઓ (સર્વ સાધારણ ખાતા-ક્ષેત્રો)ની પણ સંપૂર્ણ જવાબદારી સાધર્મિકોએ જ અદા કરવાની છે. આ શુભ ખાતા એટલે (૧) પૌષધશાળા (ઉપાશ્રયો) (૨) પાઠશાળા (૩) આયંબિલ ખાતુ (૪) નિશ્રાકૃત ખાતુ (૫) કાલકૃત ખાતુ (૬) અનુકંપા ખાતુ અને (૭) જીવદયા ખાતુ. એટલે સાચા અર્થમાં સમસ્ત જિનશાસનનો ઈમારતનો પાયો એટલે શ્રાવક-શ્રાવિકા-સાધર્મિકો.

એટલે જિન શાસનનું સંવર્ધન, સંરક્ષણ, ધર્મ પ્રસાર-પ્રભાવના અને ઉન્નતિ કરવા હોય તો જિન શાસનની સુ-વ્યવસ્થિત, સુ-ચારુ સંચાલન વ્યવસ્થાવાળી મજબુત ઈમારત, સુંદર અને ભવ્ય ઈમારત માટે તેનો પાયો અત્યંત મજબુત હોવો અતિ આવશ્યક છે. દરેક ફિરકા, ગચ્છો વિગેરેના આ સર્વ શાસન કાર્યો, જવાબદારીઓ વિગેરે શ્રાવક-શ્રાવિકાના બનેલા સંઘ-સંસ્થાઓ જ સંભાળે છે. જેમાં ટ્રસ્ટીઓ, શ્રેષ્ઠીઓ, જ્ઞાતિ આગેવાનો મુખ્ય ભાગ ભજવે છે, એટલે એ સર્વની તથા સંઘો-સંસ્થાઓની મુખ્ય ફરજ શ્રાવક-શ્રાવિકાના પાયાને મજબૂત બનાવવાની છે તેમજ સાધુ-સાધ્વી-મહાત્માઓએ પણ આ હકીકત ઉપર ભાર મૂકીને માર્ગદર્શન આપવું જોઈએ.

હવે પાયાની શ્રાવક-શ્રાવિકાની પરિસ્થિતિ-આર્થિક, સામાજીક, ધાર્મિક તથા સંખ્યા અંગે હકીકત શું છે ? તે સંક્ષિપ્તમાં જોઈએ.

**આર્થિક પરિસ્થિતિ :** જે રીતે ધાર્મિક અનુષ્ઠાનો, આરંભ-સમારંભો યોજાઈ રહ્યા છે, નવા નવા દેરાસરો અને સંકુલો નિર્માણ થઈ રહ્યા છે તેના પરિણામે જૈનોમાં તથા જૈનેતરોમાં એક એવી છાપ ઊભી થઈ છે કે જૈન કોમ ખૂબ જ સુખી અને સમૃદ્ધ કોમ છે. એ સિવાય જે માહિતી પ્રાપ્ત થઈ છે તે મુજબ પણ જૈનો દેશની સૌથી સમૃદ્ધ-ધનિક કોમોમાંની એક છે. જે માહિતી દેશના જીડીપી (GDP)ના ૨૮% એ જૈનોનો ફાળો છે. વ્યક્તિગત ઈન્કમટેક્સના ૩૫% જૈનો ભરે છે અને ધાર્મિક તથા સખાવતી કામોમાં-દેશભરના-જૈનોનો ફાળો ૫૦% કરતાં વધારે છે. જે હકીકતો જૈનો સમૃદ્ધ છે તે સાબિત કરવા પુરતી છે. સાથોસાથ એક ચોંકાવનારી હકીકત એ પણ છે કે ૬૦% જેટલા જૈન પરિવારોને શૈક્ષણિક, આરોગ્ય તથા અનાજ રાહત અને આર્થિક મદદ માટે હાથ લાંબો કરવો પડે છે. લાખો જૈનોને રહેવા માટે ઘર નથી તેમજ બે ટંક પુરતું અનાજ પણ નથી મળતું. હાલમાં જ 'જીતો' `Jito'ના એક કાર્યક્રમમાં મંચ ઉપરથી થયેલા એક વક્તવ્યમાં જણાવવામાં આવ્યું કે ૬૦% જૈનો ગરીબી રેખાની નીચે જીવે છે. જો આ હકીકત હોય તો તે ખૂબ જ ગંભીર બાબત છે. જે જૈનો સુખી-સમૃદ્ધ છે, તથા સંઘ આગેવાનોએ જરૂરિયાતમંદ જૈન પરિવારોને પગભર કરવાના કાર્યો-પ્રયત્નો યુદ્ધના ધોરણે કરવા જોઈએ-નહીં તો જિન-શાસનની ઈમારતને બચાવવી મુશ્કેલ બનશે. જૈનો સમૃદ્ધિની સાથે બુદ્ધિમાન પણ હોવા છતાં આ પરિસ્થિતિ ખરેખર જ ગંભીર બાબત છે અને ઉપરોક્ત હકીકત સાથે જોડાયેલ છે-જે જૈનોની ઘટતી જતી વસ્તી સંખ્યા છે.

**સંખ્યા :** દેશની ૨૦૦૧માં થયેલ વસ્તી ગણતરી મુજબ જૈનોની સંખ્યા ૪૪ લાખની છે. ૨૦૧૧ના આંકડા આવવા બાકી છે. હકીકતમાં ઘણાંબધાં જૈનો-વસ્તીગણત્રી વખતે જૈન લખાવતા ન હોવાના કારણે વસ્તી સંખ્યાનો સાચો આંકડો મળી શકતો નથી. આ માટે વસ્તી ગણત્રી વખતે તેમજ દરેક સરકારી, શૈક્ષણિક તેમજ સામાજીક ક્ષેત્રે જૈનોએ જૈન લખાવવું, દર્શાવવું અત્યંત જરૂરી છે. એક અંદાજ મુજબ વિશ્વમાં જૈનોની વસ્તી લગભગ દોઢ કરોડ આસપાસ છે. જેમાંથી અંદાજે ૨૦ લાખ જૈનો વિદેશોમાં રહે છે, જ્યારે એક કરોડ ત્રીસ લાખ જૈનો ભારતમાં વસે છે. ૨૨૦૦ વર્ષ પહેલાં જૈનોની સંખ્યા ૪૦ કરોડ હોવાની વાત જૈન સાહિત્ય-ઇતિહાસમાં છે. એટલે જૈનોની વસ્તી ચિંતાજનક રીતે ઘટતી જાય છે. જેના કારણો અંગે ઊંડા ઉતરીને

અભ્યાસ કરવાની જરૂર છે-તેમજ જરૂરી ઉપાયો પણ તુરત જ કરવા જોઈએ–જો આપણે સાચા જૈનો હોઈએ અને જિન-શાસનની ભવ્ય ઈમારતને બચાવવા માગતા હોઈએ તો...

જૈનોની ઘટતી જતી સંખ્યા માટે આર્થિક તેમજ સામાજીક કારણો-પરિબળો જવાબદાર હોઈ શકે. જાણવા-સાંભળવા મળ્યા મુજબ જે જૈનો-ખાસ કરીને નાના ગામોના જૈનો-જેમની આર્થિક પરિસ્થિતિ દયાજનક છે-તેમજ સાધુ-મહાત્માઓ ગામડાઓમાં જતાં ન હોવાના કારણે જેમને જૈન ધર્મ સમજાવવા વાળું કોઈ ન હોવાના કારણે તેઓ ધર્મ-પરિવર્તન/ધર્માંતરનો ભોગ બને છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં લાખો જૈનોએ ધર્મ-પરિવર્તન/ધર્માંતર કર્યું હોવાની પુરી સંભાવના છે, શક્યતા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા કુદકે ને ભુસકે વધી રહી છે અને આપણી ઘટી રહી છે. શું આ હકીકતમાં ઊંડા ઉતરવું, આત્મ-મંથન કરવું જરૂરી નથી લાગતું? એ ઉપરાંત આંતર-જ્ઞાતિ તથા જૈનેતર સાથેના જૈનોના દીકરા-દીકરીના લગ્નો, જેને સુધારો કહેવામાં આવે છે તે પણ જવાબદાર છે. એ દરેક પરિબળો શહેરોમાં પણ એટલા જ જવાબદાર છે.

જરૂરિયાતમંદ જૈનોની અંદાજીત સંખ્યા લગભગ ૮૦ લાખની છે. એટલે લગભગ ૨૦ થી ૨૨ લાખ જૈન પરિવારોને પગભર-સ્વાવલંબી જીવન જીવતા કરીએ તો કોઈપણ જૈનને કોઈપણ જાતની સહાય માટે હાથ લાંબો કરવો ન પડે. જરૂરિયાતમંદોને અનાજરાહત, શૈક્ષણિક તથા આરોગ્ય વિષયક સહાયના કાર્યો કેટલીયે જ્ઞાતિ સંસ્થાઓ, ધાર્મિક સંસ્થા, સંઘો, સામાજીક સંસ્થાઓ, મંડળો વિ. કરી રહ્યા છે. જે દરેક અભિનંદનને પાત્ર છે. પરંતુ આનો લાભ કેટલાને મળે છે? દરેકની મર્યાદા છે. તદ્ઉપરાંત આપણે શું હંમેશ માટે તેમને હાથ લાંબો કરતા જ રાખવા છે? જો આ અંગે કોઈ નક્કર આયોજન કરવામાં નહીં આવે તો જિન-શાસનની ઈમારત નબળી પડતા કોઈ રોકી નહીં શકે. આટલા સમૃદ્ધ અને બુદ્ધિમાન જૈનો માટે આ આયોજન કરવું જરાપણ મુશ્કેલ નથી. શું નથી લાગતું કે આ ઈમારતનો પાયો મજબૂત કરવાના જિર્ણોદ્ધારના કાર્યને તાકીદે શરૂ કરવું જોઈએ? દરેક જૈન સંસ્થાઓ, જૈન ઉદ્યોગપતિઓ મોટા વેપારીઓએ જૈનોને લાઈને લગાડવા અંગે નક્કર કાર્યો શરૂ કરવા જોઈએ. સર્વ જ્ઞાની ગીતાર્થ ગુરુ ભગવંતોએ પણ અન્ય કોઈ પણ અનુષ્ઠાનો કરાવવા જેટલું જ મહત્ત્વ આ કાર્ય અંગે ઉપદેશ આપવા સાથે કરાવવા સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ. દરેકે આ કાર્યને અગ્રક્રમ આપવો અત્યંત જરૂરી છે, દરેકની ધાર્મિક તેમજ નૈતિક ફરજ અને જવાબદારી છે.

**ધાર્મિક પરિસ્થિતિ :** કડવું સત્ય એ છે કે આજે ભવગાન મહાવીરના અનુયાયીઓ, ફિરકાઓ, સંપ્રદાયો, ગચ્છોમાં વહેંચાયેલા છે. `United we stand and divided we fall' એ સત્ય આપણે સૌ જાણતા હોવા છતાં અને ભગવાન મહાવીરના અનેકાંતવાદ તેમજ સ્યાદ્વાદને અનુસરવાનો દાવો કરતાં હોવા છતાં મિથ્યાત્વમાં ફસાયેલા છીએ-એટલે જ વિશ્વધર્મ બનવાની દરેક લાયકાત ધરાવતો જૈન ધર્મ આજે સંકુચિતતામાં રાચી રહ્યો છે તેમજ ભગવાન મહાવીરે બતાવેલ મૂળ માર્ગથી વિચલીત થઈ ગયો છે.

ભગવાન મહાવીરના સમયમાં સાચા ધર્મનું સ્થાન ક્રિયા-કાંડોએ જ લઈ લીધું હતું અને ક્રિયાકાંડ એટલે જ ધર્મ તેમ માનવામાં આવતું હતું. તે વખત ભગવાન મહાવીરે આચરણને ધર્મ બનાવીને ક્રિયાકાંડોનો વિરોધ કરેલ. પંચ મહાવ્રત અને તેનું આચરણ એ જ ધર્મ તેમ પોતાના જીવન તથા દેશનાથી પ્રસ્થાપિત કર્યું. અહિંસા, અપરિગ્રહ, અનેકાન્તવાદ, સત્ય-અચૌર્ય તથા બ્રહ્મચર્યને જીવનમાં સ્થાન આપી-તેને જીવનધર્મ-Way of Life બનાવ્યા. આચરણમાં અહિંસા, વિચારમાં અનેકાંત, વ્યવહારમાં પરિગ્રહ, વાણીમાં સ્યાદ્વાદ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, દાન, શીલ, ભાવ, સત્ય, પ્રેમ, કરુણા જેવા શાશ્વત મૂલ્યોની અમૂલ્ય ભેટ આપીને સાચો ધર્મ પ્રસ્થાપિત કર્યો. પરંતુ આજે આપણે આચરણને બદલે ક્રિયા-કાંડો અને તે માટેના અનુષ્ઠાનોને જ ધર્મ માની બેઠા છીએ. મરમી ચિંતક વિદ્વાન શ્રી સુરેશભાઈ ગાલાએ એમનું દુઃખ અને આક્રોશ બે પંક્તિમાં રજૂ કર્યા છે;

'યમ નિયમ એટલે ધરમ માની અટકી જાય
ચઢે ન ઉપર પાયાથી નભ ક્યાંથી દેખાય.'

જૈન ધર્મના સિદ્ધાંતો સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. એમ કહી શકાય કે તે વિજ્ઞાનથી પણ આગળ છે. આજની પેઢીને તે ધર્મ સાથે વૈજ્ઞાનિક પરિપ્રેક્ષમાં સમજાવવા જોઈએ. જૈન દર્શન કે નિર્ગ્રંથ પ્રવચન બે ધારામાં પ્રવાહિત થયેલું છે. પ્રથમ અભ્યંતર સાધના એટલે કષાયાદિક વિભાવોની મુક્તિ અને બીજી બાહ્ય સાધના એટલે સંપૂર્ણ રહન-સહન, હલન-ચલન, બોલ-ચાલ, આહાર-પાણી, ભોજન આદિની વ્યવસ્થા, નિહાર અને વિહાર બંનેના નિયમો અને ઉપનિયમો વગેરે. આગમ ગ્રંથોમાં તેના પર સૂક્ષ્મ દૃષ્ટિપાત કરી સૂક્ષ્માતિસૂક્ષ્મ ક્રિયાઓ માટે આદેશ-પ્રત્યાદેશના ઉપદેશ આપવામાં આવ્યા છે. ખરું પુછો તો બાહ્ય ક્રિયાઓ એ દેહાધિક યોગ સંબંધી ક્રિયાઓ છે, જ્યારે આભ્યંતર પરિણીત શુદ્ધ કે અશુદ્ધ આત્મદ્રવ્ય સાથે જોડાયેલી સ્વાભાવિક કે વૈભાવિક પર્યાયો છે. ક્રિયાઓ દરેક વ્યક્તિએ પોતે પોતાને માટે કરવી જોઈએ. કેટલીક ક્રિયાઓ આવશ્યક ક્રિયાઓ છે, જે દ્વારા ધર્મ માર્ગે ચાલી શકાય છે, જેમકે નવકારશી, જિન દર્શન, વંદન તથા પૂજા, દેવવંદન, સામાયિક, વ્રત, તપ, પ્રતિક્રમણ વિગેરે. પરંતુ આ સર્વ ક્રિયાઓ કરવાની રીત, ક્રિયા અંગે સમજણ-ધાર્મિક તેમજ વૈજ્ઞાનિક હોવી જરૂરી છે. સમજણ, જ્ઞાન વગરની કોઈપણ ક્રિયા ફળદાયી બની ન શકે.

જૈન ધર્મ કર્મના સિદ્ધાંતને મુખ્યત્વે માને છે, સ્વીકારે છે. કર્મ એ જ કર્તા છે, અને દરેક વ્યક્તિએ પોતે કરેલા શુભ તેમ જ અશુભ કર્મ ભોગવવા જ પડે છે. જૈન ધર્મને સાચા અર્થમાં ધાર્મિક તેમજ વૈજ્ઞાનિક પરિપ્રેક્ષમાં રજૂ કરવાની, સમજાવવાની તથા પ્રચાર-પ્રસાર કરવાની ખાસ જરૂર છે. વિદ્વાન મહાત્માઓ તથા સંઘ અગ્રણીઓ જ આ કાર્ય

કરી શકે તેમ છે. જિનાગમમાં ભગવાન મહાવીરે આચારને પ્રથમ સ્થાન આપ્યું છે અને 'જીવો અને જીવવા દો'ની સમજણ આપી છે.

કરુણાસાગર પરમાત્મા મહાવીરે ઉપન્નેઈ વા, વિગમેઈ વા અને ધ્રુવેઈવાની ત્રિપદી ગણધર ભગવંતોને આપી. તેના દ્વારા તેઓના જ્ઞાનાવરણીય કર્મનો અદ્‌ભુત ક્ષયોપક્ષમ થયો, જેના લીધે તેઓના અંતરમાં દ્વાદશાંગીની રચના થઈ અને તેઓએ સૂત્ર રૂપે આગમગ્રંથોની રચના કરી. પંચાંગી સહિતના આ આગમગ્રંથો જૈન તત્ત્વજ્ઞાન, આચારશાસ્ત્ર, વિચાર અને જૈન પરંપરાનું જીવંત દર્શન છે. આગમશાસ્ત્રો જૈન ધર્મના બંધારણનો પાયો છે અને જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ દર્શનોની ખાણ છે જેમાં સાધુ આચાર તથા શ્રાવક આચારનું નિરૂપણ છે.

આજથી ૮૦ વર્ષ પહેલાં, ૧૯૩૨માં મુનિશ્રી ચારિત્રવિજયજી મહારાજ સાહેબે આપેલા વ્યાખ્યાનો જે પુસ્તક રૂપે પ્રકાશિત થયા છે- જેમાંથી સાધુઓને ઉદ્દેશીને કહેલી બે વાત :

(૧) તમારી જડવાદી પદ્ધતિને કારણે હજારો જૈનોએ સ્વામીનારાયણ સંપ્રદાય સ્વીકારી લીધો છે. તમે ચેતો. તમારું થોડું પણ માન છે એ તમારા પૂર્વજોના પરાક્રમથી છે.

(૨) પ્રથમ શ્રાવકોધ્ધાર કરો, પછી જ્ઞાનોધ્ધાર કરો અને પછી દેરાસરોનો જીર્ણોધ્ધાર કરો.

અગાઉ જણાવ્યા મુજબ જૈન સમાજ અન્ય સમાજો કરતાં દાન દેવામાં ઘણો જ આગળ છે. માન્યતાનુસાર જિનાલયના નિર્માણમાં સહકાર આપનાર શ્રાવક મોક્ષગામી થાય છે, અને તેથી જિનાલયોની સંખ્યા રોજબરોજ વધવામાં છે. જ્યાં જૈનોની વસ્તી ન હોય ત્યાં જિનાલયોના નિર્માણ થાય છે તે ખૂબ જ વિચાર માગી લે છે.

શિક્ષણ સંસ્થાઓ, આરોગ્ય સેવા, હૉસ્પિટલો વગેરે સમાજોપયોગી સંસ્થાઓની ઘણી જ જરૂર છે, જેમાં મધ્યમવર્ગના જૈન પરિવારો અલ્પ મૂલ્યે સેવાઓ પામી શકે અને અન્ય ધર્મીઓને પણ લાભ મળે તેથી જૈન ધર્મનો પ્રભાવ સારો પડે.

**ધાર્મિક સંસ્થાઓ, સંઘો તથા જૈન ટ્રસ્ટો અને તેના ફંડો :**

બોમ્બે પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટ મુજબ આ દરેક સંસ્થાઓ ધર્માદા આયુક્ત (ચેરિટી કમિશ્નર)માં સંસ્થા રજીસ્ટર કરાવવી ફરજીયાત છે તથા પોતાના કાયમી (કોર્પસ) ફંડો તથા વધારાની રકમો નેશનલાઈઝ્ડ બેંકો તથા માન્ય કંપનીઓમાં બાંધી મુદતની થાપણ (ફીક્સ ડિપોઝીટ) તરીકે રાખવી પડે છે. પ્રાપ્ત માહિતી મુજબ આ ડિપોઝીટો અંદાજે ૨૧,૨૦૦ કરોડની છે. આ આંકડો ફક્ત મહારાષ્ટ્રનો જ છે. અન્ય રાજ્યોમાં પણ ઘણી મોટી રકમો હોવાની સંભાવના છે. આ બેંકો આ રકમનો ઉપયોગ મોટા ઉદ્યોગ ગૃહો તથા વેપારીઓને લોન આપવામાં કરે છે, જેમાં કતલખાના, મચ્છીમારી, મટન એક્સપોર્ટસ વિ.નો પણ સમાવેશ થાય છે. એટલે આડકતરી રીતે આપણે દોષના/પાપના ભાગીદાર થઈએ છીએ. આમાં મોટાભાગની રકમ દેવદ્રવ્યની છે.

સાતમી સદી (ભગવાન મહાવીરના નિર્વાણ બાદ ૧૩૦૦ વર્ષ બાદ)માં થયેલ પ. પૂ. આચાર્ય ભગવંત હરિભદ્રસૂરિ કૃત રચિત 'સંબોધ પ્રકરણ', ગ્રંથને દેવદ્રવ્યના ઉપાર્જન અને ઉપયોગ માટેના સિદ્ધાંતો, નિયમો, સમાચારી માટે મુખ્ય આધારભુત ગ્રંથ માનવામાં આવે છે. તદ્‌ઉપરાંત દ્રવ્ય-સપ્તતિકા, વસુદેવ હુંડી, શ્રાદ્ધ-વિધિ, પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ કૃત ગ્રંથ-શ્રાદ્ધ-દિન કૃત્યનો પણ આધાર લેવામાં આવે છે. આ ગ્રંથો મુજબ દેવદ્રવ્યના ત્રણ ખાતા હોવા જરૂરી છે, તેમજ તેમાં એક ખાતાની રકમ બીજા માટે વાપરી શકાતી નથી. તેમજ ત્રણે ખાતાનો વધારો ફક્ત જૂના દેરાસરોના જિર્ણોદ્ધારમાં જ વાપરી શકાય તેવો સ્પષ્ટ નિર્દેશ છે. એ સિવાયનો ઉપયોગ અતિ ભયાનક કર્મોનું બંધક છે તેમ જણાવવામાં આવેલ છે. નૂતન જિનાલયોનું નિર્માણ ફક્ત સ્વ-દ્રવ્યથી જ થઈ શકે, તે માટે દેવદ્રવ્યનો ઉપયોગ ન જ થઈ શકે. શું અત્યારે એ મુજબ થાય છે ખરું? જો ન થતું હોય તો જ્ઞાની ગીતાર્થ ગુરુ ભગવંતો એ અંગે તાત્કાલિક જરૂરી પગલાં લેવરાવીને સંઘોને મહાદોષમાંથી ઉગારે તે ખૂબ જ જરૂરી છે. જો નૂતન જિનાલયમાં દેવદ્રવ્ય વપરાયું હોય તો તે પાછું જમા કરાવે તથા જરૂરી પ્રાયશ્ચિત લઈને હવે પછી ફક્ત સ્વ-દ્રવ્ય જ વાપરે તે જરૂરી છે, શાસ્ત્રોક્ત છે.

નૂતન જિનાલયોના નિર્માણમાં પણ જમીન, પથ્થર, પથ્થરની ખરીદી, શિલ્પ વિ.ના દરેક માટે શાસ્ત્રોક્ત નિયમોનું પાલન આવશ્યક છે. શું આ નિયમોનું પાલન થાય છે ખરું? જિનાલયની ચાર બાજુ ખુલ્લી જમીન જોઈએ, નીચેથી ગટરના પાઈપ પસાર ન થવા જોઈએ વિ.નું મુંબઈ કે અન્ય મહાનગરોના કેટલા જિનાલયમાં પાલન થયું છે?

હાલમાં હાય-વે ઉપર ઠેર ઠેર વિહારધામને નામે ભવ્ય સંકુલો ઉભા થયા છે અને થઈ રહ્યા છે. શું આ જરૂરી છે? શું આપણે તે સંભાળી શકીએ તેમ છીએ? ચોમાસાના ચાર મહિના, અનિષ્ઠ તત્ત્વો તેને દુરૂપયોગ કરે તે રોકવાની યંત્રણા આપણી પાસે છે ખરી? ખરેખર તો જો સાધુ-ભગવંતો ગ્રામ્ય વિસ્તારોમાં વિહાર કરે તો ત્યાં વસતા જૈનો ધર્મ પામી શકે અને હાય-વે ઉપર થતાં અકસ્માતોમાંથી ગુરુ ભગવંતો બચી શકે. ગ્રામ્ય વિસ્તારોમાં ઉપાશ્રય તેમજ વૈયાવચ્ચની સગવડો ન હોય તો ઊભી કરવી જોઈએ. આમ કરવાથી ખોટા મોટા ખર્ચાથી પણ બચી શકાશે. આ દરેક બાબતોમાં પરિગ્રહ પણ જરૂરી છે તેમ નથી લાગતું?

દેવદ્રવ્ય અને વિહારધામો, જિનાલયો વિષે પ્રાથમિક જાણકારી બાદ રોકાણ (Investments) બાબત વિચારીએ. ફીક્સ્ડ ડિપોઝીટોમાં લગભગ ૮ ટકા જેવી વ્યાજની આવક થાય છે, સામે આડકતરી રીતે દોષના ભાગી થઈએ છીએ. હવે ટ્રસ્ટ એક્ટ મુજબ મિલકતો, જમીન, મકાનોમાં રોકાણ થઈ શકે છે, અગાઉ કેટલાંક ટ્રસ્ટોએ કરેલ પણ છે. આમાં ૮ ટકાથી વધારે આવક પણ થઈ શકે, મુડીમાં મિલકતની કિંમતોમાં વધારો થતાં, વધારો થાય અને દોષમાંથી બચી શકાય છે. હવે આજ રોકાણો જો સસ્તા ભાડાના આવાસો/મકાનો બાંધવામાં

કરવામાં આવે અને સાધર્મિકોને ફાળવવામાં આવે તો છઠ્ઠા-સાતમા ક્ષેત્ર-શ્રાવક-શ્રાવિકાના પ્રશ્ન (રહેણાંક)નું પણ નિરાકરણ થઈ શકે. ભાડામાંથી જરૂરી આવક પણ થઈ શકે. આ જ રીતે જૈનશાળાઓ, શિક્ષણ સંસ્થાઓ, ગુરૂકુળો ઊભા કરી શકાય, જેમાં જૈન બાળકોને વિના મૂલ્યે અગર અલ્પ મુલ્યે અભ્યાસ કરાવી શકાય અને અન્યો પાસેથી જરૂરી આવક ફી દ્વારા મેળવી શકાય. લઘુમતી ધર્મની જે માન્યતા મળી તેના કારણે શાળામાં જૈન વિષય પણ રાખી શકાય. આ અંગે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરીને જ્ઞાની-ગીતાર્થ ગુરુ ભગવંતો સમાચારી તૈયાર કરે અને માર્ગદર્શન આપે તો જિન-શાસનની ઈમારતને મજબૂત કરવાનું મહત્ત્વનું કાર્ય થઈ શકે. એજ રીતે જો દરેક જૈન, ફિરકા, સંપ્રદાય, ગચ્છના ભેદ વિસરીને એક મહાવીરના છત્ર નીચે આવીને, દરેક અગ્રણી સંસ્થાઓ, જેવી કે જીતો, જીઓ, સોશ્યલ ગ્રુપો, જાગૃતિ સેંટરો, સંઘો અને સંસ્થાઓ જૈન બેંકની સ્થાપના કરે અને જરૂરિયાત મંદોને-જૈન પરિવારોને નાના મોટા વ્યાપાર-ઉદ્યોગો માટે લોન સહાય તથા માર્ગદર્શન આપીને સ્વાવલંબી બનાવે તે આજની મુખ્ય જરૂરિયાત છે. જવાબદારી છે. ફરજ છે. ધર્મ છે.

વર્ષોથી વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલ હોઈને મારા અનુભવો, જાણકરી મુજબ મારા વિચારો, મંથન મેં રજૂ કર્યાં છે. કોઈને દુઃખ પહોંચ્યું હોય કે શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ કશું લખાયું હોય તો હૃદયપૂર્વક માફી માંગું છું–મિચ્છામિ દુક્કડમ્. ✷ ✷✷

૪૦૪, સંદર ટાવર, ટી. જે. રોડ, શિવરી (પશ્ચિમ),
મુંબઈ-૪૦૦ ૦૯૪. મોબાઈલ : ૯૩૨૩૩૧૪૯૩.

# ખગોળનો આનંદ

☐ હરજીવન થાનકી

અદ્ભુત! જેને જોતાં ન થકાય, એટલું જ નહીં પણ થાક દૂર થઈ જાય. ડૉ. પંકજભાઈ જોષી એ આવા એક ખગોળ-વિજ્ઞાની છે જે આપણને સૌને, આકાશમાં રહેલા અગણિત-તારા વિશ્વનો આનંદ લેતાં શીખવી રહ્યાં છે.

તેમના કાકા, સ્વામી ચિદાનંદજી કહેતા, 'બધું જ આપણી પાસે હોય, પણ તેનો આનંદ લેતાં આવડવો જોઈએ ને!' આપણી પાસે શું નથી? આંખ, નાક, કાન, જીભ અને ચામડી જેવી ઈન્દ્રિયો છે, જે આપણને સ્વર્ગના રાજા 'ઈન્દ્ર' બનાવવા પૂરતી છે. આપણે રાત્રે આકાશમાં જોઈએ છીએ? આહોહો, કેટલા બધા તારાઓઃ

*ગણ્યા ગણાય નહિ,*
*વીણ્યા વિણાય નહિ;*
*તો ય મારા આભલામાં માય!*

અહીં 'મારા' શબ્દ અગત્યનો છે! આ આખું આકાશ, મારું છે, આપણું છે, આપણાં સૌનું છે! જે પીંડમાં છે, તે જ બ્રહ્માંડમાં છે. આપણી મર્યાદિત દૃષ્ટિને વ્યાપક બનાવવા અવકાશ વૈજ્ઞાનિકોએ મસમોટા ટેલિસ્કોપ વિકસાવ્યા છે, તેથી સમગ્ર બ્રહ્માંડની ઝાંખી થતી રહી છે. જે અત્યંત વિશાળ, વ્યાપક અને વિસ્તૃત છે. આજે અંદાજે, ઓછામાં ઓછા બસોથી ત્રણસો અબજ, તારાવિશ્વો-ગેલેક્સીઝ જોઈ શકાય છે. એક ગેલેક્સીમાં પાછા અબજો તારાઓ!

પ્રત્યેક તારો (Star) સૂર્ય સમાન છે, કેટલાક તો વળી સૂર્ય કરતાં યે મોટા, છતાં ખૂબ...ખૂબ દૂર હોવાથી નાના પણ તેજસ્વી જણાય. પ્રકાશની ગતિ એક સેકંડના ૧,૮૬,૦૦૦ માઈલની મપાઈ છે. સૂર્યના પ્રકાશને આપણી પૃથ્વી પર પહોંચતા ૮ મિનિટનો સમય લાગે છે. વળી, આ સૂર્ય તો આપણી આકાશ-ગંગા-ગેલેક્સીમાં આવેલો એક સામાન્ય 'તારો' જ છે! જો સૂર્ય આટલો દૂર હોય તો તારાઓ કેટલા દૂર હશે, તેની ગણત્રી કરવી રહી. આપણી આકાશ-ગંગાના એક છેડેથી બીજે છેડે પહોંચવું હોય તો આશરે એક લાખ પ્રકાશ વર્ષ જેટલું અંતર કાપવું પડે. એક પ્રકાશ વર્ષ એટલે વર્ષ દરમ્યાન પ્રકાશને દોડતાં લાગતો સમય! આપણી ગેલેક્સી ઉપરાંત બીજી ત્રણસો અબજ ગેલેક્સીઓને દૂરબીનથી જોઈ શકાઈ છે કે જેમાં પાછા અસંખ્ય તારાઓ રહેલાં છે.

આપણી નજીકનો તારો 'આલ્ફા સેન્ચૂરી' ગણાય છે. ત્યાં પહોંચતાં આશરે ૪ પ્રકાશ વર્ષ લાગે! આના ઉપરથી ખ્યાલ આવે બ્રહ્માંડ કેટલું માનવીય કલ્પનાથી બહારનું વિશાળ અને વ્યાપક છે.

'મહાભારત'માં શ્રીકૃષ્ણે જ્યારે અર્જુનને 'વિશ્વરૂપ દર્શન' કરાવ્યું ત્યારે તે જોઈને ડરી ગયો હતો. પરંતુ આજે આપણે ડરતા નથી, પણ બ્રહ્માંડનો વિસ્મય-રોમાંચ અને આનંદ અનુભવીએ છીએ. એટલું જ નહીં પણ **તે જોઈને આપણો અહંકાર-હુંપણું દૂર થઈ જાય છે.** આ તો 'જ્યાં વાણી પણ કામ કરતી બંધ થઈ જાય તેવી વાત છે! આપણે તો કેવળ તેની હાથ-પગની આંગળીનાં નખ જેટલા ક્ષુલ્લક, આપણાં સુખદુઃખોની તેની પાસે શી વિસાત? નાની-નાની વાતની ચિંતાઓ, રાગ-દ્વેષો અને 'મારું-તારું'ની ભાવના જ્યાં વૃક્ષના સુકાયેલાં પાંદડાંની જેમ ખરી પડે છે. આપણે કેટલી બધી શંકાઓ, ભય અને ઈર્ષ્યાથી નાહકના પીડાઈ રહ્યાં છીએ.

*હું મોટો, તું નાનો, એ ખ્યાલ જગનો ખોટો,*
*ખારાં જળનો દરિયો તરિયો, મીઠાં જળનો લોટો.*

આ ખગોળ-દર્શન અને તેનો આનંદ જો આપણી થોડી-ઘણી પણ ખારાશ દૂર કરીને મીઠાશ વધારે તો તે સાર્થક થાય. ખગોળ-દર્શનનો આનંદ પણ જો આપણને પૃથ્વી પર સખણાં રહેતાં શીખવે તો શીખી લેવા જેવું બને. આજે તો તારાઓમાં જન્મ અને મૃત્યુના અવલોકનો થઈ રહ્યાં છે, ત્યારે બિચારો માનવી, મૃત્યુનો શોક શા માટે કરતો હશે? ✷ ✷ ✷

સીતારામનગર, પોરબંદર.

# સ્વભાવ

☐ કિશોર હરિભાઈ દડિયા

'સ્વભાવ...શું બદલી શકાય'? એ સવાલ, કે એની ચર્ચા માત્ર પણ વિચિત્ર કે અસ્થાને લાગશે. ૧૦૦માંથી ૯૯ના જવાબ તો તુરત જ 'ના' જ આવશે. 'સુખ-શાંતિ-આનંદ-ખુશી' ઉપર ૧૨ વર્ષોના લખાણ કાર્યો, વધતા મનન-મંથન અને અભ્યાસ-અનુભવો પછીનું સત્ય છે...કે, **'સુખ-દુ:ખ'નો સીધો સંબંધ ફક્ત અને ફક્ત આપણા 'સ્વભાવ' ઉપર જ છે.**

૮૪ લાખ કષ્ટ દાયક ફેરા ફર્યા પછી, મળેલ આ મહામૂલ્ય મોંઘા માનવ-ભવને, મુક્ત મનથી માણવાને બદલે, આપણે, એટલે કે ૧૦૦માંથી ૬૦-૭૦-૮૦ મનથી મૂંઝાયેલ અને મુરઝાયેલ જ રહીએ છીએ. કહેવાતા સર્વ સાધન-સગવડ-સંપત્તિ હોવા છતાં, 'સ્વભાવ'ના કારણે આપણે દુ:ખી રહીએ છીએ. હોઠ ઉપરનું હાસ્ય પણ, હેત-હોંશ વગરનું બનાવટી કે પરાણે લાગે છે!

સ્વભાવ બદલવાની આ વાત વધારે પડતી, અશક્ય કે અયોગ્ય લાગશે. પણ સવાલ એ આવે છે કે, આ કહેવાતો સ્વભાવ આવ્યો ક્યાંથી? શું જન્મ સાથે આવ્યો?? શું તેને બદલી ના શકાય??? આ દરેક સવાલોનો સીધો-સાદો જવાબ છે સ્વભાવની સંધી : 'સ્વ'+'ભાવ'. 'સ્વ' (પોતાના) સારા 'ભાવ' (વાત-વર્તન-વિચારો) = સારો સ્વભાવ, અને 'સ્વ'ના ખરાબ ભાવ = ખરાબ સ્વભાવ. હૃદયમાં 'હકારાત્મક' હોંશ અને આશાવાદમાં અપાર આસ્થા હોવાથી, મારું અંગત માનવું છે કે 'સ્વભાવ'ને ચોક્કસથી બદલી શકાય, અને તે ૧૦૦% આપણા જ હાથમાં છે.

સર્વ પ્રકારના 'કહેવાતા-સુખ' હોવા છતાં, ફક્ત 'સ્વભાવ'ને કારણે જ, આજે ૬૦-૭૦% ઘરો અકારણની અકળામણ અને અહમ-આક્રોશની અનદેખી પીડામાં પીડાઈ રહ્યા છે. તેથી, સ્વભાવના આ વિકટ વિષય ઉપર વિચાર-વિનિમય કરવાનું ખૂબ જ જરૂરી સમજી, ખૂબ જ વિનમ્ર-ભાવે આ વાતને લખાણના માધ્યમે વહેતી કરવાનો નમ્ર પ્રયાસ શરૂ કરેલ છે.

આ વાત નથી મારી-તમારી કે કોઈ ૫-૧૫ વ્યક્તિઓની, વાત છે તો આપણા સર્વના 'સ્વભાવ'ની. મહામુશ્કેલથી મળેલ આ મનુષ્ય અવતારની, મર્યાદિત છે મંઝીલ...અને...મુદત મહિના-મિનિટની, માટે, મહાભૂત માટીમાં મળે આ મોંઘો માનવ-દેહ, તે પહેલાં, 'સ્વભાવ' માટે જાગીએ, જાણીએ અને જીતીએ જાજરમાન આ જીવન-યાત્રાને.

સ્નેહના સદ્‌ભાવે, એવો સરળ અને સહજ કરીએ આપણો 'સ્વભાવ', કે, તેની સુગંધથી, દુશ્મન બને દોસ્ત, અજાણ્યા પણ આપણા બને.

ભુલી ભૂતકાળની આપણી-કે-બધાઓની દરેક ભૂલો, સમજીને સ્વીકારીશું 'સ્વભાવ'ના આ સનાતન સત્યને...તો, સરળતા-સહજતા સાથે સાકાર થશે સર્વના 'સુખ'નું સાચું સ્વપ્નું...અહીં અને આજે જ...

સુખ-શાંતિ માટે 'સ્વભાવ'ની વાત ખૂબ જ મહત્ત્વની હોવાનું સમજી, શુદ્ધ-ભાવથી મારા મનના વિચારો લખેલ છે. છતાં, કોઈને જરા જેટલું પણ દુ:ખ થાય તો, તેટલા જ શુદ્ધ ભાવથી દરેકની ક્ષમા માગું છું. સર્વે સાથે મળી સાચા-ભાવથી આ વિષય ઉપર 'વિચાર-વિનિમય' કરીશું, તો, વિશ્વાસ છે કે, કહેવાતા ખોટા રાગ-દ્વેષ, વેર-ઝેર, કડવાશ-કકળાટ ઓછા થઈ... અરસ-પરસ સાચા સ્નેહ-સંબંધો અને આત્મિય-આનંદનો નવો યુગ સાકાર અને સાર્થક થશે.

✶✶✶

એ/૧૦૨, 'મનીષ', એસવીપી રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.
મોબાઈલ : ૯૮૨૧૬ ૨૮૯૦૧.

## સાચી સુગંધ

'ખુશી' નામની 'ખુશ્બુ'ઓ અને 'આનંદ' નામક 'અત્તર' તે તો આપણા અંતરના અંદરમાં જ છે. પણ ખૂબી ભરેલી આવી ખુશ્બુઓ અને અનોખા આવા અત્તરને ના તો આપણે ક્યારે પણ જાણ્યું કે માણ્યું...અને ના તો ક્યારે પણ ઓળખ્યું કે અનુભવ્યું.

સ્નેહ-સભર આવી સાચી-સુગંધ જે એકદમ સહજ અને સાત્ત્વિક છે, તેને સમજવા કે સ્વીકારવાને બદલે...ફેક્ટરીમાં કેમિકલ સાથે બનેલ કહેવાતા 'પેરિસના પરફ્યુમ', જે અસલી કરતા નકલી વધારે વહેંચાતા હોય છે, તેને પૈસાથી ખરીદી, છાંટીને છકી જઈએ છીએ.

કહેવાતા આ કૃત્રિમ અને મોંઘા પરફ્યુમમાં, ચામડીના રોગો; શ્વાસની બિમારી; કપડાંમાં ડાઘા; તેવા અનદેખ્યા અને અજાણ્યા, આપણું જ અહિત કરતા અસંખ્ય નુકસાનો છે. આટલા મોંઘા હોવા છતાં, કહેવાતા આ પરફ્યુમની 'કહેવાતી સુગંધ' ફક્ત ૧-૨-૫ કલાક જ રહે છે!!

જ્યારે 'આનંદ' નામક આપણી અંદરનું જ અત્તર, જે અનંત-અમર અને અણમોલ છે તેને, 'ખુશી' નામક ખુશ્બુ સાથે ખીલવીશું...તો, તે ખૂબ જ ખૂબી સાથે ખીલતું રહી હંમેશ માટે 'ખુશી અને આનંદ'નો ખરો ખજાનો બની રહેશે.

કુદરતની આવી કરામત, અને તેની જ અસીમ કૃપાથી, જ્યારે આપણી-અંદર જ આવી અમૂલ્ય 'ખુશ્બુઓ' સમાયેલ છે ત્યારે તેટલી જ સરળતા-સહજતા સાથે તેને સમજી-સ્વીકારી...અરસપરસ કરીશું આપ-લે...તો તેની 'સાચી સુગંધ' સર્વ માટે સરવાળા સાથ સાકાર અને સાર્થક થઈ...સદા માટે સર્જન કરશે...

'સાચું સુખ'...અહીં....આજે જ... અને હંમેશ માટે.

☐ કિશોર દડિયા

# ગજલક્ષ્મી–મહાલક્ષ્મી

□ પ્રવર્તક : મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી મ.

મહાલક્ષ્મીને Goddess of Wealth કહેવાય છે. તેનું સાર્થક અને વિશિષ્ટ નામ ગજલક્ષ્મી પણ છે. જૈન સાહિત્યમાં શ્રીદેવી તરીકે પણ ઉલ્લેખ મળે છે. જ્યારે વૈદિક વાઙ્મયમાં લક્ષ્મીનારાયણ રૂપે વિષ્ણુની પત્ની છે.

महालक्ष्मी च विद्महे, विष्णुपत्नींच धीमहि ।
तन्नो लक्ष्मीः प्रचोदयात् ।।

(શ્રી સૂક્તં. શ્લોક-૨૩)

ગૌમાતામાં જેમ કામધેનુ, હાથીમાં ઐરાવણ, વૃક્ષમાં કલ્પવૃક્ષ, રત્નમાં ચિંતામણિ, મણિમાં કૌસ્તુભમણિ અથવા કોહિનૂર, શંખમાં પાંચજન્ય જેમ તેની વિશિષ્ટતા દર્શાવે છે તેમ લક્ષ્મી સ્વરૂપે ગજલક્ષ્મી શ્રેષ્ઠ છે.

અષ્ટધા લક્ષ્મી માનવામાં આવી છે. તે મુજબ ધનલક્ષ્મી, ધાન્યલક્ષ્મી, શૌર્યલક્ષ્મી, સંતાનલક્ષ્મી, સૌભાગ્યલક્ષ્મી, વિજયલક્ષ્મી, રાજ્યલક્ષ્મી અને જ્ઞાન-વિદ્યાલક્ષ્મી. ઉપર મુજબ લક્ષ્મીના વિવિધ રૂપો છે. ગૃહસ્થો માટે તે ગૃહલક્ષ્મી છે. વ્યાપારીઓ માટે વાણિજ્યલક્ષ્મી છે. ક્ષત્રિયો માટે વિજયલક્ષ્મી છે. ભૂમિપુત્રો-ખેડૂતો માટે ધાન્યલક્ષ્મી છે અને વિદ્વાનો માટે જ્ઞાનલક્ષ્મી (વિદ્યાલક્ષ્મી) છે. આ હેતુથી જ દીપાવલિ, નવરાત્રિ, દશેરા, લાભ (જ્ઞાન) પંચમી જેવા તહેવારો–પર્વો અસ્તિત્વમાં છે અને તેના પ્રભાવ દર્શાવતાં કનકધારા, વસુધારાવિદ્યા, લક્ષ્મીધારા, ઈષ્ટ-સિદ્ધિતંત્ર, શ્રી સૂક્તં જેવા સ્તોત્રો પણ છે.

આપણી સંપત્તિ-લક્ષ્મી આસુરી ન બની જાય તે માટે સત્કાર્યોમાં ધનનો વિનિયોગ કરીને તેને શુભલક્ષ્મી બનાવવાની છે. તેથી લક્ષ્મીને પુણ્યાનુસારિણી કહી છે.

જૈન ગ્રંથોમાં પ્રસિદ્ધ શાલિભદ્રનું દૃષ્ટાંત એક સુંદર ઉદાહરણ છે. શાલિભદ્રે તેના ગત જન્મમાં સુપાત્રદાનના પુણ્યથી લક્ષ્મીને શુભલક્ષ્મી બનાવી. સમ્રાટ સંપ્રતિએ પણ જિનપ્રાસાદો અને પ્રતિમાઓનું નિર્માણ કરીને પુણ્યની ઉજજવળ પરંપરાનું સર્જન કર્યું.

દાનવીર દેદાશાની ધર્મપત્ની વિમલશ્રીનું નામ પણ જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયું છે. તેના દાનની સુવાસ તેના મૃત્યુ પછી પણ અકબંધ રહી. કહેવાય છે કે જ્યારે પણ યાચકોને દાન મળતું ત્યારે તેઓ 'વિમલશ્રી સુપ્રભાતમ્'નો અચૂક ઉદ્‌ઘોષ કરતા. બીજા પણ દૃષ્ટાંતો છે.

શ્રી એટલે લક્ષ્મીનો મૂળ સ્રોત તો પરમાત્માની પ્રીતિ-ભક્તિ જ છે. કવિ નરસિંહ મહેતાએ શ્રીકૃષ્ણાને (શામળાજી)ને લખેલી હુંડીનું રહસ્ય પણ એમાં જ છે.

'વર્ધમાન શક્રસ્તવ'માં ઉલ્લેખ મુજબ 'સર્વ સંપદાં મૂલં જાયતે જિનાનુરાગઃ' (આલાપક-૧૪) એટલે કે આ પુણ્ય પ્રકૃતિ જ લક્ષ્મીની જનની છે. તેનો વિસ્તાર-પરિવાર પણ ઘણો મોટો છે. જેમાં બધી જ ઐહિક સંપત્તિનો સમાવેશ થાય છે. આલાપક ૧૦માં જણાવ્યા મુજબ ભૌતિક-લૌકિક તમામ સંપત્તિઓ–જેવી કે ઉત્તમ કુળ, ધર્મપત્ની, સુપુત્ર, મિત્ર, ધન, ધાન્ય, દીર્ઘાયુઃ, યૌવન, સૌંદર્ય, આરોગ્ય, કીર્તિ, વગેરે સામે પગલે આવે છે.

(૧) હવે પ્રસ્તુત છે–શ્રીદેવી, ગજલક્ષ્મી–મહાલક્ષ્મી અંગેના વિશિષ્ટ ઉદાહરણોઃ-

ततो पुणो पुण्णचंदवयणा, उच्चागयट्ठाण-लट्ठ-संठियं पसत्थरुवं सुपइट्ठियकणगेकुम्मेसरिसोवमाणचलणं अच्चुन्नयपीणरइयमंसल-उन्नय-तणुतंबनिद्धनहं कमलपलासकुमालकरचरणकोमलवरंगुलिं कुरुविंदावत्त-वट्टाणुपुव्वजंघं निगूढजाणुं गयवरकरसरिसपीवरोरुं चामीकर-रइयमेहलाजुत्तकंतविच्छिन्नसोणिचक्कं जच्चंजणभमरजलयपयरउज्जु-यमससंहियतणुयआइज्जलडहसुकुमालमउयरस्मणिज्जरोमराइं नाभी-मंडल-विसाल-सुंदर-पतस्थजघणं करयलमाइय-पसत्थ-तिवलियमज्झं नाणामणि-कणग-रयण-विमल-महातवणिज्जाहरण-भूसण-विराइ-यंगोवंगं हारविरायतं-कुंदमाल-परिणद्ध-जलजलिंत-थणजुयल-विमल-कलसं आइय-पत्तिय-विभूसिएण य सुभगजालुज्जलेणं मुत्ताकलावएणं उरत्थदीणारमालियविरइएणं कंठमणिसुत्तएण य वुंडलजुयलुल्लसंत-अंसोवसत्त-सोभंत-सप्पभेणं सोभागुणसमुदएणं आणणकुडुंबिएणं कमलविसालरमणिज्जलोयणं कमलपज्जलंतकरगहियमुक्कतोयं लीलावायकयक्खएणं सुविसय-कसिण-घण-सण्ह-लंबंत-केसहत्थं । पउमद्दह-कमलविसालरमणिज्जलोयणं कमलपज्जलंतकरगहियमुक्कतोयं लीलावायकयपक्खएणं सुविसय-कसिण-घण-सण्ह-लंबंत-केसहत्थं ।। पउमद्दह-कमलवासिणिं सिरिं भगवइं पिच्छइ हिमवंतसेलसिहरे दिसागेइंदोरु पीवरकराभिसिच्चमाणिं ।। ३७ ।।

37. Then she, the moon-faced one, saw the Goddess Śri on a sublime Himalayan peak. The Goddess sat gracefully on a lotus in the middle of a big lotus lake; the space-dwelling elephants *(diśā-gajendra)* were annointing her with their long, well-rounded trunks. She was seated in the highest reaches of the Himalayas with noble grace. Her feet had the sheen of a golden turtle and the turtle's firm and well-rounded form. The fingers of her feet and hands were delicate and soft like lotus petals. She had exquisite copper-coloured nails, well-embedded in the firm flesh of her fingers. Her thighs were round and well-tapered; they were adorned; with

the ornament called *kuruvindāvarta*. Her knee-joints were beautifully concealed in flesh. The upper part of her thighs *(ūru)* were firmly rounded like elephants-trunks. On her beautiful and distinctly round buttocks rested a girdle of gold. The hairs on her body were alluringly tiny and soft and delicate: they were straight and even and finely distributed; their colour was black and comparable to that of rain-laden clouds or black humble-bees or collyrium. The godess had big beautiful hips and a narrow waist measuring no more than the span of one's plam. She had a row of three lovely folds on her abdomen.

On each of her limbs glittered ornaments of pure gold, studded with gems and precious stones of a great variety. On her immaculate urn-like breasts shone neeklaces and a garland of *kunda* flowers. She wore rows of pearls interlaced with emerald and a garland of gold *dināras* which hung down her bosom. Her neck was adorned with stringed gems. A pair of resplendent earrings hung over her shoulders with dazzling beauty. Her big beautiful eyes were like raidiant lotuses; they had such excellence and such qualities as were apposite to her face. In her gands she held a pair of bright lotuses, from which fell droplets of water. A soft breeze fanned her. Her thick mass of long hair, dense, dark, and soft, was arranged in a knot. (37)

કલ્પસૂત્રમાં ૧૪ મહાસ્વપ્નો પૈકી ૪થું મહાસ્વપ્ન શ્રીદેવી છે. તેનું વર્ણન આ પ્રમાણે છે-

'पउमद्दहकमल वासिणिं सिरिं भगवइं पिच्छई।

हिमवंतसेलसिहरे दिसागइंदोरुपीवरकराभिसिच्चमाणिं।।'

ગજેન્દ્રથી અભિષેક કરાતી ગજલક્ષ્મીનો સ્પષ્ટ નિર્દેશ થયો છે.

(૨) શ્રી ઉદયવંત મુનિ રચિત શ્રી ગૌતમસ્વામિના ગુજરાતી રાસમાં પણ **'વર મયગલ લચ્છી ઘર આવે'** ગજલક્ષ્મીનું જ સૂચન થયું છે.

(૩) વિક્રમની ૧૫ મી શતાબ્દિમાં આચાર્યશ્રી મુનિસુંદરસૂરિ કૃત 'સંતિકરં સ્તોત્ર'ની ગાથા-૪માં પણ સૂરિમંત્રની પાંચ પીઠીકામાં અધિષ્ઠાયક દેવ- દેવીઓમાં પણ શ્રીદેવીનો ઉલ્લેખ છે.

वाणी-तिहुयणसामिणि, सिरिदेवी-जक्खराय-गणिपिडगा ।

गह-दिसिपाल-सुरिंदा, सयावि रक्खंतु जिणभत्ते ।।

અર્થાત્ વાગીશ્વરી, સરસ્વતી ત્રિભુવનસ્વામિની, શ્રીદેવી, યક્ષરાજ ગણિપિટક, નવગ્રહ, કુબેર વગેરે ૧૦ દિગ્પાલ, ૬૪ ઈન્દ્રો- સૌ જિનભક્તોનું યોગક્ષેમ કરો-એવી પ્રાર્થના છે.

તે ઉપરાંત સંતિકરં સ્તોત્રના એક પ્રાચીન ચિત્રપટ્ટમાં શ્રીદેવીને ગજેન્દ્રથી અભિષેક કરાતી બતાવી છે.

(૪) ભક્તામર સ્તોત્રના ૨૬મા શ્લોકમાં મહાલક્ષ્મીની આરાધનાનો આમ્નાય છે—મહાલક્ષ્મીનો ૧૦ અક્ષરનો મંત્ર આ પ્રમાણે છેઃ-

ૐ श्रीं ह्रीं क्लीं महालक्ष्म्यै नमः મંત્રાક્ષરોનો પરિચય આ પ્રમાણે છે-

ૐ પ્રણવબીજ છે. ह्रीं માયાબીજ છે, श्रीं લક્ષ્મીબીજ છે. क्लीं કામબીજ છે. नमः શોધનબીજ કે પલ્લવબીજ છે.

तुभ्यं સર્વનામનો પ્રયોગ બતાવે છે કે-ભગવાન ભક્તને માનસ પ્રત્યક્ષ છે. તેથી तस्मै ને બદલે तुभ्यं છે. तुभ्यं નો ૪ વાર ઉલ્લેખ છે- તેમાં પ્રયુક્ત યકાર અહિં મંત્રબીજ બને છે.

ભક્તામરના દરેક શ્લોક સાથે તેનું માહાત્મ્ય દર્શાવતી કથાઓ પણ છે-તેમ અહિં પણ પાટણના એક નિર્ધન-દરિદ્ર વણિકને ઉપર્યુક્ત મંત્રના જાપથી મહાલક્ષ્મી સાક્ષાત્ દર્શન આપે છે, અને તેનું દારિદ્રય દૂર થાય છે.

ભક્તામર સ્તોત્રમાં આદિનાથ-ઋષભ દેવ પ્રભુની સ્તુતિ હોઈ અધિષ્ઠાયિકા ચક્રેશ્વરી દેવી પ્રસન્ન થતાં ભક્તને મહાલક્ષ્મીની કૃપા પણ સહજ રીતે મળે છે-કારણ આ બંને દેવીઓ પરસ્પર સખી છે- સખ્યભાવ છે.

ભક્તામર સ્તોત્રના એક પ્રાચીન ચિત્રપટ્ટમાં પણ ગજલક્ષ્મી જ બતાવી છે, છેવટે આચાર્યશ્રી માનતુંગસૂરિજી સ્તોત્રની સમાપ્તિ પણ – 'तं मानतुंग-मवशा समुपैति लक्ष्मीः ।।' કહીને કરે છે. જેનો ગર્ભિત ભાવાર્થ 'કૈવલ્યશ્રી' પણ થાય છે. અને એ જ 'મોક્ષલક્ષ્મી' પણ છે.

(૫) આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી પણ સકલાર્હત્ સ્તોત્રમાં 'अधिष्ठानं शिवश्रियः' કહીને ઋષભદેવ ભગવાનને કૈવલ્ય અને મોક્ષલક્ષ્મીના અધિષ્ઠાતા બતાવ્યા છે.

(૬) બૃહદ્ શાંતિમાં શ્રી અને લક્ષ્મી બંનેનો ઉલ્લેખ છે.

ૐ श्रीं ह्रीं धृति-मति-कीर्ति-क्रान्ति-बुद्धिं-लक्ष्मी-मेघा-विद्या-साधन-प्रवेश-निवेशनेषु-सुगृहीत नामानो जयन्तु ते जिनेन्द्राः।'

માન્યતાભેદથી श्रीं ह्रीं બીજ મંત્રો છે એવું વિદ્વાનોનું માનવું છે.

અંતમાં, લક્ષ્મી કૃપા માટે એક સુંદર સંસ્કૃત સૂક્તિ ઘણું બધું કહી જાય છે. ।। स नास्ति पुरुषो लोके यः श्रियं ना भिवाञ्छति ।। એટલે કે લક્ષ્મી સૌને જોઈએ છે પછી તે ભૌતિક હોય કે પારમાર્થિક.

ગજલક્ષ્મી-મહાલક્ષ્મી વિશેના આ ચિંતનથી સૌને ભગવતી પ્રસન્ન થાય તેવી અભ્યર્થના. गजलक्ष्मीः प्रसन्नाऽस्तु ।। ✷✷✷

જૈન યોગ ફાઉન્ડેશન,
નટવરલાલ એચ. ઝવેરી
જિતેન્દ્ર હર્ષકદુમાર એન્ડ કુંપની
૬૮૫, ગોવિંદ ચોક, એમ. જે. માર્કેટ, મુંબઈ-૪૦૦૦૦૨.
મો. : ૯૯૦૪૫૮૯૦૫૨, ૯૯૨૦૩૭૨૧૫૬

# 'સ્થિતપ્રજ્ઞસ્ય का भाषा ?'

❑ વિમલા ઠકાર

સમાધિસ્થ અને સ્થિતપ્રજ્ઞ બંને શબ્દો એકબીજાના પર્યાયવાચી બનાવ્યા છે. પ્રશ્નોનું ઊંડાણ અને પ્રશ્નોમાં જે શબ્દોનો વિનિયોગ થયો છે એ બંનેને આપણે ધ્યાનમાં રાખવા પડશે. અર્જુન કહે છે : સ્થિતપ્રજ્ઞ કેવી રીતે બોલે છે, ઊઠે છે, આચરણ કેવી રીતે કરે છે એ તો તમે સમજાવો. તમે સિદ્ધાંતની–મૂળતત્ત્વની વાત કહી પરંતુ હું તો તમારો અજ્ઞાની બાળક છું. તમે શ્રીગણેશ કહીને એકડે એકથી મને સમજાવજો, એક એક વસ્તુનું સ્પષ્ટીકરણ કરજો, નહીં તો હું ચીજને પકડી શકીશ નહીં! અહીં 'પ્રજ્ઞા' શબ્દનો ઉપયોગ થયો છે, 'બુદ્ધિ'નો નહીં. સ્થિત ચિત્ત કહ્યું છે, સ્થિર ચિત્ત નહીં. બુદ્ધિ વ્યવસાયાત્મિકા છે, અનેકમુખી છે. બુદ્ધિ અને મન બંનેથી ભિન્ન પ્રજ્ઞા નામની ઊર્જા છે. પ્રજ્ઞા આત્માભિમુખી બનીને આત્મામાં રત છે એટલે પર્યાયવાચી શબ્દ લીધો છે. 'સમાધિસ્થ'. બહિર્મુખી ઈન્દ્રિયોની સાથે જોડાયેલાં ચિત્ત અને બુદ્ધિની ઊર્જાથી પ્રજ્ઞા નામની જે ભિન્ન ઊર્જા છે એની વાત ચાલી રહી છે. પ્રજ્ઞાના અવતરિત થયા પછી, કાર્યપ્રણવ થયા પછી, મનુષ્યની દશા સમાધિસ્થ થઈ જાય છે. 'સમાધિસ્થ'નો જે રૂઢ અર્થ છે એને અહીં અભિપ્રેત માનશો નહીં. ગીતાજીની ગંભીર વાણી છે. અહીં સમાધિમાં ગયા, સમાધિમાંથી બહાર આવ્યા, એમણે સમાધિ લગાવી,–લગાવવા–લાગવાવાળી સમાધિ કે જેમાંથી બહાર નીકળી શકાય છે એવી સમાધિ નામની 'અનુભૂતિ'ની વાત નથી, પરંતુ સમાધિમાં સ્થિર થઈને સમાધિ જ જેમનો આયામ બની ગયો છે, જેમાં સ્થિત રહીને મનુષ્ય બોલે છે, ઊઠે છે, બેસે છે, આચરણ કરે છે–'સ્થિતપ્રજ્ઞસ્ય का भाषा ?' આ એક જ પંક્તિમાં સ્થિતપ્રજ્ઞાવસ્થાના પરિણત સ્વરૂપનો–સમાધિના આયામનો સંકેત કરી દીધો છે.

'સમાધિ' શબ્દનો પાતંજલ યોગશાસ્ત્રમાં જે અર્થ સૂચિત કરે છે તે જોવો પડશે. ત્યાં સ્થૂળથી પ્રારંભ કરીને સંકેતને સૂક્ષ્મ સુધી લઈ જાય છે. સમાધિસ્થ વ્યક્તિનું જે ભૌતિક જીવન છે, એની જે પાંચભૌતિક કાયા છે એમાં સમાધિસ્થ અવસ્થાનું પ્રતિબિંબ ઊઠે છે. ત્યાં સમ-આધાન હશે, ધાતુ વૈષમ્ય નહીં હોય–ધાતુઓનો પ્રકોપ થાય છે. ગુણોની પણ વૈષમાવસ્થા પેદા થાય છે. ચિત્તમાં વૃત્તિઓની દશા પણ વિષમ થઈ જાય છે, આમ, સ્થૂળથી–શરીરથી શરૂ કરીને વૃત્તિઓ સુધી લઈ જવાનું થાય છે – સમાધિસ્થદશા એ અનુભૂતિ નથી, એ આયામ છે, એ અવસ્થા છે. ધાતુઓ, ગુણો અને વૃત્તિઓનું સમ–આધાન થાય તો ચિત્ત આત્મામાં લીન થાય છે. એટલે ચિત્તની પરમ લીન અવસ્થા ત્યાં રહે છે. એકલા બેઠા હોય, ગુફામાં બેઠા હોય, પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંનેથી અલગ થઈને બેઠા હોય, ત્યારે જ સમાધિસ્થ દશા હોય છે એમ નથી. સમાધિસ્થ બનીને યુદ્ધ પણ કરી શકાય છે! સમાધિસ્થદશાનું વર્ણન યુદ્ધભૂમિમાં જ થઈ રહ્યું છે! સમાધિસ્થ રહીને વ્યવહાર–કર્મ પણ થઈ શકે છે! અર્જુન આ આયામમાં રહેતી વ્યક્તિનાં ભાષા-લક્ષણ જાણવા માંગે છે, એવા આયામમાં જીવતી વ્યક્તિ કેવી રીતે ઊઠે છે, બેસે છે એ સમજાવવા માટે કહે છે.

ઈચ્છાઓ કોઈ વસ્ત્ર કે છાલ છે કે એને આપણે અલગ કરી શકીએ? એ તો ચિત્તમાં સમાયેલી છે – ચિત્ત તો આપણું અંગ બનીને બેઠું છે. આપણે ચિત્તાકાર થઈ જઈએ છીએ! એનો ત્યાગ કેવી રીતે કરી શકાય? બધી ઈચ્છાઓ મનોગત છે એ સત્યને આપણે પહેલાં ઓળખી લઈએ. આ મનોગત ઈચ્છામાંથી ચિત્ત અલિપ્ત થાય છે ત્યારે વ્યક્તિને સ્થિતપ્રજ્ઞ કહેવામાં આવે છે. અહીં ઉત્તરનો પ્રારંભ થઈ રહ્યો છે. ભગવદ્‌ગીતા મહાકાવ્ય છે. એનો એક એક શબ્દ અર્થસભર–અર્થગંભીર છે. મનમાં ઈચ્છાઓ (કામ) સમાયેલી છે. મન કોને કહીશું? મનને એકાદશ ઈન્દ્રિય તો કહ્યું છે! આ એકાદશ ઈન્દ્રિય હાથ, પગ, નામ છે એવી કોઈ એક દેશીય હસ્તી ધરાવે છે કે? જેમ આંખો, નાક, કાન, મુખ પર મઢ્યાં છે એવું મનને વક્ષસ્થલમાં મઢી દીધું છે એવું નથી. આ મન નામની ઈન્દ્રિય નખશિખાન્ત ફેલાયેલી છે, મનની કાયા સ્પંદનાત્મિકા છે. મન સ્પંદનોનું બનેલું છે. સ્પંદશાસ્ત્રમાં સ્પંદનું અસ્તિત્વ છે, સ્પંદમાંથી નાદનો જન્મ કેવી રીતે થાય છે એ મનોજ્ઞ વિષય છે. મન નામની ઈન્દ્રિય આપણી અંતરકાયા છે, મન સંસ્કારોનું બનેલું છે. આપણે કોરી પાટી જેવા નથી. જન્મની સાથે અસ્થિ, મજ્જા, અણુ-રેણુમાન આ સંસ્કાર વ્યાપ્ત છે. મન આ સંસ્કારકાયા છે. નાની સરખી એવી જગ્યા નથી જ્યાં મન ન હોય, જ્યાં સંવેદના ન હોય! સંસ્કારાત્મક– સ્પંદનાત્મક મનનું સત્ત્વ છે સંવેદનશીલતા To feel - To sense. સંવેદન ગ્રહણ-ધારણ કરવાની શક્તિથી મન ઘણું પ્રબળ બન્યું છે. હજારો વર્ષોના – અરે! એને અનાદિ કહીએ તો અત્યુક્તિ નહીં થાય – ત્યારના સંસ્કાર એમાં ભરાયેલાં છે. જ્ઞાન–અનુભૂતિ–પ્રક્રિયાઓના સંસ્કાર છે. એની ઘણી પ્રબળ ગતિ છે! એ મહાસમર્થ છે. મન ચંચળ છે. સ્થિતપ્રજ્ઞના શ્લોકોમાં મન કેવી રીતે મહાપ્રબળ બન્યું છે એ જોવાનું ગમશે.

અધ્યાત્મમાં જીવનનો અસ્વીકાર નથી. જીવનની સુંદરતા, લાવણ્યનો સ્વીકાર છે તો એની કદરૂપતાનો પણ સ્વીકાર છે; મુક્તિનો સ્વીકાર છે તો બંધનનો સ્વીકાર છે. જીવનની સંપૂર્ણતાનો –સમગ્રતાનો સ્વીકાર ચિત્તમાં પહેલાં થવો જોઈએ, પછી જીવનમાં અસંતોષ નથી આવતો. પોતે જે છે એનો સ્વીકાર નથી એ ચિત્ત નિરંતર તુલનામાં જ લાગેલું રહે છે – 'હું આવો છું', 'એ તો ઘણો સારો છે,' 'એને આટલું મળ્યું, મને ન મળ્યું', 'એ વિદ્વાન

> *અધ્યાત્મમાં જીવનનો અસ્વીકાર નથી. જીવનની સુંદરતા, લાવણ્યનો સ્વીકાર છે તો એની કદરૂપતાનો પણ સ્વીકાર છે.*

**સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ તુલના નથી કરતી, એટલે ત્યાં મહત્ત્વાકાંક્ષા નથી, એટલે માનસિક સંઘર્ષ નથી. ત્યાં તો નિરંતર શાંતિ છે.**

છે, હું નથી', 'એને આટલી અનુભૂતિ થઈ, મને કંઈ જ થતું નથી', 'એના ઉપર પ્રભુની કૃપા છે, મારા પર નથી...' બીજા પાસે શું છે, શું નથી એ રીતે જ બસ પોતાને જોખતા–માપતો–તોળતો જાય છે. સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ પોતાની તુલના ક્યારેય કોઈની સાથે કરતી નથી. नानारत्ना वसुंधरा। મહાનમાં મહાન યોગી–જ્ઞાની–જપી–તપી– પાપી–સંત આ બધાં જ દુનિયામાં તો હોવાના જ, કોની કોની સાથે તુલના કરશો? તુલના કરવામાં મનુષ્ય પોતાના હોવાપણાથી દૂર ચાલ્યો જાય છે. તે કોઈના જેવો બનવા માંગે છે. કોઈની નકલ કરવા માંગે છે. કોઈના જેવા બનવા માટે એને પોતાની જાત સાથે સંઘર્ષ કરવો પડે છે. ભગવાન વાસુદેવે તો અહીં ચાવી પકડાવી દીધી છે. આપણે જે ઈચ્છીએ તે હોવાપણાના સ્વીકારનો સ્થૂળ અર્થ પહેલો લઈ લઈએ. સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ તુલના નથી કરતી, એટલે ત્યાં મહત્ત્વાકાંક્ષા નથી, એટલે માનસિક સંઘર્ષ નથી. ત્યાં તો નિરંતર શાંતિ છે. અહીં પ્રશ્ન ઊઠે છે કે શું પોતાના હોવાપણામાં જે વ્યક્તિ છે તે એમ ને એમ જ બેસી રહેશે કે? ઉદ્યમ કરશે જ નહીં? શું અહીં જડતાનો ઉપદેશ થઈ રહ્યો છે? પોતાનો સ્વીકાર કરો અને બેસી રહો–એમાંથી એવું તાત્પર્ય ન કાઢશો. પોતાની શક્તિ, મતિ, બુદ્ધિ, સાધન, જે કંઈ આપણી પાસે હોય તેનો ઉપયોગ તો કરવાનો જ છે. કર્મ કર્યા વગર એક ક્ષણ પણ રહી શકાય તેમ નથી.

સ્થિતપ્રજ્ઞના લક્ષણો – જે સાધકદશાથી સિદ્ધાવસ્થા સુધી લઈ જાય છે એ સાધકદશાનો પ્રારંભ અહીં થાય છે – પોતાનો સ્વીકાર કરો. તનની–મનની દશાનો – એના સંસ્કારોને પહેલાં નીરખો, શું છે એ પારખી લો. આ બધાની સાથે જ આપણે જીવવાનું છે એનો સ્વીકાર કરો. આ શરીરનો–સ્થૂળ હોવાપણાનો સ્વીકાર થયો. 'આત્માનિ' શબ્દનો જે ગૂઢ અર્થ છે, વેદપરક અર્થ છે એ સૂક્ષ્મ અર્થ હવે લેવાના છે, કારણ કે ગીતા વેદોનો સાર છે, ઉપનિષદોનું દોહન છે. આત્મસત્તા અજર–અમર–અનાદિ છે. મારું સ્વરૂપ આત્મા છે. એનું જેને ભાન થાય છે એ સ્થિતપ્રજ્ઞ છે. સંત જ્ઞાનેશ્વરે ગીતાજીની જે ટીકા લખી છે તેના પ્રારંભમાં જ 'જય જય સ્વયંવેદ્યા આત્મરૂપા' ગાયું છે. મારા આત્મરૂપને હું નમન કરું છું, મારું સત્ત્વ એ છે; આ પાંચભૌતિક કાયા એ તો છોતરું છે જે મારું સંરક્ષણ કરે છે. છોતરું પણ નહીં રહે. મારું સત્ત્વ આત્મસત્તા છે. એ કેવી રીતે અજર–અમર છે, શરીરથી કેવી રીતે પૃથક્ છે, શરીરમાં હોવા છતાં, ઈન્દ્રિયોથી સજાવવા છતાં કેવી રીતે ભિન્ન છે એનું નિરૂપણ અત્યારે નહીં કરીએ. જળની સત્તા પર તરંગ–લહેર ઊઠે છે. આ લહેરોમાં પણ જળ છે. જળમાંથી ઊઠે છે, એમાં જ રમે છે અને એમાં જ સમાઈ જાય છે. આ જન્મમરણાદિ આત્માની સત્તા પર આવવા–જવાનો આભાર પેદા કરનારા તરંગ છે. આ ચૈતન્ય સત્તા પર શરીર ઊઠે છે અને એમાં જ લીન થાય છે. આત્મસત્તા જ મારું સ્વરૂપ છે એ જેના ધ્યાનમાં આવ્યું છે, શરીરમાં ઊઠનારાં સુખદુઃખોને સમચિત્ત બનીને સહન–વહન કરવાની ક્ષમતા જેણે પ્રાપ્ત કરી છે, અર્જુન! એ સ્થિતપ્રજ્ઞ છે.

જે સ્થિતપ્રજ્ઞ છે, એનામાં કર્તા-ભોક્તા ભાવ, વિષય-વિષયી ભાવ નથી, કેવળ દૃષ્ટુત્વ શેષ છે; કારણ કે દેહ છે, ત્યાં એ આત્માના સંસર્ગથી પ્રસન્ન છે. અરે! આત્મલક્ષી બને તો પણ પ્રસન્નતા છે. જ્યારે અહીં તો સંપર્ક–સંસર્ગ–સાન્નિધ્ય છે અને આત્મભાવમાં રહે છે, એટલે એમના ચિત્તમાં તો પ્રસન્નતાનો સ્થાયી ભાવ છે. આનો વિપરીત અર્થ ન લેશો કે એમના શરીરને કષ્ટ થશે નહીં. કોઈનું મૃત્યુ થશે, તો ત્યાં હસતા હસતા ઊભા રહેશે; એમ નહીં. સમયોચિત સંતુલિત વ્યવહાર થશે, પરંતુ અંદર જન્મ–મૃત્યુ એ ઊઠનારા તરંગો છે, એનો ખ્યાલ હોવાને કારણે એમના ચિત્તમાં જે મૂળભૂત પ્રસન્નતા છે, એ ખંડિત થતી નથી. ચિત્તમાં પ્રસન્નતા છે અને સંસારમાં જે દુઃખ છે, એ ત્યાં પ્રવેશ કરી શકતાં નથી. માત્ર સ્પર્શ કરીને ચાલ્યાં જાય છે. સુખ-દુઃખ નામનાં અનુકૂળ-પ્રતિકૂળ સંવેદન ત્યાં હશે, પરંતુ એમને રહેવાની ત્યાં જગ્યા નથી. આપણી પાસે તો ધર્મશાળા છે. જે આવ્યું તે રહ્યું! ચિત્તમાં સુખ– દુઃખ, હર્ષ–શોક, વિષાદ–હતાશા–નિરાશા બધાંની ભીડ એકઠી કરીને રાખીએ છીએ. એટલી બધી ભીડ છે કે આપણે પગ મૂકવાની જગ્યા નથી! સ્થિતપ્રજ્ઞના ચિત્તમાં નિવાસ કરવા માટે સંસારનાં દુઃખોને જગ્યા મળતી નથી.

✶ ✶ ✶

## ભૂતકાળનો સંસાર

ઘણા લોકોને આદત હોય છે કે બેઠા છીએ, કંઈ કામ નથી, તો ભૂતકાળને વાગોળીએ. સ્મરણ કરવું એટલે વિષયના ઉપભોગમાં ફરીથી જવું. શરીરથી જઈ શકતા નથી; એટલે મનથી ઉપભોગ કરે છે. સ્મરણ-સ્મૃતિ એટલે ભૂતકાળનો માનસિક ઉપભોગ. 'જ્ઞાનેશ્વરી'માં જ્ઞાનેશ્વર મહારાજે ક્યાંક એવું કહ્યું છે કે ભૂતકાળના સ્મરણોમાં જે ક્રીડા કરે છે, એ શબની સાથે ક્રીડા કરે છે. ભૂતકાળ તો મરેલો છે. ખબર નથી, પ્રેતોની સાથે મનુષ્યને રમવાનું કેમ સારું લાગે છે! સ્મૃતિનું શબ લઈને લોકો રહે છે. મારી એક પરિચિત છોકરી હતી. માતા હોલેન્ડની, પિતા ઈંગ્લેન્ડના. ઘણાં રૂપવાન અંગ્રેજયુવક સાથે ૨૨ વર્ષની ઉંમરે એના લગ્ન થયાં. દોઢ વર્ષ જ લગ્ન થયે થયું હતું. ત્યારબાદ યુવાનનું મૃત્યુ થયું. માતા-પિતાને ખબર આપી કે છોકરો મરી ગયો છે. પોતાની સાથે યુવકના મૃતદેહને લઈને બોટમાં નીકળી પડી. માતા-પિતાને હેલિકોપ્ટરમાંથી ઊતરવું પડ્યું; એટલે દૂર એ દરિયામાં ચાલી ગઈ હતી. ૧૯૬૪ની આ ઘટના છે. એ છોકરી શબની સાથે ચાર દિવસ રહી, પાછી આવવા રાજી થતી નહોતી. એ તો ચાર જ દિવસ રહી, પણ આપણે તો ૪૦ વર્ષ શબ સાથે રહીએ છીએ! જે ગયું તેને જવા નથી દેતા. શબ્દમાં–મનમાં પકડીને રાખીએ છીએ અને પછી વારેવારે એનો માનસિક ઉપભોગ કરીએ છીએ; એટલે સંમોહનની અવસ્થા થઈ જાય છે. નિઃસંગ વ્યક્તિના ચિત્તમાં પણ અનુભૂત વિષયની સ્મૃતિ આવે છે, ત્યારે સંગ ઉત્પન્ન થાય છે. મનમાં વિષયોનું સેવન કરવાથી સાદ્યંત સંસાર ઊભો થાય છે.

('વિમલ ચૈતન્યમાં ઝંકત જ્ઞાનેશ્વરી'માંથી)

# નવકાર મંત્ર પર થોડા સવાલ-જવાબ

❑ સુબોધી સતીશ મસાલીઆ

સ.૧ : ભરત ક્ષેત્રની જેમ બીજા ક્ષેત્રોમાં પણ નવકાર મંત્રની આરાધના કરવામાં આવે છે?

જ. ૧ : હા... પાંચ ભરત ક્ષેત્ર તેમ પાંચ ઐરાવત ક્ષેત્રમાં પણ પંચ પરમેષ્ઠિ મહામંત્ર પ્રતિષ્ઠિત છે. અને સદૈવ એની આરાધના કરવામાં આવે છે. તેમજ પાંચ મહાવિદેહ ક્ષેત્ર કે જ્યાં સદૈવ ચોથો આરો વિદ્યમાન હોવાને કારણે વર્તમાનમાં ત્યાં ૨૦ તીર્થંકર ભગવંતો સદેહે વિહરમાન છે. એવા મહાવિદેહ ક્ષેત્રના ૧૬૦ વિજયોમાં પણ પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર પ્રતિષ્ઠિત છે. અને એના માધ્યમ દ્વારા આરાધના કરવામાં આવે છે.

સ. ૨ : હાલ અત્યારે વર્તમાન કાળમાં ભરતક્ષેત્રમાં તો કોઈ વિહરમાન તીર્થંકર વિદ્યમાન નથી તો 'નમો અરિહંતાણં' પદથી આપણે કોને વંદના કરીએ છીએ?

જ. ૨ : અત્યારે પાંચ ભરત તથા પાંચ ઐરાવત ક્ષેત્રમાં કોઈ તીર્થંકર વિદ્યમાન નથી, પરંતુ મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ માટે ચોથો આરો વર્તે છે. ને સદાકાળ માટે ઓછામાં ઓછા વીસ તીર્થંકર વિહરમાન હોય છે. એમાંના એક અત્યારે સિમંધર ભગવાન છે. નવકારના પહેલા પદથી આપણે આ વીસ વિહરમાન તીર્થંકરને વંદના કરીએ છીએ. (ગર્ભિત રીતે તો અતીત-અનાગત બધા જ તીર્થંકરને વંદના થઈ જાય છે.) પંદર ક્ષેત્રમાં થઈને ક્યારેક વધુમાં વધુ ૧૭૦ તીર્થંકર વિદ્યમાન હોય છે. જે કાળે જેટલા તીર્થંકર વિદ્યમાન હોય તે કાળે તે તે તીર્થંકરને નવકારના પહેલા પદથી નમસ્કાર થાય છે.

સ. ૩ : નવકાર મંત્રનો થોડો ઇતિહાસ કહો.

જ. ૩ : નવકાર મહામંત્ર અનાદિ કાળથી ચાલતો આવ્યો હોવાથી એનો સર્જક (રચયિતા) કોણ છે તે કોઈ જાણતું નથી. પ્રાચીન કાળમાં ચૌદ પૂર્વધર શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામિએ સર્વ પ્રથમ પંચપરમેષ્ઠી ઉપર નિર્યુક્તિ નમસ્કાર મહામંત્રની રચેલી. પ્રથમ પાંચ પદો અને ચુલિકાના ચાર પદો મળીને નમસ્કાર મહામંત્રને 'મહાનિષિથ' આગમમાં **મહાન્મૃત સ્કંધ** તરીકે વર્ણવેલ છે. અને તે સિવાયના આગમોને કેવળ **શ્રુતસ્કંધ** તરીકે વર્ણવેલ છે. એમાં નમસ્કાર મહામંત્રને 'પંચમંગલ મહાન્મૃત સ્કંધ' તરીકે નામ આપેલ છે. (મહાનિષિથ આગમ નવ પૂર્વના આધારે રચેલ છે.)

મહર્ષિ શ્રી હરિભદ્ર સૂરિએ મહાનિષિથ આગમની મૂળ પ્રત મેળવવા માટે મથુરામાં શ્રી પાર્શ્વનાથના સ્તૂપ આગળ પંદર ઉપવાસ દ્વારા આરાધના કરી શાસન દેવતા પાસેથી મેળવેલી. પરંતુ તે ઉધઈથી ખંડખંડ થયેલ અને એના પાના પણ જીર્ણ અવસ્થામાં હોવાથી તેઓએ તેનો અભ્યાસ અને સંશોધન કરી, સ્વમતિ અનુસાર સંકલન કરી રચના કરેલ કે જેને શ્રુતધર યુગાચાર્યોએ તપાસી માન્યતા આપી. જે વર્તમાનનું **'મહાનિષિથ'** આગમ છે. દસ પૂર્વધર અને તેરમા પટ્ટધર યુગાચાર્ય શ્રી વજ્રસ્વામીએ સર્વ સૂત્રોની (આગમોની) આદિમાં મંગલ તરીકે નમસ્કાર મહામંત્રને સ્થાપિત કરેલ છે. તેથી સર્વ આગમ સૂત્રોની આદિમાં મંગલ તરીકે આવે છે.

તે સિવાય પ્રાચીન, મધ્યકાલીન ને અર્વાચિન સમયના અનેક ગુરુભગવંતોએ અને અનેક વિદ્વાનોએ આ મહામંત્ર ઉપર વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચેલ છે અને તે પ્રકાશિત થયેલ છે.

સ. ૪ : પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રના બે પ્રકારના સ્વરૂપ કયા?

જ. ૪ : બે પ્રકારના સ્વરૂપ (૧) બાહ્ય સ્વરૂપ (૨) આભ્યંતર સ્વરૂપ.

**બાહ્ય સ્વરૂપ :** બાહ્ય સ્વરૂપ એટલે નમસ્કાર મહામંત્રનો અક્ષર દેહ. અક્ષર દેહ સ્વરૂપ છે. શબ્દ એ નમસ્કાર મહામંત્રનું શરીર છે, મંત્રના શરીરથી આપણે સાધના યાત્રાનો પ્રારંભ કરીએ છીએ અને આત્મા સુધી પહોંચીએ છીએ. શબ્દ એ મંત્રનું શરીર છે, અર્થ એ પ્રાણ છે ને ભાવ એ નમસ્કારનો આત્મા છે. શબ્દોમાં જ્યારે ભાવ ભળે છે ત્યારે એ શબ્દોની તાકાત વધી જાય છે. નમસ્કાર મહામંત્રના નવપદો છે. આઠ સંપદા છે. અડસઠ અક્ષરો છે. તેમાં ૬૧ લઘુ અને સાત ગુરુ અક્ષરો છે. ચૌદ 'ન' કાર છે. તે ચૌદ પૂર્વને જણાવે છે. (પ્રાકૃતમાં 'ન' અને 'ણ' બંને વિકલ્પો આવે છે.) બાર 'અ'કાર આવે છે. તે બાર અંગોને જણાવે છે. આઠ 'સ' કાર આવે છે. તે બાર અંગોને જણાવે છે. આઠ 'સ'કાર આવે છે તે આઠ સિદ્ધિને સૂચવે છે. નવ 'મ' કાર આવે છે જે ચાર મંગલ અને પાંચ મહાવ્રતોને સૂચવે છે. આમ અક્ષર અને અક્ષરના સમૂહાત્મક શબ્દોમાં અપરિમિત શક્તિ રહેલી છે.

**અભ્યંતર સ્વરૂપ :** નવકારનો અર્થ દેહ અને ભાવદેહ એટલે જ આંતરિક સ્વરૂપ. મંત્ર અર્થાત્મા જોડે જોડાયેલો હોય છે ત્યારે જ તે મંત્ર બને છે. મંત્રની સાધના કરનારે પ્રથમ મંત્રના શરીરનો (શબ્દનો) સ્પર્શ કરવો પડે છે અને તે પછી એના માધ્યમ દ્વારા અર્થ-ભાવાત્મા સુધી પહોંચવું પડે છે. નવકારના પહેલાં પાંચેય પદમાં પહેલો શબ્દ નમો છે. આ નમો પદમાં નમસ્કારની ભાવના પ્રગટે છે. નમસ્કારનો અર્થ થાય છે, **મન**થી પંચ પરમેષ્ઠિના ગુણોનું પરિણમન, **વાણી**થી પંચપરમેષ્ઠિના ગુણોનું ભાષન, **કાયા**થી (હાથ જોડીને) પંચ પરમેષ્ઠિ ભગવંતોને સમ્યક્ પ્રણામ. એ નમસ્કારના નમો શબ્દનો અર્થ થાય છે. જ્ઞાનીઓ નમો શબ્દને ધર્મનું બીજ કહે છે, કારણ કે વિનયપૂર્વક નમીને શુદ્ધભાવ અને ક્રિયા દ્વારા કરેલી પ્રાર્થના છે. **હૃદય**ને ભક્તિયોગનું પ્રતીક ગણવામાં આવ્યું છે કારણ સાચી ભક્તિ હૃદયમાંથી પ્રગટે છે. **મસ્તક**ને જ્ઞાનયોગનું અને હાથ કે જેને ક્રિયાયોગનું પ્રતીક

> ***આમ નમસ્કાર મહામંત્રનું અભ્યંતર સ્વરૂપ છે ભક્તિયોગ, ક્રિયાયોગ ને જ્ઞાનયોગ દ્વારા કરેલી પરમ પ્રાર્થના.***

ગણવામાં આવ્યું છે. આમ નમસ્કાર મહામંત્રનું અભ્યંતર સ્વરૂપ છે ભક્તિયોગ, ક્રિયાયોગ ને જ્ઞાનયોગ દ્વારા કરેલી પરમ પ્રાર્થના.

અભિમાન-અહંકારનું સ્થાન મસ્તક છે. મસ્તક ઝૂકવાથી, નમવાથી, મનના દોષો શુદ્ધ થાય છે અને અહંકાર આપોઆપ વિલય પામે છે. નમવાથી શ્રદ્ધા અને ભાવ જાગે છે. એના પ્રભાવથી હૃદયમાં પ્રકાશ પ્રકટે છે. જ્ઞાન અને વિજ્ઞાનનું સ્થાન બુદ્ધિ છે, જ્યારે શાંતિ અને આનંદનું સ્થાન હૃદય છે. **બુદ્ધિનો વિકાસ અને હૃદયના પ્રકાશમાંથી વિનયનો જન્મ થાય છે, મૈત્રીભાવ જાગે છે. આજ નમસ્કારનું અસાધારણ ફળ છે. નમસ્કારના સાત્ત્વિકભાવ અને ક્રિયા દ્વારા શ્રદ્ધા અને મનની એકાગ્રતા જાગે છે. આજ ધર્મનું બીજ છે.** અને અંતે એનું ફળ મોક્ષ છે. 'જૈન ધર્મનું સ્વરૂપ' નામના ગ્રંથમાં ગ્રંથકાર પૂ. ચરણવિજયજી ગુરુ ભગવંત ફરમાવે છે કે-'પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર એ જ જૈન ધર્મનું સ્વરૂપ છે. તેની અર્થ ભાવનામાં જ સર્વ સિદ્ધિનું બીજ અને સર્વ અનુષ્ઠાનોનો પ્રાણ છે.

સ. ૫ : શાસ્ત્રકારોએ સિદ્ધના પંદર ભેદ બતાવ્યા છે તો શું પંદર પ્રકારના સિદ્ધ છે?

જ. ૫ : ના...એ તો સિદ્ધત્વની પ્રાપ્તિના પહેલાની અવસ્થાના, પૂર્વ ભૂમિકાના ભેદ છે. કરણ, ઉપકરણ અનુલક્ષી ભેદો છે, એ સ્વરૂપ આશ્રિત ભેદો નથી. કારણ નિર્વાણ પદમાં ભેદો હોતા નથી. સિદ્ધાવસ્થા પ્રાપ્તિ પછી સર્વે સમાન હોય છે. સિદ્ધ જ સાચા દિગંબર કેમકે એમને દેહાંબર નથી. જ્યાં શરીર નથી, અશરીરી અવસ્થા છે ત્યાં અલગ પ્રકારના સિદ્ધની કલ્પના પણ ન હોઈ શકે.

સ. ૬ : 'નમો સિદ્ધાણં' એ શાબ્દિક મર્યાદામાં સૌથી નાનું અધ્યયન હોવા છતાં સૌથી મહાન અધ્યયન ગણાય છે.' સમજાવો.

જ. ૬ : સિદ્ધ પદ એટલે નમસ્કાર મહામંત્રની સાધનાનું અંતિમ લક્ષ ગણાય છે. બધા જ શ્રુત અને શાસ્ત્રનું એક માત્ર લક્ષ્ય એટલે સિદ્ધ પદ. આ પદ પર ટીકા કરતાં પૂ. અભયદેવસૂરિ ફરમાવે છે કે–

'સિતં બદ્ધં અષ્ટપ્રકારં કર્મેન્ધનં ધ્યાનં દગ્ધં જાજવલ્યમાનં

શુકલ ધ્યાનાનલેન થૈસ્તૈ નિરુક્ત વિધિના સિદ્ધાઃ'

અર્થાત્ જેના વડે પૂર્વ બંધાયેલું આઠ પ્રકારનું કર્મરૂપ ઈંધન (બળતણ) જાજવલ્યમાન શુકલધ્યાન રૂપી અગ્નિ વડે બાળી નાંખ્યું છે તે સિદ્ધ કહેવાય છે.

સિદ્ધ અવસ્થા એ અંતિમ અવસ્થા છે. અરિહંત પરમાત્મા પણ દીક્ષા લેતી વખતે સિદ્ધને જ નમસ્કાર કરે છે. અરિહંતો પણ ચાર અઘાતિ કર્મનો ક્ષય કરી, યોગ નિરોધ કરી સિદ્ધ જ બને છે. **તીર્થંકર પદ શાશ્વત છે, પણ તીર્થંકર પ્રકૃતિ અશાશ્વત છે, જ્યારે સિદ્ધપદ સદૈવ રહે છે. જે ત્રિકાળ નિત્ય છે. આદિ અનંતથી શાશ્વત સ્થિતિ વાળું છે.** જગતના તમામ પદાર્થ પર કાળની અસર હોય છે, પરંતુ સિદ્ધપદ પર કાળની અસર હોતી નથી. તે સર્વકાલિન સિદ્ધ છે. સિદ્ધત્વ પ્રાપ્તિ પછી એ આત્માઓ સિદ્ધ ક્ષેત્ર અથવા લોકાંતે બિરાજમાન છે. 'નમો સિદ્ધાણં' પદનો ઉચ્ચાર થતાંની સાથે, આ પાંચ અક્ષરનું પદ બોલતાં માત્ર એક સેકંડ લાગે છે ને અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાય છે.

સ. ૭ : નવકાર મંત્રને 'સ્વ સ્વરૂપ મંત્ર' શા માટે કહેવામાં આવ્યું છે?

જ. ૭ : જૈન દર્શનમાં આત્મ સ્વરૂપનો અનુભવ પ્રાપ્ત કરવો એ મનુષ્ય જીવનનું આદ્ય ધ્યેય ગણાવામાં આવ્યું છે. આ ધ્યેય ત્યારે જ સફળ થઈ શકે જ્યારે વ્યક્તિ 'સ્વ-સ્વરૂપ'ને સમજી શકે. એના પર ચિંતન–મનન કરી સ્વદોષોનું નિવારણ કરે. જ્યારે આત્માનું શુદ્ધિકરણ થાય છે ત્યારે આત્મ સ્વરૂપની અનુભવની પ્રાપ્તિ થાય છે. નવકારમંત્ર–સ્વસ્વરૂપ મંત્ર એવો પૈગામ આપે છે કે **'તું સ્વ ને જાણ! અને સ્વને જે જાણે છે તે જ જગતને જાણે છે.'**

સર્વ મંગલો ને મંત્રોનું જન્મસ્થાનક નવકાર મંત્ર છે એટલે પંચ પરમેષ્ઠિની આરાધના માટે ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. માણસ જો ભાવપૂર્વક નમસ્કાર મહામંત્રનું જ આલંબન કે શરણું લે તો એ જરૂર સ્વ ના સ્વરૂપને પ્રાપ્ત કરવાની યોગ્યતા મેળવી શકે. એને બહાર ક્યાંય જવાની જરૂર નથી. **નમસ્કાર મહામંત્રની એક એક રચના અને એની સાશ્ચર્યજનક યોજના, અદ્ભુત અને અલૌકિક છે. જે તત્ત્વ, સત્ત્વ, જ્ઞાન અને વિજ્ઞાનનું અદ્ભૂત રસાયણ છે.** ✱✱✱

મોબાઈલ : ૯૮૯૨૧૬૩૬૦૯


## જૈન ધર્મ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ
## મુંબઈ યુનિવર્સિટી
### ડિપાર્ટમેન્ટ ઑફ ફિલોસોફી

જ્ઞાનેશ્વર ભવન, વિદ્યાનગરી, કાલીના, સાંતાક્રુઝ (ઈ), મુંબઈ-૪૦૦ ૦૯૮.

**૧૯૯૬થી ચાલતા આ કોર્સમાં ૨૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.**

### પાર્ટ ટાઈમ સર્ટિફિકેટ કોર્સ

અઠવાડિયામાં એક દિવસ, ૪ કલાક, એક વર્ષનો કોર્સ, હાલમાં આ કોર્સ શકુંતલા સ્કૂલ (મરીન લાઈન્સ), કાલીના કેમ્પસમાં (સાંતાક્રુઝ ઈસ્ટ), એમ. કે. હાઈસ્કૂલ (બોરીવલી વેસ્ટ) અને ઘાટકોપર સેન્ટરમાં ચાલે છે.

**લઘુત્તમ લાયકાત :** ૧૨ મી પાસ અથવા જૂની એસ.એસ.સી. પાસ.

**કોર્સની ફી : રૂા. ૧૬૫૦/-**

**વિષયો :** ૧. જૈન ઇતિહાસ તેની પ્રાચીનતા તથા અન્ય ભારતીય પરંપરા અને ધર્મ, ૨. દુનિયાના અન્ય ધર્મ, ૩. નવકાર મંત્ર-સંથારો, ૪. તીર્થંકર, આગમ તથા અન્ય શાસ્ત્રો, ૫. લોકસ્વરૂપ અને કાલચક્ર, ૬. ચતુર્વિધ સંઘ-શ્રાવકાચાર-શ્રમણાચાર, ૭. જૈન પુરાણ, ૮. પાંચ પ્રકારના જ્ઞાન, ૯. અનેકાંતવાદ/નયવાદ/સ્યાદ્વાદ અને સપ્તભંગી, ૧૦. છ દ્રવ્ય, ૧૧. કર્મવાદ અને નવતત્ત્વ, ૧૨. જૈન નિતી, યોગ તથા ધ્યાન, ૧૩. જૈન ધર્મના ફિરકા-દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી વગેરે. ૧૪. વર્ણભેદ અને જ્ઞાતિપ્રથા-જૈન ધર્મની દૃષ્ટિએ, ૧૫. તપ-પર્વ અને પૂજા, ૧૬. જૈન ફિલોસોફી-સ્ત્રીનું સ્થાન, ૧૭. શાકાહાર, પર્યાવરણ તથા અહિંસાથી વિશ્વશાંતિ, ૧૮. જૈન તીર્થસ્થાનો, કળા અને શિલ્પ.

**વિશેષતા :** સરળ ભાષામાં પરીક્ષા (અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠી)

વિશેષ વિગત અને નવા વર્ષના એડમિશન માટે તુરત જ સંપર્ક :

મરીન લાઈન્સ : પ્રીતિ શાહ - 9820000138

સાંતાક્રુઝ : ડૉ. કામિની ગોગરી - 9619379589

બોરીવલી : જીતેન્દ્ર દોશી - 9323237134

ઘાટકોપર : પ્રીતિ શાહ - 9869518747

# ભાવ-પ્રતિભાવ

## 'મત-મતાંતરનો અખાડો'

*['મત-મતાંતરનો અખાડો' વિશે અમને ઘણાં જ પ્રતિભાવો મળ્યાં છે, જે અમે એપ્રિલ અને મેના અંકમાં પ્રકાશિત કર્યા છે.*
*આ પ્રતિભાવોમાં આક્રોશ છે, અમને ઠપકો મળ્યો છે અને આવો લેખ છાપવા માટે પ્રશંસા પણ મળી છે. એક વ્યક્તિ તરીકે અમારા હૃદયને આ બન્ને ભાવનો અવશ્ય સ્પર્શ થયો છે, પરંતુ તંત્રી તરીકે અમે નિષ્પક્ષ છીએ.*
*અનેકાંતવાદ એ જૈન ધર્મની જગતને અમૂલ્ય ભેટ છે. અમે તો એક વાચકની મૂંઝવણો અહીં પ્રસ્તુત કરી. જેનો ઉત્તર આક્રોશથી નહિ પ્રેમ અને તર્કબદ્ધ રીતે અપાય તો ન્યાયી ગણાય.*
*અમારો ભાવ સ્વસ્થ બૌદ્ધિક ચર્ચાનો હતો. છતાં કોઈ આત્માનું મન દુભાયું હોય તો અમે અંતરથી કોટિ કોટિ ક્ષમા માંગીએ છીએ. આ ચર્ચા હવે અહીં પૂરી થાય છે. મિચ્છામિ દુક્કડં.* ☐**તંત્રી** ]

(૧)

### જૈન શાસન વાદ-વિવાદનું નહિ સંવાદનું સરનામું છે

ધર્મનો પાયો તત્ત્વજ્ઞાન ઉપર આધારિત છે. સીધા-સાદા-સરળ અને ભલા બનવા માટે તત્ત્વજ્ઞાન ખૂબ જરૂરી છે. સદાચારી જીવન જીવવું કે ભલાઈથી એકબીજા સાથે વર્તવું એવું શીખવાડે છે કોણ? જ્ઞાન જ ને? જ્ઞાન જ ન હોય તો આજનો માનવી અંધારે અથડાતો હોત!

તત્ત્વજ્ઞાન જુદા જુદા પ્રકારનું છે. દરેક જ્ઞાન કંઈ આપણા મગજમાં ગૂંચવાડો ઊભો ન કરે. કેટલુંક જ્ઞાન એવું છે કે જે ગૂંચવાડો હોય તો દૂર કરે. શું કરવું ને શું ન કરવું? શું સાચું ને શું ખોટું? એની બધી જ સમજણ આપે.

તકલીફ ત્યારે થાય છે કે જ્ઞાન બાબતે સજ્જનોની સુષુપ્તા-વસ્થાના કારણે દુર્જનો હાવી થઈ જાય છે. આમ પણ, દુર્જનોની સક્રિયતા કરતાં સજ્જનોની નિષ્ક્રિયતા વધુ નુકશાન નોતરે છે. શ્રી શાંતિલાલ સંઘવીએ લખેલ લેખ 'નાંખી દેવા' જેવો જ હોવા છતાં નિષ્ક્રિયતા અથવા મૌન એ સંમતિ ન ગણાઈ જાય! તેથી જવાબ લખું છું...!

ભગવાન મહાવીરે જૈનમતની સ્થાપના કરી. એ વાત ખ-પુષ્પ જેવી સાવ વાહિયાત છે. હકીકત એ છે કે જૈનમત અનાદિ અનંત છે, જે હતો, છે અને રહેશે...તેના કોઈ સ્થાપક નથી. તેનો આદિ નથી તેથી તેનો અંત પણ નથી. સીધી સડકને આદિ ને અંત હોય, પણ સર્કલને ન આદિ ન અંત! જૈનમત એટલે બધા જ રસ્તેથી અહીં આવો. આત્મસાધના કરો. જે આપણું નથી તેમાં માથું ન મારો. નિજાનંદી બની આગળ ધપો.

વાત આ છે, જૈનમતની સ્થાપના તીર્થંકરોએ નથી કરી એનો મતલબ દાર્શનિક ગ્રંથો પણ પ્રભુએ પોતાની મતિથી નથી બનાવ્યા. પણ જે હકીકત છે અને વાસ્તવિક વિશ્વ છે તે આગળ ધર્યું છે, જણાવ્યું છે. તેથી દેવલોક ૧૨ છે તો ૧૨ જ કહેશે ને! નરક સાત છે તો સાત જ બતાવે ને! અંતર્દ્વીપ છપ્પન છે તો છપ્પન જ કહે ને! લોક ચૌદ રજ્જુના પ્રમાણનો છે તો એટલો જ કહે ને!

બાકી દર્શનશાસ્ત્ર દેવલોક કે નરક પૂરતું સીમિત નથી. ઘણું વિશાળ છે. આ બધું માનવામાં, સ્વીકારવામાં મૂળે શ્રદ્ધા જરૂરી છે. અને પ્રભુ વીરે કહ્યું છેઃ શ્રદ્ધા

'સદ્ધા પરમ દુલ્લહાઃ'

કમનસીબીની વાત છે કે રોજિંદી જિંદગીમાં ઘણાં બધા ઉપર વિશ્વાસ રાખનારા આપણે એકમાત્ર સર્વોપરી ભગવાન ઉપર વિશ્વાસ નથી રાખી શકતા. માત્ર આંખ સામે દેખાતી વસ્તુનો સ્વીકાર કરનારા લોકો પોતાના બાપ-દાદાનો સ્વીકાર ક્યારેય નહીં કરી શકે!!

જગતમાં દેવ-દેવી જેવી વસ્તુ છે કે નહીં! છે તો આવતા કેમ નથી? મદદ કેમ નથી કરતા? આવી બધી વાતો અવિશ્વાસુ જનમાનસમાં ઘર કરી ગઈ છે.

ભગવાને કહ્યું છે :

જેમ મનુષ્ય છે ને તેમનું સ્વરૂપ છે, તેમ દેવ-દેવીઓ છે ને તેમનું પણ સ્વરૂપ છે. નારકીઓ છે અને તેમનું ય સ્વરૂપ છે. અને કોણ કહે છે દેવો મદદ નથી કરતા. તેઓ આજે પણ શ્રદ્ધાવાન મનુષ્યોને મદદ કરે જ છે. અદૃશ્ય રૂપે.

ગંદકીથી છલકાતા આપણને આજનું ગંદું વાતાવરણ ગમતું નથી. અરે ગંદકીના સ્થળે મોંઢા ઉપર રૂમાલ રાખીને ચાલનારા ને પછી થૂં-થૂં કરનારા મનુષ્યોને 'દેવો કેમ દેખાતા નથી'ની ફરિયાદો કરવી તે કેટલી વ્યાજબી? બાકી, શ્રદ્ધાનો વિષય હોય તો પુરાવાની જરૂર નથી. નવી દુકાન કે ગાડીમાં લીંબુ-મરચું લગાવનાર આ દુનિયામાં પણ શ્રદ્ધામાં જીવે છે. કિન્તુ અંધશ્રદ્ધા કરતાં મંદશ્રદ્ધાવાળાથી આ જગતને હંમેશાં વધુ નુકશાન થવાનું. અને છતાંય કોઈ સામાન્ય માણસને દેવલોક બાર હોય કે બાવીસ, નરક સાત હોય કે સત્તર, શો ફરક પડે!

હું કહીશ : તમારે ચાર બાળકો છે, પણ સામાન્ય માણસને તમારે ચાર હોય કે ચાલીસ તેને શો ફરક પડે? ફરક તો તેના માતા-પિતાને પડે છે, અન્ય કોઈને પડતો નથી. જે પરલોકને માને છે તેને દેવલોક કેટલા છે? ને નરક કેટલી છે? તેની સાથે સંપૂર્ણ નિસ્બત છે ને પક્ષપાત પણ છે. કારણ કે, આત્માએ મોક્ષ

**જગતનો એકપણ ધર્મ એવો નથી કે જેમાં પ્રેમ નથી.**

માટે કરવાની સાધનાના પ્રાથમિક તબકકામાં ભાવવાની બાર ભાવનામાં લોકસ્વરૂપ ભાવના પણ છે. જેના દ્વારા સંસારનું સ્વરૂપ ચિંતવીને આત્મકલ્યાણના પથ ઉપર પગરણ માંડી શકાય છે. બાકી, જેને ભોગ-વિલાસ-મોજ-મજામાં જ રમવાનું હોય ને પશુની જેમ જીવન જીવીને વેડફી નાંખવાનું હોય એમના માટે કંઈ જ જરૂર નથી. એમને તો વાંચન કે લેખનની પણ શું જરૂર? એનું એ જ વાક્ય રીપીટ કરું છું. 'દુઃખ લાગે તો ક્ષમા કરજો.' પણ આ બધું માત્ર નવરા માણસો માટે છે. ભલા માણસને તો 'પંચાત' માટે ફુરસદ જ નથી હોતી.

*આગમપ્રજ્ઞ મુનિપ્રવર જંબુવિજયજી મહારાજ એક નેપાળી ગુરખા પાસે મોડી રાત સુધી નેપાળી ભાષા શીખવા બેસતા.*

પ્રેમ એકબીજાને હાથ મિલાવવાથી કે ગળે લગાવવાથી થતો નથી. જેને માત્ર શારીરિક આનંદ મેળવવો હોય તેને આવા સ્પર્શજન્ય પ્રેમ-રાગની જરૂર પડે છે ને આવા લોકોને અન્યના દુઃખની ચિંતા હોતી નથી.

લાગણી, કરુણા, અહોભાવ આ અનુભવની વસ્તુ છે; તે શીંગ ચણાની જેમ ઘર ઘર વેચવા ન જવાય. કોઈ એક જ વ્યક્તિને ચાહ્યા કરવું, એના રાગના અંધાપામાં ડૂબી મરવું એ પ્રેમ છે. પરંતુ, વ્યક્તિને નહીં, જીવમાત્રને ચાહવું એ કરુણા છે.

પતિને પત્ની પ્રત્યે હોય એ પ્રેમ કહેવાય.

દીકરાને મા પ્રત્યે હોય તે પ્રેમ કહેવાય.

દીકરીને બાપ પ્રત્યે હોય તે પ્રેમ કહેવાય.

પરંતુ કોઈપણ પ્રકારના સ્વાર્થ વિનાનો જે નિષ્કારણ વાત્સલ્યભાવ હોય તે કરુણા કહેવાય.

પ્રેમ વ્યક્તિગત છે, જ્યારે કરુણા સમષ્ટિગત છે. ભગવાનને જીવમાત્ર પ્રત્યે પ્રેમ હતો. એ પ્રેમનું જ બીજું સ્વરૂપ એટલે કરુણા.

જેને પ્રેમ ને કરુણામાં પ્રેમ શબ્દ ઊંચેરો લાગતો હોય તેને 'આપણા આગમ ગ્રંથો' કહેવાનો અધિકાર જ નથી. કારણ 'અમારા આગમ ગ્રંથમાં પ્રેમ શબ્દ છે જ.'

પ્રેમને લાગણી પણ કહેવાય, હાવભાવ પણ કહેવાય,
સહૃદયતા પણ કહેવાય, વાત્સલ્ય પણ કહેવાય,
અને કરુણા પણ કહેવાય.

પ્રેમના પર્યાયવાચી શબ્દો હોય તો શું એને પ્રેમ ન કહેવાય? મા ને 'મા' કહો, 'અમ્મા' કહો, 'માતા' કહો, 'બા' કહો કે 'મમ્મી' કહો, મા સિવાયના અન્ય શબ્દોથી માને બોલાવવામાં માનું સ્વરૂપ શું બદલાઈ જાય? શું એના વાત્સલ્યમાં ફેર પડી જાય?

જગતનો એકપણ ધર્મ એવો નથી કે જેમાં પ્રેમ નથી. બે-પાંચ ચોપડીઓ માંડ ભણી હોય ને આગમની વાતો કરવા બેસીએ એ ઘોર વિડંબના છે.

જમવા બેસીએ તો કદાચ 'શેનું શાક છે' એમ પૂછી શકાય. પણ, શાકમાં 'મીઠું છે કે નહિ' એમ ન પૂછાય, કારણ ભોજનમાં તો મીઠું હોવાનું જ, તેમ ધર્મમાં પ્રેમ તો હોવાનો જ.

પશુ ઉપર પણ પ્રેમ અને દયા રાખનાર જૈનોથી વધુ ઉત્તમ જીવદયા ક્યાંથી મળી શકશે? આખું વિશ્વ જ્યારે હિંસાના તાંડવમાં સપડાયું છે, ત્યારે કરોડો ખર્ચીને પાંજરાપોળ ચલાવનારા અને પશુઓને અભયદાન આપનારા જૈન જ છે. આવા જૈનોમાં–જૈન સાધુઓમાં પ્રેમ નથી એ માનવું કદાચ મૂર્ખતાથી ઓછું નથી.

જૈનશાસન માત્ર તત્ત્વજ્ઞાનથી ભરેલું નથી. તત્ત્વજ્ઞાન એ બૌદ્ધિકો માટે છે. આ વાતને માટે તો પરોપકાર જેવા અઢળક પદાર્થો છે જ. તત્ત્વજ્ઞાન ઉપરની કક્ષા છે. એ સમજવા માટે પહેલા પગથિયાથી શરૂ કરવી પડે. કુદકો મારીને ઉપર ચઢનારો ઊંધે માથે પછડાઈ શકે છે.

સોમવાર પછી મંગળવાર જ કેમ?

એક હજાર મીટર બરાબર એક કિલોમીટર જ કેમ?

માતાના ઉદરમાંથી આવનારને બાળક જ કેમ કહેવાય?

બિમાર પડો છો ત્યારે ડૉક્ટરને જ કેમ બોલાવો છો? વકીલને કેમ નહીં? લેખ લખનાર શાંતિલાલ જ કેમ? કાંતિલાલ કેમ નહીં? એ વળી સંઘવી જ કેમ? મહેતા કેમ નહીં?

આવા બધા સવાલો મૂર્ખતાભર્યા લાગે તે સહજ છે. કારણ કે, આ બધી વાતોના કોઈ જવાબ ન હોઈ શકે ને તાર્કિક કારણો પણ નહીં. છતાંય, પર્યુષણ શિયાળા કે ઉનાળામાં નહીં, પણ ચોમાસામાં જ કેમ? સંવત્સરી ચોથની જ કેમ? એના તાર્કિક-આધ્યાત્મિક અને ધાર્મિક સમાધાનો મળી શકે છે. અહિંયાં કોઈ કારણ વગરની ક્રિયા નથી કે કોઈ ક્રિયામાં ઠોકમઠોક નથી. લેખકે સંવત્સરી અંગેનું સાહિત્ય વાંચ્યા પછી જો ટિપ્પણી કરી હોત, તો તે શોભત!

આજે પણ સદાચારી, વિવેકી, સજ્જન પંડિતો પાસે સાધુ-સાધ્વીજીઓ ભણે છે. એટલું જ નહિ, ત્યારે પંડિતજી ઊંચા આસને અને સાધુ-સાધ્વીઓ નીચે આસને તેમની સામે બેઠા હોય છે. જૈન સાધુઓ જેવી નમ્રતા બીજામાં મળવી દુર્લભ છે. નજીકના ભૂતકાળના જ જૈનોના ચારેય ફિરકાના સૌથી વડીલ તપાગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) (પાંસઠ) વર્ષની ઉંમરે દિગંબર શાસ્ત્રોનો અભ્યાસ કરવા માટે એક શ્રદ્ધાળુ પાસે કલાકો સુધી બેસતા હતા. જો અહંકાર હોત તો આવું કશું જ ન હોત!

આગમપ્રજ્ઞ મુનિપ્રવર જંબુવિજયજી મહારાજ એક નેપાળી ગુરખા પાસે મોડી રાત સુધી નેપાળી ભાષા શીખવા બેસતા. કેટલા દૃષ્ટાંતો આપું? આ. ભ. શ્રી યશોવિજયસૂરિ મહારાજ હિંમતભાઈ બેડાવાળાની આરાધના જોઈ રહી પડતા, 'પ્રભુ આવી સાધના મને ક્યારે મળશે?' – પણ આ બધી હકીકતોનો કૂપમંડુકોને ક્યાંથી ખ્યાલ હોય?

મુનિપ્રવર શ્રી જંબુવિજયજી મહારાજ ૧૮ (અઢાર) ભાષાના જાણકાર હતા. આજે પણ આઠથી દસ ભાષાઓનું જ્ઞાન ધરાવતા એક-બે નહીં, પણ થોકબંધ મહાત્માઓ છે. એટલું જ નહીં, તે-તે ભાષામાં અધિકારપૂર્વક પ્રવચન કરી શકે છે.

જૈનજગત ક્યારેય કોઈનો તિરસ્કાર કરવામાં માનતું નથી. 'થોડલો ગુણ પણ પરતણો' સ્વીકારવામાં જૈનોએ નાનપ કે નાનમ અનુભવી નથી. પણ, એ વાસ્તવમાં ગુણ હોવો જોઈએ.

અનેકાંતવાદ અમારા સંસ્કાર છે, અમારી ધરોહર છે. અમારી ફિલસૂફી છે. એ રીતે અમે શાંતિલાલને પણ સાચા માની શકીએ પણ, એમની વાત ગુણમૂલક–જિજ્ઞાસાપૂર્વકની અને સત્યશોધક હોય તો!

માપનું જોઈ શકનારી આપણી આંખો છે તો સૃષ્ટિને એટલી જ માનવી? ખૂબ શાંત ચિત્તે વિચારજો.

વાસ્તવમાં જૈનધર્મ એ સાકર જેવો છે. ગમે ત્યાંથી ચાખો, મધુર જ લાગે. છતાંય, ડાયાબિટીસવાળાને તે ઝેર લાગે, તેમાં વાંક કોનો?

પ્રાંતે, પ્રભુ વીરે પુણ્યપાલ રાજાને સ્વપ્નકથન કરતા આવા મતલબની વાત કહી હતી કે હવેના યુગમાં એંશી ટકા દુર્બુદ્ધિ હોવાના ને વીસ ટકા સદ્બુદ્ધિધારી!!!

આપણે આપણો નંબર વીસ ટકામાં લગાડીએ, સત્ય સમજીએ, આપણી ભાષા પર વિવેકની લગામ રાખીએ...હું કહું તે સાચું નહીં, પણ સાચું હોય તે સ્વીકારી લઈએ.

આ પ્રલંબ અભિવ્યક્તિ કેવળ પ્રભુના શાસનની ભક્તિ કાજે હિતબુદ્ધિથી જ કરવામાં આવી છે. છતાંય તે દરમ્યાન કોઈના પણ હૃદયને ઠેસ પહોંચી હોય કે જિનાજ્ઞા અથવા સદ્ગુર્વાજ્ઞા વિરૂદ્ધ કંઈપણ પ્રરૂપણા થઈ હોય તો અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડં...

☐ **મુનિ જિનાંગદર્શન વિજયજી (ડહેલાવાલા)**

C/o. જીગર કમલ મહેતા, ૨ નવરત્ન સોસાયટી, જૂના વાડજ, શાંતિનગર પાસે, અમદાવાદ. મોબાઈલ : ૯૯૧૩૨૫૨૪૨૪.

(૨)

માર્ચ-૨૦૧૪ના 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી શાંતિલાલ સંઘવીએ, દાર્શનિક તત્ત્વજ્ઞાન પરત્વે પોતાની તીવ્ર હતાશા બતાવી છે; અને એવા તારણ પર આવ્યા છે કે, સામાન્ય માણસને દાર્શનિક તત્ત્વજ્ઞાનની કશી જરૂર નથી. ભલાઈ અને સદાચારમાં બધું જ આવી જાય છે.

દાર્શનિક તત્ત્વજ્ઞાન શબ્દને હું આ રીતે ગોઠવું છું. તત્ત્વજ્ઞાન અને તત્ત્વદર્શન.

એના ઉદ્ગમના નિમિત્તરૂપ છે;

૧. મનુષ્યને થતા બુનિયાદી સવાલો. હું કોણ છું? ક્યાંથી આવ્યો, ક્યાં જવાનો છું? મારું ખરું સ્વરૂપ શું છે? ઇત્યાદિ.

૨. સુખદુઃખના કારણોની ખોજ, મનુષ્ય મનુષ્ય વચ્ચેની વિષમતા અને એના સુખદુઃખની વિષમતાના કારણોની ખોજ.

૩. કલા-સાધનામાં કે સમાગમમાં મનુષ્યની આઈડેન્ટીટી ઓગળી જાય છે ત્યારે જે આનંદનો અનુભવ થાય છે, તેથી ઉચ્ચત્તર અને સ્થાયી આનંદની શોધ.

અનેક મહારથીઓએ આ દિશામાં ગવેષણા કરી. એમના ચિંતન, પુરુષાર્થ અને પરાક્રમના પરિણામે માનવજાતને મળ્યો, તત્ત્વજ્ઞાનનો અણમોલ વારસો.

એમાં ઘણું જાણવા જેવું છે, માણવા જેવું છે, આચરવા જેવું છે. એના લાલિત્ય અને પ્રજ્ઞા, સ્થળ કાળના બંધન અને સીમાથી પાર, સનાતન છે. વિજ્ઞાનના મંડાણ પણ ત્યાંથી થાય છે.

તત્ત્વજ્ઞાન શબ્દરૂપે હોય. સૂત્ર (થિયરી) રૂપે હોય. ગ્રંથસ્થ થાય. તત્ત્વજ્ઞાન શબ્દરૂપમાં આવવા બાદ એના ઉદ્બોધકથી પૃથક થઈ જાય. અન્યજન એમાં સુધારા-વધારા-બગાડા કરી શકે. વાતચીતમાં, સંવાદ કે વિવાદમાં કે અભ્યાસ આદિમાં એનો ખૂબ ખૂબ ઉપયોગ તો થાય, પણ ગેરઉપયોગ પણ થાય. થયા કરે. થયા કરશે જ.

તત્ત્વજ્ઞાન એટલે જાણે ગોળ-સાકર બનાવવાની રીતનું જ્ઞાન.

જ્યારે તત્ત્વદર્શનમાં સ્વયમ્ને કંઈક અનુભૂતિ થાય. આવા દાર્શનિકે જાણી લીધી, માણી લીધી. ગોળ-સાકરની મીઠાશ.

જ્ઞાની એમ કહેશે, હું આમ માનું છું. દાર્શનિક કહેશે હું આ જાણું છું.

ભારતના દાર્શનિક જગતમાં અનેક તારલાઓ બિરાજ્યા છે. પ્રકાશમાન છે. અન્ય પ્રદેશો અને અન્ય પ્રજામાં પણ હશે જ.

એમની એક વાત સાવ સાચી છે કે સામાન્ય જનને જ્ઞાન/દર્શન પ્રત્યે કદાચ રૂચિ ન પણ હોય, સામાન્ય જનનું જીવન દૈનિક ઘટમાળમાં જ આટોપાઈ જાય.

વળી તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે ઘણાં જ બખડજંતર ચાલે છે. પણ બખડજંતર તો જીવનના બીજા ક્ષેત્રોમાં પણ ચાલે. રાજકાજ, સામાજિક બાબતો, વિજ્ઞાન-શિક્ષણ વિ. મિડિયોકર અને નિમ્ન સ્તરે આ તો ચાલ્યા જ કરશે. આવું બધું આપણાં કપાળમાં કંડારાયેલું છે જ.

માત્ર આટલા કારણસર આપણા અદ્ભુત વારસાને ઠેલી દેવાનું! શાંતિલાલભાઈ, આપણે છીએ વાણિયાઓ, વેપારી કોમ, જ્ઞાન-દર્શનના વારસાને જતું કરવાનું?

મારી સમજ છે કે તત્ત્વજ્ઞાન/દર્શનનો ઈન્કાર કરવો હોય કે એની સાર્થકતા ઓછી આંકવી હોય તો પહેલાં તત્ત્વજ્ઞાની થવું પડે.

સાદાઈ, ભલમનસાઈ, સારા આચાર-વિચાર એ નૈતિક મૂલ્યો સમયે સમયે અને સ્થળે સ્થળે બદલાય છે. વળી મનુષ્ય જીવન જટિલ છે. તો બીજી બાજુ મનુષ્યની મુર્ખામીની હદ નથી. એટલે બહોળા સમુદાય માટે નૈતિક મૂલ્યોનું માળખું આપી શકાય નહિ. એથી કેવા ગૂંચવાડા થાય, એ જુઓ.

એમ કહેવાય છે કે અંગત જીવનમાં હિટલર સાદો હતો. એક નેક જૈન શ્રાવક, શરીર પરના જૂ કે માંકડ ને પણ ઈજા ન થાય એ જોશે. જ્યારે એક નેક ફોરેસ્ટ ઑફિસરને એક વાઘ માટે વરસ દરમ્યાન ૨૦૦/૩૦૦ સસલા/બકરાની વ્યવસ્થા કરવી પડશે ને?

મા-બાપની સેવા કરનારને આપણે સારો, ભલો ગણીશું. પરંતુ એ જ વ્યક્તિ પોતાના નોકરચાકરનું શોષણ કરતો હોય તો?

શ્રી સંઘવીભાઈ પૂછે છે કે, જૈન આગમમાં પ્રેમ શબ્દ છે? ગૌતમ બુદ્ધે પ્રેમ શબ્દ કેમ નથી વાપર્યો? ભાઈ નથી વાપર્યો એ સારું થયું! આજકાલ પ્રેમ–love–નો અર્થ વિજાતીય આકર્ષણ કરવામાં આવે છે. ક્યારેક વહાલ, મમતાના અર્થમાં પણ વપરાય છે. પ્રેમ વ્યક્તિ–સાપેક્ષ

છે. પતિ-પત્નીનો પ્રેમ. માબાપ અને સંતાનોનો પ્રેમ, સહોદરોનો અરસપરસનો પ્રેમ. જ્યારે કરુણા-અનુકંપા નિરપેક્ષ રહી શકે છે.

પ્રેમ કરનાર પાસેથી સમર્પિતતાની અપેક્ષા હોય (મીરા-નરસિંહ મહેતાના કૃષ્ણ પ્રેમ જેમ) તો, જૈન કે બુદ્ધ ધર્મમાં આવી સમર્પિતતાની અપેક્ષા નથી. એ પણ કારણ હશે.

ખેર, એ જે હોય તે પરંતુ એટલી અભ્યર્થના કે શ્રી શાંતિલાલભાઈ મારા જેવાના પ્રતિભાવો પ્રેમપૂર્વક-કરુણાપૂર્વક-અનુકંપાપૂર્વક વાંચે.

☐ **કીર્તિચંદ શાહ**

૧૩, ઋષભ મહાલ, ઑફ હાજી બાપુ રોડ
મલાડ પૂર્વ-મુંબઈ-૪૦૦ ૦૯૭

(૩)

મારા મિત્ર ડૉ. વિનોદભાઈ પાસેથી 'પ્રબુદ્ધ જીવન'નો માર્ચ મહિનાનો અંક વાંચનાર્થે સાંપડ્યો. આપના જ માર્ગદર્શન હેઠળ છપાયેલ વિવિધ રચનાઓમાંની એક 'મતમતાંતરનો અખાડો' શીર્ષક હેઠળ છપાયેલ લખાણ વાંચી હું એકદમ જ હતપ્રભ થઈ ગયો! સામાન્ય માનવી પણ આસ્તિક-ભગવાન તથા તેમના ધર્મને માનનારો તથા નાસ્તિક-ભગવાન તથા તેમના ધર્મને ન માનનારોના ભેદને સ્પષ્ટ પણે કહી શકે છે. પ્રસ્તુત 'પ્રબુદ્ધ જીવન', ધર્મ પુષ્ટિ અર્થે છપાય અને વંચાય છે. આપના ધાર્મિક જ્ઞાન બાબત મને કંઈ પણ જાણકારી નથી. પરંતુ શ્રી શાંતિલાલ સંઘવીના લેખને વાંચી કોઈ પણ ધર્મને માનનાર વ્યક્તિ તરત જ ઉદ્ગાર કાઢે કે આ વ્યક્તિને ધર્મ સાથે સ્નાન-સૂતકનો વ્યવહાર નથી! તદ્દન ધર્મ વિરૂદ્ધ બેફામ લખાણને આપે કયા દૃષ્ટિકોણથી ઉત્સાહથી વધાવી, છાપવા માટે મંજુર કર્યું હશે; જ્ઞાની જાણે! પરંતુ આ વિષમ કળીકાળમાં જ્યાં અધર્મનું જ પ્રભુત્વ વધતું વર્તાઈ રહ્યું છે, તેવામાં આ પ્રકારની જાહેરમાં કરાયેલ આ લખાણ વાંચનની પ્રવૃત્તિમાં નિમિત્ત બની, આપે કદાચ અનેકાનેક અશુભ અનુબંધોની પુષ્ટિ કરી હશે! અત્રે કોઈ રમત-ગમતના વિષયની ચડસાચડસી હોય, તેમાં કોણ ચડિયાતું સાબિત થાય, તેની હરીફાઈ ભિન્ન વસ્તુ છે! પરંતુ વત્તે ઓછે અંશે, ત્રણ કાળમાં ધર્મ જ સર્વોપરિ હોય છે, એવી શ્રી તીર્થંકર પરમાત્માની અમોઘ વાણી સાચી કે ખોટી? એવું નક્કી કરવાની તૈયારીપૂર્વક આપે તે વાણીને-પરમાત્માના વચનોને જ-તદ્દન જ નિમ્ન કક્ષામાં ધકેલવાની ધૃષ્ટતા દાખવી છે, જે ધર્મરૂચિ ધરાવનાર આત્માઓ માટે અત્યંત આઘાતજનક છે!

જે વ્યક્તિને ખુદને એક સારા માર્ગદર્શકની જરૂર છે, તે વ્યક્તિને જ આપે જાહેરમાં પીઠબળ આપી દીધું છે! 'પ્રબુદ્ધ વાચકની મૂંઝવણ' શબ્દની માયાજાળમાં અવ્યક્ત રૂપે આપને પણ એ લખાણની સર્વ બાબતોમાં સંમતિ વર્તે છે, તેવું સિદ્ધ કરી દીધું છે! **ચાર્વાક દર્શન નામના** નાસ્તિક દર્શનમાં, આસ્તિકતાને ભાંગી ભૂકો કરનાર નાસ્તિકતાને પુષ્ટ કરનાર ઘણી વિપરિત વિચારણા-દલીલો-પ્રરૂપાયેલ છે. આ લખાણમાં એ જ અંશો વર્તાઈ રહ્યા છે.

આપે જે બૌદ્ધિકોને નિમંત્રણ આપ્યું છે, તે રૂએ, આ લેખના મુદ્દાઓ સંબંધી વિચારણા આપી શકવા સમર્થ છું, પરંતુ શરત એટલી છે કે તે વ્યક્તિનું ધાર્મિક જ્ઞાન અથવા સામાન્ય માન્યતા શું છે? તે બાબતની જાણકારી મને હોય!

જેમ સાચી વ્યક્તિની માન્યતા એને માટે સત્ય છે, તેમ અસત્યનો આશરો લેનાર માટે અસત્ય પણ એનું જ સત્ય છે. સન્માર્ગ એ મોક્ષ ગમનમાર્ગ છે, તો ઉન્માર્ગ પણ માર્ગ જ છે. પણ સંસારમાં રઝળાવનાર માર્ગ! મિથ્યાત્વ એ પણ મૂઢ જીવો માટે એક માત્ર દૃષ્ટિકોણ છે, જે અપૂર્ણ છે-અધુરો છે!

આપને જો મારી બાબતમાં શ્રદ્ધા થતી હોય, તો આ પત્ર અવશ્ય પ્રગટ કરશો તેવી આશા રાખું છું! પ્રત્યુત્તરની અપેક્ષા સહ...

**વિશેષ** : શ્રી જિનશાસનનો પાયો જ સિદ્ધાંત 'સ્યાદ્વાદ' છે. સ્યાદ્ અર્થાત્ હોવુ; આ વ્યુત્પત્તિ અર્થે તેના ૭ ભાંગા થાય છે. શ્રી જિનશાસનની ૧૪ ગુણસ્થાનકની વ્યવસ્થા, સમગ્ર મોક્ષમાર્ગ, આ જ સિદ્ધાંતને આધારે સમજવા સુલભ બને છે. જે શ્રુતને સ્યાદ્વાદથી સમજે તે જ મોક્ષમાર્ગનો મુસાફર બની શકે છે. આ સ્યાદ્વાદ અર્થથી ખુદ શ્રી તીર્થંકર પરમાત્માએ પોતપોતાના કેવલજ્ઞાનીના પર્યાયમાં પ્રરૂપ્યું, તથા એને સૂત્રબદ્ધ કરનારા છે ગણધર ભગવંતો! જગતનું સર્વશ્રેષ્ઠ પરમ-મહાન તત્ત્વ જ સ્યાદ્વાદ છે. આટલી મહાન વસ્તુનું આ જ અંકમાં છપાયેલ પૃષ્ઠ નં. ૧૮ના લેખમાં અવમૂલ્યન થયેલું છે એ સમજાયું નથી લાગતું! તે પણ એક પંન્યાસપદવી (!) ધરાવનાર વ્યક્તિના હાથે? આ લેખમાં વાંચનારને કયું તત્ત્વ હાથમાં આવ્યું હશે; તેના સ્પષ્ટીકરણની પણ કૃપા કરશોજી!

પ્રસ્તુત લખાણમાં કોઈના પણ દિલને દુભવવાનો લેશ માત્ર પણ આશય ન હોવા છતાં જો તેમ થવામાં હું નિમિત્તભૂત બન્યો હોઉં, અથવા શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ કોઈ પણ પ્રયત્ન જાણતા-અજાણતાં થઈ ગયો હોય; તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુકકડમ્! ભાષાકીય ક્ષતિ હોય, તો સુધારી લેવા વિનંતિ! જ્ઞાનની આશાતનાથી અવશ્ય બચશો.ગુરુ ચરણરજ

☐ **શ્રીકાંત શાહ**

શિવદર્શન-૨, સી-૫૦૨, એસ. વી. પી. રોડ,શંકર ગલી,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.મો. : ૯૩૨૪૯૨૦૯૮૮.

## પ્રકીર્ણ : ભાવ-પ્રતિભાવ

(૪)

'પ્રબુદ્ધ જીવન'ના દરેક અંકને જીવનમાં સાચવી રાખવા જેવા છે અને વારંવાર અભ્યાસ, ચિંતન, મનન કરવાથી ઘણીવાર મનની હતાશા, વ્યગ્રતા, નિરાશા, તત્ત્વ પ્રત્યેની ગૂઢ સમજ, મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન ચોક્કસ થાય છે. આમ 'પ્રબુદ્ધ જીવન' એ આત્મિક ઉર્જા પ્રદાન કરનાર વિશેષ અંક છે. જાત અનુભવે આ વાત આપની સમક્ષ રજૂ કરું છું. મારા જીવનમાં મેં વાંચનને અગ્રતા ક્રમ આપેલ છે. જ્યાં જાઉં ત્યાં 'મેકઅપ'ની કીટ ના હોય તો કંઈ જ વાંધો નહિ પરંતુ ચોપડી-

સાહિત્ય તો અચૂક પર્સમાં હોય જ . ક્યારેક સુપરવીઝન વખતે પણ 'પ્રબુદ્ધ જીવન'ના અંક પર દૃષ્ટિ ફેરવી લઉં એનો પણ એક અનેરો આનંદ આવે છે. અને વળી, ક્યારેક તો કૉલેજમાંથી ઘેર આવું ત્યારબાદ સળંગ રાત સુધી આ 'પ્રબુદ્ધ જીવન' વાંચી લઉં. કારણ કે 'પ્રબુદ્ધ જીવન' આજના યુગમાં એક તત્ત્વ પરત્વે, વ્યક્તિમત્તા તથા યોગ્ય સમજ સાથે વસ્તુસ્થિતિને જોવાની શક્તિ અર્પે છે. એમાં આવતાં લેખોમાં વિદ્વતશ્રીઓની અનુભવ-વિદ્યા પ્રત્યેની નિષ્ઠા, ડહાપણ અને જ્ઞાનની સૂક્ષ્મ સમજ સાથે શબ્દરૂપથી અંકન થાય છે. તે ખૂબ જ સ્પૃહણીય છે જે જ્ઞાન-દિશાવર્ધક છે. અમારા જેવા નવોદિતો માટે પ્રેરણાદાયી છે.

એપ્રિલ-૨૦૧૪ના અંકમાં જે માનદ તંત્રી લિખીત શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધરમપુર વિશે લેખ વાંચ્યો અને ખૂબ જ સ્પર્શી ગયો. આદરણીય, પૂ. રાકેશભાઈ ઝવેરીના થિસિસની મહત્તા એવમ્ આટલી નાની ઉંમરે આ આધ્યાત્મની ક્ષિતિજે પહોંચવું એ ખરેખર દાદ માંગી લે એવી વાત છે. એમના શબ્દોમાં ઉલ્લેખિત 'પીએચ.ડી.ની ઉપાધિ એનાયત કરવામાં આવી તે જ રાત્રે એ ઉપલબ્ધિ ઊગમ સમા મારા પરોપકારી પ્રભુના ઉદાત્ત ચરણોમાં તે ઉપાધિ મેં અર્પણ કરી દીધી.' આ તો કેટલી ઉજ્જવળતા ભરી વાત છે. સૌ કોઈથી આવી સહજતા–સ્વાભાવિકતાનો સ્વીકાર નથી કરી શકાતું. નિર્મળ–શુદ્ધ–આત્મિક આત્મા જ આવા મહાન–ભગીરથ કાર્ય કરી શકે, એમાં બે મત નથી. સાથે સાથે પરિવાર, સમાજ, દેશ, રાષ્ટ્ર વિશ્વને એક જ્વલંત ઉદાહરણ પૂરું પાડી શકે. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-ધરમપુર ખાતે એક આત્મિક વિકાસનો યજ્ઞ ચાલી રહ્યો છે તે મહાન કાર્ય છે, જે सर्वजन हिताय सर्वजन सुखाय રૂપ છે. આશ્રમમાં સેવા સમર્પણ માટે કરવામાં આવેલ જૂથોની રચના પણ પ્રશંસનીય–જ્ઞાનવર્ધક છે. વિવિધ શિક્ષણ યોજના ઈત્યાદિનો સન્નિવેશ આ આશ્રમમાં કરવામાં આવે છે. ખૂબ જ સુંદર આ યજ્ઞકાર્ય છે. નવાજું છું.

જેમ બજારમાં શરીરની શક્તિ વધારનાર ટૉનિક તો મળતાં હોય છે, પણ આ તો મન–આત્મિક શક્તિનું અદ્ભુત ટૉનિક પ્રદાન કરનાર આશ્રમ છે. સાથે સાથે ઉત્સવોમાં શિસ્ત અને ધર્મ છે તથા તત્ત્વની સંસ્કાર દીક્ષા છે. આ વાક્ય હૃદયસ્પર્શી-તત્ત્વદર્શી છે. આજની યુવા પેઢી માટે આ સમ્યક્-દિશા છે. તો જ દેશ–રાષ્ટ્રનો વિકાસ થશે. અને આપણામાં 'નિજ'માં ડોકિયું કરી શકીશું. આ આશ્રમની અનુમોદના કરીએ એટલી ઓછી છે. સાથે સાથે ધન્યવાદ આપવા જ રહ્યા. હા, અને જેમણે આ આશ્રમના કાર્ય અને અદ્ભુત વ્યક્તિ પરિચય કરાવ્યો એવા આદરણીય ગુરુવર્ય ડૉ. ધનવંત ટી. શાહનો પણ આભાર કે જેઓ તંત્રી વિશેષ આવા લેખો કેટલી સહજતાથી અને ગાંભીર્ય અને એક વિઝન સાથે આપણી સમક્ષ મૂકે છે. એ એમની દીર્ઘ-દીર્ઘ દૃષ્ટિ એવમ્ પ્રેરણાના પીયૂષ બની આપણને આચમન કરાવે છે. જેથી આપણે આવા પીયૂષ પીને અન્યને પણ પ્રેરણા આપી શકીએ. આટલી ઉંમરે તેઓ જ્ઞાનની જે આરાધના ઉત્સાહ, ધગશ, ખંતથી કરે છે એ ખરેખર ગર્વ લઈ શકાય એવી વાત છે. સાથે સાથે ચોક્કસ વિઝન સાથે આપણને જે પ્ર-ગતિ કરાવે છે. તે માટે હું એમને અભિનંદન આપું છું. સાથે સાથે પ્રભુને પ્રાર્થના, કે આપ સદા આવા જ્ઞાનવંતા કાર્ય કરતાં રહો. આમ આવા જ્ઞાનવંતા તંત્રીઓની પરંપરાથી જ આપણાં જીવનને–પ્રબુદ્ધ જીવન બનાવી શકીએ એવું કહેવામાં અતિશયોક્તિ નથી.

'મારું જીવન દર્શન'–એ લેખ ખૂબ જ સુંદર, ચોટદાર, પારદર્શિતા સભર અને અંધકારની ગર્તામાંથી ચેતવણી કરનારું છે. જો જીવનમાં હેય વસ્તુઓને છોડી ઉપાદેય વસ્તુઓથી જીવન શણગારીશું તો આ લેખને પુનઃ છાપવો નહીં પડે, કારણ કે ત્યારે તે 'અંકસ્થ' નહિ 'હૃદયસ્થ' બની જશે. સાથે સાથે આદરણીય ડૉ. નરેશ વેદ સોહબની કલમ જે ઉપનિષદ સુધા આપણી સમક્ષ મૂકે છે, તે અનુભવજન્ય અને સાધના-નિષ્ઠ રીતે રજૂ કરે છે. ડૉ. વેદ સાહેબની કલમ ઉપનિષદ પરત્વેની એ તો જાણે સ્વયં ઋષિ પાંખે અને ઋષિ આંખે સમગ્ર તત્ત્વચિંતનનું આપણને દર્શન–અનુભવ કરાવે છે. ખરેખર એમનો પણ આભાર. હું તો મારા કલાસમાં આ ઉપનિષદની ધારાને વહેવડાવું છું, કારણ કે T.Y.માં અને M.A.ના અભ્યાસક્રમમાં છે. માટે મારા વિદ્યર્થીઓને પણ એક સૂક્ષ્મદૃષ્ટિથી ઉપનિષદને સમજવાનો અનેરો અવસર સાંપડે છે. એ માટે પુનઃ આભાર ડૉ. વેદ સાહેબ. અને હા, એક બીજી વાત કે આજની પેઢીને ધ્યાનમાં રાખી ઈંગ્લીશ સ્ટોરીને પણ 'પ્રબુદ્ધ જીવન'માં મૂકવામાં આવી છે. એ પણ એક સુંદર, ભાવિ ઉજ્જવળ બને એવું કાર્ય છે. એ બદલ ડૉ. રેણુકા પોરવાલને પણ અભિનંદન. અને અંતે સમગ્ર 'પ્રબુદ્ધ જીવન'ના પ્રત્યક્ષ–પરોક્ષ સર્વ મહાનુભાવોને અભિનંદન.

**☐ ડૉ. દીક્ષા એચ. સાવલા**
અધ્યક્ષા : અનુસ્નાતક : સંસ્કૃત વિભાગ
શ્રી જે. એમ. પટેલ, પી. જી. સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઈન હ્યુ. આણંદ.
મો. : ૯૩૨૭૯૧૪૪૮૪

(૫)

આપના તરફથી ઉપહાર રૂપે 'પ્રબુદ્ધ જીવન'ના અંકો લગભગ છેલ્લા દસેક વર્ષથી મને મળે છે અને આવા માતબર 'પ્રબુદ્ધ જીવન'માં આવતા સાહિત્યને જાણવું, માણવું, ને નાણવું મને રુચિકર લાગ્યું છે અને લાગે છે અને લાગશે. 'પ્રબુદ્ધ જીવન' સામયિકની ખૂબી એ છે કે એનું પ્રથમ કવર પેજ અલગ અલગ પ્રકારની સરસ્વતી દેવીની પ્રતિમાઓ હૈયાને, મનને, વિચારને પરમ શાંતિ આપે છે. અને છેલ્લા કવર પેજ પર 'પંથે પંથે પાથેય'માં પણ તમે મને સાહિત્યની કૃતિઓ દ્વારા સાથ મહેકતો રાખ્યો છે. એટલે તો હું જરૂર આપનો ઋણી બની શકું, પણ આપની ઉદારતા ને મનોભાવ મારા ઋણની વાતને સ્વીકારશે કે નહીં તેની જાણ મને નથી, પણ આપના તરફથી સંબંધના છોડને સ્નેહનું સિંચન મને મળે છે કે એ નિર્વિવાદ વાત છે!

જૈન સાહિત્યમાં મને બહુ ગતાગમ ન હતી તે હવે આ સામયિક-'પ્રબુદ્ધ જીવન' દ્વારા હું પામતો ગયો છું. ધર્મની વ્યાખ્યા તમે બાંધી નથી, પણ સામયિકે જાણે સર્વધર્મ સમભાવનો ઉદ્દેશ અંતર–મનથી પાળ્યો છે તે હું જાણું છું.

ઉચ્ચ કક્ષાના સંત મુનિ મહારાજાઓના લેખોમાં શબ્દોની આત્મિયતા હૈયે ટકોરા મારે તેવી હોય છે! આ ઉપરાંત લેખોની વિવિધતા-વ્યક્તિ વિશેષની વાતો, લોક જીવનમાંથી આવતા લોકવાણીને ઉજાગર કરતા

ભજનો, વેદ ઉપનિષદ તથા ધર્મને આચરણમાં સંગોપતા લેખો તો જ્ઞાન પ્રચૂર છે! હોવા જોઈએ.

શારદાની વાણી રૂપ 'પ્રબુદ્ધ જીવન' બનતું ગયું છે. ઉત્તરોત્તર એમાં જીવનના કર્મોને ઘડે તેવા શ્રીમદ્ રાજચંદ્રના ચારિત્ર્ય ઘડતર ચિંતનનો પરિપાક પણ જીવનની કેડી કંડારનાર દરેક જણને પ્રેરણાના પીયૂષ પાય છે.અવારનવાર યોજાતા વ્યાખ્યાનોની વાણીનો આસ્વાદ પાનાઓને મુખરિત કરે છે.

જ્ઞાનની દીવડીને તમે સામયિક દ્વારા વિશેષ ઉજ્જવળ બનાવો છો, સર્વધર્મ સમભાવનો ઉદ્દેશ પણ પાર પાડો છો. માનવને બુદ્ધ – પ્ર-વિશેષ –એટલે સામયિક વાંચે તો જ્ઞાનની ગંગોત્રીનું આચમન સારી રીતે લઈ શકે. વાંચન જ એકાગ્રતા કેળવે છે તો જ એ વાંચન જીવનલક્ષી–કર્તવ્યલક્ષી, ચારિત્ર્યલક્ષી, રાષ્ટ્રલક્ષી બને છે એ સત્ય હકીકત છે.

ડૉ.શ્રી બસ, આપ સતત આ સામયિકમાં જ્ઞાનના દીવડાઓનું તેજ પ્રસરાવતા રહો તથા આપની જ્ઞાનપૂર્ણ શક્તિઓને વિશેષ ઉજાગર કરી વાચકોના અંતરને અવિનાશીના માર્ગે દોરતા રહો એ જ પરમાત્મા પાસે અભ્યર્થના રહે!

આભાર – **આવો ભાવ રહે.**

☐ **મનસુખલાલ ઉપાધ્યાય**
ઘાટકોપર – મુંબઈ
મોબાઈલ: ૦૯૮૨૦૫ ૫૧૦૧૯

(૬)

'પ્રબુદ્ધ જીવન'ના માર્ચના અંકમાં તો તમારો તંત્રીલેખ **'દામ્પત્ય તીર્થો–લગ્નસંસ્થા'** વાંચવાની મજા જ આવી ગઈ. વાંચતાં વાંચતાં જાણે કે લગ્નનો માંડવો રચાયો હોય, ચારે બાજુ દીવડાઓ ટમટમી રહ્યા હોય અને રંગબેરંગી સુગંધી પુષ્પોની બૌછાર વરસી રહી હોય એવો આનંદમય અહેસાસ થયો. મનમાં આનંદ આનંદ થઈ ગયો. જાણે કે પ્રસન્નતા છવાઈ ગઈ. આટલા બધા પ્રસન્ન દામ્પત્યો વિશે વાંચીને તો જાણે કે જીવનભરનો થાક ઉતરી જાય અને સ્ફૂર્તિ ન આવી જાય તો જ નવાઈ!

મિત્ર દંપતી ઈન્દુબેન અને શ્રીકાન્તભાઈ વસાના આમંત્રણને માન આપીને આપ જ્યારે ફિલ્મ અને ગઝલના જૂના ગીતોથી ભરેલી સંગીત સંધ્યાને માણવા ગયા અને બે બેઠકો સાથે ન મળવાથી તમે તમારા હોસ્ટેલ મિત્ર જશવંતભાઈ લાખાણી સાથે બેઠા અને સ્મિતાબહેનને બીજી જગ્યા શોધી લેવાનું કહેવાથી તમારા મનને વળગેલા અપરાધભાવની નિખાલસ કબુલાત અને સુશીલાબેન સૂચકની નજરમાં પકડાઈ જવાથી મધ્યાંતર પછી તેમણે કરી આપેલી નવી ગોઠવણ થકી બંનેને સાથે બેસવા મળ્યું એ પછી તમારા મુખ ઉપર ઉપસી આવેલા શરમના શેરડાનું સચોટ વર્ણન તો ખરેખર માણવા જેવું લાગ્યું. એમ લાગે છે કે જાણે આપ હજી પણ ઝીણું ઝીણું મલકી રહ્યા હો! વાહ, વાહ, મજા આવી ગઈ. આ વાંચતાં તમે એ વખતે જાણે કે તમારી ઉંમરની ત્રીસી કે ચાલીસીમાં સરકી ગયા હશો એમ લાગે છે.

સોનગઢ આશ્રમમાં ભણાવતી વખતે કારાણી સાહેબે આપને કહેલું વાક્ય, 'વિશ્વ શાંતિનું બીજ પ્રસન્ન દામ્પત્યમાં છે' કેટલું બધું સૂચક છે. Charity begins at home જેવું. વાતો વિશ્વ શાંતિની કરતા હોય અને ઘરમાં પતિ-પત્નીનું જામતું ન હોય એ કેમ ચાલે? પહેલાં ગૃહશાંતિ તો સ્થાપો, પછી વિશ્વ શાંતિ ઉપર ભાષણો આપજો!

વિદુષી હીરાબેન પાઠક અને સાક્ષરવર્ય રામનારાયણ પાઠકના દામ્પત્ય જીવન વિશે આપે લખ્યું છે ત્યારે મને યાદ આવે છે શ્રી રામનારાયણ પાઠકે પોતાની પ્રથમ પત્નીનું અવસાન થયું ત્યારે લખેલું એક કાવ્ય 'ધમાલ ન કરો!' 'જીવનને હૂંફ આપતા ૧૨૫ કાવ્યો' પુસ્તકમાં શ્રી સુરેશભાઈ દલાલે આ કાવ્યને લઈને તેનો આસ્વાદ કરાવ્યો છે.

**ધમાલ ન કરો!**

*ધમાલ ન કરો, – જરાય નહિ નેન ભીનાં થશો,*
*ઘડી બે ઘડી જે મળી – નયનવારિ થંભો જરા,*
*કૃતાર્થ થઈ લો, ફરી નહિ મળે જ સૌંદર્ય આ,*
*સદા જગત જે વડે હતું હસન્તું માંગલ્ય કો'!*

*ધમાલ ન કરો, થશે બધી સમૃદ્ધિ માંગલ્યની,*
*ધરો અગર દીપ ચંદન ગુલાલ ને કુંકુમ;*
*ધરો કુસુમ શ્રીફળો, ન ફરી જીવને આ થવો*
*સુયોગ અણમૂલ સુંદર સુહાગી માંગલ્યનો!*

પત્નીનું શબ ભોંય પર છે. મરણ ટાણે સામાન્ય રીતે રોકકળ થતી હોય છે. કવિ આ ધમાલની ના કહે છે. જાણે કે પોતે જ પોતાને કહેતા હોય એમ કહે છે કે આંખ સહેજ પણ ભીની ન થાય. આંખની આડે જો આંસુનો પડદો આવે તો ફરી ફરી આ સૌંદર્ય જોવા નહીં મળે. આ અંતિમ ઘડીએ આંખ ભરી ભરીને પ્રિય વ્યક્તિને જોઈ લેવા દો. આ પ્રિય વ્યક્તિ હતી ત્યાં સુધી એમ જ લાગતું કે સારાયે જગતમાં જે માંગલ્ય છે તે એના દ્વારા જ ભર્યું ભર્યું હતું. મરણનો શોક નહીં પણ મરણમાંથી માંગલ્યની વાત! માંગલ્યની તમામ સમૃદ્ધિ લાવો. દીવો, ચંદન, ગુલાલ, કંકુ, ફૂલો, શ્રીફળ – આ માંગલ્ય ટાણાને વિલાપ કરી કરીને લોપી ન દો. મળવું અને છૂટા પડવું એ યોગ પણ છે, સુયોગ પણ છે. માણસ મરણ પામે છે પછી સ્મૃતિમાં સદા સદાને માટે સજીવન થઈ જાય છે! શું આ પણ પ્રસન્ન દામ્પત્ય જીવન નથી!

દામ્પત્ય તીર્થોના આ સુંદર તંત્રીલેખમાં આપે વાસ્તવિક અને સત્ય પ્રમાણના કેટકેટલા પ્રસન્ન દામ્પત્યોનું સુરેખ વર્ણન કર્યું છે! એમાં વળી આપે તો આ સર્વે ભાગ્યશાળીઓને બિરૂદ આપ્યું છે દામ્પત્ય તીર્થોનું! દામ્પત્ય જીવન અને એ પણ વળી તીર્થ સમાન! વાહ, વાહ, તારે તે તીર્થ! આ ભવસાગરમાંથી તારીને સિદ્ધસાગર તરફ પ્રયાણ માટે નિમિત્ત એવું આ અતિ ભવ્ય દામ્પત્ય જીવન! અભિનંદન! ગૃહસ્થાશ્રમને બ્રહ્મચર્યાશ્રમની સમકક્ષ મુકવાનું સાહસ અને અનુભૂતિ તો આપ જેવા કોઈક મહાન વિરલા જ કરી શકે.

સ્વ-પરના મિલનથી પરની પ્રાપ્તિની યાત્રા દ્વારા અદ્વૈતની યાત્રાના રાજમાર્ગનું નિરૂપણ કરતાં આપે કેટલું બધું સાચું લખ્યું છે કે, *'પરાપૂર્વથી પ્રચલિત અને સર્વ સંસ્કૃતિ દ્વારા સ્વીકૃત લગ્ન પરંપરા એક સામાજિક શિસ્ત છે, તે પશુતાથી બચાવી પ્રભુતા બક્ષે છે, રસની*

*એ પાળ છે, વિશ્વાસનો એ હિમાલય છે, ભવિષ્યમાં અવતરનાર બાળજીવનનું એ કવચ છે, અન્યોન્યની હૂંફ છે, એમાં સમર્પણની સુગંધ છે, તે પ્રેમનું પરમોચ્ચ શિખર છે, એના ઉલ્લાસમાં વિકાસ છે, એકબીજાની અપૂર્ણતાની એ અનુભૂતિ છે અને અંતે એ દિવ્યતાની સહયાત્રા છે.'*

ધનવંતભાઈ, મસ્તક નમાવીને આપને વંદન કરીને વિરમું છું.

☐ **જાદવજી વોરા**
મુલુંડ - મુંબઈ
માબાઈલ ૦૯૮૬૯૨૦૦૦૪૬

(૭)

આપને તો કમાલ કરી કે, 'પ્રબુદ્ધ જીવન'ના માર્ચના અંકના પાછલા મુખ્ય પાના ઉપર આપને મે ઓસ્ટ્રિયાના અબજોપતિ કાર્લ રેબેડરના દાન અંગે જે પત્ર લખેલો તે આપે છાપ્યો છે અને મને એનો આનંદ એટલા માટે છે કે, 'પ્રબુદ્ધ જીવન' વર્ષોથી નાના-મોટા દાન આપનાર લોકો તરફ સમાજનું અથવા વાંચકોનું ધ્યાન દોરાય એ માટે સાચી કથાઓ છાપતું હોય છે. 'પ્રબુદ્ધ જીવન' જે વાંચકો પાસે જાય છે તે વાંચક વર્ગ મોટા ભાગે જૈન હોવાને કારણે તેઓ દાનનો મહિમા સમજતા હોય છે, કારણ કે અપરિગ્રહ તરફ ગતિ કરવા માટે દાન પણ એક સાદું અને સરળ સાધન છે. આ ઉપરાંત તમે જૈન ફિલોસોફીને જોડતાં ઉપનિષદમાં 'પ્રાણ વિચાર' એ શીર્ષક હેઠળ ડૉ. નરેશ વૈદના જે લેખો આપી રહ્યાં છો, તે પણ તમારો અંતરનો આનંદ આપ્યો છે.

દરેક યુગમાં, જો આપણે એક યુગને ૫૦-૬૦ વર્ષનો સમયગાળો આપીએ તો, ભારતાતાં છેલ્લાં ૧૦ વર્ષમાં જીવન કેટલું બધું બદલાઈ ગયું છે તે જણાશે. તેમાં ગાંધીજીના વિચારોની અસર ઉપરાંત સ્વતંત્રતાની લડત એ મુખ્ય બાબતો છે.

હવે સ્વતંત્રતા મળ્યા પછી ભારતમાં ગરીબમાં ગરીબ માણસ કેમ પોતાની રોજીરોટી સુખેથી મેળવી શકે એ વિચાર આપણે કરવો મહત્ત્વનો છે. આવા કેટલાય વિચારો આપણને જ્યારે ચારે તરફથી મળે છે ત્યારે આપણે સ્વસ્થ રીતે જીવન જીવવું જરૂરી છે.

તમે 'પ્રબુદ્ધ જીવન'ના દરેક અંકમાં સર્જન અને સ્વાગત ડૉ. કલાબહેન શાહ આપે છે ત્યારે બહુ મહત્ત્વના પુસ્તકો અંગે ટૂંકાણમાં જે વાત લખે છે, તે ઉપરથી એ પુસ્તકો વાંચવાનું મન થાય છે. બધું વાંચી શકાતું નથી, પરંતુ અગત્યના પુસ્તકો વાંચવા ગમે છે. 'પ્રબુદ્ધ જીવન'ની પણ આ એક વિશષતા ગણવી જોઈએ.

માલવી એજ્યુકેશન ટ્રસ્ટ – કુકેરીને દાન આપવામાં આવ્યું, તેનો પણ આનંદ એટલો માટે થયો કે, મેં વલસાડ-ધરમપુર વિસ્તારમાં પ્રવાસ કર્યો છે, અને મન ઉપર એ ગરીબ વિસ્તારની મારા પર છાપ છે. અત્યારે એ વિસ્તારમાં ત્રણ મહત્ત્વની સંસ્થાઓ કામ કરે છે. જેમાંની એક 'નંદીગ્રામ' સંસ્થા છે. તે ચલાવનાર જાણીતા સાહિત્ય જગતના લેખિકા શ્રી કુન્દનિકાબહેન કાપડિયા છે. અમારા ભૂદાનના બે મિત્રો એ પણ ધરમપુરના આદિવાસી વિસ્તારમાં જ કામ કરે છે, અને બીજી બે વ્યક્તિઓ ધરમપુર આદિવાસી વિસ્તારમાં કામ કરતાં શ્રી કાંતાબહેન હરવિલાસબહેન છે.

☐ **સૂર્યકાંત પરીખ**, સ્વાતંત્ર્ય સેનાની
મોબાઈલ ૦૯૮૯૮૦૦૩૯૯૬.

(૮)

'પ્રબુદ્ધ જીવન'માં તમે હમણાં-હમણાં મારા લેખો લીધા, તેથી કેટલાક લોકોએ ટેલિફોન પર મારો સંપર્ક કર્યો. હું દરેકને ફોનમાં એમ કહું કે, તમે મને કાગળ લખો તો તમને હું તમારા સરનામા ઉપર જે હું કામ કરું છું તેનું સાહિત્ય મોકલી આપું. કેટલાકના કાગળની હું રાહ જોઉં છું. 'રે પંખિડા...' ઉપર તો સારા એવા ટેલીફોન આવ્યા. હું એટલા માટે લખું છું કે, મને મારા કામને કારણે ઘણાં અનુભવ થાય છે. એ અનુભવ બધા લખી શકતો નથી, પરંતુ મોટાભાગના અનુભવ એવા થાય છે કે, જ્યાં કોઈને માટે કોઈકે કંઈક છોડ્યું હોય. બીજા માટે છોડવાની વૃત્તિ એ આપણા સાહિત્યને કારણે જો બળવાન હોય તો એ સદ્‌ગુણો આપણા સુખી જીવનમાં બહુ ઉપયોગી થાય એવા છે. એક વાત નિશ્ચિત છે કે, બધાનું સુખી જીવન નથી હોતું. સુખ અને દુઃખ આવ્યા જ કરતાં હોય છે. એ દુઃખને કેમ ઓળંગવું એ કોઈ પુસ્તકીયા જ્ઞાનને કારણે આવતું નથી. એને કારણે માનવીય સંબંધોને કારણે કેટલાક લોકોએ દુઃખને કેમ પાર કર્યું તેવાના પરિચયમાં આપણે આવ્યા હોઈએ તો તે આપણને મદદરૂપ થાય છે.

☐ **સૂર્યકાંત પરીખ**, સ્વાતંત્ર્ય સેનાની
મોબાઈલ ૦૯૮૯૮૦૦૩૯૯૬.

(૯)

ડૉ. નરેશ વેદની 'રમણ ગીતા', વાંચવામાં ઊંડું ઊતરી જવાયું, તે સાથે શુદ્ધ, બુદ્ધ, નિત્ય અને મુક્ત એવા આત્માની ઝાંખી પણ થઈ ગઈ. આપણાં સૌમાં, એક સમાન આત્મતત્ત્વ વિલસી રહ્યું છે. તેને 'સ્પર્શતાં' રહેવું જોઈએ!

મતલબ, દેહથી પર (above) થઈને, જનકવિદેહી કે પછી વિજ્ઞાને કલ્પેલા 'અદ્રષ્ય માનવી' (Invisible Man) સાથે તાદાત્મ્ય સાધવું જોઈએ. જનકરાજા, પોતાના દેહનો ત્યાગ કરીને, તેની બહાર નીકળીને, પોતાનું કાર્ય પૂર્ણ કરીને, પાછા આવી જતા. એ એવું કાર્ય હોઈ શકે, જેમાં, પ્રાકૃતિક દેહની આવશ્યકતા ના હોય! બરાબર?

યા તો અંતરના તારને પરમ-તત્ત્વ સાથે જોડવાની વાત થઈ. ભીતરનો વિસ્તાર! સાથે, પ્રકૃતિનો ક્ષય. હજારો વર્ષથી એ જ દિશામાં માનવી કાર્યરત રહ્યો છે. 'બીજાને જે જીતે તે વીર, પણ પોતાની જાતને જે જીતે, તે મહાવીર-સ્વામી, આપણાં જૈન ધર્મ-કર્મનાં સ્થાપક, અહિંસાના મશાલચી. કોઈપણ આત્મા વિષે નબળું વિચારવું એ થઈ સૂક્ષ્મ-હિંસા. જે આજે પણ થઈ રહી છે!

મન, વચન અને કર્મથી અહિંસક થવાની વાત પાયામાં છે. લાંબી સાધના પામી લે તેવી છે, પછી પણ સિદ્ધ મળે, યા ન મળે, પણ એ દિશામાં સમાજ વહેતો થાય, એવા પ્રયત્નો શરૂ કરવામાં, 'પ્રબુદ્ધ જીવન' મોખરે રહ્યું છે.

XXX

૬૨ વર્ષના, 'પ્રબુદ્ધ જીવન', અને ૩૦ વર્ષના, 'કચ્છ-ગુર્જરી' દ્વારા આપણાં પ્રાચીન અને ઐતિહાસિક જૈન ધર્મ–કર્મને બેઠાં કરવાનું સુંદર કાર્ય થઈ રહ્યું છે, જે અભિનંદનને પાત્ર છે.

સમાજ, વાંચતો, વિચારતો, અને લખતો થાય, પોતાના આત્માને ઢંઢોળતો થાય, અને યુવક-વર્ગમાં, તેનો સંચાર થતો રહે, એ સુંદર ઘટનાના, નિમિત્ત, તમે બન્ને, ડૉ. મહેન્દ્ર વી. શાહ અને ડૉ. ધનવંતભાઈ બની રહ્યા છે. તેની પાછળ મને તો કુદરતનો એક શુભ સંકેત દેખાઈ રહ્યો છે. કેટલું સૂક્ષ્મ કામ, તમારા દ્વારા થઈ રહ્યું છે જ.

'આપણાં દામ્પત્ય તીર્થો – લગ્ન સંસ્થા' લેખ, સુંદર અને સાત્ત્વિક પ્રકાશ પાથરી ગયો. લગ્ન-સંસ્થા દ્વારા જ ગૃહ જીવન વિકસતું રહે છે કે જે ગૃહ-શાંતિ દ્વારા વિશ્વ-શાંતિ તરફ દોરી જાય છે.

x x x

દામ્પત્ય તીર્થ-લગ્ન સંસ્થામાં, તંત્રી-લેખ, વિચાર્યો તે દ્વારા સુંદર-સુખી, વર્તમાન દામ્પત્ય જીવનોની ઝાંખી થઈ.

તમે, કવિ નાનાલાલને કેન્દ્રમાં રાખીને જે આદર્શ દામ્પત્ય જીવનના ઉદાહરણો આપ્યાં છે, તે વિચારવા જેવા છે. આપણી સંસ્કૃતિની ભાવના ઉચ્ચ સ્થાને બિરાજી રહી છે. લગ્ન બાદ પતિ-પત્ની, એકમેકમાં 'અર્ધાંગ' બની રહેવા જોઈએ. પતિએ પણ પત્નીનું અર્ધું અંગ બની રહેવાનું હોય છે. બંનેના આત્માએ સાથે વિકસવાનું રહે છે, કે જેથી ભવિષ્યની પેઢી, એક પછી એક ઉન્નતિના શિખરો સર કરતી રહે.

આજે 'છૂટાછેડા' લેવાનું પ્રમાણ વધી રહ્યું છે, એટલું જ નહીં, પણ 'લગ્નેત્તર' સંબંધો પણ વિકસી રહ્યા છે, જેનાથી બેથી વધુ પરિવારો, બરબાદ થતા રહે છે. આવી વ્યક્તિઓને માનસિક શાંતિ ક્યારેય મળી શકતી નથી. લાંબે ગાળે તેનું પરિણામ પણ સારું આવતું નથી. આ સંદર્ભે એક પતિ-પત્ની વ્રત જ શ્રેઠ ગણાય. શ્રી રામનું નામ લેવાથી શું વળે? તેનું 'કામ પણ થવું જોઈએ ને!

☐ **હરજીવન થાનકી**
સીતારામ નગર, પોરબંદર.

(૧૦)

'પ્રબુદ્ધ જીવન'નો ફેબ્રુઆરી ૧૪નો અંક મળ્યો. મુખપૃષ્ઠ ઉપર સરસ્વતીજીના ભવ્ય ફોટાના દર્શન કર્યાં. ઉમતા ગામ તો પુરાણું છે. ત્યાં ભવ્ય જિનાલય હતું. દટાયેલું હતું. ત્યાંથી અનેક ભવ્ય પ્રતિમાઓ મળી છે.

ઉમતાની આ પ્રતિમાના દર્શન કરતાં થાકતો નથી. ભીતર ઝબકે છે ઉમતા જવું પડશે. સ્મૃતિ તાજી કરવા માટે જઈશ.

અંકના દરેક લેખ વિવિધતા સભર છે. ડૉ. રાજગુરુની સંતવાણી, ગામડામાં ઠેર ઠેર ગવાતી સાંભળી છે. દલિત વર્ગના સંતોની જીવન સાધનાથી પ્રભાવિત થવાય છે. શ્રી ભાણદેવની કાલીમઠ અને કાલીશીલાની યાત્રા સાથે વાચક જોડાઈ જાય છે. જાણે આપણી સાથે જર્મન સંન્યાસિની દર્શન કરે છે. યાત્રા ગમી ગઈ. દરેક લેખ વિશે વાંચતાં હૈયામાં ઉઘાડ પ્રગટતો હોય છે.

'પ્રબુદ્ધ જીવન' અમને મળે છે તેને એક કુદરતી કૃપા ગણું છું. આપે ગુરુની શોધ કરી હતી. અમને 'પ્રબુદ્ધ જીવન' ગુરુતુલ્ય મળ્યું છે. જયભિખ્ખુ વિશે લેખ વાંચવાનો લાભ મળે છે પણ સળંગ પુસ્તક રૂપે પ્રગટ થવા પાત્ર છે.

☐ **શંભુ યોગી,** મણુંદ, પાટણ

(૧૧)

'નવપદની ઓળી' (સુરેશ ગાલા) આપે પ્રકાશિત કરી જૈન અને જૈનેતરની ઉત્તમ સેવા બજાવી છે. હર પ્રકારની સંકુચિતતામાંથી છૂટવાનું દર્શન જૈનદર્શન છે. સાચી સમજપ્રેરક આવા પ્રકાશનો ધર્મની સાચી સેવા છે. ધન્યવાદ.

☐ **પલાણ,** પોરબંદર

(૧૨)

અરધી સદીથી પણ વધારે એટલે કે ૬૨ વર્ષની ઉંમરે પહોંચેલા 'પ્રબુદ્ધ જીવન'ની સફળ કારકીર્દિ જોઈને આનંદ થાય છે. દરેક અંકોમાં લેખોનું વૈવિધ્ય જોવા મળે છે અને જ્ઞાન-માહિતીનું ઊંડાણ પણ હોય છે.

સન ૨૦૧૪, ફેબ્રુઆરી, અંક ૧૧માં શ્રીમતી પારૂલબેન બી. ગાંધીના 'સમતાની સાધના-સર્વકથિત પરમ સામયિક ધર્મનું મહત્ત્વ' નામના લેખમાં જણાવ્યા મુજબ બે મુદ્દાઓ ઉપર વાચકોનું ધ્યાન દોરવું ઉચિત માનું છું.

(૧) શાસ્ત્રીય-આગમની માન્યતા મુજબ મનઃપર્યવજ્ઞાન ચારિત્રધારી મુનિઓને જ હોય છે. અર્થાત્ મનઃપર્યવજ્ઞાનને ચારિત્ર સાથે અવિનાભાવ સંબંધ છે એટલે 'કરેમિ ભંતે' પ્રતિજ્ઞાસૂત્રના સ્વીકાર પછી જ શ્રમણ ભગવાન મહાવીર દેવને ચતુર્થ જ્ઞાન પ્રાદુર્ભૂત થયું એવો આગમપાઠ છે. તે સર્વને માન્ય છે. અહિં એવી જિજ્ઞાસા થાય છે કે તો પછી પરમજ્ઞાન એવું કેવલજ્ઞાન પણ ચારિત્રધારી મુનિઓ સિવાય અન્યત્ર કેમ જોવા મળે છે? ભલે તે અપવાદ રૂપ હોય – જેમકે– મરૂદેવી માતા, ભરત ચક્રવર્તી, કુર્માપુત્ર, ઈલાચીપુત્ર વગેરેના દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે.

એટલે આ વિશે સ્પષ્ટ સમજણ અને આગમ પાઠ બન્નેના સમન્વયથી પ્રકાશ પાથરશો એવી અપેક્ષા રહે છે.

(૨) બીજો મદ્દો છે કે – લેખિકાબેન પેજ-૭માં લખે છે કે-

''અરિહંતો અચેલ હોય છે, તેમના હાથની આંગળીઓ વચ્ચે છિદ્ર હોતાં નથી. તેઓ અપ્રમત્ત હોય છે. ખુલ્લા મુખે બોલતા નથી. કેવળી ભગવાન પણ મુહપત્તિ બાંધે જ છે.''

આ વિધાન પણ યોગ્ય જણાતું નથી. કારણ છિદ્ર હોવા કે ન હોવા એ કર્મ પ્રકૃતિ છે. તે છતાં તેની સાક્ષીમાં શાસ્ત્રનો પાઠ આપશો.

બીજું મુહપત્તિના સંદર્ભમાં જે લખ્યું છે તે સાંપ્રદાયિક માન્યતા છે. અન્યથા આગમ પાઠનો રેફરન્સ આપવો જોઈએ.

અંતે હું એટલું જ જણાવીશ કે – 'પ્રબુદ્ધ જીવન'માં 'ભાવ-પ્રતિભાવ'ના મંચ ઉપરથી આનો ખુલાસો થશે તો વાચકોને જાણવા મળશે. એ જ અભિલાષા છે.

☐ **પ્રવર્તક મુનિ શ્રી મૃગેન્દ્રવિજય**ના ધર્મલાભ.
મોબાઈલ : ૦૯૯૦૪૫૮૯૦૫૨

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **ઘર એટલે...**
લેખક-સંપાદક : **કાન્તિ પટેલ**
પ્રકાશક : ચંદ્રમૌલિ એમ. શાહ
અરુણોદય પ્રકાશન
૨૦૨, હર્ષ કોમ્પલેક્સ, ખત્રી પોળ,
પાડા પોળ સામે, ગાંધી રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૧.
મૂલ્ય-રૂા.૨૦૦, પાના-૭૬, આવૃત્તિ-૧-૨૦૧૧.

માણસ થાક્યો પાક્યો જ્યારે પોતાના ઘરમાં આવે છે ત્યારે જ તેને હાશ થાય છે; માણસનું ઘર ક્યારેય એને જાકારો આપતું નથી. આ પુસ્તક વાંચનારને–દરેક માણસને આમાં પોતાના રંગનું ઘર દેખાશે. આ પુસ્તકમાં ઘરનું સંવેદન કરતાં કાવ્યો, લખાણો અને ચિત્રોનો સંચય છે.

ઘર સલામતીનું પ્રતીક મનાયું છે. ઘર સાથેના આ અવિનાભાવી સંબંધને સર્જકોએ સરાહ્યો છે અને તેને વિવિધ પ્રકારની રચનાઓમાં ઉજાગર કરવામાં આવ્યો છે. સંપાદકે આ પુસ્તકમાં ગદ્ય અને પદ્યમાં પ્રગટેલી આ ભાવ સમૃદ્ધિમાંથી થોડીક એકત્રિત કરીને આપી છે. મુખ્યત્વે ઘરના પરિવેશની પાર્શ્વભૂમિમાં વિવિધ સંવેદનાઓ ઝીલવામાં આવી છે. ગીત, ગઝલ, સોનેટ, અછાંદસ જેવી કાવ્યમુદ્રાઓ તથા આત્મચરિત્ર, નિબંધ જેવા ગદ્ય સ્વરૂપોમાં મૂર્ત થયા છે.

આ પુસ્તક વાંચનારને આમાં પોતાના રંગનું ઘર દેખાશે. આવું સુંદર સપાદન કરવા બદલ પ્રો. કાન્તિભાઈ પટેલને હાર્દિક અભિનંદન.

x x x

પુસ્તકનુ નામ : **અત્તર-અક્ષર**
કવિ : **પન્ના નાયક**
પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ.
૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૦૨૬૯૧,૨૨૦૦૧૩૫૮.
મૂલ્ય : ૨૫૦, પાના : ૨૦૬, આવૃત્તિ-પ્રથમ, ૨૫ જાન્યુઆરી, ૨૦૧૧.

આ પુસ્તકના કવયિત્રી લખે છે-'મને હાઈકુ ગમે છે એના લાઘવ માટે, એની છેતરામણી સરળતા માટે, એમાં રહેલી સઘનતા માટે, એના ઊંડાણ માટે, એની ચિત્રાત્મકતા માટે!' પન્ના નાયકના મનોભાવો ઉપરના કથનમાં વ્યક્ત થયા છે. કુલ ૨૦૩ હાઈકુનો કાવ્ય સંગ્રહ 'અત્તર-અક્ષર' છે તેમાં સત્તર અક્ષરમાં અનુભૂતિનું અત્તર માણવા મળે છે. હાઈકુ સત્તર અક્ષરમાં ઘણું બધું કરી શકે છે.

પન્ના નાયક હાઇકુના આ સંગ્રહમાં કુદરતનો આધાર લે છે તો સાથે સાથે તેમને એકલતા સદી ગઈ છે. અને એમાં કડવાશ વિનાનો કટાક્ષ છે. કવયિત્રી ઉનાળાનું અદ્‌ભુત ચિત્ર દોરે છે. આ સંગ્રહમાં બે મોજાંઓની વચ્ચેના સમયને ગણતી રેતી છે. ટૂંકમાં કહીએ તો કવયિત્રીના હાઈકુમાં વૈમુલ્ય છે અને વૈવિધ્ય પણ છે. સાથે સાથે લાઘવયુક્ત સંવેદન છે, જેને કલ્પના દ્વારા વ્યક્ત કર્યું છે. તેમના હાઇકુ ચિત્રાત્મકતાને કારણે અને કલ્પનાને કારણે સ્પર્શી જાય તેવા છે.

'ગુજરાતી કવિતા સાહિત્યમાં સ્નેહરશ્મિની પડખે જો કોઈના પણ હાઇકુ દમામથી બેસી શકે એવા હોય તો તે પન્ના નાયકનાં છે.' સુરેશ દલાલ.

x x x

પુસ્તકનુ નામ : **પર પરિણતિ**
પરિત્યાગ વાલા (જયંત સેન ચોવીસી-૮)
લેખક : **શ્રીમદ્ વિજય જયંતસેનસૂરીશ્વરજી મ.સા. 'મધુકર'**
વિવેચિકા : **સાધ્વીજી શ્રી શાશ્વતપ્રિયાશ્રીજી મ.સા.**
મૂલ્ય : ભાવમૂલ્ય-આત્માનુભૂતિ, દ્રવ્યમૂલ્ય-રૂા. ૧૦૦,
પાના : ૧૩૦, આવૃત્તિ-પ્રથમ, વિ. સં. ૨૦૬૮.

વિદ્વદ્‌વર્ય આચાર્યપ્રવર શ્રી જયંતસેન સૂરીશ્વરજી મહારાજા રચિત ચોવીસીનું આઠમું સ્તવનનું વિવેચન અહીં રજૂ કર્યું છે. ચંદ્રપ્રભુ જિન સ્તવનનું હૃદયસ્પર્શી વિવેચન અહીં કર્યું છે.

પ્રસ્તુત સ્તવનમાં જ્ઞાનયોગ અને ભક્તિયોગ વણાયેલો છે. જ્ઞાનયોગ કરતાં ભક્તિયોગમાં સરળતાથી પ્રવાહિત થઈ શકાય છે.

પરભાવ એટલે પુદ્‌ગલ – સ્વભાવ એટલે આત્મા...જે સ્વ-પરના ભેદને સમજે છે તે જ સંસારમાં રહેવા થકી સંસારથી નિર્લેપ ભાવે રહી શકે છે. આ સ્તવનમાં આવી ભિન્નતાનો ભેદ સમજાવનારું આલેખન છે.સંવેદના છે. આતમપરિણીતની પવિત્ર અનુભૂતિઓનો અનુભવ કરવા આ સ્તવનના વિવેચનનું પરિશીલન કરવું જરૂરી છે. આ સ્તવનમાં પરમાત્માની ભક્તિમાં આત્મશક્તિના દર્શન થાય છે. વિવિધ દૃષ્ટાંતો અને આપ્તવચનોનું આલેખન કરીને વસ્તુસ્વરૂપને સહજતાથી અહીં પ્રસ્તુત કરેલ છે જે ભક્તિ માર્ગ જ નહીં પણ અધ્યાત્મની સ્થિતિને પણ ઉજાગર કરે છે. ચન્દ્રપ્રભુના સ્તવનની આ વ્યાખ્યા સર્વ ભાવકોને હૃદયસ્પર્શી બને એ જ અભિલાષા.

x x x

પુસ્તકનુ નામ : **વૈવિધ્યની વાટે**
(પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકૃતિ)
લેખક : **મનસુખલાલ ઉપાધ્યાય 'પ્રવીણ'**
પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર,
૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧૭૨૧૩, ૨૨૦૮ ૫૫૯૩.
મૂલ્ય : રૂા. ૧૫૦, પાના : ૧૭૨, આવૃત્તિ-પ્રથમ, ૧ જાન્યુઆરી -૨૦૧૪.

વિવિધતા એટલે જ વૈવિધ્ય અનેવૈવિધ્યની વાટે ચાલનાર પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકૃતિને આપણે મોટે ભાગે પંપાળીએ છીએ. ઋતુઓનું પરિવર્તન-કુદરતના કામણગારા તત્ત્વો તથા માનવજીવન પણ પરિવર્તન પામવા મથામણ કરે છે. સ્વભાવની સંગે સંસ્કારમય સંસ્કૃતિનું તત્ત્વ ભળે તો વિકૃતિ હજારો જોજન દૂર રહે. સ્વભાવ ઉપર કાબૂ એટલે મન ઉપર કાબૂ અને મન ઉપર કાબૂ એટલે બુદ્ધિ ઉપર કાબૂ અને બુદ્ધિ ઉપરનો કાબૂ એટલે તેમની તન્મયતા.

'વૈવિધ્યની વાટે' એવા સદ્‌ગુણ, દુર્ગુણ, સ્વભાવ લક્ષણો તથા કુદરતના કામણગારા ક્લવેરને માણવાનો મોકો આપે છે. પ્રાણ અને પ્રકૃતિ મૃત્યુ સંગે જાય છે. તો પછી સારપ કેળવવા, સજ્જનતા, સુખને સમજવા, કાલિમાને વિદારવા અને કર્તવ્યની કેડીએ માનવતાને માણવા કટિબદ્ધ બનવાની તૈયારી કરવી જોઈએ.

વિષયને લેખકશ્રીએ ત્રણ વિભાગમાં વિભાજિત કરેલ છે. (૧) પ્રકૃતિ (૨) સંસ્કૃતિ (૩) વિકૃતિ. ત્રણેય તત્ત્વોને લેખકે આ પુસ્તકમાં હળવી અને રસમય શૈલીમાં આલેખ્યાં છે.

સરળ ભાષામાં રચાયેલ ત્રણેય તત્ત્વોને વ્યક્ત કરતું પુસ્તક વાંચવા અને વિચારવા યોગ્ય છે.

x x x

પુસ્તકનુ નામ : **જ્યોર્જ વોશિંગ્ટન કાર્વર : દેવદૂત** (પ્રથમ મહાન હબસી વૈજ્ઞાનિકની જીવનકથા)

લેખક : **મૃદુલા પ્ર. મહેતા**
પ્રકાશક : વનપ્રસ્થ ટ્રસ્ટ
બીલપુડી, તા. ધરમપુર, જિ. વલસાડ
મૂલ્ય : રૂા. ૬૦, પાના : ૧૬+૧૬૮, આવૃત્તિ-દ્વિતીય, પુનર્મુદ્રણ-૨૦૧૩.

મૃદુલા બહેને કાર્વર (પ્રથમ મહાન વૈજ્ઞાનિક)ની જીવનકથા લખી તે બદલ તેમને હાર્દિક અભિનંદન. આ જીવનચરિત્ર એટલે ગંગાજળની લોટી. ગંગાના નીરમાં શીતળતા, સહૃદયતા અને પાવનતા ત્રણેય છે. કાર્વરના આ જીવન ચરિત્રમાં પ્રકરણે પ્રકરણે એવી જ અનુભૂતિ થાય છે.

પંડિત સુખલાલજી કહે છે તેમ કાર્વરની જીવનકથા વાંચતા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું સ્મરણ થાય છે. ગાંધીજી અને કાર્વર બંને માત્ર સત્ય, અહિંસા અને ઈશ્વર શ્રદ્ધાને બળે માનવતાના વિકાસની ઉચ્ચત્તર ભૂમિકા સુધી પહોંચ્યા. ગાંધીજીએ ઉપરથી નીચે ઊતરી માનવતાને સાકાર કરી. કાર્વર હડધૂત અને તિરસ્કૃત કુટુંબમાં અને નિરાધાર સ્થિતિમાં હતાં છતાં તેમણે સત્ય, અહિંસા અને ઈશ્વર શ્રદ્ધાના અતૂટ તંતુનું અવલંબન લઈ માનવતાનો વિકાસ સાધ્યો; ચારે બાજુથી હડધૂત થતા કાળા હબસી વર્ગમાં જ નહિ પણ હડધૂત કરનાર મિથ્યાભિમાની ગોરા વર્ગમાં પણ માન પાન મેળવ્યા. બીજી રીતે કહીએ તો એક વ્યક્તિ બાહ્ય સામાજિક દૃષ્ટિએ ઉપરથી નીચે ઉતરે છે. બીજી વ્યક્તિ એ જ દૃષ્ટિએ નીચેથી ઉપર ચડે છે અને પરિણામે માનવતાના વિકાસની સમાન કક્ષાએ બિરાજે છે.

ધર્મગ્રંથોના વાંચનની સાથે સાથે આ પુસ્તક પણ યુવાવર્ગે વાંચવા જેવું છે.

x x x

પુસ્તકનુ નામ : **આશ્રમને ખોળે**
લેખક : **મનુ પંડિત**
પ્રકાશક : જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર,
૧૭, વસંતનગર, ભૈરવનાથ માર્ગ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
મૂલ્ય : રૂા. ૨૦, પાના : ૯૦.

આ પુસ્તકમાં લેખક મનુ પંડિતે પોતાની દીકરી અમિતાના આકસ્મિક અવસાનને નિમિત્ત થયેલા સંસ્મરણોનું આલેખન કર્યું છે.

અમિતાનો દેહવિલય તા. ૩-૨-૨૦૧૩ના દિવસે થયો. તેના સંસ્મરણો આ પુસ્તકમાં મનુભાઈએ આલેખ્યાં છે.

અમિતાને આશ્રમમાંથી સ્વચ્છતાના સંસ્કાર મળેલા. અમિતાને સ્મિતની બક્ષીસ ઈશ્વરદત્ત હતી. તે ક્યારેય કોઈના ઉપર ગુસ્સે થતી નહિ. સાથે સાથે તે ઉદાર દિલની હતી. તેનામાં સાત્ત્વિકતાનો ગુણ સહજ રીતે વિકસેલો હતો. તેનામાં સર્વોદય પાત્રના સંસ્કાર ઊંડા ઉતરેલા હતા.

અમિતા એટલે એક હુંફાળું સ્વજન. અમિતાનું શરીર કસાયેલું હતું, ઊંચી અને દેખાવડી હતી. તે બાલગીતો, સુગમ સંગીત, ભક્તિસ્તોત્ર ઉપરાંત ફિલ્મી ગીતોની શોખીન હતી. અમિતાને બાળક ન હતું પણ તેની મમતા બધાં બાળકો પર વરસતી રહેતી. તેના ચહેરા પર એક નિર્દોષ સ્મિત રમતું. જે મૃત્યુ સમયે પણ જાળવ્યું અને તેણે મૃત્યુને સ્મિતથી જીત્યું.

આત્મન-અમિતા વિશે લેખકે લખેલાં સંસ્મરણો વાંચકના હૃદયને ભીનાકરી દે છે. સરળ અને નિર્દોષ વાણીમાં લખાયેલ આ સંસ્મરણો વાંચવા અને માણવા જેવા છે.

x x x

પુસ્તકનુ નામ : **નવપદની ઓળી**
(આયંબીલની ઓળીની આત્મ સાધનાની દૃષ્ટિએ છણાવટ)
લેખક : **સુરેશ ગાલા**
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૩, મહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી,
એબીસી ટ્રાન્સપોર્ટની બાજુમાં,
મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.
મૂલ્ય : રૂ. ૫૦, પાના : ૫૩, આવૃત્તિ-પ્રથમ, એપ્રિલ-૨૦૧૪.

નવપદની ઓળી જૈન પરંપરામાં શાશ્વત પર્વ ગણાય છે. સુરેશભાઈ ગાલા લિખિત આ પુસ્તકમાં જૈન પરંપરામાં નવપદની ઓળીની આરાધનામાં થતી વિધિઓનો અભ્યાસ અને મનન કરતાં સમજાય છે કે ઓળીની આંતરિક આરાધના કષાય વિનાશની અને ગુણવિકાસની છે.

લેખક આ પુસ્તકનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહે છે કે પરંપરાગત જૈન પરંપરાની બાહ્ય ક્રિયાઓને જ અંતિમ સત્ય માનતા જૈન પરંપરાના સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ બાહ્ય ક્રિયાઓની પાછળ છુપાયેલા આંતર પ્રવાહને સમજે, એ સ્થૂળ બાહ્યાચારથી પર આત્મ સાધનાનો માર્ગ છે એની પ્રતીતિ થાય અને એમની દૃષ્ટિ અનેકાંત બને.

નવપદની ઓળી વિશે સ્થૂળ અને સૂક્ષ્મ ચર્ચા આ પુસ્તકમાં કરવામાં આવી છે. એમાંથી નિપજતું ચિંતન સાધક અને તપસ્વીઓ માટે પથદર્શક બની રહે તેવું છે.

નવપદની ઓળીના તપસ્વીઓ માટે માર્ગદર્શક અને સત્યદર્શક એવી આ પુસ્તિકા અનન્ય છે.

x x x

(૧) પુસ્તકનુ નામ : **'મા'**
સંકલન : **હરીન્દ્ર દવે**
લેખક : **ગુણવંત શાહ અને સુરેશ દલાલ.**
પ્રકાશન અને વિક્રેતા : આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ., ૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧૩૪૪૧. કિંમત : રૂા. ૩૦/-

(૨) **જૈન આગમ પરિચય (હિન્દી)**
પ્રકાશક : જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિ, રાજકોટ. મૂલ્ય-નિઃશુલ્ક.

(૩) **મૃત્યુદંડ-એક ચર્ચા**
લેખક-**યશવંત મહેતા**
યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧. કિંમત-રૂા. ૨૦/-

(૪) **શ્રીકૃષ્ણ-નવી દૃષ્ટિએ**
લેખક - **વસંતરાય પ્રભુદાસ સંઘવી**
પ્રકાશક : અમર પ્રકાશન, ૨૧, મંગળ પ્રકાશન, નવ વિકાસ ગૃહ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મૂલ્ય-રૂા ૭૦/-

(૫) **ઝીણી નજર (દશ્ય-૫) તંત્ર**
સંકલનકર્તા - **સુખદેવ મહેતા**
પ્રકાશક - સુખદેવ મહેતા, ૩૨, ઇલાકુંજ, નેપિયન્સી રોડ, મુંબઈ-૪૦૦ ૦૩૬. મૂલ્ય સેટના રૂા. ૫૦૦/- દશ્ય-૫ રૂા. ૨૨૫/-

(૫) **પ્રતીક્ષા** (અભ્યાસ લેખ સંચય)
લેખક-**ડૉ. દીક્ષા સાવલા**
પ્રકાશક-ગુરુ ડિઝાઈન શોપ, વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ, ગુજરાત-ભારત. કિંમત રૂા. ૯૫/-

(૬) **સાચું સુખ**-કિશોર હરિભાઈ દડિયા
સરનામું: એ-૩૦૧-૩૦૨, 'શાંતિવન', ત્રીજે માળે, એકવેરા, દેવીદાસ લેનની પાછળ, બોરીવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૧૦૩.
ફોન : ૦૨૨ ૨૮૯૨૧૧૨૭.

x x x

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. 9223190753.

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

તમારું ભણેલી પત્નીનું સપનું હું સાકાર નહીં કરી શકું એનું મને ખૂબ જ દુઃખ છે, પણ આનો ઉપાય છે. તમારું સપનું જરૂર પૂરું થશે. હું માનું છું કે આ સંબંધથી આપણે છૂટા થઈને કોઈ હોંશિયાર ભણેલી બીજી છોકરી સાથે ફરી તમો સંબંધ નવો બાંધી શકો છો. તમોને જેમ યોગ્ય લાગે તેવું સ્વતંત્રપણે કરશો તો મને ખુશી થશે. મારી આમાં પૂરી સંમતિ છે.

પ્રસન્નાનો આ પત્ર વાંચીને મારો દીકરો ગભરાઈ ગયો. તે પ્રસન્નાને હૃદયપૂર્વક ચાહતો હતો. મારો દીકરો બહુ જ સમજુ છે અને આ સંબંધ આવા કારણસર તોડે એ તો તદ્દન અશક્ય છે. એ સમજે છે કે પ્રસન્ના હજુ આઘાતમાંથી બહાર નથી આવી તેથી આવા વિચારોના વમળમાં મૂંઝાઈ રહી છે અને આવા દર્દનો એક જ ઈલાજ છે–સમય. થોડા સમય બાદ જરૂર તેનું મન શાંત અને સ્થિર થશે. ગુસ્સો ઉતરી જશે અને ગાડી પાટા ઉપર ચઢી જશે. તેને પૂરી ખાતરી હતી કે પ્રસન્ના, ડાહી અને સમજુ છે. તે બીજાનું દુઃખ જોઈ શકતી નથી એવી લાગણીવાળી છે.

આ બાબત પર વિચાર કરીને મારા દીકરાએ અમોને લખ્યું કે તમે જરાપણ ચિંતા કરતા નહીં. સમય આવ્યે આ વાદળો ખસી જશે, જેની મને પૂરી ખાતરી છે. ફક્ત તમે એક કામ તરત જ કરજો. હૉસ્ટેલના વૉર્ડન ઉર્મિલાબેનને મળજો અને આ બધી વાતો કરજો. ઉર્મિલાબેન અને પ્રસન્ના વચ્ચે સારો સંબંધ છે તેથી જરૂર સારું પરિણામ આવશે. આ પત્ર વાંચીને અમે તરત જ તમને મળવા આવ્યા છીએ. અમને આશા છે કે તમારા સહકારથી આ ગૂંચ ઉકેલાઈ જશે.

હું આ વાત સાંભળીને ચોંકી ગઈ. પ્રસન્ના સાથે આવું બની શકે તે માન્યામાં નહોતું આવતું. પ્રસન્નાનો સ્વભાવ હું જાણતી હતી તેથી મને ખૂબ જ નવાઈ લાગી. પણ જીવનમાં ક્યારેક આવી જાતના બનાવો બની જાય છે તે વાસ્તવિકતાને સ્વીકારવી જ રહી.

મેં પ્રસન્નાના સાસુ–સસરાને સાંત્વના આપી અને સમજાવ્યું કે તમે જરાપણ ચિંતા કરતા નહીં. પ્રસન્નાની મેડમ સાથે મારો સારો સંબંધ છે અને પ્રસન્ના પણ સમજુ અને સંસ્કારી છે, તેને મારા ઉપર પ્રેમ છે. તેથી મને ખાતરી છે કે આ ગૂંચને ઉકેલી શકાશે. હું કાલથી જ આ સમસ્યાની પાછળ પડીને તેને સુલઝાવવાનું કામ શરૂ કરી દઈશ. તે લોકોને આશ્વાસન આપ્યું તેથી શાંતિથી તેઓ વિદાય થયા.

પ્રસન્નાના મા-બાપની આ વ્યથાની કથા સાંભળીને મારું મન ખૂબ ઉદાસ થઈ ગયું. મારી નજર સમક્ષ પ્રસન્નાનો હસતો ચહેરો ખસતો નહોતો. પ્રસન્ના સાથે આવો બનાવ બને તે માનવા મારું મન તૈયાર થતું નહોતું. આટલું બધું બની ગયું અને તે કોઈને કહ્યા વગર મનમાં મૂંઝાયા કરતી હતી. મને પણ આ વાત જણાવી નહોતી તેથી મને થયું કે પ્રસન્નાએ આ વાતને ગંભીરતાથી લીધી છે. તેથી મારે સંભાળીને તે કામ કરવું પડશે. હું પ્રસન્નાના લેક્ચરર મેડમને સારી રીતે ઓળખતી હતી અને તે પણ મારું માન રાખતી હતી. પરંતુ મેં તેના સ્ટુડન્ટ પ્રત્યેના વર્તાવ વિષે એવું સાંભળ્યું હતું કે તેને ગુસ્સો જલદી આવી જાય છે. તેથી અમુક સ્ટુડન્ટ તેને પસંદ કરતા નથી. આવી વાતો મારા કાને આવી હતી તેથી પ્રસન્ના અને મેડમ વચ્ચે કેમ સમાધાન કરાવવું તે મારા માટે એક કોયડો હતો. મને ખાતરી હતી કે પ્રયત્ન કરવાથી 'પોઝીટીવ' પરિણામ જરૂર આવે છે અને આ સમસ્યામાં તો ધીરજથી પ્રયત્ન કરવા સિવાય બીજો કોઈ રસ્તો જ નહોતો.

બીજે દિવસે મેં પ્રસન્નાની ખાસ બહેનપણીને મારે ઘેર બોલાવી અને પ્રસન્નાની સમસ્યા વિશે વિગતવાર જણાવવા કહ્યું. આ બહેનપણીએ જણાવ્યું કે પ્રસન્નાએ કૉલેજ જવાનું બંધ કરી દીધું છે અને રૂમમાં સૂનમૂન બનીને બેસી રહે છે અને વિચારો કર્યા કરે છે. આમ, હમણાં તેની માનસિક સ્થિતિ ડામાડોળ છે. હું તેને સમજાવવા ઘણો પ્રયત્ન કરું છું અને તમારા પાસે આવીને આ વાતનું સમાધાન કેમ થાય તે માટે ચર્ચા કરવાનું સમજાવું છું. પરંતુ તે તૈયાર નથી થતી. તેને આ વાતનો ફેલાવો થાય તે ગમતું નથી. હમણાં તો તેની એક જ જીદ છે કે આ મેડમના કલાસમાં હું હવે જઈશ નહીં.

આ વાત જાણ્યા પછી મેં પ્રસન્નાને મારે ઘેર બોલાવી. તે મને મળવા આવી પણ ચહેરા ઉપર ઉદાસીનતા છવાઈ હતી. થોડી આડીઅવળી વાતો પછી હું મુદ્દા પર આવી. મેં કૉલેજમાં કેમ જતી નથી તે સવાલથી શરૂઆત કરી. પ્રસન્નાએ પણ દિલ ખોલીને તેને મેડમ વિષેના બનાવની વાત કરી અને જણાવ્યું કે, આન્ટી, હું આ મેડમના કલાસમાં નહીં જાઉં. મેં તેને શાંત પાડવા પ્રયત્ન કર્યો, તેથી સ્વાભાવિકપણે તે પોતાના મનની વાત કરી શકે. મારી ખાસ ઈચ્છા હતી કે તે એક વાત સમજે કે કોઈપણ પરિસ્થિતિ આવે તેનો સામનો કરવો જ જોઈએ. દરવાજો બંધ કરી દેવાને બદલે બીજા રસ્તાઓ શોધવા જોઈએ. અને આ કામમાં મારો તને સંપૂર્ણ સહકાર છે એવી ખાતરી આપતા મેં તેને કહ્યું કે તું આ બાબત ઉપર વિચાર કરીને નિર્ણય લે. કોઈપણ જાતનું દબાણ તારા મન પર નહીં લેતી. તારે ઉતાવળમાં આવીને ભણવાનું છોડી દેવાની જરૂર નથી. મને એવું લાગે છે કે કારણ વગર આ બનાવનો ભોગ તું બની રહી છે, જેના પરિણામે તારા કુટુંબીજનોને તકલીફ ભોગવવી પડશે.

હું જોઈ શકી કે પ્રસન્નાનું મન શાંત થતું હતું અને 'પોઝીટીવ' વિચારે ચડવા માંડી હતી. મારા મનમાં પણ આશાની કળીઓ ખીલવા માંડી હતી. આ જોઈને મેં પ્રસન્નાને કહ્યું કે, આ બાબતમાં એક 'પોઝીટીવ' પોઈન્ટ પણ છે, જેના ઉપર મને ખૂબ આશા છે અને તે એ છે કે તારા મેડમ સાથે મારા સંબંધો સારા છે. તેને મારા માટે માન પણ છે. તો આપણે આ સંબંધનો સારો લાભ લઈ શકીએ. આ બધા સંબંધો જોતાં તેનું શું માનવું છે તે જાણી લઉં, તો સમસ્યાને ઉકેલવામાં સરળતા પડશે. જો તારી ઈચ્છા હોય તો આ રસ્તો લઈએ.

આ વાતથી પ્રસન્નાનું મન હલકું થયું અને ચહેરા ઉપર થોડી શાંતિ દેખાઈ, પરંતુ હજુ પણ તેના મનમાં અપમાનનો ઘા ખૂંચતો હતો તેથી તેણે કહ્યું કે આન્ટી, તમારી સાથે વાતો કરીને મને આનંદ થયો. મને લાગે છે કે તમારી વાત સાચી છે, પરંતુ હું આ વિષય ઉપર થોડા વિચાર કરવા માંગું છું. તેથી બે દિવસ પછી હું જરૂર તમોને મળવા આવીશ. હું પણ આ બાબતે ઉતાવળ કરીને તેના પર દબાણ લાવવા નહોતી માંગતી તેથી અમો બન્ને આ વાત પર સંમત થયા. છૂટા પડતી વખતે તેણે મારો આભાર માન્યો

અને વિદાય લીધી.

બીજા દિવસે હું પ્રસન્નાના મેડમને મળવા ગઈ. તેને મારા ઉપર લાગણી હતી. તેથી તેણે કહ્યું કે ઉર્મિલાબેન, તમો મને મળવા આવ્યા તેથી મને ઘણો આનંદ થયો. અગાઉ પણ કોઈ સ્ટુડન્ટની આવી વાત હતી ત્યારે તેને હું મળી હતી તેથી આજે મારા મળવાનું કારણ તે સમજી ગઈ. મેડમના ચહેરા ઉપરથી મને એવું લાગ્યું કે તેનો ગુસ્સો પણ શાંત થઈ ગયો છે, અને આવી વાતોનો ફેલાવો થાય તે સારું નહીં એવું તેને લાગવા માંડ્યું છે. આશાની આ લીલી ઝંડીને મેં વધાવી. મેં મેડમને કહ્યું કે તમે અને પ્રસન્ના બન્ને મારી દીકરીઓ છો એ મારા માટે ગૌરવ લેવા જેવું છે તેથી બન્ને દીકરીઓ વચ્ચે સમાધાનનો પુલ બંધાય તેવી મારી ઈચ્છા છે. મેડમે પણ તરત જવાબ આપ્યો કે હું આ જાણું છું અને આપણે જરૂર આ વાતનો ઉકેલ લાવીને જ છોડશું. આ સાંભળી મારા મનમાં આનંદ છવાઈ ગયો.

હવે આ કોયડો કેમ ઉકેલવો તેની ચર્ચા શરૂ થઈ. મેડમે કહ્યું કે મને પ્રસન્નાની વર્તણૂંક ઉપર જરાપણ દુઃખ નથી. હું જાણું છું કે તે સમજુ છે અને ભણવામાં હોંશિયાર છે. પરંતુ ક્યારેક ઓચિંતાનો કોઈ પ્રસંગ એવો બની જાય છે કે આપણે ધાર્યું ન હોય તેવું બની જાય છે. પરંતુ હું ખરેખર ઈચ્છું છું કે પ્રસન્ના ભણવામાં ખૂબ આગળ વધે. આ માટે તમે અને હું બન્ને મળીને પ્રસન્નાનું ભણવાનું ચાલુ કરાવી દેશું.

હવે આ કામ કેવી રીતે શરૂ કરવું તેના માટે મેડમે કહ્યું કે એક રસ્તો છે, જેના દ્વારા આપણું કામ સફળ થશે. આ કામ માટે તમારે પ્રસન્નાને એક વખત મારા કલાસમાં આવવા માટે સમજાવવી પડશે. મને ખબર છે તે થોડી ડરી ગઈ છે પણ એક વખત કલાસમાં આવશે પછી હું મારી રીતે તેનું પ્રેમથી સ્વાગત કરીને બધું નોર્મલ બનાવી દઈશ. મને પણ લાગ્યું કે આ રસ્તે બન્ને પક્ષ–ગુરુ અને શિષ્યની ગૌરવતા જળવાય છે. તેથી હું મેડમની આ વાત સાથે સંમત થઈ અને બધું સારું થઈ જશે એવી આશા સાથે અમે છૂટા પડ્યા.

હવે મારા માટે સૌથી મોટો સવાલ એ હતો કે પ્રસન્ના આ રસ્તાને સ્વીકારશે ? તેનું 'સ્વમાન' આમાં બાધા તો નહીં નાખે ને ! પ્રસન્નાને આ માટે કેવી રીતે તૈયાર કરવી ?' આ પ્રશ્નોએ મારી એક રાતની ઊંઘ હરી લીધી. પણ ભગવાન ઉપરની 'આસ્થા' અદ્ભુત છે. ખરી શાંતિ તો એ જ આપે છે.

બીજે દિવસે પ્રસન્ના મને મળવા આવી. તેનો ચહેરો જોઈને મને થયું કે તેનું મન શાંત થયું છે અને હવે તે નિર્ણય લઈ શકે એવી સ્થિતિમાં છે. તેણે સામેથી કહ્યું કે આન્ટી, મને તમારી વાત સાચી લાગે છે. મને ભણવામાં ખૂબ રસ છે અને મારા ફીયાન્સ પણ આ જ ઈચ્છે છે. મેં તરત જ તેની વાતને વધાવતાં કહ્યું કે બસ, ત્યારે 'કરો કંકુના'. ચાલો જે રસ્તો સાચો છે તેને જ પકડીએ. આમ તેની હોંશને વધારીને હું તેના મેડમને મળી હતી અને હકારાત્મક જે વાત થઈ હતી તે વિસ્તારથી તેને કહી. મેં તેને કહ્યું કે મને એક વાતની ખુશી છે કે તારા મેડમ શાંત બનીને સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે. તેની ઈચ્છા છે કે વહેલી તકે તું કલાસમાં આવીને ભણવાનું શરૂ કરી દે અને કલાસમાં તને આવકાર આપવા માટે તેઓ રાહ જોઈ રહ્યા છે, તેથી તું તારા કલાસમાં જઈને દરવાજામાં પ્રવેશ કર. તારા મેડમ તને પ્રેમથી આવકાર આપી અંદર લઈ જશે.

આ સાંભળીને પ્રસન્ના થોડી તંગ થઈ ગઈ. તેના મનમાં પ્રશ્ન ઉઠ્યો કે મને દરવાજા ઉપર જોઈને મેડમ ફરી ગુસ્સે થઈ જશે તો ? ફરી બધી છોકરીઓ સામે મારું અપમાન કરશે તો મારું કેટલું ખરાબ લાગશે. આવી શંકાએ તેના મન પર કબજો લઈ લીધો. મેં તેને સમજાવી કે આ વાત તારા મનમાંથી કાઢી નાખ. તું મારા પર વિશ્વાસ રાખ કે હવે આવું કાંઈપણ નહીં બને. પણ પ્રસન્ના એટલી બધી ડરી ગઈ હતી કે આ વાત માનવા તૈયાર નહોતી. પ્રસન્નાનો મૂડ જોઈને હું પણ ડરી ગઈ. મને થયું કે આ સફળતાના શિખરને જીતવું મુશ્કેલ છે. અને જો બન્ને પાર્ટી પોતાની જીદને થોડી ઢીલ નહીં આપે તો સુધરતો મામલો ફરી બગડી જશે. આવી નાજુક સ્થિતિમાંથી કેમ રસ્તો કાઢવો, તે મોટી ચિંતા બની ગઈ.

આ તૂટતા તારને જોડવા હું મથી રહી હતી. છેવટે, મેં પ્રસન્નાને સવાલ પૂછ્યો કે હવે આમાંથી રસ્તો કેમ કાઢવો ? તારા મનમાં કોઈ ઉપાય હોય તો બતાવ. થોડો વિચાર કરીને પ્રસન્નાએ કહ્યું કે આન્ટી, મને એકલા જતાં બહુ ડર લાગે છે તેથી તમે સાથે ચાલો તો જવામાં મને વાંધો નથી. હું પ્રસન્નાના મનની સ્થિતિ સમજતી હતી પણ મને એવું લાગ્યું કે મારા જવાથી મને જોઈને મેડમને માનહાનિ જેવું લાગશે તો ? અણીના સમયે મામલો બગડી જશે તો ? આમ બંને પક્ષનું માન સાચવવું મુશ્કેલ હતું, અને આ તકને પણ જવા

## ચાર કષાય

❑ આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરિજી

*પ્રભુ મહાવીરે કહ્યા કષાય ચાર પ્રકાર*
*તજસે તો તે ભવ તરશે,*
*સાંભળે હે નર ને નાર!*

**ક્રોધ**

*ક્રોધ કરે તે દુઃખી થાય*
*મન, વચ, કાયા ત્રાસી જાય*
*તૂટે સંબંધ મિત્રો જાય*
*જીવની દુર્ગતિ નક્કી થાય.*

**માન**

*માન ન રાખો, નમ્ર બનો*
*માનથી વિનયવિનાશ*
*રાખે માન અપમાન પામે*
*ઘમંડથી તો કશું ન કામે.*

**માયા**

*માયા રાખે ને કપટ રાખે*
*મિત્રો સ્વજનો અળગા થાય*
*આત્મા કર્મ નિકાચિત બાંધે*
*સંસારે ભૂંડો થાય!*

**લોભ**

*લોભી નરને ઘણું નુકસાન*
*પરમાર્થ ચૂકે, સ્વાર્થી ગણાય*
*ન પોતે ખાય, ન ખાવા દે*
*કીર્તિ જાય ને અસુખી થાય!*

*કષાયસંગ આત્મગુણોનું અગ્નિકરણ*
*કષાય ત્યાગે આત્માનું સદ્ગતિકરણ!*

આધાર :

कोहो पीईं पणासेई, माणो विणयणासणो ।
माया मित्ताणि णासेई, लोहो सव्व विणासणो ।।

दश वैकालिक सूत्र,अ. ८, गा. ३७

દેવી નહોતી તેથી મેં વિચાર્યું કે હું પ્રસન્ના સાથે જઈશ. પરંતુ તેની ઘણી પાછળ રહીશ, જેથી કોઈને શક ન આવે કે હું પ્રસન્નાની સાથે છું.

મને સંપૂર્ણ ખાતરી હતી કે જેવી પ્રસન્ના દરવાજામાં દેખાશે કે તરત જ મેડમ તેને અંદર બોલાવી લેશે અને ખૂબ પાછળ રહીને કોઈ ખૂણાની આડમાં ઊભી રહી જઈશ, જેથી મેડમ મને જોઈ શકે નહીં. આમ બંન્ને પક્ષના મિલન વખતે હું પિક્ચરમાં હોઈશ જ નહીં. આ પ્લાન મેં બનાવી લીધા પછી પ્રસન્નાને મેં કહ્યું, 'ઓ. કે. પ્રસન્ના હું તારી સાથે આવીશ.' મારા હકારનો જવાબ સાંભળીને પ્રસન્ના ખુશ ખુશ થઈ ગઈ. મનમાંથી ડર પણ નીકળી ગયો, અને હિંમત આવી ગઈ.

આમ, ચિંતાનું સમાધાન થતાં અમો બન્ને ઉપડ્યા કૉલેજ તરફ. હું પાછળ હતી પણ મેં જોયું કે પ્રસન્નાના પગમાં જોર આવી ગયું હતું. મેડમને મેં પ્રસન્નાના આવવાના સમાચાર જણાવી દીધા હતા. તેથી તેઓ પણ સ્વાગત કરવા તૈયાર હતા. પ્રસન્ના પોતાના 'ઓરીજીનલ' સ્વભાવમાં આવી ગઈ હતી અને હોંશમાં, પાછળ જોયા વગર આગળ વધતી કલાસના દરવાજા પાસે પહોંચી ગઈ. જેવી પ્રસન્ના દરવાજા પાસે પહોંચી કે તરત જ મેડમ ખુરશી ઉપરથી ઉઠીને દરવાજા ઉપર ઉભેલી પ્રસન્નાને 'વેલકમ' કહીને ભેટી પડ્યા. પ્રસન્ના પણ ખુશ થઈને મેડમને ભેટી પડી. આ દૃશ્યને દૂરથી જોઈને મારી આંખમાં હરખના આંસુ આવી ગયા. પ્રસન્નાના ખૂબ ભણીને તેના પોતાના ફીયાન્સના સ્વપ્નને પુરું કરવાના કોડને સજીવન થતાં જોઈ, તેના સાસુ-સસરાના આનંદથી મલકાતા ચહેરા મારી સમક્ષ ખડા થઈ ગયા.

બીજે દિવસે સવારના પ્રસન્ના તેના સાસુ-સસરા સાથે મારા ઘરમાં આવી. તેનું આનંદથી હસતું મુખ જોઈ તેના સાસુ-સસરા મને અભિનંદન આપતાં ભેટી પડ્યા. મીઠાઈનો ડબ્બો મને આપતાં તેઓએ આશીર્વાદના અમીછાંટણા મારા ઉપર વરસાવ્યા. પ્રસન્નાના મુખ ઉપર ભણવાનું સપનું જરૂર પૂરું થશે, એવો દઢ નિશ્ચય ઝળહળતો હતો.

આજે પ્રસન્નાનો આ યાદગાર પ્રસંગ યાદ આવતા મારા મનમાં થોડા પ્રસંગને અનુરૂપ વિચારો આવી ગયા, જે જણાવ્યા વગર આ પ્રસંગ અધૂરો છે એવું મને લાગે છે.

'મન એટલે અસ્થિર પારો.' ક્ષણમાત્રમાં તે ક્યાંથી ક્યાં પહોંચી જાય છે. આવા મનને વશ કરવું અઘરું છે. આવું મન જલદી ઉતાવળિયું પગલું ભરી લેવા તૈયાર થાય છે. આવા અણીના સમયે ક્યાંકથી જો 'સાચી સમજનું' કિરણ દેખાય અને ધીરજની રામબાણ પડીકી હાથે ચડી જાય તો ઘણાં અનર્થો થતાં અટકી જાય છે. આજે ઝડપથી દોડતા યુગમાં ધૈર્ય અને શાંતિ દ્વારા ઘણાં અશુભ બનાવોથી બચી શકાય છે. આ પ્રસંગ આ વાતનો પુરાવો છે. ✶✶✶

મોબાઈલ નં. ૧૩૦૨૩૫૭૩૬૪૪.
C/o. ડૉ. ઉર્વી મેહુલ મહેતા, ૬૫૦૮, લેન્ડન લેન, બેથેસ્કા, મેરીલેન્ડ-૨૦૮૧૭. યુ.એસ.એ.
મુંબઈ-૦૨૨-૨૩૫૩૦૯૬૮.

## આચમન
(અનુસંધાન પૃષ્ટ બીજાનું ચાલુ)

સ્ત્રીઓ સાથે પ્રિય બોલવું એવું નીતિકારોએ કહ્યું છે. લાંબી મથામણ પછી ત્રણેયને સંતોષ થાય, વિનોદ થાય એવું વાક્ય બોલે છેઃ સરો નત્થિ।। ત્રણેય રાણીઓને હળવા લહેકાથી અલગ-અલગ રીતે કહી સંભળાવે છે.

પહેલી રાણીને સમજાવે છેઃ સરો નત્થિ ।। તરસ લાગી એ સાચું પણ અહીં આટલામાં ક્યાંય સરોવર હોય તેવું જણાતું નથી, માટે તારી તરસ છીપાવી શકાય તેમ નથી.

બીજી રાણીને કહે છેઃ સરો નત્થિ ।। ભૂખ લાગે તે સમજી શકાય તેમ છે. પણ આપણે વનવિહાર કરવા નીકળ્યા ત્યારે શર-બાણ લેવાનું વીસરી ગયા; હવે શિકાર કેમ થાય? તને ખાવાનું કેમ આપી શકાય?

ત્રીજી, રસીલી રાણીને કહ્યુંઃ સરો નત્થિ ।। વન છે છતાં વાતાવરણ તો ઉપવન જેવું છે. ગાવાનું મન થઈ જાય એવું છે, પણ અત્યારે ગળું કહ્યું કામ કરે તેમ નથી; તે માટે સ્વર નથી.

આમ એક જ વાક્ય દ્વારા રાજા ત્રણેયને સંતોષકારક ઉત્તર આપી શક્યા!

શબ્દની અસીમ શક્તિ હોવા છતાં શ્રોતા પોતાની શક્તિની મર્યાદામાં રહીને જ અર્થઘટન કરી શકે છે. આવી શક્તિનો ભંડાર શબ્દ છે. એટલે જ ઋષિમુનિઓએ શબ્દને બ્રહ્મ કહ્યો છે.

-આપણે પણ શબ્દની સમ્યગ્ ઉપાસના કરીએ.
(સૌજન્ય : 'પાઠશાળા')

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલું અનુદાન

### જનરલ ફંડ

| | |
|---|---|
| ૨૧,૦૦૦ | શ્રેયસ પ્રચારક સભા |
| ૨૧,૦૦૦ | કુલ રકમ |

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૨૦,૦૦૦ | વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શકુંતલાબેન શાહ હસ્તે |
| પુષ્પાબેન ૫,૦૦૦ | મોહનલાલ બેચરદાસ મહેતા (જ્યોતિ આઈસ્ક્રીમ) |
| ૩,૦૦૦ | એક ભાઈ તરફથી (પુના) |
| ૧,૫૦૦ | ઈન્દુબેન શાહ |
| ૧,૦૦૦ | ખૂશનુબેન શાહ |
| ૨૫૦ | સુંદરજી મંગલદાસ પોપટ (પુના) |
| ૩૫,૭૫૦ | કુલ રકમ |

### પ્રેમળ જ્યોતિ

| | |
|---|---|
| ૫,૦૦૦ | વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | કુલ રકમ |

### કિશોર ટિમ્બડિયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૩,૦૦૦ | ઉષાબેન હસ્તે, પુષ્પાબેન |
| ૩,૦૦૦ | કુલ રકમ |

### પાર્શ્વનાથ-પદ્માવતી કથા ડી.વી.ડી. સૌજન્ય દાતા

| | |
|---|---|
| ૫૦,૦૦૦ | શ્રીમતિ નર્મદાબાઈ ચેરિટી ટ્રસ્ટ |
| ૫૦,૦૦૦ | શ્રી વાડીલાલ ગાંધી ફાઉન્ડેશન |
| ૧,૦૦,૦૦૦ | કુલ રકમ |

### સંઘ આજીવન સભ્ય પુરક રકમ

| | |
|---|---|
| ૪,૫૦૦ | નિરંજના મહેન્દ્ર શાહ |
| ૪,૫૦૦ | કુલ રકમ |

### પ્રબુદ્ધ જીવન સૌજન્ય કોરપસ ફંડ

| | |
|---|---|
| ૩,૦૦,૦૦૦ | બોમ્બે મિનરલ્સ લી. હસ્તે : શ્રીમતી દીનાબેન ચેતનભાઈ શાહ-શ્રી ચેતનભાઈ નવનીતભાઈ શાહ સ્મૃતિ : હીરાલક્ષ્મી નવનીતભાઈ શાહ માસઃ પ્રત્યેક ફેબ્રુઆરી વર્ષ ૨૦૩૪ સુધી |
| ૩,૦૦,૦૦૦ | કુલ રકમ |

# Thus He Was Thus He Spake : VIPASSANA

Vipassana- what is it?

Just a way to discipline the mind- ' to see things as they really are.'The ten days of silence are essentially working towards 'observation' or 'drashta bhaav' without action or reaction. Just watch. Before entering the first day of silence, we make five vows- Vows of abstinence- abstinence from killing, stealing, lying, sexual misconduct and the use of intoxicants.

**The two vipasssana experiences** I have had were in Igatpuri and Dehradun, in that order. And both were diametrically opposite inside of me. Outside we were all observing silence, but the first time around I saw my entire life as a series of montage pictures, random and saw craving/aversion rise, fall, rise, fall. There were downpours and intensities and occasional insights. And the second time exactly a year later, without much effort I saw some of the earlier pictures but without realizing, I saw myself not responding to the pictures in my mind's eye. Some pain crept up, I was watching it, memories of pleasure- joy came up and I was still watching it. Wow, yes but it comes and goes this feeling of 'wow.' Some days there is default equilibrium, some days it is not.

Vippasana is a practice, which means it requires practice, days, months, maybe lifetimes. It is beautiful, there are no two ways to that but when you step out, after the ten days 'in', it is difficult to be 'out.' It feels fragile. One wants seclusion again, wants to hold on while inside all you have been working is to let go, **The Osho commune, on the other hand** has been ostracized for being 'immoral. Both the times I went there, I was asked to have lots of 'fun' by educated, liberated, friends. The definition of fun is 'activities that are enjoyable', frolicsome, merriment. Yes, Osho is 'fun' in the truest meaning of this word. His way of coming to self-knowledge is `first at least lighten up' then automatically you will like that state of lightness so much, you will want to be it. And he has all these things that constitute fun in this scientific, organic and aesthetically made commune ever. In the commune, Pune there are various meditations like vipassana, whirling,gibberish, kundalini.

Where there is music, and there is silence. You choose, you be. And all this freedom in an unspoken boundary, you do not disturb others, you wear a robe to maintain homogeneity, you adhere to punctuality, to that discipline, in luxury.

So if Spartan ness is good, and luxury is evil maybe choose one over the other. But then be Spartan, be celibate, be silent outside. I am not advocating one over the other because **they were two parallel experiences.** One helped me go within and one helped me to understand 'freedom in boundaries.' to be oneself and thus the understanding of what really is 'one.' Vipassana's air was filled with silence, or the wind sounds or occasionally Goenkaji's strong ' Tera mangal' filling you with goodwill for everybody, and occasionally sounds of your own head. The air in Osho could have sound waves of a flute, a lute, bollywood,

water, drums, karaoke, santoor and sights of the vividest colors, paintings, dancing. It has been condemned to be hedonistic. Hedonistic means' living for pleasure' and pleasure has always been associated with momentariness but so is pain - momentary. The fact of the matter was that people who came to Vipassana were also a motley of people seeking peace and truth some were drug addicts, some sexually depraved, some divorced, tired bewildered Israelis who could not understand what was happening to Palestine and so as in the commune.

The end of the ten days at the Vipassana centre saw lots of purified energy, good feelings of brotherhood, purgation, lighter souls after so much of silence, and a couple of days at the commune also saw people with laughter, creativity, joy, relief.

Through pleasure or through pain; through abstinence or through indulgence; through 'jog' or through' bhog' we all are going to all these places only to cease this chaos within. There is no good or evil practice because as anais Nin correctly said **'We don't see things as they are, we see things as we are.'**

I choose vipassana when I want to feel like I want to step back, see, and be.

I choose the commune when I want to be creative and abundant and frolicsome.

In Vipassana, you suddenly chance upon the ' free flow'

In the commune, during the ' no dimension meditation'

I suddenly chanced upon the technique of freeness, both

> *One helped me go within and one helped me to understand 'freedom in boundaries.'*

were momentary and permanent. They came and went and yet the residue of the experience got deposited so when I am nursing a grudge, I subconsciously hear Goenkaji's **' where there is craving, there will be aversion' and the grudge becomes gentler.**

*'The mind is its own place, and in itself, can make heaven of Hell, and a hell of Heaven.''*

When I am feeling binded, conditioned, I see the white robe dancers looking funny, obnoxious, beautiful in my mind's eye and start dancing myself occasionally or if nothing else feel a sense of well being.

Sometimes they intersect - the hills of Dehradun and the lute in Silent samadhi meditation; the walk from the room to the pagoda and the walk from the room to the steps for the evening meditation in the commune, the tea and banana of vipassana with the organic soup of the day and warm croissant of the commune. Both decreased my hunger, both filled me up, my lack, both made me feel silent inside and happy / sad , So maybe as Milton has put it all those years back - 'The mind is its own place, and in itself, can make heaven of Hell, and a hell of Heaven.' Each place has its own uniqueness and it is upto you to inhale what you wish to.

I am Vipassana, I am osho, I am the Jain scriptures, I am the zen haikus - I contain multitudes. We all do. We may accept some, reject some but why sit on judgement when all is really 'ok' just the way it is.

☐ **Reshma Jain**
The Narrators
Tel: 9920951074

**WHATSAAP CHAT**

DHANVANT: For creative energy and peace, where should I go VIPASSANA or OSHO commune? please give me single reply.

RESHMA: Both.

DHANVANT: No diplomatic reply. I ask you to give single reply because you have expeirenced both.

RESHMA: For peace VIPASANNA, and for creative energy OSHO.

DHANVANT: Thank you.

## EVENT AT U.S.A.

***JAIN CENTER OF AMERICA & YOUNG JAIN PROFESSIONALS PRESENTS THE 2014 JAIN SCHOLAR LECTURES AT SIDDHACHALAM***

Dear Friends,
Jain Jinendra.

Jain Center of America (JCA) and young Professionals (YJP) has planned an intensive three day **JAIN Academic Lecture Series at Shri Siddhachalam Jain Tirth from Friday (Evening) - June 27, 2014 to Sunday (Afternoon) - June 29, 2014.** The JCA & YJP Academic Series is limited to the First 75 Attendees Only on a first come, first basis.

One of the lectures series will be conducted by Prof. Jeffery D. Long who has completed his Ph.D. studies from Univesity of Chicago on Jainism & Anekantvad and has one of the top selling books on Jainism on Amazon.com - **Jainism : An Introduction.** This academic lecture series in English will be an amazing, one of a kind learning opportunity for young adults and parents to learn about the core tenets of this great philosophy.

This event will consist of professional educational sessions on the following three topics:

- **Session A : Jain Tattvas - The Fundamental Principles of Jainism**
- **Session B : Aparigraha - The Jain Principle of Non-Possessiveness**
- **Session C : Living a Jain Way of Life in today's world**

*Please click to view Brief Course Content of Lecture Serie from the 2013 event*

**Session Scholars :** Professor Jeffery D. Long (in English)
Pandit Mahesh Kumar Jain (in Hindi)

**Event Location :** Shri Siddhachalam Jain Tirth (NJ)

**Event Dates :** Friday (Evening) - June 27, 2014 to Sunday (Afternoon) - June 29, 2014

**Registration Fee :** $99 per Attendee and limited to 75 Attendees

Jain Center of America

# What to do, when Nothing to do ?

☐ Laxmichand Kenia

Human life is precious. Every moment available to live should be utilised wisely say all saints and scriptures of Jain, Budhist and Hindu religions. In general, we all use time towards activities which will keep us happy. Some time we spend time to earn for living, other time to keep us fit i.e. walk, exercise or entertainment to become stress free or eat, sleep etc.

Still, Many times we are confronted with what to do, when we do not have anything to do !!!

We often say...getting Bored. Some time for a few minutes...Other time for many hours.

I looked for an answer and activity that I can do, which can be productive and satisfying to my mind and arrived at the following.

As a Dharmik person I understand that basic five percepts of life are (1) Satya (2) Ahimsa (3) Achaurya (4) Brahmacharya (5) Aparigrah. Added to these percepts are RAGA and Dwesha. The Raga and Dwesha are the causes of Karma bandhan. When there is NO RAGA and No Dwesha...there is No Karma bandhan. No Karma bandhan means, no rebirth, no cause of perpetual suffering.

As such, the activity should be such that there is no **Karma bandhan.** When **`I do not have any thing to do' or any activity I do when I have nothing to do'** should be **`Free of Karma Bandhan'**

With my search, I ran across an activity of watching **my own Breath.**

**`Watching of Breath'** fits in the category of **`No Karm Bandhan moment'** as I will explain below.

We all know, the world around us is changing each moment. The atom is changing, molecules are changing, particles are changing, we are changing. We perceive the world with Five Senses and the Mind. The Mind is constantly being updated due to experiences of senses at each moment. So **`This Reality is TRUE only for this moment'.** The next moment it is new and changed reality.

So when we observe or watch the breath in this moment ie **the breath is coming in or the breath is going out from Nostril, Just as an observer, with Dristha Bhav** we are observing what is happening at that moment.

The witnessing of breath is TRUTH of that Moment. ie you are with TRUTH or Satya Being with **TRUTH** and in Drishta Bhav Observer you can not be HINSAK ie you are Ahinsak at that moment.

An Ahinsak and in Drishtha Bhav an observer can not have any thought of **Parigriha** and can not break vow of **Brahmacharya** or Achaurya. ie At that moment you become **`HOLDER OF ALL IMPORTANT FIVE PRECEPTS OF JAINISM'**

When you are with your breath there is no reason for you to be `in RAG or Dwesh'. Being your own natural breath you are watching, you cannot have LIKING or Disliking towards your own breath. There can not be any attachment to your breath.

Since there is No liking or disliking. No rag. No Dwesh. As such there is no Karm Bandhan at that moment.

You have done a productive activity of **LIVING a MOMENT** without **Karm Bandhan.** When there is no Karma bandhan...There has to be Karma Nirijara..or old karma will manifest to be eliminated.

All you have to do is maintain tranquility towards what is manifesting and it will pass away. You become free from stock of karma, you will become free from Bondage.

You will experience peace, tranquility. You can repeat the same to **`next moment and Next moment'** and so on. whatever time you have.

So when you have nothing to do watch your breath..Just pure Observation..with Drishta Bhav...There is No Karma bandhan..Its better than `Time Pass'.

In addition you will have other advantages like :

1. Increased concentration
2. Possitivity of Life
3. Calm mind and Relaxed mind
4. De stressing effect on mind and body
5. Less Agitation
6. Knowing your self better

Happy Breath Watching. ✷ ✷ ✷

C/o. Shatilal Kunverji & Company
113, Keshavji Naik Road, Mumbai-400 009.
M : 98690 36900.

# THE GLORIOUS DARŚANAS

BY : ATISUKHSHANKAR TRIVEDI

## CHAPTER - VI : VEDĀNTA (Cont.)

**The Doctrine of Brahman : Sankara's Meta-physics :** In Sankara's metaphysics the Brahman is the Ultimate Reality, It is experienced in different ways. It is the Primordial Light, the Source of all Lights. Its is the unknowable origin of the Existent, Pure Existence, Pure Intelligence, Pure Bliss. It is free from all evil, free from all casuality and affliction. Cosmically, it is the very small and the very great: it is Joy, it is Amplitude. The Vedāntist has no gloomy ascetism, he has the hopeful consciousness of Unity with God—the Brahman : That art Thou (तत् त्वम् असि), "Brahman is the Self; it is Soul in deep sleep. But like as in yon space a falcon or an eagle, after he has hovered, wearily folds his pinions, and sinks to rest, thus also hastens the spirit to that condition in which, sunk to sleep, he feels no more desire, nor beholds any more dreams. That is his form of being, wherein he is raised *above longing, free from evil and from fear*."

**Māyā and Avidyā : The Phenomenality of the World :** *Māyā, Avidyā, the Vivartavāda, (Vedānta Theory of Causation)* : If the One is the real, the Many cannot be, and so in Vedānta, the Brahman is the real, the world therefore cannot be. Space, Time, and Causality are only phenomenal. The world is Māyā or Illusion, since it cannot be regarded as real. How is it related to the Brahman? Really, the question does not arise. For an imaginary difficulty there can be no real solution; a relation implies two distincts, while in Sankara's philosophy there is only one distinct Reality, the Absolute or Brahman. The word Māyā points to a gap in our knowledge and is the result of avidyā.

Māyā hangs on the Brahman and yet it does not affect the Brahman. The process of causation accepted by Śankara is that type of Satkāryavāda, which is known as Vivartavāda as distinguished from Pariṇāmavāda, i.e., the cause is that of which the perversion is the effect. Brahman is that of which the perversion is the World, e.g., as the snake is the perversion of the rope. Pariṇāma or transformation is illustrated by milk transformed into curds. Both milk and curds belong to the same *order* of Reality, not so in snake and rope where the order of Reality is different. According to Vedānta, the One *appears* as the Many, the One Cause as the Many Being: it is Vivartavāda as different from the Sānkhya-Yoga Pariṇāmavāda in which the effect is the transformation or real development of the cause.

Different Śankarite followers try to explain in different ways the cause of the world-appearance. Only Brahman is reality, and the world is a mere deprivation of that. How does this arise? One veiw, that of Pakāśāman Akhandānanda is that Brahman in association with Māyā is the cause of the world-appearance; i.e., when Māyā is linked with Brahman, the latter becomes Īśvara, and Īśvara is the Vivarta causal matter of the world. Here Māyā becomes a Śakti or energy of Īśvara. Others distinguish between Māyā as cosmic factor of illusion, and Avidyā as manifestation of the same in the Individual Jīva. There are several other interpretations of Māyā and Brahman.

Avidyā is the mantal fall from Intuition. The appearance of the Brahman as the world is due to Avidyā just as that of the snake for a rope is due to defective senses. When the rope as rope is seen, the snake disappears. Just so, when we see the Reality of Brahman, the appearance of the world disappears.

Māyā and Avidyā are but the objective and subjective sides of the same imperfection. As Brahman and Atman are one, so are Māyā and Avidyā. When we look at the problem of the plurality of objects from the objective side, it is Māyā When we look at it from the subjective side, it is Avidyā.

The doctrine of Avidyā at times suggests the wrong view that the world is a fiction, a creation of the human mind. It should be noted that Śankara is far from it. There are three grades of experiences: (A) Illusory : Prātibhāsika, (B) Phenomental or Vyāvahārika, and (C) Absolute or Pāramārthika. The experience of the world is of the (B) type and not of the (A) type. Since Brahman is the basis of the world, it has a significance; therefore it is unreal, but not imaginary, nor an illusion.

**The Advaitists and other Darśanas :**

Bādarāyaṇa, and the Advaitists reject the other

Daraśans.

**(1) Sānkhya :** Without granting as a Conscious Principle as the motive force how can Unconscious Prakṛiti evolve the Universe? How can the विषमता of the 3 guṇas be possible without Conscious Purpose? The spontaneous flow of milk from the cows' udders is a Sānkhya illustration of unconcious purpose; but it is false, for the milk flows because the cow loves the calf, i.e., there is purpose even there.

Again, Sānkhya contradicts itlsef; it mentions in places, 7 Indriyas and in places, 11. In some places, it says that तन्मात्रा develops from महत्; at other places, from अहंकार. In places, three अन्त:करणs are stated; in places, only one.

Further, the Pātanjala Yoga has to accept a designer of the universe in the garb of पुरुषविशेष-ईश्वर; in this, it comes near to Vedānta.

**(2) Vaiśeṣika :** Unconscious atoms cannot produce the wonderfully well-adjusted universe. Adṛṣta is unconscious, and by assuming it the difficulty of the evolution of a purposeful universe from atoms is not solved. कार्य as different from कारण is assumed by वैशेषिक, e.g., त्र्यणुक from द्वयणुक; then why object to the creation of the world from ब्रह्मान्? How atoms arise at all is such as cannot be understood; if they move to create the world, how प्रलय is at all possible ?

**(3) Buddhism :** Momentary things can produce nothing; causation is impossible. The प्रतीत्यसमुत्पादवाद therefore becomes inexplicable. In fact, that which remembers the passing experience, the आत्मन्, must be permanent, otherwise it cannot link the past and the present in experience. Therefore the क्षणिकवाद won't do. The विज्ञानवाद or Subjective Idealism also won't do, because (a) to deny that objects exist would be to contradict experience, (b) if we do not believe in immediate experience, then even विज्ञान or mental states cannot be believed in, (c) to say that *ideas* appear as illusory *objects* won't do, for we can as well say that a certain man looks *like* the child of a barren woman, (d) dreams and waking experience are different; no waking experience is unreal, for it is not contradicted by other experience, while dreams are contradicted by waking experience, (e) Lord Sugata Buddha has preached contradictory things, e.g., सर्वसत् विज्ञानसत्, सर्वशून्य, i.e. there are inherent contradictions in the system.

**(4) Jainism :** Jainsim stands on Relativism, and says nothing with confidence : it cannot be therefore a trustworthy philosophy, Jiva has a परिमाण according to Jainism; then the result will be that if as a consequence of कर्म a man's Jiva is born in an elephant, part of the latter's body will have no soul, while if it be born in an ant, part of the soul will have no body to live in. If the जीव is taken to have वृद्धिक्षय in order to effect such adjustments, then the जीव will be जड and will be subject to नाश, which the Jain cannot accept.

**(5) Nyāya Deism :** *Naiyāyikas* and Paśupatas believe in ईश्वर as the निमित्तकरण of the world, and a creator standing aloof from the Universe. If God *creates* different creatures as per their different कर्मs he becomes responsible for the injustice in the world: he will have रागद्वेष, making some happy, others unhappy. To say that this is the result of कर्म won't do, for it leads to अन्योन्याश्रय, कर्म inspiring ईश्वर and ईश्वर inspiring कर्म; it will be an अंधपरंपरादोष.

**(6) Bhāgavata Sampradāya :** This view resorts to 4 व्यूहs. वासुदेव divides himself into 4 व्यूहs (1) वासुदेव - its स्वरूप; it is परमात्मा; (2) संकर्षण: it is जीव; (3) प्रद्युम्न: it is मनस् and (4) अनिरूद्ध: it is अहंकार. Now वासुदेव is the कारणात्मक पराप्रकृति, while the other three are कार्यात्मकसृष्टि. This theory is opposed to श्रुति. If वासुदेव is *one*, how can it divide into different forms? If जीव is *produced*, it will die, and then its मुक्ति will be impossible: what dies, ceases to exist, it cannot reach भगवान्. Rāmānuja takes जीव etc. to be गुणs of वासुदेव and is a भागवत; so too वल्लभ.

**Comparison of Śankara and Western Philosophers :** Like Descartes, Śankara accepts the self-validity of self-consciousness. The two agree in their metaphysical method. In their results the two are far apart and bear no comparision.

A close resemblance exists between Śankara and Kant. The relation of Śankara to the Mādhyamika Buddhists bears a parallelism to that of kant to Hume and Berkeley. For Berkeley only ideas were valid and for Hume the ego did not exist; Kant corrected both by rehabilating Knowledge on the basis of the reality of the Ego. Just so, to the Buddhists the external world does not exist, it is all Vijnāna, to the Śunyavādins, it is Śunya; against this, Śankara recognises the phenomenal reality of the world and says there ultimate does exist as Real, and that is Brahman. The contrast of phenomena and noumena in Kant has its counterpart in the Vyāvahārika and Paramārthika in Śankara. But while Kant is either an agnostic or a Dualist, nay Plu-

ralist (for the noumena are many), Śankara is an Idealist and a thoroughgoing Monist.

Śankara comes close to Bradley in his Absolutism. Both are Monists and Absolutists. Self-consistetency and harmony are tests of Truth to Bradley; so too, to Śankara. There are degrees of Reality to Bradley, so there are *stages* of Existence and Experience to Śankara.

Śankara Bears comparison to Bergson in some respect. Like the latter he believes in the efficacy of intuition in preference to the Intellect in our approach to Truth. Reality to Bergson is Becoming in the sense of *Life*. To Śankara the Real is Brahman as being the Ātman or Chaitanya.

**The Ethical Teaching in Śankara's Monism :** for Śankara the aim of life is the realisation of the Identity of the Individual with the Infinite Reality. This is self-realisation, and this is absolutely good; moral goods are only relatively good. Salvation is the prize of Right Knowledge. Right action in itself has no value.

As only Brahman exists, the gulf between good and bad has, it is said, no significance in Śankara, and that makes morality impossible. But this is a wrong interpretation of Śankara's views. He does not say that the world is a fiction, but only that it is a phenomenon of which the real is the Brahman. `Fire is one only, and yet we shun a fire which has consumed dead bodies, not any other fire.' When, therefore, the I=Brahman it is not the empirical or active Self which is=Brahman, but only the Self whose false impressions are removed which is = Brahman.

Śankara's ethics is criticised as intellectualistic, for salvtion is to him the result of Insight, and not of moral perfection. But the Insight in Vedānta comes as the result of moral perfection. The qualifictions in the study of Vedānta include the realisation of moral perfection.

Again, Śankara is charged with preaching Asceticism. Really, Śankara insists on denying selfishness, and the tone of asceticism on his philosophy is partly apparent due to repeated exhortations to crucify the flesh, partly real and such as cannot be avoided in the philosophy which denies the pluralism of the world.

**Rāmānuja : Life and Writings :** He was born in 1017 A. D. in Perumbudur, a village in Trichinopoly District. The Vaiśṇavas in the Deccan were called the Ālwārs and Śaiva devotees Aḍiyārs. There were 12 chief Ālwārs and then the acharyas. Rāmānuja was connected as a remote descendent to the āchāryas. Rāmānuja was connected as a remote descendent to the āchārya Nāthamuni : He was in early years the pupil of a teacher Yādavaprakāśa. Rāmānuja could not agree with his teacher on all points, and it is reported that the teacher formed an unholy design on the life of the pupil, in which he failed. Ālavandar, the head of the Śṛngeri temple wanted to instal Rāmānuja in his sect, but died before this was possible. It is said, when he died, 3 of his 5 fingers were folded, This, it was explained, meant that his 3 desires were unfulfilled, one of these being that an easy commentary on the Brahma Sūtra should be written. Rāmānuja proclaimed that, God willing, he would fulfil these wishes, and he did it.

At times, great men are unhappy due to their wives.So was it with Socrates. So was it with Rāmānuja, and he became a Sanyāsi, and his admirers grew in their admiration for him, and he was thence called yatirāja. He settled at Śriroaṅgam, and wrote and preached his philosophy, the Visishtādvaita or Qualified Monism. His commentary on the Brahma Sūtra is known as Śri Bhāśya. He wrote Vedāntsāra, Vedārthasaṅgraha, and the Vedāntadīpa, and the commentary on the Bhagavadgītā. He was a staunch Vaiśṇavite reformer and he also like Śankara had travelled considerably in India. He died in 1137 A.D. at the unusually long life of 120 years.

**The Philosophy of Rāmānuja :** Accroding to him the Ultimate Reality is one with Attributes : विशिष्ट or qualified (by Soul and Matter–चित् and अचित्) अद्वैत or monism. God alone exists, with the two real attributes of chit and achit. These attributes are called the modes (प्रकारऽ) or the accessories (शेष) or the controlled (नियाम्य) of the Brahman, There are two states of existence for the Brahman, that of Pralaya or Quiescence, when souls and matter exist in deep sleep as it were in Him, and Creation. To Rāmānuja, Creation is Real, not unreal as to Śankara. It is a positive volitional efferot of Brahman to display diversity. `He thought, may I become many, may I grow forth.' The end of Creation is justice. Brahman created this world as recreation; it was no compulsion to Him.

Like Śankara, Rāmānuja accepts the sole authority of Śruti and Smṛti for the knowledge of the Brahman. Reason is to be resorted to only in matters perceptible

by senses. This does not mean that there are to be no arguments. Arguments have full scope in respect of phenomenal matters, and in metaphysics, they are a valuable adjunct in construing the texts of the scriptures. Rāmānuja differs from Śankara on one important point. He regards Śrutis and Smṛtis authoritative as eternal commands, duties. So they are obligatory so long as life endures, but to Śankara they are obligatory only so long as Oneness is realised, otherwise Śrutis and Smṛtis are ephemeral.

In the interpretation of the Upaniśads Rāmānuja treats all texts denying attributes to the Brahman as meaning that He has no low or inauspicious attributes, e.g., sorrow, change, death etc. Neti, neti–Śankara interprets as implying that God has *no* attributes, Rāmānuja as showing that no attributes are *adequate* in knowing God.

In his theory of causation, Rāmānuja like Śankara is a Satkāryavādin, but he believes that the world-creation is real, the world being *Pariṇāma*, not Vivarta or phenomenal as Śankara explained.

**Ramānujā rejects Māyā :** Rāmānuja repudiates therefore the doctrine of Māyā or Avidyā. Is Māyā different from Brahman? That would undermine Monism. Is it the same ? That is absurd. So Śankara's position is, according to Rāmānuja, untenable. Śankara avoided these difficulties by saying that Māyā is indescribable (अनिर्वचनिय). According to Rāmānuja, when scripture tells that God creates the world, it means God reckons with world and the world cannot be an unreal world, a mirage, or māyā. The reality of world is testified by perception; it cannot be contradicted by Scripture, for the spheres of perception and scripture are different. Similarly, Rāmānuja repudiates also Avidyā. Where does Avidyā reside? Not in Brahman; He is all-perfect; not in the Individual, for that according to Śankara is the creation of Avidyā itself. To say that it is indescribable, is to predicate existence *and* non-existence of it. If a thing is quite indescribable, it must be non-existent.

Rāmānuja was a Theist, and so he believed that salvation is possible through Bhakti (Devotion) and Prasāda (God's Grace). The metaphysical identification of the Self with Brahman is a cold intellectual experience; it does not appeal like intelligent devotion to a Personal God.

**Madhva : Life and Writings :** He was born in 1199, in a village near Udipi in South Canara. He became a sanyāsi early in life, and was very proficient in Vedic learning. His preceptor was a Śankarite. But he was an opponent of Monism. He was a Vaiṣṇava and made many converts to his faith. He is known also as Pūrṇaprajna and Ānandatirtha. His works were his commentary on the Brahman Sūtra, his Anvākhyāna, his commentary on the Bhagvadgīta and the Upaniṣads. He relied for his Philosophy more on Pūraṇas than on the Prasthūntraya (Brahma Sūtra, Upaniṣads and Bhagvadgīta).

**His Philosophy :** His philosophy is Dvaitavāda or Dualism. He believes there are 3 real entities, God, the Soul and the World, the latter two being dependent on God. In this Madhva comes into conflict with many texts, which he freely ministerprets; Tat twam asi = That art Thou, he interprets, not as giving the identity of God and the soul, but only as saying that the soul is *similar* to God. There are 5 differences: (1) God and the soul, (2) God and matter, (3) Soul and matter, (4) soul and soul, (5) Matter and matter.


**Nimbārka and his Philosophy :** He lived about the 11th century A.D. after Rāmānuja and before Madhva. His view is known as the Bhedābheda or Dualistic Non-dualism. He says that both difference and non-difference are real. The soul and the world are *different* from Brahman, for they possess attributes diferent from Brahman. They are not different from Brahman, for they depend abdolutely on Brahman. Such a relation is instanced in that between the sun and rays, or between fire and sparks; distinct, yet intimately connected.

**Vallabha :** He was born in 1401, A.D. in South India. His chief works are the Aṇubhāṣya, Siddhāntarahasya, and Bhāgavataṭīkāsubodhini.

His view is Śuddhādvaita or Pure Non-dualism. It is also called Brahmanvāda. Śuddha means pure, devoid of Māyā-relation. The whole world is real and Brahman. God is the whole and individuals are Parts, and there is no difference between the two. Māyā is not unreal, for it is a power of Īśvara. The Jiva bound by māyā canont get salvation. For that Bhakti is essential. The Body is the Temple of God and no meaning attaches in mortifying it. This view is also known as Puṣti Mārga, i.e., the Path of Devotion or Service to God.

**[To be continued]**

## Jagadguru Shri Hirvijaysuri - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453
Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Published on 16th of every month & Posted at Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# પંથે પંથે પાથેય

## પ્રસન્ના

□ ઉર્મિલાબેન સુરેન્દ્રભાઈ ધોળકિયા

*વર્તમાનમાં અમેરિકા સ્થિત લેખિકા એક અનોખું વ્યક્તિત્વ ધરાવતા પંચાશી વર્ષના યુવાન નારી છે. મોક્ષમાર્ગી આ શ્રાવિકા વિદુષીએ જીવનની વિષમ પરિસ્થિતિમાં પરિશ્રમથી પોતાની કેડી કંડારી છે. વિવિધ કલાઓના મર્મી લેખિકા ભારતમાં હતા ત્યારે વડોદરામાં યુનિવર્સિટીની કન્યા હૉસ્ટેલમાં વૉર્ડન (ગૃહમાતા) તરીકે પચ્ચીસ વર્ષ સેવા આપી છે. આ સમય દરમિયાન વાસ્તવિક અનુભવોનો ખજાનો એમને પ્રાપ્ત થયો છે, જે રસપ્રદ અનુભવો એમની પુસ્તિકા 'મારા અનુભવો'માં લેખિકાએ શબ્દસ્થ કર્યા છે. એ અનુભવમાંથી એક પ્રોત્સાહક અનુભવ અહીં પ્રસ્તુત છે.*

*–તંત્રી*

આજે જ્યારે પણ હૉસ્ટેલની વિદ્યાર્થિની પ્રસન્નાને યાદ કરું છું, ત્યારે મન પ્રફુલ્લ બની જાય છે. તેનામાં નામ જેવા ગુણ છે. ઘણાં વર્ષો પછી પ્રસન્નાને યાદ કરી.

પ્રસન્ના એટલે હસતું ખીલતું પુષ્પ! તેની આંખોની મસ્તી જોઈએ તો આપણું દુઃખ ભૂલી જઈએ, વાતોડી એવી કે આપણે સમય ભૂલી જઈએ. હૉસ્ટેલમાં બધાની સાથે એવી ભળી ગઈ કે જાણે દૂધમાં સાકર! આવી પ્રસન્ના મારી હૉસ્ટેલની વિદ્યાર્થિની હતી.

પ્રસન્ના હોમસાયન્સની સ્ટુડન્ટ હતી. ભણવામાં હોંશિયાર હતી. આવા મધુર સ્વભાવની પ્રસન્નાને યાદ કરું છું ત્યારે તેના હૉસ્ટેલના જીવનનો એક પ્રસંગ યાદ આવી જાય છે. ક્યારેક ઓચિંતાની મુશ્કેલી ટપકી પડે છે અને ચિંતાનો વિષય બની જાય છે. આજે આવી થોડી ક્ષણોને વાગોળું છું.

પ્રસન્ના હૉસ્ટેલમાં આવતાની સાથે છવાઈ ગઈ. મને પણ તેના હસમુખા સ્વભાવે આકર્ષી લીધી. તેનામાં નામ તેવા ગુણ હતા. એક દિવસ પ્રસન્નાએ મને જણાવ્યું, 'આન્ટી, મારી સગાઈ થોડા સમય પહેલા થઈ, અને મારા 'ફીયાન્સ' પીએચ.ડી.નું ભણવા અમેરિકા ગયા છે. તેઓ ભણવામાં ખૂબ હોંશિયાર છે અને મને પણ ભણવામાં પ્રોત્સાહિત કરે છે. તેમની ઈચ્છા છે કે હું અહીંથી એમ.એસસી.ની ડીગ્રી પ્રાપ્ત કરું, જે અમારા બન્નેનું સપનું છે. મારા સાસુ-સસરા વડોદરાની નજીક જ રહે છે અને તેમનું આ એક જ સંતાન છે. મારા ઉપર તેઓને ખૂબ જ પ્રેમ છે અને મને ભણાવવા માટે તેઓ ખૂબ પ્રેરણા આપે છે.' હું આ સાંભળી ખુશ થઈ. આવું સંસ્કારી સાસરું મળવું તે પણ નસીબની દેન છે. આથી ઉત્તમ બીજું શું હોઈ શકે?

થોડા સમય પછી પ્રસન્ના પોતાના સાસુ-સસરાને લઈને મારે ઘરે આવી હતી. તેઓ પણ કહેતા હતા કે પ્રસન્ના જેવી આનંદી દીકરી અમોને મળી ગઈ તેથી અમો ખૂબ જ ખુશ છીએ. આમ, તેઓ બધા પોતાની પ્રવૃત્તિ સાથે આનંદમાં સમય વીતાવી રહ્યા હતા. આવા શાંતિથી સરકતા સમયમાં એક સંકટનું એવું વાવાઝોડું આવી ગયું કે જેની કલ્પના પણ હું ના કરી શકું. આને કોઈ અશુભ કર્મનો ઉદય જ કહી શકાય. અચાનક આવી પડેલા સંકટની 'નજીવી' બાબતે એવી ઉગ્ર પરિસ્થિતિ પેદા કરી કે તેને કેમ સુલઝાવવી તે એક કોયડો બની ગયો; જેની વિગતો રજૂ કરું છું. એક બપોરે મારા પટાવાળાએ આવીને મને કહ્યું કે, 'બેન પ્રસન્નાના સાસુ-સસરા તમોને મળવા માંગે છે. મેં તેઓને મારા ઘરમાં બોલાવ્યા. તે લોકોના ચહેરા ઉપરની શોકની છાયા જોઈ મને ચિંતા થઈ.

મેં થોડી સામાન્ય વાતો, કેમ છો? શું ચાલે છે? વગેરે દ્વારા પરિસ્થિતિને થોડી હળવી કરી. તે લોકોએ કહ્યું, 'અમારા માટે થોડી મુશ્કેલી ઊભી થઈ છે, તેથી તમારી પાસે દોડી આવ્યા છીએ. અમોને ખાતરી છે કે તમો જરૂર આ બાબતનો ઉપાય શોધી કાઢશો. અમે જાણીએ છીએ કે તમોને પ્રસન્ના ઉપર ખૂબ પ્રેમ છે અને તે પણ તમોને મા સમાન માને છે.' મેં કહ્યું, 'તમારી વાત સાચી છે, પ્રસન્ના મારી દીકરી છે. મને તેના માટે ખૂબ જ માન છે. તેને કાંઈ પણ તકલીફ થઈ હોય તો હું તેનો ઉકેલ લાવવા તનતોડ પ્રયત્ન કરીશ. તમો જરાપણ ચિંતા કરતા નહીં. દરેક સમસ્યાનો ઉપાય હોય છે.' આ સાંભળી તેઓ શાંત બન્યા અને પોતાના મનની વ્યથાની કહાની શરૂ કરી.

તેઓએ મને જણાવ્યું કે થોડા સમયથી પ્રસન્ના તેની કૉલેજના ક્લાસમાં હાજરી નથી આપતી. આનું કારણ એવું બન્યું કે પ્રસન્ના અને તેના ટીચર મેડમ વચ્ચે ચાલુ ક્લાસમાં અભ્યાસની કોઈ બાબતમાં મતભેદ પડી ગયો અને વાતવાતમાં આ અણબનાવે ક્લાસમાં જ એવું ઉગ્ર રૂપ લીધું કે મામલો ગંભીર બની ગયો. થોડી બોલાચાલી થતાં મેડમ એવા ગુસ્સે થઈ ગયા કે ક્લાસની બધી છોકરીઓ વચ્ચે પ્રસન્નાનું અપમાન કરીને ક્લાસમાંથી તેને 'ગેટ આઉટ'નું ફરમાન સંભળાવી દીધું. મેડમના આવા અપમાનભર્યા વર્તાવને કારણે તેના મન ઉપર ખૂબ જ આઘાત લાગ્યો અને તે ક્લાસ છોડીને રૂમ ઉપર આવીને ખૂબ જ રડી, અને મનોમન નક્કી કરી લીધું કે હવે કાલથી હું આ મેડમના ક્લાસમાં ક્યારેય પણ ભણવા નહીં જાઉં, અને ભણવાનું બંધ કરી દઈશ. પ્રસન્નાના સ્વમાનને ખૂબ જ ઠેસ લાગી હતી તેથી થોડું ડીપ્રેશન આવી ગયું.

આ આખા બનાવની વિગત તેણે મારા દીકરાને વિસ્તારથી જણાવી અને તે આ મેડમ પાસે ભણવા કૉલેજ નથી જવાની એવું ચોખ્ખું જણાવી દીધું. પ્રસન્નાનો પત્ર વાંચીને મારો દીકરો ખૂબ જ ચિંતામાં પડી ગયો અને તેણે પ્રસન્નાનું મન શાંત પડે તેવી સમજવાળો પત્ર લખ્યો પણ પ્રસન્ના શાંત થઈ શકે એવી સ્થિતિમાં નહોતી. તેના મન ઉપર આઘાતની અસર ઓછી થઈ નહોતી. મનમાં તર્ક-વિતર્કોના વિચારોએ તેને 'અપસેટ' બનાવી દીધી હતી. આવા વિચારોના વમળમાં ફસાઈને તેણે તેના ફિયાન્સને ફરી પત્ર લખીને જણાવ્યું કે હું હમણાં આગળ ભણવા નથી માંગતી. તેથી

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૪૧)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨)
અંક-૪, જુલાઈ, ૨૦૧૪ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



# જિન-વચન

## પોતાના સુખની ઈચ્છા કરનાર મનુષ્યો...

माइणो कट्टु माया य कामभोगे समारंभे ।
हंता छेत्ता पगब्भित्ता आयसायाणुगामिणो ।।
(सू. १-८-५)

માત્ર પોતાના સુખની ઇચ્છા કરનાર માયાવી માણસો માયાકપટ કરીને, કામભોગનું સેવન કરે છે. તેઓ પ્રાણીઓની હિંસા કરે છે, તેમનાં અંગોપાંગોને છેદે છે અથવા ચીરે છે.ઓનો ઘાત કરે છે અને બીજા પાસે કરાવે છે.

Deceitful persons perpetrating deceit are active only for their own comfort and happiness. They kill, cut, or dismember other living beings just for the sake of their pleasure.

**(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन'માંથી)**

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯થી૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૧.
- કુલ ૬૨મું વર્ષ.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

# આચમન

## ઉચિત બોલવું કેવું જે ઔચિત્યે ભર્યું ભર્યું...

मा गा इत्यपमङ्गलं व्रजइति स्नेहेनहीनं वचः,
तिष्ठेति प्रभुता यथारुचि कुरु सैषाप्युदासीनता ।
इत्थलोच्य मृगिदशा जलधर प्रारम्भसंसूचके
प्रादुर्भूत कदम्ब कोरकचये दृष्टिः तमारोपिता ।।
(साहित्यदर्पण)

*ના જાઓ કહું તો અમંગળ અને જાઓ નર્યું નિર્મમ*
*રહો આશા સરખુ યથા રુચિ કરો, તે તો ઉદાસીનતા*
*એવું જાણી મૃગાક્ષી-કાજળ સમા આવંત એ મેઘને*
*સૂચવતી નમણી કદંબકળીને જોતી રહી ધારીને!*
(અનુવાદ : કુલીનચન્દ્ર યાજ્ઞિક)

વાત ઉચિત ઉત્તર આપવાની મૂંઝવણની છે.
વર્ષાઋતુનું આગમન થઈ ચૂક્યું છે.
ઝરમરિયા મીઠાં મેઘ લઈ આવતા,
અષાઢના દિવસો શરૂ થયા છે અને નાયક પરગામ જવા તૈયાર થયો છે!
એના પ્રયાણ સમયે શું બોલવું—એ નાયિકાની મૂંઝવણ છે!
શું બોલવું ઉચિત છે? તે માટેના ઉચિત શબ્દોભર્યા વિકલ્પો શોધે છે.
'ના જાવ' એવું કહું! એ તો અપશુકન કહેવાય, અમંગળ થાય.
'જાવ' એમ કહું તો તો, એ તોછડું લાગે!
'રહી જાવ' કહું તો વડીલશાહી લાગે! આદેશ દીધો હોય એમ લાગે.
'ઠીક લાગે તેમ કરો' એમ કહું તો ઉદાસીનતા લાગશે! જાણે કે મને પડી નથી. તો આવા પ્રસંગે શું બોલવું ઉચિત છે? શું બોલવું શોભે?
આવી મૂંઝવણમાં કાંઈ પણ બોલવું ન સૂઝયું!
છેવટે, ઘરના આંગણામાં જે કદમ્બ વૃક્ષ હતું, અને તેના પર વરસાદના આગમનની છડી પોકારતી, દડુલીયા જેવી કદમ્બ-કળીઓ ખીલી હતી, તેના તરફ ટગર ટગર જોવાનું ઉચિત લાગ્યું! બસ!
નાયિકાના કાવ્યમય વિચાર પર આ કાવ્ય-પંક્તિ રચાઈ છે. એ રસિકાનો નાયક પણ રસિક જ હશે!
અક્ષર કરતાં ઇશારા બળુકા હોય, એ અનુભવ પણ હશે! મુગ્ધ નાયિકા જાણે કહી રહી છે કે વરસાદના આ માદક દિવસો આવ્યા અને તમે જવાનું કરો છો?
શબ્દ જ્યારે વામણા પુરવાર થાય ત્યારે, દૃષ્ટિ જ મદદે આવે ને!
ચતુર નાયિકાને શબ્દ વાપરવા ઉચિત ન જ લાગ્યા અને એણે નજરથી કામ સાધી લીધું!
આવી ઔચિત્યપૂર્ણ અભિવ્યક્તિ થાય તો કાર્ય સિદ્ધ થાય છે!

–સૌજન્ય 'પાઠશાળા'

# સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મારા વિદ્યા ગુરુ ઋષિજન શ્રી રામપ્રસાદ બક્ષી | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | ઉપનિષદમાં પરમાત્માનો વિચાર | ડૉ. નરેશ વેદ | ૭ |
| ૩. | જૈન અંગ-આગમમાં વાસુદેવ શ્રીકૃષ્ણ-એક વિવેચન | પ. પૂ. પદ્મમુનિ (હિન્દી) અનુવાદઃ પુષ્પા પરીખ | ૯ |
| ૪. | શ્રી શશીકાંત મહેતાઃ મારા સસરા- મારા પિતા | ભારતી દીપક શાહ | ૧૬ |
| ૫. | લોક શિક્ષક કોન્ફ્યુશિયસ | મનસુખલાલ ઉપાધ્યાય | ૧૯ |
| ૬. | ઉત્તમ શ્રાવક શ્રી શ્રેણિકભાઈ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| ૭. | ઉપાશ્રય-વ્યાખ્યાન માઈક દ્વારા? | બકુલ નંદલાલ ગાંધી | ૨૨ |
| ૮. | ભજન-ધન-૧૦ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૨૫ |
| ૯. | અવસર : પાલનપુર ખાતે યોજાયેલ પરિસંવાદ | ડૉ. માલતી શાહ | ૨૯ |
| ૧૦. | પર્યુષણ પ્રસંગે સહાય ઈચ્છુક સંસ્થાની મુલાકાતે સંઘની પેટા સમિતીના સભ્યો | મથુરાદાસ એમ. ટાંક | ૩૨ |
| ૧૧. | વિશ્વમંગલમ્ : એકહૃદયસ્પર્શી અનુભૂતિ | કાકુલાલ મહેતા | ૩૩ |
| ૧૨. | ભાવ-પ્રતિભાવ : | — | ૩૫ |
| ૧૩. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૮ |
| 14. | Thus He Was Thus He Spake The Guru | Reshma Jain | 40 |
| 15. | The Glorious Darshans : Chapter VI (Cont.) | Atisukhshankar Trivedi | 41 |
| 17. | Abhaykumar:Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૮. | પંથે પંથે પાથેય : શ્રદ્ધાનો દીવડો જલતો જ રહેશે | ઉષા પરીખ | ૪૪ |


આ અંકનું આવરણ : કલાકાર **શ્રીમતી કંચન કપુર** : મોબાઈલ : ૦૯૮૩૩૬૮૬૪૬૦.

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) • અંક : ૮ • જુલાઈ ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૦ • વીર સંવત ૨૫૪૦ • અષાઢ વદિ તિથિ-૫ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • • • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## મારા વિદ્યા ગુરુ ઋષિજન

## શ્રી રામપ્રસાદ બક્ષી

*શું શું સંભારું ? ને શી શી પૂજું પુણ્યવિભૂતિ યે ?*
*પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.*

-કવિ ન્હાનાલાલ

અષાઢ સુદ પૂનમ, ગુરુ પૂર્ણિમા, ૧૨ જુલાઈના સમર્પિત શ્રદ્ધાવાન શિષ્યોએ ગુરુપૂજન કર્યું હશે. આ આપણી સાંસ્કૃતિક પરંપરા છે. સંસ્કાર છે.

'પ્રબુદ્ધ જીવન'ના ડિસેમ્બર, ૨૦૧૩ના અંકમાં મેં 'ગુરુની મારી શોધ યાત્રા' લેખ લખ્યો હતો, એ આધ્યાત્મિક ગુરુના સંદર્ભમાં હતો. જેની પ્રાપ્તિ મને હજુ થઈ નથી. કદાચ મને મારો 'સ્વ' નડતો હશે. આપણા કરતાં વિશેષ જ્ઞાનીની બધી જ વાતો આપણી બુદ્ધિ ન સ્વીકારે તોય માનવાની? મોહનીયકર્મમાં પ્રવેશી જવાય એ કક્ષા સુધી સમર્પિત થવાનું ?

મને લાગે છે કે પુસ્તકો જ આપણા શ્રેષ્ઠ ગુરુ છે. કલાપીએ ગાયું છે ને કે 'બની શકે તો જીવીશ એકલા પુસ્તકોથી.' પુસ્તકો આપણને આપે, પણ કાંઈ અપેક્ષા તો ન રાખે. પણ છતાં ગુરુ પાસે કાંઈ વિશેષ અવશ્ય હોય છે જ. જેમની વાણી, વિચાર અને વર્તનમાં સામ્ય અને સંવાદિતા હોય, શુદ્ધિ અને સાધના હોય, જેમની પાસે ચિંતન અને દર્શનમાંથી પ્રગટેલી એક અનુભૂતિ હોય, જે આપણી આંગળી પકડી આપણને ચઢાણ ચડાવે, પછી આપણને છોડી દે, છૂટે અને છોડાવે, આવા ગુરુ મળે તો જીવન ધન્ય બની જાય.

આધ્યાત્મિક ગુરુની શોધ પહેલાં મારા જીવનને બે ગુરુજનોનો લાભ મળ્યો હતો. એક કિશોર અવસ્થામાં મારા સાહિત્ય અને સંસ્કાર ગુરુ કચ્છના કવિ દુલેરાય કારાણી, જેમનું સાન્નિધ્ય મને કિશોર જીવન દરમિયાન મળ્યું. સંપૂર્ણ સંત જીવન. વિચાર, વાણી અને વર્તનમાં સંપૂર્ણ સામ્ય. એ પૂજ્યશ્રી વિશે ક્યારેક લખીશ.

બીજા મારા વિદ્યાગુરુ ઋષિતૂલ્ય રામપ્રસાદ બક્ષી, મને કૉલેજ જીવન સમયે મળ્યા. સંસ્કૃત સાહિત્યના પ્રકાંડ પંડિત, ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષા ઉપર અદ્ભુત પ્રભુત્વ અને એથી વિશેષ ઋષિ જેવું જીવન.

આ ઋષિતુલ્ય ગુરુજન વિશે, લખાય ઘણું, પણ અહીં તો થોડું આચમન જ. શબ્દોથી ગુરુપૂજન કરું છું. પ્રારંભ કરું એક પ્રસંગથીઃ

'તમે વેપારી વાણિયા, પીએચ.ડી.ની ડીગ્રી લઈને બેસી જાવ. પછી સાહિત્યનું કાંઈ કામ ન કરો. પીએચ.ડી.ની ડીગ્રી લઈ ગુજરાતી ભાષાના

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રી રસિકલાલ ગોપાલદાસ શાહ પરિવાર**
**અને**
**શ્રી સેવંતીલાલ વાડીલાલ શાહ પરિવાર**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

અધ્યાપનનું કામ કરીશ ? તો જ તારો ગાઈડ બનું.'

લગભગ ૧૯૬૫-૬૬ની સાલ. એમ.એ. કર્યા પછી પીએચ.ડી. કરવાની ઈચ્છા થઈ. ત્યારે મીઠીબાઈ કૉલેજ દ્વારા પીએચ.ડી. થવાય. આચાર્ય પૂ. અમૃતલાલ યાજ્ઞિક, અને એ જ કૉલેજમાં પીએચ.ડી.ના ગાઈડ તરીકે પૂ. રામભાઈ બક્ષી. પૂ. યાજ્ઞિક સાહેબે મને મોકલ્યો પૂ. રામભાઈ પાસે. શાન્તાક્રુઝ, ટાગોર રોડ, ડૉ. ભાર્ગવના નર્સિંગ હૉમની પાછળ, એક દાદરો ચડી, તરત જ જમણા હાથે નાના હૉલમાં, પુસ્તકો વચ્ચે, સફેદ ગાદી ઉપર ઋષિ જેવા બિરાજમાન પૂ. રામભાઈ. તામ્રમિશ્રિત ગૌરવ વર્ણ અને હસતો હસાવતો ચહેરો. સામેની ઢળતી ખુરશી ઉપર બેસવા જઈએ, ત્યાં તો ઉષ્માભર્યા હાથે પોતાની બાજુમાં બેસવાનું સૂચન કરે અને અનંત મંગળ વાત્સલ્ય ધારા વહેતી હોય એવો અનુભવ થતો જ રહે. અત્તરના પૂમડાંની જેમ.

કોઈ મુલાકાતી આવ્યા છે એવી ખબર ઋષિ પત્ની પૂ. કંચનબેનને પડી જાય અને તરત જ શરબતનો ગ્લાસ લઈને આવે, પ્રેમથી ખબર પૂછે. આ ક્રમ જ્યારે જ્યારે કોઈ પણ મુલાકાતી આવે ત્યારે સતત ચાલતો જ રહે. પૂ. રામભાઈ પાસે બે કલાક બેસો ત્યાં તો પાંચ સાત મુલાકાતીઓ આવતા જ હોય. પૂ. કંચનબેન શરબત આપવાથી ન થાકે, અને પૂ. રામભાઈ જ્ઞાનનો ગુલાલ વેરતા ન થાકે.

ઉપરની પહેલી શરત એઓશ્રીએ મારી પાસે મૂકી. અધ્યાપકનું ઉમદા કાર્ય કરવાની મારી ઈચ્છા તો ખરી, પણ કુટુંબીજનો સંમતિ નહિ આપે એની પણ મને ખબર. હું જરાપણ મૂંઝાયો નહિ. તરત જ સૂઝ્યો એ જવાબ આપી દીધો,

'અધ્યાપનનું કાર્ય જરૂર કરીશ, પણ કોઈ કૉલેજમાં પાર્ટ ટાઈમ મળે તો જ.'

'ભલે, સંકલ્પ કર, શ્રદ્ધા રાખ, એ પ્રમાણે ઈચ્છા ફળશે જ.'

પીએચ. ડી.ની પદવી મળી ત્યારે પૂજ્યશ્રીના આશીર્વાદ લેવા ગયો. ત્યારે આશીર્વાદ આપતાં ઋષિજને કહ્યું, 'યુનિવર્સિટીની આ અંતિમ પદવી છે પણ જ્ઞાનનો અંત નથી, હવેથી જ્ઞાનની શોધનો પ્રારંભ થાય છે એમ સમજવું, જીવનભર આ જ સમજતા રહેવું. પછી જો જે, જીવવાની મઝા આવશે.'

અને ગુરુજન સમક્ષ કરેલો સંકલ્પ અને શ્રદ્ધા ફળ્યા. પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત થયા પછી, જ્યાં જ્યાં પાર્ટ ટાઈમની જગ્યા ખાલી હોય ત્યાં મને મોકલે. ક્યાં ક્યાં જગ્યા ખાલી છે એ ખેવના પણ એઓશ્રી રાખે. પરિણામે પ્રારંભમાં મહારાષ્ટ્ર કૉલેજ અને બુરહાની કૉલેજ અને પછી દશેક વર્ષ સિડ્નહામ કૉલેજમાં પાર્ટ ટાઈમ અધ્યાપનનું કાર્ય કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

આ શરતનું વચન આપ્યું, અને તરત જ બીજી શરત, આશીર્વાદ ભાવથી...

'જીવનમાં ઓછામાં ઓછાં પાંચેક પુસ્તકો પ્રગટ થવા જોઈએ.'

'સાહેબ, આ તો વચન ન આપી શકું. મા શારદા અને આપના આશીર્વાદ હશે તો એ દિશામાં પુરુષાર્થ જરૂર કરીશ.'

'તથાસ્તુ'.

પૂજ્યશ્રીના આ આશીર્વાદ પણ ફળ્યા. ખરેખર હું ખૂબ જ સદ્ભાગી કે મને જીવનમાં ઋષિજન જેવા આ બે સાહિત્ય-સંસ્કાર અને વિદ્યા ગુરુ મળ્યા. બન્ને માત્ર જ્ઞાન સમૃદ્ધ જ નહિ પણ સદ્ગુણથી પણ સમૃદ્ધ. એમના ચરણો પાસે બેસો એટલે હિમાલય અને માનસરોવરના આંદોલનની અનુભૂતિ થાય!

પ્રારંભનો અમારો આ સંવાદ, સંકલ્પ અને શ્રદ્ધા.

અને મારા સુખના વિદ્યા દિવસો શરૂ થયા.

પ્રત્યેક અઠવાડિયે દર બુધવારે એમને ત્યાં જવાનું, બપોરે બે થી પાંચ. પહેલાં અઠવાડિયે જે ચર્ચા થઈ હોય એ પ્રકરણ લખીને જવાનું. પ્રારંભમાં એ પ્રકરણની ચર્ચા થાય, પછી ચર્ચા આગળ ચાલે. જે પ્રકરણ લખી ગયા હોઈએ એ એમને આપી દેવાનું, વચ્ચે વચ્ચે એ પ્રકરણની પણ ચર્ચા થાય, એ પ્રકરણ અમને પાછું આપે, એમાં સૂચનો લખ્યા હોય, એટલે બીજે અઠવાડિયે જઈએ ત્યારે, સુધારેલું અને ચર્ચા કરેલું બે પ્રકરણો લઈ જવાના. ઉપરાંત એઓશ્રીએ સૂચવેલા પુસ્તક-ગ્રંથોનું તો વાંચન કરવાનું જ. સતત પુરુષાર્થ કરાવે. ચિંતન, મનન અને દર્શન તરફ દોરતા અને દોડાવતા જ જાય.

મારા ખ્યાલ મુજબ એ વખતે એમની પાસે લગભગ ત્રણ પીએચ.ડી.ના વિદ્યાર્થી હતા. એક બહેન, નામ યાદ નથી, બાલાશંકર કંથારિયા ઉપર લખે, અને બીજાં આપણા સિતાંશુ યશચંદ્ર. અમારે ત્રણે વિદ્યાર્થીઓએ દર અઠવાડિયે જવાનું જ. ક્યારેક અમે ત્રણે ભેગા થઈ જઈએ. અને ગોષ્ટિ જામે. સિતાંશુ ઉપર એઓશ્રીને વિશેષ ભાવ, એટલે હું ટિખળ કરું, 'તમારી જ્ઞાતિનો છે એટલે તમે સિતાંશુના વખાણ કરતા થાકતા નથી.' એટલે એઓ બાળકની જેમ ખડખડાટ હસી પડે, પણ અમારી ગેરહાજરીમાં અમારા ય વખાણ કરે જ. એ હિસાબ અમે ત્રણે એકબીજાને મળી જઈએ ત્યારે ખબર પડે.

બે કલાકના અમારા અભ્યાસ દરમિયાન અનેક મહાનુભાવો એઓશ્રીની મુલાકાતે આવે, એ બધાં સાથે અમારો પરિચય કરાવે, એ રીતે પણ અમારામાં સમજ અને જ્ઞાનવૃદ્ધિ થતી રહે.

પૂ. રામભાઈ સાંતાક્રુઝની પોદાર હાઈસ્કૂલના આચાર્ય હતા.

એક વખત પોદાર સ્કૂલના પ્રિન્સિપાલ સાહેબ એક મોટી ફાઈલ લઈને આવ્યા. કહે કે, 'શેઠ સાહેબે ફ્રી શીપ માટેની કેટલાંક વિદ્યાર્થીઓની આ અરજી મોકલી છે. લાયકાત પ્રમાણે જે જે યોગ્ય

લાગે તે જુદી તારવી આપો.'

અને પૂ. રામભાઈ તાડુક્યા, લાયકાત ? શું આપણને જે બધું લાયકાત પ્રમાણે મળ્યું છે ? કોઈ મજબુરની લાયકાત નક્કી કરનાર આપણે કોણ ? જે જે વિદ્યાર્થીને જરૂર હશે એ બધાંએ અરજી કરી હશે. આપો તો એ બધાંને આપો, નહિ તો રહેવા દયો,' અને રામભાઈએ એ ફાઈલ જોયા વગર જ પાછી આપી દીધી. પછી ખબર પડી કે પોદાર શેઠે એ બધાંને ફ્રી શીપ આપેલી.

કોઈની પણ શેહ-શરમમાં આવી જાય એવા રામભાઈ નહિ.

એક વખત અમે ગોષ્ટિમાં હતાં, ત્યારે બહાર સહેજ અવાજ આવ્યો, રામભાઈ કહે, 'બેલ વાગ્યો'. ત્યારે બેલ તો ન હતો. બપોરે બે પછી એમનું ઘર ખુલ્લું. એમનું ઘર પહેલે માળે, જમણી તરફનો સીધો દાદરો, દાદરાના પગથિયાને અડીને જમણી બાજુ ઉપર ચઢવાના ટેકા માટે દોરડું, અને દોરડાની છેલ્લે ઉપર મોટી ગોળ કડી. એટલે દાદરો ચઢવા કોઈ દોરી પકડે એટલે ઉપરની કડી લાકડા સાથે ભટકાય અને અવાજ આવે. આવા બે અવાજ આવ્યા અને રામભાઈ સંકેત સમજી ગયા. ઊભા થયા. મને કહે, 'આટલું વાંચી નાખ, હમણાં આવું છું.' એમ કહીને પહેરેલા કપડે જ નીચે ઉતર્યા. થોડી વારે ફરી એ કડીનો અવાજ આવ્યો અને કંચનબેનને શરબતનો ગ્લાસ લઈ નીચે જતા જોયાં. મારા કુતૂહલનો પાર નહિ. હું ઊભો થયો અને બહાર નીકળી નીચે જોયું તો, અહો ! આશ્ચર્યમ્...

નીચેના પગથિયે બે પંડિતો બેઠા હતા. બાળપણમાં દાદરાના પગથિયા ઉપર બે બાળકો બેસી ગપસપ કરે એમ. આગંતુક પંડિત રામભાઈને કાંઈ વંચાવે, બન્ને ચર્ચા કરે અને ખડખડાટ હસે. રામભાઈ એમને શરબત પીવાનો આગ્રહ કરે, શરબત પીવાય અને પગથિયા ગોષ્ટિ આગળ ધપે.

આ દૃશ્ય જ ગજબનું મનોહર.

એ બીજાં હતાં, ધનસુખભાઈ મહેતા, બધાં એમને ધનુભાઈ કહે, આપણા પ્રસિદ્ધ નાટ્યકાર અને હાસ્યરસના બાદશાહ, જ્યોતીન્દ્ર દવેના જેવાં જ. ત્યારે 'ધૂમ' મચાવનાર નાટક 'રંગીલો રાજ્જા' અને બીજા એવા અનેક નાટકોના સર્જક. એ હૃદયના બિમાર, એટલે એક પગથિયું પણ ચઢી ન શકે. રામભાઈને નીચે આવવાની વિનંતિનો આ 'બે અવાજ'નો એમનો સંકેત.

આમ અભ્યાસ સાથે અમારું સંસ્કાર ઘડતર પણ થતું રહે. પુસ્તકો અને જીવનગ્રંથ જેવા રામભાઈના ચરણોમાં બેસવું એટલે જ્ઞાનના ઝરણાં હેઠળ, અને હિમાચલની કોઈ કંદરામાં બેસવાનું સદ્ભાગ્ય. આપણા ભીતરના જીવનનું ક્યાં કેવું પરિવર્તન થઈ જાય એ ખબર પણ ન પડે, 'કાન્તા સંમિતતયો ઉપદેશ' જેવું.

અભ્યાસમાં સતત પુરુષાર્થ કરાવે. અને ચોકસાઈના આગ્રહી તો એમના ધવલ વસ્ત્રો કરતાં પણ વિશેષ.

મારો શોધપ્રબંધ – 'કવિ ન્હાનાલાલની કવિતામાં માનવ જીવન દર્શન' ચાર વરસે પૂરો થયો. અને અન્ય વિદ્વાન પરીક્ષક શ્રી અનંતરાય રાવળ પાસે ગયો.

ન્હાનાલાલના નાટક જયા-જયંતમાં એક પ્રસંગ છે. જે જયાને જયંત પ્રેમ કરતો હતો, એ જયા નદીના પ્રવાહમાં તણાય છે અને જયંતના શિષ્યો એને બચાવી જયંતના આશ્રમમાં લાવે છે. અંધકાર, વરસાદ અને વિજળીના ચમકારા, તેમજ એકાંત અને સામે જ જળરાશિથી વિભૂષિત સૌંદર્યમૂર્તિ પ્રિયતમા જયા. આવી જયાને નિરખીને જયંતના મનમાં માનવ સહજ વિકાર જન્મતો નથી, પણ એ જયાને નિહાળીને યોગી જયંતના મુખમાંથી શબ્દો સ્ફૂરે છે :

*એક જ્વાલા જલે તુજ નયનનમાં*
*રસ જ્યોત નિહાળી નમું હું નમું.*

આ પ્રસંગ માટે મેં લખ્યું કે અહીં વાસનાનું મોક્ષ નિર્વાણ થાય છે અને સાચા આતમ પ્રેમનું નિર્માણ થાય છે એટલે અંતે અહીં 'નમન' છે એ યથા ઉચિત છે. ભાવને ઊર્ધ્વગમિત કરે છે.

આ નિર્વાણ શબ્દ માટે રામભાઈ અને અનંતરાયભાઈ વચ્ચે લગભગ દોઢ માસ પત્ર ચર્ચા થઈ. બૌદ્ધ ગ્રંથો, સંસ્કૃત શબ્દકોષ, તત્ત્વાર્થ, વગેરે લાંબી-મોટી ચર્ચા અને અંતે અનંતરાયભાઈ સંમત થયા. શાસ્ત્ર આધારાથી. અને મારા વાઈ-વા (મોખિક ચર્ચાપરીક્ષા) માટે એઓ મુંબઈ યુનિવર્સિટીમાં પધાર્યા.

એક વખત સિડ્ન્હામ કૉલેજમાં પૂ. ઉમાશંકર જોષીનું અમે વ્યાખ્યાન રાખ્યું હતું. એ જ દિવસે સાંજે એઓશ્રીને અમદાવાદ માટે વિમાન પકડવાનું હતું. લગભગ સાડા પાંચે. અમે ચાર વાગે નીકળ્યા. વચ્ચે બાન્દ્રા આવતા મને કહે, 'રામભાઈ આ બાજુ રહે છે, મારે મળવું છે.' મેં કહ્યું, પોણા પાંચ વાગ્યા છે, હવે નહિ પહોંચાય.'

'ભલે, પણ મારે રામભાઈને મળ્યા વગર મુંબઈ છોડવું નથી.' એમણે મક્કમતાથી કહ્યું.

મેં ગાડી શાંતાક્રુઝ તરફ લીધી. સાંજે પાંચ પછી ટાગોર રોડના એક વળાંક પાસે નાળાની એક મોટી પાળ ઉપર રામભાઈ આવીને બેસે, ત્યાં પણ બધાં ભેગા થાય. મેં ગાડી એ તરફ લીધી અને સફેદ કફની, ધોતિયામાં ખુલ્લા રજતકેશમાં સજ્જ રામભાઈને જોઈને ઉમાશંકરભાઈ નાના બાળકની જેમ ઉલ્લસિત થઈ ગયા. તરત જ ગાડીમાંથી ઉતરી રામભાઈને ભેટ્યા. એ બંન્નેનું મિલન એક અવિસ્મરણિય દૃશ્ય હતું. જાણે બે હિમાલય ભેટતા ન હોય. એમની ગોષ્ટિ તો આગળ વધતી જ ગઈ, મારા મનમાં ગભરાટ વધતો ગયો. ત્યારે મોબાઈલ તો ન હતો. એટલે એરપોર્ટના વિમાન-સમયની જાણ કેમ થાય ? મને થયું હવે વિમાન ચૂકી જવાશે. એ બન્ને મહાનુભાવોની અંતરંગ ગોષ્ટિમાં વિક્ષેપ પાડવાનું પણ મન ન થાય. થોડી વારે

ઉમાશંકરભાઈનું ધ્યાન મારા ઉપર ગયું. મારી ચિંતા એ વાંચી ગયા, તરત જ કહે, 'ચાલો, વિમાનની ચિંતા ન કરો. મોડું પડ્યું હશે, પણ રામભાઈને મળવાનું મોડું પડાય એ ન ચલાવાય, મનમાં વસવસો લઈને વિમાનમાં બેસી અમદાવાદ જવું ન'તું. ચાલો...જેવી હરિઈચ્છા.' અને ઉમાશંકરભાઈ ગાડીમાં બેઠા, રામભાઈને નીચે નમી હું પગે પડ્યો, ખભે મીઠો 'ધબ્બો' માર્યો. આ 'ધબ્બા' પહેલાં બીજા બે 'ધબ્બા' પામવા હું ભાગ્યશાળી થયો હતો, એક નવકાર મંત્ર આરાધક પૂજ્ય મુનિશ્રી જિતેન્દ્રવિજયજીનો 'ધર્મલાભ' 'ધબ્બો', બીજો બ્રહ્મસ્વરૂપ વર્તમાનના પૂ. પ્રમુખસ્વામીના ગુરુવર્ય બ્રહ્મનિષ્ઠ પૂ. યોગીજી મહારાજનો 'શિક્ષાપત્રી'નો 'ધબ્બો'.

હું ગાડીમાં બેઠો, એરપોર્ટના રસ્તે ગાડી લીધી, વિમાન કાંઈ અમારી રાહ જૂએ? જલદી જલદી અમે અંદર ગયા. મેં મનમાં ગોઠવી લીધું હતું કે રાતે આઠ-નવ વાગ્યાની કોઈ ફ્લાઈટ હોય તો નવી ટિકીટ લઈ લઈએ.

પણ આશ્ચર્ય!! ઉમાશંકરભાઈ જવાના હતા, એ ફ્લાઈટ બે કલાક મોડી હતી. ઉમાશંકરભાઈએ મારી સામે સ્મિત સાથે સૂચક દૃષ્ટિથી જોયું. એમના મુખ ઉપર ગજબનો સંતોષ હતો.

છ ફૂટનો તામ્ર વર્ણો દેહ, સફેદ ધોતિયું, સફેદ ડગલો, માથે કાઠિયાવાડી પાઘડી, સ્મિતભર્યો તો ક્યારેક બોખા મોઢે ખડખડાટ હસતો ચહેરો, તેજસ્વી પદ્મ-શુક્લ મિશ્રિત આભા, આવા પૂ. રામભાઈના દર્શન કરીએ એટલે જીવનના બધો થાક ઉતરી જાય.

આ મુલાકાતના થોડા સમય પછી રામભાઈની તબિયત બગડી, થોડા સમય પછી રામભાઈએ આ જગતમાંથી વિદાય લીધી. પૂજ્યશ્રીનો એ છેલ્લો 'ધબ્બો' ક્યારેય નહિ ભૂલાય.

એ ધબ્બો જીવનના કોઈ વળાંકે હળવો ધક્કો આપી દે છે. ધરપત આપે છે.

એ ધબ્બો ક્યારેક ધીરજના તપને સમજાવે છે.

એ ધબ્બો હંમેશાં ધરમ અને ધ્યેયને યાદ કરાવે છે.

એ ધબ્બો ધવલ જીવનની પ્રેરણા આપે છે.

અને અંતે તો આકાશના 'ધવલ'માં આપણે સર્વે વિખેરાઈ જવાના છીએ એવી સમજ પણ આ 'ધબ્બો' આપતો રહે છે.

ગુરુપૂર્ણિમાના આ પવિત્ર ઋષિદિવસે મારા વિદ્યાગુરુને અંતરથી નમન કરી શબ્દાજલિ અર્પું છું.

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ३०० |
| ૯ | जैन धर्म दर्शन | ३०० |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૧૯ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ૨. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ રાજાનો રાસ | ૧૦૦ |

**જૈન ધર્મના પ્રારંભિક અભ્યાસ માટે દેશ-વિદેશના વિશ્વ વિદ્યાલયોમાં માન્ય પુસ્તક**
**આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીકૃત**
**જૈન ધર્મ** (કિંમત રૂા. ૭૦)

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૦ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૧ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૨ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૩ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **ડૉ. સુરેશ ગાલા લિખિત** | |
| ૩૪ | મરમનો મલક | ૨૫૦ |
| ૩૫ | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૬ | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૭. | વિચાર મંથન | રૂા. ૧૮૦ |
| ૩૮. | વિચાર નવનીત | રૂા. ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૯ | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | રૂા. ૨૨૫ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

# ઉપનિષદમાં પરમાત્માનો વિચાર

❑ ડૉ. નરેશ વેદ

**(લેખક્રમાંક : અગિયારામો)**

ઉપનિષદોનો સંબંધ કોઈ ધર્મ સાથે નથી. તે હિંદુધર્મનો કોઈ ભાગ નથી. ભારતવર્ષમાં હિંદુ કોમે હિંદુધર્મની રચના કરી એ પૂર્વે વેદો અને ઉપનિષદો અસ્તિત્વ ધરાવતાં હતાં. તેમનું મુખ્ય પ્રતિપાદ્ય તો એ હતું કે આ મનુષ્ય જીવન અને જગતની ઉત્પત્તિ એક તત્ત્વમાંથી થઈ છે અને તેનો લય પણ તે એક તત્ત્વમાં જ થાય છે. એ એક તત્ત્વને તેમણે ઈશ્વર કે ભગવાન એવું નામ આપવાને બદલે બ્રહ્મ એવા નામથી ઓળખાવ્યું છે.

ઉપનિષદોમાં આ બ્રહ્મતત્ત્વની ચાર પ્રકારે કલ્પના કરવામાં આવેલી છે. આ સૃષ્ટિના ઉપાદાન કારણરૂપે રહેલું બ્રહ્મ 'ક્ષર' બ્રહ્મ છે. ક્ષર બ્રહ્મ એટલા માટે કહ્યું છે કે તે હંમેશાં પલટાયા કરે છે. તેના નિમિત્ત કારણ એટલે કે સૃષ્ટિ ઉત્પન્ન કરનાર તરીકે રહેલું 'બ્રહ્મ' અક્ષર બ્રહ્મ છે. અક્ષર બ્રહ્મ એટલા માટે કહ્યું છે કે તે અવિનાશી છે. સૃષ્ટિથી પર રહેલું અસંગ એવું બ્રહ્મ 'અવ્યય' અથવા પરબ્રહ્મ છે. તેને પરબ્રહ્મ એટલા માટે કહ્યું છે કે તે બધી અવસ્થાઓમાં એવું ને એવું જ રહે છે અને એ કદી પણ બદલાતું નથી. આ ત્રણેયથી પર એવું તત્ત્વ 'પરાત્પર' (પરથી પણ પર) નામથી વર્ણવ્યું છે. આ ચારેય સ્વરૂપોને પછી પુરુષ કહીને ઓળખાવ્યો છે.

ક્ષર પુરુષ સૃષ્ટિ ઉત્પન્ન કરનારો છે. બધા વિકારો એમાં ઉત્પન્ન થાય છે. એ પરિણામી અને અવ્યક્ત છે. બીજો અક્ષર પુરુષ પ્રજાપતિ (કુંભાર)ની જેમ નિર્માણ કરવાવાળો, અંતર્યામી, નિયંતા, નિર્વિકારી, અપરિણામી અને અવ્યક્ત છે. ત્રીજો અવ્યય પુરુષ કાર્યકારણથી પર, અસંગ અને અવ્યક્ત છે. આ ત્રણેય પુરુષની પાંચ પાંચ કલાઓ છે. જેમ કે, પ્રાણ, આપ, વાક, અન્ન અને અન્નાદ એ ક્ષર પુરુષની કલાઓ છે. બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર, અગ્નિ અને સોમ એ અક્ષર પુરુષની કલાઓ છે. આનંદ, વિજ્ઞાન, મન, પ્રાણ અને વાક એ અવ્યય પુરુષની કલાઓ છે. જ્યારે પરાત્પર તત્ત્વ અકલ, નિષ્કલ અર્થાત્ કલા વિનાનું છે. આવું વર્ગીકરણ એ સ્રષ્ટાઓએ એટલા માટે કર્યું છે કે વ્યષ્ટિ અને સમષ્ટિનું સ્વરૂપ ત્રિપરિમાણી છે. એ ત્રિપરિમાણ છેઃ આધિભૌતિક (The sensory, the physical), આધિવૈદિક (The psychological, the conceptual, the ideational) અને આધ્યાત્મિક (The trans-psychological or spiritual). વ્યક્તિ અને બ્રહ્માંડની પ્રત્યેક ઘટનાને તેઓએ આ અભિગમથી નિહાળી, એનાં જે ત્રિપરિમાણો છે, તેનો સમગ્રદર્શી પરિપ્રેક્ષથી ખ્યાલ આપ્યો છે.

આમ કરતાં એમને પરમાત્માના સગુણ અને સાકારરૂપની ચર્ચા-વિચારણામાં કોઈ રસ નથી. એમને રસ છે આ સચરાચર સૃષ્ટિનું અને અનંત કોટિ બ્રહ્માંડોનું નિર્માણ કરનાર, પોતાના સંકલ્પમાત્રથી એકમાંથી અનેક થનાર અને છતાં એ બધાંથી નિર્લિપ્ત, અસ્પૃશ્ય, અને અગ્રાહ્ય અદૃષ્ટ રહેનાર પરાત્પર એવા બ્રહ્મમાં, જેને આપણે પરમ તત્ત્વ કે પરમાત્મા કહીએ છીએ તેમાં.

ઉપનિષદના આ ઋષિઓનું કહેવું એમ છે કે જગતમાં અને બ્રહ્માંડોમાં જે કાંઈ છે તે સર્વેનો ઉદ્ભવસ્રોત આ બ્રહ્મ જ છે. આપણા પરિચયમાં અને અનુભવમાં આવતાં તમામ આવિષ્કારો અને વિવિધ રૂપો તેનાં જ છે. તે એક હોવા છતાં, વિશ્વની રચના કરવા માટે અનેક જાતનો અને પ્રકારનો બની ગયો છે. મનુષ્ય સંસારના ભાવો અને બ્રહ્માંડના આવિર્ભાવો તો અનેક છે પરંતુ તેમનું ઉત્પત્તિસ્થાન આ અવ્યયપુરુષ છે. તે દિવ્ય પુરુષ અમૂર્ત છે. તે સૌની અંદર અને બહાર હોવા છતાં પણ અજન્મ્યા છે; ઉત્પત્તિથી રહિત છે તે પ્રાણ અને મન બંનેથી પર છે. વાસ્તવિક રીતે તો તેને પરથી પણ પર, એટલે કે પરાત્પર કહી શકાય. તેના અસ્તિત્વ સંબંધી બધા તર્કોનો ત્યાં જ અંત આવી જાય છે; જ્યારે સમજાય છે કે તે પરથી પણ પર છે.

તમામ પ્રાણીઓ અને પદાર્થોનું ઉત્પત્તિ સ્થાન તે છે. તે જન્મરહિત અને અવિનાશી છે. કોઈપણ પ્રાણી એને ઈન્દ્રિયો દ્વારા જોઈ, સાંભળી કે સ્પર્શી શકતું નથી. તે બ્રહ્મતત્ત્વ શાશ્વત, સર્વવ્યાપક અને સૂક્ષ્મથી પણ અત્યંત સૂક્ષ્મ છે. તે અક્ષર તત્ત્વ સર્વનું આલંબન (આધાર) છે. સર્વકાંઈ તેમાં જ રહેલું છે. તે અણુથી પણ અણુ જેવું અને મહાનથી પણ મહાન છે. આ પુરુષ શુક્ર અથવા જ્યોતિરૂપ છે. તે શરીરરહિત છે. તેનામાં કોઈ વ્રણ કે ત્રુટિ નથી. તે નિષ્પાપ અને શુદ્ધ છે. મનના ક્ષેત્રમાં તે જ કવિ અને મનીષી છે. એટલે કે સંકલ્પો કરનાર અને મનને નિયમમાં રાખીને પ્રેરનાર તે જ છે. તે જ સૌમાં વ્યાપેલો સ્વયંભૂ પરમાત્મા છે. તેણે જ સત્ અને ઋત્‌ના, એટલે કે, સત્યના અને યથાર્થક્રમના નિયમોથી વિશ્વના બધા પદાર્થોને સદાકાળને માટે રચ્યા છે અને ક્રિયાન્વિત કર્યા છે. જેવું આ વિશ્વતંત્રના સંચાલનમાં સત્યનું અને યથાર્થક્રમનું ધોરણ પ્રવર્તે છે, તેવું જ તેના આ પ્રવર્તકનું સ્વરૂપ છે.

તે વિશ્વનો કર્તા છે. તે વિશ્વને જાણનારો છે. તે પોતે જ પોતાનું કારણ છે. તે જ્ઞાનમૂર્તિ છે. તે કાળનો પણ કાળ (સંહારક) છે. તે ગુણવાન છે અને સર્વને જાણનારો છે. તે અવ્યક્ત તત્ત્વ તથા ક્ષેત્રજ્ઞ (જીવાત્મા)નો અધિપતિ છે. તે સત્ત્વ, રજસ અને તમસ ગુણોનો નિયંતા છે અને સાંસારિક મનુષ્ય અને પ્રાણીઓના મોક્ષ, સ્થિતિ અને બંધનના કારણરૂપ છે. તે

*તે પરથી પણ પર છે*

પોતે પોતાના સ્વરૂપમાં જ રહેલો છે, અમર છે, સર્વના નિયંતા તરીકે રહ્યો છે, જ્ઞાતા છે અને સર્વત્ર રહેલો છે. તે આ જગતનું પાલન કરનારો છે. તે હંમેશ આ જગત પર અમલ ચલાવનારો છે. તેના સિવાય જગતને નિયમમાં રાખનારું બીજું કોઈ તત્ત્વ નથી.

આ પરમાત્મા બધી દિશાઓમાં રહેલો છે. તે અગાઉ જન્મેલો હતો, ગર્ભાવસ્થામાં પણ તે જ હતો, હમણાં પણ તે જ જન્મેલો છે અને ભવિષ્યમાં પણ તે જ જન્મશે. મતલબ કે ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળમાં જે કોઈ જન્મ્યું હતું, જન્મી રહ્યું હતું કે હવે પછી જન્મવાનું છે તે સૌ એના જ આવિર્ભાવો છે. તે જેમ બધા કાળમાં રહલો છે, તેમ બધી દિશાઓમાં વિસ્તરેલો છે. તે અંડજ, યોનિજ, ઉદ્ભિજ અને જરાયુજ–એમ બધી યોનિના જીવોનો સર્જનહાર છે. મતલબ કે તે બધી જાતના પ્રાણીઓ, પંખીઓ અને વનસ્પતિઓમાં રહેલો છે. તે સ્થળમાં, જળમાં, વાયુમાં, અગ્નિમાં અને આકાશમાં–એમ પાંચેય મહાભૂતોમાં પ્રવેશેલો છે.

આ પરમાત્મા મનુષ્યશરીરમાં આત્મારૂપે વિદ્યમાન (હાજર) છે. તેથી મનુષ્યે સૌથી પ્રથમ તેની જ ઉપાસના કરવી જોઈએ. આ વિશ્વરૂપ પ્રપંચ તેનું જ પરિવર્તન પામી રહેલું રૂપ છે. તે કાળના ભેદોથી અને વિભાગોથી પર છે. તે પાપનું નિરાકરણ કરનારો અને ધર્મને પ્રાપ્ત કરાવનારો છે. તે ભુવનાધિપતિ છે. તેને માટે કાર્ય (બાકી રહી ગયેલું કોઈ કર્તવ્ય) નથી. તેના સમાન કોઈ નથી, તો પછી તેનાથી અધિક ચડિયાતો તો કોઈ ક્યાંથી જ હોય? તેના જ્ઞાન અને બળની શક્તિ તેનામાંથી જ સ્વાભાવિક રીતે જ પ્રગટ થાય છે.

આ ઋષિઓએ જીવાત્મા અને પરમાત્માને એક જ વૃક્ષ ઉપર બેસીને સાથે રહેતાં બે પક્ષીમિત્રોનું રૂપક લઈને બંનેનાં કાર્યોનો સુંદર રીતે નિર્દેશ કર્યો છે. તેઓ કહે છે: જીવાત્મા અને પરમાત્મારૂપ બે પક્ષીઓ સાથે રહેનારા મિત્રો છે અને એક જ શરીરરૂપ વૃક્ષમાં પાસેપાસે રહ્યાં છે. તેમાંનું એક પક્ષી (જીવાત્મા) મીઠું લાગતું ફળ ખાય છે અને બીજું પક્ષી (પરમાત્મા) એવો કશો ભોગ ન કરતાં માત્ર પહેલાં પક્ષીને જોયા કરે છે. મતલબ કે એ વૃક્ષમાં ભોગોમાં આસક્ત બનેલો જીવાત્મા પોતાની લાચારીને કારણે સાંસારિક સ્થૂળ ભોગોનો મોહ કરીને અંતે મોહભંગ થતાં શોક કરે છે. પણ જ્યારે એ જીવાત્મા બીજા પુરુષ પરમાત્માને કોઈપણ રાગભોગમાં લપેટાયા વિનાનો તટસ્થ દ્રષ્ટા અને સાક્ષીરૂપે તેને જુએ છે ત્યારે તેને સમજાય છે કે તે જ આ બધી બાબતો અને વસ્તુઓનો નિયંતા છે. વિશ્વમાં જે કાંઈ રમણા અને ભ્રમણા છે તે એનો જ ખેલ છે, જે કાંઈ બની ગયું, બની રહ્યું છે કે હવે પછી બનશે એ એના થકી જ હોય, જગતનો જે રંગમંચ છે, જીવનનો જે ખેલ છે અને એમાં જીવાત્માની જે કિરદારી છે એ બધું આખરે તો એના કતૃત્વનો નાટારંભ છે, જગતમાં અને બ્રહ્માંડોમાં જે કાંઈ ઐશ્વર્યયુક્ત અને વિભૂતિમત તત્ત્વ છે તે બધો તેનો જ મહિમા છે, એવું જાણે અને સમજે છે ત્યારે તે જીવાત્મા શોકરહિત બને છે. જ્યારે આ જીવાત્મા સોનેરી પ્રકાશવાળા, સૃષ્ટિના કારણરૂપ, કર્તા અને નિયંતા એવા પરમ પુરુષને જુએ છે, ત્યારે એ જ્ઞાનવાન અને શુદ્ધ બનીને, તેમ જ પુણ્ય અને પાપને દૂર હડસેલીને પૂરેપૂરો તેના જેવો થાય છે.

'બાષ્કલ' નામના ઉપનિષદમાં ખુદ પરમાત્માના મુખમાં એનાં સ્વરૂપ, કાર્ય અને મહિમાનું નિરૂપણ ઋષિઓએ આ રીતે કર્યું છે: હું સર્વનો અંતર્યામી, વિશ્વનો નિયંતા છું. મારા મહિમા પર બીજા કોઈનો પ્રભાવ નથી. મેં જ મારી અંદરથી દ્યાવા–પૃથિવીને ફેલાવ્યાં છે. મનુષ્યોની રક્ષા માટે હું ધર્મ ધારણ કરું છું.

હું આ વિશ્વના આત્મભાવયુક્ત પરસ્પર સહકારના યજ્ઞાત્મક પ્રવાહને જાણું છું. આ યજ્ઞો ભુવનોની અમૃતમય નાભિ છે તેને હું જાણનારો છું. આ વિશ્વનો હું પિતા છું તેમ તેની માતા પણ હું છું. હું દ્યુલોક અને અંતરિક્ષના સર્વ બીજોને ધારણ કરું છું.

હું વેદ, યજ્ઞ, દ્વંદ્વ અને રયિનો જાણનારો છું. વિશ્વની માતૃશક્તિ રૂપ જળોની પરિપક્વતા હું જ કરું છું. તેથી એવા જળમય શરીરમાં પણ અગ્નિરૂપ પ્રાણનો પ્રવાહસંચર કરું છું.

હું જ પરમ જાતવેદા અગ્નિ (જ્ઞાનરૂપ અગ્નિ) છું. અધ્વર્યુઓએ યજ્ઞોમાં મારું સમિન્ધન કર્યું છે.

હું મારા રથ વડે ગતિ કરું છું. આ રથમાં એક ચક્ર છે અને ૧૨ આરાઓ છે. હું દરરોજ વધારે ને વધારે પ્રકાશથી પ્રદીપ્ત થઈ રહ્યો છું. અમૃતને ધારણ કરીને મારા શરીરનું પોષણ કરું છું.

હું દિશાઓ, ખૂણાઓ, ઉપર અને નીચે સર્વ તરફ પવિત્રતાને ભરતો લોકોમાં ભ્રમણ કરું છું. હું સમસ્ત ઔષધિઓને ગર્ભ ધારણ કરાવું છું. એથી પ્રજાપતિની પ્રજાઓ પ્રસન્ન થાય છે.

હું આ ભુવનોની મધ્યે વિચરું છું અને પૃથ્વીથી દ્યુલોક સુધીના અંતરાલમાં વ્યાપ્ત થાઉં છું. જે મનુષ્ય હૃદયગુહામાં રહેલા મને ઓળખે છે તે અહીં અનેક આશયો અને સ્થાનોમાં વિચરે છે.

હું એક, પાંચ, દશ, હજાર અથવા અનંત રૂપોમાં સર્વત્ર વ્યાપ્ત છું. આ વિશ્વ મારો જ વિસ્તાર છે. જો મને અસત્ જાણવામાં આવે તો સર્વ કાંઈ અસત્ થઈ જાય છે.

મારી સ્તુતિ કરનાર અથવા તો એવો બીજો કોઈ એ રીતે મને પ્રાપ્ત કરી શકતો નથી. સોમપાન કરનાર અથવા હવિષથી હોમ કરનાર પણ મને પામી શકતો નથી. વિશ્વના સર્વ લોકો મારી કૃપા અને ઈચ્છાથી મારા શરણને પ્રાપ્ત કરે છે.

મારા જે રૂપથી લોકો ભય પામે છે, તે પણ હું જ છું. તેઓ મારું ભક્ષણ કરે છે અને હું તેમનું ભક્ષણ કરું છું. હું અન્ન છું અને જેઓ મને અન્ન બનાવે છે તેમને પણ હું અન્ન બનાવું છું.

મને જાણવા અને પ્રાપ્ત કરવા માટે પહેલાં તમે જે અનેકવાર તપ કર્યું છે, તેથી હું વારંવાર તમારે માટે પ્રગટ થાઉં છું. તમે સત્ અને ઋત્‌ના માર્ગના પર આગળ વધો. આ માર્ગે આગળ ચાલતાં ચાલતાં તમે મારા સુધી આવો.

હું જ્યોતિ છું અને હું જ ઋતનૂને ધારણ કરું છું. ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં થનાર સર્વ કાંઈ હું જ છું. હું જ તમારા રૂપ છું, હું જ મારા રૂપે છું અને તમે મારા રૂપ છો. હૃદયમાં સરલ ભાવ ધારણ કરીને તમે આ તત્ત્વને જાણો.

હું વિશ્વને ધારણ કરનાર, એનું શાસન કરનાર, વિશ્વરૂપ, રુદ્ર, માર્ગદર્શક અને સંપૂર્ણ શક્તિવાળો છું. હું હંસ (સાક્ષીરૂપ), વિશોક (શોકરહિત), અજર (ઘડપણ રહિત) અને પુરાણી (સર્વથી પ્રાચીન) છું.

હું વિધતોમુખ (સર્વ તરફ મુખવાળો) સ્તોત્રગાન કરનાર છું. હું આનંદસ્વરૂપ છું. હું પરમેષ્ઠી (સૃષ્ટિ રચનાર) અને નૃચક્ષા (સર્વના અંતઃકરણનો દ્રષ્ટા) છું. હું સૌથી ઉત્કૃષ્ટ સત્ત્વવાળો છું. આ સમસ્ત ભુવન (વિશ્વ) મારું જ રૂપ છે.

આવા હૃદયકમળની વચમાં રહેલા શુદ્ધ, શોકરહિત, અચિંત્ય, અવ્યક્ત, અનંત રૂપી, કલ્યાણ સ્વરૂપ, સૃષ્ટિના કારણરૂપ, આકાર અને અંધકારરહિત, આદિ-મધ્ય-અંતરહિત, બધાના સાક્ષીસ્વરૂપ, શાંત, અમર, વ્યાપક અને સદ્ચિદાનંદરૂપ પરમેશ્વરને જે કોઈ વ્યક્તિ બ્રહ્મજ્ઞાની આચાર્યની પાસેથી ઉપદેશ લઈને તપ અને બ્રહ્મચર્યાનું પાલન કરીને, પામી શકે છે. ✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર,
ફોન નં. : ૦૨૬૯૨-૨૩૩૭૫૦. સેલ નં. : ૦૯૭૨૭૩૩૩૦૦૦

# જૈન અંગ-આગમમાં વાસુદેવ શ્રીકૃષ્ણ – એક વિવેચન

☐ હિંદી : પં. પૂ. પદ્મમુનિ • ગુજરાતી : પુષ્પા પરીખ

*[ પં. પૂ. પદ્મમુનિ દ્વારા લખાયેલ આ લેખમાં જૈન અંગ સાહિત્યમાં ઉપલબ્ધ માહિતિના આધાર પર વાસુદેવ શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર પ્રસ્તુત કરવામાં આવ્યું છે. લેખમાં યોગ્ય સ્થાને આગમ સાહિત્યમાંથી મૂળનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારતીય સંસ્કૃતિમાં શ્રીકૃષ્ણ એક વિરલ મહાપુરુષોમાં એવા વિરલા મહાપુરુષ છે જેને વૈદિક, જૈન અને બૌદ્ધ પરંપરા સમાન રૂપે મહત્તા આપે છે. આ લેખમાં જૈન અંગસાહિત્યની સાથે સાથે વૈદિક સાહિત્યમાં વર્ણવેલ શ્રીકૃષ્ણચરિતની મુખ્ય વિશેષતાઓ પણ પ્રસ્તુત કરવામાં આવી છે. જૈન આગમો, સ્થાનાંગ, સમવાયાંગ, અંતકૃત-દશાંગ, તથા પ્રશ્નવ્યાકરણમાં કૃષ્ણચરિત્ર ક્રમવાર ઉપલબ્ધ ન થવાથી છૂટે છૂટે રૂપે મળે છે. જૈન પરંપરાના પ્રાચીન સાહિત્યના આધાર પર શ્રીકૃષ્ણ ચરિત્ર પ્રસ્તુત કરવામાં આ પ્રયાસ પ્રશંસનીય છે. ]*

(૧) ભારતીય સંસ્કૃતિ મૂળ બે ભાગમાં વિભક્ત છે-વૈદિક સંસ્કૃતિ અને (૨) શ્રમણ સંસ્કૃતિ. આ બંનેમાં જ્યાં વેદિક સંસ્કૃતિ પ્રવૃત્તિમૂલક છે ત્યાં શ્રમણ સંસ્કૃતિ નિવૃત્તિ પ્રધાન છે, ભારતીય સભ્યતા તથા વિકાસનું સ્વરૂપ આ બંને સંસ્કૃતિઓના તાણાવાણા વડે વણાયેલું છે. જીવનગત વ્યવહારોનું સમ્યક્રૂપે પરિપાલન કરતા આધ્યાત્મિક વિકાસને પ્રમુખતા આપવાનો જ બંને સંસ્કૃતિઓનો મૂળ ઉદ્દેશ રહ્યો છે અને આ લક્ષ્યની પ્રાપ્તિમાં પોતપોતાની પરંપરા-સંમતિ સહ મહાપુરુષોની વ્યક્તિગત વિશેષતાઓ મારફત મળતી પ્રેરણાઓનું અત્યંત મહત્ત્વ રહ્યું છે.

મર્યાદા પુરુષોત્તમ શ્રી રામકૃષ્ણનું સમગ્ર જીવન જ્યાં આપણે માટે આદર્શ છે ત્યાં ભગવાન બુદ્ધની કરૂણાને આપણું મસ્તક નમે છે. તીર્થંકર ભગવાન મહાવીરની સાધના અને સંયમ જ્યાં આપણે માટે પ્રેરણાદાયી અને પ્રકાશ આપનાર છે ત્યાં વાસુદેવ શ્રીકૃષ્ણનું જીવન આપણાને વિવિધ સાંસારિક કર્તવ્યનો બોધ આપે છે. આત્મિક-વિકાસની દૃષ્ટિએ આ મહાપુરુષોમાં પ્રાયઃ સમાનતા હોવા છતાં પણ ગુણોની પ્રસિદ્ધિની પ્રસિદ્ધિએ વાસુદેવ શ્રીકૃષ્ણ એક જુદી જ ક્ષિતિજ પર દૃષ્ટિગોચર થાય છે.

સર્વવિદિત છે કે પ્રત્યેક ધર્મપરંપરા પોતપોતાના આરાધ્ય મહાપુરુષોના ગુણાનુવાદ અત્યંત શ્રદ્ધાભક્તિથી કરે છે. પરંતુ કર્મયોગી વાસુદેવ એવા મહાપુરુષ વિરલા છે જેમને વૈદિક, જૈન અને બૌદ્ધ ત્રણેય પરંપરાઓ સમાન રૂપે આદર આપે છે અને તેમનો મહાપુરુષના રૂપમાં સ્વીકાર કરે છે. વસ્તુતઃ વાસુદેવ શ્રીકૃષ્ણના વિરાટ વ્યક્તિત્વનો જ આ પ્રભાવ છે કે અનેક ધાર્મિક તથા સાંસ્કૃતિક પરંપરા એને પોતાના વાંગ્મયમાં સમ્મિલિત કરીને સ્વયંને ગૌરવાન્વિત મહેસૂસ કરે છે. આ બધી પરંપરાઓમાં એવા ભક્તોને સહેલાઈથી શોધી શકાય છે જે શ્રીકૃષ્ણનું નામસ્મરણ કરીને પોતાના માનસને આનંદવિભોર કરે છે અને પોતાના આરાધ્ય દેવ તરીકે સ્વીકાર કરે છે.

વૈદિક પરંપરામાં જ્યાં કૃષ્ણ વાસુદેવને વિષ્ણુના અવતાર માનીને એમનો ભગવાન તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે ત્યાં બૌદ્ધ સાહિત્યમાં પ્રચલિત જાતકકથાઓ અંતર્ગત ઘટેલ જાતકનો સંબંધ કૃષ્ણચરિત સાથે છે. જૈન પરંપરામાં કૃષ્ણને ૬૩ શલાકા પુરુષો અંતર્ગત ૫૪મા શલાકા પુરુષ માનવામાં આવે છે તથા તેમનો ભાવિ તીર્થંકરના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો છે. જાણીતું છે કે જૈન પરંપરામાં જીવન-વિકાસના સર્વોચ્ચ પદનો તીર્થંકર પદના રૂપ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. તીર્થંકર પદની ચક્રવર્તી અને અર્ધચક્રવર્તીના રૂપમાં વાસુદેવની પરિગણના છે. ચક્રવર્તી જ્યાં છ ખંડના અધિપતિ મનાય છે ત્યાં વાસુદેવને ત્રણ ખંડના અધિપતિ માનવામાં આવ્યા છે, માટે કૃષ્ણ વાસુદેવ ત્રણ ખંડના અધિપતિ હતા. શ્રીકૃષ્ણ ગયા જન્મમાં વાસુદેવ રહ્યા છે અને ભાવિ જીવનમાં તીર્થંકર બનશે. આના પરથી અનુમાન બાંધી શકાય કે જૈન પરંપરામાં તેઓ કેટલા ઉચ્ચ કોટિના સમ્માનીત મહાપુરુષ છે.

જૈન પરંપરા પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ ખંડમાં નવ નવ વાસુદેવોનું હોવું માને છે અને વર્તમાન અવસર્પિણી કાળના નવમા અથવા અંતિમ વાસુદેવના રૂપમાં શ્રીકૃષ્ણનો સ્વીકાર કરે છે.

આ પ્રકારે સ્પષ્ટ છે કે ઉક્ત ત્રણ પરંપરાઓમાં ઘણાં માન સાથે કૃષ્ણ વાસુદેવના ગુણો અને કિર્તન કરવામાં આવ્યા છે. એમના અદ્ભુત વ્યક્તિત્વને જોઈને એમ ખ્યાલ આવે છે કે મહાપુરુષોના જીવન, ક્ષેત્ર અને કાળની સીમાથી પર અથવા દેશાતીત અને કાલાતીત થઈ જાય છે. ખરેખર તો કૃષ્ણ વાસુદેવ યુગપુરુષ હતા. એમનું જીવન ક્ષીરસાગરની માફક વિરાટ અને તૃપ્તિદાયક હતું. માટે સર્વત્ર એમને શ્લાઘનીય અને વંદનીય સ્વીકારવામાં આવ્યા છે.

ભારતીય પરંપરાઓમાં સદૈવ સદાચાર તથા ન્યાય-નીતિ સંપન્ન જીવનને જ સર્વોચ્ચ પ્રતિષ્ઠા આપવામાં આવી છે. સત્તા અને વિદ્વતાની પણ પ્રતિષ્ઠા છે, પરંતુ એમાં ધર્મ, ન્યાય, નીતિ આદિ સદાચારના ગુણ હોય ત્યારે જ અન્યથા ધર્માચરણ વિહીન મનુષ્ય ગમે તેટલો સત્તા સંપન્ન કેમ ન થઈ જાય, તે કદી પણ જગત્ પૂજ્ય ન થઈ શકે. કૃષ્ણ વાસુદેવની પણ જે પ્રતિષ્ઠા એ પરંપરાઓમાં દૃષ્ટિગોચર થાય છે તે સત્તાના જોર પર નહીં પરંતુ ન્યાય-નીતિ સદાચાર યુક્ત ધર્મના જોરને લીધે જ છે. રાજનૈતિક ક્ષેત્રમાં ધર્મના સફળ પ્રયોગ કરવાવાળા કૃષ્ણવાસુદેવ લોકધર્મના સંસ્થાપક અને અદ્વિતીય મહપુરુષ હતા.

**વૈદિક પરંપરામાં શ્રીકૃષ્ણ**

વાસુદેવ શ્રીકૃષ્ણના જીવનના પ્રસંગો તથા તેમની વિશેષતાઓનું વિસ્તૃત વિવેચન આપણને વૈદિક સાહિત્યમાં પ્રચુર પરિમાણમાં મળી જાય છે. ઋગ્વેદમાં કૃષ્ણના ત્રણ સ્વરૂપનો ઉલ્લેખ મળે છે : (૧) મંત્રદૃષ્ટા ઋષિ (અષ્ટમ તથા દશમ મંડલ) (૨) અપત્યવાચા (પ્રથમ મંડલ) અને (૩) કૃષ્ણના સુરના રૂપમાં (અષ્ટમંડલ). એમ લાગે છે કે ઉપર્યુક્ત ત્રણે રૂપનો સંબંધ વાસુદેવ શ્રીકૃષ્ણની સાથે નહીં પણ કૃષ્ણ નામના કોઈ બીજા ઋષિ આદિની સાથે છે કારણકે વાસુદેવ શ્રીકૃષ્ણ વેદો કરતાં પહેલાના મહાપુરુષ છે.

ઐતરેય આરણ્યકમાં કૃષ્ણહરિત નામનો ઉલ્લેખ છે. તૈતરેય આરણ્યકમાં કૃષ્ણના દેવીત્ત્વની ચર્ચા છે. કૌશિતકી બ્રાહ્મણ તથા છાંદોગ્યોપનિષદમાં અંગિરસ કૃષ્ણનો ઉલ્લેખ છે. શક્યતયા આ નામ 'અંગિરસ ઋષિ' પાસે અધ્યયન કરવાના કારણે આવ્યું હોવું જોઈએ.

મહાભારતમાં કૃષ્ણને વાસુદેવ, વિષ્ણુ, નારાયણ, ગોવિંદ, દેવકીનંદન, આદિ નામો વડે જણાવવામાં આવ્યા છે. અઢાર પુરાણોમાંથી લગભગ દસ પુરાણો-ગરૂડપુરાણ, કર્મપુરાણ, વાયુપુરાણ, અગ્નિપુરાણ, નારદપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, હરિવંશપુરાણ, દેવીભાગવત, શ્રીમદ્ ભાગવત્ તથા વિષ્ણુપુરાણમાં તેમને બ્રહ્મા અને વિષ્ણુ સહિત બધા દેવતાઓ માટે વંદનીય ગણાયા છે.

વૈદિક પરંપરામાં ખાસ કરીને કૃષ્ણની બાલ્યાવસ્થાથી યુવાવસ્થા સુધી લઈને વિપુલ સાહિત્યની રચના કરી છે; જેમાં બાલ્યાવસ્થાના ચમત્કાર તથા યુવાવસ્થાની રાસલીલાઓ તથા વીરતાને લઈને કવિઓએ પોતાની તુલના વડે ચિત્તાકર્ષક ચિત્રણ કર્યું છે, એટલું જ નહીં આ પરંપરા એમને પૂર્ણાવતાર કહીને પરિપૂર્ણ મહાપુરુષના રૂપમાં સ્વીકાર કરે છે. શ્રીમદ્ ભાગવતમાં તેમને પરમ બ્રહ્મ કહીને સંબોધિત કર્યા છે.

ભારતીય જનમાનસમાં સર્વાધિક પ્રભાવ પાડવાવાળા બે મહાપુરુષો છે–કૃષ્ણ અને રામ, જેની કથાઓ આબાલ-વદ્ધને આનંદવિભોર કરી દે છે. બંનેને અવતાર માનવામાં આવ્યા છે. પૂર્ણાવતારનું તાત્પર્ય છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં શિખર પર પહોંચેલા મહાપુરુષ રામનું જીવન મર્યાદિત છે એટલા માટે તેઓ મર્યાદાપુરુષોત્તમ કહેવાય છે. પરંતુ કૃષ્ણનું જીવન સમુદ્રની જેમ વિસ્તૃત છે, કોઈ મર્યાદા એને સીમિત ન કરી શકી માટે તેઓ પૂર્ણાવતાર કહેવાયા.

બાલ્યાવસ્થામાં કરેલ વિભિન્ન પ્રકારની ચમત્કારિક ઘટનાઓ, શિશુપાલના મૃત્યુદંડ આપવા લાયક સો અપરાધોને ક્ષમા કરવા, કંસનો સંહાર કરી અત્યાચારને જડમૂળથી નાબૂદ કરવાનો પ્રયાસ, દ્રૌપદીની નષ્ટ થતી લજ્જાની સુરક્ષા, મહાભારતનું યુદ્ધ ટાળવા માટે પોતાના હાથ નીચેના રાજાઓ પાસે શાંતિદૂત બની જવું તથા હતોત્સાહિત અર્જુનને કર્તવ્યબોધ આપવા તથા ગીતાનું અદ્ભુત જ્ઞાન પ્રદાન કરી કર્મયોગ, સ્થિતપ્રજ્ઞતા, અનાસક્ત યોગ આદિની પ્રતિષ્ઠા કરવી વગેરે એવી વિશેષતાઓ છે જેના કારણે તેઓ પૂર્ણાવતાર કહેવાયા.

તેમને સાક્ષાત્ વિષ્ણુનો અવતાર માન્યા છે. જોવા જઈએ તો સમસ્ત વૈદિક પરંપરા કૃષ્ણમય જણાય છે. જે પ્રકારે મહાભારતમાંથી જો કૃષ્ણને દૂર કરી દેવામાં આવે તો કંઈ પણ સાર્થક બચતું નથી, એ જ રીતે વૈદિક પરંપરામાંથી જો કૃષ્ણને દૂર કરી દેવામાં આવે તો આખી પરંપરા અધૂરી થઈ જાય છે. વર્તમાનમાં પહેલાં સર્વત્ર આયોજિત થતી કૃષ્ણલીલાઓ તથા રાસલીલાઓ જનમાનસમાં કૃષ્ણના પ્રભાવને દર્શાવવા માટે પર્યાપ્ત છે.

**જૈન પરંપરામાં કૃષ્ણ**

ધર્મયોગી વાસુદેવ શ્રીકૃષ્ણના ઉદાત્ત વ્યક્તિત્વને પ્રત્યેક ભારતીય ધર્મ-પરંપરાએ પ્રભાવિત કર્યા છે. જૈન પરંપરા પણ આ પ્રભાવથી જાણીતી છે. ૨૨મા તીર્થંકર અર્હત્ અરિષ્ટનેમિ અને શ્રીકૃષ્ણ વાસુદેવ એક જ કુળના તથા કાકા કાકાના ભાઈ રહ્યા છે. માટે જૈન પરંપરામાં જ્યાં જ્યાં અરિષ્ટનેમિનું વર્ણન થયું છે ત્યાં ત્યાં અનાયાસ જ શ્રીકૃષ્ણનું પણ વર્ણન મળે છે. ઉંમરમાં કૃષ્ણ મોટા હતા તો આધ્યાત્મિક સમૃદ્ધિની દૃષ્ટિથી તીર્થંકર હોવાના નાતે અરિષ્ટનેમિ મોટા હતા. બંને મહાપુરુષોના અનુસ્યૂત જીવન ખરેખર અનેક લોકો માટે આધ્યાત્મિક માર્ગ પ્રશસ્ત કરવાવાળા–ઉજ્જવલિત કરવાવાળા હતા.

જૈન સાહિત્યમાં સર્વાધિક મહત્ત્વ આગમ સાહિત્યનું કહ્યું છે અને આ પ્રાચીનતમ સાહિત્ય છે. આગમ સાહિત્યના આધાર પર પહેલાંના સમયમાં વૈવિધ્યપૂર્ણ વિપુલ સાહિત્ય રચાયું, જેમાં આપણને વાસુદેવ શ્રીકૃષ્ણનું જીવનવૃત્ત ક્રમબદ્ધ તથા વિસ્તૃત રૂપે પ્રાપ્ત થાય છે. પરંતુ એના પહેલાના અને પ્રાચીન અંગ-આગમ સાહિત્યની જો કે સાક્ષાત્ તીર્થંકર મહાવીર તથા એમના મેધાવી શિષ્ય ગણધરો સાથે સંબંધિત છે, એમના સન્માન સાથે જે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે તેનાથી અનેક જીવનની વ્યાપકતાને સહેલાઈથી અનુમાનીત કરી શકાય છે.

અત્રે જાણીતું છે કે કૃષ્ણના જીવનનું જે સ્વરૂપ આપણને વેદમૂલક સાહિત્યમાં મળે છે તે જૈન સાહિત્યમાં પહેલાં નથી. વેદ-મૂલક સાહિત્યમાં જ્યાં તેમની બાલ્યાવસ્થા તથા યુવાવસ્થાનો એમાં પણ

વિશેષકારી મહાભારત સુધીનું જીવન અત્યંત વિસ્તાર સાથે જણાવેલું છે. જ્યારે જૈન સાહિત્યમાં એમની યુવાવસ્થા પછીનું જીવન-વૃત્તાંત વિસ્તૃત રૂપે વિવેચિત થયું છે. જૈન સાહિત્યમાં પ્રાપ્ત યુવાવસ્થા પૂર્વેનું જીવનવૃત્તાંત વસ્તુતઃ વૈદિક પરંપરાના સાહિત્યથી પ્રભાવિત થયેલું જણાય છે.

વૈદિક પરંપરામાં તેઓને વાસુદેવ કહે છે કારણ કે તેઓ વસુદેવના પુત્ર હતા; પરંતુ જૈન પરંપરામાં તેમને વાસુદેવ કહેવાનું કારણ તદ્દન જુદું જ છે. તેમાં વાસુદેવ પદ શલાકા મહાપુરુષોની શ્રેણીમાં એક પદવી ગણાય છે. જૈન પરંપરામાં આ અવસર્પિણી કાળમાં નવ વાસુદેવ થયા છે જેમકેઃ-

तिविट्ठय दुविट्ठय संयभू पुरिसुत्तमे ।
पुरिससीहे तह पुरिसपंकरीए, दत्त नारायणे कण्हे ।।

અર્થાત્ (૧) ત્રિપૃષ્ઠ (૨) દ્વિપૃષ્ઠ (૩) સ્વયંભૂ (૪) પુરુષોત્તમ (૫) પુરુષપુંડરિક (૬) દત્ત (૭) નારાયણ (૮) લક્ષ્મણ અને (૯) કૃષ્ણ. આ નવ વાસુદેવ થયા છે.

આ સર્વે વાસુદેવોના નામ અનુક્રમે આ પ્રકારે છે-(૧) પ્રજાપતિ (૨) બ્રહ્મ (૩) રૂદ્ર (૪) સોમ (૫) શિવ (૬) મહાશિવ (૭) અગ્નિશિવ (૮) દશરથ અને (૯) વસુદેવ.

જેમકે-

प्रथावती य बंभे, रादे सोमे सेवेति य ।
महसिहे अग्गिसिहे, दसरहे नवमे य वसुदेवे ।।

જૈન પરંપરામાં શ્રી કૃષ્ણ એક શલાકાપુરુષ છે. ભગવાન અરિષ્ટનેમિએ તેમને ભાવિ તીર્થંકર કહ્યા છે.-

'आगमेसाऐ उस्सप्पिणी पुंडेसु जणवदेसु सयदुवारे
बारसमे अगमे नामं अरट्टा भविस्ससि'

તેમના સંપૂર્ણ જીવનમાં કોઈ પણ પ્રકારની સ્ખલના દૃષ્ટિગોચર થતી નથી. અર્હત અરિષ્ટનેમિના સંપર્કનો જ પ્રભાવ લાગે છે કે શ્રીકૃષ્ણના જીવનમાં અહિંસા આદિ અધ્યાત્મિક મૂલ્યોની પ્રતિષ્ઠા એટલી બધી હતી કે તેમના સમગ્ર જીવનમાં એ જણાતી હતી. રાજાગણ પ્રાયઃ શિકાર-પ્રિય હતા પરંતુ કૃષ્ણના જીવનમાં શિકાર પર ગયાનો એક પણ પ્રસંગ મળતો નથી. જેનાથી પણ એમના અહિંસક હોવાનું જણાય છે. તેઓએ હંમેશાં યુદ્ધ ટાળવાનો ભરપૂર પ્રયાસ કર્યો હતો. તેઓ શાકાહારના સમર્થક હતા. એમના જીવનમાં કશે પણ માંસાહારનો ઉલ્લેખ મળતો નથી. તેઓએ અનેક કન્યાઓ સાથે લગ્ન જરૂર કર્યા પરંતુ તેઓ ભોગને શ્રેષ્ઠ નહોતા માનતા. તેઓએ તેમના પુત્રો, પુત્રવધૂઓ, ધર્મપત્નીઓ, આદિને સંયમ માર્ગ અપનાવવાની પ્રેરણા આપી. નાગરિકોમાંથી જો કોઈ પ્રભુના ચરણે દીક્ષિત થાય તેને પૂરેપૂરી સહાયતા પ્રદાન કરતા. એટલું જ નહીં દિક્ષાર્થીઓ દ્વારા દીક્ષા ગ્રહણ કર્યા બાદ ઘરમાં રહેલા પરિવાર જનોના ભરણ-પોષણનું પૂરુંપૂરું ધ્યાન રાખતા હતા. તેઓ પૂર્ણ ગુણાનુરાગી હતા. તેઓ પોતાના દિવસની શરૂઆત માના ચરણોમાં વંદન કરીને કરતા.

**અંગ-આગમોમાં શ્રીકૃષ્ણનું વૈશિષ્ટય**

જૈન અંગ ગ્રંથોની સંખ્યા બાર છે. બારમું અંગસૂત્ર 'દૃષ્ટિવાદ' લુપ્ત છે. બાકીના અગિયાર અંગ - (૧) આચારાંગ (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતી) (૬) જ્ઞાતાધર્મકથા (૭) ઉપાસક દશા (૮) અંતકૃદશા (૯) અનુત્તરૌપપાતિક દશા (૧૦) પ્રશ્નવ્યાકરણ (૧૧) વિપાકસૂત્ર વર્તમાનમાં ઉપલબ્ધ છે. ઉપલબ્ધ જૈન અંગ આગમોમાંથી સ્થાનાંગ, સમવાયાંગ, નાયાધમ્મકહાઓ, અંતકૃદ્દશાંગ તથા પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં કૃષ્ણ વાસુદેવના જીવનની વિશેષતાઓનું ઓછીવત્તી માત્રામાં વિવેચન ઉપલબ્ધ છે.

ઉપલબ્ધ અંગ-ગ્રંથોમાં કૃષ્ણ વિવેચન અનુક્રમ પ્રમાણે ન હોવાથી વિશ્રૃંખલ રૂપમાં થયું છે. પરંતુ પહેલાંનું સાહિત્ય ત્રિશષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, ચઉપન્નમહાપુરિસચરિયં, વસુદેવહિણ્ડી, હરિવંશપુરાણ, ભવભાવના, આદિ ગ્રંથોમાં જે વિસ્તૃત તથા ક્રમબદ્ધ રૂપે વિવેચિત થયું છે, એ મુખ્ય પાત્ર ન હોવા છતાં આગમના થોડા અધ્યાય કૃષ્ણમય જણાય છે. આ તેમના વ્યક્તિત્વની વ્યાપકતાને કારણે જ છે. જૈનાગમોમાં ભાવિ તીર્થંકરના રૂપમાં એમનો સ્વીકાર કરીને તેમને સર્વ શ્રેષ્ઠ મહત્તા પ્રદાન કરવામાં આવી છે.

જૈન ગ્રંથો અનુસાર કૃષ્ણ ગુણ-સંપન્ન અને સદાચાર નિષ્ઠ હતા. અત્યંત ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી અને યશસ્વી મહાપુરુષ હતા. તેમને ઓઘબલિ, અતિબલિ, મહાબલિ, અપ્રતિહત તથા અપરાજિત કહેવામાં આવે છે. તેઓ એટલા બળવાન હતા કે મહારત્ન વજ્રને પણ ચપટીમાં મસલી કાઢતા.

શ્રીકૃષ્ણના બાહ્ય વ્યક્તિત્વનું વર્ણન કરતાં આચાર્ય દેવેન્દ્રમુનિજી લખે છે, 'શ્રીકૃષ્ણનું શરીર માન ઉન્માન તથા પ્રમાણ સુજાત તથા સર્વાંગ સુંદર હતું. તેઓ લક્ષણો, વ્યંજનો અને ગુણોસભર હતા. એમનું શરીર દસ ધનુષ લાંબું હતું. તેઓ અત્યંત દર્શનીય-કાન્ત, સૌમ્ય, સુભગ અને પ્રિયદર્શી હતા. તેમને જોઈને ફરી ફરી જોવાનું મન થતું. તેઓ અત્યંત પ્રિય લાગતા હતા. તેઓ પ્રગલ્ભ, વિનયી, તથા ધીર હતા. સુખી હોવા છતાં પણ તેઓની નજીક આળસ ફરકતી નહીં. તેમની વાણી ગંભીર, મધુર અને પ્રીતિપૂર્ણ હતી. એમનો નિનાદ (અવાજ) કૌંચ પક્ષીના ઘોષ, શરદ ઋતુના આકાશના ગડગડાટ તથા દુંદુભિની માફક મધુર અને ગંભીર હતો. તેઓ સત્યવાદી હતા. તેમની ચાલ શ્રેષ્ઠ ગજેન્દ્ર માફક લલિત હતી. તેમના શરીર પર પીળા રંગનું પિતાંબર શોભતું. તેમના મુગટમાં ઉત્તમ ધવલ, શુક્લ, નિર્મળ, કૌસ્તુભ મણિ રહેતું. તેમના કાનમાં કુંડળ, છાતી પર હાર તથા શ્રીવત્સનું ચિહ્ન અંકીત રહેતું. તેઓ દુર્ધર ધનુર્ધર હતા. તેમના ધનુષનો ટંકાર બહુ ઉદ્‌ઘોષણકર રહેતો. તેઓ શંખ, ચક્ર, ગદા, શક્તિ અને નન્દક ધારણ કરતા હતા તથા ઊંચી ગરૂડ ધજાધારક હતા.

અંગ સાહિત્યમાં ઉપલબ્ધ શ્રીકૃષ્ણ સાથે સંબંધિત તથ્યને આ પ્રકારે પ્રસ્તુત કરી શકાય.

**(૧) સ્થાનાંગ સૂત્ર**

સ્થાનાંગ સૂત્ર ત્રીજું અંગ-આગમ છે. આમાં પુરુષ ત્રણ પ્રકારના કહ્યા છે. ઉત્તમ પુરુષ, મધ્યમ પુરુષ અને જઘન્ય પુરુષ. આમાંથી ઉત્તમ પુરુષના પાછા ત્રણ ભેદ કહ્યા છે–ધર્મ પુરુષ (અર્હત), ભોગ

પુરુષ (ચક્રવર્તી) અને કર્મપુરુષ (વાસુદેવ). કારણ કે કૃષ્ણ વાસુદેવ છે માટે જૈનાગમોમાં એમની ગણના ઉત્તમ કર્મપુરુષના રૂપમાં થઈ છે. સ્થાનાંગ સૂત્રમાં જ ઋદ્ધિમાન અર્થાત્ વૈભવશાળી મનુષ્ય પાંચ પ્રકારના બતાવ્યા છે. જેમકે – (૧) અર્હત્ (૨) ચક્રવર્તી (૩) બળદેવ (૪) વાસુદેવ અને (૫) અણગાર. આ પ્રમાણે વાસુદેવ શ્રીકૃષ્ણની ગણના ઋદ્ધિમાન પુરુષોમાં કરવામાં આવી છે. સ્થાનાંગ સૂત્રના આઠમા સ્થાનમાં જણાવવામાં આવ્યું છે.

'कण्हस्स णं वासुदेवस्स अट्ठ अग्गमहिसीओ अरहतो णं अरिट्ठनेमिस्स अंतितं मुंडा भवेत्ता अगारातो अणगारितं पव्वतिता सिद्धओ जाव सव्वदुक्खप्पहिणाओ, तंजहा, पठमावई व गोरी, गंधारी लक्खणा सुसीसा या जंतवती सच्चभामा, रूप्पिणी कण्हग्गमहिसीओ।'

અર્થાત્ કૃષ્ણની આઠ પટરાણીઓ–પદ્માવતી, ગૌરી, લક્ષણા, સુસીમા, જાંબવતી, સત્યભામા, ગાંધારી અને રૂક્મણીએ ભગવાન અરિષ્ટનેમિ પાસે મુંડન કરાવી પ્રવ્રજિત થઈ સર્વ દુઃખો રહિત સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરી.

**(૨) સમયાંગ સૂત્ર**

ચતુર્થ અંગ-આગમ સમવાયાંગ સૂત્ર અનુસાર પ્રત્યેક ઉત્સર્પિણી કાળમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ બલદેવ, ૯ વાસુદેવ આદિ શ્લાઘનીય મહાપુરુષ હોય છે. ત્યાં વર્તમાનકાલીન તથા આગામીકાલીન ઉક્ત મહાપુરુષોના નામોનો પણ ઉલ્લેખ છે. સંભવતયા આજ આધાર પર શીલાંકાચાર્યે 'ચઉપન્ન મહાપુરિસ ચરિયં'ની રચના કરી છે. ઉક્ત સંખ્યામાં જો ૯ પ્રતિવાસુદેવોને પણ જોડી દેવામાં આવે તો આ સંખ્યા ૬૩ થઈ જાય છે. આ ૬૩ મહાપુરુષોને ગણીને જ હેમચંદ્રાચાર્ય દ્વારા ત્રિશિષ્ટશલાકા પુરુષ ચરિત્ર નામના ગ્રંથની રચના થઈ છે.

આ રીતે સમવાયાંગ સૂત્રમાં ૫૪ શલાકા મહાપુરુષોના વર્ણન કરતા કૃષ્ણની વિશેષતાઓનો ઉલ્લેખ વિસ્તારથી કરવામાં આવ્યો છે તથા શ્રીકૃષ્ણ દ્વારા તત્કાલીન પ્રતિવાસુદેવ જરાસંઘના વધનું પણ વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. અત્રે વાસુદેવ અને પ્રતિવાસુદેવના વર્તનનું પણ વર્ણન છે. કારણ કે જૈન પરંપરામાં પ્રતિવાસુદેવનું મૃત્યુ વાસુદેવના હાથે જ થયેલું માનવામાં આવે છે. અતઃ જરાસંઘના મૃત્યુ બાદ જ શ્રીકૃષ્ણ વાસુદેવના અધિકોરોને પ્રાપ્ત કરી શક્યા હતા. અત્રે કૃષ્ણની અનેક વિશેષતાઓનું વર્ણન કરતાં કહેવાયું છે કે–તેઓ અતિબલ, મહાબલ, નિરૂપક્રમ, આયુષ્યવાળા, અપરાજિત શત્રુનું માન મર્દન કરવાવાળા, દયાળુ, ગુણગ્રાહી, અમત્સર, અચપલ, ચક્રોથી તથા શેષ-શોકાદિથી રહિત ગંભીર સ્વભાવવાળા હતા.

આથી સ્પષ્ટ છે કે આ બધા ઉદાહરણોમાં કૃષ્ણ વાસુદેવનો શલાકા મહાપુરુષના રૂપમાં ઉલ્લેખ થયો છે. તેઓ નવમા અને અંતિમ વાસુદેવ હતા તથા ૨૨મા તીર્થંકર અરિષ્ટનેમિના ભાઈ થતા હતા, અર્થાત્ અરિષ્ટનેમિના પિતા સમુદ્રવિજય અને કૃષ્ણના પિતા વસુદેવ બંને ભાઈ હતા તેથી સ્પષ્ટ છે કે અરિષ્ટનેમિ અને કૃષ્ણ પણ ભાઈ હતા.

**જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર**

છઠ્ઠા અંગ-આગમ-જ્ઞાતાધર્મકથાંગ સૂત્રના પાંચમા અને સોળમા અધ્યયનમાં કૃષ્ણ વાસુદેવની વિવિધ વિશેષતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. પાંચમા અધ્યાયથી એમની આધ્યાત્મિક અભિરૂચિ વિષે જાણવા મળે છે. જ્યારે તેમને ખબર પડે છે કે થાવચ્ચા પુત્ર દીક્ષા લેવા માગે છે ત્યારે તેમણે તરત જ કહ્યું કે, 'તેમનો દીક્ષાભિષેક હું કરીશ.' અને તે જ સમયે પોતે જ થાવચ્ચાપુત્રને મળવા ગયા. એમણે ઈચ્છ્યું હોત તો થાવચ્ચા પુત્રને પોતાને મળવા બોલાવી શકતે પરંતુ ધર્મપંથ પર ચાલવાવાળાને તેઓ ઘણું મહત્ત્વ આપતા માટે સ્વયં તેને ઘેર ગયા અને એટલું જ નહીં પણ અત્યંત ચતુરાઈપૂર્વક થાવચ્ચાપુત્રના વૈરાગ્યની પરીક્ષા કરતા કહેવા લાગ્યા, 'હે દેવાનુપ્રિય! હું તમારી આસપાસ ફરતી હવા સિવાય તમારી તમામ સમસ્યા વિરૂદ્ધ તમારું રક્ષણ કરીશ માટે તમે હાલ તુરત દીક્ષિત ન થાવ.' થાવચ્ચાપુત્ર કહે છે, 'હે દેવાનુપ્રિય! જો આપ મને વૃદ્ધત્વ અને મૃત્યુથી બચાવી શકતા હો તો હું આપનો પ્રસ્તાવ સ્વીકાર કરીશ.'

આ જવાબ સાંભળી ભગવાન અવાક્ બની ગયા અને પ્રેરણા આપતા કહેવા લાગ્યા કે કર્મક્ષય થયા પછી જ વૃદ્ધત્વ અને મૃત્યુથી છુટકારો મળે છે. આ સાંભળી થાવચ્ચા પુત્રએ કહ્યું, 'હું કર્મક્ષય કરવા માટે જ દીક્ષિત થવા ઈચ્છું છું.' આ સંકલ્પ સાંભળી પ્રમુદિત મનવાળા કૃષ્ણ વાસુદેવે થાવચ્ચા પુત્રની સાથે દીક્ષા લેવા તૈયાર થયા. એક હજાર દીક્ષાર્થીઓનો દીક્ષા મહોત્સવ અત્યંત ઉત્સાહ સાથે કરાવડાવ્યો.

આ કથાનકથી કૃષ્ણ વાસુદેવની ધાર્મિક અભિરૂચિનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. આ રીતે પ્રસ્તુત આગમના સોળમા અધ્યાયમાં તેની અદ્વિતિય શક્તિનું મર્મસ્પર્શી વર્ણન કર્યું છે. જેમકે, 'एगाए ताहाए रहं सतुरगं ससारहिं गेण्हइ एगाए बाहाए गंगं महानइं बासट्ठि जोयणाइं अद्ध जोयणं च वित्थिण्णं उत्तरिठं पयत्ते यावि होत्था' અર્થાત્ 'લવણ સમુદ્રની બહાર ઘાતકી ખંડમાં આવેલ દ્રૌપદીના અપહરણ કરવાવાળા અમરકંકાધિપતિ પદ્મનાભને હરાવી હસ્તિનાપુર પાછા ફરતી વખતે કૃષ્ણ વાસુદેવે એક હાથમાં ઘોડા અને સારથિ સહિત રથને લીધો અને બીજા હાથે સાડા બાસઠ યોજન (લગભગ ૮૦૦ કિ.મી.) વિસ્તીર્ણ ગંગા નદિને પાર કરવા માટે ઉત્સુક થયા અને પાર કરી.' આ ઉદાહરણ પરથી સમજાય છે કે કૃષ્ણ વાસુદેવ અપાર બળના સ્વામિ હતા અને એટલા માટે જ એમને અતિબલિ અને મહાબલિ કહ્યા છે. આ જ આગમમાં એનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પાંડવોની માતા કુંતી કૃષ્ણની ફોઈ હતી એટલા માટે પાંડવોની સાથે કૃષ્ણનો પારિવારિક સંબંધ હતો અને એ જ કારણે તેઓ દ્રૌપદીની રક્ષા હેતુ અમરકંટક ગયા હતા.

**(૪) અંતકૃત્ દશાંગ સૂત્ર**

આઠમો અંગ ગ્રંથ અંતકૃત્ દશાંગ સૂત્રના આઠ વર્ગોમાંથી શરૂઆતના પાંચ વર્ગોમાં વાસુદેવ શ્રીકૃષ્ણનો પુરતો ઉલ્લેખ મળે છે. અહીં એમની રાજ્યગત સમૃદ્ધિ, દ્વારકાનું સ્વરૂપ તથા તેમના પરિવારનો વિસ્તૃત ઉલ્લેખ થયો છે. આમાં કૃષ્ણવાસુદેવની વિભિન્ન વિશેષતાઓનું વર્ણન થયું છે. આ સૂત્રના આઠ વર્ગોમાંથી શરૂઆતના પાંચ વર્ગોનું વિવેચન કૃષ્ણની આસપાસ ઘૂમતું માલમ પડે છે. એમાં દ્વારકા નગરીનો વૈભવ, કૃષ્ણની ધર્મશ્રદ્ધા, કૃષ્ણનું સમૃદ્ધ અંતઃપુર તથા દ્વારકાનગરીનો વિનાશ, કૃષ્ણનો દેહોત્સર્ગ, વગેરેનું વિવેચન વિસ્તારપૂર્વક કરવામાં

આવ્યું છે. આના પ્રથમ વર્ગના પ્રથમ અધ્યાયમાં દ્વારકાના વૈભવ તથા ગૌતમકુમારના ભવ્ય દીક્ષા મહોત્સવનું વર્ણન છે. તૃતીય વર્ગના આઠમા અધ્યાયમાં કૃષ્ણના નાના ભાઈ ગજસુકુમારની માર્મિક કથાનું વિવેચન છે તથા પંચમ વર્ગમાં દ્વારકાના વિનાશ તથા કૃષ્ણના દેહોત્સર્ગનું વર્ણન મળે છે.

આ આગમમાં કૃષ્ણ વાસુદેવની વિભિન્ન વિશેષતાઓ જોવા મળે છે. જેમકે (૧) ભાવિ તીર્થંકર (૨) જિજ્ઞાસુ સ્વરૂપ (૩) કરૂણા પુરુષ (૪) સાચા હિતૈષી (૫) માતૃભક્ત (૬) ન્યાયપાતક (૭) કષાયવિજેતા (૮) ધર્મ પ્રભાવક વગેરેનું ક્રમબદ્ધ વિવિરણ નીચે પ્રમાણે છે :

**(૧) ભાવિ તીર્થંકર**

કૃષ્ણ વાસુદેવના જીવનનું સર્વોત્કૃષ્ટ વૈશિષ્ટ્ય છે એમનો ભાવિ તીર્થકરના રૂપમાં સ્વીકાર કરવો તે. બાવીસમા તીર્થંકર અર્હંત્ અરિષ્ટનેમિએ પોતે સ્વયંમુખે કૃષ્ણને ૧૨મા તીર્થંકર કહ્યા છે. 'इहेव जंबूद्वीपे दीवे भारहे वासे आगमेताए, उस्सपिणीए पुंडेसु जणवएसु तयदुवारे नगरे बारसमे अममे नामं अरहा भविस्ससि तत्थ तुमं-परिनिव्वाहिसी सव्वदुक्खाणं अंतं काहिसी અર્થાત્ આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં પુંડ્ર જનપદના શતદ્વાર નગરમાં બારમા અમક નામક અર્હત્ અર્થાત્ તીર્થંકર બનશે. જ્યાં તમે બધા કર્મોનો ક્ષય કરીને મુક્તિલાભ કરશો.

કોઈ પણ વ્યક્તિને માટે તીર્થંકર પદ પ્રાપ્ત કરવું જીવનના સર્વોચ્ચ સન્માનની વાત ગણાય છે. તીર્થંકર પદ ઉચ્ચ કોટિની સાધનાનું પરિણામ છે માટે અનુમાન કરી શકાય કે કૃષ્ણનું જીવન કેટલું સાધનામય હશે.

**(૩) જિજ્ઞાસુ વ્યક્તિત્વ**

કૃષ્ણ વાસુદેવ સત્ય અને અધ્યાત્મ પ્રતિ સદૈવ જિજ્ઞાસુ રહેતા. અર્હત્ અરિષ્ટનેમિનાથનું નગરીમાં આગમન થતાં તેઓ અત્યંત પ્રસન્ન થતા અને સંપૂર્ણ રાજ્યપરિવાર તથા નાગરિકોને લઈને ભગવાનના ચરણોમાં ધર્મકથા સાંભળવા જતા. આ ક્રમમાં તેઓ એકવાર ભગવાનને પૂછે છે, 'ભંતે, શું આ દ્વારિકા નગરીનો સંપૂર્ણ વિનાશ થશે ?'

'હા, કૃષ્ણ આ જગતમાં કોઈ પણ પર્યાય શાશ્વત નથી. માટે સુરા અગ્નિ અને દ્વૈપાયન ઋષિના નિમિત્તે દ્વારકાનો નાશ થશે.'

ભગવાન મારું ભવિષ્ય શું છે ? અર્થાત્ હું મૃત્યુ પછી ક્યાં જઈશ ?'

'કૃષ્ણ, દ્વારકાના વિનાશ પછી બલરામ સાથે પાંડુ મથુરા તરફ જતા જતા કોશાગ્ર વનમાં ન્યગ્રોધ વૃક્ષની નીચે સૂતેલા હશો ત્યારે ડાબા પગમાં જશકુમારે છોડેલું તીર વાગવાથી આપનું મૃત્યુ થશે અને આપની ગતિ બાલુકાપ્રભા નામની ત્રીજી ભૂમિ તરફ થશે. પરંતુ કૃષ્ણ ! નિરાશ ન થતા. ત્યાંથી નીકળી તમે આગલી ચોવીસીમાં અમક નામના બારમા તીર્થંકર બનશો અને બધા કર્મોથી મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કરશો.' ભગવાન દ્વારા પોતાનું ભવિષ્ય જાણી વાસુદેવ કૃષ્ણ ધર્મ પ્રતિ વધુ પ્રવૃત્ત બને છે અને જનતાને અધ્યાત્મ પથ પર ચાલવા પ્રેરણા આપે છે.

**(૩) કરૂણા પુરુષ**

કૃષ્ણ વાસુદેવ અત્યંત દયાળુ હતા. એમની સહૃદયતાના દૃષ્ટાંતો આગમોમાં અનેક મળે છે. અંતકૃત્ દશાંગ સૂત્ર અનુસાર એક વાર અર્હત્ અરિષ્ટનેમિનાથને વંદન કરવા જતા હતા ત્યારે એક અશક્ત વૃદ્ધને એક એક કરીને ઇંટો ઉંચકી ઘરની અંદર લઈ જતાં જોયો અને પોતે દયાળુ હોવાથી મદદ કરવા લાગ્યા. સેંકડો માણસોએ તેમનું અનુકરણ કર્યું અને મોટો ઢગલો જોતજોતામાં ઘરમાં ઠલવાઈ ગયો. આ ઘટના કૃષ્ણના જીવનની એક આદર્શ ઘટના છે તથા બોધદાયક છે. આપણને આ ઘટના બોધ આપે છે કે મનુષ્ય પદથી મોટો નથી હોતો પરંતુ ગુણોથી મોટો બને છે.

આ ઘટનાથી એ પણ જાણવા મળે છે કે ભારતીય જનમાનસમાં કૃષ્ણ વાસુદેવનું જીવન આટલી શ્રદ્ધા સાથે કેમ અંકિત છે. તેઓ ખરેખર પ્રજાવત્સલ હતા. તેઓએ ઈચ્છ્યું હોત તો નોકરો પાસે ઈંટો ઉંચકાવી હોત પરંતુ તો આ ઘટના આટલી આદર્શ અને પ્રેરણાદાયી ન ગણાત.

**(૪) સાચા હિતૈષિ**

કૃષ્ણ વાસુદેવ સાચા હિતેચ્છુ હતા. જ્યારે તેમને ખબર પડી કે દ્વારકાનો વિનાશ નક્કી છે તો તે નિરાશ ન થયા પરંતુ સંપૂર્ણ નગરીમાં ઘોષણા કરાવી કે જીવનમાં એક માત્ર સાચો સહારો ધર્મનો જ છે. તે જ આપણને શાંતિ અને આનંદ આપી શકે છે. માટે જે પણ કોઈ ભગવાન અરિષ્ટનેમિ પાસે દીક્ષા લેવા માગતા હોય તે પ્રસન્નતા સાથે તૈયાર થઈ જાય. હું પોતે એમનો દીક્ષોત્સવ યોજીશ, એટલું જ નહીં તેમની પાછળ રહેલ પરિવારને યથાયોગ્ય આજીવિકા આપીને પૂરેપૂરું ભરણપોષણ કરીશ. આ દૃષ્ટાંત દ્વારા કૃષ્ણ વાસુદેવની અગાધ ધર્મશ્રદ્ધા અને પ્રજાહિતૈષીની દિવ્યતા સમજાય છે. વસ્તુતઃ સારો હિતેચ્છુ એ જ છે જે આપણને ધર્મ માર્ગ પર ચઢાવે. જૈન આગમોમાં માતૃપિતૃ ઋણથી મુક્ત થવાનો ઉપાય પણ આ જ બતાવ્યો છે. 'જે પુત્ર પોતાના માતા-પિતાને ધર્મ પથ પર ચલાવે તે માતૃ-પિતૃ ઋણથી મુક્ત થાય છે.'

**(૫) માતૃભક્ત**

કૃષ્ણ વાસુદેવ માતાપિતાનો અત્યંત આદર કરતા હતા. તેઓ ત્રિખંડના અધિપતિ હોવા છતાં રોજ માતાને પ્રણામ કરીને પછી જ અન્ય કાર્ય કરતા હતા. એક વાર જ્યારે માતા દેવકીને પ્રણામ કરવા પહોંચ્યા તો જોયું કે માતા ચિંતાતુર હતા. માની પરેશાનીનું કારણ હતું-'સાત પુત્રોને જન્મ આપીને પણ હું કોઈ દિવસ માના કર્તવ્યનું પાલન ન કરી શકી.' આ વાત જાણીને તરત જ કૃષ્ણ વાસુદેવે માને આશ્વાસન આપતા કહ્યું, 'હે માતા, આપ ભગ્નહૃદયી ન થાવ. હું એવો પ્રયત્ન કરીશ કે આપની મનોકામના પૂર્ણ થાય.' અને તેઓ માતાને મનાવીને જ આવે છે. માતાને કહે છે, 'હે મા! આપની ઈચ્છાનુસાર મારો નાનો ભાઈ થશે.' આ સાંભળી માતા દેવકી અત્યંત પ્રસન્ન થયા. આ રીતે માતાની ઈચ્છાપૂર્તિ માટે સૌ પહેલાં પ્રવૃત્ત થતા.

**(૬) ન્યાય પાલક**

તેઓ અન્યાય કદી સહન નહોતા કરી શકતા. સ્વયં ન્યાયના માર્ગે ચાલવાવાળા તથા તે માર્ગ પર ચાલવા બીજાને પણ પ્રેરિત કરવાવાળા તરીકે જાણીતા હતા. પ્રસ્તુત આગમમાં એક પ્રસંગ છે–સોમિલે પ્રતિશોધ વશ કૃષ્ણના નાનાભાઈ ગજસુકુમાલ મુનિની હત્યા કરી. આ જાણ્યા પછી એમનું ક્રોધિત થવું સ્વાભાવિક હતું. તેઓ સોમિલને મૃત્યુદંડ આપી શકતે પરંતુ તેના પહેલાં જ ભયને કારણે સોમિલ મૃત્યુ પામે છે. કૃષ્ણ વાસુદેવ સેવકોને આદેશ આપે છે કે એ ધર્માત્માને દોરીથી બાંધી ખેંચતા ખેંચતા આખા શહેરમાં ફેરવો અને ઘોષણા કરો કે જે કોઈ વ્યક્તિ કોઈ મુનિ વગેરેની સાથે આવો વહેવાર કરશે તેને તેવી જ રીતે મૃત્યુદંડ

આપવામાં આવશે. પછી એ માર્ગને પાણીથી ધોઈ નાંખો–પ્રક્ષાલિત કરો કે જેથી એના ગંદા પરમાણુ ખતમ થઈ જાય. આ પ્રસંગમાં તેઓ એક ઉત્કૃષ્ટ ન્યાયી રાજાના રૂપમાં આપણી સમક્ષ આવે છે.

**(૭) કષાય વિજેતા**

કૃષ્ણ વાસુદેવની એક બીજી વિશેષતા એ પણ હતી કે તેઓ કષાયવિજેતા હતા. જ્યારે પાંડુ મથુરા તરફ જતા હતા ત્યારે કોશાગ્રવનમાં ઓચિંતા જરાકુમારના હાથે ઘાયલ થઈ મરણાસન્ન થઈ જાય છે ત્યારે તે જરાકુમારને કહે છે, 'જો બલરામે તમને જોઈ લીધા તો તમને જીવિત નહીં છોડે માટે ભાગી જાઓ.' અને પોતાના મૃત્યુદાતાના પ્રાણ બચાવે છે. આ ઘટનાથી સહેલાઈથી અનુમાન કરી શકાય કે તેઓ સાચેસાચ કષાય વિજેતા હતા.

**(૮) ધર્મ પ્રભાવક**

તેઓ કુશળ ધર્મપ્રભાવક હતા. એમની પ્રભાવનાનું જ પરિણામ હતું કે પદ્માવતી, ગૌરી આદિ પટરાણીઓ સિવાય અનેક લોકોએ અર્હત અરિષ્ટનેમિ પાસે દીક્ષા ગ્રહણ કરી આત્મકલ્યાણ કર્યું હતું. એટલું જ નહીં, તેઓ દ્વારકાનગરીના વિનાશના સમાચાર જાણી પોતાની પ્રજાને સન્યાસ ધર્મ સ્વીકારી આત્મકલ્યાણના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે અને પાછળ રહેલ પરિવારજનોની સંપૂર્ણ વ્યવસ્થા કરાવવાનું પોતે સ્વીકારે છે.

આ બધા દૃષ્ટાંતોથી વાસુદેવ શ્રીકૃષ્ણનું એક વિશિષ્ટ ધર્મપ્રભાવક સ્વરૂપ સામે આવે છે. આ રીતે પ્રસ્તુત આગમમાં વાસુદેવ શ્રીકૃષ્ણના વ્યક્તિત્વની વિવિધ વિશિષ્ટતાઓનું વિવેચન થયું છે.

**(૫) પ્રશ્ન વ્યાકરણ સૂત્ર**

પ્રશ્નવ્યાકરણ સૂત્ર દસમું અંગ આગમ છે. આના પ્રથમ શ્રુતસ્કંધના ચતુર્થ આશ્રવદ્વારમાં શ્રીકૃષ્ણ વાસુદેવને રૂક્મિણી અને પદ્માવતીના લગ્ન નિમિત્તે જે યુદ્ધ કરવું પડ્યું એનું વર્ણન કરતાં કૃષ્ણને અતિબલિ કહ્યા છે તથા તેમને અર્ધચક્રવર્તી રાજા ગણાવતા હતા. તેમની રાણીઓ, પુત્રો, અને પરિજનોનું વર્ણન કરવામાં આવ્યું છે. કૃષ્ણને ચારણમૂલ, રિષ્ટબૈલ, તથા કાલી નાગ સર્પના હત્યારા, યમલાર્જુનના નાશક, મહાશકુનિ અને પુતનાના દુશ્મન, કંસમર્દક, જરાસંઘનાશક, ઇત્યાદિ રૂપે વર્ણન કરતાં એમની સાથે વીરતાને બતાવવામાં આવી છે. એ પ્રકારે આ આગમમાં મુખ્ય રૂપે એમની વીરતાનો પરિચય ગુંથી લીધો છે.

આ અંગો સિવાય પ્રથમ મૂલ આગમ-અધ્યયન સૂત્રના ૨૨ મા અધ્યાય, ચતુર્થ ઉપાંગ–'પ્રજ્ઞાપના સૂત્ર' તથા અષ્ટમ્ ઉપાંગ 'નિરયાવલિકા સૂત્ર'માં પણ કૃષ્ણ વાસુદેવની વિશેષતાઓનો ઉલ્લેખ મળે છે.

જૈનાગમોમાં એમના સ્વરૂપો કુશળ રાજા, કુશળ રાજનીતિજ્ઞ, કુશળ નેતા, ધર્માત્મા, માતૃપિતૃ ભક્ત, પ્રજાવત્સલ, કુશળ માર્ગદર્શક, આદિ રૂપોમાં અભિવ્યક્ત થાય છે. આ પ્રકારે કૃષ્ણ વાસુદેવના વિશદ જીવનનો પ્રભાવ બૌદ્ધ પરંપરામાં ધાર્યા કરતાં ઓછો અને જૈન તથા વૈદિક પરંપરામાં ભરપૂર પડ્યો છે.

આ લેખનો ઉદ્દેશ્ય એ જ છે કે એક વ્યક્તિ સાધનાના બળ પર એટલી ઉન્નત થઈ શકે છે કે એનું જીવન સદીઓ સુધી બીજાને માટે પથપ્રદર્શક તથા પ્રેરણાદાયી બની જાય છે. જૈન પરંપરામાં કૃષ્ણ સામાન્ય વ્યક્તિની માફક જ પોતાના સદ્‌ગુણો વડે જીવનનો વિકાસ કરે છે. જૈન પરંપરા તીર્થંકરમાં અચિંત્ય તાકાત હોવાનો સ્વીકાર કરે છે. પરંતુ એ તાકાત એ આત્માના ક્રમિક વિકાસનું જ સુપરિણામ છે. પ્રત્યેક આત્મા પોતાની રીતે પોતાના જીવનનું નિર્માણ કરી શકે છે એ અર્થમાં પ્રત્યેક આત્મા સૃષ્ટિ કર્તા છે.

આ રીતે જૈન પરંપરામાં કૃષ્ણ વૈદિક પરંપરાની જેમ અવતારી પુરુષ નથી જે પૂર્વ નિર્ધારિત ઘટનાઓની માત્ર લીલા કરે છે. અત્રે તો તે સાધારણ વ્યક્તિની માફક જ યથાર્થની પૃથ્વી પર જીવનનો પરિષ્કાર કરીને મહાન બનતા જણાય છે. એનાથી સહેજે એ બોધ મળે છે કે 'પ્રત્યેક આત્મા પેતાના સત્‌પુરુષાર્થ અને પરાક્રમ વડે પરમાત્મ અવસ્થાને ઉપલબ્ધ કરી શકે છે.' ભગવાન મહાવીરે પણ કહ્યું છે કે, 'અપ્પા સો પરમાપ્પા' અર્થાત્ આત્મા જ પોતાના પ્રયાસથી પરમાત્મા બની શકે છે.

જીવન વિકાસની ચરમ સ્થિતિનું નામ જ પરમાત્માવસ્થા છે અને એ જ વિકાસ આપણાં સર્વેનું અંતિમ લક્ષ્ય છે. એ લક્ષ્યની પ્રાપ્તિમાં કૃષ્ણ જેવા મહાપુરુષોના જીવનના પ્રસંગો તથા પ્રેરણાઓ પાથેય સિદ્ધ થાય છે. આ રીતે કૃષ્ણ વાસુદેવના જીવનથી વિભિન્ન પ્રકારનું શિક્ષણ ગ્રહણ કરીને પોતાનો પૂર્ણ આત્મવિકાસ કરી શકાય છે. ✶ ✶ ✶

૬-બી, પહેલે માળે, કૅનવે હાઉસ, વી.એ.પટેલમાર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે. નં. : ૨૩૮૭૩૬૧૧.


## પર્યુષણ પર્વ વિશિષ્ટ અંક

### કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક ઉપરોક્ત શીર્ષકથી ૨૦૧૪, ઓગસ્ટની ૧૬મી તારીખે પ્રકાશિત થશે.

જૈન દર્શનમાં કર્મવાદ કેન્દ્ર સ્થાને છે. તેમજ અન્ય દર્શનમાં પણ કર્મવાદનું મહત્ત્વ છે.

જૈન અને અન્ય દર્શનના વિદ્વાનોના અભ્યાસપૂર્ણ લેખોનો આ અંકને લાભ મળશે.

આ દળદાર અંકનું સંપાદન કરશે જૈન ધર્મની વિદુષી લેખિકાઓ–

**ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવા.**

પર્યુષણ પ્રસંગે પ્રભાવના કરવા ૧૦૦થી વધુ નકલોનો ઓર્ડર લખાવનારને એ અંકોમાં પ્રભાવના કરનારનું નામ પ્રકાશિત કરી અપાશે.

**અંકની કિંમત માત્ર રૂા. ૬૦/–**

આપ આપનો ઓર્ડર સત્વરે લખાવશો. ૦૨૨-૨૩૮૨૦૨૯૬.

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

નવજીવન આપવું ? આ એક પ્રાણપ્રશ્ન એના સમગ્ર ચિત્તતંત્રને હચમચાવી રહ્યો હતો.

મારે એક દિવસ એની સાથે વાત થઈ અને હું પણ વિચારમાં પડી ગઈ. મારી પાસે પણ એટલા પૈસા તો નહોતા જ કે હું એને સાંત્વન આપી શકું. હૈયાધારણ બંધાવી શકું. મારું મન પણ ક્ષુબ્ધ થઈ ગયું કે હવે ? મેં તે છતાં એને કહ્યું, 'જોઉં છું હું કંઈ કરી શકું તો ?'

મને વિશ્વાસ હતો કે આ દુનિયામાં હજુ સારા માણસો પણ ઘણાં છે જેની આપણને ખબર નથી હોતી. ક્યારે કોણ કોને કેવી મદદ કરશે એ સમજવું અઘરૂં છે. પરંતુ નામુમકીન તો નથી જ. ઘણાં લોકો મદદ કરવા આતુર હોય છે પરંતુ એમને ખબર નથી હોતી કે કોને જરૂર છે ?

મેં મારા પ્રયત્નો કરવાના ચાલુ કરી દીધા. હું જાણતી હતી એવા ત્રણ ચાર ટ્રસ્ટોમાં વાત કરી થોડા થોડા પૈસા મળ્યા, પરંતુ હજુ ઘણી મોટી રકમની જરૂર હતી. મારી દીકરી સાથે હું વાત કરતી હતી અને એણે જણાવ્યું કે એના એલ્યુમની ગ્રુપમાં (કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ગ્રુપ) એક મેઈલ મોકલું છું જોઈએ કે કેવો પ્રતિસાદ મળે છે ? તમને જાણીને નવાઈ લાગશે કે ફક્ત અડધા કલાકમાં જ એક ફોન આવ્યો-'હાર્ટ પ્રોબ્લેમ કોને કહેવાય અને એ કેટલી વેદના આપે છે એ મને ખબર છે કારણકે હું આમાંથી પસાર થઈ ચૂકી છું. મારું બાળક પણ હૃદયની બીમારીથી પીડાય છે. પ્લીઝ તું આવીને પૈસા લઈ જશે ?' અમે બંને તો નવાઈ જ પામી ગયા. વાહ, ઈશ્વર તું પણ કમાલ છે ! કેટલી જલ્દી અમારી મદદે આવી ગયો !

મારી જ્ઞાતિની કેરમ ટુર્નામેન્ટમાં હું ગઈ હતી અને ત્યાં કેટલાક મારા ઓળખીતાઓ સાથે વાત કરતી હતી ત્યાં બીજું ગ્રુપ અંદરોઅંદર એકબીજાની મશ્કરી કરતા હતા. એક ભાઈ બીજા એક ભાઈને કહેતા મેં સાંભળ્યા, 'તમે તો બહુ મોટા સમાજ સેવક છો. તમારી શું વાત થાય ?' મારા કાને આ શબ્દો પડ્યા. અને મારા કાન સરવા થયા. ધીમેથી એમની પાસે જઈને હિંમત કરીને પૂછ્યું, 'સાચે જ તમે બધાંને મદદ કરો છો ?' એમણે હકારમાં જવાબ આપ્યો એટલે મેં વધુ પૃચ્છા કરી કે આપ શિક્ષણ માટે આપો છો કે માંદગીમાં પણ સહાય કરો છો ? ફક્ત આપણી જ્ઞાતિમાં જ કે બીજા જ્ઞાતિજનોને પણ મદદ કરો ? એમણે મારી પાસે વિગત જાણી કે કોને માટે હું પૂછતી હતી ? મેં તેમને આરિફની દીકરીની વાત કરી અને તરત જ તેઓએ મને રોકડા રૂપિયા આપ્યા, પરંતુ એમનું નામ જાહેર કરવાની મનાઈ કરી. હું તો આશ્ચર્યચકિત થઈ ગઈ. એમણે મને બાળકી વિષે કોઈ જાતના વધુ સવાલો ન પૂછ્યા.

ત્યાં જ બીજા ભાઈ આવ્યા. એમણે પણ પેલા ભાઈના કહેવાથી થોડી મદદ તો કરી પણ બીજા પાંચ સાત ભાઈઓએ પણ મદદ કરી. કેટલાકે બીજે દિવસે ચેક મોકલી આપ્યા. હું તો આવા સુજ્ઞજનોની ઉદાત્ત ભાવના જોઈને વિચારતી થઈ ગઈ કે 'ખરેખર આટલા બધા સારા લોકોની વચ્ચે હું છું !' આરિફની જરૂરિયાતનો પાંચમો ભાગ તો ત્યાંથી જ મળી ગયો. મારી દીકરી મારફત મોકલેલા ઈ મેઈલને લીધે પણ એના ગ્રુપમાંથી ઘણી મદદ મળી.

સૌથી વધુ આનંદ તો મને એ થયો કે લોકોએ મને આટલી સરસ મદદ કરી ! દીકરીના મેઈલ કર્યા બાદ પંદર દિવસ પછી પણ એના અલ્યુમની ગ્રુપમાંથી ચેક આપવાની ઈચ્છા દર્શાવતા ફોન આવતા રહ્યા. એક બેન પરામાં રહેતા પરંતુ સીટીમાં જ્યાં ફાવે ત્યાંથી ચેક મેળવવા વિનંતી કરી. હું પોતે જ દોડી અને ચેક તો મળ્યો પણ તેમની સાથેની વાતો પરથી વિચાર આવ્યો, 'પ્રભુ, આટલા સુંદર દયાળુ લોકોને તું પૃથ્વી પર મોકલે તો એમાં કંજુસાઈ નહીં કરતો.' આવા સહૃદયી લોકો છે તો દુનિયા જીવવા લાયક છે.

એ બેને મને કહ્યું, 'મેં તરત જ મદદ કરવાનું નક્કી કર્યું હતું અને મેં મારા પતિને મેઈલ forward કર્યો હતો. તેઓ પણ મદદ કરવા તૈયાર હતા. અમારે બંનેને વાત પણ થઈ હતી પરંતુ હું દિલગીર છું કે મારાથી જલ્દી ચેક ન અપાયો કારણ કે ગયા અઠવાડિયે જ મારા પતિ દેવલોક પામ્યા છે.' હું તો સાંભળીને અવાક્ થઈ ગઈ. કેટલી ઉદાત્ત ભાવના ! કેટલું વિશાળ દિલ ! જેનો પોતા પર પડેલ ઘા તો હજુ તો તાજો છે અને બીજાને મદદ કરવા તત્પર એવા એમનો હું કયા શબ્દોમાં આભાર માનું ? મને બે મોટી રકમના ચેક આપ્યા અને મારી આંખો અશ્રુથી છલકાઈ ગઈ. મને એ બેન કહે, 'આ તો એમની wish હું પૂરી કરું છું.' આટલી ઉદાત્ત વ્યક્તિને મળીને મને સમજાયું કે, હા આ અવનિ પર હજુ તો અનેક સારી વ્યક્તિઓ છે. સોમાંથી એક માણસ ખરાબ હશે પરંતુ દસ તો બહુ સારા દિલવાળાઓ છે જેનાથી આ જગતમાં જીવવું આનંદદાયક બને છે. મારો વિશ્વાસ અને શ્રદ્ધા માનવી પર અતૂટ રહ્યા છે.

ઑપરેશન માટે આરિફને બીજી કેટલીક વ્યક્તિઓએ પણ મદદ કરી અને ઑપરેશનનો દિવસ નક્કી થઈ ગયો. બ્રિટનના ડૉક્ટરોની આ ટીમ વિષે બોલતાં તો આરીફ થાકતો જ નથી. તેમની મહેનત, મદદ કરવાની તત્પરતા અને અવિરતપણે કેમ કરીને પોતાની હોંશિયારીથી દર્દીને નવજીવન બક્ષવું એજ તેમનું લક્ષ્ય હતું.

ઑપરેશન સફળતાપૂર્વક થયું અને આરીફની દીકરી હુજ્જેરા એક સામાન્ય બાળકની જેમ ધીંગામસ્તી કરતી થઈ ગઈ. એની તકલીફોનો અંત આવ્યો અને એના મોં પરનું હાસ્ય જોઈને જેને એટલું વહાલ કરવાનું મન થઈ જાય એટલી મીઠડી દીકરીના પિતાની, આજે પણ એની વ્હાલસોઈ દીકરીની વાત કરતાં કરતાં આંખો સજળ થઈ જાય છે. જોતજોતામાં ઑપરેશનને ૩ વર્ષ થઈ જશે.

પોતાની દીકરીને ખુશખુશાલ જોઈને માતાપિતા બંને આજે એટલા બધા ખુશ છે. આટલા બધા સારા માણસોની સહાય મળતાં મારું મન વિચારી ઉઠે છે કે ભરોસો એ કેટલો મોટો શબ્દ છે ! જેને જેને મેં વાત કરી એ દરેક વ્યક્તિએ મારી વાત સાંભળી મારામાં વિશ્વાસ મૂકી, જેને તેઓ ઓળખતા પણ નહોતા તેને મદદ પહોંચાડવા આગળ આવ્યા. એનું જીવન નવપલ્લવિત કરી દીધું. અણજાણ રહીને કરાયેલી મદદ હંમેશાં ઉચ્ચ સ્થાને બિરાજે છે જેમાં કોઈ જાતનો સ્વાર્થ નથી, છે તો કેવળ માત્ર મદદની ભાવના.

બસ આમ જ એક માનવી બીજા માનવીને નિસ્વાર્થભાવે મદદ કરતો રહે તો જીવન જીવવાનું કેટલું સુંદર બની રહે ! આ દુનિયા ખૂબ સુંદર છે એવી મારી શ્રદ્ધાના દીપકમાં આ બધી વ્યક્તિઓએ ઘીરૂપી બળ પૂર્યું છે. માણસાઈનો દીવો સતત પ્રજ્વલિત રહે એવી મારી અભ્યર્થના છે.

✶ ✶ ✶

૬/બી, ૧લે માળે, કેનવે હાઉસ,
વી.એ.પટેલ માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૪.
મો. : ૯૮૨૦૩૦૬૩૫૧.

## પરમાર્હત મહાશ્રાવક નમસ્કાર મહામંત્રના આરાધક

# શ્રી શશીકાંતભાઈ મહેતા : મારા સસરા – મારા પિતા

❑ ભારતી દીપક મહેતા

આજથી ૫૦ વર્ષ પૂર્વે પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે પ્રશ્ન કર્યો એક ૩૫ વર્ષના નવયુવકને : 'રોજના કેટલા નવકાર ગણો છો ?' યુવકે ઉત્તર આપતાં કહ્યું: આપ કહો તે તહત્તિ.

તેથી પંન્યાસજી મહારાજે બાજુમાં જ બિરાજેલ તેમના શિષ્યરત્ન એવા પૂજ્યશ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબને પૂછ્યું: 'બોલો આ નવયુવકનું શું કરશું ?' તેઓ કહે: આપને યોગ્ય લાગે તેમ કરીએ.

આથી ગુરુ મહારાજે એ નવયુવકને કહ્યું: 'હાથ જોડો અને નિયમ લો કે રોજની ૧૦૦ બાધાપારાના નવકારવાળી ગણીને પછી જ સવારની ચા પીવાની.' ...અને એ નવયુવકે ત્વરિત નિયમ લઈ લીધો.

ઘરે પાછા આવીને તેઓએ ઘરમાં દરેકને આ નિયમની વાત કરી. સૌ હર્ષાન્વિત થયાં. રાત્રે દસ વાગ્યાથી બે વાગ્યા સુધી નિદ્રાધીન થઈ એ નવયુવકે તો રાત્રે અઢી વાગ્યાથી સવારે નવ વાગ્યા સુધીમાં રોજની ૧૦૦ માળા ગણવાનું શરૂ કરી દીધું. ધીમે-ધીમે ઝડપ વધતી ગઈ. ૧ વર્ષમાં ૩૬ લાખ નવકાર ગણાઈ ગયાં અને સાડા ત્રણ વર્ષમાં તો ૧ કરોડ. રોજનાં ૧૦,૦૦૦ નવકાર ગણનાર એ નવયુવકનું નામ હતું શશીકાંત મહેતા.

જૂન ૧૯૮૦માં જ્યારે મારી સગાઈ થઈ ત્યારે દીપક સમા જીવનસખા મળ્યાના આનંદ સાથે જ આવા સસરાજી (પૂજ્ય ભાઈ)નાં ગુણરત્નોના અજવાળાની એક વારસદાર હું પણ બનીશ તેનો હર્ષ

## નવકાર મંત્રના સાધક

પૂ. શશીકાંતભાઈ સાથે આ સંસ્થાનો સંબંધ ઘરોબા જેવો. ડૉ. રમણભાઈ અમારી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રમુખસ્થાને હતા ત્યારે વર્ષો સુધી પૂ. શશીકાંતભાઈનું હંમેશાં પ્રથમ વ્યાખ્યાન નવકાર મંત્ર ઉપર હોય જ. અમે બધાં હોંશે હોંશે પૂજ્યશ્રીના એ વ્યાખ્યાનમાં પહોંચી જઈએ અને નવકારમંત્ર ઉપરાંત જૈન તત્ત્વજ્ઞાન વિશે ઘણું બધું પામીએ. છેલ્લા દાયકાથી અમારો પ્રેમાગ્રહ છતાં, સ્વાસ્થ્યને કારણે આ વ્યાખ્યાનમાળામાં એઓ પધારી શકતા ન હતા, એનું દુ:ખ અમારા બન્ને પક્ષે રહેતું.

છેલ્લે તા. ૨૫-૮-૨૦૧૧ના અમારી ૭૭મી વ્યાખ્યાન-માળામાં અમારા અતિ આગ્રહ અને પ્રેમને કારણે, નાદુરસ્ત સ્વાસ્થ્ય હોવા છતાં એઓ પધાર્યા અને **કાયોત્સર્ગ મુક્તિની ચાવી** ઉપર એઓશ્રીએ તત્ત્વભર્યું મનનીય પ્રવચન આપ્યું.

પૂજ્ય શશીકાંતભાઈએ નવકાર મંત્રની અદ્‌ભુત સાધના કરી હતી. નવકાર મંત્ર જ એમનું જીવન હતું, અને નવકાર વિશેના ધ્યાનની એક સાધના પ્રક્રિયા પૂજ્યશ્રીએ વિકસાવી હતી. આ સાધનાનો અન્ય જિજ્ઞાસુ લાભ લે એ માટે અમે ૨૦૧૧ના નવેમ્બરની ૨૫-૨૬ તારીખના મુંબઈમાં પ્રેમપુરી આશ્રમના સભાખંડમાં 'કાયોત્સર્ગ' ધ્યાન શિબિરનું આયોજન કર્યું. લગભગ ૩૦૦ જિજ્ઞાસુઓને પૂજ્યશ્રીએ ધ્યાનની વિરલ અનુભૂતિ કરાવી.

આ ધ્યાન શિબિરની ડી.વી.ડી. 'કાયોત્સર્ગ ધ્યાન શિબિર' શીર્ષકથી આ સંસ્થાની ઑફિસમાં ઉપલબ્ધ છે, જે જિજ્ઞાસુ પ્રાપ્ત કરી શકે છે.

મુંબઈની આ શિબિર પછી, આ સંસ્થાએ વિચાર્યું કે આવી શિબિર મુંબઈ બહાર યોજાય તો સતત ત્રણ દિવસ જિજ્ઞાસુઓને પૂ. શશીકાંતભાઈના સાન્નિધ્યમાં રહેવાનો લાભ મળે. એટલે યતિનભાઈ ઝવેરી અને નિતીનભાઈ સોનાવાલાની રાહબરી હેઠળ જામનગરમાં બે શિબિરોનું આયોજન થયું, જેમાં મુંબઈના અને અન્ય સ્થાનના લગભગ સો જેટલા જિજ્ઞાસુઓએ સાધનાની આ વિરલ અનુભૂતિને માણી. (જુઓ પ્રબુદ્ધ જીવનના અંકો : ડિસેમ્બર ૨૦૧૧, અને મે-૨૦૧૨.)

પૂ. શશીકાંતભાઈ જેવા ભવ્ય આત્માએ આપણી વચ્ચેથી વિદાય લીધી એનું દુ:ખ સર્વને હોય જ, પણ આવા સાધક આપણી વચ્ચે, આપણી સાથે હતા એ સ્મરણ માત્ર આપણને ઊચ્ચ અને ઉત્તમ ભાવ પાસે લઈ જાય છે, એ સ્મૃતિનો આનંદ અને સદ્‌ભાગ્યને આપણે માણીએ.

આ સંસ્થા પૂજ્યશ્રીના ભવ્ય આત્મા માટે શાંતિ પ્રાર્થે છે.

અત્રે પ્રસ્તુત છે. પૂ. શશીકાંતભાઈની પુત્રીવત્, પુત્રવધૂ ભારતીબેનની એક શ્વસુરને એક પુત્રવધૂની ભવ્ય શબ્દાંજલિ.

ભારતીબેન મને કહે, અમે ફાધર ઈન લો ન કહીએ, અમે હંમેશાં ફાધર ઈન લવ કહીએ.

પુત્રવધૂની આ અંજલિ આપણા ભારતીય સંસ્કાર અને પરિવાર સંસ્કૃતિની ધ્વજ અને પ્રેરક ઘટના છે, વર્તમાનના વિભક્ત કુટુંબો માટે, અને શ્રદ્ધા છે સંયુક્ત કુટુંબની ભાવના પ્રત્યે.

ૐ શાંતિ ૐ શાંતિ

**–તંત્રી**

મને તે દિવસે દ્વિગુણીત હતો.

૯મા ધોરણના સંસ્કૃતમાં 'રાજર્ષિ'ની વ્યુત્પત્તિ સામાન્યથી કેમ થાય તે શીખ્યું હતું કે:

आदौ राजा पश्चादृषि: इति राजर्षि ।

અર્થ : જેઓ ગ્રહસ્થપણામાં રાજા હતાં અને સંન્યાસ-દીક્ષા લઈને ઋષિ થયાં તે 'રાજર્ષિ.'

પરંતુ ભગવદ્ પ્રાપ્તિના પથિક એવા પૂજ્ય ભાઈ માટે તો ઉપરોક્ત વ્યુત્પત્તિ મને એમ કરવી ગમે કે:

राजा चासौ ऋषिश्च इति राजर्षि।

એટલે કે જેઓ રાજા હોવાની સાથે સાથે જ ઋષિ જેવા છે તે 'રાજર્ષિ.'

કેટલીક વિભૂતિઓનું વાર્ધક્ય એટલું તો વિશિષ્ઠ ગરિમામયી હોય છે કે તેઓ પરિસર રહેલાં આત્મીયજન સમીપેથી નિત્યમેવ અનાયાસ અનુરાગ સંપ્રાપ્ત કર્યા જ કરે. બે હાર્ટ સર્જરી પછી આયુના નવમા દાયકે અને માત્ર ૨૦% હાર્ટ પમ્પીંગ સાથે તેમના મુખ ઉપર સદૈવ છલકાતો મલકાતો આનંદ જોવો એ મારો રોજનો વૈભવ હતો.

ઈ. સ. ૧૯૨૯માં તેમનો રંગૂન-બર્મામાં જન્મ. પિતા કીરચંદભાઈ તથા માતા તારાબેનના આ લાડલા દીકરા બે વર્ષના હતા ત્યારે ઘરે એકદા ભિક્ષા લેવા બૌદ્ધ લામા પધાર્યા. માતાએ તેમને દીકરાનું ભવિષ્ય પૂછતાં તેઓએ સામુદ્રિક લક્ષણો જોઈને ભાવિ ભાખ્યું કે આ બાળક કાં તો ખૂબ મોટા રાજર્ષિ થશે અથવા તો આચાર્યોને પણ અભ્યાસ કરાવે તેવો પ્રખર ચિંતક અને તત્ત્વજ્ઞ વક્તા બનશે. અને ખરે જ સન ૧૯૯૫ના મે મહિનામાં જૈનોનાં ચારે ફિરકાના મળીને ૪૦,૦૦૦ આરાધકોએ જ્યારે અંધેરી સ્પોર્ટ્સ કલબ, મુંબઈમાં પૂજ્ય ભાઈના નેતૃત્વ હેઠળ શ્રી નમસ્કાર મહામંત્રની સામૂહિક આરાધના કરી ત્યારે ભારતના અનેક આચાર્યો અને વર્તમાનપત્રોએ તેની ખૂબ જ મોટી નોંધ લીધી હતી અને વિશ્વશાંતિ તરફના આ મોટા પગલાંને આવકાર્યો હતો.

દાદીમા પૂજ્ય તારાબા, પરમ પૂજ્ય સાધ્વીજી મૃગાવતીજી તથા શિવાનંદ અધ્વર્યુજીની પ્રારંભિક ધર્મપ્રેરણા બાદ પ્રમુખ ધર્મપ્રહરી રૂપે ૨૦મી સદીના શુક્રતારક સમા અધ્યાત્મયોગી પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ થકી જ તેઓ સાધના માર્ગે વળીને સ્થિર રહ્યાં છે તેવું તેઓ દઢ રીતે માને છે.

ઋજુતા ને દઢતાના યોગ્ય સમન્વય સમા પૂજ્ય ભાઈની પશ્ચાદ્ભૂમાં ભાતીગળ રંગો જોવા મળે છે. જન્મભૂમિ રંગૂનની આંગળી તો છોડી બાળપણમાં જ... અને પછી વાંકાનેરને મૂળ વતન બનાવીને 'શશી સદન'માં વસી શાળાનું શિક્ષણ પૂર્ણ કર્યું. આજથી ૭૦ વર્ષ પૂર્વે એક ૧૬-૧૭ વર્ષના આત્મનિશ્વાસથી છલકાતા નવયુવાને કઈ રીતે મુંબઈની વિલ્સન કૉલેજમાં એડમીશન લઈ પ્રથમ વર્ષે જ C.R. ની પદવી પામી હશે અને ગાંધીજી પ્રેરિત તથા શ્રી ઉષાબેન મહેતા દ્વારા શરૂ કરાયેલ સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય રીતે ભાગ લઈ પ્રભાત ફેરી કરવામાં કે ચોપાનિયા વહેંચવામાં અગ્રેસર થયા હશે તે વિચારવાથી પણ આજે રોમાંચ ખડા થઈ જાય છે.

> આ બાળક કાં તો ખૂબ મોટા રાજર્ષિ થશે અથવા તો આચાર્યોને પણ અભ્યાસ કરાવે તેવો પ્રખર ચિંતક અને તત્ત્વજ્ઞ વક્તા બનશે.

વળી થાય કે મહાવીર જૈન વિદ્યાલયમાં ૪ વર્ષ રહીને મુંબઈ યુનિવર્સિટીમાં અંગ્રેજી સાથે બી.એ. થઈ સાફલ્યનો ડંકો વગાડી પછી તેઓ કઈ રીતે પોતાનું સામર્થ્ય ખીલવવા ઠેઠ કલકત્તા ગયા હશે અને પૂંઠા અને કાગળની દુનિયામાં આગળ ને આગળ વધી શકાય તેવું કૌશલ્ય મેળવી રાજકોટમાં સ્થિર થઈ કઈ રીતે અને ક્યારે તેઓ અધ્યાત્મપ્રીતિના રંગે રંગાઈને હિમાલય જતા થઈ ગયા હશે તે આજે પણ મારા માટે એક વિસ્મયરંગ્યું રહસ્ય જ છે જાણે!

પોતાનું હીર હોય તો શીલ અને પ્રતિભા કેટલી હદે ખીલી શકે તેનું ઉત્તમ ઊદહરણ એટલે પૂજ્ય ભાઈ.

અનેકવિધ સાધનાઓ એવં સિદ્ધિમાંથી પસાર થયેલાં, ઉત્કૃષ્ટ સત્ત્વવાન, દેવ-ગુરુ-ધર્મ પરત્વે પરમ અહોભાવયુક્ત અને શ્રી નમસ્કાર મહામંત્ર તથા કાયોત્સર્ગ ધ્યાનના દિવ્ય રહસ્યજ્ઞાતા એવા પૂજ્ય ભાઈના ચિંતનો સમજવા ઘણાં સાધ્વીજી મહારાજ સાહેબો જ્યારે વિહાર લંબાવીને ખાસ રાજકોટ પધારે ત્યારે જતાં-જતાં અમોને અચૂક કહે કે તમારે તો ઘેર બેઠા ગંગા છે. ત્યારે પૂજ્ય ભાઈ તટસ્થ રીતે છેલ્લા ચિંતનની પોટલી ખોલી કહેતાં સંભળાય કે:

> નવકાર મંત્રના ઉપાસક એવં તત્ત્વદર્શનના ઊંડા અભ્યાસી એવા શ્રી શશીકાંતભાઈના સમકાલીન સમયમા આપણે જીવન વ્યતિત કરીએ છીએ એ વિચાર જ મને ગૌરવ અપાવે છે.
>
> ☐ **ડૉ. બળવંત જાની**
> પૂર્વ ઉપકુલપતિ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી, પાટણ

- નવકારમાં બધું છે અને અપેક્ષાએ બધામાં નવકાર છે.
- By being one with ઈશ, the entire world is mine without possessing it.
- દેહ છૂટે તે પૂર્વે દેહાધ્યાસને હરાવીશું તો માનવ ભવ સફળ છે.

૨૪ જાન્યુઆરી, ૨૦૦૫ના દિવસે ૩૬ વર્ષથી ઘરકામ કરતા અમારા રામજી ભૈયા સાથે પૂજ્ય ભાઈએ તેમની રૂમમાંથી મને એક પત્ર મોકલ્યો. જે વાંચીને હર્ષાશ્રુ વહી રહ્યાં મારી આંખોમાંથી ક્યાંય સુધી! એવા કયા સસરાજી હોય જે પોતાની પુત્રવધૂને ખરેખર જ પુત્રથી પણ વધુ ગણીને ગૃહકાર્યને ગૌણ કરી શાસ્ત્ર અધ્યયન કે સંશોધનપત્રો માટેનું લેખનકાર્ય કરવાનું લક્ષ્ય રાખવા કહે?

પૂજ્ય ભાઈને અમે સૌ સાડી પરિધાન કરીએ તે ખૂબ ગમે. એમાં

યે ગુજરાતી ઢબે સીધી સાડી પહેરીએ તો કહેઃ 'હમ્...આજે હવે તમે સુલસા શ્રાવિકા સમા લાગો છો. પરંતુ રોજબરોજ ઑફિસે જતી વખતે પહેરેલા વસ્ત્રોમાં પણ મને કયારેય તેમની પાસે જતાં સંકોચ ન થતો તે તેમની ખુલ્લાશ અને ઉદારતા સૂચવે છે. પરંપરાને આદરથી સેવનારા પરંતુ ૨૧મી સદીના અભિગમને પણ વ્હાલથી વધાવનારા એવા પૂજ્ય ભાઈનો આંતર-અસબાબ કેટલો સમૃદ્ધ હશે તે સહજ કલ્પનીય છે.

*જિનભક્તિ અને જીવમૈત્રી એ તેમની બે આંખો હતી તથા શ્રી નવકાર મહામંત્ર અને કાયોત્સર્ગ ધ્યાન એ બે પાંખો હતી*

To be divine is the easiest, it is difficult to be otherwise એમ કહેનાર તેઓ ફક્ત જૈન તત્ત્વચિંતક, અધ્યાત્મસસ્નેહી કે નવકારના રહસ્યજ્ઞાતા જ નહોતાં, તેઓ હતા એક ઉત્તમ માનવી. જીવમાત્રના મિત્ર. અનાસક્ત મહાયોગી. તેઓએ ક્યારેય ફકરાઓમાં ગોઠવીને ઉપદેશ આપ્યો જ નથી. 'હેન્ડસમ' શબ્દ જેમને બરાબર ફીટ બેસે એવી સુંદર દેહયષ્ટિના અધિકારી એવા તેઓ મને હંમેશ કહે કેઃ I need just 100 saints in safari !

મારા સસરા – મારા પિતાશ્રી પણ વિશેષ મારા મેન્ટોર–ગુરુ હતાં. મારા જન્મદાતા પિતા સાથે હું બાવીસ વર્ષ જ રહેલી, જ્યારે અહીં હું પૂ. ભાઈ સાથે તેમની દીકરી રૂપે ચોત્રીસ વર્ષ સુધી રહેવા ભાગ્યશાળી બનેલી. પૂ. ભાઈ પાસે હતી નિઃસ્પૃહતાની શ્રીમંતાઈ, નિર્વ્યસનતાનો વૈભવ, નિરાભિમાનીતાની ઊંચાઈ, નિરાસક્ત ભક્તિનું ઊંડાણ, નિર્વેરીતાની મૂડી અને નિખાલસતાની સમૃદ્ધિ.

> ૧૪ પૂર્વના સાર એવા નમસ્કાર મહામંત્રની અપૂર્વ સાધના કરી શ્રી શશીકાંતભાઈએ ઋતંભરી પ્રજ્ઞાવાન બની સંઘની શોભા વધારી છે.
>
> ☐ **તત્ત્વચિંતક વસંતભાઈ ખોખાણી**

જ્યારે કોઈને કહીએ કે અમે શ્રી શશીકાંતભાઈ મહેતાના સંતાનો છીએ તો તરત પૃચ્છા થાયઃ કોણ નવકારમંત્રવાળા શશીકાંતભાઈ ?

નવકારના રણકાર એવા તેઓ આ મંત્ર ઉપર તો પુષ્કરાવર્ત-મેઘની જેમ અનારાધાર વરસ્યા છે.

મુંબઈથી એક સ્વજનનો હમણાં જ મને સંદેશો આવ્યો કે ૧૩ વર્ષ પૂર્વે પૂજ્ય ભાઈએ મુંબઈના તેમના ઇરિયાવહી વિષય ઉપરના પ્રવચન પશ્ચાત્ કહેલું કે દિવસમાં ત્રણ વાર એટલે કે સવારે ૬, બપોરે ૧૨ તથા સાંજે ૬ વાગ્યે ૧૨ નવકાર ગણવા. તે દિવસથી તેમનો ફોટો સદૈવ ખિસ્સામાં રાખ્યો છે અને ગમે એવું કાર્ય હોય તો પણ ત્રિકાળ સંધ્યાએ તેમની એ તસ્વીર બહાર કાઢી તેમની સમક્ષ ૧૨ નવકાર ગણી જ લઉં છું.

આવી અનેક વાતો સાંભળી મારી ગૌરવાન્વિતતામાં વૃદ્ધિ થાય છે કે હું આવા ઋષિતુલ્ય મહાશ્રાવકની દીકરી બનવા ભાગ્યશાળી બની છું. તેમની સાથે વાવેલા ને માણેલા સમયની એ પ્રશાંત પળોની પ્રસન્નતા આજે નિતાંત ધન્યતામાં પરિણમી છે જેને હું મારા જીવનની 'વસ્તુ અમુલખ' માનું છું. ખરે જ છે બહુરત્ના વસુંધરા.

નાદબ્રહ્મ થકી આત્મબ્રહ્મની પ્રાપ્તિ કરાવી આપણી પરમ ચેતનાને ઝંકૃત કરનાર તેઓ તેમના મહાપ્રયાણ દિન ૧૧ જૂન, ૨૦૧૪ની વહેલી સવારે બે કલાક અમારી સાથે ધર્મગોષ્ઠિ કરી દહેરાસર જવા ૯.૩૦ કલાકે નીકળ્યાં.

પ્રભુ પૂજા કરી, આચાર્ય પરમ પૂજ્ય કલાપૂર્ણસૂરીશ્વરજીના ૬ નિકટવર્તી સાધ્વીજીઓને તેમનું અંતિમ પ્રવચન પ્રદાન કર્યું, જેમાં તેઓના અંતિમ શબ્દો હતાંઃ

'વહેલા જવું નથી ને તેડું આવે તો ના પાડવી નથી. મારા મિત્રો જે ઉપર ગયા છે તે બોલાવી રહ્યાં છે ને કહે છેઃ 'અલ્યા ! શું અહીં પડ્યો રહ્યો છો ? શશીકાંત ! આવી જા ઉપર.' પણ હું કહું છું કે મને અહીં પરમ આનંદ છે, કોઈ ભય નથી પણ જો ગુરુ મહારાજનો બુલાવો આવશે તો એક ક્ષણનો પણ વિલંબ નહીં કરું. ઘર બદલવાનું છે, ખુશીથી બદલી લેવાનું. તેમાં ડર શાનો ?'

તેમની આ ખુમારીની સંપદાએ જ તેમને એકલ આરોહણમાં સહાય કરી.

જિનભક્તિ અને જીવમૈત્રી એ તેમની બે આંખો હતી તથા શ્રી નવકાર મહામંત્ર અને કાયોત્સર્ગ ધ્યાન એ બે પાંખો હતી અને તેથી જ અંતિમ ક્ષણે તેઓએ શ્રી નવકારના ધ્યાનમાં જ પોતાની કાયાનો ઉત્સર્ગ કરી અપરિગ્રહપણે એકલતામાં જ ઉચ્ચ ઉડ્ડયન આદર્યું. આજે મને અનાથ થયાનું જેટલું દુઃખ છે તેટલો જ આનંદ છે તેમની અંતિમ સમયની અમીરાતનો.

'ભારતી, મારે એટલું બધું કરવાનું છે કે મને સમય ઓછો પડે છે.' એ વાક્ય છેલ્લા એક વર્ષથી જાણે તેમનું તકિયા કલામ બની ગયેલું. મૈત્રીભાવથી પવિત્રતાની ઊંચાઈ વધે અને તેમ તેમ ભાવઆરોગ્ય પ્રગટ થતું જાય તેવું તેઓએ મને તે દિવસે સવારે જ કહેલું. વળી આગળ કહેઃ ભારતી, આત્માના મહાઘાતક એવા મુખ્ય ત્રણ દોષો જ છે : રાગ, દ્વેષ અને મોહ. નમો અરિહંતાણંના પદમાં 'નમો' એ રાગને, 'અરિહં' એ દ્વેષને, અને 'તાણં' એ મોહને દૂર કરે છે. માટે કોઈપણ કાર્ય કરતાં કરતાં ફક્ત આ પ્રથમ પદનો અજપાજપ થાય તો પણ સંસારસાગર તરી જવાય ને આપણું પરમ સમત્વ ક્યારેય ખંડિત ન થાય.

ઈ. સ. ૨૦૦૭માં પૂજ્ય મમ્મીજી અનુપમાબહેનના દેહાવસાન પશ્ચાત્ તો અમારી વચ્ચે રહેલ સ્હેજસાજ ખચકાટની પાતળી જવનિકા પણ રહી ન હતી અને એટલે જ મને આનંદગૌરવ એ વાતનું પણ છે કે રોજના દિવસભરના વાંચન ને ચિંતન પછીથી તેમને આવતી અનુપ્રેક્ષાઓને સાંભળવા માટેની સૌ પ્રથમ શ્રોતા બહુધા હું જ બનતી.

એકવાર અમે ઑફિસેથી પાછા આવીને સાંજે મળ્યાં ત્યારે

વાતવાતમાં પૂજ્ય ભાઈ કહે કે આજની એક તાજી અનુપ્રેક્ષા આવી છે કે : લાકડીના માર કરતાં અશુભ વિચારોનો માર માણસને વધુ બેહાલ કરે છે.

મેં પૂછ્યું: નેગેટીવીટી કે અશુભ વિચારો ન આવે તે માટે શું કરવું ઘટે?

તો જવાબમાં તેમણે થોડાં શબ્દોમાં ઘણું કહી દીધું :

All problems arise due to the separation from God !

જો પ્રભુ સાથે એકાકાર હોઈએ તો કોઈ એષણાઓ બાકી ન હોય, કારણકે પ્રભુ પૂર્ણ છે અને તેની પાસેથી મળતી તેની કૃપા Infinite છે. પૂર્ણતા તો અપૂર્ણ કઈ રીતે રહેવા દે આપણને ?

પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબે પૂજ્ય ભાઈને ઘણાં વર્ષોની સાધના પછી જ્યારે સિદ્ધચક્ર પૂજનો ભણાવવા જવાની તથા સંઘમાં શ્રી નવકારમંત્ર ઉપર પ્રવચનો આપવા માટેની પરવાનગી આપી ત્યારે નિયમ લેવડાવેલો કે તેઓ કોઈ પાસેથી ખર્ચરૂપે કે સન્માનરૂપે ક્યારેય કાંઈપણ સ્વીકાર નહીં કરે, જે નિયમ પૂજ્ય ભાઈએ યથાતથ આજીવન પાળ્યો.

મારા જીવનની કોરી કિતાબમાં તેમનું હોવું એ જાણે મોરપીંછ સમું બુકમાર્ક હતું ! અને તેથી જ પૂજ્ય ભાઈની ષષ્ઠિપૂર્તિ વેળાએ અનુભવાતી ગરિમાનુભૂતિ શબ્દોમાં ઢાળીને મેં તેઓને નીચે મુજબ અર્પણ કરેલી :

*કોઈનાં પિતા માત્ર બંગલા આપે, કોઈનાં ખેતર વાડી,*
*કોઈનાં મોટી મિલ સોંપી દે, કોઈનાં મોટર ગાડી !*
*કોઈના પિતા માત્ર ધીકતો ધંધો, કોઈનાં બેંકમાં ખાતું,*
*તમો પિતા અમોને હૃદય પણ આપ્યું રાત ને દિવસ ગાતું !*
*જૈન ધર્મની કરવા યશોગાથા, ગયા હતાં ઉગતાં સૂર્યની દિશામાં.*
*તમે પિતાજી આ સાંપ્રતકાળે છો ચમકતો તારો, અમાસી નિશામાં !*
*અનેકાંતવાદ, અહિંસા અને અપરિગ્રહને બેલૂર મઠની ધર્મ પરિષદમાં સમજાવ્યા*
*ને એ રીતે ઇરિયાવિહી અને કર્મસિદ્ધાંતોને વિશ્વધર્મમાં ચમકાવ્યા.*
*છે ગર્વ-ખુમારી સર્વ પરિવારજનોને, છીએ તમ આશીષ વડલા તળે*
*છો કલગી સમ જિનશાસન મધ્યે, તવ જ્ઞાન, તવ ધ્યાન, વાણી બળે.*
*પૂજ્ય તારાબાની કૂખ ઉજાળી, કીરચંદભાઈનો તાર્યો પરિવાર...*
*એવા અનુપમ સવાયા પુત્રરત્નને અમારા સૌનાં વંદન વારંવાર.*

વિજ્ઞાનના તાસમાં vacuum કે void શબ્દનો અર્થ જે રીતે શીખી હતી તેના અર્થની અનુભૂતિ કરવાનો આ સમય ખરે જ આ શૂન્યતાને વધુ ઘેરી બનાવે છે, પણ એ શ્યામલતામાં યે ઉભરી આવે છે તેમનો સ્મિતપ્રકાશથી ઉજ્જવલિત એ દમકતો ચહેરો, જે કહે છેઃ 'નમો અરિહંતાણં.'

આજે ઘરમાં જે શૂન્યાવકાશ વ્યાપી ગયો છે તે અમારા નિર્ધન થયાનું પ્રતિબિંબ માત્ર છે.

> તેઓ જૈન દર્શનને ઉજાગર કરતા એવા મહા જ્ઞાની હતા.
> ☐ પ્રવીણભાઈ મણીયાર
> (કેળવણીકાર)

તેમના નમસ્કાર મહામંત્રનું ઉદ્ગીત અત્યારે પણ મારા કર્ણપટલમાં પડઘાય છે અને નવકારના પ્રત્યેક ૬૮ અક્ષરો એ અરિહંતનો શબ્દદેહ છે તેવી તેમની વિભાવના સ્મૃતિવંત થાય છે. તેમની શ્રીમંતાઈ માપવાની કોઈ ફૂટપટ્ટી આજ પર્યંત બની નથી. તે તો અમાપ છે. તો મારું શું ગજું ?

બસ, તેમનો સૌમ્ય અનુગ્રહ મળતો રહે અને હું તેમના અમૂર્ત દર્શન થકી મુજ આત્મદ્રવ્યના ચૈતન્યમાં સુસ્થિર રહી શકું તેવા નિરંતર આશીર્વાદ મળ્યા જ કરે તેવી અભ્યર્થના.

પૂજ્ય ભાઈ મારી સ્મરણમઢુલિમાં સદૈવ અધ્યાત્મ દીપક થઈ પ્રજ્વળશે.

✷✷✷

૮૨, ગૌતમ બુદ્ધ એપાર્ટમેન્ટ, શાસ્ત્રી મેદાન સામે,
રાજકોટ-૩૬૦૦૦૧.
મો. નં. ૦૯૮૨૫૨૧૫૫૦૦

# લોક શિક્ષક કોન્ફ્યુશિયસ

**☐ મનસુખલાલ ઉપાધ્યાય**

૨૫૦૦ વરસ પહેલાં જન્મેલા ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધને આપણે હરખભેર યાદ કરીએ છીએ. એ ભગવાને જીવદયા, અહિંસા, અપરિગ્રહ તથા માનવીય ગુણોને ઉજાગર કરે તેવા સૂત્રો દ્વારા સામાન્યજનમાં સ્થાન જમાવ્યું હતું.

યુરોપમાં ગ્રીસ દેશમાં-એથેન્સમાં સોક્રેટીસ અને એવા સમયે ચીનમાં લાઓત્સે તથા કોન્ફ્યુશિયસ જન્મ્યા હતા. ચીનની પ્રજાએ કોન્ફ્યુશિયસના વિચારો, વ્યવહાર, એની નીતિ તથા એક અદના શિક્ષક તરીકેની ગરિમા ભારોભાર સાચવી હતી. કોન્ફ્યુશિયસને ચીની પ્રજા 'પરિપૂર્ણ', 'પ્રતાપી' અને 'પુણ્યશ્લોક' શબ્દોથી આજે પણ સ્મરે છે ! ચીની સંસ્કૃતિના પિતા જેવા ખરેખર તો 'રાજમુગટ વગરના રાજા' તરીકે ગણાતા હતા.

સપ્ટેમ્બર માસમાં આપણે ત્યાં 'શિક્ષક દિન' ઊજવાય છે. આ તત્ત્વવેત્તાનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૫૧માં ૨૮મી સપ્ટેમ્બરે ચીનના લુ નામના રાજ્યમાં થયો હતો. એનું મૂળ નામ કુંગ-કુત્મે હતું. પણ એમના પિતા એમને 'ચિઉ'કહીને બોલાવતા. ત્રણેક વરસ પછી એમના પિતાનું અવસાન થયું. બચપણથી તે કિશોરાવસ્થા સુધી એમને વિદ્યા પ્રાપ્ત કરવાનો–ભણવાનો ભારે શોખ હતો. તેઓ શાળામાં જવા લાગ્યા. ૧૯ વરસની વયે એમના લગ્ન થયેલાં ને એમને એક પુત્ર

અને એક પુત્રી પણ હતાં.

શિક્ષણ પ્રત્યેની ઊંડી લાગણી હોવાથી તેઓ 'લોકશિક્ષક' બની ગયા. ૨૧ વરસની વયે એમણે એક શાળા શરૂ કરી. અને એમણે શિક્ષક જીવનની શરૂઆત કરી. એમની શિક્ષણ પદ્ધતિમાં ત્રણ બાબતો મહત્ત્વની હતી. 'સાચો કુટુંબ ધર્મ', 'સાચો સમાજ ધર્મ' અને 'સાચો રાજધર્મ.' યુવા પેઢીને એમના શિક્ષણ પરત્વે ભારે આકર્ષણ હતું. એક આદર્શ શિક્ષક તરીકેની એમણે નામના મેળવી લીધેલી. સંગીત, કાવ્યશાસ્ત્ર, ઇતિહાસ વગેરે વિદ્યાઓમાં એમને ઊંડો રસ હતો. સંગીતકાર ચાંગ હુંગ પાસેથી એમણે સંગીતનું શિક્ષણ મેળવ્યું. એમણે કાયદાશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો હતો. અધ્યયન અને અધ્યાપન એમણે જીવનભર ચાલુ રાખ્યા હતા.

એમની શાળાની સંખ્યા ૩૦૦૦ વિદ્યાર્થીઓ સુધી પહોંચી ગઈ હતી. કડક શિસ્તના તેઓ આગ્રહી હતા. વિદ્યાર્થીઓ પ્રત્યે વાત્સલ્ય, સહાનુભૂતિ એમણે સતત રાખી હતી. તેઓ કવિતા, સાહિત્ય, ઇતિહાસ, સંગીત, પ્રકૃતિ, વિજ્ઞાન, રાજ્ય બંધારણ, વહીવટીતંત્ર, શિષ્ટાચાર વગેરે વિષયોનું જ્ઞાન આપતા. એમના ૬૦ થી ૭૦ વિદ્યાર્થીઓ અલગ અલગ સ્થળે શિક્ષણના કાર્યમાં લાગ્યા હતા. અને એની શાળામાં લગભગ ત્રીસ હજાર વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવતા હતા.

કોન્ફ્યુશિયસની ૩૩ વરસની વયે એમની માતાનું નિધન થયું. એ પછી બીજે વરસે તેઓ વયોવૃદ્ધ તત્ત્વજ્ઞાની લાઓત્સેને મળ્યા. લાઓત્સે નિવૃત્તિ માર્ગી હતા ને કોન્ફ્યુશિયસ પ્રવૃત્તિ માર્ગી હતા. કોન્ફ્યુશિયસ લાઓત્સે માટે કહે છેઃ 'લાઓત્સે પ્રાચીન વસ્તુઓની પ્રશંસા કરે છે. તેઓ ઊંચી નમ્રતા અને સૌજન્યના અવતાર સમા છે. તેમને દરેક વિષયનું અગાધ જ્ઞાન છે. તેઓ જ્ઞાની પુરુષ છે. એમની સ્મરણશક્તિ ઘણી સતેજ છે. તેનામાં સંત શિરોમણી બનવાની પૂરેપૂરી યોગ્યતા છે.'

કોન્ફ્યુશિયસનું જીવન–સરળ, સાદગીભર્યું, વિનમ્રતાયુક્ત, સંસ્કારમય અને પારદર્શક ખરું! એઓ એક વાત સહુને કહેતાઃ 'મનુષ્યની આધ્યાત્મિક વિકાસની પ્રવૃત્તિ એ શ્રેષ્ઠત્તમ પ્રવૃત્તિ છે અને તેથી જ તેમને એટલી બધી પ્રિય છે.' એમના શિષ્યો એમને માટે કહેતાઃ 'નવરાશના વખતમાં ગુરુજી આનંદી અને હસમુખા જણાતા. ખાનગી મુલાકાત વખતે એ પ્રસન્ન મુખમુદ્રા રાખતા.'

રાજ્યના સારા કાયદાઓ અને વ્યવહારુ નીતિ-નિયમો ઉપર એ વિશેષ ભાર મૂકતા. એમની વહીવટી શક્તિ વખાણવા લાયક હતી. તેથી ૫૦ વરસની ઉંમરે એમણે પોતાના રાજ્યની ઉપરી અમલદારની નોકરી સ્વીકારી હતી. ચુંગટું શહેરમાં તેમની મેજિસ્ટ્રેટ તરીકેની નિમણૂંક થઈ હતી. પછી તો એ કાયદા ખાતાના પ્રધાન પણ બન્યા. તેઓ 'જનતા મૂર્તિ' તરીકે પછી આદર પામ્યા હતા. જનસેવા એ પ્રભુ સેવા એવું તે દૃઢ રીતે માનતા. તે સ્વાર્થી, લોભી, લાલચુ, કે પરનિંદાથી પર હતા!

પોતાના શિષ્યો સાથે એમણે ૧૪-૧૫ વરસ જુદાં જુદાં રાજ્યોમાં પરિભ્રમણ કર્યું હતું. કેટલીક જગ્યાએ ઉપદેશમાં એ ચાર વાતો કહેતાઃ (૧) ચિત્તને સુનીતિના માર્ગે વહાવો. (૨) ચારિત્ર્યના બળને સુદૃઢતાના માર્ગે વાળો. (૩) દરેક પ્રત્યે સમભાવ રાખી આગળ વધતા જાઓ. (૪) સંસ્કાર આપે તેવી લલિતકળાઓથી જીવનમાં તાજગી મેળવો.

શ્રેષ્ઠ માનવ બનવા માટે અને એ રીતે પોતાની યોગ્યતા સાબિત કરવા માટે એણે લાઓત્સેમાં એની કળા જોઈ હતી. આવા શ્રેષ્ઠ માનવ માટે એમણે ૮ ગુણો ગણાવ્યા છેઃ (૧) માયાળુ–વિનમ્ર, (૨) નૈતિક સિદ્ધાંતોને વરેલો, (૩) વિદ્યા વ્યાસંગી, (૪) પોતાના વર્તન–વ્યવહાર માટે સદા જાગૃત–નિરાભિમાની રહે, (૫) સ્વસ્થ અને શાંત, (૬) સ્વવર્તનમાં ને વ્યવહારમાં પારદર્શકતા કેળવો, જેથી સમાજ જીવન પર સારી છાપ રહે, (૭) ભોગવિલાસથી પર કે લોલુપ બનતો નથી. (૮) તે દરેક પરિસ્થિતિમાં સંતોષ અનુભવે છે.

એક સાધુએ કોન્ફ્યુશિયસ માટે કહ્યું છે: 'આ એક એવો માણસ છે કે જે જાણતો હોય કે પોતે સફળ થવાનો નથી, તો પણ છેવટ સુધી પોતાનો પુરુષાર્થ ત્યાગતો નથી.' તેમનો ધર્મ સમાજલક્ષી અને સુવ્યવહારયુક્ત હતો. એ કાયદાખાતાના પ્રધાન હતા ત્યારે ગુનાઓ ત્યાં સુધી ઘટી ગયા કે લોકો ઘરને તાળાં પણ મારતા નહિ. રસ્તામાં પડેલી વસ્તુ કોઈ લેતા નહિ. એ કહેતાઃ 'પહેલાં લોકોને રોજગારી મળે એ રીતે તેઓને સમૃદ્ધ બનાવવા જોઈએ. ત્યાર પછી લોકોને સંસ્કારી બનાવવા જોઈએ કારણકે સંસ્કાર વિના સમૃદ્ધિ નહિ ટકે અને ગરીબોની દુર્દશામાં સંસ્કાર નહિ રહે.' સૌ આ સમજે તો કેવું સારું?

એમનું જીવન સતત મૃત્યુ પર્યંત પ્રવૃત્તિશીલ રહ્યું. છેલ્લાં વર્ષોમાં તેઓ કહેતાઃ '૧૫ વરસની વયે હું વિદ્યાભ્યાસમાં ડૂબેલો હતો. ૩૦ વર્ષની વયે હું ગમે તે પરિસ્થિતિમાં ગમે તે વ્યક્તિ સામે સ્વસ્થ અને અણનમ રહેતાં શીખ્યો. ૪૦ વરસની વયે ઈશ્વરમાં મારી શ્રદ્ધા સ્થિર થઈ અને કુદરતના નિયમો સમજવા લાગ્યો. ૬૦ વરસની વયે સત્યવચન પ્રત્યે મારો આદરભાવ વધી ગયો. ૭૦ વરસની વયે નીતિનિયમોના ભંગ વિના મારા આત્માના અવાજને ઓળખવાનું અને એ પ્રમાણે એને અનુસરવાનું બળ મેં મેળવ્યું.

૬૫ વરસની વયે એણે રાજકીય હોદ્દો સ્વીકારવાનો નનૈયો ભણ્યો હતો. ૭૨ વરસની ઉંમરે ઈ. સ. ૪૭૯માં એમનું અવસાન થયું. ચીનમાં એ માન્યતા પ્રચલિત છેઃ 'કોન્ફ્યુશિયસ જેવો બીજો કોઈ થયો નથી ને થશે ય નહિ.' એમણે પાંચ ગ્રંથો સંપાદિત કર્યા અને એક મૌલિક ગ્રંથ લખ્યો હતો, જેમાં પોતાના લુ રાજ્યનો ઇતિહાસ આપ્યો છે. આજે પણ એમનો જન્મ દિવસ યોગાનુયોગ સપ્ટેમ્બર મહિનામાં જ 'શિક્ષક દિન' તરીકે ઉજવાય છે. આવા આજીવન શિક્ષકને આપણે સ્મરણ કરી આદરાંજલિ આપીએ. ✶✶✶

૯૩-એ, આશીર્વાદ, સાંઈબાબા લેન, વલ્લભબાગ લેન, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ-૪૦૦ ૦૭૭. મોબાઈલ : ૯૮૨૦૫૫૧૦૧૯.

# ઉત્તમ શ્રાવક શ્રી શ્રેણિકભાઈ સાર્થક જીવનનો ઉજાસ

□ ડૉ. કુમારપાળ દેસાઈ

શ્રેષ્ઠિવર્ય, સ્વજન અને મુરબ્બી શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈની વિદાય સાથે જાણે ગુજરાતની ગરિમાનો એક તેજપુંજ અને જૈન ધર્મની ભાવનાઓના જીવંત પ્રાગટ્યરૂપ પ્રતિભા વિલીન થઈ ગઈ. શ્રી શ્રેણિકભાઈ ધર્મચિંતન અને ધર્મઆચરણ એ બંનેને એક પંખીની બે પાંખ સમાન માનતા હતા. જીવનમાં માત્ર લક્ષ્ય ઊંચુ રાખે કશું સિદ્ધ ન થાય, પરંતુ એ લક્ષ્યની પ્રાપ્તિ માટે પ્રબળ પુરુષાર્થ કરવો પડે એમ કહીને શ્રી શ્રેણિકભાઈ કહેતા કે જીવનમાં માત્ર ધર્મગ્રંથો વાંચે ન ચાલે, બલ્કે ધર્મમય આચરણ પણ એટલું જ આવશ્યક છે. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ એ ત્રણ એમના અતિ પ્રિય સિદ્ધાંતો. એ સિદ્ધાંતોને પોતાના જીવનમાં સાકાર કરવા માટે સદૈવ પ્રયત્ન કર્યો.

એ કહેતા કે નાનામાં નાના જીવથી માંડીને કોઈને પણ આપણે લીધે દુઃખ થાય એવું કરવું જોઈએ નહીં. જીવદયા અને પાંજરાપોળના કાર્યમાં જીવનભર સદાય મોખરે રહ્યા. વળી કહેતા કે અહિંસાના સિદ્ધાંતની બીજી વિશેષતા એ છે કે મન, વચન અને કાયા દ્વારા હિંસા થવી જોઈએ નહીં. મનથી કોઈ જીવની હત્યાનો વિચાર કરવો કે વાણીથી એને દુઃખ પહોંચાડવું એ પણ હિંસા છે. પોતાના જીવનકાળ દરમિયાન અનેક વ્યક્તિઓને અંગત રીતે અને જાહેર સમારંભોમાં શ્રેણિકભાઈને મળવાનું બનતું. એ હજારોમાંથી એક વ્યક્તિ પણ આજે એવી નહીં મળે કે જે એમ કહે કે શ્રેણિકભાઈએ મને દુઃખ પહોંચાડ્યું હતું!

એ જ રીતે એમણે અપરિગ્રહનો સિદ્ધાંત તીર્થો, ઉપાશ્રયો, પાંજરાપોળો, શિક્ષણ અને સેવાના ક્ષેત્રમાં દાન આપીને તો અપનાવ્યો હતો, પરંતુ સ્વ-જીવનમાં પણ એનું પાલન કરતા હતા. નાનામાં નાની સેન્ટ્રો કારમાં હંમેશાં ડ્રાઈવરની સીટ પાસે બેસતા, સંસ્થા કે ટ્રસ્ટની મિટિંગ સમયે નાસ્તો તો શું, પણ ચાનો એક કપ પણ લેતા નહીં. મુખ્ય મુદ્દાઓ પર જ વાત કરતા અને તેથી મોટા ભાગના ટ્રસ્ટોની મિટિંગ વીસ કે પચીસ મિનિટમાં પૂરી થઈ જતી. સમયના ચૂસ્ત પાલક. સાદામાં સાદું ભોજન લે. પ્રવાસમાં પોતાને માટે કોઈ ખાસ સગવડની વાત નહીં. સવારના નાસ્તામાં માત્ર ખાખરો જ હોય. કોઈ પુસ્તક કે કેસેટ મંગાવે, તો તરત એની રકમ મોકલી આપે. જૈન તીર્થોના વહીવટમાં રહેલી પારદર્શકતા અને પ્રમાણિકતાના પાયામાં શ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ મૂકેલા ઉમદા સંસ્કારો છે.

જૈન ધર્મનો અનેકાંતવાદ એમણે એવો અપનાવ્યો હતો કે એમનો વિરોધ કરનારા પણ એમને ચાહતા હતા. કેટલાક એકાંતિક કે ઝનૂની દૃષ્ટિએ વિચારનારા લોકો એમની સાથે આકરી ભાષામાં વાત કરતા, તો પણ એમની સ્વસ્થતાને ઊની આંચ આવતી નહીં. તેઓ જે જૈન ટ્રસ્ટનો વહીવટ કરતા, તેમાં એના વહીવટદારો કોઈપણ જાતનું આર્થિક વેતન લઈ શકતા નહીં તથા તીર્થોની કોઈપણ વસ્તુ એનું નિર્ધારિત મૂલ્ય આપ્યા વિના વાપરી શકતા નહીં. રોજ સવારે પૂજા કરે, ચૌવિહાર કરે, ઘણા કાર્યક્રમો સાંજે યોજાતા હોય, ત્યારે જો અનિવાર્યપણે હાજર રહેવું પડે તેમ હોય તો ભોજન જતું કરે.

જીવનના અંતિમ સમય સુધી એમની ધર્મભાવના એમના વાણી, વર્તન અને વિચારમાં પ્રગટતી રહી. અવસાન પૂર્વે થોડા દિવસ અગાઉ એમને મળવા ગયો, ત્યારે એ અત્યંત અશક્ત બની ગયા હતા, પણ એમનું ચિત્ત એટલું જ જાગ્રત હતું. સહુના સમાચાર પૂછ્યા અને છેલ્લે કહ્યું, 'અત્યારે હું નિરાંતે કર્મ ખપાવી રહ્યો છું.'

મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને રવિશંકર મહારાજ જેવા મહાપુરુષોની ઉચ્ચ પરંપરા જાળવવી એ એમનો આદર્શ હતો અને તેથી કોઈ ધનવાન ખોટે માર્ગે મેળવેલું દ્રવ્ય સંસ્થાને માટે આપવા આવે, તો એક પળના ય વિલંબ વિના ઘસીને ના પાડી દેતા. એમની નમ્રતા એવી કે મોટે ભાગે જાતે જ ફોન કરતા. ફોન પર 'હું શ્રેણિક બોલું છું' એવો વાત્સલ્યસભર મીઠો રણકતો અવાજ સંભળાય. મહત્ત્વના મુદ્દાની જ વાત કરે અને વાતચીત પૂર્ણ થયે દીર્ઘ અને ભાવસભર 'થેન્ક યૂ' કહે.

નમ્રતા તો એવી કે કોઈ એમની પ્રશંસાનો ઉલ્લેખ કરતાં કસ્તુરભાઈનું સ્મરણ કરે, તો કહે 'ક્યાં પપ્પાજી અને ક્યાં હું?' આમ પ્રશંસાથી હંમેશાં એ દૂર રહેતા. એમની સાદાઈ અને નમ્રતાને કારણે એમને પહેલીવાર મળવા આવનાર ઘણીવાર એમને ઓળખવામાં થાપ પણ ખાઈ જતા. અનુમોદના પણ એટલી જ કે કોઈ સારું કાર્ય કરે એટલે ખૂબ પ્રસન્ન થઈ જાય. એમનો વાચન શોખ જબરો હતો. પહેલાં રોજ એક કલાકનું વાચન કરતા, પણ પાછલા વર્ષોમાં દિવસનો પોણો ભાગ ધર્મગ્રંથોના વાચન અને ધર્મક્રિયાઓમાં ગાળતા હતા અને બાકીનો સમય સામાજિક કાર્યોમાં પસાર કરતા હતા.

એમણે 'આતમજ્ઞાની શ્રમણ કહાવે' નામનું આ. કૈલાસસાગર-સૂરીશ્વરજીનું મારા દ્વારા લખાયેલું ચરિત્ર વાંચીને ફોન કર્યો કે હું એક બેઠકે આ પુસ્તક વાંચી ગયો છું અને બે દિવસ બાદ એમનો પ્રસન્નતા વ્યક્ત કરતો પત્ર આવ્યો. એ જ રીતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત કથાની ડીવીડીઓ મોકલતો અને એમનો ભાવભીનો

પ્રતિભાવ પામતો હતો.

આમ, શિક્ષણની સંસ્થા હોય કે ઉદ્યોગનું સુકાન હોય, સામાજિક ઉત્થાનનું કાર્ય હોય કે પછી ધર્મ સંસ્થાઓની આગેવાની હોય– આવા તદ્દન વિભિન્ન ક્ષેત્રોમાં એમની પ્રતિભાએ અપૂર્વ સાતત્યથી કાર્ય કર્યું. ક્ષેત્ર જૂદું હોય, એના પડકાર સર્વથા ભિન્ન હોય, સંજોગો અને પરિસ્થિતિ સાવ નોખા હોય, તેમ છતાં નીતિ, સચ્ચાઈ અને સ્નેહના પોતીકા માર્ગે ચાલીને એમણે સંસ્થાઓને ઉમદા રાહબરીનો આદર્શ આપ્યો.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ તરીકે શ્રેણિકભાઈ બત્રીસ વર્ષ સુધી કાર્યરત રહ્યા. એમણે પાલિતાણા તીર્થને જગવિખ્યાત બનાવવામાં સિંહફાળો આપ્યો. ધર્મ અને કળાનો રોચક સમન્વય સાધીને શત્રુંજય, રાણકપુર, કુંભારિયાજી, મક્ષીજી, ગિરનાર, તારંગા, શેરીસા વગેરે તીર્થોની જાળવણીમાં અથાગ પ્રયત્ન કર્યો. પાલિતાણાની જય તળેટીનો વિકાસ એમની સૂક્ષ્મ કલાસૂઝ દર્શાવે છે. ભારતના બારસો જેટલાં જૈન તીર્થોના જિર્ણોદ્ધારમાં એમણે પેઢી દ્વારા સહયોગ આપ્યો. વિદેશથી જે કોઈ મહાનુભાવ આવે, એ શ્રેણિકભાઈ પાસે માર્ગદર્શન લેવા દોડી જાય. ભારતની બહારના દેશોમાં સર્જાયેલા જૈન તીર્થો અને સેન્ટરોને શ્રેણિકભાઈની દીર્ઘદૃષ્ટિનો ઊંડો લાભ મળ્યો છે. બ્રિટન-ભારતની ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી જેવી સંસ્થાના માર્ગદર્શક બની રહ્યા. ઉચ્ચ કેળવણી, ગર્ભ શ્રીમંતાઈ અને વિશાળ દર્શન ધરાવતી વ્યક્તિ સામાન્ય રીતે ધર્મક્ષેત્રે વ્યાપેલા કલહ, રૂઢિગ્રસ્તતા અને કુસંપ પ્રત્યે ઉપેક્ષા કે તિરસ્કારનો ભાવ સેવતી હોય છે, પણ શ્રી શ્રેણિકભાઈને જૈનધર્મમાં અખૂટ આસ્થા હોવાથી અપૂર્વ ધૈર્ય અને ચિત્તશાંતિ ધારણ કરીને સદાય સહુને સાથે લઈને ધર્મકાર્યો કરતા રહ્યા. આનું મુખ્ય કારણ એમની જૈનધર્મ પ્રત્યે ઊંડી શ્રદ્ધા. ક્યારેક તો કહેતા કે હાર્વર્ડમાં એમ.બી.એ. થયો, ત્યારે જરા જમીનથી સહેજ ઊંચો ચાલતો હતો, પણ જૈનદર્શનનો અભ્યાસ કર્યા પછી એની સૂક્ષ્મતા અને ગહનતા જોઈને મારો એ ગર્વ ઓગળી ગયો.

ચાલીસ વર્ષ સુધી ઉદ્યોગક્ષેત્રે ઉજ્જવળ કારકીર્દિ ધરાવતા શ્રેણિકભાઈએ અનેક વિદ્યાકીય, ધાર્મિક, સંશોધનલક્ષી અને સાહિત્યિક સંસ્થાઓને માર્ગદર્શક આપ્યું. છેક ૧૯૮૫ થી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રમુખ તરીકે એની સઘળી પ્રવૃત્તિના પ્રેરણાસ્થાન બની રહ્યા. સ્પષ્ટ વક્તા, હિસાબની ઝીણવટ, ઉદારતા, સૌજન્ય, નમ્રતા અને કોઠાસૂઝથી એમણે ધર્મ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં આગવું યોગદાન આપ્યું.

અમદાવાદને એ સ્વાશ્રયથી ઊભું થયેલું શહેર માનતા અને એના શૈક્ષણિક વિકાસ માટેની સંસ્થાઓને માર્ગદર્શન આપ્યું. એ કહેતા કે જીવનનો ૨૫ ટકા સમય બીજાનાં દુઃખદર્દો દૂર કરવા માટે અને બીજાના ઉત્કર્ષ કાજે સેવા કરવામાં ગાળવામાં આવે, તો જ જીવન સાર્થક ગણાય. આ યુગમાં પણ એ નખશીખ પ્રમાણિક તો રહ્યા, પંરુત એથીય વિશેષ પોતાની આસપાસના સઘળાં કાર્યોમાં પ્રમાણિકતાનો આગ્રહ રાખ્યો. જૈન ઇતિહાસની કથાઓમાં પુણિયા શ્રાવક, ઉદયન મંત્રી, ભીમ કુંડલિયો જેવાની પ્રમાણિકતાની વાતો સાંભળી છે. આવતીકાલે કોઈ શ્રેણિકભાઈના જીવનમાંથી આવા દૃષ્ટાંતો તારવી આપે, તો આશ્ચર્ય ન પામશો!

આવા ગુજરાતની ગરવી મહાજન પરંપરાના પ્રભાવક મહાજનની વિદાય સાથે જાણે એ પરંપરા લુપ્ત થઈ ગઈ હોય એવો વસવસો જાગે છે. આવા સંસ્કારપુરુષો એ ધર્મ, સમાજ, શિક્ષણ અને સંચાલનને માટે દીવાદાંડીરૂપ હોય છે. હવે પછી પણ એ સાર્થક જીવનની દીવાદાંડીનો ઝળહળતો પ્રકાશ સહુને પ્રેરણા આપતો રહે એ જ ભાવના.

✷ ✷ ✷

# ઉપાશ્રય–વ્યાખ્યાન માઈક દ્વારા?

❑ બકુલ નંદલાલ ગાંધી

સૌ પ્રથમ એક વાત સ્પષ્ટ કરવાની છે કે અત્રે વ્યક્ત કરેલ વિચારો કોઈપણ જાતનો વિવાદ ઊભો કરવા કે ચર્ચા–દલીલોની રૂએ નથી. એક સામાન્ય સ્થાનકવાસી જૈન શ્રાવકના મનમાં પ્રશ્નોનું સમાધાન કરવા રજૂ કરેલ છે. આમ છતાં જાણતાં કે અજાણતાં કે અજ્ઞાનતાને કારણે ધર્મની અશાતના–અવિનય થાય તો અંતઃકરણપૂર્વક ક્ષમા માગું છું.

**ઉપાશ્રય**

ધર્મદ્વાર - સપ્ટેમ્બર, ૨૦૧૩ના અંકમાં પ્રગટ થયેલ કુલ્લે ૨૨ અર્થમાં ઉપાશ્રયનો વર્ણવેલ સચોટ અને સુંદર મહિમા ખરેખર હૃદયસ્પર્શી રહ્યો, તેનો અંશ અહીં લેખની રજૂઆતને અનુલક્ષી ટપકાવેલ છે. 'ઉપાશ્રય એટલે જૈનશાસનની પ્રભાવના કરનાર જૈનભુવન; ઉપાશ્રય એટલે વીરવાણીનું પાન કરાવનાર; ઉપાશ્રય એટલે ચતુર્વિધ સંઘના ઘડતરની આદર્શ શાળા; ઉપાશ્રય એટલે ઉપાસકોનું શાંતિ નિકેતન', તો સાથોસાથ વધારે ને વધારે ચંચળ રહેતા સંસારી છદ્મસ્થ જીવોને માર્ગ દર્શાવનારી શાયરી–

*'ભટકતે ઈન્સાન કે લિયે ધર્મસ્થાનક ઈશારે હૈ,*
*જીવન કે આસમાન કે લીયે ધર્મસ્થાનક સિતારે હૈ,*
*આત્મજાગૃતિ કે લીયે ઉપાશ્રય કે ભીતર કદમ રખના,*
*બહતી જીવનધારા કે લીયે, ધર્મસ્થાનક કિનારે હૈ.'*

**જૈનધર્મ પ્રત્યેની આસ્થા અને ઝંખના**

એક બાજુએ વીસ એકવીસમી સદીના વિકસિત વિજ્ઞાને માનવીને

સુખાભાસનો અનુભવ થાય તેવા નિતનવા સાધનો ઉપલબ્ધ કરાવ્યા છે, તો બીજી બાજુએ વધતી આવક અને સહેલાઈથી હપ્તે મેળવી શકાય તેવી આર્થિક નીતિઓ આવા સુખાભાસના સાધનો વસાવવા લલચાવે છે. ઝડપથી બદલતા યુગમાં શિક્ષણનું માધ્યમ પણ હવે અંગ્રેજી ભાષામાં થઈ ગયું છે. આવા વાતાવરણમાં સામાન્યપણે સંસારી છદ્મસ્થ જીવોનું મન વધારે ને વધારે ચંચળ રહે છે. અનેક પદાર્થોની પ્રાપ્તિ અપ્રાપ્તિ વિશે અનેક ભાવોમાં રમતું રહે છે. આ મન જેમ જેમ માંકડાની જેમ ઉછળે છે તેમ તેમ વિભાવનાનું બળવાનપણું થતાં કર્મોનો અનેકધા આશ્રવ થતો રહે છે અને જીવોનો સંસાર વધતો રહે છે. આવા સંજોગોમાં પણ સ્થાનકવાસી જૈન તરીકેની આસ્થા હોવાને કારણે જ પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં જૈન ઉપાશ્રયોમાં શ્રાવકો ઘણી મોટી સંખ્યામાં પૂજ્ય સાધુ-સાધ્વીઓના વ્યાખ્યાન–વાણીનો લાભ લેવા ઉપસ્થિત રહે છે અને એકાસણાથી માંડી માસખમણના ઉપવાસની આકરી તપશ્ચર્યા આદરે છે. પરંતુ શહેરોમાં ઘણી જગ્યાએ ઉપાશ્રયો ઘણાં ગીચ ને ઘોંઘાટવાળા વિસ્તારોમાં આવેલ છે. શ્રાવકોની સંખ્યામાં પણ ખાસ્સો એવો વધારો થયો છે. પર્યુષણ પર્વ દરમ્યાન વ્યાખ્યાન હોલની બહાર પરિસરમાં શ્રાવકોએ બેસવું પડે છે. આવા સમયે પૂ. સાધુ-સાધ્વીજીની વ્યાખ્યાન-વાણી સ્પષ્ટપણે સંભળાતી નથી અને જરૂરી એકાગ્રતા જળવાઈ રહેતી નથી. આવા સંજોગોમાં, ખાસ કરીને પર્યુષણ પર્વના આઠ દિવસ દરમિયાન કે જ્યારે વ્યાખ્યાન હોલ અને પરિસર ખીચોખીચ ભરેલા હોય છે ત્યારે, દૂરવર્તી નિયંત્રણવાળા માઈકના ઉપયોગની જરૂરિયાત શ્રાવકો અનુભવતા હોય છે.

**શું માઈકનો ઉપયોગ જરૂરી છે ? માઈકના ઉપયોગની રજૂઆતથી ઉદ્‌ભવતા વિવિધ પાસાઓ શું છે ?**

**સમય અનુસાર ભાષા પરિવર્તન**

સૌ પ્રથમ સમજીએ કે વર્ધમાન મહાવીર તથા તેમના ગણધરોએ આપેલા મૌખિક ઉપદેશો અર્ધમાગધી ભાષામાં હતા. સમય જતાં આ મૌખિક ઉપદેશો આગમોના રૂપમાં અને ત્યારબાદ ગુજરાતી અને હિંદી ભાષામાં અનુવાદ કરીને પુસ્તકોના રૂપમાં ઉપલબ્ધ છે. આમ જૈનધર્મના ફેલાવા તથા સમજણ માટે **સમયને અનુરૂપ** શ્રાવકો–અનુયાયીઓની જ્ઞાનપિપાસા સંતોષવા ધાર્મિક સાહિત્ય જુદી જુદી ભાષામાં ઉલપબ્ધ કરાવેલ છે.

**અનેકાંતવાદ મૂર્તિપૂજાથી સ્થાનકવાસીથી તેરાપંથી**

અનેકાંતવાદ એટલે સત્યના સાપેક્ષતાવાદનો સિદ્ધાંત, જગતની બહુમુખી, સતત બદલાતી વાસ્તવિકતા, વસ્તુસ્થિતિનું ખરાપણું, અસ્તિત્વ, જોનારાના તેમજ જે વસ્તુ જોવે છે તેના સમય, જગ્યા, સ્વભાવ તથા માનસિકતાના અનુસંધાનમાં અમર્યાદીત દૃષ્ટિબિંદુઓ કે વિચારો વર્ણવે છે. સંપૂર્ણ સત્ય જગતના ભિન્નભિન્ન દૃષ્ટિબિંદુઓનો સરવાળો હોય છે. સ્યાદ્‌વાદ એટલે કે સાત શક્યતાઓની કલ્પના જૈનોને બીજી ફિલોસોફીની દૃષ્ટિએ સત્ય હોય તે સ્વીકારવાની સહિષ્ણુતા કેળવવામાં સહાયરૂપ થઈ છે. આવા જ એક જુદા દૃષ્ટિબિંદુ થકી ઈ. સ. ૧૪૭૪માં અમદાવાદના ધનવાન અને બહુશ્રુત વેપારી શ્રી લોંકાશાહે મૂર્તિપૂજા અસ્વીકાર્ય જણાવી સ્થાનકવાસી વિચારસરણી સ્થાપી. મૂર્તિપૂજા સાથે પુષ્પપૂજા, આંગી, ઘંટારવ, દીવાનો ઉપયોય હોય છે. આપણો વિષય માઈકના ઉપયોગ વિષે જ સિમિત રાખ્યો છે.

**સાધુ-સાધ્વી દ્વારા પ્રવચન (શાસન તથા સિદ્ધાંત)ની પ્રભાવના**

એક તરફ ઉત્તરાધ્યનના ચોવીસમા અધ્યયનમાં સમજાવેલ છે કે શુભપ્રવૃત્તિના પ્રભાવથી મુનિ આત્મદશામાં આગળ વધે છે ત્યારે પોતાને જે અનુપમ તત્ત્વની પ્રાપ્તિ થઈ છે તેનો લાભ અન્ય જીવોને મળે તે હેતુથી તેઓ ધર્મકથા કહે છે. જે સમ્યક્‌ધર્મ પોતાને સમજાયો છે તે બીજાઓને સમજાવવો એ ધર્મોપદેશ અથવા ધર્મકથા છે. ધર્મકથા કરાવવાથી જીવ કર્મોની નિર્જરા કરે છે અને પ્રવચન (શાસન તથા સિદ્ધાંત)ની પ્રભાવના કરનાર જીવ ભવિષ્યમાં શુભફળ આપનાર કર્મનો બંધ કરે છે. જે શાસનના શરણે પૂ. સાધુ-સાધ્વીજી છે તે શાસનનો જયજયકાર ચોમેર થાય, ફેલાવો વધે એવી પ્રવૃત્તિ ધર્મકથા તથા ધર્મોપદેશ દ્વારા કરવામાં આવે છે.

**હિંસા – મંદ કષાય અને તીવ્ર કષાય**

બીજી તરફ દશવૈકાલિક સૂત્રમાં ખુલ્લે મોઢેથી બોલતી વખતે ઉના વાયુથી વાયુકાયની વિરાધના થાય છે અને માટે મુખવસ્ત્રિકા ધારણ કરવાનું બતાવ્યું છે. મુખવસ્ત્રિકાનું માપ, કેટલી ઘડી કરવી, મુખવસ્ત્રિકાને ગાંઠ ન મારતાં દોરાથી બાંધવી, ભીક્ષુએ શ્વાચ્છોશ્વાસ લેતી વખતે, ઉધરસ ખાતી વખતે, છીંકતી વખતે, બાગસું ખાતી વખતે, ઓડકાર ખાતી વખતે તથા અધોવાયુ ત્યાગતી વખતે કેવી સાવધાની વર્તવી જોઈએ આવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ બાબતનું વિસ્તારથી વિશ્લેષણ ઉપરથી સમજી શકાય છે કે એક જીવ પોતોના દેહની શાતા માટે વિકલયત્રયની હત્યા કરે તો તેથી અલ્પ બંધ થાય અને તે ખોરાકની અનિવાર્યતા માટે એકેન્દ્રિયની હિંસા થાય તો તેને સૂક્ષ્મબંધ થાય. હિંસાઓ જો સમકિત જીવ કે આત્માર્થે આગળ વધેલો જીવ કરે તો તેને અજ્ઞાની જીવ કરતાં ઘણાં વિશેષ કર્મ બંધ થાય છે. તેવી જ રીતે સુવિધાવાળા ક્ષેત્રમાં આવી હિંસા થાય તો મોટા કર્મબંધ આવે અને અસુવિધાવાળા ક્ષેત્રમાં જરૂરિયાતોને કારણે હિંસા થાય તો અલ્પ કર્મબંધ પડે છે. એ જ પ્રકારે જે કાળે અયોગ્ય હોય તે કાળે હિંસા કરવામાં આવે તો બળવાન બંધ થાય અને અનિવાર્ય કાળે આવી હિંસાનું ફળ તેનાથી અલ્પ થઈ જાય.

આમ હિંસા કરનાર જીવના વિવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરવામાં આવે તો તેના અનંત પ્રકાર થાય છે અને તેમાં હિંસાનો ભોગ બનનાર જીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની વિવિધતા

ઉમેરવામાં આવે તો હિંસાના અનંતાઅનંત પ્રકારો થઈ શકે છે.

જૈનધર્મ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવને તેમના ચડતાં ક્રમ પ્રમાણે વેદનાની તીવ્રતા અનુભવે છે તેમ જણાવે છે. એટલે કે મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચ જીવને પહોંચાડેલ વેદનાના કર્મની તીવ્રતા ઘણી વધુ છે ત્યારે વનસ્પતિ, વાયુકાય કે એકેન્દ્રિય જીવની હિંસા સરખામણીની દૃષ્ટિએ મંદ છે. વળી માઈક દ્વારા અપાતા વ્યાખ્યાનથી થતી હિંસા **ભાવરહિત**ની દ્રવ્યહિંસા સમાન ન ગણી શકાય ? તદ્ ઉપરાંત માઈકનો ઉપયોગ કરાતાં થતી હિંસા માટે **પ્રાયશ્ચિત** લઈને થતી કર્મની તીવ્રતા શું મંદ ન થઈ શકે ?

**માઈક કે મુદ્રણકામ**

ધર્મકથા અને ધર્મોપદેશની પ્રભાવના વ્યાખ્યાન ઉપરાંત સમાચારપત્ર કે આધ્યાત્મિક પુસ્તકો કે પત્રિકાઓમાં આદરણીય પૂજ્ય સાધુસંતોના લેખો દ્વારા થતી હોય છે. નિસંદેહ આ સર્વેના છાપકામમાં મુદ્રણ કે કમ્પ્યુટરના ઉપયોગથી વાયુકાયના જીવોની જે હિંસા થાય છે તે કર્યું, કરાવ્યું અને કરતાંને અનુમોદનાના કર્મ માઈકના ઉપયોગથી થતી હિંસાથી કઈ રીતે જુદી છે ? વીજળી ઉપરાંત મુદ્રણયંત્ર, કાગળ, શાહી વિ.નો ઉપયોગ થાય છે. શું આનાથી માઈકથી થતી હિંસા કરતા અનેકગણી નથી ?

ઉપર જણાવેલ પાસાઓનું મૂલ્યાંકન કરતી વખતે એ ધ્યાનમાં રહે કે માઈકની વિનંતિ કરનાર શ્રાવકો એ વર્ગમાંના છે કે આજ સુધી જેને એરકંડીશન હોલમાં ગાદીવાળી ખુરશી તથા બીજી સુવિધાના પ્રલોભનોએ વિચલિત કર્યા નથી. શ્રાવકોને માત્ર સાધુ-સાધ્વીજીઓની સંતવાણી સંપૂર્ણ સમજાય તેવી રીતે સંભળાય તેવી યાચના હોય છે.

એકંદરે સેંકડો શ્રાવકોને ધર્મકથા અને વ્યાખ્યાનની થતી પ્રભાવનાથી કર્મ નિર્જરાના લાભ આપી જૈનધર્મનો અને શાસનનો જયજયકાર ફેલાવવા માટે, અભાવથી અને પ્રાયશ્ચિત લઈને માઈકના ઉપયોગથી થતાં મંદ કર્મ શા માટે અક્ષમ્ય, અયોગ્ય અને અસ્વીકાર્ય ગણવા ?

**સમય સાથે કદમ અને સમય સાથે પરિવર્તન**

સમય, જગ્યા અને સંજોગોને કારણે આજે લઘુનીતી-વડીનીતી બાબતે લચકતાં અપનાવાઈ છે. હવે મહાસંઘે તથા સંપ્રદાયોએ સાથે બેસીને પ્રથમ નક્કી કરવાનું છે કે–શું ખરેખર પર્યુષણ દરમ્યાન શ્રાવકોને સાધુ–સાધ્વીજીની વાણીનો લાભ મળવામાં મુશ્કેલી પડે છે ? શું વ્યાખ્યાનો બે વખત સવારના આપવા શક્ય છે ? ન હોય તો શ્રાવકો, ખાસ કરીને યુવા પેઢી–કે જે અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ પામેલ છે–તેમને કેવી રીતે ટકાવી રાખવા ? નહિ તો અંગ્રેજીમાં શિક્ષણ પામેલી અથવા પામી રહેલી યુવા પેઢી અત્યારે જ્યાં માઈક, એરકંડીશન તથા તેવી બીજી સુવિધા ઉપલબ્ધ થાય છે તે તરફ વળતાં રોકી શકાશે નહિ.

આપણાં જ જાણીતા મહાનુભાવ, વિદ્વાન પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈએ સંવત્સરી ક્ષમાપનાના પ્રવચન સમયે ધર્મને વૈચારિકતાથી, વાસ્તવિકતાથી, તાર્કીકતાથી મૂળભૂત રીતે વિચારવો. જો આમ નહીં થાય તો આપણા ધર્મની ઘડિયાળના કાંટા સ્થગિત થઈ જશે કે પાછળ રહેશે.

**જૈનધર્મ આર્યભૂમિના સીમાડાઓને પેલે પાર-દેશ પરદેશ**

જૈનધર્મમાં જેમને શ્રદ્ધા-આસ્થા છે, તેઓ તેમનો માર્ગ શોધી લે છે. અત્રે એ સુવિદિત છે કે આજે વિશ્વના વિકસિત દેશોમાં ભણતર અને ત્યારબાદ જીવનનિર્વાહ માટે વસવાટ કરતા લાખ્ખો જૈનો અમેરિકા, યુરોપ, આરબ, સિંગાપુર, હોંગકોંગ જેવા દેશોમાં પણ માબાપ અને પૂર્વજોના ધર્મ સંસ્કારોને લીધે ભવ્ય જૈન દેરાસરો ઊભા કરવા પ્રેરાયા છે. આ દેશોમાં જૈનોની ઓળખાણ જૈન તરીકે જ થાય છે, નહિ કે શ્વેતાંબર, દિગંબર, દેરાવાસી, સ્થાનકવાસી વિ. આમાં સંપ્રદાયની સમજણ ક્યાંથી હોય ? દરેક સ્થળે દેરાસર છે, જુદા ઉપાશ્રય ક્યાંય નથી. કમ્પ્યુટરના યુગમાં જૈનોનો ઇતિહાસ, જૈનધર્મનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ સમજણ, તીર્થંકરો, આગમો, સૂત્રો વિ. માહિતી ગુગલ સર્ચ દ્વારા પળભરમાં મળી જાય છે. સામાયિક અને પ્રતિક્રમણ ઉચ્ચારો અને ક્રિયાની સમજણ સાથે ઉપલબ્ધ થાય છે. આ બધું જૈનધર્મમાંની પાયાની સમજણ અને શ્રદ્ધાનું પ્રતિબિંબ પાડે છે. એકબાજુ ભારતદેશમાં વિદ્વાન સાધુ-સંતો જૈનના જુદા જુદા ફિરકાઓને એક છત્ર હેઠળ લાવવા અથાગ પ્રયાસ બાદ સફળ થયા નથી ત્યારે વિદેશોમાં કોઈપણ જાતની કડાકુટ વગર સ્વાભાવિક રીતે એક છત્ર હેઠળ છે તેમ અનુભવેલ છે.

અંતમાં 'પ્રબુદ્ધ જીવન'ના એપ્રિલ માસના 'પાઠશાળા'ના સૌજન્યના 'આચમન'માં આવી જ કાંઈક રજૂઆત છે કે શિયાળની ભાષા તે પ્રભુ મહાવીરની અનેકાંત શબ્દકોશની ભાષા છે. આમાં આગ્રહના દર્શન ન થાય; માત્ર સત્યના જ દર્શન થાય. આ એકાંત નહીં પણ અનેકાંત કહેવાય છે. તેને ખુલ્લા મનથી સ્વીકારીએ તો સૌથી પહેલો લાભ આપણને થાય અને તે સંક્લેશ મુક્તિનો લાભ. તેથી આપણા બદ્ધ વિચાર-કોચલામાંથી નીકળીએ. આપણે સીમામાં બદ્ધ ન હોય એવા વ્યાપક સત્યને સ્વીકારીએ. ✷ ✷ ✷

૧૧-૧૨, સંદીપ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.),
મુંબઈ-૪૦૦ ૦૧૯. ફોન : ૨૪૦૧૦૯૮૨, ૨૪૦૨૨૫૯૧.
મોબાઈલ : ૯૮૧૯૩૭૨૯૦૮.

***આપણાં જ જાણીતા મહાનુભાવ, વિદ્વાન પદ્મ શ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈએ સંવત્સરી ક્ષમાપનાના પ્રવચન સમયે કહ્યું હતું કે, ધર્મને વૈચારિકતાથી, વાસ્તવિકતાથી, તાર્કીકતાથી મૂળભૂત રીતે વિચારવો. જો આમ નહીં થાય તો આપણા ધર્મની ઘડિયાળના કાંટા સ્થગિત થઈ જશે કે પાછળ રહેશે.***

ભજન-ધન : ૧૦

# વિસરાતી વાણી – અનહદની ઓળખાણી

□ ડૉ. નિરંજન રાજ્યગુરુ

## ભાણસાહેબની વાણી

કચ્છ-સૌરાષ્ટ્ર-ગુજરાતના લોકજીવનમાં છેલ્લા અઢીસો વર્ષથી ચિરંજીવ સ્થાન લઈને વિશાળ વટવૃક્ષ જેવું સ્વરૂપ પામતો રહ્યો છે રવિ-ભાણ સંપ્રદાય. કચ્છ-સૌરાષ્ટ્ર-ગુજરાતમાં રવિ-ભાણપંથના લગભગ સાડાત્રણસો જેટલાં સંતસ્થાનકો, મંદિર, મઢી, આશ્રમ, જગ્યા, સમાધિસ્થાન તરીકે જળવાતાં આવ્યાં છે. ભારતીય સંતપરંપરાના આદ્ય સંત તરીકે લેખાતા સદ્‌ગુરુ કબીરસાહેબનાં સાધના અને સિદ્ધાંતોનો સ્વીકાર કરીને રવિ-ભાણ પંથના આદ્ય પુરુષ ભાણ સાહેબે રામ કબીર સંપ્રદાયની દીક્ષા લીધેલી. કબીર સાહેબની શિષ્ય પરંપરામાં પદ્મનાભજીથી ચાલી આવેલી એક શાખા ગુજરાતમાં આવી. એમાંથી રવિ-ભાણ સંપ્રદાયનો પાયો નંખાયો. રવિભાણ સંપ્રદાયના તેજસ્વી સંત ભજનિકો જેવા કે રવિ સાહેબ, ખીમ સાહેબ, મોરાર સાહેબ, ત્રિકમ સાહેબ વગેરેએ પોતાની રચનાઓમાં પોતાની ગુરુ પરંપરા વર્ણવી છે.

ભાણસાહેબના ૪૦ શિષ્યોની 'ભાણફોજમાં' સરદાર હતા સિદ્ધ સંત ભજનિક રવિ સાહેબ. સદ્‌ગુરુ કબીરસાહેબની 'શબ્દ સુરત યોગ'ની સાધનાનો પ્રચાર-પ્રસાર કરનારા રવિ-ભાણ પંથના તેજસ્વી સંત ભજનિકોમાં રવિ સોહબ, ખીમ સાહેબ, ત્રિકમ સાહેબ, મોરાર સાહેબ, હરિ સાહેબ, વણારસી મા, દયાલ મહારાજ, નરસિંહદાસ, ધરમશીભગત, મકનદાસજી, ખીમજીભગત, ભીમદાસજી, મલુકસાહેબ, ભીમસાહેબ, દાસીજીવણ સાહેબ, ગંગસાહેબ, લાલસાહેબ, હોથી, અકકલદાસ, કરમણ, લખીરામ, અરજણ, પ્રેમસાહેબ, બાલકસાહેબ, વિશ્રામસાહેબ, નથુરામ, પીઠાભગત, વાઘાભગત, રતનદાસ, શીલદાસ, સુંદરદાસજી, ચરણદાસજી, જીવાભગત ખત્રી અને દલુરામજી જેવા અનેક ૫૦ થી વધુ સમર્થ સાધક સંતો થઈ ગયા.

સંતકવિશ્રી શ્રીભાણસાહેબનો જન્મ વિ. સં. ૧૭૫૪ના મહા સુદ ૧૧, તા. ૨૧-૦૧-૧૬૯૮ના દિને વારાહી ગામના લોહાણા કુળમાં પિતા કલ્યાણજી ભગત અખાણીને ત્યાં માતા અંબાબાઈના કુખે કીનખિલોડ ગામે થયો હતો. ભાણસાહેબના પ્રથમ નાદ શિષ્ય થયા બંધારપાડાના કુંવરજી ઠકકર. ને બીજા નાદ શિષ્ય થયા રવિસાહેબ. ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના તણસા ગામે શ્રીમાળી વાણીયા કૂળમાં પિતા મંછારામ અને માતા ઇચ્છાબાઈને ત્યાં વિ. સં. ૧૭૮૩ના મહા સુદી ૧૫ ને ગુરુવાર તા. ૦૬-૧૨-૧૭૨૭ના રોજ જન્મેલા સિદ્ધ સંત ભજનિક રવિસાહેબ ભાણસાહેબના ૪૦ શિષ્યોની 'ભાણફોજ'માં સરદાર હતા. અને સમર્થ સંત કવિ ખીમસાહેબ સદ્‌ગુરુ ભાણસાહેબના પુત્ર અને બુંદ શિષ્ય હતા. જ્ઞાન, ભક્તિ, યોગ, સેવા, સત્સંગ અને સાધનાના વિવિધ માર્ગોનો ઉપદેશ આપતાં આપતાં ભાણસાહેબ દ્વારકાધીશના દર્શન કરી યાત્રાએથી શેરખી પાછાં ફરતાં વિ. સં. ૧૮૧૧ ચૈત્ર સુદી ૩ના દિવસે નળકાંઠા વિસ્તારમાં વિરમગામ પાસેના કમીજલા ગામે આવી પહોંચ્યા. તેમના શિષ્ય ભક્ત મેપા ભગત ભરવાડ ગાયો ચરાવવા ગયેલા. ભગત આવે ત્યારે રામ રામ કહેજો તેવું મેઘાબાઈને કહીને ભાણ સાહેબે આગળ પ્રયાણ કર્યું. કમીજલા ગામ બહાર પૂર્વ દિશાએ આવેલા તળાવની પાળ પાસે સંત મંડળી પહોંચી, ત્યાં પાછળથી મેપા ભગત ભરવાડનો સાદ સંભળાયો: 'ગુરુદેવ ! ભાણસાહેબ ! થોભો...ઊભા રયો...રોકાઈ જાવ...હવે એક ડગલું ય આગળ વધો તો તમને રામદુહાઈ છે...'

'રામદુહાઈ' શબ્દ સાંભળતાં જ ભાણસાહેબ થંભી ગયા. એ જ ક્ષણે સ્થિર થઈ ગયા. ભાવાવેશમાં દોડતા આવેલા મેપા ભગતે ગુરુના પગ પકડી લીધા ત્યારે સદ્‌ગુરુ ભાણસાહેબે હસતાં હસતાં વેણ કાઢ્યાં: 'મેપા ! હવે તો એક ડગલું ય આઘું-પાછું નૈં જવાય. તેં રામદુહાઈ દીધી. મારું આયખું પૂરું થયું. હવે આ જ ઠેકાણે સમાધિ ગળાવો...' રામદુહાઈની બેડી પગમાં પડી ગઈ. શ્રી રામના સોગંદનું એ વચન પાળવા ભાણસાહેબે ત્યાં જ સમાધિ ગળાવી. ન છૂટકે ભાણસાહેબના દ્રઢ નિશ્ચયનો અમલ કરવાનું કાર્ય શરૂ થયું. મેપા ભગતે ગુરુની સાથે જ દેહત્યાગ કરવાની જીદ કરી ત્યારે ભાણસાહેબે બરોબર એક વર્ષ પછી કમીજલા ગામના આથમણા તળાવની પાળ ઉપર સમાધિ લેવાનો આદેશ આપ્યો, અને કહ્યું કે, 'જા લીમડાની ચીર વાવી દે, એમાં કુંપળ ફૂટે ત્યારે જાણજે કે એક વરસ થઈ ગયું છે.' એ દિવસ હતો વિક્રમ સંવત ૧૮૧૧ના ચૈત્ર સુદી ત્રીજ અને ગુરુવાર તા. ૧૬-૦૩-૧૭૫૫નો. બરોબર સત્તાવન વર્ષના આયુષ્ય સાથે ભાણસાહેબે આ જગ્યા પર જીવતાં સમાધિ લઈ લીધી. સાથોસાથ ભાણસાહેબની વહાલી સોનલ નામની ઘોડી અને એક પાળેલી કનક નામની કૂતરીએ પણ પોતાના દેહ એ જ સમયે છોડી દીધા. એમની પણ સમાધિઓ આજે પૂજાય છે.

મેપાભગતે ઘેર જઈને સદ્‌ગુરુએ આપેલું લીમડાનું દાતણ રોપ્યું. બરાબર બાર મહિના પછી સંવત ૧૮૧૨ની ચૈત્ર સુદી ૩ના દિવસે

લીમડાના દાતણને કુંપળો ફુટી અને ગુરુ મહારાજનું કહેણ આવી ગયું તેમ માની ગામના આથમણા તળાવની પાળે મેપા ભગત અને એમના પત્ની મેઘામાએ ગુરુના કહેવા પ્રમાણે ધરતી માતાને વિનંતી કરી, ધરતીએ જગ્યા આપી અને તેમાં બંને જણા ગુરુ મહારાજનું સ્મરણ કરતાં કરતાં સમાધિષ્ઠ થયા. હાલ તેના નેસડામાં તેના ઘેર રોપાયેલા દાતણમાંથી થયેલ વિશાળ લીમડો મોજુદ છે અને ત્યાં રાધા-કૃષ્ણનું મંદિર ભાવિકોએ નિર્માણ કર્યું છે. જે લીમડાવાળા ઠાકર તરીકે ઓળખાય છે. કમીજલા ગામના આથમણા તળાવની પાળ ઉપર મેપા ભગત અને મેઘાબાઈમાની સમાધિનું નાનકડું મંદિર પણ છે.

(૧)

*સદ્‌ગુરુ સાહેબ સહી કર્યા, જેણે પ્રેમ જ્યોતિ પરકાશી રે,*
*અખંડ જાપ જાયો આતમ રો, કટી કાલકી ફાંસી...મેરે સતગુરુ...*
*પ્રેમ જ્યોતિ પરકાશી રે...*
*ગગન ગરજીયા, શ્રવણે સુણિયા, મેઘ જ બારે માસી રે,*
*ચમક દામની ચમકન લાગી., દેખ્યા એક ઉદાસી...મેરે સતગુરુ...*
*પ્રેમ જ્યોતિ પરકાશી રે...*
*ગેબ તણાં ઘડિયાળાં વાગે, દ્વૈત ગિયા દળ નાશી રે,*
*ઝીણપણામાં ઝાલર વાગી, ઉદય ભયા અવિનાશી...મેરે સતગુરુ...*
*પ્રેમ જ્યોતિ પરકાશી રે...*
*મહી વલોયાં માખણ પાયા, ઘૃત તણી ગમ આશી રે,*
*ચાર સખી મિલ ભયા વલોણાં, અમ્મર લોક કા વાસી...મેરે સતગુરુ...*
*પ્રેમ જ્યોતિ પરકાશી રે...*
*સપ્ત દ્વિપ ને સાયર નાંહી, નહીં ધરણ આકાશી રે,*
*એક નિરંતર આતમ બોલે, સો વિધિ વીરલા પાસી...મેરે સતગુરુ...*
*પ્રેમ જ્યોતિ પરકાશી રે...*
*ગેબ નિરંતર ગુરુ મુખ બોલ્યા, દેખ્યા શ્યામ સુવાસી રે,*
*સ્વપ્ન ગયાને સાહેબ પાયા, ભાણ ભયા સમાસી...મેરે સતગુરુ...*
*પ્રેમ જ્યોતિ પરકાશી રે...*

મેં મારા સતગુરુને જ સાચા સાહેબ માન્યા છે. જેણે મારા અંતરમાં પ્રેમરૂપી જ્યોતનો પ્રકાશ પ્રગટાવ્યો છે. કાળની ફાંસીને કાપી નાંખે એવો આત્માનો અખંડ જાપ શરૂ થઈ ગયો છે. હવે આકાશમાં–મારા ચિદાકાશમાં અનહદ નાદરૂપી ગેબી ગર્જનાઓ થાય છે જે મને સંભળાવા લાગી છે. બારે મેઘ વરસે છે. વીજળી ચમકારા કરે છે, એમાં એક ઉદાસી-તદ્દન નિસ્પૃહી આત્માને હું જોઉં છું. ગેબના ઘડિયાળાં સંભળાય છે, સંપૂર્ણ અદ્વૈતની ભૂમિકાએ પહોંચ્યા પછી હરખ-શોક, સાચું-ખોટું, પાપ-પુણ્ય, જીવ-શિવ એવું દ્વૈત ક્યાંથી રહે ? સૂક્ષ્માતિસૂક્ષ્મ અનુભવની ઝાલરી વાગી રહી છે, ને અવિનાશી–જેનો કદી યે નાશ નથી એવા અનુભવ સૂર્યનો ઉદય થયો છે. આ અમ્મર લોકમાં જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરિય એ ચાર અવસ્થારૂપી તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર સખીઓ સાથે મળીને તત્ત્વચિંતનરૂપી દહીંને વલોવતાં મરમરૂપી માખણ મેં તારવ્યું છે. જ્યાં નથી ધરતી, નથી આકાશ, નથી સાત સાગર કે સાત દ્વીપ–માત્ર ને માત્ર એક જ નિરંતર–નિરાકાર– નિરંજન આત્મા સાથે ગોઠડી કરવાની વિધિ–વિદ્યા કોક વીરલાની પાસે જ હોય છે. મારા સદ્‌ગુરુએ આવી ગેબી ચાવી પોતાના મુખેથી મને સોંપી છે, એટલે મારું સંસારનું સ્વપ્ન સંકેલાઈ ગયું છે ને મને સાહેબની પ્રાપ્તિ થતાં હું એની પ્રેમજ્યોતમાં જ સમાઈ ગયો છું.

(૨)

*સદ્‌ગુરુ મળિયા સ્હેજમાં, જેણે સતનો શબદ સુણાયો રે;*
*ચોર્યાશીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાયો રે...*
*સદ્‌ગુરુ મળિયા...*
*પંથ હતા સો થિયા પરિપૂરણ, નવધા નામ મિટાયો રે;*
*દશમ દશા આવી દલ ભીતર, એક મેં અનેક સમાયો રે...*
*સદ્‌ગુરુ મળિયા...*
*અનેક હતા સો અખંડ સમાયો, નહીં આયો નહીં જાયો રે...*
*જીક્કર કરતાં ગઈ જામિની, સોહં સાહેબ પાયો રે...*
*સદ્‌ગુરુ મળિયા...*
*જપ તપ તીરથ જોગ ન ધરતાં, સળંગ સેરડો પાયો રે;*
*ખટ દર્શનમાં ખોજ કરીને, ફરી ફરી ઘેર જ આયો રે...*
*સદ્‌ગુરુ મળિયા...*
*અનંત કરોડમાં આગે ઊભા, સમસ્યા યેં સાધ કહાયો રે;*
*નહીં ભાણા હરિ ભીતર ભેદા, જ્યોતમેં જ્યોત મિલાયો રે...*
*સદ્‌ગુરુ મળિયા...*

મને સત્‌ગુરુની અનાયાસ–તદ્દન સહેજમાં પ્રાપ્તિ થઈ ગઈ છે. તેમણે સતનામની દીક્ષા આપી, મને જનમ-મરણના ચોરાશીના ફેરામાંથી બચાવી લીધો અને અવિનાશી પદની ઓળખાણ કરાવી દીધી. મારો પંથ–માર્ગ પૂર્ણ બની ગયો, જન્મ સાર્થક થયો, નવ દરવાજાવાળા આ દેહમાંથી મારા અહંને ઓગાળી, દેહબુદ્ધિનો નાશ કરી, મારા દિલમાં દશમ દશા પ્રગટાવી. તેથી પ્રકૃતિના અનેકવિધ સ્વરૂપોને એક જ આત્મતત્ત્વમાં સમાઈ જતાં મેં અનુભવ્યાં. એક જ–અખંડ ચૈતન્યમાં વિવિધ નામ–રૂપ–ગુણની સૃષ્ટિ વિલીન થઈ ગઈ. મારે હવે નથી જન્મ કે મૃત્યુ એવો આતમ અનુભવ મેં મેળવી લીધો. જીક્કર-રટણા કરતાં કરતાં જ મારા અજ્ઞાનની રાત વીતી ગઈ, ને મેં સોહમરૂપી સાહેબને, મારા આત્માને જ પરમાત્મારૂપે પ્રાપ્ત કરી લીધો. હવે મારે જપ, તપ, તીરથ, યોગની શું જરૂર ? મારા અંતરમાં જ સળંગ સેરડો–અખંડ આનંદ છવાઈ ગયો છે. જુદાં જુદાં છયે દર્શનોમાં હું ફરી વળ્યો પણ અંતે મારા અંતરમાંથી જ મને પ્રાપ્તિ થઈ ગઈ. આ અનંત કોટિ બ્રહ્માંડમાં એ જ અને એક જ તત્ત્વ સહુની આગળ પ્રકાશે છે. આ સાધનાની સમસ્યા જે સમજે તે સાચો સાધુ. મારા ભીતરને ભેદીને જોયું તો ખબર પડી કે હરિ–પરમાત્મા–ઈશ્વરમાં ક્યાંયે ભેદ નથી, સર્વત્ર અભેદ

દર્શન થતાં જ મારી આત્મજ્યોતિને મેં પરમાત્મજ્યોતિમાં મિલાવી દીધી...

(૩)

*સદ્‌ગુરુ સાહેબ સોઈ મળ્યા જેણે, અમ્મર નામ ઓળખાયો રે...*
*ગુરુ પ્રતાપ સાધુ કી સંગત, ભગતિ પદારથ પાયો...*
*મેરે સતગુરુ... અમ્મર નામ ઓળખાયો રે...*
*કથતાં બકતાં ભર્યો કિનારો, ઉનમુનિ કે ઘર આયો રે,*
*નગર લોક સબ નિક ચલાયા, જીત નિશાન ઘૂરાયો...*
*મેરે સતગુરુ... અમ્મર નામ ઓળખાયો રે...*
*ચાર મળી ચૈતન ઘર આયો, પકડ પાંચ બુલાયો રે,*
*શબ્દ એક ટંકશાળ પડે ત્યાં, નિરભે નામ સુણાયો...*
*મેરે સતગુરુ... અમ્મર નામ ઓળખાયો રે....*
*ઈસ ઉદબુદા ધૂમ મચાયો, માંહી શમી હે માયો રે,*
*નદી નાવ સબ નીક ચલી હૈ, સાયર નીર સમાયો...*
*મેરે સતગુરુ... અમ્મર નામ ઓળખાયો રે...*
*અક્ષર એક સે જુગ ઉપાયા, સોહં નામ સવાયો રે,*
*અકળ પુરુષ અવતાર ધરે ત્યાં, ભાણે ભેદ જ પાયો...*
*મેરે સતગુરુ... અમ્મર નામ ઓળખાયો રે...*

મારા સદ્‌ગુરુના પ્રતાપે અને સાધુજનોની સંગતે મને ભક્તિ પદાર્થની પ્રાપ્તિ થઈ છે અને એક અમ્મર નામની એળખાણ કરાવી છે. કહેણી કથતાં કથતાં–વાણીથી બકતાં બકતાં એક વખત એવા કિનારે પહોંચી ગયો કે જેને ઉન્મુનિ અવસ્થા કહેવામાં આવે છે. આ કાયા નગરીના તમામ રહેવાસીઓને જીતી લઈને મેં એવો ઝંડો ફરકાવ્યો કે પાંચે તત્ત્વોને–પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશને વશ કરી લીધા. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરિય એ ચારે અવસ્થા ભેદીને તૂર્યાતીત–ચેતનાના ઘરમાં પહોંચી ગયો. જ્યાંની ટંકશાળમાં માત્ર એક જ શબ્દ પડે છે એવા નિરભે નામનો રણકાર મને સંભળાવા લાગ્યો. જ્યાં વૃત્તિ-પ્રવૃત્તિઓની ધૂમ મચી હતી ત્યાં બધી જ માયા સંકેલાઈ ગઈ અને હરખ-શોક, પાપ-પુણ્ય, સાચુ-ખોટું, સારું-નરસું એવી ભેદ-ભ્રમણાની તમામ સરવાણીઓ એક જ મહાસાગરમાં જેમ નદીઓ વિલીન થઈ જાય એમ સમાઈ ગઈ. જે એક જ અક્ષરથી આ સમગ્ર બ્રહ્માંડનું સર્જન થયું છે અને જેમાં અકળ પુરુષનો અવતાર થાય છે એ સોહમ્ શબ્દનો ભેદ મને આજે મળી ગયો છે.

(૪)

*એક નિરંજન નામ જ સાથે, મન બાંધ્યો હે મારો રે,*
*ગુરુ પ્રતાપ સાધુકી સંગત, આયો ભવનો આરો રે...એક નિરંજન...*
*કૂડ કપટમાં કાંઈ નવ રાચ્યો, સતનો મારગ સાયો રે;*
*ગુરુ વચનમાં જ્ઞાન કથીને, નિત ગંગામાં નાયો રે... એક નિરંજન...*
*ઘટ પરકાશ્યા, ગુરુગમ લાધી, આવ્યો ચોરાશીનો છેડો રે;*
*જે દેવને દૂર દૂર દેખતાં, એનો નજરે ભાળ્યો નેડો રે... એક નિરંજન...*
*અનંત કરોડ અવનિમાં આતમ, જુગતિ કરીને જાણ્યો રે;*
*ભ્રાંતિ ભ્રમણા ભવની ભાંગી, શિવે જીવ સમાણો રે... એક નિરંજન...*
*જળ ઝાંઝવામાં કોઈ ન ભૂલો, જૂઠો જગત સંસારો રે;*
*ભાણ કહે ભગવતને ભજીયેં, જેનો સકલ ભુવન પસારો રે... એક નિરંજન...*

એક નિરંજન–જેને કોઈ જ આવરણ નથી એવા શુદ્ધ-ચૈતન્ય નિર્ગુણ-નિરાકારના નામ સોહમ્ સાથે મારું મન બંધાઈ ગયું છે. મારા સદ્‌ગુરુના પ્રતાપે અને સાધુજનોની સંગતે મારા જનમ-મરણના ફેરાનો આરો આવી ગયો છે. હવે કૂડ કપટ છોડીને એક સતનો મારગ ઝાલી લીધો છે. ગુરુજ્ઞાનરૂપી ગંગામાં નિત્ય સ્નાન કરું છું. અજ્ઞાન અંધારું દૂર થતાં મારું શરીર હવે પ્રકાશિત થયું છે. ને ચોરાશીના ફેરામાંથી બચી ગયું છે. જે દેવી-દેવતાઓની વાતો સાંભળેલી એ હવે પ્રત્યક્ષ થયા છે. અનંત કોટિ બ્રહ્માંડમાં વસી રહેલા પરમાત્માના અંશ એવા આત્માને મેં યુક્તિથી જાણી લીધો છે. તમામ ભવની–જનમોજનમની ભ્રમણાઓ–ભ્રાંતિઓ દૂર થતાં જ શિવમાં મારો જીવ સમાઈ ગયો છે. ભાણ કહે છે કે આ જગતનો સંસાર જૂઠો છે, એ તો ઝાંઝવાનાં જળ જેવો છે એમાં કોઈ ભૂલા પડશો નહીં, અને જે સકળ ભવનોમાં વ્યાપ્ત છે એવા ભગવાનનું ભજન કરી લેજો...

(૫)

*હંસો હાલવાને લાગ્યો, આ કાયાનો ગઢ ભાંગ્યો,*
*તમે પોરા પરમાણે જાગો, હંસો હાલવાને લાગ્યો રે...*
*હંસો હાલવાને...*
*નિત નિત નિદ્રા નવ કરો નયણે, સૂતાને સાહેબ આઘો;*
*સુમરણ કરી લ્યો સાચા ધણીનું, તમે મોજ મુક્તાફળ માંગો...*
*હંસો હાલવાને...*
*જાગ્યા સોઈ નર સંસારમાં સીધ્યા, જેણે ઉજેડી મેલ્યો આઘો;*
*મારગ ધાયા તે બહુત સુખ પાયા, તેનો જરા મરણ ભેદ ભાંગ્યો...*
*હંસો હાલવાને...*
*જરા પહોંચી ત્યારે જમડા આવ્યા, દેહડી તણો દલ ભાંગ્યો;*
*કુડીએ આવી કાયાનો ગઢ ઘેર્યો, ત્યારે અંધો અરજવાને લાગ્યો...*
*હંસો હાલવાને...*
*કૂડી છે કાયા ને કૂડી છે માયા, જૂઠડો આ જગ જાણો*
*સાચો નામ સાહેબકો જાણો, ભણે લુહાણો ભાણો...*
*હંસો હાલવાને...*

આ હંસલો આ આત્મા હવે પ્રયાણ કરવાનો છે, આ કાયારૂપી ગઢ હમણાં પડીને ભાંગી જવાનો છે. તમે સૌ જાગો–આ જાગવાની વેળા થઈ છે. સવારનો પહોર થયો છે. પોરા પ્રમાણે નહીં જાગો તો પછી પસ્તાવાનો વખત આવશે. સૂતા રહેશો તો સાહેબ આઘો જ રહેશે, માટે આંખમાંથી ઊંઘ કાઢીને ઊભા થઈ જાઓ. સાચા ધણીનું સ્મરણ કરી લ્યો. જે નર આ સંસારમાંથી જાગ્યા છે તે જ સિદ્ધ બની શક્યા છે, જેણે પોતાની અજ્ઞાન નિંદરાને હટાવીને સાચો રસ્તો પકડી લીધો તેને

જરા–વૃદ્ધાવસ્થા કે મરણનો ભય નથી રહ્યો. અવસ્થા આવશે ત્યારે આ દેહનું અભિમાન ભાંગીને ભૂક્કો થાશે, આ કાયાના ગઢને કાળ ઘેરી લેશે ત્યારે પછી આંધળો જમરાજાને અરજ કરશે પણ ત્યારે એના હાથમાંથી છૂટાશે નહીં. આ કાયા, આ માયા અને આ જગત તદ્દન જૂઠાં છે એમ જાણી લેજો, ભાણદાસ કહે છે કે સાચું એક માત્ર સાહેબનું નામ છે.

(૬)

*તમે કૂડ કાયાના કાઢો રે, તમે વિખિયાના રૂખડાં વાઢો રે*
*હે વીરા! આવ્યો આષાઢો...*
*અવસર વારો તો કાંઈ નવ હારો, તમે કાલર ખેતર મત ખેડો રે;*
*પાતર જોઈને જાતર કીજે, તમે વિખીયાના ફળ મત વેડો રે...*
*હે વીરા! આવ્યો આષાઢો...*
*ખોટે મને જેણે ખેડયું રે કીધી, ઈ ખરા બપોરે નાસે રે;*
*આઘાં જઈને પાછાં ફરશે, એના કણ કવાયે જાશે રે...*
*હે વીરા! આવ્યો આષાઢો...*
*વિગત નવ જાણે ને બીજ લઈ વાવે, કાઢી કઢારો ચાવે રે;*
*ધાઈ ધૂતીને કૈંક નર વાવે, એની આગમ ખાધુંમાં જાવે રે...*
*હે વીરા! આવ્યો આષાઢો...*
*વાવ્યા તણ્યો જે નર વિચાર જાણે, તો મૂઠી મેલે ખરે ટાણે રે;*
*ભાણ ભણે નર નિપજ્યા ભલા, ઈ તો મૂંડા ભરે લઈ માણે રે...*
*વીરા! મારા આવ્યો આષાઢો...*

હે વીરા! આ અષાઢ મહિનો આવી ગયો છે. તમે તમારા મન ખેતરને ખેડીને ચોખ્ખા કરી રાખજો. કામ-ક્રોધ-મોહ-મદના રૂખડાં વાઢી નાંખજો. તમારે સાચનું વાવેતર કરવું હોય તો કાયા-ધરતીમાંથી કૂડ-કપટના, વિષય-વાસનાનાં ઝેરી ઝાડવાં અને નિંદામણ વાઢી નાંખજો. આ અવસરને જાળવી લેશો તો કાંઈ ગુમાવશો નહીં. તમે ખોટી જગ્યાએ–કાલર ખેતર ખેડવાની મજૂરી કરતા નહીં પણ પાત્ર જોઈને યાત્રા કરજો, ઝેરી ફળ વેડવા જશો તો જાન ગુમાવશો. મન સાબુત નહીં હોય ને ખોટે મને ખેડ કરનારા હશે તે ખરા બપોરે નાસી જશે. ટાણું ગુમાવી દેશે. પછી એના વાવેલાં બીજ ક-વાયે (ખરાબ, ઝેરી પવનથી) નાશ પામશે. જો વાવેતરની સાચી રીત નહીં જાણો ને બીજ વાવશો તો પછી માત્ર ફોતરાં જ હાથમાં આવશે. જો તમારી ખેડ્ય સાચી હશે તો જ વાવેલાં કણ ઊગશે, નકર ભગતિના કણમાં કોંટા નૈં ફૂટે. ધાઈ-ધૂતીને વાવનારાની વાવણી ખોટમાં જ જાશે. આ વાવેતર તો છે સતનાં. એક મૂઠી વાવશો ને તો પછી માણું ભરીને પામશો... ખરે ટાણે મૂઠી ભરીને શબદનાં વાવેતર કર્યાં હોય તો પછી સુંડલા ભરીને નિપજ આવે. અનુભવના કોઠાર ભરાઈ જાય, પણ ખોટમનાનું એમાં કામ નૈં. ઈ તો અરધે રસ્તેથી પાછાં વળે. એનાં ભગતિ-વૈરાગના ભાવ ઝાકળ થઈને ઊડી જાય. દેખાદેખીથી ભગતિને મારગે હાલવા જાય તો બીજ ને બદલે કૂથા જ–ફોતરા જ ચાવવાની વેળા આવે.

(૭)

*અસુરાંને મન દયા આણો રે, એમ ભણે લુહાણો ભાણો...*
*મીરાંબાઈને મારવા જે દિ' રાણો રાય રીસાણો;*
*કંઠડે જાતાં અમરત કીધાં, વખનો પ્યાલો પીવાણો.. અસુરાંને મન...*
*હોલો રાણો હરિને ભજતો, ચંડાલની નજરે ચડાણો.*
*પારધીને પગ વસિયલ ડસિયો, શીર માર્યો સીંચાણો. અસુરાંને મન...*
*નામા ભગતનું નીગળ કીધું, જે દિ' છાપરો છવાણો;*
*કબીરને માથે કરૂણા કીધી, મરઘલો છોડાણો.. અસુરાંને મન...*
*ઊંડા જળમાં જે દિ' ગજને ગરાયો, તે દિ' ઝૂંડ થયો જમરાણો;*
*વારે ચડી પ્રભુ વેલા પધારો, આયાં આવ્યાનો છે ટાણો...અસુરાને મન..*
*અસુરાંને મન દયી આણે રે, એમ ભણે લુહાણો ભાણો...*

એક પછી એક સંત ભક્તના કામ ભગવાને કરેલાં તેની યાદી આપતાં ભાણસાહેબ ગાય છે કે; હે પરમાત્મા! આ અસુર-દયાહીનના મનમાં તમે દયા આણજો. એને ખબર નથી કે તે શું કરી રહ્યો છે. હે પ્રભુ! એના મનમાં તમે દયા લાવજો. એ અજ્ઞાની છે. એને કંઈ ખબર નથી. મીરાબાઈના વખડાં તમે અમરત કરેલાં. શિકારીની નજરે ચડેલા હોલાને તમે બચાવ્યો'તો. તીર ખેંચીને ઊભેલા એ પારધીને પગે કાળોતરો ડસ્યો અને એનું તીર હોલા ઉપર તરાપ મારવા તાકી રહેલા બાજને લાગ્યું. નામા ભગતનું કારજ સાર્યું, કબીર માથે કરુણા કરેલી, અરે વાલા! ઊંડાં જળમાં ગજને તમે જ તાર્યો તો ને! હે નાથ! હે રાણી રૂખમણીના ભરથાર! ઓધવના ભેરૂ! અરજણને રથ હાંકનાર! ટીટોડીના ઈંડાના રખેવાળ! મીંદડીના બચોલિયાના રાખણહાર! અનાથુંના નાથ! ભાંગ્યાના ભેરૂ! એકલના બેલી! ધ્રુવ-પ્રહ્લાદના તારણહાર! તેં મીરાંના વખડાં પીધાં, નરસૈયાની હુંડી સ્વીકારી ને શામળિયો શેઠ થઈને આવ્યો. તેં કબીર, નામદેવ, રૈદાસ ને પીપા ભગતની આબરૂ રાખી છે. હે દીન દયાળ! અત્યારે તારા ભક્તની આબરૂ જવા બેઠી છે, ખરું ટાણું છે, માટે હે પરમાત્મા! હવે વેલાસર આવજો..

(૮)

*હે મન તું રામ ભજી લે રાણા, તારે ગુણ ગોવિંદના ગવાણા...*
*ખોટી માયાની ખબર પડી નૈં પછી, કળ વિનાના કુટાણા;*
*જૂઠી માયા સે જગડો માંડ્યો, બળ કરીને બંધાણા રે...મન તું...*
*કુડીયાં તારે કામ નો આવે, ભેળા નૈં આવે નાણાં;*
*હરામની માયા હાલી જાશે, રે'શે દામ દટાણા રે...મન તું...*
*કુણપ વિનાના નર કૂડા દીસે, ઈ ભીતર નહીં ભેદાણા;*
*હરિ વિનાના હળવા હીંડે, નર ઈ ફરે નિમાણાં રે...મન તું...*
*સો સો વરસ રહે સિંધુમાં, પલળ્યા નહીં ઈ પાણા;*
*જળનું તો કાંઈ જોર ન ચાલ્યું, ભીતર નહીં ભીંજાણા રે...મન તું...*
*રાવણ સરીખા રીયા નહીંને, ઈન્દ્ર જેવા અળપાણા;*
*જરાસંઘ તો જાતા રીયા ને કૌરવ ખૂબ કુટાણારે...મન તું...*

*સૂમે માયા ભેળી કરી ને, નીચે ભરિયાં નાણાં;*
*મૂવા પછી મણીધર થઈ બેઠા,તા પર રાફ રૂંધાણા...મન તું...*
*તારા હરિશ્ચંદ્ર તૂં હિ તૂં હિ જપ્યા, રોહીદાસ રૂંધાણા;*
*દીક્ષા લઈને દાતાર હાલ્યા, હાટ બજારે વેચાણા...મન તું..*
*અસંખ્ય તો અવતાર ધર્યા તેં, ભવો ભવ ભટકાણા;*
*જરા મરણ તો જીત્યો નહીં પણ, લોભ ન ગિયો લુવાણા...મન તું...*
*પળી ફરી પણ વરતી ફરી નૈં, બોલ નહીં બદલાણા;*
*છબી ફરી પણ ચાલ ફરી નૈં, ભ્રાન્તિ ગઈ નૈં ભાણા રે...મન તું...*

હે મન ! હે રાજા ! તું ભવગાન રામનું ભજન કરી લે. આ સંસારની જૂઠી માયાને ઓળખી લેજે નહીંતર કળ–અક્કલ–કળા વિના જીવતરમાં અથડાવા–કુટાવાનો વારો આવશે. જેણે જેણે આ માયા સાથે બાથ ભીડી છે એ પોતે ખોટું જોર કરીને બંધનમાં પડી ગયા છે. કુડ-કપટ કરનારા કોઈ તને કામ આવવાના નથી. એમ તારી સાથે ભેળી કરેલી માયા પણ નહીં આવે. હરામની–પાપની કમાણી તને છોડીને ચાલી જાશે. સંઘરેલું–દાટેલું ધન પડ્યું રહેશે. કુણપ–નરમાશ–શરણાગતિ વિનાના અહંકારી પાછળથી નિમાણા–ઉદાસ થઈ જાશે. કારણકે એનું અંતર ભેદાણું નથી. જેમ પત્થરને સો વરસ સુધી પાણીમાં રાખીએ તો પણ તેમાં અંદર પાણીનો ભેજ નથી પ્રવેશી શકતો, ભીતરથી ભીંજાતા નથી, એવા અહંકારીનો ક્યારેય ઉદ્ધાર નથી થતો. રાવણ, ઈન્દ્ર, જરાસંઘ, કૌરવ જેવા કોઈ અભિમાની કાયમ આ પૃથ્વી ઉપર રહી શકતા નથી. માટે હરિશ્ચંદ્ર, તારામતી, રોહીદાસ પોતાની ભક્તિ માટે બજારમાં વેચાયા હતા એને યાદ કરી લે. તેં અનેક અવતાર લીધા છે. ભવ ભવના ફેરામાં ઘડપણ અને મૃત્યુને તું જીતી શક્યો નથી. તારો લોભ હજુ ગયો નથી, માથે સફેદ પળિયાં આવ્યાં તો યે હજુ વૃત્તિ બદલી નથી, તારી શીકલ ફરી પણ તારી આડી અવળી ચાલ હજુ બદલી નથી, ને ભ્રાન્તિ ગઈ નથી. માટે હે મન ! હવે તો સમજી જા ! ✷ ✷ ✷

આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ, જિલ્લો
રાજકોટ. પીન ૩૬૦૧૧૧. ફોન : ૦૨૮૨૫-૨૭૧૫૮૨

## અવસર : પાલનપુર ખાતે યોજાયેલ પરિસંવાદ

## યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું આચાર્ય પદવી શતાબ્દી વર્ષ

❑ ડૉ. માલતી શાહ

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આચાર્ય પદવીના શતાબ્દી વર્ષ પ્રસંગે પૂજ્યશ્રીની પાવન દીક્ષાભૂમિ પાલનપુરમાં એક આધ્યાત્મિક, સાહિત્યિક અને ઐતિહાસિક પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ. પૂજ્યશ્રીના આચાર્યપદવી દિવસ જેઠ વદ ત્રીજ સં. ૨૦૭૦, ૧૫મી જૂન, ૨૦૧૪ અને રવિવારના રોજ ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખપદે ગઠામણ દરવાજા ખાતે આવેલ શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રયમાં યોજાયેલ આ પરિસંવાદમાં વિજાપુરથી, સાબરમતીથી, અમદાવાદ વાસણા પાસે ગોદાવરીથી, સેટેલાઈટ (અમદાવાદ)થી, સોલાથી આવેલા શ્રીસંઘના સભ્યોએ તથા પાલનપુરના ચતુર્વિધ સંઘે બહોળી સંખ્યામાં હાજરી આપેલ.

ગચ્છનાયક આચાર્ય **પૂ. મનોહરકીર્તિસાગરજી મહારાજે** પરિસંવાદનું મંગલાચરણ માંગલિક સંભળાવીને કર્યું. ત્યારબાદ પૂ. આચાર્ય **શ્રી ઉદયકીર્તિસાગરજી મહારાજે** પોતાના આશીર્વચનમાં વિચારપ્રેરક ઉદ્બોધન કર્યું. ખૂબ ભાવવાહી શૈલીમાં તેઓએ સમજાવ્યું કે ત્રણ માતાઓનો આપણા ઉપર પરમ ઉપકાર છે. એક જન્મદાત્રી માતા, બીજી માતા તે સંસ્કારદાત્રી ગુરુમાતા અને ત્રીજી માતા તે પરમ ઉપકારી પરમાત્મા. ગુરુદેવ શબ્દનો અર્થ શો ?–જે ગુણાતીત હોય, રૂપાતીત હોય, દેહાતીત હોય અને વચનાતીત હોય તે ગુરુદેવ. ગુરુદેવ સમગ્ર શાસ્ત્રોનો સાર છે, તે ચાર ગતિમાંથી મુક્તિ અપાવે છે. અદ્ભુત રીતે અંતરની અનુભૂતિ કરાવે છે. ભક્તજન ગુરુદ્વારામાં દર્શન કરવા જાય છે. તેનો અર્થ એ કે ગુરુ દ્વારા જે આવે તે આપણને પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે.

પરિસંવાદના પ્રારંભે સુપ્રસિદ્ધ લેખક, 'ગુજરાત સમાચાર' દૈનિકની અનેક કોલમો દ્વારા વિશાળ વાચકવર્ગ ધરાવનાર, દેશ-વિદેશમાં જૈન ધર્મની સંસ્કૃતિને લોકભોગ્ય શૈલીમાં રજૂ કરનાર **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ** આ પરિસંવાદની ભૂમિકા સ્પષ્ટ કરી. માત્ર એકાવન વર્ષની જિંદગીમાં ૧૪૦ ગ્રંથરત્નોના રચયિતા, યોગસાધનામાં મગ્ન સાધક અને મહાન કર્મયોગી આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી જેવી વિરાટકાય પ્રતિભાઓને જ્યારે જ્યારે નિમિત્ત મળે ત્યારે ત્યારે પુનઃ પુનઃ યાદ કરવા જોઈએ તે સમયની માંગ છે. કેવા ધ્યાનયોગી ? રસ્તે ચાલતા ચાલતા વડલા નીચે સાધના કરવા બેસી જાય, મુસ્લિમો અને આદિવાસીઓની વચ્ચે રહીને સાધના કરે. પોતાના ગ્રંથોને અમર શિષ્યો તરીકે ઓળખાવનાર પૂજ્યશ્રીના જીવનમાંથી પ્રેરણા મેળવવા માટે આવા પરિસંવાદો ખૂબ ઉપકારી છે.

આ પરિસંવાદની પ્રથમ બેઠક સવારે ૯ થી ૧૨ દરમ્યાન યોજાયેલ, જેનું સંચાલન ભો. જે. અધ્યયન કેન્દ્ર (અમદાવાદ)ના અધ્યક્ષ **ડૉ. આર. ટી. સાવલિયાએ** કર્યું.

'પ્રબુદ્ધ જીવન' સામયિકના કુશળ તંત્રી, 'જૈન સાહિત્ય સમારોહ' જેવા જ્ઞાનસત્રોના ઉત્સાહી સંચાલક, સુપ્રસિદ્ધ સાહિત્યકાર **ડૉ.**

**ધનવંતભાઈ શાહે** આચાર્ય 'શ્રી બુદ્ધિસાગરસૂરિજીની સાહિત્યસૃષ્ટિ' વિષય ઉપર વક્તવ્ય રજૂ કર્યું. 'એક દિન એવો આવશે'થી શરૂ કરીને અનેક કાવ્યપંક્તિઓ રજૂ કરીને પૂજ્યશ્રીના પદ્યસાહિત્ય અને ગદ્યસાહિત્યનો રસાસ્વાદ રસાળ શૈલીમાં શ્રોતાઓને કરાવ્યો. ટૂંકી જિંદગીમાં ૧૪૦ જેટલા ગ્રંથોના રચયિતા પૂજ્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી ઉપાધ્યાય યશોવિજયજી પછીના વિપુલ સાહિત્યના રચયિતા ગણાય. તેઓએ સંસ્કૃતમાં પણ ૧૧ ગ્રંથો રચ્યા છે.

પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી ઉપર જ પોતાનો શોધનિબંધ લખનાર, સામાજિક કાર્યો સાથે સંકળાયેલ, સતત અભ્યાસરત **ડૉ. રેણુકાબેન પોરવાલે** પૂ. બુદ્ધિસાગરસૂરિજીના 'યુગસંદેશ'ને સુવિસ્તૃત રીતે ઉજાગર કરી આપ્યો. કર્મયોગી આચાર્યશ્રીની દીર્ઘદૃષ્ટિતા, વર્તમાન સમયને પારખવાની વ્યવહારુ દૃષ્ટિ, સમાજના ઉત્થાન માટેના પ્રયત્નોનો તેમણે ખ્યાલ આપ્યો.

ગુજરાત સમાચાર દૈનિકની ઐતિહાસિક પ્રસંગોને લોકભોગ્ય સાહિત્યિક શૈલીમાં 'ધરતીનો ધબકાર' કોલમલેખક તથા સમાજને ચરણે અન્ય વિપુલ સાહિત્ય ધરનાર પ્રસિદ્ધ લેખક **શ્રી દોલતભાઈ ભટ્ટે** યોગનિષ્ઠ આચાર્યશ્રીની પ્રતિભાને વંદના કરતાં પૂ. આચાર્યશ્રીની આગવી લાક્ષણિકતાઓને રજૂ કરેલ.

આ વિદ્વતાસભર પરિસંવાદના શુભ પ્રસંગે પૂ. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજશ્રીની અપ્રગટ રોજનીશી 'આત્મ-ચૈતન્યની યાત્રા' પુસ્તકનું વિમોચન ડૉ. કુમારપાળ દેસાઈ તથા અન્ય સ્થાનોથી પધારેલા શ્રીસંઘના આગેવાનો દ્વારા કરવામાં આવેલ. આ પ્રસંગે ઉપસ્થિત પાલનપુરના ચતુર્વિધ સંઘ તથા બહારગામથી પધારેલ વિશાળ શ્રોતાવર્ગે આ ગ્રંથરત્નના વિમોચનને ઉમળકાથી વધાવ્યું.

યોગવિષયક મહાનિબંધના લેખિકા **ડૉ. રશ્મિબહેન ભેદાએ** પોતાના વક્તવ્ય દ્વારા આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીના 'જૈન યોગ'ને રજૂ કરતાં 'યોગદીપક' ગ્રંથનો ભાવકોને પરિચય કરાવ્યો. યોગનિષ્ઠ આચાર્યશ્રીએ પોતાના સાહિત્યમાં જૈન પરંપરામાં રજૂ થયેલ યોગવિષયક વિચારણાનો ખ્યાલ રજૂ કરેલ છે. તેના સારરૂપે કહી શકાય કે અસંખ્ય યોગોમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ મુખ્ય યોગ છે. આત્મજ્ઞાનપૂર્વક આત્મધ્યાન ધરીને જીવનમાં આત્મસમાધિ પ્રાપ્ત કરવી એ માનવજીવનનું મુખ્ય કર્તવ્ય છે. પૂ. આચાર્યશ્રીએ પોતે તો આત્મસમાધિનો અનુભવ કર્યો હતો અને તે તેમના યોગવિષયક અને અન્ય સાહિત્યમાં ઝળકે છે.

પ્રથમ બેઠકનું સમાપન કરતાં પરિસંવાદના પ્રમુખસ્થાનેથી ડૉ. કુમારપાળ દેસાઈએ તેમના વિશિષ્ટ સાહિત્યના કેટલાંક પાસાં ઉજાગર કર્યા, જેમ કે પૂ. આચાર્યશ્રી કવિ હતા. પણ કેવા કવિ ? વરસાદ વગર અકળાતા જીવો પ્રત્યે કરુણાથી પ્રેરાઈને તેમણે કાવ્ય રચ્યું 'મેઘ વર્ષે છે...' અને તેના હૃદયથી થયેલ આ પ્રાર્થનાના પરિણામ સ્વરૂપ ત્યાં વરસાદનું આગમન થયું. ધ્યાનયોગી, જ્ઞાનયોગી આચાર્યશ્રીનું સાહિત્ય વિવિધ આયામો ધરાવે છે અને લોકોમાં તેને પ્રચલિત કરવું ખૂબ ઉપયોગી નિવડે તેમ છે.

બપોરના વિરામ બાદ આ પરિસંવાદની દ્વિતીય બેઠક અને સમાપન બેઠક બપોરે ૨ થી ૫-૩૦ દરમ્યાન યોજાયેલ જેનું સંચાલન સંનિષ્ઠ ગ્રંથપાલ શ્રી કનુભાઈ શાહે કર્યું.

'ગુજરાત સમાચાર' દૈનિકના ઝાકળઝંઝા તથા અન્ય કોલમોના લેખક, પ્રસિદ્ધ સાહિત્યકાર **ડૉ. પરાજિત પટેલે** પૂજ્યશ્રીના જીવનના પ્રસંગોને રસપ્રદ રીતે રજૂ કર્યા. ઘોડિયામાં સૂતેલા બાળક બહેચરને સાપ ડંસ દેતો નથી તેમાં કોઈ કુદરતી સંકેત હશે. આ બાળક ભવિષ્યમાં ઘણાં ઝેર લઈને સૌ જીવો ઉપર વહાલ વરસાવશે એમ વિચારીને જાણે સાપ ચાલ્યો ગયો હશે એમ લાગે. એકાદ નિમિત્ત ખડું કરીને કુદરત માણસના જીવનમાં વળાંક લાવી દે છે. ધસમસતી દોડી આવતી ભેંસને ગુરુના રક્ષણ માટે રોકવી અને ત્યારે ગુરુએ શત્રુને પણ બચાવવાની વાત કરી તે પ્રસંગ બાળક બહેચરના જીવનમાં વળાંકનું નિમિત્ત છે.

અમદાવાદની બી. ડી. આર્ટ્સ કૉલેજના ગુજરાતીના સંનિષ્ઠ પ્રાધ્યાપક (નિવૃત્ત), મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રખર અભ્યાસી **ડૉ. કાન્તિભાઈ બી. શાહે** 'શ્રી આનંદઘન પદ સંગ્રહ' ભાવાર્થ લખનાર પૂ. આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજીની વિવિધલક્ષી પ્રતિભાનો પોતાની રસાળ શૈલીમાં પરિચય કરાવ્યો. આ ભાવાર્થમાં આપણને એક કવિ ચિંતક, સર્જકના દર્શન થાય છે. ઉપાધિપુર એવા મુંબઈમાં સં. ૧૯૬૭માં વૈશાખ વદ એકમના રોજ આ લેખનનો પ્રારંભ થયો. આ લેખનકાર્ય દરમ્યાન પોતાને મુંબઈની ગરમીમાં પણ પૂ. આનંદઘનજીના પદોથી ઠંડકનો અનુભવ થયો. કારતક મહિનામાં પૂર્ણ થયેલ આ ભાવાર્થમાં પૂજ્યશ્રીએ અવધૂત યોગી આનંદઘનજીના પદોનું રહસ્યોદ્ઘાટન કરી આપેલ છે.

વ્યવસાયે ફિઝિયોથેરપિસ્ટ પણ સંશોધનપ્રેમી **ડૉ. રેખાબહેન વોરા**ના 'ભક્તામર' તુભ્યં નમઃ (પીએચ.ડી.નો મહાનિબંધ) તથા 'આદિ તીર્થંકર ઋષભનાથ' પુસ્તકો પ્રકાશિત થયેલ છે. પૂ. આચાર્યશ્રીના 'ઘંટાકર્ણ મહાવીર દેવ' વિષેની સાધના અને પ્રાકટ્યનો ખ્યાલ આપ્યો. પૂ. બુદ્ધિસાગરસૂરિજી અઢારે આલમના અવધૂત તરીકે પ્રખ્યાત હતા. અંધવિશ્વાસ તરફ ઢળેલી પ્રજાને નિર્ભય થઈને જીવવાનું શિખવવા માટે સં. ૧૯૮૦માં તેઓએ 'જૈન ધર્મ શંકાસમાધાન' નામે ૫૦ પાનાંની પુસ્તિકા લખી. પોતે ઘંટાકર્ણ વીરની સતત ત્રણ દિવસ સુધી અખંડ આરાધના કરી. જ્યાં સુધી તેમના દર્શન ન થાય ત્યાં સુધી હાલ્યાચાલ્યા વગર સાધના કરી. અંતે તેમના દર્શન થયા. અપાસરામાં ભીંત ઉપર ચોકથી દર્શન થયેલ મૂર્તિની આકૃતિ દોરી. પ્રાણીઓના બલિની પ્રથા દૂર કરવા માટે સુખડીની થાળીની પ્રથા શરૂ કરી. શાંતિસ્નાત્રમાં પણ સુખડી ધરાવાય છે અને તે પોષક પણ છે. જૈન

ધર્મ વિરુદ્ધની પ્રવૃત્તિઓને બંધ કરવા માટે આ સ્થાપના કરી.

'ગુજરાતી વિશ્વકોશ'માં કાર્યરત, ગુજરાતીની પ્રાધ્યાપિકા, અનેક પુસ્તકોના સંપાદનકાર્ય કરનાર **શ્રી નલિનીબહેન દેસાઈ**એ પૂ. આચાર્યશ્રીની 'અનોખી કાવ્યરચનાઓ' વિષે વિગતસભર વક્તવ્ય આપ્યું. સરસ્વતીને પ્રસન્ન કરવા માટે તેઓશ્રી પ્રતિજ્ઞા લે છે અને 'ઓ ઈશ્વર ! માબાપનું...' એ કવિતાથી શ્રીગણેશ થાય છે. અને આ કવિતાયાત્રા જીવનભર ચાલે છે. તેઓના કાવ્યોમાં વિવિધ વિષયોનું નિરૂપણ જોવા મળે છે. દરેક કાવ્ય ક્યારે રચાયું તેની નોંધ તેઓએ કરેલી છે. તેમની કવિતાઓમાં અનુભવનો નિચોડ છે, વાસ્તવિક જીવનનું દર્શન છે, પ્રકૃતિનિરીક્ષણ છે. ૩૦૦૦ જેટલી કાવ્યરચનાઓ છે તેમાં કવ્વાલી અને ગઝલ જેવા કાવ્યપ્રકારો પણ છે.

'નગરશેઠ શાંતિદાસ ઝવેરી', 'જ્ઞાનસારનું તત્ત્વદર્શન' (પીએચ.ડીનો મહાનિબંધ), 'જ્ઞાનસાર' (૧૧ હસ્તપ્રતો સાથેનું સંપાદન વગેરે પુસ્તકોના લેખિકા, તત્ત્વજ્ઞાનના અભ્યાસી ડૉ. માલતીબહેન શાહે આચાર્યશ્રીના 'અધ્યાત્મનું આકાશ દર્શાવતાં ગ્રંથો'નોપરિચય આપ્યો. અધ્યાત્મ વ્યાખ્યાનમાળા, તત્ત્વવિચાર, અધ્યાત્મશાંતિ વગેરે પુસ્તકોમાં જૈન દર્શનની સમજણ આપી છે. 'ઈશાવાસ્યઉપનિષદ'માં તેઓશ્રીની સમન્વકારી દૃષ્ટિના દર્શન થાય છે. દિગંબર આચાર્યશ્રી પ્રભેન્દુજી (પૂજ્યપાદ સ્વામીજી)એ મૂળ સંસ્કૃતમાં રચેલ 'સમાધિશતક' ઉપર પૂ. ઉપાધ્યાયજી મહારાજે દોધક છંદમાં ગુજરાતી શતકની રચના કરી અને તેનું વિવેચન પૂજ્ય બુદ્ધિસાગરજીએ કર્યું. –આમ આ કૃતિમાં ત્રિવેણીસ્નાન છે. 'અધ્યાત્મગીતા' સંસ્કૃત ૫૨૯ શ્લોકોનો અદ્‌ભુત સમન્વયકારી ગ્રંથ છે. પૂજ્યશ્રીના અધ્યાત્મ ગ્રંથોમાં સાહિત્યની દૃષ્ટિએ ભાષા કદાચ ઉણી હોય તોપણ તેમાં રજૂ થયેલ ભાવો ઊંચા છે અને વધુ અગત્યના છે. અધ્યાત્મની ઊંચાઈએ પહોંચ્યા પછી ધર્મ-પંથ-સંપ્રદાયના ભેદો રહેતા જ નથી. તે આ સાહિત્યમાંથી નિષ્પન્ન થાય છે.

ભો. જે. અધ્યયન કેન્દ્રના અધ્યક્ષ, ઇતિહાસ–તત્ત્વજ્ઞાન–ભારતીય સંસ્કૃતિના વિદ્વાન, અનેક પુસ્તકોના સંપાદક **ડૉ. આર. ટી. સાવલિયાએ** પૂજ્યશ્રીના ઇતિહાસ વિષયક ગ્રંથોનો પરિચય કરાવ્યો. પૂજ્યશ્રીએ જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સાથે ઇતિહાસને પણ વણી લીધો છે. 'વિજાપુર વૃત્તાંત' પુસ્તકમાં વિજાપુરની જાહોજલાલીનું વર્ણન છે. 'ઐતિહાસિક રાસમાળા' તેમનું મોટું પ્રદાન છે. 'જૈન ધર્મની પ્રાચીનતા અને અર્વાચીન સ્થિતિ' ગ્રંથ વિચારપ્રેરક છે. 'જૈન પ્રતિમા લેખો' ભાગ-૧ અને ૨ તેમનું ભગીરથ કાર્ય છે, પણ તેનો ભાગ-૧ ક્યાંયથી મળતો નથી. તેઓની 'જૈન ગીતા' ખૂબ સરળ છતાં હૃદયસ્પર્શી છે.

ગુજરાત વિદ્યાપીઠમાં જૈન વિભાગમાં અધ્યાપનકાર્ય કરનાર, શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ ઉપર મહાનિબંધ લખનાર સુપ્રસિદ્ધ વક્તા **ડૉ. છાયાબહેન શાહે** પૂજ્યશ્રીના 'કર્મયોગ' ગ્રંથનો પરિચય કરાવ્યો. આ ગ્રંથને કર્મસિદ્ધાંત સાથે કોઈ લેવાદેવા નથી. તેમાં તેમના સાધુત્વ, કવિત્વ, વક્તૃત્વનો પરિચય મળે છે. તેઓશ્રીએ વ્યક્તિના પ્રમુખ કર્તવ્યોનો પ્રકાંડ ઉપદેશ આપીને વર્તમાન જગતની ભૂખ ભાંગી છે, નિર્ભય થઈને કર્તવ્ય કરવાનો રાહ ચિંધ્યો છે આ દીર્ઘદૃષ્ટા લેખક પોતે જ મોટા કર્મયોગી છે.

ગુજરાતની અગ્રણી સંસ્થાઓમાં સંનિષ્ઠ ગ્રંથપાલ તરીકે (હાલ-શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર–કોબામાં કાર્યરત) કાર્યરત, વિદ્વાનોના કામોમાં કિમતી સહયોગ આપનાર, સંશોધક **શ્રી કનુભાઈ શાહે** 'આત્મદર્શન' અને 'આત્મતત્ત્વદર્શન' ગ્રંથોના આધારે પૂજ્યશ્રીની આત્મજ્ઞાનને લગતી વિચારણાનો પરિચય કરાવ્યો. બાળપણથી જ ખેતી કરતાં કરતાં તેઓને સાધુસંતોની સેવામાં રસ હતો. પોતે સ્થિરતાપૂર્વક મંત્રજાપ કરતા. ખ્રિસ્તીઓની દલીલોનો તેઓએ સચોટ જવાબ આપેલ. તેમના વ્યક્તિત્વમાં વિચાર–વાણી–વર્તનની એકતા છે.

પરિસંવાદના સમાપનમાં ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કેહિંદુ, મુસ્લિમ, જૈન તથા નાના–મોટા સૌ કોઈ 'બુદ્ધબ્ધિ'નું સાહિત્ય વાંચી શકે તેવું છે. આ પરિસંવાદના આયોજન બદલ પાલનપુરના શ્રીસંઘ તથા નાના-મોટા સહુ સહયોગીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી.

પરિસંવાદના અંતે આશીર્વચન આપતા પ. પૂ. આચાર્ય શ્રી ઉદયકીર્તિસાગરજીએ પૂ. ગુરુદેવ શ્રી બુદ્ધિસાગરસૂરિજીના ગ્રંથોના મહત્ત્વને વિવિધ રીતે સમજાવ્યું. ગ્રંથીને તોડે તે ગ્રંથ. ગ્રંથોના વાંચનથી અશાંતિ ટળે. સંસારીને સાધન વિના ન ચાલે અને સંતને સાધના વિના ન ચાલે. આ યોગીપુરુષે તળેટીની પણ વાત કરી છે, શિખરની વાત પણ કરી છે. આ યોગીપુરુષની આગાહીઓ પણ હૃદયસ્પર્શી છે.

પ. પૂ. આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરજી કે જેઓ સમગ્ર પરિસંવાદનું એકાગ્રતાપૂર્વક શ્રવણ-મનન કરી રહ્યા હતા તેઓએ પોતાનો સહજ પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યું કે પૂજ્ય બુદ્ધિસાગરસૂરિજીના ગ્રંથસર્જનનું સમાજમાં જે વિસર્જન થયું છે તેને યાદ કરવાનો આ અવસર છે. તેમના પુસ્તકોના વાંચન દ્વારા આપણે અંતરના શત્રુઓનું વિસર્જન કરવાનું છે. બુદ્ધિના આ સાગરે પોતાનો સાગર છલકાવીને અવળી ગંગા વહાવી. સામાન્ય રીતે સરિતા સાગરમાં સમાઈ જાય. અહીંયા બુદ્ધિનો સાગર એટલો છલકાયો કે તેમાંથી ૧૪૦ જેટલા ગ્રંથો રૂપી સરિતાઓનું સર્જન થયું. ભારતની યુનિવર્સિટીઓમાં ધર્મ–અધ્યાત્મના ગ્રંથોના વિશાળ ગ્રંથાલયો થવા જોઈએ. શક્ય છે કે કોઈ એક પુસ્તકથી પણ કોઈકનું જીવન ધન્ય થઈ જાય!

પરિસંવાદના વિચારોને મમળાવતા સૌ છૂટા પડ્યા. ✶✶✶

ફોન નં. ૦૨૭૮૨ ૨૦૫ ૯૮૬
મોબાઈલ : ૦૯૮૨૪૮૯૪૬૬૯.

## આ વર્ષે પર્યુષણ પર્વ દરમિયાન આર્થિક સહાય આપવા માટે પસંદગી કરવા

# સંસ્થાઓની મુલાકાતે સંઘની પેટા સમિતીના સભ્યો

☐ મથુરાદાસ એમ. ટાંક

સંઘની પ્રણાલિક છે કે પર્યુષણ વખતે આર્થિક સહાય લેવા ઈચ્છુક સંસ્થાની પૂરેપૂરી ચકાસણી કરી પછી જ તેની વરણી કરવામાં આવે.

સંસ્થાની પસંદગી કરવાની જવાબદારી સંઘની પેટા સમિતિ ઉપર મૂકવામાં આવી છે. તેઓ સંસ્થાની મુલાકાતે જઈ, જરૂરી માહિતી મેળવી, માહિતીની ચકાસણી કરી પેટા સમિતિમાં ચર્ચા કરવામાં આવે છે, તેમાં જે નક્કી થાય તેની કાર્યવાહક સમિતિમાં રજૂઆત કરી એક સંસ્થાની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવે છે.

મુંબઇથી ચાર સભ્યો સર્વશ્રી દિલીપભાઈ કાકાબળીયા, કાકુલાલભાઈ મહેતા અને મથુરાદાસ ટાંક, મંગળવાર તા.૧૬/૬/૨૦૧૪ના રોજ મુંબઇ સેન્ટ્રલથી શતાબ્દિ એક્ષપ્રેસમાં અમદાવાદ ગયાં.

અમદાવાદ ૧-૩૦ ક્લાકે ઉતર્યા. સંસ્થાના ઉપપ્રમુખ અને પેટા સમિતિના કન્વીનર શ્રી નીતિનભાઇ સોનાવાલા અમદાવાદમાં હતા. અમે એમની સાથે સ્ટેશનથી ટેક્સીમાં **૧લી સંસ્થા** બગસરા બાળ કેળવણી મંદીર, બગસરા જવા માટે રવાના થયા. અમે સોમવારે સાંજનાં ૭-૩૦ કલાકે બગસરા પહોંચ્યા. ત્યાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દેવચંદભાઈ સાવલિયા અને બીજાઓએ અમારું સ્વાગત કર્યુ. જમવાનું પતાવી અમે સંસ્થાની જરૂરી માહિતી મેળવવા ટ્રસ્ટીઓ સાથે ચર્ચા કરી. રાતનું રોકાણ બગસરામાં કર્યુ.

બીજા દિવસે મંગળવારે સવારના સંસ્થાની મુલાકાત લીધી. સંસ્થા **બગસરા બાળકેળવણી મંદિર** શિક્ષણ – ખાસ કરીને બહેનો માટે ખૂબ જ સારી ભણવાની વ્યવસ્થા છે. ઉપરાંત શિશુકુંજ, વિચારતા જાતીના બાળકોને શિક્ષણ, પર્યાવરણ જાગૃતિ જેવા કામો કરે છે. ભણતર સાથે ઈતર પ્રવૃત્તિ જેવી કે અંબર ચરખામાં સુતર કાંતવાનું ઉત્પાદન અને વેચાણ, શિક્ષણ વર્ગ, કોમ્પુટર ક્લાસ વગેરે. સંસ્થા ભટકતી જાતિ સરાણિયાના બાળકોને શિક્ષણ આપે છે. તેમનો પરિવાર બે કીલોમીટરને અંતરે રહે છે, ત્યાં અમે મુલાકાત લીધી. સરાણિયા પરિવાર દારૂની બદીથી બહાર આવી ગયાં છે. હવે તેઓ સારા નાગરિક બનવાનો પ્રયત્ન કરે છે. તેઓ બધા વ્યસનમુક્ત થયાં છે. તેમના બાળકો ભણીગણીને આગળ વધે એવી સૌની ઈચ્છા છે.

બગસરાથી અમે મંગળવાર તા. ૧૭- ૬-૨૦૧૪ સવારે ૧૦-૦૦ કલાકે મોટરમાં નીકળી બપોરે ૧-૦૦ ક્લાકે રાજકોટ પહોંચ્યાં. રાજકોટમાં **બીજી સંસ્થા વિશ્વનીડમ**માં ગયાં. આ સંસ્થાના સ્થાપક શ્રી જીતુભાઇ અને રહેનાબહેન છે. તેઓએ ઝુંપડીપટ્ટીના બાળકોને ભણાવવાનું અભિયાન શરૂ કર્યું છે. એમણે અમને એક CD બતાવી જેમાં તેઓએ કામ કેવી રીતે શરૂ કર્યું તેની રૂપરેખા બતાવી. હાલમાં તેઓ ઝુંપડપટ્ટીના ૧૦૦૦ બાળકોને જુદી જુદી સ્કૂલોમાં ભણાવે છે. જ્યાં બાળકો ભણે છે તેની સ્કૂલની ફી માફ કરવામાં આવી છે, પણ બાળકોને યુનિફોર્મ, પુસ્તકો વગેરેનો ખર્ચ એમણે ઉપાડવો પડે છે. તેમણે રાજકોટ શહેરમાં એક જગ્યા રાખી છે તેમાં ૫૦ ઝુંપડીપટ્ટીના બાળકો રહે છે. એક રીક્ષા છે જેમાં બાળકોને સ્કૂલમાં લઈ જવામાં આવે છે. જગ્યાનું ભાડું રૂા. ૩ લાખ છે જે એક દાતા પાસેથી એમને મળે છે, પણ બાળકોને રાખવાનો જમાડવાનો, રીક્ષા ખર્ચ બધો એમને ભોગવો પડે છે.

હાલમાં એક બાળક ઉપર એમણે ખાવાપીવા,સ્કૂલ યુનિફોર્મ વગેરે માટે રૂા. ૬,૦૦૦/-નો ખર્ચ કરવો પડે છે. જે બાળકને હોસ્ટલમાં રાખવો હોય તો તેનો ખર્ચ રૂા. ૧૦,૦૦૦/-થાય છે. દાતાઓ મળે પણ એમનો ભવિષ્યનો પ્લાન એવો છે કે વધારે રૂા. મળે તો ઝુંપડપટ્ટીના વધારે બાળકોને શિક્ષણ આપી શકે. એમનો વિચાર ખરેખર ઉમદા છે. કોઈપણ જાતના સ્વાર્થ વગર તેઓ ઝુંપડપટ્ટી – સ્લમના બાળકોને શિક્ષણ આપી તેમના આખા પરિવારને માનભેર જીવન મળે એવો પ્રયત્નો કરે છે.

રાજકોટમાં વિશ્વનીડમની ઑફિસમાં જ **ત્રીજી સમાજ સેવા** સંસ્થાના સ્થાપક શ્રી હસમુખભાઈ ટોલીઆ મળ્યા. તેઓ નાનપણથી સેવાનું કામ કરે છે. એમનું સેવાક્ષેત્ર ડુંગરોના ગામડાઓમાં આદિવાસી વિસ્તારમાં રહેતા બાળકોને શિક્ષણ, બાળકોનો માનસિક તેમજ શારિરીક વિકાસ, માંદાને દવા, વગર વ્યાજે લોન, ખેતી અને ગ્રામવિકાસના અનેક સેવા કાર્યો કરે છે. ૧૯૯૯માં વહેલી નિવૃત્તિ લઈ રાજકોટની સુખ સાહ્યબી છોડી, એકદમ સાદાઈથી નર્મદા જિલ્લાના નવાગામ આદિવાસી વિસ્તારમાં ત્યાંના આદિવાસી પરિવારના ઉત્થાન માટે ભગીરથ પ્રયાસો શરૂ કર્યા.

વિશ્વનીડમની ઑફિસમાં જ ચોથી સંસ્થાના શ્રી ગુલાબભાઈ જાની અમને મળ્યા. તેઓ **સીસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન** નામની સંસ્થા ચલાવે છે. પતિ – પત્ની બંને સતત આ કામમાં વ્યસ્ત હોય છે. તેઓ નાના નાના ગામડે ગામડે બસ લઈ જઈ ત્યાં જ ગામડામાં જ બાળકોને શિક્ષણ મળે એવી એમની વ્યવસ્થા છે.

બાળકોને દરેક જાતનું જ્ઞાન મળે તે માટે બસમાં જ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. School on Wheels એ એમનો મંત્ર છે. સમયના અભાવ અમે તેમની સંસ્થાની મુલાકાતે જઈ શક્યા નહીં. બીજી વખત સંસ્થાની મુલાકાતે આવવા આમંત્રણ સ્વીકાર્યું છે.

જમવાનું પતાવી અમે અમે રાજકોટથી હિંમતનગર જવા માટે

## વિશ્વમંગલમ્ : એક હૃદયસ્પર્શી અનુભૂતિ

☐ કાકુલાલ મહેતા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રતિ વર્ષ, એક શ્રેષ્ઠ સંસ્થાને આર્થિક સહાય માટે, જાતે જોઈ–જાણીને પસંદ કરે છે. એવી જ પસંદગી માટે, બીજા સભ્યો સાથે મને પણ જવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું એનો મને આનંદ છે. મારી ભૂમિકા કાંઈ જુદી રહી. શ્રવણ શક્તિ મંદ છે અને વધારામાં ધ્વનિ-યંત્ર પણ ગૂમ થયેલું. એટલે સહજ રીતે ચર્ચા વિચારણામાં જોઈએ એટલો ભાગ ન લઈ શક્યો, પણ મિત્રોના સહારે જાણવાનું તો મળ્યું. મારી મર્યાદાને કારણે મને જે જોવા અને વિચારવાનું મળ્યું તેની વાત કરવી છે.

રાતે પહોંચ્યા. થોડીક વાતો ચાલી. જમ્યા. ફરી થોડી વાતો ચાલી. અગિયાર–સાડા અગિયાર વાગે સૂતા. વહેલી સવારે સાડાપાંચ આસપાસ ઊઠવાનું થયું. આગલી રાતે પણ એમ જ થયેલું. પ્રાતઃકર્મ પતાવી નાહી-ધોઈને શયન કક્ષમાંથી ઓશરીમાં આવી બેઠો. શીતળ આલ્હાદક હવા. વૃક્ષો અને લીલા છોડવાઓ આંખને ઠંડક આપતા હતા. સામે જ બહેનો માટેનો છાત્રાવાસ હતો. સાતેક વાગે એક બહેન ઝાડૂ લઈને નીચે ઉતરી, પછી બીજી, ત્રીજી એમ બહેનો ઉતરવા લાગી. ફળિયું, બગીચો, બેઠો હતો એ ઓશરી એમ બધે બહેનો પોતપોતાને ભાગે આવેલ જગા સાફ કરવા લાગી. વાતાવરણ તદ્દન શાંત. કોઈ બોલચાલ નહિ. મારી સામે એક ચોક જેની ચારે બાજુએ ફૂલ-છોડ વાવેલા. એક બહેને આવીને ત્યાં આજુબાજુમાં વેરાયેલા પાન, ડાળ–ડાખળી વગેરે ઉપાડીને કચરા પેટીમાં નાખ્યા અને ચોગાન પણ વાળી-ઝૂડીને સાફ કર્યું. ત્યાં બીજી બહેનોએ આવીને પહેલા ઓશરી વાળી અને પછી બે બહેનોએ પાણીથી પોંછાઈ કરી. મને થયું એમની સાથે કાંઈક વાત કરું પણ ત્યાં તો બહેનો શયન કક્ષમાં પહોંચી ગઈ અને પથારી વગેરે ઊઠાવી, ઘડી કરીને બધું વ્યવસ્થિત કરીને જતી રહી. પાંચ પલંગો પણ ઊઠાવી લીધા. થોડી જ વારમાં બધી બહેનો હાથમાં થાળી લઈને એક પછી એક નીકળી. સંભવતઃ નાસ્તા માટે નીકળેલી. હાથમાંની થાળીઓ દૂરથી ચમકતી હતી.

સંસ્થા તરફથી વિગતવાર અહેવાલ તો આ અંકમાં અહીં આપે જોયો જ હશે એટલે એ વિશે મારે ખાસ લખવાપણું નથી રહેતું. શ્રીમતી સુમતિબહેને મને એક વાત કહી: 'અમારે ત્યાં બે જ નોકરો છે. એક રસોડામાં વાસણ સાફ કરવા માટે અને બીજો પરચુરણ કામ માટે.' મતલબ કે બધા જ કામ સહુ સાથે મળીને કરે છે. આ સ્વાશ્રયની ભાવના. આ પગભર રહેવાની વૃત્તિ બાળાઓના જીવનમાં સ્વનિર્ભર રહેવાની, સ્વચ્છતાની, સુઘડતાની, સહકારની, પ્રેમની એમ કેટકેટલી

➡

બપોરે ૩-૦૦ ક્લાકે રવાના થયા. રાજકોટથી હિંમતનગર ઘણું જ દૂર હતું. **વિશ્વમંગલમ્ - અનેરા** તા. હિંમતનગર નામની **પાંચમી** સંસ્થામાં અમે મંગળવાર તા. ૧૭-૬-૨૦૧૪ના રાતના ૮-૦૦ ક્લાકે પહોંચ્યાં. રાતનું જમવાનું પતાવી અમે સંસ્થા બાબત તેમના ટ્રસ્ટીઓ સાથે વિગતવાર ચર્ચા કરી.

બુધવાર તા.૧૮-૬-૨૦૧૪ના સવારે અમે સંસ્થાની મુલાકાત લીધી. સંસ્થામાં ચાલતી સ્કૂલ અને ઈતર પ્રવૃત્તિની માહિતી મેળવી. આ સંસ્થા ૧૯૬૦માં ગાંધીવાદી મુલ્યોના આધારે શરૂ કરવામાં આવી છે. તેના સ્થાપક અને સંચાલક શ્રી ગોવિંદભાઈ રાવલ અને એમના પત્ની શ્રીમતી સુમતીબેન રાવલ છે. તેમના દરેક કાર્યમાં તેમની સ્કૂલના પહેલા બેચના વિદ્યાર્થી શ્રી રમણલાલ પટેલ હાજર હોય છે. બંને સંચાલકોએ ગાંધીજીના વખતથી સર્વોદય ચળવળમાં સક્રીય ભાગ લીધો છે. વિશ્વમંગલમ્-અનેરાનું ઉદ્‌ઘાટન સદગત્ શ્રી મોરારજી દેસાઇએ કર્યું હતું.

આ સંસ્થાના કન્યા છાત્રાલયમાં ૬૪ કન્યાઓ રહે છે અને PTC કરતી ૧૧૭ કન્યાઓ રહે છે. સ્કૂલમાં કુમાર અને કન્યાઓ મળીને કુલ ૨૦૦ બાળકો વિવિધ કલાસમાં ભણે છે.

સંસ્થાની બીજી શાખા **વૃંદાવન** નામનું સંકુલ છે જે સંસ્થાથી ૧૨ કી.મી.ના અંતરે આવેલું છે. આ સંકુલ ૯૩ એકરમાં પથરાયેલું છે. તેમાં કુમાર માટેની આશ્રમ શાળા છે. ભટકતી જાતીના ૧૪૦ બાળકો આ સંસ્થામાં છેલ્લા ૧૫ વર્ષથી ભણે છે. ભટકતી જાતીના કેટલાક બાળકો ભણીગણીને વકીલ-સરકારી અમલદાર બન્યા છે. વૃંદાવન સંકુલમાં ખાદી ગ્રામોદ્યોગનું ઉત્પાદન અને વેચાણ થાય છે. વૃંદાવનમાં ખેતીનું ઉત્પાદન મોટા પાયે થાય છે. મોટી ગૌશાળા છે. કૃષિ અને વૃક્ષ ઉછેરનું રોપાનું વિતરણ વગેરે પ્રવૃત્તિ મોટા પાયે થાય છે. સંસ્થા પાસે વિકાસ કરવા માટે ખૂબ મોટો વિસ્તાર છે પણ **ભંડોળને અભાવે તેમાં આગળ કામ થતું નથી.** વૃંદાવનમાં વિશાળ જગ્યા છે તેમાં ઘણા વધારે બાળકોને ભણવાની સગવડતા થઈ શકે એમ છે પરંતુ તે માટે જરૂરી મકાનો બનાવવા પડે. **આ સંસ્થા વર્ષે ૨૦૦ થી વધારે શિક્ષકો તૈયાર કરે છે.** અનેરા ગામની આજુબાજુના દરેક ગામડામાં ૧૦૦માંથી ૭૦ શિક્ષકોની વસ્તી છે. સંસ્થાનો કારભાર ખૂબ જ વ્યવસ્થિત અને પારદર્શક છે. સંચાલકો પોતે જ ગાંધીવાદી વિચારસરણીને વરેલા છે. તેઓ જરાપણ ખોટું ચલાવી લે તેવા નથી.

ત્યાંથી અમે બુધવાર તા. ૧૮-૬-૨૦૧૪ના ૧૧-૦૦ કલાકે નીકળી જૂના કોબા, ગાંધીનગર ખાતે આવેલ **જીવનતીર્થ** નામની **છઠ્ઠી** સંસ્થામાં પહોંચ્યાં. તેના સ્થાપક અને સંચાલકો શ્રી

રાજુભાઈ અને શ્રીમતી દિપ્તિબેન છે. તેમના ઉદ્દેશો છે કે ભારતનો દરેક નાગરિક સ્વતંત્રપણે વિચારવાનું અને સમજણપૂર્વક જીવવાનું સાહસ કેળવે. તેઓ સમાજના નબળા વર્ગના દરેક નાગરિકને સસ્તું અને સારું જીવન જીવવા માટે મદદ કરે છે. આ સંસ્થા પણ ગાંધી મૂલ્યને વરેલી છે. તેઓ જે પ્રવૃત્તિઓ કરે છે તે તેમના પુસ્તકો દ્વારા તેમ જ તેમણે બનાવેલા ચાર્ટ મારફત અમને ઘણી માહિતી આપી.

તેઓએ અમદાવાદના જૂના વાડજમાં સમાજના નબળા વર્ગ માટે વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી છે. અમદાવાદમાં કચરો વીણવા જતી ૩૦૦ બહેનોને જીવનમાં પડતી મુશ્કેલીનું નિવારણ કરે છે. એમનું એક સંગઠન છે જે તેમના જીવનને સંગીન બનાવવાના પ્રયત્નો કરે છે. ૩૦૦ કચરો વીણનારી સ્ત્રી આ સંસ્થાની સદસ્ય છે. તેઓ દર મહિને રકમ સંસ્થામાં જમા કરાવે તેની સામે તેમને દર મહીને જીવન જરૂરીયાતની વસ્તુઓ વ્યાજવી ભાવે મળે એવા પ્રયત્નો કરે છે. રોજગારી લક્ષી અભિયાન – જેમકે સ્ત્રીને શીવણની મફત તાલીમ આપવી, કચરો વીણનારી સ્ત્રીઓના બાળકોને યોગ્ય શિક્ષણ આપવું વગેરે કાર્યો આ સંસ્થા કરે છે અને વ્યવહારીક પ્રસંગોએ એ સ્ત્રીઓને વગર વ્યાજે લોન પણ આપે છે.

ત્યાંથી નીકળી અમે બધા

સંભાવનાઓને જાગૃત કરે છે અને આત્મોન્નતિ તરફ દોરી જાય છે એ વિચારે મને મુગ્ધ કરી દીધો. પ્રેમ સર્વશ્રેષ્ઠનું જ સર્જન કરે છે. અહીં જીવનઘડતર થતું જોયું. ચારિત્ર નિર્માણ થતું જોયું. સંસ્થાની મુખ્ય આવક ખેતીની છે. અને બહેનોને પણ એનો પ્રત્યક્ષ અનુભવ મળે છે.

**આ સંસ્થાએ પાંચ હજાર જેટલી બહેનોને પચાસ વર્ષમાં ભણાવેલી છે.** એ તો ઠીક, પણ એ બધી બહેનોને શિક્ષિકા પણ બનાવી છે અને આજુબાજુના વિસ્તારમાં ભણાવે પણ છે. અને જે નહિ ભણાવતી હોય એ પણ પોતાના બાળકોને તો ભણાવશે જ. ઉપરાંત આડોશી-પાડોશીના બાળકો અને માતાઓને પણ સમજાવશે. આ તો એક નવનિર્માણ થઈ રહ્યું છે. ક્રાંતિકારી કાર્ય થઈ રહ્યું છે, ક્રાંતિના ગુણગાન વગર. આજે જ્યારે આધુનિક શિક્ષણ પાછળ બહેનો ઊંચા પગારની નોકરીઓ શોધતી હશે ત્યારે આ બહેનો સ્વતંત્ર રીતે જીવનની મુખ્ય જરૂરિયાત, રોટલો રળી લેવાની શક્તિ ધરાવતી હશે એ વિશે બેમત હોઈ શકે ખરો?

શ્રી ગોવિંદભાઈ અને સુમતિબેન સમાજશાસ્ત્રના વિશારદ બન્યા ત્યારે ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી મગનભાઈ દેસાઈએ પદવી આપતાં કહ્યું કે પદવી તો આપું છું પણ ઈચ્છું છું કે 'તમે શિક્ષણ દ્વારા સમાજ સેવા કરો.' અને એ સ્નેહભર્યું સૂચન સ્વીકારીને જે સંસ્થાનું નિર્માણ કર્યું તે આ – **'વિશ્વમંગલમ્'**. અંતરમાં ભાવના વિશ્વમંગલની અને કાર્યક્ષેત્ર વેરાન વગડામાં વસેલું એક નાનકડું ગામ અનેરા આજે ક્યાંનું ક્યાં પહોંચ્યું છે? આશ્ચર્ય! આવી સંસ્થાના સ્થાપક દંપતીને સાદર પ્રણામ!

આજના સંદર્ભમાં એક એક પ્રશ્ન જાગે છે. આધુનિક બાળાઓ પણ એવું શિક્ષણ લઈ રહી છે કે તે આર્થિક રીતે સ્વતંત્ર બની શકે પણ જીવન અને એના મહત્ત્વ વિશે જાગૃત છે ખરી? પોતાને પુરુષ સમોવડી માને છે અને છતાં સંરક્ષણ માગી રહી છે અને એ પણ પુરુષો પાસે? પુરુષ અને સ્ત્રી બંનેમાં બુદ્ધિ અને લાગણી પણ છે અને સમાન હોવા છતાં બંનેમાં ભેદ પણ છે. પુરુષ બુદ્ધિથી દોરવાય છે, જ્યારે સ્ત્રી હૃદયથી–લાગણીથી દોરવાય છે અને જીવન તો હૃદયથી જીવાય છે, બુદ્ધિથી નહીં. પુરુષ અને સ્ત્રી બંને જ્યારે એકબીજાને પુરુષ કે સ્ત્રી નજરે જોશે ત્યાં સુધી આજનો વિકરાળ પ્રશ્ન – અત્યાચારનો – ઉકેલાવાનો નથી. એ માટે બંનેએ એકબીજાને મિત્ર અને કેવળ મિત્ર તરીકે જોતાં શીખવું પડશે. **મૈત્રી** નિરપેક્ષ હોય છે. ફક્ત શક્ય એટલું ઉપયોગી થવાની ભાવનાજ હોય છે. બીજી કોઈ અપેક્ષા નહિ. આ કામ તો સ્ત્રીએ સ્વતંત્ર રીતે કરવું પડશે. કોઈ પણ નવી વ્યક્તિનો પરિચય થાય ત્યારે નામથી નહિ પણ પાછળ ભાઈ શબ્દ ઉમેરીને શરૂઆત કરી શકાય. શુભ મંગલ હો!!!

ફોન નં. : ૦૨૨ ૨૮૯૮૮૮૭૮.

અમદાવાદ સ્ટેશને બપોરના ૨-૩૦ વાગ્યાની શતાબ્દી એક્ષપ્રેસમાં રવાના થઇ. રાતના ૯-૦૦કલાકે બોરીવલી / બોમ્બે સેન્ટ્રલ ઉતર્યા.

અમે ત્રણ દિવસમાં મોટરમાં ૯૦૦ કી.મી.નો પ્રવાસ કરી છ સંસ્થાની મુલાકાત લીધી અને બે સંસ્થાના સંચાલકોને રાજકોટ મળી માહિતી મેળવી.

અમે જે છ સંસ્થાઓની મુલાકાત લીધી તે બાબત પેટા સમિતિના કન્વીનર શ્રી નીતિનભાઇ સોનાવાલા અને શ્રી કાકુલાલ મહેતાએ કાર્યવાહક સમિતિની શનિવાર તા.૨૧-૬-૨૦૧૪ના રોજ મળેલી મીટીંગમાં મુલાકાત લીધેલ સંસ્થાઓ બાબત રજૂઆત કરી અને **શ્રી વિશ્વમંગલમ્ - અનેરા તા. હિંમતનગર સંસ્થાને આર્થિક સહાય કરવી એમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું**

✷ ✷ ✷

**સંસ્થા સંબંધી જાણકારી**

શ્રી વિશ્વમંગલમ્ - અનેરા
અકોદરા,
તા. હિંમતનગર,
જી. સાબરકાંઠા,
સંચાલકોઃ-
શ્રી ગોવિંદભાઇ રાવલ
શ્રીમતી સુમતિબેન રાવલ
ઑફિસ ટે.નં. :
(૦૨૭૭૨) ૨૩૯૫૨૨.
મો. : ૦૯૪૨૭૮૫૩૫૮૩,
૦૯૪૦૮૦૦૯૯૭૯

# ભાવ-પ્રતિભાવ

(૧)

'પ્રબુદ્ધ જીવન'નો એપ્રિલનો અંક થોડા દહાડા પહેલાં પ્રાપ્ત થયેલ. સારી રીતે નજર ફેરવી વાંચ્યો. તમારા તંત્રીલેખને લગભગ બે વખત જોઈ ગયો. આ લેખમાં આદરણીય શ્રી રાકેશભાઈ ઝવેરી વિષે જ લખ્યુ છે.

ગઈકાલે અમે સાધક સાથીઓ ૧૭-૧૮ જણ ભેગા બેઠા હતા ત્યારે આ. રાકેશભાઈના વ્યક્તિત્વ વિશે અડધો-પોણો કલાક ચર્ચા થઈ. આ. રાકેશભાઈ વિષે અમુક વર્ષોથી સામયિકો દ્વારા ઠીક ઠીક જાણકારી અમને મળી હતી, પણ તમારા આ લેખમાંથી વિશેષ જાણવા મળ્યું. પછી તો 'પ્રબુદ્ધ જીવન'નો ભક્તિ યાત્રા અંક 80 Celebrating Yearsવાળો (પાંચ વર્ષ પહેલાંનું) પુસ્તકાલયમાંથી કઢાવ્યો. આ અંકમાં આરંભમાં જ આ. રાકેશભાઈનું જીવન વૃત્તાંત છપાયું છે. જે એક સાધક દ્વારા વંચાવીને અમે બધાએ સાંભળ્યું. ત્યારબાદ એમનાં જીવન વ્યક્તિત્વ ઉપર ચર્ચાઓ થઈ. અમુક જણાઓએ એ જાણકારી પણ આપી કે આ. રાકેશભાઈનું પ્રવચન T.V.ની બે-ત્રણ ચેનલો પર નિયમિત આવે છે. અમે સાંભળીએ છીએ.

ધનવંતભાઈ, આ વિલક્ષણ વિભૂતિને પ્રભુએ આપણી પાસે મોકલીને મોટો ઉપકાર કર્યો છે. અમને તો એમની મહાપ્રજ્ઞા વિષે એમ લાગે છે કે, સ્વામી વિવેકાનંદ અને આ. રાકેશભાઈમાં કાંઈ અંતર નથી. સ્વામી વિવેકાનંદજીની ઉપદેશવાણી લગભગ ૫૦૦૦ પૃષ્ઠોથી ઉપર જ સાધકો દ્વારા વંચાવીને સાંભળી છે. તમે તો જાણો જ છો કે સ્વામીજી ૪૦થી વધારે જીવી ન શક્યાં. લાગે છે કે વિવેકાનંદ જ આ. રાકેશભાઈના રૂપમાં અવતર્યાં છે. માત્ર જૈનો માટે જ નહીં પણ જૈનેતરો માટે પણ. જેમને ધનવંતભાઈ જેવા પ્રજ્ઞાપુરુષ પણ સદ્‌ગુરુ દેવ તરીકે ઉલ્લેખિત કરે છે. આમ તો પુત્ર જેવા છે તોય, તમારી આટલી બધી ઊંચી ભાવના જોઈને તેમને વંદન કરવાની ઈચ્છા થાય છે.

ધનવંતભાઈ, લાગે છે કે, આ. રાકેશભાઈ જન્મજાત પ્રજ્ઞા ભેગી લઈ આવ્યા છે. જીવનમાં આવી ત્યાગભાવના બહુ ઓછી દેખાય છે. ત્યાગ જ વંદનીય છે. સંપૂર્ણ સમયની સાર્થકતાની ભાવના પણ વંદનીય છે. સાંસારિક પ્રપંચથી પૂર્ણ વેગળા રહીને સાત્ત્વિક કાર્યોમાં લાગ્યા રહેવું એ પણ વંદનીય છે. આવા મહાપુરુષના કારણે લાગે છે કે જૈનધર્મને તો ભારતમાં ઉચ્ચસ્થાન મળશે. અને જૈનેતરોને પણ આવી વિભૂતિના કારણે ઓછો લાભ નહીં મળે. ગઈકાલે જ કોઈએ વાત કરી કે જૈનધર્મને ભારત સરકારે અલ્પસંખ્યક સમુદાય ઘોષિત કર્યો છે એ જાણીને બહુ પ્રસન્નતા થઈ. તમને અને જૈનોના બધા કર્ણધારોને અમારા વંદન અને મુબારકબાદ. જૈનધર્મ ઉત્તરોત્તર વિકસે એવી શુભકામના સાથે.

☐ **બાબુજી**-વૃંદાવન મથુરા

(૨)

'પ્રબુદ્ધ જીવન'ના જુન મહિનાના અંકમાં 'ઉગ્યો નવયુગનો ભાણ' એ શીર્ષક હેઠળના આપના લેખે કરોડો ભારત-વાસીઓના હૈયાની વાતને શબ્દ-દેહ આપ્યો છે. આ લેખના કેટલાંક પ્રેરક વાક્યો-જે ખરેખર આપના છે પણ હકીકતમાં આપની ચેતનાએ આંદોલિત એ તરંગો ઝીલી-કલમ દ્વારા વ્યક્ત કર્યા છે

'વંશ વારસાનો યુગ આથમી ગયો અને સાચી લોકશાહીનો સૂર્યોદય થયો.'

'સર્વ સંમતિનું રાજકારણ અને સર્વ સમાવેશક વિકાસ દેશની પ્રગતિ માટે આવશ્યક છે.'

'આ નરેન્દ્ર મોદીની જીવન કથા પ્રેરક, પ્રેરક અને પ્રેરક છે.'

'આજ સુધી ભારતની સંસદને કોઈએ મંદિર કહ્યું છે ? પ્રથમ સોપાને મસ્તકથી નમન કર્યું છે ?'

'જ્યારે વિવાદો વધે છે, આક્ષેપ પ્રતિ આક્ષેપના મંથનો થાય છે ત્યારે જ સત્ય આપોઆપ પ્રગટે છે'-આ મૌલિક સત્ય આપની કલમે શોધી કાઢ્યું છે. સત્ય છે-પણ Self evident નથી.

'મોતના સોદાગાર નહિ, મતોના સોદાગર પણ નહિ, પણ મતોના અધિકારી બન્યા છે.' આટલું લખ્યા પછી જે કુનેહથી આજની તાતી જરૂરિયાત 'પ્રમુખીય લોકશાહી'ને એક અત્યંત જરૂરી પણ લેખના મથાળાને વધારે સાર્થક કરવાનું બીજું પગલું-એટલી સીફતથી આ વિષય રજૂ કર્યો છે એક વાંચનમાં કંઈ વિષયાંતર કે રસક્ષતિ થતી નથી. અરુણ શૌરીના પુસ્તકના અવતરણો ખૂબ જ મનનીય છે-પ્રસ્તુત પણ છે અને આવતા દિવસની માંગ છે.

બંધારણ ઘડાતું હતું ત્યારે હું ૨૦ વરસનો જુવાનિયો હતો (અત્યારે ૮૯) પણ ત્યારે પણ લાગતું હતું કે બંધારણમાં Originality નથી. British Parliamentary પદ્ધતિના આંધળા અનુકરણ જેવું મારા જેવા અનેક અણસમજુ જુવાનિયાને લાગતું હતું. આપે જે અવતરણો મૂક્યા છે તે પ્રત્યેક નાગરિકે વિચારવા જેવા છે કંઈક 'અભિપ્રેત'નું આપની કલમે દર્શન કરાવ્યું છે.

આપે આ લેખ લખ્યો નથી પણ અનેક દેશવાસીઓએ આપ દ્વારા લખાવ્યો છે એથી પ્રતીતિ થાય છે. અભિનંદન.

☐ **જયંતિલાલ શાહ,** જૂહુ સ્કીમ-મુંબઈ

ફોન : ૦૨૨-૨૬૧૮ ૨૬૦૧

(૩)

માતા સરસ્વતી-શારદાની સુંદર આકૃતિયુક્ત, આરસપહાણ જેવું

મુખપૃષ્ઠ ધરાવતો, 'પ્રબુદ્ધ જીવન'નો જૂન અંક મળ્યો, વાંચ્યો-વિચાર્યો. 'ઊગ્યો નવયુગનો ભાણ' તંત્રીલેખ, સાદો સરળ, નિખાલસ, જે-તે વ્યક્તિત્વને બિરદાવતો ગમ્યો.

મા. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ગુણદર્શન સુંદર, ભાવાત્મક રીતે, તમે વાંચકોને કરાવ્યા, તે બદલ તમે, અભિનંદનના અધિકારી છો જ. તમે તેમના પુરુષાર્થને બિરદાવ્યો તે ગમ્યું છે. રાજ્યના CM પદ ઉપરથી રાષ્ટ્રના P.M. પદના કપરા ચઢાણ તેઓ સ્વપુરુષાર્થે ચડ્યા છે. અને તે પણ સૌને સાથે લઈને–રાખીને. ભાજપ અને જનસંઘ જેવાં રૂઢિચુસ્ત પક્ષની સમજાવટ–પતાવટ કરવી એ ખરેખર કપરું કાર્ય ગણાય. એક વ્યક્તિ ધારે તો કેટલી હદે વિકસી શકે. તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપણને નરેન્દ્રભાઈમાં જોવા મળ્યું છે. તેમના હૃદયમાં પ્રેમ છે, ભાવના છે, રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની તમન્ના પણ ખરી, તેનું સચોટ નિરૂપણ તમે કર્યું છે, તે બદલ મારા હાર્દિક ધન્યવાદ સ્વીકારશોજી

તમારા મનોજગતમાં જે નરેન્દ્રભાઈની છબિ છે, તેમાં સુંદર રંગો પૂરીને, પ્રબુદ્ધ જીવનના વાચક વર્ગને બતાવી છે. તમારી લગન, તમારી નિષ્ઠા અને સચ્ચાઈને બિરદાવવાની કુશળતા લખાણને હૃદયસ્પર્શી બનાવી ગઈ છે.

☐ **હરજીવન થાનકી**-પોરબંદર

(૪)

ખૂબ જ નિયમિત ને માહિતી તથા લેખ પ્રચૂર માત્રામાં 'પ્રબુદ્ધ જીવન'માં સંપાદિત કરી મુલ્યવાન પ્રકાશન અને તે પણ રૂા. ૨૦ જેટલી રકમમાં, પ્રથમ પાને તસવીર પણ અપાય જ છે. કાગળનું પોત, સુઘડતા, છપામણીથી હાથમાં લઈ ચયન થાય જ છે. જૂન '૧૪ અંકમાં આપશ્રીએ ઉગ્યો નવયુગનો ભાણ (સૂર્ય) વાંચ્યો. વિશેષતઃ મોદીજી વિશેના લેખથી પ્રભાવિત થવાય જ. આ પ્રકારના આર્ટિકલ વાંચવા, વંચાવવા, સંગ્રહિત કરવા જેવા જ હોય તે નિશંક છે. અભિનંદનના અધિકારી,. શિક્ષણ પરિવાર, અન્ય પણ જાણ્યું જ. સાચે જ મૌતિકે વધાવવા જ જોઈએ નવા સૂરજને. ઉજળું ભવિષ્ય છે જ. સમગ્ર રાષ્ટ્રનો વિશ્વાસ પ્રાપ્ત કરવો જ પડશે.

ભાવ–પ્રતિભાવોનું સંપાદન પ્રકાશન પ્રસન્નકર છે જ. ઢળતી ઉંમરે તો સંજીવની સમું હું અનુભવું છું. અન્ય લેખક, કવિ, વગેરેની સાથે પણ સેતુ બાંધાતાં પ્રત્યુત્તર મળે જ છે.

૨-૪ મહિના પહેલાં ભારતીબહેન શાહે મને સાહિત્ય મોકલેલું. ફોનથી પણ વાતચીત થયેલ છે. સાત્ત્વિકતા, સમર્પિત ભાવ હોય. તેને ક્યાંય અજંપો કે ચિંતા રહે જ નહીં તે સનાતન સત્ય છે જ. ઘણાં સામયિકો વધઘટ કરે છે લવાજમ માટે. શું મોંઘવારી વ. 'પ્રબુદ્ધ જીવન'ને નહીં? ના ક્યારેય નહીં. કર્મ જ એવું છે કે વાચક સહયોગ તો મળતો જ રહે છે.

☐ **દામોદર ફૂ. નાગર**, ઊમરેઠ
(જિ. આણંદ)

(૫)

'પરમ સુખનું સરનામું' લેખ ઈ. સ. ૨૦૧૪ જૂન માસમાં પ્રકાશિત કરવા બદલ આભાર. નાની મોટી ત્રણ-ચાર મુદ્રણભૂલ છે.

પાના ૧૩ પેરા નં. ૩, લાઈન-૨ બહારથી મેળવી શકાનારુ હોવું જોઈએ.

પાના-૧૪, પેરા-૨, છેલ્લી લાઈન-સાદિ-અનંત સ્થાયી વસવાટ છે, હોવું જોઈએ.

પાના-૧૪, પેરા-૨, લાઈન ૧૨–આનંદમાં ઠરી જવાપણું એ શુદ્ધ લખાણ છે.

પાના-૧૪, પેરા-૪, લાઈન-૧.

।। सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः।।

।।। मिथ्या दर्शन ज्ञान चारित्राणि संसारः।।

આ સુધારો ખાસ ખાસ વાચકોના લક્ષમાં લાવવો જરૂરી છે. ઘટતું કરશો. હાલ એજ! કુશળ હશે 'ચતુષ્ટય' ઉપરનો લેખ ખાસ પ્રકાશિત કરવા આગ્રહ છે.

☐ **સૂર્યવદન**ના પ્રણામ

મુદ્રણ અને પ્રૂફ ભૂલો માટે ક્ષમા-પ્રાર્થના : તંત્રી

(૬)

'પ્રબુદ્ધ જીવન'ના વાંચનથી જીવનમાં વિચારોની નવી તાજગી ઊભી થાય છે. ખૂબ જ અલગ અલગ વિષયના પ્રશ્નોને અલગ દૃષ્ટિકોણથી મુલવવામાં ખૂબ જ જાણવા મળે છે.

☐ **ભરતકુમાર સી. શાહ**
મો.: ૯૩૨૭૫-૧૪૮૩૧

(૭)

તારો આખો લેખ, દામ્પત્ય તીર્થો અત્યંત રસપૂર્વક સાંભળ્યો. પરીક્ષાના પરિણામ વખતે પહેલાં આપણે છાપામાં આપણો નંબર આવ્યો કે નહીં તે જોવાની ઈંતેજારી રાખતા હતા. બસ તે જ રીતે એક હૉસ્ટેલ મિત્રના પ્રસન્ન દામ્પત્યની વાત આવી, ગુલાબભાઈ અને કુસુમબેનના દામ્પત્યની વાત આવી ત્યારે એવો વિચાર પણ આવી ગયો કે ૧૯૮૫ પછી નેત્રદીપકનું તેજ ઘટતું રહ્યું અને ૧૯૯૮ પછી તે તેજ વિલીન થઈ ગયું. અહીં મારી આંતરપ્રજ્ઞાની વાત નથી કરવાની; પરંતુ અમારા દામ્પત્યજીવનના ૫૦ વર્ષ પૂરા થાય છે ત્યારે તા. ૨૧-૫-૨૦૧૪ના રોજ અમે પણ ભરપૂર સાહચર્ય માણ્યું છે તેમ કહેવા કરતાં તેની સાથે સાથે એક પતિવ્રતા સ્ત્રીને મારા પડછાયાની જેમ મારી ઝીણામાં ઝીણી બાબતમાં સંપૂર્ણ પ્રેમપૂર્ણ કાળજી રાખતી જોઈ આ કાળમાં આવા દામ્પત્યજીવનની સુવાસથી ઘણાંને આશ્ચર્ય થાય છે, કોઈને ઈર્ષા. બસ એટલા માટે તારા લેખમાં મારું નામ શરતચૂકથી રહી ગયું છે. તેમ માની પરમ સંતોષનો ઓડકાર ખાધો છે.

લેખ ખરેખર અદ્ભુત લખાયો છે. કુદરતની લીલા તો જુઓ! તારો લેખ મેં આજે વાંચ્યો. જે માર્ચના અંકમાં છપાયો છે અને મારો

લેખ આજે જન્મભૂમિ પંચાંગમાં છપાવા માટે નીકળી ચૂક્યો છે જેનું ટાઈટલ છે–'લગ્નજીવનની સંવાદિતાના પાંચ સોનેરી સૂત્રો'.

□ **મનુભાઈ દોશી**

(૮)

વૃદ્ધત્વ, જાતજાતના રોગ, શારીરિક નિર્બળતા અને તન-મનની પીડા મનુષ્ય માત્ર માટે નિર્માઈ છે. તેમાં હું અપવાદ શી રીતે બની શકું? ભગવાન બુદ્ધ આ પરમ સત્ય વિશે અઢી હજાર વર્ષ પૂર્વે કહી ગયા છે.

પરંતુ તેથી હતાશ અને નિષ્ક્રિય થઈ જવું જરૂરી નથી. જો જીવન આનંદ અને મસ્તીમાં જીવ્યા, તો મૃત્યુને પણ આનંદ અને મસ્તીપૂર્વક કેમ ન આવકારવું? હું તે માટે કોશિષ કરું છું.

મને ડાયાબિટીસ છે. કશું ગળ્યું-મીઠું ખવાય નહિ. પરંતુ હું રસ-રોટલી ખાઉં છું, અને લાડુ-મગસ પણ જમું છું. અને સાથોસાથ રોગના મોંઘાં દવાદારૂ પણ ચાલતા રહે છે! મોતની બીક રહી નથી. મોત ૮૩ વર્ષે ન આવે તો ક્યારે આવે? આશા કરતાં હું ઝાઝું જીવ્યો છું. સિત્તેર પછીના વર્ષો બોનસના વર્ષો છે! તેમને તો આવકારવા જોઈએ! હું તે દિશામાં પ્રયત્નશીલ છું.

આજકાલ લખવાનું તો ભાગ્યે જ બને છે, પરંતુ વાંચન સતત ચાલુ છે. હાલ જગત સાહિત્યની શ્રેષ્ઠ વાર્તાઓ વાંચું છું. મજા પડે છે અને મારો સમય પસાર થઈ જાય છે.

પ્ર.જી. નિયમિત મળે છે.

તમારી સપરિવાર કુશળતા ચાહું છું.

□ **જશવંત શેખડીવાળા**-પેટલાદ

## અલવિદા....જયભિખ્ખુ જીવનધારા

સર્વ પ્રકારે કુશળ હો.

જુનના 'પ્રબુદ્ધ જીવન' માસિકમાં ૬૧/૬૨ વર્ષીય જીવનની કથા શ્રી જયભિખ્ખ જીવનધારા રૂપે ૬૧ હપ્તે પૂર્ણ થઈ!

હું આ જીવનધારાના લગભગ બધા જ હપ્તા વાંચતી. શ્રી કુમારપાળની કલમ તેમાં જીવંત સંવેદનો પેદા કરતાં તેવું લાગતું. હવે પછી શું આવશે તેવી જિજ્ઞાસા રહેતી. તેથી એકવાર શ્રી કુમારપાળભાઈને ફોન કર્યો હતો કે પિતાશ્રીનું બાળપણ પૂરું કર્યું હજી કંઈ રહેતું હશે. જો કે પછી યૌવનગાળો પણ સાહસિકતા ભર્યો અને ચેતનવંત હતો. એટલે જિજ્ઞાસા ટકી રહી, અને ૬૧ના લેખમાં થયું કે શું પૂરું થયું? દેહ અવસ્થાનો ધર્મ હતો તે પૂરો થયો પણ જીવનગાથા તો અમરતત્વ પામી.

શું ખૂમારી?

''સૌ. જયાએ હિંમતથી વર્તવું જીંદગી જાત્રા જેવી, રાજા, મહારાજા જેવી, શ્રીમંત શાહુકાર જેવી ગઈ છે. પાછળ હસતે મોઢે રહેવું.''

અને જયાબહેને એ રીતે રહી ભિખ્ખુ આગળ રહેલું જય તેમણે જીવંત રાખ્યું. સાર્થક કર્યું.

હા, પણ લખતાં વચમાં લેખમાં કંઈ જોવા ગઈ ત્યારે વચ્ચેના ચોકઠા **અલવિદા** પર નજર ગઈ. વાંચી ગઈ અને થયું કે હવે મારી સંવેદના શું લખું? શ્રી ધનવંતભાઈએ લખ્યું જ છે. છતાં ભાવ થયા એટલે લખી મોકલું છું. યોગ્ય લાગે તેમ કરશો?

'આ ઘટના વાંચી રહ્યા છો ત્યારે તમને પણ આવી વેદના થઈ હશે.' (લખ્યાનું પ્રયોજન)

૬૧/૬૨ વર્ષીય જીવનકથા, ૬૧ હપ્તાની પૂર્ણતા અને જયભિખ્ખુના મંગલ મૃત્યુને તાદૃશ્ય કરતું આ પ્રકરણ ખરેખર એવી સંવેદના લાવે છે કે જાણે ખરેખર એ મૃત્યુ હતું? કે હપ્તા પૂરા થયા? છતાં તે સ્વીકારવું રહ્યું.

પિતાશ્રી જયભિખ્ખુની જીવન કથા, લખનાર કલમના હસ્તગત પુત્ર શ્રી કુમારપાળ એક અનોખી ઘટના જ છે. પ્રથમથી પૂર્ણતા સુધી બધી ઘટનાઓ જીવંત અને રસાળ છે. તે અંગેનો ગ્રંથ તૈયાર થઈ રહ્યા છે તે આનંદની વાત છે.

ઉદાત્ત, સહજ, પ્રજ્ઞાશીલ વિચારધારાને ઘણાં પુસ્તકોમાં તાદૃશ્ય કરી ઉપકારી સાહિત્ય સર્જનના સર્જકને ભાવાંજલિ આપીને વિરમું છું.

બધા જ જીવનધારાના હપ્તાઓમાં જે લખાઈ ગયું છે તે માણ્યું છે. વળી આ છેલ્લો હપ્તો જાણીને તે માણેલા ભાવને વ્યક્ત કરવાની તક લીધી છે. આવી વિભૂતિનો સંપર્ક ન થયો પણ જ્યારે તેમની મહાનતા જાણવા મળી ત્યારે તક લીધી.

શ્રી કુમારપાળભાઈનો પરિચય છે જ, તેમને પણ મારા અભિવાદન છે. તેમની કલમ તો અવિરત વરદાનયુક્ત છે. વર્તમાન સમાજને તેમણે ઘણું ઉત્તમ સાહિત્યધન આપ્યું છે. આપતા રહ્યા છે.

અંતમાં આપને યોગ્ય લાગે તેમ ભાવ-પ્રતિભાવમાં લેશો. 'પ્રબુદ્ધ જીવન' માસિક દ્વારા સાહિત્ય ક્ષેત્રે ઉમદા સેવા બદલ આપને પણ અભિવાદન હો.

□ **સુનંદાબહેન વોહોરા,** અમદાવાદ
૫, મહાવીર સોસાયટી, એલિસબ્રીજ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન નં. : ૦૭૯-૨૬૫૮૭૯૫૪.

(૯)

પ્રિય ગીતાબહેન,

એપ્રિલ માસના 'પ્રબુદ્ધ જીવન'માં–પ્રત્યક્ષદાન વિશેના, તમારા અનુભવો હૃદયસ્પર્શી છે. ઘણી વખત આપણી કલ્પનામાં પણ ન હોય,

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૪૨)

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **મહિમા : મંત્રાધિરાજનો**
લેખક : પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક : પંચ પ્રકાશન પુણ્યસ્મૃતિ પ્રકાશન ૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧.
મૂલ્ય-સાહિત્ય સેવા, પાના-૧૫૨, આવૃત્તિ-પ્રથમ. રૂા. ૫૦-૦૦.

પૂ. આચાર્ય દેવ આ પુસ્તકના હેતુ વિશે કહે છે, 'મહિમા : મંત્રાધિરાજનો'ના આલેખન સંકલન પાછળ એક માત્ર એ જ આશય રહ્યો છે કે, આના વાચન મનન દ્વારા 'નમસ્કાર જ ચમત્કાર' આવી નવકારનિષ્ઠાનું વ્યાપક સ્તરે જાગરણ થવા પામે. પ્રભુ ચરણે એકાદ ફળ-ફૂલ સમર્પિત કરીને બદલામાં બગીચો મેળવવાનો મનોરથ સેવનારાઓનો ફાલ આજે જ્યારે ફાલી ફૂલી રહ્યો છે, ત્યારે બગીચો સમર્પિત કરીનેય ફળફૂલની આકાંક્ષા વિનાના આશંસા રહિત ધર્મ-ધારકોના ફાલથી મહામંત્રારાધકોનું ઉપવન વધુ ને વધુ મહેંકી ઉઠે એ જ કલ્યાણકામના.'

નવા નકોર બનાવી દેવા જે સમર્થ હોય એ નવકાર મંત્ર! 'નવકાર' નવ સંસ્કાર–નવ સંસ્કરણ રૂપે આપણું અસલી સ્વરૂપ મેળવી આપવામાં આપણને માર્ગદર્શક બની રહેશે. નમસ્કાર મંત્રના માધ્યમે નમસ્કારનું સેવન એટલા માટે કરવાનું છે કે, ભવિષ્યમાં આપણે જ નમસ્કાર્યની કક્ષામાં પ્રતિષ્ઠિત થઈ જતાં આપણા માટે કોઈને નમવાનું જ ન રહે.

નવકાર મહામંત્રના આરાધકો નવકારના ચમત્કારો વાંચે અને વિચારે.

x x x

પુસ્તકનું નામ : શ્રી ગૌતમ તુભ્યં નમઃ
લેખિકા : ભારતી બી. શાહ
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૩, મહંમદી મિનાર, ૧૪મી ખેતવાડી, મુંબઈ-૪૦૦૦૪. ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.
મૂલ્ય : રૂા. ૨૨૫, પાના : ૧૫૨,
આવૃત્તિ-પ્રથમ-૨૦૧૪.

લેખિકા કહે છે, 'સર્જનનો આનંદ સર્વોચ્ચ છે, જેને ભારતના શાસ્ત્રો બ્રહ્માનંદ સહોદર કહે છે, એવા આનંદ સાથે આ પુસ્તક લખાયું છે.'

ઓગણપચાસ પ્રકરણ અને એકસો પચાસ પૃષ્ઠમાં સમાયેલ આ લઘુગ્રંથ એના વિષયના પરિઘને પૂરેપૂરો ન્યાય આપે છે. ગ્રંથ વાચક વિશેની માહિતીમાં શબ્દ, અર્થ, અને ધ્વનિને એવી રીતે ગુંથવા અને પ્રગટ કરવામાં આવ્યા છે કે પ્રત્યેક પ્રકરણ એની પછીના પ્રકરણને વાંચવા માટે વાચકને આતુર કરી દે છે. આ ભારતી બહેનની કલમની શૈલીની સિદ્ધિ ગણી શકાય.

ગણધર શ્રી ગૌતમસ્વામી ભગવંત પર અનેક ગ્રંથોના સંકલનો થયા છે, એમાં પણ આ ગ્રંથ દ્વારા ગણધર શ્રી ગૌતમસ્વામીના જીવનના પ્રત્યેક પાસાની પારદર્શકતા દર્શાવે છે...જે ખૂબ જ ઉપયોગી અને સર્વોત્તમ છે.

આ ગ્રંથ શ્રી ગૌતમ સ્વામીની સાથે જોડાયેલ અવિભાજ્ય રૂપે અનંત શબ્દની જેમ અનંત ગ્રંથ ગાથાનું સર્જન કરનાર બને તેમ છે.

x x x

પુસ્તકનું નામ : **વંદે શત્રુંજય ગિરિવરમ્**
લેખક : મુનિશ્રી દેવરત્નસાગર
પ્રકાશક : શ્રી કચ્છ દેઢિયા જૈન શ્વે. મૂ. સંઘ
મૂલ્ય-રૂા. ૩૦/-, પાના-૨૦૩, આવૃત્તિ-૧૧.

જ્યાં જ્યાં દેવાધિદેવ તીર્થંકર પરમાત્માઓના ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન-નિર્વાણ થયા હોય તે સ્થાન તીર્થ બની જાય છે. અને જ્યાં સો વર્ષથી પ્રાચીન પરમાત્મા કે જિનાલય હોય તે તીર્થ કહેવાય છે. જ્યારે શત્રુંજય તીર્થમાં તો અનંત કાળથી એક એક કાંકરે અનંતા અનંતા આત્માઓ મોક્ષમાં ગયા છે. એવા અનંત આત્માઓની પવિત્ર રજથી આ ભૂમિ પવિત્ર થઈ છે.

આ પુસ્તકમાં તીર્થની ગરિમાને ગણાવતા પ્રસંગોનું આલેખન હૃદયસ્પર્શી કલમે થયેલું છે.

શ્રી શત્રુંજય તીર્થના ઉદ્ધારો, તેની અનેક પ્રસંગકથાઓ, તીર્થયાત્રાની મહત્તા, ચાલો સિદ્ધગિરિ જઈ એમાં સમગ્ર સિદ્ધગિરિની યાત્રાના સ્થળો-તળેટીથી શરૂ કરીને શત્રુંજય ગિરિવરની યાત્રા, રાત્રપોળ, દાદાના દર્શન–પૂજન, નવ ટૂંક, ઘેટી પાગ, નવ ટૂંકો, શત્રુંજય ગિરિરાજની દોઢ-ગાઉ, છ ગાઉ અને બાર ગાઉની યાત્રા, અંતમાં લેખકે ગુરુ ભગવંતે મૂકેલ શ્રી શત્રુંજય લઘુ કાવ્ય, દુહાઓ, ઉદ્ધારો, નવ્વાણુ યાત્રાની વિધિ, તથા અન્ય ઔપચારિક માહિતીપ્રદ આ પુસ્તક દરેક ભાવકને–વાંચકને શ્રી શત્રુંજયની યાત્રા કરાવે છે એવી અનુભૂતિ થાય છે.

દરેક જૈને આ ગ્રંથમાં ગુરુએ આલેખેલ શ્રી શત્રુંજય ગિરિવરની યાત્રા ભાવપૂર્ણ વાચન દ્વારા કરવી જ જોઈએ.

x xX

પુસ્તકનું નામ : **જૈન આગમ પરિચય**
**(હિન્દી ભાષામાં)**
લેખક-સંપાદક : આગમ મનિષી શ્રી ત્રિલોકચંદજી જૈન, રાજકોટ
પ્રકાશક : શ્રી જૈનાગમ નવનીત પ્રકાશન સમિતિ, રાજકોટ
પ્રાપ્તિસ્થાન : શ્રી ત્રિલોકચંદ જૈન
ઓમસિદ્ધિ મકાન, ૬ વૈશાલી નગર, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭. (ગુજરાત).
મો. ૦૯૮૨૮૨૩૯૯૮૧.
મૂલ્ય-અધ્યયન (નિઃશુલ્ક), પાના : ૨૭૧.
આવૃત્તિ-પ્રથમ-૨૦૧૪.

'જૈન આગમ પરિચય' નામના આ ગ્રંથમાં સર્વપ્રથમ જિનશાસનના ઇતિહાસની રૂપરેખા, જૈનાગમોનો ઉદ્ભવ અને પરંપરાના ઇતિહાસની ઝાંખી, તથા શ્રુત આગમોના ૩૨, ૪૫, ૭૬, ૮૪ની સંખ્યામાં પરિચય અને ચિંતન–અનુપ્રેક્ષાઓની સાથે આપ્યો છે. જૈન આગમ અને જૈન સાહિત્યની ભેદરેખા સ્પષ્ટ કરી છે.

ત્યારબાદ ૩૨ આગમોનો ક્રમશઃ વિષય પરિચય અને ઐતિહાસિક પરિચય આપવામાં આવ્યો છે. ૩૨ આગમોના શ્લોકની સંખ્યા અને તેના ઉપધાન તપનું જ્ઞાન આપ્યું છે.

જૈન સાહિત્ય અને ભિન્ન ભિન્ન અપેક્ષાએ જૈન આગમ કહેવાતા કુલ ૧૪૨ આગમ અને ગ્રંથોનું સંકલન તથા તેની રૂપરેખા આપવામાં આવી છે. તે ઉપરાંત 'પ્રબુદ્ધ જીવન' માસિકમાં પ્રગટ થયેલ બે ગુજરાતી નિબંધ હિન્દીમાં આપ્યા છે. જૈન સાહિત્યમાં આપેલ અંતિમ આરાધનાની સંલેખન સંથારાનો ૨૨ આગમ ગ્રંથોને પરિચય આપ્યો છે.

આ 'આગમ પરિચય પુસ્તક' સમસ્ત આગમોમાં દર્શાવેલ વિશાળ તત્ત્વોને સંક્ષેપમાં સમાજ સમક્ષ રાખવા એ લેખકની મહાનતા દર્શાવે છે.

x x x

પુસ્તકનું નામ : **જ્ઞાનધારા**
જૈન શ્રુત, હસ્ત પ્રતો અને ચિત્રકલા
લેખક-સંપાદક-સંકલનકર્તા : ગુણવંત બરવાળિયા
પ્રકાશક : અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર-મુંબઈ.
ફોન નં. : ૪૨૧૫૩૫૪૫.
મૂલ્ય-રૂા. ૨૦૦/-, પાના-૨૭૪,
આવૃત્તિ-એપ્રિલ-૨૦૧૪.

શ્રી સર્વ મંગલ આશ્રમ શ્રી પ્રાણગુરુ લિટરરી ટ્રસ્ટ અને શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ સંયુક્ત રીતે યોજેલ જ્ઞાન સત્રમાં ઉપસ્થિત સર્વ વિદ્વાન લેખકોના લેખોનો આ સંગ્રહ આવકાર્ય છે. આ સંગ્રહમાં 'ચતુર્વિધ સંઘમાં વીતરાગ માર્ગમાં વર્તમાન સમયની સમસ્યાઓ, તેના ભાવિ પરિણામો અને તેનું સમાધાન : મારી

દૃષ્ટિએ' – આ વિષયના વિચાર-વિમર્ષ અંતર્ગત અલગ અલગ વિદ્વાનોએ મોકલેલા નિબંધનો આ સંગ્રહ જે જ્ઞાનસત્ર ૧૧માં જૈન સાહિત્ય જ્ઞાન સત્ર-૧૧માં પ્રગટ થયા હતા.

સમગ્ર સમાજના હિતચિંતકો, વિદ્વતજનો અને શ્રેષ્ઠિઓ સમયાંતરે સંગતિ કરે અને સાંપ્રત સમયની સમસ્યાઓ સમજી તેનું પૃથકરણ કરે, સમ્યગ સમાધાનની વિચારણા કરે એ મહત્ત્વનું છે જે આ પુસ્તકમાં પ્રતિબિંબિત થયેલું જણાય છે.

સંપાદકશ્રીને આ અતિમૂલ્ય કાર્ય બદલ હાર્દિક અભિનંદન.

x x x

પુસ્તકનું નામ : **અસ્મિતા પર્વ** (વાગ્ધારા : ૧૧)
સંપાદક : હર્ષદ ત્રિવેદી
પરામર્શકો : હરિશ્ચંદ્ર જોશી–વિનોદ જોશી.
પ્રકાશક : આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ (જૂનાગઢ), પો. બો. નં. ૪૬, સેન્ટર પોઈન્ટ, એમ. જી. રોડ, અમરેલી-૩૬૫૬૦૧.
મૂલ્ય-૫૦૦/, પાના-૩૧૬, આવૃત્તિ પહેલી-૨૦૧૪.

'અસ્મિતા પર્વ'ના આ ગ્રંથમાં અગાઉના દસ ગ્રંથોની માફક વિષયવૈવિધ્ય રહેલું છે. કવિકર્મ પ્રતિષ્ઠા ઉપરાંત જ્ઞાનપીઠ-એવોર્ડ પુરસ્કૃત લેખકો અને કૃતિઓ, સમૂહ માધ્યમો, વાર્તાના વૈતાલિકો, ભારતીય અને વિશ્વના મહાકાવ્યો, ડાયસ્પોરા સાહિત્ય, બાળ સાહિત્ય, પ્રશિષ્ટ વાર્તાઓ, લલિત કલાઓનું ભાવન, લોકવાઙ્મય, કાવ્ય સંગીત, અભિનય યાત્રા, શતાબ્દી વંદના, ભાષાવિમર્શ, સાહિત્ય અને લોકપ્રિયતા, કાવ્યમીમાંસા તથા લોકસાહિત્યના ધૂળધોયા વિષયક વક્તવ્ય લેખો છે. સંવેદનશીલ અને વૈશ્વિક એવા સાહિત્ય પ્રવાહોનું વિશ્લેષણાત્મક આકલન થયું છે. એ અર્થમાં આ 'અસ્મિતા પર્વ' આપણાં સાહિત્યનું નૂતન ઉપનિષદ છે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે એમાં ગુજરાત અને ગુજરાતી ભાષાના વિદ્વાનોએ અલગ અલગ પ્રકારના રસરુચિ અને સજ્જતા ધરાવતા શ્રોતાઓ પણ સરસ રીતે સમજી શકે, માણી શકે એવી સરળ અને પ્રાસાદિક ભાષામાં આપેલા વક્તવ્યોને મૂળ સ્વરૂપે સમાવિષ્ટ કરાયા છે.

આ ભવ્ય જ્ઞાનયજ્ઞ આવકાર્ય છે.

x x x

પુસ્તકનું નામ : **બેટર હાફ**
લેખિકા-શશીકલા જોષીપુરા
પ્રકાશક : ગુર્જર ગ્રંથ કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન નં. : ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય-રૂા. ૧૭૫/-, પાના-૧૮૨, આવૃત્તિ-બીજી-૨૦૧૩.

લગભગ ૨૫ વર્ષ પહેલાં 'બેટર હાફ' 'ગુજરાત સમાચાર'ની પૂર્તિમાં પ્રગટ થતી હતી. પુરુષ અને નારી, કાયાની કરામત, સ્વભાવે અને સંવેદનાએ સાવ નોખાં ! છતાં એકબીજાના પૂરક, પ્રેરક અને પોષક. આ બે સ્વરૂપો એકબીજાના પૂરક બને તો પ્રસન્ન સંવાદિતા–પણ જો તેના અંકોડા પરસ્પર બંધ ન બેસે તો વિસંવાદિતા.

આ શાશ્વત મર્મને પકડીને-લેખિકાએ સમાજના હજારો યુગલો વચ્ચે 'બેટર હાફ'નો ગુલાલ વહેંચ્યો છે. લેખિકાએ અનેક સત્ય ઘટનાઓમાં પોતાનું ચિંતન, અર્થઘટન અને સંવેદનાનું ઉમેરણ કરીને આ ઉપયોગી વિષય પર ખૂબ જ લાલિત્યભરી શૈલીમાં કલમ ચલાવી છે.

આ પુસ્તના પ્રેરક રોચક લેખોમાંથી લાલિત્ય ઝરે છે. લેખિકાની શેલી રસળતી અને પ્રાસાદિક છે. તેઓ સંસારના ઉદ્યાનમાંથી કાંટા વીણી કાઢવાના, સંસારનો પથ સરળ, સ્વચ્છ, કંટકહીન બનાવવાના કેટલાક કીમિયા સૂચવે છે. લેખિકાની વિશેષતા એ છે કે તેઓ સમસ્યા રજૂ કરે છે અને સાથે તેનો ઉકેલ પણ દર્શાવે છે. દામ્પત્યજીવન સુખી સ્વસ્થ રહે એ તેમની ભાવના છે અને એ ભાવનામાંથી આ લેખો ઉદ્ભવ્યા છે. લેખિકાને હાર્દિક અભિનંદન.

**સાભાર સ્વીકાર**

(૧) પુસ્તકનું નામ : અખંડ દીવાના અજવાળા
લેખક ડૉ. કાન્તિ ગોર 'કારણ'
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર-અમદાવાદ-૩૮૦ ૦૧૫. મુલ્ય : રૂા. ૧૮૦/-
(૨) પુસ્તકનું નામ : પ્રકાશની પગદંડીઓ..
લેખક-પ્રકાશ આમટે.
અનુવાદક : સંજય શ્રીપાદ ભાવે
પ્રકાશક-ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.
મૂલ્ય : રૂા. ૨૦૦/-
(૩) પુસ્તકનું નામ : દીવાથી પ્રગટે દીવા (બાળ નાટ્યસંગ્રહ) લેખક : પ્રકાશ ગાલા
પ્રકાશક : અમર પ્રકાશન, ૨૧, મંગલ પાર્ક સોસાયટી, નવા વિકાસ ગૃહ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
(૪) પુસ્તકનું નામ : તથાગત.
લેખક : હરભાઈ ત્રિવેદી
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર,
નંદન કાન્તિભાઈ શાહ. ૫ એમ.બી. સી.સી. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, પાંજરાપોળ ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૪૨૫૯. મૂલ્ય : રૂા. ૫૦/-
(૫) પુસ્તકનું નામ : નવો આચાર નવો વિચાર
લેખક : હરભાઈ ત્રિવેદી, સંપાદક : ડૉ. બી. એમ. દવે, પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર, નંદન કાન્તિભાઈ શાહ, ૫, એમ. બી. સી. સી. હાઉસ, સહજાનંદ કૉલજ પાસે, અમદાવાદઃ ૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૪૨૫૯.
(૬) પુસ્તકનું નામ : બાવા આદમનો ખજાનો
લેખક : રમણલાલ સોની. પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર. નંદનભાઈ કાન્તિભાઈ શાહ. ૫, એમ.બી.સી.સી. બિલ્ડીંગ, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : ૨૬૬૨૦૪૭૨.
(૭) પુસ્તકનું નામ : સફળતાનો અભિગમ.
લેખક : દક્ષા પટેલ–રાજેન્દ્ર પટેલ.
પ્રકાશક : અમરભાઈ ઠાકોરલાલ શાહ, ગૂર્જર ગ્રંથ રત્નાલય, રતનપોળ સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન :૨૨૧૪૪૬૬૩.

x x x

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. 9223190753.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલું અનુદાન

**સંઘ આજીવન સભ્ય**

| | |
|---|---|
| ૫,૦૦૦ | ફાલ્ગુનીબેન કે. શાહ,અમદવાદ |
| ૫,૦૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ**

| | |
|---|---|
| ૧,૦૦૦ | કીર્તિચંદ્ર શાહ |
| ૧,૧૦૦ | કિશોર હરિભાઈ દડિયા |
| ૨,૧૦૦ | કુલ રકમ |

**પ્રબુદ્ધ જીવન સૌજન્ય**

જુલાઈ ૨૦૧૪
૧૦,૦૦૦ રસિકલાલ ગોપાળદાસ શાહ
૧૦,૦૦૦ સેવન્તિલાલ વાડીલાલ શાહ

સપ્ટેમ્બર ૨૦૧૪
૨૦,૦૦૦ શ્રીમતી રીટાબેન ઉમંગભાઈ શાહ
ચિરંજીવી શૈલી ઉમંગભાઈ શાહ
ચિરંજીવી ઝુબીન ઉમંગભાઈ શાહ

ઑક્ટોબર ૨૦૧૪
૨૦,૦૦૦ સ્વ. શ્રીમતી નૈનાબેન પ્રવીણચંદ્ર કોન્ટ્રાક્ટર હસ્તેઃયશોમતીબેન શાહ

૬૦,૦૦૦ કુલ રકમ

# Thus He Was Thus He Spake : The Guru

I was all in a flow to write on the subject of 'aloneness' till Dhanvant Bhai mentioned to me that his topic this time is on a 'Guru and Guru Poornima.' I was delighted till he further added that for him it was on 'books being better 'Gurus' than any other living person.

I was aghast.

So on the onset of this piece, I need to state my position.

I am completely, irrevocably, and totally of the belief system that only through a 'Pratyaksh' Guru (A living being) one can reach that point of liberation where the need of form completely ceases.

Luckily for me, 'Anekantvad' will come to help me when I state my reasons.

What is the meaning of 'Pratyaksh?'" 'A living person' so incase you are all sorted in this lifetime itself , please know that in some other lifetime this 'Pratyaksh' Guru has done his bit.

If you find yourself attracted to the likes of Shabri, Mira, Rumi, Gautam Swami then explaining the role of a Guru is redundant.

If you find yourself attracted to Krishnamurti, to Osho, to Gurdjeiff , to individualism know that they too however briefly have had their masters , have had their purest light as a reflection to / of someone else.

The second point to this argument is that a Guru can be in any forms- the most conventional being a disciple/ master but he could also come in the role of a father( Rushabh Bhagwan and Bahubali/ Bharat Chakraborty, friend( Rumi- Shams, husband (Nem Rajul), master maid. (Ganga Sati / Pan Bai.)

Books/ Scriptures can be a support , an ally but to make them the Guru has the first problem of interpretation.What you read and understand is directly linked to the limited ness of your conditioning and not the limitless world of A master.

We might take a long time in establishing our faith in someone, an even longer time truly surrendering to that faith which is wonderful- We must have strict yardsticks for what constitutes a 'guru'- Infact all our prayers or wishes should be -' Oh Lord, make me meet that who does not need anyone.'

Someone who can make me reach that place where I need none, nothing.

We must question and we will find ourselves questioning long after too but that is the only way possible.

Lastly, the most difficult thing to discard is the concept of self, and that only someone outside of me can make me come outside of my superficial self and connect me to that part of me which is the purest, the all knowing- so yes, the journey is finally from the self to the self, just from a lower self to a higher self… from out to in but the catalyst , the margdarshak can only be a Guru- A Sadguru…of course.

Deep down, we all have it in us—every man, woman, and child—and with enough hard work and concentration, every human being is capable of…the feat…. of liberation. but for that we must let yourself evaporate. . And for that we will need the Grace and Guidance of the Guru till that moment when the emptiness inside our body will grow lighter than the air around us. Little by little, we will begin to weigh less than nothing. and we will see ourselves ( ego, form)evaporate.

And in that state , this phenomena that we call the Guru and this phenomenon that we call 'I, me, will merge, dissolve and in that oneness, that advait state, we will know that there was no Guru nor we ever were a shishya – 'Chidanand roopaha shivoham shivoham….but till that state only.

'The Guru.'

❑ **Reshma Jain**
The Narrators
Tel: 9920951074

*"While we may judge things as good or bad, karma doesn't. It's a simple case of like gets like, the ultimate balancing act, nothing more, nothing less. And if you're deteremined to fix every situation you deem as bad, or difficult, or somehow unsavory, then you rob the person of their own chance to fix it, learn from it, or even grow from it. Some things, no matter how painful, happen for a reason. A reason you or I may not be able to grasp at first sight, not without knowing a person's entire life story—their cumulative past. And to just barge in and interfere, no matter how well-intentioned, would be akin to robbing them of their journey. Something that's better not done."*

**–Alyson Noel, Shadowland**

# THE GLORIOUS DARŚANAS

BY : ATISUKHSHANKAR TRIVEDI

## CHAPTER - VI : VEDĀNTA (Cont.)

### Appendix I
### CLASSIFICTION OF THE DIFFERENT VEDĀNTIC VIEWS

The different theorises are classified as under :

- **MONISM**
  - Bhartṛprapancha — Collectivism (समुच्चयवाद)
  - Śankara — Absolute Monism (केवलाद्वैत)
  - Rāmanujā and Śrikanṭha — Qualified Monism (विशिष्टाद्वैत)
  - Vallabha — Pure Monism (शुद्धाद्वैत)
  - Vijnānabhikṣu (अविभागाद्वैत)
- **DUALISM**
  - Madhva
- **MONISM-DUALISM** (द्वैताद्वैत)
  - Bhāskara's (औपाधिक)
  - Nimbārka's (स्वाभाविक भेदाभेद)

### Appendix II
### CONTRASTS, COMPARISONS AND CHIEF POINTS IN VARIOUS VEDĀNTA VIEWS

**(A) Śankara's Monism :**

1. Brahman has no attributes.
2. Brahman can have no contradictory attributes.
3. World is due to Vivarta in the Brahman, and is unreal.
4. The individual souls are *like* the parts of Brahman; for they are not real existences.
5. The souls are all-pervading.
6. The Jivas and Ātman are different; Jivas being due to an illusory knowledge imposed on Ātman.
7. Salvation is the destruction of Avidyā.
8. Māyā is not a Śakti.
9. That art thou; i.e., there is identity between Brahman and the Self when the empirical limitations of the latter are removed.
10. The Khyātivāda accepted is Anirvachanīyakhyāivāda, i.e., Ignorance or Error is inexplicable.

**(B)** In Rāmnujā's Viṣiṣṭādvaita the following are the chief points by way of contrast with the above:

1. Brahman has attributes.
2. It can have contadictory attributes.
3. Brahman is the material cause of the world.
4. The अभेद of चित् is with चित्, and of जड is with जड. Therefore it is a dualistic system.
5. The Jivas are aṇu, infinitely small.
6. Error is due to Anyathākhyāti: something appearing as something else wrongly.

**(C)** In Madhva the points in relief are :

1. Matter and Spirit are different : there is no Monistic reality.
2. Brahman has attributes, always.
3. It has no contradictions in it.
4. Prakṛti is the material cause of Jagat, Brahman its Instrumental.
5. Jiva is aṇu.
6. Error is due to Anyathākhyāti.

**(D)** In Vallabha, the points which strike are :

1. Brahman is with and without attributes.
2. It bears contradictory attributes.
3. Jagat is not the Vivarta (perversion) but unchanged development (अविकृतपरिणाम) of Brahman.
4. Jivas are parts of Brahman.
5. Jivas are aṇu.
6. Jivas and Ātman are identical.
7. Salvation is union with Brahman.
8. Māyā is a power, controlled by Brahman.
9. That art thou: i.e., Thou art a part of that (तत्त्वम् = तस्य त्वम्), there is identification between the empirical Self and the Brahman.
10. Error can be explained by Akhyāti or Anyathākhyāti.
11. Brahman possesses contradictory attributes (विरुद्धधर्माश्रययुक्त).

12. Jagat is Real.
13. It believes in Salvation through पुष्टि or God's favour (ईश्वरानुग्रह).

## Appendix III
## THE FIVE KHYĀTIVĀDAS

आत्मख्यातिरसत्ख्यातिरख्याति: ख्यातिरन्यथा।
तथानिर्वचनख्यातिरित्येतत् ख्यातिपञ्चकम् ।।

Khyāti = Knowledge. The Akhyātivādins were Mimānsakas. They held that Error is due to non-recognition. `This is silver' where there is a conch, implies that we simply remember, but do not recognise silver. The Anyathākhyātivādins are the Naiyāyikas. According to them in Error there is the wrong apprehension of one object for another, silver for conch, due to defective sensation. The Ātmakhyātivādin is Buddhist. For him there are no objective realities : it is all `Percepts,' `Consciousness.' All knowledge is therefore Subjective: the so-called Knowledge of Buddhi merely. The Asatkhyātivādins are Vedantins: for them error is due to Andhyāsa or illusion : it is the Knowledge of asat or non-existence. The Anirvachaniyakhyātivadin is the Vedantin Śankara. For him Error is inexplicable. When we say `this is silver' (for conch), it is no silver that we know from the conch, (for it is not there), nor can we say we do not see silver, we actually see it. Thus the Error here is a type of Knowledge which is indescribable. We cannot say that what we see is silver, nor that it is not silver, therefore indescribable.

## Appendix IV
### CONTRASTS BETWEEN INDIAN AND WESTERN PHILOSOPHY

***As felt by us*** :

| Indian | Western |
|---|---|
| 1. Subjective; Analystic. | 1. Objective. |
| 2. Interpretational humble and authoritative. | 2. Worldly, original and free |
| 3. Rational and Deductive. | 3. Inductive, experimental and scientific. |

***As felt by many Western Scholars :***

| Indian | Western |
|---|---|
| 1. Pessimistic (not true). | 1. Generally not so, spe cially after Bacon. |
| 2. Dogmatic (not true). | 2. Not So. |
| 3. Indifferent to Ethics (true). | 3. Not so. |
| 4. Unprogressive (Not true). | 4. Equally unprogressive from one point of view. (Taylor) |

(Concluded)

**ભાવ-પ્રતિભાવ (અનુસંધાન પૃષ્ટ ૩૭થી ચાલુ)**

એવી અણધારી મદદ-શામળાની હૂંડી જેમ આવી પહોંચે છે. આ એક ગહન વિષય છે. જેની જરૂરિયાત-સાચા દિલની હોય-તેની અપીલ દાતાના હૃદયમાં જઈ પહોંચે છે.

☐ **મનુ પંડિત**-અમદાવાદ

(૧૦)

'પ્રબુદ્ધ જીવન'ના અંકોમાં વિવિધ વિષયોને લગતાં જે અભ્યાસલેખો આવે તે દર મહિને જાણે વાંચનનો સમૃદ્ધ રસથાળ પીરસે છે. તે માટે તેના માનદ તંત્રીશ્રી ડૉ. ધનવંતભાઈ શાહને તથા 'પ્રબુદ્ધ જીવન' પરિવારના સૌ સભ્યોને અભિનંદન.

માર્ચ ૨૦૧૪ના અંકમાં દામ્પત્ય તીર્થો–લગ્નસંસ્થા' એ તંત્રીલેખ દ્વારા ડૉ. ધનવંતભાઈએ ખૂબ સરસ અને અત્યારે સમાજ માટે ઉપકારક એવો વિષય હાથ પર લીધો છે. આજે જ્યારે કુટુંબ સંસ્થા અને દામ્પત્ય જીવનને ટકાવવું મુશ્કેલ બન્યું છે ત્યારે તેના વાસ્તવ જીવનના ખૂબ સમૃદ્ધ એવા દૃષ્ટાંતો સાથે આ લેખ લખીને તેઓએ જાણ્યે અજાણ્યે દામ્પત્ય જીવનનું પાસું ખૂબ મજબૂત કર્યું છે.


`I have no trust in traditional marriages.' આ એક યુવાન દીકરીના વિધાનના મનોમંથનમાંથી આ લેખ જાણે જવાબ રૂપે સહજભાવે લખાઈ ગયો. આવો એક નાનો અનુભવ મને પણ થયેલ. થોડાંક વર્ષો પહેલાં અમારા એક સંબંધીની દીકરીને ત્યાં તેની બહેનપણી આવેલ. આ બહેનપણીએ પોતાની બહેનપણીના મમ્મીને વિસ્મયથી પૂછ્યું કે, હેં આંટી, તમે આટલા બધાં વર્ષોથી એક જ અંકલ સાથે કેવી રીતે રહી શકો છો ?' સ્વાભાવિક છે કે અંકલ-આંટીનું દામ્પત્ય જીવન પચીસેક વર્ષનું હતું. આ વિધાન પણ આપણને વિચાર કરતાં કરી મૂકે તેવું છે. ૫૦-૬૦ વર્ષોના અને ક્યારેક તેથી પણ વધારે વર્ષોના દીર્ઘ દામ્પત્યજીવન પછી પણ એકબીજા એવું ઝંખે કે ભવોભવ મને આ સાથીદાર મળે. આ તો કદાચ અતિશયોક્તિ ગણીએ, પણ આપણે ત્યાં આપણી આજુબાજુ, આપણાં સગાં-સ્નેહીઓના દામ્પત્યજીવન પણ થોડીક ખટ્ટીમીઠ્ઠી સાથે વર્ષો સુધી ટકેલા જોઈ શકાય છે. દામ્પત્યજીવનમાં પ્રશ્નો પણ ઊભા થાય. છતાં થોડીક ધીરજ, થોડીક સમજણ, કોઈકની નાની હિતશિક્ષાથી તેનો નિવેડો આવી પણ શકે. નવી પેઢીને દામ્પત્યજીવન માટે હકારાત્મક વિચારો મળે અને આજુબાજુમાંથી થોડાંક પણ પ્રેરણાદાયી વાસ્તવિક દૃષ્ટાંતો મળે તો તેમના પોતાના દામ્પત્યજીવનને ટકાવવામાં તે બાબત કદાચ ઉપયોગી તો નિવડે જ.

શ્રી ધનવંતભાઈએ દાંપત્યજીવન માટે દામ્પત્ય તીર્થ શબ્દ વાપરીને લગ્ન સંસ્થાની પવિત્રતાને એક આધ્યાત્મિક ઊંચાઈ બક્ષી છે. ફરી વખત તેમને અભિનંદન.

☐ **માલતી કે. શાહ**

***

## The Wisdom of Abhaykumar - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, Dated the 27-05-2014 at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# પંથે પંથે પાથેય

## શ્રદ્ધાનો દીવડો જલતો જ રહેશે

☐ ઉષા પરીખ

મારે આજે જેમના વિષે વાત કરવી છે એ બધા મારી આસપાસ સામાન્ય જિંદગી જીવતા પરંતુ ખૂબ ઉદાત્ત, પ્રેમાળ, બીજા માટે હંમેશાં મદદરૂપ નીવડવાની ભાવનાવાળા માણસો છે જે પોતાના વિષે મોટી મોટી વાતો કરવાને બદલે ગુપચુપ મદદ કરે છે, ક્યાંય સ્વાર્થ, નામ કમાવાની વૃત્તિ નથી. ફક્ત છે હૈયામાં બીજાની જરૂરિયાતમાં થોડા મદદરૂપ થઈને એની મુશ્કેલીઓને થોડી હળવી કરવાની ભાવના.

મારે આજે એવા કેટલાક લોકોની વાત કહેવી છે જે કોઈ સંસ્થા સાથે નથી જોડાયેલા પરંતુ એમના હૃદયમાં બીજાને મદદ કરવાની જે ભાવના છે એ ભાવના જેને જરૂર છે એને કેટલી બધી ઉપયોગી નીવડી શકી. આ બધી વ્યક્તિઓથી એક માસુમ પાંચ વર્ષની બાળકીને નવજીવન મળ્યું.

એનું આયુષ્ય પ્રભુએ કેટલું નક્કી કર્યું છે એની ખબર નથી પણ અત્યારે તો એ તકલીફોથી મુક્ત થઈને હસતાં રમતાં કિલ્લોલ કરતાં પોતાનું શૈશવ માણી રહી છે. મને એ જ વાતની ખુશી છે કે કેટલા બધા સુંદર લાગણીઓથી ભરપૂર હૃદય ધરાવતા લોકોએ એના માતાપિતાને જીવનને એક અલગ રીતે જ જોવાનું દૃષ્ટિબિંદુ આપ્યું. માનવીની સારપમાં એનો વિશ્વાસ બેઠો. ઈશ્વરની મહેરની એક નવી જ સમજ એણે અનુભવી. મને પણ આ અનુભવ ઘણું ઘણું શીખવી ગયો. લોકો કહે છે એવી આ દુનિયા ખરાબ નથી. અહીં એક માનવીને બીજા માનવી માટે પ્રેમ છે; વિશ્વાસ છે; શ્રદ્ધા છે અને આ ભરોસો જ બીજા ઘણા લોકોને પણ દુનિયા જીવવા જેવી છે એવી સમજ આપે છે.

વાત તો છે એક અદના આદમીની જેની સાથે ઈશ્વરે બહુ મોટો ખેલ ખેલ્યો હતો-આરીફ એનું નામ. નાનકડી એની દુનિયામાં એ એના પરિવાર સાથે ઉત્સાહથી છલકતો હતો. દુનિયાનું બધું જ સુખ એને મળી ગયું હોય એમ બેફિકર હસતો હસાવતો પોતાનું કામ કરતો. જ્યારે એક પુરુષ પિતા બને અને એમાંય જ્યારે દીકરીનો બાપ બને ત્યારે તો તેને સ્વર્ગ એના હાથમાં આવી ગયું હોય એવો આનંદ થતો હોય છે. આરિફ પણ જ્યારે દીકરીનો પિતા બન્યો ત્યારે ખુશખુશાલ હતો.

થોડો સમય પસાર થયો અને એની સમગ્ર દુનિયા જાણે લૂંટાઈ ગઈ. વીસ દિવસની એની દીકરીને કમળો થયો અને ડૉક્ટરી તપાસમાં એને ખબર પડી કે એની દીકરીને હૃદયની ખામી હતી. ઈશ્વરે ક્યાં ભૂલ કરી, કેમ ખબર નહીં? બોમ્બેની KEM, બોમ્બે હૉસ્પિટલ, લીલાવતી પણ બધેથી જ નિરાશા સાંપડી. ઘણાં ડૉક્ટરો પાસે ધક્કા ખાધા. એને ખબર મળી કે બેંગલોરની પાસે પુટ્ટાપટ્ટીમાં એક હૉસ્પિટલ છે જે સત્ય સાંઈબાબાની હૉસ્પિટલ કહેવાય છે, ત્યાં આટલી નાની બાળકીને જીવના જોખમે લઈ ગયો. પરંતુ વિધિનો ખેલ તો જુઓ કે ત્યાંય પણ કટલાંયે બાળકો ઑપરેશનની વાટ જોતા લાઈનમાં હતા. એનો વારો ક્યારે આવશે એની ખબર નહોતી. તેથી નિરાશ થઈને પાછો આવ્યો.

રાજકોટમાં પણ સત્ય સાંઈબાબાની હૉસ્પિટલ છે જ્યાં તપાસ કરતાં જાણવા મળ્યું કે જેની માસિક આવક છ હજારથી ઓછી હોય તેને જ ત્યાં મદદ મળી શકે છે. એનો પગાર થોડો વધુ હતો પણ કંઈ લાખો રૂપિયા ખરચી શકે અને કુટુંબનું ભરણ-પોષણ કરી શકે એટલી કમાણી તો નહોતી જ. બાળકની તકલીફ પણ મોટી હતી. ઑપરેશન તો જરૂરી જ હતું. જોકે આ ઑપરેશન બહુ અઘરૂં અને જોખમી પણ હતું. બાળક જેમ મોટું થાય તેમ તેને ઑક્સિજન વધુ જોઈએ અને તકલીફ વધતી જાય. હવે શું?

જિંદગીથી ખૂબ ખુશ, હસતો હસાવતો બાપ જાણે કે તડકો પડવાથી એક ફૂલ મુરઝાઈ જાય એમ સાવ મૂરઝાઈ ગયો. શું કરવું? એ સૂઝતું નહોતું પણ સાચું જ કહ્યું છે ને કે ઈશ્વર એક તકલીફ આપે તો બીજા રસ્તા પણ બતાવતો જ હોય છે.

આરિફની દીકરી પણ ખૂબ મજાની રમતી, હસતી, જોતાંની સાથે ગમી જાય એવી મીઠડી, પોતાને શું તકલીફ છે એનાથી બેખબર મોટી થતી જતી હતી. સમય પણ વહેતો રહ્યો અને એ સાડાચાર વર્ષની થઈ ગઈ. એના તોફાનો એક પિતાને ખુશ કરી દે તેવા. મસ્તી એનું દુ:ખ દૂર કરી દે એવી પરંતુ એની મુશ્કેલીઓથી મનમાં ને મનમાં મૂંઝાતો પિતા ઠેર ઠેર તપાસ તો કરતો જ રહેતો હતો અને એક દિવસ એને કાળા વાદળોની રૂપેરી ધાર જેવા ખબર મળ્યા કે વાંદરાની હોલી ફેમિલી હૉસ્પિટલમાં એની દીકરીને જે તકલીફ છે તેનો ઇલાજ કરવામાં આવે છે. બધી તપાસ કરી. પાંચ લાખ રૂપિયાનો ખર્ચો છે એવી ખબર પડી કે એનું હૃદય પોકારી ઉઠ્યું 'કે હવે? આટલા પૈસા ક્યાંથી લાવવા?' પણ જેનો રામ છે એને મદદ મળી જ રહે છે. એને સમાચાર મળ્યા કે બ્રિટનથી હૃદયના ડૉક્ટરોની ટીમ દર છ મહિને આવે છે અને આવા અત્યંત મુશ્કેલ ઑપરેશનો વિના મૂલ્યે કરે છે. પરંતુ હૉસ્પિટલનો પોતાનો જે ખર્ચો હોય તે આપવો જ પડે. એ પણ લગભગ લાખ, સવા લાખ જેટલો ખર્ચો તો થાય જ. આટલા પૈસા કેવી રીતે મેળવવા? અને દીકરીને કેવી રીતે

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૧૫)

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પર્યુષણ પર્વ વિશેષાંક

કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન

# પ્રબુદ્ધ જીવન

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨) અંક-૫, ઓગષ્ટ, ૨૦૧૪ • પાના ૧૪૦ • કીમત રૂા. ૨૦



જ્ઞાનાવરણીય કર્મ
આંખે પાટા બાંધ્યા જેવું



આયુષ્ય કર્મ
બેડી જેવું




દર્શનાવરણીય કર્મ
દ્વારપાળ જેવું




નામ કર્મ
ચિત્રકાર જેવું



વેદનીય કર્મ
મધથી લેપાયેલ
તલવારની ધાર જેવું



ગોત્ર કર્મ
કુંભાર જેવું



મોહનીય કર્મ
દારૂડિયા જેવું



અંતરાય કર્મ
રાજાના ભંડારી જેવું

## જિન-વચન

**દરેક મનુષ્ય પોતાના કર્માનુસાર અવસ્થા પ્રાપ્ત કરે છે**

सव्वे सयकम्मकप्पिया अवियत्तेण दुहेण पाणिणो ।
हिंडंति भयाउला सढा जाइजरामरणेहि ऽ भिद्दुता ।।

(सू. १-२-३-१८)

સર્વ પ્રાણીઓ પોતપોતાનાં કર્મ અનુસાર પોતાની અવસ્થા પ્રાપ્ત કરે છે. ઘણી વાર તેઓનું દુઃખ અપ્રગટ હોય છે. શઠ તથા ભયથી વ્યાકુળ થયેલા જીવો સંસારમાં ભટકે છે અને જન્મ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનાં દુઃખ ભોગવે છે.

All living beings have their present life according to their Karmas. Their unhappiness is often latent. Wicked and terrified beings wander around experiencing the pains of birth, old age and death.

(ડૉ. રમણલાલ ચી. શાહ સંપાદિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૨મું વર્ષ.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

## જેવું વાવો, તેવું લણો...

કર્મનો અટલ સિદ્ધાંત છે કે જેવું વાવો તેવું લણો, જેવું કરો તેવું પામો, જેવી કરણી તેવી પાર ઉતરણી-'જો જસ કરઈ સો તસ ફલ ચાખા' પરંતુ આપણા બધાનો પ્રત્યક્ષ અનુભવ એવો છે અને આપણે નજરોનજર એવું જોઈએ છીએ કે જે માણસ ન્યાય, નીતિ અને ધર્મથી ચાલે છે તે આ જગતમાં દુઃખી થતો જ દેખાય છે. અધર્મ, અનીતિ કરે છે, કાળાંબજાર, લાંચરુશ્વત કરે છે તેને ઘેર બંગલા, મોટર વગેરે સુખ સમૃદ્ધિ હોય છે.

આવું જોઈએ છીએ ત્યારે ઈશ્વર ઉપરથી જ આપણી શ્રદ્ધા ડગી જાય છે અને કર્મના કાયદામાં કાંઈક ગરબડ હોય તેવું લાગે છે અને તેથી સુખ મેળવવાની આશામાં આપણે પણ અનીતિ-અધર્મથી પૈસા પ્રાપ્ત કરવા પ્રેરાઈએ છીએ, આ એક ભયંકર ગેરસમજ છે.

પુણ્યનું ફળ હંમેશાં સુખ જ હોય અને પાપનું ફળ હંમેશાં દુઃખ જ હોય છે. તેમ છતાં જે માણસ પાપ કરતો હોવા છતાં સુખ ભોગવતો દેખાય તે સુખ તેના હાલના પાપકર્મોનું ફળ નથી, પરંતુ તેણે પૂર્વે કરેલાં પુણ્યકર્મો જે સંચિતમાં જમા પડ્યા હતાં તે પાકીને પ્રારબ્ધરૂપે તેને સુખ આપતાં હોય છે અને હાલના પાપકર્મોને ત્યાં સુધી વિલંબ કરવો પડે છે. પરંતુ જ્યારે તેના પૂર્વના પુણ્યકર્મોનું બનેલું પ્રારબ્ધ વપરાઈ જશે કે તુરત જ તેના પાપકર્મોનું પાકેલું ફળ દુઃખ પ્રારબ્ધરૂપે સામું આવીને તેનું દુઃખ ભોગવશે. જ્યાં સુધી પૂર્વે કરેલી પુણ્યઈ તપે છે ત્યાં સુધી કેટલીક વખત હાલમાં કરાતાં પાપકર્મો હુમલો કરતા નથી.

જ્યારે હાલમાં ન્યાયનીતિથી ચાલનારો માણસ કદાચ દુઃખી થતો દેખાતો હશે. પરંતુ તેનું હાલનું દુઃખ, તેણે પૂર્વે કરેલાં પાપકર્મો સંચિત કર્મોમાં જમા થયેલા તે પાકીને પ્રારબ્ધરૂપે સામે આવીને ઊભેલાં છે, તેથી તે દુઃખી છે. હાલમાં ન્યાયનીતિથી કરેલાં કર્મો કાળે કરીને પાકશે ત્યારે તે સુખના સ્વરૂપમાં પ્રારબ્ધરૂપે આવીને તેને જરૂર મળશે જ. એટલે તેણે કર્મના કાયદામાંથી શ્રદ્ધા ડગાવીને ન્યાયનીતિ છોડીને અધર્મનું-અનીતિનું આચરણ ન જ કરવું.

ગામડામાં અનાજ ભરવાની મોટી મોટી કોઠીઓ હોય છે. તેમાં ઉપરથી અનાજ નાંખવામાં આવે છે અને કોઠીની નીચે એક બાકોરું હોય છે. તેમાંથી જોઈતું અનાજ કાઢવામાં આવે છે. તમારી કોઠીમાં ઘઉં ભરેલ છે અને મારી કોઠીમાં કોદરા ભરેલા છે. હવે હાલમાં તમો તમારી કોઠીમાં ઉપરથી કોદરા નાખતા હો તોપણ કોઠીમાં નીચેના બાકોરામાંથી ઘઉં જ નીકળે અને હું હાલમાં મારી કોઠીમાં ઉપરથી ઘઉં નાંખતો હોઉં તોપણ જ્યાં સુધી મારી કોઠીના કોદરા પૂરેપૂરા ખલાસ ના થાય ત્યાં સુધી તે કોઠીના નીચેના બાકોરામાંથી કોદરા જ નીકળે. પરંતુ મારે અકળાવાની જરૂર નથી. જ્યારે તમારી કોઠીમાં ઘઉં પૂરા થઈ જશે એટલે પછી તમારે કોદરા ખાવાનો વખત આવવાનો જ છે, તે ચોક્કસ છે અને મારી કોઠીમાં પડેલાં સંચિત થયેલા કોદરા ખલાસ થઈ જશે, એટલે મેં હાલમાં નાંખેલા ઘઉં ખાતો હોઈશ. પરંતુ તે માટે મારે થોડી ધીરજ અને ઈશ્વર પર શ્રદ્ધા અને કર્મના કાયદામાં વિશ્વાસ રાખવો જોઈએ.

* * *

'કર્મનો સિધ્ધાંત'માંથી ઉધ્ધૃત

***હાલમાં ન્યાયનીતિથી કરેલાં કર્મો કાળે કરીને પાકશે ત્યારે તે સુખના સ્વરૂપમાં પ્રારબ્ધરૂપે આવીને તેને જરૂર મળશે જ. એટલે તેણે કર્મના કાયદામાંથી શ્રદ્ધા ડગાવીને ન્યાયનીતિ છોડીને અધર્મનું-અનીતિનું આચરણ ન જ કરવું.***

# પ્રબુદ્ધ જીવન

પર્યુષણ વિશેષાંક | કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન | ઑગસ્ટ ૨૦૧૪

## સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | કર્મસમજ સુખની ચાવી | ડૉ. ધનવંત શાહ | ૦૫ |
| ૨ | આ વિશિષ્ટ અંકની દ્વય વિદુષી સંપાદિકાઓ | ડૉ. ધનવંત શાહ | ૦૭ |
| ૩ | અમારી સંપાદન યાત્રા | ડૉ. પાર્વતીબેન ખીરાણી<br>ડૉ. રતનબેન છાડવા | ૦૮ |
| ૪ | જૈન દર્શન અને કર્મવાદ–પૂર્વભૂમિકા | સંપાદિકાઓ | ૦૯ |
| ૫ | કર્મયાત્રા | ,, | ૧૦ |
| ૬ | કર્મસ્ત્રોત | ,, | ૧૩ |
| ૭ | કર્મબંધની પ્રક્રિયા | ,, | ૧૭ |
| ૮ | આઠ કર્મની ઉત્તરપ્રકૃતિ અને કર્મ વિપાકના પ્રકાર | ,, | ૧૯ |
| ૯ | કર્મનું નેટવર્ક | ,, | ૨૦ |
| ૧૦ | કર્મની કથની | ,, | ૨૫ |
| ૧૧ | જૈન સાહિત્યમાં કર્મવાદ | ,, | ૩૩ |
| ૧૨ | કર્મગ્રંથનો સંક્ષિપ્ત પરિચય | ,, | ૩૮ |
| ૧૩ | અન્ય દર્શનોમાં કર્મવાદ | ,, | ૪૧ |
| ૧૪ | ઉપસંહાર - સંદર્ભ સૂચિ | ,, | ૩૨ |
| ૧૫ | પારિભાષિક - શબ્દો | ,, | ૪૪ |
| ૧૬ | વિલક્ષણ બૅન્ક કર્મ | પૂ. અભયશેખરસૂરિ | ૪૬ |
| ૧૭ | આગમમાં કર્મનું સ્વરૂપ | ડૉ. ઉત્પલાબેન કાંતિલાલ મોદી | ૪૮ |
| ૧૮ | ગુણસ્થાનક અને કર્મ | ડૉ. કેતકી યોગેશ શાહ | ૫૫ |
| ૧૯ | ચોસઠ પ્રકારી પૂજામાં કર્મનું આલેખન | ડૉ. અભયભાઈ દોશી | ૬૦ |
| ૨૦ | જાતિસ્મરણ જ્ઞાન અને કર્મવાદ | ડૉ. રશ્મિબેન ભેદા | ૬૪ |
| ૨૧ | કર્મફળનું વિશ્વવ્યાપી સ્વયં સંચાલિત ન્યાયતંત્ર | ગુણવંત બરવાળિયા | ૬૭ |
| ૨૨ | કર્મ નિર્જરાનો હેતુ પરિષહ | પ્રજ્ઞા બિપિનચંદ્ર સંઘવી | ૭૧ |
| ૨૩ | જૈનધર્મનો કર્મવાદ અને પુનર્જન્મ | ડૉ. મધુબેન જી. બરવાળિયા | ૭૬ |
| ૨૪ | કર્મવાદ અને વિજ્ઞાન | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૮૨ |
| ૨૫ | કર્મ વિષેની સજ્ઝાય | પ.પૂ.આ.શ્રી વાત્સલ્યદીપ સૂરિશ્વરજી મહારાજ | ૮૭ |


### આ અંકનું મુખપૃષ્ઠ

**આઠ કર્મોનું ઉપમા સહિત વર્ણન તેમજ વૃક્ષ દ્વારા ૧૫૮ ઉત્તર પ્રકૃતિનું વર્ણન**

**સૌજન્ય : કર્મ વિપાક (પ્રથમ કર્મગ્રંથ) રમ્યરેણુ**

| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| ૨૬ | કોણ ચડે આત્મા કે કર્મ | પૂ. રાજહંસ વિજયજી મ.સા. | ૮૯ |
| ૨૭ | સમુદ્ઘાત કર્મો પર ઘાત કરવાની પ્રક્રિયા | સંપાદિકાઓ | ૯૧ |
| ૨૮ | કર્મવાદ અને મોક્ષ | ચંદ્રહાસ ત્રિવેદી | ૯૩ |
| ૨૯ | કર્મયોગનું વિજ્ઞાન | ભાણદેવજી | ૯૬ |
| ૩૦ | કર્મયોગનું અર્થઘટન-શ્રીમદ્ ભગવદ્ ગીતાના સંદર્ભે | ડૉ. નિરંજન એમ. પંડ્યા | ૧૦૧ |
| ૩૧ | અન્ય દર્શનોની ભૂમિકામાં બૌદ્ધ દર્શનમાં કર્મસિદ્ધાંત | ડૉ. કલા શાહ | ૧૦૫ |
| ૩૨ | ન્યાય દર્શન અને વૈશેષિક દર્શનમાં કર્મનો ખ્યાલ | ડૉ. નરેશ વેદ | ૧૦૯ |
| ૩૩ | ઉપનિષદમાં કર્મવિચાર | ડૉ. નરેશ વેદ | ૧૧૨ |
| ૩૪ | સાંખ્ય યોગદર્શન-કર્મવાદ | ડૉ. કોકિલા હેમચંદ શાહ | ૧૧૪ |
| ૩૫ | હિંદુ પૂર્વમીમાંસામાં કુમારિલ ભટ્ટ અને પ્રભાકરનો કર્મવાદ | ડૉ. હંસાબેન એસ. શાહ | ૧૧૬ |
| ૩૬ | ઈસ્લામ અને કર્મવાદ | ડૉ. મહેબૂબ દેસાઈ | ૧૨૦ |
| ૩૭ | ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાન્ત | ડૉ. થોમસ પરમાર | ૧૨૨ |
| ૩૮ | શીખધર્મ અને કર્મવાદ | વર્ષા શાહ | ૧૨૪ |
| ૩૯ | જરથોસ્તી ધર્મના મૂળભૂત સિદ્ધાન્તો અને કર્મવાદ | શ્રી બરજોર એચ. આંટીઆ | ૧૨૭ |
| ૪૦ | કર્મસિદ્ધાંત - જીવનનો ઉજાગર દૃષ્ટિકોણ | છાયાબેન શાહ | ૧૨૯ |
| ૪૧. | સર્જન સ્વાગત | ડૉ. કલાબેન શાહ | ૧૩૧ |
| ૪૨ | તથાગત બુદ્ધ અને માણવક વચ્ચેનો સંવાદ | સંપાદિકાઓ | ૧૩૪ |
| **ENGLISH SECTION** | | | |
| 43 | Thus He Was Thus He Spake : The Karma | Reshma Jain | 135 |
| 44 | Karmavads : The Jain Doctrine of Karma | Dr. Kokila Hemchand Shah | 137 |


## વિવેક અને અવિવેકના કારણે કર્મમુક્તિ અને બંધ

जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा। जे अणासवा ते परिस्सवा, जे अपरिस्सवा ते अणासवा।

श्री आचारांग सूत्र, अध्ययना-४ उद्देशा-२.

**ભાવાર્થ :**

(૧) જે આશ્રવોનું સ્થાન છે, તે જ ક્યારેક પરિસ્રવ–કર્મનિર્જરાનું સ્થાન બની જાય છે. (૨) જે પરિસ્રવનું સ્થાન છે તે ક્યારેક આસ્રવ બની જાય છે. (૩) જે અનાસ્રવ–વ્રતવિશેષ છે, તે પણ ક્યારેક પ્રમાદના કારણે અપરિસ્રવ-કર્મનિર્જરાનું સ્થાન ન બને. અને (૪) જે અપરિસ્રવ-કર્મનિર્જરાનું સ્થાન નથી તે પણ ક્યારેક પરિણામોની વિચિત્રતાથી અનાસ્રવ–કર્મબંધના કારણ બનતાં નથી.

**વિવેચન :**

આ સૂત્રમાં કર્મબંધ અને કર્મનિર્જરાના વિષયમાં અલગ અલગ ચાર વિકલ્પોનું સ્પષ્ટીકરણ કર્યું છે. બંધ અને નિર્જરાનો મુખ્ય આધાર અધ્યવસાય છે. બાહ્ય કારણો ગૌણ છે. વ્યક્તિની સાવધાની, વિવેકબુદ્ધિ જાગૃત હોય તો તે સફળતા મેળવી શકે છે, અથવા અવિવેકના કારણે અસફળતા. તે આ વાત અહીં કરી છે.

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) • અંક : ૫ • ઓગસ્ટ ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૦ • વીર સંવત ૨૫૪૦ • શ્રાવણ વદિ તિથિ-૬ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

**પર્યુષણ પર્વ વિશેષાંક** કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • • • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ વિશેષાંકની માનદ સંપાદિકાઓ :

ડૉ. પાર્વતીબેન ખીરાણી – ડૉ. રતનબેન છાડવા

# કર્મસમજ

# સુખની ચાવી

**તંત્રી સ્થાનેથી...**

લગભગ છ-સાત વરસ પહેલાં કચ્છમાં જૈન જ્ઞાનસત્રમાંથી પાછા ફરતાં કચ્છ નાની ખાખરમાં બિરાજમાન 'સમણસુત્તં' ગ્રંથનું ગુજરાતી ભાષામાં અવતરણ કરનાર મહોપાધ્યાય પૂ. ભૂવનચંદ્રજી. મ.સા.ના દર્શને જવાનો ભાવ થયો. અમે ત્યાં ગયા, અને પૂજ્યશ્રી સાથે થોડી તત્ત્વ ચર્ચા થઈ. મારો પ્રશ્ન હતો કે આ કર્મવાદ અંતે તો નિયતિને જ શરણે છે. ગીતામાં પણ કૃષ્ણે કહ્યું છે કે કર્મ કર ફળની આશા ન રાખ. એમાં પણ પરિણામ માટે ગર્ભિત ધ્વનિ નિયતિનો જ દેખાય છે. થોડા સમય પહેલાં પૂ. સંત અમિતાભજીકૃત 'નિયતિ કી અમીટ રેખાએઁ'ને કેન્દ્રમાં રાખીને મેં નિયતિ વિશે 'પ્રબુદ્ધ જીવન'માં લેખ લખ્યો હતો, પૂજ્યશ્રી સાથેની અમારી એ ચર્ચામાં એનું અનુસંધાન હતું. મારા આ વિચાર સાથે પૂજ્યશ્રી સંમત ન હતા, અમારી વચ્ચે ખૂબ તાત્ત્વિક ચર્ચા થઈ.

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રી સી. કે. મહેતા પરિવાર**

પુણ્ય સ્મૃતિ

**પ.પૂ.પંન્યાસ ભદ્રંકર વિજયજી મ. સા.**

મારો બીજો પ્રશ્ન એ હતો કે આ કર્મવાદ જેવું કાંઈ જ નથી. બૌદ્ધિકોએ ઉપજાવી કાઢેલો તર્ક છે જેથી સામાજિક નિયમો વ્યવસ્થિત રહે. આ કર્મવાદના વિચારને કારણે, એના 'ભય'ને કારણે કોઈ વ્યક્તિ સમાજને હાનિ થાય એવા ખોટા કામ ન કરે. ઉપરાંત જે ઘટનાનો તાર્કિક જવાબ નથી, એ ઘટના, એના કારણો અને એના પરિણામને આ સંત બૌદ્ધિકો પૂર્વ અને પુનઃ જન્મના ખાનામાં નાખી દે છે.

ઘણાં બૌદ્ધિકો પ્રશ્ન પૂછે છે કે કેટલીક વ્યક્તિઓએ જીવનમાં કાંઈ જ ખોટું ન કર્યું હોય, સંત જેવું જીવનમાં જીવ્યા હોય, છતાંય દુઃખમાં હોય, નાનું બાળક કે જેણે કોઈ જ અઘટિત પાપ કર્મ ન કર્યું હોય છતાં જીવલેણ રોગમાં સપડાઈ જાય છે, ઘણાં સંત મહાત્મા જે સર્વ માટે પૂજનીય અને જીવન આદર્શ હોય, એમને

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

શા માટે જીવલેણ રોગો અને કષ્ટ? ઈશુને કેમ વધ સ્તંભ? સોક્રેટીસને અને મીરાંને કેમ ઝેરનો કટોરો અને ગાંધીને કેમ ગોળી?

**જ્ઞાન પિપાસુ વાચકને મારી વિનંતિ છે કે આ અંકને સ્વસ્થતાપૂર્વક અને ધીરજથી વાંચે. અહીં કર્મ વિશેના ઘણાં ગ્રંથોનો 'અર્ક' છે જે આપણા સૌના આત્માને મઘમઘાવવા સમર્થ છે.**

ઉપરાંત જો પ્રત્યેક કર્મનો એવા જ કર્મથી ઉત્તર અને પરિણામ હોય, તો આત્માને પહેલું 'બીજ' કર્મ કોણે કરાવ્યું?

આવી બધી વિશદ ચર્ચા પૂજ્યશ્રી સાથે થઈ, પરંતુ સંતોષ એક જ શરતે થયો કે કર્મવાદમાં માનવું હોય તો પ્રથમ શરત એ કે આત્માના અસ્તિત્વમાં માનવું. જો આ માન્યતા સ્થિર થાય તો બધા જ પ્રશ્નોના સરળતાથી ઉત્તર મળી જાય.

આત્મા દૃશ્યમાન નથી, હવા અને અગ્નિનું આવવું જવું, એવું ઘણું દૃશ્યમાન નથી, છતાં એનું અસ્તિત્વ છે એવો અહેસાસ તો દરેકને થાય છે, પ્રત્યેક શરીરમાં કાંઈ તો 'એવું' છે કે જે ચાલ્યા જવાથી 'જડ' પડી રહે છે. જેને અગ્નિ અથવા ધરતીને સમર્પિત કરી દેવાય છે. એટલે આત્માના અસ્તિત્વને માનવું જ પડે.

કર્મ વિજ્ઞાન વિશે જાણવાની મારી જિજ્ઞાસા વધતી ગઈ.

વાચન યાત્રાનો પ્રારંભ કર્યો, ગણધરવાદ વાંચ્યો અને કર્મવાદ ઉપર જેમણે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી 'કર્મતણી ગતિ ન્યારી' ભાગ ૧-૨, પૃષ્ટ-૬૦૦, બે ગ્રંથો લખ્યા છે એવા પ. પૂ. પંન્યાસ ડૉ. અરુણ વિજયજી મ. સા.ના એ ગ્રંથો વાંચ્યા, અન્ય વિદ્વાન મિત્રો સાથે ચર્ચા કરી અને સમાધાનો પ્રાપ્ત થયા.

અન્ય ધર્મો આ કર્મવાદ વિશે શું કહે છે એનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો અને એટલું તો ફલિત થયું કે જૈન ધર્મે કર્મવાદ ઉપર જે સૂક્ષ્માતિસૂક્ષ્મ વિશ્લેષણ-પૃથ્થકરણ કર્યું છે એવું જગતના કોઈ ધર્મે નથી કર્યું. જીવ-આત્મા, નિગોદ, કર્મ બંધન, કર્મવર્ગણા, આશ્રવ, સંવર, કર્મ નિર્જરા, કર્મ ક્ષયનો ઉપાય, કર્મક્ષય અને પરિણામે કર્મશૂન્યથી મોક્ષ.

આ પ્રશ્નો અને સમાધાન 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકો સુધી પહોંચાડવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. પરંતુ આ ભગીરથ કાર્ય કેમ પાર પાડવું?

સંકલ્પ કરાય તો સંજોગો સામે આવીને ઊભા રહે; આ અનુભવ થયો. અને એ વિગત મેં આ સાથેના સંપાદિકાના પરિચય લેખમાં તેમજ વિદુષી સંપાદિકાઓએ આ અંક માટે જે સંપાદન યાત્રા કરી એ લેખોમાં વર્ણવી છે. જિજ્ઞાસુ વાચક મિત્રોને એ બે પાના વાંચવા ખાસ વિનંતિ છે.

એક વખત આ કર્મની યાત્રા સમજાય જાય, પછી પ્રત્યેક દુ:ખમાં કારણો સાથે દુ:ખની સમજુતી મળે અને સુખમાં અહંના વિગલનની સમજ. એટલે જ જૈન ધર્મના આ કર્મ સિદ્ધાંતો એટલે બધાં દુ:ખો અને સુખોના તાળાની ચાવી.

અત્યાર સુધી લગભગ બારેક વિશેષ અંકો 'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચકોને અમે સમર્પિત કર્યા છે, અને આનંદ-ગૌરવ છે કે કદરદાન વાચકોની એ પ્રસંશા પામ્યા છે.

આ વધુ એક વિશિષ્ટ કર્મવાદ અંક પ્રબુદ્ધ વાચકોના કરકમળમાં સમર્પિત કરતા અમે આનંદ અનુભવીએ છીએ.

વિદુષી સંપાદિકાઓએ આ ગ્રંથ જેવો અંક ખૂબ જ પરિશ્રમથી તૈયાર કર્યો છે. જૈન તેમજ અન્ય ધર્મમાં કર્મવાદ વિશે તજજ્ઞો પાસેથી અભ્યાસપૂર્ણ લેખો નિમંત્રિત કરી અહીં પ્રસ્તુત કરી આ ગ્રંથ-અંકને વિશાળતા અર્પી છે. આ અંક વાંચ્યા પછી આ દ્વય વિદુષી સંપાદિકાને અભિનંદન આપવા આપ થનગનશો એવી મને ખાત્રી છે.

જ્ઞાન પિપાસુ વાચકને મારી વિનંતિ છે કે આ અંકને સ્વસ્થતાપૂર્વક અને ધીરજથી વાંચે. અહીં કર્મ વિશેના ઘણાં ગ્રંથોનો 'અર્ક' છે જે આપણા સૌના આત્માને મઘમઘાવવા સમર્થ છે. અહીં કર્મના એક તાળાની ઘણી ચાવીઓ છે.

દુ:ખના નિમિત્તને દોષ ન દઈએ અને સુખના કારણોની સમજ શોધીએ તો કર્મનિર્જરા છે અને પુણ્યકર્મની પ્રાપ્તિ પણ છે.

કર્મસમજ, કર્મનિર્જરા અને કર્મક્ષયથી મોક્ષ પ્રાપ્તિની ઊર્ધ્વગામી યાત્રાના સોપાનો અહીં પ્રસ્તુત છે.

વાચકને પ્રત્યેક પળે શુભકર્મના ભાવ જાગે અને પ્રત્યેક પળ કર્મ નિર્જરાની બની રહે એ જ અભ્યર્થના.

□ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

• પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
• આ વર્ષે સંઘે **વિશ્વમંગલમ્ - અનેરાને** આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
• સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૯ સંસ્થાઓને આજ સુધી આશરે રૂા. ૪.૭૫ કરોડ જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
• દાન આપનારને આવકવેરાની કલમ 80 જી અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.
આપ દાનની રકમ બેન્ક ઑફ ઈન્ડિયાની કોઈ પણ શાખામાં સંસ્થાના કરન્ટ ઍકાઉન્ટ નંબર ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦, પ્રાર્થના સમાજ બ્રાન્ચ મુંબઈ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નામે ભરી શકો છો. રૂપિયા ભરીને બેન્કની સ્લીપ અમને મોકલશો તો તરત જ આપને સંસ્થાની રસીદ મોકલી આપીશું.

## આ વિશિષ્ટ અંકની દ્વય વિદુષી સંપાદિકા

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી અને ડૉ. રતનબેન ખીમજી છાડવા

પ્રતિ બે વરસે જૈન સાહિત્ય સમારોહનું વિવિધ સ્થળે આયોજન થાય છે. આ સમારોહમાં નિયમિત બે યુગલોની ઉપસ્થિતિ હોય જ. આ યુગલો વિશે જાણવાનું મારું કુતૂહલ વધતું જ ગયું. ડૉ. કલાબહેને માહિતી આપી કે આ યુગલમાંની બે બહેનોએ એમના માર્ગદર્શન દ્વારા પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે, અને સંબંધમાં બન્ને નણંદ-ભોજાઈ છે. પાર્વતીબહેને 'જીવ વિચાર રાસ' ઉપર અને રતનબહેને 'વ્રત વિચાર રાસ' ઉપર શોધપ્રબંધ લખ્યો છે અને પ્રશંસા પામ્યો છે. એમની સાથે છે એ આ બે બહેનોના પ્રોત્સાહક પતિદેવો શ્રી નેણશીભાઈ ખીરાણી અને શ્રી ખીમજીભાઈ છાડવા, જે કચ્છ વાગડ પ્રદેશના છે.

કચ્છીજન એટલે માત્ર પૈસા કમાનાર વેપારી જ એવી છાપ તો મારા મનમાંથી ક્યારની ભૂંસાઈ ગઈ હતી પણ આ માડુ આટલા વિદ્યાવ્યાસંગી પણ છે એ જાણીને મને વિશેષ આનંદ થયો અને આ યુગલ વિશે મારા મનમાં એક વિશિષ્ટ ભાવ સ્થાપિત થયો.

એક વખત કચ્છમાં જૈન જ્ઞાનસત્ર યોજાયું ત્યારે અમે કચ્છથી પાછા ફરતા એક જ કંપાર્ટમેન્ટમાં સાથે હતા. મેં પાર્વતીબેનને પૂછ્યું, 'બેન હમણાં શું વાંચો છો ?'

તેમણે કહ્યું, 'ચીંચપોકલીમાં જૈનોલોજીના વિદ્યાર્થીઓને 'કર્મગ્રંથ' ભણાવું છું.' ત્યાર પછી શ્રી નેણશીભાઈના નિધન પછી તેમને મળવાનું થયું ત્યારે તેઓ સ્વસ્થ હતા. અને મને એમની સ્વસ્થતાનો તાળો મળી ગયો. અને ઘણા સમયથી મારા મનમાં આ 'કર્મ' શબ્દે કબજો લઈ લીધો હતો તે મારા મનમાં દૃઢ થઈ ગયો.

આ બન્ને બહેનો ગૃહિણી શ્રાવિકા. જીવનની બધી જ જવાબદારીનું વહન કરતા કરતા વિદ્યાભ્યાસની કેડી આ દ્વય મહિલાએ પકડી અને અન્ય શ્રાવિકા જગતને પ્રેરણા આપે એવી વિદુષી કક્ષાએ એ પહોંચ્યા.

આ બે બહેનોનો થોડો વિગતે પરિચય કરાવું. સંબંધના વ્યવહારમાં પહેલાં નણંદને પહેલું સ્થાન અપાય, એટલે પ્રથમ પાર્વતીબહેનનો પરિચય આપું.

**પાર્વતીબહેન ખીરાણી:**

પિતા મણશી ભીમસી છાડવા અને માતા મણિબેન. જન્મ સ્થળ સામખીઆરી-કચ્છ વાગડ.

શ્રી નેણશી વિજપાર ખીરાણી સાથે લગ્ન. જેઓ 'વાગડ સંદેશ'ના તંત્રી અને પાર્વતીબહેનની સાહિત્ય અને ધર્મની કારકીર્દિમાં જીવનભર પ્રોત્સાહક. લગ્ન પછી એસ. એસ. સી. પછીના અભ્યાસનો પ્રારંભ. હિંદીમાં કોવિદની ઉપાધિ સુધી અભ્યાસ કરી તે છેક સંસ્કૃત સાથે એમ. એ. અને પીએચ. ડી.ની ઉપાધિ સુધી.

પિયર અને સાસરિયામાં જૈન ધર્મના સંસ્કાર એટલે ધર્મ-સાહિત્ય તરફ રુચિ, પરિણામે 'તિલોકરત્ન' જૈન ધાર્મિક પરીક્ષા બોર્ડની પરીક્ષાઓ આપી 'જૈન સિદ્ધાંત વિશારદ', 'પ્રભાકર', 'શાસ્ત્રી', 'આચાર્ય'ની પદવિઓ પ્રાપ્ત કરી અને જૈનધર્મની શિક્ષણ સંસ્થાઓમાં સૂત્રધાર સ્થાને, છેલ્લા ૩૫ વર્ષથી માટુંગાની સંસ્થામાં ધાર્મિક શિક્ષિકા, ઉપરાંત પૂ. સાધુ-સાધ્વીજીને પણ અધ્યયન કરાવે. પ્રાચીન હસ્તપ્રતો ઉકેલવાની વિદ્યામાં પારંગત.

**રતનબહેન છાડવા :**

પિતા શામજી જીવણ ગડા અને માતા પૂનમબેન. જન્મ સ્થળ વામકા-કચ્છ વાગડ. શ્રી ખીમજી મણશી છાડવા સાથે લગ્ન. ખીમજીભાઈનું શિક્ષણ એમ. એસસી. સુધી.

આ ગૃહિણી શ્રાવિકાએ સંસારી જવાબદારી પૂરી કરી, ઉચ્ચ શિક્ષણનો પ્રારંભ કર્યો. જૈન વિશ્વ ભારતી, લાડનૂમાંથી બી. એ., એમ.એ. અને મુંબઈની એસ.એન.ડી.ટી. વિશ્વ વિદ્યાલયમાંથી સંસ્કૃત સાથે એમ.એ. અને પછી મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ. ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી.

રતનબહેને પણ 'તિલોકરત્ન' જૈન ધાર્મિક બોર્ડની પરીક્ષાઓ આપીને 'વિશારદ'વગેરે ઉપાધિઓ પ્રાપ્ત કરી તેમ જ મહાસંઘની ધાર્મિક શ્રેણીની પરીક્ષાઓ આપી. કચ્છ અને દેવલાલીમાં જૈન જ્ઞાન-સત્રનું આયોજન કર્યું. શ્રી જીવદયા મંડળીના મુખપત્રના માનદ તંત્રી. પ્રાચીન હસ્તપત્રો ઉકેલવાની વિદ્યામાં પારંગત. સમગ્ર સાહિત્ય અને ધાર્મિક વિદ્યા માટે પતિ ખીમજીભાઈ પૂરેપૂરા પ્રોત્સાહક અને પ્રવૃત્તિમય.

**બન્ને વિદુષી બહેનો** ચિંતનાત્મક લેખોની લેખિકા અને પ્રભાવક વક્તા. કર્મવાદ જેવા ગહન વિષયના વિશિષ્ટ અંકની જવાબદારી વહન કરવા માટે દ્વય વિદુષી બહેનો પૂરેપૂરી સક્ષમ છે એવી સાબિતી એટલે આ દળદાર અંક–ગ્રંથ.

અમારી એ મુસાફરી મુલાકાત પછી 'કર્મ' વિષયે મારા ઉપર વિશેષ કબજો કરી લીધો, અને ચાર વરસથી આ વિષય ઉપર વિશિષ્ટ અંકની ભાવના મનમાં સેવી. બીજ ધીરે ધીરે અંકૂર બનતું ગયું અને મોહનખેડામાં ૨૨મો જૈન સાહિત્ય સમારોહ યોજાયો ત્યારે અચાનક નિમિત્ત મળ્યું અને મારા મનના તાંતણાને રતનબેને પકડી લીધો, જેની વાત–વાર્તા આ બહેનોએ એમના આ અંકમાં પ્રસ્તુત 'અમારી સંપાદન યાત્રા' લેખમાં કરી છે. વાચકશ્રીને એ વાંચવા ખાસ વિનંતી.

આ ગ્રંથને જ્ઞાન સમૃદ્ધ કરવા આ દ્વય વિદુષી બહેનોએ અતિ પરિશ્રમ કર્યો છે. આ પરિશ્રમમાં શ્રી ખીમજીભાઈ સતત પ્રોત્સાહક રહ્યા છે એ પણ મેં અનુભવ્યું છે.

આ સર્વેનો આભાર માની એમના આ શુભ કર્મના પુણ્યને મારા પક્ષમાં મારે નથી લઈ લેવું.આ શુભ કર્મ સર્વે વાચકશ્રીને અનેકાધિક રીતે ફળો, શુભ કર્મ પામો એવી અભ્યર્થના અને પ્રાર્થના.

આ વિશિષ્ટ અંકને અમારા શ્રી જવાહરભાઈએ શણગાર્યો છે, પૂ. પુષ્પાબેને મુદ્રણદોષો વિણ્યા છે, આ દ્વયનો આભાર કઈ રીતે માનું ?


આ 'કર્મ' અંક વાંચનારને જીવનની પ્રત્યેક પળે સ્વસ્થતા પ્રાપ્ત થાવ એવી શુભ ભાવના.

વાચક પ્રત્યેક 'કર્મ' માટે સભાન રહે એવી ચેતના સર્વે પામો.

**☐ ધનવંત**

તા. ૩૧-૭-૨૦૧૪

# અમારી સંપાદન યાત્રા



ઈ. સ. ૨૦૧૪ની સાલ અને માર્ચ મહિનાની ૭, ૮, ૯ તારીખે મોહનખેડામાં મહાવીર જૈન વિદ્યાલયે રૂપ માણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈના સૌજન્યસહ-૨૨મા જૈન સાહિત્ય સમારોહનું આયોજન કર્યું હતું. શ્રી ધનવંતભાઈ તથા અમે પૂર્વ તૈયારીરૂપે તારીખ પાંચના જ મોહનખેડા પહોંચી ગયાં હતાં. સમારોહનો ભવ્ય મંડપ ધર્મશાળાના પ્રાંગણમાં બંધાઈ ગયો હતો. ત્યારે લગભગ બપોરના ત્રણ વાગે વાતાવરણ એકદમ પલટાઈ ગયું. જોરદાર પવન ફૂંકાવા લાગ્યો. સાથે સાથે વીજળીના કડાકા-ભડાકા સંભળાવા લાગ્યાં અને જોતજોતામાં મૂશળધાર વરસાદ તૂટી પડ્યો. થોડી જ વારમાં બાંધેલો મંડપ હતો ન હતો થઈ ગયો. આ જોઈને અગમચેતી રૂપે શ્રી ધનવંતભાઈએ બીજા દિવસથી શરૂ થતા સમારોહની ગોઠવણ ઉપાશ્રયના હૉલમાં કરી લીધી. જોકે બીજે દિવસે પણ વરસાદી વાતાવરણ રહ્યું. રાતે અમે બધા સાથે ગપ્પા-ગોષ્ઠી કરતાં બેઠાં હતાં. વરસાદના લીધે આ ત્રિદિવસીય સમારોહનું આયોજન અટક્યા વગર સારી રીતે પાર પડે એવી સહુની ઈચ્છા હતી. પરંતુ બધું કર્માધીન જ બને છે, એમાં આપણે કશું કરી શકતા નથી. આવી અલક-મલકની વાતો કરતા હતા.

અચાનક શ્રી ધનવંતભાઈને વિચાર આવ્યો કે આપણે 'જૈનદર્શન અને અન્યદર્શનમાં કર્મવાદ' ઉપર 'પ્રબુદ્ધ જીવન'નો એક વિશેષાંક તૈયાર કરીએ તો કેમ ? એમનો સંકેત અમારી તરફ હતો. વળી ડૉ. પાર્વતીબેન તો કર્મના ફિલોસોફર! બસ મોહનખેડાથી આવીને અમે તેમને મળવા ગયા. તેમની સાથે આ વિશેષાંક માટેની ચર્ચા કરી. તેમણે ઝીણામાં ઝીણી વિગતો સમજાવી, અમને ખૂબ સારી રીતે માર્ગદર્શન આપ્યું અને અમે તો દરિયો ખેડવા નીકળી પડ્યાં. અમારી નાવ ડગુ-મગુ થાય ત્યારે હલેસારૂપી બળ તેમણે પૂરું પાડ્યું. આમ આ કાર્યમાં અમે આગળ વધ્યા અને જૈનદર્શન અને અન્ય દર્શનમાં કર્મવાદ જેવા વિશેષાંકનું સંપાદન કરવાનું ભગીરથ કાર્ય સંપન્ન કરવા સમર્થ બન્યા.

પ્રથમ તો અમારા ઉપર વિશ્વાસ રાખીને સંપાદનનું કાર્ય સોંપવા બદલ અમે શ્રી ધનવંતભાઈનો આભાર માનીએ છીએ. ત્યારબાદ ગોંડલ સંપ્રદાયના પ. પૂ. ધીરજમુનિ મ.સા., પ. પૂ. નેમિસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય વિદ્વાન વક્તા પ. પૂ. મુનિ ભુવનહર્ષવિજયજી મ.સા. તથા રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પં. રાજહંસ વિજયજી મ.સા., કચ્છ આ. કો. મો. પક્ષના ઉપાધ્યાય પ. પૂ. વિનોદમુનિના શિષ્ય તત્ત્વવેત્તા પૂ. સુરેશમુનિ આદિ સાધુ ભગવંતોએ માર્ગદર્શન આપ્યું તે માટે તેમના ઋણી છીએ. આ ઉપરાંત જે પુસ્તકોનો આધાર લીધો છે, તેની સંદર્ભસૂચિ આપી છે. તે દરેકના લેખક, સંપાદક, પ્રકાશકનો આભાર માનીએ છીએ. આ અંકમાં અમારી વિનંતીને માન આપીને માહિતીસભર લેખ મોકલનાર દરેક વિદ્વાનોનો અહીંથી આભાર વ્યક્ત કરીએ છીએ. અમને આ કાર્યમાં શ્રી ખીમજી મણશી છાડવાએ સતત સહાય કરી છે

**કર્મ પ્રકૃતિ**

| નં. | કર્મનું નામ | ક્યા ગુણને રોકે ? | વિકૃતિ | ઉદાહરણ |
|---|---|---|---|---|
| ૧. | જ્ઞાનાવરણીય | અનંતજ્ઞાન | અજ્ઞાન, મુર્ખતા | આંખે પાટા બાંધ્યા જેવું |
| ૨. | દર્શનાવરણીય | અનંતદર્શન | અંધાપો, નિદ્રા | દ્વારપાળ જેવું |
| ૩. | વેદનીય | અવ્યાબાધ | સુખદુ:ખ, | મધથી લેપાયેલ |
| | | | સુખશાતા-અશાતા | તલવારની ધાર જેવું |
| ૪ | મોહનીય | વીતરાગતા | મિથ્યાત્વ, રાગદ્વેષ | દારૂડિયા જેવુ |
| | | | કષાય, અવિરતિ | |
| ૫. | આયુષ્ય | અક્ષય સ્થિતિ | જન્મ-મૃત્યુ | બેડી જેવું. |
| ૬. | નામ | અરૂપીપણું | શરીર, ઈન્દ્રિય,વર્ણ | ચિત્રકાર જેવું |
| | | | ત્રસ-સ્થાવરપણું વિ. | |
| ૭. | ગોત્ર | અગુરુલઘુપણું | ઉચ્ચકુળ-નીચકુળ | કુંભાર જેવું |
| ૮. | અંતરાય | અનંતવીર્ય | કૃપણતા, દરિદ્રતા, પરાધીનતા. | રાજાના ભંડારી જેવું |

**પાર્વતીબેન ખીરાણી**
**રતન બેન છાડવા**
**–સંપાદિકાઓ**

૨/૨૩, જેઠવા નિવાસ, ૪૪૮, ડૉ. આંબેડકર રોડ,માટુંગા (સે. રેલવે), કિંગસર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.મો. ૯૮૬૯૭૮૭૬૯૨.

એફ ૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ, મુંબઈ-૪૦૦ ૦૧૨. મો. ૯૮૯૨૮૨૮૧૯૬.

# જૈન દર્શન અને કર્મવાદ

## પૂર્વભૂમિકા

**શું ઈશ્વર સુખદુઃખ આપે છે ?**

પ્રાયઃ પરંપરાથી લોકોક્તિ પ્રસિદ્ધ છે કે-'ઈશ્વરની મરજી વગર પાંદડું પણ હલતું નથી. અથવા તો ધાર્યું ધણી (ઈશ્વર)નું થાય. એનો અર્થ એ થયો કે જેટલી પણ ક્રિયા કરવામાં આવે છે તે ઈશ્વર જ કરાવે છે. અને તેનું ફળ ઈશ્વર જ આપે છે. એટલે આ બધામાં ઈશ્વરનો હાથ છે એમ માનવું પડે. ઈશ્વરથી પ્રેરિત જીવ ક્રિયા કરે છે અને તેના ફળ સ્વરૂપે સજા પણ ભોગવે છે. દા. ત. ઈશ્વર ચોર પાસેથી ચોરી કરાવે છે અને પછી ન્યાયાધીશ પાસેથી સજા પણ અપાવે છે. એમ માનીએ તો પ્રશ્ન થાય કે ઈશ્વર જ જો ચોરી કરાવે તો ચોર ચોરી કરવામાં સ્વતંત્ર નથી રહેતો તેથી તે નિર્દોષ ઠરે છે. તો શું ઈશ્વરને દોષિત માનવા ? વળી ઈશ્વરને તો સર્વ શક્તિમાન અને કૃપાસિંધુ, કરુણામય માનવામાં આવે છે. તો શા માટે કોઈને ચોરી, લૂંટ, ખૂન જેવી ક્રિયાઓ કરવાની પ્રેરણા આપે ? તો પછી ચોરને ચોરી કરવા પ્રેરિત કરનાર કોઈક બીજું જ તત્ત્વ હોવું જોઈએ ! એ તત્ત્વ કયું હશે ? શું એ બહુચર્ચિત તત્ત્વ કર્મ હશે ? તો ચાલો નીચેના ઉદાહરણથી જાણીએ.

એક સુખી સંપન્ન ઘરમાં જોડિયા પુત્રીઓનો જન્મ થાય છે. એક પુત્રી એકદમ રૂપાળી છે, તો બીજી કદરૂપી છે. ધીરે ધીરે બન્ને (પુત્રી) કન્યાઓ મોટી થાય છે. કદરૂપી કન્યા ભણવામાં તેજસ્વી છે. છતાં તેને માન-પાન મળતાં નથી. જ્યારે રૂપાળી કન્યાને મા-બાપ ભણવામાં 'ઢ' હોવા છતાં વધુ લાડ-પ્યાર કરે છે. આમ મા-બાપનો પ્યાર એકતરફી રહેતા કદરૂપી કન્યા મનોમન હતાશા અનુભવે છે. ધીરે ધીરે આ હતાશા આક્રોશનું રૂપ ધારણ કરે છે. કન્યા મોટી થાય છે અને એક દિવસ જઈ ચડે છે કોર્ટમાં, અને મા-બાપ સામે કેસ કરે છે. કેસનો મુદ્દો હતો કે મા-બાપે મને આવું કદરૂપું શરીર શા માટે આપ્યું ? આ સાંભળી ન્યાયાધીશ પણ વિચારમાં પડી જાય છે. કાનૂની ભાષા કે કાયદા પ્રમાણે આ અપરાધ કોનો કહેવાય ? ન્યાયાધીશ કાયદાના થોથા ફરીથી ઉથલાવે છે પરંતુ ક્યાંય તેનો જવાબ મળતો નથી.

છેવટે આરોપી તરીકે મા-બાપને કોર્ટમાં બોલાવે છે. મા-બાપ કોર્ટમાં હાજર થાય છે. ન્યાયાધીશ મુકદ્દમો લડતા જાત જાતના પ્રશ્નો મા-બાપને પૂછે છે. આ કેસ સાચો છે ? શું તમે અપરાધી છો ? તમે તમારી પુત્રીને આવું કદરૂપું શરીર શા માટે આપ્યું ? હવે તેની સાથે પરણશે કોણ ? તેણે જિંદગી શું આવી દુઃખમય જ પસાર કરવી ?

ત્યારે મા-બાપ બહુ જ શાંતિથી જવાબ આપે છે કે ન્યાયાધીશ સાહેબ ! આપણા ધર્મશાસ્ત્રોમાં તો કહ્યું છે કે આ તો બધું ઈશ્વરની (ઉપરવાળાની) મરજીથી જ થાય છે. એની મરજી વગર તો પાંદડું પણ હલતું નથી. તો પછી અમે ગુનેગાર કેવી રીતે ઠરીએ ? તમારે કેસ ચલાવવો હોય તો ઈશ્વર ઉપર કેસ કરો.

આ સાંભળી ન્યાયાધીશ પણ સ્તબ્ધ થઈ ગયા. હવે શું કરવું ? ઈશ્વરને કોર્ટમાં હાજર કેવી રીતે કરવા ? અને સજા કેવી રીતે કરવી ? આમ સાચો ઉકેલ શોધવામાં નિષ્ફળ ગયા. પરંતુ યુવતી તો મક્કમ હતી. તેણે ન્યાયાધીશને કહ્યું કે, મારો કેસ તો સાચો છે. પછી ભલે એ ઈશ્વરની સામે હોય. હવે તમારી ફરજ છે કે તમે એમના ઉપર સમન્સ કાઢીને હાજર કરો જેથી મારો મુકદ્દમો આગળ ચાલે. ત્યારે ન્યાયાધીશે કહ્યું કે, ઈશ્વરને હું હાજર કરી શકીશ નહિ અને તારો કેસ આગળ ચાલશે નહિ, માટે તું આ કેસ મૂકી દે. ત્યારે યુવતીએ જવાબ આપ્યો કે, તમે પણ સાવ નમાલા છો. મારે શું આખી જિંદગી આવી રીતે જ જીવવી ? મને પરણશે કોણ ? આ વિચાર શી રીતે પડતો મૂકાય ? શું આનું સમાધાન તમારી પાસે છે ? ત્યારે ન્યાયાધીશ બોલી ઊઠ્યાં કે હે ઈશ્વર ! હવે તો તમે જ આનો ન્યાય કરો. ત્યાં તો ચારેબાજુ અજવાળું અજવાળું પથરાઈ ગયું અને કોર્ટમાં સાક્ષાત્ ઈશ્વર હાજર થયા. અચંબામાં પડેલા ન્યાયાધીશે કોર્ટની કાર્યવાહી આગળ ચલાવતા ઈશ્વરને પ્રશ્ન કર્યો કે, શું તમે આ યુવતીને કદરૂપું શરીર આપ્યું છે તેની જવાબદારી સ્વીકારો છો ? ત્યારે ઈશ્વરે જવાબ આપ્યો કે, આ કદરૂપા શરીરની પ્રાપ્તિ તેને પૂર્વજન્મમાં બાંધેલ અશુભ નામકર્મને લીધે મળી છે. તેણે પૂર્વભવમાં મન-વચન-કાયયોગની વક્રતાને કારણે અશુભ નામકર્મનું બંધ કર્યું હતું. તેના ફળ સ્વરૂપે તેને આવું કદરૂપું શરીર મળ્યું છે. ત્યારે ઈશ્વરની આ દલીલ સાંભળીને ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે, હે યુવતી ! આ ન્યાયે તો તું જ દોષિત છો. પૂર્વે કરેલાં કર્મ અનુસાર જ તેની સજા રૂપે તને આવું શરીર મળ્યું છે. આ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે કે કર્મસત્તા જ બળવાન છે.

તો કર્મ શું છે ? તે કર્મ કેવી રીતે આવે છે ? આવ્યા પછી તે કર્મનો બંધ કેવી રીતે થાય છે ? વળી આ કર્મને આવતા કેવી રીતે અટકાવી શકાય ? અને પૂર્વે બાંધેલા કર્મનો ક્ષય કેવી રીતે થાય ? જૈન પારિભાષિક શબ્દોમાં તેને આશ્રવ, બંધ, સંવર અને નિર્જરા કહે છે. આ ચાર શબ્દરૂપ ચોકડીની રમત દ્વારા કર્મનું ગણિત આપણે આગળ જાણીએ. ✶ ✶ ✶

*આશ્રવ = આત્મા પાસે કર્મનું આવવું.*
*બંધ = આત્મા અને કર્મનું એકમેક થઈ જવું.*
*સંવર = કર્મને આવતાં અટકાવવા.*
*નિર્જરા = આવેલાં કર્મોનો ક્ષય (ખાલી કરવા) કરવો.*

# કર્મયાત્રા

**ગણધરવાદ અને કર્મવાદ**

ભગવાન મહાવીરે અગ્નિભૂતિની 'કર્મ છે કે નહિ' આ શંકાનું સમાધાન કરતાં કર્મયાત્રાનું સ્વરૂપ ખૂબ જ સરળ, તર્કબધ્ધ અને સચોટ દૃષ્ટાંત સહિત સમજાવ્યું છે જે ગણધરવાદ તરીકે વિશેષાવશ્યક ભાષ્યમાં દૃષ્ટિ ગોચર થાય છે. ભગવાન મહાવીર અને ગણધર અગ્નિભૂતિ વચ્ચે થયેલો કર્મવિષયક સંવાદ જાણવા જેવો છે, જે નીચે પ્રમાણે છેઃ

**किं मन्ने अत्थि कर्म्म उयाहु नत्थि त्ति संसओ तुज्झं ।**
**वेयपयाण य अत्थं न याणसी तेसिमो अत्थो ।।१६१०।।**

–વિશેષાવશ્યક ભાષ્ય

અર્થાત્ : હે અગ્નિભૂતિ ! તું એમ માને છે કે 'કર્મ છે કે નહિ ?' આવો તને સંશય છે, તેનું કારણ એ છે કે તું તે વેદ પદોનો અર્થ બરાબર જાણતો નથી. એટલે કે પરસ્પર વિરૂદ્ધ અર્થવાળા વેદના પદોને કારણે તારી મતિ મૂંઝાઈ ગઈ છે.

અગ્નિભૂતિ : તો પછી એનું સમાધાન શું છે ? એનું અર્થઘટન કેવી રીતે કરશો ?

પ્રભુ મહાવીર : એ વેદના વાક્યો સાંભળ, અગ્નિભૂતિ !

**'पुरुष एवेदंमग्नि सर्व यद् भूतं यच्च भाव्यम्'।**

અર્થાત્ પ્રત્યક્ષ જણાતું ચેતન–અર્થાત્ આત્મા જ છે. પરંતુ વેદમાં બીજા પદો પણ છે જેમ કે,

**'पुण्यं पुण्येन कर्मणा, पापेन पापः कर्मणां।।'**

(૪-૪૫ બૃહદારણ્યક ઉપનિષદ)

અર્થાત્ પુણ્યકર્મથી જીવ પવિત્ર થાય છે અને પાપકર્મથી અપવિત્ર થાય છે. આમ આ બંને પરસ્પર વિરોધી વાક્યથી તને મૂંઝવણ થઈ છે કે એકમાં આત્માને મહત્ત્વ આપવામાં આવ્યું છે, જ્યારે બીજામાં કર્મને. આથી તારા મનમાં શંકા ઊભી થઈ કે કર્મ છે કે નહિ ? પરંતુ બંને વાક્યો સાપેક્ષ છે. એકમાં આત્માની સ્તુતિ કરવામાં આવી છે તેથી આત્મા સિવાયની બીજી વસ્તુ જગતમાં છે જ નહિ એમ નથી માનવાનું કારણ કે સ્તુતિમાં અતિરેક હોઈ શકે છે. જ્યારે બીજું વાક્ય પુરુષાર્થની પ્રધાનતા બતાવે છે. લોકો ભાગ્ય પર બધી વાત છોડીને ધર્મપુરુષાર્થમાં પાછા ન પડે માટે આ વાક્ય કહેવામાં આવ્યું છે. એનાથી કર્મ નથી એવું સિદ્ધ થતું નથી.

અગ્નિભૂતિ : તો પછી આ કર્મ પ્રત્યક્ષ કેમ દેખાતા નથી ?

પ્રભુ મહાવીર : આ કર્મ પ્રત્યક્ષ ભલે ન દેખાતા હોય પણ એના વિપાકરૂપે સંસારમાં–

વિવિધતા : વિવિધ રૂચિવાળા જીવો–કોઈને મીઠાઈ ભાવે તો કોઈને ફરસાણ, કોઈને કાળો રંગ ગમે તો કોઈને સફેદ વગેરે રંગ ગમે છે.

વિષમતા : કોઈ અમીર છે, તો કોઈ ગરીબ, કોઈક ઠોઠ છે તો

## ચરાચર વિશ્વરૂપ આ સંસારનું સ્વરૂપ

**વિષમતા :** આ સંસારમાં ક્યાંય સમાનતા જોવા મળતી નથી. એકના જેવા ગુણધર્મો બીજામાં ન હોય તે વિષમતા. આવી વિષમતા સંસારમાં ડગલે ને પગલે જોવા મળે છે. જેમ કે માતા જેવી પુત્રી ન હોય અને પિતા જેવો પુત્ર ન હોય. એક માતાના ચાર સંતાનો પણ સરખા હોતા નથી. એક સુખી હોય તો એક દુઃખી. વળી તેમના વિચારો, ગુણધર્મો, સ્વભાવમાં પણ ભિન્નતા જોવા મળે છે.

**વિવિધતા :** એ જ પ્રમાણે સંસારમાં વિવિધતા પણ ઘણી છે. એક શ્રીમંત છે તો બીજો નિર્ધન, એક માલિક છે તો બીજો નોકર છે, એક ઉચ્ચ કુળમાં જન્મે છે તો બીજો નીચ કુળમાં જન્મ લે છે. એક સોનાના પારણે ઝુલે છે, તો બીજાને ફાટેલી ગોદડી પણ દુર્લભ છે. એકને ખાવા બત્રીસ પકવાન છે, તો બીજાના દ્વારે રાબના પણ ઠેકાણાં નથી. એકને પહેરવા હીર-ચીર છે તો બીજાને તન ઢાંકવા પૂરતા કપડા પણ નથી. એકને વગર શ્રમે બધું મળે છે જ્યારે બીજાને મહેનત કરવા છતાં મુશ્કેલથી થોડું ઘણું મળે છે. આમ વિષમતા અને વિવિધતાથી આ સંસાર દૃષ્ટિગોચર થાય છે.

**વિચિત્રતા :** આ સંસાર વિષમતા, વિવિધતાની સાથે ચિત્ર-વિચિત્ર પણ છે. સંસારમાં જે બનવાની શક્યતા કે સંભાવના વિચારી પણ ન શકાય તેવી ઘટનાઓ બને છે. તેનું નામ છે વિચિત્રતા. રોજ કેટલાય ચોરી કરીને પકડાઈ જાય છે, સજા પણ ભોગવે છે છતાં પણ નવા લોકો ચોરી, ખૂન કે બળાત્કાર જેવા પાપો છોડી શકતા નથી. દારૂ, સિગારેટ, બીડી, તમાકુને લીધે કેન્સર જેવા જીવલેણ રોગો થાય છે. કેટલાય મરણને શરણ થઈ જાય છે. છતાં આ વ્યસનો છોડી શકતા નથી. એક યુવાવયે મરણ પામે છે તો કોઈક મરવાને વાંકે રોગથી પીડાઈ પીડાઈને જીવે છે. આવા વિચિત્ર સંસારની વિચિત્રતાનો કોઈ પાર નથી. આવું ત્રિવિધરૂપે આ સંસારનું સ્વરૂપ જોવા મળે છે. તેનું ખરૂં કારણ એકમાત્ર કર્મ જ છે. દરેક જીવના કર્મ અનુસાર જ તેને વિવિધતા, વિષમતા અને વિચિત્રતા પ્રાપ્ત થાય છે.

કોઈ હોંશિયાર હોય છે.

વિચિત્રતા : નશાનું દૂષણ જાણે છતાં નશો કરવા પ્રેરાય, ચોરી કરવી ગુનો છે છતાં બીજા નવા લોકો ચોરી કરે. આ રીતે સંસારમાં વિવિધતા, વિષમતા, વિચિત્રતા દેખાય છે.

અગ્નિભૂતિ : તો પછી આવા ત્રિવિધ સંસારના કર્તા કોણ ?

પ્રભુ માહવીર : ઈશ્વરને કર્તા માનવાની ભૂલ તો કરાય નહિ. ઈશ્વર નિરાકાર છે તો કર્મનો કર્તા કેમ મનાય ? અને સાકાર માનીએ તો પણ આટલા બધા ભેદ-ભાવ, હિંસા-દુઃખાદિ શા માટે આપે ? અને જો એમ માનીએ કે તેઓ પોતાની ઈચ્છાથી કાર્ય કરતા નથી, તો તો પછી તેઓ પરતંત્ર ગણાય. તો પછી જે શક્તિ એમની પાસેથી કાર્ય કરાવે તે ઈશ્વર ગણાશે. ઈશ્વરને કૃતકૃત્ય ગણીએ તો સંસારના કાર્યોમાં સંસારી જીવોની જેમ જ મોહજાળમાં ફસાઈને રહેવાવાળો સાધારણ પ્રાણી બની જશે. આમ અનેક દોષો આવી શકે માટે ઈશ્વર કર્મનો કર્તા નથી. કર્મનો કર્તા રાગદ્વેષ કરવાવાળો સંસારી જીવ જ છે અર્થાત્ આપણે પોતે જ છીએ.

અગ્નિભૂતિ : આ કર્મની શરૂઆત ક્યારથી થઈ ?

પ્રભુ મહાવીર : જીવ અને કર્મ બંને સંસારમાં અનાદિકાળથી અસ્તિત્વ ધરાવે છે. એ બંનેનો સંયોગ સંબંધ અનાદિનો છે. જેમ સોનું માટીની સાથે મિશ્રિત જ ખાણમાંથી નીકળે છે એમ જીવ પણ અનાદિકાળથી નિગોદમાં–અવ્યવહાર રાશિમાં કર્મ સહિત જ હોય છે. ત્યાં પણ જીવ કે કર્મ ઉત્પન્ન નથી થતા. પણ અનાદિકાળથી એમ જ છે. જેનો પણ પરસ્પર કાર્યકારણભાવ સંબંધ હોય છે તેની પરંપરા હંમેશાં અનાદિની હોય છે. દા. ત. જેમ ઇંડુ અને મરઘી, બીજ અને વૃક્ષનો કાર્યકારણભાવ-જન્ય જનકભાવ સંબંધ પરસ્પર છે. આ બંનેમાં કોણ પહેલું એ નિર્ણય થઈ શકે નહિ માટે એને અનાદિ જ માનવા પડે.

અગ્નિભૂતિ : ત્યારે શંકા થાય છે કે આત્મા તો ચેતન છે અને કર્મ જડ છે. તો શું જડ કર્મો ચેતન આત્મા પર ચોંટી શકે ? શું જડ ચેતનને અસર કરી શકે ?

પ્રભુ મહાવીર : ત્યારે એમની શંકાનું નિરાકરણ કરતાં સમજાવ્યું કે, કર્મ કાર્મણવર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓથી બન્યા છે. જેમ માટીમાંથી ઘડો બને છે તેમ. તેથી કર્મ જડ છે. અજીવ તત્ત્વના પેટાભેદ પુદ્‌ગલ પરમાણુમાં તેની ગણતરી થાય છે. આ જડ અને ચેતન દ્રવ્યોનો સંસારમાં સંયોગ-વિયોગ થતો હોય છે. જડ એવા દારૂની અસર ચેતન એવા મનુષ્ય પર થાય છે તે સુવિદિત છે. દારૂ પીએ એટલે કેટલીક અસર થાય છે. જેમ કે બકવાસ કરે, ચાલવાનું, બોલવાનું ભાન ન રહે, વગેરે જોઈને જ આપણે કહી શકીએ છીએ કે આ માણસે દારૂ પીધો છે. આમ જડ જેવા દારૂની અસર પણ પીનાર ચેતન આત્મા ઉપર સ્પષ્ટ દેખાય છે. તે જ પ્રમાણે કર્મો જડ હોવા છતાં આત્મા પર ચોંટીને પોતાનો ભાગ ભજવે છે.

અગ્નિભૂતિ : પણ કર્મો તો અદૃષ્ટ છે ? તો તેની સત્તા કેવી રીતે માનવી ?

પ્રભુ મહાવીર : કર્મો તો અદૃષ્ટ છે છતાં કર્મની સત્તા માનવી જ પડે કારણ કે તે અત્યંત સૂક્ષ્મ પરમાણુરૂપે હોવાથી દૃષ્ટિગોચર થતાં નથી તેમ જ કોઈ પણ ઈન્દ્રિયથી ગમ્ય નથી. પરંતુ જે જે અદૃષ્ટ છે તે દેખાય નહિ એટલે ન માનવા એવો નિયમ નથી. એવો નિયમ હોય તો આત્મા, મન, કાળ વગેરે પણ દેખાતાં નથી. તો શું તેને ન માનવા ? તેના માનવા માટે અનુમાન આદિ ઘણાં પરોક્ષ કારણ છે. વળી મને (સર્વજ્ઞ પ્રભુ) તો એ પ્રત્યક્ષ જ છે. હું જોઈ શકું છું. કોઈને પ્રત્યક્ષ ન હોય ને કોઈને પ્રત્યક્ષ હોય એટલે અદૃષ્ટ નથી. રણમાં રહેતી વ્યક્તિને દરિયો પ્રત્યક્ષ ન હોય તેથી શું એમ માની લેવું કે દરિયો નથી. દરિયા કિનારે રહેવાવાળાને તો તે પ્રત્યક્ષ જ હોય છે. વળી જેનો પ્રત્યક્ષથી અનુભવ થાય, પ્રતીતિ થાય તે પ્રત્યક્ષ પ્રમાણ છે. આમ પ્રત્યક્ષ પ્રમાણથી પણ કર્મની સિદ્ધિ થાય છે જેમ કે નાના મોટા દરેક જીવને સુખ-દુઃખનો અનુભવ તો થાય છે. સુખ-દુઃખ કાર્ય છે. કાર્ય હોય તો કારણ પણ અવશ્ય હોય. કારણ કે કારણ વિના કાર્ય સંભવે નહિ. જો સુખ–દુઃખનું કારણ ઈશ્વરને માનીએ તો આગળ કહ્યું તેમ કેટલાંક દોષો ઊભા થાય. માટે સુખ દુઃખનું કારણ કર્મને માનવું પડે.

અગ્નિભૂતિ : તો શું સંસારમાં વિચિત્રતા કરનાર કાળ, સ્વભાવ, નિયતિ આદિ કર્તા છે ?

પ્રભુ મહાવીર : જો કે એમ માનવાથી પણ અનેક દોષો ઉત્પન્ન થાય છે. જેમ કે કાળ પણ જડ છે અને કાળ તો સર્વત્ર એક સરખો હોય તો પછી એક સુખી અને બીજો દુઃખી શા માટે હોય ? જ્યોતિષ ચક્રના સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રને પણ કારણ ન માની શકાય કારણ કે એક જ રાશિમાં જન્મેલો એક સુખી છે, તો બીજો દુઃખી. વળી સ્વભાવને કારણ ગણીએ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે પુદ્‌ગલના સ્વભાવ છે તો પછી પુદ્‌ગલથી રચાયેલાં મોરના પીંછા અને ગુલાબની પાંખડીમાં વર્ણભેદ શા માટે ? કમળ, જૂઈ આદિની સુગંધમાં ફરક શા માટે ? કારેલું કડવું અને શેરડી મીઠી શા માટે ? બધાનો સ્વભાવ એક સરખો કેમ નથી ? કારણ કે આ બધામાં વિવિધતા જીવના કર્મના કારણે છે. એટલે સર્વદોષ રહિત પ્રબળ કારણ સિદ્ધ થતું હોય તો તે 'કર્મ' જ છે. શુભ-અશુભ કર્મોને કારણે જીવ સુખી-દુઃખી થાય છે. એટલે કાર્યરૂપી દેખાતાં સુખદુઃખના કારણરૂપે શુભાશુભ કર્મને માનવા પડે. એટલે જ્યાં જ્યાં સુખદુઃખ રૂપ કાર્ય હોય ત્યાં ત્યાં કર્મ રૂપ કારણ અવશ્ય હોય એમ અનુમાન પ્રમાણથી પણ સિદ્ધ થાય છે. વળી સાક્ષાત્ કર્મની સત્તા પ્રતિપાદન કરનાર વેદ વાક્યો પણ છે જેમ કે,

'पुण्य पुण्येन कर्मणा, पापः पापेन कर्मणा।'

'स्वर्गकामो अग्निहोत्रं जुहुयात्'।

વેદમાં કહ્યું છે કે, અગ્નિહોત્રનું અનુષ્ઠાન કરવાથી આત્મામાં એક અપૂર્વકર્મ ઉત્પન્ન થાય છે જેથી જીવ સ્વર્ગમાં જાય છે.

હે અગ્નિભૂતિ! આ રીતે કર્મ પ્રત્યક્ષ, અનુમાન અને આગમ (વેદ વાક્યો) પ્રમાણ કે જે તારા જ માન્ય પ્રમાણથી કર્મની સિદ્ધિ થાય છે.

અગ્નિભૂતિ : કર્મની સિદ્ધિ તો થઈ પણ કર્મ કેટલા પ્રકારે છે?

પ્રભુ મહાવીર : મુખ્યત્વે કર્મના બે પ્રકાર છે. દ્રવ્ય કર્મ અને ભાવકર્મ. જીવ રાગ-દ્વેષાદિથી જે કાર્મણસ્કંધોને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે, તે દ્રવ્ય કર્મ કહેવાય. અને તે દ્રવ્યકર્મથી જે આત્મિક પરિણામ ઉત્પન્ન થાય છે તે ભાવકર્મ કહેવાય. એટલે દ્રવ્યકર્મ પુદ્ગલ સ્વરૂપ છે અને ભાવકર્મ રાગ-દ્વેષરૂપ આત્મિક પરિણામ સ્વરૂપ છે. જેમ કરોળિયો પોતાની જ પ્રવૃત્તિથી પોતે જ બનાવેલી જાળમાં ફસાય છે. તેમ જીવ પણ પોતાની અજ્ઞાનતાના કારણે રાગ-દ્વેષરૂપ પરિણામથી પૌદ્ગલિક કર્મની જાળ બનાવી તેમાં ફસાય છે.

દ્રવ્યકર્મની જાળનું કારણ રાગદ્વેષાત્મક ભાવકર્મ છે અને ભાવકર્મનું કારણ દ્રવ્યકર્મ છે. જ્યારે બાંધેલું દ્રવ્યકર્મ જીવને સુખ-દુઃખાદિના ફળનો અનુભવ કરાવે છે ત્યારે તેને શાસ્ત્રીય પરિભાષામાં 'કર્મોદય' કહેવાય છે. જીવને દ્રવ્યકર્મનો ઉદય થતાં જ રાગ-દ્વેષાત્મક પરિણામ ઉત્પન્ન થઈ જાય છે એટલે દ્રવ્ય કર્મોદયથી ભાવકર્મ ઉત્પન્ન થાય છે અને ભાવકર્મથી પાછા દ્રવ્યકર્મ બંધાય છે. આ રીતે દ્રવ્યકર્મ અને ભાવકર્મની પરસ્પર કાર્યકારણ ભાવની પરંપરા અનાદિકાળથી ચાલુ છે.

અગ્નિભૂતિ ગૌતમ : હે સ્વામી! કર્મ મૂર્ત છે કે અમૂર્ત?

પ્રભુ મહાવીર : હે ગૌતમ! કર્મ મૂર્ત છે. મૂર્ત એટલે મૂર્તિમાન રૂપી હોવું. કાર્ય મૂર્તિમાન હોવાથી કારણ પણ મૂર્તિમાન હોય છે. જેમ ઘડો મૂર્તિમાન છે તો તેના પરમાણુઓ પણ મૂર્તિમાન હોય. ઘટની જેમ શરીર પણ મૂર્ત છે. તો તે શરીર કાર્ય છે, અને કાર્ય જ્યારે મૂર્ત છે તો તેના કારણ પણ મૂર્ત જ હોવા જોઈએ. અર્થાત્ શરીર રચનાના કારણ રૂપે કર્મ પણ મૂર્ત જ છે.

અગ્નિભૂતિ : ભાવકર્મ અરૂપી છે. (અમૂર્ત છે.) અને દ્રવ્યકર્મ રૂપી (મૂર્ત) છે. તો પછી બન્નેનો સંબંધ કેવી રીતે થાય?

પ્રભુ મહાવીર : હે અગ્નિભૂતિ! જેમ ઘડો મૂર્ત હોવા છતાં પણ તેનો અમૂર્ત આકાશની સાથે સંબંધ થાય છે. કેમકે જ્યાં ઘડો પડ્યો છે ત્યાં આકાશ પણ હોય છે. અથવા તો શરીર મૂર્ત છે અને આત્મા અમૂર્ત છે. પરંતુ સ્થૂળ શરીરમાં અત્યારે પણ આત્મા રહ્યો છે. તો અમૂર્ત એવા આત્માનો મૂર્ત શરીરની સાથે સંબંધ થયો કે નહિ. વળી સંસારી આત્મા અનાદિકાળથી કર્મયુક્ત હોવાને કારણે કથંચિત રૂપી છે. આત્મા રાગદ્વેષના પરિણામો દ્વારા કાર્મણવર્ગણાને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે. આ કર્મોનો પણ એક પિંડ બની જાય છે. તેનું નામ છે કાર્મણ શરીર. જીવ જ્યારે એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યારે કર્મથી બનેલું આ સૂક્ષ્મ કાર્મણ શરીર એની સાથે ને સાથે જ રહે છે. એને કારણે આત્મા કથંચિત રૂપી છે. માટે રૂપી આત્મા પર રૂપીકર્મનો પ્રભાવ પડવાથી બન્નેનો સંબંધ થાય છે.

અગ્નિભૂતિ : કર્મનું ફળ કેવી રીતે ભોગવે છે?

પ્રભુ મહાવીર : જીવ માત્ર સંસારના વ્યવહારમાં ક્રિયા કરે છે. આ ક્રિયા કરવા માટે સંસારી જીવોને મન, વચન અને કાયા–આ ત્રણ સાધનો મળ્યા છે. એના દ્વારા કરાયેલી ક્રિયાનું ફળ તો જીવને ભોગવવું જ પડે છે. કારણ કે ભવાંતરમાં બાહ્ય સ્થૂળ શરીર સાથે જતું નથી. કર્મ સહિતનો આત્મા એકથી બીજા ભવમાં જાય છે ત્યારે પોતાની ગતિ-જાતિ પ્રમાણે નવું સ્થૂળ શરીર ઉત્પન્ન કરે છે અને પછી તેના દ્વારા શુભાશુભ કર્મફળ ભોગવે છે. જેમ કે એક જીવે આજે એક અશુભ કે શુભ હિંસા કે જીવરક્ષાની ક્રિયા કરી (એને જો કર્મ ન માનીએ તો) અને પછીના ભવમાં માનો કે તેણે તે કરેલી હિંસા કે જીવરક્ષા આદિનું ફળ મળવું જોઈએ. પણ થયેલી ક્રિયામાંથી કર્મ જેવું જો કાંઈ પણ બંધાઈને આત્મા સાથે રહ્યું જ નહિ હોય તો ફળ કેવી રીતે મળશે? ફળ આપનાર ઈશ્વર આદિ તો છે જ નહિ. અને વળી કરાતી ક્રિયા વખતે જીવે ગ્રહણ કરેલી કાર્મણ- વર્ગણા તો ક્રિયાનું ફળ આપ્યા વગર તો એમને એમ ક્યાંથી ખરી પડે? (જાય?) આ કાર્મણવર્ગણાનું પિંડ તે જ કાર્મણ (સૂક્ષ્મ) શરીર જે આત્માની સાથે ઉત્કૃષ્ટપણે ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષના ગુણાંકમાં સતત બંધાયા કરે છે અને એ પ્રમાણે સાથે રહે છે. એના કારણે જ આત્માને ભવભ્રમણમાં સુખદુઃખનો અનુભવ કરવો પડે છે. કર્મનું ફળ ભોગવવું પડે છે.

*આત્મા રાગદ્વેષના પરિણામો દ્વારા કાર્મણવર્ગણાને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમાવે છે. આ કર્મોનો પણ એક પિંડ બની જાય છે. તેનું નામ છે કાર્મણ શરીર. જીવ જ્યારે એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યારે કર્મથી બનેલું આ સૂક્ષ્મ કાર્મણ શરીર એની સાથે ને સાથે જ રહે છે.*

આમ સર્વ સંસારી જીવોના સુખદુઃખ આદિની સ્થિતિ તેમ જ સંસારની વિષમતા, વિચિત્રતામાં કર્મસત્તા સબળ કારણ છે. કાળ, સ્વભાવ, નિયતિ, પુરુષાર્થ આદિ અન્ય કારણો સહકારી કારણો છે. આમ પ્રભુ મહાવીરે અગ્નિભૂતિને કર્મવાદનું રહસ્ય ખૂબ જ સચોટ અને તર્કબદ્ધ સમજાવ્યું, ત્યારે અગ્નિભૂતિએ પણ કર્મ સિદ્ધાંતની શ્રદ્ધા ધારણ કરી, કર્મ પદાર્થનું અસ્તિત્વ સ્વીકારી પ્રભુ મહાવીરના શરણે સંયમનો સ્વીકાર કર્યો. ✶ ✶ ✶

# કર્મસ્રોત

## કર્મનો અર્થ

આમ તો કર્મના અનેક અર્થ થાય છે. જેમ કે કર્તવ્ય, ફરજ, કાર્ય, ક્રિયા, આચાર, રોજગાર, પ્રવૃત્તિ, નસીબ, સંસ્કાર વગેરે. ભગવદ્ ગોમંડળમાં પાંત્રીસ મુખ્ય અર્થ છે. પેટા અર્થ તો જુદાં. પણ અહીં જે કર્મની વાત કરવાની છે તે 'કૃ' ધાતુને 'મન્' પ્રત્યય લાગીને બનેલો 'કર્મન્'ની છે. મન્ પ્રત્યય ભાવે પ્રયોગમાં થયો છે. તે વખતે કર્મનો અર્થ ક્રિયા-કામ એટલોજ થાય. કૃ ધાતુનો કરવું એવો જ અર્થ થાય છે જે ભાવે પ્રયોગમાં યથાવત્ રહે છે. વાસ્તવમાં કર્મનો મૌલિક અર્થ તો ક્રિયા જ છે. ક્રિયા ત્રણ પ્રકારની છે–શારીરિક, માનસિક અને વાચિક. શાસ્ત્રીય ભાષામાં એને યોગ કહેવાય છે. પરંતુ જૈનદર્શનમાં આ ક્રિયાપરક અર્થ આંશિક વ્યાખ્યા જ પ્રસ્તુત કરે છે. અહીં તો ક્રિયાના હેતુ પર પણ વિચાર કરવામાં આવ્યો છે. તેથી કહ્યું પણ છે કે જીવની ક્રિયાનો જે હેતુ છે તે કર્મ છે. તેથી મિથ્યાત્વ-કષાય આદિ કારણોથી જીવ દ્વારા જે ક્રિયા થાય છે તે જ કર્મ કહેવાય છે. એટલે જૈનદર્શનમાં ક્રિયા પર પણ વિશદ વિચાર કરવામાં આવ્યો છે.

**'करणम् इति क्रिया, क्रियते इति क्रिया'** – જે કરવામાં આવે છે, જે કરાય છે તે ક્રિયા. કર્મબંધમાં કારણરૂપ ચેષ્ટા તે ક્રિયા. ક્રિયા સમગ્ર કર્મબંધનું મૂળ છે. સંસાર જન્મ-મરણની જનની છે. ક્રિયાથી કર્મબંધ અને કર્મબંધથી સંસાર પરિભ્રમણ થાય છે. જીવના ભવભ્રમણમાં ક્રિયા મુખ્ય કારણ હોવાથી આધ્યાત્મિક સાધનામાં ક્રિયા વિષયક જ્ઞાન તથા તેનો વિવેકપૂર્વક ત્યાગ કરવો અત્યંત જરૂરી છે. ક્રિયા હોય પણ આશ્રવ અને બંધ ન હોય એવું ક્યારેય બને જ નહિ. ક્રિયાથી આશ્રવ–આશ્રવથી ક્રિયા બંને એકબીજાના પૂરક છે. અને આ બે વગર કર્મબંધ થાય નહિ. ક્રિયા + આશ્રવ + બંધ = કર્મ. આ ત્રણેયના સમન્વયથી કર્મ સંપૂર્ણ અવસ્થાને પામે છે.

## કર્મનો પ્રકાર

મુખ્યત્વે કર્મના બે પ્રકાર છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. રાગદ્વેષ આદિ મનોભાવ ભાવકર્મ છે. અને કર્મપુદ્ગલ દ્રવ્યકર્મ છે. કર્મપુદ્ગલ ક્રિયાનો હેતુ છે અને રાગદ્વેષાદિ ક્રિયા છે. એટલે કે પુદ્ગલપિંડ દ્રવ્યકર્મ છે અને ચેતનાને પ્રભાવિત કરવાવાળી શક્તિ તે ભાવકર્મ છે. કર્મની યોગ્ય વ્યાખ્યા માટે કર્મના આકાર (Form) અને વિષયવસ્તુ (Matter) બંને સમુચિત હોવા જરૂરી છે. જડકર્મ પરમાણુ કર્મની વિષયવસ્તુ છે અને મનોભાવ એના આકાર છે. આપણા સુખદુઃખાદિ અનુભવો અથવા શુભાશુભ કર્મસંકલ્પો માટે કર્મપરમાણુ ભૌતિક કારણ છે અને મનોભાવ ચૈતિસક કારણ છે. આત્મામાં મિથ્યાત્વ કષાયરૂપ રાગદ્વેષાદિ ભાવ છે તે જ ભાવકર્મ છે, જેમાં દ્રવ્યકર્મ નિમિત્ત બને છે. ભાવકર્મ આત્માનો વૈભાવિક (દૂષિત) પરિણામ (વૃત્તિ) છે અને સ્વયં આત્મા જ એનો ઉપાદાન (આંતરિક કારણ) છે. એટલે ભાવકર્મનું આંતરિક કારણ આત્મા જ છે. જેમ ઘડો બનાવવામાં માટી ઉપાદાન કારણ છે. માટી વગર ઘડો ન બને પણ એને બનાવવા માટે કુંભાર પણ જરૂરી છે. જે નિમિત્ત કારણ કહેવાય. એમ દ્રવ્યકર્મ એ સૂક્ષ્મ કાર્મણજાતિના પરમાણુઓનો વિકાર છે અને આત્મા એનું નિમિત્ત કારણ છે. આમ ભાવકર્મમાં દ્રવ્યકર્મ નિમિત્ત છે અને દ્રવ્યકર્મમાં ભાવકર્મ નિમિત્ત છે. બન્નેનો આપસમાં બીજાંકુરની જેમ કાર્યકારણ ભાવનો સંબંધ છે.

ભાવકર્મ અરૂપી છે (અમૂર્ત છે) અને દ્રવ્યકર્મ રૂપી છે. છતાં બંનેનો સંબંધ થાય છે. કારણકે સંસારી આત્મા અનાદિકાળથી કર્મયુક્ત છે. એટલે આત્મા સર્વથા અરૂપી હોવા છતાં કથંચિત રૂપી છે, માટે રૂપી આત્મા પર રૂપી કર્મનો પ્રભાવ પડે છે. જે ક્ષેત્ર અવગાહીને આત્મા રહ્યો હોય છે તે જ ક્ષેત્ર અવગાહી (રોકી)ને કાર્મણ વર્ગણા પણ રહેલી હોય છે. જેમ લોહચુંબક લોખંડના કણિયાને આકર્ષિત કરે છે એમ આત્માના રાગદ્વેષરૂપી પરિણામોને કારણે કાર્મણવર્ગણાઓને આકર્ષિત કરતો રહે છે અને કર્મરૂપે પરિણમાવતો રહે છે. મુખ્ય સ્રોત રૂપ આ કાર્મણવર્ગણાનું સ્વરૂપ જાણવું પણ અત્યંત જરૂરી છે.

**વિશ્વનું સ્વરૂપ :** આ લોક (વિશ્વ-બ્રહ્માંડ-યુનિવર્સ)માં કુલ છ દ્રવ્યો છે. ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં પરિવર્તિત થવા છતાં જેનું મૌલિક સ્વરૂપ તેમજ ક્ષમતા ક્ષીણ ન થાય તે દ્રવ્ય કહેવાય છે. ચૈતન્ય ગુણવાળો જીવાસ્તિકાય (soul) એક માત્ર ચેતન દ્રવ્ય છે. બાકીના પાંચ દ્રવ્ય જડ છે અને તે દરેક દ્રવ્ય સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે માટે છ દ્રવ્ય થાય છે..

૧. ધર્માસ્તિકાય : આ દ્રવ્ય જીવ-પુદ્ગલોને ગતિ કરવામાં સહાય કરે છે જેને આજનું વિજ્ઞાન ઈથર નામથી ઓળખે છે.

૨. અધર્માસ્તિકાય ' આ દ્રવ્ય સ્થિર રહેવામાં સહાય કરે છે. જેને વિજ્ઞાનમાં 'એન્ટિ ઈથર' કહેવામાં આવે છે.

૩. આકાશાસ્તિકાય : આ દ્રવ્ય અવગાહના દાન (જગ્યા આપવાનું)માં સહાય કરે છે. એને વિજ્ઞાન 'સ્પેસ' કહે છે.


૪. કાળ : પરિવર્તનમાં સહાયક છે. નવાનું જૂનું, આજનું કાલનું ઈત્યાદિ પરિવર્તન એનાથી થાય છે, તે અપ્રદેશી છે માટે અસ્તિકાય કહેવાતું નથી.

૪. પુદ્ગલાસ્તિકાય : પુરણ-ગલન સ્વભાવવાળું આ દ્રવ્ય વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું એક માત્ર રૂપી દ્રવ્ય છે જે જગતમાં વિવિધ ચિત્રો

રજૂ કરે છે.

ઉપરના છ દ્રવ્યોમાંથી કાળ માત્ર અઢી દ્વીપમાં પ્રવર્તે છે. આકાશાસ્તિકાય લોક અને અલોક બંનેમાં છે. બાકીના ચાર દ્રવ્યો આખા લોકમાં રહેલાં છે. આમાંથી જીવ અને પુદ્‌ગલ આ બે દ્રવ્યો પોતાના મૂળ સ્વભાવ છોડીને એકબીજાની સાથે સંયોજાય છે અને વિભાવદશાને પ્રાપ્ત કરે છે. બાકીના દ્રવ્યો પોતાના સ્વભાવમાં જ રહે છે. નિશ્ચયથી છએ દ્રવ્યો પોતપોતાની ક્રિયા કરે છે. વ્યવહારથી જીવ અને પુદ્‌ગલ ક્રિયા કરે છે, શેષ અક્રિય છે.

પુદ્‌ગલનું સ્વરૂપ : પુદ્‌ગલ જૈનદર્શન દ્વારા પ્રયોજાયેલો એક વિશેષ અર્થવાળો શબ્દ છે. જેનો ઉલ્લેખ માત્ર જૈનદર્શનમાં જ છે. જેને આધુનિક વિજ્ઞાન `Matter' કહે છે. પુદ્‌ગલના બે સ્વરૂપ ૧. પરમાણુ (Atom) અને (૨) સ્કંધ (Molecule). બંને સ્વરૂપો લોકમાં સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. પરમાણુ- પરમ+અણુ. પરમ એટલે અંતિમ, અણુ એટલે અંશ. અર્થાત્ પુદ્‌ગલ દ્રવ્યનો એવો એક નાનો અંશ જેનો સમર્થ જ્ઞાનીઓ પણ બીજો ભાગ કલ્પી ન શકે, જેમાંથી બીજા વિભાગ ન થઈ શકે એવો અંશ પરમાણુ કહેવાય છે, જે આખા લોકમાં ફેલાઈને રહ્યાં છે. એ જ પરમાણુ જ્યારે બે-ત્રણ-ચાર આદિ સંખ્યામાં જોડાઈને રહે ત્યારે તેને સ્કંધ કહેવામાં આવે છે. આ પણ આખા લોકમાં ફેલાઈને રહ્યાં છે.




**વર્ગણાનું સ્વરૂપ :** વર્ગના સમૂહને વર્ગણા કહેવાય છે. સંખ્યાની દૃષ્ટિએ સરખા પરમાણુવાળા પુદ્‌ગલ સ્કંધોના વર્ગને (સમૂહ) વર્ગણા કહે છે અથવા તો લોકમાં રહેલા વિશિષ્ટ પુદ્‌ગલોના વર્ગને વર્ગણા કહે છે. વર્ગણા અનંત પ્રકારની છે. લોકમાં એક એક છૂટા પરમાણુઓ અનંત છે. તે અનંત છૂટા પરમાણુઓના વર્ગને પહેલી વર્ગણા કહેવાય છે. એવી જ રીતે બે પરમાણુઓ જોડાઈને બનેલા દ્વિપ્રદેશી સ્કંધ પણ અનંતા છે તેને બીજી વર્ગણા કહે છે. આ રીતે ત્રણ-ચાર પાંચ યાવત્ સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી, અનંત પ્રદેશી સ્કંધના વર્ગને ક્રમશઃ ત્રિપ્રદેશીને ત્રીજી વર્ગણા. એવી રીતે ચોથી, પાંચમી, સંખ્યાતમી, અસંખ્યાતમી, અનંતમી વર્ગણા કહે છે. પહેલી વર્ગણાથી માંડીને અનંતમી વર્ગણા સુધીની દરેક વર્ગણાને એક વિભાગમાં સમાવેશ કરીને તેને પ્રથમ મહાવર્ગણા કહે છે. પ્રથમ મહાવર્ગણામાં રહેલા સ્કંધો જીવને ઉપયોગી ન હોવાથી તેને અગ્રહણ યોગ્ય પ્રથમ મહાવર્ગણા કહે છે. મહાવર્ગણાની અંદર રહેલી અનંતીવર્ગણાને પેટાવર્ગણા કહે છે. પ્રથમ મહાવર્ગણાની છેલ્લી પેટા વર્ગણા જે અનંત પરમાણુની બનેલી અનંતપ્રદેશી છે એમાં એક પરમાણુ ઉમેરવાથી અનંત + ૧ તે બીજી મહાવર્ગણાની પ્રથમ પેટાવર્ગણા બને છે. એમાં પણ ક્રમશઃ અનંત + ૨ = બીજી વર્ગણા, અનંત + ૩ = ત્રીજી વર્ગણા યાવત્ અનંત + સંખ્યાત્, અનંત + અસંખ્યાત, અનંત + અનંત એમ સ્કંધોની બનેલી બીજી મહાવર્ગણા કહેવાય છે. જે ઔદારિક શરીર બનાવવાના કામમાં આવે છે તેને ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણા કહેવાય છે. ત્યાર પછી બીજી મહાવર્ગણાની છેલ્લી પેટાવર્ગણામાં ૧ પરમાણુ ઉમેરતાં જે સ્કંધ બને છે તે ત્રીજી મહાવર્ગણાની પ્રથમ પેટા વર્ગણા છે. યાવત્ એવી જ રીતે ક્રમશઃ સોળ વર્ગણા બને છે. એમાંથી એકી નંબરની વર્ગણાઓ જીવ માટે અગ્રહણ છે અને બેકી નંબરની વર્ગણાઓ જીવ માટે ગ્રહણ યોગ્ય છે જે ક્રમશઃ આ પ્રમાણે છે– ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ. એ જ નામની આઠ અગ્રહણ વર્ગણા છે. આ બધી વર્ગણાઓ ક્રમશઃ સૂક્ષ્મથી સૂક્ષ્મ છે. એમાંથી સોળમી વર્ગણા એકદમ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. જે આત્મા પર ચોંટીને કર્મનું સ્વરૂપ ધારણ કરે છે. આ બધી વર્ગણાઓ આખા લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે. જે ઔદારિક શરીર આદિ બનાવવાના 'રૉ મટિરિયલ' તરીકે છે. જે ક્ષેત્ર અવગાહીને જીવ હોય તે જ ક્ષેત્ર અવગાહીને આ વર્ગણાઓ પણ રહેલી હોય છે. એટલે જરૂરિયાત પ્રમાણે આત્મા ગ્રહણ કરતો જાય છે. જેમ કે ઔદારિક શરીર બનાવવું હોય તો તે ઔદારિક મહાવર્ગણા ગ્રહણ કરીને ઔદારિક શરીર રૂપે પરિણમાવે છે. એમ

બીજી વર્ગણાઓ માટે સમજી લેવું. આ બધી વર્ગણાઓ વિશિષ્ટ જ્ઞાન વગર દેખાતી નથી. કાર્મણ વર્ગણા આપણે ઈન્દ્રિય કે યંત્રની મદદથી પણ જોઈ શકતા નથી. તેથી તેનું અસ્તિત્વ નથી એમ નહિ સમજવાનું. આપણે જ્યાં રહીએ છીએ ત્યાં આજુબાજુ કેટલાં બધા તરંગો (Waves) છે. પણ શું એ દેખાય છે? દા. ત. આપણી ચારેબાજુ ધ્વનિ તરંગ (Sound Waves) છે પણ દેખાતાં નથી. જ્યારે આપણે રેડિયો ચાલુ કરીએ છીએ ત્યારે એમાં રહેલાં ટ્રાન્સમીટર એ ધ્વનિ તરંગોને ગ્રહણ કરીને એને અવાજમાં પરિવર્તિત કરી દે છે. જેથી રેડિયોમાં આપણને ગીત વગેરે સંભળાય છે. એ જ રીતે આપણામાં રહેલાં રાગદ્વેષરૂપી ભાવો ટ્રાન્સમીટર કાર્મણવર્ગણારૂપી વેવ્સ ગ્રહણ કરીને કર્મ રૂપે પરિણમાવે છે જેને કારણે આ બધા વિવિધ રૂપો જોવા મળે છે.

બીજું દૃષ્ટાંત મોબાઈલનું લેવાથી વધુ સમજાશે. મોબાઈલ પણ નેટવર્કથી ચાલે છે. એ નેટવર્ક પણ ક્યાં દેખાય છે. એ બધા પણ પુદ્‌ગલની વર્ગણાના જ પ્રકાર છે. શબ્દ, રૂપ, ગંધ, રસ વગેરે રૂપે પરિણમે છે. માત્ર અનુભવાય છે. એમાં કાર્મણવર્ગણા તો અતિ સૂક્ષ્મ છે તો કેવી રીતે જોઈ શકાય! પણ દરેકના જુદાં જુદાં રૂપ-રંગ, ગમા-અણગમા, સુખ-દુઃખ વગેરેથી ખ્યાલ આવે છે કે કોઈક તત્ત્વ છે, જેનાથી આ બધા દૃશ્યો શક્ય બને છે.

જેમ રેડિયો ચાલુ કરીએ તો જ ટ્રાન્સમીટર વેવ્સને પકડે છે. તેમ આ કાર્મણવર્ગણા પણ એમને એમ ચોંટતી નથી, પણ મન-વચન-કાયાની પ્રવૃત્તિ-ક્રિયાથી આત્મામાં એક કંપન અવસ્થા પેદા થાય છે. સ્પંદન થાય છે જેથી કાર્મણવર્ગણા આત્મા પાસે આવે છે, જેને આશ્રવ કહેવાય છે. એ આશ્રવનું સ્વરૂપ નીચે મુજબ છે.

**આશ્રવ** – આશ્રવ અર્થાત્ આ+શ્રવ. આ=આવવું, શ્રવ=શ્રવીને, સરકીને આવવું. જે ક્રિયાઓથી આત્મામાં કાર્મણવર્ગણા આવે છે તેને આશ્રવ કહેવાય. આશ્રવના મુખ્ય પાંચ દ્વાર ગણવામાં આવ્યા છે. (૧) ઈન્દ્રિયાશ્રવ (૨) કષાયાશ્રવ (૩) અવ્રતાશ્રવ (૪) યોગાશ્રવ અને (૫) ક્રિયાશ્રવ. આ આશ્રવોને નૌકામાં પડેલા છિદ્રોની ઉપમા આપી શકાય.

(૧) **ઈન્દ્રિયાશ્રવ :** ઈન્દ્રિયોની પ્રવૃત્તિ દ્વારા જે આશ્રવ થાય તે ઈન્દ્રિયાશ્રવ છે. તેના (ઈન્દ્રયોના) પાંચ ભેદ છે. (૧) સ્પર્શેન્દ્રિય (૨) રસેન્દ્રિય (૩) ઘ્રાણેન્દ્રિય (૪) ચક્ષુન્દ્રિય અને (૫) શ્રવણેન્દ્રિય. આ પાંચ ઈન્દ્રિયોના અનુક્રમે ૮-૫-૨-૫-૩ વિષયો છે, જે કુલ મળીને ત્રેવીસ વિષયો થાય છે. સંસારમાં સર્વ જીવો સશરીરી છે. અને શરીર છે તો ઈન્દ્રિયો અવશ્ય હોય. કોઈને એક તો કોઈને બે-ત્રણ-ચાર કે પાંચ ઈન્દ્રિયો મળે. જીવ તેના માધ્યમથી તે તે વિષયોને ગ્રહણ કરે છે. જેમ કે સ્પર્શેન્દ્રિયથી આઠ પ્રકારના સ્પર્શને ગ્રહણ કરી શકાય. એથી આત્માને સ્પર્શાનુભવ જ્ઞાન થાય છે. એ રીતે પાંચે ઈન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે. તેમાં પણ રાગદ્વેષના ભાવ ભળે છે. જેમ કે સુગંધ પ્રિય લાગે છે. દુર્ગંધ અપ્રિય લાગે. મીઠો રસ પ્રિય હોય, કડવો રસ અપ્રિય લાગે. આ પ્રકારના રાગ-દ્વેષમાં ઈન્દ્રિયો નિમિત્ત હોવાથી આશ્રવ કહેવાય છે.

**(૨) કષાયાશ્રવ** – કષ+આય=કષાય. કષ=સંસાર અને આય =લાભ. અર્થાત્ જેનાથી સંસારનો લાભ થાય–સંસાર વધે તેને કષાય કહેવાય. મુખ્ય કષાય ચાર પ્રકારે છે. જેમ કે ક્રોધ, માન, માયા અને લોભ. આત્મા જ્યારે ક્રોધાદિ કષાયોને કારણે રાગ-દ્વેષાદિ ભાવોને આધીન થાય છે ત્યારે આત્માનો સંસાર વધે છે. માટે આ કષાય પણ આત્મામાં કાર્મણવર્ગણાના પુદ્‌ગલ પરમાણુઓને ખેંચીને લાવવાનું કાર્ય કરે છે. આથી ચાર પ્રકારના કષાય આશ્રવ કહેવાય છે.

**(૩) અવ્રતાશ્રવ** – અ+વ્રત=અવ્રત. અર્થાત્ વ્રતનો અભાવ. વ્રતથી વિપરીત ચાલવું એ અવ્રત કહેવાય. અવ્રત પાંચ છે જેમ કે, (૧) હિંસા (૨) જૂઠ (૩) ચોરી (૪) મૈથુન અને (૫) પરિગ્રહ વૃત્તિ. અહિંસા, સત્યાદિ પાંચ વ્રતો ધર્મ સ્વરૂપ છે. સતત એના આચરણથી કર્માશ્રવ થઈ શકતો નથી. પરંતુ જીવ જ્યારે હિંસા, જૂઠ, ચોરી, આદિ અવ્રતોનું આચરણ કરે છે ત્યારે આત્મામાં કાર્મણવર્ગણાનો આશ્રવ થાય છે માટે પાંચ પ્રકારના હિંસાદિ અવ્રત કહેવાય છે.

**(૪) યોગાશ્રવ** – મન, વચન અને કાયા (શરીર) ત્રણ યોગો છે. સંસારી જીવને આ ત્રણ સાધનોમાંથી કોઈને એક તો કોઈને બે કે ત્રણે સાધનો મળે છે. વળી પ્રત્યેક સંસારી જીવને શરીર તો અવશ્ય મળે છે. દ્વિન્દ્રિય અને ઉપરના જીવોને બીજો વચનયોગ મળે છે, તથા માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ મન યોગ મળે છે. આ રીતે આ ત્રણ સાધનો જીવોને મળે છે. જેના આધારે જીવ કર્મબંધની પ્રવૃત્તિ કરે છે. (કર્મથી જોડાય છે.) અશુભ પાપકર્મ પણ આ ત્રણ યોગ દ્વારા જ થાય છે. અને શુભ પુણ્ય પણ આ ત્રણ દ્વારા જ થાય છે. જેને અનુક્રમે પાપાશ્રવ અને પુણ્યાશ્રવ કહે છે. માટે આ ત્રણ યોગને આશ્રવના કારણ ગણ્યાં છે.

**(૫) ક્રિયાશ્રવ** – સંસારી જીવ માત્ર વિવિધ પ્રકારી ક્રિયા કરે છે. સંસારી જીવ ક્રિયારહિત હોય નહિ. ગમન-આગમન ક્રિયા છે, તેમ રાગ-દ્વેષ કરવો કે હિંસા કરવી, આરંભ-સમારંભાદિ કરવા આ બધી ક્રિયાઓ જ છે. આવી પચ્ચીસ પ્રકારની મુખ્ય ક્રિયાઓ છે. જીવ જ્યારે આ પ્રકારની કોઈકને કોઈક ક્રિયાને આધીન થાય છે ત્યારે કાર્મણવર્ગણાનો આશ્રવ થાય છે. આથી જીવ કર્માણુઓથી લિપ્ત થાય છે. સિદ્ધ આત્મા જ માત્ર અક્રિય-નિષ્ક્રિય છે. સંસારી જીવ તો ક્રિયા સહિત હોવાથી કર્મો બાંધે છે. માટે પચ્ચીસ પ્રકારની ક્રિયાશ્રવ કહેવાય છે.

આમ આ પાંચ મુખ્ય આશ્રવ દ્વારોના પેટા વિભાગ બેતાલીસ

થાય છે. આ ભેદો દ્વારા કાર્મણવર્ગણાનો આશ્રવ આત્મામાં પ્રવેશે છે. એને આત્મા ગ્રહણ કરે છે. ગ્રહણ કરીને બંધનકરણ દ્વારા કર્મરૂપે પરિણમાવે છે. જેવી રીતે રૂપિયાની નોટ છાપવા માટે પ્રથમ કાચામાલ તરીકે કાગળના રીમ હોય તે કાગળ તરીકે જ ઓળખાય છે. પણ જ્યારે એના પર રિઝર્વ બૅન્ક મહોર મારે છે ત્યારે એને રૂપિયા તરીકેની ઓળખ મળે છે. એમ કાર્મણવર્ગણા કર્મ માટેનું રૉ મટિરિયલ છે. જો કે તે એમ ને એમ તો કાર્મણવર્ગણા જ છે, પણ જ્યારે આત્મા એને ગ્રહણ કરીને બંધનકરણ દ્વારા મહોર મારી દે છે પછી તે આત્મા સાથે ક્ષીર-નીરની જેમ એકમેક થઈને બંધાઈ જાય છે એટલે કર્મની ઓળખ પ્રાપ્ત થાય છે અથવા **આત્મારૂપી નૌકા વર્ગણારૂપ પાણીમાં તરે છે. આ નૌકામાં પાંચ છિદ્રો દ્વારા કર્માશ્રવ (કર્મરૂપી પાણી) આવે છે. આ છિદ્રોને બંધ કરીને પાણી આવતું અટકાવવું તે સંવર છે. અને આવી ગયેલા પાણીને બહાર કાઢવું તે નિર્જરા છે.** મિથ્યાત્વ આદિ આશ્રવને સમ્યક્ત્વ, વ્રત, અપ્રમાદ, અકષાય અને અજોગના બારણાથી બંધ કરી દેવાથી સંવર થાય. જ્યાં સુધી આ છિદ્રો ખુલ્લા છે ત્યાં સુધી આત્મા સમયે સમયે સતત સાત (આયુષ્ય કર્મ છોડીને) કે આઠ કર્મોનો બંધ કરતો રહે છે. તે આઠ કર્મો આ પ્રમાણે છેઃ (૧) જ્ઞાનાવરણીય કર્મ (૨) દર્શનાવરણી. કર્મ (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર અને અંતરાય કર્મ. આ મૂળ કર્મોના અન્ય પ્રકારે બે ભેદ છે, જેમ કે (૧) ઘાતીકર્મ અને (૨) અઘાતી કર્મ.

**ઘાતીકર્મ** – જે કર્મ આત્માના જ્ઞાનાદિ મૂળ ગુણોનો ઘાત કરે છે (આવરણ કરે) તે ઘાતીકર્મ કહેવાય છે. ઘાતી કર્મ ચાર પ્રકારે છે. જેમ કે, જ્ઞાનાવરણીયકર્મ. દર્શનાવરણીય કર્મ, મોહનીય અને અંતરાય કર્મ. ઘાતી કર્મના પેટા ભેદ રૂપે બે ભેદ છે. (૧) **સર્વઘાતી :** જે કર્મ પોતાના ઢાંકવા યોગ્ય ગુણનો સંપૂર્ણ ઘાત (આવરણ) કરે છે તે સર્વઘાતી કહેવાય છે. સર્વઘાતીકર્મની કેવલ-જ્ઞાનાવરણીય, કેવલ દર્શનાવરણીય, પાંચ પ્રકારની નિદ્રા, પહેલા બાર કષાય અને મિથ્યાત્વ એમ કુલ વીસ પ્રકૃતિ છે. **(૨) દેશઘાતી :** જે કર્મ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણનો કાંઈક અંશે ઘાત (આવરણ) કરે છે તે દેશઘાતી કહેવાય છે. જેમ કે સૂર્ય વાદળાથી ઢંકાયેલો હોવા છતાં પણ દિવસ કે રાતનું જ્ઞાન થાય છે. તેમ કેવળજ્ઞાન ઘનઘાતી કર્મો દ્વારા ઢંકાયેલું હોવા છતાં પણ કેવળજ્ઞાનનો અનંતમો ભાગ આંશિક-ભાગ રૂપે ખુલ્લો રહેવાથી મતિ આદિ જ્ઞાનમાં વહેંચાઈ જાય છે. એટલે મતિઆદિ ચાર જ્ઞાન દેશઘાતી ગણાય છે. દેશઘાતીની મતિ જ્ઞાનાવરણીય આદિ ચાર, ચક્ષુ દર્શનાવરણીય આદિ ત્રણ, સંજ્વલન કષાય–ચાર, નોકષાય-નવ અને અંતરાય-પાંચ. આમ કુલ પચ્ચીસ પ્રકૃતિ છે.

**અઘાતીકર્મ** – જે કર્મ આત્માના જ્ઞાન આદિ મૂળ ગુણોનો ઘાત ન કરે તથા મૂળ ગુણોને પ્રગટ થવામાં બાધક બનતાં નથી તેને અઘાતી કર્મ કહે છે. તેના ચાર પ્રકાર છે. (૧) વેદનીય, (૨) આયુષ્ય, (૩) નામ અને (૪) ગોત્રકર્મ. અઘાતીકર્મની વેદનીય-બે, આયુષ્ય-ચાર-નામ-સડસઠ, ગોત્ર-બે. આમ કુલ પંચોતેર પ્રકૃતિ છે.

ઘાતી કર્મોનો નાશ થયા પછી અઘાતી કર્મો લાંબો સમય ટકતાં નથી. આયુષ્ય પૂર્ણ થતાં જ બાકીનાં ત્રણ ઘાતી કર્મોનો ક્ષય થાય છે. **તેથી જીવ કર્મરહિત બની સિદ્ધ થઈ જાય છે.**

આ રીતે કર્મસ્રોતનું મુખ્ય ઘટક કાર્મણવર્ગણા આશ્રવ દ્વારા આત્મામાં પ્રવેશીને બંધનકરણ વડે વિવિધ કર્મસ્વરૂપે સ્થાન પ્રાપ્ત કરે છે.

✱ ✱ ✱

## જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મના ક્રમનું પ્રયોજન

જીવનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ બે પ્રકારે–જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ છે. તેમાં જ્ઞાનોપયોગ મુખ્ય છે. કારણ કે સકળ શાસ્ત્રની વિચારણા જ્ઞાન દ્વારા જ થાય છે. સર્વ લબ્ધિઓ પણ જ્ઞાન દ્વારા જ પ્રાપ્ત થાય છે અને મોક્ષની પ્રાપ્તિ સમયે પણ જ્ઞાનનો જ ઉપયોગ હોય છે. માટે જ્ઞાન ગુણને પ્રધાન ગુણ ગણીને તેને ઢાંકનારું જ્ઞાનાવરણીય કર્મ પ્રથમ ગણાયું છે. જીવ જ્ઞાનોપયોગમાંથી અવશ્ય દર્શનોપયોગમાં જાય છે. જ્ઞાન ઉપયોગ પૂર્ણ થતાં તરત જ દર્શનનો ઉપયોગ હોય તેથી જ્ઞાનાવરણીય કર્મ પછી દર્શન ગુણને ઢાંકનારું દર્શનાવરણીય કર્મ કહ્યું છે. આ બન્ને કર્મના ક્ષયોપશમની હીનાધિકતાને કારણે જીવને સુખ-દુઃખનો અનુભવ થતો હોવાથી ત્રીજું વેદનીય કર્મ કહ્યું છે. વેદનીય કર્મના ઉદયથી જીવને સુખદુઃખ રૂપે રાગ-દ્વેષ થાય છે, એટલે રાગ-દ્વેષરૂપ મોહનીય કર્મનું કારણ વેદનીય કર્મ છે. તેથી વેદનીય કર્મ પછી ચોથું મોહનીય કર્મ કહ્યું છે. મોહનીય કર્મના ઉદયથી મૂઢાત્મા આરંભ અને પરિગ્રહાદિમાં આસક્ત થઈ ઊંચ-નીચ ગતિમાં આયુષ્યનો બંધ કરે છે. એટલે આયુષ્ય કર્મનું કારણ મોહનીય કર્મ છે. તેથી મોહનીય કર્મ પછી પાંચમું આયુષ્યકર્મ કહ્યું છે. નરકાદિ આયુષ્યનો ભોગવટો શરીર વગર થઈ શકતો નથી. એટલે નામકર્મનું કારણ આયુષ્યકર્મ છે. તેથી આયુષ્ય કર્મ પછી છઠ્ઠું નામકર્મ કહ્યું છે. નામકર્મનો ઉદય થયા પછી જીવમાં ઉચ્ચ-નીચનો વ્યવહાર થાય છે. એટલે નામકર્મ પછી ગોત્ર કર્મ સાતમું કહ્યું છે. ગોત્રકર્મના ઉદયથી દાન, લાભ, ભોગ આદિની પ્રાપ્તિ અને વિયોગ થાય છે. એટલે અંતરાયકર્મનું કારણ ગોત્રકર્મ છે. તેથી ગોત્રકર્મ પછી આઠમું અંતરાયકર્મ કહ્યું છે. આમ દરેક કર્મને પૂર્વ-પૂર્વ કારણને અનુરૂપ ક્રમ આપ્યો છે તે એકદમ સચોટ અને મનનીય છે.

# કર્મબંધની પ્રક્રિયા

કર્મબંધની પ્રક્રિયા પણ જાણવી જરૂરી છે. જેમ મકાન બાંધતી વખતે સીમેન્ટ-રેતીમાં પાણી નાખીને જ મિશ્રણ કરવામાં આવે છે. આ મિશ્રણની પ્રક્રિયા તેના પદાર્થો ઉપર આધાર રાખે છે. તેમાં જો પાણી ઓછું હશે તો મિશ્રણ બરાબર થશે નહિ. એ જ રીતે રોટલી બનાવવા માટે લોટમાં પાણી નાખીને મિશ્રણ કરીને, મસળીને પિંડ બનાવવામાં આવે છે. એમાં પણ પાણીના વત્તા-ઓછા પ્રમાણ પર આધાર છે. એ જ રીતે આત્માની સાથે કર્મબંધમાં પણ કષાયાદિની માત્રા આધારભૂત પ્રમાણ છે. સીમેન્ટ, રેતી અને લોટમાં મિશ્રણ પાણી પર આધારિત છે તેમ આત્માની સાથે જડ કાર્મણસ્કંધોનું મિશ્રણ કષાય પર આધારિત છે. કષાય અહીં પણ પણ રસનું કામ કરે છે. એ જ કર્મબંધની પ્રક્રિયાનું માધ્યમ છે. જે રીતે પાણી વત્તું ઓછું હોય તો લોટમાં તથા સીમેન્ટના મિશ્રણ યા બંધનમાં ફરક પડે છે. એ જ રીતે કષાયોની તીવ્રતા અથવા મંદતા આદિના કારણે કર્મબંધનમાં શિથિલતા અથવા દૃઢતા આવે છે. આથી કર્મબંધની પ્રક્રિયા ચાર પ્રકારે બતાવી છે. જૈમ કે,

**(૧) સ્પૃષ્ટ (શિથિલ) કર્મબંધ :** જેમ કે સૂકા કપડાં ઉપર લાગેલી ધૂળની રજકણ જે ખંખેરવા માત્રથી દૂર થઈ જાય છે, અથવા તો દોરામાં સામાન્ય ગાંઠ જે શિથિલ (ઢીલી) રીતે જ વાળવામાં આવી છે, એ સહજ પ્રયત્ન કરવાથી ખૂલી જાય છે. વિશેષ પ્રયત્ન કરવો પડતો નથી. એ જ રીતે સામાન્ય-અલ્પ માત્રાના કષાયાદિ કારણથી બાંધેલા કર્મ જો આત્મા સાથે સ્પર્શમાત્ર સંબંધથી ચોંટ્યા હોય તો સામાન્ય પશ્ચાતાપ માત્રથી દૂર કરી શકાય છે. એને સ્પૃષ્ટ-સ્પર્શબંધ કર્મ કહેવાય છે, જે નીચેના દૃષ્ટાંતથી જાણીએ.

**શ્રી પ્રસન્નચંદ્ર રાજઋષિ :**

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. પોતનપુર નગરના રાજાનું નામ પ્રસન્નચંદ્ર હતું. એક વાર પ્રભુ મહાવીર પોતનપુર પધાર્યા. તેમની દેશના સાંભળીને રાજા પ્રસન્નચંદ્ર સંસારથી ઉદ્વેગ પામ્યા અને પોતાના બાળકુમારને રાજગાદી ઉપર બેસાડી તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી.

ત્યારપછી પ્રભુ વિહાર કરતાં કરતાં રાજગૃહી પધાર્યા ત્યારે પ્રભુના દર્શન કરવા શ્રેણિક રાજા પોતાની સેના-પરિવાર સાથે નીકળ્યા. તેમણે રસ્તામાં તપ કરતાં ધ્યાનસ્થ પ્રસન્નચંદ્ર મુનિને જોયા. આથી દુર્મુખ નામનો સેનાપતિ બોલ્યો, 'અરે! આ તો પ્રસન્નચંદ્ર રાજા છે, જેમણે પોતાના રાજ્યનો બધો કારભાર પોતાના બાળકુમાર ઉપર મૂક્યો છે! આ તો કાંઈ ધર્મી કહેવાય? એના મંત્રીઓ રાજકુમારને રાજ્ય ઉપરથી પદભ્રષ્ટ કરશે.' આ પ્રકારના વચનો ધ્યાનસ્થ મુનિ પ્રસન્નચંદ્રે સાંભળ્યા અને મનથી ચિંતવવા લાગ્યા કે, 'ધિક્કાર છે મારા અકૃતજ્ઞ મંત્રીઓને! જો હું રાજ્ય સંભાળતો હોત તો તેઓને આકરી શિક્ષા કરત.' આવા સંકલ્પ-વિકલ્પોથી રાજર્ષી પોતાના ગ્રહણ કરેલા દીક્ષા વ્રતને ભૂલી જઈ મનથી મંત્રીઓ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમના બધા આયુધો ખલાસ થતાં મસ્તક ઉપરના શિરસ્રાણથી શત્રુને મારું, એવું ધારી તેમણે પોતાનો હાથ માથા ઉપર મૂક્યો. ત્યાં તો માથે લોચ કરેલો છે, પોતે વ્રતમાં છે એ જાણી તરત જ પોતાના આત્માને નિંદવા લાગ્યા અને તેની આલોચના પ્રતિક્રમણ કરીને પાછા પ્રશસ્ત ધ્યાનમાં સ્થિર થઈ ગયા અને ક્ષપક શ્રેણીમાં ચડી જતાં કેવળજ્ઞાન પામ્યા.

આમ પ્રસન્નચંદ્ર રાજર્ષિના ધ્યાનમાં વિચારો બગડ્યા તેથી જે કર્મબંધ થયો એ શિથિલબંધ માત્ર જ હતો. બે ઘડીમાં પશ્ચાતાપથી કર્મક્ષય થઈ ગયો અને કર્મમુક્ત થઈને તેમનો મોક્ષ થયા

**(૨) બદ્ધ (ગાઢ) કર્મબંધ :** આ બંધ પહેલા કર્મબંધ કરતાં થોડો વધારે ગાઢ છે. વધારે મજબૂત છે. ભીના કપડાં ઉપર લાગેલી ધૂળ કાઢવા માટે વિશેષ પ્રયત્નો કરવા પડે છે. માત્ર ખંખેરવાથી નીકળે નહિ પરંતુ સાબુ આદિનો પ્રયોગ કરવો પડે અથવા તો દોરામાં ગાંઠ ખેંચીને સખત રીતે વાળી હોય તો તે ખોલવામાં મુશ્કેલી પડે છે. એવી જ રીતે આત્માની સાથે કર્મનો બંધ ગાઢ-મજબૂત થયો હોય તો તેને બદ્ધ કર્મબંધ કહેવાય છે. માત્ર પશ્ચાતાપથી આ બંધ છૂટતો નથી. એના ક્ષય માટે વિશેષ પ્રયત્નો કરવા પડે છે. પ્રાયશ્ચિત લેવું પડે છે. દા. ત. અઈમુત્તામુનિને પ્રાયશ્ચિત કરતાંજ કર્મક્ષય થઈ ગયો. આ બંધમાં કંઈક શિથિલ અંશ પણ હોય છે અને કંઈક ગાઢ અંશ હોય છે. જેનું દૃષ્ટાંત નીચે મુજબ છે.

**અઈમુત્તામુનિ :**

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં ગૌતમસ્વામી ગોચરી લેવા નીકળ્યા છે ત્યારે રમતા અઈમુત્તા બાળકે મુનિને જોયા અને પોતાના મહેલે મુનિને ભિક્ષા લેવા માટે આવવા વિનંતી કરી. બાળકની ભાવના જોઈને ગૌતમ સ્વામી બાળકના મહેલે ગયા અને ભિક્ષા ગ્રહણ કરી. ત્યારે અઈમુત્તાએ સહજ બાળભાવે ગૌતમસ્વામીને કહ્યું કે, લાવો, આ પાત્રા મને આપો. ભોજનનો ઘણો ભાર છે, હું ઉપાડું. ત્યારે ગૌતમ સ્વામીએ જવાબ આપ્યો, 'ના, ના. આ બીજા કોઈને ન આપાય. એ તો અમારા જેવા ચારિત્ર પાળતા સાધુ જ ઉપાડી શકે. આ સાંભળી અઈમુત્તાએ સાધુ થવાની હઠ લીધી. માતા પાસે યેનકેન પ્રકારે રજા મેળવી લીધી અને ગૌતમસ્વામી સાથે સમવસરણમાં આવી પ્રભુ પાસે દીક્ષા લીધી.

એક વાર વૃદ્ધમુનિ સ્થંડીલ માટે વનમાં જતા હતા, તેમની સાથે અઈમુત્તા મુનિ ગયા. રસ્તામાં એક નાનું સરોવર આવ્યું. ત્યારે બાળ ભાવે અઈમુત્તામુનિએ નાનાં પાત્રાંની હોડી બનાવી તેમાં તરવા મૂકી. આ જોઈ વૃદ્ધમુનિએ સમજાવ્યું કે, આપણાથી આવું ન કરાય.

આ પાણીની અંદર આવી રમતો કરીએ તો છકાયના જીવની વિરાધના થાય અને એના ફળરૂપે આપણો જીવ દુર્ગતિમાં જાય. આ સાંભળી બાળ મુનિને ઘણી લજ્જા આવી, ઘણો પસ્તાવો થયો. પોતાના કરેલા કાર્ય માટે સમવસરણમાં આવી 'ઈરિયા વહી પડિક્કમતા' શુકલધ્યાનમાં ચડી ગયા. શુદ્ધ ભાવથી કરેલ પાપનું પ્રાયશ્ચિત કરતાં કરતાં કેવળજ્ઞાન પામ્યા. આમ અઈમુત્તામુનિએ શુદ્ધભાવે પ્રાયશ્ચિત કરતાં જ કર્મનો ક્ષય કર્યો.

**(૩) નિધત્ત કર્મબંધ :** જેવી રીતે કપડાં પર લાગેલા કાદવના ડાઘ કાઢવા માટે માત્ર સાબુ આદિનો પ્રયોગ કામ આવે નહિ પરંતુ વિશેષ પદાર્થોનો તેમજ બ્રશ આદિથી ઘસવું પડે, અથવા તો રેશમી દોરામાં લગાવેલી પાકી ગાંઠ જે ખોલવી મુશ્કેલ જેવી જ થઈ ગઈ, એવી જ રીતે કર્મનો બંધ તીવ્ર કષાયની વૃત્તિમાં અતિ મજબૂત બની જાય છે ત્યારે આસાનીથી છૂટી શકતો નથી. આ નિધત્ત પ્રકારનો બંધ કહેવાય છે. પહેલાં બે બંધો કરતાં તે બમણો મજબૂત હોય છે. આ કર્મોનો ક્ષય, તપ-તપશ્ચર્યાદિ ધર્માનુષ્ઠાન વિશેષ રીતે કરીને કઠિનાઈથી થાય છે. અર્જુનમાળીએ વિશિષ્ટ તપશ્ચર્યા કરી કર્મક્ષય કર્યો, જેનું દૃષ્ટાંત નીચે મુજબ છે

**અર્જુનમાળી :**

રાજગૃહી નગરમાં અર્જુન નામે માળી રહેતો હતો. તેને બંધુમતી નામની સુંદર પત્ની હતી. અર્જુનમાળીનો નગર બહાર એક મોટો બગીચો હતો. ત્યાં મુદ્દગરપાણિ યક્ષનું એક મંદિર પણ હતું. અર્જુનમાળી મુદ્દગરપાણિ યક્ષનો ઉપાસક હતો.

એકદા તે નગરની 'લલિતા' નામની અપરાભૂત મિત્રમંડળી મુદ્દગરપાણી યક્ષના મંદિરમાં આમોદ-પ્રમોદ કરવા આવી. તે સમયે અર્જુનમાળી અને તેની પત્ની પણ પુષ્પો લઈ યક્ષના મંદિર તરફ ગયા. ત્યારે બંધુમતી 'લલિતા ટોળી'ની નજરે પડી. આથી અર્જુનમાળીને બાંધીને તેની પત્ની સાથે છ મિત્રો અનૈતિક વ્યવહાર કરવા લાગ્યા. આથી અર્જુનમાળી વિચારવા લાગ્યા કે, જો મુદ્દગરપાણી યક્ષ ખરેખર અહીં હાજર હોત તો શું મને આ પ્રકારની સ્થિતિમાં પડેલો જોઈ શકત? તે જ સમયે મુદ્દગરપાણી યક્ષે તેના શરીરમાં પ્રવેશ કર્યો અને બંધનોને તોડી છ પુરુષો અને બંધુમતીને મારી નાંખ્યા.

આ પ્રમાણે મુદ્દગરપાણી યક્ષથી આવિષ્ટ અર્જુનમાળી રાજગૃહીની આસપાસ રોજ છ પુરુષ અને એક સ્ત્રીની ઘાત કરતો. એકદા સુદર્શનશેઠે અર્જુનમાળીના આવિષ્ટ યક્ષને ભગાડ્યું. આથી અર્જુનમાળી પ્રભુ મહાવીર પાસેથી ધર્મોપદેશ સાંભળી સંયમ અંગીકાર કરીને તેમની પાસેથી યાવત જીવન છઠ્ઠના પારણે છઠ્ઠ તપસ્યાથી આત્માને ભાવિત કરવાની આજ્ઞા માંગી.

પ્રભુની આજ્ઞા મેળવી અર્જુનમુનિ છઠ્ઠના પારણે ગોચરી માટે જતા ત્યારે નગરના સ્ત્રી પુરુષો તેમને ધુત્કારતા, ગાળો આપતા, મારતા. આવી રીતે બધાંથી તિરસ્કૃત થવા છતાં અર્જુનમુનિ તેમના ઉપર દ્વેષભાવ કરતા નહિ અને સમતાભાવે સહન કરી છ માસ સુધી ચારિત્રનું પાલન કરી અર્ધમાસિકી સંલેખના કરી સિદ્ધ ગતિને પામ્યા.

આમ અર્જુનમુનિએ બાંધેલા કર્મોનો ક્ષય તપ-તપશ્ચર્યાદિ વિશેષ રીતે કરી મોક્ષગતિ મેળવી.

**(૪) નિકાચિત કર્મબંધ :** જેવી રીતે કપડાં પર લાગેલા ઓઈલના ડાઘ કાઢવા માટે સાબુ, વિશેષ દ્રવ્યો વાપરો તો પણ ડાઘ નીકળે નહિ. અથવા તો રેશમી દોરી ઉપર મજબૂત ગાંઠ મારી એની ઉપર મીણ લગાડ્યું હોય તો તે ખૂલવી અસંભવ બની જાય છે. એવી જ રીતે આત્માની સાથે તીવ્રતર-તીવ્રતમ કષાયાદિને કારણે એટલો ભયંકર ગાઢકર્મબંધ થઈ જાય છે કે તપશ્ચર્યાદિ અનુષ્ઠાનથી પણ ક્ષય થતો નથી, ભોગવવો જ પડે છે. કોઈ પણ સંજોગોમાં એ ફળ આપ્યા વગર છૂટતો નથી. એને નિકાચિત કર્મબંધ કહે છે, જેનું દૃષ્ટાંત નીચે મુજબ છે.

**શ્રેણિક રાજા :**

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં મગધ દેશના રાજાનું નામ શ્રેણિક હતું. તેમને શિકાર કરવાનો ખૂબ શોખ હતો. એક દિવસ શ્રેણિક રાજા શિકાર કરવા જંગલમાં ગયા. તેમણે દૂરથી એક હરણીને જોઈ. તેમણે પોતાનો ઘોડો તે તરફ દોડાવ્યો. ધનુષ્ય પર બાણ ચડાવી બરાબર નિશાન તાકી રાજાએ તીર છોડ્યું. તીર હરણીના પેટમાં ખૂંપી ગયું. તેનું પેટ ફાટી ગયું. પેટમાંથી હરણીનું મરેલું બચ્ચું બહાર પડી ગયું અને હરણી પણ મરી ગઈ.

શ્રેણિક રાજા ઘોડા ઉપરથી ઉતરીને મરેલી હરણી પાસે આવ્યા. દૃશ્ય જોઈને એ ખૂબ જ ખુશ થયા. ગર્વથી બોલ્યા, 'મારા એક જ તીરથી બબ્બે પશુઓ મરી ગયા! હરણી અને તેનું બચ્ચું પણ! શિકાર આને કહેવાય!' શ્રેણિક રાજાનો આનંદ સમાતો નથી. હર્ષથી તેઓ ઝૂમી ઊઠ્યાં, આથી એમનું પહેલી નરક ગતિનું કર્મ બંધાઈ ગયું.

ત્યાર પછી કાળક્રમે અને ધીમે ધીમે જ્ઞાન પ્રાપ્ત થતાં ભગવાન મહાવીરના પરમ ઉપાસક બન્યા. એક વાર ભગવાનને પોતાની ગતિ વિષે પૂછતાં, ભગવાને જવાબ આપ્યો કે, 'શ્રેણિક મરીને તું પહેલી નરકે જઈશ, કારણ કે શિકાર કરીને તું ખૂબ ખુશ થયો હતો. આથી તારું નરક ગતિનું આયુષ્ય બંધાઈ ગયું છે. તારું આ પાપકર્મ નિકાચિત હતું. આથી આ કર્મ તારે ભોગવવું જ પડશે. અમે પણ તે અન્યથા કરવાને સમર્થ નથી.' આથી શ્રેણિક રાજા મરીને પહેલી નરકે ગયા.

આમ મગધના રાજા શ્રેણિકે શિકારમાં નિકાચિતકર્મ બાંધ્યું હતું કે જેને લીધે એમને નરકમાં જવું પડ્યું.

આવી રીતે જીવ પોતાના મંદ, તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ પ્રકારના વિવિધ કષાયોના આધારે ઉપરોક્ત ચારમાંથી ભિન્ન ભિન્ન પ્રકારના કર્મ બાંધે છે.

✶ ✶ ✶

# આઠ કર્મની ઉત્તર પ્રકૃતિ અને કર્મ વિપાકના પ્રકાર

| કર્મ | ઉત્તર પ્રકૃતિ | કર્મ વિપાકના પ્રકાર | સ્થિતિબંધ |
|---|---|---|---|
| ૧. જ્ઞાનાવરણીય | **૫**<br>(૧) મતિ જ્ઞાનાવરણીય (૨) શ્રુત જ્ઞાનાવરણીય (૩) અવધિ જ્ઞાનાવરણીય (૪) મનઃપર્યય જ્ઞાનાવરણીય (૫) કેવળ જ્ઞાનાવરણીય | **૧૦**<br>(૧) શ્રોતાવરણ (૨) શ્રોત વિજ્ઞાનાવરણ (૩) નેત્રાવરણ (૪) નેત્ર વિજ્ઞાનાવરણ (૫) ઘ્રાણાવરણ (૬) ઘ્રાણ વિજ્ઞાનાવરણ (૭) રસેન્દ્રિયાવરણ (૮) રસેન્દ્રિય વિજ્ઞાનાવરણ (૯) સ્પર્શેન્દ્રિયાવરણ (૧૦) સ્પર્શેન્દ્રિય વિજ્ઞાનાવરણ | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૨. દર્શનાવરણીય | **૯**<br>(૧) ચક્ષુદર્શનાવરણીય (૨) અચક્ષુદર્શનાવરણીય (૩) અવધિ દર્શનાવરણીય (૪) કેવળ દર્શનાવરણીય (૪) નિદ્રા (૫) નિદ્રા નિદ્રા (૬) પ્રચલા (૭) પ્રચલા પ્રચલા (૮) થીણદ્ધિ નિદ્રા | **૯**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૩. વેદનીય | **૨**<br>શાતાવેદનીય-અશાતાવેદનીય<br>શાતાવેદનીયના ૮ ભેદ (૧) મનોજ્ઞ શબ્દ (૨) મનોજ્ઞ રૂપ (૩) મનોજ્ઞ ગંધ (૪) મનોજ્ઞ રસ (૫) મનોજ્ઞ સ્પર્શ (૬) મનનું સુખ (૭) વચનનું સુખ (૮) કાયાનું સુખ .<br>અશાતાવેદનીયના ૮ ભેદ અમનોજ્ઞ શબ્દાદિ | **૨**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૪. મોહનીય | **૨**<br>(૧) દર્શન મોહનીય (૨) ચારિત્ર મોહનીય (૧) દર્શન મોહનીયના ૩ ભેદ–સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય.<br>(૨) ચારિત્ર મોહનીયના **૨૫** ભેદ.<br>કષાય મોહનીયના **૧૬** ભેદ-અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલન આ ચાર પ્રકારના ક્રોધ, માન, માયા, લોભ ૪X૪= ૧૬ કષાય<br>નોકષાય મોહનીયના ૯ ભેદ-હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ | **૫**<br>દર્શન મોહનીયના ૩ ભેદ, ચારિત્ર મોહનીયના ૨ ભેદ. આ રીતે ૩+૨= ૫ ભેદ.<br>ચારિત્ર મોહનીયના ૨ભેદના ૨૫ પેટા ભેદ છે. | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૫. આયુષ્ય | **૪**<br>નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ,દેવાયુ. | **૪**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૩ સાગરોપમ |
| ૬. નામકર્મ | **૪૨**<br>૧૪ પિંડ પ્રકૃતિ +૮ પ્રત્યેક પ્રકૃતિ + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક અથવા<br>૯૩<br>૧૪ પિંડ પ્રકૃતિના ૬૫ ભેદ + ૮ પ્રત્યેક પ્રકૃતિ + ૧૦ ત્રસ દશક + ૧૦ સ્થાવર દશક | **૨**<br>(૧) શુભનામ (૨) અશુભનામ.<br>શુભનામના ૧૪ ભેદ (૧-૫) ઈષ્ટ શબ્દ, રૂપ,ગંધ, રસ, ઈષ્ટ સ્પર્શ (૬) ઈષ્ટ ગતિ (૭) ઈષ્ટ સ્થિતિ (૮) ઈષ્ટ લાવણ્ય (૯) ઈષ્ટ યશોકીર્તિ (૧૦) ઈષ્ટ ઉત્થાનાદિ (૧૧) ઈષ્ટ સ્વર (૧૨) કાંત સ્વર (૧૩) પ્રિય સ્વર (૧૪) મનોજ્ઞ સ્વર.<br>અશુભ નામના ૧૪ અનિષ્ટ શબ્દાદિ. | જઘન્ય આઠ મુહૂર્ત ઉ. ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૭. ગોત્રકર્મ | **૨**<br>(૧) ઊંચગોત્ર (૨) નીચગોત્ર.<br>(૧) ઊંચ ગોત્રના ૮ ભેદ. ઊંચ-શ્રેષ્ઠ જાતિ, કુળ, બળ, રૂપ, તપ, શ્રુત, લાભ અને ઐશ્વર્ય.<br>(૨) નીચ ગોત્રના ૮ ભેદ. નીચ જાતિ આદિ. | **૨**<br>ઉત્તર પ્રકૃતિ પ્રમાણે | જઘન્ય આઠ મુંહૂર્ત ઉ. ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ |
| ૮. અંતરાયકર્મ | **૫**<br>(૧) દાનાંતરાય (૨) લાભાંતરાય.<br>(૩) ભોગાંતરાય (૪) ઉપભોગાંતરાય<br>(૫) વીર્યાંતરાય. | **૫**<br>(૧) ઊંચગોત્ર (૨) નીચગોત્ર. | જઘન્ય અંતર્મુહૂર્ત ઉ. ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ |

# કર્મનું નેટવર્ક

કર્મનું નેટવર્ક સ્વયં સંચાલિત અને અદ્ભુત છે. જ્યાં સુધી મુક્ત ન થવાય ત્યાં સુધી ક્યારેય ન ખોરવાય એવું અવિરત ચાલ્યા જ કરે છે. **મન-વચન-કાયા રૂપ બેટરીને રાગ અને દ્વેષ ક્રિયા દ્વારા સતત રિચાર્જ કર્યા કરે છે. શરીરરૂપ મોબાઈલની બોડીમાં અનાદિકાળથી લેપાયેલ આત્મરૂપ સીમકાર્ડ છે અને સત્તારૂપ મેમરીકાર્ડ છે. કર્મનું નેટવર્ક બરાબર ચાલે એ માટે આખા વિશ્વમાં કાર્મણવર્ગણારૂપ તરંગો (waves) ફેલાયેલા છે.** કાર્મણવર્ગણારૂપ તરંગો આશ્રવ દ્વારા સીમકાર્ડમાં પ્રવેશે છે અને મોબાઈલનું નેટવર્ક એક્ટિવેટ થતું રહે છે. એક્ટિવેટ થતાં જ કર્મના નેટવર્કની અંતર્ગત વિવિધ અવસ્થાઓ અસ્તિત્વમાં આવે છે તેનું અહીં સંકલન કર્યું છે.

**(૧) બંધ–**

આશ્રવ દ્વારા કર્મયોગ્ય–કાર્મણ વર્ગણા કાર્મણ શરીરમાં (સીમકાર્ડ)માં આવે છે તથા આત્મા અને કાર્મણ વર્ગણાનું જોડાણ થાય તેને બંધ કહેવાય. અથવા આત્માની સાથે સંલગ્ન કર્મયોગ્ય વર્ગણા કર્મના રૂપમાં પરિવર્તિત થાય એ પ્રક્રિયાને બંધ કહે છે.

જીવ જેવો કાર્મણ વર્ગણા સાથે જોડાઈને કર્મબંધ કરે છે કે તરત જ ચાર વિભાગમાં વહેંચાઈ જાય છે. પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધ. જેમ ગાય ઘાસ ખાય છે ત્યારે તે ઘાસ દૂધ રૂપે પરિણમે છે. તે જ સમયે દૂધમાં (૧) મીઠાશ જેવો ગુણધર્મ નક્કી થાય છે, (૨) તે કેટલું દૂધ આપશે એનું પ્રમાણ નક્કી થાય છે, (૩) તે દૂધ કેટલો સમય ટકશે તેનો નિર્ણય થઈ જાય છે, (૪) તે દૂધમાં રસ-કસ ગુણવત્તા ઓછા કે વધુ તેનો નિર્ણય થઈ જાય છે એ જ રીતે કર્મબંધ ચાર પ્રકારમાં વહેંચાઈ જાય છે.

(૧) **પ્રકૃતિબંધ :** સ્વભાવનો નિર્ણય થવાપૂર્વક કર્મોનું આત્મપ્રદેશ સાથે એકાકાર થવું તે પ્રકૃતિબંધ (Nature). આત્માના જ્ઞાનાદિ આઠ ગુણને આવરવાની શક્તિ ઉત્પન્ન થાય છે તેને પ્રકૃતિ કહે છે. જેમ જુદા જુદા પશુઓના દૂધમાં જુદા જુદા સ્વભાવ હોય, જેમ કે ઊંટાટિયાના રોગમાં ઊંટડીનું દૂધ કામ આવે, ક્ષય જેવા રોગમાં બકરીનું દૂધ કામ આવે, કોલેસ્ટરોલને કાબૂમાં રાખવા ગાયનું દૂધ કામ આવે, શક્તિ માટે ભેંસનું દૂધ કામ આવે છે. એમ જીવની જુદી જુદી જાતની પ્રવૃત્તિને કારણે કાર્મણ સ્કંધમાં જુદી જુદી જાતના સ્વભાવનો અનુભવ કરાવી શકે એવી શક્તિ ઉત્પન્ન થાય છે. જેમ કે જ્ઞાન-જ્ઞાનીની આશાતના કરવાથી કાર્મણ સ્કંધોમાં અજ્ઞાની, મૂર્ખ બનાવવાની શક્તિ ઉત્પન્ન થાય તે તેનો સ્વભાવ છે. એમ આઠ કર્મોનો સ્વભાવ પ્રકૃતિવત્ જાણવો.

પ્રકૃતિબંધનું કારણ યોગ છે. જો શુભ યોગ હોય તો જીવ શુભ-પુણ્ય પ્રકૃતિને બાંધે છે. અશુભ યોગ હોય તો જીવ અશુભ-પાપ પ્રકૃતિ બાંધે છે. મૂળ પ્રકૃતિ આઠ પ્રકારે છે અને તેના આવાંતર ભેદોની સંખ્યા એકસો ને અઠ્ઠાવન (૧૫૮) છે. જે કોષ્ટકમાં બતાવવામાં આવી છે.

(૨) **પ્રદેશ બંધ : (Quantity)** પ્રકૃતિ અનુસાર દરેક વિભાગને ચોક્કસ પ્રમાણમાં પ્રાપ્ત થયેલ કર્મદલિકોનું આત્મા સાથે એકાકાર થવું તે પ્રદેશબંધ. જેમ જુદા જુદા પશુઓના દૂધનો જથ્થો ઓછો વધુ હોય છે. બકરીનું દૂધ ૧-૨ લીટર પ્રાપ્ત થાય. ગાયનું ૬-૮ લીટર, ભેંસનું દસ બાર લીટર મળે એમ દરેક કર્મને જુદો જુદો જથ્થો પ્રાપ્ત થાય છે. આ જથ્થો સાત કે આઠ વિભાગમાં વહેંચાતો રહે છે. એમાંથી સૌથી મોટો હિસ્સો વેદનીય કર્મને મળે છે કારણકે વેદનીયને અનુભવવા માટે સૌથી વધારે હિસ્સો જોઈએ છે. બાકીના કર્મોને સ્થિતિ પ્રમાણે જથ્થો મળે છે. મોહનીયની સ્થિતિ મોટી છે માટે એને બીજા ક્રમનો જથ્થો મળે છે એમ ક્રમશઃ સમજવું. દા. ત. ૬૪૦૦૦ જેટલા પ્રદેશનો જથ્થો મળ્યો એમાંથી ૪૮૦૦૦ વેદનીયને, ૧૨૦૦૦ મોહનીયને, ૧૦૦૦ જ્ઞાનાવરણીયને, ૧૦૦૦ દર્શનાવરણીયને, ૧૦૦૦ અંતરાયને, ૩૭૫ નામને, ૩૭૫ ગોત્રને અને સૌથી નાનો હિસ્સો ૨૫૦નો આયુષ્ય કર્મને મળે છે. આ રીતે પ્રદેશની વહેંચણી થઈ જાય છે.

પ્રદેશ બંધનું કારણ યોગ છે. જીવ યોગાનુસાર ઓછાવત્તા પ્રમાણમાં કાર્મણસ્કંધને ગ્રહણ કરે છે. જેમ કોઈ યાત્રી ધીમેથી ચાલે તો ઓછો રસ્તો કપાય અને ઝડપથી ચાલે તો વધુ રસ્તો કપાય છે એમ કોઈ જીવની મન-વચન-કાયાની પ્રવૃત્તિ ધીમી હોય તો થોડા અને પ્રવૃત્તિ ઝડપી હોય તો વધુ કાર્મણસ્કંધો ગ્રહણ થાય છે. એટલે જીવ યોગાનુસાર કાર્મણસ્કંધો ઓછા ગ્રહણ કરે તો દરેક કર્મના ભાગમાં થોડા કર્મદલિકો આવે અને વધુ ગ્રહણ કરે તો વધુ કર્મદલિકો મળે.

(૩) **સ્થિતિબંધ– (Period)** પ્રકૃતિને અનુરૂપ તે કાર્મણ સ્કંધોનું અમુક કાળ સુધી આત્મપ્રદેશોની સાથે એકાકાર થવું તે સ્થિતિબંધ. કાળ પૂરો થતાં કર્મ ખરતા જાય અને નવા કર્મ આવતા જાય. જેમ ગાય આદિનું દૂધ ઉનાળામાં જલ્દી બગડી જાય. શિયાળામાં ઠંડકમાં લાંબો સમય ટકે એ જ રીતે નામ ગોત્રના પુદ્ગલ વધુમાં વધુ (ઉત્કૃષ્ટ) ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી આત્મપ્રદેશો ઉપર ચોંટી રહે છે. તેમ જ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય, એ ચાર કર્મના સ્કંધો વધુમાં વધુ ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ટકે છે. મોહનીય કર્મના પુદ્ગલો વધુમાં વધુ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ચોંટેલા રહે છે. સૌથી ઓછો સમય-આયુષ્ય કર્મના વધુમાં વધુ ૩૩ સાગરોપમ સુધી ચોંટી રહે છે. બધા કર્મોનો ઓછામાં ઓછો (જઘન્ય) કાળ અંતર્મુહૂર્તનો છે. એમાંય શાતા- વેદનીયનો કાળ તો માત્ર બે સમય સુધી ટકવાનો છે.

સ્થિતિબંધનું કારણ કષાય છે એટલે કષાયની માત્રા પ્રમાણે કાર્મણસ્કંધમાં સ્થિતિનો નિર્ણય થાય છે. જો કષાયની માત્રા વધુ

હોય તો તે વખતે ગ્રહણ કરાતાં કાર્મણસ્કંધો આત્મપ્રદેશ પર વધુ અને જો કષાયની માત્રા ઓછી હોય તો ઓછો સમય ચોંટી રહે છે.

(૪) **અનુભાગ-રસબંધ (Intensity-Quality)** : કર્મની તે પ્રકૃતિ ઓછા કે વધારે જુસ્સા-બળથી શુભારંભ કર્મનો અનુભવ કરાવે તે રસબંધ કહેવાય. જેમ કોઈ પશુના દૂધમાં મીઠાશ વધુ હોય, કોઈમાં ઓછી. વળી ઘનતા કે ચિકાશનું પ્રમાણ પણ ઓછું વધુ હોય. બકરીના દૂધમાં ચિકાશ ઓછી અને ભેંસના દૂધમાં વધુ હોય. એ જ દૂધને ઊકાળવામાં આવે તો ચીકાશ વધે છે અને પાણી નાખીએ તો ચીકાશ ઓછી થાય છે. એ જ રીતે કષાયની માત્રાનુસાર શુભાશુભ કર્મપ્રકૃતિમાં રસબંધ થાય છે. જેમ જેમ કષાયોની તીવ્રતા વધતી જાય તેમ તેમ અશુભ કર્મોમાં રસનું પ્રમાણ વધતુ જાય અને શુભકર્મોમાં ઘટતું જાય એ જ રીતે કષાયોની માત્રા ઘટતી જાય તેમ તેમ શુભકર્મોમાં રસની વૃદ્ધિ અને અશુભમાં હાનિ થાય છે.

અહીં પ્રવૃત્તિ કરતાં વૃત્તિનું મહત્ત્વ વધારે છે. એક ગુંડો અને ડૉક્ટર બંનેના હાથમાં છરી છે. બંને છરીનો ઉપયોગ કરે છે પણ બંનેની વૃત્તિમાં આસમાન જમીનનો ફરક છે. એક વેદના આપે છે બીજો મટાડે છે એટલે કર્મના રસબંધમાં પણ ફરક પડી જશે.

કર્મ કરતી વખતે જીવાત્માનો ભાવ કેવો છે તેના પર રસબંધનો આધાર છે. એક જ કર્મ માણસ રસ રેડીને કરી શકે અને એ જ કર્મ રસ વગર પણ થઈ શકે છે. જો કોઈ કર્મ આપણે રસ વિના કર્યું હશે તો તે કર્મ ઉદયમાં આવશે ત્યારે એની તીવ્રતા-વેગ ઓછો હશે. રસપૂર્વક કર્યું હશે તો તીવ્ર-વેગ હશે. તેથી પુણ્યકર્મ રસપૂર્વક કરવું અને પાપકર્મ ઉદાસીનભાવે કરવું.

કોઈ વ્યક્તિને અસહ્ય વેદના થતી હોય ત્યારે સમજવું કે તેણે રસપૂર્વક કોઈને દુઃખ આપ્યું હશે. અને સરળતાથી સફળતાના પગથિયાં ચડતા જોઈને સમજવું કે તેણે રસ રેડીને પુણ્યકર્મ બાંધ્યા હશે.

આમ કાર્મણસ્કંધો બંધ સમયે ચાર વિભાગમાં વહેંચાઈ જાય છે એનું સ્વરૂપ બરાબર સમજાઈ જાય તો કેવા પ્રકારના બંધ થાય તે વિશે જાગ્રત થઈ શકાય અને ધીમે ધીમે હળવા કર્મબંધ કરીને સર્વથા મુક્ત પણ થઈ શકાય.

**(૨) સત્તા–**

કર્મોની આત્મપ્રદેશ પર હાજરી. બંધથી કાર્મણ વર્ગણા જે સમયે ચોંટે છે તે સમયથી માંડીને આત્માની સાથે જ્યાં સુધી રહે છે તેને સત્તા કહે છે. **અર્થાત્ કર્મ બંધાયા પછી સિલકમાં હોવું કર્મનું આત્મા ઉપર રહેવું. સત્તાનો અર્થ છે હોવાપણું. આત્માની બેંકમાં કર્મનું હોવાપણું.** દા. ત. આપણી પાસે કરોડો રૂપિયા છે પણ બેંકમાં જમા છે. હમણાં આપણા હાથમાં નથી. એમાંથી આપણે ભોગવવા હોય એટલા જરૂરિયાત મુજબ ઉપાડતા જઈએ છીએ. એમ કર્મો હમણાં ઉદયમાં ન હોય પણ આપણી આત્મબેંકમાં જમા (બેલેન્સ) પડ્યા હોય અને યથાસમયે ઉદયમાં આવતા જાય.

સત્તા બે પ્રકારની છે–સ્વરૂપ સત્તા અને પરરૂપ સત્તા.

**સ્વરૂપ સત્તા**–જે કર્મો પોતાના બંધ વખતે નક્કી થતાં મૂળ સ્વભાવને છોડ્યા સિવાય આત્માની સાથે રહે તેને **સ્વરૂપ સત્તા** કહેવાય.

**પરરૂપ સત્તા**–જે કર્મો અન્ય સજાતીય કર્મપ્રકૃતિમાં સંક્રમીને પોતાના મૂળ સ્વભાવને છોડીને પરરૂપ થઈને આત્માની સાથે રહે તેને **પરરૂપસત્તા** કહેવાય છે.

**(૩) અબાધાકાળ–**

અ=નહિ, બાધા=ફળનો ભોગવટો, પીડા (ઉદયરૂપ પીડા), કાળ=સમય. કર્મ બંધાયા પછીના પ્રથમ સમયથી જ્યાં સુધી એ અનુભવાય નહિ–એનું ફળ મળે નહિ એટલે ઉદયમાં ન આવે ત્યાં સુધીનો સમય તે અબાધાકાળ. એમાં પ્રદેશોદય કે વિપાકોદય બંને ન હોય.

કર્મ બંધાઈને સત્તામાં ગયા પછી કર્મ ફિક્ષ ડિપોઝીટની જેમ ફિક્ષ થઈ જાય છે અને એની મુદ્દત પાકતાં ઉદયમાં આવે છે. એને અભોગ્યકાળ કે અબાધાકાળ કહે છે. એને શાંતિકાળ પણ કહે છે. જેમ બેંકમાં પૈસા ભરવા ભેગા જ આપણને મળતા નથી પણ એની કેટલીક પ્રોસીજર થયા પછી મળે છે. એમ કર્મ બંધાયા પછી એ જ સમયે ઉદયમાં ન આવી શકે એ અવસ્થાને અબાધાકાળ કહેવાય છે. અથવા તો જેમ બીજને વાવતાં તુરત જ ફળ આપવાનું શરૂ થતું નથી. માટીમાં ધરબાય, પછી અંકુરિત બને, છોડમાંથી વૃક્ષ બને પછી જ ફળ આપે. એ વચ્ચેની અવસ્થા તે અબાધાકાળ.

અબાધાકાળ દરમિયાન કર્મ દલિક રચના ન કરે ને ફળ પણ ન આપે. એને સૂતેલા અજગર સમાન કહ્યું છે. જે કર્મની જેટલા ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ બંધાય તેટલા જ ૧૦૦ વર્ષનો અબાધાકાળ બંધાય છે. દા. ત. મોહનીય કર્મ ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમનું છે તો ૭૦ x ૧૦૦ = ૭૦૦૦ વર્ષ સુધી કર્મદલિક ઉદયમાં આવે નહિ. જે કર્મની સ્થિતિ એક ક્રોડાક્રોડી સાગરોપમની અંદર બંધાય છે તેનો અબાધાકાળ અંતર્મુહૂર્ત હોય છે.

કર્મને પાકવા માટે સમય જોઈએ છે એ સમજાઈ જાય તો કર્મના ઉદયમાં વર્તતી વિષમતા જાણીને વિચલિત નહિ થઈએ. આજે કુકર્મીઓને લહેર કરતા જોઈએ છીએ અને ધર્મીને દુઃખી થતા જોઈએ છીએ ત્યારે અબાધાકાળને સામે રાખશું તો કર્મના ફળ પ્રત્યે અશ્રદ્ધા નહિ થાય. પાપી હમણાં જે કર્મ બાંધે છે તેનો અબાધા ચાલુ છે અને પૂર્વે બાંધેલા પુણ્યકર્મનું ફળ ભોગવાઈ રહ્યું છે અને ધર્મી હમણાં જે દુઃખ ભોગવે છે તે પણ પૂર્વકૃત જ છે. હમણાંનો ધર્મ ત અબાધામાં છે જે પાછળથી ઉદયમાં આવશે.

આપણે પણ અનેક જન્મોના કર્મો લઈને અહીં આવ્યા છીએ. એમાંય કોઈ અબાધા કાળમાં હશે તો કોઈ ઉદયમાં આવી રહ્યા છે.

**(૪) ઉદય–**

**કાલમર્યાદાથી કર્મોનું સ્વતઃ ફળ દેવું.** કર્મપુદ્ગલ કાર્ય કરવામાં જ્યારે સમર્થ થઈ જાય તેને ઉદય કહે છે અર્થાત્ કર્મોનો અબાધાકાળ પૂરો થતા કર્મની ભોગવવાની અવસ્થા. ઉદય બે રીતે થાય છે. (૧) પ્રાપ્તકાળમાં કર્મનો ઉદય એટલે અબાધાકાળ વિત્યા પછીનો ઉદય, જેને શુદ્ધોદય કહે છે. (૨) અપ્રાપ્તિકાળનો ઉદય–અબાધાકાળ

વિત્યા પહેલાં ઉદીરણકરણથી થતો ઉદય, જેને અશુદ્ધોદય કહે છે.

કર્મનો અબાધાકાળ પૂરો થાય અને કર્મદલિકો ક્રમશઃ ગોઠવાઈને (નિષેક રચના) ફળ આપવાનું શરૂ કરે છે. તે ઉદય બે પ્રકારના છે. પ્રદેશોદય અને વિપાકોદય.

(૧) પ્રદેશોદય–જે કર્મનો ઉદય આત્મપ્રદેશે આવીને ખરી જાય છે પણ જીવને અનુભવમાં આવતો નથી તેને પ્રદેશોદય કહે છે. જેમ કે નજરકેદના કેદીને જેલની અનુભૂતિ ન થાય પણ કેદી તરીકેની સજા તો ભોગવી જ રહ્યો હોય છે. તેમ જ કેટલાક કર્મ પોતાની સજાતીય પ્રકૃતિના વિપાકોદયમાં ભળીને પણ ભોગવાઈ જાય તો તેને પણ પ્રદેશોદય કહેવાય છે.

(૨) વિપાકોદય–કર્મદલિકો પોતાના મૂળ સ્વરૂપે એટલે કે જે રીતે બંધાયા હોય એ જ રીતે ભોગવાય–અનુભવાય તેને વિપાકોદય કહે છે. જે કર્મ ઉદયમાં આવતા ફળની અનુભૂતિ કરાવીને નષ્ટ થાય, આત્મપ્રદેશોમાં અનુભવ કરાવીને ભોગવાઈ જાય તે વિપાકોદય છે. વિવિધ અથવા વિશિષ્ટ પ્રકારના ફળ આપવાની શક્તિને વિપાક કહેવાય છે.

અબાધાકાળ વિત્યા પછી કેટલાક કર્મ પ્રદેશોદયથી તો કેટલાક વિપાકોદયથી ઉદયમાં આવે છે. જિનનામકર્મ પ્રદેશોદયથી જ આવે છે. આયુષ્ય કર્મ વિપાકોદયથી જ આવે છે એનો પ્રદેશોદય હોતો જ નથી. બાકીના કર્મ બંને પ્રકારે ઉદયમાં આવે છે. એ કર્મોનો જો વિપાકોદય થાય એવી પરિસ્થિતિ ન હોય તો પ્રદેશોદય તો અવશ્ય હોય જ છે. એટલે અબાધા વિત્યા પછી બેમાં એક ઉદય હોય જ.

કર્મનો પરિપાક અને ઉદય સહેતુક પણ થાય અને નિર્હેતુક પણ થાય એટલે સ્વયં પણ થાય અને બીજા દ્વારા પણ થાય. નિમિત્તથી પણ થાય અને નિમિત્ત વગર પણ થાય.

સહેતુકમાં પાંચ પ્રકારના હેતુ ભાગ ભજવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ. દા. ત.

**દ્રવ્યથી** – કોઈએ આઈસ્ક્રીમ ખાધો ને એ દ્રવ્ય શરદી થવા માટે નિમિત્ત બન્યું. એનાથી અશાતાવેદનીયનો ઉદય થયો તેને દ્રવ્યહેતુ કહેવાય. દ્રવ્ય નિમિત્ત બન્યું.

**ક્ષેત્રથી** – હિમાલયની બરફમાળામાં ગયા અને શરદી થઈ તે ક્ષેત્રહેતુ કહેવાય.

**કાળથી** –ચોમાસાની ઋતુમાં ભીંજાયા અને શરદી થઈ તે કાળહેતુ કહેવાય.

**ભાવથી** –ક્રોધાદિના આવેશમાં ઝગડ્યા ને રડવું આવ્યું જેથી શરદી થઈ તે ભાવ હેતુ કહેવાય.

**ભવથી** - ભવ જ એવો મળ્યો કે સતત પાણીના સંપર્કમાં રહેવું પડે ને કાયમી શરદી રહે તે ભવહેતુ કહેવાય.

આમ ઉદયમાં હેતુ પણ મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે.

**(૫) ઉદીરણા-**

અપરિપક્વકાળ ભોગવવો- નિયમ સમયથી પહેલાં કર્મનું ઉદયમાં આવવું કે ભોગવાવું તેનું નામ ઉદીરણા. વિશેષ અધ્યવસાયથી અથવા વિશેષ પ્રયત્નથી તપ વગેરે કરીને જે કર્મ હમણાં ઉદયમાં આવવાનું નથી પણ ભવિષ્યમાં ઉદયમાં આવવાનું છે તેની સ્થિતિનો ઘાત કરીને જલ્દીથી ઉદયમાં આવવા યોગ્ય બનાવી દેવા તેને ઉદીરણા કહે છે. ટૂંકમાં લાંબાકાળે ફળ આપવા યોગ્ય કર્મને શીઘ્ર ફળ આપવાની યોગ્યતાવાળા કરીને ઉદયમાં લાવવા તે ઉદીરણા. તે પ્રયત્નથી પણ થાય છે અને અપવર્તનાદિથી સ્વતઃ પણ થાય છે. ફીક્ષ ડિપોઝીટમાંથી મુદત પાક્યા પહેલાં પૈસા ઉપાડવા (પ્રીમેચ્યોર કાળમાં પૈસા લેવા). ઉદયમાં આવેલા અથવા જે કર્મ ઉદયાવલિકામાં (પાકી ગયા) આવી ગયા હોય તેની ઉદીરણા ન થાય. જેમ કે ફીક્ષ ડિપોઝીટની મુદત પાકી જાય પછી પ્રીમેચ્યોર ન કહેવાય. સહેજે પૈસા મળવાના જ છે. એમ ઉદયાવલિકાના કર્મ સહેજે ઉદયમાં આવવાના જ છે એના માટે કોઈ પુરુષાર્થ (પ્રયત્ન) કરવાની જરૂર નથી.

ઉદીરણાનો સામાન્ય નિયમ છે કે જે કર્મપ્રકૃતિનો ઉદય કે ભોગ થઈ રહ્યો હોય તે જ કર્મના સજાતીય પ્રકૃતિની ઉદીરણા થઈ શકે છે. દા. ત. શાતા વેદનીયનો ઉદય ચાલુ છે અને વિધિવત્ ઉપવાસ કરતા શરીરને કષ્ટ પડે, માથું દુઃખે, પિત્ત ચડે વગેરેથી અશાતાવેદનીયને ઉદયમાં લઈ આવ્યા તે અશાતા વેદનીયની ઉદીરણા કરી કહેવાય. આ રીતે સજાતીયમાં શુભ–અશુભ બંનેની ઉદીરણા થઈ શકે છે.

૬ઠ્ઠા ગુણસ્થાન પછી આયુષ્ય અને વેદનીય કર્મની ઉદીરણા થતી નથી. કારણકે અપ્રમત્ત અવસ્થામાં એના ઉદીરણા યોગ્ય અધ્યવસાયો હોતા નથી. બધા કર્મના ઉદયની જેમ ઉદીરણા પણ ચાલુ હોય છે. આયુષ્ય સિવાયના કર્મોની ઉદીરણા સમયે સમયે થાય છે. કોઈ પણ કર્મ છેલ્લી ઉદયવલિકામાં આવી જાય પછી માત્ર એનો ઉદય જ હોય છે ઉદીરણા ન થાય; કારણકે કર્મનો સ્ટોક જ ખતમ થવા આવ્યો. છેલ્લી ઉદયવલિકા પછી કોઈ કર્મદલિક જ નથી તો ઉદીરણા કેવી રીતે થાય. આયુષ્યકર્મની ઉદીરણા પ્રદેશથી જ થાય સ્થિતિ આદિથી ન થાય. બાકીનાની પ્રકૃતિ આદિ ચારે પ્રકારથી ઉદીરણા થઈ શકે. આમ ઉદીરણાથી કર્મ સમય પહેલાં પણ ભોગવાઈ શકે છે.

**(૬) સંક્રમણ–**

એક કર્મપ્રકૃતિનું પોતાની સજાતીય કર્મપ્રકૃતિમાં રૂપાંતર થવું તે સંક્રમણ કહેવાય. અર્થાત્ મતિજ્ઞાનાવરણીય પ્રકૃતિનું શ્રુતજ્ઞાનાવરણીય પ્રકૃતિમાં રૂપાંતર થવું. પણ વિજાતીયમાં રૂપાંતર ન થઈ શકે એટલે કે જ્ઞાનાવરણીય સિવાયની પ્રકૃતિઓમાં ટ્રાન્સફર ન થાય. મતિજ્ઞાનાવરણીય પ્રકૃતિ ચક્ષુજ્ઞાનાવરણીયમાં ટ્રાન્સફર ન થઈ શકે. તેમ જ આયુષ્યકર્મની પ્રકૃતિઓ સજાતીય હોય તો પણ સંક્રમણ થતું નથી. એ જ રીતે દર્શન મોહનીયની પ્રકૃતિઓનું ચારિત્ર મોહનીયમાં સંક્રમણ નથી થઈ શકતું.

આ સંક્રમણ માત્ર સજાતીય પ્રકૃતિમાં થાય છે પણ એક કર્મનું બીજા કર્મમાં સંક્રમણ ન થાય. જ્ઞાનાવરણીય કર્મ દર્શનાવરણીય કર્મમાં ફેરવાઈ જાય નહિ.

સંક્રમણના ચાર પ્રકાર છે-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગ અને પ્રદેશ સંક્રમણ.

(૧) **પ્રકૃતિ સંક્રમણ**-એક સજાતીય પ્રકૃતિનું બીજી સજાતીયમાં સંક્રમણ થવું.

(૨) **સ્થિતિ સંક્રમણ**-દીર્ઘકાલીન કર્મસ્થિતિનું અલ્પકાલીન અને અલ્પકાલીન કર્મસ્થિતિનું દીર્ઘકાલીન રૂપે પરિવર્તન થવું.

(૩) **અનુભાગ સંક્રમણ**-આત્માના ભાવોમાં પરિવર્તન થવું. કર્મોની ફળ આપવાની તીવ્ર શક્તિનું મંદ શક્તિમાં અને મંદ શક્તિનું તીવ્ર શક્તિમાં પરિવર્તન થવું.

(૪) **પ્રદેશ-સંક્રમણ**-બહુપ્રદેશનું અલ્પપ્રદેશ રૂપે અને અલ્પપ્રદેશનું બહુપ્રદેશ રૂપે પરિવર્તન થવું તે પ્રદેશ સંક્રમણ કહેવાય.

સંક્રમણને મનોવિજ્ઞાનની ભાષામાં માર્ગાંતરીકરણ (Sublimation of Mental Energy) તથા ઉદ્દાતીકરણ કહેવામાં આવે છે.

સંક્રમણનો સિદ્ધાંત પ્રત્યેક વ્યક્તિ માટે એક આશાસ્પદ એવમ્ પુરૂષાર્થનો પ્રેરક છે. મનુષ્ય ભલે પાપોથી ઘેરાયેલો હોય પણ વર્તમાનમાં સદ્ભાવના–સદ્વૃત્તિથી યુક્ત થાય તો કર્મોના દુ:ખદ ફળોથી છૂટકારો પણ મેળવી શકે છે.

**(૭) ઉદ્વર્તના–**

ઉદ્=વધારો, વર્તના=વર્તમાન કર્મપ્રકૃતિની નિષેક રચના (કર્મોની ઉદયમાં આવવા માટેની ગોઠવણ). વર્તમાન કર્મપ્રકૃતિની થયેલી નિષેક રચનામાં આત્મપ્રયત્ન દ્વારા અનુભાગ અને સ્થિતિમાં વધારો કરવો તે ઉદ્વર્તના. તે જે કર્મપ્રકૃતિની હોય, તે પ્રકૃતિ બંધાતી હોય ત્યારે જ થઈ શકે છે. દા. ત. મતિજ્ઞાનાવરણીય કર્મની ઉદ્વર્તના મતિજ્ઞાનાવરણીય કર્મ જ્યાં સુધી બંધાતું હોય ત્યાં સુધી જ થઈ શકે છે. બંધ સમયે એકાદ માસ કે તેથી ઓછા સમયમાં ફળ આપવાની યોગ્યતાવાળા ગોઠવાયેલા કર્મદલિકો (કર્મપ્રદેશો)ને એકાદ વર્ષ પછી ફળ આપે તેવા કરવા. એટલે વિપાક આશ્રીત હીન શક્તિવાળા કર્મદલિકોને અધિક શક્તિવાળા કરવા તે ઉદ્વર્તના કહેવાય છે. તે શુભ અશુભ બંને પ્રકૃતિમાં થઈ શકે. આત્મા માટે હિતકારી અને અહિતકારી પણ બની શકે. આયુષ્ય કર્મમાં ઉદ્વર્તના ન થાય. પ્રદેશ અને પ્રકૃતિમાં પણ ઉદ્વર્તના ન થાય.

**(૮) અપવર્તના–**

અપ=ઘટાડો, વર્તના=વર્તમાન કર્મપ્રકૃતિની નિષેક રચના. વર્તમાન કર્મપ્રકૃતિની થયેલ નિષેક રચનામાં આત્મપ્રયત્ન દ્વારા અનુભાગ અને સ્થિતિમાં ઘટાડો કરવો તે અપવર્તના. વિપાક આશ્રી અધિક શક્તિવાળા કર્મ દલિકોને હીનશક્તિવાળા કરવા. સ્થિતિ અને રસની અપવર્તના તે કર્મના બંધ સાથે સંબંધિત નથી. જે કર્મ પ્રકૃતિની સ્થિતિ કે રસની અપવર્તના થાય, તે પ્રકૃતિ બંધાતી હોય કે ન બંધાતી હોય તો પણ થાય છે.

અપવર્તના શુભ કે અશુભ બંને પ્રકૃતિમાં થઈ શકે છે. આત્મા માટે હિતકારી અને અહિતકારી પણ બની શકે છે.

ઉદ્વર્તના અને અપવર્તના એટલે જે સ્વરૂપે કર્મ બાંધ્યા હોય એ સ્વરૂપે ઉદયમાં ન આવતા જીવના પરિણામનું નિમિત્ત પ્રાપ્ત કરીને એની સ્થિતિ અને અનુભાગમાં પરિવર્તન થઈ જવું.

**(૯) ઉપશમન–**

ઉપ=આત્મા સમીપે (આત્મા દ્વારા), શમન-ઢાંકવું આવરણ કરવું. જેમકે અંગારા પર રાખનું આવરણ કરવું. તેમ સત્તામાં હોવા છતાં અબાધાકાળ પૂરો થતાં પ્રયત્ન વિશેષ કરીને કર્મને ઉદયમાં ન લાવવાની પ્રક્રિયાને ઉપશમન કહે છે. કર્મોની ઉદય, ઉદીરણા, નિદ્ધત અને નિકાચીત એ ચારે ક્રિયાઓને નિષ્ફળ કરી દેવી તે. કર્મની ફળ આપવાની શક્તિને થોડા સમય માટે દબાવી દેવી તે ઉપશમન. ઉપશમનથી કર્મની સત્તા નષ્ટ થતી નથી. માત્ર થોડા સમય માટે ફળ આપવામાં અક્ષમ બની જાય છે. ઉપશમનનો સીધો સંબંધ મોહનીય કર્મ સાથે છે માટે ઉપશમ માત્ર મોહનીય કર્મનો

## કર્મનું નેટવર્ક સમજાવતું આંશિક રૂપક

૧. **બંધ :** રમેશભાઈને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રીના ટેલિફોન નંબર સેવ કરવા હતા. તે તેમણે મોબાઈલ નેટવર્ક એક્ટીવ કરી કીપેડ દ્વારા સેવ કર્યા. તે બંધ.

૨. **સત્તા :** એ નંબર મેમરી કાર્ડમાં જમા થયા તે સત્તા.

૩. **અબાધાકાળ :** જ્યાં સુધી એ નંબરનો ઉપયોગ ન થઈ શકે ત્યાં સુધી અબાધાકાળ એટલે કે સેવ કરેલાં નંબર રાત્રે ઑફિસ બંધ હોતા ન જોડી શકાય તે અબાધાકાળ.

૪. **ઉદય :** બીજે દિવસે ઑફિસ સમયે નંબર જોડીએ તે ઉદય.

૫. **ઉદીરણા :** પરંતુ મંત્રીશ્રીનું અર્જન્ટ કામ હતું માટે એમના ઘરનો નંબર મેળવીને સમય પહેલાં સંપર્ક કર્યો તે ઉદીરણા.

૬. **સંક્રમણ :** પછી ખબર પડી કે એમના કાર્ય માટે મંત્રીની નહિ પણ પ્રમુખશ્રીની જરૂર છે માટે એ નંબરની જગ્યાએ પ્રમુખશ્રીના નંબર સેવ કર્યા તે સંક્રમણ.

૭. **ઉદ્વર્તના :** પ્રમુખશ્રીના બીજા પણ બે નંબર સેવ કર્યા તે ઉદવર્તના.

૮. **અપવર્તના :** પછી ખ્યાલ આવ્યો કે આ નંબર પણ કામના નથી, એટલે તેમાંથી એક નંબર રાખી બીજા નંબર ડિલીટ કર્યા તે અપવર્તના.

૯. **નિધ્ધત :** પ્રમુખશ્રીના નંબર ન લાગતાં ઑફિસ મારફત કૉન્ફરન્સ દ્વારા કોન્ટેક (સંપર્ક) કર્યો, પણ તેમણે જાતે મળવાનું કહ્યું તે નિધ્ધત.

૧૦. **નિકાચિત :** જાતે જ મળીને કોન્ટેક્ટ કરવો પડે તે નિકાચિત..

૧૧. **ઉપશમન :** એ નંબરને બ્લોક કર્યા તે ઉપશમન.

૧૨. **ક્ષયોપશમ :** એમાંથી કેટલાંક નંબર ડીલીટ કર્યા અને કેટલાંક બ્લોક કર્યાં તે ક્ષયોપશમ.

૧૩. **ક્ષય :** હવે તેમના નંબર જરૂરી ન હતા માટે ડીલીટ કર્યાં તે ક્ષય.

થાય છે.

**(૧૦) નિદ્ધત–**

કર્મોનું એક પ્રકારે આત્મા સાથે જોડાણ. કર્મનો બંધ તીવ્ર કષાયની વૃત્તિમાં અતિ મજબૂત બની જાય છે ત્યારે આસાનીથી છૂટી શકતો નથી. એવા બંધને નિદ્ધત બંધ કહેવાય છે. આ બંધમાં કર્મ એટલા દ્રઢતર થઈ જાય છે કે તેની સ્થિતિ કે રસમાં વધ-ઘટ (ઉદ્‌વર્તના-અપવર્તના) થઈ શકે પરંતુ સંક્રમણ, ઉદીરણા વગેરે ન થઈ શકે તેને નિદ્ધતકરણ કહેવાય છે. એના ચાર પ્રકાર છે. પ્રકૃતિ નિદ્ધત, સ્થિતિ નિદ્ધત, અનુભાગ નિદ્ધત અને પ્રદેશ નિદ્ધત.

**(૧૧) નિકાચિત–**

કર્મબંધ વખતે તેને પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ કક્ષાનો તીવ્રતાથી બંધ કરવો તે નિકાચિત બંધ કહેવાય છે. આ બંધ એટલો પ્રગાઢ હોય છે કે તેની કાળ-મર્યાદા અને તીવ્રતામાં કોઈ પરિવર્તન થઈ શકતું નથી અથવા સમયથી પહેલાં ફળ પણ ભોગવી શકાતું નથી. કર્મ જેવા રસે તીવ્રતાથી બાંધ્યા હોય એવા રસે જ ભોગવવા પડે છે. ભોગવ્યા સિવાય તેની નિર્જરા થતી નથી. કર્મની આ અવસ્થાનું બીજું નામ **'નિયતિ'** પણ છે. આમાં ઈચ્છા સ્વાતંત્ર્યનો સર્વથા અભાવ હોય છે. નિકાચીત કર્મમાં ઉદ્‌વાર્તના, અપવર્તના, સંક્રમણ, ઉદીરણા, ઉપશમ આદિ કોઈ કરણ લાગુ પડતું નથી. વૈદિક દર્શનોમાં જેને પ્રારબ્ધ કર્મ કહે છે તેવા પ્રકારનું આ કર્મ સ્વરૂપ છે.

**(૧૨) ક્ષય–**


આત્મપ્રદેશથી કર્મ પુદ્‌ગલનું અલગ થવું તે ક્ષય. બંધાયેલા કર્મ જડમૂળથી નાશ થઈને ફરી ન બંધાય એ રીતે સત્તામાંથી આઠે કર્મનું સંપૂર્ણ નાશ થવું.

**(૧૩) ક્ષયોપશમ–**

જે કર્મ ઉદયમાં આવે તેને વિપાકોદયથી ભોગવી લેવા અને સત્તામાં પડેલા હોય તેનો ઉપશમ કરવો તે ક્ષયોપશમ માત્ર ચાર ઘાતી કર્મનો જ થાય છે.

આમ આ અવસ્થાઓથી કર્મનું નેટવર્ક વિવિધ રીતે કાર્યરત રહે છે. એની અંદર ડાઉનલોડ અને અપગ્રેડ થાય છે. બંધરૂપ કી પેડથી વિવિધ પ્રકારના બંધથી કર્મો સેવ થાય છે. થોડો સમય રહીને કેટલાક કર્મો મેમરીમાંથી આપોઆપ ડિલિટ થાય છે એની જગ્યાએ નવા કર્મો આવતા જાય છે. કેટલાક ડોરમન્ટ કે બ્લોક થાય છે. કેટલાક મીસ, ટ્રાન્સફર કે વેઇટીંગમાં જાય છે. કેટલાક કોન્ફરન્સ સીસ્ટમથી ઉદયમાં આવે છે. એકના એક મોબાઈલથી કંટાળીને નવો લઈએ એમ સીમકાર્ડ વિવિધ ગતિ અને જાતિવાળા મોબાઈલમાં ઈન્સર્ટ કરીએ છીએ. જ્યારે એમ લાગે કે હવે આ નેટવર્કથી ખરેખર ત્રાસ થાય છે ત્યારે સીમકાર્ડ ડીએક્ટીવ કરી નાંખીએ એમ કર્મો લોપાવાળા. આત્મારૂપ સીમકાર્ડને ડીએક્ટીવ કરીએ એટલે એમાંથી કાર્મણ શરીર કાયમી વિદાય લઈ લે છે; જેથી આત્મા નેટવર્કથી મુક્ત થઈ જાય છે તે ફરીથી એક્ટિવ થઈ શકતો નથી અને સિદ્ધક્ષેત્રમાં જઈને સ્થિર થઈ જાય છે. સર્વથા પોતાની મસ્તીમાં લીન થઈ જાય છે.✶ ✶ ✶

### આત્મા દ્વારા કર્મોને ગ્રહણ કરવાની પ્રક્રિયા




આત્મા કાર્મણ વર્ગણાને ગ્રહણ કરે છે તે હકીકત પ્રસારણ કેન્દ્ર અને રેડીઓ દ્વારા સમજાવવામાં આવી છે. જેવી રીતે પ્રસારણ કેન્દ્ર સમાચાર પ્રસારિત કરે છે ત્યારે ધ્વનિ તરંગો ટ્રાન્સમીટ દ્વારા વિદ્યુત તરંગોમાં પરિવર્તિત થઈને આખા વિશ્વમાં ફેલાઈ જાય છે જે રેડીયોના યંત્રથી ફરી ધ્વનિરૂપે પરિવર્તીત થઈ જાય છે. એવી રીતે આખા વિશ્વમાં ફેલાયેલી કાર્મણ વર્ગણા આત્મા દ્વારા ગ્રહણ થઈને કર્મરૂપે પરિણત થઈ જાય છે. [ સૌજન્ય : 'રે કર્મ ! તારી ગતિ ન્યારી.' ]

# કર્મની કથની

***'રમત રમાડે કર્મરાયજી દાવ રમે છે સઘળા,***
***કોઈને બનાવે રંક તો કોઈને બનાવે રાજા'***

જૈનદર્શન અનુસાર મુખ્ય આઠ કર્મ છે. તેમાં કર્મ કેવા કેવા દાવ ખેલીને રમત રમાડે તેનું આલેખન, કર્મનું સ્વરૂપ વગેરેનું ચિત્રણ કથા સહિત અહીં પ્રસ્તુત છે.

**જ્ઞાનાવરણીય કર્મ :**

આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન છે તે અનંત છે. જગતના અનંત જ્ઞેય પદાર્થોને પ્રકાશિત કરવા માટે સમર્થ છે. તેમ છતાં આજે આપણું જ્ઞાન અનંત જ્ઞેય પદાર્થોને પ્રકાશિત કરી શકતું નથી. જેમ સૂર્ય બધાને પ્રકાશિત કરી શકે તેવો શક્તિશાળી છે, છતાં જ્યારે તેના પર વાદળાં આવી જાય ત્યારે તે બધા પદાર્થોને પૂર્ણ પ્રકાશિત કરી શકતો નથી. એવી જ રીતે અનંત વસ્તુને જણાવનાર આત્માના જ્ઞાનગુણરૂપી સૂર્ય ઉપર જ્ઞાનાવરણીય કર્મરૂપી વાદળાં આવી જવાથી આપણને અનંત વસ્તુઓનું જ્ઞાન થતું નથી.

શાસ્ત્રકાર ભગવંતે જ્ઞાનાવરણીય કર્મને આંખે બાંધેલા વસ્ત્રના પાટાની ઉપમા આપી છે. જેમ કે કોઈ વ્યક્તિની આંખો પર કપડાંના ઘણાં પડવાળો પાટો બાંધવામાં આવ્યો હોય તો તે આંખો હોવા છતાં વસ્તુઓને સંપૂર્ણ રીતે જોઈ શકતો નથી. તેવી જ રીતે આપણે પણ અનંત જ્ઞાનની શક્તિ ધરાવતા હોવા છતાં જગતના પદાર્થોને પૂર્ણતઃ જાણી શક્તા નથી. જેમ જેમ આંખ ઉપરના (કપડાના) પાટાના પડ ખૂલતાં જાય તેમ તેમ વસ્તુને વધુ સારી રીતે જાણી શકાય છે. તેવી જ રીતે જ્ઞાનાવરણીય કર્મ જેમ જેમ ઓછું થતું જાય, તેમ તેમ આપણું જ્ઞાન વધુ ને વધુ વસ્તુઓને પ્રકાશિત કરી શકે છે.

જ્ઞાનાવરણીય કર્મની મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનાવરણીય આ પાંચે ઉત્તર પ્રકૃતિઓ છે.

**જ્ઞાનાવરણીય કર્મબંધના કારણો**

૧. જ્ઞાન કે જ્ઞાનીના અવર્ણવાદ અવગુણ બોલવા, નિંદા કરવી વગેરે.
૨. જ્ઞાન કે જ્ઞાનીને છુપાવવા, જેમ કે જેની પાસેથી જ્ઞાન મેળવ્યું હોય એનું નામ છુપાવીને કહે કે આ જ્ઞાન તો મેં મારી રીતે જ મેળવ્યું છે. આમ જ્ઞાનદાતાનું નામ છુપાવીને પોતાની મહત્તા વધારે.
૩. જ્ઞાન ભણતા હોય એને અંતરાય પાડે દા. ત. મમ્મી પોતે ઘરમાં આરામથી બેઠા હોય પણ બેલ વાગે કે ફોનની ઘંટડી વાગે તો પોતે ઊભા ન થાય પણ જે બાળક ભણતું હોય એને ઉઠાડીને બારણું ખોલવાનું કે ફોન લેવાનું કહે. વળી ભણનારના ચોપડા ફાડવા, સંતાડવા જેથી તે ભણી ન શકે. ભણતાં હોય ત્યાં મોટેથી અવાજ કરીને ખલેલ પાડે વગેરે.
૪. જ્ઞાન કે જ્ઞાની પર દ્વેષ કરે, ઈર્ષ્યા કરે. દ્વેષ બુદ્ધિથી ભણનારને હેરાન કરે વગેરે.
૫. જ્ઞાન કે જ્ઞાનીની આશાતના કરે. જ્ઞાનીનો વિનય ન કરે, બહુમાન ન કરે, એમની વાત ન માને. વગેરે.
૬. જ્ઞાની સાથે ખોટા વાદ-વિવાદ કરવાથી, એમને નીચા પાડવાની પ્રવૃત્તિ કરવાથી, ઝગડો-કલેશ કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. આ કર્મને સમજવા માટે શાસ્ત્રોમાં માષતુય મુનિનું ઉદાહરણ આપ્યું છે.

## માષતુષ મુનિનું દૃષ્ટાંત

પાટલીપુત્ર નગરમાં રહેતાં બે ભાઈઓ દીક્ષા લઈ જૈન સાધુ બન્યા. તેમાંથી એક ભાઈની બુદ્ધિ તેજ હોવાથી શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરી બહુશ્રુત જ્ઞાની ગીતાર્થ બન્યા. ગુરુદેવે તેમને આચાર્યજીની પદવી આપી. જ્યારે બીજા ભાઈ મંદમતિવાળા હતા. આથી અભ્યાસમાં રુચિ જાગી નહિ. ગોચરી પાણી લાવીને ખાઈને મસ્ત રહી સૂતાં રહેતા. જ્યારે આચાર્યશ્રીનો આખો દિવસ પઠન-પાઠનમાં પસાર થઈ જતો. ક્યારેક તો ગોચરી કરવાનો સમય પણ માંડ માંડ મળતો હતો. એકવાર આચાર્યશ્રી પોતાના ભાઈને જોઈને વિચારવા લાગ્યા કે, અરે! આ કેટલા સુખી છે! ખાઈ-પીને સૂવું, ન કોઈ ચિંતા કે ચિંતન! ત્યારે મને તો સમય જ નથી મળતો. કાશ હું પણ વધુ ભણ્યો ન હોત તો? 'मूर्खत्वं हि सखे ममापि रुचितं' આવી દુર્મતિ આચાર્યશ્રીને સૂઝી. જ્ઞાન ઉપર દ્વેષભાવ લાવવાથી તેમનું જ્ઞાનાવરણીય કર્મ તો બંધાઈ ગયું. જોકે ત્યારબાદ તેમને ખૂબ પશ્ચાતાપ થયો અને પાછા પોતાના સ્વાધ્યાયમાં લીન બની ગયા.

આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગે ગયા. સ્વર્ગમાંથી ચ્યવીને પાછા એક ગોવાળને ઘરે પુત્રરૂપે જન્મ્યા. યુવાવસ્થામાં સાધુ-સંતનો સમાગમ પ્રાપ્ત થતાં દીક્ષા ગ્રહણ કરી સાધુ બન્યા. તેમની યાદશક્તિ એટલી સારી હતી કે રોજના ૫૦-૧૦૦ શ્લોકો કંઠસ્થ કરી લેતા હતા. પણ પૂર્વભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ આ ભવમાં ઉદયમાં આવ્યું. બન્યું એવું કે ગુરુદેવ પાઠ આપે પરંતુ તેમનાથી પાઠ યાદ રહે નહિ. બે દિવસ, ત્રણ દિવસ વીતી ગયા છતાં પાઠ યાદ રહ્યો નહિ. ત્યારે ગુરુજી સમજી ગયા કે પૂર્વભવમાં બાંધેલું જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું લાગે છે.આથી તેમણે 'मा रुष, मा तुष' અર્થાત્ કોઈની ઉપર દ્વેષ ન રાખ અને કોઈની ઉપર રાગ ન રાખ. આ બે શબ્દનું રટણ કરવાનું કહ્યું. પરંતુ જ્ઞાનાવરણીયકર્મના ઉદયને કારણે આ બે શબ્દ પણ તેમને યાદ રહેતાં નહિ, આથી તેઓ માષતુષ-માષતુષ બોલતા. લોકો પણ તેમના ઉપર હસતાં છતાં તેઓ સમતાભાવે સતત આ બે શબ્દનું રટણ કરતા જેથી તેમનું નામ માષતુષ મુનિ પડી ગયું.

'માષતુષ નો એક અર્થ લોકોએ એવો પણ કર્યો કે 'માષ' એટલે અડદ અને 'તુષ' એટલે ફોતરાં. અર્થાત્ અડદની ફોતરાવાળી દાળ એવો અર્થ કરીને લોકો તેમને અડદની દાળ જ વહોરાવતા હતા, જે એમના સ્વાસ્થ્ય માટે પ્રતિકૂળ હતી છતાં તેઓ તપોભાવમાં સ્થિર રહી ભિક્ષા ગ્રહણ કરતા હતા. આ પ્રમાણે બાર વર્ષ વીતી ગયા છતાં પણ જ્ઞાન ગોખવામાં કંટાળો લાવ્યા નહિ. અંતે જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું. આ રીતે જ્ઞાનાવરણીયકર્મનું વાદળ દૂર થવાથી કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટ થયો. જ્ઞાનની આશાતનાથી જે જ્ઞાનાવરણીયકર્મ બાંધ્યું હતું તેનો ક્ષય જ્ઞાનની ઉપાસના કરીને અનંતજ્ઞાની બન્યા. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવા માટે જ્ઞાન-જ્ઞાનીની ઉપાસના જ સાચો માર્ગ છે.

# દર્શનાવરણીય કર્મ

અનંતદર્શન, આત્માનો ગુણ છે. દર્શન એટલે વસ્તુનો સામાન્ય બોધ. સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વ દ્રવ્ય-પર્યાયોને એક સાથે દેખાડનારી આત્મશક્તિને અનંતદર્શન કહે છે. જીવ હંમેશાં દૃષ્ટા છે. જોકે તે વિશ્વના સર્વ દ્રવ્ય-પર્યાયોને જોઈ શકતો નથી. જેમ સૂર્ય ઉપર વાદળ આવતાં તે બધા પદાર્થોને પૂર્ણ પ્રકાશિત કરી શકતો નથી તેમ દર્શનાવરણીયકર્મના આવરણથી જીવ સ્વલ્પ કે સંપૂર્ણ વિશ્વને જોઈ શકતો નથી. આ કર્મ એક છે છતાં પોતાની સાથે નવ નવ મદદગારોને તેણે પોતાનું કાર્ય કરવા રોકી લીધા છે. એટલે કે દર્શનાવરણીયકર્મની ઉત્તરપ્રકૃતિ નવ પ્રકારે છે. તેમાં ચાર પ્રકારે દર્શનનો આવરણ છે અને પાંચ પ્રકારે નિદ્રા બતાવી છે.

દર્શનાવરણીયકર્મને દ્વારપાળની ઉપમા આપવામાં આવી છે. જેમ કે કોઈ મનુષ્યને રાજાના દર્શન કરવા હોય પણ રાજમહેલમાં પ્રવેશતાં પહેલાં દ્વારપાળ તેને રોકે છે. તેની રજા વગર તે મનુષ્ય રાજાના દર્શન કરી શકતો નથી. તેવી જ રીતે આત્માની જોવાની શક્તિ અનંત છે. પરંતુ આ અનંતદર્શનશક્તિ ઉપર દ્વારપાળ જેવું દર્શનાવરણીયકર્મ આ ગુણને રોકી રાખે છે જેથી આત્મારૂપી રાજાના દર્શન થતાં નથી. પરિણામ સ્વરૂપ અનંતદર્શનશક્તિ હોવા છતાં પણ આત્મા બધું જોઈ શકતો નથી અથવા તો આત્માને નિદ્રાગ્રસ્ત કરીને સૂવડાવી દે છે. જેથી આત્મા કશું પણ જોઈ શકે નહિ. આત્મા ભાન ભૂલીને નિદ્રામાં પડી રહે છે.

**દર્શનાવરણીયકર્મ બંધનના કારણ**

૧. દર્શનના ધારકજનોની નિંદા કરે, દોષ બોલે, આ લોકો જૂઠાં છે વગેરે બોલવાથી.
૨. દર્શન કે દર્શનીના ઉપકાર ન માનવાથી, જેમ કે દર્શનીની પાસેથી ઉપદેશ સાંભળે, જ્ઞાન-શ્રદ્ધા વગેરે સ્વીકારે ત્યારપછી તેના તત્ત્વજ્ઞાનને છુપાવીને પોતાની બડાઈ હાંકે છે કે આ તો મને આવડતું હતું. વગેરે.
૩. દર્શની ભણતાં હોય એને અનંતરાય પાડે, તેમજ જીવ માત્ર દર્શન સહિત છે. એટલે એના કોઈપણ કાર્યમાં અંતરાય પાડવું તે વગેરે.
૪. દર્શન અને દર્શનીની આશાતના કરવી, દર્શનીનો વિનય ન કરવો, તેના ઉપકરણો, વસ્તુઓ વગેરેની આશાતના કરવી.
૫. દર્શન કે દર્શની પર દ્વેષ કરવો, અર્થાત્ તત્ત્વજ્ઞાનનું નિરૂપણ થતું હોય ત્યારે મનમાં એ તત્ત્વજ્ઞાન પ્રત્યે, તેના વક્તા પ્રત્યે કે તેના સાધનો પ્રત્યે ઈર્ષ્યા કરવી વગેરે.
૬. દર્શની સાથે ખોટા-વાદવિવાદ કરવા, તેની સાથે અસભ્યતા બતાવવી, એમને નીચા પાડવાની પ્રવૃત્તિ કરવાથી, ઝઘડો કરવાથી દર્શનાવરણીયકર્મ બંધાય છે.

## ભાનુદત્ત મુનિનું દૃષ્ટાંત

એક સમયની વાત છે. તે સમયે એક મહાન અને વિદ્વાન પૂજ્ય આચાર્યદેવ નામના એક ગુરુભગવંત હતા. તેમના એક શિષ્યનું નામ ભાનુદત્તમુનિ હતું. આચાર્યદેવના આ ભાનુદત્ત મુનિ મુખ્ય અને ખાસ શિષ્ય હતા. આથી આચાર્યદેવે તેમને ખૂબ પરિશ્રમ કરી ચૌદ પૂર્વોનો અભ્યાસ કરાવ્યો. શિષ્ય ભાનુદત્ત મુનિ પણ હોંશિયાર અને વિદ્વાન હતા. આથી થોડા જ વખતમાં ચૌદપૂર્વનું જ્ઞાન મેળવી લીધું. જેના કારણે તેઓ પણ ચૌદપૂર્વધારી કહેવાતા હતા.

નીતિકારો કહે છે કે ધન અને વિદ્યા મળ્યા પછી એમને સંભાળવાનું અતિ દુષ્કર છે. ભલભલાને પણ લક્ષ્મી અને વિદ્યાનો મદ ચડતાં વાર લાગતી નથી. તેમાં પણ ભાનુદત્ત મુનિ ચૌદપૂર્વધારી મહાત્મા હતા. વિદ્યાનો મદ (ગર્વ) વધતો ગયો. વળી પૂર્વે દર્શનાવરણીય કર્મબંધના છ કારણોમાંથી કોઈ પણ કારણ વડે દર્શનાવરણીયકર્મબંધ કર્યો હશે તેનો પણ ઉદય થયો. જેના કારણે પ્રમાદ અને નિદ્રાનો ઉદય વધતો ગયો જેના ફળ સ્વરૂપે સૂર્યાસ્ત થતાં જ આંખો ઘેરાવા લાગતી, ગુરુદેવ વારંવાર એમને જગાડવાનો પ્રયત્ન કરતાં પરંતુ તેમના માટે જાગવું મુશ્કેલ બનતું ગયું. છતાં ગુરુદેવ એમને જગાડીને સાવધાન કરતાં અને કહેતાં કે હે પૂર્વધર મુનિ! પૂર્વોની પુનરાવૃત્તિ કરી લો, નહીંતર ભૂલી જશો. પરંતુ નિદ્રાના ઉદયથી પ્રમાદગ્રસ્ત બનેલા ભાનુદત્ત મુનિ ગુરુની હિતશિક્ષા સાંભળવાને બદલે ક્રોધિત થઈ જતાં અને પૂર્વોની પુનરાવૃત્તિ આદિ કરતાં ન હતાં.

આ રીતે કેટલોક સમય વીતતો ગયો. શિષ્યને ક્રોધ કરતો જોઈને ગુરુદેવે પણ હવે શિખામણ આપવાનું કે કહેવાનું બધું જ છોડી દીધું. હવે તેમને કોણ કહે? કોણ જગાડે? પ્રમાદ અને નિદ્રા એટલાં બધાં વધી ગયા કે આખું પ્રતિક્રમણ પણ નિદ્રામાં વિતાવવા લાગ્યા. ક્યારે પ્રતિક્રમણ શરૂ થયું અને ક્યારે પૂરું થયું? કોણ, ક્યારે શું બોલ્યું? વગેરે કશી જ ખબર ભાનુદત્ત મુનિને રહેતી નહિ.

આમ દિવસ-રાત તેમનો સમય હવે નિદ્રા અને પ્રમાદમાં પસાર થવા લાગ્યો. જેથી તેમનું ચૌદ પૂર્વનું જ્ઞાન પણ ધીરે ધીરે ભૂલાવા લાગ્યું. આમ નિદ્રામાં ને નિદ્રામાં તેમનું ભણ્યું-ગણ્યું બધું જ નકામું ગયું. અંતે તેઓ બધું જ ભૂલી ગયા. અને મૃત્યુ પામીને દુર્ગતિમાં ગયા. એક નિદ્રાદર્શનાવરણીયકર્મને કારણે ચૌદ પૂર્વધારી મહાત્મા પણ દુર્ગતિમાં ગયા.

# વેદનીય કર્મ

વિશુદ્ધ સુખ, શાશ્વત સુખ, આત્માનો ગુણ છે. પુણ્યકર્મના ઉદયથી જે સુખ મળે તે પૌદ્ગલિક સુખ છે, દુઃખ સાપેક્ષ સુખ છે. જ્યારે સંપૂર્ણ કર્મનો ક્ષય થવાથી જે સુખ મળે છે તે આત્મિક સુખ છે. તેને અવ્યાબાધ સુખ કહે છે. અર્થાત્ દુઃખ-પીડા રહિતનું સુખ. આવા અવ્યાબાધ સુખને ઢાંકનારા કાર્મણસ્કંધોને વેદનીયકર્મ કહે છે. વેદનીય કર્મ જીવને શાતા અને અશાતા આપી તેના મૌલિક અને સાહજિક સુખને રોકે છે.

વેદનીયકર્મનો સ્વભાવ મધથી લેપાયેલી તલવારની ધારને ચાટવા જેવો છે. જેમ મધથી લેપાયેલી તલવારની ધારને ચાટતાં મધુ મીઠું લાગવાથી પ્રથમ સુખનો અનુભવ થાય છે. અને પછી મધની સમાપ્તિથી જીભ કપાઈ જતાં દુઃખનો અનુભવ થાય છે. તેવી જ રીતે જીવને મનગમતાં સાધનો મળતાં સુખનો અનુભવ થાય છે અને અણગમતા સાધનનો સંયોગ થતાં દુઃખનો અનુભવ થાય છે. એટલે વેદનીય કર્મ, જીવને સુખદુઃખનો અનુભવ કરાવતું હોવાને કારણે, શાતાવેદનીય અને અશાતાવેદનીય એમ ઉત્તરપ્રકૃતિ રૂપે બે પ્રકારે છે. વેદનીય કર્મને મધુલિપ્ત તલવારની ઉપમા આપવામાં આવી છે.

### વેદનીય કર્મબંધના કારણો

ભગવતી સૂત્રમાં શાતાવેદનીય કર્મબંધના દસ કારણો તેમજ અશાતાવેદનીય કર્મબંધના બાર કારણો બતાવ્યા છે. જેમ કે,

વિકલેન્દ્રિય જીવો, વનસ્પતિ જીવો, પંચેન્દ્રિય જીવો, ચાર સ્થાવર જીવોને દુઃખ ન આપવાથી, શોક ન કરાવવાથી, વિયોગ ન કરાવવાથી, ટપક-ટપક આંસુ ન પડાવવાથી, ન મારવાથી, તેમજ ત્રાસ ન આપવાથી શાતાવેદનીય કર્મબંધ થાય છે.

કોઈ એક પ્રાણીને, ભૂતને, જીવને, સત્ત્વને દુઃખ આપવું, શોક કરાવવો, તરફડાવવા, આંસુ પડાવવા, મારવા, ત્રાસ ઉપજાવવો. તેવી જ રીતે ઘણાં પ્રાણી, ભૂત, જીવ, સત્વને દુઃખ આપવું, શોક કરાવવો, તરફડાવવા, આંસુ પડાવવા, મારવા કે ત્રાસ ઉપજાવવાથી અશાતાવેદનીય કર્મબંધ થાય છે.

### મૃગાપુત્રનું દૃષ્ટાંત

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. એકવાર ગૌતમસ્વામી પ્રભુ મહાવીર સાથે વિચરતાં વિચરતાં મૃગાવતી નગરના ચંદનપાદય ઉદ્યાનમાં પધાર્યા. પ્રભુના આગમનની વાત સાંભળી જનતા પ્રભુના દર્શનાર્થે નીકળી, ત્યારે એક દીન-હીન જન્માંધ પુરુષને પણ પ્રભુના દર્શન કરવાનું મન થાય છે. જેથી તે બીજા પુરુષના સહારે પ્રભુ દર્શને આવે છે. તેને જોઈ ગૌતમસ્વામી પ્રભુ મહાવીરને પૂછે છે કે, શું આનાથી વધુ બીજો કોઈ દીન-હીન જન્માંધ પુરુષ છે? ત્યારે પ્રભુ મહાવીર જવાબ આપે છે કે, આ નગરના વિજયક્ષત્રિય રાજા અને મૃગાદેવી રાણીને મૃગાપુત્ર નામનો એક બાળક છે જે જન્મથી અંધ છે, તેમજ હાથ, પગ, આંખ આદિ અંગ-ઉપાંગ વિનાનો છે. તેની માતા મૃગાદેવી તેનું લાલન-પાલન ગુપ્ત રીતે કરે છે. ત્યારે ગૌતમ સ્વામીને તે બાળકને જોવાની ઈચ્છા થઈ. બીજે દિવસે પ્રભુ મહાવીરની આજ્ઞા લઈ તેઓ રાજમહેલમાં આવ્યા અને રાણી મૃગાવતીને ભોંયરામાં ગુપ્ત રીતે રહેલ બાળકને જોવાની ઈચ્છા દર્શાવી. ત્યારે મૃગાવતી પણ પ્રભુ મહાવીરના સર્વજ્ઞપણાથી પ્રભાવિત બન્યા. ત્યારબાદ ખાવાપીવાની વિપુલ સામગ્રી લઈ, મુખ ઉપર વસ્ત્રિકા બાંધી ભોંયરા પાસે આવે છે. ગૌતમસ્વામીને પણ મુખ ઉપર કપડું ઢાંકવાનું કહે છે. તેમણે ભોંયરાનું દ્વાર ખોલ્યું. દ્વાર ખોલતાં જ અસહ્ય દુર્ગંધ આવી.

મૃગાવતી દેવીએ પોતાની સાથે લાવેલ વિપુલ આહાર પુત્રના મુખ કહી શકાય તેવા પિંડના છિદ્રોમાં નાખ્યો. તે આહાર તરત જ ખાઈ ગયો. અને તેનું તત્કાળ રસી અને લોહીના રૂપમાં પરિણમન પામીને બહાર આવ્યો. તેને પણ તે ચાટી ગયો. આવું દયનીય અને બીભત્સ દૃશ્ય જોઈ ગૌતમસ્વામી પાછા ફર્યા અને પ્રભુને તેની આવી દુર્દશાનું કારણ પૂછ્યું, ત્યારે પ્રભુ મહાવીરે તેનો પૂર્વભવ બતાવ્યો.

'ભારતવર્ષના શતદ્વાર નામના એક નગરમાં ઈકાઈ નામનો રાષ્ટ્રકૂટ (રાઠોડ) રહેતો હતો. તેના તાબામાં પાંચસો ગામો હતા. તે અત્યંત દુરાચારી, અધર્મી, ઘાતકી અને વ્યસની હતો. તે પ્રજાજનો ઉપર અનેક અત્યાચારો ગુજારતો હતો. કરપીણ રીતે તે માણસોના આંખ, નાક, કાન આદિ અંગ-ઉપાંગો છેદી નાખતો હતો. કારમી પીડાથી આ માણસો ચીસો પાડતા ત્યારે તે ખૂબ ખુશ થતો. નિરપરાધ લોકો ઉપર જૂઠા આરોપ મૂકી તેમને પરેશાન કરતો. રાત-દિવસ પાપકૃત્યોમાં તલ્લીન રહેતો હતો. તેણે આવા ઘણાં ભયંકર પાપકર્મોનો સંચય કર્યો, પરિણામ અંત સમયે રિબાઈ-રિબાઈને મૃત્યુ પામ્યો. પાપના ફળરૂપે પહેલી નરકમાં ગયો. નરકમાં એક સાગરોપમનું લાંબું આયુષ્ય ભોગવીને આ ભવમાં તે મૃગાવતી રાણીની કૂખે ઉત્પન્ન થયો છે. આમ પૂર્વભવમાં ઘાતકી અને ક્રૂર કર્મોને કારણે તેણે અશાતાવેદનીયકર્મ બાંધ્યું હતું તેનો અત્યારે ઉદય પ્રવર્તે છે. તેથી તે અસહ્ય અને ભયંકર પીડા ભોગવી રહ્યો છે. આવા મહા દુઃખ ભોગવી છવ્વીસ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી નરકમાં ઉત્પન્ન થશે.

ત્યારબાદ દીર્ઘકાળ સુધી ભવભ્રમણ કરી અપાર વેદનાઓ ભોગવ્યા પછી તેને મનુષ્યભવની પ્રાપ્તિ થશે. ત્યાં સંયમની આરાધના કરી દેવલોકમાં જશે. ત્યાંથી ચ્યવી અનુક્રમે સિદ્ધ પદને પામશે.

## મોહનીય કર્મ

વીતરાગતા અને અક્ષયચારિત્ર આત્માનો ગુણ છે. શુદ્ધ જ્ઞાનોપયોગ, શુદ્ધ દર્શનોપયોગાદિ સ્વગુણમાં-સ્વભાવમાં રમવું તે અક્ષયચારિત્ર કહેવાય છે અને અક્ષયચારિત્ર ગુણને ઢાંકનારા કર્મને મોહનીયકર્મ કહે છે. આ કર્મ જીવને મુંઝાવે છે તેથી મોહનીય એવું તેનું નામ આપવામાં આવ્યું છે. આઠે કર્મમાં મોહ-કર્મ અગ્રભાગ ભજવે છે. બીજા કર્મો તેની પાછળ રહી તેની પૂરવણી કરતા હોય છે. વીતરાગતાને ઢાંકનારા કાર્મણસ્કંધો બે વિભાગમાં વહેંચાતા હોવાથી મોહનીય ક્રમ બે પ્રકારે છે. ૧. દર્શનમોહનીય અને ૨. ચારિત્રમોહનીય કર્મ.

મોહનીય કર્મનો સ્વભાવ મદિરાપાન કરેલા મનુષ્ય જેવો છે. જેમ મદિરા પીધેલો માણસ ભાન ભૂલી જાય છે અને ગમે તેમ બોલવા લાગે છે. બોલવાનો અને ક્રિયાનો વિવેક હોતો નથી. એ જ રીતે મોહનીય કર્મના ઉદયથી જીવનો અનંતચારિત્ર ગુણ ઢંકાઈ જાય જેને પરિણામે જીવ સ્વભાવને ભૂલી પરભાવમાં રમ્યા કરે છે. મમત્વ બુદ્ધિને કારણે પોતાનું નથી તેને પણ પોતાનું માને છે. આથી મોહનીય કર્મને મદિરાપાન સમાન કહ્યું છે. મોહનીયકર્મની અનુક્રમે ત્રણ અને પચ્ચીસ એમ કુલ અઠ્ઠાવીસ ઉત્તરપ્રકૃતિઓ છે.

**મોહનીય કર્મબંધના કારણ**

તીવ્ર ક્રોધ, માન, માયા, લોભ કરનારો, કલેશ-કષાયને કરનારો ચારિત્ર મોહનીય તથા હાસ્ય, ઠઠ્ઠા-મશ્કરી, ભય-શોકાદિને આધીન થયેલો જીવ નવ-નોકષાય મોહનીય કર્મ બાંધે છે. ખોટા માર્ગને સાચો અને સાચા માર્ગને ખોટો બતાવવો, જિન પરમાત્મા, સાધુ-મુનિરાજ તથા સંઘાદિની વિરૂદ્ધ જનાર દર્શનમોહનીય કર્મ બાંધે છે. અર્થાત્ દેવ-ગુરુ-ધર્મના અવર્ણવાદ બોલવાથી, તીવ્ર રાગ કે છળ-કપટ કરવાથી, પાપ કર્મ કરવાથી, તીવ્ર કષાયાદિ કરવાથી જીવ મોહનીય કર્મ બાંધે છે.

## ચંડકૌશિકનું દૃષ્ટાંત

ધર્મઘોષ નામના એક વૃદ્ધ તપસ્વી હતા. તેમના બાળશિષ્યનું નામ દમદતં મુનિ હતું. એક વાર તેઓ ગોચરી લેવા જતા હતા ત્યારે તેમના પગ નીચે એક નાની દેડકી કચડાઈને મરી ગઈ. ત્યારે બાળમુનિએ ગુરુદેવને આલોચના કરવાનું કહ્યું. પંરતુ આ વાત ગુરુદેવને ગમી નહીં. સાંજના પ્રતિક્રમણ બાદ બાળમુનિએ પોતાના ગુરુદેવને સવારની વાત યાદ કરીને આલોચના કરી લેવાનું કહ્યું. પરંતુ ગુરુદેવ આ વાત સાંભળી ખૂબ જ ક્રોધિત થઈ ગયા. વારંવાર આ જ વાત યાદ કરાવવાથી તેમના ક્રોધે માઝા મૂકી અને તેને મારવા દોડ્યા. ક્રોધમાં અહિંસક પણ હિંસક બની જાય છે. અંધારું હોવાથી વચ્ચે આવતો થાંભલો દેખાયો નહિ, અને તેમનું માથું ભટકાયું અને સજ્જડ માર લાગ્યો. આથી તેમનું મૃત્યુ થયું. મરીને બીજા જન્મમાં કૌશિક ગોત્રવાળા તાપસ બન્યા, તેમજ વનખંડના સ્વામી થયા. બીજા તાપસોને આ વનખંડમાંથી ફળ કે ફૂલ તોડવા દેતા નહિ અને જો કોઈ ફળ-ફૂલ તોડે તો ક્રોધિત બની તેને મારવા દોડતા. એક દિવસ હાથમાં કુહાડો લઈ ફળ તોડતા એક રાજકુમાર પાછળ દોડ્યા. કર્મ સંજોગે ખાડામાં પગ પડતાં તે પડી ગયા અને હાથમાંનો કુહાડો માથામાં જોરથી વાગતાં તત્કાળ મૃત્યુ પામ્યા. આ જન્મમાં પણ અતિક્રોધી અને મારવાની દુર્બુદ્ધિમાં મૃત્યુ પામવાને કારણે તિર્યંચ ગતિમાં સાપ બન્યા.

પૂર્વજન્મના ક્રોધના સંસ્કારો ફરીથી સાપના જન્મમાં પણ ઉદયમાં આવ્યા. ચંડકૌશિક સાપ ભયંકર વિષધારી-દૃષ્ટિવિષ સર્પ બન્યો. તેના ફૂંફાડા માત્રથી પ્રાણીઓ વગેરે મરી જતા. શ્વેતાંબી નગરી તરફ જતા રસ્તામાં આ સર્પ રહેતો હતો. તેના દૃષ્ટિવિષને કારણે આ રસ્તો વેરાન બની ચૂક્યો હતો. આમ ક્રોધ કષાયને કારણે મોહનીયકર્મ બંધ થવાથી ચંડકૌશિકની મનુષ્યગતિ પણ બગડી અને તિર્યંચની દુર્ગતિમાં એને જન્મ લેવો પડ્યો.

પ્રભુ મહાવીરે જ્ઞાનથી આ ચંડકૌશિકના ભવો જાણીને તેને પ્રતિબોધવા ચંડકૌશિક રહેતો હતો તે વનમાં આવે છે. ચંડકૌશિકે પ્રભુને જોઈને જોરથી ફુંફાડો માર્યો પણ પ્રભુ ઉપર તેની કાંઈ અસર થઈ નહિ. આથી ક્રોધે ભરાઈ પ્રભુના ચરણકમલ પર ડસ્યો પણ રુધિરને બદલે દૂધની ધારા થઈ. આ જોઈ તે વિસ્મય પામ્યો. ત્યારે પ્રભુ બોલ્યાં કે, અરે ચંડકૌશિક બૂઝ! બૂઝ! ભગવાનના આવા વચન સાંભળતાં જ તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તેથી પ્રભુને વંદન કરી મનોમન અનશન કરવાનો નિશ્ચય કર્યો.

હવે વધુ પાપથી બચવા રાફડામાં મોં રાખી હાલ્યા ચાલ્યા વિના તે અનશનધારી પડ્યો રહ્યો. લોકોની અવરજવર પણ શરૂ થઈ. અને આ સર્પ દેવતા હવે શાંત થયા છે તેથી તેની પૂજા કરતાં. કોઈ શરીરે ઘી છાંટતા, તો કોઈ દૂધ. દૂધ-ઘીની સુગંધથી અસંખ્ય કીડીઓ તેના શરીર ઉપર આવી ઘી ખાતાં ખાતાં કરડવા લાગી. આથી સર્પનું શરીર ચારણી જેવું થઈ ગયું. પણ સર્પ દુઃસહ વેદના સહન કરતો રહ્યો અને આ બિચારી અલ્પ બળવાળી કીડીઓ દબાઈ જાય નહિ એવું ધારી પોતાનું શરીર પણ હલાવ્યું નહિ. આ પ્રમાણે કરુણાભાવવાળો સર્પ એક પખવાડિયામાં મૃત્યુ પામી દેવલોકમાં દેવતા થયો.

# આયુષ્ય કર્મ

અક્ષયસ્થિતિ આત્માનો ગુણ છે. જેનો ક્ષય ન થાય તેવું જીવન અર્થાત્ જન્મ-મરણ વગરનું જીવન તેને અક્ષયસ્થિતિ કહેવાય. આ અક્ષયસ્થિતિ ગુણને ઢાંકનારા કર્મને આયુષ્ય કર્મ કહે છે. મુક્તાત્મા સિવાયના જેટલા જીવો આ સંસારમાં રહ્યા છે તે બધા આયુષ્યકર્મને વશ છે. શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે નવા આયુષ્યનો ઉદય પ્રારંભ તે 'ઉત્પત્તિ' અને ચાલુ ભવના આયુષ્યના ઉદયની સમાપ્તિ તે 'મૃત્યુ' કહેવાય છે. ઉત્પત્તિથી માંડીને મરણ સુધીનો કાળ આયુષ્ય કહેવાય તેનું કારણ આયુષ્યકર્મ છે.

આયુષ્યકર્મ જીવને મર્યાદિત કાળ સુધી દેવાદિ ચાર અવસ્થામાં કેદ કરી દેતું હોવાથી બેડી સરખું કહ્યું છે. જેમ પોલીસ ચોરાદિને પકડી હાથકડી પહેરાવીને પૂરી દે છે ત્યારે તેને અપરાધની સજા ભોગવવા મર્યાદિત કાળ સુધી જેલમાં રહેવું પડે છે. તેમ આયુષ્યકર્મ અક્ષયસ્થિતિવાળા આત્માને પકડી શરીરરૂપી જેલમાં પૂરી દે છે. પછી જ્યાં સુધી આયુષ્યકર્મની મુદત પૂરી ન થાય ત્યાં સુધી જીવને શરીરમાં પૂરાઈ રહેવું પડે છે. એટલે આયુષ્યકર્મને બેડીની ઉપમા આપી છે. આયુષ્યકર્મની નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ આ ચાર ઉત્તરપ્રકૃતિઓ છે.

**આયુષ્યકર્મબંધના કારણ**

નરક આયુબંધના મુખ્ય ચાર કારણ છે-(૧) મહા આરંભ કરે છે (૨) મહા પરિગ્રહ (૩) પંચેન્દ્રિય જીવોનો વધ કરવાથી તેમ જ (૪) મદ્ય-માંસ આદિના સેવનથી જીવો નરકમાં જાય છે. તિર્યંચ આયુબંધના પણ ચાર કારણ છે. (૧) માયા કરે, અર્થાત્ મનમાં જૂદું, બહાર અલગ. (૨) ગાઢ માયા કરે, છેતરપીંડી કરે. (૩) અસત્ય બોલે, સ્વાર્થ માટે જૂઠું બોલે અને (૪) પૈસા માટે ખોટા તોલ-માપ કરવા, ખોટાં ત્રાજવા (કાંટા) રાખવામાં તિર્યંચનું આયુષ્ય બંધાય છે. મનુષ્ય આયુબંધના મુખ્ય ચાર કારણ છે. (૧) ભદ્ર એટલે કે સરળ સ્વભાવ (૨) વિનયભાવ હોય (૩) દયાભાવ હોય અને (૪) તે જીવને ગર્વ ન હોય, અહંકાર રહિત હોય તે જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે છે. દેવ આયુબંધના પણ ચાર પ્રકાર છે. (૧) રાગયુક્ત સંયમ પાળે (૨) સંયમ અને અસંયમ (શ્રાવકપણું) પાળે (૩) બાળ તપસ્યા કરે (અજ્ઞાન તપ) તેમ જ (૪) અકામ નિર્જરા અર્થાત્ ઈચ્છા વગરની નિર્જરા કરવાથી જીવ દેવનું આયુષ્ય બાંધે છે.

## નંદમણિયારનું દૃષ્ટાંત

પ્રભુ મહાવીરના સમયની આ વાત છે. રાજગૃહી નગરીમાં નંદ મણિયાર નામનો એક ધનાઢ્ય શ્રેષ્ઠિ રહેતો હતો. એકવાર પ્રભુ મહાવીર રાજગૃહી નગરીમાં પધારે છે. ત્યારે તેમની દેશના સાંભળી નંદ મણિયાર શ્રાવકવ્રતધારી બન્યો. એક વખત ઉનાળાના જેઠ મહિનામાં તેમણે ચૌવિહારો અઠ્ઠમતપ કર્યો અને સાથે પૌષધવ્રત લઈ ઉપાશ્રયમાં રહ્યાં. એક તો જેઠ મહિનાની સખત ગરમી, વળી નિર્જલ ચૌવિહારો અઠ્ઠમ એટલે શેઠને ભારે તરસ લાગી. મનમાં પાણી...પાણી... યાદ આવે, વળી નજર સામે પાણીની વાવ અને કૂવા દેખાય. વળી વિચાર આવ્યો કે ખરેખર તો ધન્ય છે જે લોકો પાણીની વાવ કે કૂવાઓ બંધાવે છે. આમ પૌષધમાં શેઠના મનમાં પાણી, વાવ વગેરેના વિચારો ચિંતવ્યા.

બીજે દિવસે શેઠ પૌષધ પાળી ઘરે આવ્યા. યથા વિધિ પ્રમાણે જળપાન કરી ઉપવાસ છોડ્યા પણ વાવના વિચાર ન છુટ્યા. શેઠે એક મોટી વાવ નગરની બહાર બંધાવવાનું આયોજન કર્યું. જોતજોતામાં નગરની બહાર એક વિશાળ વાવ બની પણ ગઈ. લોકો વાવનું મીઠું પાણી પીતા, પોતાનો થાક ઉતારતા અને વાવ બંધાવનાર શેઠના વખાણ કરતાં. નંદ મણિયાર શેઠ પણ વખાણ સાંભળીને ખૂબ રાજી થતા. આમ ધીરે ધીરે શેઠનો વાવના પાણી પ્રત્યે અને વાવ પ્રત્યે આસક્તિભાવ વધતો ગયો. વાવ પ્રત્યે તેમની માયા વધતી ગઈ. પરિણામે તેમના આયુષ્યનો બંધ પડ્યો અને તેઓ મૃત્યુ પામીને તેમણે જ બંધાવેલી વાવમાં દેડકા તરીકે ઉત્પન્ન થયા. આટલી તપશ્ચર્યા, પૌષધ વગેરેની આરાધના હોવા છતાં પણ પરિણામ બગડ્યા અને તેમને દેડકા તરીકે જન્મવું પડ્યું.

નંદ મણિયાર શેઠનો જીવ જે દેડકો થયેલો હતો તે વાવને કાંઠે બેસી શેઠના વખાણ, વાવના વખાણ સાંભળતો. સાંભળતાં સાંભળતાં તેને એક દિવસ જાતિસ્મરણ જ્ઞાન થયું અને તરત જ પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. તેને થયું અરેરે...મેં અમૂલ્ય એવો મનુષ્યભવ વાવની આસક્તિમાં ગુમાવી દીધો. પણ હવે હું ફરી આ ભવમાં ધર્મ-આરાધના કરું, પાછા વ્રત-નિયમ સ્વીકારું. એમ વિચારી દેડકાએ છઠ્ઠ-તપાદિ કરવાનો નિર્ણય કર્યો.

એકવાર શ્રેણિક મહારાજા પ્રભુ મહાવીરના દર્શન કરવા ત્યાંથી નીકળ્યા. સાથે ચતુરંગી સેના, અંતઃપુર વગેરે મોટો રસાલો હતો. ઘણાં લોકો પ્રભુના દર્શને જઈ રહ્યા હતા. ત્યાં તો પ્રભુના દર્શને જવાના...વગેરે શબ્દો દેડકાના કાને પડ્યા. તેને પણ પ્રભુના દર્શન કરવાની ભાવના થઈ. તે તૈયાર થઈ ગયો, છલાંગ મારી વાવની બહાર આવ્યો. ઉત્સાહમાં આવીને કૂદતો કૂદતો તે માર્ગ ઉપર દોડવા લાગ્યો. લોકોની નજરમાં આવે તેથી લોકો તેને પાછો લઈ જઈને વાવમાં નાંખે. પાછો બહાર આવે. આમ બે, ત્રણ વાર બન્યું. ત્યાં ફરી બહાર આવ્યો અને શ્રેણિક રાજાના ઘોડાના પગ નીચે કચડાઈ જવાથી મૃત્યુ પામ્યો. તે સમયે તેના મનમાં પ્રભુના દર્શનની, ધર્મ સાંભળવાની તીવ્ર ઈચ્છા હતી તેથી તે મૃત્યુ પામી દેવ બન્યો.

આમ જીવ જ્યાં પ્રીતિ કરે છે ત્યાં સ્વાભાવિક રીતે તેની આસક્તિ બંધાય છે. અને જો તે સમયે તેના આયુષ્યનો બંધ પડે તો ત્યાં જ તેની ઉત્પત્તિ થાય છે.

✷ ✷ ✷

# નામ કર્મ

અરૂપી-અનામી આત્માનો ગુણ છે. જેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે હોય તે રૂપી અને જેમાં રંગ, રૂપ, ગંધ વગેરે ન હોય તે અરૂપી કહેવાય છે. આત્માના આ અરૂપી ગુણને ઢાંકનારા કર્મને નામકર્મ કહે છે. આત્મા પોતાના ગુણ-સ્વભાવ પ્રમાણે વર્તવા પૂરેપૂરો સ્વતંત્ર હોવા છતાં આ નામકર્મને લીધે તે જેમ દોરાવે તેમ દોરાવવું પડે છે. જેમ નચાવે તેમ નાચવું પડે છે. નાના, મોટા, પશુ-પક્ષી, વનસ્પતિ વગેરે અનેક સ્વરૂપમાં આત્માને પોતાની સ્વતંત્રતા છોડીને દરેક બાબતમાં નમતું આપવું પડે છે. માટે આત્માને નમાવનાર આ કર્મનું નામ 'નામકર્મ' રાખવામાં આવેલ છે.

નામકર્મ ચિત્રકાર સરખું છે. જેમ ચિત્રકાર રંગબેરંગી જુદી જુદી જાતના સારા-નરસા નિર્જીવ ચિત્રો બનાવે છે, તેવી જ રીતે અનામી-અરૂપી એવા આત્માને નામકર્મ એક શરીરના ઢાંચામાં ઢાળી તેના અંગઉપાંગ આકાર બનાવે છે. ગતિ-જાતિ આદિમાં મોકલે છે. કાળો-ગોરો રંગવાળો બનાવે છે. અનામીનો હવે નામ-વ્યવહાર બને છે તેથી નામકર્મને ચિત્રકારની ઉપમા આપી છે. આ નામ-કર્મના કાર્મણસ્કંધો જુદા જુદા વિભાગમાં વહેંચાઈ જતા હોવાથી નામકર્મ કુલ બેતાલીસ પ્રકારે થાય છે. તે ભેદો (નામકર્મ)ની ઉત્તર પ્રકૃતિઓ એકસો ને ત્રણ છે. જોકે શુભનામ કર્મ અને અશુભ નામકર્મ આ બે ભેદમાં તેના બધા જ પેટા ભેદોનો સમાવેશ થઈ જાય છે.

**નામકર્મબંધના કારણ**

શુભનામકર્મ બંધના મુખ્ય ચાર કારણ શાસ્ત્રોમાં બતાવ્યા છે. જીવ શુભ પ્રવૃત્તિ કરે તો શુભ આલેખન થાય છે જેમકે ૧. કાયાની સરળતા અર્થાત્ શરીરથી કોઈને અડચણ ન થાય તેમ બેસવામાં, જોવામાં, આપવામાં અથવા શરીરની જે જે પ્રવૃત્તિ થાય તેમાં સરળતા દેખાય, વક્રતા, પ્રપંચ ન જણાય તે કાયાની સરળતા છે. ૨. વચનની સરળતા અર્થાત્ વાણીથી બોલાય ત્યારે જેવું હોય તેવું સ્પષ્ટ કહે તે કોઈપણ સમજી શકે એટલે વાણીમાં વક્રતા ન હોય. ૩. મનની ઋજુતા (ભાવની સરળતા) એટલે મન પણ એવું સ્પષ્ટ ભાવે વર્તે. આંટીઘૂટી, છેતરવાની કળા વગેરે મનમાં ન આવે. ૪. કોઈની પણ સાથે કંકાશ, ઝઘડો, વિવાદ, ખટપટ થાય તેવું ન કરે. આ ચાર પ્રકારે જીવ શુભનામ કર્મ બાંધે છે.

અશુભ નામ કર્મબંધના પણ મુખ્ય ચાર કારણ છે. ૧. કાયાની વક્રતા અર્થાત્ બીજા ઉપર હુમલો કરવો, મારવું વગેરેથી ૨. વચનની વક્રતા અર્થાત્ બીજાને વચનની વક્રતાથી છેતરવા, ચાલબાજી કરવી વગેરે. ૩. મનની વક્રતા અર્થાત્ મનમાં દ્વેષ હોય પરંતુ ઉપર ઉપરથી વહાલ બતાવવું, વગેરે. ૪. ગમે તેની સાથે સહજે સહજે લડાઈ કરવી. કંકાસ કરવો, ખટપટ કરવી. આ ચાર પ્રકારે જીવ અશુભ નામકર્મ બાંધે છે.

## નંદિષેણમુનિનું દૃષ્ટાંત

મગધ દેશમાં નંદી ગામમાં સોમીલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને સોમીલા નામે સ્ત્રી હતી. તેમને નંદિષેણ નામે પુત્ર થયો. દુર્ભાગ્યે તે કદરૂપો હતો. નાનપણમાં જ તેના માતા-પિતા મૃત્યુ પામ્યા એટલે મામાને ત્યાં જઈ રહ્યો. મામાએ તેને પોતાની સાત પુત્રીઓમાંથી એક પુત્રી સાથે પરણાવીશ એવું આશ્વાસન આપ્યું હતું. પરંતુ સાતે દીકરીઓએ કુરૂપ એવા નંદિષેણ સાથે પરણવાની ના પાડી દીધી. આથી નંદિષેણ ઘર છોડી રત્નપુર નગરમાં આવ્યો. ત્યાંના લોકોને સુખી જોઈને તેણે આપઘાત કરવાનો વિચાર કર્યો. આથી તે આપઘાત કરવા વનમાં ગયો. ત્યાં અચાનક રસ્તામાં તેને જૈનમુનિનો ભેટો થયો. મુનિએ તેને ધર્મ ઉપદેશ સંભળાવ્યો. અને આપઘાત કરવાથી થતાં ઘોર પાપોનું વર્ણન કર્યું. આથી નંદિષેણ વૈરાગ્ય પામી મુનિરાજ પાસે દીક્ષિત બન્યા. વળી તેમણે આજીવન છઠ્ઠને પારણે આયંબિલ અને લઘુ, વૃદ્ધ કે રોગવાળા સાધુઓની વૈયાવચ્ચ કર્યા પછી જ જમવું એવો અભિગ્રહ ધારણ કર્યો.

નંદિષેણ મુનિના વૈયાવચ્ચ ગુણથી આકર્ષિત બની ઈન્દ્ર મહારાજે દેવસભામાં તેમની ખૂબ પ્રશંસા કરી. આથી બે દેવો તેમની પરીક્ષા કરવા આવ્યા. એક દેવે રોગી સાધુનું રૂપ લીધું અને તે સાધુ રત્નપુર નગરની બહાર બેઠા. જ્યારે બીજા દેવ પણ સાધુનું રૂપ લઈ ઉપાશ્રયે આવ્યા. નંદિષેણ મુનિ છઠ્ઠના પારણાની તૈયારી કરતા હતા ત્યાં આવી રાડો પાડવા લાગ્યા કે ગામની બહાર બિમાર સાધુ દુઃખ ભોગવે છે અને તને ખાવા-પીવાનું સૂઝે છે! અને વળી વૈયાવચ્ચનો મોટો ઠેકો ધારવો છો! આવા આવા શબ્દો બોલવા લાગ્યા. આથી નંદિષેણ મુનિ ગોચરી પડતી મૂકી સેવા કરવા માટે શુદ્ધ પાણી વહોરવા ગયા. પરંતુ જ્યાં જાય ત્યાં દેવોની માયાથી દોષ દેખાય. માંડ માંડ થોડું શુદ્ધ પાણી મળ્યું તે લઈ નંદિષેણ મુનિ નગર બહાર રોગી સાધુ પાસે ગયા.

ત્યાં જઈને પેલા રોગી સાધુના શરીરની નંદિષેણ મુનિએ સમતાભાવપૂર્વક પાણી વડે સાફસૂફી કરી. પણ જેમ જેમ સાફ કરતા જાય તેમ તેમ વધુ ને વધુ પરુ બહાર આવવા લાગ્યું. આથી તેમને પોતાના ખભા ઉપર બેસાડી ઉપાશ્રય લઈ જવા માટે ચાલવા લાગ્યા. રસ્તામાં આ સાધુ નંદિષેણ મુનિ ઉપર મળ-મૂત્ર કરે છે છતાં તેઓ પોતાની વૈયાવચ્ચની ભાવનાથી સહેજ પણ ચલિત થયા નહિ. ઉલટા એવો વિચાર કરવા લાગ્યા કે અરે રે! મારાથી આ સાધુને કેટલી બધી અશાતા થાય છે. રસ્તામાં નંદિષેણ મુનિની પીઠ ઉપર બેઠેલા મુનિ ખૂબ ગુસ્સો કરી ગાળો આપે છે, ધીરે ચાલવા, ઉતાવળે ચાલવા ધમકાવે છે. છતાં તેઓ ક્ષમા ધારણ કરી તેમની સેવામાં અપાર આનંદ માને છે. આખરે બંને દેવો પોતાની હાર માની પ્રગટ થઈ તેમની વૈયાવચ્ચની મુક્ત કંઠે પ્રશંસા કરી ક્ષમા માંગે છે.

નંદિષેણ મુનિએ સ્પૃહારહિત સરળ ભાવથી ધર્મી પુરુષ મુનિશ્રીની અનુપમ સેવા સત્કારના શુભભાવથી શુભનામકર્મ બાંધ્યું. અને અત્યંત રૂપ-સૌન્દર્યયુક્ત શરીરવાળા વાસુદેવ તરીકે આગળના ભવમાં ઉત્પન્ન થયા.

# ગોત્ર કર્મ

અગુરુલઘુ આત્માનો ગુણ છે. જેમાં ઊંચ-નીચનો ભેદ ન હોય તેને અગુરુલઘુ કહેવાય. દરેક વ્યક્તિનું આત્મત્વ એક સરખું જ છે. કોઈ પણ શુદ્ધ આત્મા ભારે નથી કે હલકો નથી, મોટો નથી કે નાનો નથી. ઊંચનીચના ભેદ નથી. અગુરુલઘુ ગુણવાળો છે. આત્માના આ ગુણને ઢાંકનારા કાર્મણ-સ્કંધોને ગોત્રકર્મ કહે છે. ગોત્ર એટલે નામ ઉપરાંત વિશેષ જેનાથી ઓળખી શકાય છે તે ગોત્ર છે. જેમ કોઈ શાહ, ઝાલા, ગોહિલ વગેરે અટકથી ઓળખાય છે તેમ જીવ ઉચ્ચ ગોત્રથી અને નીચ ગોત્રથી ઓળખાય છે.

ગોત્રકર્મને કુંભારની ઉપમા આપવામાં આવી છે. જેમ કુંભાર એક જ માટીમાંથી ઘડા બનાવતો હોવા છતાં કેટલાક ઘડા એવા સરસ બનાવે છે કે તે ઘડા મંગળ-કલશ આદિ તરીકે વપરાય છે. જ્યારે કેટલાક ઘડા એવા બનાવે છે કે તેનો ઉપયોગ મદિરાદિ ભરવા તરીકે વપરાય છે. આ રીતે ઉચ્ચ અને નીચ ઘડાની શ્રેણીની જેમ ગોત્રકર્મ પણ જીવને ઉચ્ચ–નીચ ગોત્રમાં લઈ જાય છે. કોઈને રાજકુળમાં જન્મ મળે છે તો કોઈને ચમાર આદિ કુળમાં જન્મ મળે છે. ઉચ્ચ ગોત્ર પૂજનીય ગણાય છે તો નીચ ગોત્ર નિંદનીય ગણાય છે. ગોત્રકર્મની (૧) ઉચ્ચ ગોત્રકર્મ અને (૨) નીચ ગોત્રકમ એમ બે ઉત્તરપ્રકૃતિ છે.

**ગોત્રકર્મ બંધના કારણ**

ઉચ્ચકુળમાં જન્મેલાં હોય છતાં તેમને જાતિ અને કુળનો મદ ન હોય, અદ્‌ભુત રૂપ હોય છતાં રૂપનો ગર્વ ન હોય, અજય બળ હોય છતાં બળનું અભિમાન ન હોય, ઇચ્છિત વસ્તુ મળે છતાં લાભનો ગર્વ ન હોય, અગાઢ શ્રુતજ્ઞાન હોવા છતાં શ્રુતનું અભિમાન ન હોય, તપનું અભિમાન ન હોય અને ઐશ્વર્યનું અભિમાન ન હોય તે ઉચ્ચગોત્રકર્મ બાંધે છે. તેવી જ રીતે જે જાતિ, કુળ, બળ, રૂપ, જ્ઞાન, તપ, લાભ અને ઐશ્વર્યનો મદ કરે છે, અભિમાન કરે છે તે નીચગોત્રકર્મ બાંધે છે. તેમજ સારી જાતિ મળવાથી જીવો ઉદ્ધતાઈથી માનના માર્ગે જાય તો નીચગોત્રકર્મ બંધાય.

## હરિકેશી મુનિનું દષ્ટાંત

કોઈ એક સમયે મથુરા નગરીના શંખરાજાએ સંસારથી વિરક્ત બની દીક્ષા ગ્રહણ કરી, ચારિત્ર ધર્મની આરાધના કરતા હતા. એકવાર તેઓ વિહાર કરતાં કરતાં હસ્તિનાપુર પધાર્યાં. ભિક્ષા માટે વિચરતા શંખમુનિ એક ગલીની નજીક આવ્યા. ત્યાં સૂનકાર જોતાં નજીકમાં રહેતાં સોમદત્ત પુરોહિતને માર્ગ પૂછ્યો. તે ગલીનું નામ 'હુતવહ-રથ્યા' હતું. તે ગ્રીષ્મઋતુના સૂર્યના તાપથી તપેલા લોઢાની સમાન અત્યંત ગરમ રહેતી હતી. જેથી આ માર્ગ ઉપર ઉઘાડા પગે ચાલવું કોઈપણ પુરુષ વ્યક્તિ માટે શક્ય ન હતું. પરંતુ સોમદત્તને મુનિઓ પ્રત્યે દ્વેષ હતો એટલે તેણે દ્વેષવશ સંતમુનિને તે જ હુતવહ રથ્યાનો ઉષ્ણમાર્ગ બતાવી દીધો. શંખમુનિ નિશ્ચલ ભાવથી ઈર્યા સમિતિપૂર્વક તે માર્ગ ઉપર ચાલ્યા. પરંતુ તેમના તપોબળના પ્રભાવથી જ ઉષ્ણમાર્ગ એકદમ શીતળ બની ગયો. શંખમુનિ ધીરે ધીરે તે માર્ગને આનંદપૂર્વક પાર કરી રહ્યાં હતાં. આ જોઈને સોમદત્ત બ્રાહ્મણના આશ્ચર્યનો પાર ન રહ્યો. તે જ સમયે તેઓ નીચે આવ્યા અને એ જ માર્ગ ઉપર ઉઘાડા પગે ચાલ્યા. ત્યારે ગલીનો ચંદન સમાન શીતળ સ્પર્શ અનુભવી તેમના મનમાં ઘણો જ પશ્ચાતાપ થયો. શંખમુનિ પાસે આવી, તેમના ચરણોમાં પડી પોતાના અનુચિત કાર્ય બદલ ક્ષમા માગી. ત્યારે શંખમુનિએ તેમને ધર્મોપદેશ આપ્યો. ધર્મનો ઉપદેશ સાંભળીને સોમદેવ બ્રાહ્મણને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને એમણે શંખમુનિ પાસે દીક્ષા ગ્રહણ કરી. સોમદત્ત મુનિએ ઘણાં વર્ષો સુધી ચારિત્ર તો પાળ્યું પણ તેઓ હંમેશાં બોલતાં કે હું બ્રાહ્મણ પુરોહિત છું, અમારી જાતિ જ શ્રેષ્ઠ ગણાય. બીજી બધી જાતિ તો હલકી ગણાય. હું ઉત્તમ કુળ જાતિવાળો છું. આમ જાતિમદ, રૂપમદ કરતા રહ્યા, જેના કારણે તેમણે નીચગોત્રકર્મ બાંધ્યું. ચારિત્રપાલનના કારણે તેઓ આયુષ્યકર્મ સમાપ્ત થયા બાદ સ્વર્ગમાં ગયા.

દેવ આયુષ્યપૂર્ણ કરી સોમદેવ મુનિ જાતિમદના કારણે બાંધેલા નીચગોત્ર કર્મના કારણે ગંગાને કિનારે હરિકેશ ગોત્રીય ચાંડાલોના અધિપતિ 'બલકોટ્ટ' નામના ચાંડાલની પત્ની 'ગૌરી'ના ગર્ભમાં પુત્ર રૂપે ઉત્પન્ન થયા. તેનું નામ બલ રાખવામાં આવ્યું. વળી રૂપમદના કારણે એમનું શરીર સૌભાગ્ય રૂપરહિત હોવાને લીધે તેમના સગાંસંબંધીમાં ઘૃણાપાત્ર તેમ જ હાસ્યનું કારણ બનતું. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેમનો સ્વભાવ ક્રોધી અને ઝઘડાખોર થતો ગયો. આથી તેમની સાથે કોઈ રમતું નહિ.

એકવાર બલ એકલો લાચાર અને દુઃખી થઈ બેઠો હતો. એટલામાં ત્યાં એક કાળો વિષધર સાપ નીકળ્યો. ત્યારે ચાંડાલોએ તે દુષ્ટસર્પ છે એમ કહી તેને મારી નાખ્યો. થોડીવાર પછી અલશિક જાતિનો નિર્વિષ સાપ નીકળ્યો. લોકોએ તેને વિષરહિત છે કહીને છોડી દીધો. આ બંને ઘટના દૂર બેઠેલાં બલે (ચાંડાલપુત્ર) જોઈ. આ દૃષ્ય જોઈ તેણે ચિંતન કર્યું કે મારા બંધુજનો મારા દોષયુક્ત વ્યવહારને લીધે જ મને વિષસર્પની જેમ ધુત્કારે છે. જો હું પણ અલશિકની જેમ દોષરહિત હોત તો સહુનો પ્રિયપાત્ર હોત. આ પ્રકારની વિચારધારામાં નિમગ્ન થતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે તેને પૂર્વભવમાં બાંધેલ જાતિમદના ફળ સ્વરૂપે હમણાં પ્રાપ્ત થયેલ નીચગોત્ર તેમ જ ભોગવી આવેલ દેવોચિત સુખોની વિનશ્વરતાના વિચારો આવ્યા. આવા આવા વિચારો આવતાં તેણે આ સંસારને તુચ્છ સમજીને વૈરાગ્યપૂર્વક દીક્ષાવ્રત અંગીકાર કરી લીધું અને એ હરિકેશબલના નામથી સંસારમાં વિખ્યાત થયા.

# અંતરાય કર્મ

અનંતવીર્ય, અનંતશક્તિ આત્માનો ગુણ છે. આત્મા દાન, લાભ, ભોગ આદિ અનંતશક્તિનો માલિક છે. આત્માની આ અનંતશક્તિને ઢાંકનારા કાર્મણસ્કંધોને અંતરાયકર્મ કહે છે. જીવને અંતરાયકર્મ તેની સંપત્તિરૂપી અનંત શક્તિ ભોગવવા દેતો નથી. તે સર્વે લબ્ધિ શક્તિનું વર્ગીકરણ કરીને પાંચલબ્ધિમાં સમાવેશ કર્યો હોવાથી તેને ઢાંકનાર અંતરાયકર્મ પાંચ પ્રકારે કહ્યું છે.

અંતરાયકર્મને રાજાના ભંડારીની ઉપમા આપી છે. જેમ કે રાજા ભંડારીને આદેશ આપે કે તું યાચકાદિને દાનાદિ આપજે. પરંતુ ભંડારી યાચકને કહી દે કે અત્યારે મને સમય નથી, પછી આવજે, એમ બહાના બતાવી અંતે ના પાડી દે છે. એવી જ રીતે અંતરાયકર્મ એ વિઘ્નકર્તા છે. દાન, લાભ આદિ પ્રાપ્ત થયું હોય એમાં ભંડારીની જેમ વિઘ્ન નાંખવાનું કામ અંતરાય કર્મ કરે છે. જેના કારણે જીવ સુખ સગવડ, શારીરિક બળ આદિ પ્રાપ્ત કરી શકતો નથી. અંતરાયકર્મના ૧. દાનાંતરાય ૨. લાભાંતરાય ૩. ભોગાંતરાય ૪. ઉપભોગાંતરાય અને ૫. વીર્યાંતરાય એમ પાંચ ઉત્તરપ્રકૃતિઓછે.

**અનંતરાયકર્મબંધના કારણ**

અંતરાયકર્મબંધના મુખ્ય પાંચ કારણો છે. (૧) બીજાઓને દાન આપવામાં અંતરાય-વિઘ્ન નાંખવાથી, દાનધર્મની નિંદા કરવાથી દાનાંતરાયકર્મ બંધાય છે. (૨) બીજાને સુખ-સગવડના સાધનો મળતા હોય ત્યારે અંતરાય પાડવાથી લાભાંતરાયકર્મ બંધાય છે. (૩) એકવાર ભોગવી શકાય એવી વસ્તુ માટે બીજાના ભોગસુખમાં અંતરાય પાડવાથી ભોગાંતરાયકર્મ બંધાય છે. (૪) વારંવાર ભોગવી શકાય એવી વસ્તુ માટે પણ બીજાના ઉપભોગ સુખમાં વિઘ્ન નાંખવાથી ઉપભોગાંતરાયકર્મ બંધાય છે. (૫) તેમજ બીજાની વીર્યશક્તિમાં અંતરાય પાડવો તથા પોતાની શક્તિ હોવા છતાં આળસ વગેરે કરવાથી વીર્યાંતરાયકર્મ બંધાય છે.

## ઢંઢણ મુનિનું દૃષ્ટાંત

શ્રીકૃષ્ણ વાસુદેવના સમયની આ વાત છે. શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર ઢંઢણકુમારને શ્રી નેમિનાથની ધર્મદેશના સાંભળી વૈરાગ્યભાવ જાગ્યો. આથી તેમણે શ્રી નેમિનાથ પાસે દીક્ષા અંગીકાર કરી. સાધુ જીવનને અનુકૂળ હોય તે પ્રમાણે જે ગોચરી આદિની ગવેષણા કરી આહાર ગ્રહણ કરતા. આમ જે કાંઈ પ્રાસુક આહાર મળે તેનો આહાર કરતા. પણ પૂર્વ ભવમાં બાંધેલ અંતરાયકર્મનો ઉદય થયો એટલે જ્યાં જ્યાં ગોચરી માટે જાય ત્યાં ત્યાં શુદ્ધ ભિક્ષા મળે નહિ, એટલું જ નહીં પણ એમની સાથે જો કોઈ સાધુ હોય તો તેમને પણ ગોચરી ન મળે એવું બનવા લાગ્યું. સમય વીતતો ગયો ત્યારે બીજા સાધુઓએ શ્રી નેમિનાથ ભગવાનને પૂછ્યું કે, હે પરમાત્મા! તમારા શિષ્ય, શ્રીકૃષ્ણ વાસુદેવના પુત્ર, ધાર્મિક, ધનાઢ્ય અને ઉદાર ગૃહસ્થવાળી દ્વારકા નગરી છતાં શ્રી ઢંઢણમુનિને ગોચરી કેમ મળતી નથી? ત્યારે શ્રી નેમિનાથ ભગવાને તેમના પૂર્વભવનો વૃત્તાંત કહેતાં કહ્યું કે, ઢંઢણ મુનિનો આત્મા પૂર્વજન્મમાં મગધ દેશનો પારાસર નામનો બ્રાહ્મણ હતો. તે ગામના લોકો પાસેથી રાજ્યના ખેતરો ખેડાવતો હતો. દરરોજ ભોજન વેળા થાય અને બધાની ભોજન સામગ્રી આવી જાય તો પણ તે ભોજન કરવાની બધાને રજા આપતો ન હતો. પણ લોકો પાસેથી વધુ કામ કરાવવાના આશયથી ભૂખ્યા લોકો અને ભૂખ્ય બળદો પાસેથી હળ ખેડાવી ખેતરોમાં વધુ કામ કરાવતો. આ કાર્યથી પરાસર બ્રાહ્મણે અંતરાયકર્મ બાંધી લીધું હતું અને તે આ ભવમાં ઢંઢણમુનિને ઉદયમાં આવ્યું છે જેથી તેમને ગોચરી-પાણી સુઝતા મળતા નથી.

આ વાત બધા સાધુઓની સાથે ઢંઢણમુનિએ પણ સાંભળી. આથી તેમણે પ્રભુ પાસે અભિગ્રહ લીધો કે, આજથી હું મારી લબ્ધિ દ્વારા જ ભોજન મળશે તો તે વાપરીશ. પરલબ્ધિથી અથવા તો કોઈએ લાવેલી ગોચરી વાપરીશ નહિ. આ રીતે આહાર ન મળતાં ઢંઢણમુનિના છ મહિના વીતી ગયા.

એકવાર શ્રીકૃષ્ણ વાસુદેવે ભગવાન નેમિનાથને પૂછ્યું કે, તમારા સર્વ સાધુઓમાં દુષ્કર કાર્ય કરનાર કોણ છે? ત્યારે પ્રભુએ કહ્યું, બધા જ મુનિ દુષ્કર કાર્ય કરે છે. પણ ઢંઢણમુનિ સર્વથી અધિક છે. ત્યારબાદ શ્રીકૃષ્ણ પ્રભુને વંદન કરી પાછા ફરતા હતા ત્યારે તેમને માર્ગમાં ઢંઢણમુનિને ગોચરીએ જતા જોયા. આથી શ્રીકૃષ્ણ વાસુદેવે તેમને ભક્તિપૂર્વક વંદન કર્યા. ત્યારે એક ગૃહસ્થને ઢંઢણમુનિ માટે માન ઉપજ્યું. આથી તે મુનિ કેવા મહાન ચારિત્રશીલ હશે, એમ વિચારી પોતાના આવાસે લઈ જઈ બહુમાનપૂર્વક મોદક વહોરાવ્યા. ઢંઢણમુનિ પણ ગોચરી લઈ સ્વસ્થાનકે પાછા આવી પ્રભુને પૂછ્યું કે, આજે મને ગોચરી મળી છે. શું મારો અભિગ્રહ પૂરો થયો? ત્યારે નેમિનાથ પ્રભુએ જવાબ આપ્યો કે, હે ઢંઢણ! આ આહાર તો શ્રીકૃષ્ણ વાસુદેવની લબ્ધિને લીધે મળ્યો છે. તમારી સ્વલબ્ધિનો નથી.

આ જવાબ સાંભળી ઢંઢણમુનિ કે જેઓ રાગ આદિથી રહિત થયેલા છે, આ પરલબ્ધિનો આહાર છે, મને ન ખપે, એમ વિચારી જંગલમાં મોદક આદિ આહાર પરઠવા ગયા. લાડુનો ભુક્કો કરતાં કરતાં વિચારવા લાગ્યા કે, મારા આત્માએ કર્મ કરતાં કેમ વિચાર ન કર્યો? પૂર્વોપાર્જિત કર્મનો ક્ષય થવો મુશ્કેલ છે. એમ વિચારતા અને ધ્યાનમાં મગ્ન થઈ જતાં ઢંઢણમુનિને કેવળજ્ઞાન થયું.

# જૈન સાહિત્યમાં કર્મવાદ

જૈન સાહિત્યમાં મુખ્યત્વે બે ભેદ પાડી શકાય (૧) આગમ સાહિત્ય અને આગમેતર સાહિત્ય.

(૧) **આગમ સાહિત્ય**-રાગદ્વેષ વિજેતા જિન તીર્થંકર ભગવંતના તત્ત્વ-ચિંતનનું જેમાં વર્ણન છે તે આગમ છે. જેનાથી પદાર્થનું સંપૂર્ણ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. આગમ અધ્યાત્મજ્ઞાનનો પવિત્ર તેમજ અક્ષયસ્રોત છે.

(૨) **આગમેતર સાહિત્ય**- આગમ સિવાયના સાહિત્યને આગમેતર સાહિત્ય કહે છે. આગમ સાહિત્યના ભાવ, રહસ્યની સરળ સાદી ભાષામાં સમજૂતી જેમાં આપવામાં આવી છે તેને આગમેતર સાહિત્ય કહે છે.

### આગમ સાહિત્યમાં કર્મવાદ

**શ્રી ભગવતી સૂત્ર –**

દ્વાદશાંગી (૧૨ અંગ) સૂત્રમાંથી આ પાંચમું અંગસૂત્ર છે. આ સૂત્ર મહાસાગર જેવું વિશાળ છે. વિશ્વના તત્ત્વમાંથી કોઈ વિષય એવો નહિ હોય જેનું સમાધાન ભગવતીમાંથી ન મળે, એવું ગહન આ સૂત્ર છે. આ સમગ્ર શાસ્ત્ર પ્રશ્નોત્તરોનો વિશાળ રત્નભંડાર છે. પ્રભુ મહાવીર અને પ્રથમ ગણધર ગૌતમ સ્વામી વચ્ચે થયેલા ૩૬૦૦૦ પ્રશ્નોનું નિરાકરણ આ સૂત્રમાં છે. એના એક એક પ્રશ્ન, એક એક સિદ્ધાન્ત અને એક એક શાસ્ત્રનું ઉદ્‌ઘાટન કરે છે–આમ આ એક અલૌકિક સૂત્ર છે.

**ભગવતી સૂત્રમાં કર્મવાદ –**

આ સૂત્રમાં કર્મવાદનું સુંદર વિવેચન છે. જૈનદર્શનમાં કર્મવાદને પ્રધાનતા આપીને તેનું નખશિખ વર્ણન કરવામાં આવ્યું છે. જૈન તત્ત્વજ્ઞાનના કમ્મપયડી, ષટ્‌ખંડાગમ, ગોમ્મટસાર કે કર્મગ્રંથો આદિના અભ્યાસથી એ પૂરવાર થાય છે. કર્મસિદ્ધાંત માટે ભગવતી સૂત્રમાં જે ઊંડું તલસ્પર્શી સચોટ સ્પષ્ટીકરણ છે તે અન્ય સાહિત્યમાં મળવું મુશ્કેલ છે.

સામાન્ય રીતે જનસામાન્યની માન્યતા હોય છે કે ભાગ્યમાં જે લખ્યું હશે તે થશે. એ લોકો એ વાક્યમાં જ સમસ્ત કર્મવાદને સમાવી દે છે. પરંતુ ભગવતી સૂત્રમાં કર્મસિદ્ધાંતનું વિવેચન કરતાં સ્પષ્ટપણે કહ્યું છે કે કર્મોના બંધમાં અને ભાગ્યમાં લખાયેલા તત્ત્વોમાં ઘણું જ પરિવર્તન કરી શકાય છે. જેને કર્મવાદમાં સંક્રમણ (સજાતીય કર્મની પ્રકૃતિનું એકબીજામાં પરિવર્તન), ઉદ્‌વર્તન (કર્મસ્થિતિમાં વૃદ્ધિ), અપવર્તન (કર્મસ્થિતિમાં ઘટાડો) આદિ કહેવાય છે. જેનાથી કર્મમાં પરિવર્તન થઈ શકે છે. તેમાં આત્માના વિશેષ પુરુષાર્થની જરૂર છે. માત્ર નિકાચિત કર્મોને છોડીને શેષ કર્મોની અવસ્થાઓમાં પરિવર્તન શક્ય છે એ વિષયમાં ભગવતી સૂત્રમાં વિશદ પ્રકાશ પાથરવામાં આવ્યો છે.

એમાંના કેટલાક વિશેષ અધિકારો ઉલ્લેખનીય છે, જેમ કે શતક પ્રથમમાં કાંક્ષા મોહનીયનો વિચાર, કર્મપ્રકૃતિ, જીવનું ઉપસ્થાન (ઊર્ધ્વગમન) અપક્રમણ (પતન), કર્મફળ ભોગનો સિદ્ધાંત વગેરે છે.

છઠ્ઠા શતકમાં-જીવ અને કર્મનો સંબંધ સ્વાભાવિક રૂપે થાય છે કે પ્રયત્નથી? તે મહત્ત્વના વિષયને વસ્ત્રના દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કર્યો છે.

આઠમા શતકમાં ૮મા ઉદ્દેશામાં કર્મની ચૌભંગી (ચાર વિકલ્પ) છે. કર્મપ્રકૃતિ અને પરિષહ પણ છે. ૧૦મા ઉદ્દેશામાં આઠ કર્મમાં અન્ય કર્મ નિયમા કે ભજનાથી હોય તે બતાવ્યું છે.

વીસમા શતકમાં ૭મા ઉદ્દેશામાં ત્રણ પ્રકારના બંધ બતાવ્યા છે. આઠે પ્રકારના કર્મબંધમાં અને ઉદયકર્મમાં (૧) જીવ પ્રાયોગ્ય બંધ, અનંતર બંધ અને પરંપર બંધ–આ ત્રણે પ્રકારના બંધ હોય એવું વિવેચન છે. ઓગણત્રીસમા શતકના ૧૧મા ઉદ્દેશામાં પાપકર્મો વેદવા બાબતનું નિરૂપણ થયું છે.

અન્ય શતકના ઉદ્દેશાઓમાં પણ કર્મનું સ્વરૂપ કોઈને કોઈ રીતે જ છે. વિસ્તારભયના કારણે અહીં વિસ્તૃત આલેખન શક્ય નથી.

**શ્રી ઠાણાંગસૂત્ર –**

દ્વાદશાંગીનું ત્રીજું અંગસૂત્ર ઠાણાંગજી છે. એમાં એક સ્થાનથી એક એક વૃદ્ધિ કરીને દશ સ્થાન પર્યંતના ભાવોની વૃદ્ધિ કરવામાં આવી છે. આ ૧૦ સ્થાનમાં વિવિધ વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે. આ સૂત્ર અનેક સંકેતો કરીને જીવને એનું સાચું સ્થાન બતાવે છે. પોતાનું સ્વરૂપ પ્રકાશિત કરવા માટેનું સાઈન બોર્ડ છે.

**ઠાણાંગસૂત્રમાં કર્મવાદ–**

આ સૂત્રમાં કર્મના ફોરા યત્રતત્ર જોવા મળે છે. જેમ કે બીજા ઠાણાના ત્રીજા ઉદ્દેશામાં પ્રદેશોદય એ વિપાકોદયનું સ્વરૂપ બતાવ્યું છે. જ્યારે ચોથા સ્થાનમાં કર્મ સંબંધી વિવિધ ચૌભંગીઓ છે. ૧લા ઉદ્દેશામાં અલ્પકર્મ–મહાકર્મની, બીજા ઉદ્દેશામાં કર્મબંધ અને ઉપક્રમ આદિની ૧૦ ચૌભંગી, ચોથા ઉદ્દેશામાં શુભાશુભ કર્મવિપાકની, બંધ વગેરેની અને ચારે ગતિના આયુબંધની ચૌભંગીઓ બતાવવામાં આવી છે. સાતમા ઉદ્દેશામાં પાપકર્મનો સંચય અને શાતા-અશાતા વેદયનીકર્મનું ફળ બતાવવામાં આવ્યું છે. આઠમા ઠાણામાં આઠ કર્મના નામ, ચય,ઉપચય વગેરે છે.

**શ્રી પન્નવણા-પ્રજ્ઞાપનાસૂત્ર–**

જેના મારફતે જીવ–અજીવ આદિ તત્ત્વ પ્રકર્ષરૂપે (શ્રેષ્ઠરૂપે) જણાવવામાં આવે છે તેને પ્રજ્ઞાપના કહે છે. બાર ઉપાંગમાં આ ચોથું ઉપાંગસૂત્ર છે. આ સૂત્રના રચયિતા કલિયુગમાં સતયુગ રચનાર, તીક્ષ્ણ મેધાવી, શ્રી સીમંધરસ્વામીના મુખે વિદેહ ક્ષેત્રમાં પણ જેમનું નામ લેવામાં આવ્યું એવા શ્રી શ્યામાચાર્ય છે.

આ સૂત્રમાં ૩૬ પદ છે. આ સૂત્રની રચના પ્રશ્નોત્તર રૂપે થઈ છે. આના પ્રત્યેક પદને અંતે પણવણાએ ભગવઈએ પાઠ આવે છે તેથી એમ સિદ્ધ થાય છે કે અંગસૂત્રોમાં જે સ્થાન ભગવતી સૂત્રનું

છે તેવું જ વિશિષ્ટ સ્થાન ઉપાંગસૂત્રોમાં શ્રી પન્નવણાનું છે. પન્નવણાજીના કેટલાક પદોનો હવાલો શ્રી ભગવતી સૂત્રમાં આપવામાં આવ્યો છે પણ પન્નવણા સૂત્રમાં કોઈપણ સૂત્રનો હવાલો આપવામાં આવ્યો નથી તેમાં જે જે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેમાં તે વિષયોનું સંપૂર્ણ કથન છે.

**પન્નવણામાં કર્મવાદ**

આ સૂત્રનું ૨૩મું પદ કર્મપ્રકૃતિનું છે તેના બે ઉદ્દેશા છે.

**ઉદ્દેશક -૧-** આમાં પાંચ દ્વારોના માધ્યમથી ૨૪ દંડકવર્તી જીવો દ્વારા કર્મસિદ્ધાંતની ચર્ચા કરી છે.

દંડક=જ્યાં જીવ ઉત્પન્ન થઈને કર્મના દંડ ભોગવે તેને દંડક કહે છે. તે તે પ્રકારના જીવોના સમૂહને ઓળખવાની સંજ્ઞાને દંડક કહે છે. દંડક ૨૪ છે. નારકી, ૧૦ ભવનપતિ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, તિર્યંચ પંચેદ્રિય, મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

**ઉદ્દેશક -૨** - આઠ કર્મની મૂળ અને ઉત્તરપ્રકૃતિઓના ભેદ-પ્રભેદનું વર્ણન, એકેન્દ્રિયથી લઈ સંજ્ઞી-અસંજ્ઞી-પંચેદ્રિય સુધીના જીવોમાં આઠ કર્મોના બંધની કાલમર્યાદા તથા આઠ કર્મોની જઘન્ય (ઓછામાં ઓછી - સૌથી અલ્પ) અને ઉત્કૃષ્ટ (સૌથી વધુ) સ્થિતિને બાંધનારા જીવોનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. અબાધાકાળ-નિષેક કાળ આદિનું વર્ણન છે.

પન્નવણાના ૨૪ થી ૨૭ પદમાં અનુક્રમે કર્મબંધ, ક્રમબંધવેદન, કર્મવેદબંધ, અને કર્મવેદ-વેદક પદ–એમ ચાર પદમાં કર્મના બંધ અને વેદન તથા વેદન અને બંધનો પરસ્પર સંબંધ પ્રદર્શિત કર્યો છે.

આમ શ્રી પન્નવણાજીમાં કર્મ સંબંધી સુવિસ્તૃત વર્ણન મળે છે.

**જ્ઞાતાધર્મકથાંગ** –

**છઠ્ઠું અંગસૂત્ર** – આના મૂળસૂત્રમાં ૫૫,૫૬,૦૦૦ પદોમાં સાડાત્રણ કરોડ ધર્મકથા હતી. હાલ ૫૫૦૦ ગાથા છે. જ્ઞાતા એટલે ઉદાહરણ પ્રધાન – એટલે જે અંગસૂત્રમાં ઉદાહરણ પ્રધાન ધર્મ-કથાઓ છે તે જ્ઞાતાધર્મકથાંગ. તત્ત્વજ્ઞાન કથામાં પીરસીને જ્ઞાનને રસાળ બનાવનાર સૂત્ર છે. એના છઠ્ઠા અધ્યયનમાં તુંબડાના દૃષ્ટાંતથી આઠ કર્મ બાંધવાનું અને છોડવાનું બતાવ્યું છે. અષ્ટકર્મબંધક ભારેકર્મી થઈ નરકગામી બને અને સાધના દ્વારા કર્મદોષ પલાળીને છુટા કરી દે તો કર્મબંધથી મુક્ત થઈને લોકગ્રે જઈને સિદ્ધ થઈ જાય.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર–**

જૈન આગમગ્રંથમાં 'મૂળ સૂત્ર' તરીકે પ્રસિદ્ધ, સરળ, કથાત્મક, રોચક સંવાદ અને રસાળ રચના શૈલીને કારણે 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' એક મહત્ત્વપૂર્ણ આગમ મનાય છે. મુનિની જીવનચર્યાના પ્રારંભમાં મૂળભૂત સહાયક બને છે તથા આગમોના અધ્યયનોની શરૂઆત એના પઠનથી થાય છે માટે તેને મૂળસૂત્ર કહેવાય છે. ભગવાન મહાવીરના કર્મવાદના મહત્ત્વના વિષયનું–૩૩મા અધ્યયન કમ્મપયડી–કર્મપ્રકૃતિમાં વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. કર્મના ભેદ–પ્રભેદ, બંધ, બંધના પ્રકાર, બંધ હેતુ વગેરેનું વર્ણન પ્રાપ્ત થાય છે.

આમ આગમ સાહિત્યમાં કર્મવાદ વિશે સપ્રસંગ વિસ્તૃત વિચારણા થઈ છે.

**આગમેતર સાહિત્યમાં કર્મવાદ**

**પૂર્વાત્મક કર્મશાસ્ત્ર** - આ ભાગ સૌથી પ્રથમ અને મોટો છે. કારણ કે પૂર્વ વિચ્છેદન ગયા ત્યાં સુધી તેનું અસ્તિત્વ હતું. ભગવાન મહાવીર પછી લગભગ ૯૦૦ અથવા ૧૦૦૦ વર્ષ સુધી ક્રમશઃ હ્રાસ થતા થતા એક પૂર્વની વિદ્યા વર્તમાન રહી હતી.

ચૌદ પૂર્વમાંથી આઠમું કર્મપ્રવાદપૂર્વ આખું કર્મવિષયક હતું. જેમાં ૧૨૮ હાથી પ્રમાણ શાહીથી લખી શકાય એટલું અધ...ધ...ધ જ્ઞાન હતું જે આજે વિચ્છેદ (નષ્ટ) ગયેલું મનાય છે. તેના સિવાય બીજા નંબરના અગ્રાયણીય પૂર્વમાં એક વિષય કર્મપ્રાભૃત હતો જેમાં કર્મતત્ત્વનો વિચાર કરવામાં આવ્યો હતો. પૂર્વો તો વિચ્છેદ ગયા પણ એના આંશિક વિભાગો એમાંથી ઉધ્ધૃત થયેલા માની શકાય એવા અનેક ગ્રંથો શ્વેતાંબર અને દિગંબર બંને મતમાં આજે પણ જોવા મળે છે. એમાંના કેટલાકનો અહીં આંશિક પરિચય પ્રસ્તુત છે.

**શ્વેતાંબર મતમાં પ્રસિદ્ધ ગ્રંથો**

(૧) **કમ્મપયડિ - કર્મપ્રકૃતિ** - આ ગ્રંથના કર્તા પૂજ્ય આચાર્યશ્રી શિવશર્મસૂરિજી છે. જેઓ પ્રાયઃ ૧૦ પૂર્વધારી હતા. વિક્રમની શરૂઆતની સદીમાં થયા એમ મનાય છે. આ ગ્રંથ પ્રાકૃત ભાષામાં પદ્યરૂપે ૪૭૫ શ્લોક પ્રમાણ છે. જેમાં વર્ગણાનું સ્વરૂપ, પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ, ધ્રુવબંધી–અધ્રુવબંધી આદિનું વિસ્તારથી વર્ણન છે. આ ગ્રંથ પર ૭૦૦૦ શ્લોક પ્રમાણ અજ્ઞાત-કર્તૃક ચૂર્ણી છે. ૮૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં ગદ્યરૂપે પૂજ્ય મલયગિરીજીકૃત ટીકા છે. તેમ જ ૧૩,૦૦૦ શ્લોક પ્રમાણ પૂ. ઉપા. યશોવિજયજી મ. કૃત સંસ્કૃત ટીકા છે તથા પં. શ્રી ચંદુલાલ નાનચંદજી કૃત ગુજરાતી ટીકાનુવાદ પણ છે. આ બધાએ કર્મસ્વરૂપને સમજાવવા માટે ઊંડું ચિંતન કરીને ગહન વિષયને સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

(૨) **પંચસંગ્રહ** – આ ગ્રંથના કર્તા શ્રી ચંદ્રર્ષિ મહત્તરાચાર્ય છે. ૯૬૩ શ્લોક પ્રમાણ આ ગ્રંથ છે. આ ગ્રંથકર્તા પાર્શ્વર્ષિના શિષ્ય હોય એમ લાગે છે. આ ગ્રંથ પર ૯૦૦૦ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ અને ૧૮,૮૫૦ શ્લોક પ્રમાણ પૂજ્ય મલયગિરિજી કૃત સંસ્કૃત ટીકાઓ છે. આ પંચસંગ્રહના બે ભાગ છે. પ્રથમ ભાગમાં પાંચ દ્વારો છે–૧. યોગોપયોગ વિષય માર્ગણા ૨.બંધક ૩. બંધવ્ય ૪. બંધહેતુ અને ૫. બંધવિધિ--આ પાંચ દ્વારોનો સંગ્રહ હોવાથી પંચસંગ્રહ કહેવાય છે. બીજા ભાગમાં કર્મ પ્રકૃતિના અનુસારે આઠ કરણોનું વર્ણન છે. આ ગ્રંથની ટીકાનો ગુજરાતી અનુવાદ પં. શ્રી હીરાલાલ દેવચંદજીએ કરેલો છે તથા પં. શ્રી પુખરાજજી

અમીચંદભાઈએ પુનઃ તેનું સંપાદન કરીને સાત સંગ્રહ કરેલ છે. આ પંચ સંગ્રહોમાં કર્મ સંબંધી ઘણા રહસ્યોદ્‌ઘાટન થયા છે. કર્મને વિશેષ સમજવા માટે ઘણા જ ઉપયોગી છે.

**પ્રાચીન કર્મગ્રંથ ષટ્‌ક** – શ્રી દેવેન્દ્રસૂરિજીના રચેલા કર્મગ્રંથો સરળ અને અર્વાચીન છે. તેથી તેની અપેક્ષાએ પૂર્વે રચાયેલા કર્મગ્રંથોને 'પ્રાચીન કર્મગ્રંથો' કહેવાય છે. એવા છ કર્મગ્રંથો છે જે ભિન્ન ભિન્ન કર્તાના બનાવેલા છે. પ્રાચીન અને અર્વાચીન બંનેના નામ સરખા છે.

(૧) **કર્મવિપાક** – આ પ્રથમ કર્મગ્રંથના કર્તા ગર્ગર્ષિમુનિ છે. તે ૧૬૮ શ્લોક પ્રમાણ છે. ઉદિત કર્મોના વિપાકનું (ફળનું) વર્ણન કરેલ હોવાથી નામ કર્મવિપાક રાખેલ છે. આ કર્મગ્રંથની રચના વિક્રમની ૧૦મી સદીમાં થઈ છે. તે ગ્રંથ ઉપર (૧) પરમાનંદસૂરિજી કૃત ટીકા (૨) ઉદય પ્રભ સૂરિજીકૃત ટિપ્પણક અને (૩) અજ્ઞાતકર્તૃક ટીકા છે. આ ટીકાઓ અને ટિપ્પણક પ્રાયઃ વિક્રમની બારમી-તેરમી સદીમાં થયેલ છે.

(૨) **કર્મસ્તવ** - આ બીજા કર્મગ્રંથના કર્તાનું નામ અનુપલબ્ધ છે. તે ૫૭ શ્લોક પ્રમાણ છે. તેના ઉપર બે ભાષ્યો અને બે સંસ્કૃત ટીકાઓ છે. બન્ને ભાષ્યોના કર્તા અજ્ઞાત છે. પરંતુ બન્ને ટીકાઓના કર્તા અનુક્રમે (૧) ગોવિન્દાચાર્ય અને (૨) ઉદયપ્રભસૂરિજી છે. આ બીજા કર્મગ્રંથનું 'બન્ધોદય-સદ્-યુક્ત સ્તવ' એવું બીજું નામ પણ છે.

(૩) **બન્ધસ્વામિત્વ** – આ ગ્રંથના કર્તાનું નામ પણ અનુપલબ્ધ છે. આ ગ્રંથ ૫૪ શ્લોક પ્રમાણ છે. આ ગ્રંથ ઉપર એક સંસ્કૃત ટીકા છે, જે ટીકાના કર્તા પૂ. શ્રી હરિભદ્રસૂરિજી છે. આ હરિભદ્રસૂરિજી બૃહદ્‌ગચ્છના શ્રી માનદેવસૂરિજીના શિષ્ય હતા. તેથી યાકિની મહત્તરાસૂનુથી અન્ય છે. આ ટીકાની રચના વિ. સં. ૧૧૭૨મા વર્ષમાં-વિક્રમની ૧૨મી સદીમાં થઈ છે.

(૪) **ષડ્‌શીતિ** – આ ગ્રંથના કર્તા જિનવલ્લભગણિ છે. આ ગ્રંથ ૮૬ શ્લોક પ્રમાણ છે. તેથી જ તેનું નામ 'ષડશીતિ' રાખવામાં આવેલ છે. આ ગ્રંથની રચના વિક્રમની બારમી સદીમાં થઈ છે. આ ગ્રંથનું બીજું નામ 'આગમિક વસ્તુ વિચારસાર' પ્રકરણ છે. આ ગ્રંથ ઉપર અજ્ઞાતકર્તૃક બે ભાષ્યો છે જેની અનુક્રમે ૨૩ અને ૩૮ ગાથાઓ છે તથા ત્રણ સંસ્કૃત ટીકાઓ છે. (૧) શ્રી હરિભદ્રસૂરિજી કૃત ટીકા છે. (આ હરિભદ્રસૂરિ યાકિની મહત્તરાસૂનુથી જુદા છે.) (૨) પૂજ્યશ્રી મલયગિરિજી કૃત ટીકા અને (૩) પૂ. શ્રી યશોભદ્રસૂરિજી કૃત ટીકા. આ ત્રણે ટીકાઓ વિક્રમની બારમી સદીમાં થઈ છે. આ ચોથા કર્મગ્રંથના કર્તા શ્રી જિનવલ્લભગણિ શ્રી જિનેશ્વરસૂરિજીના શિષ્ય હતા અને અભયદેવસૂરિજી પાસે વિદ્યાભ્યાસ કરતા હતા, ગ્રંથકર્તા વિ. સંવત ૧૧૬૭માં સ્વર્ગવાસી થયા છે.

(૫) **શતક** – આ પાંચમા કર્મગ્રંથના કર્તા પૂ. શ્રી શિવશર્મસૂરિજી છે. જેઓ કમ્મપયડિના પણ કર્તા છે. આ કર્મગ્રંથ ૧૦૦ શ્લોક પ્રમાણ છે તેથી જ તેનું નામ 'શતક' રાખેલ છે. આ કર્મગ્રંથ ઉપર ત્રણ ભાષ્યો, એક ચૂર્ણિ અને ત્રણ ટીકાઓ છે. ત્રણ ભાષ્યોમાંથી બે લઘુભાષ્યો છે જેની ૨૪-૨૪ ગાથાઓ છે. તેઓના કર્તા અજ્ઞાત છે. પરંતુ ત્રીજું બૃહદ્ ભાષ્ય છે. જેની ૧૪૧૩ ગાથા છે. વિક્રમ સં. ૧૧૭૯ માં રચાયું છે. તેના કર્તા શ્રી ચક્રેશ્વરજી છે તથા ચૂર્ણિના કર્તા અજ્ઞાત છે. ત્રણ ટીકાઓમાં પહેલી ટીકાના કર્તા મલધારી શ્રી હેમચંદ્રાચાર્યજી છે. બીજી ટીકાના કર્તા શ્રી ઉદયપ્રભસૂરિજી છે અને ત્રીજી ટીકાના કર્તા શ્રી ગુણરત્નસૂરિજી છે. આ ત્રણે ટીકાઓ વિક્રમની અનુક્રમે બારમી, તેરમી અને પંદરમી સદીમાં રચાઈ છે.

**(૬) સપ્તતિકા** – આ ગ્રંથના કર્તા ચંદ્ર મહત્તરાચાર્ય છે. (અથવા શિવશર્મસૂરિજી હોય એમ પણ પ્રાચીન ઇતિહાસ સંશોધકોનું માનવું છે.) આ ગ્રંથની ૭૦ ગાથા છે. તેથી જ તેનું સપ્તતિકા નામ રાખેલ છે. આ ગ્રંથનો કેટલોક વિષય કઠીન છે. તેની સરળતા માટે તેના ઉપર રચયેલા ભાષ્યમાંથી કેટલીક ગાથાઓ પ્રક્ષિપ્ત કરાઈ છે. જેથી હાલ ૯૧ ગાથા જોવા મળે છે. આ ગ્રંથ ઉપર શ્રી અભયદેવસૂરિજીકૃત ૧૯૧ ગાથાનું ભાષ્ય છે. અજ્ઞાત કર્તૃક ચૂર્ણિ છે. ચન્દ્રર્ષિ મહત્તરાચાર્યકૃત પ્રાકૃતવૃત્તિ છે. શ્રી મલયગિરિજીકૃત સંસ્કૃત ટીકા છે. મેરૂતુંગાચાર્યની વિક્રમ સંવત ૧૪૪૯ માં રચાયેલી ભાષ્યવૃત્તિ છે. તથા શ્રી ગુણરત્નસૂરિજીની વિક્રમની ૧૫મી સદીમાં રચાયેલી અવચૂરિ પણ છે.

**સાર્ધશતક** – કર્મગ્રંથના જ વિષયને સમજાવતો શ્રી જિનવલ્લભ-ગણિજીનો બનાવેલો ૧૫૫ શ્લોક પ્રમાણ આ ગ્રંથ છે જેની રચના વિક્રમની ૧૨મી સદીમાં થઈ છે. તેના ઉપર અજ્ઞાતકર્તૃક ભાષ્ય છે તથા એક ચૂર્ણિ અને બે ટીકાઓ પણ છે. (૧) વિક્રમ સંવત ૧૧૭૦માં, શ્રી મુનિચંદ્રસૂરિજીકૃત ૨૨૦૦ શ્લોક પ્રમાણ ચૂર્ણિ છે. (૨) વિક્રમ સંવત ૧૧૭૧માં, શ્રી ધનેશ્વરસૂરિજીકૃત ૩૭૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ટીકા છે અને (૩) વિક્રમ સંવત ૧૧૭૯માં શ્રી ચક્રેશ્વરસૂરિજી કૃત ૧૪૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ ટિપ્પણક પણ છે.

**મનઃસ્થિતિકરણ પ્રકરણ** – વિક્રમ સંવત ૧૨૮૪માં શ્રી મહેન્દ્રસૂરિજીએ ૧૬૭ શ્લોક પ્રમાણ આ ગ્રંથ, તથા ૨૩૦૦ શ્લોક પ્રમાણ તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા તેઓએ જ બનાવી છે.

**સંસ્કૃત કર્મગ્રંથ ચાર** – વિક્રમની ૧૫મી સદીમાં કુલ ૫૬૯ શ્લોક પ્રમાણ, સંસ્કૃત ભાષામાં ચાર કર્મગ્રંથો શ્રી જયતિલકસૂરિજીએ બનાવ્યા છે.

**ભાવ પ્રકરણ** – વિક્રમ સંવત ૧૬૨૩માં શ્રી વિજય વિમલ ગણિજીએ ૩૦ શ્લોક પ્રમાણ 'ભાવ પ્રકરણ' નામનો ગ્રંથ તથા તેના ઉપર ૩૨૫ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકા બનાવી છે.

**બન્ધહેતુદય ત્રિભંગી** – વિક્રમની ૧૬મી સદીમાં શ્રી વિજયહર્ષકુલ ગણિજીએ ૬૫ ગાથા પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે તથા તેના ઉપર જ ૧૧૫૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ટીકા વાનરર્ષિગણિજીએ ૧૬૦૨માં બનાવી છે.

**બન્ધોદયસત્તા પ્રકરણ** – વિક્રમની ૧૭મી સદીમાં શ્રી

વિજયવિમલગણિજીએ ૨૪ ગાથા પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે તથા આ જ ગ્રંથ ઉપર કર્તાએ પોતે જ ૩૦૦ શ્લોક પ્રમાણ સ્વોપજ્ઞ અવચૂરિ પણ બનાવી છે.

**કર્મસંવેધભંગ પ્રકરણ** – વિક્રમની ૧૭મી સદીમાં શ્રી દેવચંદ્રસૂરિજીએ ૪૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે જેમાં સપ્તતિકાના અનુસારે સંવેધ ભંગાઓનું જ વર્ણન છે.

**ભૂયસ્કરાદિ વિચાર પ્રકરણ** – શ્રી લક્ષ્મીવિજયજીએ ૬૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે જેમાં ભૂયસ્કાર-અલ્પતર-અવસ્થિત બંધ અને અવક્તવ્ય બંધનું સવિસ્તરપણે વર્ણન છે.

તથા પૂજ્ય આચાર્યદેવ શ્રી પ્રેમસૂરિશ્વરજી મ.સા.ના માર્ગદર્શન અને પ્રેરણાથી તેમના શિષ્ય -પ્રશિષ્યોએ (૧) બંધ વિદાણ મહાગ્રન્થ તથા (૨) ખવગસેઢી-ઉવસમસેઢી ઈત્યાદિ મૂળ ગ્રન્થો પ્રાકૃતમાં અને ટીકાઓ સંસ્કૃત ભાષામાં રચેલી છે.

તથા પૂજ્ય આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા.ના માર્ગદર્શન અને પ્રેરણાથી તેમના શિષ્ય–પ્રશિષ્યોએ (૧) બંધ વિહાણ મહાગ્રંથ તથા (૨) ખવગસેઢી–ઉવસમસેઢી ઈત્યાદિ મૂળ ગ્રંથો પ્રાકૃતમાં અને ટીકાઓ સંસ્કૃત ભાષામાં રચેલી છે.

તથા વળી પૂજ્યગણિ શ્રી અભયશેખરવિજયજી મ. સાહેબકૃત કર્મપ્રકૃતિ પદાર્થ ભાગ-૧-૨, તથા કર્મપ્રકૃતિ પ્રશ્નોત્તરી ભાગ-૩ ઇત્યાદિ સાહિત્ય પણ કર્મ ઉપર સુંદર છણાવટપૂર્વક રચાયેલું જોવા મળે છે.

કમ્મપયડિ અને શતક નામના પાંચમા કર્મગ્રંથ ઉપર પૂજ્ય મુનિચન્દ્રસૂરિજી મ.સા.ની બનાવેલી વિષમપદા નામની ટિપ્પણી પણ છે.

**અર્વાચીન કર્મગ્રંથો – પાંચ.** પૂર્વે પ્રાચીન છ કર્મગ્રંથોનો ઉલ્લેખ છે તે તે જ નામ અને વિષયોને જણાવતા સરળ ભાષામાં પ્રાકૃત પદ્યમય લિપિમાં પૂ. શ્રી દેવેન્દ્રસૂરિજીએ નવા પાંચ કર્મગ્રંથો બનાવ્યા છે. હાલ આ જ કર્મગ્રંથો વધારે અધ્યયન અધ્યાપનમાં પ્રચલિત છે.

આ પાંચે કર્મગ્રંથો ઉપર ગ્રંથકર્તાની જ સ્વોપજ્ઞ ટીકાઓ છે. પરંતુ કોઈ અગમ્ય કારણસર ત્રીજા કર્મગ્રંથની ટીકા અનુપલબ્ધ છે. આ પાંચે કર્મગ્રંથો ઉપર ૨૯૫૮ શ્લોક પ્રમાણ શ્રી મુનિશેખરસૂરિજીએ ટીકા બનાવી છે તથા પાંચે કર્મગ્રંથો ઉપર થઈને ૫૪૦૭ શ્લોક પ્રમાણ આ. ગુણરત્નસૂરિજીએ ટીકા બનાવી છે તથા કમલસંયમ ઉપાધ્યાયજીએ ૧૫૦ શ્લોક પ્રમાણ માત્ર બીજા કર્મ સ્તવ પર ૧૫૫૯માં વિવરણ લખેલ છે તથા પાંચે કર્મગ્રંથો પર ત્રણ બાલાવબોધ લખાયેલ છે.(૧) વિક્રમની ૧૭મી સદીમાં શ્રી જયસોમસૂરિજીએ ૧૭,૦૦૦ શ્લોક પ્રમાણ. (૨) વિક્રમની ૧૭મી સદીમાં જ શ્રી મતિચંદ્રસૂરિજીએ ૧૨,૦૦૦ શ્લોક પ્રમાણ અને (૩) વિક્રમની ૧૯મી સદીમાં (સંવત ૧૮૦૩) શ્રી જીવવિજયજીએ ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ બાલાવબોધ લખેલ છે.

**પૂજા સાહિત્ય** – શ્રી વીરવિજયજી રચિત ચોસઠ પ્રકારી પૂજામાં આઠ કર્મ નિવારણની આઠ દિવસની પૂજાવિધિ બતાવી છે. પ્રત્યેક દિવસે એક કર્મની વિધિ સહિત પૂજા કરવાની એ રીતે આઠ કર્મની આઠ દિવસમાં પૂજા પૂરી થાય.

**દિગંબર મતમાં પ્રસિદ્ધ ગ્રંથો**

**(૧) ષટ્ખંડાગમ્** – આનું બીજું નામ સંતકમ્મપાહુડ છે. (સત્કર્મપ્રાભુત) (ઈ. સ. પહેલી-બીજી શતાબ્દિમાં) ગિરનાર (ગુજરાત)ની ચંદ્રગુફામાં ધ્યાનમગ્ન આચારાંગના પૂર્ણજ્ઞાતા ધરસેન આચાર્યએ પોતાનું જ્ઞાન લુપ્ત ન થઈ જાય એ આશયથી આંધ્રપ્રદેશમાં સ્થિત પુષ્પદંત અને ભૂતબલિ નામના બે મુનિઓને બોલાવીને પોતાની પાસે રહેલું જ્ઞાન એમને પીરસ્યું. એમાંથી એ બંને મુનિઓએ ષડ્ખંડાગમની રચના કરી. પુષ્પદંતમુનિશ્રીએ ૧૭૭ સૂત્રોમાં સત્પ્રરૂપણા અને ભૂતબલિ મુનિશ્રીએ ૬,૦૦૦ સૂત્રોમાં શેષ ગ્રંથ લખ્યો. આ રીતે ૧૪ પૂર્વોની અંતર્ગત બીજા અગ્રાયણી પૂર્વના મહાકર્મપ્રકૃતિ નામના ચોથા પ્રાભૃત અધિકારના આધારે ષટ્ખંડાગમના ઘણાખરા વિભાગ લખાણા છે. કર્મસ્વરૂપ સમજવા માટે ષટ્ખંડાગમ એક મહત્ત્વનો ગ્રંથ છે. એના ઉપર અનેક ટીકાઓ લખાઈ છે. એમાં છ ખંડ છે માટે એનું નામ ષટ્ખંડાગમ છે.

(૧) જીવઠાણ નામક-પહેલા ખંડમાં–સત્ સંખ્યા, ક્ષેત્ર, સ્પર્શન, કાળ, અંતર, ભાવ અને અલ્પબહુત્વ એ આઠ અનુયોગ દ્વાર છે અને નવ ચૂલિકાઓ છે. એમાં ગુણસ્થાન અને માર્ગણાઓનું વર્ણન છે.

(૨) બીજો ખંડ-ક્ષુલ્લક બંધ–એના ૧૧ અધિકાર છે. જેના દ્વારા કર્મબંધ કરવાવાળા જીવોના કર્મબંધના ભેદો સહિત વર્ણન છે.

(૩) ત્રીજો ખંડ-બંધસ્વામીત્વવિચય–કર્મ સંબંધી વિષયોનો કર્મબંધ કરવાવાળા જીવોની અપેક્ષાથી વર્ણન છે.

(૪) ચોથો ખંડ-વેદના–એમાં કૃત અને વેદના નામના બે અનુયોગ દ્વાર છે. એમાં વેદનાના કથનની પ્રધાનતા છે.

(૫) પાંચમો ખંડ-વર્ગણા–આ ખંડનો પ્રધાન અધિકાર બંધનીય છે જેમાં ૨૩ પ્રકારની વર્ગણાઓનું વર્ણન છે.

(૬) છઠ્ઠો ખંડ-મહાબંધ–ભૂતબલિમુનિ અને પુષ્પદંત મુનિરચિત સૂત્રોને મેળવીને પાંચ ખંડોમાં ૬૦૦૦ સૂત્રો રચ્યા પછી મહાબંધની ૩૦,૦૦૦ શ્લોક પ્રમાણ રચના કરી. આ ગ્રંથરાજને મહાધવલથી ઓળખવામાં આવે છે. એમાં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધનું ખૂબ જ વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે.

નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તીએ ષટ્ખંડાગમને એના ખંડોના આધાર પર જીવકાંડ અને કર્મકાંડ નામના બે વિભાગોમાં વિભાજન કર્યું.

**(૨) કષાયપ્રાભૃત** – પહેલી કે બીજી શતાબ્દીમાં ગુણધર નામના આચાર્યને દ્વાદશાંગી શ્રુતનું કેટલુંક જ્ઞાન હતું. એમણે કષાયપ્રાભૃત નામના દ્વિતિય સિદ્ધાંત ગ્રંથની રચના જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વની દશમી વસ્તુમાંથી કરી. એમાં કર્મ અને કષાયના વિષયનું અતિશય વિસ્તારથી વર્ણન છે. ષટ્ખંડાગમ અને કષાયપ્રાભૃત ગ્રંથો આગમ જેટલા માનનીય અને વિસ્તૃત છે. આ ગ્રંથ પર ચાર ટીકાઓ છે. (૧) શામકુંડાચાર્યની (૨) તુંબૂલૂરાચાર્યની (૩) બપ્પદેવસૂરિજીની (૪) વીરસેનાચાર્યની ૬૦૦૦૦ શ્લોક પ્રમાણ જયધવલા નામની

મહાટીકા છે.

**(૩) મહાબંધ** – મહાધવલના નામથી પણ ઓળખાય છે. આ ગ્રંથ ષટ્ખંડાગમનો જ છઠ્ઠો ખંડ છે. એમાં ૪૦ હજાર શ્લોક છે. સાત ભાગમાં વિભાજિત છે. (વિભાજન કર્યું છે.)

**(૧) પ્રકૃતિબંધ** – સર્વબંધ, નોસર્વબંધ, ઉત્કૃષ્ટ બંધ, અનુત્કૃષ્ટ બંધ આદિ અધિકારોનું પ્રરૂપણ છે.

**(૨) સ્થિતિબંધ** – એમાં મુખ્યત્વે મૂલપ્રકૃતિ સ્થિતિબંધ અને ઉત્તરપ્રકૃતિ સ્થિતિબંધ બે અધિકાર છે. મૂલપ્રકૃતિ બંધના મુખ્ય ચાર અતિચાર–(૧) સ્થિતિબંધ સ્થાન (૨) નિષેક (૩) અબાધાકંડક (૪) અને અલ્પબહુત્વ છે. આગળ વધીને અદ્ધાછેદ, સર્વબંધ, નોસર્વબંધ, ઉત્કૃષ્ટ બંધ, નોઉત્કૃષ્ટ બંધ આદિ અધિકારો દ્વારા મૂલપ્રકૃતિ સ્થિતિબંધનો વિચાર કર્યો છે. એ જ રીતે ઉત્તરપ્રકૃતિ સ્થિતિબંધનો પણ વિચાર કરવામાં આવ્યો છે.

**(૩) સ્થિતિબંધ** – નો શેષ વિભાગ છે. બંધ સન્નિકર્ષ વિવિધ જીવોની અપેક્ષાએ ભંગવિચય, ભાગાભાગપ્રરૂપણા, પરિમાણ પ્રરૂપણા, ક્ષેત્ર પ્રરૂપણા, સ્પર્શન પ્રરૂપણા, કાલ પ્રરૂપણા, ભાવ પ્રરૂપણા અને અલ્પબહુત્વ નામના અધિકાર દ્વારા વિષયનું વિવેચન કરવામાં આવ્યું છે.

**(૪) અનુભાગ બંધ** – મૂલપ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિનો નિષેક અને સ્પર્દ્ધક પ્રરૂપણા આદિ દ્વારા વિવેચન છે.

**(૫) અનુભાગ બંધ** – અધિકારનો શેષ વિભાગ-સન્નિકર્ષ, ભંગવિચય, ભાગાભાગ, પરિમાણ, ક્ષેત્ર સ્પર્શન આદિ પ્રરૂપણાઓ દ્વારા વિવેચન છે.

**(૬) પ્રદેશ બંધ** – પ્રત્યેક સમયે બંધને પ્રાપ્ત થવાવાળા મૂળ અને ઉત્તર કર્મોના પ્રદેશોના આશ્રયથી મૂળપ્રકૃતિ પ્રદેશબંધ અને ઉત્તરપ્રકૃતિ પ્રદેશબંધનો વિચાર કરવામાં આવ્યો છે. અનેક અનુયોગ દ્વારોથી એનું પ્રરૂપણ કરવામાં આવ્યું છે.

(૭) **પ્રદેશ** – અધિકારના શેષ ભાગનું નિરૂપણ છે. એમાં ક્ષેત્ર-સ્પર્શ-કાળ-અંતર-ભાવ-અલ્પબહુત્વ પ્રરૂપણા, ભુજગારબંધ, પદનિક્ષેપ, મુત્કીર્તના, સ્વામીત્વ, અલ્પબહુત્વ, વૃદ્ધિબંધ, અધ્યવસાન, સમુદાહાર અને જીવસમુદાહાર નામના અધિકારો દ્વારા વિષયનું પ્રતિપાદન કર્યું છે. આ રીતે સાત વિભાગમાં ચારે પ્રકારના બંધનું વિશદ વર્ણન આમાં જોવા મળે છે.

**(૪) ગોમ્મટસાર** - ના કર્તા ૧૧ મી સદીના દેશીયગણના નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી છે. સિદ્ધાંતશાસ્ત્રના અદ્વિતિય પંડિત હોવાને કારણે સિદ્ધાંત ચક્રવર્તીથી પ્રસિદ્ધ હતા. એમણે પોતે જ લખ્યું છે કે જેમ કોઈ ચક્રવર્તી પોતાના ચક્ર દ્વારા પૃથ્વીના છ ખંડોને નિર્વિઘ્ન રૂપે પોતાને વશ કરી લે છે એમ મેં પણ મારા પોતાના મતિરૂપ ચક્ર દ્વારા પૃથ્વીના છ ખંડના સિદ્ધાંતનું સમ્યક્‌રૂપથી સંધાન કર્યું છે. એમણે પોતાના ગ્રંથની પ્રશસ્તિમાં વીરનન્દિ આચાર્યનું સ્મરણ કર્યું છે. ધવલાદિ મહાસિદ્ધાન્ત ગ્રંથોના આધારથી એમણે ગોમ્મટ-સારની રચના કરી છે. એનું બીજું નામ **પંચસંગ્રહ** (બંધ, બધ્યમાન, બંધસ્વામી, બંધહેતુ અને બંધભેદ આ પાંચ વિષયોનું વિવેચન હોવાને કારણે) ગોમ્મટસંગ્રહ અને ગોમ્મટસંગ્રહસૂત્ર પણ છે. એને પ્રથમ સિદ્ધાંતગ્રંથ કે પ્રથમ શ્રુતસ્કંધ પણ કહેવાય છે.

ગોમ્મટસાર બે વિભાગમાં વિભક્ત છે–જીવકાંડ અને કર્મકાંડ.

(૧) **જીવકાંડમાં**–મહાકર્મપ્રાભૃતના સિદ્ધાંત સંબંધી જીવસ્થાન, ક્ષુદ્રબંધ, બંધસ્વામી, વેદનાખંડ અને વર્ગણાખંડ–આ પાંચ વિષયોનું વર્ણન છે. એમાં ગુણસ્થાન, જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા, ૧૪ માર્ગણા અને ઉપભોગ એ ૨૦ અધિકારોમાં ૭૩૩ ગાથામાં જીવની અનેક અવસ્થાઓનું પ્રતિપાદન કર્યું છે.

**(૨) કર્મકાંડમાં** – પ્રકૃતિસમુત્કીર્તન, બંધોદયસત્ત્વ, સત્ત્વસ્થાનભંગ, ત્રિચૂલિકા, સ્થાનસમુત્કીર્તન, પ્રત્યય, ભાવચૂલિકા, ત્રિકરણચૂલિકા અને કર્મસ્થિતિ રચના નામના નવ અધિકારમાં ૯૭૨ ગાથામાં કર્મોની અવસ્થાઓનું વર્ણન કરવામાં આવ્યું છે.

આમ કર્મ વિષે સમજાવતો આ એક ઉલ્લેખનીય ગ્રંથ છે. ગોમ્મટસાર માટે કહેવાય છે કે ગંગવંશીય રાજા રાયમલ્લના પ્રધાનમંત્રી ચામુંડારાય આ. શ્રી નેમિચંદ્રજીના પરમભક્ત હતા. એક દિવસ જ્યારે તેઓ આચાર્યશ્રીના દર્શનાર્થે આવ્યા ત્યારે આચાર્યશ્રી શાસ્ત્રનો સ્વાધ્યાય કરી રહ્યા હતા. ચામુંડારાયને જોતાં જ તેમણે એ શાસ્ત્ર બંધ કરી દીધું. આથી ચામુંડારાયે બંધ કરવાનું કારણ પૂછ્યું, ત્યારે કહ્યું કે આ શાસ્ત્ર વાંચવાના તમે અધિકારી નથી. ત્યારે એમની વિનંતીથી એના સંક્ષિપ્ત સાર રૂપ ગ્રંથની રચના કરી અને એને 'ગોમ્મટસાર' નામ આપ્યું. ચામુંડારાયે સુપ્રસિદ્ધ બાહુબલિ કે ગોમ્મટ (ચામુંડારાયનું ઘરનું નામ) સ્વામીની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી, એટલે એ ગોમ્મટરાય પણ કહેવાતા હતા. માટે આ ગ્રંથનું નામ ગોમ્મટસાર રાખવામાં આવ્યું હતું.

**(૫) ક્ષપણાસાર** – આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાન્ત ચક્રવર્તી દ્વારા વિરચિત મોહનીય કર્મના ક્ષપણ (ક્ષય) વિષયક ૬૫૩ પ્રાકૃત ગાથાનો ગ્રંથ છે. એના આધાર પર માધવચંદ્ર વિદ્યદેવે એક સ્વતંત્ર ક્ષપણાસાર નામનો ગ્રંથ સંસ્કૃત ગદ્યમાં લખ્યો હતો. એની એક ટીકા પં. ટોડરમલજી (ઈ. સ. ૧૭૬૦)કૃત ઉપલબ્ધ છે.

**(૬) લબ્ધિસાર** – આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી (ઈ. સ. ૧૧નો પૂર્વાર્ધ) દ્વારા વિરચિત મોહનીય કર્મના ઉપશમ વિષયક ૩૯૧ પ્રાકૃત ગાથા બદ્ધ ગ્રંથ છે. આ ગ્રંથની નેમિચંદ્રકૃત સંસ્કૃત સંજીવની ટીકા તથા પં. ટોડરમલ (ઈ. સ. ૧૭૩૬)કૃત ભાષા ટીકા પ્રાપ્ત છે.

**નિષ્કર્ષ** – આમ કર્મવાદ પર વિશદ વિચારણા જૈન સાહિત્યમાં મળે છે. જો કે વૈદિક તથા બૌદ્ધ સાહિત્યમાં પણ કર્મ સંબંધી વિચારણા જરૂર જોવા મળે છે. પરંતુ તે થોડા પ્રમાણમાં છે જ્યારે જૈનદર્શનનું કર્મસાહિત્ય બેજોડ છે. જેથી સિદ્ધ થાય છે કે જૈનદર્શનમાં કર્મવાદ એક મહત્ત્વનો વિષય છે. ✶✶✶

*જૈનદર્શનનું કર્મસાહિત્ય બેજોડ છે. જેથી સિદ્ધ થાય છે કે જૈનદર્શનમાં કર્મવાદ એક મહત્ત્વનો વિષય છે.*

# કર્મગ્રંથનો સંક્ષિપ્ત પરિચય

જૈનદર્શનના વિશાળ કર્મસાહિત્યનો અભ્યાસ કરવાનું આપણું ગજું ન હોય તો માત્ર જેમાં કર્મવાદનો સંપૂર્ણ સાર આવી જાય છે એવા છ કર્મગ્રંથોનો અભ્યાસ કરીએ તો પણ આપણા સાતે કોઠે દીવા થઈ જાય એટલું વિલક્ષણ જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

**જૈનદર્શનનું કર્મજ્ઞાન ખરેખર અદ્ભૂત છે.**

એટલે જ કદાચ વિવિધ સાહિત્યના સર્જક જૈનેતર એવા ચંદ્રહાસભાઈ ત્રિવેદીએ એમના કર્મસંબંધી કર્મસાર પુસ્તકમાં લખ્યું છે કે-

'કર્મ જેવા ગહન અને જટિલ વિષયને હું સરળતાથી સ્પર્શી શક્યો છું તેનું એક કારણ કે કર્મને સમજાવવા મેં જે સિદ્ધાંતનો આશ્રય લીધો છે તે જૈન કર્મગ્રંથોમાંથી લીધેલ છે જે વિશિષ્ટ અને વૈજ્ઞાનિક છે.'

અમે જ્યારે કર્મવાદના લેખ માટે એમને ફોન કર્યો ત્યારે આ જ વાતનું પુનરુચ્ચારણ કરતાં કહ્યું કે જૈનદર્શનનું કર્મજ્ઞાન ખરેખર અદ્ભુત છે.

એ જ્ઞાનથી આપણે વંચિત રહીએ એ કેમ ચાલે ? તેથી અહીં એ છ કર્મગ્રંથોનો અછડતો પરિચય રજૂ કરીએ છીએ.

કર્મ સંબંધી જેમાં ગૂંથણી કરવામાં આવી છે તેને કર્મગ્રંથ કહે છે. એવા છ કર્મગ્રંથો છે. જે કર્મની ઝીણામાં ઝીણી વિગતોનું ઉદ્ઘાટન કરે છે. એનું અધ્યયન કરવાથી સમભાવની પ્રાપ્તિ થાય છે. જીવન જીવવાની ચાવી મળી જાય છે. આપણને જે કાંઈ સુખદુઃખ પ્રાપ્ત થાય છે તે આપણે કરેલા કર્મબંધને કારણે જ છે એવું સમજાઈ જતાં આપણો જીવન માટેનો અભિગમ બદલાઈ જાય છે. પછી એવા કર્મ કરવા તત્પર થઈએ છીએ કે જેના ફળ આપણને અનુકૂળ બની રહે. જે કર્મોના ફળ માઠા મળે એવા કર્મોથી દૂર રહીએ છીએ અને કદાચ કરવા પડે તો એમાં રસ તો રેડતાં જ નથી. તેને કારણે આપણું જીવન શાંત સરળ વહે છે. જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે અને જીવન ધન્ય બની જાય છે.

શ્રી ગર્ગર્ષિ વગેરે ભિન્ન ભિન્ન મુનિ ભગવંતોએ (૧) કર્મવિપાક (૨) કર્મસ્તવ (૩) બંધસ્વામીત્વ (૪) ષડશીતિ (૫) શતક (૬) સપ્તતિકા નામે પ્રાચીન છ કર્મગ્રંથો રચ્યા હતા એને જ સરળ ભાષામાં સમજાવીને અર્વાચીન પાંચ કર્મગ્રંથ પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરિજીએ રચ્યા છે.

**કર્તાનો પરિચય**

૧૩મી કે ૧૪મી સદીમાં થઈ ગયેલા પૂ. આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા.એ આ પાંચ કર્મગ્રંથોની રચના કરીને ભવ્ય જીવો ઉપર ઉપકાર કર્યો છે. તેમના ગુરુજીનું નામ શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી હતું. તેઓ સવિશેષ તપ આચરતા હોવાથી તેઓના તપ પ્રભાવથી પ્રસન્ન થઈ ચિત્તોડના મહારાજા જેત્રસિંહે તેમને 'તપા' બિરૂદ આપ્યું હતું. ત્યારથી આ ગચ્છ 'તપાગચ્છ'ના નામે પ્રસિદ્ધિ પામ્યો. ગ્રંથકર્તા વિ. સં. ૧૩૨૭માં સ્વર્ગવાસી થયા હતા. તેઓનું **'ચંદ્રકુલ'** હતું. તેમણે આ પાંચ કર્મગ્રંથો ઉપરાંત શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિ, સિદ્ધ પંચાસિકાવૃત્તિ, સુદર્શના ચરિત્ર, સિદ્ધદંડિકા આદિ અનેક ગ્રંથોની રચના કરીને ભવ્ય જીવો ઉપર ઉપકાર કર્યો છે. તેઓએ બનાવેલી ટીકા આદિ ગ્રંથોનું સંશોધન વિદ્વદ્રત્ન શ્રી ધર્મકીર્તિસૂરિજી તથા વિદ્યાનંદસૂરિજીએ કર્યું છે. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજીના આ પાંચે ગ્રંથ પ્રાકૃત ભાષામાં રચાયેલા છે. પછી એનાં જરૂરિયાત પ્રમાણે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત ભાષાંતર થયા છે. મુનિશ્રી નરવાહન વિજયજી, મુનિશ્રી મિશ્રીમલજી, પં. ભગવાનદાસજી, પં. સુખલાલજી, શ્રી સોમચંદ્ર શાહ, પં. શ્રી ધીરજલાલ મહેતા, સાધ્વી લલિતાબાઈ મ., વિદુષી સાધ્વી હર્ષગુણાશ્રીજી (રમ્યરેણુ) આદિએ ખૂબ પુરુષાર્થ કરીને એનું સુંદર વિવેચન કર્યું છે જે મનનીય છે.

આ છએ કર્મગ્રંથની વિષયવસ્તુ સાર રૂપે અહીં પ્રસ્તુત છે.

**(૧) કમ્મવિવાગ**–કર્મવિપાક–પ્રાકૃત ભાષામાં ૬૧ ગાથા પ્રમાણ રચાયેલો આ કર્મગ્રંથ કર્મશાસ્ત્રનું પ્રવેશદ્વાર છે. અહીંથી કર્મવાદની યાત્રા શરૂ થાય છે. જો એનું અધ્યયન બરાબર કરવામાં આવે તો આગળના કર્મગ્રંથો સમજવામાં સરળતા રહે છે. આ ગ્રંથની અનેક ટીકાઓ છે અને ભાષાંતરો છે.

એની પૂર્વભૂમિકામાં પ્રાયઃ બધા દર્શનોએ કર્મની માન્યતા સ્વીકારી છે એ બતાવીને વિવિધ દર્શનોના કર્મ-સ્વરૂપને બતાવ્યું છે. તેમ જ વર્ગણાનું સ્વરૂપ બતાવ્યું છે.

પછી પ્રથમ શ્લોકથી ભગવાન શ્રી મહાવીરને વંદન કરવારૂપ મંગલાચરણ કર્યું છે. પછી કર્મ કોને કહેવાય છે તે બતાવીને કર્મ કેવી રીતે બંધાય છે એ વિવિધ પ્રકારના મોદક (લાડુ)ના દૃષ્ટાંતથી સમજાવ્યું છે. પાંચજ્ઞાનનું સ્વરૂપ સમજાવીને જ્ઞાનાવરણીય આદિ કર્મનું ઉપમા સહિત અને એની પ્રકૃતિઓ સહિત વર્ણન કર્યું છે. જેનું કોષ્ટક અહીં આ અંકમાં અન્યત્ર મૂક્યું છે. આઠ કર્મ કઈ કઈ પ્રવૃત્તિથી બંધાય છે એનું પણ અહીં વિગતથી વર્ણન છે. ૧૫૮ પ્રકૃતિ અર્થ સહિત સમજાવી છે તથા આઠ કર્મ ઉપમા સહિત સમજાવ્યા છે.

આ ગ્રંથમાં કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના વિપાક (કર્મના ફળ) કેવા હોય એનું વિગતે વર્ણન છે માટે એનું નામ 'કર્મવિપાક' છે.

આ ગ્રંથનો અભ્યાસ કર્યા સિવાય કર્મસ્તવાદિ બીજા કમગ્રંથનો અભ્યાસ કરી શકાતો નથી. તેથી કર્મગ્રંથનો અભ્યાસ કરનાર કરાવનાર લોકો ઘણું કરીને આ ગ્રંથને 'પ્રથમકર્મગ્રંથ' કહે છે. કર્મને

સમજવા અવશ્ય આ ગ્રંથનું અધ્યયન કરવું જ જોઈએ.

**(૨) કર્મસ્તવ** – પ્રાકૃત ભાષામાં ૩૪ ગાથા પ્રમાણ આ કર્મગ્રંથ અર્ક સમાન છે. આ ભવસાગરમાં જીવ અનાદિકાળથી ગમનાગમન કરતા કરતા થાકી જાય છે ત્યારે દુઃખથી મુક્ત થવા માટે કે શાશ્વત સુખ મેળવવા માટેના પ્રયત્નો કરતો જ હોય છે. એમાં ય કર્મવિપાકથી જીવ કયા કયા કર્મો દ્વારા કેવા કેવા પ્રકારના સુખદુઃખ અનુભવે છે એ જાણ્યા પછી સ્વાભાવિક જીજ્ઞાસા થાય છે કે કર્મક્ષયનો ઉપાય શું છે? ગુણસ્થાનનું સુપેરે સ્વરૂપ જાણીએ તો એ ઉપાય જાણી શકાય છે, માટે ગુણસ્થાનનું સ્વરૂપ તેમજ સકલકર્મક્ષયવિધિ આ ગ્રંથમાં બતાવી છે. આ સકલકર્મક્ષયવિધિ ગ્રંથકાર ભગવંત જાણે મહાવીર સ્વામીના અપાયાગમ અતિશય ગુણની સ્તુતિ (સ્તવના) કરતાં કરતાં આપણને બતાવી રહ્યા હોય એ રીતે કરવામાં આવી છે માટે આ કર્મગ્રંથનું નામ કર્મસ્તવ છે અને સ્તુતિનો વિષય સકલકર્મક્ષય છે.

આ ગ્રંથમાં કયા કયા ગુણસ્થાને કઈ કઈ કર્મપ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનો ક્ષય થાય છે એનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. કર્મવિપાકમાં ૧૫૮ પ્રકૃતિનું સ્વરૂપ જાણ્યું એમાં બંધને યોગ્ય ૧૨૦, ઉદય-ઉદીરણા યોગ્ય ૧૨૨ અને સત્તાને યોગ્ય ૧૪૮ કે ૧૫૮ પ્રકૃતિઓ હોય છે. એનો સરળતાથી બોધ થઈ શકે માટે સર્વપ્રથમ કર્મવિપાક કહ્યો પછી કર્મસ્તવ કહ્યો છે.

સકલકર્મક્ષયનું કારણ સમ્યક્ત્વાદિ ગુણો છે તેથી સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત કરવાનું લક્ષ્ય હોવું જોઈએ. જેથી મિથ્યાત્વાદિ દોષો નાશ થશે અને કર્મબંધની પ્રક્રિયા અટકશે. કર્મબંધની પ્રક્રિયા અટકતાં જ સત્તાનો પણ અંત આવશે. જેવો સત્તાનો અંત આવશે એવી જ ઉદય-ઉદીરણા પ્રક્રિયાનો પણ અંત આવી જશે. ઉદય-ઉદીરણાનું કારણ કર્મસત્તા, કર્મસત્તાનું કારણ કર્મબંધ અને કર્મબંધનું કારણ મિથ્યાત્વાદિ દોષો છે. જ્યારે જીવનું ગુણસ્થાન પર ચડાણ શરૂ થાય છે કે મિથ્યાત્વાદિ દોષો ક્રમશઃ નાશ પામતા જાય છે સમ્યક્ત્વાદિ ગુણો પ્રાપ્ત થતા જાય છે. તેથી બંધાદિ પ્રક્રિયાનો પણ અંત આવે છે. એટલે સર્વપ્રથમ ગુણસ્થાનનું સ્વરૂપ બતાવ્યું છે.

**ગુણસ્થાન** – મોહ અને યોગના નિમિત્તથી જીવની શ્રદ્ધા અને ચરિત્રગુણોની થવાવાળી તારતમ્ય અવસ્થાઓને ગુણસ્થાન કહેવામાં આવે છે. એની સંખ્યા ૧૪ છે. જેનું આ અંકમાં અન્યત્ર વિવરણ છે. ત્યારબાદ આ દરેક ગુણસ્થાને કેટલી પ્રકૃતિનો બંધ, ઉદય-ઉદીરણા સત્તા હોય એનું વિસ્તૃત વર્ણન છે.

આમ આ કર્મગ્રંથમાં ગુણસ્થાન અને બંધાદિ પ્રકૃતિઓનું વિશ્લેષણ કરીને કર્મક્ષયસિદ્ધિ સમજાવી છે જે સમજ્યા પછી કર્મબંધ ઓછો કરવાનો પ્રયત્ન કરીએ તો સુખની પ્રાપ્તિ થાય છે. માટે આ કર્મગ્રંથનું અવશ્ય અધ્યયન કરવું જોઈએ.

**(૩) બંધસ્વામીત્વ** – ત્રીજો કર્મગ્રંથ સૌથી ઓછી ૨૪ ગાથામાં જ રચાયો છે. પ્રાકૃત ભાષામાં છે. આત્મા પરિણમી નિત્ય છે તેથી વિવિધ પર્યાયોમાં રૂપાંતરિત થયા કરે છે. ક્યારેક નારકી, ક્યારેક તિર્યંચ વગેરે ગતિમાં. વળી તિર્યંચમાં પણ પૃથ્વી, પાણી આદિ સ્થાવરમાં એકેન્દ્રિયપણે કે પછી બેઈન્દ્રિય, તેઈન્દ્રિય વગેરે જાતિમાં, ક્યારેક જ્ઞાની અજ્ઞાની, ક્યારેક સંજ્ઞી અસંજ્ઞી એમ અનેક પર્યાયોમાં પ્રવર્તે છે. એટલે કે એક જ ગુણસ્થાનમાં જુદી જુદી પર્યાયવાળા જીવો હોય છે. એ સર્વ જીવોનું વ્યક્તિગત બંધસ્વામીત્વ જાણવું છદ્મસ્થ જીવો માટે અશક્ય છે એટલે પ્રત્યેક ગુણસ્થાનમાં રહેલા અનંતા-અસંખ્યાતા કે સંખ્યાતા જીવો કેટલી કર્મપ્રકૃતિને બાંધી શકે છે એ સહેલાઈથી જાણી શકાય એ હેતુથી સિદ્ધાંતમાં એક સરખી પર્યાયવાળા જીવોનું વર્ગીકરણ કરીને તે સર્વેને કુલ ૧૪ ભાગમાં વહેંચી આપ્યા છે. એ વિભાગને શાસ્ત્રીય ભાષામાં માર્ગણા કહે છે. એના પેટા ભેદ ૬૨ છે.

બંધસ્વામીત્વમાં એ ૬૨ ભેદનું બંધનું સ્વરૂપ બતાવ્યું છે એટલે કે જીવ જે માર્ગણામાં હોય ત્યાં એને જે જે ગુણસ્થાન પ્રાપ્ત થતા હોય તે તે ગુણસ્થાને જેટલી પ્રકૃતિ બાંધી શકે એનું વર્ણન છે માટે એનું નામ બંધસ્વામીત્વ છે. એનાથી ખ્યાલ આવે છે કે આપણે કેટલી પ્રકૃતિ બાંધતા હશું. ઓછી પ્રકૃતિ બાંધવા શું કરવું એનો પણ ખ્યાલ આવે છે. મનુષ્ય ગતિમાં કુલ બધા ગુણસ્થાને મળીને ૧૨૦ પ્રકૃતિ બંધાય છે પણ તે બધા મનુષ્યનો સમુચ્ચય વિચાર કરીને થાય છે. પણ વ્યક્તિગત તો વધારેમાં વધારે ૭૩ થી ૭૪ પ્રકૃતિ જ બાંધી શકાય છે. એક વ્યક્તિ એક સાથે ૧૨૦ ક્યારે પણ ન બાંધી શકે એ રહસ્ય અહીં જાણવા મળે છે. ગતિ બદલાય એની સાથે જ કર્મનો બંધ, ઉદય, ગુણસ્થાન વગેરે પણ બદલાઈ જાય છે એની સુવિસ્તૃત સમજણ આ કર્મગ્રંથથી પ્રાપ્ત થાય છે. જે તે ગુણસ્થાને આવ્યા પછી ત્યાં જેટલી પ્રકૃતિ બાંધી શકતો હોય એ કર્મપ્રકૃતિના બંધનો એને સ્વામી કહેવાય છે માટે આ ગ્રંથનું નામ બંધ સ્વામીત્વ રાખવામાં આવ્યું છે. આ ગ્રંથનો વિષય માર્ગણાને અનુસરીને છે માટે મંગલાચરણ પછી માર્ગણાની ગાથાથી શરૂઆત થઈ છે. માર્ગણાને પર્યાયબોધપીઠિકા પણ કહેવામાં આવે છે.

**માર્ગણા–**

गइ इन्दिए य काए, जोए वेए कसाय नाणे य।
संजम दंसण लेसा, भव सम्मे सन्नि आहारे ।।

ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહારક એ ૧૪ માર્ગણા છે. તેના ૬૨ પેટાભેદ છે. જે નીચે મુજબ છે.

(૧) **ગતિ**-૪ (૨) **ઈન્દ્રિય**-૫. (૩) **કાય**-૬.(૪) **યોગ**-૩.(૫) **વેદ**-૩. (૬) **કષાય**-૪.(૭) **જ્ઞાન**-૮.(૫ જ્ઞાન+૩ અજ્ઞાન) (૮) **સંયમ**-૭. (૯) **દર્શન**-૪. (૧૦) લેશ્યા-૬. (૧૧) **ભવ્યાભવ્ય-૨.**

**(૧૨) સમ્યક્ત્વ**–૬. **(૧૩) સંજ્ઞી**–૨. **(૧૪) આહારક**–૨.

આ૧૪ માર્ગણાના કુલ પેટાભેદ ૬૨ થાય છે.

આ ૬૨ ભેદમાં જેને જે ગુણસ્થાન હોય એ દરેક ગુણસ્થાનમાં જેટલી કર્મપ્રકૃતિ બંધાય એનું સુપેરે વર્ણન આ કર્મગ્રંથમાં આવ્યું છે.

**(૪) ષડશીતિ**–ષટ્+અશીતિ ૬+૮૦=૮૬ ષડશીતિ એટલે કે જેમાં ૮૬ ગાથા છે તે ષડશીતિ નામનો ચોથો કર્મગ્રંથ છે. આ કર્મગ્રંથમાં સૂક્ષ્મદૃષ્ટિથી જીવસ્થાનકાદિ વિષયોની વિચારણા કરેલી હોવાથી આ ગ્રંથનું નામ **'સૂક્ષ્માર્થવિચાર'** પણ છે તેમ જ આ ગ્રંથમાં આગમમાં કરાયેલ પદાર્થની વિચારણાનો સાર હોવાથી બીજું નામ **'આગમિક વસ્તુ વિચાર સાર'** પણ છે.

આ ગ્રંથમાં કર્મના વિષય સાથે સંબંધ ધરાવતા અને કર્મનું જ્ઞાન પાકું થાય માટે કેટલાક પ્રકીર્ણ વિષયો ક્રમસર અને પદ્ધતિસર આપવામાં આવ્યા છે. જ્યારે પરિપક્વ બુદ્ધિવાળા સાધકને આગળના ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી વધુ ને વધુ જાણવાની ઈચ્છા જાગે છે. ત્યારે તે આગળ વધતા ચોથા-પાંચમા-છટ્ઠા કર્મગ્રંથોનો અભ્યાસ કરવા પ્રેરાય છે. સામાન્ય જાણકારી માટે પ્રથમના ત્રણ ગ્રંથો પૂરતા છે.

આ ગ્રંથમાં (૧) જીવસ્થાનક (જેમાં જીવો રહે છે તે) (૨) માર્ગણાસ્થાન (જીવાદિ પદાર્થોની વિચારણા જેમાં છે તે) (૩) ગુણસ્થાન (૪) ઉપયોગ (ચેતનની ક્રિયા) (૫) યોગ (૬) લેશ્યા (૭) બંધ (૮) અલ્પબહુત્વ (કોણ કોનાથી ઓછા વધુ છે એની વિચારણા) (૯) ભાવ (જીવ અને અજીવનું સ્વાભાવિક વૈભાવિક રૂપે પરિણમન) (૧૦) સંખ્યાતાદિ માપ (ડાલા-પાલાનું સ્વરૂપ) વગેરેની સૂક્ષ્મ વિચારણા રજૂ કરવામાં આવી છે માટે એને **'સૂક્ષ્માર્થવિચાર'** કહેવામાં આવે છે. જેનું સારી રીતે અધ્યયન કરવું જરૂરી છે.

**(૫) શતક** – ૧૦૦ ગાથા હોવાને કારણે પાંચમા ગ્રંથનું નામ શતક થયું છે. અવસર્પિણીકાળના પાંચમા આરામાં જીવો અલ્પાયુ અને મંદબુદ્ધિવાળા હોય છે. તેથી તે જીવોને ધ્રુવબંધી વગેરે વિષયનો બોધ સહેલાઈથી કરાવવા માટે આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ મ. સા. કમ્મપયડીના બંધનકરણ અને શતક પ્રકરણમાંથી શતક નામના પાંચમા કર્મગ્રંથની રચના કરી છે. એના વિષયો ગહન છે છતાં સારી રીતે સમજીએ તો આનંદની અનુભૂતિ પણ થાય છે. કમ્મપયડી અને શતક પ્રકરણની રચના પૂ. શ્રી શિવસૂરિ મ.સા. અગ્રાયણીપૂર્વ અને બંધવિધાનમાંથી કરી છે. તેને સરળ કરીને પાંચમા કર્મગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથમાં ધ્રુવબંધી (બંધહેતુ પ્રાપ્ત થતાં અવશ્ય બંધાય), અધ્રુવબંધી (અધ્રુવ=ભજના), ધ્રુવોદયી, અધ્રુવોદયી, ધ્રુવ (નિયમા) સત્તા, અધ્રુવ સત્તા, ઘાતી-અઘાતી, પરાવર્તનમાન, અપરાવર્તમાન, પુણ્ય-પાપ, જીવવિપાકી, ભવ વિપાકી, પુદ્‌ગલ વિપાકી, ક્ષેત્રવિપાકી, વગેરેની વ્યાખ્યા સહિત પ્રકૃતિઓ બતાવી છે. ભૂયસ્કાર આદિ ચારબંધનું સ્વરૂપ પ્રકૃતિબંધમાં બતાવ્યું છે. સ્થિતિબંધમાં મૂળ અને ઉત્તર પ્રકૃતિના જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ બતાવ્યા છે. કોઈ પ્રકૃતિ સતત કેટલો કાળ બંધાય અને અબંધકાળ કેટલો વગેરે બતાવ્યું છે. રસબંધમાં–જીવને રહેવાનો કાળ, રસસ્થાનના છટ્ઠાણવડિયા, મંદ-તીવ્ર રસસ્થાન, જઘન્ય-ઉત્કૃષ્ટ રસબંધના સ્વામી વગરે બતાવ્યું છે. પ્રદેશબંધમાં–વર્ગણાનું સ્વરૂપ, કર્મદલિકની વહેંચણી જઘન્ય-ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી અને ગુણશ્રેણીઓ, પલ્યોપમનું સ્વરૂપ, પુદ્‌ગલ પરાવર્તનું સ્વરૂપ, ક્ષપક= ઉપશમશ્રેણી ઘનીકૃત લોકાદિનું સ્વરૂપ વગેરે વિષયોનું આમાં વિવેચન છે.

**(૬) સપ્તતિકા** – છટ્ઠો કર્મગ્રંથ અતિપ્રાચીન છે તે આ ગ્રંથ જોવાથી ખ્યાલ આવે છે. આ ગ્રંથમાં કર્મનું સર્વાંગી દૃષ્ટિએ વિવેચન થયું છે. જાણે સાગરને ગાગરમાં સમાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રાચીનગ્રંથના કર્તા કેટલા જ્ઞાની હશે તે આ ગ્રંથનું અવગાહન કરવાથી ખબર પડે છે. તીર્થંકર ભગવંતે જે અર્થદેશના આપી તેને ગણધર ભગવંતોએ સૂત્રરૂપે ગૂંથી જેને દ્વાદશાંગી કહેવાય છે. તેમાં ૧૨મા દૃષ્ટિવાદ સૂત્રના પાંચ વિભાગ છે. (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ (૫) ચૂલિકા. એમાંથી પૂર્વગતમાં ૧૪ પૂર્વ છે તેમાં અગ્રાયણી નામના પૂર્વમાં ૧૪ વસ્તુ બતાવી છે. તેમાં ક્ષીણલબ્ધિ નામની પાંચમી વસ્તુમાં ૨૦ પ્રાભૃત બતાવ્યા છે. તેમાંથી ચોથા પ્રાભૃતનું નામ કર્મપ્રકૃતિ છે. તે સર્વે તીર્થંકરની વાણીરૂપ છે. તેનો જ અંશ એટલે છટ્ઠો કર્મગ્રંથ. આ ગ્રંથમાં ૭૦ ગાથા છે માટે એનું નામ સપ્તતિકા છે. આ ગ્રંથના કર્તા પ્રાચીન આચાર્ય મહારાજ છે અને તેમણે સીધો જ બીજા અગ્રાયણી પૂર્વમાંથી એ ગ્રંથનો ઉદ્ધાર કર્યો જણાય છે. રચના ઘણી જ ગંભીર તથા પ્રસન્ન છે તે જ કાયમ રાખી છે. તે નવો રચવામાં આવેલ નથી. એમાં કર્મ પ્રકૃતિના બંધ-ઉદય-ઉદીરણા તથા સત્તાના સંવેધનો વિચાર કરવામાં આવ્યો છે. સં+વેધ. સં=સમ્યક્ પ્રકારે, વેધ=ભેગા થવું. યથાયોગ્ય રીતે બંધ, ઉદય, સત્તાનું ભેગું થવું તેને બંધોદયસત્તાનો સંવેધ કહેવાય. જે ભાંગા કે વિકલ્પોના નામથી પણ ઓળખાય છે. આ ગ્રંથ સ્થિતિ વગેરેના સંવેધો સમજવાની ભૂમિકા રચી આપે છે. આ ગ્રંથમાં મૂળકર્મનો બંધોદયસત્તાનો સંવેધ, જીવસ્થાનકમાં મૂળકર્મનો સંવેધ, ગુણસ્થાનકમાં મૂળકર્મનો સંવેધ, ઉત્તરપ્રકૃતિનો બંધોદયસત્તાનો સંવેધ, માર્ગણાદિમાં ઉત્તરપ્રકૃતિનો સંવેધ તેમજ ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

આમ ઉત્તરોત્તર છએ કર્મગ્રંથો શ્રેષ્ઠ છે. એનો અભ્યાસ કરવાથી જીવનનો ઉદ્ધાર થઈ જાય છે. જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે અને જીવન ધન્ય બની જાય છે. ✶ ✶

*છએ કર્મગ્રંથો શ્રેષ્ઠ છે. એનો અભ્યાસ કરવાથી જીવનનો ઉદ્ધાર થઈ જાય છે. જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે અને જીવન ધન્ય બની જાય છે.*

# અન્ય દર્શનોમાં કર્મવાદ

આ વિશ્વમાં વિવિધ દર્શનો છે. એ દરેક દર્શનોના પ્રત્યેક સિદ્ધાંતોમાં એકરૂપતા ન હોય એ સ્વાભાવિક છે. તો પણ કર્મ અને કર્મફળની માન્યતામાં સૌ પ્રાયઃ એકમત છે. જો કે એના નામ સ્વરૂપમાં ફરક જરૂર છે. પણ દરેક દર્શનોએ પોતાના શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન રીતે કર્મવાદ સમજાવ્યો છે. જેમકે-

**(૧) બૌદ્ધ દર્શન-**

તથાગત ગૌતમ બુદ્ધ આ દર્શનના સ્થાપક છે. એમની માન્યતા પ્રમાણે રાગ-દ્વેષ મોહાદિ કર્મબંધના કારણ છે. જીવ એને કારણે મન, વચન અને કાયા દ્વારા જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે પણ કર્મ કહેવાય છે. એ પ્રવૃત્તિના કારણે ચિત્તમાં જે કાંઈ સંસ્કાર પડે છે તે પણ કર્મ કહેવાય છે. તેમાં માનસિક ક્રિયાજન્ય સંસ્કારને 'વાસના' કહે છે. અને વચન તથા કાયાજન્ય સંસ્કારને અવિજ્ઞપ્તિ કહે છે. એટલે બૌદ્ધદર્શનમાં કર્મને 'વાસના' કે અવિજ્ઞપ્તિ કહે છે. કર્મ જ સંસાર પરિભ્રમણનું કારણ છે. તે કર્મના તેઓની દૃષ્ટિએ ચાર ભેદ છે. (૧) જનક (૨) ઉપસ્તંભક (૩) ઉપપીડક (૪) ઉપઘાતક.

**(૨) ન્યાય-વૈશેષિકદર્શન-**

નૈયાયિક દર્શનના સ્થાપક ગૌતમઋષિ છે. જ્યારે વૈશેષિકદર્શનના સ્થાપક કણાદઋષિ છે. એ બંનેની કર્મની માન્યતામાં ભેદ નથી. બંનેના મતે જગત્કર્તા ઈશ્વર જીવોને તેમના શુભ-અશુભ કર્મ પ્રમાણે સુખી-દુઃખી, રોગી-નિરોગી, રાજા-રંક બનાવે છે. ઈશ્વર જગત્કર્તા છે છતાં કર્મને તો માનવું જ પડે છે. જીવ રાગ-દ્વેષ અને મોહને કારણે જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તેનાથી ધર્મ-અધર્મની ઉત્પત્તિ થાય છે. તેમાં સારી પ્રવૃત્તિ દ્વારા ધર્મ અને ખરાબ પ્રવૃત્તિ દ્વારા અધર્મની ઉત્પત્તિ થાય છે. એ ધર્મ-અધર્મ (પુણ્ય-પાપ) શબ્દાંતરથી કર્મ જ છે. તેનું બીજું નામ અદૃષ્ટ છે. તેમની માન્યતા પ્રમાણે ક્રિયા ક્ષણિક છે તો પછી તેનું ફળ જન્માંતરમાં કેમ મળે? તેનું સમાધાન અદૃષ્ટની કલ્પનાથી કર્યું છે.

ક્રિયા દ્વારા આત્મામાં અદૃષ્ટ જન્મે છે. ક્રિયાજન્ય અદૃષ્ટ આત્મામાં પડ્યું રહે છે તે ક્રિયા અને ફળની વચ્ચે કડીરૂપ હોવાથી વિપાકકાળે સુખદુઃખ રૂપે ફળનો અનુભવ કરાવીને ચાલ્યું જાય છે. પરંતુ અદૃષ્ટ પોતે પોતાની મેળે કાંઈ કરી શકતું નથી. માટે અદૃષ્ટને આધારે ઈશ્વર કર્મફળ આપે છે. મિથ્યાજ્ઞાનને કર્મબંધનું કારણ માને છે.

**(૩) સાંખ્યદર્શન-**

કપિલઋષિ આ દર્શનના સ્થાપક છે. એમની માન્યતા પ્રમાણે આત્મા કૂટસ્થ (જેમાં ફેરફાર ન થાય એવો) નિત્ય છે. અકર્તા છે. અભોક્તા છે. પરંતુ પ્રકૃતિના સંસર્ગથી આત્માને સંસારમાં ભટકવું પડે છે. આંધળા અને લંગડાના ન્યાયે પંગુતુલ્ય આત્મા નિષ્ક્રિય છે પણ અંધતુલ્ય પ્રકૃતિના સંસર્ગથી તેના ખભા પર બેસીને સક્રિય બનીને સંસારમાં ભટકી રહ્યો છે. એમ પુરુષ અને પ્રકૃતિ બે જ તત્ત્વ છે એમાં પ્રકૃતિ જ સંસારલીલાની સર્જક છે. પ્રકૃતિના સંયોગથી સંસાર અને વિયોગથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે પ્રકૃતિ જ 'કર્મ' છે. પુરુષ-પ્રકૃતિના અભેદજ્ઞાનને કર્મબંધનું કારણ માને છે. જ્યારે પુરુષને પ્રકૃતિ ભિન્ન છે એવું ભેદજ્ઞાન થાય છે કે પ્રકૃતિ એને મુક્ત કરી દે છે.

**(૪) યોગદર્શન-**

આ દર્શનના આદ્યપ્રણેતા પાતંજલઋષિ છે. તેમની માન્યતાનુસાર જીવ કલેશપૂર્વક જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર ચિત્તમાં પડે છે તે સંસ્કારને કર્મ કહેવાય છે. તેમાં એક જન્મના સંચિત કર્મને 'કર્માશય' અને અનેક જન્મ સંબંધી કર્મ સંસ્કારની પરંપરાને 'વાસના' કહે છે. માટે કર્માશય અને વાસના 'કર્મ' છે.

**(૫) મીમાંસાદર્શન-**

આ દર્શનના સંસ્થાપક જૈમિનિય છે. એમની માન્યતા પ્રમાણે મનુષ્ય જે કાંઈ યજ્ઞાદિ અનુષ્ઠાન કરે છે તે ક્રિયારૂપ હોવાથી ક્ષણિક છે તરત નાશ પામી જાય છે અને તેનું ફળ તો જન્માંતરમાં મળે છે. જ્યાંસુધી ફળપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી અપૂર્વ નામનું તત્ત્વ અંદર જ રહે છે. જે

## અન્ય દર્શનમાં કર્મબંધના કારણો

કર્મબંધ થવા માટે કંઈ ને કંઈ કારણ હોય છે. કારણ વગર કાર્ય થાય નહિ. આ કારણને હેતુ કહેવામાં આવે છે. ભારતીય દર્શનોમાં હેતુનું સ્વરૂપ નીચે મુજબ છે.

૧. જૈન દર્શનમાં કર્મબંધનું કારણ મુખ્યત્વે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ છે.

૨. બૌદ્ધ દર્શનમાં કર્મબંધનું કારણ રાગ-દ્વેષ, મોહાદિને માનવામાં આવે છે.

૩. સાંખ્ય-યોગ દર્શનમાં : પ્રકૃતિ પુરુષના અભેદજ્ઞાનને કર્મબંધનું કારણ માન્યું છે.

૪ ન્યાય વૈશેષિક દર્શનમાં : કર્મબંધનું કારણ મિથ્યાજ્ઞાનને કહ્યું છે.

૫. વેદાંત આદિમાં : કર્મબંધનું કારણ અવિદ્યા બતાવ્યું છે.

આમ અન્ય દર્શનો પણ હેતુને માને છે. જ્યારે જૈનદર્શન હેતુ સાથે ક્રિયા પર પણ ભાર મૂકે છે.

કાલાંતરે ફળપ્રાપ્તિ કરાવે છે. તેથી અપૂર્વને કર્મ માને છે. વળી અવિદ્યાને પણ કર્મ તરીકે માને છે. વસ્તુના યથાર્થ સ્વરૂપનું અજ્ઞાન એ જ અવિદ્યા છે તે જ કર્મબંધરૂપ છે. માટે તે કર્મ છે.

**(૬) શીખધર્મ દર્શન-**

શીખધર્મદર્શનના આદ્ય-પ્રણેતા ગુરુ નાનક છે. એમની માન્યતા અનુસાર માનવી સ્વયં કર્મનું બીજ વાવે છે અને તેનું ફળ ભોગવે છે. એમણે કર્મવાદને સ્વીકાર્યો છે પણ નિયતવાદને સ્વીકાર્યો નથી. નિયતવાદને બદલે માનવીની ઈચ્છા-સ્વાતંત્ર્યને સ્વીકાર્યુ છે. શીખ ધર્મના ચાર પાયા છે-કર્મ-સંસાર-જ્ઞાન-મુક્તિ. એ ચાર પાયામાંનો એક પાયો કર્મ છે. અર્થાત્ કર્મને કર્મ સ્વરૂપે જ સ્વીકાર્યું છે. પરંતુ કર્મ નિયામક તરીકે ઈશ્વરને માને છે.

**(૭) ઈસ્લામધર્મ-દર્શન-**

ઈસ્લામ ધર્મના પ્રવર્તક પયગમ્બર મોહંમદ સાહેબ છે, જે છઠ્ઠી, ૭મી શતાબ્દીમાં થઈ ગયા. એમના મતે ઈમાન (આસ્થા-વિશ્વાસ) અને આમાલ (કર્મ) દ્વારા માનવ માટે બનાવેલા પરમ લક્ષ્યને પ્રાપ્ત કરવું જોઈએ. ઈમાનના વિષયને વિશ્વાસ વચન કહી શકાય જે પાંચ કર્મકાંડો (Five Pillars) દ્વારા પ્રાપ્ત થાય છે. જે નીચે મુજબ છે-

(૧) ઈમાન-વિશ્વાસ વચનને અંગીકાર કરે.
(૨) નમાજ-દરરોજ પાંચ વખત નમાજ (પ્રાર્થના) પઢવી જોઈએ.
(૩) જકાત-પોતાની કમાણીનો ૪૦મો ભાગ અથવા અઢી ટકા સમાજ સેવામાં વાપરવો જેને દરિદ્ર સેવા ટેક્સ પણ કહેવાય છે.
(૪) રોજા-રમજાન મહિનામાં રોજા (ઉપવાસ) રાખવા.
(૫) હજ-સામર્થ્ય હોવા પર જીવનમાં એક વાર મક્કા-કાબાના દર્શનની યાત્રા કરવી.

આ પાંચ સ્તંભ જ ઈસ્લામમાં કર્મકાંડ તરીકે ઓળખાય છે.

**(૮) પારસીધર્મ-દર્શન-**

આ દર્શનના પ્રવર્તક અષો જરથુષ્ટ્ર છે. જે ઈ. સ. પૂર્વે ૭મી સદીમાં થયા. પારસીધર્મમાં મુક્તિમાર્ગ માટે કર્મકાંડોમાં વિશ્વાસ, દાન, પશ્ચાતાપ, તપ તથા કરૂણા પર બળ આપ્યું છે. જો કે સાથે સાથે દરેક વ્યક્તિના કર્મ જ ઉત્તરદાયી ગણાય છે. જાતિ કે કુળ નહિ. પારસીધર્મમાં અહૂર મજદા (શુભ) અને અહરિમન (અશુભ) આ બંને તત્ત્વોને સ્વીકારીને અંતે અહિરમન પર વિજય મેળવવાનો હોય છે. પરંતુ પારસી ધર્મમાં કર્મવાદના સિદ્ધાંતનો અલગથી સ્વીકાર કરવામાં આવ્યો નથી. જો કે અનેક દુઃખો માનવોને પોતાના કરેલા કર્મ અનુસાર ભોગવવા પડે છે તે અનુસાર નરક અને સ્વર્ગની કલ્પના પણ કરવામાં આવી છે. એને માટે અહુર મજદા બધી વ્યક્તિને ઈચ્છા-સ્વાતંત્ર્યનું દાન કરે છે. અને ઈચ્છા દ્વારા થયેલા દરેક કર્મોનો જવાબદાર તે વ્યક્તિ પોતે જ હોય છે.

***પારસી ધર્મમાં કર્મવાદના સિદ્ધાંતનો અલગથી સ્વીકાર કરવામાં આવ્યો નથી. જો કે અનેક દુઃખો માનવોને પોતાના કરેલા કર્મ અનુસાર ભોગવવા પડે છે તે અનુસાર નરક અને સ્વર્ગની કલ્પના પણ કરવામાં આવી છે. એને માટે અહુર મજદા બધી વ્યક્તિને ઈચ્છા-સ્વાતંત્ર્યનું દાન કરે છે. અને ઈચ્છા દ્વારા થયેલા દરેક કર્મોનો જવાબદાર તે વ્યક્તિ પોતે જ હોય છે.***

**(૯) ઈસાઈ ધર્મ-દર્શન (ખ્રિસ્તી ધર્મ)**

આ ધર્મના પ્રવર્તક ઈસુ ખ્રિસ્ત છે જે ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં થઈ ગયા. એમનો મુખ્ય ધર્મગ્રંથ બાઈબલ છે. આ ધર્મમાં ઈશ્વરને નિમિત્ત અને ઉપાદાન કારણ માનવામાં આવ્યા છે. જો કે ઈશ્વર એક જ વાર સૃષ્ટિની રચના કરે છે. એટલે ઈસાઈ ધર્મમાં કેવળ એક જ જીવનના પાપફળ માટે પાપીને તેના પાપના નિમિત્ત પ્રતિકાર રૂપે દંડની વ્યવસ્થા કરી છે. જો કે તે અનંતકાળ સુધી ભોગવવું પડે છે. તેમના મતાનુસાર ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી જ સંસારમાં પાપ આવે છે અને ઈસુની ભક્તિથી પાપ દૂર થઈ શકે છે. જોકે ઈસાઈ ધર્મમાં પ્રારંભથી જ માનવ કલ્યાણ અને દુઃખ નિવારણ પર જોર આપવામાં આવ્યું છે.

આમ ઈસાઈધર્મમાં કર્મ નહિ પરંતુ ઈશ્વરીય પ્રેમ અને તેના અનુગ્રહ પર વિશ્વાસ કરવાથી ક્ષમા અને પાપમોચન થઈ શકે એવું બતાવ્યું છે. તેમ જ અશુભ સમસ્યાનું સમાધાન ધાર્મિક રીતથી થઈ શકે છે.

**(૧૦) પાશ્ચાત્યદર્શન-**

આ દર્શનમાં કર્મવાદનું સ્પષ્ટ વિવેચન નથી પણ પાશ્ચાત્યદર્શન આચારદર્શનમાં સુખવાદી દાર્શનિક કર્મની ફળશ્રુતિના આધાર પર એમની શુભાશુભતાનો નિશ્ચય કરે છે. જ્યારે માર્ટિનન્યૂ કર્મપ્રેરક ઉપર એમની શુભાશુભતાનો નિશ્ચય કરે છે. તેમજ સામાજિક જીવનમાં બીજાઓ પ્રતિ વ્યવહારનો દૃષ્ટિકોણ સ્વીકૃત છે. જેવો વ્યવહાર તમે તમારા માટે ઈચ્છો છો તેવો બીજાઓ માટે કરો.

કાણ્ટે પણ કહ્યું છે કે કેવલ એ નિયમ અનુસાર કામ કરો જેને તમે એક સાર્વભૌમ નિયમ બનાવવા માંગતા હો. પ્રત્યેક પાશ્ચાત્ય વિચારકોએ નૈતિક જીવનની પૂર્ણતા માટે શુભાશુભથી પરે જવાનું જરૂરી માન્યું છે. કારણકે આત્મપૂર્ણતાની વ્યવસ્થામાં શુભ કે અશુભનો વિરોધ પણ રહેતો નથી. માટે પૂર્ણ આત્માના સાક્ષાત્કાર માટે શુભ-અશુભથી ઉપર ઉઠવું જરૂરી છે. ✷ ✷ ✷

## ઉપસંહાર

य : कर्त्ता कर्म भेदानां, भोक्ता कर्म फलस्य च ।
संसर्ता - परिनिर्वाता संह्यात्मा नान्यलक्षणः ।।

**ભાવાર્થ :** જે કર્મનો કર્તા છે અને કર્મફળનો ભોક્તા પણ છે તે જ સંસારી આત્મા-સંસારની ચારે ય ગતિઓના ચક્રમાં પરિભ્રમણ કરતો જ રહે છે. જીવોના સંસરણશીલ સ્વભાવના કારણે જ સંસાર છે. જીવોને જ સંસાર હોય છે. અજીવ-જડને સંસાર ન હોય, તે સુખીદુઃખી પણ ન થાય કે કર્મ પણ બાંધે નહિ. કર્મ તો માત્ર જીવ જ બાંધે છે અને તે કર્મોના ઉદયથી સુખીદુઃખી થાય છે.

पुनरपि जन्मं पुनरपि मरणं, पुनरपि जननि जठरे शयनम् ।
इह संसारे खलु दुस्तार....

અર્થાત્- ફરી ફરીને જન્મ, ફરી ફરી મૃત્યુ અને ફરી ફરી માતાની કુક્ષિમાં ઉત્પત્તિ એ જ સંસારનું ખરૂં દુઃખ છે.

न सा जाइ, न तत् जोणी, न तत् कुलं, न तत्त ठाणं ।
तज्थ जीवो अणंतसो, न जम्मा, न मूआ।।

ભાવાર્થ – એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવ અનંતવાર જન્મ્યો ન હોય. મર્યો ન હોય. પણ જ્યાં સુધી કર્મની પરંપરા છે ત્યાં સુધી જન્મ-મરણની પરંપરા પણ ચાલુ જ રહે છે. એ જ વાત પ્રભુ મહાવીરે અંતિમ દેશના આપતી વખતે ઉત્તરાધ્યયનના ચોથા અધ્યયનમાં કરી છે કે-'कडाण कम्माण न मोक्ख अत्थि।' અર્થાત્ જે કર્મો કર્યા છે (બાંધ્યા છે) તે ભોગવવા જ પડે છે. કર્મ ભોગવ્યા વગર છૂટકારો (મોક્ષ) નથી.

શાશ્વત નિયમ એ છે કે કરેલા પાપકર્મો ઉદયમાં આવે અને તેના વિપાકે જીવો દુઃખ અનુભવે તેમ જ કરેલા પુણ્યકર્મો ઉદયમાં આવે એના વિપાકે જીવો સુખ-શાંતિ અનુભવે છે. બસ આટલો સાદો સિદ્ધાન્ત જીવમાત્ર સમજી જાય તો સંસારમાં સુખ કે દુઃખ રહે નહિ. પરંતુ વિપરીત જ્ઞાનને લીધે જીવ હમેશાં સુખને ઝંખે છે અને સુખને મેળવવા તે વધુ ને વધુ સંસારની પરંપરામાં અટવાતો જાય છે. જેમ કરોળિયો પોતે જ પોતાની જાળમાં ફસાઈ જાય છે તેમ જીવ પણ સુખની ભ્રમણામાં પોતે જ ફસાતો જાય છે અને ચારે ગતિના ચક્રમાં ફર્યા કરે છે. પરંતુ જો આપણે કર્મવાદનો સિદ્ધાંત બરાબર જાણી લઈએ તો જરૂર એમાંથી છૂટવા પ્રયત્ન કરશું. કર્મબંધન છે તો કર્મમુક્તિનો ઉપાય પણ બતાવ્યો છે જે આપણને કર્મવાદથી જાણવા મળે છે.

કર્મવાદ એક વિશાળ અને ગહન વિષય છે. એમાંય જૈનદર્શનનો કર્મવાદ પાતાળી ગંગા જેવો ઊંડો અને ગહન છે. તેને ૨૫-૫૦ પાનામાં સમાવવો એટલે ગાગરમાં સાગર સમાવવા જેવું કાર્ય છે. છતાંય ગંગા નદીના પાણીનું આચમન પવિત્ર બનાવે છે એમ કર્મવાદની થોડી-સી છાલક અનાદિકાળથી મૂર્છામાં પડેલા આત્માને જાગૃત કરી દેશે. સત્યનો અહેસાસ કરાવી દેશે.

અપાર એવા કર્મવાદના સિદ્ધાંતોનો પાર તો ક્યાંથી પમાય પણ સાર પામીએ તો પણ અસાર સંસારમાંથી પાર પડી જવાય.

આ સાર પ્રાપ્ત કરવા ખૂબ મનોમંથન કરીને કેટલાય પુસ્તકોનો અભ્યાસ કરીને અહીં એની થોડી ઝલક આપી છે. એમાં પણ અમારી છદ્મસ્થતાને કારણે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો વિદ્વાનોને ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે. જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

**પાર્વતીબેન ખીરાણી–રતનબેન છાડવા**

## સંદર્ભ સૂચિ


૧. કર્મ તણી ગતિ ન્યારી–ભાગ-૧-૨, પં. અરુણવિજય મહારાજ
૨. રે કર્મ તારી ગતિ ન્યારી-પૂ. આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.
૩. કર્મપ્રકૃતિ અને ગુણ (જીવ) સ્થાનક-મુનિ મહારાજ શ્રી હર્ષચંદ્રજી
૪. કર્મગ્રંથ-ભાગ ૧ થી ૬ - રમ્યરેણુ
૫. જૈન કર્મ સિદ્ધાંત કા તુલનાત્મક અધ્યયન-ડૉ. સાગરમલ જૈન
૬. વિપાક સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન
૭. ઉત્તરાધ્યયન સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન અને ધીરજમુનિ
૮. ભગવતી સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન અને ધીરજમુનિ
૯. સ્થાનાંગ સૂત્ર-શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન અને ધીરજમુનિ
૧૦. પત્રો દ્વારા કરણાનુયોગ પરિચય-ડૉ. સૌ. ઉજ્જવલા દિનેશચંદ્ર શહા
૧૧. કર્મસાર-ચંદ્રહાસ ત્રિવેદી
૧૨. કર્મવાદના રહસ્યો-ચંદ્રહાસ ત્રિવેદી
૧૩. કર્મનો સિદ્ધાંત-હીરાભાઈ ઠક્કર
૧૪. બંધન અને મુક્તિ-પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.
૧૫. કર્મગ્રંથ-ભાગ-૧ થી ૬-ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા
૧૬. બારતીય તત્ત્વદર્શન-ડાહ્યાલાલ શાસ્ત્રી
૧૭. પ્રશ્નોત્તરી-પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (પંડિત મ.સા.)
૧૮. કર્મસિદ્ધિ-શ્રી દામજી પ્રેમજી વોરા
૧૯. તત્ત્વાર્થ સૂત્ર-પંડિત સુખલાલજી
૨૦. જૈન પાઠાવલી–૧ થી ૪-શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થા.જૈન મહાસંઘ
૨૧. કર્મગ્રંથ ભાગ ૧ થી ૬-જીવવિજયજી મ.સા.
૨૨. કર્મગ્રંથ ભાગ-૧,૨,૩-પંડિત સુખલાલજી અનુ.-લલિતાબાઈ મહા.
૨૩. સૂત્રકૃતાંગ-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન
૨૪. પ્રજ્ઞાપના સૂત્ર-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન
૨૫. જ્ઞાતાધર્મકથા સૂત્ર-શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન
૨૬. ચોસઠ પ્રકારની પૂજા-શ્રી ગુરુપ્રાણ વીર વિજયજી
૨૭. પાંત્રીસ બોલની વાંચણીની બુક-ચંદ્રકાંતભાઈ
૨૮. કમ્મપયડિ (કર્મપ્રકૃતિ) આચાર્ય શિવશર્મસૂરિજી
૨૯. જૈનેન્દ્ર સિદ્ધાંતકોષ-ક્ષુ. જિનેન્દ્રવર્ણી
૩૦. ભગવદ્ ગોમંડળ-પ્રવીણ પ્રકાશન
૩૧. હું – શ્રમિક સ્વામી યોગેશ્વર
૩૨. કંકણનો બોધ-આત્માની શોધ–ધીર ગુરુ

# પારિભાષિક શબ્દો

૧. કર્મબંધ : કર્મ રૂપે બનેલા કાર્મણ સ્કંધો આત્મપ્રદેશોની સાથે એકમેક થઈ જાય તેને કર્મબંધ કહે છે.

૨. પ્રકૃતિબંધ : સુખ દુઃખાદિ આપવાની જે શક્તિ-સ્વભાવ ઉત્પન્ન થાય છે, તે પ્રકૃતિ કહેવાય. સ્વભાવનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશ સાથે એકાકાર થવું તે પ્રકૃતિબંધ કહેવાય છે.

૩. સ્થિતિબંધ : તે તે સ્વભાવનો અમુક સમય સુધી કર્મદલિકોમાં રહેવાનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશની સાથે એકાકાર થવું તે સ્થિતિબંધ કહેવાય છે.

૪. રસબંધ : ઓછા-વધતાં પ્રમાણમાં શુભાશુભ ફળ આપવાની શક્તિનો નિર્ણય થવા પૂર્વક કર્મોનું આત્મપ્રદેશોની સાથે એકાકાર થવું તે રસબંધ કહેવાય છે.

૫. પ્રદેશબંધ : સ્વભાવદીઠ દરેક વિભાગને ચોક્કસ પ્રમાણમાં મળેલા કર્મદલિકોનું આત્મપ્રદેશની સાથે એકાકાર થવું, તે પ્રદેશબંધ કહેવાય છે.

૬. યોગ : મન, વચન, કાયા દ્વારા થતી પ્રવૃત્તિ યોગ એટલે આત્મપ્રદેશનું કંપન.

૭. ઉત્કૃષ્ટકાળ : મોટામાં મોટો કાળ (સમય)

૮. જઘન્યકાળ : સૌથી ઓછું, અલ્પતમ કાળ

૯. અંતમુર્હૂત : ૧ મુર્હૂત (૪૮ મિનિટ) કરતાં કાંઈક ઓછો સમય.

૧૦. સ્કંધ : કોઈ પણ અખંડ મૂલ્યને સ્કંધ કહેવાય. સ્કંધને જ આજનું વિજ્ઞાન molecule કહે છે.

૧૧. કર્મદલિકો : કર્મના પ્રદેશો.

૧૨. સત્તા-કર્મોનું આત્માની ઉપર રહેવું સત્તા કહેવાય છે.

૧૩. અબાધાકાળ-જેટલી સ્થિતિમાં તથાસ્વભાવે જ ભોગવવા યોગ્ય કર્મદલિકો ગોઠવાતા નથી તેટલી સ્થિતિને અબાધાકાળ (બાધાસ્થિતિ) કહે છે.

૧૪. સ્વરૂપ સત્તા-જે કર્મ પોતાના મૂળ સ્વભાવને છોડ્યા સિવાય આત્માની સાથે રહે તે સ્વરૂપ સત્તા કહેવાય.

૧૫. પરરૂપ સત્તા-જે કર્મોનું અન્ય સજાતીય કર્મ પ્રકૃતિમાં સંક્રમીને (પોતાના મૂળ સ્વભાવને છોડીને) પરરૂપે થઈને આત્માની સાથે રહે તે પરરૂપ સત્તા કહેવાય.

૧૬. પ્રદેશોદય : કર્મના ફળનો સ્પષ્ટ અનુભવ ન કરાવે તેને પ્રદેશોદય કહેવાય છે.

૧૭. વિપાકોદય : કર્મદલિકોને સ્વસ્વરૂપે (પોતાના મૂળસ્વભાવે) ભોગવવા તે વિપાકોદય કહેવાય છે.

૧૮. ઉદય : કર્મના ફળનો અનુભવ કરવો તે ઉદય કહેવાય.

૧૯. નિષેક : કર્મદલિકની સ્થાપના 'નિ-સિખ્ખ' ધાતુનો અર્થ સ્થાપવું થાય છે.

૨૦. ઘાતીકર્મ : જે કર્મ આત્માના મૂળભૂત ગુણને આવરે તેને ઘાતી-કર્મ કહે છે. ઘાતીકર્મના બે પ્રકાર છે. સર્વઘાતી અને દેશઘાતી.
સર્વઘાતી : જે પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય મૂળ ગુણનો (યોગ્ય ગુણનો) સંપૂર્ણ ઘાત કરે છે તે સર્વઘાતી.
દેશઘાતી : જે પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણનો કાંઈક અંશે ઘાત કરે છે, તે દેશઘાતી કર્મ કહેવાય છે.

૨૧. અઘાતીકર્મ : જે કર્મ પ્રકૃતિ પોતાનાથી ઢાંકવા યોગ્ય ગુણનો કાંઈક અંશે પણ ઘાત કરતી નથી, તે અઘાતી કર્મ કહેવાય છે.

૨૨. ધ્રુવોદયી : જે પ્રકૃતિનો વિપાકોદય પોતાના ઉદયવિચ્છેદ સ્થાન સુધી દરેક જીવોને સતત હોય, તે પ્રકૃતિ ધ્રુવોદયી કહેવાય છે.

૨૩. અધ્રુવોદયી : જે પ્રકૃતિનો વિપાકોદય પોતાના ઉદય વિચ્છેદ સ્થાન સુધી ક્યારેક હોય અને ક્યારેક ન હોય, તે પ્રકૃતિ અધ્રુવોદયી કહેવાય છે.

૨૪. ધ્રુવસત્તાક : જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણો પ્રાપ્ત ન કર્યા હોય એવા દરેક જીવોને સતત હોય, તે પ્રકૃતિ ધ્રુવ સત્તાક કહેવાય છે.

૨૫. અધ્રુવસત્તાક : જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણો રહિત જીવોને કયારેક હોય અને ક્યારેક ન હોય, તે પ્રકૃતિ અધ્રુવસત્તાક કહેવાય છે.

૨૬. જીવ વિપાકી : જે પ્રકૃતિ પોતાના ફળનો અનુભવ જીવને કરાવે છે, તે જીવ વિપાકી કહેવાય છે.

૨૭. ભવ વિપાકી : જે પ્રકૃતિ પોતાનું ફળ નર-નારકાદિ ભવમાં જ બતાવે છે, તે ભવ વિપાકી કહેવાય છે.

૨૮. ક્ષેત્ર વિપાકી : જે પ્રકૃતિ પોતાનું ફળ આકાશમાં (વિગ્રહગતિમાં) બતાવે છે, તે ક્ષેત્રવિપાકી કહેવાય છે.

૨૯. પુદ્‌ગલ વિપાકી : જે પ્રકૃતિ પોતાનું ફળ શરીર રૂપે પરિણમેલા પુદ્‌ગલ પરમાણુમાં બતાવે છે, તે પુદ્‌ગલવિપાકી કહેવાય છે.

૩૦. આલોચના-માફી માગવી, ક્ષમા માંગવી.

૩૧. અવ્યાબાધ સુખ-બાધા, પીડા, કષ્ટ ન પહોંચે તેવું. એટલે શાશ્વત સુખ.

૩૨. અગુરુલઘુ-હલકું પણ નહિ અને ભારે પણ નહિ.

૩૩. અરૂપી-અનામી-જેમાં રૂપ, રસ, ગંધ વગેરે હોય તે રૂપી અને જેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે ન હોય તે અરૂપી-અનામી કહેવાય છે.

૩૪. અનંતજ્ઞાન-સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વદ્રવ્યના સર્વ પર્યાયોને

એકી સાથે જણાવનારી આત્મશક્તિને અનંતજ્ઞાન કહે છે.

૩૫. અનંતદર્શન-સંપૂર્ણ લોકાલોકમાં રહેલાં સર્વદ્રવ્યના સર્વ પર્યાયોને એકી સાથે દેખાડનારી આત્મશક્તિને અનંતદર્શન કહે છે.

૩૬. અક્ષયસ્થિતિ-સદાકાળને માટે જીવવું, અથવા જન્મ મરણ રહિત જીવન.

૩૭. અક્ષય ચારિત્ર-શુદ્ધ જ્ઞાનોપયોગ, શુદ્ધ દર્શનોપયોગાદિ સ્વગુણમાં, સ્વભાવમાં રમવું તે અક્ષયચરિત્ર કહેવાય છે.

૩૮. સમ્યક્ત્વ-નવતત્ત્વની યથાર્થ શ્રદ્ધા હોય તે, સાચી માન્યતા, વસ્તુને વસ્તુ તરીકે ઓળખવી તેનું નામ સમ્યક્ત્વ છે.

૩૯. ગુણસ્થાન-કષાય અને યોગના કારણે આત્માના જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણોની વધ-ઘટવાળી અવસ્થા જ્ઞાનાદિ ગુણોનું સ્થાન તે ગુણસ્થાન છે.


૪૦. પર્યાપ્તિ-આહાર આદિના પુદ્ગલોને ગ્રહણ કરીને શરીર, ઈન્દ્રિય આદિમાં પરિણમાવવાની જીવની પૌદ્ગલિકશક્તિ વિશેષ.

૪૧. ગણધર-તીર્થંકરના મુખ્ય દ્વાદશાંગી (બાર અંગ સૂત્ર) રચનારા શિષ્યો. ગણ-સમૂહ, ધર-ધારક ઘણાં શિષ્ય સમૂહના ધારક.

૪૨. પુદ્ગલ દ્રવ્ય-જે રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળું હોય તે પુદ્ગલ દ્રવ્ય કહેવાય છે.

૪૩. વર્ગણા–સંખ્યાની દૃષ્ટિએ સરખા પરમાણુવાળા કાર્મણાદિ સ્કંધોના સમૂહ (વર્ગ)ને વર્ગણા કહે છે.

કાર્મણ વર્ગણા–કર્મનો કાચો માલ, કર્મનું રૉ-મટીરીયલ.




સ્કંધ : અખંડ પદાર્થ

દેશ : સ્કંધ સાથે જોડાયેલો અપૂર્ણ હિસ્સો

પ્રદેશ: સ્કંધ સાથે જોડાયેલો પણ જેના કેવળી ભગવંત પણ બે વિભાગ ન કરી શકે એવો પુદ્ગલદ્રવ્યનો છેલ્લામાં છેલ્લો વિભાગ તે પ્રદેશ

૪૪. પરમાણુ-જેના કેવળી ભગવંત પણ બે વિભાગ ન કરી શકે એવો પુદ્ગલદ્રવ્યનો છેલ્લામાં છેલ્લો વિભાગ (અંશ) જે પરમ-અણુ હોય પરંતુ જે સ્કંધથી છૂટો પડેલો હોય તેને પરમાણુ કહેવાય.


૪૫. સંખ્યાતો કાળ-અંતમૂર્હુતથી પૂર્વક્રોડસુધીનો કાળ

૪૬. અસંખ્યાતો કાળ-પૂર્વક્રોડ ઝાઝેરાની સંખ્યા, પલ્યોપમ, સાગરોપમ વગેરે.

અનંત કાળ-અસંખ્યાતાકાળ પછીનો કાળ અનંતકાળ કહેવાય.

અનાદિકાળ-જેની આદિ નથી તે અનાદિકાળ કહેવાય.

૪૭. ઘનીકૃત લોક-કોઈ પણ સંખ્યાને ત્રણ વાર સ્થાપીને પરસ્પર ગુણવાથી જે સંખ્યા આવે છે તે ઘન કહેવાય. દા. ત. અસત્ કલ્પનાથી લોકને ડબાના આકારમાં ગોઠવતા લોક ૭ રાજ લાંબો, ૭ રાજ પહોળો અને ૭ રાજ જાડો થાય છે માટે તે ઘની-કૃત લોક કહેવાય છે.




૪૮. પરાવર્તમાન-જે પ્રકૃતિ પોતાના બંધ કે ઉદય અથવા બંધોદય વખતે બીજી સજાતીય પ્રકૃતિના બંધ કે ઉદય અથવા બંધોદય અટકાવે છે તે પરાવર્તમાન કહેવાય છે.

૪૯. અપરાવર્તમાન-જે પ્રકૃતિ પોતાના બંધ કે ઉદય અથવા બંધોદય વખતે બીજી સજાતીય અપરાવર્તમાન પ્રકૃતિના બંધ કે ઉદય અથવા બંધોદયને અટકાવતી નથી તે અપરાવર્તમાન કહેવાય છે.

૫૦. પલ્યોપમ-પલ્ય-પાલો. એક વિશેષ પ્રકારનું માપ. તેની ઉપમા દ્વારા જે સમયની ગણના કરવામાં આવે છે તેને પલ્યોપમ કહેવાય છે.

૫૧ સાગરોપમ- સાગરની ઉપમા દ્વારા જે સમયની ગણના કરવામાં આવે છે તેને સાગરોપમ કહેવાય છે. દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય. ક્રોડાક્રોડી એટલે ક્રોડને ક્રોડ વડે ગુણવું.

૫૨. મિથ્યાત્વ-આધ્યાત્મિક અજ્ઞાન, માયા, અવિદ્યા, તત્ત્વજ્ઞાનનો અભાવ વગેરે મિથ્યાત્વના અર્થ થાય છે. તત્ત્વવિષયક યથાર્થ શ્રદ્ધાનો અભાવ અને તત્ત્વની અયથાર્થ શ્રદ્ધા મિથ્યાત્વ કહેવાય.

૫૩. માર્ગણા-જીવાદિ પદાર્થોની વિચારણાને માર્ગણા કહે છે.

૫૪. આશ્રવ-જેનાથી નવા કર્મોની આવક થાય તે.

૫૫. સંવર-આવતા કર્મોને વ્રત પચ્ચક્ખાણ આદિ દ્વારા રોકવા તે.

૫૬. નિર્જરા-આત્માના પ્રદેશથી બાર પ્રકારના તપથી કર્મનું ઝરીને દૂર થવું.

૫૭.ઈરિયાવહિયા-રસ્તામાં આવતાં જતાં (લાગેલા દોષનું પ્રાયશ્ચિત)

# વિલક્ષણ બેન્ક કર્મ

પૂ. અભયશોખર સૂરિ

• સમસ્ત વિશ્વવ્યાપી છે એક 'બેન્ક'...

• ખૂબ જ ન્યારી અને ખૂબ જ નિરાળી...

• લેણુ માફ કરવા બેસે ત્યારે **ઉદારતા-દયાળુતા** પણ એવી...

• લેણુ વસુલ કરવા બેસે ત્યારે **ક્રૂરતા-કઠોરતા** પણ એવી...

• પોતાની પાસે જમા-ઉધારની કોઈ નોંધ રાખે નહીં....

• પાસબૂકો ખાતેદાર પાસે જ રહે...

• ખાતેદારે સ્વયં એમાં જમા-ઉધારની નોંધ કરવાની....

• આની વિશિષ્ટતા એ જ છે કે, **બીજાના ખાતે જમા થયેલી રકમ પોતાના ખાતે જમા કરી શકે...છતાં બીજાના જમા ખાતેથી એ ઓછી ન થાય...અને બીજાના ખાતે ઉધરાયેલી રકમ પોતાના ખાતે ઉધારી પણ શકે છતાં બીજાના ખાતે ઉધારાયેલી રકમ ઓછી ન થાય.**

• પોતાના ખાતે કો'ક નવી રકમ જમા કરાવો એટલે **જૂની ઉધારાયેલી રકમમાંથી કેટલીક રકમ જમામાં ટ્રાન્સફર થઈ જાય. એ જ રીતે, નવી રકમ ઉધારતી વખતે જૂની જમા રકમમાંથી કેટલી રકમ ઉધારમાં ટ્રાન્સફર થઈ જાય.**

• જે કાંઈ રકમો ઉધારાઈ હોય તે ખાતેદાર ચાહે તો ભૂંસી શકે..પણ એને ભૂંસતા આવડવું જોઈએ...તો ઉધાર પાસાની બધી જ નોંધ ગાયબ થઈ જાય..બીજી રીતે કહીએ તો આ બેન્કજ સામેથી ખાતેદારોને કહે છે કે માત્ર પાંચ-પચ્ચીસ હજારની રકમ નહીં પણ **કરોડો કે અબજોની રકમ અમારે લેણી નીકળતી હશે તો પણ જ્યાં સુધી એ Due નહીં થાય. અને બેન્ક વસૂલાત કરવાનું ચાલુ નહીં કરે ત્યાં સુધીમાં ખાતેદાર જો યોગ્ય રીતે અરજી કરે તો ભારે ઉદારતાપૂર્વક બેન્ક એ બધું લેણું માફ કરી દેશે..એક પૈસો પણ ચૂકવવો નહીં પડે...પણ જો ખાતેદાર એમ કરવામાં નિષ્ફળ રહે અને બેન્ક વસૂલાત ચાલુ કરી દે...તો પછી એક પાઈ માફ કરવામાં નહીં આવે. પૂરેપૂરા લેણાની વસૂલાત માટે જે કાંઈ કઠોરતા, કડકાઈ, ક્રૂરતા અપનાવવા પડે, એ બધું જ આ બેન્ક અપનાવી શકે છે.** ખાતેદારને એક નહીં...અનેક કરુણ મોત આવે તો પણ આ બેન્ક જરાય દયા દાખવતી નથી. દાખવશે પણ નહીં.

**હવે આપણે પણ આવી બેન્કના એકાઉંટ હોલ્ડર હોઈએ તો શું કરીએ...**

• આ 'નોખી' અને સાવ 'અનોખી' બેન્કનું નામ છે **'કર્મસત્તા'....**

• સંસારના સમસ્ત જીવો એના ખાતેદાર છે. ખાતુ ખોલાવવા માટે કોઈ ફોર્મ ભરવાનું નહીં કે, કોઈની ભલામણની જરૂર નહીં, કારણ કે કોઈએ ખાતુ ખોલાવ્યું જ નથી **અનાદિકાળથી બધા ખાતેદાર જ છે.**

• ખાતેદારે જ બધી નોંધ કરવાની...**'જે કાંઈ સારું કામ કર્યું એ આત્માની પાસબૂકમાં પુણ્યરૂપે જમા થઈ ગયું' અને 'જે કાંઈ ગલત પ્રવૃત્તિ કરી તે પાપરૂપે ઉધરાઈ જાય...'**

• 'બીજાઓ સુકૃત કરીને જે કાંઈ પોતાના ખાતે જમા કરાવે...એને પોતે અનુમોદના દ્વારા પોતાના ખાતામાં જમા પણ કરી શકે.' અને 'બીજાઓ હિંસા વગેરે પાપ કરીને, જે કાંઈ પોતાના ખાતે ઉધારે...એને પોતે અનુમોદના દ્વારા પોતાના ખાતામાં પણ ઉધારી શકે.'

• જ્ઞાનીઓ કહે છે **જીવ શુભભાવમાં રહીને જ્યારે શાતાવેદનીય વગેરે પુણ્યકર્મ બાંધે છે ત્યારે પૂર્વે અશુભભાવથી બાંધેલું અશાતાવેદનીય વગેરે કેટલુંક પાપકર્મ પણ શાતાવેદનીય વગેરે પુણ્યકર્મમાં ટ્રાન્સફર થઈ જાય છે.**

• હિંસા વગેરે દુષ્ટ પ્રવૃત્તિ દ્વારા બંધાયેલા પાપો તરત ઉદયમાં નથી આવતા...એટલે કર્મસત્તા નામની એક જીવને ચાન્સ એ આપે છે...**જો એ વસુલાત ચાલુ થવા પૂર્વે પશ્ચાત્તાપપૂર્વક આલોચના, પ્રાયશ્ચિત્ત રૂપે જીવ અરજી કરે તો આ કર્મસત્તાની બેન્ક બધું જ દેવું માફ કરી દે છે.** પણ જો જીવ નફિકરો બની આ બાબતની ઉપેક્ષા દાખવે છે, તો આ બેન્ક જીવની કલ્પના પણ ન હોય એટલી કડક રીતે પઠાણી વ્યાજ સાથે પાઈએ પાઈની વસુલાત કરે છે. જીવના વિવિધ પ્રકારના સુખ પર ટાંચ આવે ને આફતોની વણઝાર ઉતરી પડે...અને તેથી જીવ રોવા બેસે, આક્રંદન કરે, કરુણવિલાપ કરે. આ પદ્ધતિથી થતી વસુલીમાંથી પોતાને મુક્ત કરવા હવે ગમે તેટલું કરગરે..આજીજી કરે...દીનતા દાખવે...પણ કશું જ વળતું નથી. તે વખતે ભારે મજબૂરીથી પણ બધો જ હિસાબ ચોક્ખો કરવો પડે છે...

• આ જીવડો પણ આજની ભારત સરકાર જેવો જ મૂઢ છે. જેમ આજની સરકાર લોન અને લોનના વ્યાજની ચૂકવણી માટે નવું મોટું દેવું કરતી રહે છે. તેમ આ જીવડો જૂનો હિસાબ ચોક્ખો કરતા કરતા ભારે હાયવોય વગેરે કરીને નવું ગંજાવર દેવું ઉભું કરી દે છે. એટલે અનાદિકાળથી 'દેવું', 'કડક વસુલાત', 'નવું દેવું' આ પરંપરા ચાલતી જ રહે છે...

• સાવ ચિત્ર અને વિચિત્ર જણાતી આ **'કર્મસત્તા નામની બેંકના આપણે સહુ પણ એકાઉનટ હોલ્ડરો જ છીએ.'** બેન્કની ઉદારતાનો લાભ ઉઠાવી લેવો કે અનાદિકાળથી એની કઠોરતાનો ભોગ બની રહ્યા છીએ એ જ પરંપરા ચાલુ રાખવી એ આપણી મરજીની વાત છે.

• જેઓ બેન્કની કરુણાનો લાભ ઉઠાવતા શીખી જાય છે તેઓ એ

દ્વારા ક્રમશઃ એક દિવસ બધો જ હિસાબ ચૂકતે કરી દે છે ને એ જ ક્ષણે એનું ખાતું ક્લોઝ થઈ જાય છે...ને જીવ કર્મબેન્કના ક્રૂર સકંજામાંથી મુક્ત થાય છે.

**• શું આવી નિરાળી બેંકના ખાતેદાર હોવું એ અનિચ્છનીય છે કે જેથી એમાંથી મુક્ત થવાની વાત કરો છો ?**

• હા...અત્યંત અનિચ્છનીય છે. આ બૅંકે કાંઈ મફતમાં જીવોને પોતાના ખાતેદાર નથી બનાવી દીધા... **'જીવના અનંત સુખને ડીપોઝીટ તરીકે રાખીને ખાતેદાર બનાવ્યા છે.'** એટલે તો આગળ કહી ગયા કે એ કોઈની ભલામણ ચીઠ્ઠી પણ માગતી નથી. અબજો રૂપિયથી પણ જેનું મૂલ્યાંકન ન થઈ શકે એવી પોતાની કેવળજ્ઞાન, શાશ્વતસુખ વગેરે મૂડી જીવે ડીપોઝીટ કરાવી રાખી હોય પછી બેન્ક અન્યની ભલામણ માગે પણ શા માટે ?

• આટલી જંગી બેલેન્સની સામે આ બેન્ક જીવને જે ક્રેડીટ આપે છે એનો વિચાર જો કરવામાં આવે તો જીવડાની મૂર્ખામી ભાસ્યા વગર ન રહે...અબજોની સામે ખાલી પાંચ-પચ્ચીસ રૂપિયા જેટલી લોન પણ આ બેન્ક સીધે સીધી નથી આપતી. એના કાંઈક સુકૃતને ગીરવે મૂકાવીને જ આપે છે. અને પાછી એ પાંચ-પચ્ચીસ રૂપિયાની વસુલાત કેવી રીતે કરે છે ? એ જાણવું છે ?

• મારું શાશ્વતસુખ બેન્કમાં બેલેન્સ પડેલું છે–ડીપોઝીટ રૂપે રહેલું છે. મારે એ પોતાનું (આત્મિક) સુખ જ ઉપાડવું જોઈએ–માણવું જોઈએ આ વાતને આ જીવડો સાવ ભૂલી ગયો છે...ગમાર છે ને ? વળી, આ બેન્કને આ મહત્ત્વની વાત ભૂલાયેલી રહે એમાં જ રસ છે, એટલે પછી જીવડો પૌદ્ગલિક સુખ માટે બેન્ક પાસે હાથ લંબાવે છે.

**સંભૂતિમુનિએ આત્મિકસુખ માંગી લેવાને બદલે ચક્રવર્તીના સ્ત્રી રત્નનું પૌદ્ગલિક સુખ માંગ્યું. બેન્કે કહ્યું... લોન એમ ને એમ નહીં મળે..ગીરવે શું મૂકે છે ?**

• બૅંકની દાદાગીરી તે જુઓ... અનાદિ શાશ્વત સુખ દબાવીને બેઠી છે એને યાદ પણ નથી કરતી...અને આ જીવડો થોડું પણ માંગે તો પૂછે છે કે બોલ ગીરવે શું મૂકે છે? અને આ બેન્કની કુટિલતા પણ કેવી છે કે એ જે સુકૃતને ગીરો તરીકે લે છે એ, લોનની વસૂલાત કર્યા પછી પણ પાછી આપવાની તો વાત જ નથી કરતી.

**• સંભૂતિમુનિએ નિર્મળ સંયમ પાલન, અદ્ભુત ત્યાગ, કઠોર તપશ્ચર્યા, દીર્ઘકાલીન જ્ઞાન–ધ્યાનની સાધના... આ બધું જ ગીરવે મૂક્યું એટલે થોડાં વર્ષો માટે લોન મળી ગઈ. અને પછી વસુલાત શરૂ કરી...વસુલાત પેટે બે આંખો જ લઈ લીધી. એટલું જ નહીં છ ખંડનું સામ્રાજ્ય છીનવી લીધું, અતિદુર્લભ એવું મનુષ્યપણું ઝૂંટવી લીધું અને ૩૩ સાગરોપમના જંગી કાળસુધી હવા પાણીનું સુખ પણ ન માણી શકે એવા બેહાલ કરી દીધા.**

• રૂપસેને સુનંદાના રૂપદર્શનના સુખની લોન માંગી...અને વસુલાત માટે સાત સાત ભવ કરવા પડ્યા. દરેક વખતે અકાળે મરવું પડ્યું...

• આર્યમંગુએ સ્વાદનો આસ્વાદ માંગવાનું કર્યું...અને વસુલાત માટે વૈમાનિક દેવલોકની અદ્ભુત સમૃદ્ધિ છીનવાઈ ગઈ...નગરની દુર્ગંધ ભરેલી ગટરના અધિષ્ઠાયક યક્ષ બનવું પડ્યું...

• મરીચિએ કુલના અહંકારનું સુખ લીધું...અને વસુલાત માટે નીચકુળમાં ઉત્પન્ન થવું પડ્યું...એ પણ ચૂકવણી કરતાં કરતાં થોડું બાકી રહી ગયું એટલે પ્રભુ મહાવીરના ભવમાં ૮૨ દિવસ સુધી નીચકુળમાં રહેવું પડ્યું. આ બેન્ક તો કહે છે કે અનંતકાળે થનાર અચ્છેરું મને માન્ય છે, પણ દેવાનો હાથી નીકળી ગયો છે માત્ર પૂછડું રહી ગયું છે. એટલું પણ માફ કરી દેવું મને માન્ય નથી.

• શું એમ નથી લાગતું કે આ બેન્કની ચૂંગાલમાંથી શીઘ્રાતિશીઘ્ર છૂટી જવું જોઈએ ? જો કર્મસત્તા નામની બેન્કમાંથી છૂટવું હોય તો એ બેન્કના બધા કારનામા જાણવા જોઈએ. એ બેન્કે જીવડાની કેવી કેવી લખલૂંટ સમૃદ્ધિ જપ્ત કરી લીધી છે, એ સમજવું જોઈએ... વસુલાત કરવાની એની વિવિધ નિર્દય પદ્ધતિઓને પિછાણી લેવી જોઈએ.

• મન-વચન અને કાયાની કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાથી શાતાવેદનીય વગેરે શુભનામકર્મ રૂપે શું જમા થાય છે ? અને એનાથી વિપરીત કેવી કેવી પ્રવૃત્તિઓ કરવાથી અશાતાવેદનીયાદિ અશુભનામ કર્મરૂપે શું શું ઉધાર થાય છે ? આ જમા કે ઉધાર થયેલી રકમમાં શી રીતે ફેરફાર થાય છે ? છેવટે આ બેન્કની ભેદી જાળમાંથી છૂટકારો મેળવવા માટે શું કરવું જોઈએ ? એ બાબતોને ઝીણવટથી સમજાવતું વિશાળ કર્મ સાહિત્ય આજે પણ આપણા પર અપરંપરા ઉપકાર કરી રહ્યું છે. ✶✶✶

## શ્રેણી આરૂઢ થવાનો ક્રમ

અનાદિનો મિથ્યાત્વી આયુષ્ય સિવાયના ૭ કર્મ અંતક્રોડાક્રોડી બાંધવાનું શરૂ કરી એમાંથી પણ પલ્યનો અસંખ્યાત્મો ભાગ અને એ અંતર્મુહૂર્ત હીન બાંધવા માંડે ત્યારે એને સમકિતની પ્રાપ્તિ થાય છે. પછી એમાંથી પણ બેથી નવ પલ્યોપમ હીન બાંધે ત્યારે શ્રાવકપણું પ્રાપ્ત થાય. પછી એમાંથી પણ સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે સર્વવિરતિ પ્રાપ્ત કરે. પછી પૂર્વેમાંથી પણ પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે અપ્રમત્તપણું પ્રાપ્ત થાય. પાછું એમાંથી પણ પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે ઉપશમ શ્રેણી આરૂઢ થાય.પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યારે ક્ષપક શ્રેણી આરૂઢ થાય.પાછા સંખ્યાતા સાગરોપમ ક્ષીણ થાય ત્યાર પછી મોક્ષે જાય.

# આગમમાં કર્મનું સ્વરૂપ

❑ ડૉ. ઉત્પલાબેન કાંતિલાલ મોદી

*[ ડૉ. ઉત્પલાબેન (M.A., Ph.D.) જૈન ધર્મના અભ્યાસુ છે. ભવન્સ સોમાની કૉલેજના ફિલોસોફીના હેડ ઑફ ડિપાર્ટમેન્ટ છે. તેમનો 'જ્ઞાનસરિતા' ગ્રંથ પ્રગટ થયો છે. તેમજ જ્ઞાનસત્રોમાં અવાર નવાર ભાગ લે છે. ]*

કરમનો રે કોયડો અલબેલો (૨)
હે જી એને સંભળાવવો નથી, સહેલો, કરમનો રે...
એક માતાને પુત્ર બે એમાં એક ચતુર એક ઘેલો,
હે...જી, એકને માંગતા પાણી ન મળતું,
બીજાને દૂધનો રેલો...કરમનો રે...(૧)
ચંદનબાળા રાજકુમારી, ધરમ એને વરેલો,
હે...જી કંચનકાયા એની ચૌટે વેચાણી,
ત્યારે આતમ એનો રડેલો...કરમનો રે...(૨)
કરમને નહિ શરમ આવે ભલે તું ભણેલો,
હે...જી ગુરુનું કર્યું ગુરુજી ભોગવે,
ચેલાનું ભોગવે ચેલો..કરમનો રે...(૨)

ઉપરના કાવ્યમાં કર્મનો સાર સમજાઈ જાય છે. કાવ્યમાં બતાવેલા વિષમભાવોનું કારણ એક જ છે–જીવે પોતે બાંધેલા કર્મો! જો કે વિશ્વમાં અનંતાનંત જીવો છે તેના બે વિભાગ છે-(૧) સિદ્ધ–જે સંપૂર્ણ કર્મથી મુક્ત છે. (૨) સંસારી–જે કર્મથી બંધાયેલો છે. કર્મથી બદ્ધ જીવો આ સંસારમાં વિવિધ ગતિ-યોનિમાં વારંવાર જન્મ-મરણ કરીને દુઃખ પામે છે. કોઈ પણ શુભ કર્મનો ઉદય થાય તો તે દેવલોકમાં દેવપણે અવતરે છે. કોઈપણ અશુભ કર્મોના ઉદયથી નરક-તિર્યંચાદિમાં પણ જન્મ લે છે. જ્યાં સુધી તે કર્મના સ્વરૂપને સમજતો નથી, અને તેમાંથી મુક્ત થવા પુરુષાર્થ કરતો નથી, ત્યાં સુધી તે સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. પોતાના કર્મથી જ તે સુખી-દુઃખી બને છે. આ રીતે કર્મનો કર્તા અને ભોક્તા જીવ સ્વયં છે. જૈનદર્શન કર્મપ્રધાન છે અને કર્મની સર્વોપરી સત્તામાં માને છે. એનું સ્વરૂપ આગમોમાં યથાર્થ જોવા મળે છે. એમાંના કેટલાંક આગમોમાં આવતું કર્મનું સ્વરૂપ અહીં આલેખ્યું છે.

જૈન આગમ સાહિત્યમાં પવિત્ર માનવામાં આવેલા અને શ્રી મહાવીર પ્રભુની અંતિમ દેશના રૂપ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૩૩મા કર્મપ્રકૃતિ નામના અધ્યયનમાં ૮ કર્મોની મીમાંસા કરવામાં આવી છે.

अट्ठ कम्माइं वोच्छामि, आणुपुव्विं जहाक्कम्मं ।
जेहिं बद्धे अयं जीवे, संसारो पूरिकतए ।। १ ।।
नाणस्सावरणिज्जं, दंसणावरण तहा ।
वेयणिज्जं तहा मोहिं, आउकम्मं तहेव य ।। २ ।।
नाणकम्मं च गोअं च अन्तराय तहेव य ।
उवमेयाइ कम्माइं, अट्ठेव य समासओ ।। ३ ।।
(उत्तरा. अ. - ३३ - श्लो १-३)

ઉપર આપવામાં આવેલા શ્લોકોમાં પ્રથમ જ ૮ કર્મોનો નામોલ્લેખપૂર્વક નિર્દેશ કરવામાં આવ્યો છે. 'अट्ठं कम्माई वोच्छामि, आणुपव्विं जहाक्कम्मं' આ પ્રથમ પંક્તિમાં જ કહેવામાં આવ્યું છે કે આઠ કર્મોને–જેમ આનુપૂર્વી ક્રમ છે એમ કહું છું-એવું કહીને આઠે ય કર્મોના નામ આગળ બે શ્લોકોમાં ગણાવ્યા છે. જેનો ક્રમ આ પ્રમાણે છે. (૧) જ્ઞાનાવરણીય કર્મ, (૨) દર્શનાવરણીય કર્મ, (૩) વેદનીય કર્મ, (૪) મોહનીય કર્મ, (૫) આયુષ્ય કર્મ, (૬) નામ કર્મ, (૭) ગોત્ર કર્મ, (૮) અંતરાય કર્મ. આ રીતે આઠેય કર્મોના નામ જણાવ્યા છે અને એમનો ક્રમ આ રીતે રાખવામાં આવ્યો છે. પ્રાયઃ અન્ય પણ નાના મોટા શાસ્ત્રોમાં અને ગ્રંથોમાં આ જ ક્રમ રાખવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે 'પ્રશમરતિ' પ્રકરણ ગ્રંથ, કર્મગ્રંથ, નવતત્ત્વ પ્રકરણ અને 'તત્ત્વાર્થ ધિંગમ સૂત્ર'માં આ જ ક્રમ રાખવામાં આવ્યો છે. તથા આ પ્રકારના ક્રમના આધારે શ્રી વીર વિજયજી મહારાજે ચોસઠ પ્રકારી પૂજા પણ બનાવી છે.

જૈનાગમમાં 'ઉત્તરાધ્યન' સૂત્રમાં ત્રણ વાત કર્મને સ્પષ્ટ સમજાવનારી છે.

(૧) अज्झत्थ हेउं निययस्स बंधो। –જીવના પોતાના જ પરિણામથી કર્મ બંધાય છે.

(૨) कत्तारमेव अणुजाइ कम्मं । –કર્મ કર્તાને જ અનુસરે છે.

(૩) कडाण कम्माण न मोक्ख अत्थि । –કરેલા કર્મ ભોગવ્યા વિના જીવનો તેનાથી છૂટકારો થતો નથી.

કર્મનો કર્તા અને ભોકતા જે રીતે જીવ છે તેમ કર્મનો સંહર્તા (નાશ કરનાર) પણ જીવ જ છે. માટે કર્મથી મુક્ત થવા માટે મુમુક્ષુએ કર્મ પ્રકૃતિઓને, અને કેવી રીતે કર્મનું બંધન થાય છે તેના સ્વરૂપને જાણવું જરૂરી છે.

કર્મના અચળ કાયદાથી પુનર્જન્મનો સ્વીકાર, જડ, માયા કે કર્મથી સંડોવાયેલું ચૈતન્ય જે જે જાતની ક્રિયા કરે છે તેનું ફળ તેને પોતાને જ ભોગવવું પડે છે.

કર્મનો કાયદો જ એવો છે કે જ્યાં સુધી બીજ બળી ન જાય ત્યાં સુધી શુભ કે અશુભરૂપે પરંપરાગત પરિણમન થતું રહેવાનું. અને જ્યાં સુધી કર્મથી સંબંધ રહે ત્યાં સુધી તે જીવાત્માના ભિન્ન ભિન્ન સ્થાને યોજાવાનાં નિમિત્ત બનવાના અને પુનરાગમન થતું જ રહેવાનું.

કર્મ એ આખા જગતનો અચળ કાયદો છે. આ કાયદાને વશ આખું જગત પ્રવર્તી રહ્યું છે. આ કાયદો જુગજુગ જૂનો છે. તેમાં

પરિવર્તન થતાં જ નથી. ગમે તેવું સમર્થ બળ ભલેને હો! પરંતુ તેના પર તેનું ચાલી શકતું નથી.

અનેક સમર્થ શૂરવીરો, યોગી પુરુષો અને ચક્રવર્તીઓ થઈ ગયા પણ તે કાયદાને વશ તો તેમને રહેવું જ પડ્યું. અનેક દેવો, દાનવો, રાક્ષસો, વગેરે પાક્યા. પણ અહીં તો તેમને મસ્તક નમાવવું જ પડ્યું.

આ કર્મની રચના ગંભીર છે. કર્મને આધીન થયેલું ચૈતન્ય પોતાનું સ્વરૂપ સાથે હોવા છતાં તેને ભૂલી જાય છે. જડના ઘર્ષણથી વિવિધ સુખદુઃખના અનુભવ કરે છે અને તન્મય બની જઈ અનેક ગતિઓમાં જડની સાથે ને સાથે પરિભ્રમણ કરે છે.

કર્મ એક છતાં ભિન્ન ભિન્ન પરિણામોની અપેક્ષાએ તેના આઠ વર્ગ છે. સૌથી પ્રબળ સત્તા, પ્રબળ સામર્થ્ય, પ્રબળ કાળસ્થિતિ અને પ્રબળ રસસંવેદન કેવળ મોહનીય કર્મના મનાય છે. મોહનીય એટલે ચૈતન્યની ભ્રાંતિથી ઉત્પન્ન થયેલું કર્મ. આઠ કર્મોનો સર્વોપરિ નૃપતિ છે. આ નૃપતિને જીત્યા પછી બીજા સામંતો વશ થઈ શકે છે.

આ બધાં કર્મોના પુદ્‌ગલ પરિણામ, તેની કાળસ્થિતિ તેને અંગે ચૈતન્યના થતાં પરિવર્તન, કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે શત્રુઓના પ્રચંડ પ્રકોપ વગેરે અધિકારો ઉત્તરાધ્યયન સૂત્રના તે તેત્રીસમા અધ્યયનમાં બહુસ્પર્શી વર્ણવ્યા છે. આવા ચિંતનથી જીવન પર થતી કર્મની અસરથી ઘણે અંશે છૂટી જવાનું બની શકે છે.

જીવ સ્વયં ચૈતન્ય સ્વરૂપી શુદ્ધ, બુદ્ધ અજર-અમર છે, પરંતુ સોનાની ખાણમાં સોનું અને માટી જેમ સહજ રીતે મિશ્રિત થયેલા હોય છે, તેજ રીતે જડ કર્મો અને જીવ પણ અનાદિકાળથી એકમેક રૂપે રહેલાં છે. જડ કર્મના સંયોગે જીવ પોતાનો સ્વભાવ છોડીને વિકાર ભાવને પ્રાપ્ત થાય છે. તે સ્વયં વીતરાગ સ્વરૂપ શુદ્ધ હોવા છતાં કર્મ સંયોગે રાગ-દ્વેષાદિ વિકારી ભાવો કરે છે. રાગદ્વેષથી કર્મબંધ અને કર્મબંધથી જન્મમરણ થાય છે. જન્મ-મરણ કરતાં કરતાં જીવ કર્મોના ઉદયને ભોગવે, તેમાં પુનઃ રાગ-દ્વેષાદિ ભાવો કરે અને કર્મ પુનઃ કર્મબંધ કરે છે. આ રીતે જીવ કર્મના કારણે જન્મ-મરણના ચક્રમાં પરિભ્રમણ કર્યા કરે છે. જ્યાં સુધી કર્મરૂપ વિકારી તત્ત્વનો સંયોગ રહે છે ત્યાં સુધી જીવનું પરિભ્રમણ ચાલુ જ રહે છે. આ રીતે જીવના સંસાર પરિભ્રમણનું મૂળભૂત કારણ કર્મનો સંયોગ છે.

કષાય અને યોગના નિમિત્તથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોનું લેશ્યાના સંયોગે ક્ષીર અને નીરની જેમ આત્મ-પ્રદેશોમાં એકમેક થઈ જવું, તેને કર્મબંધ કહે છે.

આ લોકમાં આઠ પ્રકારની વર્ગણાના પુદ્‌ગલો ભર્યા છે. તેમાં એક કાર્મણવર્ગણા–કર્મ યોગ્ય પુદ્‌ગલો છે. તે પણ સમગ્ર લોકમાં વ્યાપ્ત છે. કષાય અને યોગના નિમિત્તથી આત્મપ્રદેશોમાં કંપન થાય છે. તે કંપન દ્વારા આત્મપ્રદેશો પર રહેલા કાર્મણવર્ગણાના પુદ્‌ગલો આત્મા સાથે એકમેક થઈને સંયોગ સંબંધથી બંધાઈ જાય છે. કાર્મણવર્ગણાના પુદ્‌ગલો જ્યાં સુધી જીવે ગ્રહણ કર્યા ન હોય, ત્યાં સુધી તે કર્મ કહેવાતા નથી. પરંતુ જીવ જ્યારે પોતાના વિકારી ભાવોથી તે પુદ્‌ગલોને ગ્રહણ કરીને આત્મા સાથે એકમેક કરે ત્યારે જ તે કર્મનું રૂપ ધારણ કરે છે.

**કર્મબંધના ચાર પ્રકાર**

કર્મ બંધાય તે પૂર્વે કાર્મણવર્ગણામાં જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનું કે અન્ય કોઈ પણ પ્રકારનું વિભાજન હોતું નથી. પરંતુ કર્મબંધ થાય તે જ સમયે તેના ચાર પ્રકાર થાય છે–(૧) કર્મોની પ્રકૃતિ (૨) કર્મોની સ્થિતિ (૩) કર્મોનો અનુભાગ–ફળ આપવાની તરતમતા (૪) કર્મવર્ગણાના પુદ્‌ગલોનો જથ્થો. તેને જ ચાર પ્રકારનો બંધ કહેવાય છે.

પૂર્વાચાર્યોએ ચાર પ્રકારના બંધની પ્રક્રિયાને મોદકના દૃષ્ટાંતથી સમજાવી છે. યથા-

(૧) પ્રકૃતિ બંધ : સૂંઠ, સાકર, ઘી વગેરે અનેક દ્રવ્યોનો સંયોગ કરીને મોદક બનાવ્યો હોય. તેમાં જો સૂંઠની પ્રધાનતા હોય, તો તે વાયુનો નાશ કરે, જીરું વગેરે ઠંડા પદાર્થોની પ્રધાનતા હોય, તો તે પિત્તનો નાશ કરે. આ રીતે મોદકમાં જે દ્રવ્યની પ્રધાનતા હોય, તે પ્રમાણે તેનો સ્વભાવ હોય. તે જ રીતે ગ્રહણ કરેલા કર્મ પુદ્‌ગલોનો સ્વભાવ કેવો થશે? તે જ્ઞાનને આવરણ કરશે? દર્શનનો આવરણ કરશે? વગેરે તેના સ્વભાવાનુસાર તેનું કાર્ય નિશ્ચિત થાય છે; તેને પ્રકૃતિબંધ કહે છે. તેના મૂળ આઠ પ્રકાર છે-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય.

(૨) સ્થિતિ બંધ : મોદકની કાળમર્યાદા ભિન્ન ભિન્ન હોય છે. કેટલાક મોદક પંદર દિવસ સુધી રહે છે, કેટલાક આઠ દિવસમાં ખરાબ થઈ જાય છે. તે જ રીતે બંધાયેલા કર્મો આત્મા સાથે કેટલો સમય રહેશે તેની કાળમર્યાદા નિશ્ચિત થવી, તેને સ્થિતિ બંધ કહે છે. આઠે કર્મોની સ્થિતિ ભિન્ન ભિન્ન હોય છે.

(૩) અનુભાગ બંધ : મોદકમાં સ્વાદની તીવ્રતા અને મંદતા હોય છે. જેમ કે કોઈ મોદક અત્યાધિક મીઠો હોય અથવા કોઈ ઓછો મીઠો હોય. કોઈ મોદક અલ્પ મેથીના કારણે અલ્પ કડવો હોય, કોઈ અધિક મેથીના કારણે અધિક કડવો હોય છે. તે જ રીતે બંધાયેલા કર્મોની ફળ આપવાની શક્તિ, કર્મનો ઉદય તીવ્રપણે થશે કે મંદપણે થશે તે નિશ્ચિત થાય, તેને અનુભાગ બંધ કહે છે.

(૪) પ્રદેશ બંધ : મોદકના પ્રમાણમાં નાના મોટાપણું હોય છે. તે રીતે બંધાયેલા કર્મ પ્રદેશોના જથ્થાને પ્રદેશબંધ કહે છે.

આ ચાર પ્રકારના બંધમાં પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગના આધારે થાય છે તથા સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયના આધારે થાય છે.

**આઠ કર્મોની પ્રકૃતિનો સ્વભાવ :**

(૧) જ્ઞાનાવરણીય–જેના દ્વારા પદાર્થોનું સ્વરૂપ વિશેષ–વિશેષ રૂપે જાણવામાં આવે, તેનું નામ જ્ઞાન છે. જ્ઞાનોપયોગને ઢાંકનાર

કર્મનું નામ જ્ઞાનાવરણીય કર્મ છે. જેમ વાદળાંઓ સૂર્યને ઢાંકે તેમ જ્ઞાનાવરણીય કર્મ આત્માના જ્ઞાન ગુણને ઢાંકે છે.

(૨) દર્શનાવરણીય–જેના દ્વારા પદાર્થોનું સ્વરૂપ સામાન્ય રીતે જોવામાં આવે અર્થાત્ પદાર્થનો સામાન્ય બોધ થાય, તે દર્શન ગુણ છે. આત્માના દર્શનોપયોગ ગુણને ઢાંકનાર કર્મનું નામ દર્શનાવરણીય કર્મ છે. જેવી રીતે દ્વારપાળ રાજાના દર્શન કરવા ન દે તેવી રીતે દર્શનાવરણીય કર્મ આત્માને પદાર્થોના દર્શન ન થવા દે. સંક્ષેપમાં આત્માનો દર્શનગુણ પોતાના વિષય પ્રમાણે પદાર્થોનું સામાન્ય રીતે દર્શન કરાવે છે. તત્સંબંધી અન્ય વિવિધ વિશેષતાઓનો બોધ જ્ઞાનગુણથી થાય છે. આ રીતે આત્મામાં સદા સહવર્તી આ બંને ગુણો મળીને પદાર્થોનો સમ્યક્બોધ કરાવે છે. તે બંને મુખ્ય ગુણોને આવર્તીત કરનાર બે કર્મોને આઠ કર્મોમાં અગ્રસ્થાન આપ્યું છે.

(૩) વેદનીય કર્મ–આત્માને ઈન્દ્રિયજન્ય સુખ અને દુઃખનો અનુભવ કરાવે, તેનું નામ વેદનીય કર્મ છે. જેવી રીતે મધ લગાડેલી તલવાર ચાટવા જતાં જીભ કપાઈ જાય છે, સાથે મધનો સ્વાદ પણ આપે છે, તેવી રીતે વેદનીય કર્મ દ્વારા આત્માને શારીરિક–માનસિક સુખ અને દુઃખનો અનુભવ થાય છે.

(૪) મોહનીય કર્મ–જે કર્મના પ્રભાવથી આત્મા મૂઢ બની જાય છે, જેને મોહનીય કર્મ કહે છે. જેવી રીતે મદિરાના નશામાં માણસ કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલી જાય છે, તેવી રીતે કષાય કે વેદ જેવા મોહનીય કર્મના પ્રભાવથી આત્માને હેય–ઉપાદેયનું ભાન રહેતું નથી.

(૫) આયુષ્ય કર્મ–જે કર્મના ઉદયથી જીવ એક ગતિમાં અથવા એકભવમાં પોતાની નિયત સમય મર્યાદા સુધી રોકાઈ રહે, તેને આયુષ્ય કર્મ કહે છે. જેવી રીતે જેલમાં રહેલા માણસના પગમાં બેડીનું બંધન, તેને નિયત સમય પહેલાં જેલની બહાર જવા દેતું નથી, તેવી રીતે આયુષ્યકર્મ જીવને નિયત સમય પહેલાં બીજી ગતિમાં જવા દેતું નથી.

(૬) નામ કર્મ–જે કર્મના ઉદયથી જીવના શરીર, અંગોપાંગ આદિની રચના થાય, તેને નામ કર્મ કહે છે. જેવી રીતે ચિત્રકાર અનેક પ્રકારના નાના-મોટા ચિત્રો બનાવે છે, તેવી રીતે નામ કર્મના પ્રભાવે જીવ શરીર, અંગોપાંગ આદિની વિવિધ પ્રકારની આકૃતિ વગેરેની રચના કરે છે.

(૭) ગોત્ર કર્મ–જે કર્મના ઉદયથી જીવાત્મા ઊંચ-નીચ સંજ્ઞાથી સંબોધિત થાય છે, તે ગોત્ર કર્મ છે. જેવી રીતે કુંભાર માટીને ઘીના ઘડા, મદિરાના ઘડા વગેરે ઊંચ-નીચ રૂપમાં પરિણત કરે છે; તેવી રીતે ગોત્ર કર્મ જીવને જાતિ, કુળ આદિની ઉચ્ચ-નિમ્ન અવસ્થાઓને પ્રાપ્ત કરાવે છે.

(૮) અંતરાય કર્મ–જે કર્મ દાન-ભોગ આદિમાં અંતરાય-વિઘ્ન ઉપસ્થિત કરે છે, દેનારની દેવાની અને લેનારની લેવાની ઇચ્છા હોવા છતાં બંનેની ઈચ્છા પૂર્ણ ન થવા દે, તેને અંતરાય કર્મ કહે છે. જેવી રીતે રાજા દ્વારા ભંડારીને કોઈને દાન દેવાનો આદેશ આપવામાં આવે, તો પણ ભંડારી પોતાની પ્રકૃતિ અનુસાર ઉક્ત વ્યક્તિને દાન દેવામાં અંતરાયરૂપ બને છે. તેવી રીતે અંતરાય કર્મ આત્માને દાનાદિ કરવામાં વિઘ્નકારક બને છે.

કર્મોના ઉદય સમયે પ્રકૃતિ બંધ – આત્માના ગુણને આવૃત કરે છે. સ્થિતિ બંધ – કર્મ પ્રકૃતિ અનુસાર નિયત કાળ સુધી ફળ આપે છે. અનુભાગ બંધ – કર્મ પ્રકૃતિ અનુસાર તીવ્ર અથવા મંદરૂપે ફળ આપે છે. અર્થાત્ અનુભાગ બંધ પ્રમાણે જીવ સુખ અને દુઃખનો અનુભવ કરે છે. પ્રદેશબંધ – આત્મ પ્રદેશોમાં કર્મ પુદ્ગલોનો અનુભવ કરાવે છે.

આઠ કર્મોની ઉત્તર પ્રકૃતિ : જ્ઞાનાવરણીય કર્મના પાંચ પ્રકાર છે. શ્રુતજ્ઞાનાવરણીય, અભિનિબૌધિક (મતિ), જ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય અને કેવળજ્ઞાના-વરણીય. શાસ્ત્રો વાંચવા અને સાંભળવાથી જે અર્થજ્ઞાન થાય તેને શ્રુતજ્ઞાન કહે છે. અથવા મતિજ્ઞાન થયા પછી જેમાં શબ્દ અને અર્થની પર્યાવલોચના થાય તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાનને આવરણ કરનાર કર્મ શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. આભિનિબોધિક જ્ઞાનાવરણીય–ઈન્દ્રિય અને મન દ્વારા સન્મુખ આવેલા પદાર્થોનું જે જ્ઞાન થાય, તેને આભિનિબોધિક (મતિજ્ઞાન) કહે છે. મતિજ્ઞાનને આવરણ કરનાર કર્મને મતિજ્ઞાનાવરણીય કર્મ કહે છે. અવધિજ્ઞાનાવરણીય–ઈન્દ્રિયો અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી અમુક અવધિ કે મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનું જ્ઞાન થાય, તેને અવધિજ્ઞાન કહે છે. તેને આવરણ કરનાર કર્મ અવધિ-જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. મનપર્યવજ્ઞાનાવરણીય–ઈન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી અઢી દ્વિપ ક્ષેત્રમાં રહેલા સંજ્ઞી જીવોના મનોગત વિચારોને જાણી લેવા, તે મનઃપર્યવજ્ઞાન છે. તેને આવરણ કરનાર કર્મ મનઃપર્યવ જ્ઞાનવરણીય કર્મ કહેવાય છે. કેવળ જ્ઞાનાવરણીય-વિશ્વના ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલીન સમસ્ત પદાર્થોને એક સમયમાં જાણે, તેને કેવળજ્ઞાન કહે છે. તે જ્ઞાનને આવરણ કરનાર કર્મ કેવળજ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

દર્શનાવરણીય કર્મની ઉત્તર પ્રકૃતિઓ જેમાં નિદ્રા, નિદ્રા નિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ. ઉદયરૂપે દર્શન ગુણનો વિઘાત કરે છે અને શેષ ચાર ભેદ ચક્ષુદર્શનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય, અવધિદર્શનાવરણીય અને કેવળદર્શનાવરણીય આવરણ રૂપે દર્શન ગુણનો વિઘાત કરે છે. આ રીતે દર્શનાવરણીય કર્મની ૫+૪=૯ પ્રકૃતિ છે. જે કર્મના ઉદયથી જીવ સુખપૂર્વક સૂવે અને સુખપૂર્વક જાગી જાય તે નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવને મુશ્કેલીથી ઊંઘ આવે અને મુશ્કેલીથી જાગે તે નિદ્રા નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવને બેઠા-બેઠા કે ઊભા-ઊભા પણ ઊંઘ આવી

જાય તે પ્રચલા નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવને ચાલતાં-ચાલતાં પણ ઊંઘ આવી જાય, તે પ્રચલા પ્રચલા નિદ્રા છે. જે કર્મના ઉદયથી જીવ દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઊંઘમાં કરી લે, તેવી ગાઢતમ નિદ્રા સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા છે. તેવી ગાઢ નિદ્રામાં જીવને ઉત્કૃષ્ટ વાસુદેવનું અર્ધું બળ આવી જાય છે. જઘન્ય અને મધ્યમ બળમાં અનેક પ્રકારે હીનાધિકતા હોય છે. આ રીતે પાંચ પ્રકારની નિદ્રામાં આત્મા ક્રમશઃ ગાઢ, ગાઢતર અને ગાઢતમ બેભાન થતો જાય છે. પાંચે પ્રકારની નિદ્રામાં આત્માનો દર્શન ગુણ અવરુદ્ધ થઈ જાય છે. તેથી તેનો સમાવેશ દર્શનાવરણીય કર્મમાં થાય છે. ચક્ષુદર્શનાવરણીય કર્મ–ચક્ષુ દ્વારા ચક્ષુ વિષયગત પદાર્થોનું સામાન્ય બોધરૂપ દર્શન થાય તેને ચક્ષુદર્શન કહે છે. તે ગુણને આવરણ કરનાર કર્મને ચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે. અચક્ષુદર્શનાવરણીય કર્મ–આંખ સિવાયની ચાર ઈંદ્રિયો અને મનથી પદાર્થોનું સામાન્ય બોધરૂપ જે પરોક્ષદર્શન થાય તેને અચક્ષુદર્શન કહે છે. તેનું આવરણ કરનાર કર્મ અચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે. અવધિદર્શનાવરણીય કર્મ–ઈન્દ્રિય અને મનની સહાયતા વિના અવધિદર્શનના વિષયભૂત રૂપી પદાર્થોનું સામાન્ય બોધરૂપ દર્શન થાય, તેને અવધિદર્શન કહે છે. તેને આવરણ કરનાર કર્મને અવધિદર્શનાવરણીય કર્મ કહેવાય છે. કેવળદર્શનાવરણીય કર્મ–સંસારના રૂપી અને અરૂપી સંપૂર્ણ પદાર્થોનું સામાન્ય બોધરૂપે દર્શન થાય, તેને કેવળ દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

વેદનીય કર્મના બે પ્રકાર છે-(૧) શાતા વેદનીય (૨) અશાતા વેદનીય. જે કર્મના ઉદયથી જીવાત્માને પાંચેય ઈન્દ્રિય વિષય સંબંધી સુખની તેમજ શારીરિક, માનસિક કે સાંયોગિક સર્વ પ્રકારની અનુકૂળતાની પ્રાપ્તિ થાય તે શાતાવેદનીય કર્મ છે અને જે કર્મના ઉદયથી જીવાત્માને ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગનું દુઃખ અનુભવવું પડે તેમ જ શારીરિક, માનસિક, સાંયોગિક સર્વ પ્રકારની પ્રતિકૂળતાની પ્રાપ્તિ થાય, તે અશાતાવેદનીય કર્મ છે.

મોહનીય કર્મના બે ભેદ છે–દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય.

**દર્શન મોહનીય**-તત્ત્વાર્થ શ્રદ્ધાન અથવા તત્ત્વની અભિરૂચિને સમ્યગ્દર્શન કહે છે; તેનો ઘાત કરનાર કર્મ, દર્શન મોહનીય કહેવાય છે. દર્શન મોહનીય કર્મના ત્રણ ભેદ છે-સમ્યક્ત્વ-મોહનીય-જે કર્મના ઉદયથી આત્માને જીવાજીવાદિ પદાર્થોમાં શ્રદ્ધા હોય, તત્ત્વરૂચિ હોય પરંતુ તેમાં કંઈક મલિનતા હોય, તેને સમ્યક્ત્વ મોહનીય કહે છે; જે રીતે ચશ્મા આંખોને આવરણરૂપ હોવા છતાં જોવામાં પ્રતિબંધક થતા નથી. તે જ રીતે સમ્યક્ત્વ મોહનીય કર્મ આત્માના સમ્યગ્દર્શન ગુણના આવરણરૂપ હોવા છતાં, વિશુદ્ધ હોવાના કારણે તે તત્ત્વાર્થ શ્રદ્ધાનું વિઘાતક થતું નથી.

સમ્યક્ત્વ મોહનીયના ઉદયથી આત્માને ક્ષાયિક-સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, તેમ જ તેના પ્રભાવથી સમ્યક્ત્વમાં થોડી મલિનતા થાય છે. તેથી સૂક્ષ્મ તત્ત્વોની વિચારણા કરવામાં અનેક પ્રકારના સંશય થાય છે અને અલ્પ સમયમાં જ તે નષ્ટ થઈ જાય છે. મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધ થયેલા દલિકો જ સમ્યક્ત્વ મોહનીય કહેવાય છે.

**મિથ્યાત્વ મોહનીય :** જે કર્મના ઉદયથી આત્માને પદાર્થોનું યથાર્થ દર્શન ન થાય, પદાર્થોના સ્વરૂપને વિપરીત રૂપે જાણે, હિતને અહિત અને અહિતને હિત સમજે, તે કર્મનું નામ મિથ્યાત્વ મોહનીય છે. મિથ્યાત્વ મોહનીય કર્મ અશુદ્ધ દલિક રૂપ છે.

**મિશ્ર મોહનીય :** જે કર્મના ઉદયથી આત્માને તત્ત્વ કે અતત્ત્વ બંને પ્રત્યે સમાન રીતે તત્ત્વ બુદ્ધિ થાય, જિનધર્મ કે અન્ય ધર્મોમાં સમાનતા લાગે, સર્વ ધર્મોને સત્યરૂપ સમજે, આ પ્રકારની મિશ્રાવસ્થા, મિશ્ર મોહનીય કર્મના ઉદયથી થાય છે. મિશ્ર મોહનીય કર્મ મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધાશુદ્ધ દલિક રૂપ છે.

**ચારિત્ર મોહનીય :** આત્માના ચારિત્ર ગુણના વિઘાતક કર્મને ચારિત્ર મોહનીય કહે છે. જે કર્મના ઉદયથી આત્મા ચારિત્રના ફળને જાણવા છતાં ચારિત્ર ગ્રહણ કરી શકતો નથી, ચારિત્ર વિષયક મૂઢતાને પ્રાપ્ત થઈ જાય તેનું નામ ચારિત્ર મોહનીય કર્મ છે. તેના બે પ્રકાર છે-કષાય ચારિત્ર મોહનીય અને નોકષાય ચારિત્ર મોહનીય.

**કષાય ચારિત્ર મોહનીય :**-કષ એટલે સંસાર અને તેની આય એટલે પ્રાપ્તિ. જેના દ્વારા સંસારની પ્રાપ્તિ થાય તેને કષાય કહે છે; સંસારની પ્રાપ્તિરૂપ ભવભ્રમણના કારણને કષાય કહે છે ક્રોધ, માન, માયા અને લોભ ચાર કષાય છે. જે કર્મના ઉદયથી જીવ આ ચાર કષાયમય બની જાય છે. ક્રોધાદિ કષાય રૂપે જેનું વેદન થાય, તેને કષાય ચારિત્ર મોહનીય કર્મ કહે છે. ક્રોધ, માન, માયા અને લોભ તે ચાર મૂળ કષાય છે. તે દરેકની તીવ્રતા, મંદતાના આધારે તેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન, એમ ચાર ચાર ભેદ થાય છે. જેમ કે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ; અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા અને લોભ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, અને લોભ; સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ આ રીતે કષાયના ૧૬ ભેદ થાય છે.

**અનંતાનુબંધી કષાય :** અનંત સંસારનો અનુબંધ કરાવનાર કષાય. જે કષાયની પરિણામ ધારાનો અંત દેખાતો નથી, જેની કોઈ સીમા કે મર્યાદા હોતી નથી તે અસીમ, અમર્યાદીત અંત વિનાના કષાયને અનંતાનુબંધી કહે છે. આ કષાયના પ્રભાવથી જીવાત્મા અનંતકાળ સુધી સંસારમાં ભ્રમણ કરતો રહે છે. તે આત્માના સમ્યક્ત્વગુણનો ઘાત કરે છે. **અપ્રત્યાખ્યાની કષાય**- જે કષાયના ઉદયથી જીવને કોઈ પણ પ્રકારના પ્રત્યાખ્યાનની પ્રાપ્તિ થતી નથી, તે અપ્રત્યાખ્યાની કષાય છે. **પ્રત્યાખ્યાનાવરણ કષાય**-જે કષાયના ઉદયથી સર્વવિરતિરૂપ પ્રત્યાખ્યાન પ્રાપ્ત થઈ શકતા નથી, તેને પ્રત્યાખ્યાનાવરણ કષાય કહે છે. **સંજ્વલન**-જે કષાય આત્માને વારંવાર ક્ષણિકરૂપે સંજ્વલિત કરતો રહે છે, તેને સંજ્વલન કષાય કહે છે. જે કષાય, અનુકૂળ-

પ્રતિકૂળ સંયોગ-વિયોગના પ્રસંગે મુનિઓને કિંચિત્માત્ર સંજ્વલિત કરે છે, તેને સંજ્વલન કષાય કહે છે; તેમજ જે કષાયનો ઉદય યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિમાં બાધક થાય, તે સંજ્વલન કષાય છે.

**નોકષાય ચારિત્ર મોહનીય**-(૧) જે ભાવો ક્રોધાદિરૂપે ન દેખાતા છતાં સંસારવર્ધક હોય છે, જે સ્વયં કષાયરૂપ ન હોય પરંતુ કષાયની ઉત્પત્તિમાં નિમિત્ત બને, કષાયના સહચારી હોય, તેને નોકષાય ચારિત્ર મોહનીય કહે છે. જેમ એક વ્યક્તિનું હાસ્ય બીજા વ્યક્તિના ક્રોધનું કારણ બને છે. હાસ્ય સ્વયં કષાય નથી પરંતુ હાસ્યના નિમિત્તથી ક્રોધ ઉત્પન્ન થાય છે. તેથી તેને નોકષાય કહે છે. (૨) જે મોહ, કષાયરૂપ નથી પણ કષાયથી ભિન્ન ચારિત્ર મોહનીય કર્મનું જ એક રૂપ છે, તે નોકષાય ચારિત્રમોહ છે. સંક્ષેપમાં કર્મનું જ એક રૂપ છે, તે નોકષાય ચારિત્રમોહ છે. સંક્ષેપમાં ચારિત્રગુણને આવરિત કરનાર કર્મના બે રૂપ છે-કષાય અને નોકષાય. નોકષાયના સાત અથવા નવ ભેદ છે-હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા અને વેદ, તે સાત ભેદ છે. વેદના પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ એમ ત્રણ ભેદ કરવામાં આવે તો (૬+૩) કુલ નવ ભેદ થાય છે.

આ ૧૬+૯=૨૫ પ્રકૃતિઓના ઉદયથી જીવાત્માને ચારિત્રધર્મમાં અંતરાય અથવા સ્ખલના ઉત્પન્ન થાય છે.

**આયુષ્ય કર્મ**

આયુષ્ય કર્મની ઉત્તર પ્રકૃતિઓ ચાર છે-(૧) દેવાયુ (૨) મનુષ્યાયુ (૩) તિર્યંચાયુ (૪) નરકાયુ. પૂર્વ જન્મમાં જીવ જેટલું આયુષ્ય બાંધીને આવ્યો હોય તેટલો કાળ જીવને તે તે ભવમાં રહેવું પડે છે. નરકગતિમાં રોકી રાખનાર કર્મ નરકાયુ છે. તે જ રીતે ચારે પ્રકારના આયુષ્ય સમજી લેવા જોઈએ.

**નામ કર્મ**

તેના મુખ્ય બે ભેદ છે–શુભ નામ કર્મ અને અશુભ નામકર્મ. (૧) શુભ નામ-જે નામ કર્મના ઉદયથી શ્રેષ્ઠ શરીરની રચના થાય, સુંદર, મનોહર, સર્વજનોને પ્રિય શરીરાદિ પ્રાપ્તિ થાય, તેને શુભ નામ કહે છે. (૨) અશુભ નામ-જે નામ કર્મના ઉદયથી હીન, સર્વજનોને અપ્રિય એવા શરીરાદિ પ્રાપ્ત થાય તેને અશુભ નામ કર્મ કહે છે.

પ્રજ્ઞાપના સૂત્રમાં નામ કર્મના શુભ, અશુભ બે ભેદ ન કરતાં સામાન્ય રીતે ૯૩ ભેદ કરીને તત્સંબંધી નિરૂપણ કરવામાં આવ્યું છે.

**ગોત્ર કર્મ**

તેના બે ભેદ છે-ઉચ્ચ ગોત્ર અને નીચ ગોત્ર. (૧) ઉચ્ચ ગોત્ર-જે કર્મના ઉદયથી ઉચ્ચકુળમાં જન્મ થાય તેમજ શ્રેષ્ઠ જાતિ આદિ પ્રાપ્ત થાય, તેને ઉચ્ચગોત્ર કહે છે. તેના આઠ ભેદ છે-(૧) ઉચ્ચ જાતિ, (૨) ઉચ્ચ કુળ, (૩) શ્રેષ્ઠ બળ, (૪) શ્રેષ્ઠ રૂપ, (૫) શ્રેષ્ઠ તપ, (૬) શ્રેષ્ઠ ઐશ્વર્ય, (૭) શ્રેષ્ઠ શ્રુત, (૮) શ્રેષ્ઠ લાભ. (૨) નીચ ગોત્ર-જે કર્મના ઉદયથી જીવને હલકી જાતિ, કુળ આદિ પ્રાપ્ત થાય, તેને નીચ ગોત્ર કહે છે. તેના પણ આઠ ભેદ ઉચ્ચ ગોત્રની સમાન છે-(૧) હીન જાતિ, (૨) હીન કુળ, (૩) હીન બળ, (૪) હીન રૂપ, (૫) હીન તપ, (૬) હીન ઐશ્વર્ય, (૭) હીન શ્રુત, (૮) હીન લાભ. ઉક્ત આઠ પ્રકારે ઉચ્ચ ગોત્રનું ફળ ભોગવતાં તેનો મદ-ઘમંડ ન કરવાથી ઉચ્ચ ગોત્રનો બંધ થાય છે અને મદ કરવાથી નીચ ગોત્રનો બંધ થાય છે.

**અંતરાય કર્મ**

તેના પાંચ ભેદ છે-(૧) **દાનાંતરાય :** જે કર્મના પ્રભાવથી જીવને, દાનની ચીજો વિદ્યમાન હોવા છતાં, યોગ્ય પાત્ર ઉપસ્થિત હોવા છતાં અને દાનના ફળને જાણવા છતાં દાન કરવાનો ઉત્સાહ ન થાય તેને દાનાંતરાય કહે છે. (૨) **લાભાંતરાય :** જે કર્મના પ્રભાવથી, પદાર્થોના લાભમાં અંતરાય આવે, દાતામાં ઉદારતા હોય, દાનની વસ્તુ પાસે હોય અને યાચનામાં કુશળતા હોય તો પણ લાભ ન થાય, તેને લાભાંતરાય કહે છે. (૩) **ભોગાંતરાય :** જે કર્મના પ્રભાવથી જીવની પાસે સાધન-સામગ્રી હોવા છતાં રોગાદિના કારણે ભોગ્ય પદાર્થોને ભોગવી શકે નહીં, તે ભોગાંતરાય કર્મ છે. **(૪) ઉપભોગાંતરાય :** જે કર્મના ઉદયથી ઉપભોગની સામગ્રી પાસે હોય, તેને ત્યાગ પણ ન હોય, તેમ છતાં ઉપભોગ્ય વસ્તુઓનો ઉપભોગ ન કરી શકે, તેને ઉપભોગાંતરાય કર્મ કહે છે. જે પદાર્થ એકવાર ભોગવાય તેને ભોગ્ય કહે છે, જેમ કે ખાવાપીવાની વસ્તુઓ. જે પદાર્થ વારંવાર ભોગવાય તેને ઉપભોગ્ય કહે છે. જેમ કે પહેરવા-ઓઢવાની વસ્તુઓ, વસ્ત્ર, મકાન, આભૂષણ આદિ. (૫) **વીર્યાંતરાય :** વીર્યનો અર્થ છે સામર્થ્ય–શક્તિ. જે કર્મના પ્રભાવથી જીવ બળવાન, શક્તિશાળી હોવા છતાં તે કોઈ સાધારણ કામ પણ કરી શકે નહીં, તેમ જ જે કર્મના ઉદયથી સામર્થ્ય કે શક્તિની પ્રાપ્તિ થતી નથી તેને વીર્યાંતરાય કર્મ કહે છે.

કર્મબંધના કારણોનું કથન શ્રી ભગવતી સૂત્રમાં છે, અન્ય વિસ્તૃત વર્ણન શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં છે તથા કર્મ સંબંધી સાંગોપાંગ વર્ણન કમ્મપયડી ગ્રંથમાં અને કર્મગ્રંથના છ ભાગોમાં છે.

જીવ સમયે-સમયે કષાય અને યોગના નિમિત્તથી અનંત-અનંત કાર્મણવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. દ્રવ્યથી-એક સમયમાં ગ્રહણ થતાં તે અનંત-અનંત કાર્મણવર્ગણાના પુદ્ગલો અભવ્ય જીવોથી અનંતગણા હોય છે અને અનંતાસિદ્ધના જીવોથી અર્થાત્ સિદ્ધોની સંખ્યાથી અનંતમાં ભાગે ન્યૂન હોય છે. ક્ષેત્રથી–જે રીતે અગ્નિ સ્વયં જે ક્ષેત્રમાં હોય, તે ક્ષેત્રમાં રહેલા પદાર્થોને અગ્નિરૂપ પરિણત કરે છે. તે જ આકાશ પ્રદેશો પર અવગાહિત કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરાયેલા તે કર્મ પુદ્ગલો ક્ષીર-નીરની જેમ આત્મા સાથે એકમેક થઈ જાય છે અર્થાત્ તેનો બંધ સર્વાત્મ પ્રદેશોમાં થઈ જાય છે.

જ્ઞાનાવરણ આદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ ક્રોડાક્રોડી

સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાયકર્મની સ્થિતિ પણ સરખી છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે. નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ ક્રોડાક્રોડી સાગરોપમની છે અને જઘન્ય સ્થિતિ આઠ મૂહૂર્તની છે.

*જીવ ગમે તેટલો ભારે કર્મી હોય, અનંત સંસારમાં પરિભ્રમણ કરતો હોય, પણ જો તે સંયમ અને તપ દ્વારા કર્મક્ષય માટે પુરુષાર્થ કરે, તો તે આઠેય કર્મ કરી, હળવો ફૂલ બની સિદ્ધ બની લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે.*

કર્મની ફળ આપવાની શક્તિને અનુભાગબંધ કહે છે. બંધનકાળમાં તેના કારણભૂત કાષાયિક અધ્યવસાયના તીવ્ર-મંદભાવ અનુસાર પ્રત્યેક કર્મમાં તીવ્ર-મંદ ફળ દેવાની શક્તિ ઉત્પન્ન થાય છે. તે જ અનુભાગ બંધ છે. બંધનકાળમાં તેના કારણભૂત કાષાયિક અધ્યવસાયોના તીવ્ર-મંદ ભાવ અનુસાર પ્રત્યેક કર્મમાં તીવ્ર-મંદ ફળ દેવાની શક્તિ ઉત્પન્ન થાય છે. તે જ અનુભાગબંધ છે.

પ્રત્યેક કર્મ પોતાનું ફળ કર્મદલિકો દ્વારા જ પ્રગટ કરે છે. જીવોના અધ્યવસાય સ્થાનો અસંખ્યાત છે. પરંતુ એક એક અધ્યવસાયસ્થાન દ્વારા અનંતાનંત કર્મદલિકો ગ્રહણ થાય છે અને અનંતાનંત દલિકો એક સાથે પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે.

એક સમયમાં અનુભવાતા કર્મદલિકો અભવ્ય જીવોથી અનંતગુણા અને સિદ્ધોથી અનંતભાગે ન્યૂન હોય છે. પરંતુ સર્વ અનુભાગ સ્થાનના કર્મદલિકો સર્વ જીવોથી અનંતગુણા અધિક હોય છે. કારણકે અનંત સંસારી જીવો સમયે-સમયે અનંતાનંત કર્મદલિકો ગ્રહણ કરે છે. તેથી તે દલિકો સર્વ જીવોથી અનંતગુણા અધિક થઈ જાય છે.

ज्ञानस्य फलं विरतिः જ્ઞાનનું ફળ વિરતિ છે. કર્મબંધના વિજ્ઞાન દ્વારા જીવ કર્મબંધથી વિરામ પામી સંવર અને નિર્જરા તત્ત્વની આરાધના કરે છે. કર્મના પરિણામ તીવ્ર ભયંકર છે. કર્મનો સિદ્ધાંત અટલ છે. જે વ્યક્તિ જેવા પરિણામથી કર્મોનો બંધ કરે છે, તેવા ફળ તેને ભોગવવા પડે છે. શુભ કે અશુભ બંને પ્રકારના કર્મો જીવને બંધનરૂપ છે, સંસારરૂપ છે. આ પ્રકારે કર્મ સિદ્ધાંતની અચલતાને જે જાણે છે અને તે આ ભવમાં નવા કર્મબંધ ન થાય તેના માટે સાવધાન રહે છે. તે ધર્મ પુરુષાર્થથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરીને આત્મશુદ્ધિ કરે છે.

આવી રીતે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના તેત્રીસમાં 'કર્મ પ્રકૃતિ' નામના અધ્યયનમાં કર્મનું ભેદ-પ્રભેદ સહિત વિસ્તૃત સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

### શ્રી જ્ઞાતાધર્મકથા

શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં તુંબડાના દૃષ્ટાંતથી જીવનું ભારેપણું અને હળવાપણું સિદ્ધ કર્યું છે.

ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગરના ગુણશીલ ઉદ્યાનમાં બિરાજમાન હતા ત્યારે ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે જીવ ગુરુ-ભારે કેમ થાય છે અને લઘુ-હળવો કેમ થાય છે? જીવ ગુરુતા અને લઘુતાને કેવી રીતે પામે છે?

પ્રભુએ તુંબડાના દૃષ્ટાંતથી સમજાવ્યું કે તુંબડાનો સ્વભાવ પાણી ઉપર તરવાનો છે. પરંતુ તેના ઉપર ઘાસ અને માટીના લેપ કરવામાં આવે તો તે ભારે બની જાય છે અને પાણીમાં ડૂબી જાય છે. તેમ પ્રાણાતિપાતાદિ પાપોના સેવનથી આઠ કર્મના લેપથી યુક્ત જીવ ભારે બને છે અને સંસારમાં ડૂબી જાય છે. અને જેમ તે લેપ દૂર થતાં તુંબડું હળવું બની પાણી ઉપર તરે છે તેમ આઠ કર્મના લેપથી રહિત થવાથી જીવ હળવો બનીને લોકાગ્રે પહોંચી, મોક્ષમાં બિરાજે છે.

આ દૃષ્ટાંત દ્વારા સાધકોને એ સમજવાનું છે કે જીવ ગમે તેટલો ભારે કર્મી હોય, અનંત સંસારમાં પરિભ્રમણ કરતો હોય, પણ જો તે સંયમ અને તપ દ્વારા કર્મક્ષય માટે પુરુષાર્થ કરે, તો તે આઠેય કર્મ કરી, હળવો ફૂલ બની સિદ્ધ બની લોકાગ્રે સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે.

શ્રી ભગવતી સૂત્રમાં કાંક્ષામોહનીય કર્મનું વિસ્તૃત વિવેચન છે. કાંક્ષા એટલે અન્ય દર્શનની અભિલાષા. તે સમકિતનો અતિચાર છે. પરંતુ કાંક્ષામોહનીય શબ્દપ્રયોગ મિથ્યાત્વ મોહનીયના પર્યાય અર્થમાં પ્રયુક્ત છે. મિથ્યાત્વાભિમુખ થવામાં 'કાંક્ષા' મુખ્ય દ્વાર છે કારણકે શંકા અથવા અન્યમતના પરિચય આદિથી જ્યારે જીવ સ્વમતની શ્રદ્ધાથી ચલિત થાય અને પરમતની શ્રદ્ધામાં ખેંચાય કે તેની આકાંક્ષાવાળો થાય ત્યારે તેને મિથ્યાત્વનો ઉદય થાય છે. કાંક્ષા દ્વારા આત્મપરિણામોમાં મિથ્યાત્વ મોહનો ભાવ જાગૃત થાય છે તેથી 'કાંક્ષા'ની સાથે મોહનીય શબ્દ જોડી મિથ્યાત્વ મોહનીયને કાંક્ષામોહનીય કર્મ કહ્યું છે.

કાંક્ષામોહનીય કર્મનો બંધ સર્વથી સર્વ થાય છે. અર્થાત્ સમસ્ત આત્મ પ્રદેશથી એક સમયમાં ગ્રહણ કરવા યોગ્ય સમસ્ત કર્મદલિકોને જીવ એક સાથે ગ્રહણ કરે છે અને તેનો બંધ પણ સમસ્ત આત્મપ્રદેશોમાં થાય છે. આત્મા એક અખંડ દ્રવ્ય છે. તેથી તેની કોઈ પણ ક્રિયા સર્વાત્મપ્રદેશથી થાય છે બંધ આદિ પ્રત્યેકના ત્રૈકાલિક આલાપક થાય છે. કાંક્ષામોહનીય કર્મનો બંધ પ્રમાદ અને યોગથી થાય છે. પ્રમાદ યોગથી ઉત્પન્ન થાય, યોગ વીર્યથી, વીર્ય શરીરથી અને શરીર જીવથી અને જીવ ઉત્થાનાદિ દ્વારા આ સર્વ ક્રિયા કરે છે તેથી જીવના ઉત્થાનાદિની સહજ સિદ્ધિ થઈ જાય છે.

સામાન્ય અપેક્ષાએ કાંક્ષામોહનીય કર્મનો સમાવેશ મોહનીય કર્મની ઉત્તર પ્રકૃતિદર્શન મોહનીયના એક ભેદ સમ્યક્ત્વ મોહનીયમાં થઈ શકે છે અને ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ મિથ્યાત્વ મોહનીયમાં તેનો સમાવેશ થાય છે. કાંક્ષામોહનીય કર્મના નાશનો સચોટ ઉપાય છે શ્રદ્ધા. જે પદાર્થો કે વિષયો, તર્કગમ્ય, બુદ્ધિગમ્ય, ઈન્દ્રિયગમ્ય કે

છદ્મસ્થ ગમ્ય ન હોય તેવા વિષયમાં તમેવ સચ્ચંણિસંકં જં જિણેહિં પવેઇયં । જિનેશ્વરે જે પ્રરૂપ્યું છે તે જ સત્ય છે. આ પ્રકારની દૃઢ શ્રદ્ધા રાખવાથી કાંક્ષામોહનીય કર્મનો નાશ થાય છે અને દૃઢ શ્રદ્ધાપૂર્વક આરાધના કરનાર જીવ આરાધક બને છે. સાધક કોઈ પણ નિમિત્ત સમયે શ્રદ્ધાને દૃઢ ન રાખે તો ક્રમશઃ તે સમ્યગ્દર્શનનું વમન કરી, મિથ્યાત્વી બની જાય છે.

'સમવાયાંગ સૂત્ર'માં નામકર્મ બેતાલીસ પ્રકારે જણાવ્યા છે. કર્મવિપાક સૂત્ર (કર્મના શુભાશુભ ફળ બતાવનાર અધ્યયન)ના તેંતાલીસ અધ્યયન કહેલા છે. ત્રીસમાં સમવાયમાં મોહનીયકર્મ બાંધવાના કારણભૂત ત્રીસ સ્થાન કહેલ છે.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રના ત્રેવીસમાં પદમાં કર્મસિદ્ધાંતની સંખ્યા, ૨૪ દંડકવર્તી જીવોમાં તેના સદ્ભાવની પ્રરૂપણા, સમુચ્ચય જીવ તથા ૨૪ દંડકવર્તી જીવો, આઠ કર્મોની પરંપરાનું સર્જન કેવી રીતે કરે છે તેનું વર્ણન છે. એક કે અનેક સમુચ્ચય જીવો તથા ૨૪ દંડકવર્તી જીવોમાં મૂળભૂત કારણરૂપ રાગ અને દ્વેષનું નિરૂપણ છે. તદ્ઉપરાંત ૨૫ પ્રકારના જીવો એકત્વ કે બહુત્વની અપેક્ષાએ આઠ કર્મોથી ક્યા ક્યા કર્મોનું વેદન કરે છે તેનું કથન છે. આઠ કર્મની વિપાક યોગ્ય પ્રકૃતિઓનું વર્ણન છે. આઠ કર્મોની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદ-પ્રભેદોનું નિરૂપણ છે અને ભેદ પ્રભેદોની સ્થિતિનું વર્ણન છે. આ રીતે કર્મબંધના કારણ, કર્મ પરંપરા તથા આઠ કર્મની પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગ (વિપાક) બંધ વગેરે કર્મ સિદ્ધાંતોનું વિશદ વિશ્લેષણ છે.

આ રીતે જુદાં જુદાં આગમોમાં કર્મ સંબંધી માહિતી પ્રાપ્ત થાય છે. ✷

વિશાલ એપાર્ટમેન્ટ, 'એચ' બિલ્ડિંગ, ફ્લેટ નં. ૪૦૨, ચોથે માળે, સર એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
ફોન : ૨૬૮૩૬૦૧૦. મોબાઈલ : ૮૮૭૯૫૯૧૦૭૯.

## ઉપમા સહિત કષાયની સમજણ

**૧૬ પ્રકારના કષાયને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે જે નીચે મુજબ છે:**

(૧) અનંતાનુબંધી– જેની સ્થિતિ જીવન પર્યંતની છે. ગતિ નરકની કરાવે અને સમકિત ન થવા દે

(૨) અપ્રત્યાખ્યાની– જેની સ્થિતિ એક વર્ષની છે. ગતિ તિર્યંચની કરાવે અને શ્રાવક ન થવા દે.

(૩) પ્રત્યાખ્યાની– જેની સ્થિતિ ચાર મહિનાની છે. ગતિ મનુષ્યની કરાવે અને સાધુ ન થવા દે.

(૪) સંજ્વલન– જેની સ્થિતિ ૧૫ દિવસની છે. ગતિ દેવની કરાવે અને વિતરાગી ન થવા દે.

**આ ચાર વિભાગના ૧૬ પ્રકાર છે જેને ઉપમા સહિત સમજાવ્યા છે.**

(૧) અનંતાનુબંધી ક્રોધ–પર્વતમાં પડેલી તિરાડ સમાન–જે ક્યારેય પૂરાય નહિ એમ આ ક્રોધ કોઈપણ રીતે શાંત ન થાય.

(૨) અનંતાનુબંધી માન–પથ્થરના સ્તંભ સમાન–સેંકડો ઉપાય કરવા છતાં વળે નહિ–એમ આ માનવાળો ક્યારેય નમે નહિ.

(૩) અનંતાનુબંધી માયા–વાંસના મૂળ સમાન–અત્યંત વક્રતા અગ્નિમાં બળે છતાં છૂટે નહિ એમ કોઈ પણ ઉપાયથી સરળતા આવે નહિ.

(૪) અનંતાનુબંધી લોભ–કરમજીના રંગ સમાન–વસ્ત્ર ફાટે તો પણ રંગ નીકળે નહિ એમ અનેક પ્રયત્નથી પણ દૂર ન થાય એવો લોભ.

(૫) અપ્રત્યાખ્યાની ક્રોધ–તળાવની તિરાડ સમાન–દુષ્કાળમાં સુકાયેલ તળાવમાં વર્ષ પછી વરસાદ પડતા તિરાડ પૂરાઈ જાય એમ મહામુશ્કેલીથી શાંત થાય એવો ક્રોધ, વર્ષભર રહે એવો ક્રોધ.

(૬) અપ્રત્યાખ્યાની માન–હાડકાના સ્તંભ સમાન–મહામુશ્કેલીથી વાળી શકાય એમ વર્ષ ભર રહે એવો માન.

(૭) અપ્રત્યાખ્યાની માયા–ઘેંટાના શિંગડા સમાન–મહામુશ્કેલીથી સીધા થાય એમ વર્ષ ભર રહે એવી માયા.

(૮) અપ્રત્યાખ્યાની લોભ-નગરની ગટરના કાદવ સમાન મુશ્કેલીથી કેમિકલ વગેરેથી ડાઘ દૂર થાય એમ વર્ષ ભર રહે એવો લોભ

(૯) પ્રત્યાખ્યાની ક્રોધ–રેતીમાં પડેલી લીટી સમાન–રણના વળાંકવાળા હુવાને કારણે જે લીટીઓ દેખાય છે તે ચાર મહિને પવનની દિશાથી બદલાઈ જાય એમ થોડા પ્રયત્ને શાંત થતો ક્રોધ.

(૧૦) પ્રત્યાખ્યાની માન–લાકડાના સ્તંભ સમાન–પાણીમાં પલાળીને મુશ્કેલીથી વાળી શકાય એમ થોડા પ્રયત્ને નમે.

(૧૧) પ્રત્યાખ્યાની માયા–ગોમુત્રિકા સમાન–રસ્તામાં ચાલતી ગાયની વાંકીચૂકી પડતી મૂત્રરેખા તડકાદિથી દૂર થઈ જાય એમ થોડા પ્રયત્નથી માયા દૂર થઈ સરળતા આવી જાય.

(૧૨) પ્રત્યાખ્યાની લોભ–ગાડાના ખંજન (ગ્રીસ) સમાન–એના ડાઘ સાબુથી દૂર થાય એમ થોડા પ્રયત્ને દૂર થાય એવો લોભ.

(૧૩) સંજ્વલનનો ક્રોધ–પાણીની લીટી સમાન–ભરતીથી કિનારે પાણીની લીટી રહી જાય જે પંદર દિવસે ફરીથી ભરતી આવે ત્યારે દૂર થાય એમ જલ્દીથી શાંત થાય એવો ક્રોધ.

(૧૪) સંજ્વલનનો માન–નેતરના સ્તંભ સમાન–સહેલાઈથી વળી જાય, એમ જલ્દીથી દૂર થાય એવો માન

(૧૫) સંજ્વલનની માયા–વાંસની છોઈ સમાન–જે સરળતાથી સીધી થઈ જાય એમ જલ્દીથી દૂર થાય એવી માયા.

(૧૬) સંજ્વલનનો લોભ–હળદરના રંગ સમાન–જે ધોવાથી નીકળી જાય એમ જલ્દીથી નાશ પામે એવો લોભ. **—સંપાદિકાઓ**

# ગુણસ્થાનક અને કર્મ

□ ડૉ. કેતકી યોગેશ શાહ

*[ ડૉ. કેતકીબહેને મુંબઈ યુનિવર્સિટીમાંથી 'ગુણસ્થાનક' જેવા ગહન વિષય ઉપર પીએચ.ડી. પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓ કવયિત્રી તથા સંગીતજ્ઞ છે. તેઓ જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે. ]*

જગતમાં દેખાતી વિષમતા અને વિચિત્રતાનું કારણ કર્મ છે. એક જ માના બે દીકરા હોવા છતાં એક વિદ્વાન અને એક મૂર્ખ હોય. એક જ સરખી મહેનત કરવા છતાં એક ધનવાન અને એક નિર્ધન હોય. આવી વિભિન્નતા અને વિવિધતાનું કારણ દાર્શનિક જગતમાં પૂર્વકૃત કર્મ છે.

આત્માનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ જ્ઞાનમય અને પરિપૂર્ણ સુખમય છે પણ રાગ અને દ્વેષ આદિના કારણે કાર્મણ વર્ગણાના પુદ્ગલો આત્મા સાથે ચોંટી જાય છે, તે કર્મ છે. આ કર્મના કારણે આત્માનું સ્વરૂપ મલિન બને છે. જેમ કોઈ પ્રકાશિત રત્ન ઉપર ધૂળ છાંટવામાં આવે ને જો ધૂળનું પ્રમાણ વધુ હોય તો રત્નનો પ્રકાશ ઝાંખો લાગે છે અને જેમ જેમ ધૂળનું પ્રમાણ ઓછું થતું જાય તેમ તેમ રત્ન વધુ પ્રકાશિત લાગે છે. તેવી રીતે કર્મનો જથ્થો આત્મા પર વધુ લાગતા આત્મસ્વરૂપની ઝલક ઝાંખી પડે છે અને જેમ જેમ કર્મનો જથ્થો આત્મા પરથી દૂર થતો જાય તેમ તેમ આત્મા વધુ ને વધુ ઊજળો લાગે છે.

શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના અધ્યયન-૬ માં ભગવાન કહે છે કે માટીના લેપથી ભારે થઈ ગયેલું તુંબડું પાણીના તળિયે બેસી જાય છે. તે જ તુંબડું માટીના લેપથી મુક્ત થઈ જતાં હળવું થઈને પાણી ઉપર તરવા લાગે છે. તેવી જ રીતે આત્મા પર લાગેલાં કર્મોના લેપથી ભારે થયેલો આત્મા સંસારરૂપ ભવસાગરમાં ડૂબવા લાગે છે પણ પોતાના પુરુષાર્થથી અને સતત જાગૃતિથી તે કર્મોના લેપથી મુક્ત થઈ હળવો બનીને લોકાગ્રે પહોંચી, મોક્ષમાં બિરાજે છે.

કર્મથી લેપાયેલા અશુદ્ધ આત્માને કર્મમુક્ત શુદ્ધ આત્મા બનવા માટે ભિન્ન ભિન્ન અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે. જેમ કોઈ ચોક્કસ મુકામે જતાં રસ્તામાં સ્ટેશનો આવે છે, જેમ અમુક માળ ઉપર પહોંચવા માટે પગથિયાં ચડવા પડે છે તેવી જ રીતે મુક્તિરૂપી અચલ સ્થાને પહોંચવા જે અવસ્થાઓમાંથી જીવ પસાર થાય છે તે સર્વ અવસ્થાઓ જાણવી–સમજવી મુશ્કેલ હોવાથી તીર્થંકર ભગવંત તથા જૈન ધર્માચાર્યોએ એને સંક્ષેપમાં ૧૪ વિભાગમાં વર્ગીકૃત કરી 'ચૌદ ગુણસ્થાનક'ની સંજ્ઞા આપી છે.

આચાર્ય નેમિચંદ્રદેવ 'ગોમ્મટસાર'ની ગાથા ૩ અને ૮માં કહે છે–મોહ અને યોગના નિમિત્તથી જીવની શ્રદ્ધા અને ચારિત્ર ગુણોની થવાવાળી તારતમ્યરૂપ અર્થાત્ હીનાધિક અવસ્થાઓને ગુણસ્થાનક કહે છે. ટૂંકમાં આત્મવિકાસની ક્રમિક અવસ્થાઓ-Stages of Spiritual Development એટલે ગુણસ્થાનક.

આત્મિક વિકાસક્રમ–ગુણસ્થાનકનો મુખ્ય આધાર કર્મપ્રકૃતિ પર અવલંબે છે. જીવ જેમ જેમ કર્મપ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરતો જાય તેમ તેમ ક્રમશઃ ગુણસ્થાનકના એક એક પગથિયાં ચઢતો જાય છે. કર્મના બંધનમાંથી છૂટવાની પ્રક્રિયા ગુણસ્થાનકમાં રહેલી છે. ગુણસ્થાનકમાંથી જો કર્મનો છેદ કરવામાં આવે તો ગુણસ્થાનકમાં શેષ કાંઈ બચતું નથી અને કર્મમાંથી છૂટવા ગુણસ્થાનક સિવાય બીજો કોઈ રસ્તો નથી.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ આત્માના સ્વાભાવિક ગુણો છે. તે ગુણો આવશ્યક કર્મોથી દબાયેલા છે. પહેલે ગુણસ્થાનકે આવરક કર્મો વધારે પ્રમાણમાં હોવાથી અશુદ્ધિ વિશેષ હોય છે ત્યારે જ્ઞાનાદિ ગુણો અલ્પ પ્રમાણમાં પ્રગટ થયેલાં હોય છે અને ઉપર ઉપરના ગુણસ્થાનકે પૂર્વ ગુણસ્થાનકની અપેક્ષાએ શુદ્ધિ વધારે વધારે હોવાથી જ્ઞાનાદિ ગુણો વધારે પ્રમાણમાં પ્રગટ થયેલા હોય છે.

આત્માના સમગ્ર વાસ્તવિક સ્વરૂપને પ્રગટ કરવામાં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ અવરોધક બને છે. આ આઠ કર્મમાં મોહનીય કર્મ સૌથી વિશેષ બળવાન છે. જ્યાં સુધી મોહનીય કર્મનું આવરણ સઘન છે ત્યાં સુધી આત્માના ઉત્કર્ષ તરફ ગતિ નથી. જેમ જેમ આવરણ દૂર થાય છે તેમ તેમ જીવની ગતિ શુદ્ધિ તરફ વધતી જાય છે અને રાગ-દ્વેષજનિત મોહ સર્વથા ક્ષીણ થઈ જાય છે ત્યારે આત્મા પૂર્ણ શુદ્ધ દશાને પામી જાય છે.

શ્રી સમવાયાંગ સૂત્રના ૧૪મા સમવાયમાં ચૌદ ગુણસ્થાનક (જીવસ્થાનક) નામ છે તે આ પ્રમાણે છેઃ

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનક
(૨) સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક
(૩) મિશ્ર (સમ્યગ્મિથ્યાદૃષ્ટિ) ગુણસ્થાનક
(૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક
(૫) દેશવિરતિ ગુણસ્થાનક
(૬) પ્રમત્તસંયત ગુણસ્થાનક
(૭) અપ્રમત્તસંયત ગુણસ્થાનક
(૮) નિવૃત્તિ બાદર ગુણસ્થાનક
(૯) અનિવૃત્તિ બાદર ગુણસ્થાનક
(૧૦) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક
(૧૧) ઉપશાંત મોહનીય ગુણસ્થાનક

(૧૨) ક્ષીણમોહનીય ગુણસ્થાનક
(૧૩) સયોગીકેવળી ગુણસ્થાનક
(૧૪) અયોગી કેવળી ગુણસ્થાનક

કર્મબંધના પાંચ કારણ છે, તે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ છે. તેના પ્રતિપક્ષી સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ છે. તેની પ્રાપ્તિ અનુક્રમે જેમ જેમ થતી જાય તેમ તેમ જીવ તે ગુણસ્થાનક છોડીને ઉપર ઉપરના ગુણસ્થાનકે જાય છે. **મિથ્યાત્વ** છૂટતા જીવ પહેલું ગુણસ્થાનક છોડી ચોથે ગુણસ્થાનકે જાય છે. **અવ્રત** છૂટતા જીવ ચોથું ગુણસ્થાનક છોડી પાંચમે-છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે જાય છે. **પ્રમાદ** છૂટતા જીવ છઠ્ઠું ગુણસ્થાનક છોડી સાતમા ગુણસ્થાનકે જાય. **કષાય** છૂટતા જીવ દશમું ગુણસ્થાનક છોડી, ૧૧, ૧૨, ૧૩ મે ગુણસ્થાનકે જાય છે. **યોગ** છૂટતા જીવ ૧૩મું ગુણસ્થાનક છોડીને ૧૪મે ગુણસ્થાનકે જઈને ત્યાંથી પછી મોક્ષમાં જાય. જ્યાં જીવને કર્મ બાંધવાના કોઈ કારણ ઉપસ્થિત નથી. કર્મ ન હોવાના કારણે શરીર નથી, જન્મમરણ નથી, રોગ નથી, શોક નથી, દુઃખ નથી. તે આત્મા અનંત આત્મિક સુખમાં વિચરે છે.

**પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક**–'યથા નામ તથા ગુણ'ના ન્યાયે આ ગુણસ્થાનકે મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયને કારણે જીવ કુદેવમાં દેવ, કુગુરુમાં ગુરુ અને કુધર્મમાં ધર્મ માને છે. દેવ, ગુરુ અને ધર્મના સત્ય સ્વરૂપથી અજાણ એવા જીવની અહીં પ્રારંભિક અજ્ઞાત અવસ્થા હોય છે. જેમ જન્માંધ મનુષ્ય જન્મથી જ કોઈ વસ્તુનું દર્શન નહીં કરવાથી તેનું સ્વરૂપ યથાતથ્ય જાણી શકતો નથી તેમ આ ગુણસ્થાનકે વર્તતો મિથ્યાત્વી જીવ નવ તત્ત્વોને જાણતો નથી. અને જો કોઈ જાણે તો પણ જેમ ધતુરાપાન કરવાથી અથવા કમળાના રોગથી ઘેરાયેલો મનુષ્ય વસ્તુને વિપરીત યા અન્ય રીતે દેખે છે તેમ મિથ્યાત્વની દૃષ્ટિ અવળી–વિપરીત હોય છે.


જેમ મણ દૂધમાં રતિ જેટલું ઝેર પણ હાનિકારક અને આરોગ્ય માટે બાધક છે તેમ મિથ્યાત્વનો ઓછામાં ઓછો અંશ પણ પહેલું ગુણસ્થાનક છોડવા દેતો નથી. મદિરા જેવું મોહનીય કર્મ આ ગુણસ્થાનકે ગાઢું હોવાથી સર્વજ્ઞ ભગવંતે જે વસ્તુ જેવા સ્વરૂપે કહી છે, તે વસ્તુ તેનાથી વિપરીત સ્વરૂપે સ્વીકારે કે માને છે.

અનાદિકાળથી મિથ્યાત્વ મોહનીય કર્મથી બંધાયેલો જીવ જો અભવ્ય (મોક્ષ પામવાની યોગ્યતા ધરાવતો ન હોય) હશે તો આ ગુણસ્થાનકમાં જ રાચ્યા કરશે. આવા જીવો દ્રવ્યથી ચારિત્ર પાળીને તેના પુણ્યોદયે નવ ગ્રૈવેયક સુધી પહોંચી શકે છે. પણ ભાવચારિત્રનો સ્વીકાર કર્યો ન હોવાથી તેમનો નિસ્તાર અશક્ય બની જાય છે.

જે જીવો મુક્તિપદ પામવાની યોગ્યતાવાળા છે તેવા ભવ્ય જીવો આ ગુણસ્થાનકના અંતે મિથ્યાત્વ મોહનીય કર્મથી છૂટવાનો પ્રયત્ન કરે છે. 'નદી ઘોલ પાષાણ ન્યાયે' એટલે જેમ નદીના પ્રવાહમાં તણાઈ રહેલો પથ્થર પોતાની મેળે જ લીસો બની જાય છે તેમ સાહજિક રીતે જ આયુષ્ય સિવાયની સાતે કર્મની દીર્ઘ સ્થિતિની સત્તા કપાઈને અંતઃ ક્રોડાક્રોડી સાગરોપમ થઈ જાય તેવું **યથાપ્રવૃત્તકરણ** થાય છે. ત્યારે જીવ ગ્રંથિદેશે-ગ્રંથિ પાસે આવ્યો કહેવાય છે.

જૈનદર્શનમાં અનાદિકાળથી જીવને વળગેલાં રાગદ્વેષના ગાઢ પરિણામને 'ગ્રંથિ' કહે છે. જ્યારે એ તીવ્રપરિણામરૂપ દુર્ભેદ્ય ગાંઠને તોડી (ભેદી) નાંખે છે ત્યારે 'ગ્રંથિભેદ' કર્યો કહેવાય છે.

અભવ્ય જીવો ઘણીવાર ગ્રંથિદેશે આવીને પાછા ફરી જાય છે. ગ્રંથિદેશે આવેલા બધા ભવ્ય જીવો ગ્રંથિભેદ કરે તેવું નથી કારણ કે ગ્રંથિભેદ કરવા માટે અત્યંત વીર્યોલ્લાસ ફોરવવો પડે છે. જે જીવમાં આધ્યાત્મિક વિકાસ સાધવાની યોગ્યતા પ્રગટી છે તેવા આસન્નભવ્ય જીવો દુર્ભેદ્ય કર્મગ્રંથિરૂપ મહાબળવાન પર્વતનો ગ્રંથિભેદ કરે છે. અપૂર્વકરણ રૂપ તીક્ષ્ણ ભાવ-વજ્રથી ભેદી નાંખે છે. જેમ જન્માંધ પુરુષને શુભ પુણ્યનો ઉદય થતાં ચક્ષુનો લાભ થતાં દૃષ્ટિ મળે છે તેવો આત્મિક તાત્ત્વિક આનંદ ઉપજે છે. જે જીવને પૂર્વે ક્યારેય નહીં આવેલો એવો જે વિશુદ્ધ અધ્યવસાય ઉત્પન્ન થાય છે તેવા અપૂર્વકરણ પછી ઉત્તરોત્તર વિશુદ્ધ અધ્યવસાય રૂપ **અનિવૃત્તિકરણ** છે, જે સમક્તિ પ્રાપ્ત કરાવ્યા વગર અટકતું નથી.




આ અનિવૃત્તિકરણ સુધી મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકો ઉદયમાં છે. અનિવૃત્તિકરણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. તે સ્થિતિમાં જ્યારે સંખ્યાતમો ભાગ બાકી રહે છે ત્યારે અંતઃકરણની ક્રિયા શરૂ થાય છે. આ ક્રિયામાં જીવ મિથ્યાત્વ મોહનીય કર્મ જે ઉદયમાં આવવાનાં છે તેને આગળ-પાછળ કરી દે છે. કારણ કે જ્યાં સુધી મિથ્યાત્વના દલિકો એકસરખા ઉદયમાં ચાલુ જ હોય ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. જો મિથ્યાત્વના દલિકોનો ઉદય અટકે તો જ સમકિતની પ્રાપ્તિ થઈ શકે. જેમ ખેતરમાં બધે જ એકસરખું ઘાસ પથરાયેલું હોય અને તેમાં જો કોઈ એક સ્થળે આગ લાગે તો તે આગ જ્યાં ઘાસ છે ત્યાં ત્યાં બધે જ ફેલાઈ જાય; પરંતુ વચ્ચે ક્યાંક જો ઘાસ વગરની જગ્યા હોય તો ત્યાં આગ રોકાઈ જાય છે.

અંતઃકરણની ક્રિયા પછી પહેલા જ સમયે જીવને સમકિતની પ્રાપ્તિ થાય છે. મિથ્યાત્ત્વના ઘરમાં રહીને મિથ્યાત્વને હટાવીને જીવ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસથાનકમાં પ્રવેશ કરે છે. અહીંથી જીવ મોક્ષમાર્ગની તૈયારી કરે છે. **મોક્ષનો માર્ગ એ મોહનીય કર્મના વિજયનો માર્ગ છે.** જેવી રીતે નવી ખરીદેલી ઘડિયાળમાં કાંટા ગોઠવ્યા ન હોય તો દરેક સમયે સમય ખોટો બતાવે છે. ઘડિયાળ ચાલે છે પણ સમય ખોટો. તેમ મિથ્યાત્વ મોહનીય કર્મના કારણે કલાકના

કાંટારૂપ કાયા, મિનિટના કાંટારૂપ વચન અને સેકન્ડના કાંટારૂપ મન ચાલે તો છે પણ જિંદગીના, માનવભવના બધા સમય ખોટા પૂરવાર થાય છે. જ્યાં સુધી મોહનો પાવર ચાલુ હોય ત્યાં સુધી ચાર ગતિના પાંખિયાવાળો સંસારનો પંખો ચાલુ જ રહે છે.

મિથ્યાત્વ દશામાં એક પણ વાસ્તવિક ગુણ પ્રગટેલો ન હોવા છતાં તેને પ્રથમ ગુણસ્થાનક કહ્યું કારણ કે જીવની અશુદ્ધ માન્યતાવાળી સૌથી નીચલી કક્ષા બતાવવાની અપેક્ષાએ અને જીવનો વિકાસ જ્યાંથી શરૂ થાય છે તે શરૂઆત દર્શાવવા મિથ્યાત્વની ભૂમિકાને ગુણસ્થાનક કહ્યું. ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધીના કર્મ બાંધનાર જીવ અંતો ક્રોડાક્રોડી સાગરોપમ કર્મબંધ સુધી આવે પછી જ સમકિત પામી શકે છે એ જીવનો વિકાસ આ ગુણસ્થાનકે થાય છે.

**અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે** જીવ અનંતાનુબંધી ચતુષ્ક (ક્રોધ, માન, માયા, લોભ) અને દર્શન મોહનીયની ૩ પ્રકૃતિ (મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમકિત મોહનીય) એમ દર્શન સપ્તકનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે છે. છતાં કોઈ પણ પ્રકારના વ્રત-નિયમાદિ ધારણ કરી શકતો નથી. કારણ કે હજુ ચારિત્ર મોહનીય કર્મના ગાઢ આવરણ છે. તે જીવ પાપને પાપરૂપે જાણે છે, સ્વીકારે છે, માને છે પણ તે પાપકર્મનું આચરણ રોકી શકતો નથી.

જે જીવને ઉપશમ સમકિતની પ્રાપ્તિ થઈ ગઈ હોય અર્થાત્ અનંતાનુબંધી ચતુષ્ક અને દર્શનમોહનીય કર્મની ત્રણ પ્રકૃતિનો ઉપશમ કર્યો હોય તે જીવને કોઈ નિમિત્ત મળતાં અનંતાનુબંધી કષાયનો ઉદય થાય તો તે સમકિતથી પતન પામે પરંતુ હજુ મિથ્યાત્વના પરિણામને પ્રાપ્ત થયો નથી તે **બીજા સાસ્વાદન ગુણસ્થાનકે** આવે છે. જેમ ખીરનું ભોજન કર્યા પછી વમન (ઊલટી) થઈ ગયું ત્યારે માત્ર ખીરનો સ્વાદ રહ્યો તે સમાન સાસ્વાદન સમકિત છે. જેમ ઘંટાનો નાદ, પહેલો જોરથી થયો, પછી રણકો રહી ગયો. જોરથી અવાજ થયો તે સમાન ઉપશમ સમકિત ગયું, રણકો રહી ગયો તે સમાન સાસ્વાદન સમક્તિ રહ્યું. આ ગુણસ્થાનક ઉપશમ સમકિતથી પાછાં ફરતા જીવને આવે છે. પ્રથમ ગુણસ્થાનકથી ચડતા પ્રાપ્ત ન થાય કારણ કે અનાદિકાળનો મિથ્યાત્વી જીવ પ્રથમ વાર સમકિત પ્રાપ્ત કરે ત્યારે પહેલે ગુણસ્થાનકથી ચોથે ગુણસ્થાનકે જાય. બીજા ગુણસ્થાનકેથી જીવ અવશ્ય પહેલે ગુણસ્થાનકે જાય.

અનાદિનો મિથ્યાત્વી જીવ ૧લે ગુણસ્થાનકેથી બીજે ગુણસ્થાનકે જતો નથી તેમ ૧લે ગુણસ્થાનકેથી ત્રીજે ગુણસ્થાનકે પણ જતો નથી. ત્રીજા ગુણસ્થાનકે મિશ્ર મોહનીય કર્મના ઉદયના કારણે પૂરેપૂરી સમ્યક્ત્વની શુદ્ધિ પણ નથી કે પૂરેપૂરી મિથ્યાત્વની અશુદ્ધિ પણ નથી. જેમ દહીંમાં સાકર ભેળવીને શ્રીખંડ બનાવતા તેમાં એકલા દહીંનો સ્વાદ પણ નથી અને એકલી સાકરનો સ્વાદ પણ નથી. તેમ તેને જિનવચન પ્રત્યે રુચિ કે અરુચિનો ભાવ હોતો નથી. તેને ગુણ પણ ગમે છે અને દોષ પણ ગમે છે. સંસાર પણ ગમે છે અને મોક્ષ પણ ગમે છે. અહીં દૃષ્ટિ હોય છે પણ નીર અને ક્ષીર વચ્ચેનો વિવેક કરવા જેટલી તે સ્પષ્ટ હોતી નથી.

ત્રીજા ગુણસ્થાનકની અપેક્ષા ચોથા ગુણસ્થાનકમાં જીવને સુસ્પષ્ટ થઈ જાય છે કે સાચું શું અને ખોટું શું ? અહીં સુધીના ગુણસ્થાનકોમાં દર્શન મોહનીય કર્મ સાથેનો સંઘર્ષ હતો. પણ આનાથી આગળના ગુણસ્થાનકોમાં ચારિત્ર મોહનીય કર્મ સાથેનો સંઘર્ષ છે.

આત્મ વિકાસના ક્રમમાં આગળ વધતો જીવ દર્શનસપ્તક કર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે અને અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચતુષ્ક કર્મનો ક્ષયોપશમ કરે અર્થાત્ તે એક નાનું પણ વ્રત-પચ્ચક્ખાણ ધારણ કરે **ત્યારે પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકે** આવે તેવા જીવની દૃષ્ટિ સ્પષ્ટ થઈ, માર્ગ દેખાયો પણ પૂરેપૂરું ચલાય નહીં. તેનું કારણ ચારિત્ર મોહનીય કર્મ છે. જેમ અફીણને ઝેર માનતી વ્યસની વ્યક્તિ અફીણનું સેવન કરે છે તેમ આ ગુણસ્થાનકે વર્તતો શ્રાવક પણ આરંભ અને પરિગ્રહને ખોટા માનતો હોવા છતાં આત્મકાર્ય સાધતો મર્યાદાની અંદર પ્રવૃત્તિ કરે છે. અપ્રત્યાખ્યાનાવરણીય કષાય ચતુષ્કના ક્ષયોપશમના કારણે દેશ-અંશથી વિરતિને સ્વીકારે છે અને સાધુ બનવાના મનોરથ સેવે છે.

**છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાનકે** જીવ દર્શન સપ્તક કર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે તથા અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાની કષાય ચતુષ્કનો ક્ષયોપશમ કરે છે. પ્રત્યાખ્યાની કષાય ચતુષ્કના ક્ષયોપશમના કારણે પાપ વ્યાપારથી વિધિપૂર્વક સર્વથા નિવૃત્તિ લઈ, સંયત (સાધુ) બની પાંચ મહાવ્રત, ૧૦ યતિધર્મ, અષ્ટ પ્રવચનમાતાનું પાલન કરે છે. તેમ છતાં યોગ ચપળ, કષાય ચપળ, વચન ચપળ અને દૃષ્ટિમાં ચપળતાનો અંશ રહેવાથી પ્રમાદપણાના કારણે આ ગુણસ્થાનકને પ્રમત્ત સંયત ગુણસ્થાનક કહે છે.

છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકની ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમની પ્રકૃતિ સરખી છે પણ **સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાનક**ના સાધકે પાંચ પ્રમાદ (મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા) પૂર્ણપણે ખંખેરી નાંખ્યા હોય છે. ધ્યાન અને અનુષ્ઠાનમાં અપ્રમત્તપણે ઉદ્યત રહેતા શુભલેશ્યામાં જ રહે છે. આ ગુણસ્થાનકનો કાળ, કેવળ અંતર્મુહૂર્તનો છે પણ બહુ Critical – નાજુક છે. જો એ બે ઘડી સચવાઈ ગઈ તો મોક્ષ હાથવેંતમાં અને જો એ બે ઘડી વેડફાઈ ગઈ તો પાછાં ગબડી જવાય.

સાતમા ગુણસ્થાનક સુધી દૃષ્ટિ કરતાં પ્રતીત થાય છે કે દર્શન મોહનીય કર્મ અને ચારિત્ર મોહનીય કર્મ–એ બંનેને પરાસ્ત કર્યા વગર આગળ વધી જ ન શકાય. મોહનીય કર્મ જ સૌથી વધારે પ્રબળ છે. બીજાં બધાં જ કર્મો તો તેની છાયામાં જ પાંગર્યા હોય છે. એક વાર મોહનીય કર્મનું તોતિંગ વૃક્ષ પડ્યું કે પછી બીજાં કર્મો તો આપોઆપ સૂકાઈ જવાનાં કે તેના ભારથી જ કચડાઈ જવાનાં. મોહનીય કર્મનો જેમ જેમ પરાજય થતો જાય તેમ તેમ અન્ય કર્મો

જીર્ણક્ષીર્ણ થઈને પાતળાં પડતાં જાય છે.

**આઠમું નિવૃત્તિ બાદર સંપરાય અથવા અપૂર્વકરણ ગુણસ્થાનક છે.** ખવિતા પુવ્વ કમ્માઇં, સંજમેણ તવેણ ય'–પૂર્વ સંચિત કર્મનો ક્ષય સંયમ અને તપ દ્વારા થાય છે. તપમાં પણ શ્રેષ્ઠ એવું શુક્લધ્યાન છે. તે શુક્લધ્યાનની પ્રાપ્તિ જીવ આ ગુણસ્થાનકે કરીને મોક્ષે જવાની શ્રેણી માંડે છે. પ્રતિસમય અનંત ગુણ વિશુદ્ધિના પરિણામથી કર્મનો સ્થિતિઘાત, રસઘાત, ગુણ શ્રેણી, ગુણસંક્રમણ, સ્થિતિબંધ–એ પાંચ અપૂર્વકરણના કાર્યો કરે છે.

**કર્મનો સિદ્ધાંત અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સમાધાન આપી શાંતિ-સમતાને સ્થાપે છે, સામાજિક જીવનને તંદુરસ્ત બનાવે છે તો આધ્યાત્મિક જીવનને ફળદ્રુપ બનાવે છે.**

સમ્યક્ત્વની પ્રાપ્તિ સમયે અપૂર્વકરણ થયું હતું તેના કરતાંય અપૂર્વ કાર્ય અહીં થાય છે. આ શ્રેણીનું અપૂર્વકરણ છે કારણ કે જીવ અહીંથી ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી ઉપર ચડે છે. ઉપશમ-શ્રેણીવાળો જીવ મોહનીય કર્મ પ્રકૃતિનાં દળનો ઉપશમ કરતો ૯મે, ૧૦મે થઈ ૧૧મે ગુણસ્થાનકે જાય છે. ક્ષપકશ્રેણીવાળો જીવ મોહનીય કર્મ પ્રકૃતિનાં દળનો ક્ષય કરતો ૯મે, ૧૦મે થઈ ૧૨મે ગુણસ્થાનકે જાય છે.

**નવમા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે** ક્ષપક શ્રેણીવાળો જીવ સંજ્વલનના લોભ સિવાયની નવ નોકષાય (હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંચ્છા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ), સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન, સંજ્વલન માયા એ ૧૨ પ્રકૃતિ અને પૂર્વેની ૧૫ પ્રકૃતિ એમ કુલ મોહનીય કર્મની ૨૭ પ્રકૃતિનો ક્ષય કરે છે. ઉપશમ શ્રેણીવાળો જીવ એ ૨૭ પ્રકૃતિનો ઉપશમ કરે છે. સંજ્વલનનો લોભ–જે મોહનીય કર્મની એક માત્ર પ્રકૃતિ રહી છે, જે લોભ પણ અત્યંત કૃશ બની ગયો છે.

**દશમું સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક**માં માત્ર સંજ્વલનના લોભ કષાયનો સૂક્ષ્મ ઉદય હોય છે, જ્યાં સૂક્ષ્મ, થોડીક, પાતળી સંપરાય (કષાય) ક્રિયા રહી છે. સંજ્વલનના લોભ સિવાયની મોહનીય કર્મની ૨૭ પ્રકૃતિનો ક્ષય કરતો હોય તેવો જીવ દશમેથી બારમે ગુણસ્થાનકે જાય છે અને ઉપશમ કરતો હોય તેવો જીવ દશમેથી અગિયારમે ગુણસ્થાનકે જાય છે.

**અગિયારમા ઉપશાંત મોહ ગુણસ્થાનક**ના પ્રથમ સમયે સંજ્વલનના લોભનો ઉપશમ કરે છે. મોહનીય કર્મની સર્વ ૨૮ પ્રકૃતિઓનો ઉપશમ હોય છે. ઉપશાંત એટલે પાણી દ્વારા સંપૂર્ણ અગ્નિ બુઝાવ્યાની જેમ નહીં પણ રાખ વડે ઢાંકેલ અગ્નિની જેમ મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિને સર્વથા ઉપશાંત કરી છે.

જીવ રાગ-દ્વેષ આદિ વિભાવિક પરિણામથી ચાર કષાય દ્વારા કર્મ બાંધે છે. તેમાં દ્વેષના ઘરના ક્રોધ અને માન નવમા ગુણસ્થાનકે ગયા. રાગના ઘરના માયા લોભ છે તેમાં માયા નવમા ગુણસ્થાનકે ગઈ અને લોભ તે આ ગુણસ્થાનકે ગયો. રાગના ઘરનો લોભ ગયો હોવાથી અગિયારમા ગુણસ્થાનકે જીવ રાગદ્વેષથી રહિત થઈને 'વીતરાગી' બને છે પરંતુ જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મોનો ઉદય હોવાથી 'છદ્મસ્થ' કહેવાય છે.

અગિયારમે ગુણસ્થાનકે મોહનીય કર્મ પાણીમાં તળિયે પડેલી અશુદ્ધિ જેવા હોય છે, દબાયેલી સ્પ્રિંગ સમાન હોય છે માટે આ ગુણસ્થાનકેથી જીવ અવશ્ય નીચે ઉતરે છે, ચડતા નથી.

**બારમા ક્ષીણ મોહ ગુણસ્થાનક** જીવ મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિનો ક્ષય કરવાથી પામે છે. જેમ સમુદ્રમાં સ્વયંભૂરમણ સમુદ્ર સર્વથી મોટો છે તેમ કર્મમાં મોટો મોહનીય કર્મ રૂપ સમુદ્ર પાર કરીને જીવ આ ગુણસ્થાનકે પાણીથી અગ્નિ બુઝાવે છે તેમ મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરે છે. આ ગુણસ્થાનકે આવેલો જીવ અવશ્ય તે જ ભવમાં મોક્ષ પામે છે.

મોહનીય કર્મ નામનો સેનાપતિ હવે હારી ગયો એટલે બીજા ત્રણ ઘાતી કર્મની સેના પણ હારી જવાની. **તેરમા સયોગી કેવળી ગુણસ્થાનક**ના પ્રથમ સમયે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મની પ્રકૃતિનો ક્ષય થતા, જીવને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટે છે. સાધનાકાળની સર્વોત્કૃષ્ટ અવસ્થા અને દરેક જ્ઞાની આત્માના ધ્યેય સમાન કેવળજ્ઞાનની પ્રાપ્તિ જીવને મોક્ષ સમીપ લાવી દે છે.

આ ગુણસ્થાનકે જે જીવે પૂર્વના ત્રીજા ભવમાં વિશષ આરાધનાના બળ વડે તીર્થંકર નામ કર્મ બાંધ્યું હોય તેવા જીવોને તીર્થંકર નામ કર્મનો ઉદય થાય છે. તે તીર્થંકર કહેવાય છે. સર્વોત્તમ અને પરમોત્કૃષ્ટ પ્રકૃતિના ઉદયના કારણે તેઓ ભગવંત બની પૂજાય છે.

અહીં બિરાજિત કેવળી ભગવંતને હજુ શરીરનો યોગ હોવાથી વેદનીય, આયુષ્ય, નામ એ ગોત્ર–આ ચાર અઘાતી કર્મ બળેલી સિંદરી જેવા વિદ્યમાન છે. સિંદરી બળી ગયા પછી તેનો વળ, આકૃતિ દેખાય છે, પરંતુ તેમાં બળ નથી, રાખ છે તેવા અઘાતી કર્મો બની ગયાં છે.

જે કેવળી ભગવંતોની આયુષ્ય કર્મની સ્થિતિ કરતાં શેષ ત્રણ કર્મોની સ્થિતિ વધુ હોય તે 'કેવળી સમુદ્ઘાત' નામની પ્રક્રિયા કરી ચારેય કર્મોની સ્થિતિ સમાન કરી દે છે. જેથી આયુષ્ય પૂરું થાય ત્યારે કર્મનો એક પણ અશ બાકી રહે નહીં.

કર્મ મુખ્યત્વે યોગ અને કષાયના કારણે બંધાય છે. દશમા ગુણસ્થાનકે કષાયને દૂર કર્યા પણ હજુ રહેલા યોગનો નિરોધ જીવ આ તેરમા ગુણસ્થાનકના અંતિમ ભાગમાં કરે છે.

મન, વચન, કાયાના સૂક્ષ્મ કે સ્થૂળ કોઈ પણ પ્રકારના યોગના અભાવથી શૈલેશીકરણ કરી આત્માની મેરુ જેવી નિષ્કંપ અવસ્થા જ્યાં હોય છે તેવું **ચૌદમું અયોગી કેવળી ગુણસ્થાનક** હોય છે. પાંચ હ્રસ્વ સ્વરોના ઉચ્ચારણ કરતાં જેટલો સમય લાગે તેટલા સમયમાં આત્મા સર્વ કર્મરહિત થઈને કર્મના આશ્રયસ્થાન સમા દેહને છોડીને

મોક્ષને પ્રાપ્ત કરીને દેહાતીત થઈ જાય છે, ગુણસ્થાનકાતીત થઈ જાય છે. ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનકને છોડ્યા પછી તત્કાળ આત્મા લોકાકાશના અગ્રભાગે સિદ્ધ બનીને વિરમે છે.

નવકારમંત્રના બીજા સિદ્ધપદના ૮ ગુણ છે. ૮ કર્મના ક્ષયથી તે ૮ ગુણ પામે છે.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવળજ્ઞાન પામે છે.

દર્શનાવરણીય કર્મના ક્ષયથી કેવળદર્શન પામે છે.

વેદનીય કર્મના ક્ષયથી અવ્યાબાધ આત્મિક સુખ પામે છે.

મોહનીય કર્મના ક્ષયથી વીતરાગતા પામે છે.

આયુષ્ય કર્મના ક્ષયથી અક્ષય સ્થિતિ પામે છે.

નામ કર્મના ક્ષયથી અમૂર્ત ગુણ પામે છે.

ગોત્ર કર્મના ક્ષયથી અગુરુલઘુ ગુણ પામે છે.

અંતરાય કર્મના ક્ષયથી અનંત વીર્ય પામે છે.

પ્રાયઃ બધા ધર્મ દર્શનો કર્મને માન્ય કરે છે. પણ કર્મમુક્તિનો વ્યવસ્થિત પગથિયાંરૂપ પ્રવાસ ફક્ત જૈન ધર્મ દર્શનમાં મળે છે. આ ગુણસ્થાનકની અવધારણા આત્માની કર્મોના નિમિત્તથી થતા બંધનથી તેની વિમુક્તિ તરફ જતી યાત્રાને પ્રકાશિત કરે છે.

ગુણસ્થાનક સાપસીડીની રમત જેવું છે. ક્યારેક જીવ પોતાના સમ્યક્ પુરુષાર્થથી કર્મના સવળાં પાસાં ફેંકીને ગુણસ્થાનકની સીડી ચડી જાય છે. તો ક્યારેક જીવ મિથ્યા-પરાક્રમથી કે અપ્રમત્તતાથી કર્મનાં અવળાં પાસાં પાડીને ગુણસ્થાનક રૂપ સાપમાં નીચે ઊતરી જાય છે.

કર્મનો સિદ્ધાંત અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં સમાધાન આપી શાંતિ-સમતાને સ્થાપે છે, સામાજિક જીવનને તંદુરસ્ત બનાવે છે તો આધ્યાત્મિક જીવનને ફળદ્રુપ બનાવે છે. સાધક આત્માને પાપભીરુ અને ભવભીરુ બનાવવામાં સહાયક થાય છે. ભવભીરુ બનેલો સાધક જન્મ મરણના ફેરામાંથી, કર્મના વિષચક્રમાંથી છૂટવા મોક્ષ તરફનો સંવેગ વધારી, સંસાર પ્રત્યે નિર્વેદ ભાવ કેળવી, ગુણસ્થાનકના સોપાનમાં આગેકૂચ કરે છે.

પહેલા ગુણસ્થાનકના અંતે જીવ કર્મરૂપી મહાપર્વતને સમ્યક્ત્વરૂપ સુરંગથી ભેદી નાંખે છે. ચોથા ગુણસ્થાનકે તેના મોટા મોટા ટુકડાઓ દૂર કરે છે, આઠમા ગુણસ્થાનકે તેનાથી પણ નાના નાના ટુકડાઓ દૂર કરે છે, દશમા ગુણસ્થાનકે નાની નાની કાંકરીઓ દૂર કરે છે, બારમા ગુણસ્થાનકે ઝીણી બારીક રેતી બનાવી દે છે. ચૌદમા ગુણસ્થાનકે તેને પણ દૂર કરીને ચોખ્ખો બનીને મોક્ખો (મોક્ષ) પ્રાપ્ત કરી લે છે.

જીવના ઉત્થાન અને પતન માટે જીવનાં કર્મો જ જવાબદાર છે. માટે મોક્ષમાર્ગમાં પ્રસ્થાન કરનાર જીવે કર્મને જ પોતાનું નિશાન બનાવીને તીર તાકવાનું છે. **કર્મ સાથે સંઘર્ષનો માર્ગ, એ જ મોક્ષ માર્ગ છે, એ જ ગુણસ્થાનક છે.** એ મોક્ષના સોપાનરૂપ ગુણસ્થાનકમાં અનુક્રમે પસાર થતા થતા જ કર્મરહિત અવસ્થા પ્રાપ્ત થાય છે. જેમ સાગરખેડુઓ પોતે સાગરમાં ક્યા અક્ષાંશ અને રેખાંશ ઉપર છે તેનું સતત ધ્યાન રાખે છે તેમ સાધકે પોતે સાધનાપથ ઉપરના પોતાના સ્થાનથી સતત માહિતગાર રહેવું જોઈએ.

ભગવાન મહાવીર કુશળ સાર્થવાહક અને કુશળ ઉપદેષ્ટા છે. તેમણે પોતે સાધનાપથ ચાતરીને, તેના ઉપર ચાલીને, પાછળ આવનારાઓ માટે સીમાના પથ્થરો–milestone મૂક્યાં છે. ખુદ ભગવાન મહાવીરને પણ પૂર્વકૃત કર્મોએ છોડ્યાં નથી. તેમણે તે પ્રચુર કર્મોમાંથી છૂટવા જે પુરુષાર્થ કર્યો છે તેનાથી લગભગ દરેક જૈની માહિતગાર છે.

તો ચાલો...આપણે પણ અનાદિકાળના જથ્થાબંધ કર્મોથી છૂટવા, આસ્રવનો માર્ગ ત્યાગી, સંવર-નિર્જરાના માર્ગે મોહનીય કર્મ સામે જંગનું એલાન છેડી, ગુણસ્થાનકના પગથિયાં ચઢવા આત્માને કટિબદ્ધ કરીએ...તો શુભસ્ય શીઘ્રમ....

✷ ✷ ✷

૫/૫, સ્વામી લીલા શાહ સોસાયટી,
ગાર્ડન લેન, સંઘાણી એસ્ટેટ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
મોબાઈલ : ૯૩૨૩૫૬૮૯૯૯.
ફોન : ૦૨૨-૨૫૦૦૪૦૧૦.

## કર્મના ચાર બંધ સ્થાન

એક સાથે બંધાતા કર્મના સમૂહને 'બંધસ્થાન' કહે છે.

**(૧) આઠ કર્મનો બંધ :** ત્રીજું ગુણસ્થાનક વર્જીને એકથી સાત ગુણસ્થાનક સુધી આઠ કર્મનો બંધ થઈ શકે છે. એક ભવમાં આઠ કર્મબંધની સ્થિતિ જઘ. ઉત. અંતર્મુહૂર્તની જ હોય છે.

**(૨) સાત કર્મનો બંધ (આયુષ્ય વર્જીને) :** ત્રીજા, આઠમા અને નવમા ગુણસ્થાનકે એકાંત સાત કર્મનો જ બંધ થાય છે. સાત કર્મબંધની સ્થિતિ સમયે સમયે હોય છે. નિરંતર સાત કર્મબંધની સ્થિતિનો ઉત.કાળ ક્રોડપૂર્વનો ત્રીજો ભાગ અને છ મહિના ન્યૂન ૩૩ સાગર હોય છે.

**(૩) છ કર્મનો બંધ (આયુષ્ય, મોહનીય વર્જીને) :** દસમા ગુણ સ્થાનકે ફક્ત છ કર્મનો જ બંધ થાય છે. નિરંતર છ કર્મબંધની સ્થિતિ જઘ., ઉત. અંતર્મુહૂર્તની હોય છે. એક ભવ આશ્રી છ કર્મનો બંધ, ઉત.ચાર વખત, ઉપશમશ્રેણી આશ્રી થઈ શકે છે.

**(૪) એક કર્મનો બંધ (શાતાવેદનીય) :** ૧૧, ૧૨, ૧૩મા ગુણસ્થાનકે એક શાતાવેદનીય કર્મ અને તે પણ ફક્ત બે સમયની સ્થિતિનો જ બંધાય છે. એક કર્મનો બંધ છદ્મસ્થ આશ્રીને એક ભવમાં ઉત. બે વખત, ઘણાં ભવ આશ્રી પાંચ વત નિરંતર અંતર્મુહૂર્ત બંધાય છે. એક કર્મનો બંધ કેવળી આશ્રી જઘ. અંતર્મુહૂર્ત, ઉત. દેશે ઉણા ક્રોડપૂર્વ સુધી બંધાય છે.

# ચોસઠ પ્રકારી પૂજામાં કર્મનું આલેખન

❑ ડૉ. અભયભાઈ દોશી

[ *વિદ્વાન લેખક મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના સહયોગી અધ્યાપક, પીએચ.ડી.ની ઉપાધિ માટેના માર્ગદર્શક, જૈનધર્મ વિષયક પુસ્તકોના કર્તા, શોધનિબંધ 'ચોવીશી સ્વરૂપ અને સાહિત્ય'ના લેખક તેમજ પ્રભાવક વક્તા છે.* ]

મધ્યકાળના અંતિમ કાળખંડમાં થયેલા પંડિત વીરવિજયજીએ અનેક પૂજાઓ, રાસાઓ, સ્તવન, ચૈત્યવંદન આદિ કૃતિઓ રચી છે. આ સર્વમાં તેમની લયમધુર પૂજાઓ ભવ્યજીવોને માટે વિશેષ આકર્ષણનો વિષય બની રહી છે. વિક્રમની ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં બ્રાહ્મણ કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. જૈન મુનિ શુભવિજયજીના સંપર્કે વૈરાગ્યવંત બની દીક્ષા ધારણ કરી હતી.

તેમણે રચેલી અનેક પૂજાઓમાં ચોસઠપ્રકારી પૂજાનું સ્થાન વિશિષ્ટ છે. વાસ્તવમાં ચોસઠપ્રકારી પૂજા એક પૂજા નથી, પરંતુ આઠ પૂજાઓનો સમૂહ છે. આ ચોસઠપ્રકારી પૂજા કર્મસુદનતપના ઉજમણામાં મુખ્યરૂપે ભણાવવાની હોય છે. જે પૂજા આઠ દિવસ સુધી ચાલે છે. આ કર્મસુદનતપ અષ્ટકર્મના વિચ્છેદ કરવાના આશય સાથે કરવામાં આવતું હોય છે. એમાં એક એક કર્મને આશ્રીને ૧ ઉપવાસ, ૧એકાસણું, ૧ એકસીક્થ, ૧ એકલઠાણું, ૧ એકદન્તી, ૧ નીવી, ૧ આયંબિલ, ૧ અષ્ટકવલનો તપ કરવામાં આવતો હોય છે. આમ આઠ કર્મ માટે કુલ ૬૪ દિવસના તપની પૂર્ણાહુતિ થયે ઉદ્યાપનરૂપે આ પૂજા કરવાનું વિધાન છે. આ પૂજાઓની સુગેયતા તેમજ મંત્રાત્મકતાને લીધે અંતરાય તેમ જ વેદનીય કર્મની પૂજા વિશેષરૂપે સ્વતંત્ર ભણાવવાનું ચલણ રહ્યું છે.

કવિએ આ પૂજામાં આ આઠે કર્મોની સ્થિતિ, તેનો ઉદય, બંધ આદિનું કર્મગ્રંથમાં વર્ણિત તત્ત્વજ્ઞાનને રસિક રીતે વર્ણવવાનો ઉપક્રમ કર્યો છે. વળી, કવિની દૃઢ શ્રદ્ધા છે કે, આ જગતની સૌ સત્તા કરતાં કર્મસત્તા શક્તિશાળી છે, પરંતુ આ કર્મસત્તા કરતાં પણ ધર્મસત્તા વિશેષ શક્તિશાળી છે. કર્મના મર્મને ભેદવા માટે ધર્મથી વિશેષ સામર્થ્ય આ જગતમાં કોઈ પણ પદાર્થનું નથી. આથી આ ધર્મસત્તાના ભંડાર સમા પ્રભુની ભક્તિ માટેના વિવિધ દ્રવ્યોથી કર્મના નાશનું આલેખન કવિએ ભાવપૂર્ણ શૈલીમાં કર્યું છે. કવિએ આઠેય કર્મ માટે આઠ-આઠ ઢાળ અષ્ટપ્રકારી પૂજાને સંદર્ભે ફાળવી છે.

પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ પૂજાનો પ્રારંભ કવિ પોતાના પરમ આરાધ્યદેવ શંખેશ્વર પાર્શ્વનાથ, સરસ્વતી દેવી તથા ગુરુ શુભવિજયજીને પ્રણામ કરી આચારદિનકર ગ્રંથ અનુસાર કર્મસુદન તપની વિધિ દર્શાવી છે.

જ્ઞાનાવરણીયકર્મસુદન પૂજાની પ્રથમ પૂજામાં પરમાત્માને જળ-અભિષેક દ્વારા અજ્ઞાન દૂર કરવાનો માર્ગ દર્શાવ્યો છે. બીજી પૂજામાં જ્ઞાનાવરણીય કર્મની વિવિધ પ્રકૃતિઓની વિશેષતા ચર્ચી છે. ત્રીજી પૂજામાં પુષ્પ દ્વારા શ્રુતજ્ઞાનાવરણીય કર્મને દૂર કરવાની વાત આલેખી છે.

કવિએ આ વાતને મનોહર ધ્રુવપંક્તિ દ્વારા અભિવ્યક્ત કરી છે.

સમવસરણે શ્રુતજ્ઞાન પ્રકાશે, પૂજે સુરવર ફૂલની રાશે
સ્વામિ! ફૂલની રાશે.[1]

ચોથી પૂજામાં ધૂપ દ્વારા અવધિજ્ઞાન પાંચમીમાં દીપક દ્વારા મનઃપર્યવજ્ઞાનને પ્રાપ્ત કરવાની વાત આલેખી છે.

છઠ્ઠી પૂજામાં અક્ષતપદ પ્રાપ્તિ માટે અક્ષતપૂજાને આલેખી છે. અહીં પરમાત્માને થતાં કેવલજ્ઞાનનું ચિત્તહારી વર્ણન કરવામાં આવ્યું છે.

ત્રિશલનંદન નિહાળીએ, બાર વરસ એક ધ્યાન.
નિંદ સ્વપ્ન જાગર દશા, તે સવિ દૂર હોય.
દેખે ઉજાગર દશા, ઉજ્જવલ પાયા દોય.
લહી ગુણઠાણું તેરમું, ધુર સમયે સાકાર.
ભાવ જિનેશ્વર વંદીએ, નાઠા દોષ અઢાર.

પુનઃ સાતમી અને આઠમી પૂજામાં જ્ઞાનગુણનો મહિમા ગાવામાં કવિ જ્ઞાનમહિમાને બળદના દૃષ્ટાંતથી રજૂ કરે છે;

તેલી બળદ પરે કષ્ટ કરે, જીઉવિણ શ્રુતલહેર;
નિશદિન નયન મીંચાણે, ફરતો ઘેરનો ઘેર.

તેલીનો બળદ રાતદિવસ ફરે, કષ્ટ સહન કરે, પણ એ ઘરમાં ને ઘરમાં જ હોય એમ જીવો સમ્યક્ શ્રુતજ્ઞાનની લહેર વિના સંસાર સાગરનો પાર પામી શકતા નથી. એમના તપ, જપ, ક્રિયા આદિ નિષ્ફળ રહે છે.

કવિ જ્ઞાનાવરણીય કર્મ બાદ બીજે દિવસે કરવાની દર્શનાવરણીય કર્મ સુદનાર્થ પૂજા આલેખે છે. કવિ દર્શનાવરણીય કર્મના બંધના મુખ્ય કારણ રૂપે જિનાગમ અને જિનમૂર્તિના દર્શનમાં વિઘ્નકાર્યને ગણાવે છે. કવિ ચક્ષુ વડે પ્રભુદર્શનનો ઉલ્લાસ દર્શાવતાં કહે છે;

તુજ મૂરતિ મોહનગારી, રસિયા, તુજ મૂરતિ મોહનગારી.
દ્રવ્ય ગુણ પરજાય ને મુદ્રા, ચઉગુણ પડિમા પ્યારી.

તારી મૂર્તિ મોહનગારી છે. આ મૂર્તિ નિમિત્ત તીર્થંકર પ્રભુના દ્રવ્ય, ગુણ પર્યાય અને મુદ્રા સાથે અનુસંધાન રચાય છે, માટે આ ચાર ગુણવાળી પ્રતિમા મનોહારી છે. આ પૂજામાં ચાર પ્રકારના દર્શન આચરણ તેમજ પાંચ પ્રકારની નિદ્રા અંગેના શાસ્ત્રની વિવિધ દૃષ્ટાંતોની રસિક શૈલીમાં રજૂઆત કરી છે,

દ્વાદશાંગી ગણિરૂપ પેટી રે, મુનિવયણે નિદ્રા લપેટી રે.
પૂરવધર પણ શ્રુતમેટી રે, રહ્યા નિગોદમાં દુઃખ વેંઢી રે.

કર્મસુદન તપના ઉદ્યાપનમાં ત્રીજે દિવસે વેદનીયકર્મ નિવારણ

પૂજા ભણાવવામાં આવે છે. સ્વતંત્ર રીતે જે પૂજાઓ ભણાવવામાં આવે છે, તેમાં વેદનીયકર્મ નિવારણ પૂજાનો પ્રચાર વિશેષ છે. એની પ્રથમ ઢાળમાં કવિએ લયાત્મક રીતે પરમાત્માના જન્મ-મહોત્સવનું આલેખન કર્યું છે;

ન્હવણની પૂજા રે, નિરમલ આતમારે.

તીર્થોદકનાં જળ મેલાય, મનોહર ગંધે તે ભેળાય. ન્હવણ.૧.

પહેલી ઢાળને અંતે કવિ એક માર્મિક વાત આલેખે છે;

'વેદની વિઘટે મણિ ઝલકંત.'

આત્માના શુદ્ધ સ્વરૂપના દર્શનમાં ઘાતી-અઘાતી બન્ને કર્મો અવરોધક છે. એમ છતાં ઘાતિ ક્ષય થયા પછી પણ, અઘાતિનો સંપૂર્ણપણે ક્ષય ન થાય, ત્યાં સુધી આત્મા સિદ્ધ સ્વરૂપ બની શકતો નથી. આ અઘાતિમાં વેદનીય કર્મ પ્રધાન હોવાથી, કવિ વેદનીયકર્મ વિઘટે ત્યારે શુદ્ધ આત્મસ્વરૂપ મણિ ઝળકે છે, એમ જણાવે છે. આ પૂજાની ચોથી ઢાળમાં પ્રભુભક્તિ દ્વારા શ્રુત શાતાવેદનીય કર્મ બાંધનારા અને બારમા દેવલોકે જનારા જીરણશેઠનું દૃષ્ટાંત આલેખ્યું છે. આ ઢાળ સ્વતંત્ર સ્તવનરૂપે પણ પ્રચલિત છે. પાંચમી ઢાળમાં લવસતમ મુનિઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં કેવું દિવ્ય-સંગીતનું સુખ અનુભવે છે, તેનું આલેખન કરવામાં આવ્યું છે. છઠ્ઠી ઢાળમાં અશાતાવેદનીય કર્મબંધના કારણો આલેખ્યા છે. સાતમી ઢાળમાં કર્મક્ષય અર્થે વિષય-વિકારનો ત્યાગ કરવાની વાત પરદેશી રાજાના દૃષ્ટાંતથી આલેખી છે. આઠમી ઢાળમાં પ્રભુ મહાવીરનું ચરિત્ર સંક્ષેપમાં આલેખી શાતાવેદનીય-અશાતાવેદનીય કર્મ હટાવવા માટે આત્મિક વીર્ય ફોરવવાની વાત આલેખી છે.

ચોથી મોહનીયકર્મ નિવારણપૂજામાં પણ મોહનીયકર્મની વિવિધ પ્રકૃતિઓના બંધ-ઉદય આદિના કારણો દર્શાવી નિવારણ માટે પ્રભુ ભક્તિનો માર્ગ દર્શાવ્યો છે.

કવિ પાંચમી આયુષ્યકર્મ નિવારણ પૂજાને પ્રારંભે આયુષ્યકર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે;

'પંચમકર્મતણી કરું, પૂજા અષ્ટપ્રકાર;

મોહરામ દરબારમાં, જીવિત કારાગાર.'

કવિએ વિવિધ આયુષ્યના બંધના કારણો તથા તે-તે આયુષ્યના નિવારણના ઉપાયો રસિક રીતે પૂજામાં આલેખ્યા છે. દા. ત. માયા અને અવિવેકથી તિર્યંચ આયુષ્ય બંધાય; એની વાત આલેખતાં કહે છે;

થઈ ધીરોલી સાધવી, શેઠ સુંદર હો વંદન મણિયાર કે,

એવિવેકે પરભવ લહે, ગોહજાતિ હો દેડક અવતાર કે.

એક સાધ્વીએ દીક્ષા બાદ માયાપૂર્વક કિંમતી રત્નને સાચવી રાખ્યું. અનેક તપશ્ચર્યા બાદ આયુષ્ય પૂર્ણ થયે એ સાધ્વીનો જીવ રત્નની બાજુમાં ગરોળીનો અવતાર પામ્યો. એ જ રીતે નંદન મણિયારે અવિવેકથી વાવડી-સરોવર વગેરેમાં આસક્તિ રાખી, માટે બીજા અવતારે દેડકાનો ભવ મળ્યો.

આમ, વીર વિજયજીએ કર્મગ્રંથના કઠિન વિષયને પણ કથા-દૃષ્ટાંતો તેમજ રસભરી ઢાળની ધ્રુવપંક્તિઓ દ્વારા યથાશક્ય રસિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

છઠ્ઠી નામકર્મની પૂજામાં નામકર્મની અનેક શુભ-અશુભ પ્રકૃતિઓ છે, આથી આ પૂજામાં કર્મગ્રંથમાં આલેખાયેલ પ્રકૃતિનું આલેખન પ્રધાનરૂપે આલેખાય છે. એ જ રીતે સાતમી ગોત્રકર્મની પૂજામાં શુભ-અશુભ ગોત્ર કયા કર્મોથી આત્મા પામે છે, તેનું આલેખન કરવામાં આવ્યું છે.

આઠમી અંતરાયકર્મ નિવારણ પૂજા જૈનસંઘમાં સવિશેષ પ્રચલિત છે. આ પૂજામાં પંડિત વીરવિજયજીનું દાર્શનિક તત્ત્વ તેમજ કવિત્વ પણ સવિશેષ ખીલ્યું છે.

અંતરાયકર્મની પૂજાને પ્રારંભે કવિ શંખેશ્વર પાર્શ્વનાથાય પ્રભુનું સ્મરણ તેમજ ગુરુદેવનું સ્મરણ કરે છે. કવિ અંતરાયકર્મની વ્યાખ્યા કરતાં કહે છે; એ ભંડારી સમાન છે. રાજા પ્રસન્ન થઈ આપવા ઈચ્છે, પણ ભંડારી નારાજ હોય તો કોઈ ને કોઈ પ્રકારે અવરોધ ઊભો કરે એ રીતે અંતરાયકર્મ આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિમાં અવરોધ ઊભો કરે છે.

કવિ પ્રથમ પૂજામાં અંતરાયકર્મ બાંધવાના કારણો વર્ણવે છે. તેમાં ઉત્તર ગુજરાતની બોલીની છાંટ જોવા મળે છે;

પંજરીયે પોપટ દીધ, કેતી વાત કહું ઘણી રે.

અંતરાયકરમ ચમ કીધ, તે સવિ જાણો છો જગધણી રે. (૧, ૮).

બીજી પૂજામાં દાનાંતરાયકર્મની વાત કરવામાં આવી છે. અહીં પ્રારંભે જ શાસ્ત્રપ્રસિદ્ધ શ્રેણિકરાજાની કપિલા દાસીનું દૃષ્ટાંત મૂક્યું છે. દાનાંતરાયકર્મના ઉદયવાળા કૃપણ જીવ પોતાની પાસે ઘણું ધન હોવા છતાં, અન્યને આપી શકતા નથી. અરે, પોતાની તો વાત જવા દો, અન્યની વસ્તુનું પણ તેની આજ્ઞા હોવા છતાં દાન આપી શકતા નથી. આવા કૃપણો સંસારમાં સન્માન પામી શકતા નથી. આ વાત રજૂ કરતાં કવિ કહે છે;

કરપી લક્ષ્મીવંતને રે, મિત્ર સજ્જન રહે દૂર,

અલ્પધની ગુણ દાનથી રે, વંછે લોક પંડુર.

ત્રીજી પૂજામાં કવિએ લાભાંતરાય કર્મની વાત રસિક રીતે વિવિધ દૃષ્ટાંતોના માધ્યમથી રજૂ કરી છે. રાજગૃહી નગરીમાં એક ભિક્ષુક ભોગાંતરાય કર્મથી પીડાતો હતો, તે આવી સમૃદ્ધ નગરીમાં ભિક્ષા માટે ફરતો હોવા છતાં, અંતરાયકર્મના ગાઢ ઉદયને કારણે માંડ પેટ ભરીને ભોજન મેળવવા સમર્થ થતો હતો. લોકોની કૃપણવૃત્તિ પર ચીડાયેલો, પોતાના કર્મને ન જાણતો ક્રોધિત થઈ લોકો પર શીલા પાડવાનું વિચારે છે. પરંતુ, એ શીલા પાડવામાં પોતે જ મરણ પામી સાતમી નરકે જાય છે. શ્રીકૃષ્ણના પુત્ર ઢંઢણ અણગાર પણ અંતરાયકર્મના ઉદયથી ભિક્ષા પામતા નથી. ભોજન સમયે પશુઓ દ્વારા અંતરાય પામ્યા હતા. પરંતુ, તેઓ જિનવાણીના જ્ઞાતા હોવાથી કર્મ ઉદયને સમભાવે સહન કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારા બન્યા. આમ, પરિસ્થિતિ એક જ હોવા છતાં, મનુષ્યનો એ પરિસ્થિતિ પ્રત્યેનો

દૃષ્ટિકોણ બદલાઈ જતાં, પરિણામ કેટલું બદલાય છે, તેનું હૃદયસ્પર્શી ચિત્રણ આલેખાયું છે. ઋષભદેવ પ્રભુને પણ દીક્ષા લીધા બાદ એક વર્ષ સુધી ભોજન ન મળ્યું, પ્રભુએ સમતાભાવ ધારણ કર્યો. વર્ષાન્તે શ્રી શ્રેયાંસકુમાર દ્વારા ઈક્ષુરસનું ભોજન પ્રાપ્ત થયું. આમ, લાભાંતરાય કર્મના ઉદય સમયે જિનવાણીને સમજેલા લોકો સમતા ધારણ કરે છે અને સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષાધિકારી બને છે.

કવિ ચોથી પૂજામાં ભોગાન્તરાય કર્મની વાત કરે છે. જે વસ્તુ એક જ વાર વાપરી શકાય તે ભોજન, વિવિધ પીણાંઓ તેમજ વિલેપન આદિ ભોગ કહેવાય. જ્યારે એ વસ્તુઓ વારંવાર વાપરી શકાય, ત્યારે તેને ઉપભોગ કહેવાય. દાગીના, વસ્ત્રો આદિ પદાર્થો ઉપભોગમાં ગણાય છે. આ ભોગાંતરાય કર્મના દૃષ્ટાંત રૂપે શ્રીપાલ રાસમાં આવતી મયણાની બહેન સુરસુંદરીનું દૃષ્ટાંત રજૂ કરે છે. રાજકુળમાં પરણેલી હોવા છતાં, અંતરાયકર્મના ઉદયે નટડી બની નાચવું પડ્યું. અહો કર્મની ગતિ! આથી જ કવિ સુંદર ધ્રુવપંક્તિ દ્વારા આ વાત સમજાવે છે;

બાજી બાજી બાજી ભૂલ્યો બાજી, ભોગ વિઘનઘન ગાજી.

કવિ શાસ્ત્રપ્રસિદ્ધ દૃષ્ટાંતની સાથે જ આ ઢાળમાં એક રસિક લોકકથા પણ ગૂંથે છે. નાના ગામમાં એક વેપારી રહેતો હતો. એની પાસે એક બાલિકા ખરીદી કરવા આવી. બાલિકા જાણી તેને કિંમતમાં છેતરી. આજે વધુ નફો થયો એથી પત્નીને ઘરે ઘેબર બનાવવાનો સંદેશો મોકલાવ્યો. પત્નીએ ઘેબર બનાવ્યા, પણ અચાનક જમાઈરાજ પધારવાથી એ ઘેબર તો જમાઈના ભોજનમાં વપરાઈ ગયા. પતિ ઘરે આવ્યો, ત્યારે તો સાદું જ ભોજન મળ્યું. આ કન્યા ગામના કોટવાલની દીકરી હતી, આથી કોટવાલે ભાવની તપાસ કરતાં, પોતાની દીકરી છેતરાયાની ખબર પડતાં વેપારીને જેલમાં નાખ્યો. આમ, સંસારી મનુષ્ય પોતાના સુખ-ભોગ માટે વધુ ધન કમાવવા ઈચ્છે છે. પરંતુ, પ્રાપ્ત થયેલું ધન તો કોઈ અન્ય ભોગવી લે છે, અને સંસારી જીવે તો તેની સજા જ ભોગવવી પડે છે. વીરવિજયજીએ આ રસિક કથાને ટૂંકાણમાં આલેખી છે.

નૈગમ એક નારી ધૂતી પણ, ઘેબર ભૂખ ન ભાગી;
જમી જમાઈ પાછો વળિયો, જ્ઞાનદશા તવ જાગી. (૪,૩)

ઉપભોગાંતરાયકર્મ નિવારણ માટેની પાંચમી પૂજામાં અંજના સતી, દમયંતી, સીતા આદિના દૃષ્ટાંતો વર્ણવ્યા છે. અંજના સતી બાવીસ વર્ષ સુધી પતિ વિયોગમાં ઝૂરી, સીતાએ છ માસ સુધી અશોકવનમાં પતિવિયોગમાં આક્રંદ કર્યું, એ જ રીતે દમયંતીને પણ વન-વન ભટકવાનું થયું. આવા ભયાનક કર્મને સમજી, આ કર્મ નિવારણના માર્ગરૂપ શ્રી જિનેશ્વરદેવની ઉત્કૃષ્ટ ભાવભક્તિથી ઉપાસના કરવાનું કહે છે. કવિ ઉપભોગાંતરાય કર્મ સંદર્ભે મમ્મટ શેઠનું દૃષ્ટાંત રસિક રીતે ટૂંકાણમાં આલેખે છે;

મુનિવરને મોદક પડિલાભી, પછી કરી ઘણી નિંદના રે;
શ્રેણિક દેખે પાઉસ નિશિયે, મમ્મણ શેઠ વિડંબના રે. (૫,૪)

પૂર્વભવમાં મમ્મણ શેઠના જીવે મુનિભગવંતને મોદક વહોરાવ્યા બાદ, પોતે કરેલા દાનની ઘણી નિંદા કરી. દાનને પરિણામે, બીજા ભવે ઘણો ધનિક બન્યો, પણ નિંદાને લીધે બંધાયેલા ઉપભોગાંતરાયકર્મને લીધે અતિકૃપણ બન્યો. એણે મહામૂલા રત્નોથી બળદની જોડ બનાવવાનું વિચાર્યું. આ રત્નો ભેગા કરવા દિવસ-રાત પરિશ્રણ કરવા લાગ્યો. કડકડતી ઠંડી પડતી હોય, એવી વરસાદી રાતે નદીમાંથી તણાઈને આવતા લાકડા લેવા નદીમાં પડ્યો. શ્રેણિકરાજા પોતાની પ્રજાને દુઃખી જાણી, દુઃખનિવારણ માટે ત્યાં પહોંચ્યા. પણ શેઠની અતિધનિક અવસ્થા અને બળદના શિંગડાના રત્નો માટેના આ પુરુષાર્થ સાંભળી, કર્મની વિચિત્ર ગતિના દર્શન કરી ચૂપ રહ્યા. આમ, જીવને ઘણું ધન હોવા છતાં પણ ભોગવી ન શકે, એ ઉપભોગાંતરાય કર્મનું પરિણામ છે.

એ જ રીતે, આત્મા અનંત શક્તિનો ભંડાર છે. પરંતુ વીર્યાંતરાય કર્મના ઉદયથી આત્માની શક્તિ રૂંધાયેલી છે. આ અંગે દૃષ્ટાંત આપતા કવિ કહે છે;

વીર્ય વિઘન ઘન પડલસેં, અવરાણું રવિ તેજ;
કાલ ગ્રીષ્મ સમ જ્ઞાનથી, દીપે આતમ સતેજ. (૬, દુહા-૧)

વીર્યાંતરાય કર્મરૂપ વાદળોના પડળથી આત્માનું તેજ અવરોધ પામે છે. ગ્રીષ્મઋતુ સમાન તેજસ્વી જ્ઞાનથી આત્માનું તેજ પ્રગટ થાય છે. કવિ આ પૂજામાં ચક્રવર્તીથી વિશેષ બળવાન બાહુબલિ તેમ જ રાવણથી વિશેષ બળવાન વાલીકુમારનું દૃષ્ટાંત રજૂ કરે છે. આ પૂજામાં ક્ષાયિકભાવે આત્મગુણોના અનુભવને કવિ ભાવપૂર્વક યાચે છે.

સાતમી પૂજામાં પંચ-અંતરાયકર્મના વિનાશે પ્રગટેલ શુદ્ધ સિદ્ધ-સ્વરૂપનું આલેખન કર્યું છે. કવિ પૂજાની ઢાળને પ્રારંભે જ મનોહારી ધ્રુવપંક્તિથી રસિકજનોના મનને આકર્ષે છે.

'અખિયનમેં અવિકારા, જિણંદા તેરી અખિયનમેં અવિકારા.'

કવિ આ અવિકારીદશાનું રહસ્ય દર્શાવતાં કહે છે;

'શાંતરુચિ પરમાણુ નિપાયા, તુજ મુદ્રા મનોહારા.'

આ પછી, કવિ સિદ્ધના ૩૧ ગુણોનું વર્ણન કરે છે. આઠમી ફળપૂજામાં પણ બારમા ગુણઠાણામાં સાધક કઈ રીતે અંતરાયકર્મનો ક્ષય કરે છે, તેની પ્રક્રિયા વર્ણવી છે. અંતે, પ્રભુ મહાવીરના સ્મરણ સાથે પૂજા પૂર્ણ કરી છે. કવિએ ગુરુપરંપરાનું સ્મરણ કર્યું છે, તેમજ રાજનગર (અમદાવાદ)માં સં. ૧૮૭૪માં આ પૂજા રચી છે. એમ કળશમાં જણાવ્યું છે.

કવિએ કર્મનું દાર્શનિક જ્ઞાન ખૂબ સુંદર રીતે પૂજાના માધ્યમથી રસિક રીતે આલેખ્યું છે. જે કઠિન તત્ત્વજ્ઞાન છે, તે પણ કવિએ કુશળતાથી કાવ્યના માધ્યમે શક્ય એટલું સરળ બનાવી પીરસ્યું છે. આ કર્મનું તત્ત્વજ્ઞાન આત્મા માટે કેટલું આવશ્યક છે, એ વાત પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પોતાની માર્મિક શૈલીમાં જણાવે છે;

'કર્મના સ્વરૂપનું જ્ઞાન થતાંની સાથે જ જીવ નમ્ર બની જાય છે.

એ નમ્રતા, જ્યાં સુધી જીવ કર્મથી સર્વથા મુક્ત ન થાય, ત્યાં સુધી ટકી રહે છે. મુક્તિ પર્યંત નમ્રતા પેદા કરનાર તત્વજ્ઞાન ન મળે, તો આત્મા કર્મનો ક્ષય કરનાર તાત્ત્વિક ધર્મને પામી શકતો નથી.'[૨].

આવા તાત્ત્વિક ધર્મને અપાવનાર કર્મના તત્ત્વજ્ઞાનને સરળ-રસાત્મક રીતે પૂજા અને ભક્તિના માધ્યમથી પીરસનાર કવિ વીરવિજયજીનો જૈનસંઘ પર અપાર ઉપકાર છે. ✷ ✷ ✷

આ લેખમાં ઉપયોગમાં લેવાયેલ સંદર્ભ :
૧. વિવિધ પૂજા સંગ્રહ (પૂજાના સર્વ અવતરણો માટે) ભાગ ૧ થી ૭, પ્રકાશક-જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ
૨. અજાત શત્રુની અમરવાણી : લે. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. સં. પૂર્ણચંદ્રવિજયજી મ. સા. પૃ. ૭૭. (પ્રકરણ-૨૮) પ્ર. જૈન ધાર્મિક તત્ત્વજ્ઞાન પાઠશાળા, અંધેરી, મુંબઈ.

✷ ✷ ✷

એ-૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝશાહ મહેતા રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૪. ફોન : (૦૨૨) ૨૬૧૦૦૨૩૫
મોબાઈલ : ૦૯૮૯૨૬૭૮૨૭૮.

# જિંદગીનું રહસ્ય

**આયુષ્ય કર્મબંધની વિશેષતા**-પરભવમાં જતાં પહેલાં જીવ છ બોલ સાથે આયુષ્ય નિદ્ધત (બાંધે) કરે છે. તે છ બોલ નીચે પ્રમાણે છે.

**(૧) ગતિ**-સુખદુ:ખના ઉપભોગને યોગ્ય જે અવસ્થાની પ્રાપ્તિ થાય તે ગતિ કહેવાય છે. એના ચાર પ્રકાર છે. (૧) નરકગતિ-શારીરિક-માનસિક ઉગ્ર દુ:ખવાળી અવસ્થા, (૨) તિર્યંચગતિ-શારીરિક માનસિક હીનાધિક દુ:ખવાળી અવસ્થા. (૩) મનુષ્યગતિ-શારીરિક માનસિક હીનાધિક સુખવાળી અવસ્થા (૪) દેવગતિ-શારીરિક માનસિક ઉગ્ર સુખવાળી અવસ્થા. આ ચાર ગતિમાંથી જીવ કઈ ગતિમાં ઉત્પન્ન થશે એ નક્કી થઈ જાય. ગતિ નામકર્મના ઉદયથી જીવ એક ભવમાંથી બીજા ભવમાં જાય છે.

**(૨) જાતિ**-અનેક જીવોમાં રહેલ સમાન પરિણામવાળો (એકસરખી ચેતના શક્તિવાળો) વર્ગ-(વિભાગ) એવા પાંચ પ્રકારના વિભાગ છે. (૧) એકેન્દ્રિય-એક જ ઈન્દ્રિય હોવાથી જેની ચેતનાશક્તિ સૌથી થોડી અને પ્રાય: પરસ્પર સરખી હોય છે એવા વર્ગવાળા જીવો (૨) બેઈન્દ્રિય-બેઈન્દ્રિયવાળા જીવો જેની પાસે એકેન્દ્રિયથી અધિક અને પ્રાય: પરસ્પર સરખી ચેતના હોય છે. (૩) તેઈન્દ્રિય-ત્રણ ઈન્દ્રિયવાળા જીવ (૪) ચૌરેન્દ્રિય-ચાર ઈન્દ્રિયવાળા જીવ (૫) પંચેન્દ્રિય-પાંચ ઈન્દ્રિયવાળા જીવ. ક્રમશ: ઈન્દ્રિય વધે એમ ચેતનાશક્તિ પણ વધે પણ પ્રાય: પરસ્પર સરખી હોય છે. પાંચ જાતિમાંથી જીવ કઈ જાતિમાં જશે એ નક્કી થઈ જાય.

**(૩) સ્થિતિ**-જે ગતિ જાતિ મળી એમાં કેટલો સમય જીવ રહેશે અર્થાત્ આયુષ્ય કેટલું હશે તે નક્કી થઈ જાય.

(૪) **અવગાહના**-કેટલા આકાશ પ્રદેશ રોકીને જીવ રહેશે અર્થાત્ શારીરિક ઉંચાઈ કેટલી મળશે એ નક્કી થઈ જાય.

**(૫) પ્રદેશ**-જીવને કર્મનો જથ્થો કેટલો મળશે એ નક્કી થઈ જાય. અનંત ભવની અનંત વર્ગણાઓ (કર્મસ્કંધો) જીવને સત્તામાં પડી હોય છે. તે બધી વર્ગણાઓ એક જ ભવમાં ઉદયમાં નથી આવતી. જેટલા કર્મની સ્થિતિ તે ભવમાં પાકતી હોય તેટલા જ કર્મની વર્ગણાઓનો કેટલો જથ્થો જીવને મળશે તે નક્કી થઈ જાય. આગામી ભવમાં જેટલા કર્મો ઉદયમાં આવવાના હોય એટલા કર્મ પ્રદેશનો જથ્થો જીવને મળે છે.

**(૬) અનુભાગ** એટલે રસ–આગામી ભવની જિંદગી કેવી જશે તેનું રહસ્ય આમાં છુપાયું છે. જિંદગીનો રસ દુ:ખમય, વેદનામય કે સુખમય હશે, વૈરાગ્યમય કે વાસનામય હશે વગેરે નક્કી થાય છે. તેના છ વિભાગ છે. સુખ, દુ:ખ, સંયોગ, વિયોગ, સંતતિ, સંપત્તિ. આ છનો નિર્ણય થાય છે.

આમ છ બોલ આગામી ભવના આયુષ્ય સાથે નક્કી થઈ જાય છે. **આમાંથી ગતિ અને જાતિ હોય એ જ પ્રમાણે ભોગવાય. બાકીના બોલમાં પુરૂષાર્થ પ્રમાણે ફેરફાર થઈ શકે.**

-ભગવતી સૂત્ર શતક-૬ ઉદ્દેશો-૮

આ છ બોલમાં સંપૂર્ણ જિંદગી આવી જાય છે. તેની પ્રાપ્તિ કે દુર્લભતા પૂર્વભવના જ શુભાશુભ કર્મ આશ્રિત છે. તો પછી આ ભવમાં આ બધું મેં કર્યું એ હુંકાર (અહંકાર) કેટલો બધો અજ્ઞાનજનક અને નિરર્થક છે. આ અહંભાવ જ જીવને સંસારની ચારે ગતિમાં ભમાવે છે.

આગામી ભવના આયુષ્યમાં ઋણાનુબંધ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એક જીવને બીજા જીવ સાથે રાગદ્વેષાત્મક સંબંધો હોય છે જેને ઋણાનુબંધ કે લેણદેણના સંબંધો કહેવામાં આવે છે. તે સંબંધો પૂરા ન થાય ત્યાં સુધી જીવ સંસારચક્રમાં ભમે છે. ઋણાનુબંધ કેમ ભોગવાય એનું એક દૃષ્ટાંત જોઈએ. દા. ત. આંબાના ઝાડના જીવોએ કોઈ સમયે અન્ય જીવો સાથે વેરના બંધ બાંધ્યા હોય તો તે જીવો તેની બાજુમાં જ બાવળના ઝાડ તરીકે અનાયાસે ઉગે અને બાવળના કાંટાની શૂળો પવનના કારણે આંબાના પાંદડામાં ભોંકાય અને એ રીતે પૂર્વભવોના વેરનો બદલો વળે.

આ પ્રમાણે સંસારની દરેક ગતિના જીવો ક્યાંય આકસ્મિક જન્મતા નથી પણ પૂર્વભવના લેણદેણના સંબંધો પૂરા કરવા એક ભવમાં મળે છે અને લેણદેણ ચૂકવાઈ જતા પોતપોતાના માર્ગે પડે છે.

સુખદુ:ખ, સંતતિ, સંપત્તિ, સંયોગ-વિયોગ, છૂટાછેડા, મૃત્યુ, વિદેશગમન વગેરે પરિસ્થિતિઓ ભોગવતા સમભાવ રાખી રાગદ્વેષ ઘટાડીએ તો નવી પરંપરા અટકે છે. માટે જિંદગીનું રહસ્ય જાણીને રાગ-દ્વેષ, આસક્તિભાવ ઘટાડવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**-સંપાદિકાઓ**

# જાતિસ્મરણ જ્ઞાન અને કર્મવાદ

☐ ડૉ. રશ્મિબેન ભેદા

*[ શ્રાવિકા ગૃહિણી ડૉ. રશ્મિ ભેદા જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસી છે. 'અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષની' એ વિષય પર શોધ પ્રબંધ લખી તેમણે મુંબઈ યુનુવર્સિટમાંથી પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ શોધ પ્રબંધ પુસ્તક આકારે પ્રગટ થયો છે અને ટૂંક સમયમાં તેની બે આવૃત્તિ પણ થઈ છે. ]*

*'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?*
*કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?*
*એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કરે,*
*તો જાતિસ્મૃતિજ્ઞાનથી તે પૂર્વભવને અનુભવે.'*

જાતિસ્મૃતિ જ્ઞાન એટલે જીવનો પૂર્વ પર્યાય કે પર્યાયોનું જ્ઞાન. પૂર્વભવ અથવા ભવોના પ્રસંગો આદિની સ્મૃતિ થવી તેને જાતિસ્મરણ જ્ઞાન કહે છે. જૈન દર્શનમાં જ્ઞાનના પાંચ ભેદ બતાવ્યા છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન. પ્રથમ ભેદ મતિજ્ઞાનાવરણીય કર્મમાં નિર્મળતા આવવાથી આ જ્ઞાન પ્રગટ થાય છે. નિર્મળતાનું ન્યુનાધિકપણું અહંતા, મમતા અને પશ્માં સુખબુદ્ધિના ત્યાગ પર અવલંબિત છે. મતિજ્ઞાનના મુખ્ય ચાર ભેદો છે. એમાં ધારણા નામના ભેદમાં આ જ્ઞાન સમાય છે. મતિજ્ઞાનના મુખ્ય ચાર ભેદો નીચે પ્રમાણે છે.

(૧) અવગ્રહ–ઇંદ્રિય સાથે વિષયનો સંબંધ થતાં 'કંઈક છે' એવો અવ્યક્ત બોધ થાય છે. આ અવ્યક્ત બોધને અવગ્રહ કહેવાય છે.

(૨) ઇહા–'કંઈક છે' એવો બોધ થયા બાદ 'તે શું છે' એવી જિજ્ઞાસા થાય છે. તેનો નિર્ણય કરવા માટે થતી વિચારણા તે ઇહા છે.

(૩) અપાય–વિચારણા થયા બાદ 'આ અમુક વસ્તુ છે' એવો જે નિર્ણય તે અપાય.

(૪) ધારણા–નિર્ણય થયા બાદ તેનો ઉપયોગ ટકી રહે તે ધારણા.

ધારણાના અવિચ્યુતિ, વાસના અને સ્મૃતિ એમ ત્રણ ભેદો છે.

અવિચ્યુતિ– નિર્ણય થયા બાદ તે વસ્તુનો ઉપયોગ ટકી રહે તે અવિચ્યુતિ ધારણા.

વાસના– અવિચ્યુતિ ધારણાથી આત્મામાં તે વિષયના સંસ્કાર પડે છે. આ સંસ્કાર એ જ વાસના ધારણા.

સ્મૃતિ– આત્મામાં પડેલા જ્ઞાનના સંસ્કારો નિમિત્ત મળતા જાગૃત બને છે. તેથી આપણે પૂર્વાનુભૂત વસ્તુને કે પ્રસંગને યાદ કરી શકીએ છીએ. એનું કારણ ધારણાનો બીજો ભેદ વાસના ધારણા છે. જેનાથી આત્મામાં એ વિષયના સંસ્કાર પડે છે. જેના સંસ્કાર આત્મામાં ન પડ્યા હોય તેનું કદી સ્મરણ થતું નથી. જાતિસ્મૃતિ કે જાતિસ્મરણ પણ આ સ્મૃતિ ધારણાનો જ ભેદ છે.

જીવના ભવોભવના ભ્રમણ દરમ્યાન તેણે જે જે સાંભળ્યું હોય, વાંચ્યું હોય, જાણ્યું હોય, અનુભવ્યું હોય તે સર્વ મતિજ્ઞાનમાં આવે છે. આ બધામાંથી જે વિષયોની ઊંડી છાપ, ઊંડા સંસ્કાર આત્મામાં પડ્યા હોય તે સર્વ સંસ્કાર મતિજ્ઞાનના 'ધારણા' ભેદમાં આવે છે. દરેક જીવ પોતાનું વર્તન પૂર્વના સંસ્કાર અને અન્ય જીવો સાથેના સંબંધના આધારિત કરે છે. કેટલીક વખત આ પૂર્વના સંસ્કાર એટલા ગાઢ બને છે તે સ્મૃતિ પટ પર અંકાઈ જાય છે, અથવા તો કોરાઈ જાય છે અને વર્તમાન પ્રસંગ કે વર્તનાની કડી ભૂતકાળના કોઈ ભવમાં મળી આવે છે. એની સ્મૃતિ થવી તે જાતિસ્મરણ જ્ઞાન છે. જેનાથી પાછલા ભવ જાણી શકાય છે. આ જ્ઞાન જ્યાં સુધી પાછલા ભવમાં અસંજ્ઞીપણું ન આવ્યું હોય ત્યાં સુધી આગળ ચાલી શકે છે. આ જ્ઞાન મનુષ્ય, દેવ, નારક અને સંજ્ઞી તિર્યંચ એમ ચાર ગતિના જીવોને થઈ શકે છે.

આ જાતિસ્મરણ જ્ઞાન કોઈ વિરલા જીવોને જ થઈ શકે છે. પૂર્વભવનું, પૂર્વભવના જ્ઞાનનું સ્મરણ દરેકને થતું નથી. પૂર્વભવમાં ગમે એટલું જ્ઞાન સંપાદન કર્યું હોય તે છતાં એ ભવ પૂરો થઈ બીજા ભવમાં તેની વિસ્મૃતિ થાય છે. પૂર્વભવની આ વિસ્મૃતિ થવાનું કારણ જ્ઞાન ઉપર કર્મનું ગાઢ આવરણ આવી જાય છે. જે નિમ્ન કારણોથી છે.

(૧) પૂર્વદેહ છોડતા જીવનો ઉપયોગ દેહ અને બાહ્ય પદાર્થોમાં આસક્ત રહે અને એ સ્થિતિમાં જ દેહ ત્યાગ કરે અને નવો દેહ પામી એમાં જ આસક્ત રહે.

(૨) ગર્ભાવાસનું વેદન આસક્તિપૂર્વક થવું.

(૩) દેહ તે હું એ ભાવનું નિરંતર સ્મરણ.

એટલે જેટલા અંશે દેહાસક્તિપણું તીવ્ર હોય તેટલું જ્ઞાન પરનું આવરણ ગાઢ હોય છે, એનાથી ઉલ્ટું જેટલા અંશે દેહાસક્તિ મંદ હોય તેટલું જ્ઞાનાવરણ ઓછું હોય છે.

એટલે પૂર્વભવની સ્મૃતિ નીચેના કારણો હોય તો આવી શકે છે– પૂર્વદેહ છોડતા એટલે મરણ સમયે જીવનો ઉપયોગ દેહમાં તીવ્રપણે ન હોય, દેહાસક્તિની પ્રબળતા મંદ થઈ હોય તેમ જ નવો દેહ ધારણ કરી ગર્ભાવાસમાં રહેતા તથા જન્મ થતા દેહાસક્તિ જે અંશે મંદ હોય ત્યારે એ પ્રમાણમાં જાતિસ્મૃતિ જ્ઞાન પ્રગટવાની શક્યતા હોય. આ જ્ઞાન જો સાત વર્ષની ઉંમરના પહેલા થયું હોય તો તેની

વિસ્મૃતિ થોડા જ કાળમાં થાય છે. જ્યારે સાત વર્ષ પછી આ જ્ઞાન થાય તો તે જ્ઞાન ટકી રહે તેમ જ આગળ વધી એ વ્યક્તિ કે જીવને આત્મજ્ઞાન પણ થઈ શકે છે.

આવી રીતે સમકિતી જીવોના ભાવો દેહત્યાગને અવસરે ધર્મમય અને પ્રભુમય હોય છે, દેહાત્મભાવ હોતો નથી. તેથી તેમનું જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ હળવું થાય છે. જેટલી જ્ઞાન અને સ્વભાવદશા ઊંચી તેટલી પૂર્વભવની સ્મૃતિ જલ્દી આવે છે. અર્થાત્ જ્ઞાની પુરુષોને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. જો કે ક્યારેક મિથ્યાત્વસહિત અજ્ઞાન દશા હોય તો પણ પૂર્વોક્ત કારણસર જાતિસ્મરણ જ્ઞાન થઈ શકે છે. આપણે શ્રીમદ્ રાજચંદ્રનું ઉદાહરણ જોઈએ. શ્રીમદ્ રાજચંદ્ર સાત વર્ષના હતા ત્યારે એક પરિચિતની બળતી ચિતા જોઈને તેમને વિચાર આવ્યો કે આમ શા માટે કરતા હશે ? શા માટે આ માણસને બાળતા હશે... વગેરે. ઊંડી વિચારણામાં ઉતરી ગયા. એ વખતે જ્ઞાન પરનું આવરણ તૂટી જતા તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વજન્મની ખાતરી આપતું એક પદ્ય તેમણે વિ.સં. ૧૯૪૫માં લખ્યું છે-

*'લઘુ વયથી અદ્ભુત થયા, તત્ત્વજ્ઞાનનો બોધ;*
*એ જ સૂચવે એમ કે ગતિ આગતિ કાં શોધ?*
*જે સંસ્કાર થવો ઘટે અતિ અભ્યાસે કાંય,*
*વિના પરિશ્રમે તે થયો, ભવશંકા શી ત્યાં ?'*

### જાતિસ્મરણ જ્ઞાનના પ્રકારો

આ જ્ઞાનના સામાન્ય અને મુખ્ય એમ બે પ્રકારો છે.

સામાન્ય જાતિસ્મરણજ્ઞાનમાં આવેલ સ્મૃતિની અસર ઉપર ઉપરની, આછી અને તરત ચાલી જાય તેવી હોય છે. એનું કારણ ઘણી વખત જાતિસ્મરણ થાય ત્યારે તેના પર ધ્યાન દેવામાં આવતું નથી. તેના પ્રત્યે દુર્લક્ષ અપાય છે. આથી તે જ્ઞાનનો વિકાસ થતો અટકે છે. આપણે એના દૃષ્ટાંત જોઈએ તો કોઈ વખત કોઈ વ્યક્તિ તદ્દન નવા સ્થળે ફરવા ગઈ હોય, એ સ્થળની સુંદરતા માણતી હોય અને અચાનક એ સ્થળની જગ્યા, કોઈ રસ્તો પરિચિત ભાસે છે, ત્યાં પહેલા ગયા હોઈએ, આ દૃશ્ય પહેલા પણ જોયું છે એવું ભાસે છે, એવો સ્મૃતિમાં ઝબકારો થાય છે. ત્યારે 'ક્યાં' અને 'કેવી રીતે' જોયું છે એ જિજ્ઞાસાથી ઉહાપોહ થવાનો સંભવ હોય છે. ત્યારે જો જ્ઞાનાવરણીય કર્મ મંદ થયું હોય તો પૂર્વની સ્મૃતિ, પૂર્વનું દૃશ્ય સામે આવે છે પણ જો એ વખતે એવી વિશેષ વિચારણા ન કરતા તે સ્મૃતિની ઉપેક્ષા પણ કરાય છે. એવી જ રીતે કોઈ વખત રસ્તામાં જતા તદ્દન અજાણી વ્યક્તિ મળે છે ત્યારે તેનો ચહેરો પરિચિત લાગે છે, એને ક્યાંય પણ જોયો હોય તેવી ઝાંખી થાય છે, તે પૂર્વ પરિસ્થિતિની ઝાંખી પણ જાતિસ્મૃતિનો એક પ્રકાર છે. પરંતુ એ વખતે તેમને ક્યાંક જોયા હશે પણ યાદ રહેતું નથી અથવા સમાન મુખાકૃતિવાળા પણ ઘણા હોય છે, એમ વિચારી એ પ્રસંગની ઉપેક્ષા કરે છે અને તે પ્રસંગને વિસ્મૃત કરે છે. આ પૂર્વભવના પ્રસંગની ક્ષણિક સ્મૃતિ છે. જાતિસ્મરણ જ્ઞાનનો સામાન્ય પ્રકાર છે. આવી રીતે સામાન્ય જાતિસ્મરણ જ્ઞાન એટલે પૂર્વે જોયેલ સ્થળ અથવા દૃશ્ય, પૂર્વે સાંભળેલ વાત અથવા પ્રસંગકથા આદિ બીજા ભવમાં પુનઃ અનુભવમાં આવવા. એના પ્રત્યે દુર્લક્ષ ન કરતા તે પ્રત્યે ઉપયોગ દેવામાં આવે, અનુભવી, જ્ઞાની પુરુષ પાસેથી માર્ગદર્શન મેળવી યોગ્ય દિશામાં પ્રયત્ન થાય તો તે જ્ઞાન વિકસિત કરી શકાય અને સત્ય જીવન તરફ પ્રયાણ કરી શકાય. જાતિસ્મરણ જ્ઞાનનો બીજો પ્રકાર છે મુખ્ય જાતિસ્મરણ જ્ઞાન.

આ પ્રકારના બે વિભાગ થઈ શકે છે-

(૧) આત્મજ્ઞાન પહેલાનું જાતિસ્મૃતિ જ્ઞાન

(૨) આત્મજ્ઞાન પછીનું જાતિસ્મૃતિ જ્ઞાન.

આત્મજ્ઞાન પહેલાનું જાતિસ્મરણજ્ઞાન સાત વર્ષની ઉંમર પહેલં થયું હોય, તે વય સુધીમાં પૂર્વ ભવની સ્મૃતિમાં પોતાનું જન્મસ્થળ, નામ, પોતાના કુટુંબીજનો વગેરેનું જ્ઞાન થાય છે, પણ તે ભૂલી જવાય છે. સાત વર્ષ પછી પ્રાપ્ત થયેલ જાતિસ્મરણજ્ઞાન આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે અત્યંત ઉપકારી થાય છે. કારણ પ્રથમ જણાવ્યું તેમ આ જ્ઞાન જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ મંદ થવાથી થાય છે. એટલે આ જ્ઞાનના પ્રભાવથી પૂર્વે પોતે હતો, વર્તમાનમાં છે એમ જણાવાથી આત્માના અસ્તિત્વ અને નિત્યત્વની પ્રતીતિ થાય છે. વિશેષ વિચારથી પોતાને થતા શુભ, અશુભ ભાવો તેમ જ સુખ દુઃખનું વેદન જોતા પોતે જ કર્મોનો કર્તા ભોક્તા છે એમ શ્રદ્ધા થાય છે. આ જ ચિંતન આગળ વધતા આ શુભાશુભ ભાવોનો ક્ષય થઈ શકે છે એટલે મોક્ષ છે એવો શ્રદ્ધાભાવ આવે છે. એ માટે તપ, સંયમ, ધ્યાન દ્વારા સિદ્ધ પદ અર્થાત્ મોક્ષ મળી શકે છે. આ રીતે આત્માના છ પદ પર શ્રદ્ધા દઢ થતાં આત્મજ્ઞાન અને આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેનો માર્ગ સ્પષ્ટ થાય છે અને પુરુષાર્થ કરતા સહજ રીતે એ માર્ગ પર આગળ વધી શકે છે.

### જાતિસ્મરણ જ્ઞાન થવાના નિમિત્તો

સામાન્ય જાતિસ્મરણ જ્ઞાન તો સામાન્ય નિમિત્તો જેવા કે પૂર્વે જોયેલ સ્થળ અથવા દૃશ્ય, અથવા કોઈ વ્યક્તિ વગેરે જોવાથી થઈ શકે છે. (પૂર્વ ભવ યાદ આવી શકે છે.) જ્યારે મુખ્ય જાતિસ્મૃતિ જ્ઞાન ઉદ્ભવવાના નિમિત્ત કારણો છે – ઉત્કૃષ્ટ સંવેગ, જ્ઞાનયોગ અને સત્સંગ.

(અ) સંવેગ–એટલે આત્માના શુદ્ધ સ્વરૂપની અર્થાત્ મોક્ષપ્રાપ્તિની પ્રબળ ઈચ્છા. સંવેગ, નિર્વેદ આવવાથી પ્રાપ્ત થાય છે. નિર્વેદ એટલે આ સંસાર અને સંસારના વિષયોમાંથી મનનું ઉઠી જવું. જ્ઞાનીના વચનોથી આ સંસારનું અનિત્યપણું અને અશરણપણું

સમજાય છે અને સાથે જ અનંતકાળથી આ સંસારચક્રમાં રખડતા આત્માને એનું સહજાત્મસ્વરૂપ પ્રગટ કરવાની જીજ્ઞાસા, તાલાવેલી જાગે છે. એ જ ભાવમાં એ ચિંતન કરતાં કરતાં હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરૂં? એ વિચારણા સતત ચાલે છે અને એક સુભગ પળે જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થાય છે.

(બ) જ્ઞાનયોગ – જ્ઞાન એટલે આત્મજ્ઞાન અને યોગ એટલે જોડાવું.

જ્ઞાનયોગ એટલે પોતાનું જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમાં જ રમણતા કરવી, તેની સાથે એકરૂપ થવું. જ્ઞાનયોગની પ્રાપ્તિ માટેનો જે પુરુષાર્થ છે તે પણ જ્ઞાનયોગમાં જ સમાય છે. જ્ઞાનયોગમાં ધ્યેય શુદ્ધાત્માની પ્રાપ્તિનું છે અને અવલંબન પણ શુદ્ધાત્માનું જ છે. એ માટેની સાધના કરતા જ્યાં ચિત્ત શાંત થાય છે ત્યારે ક્યારેક પૂર્વ ભવ અથવા ભવોનું સ્મરણ થાય છે.

(ક) સત્સંગ – જાતિસ્મરણ જ્ઞાનપ્રાપ્તિનું ત્રીજું નિમિત્ત કારણ છે સત્સંગ. સત્સંગનું મહાત્મ્ય અપાર છે. સત્પુરુષ કે જ્ઞાનપુરુષના પવિત્ર સત્સંગનો અપૂર્વ યોગ પ્રાપ્ત થવો એ દુર્લભ છે તો પણ કોઈ મહાન પરમાર્થ પુણ્યના ઉદયે તેવો યોગ થાય ત્યારે પૂર્વભવની સ્મૃતિ થવી સુલભ બને છે. જ્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ હળવા થયા હોય અને એવી પળે જ્ઞાની પુરુષના સત્સંગથી ચિત્ત શાંત થાય છે, રાગદ્વેષની પરિણતિરૂપ સાંકળ તૂટે છે, ચિત્ત એકાગ્ર અને સ્થિર થતાં પૂર્વભવનું જ્ઞાન પ્રગટ થાય છે.

આવી રીતે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મ, જે બાંધવાનું મૂળ કારણ છે જીવની આસક્તિ તેમ જ પરપદાર્થમાં મોહ અને સુખબુદ્ધિ. આ દોષો જેમ જેમ ઘટતા જાય, ઓછા થતા જાય તેમ જીવની વૃત્તિ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ તરફ વળે છે. જ્ઞાનનો ઉઘાડ થતો જાય છે. દોષોની ન્યૂનતા અને ક્ષીણતા થવા માટેના નિમિત્ત કારણો છે સત્શ્રુત, સદ્‌વિચાર, સ્વાધ્યાય, સત્સંગ અને જ્ઞાની પુરુષનો સમાગમ યોગ. આ છેલ્લું કારણ સૌથી પ્રધાન નિમિત્ત કારણ છે. સદાચારનું હૃદયથી સેવન અને પૂર્વભવ જાણવાની વારંવારની પરમ જીજ્ઞાસા હોય ત્યારે જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થાય છે.

**જાતિસ્મરણ જ્ઞાન ચારે ગતિમાં થાય છે**

આ જ્ઞાન દેવ, નારકી મનુષ્ય અને તિર્યંચગતિના સંજ્ઞી જીવોને થઈ શકે છે. પણ બીજી ગતિની અપેક્ષાએ આ જ્ઞાન મનુષ્ય ગતિમાં વિશેષપણે અને સુલભતાથી થઈ શકે છે. કારણ મનુષ્યને આ જ્ઞાન પોતા થકી કે પરના નિમિત્તથી થઈ શકે છે, જ્યારે સંજ્ઞી તિર્યંચ જીવોમાં આ જ્ઞાન અધિકાંશપણે પરના બોધ અને આલંબનથી થાય છે. ક્યારેય કોઈ જ્ઞાની સત્પુરુષ પોતાના અદ્‌ભુત વચનોથી કોઈ સંજ્ઞી તિર્યંચને બોધ આપી તેના પૂર્વભવની સ્મૃતિ કરાવે છે અને એના આત્મકલ્યાણમાં સહાયભૂત થાય છે. જૈન ઈતિહાસમાં આપણને દૃષ્ટાંતો મળી આવે છે. મનુષ્યને પરના નિમિત્તથી જ્ઞાન પ્રાપ્ત થવા માટે મહાવીરસ્વામી અને મેઘકુમારનું દૃષ્ટાંત છે જ્યાં મહાવીરસ્વામીએ મેઘકુમારને એનો હાથીનો પૂર્વભવ યાદ કરાવી એને સંયમમાં સ્થિર કર્યો. જ્યારે સંજ્ઞી તિર્યંચના દૃષ્ટાંત માટે મહાવીર પ્રભુ અને ચંડકૌશિક સર્પનું ઉદાહરણ લઈ શકાય. દેવગતિના સર્વ જીવોને જન્મથી જ સહજ અવધિજ્ઞાન હોય છે એટલે એ જીવો પોતાના પૂર્વભવ જાણી શકે છે. એવી જ રીતે નારકીના જીવોને પણ અવધિજ્ઞાન દ્વારા પૂર્વભવનું જ્ઞાન થાય છે. પરંતુ આ જ્ઞાન તેમને પરમાર્થ માટે, આત્મકલ્યાણ માટે ઉપયોગી થતું નથી. કારણ એમને એ જ્ઞાન સહજ છે, એના માટે તેમને ઊંડા ચિંતનમાં નથી જવું પડતું કે કોઈ જીજ્ઞાસા કે ઉહાપોહ થતો નથી જે મનુષ્યને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થતાં પૂર્વે હોય છે. અધિકાંશપણે દેવગતિ અને નારકીના જીવોમાં વૈરાગ્યની ઝલક હોતી નથી તેથી અવધિજ્ઞાનથી પૂર્વભવ જાણવા છતાં તે પ્રસંગોથી આત્મા પર કોઈ વૈરાગ્યભાવની અસર થતી નથી.

પૂર્વે કહ્યું તેમ જાતિસ્મૃતિજ્ઞાન એ મતિજ્ઞાનની નિર્મળતા થવાથી પ્રગટ થાય છે. પૂર્વભવો જાણવાની એની પણ મર્યાદા હોય છે. પૂર્વભવોમાં જ્યાં સુધી સંજ્ઞીપણું હોય ત્યાં સુધી જ તે ભવો દેખાય છે. અસંજ્ઞીનો ભવ આવવાથી જાતિસ્મરણ જ્ઞાન થતું નથી.

આવી રીતે જ્ઞાનાવરણીય કર્મની મંદતાથી પ્રગટ થતા જાતિસ્મરણ જ્ઞાનથી વ્યક્તિના વિચારમાં, આચારમાં કલ્યાણકારી પરિવર્તન આવી શકે છે. એને પરમાર્થ માર્ગે ગતિ કરવામાં આ જ્ઞાન ઉપયોગી થાય છે.

✶ ✶ ✶

૬૦૨, રીવર હેવન, ગુલમોહર ક્રોસ રોડ નં. ૫, વિલેપારલે (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૪૯.
મો.: ૯૮૬૭૧૮૬૪૪૦

## કર્મવાદ શું છે?

*પરમ પૂજ્ય શાસનસમ્રાટ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય નેમિ સૂરીશ્વરજી મહારાજ સાહેબે એક વાક્યમાં કર્મવાદની સમજણ આપી છે.*

*'જો તમે કોઈને ગાળ આપો અને તે વ્યક્તિ તમને તમાચો મારે એ પ્રતિસાદ છે, તમારા કર્મનું ફળ નથી. પરંતુ કોઈ કારણ વિના તમને કોઈ દુઃખી કરે કે તમારા પર મહેરબાની કરે તો સમજી લેવું કે આ તમારા આગલા ભવના કર્મનું પરિણામ છે. આ શાંત ભાવે સહન કરી લો.'*

## જૈનદર્શન કર્મવાદ સંદર્ભે

# કર્મફળનું વિશ્વવ્યાપી સ્વયંસંચાલિત અદ્ભુત ન્યાયતંત્ર

☐ ગુણવંત બરવાળિયા

*[ લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકૅઉન્ટન્ટ છે. ચાલીસ પુસ્તકોના લેખક, સંપાદક છે, વિશ્વવાત્સલ્ય તેમજ અન્ય સામયિકોના ભૂતપૂર્વ તંત્રી છે, પ્રખર વ્યાખ્યાતા છે ને પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંયોજક છે. હાલમાં તેઓએ જૈન વિશ્વકોશનું વિરાટ કાર્ય હાથ ધર્યું છે.]*

જૈનદર્શનનો કર્મવાદ અદ્ભુત અને વિશિષ્ટ છે. કર્મનું ગણિત ચોક્કસ અને પારદર્શક છે.

કર્મસત્તાનું એક સુપર કૉમ્પ્યુટર છે જે જીવાત્માના સારા કે નરસા કર્મોનો હિસાબ રાખે છે અને આ અદૃશ્ય કૉમ્પ્યુટર સ્વયંસંચાલિત છે, જેને જૈનદર્શનનું કર્મવિજ્ઞાન કહે છે. આ કૉમ્પ્યુટર કર્મના હિસાબમાં કદી ભૂલ કરતું નથી.

વ્યક્તિને સારાં કે નરસાં કર્મનું ફળ અચૂક મળે જ છે. વ્યક્તિ દુષ્ટ કર્મ કરે તે ક્ષણે જ અચૂક તેની સજા નક્કી થઈ જાય છે. નિર્જરા થઈ શકે તેવું કર્મ હોય તો તેની સજામાં બાહ્યાભ્યાંતર તપના પુરુષાર્થ દ્વારા સજામાં ફેરફાઈ થઈ શકે છે એ પણ એટલું જ નિશ્ચિત છે. અને જો કર્મ નિકાચિત હોય તો નક્કી થયેલી સજા અવશ્ય ભોગવવી જ પડે છે. જૈન દંડનીતિ એ કર્મસિદ્ધાંતનું જ સંતાન છે. જૈનદર્શનની દંડનીતિનો અર્થ છે કર્મપ્રતિના યુદ્ધમાં વ્યૂહરચના.

સત્યુગમાં કર્મયુગના શૈશવકાળની વાત છે. યુગલિક યુગના અસ્તાચળના સમયે યુગલમનુષ્યો સુખરૂપ જીવન પસાર કરતાં હતાં. માનવજીવનમાં અપરાધભાવનો ઉદય થયો ન હતો. ઈર્ષા, નિંદા, ચોરી, હિંસા, લડાઈ, ઝઘડા ન હતા.

કાળચક્ર વીતતા કલ્પવૃક્ષની શક્તિ ક્ષીણ થવા લાગી. પરિવર્તન, કુદરતનો નિયમ છે. સંક્રાંતિકાળ પછી કુલકર વ્યવસ્થાનો વિકાસ થયો. કુળના રૂપમાં સંગઠિત સમૂહના નેતાને કુલકર કહેતા. આ અવસ્થામાં ત્રણ પ્રકારની દંડનીતિ પ્રચલિત હતી.

કુલકર વિમલવાહનના સમયમાં 'હકાર' નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયે માનવ ઊંચ નીતિમત્તાવાળો અને લજ્જાળુ હતો. તેં આમ કર્યું? બસ આટલું કહેવું તે જ ઉચ્ચ પ્રકારનો દંડ હતો. આટલું સાંભળવું પડે તે પરિસ્થિતિ જ માનવ માટે અસહ્ય હતી. માનવી આવા ઋજુ હૃદયનો હતો.

યશસ્વી અને અભિચંદ્રકુલકરના સમયમાં નાના અપરાધ માટે હાકાર અને મોટા અપરાધ માટે માકાર એટલે આવું ન કરો એટલું કહેવું તે જ દંડ હતો.

પ્રસેનજિત, મરુદેવ અને નાભિ કુલકરના સમયમાં ધિક્કાર નીતિ ચાલી. નાના અપરાધ માટે હાકાર, મધ્યમ અપરાધ માટે માકાર અને મોટા અપરાધ માટે ધિક્કાર નીતિનો પ્રયોગ થતો હતો. એ સમયનો માનવી, સમાજ અને રાજ્યના નિયમોમાં રહેનારો, મર્યાદાપ્રિય અને ઋજુ હતો. બે શબ્દો દ્વારા તેમણે કરેલા અયોગ્ય કાર્યનું દુઃખ પ્રદર્શન કે ધિક્કાર તેને માટે મૃત્યુદંડ સમાન હતું.

જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ જ્યારે રાજ્ય સંભાળતા હતા ત્યારે સમાજજીવન, રાજ્યવ્યવસ્થા અને સુરક્ષાવ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તનો કર્યાં. એ સમયમાં અપરાધીને ઠપકો આપવો, નજરકેદ કરવો એટલે નકકી કરેલા ક્ષેત્રની બહાર જવા પર પ્રતિબંધ અને બંધન તથા દંડો ઉગામવા સુધીની દંડનીતિનો વિસ્તાર થયો હતો. આ નીતિ ડૉક્ટર દ્વારા પ્રસ્તાવેલી ઔષધિ જેવી છે.

શ્રી સોમદેવસૂરિજીના મતે–**દંડ આપવાનો હેતુ અપરાધીનું વિશુદ્ધિકરણ એટલે કે દોષમુક્તિ હોઈને તે પર્યાપ્ત માત્રામાં જેમ ઔષધિ લેવામાં આવે તેમજ આપવો જોઈએ,** તેથી લાગે છે કે પૂર્વે દોષમુક્તિ માટેના અધિકારનું સામર્થ્ય એ માત્ર દંડ માટેનું પ્રયોજન ન હતું. ભગવાન ઋષભદેવે સામ-દામ-દંડ-ભેદ આ ચાર પ્રકારે રાજનીતિની સ્થાપના કરી જે જગતના ચાર માર્ગોનું મિલનસ્થાન કે સંગમસ્થાન હતું.

જૈનદર્શનના કર્મવાદ અને તેના ફળને સચોટ રીતે, જૈન આગમ ગ્રંથો વિપાક સૂત્ર, દુઃખવિપાક અને સુખ વિપાક રજૂ કરે છે. ઉંબટદત, સોટીરયદત, અંજુશ્રી, મૃગાપુત્ર, દેવદતા, સુબાહુકુમાર, જિનદાસ વિગેરે કથાઓનો અભ્યાસ કરવો જોઈએ.

સમાજજીવન સુચારુ રીતે ચાલે અને રાજ્યકારભાર વ્યવસ્થિત ચાલે, ગુનાઓનું સામ્રાજ્ય ન છવાઈ જાય માટે માનવીઓએ કાયદા ઘડ્યા. દરેક વ્યક્તિને ન્યાય મળે અને ગુનેગારોને સજા મળે તેથી ન્યાયાધીશ અને ન્યાયાલય દ્વારા ન્યાયતંત્રની રચના કરી.

કાયદાની કલમ દ્વારા અપરાધીને ગુનેગાર ઠરાવી સજા કરાવી શકાય. આ સજા થવાના અને સમાજમાંથી પ્રતિષ્ઠા જવાના ડરે કેટલીક વ્યક્તિઓ ગુના આચરતી અટકી જાય છે. એવા ઉમદા હેતુથી ન્યાયતંત્રની પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

> ***જૈન દંડનીતિ એ કર્મસિદ્ધાંતનું જ સંતાન છે. જૈનદર્શનની દંડનીતિનો અર્થ છે કર્મ પ્રતિના યુદ્ધમાં વ્યૂહરચના.***

પ્રાચીન ભારતમાં ન્યાયતંત્ર

પર લોકોને પૂર્ણ વિશ્વાસ હતો. કાઝી, રાજ્યો કે રાજાઓને નીમેલા ન્યાયાધીશો ઝડપી અને યોગ્ય ન્યાય પ્રજાને આપતા. કેટલાક ન્યાયપ્રિય રાજાઓએ ગુનેગાર જણાતા પોતાના પુત્ર કે પરિવારજનોને પણ આકરી સજાઓ કરી અને પ્રજાને ન્યાય આપ્યો છે તેવા અસંખ્ય પ્રસંગો ભારતના ઇતિહાસમાંથી આપણને મળશે.

સાંપ્રત સમાજજીવન સંકુલ અને વિષમ બની ગયું છે. અપરાધ અને આતંકની દુનિયાનો બેહુદો વિસ્તાર થયો છે. ગુનાખોરીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

સાંપ્રત સમાજજીવન સંકુલ અને વિષમ બની ગયું છે. અપરાધ અને આતંકની દુનિયાનો બેહુદો વિસ્તાર થયો છે. ગુનાખોરીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

કાયદા એટલા બધા વધી ગયા છે કે દરેક પ્રવૃત્તિ અને સમગ્ર જીવનનું જાણે કાયદા દ્વારા નિયમન કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

નીચલી અદાલતથી માંડીને સર્વોચ્ચ અદાલત અને આંતરરાષ્ટ્રીય ન્યાયાલયો સુધી વિશ્વમાં ન્યાયતંત્રનો વિસ્તાર થયો છે. કોર્ટ, વકીલ અને કાયદાની કલમોના જંગલમાં અથડાતા-કૂટાતા માનવી માટે ન્યાય મેળવવો ખર્ચાળ અને વિલંબિત બની ગયો છે.

જૈનદર્શનના કર્મવિજ્ઞાનના સંદર્ભે દંડનીતિ સમજવી માનવજીવન માટે કલ્યાણકારક છે. દાર્શનિક કર્મવિજ્ઞાનના મતે, જેમ સમાજ અને રાજ્યના સ્તરે કાઝી, મુખી, ન્યાયનું પંચ, લોકઅદાલત કે સરકારનું ન્યાયતંત્ર લોકોને ન્યાય આપવા કાર્યરત છે તેમ એક વિશ્વવ્યાપી અદ્ભુત સ્વયંસંચાલિત કર્મની કોર્ટ છે. આપણી તમામ કોર્ટમાં હજી કૉમ્પ્યુટર આવ્યાં નથી, પરંતુ કર્મની કોર્ટ ક્ષતિરહિત સુપર કૉમ્પ્યુટરથી સ્વયં સંચાલિત, વાયરસ કે સદી પરિવર્તનના ભય વિના અનાદિથી ચાલી રહી છે અને અનંત ચાલશે.

સંસારની કોર્ટમાં તો જે ગુનેગાર પ્રત્યક્ષ દેખાતો હોય, ગુનો દેખનાર સાક્ષી મળે, પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવા ઉપલબ્ધ હોય તો જ ગુનેગારને સજા થઈ શકે છે.

સાંયોગિક પુરાવાને કારણે નિર્દોષને દંડાઈ જવાનો પણ ભય રહે છે. ખોટા સાક્ષી, કપટ કે ષડયંત્રના ભોગે નિર્દોષને પણ દોષી ઠેરવી શકાય છે.

એક શ્રીમંત યુવાન ખૂનના કેસમાં સપડાઈ ગયો. એણે ઊંચી ફી આપીને બાહોશ વકીલ રાખ્યો. કેસ ચાલ્યો. સામા પક્ષના ધારાશાસ્ત્રીએ બધી દલીલ કરી. ન્યાયાધીશે પેલા વકીલને કહ્યું કે હવે તમે દલીલ કરો, પણ આશ્ચર્ય! એણે દલીલ જ ન કરી. છેવટે ન્યાયાધીશે ચુકાદો આપ્યો કે 'હેન્ગ હીમ'. પેલા વકીલે મલકાઈને પોતાના અસીલના કાનમાં કહી દીધું કે ચિંતા ન કરીશ. તને બચાવી લઈશ. ફાંસીનો માંચડો તૈયાર થયો. યુવાનના ગળામાં દોરડું ભરાવાયું અને સહેજ જ પાટિયું ખસ્યું કે તરત જ દોરડું ખેંચનારને અટકાવી દઈને વકીલ બોલ્યો: સજામાં માત્ર 'હેન્ગ હીમ' આ જ આદેશ છે. મારો અસીલ એ સજા અત્યારે પૂરી કરી ચૂક્યો ગણાય, માટે એને છોડી મૂકો. કાયદા મુજબ એક જ સજાનો અમલ બીજી વાર ન કરી શકાય! ત્યાર પછી ન્યાયતંત્રના કાયદાઓમાં સુધારો કરવો પડ્યો કે, 'હેન્ગ હીમ ટીલ ડેથ' એટલે કે મૃત્યુ પામે ત્યાં સુધી લટાકવી રાખો. આમ બુદ્ધિના આટાપાટાથી દોષી પણ છૂટી ગયાના દાખલા છે.

કાયદાની આંટીઘૂંટી, લાંચરુશ્વત કે બુદ્ધિના વ્યભિચારથી ગુનેગારો પણ આબાદ બચી જતા હોય છે. પરંતુ એકાંતમાં, ગુપ્ત રીતે ગુનો કરનારને કર્મની કોર્ટ તો સજા આપી દે છે. જાણે કર્મની કોર્ટને કરોડો આંખો ન હોય!

અહીં બાહોશ વકીલ, પૈસાનું જોર કે લાગવગ કામ કરતાં નથી, અહીં શંકાને જોરે શંકાને છૂટી જવાતું નથી. કર્મના કાનૂનથી ચાલતા ન્યાયતંત્રનો વહીવટ સ્વચ્છ, સ્પષ્ટ, પારદર્શક અને સમયાનુચિત છે.

કર્મની કોર્ટમાં સજા માટે એક ક્ષણનો પણ વિલંબ નથી. જેવો ગુનો આચર્યો તેવી તે જ ક્ષણે સજા એ કર્મનો કાનૂન છે. કર્મ કરનારનો સાક્ષી તો તેનો પોતાનો આત્મા સદાકાળ તેની સાથે જ છે. અહીં ગુનો પુરવાર કરવા માટે કોઈ સાક્ષી કે પુરાવાની જરૂર નથી. બીજા શબ્દોમાં કહીએ તો કર્મબંધ એજ સજા છે. માનવી મન, વચન કે કાયા વડે કોઈ પણ ગુનો કરે તો તેને તે પ્રમાણે કર્મબંધ થાય છે. કર્મના કર્તાએ કર્મ ભોગવવું જ પડે છે.

સંસારના ન્યાયાલયોમાં અપરાધીને સજા ગુનો થયા પછી ચોક્કસ કાનૂની પ્રક્રિયા બાદ ગુનો સાબિત થાય ત્યારે થાય છે. આરોપી ન્યાયાલયમાં અરજી કરે તો સજા મોકૂફ રહે અને ઉચ્ચ ન્યાયાલય એ સજાને માન્ય રાખ ત્યારે સજાનો અમલ થાય છે.

પરંતુ કર્મની કોર્ટમાં ગુનો સાબિત કરવાનો પ્રશ્ન જ નથી. મનથી હત્યાનો ક્રૂર વિચાર કર્યો કે, 'હું તને મારી નાંખીશ, છોડીશ નહીં' એવાં ક્રૂર રીતે ક્રોધપૂર્ણ વચનો કહ્યાં હોય. આત્માની પરિણામ ધારા ને ભાવ પ્રમાણે કર્મના કાનૂનમાં એને ગુનો ગણી લેવામાં આવે છે અને તે પ્રમાણે કર્મબંધ થાય છે. આ કર્મબંધ તે જ સજા છે. હા, સત્તામાં પડેલા કર્મો ઉદયમાં ન આવે તે કાળને દાર્શનિક પરિભાષામાં અબાધાકાલ કહેવાય છે.

સજા ભોગવવાનો કર્મોદય તત્કાળ પણ હોઈ શકે. આ જન્મમાં હોય કે જન્માન્તરે પણ હોય શકે છે. સંસારના ન્યાયતંત્રમાં વીશ વર્ષની સજા પામેલી વ્યક્તિ એક-બે વર્ષમાં જ મૃત્યુ પામે તો બાકીની સજા તેને ભોગવવાની રહેતી નથી. કર્મના કાનૂનમાં આ સજા, પછીના ભવે પણ ભોગવવી પડે છે.

સેંકડો માણસની હત્યા કરનાર વ્યક્તિને સંસારની કોર્ટ એક જ

મૃત્યુદંડ દઈ શકે તે તેની મર્યાદા છે. જ્યારે કર્મનો કાયદો તે જીવને નારકીની દુઃખકારક યોનિમાં હજારો વાર મૃત્યુની વેદના આપી શકે અને હજારો વર્ષ સુધીનું ત્યાંનું આયુષ્ય આપી શકે છે. સારી વર્તણૂકને કારણે રાજ્યના ન્યાયતંત્ર દ્વારા સજા હળવી બની શકે છે.

કર્મસત્તાના ન્યાયતંત્રની કરામતને એક પ્રસંગ દ્વારા સમજીએ. જિલ્લા કોર્ટના એક ન્યાયાધીશ તે જિલ્લાથી ૨૫-૩૦ કિલોમીટરને અંતરે આવેલા પોતાના મૂળ ગામમાં વેકેશન ગાળવા આવ્યા. પોતાના વતનના આ નાનકડા ગામમાં રોજ સવારે તે નદીકિનારે ફરવા જાય. નદીતટના વૃક્ષોના ઝૂંડ પાછળ શૌચક્રિયાનું કામ પણ પતાવી લે.

એક દિવસ એણે શૌચક્રિયા દરમિયાન જોયું કે એક માણસે ખંજરથી બીજા માણસની હત્યા કરી. હત્યારો ભાગી છૂટ્યો. જજસાહેબે ખૂનીને આંખોઆંખ બરાબર જોયો હતો.

આ અંગેનો કેસ એમની જ અદાલતમાં આવ્યો. આરોપી હાથમાં ન આવતાં પોલીસે ભળતા માણસને આરોપી તરીકે ઊભો કરી દીધો ! ન્યાયાધીશે તેનો ચહેરો જોઈને જ નક્કી કરી લીધું કે હત્યારો તો આ નથી, પરંતુ પોલીસે પોતાની ઈજ્જત બચાવવા માટે ભળતા માણસને મારી-પીટીને ખૂની તરીકે કબૂલાત કરાવીને પાંજરામાં ઊભો કરી દીધો છે.

વળી, વકીલ પણ એવો બાહોશ નીકળ્યો કે તેણે પોતાનું બધું જ બુદ્ધિકૌશલ વાપરીને તે માણસને ખૂની તરીકે સાબિત કરી દીધો.

જજ તો સ્તબ્ધ થઈ ગયા. આંખો ના પાડે છે કે આ વ્યક્તિ હત્યારો નથી, કાયદો કહે છે કે હત્યારો જ છે. નિર્દોષ ઉપર સજાનું જજમેન્ટ લખતા જજ ત્રાસી ગયા, પરંતુ ન્યાયાધીશને ધર્મમાં શ્રદ્ધા હતી. તે જાણાત હતા કે મનુષ્ય ભૂલ કરે પરંતુ કર્મસત્તાનું સુપર કૉમ્પ્યુટર કદી ભૂલ ન કરે.

તેઓ પેલા આરોપીને ચેંબરમાં લઈ ગયા. સાચી હકીકત જણાવવાનું કહેતા તે રડી પડ્યો. પોતાની નિર્દોષતા અને પોલીસના દમનનું વર્ણન કર્યું. જજે પૂછ્યું, આ પૂર્વે તેં કોઈનું ખૂન કરેલ ? આરોપીએ કહ્યું હા. મેં બે ખૂન કરેલાં, પરંતુ હોંશિયાર વકીલને કારણે હું નિર્દોષ છૂટી ગયો. આ સાંભળી જજના મનને શાંતિ થઈ. સાથે વિશ્વના અદૃશ્ય અદ્‌ભુત કર્મના સ્વયંસંચાલિત ન્યાયતંત્ર પરત્વે શ્રદ્ધા દૃઢ બની.

ડૉ. રમેશ લાલને જૈનદર્શનના કર્મવાદ સંદર્ભે દંડનીતિ અંગે કેટલાક ચિંતનસભર મુદ્દાઓ ટાંક્યા છે.

- જૈન આગમો બધા ગુનાશાસ્ત્રીઓ અને દંડનીતિકારોને ઉપયોગી પદાર્થો પૂરું પાડે છે.
- જૈન શાસ્ત્રો દંડનીતિનો ઉદ્‌ગમ અને વિકાસ સાત દંડનીતિમાંથી કરે છે.
- જૈન પુરાણોમાં દંડનીતિનો વિકાસ સાત દંડનીતિ ઉપરાંત વિવિધ પ્રકારના ગુનાઓ અને કસોટીની સાથે સજાઓથી શોધી શકાય છે.
- જૈન શાસ્ત્રોની કથાઓ અને દૃષ્ટાંતો દ્વારા અનંતા જન્મો સુધી ચાલતી વ્યક્તિગત જવાબદારીઓ અને પ્રતિકૂળ બાબતોને કર્મ-સિદ્ધાંતની પ્રતિક્રિયાના પરિણામરૂપી દર્શાવી છે.
- ગુનેગારોને નાથવા માટે અપાતા સજાના પ્રકાર અને સ્વરૂપ તથા નરકની યાતનાઓનું જેલની યાતનાઓ સાથેના સાદૃશ્યતાનું વર્ણન, ગુનો તથા સજાની અસરની માહિતી મેળવવા સતત પ્રેરે છે અને કદાચ સજાની નાબૂદી માટે જોરદાર દલીલ તરફ દોરે;
- કર્મ, જીવ જેવું કરે તેવું પામે એ ભૂમિકા ઉપરાંત ગુનાના કારણ માટે યથાર્થ સ્પષ્ટીકરણ પૂરું પાડે છે.
- ધર્મ, વ્યક્તિને પાંચ મહાવ્રતો કે અણુવ્રતો દ્વારા સંવરને ધારણ કર્યા પછી તેને જાળવવામાં લાગતા અતિચાર અને દોષોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત એ એક શક્તિશાળી પ્રક્રિયા છે.

આ મુદ્દાઓના પરિપ્રેક્ષ્યમાં જૈન દંડનીતિના યથાર્થ ફાળાનું મૂલ્યાંકન કરતા એ વાત સ્પષ્ટ હોવી જોઈએ કે આ સિદ્ધાંત કેવળ તત્ત્વજ્ઞાન નથી, પરંતુ તે કર્મની ઉત્પત્તિ અને પરિણામની ભયાનકતા સામે યુદ્ધ કરવા માટે વ્યવહારમાં મૂકી શકાય એવો માર્ગ બતાવે છે.

રાજ્ય અને સમાજ દ્વારા ચાલતા ન્યાયાલયો જરૂરી છે જ, પણ જ્યારે તેમાં ન્યાય ન મળે ત્યારે. એ ચિંતન કરવાનું કે સર્વોપરી અદાલતો કર્મના કાનૂનની છે. આ વિચારધારા નિમિત્તને દોષ ન દેતા કર્મોદયને દોષી ગણશે. એથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચી શકશે. સંયોગોથી સ્વભાવ પર દૃષ્ટિ જશે તેથી મનને શાંતિ મળશે.

ભાલનળકાંઠા વિસ્તારમાં એક રાજકીય આગેવાને સમાજસેવકની હત્યા થઈ, તે વખતે સાંપ્રત દંડનીતિ પરત્વે મુનિશ્રી સંતબાલજીએ વ્યથા વ્યક્ત કરી હતી કે ખૂનીઓને કોર્ટ પૂરેપૂરી તહોમતદાર ઠરાવે તો શારીરિક સજા સિવાય કોર્ટ બીજું શું કરવાની છે ? એ થાય તોય અમારા જેવાને તો રોવાનું છે, કારણ કે શારીરિક સજાથી ગુનેગાર સુધરતો નથી અને હિંસા થાય છે. જો શંકાનો લાભ આપી છોડી મૂકે તો સમાજમાં એ પ્રત્યાઘાત પડવાનો છે કે આવા મોટા માણસનું ધોળે દહાડે ખૂન કરનાર પણ છૂટી જઈ શકે છે. આમાં પ્રથમ કરતાં બીજામાં વધુ ભયંકર હિંસા છે, કારણ કે તેમાં ખૂની સ્થૂળ રીતે સજા નથી ભોગવતો, પણ અભિમાની અને સમાજઘાતક દિશામાં આગળ ધપવાનું-વધવાનું એને કારણ મળે છે તેથી મહાન હિંસા બને છે. સમાજમાં ઘણાં અનિષ્ટો એમાંથી પાંગરે છે.

આચાર્ય મહાપ્રજ્ઞજી આ સંદર્ભે હૃદયપરિવર્તન પર ભાર મૂકે છે. અનુશાસન કેવળ દંડશક્તિ દ્વારા વ્યવસ્થાપરિવર્તનની વાત કરે છે. આ દંડશક્તિ દ્વારા કરવામાં આવી રહેલું આ વ્યવસ્થાનું પરિવર્તન અંતે સફળતામાં પરિણમશે નહીં કે સ્થાયી પણ બની શકે નહીં. એક

સીમા સુધી દંડશક્તિ અને તેની સાથે સાથે હૃદયપરિવર્તન લક્ષણ અને બન્ને સાથે સાથે ચાલે ત્યારે વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન થઈ શકશે. વ્યવસ્થા બદલવાની સાથે વ્યક્તિનું હૃદય બદલવાની ક્રિયા સંયુક્ત રીતે ચાલે ત્યારે પરિવર્તનની ભાવના સાકાર થઈ શકે.

અધ્યાત્મયોગિની પૂ. લલીતાબાઈ મહાસતીજીએ પ્રાયશ્ચિતના ભાવો સમજાવતાં કહ્યું છે કે, ગુરુ કે પરમાત્માની સાક્ષીએ દોષદર્શન, પાપનું પ્રક્ષાલન, ગુના અને કર્મોની કબુલાત અને તે પાપોનું પુનરાવર્તન ન થાય. તેના નિર્મળ હૃદયથી પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞા માનવીને પ્રાયશ્ચિતની પુનિતગંગામાં સ્નાન કરાવી પાવન કરે તે જ, સાચું પ્રતિક્રમણ છે. જે રાજ્ય દંડ, ભય અને લાલચથી ન થઈ શકતું હોય તે અંતઃકરણના અનુશાસનને અનુસરવાથી સહજ બને છે.

સ્વવિકાસ માટે અનુશાસન જરૂરી છે. ગિરી પ્રવચનમાં ઈશુએ દસ આજ્ઞાઓ કરી...જો કોઈ એક તમાચો તારા ગાલ ઉપર મારે તો બીજો ગાલ તું ધરજે... ! એનો અર્થ એ કે જનસમાજમાં મોટા ભાગે એવા માનવીઓ હતા કે એક તમાચો મારવા જેટલી જ ભૂલ કરી શકે. પેલી વ્યક્તિ સજા માટે ગાલ ધરે પરંતુ સામેવાળો બીજો તમાચો મારવા જેટલી હિંમત ન કરે. આ હતી એ સમયના માનવીના હૃદયની ઋજુતા.

કોઈ પણ ગુનાહિત કૃત્ય આચરતાં પહેલાં જાગૃતિ રહે કે કર્મબંધ એ જ સજા છે. એક વિશ્વવ્યાપી, સ્વયંસાચલિત અદ્ભુત કાયદાનું ન્યાયતંત્ર અસ્તિત્વમાં છે તેનું સ્મરણ રહે તો જીવનમાં નિર્મળતા વધે અને કર્મના અટલ કાયદામાં શ્રદ્ધા જાગે તો આપણાં હૃદયમાં કરુણાના ભાવ પ્રગટાવશે અને સહજ બનશે. ✱✱✱

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ). મુંબઈ-૪૦૦ ૦૭૭. મોબાઈલ : ૯૮૨૦૨૧૫૫૪૨.

# જૈનીઝમના અહિંસા અને હિન્દુ ધર્મનો કર્મનો સિદ્ધાંત સર્વશ્રેષ્ઠ છે

જૈનીઝમના જીવદયા અને અહિંસાના સિદ્ધાંતો અને હિંદુઈઝમના કર્મના સિદ્ધાંતો માનસિક શાંતિની પ્રાપ્તિ માટે અને એક ઉત્તમ માનવી તરીકેનું જીવન જીવવા માટે સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ છે. માનસિક શાંતિની સંપત્તિ જ સાચી મૂડી છે. બાકી ભૌતિક સુખો તો માત્ર સ્થુળ સંપત્તિ સમા છે. આ કથન કોઈનું નહીં પરંતુ અમેરિકાના વિખ્યાત એકેડેમીશીયન પ્રોફેસર ડૉ. ક્રિસ્ટોફર ક્રેય ચેપલનું છે. ડૉ. ચેપલ અત્યારે લોસ એન્જલસની લોયોલો મેરીમાઉન્ટ યુનિવર્સિટીના એકેડેમીક વાઈસ પ્રેસિડન્ટ છે અને વિખ્યાત હારવર્ડ યુનિવર્સિટીની કલ્ચર અને રીલીજીયસ સ્ટડીની કમિટિના સૌથી સિનિયર સભ્ય છે. તેઓ ભારતીય સંસ્કૃતિ અને ભારતીય ધર્મોના ઊંડા ચાહક બની ગયા છે. તેઓ કહે છે. 'ભારત જેવી પવિત્ર ભૂમિની સંસ્કૃતિ પાંચ હજાર વર્ષ જુની છે જ્યારે અમેરિકાની સંસ્કૃતિ તો માત્ર ૨૦૦ વર્ષ જૂની છે. આ બન્ને સંસ્કૃતિની કોઈ હિસાબે સરખામણી ન થઈ શકે.'

જૈનીઝમ, ઉપનિષદ, મહાભારત અને રામાયણનો ઊંડો અભ્યાસ કરનાર ડૉ. ચેપલે કર્મના સિદ્ધાંતો ઉપર અનેક લેખો લખ્યા છે અને તેઓ સમગ્ર વિશ્વમાં ભારતીય ધર્મોની શ્રેષ્ઠતા વિષે પ્રચાર કરવાનું કદી ચૂકતા નથી.

ડૉ. ચપલ જૈનીઝમથી બહુ જ પ્રભાવિત થયા છે. તેઓ સ્પષ્ટ પણે કહે છે કે જે અહિંસાની વાત અત્યારના છીછરા રાજકારણીઓ પોતાના સ્વાર્થ ખાતર કરે છે તે વાત સોના જેવા સાચા અર્થમાં ભગવાન મહાવીર સ્વામીએ ૨૪૦૦ વર્ષ પહેલાં કરી હતી. જૈનીઝમના જીવદયા અને અહિંસાના ગુણો તો માણસને પાપ મુક્ત કરનાર છે.

હિંદુઈઝમના કર્મના સિદ્ધાંતો વિષે ડૉ. ચેપલ કહે છે. અત્યારની ફાસ્ટ લાઈફમાં બહુ જુજ વ્યક્તિઓ જીવનના કર્મોના સિદ્ધાંતોને સમજે છે. હિંદુ ધર્મમાં કર્મ વિષે જે ભગવાન રામ અને કૃષ્ણએ હજારો વર્ષો પહેલાં કહ્યું છે તે આજના ભૌતિક સુખોથી ખરડાયેલા જીવનમાં પણ બહુ જ સબલ રીતે લાગુ પડે છે.' ડૉ. ચેપલના કહેવા પ્રમાણે અમેરિકામાં એક બાજુ યુવા વર્ગે ભૌતિક સુખોનો આનંદ માણવા દોટ મુકી છે. જ્યારે બીજી બાજુ 'વોર કલ્ચર'નો સાપ ફુંફાડા મારી રહ્યો છે.

ડૉ. ચેપલે સ્પષ્ટપણે કહ્યું કે અત્યારે અમેરિકામાં લગભગ ૫૦ ટકા લોકો યુદ્ધની વિરૂદ્ધ થઈ ગયા છે અને તાજેતરમાં ઠેર ઠેર હજારો લોકોએ 'વોર કલ્ચર'ની વિરૂદ્ધ બેનરો સાથે ભારે દેખાવો કર્યા હતા. અમેરિકામાં મોટા ભાગના એકેડેમીશીયનો, ડૉક્ટરો, વકીલો, વિજ્ઞાનીઓ અને સ્ટુડન્ટો વોરની વિરૂદ્ધ થઈ ગયા છે. વોર કલ્ચરે સોશિયલ ફેબ્રિકનો નાશ કરી નાખ્યો છે. અમેરિકામાં લોકોને હવે માનસિક શાંતિની ભારે ઝંખના છે. તેથી કરીને જ ઘણાં ઘણાં અમેરિકનો ભારતીય ધર્મો તરફ આકર્ષાયા છે.

સૌથી રસપ્રદ વાત એ છે કે **ડૉ. ચેપલ વેજીટેરીયન છે અને ભાગ્યે જ કાંદા કે લસણ ખાય છે.** તેઓ સાત્ત્વિક શાકાહારી ભોજન લેવામાં જ માને છે અને નિયમિત યોગાસનો કરે છે.

તેમના પત્ની મૌરીન પણ એકેડેમીશીયન છે અને રસપ્રદ વાત એ છે કે મૌરીન ભારતીય સ્ટાઈલમાં સાડી પહેરે છે અને ઘરે આવેલા મહેમાનોની ભારતીય પ્રથા પ્રમાણે આગતા સ્વાગતા કરે છે. A true American Indian academic couple par excellence.

# કર્મ નિર્જરાનો હેતુ પરીષહ

□ પ્રજ્ઞા બિપિનચંદ્ર સંઘવી

*[ લેખિકા 'જૈન સિદ્ધાંત આચાર્ય', એમ. એ. (સંસ્કૃત), શ્રી રાજેમતી મહિલા મંડળમાં તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતના માનદ શિક્ષિકા છે, જૈન સાહિત્ય સમારોહ માટે સંશોધન પત્ર લખે છે, જૂની લિપિ ઉકેલી લિપ્યાંતર કરવામાં કૌશલ્ય ધરાવે છે. ]*

પરીષહ અને કર્મ પરસ્પર સંકળાયેલા છે. કર્મના ઉદયથી સાધકના જીવનમાં પરીષહ આવે છે. જો સાધક પરીષહને જીતી જાય તો તેના અનંત કર્મોની નિર્જરા થાય છે. નવા કર્મ બંધાતા નથી અને મોક્ષ નજીક થાય છે. પરંતુ જો તે પરીષહોથી પરાભૂત થાય તો ચતુર્વિધ સંસારના ચક્રથી બચી શકતા નથી. આ પરીષહ શું છે?

**પરીષહનું સ્વરૂપ**

પરીષહ જૈન પારિભાષિક શબ્દ છે. પરીષહ શબ્દ સંસ્કૃત परि + षह પરથી આવ્યો છે. परि એટલે ચારે બાજુ અથવા વિશેષપણે અને सह એટલે સહન કરવું. परि + सह ની સંધિ થતાં परिषह થાય છે. વિકલ્પે પરીસહ, પરિષહ કે પરિસહ પણ લખાય છે. परिसह्यते इति परिषह । સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા અને કર્મ નિર્જરાના હેતુથી તીર્થંકર તેમ જ ગણધરાદિ સાધકાત્માઓ દ્વારા જે સહન કરવામાં આવે છે તેનું નામ પરીષહ છે. બીજા શબ્દોમાં જેના નિમિત્તથી ધર્મારાધનામાં – મોક્ષમાર્ગના સાધનમાં તથા કર્મોની નિર્જરાના ઉપાયભૂત તપશ્ચરણમાં વિઘ્ન ઉપસ્થિત કરી શકે એવા કષ્ટ વિશેષને પરીષહ સમજવો જોઈએ. આ કર્મ શું છે?

**કર્મનું સ્વરૂપ**

વ્યવહારિક ભાષામાં વપરાતો શબ્દ 'પ્રારબ્ધ' તેમાં કોઈક નિયમ પ્રવર્તતો હોય છે તે છે કર્મસિદ્ધાંત. જૈન ધર્મ કર્મવાદમાં માને છે. क्रियते इति कर्म: । જીવ દ્વારા થતી મન, વચન અને કાયાની પ્રવૃત્તિનું ફળ તે કર્મ. જીવ જ્યારે રાગદ્વેષ કરે છે ત્યારે આત્મપ્રદેશોમાં થતાં સ્પંદનોથી આકર્ષાઈને કાર્મણવર્ગણાના અનંત અનંત સ્કંધો આત્મપ્રદેશો સાથે ચોંટી જાય છે, તેને કર્મ કહે છે. તે શુભ અને અશુભ એમ બે પ્રકારના હોય છે. તેનો ઉદય થાય ત્યારે તેને તેવા સ્વરૂપે ભોગવવા જ પડે છે.

હકીકતમાં રોગ, વ્યાધિ કે ઈજા થઈ હોય ત્યારે આપણે ઇંજેકશન લેતાં, દવા પીતાં કે ઓપરેશન સમયે મન મજબૂત રાખીને મનેકમને સહન કરતા આવ્યા છીએ. પણ અહીં વાત થાય છે સ્વેચ્છાએ રાજીખુશીથી થોડા કે વધુ સમય માટે અચાનક આવી પડેલા કષ્ટને જરાપણ ઉચાટ કર્યા વગર સ્વાભાવિક્તાથી, સ્થિરતાથી સહન કરવાની. આવા પરીષહની વાત જૈન ધર્મમાં સાધક આત્માઓ - સાધુ - સાધ્વી, શ્રાવક - શ્રાવિકાને લક્ષમાં રાખીને કહેવામાં આવી છે.

શ્રી ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન દ્વારા સાક્ષાત્ કરીને કહ્યું છે કે આ જિનશાસનમાં નિશ્ચયથી ૨૨ પરીષહો છે. તેમાં સર્વ પ્રકારના સહન કરવા યોગ્ય કષ્ટો - પરીષહોનો સમાવેશ થઈ જાય છે. આના વિષે શ્રી ઉત્તરાધ્યયનમાં બીજા અધ્યયનમાં ફરમાવેલું છે. આ ૨૨ પરીષહોનો નામોલ્લેખ કરતું સૂત્ર આચાર્ય ઉમાસ્વાતિ રચિત તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં નવમા અધ્યયનમાં નીચે પ્રમાણે આપેલ છે.

'क्षुत्पिपासा शीतोष्णदंशमशकनागन्यारतिस्त्रीचर्यानिषद्याशय्याक्रोश-वधयाचनालाभरोगतृष्णस्पर्शमलसत्कारपुरस्कारप्रज्ञाज्ञानादर्शनानि ।।'

કર્મની નિર્જરા હેતુ આ બધા પરીષહોને સહન કરવા જોઈએ એવો ઉપદેશ જિનશાસનમાં જ છે. અન્યત્ર નથી.

**પરીષહ અને કર્મનો સંબંધ**

આ ૨૨ પરીષહોને ધર્માચરણમાં વિઘ્ન ઉપસ્થિત કરવાનું કારણ શું? તો કહે છે કે જ્ઞાનાવરણીય, વેદનીય, મોહનીય અને અંતરાય કર્મની પ્રકૃતિનો ઉદય જ એનું અંતરંગ કારણ છે. જેમ કે,

(૧) જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી (૧) પ્રજ્ઞા અને (૨) અજ્ઞાન પરીષહ

(૨) વેદનીય કર્મના ઉદયથી (૧) ક્ષુધા=ભૂખ, (૨) પિપાસા= તરસ, (૩) શીત=ઠંડી, (૪) ઉષ્ણ=ગરમી, (૫) દંશમશક, (૬) ચર્યા, (૭) શય્યા, (૮) વધ, (૯) રોગ, (૧૦) તૃણસ્પર્શ, (૧૧) મલ એમ ૧૧ પરીષહ

(૩) મોહનીય કર્મના ઉદયથી (૧) અચેલ (૨) અરતિ (૩) સ્ત્રી (૪) નિષધા=બેસવાનો, (૫) આક્રોશ, (૬) યાચના, (૭) સત્કાર પુરસ્કાર એ ૭ પરીષહો ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી અને (૮) દર્શન પરીષહ દર્શન મોહનીય કર્મના ઉદયથી.

(૪) અંતરાય કર્મના ઉદયથી (૧) અલાભનો પરીષહ

આ ૨૨ પરીષહોમાંથી કેટલાક શારીરિક છે. કેટલાક માનસિક છે. કેટલાક અનુકૂળ પરીષહ છે તો કેટલાક પ્રતિકૂળ છે. જે અનુકૂળ પરીષહ હોય તે અનુકૂળતા કરીને કે પ્રમાદી ચિત્તમાં ગમવાનો ભાવ ઉત્પન્ન કરીને સાધુને સંયમ માર્ગથી ચલિત કરાવનાર છે. જે પ્રતિકૂળ પરીષહ હોય તે કષ્ટો આપીને ચલિત કરાવનાર છે, પરંતુ કોઈપણ

પરીષહથી વિચલિત ન થવું અને સંયમમાર્ગમાં દૃઢ રહેવું તે જ સાધકનું કર્તવ્ય છે. તેથી પરીષહોને સમભાવથી સહન કરવા જોઈએ. પરીષહ સાધકાત્માની કસોટી છે. તેના દ્વારા કસાયા પછી સાધુ મોક્ષમાર્ગથી ચલિત નથી થતા અને વિર્યોલ્લાસ પ્રગટ કરીને કર્મોની નિર્જરા કરીને પોતાનું કલ્યાણ કરે છે.

**જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી આવતા પરીષહ**

(૧) જ્ઞાન, જ્ઞાની અથવા જ્ઞાનીના સાધનો સંબંધી દૂષિત પરિણામો થવા, (૨) જ્ઞાન પાસે હોવા છતાં ભણાવવાનું ટાળવું, ગુરુનું નામ છુપાવવું, (૩) ઇર્ષ્યાભાવથી બીજાને ન ભણાવવું કે ન ભણવા દેવું, (૪) જ્ઞાનાભ્યાસમાં વિઘ્ન ઊભું કરવું, (૫) જ્ઞાનીનો અસત્કાર, અનાદર કરવો. સાચા જ્ઞાનીનું જ્ઞાન પ્રગટ થતું અટકાવી દેવું. (૬) પ્રશસ્તજ્ઞાનમાં પણ દૂષણ લગાવવું, આળસ કરવી. આ તથા એવા અન્ય કારણોથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. સાધકાત્માને સાધના દરમ્યાન આ કર્મના ઉદયથી પરીષહ આવે તો બે પ્રકારના આવે.

(૧) **પ્રજ્ઞા પરીષહ** : જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધુ હોય તો પ્રગટ થયેલ બુદ્ધિ વિશેષને પ્રજ્ઞા કહે છે. જે સમયે આત્મામાં પ્રજ્ઞાની હીનતા હોય ત્યારે સાધુને એવો વિચાર આવે કે હું કાંઈ જાણતો નથી, મૂર્ખ છું, મારો પરાભાવ થાય છે. તે પ્રજ્ઞા પરીષહ છે. અથવા શ્રુતજ્ઞાનની વિશિષ્ટતા આત્મામાં થવાથી તે સમયે તે સાધુને તેનો મદ થાય કે હું વિશિષ્ટ જ્ઞાનસંપન્ન છું. પ્રત્યેક વ્યક્તિ મારી પાસે પોતપોતાની જિજ્ઞાસાનું સમાધાન કરવા આવે છે. તે પ્રજ્ઞા પરીષહ છે. આ રીતે પ્રજ્ઞાનો ઉત્કર્ષ અને અપકર્ષના ભેદથી આ પરીષહ બે પ્રકારનો છે. પ્રજ્ઞાનો અપકર્ષ હોય ત્યારે સાધુ એવું વિચારે કે મારા જ્ઞાનાવરણીયાદિક કર્મોનો કેટલો તીવ્ર ઉદય છે કે જ્ઞાનના સાધન હોવા છતાં પણ મને જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકી નથી. મારા જ કરેલાં કર્મ છે એથી મારે જ ભોગવવા પડશે. આવી પરિણતિથી આત્મા પ્રજ્ઞાપરીષહને ધૈર્યપૂર્વક સહન કરી શકે છે. પ્રજ્ઞાનો પ્રકર્ષ હોય ત્યારે એમ વિચારે કે જે જ્ઞાન પ્રાપ્ત થયું છે તે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલ છે. જો તેનો મદ કરીશ તો નવા જ્ઞાનાવરણીયાદિ કર્મોનો બંધ થશે અને એનો જ્યારે ઉદય થશે ત્યારે યથાર્થ જ્ઞાનથી પણ હું વંચિત થઈ જઈશ. મતિશ્રુતરૂપ પરોક્ષ જ્ઞાનને આશ્રિત આ બંને પ્રકારના પરીષહોને સાધુએ સહન કરવા આવશ્યક છે.

જેવી રીતે પુષ્પદંતાચાર્યના ભદ્રમતિ નામના મંદમતિ શિષ્યને એકની એક ગાથા ગોખતાં વર્ષો વીતી ગયા છતાં તેઓએ ખેદ કર્યા વગર ધૈર્યપૂર્વક પ્રજ્ઞાપરીષહ સહન કરતાં કરતાં પ્રશસ્ત ધ્યાનથી ક્ષપક શ્રેણી પર આરૂઢ થઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

(૨) **અજ્ઞાન પરીષહ :** અવધિજ્ઞાન આદિ પ્રત્યક્ષ જ્ઞાન છે તેના અભાવ રૂપ આ પરીષહ છે. મુનિએ પોતાના આત્મા માટે એવો વિચાર કરી ખેદ ન પામવું જોઈએ કે હું મોક્ષમાર્ગમાં જ વિચરણ કરી રહ્યો છું છતાં મને હજી સુધી અવધિ, મનઃપર્યવ રૂપ પ્રત્યક્ષ જ્ઞાનની પ્રાપ્તિ થઈ નથી તો આ ધર્માચરણ કરવાથી મને શું લાભ થયો ? અથવા અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તો થયું પણ હજી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનની પ્રાપ્તિના અભાવમાં વિષાદ ન કરવો જોઈએ. આનું જ નામ અજ્ઞાન પરિષહને જીતવો એ છે.

**વેદનીય કર્મના ઉદયથી આવતા પરીષહ**

(૧) દુઃખ=પીડારૂપ પરિણામ, (૨) શોક=ઇષ્ટ વસ્તુનો વિયોગ થવાથી થતો ખેદ, (૩) તાપ=કોઈ અનુચિત કાર્ય થઈ ગયા પછી જ્યારે નિંદા આદિ થાય અથવા એનો ભય રહે તો સંતાપ થવો, (૪) આક્રંદન= અશ્રુપાત કરવો, (૫) વધ=દશ પ્રકારના પ્રાણોમાંથી કોઈના એકપણ પ્રાણ નષ્ટ કરવાની પ્રવૃત્તિ, (૬) પરિદેવન=જોર જોરથી રડવું. આ છએ કારણ ત્રણ પ્રકારે થાય. સ્વને વિષે, પરને વિષે તથા ઉભયને વિષે. તેમ થવાથી અશાતાવેદનીય કર્મ બંધાય છે. સાધના દરમિયાન આ કર્મના ઉદયથી પરીષહ આવે તો ૧૧ પ્રકારના આવે.

**(૧) ક્ષુધા પરીષહ :**

*'પથિકને માટે જરા સમાન કોઈ દુઃખ નથી,*
*ગરીબી જેવો કોઈ અનાદર નથી,*
*મરણ સમાન કોઈ ભય નથી અને*
*ક્ષુધા સમાન કોઈ વેદના નથી.'*

ભૂખ રૂપનો નાશ કરે છે, સ્મૃતિનો ધ્વંશ કરે છે. પાંચ ઇંદ્રિયોની શક્તિઓને ક્ષીણ કરે છે. ક્લેશના પરિણામોને જાગ્રત કરે છે. ધૈર્યને જડમૂળથી ઉખેડી નાખે છે. છેલ્લે છેલ્લે આ ભૂખ પ્રાણીઓના પ્રાણોનું પણ હરણ કરે છે. સઘળા સદગુણોનો નાશ કરે છે.

સમસ્ત પરીષહોમાં ક્ષુધા પરીષહ સૌથી દુષ્કર છે. (સાધુ) ભિક્ષુ ક્ષુધા સંતોષવા માટે ગૌચરીએ જાય ત્યારે શાસ્ત્રમાં બતાવેલ ૪૨ દોષરહિત એવી ભિક્ષા ગ્રહણ કરે. કોઈ વખત અંતરાય કર્મના ઉદયે શાસ્ત્રાજ્ઞાનુસાર નિર્દોષ ગોચરી પ્રાપ્ત ન થાય ત્યારે વેદનીય કર્મના ઉદયથી ક્ષુધાપરીષહ સહન કરવો પડે છે. તે સમયે ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને દોષિત ગોચરી ગ્રહણ ન કરે. ભૂખથી પીડાવા છતાં સાધુ એષણા સમિતિમાં દોષ ન સેવે કિન્તુ દીન બન્યા વિના અપ્રમત્તપણે નિર્દોષ આહારાદિ માટે ફરે.

*'પહેલા આદિ જિનેશ્વર સમરીએ વર્ષ એક ફર્યા નિત્ય ગોચરીએ,*
*નહિ ભોજન જલ મલિયું જરીએ, જુઓ અનંતરાય કર્મની એવી ગતિ.'*

સાધકાત્મા મનમાં ખિન્નતા ન આણે પરંતુ એવો ભાવ કરે કે જો યોગ્ય ગોચરી મળશે તો સંયમની વૃદ્ધિ અને જ્ઞાનની આરાધના થશે અને જો નહિ મળે તો તપની વૃદ્ધિ અને ક્ષુધાવેદનીય કર્મનો ક્ષય થશે.

(૨) **તૃષા પરીષહ :** ક્ષુધા શાંત કરવા આહાર કર્યા પછી તરસ લાગે. તરસને સહન કરવી જોઈએ. ગામાકર, નગર વગેરેથી બહારના રસ્તા ઉપર વિચરતા સાધુને માર્ગમાં તરસ લાગે ત્યારે સાધુ ભગવંત દોષરહિત અચેત પાણી જ વાપરે. તે ન મળે તો તૃષા સહન કરે પરંતુ ગમે તેટલી તીવ્ર તરસ લાગી હોય તો પણ દોષથી યુક્ત કે સચિત્ત કે અચેત હોવા છતાં અદત્ત પાણી વાપરે નહિ. અદીન બની રહે. પરંતુ એ પાણી વાપરવાની મનમાં ઈચ્છા પણ સેવે નહિ.

**શીત પરીષહ :** જ્યારે શીતકાળ એટલે કે હેમંત અને શિશિર ઋતુ હોય ત્યારે ખૂબ ઠંડી પડે છે, ત્યારે દુર્બળ શરીરવાળાને, સ્નિગ્ધાહાર, તૈલમર્દન આદિના ત્યાગથી ધૂસર શરીરવાળા મુનિને ઠંડીથી બહુ પીડા થાય છે. ઠંડા પવનના સ્પર્શથી શીતપરીષહ આવે છે. ત્યારે સાધકાત્માઓ ઠંડીથી બચવા માટે પોતાના વસ્ત્રની મર્યાદા ઉપરાંત વધુ વસ્ત્રો, કામળા, કામળી રાખે નહિ કે અકલ્પનીય વસ્ત્રો ગ્રહણ કરે નહિ. અગ્નિની સહાય પણ ન લે. પોતાના મનને સ્થિર અને સ્વસ્થ રાખીને શીત પરીષહનો પ્રબળતાપૂર્વક સામનો કરે.

(૪) **ઉષ્ણ પરીષહ :** ગ્રીષ્મ જ્યારે સૂર્યના પ્રખર કિરણોથી પ્રબળ તાપની વર્ષા વરસે છે ત્યારે તેનાથી તપી ગયેલી ધૂળ અને પાષાણવાળી ભૂમિ પર ચાલવાથી થતા કષ્ટથી, ગરમ થયેલા વાયુની લૂથી, અથવા દાહજવર આદિથી થનાર આંતરિક તાપથી અને અત્યંત ગરમીથી અતિશય પીડિત સાધુ ગભરાય નહિ. શીતળ પવન આદિનો સંયોગ મળવાથી શાંતિ થાય એવા ભાવ ન કરે, કે ન તે ભીના કપડાંથી લૂંછે. શરીર ઉપર વીંઝણા વગેરેથી પવન પણ ન નાખે. પરંતુ તેનાથી ગભરાયા વગર સમભાવે ઉષ્ણ પરીષહ સહન કરે.

(૫) **દંશમશક પરીષહ :** ચોમાસાના સમયમાં ડાંસ, મચ્છર, માખી, માકડ વગેરેની ઉત્પત્તિ થાય છે. તે શરીર પર બેસીને પીડા કરે છે. વેદનીય કર્મનો ઉદય હોય ત્યારે સાધક આત્મા તેના દ્વારા પીડિત થાય છે છતાં સમભાવથી સહન કરી લે. કષાયભાવ ન લાવે ચિત્તમાં ઉદ્વેગ ન લાવે. એક સ્થાનથી બીજે સ્થાન ન જાય. ડાંસ મચ્છરને પોતાના શરીર પરથી હટાવે નહિ. તેના કરડવાથી મનને કલુષિત કરે નહિ. અને વચનાદિકને પણ પ્રદુષ્ટ ન કરે. અને તે જીવો વિષે મનથી પણ અશુભ ન ચિંતવે. માધ્યસ્થભાવ રાખે.

(૬) **ચર્યા પરીષહ :** ગ્રામાનુગ્રામ વિહાર કરવો તેનું નામ ચર્યા છે. ચર્યા સાધુનો કલ્પ છે. પણ આ કલ્પ કષ્ટદાયી હોવાથી સહન કરવો પડે છે. ચાતુર્માસ કલ્પને છોડીને મુનિ માટે એક સ્થળે સ્થિર રહેવું જૈનશાસનની આજ્ઞાથી બહાર છે. પ્રાસુક એષણીય આહારથી પોતાનો નિર્વાહ કરવાવાળા મુનિ ક્ષુધા, તૃષા આદિ પરીષહોને જીતતા રાગદ્વેષથી રહિત બનીને ગામ નગર નિગમમાં સમુદાય સાથે કે એકાકીપણે વિચરે છે. પોતાના કલ્પનું પ્રમાદથી આચરણ ન કરવું તે પરીષહજનિત પરાજય છે માટે પ્રમાદનો ત્યાગ કરીને અનિયતવાસ કરવાવાળા અપ્રતિબંધ વિહારી મુનિ આસક્તિરહિત બનીને વિચરવારૂપ ચર્ચા કરવાથી ચર્યા પરીષહ જીતે છે.

(૭) **શય્યા પરીષહ :** વિહારમાં કે ચાતુર્માસ દરમ્યાન પોતાને બેસવા કે સૂવા માટે મળેલી જગ્યા (શય્યા) ઊંચીનીચી હોય, બહુ તડકો, તાપ, ટાઢ કે પવનવાળી જગ્યા હોય તો પણ તે માટે મનમાં જરાપણ ઉદ્વેગ ન આણવો અને ભગવાનની આજ્ઞા પ્રમાણે પ્રસન્નચિત્તથી તેનો સ્વીકાર કરી લેવો તે શય્યા પરીષહ છે. અનુકૂળ કે પ્રતિકૂળ સ્થાનમાં રાગદ્વેષ કરે છે તે પાપદૃષ્ટિ મુનિ સમતાભાવ રૂપ, મર્યાદાનો નાશ કરીને સંયમથી પતિત થઈ જાય છે. માટે મુનિ સમભાવે શય્યા પરીષહ સહન કરે.

(૮) **વધ પરીષહ :** વધ-તાડન, તર્જન, હનન કોઈ દુષ્ટ વ્યક્તિ આવેશમાં આવીને મુનિરાજને લાકડી આદિનો પ્રહાર કરીને, માર મારીને, ગદડાપાટુ કરીને તાડન કરે ત્યારે મુનિ ક્રોધથી તપી ન જાય, મનને દૂષિત પણ ન કરે. પરંતુ તે સાધુ ઉત્તમ ક્ષમાદિરૂપ કર્તવ્યનો તથા આત્મસ્વરૂપનો વિચાર કરે કે ક્ષમા એ જ ધર્મ છે. આ તો મને પૂર્વોપાર્જિત કર્માનું ફળ મળી રહ્યું છે. એમાં એ બિચારાનો કોઈ જ દોષ નથી. આમ પ્રતિકારની ભાવના ન રાખે પણ તેના માટે કરુણા ઉપજે કે આજે મને નિમિત્ત બનાવીને તે કર્માનો ઉપચય કરે છે. મુનિ વિચારે કે આ શરીર પુદ્ગલનું છે મારો આત્મા તેનાથી ભિન્ન છે. તે અજર અમર છે.

(૯) **રોગ પરીષહ :** વાત, પિત્ત અને કફ એ ત્રણની વિષમતાથી થતા રોગ તેમ જ વેદનીય કર્મના ઉદયથી શ્વાસ આદિ ૧૬ પ્રકારના રોગ સંબંધી દુઃખ ઉત્પન્ન થાય છે. તેને સાધકાત્મા શાંતિપૂર્વક સહન કરે. તે એવી રીતે કે હું આ સમયે જે વ્યાધિથી પીડિત થઈ રહ્યો છું એ મારા પૂર્વ ભવના કરેલાં કર્મનો બદલો છે. અશુભ કર્મોનું ફળ છે. તેને સહન કરે. નિરવદ્ય ચિકિત્સા ઈચ્છે તો કરાવે અને ન ઈચ્છે તો ન કરાવે. કદાચ ઔષધ કરે તોય સંયમના જ ધ્યેયથી કરે. પોતાના અશુભ કર્મ ભોગવાઈ રહ્યા છે એમ ચીંતવી રોગ સહન કરી લેવો જોઈએ.

(૧૦) **તૃણસ્પર્શ પરીષહ :** મુનિને તેલ આદિનું માલીશ કરવાનું વર્જિત હોવાથી અને અનશન આદિ તપ કરવાનું હોવાથી તેમનું શરીર રૂક્ષ અને કૃશ થઈ જાય છે. રૂક્ષ શરીરમાં લોહી ઓછું હોવાથી દર્ભાદિક તૃણના આસન અથવા પથારીમાંની ઘાસની અણીઓ વાગે અથવા સૂતાં બેસતાં ખરબચડી જમીનનો કઠણ સ્પર્શ થાય ત્યારે વેદના થાય છે. તથા ગરમીના કારણે શરીરમાં જે પરસેવો થાય છે તે તૃણસ્પર્શથી ઉત્પન્ન થયેલા ઘાવમાં લાગે ત્યારે અધિક વેદના થાય છે. ત્યારે સાધુનું કર્તવ્ય છે કે તેણે ચિત્તમાં સમતા, સ્વસ્થતા, ધારણ કરવી જોઈએ કે જેથી નવા અશુભ કર્મ બંધાય નહિ અને

ઉદયમાં આવેલ અશુભ કર્મો ભોગવાઈ જાય તે સિવાય અન્ય અનંત કર્મોની નિર્જરા થાય.

**(૧૧) મેલ પરીષહ :** મેલ એ તો સાધુની શોભા છે, કારણકે સ્નાન પરિત્યાગ રૂપ મર્યાદામાં મુનિ રહે છે. ઉનાળાની ઋતુમાં તથા શરદકાળ અને વર્ષાકાળમાં ઉષ્ણ સ્પર્શ દ્વારા ઉત્પન્ન થયેલા પરસેવાથી શરીરનો મેલ ઢીલો પડે છે અને શરીરથી છૂટો પડે છે. ફરી એ જ સ્થળે ઉડતી રજ આવીને ચોંટે છે. તેનાથી શરીરમાં આકુળતા થતી રહે છે. છતાં પણ મારા આ મેલનું નિવારણ કેમ અને ક્યારે થશે એવો વિચાર કરી વિલાપ ન કરે. પણ એવું ચિંતવન કરે કે આ શરીર તો અશુચિથી ભરેલું–અશુચિનું જ બનેલું છે. તો હજારોવાર સ્નાન કરવા છતાં પણ એમાં નિર્મળતા આવવાની નથી તો એવી સાવદ્ય ક્રિયાઓની અભિલાષા શા માટે રાખવી? વળી હું – આત્મા તો સદાને માટે પવિત્ર જ છું. શરીર અને આત્મામાં અંતર છે તો હું સ્નાનાદિથી મેલ કાઢી કોની શુદ્ધિ કરું. આત્મા પવિત્ર હોવાથી એની શુદ્ધિ કરવાનો પ્રયાસ વ્યર્થ છે. હા, આત્મા કર્મથી મલિન થાય છે તો તે મલિનતા દૂર કરવા ઉદયમાં આવેલા કર્મને ભોગવીને દૂર કરું અને સમભાવે સહન કરીને અનંત કર્મની નિર્જરા કરું.

### મોહનીય કર્મના ઉદયથી આવતા પરીષહ

સર્વ કર્મનો રાજા મોહનીય કર્મ છે. જે કર્મ આત્માને મોહિત કરે છે અર્થાત્ સારા નરસાના વિવેકથી શૂન્ય બનાવી દે છે તે મોહનીય કર્મ. તેના મુખ્ય બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. કેવળી ભગવાન, શ્રુત, ચતુર્વિધ સંઘ, પંચમહાવ્રતોના ત્યાગ રૂપ ધર્મ અને ચાર પ્રકારના દેવ–આ બધાના અવર્ણવાદ એટલે કે અસદ્ભૂત દોષોનું આરોપણ કરાવવાળા જે ભાવ થાય તે તીવ્ર પરિણામ કહેવાય. તેનાથી દર્શનમોહનીય કર્મનો બંધ થાય છે. (૧) જે કર્મ તત્ત્વ રુચિરૂપ સમ્યક્ત્વમાં બાધક તો ન હોય પરંતુ આત્મ સ્વભાવરૂપ ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વ થવા ન દે, જેનાથી સૂક્ષ્મ પદાર્થોનું સ્વરૂપ વિચારવામાં શંકા ઉત્પન્ન થાય, સમ્યક્ત્વમાં મલિનતા આવી જાય, ચલ મલ અગાઢ દોષ ઉત્પન્ન થઈ જાય તે સમ્યક્ત્વ મોહનીય કર્મ. (૨) જેના ઉદયથી જીવને તત્ત્વના યર્થાથ સ્વરૂપની રુચિ ન થાય, તત્ત્વ પર શ્રદ્ધા ન થાય તે મિથ્યાત્વ મોહનીય કર્મ (૩) જિન પ્રણિત તત્ત્વમાં રુચિ પણ ન હોય અને અરુચિ પણ ન હોય, શ્રદ્ધા ન હોય અને અશ્રદ્ધા પણ ન હોય તે મિશ્ર મોહનીય કર્મ. રાગદ્વેષ અથવા ક્રોધ, માન, માયા, લોભ આદિથી વશીભૂત થઈને જીવના એવા પરિણામ થઈ જાય છે કે જેનાથી તે ધર્મ કે ધર્મના સાધનોને પણ નષ્ટ કરવા લાગે છે અથવા એમાં અંતરાય ઉત્પન્ન કરે છે. વ્રતપાલનમાં શિથીલ બનાવી દે છે. આવા ભાવને તીવ્ર પરિણામ કહેવાય છે. તેનાથી ચારિત્ર મોહનીય કર્મનો બંધ થાય છે. આ ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી સાધકને ૭ પરીષહ આવે છે.

**(૧) અચેલ પરીષહ :** જિનકલ્પી સાધુ અને દિગંબર સાધુ નિર્વસ્ત્ર જ હોય છે. બાકીના સાધુઓ પ્રમાણોપેત તથા અલ્પમૂલ્યવાળા વસ્રોને ધર્મબુદ્ધિથી જ પરિધાન કરે છે, મૂર્છા ભાવથી નહિ. તેથી તે અચેલક તુલ્ય જ છે. સાધુના વસ્રો જીર્ણ શીર્ણ થઈ ગયા હોય કે ચોર વગેરે કોઈ ઉઠાવી ગયા હોય ત્યારે તે લજ્જા, ચિંતા, ખેદ કરે નહિ. મનમાં ક્ષોભ કે હીનતાનો ભાવ આવવા દે નહિ. જે પરિસ્થિતિ ઊભી થાય છે તે પૂર્વે બાંધેલ કર્મનું જ ફળ હોય છે માટે રાગદ્વેષ ન કરે કે કુવિકલ્પ ન કરે.

**(૨) અરતિ પરીષહ :** સંયમ વિષયક અપ્રીતિનું નામ અરતિ છે. મોહનીય કર્મના ઉદયથી થનારી સંયમ અરુચિરૂપ આત્મ પરિણતિનું ફળ ચીકણા કર્મબંધ રૂપ છે. તેનાથી જીવનું ચતુર્ગતિ રૂપે સંસારમાં પરિભ્રમણ થાય છે એમ સમજીને આ અરતિને સાધુએ મનથી પણ હટાવવી જોઈએ અને સ્વાધ્યાય અને શુભ ધ્યાનમાં પોતાની આત્મપરિણતિને જોડવી જોઈએ. અરતિ પરીષહ જીતવાની યોગ્યતા પ્રાપ્ત કર્યા વગર મુનિ અવસ્થા આવતી નથી.

**(૩) સ્ત્રી પરીષહ :** સ્ત્રી પર્યાય નિંદનીય, પરાધીન પર્યાય છે. બ્રહ્મચર્યનો ભંગ કરવા આદિની અપેક્ષાથી દુરાચારી છે. સ્ત્રી તરફના રાગપૂર્વક ગમન, વિલાસ, હાસ્ય, ચેષ્ટા તથા ચક્ષુનો વિકાર, કટાક્ષ આદિના અવલોકનથી પુરુષોમાં વિષયાસક્તિ રૂપ રાગ ઉત્પન્ન થાય છે. તે વિષયરાગ ઉત્પન્ન થવાથી પુરુષ તેને વશીભૂત બની જાય છે. ચારિત્રની મર્યાદામાં રહેવાવાળા મુનિ બ્રહ્મચર્ય રૂપ આરામ ઉદ્યાનમાં જ વિચરણ કરે. બ્રહ્મચર્ય વ્રતનું નવવાડથી રક્ષણ કરવું જોઈએ. આ સ્ત્રી પરિષહ અનુકૂળ પરીષહ છે. આ પરીષહથી ન આકર્ષાતા ચિત્તને દઢતાથી ચારિત્રશુદ્ધિમાં એકાગ્ર કરી દેવું જોઈએ અને સ્ત્રી પરીષહને જીતવો જોઈએ.

**(૪) નિષદ્યા પરીષહ :** પાપકર્મોની અને ગમનાદિ ક્રિયાઓની નિવૃત્તિરૂપ નિષેધ જેનું પ્રયોજન હોય તે નૈષેધિકી છે અથવા નિષદ્યા. એ કાયોત્સર્ગની ભૂમિ સ્વરૂપ કે સ્વાધ્યાયની ભૂમિ સ્વરૂપ હોય. એટલે કે સ્વાધ્યાય કરવા માટે અથવા કાયોત્સર્ગ કરવા માટે સ્ત્રી-પશુ-પંડક રહિત સ્મશાન આદિને આસન માનીને નિર્ભયતાપૂર્વક શરીરના મહત્ત્વ રહિત તે મુનિ ત્યાં રહે અને ઉપસર્ગ વગેરે સઘળું સહે. પરંતુ એક સ્થાનથી બીજા સ્થાન પર ન જાય. ઉપસર્ગ મારું શું કરી શકવાના છે? નિશ્ચલ ચિત્તે એવો વિચાર કરી સહન કરે.

**(૫) આક્રોશ પરીષહ :** આક્રોશવચન એટલે અસભ્ય વચન. સાધુ ભગવંતોનો વેશ એવો છે કે તે જોઈને જ કૂતરા ભસે. અજ્ઞાનીઓ અપમાન કરે, પરધર્મી મનુષ્યો કઠોર વચન કહે. કોઈ તુચ્છકારે, કોઈ આળ ચઢાવે કે અપશબ્દ બોલે, કોઈ દંભી, પાખંડી કહી ગુસ્સો કરે. આવા દુર્વચનો કે જે ક્રોધરૂપી અગ્નિ ઉત્પન્ન કરનાર

હોય છે, તે સાંભળી તેનો પ્રતિકાર કરવામાં સમર્થ હોય પણ મુનિ પોતાના અશુભ કર્મનો ઉદય છે એમ સમજીને પોતાના હૃદયમાં ક્રોધને સ્થાન ન આપે. સમભાવથી સહન કરી લે. તેથી આક્રોશ પરીષહ પર વિજય પ્રાપ્ત કરે છે

**(૬) યાચના પરીષહ :** ગૃહરહિત અણગારની સમસ્ત વસ્તુઓ યાચિત જ હોય છે. માટે સંયમ જીવન ઘણું દુષ્કર છે. સાધુજીવનમાં ગોચરી, ઔષધ, ઉપકરણ વગેરેની યાચના કરવાના પ્રસંગે અભિમાન, ક્ષોભ કે લજ્જાનો ભાવ આણવો ન જોઈએ. વિનમ્રતાથી યાચના કરવી જોઈએ. વળી આવશ્યકતા વિના માગવાના સ્વભાવવાળા પણ ન બની જવું જોઈએ. એથી આત્માનું સત્ત્વ હણાય છે. તૃષ્ણા કે વાસના વધે છે. સંયમશીલ સંકોચ ચાલ્યો જાય છે. માગવામાં શરમ આવવાથી ગૃહસ્થાશ્રમને સારો માને તો તે પણ ઠીક નથી, કારણકે ગૃહસ્થાશ્રમ ઘણા સાવદ્ય કર્મોથી ભરેલ છે.

**(૭) સત્કાર પુરસ્કાર પરીષહ :** અન્ય દ્વારા વસ્ત્રપાત્રાદિના આપવારૂપ સત્કાર અને અભ્યુત્થાન, આસન પ્રદાન તથા વંદના આદિ કરવા રૂપ પુરસ્કાર. આ બન્ને પ્રકારનો પરીષહ છે. સાધુને સત્કાર પુરસ્કારની પ્રાપ્તિ હોવાથી ગૃદ્ધિ અને તેના અભાવમાં દ્વેષ ન કરવો જોઈએ. વસ્ત્રપાત્રાદિકનો લાભ હોય અગર ન હોય, કોઈ વંદના આદિ કરે કે ન કરે એ તરફ લક્ષ ન આપવું અથવા આ વિષયમાં હર્ષ વિષાદ ન કરવો. સ્વાગત માટે કોઈ ન આવે તો ખેદ ન થવો જોઈએ અને બહુ બધા આવે તો ગર્વ ન કરવો જોઈએ. ગમો અણગમો થાય નહિ તો તે બન્ને પ્રકારના પરીષહને જીતી શકાય.

દર્શન મોહનીય કર્મના ઉદયથી સાધુ જીવનમાં ૧ પરીષહ આવે છે

**(૧) દંસણ પરીષહ :** દંસણ પરીષહને સમ્યક્ત્વ પરીષહ પણ કહે છે અને અદંસણ પરીષહ પણ કહેવાય છે. તેનો અર્થ થાય છે શ્રદ્ધામાંથી ચલાયમાન કરવા માટેનો પ્રયત્ન. શરીર અને મનનું બળ કેળવેલું હશે તો ગમે તે વ્યક્તિ કે પ્રસંગ ઊભો થાય તો પણ સુદેવ, સુગુરુ, સુધર્મમાં રહેલી શ્રદ્ધા ડગે નહિ. દેવતાના ડગાવ્યા ડગે નહિ. ચળાવ્યા ચળે નહિ. ક્રિયાવાદી આદિ અનેકવિધ સિદ્ધાંતોને શ્રવણ કરવાથી તર્કવિતર્ક ઉભા થાય પરંતુ અડગ શ્રદ્ધા ધરાવનારને- સમકિતીને- સાધક આત્માને તર્કવિતર્ક થાય નહિ અને પોતાની શ્રદ્ધામાં દૃઢ રહે.

આ ૨ ૨ પરીષહોને સાધક આત્મા સહન કરીને, કર્મોની નિર્જરા કરીને પોતાનું કલ્યાણ કરે છે. જ્યારે પરીષહ આવી પડે ત્યારે તેની પ્રત્યે મિત્રબુદ્ધિથી જુએ અને પોતાના ઉપર ઉપકાર થઈ રહ્યો છે એવી ઉપકારબુદ્ધિથી વિચરે.

અંતરાય કર્મના ઉદયથી ૧ પરીષહ આવે છે. તે છે

**(૧) અલાભ પરીષહ :** સાધુ જ્યારે ગૃહસ્થના ઘરે જાય અને આહારાદિકની યાચના કરે તો લાભાંતરાય કર્મનો ઉદય હોય તો સાધુને આહારનો લાભ ન થાય ત્યારે તે પોતાના આત્માને કલુષિત ન કરે. અભિલાષિત વસ્તુની અપ્રાપ્તિથી મનમાં વિકૃતિ લાવે નહિ. સમચિત બની રહે તેનાથી અલાભ પરીષહ જીતી જવાય છે.

ધર્મપ્રાપ્તિમાં મોટામાં મોટી દખલગીરી રૂપ કોઈ કર્મ હોય તો તે મિથ્યાત્વ મોહનીય કર્મ જ છે. જીવ ખૂબ માર ખાઈને તડકા તાપ વેઠીને નરકના ઘોર દુઃખો ભોગવીને બાળતપ વગેરે કરીને ગમે તે રીતે મોહનીય કર્મની સ્થિતિ કપાઈને અંતઃ ક્રોડા ક્રોડી સાગરોપમની સ્થિતિ થાય ત્યારે જ સમ્યક્ત્વભાવ થાય છે. આ સ્તરે પહોંચતા જે કષ્ટ સહન કર્યા તે કષ્ટો જ કહેવાશે પરીષહ નહિ કહેવાય. જ્યારે જીવ મોક્ષ માર્ગની સાધના શરૂ કરશે ત્યાર પછી જ કર્મોના ઉદય પ્રમાણે પરીષહરૂપ કસોટી થાય છે. અને કર્મોની નિર્જરા થાય છે અને નવા કર્મ બંધાતા નથી.

**ગુણસ્થાનવર્તી જીવોના પરીષહો**

**૧થી ૪ ગુણસ્થાનવર્તી :** આ જીવોને ૨ ૨ પરીષહો હોય પણ તે દુઃખરૂપ હોય છે નિર્જરારૂપ નહિ.

**૫થી ૯ ગુણસ્થાનવર્તી :** બાદર કષાયયુક્ત આ જીવો અષ્ટવિધ કર્મબંધક હોય કે સપ્તવિધ બંધક હોય, ઉપશમક હોય કે ક્ષપક હોય તેઓને ૨ ૨ પરીષહોનો સંભવ છે. એક કાળમાં એક જીવ અધિકમાં અધિક **૨૦ પરીષહ**નું વેદન કરી શકે છે કારણકે પરસ્પર વિરોધી એવા શીત અને ઉષ્ણમાંથી એક અને ચર્યા અને શય્યા પરીષહમાંથી એકનું જ વેદન થાય છે.

**૧૦, ૧૧, ૧૨ ગુણસ્થાનવર્તી :** જ્યાં લોભ કષાય અત્યંત મંદ છે અથવા મોહનીય કર્મ શાંત અથવા ક્ષીણ થઈ ગયું છે તે જીવોને મોહનીય કર્મ નિમિત્તના **૮ પરીષહો** વર્જીને ૧૪ પરીષહ લાભે છે.

**૧૩, ૧૪ ગુણસ્થાનવર્તી :** માત્ર વેદનીય કર્મના નિમિત્તવાળા ૧૧ પરીષહ લાભે અને એક સમયે વધુમાં વધુ ૮ પરીષહો વેદે.

સાધુ ભગવંતોએ બધા પરીષહો સમભાવપૂર્વક મધ્યસ્થતાથી સહન કરી લેવા જોઈએ. તેમને માટે પરીષહ આર્ત કે રૌદ્રધ્યાનનું નિમિત્ત ન બનવા જોઈએ. જેમ જેમ દેહ ઉપરની મમતા ઓછી થતી જાય તેમ તેમ પરીષહ પરનો વિજય સરળ થતો જાય. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી મન વચન કાયાનું બળ મળે અને તેનાથી પરીષહને જીતી લે.

✶ ✶ ✶

૨૯૬, જાદવજી ભુવન, ભીમાણી સ્ટ્રીટ, માટુંગા (સે.રે.), મુંબઈ-૪૦૦૦૧૯. મોબાઈલ : ૦૯૮૯૨૧૧૭૭૭૮

*સાધુ ભગવંતોએ બધા પરીષહો સમભાવપૂર્વક મધ્યસ્થતાથી સહન કરી લેવા જોઈએ. પરીષહ આર્ત કે રૌદ્રધ્યાનનું નિમિત્ત ન બનવા જોઈએ. જેમ જેમ દેહ ઉપરની મમતા ઓછી થતી જાય તેમ તેમ પરીષહ પરનો વિજય સરળ થતો જાય. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી મન વચન કાયાનું બળ મળે અને તેનાથી પરીષહને જીતી લે.*

# જૈન ધર્મનો કર્મવાદ અને પુનર્જન્મ

□ ડૉ. મધુબહેન જી. બરવાળિયા

*[ ડૉ. મધુબેન બરવાળિયા હિંદી સાહિત્યમાં એમ. એ., પીએચ. ડી. છે. મહિલા મંડળ આદિનું નેતૃત્વ કરે છે અને જૈન સાહિત્ય સમારોહમાં સંશોધનપત્ર રજૂ કરે છે. ]*

કર્મવાદ અને પુનર્જન્મ પર દરેક દર્શન, વૈજ્ઞાનિકો, ફિલોસોફર, આધ્યાત્મિક ગુરુ, સંતો, વિચારકો દ્વારા પ્રાચીન સમયથી આજ દિન સુધી નવા નવા વિચારો, સંકેતો મળતા રહ્યા છે. પુનર્જન્મ જેની સાથે જોડાયેલો છે તેવા અસીમ તત્ત્વ આત્માને વિષે તર્ક-વિતર્ક થયા જ કરે છે. એ અગોચર આત્માતત્ત્વ દરેક દર્શનમાં અનુભવાયું છે, દૃષ્ટિમાન થયું નથી. ગીતામાં આત્માની સાબિતી આપતા શ્લોક છે.

'विनाशमन्ययस्यास्य न कश्चित कर्तुं मर्हति ।'

અવિનાશીનો વિનાશ કરવા કોઈ શક્તિમાન નથી. ચેતના એ આત્માનું લક્ષણ છે. જડ પદાર્થથી અને જીવ ચેતન તત્ત્વથી ઓળખાય છે. ચૈતન્યમય આત્મા છે તેનો કદી નાશ થતો નથી.

'नेनं छिदन्ति शस्त्राणि, नैनं दहति पावक:
नचैनम् कलेन्दयन्त्याप:, न शोषयति मारुत:'

આત્માને કોઈ પણ શસ્ત્ર છેદી શકતાં નથી, અગ્નિ આત્માને બાળી શકતો નથી, પાણી ભીંજવી શકતું નથી, પવન તેને સુકવી (શોષી) શકતો નથી.

શરીર જેને જૈનદર્શનની પરિભાષામાં પુદ્ગલનો પિંડ કહીએ છીએ એ નાશ પામે છે, પણ તેની સાથે રહલું આત્મતત્ત્વ જેને અજર-અમર-અવિનાશી કહેવાય છે તેનો જ કર્માનુસાર પુનર્જન્મ થયા કરે છે. જ્યાં સુધી તે કર્મમુક્ત થતો નથી ત્યાં સુધી જન્મ-મરણ થયા જ કરે છે. 'अजो नित्य: शाश्वतोयं पुराण:।' અર્થાત્ મનુષ્યનો આ આત્મા જન્મરહિત, મૃત્યુરહિત શાશ્વત અને નિત્ય છે.'

આત્મતત્ત્વ એ દરેક શરીરથી ભિન્ન અને અમર છે. તે સિદ્ધાન્ત વૈદિક પરંપરામાં પણ વિશેષ વ્યાપક થયો છે. પુનર્જન્મ વિશે હિન્દુ તત્ત્વવેત્તાઓ કહે છેઃ આત્મા ભૌતિક દૃષ્ટિએ જુદા જુદા દેહમાંથી પસાર થતો હોય છે અને આધ્યાત્મિક દૃષ્ટિથી કહીએ તો જુદી જુદી માનસિક ભૂમિકાઓમાંથી તે પસાર થતો હોય છે. વસ્તુતઃ નવો જન્મ લેતાં પ્રાણીઓ અને જીર્ણ થઈને મૃત્યુને વશ થતાં પ્રાણીઓને જોતાં પુનર્જન્મ જેવું ભાસિત થાય છે. જૈન સિદ્ધાન્તની દૃષ્ટિએ જન્મનું પ્રમાણ મૃત્યુના પ્રમાણની સાથે હંમેશાં મેળ રાખે છે, તેથી સર્વ સ્થળે જન્મ અને મૃત્યુની વૃદ્ધિ હ્રાસ હંમેશાં સમતોલ પ્રમાણમાં રહે છે. કહે છે સમગ્ર લોકમાં એક પણ જીવ વધતો નથી, એક પણ જીવ ઘટતો નથી. માત્ર પર્યાય બદલાય છે.

જૈનદર્શન કર્મવાદને વધુ મહત્ત્વ આપે છે. કર્મ પ્રમાણે આત્માની ગતિ બદલાતી જાય છે. આત્મા દેહથી ભિન્ન એક સ્વતંત્ર વસ્તુ છે અને **'તે નિત્ય'** છે. આવો આત્મા **'કર્મનો કર્તા'** પણ છે. કર્મની રજકણો સમગ્ર લોકમાં ઠાંસીઠાંસીને ભરી છે જેને આત્મા પોતાના મન, વચન, કાયાના ઉપયોગ દ્વારા સતત ગ્રહણ કરતો રહે છે. રાગાદિ ભાવોના ચુંબકીય તત્ત્વ દ્વારા કર્મરૂપી રજકણો આત્માને સતત ચોંટતા રહે છે. આ રજકણો કર્મના પરિપાક રૂપે આત્મા ભોગવ્યા જ કરે છે. પુનર્જન્મ થયા જ કરે છે. જ્યાં સુધી તે કર્મરહિત થઈ સિદ્ધગતિ પ્રાપ્ત ન કરે. ફલિત એ થાય છે કે આત્મ કર્મને (રજકણોને) પોતાના પર ચોંટાડવાની ક્રિયા કરતો હોવાથી (વિભાવમાં રહેવાથી) તે કર્મનો કર્તા છે અને જ્યારે એ રજકણો એના ફળ આપે ત્યારે આત્મા ભોગવે પણ છે માટે એ **કર્મનો ભોકતા** પણ છે.

કર્મવાદની જંજીરમાંથી મુક્ત થવાના જૈનદર્શનમાં ઉપાય પણ સચોટ બતાવ્યા છે. જેમ આત્મા કર્મનો કર્તા છે, ભોકતા છે, તો કર્મબંધનથી મુક્તિ થવાના અને **મોક્ષપ્રાપ્તિના ઉપાય** પણ છે. કર્મથી મુક્ત થવાનો માર્ગ જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલો છે. એ છે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. આ ત્રણ અગ્નિની ભઠ્ઠી સમાન છે, જેમાં આત્મા સુવર્ણ કર્મરજથી છૂટો થઈ એકદમ શુદ્ધ બની જાય છે અને એ આત્માનો મોક્ષ સહજ થઈ જાય છે. આચાર્ય ઉમાસ્વાતિના ગ્રંથ તત્ત્વાર્થસૂત્રના પહેલા અધ્યયનમાં જ એમણે મોક્ષનો માર્ગ પ્રશસ્ત કરતાં કહ્યું છે-

'सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्ष मार्ग:'

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યગ્ચારિત્ર એ આત્માનો મોક્ષ માર્ગ છે, એટલે મોક્ષનો ઉપાય છે અને અંતે આત્મા અખંડ અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરે છે. આમ જૈનદર્શનમાં આત્મા અને કર્મવાદ અંગે આ છ પદ બતાવ્યાં છે. શ્રીમદ્

*જૈનદર્શન કર્મવાદને વધુ મહત્ત્વ આપે છે. કર્મ પ્રમાણે આત્માની ગતિ બદલાતી જાય છે. આત્મા દેહથી ભિન્ન એક સ્વતંત્ર વસ્તુ છે અને 'તે નિત્ય' છે. આવો આત્મા 'કર્મનો કર્તા' પણ છે.*

રાજચન્દ્રની આત્મસિદ્ધિમાં, તત્ત્વાર્થ સૂત્રમાં આગમ ગ્રંથોમાં બતાવ્યું છે કે આત્મા છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોકતા છે. કર્મમુક્ત થવાના ઉપાયો છે અને આત્માનો મોક્ષ છે.

જિનેન્દ્ર પ્રભુએ વિશ્વદર્શનમાં સર્વે જીવાત્માઓનું દર્શન કર્યું. પોતે જે ઉચ્ચત્તમ આત્મસ્થિતિ પ્રગટ કરી એ જ સ્થિતિ દરેક જીવાત્માઓમાં અપ્રગટ રૂપે પડેલી છે. દરેક જીવાત્મા શુદ્ધ સ્વરૂપ પરમાત્મા જ છે, પરંતુ કાર્મિક રજકણોથી તેનું સ્વરૂપ ઢંકાઈ ગયું છે. એના જ કારણે જીવાત્મા ભવભ્રમણમાં ભટક્યા કરે છે.

- હૃદયમાં સત્ય પ્રત્યેના કટ્ટર પક્ષપાતનો અભાવ (મિથ્યાત્વ).
- જીવમાં સત્યના જીવંત આચરણનો અભાવ (અવિરત).
- જીવાત્મામાં ઉત્પન્ન થતાં રહેતાં અતંદુરસ્ત ખળભળાટ (કષાય).
- મન, વચન અને કાયાની પ્રવૃત્તિઓ (યોગ).

અનંત કરુણાના કરનારા જિનેશ્વર દેવોએ કર્મમુક્તિનો ઉપાય પણ બતાવ્યો છે અને તે છે સુધર્મનું આચરણ.

જૈન દર્શનનો કર્મવાદ માને છે કે જીવાત્મા પર લાગેલાં કર્મો જ્યાં સુધી ભોગવાઈ ન જાય, કર્મોની નિર્જરા ન થાય ત્યાં સુધી એ જન્મ જન્માંતર આત્મા સાથે જ ચોંટેલા રહે છે. આમ જૈનદર્શનનો કર્મવાદ પુનર્જન્મને સ્વીકૃતિ આપે છે.

જૈનધર્મના ચોવીસ તીર્થંકરોના ચરિત્ર સહિત ત્રિષષ્ટિશલાકામાં પુરુષના ચરિત્રોમાં આ મહાપુરુષોના અનેક ભવની વાત આવે છે. ઉપરાંત જૈન કથાનુયોગમાં પુનર્જન્મને સાંકળતી અનેક કથાઓ અંકિત છે. જૈનદર્શન સ્પષ્ટ કહે છે કે,

- જ્ઞાનનો આધાર દેહ નથી.
- દેહથી પોતાનું સ્વતંત્ર તત્ત્વ ધરાવનાર કોઈ જુદું તત્ત્વ દેહમાં છે (આત્મા).
- દેહના નાશ સાથે એ તત્ત્વનો નાશ થતો નથી.

ગત જન્મોની સ્મૃતિ હકીકત આ ત્રણ વાત પુરવાર કરે છે. જૈનદર્શન આવી સ્મૃતિને જાતિસ્મરણ 'જ્ઞાન' કહે છે.

જૈન ધર્મ આત્મવાદી ધર્મ છે. આત્માને તે શાશ્વત માને છે, આથી પુનર્જન્મમાં તેને દૃઢ વિશ્વાસ છે.

પુનર્જન્મ એટલે આત્મા સાથે જ્યાં સુધી કર્મોથી સંલગ્ન છે ત્યાં સુધી આત્માનું પુનઃ પુનઃ દેહધારણ થયા કરે છે. મતલબ કે ફરી જનમ, ફરી મરણ. વારંવાર જન્મ-મરણ એટલે પુનર્જન્મ, ભવભ્રમણ.

નવજાત શિશુને સ્તનપાન કરવાનું કોણ શીખવે છે ? કોઈ જ નહીં, છતાં ગતજન્મની આહારસંજ્ઞાના પ્રભાવે શિશુ ધાવણ માટે વલખે છે. પૂર્વજન્મની સંસ્કારજન્ય સ્મૃતિનું પરિણામ છે. તાજા જન્મેલા બાળકને સુખ-દુઃખની અનુભિતિ થાય છે, તે પણ તેના જન્મજન્માંતરના સંસ્કારને આભારી છે.

પુનર્જન્મ એ કર્મબદ્ધ જીવાત્માની અવસ્થાનું પરિવર્તન છે. આત્મા ક્યારેય મરતો નથી, મરે છે તેનો માત્ર દેહ. દેહ મરતા આત્મા એના સૂક્ષ્મ શરીર સાથે, પોતાના કર્માનુસાર બીજો જન્મ લેવા પ્રયત્નશીલ બને છે અને નવો જન્મ ધારણ કરી લે છે.

એવો એકાંતિક નિયમ નથી કે આ જન્મમાં કરેલા શુભ-અશુભ કર્મના ફળ આ જીવાતા જીવનમાં જ મળે. તેના ફળ તેને બીજા ભવોમાં પણ મળતાં હોય છે. કરેલાં કર્મના ફળ ભોગવવાં જ પડે છે. તે માટે પુનર્જન્મ થતો જ રહે છે.

પરલોક-પુનર્જન્મ આજના વિજ્ઞાનીઓ માટે સજ્જડ પુરાવાઓ સાથે પડકાર બન્યા છે. આ માટે આધુનિક વિજ્ઞાનીઓ પાસે પરામાનોવિજ્ઞાન Para Psychology નામનું વિશિષ્ટ વિજ્ઞાન છે. ભારતમાં અને વિદેશોમાં આ વિષય પર વિશદ અને મહત્ત્વપૂર્ણ સંશોધન થયાં છે, થઈ રહ્યાં છે અને ઘણા વિજ્ઞાનીઓ જાહેરમાં પુનર્જન્મનો સ્વીકાર કરી રહ્યા છે.

પુનર્જન્મની યાદના અનેક કિસ્સાઓ બન્યા છે. પુનર્જન્મની સત્ય ઘટનાઓ નોંધપાત્ર સંખ્યામાં બની છે. પૂર્વજન્મોની ઘટનાઓ આ જન્મમાં યાદ આવવી તેને જૈનદર્શન 'જાતિસ્મરણ જ્ઞાન' કહે છે. આ જ્ઞાનના હજારો પ્રસંગો ધર્મગ્રંથોમાં અને આજના અખબારો અને સામયિકોમાં ગ્રંથસ્થ થયાં છે.

જ્યૉર્જ બર્નાડ શૉ પ્રખર બુદ્ધિવાદી હતા. જગવિખ્યાત બ્રિટિશ નાટ્યકાર હતા. મહાત્મા ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધીની સાથેના એક વાર્તાલાપમાં એમણે કહ્યું હતું કે, 'મારી ભાવના આવતા ભવે ભારતના કોઈ જૈન પરિવારમાં જન્મ લેવાની છે.' આ વાર્તાલાપમાં પુનર્જન્મનો સિદ્ધાંત દૃષ્ટિગોચર થાય છે.

અમુક દેશમાં, અમુક ગામ, અમુક ઘેર પૂર્વ દેહ ધારણ થયો હોય અને તેનાં ચિન્હો બીજા જીવને જણાવવાથી તે દેશાદિનું અથવા તેના નિશાનાદિનું કંઈ પણ વિદ્યમાનપણું હોય તો બીજા જીવને પણ પ્રતીતિનો હેતુ સંભવે છે; અથવા જાતિસ્મૃતિજ્ઞાનવાન કરતાં જેનું વિશેષ જ્ઞાન છે તે જાણે; અથવા જેને જાતિસ્મૃતિજ્ઞાન છે, તે પુરુષના (અથવા સ્ત્રીના) સંબંધમાં કોઈ જીવ પૂર્વભવે આવ્યો છે, વિશેષ કરીને આવ્યો છે તેને સંબંધ જણાવતાં કંઈ પણ સ્મૃતિ થાય તો તેવા જીવને પણ પ્રતીતિ આપે.

જે પુરુષો યોગધ્યાનાદિકના અભ્યાસબળ વડે સ્થિત હોય તેમાંના ઘણા પુરુષો ભવાંતર જાણી શકે છે, અને એમ બનવું એ કાંઈ કલ્પિત પ્રકાર નથી. જે પુરુષને આત્માનું નિશ્ચયાત્મક જ્ઞાન છે, તેને ભવાંતરનું જ્ઞાન ઘટે છે, હોય છે. કવચિત્ જ્ઞાનના તારતમ્ય ક્ષયોપશમ ભેદે તેમ નથી પણ હોતું; તથાપિ જેને આત્માનું પૂર્ણ શુદ્ધપણું વર્તે છે, તે પુરુષ તો નિશ્ચય તે જ્ઞાનને જાણે છે, ભવાંતરને જાણે છે. આત્મા નિત્ય છે, અનુભવરૂપ છે, વસ્તુ છે. ભગવતી સૂત્રમાં ભવાંતરનું વર્ણન કર્યું છે.

મતિની નિર્મળતાને કારણે પાછળના અને પછીના ભવનું જ્ઞાન સંભવી શકે છે તેમ બની શકે છે. વાદળાં વગેરેનાં ચિન્હો પરથી વરસાદનું અનુમાન થાય છે, તેમ આ ભવની ચેષ્ટા પરથી તેના પૂર્વકારણ કેવાં હોવાં જોઈએ એ પણ સમજી શકાય; થોડે અંશે વખતે સમજાય તેમ જ ચેષ્ટા ભવિષ્યમાં કેવું પરિણામ પામશે તે પણ તેના સ્વરૂપ ઉપરથી જાણી શકાય; અને તેને વિશે વિચારતાં કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો, તે પણ વિચારમાં સારી રીતે આવી શકવા યોગ્ય છે.

નવજાત, શિશુના હાસ્ય, કંપ અને રુદનના કાર્યો તેના વર્તમાન જીવનના કોઈ પણ શિક્ષણ કે અનુભવ વિના પણ થતાં જોવામાં આવે છે. આ કાર્યો તેનામાં ઉત્પન્ન થયેલાં હર્ષ, ભય અને શોકને પ્રદર્શિત કરે છે. જો અમુક અનુભવ પૂર્વનો ન માનીએ તો અનુકૂળ સંજોગોમાં હર્ષ, મોટો અવાજ આદિ થતાં, ભય અને ભૂખ લાગતાં શોકનો અનુભવ તેને ક્યાં કારણોથી સમજી શકાય? સ્તનપાન કરવાની ઈચ્છાથી પ્રેરાઈને જ તે શિશુ ભૂખની નિવૃત્તિ અર્થે સંકલ્પપૂર્વક પ્રવૃત્તિ કરે છે, જેથી આ કાર્ય ભૂખનિવર્તક છે એમ તેને પૂર્વ અનુભવ હોવો જોઈએ તેમ સાબિત કરે છે. આવા પૂર્વસંસ્કાર આ જન્મમાં તો પ્રાપ્ત થયા નથી, તે પૂર્વજન્મમાં પ્રાપ્ત થયા હોવા જોઈએ એમ સ્વીકારતાં પૂર્વજન્મ સાબિત થાય છે અને તેથી પુનર્જન્મ પણ આપોઆપ સાબિત થઈ જાય છે.

**પુનર્જન્મ દર્શાવતાં જીવનવૃત્તાંતો**

પુનર્જન્મને દર્શાવતા અને પૂર્વભવનું સ્મરણ થયું હોય તેવા મનુષ્યોને લગતી અનેક વાતો અવારનવાર પ્રગટ થતી રહે છે અને માનસશાસ્ત્રીઓ Psychologists તથા વર્તમાનપત્રોના સંવાદદાતાઓ અનેક પ્રસંગોને રજૂ કરે છે. અહીં તો આપણે ત્રણ મનુષ્યોના જીવનપ્રસંગોનો ટૂંકમાં વિચાર કરીશું. જેઓની પ્રસિદ્ધિ પોતપોતાના ક્ષેત્રમાં, ભારતના જ નહિ પણ સમસ્ત વિશ્વના પ્રથમ પંક્તિના પુરુષોમાં થયેલી છે.

**પુનર્જન્મનાં વિશિષ્ટ દૃષ્ટાંતો**

વિક્રમના સોળમાં સૈકામાં બિહારમાં શંકર મિશ્ર નામના એક વિદ્વાન કવિ થઈ ગયા. તેમના બાળપણનો આ પ્રસંગ છે.

એક વાર તેમના ગામ પાસેથી ત્યાંના રાજાની સવારી પસાર થઈ. સામાન્ય રીતે રાજાની સવારી જોવા સૌ માણસો જાય તેવો તે વખતે રિવાજ હતો એટલે તે પણ ગામની ભાગોળે જઈને ઊભો રહ્યો. તે વખતે શંકરની ઉંમર પાંચ વર્ષની હતી, પરંતુ શરીર ખૂબ સ્વરૂપવાન હતું. હાથી પર બેઠેલા રાજાની દૃષ્ટિ આ બાળક પર પડી. રાજાએ તે બાળકને સંસ્કૃતમાં પૂછ્યું, 'વત્સ! કેમ, એકાદ કવિતા સંભળાવી શકીશ?' બાળકે ઉત્તર આપ્યો, 'રાજન! મેં પોતે રચેલી સંભળાવું કે અન્યની રચેલી?' રાજાએ કહ્યું, 'તને કવિતા રચતાં પણ આવડે છે?' બાળકે ઉત્તર આપ્યો,

'बालोऽहं जगदानन्द न मे बाला सरस्वती ।
अपूर्णे पंचमे वर्षे वर्णयामि जगत्त्रयम् ।।'

'અર્થાત્ જગતને આનંદ આપનાર હે નરેશ! હું બાળક છું, પણ મારી વિદ્યા કાંઈ બાળક નથી. હજુ તો મને પાંચમું વર્ષ પણ પૂરું થયું નથી, પરંતુ હું ત્રણે લોકનું વર્ણન કરી શકું છું.'

આ શ્લોક સાંભળી હર્ષિત થયેલા રાજાએ બાળકને અન્ય દ્વારા રચાયેલું પદ સંભળાવવા કહ્યું. તે વખતે શંકર મિશ્ર, વેદની એક ઋચા બોલ્યો અને તેના પૂર્વાર્ધમાં સુંદર પદ રચી રાજાની સ્તુતિ કરી. પાંચ વર્ષની ઉંમર પૂરી થયા પહેલાં વેદની ઋચાનું જ્ઞાન અને સંસ્કૃત ભાષામાં ઉત્તમ કવિત્વ તેને કેવી રીતે પ્રાપ્ત થયું? વર્તમાન જીવનમાં તેવા પ્રકારના શિક્ષણના અભાવમાં પૂર્વભવના સંસ્કાર વડે જ તે પ્રાપ્ત થયું એમ ન્યાયથી માનવું પડે છે.

ગઈ સદીમાં આપણા દેશના મદ્રાસ રાજ્યમાં શ્રીનિવાસ રામાનુજમ્ નામના એક મહાપુરુષ થઈ ગયા. તેમનો જન્મ ઈ. સ. ૧૮૮૭માં થયો હતો. અત્યંત નાની વયથી જ ગણિત પ્રત્યે તેમને અગાધ રુચિ હતી અને સૂઝ પણ અસામાન્ય હતી. પ્રસિદ્ધ અંગ્રેજ વૈજ્ઞાનિક જુલિયન હક્સલે (Jullian Huxely)એ તેમને આ સદીના સૌથી મહાન ગણિતકાર તરીકે બિરદાવ્યા છે. ભારતીય ગણિતજ્ઞ સોસાયટી સમક્ષ તેમણે રજૂ કરેલા સાઠ પ્રશ્નોમાંથી વીસ પ્રશ્નો હજુ અણઊકલ્યા જ રહ્યા છે. તેઓ ત્રીસ વર્ષના થયા ત્યારે ઈ. સ. ૧૯૧૭માં તેમને ઈંગ્લૅન્ડમાં Fellow of Royal Society માનદ્ બિરુદ એનાયત કરવામાં આવ્યું હતું.

કોઈ પણ પ્રકારની કેળવણી આ જન્મમાં પ્રાપ્ત કર્યા વગર પોતાની આગવી બુદ્ધિપ્રતિભાથી સમસ્ત વિશ્વના ગણિતજ્ઞોમાં સર્વશ્રેઠ પદવી પ્રાપ્ત કરનાર આ પુરુષનું જીવન તેના અદ્‌ભુત પૂર્વસંસ્કાર અને પૂર્વાભ્યાસને સ્વયં સિદ્ધ કરી દે છે.

મહાત્મા ગાંધીજીએ પોતાના આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે ગણેલ શ્રીમદ્ રાજચંદ્રજી (કવિ રાયચંદભાઈ) પણ એક મહાસમર્થ પુરુષ થઈ ગયા છે. સાત વર્ષની ઉંમરે તેમને જાતિસ્મરણ જ્ઞાન (આગલા ભવોનું સ્પષ્ટ સ્મરણ) થયેલું. તેમણે દસ વર્ષની ઉંમરે લખેલી 'મોક્ષમાળા' મોટા મોટા પંડિતોના ગર્વને પણ ગાળી નાખે તેવા જ્ઞાનનો, નીતિનો, ન્યાયનો, સિદ્ધાંતનો, ભાષાસૌષ્ઠવનો, કવિત્વનો, વચનાતિશયનો, વિચારગાંભીર્યનો અને પૂર્વભવમાં તેમણે સાધેલી સાધનાનો સ્પષ્ટ પરિચય કારવી દે છે. તેઓએ પોતે જ કરેલાં કેટલાંક વિધાનો આપણને પુનર્જન્મની સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે.

વર્તમાનમાં આપણે જે દેહમાં રહીએ છીએ તે દેહની અવધિ પૂરી થયે આપણું અસ્તિત્વ નષ્ટ નથી થતું અર્થાત્ આ શરીર છોડીને પણ બીજું શરીર ધારણ કરવું પડે છે એ હકીકતનો જે સ્વીકાર કરે છે તેને આસ્તિક કહેવામાં આવે છે અને પુનઃ દેહધારણરૂપ જે અવસ્થા તેને પુનર્જન્મ કહેવામાં આવે છે. ચાર્વાક (નાસ્તિક) દર્શન સિવાયના બધા જ આર્યદર્શનકારોએ એકમતે પુનર્જન્મ સિદ્ધાંતને સ્વીકારીને પોતપોતાના દર્શનોમાં તેની પુષ્ટિ કરી છે.

એક જ માતા-પિતાના જુદાં જુદાં બાળકોનું બાહ્યાંતર વ્યક્તિત્વ જુદું જુદું સ્પષ્ટપણે દેખાય છે. બધાયનો ઉછેર, કેળવણી અને સંયોગો સરખા હોવા છતાં એક હોંશિયાર અને એક ઠોઠ હોય છે, એક ગોરો અને એક કાળો હોય છે, એક લૂલો, લંગડો, બહેરો કે એકાદ અંગ વગરનો હોય છે, તો બીજો સૌમ્ય, સુંદર અને સર્વાંગસંપૂર્ણ હોય છે.

એક જ વર્ગના એ જ શિક્ષકો અને એ જ વિદ્યાર્થીઓ હોવા છતાં એક વિદ્યાર્થી ઊંચા ગુણ મેળવી ઉત્તીર્ણ થાય છે, જ્યારે બીજો ત્રણ વર્ષ થવા છતાં પણ ઉત્તીર્ણ થઈ શકતો નથી.

પશુઓમાં અનેક પ્રકારનું જન્મજાત વેર જોવામાં આવે છે. ઉંદર-બિલાડી, સાપ-નોળિયો, મોર-સાપ વગેરે પ્રાણીઓ સામા પક્ષના પ્રાણીઓને જોતાંવેંત જ કોઈ પણ પ્રકારની બાહ્યચેષ્ટા કે કારણ વગર સામા પ્રાણી સાથે વેરભાવથી પ્રેરાઈને લડવા લાગી જાય છે.

જન્મથી જ અતિશય વિચક્ષણ બુદ્ધિ ધારણ કરનારા મનુષ્યો ઇતિહાસપ્રસિદ્ધ પણ છે અને નજીકના ભૂતકાળમાં પણ થયેલા દેખાય છે. જે પ્રકારની અને જે પ્રમાણની બુદ્ધિ અમુક વયમાં કે અમુક સંજોગોમાં સંભવી જ ન શકે તેવી અતિ વિરલ અને અતિ વિશિષ્ટ પ્રજ્ઞાસંપન્નતા દેખી આપણે આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. આનાં દૃષ્ટાંત હવે પછી આપણે જોઈશું.

કોઈક વ્યક્તિને આગનો ભયંકર ડર લાગે તો કોઈકને ઊંડા પાણીનો ખૂબ જ ભય લાગે.

વશીકરણના વિદેશી નિષ્ણાત એલેકઝાંડર કેનોને વશીકરણના ઘણા પ્રયોગો કર્યા. તેમણે 'ધ પાવર વીધીન' નામનું પુસ્તક લખ્યું છે.

તેમણે કરેલા પ્રયોગો પરથી જણાય છે કે ઊંડા વશીકરણના પ્રયોગથી પૂર્વજન્મની સ્મૃતિ થઈ શકે છે અને તે પુનર્જન્મને સિદ્ધ કરે છે. એલેકઝાંડરે તેના ગ્રંથમાં અનેક ઘટનાઓ નોંધી છે, તેમાંથી બે ઘટના જોઈશું.

એક માણસ લિફ્ટનો ઉપયોગ ન કરે. તેને લિફ્ટ પડી જવાનો ડર લાગતો. તે હિપ્નોટિસ્ટની પાસે ગયો. ઊંડા વશીકરણ દ્વારા પૂર્વજન્મની સ્મૃતિ જગાડતાં તેણે કહયું કે, તે ચાઈનીઝ જર્નલ હતો. ઊંચા મકાનથી અકસ્માતે પડી જતાં ખોપરી ફાટતાં મૃત્યુ થયું હતું. પૂર્વજન્મના પડી જવાના દૃઢસંસ્કારે તેને લિફ્ટથી ભયભીત કર્યો હતો.

એક સ્ત્રી પાણીથી ડરે. હિપ્નોટિસ્ટે ઊંડા વશીકરણ દ્વારા તેની પૂર્વની સ્મૃતિ જાગૃત કરી. પૂર્વે તે પુરુષગુલામ રોમ દેશમાં હતી. અપરાધને કારણે સાંકળ બાંધી તેને ઊંડા પાણીમાં ઉતારવામાં આવતાં ગૂંગળામણથી મૃત્યુ થયેલું. આ સંસ્કારનું સંક્રમણ થયેલું.

આ ઉપરથી ફલિત થાય છે કે જૈનદર્શન માટે ભૂતપૂર્વ જન્મ વગેરેની સ્મૃતિની વાત જરાય આશ્ચર્યજનક નથી.

પરંતુ આધુનિક વૈજ્ઞાનિક માનસ આ વાતોને સાંભળતાં જ ચમકી ઊઠે છે. 'અસંભવ' કહી દેવા ઉતાવળું થઈ જાય છે, કેમકે વિજ્ઞાન એ ઘણું કરીને જડનું વિજ્ઞાન છે. એણે જડ પરમાણુ વગેરેના સંબંધમાં કેટલુંક સંશોધન કરીને એ વિષયમાં જ કેટલીક કહેવાતી પ્રગતિ સાધી છે. વિજ્ઞાન એ તત્ત્વજ્ઞાન નથી, વિજ્ઞાન તો માત્ર જડનું એક વિષયનું–વિસ્મૃત કહી શકાય તેવું જ્ઞાન છે. તત્ત્વજ્ઞાનના જડ અને ચેતન તત્ત્વના તમામ પાસાંઓને સાંભળતાં જ આજનો વૈજ્ઞાનિક મૂંઝાઈ જાય તે તદ્દન સહજ છે.

આવી મૂંઝવણમાંથી જ કેમ જાણે; આજના વૈજ્ઞાનિકોએ આ વિષયમાં પણ સંશોધન-કાર્ય આરંભ્યું છે.

આ વિષયમાં પદ્ધતિસરનું સંશોધન કરવા માટે ભારત સરકારે પણ આ પ્રયત્નો આદર્યા છે. એવા પ્રયત્નોના એક ફળરૂપે જયપુરમાં આવેલી રાજસ્થાન યુનિવર્સિટીમાં પેરા-સાયકોલોજી વિભાગ ખોલવામાં આવ્યો છે. તે વિભાગમાં પુનર્જન્મની માહિતીનું સંશોધન કરવા માટે ડૉ. એચ. એન. બેનરજીએ રોકવામાં આવ્યા છે. ઘણાં વર્ષોથી ડૉ. બેનરજી પુનર્જન્મની માન્યતાની સત્યતા અંગે ભારે જહેમત ઉઠાવી રહયા છે.

તેમણે આજ સુધીમાં પુનર્જન્મની સ્મૃતિ થઈ હોય તેવી લગભગ ૫૦૦ વ્યક્તિઓ તપાસી છે. જ્યાં ક્યાંય પણ કોઈને પુનર્જન્મની સ્મૃતિ થયાની વાત તેમને જાણવા મળી જાય કે તરત જ તેઓ ત્યાં દોડી જાય છે. વિશ્વના ખૂણેખૂણામાં ફરીવળીને આ માન્યતાનું સત્ય પામવા તેઓ સાબદા બન્યા છે.

જો કે હજુ સુધી ડૉ. બેનરજીને કશોયે અંતિમ ઉત્તર પ્રાપ્ત થયો નથી. છેલ્લાં બાર-બાર વર્ષની સાધના પછી પણ તેઓ હજી આ પ્રશ્ન અંગે મથામણ જ અનુભવી રહ્યા છે, પરંતુ તેમ છતાં તેઓએ એવો નિર્ણય તો નથી લીધો કે હવે, 'માનવી એ કેવળ જડયંત્ર છે કે પછી આધ્યાત્મિક શક્તિઓ ધરાવતો ઉચ્ચ આત્મા છે?' એવા જુગજૂના વિવાદ અંગેનું સત્યાન્વેષિત્વ ત્યાગી જ દેવું! ના, હજી તેમનું મંથન અને મથામણ બેય ચાલુ જ છે. તેમની સામે ઘણાં તોફાનો પણ ઊભાં થાય છે, પરંતુ હજુ સુધી તેઓ જાણે કે એક કર્મયોગીની અદાથી કામ કરી જ રહ્યા છે.

રાજસ્થાનના આ મનોવૈજ્ઞાનિક સમક્ષ જે સમસ્યા આવી ઊભી

છે તે એ છે કે કોઈ ઉચ્ચકક્ષાના સ્મૃતિકોષોની કાર્યવાહીની કે મસ્તિષ્કની કોઈ અચેતન પ્રક્રિયાની વૈજ્ઞાનિક સમજૂતી શી રીતે આપવી? અને આ સમજૂતી પૂર્વાનુમાનોની ઉપેક્ષા કર્યા વગર કેમ રજૂ કરવી?

જેમનામાં પરોક્ષ દર્શન કરવાની શક્તિની કે વિચારસંક્રમણ (Telepathy) કરવાની શક્તિ સાંભળવા મળી કે તરત જ બેતાલીસ વર્ષના આ પ્રાધ્યાપક એ વ્યક્તિની રૂબરૂ મુલાકાત લેવા ઊપડી જ ગયા હોય.

કેટલાક તો એવા પણ કિસ્સા તેમણે સાંભળ્યા હતા કે જે સાંભળવા માત્રથી માની જ ન શકાય, પરંતુ જ્યારે તેમણે જાતતપાસ કરી ત્યારે તેઓ વિમાસણમાં મુકાઈ ગયા હતા કેમકે એવી જાતિસ્મૃતિ જેમને થઈ હતી તેમણે ભૂતપૂર્વ જીવનના પ્રસંગોને બહુ ચોકસાઈથી રજૂ કર્યા હતા.

વિદ્યાભૂષણ શ્રીરશ્મિ પોતે આ વિષયમાં શું કહે છે તે જોઈએ. તેઓ કહે છે કે, 'મૃત્યુ આપણું શરણ શોધે છે. તમે કદાચ આ વાતને સાવ નકારી દઈને કહેશો કે એવું તે શી રીતે બને? મૃત્યુ ક્યાં આપણું શરણ શોધે છે? પણ હું વિનમ્રપણે કહીશ કે તમે અહીં જરાક ભૂલ્યા છો કેમકે ખરી રીતે મૃત્યુ જ તમારી પાસે આશ્રય માગે છે. અસંખ્ય વર્ષોથી સતત પ્રયત્નશીલ રહેવા છતાં એ તમને-તમારા આત્માને જાણી શક્યું નથી. સમયના આટલા લાંબા ગાળામાં પણ એ એક આત્માનો નાશ કરવામાં સફળ થઈ શક્યું નથી. તો પરાજય કોનો? તમારો કે મૃત્યુનો? પહેલાં પાશ્ચાત્ય જગત માનતું હતું કે મૃત્યુની સાથે જ જીવનનો અંત આવી જાય છે–જીવન ઉપર મૃત્યુનો વિજય થાય છે–પણ હવે એ કહેવા લાગ્યું છે કે, 'જીવન અપરાજેય છે. મૃત્યુ પછી પણ જીવન હયાત રહે છે- તે ક્યારેય મરતું નથી.'

ખ્રિસ્તી લોકોને માન્ય બાઈબલમાં પુનર્જન્મની વાતોને નકારી નાખવામાં આવી છે. આમ છતાં અદ્યતન ખ્રિસ્તી જગતના વિખ્યાત ધર્મપ્રચારક, નોર્મન વિન્સેન્ટ પીલનું કહેવું છે કે, 'પચાસ વર્ષ દરમિયાન જીવન-મરણની સમસ્યાઓને ઉકેલવાનો પ્રયત્ન કરતાં મને જે અનુભવો થયા છે તેના આધારે હું કહી શકું છું કે, **'મૃત્યુ એ જીવનની સમાપ્તિ નથી પરંતુ વધુ મોટા વિસ્તારની ઉપલબ્ધિ છે; મૃત્યુ તો માત્ર બે જીવન વચ્ચેની સીમારેખા જ છે.'**

જાણીતા માનસશાસ્ત્રી ડૉ. કેનેથ વોકર કહે છે કે, 'પ્રાણી ફરી ફરી જન્મે છે. પુનર્જન્મનો અસ્વીકાર નહીં કરી શકાય, પણ મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચે જે તૂટેલી કડી છે તેનું રહસ્ય જ્યાં સુધી વૈજ્ઞાનિકો નહીં પામી શકે ત્યાં સુધી પુનર્જન્મના બધા પાસા સ્પષ્ટ નહીં થાય.'

માનસશાસ્ત્રી ગણાતા ફ્રોઈડ કહે છે કે, 'જન્મ સમયની વ્યથા અને યંત્રણા એટલી બધી તીવ્ર હોય છે કે એને કારણે માનસપટ હંમેશને માટે શૂન્ય થઈ જાય છે. જન્મવેળાની આ વેદના માનસશાસ્ત્રીય વિશ્લેષણમાં ઘણીવાર ઉપર આવે છે. આ જ રીતે યુવાવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં થતો પ્રવેશ પણ અતિ કપરો હોય છે. કેટલાક એવા આઘાત-પ્રત્યાઘાતો આવે છે, જેના કારણે પહેલાની ઘણી વાતો સ્મૃતિમાંથી સરી પડે છે.'

'જનશક્તિ' દૈનિકમાં પ્રગટ થયેલો શેઠ કૃષ્ણગોપાલના પુનર્જન્મનો કિસ્સો રસપ્રદ છે.

બરેલીના કાયસ્થ સજ્જન શ્રી બદામીલાલ સક્સેનાને ત્યાં સુનીલ નામનો ચાર વર્ષનો એમને પુત્ર હતો. ચાર વર્ષે પણ બોલતાં ન શીખ્યો એટલે માતા-પિતા તેને બહેરો અને મૂંગો સમજવા લાગ્યા.

એક વાર પિતાએ સુનીલને કોઈ કામ સોંપ્યું. તેણે તરત કહ્યું, 'મારા નોકરને બોલવો, હું કામ નહીં કરું.'

સુનીલને એકાએક આ રીતે બોલતાં સાંભળીને સહુ આશ્ચર્ય સાથે આનંદ પામી ગયાં. પણ સાથે એ વિશેષ કુતૂહલ પણ થયું કે ઘરમાં એક પણ નોકર ન હોવા છતાં સુનીલે નોકરની શી વાત કરી?

જ્યારે તેણે પોતાની વાત કરી ત્યારે પણ તેણે જણાવ્યું કે, 'હું મારી પોતાની નિશાળમાં જ ભણીશ.' પિતાએ ગુસ્સામાં કહ્યું, 'તારા બાપની નિશાળ ક્યાં છે? હું તો ગરીબ છું અને સાધારણ નોકરી કરું છું.'

સુનીલ તરત બોલ્યો, 'તમારી નિશાળ ન હોય તો કાંઈ નહીં, પણ મારી પોતાની નિશાળ બદાયુમાં છે. હું સુનીલ નથી પણ બદાયુના જાણીતા ધનવાન શેઠ શ્રી કૃષ્ણગોપાલ છું. મારી બે નિશાળો અને શ્રીકૃષ્ણ ઈન્ટર કૉલેજ છે, ત્યાં પ્રિન્સિપાલ ડૉ. પાઠક છે.'

આ બધી વાત સાંભળીને તેના પિતા ખૂબ આશ્ચર્ય પામ્યા. તેમણે સ્વજન-સંબંધીઓને બોલાવ્યા. ગામનો કેટલોક અધિકારી વર્ગ પણ બોલાવ્યો. તેમની સમક્ષ સુનીલે ફરી બધી વાત કરી.

ત્યાર બાદ બે-ત્રણ લબ્ધપ્રતિષ્ઠ ગૃહસ્થોની સાથે સુનીલને બદાયુ લઈ જવામાં આવ્યો.

કૉલેજ પાસે આવતાં જ સુનીલ અંદર દોડી ગયો અને પ્રિન્સિપાલની ખુરશી ઉપર પાઠકને બદલે બીજા કોઈને જોતાં જ તે હેબતાઈ ગયો. તેણે કહ્યું, 'આ પ્રિન્સિપાલ નથી.'

સુનીલના પિતાએ તે ભાઈને પૂછ્યું કે, 'શ્રી પાઠક ક્યાં છે?'

ત્યારે તે નવા પ્રિન્સિપાલે કહ્યું કે, 'હું તો બે વર્ષથી જ અહીં નિયુક્ત થયો છું. મારી પહેલાં પ્રિન્સિપાલ પાઠક હતા. તેમણે આ કૉલેજમાં ૩૧ વર્ષ સુધી કામ કર્યું હતું. આ કૉલજના સ્થાપક શેઠ શ્રી કૃષ્ણગોપાલ યુવાનીમાં જ હાર્ટફેઈલ થતાં મૃત્યુ પામ્યા હતા. તેઓ સંતાનહીન હોવાથી તેમના પત્નીએ એક છોકરો દત્તક લીધો છે, જે બધો વહીવટ સંભાળે છે.'

ત્યાર પછી બાળકને પહેલાના પ્રિન્સિપાલના ઘેર લઈ જવામાં

આવ્યો. પ્રિન્સિપાલને જોતાં જ સુનીલ તેમને વળગી પડ્યો. પછી કૉલેજની વ્યવસ્થા અને ફેરબદલીની બાબતમાં કેટલીક મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી. બાળકના મોઢેથી આ બધી વાતો સાંભળીને લોકો દંગ થઈ ગયા.

પછી બાળકને તેની પૂર્વજન્મની પત્ની પાસે લઈ જવામાં આવ્યો. ત્યાં બાળકે પત્ની, સગાંઓ અને નોકરોને ઓળખી કાઢ્યા. બે વર્ષ પહેલાં જ મૃત્યુ પામેલા ડ્રાઈવર વફાતની બાબતમાં પણ ઝીણી પૂછપરછ કરી.

જૈન ધર્મના દાર્શનિક કર્મવાદના સિદ્ધાંતો દ્વારા પુનર્જન્મ સિદ્ધ થાય છે. માત્ર ભારતીય દાર્શનિકો જ નહીં પરંતુ વિશ્વની અન્ય દાર્શનિક પરંપરાઓ પણ હવે માને છે કે પુનર્જન્મ છે.

હિપ્નોટિઝમ અને અન્ય વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા પુનર્જન્મને નક્કર પુષ્ટિ પ્રાપ્ત થાય છે.

ત્રિષષ્ટિશલાખા પુરુષ, જૈન આગમોની કથાઓ પુનર્જન્મને પુષ્ટિ આપે છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવના સમયમાં ભગવાન મહાવીરનો જીવ ત્રિદંડી રૂપે હતો એ જ જીવ પરમ તીર્થંકર રૂપે પ્રગટે છે. આ ઘટના કરોડો વર્ષના કાળચક્ર કર્મ અને પુનર્જન્મના અનુબંધને સિદ્ધ કરે છે.

**સંદર્ભ ગ્રંથ :**

વિજ્ઞાન અને ધર્મ : પ. પૂ. ચંદ્રશેખર વિજયજી મ.
વિજ્ઞાન અને અધ્યાત્મ : પ. પૂ. અમરેન્દ્ર વિજયજી
સાધક સાથી ભાગ-૧-૨ : પૂ. આત્માનંદજી
જૈન ધર્મ : પૂ. ભદ્રબાહુ વિજયજી
સંક્ષિપ્ત જૈન દર્શન : શ્રી દિનેશભાઈ મોદી
જૈન દર્શનમાં કર્મવાદ : પ. પૂ. ચંદ્રશેખર વિજયજી મ.

✷ ✷ ✷

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ).
મુંબઈ-૪૦૦ ૦૭૭. મોબાઈલ : ૯૮૨૦૨૧૫૫૪૨.

# જાતિ સ્મરણના કારણો

કોઈક મનુષ્યોને નિમિત્ત પ્રાપ્ત થતાં જાતિસ્મરણ જ્ઞાન થાય છે તેમાં કેટલાંક કારણો મહત્ત્વનો ભાગ ભજવે છે, જેમ કે – (૧) મોહનીય કર્મનો ઉપશમ (૨) અધ્યવસાય શુદ્ધિ અને (૩) ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરવાથી.

**(૧) ઉપશાંતમોહનીય :** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયન 'નમિ પ્રવ્રજ્યા'માં મોહનીય કર્મનો ઉપશમ થતાં નમિરાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું.

'चइऊण देवलोगाओ, उववन्नो माणुसम्मि लोगम्मि।
उवसन्तमोहणिज्जो, सरई पोराणियं जाइं ।। १ ।।

**ભાવાર્થ :** નમિરાજા દેવલોકથી ચ્યવીને આ મનુષ્યલોકમાં ઉત્પન્ન થયા અને મોહનીયકર્મના ઉપશાંત થવાથી એમને પોતાના પાછલા જન્મનું સ્મરણ થયું.

અર્થાત્ પોતાના પૂર્વજન્મનું સ્મરણ કરવા માંડ્યા.

આનાથી સિદ્ધ થાય છે કે જે જીવનું મોહનીયકર્મ ઉપશાંત થઈ જાય છે એ આત્મા પોતાના પાછલા જન્મોને જ્ઞાન દ્વારા જોઈ લે છે. પરંતુ જે જીવના મોહનીયકર્મનો ઉદય થાય છે એ પાછલા જન્મને તો શું, આ જન્મના કરેલાં કાર્યોને પણ ભૂલી જાય છે.

**(૨) અધ્યવસાન શુદ્ધિ :** શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીસમા અધ્યયન 'મૃગાપુત્ર'માં સાધુના દર્શન થવાથી, મોહનીય કર્મ દૂર થવાથી તેમ જ અધ્યવસાન શુદ્ધિ થતાં મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

साहुस्स दरिसणे तस्स, अज्जवसाणंमि सोहणे ।
मोह गयस्स सन्तस्स, जाईसरमं

ભાવાર્થ : દર્શન થયા બાદ, મોહકર્મ દૂર થવાથી અંતઃકરણમાં અધ્યવજ્ઞાનની શુદ્ધિ થતાં મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું.

**(૩) ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરવાથી**–શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના પ્રથમ અધ્યયન 'મેઘકુમાર'માં મેઘકુમાર ભગવાન મહાવીર પાસેથી પૂર્વભવ સાંભળી, તેનું ચિંતન કરતાં તેમને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું હતું.

तए णं तस्स मेहस्स अणगारस्स, समणस्स जावओ महावीरस अंतिए हयमट्ठं सोच्चा णिसम्म सुभेहिं परिणामेहिं, पसत्थेहिं अज्झवसाणेहिं, लेस्साहिं विसुज्झमाणीहिं, तयावरणिज्जाणं कम्माणं रवओपसमेणं ईहा पोह-मग्गण-गवेसणं करेमाणस्स सण्णिपुव्वे जाइसरणे समुरप्पण्णे, एयमट्ठं-सम्मं अभिसमेइ ।

ભાવાર્થ : ત્યારપછી શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ વૃત્તાંત સાંભળીને હૃયમાં ધારણ કરીને મેઘકુમાર અણગારને શુભ પરિણામો, પ્રશસ્ત અધ્યવસાયો, વિશુદ્ધ લેશ્યાઓ અને જાતિસ્મરણને આવૃત્ત કરનારા જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમના કારણે ઈહા, અપેહ, માર્ગણા અને ગવેષણા કરતાં, સંજ્ઞી જીવોને પ્રાપ્ત થતું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને જાતિસ્મરણ જ્ઞાન દ્વારા મેઘમુનિએ પોતાના પૂર્વભવની જીવન ઘટનાને સમ્યક્ પ્રકારે જાણી લીધી.

**—સંપાદિકાઓ**

# કર્મવાદ અને વિજ્ઞાન

❑ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

*[ વ્યવસાયે C.A. થયેલાં રશ્મિભાઈ ઝવેરીએ પાંસઠ વર્ષની ઉંમરે જૈનોલોજીમાં M.A. કર્યું અને ત્યારબાદ 'પ્રેક્ષાધ્યાન' ઉપર શોધ પ્રબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ ગ્રહણ કરી. જૈન જગત, મંગલયાત્રા અને શ્રી જીવદયાના એક સમયે તંત્રી, આચાર્ય મહાપ્રજ્ઞના સૂત્રકૃતાંગના ગુજરાતી અનુવાદક, જૈન પ્રચાર ક્ષેત્રે વિદેશોમાં જૈન ધર્મનાં આરાધક, પ્રેક્ષાધ્યાનના સંચાલક અને પ્રચારક તેમજ જૈન ધર્મના વિવિધ વિષયો ઉપરના પ્રભાવક વક્તા અને ઊંડા તત્ત્વચિંતક છે. ]*

વિશ્વના બહુમતી ધર્મો-ઈસાઈ, ઈસ્લામ, વેદાંત, આદિ – ઈશ્વર કર્તૃત્વવાદમાં માને છે. તેઓ ઈશ્વરને જગતનો કર્તા, હર્તા, નિયંતા માને છે. જૈન દર્શન ઈશ્વર કર્તૃત્વવાદનો સ્વીકાર નથી કરતું. એ આત્મકર્તૃત્વવાદ, પુરુષાર્થવાદ અને કર્મવાદનો સ્વીકાર કરે છે. આચાર્ય હરિભદ્ર 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય'માં કહે છે કે, 'આત્મામાં પરમ ઐશ્વર્ય અને અનંત શક્તિ છે, એટલે એ જ ઈશ્વર છે અને એ જ કર્તા છે.'

વિજ્ઞાન પણ 'ઈશ્વર' નામના કોઈ તત્ત્વનો સ્વીકાર નથી કરતું, પરંતુ વિશ્વના વૈજ્ઞાનિકો, ગણિતશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓ વિશ્વની ઉત્પત્તિ, એનો આકાર, આદિ વિષયો પર અવારનવાર શોધ-ખોળ કરતા રહ્યા છે. 'કર્મવાદ' એ વિજ્ઞાનનો વિષય નથી; એ દર્શનનો વિષય છે. છતાં પણ વિજ્ઞાનના સિદ્ધાંતો કર્મવાદના સિદ્ધાંતોને સમજવામાં સહાયરૂપ બને છે. આ લઘુ-શોધ લેખમાં આ વિષયની ચર્ચા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

શ્રી ભગવતી સૂત્ર, શ્રી પન્નવણા સૂત્ર, શ્રી રાયપ્રશ્નીય સૂત્ર, આદિ જૈનાગમોમાં વિજ્ઞાનની અનેક શાખાઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. લોક (universe), આકાશ (space), કાળ (time), પુદ્ગલ (matter), જીવ વિજ્ઞાન (biology), આદિ પર વિશદ ચર્ચા કરવામાં આવી છે. પુદ્ગલના પ્રકાશ (light), ધ્વનિ (sound), પરમાણુ (atom), આદિ metaphysical વિષયો પર પણ ગહન ચિંતન આમાં જોવા મળે છે.

ભગવતીસૂત્ર (૧/૬/૩૧૨-૩૧૩) માં જીવ અને કર્મ (પુદ્ગલ)ના સંબંધમાં વિશદ ચર્ચા છે. જીવ અને કર્મ બંનેમાં અત્યંતાભાવ છે. જીવ ચેતન છે; કર્મ પુદ્ગલ છે, અચેતન છે. બંનેના અસ્તિત્વની ત્રૈકાલિક સ્વતંત્રતા છે, કારણ ચેતન કયારેય પણ અચેતન નથી થતું અને અચેતન ક્યારે પણ ચેતન નથી થતું. તો પછી આ બંનેનો સંબંધ કેમ અને કેવી રીતે થઈ શકે ? ભગવાને કહ્યું છે કે સંસારી જીવ અને પુદ્ગલ (કર્મ) પરસ્પર બદ્ધ, સ્પૃષ્ટ , અવગાઢ, સ્નેહ-પ્રતિબદ્ધ અને એક ઘટકમાં રહે છે. દૂધ અને પાણીની જેમ પરસ્પર ઓતપ્રોત રહે છે. આ સંબંધ ભૌતિક છે. ભગવતી સૂત્ર અનુસાર આ સંબંધ કેવળ જીવ અથવા કેવળ પુદ્ગલની (કર્મ)ની તરફથી જ નથી થતો, પણ બંને બાજુથી થાય છે.

આ સિદ્ધાંત હવે વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ. આ સંબંધને 'સ્નેહ-પ્રતિબદ્ધ' કહેવાય છે. જીવમાં સ્નેહ (ચીકણાપણું) છે–આશ્રવ. પુદ્ગલમાં સ્નેહ છે–આકર્ષિત થવાની યોગ્યતા. બે ભિન્ન તત્ત્વો (elements)નો પરસ્પરમાં સંબંધ (fusion) થઈ શકે છે. તેવી જ રીતે જીવ અને કર્મ પરસ્પરમાં દૂધ-સાકરની જેમ એકાકાર બની શકે છે.

વિજ્ઞાન 'આત્મા' નામના તત્ત્વનું સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારતું નથી. વિજ્ઞાન ગૂઢવાદ (mysticsm) કે ઈશ્વરકર્તૃત્વવાદ (theology)નો સ્વીકાર નથી કરતું. વિજ્ઞાન તો માત્ર પ્રયોગોથી સિદ્ધ થયેલા સિદ્ધાંતોને જ માન્યતા આપે છે. વિશ્વના પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને દાર્શનિકોએ વિશ્વની ઉત્પત્તિ, આત્મા, કર્મવાદ, ઈશ્વરકર્તૃત્વવાદ, આદિ વિષયો પર ચિંતન કર્યું છે. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક સ્ટીફન હોકીંગે (Stephen Hawking) એના બે વિશ્વવિખ્યાત પુસ્તકો–'અ બ્રીફ હિસ્ટ્રી ઓફ ટાઈમ' (A Brief History of Time) અને સાંપ્રત પ્રકાશિત 'ધ ગ્રાંડ ડિઝાઈન' (The Grand Design)માં વિશ્વની ઉત્પત્તિ વગેરે વિષયો પર ગંભીર ચર્ચા કરી છે. એમણે 'વિશ્વની ઉત્પત્તિ કેમ અને ક્યારે થઈ ? કોઈ ઈશ્વરે એને બનાવ્યું છે ? તો પછી ઈશ્વરને કોણે બનાવ્યો ? આપણે આ વિશ્વમાં ક્યાંથી આવ્યાં ?' આદિ પ્રશ્નોની ચર્ચા કરી છે. આ બધાં પ્રશ્નો કર્મવાદ અને વિજ્ઞાનની સમીક્ષા કરવા પ્રેરે છે.

આ પુસ્તકોમાં એમણે ગ્રીક ફિલોસોફર એરિસ્ટોટલ (Aristotle-340 B.C.), ટોલેમી, (Ptolemy-2nd century A.D.), પોલીશ પાદરી નિકોલસ કોપરનીક્સ (Nicholas Copurnicus-1514), ઈટલીનો ગેલિલીયો (Galileo Galilei 1600), બ્રિટનનો સર આઈઝેક ન્યૂટન (Sir Issac Newton 1687), ઈમેન્યુએલ કાંટ (Immanual Kant 1781), અલ્બર્ટ આઈન્સ્ટીન (Albert Einstein 1905) વગેરે પ્રસિદ્ધ વિજ્ઞાનીઓના વિચારોની છણાવટ કરી છે. એમણે તારણ કાઢ્યું છે કે સમય જતાં એક પછી એક ધુરંધર વિજ્ઞાનીઓની ધારણાઓ આંશિક અથવા સમગ્રપણે ખોટી પડતી ગઈ છે. અર્થાત્ વિજ્ઞાન પણ કોઈ અંતિમ સત્યની સ્થાપના કરવા

અસમર્થ છે.

આની સામે જૈન દર્શનનો કેવળજ્ઞાનનો સિદ્ધાંત દૃઢતાપૂર્વક કહે છે કે કેવલજ્ઞાની–સર્વજ્ઞ સમગ્ર સત્યને જોઈ શકે છે. એટલે જ એમણે રચેલા શાસ્ત્રો કોઈ પ્રયોગો પર આધારિત નહીં પણ આત્માના નિરાવરણ–પરમ વિશુદ્ધ જ્ઞાનના આધારે રચાયેલાં છે. આ ચર્ચાના આધારે કર્મવાદ અને વિજ્ઞાનની સમીક્ષા આ લેખમાં કરવામાં આવી છે.

શ્રી ભગવતી સૂત્ર (૨૫/૧/૧૭)માં જણાવ્યું છે કે જીવ પુદ્‌ગલને (matter) ભોગવે છે, નહીં કે પુદ્‌ગલ જીવને. પણ પુદ્‌ગલ (કર્મ)થી જીવ પ્રભાવિત થાય છે. જીવ અને પુદ્‌ગલની આ અરસપરસની અસર માત્ર દાર્શનિક દૃષ્ટિથી જ નહીં પણ આધ્યાત્મિક દૃષ્ટિથી પણ અગત્યની છે. અનંત શક્તિમાન આત્મા પોતાના 'અકર્મવીર્ય'થી કર્મની શક્તિ ઉપર વિજય મેળવી શકે છે. આત્માની આ શક્તિ જાગૃત કરવા માટે આધ્યાત્મિક અનુષ્ઠાનોની સાથે સાથે વિજ્ઞાનની કેટલીક શાખાઓનો અભ્યાસ પણ આવશ્યક છે. શરીર-વિજ્ઞાન (Anatomy), મગજ (Brain-neuroscience), અંતસ્રાવી ગ્રંથિતંત્ર (Endocrine-System), એનો મગજ સાથેનો સંબંધ (Neuro Endocrine-System), પરિધિગત નાડી સંસ્થાન (Peripheral Nervous System), સ્વતઃ સંચાલિત નાડી-સંસ્થાન (Autonomous Nervous System), જૈવિક વિજ્ઞાન (Genetics Science) આદિનો ઊંડો અભ્યાસ કરવાથી આધુનિક વિજ્ઞાન અને કર્મવાદની તુલનાત્મક સમીક્ષા થઈ શકે છે.

દર્શન અને વિજ્ઞાન વચ્ચે હંમેશાં મોટી ખાઈ રહેતી આવી છે. કારણકે વિજ્ઞાન માત્ર પ્રયોગોથી સિદ્ધ થયેલાં સિદ્ધાંતો જ માન્ય રાખે છે. જ્યારે દર્શન જ્ઞાનીઓના વચનોને શ્રદ્ધાથી સ્વીકારી લે છે. દર્શનશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકો જો એકબીજાના સિદ્ધાંતોને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરે તો વિશ્વના ઘણાં પ્રશ્નોના હલ થઈ શકે છે.

બીજી દૃષ્ટિએ જોઈએ તો વિજ્ઞાન પાસે માનવના સર્વાંગીણ યોગક્ષેમ માટે કોઈ અસરકારક ઉપાયો નથી. કારણ વિશ્વની પ્રત્યેક ક્રિયા કેવી રીતે (How) થાય છે, તે જ વિજ્ઞાન જણાવી શકે છે. જ્યારે કર્મવાદ આ ક્રિયાઓ શા માટે (Why) થાય છે તે સમજાવી શકે છે. આ બંને સિદ્ધાંતોને– 'કેવી રીતે' (How) અને 'શા માટે' (Why) એકબીજાના પૂરક બનાવીએ (Supplementary and Complementary) તો જ કર્મવાદના ગહન સિદ્ધાંતો સહેલાઈથી સમજી શકાશે.

દશવૈકાલિક સૂત્રના ચતુર્થ 'ષડ્‌જિવનિકાય' અધ્યયનમાં ભગવાને કહ્યું છે કે 'પ્રથમ જ્ઞાન પછી દયા (આચરણ).' એમાં આગળ કહ્યું છે કે જે માણસ જીવ કોને કહેવાય અને અજીવ કોને કહેવાય એ નથી જાણતો તે સંયમનું પાલન કેવી રીતે કરી શકે? અહિંસાના પાલન માટે જીવ, જીવની જાતો, જીવની ખાસિયતો, આદિ માટે જીવવિજ્ઞાનનો અભ્યાસ કરવો આવશ્યક છે. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર (ભાગ/૨ અધ્યયન ૩/૪), શ્રી જીવાજીવાભિગમ સૂત્ર (૧/૧૦) આદિ આગમોમાં પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ એકેન્દ્રિય (સ્થાવર)થી લઈને પંચેન્દ્રિય સુધીના જીવોનું વિશદ્ વર્ણન છે. આને માટે આધુનિક વિજ્ઞાનના વિષયો–પ્રાણીશાસ્ત્ર (Zoology), વનસ્પતિશાસ્ત્ર (Botany), અને સૂક્ષ્મજીવશાસ્ત્ર (Microbiology) આદિનો અભ્યાસ ઉપયોગી થઈ શકે છે. જૈન દર્શનના કર્મવાદના સિદ્ધાંતની અને આધુનિક જીવવિજ્ઞાનની ગંભીર સમીક્ષા `Jain Biology' માં (લેખક-સ્વ. જેઠાભાઈ ઝવેરી અને મુનિ મહેન્દ્રકુમાર) કરવામાં આવી છે.

### નિશ્ચય નયમાં કર્મવાદ

નિશ્ચય નયની દૃષ્ટિએ આત્મા અને કર્મ બંને તદ્દન ભિન્ન તત્ત્વો છે. શુદ્ધાત્મા કર્મનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી. વ્યવહાર નયની દૃષ્ટિથી સંસારી આત્મા કર્મનો કર્તા કહેવાય છે. તેનું મૂળ પણ અજ્ઞાન જ છે. શ્રી સમયસારમાં કુન્દકુન્દાચાર્ય સ્પષ્ટ કહે છે કે આત્મા પુદ્‌ગલકર્મનો નિમિત્ત નૈમિત્તિક ભાવથી પણ કર્તા નથી. કર્મ પુદ્‌ગલ દ્રવ્ય છે, જડ છે, અચેતન છે; જ્યારે આત્મા ચેતન તત્ત્વ છે અને જ્ઞાન એનો સ્વભાવ છે. આ બંને પર દ્રવ્યોને પરસ્પર કર્તૃકર્મભાવ નથી.

### વિજ્ઞાનથી (કર્મબંધનમાંથી આત્માની) વિમુક્તિ

કર્મ શબ્દ ભારતીય દર્શનનો બહુ જાણીતો શબ્દ છે. જૈન, બૌદ્ધ અને વૈદિક–બધા દર્શનો દ્વારા એ માન્ય કરવામાં આવ્યો છે. આ ક્રિયાની પ્રતિક્રિયા છે; તેથી તેનો અસ્વીકાર પણ કરી શકાતો નથી. પ્રસ્તુત લેખમાં જૈન દર્શનમાં કર્મની જે વિલક્ષણ વ્યાખ્યા છે તેની અને આધુનિક વિજ્ઞાનની તુલનાત્મક સમીક્ષા કરવામાં આવી છે.

કર્મ શબ્દ એ જૈન દર્શનનો પારિભાષિક શબ્દ છે, જે એક વિશિષ્ટ અર્થમાં વપરાયો છે. વાચક ઉમાસ્વાતિજીએ કર્મની પરિભાષા કરી છે–'સકષાયત્વાજ્જીવઃ કર્મણો યોગ્યાન્ પુદ્‌ગલનાદત્તે' (૮/૨). અર્થાત્ કષાયયુક્ત જીવ જે કર્મવર્ગણાનાં પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, તેને કર્મ કહેવાય છે. આચાર્ય તુલસીજીએ જૈન સિદ્ધાંત દીપિકામાં એની વ્યાખ્યા કરી છે–'આત્મપ્રવૃત્ત્યાકૃષ્ટાસ્તત્પ્રાયોગ્ય પુદગલાઃ કર્મઃ' (૪/૧). અર્થાત્ આત્માની (સત્-અસત્, શુભ-અશુભ) પ્રવૃત્તિથી કર્મના બંધને યોગ્ય જે પુદ્‌ગલોને આકર્ષે છે તેને કર્મ કહેવામાં આવે છે. આમ કર્મવર્ગણાનાં વિશિષ્ટ પુદ્‌ગલો જ્યારે આત્મા દ્વારા આકર્ષાય છે, ત્યારે તે કર્મ કહેવાય છે. ગીતામાં કર્મ શબ્દ પ્રવૃત્તિ માટે વપરાયો છે. બૌદ્ધ દર્શનમાં એને વાસના અથવા સંસ્કાર કહેવામાં આવે છે.

કર્મવર્ગણાને યોગ્ય પુદ્‌ગલો સમસ્ત લોકમાં ફેલાયેલા છે. સામાન્ય પુદ્‌ગલ-સ્કંધ આઠ સ્પર્શયુક્ત હોય છે, પણ કર્મવર્ગણાનાં પુદ્‌ગલ-સ્કંધો માત્ર ચાર સ્પર્શ જ ધરાવે છે–સ્નિગ્ધ/રૂક્ષ અને શીત/ઉષ્ણ. તે ચતુ:સ્પર્શી હોવાથી અતિસૂક્ષ્મ છે અને ચર્મચક્ષુથી કે અન્ય સાધનથી જોઈ શકાતા નથી. પણ એમાં સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ હોવાથી તે શક્તિ (Charge) ઉત્પન્ન કરી શકે છે. લોકમાં રહેલાં આ પુદ્‌ગલો ન્યુટ્રલ (Neutral) હોય છે, પણ જ્યારે તે આત્મા દ્વારા આકર્ષાય ત્યારે એ શક્તિશાળી બને છે, Charge થાય છે અને આત્માને શુભ-અશુભ ફળ આપે છે.

સંસારી આત્માની ત્રણ જાતની પ્રવૃત્તિઓ હોય છે–મનની, વચનની અને કાયાની. આ ત્રણ પ્રવૃત્તિઓને જૈન પરિભાષામાં ‘યોગ’ કહેવાય છે–મનયોગ, વચનયોગ અને કાયાયોગ. યોગની પ્રત્યેક ક્રિયા વખતે કર્મનો બંધ થાય છે. આત્મા અને કર્મનો સંબંધ થાય તેને બંધ કહેવામાં આવે છે. કર્મ આકર્ષતી વખતે જીવના જેવા ભાવ હોય–ભાવના હોય તે પ્રમાણે કર્મની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ બને છે. આમ બંધના આ ચાર ભેદ છે. પ્રકૃતિ કર્મનો પ્રકાર, સ્થિતિ એની સમયમર્યાદા, અનુભાગ એની તીવ્રતા/મંદતા અને પ્રદેશબંધ કર્મસમૂહની રાશિ (સમૂહ) નિશ્ચિત કરે છે.

કર્મોની મૂળ જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકૃતિઓ, કર્મોની સ્થિતિ, કર્મોનો અનુભાગ અને કર્મોના પ્રદેશાગ્ર માટે ઉત્તરાધ્યાન સૂત્રનું તેંત્રીસમું અધ્યયન અને કર્મોની વિવિધ ઉત્તર પ્રકૃતિઓ માટે પ્રજ્ઞાપના સૂત્રનું પદ ૨૩ પઠનીય છે.

હવે આપણે આ કર્મ–બંધ–ઉદય–પ્રવૃત્તિ–પુન:બંધના વિષચક્રની વ્યવસ્થાને દાર્શનિક-વૈજ્ઞાનિક રૂપે જોઈએ.

આઠેય કર્મોમાં વૃત્તિ અને પ્રવૃત્તિ કરાવનાર કર્મ છે–ચારિત્ર મોહનીયકર્મ. મોહનીયકર્મ તો બાકીના સાતેય કર્મોનો રાજા છે. એના મુખ્ય બે ભેદ છે–દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયના ઉદયથી આત્મા મૂઢ બની જાય છે. પોતાનું ભાન ભૂલી જાય છે. પોતે અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને શક્તિનો માલિક છે તે વીસરી જાય છે. કર્મની આ પ્રકૃતિ આત્માને આત્માનું દર્શન કરવામાં જ અંતરાય પાડે છે. પણ આત્માની વૃત્તિ અને પ્રવૃત્તિ માટે તો જવાબદાર છે–ચારિત્ર મોહનીયકર્મ. એનો ક્રમ આ પ્રમાણે છે–

પૂર્વજનિત ચારિત્ર મોહનીયકર્મનો ઉદય પ્રત્યેક ક્ષણે થતો રહે છે અને પ્રત્યેક ક્ષણે એ આત્મામાં સૂક્ષ્મતમ સ્પંદન ઉત્પન્ન કરે છે. આ કર્મનો ઉદય એના બંધની સ્થિતિ પૂરી થવાથી (અબાધાકાળ પૂરો થવાથી) અથવા નિમિત્ત મળવાથી થાય છે. ઉદય થતાં જ તે શુભ-અશુભ અધ્યવસાયરૂપી સંદેશ આપી આત્માથી અલગ થઈ જાય છે, લોકના અન્ય કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલો સાથે મળી જાય છે.

ચારિત્ર મોહનીયકર્મોનો ઉદય આત્મામાં રાગ-દ્વેષના સંદેશ આપે છે. જે અધ્યવસાયના રૂપમાં ચાર કષાય અને નવ નોકષાયના રૂપે પરિણમે છે. ચાર કષાય છે–ક્રોધ, માન, માયા અને લોભ. નવ નોકષાય છે–હાસ્ય, શોક, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ.

હવે આ કષાય–નોકષાયો (સૂક્ષ્મ સ્પંદન રૂપમાં) વિવિધ ભાવોનો–ભાવનાઓનો નિર્દેશ આપે છે, જેનું તેજસ્ શરીર (Bio-Electric Body) દ્વારા લેશ્યામાં રૂપાંતરણ થાય છે. આ તેજસ્ શરીર પણ અતિસૂક્ષ્મ છે અને એ કષાયાદિના ભાવોનું રંગના તરંગોમાં રૂપાંતરણ કરે છે. એ મીડિયા બોડી (Media Body) છે જે વિદ્યુત્–ચુંબકીય ક્ષેત્ર (Electro-Magnetic Field)ના કિરણો (Radiation) દ્વારા કર્મજનિત સંદેશને આગળ વધારે છે, જેનું લેશ્યાના (Aura) રૂપમાં પ્રગટીકરણ (Manifestation) થાય છે. આ લેશ્યાઓના એના રંગ અનુસાર છ ભેદ બતાવવામાં આવ્યા છે. કૃષ્ણ, નીલ, કાપોત–આ ત્રણ અશુભ–માઠી લેશ્યાઓ છે અને પદ્‌મ, તેજસ્ અને શુકલ લેશ્યાઓ શુભ લેશ્યા છે. અશુભ અધ્યવસાયોનું કાળા–ગંદા રંગોમાં અને શુભ સકારાત્મક અધ્યવસાયોનું ચમકતા તેજસ્વી સુંદર રંગોમાં રૂપાંતર થાય છે. માણસના શરીરના આભામંડળ પરથી–એના રંગો પરથી એ માણસની ભાવનાઓ પારખી શકાય છે. નરી આંખે ન જોઈ શકાતા આ રંગો–તરંગો–ક્રિલિયન કેમરા વડે જોઈ શકાય છે.

હવે આ સૂક્ષ્મ રંગ–તરંગ રૂપી સંદેશ (લેશ્યા) વ્યક્તિના ભાવતંત્રને પ્રભાવિત કરે છે અને એની ભાવનાઓનું નિર્માણ કરે છે, વૃત્તિઓ પેદા કરે છે.

બે સગા ભાઈઓમાં આનુવંશિક સિદ્ધાંત અનુસાર માતા-પિતાના જીન (genes)નો વારસો, ક્રોમોસોમ (૨૩ માતાના અને ૨૩ પિતાના) વગેરે એકસરખા હોઈ શકે છે, જેમાં એમના માટે રાસાયણિક ભાષામાં સંદેશાઓ ડીએનએ (DNA)ના રૂપમાં લખાયેલા હોય છે. આનાથી એમનો દેખાવ, શરીરની રચના આદિમાં ઘણું સામ્ય હોય છે. પણ બન્નેનું વ્યક્તિત્વ, સ્વભાવ, વૃત્તિઓ, આદિ અલગ અલગ હોય છે. આ ભેદનું ઉપાદાન કારણ છે–બન્નેએ કરેલાં પોતપોતાના કર્મ જે એમની ભાવધારાઓ અને લેશ્યા માટે જવાબદાર છે, જેમાંથી એમનો સ્વભાવ, વૃત્તિઓ આદિ ઉત્પન્ન થાય છે.

### કર્મ અને ન્યૂરોસાયન્સ

અત્યાર સુધી સૂક્ષ્મ જગતમાં જ બધી ક્રિયાઓ થઈ છે. હવે આ વૃત્તિઓ, ભાવનાઓ, આવેશો, આવેગો, ઉત્તેજનાઓ (Urges, Impulses) સ્થૂળ જગતમાં પ્રવેશે છે, અને મગજની મધ્યમાં આવેલા અત્યંત શક્તિશાળી સુપર કૉમ્પ્યુટર (Super Computer)ને સક્રિય કરી એને નિર્દેશ (Command) આપે છે. આ આપણી મષ્તિસ્કીય વ્યવસ્થા મગજની મધ્યમાં આવેલી લિમ્બિક સિસ્ટમ (Limbic Sys-

tem) કહેવાય છે.

હવે જે લાગણીઓ–વૃત્તિઓ (feelings-emotions-passions) ઉત્પન્ન થાય છે, એ આપણા ગ્રંથિતંત્રને (neuroendocrine system) સક્રિય કરે છે. વૃત્તિઓનું હવે રાસાયણિક ભાષામાં રૂપાંતરણ થાય છે, જે આપણી અંતઃસ્રાવી ગ્રંથિઓમાંથી નીકળતા સ્રાવો દ્વારા મોટર નર્વસ (motor nerves)ને પહોંચાડે છે, જે આપણી અદ્‌ભુત નર્વસ સિસ્ટમ (નાડીતંત્ર) દ્વારા શરીરના ચોક્કસ અવયવને પ્રવૃત્તિ કરવાનો આદેશ આપે છે. આમ વૃત્તિઓનું પ્રવૃત્તિઓમાં રૂપાંતરણ થાય છે. યોગની પ્રવૃત્તિ શરૂ થાય છે. અને નવા કર્મોને બંધ થાય છે. એ સમયે કષાયાદિની તીવ્રતા–મંદતાના આધારે નવા કર્મોની પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને બંધ થાય છે. આ નવા કર્મનો અબાધાકાળ પૂરો થતાં કે નિમિત્ત મળતાં પાછાં ઉદયમાં આવે છે, વૃત્તિ ઉત્પન્ન કરે છે, જે પ્રવૃત્તિમાં પરિણમે છે અને નવા કર્મો બંધાય છે. આમ કર્મનું વિષચક્ર ચાલુ રહે છે. જીવને સંસારમાં જન્મ–મૃત્યુના ચક્કરમાં રખડાવે છે, નચાવે છે, એના પ્રોગ્રામ મુજબ સુખ–દુઃખનો અનુભવ કરાવે છે.

હવે આ લેખમાં આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા વિશે ચર્ચા કરવામાં આવી છે. આમાં પણ વિજ્ઞાનની વિવિધ શાખાઓનું જ્ઞાન ઉપયોગી છે. આપણાં શરીરમાં બે પ્રકારની નાડીઓ છે–જ્ઞાનવાહી નાડી (Sensory Nerves) અને ક્રિયાવાહી નાડી (Motor Nerves). જ્ઞાનવાહી નાડીઓ આપણી પાંચ ઈન્દ્રિયોથી ગ્રહણ કરેલા સંદેશા મગજ (Brain)ને પહોંચાડે છે. જેનાથી મગજમાં વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. તે ઉપરાંત મનની અંદર પણ સતત ચાલતા ચિંતન– મનન–સ્મૃતિ–કલ્પના આદિ પણ મગજમાં વૃત્તિઓ ઉત્પન્ન કરે છે. આ વૃત્તિઓ પ્રમાણે મગજ ક્રિયાવાહી નાડીઓ (Motor Nerves)ને પ્રવૃત્તિ કરવાનો આદેશ આપે છે. હવે જો અશુભ વૃત્તિ થાય પણ અશુભ પ્રવૃત્તિ ન થાય તો નવું કર્મબંધન પણ નથી થતું. આ કેવી રીતે શક્ય છે ? એને માટે આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા આ પ્રમાણે છે.

આત્માના શુદ્ધિકરણની પ્રક્રિયા એટલે જે કારણોથી કર્મબંધ થાય છે એ જ કારણોને વિપરીત દિશામાં ફેરવી નાખવાની પ્રક્રિયા. ભગવાને કહ્યું છે, 'જે આસવા તે પરિસવા, જે પરિસવા તે આસવા.' એટલે કે જે આશ્રવ છે–કર્મબંધનું કારણ છે, તે જ પરિશ્રવ પણ છે. કર્મ રોકવાનું પણ એ જ કારણ બની શકે છે. કર્મબંધન માટે મુખ્ય કારણ છે મન–વચન–કાયાની પ્રવૃત્તિ. તો એને તોડવા માટે પણ આ ત્રણ યોગની પ્રવૃત્તિનો જ ઉપાય બતાવવામાં આવ્યો છે. ફેર માત્ર એટલો છે કે જે હવે આ પ્રવૃત્તિઓનો એક માત્ર ઉદ્દેશ હશે– આત્માનું શુદ્ધિકરણ, કર્મબંધન રોકવું અને કૃત કર્મને તોડવા.

હવે આપણે શુદ્ધિકરણની પ્રક્રિયાના ક્રમની ચર્ચા કરીએ. સર્વપ્રથમ પગલું છે–સામાયિક. સામાયિકમાં સંકલ્પ કરવાનો છે કે 'સાવજ્જં જોગં પચ્ચખામિ.' સર્વ પ્રકારના સાવદ્ય યોગોનો હું ત્યાગ કરું છું અર્થાત્ ચોક્કસ સમય (૪૮ મિનિટ) સુધી હું કોઈપણ પ્રકારની પાપકારી પ્રવૃત્તિ નહીં કરું. મારા મનથી, વચનથી અને કાયાથી પાપ કરીશ નહીં અને અન્ય કોઈ પાસે કરાવીશ નહીં. અકુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિનો નિરોધ કરી માત્ર કુશળ મન, વચન અને કાયાની પ્રવૃત્તિ જ કરીશ. આ ત્રણેય યોગની પ્રવૃત્તિ ઉદિત કર્મના એકપણ આદેશ મુજબ નહીં કરું. આ આત્માનો પુરુષાર્થ છે જે જૈન ધર્મનો પાયો છે.

બીજું પગલું છે–કાયોત્સર્ગ. શરીરને શાંત સ્થિર અને શિથિલ કરીને, મનને એકાગ્ર કરીને હવે બહિર્ત્માંમાંથી અંતર્ત્માંમાં પ્રવેશ કરવો. ચિત્તની ચેનલ ચેન્જ કરી એને અંતર્મુખ બનાવો. શરીરના ગ્રંથિતંત્ર અને આત્માના ચૈતન્ય કેન્દ્રો પર ધ્યાન એકાગ્ર કરવા ચિત્તને ત્યાં લઈ જાઓ.

**ગ્રંથિતંત્ર અને ચૈતન્ય કેન્દ્રોના સ્થાન**

**(Endocrine Gland)**

| ચૈતન્યકેન્દ્ર | ગ્રંથિતંત્ર | સ્થાન |
|---|---|---|
| હાયપોથેલોમસ | (Hypothelemus) | મસ્તકનો ઉપરનો ભાગ |
| જ્યોતિ કેન્દ્ર | પિનિયલ (Pineal) | લલાટની મધ્યમાં |
| દર્શન કેન્દ્ર | પિચ્યુટરી (Pituitary) | બે ભ્રુકુટિઓની વચ્ચે |
| વિશુદ્ધિ કેન્દ્ર | થાઈરોઈડ (Thyroid) | ગળું-કંઠ |
| આનંદ કેન્દ્ર | થાઈમસ (Thymus) | છાતીની મધ્યમાં |
| તેજસ્ કેન્દ્ર | એડ્રીનલ (Adrenal) | નાભિની પાછળ |
| શક્તિ કેન્દ્ર | ગોનાડ્સ (gonads) | કરોડરજ્જુનો અંતિમ ભાગ |

પ્રત્યેક ગ્રંથિમાંથી ચોક્કસ પ્રકારના હોર્મોન્સનો અવિરત પ્રવાહ વહેતો હોય છે. જે આપણાં નાડીતંત્ર (nervous System)ને વિવિધ પ્રકારના રાસાયણિક સંદેશાઓ આપી પ્રવૃત્તિઓ કરાવે છે. આ સંદેશાઓ મુજબ મધ્ય-મગજમાં રહેલી લિમ્બિક સિસ્ટમ (Central limbic system) મોટર નાડી દ્વારા અલગ અલગ અંગોમાં અલગ અલગ જાતની પ્રવૃત્તિ કરાવે છે. જો ગ્રંથિતંત્ર પર એકાગ્રચિત્તે વિધાયક શુભ ભાવનાઓનું ધ્યાન કરવામાં આવે તો હોર્મોન્સમાં રાસાયણિક પરિવર્તન આવે છે. અશુભ ભાવનાઓનું રૂપાંતરણ શુભ સંદેશાઓમાં થઈ જાય છે અને અશુભ પાપકારી ક્રિયાઓ પર અંકુશ આવી જાય છે. આમ પ્રભાવશાળી Counter Command દ્વારા અશુભ કર્મમાંથી બચી શકાય છે. કર્મનું વિષચક્ર નબળું પડે છે. આજનું વિજ્ઞાન આ વાત સિદ્ધ કરે છે કે અવચેતન મન (Sub-Conscious Mind)ને પ્રભાવિત કરી નકારાત્મક વૃત્તિ અને ભાવનાઓમાંથી મુક્તિ મેળવી શકાય છે.

અત્યાર સુધી આપણે સ્થૂળ જગતમાં જ પ્રયોગો કર્યા છે. હવે બહુ અગત્યનો પ્રયોગ છે. સ્થૂળમાંથી સૂક્ષ્મની યાત્રા. એ છે આભામંડળના શુદ્ધિકરણની પ્રક્રિયા. ત્રણ માઠી લેશ્યાના અશુભ રંગોનું શુભ પ્રકાશિત રંગોમાં રૂપાંતરણ કરવાની પ્રક્રિયા છે–લેશ્યા ધ્યાન. ગંદા રંગો પર શુભ પવિત્ર રંગના પ્રભાવશાળી પ્રતિ તરંગનું (Counter Waves) ધ્યાન કરવાથી આભામંડળના રંગોના તરંગોનું રૂપાંતરણ કરી શકાય છે. આભા મંડળની શુદ્ધિ થવાથી ભાવતંત્રની શુદ્ધિ થાય છે. આ એક પરિવર્તન (Transformation)ની પ્રક્રિયા છે. અલગ અલગ શુભ રંગોના તરંગોને સક્રિય કરવા નીચેના વૈજ્ઞાનિક પ્રયોગો કરવા જેવા છે.

લલાટના મધ્યભાગથી મસ્તિષ્કના મધ્યભાગ સુધી ચિત્તને લઈ જઈ, જ્યોતિકેન્દ્રમાં એકાગ્ર કરી, ત્યાં જો પૂર્ણિમાના ચન્દ્રમા જેવા ચમકતા સફેદ રંગનું ધ્યાન કરવામાં આવે–પૂરા આભામંડળમાં ચમકતા સફેદ રંગના પરમાણુઓના તરંગો બનાવી–ધ્યાનની પ્રક્રિયા દ્વારા વિકૃત ભાવો (Psychological Distortions)ને, જેવા કે ક્રોધ, માન, માયા, લોભ તથા ઈર્ષ્યા અને વેરની વૃત્તિઓને–શાંતિ, ક્ષમા, મૃદુતા, સરળતા, સંતોષ તથા મૈત્રીના શુભ ભાવોમાં પરિવર્તન કરી શકાય છે.

✷ ✷ ✷

**સંદર્ભ ગ્રંથ સૂચિ:**


૧. કર્મવાદ–આચાર્ય મહાપ્રજ્ઞ (જૈન વિશ્વભારતી, લાડનૂ)
૨. ધ્યાન ચિકિત્સા પદ્ધતિ–અરુણ અને મયૂરી ઝવેરી (અર્હમ્ સેન્ટર, મુંબઈ)
3. Scientific Vision of Lord Mahaveera (Dr. Samani Chaitanya Pragya)
4. A Briaf History of Time' and `The Grand Design'– Stephen Hawking (Bantam Books – New York)
5. (i) `Neuro Science and Karma – Jain Doctrine of Psycho-Physical Force'
(ii) Microcosmology : Atom in Jain `Philosophy and Modern Science'
(iii) Jain Biology
All by - Late Jethalal S. Zaveri and Prof. Muni Mahendra Kumar (Jain Vishva Bharti Institute, Ladnu)
6. An Enigma of an Universe Prof. Muni Mahendra Kumar (Jain Vishva Bharti Institute, Ladnu)


અર્હમ્, ભોંયતળીએ, પ્લોટ નં. ૨૬૬, ગાંધી માર્કેટની બાજુમાં, સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨. મોબાઈલ : ૯૮૨૧૬૮૧૪૬. ટેલિફોન : ૦૨૨-૨૪૦૪ ૨૦૩૨, ૦૨૨-૨૪૦૪ ૨૦૩૩

## KARMA (PSYCHO-PHYSICAL FORCE) AND SCIENCE

1. The chasm between Religion / Philosophy and Science is both deep and well-established. This is because the scientific mind does not accept anything that cannot be experimentally proved while the religious mind needs no proof for anything laid down in the sacred canonical books. The chasm has, unfortunately, prevented each of them to be benefited by a constructive study of the other side of the chasm.
2. In India, science has never been able to completely subjugate the religious sensitivities unlike in Western countries. Mysticism and transcendence remain as important as (sometimes even more) rationality, logic and sensible perceptions. Here, man's personality is not entirely denatured by the scientific objectivity nor has sacredness been taken away by its rationality. In fact, science, inspite of its spectacular achievements, has never been able to attract religious personalities and never had a chance to become a new religion here, as it did in the West.
3. Science will not, because it cannot, answer all the questions of great interest to human mind and for human welfare. But science has made tremendous progress during last hundred years the fields of psychology, endocrinology and neuroscience. Neuroscientists have carefully and precisely mapped out centres of pain and pleasure, besides indentifying the limbic system in the brain which is the seat of our emotions. Discovery of the centres of anger and aggression by electric stimulation has clarified hitherto mysterious significance of self – generated anger in canonical literature. In short, science can show us methods and methodology for expanding and elucidating the secrets of much ancient wisdom contained in the sacred canons. In other words the synthesis of the ancient wisdom and modern scientific knowledge can help us integrate the spiritual insight with the scientific approach for creating a spiritual-cum-scienfific personality.

(`Neuroscience & Karma--the Jain Doctrine of Psycho'-Physical Force by Late Shri Jethalal S. Zaveri and Muni Mahendra Kumar–Jain Vishwa Bharti Institute, Ladnun.)

☆ ☆ ☆

# કર્મ વિષેની સજઝાય

□ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી મહારાજ

(૧)

સુખદુઃખ ભોગવવા જીવે પડે,
કર્યું દૈવ ક્ષણમાં આવીને અડે. ૧

કનક કોટી પ્રાપ્ત કરવા, કોઈક દ્વીપ સંચરે
વહાણમાંહી બેસી જાતાં, અર્ધ પંથમાં મરે
કર્યું. ૨

એક પિતાના પુત્ર બેને જનની સાથે જેણે
એક નિરક્ષર મુર્ખ રહેવે, જ્ઞાની જન એમ ભણે,
કર્યું ૩

લુમ્બ આંબા કેરી લેવા, કોઈક ઝાડ ચડે
આયુષ્ય અવધિ આવી હોય તો, પલકમાંહી પડે,
કર્યું. ૪

થનારું હોય તે થાય જીવડા શીદને ચિન્તા કરે,
બુદ્ધિસાગર આતમ ધ્યાને, વંછિત કારજ સરે,
કર્યું. ૫

જૈનદર્શનમાં કર્મનું તત્ત્વજ્ઞાન અજોડ છે. આ બંને સજઝાયનો મર્મ જીવનમાં પરિવર્તન લાવવા સમર્થ છે, સદ્ગતિ આપવા સમર્થ છે.

કર્યાં કર્મ ભોગવવા જ પડે, એમાં કોઈનું ન ચાલે. કર્મ વિષયક આ સજઝાય છે. યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની આ કૃતિમાં કર્મનું વરદાન ક્ષણમાં આવી પડશે તેમ કહે છે. કર્મનું એવું જ છે. વરદાન કે અભિશાપ કેવા રૂપે આવી ટપકશે, કંઈ કહેવાય નહિ. પણ આવી તો પડે જ. સુખ, દુઃખ ભોગવવા જ પડે. સારું કે ખોટું જે કંઈ બાંધ્યું હશે, અચૂક તે આવી પડશે અને ભોગવવું પડશે. એ મિથ્યા નહિ થાય.

પ્રત્યેક પરિસ્થિતિનું અંતિમ સ્મિત દૈવાધીન, કર્માધીન છે. પ્રત્યેક ઈચ્છાનો અંતિમ પ્રત્યુત્તર કર્માધીન હોય છે.

નસીબના ખેલ ગજબ છે. બિલ ગેટ્સ કે ધીરુભાઈ અંબાણી કે એવા અનેકનામો આપણી આસપાસના વિશ્વમાં ઉપલબ્ધ છે જ. ગઈકાલ એમની શૂન્ય હતી, એમની પાસે કંઈ જ નહોતું. આજે વિશ્વભરના લોકોમાં એમનું નામ છે. એવાંય ઘણાં નામ છે કે જે ગઈકાલે સમગ્ર વિશ્વમાં છવાયાં હતાં, આજે કોઈ જ જાણતું નથી : એક જૂની કડી યાદ આવે છે : સગાં દીઠાં મેં શાહ આલમના, ભીખ માંગતાં શેરીએ. કિસ્મતના ખેલ નિરાળા છે. કવિ કહે છે : કરોડો રૂપિયા કમાવાની આશાથી વહાણ લઈને પરદેશ ખેડવા જાય, એ વહાણ જ સમુદ્રમાં અર્ધ રસ્તે બેસી જાય છે, ત્યાં જ વ્યક્તિનું મરણ થાય. એક જ માતા-પિતાના બે પુત્રો હોય. બંને સાથે જન્મ્યા, ભણ્યા અને મોટા થયા. એક જ્ઞાની થાય, બીજો નિરક્ષર રહે ! નસીબ પોતાના ખેલનું રહસ્ય કદીય કોઈને કહેતું નથી. સફળતા મળતાં વર્ષો થાય છે, નિષ્ફળતા પળમાં છાતી પર ચઢી બેસે છે. વૃક્ષને પાંગરતાં વર્ષો જાય છે. પણ પળમાં ખરી પડે છે. કિસ્મતની આખીય લીલા અકળ છે. કવિ આ સજઝાયની ચોથી કડીમાં ગાથામાં વર્ણવે છે:

લુમ્બ આંબા કેરી લેવા, કોઈક ઝાડે ચડે,
આયુષ્ય અવધિ આવી હોય તો પલક માંહિ પડે.

આંબાની ડાળ પર મધુર ફળ લેવા ચડે ને એ જ વખતે જો આયખું પૂરું થતું હોય તો એ જ ઢળી પડે. જે કર્મમાં છે તે અચૂક થાય છે.

પણ તેની ચિંતા કરીને હેરાન થવાની જરૂર નથી. કવિ યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી સીધી છે : જે થવાનું હોય તે થવા દો. તેની ચિંતા જ શા માટે કરવી ? અંતિમ પંક્તિમાં કવિ ધર્મનો સાર આપી દે છે : નિરર્થક મહેનત કરવી નહિ અને જે થવાનું હોય તે થાય, ફોગટ ચિંતા પણ કરવી નહિ. આપણે તો આતમધ્યાનમાં રહેવું. સારું કાર્ય કરવું અને જો કર્યું હશે તો જ ઈચ્છીશું તે થશે. સારા કર્મના કરનારને દુઃખ, આપત્તિ આવી પડતાં નથી, મૂળમાં ક્ષતિ સત્કર્મની છે. કલ્યાણનો કરનાર કદી દુર્ગતિમાં જતો નથી, એ ધર્મવચન ભૂલવા જેવું નથી. ફૂલનો છોડ વાવ્યો હશે તો સુગંધ જરૂર મળશે.

(૨)

*સુખદુઃખ સરજ્યાં પામીએ રે, આપદ સંપદ હોય,*
*લીલા દેખી પરતણી રે, રોષ ન ધરજો કોય રે;*
*પ્રાણી મન નાણો વિષનાદ, એ તો કર્મતણા પરસાદ રે. પ્રાણી.૧*

*ફળને આહારે જીવિયા રે, બાર વરસ વન રામ;*
*સીતા રાવણ લઈ ગયો રે, કર્મતણા એ કામ રે. પ્રાણી. ૨*

*નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ;*
*નીચતણે ઘર જળ વહ્યો રે, શીશ ધરી હરિચંદ રે. પ્રાણી. ૩*

*નળે દમયંતિ પરિહરી રે, રાત્રિ સમય વન બાળ;*
*નામ-ઠામ-કુળ ગોપવી રે, નળે નિરવાહ્યો કાળ રે. પ્રાણી ૪*

*રૂપ અધિક જગ જાણીએ રે, ચક્રી સનત્કુમાર;*
*તે વનવાસે રડવડ્યા રે, પામ્યા દુઃખ સંસાર રે. પ્રાણી. ૫*

*સુર નર જસ સેવા કરે રે, ત્રિભુવનપતિ વિખ્યાત;*
*તે પણ કર્મે વિટંબિયાં રે, તો માણસ કેઈ જાત રે. પ્રાણી. ૬*

*દોષ ન દીજે કેહને રે, કર્મ વિટંબણહાર;*
*દાનમુનિ કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે. પ્રાણી. ૭*

સંતનું કાર્ય વડના વૃક્ષની જેમ સૌને શાંતિ આપવાનું હોય છે, સંતનું કાર્ય પરબની જેમ સૌને શીતળતા આપવાનું હોય છે, સંતનું કાર્ય સૌને ફૂલની જેમ સુગંધ આપવાનું હોય છે. કર્મ વિશેની આ સજ્ઝાયમાં સંતોના એ સત્કાર્યની સૌરભ પ્રાપ્ત થાય છે. કવિ દાનમુનિ આ સજ્ઝાયમાં જીવનમાં આવી પડતાં દુઃખ કે કલેશથી મૂંઝાઈ ન જઈએ પણ આપણે જ બાંધેલા કર્મનો પ્રસાદ છે તેમ સમજીએ તેવો મીઠપભીનો ઉપદેશ આપે છે. વિદ્યમાન વિશ્વમાં એક પણ વ્યક્તિ એવી નથી કે જેણે નાનું અથવા મોટું સુખ કે દુઃખ જોયું ન હોય. એવા સમયે સ્વસ્થતા જાળવી રાખવી અને મનમાં નિરાશા પ્રવેશવા ન દેવી તે ડહાપણનું કામ છે.

સુખ, શાંતિ કે સમૃદ્ધિ પ્રાપ્ત થાય કે દુઃખ, આપત્તિ કે વિરોધ આવી પડે ત્યારે હરખાઈ જવા જેવું નથી કે પરેશાન થઈ જવા જેવું નથી. બીજાનું સુખ જોઈને મનમાં રોષ કે ઈર્ષ્યા પ્રગટવા ન દેવાય. આ સમયે મનમાં વિષાદ ધરવો ન જોઈએ પણ સમજવું જોઈએ કે આ કર્મનો પ્રસાદ છે, કર્મનો ખેલ છે.

આ જગતમાં કર્મથી કોણ મુક્ત રહ્યું છે ? બાર બાર વર્ષ સુધી રામ વનમાં ફળાહાર કરીને જીવ્યા, સીતાને રાવણ ઉપાડી ગયો. આ બધું કેમ થયું ? આ બધાં કર્મના વિકટ કાર્ય છે.

જંગલમાં મુકુંદનું એકલા રહેવું, વૃક્ષ વૃક્ષ ભટકવું તથા હરિશ્ચંદ્રનું નીચના ઘરમાં જળ ભરવા રહેવું અને નીચે મુંડીએ જીવવું, નળરાજાએ રાત્રિના સમયમાં દમયંતિને પહિહરી અને નામ, ઠામ, કુળ ગોપવીને રાજા નળે સમય વિતાવવો પડ્યો : આ બધું કોણે કર્યું ? કર્મનો જ એ બધો ખેલ છે.

જગતમાં સૌથી રૂપવાન ચક્રવર્તી સનતકુમારની વાત જાણો છો ? રૂંવાડે રૂંવાડે સાત પ્રકારની પીડા જાગી ને સાતસો વરસ એ વેદના તેમણે ભોગવી! દેવ જેવા રૂપાળા, રાજકુમાર ને વળી પરાક્રમી પાંચે પાંડવ બંધુઓ : વન વન ભટક્યા, ભુખ્યા-તરસ્યા રખડ્યા ! આ બધું કેમ થયું ? કર્મના જ કડવા કામ !

જેની હંમેશાં દેવો, મનુષ્યો સેવા કરે છે, પૂજે છે, સર્વત્ર ખમ્મા ખમ્મા થાય છે અને ત્રિભુવનપતિ છે, વિખ્યાત છે એવા મહાપુરુષોને પણ કર્મની વિટંબણા સહન કરવી પડી છે, તેમને પણ કર્મોએ છોડ્યા નથી તો સામાન્ય માનવીની શું વિસાત ?

જિંદગીમાં દુઃખ આવી પડે ત્યારે કોઈને દોષ ન અપાય. બીજાં સૌ તો નિમિત્ત છે. સાચો દુઃખનો દેનાર તો છે કર્મ. આવા સમયે કોઈને દોષ આપવા કરતાં, ધર્મના શરણે જવું જોઈએ. સાચું સુખ તો ધર્મના શરણમાંથી જ સંપ્રાપ્ત થશે.

દુઃખથી અકળાતા અને પળવારમાં સૌને દોષ દેતા માનવીને લગામ તાણતી આ સજ્ઝાય છે. આ આણે કર્યું અને આ તેણે કર્યાની વાત રટતા માનવીને કવિ સમજાવે છે કે જે કંઈ થયું તે કોઈએ કર્યું નથી પણ આપણે જ બાંધેલા કર્મથી થયું છે ! કર્મ કોઈને છોડતું નથી. પરમાત્માને પણ નહિ અને પામર જીવને પણ નહિ. સૌને જ્યારે તેનો સમય આવે ત્યારે ભોગવવું જ પડે. એ સમયે દલીલ ન ચાલે. એ સમયે ફક્ત એક જ ઉપાય છે. ધર્મનું શરણ. ધર્મ એવું કલ્પવૃક્ષ છે જ્યાં વિપત્તિ અને વિષાદ નાશ પામે છે, સંપત્તિ અને શાંતિ આવી મળે છે, સુખ અને સમૃદ્ધિ વધે છે.

✶ ✶ ✶

# કોણ ચડે? આત્મા કે કર્મ?

☐ પૂ. રાજહંસ વિજયજી મ. સા.

આ સંસારમાં એક પ્રશ્ન અનાદિકાળથી ચાલ્યો આવે છે. અને આવનારા અનંતાનંત કાળ સુધી આ પ્રશ્ન ચાલતો જ રહેવાનો છે...

અનંતકાળ વીતી ચૂક્યો છે અને અનંતકાળ હજુ વીતી જવાનો...પણ આ પ્રશ્ન અનુત્તર જ રહ્યો છે...

આ પ્રશ્ન છે–'પહેલું કોણ? મરઘી કે ઈંડું?'

આ સંસારમાં સર્વપ્રથમ શું આવ્યું? પહેલાં મરઘી આવી કે પહેલાં ઈંડું આવ્યું?

જવાબમાં જો 'મરઘી' કહે તો પ્રશ્ન એ ઊઠે કે ઈંડા વિના મરઘી આવી શી રીતે? અને જો 'ઈંડુ' જવાબ તરીકે રજૂ કરે તો પ્રશ્ન ઉઠે કે મરઘી વિના ઈંડું આવ્યું શી રીતે?

સરવાળે 'પહેલું કોણ? મરઘી કે ઈંડું?' પ્રશ્ન અનુત્તર જ રહે છે.

x x x

આધ્યાત્મિક જગતનો પણ આવો જ એક પ્રશ્ન છે–આ સંસારમાં પહેલાં કોણ આવ્યું? આત્મા કે કર્મ?... પહેલાં આત્મા આવ્યો કે પહેલાં કર્મ આવ્યું?...

જો એમ કહેવામાં આવે કે પહેલાં આત્મા આવ્યો તો પ્રશ્ન એ ઉઠે કે કર્મ વિના આત્મા આ સંસારમાં પરિભ્રમણ કરે જ શી રીતે?

અને જો એમ કહે કે પહેલાં કર્મ આવ્યું તો પ્રશ્ન એ છે કે આત્મા વિના કર્મનું સર્જન થયું શી રીતે?

સરવાળે આ પ્રશ્ન પણ અનુત્તર જ ફર્યા કરે છે...

x x x

જગતમાં જે કંઈ પણ થાય છે, તે બધું જ ઈશ્વરકૃત છે. આવી એક માન્યતા જગતમાં જોર-શોરથી પ્રવર્તે છે...

જગત ઈશ્વરસર્જિત હોય તો જ ઉપરોક્ત પ્રશ્ન ઊભો થાય છે...કારણ કે જે નવસર્જન પામ્યું હોય, એની Birth date હોય અને જ્યાં Birth date હોય ત્યાં જ પ્રશ્ન થાય કે પહેલું કોણ? પહેલું કોણ જન્મ્યું–પહેલું કોણ સર્જન પામ્યું? અને પછી ઊભી થાય તેના આનુષંગિક પ્રશ્નોની બોછાર!!...

છેવટની પરિસ્થિતિ એ આવે કે એ પ્રશ્ન નિરુત્તર જ રહે!!...

x x x

આ આખુંય જગત અનાદિ છે...આજે જે રીતે આ જગત શ્વસી રહ્યું છે, તે જ રીતે તે અનંતકાળ પૂર્વે પણ શ્વસી રહ્યું હતું અને અનંતકાળ પછી પણ ધબકતું જ રહેશે... આ જગતની કોઈ આદિ નથી, અને ક્યારેય તેનો અંત નથી... અનાદિ-અનંત છે આ જગત!!

કોઈ વસ્તુની આદિ હોય તો Birth dateનો પ્રશ્ન અને 'પહેલું કોણ'નો પ્રશ્ન માથામાં વાગે...પણ જ્યારે આદિ જ ના હોય, અનાદિરૂપેણ તે પ્રવાહિત જ હોય તો આવા વાહિયાત પ્રશ્નો ઊભા થાય ક્યાંથી?

અનેકાંતવાદની આ જ વિશેષતા છે... ત્યાં સમસ્યા ક્યારેય નિરુત્તર ન રહે...સમસ્યાનું સમાધાન કરે તેનું નામ જ છે – સ્યાદ્‌વાદ, અનેકાંતવાદ...

અનેકાંતવાદ પાસે સમાધાન છે, જ્યારે એકાંતવાદ પાસે સમસ્યા છે... જ્યાં માત્ર એકાંતે સમસ્યા છે તે એકાંતવાદ...

અને જ્યાં સમસ્યા સાથે સમાધાન પણ છે તેનું નામ છે–અનેકાંતવાદ....

આવા અનેકાંતવાદની શૈલીમાં આગળ વધીએ...

આ સિલસિલામાં એક નવો પ્રશ્ન છે–કોણ ચડે? આત્મા કે કર્મ?... કોણ બળવાન? કોની તાકાત વધારે–આત્માની કે કર્મની?

અનંતજ્ઞાનનો માલિક છે આત્મા...

અક્ષય શક્તિનો સ્રોત છે આ આત્મા...

અક્ષય સુખનો ભંડાર છે આત્મા...

આત્મા લોકને અલોકમાં અને અલોકને લોકમાં ફેરવી નાખવાની શક્તિ ધરાવે છે....

માત્ર લોકાકાશમાં જ નહિ, અનંત અલોકમાં પણ જોવાનું સામર્થ્ય ધરાવે છે આ આત્મા...

આવી અંશમાત્ર પણ અંત વિનાની અનંત શક્તિ ધરાવતો આત્મા બળવાન જ હોય ને!!...

x x x

સામા પક્ષે કર્મની તાકાત પણ કાંઈ ઓછી ન આંકી શકાય...

અનંતજ્ઞાનના માલિક આ આત્માને પણ કર્મસત્તા નીચે દબાયો હોવાને કારણે બારાખડી શીખવી પડે છે...દરેક ભવે નવેસરથી ભણવું પડે છે...

અનંત શક્તિનો સ્રોત ગણાતો આ જીવ કર્મસત્તાની એડી નીચે કચડાયેલો હોવાથી માયકાંગળો બની ગયો છે...થોડુંક વજન ઊંચકતા તેની કમર લચકી જાય છે...જરાક વાગી જતાં ફ્રેક્ચર થઈ જાય છે...

અવ્યાબાધ સુખનો ભોક્તા ગણાતો આત્મા કર્મવશ દુ:ખી દુ:ખી થઈ જાય છે. પેટમાં દુ:ખે છે...B.P., ડાયાબિટીસ જેવા રોગોથી ઘેરાઈ જાય છે...

આત્માના પ્રદેશ–પ્રદેશ પર કર્મસત્તાએ પોતાનો અડ્ડો જમાવ્યો છે...આત્માના એક–એક પ્રદેશ પર અનંતાનંત કર્મપ્રદેશોનો ખડકલો

થઈ ગયો છે.

આત્માના એક એક પ્રદેશને અનંત–અનંત કર્મપ્રદેશોએ ઘેરી લીધો છે...

આત્માના અસંખ્ય પ્રદેશો સામે કર્મના અનંતાનંત પ્રદેશો ખડે પગે ઊભા છે.

આત્માના એક પ્રદેશ પર અનંતાનંત કર્મપ્રદેશોની સત્તા ધરાવનાર કર્મ બળવાન ગણાય જ ને!!

x x x

હવે વિચારણા એ મુદ્દે આવે છે કે વધુ બળવાન કોણ? આત્મા કે કર્મ?

પહેલી નજરે જોતાં લાગે છે કે કર્મ વધુ બળવાન છે!! આત્માના એક એક પ્રદેશ સામે કર્મના અનંતાનંત પ્રદેશો ચોકી પહેરો ભરે છે!!

પણ જરા ઊંડાણથી વિચારશો તો સમજાશે કે કર્મ નહીં, પણ આત્મા જ બળવાન છે...

આત્માને એક પ્રદેશને બંધક બનાવવા કર્મના અનંતાનંત પ્રદેશોને કામે લાગવું પડે છે...કર્મના અનંતાનંત પ્રદેશો ભેગા થાય ત્યારે આત્માના એક પ્રદેશને વશીભૂત કરી શકે!

તાત્યા ટોપે, મંગલ પાંડે જેવા એક ક્રાંતિકારીને પકડવા માટે અંગ્રેજ લશ્કરને સેંકડો નહિ, હજારોની પલટન ખડી કરવી પડી હતી...હજારોની પલટન ભેગી થયા પછીયે, દગાથી જ્યારે એક ક્રાંતિકારી પકડાતો, ત્યારે અંગ્રેજ ગવર્નરને પણ કહેવું પડતું કે અમારા અંગ્રેજો કરતાં આ ભારતીય ક્રાંતિકારીઓ હજારો ગણી શક્તિ ધરાવે છે...અંગ્રેજના બળ અને બુદ્ધિ કરતાંયે ભારતીઓનાં બળ અને બુદ્ધિ અનેકગણી વધુ શક્તિ ધરાવતા હતા.

આત્માના એક પ્રદેશને બંદી–બંધક બનાવવા કર્મસત્તાને પોતાના અનંતાનંત પ્રદેશને કામે લગાડવા પડે છે...

આ વાત એ જ જણાવે છે કે આત્માની શક્તિ કર્મ કરતાં અનંતાનંત ગણી વધારે છે....અનંતાનંત શક્તિનો ધણી છે આ આત્મા...

અનંત શક્તિનો ધણી આત્મા જ્યારે શક્તિ ફોરવવા માંડશે ત્યારે કર્મસત્તા ધમધણી ઉઠશે...

આત્મા જ્યારે પોતાની શક્તિનો પરચો બતાવવાની શુભ શરૂઆત કરશે, ત્યારે કર્મસત્તાના અનંતાનંત પ્રદેશોના ફુરચેફુરચા ઊડી જશે...

આત્મા જ્યારે પોતાની શક્તિને કામે લગાડશે, ત્યારે કર્મસત્તાના કોઈ પ્રદેશો તેને બંધક નહીં બનાવી શકે...

x x x

આ આત્મા અનાદિકાળથી કર્મ પ્રદેશોથી જકડાયેલો છે...કર્મોએ તેને ક્યારેય શરૂઆતથી નથી જકડ્યો...

મુક્ત આત્માની તાકાત સામે કર્મ લાચાર છે...કર્મ ગમે તેટલા ધમપછાડા મારે તો ય મુક્ત આત્માને તે પછાડી શકે તેમ નથી...

અનાદિકાલીન કર્મબંધનમાં બંધાયેલ આત્મા પણ કર્મની તાકાતને તોડી શકે તેમ છે, તો મુક્ત આત્માની તો વાત જ શી કરવી?!

આ વાત પણ આત્માની પડખે ઊભી રહીને કર્મસત્તાને કમજોર સાબિત કરે છે!

x x x

વળી, અનાદિકાળથી કર્મના બંધનમાં જકડાયેલ આત્માના તમામે તમામ પ્રદેશોને બંધક બનાવવાની તાકાત કર્મસત્તા નથી ધરાવતી...

તે ગમે તેટલું જોર કરે તો ય આત્માના આઠ રૂચક પ્રદેશોને કદી દબાવી શકે તેમ નથી...

આત્માના આ આઠ રૂચક પ્રદેશો અનાદિકાળથી કર્મમુક્ત છે...તે કોઈ કાળે કર્મના બંધનમાં બંધાયા નથી... બંધાતા ય નથી અને બંધાશે પણ નહીં...

અને માટે જ તો આત્મા પોતાનું આત્મત્વ ટકાવી શક્યો છે...

આ આઠ રૂચક પ્રદેશોના કારણે જ તો શાસ્ત્રમાં કહેવાયું છે કે– अक्खरस्स अनंतमो भागो निच्चं उग्घाडिओ चिढई । અક્ષરનો અનંતમો ભાગ તો હંમેશ ઉઘાડો રહે છે... કર્મ ગમે તેટલું જોર કરે તો ય આત્મા આગળ કમજોર જ રહે છે. આ આઠ રૂચક પ્રદેશો મગરોલીયા પથ્થરની જેમ ક્યારેય કર્મબંધનના સકંજામાં આવતા નથી...

જ્ઞાનાવરણી કર્મ ગમે તેટલું ભયંકર હોય તો ય અક્ષરનો અનંતમો ભાગ તો સદાકાળ માટે ઉઘાડો જ રહે છે...આત્માને જ્ઞાનનો પ્રકાશ તે આપતો જ રહે છે...

આ પણ આત્માની બળવતર વાતને જ પુરવાર કરે છે...

x x x

આત્માના દબાયેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ ફરી પ્રકાશિત થઈ શકે છે. સીમિત જ્ઞાનાદિને અસીમ–નિઃસીમ બનાવતા કોઈ રોકી શકે તેમ નથી....આત્માની અનંતતા સામે કર્મસત્તા વામણી પૂરવાર થાય છે.

આત્માની તાકાત સામે તે (કર્મ) નિર્બળ છે...

આત્માની લાયકાત સામે તેની (કર્મની) કોઈ ઔકાત જ નથી.

અને એટલે જ તો અનંતા સિદ્ધો અત્યારે વિદ્યમાન છે... દરેક કાળચક્રે અનેકાનેક આત્માઓ સિદ્ધત્વદશાને પામે છે. અનાદિકાલીન કર્મબંધનદશાથી મુક્તિ મેળવે છે...

x x x

આત્મપદ - 'કર્મ છો રહ્યો બહુ મોટો રોગ,
પણ તેને કાઢી, તું આત્મત્વ આરોગ...' ✱✱✱

# સમુદ્દ્ઘાત–કર્મો પર ઘાત કરવાની પ્રક્રિયા

## પન્નવણાના ૩૬મા પદને આધારે સમુદ્દ્ઘાતનું સ્વરૂપ

જેમ કોઈ પક્ષીની પાંખો પર અત્યંત ધૂળ છવાઈ ગઈ હોય ત્યારે તે પક્ષી પોતાની પાંખ ફેલાવી (ફફડાવી) તેના પર છવાયેલી ધૂળને ખંખેરી નાંખે છે તેમ આત્મા પણ બદ્ધ કર્મના અણુઓને ખંખેરવા માટે સમુદ્દ્ઘાત નામની ક્રિયા કરે છે.

આત્મપ્રદેશોમાં સંકોચ–વિસ્તારનો ગુણ હોય છે. તેથી જ સામાન્ય રીતે આત્મા પોતાના નામકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા નાના-મોટા શરીર પ્રમાણે સ્થિત થઈ જાય છે. તેમ છતાં ક્યારેક, કેટલાક કારણોથી, અલ્પ સમય માટે પ્રદેશોને શરીરની બહાર ફેલાવે છે અને પાછા સંકોચી લે છે. આ ક્રિયાને જ જૈન પરિભાષામાં સમુદ્ઘાત કહે છે. વેદનીય અને કષાય સમુદ્ઘાતમાં શરીરની અંદરના પોલાણમાં જ આત્માના પ્રદેશો બહાર નીકળે છે. બાકીનામાં શરીરની બહાર.

**સમુદ્દ્ઘાત**

(૧) વિશેષ પરિસ્થિતિમાં પોતાના આત્મપ્રદેશોનું બહાર પ્રક્ષેપણ કરવું તે ક્રિયાને સમુદ્દ્ઘાત કહે છે. (૨) સમ=એકી સાથે, ઉદ્=ઉત્કૃષ્ટપણે, ઘાત=કર્મોનો ઘાત. જે ક્રિયામાં એકી સાથે ઉત્કૃષ્ટપણે કર્મોનો ઘાત–ક્ષય થાય તે ક્રિયાને સમુદ્દ્ઘાત કહે છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે-

**(૧) વેદના સમુદ્દ્ઘાત :** વેદનાના નિમિત્તે જે સમુદ્દ્ઘાત થાય તેને વેદનાસમુદ્દ્ઘાત કહે છે. તે અશાતાવેદનીય કર્મજન્ય છે. જ્યારે જીવ વેદનાથી અત્યંત પીડિત થાય ત્યારે તે અનંતાનંત (અશાતા વેદનીય) કર્મ સ્કંધોથી વ્યાપ્ત પોતાના આત્મપ્રદેશોને શરીરની બહારના ભાગમાં ફેલાવે છે. તે મુખ, ઉદર આદિ પોલાણને તથા કાન અને ખભાની વચ્ચેના અંતરાલોને ભરી દઈને, લંબાઈ અને પહોળાઈમાં શરીર પ્રમાણ ક્ષેત્રમાં વ્યાપ્ત થાય છે. જીવ એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં રહે છે. આ ક્રિયાનું નામ વેદના સમુદ્દ્ઘાત છે. તે અંતર્મુહૂર્તમાં અશાતાવેદનીય કર્મના ઘણા પુદ્ગલો વેદન થઈને ક્ષય પામે છે. શાતાવેદનીય સમુદ્ઘાત ન થાય.

**(૨) કષાય સમુદ્દ્ઘાત :** ક્રોધાદિ કષાયના કારણે થતા સમુદ્દ્ઘાતને કષાય સમુદ્દ્ઘાત કહે છે. તે મોહનીય કર્મને આશ્રિત છે. તીવ્ર કષાયના ઉદયમાં જીવ જ્યારે ક્રોધાદિયુક્ત બને છે ત્યારે આત્મપ્રદેશોને બહાર ફેલાવીને, મુખ, ઉદર આદિ શરીરગત પોલાણ તથા કાન અને ખભાની વચ્ચેના ભાગમાં વ્યાપ્ત કરે છે. વ્યાપ્ત થઈને આત્મપ્રદેશો શરીરપ્રમાણ લાંબા-પહોળાં ક્ષેત્રમાં અંતર્મુહૂર્ત પર્યંત સ્થિર રહે છે. આ ક્રિયા કષાય સમુદ્દ્ઘાત છે. તે સમયમાં કષાય મોહનીય કર્મના પુદ્ગલો વેદન થઈને ક્ષય પામે છે. આ સમુદ્દ્ઘાતનો સંબંધ કષાય સાથે હોવાથી ચારિત્ર મોહનીય કર્મમાં જ થાય છે.

**(૩) મારણાંતિક સમુદ્દ્ઘાત :** મૃત્યુ સમયે, આયુષ્યકર્મને આશ્રિત જે સમુદ્દ્ઘાત થાય તેને મારણાન્તિક સમુદ્દ્ઘાત કહે છે. આયુષ્યકર્મ ભોગવતાં ભોગવતાં જ્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ શેષ રહે ત્યારે જીવ પોતાના આત્મપ્રદેશોને ફેલાવીને શરીરમાં મુખ, ઉદર વગેરે પોલાણ તથા શરીરની બહાર કાન અને ખભાની વચ્ચેના આકાશપ્રદેશો પર તે આત્મપ્રદેશને ફેલાવી પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં જઘન્ય અંગુલનો અસંખ્યાત્મો ભાગ અને ઉત્કૃષ્ટ એક જ દિશામાં જ્યાં ઉપજવાના છે તે નવા સ્થાન સુધી અસંખ્યાત યોજનમાં વ્યાપ્ત થઈને, અંતર્મુહૂર્ત સુધી તે જ અવસ્થામાં સ્થિત રહે છે. આ ક્રિયાને મારણાન્તિક સમુદ્દ્ઘાત કહે છે. તે સમયે આયુષ્ય કર્મના પુદ્ગલો વેદન થઈને ક્ષય પામે છે.

આ સમુદ્દ્ઘાત એક ભવ દરમિયાન વધારેમાં વધારે બે વખત થઈ શકે. પ્રથમ વખતની સમુદ્દ્ઘાતમાં મરણ પામે અથવા પાછો આવે તો પછીના અંતર્મુહૂર્તમાં સ્વાભાવિક રીતે અવશ્ય મૃત્યુ પામે અથવા બીજી વખતે મારણાંતિક સમદ્ઘાત કરીને તેમાં અવશ્ય મરણ પામે. એક વખત આ સમુદ્દ્ઘાત થાય પછી વધારેમાં વધારે અંતર્મુહૂર્તથી વધારે વખત જીવ તે ભવમાં ન રહે અવશ્ય મૃત્યુ પામે. સમુ.માં મરણ પામે તેને સમોહિયા મરણ કહેવાય. આયુષ્યનો બંધ નિયમા સમુદ્દ્ઘાત પહેલા પડી ગયેલો હોય તો જ આ સમુ. થાય. આયુષ્ય કર્મના દલિકો આયુ.ની સ્થિતિ કરતાં વધારે હોય તો જ આ સમુ. થાય છે. મરણનો અંત બાકી રહે ત્યારે જ આ સમુ. થાય માટે મારણાંતિક સમુ. કહેવાય છે.

**(૪) વૈક્રિય સમુદ્દ્ઘાત :** વૈક્રિય શરીર બનાવવાના પ્રારંભ સમયે વૈક્રિય શરીર નામકર્મને આશ્રિત જે સમુદ્દ્ઘાત થાય તેને વૈક્રિય સમુદ્દ્ઘાત કહે છે. વૈક્રિય લબ્ધિ સંપન્ન જીવ પોતાના જીર્ણ શરીરને પુષ્ટ અને સુંદર બનાવવા માટે અથવા વિવિધ રૂપોની વિકુર્વણા કરવા માટે પોતાના આત્મપ્રદેશોને એક દંડના આકારે બહાર કાઢે છે. તે દંડની પહોળાઈ અને જાડાઈ શરીર પ્રમાણ અને લંબાઈ સંખ્યાત યોજનની હોય છે. એક અંતર્મુહૂર્ત પર્યંત આ અવસ્થામાં સ્થિત રહીને વૈક્રિય શરીર બનાવવા યોગ્ય સૂક્ષ્મ પુદ્ગલોને ગ્રહણ કરે છે. આ વૈક્રિય સમુદ્દ્ઘાત છે.

**(૫) તેજસ સમુદ્દ્ઘાત :** તેજોલબ્ધિના પ્રયોગ સમયે તેજોલબ્ધિ

સંપન્ન પુરુષ પોતાના આત્મપ્રદેશોનું શરીરની બહાર પ્રક્ષેપણ કરે છે, તેને તૈજસ સમુદ્ઘાત કહે છે. તે પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ દંડાકારે આત્મપ્રદેશોને ફેલાવે છે અને તદ્યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને, તેજોલેશ્યાનો પ્રયોગ કરે છે. તેનો ઉદ્દેશ્ય અનુગ્રહ (સંરક્ષક-શીતળતા) અને નિગ્રહ, (બાળવું-સંહારક) આ બંને પ્રકારનો સંભવે છે. અનુગ્રહને માટે શીત તેજોલેશ્યા અને નિગ્રહ માટે ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રયોગ થાય છે. આધુનિક વિજ્ઞાન પરમાણુ શક્તિનો ઉપયોગ નિર્માણ અને ધ્વંસ બંને માટે કરે છે. તે જ રીતે તેજોલબ્ધિનો પ્રયોગ પણ નિર્માણ અને ધ્વંસ બંને માટે થાય છે. આ સમુ.નો સીધો સંબંધ તૈજસ શરીર નામકર્મ સાથે છે. આ સમુ.ને તેજોલેશ્યા સાથે કોઈ સંબંધ નથી. (૭ થી ૧૨ દેવલોકના દેવો તેજોલેશ્યા ન હોવા છતાં તૈજસ સમુ. કરી શકે છે જ્યારે યુગલિક તેજોલેશ્યા હોવા છતાં સમુ. ન કરી શકે.)

**(૬) આહારક સમુદ્ઘાત :** ચૌદ પૂર્વધારી સાધુ આહારક શરીર બનાવે છે. આહારક લબ્ધિના પ્રયોગ સમયે થતાં સમુદ્ઘાતને આહારક સમુદ્ઘાત કહે છે. આહારક લબ્ધિધારી સાધુ આહારક શરીર બનાવવાની ઈચ્છા કરીને, પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પ્રમાણ આત્મપ્રદેશોને દંડાકારે શરીરમાંથી બહાર કાઢે છે અને તે ક્ષેત્રમાં સ્થિત આહારક શરીર બનાવવા યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે, તે આહારક સમુદ્ઘાત છે.


**(૭) કેવલી સમુદ્ઘાત :** અંતર્મુહૂર્તમાં જ મોક્ષ પ્રાપ્ત કરનારા કેવલી ભગવાન જે સમુદ્ઘાત કરે તેને કેવલી સમુદ્ઘાત કહે છે. વેદનીય, નામ, ગોત્ર આ ત્રણ કર્મોની સ્થિતિને આયુષ્ય કર્મની સમાન કરવા માટે આ સમુદ્ઘાત કરે છે, જેમાં કેવલ આઠ સમય જ થાય છે.

પ્રથમ સમયમાં કેવલી ભગવાન આત્મપ્રદેશોના દંડની રચના કરે છે. તે દંડ પહોળાઈ અને જાડાઈમાં શરીર પ્રમાણ અને લંબાઈમાં ઊર્ધ્વલોકાંતથી અધોલોકાંત પર્યંતનો વિસ્તૃત હોય છે. બીજે સમયે તે દંડને (પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણમાં ફેલાવે છે. જેથી તે દંડ લોકપર્યંત ફેલાયેલા બે કપાટનો આકાર ધારણ કરે છે. ત્રીજા સમયે કપાટને લોકાંતપર્યંત ફેલાવીને તે જગ્યાને પૂરિત કરે છે. ત્યારે તે જ કપાટ, પૂરિત મંથનનો આકર ધારણ કરે છે. આમ કરવાથી લોકનો અધિકાશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ માત્ર લોકાંતના ખૂણાના પ્રદેશ ખાલી રહે છે. ચોથા સમયે તેને પણ પૂર્ણ કરી સમસ્ત લોકાકાશને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરે છે, કારણ કે લોકાકાશના અને જીવના પ્રદેશ તુલ્ય છે. પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા સમયે વિપરીત ક્રમથી આત્મપ્રદેશોનો સંકોચ કરે છે અને શરીરસ્થ થાય છે. આઠ સમયમાં આ ક્રિયા પૂરી થતાં નવમા સમયે આત્મા શરીરસ્થ બની જાય છે.

**કેવલી સમુદ્ઘાત :** જેમને નિર્વાણથી છ મહિના પૂર્વે કેવળજ્ઞાન થયું હોય એવા જીવોના આયુષ્યકર્મની સ્થિતિ કરતાં નામ-ગોત્ર-વેદનીયની સ્થિતિ વધારે હોય તેને સમ કરવા માટે નિર્વાણથી અંતર્મુહૂર્ત પહેલા આ સમુદ્ઘાત કરે. આ પ્રક્રિયામાં નામ-ગોત્ર-વેદનીયના કર્મોનો ક્ષય થાય છે. માટે એ ત્રણ કર્મ આશ્રી છે.

- પ્રથમ પાંચ સમુદ્ઘાતમાં મરણ થઈ શકે છે. શેષ બેમાં નહિ.
- મારણાંતિક અને કેવળ વર્જીને શેષ પાંચ સમુદ્ઘાતમાં આયુષ્યનો બંધ થઈ શકે છે.

**કેવલી સમુદ્ઘાતનું સ્વરૂપ**




- પ્રથમ ત્રણ સમુદ્ઘાત ઈરાદા-પૂર્વક કરી શકાતી નથી. શેષ ચાર સમુદ્ઘાત સ્વેચ્છાએ કરે છે.
- ઔદારિક શરીર-વાળા કેટલાક જીવો ભવ દરમિયાન એકેય સમુદ્ઘાત ન કરે એવું પણ બની શકે છે.
- પહેલી પાંચ સમુ. મિથ્યાત્વી અને સમકિતી બંને કરી શકે છે. છેલ્લી બે સમકિતી જ કરી શકે છે.

–સંપાદિકાઓ

✱ ✱ ✱

# કર્મવાદ અને મોક્ષ

□ ચંદ્રહાસ ત્રિવેદી

*[ લેખક અર્થકારણ અને રાજકારણમાં એમ. એ. થયેલા છે, અધ્યાપક, આકાશવાણી પર ઉદ્‌ઘોષક, વિવિધ સાહિત્યના સર્જક અને 'ગુજરાત સમાચાર' માં 'અગમ-નિગમ' સ્તંભ અને 'ધર્મલોક'માં 'વિમર્શ' સ્તંભના લેખક છે. સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યનું પરિશિલન કરનાર અને વિવિધ ધર્મોના પ્રખર ઊંડા અભ્યાસી છે. ]*

ભારતીય ધર્મધારાઓમાં મોક્ષની વાત કરવામાં આવે છે અને તેને ચરમ લક્ષ્ય માનવામાં આવે છે. વિવિધ ધર્મોએ મોક્ષ અંગે જે વિચાર કર્યો છે તેમાં થોડીક ભિન્નતા દેખાય છે પણ એક વાતનું તો સામ્ય છે કે મોક્ષ એ કૃતકૃત્ય અવસ્થા છે. તે પ્રાપ્ત થયા પછી જીવે બીજું કંઈ પ્રાપ્ત કરવાનું રહેતું નથી. મોક્ષના વિચારને સમજવા માટે કેટલાક વિચારકોએ તેને ભૌગોલિક સ્થળ તરીકે સ્થાપ્યો જ્યાં જીવને માત્ર સુખાનુભવ જ રહે. મોક્ષ ભૌગોલિક સ્થાન છે કે નહીં એની ચર્ચામાં આપણે ન પડીએ તો પણ આપણે એક વાત તો સ્વીકારવી પડશે કે મોક્ષ મુક્ત થવાની વાત કરે છે. મોક્ષ શબ્દનો અર્થ જ મુક્તિનો દ્યોતક છે. જ્યાં બંધન છે ત્યાં સુખાનુભવ કેવો ? મુક્ત શેમાંથી થવાનું ? મુક્ત કોણે થવાનું ? મોક્ષની અભિલાષા, મોક્ષનું લક્ષ્ય એ વાતનો નિર્દેશ કરે છે કે આપણે ક્યાંક બંધાયેલા છીએ અને તેમાંથી આપણે મુક્ત થવાનું છે.

આમ, કર્મવાદ મોક્ષ સાથે ગાઢ રીતે સંલગ્ન છે. જીવ કર્મથી બંધાયેલો છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી બંધન છે અને બંધન છે ત્યાં દુઃખ છે, વેદના છે, પરાધીનતા છે. કર્મનું એવું ચક્કર ચાલ્યા જ કરે છે કે તે ક્યાંય અટકતું નથી. પૂર્વકર્મ ભોગવાતાં જાય અને નવાં બંધાતાં જાય. આમ, કર્મનો સ્ટોક ક્યારેય ખાલી થતો નથી. કર્મ માત્ર બંધન છે, કારણ કે તેમાં પરાધીનતા છે છતાંય આપણને પુણ્યકર્મ ગમે છે કારણ કે તેમાં સુખાભાસ થાય છે. તત્ત્વજ્ઞોએ તો પુણ્યકર્મને પણ બંધન ગણ્યું છે અને તેનાથી પણ મુક્ત થવાની વાત કરી છે. સુખાનુભવ મુક્તિમાં છે. સુખાભાસમાં નહીં. આ વાતને ધીરજથી સમજવાની છે. પુણ્યકર્મનો એમાં નિષેધ નથી કારણ કે પુણ્યકર્મને સહારે મનુષ્ય પાપકર્મોને હઠાવે છે. પણ પુણ્યકર્મ અંતે તો છોડી દેવા જેવું છે. કારણ કે તે પણ બંધન તો છે જ. જેમ ઉપર ચડનાર માણસ દોરડાનો સહારો લે પણ નિસરણી ચડી ગયા પછી દોરડું છોડી દે છે, તેને પકડી રાખતો નથી તેમ છેવટે પુણ્યકર્મ પણ છોડી દેવાનું છે. આ બહુ સૂક્ષ્મ વાત છે. રેશમની દોરીથી બાળકને બાંધો કે લોખંડની સાંકળથી બાંધો પણ બંધન એ બંધન એમાં કોઈ શંકા નથી. **પુણ્યને પણ છોડવાની વાત સાધનાના છેલ્લા પગથિયે છે નહીં કે પહેલે પગથિયે.** ઘણીવાર મોટા મોટા ચિંતકોએ પણ આ બાબતે ઉતાવળે અભિપ્રાય આપ્યા છે જેથી તે અંગે ઘણી ગેરસમજ પ્રવર્તે છે.

આમ, મોક્ષ જીવ માત્રનું ચરમ લક્ષ્ય હોવું જોઈએ કારણ કે તેમાં અનંત સુખાનુભવ છે. મોક્ષની નિષેધાત્મક કલ્પના આપણને માન્ય નથી. જો મોક્ષ કંઈ જ ન હોય તો પછી મેળવવા જેવું શું રહ્યું ? હવે જો મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો કર્મના બંધનમાંથી છૂટવું જોઈએ. જો આપણને કોઈએ બાંધ્યા હોય તો તે કર્મે. કર્મનું બંધન તૂટતાં જ હંસલો મુક્ત થઈને માનસરોવરને કાંઠે બેસી ક્ષીરનું-અમૃતનું પાન કરવાનો.

**માટે જ કોઈ વિચાર, ભાવ કે ક્રિયા કર્મના વિષચક્રને તોડે તે સાધના છે.** કર્મવાદનો અભ્યાસ આપણને કર્મના કોઠાઓનું જ્ઞાન આપે છે કે જેને સહારે આપણે સાતેય કોઠા જીતી બહાર આવી જઈ શકીએ. આપણે કર્મબંધ વિષે જાણ્યું, કર્મના ભોગવટાનો વિચાર કર્યો, નિમિત્તોની પ્રબળતા સમજ્યા, કર્મનો વિપાકોદય અને પ્રદેશોદય ચર્ચી ગયા એ બધાનો સાર એટલો જ છે કે કર્મ બાંધો થોડાં, પણ તોડો ઘણાં. સાધનાનો અર્થ એટલો જ છે કે ઉદયમાં આવેલાં કર્મોને નિષ્ફળ બનાવો, નવાં કર્મોને આવવા ન દો, બાંધેલાં કર્મોને ખંખેરી નાખો, ઝાટકી નાખો. ગમે તેમ કરી કર્મને કાઢો. છેવટે ભોગવીને પણ કર્મને કાઢો.

તેથી ઘણી વાર આરાધકો સામે ચાલીને નિમિત્તો આપીને કર્મોને ખેંચી લાવી ભોગવવાનું પસંદ કરે છે. કર્મનું દેવું ચૂકવ્યા વિના કોઈ તેના સામ્રાજ્યની સરહદ ઓળંગી શકે તેમ નથી. તેથી જ્યારે મનુષ્યભવ મળ્યો છે, ધર્મની અનુકૂળતા છે, દેવ-ગુરુની નિશ્રા સુલભ છે ત્યારે કર્મનો હિસાબ ચોખ્ખો કરી નાખો. પણ અહીં એક વાતે સાવધ રહેવાનું છે કે સામેથી કર્મને ખેંચી લાવી ભોગવવાની પ્રક્રિયા ધર્મશૂરાઓએ કરવા જેવી છે, સામાન્ય જીવોએ નહિ, કારણ કે વગર તાકાતે આ પ્રયોગ કરનાર ઊલટાનો કુટાઈ જાય.

જો કર્મ ભોગવીને કાઢવાનાં હોય તો તો કરોડો વર્ષો તો શું કરોડો જન્મો જોઈએ. વળી કર્મના ભોગવટા વખતે નવાં કર્મ બંધાતા જાય તેનું શું ? તેથી સાધના એનું નામ કે જે કરોડો વર્ષ ચાલે એટલાં કર્મનો સ્ટોક બે-ત્રણ જન્મમાં ખતમ કરી નાખે અને મુક્ત થઈ જાય.

આમ જોઈએ તો કાળ ઉપર આપણો બહુ કાબૂ નથી પણ સાધનામાં કાળ બહુ જાગતી ચીજ છે. સાધનામાં તો કર્મની સ્થિતિને-મુદતને ઉત્તરોત્તર તોડીને ટૂંકી કરવાની છે. કર્મની સ્થિતિ જેટલી તૂટે એટલી પ્રગતિ, એટલી ગુણપ્રાપ્તિ વધારે. સાધનામાં જ્યારે પ્રવેગની– એક્સીલરેશનની સ્થિતિ સર્જાય છે તેને ક્ષપકશ્રેણી કહેવામાં આવે છે તે કાળનો ઘાત કરીને જ મંડાય છે. તે સમયે કરોડો વર્ષે કે જન્મે જેનો ભોગવટો થઈ શકે તેવાં કર્મોની

સ્થિતિ–કાળમર્યાદા, લાખ્ખો નહિ, હજારો નહિ, અરે, સેંકડો નહિ પણ છેવટે બે-ત્રણ ઘડી સુધી આવી જાય છે. ઉત્કૃષ્ટ આરાધના કરનાર તો કર્મોને એક જ જન્મમાં પૂરાં કરી નાખવાની પેરવી કરે છે. આત્માના ગુણો પ્રગટ થતા જાય તેમ કર્મની સ્થિતિ તૂટતી જાય. કર્મની સ્થિતિ તૂટે એટલે તેનો ભોગવટાકાળ તૂટે, પણ તેના પરમાણુઓ તો એટલા ને એટલા જ રહે. જે કર્મ-પરમાણુઓ લાંબા કાળમાં ભોગવવાના હોય તે પછી અલ્પકાળમાં પ્રદેશોદયથી ભોગવાઈ જાય. કર્મ-પરમાણુઓ જીવ સાથે ચોંટેલા હોય છે જે બે રીતે તેનાથી વિમુક્ત થાય. એક તો કર્મ ભોગવાય એટલે તે ખરી પડે. બીજી રીત છે પ્રદેશોદયની. જેમાં કર્મની અસર ન વર્તાય અને તે ખરી પડે.

કરેલાં કર્મો અવશ્ય ભોગવવાં પડે એમ જે કહેવાય છે તે કર્મના પરમાણુઓની અપેક્ષાએ જપ-તપ-વ્રત-દાન-ધર્મ-સદાચાર-ધ્યાન-યોગ-ભક્તિ બધાંનો ગૂઢાર્થ એ છે કે કર્મને તોડો-ખંખેરી નાખો. આ બધાં અનુષ્ઠાનો કર્મની સ્થિતિ અને રસને તોડી નાખવામાં સહાય કરે છે. કર્મનો રસઘાત થતાં કર્મ તાકાત વગરનાં બની જઈને ખરવા લાગે છે. રસઘાતની પ્રક્રિયા તો સ્થિતિઘાત કરતાંય ઝડપી હોય છે. સાધનાની અંતિમ કક્ષાએ સાધક બધા જ કર્મદલિકોને પ્રદેશોદયથી સૂકવીને, તપ્ત કરીને ખંખેરી નાખે છે જેને કેળળી **સમુદ્ઘાત**ને નામે ઓળખવામાં આવે છે – બસ ત્યાર પછી જીવ મુક્ત થઈ જાય છે – કર્મથી મુક્ત થઈ જાય છે અને અનંત સુખાનુભવમાં તેની સ્થિતિ થઈ જાય છે.

બીજી એક મહત્ત્વની બાબત છે ચૈતન્યની સત્તાની. આપણે જોઈ ગયા કે આમ તો કર્મ એક જડ પદાર્થ છે. પદાર્થમાં અનર્ગળની શક્તિ રહેલી છે તો સામે ચૈતન્યમાં અનંત શક્તિ રહેલી છે. કર્મની શક્તિ એટલે જડની શક્તિ. જે ચૈતન્યમાં અનંત શક્તિને આવરીને–દબાવીને બેઠી છે અને તેનો આ સંસાર છે. પણ એ બાબત નિર્વિવાદ છે કે **જડ ક્યારેય ચૈતન્ય બની શકતું નથી અને ચૈતન્ય ક્યારેય જડ બની જતું નથી. છતાંય બન્નેનો એકબીજા ઉપર પ્રભાવ છે.** કર્મની જે કંઈ જંજાળ છે, તેનો જે કંઈ વિસ્તાર છે તે જડ અને ચેતનના પરસ્પર થતા સંબંધોને કારણે. કર્મની હાજરીમાં ચૈતન્ય અમુક રીતે વર્તે છે પણ જો કર્મ નષ્ટ થઈ જાય, ચેતનને જડ એવાં કર્મોનો સંસર્ગ ન રહે, તો પછી ચૈતન્ય શુદ્ધ સ્વરૂપે વિલસી રહે છે. જડને પોતાનો સ્વભાવ છે અને તેની આગવી શક્તિ છે તો ચૈતન્યને પણ પોતાનો વિશિષ્ટ સ્વભાવ છે અને તેની પાસે વિશિષ્ટ શક્તિ છે. આમ તો ચૈતન્યની તાકાત, જડની તાકાત કરતાં અનેકગણી છે. પણ ગમે તેવી તાકાતવાળો જંગલને ધ્રુજાવનાર સિંહ પાંજરે પુરાયો હોય તો પછી તેની તાકાત ક્યાં રહી? **આપણું ચૈતન્ય કર્મરૂપી પાંજરામાં પુરાયેલું છે તેથી અસહાય બનીને કર્મ આપે છે એટલું લે છે અને કર્મ નચાવે તેમ નાચે છે.** પણ એક વાર ચૈતન્ય જાગી ઊઠે, આળસ ખંખેરીને પૂર્ણ બળથી, પૂર્ણ શ્રદ્ધાથી પાંજરાને તોડીને બહાર આવી જાય તો પછી તે પોતાના સ્વભાવમાં આવી જઈ શકે છે. મૂળ વાત છે ચૈતન્ય એવા જીવ અને જડ એવા કર્મના સંબંધોને તોડવાની.

ઘણા લોકો એમ કહે છે કે ચૈતન્ય શુદ્ધ-બુદ્ધ છે. તેને જડ એવાં કર્મ કંઈ કરી શકે નહિ. આ વાત સાંભળવામાં સારી લાગે છે, સાંભળવી ગમે તેવી છે પણ વાસ્તવિક્તા ઊલટી છે. જો ચૈતન્ય ઉપર કર્મનો પ્રભાવ ન પડતો હોય તો મદારી જેમ રીંછને નચાવે તેમ ચૈતન્ય એવા આપણે, સંસારમાં કર્મના નચાવ્યા કેમ નાચ્યા કરીએ છીએ? જેમ ગળે સાંકળ બાંધેલ કૂતરો, સાંકળની ઢીલ પ્રમાણે ફરતાં ફરતાં કહે કે હું સ્વતંત્ર છું તેના જેવી આ વાત લાગે છે. જો જીવ સ્વતંત્ર છે તો પછી તેને આ સંસાર કેમ? આ પરાધીનપણું, આ અસહાયતા કેવી? મૂળ વાત છે જીવે કર્મની ચુંગાલ ફગાવી દઈને સ્વતંત્ર થવાનું છે. **સ્વભાવથી આત્મા શુદ્ધ-બુદ્ધ અને અનંત સામર્થ્યવાળો છે પણ તેના તે ગુણો કર્મથી આવૃત્ત છે**–ઢંકાયેલા છે, કર્મથી દબાયેલા છે જે તેણે પ્રગટાવવાના છે. આ ગુણોનો આવિર્ભાવ કરવા માટે જીવે પુરુષાર્થ કરવાનો છે.

કરોડોની સંપત્તિનો માલિક જ્યાં સુધી પોતાની સંપત્તિથી અજાણ હોય કે જ્યાં સુધી તે મેળવી ન શકે ત્યાં સુધી તો તે દરિદ્ર જ છે. આપણો ઘાટ આના જેવો છે. આપણે અનંતના સ્વામી છીએ પણ અત્યારે તો કર્મના માર્યા અને દોર્યા સંસારમાં અથડાઈએ છીએ – કુટાઈએ છીએ. જ્યાં સુધી કર્મનો ધ્વંસ નહિ કરીએ ત્યાં સુધી આપણા ભાગ્યમાં કુટાવાનું જ છે. પણ આશા એટલી છે કે **ચૈતન્યમાં અનંત શક્તિ છે અને જો તેને જગાડવાનો, જીવ પુરુષાર્થ કરે તો જડ એવા કર્મનો પરાભવ કરીને પોતે અવશ્ય મુક્ત થઈ જાય.**

ઘણા લોકો તો ઠેરથી જ વાત કરે છે કે જડ એવું કર્મ ચૈતન્યને અસર ન કરી શકે. અરે, જડ એવી દવાઓનું સેવન કરવાથી આપણા ઉપર કેટલી બધી અસર થાય છે? દારૂ જડ છે અને બ્રાહ્મી પણ જડ છે;પણ એક બુદ્ધિને ભ્રમિત કરે છે તો બીજું બુદ્ધિને સચેત કરે છે. જડ એવા પદાર્થો ઉપર ચેતનાથી ધબકતો જીવ કેટલી આસક્તિ રાખે છે? જડ પદાર્થો ઉપર જીવ નભે છે અને તેને મેળવવા જીવનભર દોડ્યા કરે છે. મંગળ અને ગુરુના ગ્રહો ઉપર જ્યાં જીવન નથી ત્યાં જડનું અસ્તિત્વ તો છે પણ કોઈ મારા-મારી નથી, કોઈ સંસાર મંડાયો નથી. **જ્યાં જડ છે અને ચેતન છે ત્યાં જ સંસાર છે. સંસાર એટલે જડ અને ચેતનની રમત.** ત્યાં જડની અસર ચેતન ઉપર ન થાય એ વાત ગળે કેમ ઊતરે?

પણ હા, આપણે એટલું અવશ્ય સ્વીકારવું જ રહ્યું કે જડ એ જડ છે, તે ક્યારેય ચેતન બની શકે નહીં. ચેતન એ ચેતન છે તે ક્યારેય જડ બની શકે નહીં. ચેતન એ ચેતન છે તે ક્યારેય જડ બનવાનું નથી. બંનેને પોતપોતાની શક્તિ છે તો બંનેને પોતપોતાની મર્યાદા પણ છે. જડનું સંસાર ઉપર સાર્વભૌમત્વ નથી તો ચેતનનું પણ સાર્વભૌમત્વ નથી. બંને પોતપોતાની સીમામાં રહીને જ કામ કરે છે અને પરસ્પરને અસર કરે છે. કોઈ વખત આપણે જડ એવાં કર્મોની વધારે અસર નીચે આવી જઈએ છીએ તો કોઈ વખત

ચેતનાના ગુણોનો પ્રભાવ વધી જાય છે. જડ પાસે પુરુષાર્થની શક્તિ નથી, જે ચેતન પાસે છે. જો ચેતના જાગી ઊઠે અને પુરુષાર્થ આદરે તો આજે નહીં તો કાલે, આ ભવે નહીં તો આવતે ભવે જડ કર્મોને ફગાવી દઈને પોતાના શુદ્ધ-બુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરી અનંત સુખમાં સ્થિત થઈ શકે છે.

આ પુરુષાર્થ જગાવવા માટે અને પુરુષાર્થ ક્યાં કરવાનો છે, કેવી રીતે થઈ શકે તે જાણવા માટે તો કર્મની વ્યવસ્થા–સિદ્ધાંત સમજવાનો છે. કર્મના સિદ્ધાંતોનું રહસ્ય સમજીને, તેનો ભેદ જાણીને, તેનો ઘાત કરીને ચૈતન્ય સ્વભાવમાં આવી જવાનું છે. નવાં કર્મોને ન બાંધવાં, બાંધેલા કર્મો તોડવાં તથા ઉદયમાં આવેલાં કર્મોને નિષ્ફળ કરવાં એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે. અહીં ભાગ્યને આધીન નથી રહેવાનું– પ્રચંડ પુરુષાર્થ કરવાનો છે. **આ પ્રક્રિયા ત્રણ રીતે થાય છે.** એક તો કર્મ સમતાથી ભોગવી લેવાં, ઉદયમાં ન આવ્યાં હોય તેને પણ ખેંચી લાવીને નિર્જરવાં – ખંખેરી નાખવાં આ છે **ક્ષાયિક ભાવ** જેમાં કર્મોનો ક્ષય થાય છે. બીજો ભાવ છે **ઔપશમિક ભાવ.** જેમાં કર્મોનું શમન કરી દેવાનું. તેને ટાઢાં પાડી દેવાનાં. આ અવસ્થા લેણદારને સમજાવી– મુદ્દત પાડી પાછો કાઢવા જેવી છે. આજે તો લેણદાર પાછો વળ્યો પણ આગળ ઉપર દેવું તો ઊભું જ છે. ત્રીજો માર્ગ, વચલો માર્ગ છે જેમાં કર્મના રસને તોડતાં જવાનો, કર્મની સ્થિતિનો – મુદ્દતનો ઘાત કરતા જવાનો અને કર્મના દલિકોને – પરમાણુઓને નિર્જરતા જવાના– ખેરવતા જવાના અને તેમનું શમન પણ કરતા જવાનું. આ છે **ક્ષાયોપશમિક ભાવ.** જ્યારે **ઔદાયિક ભાવમાં** એટલે કર્મના ઉદયથી પ્રવર્તનાર ભાવમાં તો કર્મને આધીન થવાનું. એમાં તો જીવ ઊંઘતો જ ઝડપાઈ જાય છે. કર્મ જે માગે તે બધું સામે ધરી દેવાનું. પછી ગમે તેટલા રડો કે કકળો તેની કર્મસત્તાને કંઈ પડી નથી. આમ, ક્ષાયિકભાવ અને ક્ષાયોપશમિક ભાવ આરાધનાના ઘરના છે. ઔપશમિક ભાવમાં આરાધના ખરી પણ તે પ્રશ્નનું નિરાકરણ ન લાવે, ફક્ત તાત્કાલિક સમાધાન કરાવે પણ પ્રશ્ન તો ઊભેલો જ રહે; જ્યારે ઔદાયિક ભાવ તો શરણાગતિનો ભાવ છે.

આમ, કર્મસિદ્ધાંતનો અભ્યાસ, કર્મવ્યવસ્થાની સમજણ આ ભવ અને પરભવ બંનેને સુધારી લેવાનો તેમ જ ભવભ્રમણમાંથી બહાર નીકળી જઈને અનંત સુખમાં જવાનો માર્ગ બતાવે છે. તેનું પ્રાથમિક લક્ષ્ય છે – કર્મથી બચો, અને કર્મ બાંધો તો સારાં – શુભ કર્મો જ બાંધો અને અંતિમ લક્ષ્ય છે કર્મનું ઉપાર્જન બંધ કરો અને બાંધેલાં કર્મોને ખંખેરી નાખી – નિર્જરી, સ્વરૂપમાં આવી જાવ અને સ્વભાવમાં રમણ કરો.

✷ ✷ ✷

'સુહાસ',
૬૪, જૈન નગર, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૦૭૮-૨૬૬૨૦૬૧૦

## મોક્ષ વિચાર ભારતીય દર્શનની વિરલ વિશેષતા છે

૧. ન્યાય દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'तदत्यन्तविमोक्षोऽपवर्गः।' અર્થાત્ બધા દુઃખોનો આત્યંતિક છેદ થઈ જવો તે મોક્ષ.

૨. વૈશેષિક દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'तदभावे संयोगाभावोऽप्रादुभावश्च मोक्षः।' અર્થાત્ શરીરધારક મન, કર્મ, બુદ્ધિ વગેરેનો અભાવ થવાથી વર્તમાન શરીરના સંયોગોનો અભાવ થઈ જાય છે એટલે નવું શરીર ઉત્પન્ન થતું નથી, તે મોક્ષ છે.

૩. સાંખ્ય દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'प्रकृतिपुरुषान्यत्त्वख्यातौ प्रकृत्युपरमे पुरुषस्य स्वरुपेणव्यवस्थानं मोक्षः।' અર્થાત્ વિવેક ખ્યાતિ થવા પર પુરુષને એ જ્ઞાન થઈ જાય છે કે પુરુષ નહિ કે પ્રકૃતિ કે તેનો વિકાર (છે) તેનું આ વિવેક જ્ઞાન જ વસ્તુતઃ તેનો મોક્ષ છે.

૪. યોગ દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'पुरुषार्थशून्यानां गुणानां प्रतिप्रसवः कैवल्यं स्वरुप प्रतिष्ठा वा चितिशक्तेरिति।' અર્થાત્ પુરુષાર્થ શૂન્ય ગુણોનું પુનઃ ઉત્પન્ન ન થવું, સાંસારિક સુખ દુઃખોનો આત્યંતિક છેદ એટલે કે પોતાના સ્વરુપમાં પ્રતિષ્ઠાન થવું તે મોક્ષ છે.

૫. મીમાંસા દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'नित्यनिरतिशयसुखाभिव्यक्तिर्मुक्तिः।' અર્થાત્ નિરતિશય સુખોની અભિવ્યક્તિ જ મોક્ષ છે.

૬. બૌદ્ધ દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'धर्मिनिवृत्तौ निर्मलज्ञनोदयो महोदयः।' અર્થાત્ જ્ઞાનનો ધર્મી આત્મા જ્યારે નિવૃત્ત થઈ જાય છે ત્યારે નિર્મળ જ્ઞાનનો ઉદય થાય તે જ મોક્ષ છે.

૭. જૈન દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : 'कृत्स्नकर्मक्षयो मोक्षः।' અર્થાત્ સંપૂર્ણ કર્મોનું આત્યંતિક તેમ જ નિરન્વય વિનાશ જ મોક્ષ છે.

૮. ચાર્વાક્ દર્શન (આધુનિક સમાજનું જીવનગત દર્શન)માં મોક્ષનું સ્વરૂપ : 'पारतन्त्रयं बन्धः स्वातंत्र्यं मोक्षः।' અર્થાત્ જ્યાં જ્યાં સ્વતંત્રતા છે ત્યાં સુખ છે અને તે જ મોક્ષ છે.

૯. વેદાંત (રામાનુજ મુજબ) દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : ઈશ્વરની આજ્ઞાઓનું પૂર્ણ રીતે પાલન કરવું, પોતાની ઈચ્છાઓને ઈશ્વરને સમર્પિત કરી દેવી; એ જ માનવની પૂર્ણ સ્વતંત્રતા અને તેની મોક્ષ ગતિ છે.

૧૦. વેદાંત (શંકરાચાર્ય મુજબ) દર્શનમાં મોક્ષનું સ્વરૂપ : શંકરાચાર્ય મુજબ જીવ અને બ્રહ્મ એક જ છે. (जीवो ब्रह्मैव नापरः) એટલા માટે 'ब्रह्मविद् ब्रह्मैव भवति।' અર્થાત્ સાધકનો અહંભાવનો વિલય થઈ જાય અને તે માયાથી મુક્ત થઈ બ્રહ્મમાં પૂર્ણ થઈ જાય છે તે મોક્ષ છે.

૧૦. ગીતા અનુસાર મોક્ષનું સ્વરૂપ : જ્ઞાનાગ્નિમાં નાખેલાં તમામ પ્રકારના શુભ-અશુભ, ક્રિયમાણ, પ્રારબ્ધ તથા તમામ સંચિત કર્મો બળીને ખાક થઈ જાય છે અને જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે. એટલે કે જન્મ-મરણના બંધનમાંથી મુક્ત થાય છે. **—સંપાદિકાઓ**

# કર્મયોગનું વિજ્ઞાન

□ ભાણદેવજી

*[ અધ્યાત્મપથના પથિક વિદ્વાન લેખક યોગાચાર્ય છે. યોગ અને તત્ત્વજ્ઞાનના પ્રચાર અર્થે વિદેશ ભ્રમણ કર્યું છે. લગભગ ૩૫ પુસ્તકોના કર્તા છે. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે તેમના આશ્રમમાં સ્થાયી છે. ]*

**૧. પ્રસ્તાવ**

कर्मणोह्यपि बोद्धव्यं बोद्धोव्यं च विकर्मण: ।
अकर्मणश्च बोद्धव्यं गहनी कर्मणो गति: ।

-श्रीमद् भगवत् गीता 4-17.

'કર્મનું સ્વરૂપ જાણવાયોગ્ય છે. વિકર્મનું સ્વરૂપ પણ જાણવાયોગ્ય છે અને અકર્મનું સ્વરૂપ પણ જાણવાયોગ્ય છે. કર્મની ગતિ ગહન છે.'

જે શબ્દ સતત કાને પડતો હોય, જેના સંપર્કમાં આપણે સતત રહેતા હોઈએ તેની ગહનતા અંગે આપણે બેપરવાહ બની જઈએ છીએ. અતિ પરિચયને લીધે તેની ગહનતા તરફ આપણું ધ્યાન જતું નથી. કર્મ આપણા જીવન સાથે ગાઢ રીતે એકરસ થઈ ગયું છે. જીવવું અને કર્મો કરવા બન્ને સાથે સાથે જ છે.

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् (गीता-3-5)

'કોઈ પણ જીવ ક્ષણ માટે પણ કર્મ કર્યા વિના રહેતો નથી.'

કર્મ માનવજીવન સાથે આટલું ઓતપ્રોત થયેલું છે. છતાં આપણે કર્મના યથાર્થ સ્વરૂપને ન જાણતા હોઈએ એમ બની શકે; એટલું જ નહિ પણ તેને લીધે આપણને કર્મના રહસ્ય અંગે જાણવાની ઈચ્છા પણ ન થાય એમ પણ બની શકે ! કર્મની ગહનતાનો ખ્યાલ પણ ન આવે !

**૨. કર્મ એટલે શું ?**

કર્મનો શાબ્દિક અર્થ તો સૌ જાણે છે. કર્મ=કૃ (કરોતિ) કરવું તે = To do. પણ આટલાથી કર્મનો અર્થ જાણી ગયા એવું નથી. કર્મના પર્યાયવાચક શબ્દો જાણવા, તેની વ્યુત્પત્તિ જાણવી અને તેના યથાર્થ રહસ્યને આત્મસાત્ કરવું તે બંને અલગ અલગ બાબતો છે.

કર્મ એટલે મહાચૈતન્યની અભિવ્યક્તિ (Manifestation)ની ઘટના. સૃષ્ટિના પ્રારંભે મૂલ પ્રકૃતિ (ગતિહીન શાંત પ્રકૃતિ) તરફ મહાચૈતન્યની દૃષ્ટિ પડતાં મૂલ પ્રકૃતિમાં ચૈતન્ય પ્રગટે છે. મૂલ પ્રકૃતિની ત્રિગુણાત્મિકા સમુતાલાનો ભંગ થાય છે. ગતિહીન પ્રકૃતિમાં ગતિ પ્રગટે છે. આ પ્રથમ ગતિ એ જ આદિ કર્મ છે. કર્મની આ સાંકળ ચાલુ જ રહે છે. સર્ગ પ્રક્રિયા એટલે શું ? સર્ગ એટલે ચૈતન્યની અભિવ્યક્તિની પ્રક્રિયા. જેમ જેમ સર્ગક્રમ વિકસતો જાય છે તેમ તેમ સૃષ્ટિમાં પરમાત્મા વધુ ને વધુ અભિવ્યક્ત થતો જાય છે. આખો સર્ગક્રમ કર્મની જ પ્રક્રિયા છે તેથી મૂલત કર્મ મહાચૈતન્યની અભિવ્યક્તિની ઘટના છે. સામાન્યતઃ આપણે કર્મના યથાર્થ સ્વરૂપના અનુસંધાનને ચૂકી જતા હોઈએ છીએ પણ એ અનુસંધાન પુનઃ જોડી શકાય તેમ છે અને એ જ કર્મયોગની ચાવી. કર્મમાત્ર ચૈતન્યના ધક્કાથી પ્રગટે છે. અચેતન દ્વારા કર્મ પ્રગટી શકે નહિ, તેથી કર્મનું ચૈતન્ય સાથે અનુસંધાન છે જ. કર્મ કરતી વખતે કર્મ જે મહાચૈતન્યના ધક્કાથી પ્રગટે છે તેની સાથેના અનુસંધાન અંગે જાગૃત રહી શકાય તો કર્મનું કર્મયોગમાં રૂપાંતર થાય છે. કર્મયોગનું આ રહસ્ય છે.

**(૩) કર્મનાં સ્વરૂપો**

**(૧) સાધન કર્મ :** દરેક અધ્યાત્મ પ્રણાલિમાં બહિરંગ સાધનપદ્ધતિ હોય છે. તેને જ સાધનકર્મો કહે છે. તેને જ ક્રિયાકાંડ, ક્રિયાયોગ કે બહિરંગ યોગ પણ કહે છે. યજ્ઞયાગ, પૂજાપાઠ, નામજપ, પ્રાણાયામ, પ્રણવોપાસના, સ્તોત્રપાઠ આદિ સાધનકર્મો છે. સાધનકર્મોને કર્મયોગનું સ્વરૂપ આપવું, તેમને અધ્યાત્મપ્રેરક રૂપ આપવું સરળ છે. કેમકે તેવાં કર્મો મૂલતઃ અધ્યાત્મના સાધનો છે. તેમનું સ્વરૂપ જ એવું છે કે તેમનું મુખ મહાચૈતન્ય તરફ છે. સાધનકર્મના અનુષ્ઠાનથી જીવનમાં જ્ઞાનભક્તિ પ્રગટે છે. સાધનકર્મો ચિત્તશુદ્ધિ અને અધ્યાત્મપ્રાગટ્યના ઉત્તમ સાધનો બની શકે તેવી તેમાં ક્ષમતા છે.

**(૨) સેવાકર્મ :** કોઈ પણ વ્યક્તિ કે સમૂહના કલ્યાણ માટે, બદલાની અપેક્ષા વિના થતા કર્મને સેવાકાર્ય કહે છે. સેવા માનવી કે માનવેતર પ્રાણીની પણ હોઈ શકે છે. સેવાકાર્યો પણ ચિત્તશુદ્ધિનું સાધન બની શકે છે. સેવાકર્મોને પણ સાધનાનું સ્વરૂપ આપી શકાય તેમ છે. નિષ્કામભાવે અન્યને ઉપયોગી થવા માટે થતાં કર્મો વ્યક્તિના વિકાસનું માધ્યમ બની શકે તેમ છે.

**(૩) ભગવત્પ્રીત્યર્થકર્મ :** એક એવી અવસ્થાએ સાધક પહોંચે છે જ્યાં તેના બધા કર્મો ભગવત્પ્રીત્યર્થ થાય છે. તે અવસ્થામાં કોઈ પણ કર્મ તેના માટે ભાગવત સેવાકાર્ય બની જાય છે. આ અવસ્થામાં સાધકના ચિત્તમાં કર્મનું મૂળ અનુસંધાન પ્રગટે છે અને તેના ચિત્તમાં કર્મના યથાર્થ સ્વરૂપનું ઉદ્ઘાટન થાય છે.

**(૪) ભાગવતકર્મ :** વિરલ

***કર્મમાંથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે પહેલી આવશ્યકતા એ છે કે કર્મો આસક્તિયુક્ત ન હોવાં જોઇએ. આસક્તિથી કરેલું કર્મ બાંધે છે અને તેવું કર્મ મુક્તિમાં સહાયક બની શકે નહિ, તેથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે કામનામાંથી મુક્ત થવું જોઇએ.***

પ્રસંગમાં ભાગવતચેતના વ્યક્તિ પાસે કર્મ કરાવે છે. વ્યક્તિ ભગવાનના કાર્યોનું વાહક બને છે. આવાં કર્મોને ભાગવતકર્મો કહે છે. ભગવાન પોતે જ કોઈ કર્મ વ્યક્તિ દ્વારા કરાવે ત્યારે તે વ્યક્તિ ધન્ય બને છે. ભાગવત કર્મોના સાધન બનવું પરમ સદ્‌ભાગ્ય છે, પણ એમ બનવું એ ભગવતકૃપા પર અવલંબે છે. પોતાની પસંદગી કે પુરુષાર્થથી મેળવી શકાય તેવી સિદ્ધિ નથી. કોઈ પણ કર્મ નિષ્કામભાવથી અને ભગવત્ સમર્પણભાવે કરીએ તો તેવાં કર્મો ભાગવતકર્મો ગણાય કે નહિ? ના. એ બધાં કર્મો ભાગવતકર્મો ન ગણાય. ભગવાન પોતે જ પોતાના કાર્ય માટે વ્યક્તિને પસંદ કરે અને તેની પાસે કર્મ કરાવે તે જ ભાગવતકર્મો ગણાય. એમ થયા વિના સત્કર્મો, સાધનકર્મો, નિષ્કામકર્મો, ભગવત્‌પ્રીતિકર્મો પણ ભગવતકર્મો ગણાય નહિ. પણ બધાં જ કર્મો ભગવાનના જ કર્મો છે એમ ન ગણાય? એમ કોઈ પૂછે તો તેનો જવાબ શો? પરોક્ષ રીતે, પ્રકૃતિ દ્વારા બધાં કર્મો ભગવાન કરાવે છે એ સાચું, પણ સાક્ષાત્ અને અપરોક્ષ ભાગવત્‌કર્મોની તો કક્ષા જ જુદી છે.

નિષિદ્ધકર્મોનો સમાવેશ આપણે ઉપરોક્ત વર્ગીકરણમાં કર્યો નથી કેમ કે નિષિદ્ધકર્મો સાધન કર્મો બની શકે નહિ. તેમનું સ્વરૂપ જ એવું છે કે તેનો ત્યાગ જ ઈષ્ટ છે. જેમ કે વ્યભિચાર, લૂંટ, ખૂન, ચોરી વગેરે કર્મોનો ત્યાગ જ ઈષ્ટ છે.

તે જ રીતે ભોગકર્મોનો સમાવેશ પણ ઉપરોક્ત વર્ગીકરણમાં નથી. કેમ કે સાધનાના અર્થમાં ભોગકર્મોને કર્મો ગણી શકાય નહિ. બધાં ભોગ કર્મો પાપકર્મ કે નિષિદ્ધકર્મ હોતાં નથી. છતાં ભોગ માનવીને બાંધે જ છે, તેથી ભોગકર્મોનો સમાવેશ કર્મયોગમાં ન કરી શકાય.

વળી કામ્યકર્મ પણ વ્યક્તિને બાંધે છે અને તેથી મુક્તિ કે આધ્યાત્મિક વિકાસનું સાધન આવાં કામ્યકર્મો બની શકે નહિ. તેથી કામ્યકર્મોને પણ કર્મયોગ ગણી શકાય નહિ. સત્કર્મો પણ જો કામ્યકર્મો હોય તો તેમાંથી કામનાનો અંશ જાય પછી તે સાધનકર્મ બની શકે છે. ક્રમ બાંધતું નથી, કામના બાંધે છે, તેથી કામનાથી દૂષિત થયેલું કર્મ બહિરંગ દૃષ્ટિએ ગમે તેટલું મહાન સત્કર્મ હોય તો પણ તે વ્યક્તિના આધ્યાત્મિક ઉત્કર્ષનું સાધન બની શકે નહિ.

**૪. કર્મ દ્વારા ચિત્તશુદ્ધિ કર્મ**

કર્મને ચિત્તશુદ્ધિનું સાધન ગણવામાં આવે છે. કર્મ દ્વારા ચિત્તશુદ્ધિ કેવી રીતે થાય છે તે આપણે આધુનિક મનોવિજ્ઞાનની પરિભાષામાં સમજવા પ્રયત્ન કરીએ.

(૧) કર્મ દ્વારા વ્યક્તિ લઘુતાગ્રંથિમાંથી મુક્ત થાય છે. નાના સરળ કાર્યોમાંથી મોટાં કઠિન કાર્યો તરફ જવાય છે. અને વ્યક્તિ પુરુષાર્થ દ્વારા કર્મના ક્ષેત્રમાં જેમ જેમ વિકસતી જાય છે તેમ તેમ તેનો આત્મવિશ્વાસ વધતો જાય છે. પરિણામે લઘુતાગ્રંથિની પકડ તેના ચિત્ત પરથી ખસવા લાગે છે.

(૨) કર્મ દ્વારા વ્યક્તિ પાપગ્રંથિમાંથી પણ મુક્ત થઈ શકે તેવી સંભાવના છે. પાપગ્રંથિ એટલે પોતે પાપી છે, ગુનેગાર છે તેવો ભાવ. કર્મ દ્વારા વ્યક્તિના ચિત્તમાં કંઈક સારું કર્યાનો સંતોષ, કંઈક બીજાને ઉપયોગી થયાનો સંતાષ ઉત્પન્ન થાય છે. પરિણામે વ્યકિતના ચિત્ત પરની પાપગ્રંથિની પકડ ઢીલી પડવા લાગે છે. સેવાકર્મો કે સત્કર્મો-પુણ્યકર્મોમાં પાપગ્રંથિમાંથી છોડાવાની ક્ષમતા વધુ છે. કારણ પુણ્યકર્મોના અભ્યાસથી વ્યક્તિને પોતે સારું કર્યાનો સંતોષ વધુ વધુ મળે છે જે પાપગ્રંથિના બોજને હળવો કરે છે.

(૩) કર્મ વ્યક્તિને વૈફલ્યમાંથી મુક્ત થવામાં મદદ કરે છે. વૈફલ્ય એટલે હતાશાની સ્થિતિ. કર્મ દ્વારા વ્યક્તિમાં આત્મવિશ્વાસ, આશા, સફળતાનો સંતોષ, નવું સાહસ કરવાની વૃત્તિ આદિ પ્રગટે છે જે વ્યક્તિને વૈફલ્યમાંથી મુક્ત થવામાં મદદ કરે છે.

(૪) કર્મ વ્યક્તિને સાર્થકતાનો અનુભવ આપે છે. પોતે ઉપયોગી છે, બોજારૂપ કે નિરર્થક નથી, એવો સંતોષ વ્યક્તિને કર્મ દ્વારા મળે છે. કર્મ દ્વારા વ્યક્તિના જીવનને કંઈક અર્થ, કંઈક ગતિ, કંઈક દિશા મળે છે. આ સાર્થકતાનો અનુભવ વ્યક્તિના મનોસ્વાસ્થ્ય માટે બહુ મૂલ્યવાન છે.

(૫) કર્મ વ્યક્તિને સ્વાશ્રયી બનાવે છે. જે કંઈ કરતો નથી તેને પોતાના જીવનવહન માટે પરાશ્રયી રહેવું પડે છે. વ્યક્તિના મનોસ્વાસ્થ્ય માટે, મનની પ્રસન્નતા અને સ્વતંત્રતા માટે સ્વાશ્રયી હોવું એ બહુ મૂલ્યવાન પરિબળ છે.

(૬) કર્મ પોતાની જાતને જોવાના અરીસાનું કામ આપી શકે છે. પલંગમાં સૂતા સૂતા વ્યક્તિને પોતાના ચિત્તમાં શું ભરેલું છે તેની જાણકારી ન મળે તેવો સંભવ છે, પરંતુ વ્યક્તિ જ્યારે કર્મના ક્ષેત્રમાં ઊતરે ત્યારે ચિત્તની પ્રક્રિયાઓને જાણવાની-સમજવાની તક મળે છે. જાગૃત વ્યક્તિ કર્મને પોતાની જાતને જોવાના અરીસા તરીકે લઈ શકે અને એ રીતે કર્મ ચિત્તશુદ્ધિનું સાધન બની શકે છે. પોતાના ચિત્તને જાણવું એ ચિત્તશુદ્ધિ માટે ઘણું મૂલ્યવાન પરિબળ છે.

(૭) કર્મ દ્વારા વ્યક્તિની અનેકવિધ ક્ષમતાઓ વિકસે છે. અને જે વ્યક્તિના વિકાસની પ્રક્રિયા ચાલુ છે તેવું મનોસ્વાસ્થ્ય જળવાઈ રહે છે. જે વ્યક્તિના જીવનવિકાસની પ્રક્રિયા બંધ પડી જાય તેનું જીવન બંધિયાર બની જાય છે અને બંધિયાર જીવન ગંધિયાર બને છે. એવો સિદ્ધાંત છે કે જેનો ઉપયોગ થાય તે શક્તિનો વિકાસ થાય અને જેનો ઉપયોગ ન થાય તે શક્તિ અદૃશ્ય થાય છે. કર્મ જીવનવિકાસની ગતિને સહાય કરે છે અને એ રીતે ચિત્તશુદ્ધિની પ્રક્રિયામાં સહાયક બને છે. દરેક વ્યક્તિમાં શક્તિનો ઝરો છે. કર્મના અભાવમાં આ ઝરો બંધિયાર બની જાય તેવું જોખમ છે. કર્મ આ

ઝરાને વહેતો રાખે છે. મન અને શરીરના સ્વાસ્થ્ય માટે આ ઝરાનું વહેવું બહુ ઉપયોગી છે. કર્મ દ્વારા વ્યક્તિની શક્તિના પ્રવાહો મુક્ત થાય છે. તેથી કર્મ દ્વારા શક્તિના પ્રવાહોની રચના, પદ્ધતિ અને ગતિ તંદુરસ્ત રહે છે અને બને છે.

(૮) કર્મ દ્વારા અકર્મણ્યતા, પ્રમાદ, જડતા, દીર્ઘસૂત્રીપણું આદિ તમોગુણની અવસ્થાઓનું ભેદન કરી શકાય છે. તમોગુણ અધ્યાત્મપથમાં બાધારૂપ છે. કર્મ દ્વારા તમોગુણનું ભેદન થતાં વ્યક્તિની અધ્યાત્મયાત્રા સુકર બને છે.

**૫. કર્મ દ્વારા આધ્યાત્મિક વિકાસ**

(૧) કર્મ સમર્પણનું માધ્યમ બની શકે છે. અધ્યાત્મપથ પર ભગવત્ સમર્પણનું મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે, પણ સમર્પણનું પણ કોઈક માધ્યમ હોઈ શકે છે. કર્મ સમર્પણનું માધ્યમ બનીને સાધનાનું સ્વરૂપ ધારણ કરે એવી તેમાં ક્ષમતા છે.

(૨) પ્રકૃતિગત રીતે વ્યક્તિ સ્વકેન્દ્રી હોય છે. સ્વકેન્દ્રીપણું એ બહારથી અંદર લેવાનું મનોવલણ છે. સ્વકેન્દ્રીપણામાં આપવાની નહિ લેવાની મનોવૃત્તિ હોય છે. કર્મ એ અંદરથી બહાર જવાની ઘટના છે. તેથી કર્મયોગના અનુષ્ઠાનથી સ્વકેન્દ્રીપણું તૂટે છે. આ રીતે કર્મ વ્યક્તિને સ્વકેન્દ્રીપણામાંથી મુક્ત થવા માટે સહાય કરે છે.

(૩) કર્મના માધ્યમથી વ્યક્તિ ચેતનાનાં ઉચ્ચત્તર સ્તરો સાથે અનુસંધાન કરી શકે છે. કર્મનો ધક્કો ચેતનાના ઉચ્ચત્તર સ્તરોમાંથી આવે છે, તેથી કર્મનું જોડાણ ચેતનાના ઉચ્ચતર સ્તરો કે સત્ત્વો સાથ હોય છે. જાગૃત સાધક ઉપયુક્ત અભિગમ રાખે તો કર્મના માધ્યમથી ચેતનાના ઉચ્ચત્તર સ્તરોના સંપર્કમાં આવી શકે છે.

(૪) કર્મના માધ્યમથી વ્યક્તિ દ્વારા ઉચ્ચતર ચેતનાનાં પરિબળોની અભિવ્યક્તિ થાય એવી સંભાવના છે. દૃશ્યમાન જગત અસ્તિત્વની ઈતિશ્રી નથી. દૃશ્યમાન જગત કરતાં અદૃશ્ય જગત ઘણું મોટું છે. આ અદૃશ્ય જગતમાંનું ઘણું આ દૃશ્યમાન જગતમાં અભિવ્યક્ત થવા આતુર હોય છે. કર્મ આ અભિવ્યક્તિનું સાધન બની શકે છે. એટલું જ નહિ પણ વ્યક્તિની પોતાની ચેતનાની અભિવ્યક્તિ માટે પણ કર્મ માધ્યમ બની શકે તેવી કર્મમાં ક્ષમતા છે. અભિવ્યક્તિ એ જીવનની ઉચ્ચત્તર પ્રેરણા છે. આ પ્રેરણાની પરિતૃપ્તિ જીવનવિકાસમાં સહાયક છે અને કર્મ તેનું માધ્યમ છે.

**૬. સાધનકર્મની આધ્યાત્મિક વિશિષ્ટતા**

જો ઉપયુક્ત મનોવલણપૂર્વક કરવામાં આવે તો બધાં કર્મો ચિત્તશુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસમાં સહાયક બની શકે છે, પરંતુ આ બંને હેતુની સિદ્ધિ માટે સાધનકર્મોનું વિશિષ્ટ પ્રદાન છે. સાધનકર્મોનું વિશિષ્ટ આધ્યાત્મિક સ્વરૂપ છે. તેમનું પ્રયોજન જ ચિત્તશુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસ છે. તેથી સાધનકર્મોની વિશિષ્ટ મહત્તાનો સ્વીકાર કરવો જોઈએ. એટલું જ નહિ, સાધનકર્મોના અનુષ્ઠાનથી અન્ય કર્મોનું અનુષ્ઠાન સાધનભાવે કરવાની કળા હાથ લાગે છે અને તેમ કરવાની સાધકની યોગ્યતા સાધનકર્મોના અનુષ્ઠાનથી કેળવાય છે. દૃષ્ટાંતઃ વિષ્ણુસહસ્રનામનો પાઠ, દરદીની સેવા અને ખેડૂતનું ખેતીકાર્ય–આ ત્રણ કર્મો છે. પ્રથમ કર્મ સાક્ષાત્ સાધનકર્મ છે. બીજું કર્મ સેવાકર્મ છે. ત્રીજું કર્મ સ્વધર્મરૂપકર્મ છે. દ્વિતીય અને તૃતીય કર્મ નિષ્કામભાવે અને ભગવત્પ્રીત્યર્થ કરી શકાય તેવી શક્યતા છે અને તેમ થાય તો તેઓ બંને સાધનકર્મો બની જાય તેવી સંભાવના છે, પરંતુ કર્મ તો સાક્ષાત્ સાધનકર્મ છે. સ્વરૂપતઃ જ સાધનકર્મ છે. તેથી આધ્યાત્મિક દૃષ્ટિથી તેનું વિશિષ્ટ પ્રદાન અને મહત્ત્વ છે. એટલું જ નહિ પણ દ્વિતીય અને તૃતીય કર્મ આધ્યાત્મિક સ્વરૂપ ધારણ કરે તે માટે પ્રથમ કર્મ સહાયક બની શકે છે. એટલે સાધકે સાક્ષાત્ સાધનકર્મોના અનુષ્ઠાનની કદી ઉપેક્ષા કરવી નહિ. સાક્ષાત્ સાધનકર્મો એ આધ્યાત્મિક જીવનનો આધાર છે અને એ જ સાધનકર્મની આધ્યાત્મિક વિશિષ્ટતા છે.

**અધ્યાત્મપથનાં ત્રણ સોપાન છે, ત્રણ તબક્કા છે.**

| | | |
|---|---|---|
| ૧. કર્મકાંડ | -બહિરંગ સાધના | યજ્ઞ, પૂજા, પાઠ, જપ, પ્રાણાયામ વગેરે |
| ૨. ઉપાસનાકાંડ | -અંતરંગ સાધના | ચિંતન, માનસજપ, ધ્યાન વગેરે |
| ૩. જ્ઞાનકાંડ | -સાક્ષાત્કારની અવસ્થા. | |

એ સમજવું આવશ્યક છે કે આ સોપાન શ્રેણી વિશેષતઃ સાધન-કર્મોને ખ્યાલમાં રાખીને બતાવવામાં આવે છે. તેથી સેવાકર્મ કે સ્વધર્મકર્મ સાથે સાધનકર્મનું અનુષ્ઠાન અવશ્ય કરવું જોઈએ. માત્ર કર્મો કરવાથી કર્મયોગ બની જાય છે એવું નથી. કર્મ અને કર્મયોગ બંને એક નથી. ગમે તેવા મહાન સત્કર્મો પણ સાધનકર્મ ન બને તેમ બની શકે છે. સેવા કે સ્વધર્મને નામે સાધકે સાધનામાંથી કદી વિમુખ ન થવું. અન્યથા કર્મનો વેગ માયાનો વેગ બની શકે છે. ગહના કર્મણો ગતિઃ ।

**૭. નિષ્કામ કર્મ :**

સામાન્યતઃ એમ મનાય છે કે કર્મનો જન્મ કામનામાંથી થાય છે એટલે કે નિષ્કામ કર્મ શક્ય નથી. આ વિધાન પ્રાકૃત દૃષ્ટિથી થયેલું વિધાન છે. આધ્યાત્મિક દૃષ્ટિથી વિચારીએ તો દર્શન જુદું છે. એ વાત સાચી છે કે કર્મ અકારણ હોતું નથી. પણ એ કારણ કામનામય જ હોય એવું નથી.

***કર્મોમાંથી કર્મયોગ નિષ્પન્ન થાય એ માટે એ બહુ આવશ્યક છે કે સાધક જપ, ધ્યાન, પૂજા આદિ સાધનોનું અનુષ્ઠાન પણ કરે. કેમ કે આવાં સાધનો દ્વારા સાધકના ચિત્તને સાધનપ્રવણ ભૂમિકા ઊભી થવામાં સહાયતા મળે છે.***

કારણ અને કામના પર્યાયવાચક નથી. તેથી નિષ્કામ કર્મ પણ શક્ય છે. અંગત એષણા કે ઇચ્છા વિના કર્મ શક્ય બની શકે છે. જો નિષ્કામ કર્મ શક્ય જ ન હોય તો કર્મબંધનમાંથી મુક્તિ શક્ય જ ન બને કેમ કે કામના બાંધે છે, કર્મ નહિ. જે કોઈ કર્મ કામનાથી થાય છે તે કર્મ તેની સાથે રહેલી કામનાને લીધે બંધનનું કારણ બને છે. કર્મ વિના જીવન શક્ય નથી અને કામના વિના કર્મ શક્ય જ નથી, કેમ કે કામના-કર્મ-કર્મફળ-બંધન-કામના-આ સાંકળ તો અખંડ ચાલુ જ રહે. પરંતુ આ સાંકળને ભેદવાનો ઉપાય પણ છે. કેમ કે સદ્ભાગ્યે કામના વિના કર્મ શક્ય છે અને જેમ કામ્યકર્મો બંધનનું કારણ બને છે તેમ નિષ્કામ કર્મો મુક્તિનું કારણ બને છે. કેમ કે કામના નીકળી જતાં કર્મ ભિન્ન સ્વરૂપ ધારણ કરે છે. નિષ્કામતાને લીધે કર્મમાં નવું પરિમાણ ઉમેરાય છે.

હવે પ્રશ્ન એ છે કે કામના વિના કર્મ શક્ય બને કેવી રીતે? કર્મનું યથાર્થ સ્વરૂપ જોઈએ તો કર્મનો કર્તા અને કર્મનો માલિક ભગવાન છે. વ્યક્તિ પોતાને કર્તા માને છે તે અજ્ઞાનજન્ય અહંકારયુક્ત દૃષ્ટિને લીધે. બધાં કર્મો પરમાત્મામાંથી નીકળે છે. વ્યક્તિ નિમિત્ત બને છે. તેથી વ્યક્તિ નાહં કર્તા હરિઃ કર્તા। આ સત્યનું દર્શન કરે તો કર્મ સાથે કામના જોડ્યા વિના કર્મ શક્ય બને છે. કામના વિનાનું કર્મ જ યથાર્થ કર્મ છે. કર્મ સત્ય છે, મહાચૈતન્યની લીલાનો ભાગ છે. કામના અજ્ઞાનને કારણે ઊભું થયેલું ભ્રામક જોડાણ છે. એ જોડાણ છૂટી જતાં કર્મ એના યથાર્થ સ્વરૂપે પ્રગટ થાય છે, જે વ્યક્તિને ભગવાન તરફ દોરી જાય છે.

**૮. કામનાનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો :**

**(૧) બહિરંગ ફળની કામના :** ખેડૂત ખેતી કરે અને પાકની સ્પૃહા રાખે તો તે કર્મ બહિરંગ–સ્થૂળ–પ્રથમદર્શી ફળની સ્પૃહા છે. સામાન્યતઃ કર્મ તેના આ દેખીતા સ્થૂળ પરિણામ માટે કરવામાં આવતું હોય છે અને તેના સ્થૂળ ફળને પામવાની સ્પૃહાને વાજબી–વ્યાવહારિક રીતે વાજબી ગણવામાં આવે છે. તેવી કામના પણ કામના તો છે જ.

**(૨) સફળતાની કામના :** કર્મના બહિરંગ કે સ્થૂળ ફળની કામના ન હોય તો પણ સફળાતની કામના પણ હોઈ શકે છે. સફળતાની કામના એ માનસિક ફળની કામના છે, સૂક્ષ્મફળની કામના છે. દૃષ્ટાંતતઃ એક ખેલાડીને ખેલમાં વિજય મેળવીને ધનની સ્પૃહા ન હોય તેમ બની શકે છે, પણ સફળ થવાની સ્પૃહા હોઈ શકે છે. સફળતા અહંની તૃપ્તિ માટે હોઈ શકે છે.

**(૩) કોઈને ખુશ કરવાની કામના :** વ્યક્તિને કર્મ દ્વારા ભૌતિક રીતે કશું મેળવવું ન હોય છતાં કોઈ અન્ય વ્યક્તિને ખુશ કરવા, તેની કૃપાદૃષ્ટિ મેળવવાની કામના, તેના કર્મ પાછળ હોય તેમ બની શકે છે. એક પ્રધાનની કૃપાદૃષ્ટિ મેળવવા માટે કોઈ વ્યક્તિ કર્મ કરે ત્યાં આ પ્રકારની–અન્યને ખુશ કરવાની કામના હોઈ શકે છે.

**(૪) પદ કે પ્રતિષ્ઠાની પ્રાપ્તિની કામના :** ઘણી વાર એવું જોવામાં આવે છે કે વ્યક્તિમાં કર્મના બહિરંગ ફળની કામના ન હોય પણ કોઈ પદ કે પ્રતિષ્ઠા માટે કર્મ થતું હોય છે. આવા કર્મ પણ નિષ્કામ કર્મ ન ગણાય. કેમ કે પદ-પ્રતિષ્ઠાની કામના પણ કામના તો છે જ.

**(૫) આંતરિક અભાવપૂર્તિની કામના :** વ્યક્તિ પોતાના આંતરિક અભાવની પૂર્તિ માટે કર્મ કરે તેવું પણ બની શકે છે. કર્મના બાહ્ય ફળની ભલે સ્પૃહા ન હોય પણ આંતરિક અભાવની પૂર્તિની કામના પણ કામના તો છે જ. તેથી આવા કર્મ પણ નિષ્કામ કર્મ ન ગણાય.

**(૬) પુણ્યપ્રાપ્તિની કામના :** પુણ્યપ્રાપ્તિ, સ્વર્ગપ્રાપ્તિ કે એવા પારલૌકિક લાભ મેળવવાની ઇચ્છાથી કર્મ થતાં હોય તેમ પણ બને છે. આવા કર્મો પણ નિષ્કામ કર્મો નથી, કેમ કે તેમાં પણ કામના તો છે જ.

**(૭) સલામતીની કામના :** ભયને લીધે પોતાના જીવનની સલામતી માટે પણ વ્યક્તિ કર્મો કરે તેમ પણ બની શકે છે. સલામતીની કામના પણ એક કામના જ છે. તેથી આવાં કર્મો પણ સકામકર્મોની કક્ષામાં જ આવશે.

(૮) આધિપત્ય જમાવવાની વૃત્તિમાંથી પણ કર્મો આવતાં હોય એમ બની શકે છે. કર્મ દ્વારા સત્તા કે આધિપત્ય જમાવી દેવાની ગણતરીથી કર્મો થાય તો તે કર્મો પણ કામનાજન્ય કર્મો જ ગણાય.

(૯) કેટલીક વાર પરિસ્થિતિની વિંટબણાને કારણે કર્મોમાંથી પાછા હઠી શકાય તેમ જ ન હોય એટલે વ્યક્તિ નછૂટકે, લાચારીપૂર્વક કર્મો કરે તેમ બની શકે છે. આવા કર્મો પણ સકામ કર્મો ગણાય કેમ કે નછૂટકે લાચારીપૂર્વક કરેલા કર્મ પાછળ પણ કોઈક કામના જ કામ કરી રહી હોય છે. આવાં કર્મો નિષ્કામ કર્મો ગણાય નહિ.

(૧૦) કેટલીક વાર એવું જોવામાં આવે છે કે વ્યક્તિ કર્મ દ્વારા કશું મેળવવા ઈચ્છતી ન હોય પણ કર્મની જ આસક્તિ હોય. કર્મફળની આસક્તિ ન હોય પણ કર્મની આસક્તિ હોઈ શકે. કર્મફલાસક્તિ અને કર્માસક્તિ બંનેમાં કામના તો છે જ. તેથી કર્માશક્તિને પણ કામનામાં જ ગણવી જોઈએ.

આ સિવાય અન્ય પણ સ્થૂળ-સૂક્ષ્મ કામનાઓ હોઈ શકે છે જે જાણ્યેઅજાણ્યે કર્મ પાછળ કામ કરતી હોય છે. નિષ્કામ કર્મ સહેલી વાત નથી અને કામનાઓનાં પ્રગટ કે છદ્મ સ્વરૂપ હોઈ શકે છે.

**૯. કર્મ અને કર્મયોગ**

કોઈ પણ કર્મ કર્મયોગ ક્યારે બને?

(૧) કર્મમાંથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે પહેલી આવશ્યકતા એ છે કે કર્મો આસક્તિયુક્ત ન હોવાં જોઈએ. આસક્તિથી કરેલું કર્મ બાંધે છે અને તેવું કર્મ મુક્તિમાં સહાયક બની શકે નહિ, તેથી કર્મયોગ નિષ્પન્ન થવા માટે કામનામાંથી મુક્ત થવું જોઈએ.

(૨) કર્મ ભગવત્પ્રીત્યર્થ થાય, ભગવત્સમર્પણભાવથી થાય તો જ કર્મો કર્મયોગ બની શકે છે. કર્મો ઓછાં થાય તેનો વાંધો

નહિ. જેટલાં કર્મો થાય તેટલાં કરવાં પણ ભગવાનને સમર્પિત થઈને કર્મ કરવામાં આવે ત્યારે તેવાં કર્મોને કર્મયોગ સંજ્ઞા મળી શકે છે.

(૩) કર્મયોગ નિષ્પન્ન થવા માટે ત્રીજી આવશ્યકતા છે–કર્મ દરમિયાન ચૈતસિક અનુસંધાન જળવાઈ રહેવું જોઈએ. આ ચૈતસિક અનુસંધાનને લીધે કર્મ નવું જ પરિમાણ ધારણ કરે છે.

(૪) કર્મોયોગનો પથિક-સાધક જાગરૂક હોય એ આવશ્યક છે. આ સતત વહેતું જાગૃતિનું ઝરણું સાધકની રક્ષા કરે છે. બેભાન અવસ્થામાંથી પાપ નીકળે છે અને અવધાનયુક્ત જીવનપદ્ધતિમાંથી અધ્યાત્મ સંપ્રસાદ ઉત્પન્ન થાયછે.

(૫) કર્મોમાંથી કર્મયોગ નિષ્પન્ન થાય એ માટે એ બહુ આવશ્યક છે કે સાધક જપ, ધ્યાન, પૂજા આદિ સાધનોનું અનુષ્ઠાન પણ કરે. કેમ કે આવાં સાધનો દ્વારા સાધકના ચિત્તને સાધનપ્રવણ ભૂમિકા ઊભી થવામાં સહાયતા મળે છે. આવા સાધનકર્મોનું અનુષ્ઠાન કર્મોનું કર્મયોગમાં રૂપાંતર કરવામાં ઘણું ઉપયોગી છે.

**૧૦. કર્મમાર્ગની મર્યાદા**

(૧) કર્મ સ્વયંપર્યાપ્ત સાધન નથી. કર્મને જ્ઞાન અને ભક્તિના પુટ આપવા જોઈએ. જ્ઞાન અને ભક્તિની ઉપેક્ષા કરીને માત્ર કર્મયોગમાં જ રમમાણ રહીએ તો કર્મમાર્ગની અનેક મર્યાદાઓ ઊભી થાય છે.

(૨) કર્મ ઘણું મૂલ્યવાન સાધન છે. છતાં કર્મ એ જીવનની ઈતિશ્રી નથી. સત્કર્મો કે સાધનકર્મો પણ જીવનની ઇતિશ્રી નથી. ભગવત્પ્રાપ્તિ એ પરમ ધર્મ છે અને એની તુલનાએ અન્ય ધર્મો ગૌણ ધર્મો છે. કર્મ ચિત્તશુદ્ધિમાં સહાયક છે, કર્મ આધ્યાત્મિક વિકાસમાં પણ સહાયક છે, કર્મજીવનની અભિવ્યક્તિ છે, છતાં કર્મ જીવનની પરમકૃતાર્થતા નથી. કર્મ જીવનનો અંતિમ ઉદ્દેશ નથી. જીવન માત્ર કર્મો કરવા માટે જ નથી.

(૩) બધા માણસોનો જીવનમાર્ગ કર્મપરાયણ જ હોય એવું નિશ્ચિત નથી. પ્રકૃતિ ભેદે કર્મનું પ્રમાણ અને સ્વરૂપ ભિન્નભિન્ન રહેવાના જ. ગાંધીજી કર્મપરાયણ જીવન જીવ્યા. રમણ મહર્ષિના જીવનમાં આવી કર્મપરાયણતા જોવા મળતી નથી, તેથી રમણ મહર્ષિની જીવનપદ્ધતિ ગલત ગણી શકાય નહિ.

(૪) સાધનાના કોઈ તબક્કે કર્મોનો ત્યાગ કરવાનું આવશ્યક બને તો સાધકે તેમ કરતાં અચકાવું ન જોઈએ. જેમ કર્મ કરવાની શક્તિ જરૂરી છે તેમ કર્મત્યાગની શક્તિ પણ જરૂરી છે. કર્મફલાસક્તિનો ત્યાગ આવશ્યક છે તેમ કર્માસક્તિનો ત્યાગ પણ આવશ્યક છે.

(૫) કર્મમાત્રની એક મર્યાદા એ છે કે વ્યક્તિ કર્મની જાળમાં ફસાતી જાય છે અને કર્મયોગ બનતો નથી. માત્ર કર્મોની જંજાળને જ કર્મયોગ જાહેર કરી દેવાની વૃત્તિ સર્વત્ર જોવા મળે છે અને કર્મ જંજાળીઓને કર્મયોગીનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. કર્મો કરવાં અને કર્મયોગનું અનુષ્ઠાન કરવું તે બંને એક નથી. માનવસહજ નબળાઈને લીધે તે કર્મમાં જ રમમાણ રહે છે અને યથાર્થ કર્મયોગ બાજુએ રહી જાય છે.

જ્યારે આંતર-ચેતનામાં પ્રભુનો સ્પર્શ મળે ત્યારે જ વ્યક્તિના જીવનમાં કર્મયોગની ઘટના ઘટી શકે છે.

✶ ✶ ✶

સૌજન્ય 'ભૂમિપુત્ર'

✶ ✶ ✶

ફોન નં. : ૦૨૮૨૨-૨૯૨૬૮૮

મોબાઈલ : ૦૯૩૭૪૪૧૬૬૧

## કર્મ

| | |
|---|---|
| સંચિત : | પૂર્વ જન્મજન્માંતરમાં થયેલાં કર્મો તે પૈકીમાંથી તેના નહિ ભોગવાયેલા ફળ તે બાકી રહેલા કર્મ |
| ક્રિયામાણ કર્મ : | વર્તમાન શરીર વડે નવા થતાં કોઈ પણ કર્મ |
| પ્રારબ્ધ કર્મ : | સંચિત કર્મો પૈકીમાંથી વર્તમાન શરીરથી ભોગવવા માટે ફાળવેલ કર્મો |
| પ્રકૃતિજન્ય કર્મ : | પ્રકૃતિ દ્વારા ઉપસ્થિત થતાં કર્મો |
| અંતઃકરણ જન્ય કર્મ : | અહંકાર અને મન દ્વારા ઉપસ્થિત થતાં કર્મો |
| નિષેધ કર્મ : | શાસ્ત્રએ અમાન્ય કરેલાં કર્મો |
| વિહિત કર્મ : | શાસ્ત્રએ માન્ય કરેલાં કર્મો |
| સામાન્ય કર્મ : | શાસ્ત્રએ માન્ય કરેલા પરંતુ તે હું કર્તા ભાવમાં થયેલાં કર્મો |
| કર્મ યોગ : | પૂણ્ય કર્મો |
| ઈચ્છિત કર્મ : | આસક્તિ ભાવે સંકલ્પથી કરેલા કર્મો |
| અનિચ્છિત કર્મ : | ઈચ્છા ન હોવા છતાં સંકલ્પથી કરવા પડેલ કર્મો |
| પરેચ્છિત કર્મ : | અન્યની ઈચ્છાથી કરેલાં કર્મો– આ કર્મો સંકલ્પરહિત થયાં તે |
| સ્માર્ત કર્મ : | વર્ણોનુસાર બ્રાહ્મણાદિને સ્વધર્માનુસાર થયેલાં કર્મો |
| શ્રોત કર્મ : | શાસ્ત્રો અનુસાર યજ્ઞયાગ વગેરે પૂણ્ય કર્મો કરવામાં આવે તે. |
| કામ્ય કર્મ : | ફળની ઈચ્છા રાખીને કરેલા પૂણ્ય કર્મો |
| નિષ્કામ કર્મ : | ફળની ઈચ્છા રાખ્યા વગર કરેલ પૂણ્ય કર્મો —**'હું'** |

# કર્મયોગનું અર્થઘટન – 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના સંદર્ભે

□ ડૉ. નિરંજન એમ. પંડ્યા

*[અર્થશાસ્ત્રમાં Pd. D.ની પદવી પ્રાપ્ત કરી. ૨૦૦૧માં મ. સ. યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિષયના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે નિવૃત્તિ. અત્યારે ગ્રાહકોના પ્રશ્નો અંગે કામ કરતી સંસ્થામાં કાર્યરત છે. એક સહકારી બેન્કમાં ચેરમેન છે.]*

ભારતે, વિશ્વને આપેલો તત્ત્વચિંતનનો શ્રેષ્ઠ ગ્રંથ છે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'. ગાંધીજીએ કહ્યું છે કે દુનિયાનાં બધાં પુસ્તકોમાંથી મને કોઈ એક શ્રેષ્ઠ પુસ્તક પસંદ કરવાનું કહે તો હું નિઃસંકોચપણે શ્રીમદ્ ભગવદ્ ગીતાને પસંદ કરું. આપણા દેશમાં સેંકડો વર્ષોથી પોતાના અસ્તિત્વનાં મૂળિયાં શોધવાની અને માનવજીવનનો ઉદ્દેશ તેમ જ સાર્થકતા જાણવા– સમજવાની મથામણ ઋષિમુનિઓ દ્વારા થતી રહી છે. એ મૂળભૂત બ્રહ્મજિજ્ઞાસામાંથી જે સમૃદ્ધ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું તેનો સાર એટલે મહર્ષિ વ્યાસ દ્વારા રચાયેલા મહાભારતમાં સમયને સ્થગિત કરી દઈને ભગવાન શ્રીકૃષ્ણના સ્વમુખે અર્જુનને ઉપદેશરૂપે કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર આપવામાં આવેલું ગીતાજ્ઞાન.

મહાભારતના મહાસંહાકર યુદ્ધના આરંભની ક્ષણોમાં, સામે પક્ષે ભીષ્મ પિતામહ, ગુરુ દ્રોણ તેમ જ કૃપાચાર્ય જેવા સ્વજનો અને વડીલોની સાથે યુદ્ધ માટે પ્રતિબદ્ધ બંને પક્ષના લાખો સૈનિકોને જોઈને અર્જુન ઊંડો વિષાદ અનુભવે છે. યુદ્ધને અંતે થનારા વિનાશ અને તેને આનુષંગિક ઉદ્ભવતાં સામાજિક દુષણોના વિચારથી તે અત્યંત ખિન્ન બને છે. તે શ્રીકૃષ્ણને કહે છે – 'કુળનો નાશ થતાં સનાતન કુળધર્મો નષ્ટ થઈ જાય છે અને ધર્મ નાશ પામતાં સમસ્ત કુળમાં પાપ ફેલાઈ જાય છે. (અધ્યાય ૧, શ્લોક ૪૦). હે કૃષ્ણ! પાપ ઘણું વધી જતાં કુળની સ્ત્રીઓ અત્યંત દૂષિત થઈ જાય છે અને હે વાર્ષ્ણેય! જ્યારે સ્ત્રીઓ દૂષિત થાય છે ત્યારે વર્ણસંકર પ્રજા જન્મે છે. (અધ્યાય ૧, શ્લોક ૪૧). અર્જુન આવું દુઃખદ પરિણામ ઈચ્છતો નથી. આમ અર્જુન વિષાદ યોગથી ગીતાનો આરંભ થાય છે. વડીલો, ગુરુજનો તેમ જ લાખો સૈનિકોના સંહારને અંતે પ્રાપ્ત થનારા વિજય અને હસ્તિનાપુરના સિંહાસનનું અર્જુનને કોઈ આકર્ષણ નથી. શસ્ત્રો હેઠાં મૂકી યુદ્ધ નહીં કરવાના નિર્ણય સાથે હતાશ થઈને રથમાં બેસી જતો અર્જુન, પોતાના સારથિપદે સ્થિત શ્રીકૃષ્ણને પ્રશ્નો અને પરિપ્રશ્નો કરતો રહે છે. એના પ્રત્યુત્તરમાં માનવ જીવનને ઊર્ધ્વગામી કે નિમ્નગામી બનાવતાં સર્વ પરિબળોને સમાવી લેતો શ્રીકૃષ્ણનો ઉપદેશાત્મક સંવાદ છે શ્રીમદ્ ભગવદ્ ગીતા.

ન કાઙ્ક્ષે વિજયં કૃષ્ણ ન ચ રાજ્યં સુખાનિ ચ।
કિં નો રાજ્યેન ગોવિન્દ કિં ભોગૈર્જીવિતેન વા।।

નથી હું ઈચ્છતો જીત, નહીં રાજ્ય, નહીં સુખો;
રાજ કે ભોગ કે જીવ્યું, અમારે કામનું શું ?

અધ્યાય ૧, શ્લોક ૩૨

આવી ઘેરી હતાશાની પરિસ્થિતિમાંથી અર્જુનને બહાર કાઢીને, સમજણપૂર્વક યુદ્ધ માટે તૈયાર કરવા શ્રીકૃષ્ણે કુલ અઢાર અધ્યાયના ૭૦૦ શ્લોકો દ્વારા, અર્જુનના નિમિત્ત દ્વારા સમસ્ત માનવજાતને જ્ઞાન આપ્યું છે. આ ઉપદેશથી અર્જુનના મનનું સમાધાન થાય છે, મોહ દૂર થાય છે અને સ્વધર્મનું જ્ઞાન થતાં અંતે 'કરિષ્યે વચનં તવ' કહી શસ્ત્ર ગ્રહણ કરે છે.

કોઈને પણ પ્રશ્ન થાય કે આવા ભયાનક સંહારક યુદ્ધના આરંભમાં ગૂઢ જ્ઞાનોપદેશ માટે આટલો બધો સમય શી રીતે ફાળવી શકાય? વ્યાસ મુનિએ કૃષ્ણ-અર્જુન સંવાદ દ્વારા આ તત્ત્વજ્ઞાનને પ્રત્યેક માનવ સુધી પહોંચાડવાનું ઉચ્ચ કોટિનું નિમિત્ત ઊભું કર્યું છે. બીજી રીતે જોઈએ તો દરેક વ્યક્તિ અને દરેક સમાજમાં ઈષ્ટ અને અનિષ્ટ, શુભ અને અશુભ તેમજ મંગળ અને અમંગળ વચ્ચે સદાય તુમુલ યુદ્ધ ચાલતું જ હોય છે. પોતાના દ્વારા થતી ભૂલો અને તેનાથી આગળ વધીને સંપૂર્ણ ગણતરી તેમ જ સમજ સાથે થતાં પાપો સામે માનવનું આંતરિક મન વિરોધ કરે છે અને એ વિરોધને ધ્યાનમાં લઈને અધ્યાત્મ વિકાસના માર્ગે જેટલો આગળ વધે તે પ્રમાણે પોતાના જીવનમાં ઉપકારક ગણાય તેવું પરિવર્તન લાવે છે અને જીવનને ઉર્ધ્વગામી બનાવવા પ્રયત્નશીલ રહે છે. આનાથી વિપરીત, મોટા ભાગના માણસો આંતરમન દ્વારા થતા વિરોધને અવગણીને કે દબાવી દઈને, ખરાબ પ્રકારના અંગત સ્વાર્થ માટે થતાં કાર્યોમાં પ્રવૃત્ત રહે છે. દુનિયામાં આવા બે પ્રકારના માણસો વસે છે. ભગવદ્ગીતા એમને યોગી અને સામાન્યજન એમ બે વિભાગમાં વહેંચે છે.

યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી।
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ।।

નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધા ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા.

(અધ્યાય - ૨, શ્લોક ૬૯)

ગીતાના રચનાર શ્રીકૃષ્ણને આ શ્લોકનો સૂક્ષ્મ અર્થ અભિપ્રેત છે. આ બંને પ્રકારના લોકોના માર્ગો ભિન્ન છે કારણકે જીવનના ધ્યેય અંગેની એમની સમજણ તદ્દન જુદી જુદી છે. જે મોક્ષમાર્ગનો યાત્રી છે તે ખૂબ સમજણપૂર્વક અને તેથી સંભાળપૂર્વક જીવન જીવે છે. પંચેન્દ્રિયો કહે તે પ્રમાણે કર્મો કરવાને બદલે, ઇન્દ્રિયોને વશમાં રાખીને, પરમાત્માની પરમકૃપાથી મળેલા આ માનવ જીવનને મોક્ષગામી બનાવવા માટે જરૂરી એવાં કર્મોમાં જ રચ્યાપચ્યા રહે છે. શ્રીમદ રાજચંદ્ર તો હીરાનો વેપાર કરતા હતા છતાં સરોવરમાં ખીલેલું

કમળ જેમ જળથી અસ્પૃશ્ય રહે છે તે પ્રમાણે તેમણે સ્વધર્માચરણનાં કર્મોથી જરાપણ દૂષિત થયા વગર, અધ્યાત્મ ક્ષેત્રે એટલી પ્રગતિ કરી કે મહાત્મા ગાંધીજીને પણ હિંદુધર્મ અંગે કેટલાક મૂળભૂત પ્રશ્નો ઊભા થયા તેમનું શ્રીમદે સારી રીતે સમાધાન કરી આપ્યું. આથી વિરુદ્ધ, મોટા ભાગના લોકો પંચેન્દ્રિયોના વશમાં રહીને, અત્યંત સ્વાર્થમય જીવન જીવ્યા કરે છે. આ બધા લોકો ગીતાના શ્લોકમાં બતાવેલા સર્વભૂતાનામ અથવા ભૂતાનિમાં આવી જાય છે. આમ બંનેનું ધ્યેય જુદું એટલે માર્ગ જુદા અને ધ્યેય સિદ્ધિ માટેનાં સાધનોની ગુણવત્તા પણ તદ્દન ભિન્ન. યોગીનાં સાધનો અત્યંત સાત્વિક વૃત્તિથી, નિષ્કામ ભાવથી થયેલાં કર્મો છે. જ્યારે સર્વભૂતાનામ એટલે સામાન્યજનોનાં કર્મો, રજસ અને તમસ્ ગુણો દ્વારા આચરાયેલાં કર્મો છે જેનાથી આવા માનવોને જીવનની અંતિમ અવસ્થામાં વૈફલ્યની તીવ્ર લાગણી થાય છે. એમનાં જીવનકર્મોથી સમગ્ર માનવજાતને કે એના નાના સમૂહને ફાયદો થવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.

આપણા દેશમાં સર્વસામાન્ય માન્યતા એવી છે કે ઈશ્વરપ્રાપ્તિ માટે ત્રણ માર્ગો છે – ભક્તિમાર્ગ, કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગ. અનન્ય ભક્તિ અને સંપૂર્ણ શરણાગતિ દ્વારા ઈશ્વર પ્રાપ્તિનાં કેટલાંક જ્વલંત ઉદાહરણો આપણે જાણીએ છીએ. મીરાંબાઈ, નરસિંહ મહેતા, સુરદાસ, તુલસીદાસ અને અન્ય ભક્તોએ ઉત્કૃષ્ટ ભક્તિ દ્વારા ઈશ્વર પ્રાપ્તિ કરી. જ્ઞાનમાર્ગ દ્વારા ઈશ્વર પ્રાપ્તિનાં જ્વલંત ઉદાહરણોમાં અદ્વૈત તત્ત્વચિંતનના સમર્થ ઉદ્‌ગાતા શંકરાચાર્ય અને તે પછી મધ્યયુગમાં થયેલા તેજસ્વી તત્ત્વચિંતકો જેવા કે મધ્વાચાર્ય, રામાનુજાચાર્ય તેમ જ વલ્લભાચાર્યને ગણી શકાય. આ બધા તત્ત્વચિંતકોમાં જ્ઞાન ઉપરાંત ભક્તિ અને સંપૂર્ણ શરણાગતિનું ઊર્ધ્વગામી તત્ત્વ તો ખરું જ. એથી પણ આગળ ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં સ્થપાયેલા બૌધ્ધધર્મના પ્રવર્તક ગૌતમ બુદ્ધ અને જૈનધર્મના પ્રવર્તક મહાવીર સ્વામીના પ્રેરણાદાયી જીવનમાં ભક્તિ, કર્મ અને જ્ઞાનનો સુભગ સમન્વય આપણે જોઈ શકીએ છીએ. ગાંધીજીની ગણના વિશ્વભરમાં મહાન કર્મયોગી તરીકે થાય છે, પરંતુ સાથે સાથે ઈશ્વરની એટલી જ અવિચળ ભક્તિ એમનામાં હતી. શ્રી રમણ મહર્ષિ અને શ્રી અરવિંદો ગાંધીજીની જેમ કર્મયોગના યાત્રી નહીં, પરંતુ જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગના અનન્ય પ્રવાસીઓ હતા. (શ્રી રમણ મહર્ષિનું સમગ્ર વેદાંતનું ચિંતન માત્ર ત્રીસ શ્લોકોમાં સમાવી લેતું નાનું પુસ્તક ઉપદેશસાર જોવા જેવું છે.)

ગીતામાં કર્મયોગ અત્યંત મહત્ત્વનું સ્થાન એટલા માટે ધરાવે છે કે અર્જુન યુદ્ધ ન કરવાની વાત કરીને, એનું સહજ કર્મ કરવાની ના પાડે છે. શ્રી કૃષ્ણને સહજ કર્મમાંથી પાછા હટી જવાની આ વાતમાં ક્ષત્રિયને ન શોભતી કાયરતા જણાય છે. આ ઉપરાંત, પોતાના સ્વજનો તરફની આસક્તિમાંથી જન્મેલો મોહ આ માટે કારણભૂત છે. અર્જુનનું આ મોહનિરસન થાય તે માટે શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતા આપે છે.

ઇતિ તે જ્ઞાનમાખ્યાતં ગુહ્યાદ્‌ગુહ્યતરં મયા।
વિમૃશ્યૈતદશેષેણ યથેચ્છસિ તથા કુરુ।।

આમ આ ગોપનીયથીય અતિ ગોપનીય જ્ઞાન મેં તને કહી દીધું; હવે આ રહસ્યયુક્ત જ્ઞાન વિષે પૂરું મનન કર અને પછી તું જેમ ઈચ્છે એમજ કર.

(અધ્યાય ૧૮, શ્લોક ૬૩)

આ પછીના એમના ઉપદેશના છેલ્લા શ્લોકમાં શ્રીકૃષ્ણ પૂછે છે–હે પાર્થ! શું આ ગીતાશાસ્ત્રને તેં એકાગ્રચિત્તે સાંભળ્યું ? અને હે ધનંજય! શું તારો અજ્ઞાનમાંથી ઉપજેલો મોહ નાશ પામ્યો ?

(અધ્યાય ૧૮, શ્લોક ૭૨)

અર્જુનને પોતાની દલીલોમાં રહેલી વિસંગતતાની પ્રતીતિ થઈ એટલે શ્રીકૃષ્ણને કહે છે-

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત।
સ્થિતોઽસ્મિ ગીતસન્દેહઃ કરિષ્યે વચનં તવ।।

હે અચ્યુત! આપની કૃપાથી મારો મોહ નષ્ટ થઈ ગયો અને મેં સ્મૃતિ મેળવી લીધી છે. હવે હું સંશયરહિત થઈને સ્થિત છું, માટે આપની આજ્ઞાનું પાલન કરીશ.

(અધ્યાય ૧૮, શ્લોક ૭૩)

આપણે સામાન્ય રીતે સમજીએ છીએ તે પ્રમાણે કર્મકાંડ એટલે યજ્ઞયાગાદિ માટે જરૂરી પૂજન કર્મો. શ્રીકૃષ્ણ કર્મકાંડના આ મર્યાદિત અર્થને છોડીને કર્મયોગને ઘણું ઊંચું સ્થાન આપે છે. આ દૃષ્ટિએ જોઈએ તો કર્મ એ કર્મયોગ નથી. આપણે રોજબરોજની પ્રવૃત્તિના ભાગરૂપે અનેક કાર્યો કરીએ છીએ. આ બધાં કામોને કર્મયોગ એવું ઉચ્ચકોટિનું નામ ન આપી શકાય. આમ જુદાં જુદાં કર્મો–કાર્યો અને કર્મયોગ વચ્ચે કોઈ સામ્ય નથી. કર્મયોગની સમજણ આપતો શ્લોક આ પ્રમાણે છે-

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।
મા કર્મફલહેતુર્ભૂર્મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ।।

તને તારું નિયત કર્મ કરવાનો અધિકાર છે, પરંતુ કર્મના ફળમાં કદાપિ નહિ. માટે તું પોતાની જાતને કદાપિ પોતાનાં કર્મોનાં ફળોનું કારણ માનીશ નહિ અને સાથે સાથે સ્વકર્મ ન કરવામાં પણ કદી તારી આસક્તિ ન હો.

(અધ્યાય ૨, શ્લોક ૪૭)

મોટા ભાગના માણસોની બાબતમાં તેમણે કરેલાં કર્મોને કર્મયોગ ન બનવા દેવામાં સૌથી મુખ્ય અને પ્રારંભિક બાધા તેમના દ્વારા કર્મોના ફળમાં રખાતી આસક્તિ છે. પરંતુ ગીતાકાર તો આથી પણ એક ડગલું આગળ જઈને એમ કહે છે કે આસક્તિનો ત્યાગ કરવા માત્રથી એ કર્મયોગ બનતો નથી. બીજી રીતે કહીએ તો નિષ્કામ કર્મ અને કર્મયોગ પણ સમાનાર્થી શબ્દો નથી. આમ નિષ્કામ કર્મ પણ કર્મયોગ બને એટલા માટે હજુ થોડા પગથિયાં અધ્યાત્મ માર્ગે આગળ વધવાનાં છે.

કર્મફળ સાથે જોડાયેલી આસક્તિનો ત્યાગ કર્યા પછીનું બીજું પગથિયું છે – બધાં જ કર્મો ઈશ્વરને સમર્પણ કરવાં. શ્રીકૃષ્ણ કહે છે-

મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા।
નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ।।

અંતર્યામી પરમાત્મામાં સંલગ્ન ચિત્ત રાખીને, બધાં જ કર્મો મને સમર્પીને, ઈચ્છા વિનાનો અને મમત્વ વિનાનો થઈને તું યુદ્ધ કર.

(અધ્યાય ૩, શ્લોક ૩૦)

આપણે કરેલાં બધાં જ નિષ્કામ કર્મો પણ ઈશ્વરને અર્પણ કરી દેવાનાં છે. ઈશ્વર સમર્પણભાવથી કર્મનું સ્વરૂપ બદલાઈ જાય છે અને સાથે સાથે કર્મ કરનારની ચેતના પણ બદલાઈ જાય છે. ભગવદ્ સમર્પણ ભાવથી કર્મમાં ભક્તિનો ઉમેરો થાય છે. કર્મ એકનું એક હોવા છતાં ભાવનાના ભેદને લીધે ફરે પડે છે. સંસારી જીવનું કર્મ આત્માને બાંધનારું બને છે. જ્યારે સંતનું, પરમાર્થી માણસનું કર્મ આત્મવિકાસ કરનારું સાબિત થાય છે. કોઈ કર્મયોગી ગોરક્ષાનું કામ કરે તો એની દૃષ્ટિ કેવી હશે ? ગાયની સેવા કરવાથી ગામનાં અન્ય કુટુંબોને દૂધ પૂરું પાડી શકાશે, ગૌસેવાના કર્મની સાથે સાથે આખી પશુસૃષ્ટિ સાથે પ્રેમનો સંબંધ કેળવી શકાશે. આમ ભગવાન સમર્પિત કર્મયોગી ગૌસેવકને અન્ય ગૌસેવકની જેમ પગાર તો મળશે પરંતુ એને મળતા આનંદમાં પરમાર્થની દિવ્યભાવના ઉમેરાય છે. આસક્તિ વિનાના કર્મયોગમાં પણ ઈશ્વરને ફળ સમર્પણ કરવાની ભાવનાની ભીનાશ હોવી જોઈએ. આપણા બૃહદ્ સમાજમાં એક બીજો ખ્યાલ પણ ખૂબ પ્રચલિત થઈ ગયો છે. તે એ કે પરમાર્થીએ, સાધુસંતોએ કોઈ સામાન્ય માણસ જેવું કામ કરવાનું રહેતું નથી. એટલે સામાન્ય લોકો સ્વાભાવિક રીતે એવો પ્રશ્ન પૂછે છે કે જે ખેતી કરે, ગૌસેવા કરે, ખાદી કાંતે અને વણે તેને કેવી રીતે સાધુ કહેવાય ? પરંતુ આપણે ત્યાં તો સંતોએ મહાન કર્મયોગી શ્રીકૃષ્ણની મૂર્તિ ઊભી કરી છે. તે તો મોરલી વગાડતો વગાડતો ગાયો ચારતો હોય, ઘોડાની ચાકરી કરતો હોય, યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં એઠાં પતરાળાં ઊંચકતો હોય અને મહાભારતના યુદ્ધમાં અર્જુનના સારથિ તરીકેનું કામ કરતો હોય, તેવી છે. તે જ પ્રમાણે જે સંતોને પોતાનાં આસક્તિરહિત ઈશ્વરસમર્પિત કર્મોથી ઈશ્વર પ્રાપ્તિ થઈ હોય એમાંના કોઈ સંત દરજીકામ, તો કોઈ કુંભારકામ, તો કોઈ મરેલાં ઢોર ખેંચી જનારા ખાલપાનું કામ કરતા હોય છે. વિનોબાજી જ્યારે ગાંધીજીને એમના અમદાવાદ આશ્રમમાં પહેલી વાર મળ્યા ત્યારે ગાંધીજીને શાક સમારતા જોઈને એમને આશ્ચર્ય થયેલું.

દિવ્ય કર્મયોગના માર્ગ પરથી પણ કોઈકવાર સાધુસંતોની પતનના માર્ગે ચાલ્યા જવાની શક્યતા રહે છે. તેના મૂળમાં આપણી ઇન્દ્રિયોનો ખાસ સ્વભાવ છે. ખાસ કરીને સતત વિચારતું અને વિહરતું રહેતું માનવમન રાગદ્વેષના દ્વંદ્વમાં રોકાયેલું હોય છે. જે વ્યક્તિ કે વિચાર આપણને ગમે તે માટે તીવ્ર રાગ અને ન ગમે તેના તરફ એટલો જ તીવ્ર તિરસ્કાર અને દ્વેષ હોય છે. ઈશ્વર સમર્પણયુક્ત, નિષ્કામ કર્મયોગ તો દિવ્ય આનંદની અનુભૂતિ કરાવનારો હોય છે, પરંતુ રાગદ્વેષના ચક્કરમાં સપડાઈને આપણે તે ગુમાવી બેસીએ છીએ. શ્રીકૃષ્ણ નીચેના શ્લોક દ્વારા આપણને સજાગ – સતર્ક થવાનું કહે છે –

ઈન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ।
તયોર્ન વશમાગચ્છેન્તૌ હ્યસ્ય પરિપન્થિનૌ।।

પ્રત્યેક ઈન્દ્રિયના વિષયમાં રાગ અને દ્વેષ છુપાઈને રહેલા છે પરંતુ મનુષ્યે ઈન્દ્રિયોના વિષયોના નિયંત્રણમાં આવવું જોઈએ નહીં કારણકે તે બંને આત્મસાક્ષાત્કારના કલ્યાણ માર્ગમાં વિઘ્નો ઊભા કરનારા મહાશત્રુઓ છે – આ માર્ગમાં અવરોધક છે.

(અધ્યાય ૩, શ્લોક ૩૪)

કર્મયોગની વધારે વિસ્તૃત ચર્ચા શ્રીકૃષ્ણ 'જ્ઞાનકર્મસંન્યાસ યોગ' નામના ચોથા અધ્યાયમાં આગળ ચલાવે છે. અહીં કર્મ, વિકર્મ અને અકર્મના સ્વરૂપની સમજણ આપવામાં આવી છે.

કર્મણો હ્યપિ બોદ્ધવ્યં, બોદ્ધવ્યં ચ વિકર્મણઃ।
અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ।।

કર્મ, વિકર્મ અને અકર્મનું સ્વરૂપ જાણવું જોઈએ કારણ કે કર્મની ગતિ અતિ ગહન છે.

(અધ્યાય ૪, શ્લોક ૧૭)

કેટલાક શબ્દો આપણે રોજબરાજના જીવનમાં સાંભળતા હોઈએ છીએ પરંતુ એના ગહન અર્થનો ખ્યાલ હોતો નથી. કર્મ પણ આવો જ એક શબ્દ છે જે જન્મથી મૃત્યુ પર્યંત માનવજીવન સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. આમ હોવાથી જીવન જીવવું અને વિવિધ કર્મો કરવાં એ બંને એકબીજા સાથે અભિન્ન રીતે જોડાયેલાં છે.

કર્મોનું વર્ગીકરણ – સાધન કર્મ, સેવા કર્મ, ભગવત્પ્રીત્યર્થ કર્મ, ભાગવતકર્મ – આ રીતે કરવામાં આવ્યું છે. સર્વ પ્રકારનાં કર્મોમાં ભાગવતકર્મનું મૂલ્ય સૌથી વધારે ઊંચું ગણાયું છે. ઈશ્વર સ્વયં પોતાના કાર્ય માટે કોઈ વ્યક્તિની પસંદગી કરે અને તેની પાસે માનવજીવન ઊર્ધ્વગામી બને તેવું કર્મ કરાવે તે ભાગવતકર્મ. મહાત્મા ગાંધીજી, શ્રી અરવિંદ, રમણ મહર્ષિ દ્વારા સ્વયં ઈશ્વરે જે કામો કરાવ્યાં તે ભાગવતકર્મ ગણાય. રામકૃષ્ણ પરમહંસનું જીવન વાંચતાં આપણે જોઈએ છીએ કે ઘણા પ્રસંગોએ એમણે સ્વામી વિવેકાનંદને કહ્યું છે કે આ હું ક્યાં બોલું છું ? કાળીમાતા બોલાવે છે તે પ્રમાણે હું બોલું છું. એ જ પ્રમાણે સ્વામી વિવેકાનંદનું વિશ્વધર્મ પરિષદમાં જવું અને હિંદુ ધર્મની ઊંડી સમજણ ધરાવતું વક્તવ્ય આપવું એ આ પ્રકારનું ભાગવતકર્મ ગણાય.

માનવ જીવનમાં કેટલાંક ન કરવા યોગ્ય અનીતિપૂર્ણ અને અપ્રમાણિક્તા પ્રચુર કાર્યો થતાં આપણે જોઈએ છીએ. તેમને વિશે વાંચીએ છીએ અને સાંભળીએ છીએ ત્યારે આપણે ખિન્નતા અને નિરાશા અનુભવીએ છીએ. રોજબરોજ દૈનિકપત્રોમાં ખૂન, ચોરી, લૂંટ,

વ્યભિચાર વગેરે અંગેના સમાચાર વાંચીએ છીએ. જે નિષિધ્ધકર્મો ગણવામાં આવ્યા છે અને ઉપરના વર્ગીકરણમાં સ્થાન પામતાં નથી. નિષિધ્ધકર્મોની જેમ ભોગકર્મોનો સમાવેશ પણ ઉપરોક્ત વર્ગીકરણમાં થતો નથી. નિષિધ્ધકર્મોની સરખામણીમાં ભોગકર્મો ઓછાં અનિષ્ટપૂર્ણ હોવા છતાં, સાધનાના ઊર્ધ્વગામી માર્ગ પર પ્રગતિ કરનાર માટે વર્જ્ય છે. આ જ પ્રમાણે દરેક પ્રકારની ઈચ્છાઓ અને કામનાઓ, પાપકર્મો અને નિષિધ્ધકર્મો જેટલી હાનિકારક ન હોવા છતાં એમાંથી અહંકાર, રાગ, દ્વેષ જેવાં તત્ત્વો નીકળી જાય પછી જ સાધન કાર્ય બને છે. નિષ્કામ કર્મ બાંધતું નથી. પરંતુ કામનાઓ પૂર્ણ કરવા માટે થયેલાં કર્મો બાંધે છે અને સમાધનમાર્ગમાં અવરોધક બને છે.

આપણું કર્મ નિષ્કામ રહે એટલા માટે સ્વધર્મના આચરણની ખૂબ આવશ્યક્તા રહે છે પરંતુ સ્વધર્મનું આચરણ પણ સકામ હોય એમ બને. કોઈ વ્યક્તિ બહારથી અહિંસક દેખાતી હોય પરંતુ મનની અંદર હિંસક હોઈ શકે કારણકે હિંસા મનનો ધર્મ છે. આમ હોવાથી બાહ્ય દૃષ્ટિએ હિંસા કર્મ ન કરનાર વ્યક્તિ અહિંસામય બની ગઈ છે એમ માનવું અત્યંત ભૂલભરેલું છે. બાહ્ય દૃષ્ટિએ કોઈ વ્યક્તિનું કર્મ કામભાવનાથી પ્રેરિત ન હોવાનું દેખાતું હોવા છતાં, મનની અંદર કામભાવના પ્રજ્વલિત હોઈ શકે છે. માટે જ કામદેવને મનસિજ માનવામાં આવે છે. આમ નિષ્કામતા મનનો ધર્મ હોવાથી સ્વધર્મના આચરણની સાથે સાથે સૂક્ષ્મ આત્મપરીક્ષણ દ્વારા મનનો મેલ કાઢી નાખવો ખૂબ જરૂરી છે. ગીતામાં કર્મનો અર્થ સ્વધર્માચરણનો કરવામાં આવ્યો છે. પરંતુ સ્વધર્માચરણ રૂપી કર્મને નિષ્કામ કર્મ સુધી લઈ જવા માટે રાગદ્વેષ, કામક્રોધને જીતવાની આવશ્યક્તા છે. આમ આત્મપરીક્ષણ અથવા ચિત્તના સંશોધન માટે જે કર્મ કરવાનું છે તેને ગીતામાં વિકર્મ ગણવામાં આવ્યુ છે. થોડા પુનરાવર્તનના ભોગે એમ કહેવું જરૂરી છે કે બાહ્ય સ્વધર્માચરણની સ્થૂળ ક્રિયા તે કર્મ પરંતુ એને મનના ઊંડાણમાંથી સંપૂર્ણ રીતે સ્વચ્છ કરવું, રાગદ્વેષથી મુક્ત કરવું તેનું નામ વિકર્મ. ગાંધીયુગની આપણા દેશને મળેલી આધ્યાત્મિક ક્ષેત્રની એક મૂલ્યવાન દેણ તે વિનોબા ભાવે. તેઓ લખે છે, 'બહારથી શંકરના લિંગ પર એકસરખી ધાર કરી હું અભિષેક કરું છું, પણ પાણીની એ ધારની સાથે સાથે માનસિક ચિંતનની અખંડ ધાર ચાલતી નહીં હોય તો એ અભિષેકની કિંમત શી? પછી તો સામેનું શિવનું લિંગ એ એક પથ્થર ને હું પણ પથ્થર. પથ્થર સામે પથ્થર બેઠો છે એટલો જ અર્થ થાય. બહારના કર્મની સાથે અંદરનું ચિત્તશુદ્ધિનું કર્મ જોડાય તો જ નિષ્કામ કર્મયોગ પ્રાપ્ત થાય. (ગીતા પ્રવચનો, પરંધામ પ્રકાશન, પવનાર, પાન ૩૪) આમ હોવાથી, નિષ્કામ કર્મમાં કર્મ શબ્દ કરતાં નિષ્કામ શબ્દ વધારે મહત્ત્વનો છે. તેથી માત્ર સ્વધર્માચરણનું કર્મ કરવા સાથે નિષ્કામ મન, રાગદ્વેષ રહિત મન, કામક્રોધરહિત મનનું વિકર્મ જોડાયેલું નહીં હોય તો એક માત્ર કર્મમાં મોટું જોખમ રહેલું છે. એ કર્મયોગના અભ્યાસીએ સમજી લેવાની ખૂબ આવશ્યક્તા છે.

એટલા માટે બાહ્યકર્મમાં હૃદયની ભીનાશ ઉમેરાય તો સ્વધર્માચરણ ભારરૂપ બનતું નથી. કોઈ માણસ માંદાની સારવાર કરવાનું કામ હાથમાં લે પરંતુ આ સેવાકાર્ય સાથે મનનો સાચો સેવાભાવ ન હોય, કોમળ દયાભાવ ન હોય તો સેવા કરનારને આ કામ કંટાળારૂપ લાગશે અને સામા પક્ષે રોગીને પણ એ ભારરૂપ લાગશે. મનની ઊંડી સમજણ અને પ્રતીતિ વગરની સેવામાંથી અહંકાર પણ પેદા થઈ શકે. ઉપરાંત એ રોગી પાસેથી ભવિષ્યમાં આપણી સેવા એણે કરવી જોઈએ એવો સ્વાર્થભાવ પણ મનમાં જાગે. વિનોબાજી તુલસીદાસ કૃત રામાયણનો એક પ્રસંગ ટાંકે છે.-

'રાક્ષસો સાથે લડ્યા પછી વાનર પાછા આવે છે. તે બધા જખમી થયેલા હોય છે. તેમના શરીરમાંથી લોહી વહેતું હોય છે. પણ પ્રભુ રામચંદ્રે તેમના તરફ પ્રેમપૂર્વક જોયું તેની સાથે તે બધાયની વેદના શાંત થઈ ગઈ. તે વખતે રામે ઉઘાડેલી આંખનો ફોટો પાડી લઈ તે પ્રમાણે બીજું કોઈ પોતાની આંખ ઉઘાડે તો એવી અસર થાય ખરી કે? એવું કોઈ કરે તો હસવાનું થાય.' (ગીતા પ્રવચનો, પાન ૩૭)

આમ કર્મની સાથે વિકર્મ જોડાવાથી શક્તિ સ્ફોટ થાય છે અને તેમાંથી અકર્મ પેદા થાય છે. આનો અર્થ એમ કરી શકાય કે કર્મ કર્યાનો કોઈ ભાર લાગતો નથી અને મનની શુદ્ધિને લીધે કર્મનું કર્મપણું નીકળી જાય છે. અનાસક્ત ભાવે ચિત્તશુદ્ધિથી કરેલું કર્મ સર્વબંધનોથી કર્મ કરનારને મુક્ત રાખે છે અને પાપ કે પુણ્ય કશું જ બાકી રહી જતું નથી. કર્મમાં વિકર્મ ભેગું થતાં કોઈ રાસાયણિક કે અધ્યાત્મિક ક્રિયાથી અકર્મ થઈ જાય છે તે સમજાવતાં ઘણાં ઉદાહરણો આપ્યા પછી પણ, સંતોષ ન થતાં, શ્રીકૃષ્ણ અર્જુનને નીચે પ્રમાણે કહે છે.

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા
ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ।।

સદ્ગુરુને શરણે જઈને સત્યને જાણવાનો પ્રયાસ કર, એમને યોગ્ય રીતે દંડવત્ પ્રણામ કરવાથી, એમની સેવા કરવાથી તેમ જ કપટ છોડીને સરળ ભાવે પ્રશ્ન પૂછવાથી તે પ્રબુદ્ધ મહાત્માઓ તને જ્ઞાનોપદેશ કરી શકશે કારણકે તેમણે સત્યનું દર્શન કર્યું છે.

(અધ્યાય ૪, શ્લોક ૩૪)

આવો જ ભાવ પ્રદર્શિત કરતું શ્રીમદ રાજચંદ્રનું એક કથન છે-

'લોકો ત્રિવિધ તાપથી આકુળ વ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણી લેવા દોડાદોડી કરી તૃષા છિપાવવા ઈચ્છે છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થવાથી પરિભ્રમણ પ્રાપ્ત થયું છે.

'આવા અશરણવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે. સત્પુરુષની વાણી વિના તે તાપ કે તૃષા છેદાય તેમ નથી.'

(શ્રીમદ્ રાજચંદ્ર-૧, ૮મી આ. પણ ૨૬)

✷ ✷ ✷

સી/૫, ડૉ. સી. એમ. પટેલ એન્ક્લેવ, ૩, પ્રતાપ ગંજ, વડોદરા-૩૯૦ ૦૦૨. મોબાઈલ : ૯૮૨૫૩ ૧૯૯૩૦.

# અન્ય દર્શનોની ભૂમિકામાં બૌદ્ધદર્શનમાં કર્મસિદ્ધાંત

❑ ડૉ. કલા શાહ

*[ ડૉ. કલાબેન શાહ મુંબઈ યુનિવર્સિટીના જૈન ધર્મ અને ફિલોસોફી વિભાગ માટે નિયુક્ત ગાઈડ છે. ધર્મ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ વિષયક ઘણાં પુસ્તકો પ્રગટ થયા છે. તેઓ જૈન ધર્મ વિષયક લેખો લખે છે. તેમના માર્ગદર્શન હેઠળ ૨૨ વ્યક્તિઓએ પીએચ. ડી. કર્યું છે, જે ગૌરવ લેવા જેવી બાબત છે. ]*

**ભગવાન બુદ્ધ : (૫૬૦ થી ૪૮૦ ઇ.સ.પૂ.)**

બુદ્ધના પિતાનું નામ શુદ્ધોધન અને માતાનું નામ માયાદેવી હતું. શુદ્ધોધન ઈક્ષ્વાકુ વંશના શાક્ય શાખાના એક શાસક હતા. તેઓનું નાનપણનું નામ સિદ્ધાર્થ હતું અને તેમણે 'બોધિજ્ઞાન' પ્રાપ્ત કર્યા પછી લોકો તેમને 'બુદ્ધ'ના નામથી સંબોધવા લાગ્યા.

યુવાન થતાં તેમણે બીમાર, વૃદ્ધ અને મૃતને જોયા અને માનવની આ ત્રણ દશા તેમને દુઃખમય લાગી. અને તેઓએ પોતાની પત્ની યશોધરા અને પુત્ર રાહુલને ત્યજીને ગૃહત્યાગ કર્યો અને આ દુઃખોમાંથી મુક્તિ પ્રાપ્ત કરવાનો માર્ગ શોધવા ચાલી નીકળ્યા. સંન્યાસ ધારણ કરીને તેમણે આલાર કલામના ગુરુત્વમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું. ત્યારબાદ ગુરુ ઉદક રામપુત્ર પાસે ગયા. તેમણે ગૌતમ બુદ્ધને તપસની શિક્ષા આપી અને ગૌતમે ગયાનગરના વટવૃક્ષ નીચે એવું જ્ઞાન પ્રાપ્ત કર્યું જેના દ્વારા મુક્તિ પ્રાપ્ત થઈ શકે.

તે સમયે શ્રમણ પરંપરાની બે શાખાઓ અસ્તિત્વમાં હતી. આ બે વિશાળ શાખાઓ – જૈન અને બૌદ્ધ ધર્મમાં આશ્ચર્યજનક સામ્ય પ્રતીત થયું. તેથી એક જ નદીની બે ધારાઓ વહી રહી છે તેવો અનુભવ થવા લાગ્યો.

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ બન્ને શ્રમણ, તીર્થ તથા ધર્મચક્રના પ્રવર્તક, લોકભાષાના પ્રયોક્તા અને દુઃખમુક્તિની સાધનાના સંગમસ્થાન હતા.

ભગવાન મહાવીર કઠોર તપશ્ચર્યા અને ધ્યાન દ્વારા કેવલી બન્યા. મહાત્મા બુદ્ધ છ વર્ષની કઠોર તપશ્ચર્યાથી સંતુષ્ટ ન થયા ત્યારે તેઓ ધ્યાનમાં લીન થયા અને તેમને સંબોધિ લાભ પ્રાપ્ત થયો. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા બાદ મહાવીરે જે કહ્યું તે દ્વાદશાંગ ગણિપિટકમાં ગૂંથાયું છે.

બોધિજ્ઞાન પ્રાપ્ત થયા પછી મહાત્મા બુદ્ધે જે કહ્યું તે **ત્રિપિટક**માં ગૂંથવામાં આવ્યું છે.

ભગવાન બુદ્ધના મત મુજબ દુઃખ, દુઃખસમુદય, નિરોધ, માર્ગ આ ચાર આર્યસત્યો છે. જન્મ લેવો એ દુઃખ છે, વૃદ્ધ થવું દુઃખ છે, વ્યાધિ દુઃખ છે અને મરવું એ પણ દુઃખ છે.

ભગવાન બુદ્ધે બૌદ્ધ ધર્મની સ્થાપના કરી અને તેનો પ્રચાર કર્યો. બૌદ્ધ ધર્મ લગભગ ૧૨મી શતાબ્દી સુધી ભારતમાં અસ્તિત્વમાં હતો પણ હવે બૌદ્ધ ધર્મ મોટે ભાગે તિબેટ, ચીન, જાપાન, થાઇલેંડ, સિલોન વગેરે દેશોમાં છે. બૌદ્ધોએ ભારતમાં નાલંદા, વિક્રમશીલ, તક્ષશિલા વગેરે મોટા મોટા વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરી. આ વિદ્યાલયોમાં રહેલી કૃતિઓ પરથી ખ્યાલ આવે છે કે બૌદ્ધધર્મના સાહિત્યનો ભંડાર બહુ વિશાળ હતો.

**ધર્મશાસ્ત્ર :** બૌદ્ધ ધર્મશાસ્ત્ર લગભગ ૧૨મી શતાબ્દી સુધી ભારતમાં હતો. બૌદ્ધોએ ભારતમાં મોટા મોટા વિદ્યાલયોની સ્થાપના કરી. આ વિદ્યાલયોમાં ધર્મસાહિત્યનો ભંડાર બહુ વિશાળ હતો. ભગવાન બુદ્ધે પોતાના જીવનકાળ દરમ્યાન કોઈ પણ બુદ્ધવચન સંભવતઃ નથી લખ્યા. પરંતુ તેમના મૃત્યુ બાદ રાજગૃહમાં ૪૭૭ ઇ.સ. પૂ.માં એક સભા ભરાઈ હતી જેમાં બુદ્ધ પ્રવચનોને લિપિબદ્ધ કરવામાં આવ્યા હતા. ત્યાર પછી સો વર્ષ બાદ ૩૭૭ ઇ.સ.પૂ.માં વૈશાલીમાં સભા થઈ. ત્રીજી સભા ૩૪૧ ઇ.સ.પૂ.માં પાટલીપુત્રમાં થઈ જેમાં ધર્મશાસ્ત્રોની પ્રામાણિક્તા સ્થિર કરવામાં આવી. જેને **ત્રિપિટક** એટલે ત્રણ બોક્સ (પેટી) કહેવામાં આવ્યા. ત્યાર બાદ તેને હીનયાન તથા થોરાવાદિયાનના ધર્મપુસ્તક માનવામાં આવ્યા અને મહાયાનોના વૈપુલ્ય સૂત્ર તથા ત્રિલિન્દ પ્રશ્ન મુખ્ય પુસ્તકો છે. તે ઉપરાંત ત્રિપિટક, વિનયપિટક, મુત્તપિટક અને અભિધર્મપિટક છે.

**બૌદ્ધધર્મમાં કર્મસિદ્ધાંત**

સર્વપ્રથમ ભારતીય દર્શનમાં કર્મસિદ્ધાંતની રૂપરેખા તપાસીએ તો જણાય છે કે ભારતીય જન-જીવનમાં કર્મ શબ્દ બાળક, યુવાન અને વૃદ્ધ બધાંની જીભ પર રહેલો હોય છે. ભારતના વિચારકો, દાર્શનિકો, મનોવૈજ્ઞાનિકો, તત્ત્વચિન્તકો વગેરે બધાં કર્મને એક અથવા બીજા રૂપે માને છે.

'કર્મ' શબ્દ ભારતમાં બધાં આસ્તિક ધર્મગ્રન્થો, દર્શનો અથવા ધર્મશાસ્ત્રોમાં યોજાયેલ છે. ભારતના બધાં આસ્તિક દર્શનો અને ધર્મોએ 'કર્મ' અથવા તેના જેવી એક એવી સત્તાનો સ્વીકાર કર્યો છે જે આત્માની વિભિન્ન શક્તિઓના ગુણો અથવા શુદ્ધત્તાને પ્રભાવિત, આવૃત્ત અને કુંઠિત કરી દે છે. કર્મના સ્થાન પર આ ધર્મદર્શનોએ તેના વિભિન્ન નામો આપ્યા છે.

**વેદાન્તદર્શન** તેને 'માયા' અથવા 'અવિદ્યા' કહે છે. સાંખ્યદર્શન તેને 'પ્રકૃત્તિ' અથવા સંસ્કારની સંજ્ઞા આપે છે. યોગદર્શનમાં તેને માટે 'કર્મ-આશય' અથવા 'ક્લેશ' વગેરે શબ્દો પ્રયોજાયા છે.

**ન્યાય દર્શનમાં** 'અદૃષ્ટ' અને 'સંસ્કાર' શબ્દ વપરાયો છે. બૌદ્ધદર્શનમાં કર્મને 'વાસના' અને 'અવિજ્ઞપ્તિ' કહ્યો છે. વૈશેષિક દર્શનમાં 'ધર્માધર્મ' શબ્દ છે. જૈન દર્શનમાં 'કર્મ' શબ્દ વપરાય છે.

જૈન દર્શનમાં, જૈનાગમોમાં કર્મની સાથે કર્મમલ, કર્મરજ વગેરે શબ્દપ્રયોગો થયેલા જોવા મળે છે.

**વેદોમાં કર્મસિદ્ધાન્ત :** ઋગ્વેદમાં કેટલાંક સ્થળો પર 'કર્મ'નો અર્થ છે ધાર્મિક કૃત્ય (યજ્ઞ, દાન વગેરે). વૈદિક પરંપરામાં વેદોથી લઈને બ્રાહ્મણ સુધી યજ્ઞ-યાગ અને નિત્ય-નૈમિત્તિક ક્રિયાઓ કર્મ કહેવાય છે.

વૈદિક ધર્મમાં કર્મને ત્રણ પ્રકારમાં વિભાજિત કર્યો છે. (૧) સંચિત કર્મ (૨) પ્રારબ્ધ અને (૩) ક્રિયમાણ (સંચીયમાન)

**સંચિતકર્મ :** આ કર્મ અતીતના અસ્તિત્વના કર્મના યોગફળ છે. જેના પ્રતિફળની અનુભૂતિ અત્યારે કરી શકાતી નથી.

**પ્રારબ્ધ :** પ્રારબ્ધ કર્મ એ છે કે જે વર્તમાન જીવનમાં શરૂ થયા પહેલાં પૂર્વસંચિત કર્મોમાં સર્વથી પ્રબળ હતા અને જેનાથી એવું પરિકલ્પન કરવામાં આવ્યું છે કે તેના આધાર પર વર્તમાન જીવન નિશ્ચિત થાય છે.

**ક્રિયમાણ :** વર્તમાન જીવનમાં વ્યક્તિ જે કંઈ સંગ્રહિત કરે છે તે ક્રિયમાણ કર્મ છે. આગળ આવનાર જીવન સંચિત અને ક્રિયમાણના ભેગા કરેલા કર્મોમાં અત્યંત પ્રબળ કર્મ દ્વારા નિર્ધારિત અને નિશ્ચિત હોય છે.

**પાતંજલ યોગદર્શનમાં કર્માશય :** મહર્ષિ પતંજલિ લખે છે – 'ક્લેશમલ, કર્માશય–કર્મ સંસ્કારોના સમુદય વર્તમાન અને ભવિષ્ય બન્ને જન્મોમાં ભગોવવા પડે છે.'

કર્મોના સંસ્કારોનું મૂળ – જડ, અવિદ્યા, અસ્મિતા, રાગદ્વેષ અને અભિનિવેશ – આ પાંચ ક્લેશ છે. આ ક્લેશમૂલક કર્માશય જે પ્રકારે આ જન્મમાં દુઃખ આપે છે એ પ્રકારે ભવિષ્યમાં થનાર જન્મોમાં પણ દુઃખ આપે છે.

જ્યારે ચિત્તમાં કલેશોના સંસ્કાર જામેલા હોય ત્યારે તેનાથી સકામ કર્મ ઉત્પન્ન થાય છે. રજોગુણ વિના કોઈપણ ક્રિયા થતી નથી. આ રજોગુણનો જ્યારે તમોગુણમાં મેળ થાય છે ત્યારે અજ્ઞાન, અધર્મ, અવૈરાગ્ય અને ઐશ્વર્યના કર્મોમાં પ્રવૃત્તિ થાય છે. આ બન્ને પ્રકારના કર્મ શુભ-અશુભ, પાપ-પુણ્ય અથવા શુકલ-કૃષ્ણ કહેવાય છે.

કર્મવાદ અને જન્માન્તર અનુસાર મહર્ષિ પતંજલિ લખે છે, 'કર્મ અને ભોગની સાથે સેંકડો–હજારો જાતિઓ દૂર-દૂરના દેશો અને કરોડો કલ્પ સમયનું અંતર રહી જાય છે, પરંતુ તેનાથી તેના આનંતર્યમાં કોઈ નુકસાન થતું નથી. તેનું સામંજસ્ય બની રહે છે કારણકે સ્મૃતિ અને સંસ્કાર એક જેવા બની રહે છે.'

**ઉપનિષદ્‌માં કર્મ :** મનુષ્યો પોતાના કર્મો એટલે કે પોતાના આચરણ વડે પોતાનું ભવિષ્ય બનાવે છે. જેવું આચરણ કરે છે તેવું ફળ પામે છે. સારા કર્મો કરનાર સારો જન્મ મેળવે છે. દુષ્ટ કર્મો કરનારા ખરાબ જન્મ પામે છે. પુણ્યકર્મોથી વ્યક્તિ પવિત્ર થાય છે અને દુષ્કર્મોથી દુષ્ટ-ખરાબ થાય છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ફલાકાંક્ષા રહિત થઈને નિષ્કામ ભાવે અથવા સમર્પણ ભાવથી કરેલ કર્મ અથવા સહજકર્મ, જ્ઞાનયુક્તકર્મ, કર્મકૌશલ વગેરે સર્વ-પ્રકારના ક્રિયા વ્યાપારો વ્યાપક અર્થમાં કર્મ કહેવાય છે.

**યોગવશિષ્ઠમાં કર્મફળ :**

યોગવશિષ્ઠમાં લખ્યું છેઃ- 'એવો કોઈ પર્વત નથી, એવું કોઈ સ્વર્ગ નથી જ્યાં આપણે કરેલા કર્મનું ફળ ન મળતું હોય. એમ કહેવાય છે કે મનના સ્પંદન જ કર્મરૂપી વૃક્ષનું બીજ છે. અને જાતજાતના ફળવાળી વિવિધ ક્રિયાઓ તેની શાખા છે. પરબ્રહ્મથી બધા જીવ અકારણ જ ઉદિત થાય છે. પછી તેનાં કર્મ, તેના સુખ દુઃખનું કારણ બની જાય છે. બધી ક્રિયાઓ કામનારહિત થવાથી ફળદાયિની–બંધકારક નથી હોતી. તે અશુભ ફળ આપવાવાળી કેમ ન હોય ? જે રીતે ફળ આપનારી લતાઓ પણ સીંચવાથી દોષ મનાય છે. કારણ કે મોહના લીધે જ અવિદ્યા, રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. જેથી દેહાદિ અનાત્મક વસ્તુઓમાં આત્માની પ્રતીતિ થવા લાગે છે.'

વૈશષિક દર્શનમાં અવિદ્યાના ચાર મરણ બતાવ્યા છે. સંશય, પિપર્યય, અનવધ્યાવસવ અને સ્વપ્ન.

**યોગદર્શનમાં કર્મબંધનું કારણ :**

યોગદર્શન અનુસાર ક્લેશ સંસારનું અર્થાત બંધનું મુખ્ય કારણ છે. બધાં ક્લેશનું મૂળ અવિદ્યા છે. સાંખ્યદર્શનમાં જેને વિપર્યય કહેવામાં આવ્યું છે. યોગદર્શનમાં તેને ક્લેશ કહ્યો છે.

**બૌદ્ધધર્મમાં કર્મસિદ્ધાંત**

બૌદ્ધ દર્શનમાં શારીરિક, વાચિક અને માનસિક આ ત્રણ પ્રકારની ક્રિયાઓના અર્થમાં કર્મ શબ્દનો પ્રયોગ થયો છે. ત્યાં કેવળ ચેતનાને એ ક્રિયાઓમાં પ્રમુખતા આપી છે. 'ચેતના'ને કર્મ કહીને ભગવાન તથાગત બુદ્ધે કહ્યું છે,

'ભિક્ષુઓ, ચેતના જ કર્મ છે.' એવું હું કહું છું. ચેતના દ્વારા જ (જીવ) કર્મને વાણી દ્વારા, કાયા

**કર્મ જ અંતિમ સમયે સાથે આવે છે**

પ્રાચીન ભારતમાં એક વ્યક્તિને ચાર પત્ની હતી. એક વખત તે ગંભીર રીતે બિમાર પડીને મરણપથારીમાં પડ્યો. તેણે પ્રથમ પત્નીને પોતાની સાથે બીજી દુનિયામાં આવવા કહ્યું. પ્રથમ પત્નીએ કહ્યું કે, તમે મને હંમેશાં પ્રેમ આપ્યો છે, પરંતુ હવે વિખુટા પડવાનો સમય આવી ગયો છે. બીજી પત્નીએ કહ્યું કે, જ્યારે પહેલી નથી આવતી તો હું શા માટે આવું. ત્રીજી પત્નીએ આંખમાં આંસુ સાથે કહ્યું કે, મારા પ્રિય પતિ, મારી તમારા પ્રત્યે પૂરેપૂરી સહાનુભૂતિ છે. હું તમારી સાથે સ્મશાન સુધી ચાલી શકું છું. જે મારી અંતિમ ફરજ છે. ચોથીની સાથે તેણે હંમેશાં ગુલામો જેવો વ્યવહાર કર્યો હતો. તેને એમ હતું કે આ તો ના જ પાડશે. ચોથીએ જવાબ આપ્યો, મારા પ્રિય, હું તમારી સાથે જરૂર આવીશ. મેં તમારી સાથે રહેવાની પ્રતિજ્ઞા લીધી છે. હું તમારાથી વિખૂટા પડી શકું નહિં.'

ભગવાન બુદ્ધે આ કથાનો સાર સમજાવતાં કહ્યું, પ્રથમ પત્ની શરીર છે, બીજી પત્ની ધન, સંપત્તિ, પદ પ્રતિષ્ઠા છે, ત્રીજી પત્ની સાંસારિક સંબંધો છે અને ચોથી પત્ની આપણા કર્મ છે. **–સંપાદિકાઓ**

દ્વારા, અથવા મનથી કરે છે. અર્થાત્ ચેતનાના હોવાપણાથી જ બધાં કર્મ-ક્રિયાઓ સંભવ છે.

**કર્મના પ્રકારો :**

કર્મના મુખ્યત્વે બે પ્રકાર છે.

(૧) ચિત્તકર્મ – માનસિક કર્મ

(૨) ચૈતસિક કર્મ – (કાયા અને વચનથી ઉત્પન્ન થતાં કર્મ)

આમાં પણ ચિત્તકર્મ પ્રધાન છે. કર્મ પ્રથમ 'કૃત' હોય છે અને પછી 'ઉપચિત' હોય છે. કર્મ કરવાની પૃષ્ટભૂમિમાં ચિત્તભાવનાનો આધાર હોય છે.

**મહાકર્મ વિભંગમાં કર્મની કૃત્યતા અને ઉપચિતતાના સંબંધને લઈને કર્મનનું ચતુર્વિધ વર્ગીકરણ પ્રસ્તુત કર્યું છે, જેમ કે**

*(૧) તે કર્મ જે કૃત (સમ્પાદિત) નથી પરંતુ ઉપચિત (ફળપ્રદાતા) છે*

*(૨) તે કર્મ જે કૃત પણ છે અને ઉપચિત પણ છે.*

*(૩) તે કર્મ જે કૃત છે પણ ઉપચિત નથી.*

*(૪) તે કર્મ જે કૃત પણ નથી અને ઉપચિત પણ નથી.*

**આવી રીતે પ્રથમ બે વર્ગોના કર્મ જીવને બંધનમાં નાંખે છે અને અંતિમ બે પ્રકારના કર્મ જીવને બંધનમાં નાંખતા નથી.**

કર્મ એ જ પુનર્જન્મનું મૂળ કારણ છે, સદ્ગતિ અને અસદ્ગતિનો આધાર કર્મને જ માનવામાં આવે છે. એ જ તેનો વિપાક છે.

બૌદ્ધદર્શનમાં અન્ય રીતે પણ ત્રણ પ્રકારના કર્મ દર્શાવ્યા છે.

(૧) અવ્યક્ત અથવા અશુક્લ અકૃષ્ણ (૨) કુશલ અથવા શુકલ કર્મ (૩) અકુશલ અથવા કૃષ્ણકર્મ એટલે કે અનૈતિક નૈતિક અને અતિનૈતિક કર્મને ક્રમશઃ અકુશલ, કુશલ અને અવ્યક્ત કર્મ કહ્યા છે.

**અકુશલકર્મ :** પાપનું વર્ગીકરણ – બૌદ્ધ દર્શનના મતાનુસાર કાયિક, વાચિક અને માનસિક આધાર પર નીચેના દસ પ્રકારના અકુશલ કર્મો અથવા પાપોનું વર્ણન મળે છે.

**(ક) કાયિક પાપ :** (૧) પ્રાણાતિપાત (૨) અદત્તાદાન (ચોરી), (૩) કામેસુમિચ્છાચાર (કામભોગ સંબંધી દુરાચાર)

**(ખ) વાચિક પાપ:** (૪) મૃષાવાદ (અસત્ય ભાષણ), (૫) પિશુનાવાચા (પિશુનવચન), (૬) ફરુસાવાચા (કઠોર વચન), (૭) સપ્રમાપ (વ્યર્થ આલાપ)

**(ગ) માનસિક પાપ :** (૮) અભિજજા (લોભ), (૯) વ્યાપાદ (માનસિક હિંસા), (૧૦) મિચ્છા દિટ્ઠી (મિથ્યા દૃષ્ટિ)

તેમજ 'અભિધમ્મત્થસંગહો'માં ચૌદ અકુશલ ચૈતસિક કર્મ બતાવ્યા છે, જેમ કે (૧) મોહ (૨) પાપકર્મમાં ભય ન માનવો (૩) ચંચળતા (૪) તૃષ્ણા (લોભ), (૫) નિર્લજજતા (૬) મિથ્યાદૃષ્ટિ (૭) અહંકાર (૮) દ્વેષ (૯) ઈર્ષ્યા (૧૦) માત્સર્ય (૧૧) કૃત-અકૃતના વિષયમાં પશ્ચાતાપ ન થવો (૧૨) થીન (૧૩) મિદ્ધ (આળસ) અને (૧૪) વિચિકિત્સા (સંશય).

**બૌદ્ધદર્શનમાં કુશલકર્મ**

'સંયુક્ત નિકાય'માં કહેવાયું છે કે અન્ન, વસ્ત્ર, શય્યા, આસન અને ચાદરના દાની પંડિત પુરુષમાં પુણ્યની ધારાઓ વહે છે. તેવી જ રીતે 'અભિધમ્મત્થસંગહો'માં કુશલ ચૈતસિક બતાવ્યા છે; જેમ કે (૧) શ્રદ્ધા (૨) અપ્રમત્તતા (સ્મૃતિ) (૩) પાપકર્મ પ્રત્યે લજ્જા (૪) પાપકર્મ પ્રત્યે ભય (૫) અલોભ (ત્યાગ) (૬) અદ્વેષ (મૈત્રી) (૭) સમભાવ, (૮) મનની પવિત્રતા (૯) શરીરની પ્રસન્નતા (૧૦) મનનું હળવાપણું (૧૧) શરીરનું હળવાપણું(૧૨) મનની મૃદુતા (૧૩) શરીરની મૃદુતા (૧૪) મનની સરળતા (૧૫) શરીરની સરળતાને પણ ચૈતસિક કહ્યા છે.

**અવ્યક્ત-કર્મ – અનુપચિત-કર્મ**

જેવી રીતે જૈનદર્શનમાં જે ક્રિયાઓ સંવર અને નિર્જરાના હેતુ છે તે અકર્મ છે. જેને ઇર્યાપથિક ક્રિયા પણ કહે છે. અકર્મ એટલે રાગદ્વેષ તેમ જ મોહરહિતથી કર્તવ્ય અથવા તો શરીર નિર્વાહ માટે કરેલું કર્મ. એવી જ રીતે બૌદ્ધદર્શનમાં પણ તેને અનુપચિત અવ્યક્ત અથવા અકૃષ્ણ- અકુશલ કર્મ કહે છે. તેવી જ રીતે આસક્ત વ્યક્તિની ક્રિયાઓ જે બંધનકારક છે તેને ઉપચિત કર્મ અથવા કૃષ્ણ-કુશલ કર્મ કહે છે. ઉપચિત કર્મ સંચિત થઈ ફળ આપવાની ક્ષમતા યોગ્ય હોય છે. જૈન પરંપરાના વિપાકોદયીકર્મની બૌદ્ધદર્શનના અનુચિતકર્મ સાથે તેમ જ જૈનપરંપરાના પ્રદેશોદયકર્મની બૌદ્ધદર્શનના ઉપચિત કર્મ સાથે સરખામણી કરી શકાય.

**કર્મની ઉત્પત્તિનો હેતુ :** મહાત્મા બુદ્ધે કહ્યું છે, 'ભિક્ષુઓ કર્મોની ઉત્પત્તિના ત્રણ હેતુ છે.'

લોભ કર્મોની ઉત્પત્તિનો હેતુ છે. દ્વેષ કર્મોની ઉત્પત્તિના હેતુ છે. મોહ કર્મોની ઉત્પત્તિનો હેતુ છે. જો મૂર્ખ કોઈ પણ કર્મ કરે છે જે લોભ, દ્વેષ અથવા મોહથી પ્રેરાયેલ હોય તો તે તેને ભોગવવું પડે છે. એટલે બુદ્ધિશાળી ભિક્ષુએ લોભ, દ્વેષ અને મોહનો ત્યાગ કરીને વિદ્યા પ્રાપ્ત કરીને સર્વ દુર્ગતિમાંથી મુક્ત થવું જોઈએ.

**કર્મનું સ્વરૂપ :** બુદ્ધની દૃષ્ટિએ કર્મ એક ચિત્ત સંકલ્પ છે તેઓ ન તો તેને વૈદિક સિદ્ધાન્ત અનુસાર અદૃષ્ટ શક્તિ માને છે કે જૈનોની જેમ પૌદ્ગલિક શક્તિ માને છે.

બૌદ્ધો કર્મને અનાદિ અને અવિચ્છિન્ન પરંપરામાં ઘટિત ઘટના માત્ર માને છે. તેઓના મતાનુસાર સ્વકૃત કર્મોના ફલનો ભોક્તા પ્રાણી સ્વયં હોય છે. અન્ય કોઈ નહીં. ફળ ભોગવવાની બાબતમાં બુદ્ધ કહે છે, 'મેં એકાવન કલ્પ પહેલાં એક પુરુષનો વધ કર્યો હતો. એ કર્મના ફળરૂપે મારા પગ બંધાઈ ગયા છે. હું જે સારા અથવા ખરાબ કર્મ કરું છું તે સર્વનો હું ભાગીદાર છું. સમગ્ર પ્રાણી કર્મની પાછળ ચાલે છે. જેવી રીતે રથ પર ચઢેલ વ્યક્તિ રથની પાછળ ચાલે છે.'

કર્મ સંસરણનું મૂળ કારણ છે. સંસરણનો અર્થ છે સંસારમાં જન્મમરણ ગ્રહણ કરવા. ભગવાન બુદ્ધના શિષ્યોને પુનર્જન્મના વિષયમાં જ્ઞાન હતું. તેમનું આ જ્ઞાન સ્વયં સંવેદ્ય અનુભવનું પરિણામ

હતું.

**જૈન અને સમ્મત બૌદ્ધ કર્મસિદ્ધાંતની તુલના**

બૌદ્ધ ધર્મની કુશલ અને અકુશલ કર્મની તુલના જૈન ધર્મમાં વર્ણિત પાપ પુણ્ય સાથે કરવામાં આવે છે. જૈન દર્શનમાં બંધનું કારણ જડ અને ચેતન બંને છે. બૌદ્ધ દર્શનમાં બંધનું કારણ ચેતન છે. જૈન દર્શનમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કર્મબંધનના મુખ્ય કારણ છે. બૌદ્ધ દર્શનમાં પણ અવિદ્યા, વાસના, તૃષ્ણા, આસક્તિ વગેરે ચૈતસિક તત્ત્વો ઉપરાંત ક્રોધ, દ્વેષ અને મોહને પણ બંધનના કારણ જણાવ્યા છે. આમ બંનેમાં સમાનતા છે. બન્ને દર્શનોમાં આશ્રવને બંધનનું કારણ માનવામાં આવ્યું છે. બૌદ્ધોમાં આશ્રવના ત્રણ ભેદ છે. (૧) કામ, (૨) ભવ (૩) અવિદ્યા. 'અંગુત્ત નિકાય'માં 'દૃષ્ટિ'ને પણ આશ્રવ કહેવામાં આવે છે. 'ધમ્મપદ'માં પ્રમાદને આશ્રવ કહ્યો છે. આમ બંને દર્શનોમાં પ્રમાદ પણ આશ્રવ છે.

**કર્મ-મુક્તિ :** આત્માના અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત વીર્યશક્તિ વગેરે ગુણોને જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વેદનીય અને મોહનીય આદિ કર્મો આવૃત્ત કરે છે.

જૈન દર્શન પ્રમાણે સમગ્ર કર્મનો ક્ષય મોક્ષ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ જો કર્મોદ્ધાર આવૃત્ત હોય, કર્મક્ષય થઈ જાય પછી તે પ્રગટ થાય છે. આ આત્માની અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત સુખમય અવસ્થા છે. જૈન દર્શન અનુસાર મુક્તાવસ્થાનો આનંદ શાશ્વત, નિત્ય, નિરુપમ, નિરતિશય અને વિલક્ષણ છે.

મોક્ષપ્રાપ્તિના બે ઉપાય છે. (૧) સંવર દ્વારા નવા કર્મોનો નિરોધ તથા (૨) નિર્જરા દ્વારા પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરવો. ઉદાહરણ તરીકેઃ

એક નાવ છે. તેની વચમાં કાણું છે. તેથી તેમાં પાણી ભરાયા કરે છે. જો કાણાને બંધ કરી દેવામાં આવે તો પાણી ન ભરાય. એ જ રીતે માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ વગેરે આશ્રવો દ્વારા નિરોધ કરી દેવાથી જીવમાં કર્મોનો પ્રવેશ નથી થતો. પ્રવેશ અટકી જવાથી નવો સંચય નથી થતો. સંચિત કર્મો તપ દ્વારા જીર્ણ થાય છે. એ જીવની મુક્તાવસ્થા અથવા સિદ્ધાવસ્થા છે.

બંધનથી મુક્તિની બાબતમાં જૈન, બૌદ્ધ તથા અન્ય પરંપરાઓએ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણને મુક્તિના માર્ગરૂપે સ્વીકાર કર્યો છે. વૈદિક પરંપરામાં તેને મનોયોગ, ભક્તિયોગ અને કર્મયોગ કહેવામાં આવ્યા છે. બૌદ્ધ પરંપરામાં તેને શ્રદ્ધા, પ્રજ્ઞા અને શીલના રૂપમાં ઓળખાય છે. જૈન દર્શનમાં તેને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્‌-ચરિત્રના રૂપમાં શ્રદ્ધા અને ભક્તિને પ્રધાનતા આપી છે. બૌદ્ધ દર્શનમાં પ્રજ્ઞાને પ્રધાનતા આપી છે. જૈનોએ ત્રણેયના સમન્વયને મુક્તિમાર્ગ માન્યો છે. આમ જૈન અને અન્ય પરંપરાઓમાં આંશિક સમાનતા અને વિષમતા છે. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
ગોકુલધામ,
ગોરેગામ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩.
મો. : ૯૨૨૩૧૯૦૭૫૩.

## બૌદ્ધ ધર્મના કમ્મભવ અને ઉત્પત્તિભવ- અર્થાત્ ઘાતી-અઘાતી કર્મ

બૌદ્ધ દર્શનમાં આત્માના સ્વભાવને આવરણ કરવાવાળા ઘાતી અને અઘાતી કર્મોના સંબંધમાં તો કોઈ વિચાર ઉપલબ્ધ નથી, પરંતુ પુનર્જન્મ ઉત્પાદક કર્મની દૃષ્ટિથી કમ્મભવ અને ઉત્પત્તિભવનો વિચાર અવશ્ય ઉપલબ્ધ છે. (જોવા મળે છે.) પ્રતીત્યસમુત્પાદની બાર કડીઓમાં અવિદ્યા, સંસ્કાર, તૃષ્ણા, ઉપાદાન અને ભવ– આ પાંચ કમ્મભવ છે. તેના કારણથી જન્મ-મરણની પરંપરાનો પ્રવાહ ચાલુ રહે છે. શેષ વિજ્ઞાન, નામરુપ, ષડાયતન, સ્પર્શ, વેદના, જાતિ અને જરામરણ ઉત્પત્તિભવ છે. કમ્મભવમાં અવિદ્યા અને સંસ્કાર, ભૂતકાલીન જીવનના અર્જિત કર્મ સંસ્કાર અથવા ચેતના સંસ્કાર છે. તે સંકલિત થઈ વિપાકરૂપમાં વર્તમાન જીવનની ઉત્પત્તિભવનો નિશ્ચય કરે છે. ત્યારપછી વર્તમાન જીવનના તૃષ્ણા, ઉપાદાન અને ભવ સ્વયં કમ્મભવના રૂપમાં ભાવી જીવનના ઉત્પત્તિભવના રૂપમાં જાતિ અને જરામરણનું નિશ્ચય કરે છે. વર્તમાન જીવનના તૃષ્ણા, ઉપાદાન અને ભવ ભાવીજીવનના અવિદ્યા અને સંસ્કાર બની જાય છે. અને વર્તમાનમાં ભાવી જીવન માટે નિશ્ચિત થયેલ જાતિ અને જરામરણ ભાવી જીવનમાં વિજ્ઞાન, નામરુપ અને ષડાયતનના કારણ થાય છે.

આ પ્રકારે કમ્મભવ રચનાત્મક કર્મશક્તિના રૂપમાં જૈનદર્શનના મોહકર્મની જેમ જન્મ મરણની શ્રૃંખલાનો સર્જક છે અને ઉત્પત્તિભવ શેષ નિષ્ક્રિય કર્મ અવસ્થાઓની જેમ છે. આમ કમ્મભવના અભાવમાં જન્મ-મરણની પરંપરાનો પ્રવાહ ચાલુ રાખવો અશક્ય છે.

| બૌદ્ધ પરંપરા | | જૈન પરંપરા |
|---|---|---|
| કમ્મભવ | ૧. અવિદ્યા<br>૨. સંસ્કાર | મોહ કર્મની સત્તાની અવસ્થા |
| | ૩. તૃષ્ણા<br>૪. ઉપાદાન<br>૫. ભવ | મોહ કર્મનો વિપાક અને નવા કર્મ બંધની અવસ્થા |
| ઉત્પત્તિભવ | ૬. વિજ્ઞાન<br>૭. નામ રુપ<br>૮. ષડાયતન<br>૯. સ્પર્શ<br>૧૦. વેદના | જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય કર્મના વિપાકની અવસ્થા |
| | ૧૧. જાતિ<br>૧૨. જરા-મરણ | ભાવી જીવન માટે આયુષ્ય, નામ, ગોત્ર વગેરે કર્મોની બંધની અવસ્થા. |

–સંપાદિકાઓ

# ન્યાયદર્શન અને વૈશેષિક દર્શનમાં કર્મનો ખ્યાલ

☐ ડૉ. નરેશ વેદ

*[ વેદ અને હિન્દુ શાસ્ત્રોના અભ્યાસી , પ્રખર ચિંતક, પ્રભાવક વક્તા ડૉ. નરેશ વેદે ગુજરાત યુનિવર્સિટી તેમ જ ભાવનગર યુનિવર્સિટીનું ઉપકુલપતિ પદ શોભાવ્યું છે. પોતાની ૪૫ વર્ષની શૈક્ષણિક કારકીર્દિમાં ગુજરાતની કૉલેજોમાં પ્રાધ્યાપક તરીકે, સરદાર પટેલ યુનિવર્સિટીના અધ્યક્ષ તરીકે અને ગુજરાતની એકેડેમિક સ્ટાફ કૉલેજના ડાયરેક્ટર તરીકે સેવા આપી છે. ]*

ભારતીય તત્ત્વચિંતકોએ પિંડ અને બ્રહ્માંડ, સત્ અને અસત્, ઈશ્વર અને અવતારો, પાપ અને પુણ્ય, બંધન અને મોક્ષ, જન્મ અને પુનર્જન્મ, દૈવીતત્ત્વ અને દુરિતતત્ત્વ જેવી કેટલીક મહત્ત્વની દાર્શનિક સમસ્યાઓઉપર મનનચિંતન કરીને સૈદ્ધાન્તિક વિચારણા રજૂ કરી છે, તેમ કર્મ અને પ્રારબ્ધ જેવી સમસ્યા વિશે પણ વિચારણા રજૂ કરી છે. એવી વિચારણા કરતાં એમણે કર્મ એટલે શું? કર્મનો કર્તા કોણ છે? કર્મની અવસ્થા કેવી હોય છે? જીવ અને કર્મનો શો સંબંધ છે? કર્મના આકર્ષણના હેતુઓ ક્યા છે? કર્મબંધનાં કારણો ક્યાં છે? કર્મ કેટલા પ્રકારના છે? કર્મનાશના ઉપાયો ક્યા છે? કર્મ અને પુનર્જન્મ વચ્ચે શો સંબંધ છે? –એમ આ વિષયની વિશદ અને વ્યવસ્થિત વિચારણા કરી છે.

ભૌતિક જગતમાં આપણો અનુભવ છે કે કારણ વગર કોઈ કાર્ય થતું નથી. એ બાબત લક્ષમાં લઈને ભારતીય દાર્શનિકોએ એ વાત ઉપર ચિંતન મનન કર્યું કે આ જગતમાં જીવોની ઉત્પત્તિ થાય છે, આ જીવોત્પત્તિ જો કાર્ય છે તો એનું કોઈ કારણ હોવું જોઈએ, એ કારણ શું છે? વળી, એ જીવ પોતાના જીવનમાં સફળતા-નિષ્ફળતા અને સુખ-દુઃખનો અનુભવ કરે છે એનાં કારણો ક્યાં છે? જન્મતા, જીવતા કે મરતા જીવાત્માના જીવનમાં જે કાંઈ બને છે એ શા કારણે બને છે, એના વિશે વિચાર કરતાં એમને જે કાંઈ તાર્કિક ખુલાસો મળ્યો, એનું નિરૂપણ એક સિદ્ધાન્તરૂપે એમણે કર્યું છે. એ સિદ્ધાન્તને કર્મનો સિદ્ધાન્ત કહીને ઓળખાવવામાં આવ્યો છે. એ સિદ્ધાન્ત એવું સમજાવે છે કે જીવ જેવાં કર્મો કરે, તેવાં તેમનાં ફળ પામતો રહે. જેવું વાવો તેવું લણો, જેવું કૃત્ય કરો તેવું પરિણામ પામો એવો ભારતીય જીવન દર્શનનો એક મૂળભૂત ખ્યાલ એની પાછળ પીઠિકારૂપે રહેલો છે. આવો સૈદ્ધાન્તિક ખ્યાલ ભારતીય દર્શનગ્રંથોમાં પડેલો છે.

આપણા દેશમાં જેમ જગતના બાર પ્રમુખ ધર્મો વિદ્યમાન છે, તેમ ધર્મતત્ત્વ દર્શનો પણ બાર છે. એ છે : (૧) ચાર્વાકદર્શન (૨) જૈનદર્શન (૩) વૈભાષિકદર્શન (૪) સૌત્રાંતિકદર્શન (૫) યોગાચાર-દર્શન (૬) માધ્યમિકદર્શન (૭) સાંખ્યદર્શન (૮) યોગદર્શન (૯) ન્યાયદર્શન (૧૦) વૈશેષિકદર્શન, (૧૧) મીમાંસાદર્શન અને (૧૨) વેદાન્તદર્શન. આ બારેય દર્શનોમાંથી અપવાદ રૂપે એક ચાર્વાકદર્શનને બાદ કરતાં બાકીના બધાં દર્શનોએ કર્મનો સિદ્ધાન્ત સ્વીકારીને તેના વિશે વિચારણા કરીને માર્ગદર્શન આપ્યું છે.

ભારતીય દર્શનોમાં રજૂ થયેલા આ કર્મસિદ્ધાન્તની શાસ્ત્રીય અને સાંગોપાંગ ચર્ચા ઘણી રસપ્રદ અને ઉપયોગી બને પણ એમ ન કરતાં, મને સોંપાયેલી કામગીરી અનુસાર હું અહીં ન્યાયદર્શન અને વૈશેષિકદર્શન આ વિષયની વિચારણા કઈ બાબતો પર પ્રકાશ ફેંકે છે તેની હું સંક્ષેપમાં વાત કરીશ. ન્યાય અને વૈશેષિક એ બે દર્શનોના પ્રણેતાઓ હતા ગૌતમઋષિ અને કણાદઋષિ. આ બે દાર્શનિકોની અને તેથી તેમના દર્શનની વિશેષતા એ છે કે અન્ય દાર્શનિકોએ જ્યારે જગતની ઉત્પત્તિમાં પ્રકૃતિ અથવા પ્રકૃતિથી વિશિષ્ટ પરમાત્માને કારણરૂપ માન્યા હતા, ત્યારે આ બે દાર્શનિકોએ જગતની રચના પ્રકૃતિથી નહીં પણ પરમાણુઓથી થયેલી છે એમ જણાવીને આ ખ્યાલને વૈજ્ઞાનિક ધરાતલ ઉપર મૂકી આપ્યો હતો. આ બે દર્શનો વિશે અત્યંત સંક્ષેપમાં ખ્યાલ આપવો હોય તો એમ કહેવાય કે આત્મા અને અનાત્માના વિશેષ ધર્મો નક્કી કરનાર દર્શન તે વૈશેષિક દર્શન અને તે માટે જોઈતા અનુમાન વગેરે પ્રમાણની યોજના આપનાર દર્શન તે ન્યાયદર્શન. આ બે દર્શનોએ આ રીતે પ્રમેય અને પ્રમાણની યોજના ઘડી આપી તેથી તેમનું દાર્શનિક ચિંતનધારામાં ઘણું અગત્યનું સ્થાન છે. શાસ્ત્ર પ્રતિપાદનોને પણ તર્ક, બુદ્ધિ, વાદ-વિવાદ વગેરે કસોટીએ ચઢાવી તેમની તર્કશુદ્ધતા ચકાસવાનો આ બે દર્શનોએ મહત્ત્વનો ઉદ્યમ કર્યો છે. તેથી તેમનું મહત્ત્વ પણ ઘણું છે.

આ બંને દર્શનો જણાવે છે કે મનુષ્ય શરીરથી, મનથી અને વાણીથી જે ક્રિયાઓ કરે છે એને એની પ્રવૃત્તિ કહેવાય. મનુષ્ય આવી જે પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર તેના ચિત્તમાં પડે છે. આમાંથી જે અનુભવજન્ય સંસ્કાર છે તે વાસના છે અને પ્રવૃત્તિજન્ય સંસ્કાર છે તે કર્મ છે. માણસની પ્રવૃત્તિ બે જાતની હોય છેઃ (૧) સત્પ્રવૃત્તિ અને (૨) અસત્પ્રવૃત્તિ. સત્પ્રવૃત્તિ એટલે સારું કર્મ અને અસત્પ્રવૃત્તિ એટલે ખરાબ કર્મ. આવી સત્અસત્ પ્રવૃત્તિના ફળ રૂપે પુણ્યપાપ કે ધર્માધર્મ રચાય છે. આ ધર્માધર્મના સમૂહને 'અદષ્ટ' કહેવામાં આવે છે. આ અદષ્ટને કારણે મનુષ્યને સારું કે નઠારું શરીર પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી જીવની પ્રવૃત્તિના સંસ્કારો જીવીત રહે ત્યાં સુધી જીવે

કર્મફળ ભોગવવા માટે શરીર ધારણ કરવું પડે. એ રીતે જન્મ-પુનર્જન્મનું ચક્ર ચાલ્યા કરે. જીવનો જન્મ થાય એટલે ફરી પ્રવૃત્તિઓ થવાની, તેથી ફરી કર્મો કર્યા કરવાના, તેથી તેના અદૃષ્ટમાં ઉમેરો થતો રહેવાનો. જ્યાં સુધી જીવનો વાસનાક્ષય ન થાય ત્યાં સુધી આમ ચાલ્યા જ કરે. વાસના જાય તો અદૃષ્ટમાં થતી વૃદ્ધિ અટકે. પરંતુ બધાં કર્મો ભોગવાઈ ન જાય ત્યાં સુધી જીવે સંસારમાં રહેવું પડે. જીવનું સર્જન ભલે પરમાણુમાંથી થાય, ભલે એનો કર્તા ઈશ્વર હોય, પણ ઈશ્વરેય જીવનું સર્જન એના અદૃષ્ટ મુજબ જ કરે. મતલબ કે જીવસર્જન કર્માનુસાર છે. જીવસર્જન થાય ત્યારે દરેક જીવાત્માને પોતપોતાના અદૃષ્ટ અનુસાર પોતાનાં કર્મફળ ભોગવવાની અનુકૂળતા રહે એવો દેહ મળે. અદૃષ્ટનું બંધન ઈશ્વરની સર્જનશક્તિને પણ સાંકળે છે. તેથી જીવને નિર્લેપ એવો આત્મા મળે પણ સાથોસાથ અણુપરમાણુ વડે મન પણ મળે અને દરેકને આત્મા એકસરખો મળે પણ મન અલગ અલગ મળે.

આ બંને દર્શનો આત્માને નિત્ય અને અનાદિ ગણે છે. મતલબ કે આત્મા નાશ પામતો નથી. એ માણસના જન્મ પહેલાં અને મૃત્યુ પછી પણ અસ્તિત્વ ધરાવે છે. એટલે કે મનુષ્યને પૂર્વજન્મ અને પુનર્જન્મ બંને છે. જીવના પૂર્વજન્મને પુરવાર કરવા આ દર્શનો એક સચોટ ઊદહરણ આપે છે. કોઈ અબુધ શિશુના ચહેરા ઉપર ક્યારેક હાસ્ય તો ક્યારેક ડર અને રુદનના ભાવો જણાય છે. આવું એ કારણે બને છે કે એની સામે પોતાના પૂર્વજન્મનું કોઈ ઈષ્ટ કે અનિષ્ટ વિષયનું સ્મરણ ઊભરી આવે છે. આવું સ્મરણજ્ઞાન પૂર્વજન્મના કોઈ અનુભવોને કારણે આવે છે. પૂર્વના એવા અનુભવોના સંસ્કારો એ જીવના આત્મામાં પડ્યા હોય છે, તે જ આ શિશુને સ્મરણભાન આપે છે. અન્યથા આવું નાનું અને અબુધ બાળક વિષયને ઈષ્ટ કે અનિષ્ટ કેવી રીતે સમજી શકે ? બાળક એ સમજી શકે છે એનું કારણ આ જન્મમાં નહિ પરંતુ ગત જન્મોમાં ક્યારેક એવો અનુભવ થયેલો હોય. એ અનુભવના પૂર્વજન્મના સંસ્કાર આ બાળકમાં હોવાથી એ હસે અથવા રડે છે. બાળકના આ ઉદાહરણથી એ સિદ્ધ થાય છે કે પૂર્વજન્મ છે. જો પૂર્વજન્મ સાબિત થાય છે તો પુનર્જન્મ પણ પુરવાર થાય છે. કારણ કે જન્મમરણનો પ્રવાહ તો નિત્ય અને અનાદિ છે.

અહીં કોઈના મનમાં શંકાપ્રશ્ન ઉદ્‌ભવી શકે જો આવો જન્મપ્રવાહ નિત્ય અને અનાદિ હોય તો તે જીવે અસંખ્ય વખત મનુષ્ય, પશુ, પંખી કે જંતુનો જન્મદેહ ધારણ કર્યો હોવો જોઈએ અને એ બધા જન્મોના સંસ્કાર પણ તેનામાં હોવા જોઈએ. એ બધા સંસ્કારો જીવાત્માના ચાલુ (વર્તમાન) જન્મમાં જાગવા જોઈએ. એને પરિણામે એ જીવને અન્ન, ઘાસ, ચણ કે જીવડાં તરફ પણ અનુરાગ થવો જોઈએ, પરંતુ ખરેખર એમ થતું નથી એનું કારણ શું ? આ દાર્શનિકોનો ઉત્તર છે કે જીવ જ્યારે નવો દેહ ધારણ કરે છે તે દેહ (જાતિ)ને અનુરૂપ કર્મોનો જ વિપાક થાય છે. તેથી તેના વર્તમાન દેહ (જાતિ)ને અનુરૂપ સંસ્કારો જ જાગ્રત થાય છે, બાકીના અભિભૂત રહે છે. જો માનવાવતાર પછી ફરી પશુસૃષ્ટિમાં જીવનો જન્મ થાય તો પશુને અનુરૂપ કર્મસંસ્કારો ઉદ્‌બુદ્ધ થાય, બાકીના અભિભૂત રહે. મતલબ કે જીવમાં જે રાગદ્વેષ જન્મે છે એનું કારણ પૂર્વજન્મના સંસ્કારો છે અને એ સંસ્કારોની જાગૃતિનું મુખ્ય કારણ જાતિ (મનુષ્ય, પશુ, પંખી, જંતુ) છે.

વળી, જીવોનાં જાતજાતનાં શરીરો, જાતજાતના સ્વભાવો અને જુદી જુદી જાતની શક્તિઓનું જીવોમાં વૈચિત્ર્ય દેખાય છે, એનું શું કારણ હોઈ શકે ? એનો ઉત્તર આ દાર્શનિકો આ રીતે આપે છેઃ એનું કારણ જીવે પૂર્વજન્મમાં કરેલાં જુદી જુદી જાતનાં કર્મો છે. જીવ જીવ વચ્ચે જે ભેદ જણાય છે તેનો ખુલાસો પૂર્વજન્મના એ જીવોનાં વિચિત્ર કર્મોને માન્યા-સ્વીકાર્યા વિના થઈ શકતો નથી. એક માબાપના એકસમાન પરિસ્થિતિમાં ઉછરેલાં જોડિયા બાળકોનું ઉદાહરણ જુઓ. એ બંને વચ્ચે કેટલી ભિન્નતા દેખાય છે ! એનું કારણ એ બંને જીવોના પૂર્વજન્મમાં એમણે કરેલાં કર્મો અને એની આ જન્મમાં પડતી અસરો સિવાય બીજું કાંઈ નથી.

કોઈને એવો પણ પ્રશ્ન થાય કે પૂર્વજન્મ છે એ સ્વીકારીએ તો પૂર્વજન્મના અમુકતમુક વિષયનું જ વર્તમાન જીવનમાં સ્મરણ કેમ થાય છે, બધા વિષયોનું સ્મરણ કેમ થતું નથી. ? મતલબ કે, પૂર્વજન્મમાં પોતે કોણ હતો, ક્યાં હતો, કેવો હતો વગેરે વાતોનું સ્મરણ વર્તમાન જીવનમાં કેમ થતું નથી ? એનો ઉત્તર આપતાં આ દર્શનો એમ કહે છે કે આત્મગત જે સંસ્કારો આ જન્મમાં ઉદ્‌બુદ્ધ થાય તે સંસ્કારો જ સ્મૃતિ ઉત્પન્ન કરે. જે સંસ્કારો અભિભૂત રહે છે તે સ્મૃતિ જન્માવતા નથી. સંસ્કાર હોય એટલે સ્મૃતિ થાય જ એવું નથી. સ્મૃતિ-સ્મરણ થવા માટે પૂર્વસંસ્કારની જાગૃતિ થવી જરૂરી છે. દા. ત. બાળપણમાં અનુભવેલ બધી ઘટનાઓનું સ્મરણ આ જન્મમાં પણ, વૃદ્ધાવસ્થામાં આપણને ક્યાં થાય છે ? જેમ દુઃખના ઓથારથી કેટલીક પરિચિત વ્યક્તિને કેટલીક વ્યક્તિ ભૂલી જાય છે તેમ. દુઃખના ઓથારે તે પરિચિત વ્યક્તિ વિશેના સંસ્કારો તિરોહિત કરી દીધા હોય છે. જેમ દુઃખ તેમ મૃત્યુ પણ જીવના અનેક સંસ્કારોને તિરોહિત કરી દે છે. તેથી વર્તમાન જીવનમાં પુર્વાવતારોમાં પોતે કોણ, કેવો, ક્યાં હતો તેનું સ્મરણ થતું નથી. પૂર્વજન્મમાં પોતે કોણ હતો, કેવો હતો, ક્યાં હતો એ બધી વાતની સ્મૃતિને જાતિસ્મરણ કહે છે. આવું જ્ઞાન કોઈકને જ થાય છે અને જેને થાય છે તેના સંસ્કાર ઉદ્‌બોધકરૂપે ધર્મકામ કરતો હોય છે.

સંસ્કાર ઉદ્‌બુદ્ધ કરનાર ઉદ્‌બોધકમાં એક છે ધર્મ અને બીજો છે જે જાતિમાં થાય તે જન્મ. જીવ જે જાતિ (મનુષ્ય, પશુ, પંખી, જંતુ)માં

જન્મ પ્રાપ્ત કરે તેને અનુરૂપ જ સંસ્કારો જાગૃત થાય.

*જ્યારે જ્ઞાની યોગીઓ પોતાની યોગસિદ્ધિના બળે પોતાના છેલ્લા જન્મમાં અનેક શરીરો નિર્માણ કરી પૂર્વકર્મોના વિપાકોને ભોગવી લઈને જીવનમુક્ત બની જાય છે.*

કોઈને એવો પ્રશ્ન પણ થાય કે જીવના મૃત્યુ સાથે આત્માનું મૃત્યુ અને એના જન્મ સાથે આત્માનો જન્મ થતો હોય છે કે એમ નથી હોતું ? આ દર્શનો આ અંગે સ્પષ્ટ છે. એ કહે છે જો શરીરની ઉત્પત્તિ અને નાશ સાથે આત્માની ઉત્પત્તિ અને નાશને સ્વીકારીએ તો આખી વિચારણામાં બે દોષ આવે. એ છે કૃતહાન અને અકૃતાભ્યાગમ્. શરીર સાથે જો આત્માનોય નાશ થઈ જતો હોય તો જીવને તેણે કરેલાં કર્મોનું ફળ ભોગવવા મળે નહિ. અને જો શરીર સાથે આત્મા ઉત્પન્ન થતો હોય તો જે ભોગવશે તે તેના પોતાના કર્મોનું ફળ કેવી રીતે ગણી શકાય ?

જીવનો જન્મ કેમ થાય છે ? દેહોત્પત્તિનું કારણ શું છે ? આ દર્શનો સ્પષ્ટ કહે છે, પૂર્વ શરીરમાં કરેલાં કર્મોનાં ફળરૂપ ધર્માધર્મ જ જન્મ અને દેહોત્પત્તિનું કારણ છે. ધર્માધર્મરૂપ અદૃષ્ટથી પ્રેરાઈને ભૂતોમાંથી દેહ ઉત્પન્ન થાય છે, ભૂતો પોતે દેહને ઉત્પન્ન કરતાં નથી. જો કોઈ ભૌતિકવાદી દૃષ્ટિબિંદુ ધરાવનાર એમ કહે કે સ્ત્રી-પુરૂષના દેહમિલનથી થતાં શુક્રશોણિત સંયોગને પરિણામે દેહ ઉત્પન્ન થાય છે તો તે વાત પણ પૂર્ણ સત્ય નથી. એવા સંયોગથી હંમેશાં ગર્ભાધાન અને દેહોત્પત્તિ થતી નથી. માટે બરાબર સમજવું જોઈએ કે શુક્રશોણિત સંયોગ દેહોત્પત્તિનું એક માત્ર નિરપેક્ષ કારણ નથી. કોઈ બીજા કારણની પણ એમાં અપેક્ષા રહે છે, અને એ બીજું કારણ છે પૂર્વકર્મ. પૂર્વકર્મ વિના શુક્રશોણિત સંયોગ શરીરોત્પત્તિ માટે સમર્થ બનતો નથી. એટલું જ નહીં, સ્ત્રી-પુરુષ, વ્યંઢળ એવા શરીરભેદનો ખુલાસો પણ પૂર્વજન્મ કર્મોને માનવાથી જ મળે છે. પૂર્વકર્મને ન માનીએ તો અમુક આત્માને પુરુષનું, અમુકને સ્ત્રીનું તો અમુકને વ્યંઢળનું શરીર એવી જે વ્યવસ્થા દેખાય છે એનું માનસિક સમાધાન કેવી રીતે થશે ? પૂર્વકર્મને માનીએ તો જ આ વ્યવસ્થાનું તંત્ર સમજી સ્વીકારી શકાય. કહેવાનો મતલબ એ છે કે દેહોત્પત્તિમાં જીવનાં કર્મોને નિમિત્તકારણરૂપ માનવા જોઈએ.

રાગદ્વેષપૂર્વક કરાતી ક્રિયા અથવા પ્રવૃત્તિ પોતાનું ફળ આપે જ છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે ક્રિયા તો શરીર કે મન કરે છે પણ અદૃષ્ટ અને તેનું ફળ આત્મામાં ઉત્પન્ન થાય છે, એમ શા કારણે ? આ દર્શનો કહે છે, અદૃષ્ટની ઉત્પત્તિમાં ક્રિયા કારણરૂપ નથી, કારણરૂપ છે રાગદ્વેષ. આ રાગદ્વેષનો આશ્રય આત્મા છે, અદૃષ્ટ પણ આત્મામાં જ ઉત્પન્ન થાય છે અને એનું ફળ સુખદુઃખ પણ આત્મામાં જ ઉત્પન્ન થાય છે. માણસ પાસે તર્કબુદ્ધિ, સારાસાર વિવેક અને ઔચિત્યભાન બધું છે. તેથી પોતાને કર્મ કરવા માટે મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ ક્યાં, કેવી રીતે, કેટલો કરવો તે મનુષ્યે ખુદે નક્કી કરવું જોઈએ. ઈશ્વરે મનુષ્યને કર્મો કરવા માટે શરીર, ઈન્દ્રિયો અને અંતઃકરણ આપ્યાં, વિવેકબુદ્ધિ આપી, કર્મ કરવાની સ્વતંત્રતા આપી તો પછી મનુષ્ય જે કર્મો કરે છે તેની જવાબદારી તેની ખુદની રહે છે. ઈશ્વર નામક કોઈ સત્તા ન્યાયાધીશ થઈ તેનાં સદ્‌કૃત્યો-દુષ્કૃત્યો અનુસાર એને સજા કે શરપાવ આપતો નથી. ઈશ્વર મનુષ્યનાં કર્મોના લેખાજોખાં કરી એનો ન્યાય તોળનારો ન્યાયાધીશ નથી. એનો ન્યાયાધીશ એનો અંતરાત્મા જ છે. મનુષ્ય પોતાના કર્મોના જે ફળ પામે છે તે તેના રાગદ્વેષના પરિણામરૂપ હોય છે. જે મનુષ્ય રાગ-દ્વેષ વગેરે દોષોથી મુક્ત થઈ જીવનપ્રવૃત્તિ કરે છે તે જીવનમુક્ત બને છે.

સારામાઠાં કર્મોના ભોગવટાથી કર્મોનો ક્ષય થતો જાય છે, પણ કર્મક્ષય માટે આટલી સમયાવધિ હોવી જોઈએ. એવો કોઈ નિયમ નથી. પૂર્વના અનંત જન્મોમાં જેમ કર્મોનો સંચય થતો જાય છે તેમ જન્મજન્માંતરમાં એના ભોગથી તેમનો ક્ષય પણ થતો રહેતો હોય છે. મનુષ્ય સમજપૂર્વક રાગદ્વેષ જેવા દોષોથી અલિપ્ત રહી નવા કર્મો બાંધવામાંથી મુક્ત થતો જઈ શકે અને બાકી રહેલાં કર્મોનો સમજપૂર્વક ભોગવટો કરી કર્મફળના પરિણામરૂપ જન્મમરણના ફેરામાંથી મુક્તિ પણ મેળવી શકે. જ્યારે જ્ઞાની યોગીઓ પોતાની યોગસિદ્ધિના બળે પોતાના છેલ્લા જન્મમાં અનેક શરીરો નિર્માણ કરી પૂર્વકર્મોના વિપાકોને ભોગવી લઈને જીવનમુક્ત બની જાય છે.

કોઈ એમ માને છે કે કર્મ અને કર્મફળ વચ્ચે કોઈ નિયત સંબંધ નથી. ફળ કર્મ ઉપર નહીં પણ ઈશ્વર ઉપર આધાર રાખે છે તેનો આ દર્શનના પ્રણેતાઓ વિરોધ કરીને જણાવે છે કે કર્મની બાબતમાં ઈશ્વર ફક્ત ઉપદૃષ્ટા, માર્ગદર્શક અને કર્મફળના નિયત સંબંધનું જ્ઞાન કરાવનાર છે. ઈશ્વર ક્યાં કોઈ પાસે બળજબરીથી કોઈ કાર્ય કરાવે છે ? જેમ વૈદ્ય માત્ર દવા બતાવે છે છતાં આપણે એમ કહીએ છીએ કે વૈદ્યે રોગ મટાડ્યો, તેમ ઈશ્વર પણ રાગ-દ્વેષ વગેરે રોગનો ઈલાજ બતાવનાર છે, છતાં આપણે કહીએ છીએ ઈશ્વરે ફળ આપ્યું. આટલા મર્યાદિત અર્થમાં જ ઈશ્વર ફળનો કર્તા કે ફળનો સંપાદક છે. **વાસ્તવમાં કર્મ અને એનાં ફળનો કર્તા અને ભોક્તા તો જીવ પોતે જ છે.**

આમ, આ બે દર્શનોમાં કર્મવિચારણા ઘણી વિશદ અને વ્યવસ્થિત રૂપે થયેલી છે. એ જેટલી રોચક છે એટલી જ દ્યોતક છે. ✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભવિદ્યાનગર. ફોન નંબર્સ : લેન્ડલાઈન ૦૨૬૯૨-૨૩૩૭૫૦. સેલફોન ૦૯૭૨૭૩૩૩૦૦૦.

આ લેખમાં આ વિષયના પ્રબુદ્ધ વિદ્વાનો–સ્વામીશ્રી કાશીકાનંદગિરિ, શ્રી નગીનભાઈ શાહ અને શ્રી જયંતભાઈ ઠાકરનાં લખાણોનો મેં આધાર લીધો છે. એ સૌનો હું ઋણભાર સ્વીકારું છું.

# ઉપનિષદમાં કર્મવિચાર

❑ ડૉ. નરેશ વેદ

ઉપનિષદો જીવનવિજ્ઞાનના ગ્રંથો છે, એટલે મનુષ્યનાં જન્મ, આયુષ્ય અને તેની સ્થિતિ-ગતિનો વિચાર પણ કરે છે. મનુષ્યને ક્યા સ્થળ-કાળમાં, કઈ જાતિમાં, ક્યા માતા-પિતાને ત્યાં શા કારણે જન્મ મળે છે, પોતાના આયુષ્યકાળ દરમ્યાન એ જે કાંઈ કર્મો કરે છે તે શા કારણે કરે છે, એ કર્મોને કારણે એણે પોતાના જીવન દરમ્યાન સુખ-સુ:ખના વારાફેરા કેમ અનુભવવા પડે છે, એના જીવનકર્મો એને ક્યા માર્ગે કઈ યોનિમાં લઈ જાય છે અથવા એને મુક્તિ અપાવે છે – એ બધી બાબતોનો વિચાર કરવાનું પણ ઉપનિષદના સ્રષ્ટાઓએ ટાળ્યું નથી. એક ચાર્વાક દર્શન સિવાય બાકીના લગભગ બધાં ભારતીય દર્શનોએ જે રીતે કર્મના સિદ્ધાન્તનો વિચાર અને સ્વીકાર કર્યો છે, તેમ ઉપનિષદોએ પણ કરેલો છે. જોકે ઉપનિષદો કોઈ એક ઋષિમુનિનું સર્જન નથી, અનેક ઋષિઓ દ્વારા એમની રચના થયેલી છે અને એ બધાને મુખ્ય પ્રતિપાદ્ય વિષય તો અધ્યાત્મ અને બ્રહ્મવિદ્યા હતી તેથી અન્ય વિષયોની માફક કર્મસિદ્ધાન્તની ચર્ચા પણ ઉપનિષદમાં સળંગ, સાંગોપાંગ રૂપે મળતી નથી, મુખ્ય વિષયની ચર્ચાના અનુષંગે અને અનુસંધાને થયેલી છે. એટલે કર્મસિદ્ધાન્તની વિચારણા અશેષ અને પૂર્ણરૂપે એમાં મળતી નથી, પણ જેટલી મળે છે તેટલી પણ ઘણી રોચક અને દ્યોતક છે. કર્મ વિશેની આ વિચારણા મુખ્યત્વે ઈશ, પ્રશ્ન, મુંડક, છાંદોગ્ય, મૈત્રાયણી, કૌષીતકી વગેરે ઉપનિષદોમાં થયેલી છે.

તેમનું માનવું છે કે જન્મ લઈને કોઈ પણ મનુષ્ય કર્મ કર્યા વિના રહી શકતો નથી. જેમ આ દુનિયામાં લોકો જે જગ્યા કે ખેતર રાખે તેની ઉપર તે રાજશાસનના હુકમ પ્રમાણે જ ભોગવટો કરી શકે છે, તેમ માણસને પણ ભગવાનના નિયમ પ્રમાણે પોતે જે કાંઈ કર્મો કરે તેનાં ફળો ભોગવવા પડે છે. મનુષ્ય આત્મા જેવું કર્મ કરે છે, જેવું આચરણ કરે છે તેવો તે બને છે. જો જીવનમાં તે સત્કર્મો કરે છે તો સારો બને છે, પાપ કર્મો કરે છે તો પાપી બને છે, પુણ્ય કર્મ કરે છે તો પુણ્યશાળી બને છે. મનુષ્ય જેવી ઈચ્છા કરે છે તે મુજબ તેનો સંકલ્પ થાય છે. જેવો સંકલ્પ તે કરે છે તે અનુસાર એનું કર્મ થાય છે અને જેવું કર્મ તે કરે છે તે અનુસાર તે ફળ પામે છે. પરંતુ ઋષિઓનું કહેવું છે કે ફળની ઈચ્છા રાખ્યા વિના પોતપોતાનાં કર્મો કરતા રહીને જ મનુષ્યે સંસારમાં સો વર્ષ જીવવાની આશા રાખવી જોઈએ. એના કરતાં એના માટે બીજો કોઈ સારો માર્ગ નથી. મતલબ કે કર્મસિદ્ધાન્ત સ્વીકારીને જ મનુષ્યે પોતાની અભિલાષાઓની સિદ્ધિ માટે શતાયુ બનવું જોઈએ. વળી, જો તે પોતાને પ્રાપ્ત ભોગોનો ઉપભોગ, જે ભોગો પણ ધર્મયુક્ત કર્મોને કારણે પ્રાપ્ત થયાં હોય, અનાસક્તિપૂર્વક કરે તો તેના ઉપર કર્મનું બંધન ચડતું નથી. પણ મનુષ્યે એટલું સમજી લેવું જોઈએ કે પોતાના પૂર્વભવના પૂર્વકર્મોને પાછાં વાળી શકાતાં નથી. જીવાત્મા સત્ અને અસત્ કર્મોનાં સત્ અને અસત્ ફળરૂપી પાશથી બંધાયેલો છે. મતલબ કે તે કર્મ કરવામાં સ્વતંત્ર છે પણ તેના ફળ ભોગવવામાં કોઈ કેદીની જેમ અસ્વતંત્ર છે.

> *ફળની ઈચ્છા રાખ્યા વિના પોતપોતાનાં કર્મો કરતા રહીને જ મનુષ્યે સંસારમાં સો વર્ષ જીવવાની આશા રાખવી જોઈએ.*

આગળ ચાલતાં તેઓ કહે છે, આ સંસારમાં બે પ્રકારનાં કર્મો છે: એક અમૃત કર્મ અને બીજું સત્ય કર્મ. જે મનુષ્યનાં કર્મ (વાસના) અમૃત (મરે નહિ તેવાં) છે તેને લોકો ત્રાસ આપે છે, પરંતુ જે વ્યક્તિ સત્યકર્મી છે (એટલે કે જે વ્યક્તિ વાસનાથી પ્રેરાઈને નહિ, પણ સત્યની પ્રાપ્તિને માટે કર્મ કરે છે) તેનું અસ્તિત્વ અખંડ રહે છે.

કર્મોનું બીજી રીતે વર્ગીકરણ કરીને તેઓ અન્ય બે જાતના કર્મોની વાત કરે છે. (૧) ઈષ્ટ કર્મો અને (૨) આપૂર્ત કર્મો. ઈષ્ટ કર્મો એટલે માણસ પોતાની ભલાઈ માટે જે લૌકિક શુભકર્મો કરે છે તે. જેમકે, અગ્નિહોત્ર, તપશ્ચર્યા, સત્ય આરાધના, અહિંસા પાલન, અતિથિ સત્કાર, ઈષ્ટદેવની ઉપાસના વગેરે. જ્યારે આપૂર્તકર્મો એટલે બીજાની ભલાઈને માટે મનુષ્ય જે લૌકિક શુભકર્મો કરે છે તે. જેમ કે, વાવ, કૂવા, તળાવ ખોદાવીને બંધાવા, દેવમંદિરો અને ધર્મશાળાઓ બાંધવી, સદાવ્રતો ચલાવવા, જાહેર જનતા માટે બાગબગીચા બનાવવા વગેરે. આવાં ઈષ્ટ અને આપૂર્ત કર્મોને જ શ્રેષ્ઠ માનનારા લોકો મૂઢ છે. કેમકે તે કર્મો સિવાય જીવનમાં એમને બીજું કાંઈ શ્રેય દેખાતું નથી. જે લોકો આવાં કર્મોની પાછળ જ મંડ્યા રહે છે, તેઓ દક્ષિણાયન દ્વારા ચંદ્રલોકમાં જાય છે અને તેઓ અહીં જ પુનર્જન્મ લઈને પાછા આવે છે. તેઓ સ્વર્ગલોકમાં પોતાનાં સત્કર્મોનાં ફળ ભોગવીને આ મનુષ્યલોકને અથવા તેનાથી પણ નીચા એવા કોઈ લોકને પામે છે. બધાય લોક (સ્વર્ગ વગેરે) કર્મ વડે મેળવાય છે એમ સમજીને જે લોકો બ્રહ્મજ્ઞાની છે તેઓએ વૈરાગ્યવાળા થવું અને એમ સમજવું જોઈએ કે અકૃત (એટલે કે કર્મથી ઉત્પન્ન ન થનારા) એવા બ્રહ્મને કર્મ વડે પહોંચાતું નથી. આ સત્ય છે જે કર્મોને મંત્રો દ્વારા મહર્ષિઓએ જોયાં તે કર્મોનો ત્રણ વેદોમાં (અથવા ત્રેતાયુગમાં) અનેક પ્રકારે વિસ્તાર થયો છે. એ કર્મોનું મનુષ્યે આચરણ કરવું જોઈએ. સત્કર્મથી મેળવાતા બ્રહ્મલોકમાં જવાનો એ જ માર્ગ છે. જેમનું અગ્નિહોત્ર પૂનમ-અમાસ-ચાતુર્માસ અને આગ્રયણ નામની ઈષ્ટિઓ (યાગો) વિનાનું રહે છે, તેમ જ અતિથિ વિનાનું, હોમ

વિનાનું, વિશ્વદેવના બલિ વિનાનું અથવા અવધિપૂર્વકની આહુતિવાળું રહે છે, તેના સાતેય લોકનો એ અગ્નિહોત્ર નાશ કરે છે. મતલબ કે કાળની કાલી, કરાલી, મનોજવા, સુલોહિતા, સુધૂમ્રવર્ણા, સ્ફુલિંગની અને વિશ્વરૂપા જિહ્વાના કોળિયા થઈ જાય છે. પરંતુ જે મનુષ્યો સમજદાર થઈને કાળજિહ્વાને સમયસર યથાયોગ્ય આહુતિઓ આપીને જીવન ગુજારે છે, તેને એ બ્રહ્મલોકમાં લઈ જાય છે.

આ ઉપરાંત અઢાર જાતના એક અવરકર્મની વિચારણા પણ આ ઋષિઓએ કરી છે. એ અઢાર જાત એટલે યજ્ઞકર્મ (જેમાં યજ્ઞ કરાવનારા ૧૬ ઋત્વિજો હોય અને યજમાન તેમ યજમાનપત્ની હોય) અથવા અઢાર ગ્રંથો (એટલે મંત્ર, બ્રાહ્મણ અને સૂક્ત એમ ત્રણ ભાગ સાથેના ચાર વેદો અને છ વેદાંગો હોય) અથવા અઢાર પ્રકારના યજ્ઞો. આવું અવર જાતનું કર્મ કરનારાએ એ સમજવું જોઈએ કે આ બધા તરાપાઓ પણ અસ્થિર છે. કેવળ મૂઢ લોકો જ એમાં કલ્યાણ સમજે. આવું અવરકર્મ કરનાર ફરીવાર ઘડપણ અને મરણને આધીન થાય છે. અવિદ્યાની વચમાં રહેનારા અને પોતાને બુદ્ધિમાન અને પંડિત માનનારા મૂઢો આંધળા વડે દોરાયેલા આંધળાની જેમ અહીંથી તહીં ભટકતા ફરે છે. અનેક પ્રકારની અવિદ્યામાં રહેલા અને બાળકબુદ્ધિવાળા મૂઢો 'અમે કૃતાર્થ છીએ' એમ ફાંકો રાખે છે. પરંતુ આવા કર્મના અનુયાયીઓ આસક્તિને લીધે જ્ઞાન મેળવી શકતા નથી, અને તેથી જ કર્મ વડે મેળવેલા સ્વર્ગ વગેરે લોકમાં તેમનો નિવાસ પૂરો થતાં તેઓ આકુળવ્યાકુળ બનીને નીચે પડે છે.

અહીં ખાસ જોવાનું એ છે કે બ્રહ્મ ઉર્ફે આત્મા જ એક સત્ તત્ત્વ છે એવું માનનારા ઉપનિષદના ઋષિઓનો દૃષ્ટિકોણ વ્યવહારુ છે. તેઓ વ્યવહારુ ભૂમિકાએ જગતને, જીવનવ્યવહારોને અને એ નિમિત્તે કરવા પડતાં કર્મોને સાવ અસત્ કહેવા કે માનવાનું પસંદ કરતા નથી. તેઓ તો એમ માને છે કે જ્યાં સુધી જગત છે, સંસાર છે, જીવનવ્યવહારો છે ત્યાં સુધી કર્મો છે જ. એ કર્મો ખરેખર તો જ્ઞાનની ઉચ્ચોચ ભૂમિકાએ પહોંચાડનારા સોપાનો છે. તેથી જ કર્મો કરતાં કરતાં જ સો વર્ષ જીવવાની આશા રાખવી એવી ભલામણ તેમણે કરી છે.

તેમનું તો સ્પષ્ટ મંતવ્ય છે કે જેઓ માત્ર અવિદ્યારૂપ કર્મની ઉપાસના કરે છે, મતલબ કે જેઓ અણસમજુ અને અવિવેકી થઈને કર્મમાં જ રચ્યાપચ્યા રહે છે તેઓ ગાઢ અંધકારમાં જાય છે અને જેમને માત્ર વિદ્યામાં જ રસ પડે છે તેઓ તો વળી વધારે ગાઢ અંધકારમાં ઊતરે છે. પરંતુ જેઓ અવિદ્યારૂપ કર્મ અને વિદ્યારૂપ જ્ઞાન એ બંનેને એકી સાથે જાણેસમજે છે, તે અવિદ્યા વડે મરણને તરી જઈને વિદ્યા વડે અમરપણું મેળવે છે.

આના અનુસંધાનમાં ઋષિઓએ જીવાત્માની મૃત્યુ પછી બે માર્ગોએ ગતિ કલ્પી છે : (૧) પિતૃયાન અને (૨) દેવયાન. કર્મો અને યજ્ઞોનું સામર્થ્ય જીવને પિતૃયાનને માર્ગે પિતૃલોકમાં લઈ જવા જેટલું જ છે, દેવલોકમાં જીવાત્માને લઈ જવા તે સમર્થ નથી. તેથી યજ્ઞ વગેરે ક્રિયાકાંડો અને વિધિવિધાનો કરવાવાળા મનુષ્યો પિતૃયાનને માર્ગે ચંદ્રલોકમાં પહોંચી, પોતાનાં સત્કૃત્યોના સુખપ્રદ ફળ ભોગવી, ફરી પાછા કર્મશેષ મુજબ ઊંચી યા નીચી મનુષ્યયોનિમાં અવતરે છે; પણ જેમણે જ્ઞાન માર્ગનો આશ્રય લઈ, શ્રદ્ધાપૂર્વક તપસ્યા અને વિધિવત્ ઉપાસના કરી હોય એવા જીવાત્મા દેવયાનના જ્યોતિર્મય માર્ગે થઈ બ્રહ્મલોકમાં જાય છે અને ક્રમમુક્તિ પામે છે.

આખી ચર્ચાના સારરૂપે છાંદોગ્ય ઉપનિષદના ઋષિ કહે છે : આ જગતમાં જેનાં આચરણ પવિત્ર અને સારાં હોય છે, તેઓ ફરીથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરેને ઘરે પવિત્ર અને સારે ઠેકાણે જન્મે છે. જેના આચરણ કૂડાં અને નઠારાં હોય છે, તેઓ ભૂંડ, કૂતરા કે ચાંડાળનો અવતાર પામે છે. જે મનુષ્ય પશુ જેવું ઈન્દ્રિયપરાયણ જીવન જિવતાં જિવતાં અશુભ અને અમંગળ કર્મો કરે છે તેઓ ઉપર નિર્દેશ કર્યો એવા પિતૃયાન કે દેવયાન માર્ગોમાંથી કોઈપણ માર્ગે જતા નથી, તેઓ ચાંચડ, માંકડ, મચ્છર વગેરે જીવજંતુઓનો અવતાર પામે છે અને તેઓ જન્મ-મરણ પામ્યા જ કરે છે. જીવાત્માની આ, પેલી બે ઉપરાંત, ત્રીજી ગતિ છે. આ ત્રીજી ગતિના જીવાત્માઓને કારણે જ પરલોક ભરાઈ જતો નથી.

ભૌતિક જગતમાં જેવો કારણ-કાર્યનો સિદ્ધાન્ત કામ કરે છે તેવો નૈતિક જીવનમાં કર્મ અને તેનાં ફળનો નિયમ કામ કરે છે. જનસામાન્યની સાધારણ સમજ મુજબ કતૃમ્, અકતૃમ, સર્વથા કતૃમ્ ઈશ્વર જીવાત્માને એના સારાં-માઠાં કર્મોનું ફળ આપવા એનાં જે તે કર્મોની પુરાંત જોઈને ન્યાય તોળે છે. પરંતુ ઉપનિષદો એમાં ઈશ્વરનું કોઈ કતૃત્વ નિહાળતાં નથી. ઈશ્વર મનુષ્યોનાં સત્કૃત્યો અને દુષ્કૃત્યોનાં લેખાંજોખાં કરી ન્યાય તોળનારો આવો કોઈ ન્યાયાધીશ નથી. નથી કોઈ ચિત્રગુપ્ત નામનો કોઈ દેવઅધિકારી, જે જીવાત્માઓના કર્મોની નોંધ પોતાના ચોપડામાં કર્યા કરતો હોય. વાસ્તવમાં એ ચિત્રગુપ્ત નથી પણ ગુપ્તચિત્ર છે, જે પ્રત્યેક મનુષ્યના અંતરમાં પડતું હોય છે. મનુષ્ય ઈચ્છે કે ન ઈચ્છે પણ એના અંતરાત્મામાં જે તે વ્યક્તિનાં શુભ-અશુભ કર્મોની નોંધ થયા કરતી હોય છે. જેવું વાવો, તેવું લણો, જેવું કરો, તેવું પામો– એ સનાતન નિયમ એટલે જ કર્મનો સિદ્ધાંત. એની આછીપાતળી જે ચર્ચાવિચારણા ઉપનિષદોમાં થઈ છે તે એટલી સૂચક અને દ્યોતક છે કે એ ક્યારેય અપ્રસ્તુત કે અપ્રાસંગિક નહીં જણાય. જીવનવિજ્ઞાનની સમજ આપતાં એના એક ભાગરૂપે જીવનના સનાતન નિયમની સમજૂતી આપવી પણ આવશ્યક હોઈ, ઉપનિષદોમાં કર્મસિદ્ધાન્તની, આ રીતે, ખપપૂરતી વિચારણા થયેલી છે.

✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર.
ફોન : ૦૨૬૯૨-૨૩૩૭૫૦. મોબાઈલ : ૦૯૭૨૭૩૩૩૦૦૦.

# સાંખ્ય-યોગ દર્શન-કર્મવાદ

❑ પ્રા. ડૉ. કોકિલા હેમચંદ શાહ

*[ વિદુષી લેખિકા જૈન ધર્મના અભ્યાસી, પીએચ.ડી. વિદ્યાર્થીઓના માર્ગદર્શક પ્રાધ્યાપિકા અને પ્રભાવક વક્તા છે. જૈન સાહિત્ય સમારોહમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. ]*

ભારતની પવિત્ર ભૂમિ દર્શનોની જન્મભૂમિ છે. જેમાં આધ્યાત્મિક ચિંતન અને દાર્શનિક વિચારધારાની પ્રધાનતા છે. ભારતના દરેક દર્શનકારે એક અથવા બીજા રૂપે કર્મના વિષય પર વિચાર કર્યો છે. કર્મનો વિષય ઘણો વિશાળ છે. ભારતીય દર્શનો જે આત્માના અસ્તિત્વમાં માને છે તે બધાએ જ કર્મની સત્તાનો સ્વીકાર કર્યો છે, અલબત્ત કર્મ અને આત્માના સંબંધ વિષે ભિન્ન ભિન્ન વિચારધારા જોવા મળે છે. ભારતના છ દર્શનો છે-ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, મીમાંસા અને વેદાંત. આ આસ્તિક દર્શનો ઉપરાંત ચાર્વાક, બૌદ્ધ અને જૈન દર્શન નાસ્તિક દર્શનો છે કારણકે તેઓ વેદ-ઉપનિષદોની સત્તાનો સ્વીકાર કરતા નથી. તેમનું તત્ત્વજ્ઞાન તેઓના પોતાના સ્વતંત્ર શાસ્ત્રો પર આધારિત છે. દર્શનોમાં ચાર્વાક દર્શન સિવાય લગભગ બધા જ દર્શનો અધ્યાત્મવાદી છે. તેમાં આત્મા, પરમાત્મા, જીવ અને કર્મ સંબંધી ગંભીર અધ્યયન અને સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે. કર્મવાદનું એમાં વિશિષ્ટ સ્થાન છે. કર્મ જ આત્માને પરતંત્ર બનાવે રાખે છે. કર્મ અને પુરુષાર્થને સીધો સંબંધ છે.

જેમ ભૌતિક જગતમાં કાર્યકારણનો નિયમ કાર્ય કરે છે તેમ નૈતિક જગતમાં પણ કાર્યકારણનો નિયમ વ્યાપ્ત છે જેને આપણે કર્મસિદ્ધાંત કહીએ છીએ. આ કર્મનો નિયમ સર્વવ્યાપી છે. કર્મ એટલે ક્રિયા. કર્મવાદ પ્રમાણે દરેક ક્રિયાને તેનું ફળ હોય છે. 'જેવું કરશો તેવું પામશો'-આ નિયમ છે. કર્મસિદ્ધાંતની પાયાની વાત આ જ છે. પરંતુ આ સિદ્ધાંત કેવી રીતે કામ કરે છે તે સમજવું જરૂરી છે. કાર્યનું ફળ મળે જ છે-આ જન્મમાં નહીં તો પછીના જન્મમાં. કેટલાક કર્મો આ જન્મમાં ફળે છે, કેટલાક પછીના જન્મમાં. કરેલું કોઈ પણ કર્મ ફળ આપ્યા વિના રહેતું નથી-આ કર્મવાદનો નિયમ જન્મજન્માંતર સુધી વિસ્તરે છે. તેમજ આ જ નિયમ આપણા ભૂત, ભાવિ અને વર્તમાનને સમજાવે છે.

આમ કર્મનો સિદ્ધાંત પુનર્જન્મના સિદ્ધાંત સાથે સંકળાયેલો છે. પુનર્જન્મ હકીકત છે.

## સાંખ્યદર્શનમાં કર્મવાદ

ભારતીય ષડ્દર્શનોમાં સાંખ્ય-યોગનું વિશિષ્ટ સ્થાન છે. સાંખ્ય-યોગ બંને વાસ્તવવાદી દર્શનો છે. સાંખ્યના તત્ત્વજ્ઞાનને યોગ સ્વીકારે છે. સાંખ્ય ભારતીય દર્શનોમાં મહત્ત્વનું દર્શન છે જેના પ્રવર્તક દાર્શનિક મહર્ષિ કપિલ માનવામાં આવે છે. સાંખ્ય શબ્દનો અર્થ છે. જ્ઞાન અર્થાત્ પ્રકૃતિ, પુરુષ અને એના ભેદોનું યથાર્થ જ્ઞાન એટલે સાંખ્ય. સાંખ્ય દ્વૈતવાદી દર્શન છે. પુરુષ અને પ્રકૃતિ બે તત્ત્વો છે. પુરુષ ચેતન છે જ્યારે પ્રકૃતિ જડ છે. પણ મહત્ત્વનું તત્ત્વ છે. શબ્દાન્તરથી એ જ કર્મ છે. સાંખ્યનો અર્થ છે વિવેકજ્ઞાન. પ્રકૃતિ તથા પુરુષના વિષયમાં અજ્ઞાન હોવાથી આ સંસાર છે અને જ્યારે તે બન્નેની ભિન્નતા સમજાય છે-જડ અને ચેતન તત્ત્વો ભિન્ન છે ત્યારે મોક્ષપ્રાપ્તિ થાય છે. સાંખ્ય દ્વૈતવાદી દર્શન છે કારણકે આ બંને તત્ત્વોને તે મૂળ તત્ત્વો માને છે જેના પરસ્પર સંબંધથી આ જગતનો આવિર્ભાવ થાય છે. પ્રકૃતિ જડ તથા એક છે જ્યારે પુરુષ ચેતન તથા અનેક છે. જગતના બીજા પદાર્થો મન, શરીર, ઈન્દ્રિય, બુદ્ધિ આદિની ઉત્પત્તિ પ્રકૃતિમાંથી થાય છે. પ્રકૃતિ ત્રિવિધ ગુણાત્મક છે. આ દર્શનમાં સમસ્ત જગતનું મૂળ ઉપાદાન કારણ પ્રવૃત્તિ માનવામાં આવે છે. સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણોની સામ્યાવસ્થાનું નામ પ્રકૃતિ છે. આ સાંખ્યનું વિશિષ્ટ પ્રદાન છે-ત્રણ ગુણો જે પ્રકૃતિનું સ્વરૂપ છે. પ્રકૃતિ એક છે પણ તેના વિકાર અનેક છે. અહંકાર બુદ્ધિ વગેરે.

ભૌતિક સૃષ્ટિનો કોઈપણ પદાર્થ આ ત્રણ ગુણોનો બનેલો છે. એટલે તે ત્રણ પ્રકારની વૃત્તિ ઉત્પન્ન કરે છે-સુખ, દુઃખ અને મોહની. પ્રત્યેક કાર્યનું કારણ હોય છે અને પ્રકૃતિ મૂળ કારણ છે. બધી જ બૌદ્ધિક પ્રક્રિયાનો આધાર બુદ્ધિ તત્ત્વ છે. તે સાત્ત્વિક હોવાથી પુરુષનું પ્રતિબિંબ ગ્રહણ કરી શકે છે. બુદ્ધિમાં જ્યારે ઈચ્છાશક્તિ પ્રવેશ કરે છે ત્યારે તે અહંકાર બને છે. અહંકાર અકર્તા પુરુષમાં કર્તાપણાના અધ્યવસાયનું આરોપણ કરે છે.

અન્ય દર્શનમાં જેને જીવ કહે છે તે પ્રાણશક્તિ સાંખ્યદર્શનમાં કોઈ અલગ તત્ત્વ નથી. પરંતુ મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણ અંતઃકરણની વૃત્તિઓ છે. ચિત્ત એટલે મન, બુદ્ધિ અને અહંકાર તે પરિણામશીલ છે. પુરુષ મૂળથી શુદ્ધ, ચૈતન્યરૂપ તથા શરીર-મનના બંધનોથી સ્વતંત્ર છે. પરંતુ અજ્ઞાન દશામાં ચિત્તથી તે સંબંધિત રહે છે. ચિત્ત વાસ્તવમાં પ્રકૃતિથી ઉત્પન્ન થયું હોવાથી અચેતન તત્ત્વ છે, પરંતુ પુરુષનું પ્રતિબિંબ પડવાથી ચેતન લાગે છે. હકીકતમાં, સુખદુઃખ ભોગવે છે બુદ્ધિ જ પરંતુ પુરુષ એના સાન્નિધ્યમાં રહીને પોતાને સુખોનો તથા દુઃખોનો ભોક્તા માને છે. તે તો ફક્ત જ્ઞાતા, દૃષ્ટા જ છે. આખી સૃષ્ટિનો વ્યાપાર પુરુષ માટે છે. તે ચૈતન્ય છે, નિષ્ક્રિય છે. પ્રકૃતિની લીલાનો તે કેવળ સાક્ષી અથવા ભોક્તા જ છે. એનું પ્રતિબિંબ જડ બુદ્ધિને પ્રકાશિત કરે છે, જેથી બુદ્ધિ ક્રિયાવાન બને છે. પુરુષ અકર્તા અને કેવળ દૃષ્ટા છે અને તે બુદ્ધિ દ્વારા ભોક્તા બને છે.

પુરુષ સ્વયં શુદ્ધ ચૈતન્ય છે. જ્યારે પુરુષ પ્રકૃતિથી અલગ છે એ જ્ઞાન થાય છે એ જ મહત્ત્વનો પુરુષાર્થ છે. મોક્ષ એ જ પરમ ધ્યેય છે. બુદ્ધિમાં રહેલ જ્ઞાનરૂપ ભાવ દ્વારા વ્યક્તિને મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોક્ષ એટલે પૂર્વકૃત કર્મોના ક્ષય બાદ અનન્તર શરીરપાત થવાથી જ્ઞાનીનું સૂક્ષ્મ શરીર પુનઃ નવું શરીર ધારણ નથી કરતું– બીજા શબ્દોમાં સંશરણ નથી કરતું પણ પોતાના મૂળ કારણ પ્રકૃતિમાં લય થઈ જાય છે અને પુરુષ પોતાના મૂળ આત્મ સ્વરૂપમાં અવસ્થિત થઈ જાય છે. તે જ કૈવલ્ય છે. આમ જ્ઞાન એ જ મોક્ષનું કારણ છે.

### સાંખ્ય દર્શનમાં તત્ત્વ સ્વરૂપ

સાંખ્ય દર્શનમાં મુખ્ય બે તત્ત્વ છે. પુરુષ અને પ્રકૃતિ.

મૂળ પ્રકૃતિ અવ્યક્ત છે. પ્રકૃતિના વિકારોને અવ્યક્ત કહેવાય છે. અવ્યક્ત પ્રકૃતિ દૃષ્ટિગોચર થતી નથી પરંતુ એની સત્તાનું અનુમાન કરી શકાય છે.

પ્રકૃતિ ત્રિગુણાત્મિકા–સત્વ, રજત અને તમસ એમ ત્રણ ગુણોવાળી છે. આ ત્રણ ગુણોમાં વૈષમ્ય થવા પર એ વ્યક્ત થઈ જાય છે. વ્યક્તમાંથી મહત્ તત્ત્વ, મહત્ તત્ત્વમાંથી સહકાર, સહકારમાંથી પાંચ તન્માત્રા (રુપ,રસ, ગંધ, સ્પર્શ,શબ્દ), પાંચ મહાભૂત (તૈજસ, જળ, પૃથ્વી, વાયુ, આકાશ), મન, પાંચ કર્મેન્દ્રિય (વાક્, પાણિ, પાદ, પાંચ, ઉપસ્થ), પાંચ જ્ઞાનેન્દ્રિય (શ્રોત્ર, નેત્ર, ઘ્રાણ, ત્વચા, રસના) એમ કુલ ૨૪ તત્ત્વો ઉત્પન્ન થાય છે. અને પુરુષને ગણતા સાંખ્ય મતમાં ૨૫ તત્ત્વ માનવામાં આવ્યા છે.

અર્થાત્ જેનાથી દુઃખની પ્રાપ્તિ થાય તે દ્વેષ છે.

આમ, કર્મબંધનું કારણ કલેશ છે. જે યોગીઓમાં કલેશ નથી તેમને માટે કર્મ એ કર્તવ્ય માત્ર છે. તેથી તેને કર્મનું ફળ ભોગવવું પડતું નથી. જ્યારે કલેશોના સંસ્કાર ચિત્તમાં જન્મ લે છે ત્યારે એનાથી સકામ કર્મ ઉત્પન્ન થાય છે. યોગદર્શન પ્રમાણે એ કલેશમૂલક કર્માશય જન્મ, આયુ અને ભોગ-સુખ-દુઃખ ફળને આપનારું છે. કારણકે તેનું પુણ્યકર્મ અને પાપકર્મ બંને કારણ હોય છે.

આમ, સાંખ્ય તત્ત્વોના ચિંતનથી સાધકને સ્વયં કર્તા, ભોકતા નથી એવો અનુભવ થવો એ જ અનુભૂતિ વિવેકજ્ઞાનની ઉત્પત્તિ કરાવે છે–ત્યારે પ્રકૃતિ પોતાના સમગ્ર વ્યાપારોને સમેટી લે છે. ભાવો બુદ્ધિને આશ્રય છે. ધર્માદિ ભાવકરણ દ્વારા ઉર્ધ્વગતિ અને અધર્મથી અધોગતિ મળે છે. ભાવો બુદ્ધિસ્થિત છે. બુદ્ધિમાં સ્થિત ધર્મ પ્રભાવથી વ્યક્તિ એવું કાર્ય કરે છે કે તેને ઉર્ધ્વગતિ પ્રાપ્ત થાય છે અને બુદ્ધિસ્થિત અધર્મના પ્રભાવથી વ્યક્તિ એવું કાર્ય કરે છે જે થકી તેને અધોગતિની પ્રાપ્તિ થાય છે. કલેશથી બુદ્ધિમાં કર્મબોજ ઉત્પન્ન થાય છે.

હકીકતમાં સુખદુઃખને ભોગવે છે બુદ્ધિ જ. પરંતુ પુરુષ એની સાન્નિધ્યમાં રહીને પોતાને સુખોનો તથા દુઃખોનો ભોક્તા માને છે. તે તો ફક્ત જ્ઞાતા, દૃષ્ટા જ છે. સાંખ્ય-યોગદર્શન પ્રમાણે જીવ જે પ્રવૃત્તિ કરે છે તેના સંસ્કાર ચિત્તમાં પડે છે જેને કર્મ કહેવામાં આવે છે. યોગદર્શન સાંખ્યદર્શનની તત્ત્વમીમાંસા સ્વીકારે છે.

**યોગદર્શનમાં કર્મવાદ**

પાતંજલ યોગદર્શનમાં બંધન અને દુઃખના મૂળ કારણરૂપ પાંચ કલેશ કહ્યા છે–અવિદ્યા, અસ્મિત, રાગ, દ્વેષ અને અભિનિવેશ. (પાતંજલ યોગદર્શન-૨૩). સાંખ્યદર્શનમાં આ પાંચે તમસ, મોહ, મહામોહ, તામસ્ત્ર અને અંધતામિસ્ત્રને નામે ઓળખાય છે. મહર્ષિ પાંતજલિ અનુસાર કલેશમૂલક કર્માશય–કર્મસંસ્કારો વર્તમાન અને ભવિષ્ય બંને જન્મમાં ભોગવવાના હોય છે. યોગદર્શનમાં ભવબંધનું સર્વપ્રથમ કારણ છે અવિદ્યા. અવિદ્યા એટલે અનિત્યમાં નિત્યનું જ્ઞાન, દુઃખમાં સુખનું જ્ઞાન, જડમાં ચેતનનું જ્ઞાન. પાતંજલના મત પ્રમાણે સુખને ભોગવવાની ઈચ્છા એટલે રાગ. જ્યારે દુઃખના અનુભવ પછી જે ઘૃણાની વાસના ચિત્તમાં રહે છે તેને દ્વેષ કહે છે.

મહર્ષિ, પાતંજલિએ કહ્યું છે- ‘યોગ ચિત્તવૃત્તિ નિરોધઃ (યોગદર્શન ૧-૨). અર્થાત્ ચિત્તની વૃત્તિઓને રોકવી તે યોગ છે. ચિત્તની વૃત્તિઓ જે બાહ્ય તરફ જાય છે–તે બહિર્મુખી વૃત્તિઓને સાંસારિક વિષયો પરથી હટાવીને અંતર્મુખ કરીને ચિત્તમાં લીન કરવી તે યોગ છે. સમાધિની સાધના માટે યોગના આઠ અંગ સહાયક બને છે. (૧) યમ (૨) નિયમ (૩) આસન (૪) પ્રાણાયમ (૫) પ્રત્યાહાર (૬) ધારણા (૭) ધ્યાન (૮) સમાધિ. યોગદર્શનમાં પાંચ યમ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. જે જૈનદર્શનમાં પાંચ અણુવ્રત અને મહાવ્રત છે. આ અષ્ટાંગયોગથી અશુદ્ધિનો નાશ થાય છે, જ્ઞાનનો પ્રકાશ થાય છે અને વિવેકજ્ઞાન પ્રગટે છે, જે સંસાર સમુદ્રથી તારે છે. સમાધિના ફલસ્વરૂપ પુરુષ સ્વરૂપમાં પ્રતિષ્ઠિત બનીને કૈવલ્યની પ્રાપ્તિ કરે છે. આ પ્રમાણે બંધ હેતુઓનો અભાવ અને નિર્જરાથી કર્મોનો આત્યંતિક ક્ષય થાય છે ત્યારે સંપૂર્ણ કર્મોનો ક્ષય થાય છે અને તે જ મોક્ષ છે.

યોગદર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિ સાંખ્ય દર્શનની દાર્શનિક વિચારધારા સ્વીકારે છે. સાંખ્ય જે ૨૫ તત્ત્વોને સ્વીકારે છે તે જ તત્ત્વોને યોગદર્શન પણ માને છે–પુરુષ અને પ્રકૃતિના ભેદજ્ઞાન માટે યોગ આવશ્યક છે. સાંખ્ય નિરીશ્વરવાદી છે. જ્યારે યોગદર્શન સમાધિની સિદ્ધિ માટે ઈશ્વરને માને છે.

જીવોને પ્રાપ્ત સુખ અને દુઃખ સ્વકૃત કર્મફળથી અતિરિક્ત બીજું કંઈ નથી. આમ કર્મવાદની પ્રસ્થાપનામાં ભારતના સર્વદર્શનોએ પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો છે.

✱ ✱ ✱

**સંદર્ભ સૂચિ :** આચાર્ય હરિભદ્રસૂરિ-ષડ્દૃષ્ટિ સમુચ્ચય.

મોબાઇલ નંબર : ૯૩૨૩૦૭૯૯૨૨.

# હિંદુ પૂર્વ–મીમાંસામાં કુમારિલ ભટ્ટ અને પ્રભાકરનો કર્મવાદ

❑ ડૉ. હંસાબેન એસ. શાહ

*[ ડૉ. હંસાબેન એસ. શાહે તત્ત્વજ્ઞાન-ફિલોસોફિના વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે. તેઓ જ્ઞાનસત્ર સાહિત્ય સમારોહમાં અભ્યાસપૂર્ણ નિબંધો રજૂ કરે છે. જૈન તત્ત્વજ્ઞાન તથા સાહિત્ય ક્ષેત્રે તેઓ વિદેશમાં પણ સંશોધનકાર્ય તથા જૈનદર્શનની પ્રભાવના કરે છે. ]*

**પરિચય**

વેદની ઋચાઓની અસ્પષ્ટતાઓને સ્પષ્ટ કરવા જે દર્શનો રચાયા તેમનાં નામ પૂર્વ-મીમાંસા તથા ઉત્તર-મીમાંસા પડ્યાં. કર્મકાંડને લગતી શ્રુતિઓના સમાધાન માટે પૂર્વ મીમાંસા તથા જ્ઞાન ઉપાસનાને લગતી શ્રુતિઓ માટે ઉત્તરમીમાંસા રચાયાં. અહીં આપણે પૂર્વ મીમાંસાનો વિચાર કરીએ. એના માટે હવે માત્ર મીમાંસા અને તેને માનનારને મીમાંસકો કહીશું.

'મીમાંસા' શબ્દનો અર્થ કોઈ વસ્તુ કે સ્વરૂપનું યથાર્થ વર્ણન. વેદના બે ભાગ છે–કર્મ કાંડ અને જ્ઞાન કાંડ. યજ્ઞયાગાદિની વિધિ તથા અનુષ્ઠાનનું વર્ણન કર્મકાંડનો વિષય છે. એમાં મુશ્કેલીઓ દેખાઈ આવે તો વિરોધોને દૂર કરવા એ મીમાંસકોની પ્રવૃત્તિ છે. મીમાંસા બે પ્રકારની છે–કર્મ મીમાંસા અને જ્ઞાન-મીમાંસા. કર્મવિષયક વિરોધોનો પરિહાર કરે છે તે કર્મ મીમાંસા અને જ્ઞાન વિરોધોનો પરિહાર કરે છે તે જ્ઞાન-મીમાંસા. કર્મ મીમાંસા કે પૂર્વ મીમાંસાના નામથી ઓળખાતું દર્શન તે મીમાંસા કહેવાય છે. જ્ઞાન મીમાંસા અને ઉત્તર મીમાંસાના નામથી ઓળખાતું તે પ્રખ્યાત દર્શન 'વેદાન્ત' કહેવાય છે. 'મીમાંસા'નું મુખ્ય તાત્પર્ય સમીક્ષા છે અને આ તત્ત્વ પૂર્ણતયા વૈદિક છે. સંહિતા, બ્રાહ્મણ તથા ઉપનિષદમાં એવું વર્ણન મળે છે કે કોઈ વૈદિક તથ્ય ઉપર સંદેહ થયો હોવાથી ઋષિઓએ યુક્તિઓ અને તર્કોના સહારાથી ઉચિત વસ્તુનો નિર્ણય કર્યો હતો. મુખ્યતઃ આ પુરોહિત બ્રાહ્મણોનું શાસ્ત્ર છે. પરસ્પરમાં વિરોધી હોય અથવા વૈકલ્પિક હોય તેવી બધી શ્રુતિઓનો સમન્વય કરી કર્મકાંડને નિશ્ચિત કરવું તે તેનું લક્ષ્ય છે. યજ્ઞ, હોમ, વગેરે અનેક લાંબા તથા જટિલ કર્મો, તેના કર્તા, તેના અધિકારી, તેનો કાળ, વગેરે બાબતોના નિર્ણય માટે આ શાસ્ત્ર રચાયું છે. આ શાસ્ત્ર કર્મકાંડી પુરોહિતો સિવાય બાકીના સમાજને ખાસ સ્પર્શતું નથી. બ્રાહ્મણ ધર્મના અધિકારવાદનું આમાં મૂળ છે અને 'સ્વાહા...સ્વાહા' કરતાં જ જીવન પૂરું કરવું જોઈએ તેવા કર્મવાદનું તે આગ્રહી છે. 'याज्जीवेत अग्निहोत्रम् जुहुयात्' અર્થાત્ જ્યાં સુધી જીવો ત્યાં સુધી રોજ અગ્નિહોત્ર કર્યા જ કરો.

મીમાંસાશાસ્ત્રના કર્તા મહર્ષિ જૈમિનિ છે પરંતુ પ્રવર્તક નહીં. ક્લેવરની દૃષ્ટિએ આ દર્શન સહુથી મોટું છે. તેનું વિશાળ કદ સોળ અધ્યાયોમાં વહેંચાયેલું છે. જેમાં પ્રથમ ૧૨ અધ્યાય 'દ્વાદશલક્ષણી'ના નામથી અને અંતિમ ૪ અધ્યાય 'સંકર્ષણ કાંડ'ના નામથી પ્રખ્યાત છે. 'उदति होतव्यम्, अनुदति होतव्यम'. હોમના વિષયમાં કૌષીતકી બ્રાહ્મણ પ્રશ્ન ઉઠાવીને તેના સમીક્ષકજનોને નિર્દેશ કરે છે. 'મીમાંસતે' ક્રિયાપદ અને 'મીમાંસા' સંજ્ઞાપદ– બન્નેનો પ્રયોગ બ્રાહ્મણ તથા ઉપનિષદ ગ્રંથોમાં મળે છે. તેથી મીમાંસા દર્શનની ઉત્પત્તિ પ્રાચીન કાળથી સિદ્ધ થઈ ગયેલી પ્રતીત થાય છે.

**કર્મકાંડનો સિદ્ધાંત**

દર્શન ઉપર ધર્મ પ્રતિષ્ઠિત રહે છે. વૈદિક કર્મકાંડ પોતાની સત્તા અને સ્થિતિ ટકાવી રાખવા ક્યારેક સિદ્ધાંતોને માન્યતા આપે છે. આત્માના અમરત્વની ભાવના એવી જ છે. મૃત્યુની પછી પણ આત્મા વિદ્યમાન રહે છે અને પોતે કરેલા શુભ કર્મોનું ફળ સ્વર્ગમાં ભોગવે છે. કર્મના ફળને સુરક્ષિત રાખવાવાળી શક્તિમાં વિશ્વાસ, બીજો માન્ય સિદ્ધાંત છે. વેદ વિદ્યાને સનાતન માની અપૌરુષેય કહી છે. વેદ રચનાનો સમય અજ્ઞાત છે. પણ જગત વસ્તુતઃ સત્ય છે. આ તથ્યમાં પૂર્ણ વિશ્વાસ તથા માનવ જીવનને માર્મિક નહીં માનીને નિતાન્ત સત્ય-યથાર્થ માનવો એવો સિદ્ધાંત છે જેના ઉપર કર્મકાંડનો પૂરો મહેલ ઊભો છે.

મીમાંસકો ઈશ્વર વિષે અસ્પષ્ટ છે અર્થાત્ ઈશ્વર છે જ તેવો તેમનો આગ્રહ જણાતો નથી. બહુદેવવાદના તેઓ સંરક્ષકો છે. જુદાં જુદાં દેવો, ગ્રહો, યક્ષો, રાક્ષસો, ભૂત પ્રેતો, વગેરેને વિવિધ કર્મકાંડ દ્વારા પ્રસન્ન કરવાં, તેઓને બલિ આપવા અને તેમની નડતર દૂર કરવી એ વાતમાં તેઓ માને છે. તેત્રીસ કરોડ દેવો હોવાની હિંદુ સમાજમાં જે માન્યતા છે તે મૂળમાં મીમાંસકોએ જગાડેલી છે. પ્રત્યેક વિશેષ દેવ વિશેષ કાર્ય કરવાનું સામર્થ્ય ધરાવે છે અને કોઈ વિશેષ કાર્ય પૂરું કરવા તે તે દેવની અમુક વિધિઓ દ્વારા ઉપાસના કરી તેને પ્રસન્ન કરવાની રીતો તેમણે બતાવી છે. કર્મ વિચારણામાં વૈદિક મતે યજ્ઞ કર્મમાં તેના ફળ માટે પ્રથમ દેવની અપેક્ષા હતી. પણ પછી તો એ દેવતાઓને મંત્રમયી સ્વીકારવામાં આવ્યા. અને તેથી કર્મનું ફળ વાસ્તવિક દેવતાને આધીન ન રહ્યું પણ મંત્રને આધીન રહ્યું આથી મંત્રના જ્ઞાતાનું મહત્ત્વ વધ્યું અને તેઓ જ સર્વ શક્તિમાન મનાવા લાગ્યા. આમ મીમાંસકો એકેશ્વરવાદી ન રહેતા બહુ દેવવાદી બન્યા. તેથી યજ્ઞો પુરોહિતના આશ્રય કે સહાય વગર થાય નહીં. તેઓએ અનેક મંદિરો–પૂજા આદિ ભક્તિ નિમિત્તે ઉભાં કર્યાં. તેમાં બિરાજમાન ભગવાન ભક્તની ભક્તિથી પ્રસન્ન થાય અને અભક્તિથી નારાજ થાય. ઈશ્વર બીજાનું કલ્યાણ કરવા કે તેને દંડ દેવા શક્તિમાન છે. તેમના આશીર્વાદ સિવાય કશું થાય નહીં એ વિશ્વાસ લોકોમાં જગાવ્યો. આજે ધર્માચરણમાં યજ્ઞોના અનુષ્ઠાનમાંથી હિંસા લગભગ

નિરસ્ત થઈ ગઈ છે.

ઉપર જોયું તેમ મીમાંસાશાસ્ત્ર કર્મવાદી શાસ્ત્ર છે. કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે એ વાતને તેઓ ચોક્કસપણે માને છે. તેઓ માને છે કે કર્મ થાય તેવું અદષ્ટ બને છે અને અદષ્ટ સમય આવ્યે ફળ આપે છે. આચાર્ય બાદરાયણ ઈશ્વરને કર્મના ફલદાતા માને છે, પરંતુ આચાર્ય જેમિની, જે મીમાંસા દર્શનના આદિ આચાર્ય છે તે કર્મને જ ફલદાતા માને છે-યજ્ઞથી જ તત્કાલ ફળની ઉત્પત્તિ થાય છે. અનુષ્ઠાન અને ફળના સમયમાં વ્યવધાન દૃષ્ટિગોચર થાય છે. કર્મનું અનુષ્ઠાન આજ થઈ રહ્યું છે પણ તેના સ્વર્ગાદિની પ્રાપ્તિ કાલાન્તરમાં સમ્પન્ન થાય છે. આ વૈષમ્યને દૂર કરવા માટે મીમાંસા દર્શનમાં 'અપૂર્વ' નામનો સિદ્ધાંત પ્રતિપાદિત છે. કર્મથી ઉત્પન્ન થાય છે અપૂર્વ (પુણ્ય અથવા અપુણ્ય) અને અપૂર્વથી ઉત્પન્ન થાય છે ફળ. આ પ્રમાણે અપૂર્વ જ કર્મ અને કર્મફળને બાંધવાવાળી શ્રૃંખલા છે. વેદ નિત્ય છે અને તેને સિદ્ધ કરવા માટે મીમાંસાએ અનેક યુક્તિઓ આપી છે. તેથી જ ફળ નિયામક ઈશ્વર હોવાની તેમને જરૂર લાગતી નથી. કર્મનું ફળ સુખ હોય અથવા દુઃખ હોય. વેદવિહિત (મીમાંસકોની દૃષ્ટિ પ્રમાણે) કર્મ સુખ આપે અને વેદનિષિદ્ધ કર્મ તે પાપ છે અને દુઃખ આપે. સુખ ભોગવવાના સ્થળનું નામ સ્વર્ગ અને દુઃખ વિશેષ ભોગવવાનું સ્થળ તે નર્ક. આના પણ સાત પ્રકાર પાડવામાં આવ્યા છે, જેમાં સામાન્ય, મધ્યમ, તીવ્ર, અતિતીવ્ર સુખદુઃખ ભોગવી શકાય છે. આમ મીમાંસકોના મતે આ લોક સિવાય પણ સ્વર્ગ, નર્ક જેવા પરલોક છે; પણ મોક્ષ જેવી કોઈ વસ્તુ જ નથી. તેઓ માને છે કે કોઈ પણ આત્માનો કદી પણ મોક્ષ થતો નથી. કારણકે જે આત્માઓ સ્વર્ગાદિમાં જાય છે તે તેમના કર્મના કારણે જ જાય છે. કર્મનું ફળ અનંત હોઈ શકે જ નહિ–લાંબા સમય પછી પણ ફળ પૂરું તો થાય જ. ફળ ભોગ પૂર્ણ થયા પછી જીવાત્મા પાછો અન્ય ભોજ્ય કર્મો પ્રમાણે જન્મ ધારણ કરતો રહે. આમ મીમાંસકોના મતે કોઈપણ જીવાત્માનો કાયમના માટે મોક્ષ થતો નથી. સ્વર્ગાદિમાં અમુક સમય પુરતું જ જવાય છે. મીમાંસકોએ તો માત્ર કર્મવાદના કારણે જ મોક્ષને માન્યો નથી.

કર્મ અને જ્ઞાનના વિષયમાં કર્મ મીમાંસા અને વેદાન્તે વિભિન્ન દૃષ્ટિકોણ અપનાવ્યો છે. વેદાન્ત અનુસાર કર્મ ત્યાગ પછી જ આત્મા જ્ઞાનની પ્રાપ્તિનો અધિકારી થાય છે. કર્મથી કેવળ ચિત્ત-શુદ્ધિ થાય છે. મોક્ષની પ્રાપ્તિ તો જ્ઞાન દ્વારા જ થાય છે, પરંતુ કર્મ મીમાંસા અનુસાર 'कुर्वनेवेह कर्माणजिजिविषिच्छतं समा' મંત્રોનું કુળ મુમુક્ષુ જનોએ પણ કરવું જોઈએ. પરંતુ કર્મ અને તેના ફળની ચર્ચા અત્યંત ગૌણ હતી, એટલે જ કર્મ સિદ્ધાંતની ચર્ચા ઉપનિષદ સુધી તો ગુહ્ય વિદ્યા બની રહી. જેની ચર્ચા સહુ સમક્ષ નહીં પણ એકાંતમાં કરવી પડતી. પણ વેદવિહિત કર્મોના અનુષ્ઠાનથી કર્મ બંધન સ્વતઃ સમાપ્ત થઈ જાય છે. તેથી કર્મોનું અનુષ્ઠાન અભિષ્ટ છે. કર્મનો પરિત્યાગ નહીં. મીમાંસાનો આ નિશ્ચિત મત છે. આમ વૈદિક દર્શનનો મુખ્ય પ્રાણ મીમાંસા દર્શન છે.

મીમાંસકો સંન્યાસને પણ આવશ્યક માનતા નથી. સંન્યાસ જ્ઞાન માટે છે અને જ્ઞાન મોક્ષ માટે છે. આ બંને વાતો તેમને નિરર્થક લાગે છે. તેઓ કહે છે કે શાસ્ત્રમાં એટલે વેદોમાં જે વિધિ-નિષેધાત્મક વાક્યો છે તેટલા જ પ્રમાણભૂત વાક્યો છે. બાકીના (વિધિ-નિષેધ વિનાનાં) જે છે તે માત્ર અર્થવાદ છે, તેની વિશેષ મહત્તા નથી. ખૂબીની વાત તો એ છે કે વેદાન્તીઓ જેને મહાવાક્ય તરીકે માને છે તેવા વાક્યો મીમાંસકોના મતે માત્ર અર્થવાદ છે અને મીમાંસકો જેને પ્રમાણભૂત વાક્યો માને છે તેને વેદાન્તીઓ અજ્ઞાનીઓ માટેના અંતઃકરણની શુદ્ધિ માટેનાં વાક્યો માને છે.

આમ પૂરું જીવન અગ્નિહોત્રાદિમાં વ્યતીત કરવાનું હોવાથી અને સંન્યાસમાં અગ્નિહોત્રાદિ કર્મ થતાં ના હોવાથી મીમાંસકો સંન્યાસનો સ્વીકાર કરતાં નથી. ગૃહસ્થાશ્રમી રહીને સ્વર્ગ પ્રાપ્તિ માટે યજન કરતા જ રહેવું જોઈએ. સ્વર્ગ જ પરમ પુરુષાર્થ છે એમ તેઓ માને છે.

મીમાંસાનો વિષય ધર્મનું વિવેચન છે. 'धर्माख्यम विषयं मीमासाया: प्रयोजनम' (શ્લોકવાર્તિક શ્લોક ૧૧). વેદના વિરોધીઓના પ્રબળ પ્રહારોથી બચાવવું, એ જ મીમાંસકોનું મુખ્ય કાર્ય રહ્યું છે. પોતાના સિદ્ધાંતોની રક્ષા કરવા માટે તથા તેની પ્રમાણિકતા બતાવવા માટે મીમાંસકોએ પોતાના માટે એક નવીન પ્રમાણશાસ્ત્ર બનાવી રાખ્યું છે જે ન્યાયના પ્રમાણશાસ્ત્રથીય અનેક બાબતોમાં વિલક્ષણ તેમજ સ્વતંત્ર છે. એના પ્રતિષ્ઠાયક તથા વ્યાખ્યાતા આચાર્યોની એક દીર્ઘ પરમ્પરા છે. મીમાંસાનું પ્રાચીન નામ 'ન્યાય' છે. મીમાંસક લોકો જ પ્રથમ નૈયાયિક છે.–તર્ક દ્વારા વિષયનો નિર્ણય કરવાવાળું દાર્શનિક.

મીમાંસા દર્શનની ત્રણ ધારાઓ માનવામાં આવે છે. ત્રણે પ્રવર્તકોના નામ છેઃ કુમારિકલ ભટ્ટ, પ્રભાકર મિશ્ર અને મુરારિ.

**કુમારિલ ભટ્ટ**

કુમારિલ ભટ્ટનું નામ મીમાંસાના ઇતિહાસમાં મૌલિક સૂઝ, વિશદ વ્યાખ્યા તથા અલૌકિક પ્રતિભાના કારણે હંમેશ માટે સ્મરણીય રહેશે. આદ્ય શંકરાચાર્ય પહેલા કુમારિલ ભટ્ટે જૈન અને બૌદ્ધો સામે વિરોધનો ઝંડો ફરકાવેલો અને બૌદ્ધોને સખ્ત પરાજય આપી વૈદિક ધર્મની મર્યાદાનું સંરક્ષણ કર્યું. કુમારિલ ભટ્ટની જે વ્યવહારિત માન્યતાઓ છે તેને વેદાન્તીઓ પણ લગભગ સ્વીકારે છે. 'व्यवहारे भाट्टनय:' તેમના શાબર ભાષ્ય પર વૃત્તિરૂપ ત્રણ ગ્રંથો પ્રખ્યાત છે (૧) કારિકાબદ્ધ વિપુલકાય 'શ્લોકવાર્તિક'; (૨) ગદ્યાત્મક 'તંત્રવાર્તિક'; (૩) ટુપ્ટીકા. પાંડિત્યની દૃષ્ટિથી પ્રથમ બંને વાર્તિક અસાધારણ વિદ્વત્તાના પરિચાયક છે જેમાં બૌદ્ધોના સિદ્ધાંતોનું માર્મિક ખંડન અને વેદ ધર્મના તથ્યોનું માર્મિક મંડન છે. સમય સાતમી સદીનો અંત (૬૫૦-૭૨૫ ઈ.).

કુમારિલ ભટ્ટ મૈથિલી બ્રાહ્મણ હતા. મીમાંસા વિદ્વાન અસામમાંથી બન્યા અને કુમારિલ ભટ્ટા તરીકે ઓળખાયા. એક માન્યતા પ્રમાણે ભટ્ટ નાલંદામાં બુદ્ધવાદ ભણવા એટલા માટે ગયા હતા કે બુદ્ધના

સિદ્ધાંતોનો વેદના ધાર્મિક કર્મકાંડના સિદ્ધાંતો દ્વારા વિરોધ કરી શકે. અને કહેવાય છે કે તેમણે ત્યાં જઈ ત્યાંના શિક્ષક ધરમકીર્તિ સામે વિરોધ કર્યો અને વેદિક કર્મકાંડનું મહત્ત્વ બતાવ્યું. કહેવાય છે કે તેમને મહાવિદ્યાલયના ટાવર પરથી ફેંકી દેવામાં આવ્યા. પણ તેમને આંખમાં ઈજા થઈ અને બચી ગયા.

બીજી માન્યતા પ્રમાણે તેમને કહેવામાં આવ્યું કે તમને જો વેદમાં શ્રદ્ધા છે તો એ બતાવવા વેદનું શરણું લઈ નામ બોલતાં બોલતાં ડુંગર પરથી કુદકો મારો. તમને કંઈ પણ ઈજા નહીં થાય. તેમણે કુદકો મારી બતાવ્યો. જરાપણ ખરચ ન આવી પણ તેમની એક આંખમાં ઈજા થઈ.

આ પછી તેમણે નાલંદા છોડ્યું અને પ્રયાગ (આજના અલ્હાબાદ) માં ઠરીઠામ થયા. ભટ્ટ ઘણાં રાજ્યોમાં ફર્યા અને બુદ્ધના પંડિતો સાથે ધર્મની બાબતમાં ખૂબ ચર્ચાઓ કરી. જે કોઈ ચર્ચામાં જીતી જાય, તો તે રાજ્યના રાજાએ તથા પ્રજાએ એ ધર્મનો સ્વીકાર કરવો પડે.

કહેવાય છે કે ભટ્ટનું મૃત્યુ વારાણસીમાં તેમના ૮૦મા વર્ષે થયું.

**પ્રભાકર મિશ્ર**

ગુરુમતના સંસ્થાપક પ્રભાકર મિશ્રનો કાળ તથા વ્યક્તિત્વના વિષયમાં આલોચકોમાં એક મત નથી. કેટલાંક તેને કુમારિલના શિષ્ય માને છે, પણ અન્ય આલોચક એને નવીન સંપ્રદાયના સંસ્થાપકના રૂપમાં કુમારિલથી પ્રાચીન માને છે. ભાટ્ટમત તથા ગુરુમતમાં સિદ્ધાંત અનેક મૌલિક મળી આવે છે. એમણે શાબર ભાષ્ય પર બે ટીકાઓ લખી છે - (૧) બૃહતી (બીજું નામ 'નિબંધન') તથા લધ્વી (બીજું નામ 'વિવરણ'). આ બન્નેમાં 'બૃહતી' પ્રકાશિત છે, 'લધ્વી' આજ સુધી પ્રકાશિત નથી થયું. એમની વ્યાખ્યા સરળ, સુબોધ તથા ભાષ્યાનુંસારિણી છે. કુમારિલની જેમ ભાષ્યની વિષય આલોચના અહીંયાં નથી.

**મુરારિ મિશ્ર**

'મુરારેસ્તૃતીય પન્થાઃ' મુરારિ મિશ્રને મીમાંસાના ત્રીજા સંપ્રદાયના પ્રવર્તક હોવાનું અલૌકિક ગૌરવ પ્રાપ્ત થયું છે. મુરારિએ ભવનાથ (૧૦ શતક)ના મતનું ખંડન કર્યું છે તથા પ્રખ્યાત ગંગેશ ઉપાધ્યાય અને તેનો આત્મજ વર્ધમાન ઉપાધ્યાય દ્વારા ઉધ્ધૃત કર્યા છે. આમ એમનો સમય ૧૨મી શતાબ્દીનો પ્રતીત થાય છે. એમના ગ્રંથો લુપ્તપ્રાય છે.

**મીમાંસક અચારમીમાંસા**

આપણે ઉપર જોયું તેમ મીમાંસા દર્શનનો પ્રધાન ઉદ્દેશ્ય ધર્મની વ્યાખ્યા કરવાનો છે. જૈમીનીએ ધર્મનું લક્ષણ આપ્યું છે. 'ચોદનાલક્ષણોઽઅર્થોં ધર્મઃ।' 'ચોદના' દ્વારા લિખિત અર્થ ધર્મ કહેવાય છે. ચોદનાનો અર્થ છે–ક્રિયાનું પ્રવર્તક વચન, અર્થાત્ વેદનું વિધિ વાક્ય. ચોદના ભૂત, ભવિષ્ય, વર્તમાન, સૂક્ષ્મ, વ્યવહિત અથવા વિપરીત પદાર્થોને બતાવવામાં જેટલું સામર્થ્ય છે તેટલું સામર્થ્ય ન તો ઈન્દ્રિયોમાં છે ના કોઈ અન્ય પદાર્થમાં. મીમાંસકોની માનવીય સંમતિમાં ભગવતી શ્રુતિનું તાત્પર્ય ક્રિયા પ્રેરક છે. વિધિનું પ્રતિપાદન જ વેદવાક્યોનું મુખ્ય તાત્પર્ય છે. તેથી જ્ઞાનપ્રતિપાદક વાક્ય ક્રિયાની સ્તુતિ અથવા નિષેધનું પ્રતિપાદન કરવાનું કારણ પરંપરાગત ક્રિયાકારક છે. તેને સામાન્યતઃ 'અર્થવાદ' કહે છે. એટલે કોઈ પ્રયોજનના ઉદ્દેશ્યથી વેદ દ્વારા વિહિત યાગાદિ અર્થ 'ધર્મ' કહેવાય છે. આ અર્થોનું વિધિવત્ અનુષ્ઠાન કરવાથી પુરુષને નિઃસંદેહ દુઃખોથી નિવૃત્તિ કરવાવાળી સ્વર્ગની ઉપલબ્ધિ મળે છે. યથા 'સ્વર્ગકામો યજેત' (સ્વર્ગની કામનાવાળા પુરુષ યજ્ઞ કરે). આ વાક્યમાં 'યજેત' ક્રિયાપદ દ્વારા 'ભાવના' શબ્દની ઉત્પત્તિ મનાય છે.

વેદવિહિત કર્મોના ફળોના વિષયમાં મીમાંસકોમાં બે મત પ્રવર્તે છે. એ ખરું જ છે કે દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ પ્રત્યેક પ્રાણીનું લક્ષ્ય હોય છે. પ્રાણીઓની કર્મવિશેષ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ ત્યારે થાય છે જ્યારે તેનાથી કોઈ ઈષ્ટ, અભિલક્ષિત પદાર્થ સિદ્ધ થવાનું જ્ઞાન થાય છે. આમ કુમારિલની દૃષ્ટિએ ધાર્મિક કૃત્યોનું અનુષ્ઠાન 'ઈષ્ટસાધનતાજ્ઞાન' કારણ છે. પરંતુ પ્રભાકર 'કાર્યતાજ્ઞાન'ને કારણ તરીકે અપનાવે છે. અર્થાત્ વેદવિહિત કૃત્યોનું અનુઠાન કર્તવ્યબુદ્ધિથી કરવું જોઈએ એનાથી ન સુખ પામવાની આશા રાખે, ન અન્ય ફળ પામવાની ચાહ રાખે. કુમારિલનું કથન છે કે કામના કર્મ વિશેષ ઈચ્છાની સિદ્ધિ માટે કરવામાં આવે છે, પણ પ્રભાકરનો મત છે કે કામના કર્મમાં કામનાનો નિર્દેશ સાચ્ચા અધિકારીની પરીક્ષા કરવા માટે છે. આવી કામના કરવાવાળો પુરુષ એ કર્મનો સાચો અધિકારી સિદ્ધ થાય છે.

કુમારિલ ભટ્ટ અને પ્રભાકર મિશ્ર, એ બંનેના નિત્ય કર્મ વિષયમાં મત મતાંતર એકદમ સ્પષ્ટ છે. કુમારિલના મતમાં નિત્યકર્મ (જેમ સંધ્યા વંદન આદિ)ના અનુષ્ઠાનથી પાપનો નાશ થાય છે, અને અનુષ્ઠાનના અભાવમાં પાપ ઉત્પન્ન થાય છે, પરંતુ પ્રભાકરની સંમતિમાં નિત્યકર્મોનું અનુષ્ઠાન વેદવિહિત હોવાને કારણે જ કર્તવ્ય છે. વેદની અનુલંઘનીય આજ્ઞા છે કે 'અહરહઃ સંધ્યામુપાસિત' એટલે કે દિન પ્રતિદિન સંધ્યાની ઉપાસના કરવી જોઈએ. આ ઉદ્દેશ્યથી, કર્તવ્ય કર્મની કરવાની દૃષ્ટિથી આ કૃત્યોનું સંપાદન કરવું જોઈએ. નિષ્કામ-કર્મ-યોગની દૃષ્ટિએ કાર્યો કરવા પાછળની ભાવના નિસ્પૃહતાથી થાય તે પ્રભાકરને માનનીય છે.

**કર્મના પ્રકાર**

વેદ પ્રતિપાધ્ય કર્મ ત્રણ પ્રકારનું છે-(ક) કામ્ય-કોઈ કામના વિશેષ માટે કરવાનું કાર્ય જેમ કે, 'સ્વર્ગકામો યજેત'; (ખ) પ્રતિષિદ્ધ–અનર્થ ઉત્પાદક હોવાથી નિષિદ્ધ જેમ કે, (ઝેરથી ભરેલાં શસ્ત્રોથી મરેલા પશુનું માંસ નહીં ખાવું જોઈએ); નિત્ય નૈમિત્તિક–અહેતુક કરણીય કર્મ, જેમ સંધ્યા વંદન નિત્યકર્મ છે અને અવસર વિશેષ પર અનુષ્ઠેય શ્રદ્ધાદિ કર્મ નૈમિત્તિક. અનુષ્ઠાન કરતાં જ ફળની નિષ્પત્તિ જલ્દી નથી મળતી, કાલાન્તરમાં મળે છે. હવે સવાલ એ થાય છે કે ફળ-કાળમાં કર્મના અભાવમાં એ ફળ કેવા પ્રકારનું હોય

છે? મીમાંસકોનું કહેવું છે કે 'અપૂર્વ'થી. દરેક કર્મોમાં અપૂર્વ (પુણ્યાપુણ્ય) ઉત્પન્ન કરવાની શક્તિ હોય છે. કર્મથી થાય છે અપૂર્વ અને અપૂર્વથી ફળ થાય છે. 'અપૂર્વ' કલ્પના મીમાંસકોની કર્મ વિષયક એક મૌલિક કલ્પના મનાય છે.

કર્મ મીમાંસાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે વેદ દ્વારા પ્રતિપાદિત અભિષ્ટ સાધક કર્મોમાં લાગ્યો રહે અને પોતાનું વાસ્તવિક કલ્યાણ સંપાદન કરતો રહે. યજ્ઞ યાગાદીમાં કોઈ દેવતા વિશેષ (જેમ કે ઈન્દ્ર, વિષ્ણુ, વરૂણ આદિ) ને લક્ષ્ય કરીને આહુતિ દેવાય છે. વેદમાં આ દેવોના સ્વરૂપનું પૂરું વર્ણન મળી આવે છે. પરંતુ મીમાંસાને મતે દેવતા સંપ્રદાનકારક સૂચક પદમાત્ર જ છે. એનાથી વધીને એની કોઈ સ્થિતિ નથી. દેવતા મંત્રાત્મક હોય છે અને દેવતાઓની પૃથક સત્તા આ મંત્રોને છોડીને અલગ નથી હોતી, જેના દ્વારા તેમના માટે હોમનું વિધાન છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે વૈદિક કર્મનું અનુષ્ઠાન શા માટે કરવું જોઈએ? સામાન્ય મત એ છે કે કોઈ કામનાની સિદ્ધિ માટે, પણ વિશેષ મત એ છે કે કોઈ પણ કામના વગર જ આપણે વૈદિક કર્મોનું અનુષ્ઠાન કરવું જોઈએ. ઋષિઓને દીવ્ય ચક્ષુઓથી દેખાતું વૈદિક મંત્રોમાં ગૂઢ રહેલો ધર્મ લોકોના કલ્યાણ માટે છે. તેથી લોકોએ કોઈપણ અનુષ્ઠાન સિદ્ધિના પ્રયોજન વગર સ્વયં કરતાં જ રહેવું જોઈએ. આ પ્રકારે નિષ્કામ કર્મ અનુષ્ઠાનની શિક્ષા દેવી તે મીમાંસાના કર્તવ્યશાસ્ત્રનો ચરમ ઉદ્દેશ્ય છે. જર્મન તત્ત્વજ્ઞ કાંટ પણ કર્તવ્યના વિષયમાં મીમાંસા મતની સમાન જ મત રાખે છે. એનું કહેવાનું છે કે પ્રાણીઓએ કર્તવ્યનું સંપાદન સ્વાર્થ બુદ્ધિથી નહીં કરીને નિરપેક્ષ બુદ્ધિથી કરવું જોઈએ. આ બંનેમાં થોડું અંતર છે. જ્યાં કાંટના મતમાં કર્મના ફળનો દાતા ઈશ્વર છે, ત્યાં મીમાંસક કર્મમાં જ ફળ દેવાની યોગ્યતા છે એમ માને છે. કાંટની દૃષ્ટિએ ઈશ્વર જ માનવને કર્તવ્ય કરવા માટે પ્રેરિત કરે છે, પરંતુ મીમાંસામાં કર્તવ્યનો મૂળ સ્રોત અપૌરુષેય વેદ જ છે. એ જ લોકોને નિષ્કામ કર્મ કરવાનો આદેશ આપે છે અને આપણે તેની આજ્ઞાનું પાલન કર્તવ્ય બુદ્ધિથી કરવું જોઈએ.

આ દાર્શનિક વિવેચનના અનુશીલનમાં મીમાંસાની દાર્શનિકતામાં કોઈ પ્રકારનો સંદેહ નથી રહેતો. મીમાંસાનો મુખ્ય અભિપ્રાય યજ્ઞ યાગાદિ વૈદિક અનુષ્ઠાનોની તાત્ત્વિક વિવેચના છે, પણ આ વિવેચનની ઉત્પત્તિ માટે એણે જ સિદ્ધાન્તોને શોધી કાઢ્યા છે તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. મીમાંસકોએ અનેક મૌલિક સિદ્ધાંતોનું વર્ણન કર્યું છે, જેનો ઉપયોગ સ્મૃતિ ગ્રંથોના અર્થ નિર્ણય કરવામાં કરાય છે. સ્મૃતિઓનું ક્ષેત્ર વિશાળ છે તથા એમાં નાના પ્રકારના વિરોધસૂચક સિદ્ધાંત ઊભા થાય છે. દેખાવમાં આ વિરોધ ખૂબ જ માર્મિક પ્રતીત થાય છે, પરંતુ મીમાંસાની વ્યાખ્યા શૈલીનો ઉપયોગ કરવાથી આ વિરોધોનો પરિહાર સારી રીતે થઈ શકે છે. એટલે સ્મૃતિના મર્મજ્ઞાન માટે 'કર્મ મીમાંસા'નો ઉપયોગ ખૂબ જ કરાય છે. તેથી જ મીમાંસાનું અનુશીલન નિઃસંદેહ વૈદિક ધર્મની જાણકારી માટે અત્યંત આવશ્યક છે. કુમારિલનું આ કથન યથાર્થ છે-'धर्माख्यं वाषियं वस्तु मीमांसायाः पर्योजनम्:'।।

✷ ✷ ✷

૨૦૨, સોમ ટાવર,
ચીકુવાડી,
ગુલમોહર સોસાયટી,
બોરીવલી (વે.),
મુંબઈ-૪૦૦ ૦૯૨.
સેલ નં. : ૯૮૧૯૭૨૦૩૯૮.
ઈમેલ : hansajainology@gmail.com.

## ઈશ્વર કે કર્મ – મોટું કોણ?

એકવાર વિષ્ણુ ભગવાન અને લક્ષ્મીજી પૃથ્વીની પરિક્રમા કરવા નીકળ્યા. ફરતાં ફરતાં એક નગરના પાદરે આવ્યા ત્યારે તેમણે રસ્તામાં એક ગરીબ કઠિયારાને જોયો. આ કઠિયારો વિષ્ણુ ભગવાનનો ભક્ત હતો. રોજ સવારે પૂજા-પાઠ કરે, વિષ્ણુ ભગવાનની સ્તુતિ આદિ કરીને પછી જ પોતાનું કામ શરૂ કરતો હતો. ત્યારે લક્ષ્મીજીને આ ગરીબ કઠિયારા ઉપર દયા આવી. તેમણે વિષ્ણુ ભગવાનને કહ્યું કે, આ તો તમારો ભક્ત છે, તો શું તમારા ભક્તની આવી દશા! ત્યારે વિષ્ણુ ભગવાન મલક મલક હસવા લાગ્યા. પરંતુ લક્ષ્મીજી તેનો મર્મ સમજી શક્યા નહિ. તેમણે તો વિષ્ણુ ભગવાનને કઠિયારાને મદદ કરવાનું સૂચન કર્યું. ભગવાન પણ લક્ષ્મીજીની ઈચ્છાનો અનાદર કરી શક્યા નહિ. આથી વિષ્ણુ ભગવાને એક રત્નની પોટલી કઠિયારો જતો હતો એ રસ્તા પર મૂકી દીધી. પરંતુ એ જ વખતે કઠિયારાને કુબુદ્ધિ સૂઝી, વિચાર્યું લાવ જોઉં કે જો હું આંધળો હોત તો મને રસ્તો દેખાય છે કે નહિ? આમ વિચારી આંખો બંધ કરી ચાલવા લાગ્યો અને રત્નોની પોટલી રસ્તામાં હોવા છતાં તેને મળી નહિ.

બીજે દિવસે ફરી વિષ્ણુ ભગવાને કઠિયારો જે ઝાડ કાપતો હતો તે ઝાડને ચંદનનું ઝાડ બનાવી દીધું. કઠિયારો તો લાકડા કાપી તેનો ભારો બનાવી બજારમાં આવ્યો પણ તે દિવસે તેનો ભારો વેચાયો નહિ. લાકડાનો ભારો લઈ ઘરે આવ્યો. ઘરે બીજા લાકડાં હતાં નહિ આથી રસોઈ કરવા માટે તે જ લાકડાં બાળી નાખ્યાં. આમ બીજો દિવસ પણ નકામો ગયો.

લક્ષ્મીજીના આગ્રહથી વિષ્ણુ ભગવાને એક મોકો વધુ આપ્યો. તેમણે એક પારસમણિ કઠિયારાને આપ્યો. કઠિયારો તો ખુશ ખુશ થઈ ગયો. લાકડાં કાપવાનું કામ બાજુ ઉપર મૂકી ઝાડ નીચે સૂઈ ગયો. પરંતુ ઝાડ ઉપર બેઠેલો કાગડો કા...કા... કરી તેની ઊંઘ બગાડતો હતો. આથી ચીડાઈને કઠિયારાએ તે કાગડાને હાથથી ઊડાડવાનો પ્રયત્ન કર્યો પણ કાગડો ઊડ્યો નહિ ત્યારે તેણે ભગવાને આપેલ પેલો પારસમણિ તેની પાસે હતો તેનો જ છૂટો ઘા કર્યો. કાગડો તો ઊડી ગયો પરંતુ પારસમણિ ક્યાં પડ્યો તે ખબર ન પડી. કઠિયારો પારસણિને આમ તેમ શોધવા લાગ્યો પણ તેને પારસમણિ મળ્યો નહિ. ત્યારે વિષ્ણુ ભગવાને હસતાં હસતાં કહ્યું કે, મેં તો તેને આપ્યું પરંતુ તેના કર્મમાં હતું જ નહિ માટે તેને કાંઈ પણ મળ્યું નહિ.

–સંપાદિકાઓ

# ઈસ્લામ અને કર્મવાદ

☐ ડૉ. મહેબૂબ દેસાઈ

*[ ડૉ. મહેબૂબ દેસાઈ ગુજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગમાં પ્રોફેસર અને અધ્યક્ષ છે. ૫૫ જેટલા ઈતિહાસ, સાહિત્યઅને આધ્યાત્મિક વિષય પરનાં તેમના પુસ્તકો પ્રકાશિત થયેલ છે. શ્રી મુંબઈ યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળાના વક્તા છે. ગુજરાતમાં બિનસાંપ્રદાયિક વિચારક, વક્તા અને લેખક તરીકે જાણીતા છે. ]*

*'કર્મ તેરે અચ્છે હૈ તો, કિસ્મત તેરી દાસી હૈ*
*નિયત તેરી અચ્છી હૈ, તો ઘરમેં મથુરા કાશી હૈ.'*

શાયરીના પ્રથમ મત્લામાં કર્મની વાત છે. સારા કર્મ કરનાર માટે નસીબ તેની દાસી સમાન બની રહે છે. અર્થાત્ તે નસીબનો બળવાન હોય છે. ઈશ્વર તેના પર ખુશ રહે છે. તે ઈશ્વર પાસે જે માગે છે તે પ્રાપ્ત કરે છે. જો કે આ માન્યતા દરેક ધર્મમાં જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે.

દરેક ધર્મમાં કર્મનો સિદ્ધાંત નૈતિક મૂલ્યોના પાયા પર આધારિત છે. સેવાકીય અને સદ્‌કાર્યો તંદુરસ્ત વ્યક્તિ અને સમાજ માટે અનિવાર્ય છે. એટલે જ ઈસ્લામ અને હિંદુ બંને ધર્મમાં કર્મનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. ઈસ્લામમાં માનવીના કર્મના આધારે જ જન્નત અને દોઝખનો વિચાર કુરાને શરીફમાં આપવામાં આવ્યો છે. એ જ રીતે હિંદુધર્મમાં પણ સ્વર્ગ અને નર્કની પરિકલ્પનાના મૂળમાં પણ કર્મનો સિદ્ધાંત પડેલો છે. આ જ વિચારને આધ્યાત્મિક અભિગમથી ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ સમજાવ્યો છે. ગીતાના ૧ થી ૬ અધ્યાયમાં કર્મયોગ તરીકે તેનું વિસ્તૃત આલેખન થયું છે. કર્મના સિદ્ધાંતને સાકાર કરતો જે શ્લોક વિશ્વભરમાં પ્રસિદ્ધ છે તે ગીતાનો, બીજા અધ્યાયનો ૪૭મો શ્લોક છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે.

*'કર્મણ્યેવાધીકારસ્તે મા ફલેષુ કદાચન,*
*મા કર્મફલહેતુર્ભુમા તે સંગોઽસ્ત્વકર્મણી.'*

આ એક શ્લોકમાં શ્રીકૃષ્ણ ચાર બાબતો તરફ નિર્દેશ કરે છે.

૧. કર્મ કરવા તું સ્વતંત્ર છે.

૨. પરંતુ તેનું ફળ ભોગવવા તું પરતંત્ર છે.

૩. ફળનો હેતુ જ લક્ષમાં રાખીને કર્મ ના કરીશ.

૪. તારો અકર્મમાં સંગ ના થશો.

અર્થાત્ ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કર્યે જા. કારણ કે સારા કે ખરાબ કર્મ કરવાનું તારા હાથમાં છે. તેનું ફળ તારા હાથમાં નથી. તને તારા કર્મનું ફળ તારા ફળને અનુરૂપ જ ઈશ્વર આપશે.

ઈસ્લામમાં કર્મને **'આમાલ'** કહેલ છે. કુરાને શરીફમાં વારંવાર **'આમાલનામા'** શબ્દ વપરાયો છે. **'આમાલનામા'**નો અર્થ થાય છે 'કર્મપત્રિકા'. દુનિયામાં આપણે જે કંઈ સારા નરસા કર્મો કરીએ છીએ તેની નોંધ ખુદાને ત્યાં રાખવામાં આવે છે. એ નોંધ મુજબ જ વ્યક્તિના કર્મોનો ઈન્સાફ થાય છે. કુરાને શરીફમાં કહ્યું છે.

'કયામતને દિવસે લોકો જુદી જુદી સ્થિતિમાં કબરોમાંથી નીકળશે અને તેમને દરેકને તેમના આમાલનામા બતાવવામાં આવશે.'

કુરાને શરીફમાં આ વાતને વિસ્તૃત રીતે સમજાવતાં કહેવામાં આવ્યું છે.

'જેનું આમાલનામું તેના જમણા હાથમાં આપવામાં આવશે તે લોકો ખુશ હશે. તેમને જન્નતમાં મનમાની મોજ પ્રાપ્ત થશે. જન્નતના બાગો તેમના માટે ખુલ્લા હશે. તેમાં મીઠા મેવા તેમને આપવામાં આવશે. આ તમામ તેમના સદ્‌કાર્યોનો બદલો છે. જે તેમણે દુનિયામાં કર્યા છે.'

કુરાને શરીફમાં એક અન્ય વાક્યનો પણ વારંવાર ઉલ્લેખ છે. **'અલ્ આમલો બિન્ નિય્યતે'** અર્થાત્

'કર્મનું ફળ તેના સંકલ્પ પર આધારિત છે' અથવા

'સદ્‌કાર્યોનો વિચાર માત્ર પુણ્ય છે.'

દા. ત. મારી પાસે જે થોડાં નાણાં છે તે મારી જરૂરિયાત માટે છે. પણ જો તેની મારે જરૂરત ન હોત અથવા તે મારી જરૂરત કરતાં વધારે હોત તો હું તે જરૂરતમંદને અવશ્ય આપી દેત. આવો વિચાર માત્ર પુણ્ય-સવાબ છે. એ જ રીતે અન્ય એક શબ્દ પણ કુરાને શરીફમાં અનેક વાર વપરાયો છે. તે છે **'ફી સબીલિલ્લાહ'** અર્થાત્ **'ખુદાના માર્ગે કર્મ કર.'**

આમાલ અર્થાત્ કર્મ મુખ્યત્વે કરીને ઈમાન અર્થાત્ વિશ્વાસ સાથે સંકળાયેલ છે. ઈમાન એ ખુદા પરના વિશ્વાસને કહે છે. જેને ખુદામાં વિશ્વાસ છે તેને ખુદાના આમાલ કે સદ્‌કાર્યોના આદેશમાં પણ વિશ્વાસ છે. ખુદાએ દરેક મુસ્લિમને ત્રણ પ્રકારના સદ્‌કાર્યો કરવાનો આદેશ આપ્યો છે. જકાત (ફરજીયાત દાન) અને ખેરાત અને સદકો (મરજિયાત દાન). આ ત્રણે દાનના માર્ગો ઈસ્લામના કર્મવાદના સિદ્ધાંતને સ્પર્શે છે. દરેક મુસ્લિમ ઈસ્લામના પાંચ સ્તંભોને માને છે. ઈમાન, નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જ. આ પાંચે સિદ્ધાંતોને તે ફરજીયાત રીતે અનુસરે છે. ઝકાત તેમાંનો એક સ્તંભ છે. દરેક મુસ્લિમ

**'આમાલનામા'નો અર્થ થાય છે 'કર્મપત્રિકા'**

> **કુરાને શરીફમાં એક વાક્યનો પણ વારંવાર ઉલ્લેખ છે.**
> **'અલ્ આમલો બિન્ નિય્યતે'** અર્થાત્
> *'કર્મનું ફળ તેના સંકલ્પ પર આધારિત છે'*
> *અથવા*
> *'સદ્કાર્યોનો વિચાર માત્ર પુણ્ય છે.'*

માટે તે તે ફરજીયાત છે. પોતાની સ્થાવર જંગમ મિલકતના અઢી ટકા રકમ દરેક મુસ્લિમ દર વર્ષે ગરીબો, અનાથો કે જરૂરતમંદો માટે ફરજીયાત કાઢે છે. તેને ઝકાત કહેવામાં આવે છે. આ સ્તંભ સાથે કર્મવાદનો સિદ્ધાંત સંકળાયેલો છે. ઈસ્લામના કર્મવાદની સૌ પ્રથમ શરત ખુદા પરનું ઈમાન છે. ઈમાન એટલે વિશ્વાસ, શ્રદ્ધા, આસ્થા. જેને ખુદા અને તેના અસ્તિત્વમાં આસ્થા છે, વિશ્વાસ છે, શ્રદ્ધા છે તેને જ તેના સદ્કાર્યોના આદેશમાં વિશ્વાસ છે. સદ્કાર્યોની બીજી કપરી શરત તેની ગુપ્તતા છે. તેમાં દાન કે સદ્કાર્યોની અભિવ્યક્તિને ઝાઝું પ્રાધાન્ય નથી. દાન કે સદ્કાર્યોની અભિવ્યક્તિ કોઈ મુસ્લિમ કરે તો તે ગુનોહ નથી પણ તેનો દેખાડો જરૂરી નથી. કુરાને શરીફમાં કહ્યું છે.

***'તમારા દાનને ઉપકાર જતાવી કે દુ:ખ આપીને વ્યર્થ ન કરો. જે પોતાનો માલ લોકોને દેખાડવા માટે ખર્ચે છે, તેને ખુદા પર વિશ્વાસ નથી. અને અંતિમ ન્યાયના દિવસનો પણ તેને ડર નથી.'***

હઝરત મહંમદ પયગમ્બર સાહેબે ફરમાવ્યું છે.

'તે માણસના ખુદાના પડછાયા નીચે છે, જેણે એટલી ગુપ્તતાથી દાન કર્યું કે તેના ડાબા હાથને પણ તેની જાણ ન થઈ.'

**'જો તમે જાહેરમાં દાન કરો તો તે સારી વાત છે. પણ જો તમે અત્યંત ખાનગીમાં દાન કરો તો તે અતિ ઉત્તમ છે.'**

**'ત્રણ પ્રકારના કૃત્યો તમારા મૃત્યુ પછી પણ તમારી સાથે રહે છે. એ ત્રણમાં પ્રથમ છે વ્યક્તિએ કરેલ દાન-સખાવત. તેનો લાભ મૃત્યુ પછી પણ મળતો રહે છે.'**

ઈસ્લામમાં લાભની પ્રાપ્તિ કે ફળની પ્રાપ્તિ માટે કરેલા દાનને પણ ઝાઝું સ્થાન નથી. એક કરોડપતિ બે લાખનું દાન કરે છે પણ તે બે લાખનું દાન મૂડી રોકાણના હેતુથી કરે અથવા આર્થિક લાભ માટે કરે તો તે એ દાનના અધ્યાત્મિક લાભથી વંચિત રહે છે. અર્થાત્ સદ્કાર્યો બદલાની અપેક્ષા વગર નિજાનંદ માટે કરો. ફળની અપેક્ષાએ કરવામાં આવેલ સદ્કાર્યોનું આધ્યાત્મિક મૂલ્ય અવશ્ય નહીંવત્ હોય છે. કુરાને શરીફમાં આ અંગે કહ્યું છે.

**'અને જે શખ્સ દુનિયામાં પોતાના કર્મોનો બદલો ચાહે છે તેને અમે તેનો બદલો અહિંયા જ આપીએ છીએ. અને જે શખ્સ આખિરતમાં પોતાના કર્મોનો બદલો ઈચ્છે છે, અમે તેને તેનો બદલો ત્યાં જ આપીશું. અને જે લોકો પોતાના કર્મોના બદલા માટે માત્ર અલ્લાહના શુક્રગુઝાર છે, તેમને અમે તેનો તુરત બદલો આપીશું.'**

**'જે કોઈ એક નેકી (સદ્કાર્યો) લાવશે તેને તેથી દસ ગણું મળશે. અને જે કોઈ એક એક બદી (અપકૃત્યો) લાવશે, તેને તેના પ્રમાણમાં સજા મળશે. પણ તેના ઉપર ઝુલ્મ કરવામાં આવશે નહિં.**

**'એ લોકોને એવો જ બદલો આપવામાં આવશે જેવા કામ તેમણે કર્યા હશે.'**

ગીતામાં આજ વાતને વ્યક્ત કરતાં કહેવામાં આવ્યું છે.

'આ લોકમાં કર્મના ફળ ઈચ્છનારાઓ દેવતાઓને પૂજે છે, કેમ કે મનુષ્યલોકમાં કર્મથી ઉત્પન્ન થનારી સિદ્ધિ તરત પ્રાપ્ત થાય છે.'

ઈસ્લામ અને હિન્દુ ધર્મના ઉપરોક્ત આદર્શોને જીવનમાં સાકાર કરનાર મહાનુભાવો બન્ને ધર્મમાં થયા છે. મહંમદ સાહેબે પોતાના સમગ્ર જીવન દરમિયાન સદ્કાર્યોની સુવાસ દ્વારા અરબસ્તાનની જંગલી પ્રજામાં ઈસ્લામનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. એ યુગમાં અરબસ્તાનમાં બાગાયતની જમીન અને મિલકત દુર્લભ ગણાતા. મખૈરિક નામના એક ધનવાને હઝરત મહંમદ સાહેબને પોતાની જમીનમાંથી સાત બગીચા ભેટ આપ્યા. મહંમદ સાહેબે એ તમામ બગીચા **'વકફ'** કરી દીધા. અર્થાત્ તે તમામ બગીચા લોકહિતાર્થે અર્પણ કરી દીધા. અને એ બાગોની તમામ ઉપજ ગરીબો અને હાજતમંદોની ઉન્નતિ માટે ઉપયોગમાં લેવાનો આદેશ કર્યો. **એકવાર મુસાફરીમાં મહંમદ સાહેબના જોડાનો પટ્ટો તૂટી ગયો. એક સહાબીએ કહ્યું, 'લાવો, હું તે સાંધી આપું.'**

આપે ફરમાવ્યું, 'એ તો વ્યક્તિ પૂજા થઈ, તે મને પસંદ નથી.'

મહંમદ સાહેબની વફાત (અવસાન) પછી ઈસ્લામના ચારે ખલીફાઓએ પણ તેમના આવા ઉત્તમ આદર્શોને જીવનમાં સાકાર કર્યા હતા. ઈસ્લામના બીજા ખલીફા હઝરત ઉમરનું જીવન સદ્કાર્યોના બોધ સમાન હતું. લોકોના સુખદુ:ખ જાતે જાણવા રાત્રે શહેરમાં ગુપ્ત વેશે ફરતા. દુષ્કાળમાં લોકોને ભોગવવી પડતી તંગીને ધ્યાનમાં રાખી પોતે પણ ઘી-દૂધનો ત્યાગ કરી સૂકી રોટી ખાતા. ગુલામોને પણ પોતાના જેવું જ ભોજન, વસ્ત્રો અને સવારી આપતા. તેમની સાથે જ ભોજન લેતા. પરધર્મીઓને રાજ્યમાં રક્ષણ આપતા. પોતાના ખર્ચનો બોજો રાજ્ય પર ન નાખતા અને કુરાને શરીફની નકલો કરી પોતાનું ગુજરાન ચલાવતા. આવા સદ્કર્મો જ.

*'કર્મ તેરે અચ્છે હૈ તો, કિસ્મત તેરી દાસી હૈ,*
*નિયત તેરી અચ્છી હૈ, તો ઘરમેં મથુરા કાશી હૈ'*

ઉક્તિને સાચી ઠેરવવા અનિવાર્ય છે.

✶ ✶ ✶

પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. મોબાઈલ : ૦૯૮૨૫૧૧૪૮૪૮
૮, મીતલ કો. હાઉસિંગ સોસાયટી, રોયલ અકબર ટાવરની પાછળ,
સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫

# ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત

□ ડૉ. થોમસ પરમાર

*[ અમદાવાદના પીએચ. ડી.ના ગાઈડ. એમણે ગુજરાતના મંદિરો-સ્થાપત્ય પર પીએચ. ડી. કર્યું છે. એચ. કે. આર્ટ્સ કૉલેજના પૂર્વ પ્રોફેસર, ગુજરાતી વિશ્વકોશ અને જૈન વિશ્વકોશ સાથે સંકળાયેલા, અષ્ટાપદ સંશોધન સમિતિમાં કાર્યરત. એમના ૧૧ પુસ્તકો પ્રકાશિત થયા છે. ]*

પશ્ચિમ એશિયામાં ઉદ્ભવેલા યહૂદી ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ ધર્મ સેમેટીક રીલીજિયન્સ તરીકે ઓળખાય છે. આ ત્રણે ધર્મોની ઘણીખરી માન્યતાઓ અને સિદ્ધાંતો વચ્ચે સામ્ય જોવા મળે છે. આ ત્રણેય સેમેટીક ધર્મો ભારતીય ધર્મો–હિંદુ ધર્મ, જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોથી ઘણાં જુદાં પડે છે. આમાંનો એક સિદ્ધાંત છે કર્મનો સિદ્ધાંત. ભારતીય દાર્શનિક પરંપરામાં કર્મનો સિદ્ધાંત ઘણો અગત્યનો છે. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ તો કર્મપ્રધાન ધર્મ છે. માણસે કર્મ કરવું જ પડે છે અને એ કર્મના ફળ ભોગવવા જ પડે છે. કર્મના ફળ સારાં કે ખોટાં ભોગવવા ફરીથી જન્મ લેવો પડે છે. કર્મના બંધનને કારણે માણસે જન્મ અને મરણના ચકરાવામાં ફરરવું જ પડે છે. આમ કર્મની સાથે પુનર્જન્મની માન્યતા સ્વીકારેલ છે. ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં નિષ્કામ કર્મ પર ભાર મૂકવામાં આવ્યો છે. માણસે ફળની અપેક્ષા રાખ્યા વિના કર્મ કરવું જોઈએ.

ખ્રિસ્તી ધર્મમાં ભારતીય પરંપરા પ્રમાણેનો કર્મનો સિદ્ધાંત પ્રત્યક્ષ સ્વરૂપે જોવા મળતો નથી. ખ્રિસ્તી ધર્મના પવિત્ર ગ્રંથ બાઈબલમાં કર્મ વિશેના અનેક ઉલ્લેખ આવે છે. પણ ત્યાં જન્મ અને મૃત્યુને કર્મ સાથે કોઈ સંબંધ નથી. બાઈબલ અંતર્ગત જૂનો કરાર (Old Testament) અને નવો કરાર (New Testament)માં કર્મ અને તેનાં ફળ વિશે નીચે પ્રમાણેના ઉલ્લેખો જોવા મળે છે.

**કર્મનું મહત્ત્વ**

ખ્રિસ્તી ધર્મમાં કર્મનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. જીવન દરમ્યાન સતત કર્મ કરવાનું જણાવવામાં આવ્યું છે. બાઈબલમાં જણાવ્યું છે કે, 'કામ કરતાં કરતાં ઘરડો થા' (ઉપદેશમાળા, ૧૬:૧૪). ઈશાવસ્ય ઉપનિષદનો મંત્ર कुर्वन्न पेट कर्माणि जिजिविशेत शतम् समाः (માણસે કર્મ કરતાં કરતાં સો વર્ષ જીવવાની આશા રાખવી જોઈએ.)ને બાઈબલનું આ વાક્ય પ્રતિબિંબિત કરતું જણાય છે. માણસે કર્મ કરવું જોઈએ એટલું પૂરતું નથી, તેણે તેના કર્મોનું પરીક્ષણ પણ કરવું જોઈએ તેવો આગ્રહ રાખવામાં આવ્યો છે. આ માટે બાઈબલમાં વિધાન છે કે, 'દરેક માણસે પોતાના કર્મોનું પરીક્ષણ કરવું; તો તે પોતાની યોગ્યતા જોરે ગૌરવ લઈ શકશે.' આવી પડેલા કર્તવ્યો નિષ્ઠાપૂર્વક અને કોઈપણ પ્રકારની ફરિયાદ વિના બજાવવા જોઈએ. એમ કરવાથી ઈશ્વરના નિષ્કલંક સંતાન બની શકાય છે અને જીવનનો સંદેશ વિશ્વમાં પ્રસારી શકાય છે. આ અંગે બાઈબલ જણાવે છે કે, 'કોઈપણ જાતના બબડાટ કે આનાકાની વગર બધાં કર્તવ્યો કર્યે જજો, તો જ તમે આ કુટિલ અને આડા લોકો વચ્ચે નિર્દોષ, સરળ અને ઈશ્વરના નિષ્કલંક સંતાન બની રહેશો અને જીવનનો સંદેશ આગળ ધરીને વિશ્વમાં જ્યોતિની જેમ પ્રકાશશો.' (ફિલિપ્પી, ૨: ૧૪-૧૫). વધુમાં જણાવ્યું છે કે, 'પ્રત્યેક સત્કાર્ય માટે તૈયાર રહેવું. કોઈનું ભૂંડું બોલવું નહિ, ઝઘડો કરવો નહિ, દિલ મોટું રાખવું અને સઘળા માણસો પ્રત્યે સતત નમ્ર વ્યવહાર કરવો. (તિતસ, ૩:૨). કર્મના આનંદનો સ્વીકાર કરવામાં આવ્યો છે, જેમકે; 'માણસ પોતાના કામમાં આનંદ માણે એના જેવું સુખ બીજું એકે નથી. (તત્ત્વદર્શી, ૩:૩૨). માણસ જે કંઈ કરે છે તે ઈશ્વરના ધ્યાનમાં છે. બાઈબલ જણાવે છે કે, 'માણસ જે કંઈ કરે છે તે બધું પ્રભુની આગળ દીવા જેવું સ્પષ્ટ હોય છે અને તે સતત તેમના કાર્યો ઉપર નજર રાખ્યા કરે છે. (ઉપદેશમાળા, ૧૭:૧૯). જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મમાં ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર ન હોવાથી માણસના કર્મની ઉપર દેખરેખ રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ખ્રિસ્તી ધર્મમાં શ્રદ્ધા કરતાં પણ કાર્યને મહત્ત્વ આપવામાં આવ્યું છે. શ્રદ્ધાની સાથે કાર્યનો આગ્રહ રાખવામાં આવ્યો છે. બાઈબલમાં જણાવ્યું છે કે, 'માણસ કાર્યોથી પુણ્યશાળી ઠરે છે, કેવળ શ્રદ્ધાથી નહિ.' (યાકોબ, ૨:૨૪) વધુમાં જણાવે છે, 'કાર્યો વગરની શ્રદ્ધા પણ મરેલી છે.' (યાકોબ, ૨:૨૬)

**કર્મનું ફળ**

બાઈબલમાં કર્મના ફળની પણ વાત કરવામાં આવી છે. ઉપદેશમાળામાં સ્પષ્ટ જણાવ્યું છે કે, 'દરેક માણસને તેના કર્મનું ફળ મળે જ છે.' (ઉપ. ૧૬:૧૪). હઝકિયેલમાં પણ જણાવ્યું છે કે, 'કરે તે ભોગવે' (હઝકિયેલ, ૩૩:૧૦-૨૦). હઝકિયેલમાં જ આગળ નોંધ્યું છે કે, પુણ્યશાળી માણસ પોતાના પુણ્યકર્મોનાં અને

ભૂંડો માણસ પોતાની ભૂંડાઈના ફળ ભોગવશે (હઝકિયેલ, ૧૮:૨૦). 'પુણ્યશાળી માણસ ધર્મનો રસ્તો છોડીને ભૂંડા માણસની જેમ અધમ કૃત્ય કરે તો તેણે પહેલાં કરેલાં પુણ્યકર્મો લક્ષમાં લેવામાં નહિ આવે.' (હઝ:૧૮:૨૪) અર્થાત્ પાછળના ભૂંડા કર્મો પ્રમાણે જ બદલે મળશે. બીજી રીતે કહીએ તો ભૂંડા કર્મોની અગાઉ કરેલાં પુણ્યકર્મોના ફળનો લોપ થાય છે. 'તારા ઘૃણાજનક કૃત્યોના ફળ તારે ભોગવવા પડશે.' (હઝ. ૭:૪). કર્મના ફળને ઈશ્વરની બક્ષિસ માનવામાં આવી છે. 'ખરેખર માણસ ખાય, પીએ અને પોતાના કામના ફળ ભોગવે એ જ તેને મળેલી ઈશ્વરની બક્ષિસ છે.' (તત્ત્વદર્શી ૩:૧૩) આમ **ખ્રિસ્તી ધર્મમાં કર્મના ફળની માન્યતાનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.** કર્મનું ફળ એની મેળે મળતું નથી પરંતુ ફળ આપનાર ઈશ્વર છે. જેમ કે, 'હું તમારા દુષ્કર્મોનો હિસાબ માંગનાર છું. તમારા દુષ્કર્મોની હું તમને સજા કરનાર છું.' દુષ્કર્મનું ફળ એ ઈશ્વરની સજા છે, જ્યારે પુણ્યકર્મનું ફળ એ ઈશ્વરની બક્ષિસ છે. ટૂંકમાં બંને પ્રકારના કર્મનું ફળ આપનાર ઈશ્વર છે.

માણસે જીવન દરમ્યાન કરેલાં સારાં કે ખોટાં કર્મોનો ન્યાય ઈશ્વર તરફથી છેલ્લા દિવસે કરવામાં આવશે. આ દિવસને Day of Judgement–ન્યાયનો દિવસ અથવા છેલ્લો દિવસ માનવામાં આવે છે. ત્યારે ઈશ્વર પોતે આ પૃથ્વી પર પધારશે. આકાશ તેજોમય થઈ જશે અને આકાશમાં ઈશ્વરના દેવદૂતો રણશિંગા વગાડશે અને મૃત્યુ પામેલાં સૌ માનવીઓ ફરી પાછા સજીવ થશે. તેઓ પુનરુત્થાન પામશે અને ઈશ્વર સૌના કાર્યોનો ન્યાય તોળશે. (પીતર, ૧:૧૭) સારાં કાર્ય કરનારને સદાકાળ સ્વર્ગનું સુખ મળશે અને દુષ્કર્મો કરનારને સદાકાળ નરકના અગ્નિમાં તપવું પડશે. આ પુનરુત્થાન એ પુનર્જન્મ નથી. કર્મને કારણે વ્યક્તિ પુનરુત્થાન પામતી નથી બલ્કે કર્મોના ન્યાય માટે ઈશ્વરની ઈચ્છાથી તે પુનરુત્થાન પામે છે. અહીં પણ આપણે જોઈ શકીએ છીએ કે માણસના કર્મનું ફળ આપોઆપ મળતું નથી પરંતુ ઈશ્વર દ્વારા મળે છે. આમ ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત છે પરંતુ જૈન અને બૌદ્ધ ધર્મની જેમ તેમાં પુનર્જન્મનો સિદ્ધાંત સંકળાયેલો નથી.

* * *

૨૩, મહાવીરનગર,
એલ. જે. કોમર્સ કોલેજ પાસે,
વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.
મો : ૯૮૨૫૩૮૪૬૨૩.

## ઈશુના 'ગિરિપ્રવચન'

જગતને ખૂણે ખૂણે ખ્રિસ્તીધર્મ ફેલાયો છે. કદાચ વિશ્વમાં સૌથી મોટી સંખ્યામાં આ ધર્મના અનુયાયીઓ હશે. ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્ત છે. ઈસુને 'માનવ પુત્ર' અને 'ઈશ્વર પુત્ર' ગણવામાં આવે છે. જો કે ખ્રિસ્તી ધર્મમાં કર્મનો સિદ્ધાંત સાંગોપાંગો જોવા મળતો નથી. તેમ છતાં **'ગિરિ પ્રવચન' ઇસુના ઉપદેશોમાં શિરોમણિરૂપ છે, તેમાં અત્ર, તત્ર નૈતિકતાની દૃષ્ટિએ કર્મ સિદ્ધાંત જોવા મળે છે.**

### ઈસુનો ઉપદેશ :

*૧. આ સંસારમાં જેઓ નમ્ર, સદાચારી, દયાળુ, પવિત્ર અને સંપ તથા શાંતિને વધારનાર છે, તેઓ ધન્ય છે.*

*૨. જ્યારે લોકો તમારી નિંદા કરે, જુલમ કરે ત્યારે તમે તમારી જાતને નસીબદાર સમજો, કારણ કે તેથી તમારું કલ્યાણ જ થવાનું છે.*

*૩. પૈસા તમને શાંતિ નહિ આપે, એનું બળ નહીં માનો. એ જશે ત્યારે તમને સંતાપ થશે.*

*૪. તમે તમારા શત્રુ ઉપર પણ પ્રેમ કરજો, કદી કોઈનો દોષ તો કરશો જ નહિ, જે તમને હેરાન કરે તેમનું હિત ઈચ્છજો.*

*૫. તમે પોતાને દીન કે દયા પાત્ર માનશો નહિ, તમે તો આ દુનિયાનું નૂર છો, જગતનો પ્રાણ છો.*

*૬. તમારા કર્મ અને વાણી તમારા હૃદયનું પ્રતિબિંબ છે.*

*૭. તમે તમારા પરસેવાની રોટી ખાજો. કાલની ફિકર કરશો નહિ. શ્રદ્ધાપૂર્વક પ્રભુને ચરણ જીવન અર્પણ કરજો. હૃદયથી ઈશ્વરભજન કરવું એ જ પ્રભુપ્રાપ્તિનો સાચો માર્ગ છે.*

બાઈબલમાં શ્રદ્ધા, આશા અને ઉદારતા આ ત્રણ બાબત ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. તેમજ મૂસાના જૂના કરારોની દશ આજ્ઞાઓમાં પણ હિંસા, ચોરી, વ્યભિચાર, જૂઠ આદિને નિંદનીય માન્યા છે. ઈસાઈઓ માટે પ્રલોભનોમાં ન પડે. તથા પરીક્ષામાં નાપાસ ન થાય તે માટે પ્રાર્થના બતાવવામાં આવી છે કે જેનાથી મનની શાંતિ અને શુદ્ધિ પ્રાપ્ત કરી શકે. શ્રીમંત અને ગરીબ વચ્ચેના ભેદભાવ વગર સર્વને સમાન ગણ્યાં છે. સહુ ઈસાઈ પોતાની સ્વતંત્ર ઈચ્છાને ઈશ્વરની આજ્ઞાઓને લગાવી દે, જેથી ઈશ્વર સમાન પવિત્ર અને સત્ય-સંકલ્પી થઈ જવાય અને ઈશ્વરની સહભાગ્યતાના અધિકારી થઈ શકાય. તેથી દરેક વ્યક્તિએ ન્યાય, દાન, પ્રામાણિકતા, નૈતિક મૂલ્યો અને સદાચારી જીવન જીવવા માટે પુરુષાર્થ તેમજ સારા શુભ કર્મો કરવા જોઈએ. આ તેમના મૂળભૂત સિદ્ધાંતો છે.

**–સંપાદિકાઓ**

# શીખ ધર્મ અને કર્મવાદ

□ વર્ષા શાહ

[ *વિદુષી લેખિકા કે. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ-મુંબઈમાં રીસર્ચ આસિસ્ટન્ટ અને જૈનોલોજી કોર્સના પ્રાધ્યાપિકા છે.* ]

**મધ્યકાલીન યુગ અને શીખ ધર્મની ઉત્પત્તિ**

૧૫મી-૧૬મી શતાબ્દી ક્રાન્તિઓનો યુગ હતો. ક્રાન્તિ એટલે આમૂલ પરિવર્તન અર્થાત્ વસ્તુ કે વસ્તુજનિત પરિસ્થિતિએ સર્જેલાં નવાં મૂલ્યાંકનો. માનવજીવન ઘણાં પાસાવાળું હોવાથી વિવિધ ક્ષેત્રે ક્રાન્તિ થયેલી જેવી કે વૈજ્ઞાનિક ક્રાન્તિ, રાજનૈતિક ક્રાન્તિ, સામાજિક ક્રાન્તિ ઇત્યાદિ. આવી જ રીતે ધાર્મિક ક્ષેત્રે પણ વિશ્વમાં ઘણી વિભૂતિઓ થઈ ગઈ જેમણે અજ્ઞાન, કુરિવાજો, મિથ્યા આચાર, ખોટી પ્રણાલિકાઓ, ધર્માંધતા, નૈતિક પતન અને તેને પરિણામે સમાજમાં પેસી ગયેલો સડો દૂર કરવા ભગીરથ પુરુષાર્થ કરી માનવજાતને સુખ અને શાંતિનો સાચો રાહ બતાવ્યો છે. જે ક્રાન્તિથી માનવજાતની સુખ અને શાંતિ વધે તે જ શ્રેષ્ઠ ક્રાન્તિ કહેવાય. આજથી ૫૦૦ વર્ષ પહેલાં શીખ ધર્મનો ઉદય શ્રી ગુરુ નાનકદેવની શિક્ષાઓ (બોધ) સાથે થયો છે. ગુરુ નાનકદેવનો જન્મ ઈ.સ. ૧૪૬૯ લાહોરના તલબંડી (હાલે નાનકના સાહિબ)માં થયો હતો.

જે સત્ય તત્કાલીન રાજનીતિક, ધાર્મિક અને સામાજિક રૂઢિઓ અને કુસંસ્કારો રૂપી અંધકારમાં ડૂબેલું હતું તેને ગુરુ નાનકદેવ પોતાના અંતરંગમાં ઉદિત જ્ઞાન પ્રકાશથી બહાર કાઢ્યું છે. વર્ણભેદ, મૂર્તિપૂજા, અવતારવાદ, જેવા ક્રિયાકાંડમાં ધર્મ મનાઈ રહ્યો હતો ત્યાંથી લોકોને છોડાવી સત્યના પંથે વાળ્યા છે. તેઓ નારીને સન્માનથી જોતા હતા. સતી પ્રથા, પડદા જેવા રિવાજોનો વિરોધ કર્યો. ગુરુ નાનક એક સારા કવિ પણ હતા. એમની વાણી 'વહેતા નીર' હતી જેમાં ફારસી, મુલ્તાની, પંજાબી, સિંધી, ખડીબોલી, અરબી, સંસ્કૃત અને વ્રજ ભાષા સમાઈ ગઈ હતી. તેઓ પંજાબ, મક્કા, મદીના, કાબુલ, સિંહલ, કામરુપ, પુરી, દિલ્લી, કાશ્મીર, કાશી, હરિદ્વાર જેવા સ્થળો પર જઈને લોકોને ઉપદેશ આપવા લાગ્યા. અધ્યાત્મિક તેમ જ સ્વાનુભાવથી ઓતપ્રોત વાણીથી લોકો આકર્ષિત થતા ગયા.

ગુરુ નાનકનું કહેવું હતું કે હિન્દુ-મુસ્લિમ અલગ નથી અને બધા લોકોને એક જ ભગવાને બનાવ્યા છે. ઈશ્વરનો સાક્ષાત્કાર બાહ્ય સાધનોથી નહીં પણ આંતરિક (ક્રોધ, મોહ, કામ, અહંકાર પર વિજય) સાધનથી સંભવ થઈ શકે. ગુરુનાનક સર્વેશ્વરવાદી હતા. મૂર્તિપૂજાને તેઓ નિરર્થક માનતા હતા. એકેશ્વરવાદની શિક્ષા આપતા ગુરુનાનક આ પ્રમાણે કહે છે–

'(ੴ) ઈક ઓંકાર સતનામ કરતા પુરખ
અકાલ મૂરત નિરભઉ નિરવૈર અજૂની સૈભં ગુરુ પ્રસાદિ.'

જેનો શબ્દાર્થ આ પ્રકારે છે-

ઈક ઓંકાર – ઈશ્વર એક છે
સતનામ – એમનું નામ જ સત્ય છે.
કરતા પુરખ – બધાને બનાવનાર
અકાલ મૂરત – નિરાકાર
નિરભઉ – નિર્ભય
નિરવૈર – કોઈના દુશ્મન નહીં
અજૂની – જન્મ-મરણથી પર
સૈભં – પોતાની સત્તા કાયમ રાખનારા
ગુરુ પ્રસાદિ – ઈશ્વરની કૃપાનું પ્રાપ્ત થવું.

આમ ઈશ્વરને નિર્ગુણ, દયાળુ, કૃપાળુ અને જગતના કર્તા તરીકે સ્વીકાર્યો છે. આ શ્લોક શીખોનો મૂળમંત્ર છે જેમાં પરમાત્માનું વર્ણન છે. જપુજી/ જપ(ઉ)જીમાં મૂળમંત્ર અથવા મહામંત્રનું વિસ્તૃત વિવેચન છે. શીખોનું દૈનિક પઠન નિતનેમ ૫ વિભાગોમાં વિભાજીત છે. તેમાં પહેલો દૈનિક પઠન જપ(ઉ)જી છે.

**ગુરુ નાનકનો સ્વભાવ** – તેઓ કોમળ, માધ્યસ્થ, ન્યાય, અવિરુદ્ધ, વિશાળ, નિઃસ્પૃહ, નિડર, ભાવના, તથા ભક્તિથી ભીંજાયેલું અતંરપટ ઇત્યાદિ અનેક ગુણોથી સુશોભિત સુધારક હતા.

શીખ ધર્મમાં ગુરુને આદરભાવથી જુવે છે-

गुरु गोविंद दून्यँ खडे काके लागुं पाई
बनिहारी गुरु  आपणै निमि गोविंद दिया दिखाई।।

શીખ ધર્મનો મર્મ સમજાવવાનું અનેરું કાર્ય એમના ૯ શિષ્યોએ કર્યું જેઓ ગુરુ નાનકની યશકલગી સમાન હતા.

**૧૦ ગુરુઓના નામ ક્રમથી આ પ્રમાણે છે.**

ગુરુ નાનક (સન ૧૪૬૯ - ૧૫૩૯)
ગુરુ અંગદ (સન ૧૫૦૪ - ૧૫૫૨)
ગુરુ અમરદાસ (સન ૧૪૭૯ - ૧૫૭૪)
ગુરુ રામદાસ (સન ૧૫૩૪ - ૧૫૮૧)
ગુરુ અર્જન (સન ૧૫૬૩ - ૧૬૦૬)
ગુરુ હરગોબિન્દ (સન ૧૫૯૫ - ૧૬૪૫)
ગુરુ હર રાય (સન ૧૬૩૧ - ૧૬૬૧)
ગુરુ હર કૃષ્ણ (સન ૧૬૫૬ - ૧૬૬૪)
ગુરુ તેગબહાદુર (સન ૧૬૨૨ - ૧૬૭૫)
ગુરુ ગોવિન્દ સિંહ (ડિસે. ૨૬, ૧૬૬૬- ઑક્ટોબર ૭. ૧૭૦૮)

ગુરુ ગોવિન્દસિંહે સંત અને સિપાહી બન્નેના રૂપ ધારણ કરી ભક્તિ અને શક્તિ (ખાલસા)નું સૃજન કરી ભારતીય ચિંતન અને યુદ્ધ કૌશલમાં એક અપૂર્વ યોગદાન આપ્યું.

**શીખોનું ચિન્હ**

વચ્ચે અકાલ પુરખ અને બન્ને બાજુ તલવાર છે. એક તરફ તલવાર

પીરી (ધર્મ-રક્ષા) અને બીજી તરફ તલવાર નીરી (રાજનીતિક લક્ષથી રક્ષા) વચ્ચે ચક્ર છે.

**શીખના બે પ્રકાર**



(૧) **અમૃતધારી (દીક્ષિત)** શીખ, પાંચ ક્કાર હંમેશાં પોતાની સાથે રાખે છે. ૫ ક્કાર છે. (૧) કેશ (વાળ) (૨) કંઘા (કાંસકી) (૩) કડા, (૪) કછહિરા (એક જાતનો શાહી પોશાક), (૫) કૃપાણ (તલવાર)

**(૨) સહેજધારી શીખ** પાંચ ક્કારમાં નથી માનતા.

શીખ દેહધારી ગુરુમાં વિશ્વાસ નથી કરતા. ગુરુ ગ્રંથસાહિબ (ગુરુવાણી)ને ગુરુ તરીકે સ્વીકારે છે.

ગુરુ નાનકના વિવિધ લખાણોનું ક્રમબદ્ધ સંકલન કરનાર પાંચમા ગુરુ અર્જુનદેવ હતા.

**ગ્રંથસાહિબ**

૧૪૩૦ પૃષ્ઠોનો આ બૃહદ ગ્રંથ ૫૮૬૭ શબ્દોમા ૫ ગુરુના લખાણ સાથે નામદેવ, મીરાબાઈ જેવા ભક્તો, કબીર જેવા સૂફી, સંતો, ભટ્ટોની કવિતાઓથી સભર છે. આ બૃહદ ગ્રંથ મૂળ પંજાબી ભાષામાં ગુરુમુખી લિપિમાં લખાયો છે. આ ગ્રંથસાહેબને ગુરુદ્વારા, શીખમંદિર તથા શ્રીમંત શીખોના ઘરોમાં સ્થાપિત કરાય છે. સિદ્ધાન્ત અને ક્રિયાત્મક રૂપથી શીખના બધા જ સાંસારિક અને અધ્યાત્મિક કાર્યો ગુરુદ્વારામાં સંપન્ન થાય છે. ગુરદ્વારાનો અર્થ થાય છે ગુરુનું દ્વાર અથવા ઘર જ્યાંથી વાહિગુરુનું દર્શન થઈ શકે છે. અમૃતસરમાં શીખોનો પ્રમુખ પવિત્ર ગુરુદ્વારા છે. દરેક ઉત્સવ પછી લંગરથી કાર્યક્રમ સંપન્ન થાય છે. લંગર એટલે ભેદ-ભાવ વિના સામૂહિક ભોજન ગ્રહણ કરવું. શીખોનું મુખ્ય કર્તવ્ય છે નિઃસ્વાર્થભાવે સેવા, લંગર અને સંગત (સત્સંગ)

**'वाहेगुरुजी का खालसा वाहेगुरुजी की फतहि.'**

આ વાક્યથી શીખભાઈ આપસમાં એકબીજાને સંબોધે છે.

શીખ પરમાત્મા-શક્તિને તર્ક અને પ્રમાણનો આધાર લઈને સમજાવવાનો પ્રયત્ન નથી કરતા. પણ પરમાત્મામાં રહેલા અલૌકિક, અનાદિ સત્ય ઉપસ્થિતિનો જાતઅનુભવ કરે છે. એટલા માટે વાહે ગુરુજી... ફતહિ ઉદ્‌ગાર સરી પડે છે.

**શીખમત (ગુરુમત) હુકમ – કર્મ સિદ્ધાન્ત**

ગુરુ ગ્રન્થ સાહિબના જપુ જી અધ્યયનમાં કર્મ (અવિદ્યા), સંસાર પરિભ્રમણ (આવાગમન), જ્ઞાન (ભક્તિ) અને મોક્ષ આ ચતુષ્પદી સ્તંભનો તાત્ત્વિક દૃષ્ટિએ ઉલ્લેખ કર્યો છે.

ચેતન સત્તા સર્વવ્યાપી છે. માયા અને અજ્ઞાનના કારણે ચરાચર સૃષ્ટિમાં દ્વંદ્વ અને સર્વત્ર ભેદ દેખાય છે. અહમ્‌ના કારણે જીવાત્મા અલગ વ્યક્તિત્વ ધારણ કરી પોતાને કર્તૃત્વ માને છે. પરિણામે કર્મ બંધન કરે છે. જેના કારણે વિવિધ જન્મ-મરણ ધારણ કરે છે. જે જીવો પર ગુરુ અને વાહિગુરુની કૃપા (નદરે-કરમ) રહે છે તેઓના સંસાર પરિભ્રમણ મટી જાય છે.

ગુરુમત અનુસાર નિમિત્ત અને ઉપાદાન કારણ પરમાત્મા જ છે, એટલા માટે એ સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશ્રેષ્ઠ છે. કાર્ય-કારણવાદ સિદ્ધાન્તમાં 'હુકમ'ને પ્રધાનતા આપી છે. 'હુકમ' ફારસી શબ્દ છે. જેનો અર્થ થાય છે ઈશ્વરીય–દિવ્ય–ડિવાઇન આદેશ, દિવ્ય ફરમાન, રઝા, ભાણા, કુદરત ઇત્યાદિ શબ્દ વ્યાપક અર્થમાં પ્રયુક્ત થાય છે. કર્મનો સિદ્ધાન્ત પણ હુકમના સિદ્ધાન્તમાં સમાઈ જાય છે. હુકમને કારણોના કારણ પણ કહી શકાય.

जो धुरि लिखिआ लेखु से करम कमाइसी ।।

(ગૂજરીવાર મહલા-રૂ. પૃ. ૫૧૦)

**ભાવાર્થ :** હુકમની પરિધિમાં કર્મ કરવાની સ્વતંત્રતા મળે છે. જેમ માછલી નદીની સીમામાં રહીને સ્વતંત્ર રીતે તરી શકે છે તેમ હુકમમાં રહીને જીવાત્માને વિવેકબુદ્ધિથી કર્મ કરવાની સ્વતંત્રતા છે.

શીખ ધર્મ મનુષ્ય જન્મને શ્રેષ્ઠ માને છે કારણ આત્મિક વિકાસની ક્ષમતા એનામાં જ છે.

મનુષ્ય ચાર પ્રકારના કર્મ કરે છે

**_'હું કંઈક છું'માંથી 'હું કંઈ જ નથી'ના ભાવો સર્જાય છે ત્યારે જ હુકમના ચરણમાં સ્થાન મળે છે._**

સ્વાર્થ માટે, કર્તવ્ય સમજીને, નિષ્કામ કર્મ (સેવા-ભક્તિ), વ્યર્થ કર્મ–ચોરી, જુગારાદિ વ્યસનમાં પડવું.

जेहा बीजै सो लुणै करमा संदड़ा खेतु।।

(બારહ માહા, પૃ. ૧૩૪)

**ભાવાર્થ :** માનવ દેહ! શરીર ખેતર સમાન છે. જેવું વાવેતર (કર્મ) કરવામાં આવે તેવું ફળ પાક (ફસલ) મળે છે.

સારા કર્મ કરવાથી ફક્ત માનવ શરીર મળે છે પણ લેખ લખનારા વિધાતા જ છે. અહમ્ વિસર્જન અને પ્રભુ સ્મરણ (સુમિરન)થી જ મુક્તિ મળે છે. શ્રી ગુરુ નાનક અનુસાર સારા કર્મ સામાજિક અને નૈતિક જીવનનો આધાર મનાય છે. શુભ-સારા કર્મ થકી મનુષ્યના હૃદયમાં શુદ્ધતા-પવિત્રતા આવે છે જેના કારણે સ્વસ્થ અને સારા સમાજની સ્થાપના થાય છે.

ददै दोसु न देऊ किसै दोसु करंमां आपणिआ।

जो मैं कीआ सौ मै पइआ दोसु न दीजे अवर जना।।

(આસા મહલા, પૃ. ૪૩૩)

**ભાવાર્થ :** પોતાના કર્માનુસાર ફળ મળે છે, બીજાને દોષ આપવો વ્યર્થ છે. આ છટકબારી નિષ્ક્રિયતાની સૂચક છે.

'હું કંઈક છું'માંથી 'હું કંઈ જ નથી'ના ભાવો સર્જાય છે ત્યારે જ હુકમના ચરણમાં સ્થાન મળે છે. નમ્રતાના ભાણામાં રહીને અકાલ પુરખની કૃપા અથવા અનન્ય પ્રેમની દિવ્ય અનુભૂતિ જીવાત્માને થાય છે ત્યારે જ એનું અસ્તિત્વ ઓગળવાની શરૂઆત થવા લાગે છે.

उतम से दरि ऊतम कहीआहि नीच करम बहि रोई।

(સિરી રાગુ મહલા-૧, પૃ. ૧૫)

**ભાવાર્થ –** ઈશ્વરના દરબારમાં નીચ કર્મ કરનાર રડે છે. જે લોકો અકાલ પુરખની આજ્ઞાથી વિરુદ્ધ કાર્ય કરે છે તેઓને ભવ

પરિભ્રમણના ચક્કરમાં ૮૪ યોનિઓમાં ભટકવું પડે છે. એને જ ગુરુમત નર્ક કહે છે.

સ્વર્ગ-નર્કની ઈચ્છા કરવી અહમ્‌ને પોષણ આપવા બરાબર છે.

**શીખ ધર્મમાં સ્વર્ગ–નર્ક માટે કોઈ સ્થાન નથી. બન્ને બંધનરૂપ છે. કર્તૃત્વ ભાવનો ત્યાગ કરી વાહિગુરુ સાથે લીન થવું એ જ સ્વર્ગ છે અને હુકમ આજ્ઞા વિરુદ્ધ અશુભ કર્મ કરવાથી ૮૪ યોનિઓમાં પરિભ્રમણ (આવાગમન) કરવું એ જ નર્ક છે.**

શીખ ધર્મમાં સ્વર્ગ–નર્ક માટે કોઈ સ્થાન નથી. બન્ને બંધનરૂપ છે. કર્તૃત્વ ભાવનો ત્યાગ કરી વાહિગુરુ સાથે લીન થવું એ જ સ્વર્ગ છે અને હુકમ આજ્ઞા વિરુદ્ધ અશુભ કર્મ કરવાથી ૮૪ યોનિઓમાં પરિભ્રમણ (આવાગમન) કરવું એ જ નર્ક છે.

મધ્યકાલીન યુગમાં ભક્તિમાર્ગમાં પેસેલા ક્રિયા-કાંડ, અંધશ્રદ્ધા, નિષ્ક્રિયતા જેવા દોષોનો અંત કરવા શીખોને ત્રણ જીવન-સૂત્રો અર્પણ કર્યા છે.

'नाम जपणा', 'किरत करनी' અને 'वंड छवणा'.

નામ જપણા એટલે પ્રભુ સ્મરણ – ખાલી શબ્દ ઉચારણ નથી. સતનામ સ્મરણમાં અંતર્ગામી તત્ત્વ સમાયેલ છે. જે જડ-પૂજાથી પર આત્માભિમુખ ધ્યાન આકર્ષિત કરીને સત્ કર્મ કરવાની પ્રેરણા આપે છે. સંસારથી અલિપ્ત રહીને સંસારની જવાબદારીઓને સફળતાથી પાર પાડવાની એ કળા છે. શીખ સંન્યાસ ગ્રહણ, યાત્રા, ઇત્યાદિ બાહ્યાચાર માન્ય કરતા નથી કારણ અમુક સદ્‌કર્મોથી અહંની પુષ્ટી થાય છે.

'કિરત કરના' - શારીરિક અને માનસિક શક્તિથી ધન ઉપાર્જન કરવું. સ્વાવલંબી જીવન જીવવું.

'વંડ છકણા' - સ્વકમાણીનો દસમો ભાગ જનકલ્યાણ માટે ખર્ચ કરવો.

અહમ્ (કર્તૃત્વભાવ) ત્યાગ કરી પરોપકાર હેતુ જીવન અર્પણ કરીને લક્ષ તરફ આગળ વધવાનું અને વાહે ગુરુ સાથે એક થવું એ જ શીખધર્મ બોધ આપે છે.

શીખ ધર્મે મોક્ષ-માર્ગની સાધના માટે વિવેકબુદ્ધિપૂર્વક ભક્તિમાર્ગને મહત્ત્વ આપ્યું છે કારણ શરણાગતિ ને સમર્પણના ભાવો ભક્તિમાં સમાયેલા છે.

हुकमि रजाई चलणा नानक लिखिआ नालि।।

और प्रेमपूर्वक वचन किया: जाइ पुछहु सोहागणी

શીખમત (ગુરુમત)નો કર્મ-હુકમ સિદ્ધાંત

वाहे किनी बाती सहु पाईऔ ?

एक कहाहि सोहागणी भैणे इनी बाती सहु पाईऔ।

आपु गवईऔ ता सहु पाईऔ अउरु कैसी चतुराई।।

(તિલંગ મહલા-૧, પૃ. ૭૨૨)

**ભાવાર્થ :** પ્રસ્તુત પદમાં જીવાત્માનું પરમાત્મા સાથે મધુર મિલનનું ચિત્રણ કર્યું છે.

ગુરુ નાનક 'હુકમ'ને વિસ્મય-આશ્ચર્ય સ્વરૂપ બતાવીને પ્રેમિકાને પૂછે છે કે તારા પ્રેમીને કેવી રીતે મેળવી લીધો. પ્રેમિકા જવાબમાં કહે છે મારા અસ્તિત્વને પ્રેમીમાં સમર્પિત કરી નાખીને મેળવી લીધો. અર્થાત્ વિભાવ જ્યારે સદ્‌ભાવમાં પરિવર્તિત થાય છે ત્યારે જ સતના સાંનિધ્યને માણી શકાય છે. જે પરમાત્મા પ્રત્યે ભક્તિરસમાં ભીંજાય છે તેના આત્મગુણો સ્વયં ખીલવા લાગે છે.

સચખંડની અવસ્થા સ્વરૂપનું વર્ણન કરતાં ગુરુ ગ્રન્થસાહિબ કહે છેઃ

'सुख सहज आनंद भवन साथ संगी गुण गावाहि

तह रोग सोग नहीं जनम मरण'।।

(રામકલી મહલ-૫, પૃ ૮૮૮)

એવી કોઈ અલગ જગ્યા નથી જ્યાં આત્મા (રુહ–Spirit) રહે છે. જીવાત્મા તુરિયા અવસ્થાને પ્રાપ્ત કરે જ્યાં રોગ-શોક જન્મ-મરણથી પર સહુજાનંદ સ્વરૂપમાં રમણા હોય છે.

જપુજીના અંતમાં ધર્મખંડ, જ્ઞાનખંડ, સરમખંડ, કર્મખંડ બતાવીને છેલ્લે સચખંડ બતાવ્યું છે. સચખંડ એ આત્મા-વિકાસની ચરમ અવસ્થા છે.

સ્થૂળ રીતે બન્ને સિદ્ધાન્ત 'કર્મ' અને 'હુકમ' પરસ્પર વિરોધી પ્રતીતિ થાય છે. જો બધું ઈશ્વરીય આદેશ અનુસાર થતું હોય તો પછી શુભ કાર્ય કરવાનો ઉત્સાહ રહેતો નથી અને જો કેવલ કર્મ સિદ્ધાન્ત માન્ય કરવામાં આવે તો પછી ઈશ્વરીય શક્તિનું શું પ્રયોજન ? ગુરુ નાનકજી બન્ને સિદ્ધાન્તનો સમન્વય કરીને કહે છે હુકમનું રહસ્ય જાણવાથી સત્યનો સાક્ષાત્કાર થાય છે. માનવ જન્મ, કર્મફલનો નિયમ, સંસાર સ્વરૂપ (અનંત પ્રસાર) અને રહસ્યને સમજવા એ જ શીખ માટે પુરુષાર્થ છે.

**સંદર્ભ સૂચિ :**


૧. શીખ ધર્મ ફિલોસફી- ભાગ-૫, શીખ મિશનરી કૉલેજ લુધિયાના, ૨૦૦૦
૨. ઇસ્સન્સ ઓફ વર્લ્ડ રિલીજીયનસ્, સંપાદક પ્રવીણભાઈ શાહ, જૈન સ્ટડી સેન્ટર, નોર્થ કેરોલીના, ૧૯૯૪
૩. શ્રી ગુરુ ગ્રન્થસાહિબ, સંપાદક મેદ સિંહ, શીખ હેરિટેજ પબ્લિકેશન, પટીયાલા, ૨૦૧૧
૪. રીલીજીયન્સ ઓફ ઇન્ડિયા, સંપાદક પ્રો. રમેશચન્દ્ર, કોમનવેલ્થ પબ્લીકેશન, દિલ્હી, ૨૦૦૪
૫. સેક્રડ નિતનેમ, હરબન સિંહ ડાઉબીયા (Doabia) સિંહ બ્રધર્સ, અમૃતસર, ૨૦૧૪
૬ તુલનાત્મક ધર્મ-દર્શન (શીખ ધર્મ)
૭. http://www.sikhiwiki.org/index.php/karma


* * *

બી-૩/૧૬, પરેરા લદન, એમ. વી. રોડ, નટરાજ સ્ટુડિયો સામે, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯. મોબાઈલ : ૦૯૭૫૭૧૨૪૨૮૨.

# જરથોસ્તી ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને કર્મવાદ

❑ શ્રી બરજોર. એચ. આંટિયા

*[ પ્રતિષ્ઠિત મુલ્લા એન્ડ મુલ્લા કુંપનીના પાર્ટનર શ્રી બરજોર એચ. આંટિયા ગુજરાતમાંથી કરીને બોમ્બે હાઈકોર્ટમાં એડવોકેટ કરીકે જોડાઈ ઈ. સ. ૧૯૬૨માં સોલિસીટર બન્યા. તેઓ ગોલ્ડ મેડાલિસ્ટ છે. પારસી ધર્મનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો છે અને તેના પર એક વિશદ પુસ્તક પણ બહાર પાડ્યું છે. ]*

**(૧) દુનિયાનો સૌથી જૂનો ધર્મ : (૬૦૦૦ વર્ષ જૂનો)**

રાજ્યો અને શહેરો નાશ થયા. રાજકીય વિચારો બદલાયા. સંસ્કૃતિઓ નાશ પામી, પણ ધર્મના સિદ્ધાંતો આજ સુધી ટક્યા છે મહાન વિદ્વાન Victor Hugo ના કહેવા પ્રમાણે જરથોસ્તી ધર્મનો પ્રભાવ બીજા ધર્મો પર પડ્યો. (Judaism & Christainity), જરથોસ્તી શબ્દનો અર્થ-સોનેરી પ્રકાશ કે સોનેરી તારા થાય. જરથોસ્તી ધર્મએ એના જમાના અને પછીના આવનારા જમાનામાં આધ્યાત્મિક પ્રકાશ ફેલાવ્યો.

**(૨) જરથોસ્ત સાહેબના સિદ્ધાંતો**

જરથોસ્ત સાહેબના સિદ્ધાંતો તેમણે રચેલા ગાથામાંથી મળે છે. જેમ હિંદુભાઈઓનું ધાર્મિક પુસ્તક ગીતા છે. તે પ્રમાણે જરથોસ્તી માટે ગાથા છે.

(A) જરથોસ્ત સાહેબ જન્મ્યા ત્યારે લોકો જાદુ અને મૃગાદેવીની પૂજા કરતા હતા. તેથી જરથોસ્ત સાહેબે ગાથામાં શીખવ્યું કે ફક્ત એક જ અદામાં માનવું અને એનું નામ પાડ્યું અહુરા મજદા એટલે ડહાપણના સૂત્રધાર. જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયાને ચલાવનાર, નિભાવનાર, પાલનહાર, રક્ષણ કરનાર અને તેનો નાશ કરનાર પણ ખુદા છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે ખુદા બધું જાણે છે. અને તેઓ બધે હાજર છે. એક ખુદામાં માનવું એ જરથોસ્તી ધર્મનો પહેલો સિદ્ધાંત છે.

> ***જરથોસ્તી ધર્મના સિદ્ધાંતો પ્રમાણે દરેક માનવીનું ભવિષ્ય એના કાર્યો પર રચાય છે. સુખ કે દુઃખ માનવીના વિચારો, વચનો અને કાર્યો પર રચાય છે.***

(B) બીજો અને અગત્યનો સિદ્ધાંત એ અશોઈ છે. અશોઈ એટલે ફક્ત પવિત્ર જ નહીં પણ સચ્ચાઈ, સંયમ અને ઈન્સાફ છે. જે અશોઈનું પાલન કરે છે તે ખુદાને પહોંચે છે.

(C) જરથોસ્તી ધર્મ મહેનત અને મજૂરીને ઘણું વજન આપે છે. જરથોસ્ત સાહેબના વખતના ઈરાનીઓની કફોડી સ્થિતિ જોઈને સખત મહેનતથી જીવન જીવવું જરૂરી બન્યું. અને તેથી જરથોસ્તી ધર્મ ખેતીવાડી અને મહેનતને જરૂરી ગણે છે. વંદીદાદ (૩-૩૦-૩૧) જરથોસ્ત સાહેબ સવાલ પૂછે છે કે, જરથોસ્તી ધર્મ કેમ ખીલે છે ? એનો જવાબ એ છે કે જે ખેતી કરે છે તે અશોઈનું પાલન કરે છે.

(D) જરથોસ્તી ધર્મના સિદ્ધાંતો પ્રમાણે દરેક માનવીનું ભવિષ્ય એના કાર્યો પર રચાય છે. સુખ કે દુઃખ માનવીના વિચારો, વચનો અને કાર્યો પર રચાય છે. સુખ કે દુઃખ માનવીના વિચારો, વચનો અને કાર્યો પર આધાર રાખે છે અને એ આધારે માનવીને મળે છે. ટૂંકમાં જરથોસ્તી ધર્મનું શિક્ષણ છે કે તમે જેવું વાવશો તેવું લણશો.

> ***જેવું વાવશો તેવું લણશો.***

આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખી, જરથોસ્તી ધર્મ દરેક માનવીને મહાન અને સમાજને ઉપયોગી કામ કરતા શીખવે છે. ભલાને ભલું, બુરાને બૂરું.

(E) જરથોસ્તી ધર્મની બીજી ખૂબી એ છે કે માનવીને દુનિયામાં રહીને દુનિયાને આબાદ બનાવવા કહે છે અને એક બાલકને નાનપણથી એની ફરજો જે બજાવવાની છે તેની કેળવણી આપે છે. વંદીદાદે કહ્યું છે કે જે માનવી પોતાની ફરજો નહીં બજાવે તે ફરજનો ચોર ગણવામાં આવશે. જરથોસ્તી કુટુંબી જીવન પસંદ કરે છે કે તેથી દાદાર હોરમજદ જરથોસ્ત સાહેબને કહે છે કે હું કુંવારા કરતાં બાળબચ્ચાંવાળાને વધુ પસંદ કરું છું.

(F) જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયા અને દુનિયાની દરેક વસ્તુ પ્રગતિ કરે છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે દુનિયાની પ્રગતિના છ તબક્કા છે અને છેલ્લા તબક્કે માનવી આવે છે તેની પહેલા ઝાડ-પાન, પ્રાણી, ધરતી, પાણી, આકાશ અને પ્રગતિના તબક્કામાં માનવી છેવટે આવે છે. માનવી પોતાની અક્કલ હોંશિયારીથી બાકીના પાંચ તત્ત્વોની સારી રીતે વ્યવસ્થા કરી શકે છે. જરથોસ્તી ધર્મના સિદ્ધાંત પ્રમાણે દુનિયા પ્રગતિ તરફ આગળ વધે છે.

(G) જરથોસ્તી ધર્મ કહે છે કે દુનિયામાં બે શક્તિઓ છે. (ભલી અને બૂરી). સ્પેનતા અને અંગ્રેજ મેઈન્યુ એ બે શક્તિઓ વચ્ચે હંમેશાં ઝગડા ચાલ્યા કરે છે. અને આખરમાં માનવીની ભલી શક્તિ જ બૂરી શક્તિ પર વિજય મેળવી, સારા કાર્યો કરી અંતે દુનિયા અને પોતાના આત્માનું કલ્યાણ કરે છે. દા. ત. ૨૦ મી સદીમાં માનવીઓએ ટેલીફોન, Fax, Computer અને Internet ની શોધ કરી જેથી દુનિયા એક નાના ગામડા જેવી થઈ ગઈ છે અને ચંદ્ર પર પહોંચ્યા જેવી અદ્‌ભુત સિદ્ધિઓ પણ મેળવી. જે કામના ૨૦૦ થી ૩૦૦ વર્ષ પહેલાં મહિનાઓ લાગતા હતા તે માત્ર એક મિનિટમાં થવા લાગ્યા. એવી મહાન સિદ્ધિઓ માનવીએ ૨૦મી સદીમાં પ્રાપ્ત કરી પણ એની સાથે બૂરી શક્તિનું પણ સંશોધન થયું અને એકબીજાને હરાવવાની અને થોડા કલાકમાં દુનિયાનો નાશ થાય એવી બુરી શક્તિની પણ શોધ થઈ. દુનિયા ભલાઈ અને બુરાઈથી ભરેલી છે. ૩૦૦૦ વર્ષ પહેલાંનો જરથોસ્તી ધર્મ કહે છે કે તમે તમારી ફરજ સમજો અને તમને જે વ્યાજબી લાગે તે અપનાવજો. ભલાઈનો રસ્તો અપનાવશે. તેનું પોતાનું અને બીજા સૌનું ભલું થશે, અને તે વૈકુંઠ પામશે, અને જો બુરાઈ તરફ જશો તો નરક પામશો. જરથોસ્ત સાહેબે ગાથામાં આ બે શર્તો ઉપર વાત કરી છે. અને એમના પછીના ધર્મો દા. ત. ઈસાઈ અને જગુડા ધર્મ

અપનાવી છે.

**(૩) એક સંપૂર્ણ નૈતિક ધર્મ છે :**

જરથોસ્તી ધર્મ માનવીને નૈતિક રીતે જીવતા શીખવે છે. જરથોસ્તી ધર્મ માનવીને પવિત્ર અને પરોપકારી બનવા માટે શીખવે છે કે જેથી એ પ્રગતિ પામે; અને દુનિયામાં પવિત્ર બનવા જરથોસ્તી ધર્મ ત્રણ મુખ્ય શિખામણો આપે છે. હુઃખત, હુઃખત, હુઃવશ્ત-સારા વિચારો, સારા વચનો અને સારા કાર્યો, જરથોસ્તી ધર્મ મનની શક્તિ પર ખાસ ભાર મૂકે છે; કારણ કે મનના વશથી માનવી એની જીંદગીનું કોઈ પણ શિખર કબજે કરી શકે છે. મન એના વિચારોથી બહેરાત કે દોજખ પામે છે. વંદીદાદ એટલે બુરાઈની સાથેનો કાયદો છે.

*જરથોસ્તી ધર્મ કર્મવાદના સિદ્ધાંતોને માન્ય રાખે છે.*

૨૦મી સદીના કોઈપણ સંસ્કૃતિ પામેલા દેશના કાયદામાં જે લખેલું છે તે જરથોસ્ત ધર્મના ૩૦૦૦ વર્ષ જૂના વંદીદાદમાં કહેલું છે. જેમકે ખૂન, ચોરી, માલનું વજન કરવામાં ગોટાળો, ખોટા વચનો આપવા, કોઈની બદબોઈ કરવી, લાંચ લેવી, કામદારોના પગાર નહીં ચુકવવા, જૂઠું બોલવું, કોઈના પૈસા ખાઈ જવા, ગેરઅહેવાલ કરવો અથવા સંસ્થાના પૈસા ગેરવ્યાજબી રીત વાપરવા. આ બધી વાતો વંદીદાદમાં નોંધાયેલ છે.

ધર્મની નજરે નીચે જણાવેલા કર્મો પણ એક ગુનો છે. દા. ત. એક બૈરી પોતના ધણીને તરછોડે અથવા એક બાપ પોતાની ઓલાદને પોતાના છોકરા તરીકે કબુલ નહીં રાખે અથવા એક રાજા પોતાની રૈયત પર ક્રૂરતા બતાવે, લાલચ, અદેખાઈ, રાખે-આ રીતે પોતાના વંદીદાદ એક સંપૂર્ણ નૈતિક કાયદો છે. વધુમાં જરથોસ્તી ધર્મ પ્રાણી પર દયા રાખતા શીખવે છે. આ રીતે Society for prevention to Animals ના ધ્યેયોને આ ધર્મે ૩૦૦૦ વર્ષ પૂર્વે અપનાવ્યા છે.

**(૪) જરથોસ્ત એક પર્યાવરણના હિમાયતી :**

૨૦મી સદીમાં ગ્રામ પંચાયત કે પશ્ચિમના દેશો પર્યાવરણ અને પ્રદૂષણ પર ભાર મૂકે છે; ત્યારે આપણા પૂજ્ય પયગમ્બર જરથોસ્ત સાહેબે ૩૦૦૦ વર્ષ પૂર્વે કુદરતી સત્ત્વો જેવાં કે પાણી, હવા, આકાશને સાચવી રાખવા અને તેને માન સાથે પૂજવાનું શીખવ્યું છે. ગ્રીકના ફિલસૂફો જેવા કે હીરો દોતસ, સ્ટોલે, પલુગરદે લખ્યું છે કે જરથોસ્તીઓ સૂરજ, આકાશ, પાણી, જમીન, હવા અને અગ્નિની આરાધના કરતા હતા એ પાણીમાં નહાતા ન હતા. થૂંકતા ન હતા કે કપડાં ધોતા ન હતા. એ જ રીતે ચેપી રોગથી દૂર રહેવાના કાયદાઓ વંદીદાદમાં હજારો વર્ષ પહેલા લખ્યા છે કે એક માણસના મરણ પશ્ચાત પાંચ કલાકમાં એના શરીરમાંથી રોગો બહાર આવે છે. અને તેથી મરેલા માણસના શરીરને જો હાથ લગાડે તો સ્નાન કરવું જોઈએ. આ જ સિદ્ધાંત વીસમી સદીમાં પણ અપનાવ્યો છે કે જે માનવી પીળીયોના દેશમાંથી આવે છે, જેવા કે આફ્રિકાના દેશમાંથી આવે છે અને એની પાસે પ્રમાણ પણ નીહં હોય તો ૯ દિવસ જુદો રાખવામાં આવે છે. જરથોસ્તી ધર્મ અશોઈ પર રચાયો છે. તેની મહત્ત્વતા નીચેની લીટીઓમાંથી માલુમ પડશે.

*'જીવનનો સરવાળો એવી રીતે ગણો કે મરણનો જવાબ સાચો આવે.'*

- *જો તમારા જીવનમાં સચ્ચાઈ હશે, તો તમારી વર્તણુંક સારી બનશે.*
- *જો તમારી વર્તણૂંક સારી હશે, તો તમારા ઘરમાં સલાહસંપ વધશે.*
- *જો તમારા ઘરમાં સલાહસંપ હશે તો દેશમાં શિસ્ત આવશે અને જો તમારા દેશમાં શિસ્ત હશે તો વિશ્વમાં શાંતિ આવશે.*

**(૫) જરથોસ્તી ધર્મ અને કર્મવાદ**

જરથોસ્તી ધર્મ કર્મવાદના સિદ્ધાંતોને માન્ય રાખે છે, જરથોસ્તી જરથોસ્તી ધર્મનું પુસ્તક ગાથા છે જે જરથોસ્ત સાહેબની વાણી છે. અહુનપંદ ગાથાના ત્રીસમા હાના અગિયારમા ફકરામાં દાદર અહરમનદ જરથોસ્ત સાહેબને કહે છે કે જેઓ સચ્ચાઈના (અષોઈ) માર્ગ પર ચાલશે તેનું કલ્યાણ થશે અને જેઓ સચ્ચાઈનો માર્ગ છોડશે તેઓ લાંબા સમય સુધી અહેરાન થશે. ટુંકમાં જેઓએ આ જગતમાં સુખી થવું હોય તો સચ્ચાઈનો માર્ગ પકડી રાખવો જોઈએ.

**કર્મવાદને માટે જરથોસ્તી ધર્મમાં બીજા ધાર્મિક સુચનો નીચે જણાવ્યા પ્રમાણે છે.**

(૧) 'અશેમ વોહુ વહિશ્તેમ અસ્તી ઉશ્તા અસ્તી' યાને અશોઈની બક્ષેશ એ ઉત્તમમાં ઉત્તમ ન્યામત છે; અને તેમાં જ ખરૂં સુખ સમાયું છેઃ- તેથી અશોઈનો નિયમ (Law of Righteousness) આદમીને સીધે માર્ગે દોરવી તેના આત્માને આનંદ આપે છે.

(૨) 'અકેમ અકાઈ વં ધહુઈમ અશીમ વં ધહવે' જે ભુંડાઈ કરશે તેનું ભુંડું થશે અને જે ભલાઈ કરશે તેને ભલા આશીર્વાદ મળશેઃ As you sow, so shall you reap કરેગા સોહી પાવેગા! માટે ભલાઈની ખેતી કરો તો ભલાઈ પામો, અને બીજાનું ભુંડું કરો તો તમારી જ જીંદગીમાં અણગમતો નતીજો આવી ઊભો રહેશે. ભુંડાઈ કરી કોઈ સુખી થનાર નથી.

(૩) 'વીસ્પ દુશ્મત, વીસ્પ દુઝુખ્ત વીસ્પ દુઝવર્શ્ત નોઈત બઓધો વર્શ્ત... અચીશ્તેમ અં ધુહીમ અશએત'... યાને આદમી જે કાંઈ ખરાબ વિચાર, વચન અને કામો કરે તેનું મૂળ કારણ તેનું અજ્ઞાન (Ignorance) છે, અને તેના પરિણામે દોઝખ યાને બહુ કંગાલ હાલત તરફ આપણે ઘસડાઈ જઈએ છીએ. દોજખ તો જીવતાં જીવત તેમજ મરણ બાદ થતી દુઃખી હાલતનું નામ છે.

(૪) 'ઉશ્તા અહ્માઈ યહ્માઈ ઉશ્તા કહમાઈ ચીત'...યાને તમોને સુખ જોઈતું હોય તો બીજા કોઈને પ્રથમ સુખ આપો; અને પરોપકાર વડે તમોને પોતાને સુખ પણ મળશે.

(૫) 'અશ વહીશત અશ.સ્ત્રએશ્ત દરેસામ થ્વા...હમેમ થ્વા હખ્મ' યાને અશોઈનો ઉત્તમ સુંદર નીયમ પાલ્યે તો ખુદાનાં દર્શન થાય અને તે પછી પરવરદેગાર ના દોસ્ત બનીને તેમની અંદર સમાઈ જઈએ.

ટુંકમાં જરથોસ્તી ધર્મ દુનિયાના લોકોને સલાહ આપે છે કે 'જીવનનો સરવાળો એવી રીતે ગણો કે મરણનો જવાબ સાચો આવે'

તથાસ્તુ!

✱ ✱ ✱

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના તા. ૨૬-૮-૨૦૦૬ આપેલ પ્રવચન)

# 'કર્મ સિદ્ધાંત' – જીવનનો ઉજાગર દૃષ્ટિકોણ

□ છાયાબેન શાહ

*[ ડૉ. છાયાબેન પી. શાહે પંડિત પ્રભુદાસ બેચરદાસના જીવન ઉપર પીએચ. ડી કર્યું છે. ગુજરાત વિદ્યાપીઠના જૈન કેન્દ્રમાં સેવા આપી રહ્યા છે. પર્યુષણમાં યોજાતી વ્યાખ્યાનમાળામાં પ્રવચન આપે છે. સારા કવયિત્રી છે. તેમના બે કાવ્ય સંગ્રહ પ્રગટ થયા છે.સારા લેખક છે તેમજ જૈન ધર્મના અભ્યાસુ છે. ]*

દરેક ભારતીય દાર્શનિક અને નૈતિક વિચારધારાએ કર્મવાદને એક યા બીજી રીતે સ્વીકાર્યો છે. વેદ તેને માયા કહે છે. વૈશેષિક તેને અદૃષ્ટ કહે છે. બૌદ્ધ દર્શન તેને વાસના કે અવિજ્ઞપ્તિ કહે છે. દરેકે પોતાની રીતે કર્મવાદનું પૃથ્થકરણ કર્યું છે. જૈન દર્શને કર્મસિદ્ધાંતનું તદ્દન આગવી શૈલીથી નિરૂપણ કર્યું છે. જૈન દર્શને કર્મ સિદ્ધાંતનું સૂક્ષ્મ કાંતણ કર્યું છે. આથી ઈતર દર્શનો પણ કોઈ મત-મતાંતર વગર એ વાત સ્વીકારે છે કે જૈન દર્શને કર્મ સિદ્ધાંતની જે બુદ્ધિગમ્ય, હૃદયસ્પર્શી અને ન્યાયપુરઃસર સમાલોચના કરી છે તે અન્ય ક્યાંય નથી.

આમ તો જૈન દર્શનના આ કર્મ સિદ્ધાંતને સમજવો હોય તો પાત્રતા પામવી પડે, આરાધના કરવી પડે અને ઉપાસના આદરવી પડે. પરંતુ આ લેખમાં માત્ર એક સીમિત દૃષ્ટિકોણ રાખી આ કર્મ સિદ્ધાંતની સમજ રોજીંદા જીવનમાં કેવી રીતે ઉપયોગી છે ? જીવનની વિવિધ શંકાઓ અને સમસ્યાઓનું સમાધાન કેવી રીતે કરે છે ? જીવનના મૂલ્યો કેવી રીતે સમજાવે છે, ઉન્નતિનો માર્ગ કેવી રીતે બક્ષે છે તેની વાત કરવી છે. કર્મ સિદ્ધાંતની વાસ્તવિકતાને સ્પર્શવી છે.

જૈન દર્શન અનુસાર 'કર્મ' એટલે કોઈ કર્તવ્ય, ક્રિયા કે પુરુષકૃત પ્રયત્ન નહીં, પરંતુ કર્મ એટલે માત્ર 'પુદ્‌ગલ પરમાણુઓનો પિંડ', માત્ર ભૌતિક પુદ્‌ગલોનો જથ્થો, જે આત્માની શક્તિઓને આવરી લે છે. આચ્છાદિત કરે છે અને તેના વિપાકો ભોગવવા મજબૂર કરે છે. કર્મ સિદ્ધાંતની આ વ્યાખ્યા ધ્યાનમાં રાખીને એ સિદ્ધાંત વાસ્તવિક રીતે કેવી રીતે સાંપ્રત સમયમાં ઉપયોગી છે, તેની ચર્ચા કરીશું.

સાંપ્રત સમય માત્ર ભૌતિક પ્રગતિને પોતાનું લક્ષ્યાંક માને છે. તેની આડઅસર રૂપે માનવી કેટલીક સમસ્યાનો ભોગ બન્યો છે.

પહેલી સમસ્યા છે 'નિષ્ફળતા'. સાંપ્રત સમયમાં ભૌતિક સુખો પામવાની ઘેલછામાં વ્યક્તિ શક્તિથી ઉપર પામવાનો પ્રયત્ન કરે છે. પરિગ્રહ તેને અંધ બનાવે છે. ગજા ઉપરાંત પામવાની ઘેલછા તેને ક્યારેક નિષ્ફળ બનાવે છે. વ્યક્તિને જ્યારે નિષ્ફળતા મળે છે ત્યારે તે બધી રીતે ભાંગી પડે છે. તેની પ્રવૃત્તિ નિષ્પ્રાણ બની જાય છે. પોતાની જાતે જ આશાના દ્વાર બંધ કરી દઈ, નિરાશાના બંધ બારણે તદ્દન એકલો બની જઈ ગુંગળામણ અનુભવે છે. આવા સમયે કર્મ સિદ્ધાંતની સમજ તેને હાથ પકડીને બહાર લાવે છે. તેને સમજાવે છે કે તેને મળેલ નિષ્ફળતા એ પોતે જ બાંધેલા કર્મોનો વિપાક છે. ઉદયમાં આવેલા કર્મોનો બીજો કોઈ પ્રત્યાઘાત આપવાને બદલે તેને સમતા અને સ્થિરતાથી સહન કરી લેવાનું કહે છે. પૂર્વે બાંધેલા કર્મને, સત્કૃત્યોના આચરણથી નિર્જરીત કરી શકાય છે. એ રીતે આ નિષ્ફળતાને સફળતામાં ફેરવવી એ તારા હાથમાં જ છે. કર્મ સિદ્ધાંતની આ સમજથી પેલી વ્યક્તિમાં નવી આશાનો સંચાર થાય છે. જેમ જેમ આ મળેલી સમજ અનુસાર સત્કૃત્યોના આચરણ દ્વારા પૂર્વબદ્ધ કર્મોને નિર્જરીત કરતો જાય છે તેમ તેમ તેના સફળ પરિણામો પ્રાપ્ત કરતો જાય છે. અંતે નિષ્ફળતાની વેદનામાંથી સંપૂર્ણ પણે મુક્ત થઈ આનંદના આકાશમાં વિહરણ કરે છે.

વર્તમાન સમયમાં માનવી વધુ ને વધુ એકલો થતો જાય છે. આ યોગીની એકલતા નથી. મૉબાઈલ, કૉમ્પ્યુટર વગેરેના અતિરેકથી માનવી તદ્દન એકલો થતો જાય છે. માનવી સામાજિક પ્રાણી છે તે વાત ભૂલાતી જાય છે. અમુક હદ પછીની એકલતા અનેક અનર્થો ઊભા કરે છે. તે ભયભીત બનતો જાય છે. લઘુતાગ્રંથિથી પીડાય છે. ગુંગળામણ અનુભવે છે. દુઃખી બનતો જાય છે. અહીં કર્મ સિદ્ધાંતની સમજ આખી બાજી પલટાવી શકે છે. કર્મ સિદ્ધાંત આવી વ્યક્તિ સામે આત્મશક્તિનું દર્પણ ધરી દે છે. આ દર્પણમાં તે વ્યક્તિને તેનું શક્તિમય સ્વરૂપ બતાવે છે. તેને પ્રતીતિ કરાવે છે કે તું કોઈ સામાન્ય પ્રાણી નથી. તારી અંદર રહેતો આત્મા અનંત શક્તિનો માલિક છે. તને જો અવધિજ્ઞાન થાય તો તારો આત્મા ત્રણેય લોકમાં રહેલા રૂપી (પુદ્‌ગલ) પદાર્થોને જોઈ શકે છે. તને જો મનઃપર્યવજ્ઞાન થાય તો તારો આત્મા અઢી દ્વીપના સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના સમગ્ર મનોગત ભાવોને જાણી શકે છે. અંતે જો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય તો તે સર્વ ક્ષેત્ર, દ્રવ્ય અને કાળ એક સાથ સામટું ગ્રહી શકે છે. તારો આત્મા અનંત શક્તિનો માલિક છે. તો પછી તું આવી માનસિક પીડાઓ શા માટે ભોગવે છે ? તારી અંદર રહેલા આત્મામાં તો ત્રણેય ભુવન પર સામ્રાજ્ય કરવાની શક્તિ રહેલી છે. માટે 'ઊઠ', ઊભો થા. શાસ્ત્રકારોએ બતાવેલો પુરુષાર્થ આદરી પૂર્વબદ્ધ કર્મોને નિર્જરીત કર, શુભકર્મો બાંધી આત્મશક્તિને જાગૃત કર.

દર્પણમાં પોતાના આત્માનો આવો વૈભવ જોઈ પેલી વ્યક્તિને પ્રથમવાર આનંદની પ્રતીતિ થાય છે. તે પોતાની એકલતાને આત્મશક્તિ જાગૃત કરવામાં પલટાવી નાખે છે. કર્મસિદ્ધાંત એને

સમજાવી દે છે કે તારું હિત તારા હાથમાં જ છે. આવી સમજ પ્રાપ્ત થયા પછી તે વ્યક્તિ આત્મશક્તિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવા માંડે છે. જેમ જેમ આત્મશક્તિઓ પ્રાપ્ત થતી જાય છે તેમ તેમ બધી જ માનસિક પીડાઓમાંથી બહાર નીકળતો જાય છે અને નિજાનંદમાં મસ્ત બનતો જાય છે.

કર્મસિદ્ધાંતની સમજ વ્યક્તિને અંધશ્રદ્ધાના વમળમાંથી બહાર કાઢે છે. વ્યક્તિ પોતાના વિઘ્નો, સમસ્યા, મુસીબતો વગેરેથી મુક્તિ પામવા ક્યારેક ચમત્કાર, દોરા, ધાગા, ભોગ વગેરે અંધશ્રદ્ધાના રવાડે ચઢી જાય છે. તેમાં ક્યારેક પૈસા, પ્રતિષ્ઠા ગુમાવે છે તો ક્યારેક નિર્દોષ જીવોનો ભોગ આપે છે. આવી વ્યક્તિ જો કર્મસિદ્ધાંત સમજે તો આ અંધશ્રદ્ધાનો ભોગ બને જ નહીં. પોતે જ બાંધેલા ક્રમ પોતે ભોગવી રહ્યો છે, એટલું જ નહીં પણ સત્કૃત્યો કરીને પૂર્વબંધકૃત કર્મોને તે શુભકર્મમાં પરિવર્તીત કરી શકે છે. એ રીતે પોતાના વિઘ્નોને પોતે જ સફળ રીતે દૂર કરી શકે છે. આવી સમજ મળતા તે સ્વયં જ જાગૃત થઈ જાય છે.

વિશ્વમાં કોઈ દુઃખી, કોઈ સુખી, કોઈ બુદ્ધિશાળી તો કોઈ અજ્ઞાની, કોઈ રોગી તો કોઈ સ્વસ્થ–આવી વિવિધ તરતમ્યતાઓ છે. આનું કારણ શું? ઈતર ધર્મો ઈશ્વરને એ જવાબદારી સોંપે છે. ઈશ્વરેચ્છા પ્રમાણે બધું થાય છે. જ્યારે જૈન ધર્મનો આ કર્મ સિદ્ધાંત ઈશ્વરને 'સૃષ્ટિનો બનાવનાર નહીં પરંતુ સૃષ્ટિનો બતાવનાર' તરીકે બતાવે છે. જે તરતમત્યાઓ અને વૈવિધ્યતાઓ છે તે માત્ર અને માત્ર કર્મને જ આભારી છે. સ્વકૃત કર્મ જ બધી વ્યવસ્થા ચલાવે છે. આનો અર્થ એ થયો કે વ્યક્તિને ઈશ્વરની મહેરબાની કે ઈશ્વરના પ્રકોપના ભોગ બનવાની મજબૂરી છે જ નહીં. વ્યક્તિ સ્વપુરુષાર્થ કરી પોતાનું કલ્યાણ કરી શકે છે. આ સ્વપુરુષાર્થ કરી શકવાની શક્યતા વ્યક્તિને નવું જોમ આપે છે. પોતે શુભ કર્મો કરી સ્વ-પર કલ્યાણ કરી શકે છે તે વિચાર તેને ઉત્સાહ આપે છે ને તેથી જ જેને આ કર્મ સિદ્ધાંત સમજાયો છે તેવા અનંતા આત્માઓ સ્વપુરુષાર્થ દ્વારા પોતાનું કલ્યાણ કરી ગયા છે અને બીજાને પ્રેરણા આપતા ગયા છે. આ રીતે કર્મ સિદ્ધાંત વ્યક્તિને સ્વપુરુષાર્થ કરવાની પ્રેરણા આપી જીવનને નંદનવન સમું બનાવી શકે છે.

અંતમાં જેને સ્વયંકૃત કર્મોને સંપૂર્ણપણે નિર્જરીત કરી નાખ્યા છે અને જેઓ મુક્તાત્મા બની ગયા છે એવા આત્માઓનું શરણ લેવાથી, એમની ભક્તિ કરવાથી જીવનમાં શાંતિ, સૌભાગ્ય અને સુખની પ્રાપ્તિ થાય છે.

આમ કર્મ સિદ્ધાંત વાસ્તવિક જીવનને સ્પર્શી જીવનનો ઉજાગર દૃષ્ટિકોણ બને છે.

✱ ✱ ✱

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૧૨૮૬૦. મોબાઈલ : ૦૯૯૯૮૩૩૬૯૯૨

## લાલચ બૂરી ચીજ છે!

એક ન્યાયાધીશ, ઘણાં પવિત્ર અને પરોપકારી. વેકશનનો સમય આવ્યો અને ફરવા જવાનું મન થયું. પરિવાર સહિત શેઠ ફરવા ગયા. ફરીને પાછા આવતા સ્ટેશન ઉપર ઉતર્યાં. ગામથી થોડે દૂર તેમનું ઘર હતું. એક ઘોડાગાડીને ઊભી રાખી. પત્ની તથા બાળકોને બેસાડ્યાં અને પોતે પ્રભાતનો સમય છે સ્ફૂર્તિવાળું હવામાન છે, તેથી ચાલતા ચાલતા આગળ વધે છે. ઘોડાગાડી આગળ ચાલવા લાગી. રસ્તામાં વાડીઓ આવી. એ વાડીના છેડે ઝાડમાં લટકતી કેરીઓ જોઈને શેઠાણીને મોંમાં પાણી આવી ગયું. ઉનાળાનો સમય છે, અથાણું કરવા કામ લાગશે, તેમ વિચારી ઘોડાગાડીવાળાને ઊભો રાખ્યો.

ગમે તેવા પૈસાદાર હોય, તેને મફતનું મળે તો મૂકે ખરા? માણસનું મન સદાય અતૃપ્ત જ છે. કેરી જોઈને શેઠાણીનું મન લલચાયું. ઘોડાગાડીવાળો કહેઃ 'શેઠાણીબા, કેરી જોઈતી હોય તો ચાબૂક મારીને ઉતારી દઉં?' શેઠાણી તો ખોળો પાથરીને બેસી ગયાં. કેટલીય કેરી ભેગી થઈ, પણ હજુ શેઠાણી ના નથી પાડતા. એક કેરી જોરથી પછડાઈને શેઠાણીના હાથમાં રહેલી બંગડી ઉપર પડી. તે બંગડીમાંથી હીરા છૂટા પડી વેરાઈ ગયા અને કાંટાની વાડમાં ફસાઈ ગયા. હવે હીરા કેમ વીણી શકાય? શેઠાણીનું મોંઢું ઢીલું થઈ ગયું.

ઘોડાગાડીમાં બેસી માંડ માંડ ઘેર પહોંચ્યાં. ન્યાયાધીશ તો આનંદમાં છે. પણ શેઠાણી બહુ ઉદાસ છે. પૂછે છેઃ 'કેમ આજે તમારું મોંઢું પડી ગયું છે? મુસાફરીનો બહુ થાક લાગ્યો છે?'

'ના...ના...' શેઠાણીએ બધી વાત કરી. શેઠ કહેઃ 'તારું મન બગડ્યું તેનો જ આ દંડ છે.' જ્ઞાની કહે છેઃ 'જો જો, ખોટામાં ક્યાંય લલચાશો નહિ. જો લલચાશો તો ક્ષણિક આનંદ આવશે, પણ તમારું મન બગડ્યું અને તેનાથી જે કર્મ બંધાયાં તેનો દંડ પણ તમારે ભોગવવો પડશે. સરકારી માણસો ધાડ પાડવા આવ્યા અને માણસને એમ થાય કે-'કોઈને ખબર ન પડી. બધું સગેવગે થઈ ગયું અને બચી ગયા,' પરંતુ અન્યાય, અનીતિથી ઉપાર્જન કરેલી સંપત્તિ અંતે ખોટે રસ્તે જ ચાલી જાય છે.

*ખોટા રસ્તે જે આવે રકમ, ખોટા રસ્તે તે ચાલી જવાની*
*ટીપે ટીપે તિજોરી ભરી, ખોબે ખોબે એ ખાલી થવાની...*

'કંકણનો બોધ–આત્માની શોધ'માંથી ઉધ્ધૃત

# સર્જન –સ્વાગત

**☐ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **રાયપસેણિસુત્તં**
આચાર્ય પ્રવર શ્રી મલયગિરિ સૂરિરચિત વૃત્તિયુતં સ્થવિર ભગવંત વિરચિતમ્
સંશોધક-સંપાદક : આચાર્ય વિજય મુનિચન્દ્ર સૂરિ
પ્રકાશક : ૐકારસૂરિ આરાધના ભવન ગોપીપુરા, સુરત
મૂલ્ય-૪૦૦/-, પાના-૩૫૬,
આવૃત્તિ-વિક્રમ સંવત-૨૦૭૦, ઈ. સ. ૨૦૧૪.
પ્રાપ્તિસ્થાન :
આચાર્ય શ્રી ૐકારસૂરિ જ્ઞાનમંદિર,
સેવંતીલાલ એ. મહેતા,
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત-૧.
ફોનઃ ૨૬૬૭૫૧૧.મો.:૯૮૨૪૧૫૨૭૨૭

પૂ. આ. ભગવંત શ્રી મુનિચન્દ્રસૂરિજી મ.સા. સંપાદિત સંશોધિત રાજપ્રશ્રીયસૂત્રનું આ. મલયગિરિસૂરિજીની ટીકા સાથે રચાયેલ પ્રકાશન છે. આ ગ્રંથના સંપાદનમાં પ્રાચીન તાડપત્રીય પ્રતોનો ઉપયોગ થયો છે.

વિક્રમના બારમા અને તેરમા સૈકામાં જિનાગમોના અને અન્ય પ્રકરણ ગ્રન્થોના આઠ મહાન વ્યાખ્યાકારો થયા. તેમાંના એક મહાન વ્યાખ્યાકાર આ. મલયગિરિ છે. તેમણે વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચ્યું છે. એમની ટીકાને માના ધાવણની ઉપમા આપવામાં આવી છે. દરેક વસ્તુને તેમણે સરસ રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. કોઈપણ જટીલ વસ્તુને સમજાવવા તેમણે અનેકવિધ રીતે ચર્ચા કરી છે. ક્યારેક એક ગાથાની વ્યાખ્યા ૫૦૦ શ્લોક પ્રમાણના વિસ્તાર સુધી કરી છે. આ. મલયગિરિસૂરિએ ગ્રન્થમાં છેડે પોતાનો પરિચય કે ગુરુ પરંપરાની કોઈ વિગત આપી નથી. એક બે અપવાદ સિવાય તેઓએ પોતાની આચાર્ય પદવીનું સૂચન કરવાનું પણ ટાળ્યું છે. મોટે ભાગે મલયગિરિણા એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

તેઓ શ્રી સૌ પહેલાં મૂલસૂત્ર કે શ્લોકના શબ્દાર્થની વ્યાખ્યા કરતાં જે સ્પષ્ટ કરવાનું હોય તે સાથે કહી દે છે. ત્યાર પછી જે વિષયો પર સ્પષ્ટીકરણની આવશ્યકતા હોય ત્યાં વક્તવ્યનો સાર કહી દે છે. સાથે તેઓ વિષમ શબ્દોના અર્થો અને ભાવાર્થ લખવાનું પણ ભૂલતા નથી. તેમજ ભાષાની પ્રાસાદિકતા અને અર્થ તેમજ વિષય પ્રતિપાદન કરવાની વિશદ પદ્ધતિને લીધે શ્રી મલયગિરિની ટીકાઓ સમગ્ર જૈન સમાજમાં પ્રતિષ્ઠા પામ્યા છે. આ મલયગિરિ એકાન્ત નિવૃત્તિ માર્ગના ધોરી અને નિવૃત્તિ માર્ગ પરાયણ હોઈ આપણે તેમને નિવૃત્તિ માર્ગ પરાયણ જૈન ધર્મની પરિભાષામાં આગમિક અને સૈદ્ધાન્તિક યુગ પ્રધાન આચાર્ય તરીકે ઓળખીએ છીએ એ જ યોગ્ય છે.

x x x

**પુસ્તકનુ નામ : સદ્‌ગુરુ શરણં મમ:**
લેખક : આચાર્ય યશોવિજયસૂરિ
પ્રકાશક : આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.
મૂલ્ય : રૂા. ૨૨૫/-, આવૃત્તિ-વિ. સં. ૨૦૭૦, મહાસુદ-દસમ.
પ્રાપ્તિસ્થાન : (૧) સેવંતીલાલ એ. મહેતા ૪-ડી સિદ્ધગિરિ એપાર્ટમેન્ટ, અઠવા લાઈન્સ, સુરત. ફોન : ૨૬૬૭૫૧૧.
(મો.) ૯૮૨૪૧૫૨૭૨૭.
(૨) સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

આચાર્ય યશોવિજયસૂરિએ આ ગ્રંથ ગુરુદેવ પૂજ્યપાદ શ્રીમદ્ વિજય અમૃતસુરિશ્વજી મહારાજાના સંયમ જીવનના અમૃત મહોત્સવના ઉપલક્ષ્યમાં પ્રકાશિત કર્યો છે.

લેખકે આ ગ્રંથમાં પોતાના ગુરુદેવ માટે લખ્યું છે કે 'ગુરુદેવનું મૌનના લયમાં રહેતું પ્રવચન સાધકને પેલે પાર પહોંચાડી દે છે.'

ભક્તને અનન્ય, પ્રભુમય બનાવે તે જ સદ્‌ગુરુ. સદ્‌ગુરુ આપણાં હાથને ઊંચકીને પ્રભુ જોડે આપણું મિલન કરાવે છે.

લેખક શ્રી સદ્‌ગુરુની મહત્તા સમજાવવા માટે આ ગ્રંથના બાવીસ પ્રકરણોમાં આનંદઘનજી, સંભૂતિવિજયજી, ગુરુ ગૌતમ સ્વામી, માઈકલ એન્જેલો, શ્રીકૃષ્ણ, પૂ. મુક્તિવિજયજી મહારાજ, વિદ્વાન ઓસ્પેન્સ્કી, યોગનન્દજી, આ. હરિભદ્ર સૂરિ, આ. જમ્બૂવિજયજી વગેરેના જીવન પ્રસંગો સમજાવ્યા છે.

સદ્‌ગુરુની મહત્તા સમજવા માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી છે.

x x x

**પુસ્તકનુ નામ : પ્રસંગબિંદુ**
**લેખક : આ. મુનિચન્દ્રસૂરિ**
અનુવાદ : ડૉ. કરણસિંહ
શ્રીમતિ અનુપા ચૌહાન
પ્રકાશક : આ. ઓમકારસૂરિ જ્ઞાન મંદિર, ગ્રંથાવલી, સુભાષ ચોક, ગોપીપુરા, સુરત.
મૂલ્ય : રૂા. ૫૦/-, પાના : ૧૩૦.
પ્રાપ્તિસ્થાન : આ. ઓમકારસૂરિ જ્ઞાન મંદિર, આ. ઓમકારસૂરિ આરાધના ભવન, સુભાષ ચોક, ગોપીપુરા સુરત.
ફોન : (૦૨૬૧) ૨૬૬૭૫૧૧.
મો. : ૯૮૨૪૧૫૨૭૨૭

પૂ. આ. ભ. શ્રી મુનિસુંદરસૂરિ મહારાજ સાહેબ પાંત્રીસ વર્ષથી 'પ્રસંગ પરિમલ' કોલમના માધ્યમ દ્વારા પ્રસંગ કથાઓ લખતાં રહ્યાં છે.

આ પુસ્તકમાં વાર્તાકારે ૪૩ વાર્તાઓનું સર્જન કરી પ્રકાશિત કરી છે. વિશ્વવિખ્યાત ચિત્રકાર લિયોનાર્ડો-દ વિન્ચીના જીવનની ઘટના પર વાર્તા, ઈરાનના બાદશાહ હારૂન-અલ-રશીદની વાત, અહમદશાહ બાદશાહની ન્યાયપ્રિયતા બર્નાર્ડ શૉનો વ્યંગ્ય, મહાકવિ હર્ષ, દલીચંદ શેઠ, ટૉમસ આલ્વા એડીસન, ભક્ત કુંભનદાસ, ગાંધીજીનો આચાર વાણીનો વિવેક, પ્રજાવત્સલ રાજા ભીમસેનનો પ્રજાપ્રેમ, ભારતેન્દુની દાનપ્રિયતા, ડૉ. લોહિયાની ભાષાશુદ્ધિ પ્રિયતા, શેઠ હુસેનની ધર્મપ્રિયતા, શેઠ કાલિદાસની ક્ષમાશીલતા વગેરે સરળ અને સચોટ વાણીમાં અભિવ્યક્ત થઈ છે એ જ લેખકશ્રી આ. મુનિચન્દ્રની વિશેષતા છે.

નાનકડી કથાઓ જ્ઞાનપ્રેરક છે અને અસીમ આનંદનો અનુભવ કરાવનારી છે.

x x x

**પુસ્તકનું નામ : આત્મા એ જ પરમાત્મા**
**લેખક : ડૉ. જે. એમ. શાહ**
પ્રકાશક : શ્રીમતિ પ્રેમિલાબહેન જયંતીલાલ શાહ પરિવાર, 'પ્રેમ જ્યોતિ' બંગલો, ૭-બી જીવન સ્મૃતિ સોસાયટી, મીરામ્બિકા સ્કૂલ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન :
(૦૭૯) ૨૭૪૩૫૪૧૮, ૨૭૪૭૦૫૯૪.

મો. : ૯૩૨૭૫૪૦૯૫૬. ડૉ. જે. એમ. શાહ
મૂલ્ય : સ્વાધ્યાય, પાના : ૧૦૨, આવૃત્તિ : પ્રથમ, જાન્યુઆરી-૨૦૧૫.

'આત્મા એ જ પરમાત્મા' પુસ્તક એટલે ગાગરમાં સાગર સમાવવાનો ઉત્તમ પ્રયત્ન. આ પુસ્તકમાં ભારતીય તત્ત્વજ્ઞાનના પાયામાં રહેલી ખોજની વાત છે. આ પ્રયત્નમાં અભ્યાસની સાથે નિરીક્ષણ, અનુભવ, તર્ક અને શાસ્ત્રજ્ઞાન સઘળું સુપેરે ગૂંથાયેલું છે.

આ પુસ્તકમાં લેખકે અમૂલ્ય એવા મનુષ્ય જન્મની ભૂમિકા આપીને આત્માના શુદ્ધ સ્વરૂપની જાણકારી માટેનો માર્ગ દર્શાવ્યો છે. શુદ્ધાત્માનું ભાન અને જ્ઞાન એ બંને પર ભાર મૂકે છે. શુદ્ધાત્માના ભાન સાથે કર્મજનિત અશુદ્ધિઓ દૂર કરીને પરમતત્ત્વના પ્રાગટ્યનો પંથ દર્શાવે છે. ત્યારબાદ શુદ્ધાત્માનાં લક્ષણો અને આત્મજ્ઞાનની વાત કરે છે. 'આત્માને ભવભ્રમણમાંથી બહાર કાઢનારું જ્ઞાન એ આત્મજ્ઞાન છે.' એ વાત પર ઝોક આપે છે અને એ સંદર્ભમાં ચૌદ ગુણસ્થાનની ચર્ચા કરે છે. આત્માના ત્રણેય સ્વરૂપ-બહિરાત્મસ્વરૂપ, અંતરાત્મસ્વરૂપ અને પરમાત્મસ્વરૂપનો પરિચય આપીને 'નય'ના સંદર્ભમાં આત્માની ઓળખ આપે છે. લેખકની આત્મ જાગૃતિમાંથી સર્જાયેલું આ આત્મચિંતન છે.

આત્માના વિકાસની કેડી કંડારનાર આ પુસ્તક વાચકના આત્માને અજવાળે એવું છે

x x x

**પુસ્તકનુ નામ : સાસુ મા વંદના**
લેખિકા-લેખક :
શ્રીમતિ રાજુલબેન – રમેશકુમાર શાહ
મૂલ્ય : અમૂલ્ય-હૃદયપરિવર્તન. પાના : ૧૫૦.
પ્રાપ્તિસ્થાન : શ્રીમતી રાજુલ બહેન રમેશકુમાર શાહ, ૬, ત્રિપાઠી સદન, એસ.વી. રોડ, જોગેશ્વરી (પૂર્વ), ફોન : ૨૬૭૯૬૩૩૯.

જીવનનાં પ્રત્યેક વ્યવહારમાં જ્યારે જ્યારે એક સાસુ-માતાની ભૂમિકા સફળતાપૂર્વક નીભાવી શકતી હોય અને એક વહુ દીકરી બનીને રહી શકતી હોય ત્યારે ત્યારે-રચાય છે અને રચાય છે અને સર્જાય છે –'સાસુ મા વંદના.'

એક પ્રતિભાસંપન્નસ જાજરમાન, આકર્ષક વ્યક્તિત્વ ધરાવનાર પરમ સન્માનીય સન્નારી અને સમાજસેવિકા શ્રીમતી રાજુલ રમેશકુમાર શાહ રચિત 'સાસુ મા વંદના' આવકાર્ય છે.

આ પુસ્તકના લખાણમાં તેઓશ્રીએ હૃદયની ઉર્મિના ભાવોને પ્રકટ કર્યા છે. મેઘધનુષના સાત રંગ સમાન, પ્રેમ, લાગણી, વાત્સલ્ય, સેવા, હેત, માનમર્યાદા, વિવેક, વિનય, સમાન, સંગીતના સાત સૂરોના સથવારે અને સાસુમા-પરત્વેના પોતાના મનોભાવોને પ્રગટ કરી સાસુમા વંદના પુસ્તિકાના માધ્યમ દ્વારા સમાજના બહુ ચર્ચિત અને બહુ કલ્પીત ગંભીર વિષય ઉપરનું આ પુસ્તક ખૂબ જ પ્રશંસનીય અને મનનીય છે.

સાસુમાના વહાલના દરિયામાં તરબોળ થવાનો આ અદ્‌ભુત પ્રસંગ છે. 'મા' માટે ઘણાં પુસ્તકો લખાયા છે. પરંતુ 'સાસુ'મા માતાના દર્શન અને જગતની સમક્ષ નવી વિચારધારા ફેલાવવાનો આ વિચાર અભિનંદનને પાત્ર છે.

x x x

**પુસ્તકનુ નામ : જ્ઞાન વર્ષા**–જ્ઞાનની અવિરત ધારા
સર્જન-સંકલન : કિશોર દવે
પ્રકાશક : કિશોર દવે
પ્રાપ્તિસ્થાન : કિશોર દવે, ૭૦૧, પિતૃ-છાયા, સ્વસ્તિક સોસાયટી, રોડ નં. ૨, જુહુ સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.
ફોન : ૨૬૧૫ ૩૨૨૫.
મૂલ્ય : રૂા. ૧૬૦/-, પાના : ૧૭૨.
આવૃત્તિ : પ્રથમ, ડિસેમ્બર.

જ્ઞાનવર્ષા એટલે જ્ઞાનની અવિરત ધારા. આ પુસ્તક જીવનના ગાઢ અંધકારમાં પ્રકાશ પાથરતા ચિંતન લેખો ધરાવતું એક અનોખું સર્જન છે. આ પુસ્તકમાં પ્રશ્નોતરી દ્વારા વિવિધ વિષયોની માહિતી તથા સામાન્ય જ્ઞાન, રામાયણ-મહાભારત-ભાગવત-ઇતિહાસ, ભૂગોળ, રમતગમત, ફિલ્મ, નાટકો, કહેવતો, ગુજરાતી સાહિત્ય તથા વિશ્વમાં બનતા રોજબરોજના બનાવો અને સામાન્ય જ્ઞાન પર આધારિત પ્રશ્નોત્તરી તેના સાચા જવાબો સાથે આપવામાં આવ્યા છે.

જ્ઞાનવર્ષાના લેખક શ્રી કિશોરભાઈ દવે ૯૦ વર્ષના છે; અભિવ્યક્તિના માધ્યમ દ્વારા જૈફ વયના આ લેખક માલામાલ થયા છે. લેખકશ્રીએ નાના મોટા સર્વ ગુજરાતી વાચકને રસ પડે એની માહિતીનો ભંડાર અથાક પરિશ્રમપૂર્વક એકઠો કર્યો અને પ્રકાશિત કર્યો, અને લેખકશ્રીને નિવૃત્તિમાં પણ સક્રિયપણે પ્રવૃત્તિ પરાયણ રહેવાનો કીમિયો જડી ગયો. આ પુસ્તકમાં લેખકે તેમના સંસ્મરણાત્મક, ચિંતનાત્મક અને પ્રેરણાત્મક લેખોનો સમાવેશ કર્યો છે.

નિરંતર વરસતી જ્ઞાનવર્ષાની લહાણી સર્વને તરબતર કરે તેવી છે.

x x x

**પુસ્તકનું નામ : પ્રકાશની પગદંડીઓ**
**લેખક-ડૉ. પ્રકાશ આમટે**
અનુવાદક : સંજય શ્રીપાદ ભાવે
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, રતનપોળ નાકા સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૨૦૦/- , પાના : ૧૭૨.
આવૃત્તિ : ૩, માર્ચ--૨૦૧૪.

ગુજરાતના વાચકો બાબા આમટેના નામથી પરિચિત છે. મૂળમાં બાબા એક ધનવાન કુટુંબના છકી ગયેલા નબીરા ગણાતા હતા. એમનું નામ મુરલીધર. પણ આ છેલબટાઉ છોકરો સેવા કાર્યમાં ડૂબી ગયો. કુષ્ટ રોગીઓના ઉપચાર અને પુનવર્સન માટે અભ્યાસ અને તાલીમ મેળવ્યાં. ખાસ આશ્રમ ઊભો કર્યો જે 'આનંદવન' તરીકે જાણીતો થયો. તેમના કામ માટે એશિયાનો નોબેલ પુરસ્કાર ગણાતો મૅગસેસ અવૉર્ડ એમને મળ્યો.

બાબા આમટેના સેવા કાર્યો અનેકવિધ છે. તેમાં તેમણે **હેમલકસાના** વેરાન વિસ્તારમાં પ્રાણીઓ અને જંતુઓની જેમ જીવન ગુજારતા માડિયા અને ગૉન્ડ જાતિના આદિવાસીઓની તબીબ સેવાઓનું અને એમને મનુષ્ય જેવું જીવન બક્ષવાનું કામ ઉમેર્યું. આ કામની કથા પ્રસ્તુત અનુવાદિત પુસ્તકમાં આલેખાઈ છે. બાબાએ પોતાના આખાય કુટુંબ કબીલાને આ કામમાં જોતર્યા અને સર્વે આદિવાસીઓમાં તબીબી અને સેવા શિક્ષણ કાર્ય કરે છે. વેરાન પ્રદેશમાં ઘર, શાળા, દવાખાનુ, કામચલાઉ

આ અંકની છુટક
નકલની કિંમત
રૂા. ૯૦

હૉસ્પિટલ ઊભી કરી. એમના બાળકો ત્યાં જંગલમાં જ ઉછર્યાં. સાધનાતાઈ અને કુટુંબીજનો વેરાન પ્રદેશમાં ચીજવસ્તુઓ અને સાધનો પહોંચાડતા રહે છે.

આ રીતે ડૉ. પ્રકાશદંપતિ જંગલમાં માનવજીવન લાવ્યા. ડૉ. પ્રકાશની લોકબિરાદરીના કામને પણ મૅગસેસ ઍવૉર્ડ એનાયત થયો.

આપણા ભગિની પ્રદેશની આ સાહસકથા ગુજરાતીઓ અવશ્ય વાંચ અને બિરદાવે.

દદદ

### સાભાર સ્વીકાર

**૧. 'હૃદયની ક્ષિતિજો'-**
લેખક : સુવર્ણા જૈન, પ્રકાશન : સુવર્ણા જૈન, ૨૫૦૧, મોન્ટ્રીઅલ ટાવર, બિલ્ડિંગ નં. ૩૧, ૨૫મે માળે, શાસ્ત્રીનગર, લોખંડવાલા કોમ્પ્લેક્સ, અંધેરી વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૫૩. મૂલ્ય રૂા. ૫૦/-

**(૨) સૌંદર્ય તન મનનું-**
લેખક : સુવર્ણા જૈન. સરનામું ઉપર પ્રમાણે. મૂલ્ય : રૂા. ૧૭૦/-

**(૩) વિરોધ, વિદ્રોહ, પછી વિસ્ફોટ-**
લેખક : સુવર્ણા જૈન, સરનામું ઉપર પ્રમાણે. મૂલ્ય : રૂા. ૧૭૦/-

**(૪) જિંદગીના વિવિધ રંગો-**
લેખક-સુવર્ણા જૈન, પ્રકાશક : એન. એમ. ઠક્કરની કંપની. ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન નં. : ૨૨૦૧૦૬૩૩.
કિંમત : રૂા. ૧૦૦/-

**(5) Whether Soul, Super Soul, Evil Soul Exists?**
**Religion in Prac tical life.**
Authour – Suvarna Jain
Publisher : N. M. Thakkar & Co.
140, Shamaldas Gandhi Marg,
Mumbai-400008.
Phone : 22010633. Price : Rs. 150/-

**(૬) દીવાથી પ્રગટે દીવો :** (બાલનાટ્યસંગ્રહ)
લેખક : પ્રકાશ ગાલા. પ્રકાશક : અમર પ્રકાશન, ૨૧, મંગલ પાર્ક, નવા વિકાસ ગૃહ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. કિંમત : રૂા. ૮૦/-

**(૭) સફળતાનો અભિગમ-**
લેખક-દક્ષા પટેલ-રાજેન્દ્ર પટેલ
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતન પોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.





(૮) आगम निबंध माळा : भाग १
लेखक : आगम मनीषी श्री त्रिलोकचन्द जैन, राजकोट.
ऑमसिद्धि मकान, ६, वैशौली नगर, राजकोट-३६००७. (गुजरात).
मूल्य : रू. ५०/-,

✱✱✱

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. 9223190753.


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**

**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**

**।। ગૌતમ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ- સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**

**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**

**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા

**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**• પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- • ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

• બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.
૨. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# અને છેલ્લે...

## તથાગત બુદ્ધ અને માણવક વચ્ચેનો સંવાદ

જગતની વ્યવસ્થા-નિયમના રૂપમાં બુદ્ધ સ્પષ્ટરૂપથી કર્મ સિદ્ધાંતનો સ્વીકાર કરે છે. સુત્તનિપાતમાં સ્વયં બુદ્ધ કહે છે કે, કોઈનું કર્મ નષ્ટ થતું નથી. કર્તા એને (કર્મને) પ્રાપ્ત કરે જ છે. પાપકર્મ કરવાવાળો પરલોકમાં પોતાને દુખમાં પડેલો જુએ છે. સંસાર કર્મથી ચાલે છે. પ્રજા કર્મથી ચાલે છે. રથનો ચક્ર જેવી રીતે (ધરી) અણીથી બંધાયેલો રહે છે એવી રીતે પ્રાણી કર્મથી બંધાયેલો રહે છે. વિશ્વની વિચિત્રતા ઈશ્વરકૃત નથી પરંતુ લોક વિચિત્ર્ય કર્મ જ છે. આ વિષય પર તથાગત બૌદ્ધ સાથે શુભ માણવક થયેલો વાર્તાલાપ મનનીય છે. જેમ કે,

શુભ માણવક : હે ગૌતમ, શું હેતુ છે? શું પ્રત્યય છે, કે મનુષ્ય હોવા છતાં પણ મનુષ્ય રૂપમાં હીનતા અને ઉત્તમતા જોવા મળે છે? વળી અહીં મનુષ્ય અલ્પાયુ જોવા મળે છે, તો કોઈ દીર્ઘાયુ પણ, બહુ રોગી તો અલ્પરોગી પણ, કુરૂપ તો કોઈ સ્વરૂપવાન પણ, માટે હે ગૌતમ, શા કારણથી આ પ્રાણીઓમાં આટલી હીનતા અને ઉત્તમતા દેખાય છે? તથાગતબુદ્ધ : હે માણવક! પ્રાણી કર્મસ્વયં (કર્મ જેના પોતાના) કર્મવાદ, કર્મયોનિ, કર્મબન્ધ અને કર્મપ્રતિશરણ છે. કર્મ જ પ્રાણીઓને તે હીનતા અને ઉત્તમતામાં વિભક્ત કરે છે. કર્મના કારણે જ આચાર, વિચાર તેમજ સ્વરૂપની આ વિવિધતા છે.

આ પ્રકારે બૌદ્ધ ધર્મના કારણે માનીને પ્રાણીઓને હીનતા તેમજ ઉત્તમતાનો ઉત્તર ઘણો જ સુંદર રીતે સ્પષ્ટ રૂપમાં આપ્યો છે.

□ સંપાદિકાઓ

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલું અનુદાન**

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦ | આશિકાબેન મહેતા અને અંકેશભાઈ કોઠારી હસ્તે : પુષપાબેન |
| ૫૦૦૦ | કુલ રકમ |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત**

| | |
|---|---|
| ૨૦૦૦૦ | શ્રી દિગંબર જૈન વિશા મેવાડા ભગિનિ મંડળ-વિલેપાર્લે હસ્તે : દમયંતીબેન શાહ |
| ૫૦૦ | એક ભાઈ તરફથી |
| ૫૦૦ | શ્રી રમેશચંદ્ર પી. શાહ |
| ૨૧૦૦૦ | કુલ રકમ |

**દિપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન**

| | |
|---|---|
| ૧૨૫૦૦ | શ્રી અભય કાલીદાસ મહેતા |
| ૯૦૦૦ | કામધેનુ એગ્રો-કેમ ઈન્ડ |
| ૨૧૫૦૦ | કુલ રકમ |


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ३०० |
| ૯ | जैन धर्म दर्शन | ३०० |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬ | ૩૫૦ |
| ૧૯ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ-૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૦ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૧ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૨ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૩ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **ડૉ. સુરેશ ગાલા લિખિત** | |
| ૩૪ | મરમનો મલક | ૨૫૦ |
| ૩૫ | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૬ | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૭. | વિચાર મંથન | રૂા. ૧૮૦ |
| ૩૮. | વિચાર નવનીત | રૂા. ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૯ | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | રૂા. ૨૨૫ |

**જૈન ધર્મના પ્રારંભિક અભ્યાસ માટે દેશ-વિદેશના વિશ્વ વિદ્યાલયોમાં માન્ય પુસ્તક આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજીકૃત જૈન ધર્મ (કિંમત રૂા. ૭૦)**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

# Thus He Was Thus He Spake : The Karma

***'Even chance meetings are the result of karma… Things in life are fated by our previous lives. That even in the smallest events there's no such thing as coincidence'-***

The above line is written by prominent Japanese writer Haruki Murakami but a thought which most constantly stays with me in all my vulnerable moments is my ***Guru Shrimad Rajchandra's …' je pan thaychey ae vyavasthit kaaran na lidhej thay chey- Each moment , event, good or disaster is perfect as is..'***

Karma is the most quoted word in the Indian subcontinent- more misquoted also. So as I dwell into my obsession with everything karmic, I would like to share the personal views of my two best friends' on what Karma means to them. The three of us really are chalk and cheese yet love each other to death and constantly try to strive to be good, better human beings.

***Lina Mathias*** is a Catholic, steers clear from concepts like rebirth, yet occasionally ponders over concepts like Karma.

***Alpana Lath Sawai*** grew up with stories of Hindu mythology, was deeply moved by her Buddhist Vipassana experiences but has chosen to be an agnostic- she cannot bear it if people don't take complete responsibility for their actions, no solace of "Karma thinking" for her.

I on the other hand - live, drink, breathe, quote Karma in all the situations of life. My conscious, subconscious all constitute the branches and balances of Karmic debts.

**Lina Mathias expresses her views on Karma:**

"As somene who was born into a Roman Catholic family and grew up in a totally Hindu-dominated neighbourhood, participating in all the Hindu festivals and religious ceremonies, my spiritual knowledge is a rich mixture of felt and read content from both these religions.

The word 'Karma' has so many meanings for different people conjuring up words and images like rebirth, fruit of one's actions, what goes around comes around etc For me, primarily Karma would mean "action", what I do and why I do it. Even though Christianity does not believe in rebirth and neither do I, I do believe that what you do and say does have ripple effects far beyond and more significant than merely the immediate consequence. For example, while I might not think of it consciously, the Biblical line "The sins of the fathers are visited upon the children" would be at the back of my mind when I wonder if a certain unkind action of mine would rebound on my son especially if I have been impatient and intolerant of a young person.

While I am definitely not qualified to comment upon Christian theology, I do believe that Christianity is an outward looking religion. In the sense, that it is your actions, your deeds, what you do, that take on great importance and though Christian mystics are venerated, it is the saints who went out and worked among the lepers and the sick and the widows and orphans who are the most worshiped.

Christ said ***"Whatsoever you do unto the least of my brethren, you do unto me"*** Meaning that what you do for the lowliest of the low is actually what you do for me. I would like to think that that is a form of karma—what you do for the marginalised and the underprivileged actually bears fruit as your worship of Christ

So even if I do not believe in rebirth and heaven and hell are concepts that might seem rather far away in the hurly-burly of life, what would motivate me to act justly, kindly and truly reach out to anyone in need, not just a friend or relative or acquaintance. For me, it would definitely be another line from the Bible—**"Much has been given unto you, much is expected of you."** As usual there are many interpretations of this but I think it means that not using the gifts and talents given to you for the greater good and happiness of those in need, is the big sin. Not using let's say, your intelligence, your linguistic

skill, your gift for music or cooking or organising for others —is being selfish.

**So, my concept of Karma is when I act, when I reach out, think of what to support, what to protest against, it would be a mixture of all of the above that would propel me."**

X X X

**Alpana Lath Sawai's view on Karma**

"*Karma has got a bad name. Most people associate it with a sense of inevitability, like it's as bad as death. But karma is what you make of it. Nothing is inevitable, not even death, because who's to say what dies and what remains?*

*Karma is simply an interpretation we give to things that we find hard to understand or deal with. Like children suffering — people who don't understand Hinduism or karma always throw this in our face - how can children have done anything to warrant the kind of suffering they experience? I know how karma would explain it. But, I think we use karma to shield ourselves from the randomness of our existence. Our suffering is random. No one's sitting up there picking us off one by one. No one keeps a record of our good or bad deeds and punishes or rewards us. It's all clever ruses to make us behave. We came from animals and often behave like them. The concept of punishment for bad deeds whether in this life, another life or in hell — is all to terrorise us into behaving.*

*How much simpler it would be if we taught our children to be kind because that is the right thing to do — not just to avoid bad punishment afterwards...*

*I don't think we were built for a higher purpose. I think we came into being — it took millions of years for bacteria to evolve into us and we cannot process or handle the fact that it was all a random series of occurrences. We have a need to make our life something. So we endow it with a God, a divine maker, who was so bored that he needed a playground to reflect his existence and to entertain and validate him. Or we say that there is continuity to our spirit. What that is, is a scientific fact. The amount of mass in this world does not increase or decrease. Which means, we will remain here in one form or another... we simply get recycled.*

*Karma is a way of trying to make us behave. But it's negative reinforcement. We should do what's right because it is right. Not because we don't want punishment.*

*Importantly, I think I only have this one life. The key word is 'I'. The 'I' that exists right now with all my thoughts and the essence of me — that will anyway change even if I am born again, so then how will it be 'I' who is born again? The creature born again is not me. It's someone or something else. So I only have this life to love myself, love life and the people around me — in that order. Only this life has "me" as me — no other. Only this life to do what's right. There is no karma; there is only now. This does not mean the 'now' is important. If we came into being in such a random manner, we are nothing. But I am going to live it the best I can. Without too much of a fuss."*

X X X

The three of us; we have been together for several years through life's journey as fellow travellers with our own concepts and views on life, religion, politics and the world at large and yet we are together and with each other – what better proof that we are held by a deep karmic bond.

It is all a swing between destiny and free will and that combination for me is Karma. The thoughts I have, these words I write, the steps that I take, everything is propelled by and constitutes of Karma.

The law is simple – each experience is repeated or suffered till you experience it properly and fully and learn the full impact.

And yet....It is all beautiful because it is all perfect- exactly the way it was meant to be.

☐ **Reshma Jain**
The Narrators
Tel: 9920951074

# KARMAVADA :
# THE JAIN DOCTRINE OF KARMA

□ Dr. Kokila Hemchand Shah

`As man sows, so does he reap.'

The doctrine of Karma has been widely accepted in Indian thought. It occupies a significant position in Jainism. It provides a rational explanation to the appearently inexplicable phenomena of birth & death, happiness & misery, inequalities in existence of different species of living beings. The doctrine of Karma is the key that unlocks all the riddles of apparently unintelligible world.

Karma literally means deed or action, Philosophically, it signifies the action & the result of action – the two being inseparable. Karma as a doctrine means the law of cause & effect, the law of retribution. Our actions are the causes that produce proper effects at proper time. This is the eternal & universal law. None can escape the effects of their own past Karmas. Further, this effect does not continue itself only to the present life, but continues beyond it, it destines the state after death. Hence doctrine of Karma is related to Rebirth. Jaina Scriptures like Sthananga Sutra, Uttaradhyayana Sutra, Bhagvati Sutra, etc. contain general outline of the doctrine & the details have been, worked out in Karmagranthas. Lord Mahavira has said just as a sprout has a seed for its cause, there is a cause for happiness & misery.

Jain doctrine is unique. In Jainism, Karma is a kind of matter– the subtle matter gets transformed into different kinds of actions producing effects & it defies the soul.

Karmic matter flows into the soul & binds it through activities of body, mind & speech. Thus the doctrine presupposes the following principles (1) the existence of soul (2) soul is eternal (3) soul is the doer of action (4) soul is the enjoyer of the fruits of actions (5) There is liberation of the soul from karmic matter, that is called Moksa (6) There are means for liberation.

The soul is pure intrinsically. Soul's pure nature is observed by karmas & soul is in the state of bondage.

In Jainism the doctrine is discussed in details – with Its reference to nine fundamentals–Navtattvas.It explains, bondage of the soul through inflow of karmas, stoppage of karmas, shedding of karmas and liberation of soul. on the basis of nature, karmas are of 8 types.

(1) Jnanavarniya – Knowledge obscuring karma

(2) Darsanavarniya – Intuition obscuring karma

(3) Vedaniya – Feeling producing karma

(4) Deluding karma -- Mohaniya Karma

(5) Ayu Karma – Age determining Karma

(6) Nam Karma – Physique-making Karma

(7) Gotra Karma -- Heredity determining Karma

(8) Antaraya Karma – Power hindering Karma

Our activites & passions – kasayas lead to the influx of Karma. Once the Karmic particles are attracted by the soul, they remain with the soul & give their fruits. This is known as the bondage of Karmas. Jainism has worked out in detail mechanism of Karmas – the causes of bondages & how through spiritual pratices – sadhana, one can attain liberation. Karms do not generate new karmas when their fruits are experienced with equanimity (samata) .

The most effective step for subduing the forces of Karmas is conquest of passions. If one is liberated from kasayas one is truly liberated. Jain mythology is full of stories demonstrating the power of Karmas. Indeed, soul is subject to karmas in worldly life (meJJes peerJee keÀcceLeJee). A living being is free in accumulating the Karmas, but Karmas once accumulated it is beyond his power to control their fruition. However, in Jain scriptures certain principles are described through which effects of Karmas can be reduced or transferred. The intensity of certain Karmas can be increased or decreased. etc. It is possible for an individual to evade the effects of certain Karmas by extraordinary exertions, penance, medi-

tation etc.

It is clear that doctrine of Karma is not only an ethical principle but a cosmic law. Howeever, one chief point is that Karmavada is not Fatalism. It is not Niyativada. Along with this doctrine, one must understand the doctrine of Samvayas – the five associated causes. There are five factors working together. They are nature-Svabhava, Kala-time, Niyati-destiny, Purvkarma & Purusartha–efforts.

Jain Karmavada clearly declares that man is the master of his destiny. The doctrine implies freedom of responsiblility. Doing harm to others is doing harm to oneself. There is no predestination. Another significant feature of Karma doctrine in Jainism is its emphasis on self-reliance. No one can interfere in the working of law of Karm. There is no place for grace of God. However concept of God in Jainism is important for an aspirant to become like him.

According to Karmas, man takes rebirth in any, four states of existence and goes to higher state due to impact of conduct; that is meritorious Karma (1) Naraki-Hell (2) Tiryanca-Subhuman (3) Manusya-Human (4) Deva-Celestial. The final one is Moksa – Liberation. The key concept is one has to be careful to avoid influx of Karma so that final destination is reached. The path prescribed is three jewels--Ratnatrayi–Soul is essentially enlightened. The process of sheddhing off Karmas is of great importance to become Parmatma Though a soul's state is determined by various kinds of Karmas, there is, yet in him infinite power by which he can overcome all Karmas & get liberated enjoying infinite bliss. When Mohaniya Karma is destroyed, discriminative knowledge of soul & body arises & soul attains the state of super-soul. This is essence of religion–to become a spiritual conquerer or the Jina. `Salutation to Jinas'.

Mobile : 9323079922 / 9323079922.

***

## KARMAVAD AND GOD

The celebrated and British theoretical physicist and cosmologist STEPHEN HAWKING has asked a question in his best-seller book, `A brief History of Time'–`Where did we come from? Why is the universe the way it is?'

He has also challenged the theory that God created Universe by stating that `the universe is governed by a set of rational laws.'

In his conclusion he writes (Pg. 190-191) `Upto now, most scientists have been too occupied with the development of new theories that describe **what** the universe is to ask the question **why**. On the other hand, the people whose business it is to ask **why**, the philosophers, have not been able to keep up with the advance of scientific theories.In the eighteenth century, philosophers considered the whole human knowledge, including science, to be their field and discussed questions such as : did the universe have a beginning? However, in the nineteenth and twentieth centuries, science became too technical and mathematical for the philosophers, or anyone else except a few specialists. Philosphers reduced the scope of their inquiries so much that Wittgenstein, the most famous philosopher of this century, said, `The sole remaining task for philosophy is the analysis of language.' What a comedown from the great tradition of philosophy from Aristotle to Kant !'


In 2010, he has again set off `Science v/s Religion' debate by dismissing the role of God as Creator of Universe, by publishing his book `The Grand Design'. In this book he has said (Pg. 171-172). `The laws of nature tell us **how** the universe behaves, but they don't answer **why**?

1. Why is there something rather than nothing?
2. Why do we exist?
3. Why this particular set of laws and not some other?

Some would claim the answer to these questions is that there is a God who chose to create the universe that way. It is reasonable to ask who or what created the universe, but if the answer is God, then the question is merely been deflected to that of **who created God.** We claim, however, that it is possible to answer these questions purely within the realm of science, and without invoking any divine beings.'

***

## Karkandu the King of Kalinga - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, Dated the 27-05-2014 at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૧૪

## આર્થિક સહયોગ : સેવન્તીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા આ વર્ષે ૮૦મા વર્ષમાં પ્રવેશે છે

શુક્રવાર, તા. ૨૨-૮-૨૦૧૪ થી શુક્રવાર તા. ૨૯-૮-૨૦૧૪ સુધી રોજ બે વ્યાખ્યાનો. • સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫

**પ્રમુખ સ્થાન : ડૉ. ધનવંત શાહ**

| દિવસ | તારીખ | સમય | વ્યાખ્યાતાનું નામ | વિષય |
|---|---|---|---|---|
| શુક્રવાર | ૨૨-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રીમતિ શૈલજા ચેતનભાઈ શાહ | અઢાર પાપ સ્થાનક |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. કુમારપાળ દેસાઈ | પર્યુષણ આંતર શુદ્ધિનો અવસર |
| શનિવાર | ૨૩-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | પ્રા. વીર સાગર જૈન | જૈન ધર્મ મેં કર્મવાદ |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. નરેશ વેદ | અધ્યાત્મ અને વિજ્ઞાન |
| રવિવાર | ૨૪-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી ગોવિંદભાઈ રાવળ | વિનોબાજીનું અધ્યાત્મ દર્શન |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. ગુણવંત શાહ | દુકાનમાં દેરાસર..... ! |
| સોમવાર | ૨૫-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | સાધક રમેશભાઈ દોશી | મોક્ષ હથેળીમાં છે |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. અઝહર હાશમી | કુરાન અને જૈન દર્શન |
| મંગળવાર | ૨૬-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી ભાવેશ ભાટીયા | સ્વીકારમાં સુખ |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. પ્રિયદર્શનાજી જૈન | 'નિયમસાર' |
| બુધવાર | ૨૭-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | શ્રી વલ્લભભાઈ ભંશાલી | શ્રધ્ધા, જ્ઞાન અને સમ્યગ્ જ્ઞાન |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | શ્રી ભાગ્યેશ જહાં | ભક્તિ અને જ્ઞાન |
| ગુરૂવાર | ૨૮-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. સેજલ શાહ | નય પ્રમાણથી મન પ્રમાણ સુધી |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. કેશુભાઈ દેસાઈ | શ્રીમદ્ રાજચંદ્ર અને સાબરકાંઠાના સંતો |
| શુક્રવાર | ૨૯-૦૮-૨૦૧૪ | ૮-૩૦ થી ૯-૧૫ | ડૉ. રાહુલ જોષી | સંગીતમય નવકાર |
| | | ૯-૩૦ થી ૧૦-૧૫ | ડૉ. જી. સી. ત્રિપાઠી | ક્ષમાપના જૈન ઓર અન્ય દર્શન મેં |

**ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. સંચાલન :** શ્રીમતિ નીરૂબેન એસ. શાહ અને ડૉ. કામિની ગોગરી

**ભજનો રજૂ કરશે અનુક્રમે** (૧) કુ. શર્મિલા શાહ (૨) શ્રીમતિ ઉષાબેન ગોસલીયા (૩) શ્રીમતિ વૈશાલી કેરકર (૪) શ્રી શશાંક થાડા (૫) શ્રીમતિ ગોપી શાહ (૬) શ્રીમતિ કૈલાસ ઠક્કર (૭) શ્રી કરણ મિશ્રા (૮) શ્રી ગૌતમ કામટ.

પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમ જ ભક્તિ સંગીતની સી. ડી. **સ્વ. કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર (દિલ્હીવાળા)** તરફથી બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે.

ઉપરોક્ત સર્વવ્યાખ્યાનો અને ભજનો સંસ્થાની વેબસાઈટ www.mumbaijainyuvaksangh.com.પર સાંભળી શકશો. સંપર્ક: હિતેશ માયાણી મો.૦૯૮૨૦૩૪૭૯૯૦

**(૧) તા. ૨૨ ઓગસ્ટ, પર્યુષણના પ્રથમ દિવસે નિમ્ન ગ્રંથોનું જિનશાસન સમર્પણ**

(૧) ઈલા દિપક મહેતા સંપાદિત : **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત.** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજ ભાવાનુવાદ (૨) ભારતી દિપક મહેતા સંપાદિત **શ્રી શશીકાંત મહેતા – અધ્યાત્મ રવિની પિતૃ છવિ** (૩) ડૉ. કુમારપાળ દેસાઈ લિખિત અંગ્રેજી ભાષામાં અપૂર્વ ગ્રંથ **'જૈનીઝમ : ધી કોસ્મિક વિઝન.'**

**(૨) તા. ૨૩ ઓગસ્ટ,પર્યુષણ દ્વિતીય દિવસે ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવા સંપાદિત, 'પ્રબુદ્ધ જીવન' પર્યુષણ પર્વ વિશિષ્ટ અંક ' કર્મવાદ: જૈન દર્શન અને અન્ય દર્શન'નું જિનશાસન સમર્પણ.**

**(૩) તા. ૨૬ ઓગસ્ટ, ભગવાન મહાવીર જન્મ વાંચન દિવસે નિમ્ન પુસ્તકનું જિનશાસન સમર્પણ**

દીપ્તિ નીતિન સોનાવાલા કૃત કાવ્ય સંપુટ 'હું અને તું' એક અનુભૂતિ.

**આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

| ભૂપેન્દ્ર ડી. જવેરી | નીતિન કાં. સોનાવાલા | ચંદ્રકાંત ડી. શાહ | નિરુબેન એસ. શાહ | વર્ષાબહેન આર. શાહ | જયદીપ ડી. જવેરી |
|---|---|---|---|---|---|
| કોષાધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ | ડૉ. ધનવંત ટી. શાહ | સહમંત્રી | સહકોષાધ્યક્ષ |
| | | | મંત્રીઓ | | |

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨)
અંક-૬, સપ્ટેમ્બર, ૨૦૧૪ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



## જિન-વચન

**ભયથી વ્યાકુળ થયેલા જીવો સંસારમાં ભટકે છે.**

सव्वे सयकम्मकप्पिया अवियत्तेण दुहेण पाणिणो ।
हिंडंति भयाउला सढा जाइजरामरणेहि ऽ भिद्दुता ।।

(सू. १-२-३-१८)

સર્વ પ્રાણીઓ પોતપોતાનાં કર્મ અનુસાર પોતાની અવસ્થા પ્રાપ્ત કરે છે. ઘણી વાર તેઓનું દુઃખ અપ્રગટ હોય છે. શઠ તથા ભયથી વ્યાકુળ થયેલા જીવો સંસારમાં ભટકે છે અને જન્મ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુનાં દુઃખ ભોગવે છે.

All living beings have their present life according to their Karmas. Their unhappiness is often latent. Wicked and terrified beings wander around experiencing the pains of birth, old age and death.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન' ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૨મું વર્ષ.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

**આત્મા શરીર સાથે લગાવ ખોઈ નાખે છે તેમના ઉપર શારીરિક તકલીફોની અસર થતી નથી.**

શેખ ફરીદ પોતાના શિષ્ય સાથે બેઠા હતા. અધ્યાત્મના ગૂઢ અને ગહન વિષયો પર વિચાર-વિમર્શ થઈ રહ્યો હતો. એક શિષ્યના મનમાં પ્રશ્ન ઊઠ્યો અને તેણે શેખ સાહેબને પૂછ્યું, 'હજૂર! કહેવાય છે કે ઈસુ ખ્રિસ્તને જીવતા શૂળી પર લટકાવી દેવામાં આવ્યા અને તેમને દર્દ ન થયું. મંસૂરને પણ પથ્થરોનો માર સહેવો પડ્યો તેઓ જરાય કણસ્યા નહિ. શું આવું સંભવ છે?'

શેખ ફરીદ મલકાયા અને પોતાના શિષ્યને એક આખું નારિયેળ આપતાં બોલ્યા, 'આમાંથી કોપરાનો વાટકો કાઢી શકે છે?'

શિષ્ય બોલ્યો, 'હજૂર! આ નારિયેળ હજી પૂરું પાક્યું નથી. પાકા અને સૂકા નારિયેળનાં છિલકાં કોપરાના વાટકાથી અલગ થઈ જાય છે. તેથી તેને કાઢવાનું સહેલું છે!'

શેખ ફરીદ બોલ્યા, 'બેટા! તેવી જ રીતે જે માણસોનો આત્મા તેમના શરીર સાથે લગાવ ખોઈ નાખે છે તેમના ઉપર શારીરિક તકલીફોની અસર થતી નથી. નિરાસક્ત વ્યક્તિ શરીર હોવા છતાં પણ તેના બંધનોથી મુક્ત હોય છે અને પરમાત્મા ચેતનામાં સ્વચ્છંદ ભ્રમણ કરે છે.''

* * *

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | (૧) જૈનોની ઘટતી વસ્તી | | |
| | (૨) જૈન ધર્મ અને કલા-અભિનય | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | ઉપનિષદમાં વિદ્યાવિચાર | ડૉ. નરેશ વેદ | ૬ |
| ૩. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન | — | ૯ |
| ૪. | ભજન-ધન-૧૧ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૧૩ |
| ૫. | જૈન જીવન શૈલી અને સ્ટ્રેસ (તણાવ) મેનેજમેન્ટ | ડૉ. તૃપ્તિ જૈન<br>અનુવાદ : બીના ગાંધી | ૧૭ |
| ૬. | 'શ્રી આનંદઘન પદસંગ્રહ' : ભાવાર્થમાં પ્રગટતી આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પ્રતિભા | ડૉ. કાન્તિભાઈ બી. શાહ | ૨૩ |
| ૭. | ભાવ-પ્રતિભાવ : | બકુલ ગાંધી અને અન્યો | ૨૬ |
| ૮. | જીવનનો મર્મ | કાકુલાલ મહેતા | ૩૦ |
| ૯. | આ છે મહાવીર અમારા | આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ | ૩૨ |
| ૧૦. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૩ |
| ૧૧. | પ્રૉમ્પટીંગની કળા | ડૉ. ગુલાબ દેઢિયા | ૩૪ |
| 12. | A Seeker's Diary | Reshma Jain | 35 |
| 13. | Importance of Guru in life and Mahatma Gandhi | Prof. Dr. Yogendra Yadav | 37 |
| 14. | The First Ganadhara Indrabhuti Gautama: Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૮. | પંથે પંથે પાથેય : કહાં ગયે વો લોગ... | રમેશ પી. શાહ | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) • અંક : ૬ • સપ્ટેમ્બર ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૦ • વીર સંવત ૨૫૪૦ • ભાદરવા વદિ તિથિ-૮ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •

• • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## જૈનોની ઘટતી વસ્તી

(૧)

આ એક સાચી ઘટના છે.

ગરીબીની રેખાને સ્પર્શતા મધ્યમવર્ગીય એક ચાલીસીની આસપાસના શ્રાવક મારી પાસે આવ્યા. એમની સાથે થયેલી વાતચીત અક્ષરસઃ અહીં પ્રસ્તુત કરું છું.

'સાહેબ, મારી આર્થિક અને રહેઠાણની તકલીફ જોઈને મારી પાડોશમાં રહેતા એક ખ્રિસ્તી ભાઈએ મને સલાહ આપી.'

'શી સલાહ?'

'મારે અને મારા પરિવારે ખ્રિસ્તી થઈ જવું, તો મને રહેવા મકાન, મીશનરી સંસ્થામાં નોકરી અને મારા બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણવાની સગવડતા મળશે.'

'તારે ધર્મભ્રષ્ટ થવું છે?' મેં પ્રશ્ન કર્યો.

'ધર્મભ્રષ્ટ નહિ, ધર્મ પરિવર્તન, જે મને અને મારા પરિવારને 'જીવવા'ની સગવડતા કરી આપે છે. ભૂતકાળ અને વર્તમાનમાં ઘણાં હિંદુઓએ ઈસ્લામ અને જૈનોએ પણ વૈષ્ણવ અને સ્વામી નારાયણ ધર્મ સ્વીકાર્યો જ છે.'

'કેમ આપણાં ધર્મમાંથી તને આ બધું નથી મળતું? આપણે ત્યાં 'સાધર્મિક ભક્તિ'ને તો મહત્ત્વ અપાયું છે.'

'સાહેબ, આ બધી પ્રવચનોની અને પ્રચારની વાતો છે. મેં કેટલાય શેઠિયાની ઑફિસે ચપ્પલ ઘસી નાંખ્યા, પણ ક્યાંથી કોઈ મદદ ન મળી. સાહેબ, રહેવા ઘર તો જોઈએ ને? હું સો ફુટની ઑરડીમાં દૂર પરામાં રહું છું. ઘરમાં અમે ચાર જણ. ચારે જણ સાથે તો સૂઈ જ ન શકીએ એટલે મારે તો બારે માસ બહાર ચાલીમાં, આવતા જતા માણસોના ઠેબા ખાતા સુવા-બેસવાનું, અને બીજી તકલીફોની તો શી વાત કરું?

અને એ ભાઈએ આક્રોશમાં જે વેણ મને કહ્યા એ શબ્દો અહીં મૂકતા મને સંકોચ થાય છે. પણ એનો ભાવાર્થ અહીં પ્રસ્તુત ન કરું તો મારો શબ્દધર્મ લાજે.

સૌ પહેલાં આ મધ્યમવર્ગીય શ્રાવકનો પરિચય આપું. આ પરિચય આવા અનેક જૈનોનો છે એવું સમજી લેવા વિનંતિ.

આ જૈન ભાઈ, ભારતના એક ગામના નિવૃત્ત શિક્ષકનું સંતાન. ભાઈ-બહેનોનો બહોળો પરિવાર. શાળાકીય શિક્ષણ ઉપરાંત પાઠશાળામાં જૈન ધર્મનું શિક્ષણ, એટલે જૈન ધર્મના પૂરા સંસ્કારથી વિભૂષિત આ પરિવાર, છતાં વાસ્તવિક મુશ્કેલીને કારણે આવું વિચારે.

કલાકોની હાડમારી વેઠી કામ ઉપર જવું-આવવું, ટૂંકા પગારની નોકરી અથવા દલાલી, ઉપરાંત પત્ની પણ નાનું-મોટું આર્થિક ઉપાર્જનનું કામ કરે, ત્યારે માંડ માંડ બે પાંદડે થવાય, એમાંય જો

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી રીટાબેન ઉમંગભાઈ શાહ**
**શૈલી ઉમંગભાઈ શાહ**
**ઝુબીન ઉમંગભાઈ શાહ**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

માંદગી પધારે તો તો એનો સામનો લગભગ અશક્ય.

થોડાં સમય પહેલાં વોટ્સ એપ ઉપર જૈન ધર્મની મહાનતા વિશે થોડાં વાક્યો ફરતા થયેલાં એમાં જણાવાયું હતું કે એક સમયે જૈન ધર્મીઓની વસ્તી કરોડોની હતી, એક આખો મોટો પ્રદેશ જૈન ધર્મીઓનો હતો, ઘણાં મંદિરો હતાં, શ્રુતજ્ઞાનના ભંડારો હતા, વગેરે વગેરે.

આજે શું પરિસ્થિતિ છે? સમગ્ર જગતમાં માંડ માંડ દોઢ કરોડની જૈનોની વસ્તી હશે, એમાંથી પચ્ચીસ લાખ પરદેશમાં હશે, બાકી માત્ર સવા કરોડ જૈનો જે દેશમાં જૈન ધર્મનો જન્મ થયો એ મહાન ભારતમાં!

અન્ય સમાજ જૈનોને શ્રીમંત સમજે છે, કારણ કે જૈન શ્રેષ્ઠિઓની સંખ્યા વધુ છે, જૈનોનું વૈભવ પ્રદર્શન અન્યને ઈર્ષા આવે એવું છે. પણ જૈન સમાજમાં આ શ્રેષ્ઠિવર્ગ અલ્પ સંખ્યામાં છે, લગભગ ૬૦ ટકા જૈનો તો આમ મધ્યમવર્ગી છે, જેમની પાસે જૈન ધર્મ છે, પણ અનેક અભાવોમાં એ પીસાય છે. લાચાર છે. કેટલાંક શ્રાવક–શ્રાવિકાઓ તો ફરજિયાત આયંબીલ કરે છે! આ આયંબિલ શાળામાં વિશેષ.

અભાવોથી પીડાતો આ વર્ગ ધર્મ પરિવર્તન તરફ જઈ રહ્યો છે એ ચિંતાનો વિષય છે. આ રીતે જૈનોની વસ્તી ઘટાડા તરફ જઈ રહી છે.

ધર્મને જીવંત રાખવા અને મનની શાંતિ માટે ધર્મસ્થાનકોની આવશ્યકતા છે, પણ આ સામાજિક સમસ્યાનો વિચાર કર્યા વગર ધર્મસ્થાનકોનું નિર્માણ કર્યા કરીશું તો ઘટતી જતી આ સંખ્યાને કારણે આ ધર્મસ્થાનકોને સાચવશે કોણ?

વર્તમાનમાં કેટલાંય ગામો એવા છે કે જ્યાં જૈનોની વસ્તી જ નથી, તો આ ધર્મસ્થાનકો કેવી રીતે સચવાતા હશે? આ આશાતના તરફ જૈન સમાજનું ધ્યાન દોરવાની જરૂર નથી? આજે ગોઠી અને પાઠશાળાના શિક્ષકોનો અભાવ છે, નવો વર્ગ તો આ કામ અપનાવવા તૈયાર જ નથી, કારણ કે એમને અપાતું પગાર ધોરણ દયનીય છે. એટલે આ વર્ગ પણ ગળતો જાય છે.

પાંચ વર્ષ, માત્ર પાંચ વર્ષ જો આપણે નવા ધર્મસ્થાનકોનું નિર્માણ ન કરીએ, ભવ્યાતિભવ્ય ઉત્સવો ન કરીએ અને એ માટે ઉપયોગમાં લેવાતી આ કરોડોની રકમ ભારતના વિવિધ ભાગમાં વસતા મધ્યમ વર્ગના આ શ્રાવકોના રહેઠાણ અને તબીબી સહાય માટે વાપરીએ તો એનું પુણ્ય આ ધર્મ સ્થાનકોના નિર્માણ કરતાં ઓછું તો નહિ જ હોય. એ માટેની પ્રેરણા આપણા મુનિ ભગવંતોએ જ આ શ્રેષ્ઠિઓને આપવી પડશે તો જ એ શક્ય બનશે, અને તો જ જૈન ધર્મીઓની વસ્તી ઓછી થતી અટકશે.

*પાંચ વર્ષ, માત્ર પાંચ વર્ષ જો આપણે નવા ધર્મસ્થાનકોનું નિર્માણ ન કરીએ અને એ માટેની કરોડોની રકમ ભારતના વિવિધ ભાગમાં વસતા મધ્યમ વર્ગના આ શ્રાવકોના રહેઠાણ અને તબીબી સહાય માટે વાપરીએ તો એનું પુણ્ય આ ધર્મ સ્થાનકોના નિર્માણ કરતાં ઓછું તો નહિ જ હોય.*

હવે માનવ ઉધ્ધારની પ્રથમ જરૂરિયાત છે.

હવે શ્રાવકોધ્ધારને પ્રાથમિકતા આપવી પડશે.

**આ વિષયમાં સુજ્ઞ વાચકો અને ચતુર્વિધ સંઘને પોતાના વિચારો મોકલવા અમે નિમંત્રણ પાઠવીએ છીએ. જે અમે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત કરીશું.**

(૨)

### જૈન ધર્મ અને કલા-અભિનય

જૈન ધર્મના સિદ્ધાંતોના પ્રચાર અર્થે હમણાં ભગવાન મહાવીર ઉપર એક ટી.વી. શ્રેણી બની હતી, એના પ્રસારણો છેલ્લી ઘડીએ અટકાવી દેવામાં આવ્યા. કારણ કે એના પ્રસારણ થવાથી જૈનોની ધર્મની લાગણી દુભાવાની હતી.

લાગવગ અને પ્રતિષ્ઠાનો ઉપયોગ થયો અને રાજકારણીઓને તો યશ જોઈએ જ, અને એમણે એમની સત્તાનો ઉપયોગ કર્યો. વાહ વાહ થઈ.

જૈન ધર્મની પરંપરા છે કે કોઈ પણ વ્યક્તિ જૈન સાધુ કે તીર્થંકરનું પાત્ર ન ભજવી શકે. કારણ કે એક વખત જૈન સાધુનો વેશ પહેર્યો પછી એ મૃત્યુ સુધી ઉતરે જ નહિ. સાધુ વેશની પ્રતિજ્ઞાનું આ મહત્ત્વ છે, અને પાત્ર ભજવનાર તો પોતાનું અભિનય કાર્ય પૂરું કર્યા પછી એ આ વેશ ઉતારી દેવાનો છે.

ઉપર કહ્યું તેમ આ 'પરંપરા' છે. આ વિશે કોઈ જૈન શાસ્ત્રનું પ્રમાણ છે? હોય તો એ શાસ્ત્રપ્રમાણ તજજ્ઞો દ્વારા ઉપસ્થિત થવું ઘટે.

નાટ્ય અને નૃત્ય-સંગીતનો જૈન ધર્મમાં અસ્વીકાર છે?

કેટલાક તથ્યો તરફ દૃષ્ટિ કરીએ :

રાયપસેણિ સુત્ત નામના આગમ ગ્રંથમાં એક કથા છે. એક વાર ભગવાન મહાવીર વિહાર કરતા કરતા આમલક્યા નગરીમાં પધાર્યા, અને એ નગરીમાં અશોક વૃક્ષની નીચે એક શીલા ઉપર બિરાજ્યા. એ સમયે સ્વર્ગના સૂર્યાભિદેવ ભગવાન મહાવીરની વંદના કરવા આવ્યા અને એ સૂર્યાભિદેવે બત્રીસ પ્રકારના અભિનયાત્મક નાટક ભગવાન સમક્ષ કરી બતાવ્યા.

ભગવાન મહાવીરના સમયમાં જૈન મુનિ અષાઢભૂતિ દીક્ષિત થતાં પહેલાં નાટ્ય અભિનેતા હતા. એમના જીવન વિશેની કથા રોચક છે, જે અહીં પ્રસ્તુત છે.

લગભગ બે હજાર વર્ષ પહેલાં આચાર્યશ્રી સિદ્ધશ્રી ગણિએ ત્રણ

હજાર પાંચસો પાનાનું 'ઉપમિતિ ભવ પ્રપંચ કથા' શીર્ષકથી ભવ્ય નાટક લખ્યું હતું અને એ અનેક વખત ભજવાયું હતું.

ભરત મુનિએ પાંચમા વેદ જેવા 'નાટ્યશાસ્ત્ર'ની રચના કરી. એ જ કક્ષાના નાટ્યગ્રંથ 'નાટ્યદર્પણ'ની રચના આચાર્ય હેમચંદ્રાચાર્યના શિષ્ય મહાકવિ આચાર્ય રામચંદ્રે કરી હતી, ઉપરાંત એમણે અગિયાર જેટલા સંસ્કૃત નાટકો પણ લખ્યા હતા.

આ ઉપરાંત અનેક જૈન મુનિ અને શ્રાવકોએ નાટ્યરચના કરી છે, સાહિત્યના એક સ્વરૂપ તરીકે.

થોડાં સમય પહેલાં જૈન મુનિ હેમચંદ્રાચાર્ય અને અવધૂત આનંદઘનજીના જીવન ઉપર નાટકો પ્રસ્તુત થયા હતા, એમાં એ પાત્રોનો વેશ જૈન મુનિ વેશની લગભગ નજીક હતો, અને જૈન મુનિના જે ઉપકરણો દા. ત. ઓઘો વગેરેનો ઉપયોગ થયો ન હતો. આ રીતની પ્રસ્તુતિથી નાટ્ય પ્રસ્તુત કરનારનો ઉદ્દેશ પાર પડ્યો હતો.

ભગવાન મહાવીર ઉપર તૈયાર થયેલી ટી.વી. શ્રેણી છેલ્લી મિનિટે બંધ કરાઈ હતી, એટલે શક્ય છે કે વિરોધ કરનારાઓએ એ જોઈ નહિ હોય.

રામ, કૃષ્ણ અને બુદ્ધના જીવન એ પાત્રો થકી પ્રસ્તુત થયા છે અને થઈ રહ્યાં છે. અને આ મહાપુરુષોનો જીવન સંદેશ જગત સુધી પહોંચ્યો છે, પહોંચી રહ્યો છે. ભજવાતા આ પાત્રો માટે એ ધર્મે કોઈ ઉહાપોહ નથી મચાવ્યો.

ઉપરાંત કલાકાર જે પાત્ર ભજવે છે, એ કલાકાર એ પાત્રનો ઊંડો અભ્યાસ કરે છે, એ પાત્રને આત્મસાત તદ્ભવની કક્ષા સુધી કરે છે. એટલે જ આવી અભિનય કલાને પરકાયા પ્રવેશ કહેવાય છે. જે કલાકાર જે સમયે જે પાત્ર ભજવે છે એ પળ માટે તો એ મૂળ પાત્ર જેવો જ હોય છે.

વિશ્વશાંતિ માટે જગતને આજે જૈન ધર્મના ત્રણ સિદ્ધાંતો અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત વાદની ખાસ જરૂર છે. આ સિદ્ધાંતોનો પ્રચાર જૈન ધર્મ માટે ગૌરવ ઘટના છે. જૈન ધર્મના સિદ્ધાંતોને વિશ્વ પાસે પહોંચાડવા માટે કલાનું આ માધ્યમ ઉત્તમોત્તમ છે.

એટલે જો શાસ્ત્રનું પ્રમાણ ન હોય તો 'પરંપરા'ના આ નિયમની પુનઃવિચારણા કરવાની વર્તમાનમાં જરૂર છે. આવી પરિસ્થિતિમાં કલા સર્જકોએ પોતાના સર્જનના અસ્તિત્વ માટે કાયદા અને ધર્મની મર્યાદામાં રહીને જે શક્ય હોય એ પગલાં લેવા જોઈએ. કારણ કે આખરે તો એમની લડાઈ પણ જૈન ધર્મના સિદ્ધાંતોના પ્રચાર માટે જ છે, જેની વિશ્વને આજે જરૂર છે. આવા પ્રચારથી અ-જૈન જૈન ધર્મ તરફ દૃષ્ટિ કરશે અને એ પ્રચારને આચારમાં પરિવર્તિત કરશે તો લાભ જૈનોને જ છે.

આ વિષયમાં વાચકોના વિચારો આવકાર્ય છે.

**મિચ્છામિ દુક્કડં**

વર્ષ દરમિયાન વાચકને પ્રબુદ્ધ ભાવ તરફ ગતિ કરાવે એવું વાંચન આપવા અમે પ્રયત્ન કર્યો છે. છતાં અહીં પ્રગટ થતાં વિચારોથી કોઈને મનભેદ કે મનદુઃખ થયું હોય તો અમે અંતઃકરણપૂર્વક આપ સર્વેની ક્ષમા માંગીએ છીએ.

❑ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

## દીપોત્સવી વિશિષ્ટ અંક
## જૈન તીર્થ વંદના

**'પ્રબુદ્ધ જીવન'નો દીપોત્સવી અંક ઉપરોક્ત શીર્ષકથી ઑક્ટોબરની ૧૬મી તારીખે પ્રકાશિત થશે**

* સાહિત્ય અને સ્થાપત્ય જ કોઈ પણ ધર્મને સદાકાળ જીવંત રાખે છે.
* જૈન તીર્થ અને જૈન સ્થાપત્યનું ભારતીય સંસ્કૃતિમાં અનોખું અને આગવું સ્થાન છે.
* આ વિશિષ્ટ અંકમાં કેટલાંક પરિચિત અને અપરિચિત સુપ્રસિદ્ધ અને સીમા ચિન્હરૂપ જૈનોના શ્વેતાંબર-દિગંબર તીર્થોનો સંશોધનાત્મક દૃષ્ટિથી રંગીન ફોટોગ્રાફ સહિત વિગતે પરિચય કરાવવામાં આવશે.
* આ દળદાર અંકનું સંપાદન કરશે જૈન તીર્થો અને જૈન સાહિત્યના અભ્યાસી
* **ડૉ. રેણુકાબેન પોરવાલ**
* **ડૉ. અભય દોશી**
* **આ અંકની કિંમત માત્ર રૂા. ૬૦/-**
* પ્રભાવના અથવા દીપાવલી પ્રસંગે ભેટ આપવા માટે વધુ નકલ જોઈતી હોય તો સત્વરે ઑર્ડર લખાવવા વિનંતિ.
* જ્ઞાનની અનુમોદના ક્ષણજીવી નહિ શાશ્વત છે. એ પૂણ્યકર્મ ઉપાર્જન છે.

# ઉપનિષદમાં વિદ્યાવિચાર

☐ ડૉ. નરેશ વેદ

**(લેખકમાંક : બારમો)**

આપણે સહુ શરીરધારી અને આયુષ્યધારી મનુષ્યો હોવાને કારણે આપણે શારીરિક (Phsysical), માનસિક (Psychological), ઊર્મિક (Emotional), વૈચારિક (Ideological), બૌદ્ધિક (Intellectual) – એમ અનેક બંધનોમાં બંધાયેલા હોઈએ છીએ. આવાં બધાં બંધનોમાંથી આપણને જે છોડાવે, મુક્ત કરે તેને વિદ્યા કહેવામાં આવે છે. એટલે તો સંસ્કૃત ભાષાના અનેક સૂત્રમાં કહેવાયું છે – सा विद्या या विमुक्तये। પ્રાચીન જમાનામાં આ વિદ્યાઓને કળાઓ (lore) તરીકે ઓળખવામાં આવતી હતી અને એની સંખ્યા ૬૪ જેટલી બતાવવામાં આવતી હતી. જેમ કે, સર્પવિદ્યા (serpentlore), અશ્વવિદ્યા (horselore), રથવિદ્યા (chariotlore), ધનુષ્‌વિદ્યા (archerylore), લોકવિદ્યા (Folklore). આજે આ વિદ્યાઓને કૌશલ્યો (skills) કહીને ઓળખાવવામાં આવે છે. જેમ કે, નેતૃત્વકૌશલ (leadership skill), વહિવટી કુશળતા (administrative skill), સમયપ્રબંધન કુશળતા (time-management skill), સંપ્રેષણ કૌશલ્ય (communication skill), પ્રચારકૌશલ્ય (canvasing skill), વિજ્ઞપ્તિ કુશળતા (advertising skill). મતલબ કે છેક પ્રાચીન કાળથી આજ સુધી એમ મનાયું છે કે જીવનમાં સફળ થવા માટે મનુષ્યે અનેક પ્રકારની વિદ્યાઓથી અને કુશળતાથી જાણકાર અને તદ્‌વિદ થવું જોઈએ. ઉપનિષદો તો જીવનનું વિજ્ઞાન શીખવનારા ગ્રંથો હોવાથી સ્વાભાવિક રીતે જ એના રચયિતા ઋષિઓને આવી વિદ્યાઓ અને આવાં કૌશલ્યો વિશે વિચારવાનું પ્રાપ્ત થયું છે. આવો વિચાર તેઓએ વિદ્યા અને અવિદ્યા તથા પરાવિદ્યા અને અપરા વિદ્યા એવી સંજ્ઞાઓ અને એના સંપ્રત્યયો (concepts) દ્વારા કર્યો છે.

આપણે ખ્યાલમાં એ રાખવાનું છે કે ઉપનિષદોમાં આ સંજ્ઞાઓ વિશેષ અર્થોમાં પ્રયોજાયેલી છે. આ સંજ્ઞાઓ ત્યાં સામાન્ય સંજ્ઞાઓ નથી, પણ ખાસ પારિભાષિક સંજ્ઞાઓ છે. તેથી એ સંજ્ઞાઓના અર્થ આપણે શબ્દકોશમાં અપાયેલા સામાન્ય અર્થમાં લેવાના નથી. ઉપનિષદમાં વિદ્યાનો અર્થ છે ઉપાસના અને અવિદ્યાનો અર્થ છે ઉપાસનાથી જુદો એવો ક્રિયાકાંડ. એ જ રીતે પરાવિદ્યા એટલે જે આપણને શુદ્ધ, બુદ્ધ, નિત્ય અને મુક્ત એવા નિરાકાર, નિરંજન, નિર્ગુણ બ્રહ્મતત્ત્વનું જ્ઞાન આપે તે વિદ્યા અને અપરાવિદ્યા એટલે આપણને ભૌતિક જગતમાં જીવવા માટે જરૂરી વ્યવહાર જ્ઞાન આપે તે વિદ્યા. મતલબ કે, વિદ્યા સંજ્ઞાનો એમણે બે અર્થોમાં પ્રયોગ કર્યો છે: (૧) ઉપાસના અને (૨) સાધના.

વેદસંહિતાઓનું પ્રતિપાદન છે કે બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ કર્મસાધના, ભક્તિસાધના અને જ્ઞાનસાધના સિવાય થઈ શકતી નથી. એટલે વેદસંહિતાના ત્રણ ભાગોમાં આ ત્રણ સાધનાઓનું નિરૂપણ છે. તેનો પહેલો ભાગ છે બ્રાહ્મણ ગ્રંથો. તેમાં કર્મકાંડની વિદ્યાઓનું નિરૂપણ છે. બીજો ભાગ છે આરણ્યક ગ્રંથો. તેમાં ઉપાસનાઓનું નિરૂપણ છે અને ત્રીજો ભાગ છે ઉપનિષદો. તેમાં જ્ઞાનસાધનાનું નિરૂપણ છે. ઋષિમુનિઓના મત મુજબ સાધના બે પ્રકારની છેઃ (૧) બહિરંગ સાધના અને (૨) અંતરંગ સાધના. એમાંથી બહિરંગ સાધના ક્રિયા અને વિધિવિધાનવાળી હોય છે. તેમાં પૂજા, પાઠ, પ્રાણાયામ, જપ, યજ્ઞ જેવી ક્રિયાઓનો પ્રયોગ કરવામાં આવે છે. આવી કર્મકાંડી સાધનામાં મનુષ્યનું શરીર અને ઈન્દ્રિયો મુખ્ય સાધન બનતા હોવાથી તેને બહિરંગ સાધના કહેવામાં આવે છે. બહિરંગ સાધનાનો પહેલો તબક્કો આમ ક્રિયાકાંડનો હોય છે. સાધનાનો બીજો તબક્કો ઉપાસના કાંડનો છે. તેમાં મનુષ્યને તેના આત્મા તરફ દોરી જતાં શ્રવણ, મનન, ચિંતન, વિમર્શણ, ધ્યાન, નિદિધ્યાસન વગેરેનો સંપ્રયોગ કરવામાં આવે છે. ક્રિયાકાંડમાં મનુષ્ય શરીર અને તેની દશ ઈન્દ્રિયો જેવાં બાહ્ય સાધનોથી સાધના થાય છે, જ્યારે ઉપાસનાકાંડમાં મનુષ્યના મન, બુદ્ધિ, ચિત્ત અને અહં જેવા અંતઃકરણોથી સાધના થાય છે. તેથી તેને અંતરંગ સાધના કહે છે. સાધક માટે આ ક્રિયાકાંડી અને ઉપાસનાકાંડી બંને સાધનાઓ જરૂરી છે. એકલી બહિરંગ કે અંતરંગ સાધનાથી સાધ્ય પામી શકતું નથી. બંને સાધનાઓ એકબીજીની પૂરક અને ઉપકારક છે. પણ જ્યારે સાધક આ બંને સાધના તબક્કાઓને વળોટીને જ્ઞાનની ભૂમિકાએ પહોંચે છે ત્યારે સાધકનું ચિત્ર ક્રિયાકાંડી પ્રયોગ અને ઉપાસનાયુક્ત સંપ્રયોગના સંયોગથી સંપ્રસાદ પામે છે. કર્મકાંડ અને ઉપાસનાના સમુચિત સંયોગથી સાધક જ્ઞાનદશામાં પહોંચે છે.

મનુષ્યની આવી ત્રિપદી સાધનાની ચર્ચાના પ્રકાશમાં આપણે વિદ્યા અને અવિદ્યા સંજ્ઞાઓનો યથાર્થ અર્થ સમજી શકીએ છીએ. વિદ્યા એટલે ઉપાસનાયુક્ત અંતરંગ સાધના અને અવિદ્યા એટલે ક્રિયાકાંડયુક્ત બહિરંગ સાધના. બ્રાહ્મણ ગ્રંથોમાં કર્મકાંડો અને વિધિવિધાનો સમજાવ્યા છે, જ્યારે આરણ્ય ગ્રંથો અને ઉપનિષદોમાં અનેકવિધ ઉપાસનાઓની સમજણ આપવામાં આવી છે. ત્યાં ઉપાસનાઓ માટે ઋષિમુનિઓએ 'વિદ્યા' સંજ્ઞા યોજી છે. ઉપનિષદમાં આવી અનેક વિદ્યાઓની સમજૂતી આપવામાં આવી છે. જેમકે, સર્ગવિદ્યા, દેવવિદ્યા, બ્રહ્મવિદ્યા, યોગવિદ્યા, હૃદયવિદ્યા, પંચકોશવિદ્યા, પંચજ્યોતિવિદ્યા, પંચાહુતિવિદ્યા, પંચાગ્નિવિદ્યા, પ્રણવવિદ્યા,

*બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ કર્મસાધના, ભક્તિસાધના અને જ્ઞાનસાધના સિવાય થઈ શકતી નથી.*

હિરણ્યગર્ભવિદ્યા, વસુધાનકોશવિદ્યા, વૈશ્વાનરવિદ્યા, મધુવિદ્યા, સંવર્ગવિદ્યા, દહરવિદ્યા, ભાર્ગવીવિદ્યા, સપ્તર્ષિવિદ્યા, શાંડિલ્યવિદ્યા, માંડૂકીવિદ્યા વગેરે.

ઉપનિષદના સ્રષ્ટાઓને મતે બ્રહ્મતત્ત્વની ઉપાસના ચાર રીતે થઈ શકે છે. (૧) સારોપા (૨) સંપદ્રૂપા (૩) ક્રિયામયી અને (૪) સાધ્યાસા. જરા બાંધેભારે કહીએ તો જે મુખ્ય દશ ઉપનિષદો છે તેમાં ક્રમશઃ નીચે મુજબની ઉપાસનાઓ સમજાવવામાં આવી છે.

(૧) ઈશાવાસ્ય ઉપનિષદમાં કર્મ અને ઉપાસનાનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

(૨) કેન ઉપનિષદમાં બ્રહ્મતત્ત્વને વિદ્યુતરૂપે ઉપાસવાની વિદ્યાનું નિરૂપણ છે.

(૩) કઠ ઉપનિષદમાં બ્રહ્મતત્ત્વને અગ્નિરૂપે ઉપાસવાની વિદ્યાનું નિરૂપણ છે.

(૪) પ્રશ્ન ઉપનિષદમાં બ્રહ્મતત્ત્વની સમજૂતી માટે પ્રાણની ઉપાસનાનું નિરૂપણ છે.

(૫) મુંડક ઉપનિષદમાં બ્રહ્મની ઉપાસનાનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

(૬) માંડૂક્ય ઉપનિષદમાં પ્રણવની ઉપાસનાનું નિરૂપણ છે.

(૭) તૈત્તિરીય ઉપનિષદમાં શબ્દની ઉપાસના વડે બ્રહ્મતત્ત્વને પામવાની વાતનું નિરૂપણ છે.

(૮) ઐતરેય ઉપનિષદમાં પ્રાણાયામની ઉપાસનાનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

(૯) છાંદોગ્ય ઉપનિષદમાં સગુણ ઉપાસનાનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

(૧૦) બૃહદારણ્યક ઉપનિષદમાં પ્રાણદેવતાની મૂર્ત અને અમૂર્ત ઉપાસનાનું નિરૂપણ છે.

આ ઉપરાંત, આ ઉપનિષદોમાં અધ્યાસ ઉપાસના, આંતર ઉપાસના, ઉદ્‌ગીથ ઉપાસના, પ્રતીક ઉપાસના, સંપદાદિ ઉપાસના, સારોપા ઉપાસના, સામ ઉપાસના વગેરે ઉપાસનાઓનું પણ નિરૂપણ છે.

ક્રિયાકર્મ (અવિદ્યા) અને ઉપાસના (વિદ્યા)ને સમજાવતાં તેઓ સ્પષ્ટ જણાવે છે કે વિદ્યા અને અવિદ્યા રૂપ બે અક્ષર (અક્ષર અને ક્ષર) એ અનંત અને અત્યંત ગૂઢ એવા પરબ્રહ્મમાં રહ્યા છે. તેમાંની અવિદ્યા ક્ષર બ્રહ્મ છે અને વિદ્યા અક્ષર બ્રહ્મ છે. જેને અવિદ્યા (કર્મ) અને જેને વિદ્યા (ઉપાસના) કહેવાય છે તે જ્ઞાન, એ બે એકબીજાથી તદ્દન દૂર રહેલી, વિરોધી અને જુદા જુદા ધ્યેયવાળી વસ્તુઓ છે. અવિદ્યાની વચમાં રહેનારા અને પોતાને બુદ્ધિમાન તથા પંડિત માનનારા મૂઢો આંધળા વડે દોરવાયેલા આંધળાની જેમ અહીંતહીં ભટકતા ફરે છે. અવિદ્યાને કારણે આવા જીવો આ લોકમાં (સંસારની અવસ્થાઓમાં) વિચરે છે અને સર્વ કર્મો કરે છે. આ રીતે જેઓ માત્ર અવિદ્યારૂપ કર્મની ઉપાસના કરે છે (એટલે કે જેઓ કર્મ કરવામાં જ રચ્યાપચ્યા રહે છે) તેઓ ગાઢ અંધારામાં જ જાય છે અને જેમને માત્ર વિદ્યામાંજ રસ પડે છે તેઓ તો જાણે કે તેથી પણ વધારે ગાઢ અંધારામાં ઊતરે છે. કારણ કે પરમતત્ત્વ તો વિદ્યાથી જુદું છે અને અવિદ્યાથી પણ જુદું છે. અવિદ્યારૂપ કર્મ અને વિદ્યારૂપ જ્ઞાન એ બંનેને જે એકી સાથે જાણે છે, તે અવિદ્યા વડે મરણને તરી જઈને વિદ્યા વડે અમરપણું મેળવે છે. આમ એટલા માટે કહ્યું છે કે કેવળ કર્મસાધનાથી કે કેવળ ઉપાસનાથી પરમતત્ત્વને સમજવાનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. હકીકતે એ બંનેના સમુચિત સમન્વયથી જ્ઞાનદશા પ્રાપ્ત થાય છે. સાધકનું ચિત્ત જ્યારે કર્મકાંડી પ્રયોગો અને ઉપાસનાકાંડી સંપ્રયોગોનો સમ્મુચય રચે ત્યારે બધી રીતે સૂક્ષ્મ અને શુદ્ધ થયેલું તે જ્ઞાનરૂપી, સમજણરૂપી સંપ્રસાદ પામે છે.

આગળ ચાલતાં ઋષિઓ સમજાવે છે કે સાધકે શ્રેય (કલ્યાણકારી) અને પ્રેય (અકલ્યાણકારી) બાબતો વચ્ચે વિવેક કરવાનો હોય છે. કેમકે શ્રેય વિદ્યા છે અને પ્રેય અવિદ્યા છે. વિદ્યા અજવાળું છે, અવિદ્યા અંધારું છે. આત્મકલ્યાણ (શ્રેય) એક વસ્તુ છે, અને પ્રિય લાગે છે તે (પ્રેય) તદ્દન જુદી જ વસ્તુ છે. એ બનેના હેતુ જુદા જુદા છે. તેથી સાધકની સામે જ્યારે શ્રેય અને પ્રેય આવીને ઊભા રહે છે ત્યારે તેનો ઔચિત્યબુદ્ધિથી સારાસાર વિવેક કરવો જોઈએ. જે સાધક આત્મકલ્યાણને પસંદ કરે છે, તેનું બધું ભલું અને સારું થાય છે, પણ જે પ્રિય વસ્તુને પસંદ કરે છે, તે પોતાના જીવનનું ધ્યેય ચૂકી જાય છે. નચિકેતાની કથા દ્વારા ઋષિ આ વાત બરાબર સ્પષ્ટ કરી આપે છે. યમદેવતા દ્વારા નચિકેતા સમક્ષ લોકોને અત્યંત લોભામણી અને પ્રિય લાગે તેવી વસ્તુઓનો વિકલ્પ મૂક્યો, પરંતુ એનાથી સહેજ પણ લોભાયા કે લલચાયા વિના નચિકેતાએ શ્રેયને પસંદ કર્યું તેથી તે શાપમુક્ત પણ થયો અને દેવોનેય દુર્લભ એવા જ્ઞાનનો અધિપતિ થયો.

ત્યારબાદ ઉપનિષદના સ્રષ્ટાઓ ઉપાસનાના બે સ્વરૂપો વિશે વાત કરે છે. ઉપાસનાનું એક સ્વરૂપ સંભૂતિ છે અને બીજું સ્વરૂપ અસંભૂતિ છે. સંભૂતિ અને અસંભૂતિ એ બંને સંજ્ઞાઓ વિશિષ્ટ અર્થોવાળી પારિભાષિક સંજ્ઞાઓ છે. આજની ભાષામાં આપણે એને સાકાર સ્વરૂપની ઉપાસના અને નિરાકાર સ્વરૂપની ઉપાસના કહી શકીએ. સંભૂતિ પ્રકારની ઉપાસનામાં કોઈ બાહ્ય આકૃતિ કે પ્રતીકનો સ્વીકાર કરવામાં આવતો નથી. એમાં માત્ર નિરાકાર બ્રહ્મની ઉપાસના કરવામાં આવે છે. પરંતુ ઉપાસનાના જે સ્વરૂપમાં બાહ્ય આકાર કે મૂર્તિનો સ્વીકાર કરવામાં આવે છે તેને અસંભૂતિ કહે છે. આવી ઉપાસનામાં અગ્નિ, મૂર્તિ કે કોઈ પ્રતીક દ્વારા બ્રહ્મતત્ત્વની ઉપાસના કરવામાં આવે છે. પરંતુ અહીં ધ્યાન આપવા જેવી મહત્ત્વની વાત એ છે કે ઉપનિષદના સ્રષ્ટાઓ કેવળ સાકાર કે કેવળ નિરાકારની ઉપાસના પદ્ધતિને પૂર્ણ અને યથાયોગ્ય ગણતા નથી. તેઓ તો સાકાર-નિરાકાર બંને ઉપાસનાઓના સંયોગનો આગ્રહ સેવે છે.

આટલું સ્પષ્ટ કર્યા પછી તેઓ પરા વિદ્યા અને અપરા વિદ્યા વિશેના

પોતાના ખ્યાલો સ્પષ્ટ કરે છે. એમના અભિપ્રાય મુજબ વિદ્યાઓ બે જાતની છે: (૧) પરા વિદ્યા અને (૨) અપરા વિદ્યા. અક્ષર તત્ત્વનું જ્ઞાન આપનારી વિદ્યાને તેઓ પરા વિદ્યા કહે છે. બ્રહ્મતત્ત્વ આવું અક્ષર તત્ત્વ છે. માટે અક્ષર બ્રહ્મતત્ત્વનું જ્ઞાન આપનારી વિદ્યા તે પરા વિદ્યા છે, તેમના મત મુજબ. જ્યારે ક્ષરતત્ત્વનું જ્ઞાન આપનારી વિદ્યાને તેઓ અપરા વિદ્યા કહે છે. આ જીવન, જગત અને સચરાચર સૃષ્ટિ ક્ષર છે. માટે આવા ક્ષર તત્ત્વોનું જ્ઞાન આપનારી વિદ્યા તે એમના મત મુજબ અપરા વિદ્યા છે. પોતાની વાત વધારે સ્પષ્ટ અને ચોખ્ખી થાય એ માટે તેઓ ઉદાહરણ આપે છે. તેઓ કહે છે કે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ જેવા ચાર વેદો તથા શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ જેવા છ વેદાંગો અપરા વિદ્યા છે. એના વડે આપણને ક્ષરબ્રહ્મનું એટલે કે સૃષ્ટિનું, સંસારનું અને તેના વ્યવહારોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્યારે જે તત્ત્વ જ્ઞાનેન્દ્રિયથી નથી સમજી શકાતું, કર્મેન્દ્રિયથી જેનું ગ્રહણ નથી થઈ શકતું એવું જે ઉત્પત્તિ અને રંગરૂપરહિત, આંખકાન અને હાથપગ વિનાનું, પણ નિત્ય અને વ્યાપક સર્વમાં રહેલું, અત્યંત સૂક્ષ્મ અને સર્વ પ્રાણીઓના કારણરૂપ જે અવિનાશી તત્ત્વ છે, તે અક્ષર બ્રહ્મ છે. જેના વડે આ અક્ષર બ્રહ્મનું જ્ઞાન થાય છે, તે પરા વિદ્યા છે.

આ રીતે ઉપનિષદોમાં મનુષ્યે દુઃખદર્દ વિનાનું, પ્રસન્ન, નિરામય અને સંપન્ન જીવન જીવવા માટે કોની, કઈ, કેવી ઉપાસના કરવી, એ માટે કઈ કઈ વિદ્યાઓથી અવગત થઈ તેને આત્મસાત કરવી જોઈએ, કેવાં કેવાં કૌશલ્યો શીખવાં જોઈએ એની વિગતે વાત થઈ છે. જીવનનું મુખ્ય સાધ્ય શું છે, એ કઈ સાધનાથી સિદ્ધ કરી શકાય એની બહુ ઉપયોગી જાણકારી ઉપનિષદોમાં આપી છે. જેમને જીવનનું વિજ્ઞાન સમજવું છે એમણે, આ કારણે, ઉપનિષદોનું અધ્યયન કરવું આવશ્યક જણાય છે. ઉપનિષદ સિવાય કોઈ ગ્રંથોમાંથી આટલું માતબર અને મહત્ત્વનું, ઉપયોગી અને અનુભૂત માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

***

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર,
ફોન નં.: ૦૨૬૯૨-૨૩૩૭૫૦. સેલ નં.: ૦૯૭૨૭૩૩૩૦૦૦

## શ્રી મુંબઈ જૈન સંઘ દ્વારા પ્રકાશિત અંગ્રેજી ભાષામાં લખાયેલો અપૂર્વ ગ્રંથ

## 'જૈનિઝમ : ધ કૉસ્મિક વિઝન'

પર્વાધિરાજ પર્યુષણના પ્રથમ દિવસે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સહયોગથી જૈનદર્શનના ઊંડા અભ્યાસી અને સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈના લેખો અને પ્રવચનોના પુસ્તક 'જૈનિઝમ : ધ કોસ્મિક વિઝન'ના નવસંસ્કરણનું વિમોચન કરવામાં આવ્યું.

આ પુસ્તકના તમામ લેખોની વિશેષતા એ છે કે આમાં માત્ર જૈન ધર્મના સિદ્ધાંતોના નિરૂપણને બદલે એ સિદ્ધાંતો વિશ્વની વર્તમાન સમસ્યાઓના નિવારણમાં કરી રીતે ઉપયોગી બની શકે તેમ છે એ વિશેનું સક્રિય ચિંતન આલેખવામાં આવ્યું છે. હિંસા, આતંકવાદ, પ્રદૂષણ જેવા મહાપ્રશ્નો અંગે જૈન ધર્મે વર્ષો પૂર્વે કરેલી ગહન વિચારણા અને સાંપ્રત સમયમાં તેની પ્રસ્તુતતા દર્શાવી છે.

આમાં શિકાગો અને કૅપટાઉનની વર્લ્ડ પાર્લામેન્ટ ઑફ રિલિજયન્સમાં તેમજ ન્યૂયોર્કના યુનાઈટેડ નેશન્સના ચૅપલમાં ડૉ. કુમારપાળ દેસાઈએ આપેલાં મહત્ત્વનાં પ્રવચનોનો પણ સમાવેશ થાય છે. માનવ અધિકારો અને મહિલા મુક્તિ જેવા વર્તમાન સમયના આંદોલનોના સંદર્ભમાં જૈન ધર્મની મૂળગામી વિચારધારાને દર્શાવવામાં આવી છે, તો એની સાથોસાથ શાકાહાર વિશે ઍન્ટવર્પમાં થયેલા વાદવિવાદને આલેખવામાં આવ્યો છે. વિશ્વના જુદા જુદા દેશોમાં વસતા જૈનોને સાંકળતો જૈન ડાયસ્પોરાનો વિચાર પણ આમાં આલેખવામાં આવ્યો છે.

જૈન ધર્મ એ એક જીવનશૈલી છે અને એ રીતે આજના માનવીના જીવનના રોજબરોજના પ્રશ્નોમાં આ ધર્મની જીવનશૈલી કઈ રીતે ઉપયોગી બનશે, તે દર્શાવ્યું છે. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રને કારણે અહિંસા, બ્રહ્મચર્ય, સત્ય અને અનેકાંતની વિચારધારાનો ગાંધીજીના જીવન પર પડેલા જૈન ધર્મના પ્રભાવને સદૃષ્ટાંત દર્શાવ્યો છે.

આ ગ્રંથ વિશે પ્રસ્તાવનામાં યુનાઈટેડ નેશન્સના પૂર્વ ભારતીય રાજદૂત ડૉ. એન. પી. જૈને નોંધ્યું છે તેમ, 'વૈશ્વિક પરિપ્રેક્ષ્ય ધરાવતા જૈન ધર્મના અંગ્રેજી ભાષામાં લખાયેલો અત્યંત અલ્પ સાહિત્યમાં આ એક મહત્ત્વનો ગ્રંથ છે.' જ્યારે ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ એનું વિવેચન કરતાં નોંધ્યું છે કે, 'વિદ્વત્તા, ગહન વિષયને સહજરીતે આલેખવાની કળા અને ભાષાના જાદુગર લેખકે જૈન સમાજને જ નહીં, પણ સમસ્ત વિશ્વને એક બેનમૂન સાહિત્યગ્રંથની ભેટ આપી છે.' જ્યારે પુસ્તકની પ્રથમ આવૃત્તિ વખતે ડૉ. કલાબહેન શાહે (પ્રબુદ્ધજીવન, ૧૬-૪-૨૦૦૯) નોંધ્યું, 'આ પુસ્તક લેખકના જૈનધર્મના વિશાળ વાંચન અને ગહન ચિંતનની પ્રતીતિ કરાવે છે. **અંગ્રેજીમાં ભણતા દેશ-પરદેશમાં વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓ સર્વને જૈનધર્મ સમજવા માટે અતિ મહત્ત્વનું આ પુસ્તક છે.**' આ ગ્રંથને શ્રી અખિલ ભારતવર્ષીય જૈન સંઘ, બિકાનેર દ્વારા જૈન ધર્મ અને દર્શનના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સાહિત્ય રચના માટે ૨૦૦૯માં 'શ્રી પ્રદીપકુમાર રામપુરિયા સ્મૃતિસાહિત્ય પુરસ્કાર' પ્રાપ્ત થયો છે.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા
# ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

આ વ્યાખ્યાનમાળાના બધાં વ્યાખ્યાનો અને ભક્તિ સંગીત આપ સંસ્થાની વેબ સાઈટ ઉપર સાંભળી શકશો.
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

**(તા. ૨૨ ઑગસ્ટ ૨૦૧૪થી તા. ૨૯ ઑગસ્ટ ૨૦૧૪)**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૮૦મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગ વડે જૈન ધર્મના અભ્યાસુ અને સાહિત્યકાર ડૉ. ધનવંતભાઈ શાહની અધ્યક્ષતા હેઠળ આઠ દિવસ સુધી ન્યૂ મરીન લાઈન્સ સ્થિત પાટકર સભાગૃહમાં યોજાઈ હતી. ૨૨મી ઑગસ્ટથી ૨૯મી ઑગસ્ટ સુધી યોજાયેલી આ વ્યાખ્યાનમાળા જીજ્ઞાસુઓ માટે જ્ઞાન, આરાધના અને ભક્તિરસની પરબ બની હતી. તપ, જ્ઞાન અને ભક્તિના આ પર્વ દરમિયાન જ્ઞાનની ઉપાસનાની સાથે ગુજરાતના અંતરિયાળ અને પછાત વિસ્તારમાં ચાલતી સેવાપ્રવૃત્તિને બળ આપવા નાણાંભંડોળ એકઠું કરવાનો સેવાયજ્ઞ 'સંઘે' વ્યાખ્યાનમાળાના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ શાહની પ્રેરણાથી ઈ. સ. ૧૯૮૫થી આદર્યો છે.

આ વર્ષે આર્થિક સહાય આપવા ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર પાસે આકોદરામાં આવેલી સંસ્થા 'વિશ્વમંગલમ્-અનેરા વૃંદાવન'ની પસંદગી કરવામાં આવી હતી. તેનું સંચાલન ગાંધીવાદી કાર્યકર ગોવિંદભાઈ રાવળ અને શ્રીમતિ સુમતિબહેન રાવળ દંપતી દાયકાઓથી કરે છે. આ પૂર્વે 'સંઘે' ૨૯ સંસ્થાઓને માટે ૪.૭૫ કરોડ રૂપિયા એકઠાં કરી આપ્યા છે.

આ પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે ઈલાબહેન દીપક મહેતા સંપાદિત-'સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત' મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ, ભારતી દીપક મહેતા સંપાદિત-'શ્રી શશીકાંત મહેતા-'અધ્યાત્મ રવિની પિતૃ છવિ' અને ડૉ. કુમારપાળ દેસાઈ લિખિત અંગ્રેજી ભાષામાં અપૂર્વ ગ્રંથ 'જૈનીઝમ : ધ કોસ્મિક વિઝન'નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા ઉદ્યોગપતિ સી. કે. મહેતા ઉપસ્થિત રહ્યા હતા. પર્યુષણ વ્યાખ્યાનમાળાના બીજા દિવસે 'પ્રબુદ્ધ જીવન'ના પર્યુષણ પર્વ વિશિષ્ઠ અંક 'કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન'ને જિનશાસનને જાણીતા ઉદ્યોગપતિ સરયુબહેન દફતરીના હસ્તે અર્પણ કરાયો હતો. આ અંકનું સંપાદન ડૉ. પાર્વતીબહેન ખીરાણી અને ડૉ. રતનબહેન છાડવાએ કર્યું છે. આ દ્વય સંપાદિકાઓનું સન્માન કરાયું હતું. ભગવાન મહાવીર જન્મવાંચનના દિવસે દીપ્તિબહેન નીતિન સોનાવાલા રચિત અધ્યાત્મ કાવ્યસંપુટ 'હું અને તું'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેમાં દીપ્તિબહેન સોનાવાલાએ પોતાની ઈશ્વર પ્રત્યેની અનુભૂતિ અંગેના કાવ્યો રજૂ કર્યા હતા.

પ્રત્યેક દિવસના વ્યાખ્યાન અને ભક્તિ સંગીતની સીડી સ્વ. કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા) તરફથી શ્રોતાઓને પ્રભાવના રૂપે આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે નીરુબહેન સુબોધભાઈ શાહે વિશિષ્ઠ શૈલીમાં આભારવિધિ કરી હતી. પ્રફુલ્લાબહેને અંતમાં મોટી શાંતિ સંભળાવી હતી. વ્યાખ્યાનમાળા દરમિયાન શર્મિલા શાહ, ઉષાબહેન ગોસલિયા, વૈશાલી કેરકર, શશાંક થાડા, ગોપી શાહ, કૈલાસબેન ઠક્કર, કરણ મિશ્રા અને ગૌતમ કામતે ભક્તિ સંગીત રજૂ કર્યું હતું.

વ્યાખ્યાનમાળાના અધ્યક્ષ ડૉ. ધનવંત શાહે શ્રોતાઓને સંબોધતા જણાવ્યું હતું કે આપ સર્વે શુભ જગ્યાએ પધાર્યા છો. શ્રાવકના ૧૧ કર્તવ્યોની વાત છે. તેમાં જ્ઞાન આરાધના એક કર્તવ્ય છે. આ વ્યાખ્યાનમાળા એ જ્ઞાન આરાધનાનું આભ્યંતર તપ છે. પાણીને ઉકાળવાથી વરાળ નીકળે છે એમ તપ અને જ્ઞાન વડે અશુભ કર્મો નીકળે છે અને શુભ કર્મોની પ્રાપ્તિ થાય છે. તપ, જ્ઞાન અને ભક્તિ માર્ગે આપણે કર્મનિર્જરાના લક્ષ્ય સુધી પહોંચવાનું છે. પંડિત સુખલાલજી, ઝાલાસાહેબ અને ડૉ. રમણભાઈ શાહે આદરેલી વ્યાખ્યાનમાળાની યાત્રાએ ૮૦ વર્ષ સુધી ગતિ કરી છે. આ વ્યાખ્યાનમાળામાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન, માર્ટિન લ્યુથર કિંગ અને આચાર્ય રજનીશ જેવા જાણીતા આગેવાનો વ્યાખ્યાન આપી ચૂક્યા છે. ૮૦ વર્ષમાં એક હજાર જેટલા વિદ્વાનો વ્યાખ્યાન આપી ચૂક્યા છે. ત્રણ

### પ્રોત્સાહક પ્રતિભાવ બદલ દાતાઓનો આભાર

વિશ્વ મંગલમ્ – અનેરા – વૃંદાવન સંસ્થાને આર્થિક સહયોગ આપવા માટે પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે દાનની વિનંતી કરતા આઠ દિવસ દરમ્યાન **રૂા. છવ્વીસ લાખ**ની રકમ એકત્રિત થઈ છે. હજુ દાનનો પ્રવાહ આવી રહ્યો છે..

માનવંતા દાતાઓની વિગતો 'પ્રબુદ્ધ જીવન'ના ઑક્ટોબરના અંકમાં પ્રકાશિત થશે.

સર્વ દાતાઓને અભિનંદન-ધન્યવાદ-આભાર.

લાખ જિજ્ઞાસુઓએ વ્યાખ્યાનમાં અમૃત સમાન જ્ઞાનનો લાભ મેળવ્યો છે. આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ્ય ઉપાશ્રયની સમાંતર વ્યાખ્યાન ચલાવવાનો નથી. ઘરે બેસવાના બદલે લોકો અહીં આવે એવી ધારણાથી વ્યાખ્યાનમાળા શરૂ થઈ છે.

આપણે સામાયિક અથવા મૌનમાં બેસીએ છીએ ત્યારે આપણો પ્રયત્ન આપણી પ્રકૃતિમાં રહેલી વિકૃતિમાંથી નિવૃત્ત થવાનો હોય છે. કોઈપણ સાધનાનું ધ્યેય સિદ્ધિ નહીં પરંતુ શુદ્ધિ હોવું જોઈએ. પળે પળે કર્મનિર્જરામાં જવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ વ્યાખ્યાનમાળાએ ૮૦ વર્ષની મજલ પૂરી કરી તે જૈનોમાં કદાચ અદ્વિતીય ઘટના છે. આ વ્યાખ્યાન માળા ક્રાંતિ કે મતભેદ માટે નથી પરંતુ તત્ત્વના પ્રસારણ માટે છે. ભવિષ્યમાં કદાચ આ વ્યાખ્યાનો સ્ટુડિયોમાં રેકોર્ડ થઈને ડીવીડીની મદદથી તેનું પ્રસારણ થઈનેજિજ્ઞાસુ સુધી પહોંચે એવા દિવસો પણ આવી શકે એમ ડૉ. ધનવંતભાઈ શાહે ઉમેર્યું હતું.

| વ્યાખ્યાન-એક ૨૨ ઑગસ્ટ |
| --- |
| વિષય : અઢાર પાપ સ્થાનક |

**૧૮ પ્રકારના પાપ કરીને માણસ પોતાના આત્માનું અહિત કરે છે**

*[ શૈલજાબહેન શાહ જૈન ધર્નના પ્રખર વિદ્વાન ડૉ. રમણભાઈ શાહ અને પ્રા. તારાબહેનના પુત્રી છે. તેઓ મુલુંડ લાયન્સ કલબના પ્રમુખ છે. આ મંચ ઉપરથી સંસ્કૃતમાં વ્યાખ્યાન આપનારા એકમાત્ર વ્યાખ્યાતા છે. તેઓ આ વ્યાખ્યાનમાળાના સહુથી નાની ઉંમરના શ્રોતા છે. તેઓ છ માસના હતા ત્યારે તારાબહેન તેમને લઈને આવતા હતા.]*

શૈલજા બહેન ચેતનભાઈ શાહે 'અઢાર પાપ સ્થાનક' વિશે જણાવ્યું હતું કે હિન્દુ ધર્મમાં મનુસ્મૃતિમાં દસ પ્રકારના પાપ દેખાડવામાં આવ્યા છે. ખ્રિસ્તી ધર્મમાં સાત ઘોરપાપ જણાવવામાં આવ્યા છે. જૈનધર્મના આવશ્યક સૂત્રમાં ૧૮ પાપ સ્થાનક જણાવવામાં આવ્યા છે. તેમાં મન, વચન અને કર્મથી કરેલા પાપ, તેમજ આપણે જે પાપ કર્યા, કરાવ્યા અથવા અનુમોદ્યા હોય તેનો સમાવેશ થાય છે.

પ્રાણાતિપાત એટલે હિંસા. આ મોટું પાપ છે. આપણે કોઈને મારીએ તે દ્રવ્ય હિંસા છે. કોઈને મારવાનો વિચાર આવે તે ભાવહિંસા છે. મૃષાવાદ એટલે અસત્ય બોલવું. લોભ કરવો, કોઈને છેતરવા, ગુસ્સા અથવા મશ્કરી ખાતર ખોટું કે જુઠ્ઠું કહેવું એ પાપ છે. આમ છતાં નાની નાની બાબતોમાં અહમ્‌ને ઠેસ લાગે, અને જે સત્ય અપ્રિય લાગે, એવી રીતે સત્ય ન બોલવું.

અદત્તાદાન એટલે ચોરી કરવી. તેના વિવિધ પ્રકાર છે. જ્યાં સુધી કોઈ આપે નહીં ત્યાં સુધી સાધુ વસ્તુ લઈ શકે નહિ, રસ્તે પડેલી વસ્તુ

પર્યુષણ વ્યાખ્યાન માળાની સૌ પ્રથમ પ્રેરણા આપનાર
પ્રાજ્ઞ મહાનુભાવ **પંડિત સુખલાલજીએ સન ૧૯૨૯માં જે કહ્યું એ પૂજ્યશ્રીના આ શબ્દો:**

'આ વ્યાખ્યાનમાળાના ઉદ્દેશ વિષે કંઈક ખુલાસો કરવો યોગ્ય છે. આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ ગુરુપદ મેળવવાનો અગર તો કોઈનું વાસ્તવિક ગુરુપદ નષ્ટ કરવાનો નથી. એ જ રીતે આનો ઉદ્દેશ પૂજા પ્રતિષ્ઠા મેળવવાનો અગર અર્થપ્રાપ્તિનો પણ નથી. જે લોકો શ્રદ્ધાળુ છે અને આદર ભક્તિથી પજુસણની ચાલતી પરંપરામાં રસ લે છે તેમને ક્રિયાકાંડથી અથવા તો વ્યાખ્યાન શ્રવણમાંથી છોડાવવાનો પણ આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ નથી. ત્યારે આનો ઉદ્દેશ શો છે એ પ્રશ્ન તો રહે જ છે.

આજે વિશ્વ સાથેના સંબંધની દૃષ્ટિએ, રાષ્ટ્રીય દૃષ્ટિએ અને સમાજ તેમજ કુટુંબની દૃષ્ટિએ કેટલાય પ્રશ્નો ઊભા થયા છે અને ઊભા થતા જાય છે અને એ પ્રશ્નો છેક જ અસ્થાને નથી; ધાર્મિક સંબંધ વિનાના પણ નથી. એટલે તેની વ્યવહારુ દૃષ્ટિએ અને ધાર્મિક દૃષ્ટિએ ચર્ચા કરવી પ્રાપ્ત થાય છે. જૈન ધર્મ પણ પહેલાં પડોશી ધર્મનો અભ્યાસ કેળવી પછી જ વિશ્વધર્મી થવાની સતર્ક ખુલાસા માગે છે.

આ માટે વિચારજાગૃતિ જોઈએ. વિવિધ જાતનું વાંચન અને મનન જોઈએ. નિર્ણય શક્તિ જોઈએ. આ પ્રશ્નો તરુણ અને વૃદ્ધ વર્ગમાં આજે ચર્ચાઈ રહ્યા છે. હાઈસ્કૂલ અને કૉલેજના તરુણ વિદ્યાર્થીઓ, વકીલો, ડૉક્ટરો, પ્રોફેસરો અને બીજા કેળવાયેલા લોકોના માનસમાં જ્યારે અને ત્યારે પ્રશ્નો ઉભા થાય છે. ઘણા ખરા તો આવા પ્રશ્નોનું નિરાકરણ ધાર્મિક અને પોતાની પરંપરાની દૃષ્ટિએ કરવા માંગે છે. વળી આવા વિચાર-પ્રેમીમાં કેટલોક વર્ગ એવો છે કે તેને ચાલુ પજુસણની પરંપરામાં રસ નથી. એટલે તે આવા પુણ્ય દિવસોમાં મળેલ વખતનો ઉપયોગ કાં તો ગપગોળામાં અને કાં તો રખડપટ્ટીમાં અને કાં તો અવ્યવસ્થિત તર્ક જાળમાં કરે છે. આને બદલે તેઓને વિચાર કરવાની, વિચાર સાંભળવાની અને નિર્ણયો બાંધવાની તક આપવામાં આવે તો તેઓ કદાચ ક્રિયાકાંડની દૃષ્ટિએ નહિ, છતાં વિચાર અને સદાચારની દૃષ્ટિએ તો જૈન બની રહેવાના.

જમાનો જ્યારે વિચારજાગૃતિ અને જ્ઞાનનું ખેડાણ માંગે ત્યારે એને યોગ્ય રીતે એ વસ્તુ પૂરી પાડવામાં જ લાભ છે. એટલે આ વ્યાખ્યાનમાળા ખરી રીતે પજુસણની જે પ્રાચીન પરંપરા ચાલે છે તેની સામયિક પુરવણી માત્ર છે. જ્યારે ચોમેર જિજ્ઞાસા, જ્ઞાન અને વિવિધ વિચારોનું વાતાવરણ ઉભું થશે, ત્યારે આચાર્ય મહારાજાઓને એ ભૂમિકામાં આવવું સહેલું થઈ જશે, તેથી આવી વ્યાખ્યાનમાળાઓ માત્ર જિજ્ઞાસુઓને પગથિયે ચઢાવવા પુરતી જ છે.'

પણ લઈ શકે નહિ. દ્રવ્ય ચોરી એટલે ધન કે ચીજવસ્તુની ચોરી. ક્ષેત્રની એટલે જમીનની ચોરી. કાળની ચોરી એટલે સમયની ચોરી. કોઈનો સમય બગાડવો એ પણ ચોરી છે. ભાવ ચોરી એટલે કવિતા, લેખ, વાર્તા કે ધૂનની ચોરી. ઘણાં લોકો કરચોરી કરે છે. તેથી દેશના વિકાસ માટે નાણાં મળતા નથી અને વિકાસ રુંધાય છે. ભગવાને સાધુઓ માટે બ્રહ્મચર્ય પાળવું ફરજિયાત બનાવ્યું છે. શ્રાવકે મૈથુન કે રતિક્રીડા માટે પોતાના પતિ કે પત્ની સિવાય અન્ય કોઈ ઉપર આધાર ન રાખવો.

*પ્રાજ્ઞ પુરુષ પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસજીની પ્રેરણાથી સૌ પ્રથમ પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ સન-૧૯૨૮માં અમદાવાદમાં ગુજરાત યુવક કેન્દ્ર દ્વારા થયો.*

*આ વરસે ૨૦૧૪માં એ સંસ્થાએ અમદાવાદમાં ૮૬મી વ્યાખ્યાનમાળાનુ આયોજન કર્યું. ૨૨ ઑગસ્ટથી ૨૯ ઑગસ્ટ સવારે ૯-૧૫ થી ૧૧-૧૫, ૧૫ વક્તા, સ્થાન મહેંદી નવાજ જંગ હૉલ, પાલડી-અમદાવાદ.*

પરિગ્રહ એટલે ધનસંપત્તિનો જરૂર કરતા વધારે સંગ્રહ. વધુ પડતી સંપત્તિ એકઠી કરવાથી આ પાપ થાય છે. માણસે અમુક મર્યાદા નક્કી કરવી જોઈએ તેથી વધુ સંપત્તિ એકઠી થાય તો પરિગ્રહનું પાપ લાગે છે. અમુક મર્યાદા કરતાં વધુ સંપત્તિ થાય તો તેનું દાન કરવું જોઈએ. શ્રાવકો માટે પાંચ અણુવ્રતો દેખાડ્યા છે. તેના ભંગથી આ પાંચ પ્રકારના પાપ કાયા દ્વારા થાય છે. હવે ચાર પ્રકારના પાપ એ કષાય છે. કષાય એટલે મનના દોષ. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયની અસર માણસના વર્તન ઉપર પડે છે. ક્રોધ એટલે ગુસ્સો કરવો. ક્રોધ માણસનો પ્રથમ શત્રુ છે જે બહુ ક્રોધી હોય તેના મન, શરીર અને સંબંધો ઉપર અસર પડે છે. માણસના સ્નાયુ, મગજ અને શરીર ઉપર અસર પડે છે. તેના સ્વજનો અને સગાંઓ સાથેના સંબંધો બગડે છે. ક્રોધ નરકનું દ્વાર છે.

માન એટલે અભિમાન, ગર્વ અથવા ઘમંડ. પ્રસિદ્ધિનો ભૂખ્યો હોય તે પ્રસિદ્ધિ શોધે છે. તે પદ કે હોદ્દા માટે કાવાદાવા કરે છે. માણસ જે વસ્તુનું અભિમાન કરે તે બીજા જન્મમાં નિમ્નકક્ષાની મળે છે.

માયા એટલે કપટ અથવા વિશ્વાસઘાત. રાજકારણીઓ ચૂંટણી પૂર્વે વચન આપીને તે ન પાળે તે માયા છે. માયાથી મિત્રતા નાશ પામે છે. લોભ એ માણસના સંતોષના ગુણનો નાશ કરે છે.

રાગ દ્વેષઃ રાગ એટલે મોહ અથવા મમત્વ. સાંસારિક સુખ પ્રત્યે આસક્તિ હોય તે રાગ કહેવાય. આધ્યાત્મિક ઉન્નતિમાં રાગ વિઘ્નરૂપ થાય. દ્વેષ એટલે ઈર્ષ્યા કે અદેખાઈ. રાગ અને દ્વેષ બંને મોહનીય કર્મના ભાગ છે. કલહ એટલે કલેશ. ભગવાને ઝઘડા કરવાને પણ પાપ ગણાવ્યું છે. જે માણસ ઝઘડો કરે છે અને આકરા શબ્દો વાપરે છે તે કર્મ બાંધે છે. તેને જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેના ઘરમાં લક્ષ્મીનો વાસ થતો નથી. અભ્યાખ્યાન એટલે ખોટી રીતે આળ ચઢાવવું કે કલંકિત કરવું એ પણ એક પાપ છે. પૈશૂન્ય એટલે ચાડીચુગલી કરવી. સાચું હોય કે ખોટું તે જાણ્યા વિના વાતને ચગાવવી. કોઈની ગુપ્ત વાતો બહાર પાડીને અમુક વ્યક્તિને મુશ્કેલીમાં મૂકવી. રતિઅરતિ એટલે એક પ્રિય લાગતી વ્યક્તિ થોડા સમયમાં અપ્રિય થઈ જાય. આ પાપ છે. પરપરિવાદ એટલે નિંદા કરવી. કોઈપણ બાબતમાં ખરાબ બોલતા હોય કે નિંદા કરે એવી વ્યક્તિઓ આસપાસ જોવા મળે છે. આ એક પાપ છે. માયામૃષાવાદ એટલે અસત્ય ઉપર સત્યનું આવરણ ચઢાવવું. મિથ્યાત્વશલ્ય એટલે અજ્ઞાનપણું અથવા અસત્યપણું. જ્ઞાન નહીં સમજવાથી પાપ કરવું. સાચા દેવ સાચા ગુરુ અને સાચા ધર્મમાં શ્રદ્ધા ન રાખવી તે પાપ છે. તેના લીધે તે અશુભ કામ કરીને પોતાના આત્માનું અહિત કરે છે. આ ૧૮ પ્રકારના પાપ કરી ચાર ઘાતી અને ચાર અઘાતી કર્મ બાંધે છે. મોહનીય અને વિશેષ કરીને ચારિત્ર મોહનીય કર્મ બાંધે છે. પાપ વડે માણસ પોતાનું અહિત કરે છે.

**વ્યાખ્યાન-બે**

**વિષય : પર્યુષણ, આંતર શુદ્ધિનો અવસર**

### પર્યુષણ વૈચારિક અભિયાન અને આત્માની દિવાળી

ડૉ. કુમારપાળ દેસાઈ જૈન ધર્મના આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ ધરાવતા વિદ્વાન છે. તેમની વિદ્વતા અને સમાજલક્ષી કાર્યોને ધ્યાનમાં લઈને ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ખિતાબ આપીને નવાજ્યા છે. ડૉ. દેસાઈએ સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં સર્જન કર્યું છે.

પર્યુષણ પર્વ એક વૈચારિક અભિયાન છે. આ પર્વ હૃદય, ચિત્ત, અને મનની શુદ્ધિ સાથે જોડાયેલું છે. તે આત્માની દિવાળી છે, અંતરનો પ્રકાશ છે અને અંદરની આતશબાજી છે. બિમારીના ભયથી શીતળા સાતમનો તહેવાર, સંપત્તિ માટે લક્ષ્મીપૂજન, વટસાવિત્રી-કડવાચોથ પતિ સૌભાગ્ય માટે અને દશેરાનો તહેવાર વિજય માટે ઉજવવામાં આવે છે. પર્યુષણ પર્વ વ્યક્તિ માટેનું પર્વ છે. અજ્ઞાનમાંથી જ્ઞાન, વેરમાંથી મૈત્રી, પીડામાંથી પ્રેમ અને ઉપાધિમાંથી સમાધિમાં લઈ જવાનું પર્વ છે. આ પર્યુષણ પર્વ પૂરું થયા પછી હૉટેલમાં જવામાં વાંધો નહીં એવું માનવું

*પ્રાજ્ઞ પુરુષ પંડિત સુખલાલજીની પ્રેરણાથી ૧૯૩૧માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ કર્યો.*

*વર્ષ ૧૯૩૪, ૩૫ અને ૪૨માં એમ ત્રણ વર્ષ આ વ્યાખ્યાન માળાનું આયોજન ન થઈ શક્યું, ત્યારપછી અવિરત આયોજન એટલે આ ૨૦૧૪માં ૮૦મી વ્યાખ્યાનમાળા.*

નહીં. આ તાલિમ શિબિર છે. પર્યુષણ રૂપી તાલિમ શિબિરમાં આપણી તપાસ થાય છે. પહેલું, આ પર્વમાં કષાયોનું ઉપશમન કરવાનું છે. ઉપશમથી ક્રોધને, મૃદુતાથી માનને, સરળતાથી કપટને અને સંતોષ વડે લોભને શાંત કરવાનો છે. બીજું, મનના વિષયને શાંત કરો. સુખમાં ગર્વિષ્ટ ન બનો. સર્વ પરિસ્થિતિમાં માણસે સમભાવ રાખવો. ત્રીજું, પરિનુશણમ છે. તેનો અર્થ મનુષ્ય સહિત બધી પ્રાણીઓ તરફ પ્રેમ રાખો. ચોથું, પરિસંમતતા ઉષ્ણામનિવાસમ છે. વ્યાપકરૂપથી જગતમાં નિવાસ કરો. તેમાં આખા વિશ્વ પ્રત્યે વાત્સલ્યભાવ રાખવાનો છે. હિન્દુઓના વિષ્ણુપુરાણમાં લખાયું છે કે બધા જીવો ઈશ્વરની અભિવ્યક્તિ છે. પાંચમું, પકર્ષણ જુશણ સેવનમ છે. તેનો અર્થ તન, મન અને ધનથી પ્રાણીમાત્રની સેવા કરો. પોતાની સાથે જગત કલ્યાણની ચિંતા કરો. છઠ્ઠું, પરિક્ષમણ સમંતાત ક્ષમણ શ્રમ પરિશ્રમણા છે. શ્રમનો અર્થ મહેનત કરો. જૈન ધર્મમાં પરિશ્રમને અદકેરુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. શ્રમણનો અઅર્થ શાંત અથવા મૈત્રીભાવ જગાડે એવો થાય છે. સાતમું, પરિસંમતાત ઉપાસના છે. આ દિવસોમાં બાહ્ય ઉપાસના કે શણગારની નહીં પણ પ્રભુ અને આત્માની ઉપાસના કરવી. આઠમું, પર્યુપક્ષમણા છે. કોઈને ઈજા પહોંચાડવી નહીં. સાન્નિધ્યવૃત્તિ એટલે સામે ચાલીને ક્ષમા માંગવી. આ બાબત માત્ર જૈન ધર્મમાં જ મળશે 'ક્ષ' એટલે ગાંઠ અને 'મા' એટલે મારવી. ગાંઠને દૂર કરવી એટલે તમે મુક્તિ તરફ દૃષ્ટિ કરી શકો.

આપણે ગાંઠને દૂર કરવાની છે. વસ્તુના બંધન અને મુક્તિ બહાર નથી પણ ભીતર છે. ક્ષમા મૈત્રી વિકાસનું શસ્ત્ર છે. જે ઉત્તેજનામાંથી શાંતિ અને અહંકારથી વિનમ્રતા ભણી લઈ જાય છે. પહેલી ક્ષમા આપણે આપણી જાતની એટલે કે આત્માની માંગવાની છે હે ઈશ્વર! અનંત શક્તિમાન અને તેજસ્વી આત્મા આપ્યો તે આત્મા ઉપર અનેક આવરણ ચઢાવ્યા. પહેલી ક્ષમા શુદ્ધ સ્વરૂપના આત્માની માગવી જોઈએ. આપણા ધર્મનું દર્શન પોઝીટીવ છે. આ આઠ દિવસના પર્વને એવી દિવાળીમાં રૂપાંતરીત કરીએ કે જે વર્ષો સુધી આપણને અજવાળતું રહે.

વિદ્વાનોએ કહ્યું છે કે આપણું જીવન દર્ભની ટોચ ઉપરના ઝાકળના બિંદુ જેવું છે. આપણે જીવન ક્ષણભંગુર છે તે યાદ રાખવું. પરંતુ આ માનવ જીવન કિંમતી છે તેથી પળભર પણ પ્રમાદ ન કરવો તે યાદ રાખ્યું નહીં એમ કુમારપાળ દેસાઈએ ઉમેર્યું હતું.

**(વધુ વ્યાખ્યાનસાર આવતા અંકે)**

✱✱✱

**વ્યાખ્યાનમાળાના પ્રમુખો**

*૮૦ વ્યાખ્યાનમાળા અને વ્યાખ્યાનમાળાના માત્ર ચાર પ્રમુખો-*
*૧. પંડિત સુખલાલજી ૧૯૩૧ થી ૧૯૬૦-૨૯ વર્ષ*
*૨. પ્રા. ગૌરીપ્રસાદ ઝાલા ૧૯૬૧ થી ૧૯૭૧-૧૦ વર્ષ*
*૩. ડૉ. રમણલાલ ચી. શાહ-૧૯૭૨ થી ૨૦૦૫-૩૩ વર્ષ*
*૪. ડૉ. ધનવંત શાહ-૨૦૦૬ થી પ્રમુખ સ્થાને*

**ભૂતકાળમાં વ્યાખ્યાનમાળામાં વક્તવ્ય આપવા પધારેલ મહાનુભાવો**

*પંડિત સુખલાલજી, કાકા સાહેબ કાલેલકર, કનૈયાલાલ મુનશી, સ્વામી અખંડ આનંદ, મોરારજી દેસાઈ, સ્વામી આનંદ, ઓશો રજનીશ, પૂ. મોરારી બાપુ, ઉમાશંકર જોષી, સુરેશ જોષી, લગભગ-૧૦૦૦ થી વધુ વિદ્વાન વકતાઓ અને આજ સુધી લગભગ અઢી લાખ શ્રોતાઓ.*

## અવસર : મુંબઈમાં યોજાયેલો પારિતોષિક સમારોહ

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી કવિનર્મદના જન્મદિવસ ૨૪મી ઑગસ્ટે વિશ્વ ગુજરાતી ભાષા દિવસ ઉજવે છે. આ પ્રસંગે તેઓ ગુજરાતી ભાષાના સાહિત્યકારને અને એક મરાઠી સાહિત્યકારને કવિ નર્મદ એવોર્ડ, સન્માનપત્ર તથા એકાવન હજાર રૂપિયાનો પુરસ્કાર અર્પણ કરે છે. આ વર્ષનો પુરસ્કાર ગુજરાતી ભાષાના સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈને અને મરાઠી સાહિત્યકાર શ્રીમતી વિજયા રાજાધ્યક્ષને ૨૪મી ઑગસ્ટે મુંબઈના રવીન્દ્ર નાટ્યમંદિરમાં એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાની સર્જન-યાત્રાની વાત કરી હતી. તાજેતરમાં ચાલતી ગુજરાતી વિશ્વકોશની પ્રવૃત્તિનો ખ્યાલ આપતાં એમણે કેટલીક રસપ્રદ વિગતો આપી હતી.

એમણે જણાવ્યું કે આપણી સર્જનાત્મકતા, સંસ્કાર, સંસ્કૃતિ અને આત્માની અભિવ્યક્તિ માટે માતૃભાષા અનિવાર્ય છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં કહ્યું છે, 'સ્વધર્મે નિધનમ્ શ્રેય' એમ આપણે માટે-'સ્વભાષામાં નિધનમ્ શ્રેયઃ' છે, કારણ કે માતાના દૂધથી આપણું હાડ મજબૂત થાય છે, તો માતૃભાષાથી પ્રજાની કરોડરજ્જુ મજબૂત થાય છે. આજે સમૂહમાધ્યમોની ભરમાર વચ્ચે પણ સાહિત્યનું સવિશેષ મહત્ત્વ એ માટે છે કે એમાં પ્રજાનું હીર અને સત્ત્વ પ્રગટે છે. માનવ આત્માનો અવાજ પ્રગટ કરવાની જે ફાવટ સાહિત્ય પાસે છે, તે સમૂહ માધ્યમોમાં નથી. The Spirit of resistant સાહિત્ય દ્વારા જ પ્રગટ થાય છે, તેથી દરેક યુગમાં નિર્ભીક અને સ્વાતંત્ર્ય અવાજ વ્યક્ત થવા માટે સાહિત્યની જરૂર રહેશે.

આ પ્રસંગે પ્રા. દીપક મહેતા (સાહિત્ય), શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી (કલા), શ્રી દીપક દોશી (પત્રકારત્વ) તથા સંસ્થા તરીકે સાહિત્યસંસદને જીવનગૌરવ પુરસ્કાર એનાયત કર્યો હતો.

ભજન-ધન : ૧૧

# વિસરાતી વાણી – અનહદની ઓળખાણી

☐ડૉ. નિરંજન રાજ્યગુરુ

## પ્યાલો પ્રકારના ભજનોના રચયિતા : લખીરામ

*[ લખીરામ અથવા લક્ષ્મીસાહેબના નામે ઓળખાતા સંતકવિનો જન્મ ભાવનગર જિલ્લાના ઈંગોરાળા ગામે સાગઠિયા અટકના મેઘવાળ સાધુને ત્યાં થયો હતો. તેમણે મોરારસાહેબના શિષ્ય કરમણ ભગત પાસે સંતસાધનાની દીક્ષા લીધેલી. સૌરાષ્ટ્રની સંતવાણીમાં 'મૂળદાસજીની ચૂંદડી', 'દાસી જીવણની કટારી', 'રવિ સાહેબના ડંકા અને બંગલો કે ચરખો' અને 'લખીરામના પ્યાલા' વિશેષ લોકપ્રિય છે. સૌરાષ્ટ્રનું કોઈ ગામ એવું નહીં હોય જ્યાં આવા રૂપક પ્રકારના ભજનો ન ગવાતાં હોય. ]*

ભાવનગર જિલ્લાનું ઇંગોરાળા ગામ. ત્યાં સાગઠિયા અટકના મેઘવાળ સાધુ કુટુંબમાં સંત કવિ લખીરામજીનો જન્મ થયેલો. એનો વ્યવસાય ભવાઈના વેશ કાઢવાનો હતો. બાળપણથી જ ભવાઈના કલાકાર તરીકેની નામના આખા પંથકમાં ફેલાઈ ગઈ હતી. એવામાં સુરેન્દ્રનગર જિલ્લાના વાવડી ગામે મંડળી સાથે ભવાઈના ખેલ કરવા લખીરામ આવ્યા છે. ભવાઈ વેશની ભજવણી વખતે રાત્રે પ્રકાશ માટે મશાલ જલાવવી પડે. મશાલ માટે સુતરના ફાળકા લેવા વણકરવાસમાં લખીરામ ગયા ત્યાં ભેટો થયો કરમણભગતનો. કરમણભગત એટલે ખંભાલિડાના સંત મોરાર સાહેબના શિષ્ય ને સાધક સંત. એણે 'વગર તેલ ને વગર કાકડે અજવાળાં થાય એવી રમત આવડે છે?' એવો સવાલ કર્યો.

કરમણભગત લખીરામની અંદર રહેલા હીરને, એના ઝવેરાતને ઓળખી ગયા હતા. લખીરામ પણ કાંઈ એમ સવાલથી મુંઝાય એવી માટીનો નહોતો. એણે જવાબ દીધો-'વગર તેલ ને વગર કાકડે અજવાળાં તો મેલી વિદ્યાથીયે થાય પણ અંતરના અજ્ઞાન અંધારાં ટળે ને ઝળહળ જ્યોતુંના અજવાળાં થાય એવી વિદ્યા તમારી પાસે ખરી?' ને કમરણભગતે લખીરામને શબ્દ સુરતયોગની સાધના બતાવી. રાત્રે ખેલ શરૂ થયો, લખીરામે અર્ધનારી નટેશ્વરનો વેશ કાઢેલો. હાથમાં મશાલ–ચહેરાની એક બાજુએ ભગવાન સદાશિવનો વેશ ને બીજી બાજુએ ભગવતી મા ઉમૈયાના ભાવ. એવામાં ભગવાન મહાદેવને પ્રસન્ન કરવા ઉમૈયાજીએ જે તપ કરેલું એનો ભાવ બતાવવા લખીરામે ઉમિયાજીની ઝંખના-વિહ્વળતા અભિનયથી વ્યક્ત કરી. ભવાઈ જોવા આવનારા દર્શકની પછવાડે દૂર બેઠેલા ગુરુ કરમણભગતે પડકારો કર્યો... **'બસ! બેટા લખીરામ! ઈ જ ભાવમાં કાયમ રહી જા...'** ને લખીરામના અંતરમાં અજવાળાં થઈ ગયાં. વાવડીગામમાં જ લખીરામની એક બહેન પરણાવેલી, એણે લખીરામને સમજાવ્યો–'ભાઈ ! વેરાગનો પંથ અતિ આકરો છે, તારો દીકરો મેઘો ને બે દીકરી રાજી ને દેવુનો તો વિચાર કર્ય...' એ વખતે લખીરામે પોતાને થયેલ અનુભવનું વર્ણન ભજનમાં કર્યું. **બેની! મું ને ભીતર સતગુરુ મળિયા રે...** સદ્‌ગુરુના સતવચન રૂપી ગુપ્ત પિયાલો જેણે પીધો છે એવા લખીરામે પછી પોતાને થયેલા અધ્યાત્મના અલૌકિક અનુભવોને 'પ્યાલા' પ્રકારનાં ભજનોમાં વાચા આપી છે. કાયારૂપી બાવન બજારુ ને ચોરાશી ચૌટા વચ્ચે રહેલા સુવર્ણમહાલયમાં, સદ્‌ગુરુ રૂપી પરમાત્માનો સાક્ષાત્કાર કરીને, લખીરામ અનિર્વચનિય બ્રહ્મતત્ત્વની અનુભૂતિને સંકેતમય શબ્દોમાં વર્ણવવાનો પ્રયાસ કરે છે. સદ્‌ગુરુની કૃપાએ પ્રેમનો પ્યાલો પીધો અન જરા એટલે વૃદ્ધાવસ્થા તથા મરણનો ભય ટળી ગયો. શ્વાસ-ઉચ્છ્‌વાસની ધમણ ધમીને બ્રહ્મઅગ્નિ પેટાવી એમાં મોહ-માયા જેવા મેલને બાળી નાખ્યા. ઇડા અને પિંગલા નાડી સ્થિર થઈ, સુષુમ્ણા નાડી જાગૃત થઈ અને સુરતા શ્રી હરિને મેળવવા ઊંચે ચડી. આવે ટાણે શું અનુભવ થયો? તેલ, કોડિયું, વાટ કે ઘી વિના જ્યોતનું પ્રાગટ્ય થયું, આપોઆપ અંતરમાં અજવાળું થયું, અનાહત નાદના વિવિધ વાજાં સંભળાણાં. જે સમગ્ર બ્રહ્માંડનું સંચાલન કરે છે ને સર્વ વ્યાપી છે તે અલખ ધણી મારા પિંડમાં દરશાણા. મને મારી જાતની ઓળખ થઈ ગઈ. શૂન્ય પર વરસતા અમૃત રસમાં મેં સ્નાન કર્યું અને અખંડ કુમારિકા સુરતારાણીએ મને પ્રેમનો પ્યાલો પીવડાવ્યો. હવે મને કોઈ ભય. નથી... કોઈ ચિંતા નથી... સંત કવિ લખીરામની પ્યાલા પ્રકારની ભજન રચનાઓમાં છ કડીનું ધીરાની કાફીના ઢંગનું ભજન ભજનમંડળીઓમાં ખૂબ ગવાય છે. એમાં પણ આ પિંડમાં જ થયેલા પરમતત્ત્વના સાક્ષાત્કારનું અને એ વખતે થયેલા વિવિધ ગૂઢ-રહસ્યમય અનુભવોનું આલેખન છે.

*'વગર તેલ ને વગર કાકડે અજવાળાં થાય એવી રમત આવડે છે?'*

સદ્‌ગુરુની પ્રાપ્તિ થયા પછી, મનને પૂરી રીતે પામી લીધા પછી એક જાતનો આનંદ–એક જાતની ખુમારી–એક જાતનો નશો ને પ્રસન્નતા પ્રગટે છે. સાધક એ વખતે એવી ભાવદશામાં હોય કે સામાન્ય માનવી એને પાગલ કે ગાંડા તરીકે ઓળખે. આપણે ત્યાં

લગભગ દરેક સંતકવિઓએ આ પ્રકારની રૂપક રચનાઓ આપી છે. એમાં યે પ્યાલા પ્રકારની રચનાઓના સર્જનમાં લખીરામ વિશેષ સફળ થયા છે. રૂપકાત્મક અને યોગમૂલક પરિભાષામાં, પ્યાલાની ખુમારી વર્ણવતાં ભજનોમાં સાધનામાર્ગે ચાલનારા સાધકોને પણ માર્ગદર્શન અપાયું હોય છે. શરીરના છ ચક્રો, એના સ્થાન, એના દેવી-દેવતા, એનો રંગ, એની જાગૃતિ વખતે થતો અનુભવ વગેરે બાબતો આ જાતની 'પ્યાલા' ભજન રચનાઓમાં જોવા મળે છે. લખીરામ ગાય છેઃ **'જ્યાં અનંતકોટિ સૂર્યનો પ્રકાશ ઝળહળી રહ્યો છે અને અનાહત નાદના રણુંકાર અને ઝણુંકારનું ગુંજન થઈ રહ્યું છે ત્યાં ધીરજ ધરીને, આસન અખાડા બાંધીને આરોહણ કરવાનું છે**. એની પરખ એની કસોટી તો કોક પારખું-માલમી-જાણકાર-મારમી સદ્‌ગુરુ જ કરી શકે. એનો ખેલ કોક મરજીવા પામી શકે. જેણે મૂળ સત્ય સનાતન શબ્દને જાણી લીધો છે એવા સુગરા હોય ઈ જ આ રસ પ્યાલા ભરી ભરીને પીવે, બીજા નુગરા તો એમાં નિરાશ જ થાય...'

ભાવનગર જિલ્લાના સાવરકુંડલા તાલુકાના, ગારિયાધારથી નજીક થતા લુવારા ગામેના જૂના ટીંબા પર એ સમયે કરસન ભગત વાણિયા નામે મેઘવાળ સંત રહેતા. એમનું સ્થાનક કરસન ભગતની જગ્યા તરીકે ઓળખાતું. એ જગ્યાએ મૂળ ઠાકર મંદિર હતું. તેઓ દર વરસે મંડપ કરતા. લખીરામજીના સ્નેહી મિત્ર હતા. લખીરામના એક શિષ્યા ગરાસિયા બહેન તળાજા તાલુકાના ખારડી ગામે રહેતા. લખીરામજીએ એમને સંત સાધનાની દીક્ષા આપેલી. અને એમને ત્યાં જઈને દેહત્યાગ કરશે એવું વચન આપેલું. પોતાનું આયુષ્ય પૂર્ણ થવાનું છે એમ જાણી લખીરામજી ઈંગોરાળાથી ઘોડી ઉપર સવાર થઈ ખારડી જવા નીકળ્યા. રસ્તામાં લુવારા ગામ આવ્યું. કરસનભગત વાણિયાએ પોતાની જગ્યામાં એમને સ્નેહથી રોકી રાખ્યા. 'લખીરામજી! બાપ આયાં ય હરિનો દરબાર છે, પળ પાકી છે તો વધાવી લેજો.' ને કંકોત્રી લખાણી. સમાધિનો દિવસ નક્કી કરેલો તેથી ત્યાં જ કંકોત્રી લખાણી, સંત સમાજ એકત્ર થયો અને મહા વદી બીજના દિવસે લખીરામે લવારા ગામે જ કરસનભગતની જગ્યામાં જ જીવતાં સમાધિ લીધી. બીજા દિવસે ખારડી ગામે પણ ગરાસિયા બહેનને મળ્યા અને ત્યાં પણ સમાધિ લીધી.


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૭ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૮ | जैन आचार दर्शन | ३०० |
| ૯ | जैन धर्म दर्शन | ३०० |
| ૧૦ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૧ | જિન વચન | ૨૫૦ |
| ૧૨ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૩ | વીર પ્રભુના વચનો ભા. ૧ | ૮૦ |
| ૧૪ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૫ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૬ | શાશ્વત નવકાર મંત્ર | ૧૫૦ |
| ૧૭ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૫ | ૧૫૦ |
| ૧૮ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૯ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૨૦ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૨૧ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૨૨ | સાંપ્રત સહચિંતન ભાગ-૪થી૧૪ | ૩૯૦ |
| ૨૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૨૪ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૨૫ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૬ | આર્ય વજ્રસ્વામી | ૧૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૮ | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૯ | ચંદ રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૩૦ | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૩૧ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૩૨ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૩૩ | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૩૪ | મરમનો મલક | ૨૫૦ |
| ૩૫ | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૩૬ | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૭. | વિચાર મંથન | રૂા. ૧૮૦ |
| ૩૮. | વિચાર નવનીત | રૂા. ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૯ | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | રૂા. ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૪૦ | જૈન ધર્મ | રૂા. ૭૦ |

**નવાં પ્રકાશનો**

૧. **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન રૂા. ૩૦૦

૨. **ઈલા દીપક મહેતા સંપાદિત**
**સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત**
મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ રૂા. ૩૫૦

૩. **ભારતી દીપક મહેતા સંપાદિત**
**શ્રી શશીકાંત મહેતા**
આધ્યાત્મ રવિની પિતૃ છવિ – અમૂલ્ય

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

પાછળથી લુવારા ગામ તણાયું અને નવું ગામ વસ્યું. એ લુવારા ગામના જુના ટીંબે આજે પણ લખીરામજીનું નાનકડું સમાધિ મંદિર છે. સાથે કરસનભગત વાણિયા અને તેમના દીકરા બધા ભગત, તથા બીજલ ભગતની સમાધિની દેહરીઓ પણ છે. ઈ. સ. ૨૦૦૨માં લખીરામ સાહેબની આ સમાધિનો પ્રખ્યાત ભજનિક શ્રી હેમંત ચૌહાણના હસ્તે ખાતમૂહર્ત કરીને જિર્ણોદ્ધાર શરૂ થયો. બીજલભગતના દીકરા નાનજી ભગત આજે હયાત છે. ઈ. સ. ૨૦૦૮માં ભવ્ય ઉત્સવ પણ થયેલો.


લખીરામજીના નામાચરણ સાથે મળતી કેટલીક ભજનરચનાઓ અહીં આપી છે.


(૧)


**એવો પયાલો મું ને પાયો રે, ગુરુએ મારે મેહરૂં કરી;**
**એવો પિયાલો મુંને પાયો રે, ગુરુએ મારે પ્રેમ થકી,**
આ દેહમાં દરશાણો રે, હરો હર આપે હરિ...એવો પિયાલો...
એ જી પહેલો પિયાલો લખીરામ કહે, જુગતે પાયો જોઈ,
કૂંચી બતાવી આ કાયા તણી, મને કળા બતાવી કોઈ;
ત્રિકૂટી તાળાં ઊઘડ્યા અને શૂનમાં દરશાણા સોઈ,
એવું નગર બધું યે નિહાળ્યું રે...જોયું મેં તો જરીયે જરી...એવો પિયાલો....
બીજે પિયાલે બુદ્ધિ વાપરી, આવી સંતોની સાન,
વૈરાટ સ્વરૂપીને વીનવું, મારે જોવાં જમીં આસમાન;
એ જી બીજે પ્યાલે ત્રિકૂટિ મહીં, ખૂલી પાંખડીયું તેણ તેણી વાર,
વિરાટ સ્વરૂપને જોઉં રે, જમીન આસમાન એકાકાર;
આ દેયુંમાં દરશાણા રે, સાચા મોરલીવાળા સુંદર શ્યામ,
એવી લગની મું ને લાગી રે, બેઠો હું તો ધ્યાન ધરી...એવો પિયાલો...
એ જી ત્રીજે પ્યાલે ત્રણ ગુણ પ્રગટિયાં, પ્રગટ્યો પાંચ તત્ત્વનો પ્રકાશ,
નભમંડળમાં મારો શ્યામ ઊભો છે, નિલબિંબમાં અલખ અવિનાશ;
એવા નવખંડ ઉપર નાથજી રે, હવે રવિ ઊગ્યાની આશ,
એવી અગમ કેરી ખબર્યું રે, ગુરુએ મારી દીધી ખરી...એવો પિયાલો...
ચોથે પ્યાલે શાન કરી, હરિએ ગ્રહ્યો મારો હાથ;
એક વાત નિશ્ચે થઈ, તેણે મળીયા મારો નાથ,
બ્રહ્મ-બ્રહ્માંડની ઉપરે મારે વાલે બાતવી વાટ;
એ વાટની નિશાનીએ રે જોઉં તો અમ સરખે સરખા ઘાટ,
એવા અમ ગરીબું ઉપરે રે, કેશવરાયે કરુણા કરી...
એવું તખત બતાવ્યું રે કરમણ ગુરુએ કરુણા કરી...એવો પિયાલો...


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**
**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**


**॥ મહાવીર કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**


**॥ ગૌતમ કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ- સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**


**॥ ઋષભ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**


**॥ નેમ-રાજુલ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા


**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.
૨. ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

પાંચમો પિયાલો પૂરણ થિયો, ભેટયા ભૂધર રાય,
અખંડ અમૃત ધારા વરસે, માંહી ગેબી ગરજના થાય;
રૂદિયે રવિ પરગટ થિયો, એને જોતાં રજની જાય,
એવા સુવાંતુના મેહુલિયે રે, નવલખાં મોતી નૂર ઝરી...એવો પિયાલો...
છઠ્ઠે પિયાલે સાત સમંદરમાં, સૂતો સેહસ્ર કમળની માંય,
એનું પળવારમાં પડ ફાટયું રે, મુંને ઊભેલો ભાળું ન્યાંય;
એવા કરમણ ચરણે લખીરામ કહેવે નિશ્ચે થિયો મન માં ય
ઘણાં દિવસથી ડોલતો, મારા ગુરુએ બતાવ્યું રૂડું જ્ઞાન
ચરણુંમા અમને રાખજો, ફોગટ ફેરા ઘણા યે ફરી...એવો પિયાલો...

(૨)

બેની! મું ને સતગુરુએ પિયાલો પાયો
શ્રવણે વચન સુણાયો...બેની! મું ને...
પે'લે પ્યાલે પદમાસન તણી, મૂળ કમ્મળની સાન;
પીળો રંગ મેં પારખ્યો ને ધર્યું અજંપા ધ્યાન...બેની! મું ને...
બીજે પ્યાલે બધાયની ઈ ઉત્પત્તિનું છે સ્થાન;
ધોળા રંગના ધામમાં મેં તો દીધાં અજંપાના દાન...બેની! મું ને...
ત્રીજે પ્યાલે પો'થિયા, નાભિ કમળને ઠામ,
રાતો રંગ રળિયામણો, દેખી કીધા પરણામ...બેની! મું ને...
ચોથે પિયાલે સુરતા હમારી, રૂદા કમળમાં જામી,
લીલા ભવન ભવનાથનાં દેખી આનંદ પામી...બેની! મું ને...
પાંચમે પ્યાલે પ્રીત કરી, ગગન મંડળ મેં જોયું,
ઈ મંડળમાં શિવજી બિરાજે, જઈ ને શિશ નમોયું...બેની! મું ને...
છઠ્ઠે પિયાલે સુરતા હમારી, ત્રિકુટિ ધ્યાનમાં ઠેરાણી,
ઈંગલા-પિંગલા-સુખમણા, રસ પીધો તરવેણી...બેની! મું ને...
સાતમો પિયાલો પૂરો થિયો, પ્રેમે કરીને પાયો,
લખીરામ ગુરુ કરમણ ચરણે ઉલટો સોહં દરસાયો...બેની! મું ને...

(૩)

મન મતવાલો પ્યાલો ચાખિયો, હે જી પ્યાલો પ્રેમ હૂંદો પાયો,
જરા રે મરણ વા કો ગમ નહીં, જરા રે મરણની જેને ભે નહીં ને
સદ્ગુરુ શબદુમાં પાયો...સદગુરુ ચરણુંમાં આયો રે...મન મતવાલો...
મન રે મતવાલો પ્યાલો પ્રેમનો, પ્યાલો જેણે પ્રેમ હૂંદો પીધો રે;
જરા રે મરણ વા કો ગમ ભે નહીં ને, ગુરુજીના વચનુંમાં સિધ્યો રે...મન મતવાલો...
એ...બંક રે નાડી ધમણ્યું ધમે, બ્રહ્મ અગનિ, બ્રહ્મ અગનિ પરજાળી રે,
ઈંગલા ને પિંગલા સુખમણા, ત્રિકુટિમાં લાગી...ત્રિકુટિમાં લાગી ગઈ તાલી રે...મન મતવાલો...
વિના દીપક વિના કોડિયે, ધૃત વિના જાગી, ધૃત વિના જાગી જ્યોતિ રે;
ચાંદો ને સૂરજ દોનું સાખિયા, સનમુખ રે'વે, સનસુખ રે'વે સજોતિ રે....મન મતવાલો...
સૂન રે શિખર પર ભઠ્ઠી જલે, વરસે અમીરસ, વરસે અમીરસ ધારા રે,
અખંડ કુમારી પ્યાલો ભરી લાવે, પહોંચે પીવન સરજનહારા રે...મન મતવાલો....
ગગન ગાજે ને ધોર્યું દિયે, ભીંજાય ધરણી, ભીંજાય ધરણી અંકાશા રે,
પંડે ને વ્રેહમંડે ધણી મારો પ્રગટિયા, બોલ્યા લખીરામ દાસા રે...મન મતવાલો...

(૪)

બેની 'રે ! મુંને ભીતર સદગુરુ મળિયા રે
વરતાણી છે આનંદ લીલા, મારી બાયું રે !
દેખાણી છે અનભે લીલા...મારી બાયું રે... –બેની! મું ને...
કોટિક ભાણ ઊગ્યા દિલ ભીતર, ભોમકા સઘળી ભાળી;
શૂનમંડળમાં મેરો શ્યામ બિરાજે, ત્રિકુટિમાં લાગી મું ને તાળી...મારી બાયું રે... –બેની! મુંને...
અખંડિત ભાણ ઊગ્યા દલ ભીતરે, મું ને સાતે ય ભોમકા દરશાણી;
કાળાં અંજન કરમણે આંજ્યાં, તનડામાં લાગી ગઈ છે તાળી... મારી બાયું રે... –બેની! મુંને...
અગમ ખડકી જોઈ ઉઘાડી, તિયાં સામા સદગુરુ દીસે;
ખટ પાંખડીયાં સિંહાસન બેસી, ઈ ખાંતે ખળખળ હસે..મારી બાયું રે... –બેની! મુંને...
બાવન બજારૂં ને ચોરાશી ચૌટા, કંચનના મોલ કીના;
ઈ મોલમાં મારો સદગુરુ બીરાજે, દોઈ કર જોડી આસન દીના...મારી બાયું રે... –બેની! મુંને...
ઘડી ઘડીનાં ઘડિયાળાં વાગે, છત્રીસે રાગ-રાગિણી;
ભેર ભુંગળ ને મરદંગ વાગે, છત્રીશે, રાગ લીધા સુણી,
ઝળકત મહોલ ને ઝરૂખા–જાળિયાં, ઝાલરી વાગે ઝીણી ઝીણી...મારી બાયું રે... –બેની! મુંને...
પવન પૂતળી સિંગાસણ શોભતી, મારા નેણે નખ શિખ નીરખી;
અંગનાં ઓશીકાં ને પ્રેમના પાથરણાં, ગુરુજીને દેખી હું તો હરખી...મારી બાયું રે... –બેની! મુંને...
સોના જળમાં સહસ્ર કમળનું, શોભે છે સિંહાસન;
નજરો નજર દેખ્યા હરિને, તોય લોભી નો માને મંન....મારી બાયું રે... –બેની! મુંને...
સત-નામનો સંતાર લીધો, ગુણ તખત પર ગયો;
કરમણ-શરણે લખીરામ બોલ્યા, ગુપત પિયાલો અમને પાયો..મારી બાયું રે... –બેની! મુંને...

✶ ✶ ✶

આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ, જિલ્લો
રાજકોટ. પીન ૩૬૦૧૧૧. ફોન : ૦૨૮૨૫-૨૭૧૫૮૨

# જૈન જીવન શૈલી અને સ્ટ્રેસ (તણાવ) મેનેજમેન્ટ

☐ ડૉ. તૃપ્તિ જૈન અનુવાદક : બીના ગાંધી

*[ વિદુષી અનુવાદિકા શિક્ષણ જગત સાથે સંકળાયેલા છે, અને યોગાચાર્યા છે. યોગ વિષયક અને જૈન તત્ત્વના ચિંતક લેખિકા છે. ]*

## વર્તમાન જીવન પરિસ્થિતિ અને માનસિક તણાવ :

આજે વિશ્વની મુખ્ય સમસ્યાઓમાંની એક વિકટ સમસ્યા છે, માનવસમાજમાં વધતો જતો માનસિક તણાવ (સ્ટ્રેસ). વિશ્વના અભાવગ્રસ્ત દેશો અને વિકાસશીલ દેશો તો આ તણાવથી પીડિત છે જ, પણ જે કહેવાતા વિકસિત દેશો છે એમાં તો આ તણાવની સમસ્યા ઘણી વધારે છે. વર્તમાન યુગ, જેને આપણે વૈજ્ઞાનિક યુગ કહીએ છીએ, એ હકીકતમાં તો 'તણાવ યુગ' બનતો જાય છે. આનું કારણ શું છે? મૂળ કારણ છે, આજની ભૌતિક જીવનશૈલી. આજે માણસ, માત્ર આ ભૌતિક સાધનોની દોડમાં અટવાઈ ગયો છે. આ સુખ સુગવડનાં સાધનોના અભાવથી, તે અતિ તણાવનો અનુભવ કરે છે. એનું માનવું છે કે, દેશ જેટલો વિકસિત હશે, સુખ સુવિધાના સાધનો જેટલાં વધારે હશે, એટલો માનસિક તણાવ ઓછો થશે! માણસ, પોતાનાં જીવનમાં સુખ અને શાંતિ, આ બાહ્ય સાધનોમાં મળશે એવી માન્યતાને લીધે આ ભૌતિકતા પાછળ આંધળી દોટ મૂકી રહ્યો છે. જો આ સુખ-શાંતિ-આનંદ આ બાહ્ય પદાર્થો / સાધનોમાં મળતાં હોત તો આજે વિકસિત દેશની વ્યક્તિઓનું જીવન તણાવરહિત હોત. આજે દુનિયામાં સંયુક્ત રાષ્ટ્ર અમેરિકા એ સહુથી વધારે વિકસિત દેશ મનાય છે. પરંતુ, ત્યાંના લોકોમાં, તણાવગ્રસ્તની ટકાવારી સહુથી વધારે છે.ઊંઘની અને મગજને શિથિલ કરવાની ગોળીઓ–દવાઓનું સૌથી વધારે વેચાણ ત્યાં જ થાય છે. આનાથી એ તો સાબિત થાય છે કે, ભૌતિક સુખ સગવડોનાં સાધનો, વ્યક્તિને ક્યારેય તણાવમુક્ત જીવન, સુખ કે શાંતિ ન આપી શકે. આ રીતે સમજાય છે કે એક બાજુ જ્યારે આ સાધનોનો અભાવ તણાવ ઉત્પન્ન કરે છે તો બીજી બાજુ આ સાધનોની અધિકતા પણ માનસિક તણાવ ઉત્પન્ન કરે જ છે.

જો આ ભૌતિક સુખ સુવિધાનાં સાધનો, વ્યક્તિનાં જીવનને તણાવમુક્ત રાખી શકતા હોત, તો આજે બધા ધનવાન લોકો સુખમય જીવન વિતાવતા હોત. પણ હકીકતમાં એવું જોવા નથી મળતું. જે આપણી નજર સમક્ષ પ્રત્યક્ષ છે, એને પ્રમાણની જરૂરત નથી પડતી. આજે, દેશ-વિદેશની લગભગ દરેક વ્યક્તિ તણાવગ્રસ્ત છે, પછી એ નિર્ધન હોય કે તવંગર હોય. ઉલ્ટું, વિકસિત અને ધનવાન વ્યક્તિ વધારે માનસિક તાણ અનુભવે છે.

પ્રશ્ન એ છે કે આખરે આ તણાવ ઉત્પત્તિનું કારણ શું છે? આનો જવાબ આપણને જૈન શાસ્ત્રોમાં મળે છે. જો કે જૈન ગ્રંથોમાં 'તણાવ' શબ્દ ક્યાંય નથી વપરાયો. પણ એના પર્યાયવાચી– આતુરતા, ચિંતા, આવેગ, વિલાપ, દુઃખ, ભય, ઈર્ષા આદિ અનેક શબ્દો જોવા મળે છે. આ બધાં શબ્દોને પર્યાયવાચી એટલા માટે કહ્યાં કારણ કે આ બધાં માનસિક તણાવના જ લક્ષણ છે. તણાવની અભિવ્યક્તિ દુઃખ, વિલાપ, ચિંતા, ભય, આવેગ આદિના રૂપમાં જ થાય છે. જે કારણોથી દુખ ઉત્પન્ન થાય છે, જૈન ધર્મ અનુસાર એજ તણાવના મૂળભૂત કારણો છે.

**તણાવનાં સ્વરૂપ :**

તણાવનાં કારણો જાણતાં પહેલાં તણાવના સ્વરૂપને સમજવું જરૂરી છે. અનેક વિદ્વાનોએ તણાવની અનેક પરિભાષાઓ આપી છે. રિચાર્ડ, એસ.એ. રિબિક્કા, ક્રિસ્ટી વિ.ના કહેવા પ્રમાણે, જ્યારે બાહ્ય ઈચ્છાઓની અપૂર્ણતાને લીધે, શારીરિક સંરચનામાં જે પરિવર્તન આવે છે તે તણાવ છે. બીજા અમુક મનોવૈજ્ઞાનિકોના કહેવા મુજબ, તણાવ–એ એક એવી માનસિક સંવેદના છે, જે આપણાં દૈહિક / શારીરિક તંત્રને પ્રભાવિત કરે છે. એમનું માનવું છે કે ભાવનાત્મક ક્રિયાઓની અસર વ્યક્તિના મગજ (મસ્તિષ્ક) પર પડે છે અને એના લીધે જ શરીરમાં ઘણી બિમારીઓ જન્મે છે. મનોવિજ્ઞાન, એ એવું વિજ્ઞાન છે, જે માનવ પ્રાણીનાં વ્યવહારો તથા માનસિક પ્રક્રિયાઓનું અધ્યયન કરે છે. એ પ્રાણીની ભીતરનાં માનસિક દ્વંદ્વ તેમજ દૈહિક પ્રક્રિયાઓ તથા પરિસ્થિતિ સાથેનાં એનાં સંબંધોનું અધ્યયન કરે છે. આ દૈહિક અને માનસિક પ્રક્રિયાઓની અસ્થિરતાને જ તણાવ કહેવાય છે. પરંતુ જ્યારે તણાવનાં કારણોનું વિશ્લેષણ કરવામાં આવે છે ત્યારે એમ જણાય છે કે તણાવનો જન્મ, આપણી મનોદશા અથવા મનોવૃત્તિથી જ થાય છે. તણાવની સ્થિતિમાં આપણી ચિત્તવૃત્તિ અશાંત હોય છે ને ચિત્તની આ સંવેગાત્મક/ભાવનાત્મક વિસંગતિને જ તણાવ કહેવામાં આવે છે. તણાવનું જન્મસ્થાન મન છે અને મનની ચંચળતા જ તણાવ ઉત્પન્ન કરે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી, ચિત્ત યા મનનું અશાંત હોવું એ જ તણાવ છે. દૈહિક દૃષ્ટિથી, જેના લીધે આપણી દૈહિક ક્રિયાઓમાં અસંતુલન પેદા થાય છે એ તણાવ છે. આધ્યાત્મિક દૃષ્ટિથી, આત્મા યા ચિત્તવૃત્તિની સમતા કે શાંતિનો જે ભંગ કરે છે, એ તણાવ છે. હકીકતમાં, જ્યારે વ્યક્તિની ચેતનાને, ઈચ્છા કે ચિંતા પકડી લે છે, એને તણાવ કહેવાય છે. આપણે એમ પણ કહી શકીએ કે, આત્માનું સ્વભાવમાંથી વિભાવ દશામાં જવું, એ જ તણાવ છે. જૈનદર્શન અનુસાર તણાવમુક્તિનો સંબંધ આત્મા સાથે છે અને તણાવનો સંબંધ શરીર

અને મન સાથે છે. જ્યાં સુધી દેહની આસક્તિ છે, તણાવ રહેશે, મનમાં રાગ-દ્વેષ આદિ કષાય ભાવ જન્મ લેતા રહેશે અને જ્યારે વ્યક્તિ દેહથી ઉપર ઊઠી, દેહાતિત બની જાય છે ત્યારે એ અધ્યાત્મની દિશામાં આગળ વધે છે અને સાથે પોતાની જીવનશૈલીમાં સંયમ, અહિંસા, અપરિગ્રહ વગેરે જૈનદર્શનના મુખ્ય સિદ્ધાંતોને અપનાવી પોતાને તણાવમુક્ત કરી લે છે.

**જીવનની પ્રમુખ સમસ્યાઓ (તણાવનાં કારણો)**

વ્યક્તિગત સમસ્યાઓ એ હવે પૂરા વિશ્વની સમસ્યાઓ બની ગઈ છે અને વિશ્વની સમસ્યાઓ જ વ્યક્તિગત જીવનમાં તણાવ ઉત્પન્ન કરી રહી છે. જ્યાં એક તરફ વ્યક્તિ દેહાસક્ત બની, ભૌતિક સુખ-સગવડનાં સાધનો મેળવવા દિવસ-રાત એક કરી રહ્યો છે, ત્યાં આ સાધનો મેળવવા માટેની આ ભાગદોડ જ એનાં જીવનમાં તણાવ ઉત્પન્ન કરી રહી છે. આ જ કારણ છે કે વિશ્વમાં સમસ્યાઓ વધી રહી છે. આપણી ઈચ્છાઓ, આકાંક્ષાઓ પૂર્ણ થાય કે અપૂર્ણ રહે, પણ એ વખતે ચિત્તમાં જે વૃત્તિઓ બને છે, એ જ આપણી જીવનશૈલી બની જાય છે. એના જ આધાર પર જીવન સુખી અથવા દુઃખી બની જાય છે. તણાવની સમસ્યાથી મુક્ત થવા માટે જે સાધનોનો વ્યક્તિ સહારો લઈ રહ્યો છે, એનાથી તો એ સમસ્યા ઘટવાને બદલે વધુ જટિલ થતી જણાય છે. એનાથી એક બીજી મુખ્ય સમસ્યાનો જન્મ થઈ રહ્યો છે–એ છે માનવજાતિના અસ્તિત્વનો. વૈજ્ઞાનિક યુગની નવી ટેકનોલોજી અને અણુશાસ્ત્રે એક પ્રશ્ન ઊભો કર્યો છે કે વિશ્વ પોતાને કઈ રીતે સુરક્ષિત રાખે ? માણસને, માણસ પર ભરોસો નથી રહ્યો. એ સ્વયંની સુરક્ષા માટે શસ્ત્રો પર ભરોસો રાખે છે. સ્વયંની અને ધનની સુરક્ષા માટે, મનુષ્ય ચોકીદાર કરતાં વધારે કૂતરા પર વિશ્વાસ કરે છે. એકબીજાનાં પ્રતિ વિશ્વાસ, સહયોગ અને પ્રેમની ભાવના જાણે કે ખતમ થઈ ગઈ છે. જ્યાં એકબીજાના પ્રતિ સહયોગ આદિની ભાવના સમાપ્ત થઈ જાય છે ત્યાં દ્વંદ્વ પોતાનું સ્થાન બનાવી લે છે. આ દ્વંદ્વ, વ્યક્તિગત સ્તર પર તણાવ ઉત્પન્ન કરે છે અને વૈશ્વિક સ્તર પર હિંસાનું રૂપ લઈ લે છે. વ્યક્તિનાં વ્યવહારમાં અવિશ્વાસ, નકારાત્મક વિચાર, ક્રોધ, ચિડિયાપણું, ભય આદિ પ્રવૃત્તિઓ સ્થાન લઈ લે છે અને વિશ્વમાં હિંસા ને યુદ્ધનાં કારણે વ્યક્તિના મનમાં જે ભય ઉત્પન્ન થાય છે એમાં તણાવની શૃંખલા વધુ મજબૂત થતી જાય છે. એ માટે ભયને, તણાવનો સમાનાર્થી પણ કહેવાય છે. અમુક કારણ એવા છે, જે વ્યક્તિગત સ્તર પર જ લાગુ પડે છે, જેમ કે,

૧. વ્યક્તિનાં મનમાં અસંતોષની ભાવના.
૨. અસંતોષના લીધે ઉત્પન્ન થતી સંગ્રહ કરવાની વૃત્તિ.
૩. રાજ્યાધિકાર પામવાની લાલસા.
૪. માન-પ્રતિષ્ઠા પામવા અને બનાવી શકવા માટેના અનુચિત પ્રયત્નો.
૫. સ્વાર્થ યા પોતાનું હિત સાધવા હેતુ બીજાને હાનિ પહોંચાડવાની વૃત્તિ.
૬. પારસ્પરિક વિરોધ.
૭. એકાંતવાદી દૃષ્ટિકોણ.
૮. વિભિન્ન જાતિ-સંપ્રદાયોનાં ભેદભાવનાં કારણે પ્રેમ, સદ્ભાવના, કરૂણા, વિવેક; આપસી સમજ આદિ માનવીય ગુણોનું સમાપ્ત થઈ જવું.
૯. સામાજિક વિષમતાઓ.
૧૦. પરીક્ષામાં અસફળ થવાનો ભય.
૧૧. કોઈ સ્વજનનું મૃત્યુ થઈ જવું.
૧૨. પ્રિય વસ્તુ ખોવાઈ જવી.
૧૩. કોઈક પાસેથી ધોખો/દગો થવાનો ભય.
૧૪. પારિવારિક અસંતુલન.
૧૫. આર્થિક વિપત્તિ.
૧૬. ભૂતકાળ અને ભવિષ્યની કલ્પનાઓ.
૧૭. કોઈ અણગમતી ઘટના ઘટવી.
૧૮. શોષણની પ્રવૃત્તિ.
૧૯. ઈન્દ્રિયોની અતૃપ્ત ઈચ્છાઓ.

**જૈનદર્શનમાં તણાવોનાં કારણ**

જૈનદર્શનમાં ઉપર્યુક્ત બધા કારણોનાં વિસ્તારથી વિવેચન મળે છે. જૈનદર્શન અનુસાર રાગ-દ્વેષ એ તણાવનાં મૂળભૂત કારણ છે. એમાં પણ રાગની પ્રધાનતા છે. જૈનદર્શન અનુસાર, જે જન્મ-મરણના કારણ છે, એજ તણાવ ઉત્પત્તિનાં પણ કારણ છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં તણાવના કારણ બતાવતાં કહેવાયું છે કે કામ-ભોગ, ન કોઈને બંધનમાં નાખે છે, અને ન તો કોઈનામાં વિકાર પેદા કરી શકે છે, પરંતુ જે વિષયોમાં રાગ-દ્વેષ કરે છે એજ તણાવગ્રસ્ત થાય છે. આચારાંગ સૂત્રમાં કહે છે કે, રાગ-દ્વેષયુક્ત પ્રમાદી જીવ છળ-કપટ કરવાથી પુનઃ ગર્ભમાં આવે છે. તણાવની અર્થાત્ દુઃખની પ્રક્રિયા બતાવતાં કહેવાયું છે કે, જ્યાં રાગ-દ્વેષ છે ત્યાં કર્મ છે. જ્યાં કર્મ છે ત્યાં બંધન છે, અને બંધન સ્વયં જ દુઃખ છે. માટે તણાવ, એ એક પ્રકારે દુઃખ જ છે. જૈન ધર્મ અનુસાર દુઃખનું કારણ અવિદ્યા, મોહ, કામના, આસક્તિ, રાગ-દ્વેષ વિગરે છે.

ઈન્દ્રિય એવં મનના, વિષયો સાથે સંપર્ક થવાથી, અનુકૂળતા પ્રત્યે રાગ તથા પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષ થાય છે. માટે જ આવશ્યકતા છે, ઈન્દ્રિય તેમજ મનને સંયમિત કરવાની. ઉત્તરાધ્યયનનાં ૩૨મા અધ્યાયની અનેક ગાથાઓ આ વાતનું પ્રમાણ છે કે, ઈન્દ્રિય અને મનના વિષયો પ્રત્યે આતુર વ્યક્તિ હંમેશાં અતૃપ્ત, ચિંતાગ્રસ્ત અને દુઃખી જ રહે છે. જૈન આચાર્યોએ, મન અને ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોની પુનઃપ્રાપ્તિ તથા પ્રતિકૂળ પરિસ્થિતિનાં નિરાકરણની, પ્રવૃત્તિને જ ઈચ્છા કહી છે. ઈચ્છાઓ આકાશની સમાન અનંત છે. વ્યક્તિ, તૃષ્ણારૂપી ચાળણીને જળથી ભરવા ચાહે છે!!! એની પૂર્તિને માટે સ્વયં વ્યાકુળ અને તણાવગ્રસ્ત મનુષ્ય, બીજાઓને પણ દુઃખ આપે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં સ્પષ્ટરૂપે કહ્યું છે કે બધાં જ કામભોગ અંતે તો દુઃખ જ આપે છે.

દેવતાઓ સહિત સમગ્ર સંસારમાં જે પણ દુઃખ છે, માનસિક, વાચિક તથા કાયિક, એ દરેક ઈચ્છા કે આસક્તિના કારણે જ છે. 'અંગુત્તરનિકાયમાં, પણ ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળના વિષયો સંબંધી, જે ઈચ્છા છે તેને જ તણાવની ઉત્પત્તિનું કારણ બતાવેલ છે.' ઈચ્છાઓને વશીભૂત થઈને વ્યક્તિ આર્તધ્યાન તેમજ રૌદ્રધ્યાન કરે છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી તણાવ ઉત્પન્ન થાય છે, જે બીજાને પણ તણાવગ્રસ્ત કરી દે છે. ઠીક એવી જ રીતે, જેમ એક માછલી આખા તળાવને ગંદુ કરી નાંખે છે. સુખની પ્રાપ્તિ માટે વ્યક્તિ કષાય પ્રવૃત્તિ કરે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કષાયને અગ્નિની ઉપમા આપી છે, જે આત્માના સદ્‌ગુણોને નષ્ટ કરી દે છે. વ્યક્તિ માટે સહુથી મહત્ત્વપૂર્ણ છે, બુદ્ધિ અને વિવેક. પરંતુ જ્યારે ક્રોધ આવે છે ત્યારે બુદ્ધિ અને વિવેક શક્તિ સમાપ્ત થઈ જાય છે. જે વ્યક્તિની આંખોમાંથી લાજ-મર્યાદા અને કરૂણા છલકે છે એ શાંતિપ્રિય જીવન જીવે છે પણ જ્યારે માન પોતાનું સ્થાન જમાવી દે છે ત્યારે હર પળ એ અહમ્‌ને પોષવાનો પ્રયાસ, માનવીય ગુણોને સમાપ્ત કરી, ચિત્તને અશાંત બનાવી દે છે. એવી જ રીતે હિંમત અને તંદુરસ્તીનું સ્થાન ક્રમશઃ હૃદય અને શરીરમાં હોય છે, પણ માયા અને લોભ, તન-મન બંન્નેને તણાવમય કરી દે છે અને હિંમત તંદુરસ્તી બંન્ને પોતાનું સ્થાન છોડી દે છે. જૈનદર્શન અનુસાર પરિગ્રહ પણ જીવનમાં તણાવ ઉત્પન્ન કરે છે. સંગ્રહ કરનાર વ્યક્તિ સ્વયં પણ ચિંતિત રહે છે અને બીજાની પણ શાંતિ ભંગ કરી નાખે છે. સૂત્રકૃતાંગમાં લખ્યું છે કે હિંસા અથવા યુધ્ધનું કારણ સંગ્રહવૃત્તિ છે

**તણાવની અસર :**

જ્યારે વ્યક્તિ તણાવયુક્ત જીવન જીવે છે, ત્યારે એની અસર એના શરીર, મન અને ભાવો (લાગણીઓ) પર પડે છે. એ સમયે એની જીવન જીવવાની રીત નીચલા સ્તરની થઈ જાય છે.

**તનાવોની દૈહિક અસર :**

૧. તણાવગ્રસ્ત વ્યક્તિને ભૂખ નથી લાગતી.
૨. એને ઊંઘ નથી આવતી.
૩. અનેક રોગો જેમકે, બ્લડપ્રેશર, મધુમેહ, હૃદયરોગ, એના શરીરમાં ઘર કરી જાય છે.
૪. એ ક્યારેક સ્વયંને કષ્ટ આપે છે તો ક્યારેક બીજાઓ સાથે માર-પીટ કરે છે.
૫. જો તણાવની તીવ્રતા અધિક હોય તો એ પોતાનું માનસિક સંતુલન ખોઈ બેસે છે.
૬. એ પોતાના શરીરને જ નુકશાન પહોંચાડે છે. આત્મહત્યા સુદ્ધાં કરી લે.
૭. વ્યક્તિ આળસુ અને બેદરકાર થઈ જાય છે.

**તણાવની માનસિક અસર :**

૧. વ્યક્તિ વાત કરતાં કરતાં અચાનક ચૂપ થઈ જાય.
૨. અંધારામાં રહેવું એને ગમે છે.
૩. કોઈની સાથે વાત કરવાની ઈચ્છા ન થાય. એ એકાંતપ્રિય થઈ જાય છે.
૪. ચિડિયાપણું અને ક્રોધ એનો સ્વભાવ બની જાય છે.
૫. કામ કરતાં કરતાં હોશ / ધ્યાન ખોઈ બેસે.
૬. એની વિચારવા, સમજવાની શક્તિ પણ ક્ષીણ થઈ જાય છે.
૭. વ્યક્તિને રડવા કે વિલાપ કરવાથી મનમાં હળવાશ અનુભવાય.
૮. વ્યક્તિને સાચા ખોટાનું જ્ઞાન નથી હોતું.
૯. નિર્ણય લેવાની ક્ષમતા નથી હોતી.
૧૦. શાંતિનો અનુભવ ન હોવાથી એ બેચેન રહે છે.
૧૧. કોઈ કોઈ વાર ચૂપચાપ એ દરેક પીડા સહન કર્યા કરે અને રડ્યા કરે.
૧૨. પુરૂષાર્થમાં કમી આવવા લાગે છે.

**તણાવની ભાવનાત્મક અસર :**

૧. મારી સાથે ખરાબ થયું છે, તો હું પણ બીજાઓનું બૂરું કરું, એવી લાગણી ઉત્પન્ન થઈ જાય છે.
૨. નકારાત્મક વિચારણા, જીવનનું અંગ બની જાય છે.
૩. આત્મવિશ્વાસની કમી આવી જાય છે.
૪. મનમાં ઈર્ષાની ભાવના ઉત્પન્ન થઈ જાય છે.
૫. વિવેકશીલતા નષ્ટ થઈ જાય છે.
૬. કટુ વચન બોલવા, એની આદત બની જાય છે.
૭. એ એટલો હતાશ થઈ જાય છે કે જીવનમાં ફક્ત મૃત્યુની ઈચ્છા કરતો રહે છે.
૮. ખોટી આદતો અપનાવે છે, જેમકે સિગરેટ પીવી, શરાબની લત લાગવી વિગેરે.

જ્યારે વ્યક્તિ તણાવગ્રસ્ત હોય છે ત્યારે તણાવના સ્તરને ઓછો કરવા સિગરેટ પીએ છે. એને એમ લાગે છે કે ઉડતા ધૂમાડામાં તણાવ પણ ઉડી જાય છે, પરંતુ એ સંભવ નથી. શરાબના નશા પછી એ જ્યારે પાછો વાસ્તવિકતામાં આવે છે ત્યારે એ માનસિક તણાવની સાથે સાથે શારીરિક તણાવનો પણ શિકાર બની જાય છે.

તણાવ શું છે, એના શું કારણો છે અને એની શું અસરો થાય છે, એ સ્પષ્ટ રૂપે આપણે જોઈ ગયા. હવે એ જાણીએ કે તણાવને ઓછો કઈ રીતે કરી શકાય, બીજા શબ્દોમાં કહીએ તો એનું પ્રબન્ધન કઈ રીતે કરી શકાય એ જાણવું જરૂરી છે. હું આપને જૈન જીવન શૈલીના સંદર્ભમાં તણાવ પ્રબન્ધન સંબંધિત થોડાં મુદ્દા હવે બતાવીશ.

**તણાવ પ્રબન્ધનથી વ્યક્તિગત શાંતિ :**

જે જીવાય છે, એ જીવન છે, અને જે રીતે આ જીવન જીવાય છે એને જીવનશૈલી કહેવાય છે. જ્યારે વ્યક્તિ તણાવમુક્ત હોય છે તો એનાં આચાર, વ્યવહાર, વિહાર, આહાર અને સંસ્કાર–આ પાંચેય સમ્યક્ અને કુશળ હોય છે અને જ્યારે તણાવયુક્ત સ્થિતિ હોય છે તો

એથી વિપરીત આચરણ હોય છે. આ પાંચેય જીવનશૈલીના મુખ્ય અંગ છે. વર્તમાનયુગમાં આવશ્યકતા છે, આચારમાં જૈન જીવનશૈલી દ્વારા બદલાવ લાવવાની, પદાર્થોનું સાચું સ્વરૂપ જાણીને સંતોષ જગાડવાની અને જીવનશૈલીને ધર્મ દ્વારા સંયમિત કરી જીવનને તણાવમુક્ત બનાવવાની. હકીકતમાં ધર્મ, વ્યક્તિને જીવન જીવવાના સાધન ઉપલબ્ધ નથી કરાવતો એમ છતાં એ જીવન જીવવાની કળા જરૂર શીખવાડે છે, જેનાથી મન અમન બની જાય છે. મનમાં ઉત્પન્ન થતાં તણાવ તેમ જ રાગ-દ્વેષને ધર્મથી સમાપ્ત કરી શકાય છે.

> ***ધર્મ, વ્યક્તિને જીવન જીવવાના સાધન ઉપલબ્ધ નથી કરાવતો એમ છતાં એ જીવન જીવવાની કળા જરૂર શીખવાડે છે, જેનાથી મન અમન બની જાય છે. મનમાં ઉત્પન્ન થતાં તણાવ તેમ જ રાગ-દ્વેષને ધર્મથી સમાપ્ત કરી શકાય છે.***

વર્તમાન યુગની ધારામાં જૈન ધર્મ વ્યક્તિના જીવનમાં જે તત્ત્વોનો સમાવેશ કરે છે, એનાથી તણાવમુક્ત જીવનશૈલીનું નિર્માણ થાય છે. ટૂંકમાં તણાવ નિરાકરણના ઉપાય નીચે મુજબ છે :

૧. **આત્માની પૂર્ણ શુદ્ધિ : વિભાવ દશાનો ત્યાગ :** જૈન ધર્મ અનુસાર મોક્ષની પ્રાપ્તિ ત્યારે જ સંભવ છે જ્યારે વ્યક્તિ પૂર્ણ રીતે તણાવમુક્ત હોય. આત્માની વિભાવ દશામાંથી સ્વભાવમાં આવવું એ જ તણાવમુક્તિ છે. આત્મા મૂળ સ્વભાવથી તો શુદ્ધ, બુદ્ધ અને તણાવમુક્ત છે જ પરંતુ, 'પર'ના સંયોગથી એ અશુદ્ધ અથવા તનાવયુક્ત અવસ્થા પ્રાપ્ત કરી લે છે. ઠીક એવી રીતે જેમ, અગ્નિના સંયોગથી પાણી પોતાનો શીતળ સ્વભાવ છોડી ગરમ થઈ જાય છે. આવશ્યકતા છે, આત્મશુદ્ધિની જે 'પર'ના પ્રતિ રાગ-દ્વેષ, કષાય, તૃષ્ણા વિગેરેને ત્યાગવાથી જ સંભવ છે.

૨. **રાગ-દ્વેષથી મુક્તિ એટલે જ તણાવથી મુક્તિ :** જ્યારે રાગ હતો, ત્યારે ગૌતમસ્વામીને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત નહોતું થયું. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે રાગ-દ્વેષને જડમૂળથી ઉખેડવાથી જ એકાન્ત સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે જેનો મોહ સમાપ્ત થઈ જાય છે, એનું દુઃખ પણ સમાપ્ત થઈ જાય છે. આચારાંગસૂત્રમાં વર્ણન છે કે શબ્દ, રૂપ આદિના પ્રત્યે જે રાગ-દ્વેષ નથી કરતાં એ મૃત્યુથી પણ મુક્ત થઈ જાય છે. સમયસારમાં પણ મુક્તિનો માર્ગ બતાવતાં કહ્યું છે કે–'मुंचदि जीवो विरागसंपत्तो' જીવ રાગથી નિવૃત્ત થઈ કર્મોથી મુક્ત થાય છે. એટલે કે તણાવમુક્તિના માટે 'પર'ના પ્રતિ, ઈન્દ્રિયોનાં વિષયો પ્રતિ પણ રાગનો ત્યાગ કરવો પડશે. જ્યાં રાગ સમાપ્ત થઈ જાય છે ત્યાં દ્વેષ પણ નષ્ટ થઈ જાય છે.

૩. **કષાય વિજય : તણાવમુક્તિ :** દશવૈકાલિકસૂત્રમાં ક્રોધને સમાપ્ત કરવાના ઉપાય બતાવતાં કહ્યું છે કે, ક્રોધને ક્ષમાથી નષ્ટ કરો. સમભાવથી ક્રોધને જીતી શકાય છે. આશ્રવ, સંવર તેમજ નિર્જરા-ભાવનાની અનુપ્રેક્ષા (એકાગ્રતાપૂર્વક મનન–ઊંડું ચિંતન) કરવી જોઈએ. યોગશાસ્ત્ર તેમજ ઉત્તરાધ્યયન સૂત્રમાં ક્રોધ પર વિજય પામવા, ક્ષમા નામના શસ્ત્રનો ઉપયોગ કરવા કહ્યું છે. માન વિનયનો નાશ કરે છે, માટે માન પર વિજય મૃદુતા (વિનમ્રતા)થી પ્રાપ્ત થઈ શકે છે. આચારાંગસૂત્રમાં કહ્યું છે કે–આ જીવાત્માએ અનેકવાર ઉચ્ચ ગોત્રમાં જન્મ લીધો છે, તો અનેકવાર નીચ ગોત્રમાં પણ ગયેલ છે. આ પ્રકારે વિભિન્ન ગોત્રોમાં જન્મ લેવાથી ન કોઈ હીન બને છે કે ન મહાન થાય છે. આવી ભાવનાથી સ્વયંને ભાવિત કરીએ. માયા પર વિજય ઋજુતા (સરળતા/કોમળતા)થી પ્રાપ્ત કરી શકાય છે. ઉત્તરાધ્યનસૂત્રમાં કહ્યું પણ છે કે ઋજુભૂત, સરળ વ્યક્તિની જ શુદ્ધિ થાય છે અને સરળ હૃદયમાં જ ધર્મરૂપી પવિત્ર વસ્તુ સ્થિર થાય છે. તત્ત્વાર્થસૂત્રમાં માયા કષાયને અનંત દુઃખો અને તિર્યંચ ગતિનું કારણ બતાવેલ છે. એટલે માયાવી સ્વયં પોતાની જાળમાં ફસાઈ જાય છે. બીજાનું બૂરૂં કરવામાં સ્વયનું જીવન કષ્ટમય બની જાય છે. લોભના વિજયને માટે લોભ મુક્ત થવાના ક્યા ફાયદા છે, એનું ચિંતન કરવું જોઈએ. લોભ પર વિજય મેળવવાથી સંતોષ ગુણ ઉત્પન્ન થાય છે. અસાતાવેદનીય કર્મનો બંધ નથી પડતો તથા પૂર્વ બાંધેલ કર્મની પણ નિર્જરા થાય છે. ઈચ્છાઓ અને આકાંક્ષાઓને અલ્પ કરવાના પ્રયાસથી પણ લોભ પર વિજય મેળવી શકાય છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે સંતોષરૂપી બંધને બાંધીને લોભને આગળ વધતો રોકી શકાય છે.

૪. **ઈન્દ્રિય વિજય અને તણાવમુક્તિ :** ઈન્દ્રિયોની લોલુપતા (લાલસા)માં દરેક ઉંમરની વ્યક્તિ ડૂબેલી છે. સંસારમાં રહીને એ તો સંભવ નથી કે વ્યક્તિ પોતાની ઈન્દ્રિયોનો પ્રયોગ ન કરે. જ્યાં સુધી આ ઈન્દ્રિયો છે ત્યાં સુધી વ્યક્તિનો બાહ્ય જગત સાથે સંપર્ક રહેવાનો જ છે. આવી સ્થિતિમાં વ્યક્તિ તણાવમુક્ત કેવી રીતે રહે ? આ સંબંધમાં, તણાવમુક્તિ માટે, ઈન્દ્રિય વિજયનો માર્ગ બતાવતાં, આચારાંગસૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં પંદરમા ભાવના નામના અધ્યયનમાં તેમ જ ઉત્તરાધ્યનય સૂત્રમાં ગંભીરતાથી વિચાર કરવામાં આવ્યો છે. એ શક્ય નથી કે કાનોમાં પડતાં સારા કે ખરાબ શબ્દો સાંભળવામાં ન આવે, આંખોની સામે આવનાર સારું કે ખરાબ રૂપ જોવામાં ન આવે, નાક સમક્ષ આવેલ સુગંધ કે દુર્ગંધ સૂંઘવામાં ન આવે, જીભ પર આવેલ સારો કે ખરાબ રસ ચાખવામાં ન આવે, સ્પર્શ થવા પર સારા કે ખરાબની અનુભૂતિ ન થાય, એવું નથી, પરંતુ બધી ઈન્દ્રિયોના પ્રત્યે જે રાગ-દ્વેષ જાગે, એને ચોક્કસ ઘટાડી શકાય છે. ધીરે ધીરે એના પર સંપૂર્ણ વિજય મેળવી શકાય છે. મનનો તો સ્વભાવ જ ચંચળ

છે. આ ચંચળતાને જ સમાપ્ત કરવાની છે કારણકે એજ તણાવનું કારણ છે. મનને નિયંત્રિત કરવાથી કલ્પનાઓ પણ સંયમિત થઈ જાય છે. ઈચ્છાઓ સીમિત થઈ જાય છે. સૂત્રકૃતાંગમાં દુઃખમુક્તિના માટે મનસંયમનો માર્ગ દેખાડવામાં આવ્યો છે. મનઃ સંયમનો પ્રયત્ન જ તણાવ મુક્તિનો પ્રયત્ન છે.

૫. **અણુવ્રતની જીવનશૈલી :** જીવનમાં અણુવ્રત અપનાવીને જીવવું એ તણાવમુક્તિનો સૌથી સરળ ઉપાય છે. અણુવ્રતનો અર્થ છે, નાનાં-નાનાં નિયમ. જીવનમાં નાના નાના નિયમ લેવા, જેમ કે, વ્યસનમુક્ત રહેવું. દરેક વસ્તુની મર્યાદા નક્કી કરવી, ચોરી ન કરવી, જુઠ્ઠું ન બોલવું વગેરે.

૬. **મમત્વ (મોહનો) ત્યાગ અથવા તૃષ્ણા પર પ્રહાર :** સૂત્રકૃતાંગમાં વર્ણન છે–'ममाइं लुप्पई बाले'–જ્યાં સુધી મમત્વનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી તણાવ મુક્તિ મળવી સંભવ નથી. મરૂદેવી માતાએ પણ જ્યારે પુત્રના મમત્વનો ત્યાગ કર્યો, ત્યાર પછી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. નંદ મણિયારે મમત્વ ભાવને લીધે તિર્યંચ ગતિનો બંધ બાંધ્યો. એટલે કે 'સ્વ'ને 'સ્વ' તથા 'પર'ને 'પર' માનીને જીવવું જોઈએ. જૈનદર્શનમાં તો ત્યાં સુધી કહ્યું છે કે આત્મા સિવાય આ શરીર વગેરે કંઈ પણ તારું નથી. મમત્વના પરિત્યાગથી વ્યક્તિગત સંગ્રહનો પણ ત્યાગ થાય છે તથા કામભોગ, ઈચ્છાઓ, આકાંક્ષાઓ પણ સમાપ્ત થઈ જાય છે.

૭. **ઈચ્છા નિર્મૂલનની જીવન શૈલી :** મનુષ્ય અનેક ચિત્તવાળો છે અર્થાત્ અનેકાનેક કામનાઓના કારણે મનુષ્યનું મન વિખરાયેલું છે. આ કામનાઓની પૂર્તિનો પ્રયાસ તો ચાળણીમાં પાણી ભરવાના પ્રયાસ સમાન છે. એટલે કે જેમ ચાળણીમાં કદી પાણી ભરાય જ નહિ તેમ બધી ઈચ્છાઓ ક્યારેય પૂર્ણ થતીજ નથી. એ આકાશની જેમ અનંત છે. એક ઈચ્છા પૂરી થાય ત્યાં તો બીજી ઈચ્છા જાગી જાય છે. એ માટે 'બાર ભાવના'માં કહેવાયું છે કે–હે ધીર પુરુષ, આશા, ઈચ્છાનો ત્યાગ કરી દે, કારણ કે સ્વયં તું જ આ કાંટાઓને મનમાં રાખીને દુઃખી (તણાવગ્રસ્ત) થઈ રહ્યો છે. ભગવાન મહાવીરે પણ કહ્યું છે 'कामे कमियं खु दुवखं' એટલે કે કામનાઓ–ઈચ્છાઓને દૂર કરવી, એ જ તણાવ (દુઃખ)ને દૂર કરવા બરાબર છે.

૮. **અનેકાન્તવાદ શૈલી :** આજે વ્યક્તિ જ નહિ, પૂરું વિશ્વ જ એકાંતવાદના સિદ્ધાંત પર ચાલી એકબીજાને નષ્ટ કરવામાં લાગેલ છે. આવી સ્થિતિમાં અનેકાન્તવાદ શાંતિનાં દૂત સમાન છે. વ્યક્તિએ પોતાના પરિવાર, સમાજ વગેરે બીજાઓની વાતને પણ, એમની અપેક્ષાએ સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

૯. **લેશ્યા પરિવર્તન :** આપણાં ભાવ, આપણી લેશ્યાને નિર્ધારિત કરે છે અને લેશ્યા આપણાં ભાવોને પરિવર્તિત કરે છે. બંને એકબીજા પર આધારિત છે. તણાવમુક્ત જીવનને માટે આપણો એવો પુરુષાર્થ હોય કે આપણે અશુભ લેશ્યાથી શુભ 'લેશ્યા' તરફ જવાનો પ્રયત્ન કરીએ. એના માટે ભાવશુદ્ધિ આવશ્યક છે. એની સાથે સાથે શુભ લેશ્યાના રંગોના ધ્યાનની પ્રક્રિયા પણ પ્રચલિત છે.

૧૦. **અહિંસક જીવન શૈલી :** 'धम्मो मंगल मुक्किट्ठं अहिंसा संजमो तवो' અહિંસા, જૈન ધર્મનો સર્વોપરિ સિદ્ધાંત છે. કોઈ પણ જીવની હિંસા ન કરવી, એ અહિંસા છે. પ્રાણીમાત્રની રક્ષા કરવી એ અહિંસા છે. ભગવાન મહાવીરના શબ્દોમાં કહીએ તો 'જે તું તારા માટે ઈચ્છે છે, એ જ તું બીજા માટે પણ માગ અને જે તને તારા માટે નથી ગમતું એ બીજાના માટે પણ ન માગ.' આ જ અહિંસા છે. બીજા શબ્દોમાં કહીએ તો મન, વચન, કાયાથી, ન કોઈની હિંસા કરવી, ન કરાવવી અને ન તો કરતાને અનુમોદન આપવું. અહિંસા શાંતિનો સંદેશ લાવે છે. જૈનધર્મના આ જ સિદ્ધાંતનો આધાર બનાવી, મહાત્મા ગાંધીએ દેશને આઝાદી અપાવી, તણાવમુક્ત કરાવ્યો હતો. અહિંસક જીવનશૈલી સ્વયંને શાંત અને સુખી તથા બીજાને પણ તણાવમુક્ત રાખે છે. આપણા અહિંસક વ્યવહાર અને વિચાર, એ આપણા સુસંસ્કાર અને શુદ્ધ આચરણનું નિર્માણ કરે છે. અહિંસક જીવનશૈલી કેવળ વ્યક્તિગત નહિ પણ વિશ્વની શાંતિનો પણ મૂળ મંત્ર છે.

૧૧. **અપરિગ્રહ જીવનશૈલી :** 'कण संचय कीडी करे, ते तीतर चुग जाए, जो कृपण धन संचिये, युँ ही जाए विलाय' આચાર્ય ભિક્ષુના આ કથનનો મૂળ આધાર આચારાંગ સૂત્ર છે. વ્યક્તિ ધનનો સંચય કરે છે, પણ આ સંચિત ધન કાં તો ચોર ચોરી લઈ જાય છે અથવા તો અગ્નિ વગેરેથી નષ્ટ થઈ જાય છે. વ્યક્તિ સર્વ પ્રથમ ધન મેળવવા માટે ચિંતિત થાય છે, કમાઈને મેળવ્યા પછી હજી વધુ મેળવવાની લાલસા કરે છે. સંગ્રહ થયા પછી ક્યાંક આ ધન નષ્ટ ન થઈ જાય એની ચિંતામાં ગ્રસ્ત (ફસાય) રહે છે. ધન જીવનની આવશ્યકતા હોય શકે, પરંતુ તણાવમુક્તિ માટે એની સાથે જોડાયેલ સંગ્રહેચ્છા ને આસક્તિવૃત્તિનો ત્યાગ કરવો પડશે. ત્યારે જ વ્યક્તિના જીવનમાં શાંતિની પ્રાપ્તિ થશે.

૧૨. **આહારશુદ્ધિ :** એક પ્રસિદ્ધ કહેવત છે, 'જેવું અન્ન, તેવું મન' એનું સ્પષ્ટ ઉદાહરણ છે, શાકાહારી અને માંસાહારી વ્યક્તિઓની તુલના. બાળક જ્યારે પહેલી વાર માંસાહાર કરે છે ત્યારે એ સહજ ભાવથી ગ્રહણ નથી કરી શકતું. એ વખતે એની અંદર જે દયા ભાવ છે, એને એ મારે છે, પરંતુ, એની એને ખબર પણ નથી પડતી. મોટાં થતાં એની અંદર રહેલ કરૂણા, દયા ને પ્રેમની ભાવના સમાપ્ત થઈ જાય છે. એનાં હૃદયમાં પોતાના સ્વાર્થને માટે હિંસા, ઘૃણા, ક્રૂરતા આવી જાય છે. ડૉક્ટર સાગરમલ જૈન,

આ જ વાતનું સ્પષ્ટીકરણ કરતાં લખે છે કે, માંસાહારથી મગજની સહનશીલતાની શક્તિ અને સ્થિરતાનો હ્રાસ (નાશ) થાય છે, વાસના અને ઉત્તેજના વધે એવી પ્રવૃત્તિ સક્રિય બને છે, ક્રૂરતા અને નિર્દયતા વધે છે. વર્તમાન જીવન શૈલીમાં, સંતુલિત આહારના અભાવમાં, જ્યાં એક બાજુ લાખો લોકો ભૂખે મરે છે, ત્યાં બીજી બાજુ તામસિક આહારની લાલસા અને સ્વાદ લોલુપતાને કારણે અનેક લોકોમાં તણાવ ઉત્પન્ન થઈ રહ્યો છે. જૈન દર્શનમાં તણાવમુક્તિપૂર્વક જીવન જીવવાનો એક આધાર, શાકાહાર અને સંતુલિત ભોજન બતાવેલ છે. મહાભારતમાં પણ લખ્યું છે–જે માંસભક્ષણ ક્યારેય નથી કરતા એ નિરોગી અને સુખી રહે છે.

*આત્મા રાગ-દ્વેષ, ક્રોધાદિ કષાયના નિમિત્તથી સ્વ-ભાવથી ભિન્ન થઈ અધર્મને પ્રાપ્ત થાય છે. અધર્મ જ એક એવી વિકૃતિ છે, જેનાથી તણાવ ઉત્પન્ન થાય છે અને ધર્મ જ એક એવું પવિત્ર અનુષ્ઠાન છે, જેનાથી વ્યક્તિ તણાવમુક્ત અવસ્થાને પ્રાપ્ત કરે છે.*

૧૩. **ધ્યાન અને તણાવમુક્તિ :**- વર્તમાનમાં ધ્યાનની અનેક વિધિઓ પ્રચલિત છે, પણ અહિંયા, ધ્યાનથી મારું તાત્પર્ય–ધર્મધ્યાન અને શુક્લધ્યાન છે. આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન તણાવ ઉત્પત્તિનાં સાધન છે. સ્થાનાંગસૂત્રમાં ધર્મ અને શુક્લધ્યાનની બતાવેલ વ્યાખ્યાના આધાર પર એમ કહી શકાય કે ધર્મધ્યાનમાં શ્રુતધર્મ અને ચારિત્રનું ચિંતન કરવામાં આવે છે, જે ચિત્તને એકાગ્ર કરે છે અને શુક્લધ્યાન દ્વારા મનને શાંત તથા નિષ્કંપ કરી શકાય છે. ધર્મધ્યાનમાં સ્થિરતા માટે એકત્વ, અનિત્ય, અશરણ અને સંસાર આ ચાર અનુપ્રેક્ષા બતાવાય છે. આ અનુપ્રેક્ષાનાં માધ્યમથી વ્યક્તિ ધર્મના સાચા સ્વરૂપને સમજીને શુકલધ્યાનની તરફ આગળ વધે છે, તથા શુકલધ્યાન જ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. જૈન દર્શનના અનુસાર મોક્ષપ્રાપ્તિ જ પૂર્ણતઃ તણાવમુક્તિની સ્થિતિ છે.

૧૪. **ધર્મ અને તણાવમુક્તિ :** વ્યક્તિ શાંતિ પ્રાપ્ત કરવા માટે ધર્મનો માર્ગ પસંદ કરે છે, પરંતુ વર્તમાનમાં ધર્મ, જાતિ અને વર્ણના નામ પર ઝઘડા કરવામાં આવે છે. આનું કારણ સૂત્રકૃતાંગમાં મળે છે, કે ધર્મતત્વને પ્રત્યેક પ્રાણી પોત-પોતાની ભૂમિકા અનુસાર અલગ-અલગ રૂપે ગ્રહણ કરે છે અને પોતાના પક્ષને સાચો માની બીજાની અવહેલના (અનાદર) કરે છે. તણાવમુક્તિને માટે, જો ધર્મને પોતાનું સાધન બનાવવો હોય તો એને સાચા સ્વરૂપમાં સમજવો આવશ્યક છે. 'વસ્તુનો પોતાનો નિજ સ્વભાવ જ એનો ધર્મ છે.' જેવી રીતે પાણીનો ધર્મ છે શીતળતા, એવી જ રીતે આત્માનો સ્વભાવ છે શુદ્ધતા, બુદ્ધતા અને મુક્તતા. પાણી 'પર'ના સંયોગથી ગંદુ કે ઉષ્ણ થાય છે. 'પર'નો વિયોગ થવાથી શીતળ અને સાફ થઈ જાય છે. એવી જ રીતે આત્મા રાગ-દ્વેષ, ક્રોધાદિ કષાયના નિમિત્તથી સ્વ-ભાવથી ભિન્ન થઈ અધર્મને પ્રાપ્ત થાય છે. અધર્મ જ એક એવી વિકૃતિ છે, જેનાથી તણાવ ઉત્પન્ન થાય છે અને ધર્મ જ એક એવું પવિત્ર અનુષ્ઠાન છે, જેનાથી વ્યક્તિ તણાવમુક્ત અવસ્થાને પ્રાપ્ત કરે છે.

ઉપરના બધા ઉલ્લેખોથી એ તો સિદ્ધ થાય છે કે વ્યક્તિએ પોતાની ઈચ્છાઓની મર્યાદા કરી 'જૈન' સિદ્ધાંતોના આધાર પર જીવન જીવવું જોઈએ, પરંતુ અહીં એક પ્રશ્ન ઊભો થાય છે કે અગર વ્યક્તિ આકાંક્ષી નહિ બને, કલ્પનાઓ કરી ઈચ્છાઓને નહીં વધારે તો વિકાસ કઈ રીતે કરશે ? કારણ કે કંઈક નવું કરવાની ઈચ્છાઓ, કલ્પનાઓ, બીજાઓથી આગળ વધવાની પ્રવૃત્તિ જ નવી ક્ષિતિજને ખોલે છે. કોઈના અધિક પરિગ્રહને જોઈને, એની ઈર્ષ્યા થવાથી જ કોઈ નવો આવિષ્કાર થાય છે. ઈર્ષ્યા, વ્યક્તિને ઉત્તેજિત કરે છે કે એ ઊંચા મુકામ પર પહોંચે. ભૌતિકતાના માહોલમાં તણાવમુક્તિ અસંભવ છે. તણાવમુક્તિની અવસ્થા પ્રાપ્ત કરવા માટે આવશ્યકતા છે કે જીવન જીવવાની શૈલીમાં પરિવર્તન આવે. હવે સંક્ષેપમાં અમુક સૂત્ર પ્રસ્તુત છે, જે વ્યક્તિને જીવનમાં, વિકાસની સાથે સાથે તણાવમુક્ત જીવન જીવતાં શીખવે છે.

૧. વિજ્ઞાન + હિંસા = વિનાશ
   વિજ્ઞાન + અહિંસા = વિકાસ
૨. વિજ્ઞાન + એકાંતવાદિતા = (અશાંતિ) વૈચારિક સંઘર્ષ અને સામાજિક સંઘર્ષ
   વિજ્ઞાન + અનેકાંતવાદ = શાંતિ
૩. વિજ્ઞાન + પરિગ્રહવૃત્તિ = ઈર્ષ્યા, અસંતોષ
   વિજ્ઞાન + અપરિગ્રહ = સંતોષ
૪. વિજ્ઞાન + આસક્તિ = ભય, સંચયવૃત્તિ, યુદ્ધ
   વિજ્ઞાન + કર્તવ્યબુદ્ધિ = સફળતા
૫. વિજ્ઞાન + રાગ = દુઃખ, પીડા
   વિજ્ઞાન + વીતરાગતા = સુખ, આનંદ
૬. જીવન + અસંયમ = તણાવયુક્ત જીવન
   જીવન + અણુવ્રત = તણાવમુક્ત જીવન

આ સૂત્રો જ જૈન જીવન શૈલીને દર્શાવે છે અને એને આધાર બનાવી, જે વ્યક્તિ પોતાનું જીવન વ્યતિત કરશે તો નિશ્ચિત જ એ તણાવ મુક્તિને પ્રાપ્ત કરી શકશે.

✱✱✱

મો. નં. : ૯૯૨૦૪૯૯૯૨૭.

# 'શ્રી આનંદઘન પદસંગ્રહ : ભાવાર્થ'માં પ્રગટતી આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પ્રતિભા

❑ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

પરમ પૂજ્ય યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીને, સૂરિપદ-શતાબ્દીના પાવન અવસરે મારી કોટી કોટી વંદના.

શ્રુતજ્ઞાનની આરાધનાના આ પ્રસંગે, પૂજ્યશ્રીના વિપુલ સાહિત્યસર્જનમાં યત્કિંચિત્ ડોકિયું કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું એ માટે આયોજક સંસ્થાનો હું અત્યંત આભારી છું.

અધ્યાત્મજ્ઞાની, યોગનિષ્ઠ આરાધક-સાધક અને વીર ઘંટાકર્ણ તીર્થના પ્રણેતા તરીકે આચાર્યશ્રીની પ્રતિભાથી દેશ-વિદેશવાસીઓ સુપેરે પરિચિત છે. સાથે શતાધિક ગ્રંથોના રચયિતા તરીકે જૈન સાહિત્યમાં એમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે.

વીસેક સંસ્કૃત ગ્રંથો, બારેક ભજનસંગ્રહો, પંદરેક જૈન પૂજાઓ, શ્રીમદ્ દેવચંદ્રજીની સ્તવન ચોવીશી અને એના સ્વોપ્રજ્ઞ બાલાવબોધ સહિતના વિશાલ ગ્રંથો, આનંદઘનજીની ભાવાત્મક સ્તુતિ અને જીવનચરિત્ર, આનંદઘન પદસંગ્રહ પરનો ભાવાર્થ, સાંપ્રત સમાજને આપેલો સંદેશ, અધ્યાત્મજ્ઞાન વિશેનું ચિંતન–આ બધાં સર્જનોમાં કવિ, ચિંતક, ચરિત્રકાર, વિવેચક, સંશોધક તરીકે પૂજ્યશ્રીની સર્જકપ્રતિભા પ્રકાશમાન થઈ છે.

આ વિપુલ સામગ્રીમાંથી મારે એમના 'શ્રી આનંદઘન પદસંગ્રહ' પરના ભાવાર્થલેખન વિશે થોડી વાત કરવાની છે.

આનંદઘનજી ૧૭મી સદીના આત્મસ્વરૂપનો તલસાટ અને અધ્યાત્મદશાની લગન ધરાવતા, નિજાનંદમાં મસ્ત, ધ્યાની, અવધૂત કોટીના મહાત્મા. એમની સાચી ઓળખ ઉપાધ્યાય યશોવિજયજીએ એમની સાથેના મિલનપ્રસંગ પછી રચેલી 'આનંદઘન અષ્ટાપદી'માં વ્યક્ત થતી સંવેદનામાંથી મળી રહે છે. આ મર્મી આનંદઘનજી સાથેની મુલાકાત પછી ઉપાધ્યાયજી લખે છે-

'આનંદઘન કે સંગ સુજસ હી મિલે જબ, તવ આનંદ સમ ભયો સુજસ,
પારસ સંગ લોહા જો ફરસત, કંચન હોત હી તાકે કસ.'

લોઢું પારસમણિને સ્પર્શતાં કંચન બની જાય એવી દશા આનંદઘનને મળતાં આ સુજસની થઈ. આમાં ઉપાધ્યાયજીની નમ્રતા તો છેજ, સાથે આનંદઘનજીના વ્યક્તિત્વની ગરિમા પણ છે. 'આનંદઘન ચોવીશી' અને 'આનંદઘન બહોંતેરી'માં એમનું અનુભૂતિને પામેલું અવધૂ વ્યક્તિત્વ જોવા મળે છે. એમનાં પદોમાં શુદ્ધ ચેતનતત્ત્વને પામવાની ઝંખના અને વલોપાત છે.

આવા અવધૂ આત્માની કવિતાને પચાવવી, એનું સમુચિત ભાવન કરવું એ સામાન્ય ભાવકને માટે સરળ વાત નથી. યોગ-અધ્યાત્મના વિશેષજ્ઞ, યોગી-ધ્યાની આત્મા જ એને સાચો ન્યાય આપી શકે. અને આવું ભગીરથ કાર્ય આચાર્યશ્રીએ સફળતાથી પાર પાડ્યું છે.

આ પદસંગ્રહના ભાવાર્થલેખનનું કાર્ય ક્યારે ને કઈ રીતે હાથ ધરાયું એનો થોડોક રસિક ઇતિહાસ તપાસીએ.

સં. ૧૯૩૦માં જન્મેલા આચાર્યશ્રી સં. ૧૯૫૭માં દીક્ષિત થયા. અને એના એક દશકા પછી મુંબઈ ખાતે સં. ૧૯૬૭ના વૈશાખ સુદ ૧થી એમણે ભાવાર્થલેખનનો આરંભ કર્યો. જો કે આનંદઘનજીના પદો પરત્વે એમના રસરુચિ તો સં. ૧૯૫૦ થી, એટલે કે ૨૦ વર્ષની ઉંમરથી જાગ્રત થયાં હતાં. અને એ પદો અંગે મનમાં ચિંતવન ચાલ્યા કરતું હતું. તેઓ લખે છે કે 'આનંદઘનજીના પદો વાંચતા ને શ્રવણ કરતાં મારું મન એમાં લીન થઈ જતું.'

હવે બન્યું એવું કે ભાવનગરના શાહ વ્રજલાલ દીપચંદ પાસે પંન્યાસ ગંભીરવિજયજીએ લખાવેલાં અર્થવાળાં, આનંદઘનનાં ૫૦ પદો હતાં, તેમજ ઝવેરી માણેકલાલ ઘેલાભાઈની એક નોટમાં ૩૬ પદો હતાં. પણ આ બંને નોટબૂકોમાં પદોનો ભાવાર્થ સંક્ષેપમાં હતો. વળી એમાં પૂજ્યશ્રીને આધ્યાત્મિક વિચારોનો સમાવેશ થયેલો ન જણાતાં એમણે પોતાના ઊંડા અધ્યાત્મજ્ઞાનના દૃષ્ટિકોણથી ભાવાર્થ લખવાનું નક્કી કર્યું જેથી પોતાના અનુભવોનો લાભ ભાવકોને મળી શકે.

હળવી રમૂજ કરતાં એમણે મુંબઈ માટે 'ઉપાધિપુર' શબ્દપ્રયોગ કર્યો છે. એમાંય લેખનનો આરંભ કર્યો ત્યારે વૈશાખ માસની ઉનાળાની ગરમી. પણ તેઓ લખે છેઃ 'આ ગ્રીષ્મકાળમાં શ્રી આનંદઘનજીનાં પદોની ભાવાર્થરૂપી શીતલ હવાની સેવાથી અંતરમાં સમાધિ રહી.' આ ઉદ્ગારમાં પૂજ્યશ્રીની આનંદઘન-પ્રીતિ કેવી હશે તે સહેજે કલ્પી શકાય છે.

સં. ૧૯૬૭ના વૈશાખમાં શરૂ કરેલો ભાવાર્થ સં. ૧૯૬૮ના કારતકમાં તો એમણે પૂરો કર્યો ને સં. ૧૯૬૯માં ગ્રંથનું પ્રકાશન પણ થયું. એટલે આપણે અહીં એની પણ નોંધ લઈએ કે પૂજ્યશ્રીના સૂરિપદની શતાબ્દીની સાથેસાથે જ, આ ગ્રંથ પ્રકાશને પણ તાજેતરમાં ૧૦૦ વર્ષ પૂરાં કર્યાં છે.

પૂજ્યશ્રીએ આ ગ્રંથના વિસ્તૃત ભાવાર્થ થકી વિવેચનકાર્ય કર્યું છે એટલું જ નહિ, આનંદઘનનાં પદોની વાચના માટે એમણે હસ્તપ્રત-સંશોધનમાં જવાનું પણ પસંદ કર્યું છે. જોકે ભીમસિંહ માણેકે પ્રકાશિત કરેલી મુદ્રિત પ્રતને આધારે એમણે ૧૦૮ પદોનો ભાવાર્થ આપ્યો છે. પણ સાથે સાથે અન્ય પ્રાપ્ય હસ્તપ્રતોને પણ એમણે ઉપયોગમાં લીધી છે. જેમાં અમદાવાદ ડહેલાના ઉપાશ્રયની પ્રત, પ્રવર્તક કાન્તિવિજયજી પાસેની પ્રત, પંડિત વીરવિજયજી પાસેની પ્રત, પાટણ ભંડારની પ્રત

અને પોતાની પાસેની એક હસ્તપ્રત–એમ પાંચ હસ્તપ્રતો જોઈ જઈને એમાંથી પાઠપસંદગી કરી છે. ગ્રંથમાં કેટલાંક મહત્ત્વનાં પાઠાંતરો પણ નોંધ્યાં છે ને કવચિત્ એ પાઠાંતરનો પણ ભાવાર્થ આપ્યો છે. જોઈ શકાશે કે પદવિવરણની સાથે તેઓશ્રી સંશોધન પ્રક્રિયામાં પણ ગયા છે.

જે હસ્તપ્રતો એમણે મેળવી એ બધીમાં આનંદઘનજીના ૭૨ કે એનાથી થોડાંક ઓછાંવત્તાં પદો લખાયેલાં છે. વળી આ પદો 'આનંદઘન બહોંતેરી' તરીકે જ ઓળખાયેલાં છે. એટલે સામાન્ય અનુમાન એવું છે કે આનંદઘનજીએ ૭૨ પદો રચ્યાં છે. બાકીના, ભીમસિંહ માણેકની મુદ્રિત પ્રતમાં મળતાં ૧૦૮ પદો છે તેમાં અન્યોએ રચેલાં પ્રક્ષિપ્ત પદો છે.

મોહનલાલ દલીચંદ દેસાઈએ તો એમના એક લેખમાં આવા અન્ય રચયિતાઓના નામો પણ આપેલાં છે, અને એમને નામે મળતાં પદો સાથે પ્રક્ષિપ્ત પદોનું સામ્ય પણ દર્શાવેલ છે. આ બાબતે પૂજ્યશ્રી શું વિચારે છે? બધી હસ્તપ્રતોમાં ૭૨ આસપાસનાં પદો છે એ વાત તેઓ સ્વીકારે છે પણ એમનું એક અનુમાન એવું પણ છે કે આનંદઘજીએ ૭૨ જેટલા પદો રચ્યા પછી પણ વિહારમાં પદો રચાતાં ગયાં હોય અને પાછળથી રચાતાં ગયેલાં પદો એમાં ઉમેરાતાં ગયાં હોય એટલે અંતે, પૂજ્યશ્રીએ મુદ્રિત પ્રતનાં તમામ ૧૦૮ પદોનો ભાવાર્થ લખવાનો નિર્ણય લીધો છે અને પદોનો ક્રમ પણ મુદ્રિત પ્રતનો જ જાળવ્યો છે.

એમનું એક અનુમાન એવું પણ છે કે જેને આપણે કબીર, સુરદાસ આદિના પ્રક્ષિપ્ત પદો માનીએ છીએ એ પદો આનંદઘનજીના પણ હોય ને કબીર, સુરદાસ આદિના પદોમાં એ શામેલ થઈ ગયા હોય. જો કે આમ જ થયું છે એમ તેઓ કહેતા નથી, પણ એમનો આ પણ એક તર્ક છે. તેઓ કહે છે કે પ્રાપ્ત સંશોધન વિના કોઈ નિર્ણય પર આવી ન શકાય.

ભાવાર્થ લખતાં પૂજ્યશ્રીની નમ્રતા જુઓ. તેઓ લખે છે-

'ભણ્યો ભૂલે અને તારો ડૂબે એ ન્યાયની પેઠે...સંતોષ નથી. કેમકે જેટલું પરાવાણીમાં પ્રગટે છે તેટલું વૈખરીમાં આવી શકતું નથી.'

ચોવીશી અને પદોની ભાષાને આધારે આચાર્યશ્રી એવા અનુમાન ઉપર આવ્યા છે કે આનંદઘનજીની જન્મભૂમિ ગુજરાત છે. એમનો આ તર્ક યથાર્થ જણાય છે. પદરચનાની પહેલાં એમણે ચોવીશી રચી છે. એની ભાષા અને શબ્દભંડોળ મુખ્યતઃ ગુજરાતી છે. પછીથી તેઓ વિહાર કરતા મારવાડ-મેવાડ બાજુ ગયા હોઈ પછીથી રચાયેલી પદરચનાઓમાં મિશ્ર છાંટવાળી હિંદી ભાષા પ્રયોજાઈ છે.

આનંદઘનજીએ એમનાં પદોમાં આધ્યાત્મિક સંબંધોનું સંયોજન વ્યાવહારિક-સાંસારિક કુટુંબીજનોના રૂપકો દ્વારા કર્યું છે. જેમકે ચેતન પતિ છે, સુમતિ પત્ની છે, કુમતિ શોક્ય છે. વિવેક અને જ્ઞાન સુમતિના પુત્રો છે. અનુભવ મિત્ર છે. સુમતિ-કુમતિના કે સમતા-મમતાના સંવાદો દ્વારા કવિ સમ્યક્ત્વ આચરણાની અને એમાં વિઘ્નરૂપ થતા રાગ-દ્વેષ અને ક્રોધાદિ કષાયોને છેદવાની વાત કરે છે. આધ્યાત્મિક અનુભૂતિથી આ પદો રચાયેલાં છે.

આ પદોના ભાવાર્થલેખનમાં બહિર્ભાવ ટળે અને સાચી આત્મદશા પ્રાપ્ત થાય, બહિરાત્મા અંતરાત્મા પ્રતિ અભિમુખ બને, જીવના બાહ્ય સંબંધોની સાથે અંતરાત્માના સાચા સંબંધોની ઓળખ પ્રાપ્ત થાય એ પ્રકારે અધ્યાત્મદશાના દૃષ્ટિબિંદુથી પૂજ્યશ્રીનું ઓલખન થયું છે. તો દંભી અધ્યાત્મીઓને ચાબખા પણ માર્યા છે. તેઓ લખે છે- 'અધ્યાત્મજ્ઞાનના નામે કેટલાક આજીવિકાવૃત્તિ ચલાવીને સ્વાર્થ સાધે છે. તેવા ખોટા ડોળઘાલુ અધ્યાત્મીઓથી ચેતતા રહેવું.'

હવે, આચાર્યશ્રી ભાવાર્થ-લેખનમાં પદોનું કેવું મર્મોદ્ઘાટન કરી આપે છે એના થોડાંક ઉદાહરણો જોઈએ-

એક પદમાં આનંદઘનજી લખે છે-

રે ઘરિયારી બાઉરે !મત ઘરિય બજાવે,

નર સિર બાંધત પાઘરી, તું ક્યા ઘરિય બજાવે રે !'

આનો સીધો વાચ્યાર્થ થાયઃ 'હે બ્હાવરા-ભોળા ઘડિયાળી, તું ઘડીને વગાડીશ નહીં. કેમકે પુરુષો મસ્તક પર પાઘડી બાંધે છે. તું શું ઘડી વગાડવાનો હતો !'

ભાવકને અહીં બીજી પંક્તિનો અર્થાન્વય બેસી જ ન શકે. પણ પૂજ્યશ્રીએ અહીં 'પાઘડી'માંના શબ્દશ્લેષને પકડ્યો છે. શબ્દને 'પા ઘડી' એમ વિભાજિત કરાયો છે. સમગ્ર પંક્તિનો ધ્વનિ એ છે કે વેરાગી ને જ્ઞાની પુરુષો એમ કહેવા માંગે છે કે જીવનમાં પા ઘડીનો પણ વિશ્વાસ, વિલંબ કરવા જેવો નથી. માથે કાળ ભમે છે. વળી, અહીં આચાર્યશ્રી આગમકથિત દૃષ્ટાંત ટાંકવાનું પણ ચૂક્યા નથી. મહાવીર પ્રભુએ ગૌતમને આમ જ કહેલું કે-હે ગૌતમ! તું ક્ષણમાત્રનો પણ પ્રમાદ કરીશ નહિ.

એ જ રીતે 'અંજલિ-જલ જ્યું આયુ ઘટત હૈ' પંક્તિનો ભાવાર્થ લખતાં કહે છેઃ 'દશ દૃષ્ટાંતે દુર્લભ એવા મનુષ્યજન્મને વ્યતીત કરવો ઉચિત નથી.' આ 'દશ દૃષ્ટાંતે દુર્લભ' એવા ઉલ્લેખમાં શ્રી હરિભદ્રસૂરિના 'ઉપદેશપદ'નો સંદર્ભ અપાયો છે. આમ આગમ-આગમેતર ગ્રંથોમાંથી યોગ્ય દૃષ્ટાંતોના સંદર્ભો પૂજ્યશ્રીનો ઊંડો શાસ્ત્રાભ્યાસ સૂચવે છે.

પદ-૫ની પંક્તિ 'થિરતા એક સમય મેં ઠામે, ઉપજે વિણેસ તબ હી' એમાં આત્મારૂપ દ્રવ્ય જે હરકોઈ સમયમાં ધ્રુવ છે તેનો પર્યાયથી ઉન્માદ અને વ્યય પણ છે – આ દ્રવ્યગુણ પર્યાયની વાત પૂજ્યશ્રી વિસ્તારથી સમજાવે છે.

પદોમાં પ્રયોજાયેલાં રૂપકો-અન્યોક્તિઓને આચાર્યશ્રી આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી સ્પષ્ટ કરી આપે છેઃ

'મઠ મેં પંચભૂત કા વાસા, સાસાધિત ખવીસા.' અહીં મઠ તે દેહ. એમાં કયા ભૂત, ધૂર્ત અને ખવીસ વસે છે? પંચમહાભૂતો અને શ્વાસોચ્છ્વાસ રૂપી ધૂર્ત-ખવીસોનો વાસ છે.

એક પદમાં આનંદઘનજીએ સુબુદ્ધિ/સુમતિને રાધિકાનું અને કુબુદ્ધિને કુબ્જાનું રૂપક આપીને બન્નેને ચોપાટ રમતાં કલ્પ્યાં છે જેમાં

અંતે રાધિકાની જીત થાય છે. ચોપાટની રમતનું અર્થઘટન પૂજ્યશ્રીએ કુબુદ્ધિથી પ્રેરિત જીવોનું ચતુર્ગતિમાં અનંતકાળ થતું પરિભ્રમણ એ રૂપે કર્યું છે અને રાગ-દ્વેષને ચોપાટના પાસાઓ કહ્યાં છે. ભાવાર્થમાં એજ રૂપકને આગળ વધારીને આચાર્યશ્રી આત્મારૂપી કૃષ્ણની કલ્પના કરે છે. આ આત્મકૃષ્ણને ચારિત્રરૂપી પુત્ર છે, સદુપદેશરૂપી શંખ છે, ધ્યાનરૂપી ચક્ર છે. આ કૃષ્ણ સપ્ત ભયો રૂપી સર્પ ઉપર વિજય મેળવે છે. આમ ભાવાર્થલેખનમાં એમની કલમ કવચિત્ તત્ત્વગર્ભ કલ્પનામાં પણ વિહરતી જોઈ શકાય છે.

ગંજીફાની રમતનું ચિત્રાલેખન આનંદઘનજી આ રીતે કરે છે-

'પાંચ તલે હે દુઆ ભાઈ, છકા તલે હે એકા,
સબ મિલ હોત બરાબર લેખા, યહ વિવેક ગિનને કા.'

કડીનો સીધો વાચ્યાર્થ આમ થાય–'ગંજીફાની રમતમાં પંજા નીચે દુરી છે ને છક્કાની નીચે એક્કો છે. વિવેકપૂર્વક ગણતાં સંખ્યાનો મેળ બરાબર થાય છે.' અહીં સામાન્ય ભાવકને તો આ કોયડો જ લાગે. કવિ કોને ગંજીફો કહે છે? ને એનાં પંજો, દુરી, છક્કો, એક્કો કોણ?

આ આખી કડીનો ભાવાર્થ આચાર્યશ્રી કેવી રીતે આપે છે તે જુઓ:

પંજો તે પાંચ ઈન્દ્રિયો. એના પરનો વિજય એટલે રાગ-દ્વેષ રૂપી દુરી પરનો પણ વિજય. છક્કો તે છ લેશ્યાઓ. એના પરનો વિજય એટલે એની સાથે સંલગ્ન મનરૂપી એક્કાનો વિજય.

બીજું અર્થઘટન આપતાં તેઓશ્રી કહે છે-

અનંતાનુબંધી કષાય અને અપ્રત્યાખ્યાની કષાયને જીતીને માનવી પાંચમું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. એમાં બે ગુણસ્થાનક ઉમેરતાં સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. પછી આગળનાં છ ગુણસ્થાનકો ઓળંગીને અયોગી કેવલી ગુણસ્થાનકમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરી એક છેલ્લું ૧૪મું ગુણસ્થાનક પામી જીવ પરમાત્મા-સિદ્ધબુદ્ધ થાય છે. જોયું? ગંજીફાના પંજો-દુરી-છક્કો-એક્કોને એમણે ૫+૨+૬+૧=૧૪ ગુણસ્થાનક સાથે જોડી આપ્યાં. ભાવાર્થલેખનમાં આ જ તો છે આચાર્યશ્રીની પ્રગટ થતી પ્રતિભા.

સૂરિજીએ કેટલાંક પદોનો ભાવાર્થ તો અત્યંત વિસ્તારથી આપ્યો છે. પદ-૫૬નો ભાવાર્ષ ૨૨ પાનામાં છે. એની બીજી કડીના ભાવાર્થમાં પુરાણોમાં પ્રતિપાદિત શ્લોકોનો સંદર્ભ ટાંકીને કર્મવાદની વિસ્તૃત ચર્ચા કરાઈ છે. તો ત્રીજી કડીમાં 'પર ઘર ભમતાં સ્વાદ કિયો લહે?' એ પંક્તિ સંદર્ભે વ્યવહારજગતમાં પુરુષની પરસ્ત્રીલંપટતા અને સ્ત્રીની પરપુરુષલંપટતાની વિસ્તૃત ચર્ચા કરી, એના ઉપાય તરીકે ગુરુકુળની બ્રહ્મચર્યની કેળવણી ઉપર ભાર મુકાયો છે. આમ સાંપ્રત પરિસ્થિતિને અનુલક્ષીને એમણે સમાજને સંદેશ ને સૂચન આપ્યાં છે. જે સો વર્ષ પછી પણ વર્તમાન સમાજને એટલાં જ ઉપયોગી છે. પાંચમી કડીમાં 'બંધુ વિવેકે પિયુડો બુઝવ્યો' એ પંક્તિને અનુલક્ષીને એમણે સમાજમાં વિવેકનું માહાત્મ્ય દર્શાવ્યું છે.

પદ-૯૯ અવળવાણી સ્વરૂપે રચાયું છે. માત્ર ૬ કડીના આ પદ માટે ૩૦ પાનાંનો ભાવાર્થ એ સમગ્ર ગ્રંથ પૈકીનો સૌથી વિસ્તૃત ભાવાર્થ છે.

પ્રત્યેક કડીની અવળવાણીનો ગર્ભિતાર્થ પૂજ્યશ્રીએ વિશદતાથી ઉકેલી આપ્યો છે; એ પણ પાછો એકાધિક અર્થઘટન આપીને. પદમાં બુદ્ધિના કથન રૂપે આવતી કડી આ પ્રમાણે છે-

'સસરો હમારો બાલો ભોળો, સાસુ બાલકુંવારી,
પિયુજી હમારો પોઢ્યો પારણીએ, તો મેં હું ઝુલાવનહારી.' (૨)

આચાર્યશ્રીનું પહેલું અર્થઘટન : વ્યવહાર સમ્યક્ત્વ તે સસરો. વ્યવહાર ધર્માચરણા તે સાસુ. નિશ્ચયનયની અપેક્ષાએ આ બન્ને વ્યવહાર બાળક સમાં, ભોળાં. એથી જ સસરાને 'બાલો ભોળો' અને સાસુને 'બાલકુંવારી' કહી. આ બન્ને વડે અંતરાત્માની ઉત્પત્તિ તે પુત્ર. એટલે કે બુદ્ધિનો પતિ. બુદ્ધિ આત્મારૂપ પતિને અનેક પરિણામરૂપ પારણામાં ઝુલાવનારી છે.

બીજું અર્થઘટન : મિથ્યાત્વ આચરણારૂપ ભોળાં-અજ્ઞાત સાસુ-સસરા. પરિણામે પહેલા ગુણસ્થાનકમાં વસતો બહિરાત્મારૂપ પુત્ર તે બુદ્ધિનો સ્વામી. એને બુદ્ધિ પરભાવની પરિણતિરૂપ દોરીથી ઝુલાવે છે.

ત્રીજું અર્થઘટન : શુદ્ધ અંતકરણવાળા સદ્ગુરુ તે ભોળા, સરળ સસરા. સદ્ગુરુની સત્યભાષી વાણી તે સાસુ. આત્મા તે બુદ્ધિનો પિયુ. બુદ્ધિ પ્રમાદને પારણે પોઢેલા બહિર્ભાવી આત્માને અધ્યવસાયની દોરીથી ઝુલાવે છે.

આનંદઘનજીના પદો વિષયની ગહનતા કે અનુભૂતિના ઉદ્ગાર રૂપે જ નોંધપાત્ર છે એમ નથી; અંત્યાનુપ્રાસ, આંતરપ્રાસ, શબ્દાનુપ્રાસ, વર્ણસગાઈ દ્વારા કૃતિનું બહિરંગ પણ સૌંદર્યમંડિત થયું છે. દા. ત.-

'ભ્રાત ન તાત ન માત ન જાત ન ગાત ન વાત ન લાગત ગોરી,
મેરે સબ દિન દરસન પરસન તાન સુધારસ પાન પયોરી.'

કોઈ કાવ્યરસિકને પ્રશ્ન થાય કે આચાર્યશ્રી એમના ભાવાર્થલેખનમાં આનંદઘનજીના પદોની કાવ્યાત્મકતા–કાવ્યસૌંદર્યની તો વાત જ કરતા નથી. પરંતુ, એક વાત સ્પષ્ટ છે કે સૂરિજીને કાવ્યસૌંદર્યનો રસાસ્વાદ કરવાનું અભિપ્રેત જ નથી. એમને તો આનંદઘનજીના પ્રત્યેક ઉદ્ગારનું આધ્યાત્મિક મર્મોદ્ઘાટન કરવાનું જ અપેક્ષિત છે. એ જ આ યોગનિષ્ઠ મહાત્માનો રસાસ્વાદ છે. અને એ લક્ષ્ય રાખીને જ એમણે આ ભાવાર્થલેખનનો આરંભ કર્યો છે.

એકંદરે, આનંદઘનજીના પદોમાં તીવ્ર રસરુચિ હોવા સાથે આ ભાવાર્થમાં વિશદતા, તર્કબદ્ધતા, સરળતા, વિચારોની સ્પષ્ટતા, દૂરંદેશિતા, તલાવગાહિતા, બહુશ્રુતતા, આત્મજ્ઞાન અને આધ્યાત્મિકતાના દૃષ્ટિકોણની અભિપ્રેતતા વગેરે તરી આવતી લાક્ષણિકતાઓ છે; જે આ યોગનિષ્ઠ આચાર્યની બહુમુખી પ્રતિભાની સુપેરે પ્રતીતિ કરાવે છે.

[ *યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સૂરિશતાબ્દીના પાવન પ્રસંગે પાલણપુર ખાતે તા. ૧૫-૬-૨૦૧૪ના રોજ યોજાયેલ પરિસંવાદમાં અપાયેલું વક્તવ્ય.* ] ✷✷✷

(એ/૪૦૨, સત્ત્વ ફ્લેટ્સ, શાંતિવન બસ સ્ટોપ પાસે, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૦૭૯-૨૯૨૯૭૭૯૨.)

# ભાવ-પ્રતિભાવ

(૧)

'પ્રબુદ્ધ જીવન'ના જુલાઈ-૨૦૧૪ના અંકમાં 'પુસ્તકો જ આપણા શ્રેષ્ઠ ગુરુ છે' તેવા આપના મંતવ્ય સાથે સહમત થાઉં છું. આ સાથે 'જીવનમાં ગુરુનું મહત્ત્વ–મહાત્મા ગાંધી' ઉપરનો આર્ટીકલ આ સાથે બિડેલ છે. (`Importance of Guru in life and Mahatma Gandhi' by Dr. Yogendra Jadav--આ અંકના અંગ્રેજી વિભાગમાં પ્રસ્તુત છે-તંત્રી) લગભગ ૯૦ વર્ષ પૂર્વે મહાત્માએ કહેલ કે 'આ પાપી જગતમાં ગુરુ મળવા મુશ્કેલ છે, કોઈને ગુરુ બનાવાય નહિ અને કોઈના ગુરુ બનાય નહિ. જ્યાં સુધી મને ગુરુ મળશે નહિ ત્યાં સુધી હું મારો ગુરુ રહીશ.'

મહાત્માના વિચારો અને આત્મસિદ્ધિના અંશોના આધાર સાથે વર્તમાન વિષમ કાળમાં પુસ્તકો જ શ્રેષ્ઠ ગુરુ બની શકે છે તેવી રજૂઆત મારા બિડેલ લખાણમાં કરેલ છે. ગુરુ હોવા, પ્રત્યક્ષ હોવા, શિષ્ય આજ્ઞાંકિત, સમર્પિત હોવાનું ઠેરાવી ઠેરાવીને સમજાવાના પ્રયાસો જ્યારે સાધકની બુદ્ધિ વિશેષ જ્ઞાની સાથે સહમત ન હોય ત્યારે સાધક પોતે અવિનયી નથી અને મારા ગુરુ કહે તે સત્ય સ્વીકારવા મજબુર બનાવે છે. કારણ કે જ્ઞાની સાધકને સ્યાદ્વાદ એટલે કે અનેકાંતવાદનો સહારો લેવાની લાયકાત ઉપર પ્રશ્નાર્થ ઉભો થાય.

જ્ઞાની વિવેકી અને વિનયી હોવા જોઈએ તેવું હું દૃઢપણે માનું છું જ. પરંતુ એક એવો વર્ગ હોઈ પણ શકે જે બ્લન્ટ એટલે કે આખાબોલો છે. 'મુંબઈ સમાચાર'ના શનિવાર તા. ૨-૮-૨૦૧૪માં સૌરભ શાહ ચંદ્રકાંત બક્ષીનું વિધાન ટાંકે છે: 'જ્યાં સુધી હું સંસાર છોડીને ભાગ્યો નથી ત્યાં સુધી અને જ્યાં સુધી મને ત્યાગની અસહ્ય વાસના (હા, વાસના) જાગી નથી ત્યાં સુધી મેં હજુ સુધી કોઈ જીવંત વ્યક્તિના ચરણોનો સ્પર્શ કર્યો નથી. .....દુનિયાનો દરેક ધર્મપુરુષ અંતે તો એક મનુષ્ય જ છે. એ મારા કરતાં વધારે વિદ્વાન, વધારે દક્ષહોય....પણ એ મારા કરતાં વધારે મનુષ્ય નથી. જ્યારે મારે મારા સત્યને સમજવું હશે ત્યારે મારી પાસે બે રેફરન્સ છે, એક ભગવદ્ ગીતા અને બીજું ગાંધીનું જીવન. ગીતા ચેતના માટે, ગાંધી પ્રેરણા માટે...'

સૌરભ શાહ પૂછે છે–'શું આ તમામ ફીલસૂફીઓ ખોટી છે ? બધાં જ ઉમદા વિચારો નકામા છે ? ના. જે વિચાર તમારી સામે આવે એને આંખ મીંચી કેપ્સ્યુલની જેમ ગળી નથી જવાની પણ નજર સમક્ષ રાખીને ચારેબાજુએથી તપાસીએ, એમાં સ્વીકારવા જેવું શું છે...'

'વિષમ કાળમાં ગુરુ કોણ ?'-મારા વિચારો અત્રે પ્રસ્તુત કરું છું. આપ કુશળ હશો.'પ્રબુદ્ધ જીવન'નો ખૂબ ફેલાવો થાય તેવી શુભેચ્છા.

**વિષમ કાળમાં ગુરુ કોણ ?**

ગુરુપૂર્ણિમા પર્વના અનુસંધાને 'પ્રબુદ્ધ જીવન'ના જુલાઈ-૨૦૧૪ના અંકમાં તંત્રીસ્થાનેથી 'મારા વિદ્યા ગુરુ ઋષિજન' અને માનનીય રેશમાબેન જૈનના 'ગુરુ' વિષય પર `Thus He was Thus He spake--Guru' વાંચતાં ઘણાં વિચારો ઉદ્ભવ્યા.

**જીવનના કોઈ એક ક્ષેત્રે ગુરુ**

વિદ્યાગુરુ, કલાગુરુ, રાજગુરુ, રમતગુરુ વિ. કોઈ એક ક્ષેત્રે એક ભવ પૂરતું શિષ્યને ઉંચે શિખરે પહોંચાડી શકે છે. એવું જરૂરી નથી કે ગુરુ પોતે તે ક્ષેત્રે પારંગત હોય. ક્રિકેટમાં રમાકાંત આચરેકર (કે જેઓ પોતે ટેસ્ટ મેચ નથી રમ્યા) અને સચિન ટેંડુલકર આદર્શ ગુરુ-શિષ્યનું બિરૂદ માટે જીવંત ઉદાહરણ છે. આચરેકર સરે વૈવિધ રીતે શિષ્યને કસોટીઓના એરણે સતત ચઢાવ્યો, પ્રોત્સાહન આપ્યું અને સચિન સમર્પણ, એકાગ્રતા, ધૈર્ય, લગન, સખત પરિશ્રમ, સ્થિરતા, રમતના ચઢાવ-ઉતારમાં સમભાવ, પ્રચંડ ખ્યાતિ અને પૈસો મળતો રહ્યો હોવા છતાં જીવન ક્રિકેટની રમતને સમર્પિત. રમત દરમ્યાન પિતાના મૃત્યુથી પણ વિચલિત ન થતાં આર્ત-ધ્યાનમાં ન સરી ગયો.

**આધ્યાત્મિક ગુરુ**

આધ્યાત્મિક ગુરુ પાસેથી જીવનના કોઈ એક ક્ષેત્રે જ નહિ, એક ભવ પૂરતું પણ નહિ, પરંતુ ભવોભવ તરી જવા માર્ગદર્શન અપેક્ષિત છે. પોતે આ માર્ગ ઉપર સફળતાથી ઊંચા શિખરે ઘણા આગળ વધી શક્યા હોવા જરૂરી છે. લખાણની અપેક્ષિત મર્યાદા ધ્યાનમાં રાખી ગુરુના સંદર્ભે 'આત્મસિદ્ધિ' અને મહાત્મા ગાંધીના વિચારોના અંશોનો સહારો લીધો છે.

**આત્મસિદ્ધિ અને સદ્ગુરુ**

આપણી સંસ્કૃતિમાં સહુ સંતો અને મહાત્માઓએ એકમતે સદ્ગુરુના શરણને સ્વીકાર્યું છે. સદ્ગુરુ વિના સાધના માર્ગે વિકાસ થતો નથી. આત્મસિદ્ધિના નવમા પદમાં 'સેવે સદગુરુ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ, પામે તે પરમાર્થને, નિજ પદનો લક્ષ.' આવી જ સમજણ આપે છે. તંત્રીશ્રીનો 'સ્વ' નડવાનો ઈશારો આવું જ કાંઈ દર્શાવે છે ?

આત્મસિદ્ધિનું અગિયારમું પદ 'પ્રત્યક્ષ સદગુરુ સમ નહિ, પરોક્ષ જીન ઉપકાર, એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મ વિચાર'માંથી **માનનીય રેશમાબેનના 'પ્રત્યક્ષ ગુરુ (Living Being)' વિષેના દૃઢ અભિપ્રાયને ટેકો મળે છે.** જે જીવતા છે, તે ગુરુ જ આપણાં દોષોને જોઈ આપણને જાગ્રત કરે, જ્યાં ભૂલીએ ત્યાં ફરી ગણવાની પ્રેરણા આપે.

સદગુરુની શોધમાં સાધકને આત્મસિદ્ધિનું દસમું પદ 'આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ; અપૂર્વ વાણી પરમશ્રુત, સદગુરુ લક્ષણ યોગ્ય.' દ્વારા સમજાવેલ છે કે (૧) આત્મજ્ઞાન, (૨) સમદર્શિતા, (૩) ઉદય પ્રયોગે વિચરણ, (૪) અપૂર્વ વાણી અને (૫) પરમશ્રુતતા.

આ પાંચ લક્ષણો હોય તે સદગુરુ.

**મહાત્મા ગાંધીના ગુરુ વિષેના મંતવ્યો**

ઈ. સં. ૧૯૧૫ થી ૧૯૩૫ દરમ્યાનના મહાત્મા ગાંધીના પ્રવચનો, પત્રો, લેખોના આધારિત 'જીવનમાં ગુરુનું મહત્ત્વ અને મહાત્મા ગાંધી' ઉપર ડૉ. યોગેન્દ્ર યાદવ, ગાંધીવાદી સ્કોલર, ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન જલગાંવ, મહારાષ્ટ્રના લેખ (available on Internet also)ના મહાત્માના ગુરુ વિષે નીચે મુજબના મંતવ્યોના અંશો છે.

'ગુરુ વિના જ્ઞાન ના હોય તેવા સુવર્ણ વિચાર સાથે હું સંપૂર્ણ સહમત છું. હું ગુરુને શોધું છું. હું એ બાબત સ્વીકારું છું કે ગુરુ હોવા જોઈએ.' આગળ ઉપર મહાત્મા કહે છે કે 'પરંતુ આવા ગુરુ મળવા ઘણાં મુશ્કેલ હોય છે અને ગુરુની ગેરહાજરીમાં કોઈને પણ ગુરુ તરીકે સ્વીકારવા અયોગ્ય છે. આજના સમયમાં કોઈને ગુરૂ તરીકે સ્વીકારવા અથવા કોઈના ગુરુ બનવું એ ઘણું જોખમકારક છે. અપૂર્ણ આદર્શવાળા માનવીને ગુરુ બનાવતાં આપણે ઘણી ભૂલો કરી બેસીએ છીએ. અસમર્થ તરવૈયો તમને તરાવરાવી બીજે છેડે કઈ રીતે પહોંચાડી શકે? પણ, જ્યાં સુધી યોગ્ય ગુરુ નહિ મળે ત્યાં સુધી હું મારા પોતાના ગુરુ તરીકે ચાલુ રહીશ. ચોક્કસ આ માર્ગ ઘણો મુશ્કેલી ભરેલો માર્ગ છે પણ આ પાપી જગતમાં આ જ સાચું લાગી રહ્યું છે.' મહાત્મા આગળ ઉપર કહે છે કે 'જે માણસ ગુરુની શોધમાં સતર્ક રહે છે તે આ પ્રક્રિયા દ્વારા પોતાની ગુણવત્તા મેળવતો અને વધારતો રહે છે. તેથી હું વિચલિત નથી થયો. ઈશ્વરની કૃપા હોય તેને જ ગુરુ મળે છે, તેથી જે સમયે અને જે જગ્યાએ મારી લાયકાત આવશે ત્યારે મને ગુરુ મળશે.'

એક તરફ આત્મસિદ્ધિમાંની પાંચ લક્ષણો યુક્ત સદગુરુની આવશ્યકતા અને બીજી તરફ મહાત્મા ગાંધીએ પાપી જગતમાં સાચા ગુરુ મળવાની નહિવત વાસ્તવિકતા સાધકને મુંઝવણમાં મુકી દે તેવી છે. વર્તમાનમાં પાંચમો આરો અને વિષમકાળ છે. ઇતિહાસ ઉપર નજર કરીએ તો આપણાં જ જૈન ધર્મમાં પ્રથમ દિગંબર-શ્વેતાંબર ત્યારબાદ વીસપંથી, તેરાપંથી, તારણપંથી અને મૂર્તિપૂજક દેરાવાસી, સ્થાનકવાસી અને ત્યારબાદ સોનગઢ પંથ, શ્રીમદ્ રાજચંદ્ર પંથ. તીર્થંકર, છ દ્રવ્યો, નવ તત્ત્વો, ચૌદ ગુણસ્થાનો, આત્મા સ્વતંત્ર છે અને દરેક આત્મા પરમાત્મા થઈ શકે છે આવી બધી મૂળભૂત પાયાની બાબતોમાં કોઈપણ પંથ કે સંપ્રદાયમાં ભેદ નથી. તો પછી ફરક શેનો છે અને શા કારણે છે? ફરક છે તો તે આચાર-વિચાર, ક્રિયા-કાંડ...પંથ-સંપ્રદાયના ઉદ્ભવ પાછળ કોઈ એક અથવા વધારે વિશેષ જ્ઞાની ગુરુઓના પોતાના ભિન્ન અર્થઘટન, અભિપ્રાય, આચાર-વિચાર, વિધિ-વિધાનને કારણે પ્રથમ મતભેદ અને પછી મનભેદ... અને પછી પોતાના સમુદાયનો નોખો વર્ગ... સ્વભાવિક પ્રશ્ન થાય છે કે આ એક મતાગ્રહ કદાગ્રહ નથી? શું આવા વિદ્વાન ગુરુ તેમના ગુરુ પ્રત્યે સમર્પણની ભાવના ત્યજી શકે? શું એમના ગુરુ પ્રત્યે અવિનય નહિ કહેવાય? શું એમણે નિજ પક્ષ ત્યાગવાનો નહોતો? સામાન્ય સાધકને સમજણ મળેલ છે કે 'સાચું તે મારુ' એ સિદ્ધાંત જ્ઞાનીનો અને 'મારું તે સાચું' એ સિદ્ધાંત અજ્ઞાનીનો. જ્ઞાની એક જ વિષયને, વસ્તુને, પ્રસંગને અનેક રીતે મુલવી શકે. અનેક પાસાઓથી તેનું માપ કાઢી શકે છે. જૈન ધર્મે સ્યાદ્વાદનો સિદ્ધાંત આપ્યો. આમ પણ હોય અને તેમ પણ હોય. બંને વાત પોતપોતાની અપેક્ષાએ સત્ય હોય શકે છે.

> ***એક તરફ આત્મસિદ્ધિમાંની પાંચ લક્ષણો યુક્ત સદગુરુની આવશ્યકતા અને બીજી તરફ મહાત્મા ગાંધીએ પાપી જગતમાં સાચા ગુરુ મળવાની નહિવત વાસ્તવિકતા સાધકને મુંઝવણમાં મુકી દે તેવી છે.***

ગુરુ હોવા, પ્રત્યક્ષ હોવા, શિષ્ય આજ્ઞાંકિત, સમર્પિત હોવાનું ઠેરાવી ઠેરાવીને સમજાવાના પ્રયાસો જ્યારે સાધકની બુદ્ધિ વિશેષ જ્ઞાની સાથે સહમત ન હોય ત્યારે સાધક પોતે અવિનયી નથી અને મારા ગુરુ કહે તે સત્ય સ્વીકારવા મજબૂર બનાવે છે. કારણ કે જ્ઞાની સાધકની સ્યાદ્વાદ એટલે કે અનેકાંતવાદનો સહારો લેવાની લાયકાત ઉપર પ્રશ્નાર્થ ઊભો થાય. આના સંદર્ભમાં વિદ્વાન તંત્રી શ્રી ડૉ. ધનવંત શાહના પ્રશ્નો 'આપણાં કરતાં વિશેષ જ્ઞાનીની બધી જ વાતો આપણી બુદ્ધિ ન સ્વીકારે તો ય માનવાની? અને 'પુસ્તકો આપણને ઘણું બધું આપે, પણ કાંઈ અપેક્ષા તો ન રાખે' ઘણું બધું કહી જાય છે. એમના આ શબ્દો એ ન તો અહં, ન તો પામર જીવની લાચારી પણ સવિનય દરેક સાધકના મનમાં ઉદ્ભવતી શંકાને રજૂ કરી છે અને સમાધાન શોધવાનો પ્રયત્ન કર્યો છે.

આજે ધર્મ કરોડો રૂપિયાનો ધંધો બની ગયો છે. આજે ધર્મ-સંસ્થાઓમાં જે દ્વેષ-ભાવ વધ્યા છે, તે બીજે નથી. કોર્ટ સુધી પહોંચે તેટલું ગંદુ રાજકારણ ખેલાઈ રહ્યું છે. તેના કારણે કેટલાં વૈમનસ્ય ઊભાં થાય છે? આજના બ્રાન્ડ માર્કેટિંગના યુગમાં ચતુરાઈપૂર્વક અને ચાલાકી સાથેના તર્કવિતર્કના સહારે આપેલા વ્યાખ્યાનો, પ્રવચનો સાથે પ્રસિદ્ધિ અને કીર્તિ મેળવવાના નુસ્ખા અપનાવાય છે.

અત્રે એ નોંધવું રહ્યું કે ૧૦૦ થી વધારે વર્ષો પૂર્વે થયેલ આત્મસિદ્ધિની રચના અને લગભગ તે જ સમય દરમ્યાનના ગાંધીના 'જીવનમાં ગુરુનું મહત્વ' વિષેના વિચારો દર્શાવે છે કે પ્રમાણમાં સારો કાળ હોવા છતાં તે સમયે પણ સદગરુ મળવા મુશ્કેલ હતું. જો મહાત્માને ત્યારે જગત પાપી લાગતું હતું તો વર્તમાન સમયમાં પ્રવર્તતી ચારિત્ર શિથિલતામાં ગુરુ સાવ અશક્ય નહિ તો અત્યંત મુશ્કેલ છે. જો કોઈ આવા સદગુરુ હોય તો પણ તે સમાજથી ઘણે દૂર રહે.

માનવીના માનવી સાથેના ગુરુ-શિષ્યના સંબંધમાં, આચાર-વિચાર, કથની-કરણી, હાવભાવ પ્રત્યક્ષ અનુભવાતું હોવાથી જાણતા-

અજાણતા સામેની વ્યક્તિની ખામીઓ-ઉણપો સહેલાઈથી નજરે આવે છે અને તેથી આદર્શ સંપૂર્ણ શ્રદ્ધા રાખી શકાતી નથી. ત્યારે મૂંઝવણમાં ફસાયેલ સાધકને વર્તમાન સમયે જ્ઞાનનો ખજાનો પુસ્તકો દ્વારા ઉપલબ્ધ છે. જૈનોના આગમો, હિંદુઓની ભાગવત-ગીતા, ખ્રિસ્તીઓનું બાઈબલ અને મુસલમાનોનું કુરાન મૂળ સ્વરૂપે અને અર્થઘટન સાથે ઉપલબ્ધ છે. આ વિષયો ઉપર વિદ્વાનો દ્વારા અપાયેલ સમજણ, પ્રવચનો, વ્યાખ્યાનો સામયિકો અને પુસ્તકોમાં મળતાં રહેતા હોય છે. પુસ્તકો માનવીનો જ્ઞાનમયી અંધકાર દૂર કરે છે. પુસ્તકો વાચકના મનની સંકુચિત વિચારશક્તિ, ખોટી માન્યતાઓ કે ધારણાઓ દૂર કરે છે.

એવી જ રીતે આત્મસિદ્ધિનું ૧૩મું પદ 'આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર; પ્રત્યક્ષ સદગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર.' આપણને સમજાવે છે કે જ્યારે પ્રત્યક્ષ સદગુરુનો યોગ નથી પણ આત્મજાગૃતિ વિસરવી નથી ત્યારે સાધકે શાસ્ત્રો, શાસ્ત્રો ઉપરનું પ્રમાણસહિતનું વિવેચન વિ. ને વાંચવા, વિચારવા, સમજવા અને તેમાંથી નીકળતાં રહસ્યને પામવા પ્રયત્ન કરવો.

'પ્રત્યક્ષ ગુરુ' હોવા આવશ્યક છે તેવું આત્મસિદ્ધિમાં સમજાવ્યું છે. મહાત્મા ગાંધી કહે છે 'તેઓ ગુરુઓની સંસ્થામાં માને છે પણ આજના યુગમાં લાખો લોકો ગુરુથી વંચિત રહેશે કારણ કે સંપૂર્ણ પવિત્ર અને સંપૂર્ણ જ્ઞાની તદ્દન ઓછા મળશે.' આવા સમયે આશાવાદી રહેવા એકલવ્યનો વિચાર આવે છે. શુદ્ર હોવાને નાતે આચાર્ય દ્રોણ દ્વારા નાપસંદ થયેલ એકલવ્યએ, ગુરુની પ્રત્યક્ષ હાજરી ન હોવા છતાં, તિરંદાજી-નિશાનબાજીમાં અર્જુનની શ્રેષ્ઠતા ઉપર પ્રશ્નાર્થ ઊભો નહોતો કર્યો ? નાપંસદ થતાં નાસીપાસ ન થતાં દૃઢનિશ્ચયતા, એકાગ્રતા અને આત્મવિશ્વાસ સાથે સ્વમેળે, કોઈપણ શિક્ષા કે માર્ગદર્શન વગર, નિશાનબાજીમાં સંપૂર્ણ પારંગતા નહોતી મેળવી ? ઉત્તરાધ્યયન સૂત્ર ૮માં સ્વયંબુદ્ધ સિદ્ધા-ગુરુ ઉપદેશ વિના પોતાની મેળે જાતિ સ્મરણથી કપિલમુનિ મોક્ષે ગયાનું જણાવ્યું છે. તેમ જ ગૃહસ્થલિંગે માતા મરૂદેવી મોક્ષે ગયાનું જણાવ્યું છે.

ભલે જાણીએ કે પાંચમા આરામાં મોક્ષ સંભવ નથી, પરંતુ માનવ ભવ અમુલ્ય છે અને પ્રમાદમાં રહેવું હિતાવહ નથી. આવા સંજોગોમાં સદગુરુ-પ્રત્યક્ષ ગુરુ ન મળે અને પુસ્તકો દ્વારા જ્ઞાન મેળવવાની દ્વિધા ઉપસ્થિત થઈ હોય ત્યારે સાધકે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો રહ્યો. ઉત્તરાધ્યયનના ૨૩મા સૂત્રમાં કેશી-ગૌતમની ૨૫મી ગાથા દ્વારા પાર્શ્વનાથ તીર્થંકરના સમયમાં ચાર મહાવ્રત અને મહાવીર સ્વામીએ પાંચ મહાવ્રત તેમ કેમ તે 'પન્ના સમિક્ખએ ધમ્મં' કહેતા સમજાવેલ છે કે આનો નિશ્ચય વિવેકથી થાય. કરવા જેવું કરે અને છોડવા જેવું છોડે. જે વ્યક્તિ પાસે સદગુરુના લક્ષણો સમજવાની વિવેક શક્તિ અપેક્ષિત છે તેવી વ્યક્તિ સદગુરુ ન મળ્યાં હોય તો પુસ્તકો દ્વારા ચોક્કસ જ્ઞાન મેળવી શકે છે અને સ્વદોષો જોવાની વિવેક શક્તિ પણ કેળવી શકે છે. આથી વર્તમાન કાળમાં પુસ્તકો સારા ગુરુ થઈ શકે છે એવો મત વ્યવહારિક ગણાય.

ઉપરના વિચારો રજૂ કરતાં કોઈની પણ લાગણી દુભાવાઈ હોય અથવા અવિનય થયો હોય તો અંતકરણપૂર્વક ક્ષમા ચાહું છું.

☐ **બકુલ નંદલાલ ગાંધી**
૧૧/૧૨, સંદીપ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.)
મુંબઈ-૪૦૦૦૧૯. ફોનઃ ૨૪૦૧૦૯૮૨,મો. ૯૮૧૮૩૭૨૯૦૮

(૨)

'પ્રબુદ્ધ જીવન' રેગ્યુલર મળે છે. વાંચવાથી ખૂબ જ માહિતીસભર જ્ઞાન મળે છે. જુલાઈના અંકમાં **શ્રી ભારતીબેને લખેલ પોતાના ફાધર ઈન લવ શ્રી શશીકાન્તભાઈ મહેતા અંગેનો લેખ વાંચીને તો હૃદયની લાગણીઓ ઝુમી ઉઠી.** આ જમાનામાં પણ આવા ભવ્ય આત્માઓની પુન્યાઈથી તેમને દીકરી જેવી વહુ મળે છે. મુંબઈના જ એક રાજુલાબેને (ફોન નં. ૨૬૭૯૬૩૩૯) તેમના સાસુ અંગે એક પુસ્તક 'સાસુ મા વંદના' લખ્યું છે. જે કદાચ સાસુની વહુ દ્વારા પ્રશંસા કરતું પહેલું પુસ્તક હશે. સાસુને સાચા અર્થમાં મા ગણવી તે તેમની વાણી અને વર્તન સરખું હોય તો જ શકય છે. તેમને જાહેર સમારંભમાં બીરદાવવા તે કોઈક વહુ જ કરી શકે તે માટે તેમને ખૂબ જ ધન્યવાદ ઘટે છે. તેમણે સાસુમા સાથે ઘણાં પ્રસંગો પુસ્તકમાં વર્ણવેલ છે. તેમણે એકલાએ જ નહિ તેમના દેરાણી-જેઠાણી તેમના જીવનસાથી (સાસુમાના પુત્ર) તેમજ અન્ય સ્નેહીઓએ પણ ગુણગાન ગાયા છે. ખૂબ જ પ્રેરણા લેવા જેવું પુસ્તક છે.

આના અનુસંધાનમાં આપના 'પ્રબુદ્ધ જીવન'માં આવેલ લેખ મુજબ ભારતીબેનનું કુટુંબ પણ એક આદર્શ અને સંસ્કારી કુટુંબ લાગે છે. મારી એક એવી ઈચ્છા કહો કે સજેશન કહો, મારી ઈચ્છા એવી છે કે આપ શ્રી ભારતીબેનને આગ્રહપૂર્વક જણાવી તેઓ પણ તેમના પિતાતુલ્ય સસરાજી અંગે એક પુસ્તક લખે અને તેમના જીવનના પ્રસંગોને આવરી લે. આવા પુસ્તકોની આપણા સમાજને ખૂબ જ જરૂર છે. ખૂબ જ પ્રેરણા લેવા પાત્ર પુસ્તક બની શકે. અમદાવાદમાં શ્રી પ્રમોદભાઈ કરીને એક ભાઈ પર્યુષણ વ્યાખ્યાનમાળા ચલાવે છે. તેમાં શ્રી શશીકાંતભાઈને સાંભળવાનો મને બે વખત લાભ મળેલ.

બીજું આપના બહુમુખી મેગેઝીનનો પ્રચાર અને પ્રસાર ખૂબ જ જરૂરી છે. હાલમાં તેનો વ્યાપ તો ઘણો જ છે. પરંતુ જેટલો પ્રચાર વધશે, જેટલા વધુ જૈન/અજૈન તેને વાંચશે અને તેનું ઊંડાણપૂર્વક ચિંતન કરશે તેમ તેઓને ખરેખર ખૂબ જ લાભ થવાનો છે. અને તે નિમિત્તે જૈન ધર્મના સિદ્ધાંતો અને ફિલોસોફી ઘર ઘર સુધી પહોંચશે કારણકે આપની પાસે ખૂબ જ જ્ઞાની અને ચિંતનશીલ લેખકોની ટીમ છે. તેથી મારું આપને નમ્ર સૂચન છે : આપ 'પ્રબુદ્ધ જીવન'માં એવું લખાણ છાપો કે જે મહાનુભાવો અને સુજ્ઞ વાંચકોને મેગેઝીન ગમતું હોય અને તેનો રેગ્યુલર લાભ લેતા હોય તેવા વાંચકો પોતે પોતાની

શક્તિ મુજબ નવા સભ્યોના લવાજમ ભરી મોકલતા રહે. જેવી જેની અનુકૂળતા હશે તે પોતાના સર્કલમાં વાર્ષિક, ત્રિવાર્ષિક કે પંચવાર્ષિક લવાજમ ભરી નવા સભ્યો બનાવવામાં સહયોગ આપે. અને દરેક ઈસ્યુમાં કોણે કેટલા નવા સભ્યો બનાવી આપણા મેગેઝીનને સહકાર આપ્યો તે છાપી શકો છો. જેથી બીજાને પ્રેરણા મળે.

છેલ્લા કેટલાય વખતથી આપને ખ્યાલ હોય તો અત્રેનું પુનિત મહારાજનું 'જનકલ્યાણ' કરીને એક માસિક આવે છે. તેણે આ સ્કીમ દાખલ કરેલ છે અને તેઓ તેમાં ખૂબ જ સફળ થયેલ છે. તેના તંત્રી શ્રી દેવેન્દ્રભાઈ ત્રિવેદી સાથે મારે સારો સંબંધ છે. જરૂર પડે તો તેમનો કોન્ટેક્ટ શક્ય છે. ઉપરની સ્કીમ અંગે વિચારો તો હું પણ ૮-૧૦ સભ્યોનું લવાજમ ભરીશ. અને નવા સભ્યો એક વખત મેગેઝીનને મળશે એટલે તે ઑટોમેટીક આગળના વર્ષોમાં પોતાની જાતે લવાજમ ભરતો થઈ જશે.

પત્ર લંબાણમાં લખાઈ ગયો છે તો માફ કરશોજી. હાલ એ જ.

**☐ સુબોધભાઈ બી. શાહ**

૩૦૧, આંગી ફ્લેટ, નવા વિકાસગૃહની સામે, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. ફોનઃ ૨૬૬૦૨૭૫૭,મો. ૯૩૭૪૦૧૯૩.

(૩)

'પ્રબુદ્ધજીવન' અંક-૨, મે ૨૦૧૪ માં 'સાધર્મિક સરાકબંધુઓને રૂબરૂ મળવાનો રોમાંચ', લેખક-શ્રી રોહિત શાહનો લેખ વાંચ્યો.

અગાઉ વસતી ગુમનામ જાતિ એ સરાક જાતિ તરીકે ઓળખાતી અને સરાક એટલે શ્રાવક તો જૈન જ ગણાય. શ્રી રોહિત શાહે લખેલ આ લેખ ખરેખર મનનીય, સોચનીય અને વિચારણીય છે. ત્રણ રાજ્યમાં વસતા સરાક જાતિના લોકોની વસ્તીમાં ભાઈશ્રી રોહિતભાઈ સરાક જાતિનો ઇતિહાસ જાણી એક પરિક્રમા કરી કલકત્તાથી શરૂઆત કરી જુદા જુદા સ્થળોએ ફરી વિગતો પ્રાપ્ત કરી. તેમણે આ લેખ લખી ખરેખર અતિશય અને સારી અભ્યાસપૂર્ણ માહિતી આપી છે. મુલાકાતોમાં સ્થળે સ્થળે મંદિરોના દર્શન થયા. આ પ્રજાની જીવન શૈલી જાણીને અને આમ ઇતિહાસના પાના ઉકેલવાથી ઘણું જ જાણવા મળશે.

આવો વિગતવાર અભ્યાસ કરીને લેખકે આપણા તરફ અંગુલીનિર્દેશ કર્યો છે કે આ જ્ઞાતિ માટે વિવિધ ફિરકા-સમુદાયના જૈનો ખૂબ પ્રયત્ન કરે છે છતાં કંઈ બનતું નથી, તો આ કાર્ય માટે તમામ સંસ્થાઓ એક જ ઓર્ગેનાઈશન નીચે કામ કરે તો સરાક જાતિને શ્રાવક-જૈન બનાવી શકાય. લેખકને ધન્યવાદ.

**☐ ડૉ. હિંમતભાઈ શાહ**

બી ૨૨, પિતૃછાયા, રામગલી, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૭. ફોનઃ ૨૮૦૭ ૦૬૬૦,મો. ૯૩૪૫૩૯૯૦૩.

(૪)

જૂન માસના 'પ્રબુદ્ધ જીવન'માં મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી મ.સા.એ મારો લેખ 'સમતાની સાધના-સર્વજ્ઞકથિત પરમ સામાયિક ધર્મનું મહત્ત્વ' અંતર્ગત પ્રશ્નો પૂછેલા. તેના જવાબ આ સાથે મોકલું છું. તેઓશ્રીનો ફોન મને આવેલ તેમને મેં સ્પષ્ટતા કરી દીધેલ. પરંતુ ભાવ-પ્રતિભાવ માટે સ્પષ્ટતા નીચે પ્રમાણે કરું છું.

**૧. મનઃપર્યવજ્ઞાન ચારિત્રધારીને જ હોય તેનો ખુલાસો નંદીસૂત્રમાં** જે પાંચ જ્ઞાન અને તેના અધિકારી વિષે સમજણ આપવામાં આવી છે તેમાં મળે છે. **પાંચમું પ્રકરણ** મનઃપર્યવજ્ઞાન તેમાં મનઃપર્યવજ્ઞાન કોને થાય તેમાં સ્પષ્ટ ખુલાસો આ પ્રમાણે છે.

લબ્ધિપ્રાપ્ત–અપ્રમત્તસંયત-સંયત-સમ્યગ્દૃષ્ટિ-પર્યાપ્ત-સંખ્યાત, વર્ષાયુષ્ક-કર્મભૂમિજ, ગર્ભજ, મનુષ્યને જ મનઃપર્યવજ્ઞાન થાય.

૨. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ આ ચાર જ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી કેવળજ્ઞાન માત્ર કેવળજ્ઞાનાવરણીયના **ક્ષયથી** ઠાણાંગ સૂત્ર, સ્થાન ૨, ઉદ્દેશો-૪. કેવળજ્ઞાન ચારિત્રધારી મુનિઓ સિવાય અન્યત્ર જોવા મળે છે. તેનું મુખ્ય કારણ એ છે કે કેવળજ્ઞાન થાય તેને દેશચારિત્ર ભલે ન હોય પણ ભાવચારિત્ર તો હોય જ છે. અનંતરસિદ્ધ કેવળજ્ઞાનના જે ૧૫ ભેદ બતાવેલા છે તેમાં ૧૩મો પ્રકાર જે ગૃહસ્થલિંગસિદ્ધ છે તેમાં આ બધાનો સમાવેશ થાય છે. મરૂદેવામાતાનું દૃષ્ટાંત તેમાં આપેલું જ છે.

આગમ પ્રમાણ **નંદીસૂત્ર-છઠ્ઠું પ્રકરણ-અનંતરસિદ્ધ કેવળજ્ઞાનના ભેદમાં ૧૩મો ભેદ.**

આગમ પ્રમાણ ઠાણાંગ સૂત્ર-સ્થાન ચાર, ઉદ્દેશક ૧ અને અલ્પકર્મ મહાકર્મયુક્ત શ્રમણની અંતક્રિયામાં અલ્પકર્મ અને અલ્પશ્રમણ પર્યાય અંતર્ગત મરૂદેવા માતાનું દૃષ્ટાંત આપેલું છે. જેમાં બતાવ્યું છે કે **અલ્પ સમયની માત્ર ભાવ શ્રમણ** પર્યાયે અને અલ્પ વેદનાએ અંતક્રિયા કરી.

૩. તીર્થંકર ભગવાનને અનંતા ઉત્કૃષ્ટ પુણ્યનો ઉદય હોય છે આથી તેમનું સંઘયણ અને સંઠાણ **(વજ્ર ૠષભ નારાયસંઘયણ અને સમચઉરસ સંઠાણ જે શ્રેષ્ઠ હોય છે તે હોય છે.)**

અત્યારે પાંચમા આરામાં પણ અમુક પુણ્યશાળી જીવો એવા હોય છે કે તેઓ હાથ સીધો કરે તો તેમની આંગળીઓ વચ્ચે છિદ્ર જોવા મળતા નથી, તો તીર્થંકર ભગવાનના પુણ્ય તો અનંતા હોય તેમની આંગળીઓ વચ્ચે છિદ્ર ન જ હોય. આ માટે કર્મગ્રંથ ભાગ-૧ થી ૫, વ્યાખ્યાનકાર મિશ્રીમલજી મ.સા., સંપાદક શ્રીચંદ સુરાનાના પુસ્તક ભાગ બીજામાં નામકર્મનું જે વિસ્તૃત વર્ણન છે તે વાંચવું. આપને ખ્યાલ આવી જશે. નામ કર્મની જે પ્રકૃતિ ૯૩ અથવા ૧૦૩ બતાવી છે તે અંતર્ગત આવી જશે.

૪. મુહપત્તી માટે જે આપેલ છે તો તે માત્ર સાંપ્રદાયિક માન્યતા નથી. દેરાવાસી પણ બોલતી વખતે મુહપત્તિ હાથમાં રાખે જ છે વળી **છકાયના બોલમાં** વાયુકાયના જીવો કેવી રીતે હણાય છે તેમાં પ્રથમ કારણ 'ઊઘાડે મોઢે બોલવાથી' આપેલું છે જ. આમ છતાં મુહપત્તિનું આગમપ્રમાણ પણ છે જ પરંતુ મારા પૂ. ગુરુદેવ હાલ રાજકોટમાં બિરાજતા નથી. તેમ જ તેઓ ફોન-પત્રવ્યવહાર વગેરે દ્વારા જવાબ

પણ આપતા નથી કારણ તેમાં દોષ લાગે છે. રૂબરૂ મળ્યે જ જવાબ આપે તો હવે જ્યારે હું તેમના દર્શને જઈશ ત્યારે બધા પ્રશ્નોનું સમાધાન ફરીને પૂછી લઈશ.

**ખાસ મુહપત્તિ માટેનું આગમ પ્રમાણ નથી મળ્યું તે ખાસ પૂછીશ.**

બાકી બધા પ્રશ્નોના જવાબ મારા અભ્યાસ પ્રમાણે, જે રીતે સમજણ પ્રાપ્ત થઈ છે તે રીતે આપ્યા છે જ જેનાથી આગમ પ્રમાણ પણ મળી જ રહે છે. આગમો ગુરુ પ્રાણ આગમ બત્રીસી-ગરુ પ્રાણ પ્રકાશન–ગુજરાતી અનુવાદિત આગમોમાંથી લીધેલા છે. આશા છે આપને સંતોષ થશે જ. વીતરાગ આજ્ઞા વિરૂદ્ધ કંઈ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં.

**☐ પારુલ બી. ગાંધી**

૧, ભક્તિનગર સોસાયટી, જૈન ઉપાશ્રય પાસે, 'ઉષાસ્મૃતિ',

રાજકોટ-૩૬૦ ૦૦૨. મો. ૦૯૮૨૪૪૮૫૪૧૦.

(૫)

'જયભિખ્ખુ જીવનધારા'નો છેલ્લો હપ્તો તથા તમારો સમાપનલેખ વાંચીને આંખો ભીની થઈ. મોટા ભાગના હપ્તા મેં વાંચ્યા છે. તમે આગ્રહ રાખીને આ સરસ કામ કરાવ્યું. પુસ્તક રસપ્રદ થશે.

**☐ ગંભીરસિંહ ગોહિલ**

ભાવનગર-૩૬૪૦૦૨. ફોન : (૨૦૭૮) ૨૫૬૯૮૯૮

(૬)

આપ સાથે બે દિવસથી દરરોજ વાત થાય છે તે મુજબ એક ચેક રૂા. ૧૮,૦૪૦/- તથા લીસ્ટ બીડું છું. આ બારામાં યોગ્ય ઘટતું કરવા યોગ્ય કરશોજી. તમારા અગણિત સહકાર બદલ હૃદયના ઊંડાણથી આભારની લાગણી વ્યક્ત કરું છું અને આ પ્રમાણે સદાય અસ્ખલિત પ્રેમની લાગણી રાખશોજી.

**☐ રજનીકાંત ગાંધી**

મોબાઈલ : ૯૮૬૭૪૨૫૦૨૫

**'પ્રબુદ્ધ જીવન'ના ચાહક આ શ્રી રજનીકાંતભાઈએ એઓશ્રીના ૧૧૫ મિત્રો અને કુટુંબીજનોનું એક વર્ષનું 'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ મોકલ્યું.**

આપ આપના જન્મદિવસ અથવા પ્રિયજનની સ્મૃતિમાં આવા વાંચન-ચિંતન ભેટનો-ઉપહાર આપના સ્વજનોને અર્પણ કરી શકો છો

**–મેનેજર**

# જીવનનો મર્મ

**☐ કાકુલાલ મહેતા**

આખરે માનવીના મનમાં, ક્યારેક ને ક્યારેક એક પ્રશ્ન જાગે છે કે આ જીવનનો કોઈ અર્થ ખરો ? મારે ક્યાં જન્મવું, કેવા ઘરમાં જન્મ લેવો, શું કરવું, ક્યારે, ક્યાં અને કેવી રીતે મરવું એ જ જો માનવીના હાથમાં ન હોય તો માનવ જીવનનો અર્થ શું ? જન્મ છે તેને મરવું પણ પડે છે. ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જવાનું છે. એ તો સહુ કોઈના અનુભવની વાત છે. જો કોઈ અદૃષ્ય શક્તિ જ મારા જીવનનું સંચાલન કરતી હોય તો પછી મારું વ્યક્તિ-સ્વાતંત્ર્ય ક્યાં રહ્યું ? અને છતાં માનવી માને છે કે હું કંઈક છું, કંઈક વિશિષ્ટ છું. મારા જેવું આ વિશ્વમાં બીજું કોઈ નથી.

સમસ્ત જીવ સૃષ્ટિ જ્યારે દેહ ધારણ કરે છે ત્યારે ચાર વૃત્તિ સાથે જન્મે છે – ભૂખ, ભય, નિદ્રા અને મૈથુન. પશુ કે માનવ બધાના જીવનમાં આ નિહિત છે. પશુ કે અન્ય જીવો કુદરતના આધારે જ જીવે છે અને સમય પાકે એટલે કુદરત એને મૃત્યુ થકી નિવારે છે. આમ મનુષ્ય અને પશુમાં કોઈ જ તફાવત નથી અને એથી જ માનવીને માનવપશુ તરીકે પણ માનવામાં આવે છે અને છતાં માનવીને કુદરતે મહામુલી ભેટ આપી છે, જે અન્ય જીવ સૃષ્ટિને નથી મળી તે છે બુદ્ધિ અને લાગણી અને તેને વ્યક્ત કરવા માટે વાચા. આથી જ માનવજીવનને સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યું છે. એક તરફ માનવી સ્વતંત્ર નથી, લાચાર છે અને બીજી બાજુએ તે સર્વશ્રેષ્ઠ છે ? આવો વિરોધ એ એક કોયડો નથી શું ? છતાં આ હકીકત છે એનો ઈન્કાર કેમ થઈ શકે ?

આપણાં મનિષીઓએ-ઋષિઓએ જીવતત્ત્વનો ઊંડો અભ્યાસ કરીને એવું તારણ કાઢ્યું છે કે શરીરમાં રહેલો આત્મા સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. માનવ જીવન એ આત્માના સર્વોચ્ચ વિકાસ માટેનું સાધન છે. સમસ્ત વિશ્વ જીવનથી ભરપુર છે. જીવનમાં જે ચેતના છે, જેના થકી આપણું અસ્તિત્વ છે તેનો તો સ્વીકાર કરવો રહ્યો. આ બધામાં ફક્ત માનવીને જ વિચારવાની અને એ પ્રમાણે આચરણની શક્તિનું વરદાન મળેલું છે. કોઈ આત્માના અસ્તિત્વમાં કે પુનરપિ-પુનઃ જનમમરણમં કે કર્મફળમાં માને કે ન માને પણ આ જીવન-મરણ વચ્ચેનો જે સમય છે એનો ઉપયોગ કેવી રીતે કરવો એ તો આપણા હાથની વાત છે. એથી માનવ જીવનને દુર્લભ કહ્યું છે. ત્યાં સુધી કે સ્વર્ગીય સુખ ભોગવનારને પણ મનુષ્ય જન્મ લેવો પડે છે. અને આ માનવ જીવન દ્વારા જ માનવી જીવન-મરણથી મુક્ત એવી મોક્ષ અવસ્થાને પામી શકે છે. મોક્ષ એ જ માનવ જીવનનું અંતિમ ધ્યેય છે, એ જ મુક્તિ છે, એ જ સ્વતંત્રતા છે. અને તેની પ્રાપ્તિ માટે માનવીએ ભૂખ, ભય, નિદ્રા અને મૈથુન જેવી વૃત્તિઓ પર વિજય મેળવાનો રહે છે. જ્યાં સુધી એ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપણે ઈશ્વર, અલ્લાહ કે ઈશુ કે પછી અદૃષ્ય શક્તિ કે કુદરત કહો એના હાથમાં ગુલામ જ રહેવાના, જીવન-મૃત્યુના ફેરા ફરતા રહેવાના. આ

અદ્‌ભુત શક્તિની સાથે ઐક્ય પામીને આપણે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન બની શકીએ છીએ. આ જીવન અને મરણ વચ્ચેનો સમય આપણને એ તક આપે છે. પરંતુ આપણે બધું જ છોડીને જવાનું છે એ જાણતાં છતાં ધન એકઠું કરવામાં અને જીવનને એક મોજ-મજાનું સાધન માનીને જીવનને વેડફી નાખીએ છીએ. એમાંથી જન્મે છે માનવ મનમાં અશાંતિ, વિષમતા અને અંતે મહાભારત કે વિશ્વયુદ્ધ પણ.

પ્રસિદ્ધ ગઝલગાયક જગજીતસિંહની એક ગઝલની તર્જ છે: 'એ ખુદા મુઝે દો જિંદગાની દે દે.' આપણને બે જિંદગી મળતી નથી પરંતુ બે જિંદગી સાથે જીવીએ છીએ. એક છે સંસારની, સ્વાર્થની, સમાજની, વ્યવહારની, ઝાકઝમાળની, દંભની જેને આપણે બહારનું કે બાહ્ય જીવન કહીએ છીએ. બીજી છે પ્રેમની, સમર્પણની, આત્મોન્નતિની જેને આપણે આંતરીક જીવન કહીએ છીએ. આપણે બાહ્ય જીવનમાં એટલા વ્યસ્ત છીએ કે આંતરીક જીવન પ્રતિ આપણી દૃષ્ટિ ભાગ્યે જ જાય છે. અને ક્યારેક એકાંતની પળોમાં જાય છે તો પણ વધુ આગળ વધી શકતા નથી, આજના અતિ વ્યસ્ત જીવનમાં એ વધુ લાગુ પડે છે.

જો જીવન તત્ત્વ આટલું સક્તિશાળી છે તો પછી આપણે આટલા લાચાર શાથી? એક તો ઉપર કહ્યું તેમ આપણું ધ્યાન અંતરમાં પડેલી શક્તિ પર છે જ નહિ. બીજું એ કે કુદરતે આટલી શક્તિ આપી હોવા છતાં એને ઉજાગર કરવા માટે કેટલીક કસોટીમાંથી પસાર થવું પડે અને એ માટે કુદરતે કેટલીક જુદી જ વ્યવસ્થા કરી છે. અન્ય પ્રાણીને જન્મ લેતા લાંબો સમય લાગતો નથી અને જન્મતાની સાથે જ કે થોડા દિવસોમાં જ પગભર થઈ જાય છે. વાછરડાં જન્મ સાથે જ પગપર ઊભા થાય છે. બિલાડીના કે કૂતરાના બચ્ચાં થોડા દિવસોમાં જ દોડતા અને ખોરાક શોધતા થઈ જાય છે. જ્યારે મનુષ્યને જન્મ લેતા નવ માસ સુધી ગર્ભમાં રહેવું પડે છે. જન્મ પછી જેને ટીનએજ અથવા મુગ્ધાવસ્થા કહેવાય તેમાં બાળક માતાપિતાના આધારે જ જીવે છે, જિજ્ઞાસા દ્વારા ઘણું જ ગ્રહણ કરવાનું મળે છે. એ વખતે માબાપ જેવા સંસ્કારનું એમના જીવનમાં સિંચણ કરે છે તેવું બાળકનું ઘડતર થાય છે.

યુવાન વ્યક્તિ પુખ્ત વયમાં પ્રવેશે છે તે પંદરથી પચ્ચીસ વર્ષનો ગાળો એવો છે કે જેમાં યુવાવસ્થામાં આવેલ વ્યક્તિ સ્વતંત્રપણે વિચારી શકે છે. પરંતુ શું કરવું, કેમ કરવું એ વિષે કોઈ સ્પષ્ટ વિચારના અભાવે મહદ્ અંશે કલ્પનામાં રાચવાનું હોય છે. પરંતુ શારીરિક, માનસિક, બૌદ્ધિક વિકાસ થવાની સાથે એક યૌવન સહજ હિંમત અને હોંશપૂર્વક પણ અનુભવના અભાવે પોતાની રીતે વર્તે છે અને ભૂલો પણ કરી બેસે છે. આ બધું સમજાય ત્યારે ઘણીવાર મોડું થઈ ગયું હોય છે અને ભૂલનું પરિણામ પણ ભોગવવું પડે છે. આ પરિસ્થિતિમાં યુવાન વર્ગ અગર અનુભવીની વાણીમાં વિશ્વાસ મૂકીને આગળ વધી શકે તો, જીવનનો કે આત્માનો ઉત્કર્ષ થઈ શકે છે, જીવન સાર્થક બની શકે છે.

આ પંદરથી પચ્ચીસ વર્ષનો ગાળો કે જ્યારે સ્વતંત્ર રીતે વિચારતા થવાય છે ત્યારે યોગ્ય શિક્ષણ મળે, મનગમતા વિષયમાં અને કયા ક્ષેત્રમાં આગળ વધવું એવો ઉદ્દેશ નક્કી થાય, સાદું અને સરળ જીવન પસંદ કરે, સંયમ, ક્ષમા, કરુણા, સમર્પણ, સહાયક વૃત્તિ જેવા ગુણો કેળવો તો તેનું ભાવિ ઉજ્જવળ બને એ સુનિશ્ચિત છે. સંઘર્ષ તો બાહ્ય અને આંતરિક એમ બન્ને જીવનમાં છે પણ બાહ્ય જીવન કરતાં આંતરિક-ઉર્ધ્વગામી જીવન હંમેશાં સુખ અને શાંતિદાયક બને છે. યુવાનો આજના સંદર્ભમાં જ્યાં જીવન પ્રતિ દૃષ્ટિ જ નથી, વિચાર-વિવેકહીન જીવનમાં ઘસડાઈ રહ્યા છે ત્યાં સમજી વિચારીને નિર્ણય લે તો પોતાનું અને કુટુંબનું જ નહિ પણ દેશ અને વિશ્વનું પણ કલ્યાણ થાય એવી સંભાવના એમાં રહેલી છે. બુદ્ધિની અને જીવનની સાર્થકતા એમાં સમાયેલી છે. ભવ્ય ભારતની રચના એમના હાથમાં વસેલી છે. શુભમ્ ભવતુ!!

✷✷✷

૧૭૦૪, ગ્રીન રીડ્ઝ ટાવર-૩, ૧૨૦ ન્યુ લીંક રોડ, ચિકુ વાડી,
બોરીવલી વેસ્ટ, મુંબઈ-૪૦૦-૦૯૨.
ફોન : ૯૧ ૨૨ ૨૮૯૮ ૮૮૭૮

## પંથે પંથે પાથેય...(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

પ્રસંગના ઉંડાણમાં રહેલા મૂળને કુનેહપૂર્વક સમજવાની તમારી આવડત અમારો આશાતંતુ છે. દા. ત. બળાત્કારની બાબત. રતાંધળાં જેમ રાતે જોઈ ન શકે એમ સત્તા-આંધળા હકીકતોથી બહુ દૂર રહી મિથ્યાભિમાનમાં જ રાચતા હોય છે. કોઈએ કહ્યું કે સ્ત્રીઓએ વેશ-ભૂષામાં ધ્યાન રાખવું જોઈએ. કોઈએ એવું કહ્યું રાતના નીકળવું જ નહીં, વગેરે વગેરે. તમે આ પ્રશ્નના મૂળને પકડ્યું ને કહ્યું કે મા-બાપોએ છોકરાના ઉછેરમાં ધ્યાન આપવું જોઈએ. દીકરી ૧૪ કે ૧૫ વર્ષની થાય ત્યારથી જ મા-બાપનો ચોકી-પહેરો શરૂ થઈ જાય. દીકરાઓ માટે આવું કરે છે? એ ક્યાં જાય છે, તેના મિત્રો કોણ છે? રાતના મોડે સુધી ક્યાં ફર્યા કરે છે? બળાત્કારનો મૂળ કર્તા છોકરો-છોકરાઓ જ હોય છે ને?

બીજી વાત. રૂઢ થયેલી માન્યતાઓ, જડ થઈ ગયેલી સંસ્થાઓ વગેરેને છોડી શકવાની તમારી દૃઢતા. દા. ત. આયોજન પંચ. તમે કારણો આપી તેના વિસર્જનની હિમાયત કરી એ પ્રશંસનીય છે.

પત્ર પૂરો કરતાં પહેલાં એક વાત કહું? લાગે છે કે ઈસ રાતકી સુબહ જરૂર આયેગી. ઈશ્વર તમારા સપના પૂરા કરે એ જ શુભેચ્છા.

એજ લી.
પેલા દસ હજાર નામ વિનાના
ચહેરા માંનો એક

✷✷✷

ડી-૨૧૬, વીણા-સિતાર સોસાયટી, મહાવીર નગર, દહાણુકરવાડી, કાંદિવલી, મુંબઈ-૪૦૦ ૦૬૭. મોબાઈલ : ૯૮૧૯૭ ૩૮૨૮૯.

# આ છે મહાવીર અમારા

❑ આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ

અમદાવાદમાં પાલડીથી વિહાર શરૂ કર્યો. હઠીસિંગની વાડીએ જવું હતું. રસ્તાની પૂછતાછ કરતાં કરતાં એક બોર્ડ પર નજર પડી. 'માનો કે ન માનો, ભગવાન ઈસુને જાણો, અમારું સાહિત્ય મફત મેળવવા માટે નીચેના સરનામે પત્ર લખો...' એક ખ્રિસ્તી સ્કૂલની બહાર આવું મોટું બોર્ડ લટકતું હતું. થોડા સમય પહેલાં ગુજરાત રાજ્ય તરફથી વિરાટ પુસ્તક મેળો યોજાયો. માતબર રકમથી સ્ટોલ ભાડે રાખી મુસ્લિમભાઈઓ અને ખ્રિસ્તીભાઈઓએ ચાર-ચાર સ્ટોલ રાખ્યા હતા. પુસ્તક વેચાણ સાથે તેમના સૂચિપત્રોને તેઓ વિના મૂલ્યે આપી રહ્યા હતાં, એટલું જ નહીં, કુરાન અને બાઈબલની નકલોને પણ તેઓ વિના મૂલ્યે ભેટ આપી રહ્યા હતા. મેં પોતે એવા પુસ્તકને જોયું છે. તેના ટાઈટલ પેજમાં નીચે એક ખૂણામાં એક વાક્ય લખેલું હતું. એ વાક્યને જોતાની સાથે હું મનોમંથનમાં ડૂબી ગયો. એ વિતરણકારોની દૃષ્ટિ પર મારી દૃષ્ટિ સ્થિર બની. એમની વ્યવહારકુશળતાનો પરિચય એ એક જ વાક્યથી મળી જતો હતો. એ વાક્ય હતું – બિનમુસ્લિમ ભાઈઓને ભેટ.

ખ્રિસ્તી મિશનરીઓ પુસ્તક મેળામાં, શાળાઓમાં ને ગામડે ગામડે ધર્મપ્રચાર કરી રહ્યા છે. આટલું ઓછું હોય, તેમ રેસિડન્સ એરિયામાં ફરી ફરીને ઘરે ઘરે મફત બાઈબલ વિતરણ કરી રહ્યા છે. ઈસ્કોન મંદિરના સમર્પિતો પોતપોતાને ફાળે આવેલા વિસ્તારોમાં રોડ ઉપર માઈક અને ઢોલ લઈને 'હરે ક્રિષ્ના હરે રામા'ની ધૂન મચાવી રહ્યા છે. ભગવદ્ ગીતાની નકલોનું મૂલ્યથી કે વિના મૂલ્યે જે રીતે શક્ય બને તેમ વિતરણ કરી રહ્યા છે. બિન-મુસ્લિમો માટેની મુસ્લિમોની લાગણી આપણે હમણાં જ જોઈ ગયા છીએ. સવાલોનો સવાલ એ છે કે, આપણે ક્યાં? વિશ્વનું અદ્વિતીય અરિહંત તત્ત્વ પામ્યા પછી આપણને એના પ્રત્યે લાગણી કેટલી? અને વિશ્વમાં એના નામનો ઝંડો લઈને ફરવાની ખુમારી કેટલી? પુસ્તક મેળાઓમાં જૈનોનો સમ ખાવા પૂરતો એકાદ સ્ટોલ દેખાય ખરો? દુનિયાના કોઈ શહેરમાં આવું બોર્ડ દેખાય ખરું? – માનો કે ન માનો, ભવગાન મહાવીરને જાણો, અમારું સાહિત્ય મફત મેળવવા માટે નીચેના સરનામે પત્ર લખો.

જે જૈનો દર વર્ષે કરોડો રૂપિયાનું સાહિત્ય છપાવે છે, તેમની પાસે આવો કોઈ દૃષ્ટિકોણ જ ન હોય, એ કેટલી દુઃખદ બીના છે! સાચો જૈન હોય એણે તો ખુમારીથી મહાવીરનો ઝંડો લઈને દુનિયામાં ફરવું જોઈએ. એ મહાવીરના અદ્ભુત જીવનને દુનિયા સમક્ષ રજૂ કરે, અને ગૌરવથી કહે–આ છે મહાવીર અમારા...ને મહાવીરને નજીકથી જોનારી વ્યક્તિ પોતે પણ આ જ શબ્દો બોલનારી થઈ જાય. આ એક એવો વિનિયોગ છે, જે અન્ન-જળ, વસ્ત્ર, આવાસ, ધન વગેરે બધાં જ વિનિયોગથી ચડિયાતો છે. આ વિનિયોગમાં પ્રભુભક્તિ પણ છે અને પરોપકાર પણ છે.

**પુસ્તક મેળાઓમાં જૈનોનો સમ ખાવા પૂરતો એકાદ સ્ટોલ દેખાય ખરો?**

જૈનોનો પરમ પવિત્ર ગ્રંથ છે કલ્પસૂત્ર. કલ્પસૂત્રનું હાર્દ છે, કરુણાસાગર પ્રભુ મહાવીરનું ચરિત્ર. આ ચરિત્રમાં ડગલે ને પગલે પ્રેરણા છે, ઉપદેશ છે, જીવનના ઉદ્દેશ્ય પ્રત્યેનો અદ્ભુત અભિગમ છે. પેલા શબ્દો અહીં સાકાર થયા છે–'પાને પાને પાંખડીઓ છે, છે આખો ઇતિહાસ સુગંધી.' સદ્ભાગ્યે પ્રભુ વીરના જીવનને સ્પર્શતા સુંદર ચિત્રો પણ ઉપલબ્ધ થાય છે. જો એવું પુસ્તક પ્રકાશિત કરવામાં આવે, જેમાં પ્રભુના જીવનના ક્રમબદ્ધ ચિત્રો હોય. દરેક પાને એક ચિત્ર. એ ચિત્રનો ટૂંક પરિચય અને એ ઘટના દ્વારા મળતો સંદેશ. જેમ કે પ્રભુ બ્રાહ્મણને પોતાનું અર્ધવસ્ત્ર આપે છે. તેમાં પરોપકારનો સંદેશ. આ રીતે ગુજરાતીમાં તૈયાર થયેલું પુસ્તક પ્રત્યેક ગુજરાતી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરાય. હિંદીમાં તૈયાર થયેલું પુસ્તક પ્રત્યેક હિંદી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરાય. એ રીતે અંગ્રેજી અને બીજી પ્રાદેશિક ભાષાઓમાં પણ આ પુસ્તક યથાસંભવ પ્રકાશિત થાય. આ રીતે વિશ્વેશ્વર મહાવીર વિશ્વની સમક્ષ સર્વોત્કૃષ્ટ તત્ત્વ તરીકે પ્રસ્તુત થાય. લાખો-કરોડો જીવ બોધિબીજ સમ્યક્ત્વ વગેરે લાભો પામે. જગતમાં જિનશાસનનું ગૌરવ વધે. આનુષંગિક બીજા પણ અનેક લાભો થાય.

પોતાની પાસે જે સારી વસ્તુ હોય, બંગલો વગેરે કે ઘરેણું હોય, તેને માણસ ખૂબ હોંશ અને ગર્વ સાથે બીજાને દેખાડે છે. આપણને 'મહાવીર' મળ્યા, જગતનું સર્વોત્કૃષ્ટ તત્ત્વ. આપણને કેટલી ખુમારી, કેટલી હોંશ ને કેટલો ગર્વ હોવો જોઈએ! આપણા સંપર્કમાં જે પણ આવે, તેની પાસે અનાયાસે આપણાથી કહેવાઈ જાય–જો આ છે મારા મહાવીર. જૈનોએ દુકાનમાં, ઑફિસમાં, ઘરમાં, મુસાફરીમાં ઉપરોક્ત પુસ્તક રાખવું જોઈએ અને છૂટથી તેની પ્રભાવના કરતાં રહેવું જોઈએ. આ પ્રભાવના જિનશાસનની પ્રભાવના છે. એનાથી જબરદસ્ત પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન થાય છે અને ઉત્તરોત્તર ઉત્તમ સુખો મળવા સાથે પરમપદના શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે.

મહાવીરની કરુણા વિશ્વના પ્રત્યેક જીવ માટે છે મહાવીરે તો 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના ભાવી હતી. તો મહાવીરને મૂઠીભર જૈનો માટે સીમિત કેમ રાખવા? ચાલો, એ કરુણાસાગરને આપણે વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરીએ, અને હોંશથી કહીએ – આ છે મહાવીર અમારા. ✷ ✷ ✷

વૈરાગ્યદેશનાદક્ષ આ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય આ. વિજય કલ્યાણબોધિસૂરિ

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **સુખ તમારી પ્રતીક્ષા કરે છે**
લેખક : **પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી**
પ્રકાશક : મુંબઈ જૈન યુવક સંઘ-મુંબઈ
૩૩, મોહમ્મદી મિનાર, ૧૪ ખેતવાડી, મુંબઈ
વતી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય: અમૂલ્ય, પાના : ૬૮.

પૂજ્ય આચાર્ય વાસલ્યદીપસૂરીશ્વરજી એક લેખક, પ્રેરક, પ્રણેતા અને બહુશ્રુત વ્યક્તિ છે. પૂજ્યશ્રીની સંયમયાત્રા, ધર્મયાત્રા અને જ્ઞાનયાત્રા સતત પ્રસન્નચિત્ત ચાલુ છે. આ નાનકડા પુસ્તકમાં પૂજ્યશ્રીએ 'ગાગરમાં સાગર' ભર્યો છે એમ કહી શકાય. એકવીસમી સદીનો માનવી સતત સુખની શોધમાં ભટકયા કરે છે. આ નાનકડી પુસ્તિકા તેને સાચો રાહ બતાવશે.

આચાર્યશ્રી પ્રસ્તુત પુસ્તિકામાં કર્મ સિદ્ધાંતની વિશિષ્ટ સમજ આપે છે. સુખ કોને કહેવાય અને દુઃખ કોને કહેવાય તેની સાચી સમજ આપે છે. આ રીતે પૂજ્યશ્રીએ સુખ પ્રાપ્ત કરવાની ચાવી બતાવી છે. કર્મસિદ્ધાંત દરેક વસ્તુ અને દરેક પદાર્થ સાથેના સંબંધની ક્ષણભંગુરતાનો સ્વીકાર કરવાની સમજ આપે છે. આપણે સુખ કોને કહેવાય અને દુઃખ કોને કહેવાય તેની સાચી સમજ મેળવી લઈએ તો જીવનમાં દુઃખનો સ્પર્શ પણ થાય નહિ.

પૂજ્યશ્રીની પ્રસ્તુત પુસ્તિકાનો મુખ્ય હેતુ છે અપેક્ષાઓને કઈ રીતે ઘટાડવી કે નિર્મૂળ કરવી. પૂજ્યશ્રીના શબ્દોમાં કહીએ તો 'આ પુસ્તિકાના વાંચન અને ચિંતન દ્વારા આપણી અપેક્ષાઓ થોડા ઘણા અંશે ઓછી થશે તો પુસ્તક લેખન-પ્રકાશન સાર્થક થશે !'

x x x

પુસ્તકનું નામ : **આત્મસ્વરૂપનું દર્શન**
સંપાદન : **પૂર્ણાબહેન શેઠ**
પ્રકાશક : રચના સાહિત્ય પ્રકાશન
પબ્લિશર્સ-બુક સેલર્સ
૪૧૩-જી, વસંતવાડી, કાલબાદેવી રોડ, મુંબઈ.
ટેલિ. : ૨૨૦૩૩૫૨૬. મો. ૯૮૨૦૬૭૭૧૧૫.
મૂલ્ય :સદ્ભાવના, પાના : ૯૫, આવૃત્તિઃ પ્રથમ. ઈ. સ. ૨૦૧૩.

પૂર્ણિમાબહેન શેઠે ધર્મ અને સાહિત્ય ક્ષેત્રે કરેલ પ્રદાન અદ્વિતીય છે. આ પુસ્તકોની યાદી તેમના હિંદુ ધર્મના કૃષ્ણ, શિવ, ભગવદ્ગીતા, ઉપનિષદ તથા ભક્ત કવિઓ ગંગાસતી, કબીર, મીરાં, નરસિંહ મહેતા, આનંદઘન, કલાપી વગેરે તેમની ધર્મ અને સાહિત્ય પ્રત્યેની અભિરૂચિની પ્રતીતિ કરાવે છે.

તેઓ પોતે જણાવે છે કે 'આ પુસ્તકના સંપાદનમાં મેં ઈન્ટરનેટનો લાભ લીધો છે, જેમાં મુખ્યત્વે વિકીપેડીઆ, બ્લોગ્સ અને લેખોનો સમાવેશ થાય છે.'

આ નાનકડા પુસ્તકમાં જૈન ધર્મના અતિ મહત્ત્વના અને સામાન્ય વાચકો તેને સરળતાથી ન સમજી શકે એવા વિષયો વિશે લેખિકાએ સરળ ભાષામાં સામાન્ય વાચક સમજી શકે એવી રીતે આલેખ્યા છે. જેમાં ચૌદ રાજલોકનો પરિચય, કાળચક્ર, કોને વૈરાગ્ય કેવી રીતે પ્રબળ થયો, નવકાર મંત્રનો ભાવાર્થ વગેરે છે.

ત્યારબાદ લેખિકાએ આપેલ હૃદયસ્પર્શી ભક્તિકાવ્યો તેમની સાહિત્ય પ્રીતિની પ્રતીતિ કરાવે છે. તે ઉપરાંત ચૈત્યવંદનવિધિ, આરતી, મંગળદીવો વગેરે ધાર્મિક ક્રિયા કરનાર ભાવકોને સહાયરૂપ થાય તેમ છે.

આમ આ નાનકડા પુસ્તકમાં લેખિકાએ ગાગરમાં સાગર ભર્યો છે એમ કહી શકાય.

x x x

પુસ્તકનું નામ : **સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશમાં**
સંપાદન : **ડૉ. રમણલાલ હ. પટેલ**
સહ સંપાદન : ડૉ. નલિની દેસાઈ
મૂલ્ય : ૨૫૦, પાના : ૧૬+૨૪૦.
પ્રાપ્તિસ્થાન : ગુજરાત વિશ્વકોશ, રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોષ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૨૭૫૫૧૭૦૩.

ધીરુભાઈ ઠાકરને સ્મરણાંજલિ રૂપે તૈયાર થયેલ આ ગ્રંથ એટલે ધીરુભાઈની સાથેના સંસ્મરણોની નિર્ભેળ યાદી. ધીરુભાઈ ગુજરાતને માટે કેવળ વ્યક્તિ નહોતા, પરંતુ એક સંસ્થા બની રહ્યા હતા. ધીરુભાઈ એટલે એકવીસમી સદીના ઋષિ એમ જરૂર કહી શકાય. શિક્ષણ, સંસ્કાર, સાહિત્ય, કેળવણી વગેરેને અર્પિત થયેલ વ્યક્તિ એટલે ધીરુભાઈ. આ ગ્રંથ એટલે એક સંનિષ્ઠ શક્તિનું પ્રેરણાદાયક સ્મરણદર્શન. ધીરુભાઈ એટલે હૂંફાળું વ્યક્તિત્વ ધરાવતા માનવ, સતત વિદ્યાપરાયણ સાહિત્યકાર અને વિશ્વકોશ જેવી ભગીરથ કાર્યના પ્રોત્સાહક.

સવ્યસાચી–એટલે ધીરુભાઈ સાથેના સંસ્મરણોનો આ ગ્રંથમાં વિવિધ પ્રકારે પરિચય ધરાવનારાઓના તેમની સાથેના અનુભવોનું રસમય આલેખન થયેલ છે. આ ગ્રંથમાં સવ્યસાચી સારસ્વત પૂ. ધીરુભાઈ ઠાકરને સ્મરણાંજલિ આપતા વિવિધ ક્ષેત્રના વિદ્વાનો તથા સ્વજનો દ્વારા લખાયેલા ભાવપૂર્ણ લેખોનું સંપાદન કરવામાં આવ્યું છે.

સાહિત્યકાર, વિવેચક-સંશોધક, અધ્યાપક, આચાર્ય, વિશ્વકોશ, અને જ્ઞાનક્ષેત્રના ઘડવૈયા, વિદ્યાગુરુ, સાથીદાર, માર્ગદર્શક, મિત્ર, સ્વજન-સગાવહાલાં : જીવનના તમામ પાસાઓની વિગતે છણાવટ કરતા લેખો આ ગ્રંથમાં છે. ઠાકોર સાહેબના જીવનના તમામ તબક્કાઓને આવરી લેવામાં આવ્યા છે.

આ ગ્રંથ એટલે 'આપણાં' ધીરુભાઈના સંસ્મરણોને ઝંકૃત કરતો ગ્રંથ.'

x x x

પુસ્તકનું નામ : **અસ્મિરતાપર્વ-ભાગ ૧૧ થી ૧૫**
સંપાદક : **હર્ષદ ત્રિવેદી**
પરામર્શક : હરિશ્ચંદ્ર જોશી, વિનોદ જોશી
પ્રકાશક : આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ (જૂનાગઢ) પો. બો. નં. ૪૬, સેન્ટર પોઈન્ટ, એમ.જી. રોડ, અમરેલી-૩૬૫૬૦૧.
મૂલ્ય : ૫૦૦ /- (વાગ્ધારા ૧૧ થી ૧૫ નો સેટ) પાના : ૧૦+૨૩૪=૨૪૪. આવૃત્તિઃ પહેલી, ઈ. સ. ૨૦૧૪.

આ ગ્રંથ એટલે ગુજરાત અને ગુજરાતી ભાષાના વિદ્વાનો ઉપરાંત ભારતખ્યાત વિદ્વાનોએ અલગ અલગ પ્રકારના રસરૂચિ અને સજ્જતા ધરાવતા શ્રોતાઓ પણ માણી શકે એવી સરળ સ્વાભાવિક પ્રાસાદિક ભાષામાં આપેલા વક્તવ્યો.

વાગ્ધારાના આ પાંચેય ગ્રંથોમાં અગાઉના દસ ગ્રંથોની માફક વિષય વૈવિધ્ય ઘણું છે. કવિકર્મ પ્રતિષ્ઠા ઉપરાંત જ્ઞાનપીઠ એવોર્ડ પુરસ્કૃત લેખકો અને કૃતિઓ સમૂહ માધ્યમો, પ્રશિષ્ટ કૃતિઓ, વાર્તાના વૈતાલિકો, ભારતીય મહાકાવ્યો અને વિશ્વના મહાકાવ્યો, સામાજિક, તાત્ત્વિક અને મેનેજમેન્ટના સંદર્ભમાં મનુષ્યત્વ, ડાયસ્પોરા સાહિત્ય, બાળસાહિત્ય, પ્રશિષ્ટ વાર્તાઓ, લલિત કલાઓનું ભાવન, લોકવાઙ્મય, કાવ્યસંગીત, અભિનયયાત્રા, સાહિત્ય, સાહિત્ય અને લોકપ્રિયતા, સર્જકનું જનપદ, કાવ્યમીમાંસા અને લોકસાહિત્ય વિષયક લેખો છે. સાહિત્ય અને કળા ઉપરાંત પરિવેશ તથા પરિબળોની ચર્ચા પણ અહીં કરી છે. સંવેદનશીલ અને વૈશ્વિક એવા સાહિત્ય પ્રવાહોનું વિશ્લેષણાત્મક આકલન થયું છે એ

અર્થમાં આ 'અસ્મિતા પર્વ' આપણાં સાહિત્યનું નૂતન ઉપનિષદ છે.

ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક સંદર્ભમાં આ ગ્રંથોનું મૂલ્ય ઘણું મોટું છે. આવનારી પેઢી આ સામૂહિક પુરુષાર્થને પ્રમાણે એવી આશા રાખીએ.

x x x

પુસ્તકનું નામ : **અંતરપટ આ અદીઠ**
લેખક : **નારાયણ શાહ**
પ્રકાશક : કુસુમ પ્રકાશન
૨૨૨, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, રિલીફ સિનેમા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯-૨૫૫૦૧૮૩૨.
મૂલ્ય : ૨૦૦, પાના : ૨૦૬, આવૃત્તિઃ પ્રથમ, મે-૨૦૧૪

'અંતરપટ અદીઠ'- ગ્રંથ શા માટે વાંચવો જોઈએ તે માટે શ્રી નારાયણ શાહના મિત્ર શ્રી મનહર શાહ લખે છે. 'એક અલગારી વ્યક્તિત્વ ધરાવતા શ્રી નારાયણ શાહે જરૂર પડે સમાજથી દૂરત્વ સાધીને પણ પોતાનો લેખનધર્મ બજાવ્યો છે. લેખકનો હેતુ પણ એ હતો કે ગ્રંથ સમાજના વાચનરૂચિને પ્રજ્વલિત કરે એવી સામગ્રી પીરસવી અને તેઓ એમ કરી શક્યા છે.'

આ ગ્રંથમાં સંકલિત તમામ સત્વો-તત્વો, જીવનના ધ્યેયને સિદ્ધ કરવામાં સહયોગ પૂરો પાડનારા આલેખવામાં આવ્યા છે. જીવનનો ઉત્કર્ષ થાય, જીવન પુષ્પિત અને પલ્લવિત થાય તે સૌને ગમે તેથી આ ગ્રંથ વાચન યોગ્ય બને તેવો છે.

લેખક સરસ અને સહજ રીતે જીવનમાં અજવાળાં કેવી રીતે રેલાવી શકાય તે દર્શાવે છે. નિરર્થક બાહ્યચારો, અને વ્યર્થ પરંપરાઓ, જીવનધર્મ કે જીવન દર્શનના અંતરપટો છે. સમજપૂર્વકનું જ્ઞાન આત્મસાક્ષાત્કાર કરાવે છે અને જીવન પ્રત્યેનું અજ્ઞાન જીવનના પ્રકાશને અંતરપટ કરે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર વગેરે અંતરપટો છે. લેખકે એને દૂર કરવાનો અભિગમ વિવિધ દાખલાઓ સાથે દર્શાવ્યો છે.આ ગ્રંથનું વાચન પ્રેરણા સ્ત્રોત બને તેવું છે. x x x

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
મોબાઈલ નં. 9223190753.

# પ્રૉમ્પ્ટીંગની કળા

□ ગુલાબ દેઢિયા

વડીલ મિત્ર ટેલીફોન પર વાત કરતા હતા. એમનાં પત્ની વાતોમાં વચ્ચે વચ્ચે, જ્યાં એ અટકતા ત્યાં પ્રૉમ્પ્ટીંગ કરતાં હતાં, ફોન પર એ સંભળાતું હતું. મેં મિત્રને મજાકમાં કહ્યું, 'તમારી રંગભરી, રસભરી વાતો ગમી!' મિત્રે નવાઈ પામી પૂછ્યું, 'ભલા માણસ! એવું તે શું ગમ્યું ? સાદી સીધી વાતો હતી.'

મેં કહ્યું, 'વાતો ભલે સાદી સીધી હતી પણ જે પ્રૉમ્પ્ટીંગના ટહુકા હતા તે મજેદાર હતા.' મિત્ર સમજ્યા અને મોટેથી હસી પડ્યા.

રંગમંચ પર અભિનેતા અનુભવી હોય, કસાયેલો હોય, પ્રભાવશાળી હોય અને સંવાદોથી રંગભૂમિ ગજાવતો હોય પણ એને ખબર હોય કે એ જ્યાં ચૂક્યો ત્યાં ટાપસી પૂરનાર કોઈ નેપથ્યે બેઠેલ છે.

ટાપસી પૂરનાર સતર્ક હોય, બહુ ન બોલે, જરૂર પડે ત્યારે જ બોલે, અન્ય કોઈ ન સાંભળે તેમ ઝીણું બોલે. મૂળ વાત તો એ પડદા પાછળ રહે. જીવનસાથી આવું કરે ત્યારે જીવતરનું નાટક ખીલી ઊઠે છે. પતિ અને પત્ની એકમેકના પૂરક બને ત્યારે દામ્પત્યજીવન પૂર્ણ બને છે.

પૂરક બનવું અઘરું છે. સંવાદ વિરલ વસ્તુ છે. વિસંવાદ તો વણનોતર્યો ઊભો જ હોય છે. સંવાદ સર્જવો પડે છે. અહમ્ ઓગાળવો પડે છે.

નાટકમાં પ્રૉમ્પ્ટીંગ ન આવે તે ઉત્તમ છતાં આવે તો વાંધો નહિ. દામ્પત્યજીવનમાં પ્રૉમ્પ્ટીંગ એ તો વાસંતી ટહુકો છે. ભાગીદારી છે. ઉમેરણ છે. સવાયું કરવાની નેમ છે.

પ્રૉમ્પ્ટ એટલે તાબડતોબ, ત્વરિત. વાર લાગી તો પાઠ બગડે. અભિનેતાનો સંવાદ બગડે ને નાટક બગડે. ઘડાયેલો અભિનેતા તો તાણો તૂટે ત્યાં વાણાથી એવી રીતે સાંધી લે કે ખબરેય ન પડે, ખબર ન પડવા દે. નવી ઊંચાઈ સર્જી બતાવે.

અઠંગ નાટ્યકાર મનોજ શાહને મેં પ્રૉમ્પ્ટીંગ વિશે પૂછ્યું તો એણે તો ફટ દઈને કહી દીધું, 'નાટકોમાં હવે પ્રૉમ્પ્ટીંગ રહ્યું નથી. કલાકારો વધુ સજ્જ હોય છે. થિયેટર બદલાયા છે. ટેકનોલોજી આગળ વધી છે, ટાપસી પૂરનારને તે ઊભા રહેવાની જગા જ નથી.'

ઘણી વાર તો નાટક મુખ્ય પાત્ર પર જ ઊભું રહે એવું હોય, અભિનેતા કલાક, દોઢ કલાક ભૂલ્યા વગર, અટક્યા વગર એકધારું બોલે, અભિનય કરે કેવી અદ્‌ભુત વાત કહેવાય! એવા અદાકાર માટે માન થાય.

નાટકોને ભલે પ્રૉમ્પ્ટીંગ વગર ચાલે પણ આપણને જીવનમાં તો એનો ખપ રહેવાનો જ છે. આપણને તો કોઈ તૂટતો તાર સાંધી આપે બસ એ જોઈએ છે, એટલી ધરપત જોઈએ છે.

આ પ્રગટ-અપ્રગટની તડકી છાંયડી છે. એક દેખાય, એક ન દેખાય. આપણા કામોમાં જશ વખતે હટી જનારા હશે જ ને! પૂરક બનવું, નડવું નહિ. બહુ હળવેથી, ૠજુતાથી કામ લેવું, લાઉડ ન થવું. આ બધું આવડ્યું તો ખરા ટાપસી પૂરનારા.

આપણા પ્રિય કવિ કલાપીનું જાણીતું કાવ્ય 'ગ્રામમાતા' આ અર્થમાં જોવા જેવું છે. મુખ્ય વાત તો ભલે રાજાની મનોદશાની છે. શેરડી રસપૂર્ણ છે, પછી રસહીન થઈ જાય છે, પાછો રસ પ્યાલો છલકાવી દે છે.

અહીં ગ્રામમાતા અને એના ખેડૂત પતિના દામ્પત્યજીવન માટે કવિએ સૂચક ઈશારો કર્યો છે. 'અહો કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે!'

ઘોડા પર બેસી આગંતુક આવે છે ત્યારે વૃદ્ધ માતા નબળી આંખે એને જોવા ઊભી થાય છે.

*'ને તેનો એ પ્રિય પતિ હજુ શાંત બેસી રહીને*
*જોતાં ગાતો શગડી પરનો દેવતા ફેરવે છે.'*

હેમંતની મધુર તાજગીભરી સવારે કવિએ ગ્રામમાતાના પતિને ખરી નિરાંત સાથે બેઠેલો દર્શાવ્યો છે.

આ રીતે નિરાંત અનુભવવી, શાંત રહેવું એ પણ પ્રૉમ્પ્ટીંગ જ છે ને! બીજાના કામમાં ભરોસો હોવો, વિના કારણ ડબ ડબ ન કરવી એ પણ કળા છે, અઘરી કળા છે. ✶✶✶

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષનગર, ચાર બંગલા, અંધેરી (પ.), મુંબઈ-૪૦૦ ૦૫૩. મો. : ૯૮૨૦૬૧૧૮૫૨.

# A SEEKERS DIARY...

Dear reader; I have changed the title of this column because I wish to have a conversation between us; to blend your thoughts with mine or to argue in your head when you disagree with me, or be an active participator or just to ponder - but need you with me while I pen my thoughts, feelings or experiences and share them with you.

Paryushan Parv is the closure of an old chapter and start of a new book with a fresh beginning and a new title.

Paryushan Parv is my favourite time in the whole year-nothing else, no wedding, no event, no child birth; no friend , no loved one, no family member can peel me from these eight days of being within the folds of Jain theory, philosophy, practices, stories, 'siddhants.' It has been 15 years since Neela Ba (Neela Shashikant Mehta) made me fall in love with Paryushan and the love has continued and grown now under the umbrella of Pujyashri Rakeshbhai Jhaveri.

My inner resolves, 'ping' and I feel 'Ah'; moments; my feelings of utter piety and connection are felt with the most consistence in these eight days.My self observation and criticism are heightened, my self acceptance and motivation are propelled; my conviction and drive are at its height but finally they are just eight fleeting days and now they are gone. The solitude of my inner self replaced loudly under the fire crackers and cacophonic sounds of the arrival of our dear Elephant God.

At the onset, before my thoughts flow into another direction, I must say I like the sight of the elephant God - Ganpati Bapa - He is surely and utterly cuddlesome cute. And he really makes this city of Mumbai seem pretty secular with people from across states and communities celebrating his arrival with gusto and the air of festivity all around. Besides that, he is also the most international known Hindu God with millions of rupees coming in as we sell his idols as a souvenir, a good luck charm, or even just as a so perfect substitute and keepsake in absence of a thoughtful gift.

And this is where my thoughts trail off to reading five text messages from four close cousins and two friends who also born into and staunch practicing Jains sent me a simultaneous 'Michhammi Dukkadam' message and an invitation to come and visit them for their one day or three day or five day Ganpati Bappa darshan.'

My feelings were a mix of concern, sadness, perplex and resignation. Four of them had started the practice this year- what made them do it? Peer pressure, hopes of an even better harvest (to be read - the market), a better and more agreeing spouse, a better grade, a better life or some such similar wish?.

Since childhood, it was a yearly routine to go to my Mami's maternal home for the most beautiful diya, decoration, and creative Ganesh Mandaps at Lamington Road and the loudly sung 'Sukh Karta, Dukh harta....' sung in stoic Marathi, ending with delicious yellow modaks distributed after the aarti.

But even then, and much more now Gods to me are these beautiful beautiful beings in whose presence be it in temples, churches or Gurudwaras, my wants and desires just effortlessly fell off. Their beauty, their 'Tej', used to silence and just soften everything inside me. Everywhere when I came across our cute elephant God, I was told to ask from a pure heart and see how you will be married and have lovely babies and a comfortable life of luxury. Somehow better sense prevailed and I did not ask and perhaps so missed out on the wedding, the babies and the so called works.

But my dear humsafars in this life journey, I really really want to know what makes us go and celebrate 'Paarnu' in Moti Shah Derasar or Agashy or Shahapur or whichever temple or do Pratikraman at the sanctity of our own home and next day rush to get Ganpati ji or go and visit all the Ganesh mandals we have heard of with that little subconscious hope that we might earn some brownie points and something will be set right in the missing pieces of our life.

Yes, the Veetrag path is easy only for people who are more geared towards self reliance and self sufficiency and very tough for people whose lives are constantly dependant and shaped by others, be it for their livelihood or states of mind or for their necessities, comforts, and luxuries. But do you really believe that an external God can change your life? Do you really wish to attribute your life choices of all the past and present lifetimes to a magic wand and do you really wish to shirk off all responsibility for any of your not so

good acts and push it to be as “an act of God”?
Is there a mode of measurement employed by the Gods that only certain desires are fulfilled or only those desires that seem harmless on the surface like a good boy / girl to marry or a desire to get into the best college inspite of bad grades, or just a hundred crore more to make a township or a politician's signature to get the land that actually was marked for some lesser privileged members of society.

I want to know how does Lord Ganesh pick, choose, compartmentalise your 'kaamna poorti' and I want you to please tell me what is it that you are thinking when you see a Lord Mahavir and what are you feeling when you were listening to stories of Chandanbala or Mira or Shabri or Nem Rajul or hear the songs of Ganga Sati? Do you feel, oh poor thing, all they had to do was appease Ganpati Bappa and he would have set things right for them?

Perhaps I am beginning to sound patronising so I am going to stop

People have asked me - what would you do if you were desperate? Desperate to get a good mark or a job or a seat or save someone you love who is dying or losing to another? What would you do if you had enemies or ill health? What would you do if you were at life's crossroads confused and directionless? Would you not get tempted then to give in and pray, to fast, ask of Ganesh ji's kripa, or that if Padmavati devi or Ghantakarna Mahavir, or Shankeshwar Parshwanath or seek respite in a Bhaktamar Stotra ?

And all I can say is yes, 'desperation is a tender trap' and I have been confused, lost, desperate more than most, I have been at crossroads and still have thousands of questions unanswered and occasional wishful thinking that hopes there is a magic wand but dear friends then I remember 'sarvaade to mehnat taarij hashe.';

You need to pray so you invite humility in you; you need to pray to be grateful because you are nothing without Grace and nimit but finally - in the making of your blueprint of this or the next life and additions or subtractions of comforts are all completely totally written by you, your acts, your thoughts, your inner bhaavs and feelings.

You have a choice - To pray whoever your heart syncs with, whoever your heart sings for but Kaam to aapdej karvu padshe...., buddhi ma shuddhi aapdej karvi padshe ane chit ne ahit and svahit ni odkhan potej karavi padshe.'

Let us embark upon the journey where we take our life's and our soul's responsibility in our own hands.

Amen.

☐ **Reshma Jain**
The Narrators
Tel: +91 9920951074

## LET GO

- You will only come to know God when you give up the past and the future in your mind and merge totally into it now.
- Make an effort to remove all labels that you have placed on yourself. Lables serve to negate you.
- Letting go does not mean–only giving it up. It means accepting reality and being in the present moment.
- Having aspirations is not bad thing. But having desires that keep you enslaved is unhealthy.
- Humour is an essential part of man's wholeness and it's missing from religion.
- Laughter is more sacred than prayer. It requires intelligence and presence of mind.
- There are only two activities in which you can feel agelessness easily–laughter and dancing.
- Out of clean heart comes a clean life and a clean body.
- The body is servant of mind. It obeys the operations of the mind.
- Thought is the source of action in life and manifestation make the source pure and all will be pure.
- To think well of others, to be cheerful with all, to patiently learn to find the good in all, such unselfish thoughts are the very portals of heaven.
- To dwell in thoughts of peace towards every creature will bring the abounding peace to their possessor.
- There is no physician like cheerful thought for dissipating the ills of the body
- To live continuously in the thought of ill will cynicism, suspicion and envy is to be confind in a selfmade prison cell. But to think well of, to be cheerful with all, to find good in are very portals of heaven.

# Importance of Guru in life and Mahatma Gandhi

□ PROF. DR. YOGENDRA YADAV

*Dr. Yogendra Yadav is Gandhian Scholar of Gandhi Research Foundation, Jalgaon, Maharashtra, India* ]

Guru is Sanskrit term. It means who guided anyone in difficulties. Who show the way? Who knows everything? Mahatma Gandhi wanted a Guru who show him path in life. Mahatma Gandhi said, `I have come to India to learn. My revered guru, Mr. Gokhale, gave me a piece of advice: One who had been out of India for 25 years should express no opinion about affairs here before he had studied things carefully. Accordingly, I keep my ears open and my mouth shut.'1

Mahatma Gandhi told, `Following the advice of my guru, Mr. Gokhale, I do not enter into argument with anyone. With New Year, I must remind myself of this and, since the issue has come up, I shall say that it is a very delicate one and the question cannot therefore be answered without some discussion. I am not partial to anyone.'

Mahatma Gandhi wrote: `I consider to be my political guru, has really foundation in fact, but I do believe that there is much to be said to justify it in so far as educated India is concerned; not because we, the educated portion of the community, have blundered, but because we have been creatures of circumstances. Be that as it may, this is the maxim of life which I have accepted, namely, that no work done by any man, no matter how great he is, will really prosper unless he has a religious backing.'3

Mahatma Gandhi said, `I seek guru. That a guru is needed I accept. But, as long as I have not come upon a worthy guru, I shall continue to be my own guru. The path is arduous certainly, but in this sinful age, it seems to be the right one.'4. Mahatma Gandhi told, `The true disciple merges himself in the guru and so can never be a critic of the guru. Bhakti or devotion has no eye for shortcomings. There can be no cause for complaint if the public do not accept the eulogies of one who refuses to analyses the merits and shortcomnigs of his subject. The disciple's own action are, in fact, his commentary on the master. I have often said that Gokhale was my political guru. '5

A traditional etymology of the term `guru' is based on the interplay darkness and light. The guru is seen as the one who dispels the darkness of ignorance. Mahatma Gandhi suggested, `The longer I am in India, the more I see that some people believe I have set myself up as a guru. I cautioned them against this is in South Africa and caution you here again. I know uttering such at this meeting an address was presented to Mohanlal Pandya. Caution can itself be a way of seeking honour. Even at the risk of seeming to do so. I shall say that it is not for me to be anyone's guru. I am not fit to be that. Even in South Africa, when there were hallowed occasions like the present one, I had refused the position and do so today once more. I am myself in search of a guru. How can a man, himself in search of a guru, be a guru to anyone else? I had my political guru in Gokhale, but I cannot be one to anybody else becauase I am still a child in matters of politics. Again, if I agreed to be a guru and accepted someone as my disciple, and the latter did not come to my expectations or ran away, I would be very much hurt. I hold that a man should think, not once, but many times before declaring himself anyone's disciple. A disciple proves his discipleship by carrying but any order of the guru the moment it is uttered, much as a paid servant would. Whether or not he has made himself such a servant will be known only when he shows that he has fully carried out the order. The work I have been doing has brought me in the public eye. It has been such as would appeal to the people. If I have shown any skill in this struggle, it has been only in seeing the direction in which the current of popular feeling was flowing and trying to direct it into the right channel with happy results.'6.

Mahatma Gandhi told, `I tihnk it very dangerous, in this age, for anyone to accept another as a guru or be another's guru. We attribute perfection to a guru. By accepting an imperfect man as our guru, we are led into no end of error. '7 Mahatma Gandhi told, `There can be no jnana without a guru is a golden maxim. But it is very difficult to find a guru, and it would not be proper to accept any person as a guru in the absence of a good one and so drown ourselves right in the middle of our voyage accross this ocean of life. A Guru is one

who will help us to swim across. How can a man who knows no swimming save others? Even if such swimmers exist in modern times, they are not a common sight.'8 Mahatnma Gandhi said, `I believe in the institution of gurus, but in this age millions must go without a guru, because it is a rare thing to find a combination of perfect purity and perfect learning. '9

Another etymology of the word `guru' found in the Guru Gita, includes guru as beyond the qualities and guru as devoid of form, stating that the who bestows that nature which transcend the qualities is said to be guru.' Mahatma Gandhi told, `I am aware, all scriptures and certainly, the Indian scriptures hold a guru to be absolutely indispensable, but if we cannot get a real guru, a sham substitute is not only useless but injurious.`10 Mahatma Gandhi guided, `A student used to prostrate himself before the guru and entreat him to guide his steps and stuff his brain with anything that he chose. These days an all-round guru is not available and the question of complete surrender does not arise. However, you need here the assurance that the teachers are leading you along the right path and not otherwise. Many things are bitter in the beginnig but beneficial in the long run. With this faith you should swallow a bitter pill. This is my advice as well as prayer to you.'11

Mahatma Gandhi told, `My guru was very particular about this matter and told me that, in the interest of the spiritual effort I have undertaken, I must give up meat-eating.'12 Mahatma Gandhi wrote, `A person in search of a guru is vigilant and in the process acquires merit. So I go along unperturbed. It is by God's grace that one is blessed with a guru. Therefore, I shall get a guru at the time and place that I come to deserve one. In the meanwhile I always pay my obeisance to the guru I am yet to see.13 Mahatma Gandhi told, `God is one. I do not understand your difficulty in conceiving Him as formless. That which has a form cannot be all pervading, it needs must be the subtlest. It can therefore be only formless. All must admit the need for a guru but one may not hastily accept someone as a guru. In this age to seek guru is to believe in one, because to acquire a perfect guide one must perfectly qualify oneself.'14

Mahatma Gandhi said, `As a result of my statement in chapter I, part II of *My Experiments with Truth* that I was still in search of a guru, numerous correspondents, Hindus, Mussalmans and Christians, have favoured me with long letters telling me how to find a guru. More letters are still coming in. Some tell me actually where to go and whom to see. But let them and others realize that my difficulty is fundamental. Nor does it trouble me. It is fundamental because my conception of a guru is perhaps not of the ordinary. Nothing but perfection will satisfy me. I am in search of one who, though in the flesh, is incorruptible and unmoved by passion, free from the pairs of opposites, who is truth and ashimsa incarnate and who will therefore fear none and be feared by none. Everyone gets the guru he deserves and strives for. The difficulty of finding the guru I want is thus obvious. But it does not worry me; for it follows from what I have said that I must try to perfect myself before I meet the guru in the flesh. Till then I must contemplate him in the spirit. My success lies in my continuous, humble, truthful striving. '15

Mahatma Gandhi told, `It is straight and narrow. It is like the edge of a sword. I rejoice to walk on it. I weep when I slip. God's word is: `He who strives never perishes.' I have implicit faith in that promise. Though therefore from my weakness I fail a thousand times, I will not lose faith but hope that I shall see the Light when the flesh has been brought under perfect subjection as some day it must. I wonder if the kind correspondents will now understand my position and cease to worry about me but join me in the search, unless they are satisfied that they have found Him.'16 Mahatma Gandhi wrote, `A gentleman writes as follows in support of my note explaining the qualities of a true guru: Ramdas Swami has actually said in so many words that man need not search for any guru outside of himself; that one should follow the path indicated by one's own sense of discrimination born of one's faith in God, be guided by that sense of discrimination and always work in a spirit of sacrifice. That saint of Maharashtra has said in these few words all that needs to be said.'17

Mahatma Gandhi told, `A man who sets out to find the right guru, should, I believe, become free himself from faults and passions. Being free from faults and passions does not mean being absolutely perfect. It is only modest to feel the need for a guru. A Guru need not necessarily be a living person. Even today I regard as my guides some who, though not yet perfect, have reached a high stage of spiritual development. There is no point in trying to know the difference between a perfect man and God. Since it is impossible to get a perfect answer, one must find a reply through one's

own experience.'18 Mahatma Gandhi wrote, `I should like to see a guru who was actully alive today. I have no means of knowing with certainty that my ideas are always good. I am but a humble creature taking every step with fear in my heart. I certainly do not believe that my life will have been wasted if I do not come across a guru before I die. My duty is to work; the fruit is in God's hands to give. I am not looking for a guru in order that he may resolve my doubts.'19

Mahatma Gandhi told, `I am in search of a guru because I am humble and because that search is scientific necessity for every god fearing man. The search is its own reward and its own satisfaction. Some do get the guru they want. But it is not a matter of such moment if they cannot get the guru during the current incarnation. It is enough if the search is absolutely sincere and equally persistent. It is also an article of faith with me that, if my search is sincere and peristent, my guru will come to me instead of my having to go to him if and when I deserve him.'20

Knowledge was not regarded as a universal right as it often is today. Access to knowledge via the guru was the privilege of a very small minority. Mahatma Gandhi said, `Neverthless, I have not accepted him as my guru. I am still in search of one, and so far my feeling in regard to everyone whom I might think of as a guru has been not this. One must have the requiste qualification to come upon a perfect guru, and I cannot claim to have it.'21 Mahatma Gandhi wrote, `If we keep on the search for a guru, we shall always have some wholesome fear in our heart. With the thought of a guru constantly in our mind, it will remain pure. *The Gita* tells us that, if the divine impulse has quickened in us, we should be humble. One should think, `I know nothing. I want to ask God, or a guru, but how may I see either?' We should, therfore, pray. He who prays with faith in God will one day be saved. He who talks as if Brahman was in him will not be saved. The literal meaning of the verse is that we should be guided by the authority of the Shahtras. The derived meaning is that we should be guided by shastrachara. To be shishta means that, in the absence of a guru, we should be humble, and to be humble means to worship our personal God. That is, we should look upon ourselves as insignificant creatures, like bugs and flies, and worship God. If you are humble, you will be saved. If you are humble and sincere, the veils before your eyes will be lifted one after the other.'22

Mahatma Gandhi told, `I have no fitness for becoming anybody's guru, being myself in search of one. After all a person who sets out to become anybody's guru, if he is a sincere man, must have confidence in himself. The relation of a teacher and disciple is not a mechanical one but it is organic. The only suggestion, therefore, that I can make to you is that if you cannot be satisfied with personal effort and struggle, you can have the guru of your imagination; but then it won't be my conscious self, for I should be utterly incapable of giving you unerring guidance which a true guru is supposed to give and you may draw what confort it is possible for you to do from the imaginary picture. I am sorry that I can give you no other or further comfort. The best thing one can do however is to kneel down to God above and ask Him to give the required guidance. He is the only source of light and of peace.'23 Mahatma Gandhi said, 'In confirmation of my note on the definition of a guru, a correspondent sends the following interesting information. In connection with your definition of a guru, I am reminded of the beautiful lines of the poet-saint Ramadas. He said: `You cannot find a better guru than viveka or the power of discriminating from untruth, right from wrong or good from evil. There is no better disciple than chitta or mind, and no nobler friend than one's jeeva or soul.' In fact, Ramdas points out that man need not go outside himself in search of a guru. `Be guided by your power fo discrimination, derived from your implicit faith in God, keep your mind under control of such a power and nobly sacrifice the self.' This in essence is the advice of the Maharashtra saint.'24

Mahatma Gandhi wrote, 'In all my life I gave only one person the freedom to regard me as his guru and I had my fill of it. The fault was not his, as I could see; only I had imperfections. Anyone who becomes a guru should possess the power of conferring on the pupil the capacity to carry out whatever task is assigned to him. I had not that power and still do not have it.'25 Mahatma Gandhi told, 'I am a believer in guru bhakti. However, every teacher cannot become a guru. The guru-disciple relationship is spiritual and spontaneous, it is not artifical, it cannot be created through external pressure. Such gurus are still to be found in India. It should not be necessary to warn that I am not speaking here of gurus who give *moksha*. The question of flattering such a guru just does not arise. The respect to-

wards such a guru can only be natural; the guru's love is also of the same kind. Hence the one is always ready to give and the other is always ready to receive. Common knowledge, on the other hand, is something which we can accept from anyone. I can learn a lot from a carpenter with whom I have no connection and of whose faults I am aware; I can acquire knowledge of carpentry from him just as I purchase goods from a shopkeeper. Of course, a certain type of faith is required even here. I cannot learn carpentry from a carpenter if I do not have faith in his knowledge of that subject. Guru bhakti is an altogether different matter. In character-building, which is the object of education, the relationship between the guru and his disciples is of utmost importance and where there is no guru bhakti in its pure form; there can be no character-buildig.'26

Mahatma Gandhi described, `Guru is Brahma, Guru is Vishnu, Guru is God Siva. Guru verily is the supreme Brahman; to that guru I bow. I am convinced there are strong reasons for the Hindu belief concerning the greatness of the guru. That is why I have been looking for the true meaning of the word `guru' and saying time and again that I am in quest of a guru. The guru in whom Brahma, Vishnu and Siva merge and who is the Supreme Brahman Himself cannot be an embodied man with his humours and diseases. He will possess the powers of Brahma, Vishnu and Shiva. In other words, He can only be an ideal being. This guru, our desired god, can only be God who is the embodiment of Truth. Hence the quest for such a guru is the quest for God. If we look at the matter thus. the meaning of all that the writer has said is easily understood. One who can show us God is certainly fit to be guru and may be said to be greater than God. We see God's creatures suffering in many ways. Anyone who can free us from this web would deserve a place superior to God's. This is also the meaning of the saying: `The servant of Rama is greater than Rama.' The meaning of all these great utterances is so simple that if we examine them with a pure heart we shall not be led astray. Every such great utterance has an indispensable condition attached to it. One who frees us from desire, anger and so on, intiates us into the religion of love, frees us from fear, teaches us simplicity, gives us not only the 1 This is not translated here. The writer had referred approvingly to Gandhiji's view that no living being should be worshipped and no man could be called well while yet alive but had pointed out that, according to Hindu tradition God could be reached only by the grace of the guru and therefore one could worship the guru. He gave the instaance of a Marwari devotee from Calcutta being received by the crowds in Bombay with drums and cymbals. Intellingence to establish identity with the poorest of the poor but also the heart to feel such identity is certainly, for us, more than God. This does not mean that such a servant of God by himself is greater than God. If we fall into the sea we shall be drowned. However, If we drink, when we are thirsty, a jugful of water from the Ganga which flows into the sea, taking it from near the source, that Ganga water is more to us than the sea. But the same Ganga water is like poison if taken at the point where the Ganga meets the sea. The same is true with regard to the guru. To accept as guru one who is full of conceit and arrogance and hungering to be served is like drinking the poisonous water of the Ganga that carries all manner of filth into the sea. Today we practice adharma in the name of dharma. We cherish hypocrisy in the name of truth and degrade ourselves as well as others by pretending to be possessed of spiritual knowledge and usurping all kinds of worship. At such a time dharma consists in refusing to accept anyone as guru. It is doubly sinful, when a true guru cannot be found, to set up a clary figure and make a guru of it. But so long as a true guru is not found there is merit in going on saying `Not this. Not this', and it may one day lead to our finding a true guru.

There are many hazards in trying to go against the current. I have had, as I continue to have, many experiences bitter and sweet of this. I have learnt but one thing from these, viz. that whatever is immoral and must be opposed should be opposed, even if one is all alone in opposing it. And one should have the faith that if the opposition is truthful it will one day surely bear fruit. A devotee who is after eulogy or worship, who is offended if not given honour, is no devotee. The true service of a devotee is to become a devotee oneself. Hence I oppose, wherever possible, the worship of human beings which is in vogue nowadays and urge other to do likewise.'27

Mahatma Gandhi said, `I had accepted many persons in this world as my gurus, but I am not in that position. I have said, on the contrary, that I am still in search of a guru in religious matters. It is my belief,

which grows stronger day by day, that one must have especial fitness to find a guru. A guru comes unsought to him who has it. I lack such fitness. I have described Gokhale as my political guru. He has satisfied all my expectations of a guru in that field. I never doubted or questioned the propriety of his views or instructions. I cannot say that of anyone as a guru in religious matters.'28 Mahatma Gandhi told, `I could not enthrone him in my heart as my Guru. The throne has remained vacant and my search still continues. I believe in the Hindu theory of Guru and his importance in spiritual realization. I think there is a great deal of truth in the doctrine that true knoweledge is impossible without a Guru. An imperfect teacher may be tolerable in mundane matters, but not in spiritual matters. Only a perfect *jnani* 1 deserves to be enthroned as Guru. There must, therefore, be ceaseless striving after perfection. For one gets the Guru that one deserves. Infinite striving after perfection is one's right. It is its own reward. The rest is in the hands of God.

Thus, though I could not place Raychandbhai on the throne of my heart as Guru, we shall see how he was, on many occasions, my guide and helper.'16 Three moderns have left a deep impress on life, and captivated me; Raychandbhai by his living contact; Tolstoy by his book *The Kingdom of God is within you*; and Ruskin by his *Unto This Last*. But of these more in their proper place.'29

The Importance of finding a guru who can impart transcendental knowledge is emphasized in Hinduism. One of the main Hindu texts, the Bhagwad Gita, is a dialogue between God in the form of Krishna and his friend Arjuna. Not only does this dialogue outline many of the ideals of Hinduism, but their relationship is considered an ideal one of Guru-Shishya. In the Gita, Krishna speaks to Arjuna of the importance of finding a guru: Acquire the transcendental knowledge from a Self-realized master by humble reverence, by sincere inquiry, and by service. The wise ones who have realized the Truth will impart the Knowledge to you. In Hinduism, the guru is considered a respected person with saintly qualities who enlightens the mind of his or her disciple, an educator from whom one receives the intiatory mantra, and one who instructs in rituals and religious ceremonies. Mahatma Gandhi told, `There is peace only in being faithfully engaged in a worthy endeavour. There is no way to knowledge except through service and contemplation. The awarness of being in the abode of *guru* is valid. But the abode of *guru* is in one's own heart; therefore it is necessary to purify the heart, which is possible only through ceasless service.'

The cause of the attachment and aversion we see in the world is people's habit of observing one another's defects. That whose only aim is enjoyment in life is bound to be filled with such feelings. I should, therefore, like to see a bond of frindship between husband and wife, instead of one of sensual enjoyment. I know that it is difficult to cultivate such a relationship, but nothing is too difficult for determined effort. The vow requires the bride to say that the bridegroom is her guru and her god. I had wanted this time to alter the vow in this regard, but refrained from doing so for fear that that might confuse people's minds. I intend to omit the word `guru' in future, because it is not right that a husbsnd should regard himself as a guru or god. Anyone who serves another does become a guru or god without his claiming to be one. This, however, does not mean that today's vow is not binding. Rukmini has accepted you as her guru and god, understanding quite well the meaning of the vow. You should, therefore, be worthy of her turst. Take care of her as you would of a flower. Tolerate the differences in outlook and manners which may arise from the fact of you two belonging to different provinces. May the bond between Marwar and Gujarat which has been formed grow and bear happy fruit. May your relationship become an ideal for other's?'31 Mahatma Gandhi told, `I got your letter. A good book too can be a revered guru. But God is the only true guru. When we learn to feel His presence in our heart, we shall have met the revered guru whom we seek. '32

Some Hindu denominations hold that a personal relationship with a living guru, revered as the embodiment of God, is essential in seeking moksha. The guru is the one who guides his or her disciple for it. Mahatma Gandhi described, "Guru (teacher) is Brahma, he is Vishnu, he is Mahadev, he is the great Brahman itself. I bow to that guru." 33 Mahatma Gandhi told, "This refers ofcourse to the spiritual teacher. This is not a mechanical or artificial relationship. The teacher is not all this in reality, but he is all that to disciple who finds his full satisfaction in him and imputes perfection to him who gave him a living faith in a living God. Such a guru is a rarity atleast nowadays. The best thing there-

fore is to think of God Himself as one's Guru or await the Light in faith." 34

In Indian culture, a person without a guru or a teacher was once looked down on as on orphan or unfortunate one. The word anatha in Sanskrit means "the one without a teacher." An acharya is the giver of knowledge in the form of instruction. A guru also gives diksha which is the spiritual awakening of the disciple by the grace of the guru. Mahatma Gandhi told, "A guru is one who guides us to righteousness by his own righteous conduct." 35 Mahatma Gandhi told, "The guru must possess the virtues of a sthitaprajna. I have not come across such an embodiment of perfection. But I have found a few people in all countries who possess varying degrees of these virtues."36


On the role of the guru, Swami Shivanand asked: "Do you realize now the sacred significance and the supreme importance of the Guru's role in the evolution of man? It was not without reason that the India of the past carefully tended and kept alive the lamp of Guru-Tattva. It is therefore not without reason that India, year after year, age after age, commemorates anew this ancient concept of the Guru, adores it and pays homage to it again and again, and thereby re-affirms its belief and allegiance to it. For, the true Indian knows that the Guru is the only guarantee for the individual to transcend the bondage of sorrow and death, and experience the Conciousness of the Reality." Mahatma Gandhi said, "I suppose you also know that I am all the time in search of a guru. I don't know when I will meet him, but I am striving to deserve one. The game is in God's hands. In any case that Guru of all gurus is always there. I dance as He pulls me."37 Mahatma Gandhi wrote, "The couplets composed by you concern a guru and his disciple and that too when they are residing at the same place. Neither is I a guru nor is you a disciple. I have never made anyone my disciple. I hope you know this."38 Mahatma Gandhi told, "I have no guru. If I discover a guru, I shall bow before him. My religion teaches me the need for a guru and how to honour one. But today my heart is my only guru."39 There is an understanding in some forms of Hinduism that if the devotee were presented with the guru and God, first he would pay respect to the guru, since the had been instrumental in leading him to God.

**References:**

1. SPEECH AT RECEPTION BY AHMEDABAD CITIZENS; February 2, 1915
2. SPEECH AT ARYA SAMAJ ANNUAL CELEBRATIONS, January 2, 1916
3. SPEECH ON 'ASHRAM VOWS' AT Y.M.C.A, MADRAS; February 16, 1916
4. A STAIN ON INDIA'S FOREHEAD; After November 5, 1917
5. FOREWORD TO VOLUME OF GOKHALE'S SPEECHES; Before February 19, 1918
6. SPEECH AT KATHLAL; June 28, 1918
7. Navajivan, 29-12-1920
8. Navajivan, 6-2-1921
9. VOL.24 : 22 JULY, 1921 - 25 OCTOBER, 1921 Page - 371
10. LETTER TO SHEVAKRAM KARAMCHAND; March 21, 1924
11. VOL.30 : 27 DECEMBER, 1924 - 21 MARCH, 1925 Page-89
12. Navajivan, 28-6-1925
13. LETTER TO DINSHAA MANCHERJI MUNSHI; June 1, 1926
14. LETTER TO KASAMALI; June 13, 1926
15. VOL.35 : 2 APRIL, 1926 - JULY, 1926 Page- 374
16. VOL.35 : 2 APRIL, 1926 - JULY, 1926 Page -375
17. Navajivan, 27-6-1926
18. LETTER TO MOTILAL; June 29, 1926
19. LETTER TO ADAM SALEHALIBHAI; July 16, 1926
20. LETTER TO LALTA PERSHAD SHAD; October 2, 1926
21. VOL.36 : 8 JULY, 1926 - 10 NOVEMBER, 1926 Page - 469
22. VOL.37 : 11 NOVEMBER, 1926 - 1 JANUARY, 1927- 309
23. LETTER TO BASANTA KUMAR RAHA; May 31, 1927
24. Yound India, 24-6-1926
25. VOL.41 : 3 DECEMBER, 1927 - 1 MAY, 1928 Page- 471
26. Navajivan, 3-6-1928
27. Navajivan, 10-6-1928
28. VOL.43 : 10 SEPTEMBER, 1928 -14 JANUARY,1929 Page -5
29. VOL.44 : 16 JANUARY, 1929 - 3 FEBRUARY, 1929 Page- 157
30. A LETTER; October 10, 1929
31. VOL.48 : 21 NOVEMBER, 1929 - 2 APRIL, 1930 Page- 368
32. LETTER TO RADHA GANDHI; November 16, 1930
33. VOL.51 : 6 JANUARY, 1931 - 28 APRIL, 1931 Page- 60
34. VOL.51 : 6 JANUARY, 1931 - 28 APRIL, 1931 Page- 61
35. A LETTER; May 16, 1932
36. LETTER TO BALWANTSINHA; February 5, 1933
37. LETTER TO GOVINDBHAI R.PATEL; September 24, 1934
38. LETTER TO ISHWARDAS; August 17, 1935
1. VOL.84 : 27 JANUARY, 1944 - 1 OCTOBER, 1944 Page -135

❐❐❐

## The First Ganadhara Indrabhuti Gautam - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327



Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



## કહાં ગયે વો લોગ...

□ રમેશ પી. શાહ

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ,

આજના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે તમને આ પત્ર દ્વારા હું એક સામાન્ય પ્રજાજનની હેસિયતથી થોડી પેટછૂટી વાત કરું છું.

સૌથી પહેલાં એક આનંદની વાત કહું. રાષ્ટ્રીય પર્વ નિમિત્ત તમે પણ મારા જેવા દસ હજાર પ્રજાજનોમાટે તમને નજદીકથી જોવા-સાંભળવા માટે ધ્વજવંદન પ્રસંગે વ્યવસ્થા કરી. એ બહુ સારું લાગ્યું. અમને તમારી સાથે આપણાપણું લાગ્યું.

તમને જોગીદાસ ખુમાણની વાત કરું. ગરાસ બાબતમાં મનભેદ થતાં ભાવનગર રાજ સામે બહારવટે ચડ્યા. ભાવનગર રાજના સિપાહીઓને તોબા પોકરાવી, કેમે કરી પકડાય નહીં. એવામાં ભાવનગરના નરેશ વજેસિંહના ભાઈનું મૃત્યુ થયું. જોગીદાસે પોતાના સાથીઓને કહ્યું કે મારે ખરેખર જવું જોઈએ, આપણાં ભાવનગરના નરેશને માથે આવું દુઃખ આવી પડ્યું હોય ત્યારે એ દુઃખમાં ભાગ લેવા જવું જોઈએ. દરબારગઢમાં કાણ મંડાઈ ત્યારે જોગીદાસ મોટી ચોફાળ ઓઢીને સહુ સાથે બેસી ગયા. વજેસિંહબાપુ બધાને માથે હાથ મૂકતા જાય ને કહે-'બાપ, છાના રહો. થવાનું હતું તે થઈ ગયું.' આમ જ્યારે જોગીદાસ પાસે પહોંચ્યા ત્યારે કહે-'જોગીદાસ, છાના રહો ભાઈ.' જોગીદાસનું નામ પડતાંની સાથે જ કંઈ કેટલાય હાથ તલવારની મૂઠ પર આવી ગયા. બાપુ બધાને શાંત કરતાં કહે-'જોગીદાસ અહીં બહારવટું કરવા નથી આવ્યા. મારા દુઃખમાં ભાગ લેવા આવ્યા છે. જોગીદાસ કહે, 'બાપુ, ભલો મને ઓળખ્યો ?' બાપુે કહ્યું કે હું તમારો અવાજ ન ઓળખું ? બંને એકબીજાને ભેટી પડ્યા.

આમાં કોની ખાનદાનીના વખાણ કરવા ? વજેસિંહબાપુની કે જોગીદાસ ખુમાણની ?

કેટલાક વર્ષો પછી સૌરાષ્ટ્રના સંસ્કાર-પીંડમાં રહેલી આ ખાનદાની ગાંધીમાં પ્રગટ થઈ. બ્રિટન બીજા વિશ્વયુદ્ધમાં ભેરવાયું હતું. આર્થિક રીતે પણ બહુ મજબૂત ન હતું. તે વખતે કોંગ્રેસના કેટલાક આગેવાનોએ બાપુને સલાહ આપી, આ સારો અવસર છે, આઝાદીની લડતને જરા વધારે ઉગ્ર બનાવીએ તો અંગ્રેજોએ આઝાદી આપવી પડશે. ગાંધીએ બહુ સરસ જવાબ આપ્યો-'દુશ્મનની લાચારીનો લાભ લઈ આપણો સ્વાર્થ સાધીએ એ તો હિંસા કહેવાય.' આટલું જ નહીં પણ બ્રિટીશરોને મદદ કરવાની તત્પરતા પણ દેખાડી.

આવી ખાનદાની દુશ્મની અત્યારે ક્યાં જોવા મળે છે ?

## પંથે પંથે પાથેય

અરે મોદી સાહેબ, અત્યારના માહોલમાં વ્યક્તિની સિદ્ધાંત માટેની નિષ્ઠા, સામાજીક-નૈતિક મૂલ્યોનું ઉંધે માથે પટકાવું–આ બધુંય તમને ક્યાં અજાણ્યું છે ? સાચું બોલવાનું સ્થાન દંભ અને જુઠાણાએ લીધું છે. ભોળા, સરળ માણસો બુદ્ધુમાં ખપે છે. લૂચ્ચા કે કપટી માણસો 'સ્માર્ટ' ગણાય છે. બિહારમાં આવેલી કુદરતી આફત વખતે આપણાં પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે પોતાનો પગાર બિહાર રાહત ફંડમાં આપેલો. આજે મૂંગા પશુઓના ઘાસચારાના ફંડમાંથી લોકો ઉભા ગળે ખાય છે. અરે ! કહેવાતા નેતાઓ બળાત્કારને સહજ ગણાવવાનો પ્રયત્ન કરે છે !

સત્યાગ્રહના દિવસોની વાત છે. મુંબઈમાં લેમિંગ્ટન રોડ ઉપર સત્યાગ્રહ ચાલતો હતો. ચોક્કસ સત્યાગ્રહીઓ ભેગા થાય, સુત્રોચ્ચાર કરે, પોલીસ આવે, વાનમાં બેસાડીને લઈ જાય. વાલકેશ્વર જેવા ધનાઢ્ય વિસ્તારના એક બહેન પણ સત્યાગ્રહમાં જોડાયા. વાનમાં લઈ જતાં પહેલાં મહિલા પોલીસે એ બહેનને કહ્યું કે, તમારા શરીર ઉપરના ઘરેણાં ઉતારી નાંખો. બહેને તુરત જ પોતાના હાથ રૂમાલમાં ઘરેણાં મૂકી એક નાની પોટલી બનાવી, પણ આપવી કોને ? આજુબાજુ જોયું. એક મધ્યવયના ભાઈ ગાંધી ટોપી પહેરીને ઊભાં હતાં. તેમને પોટલી આપતાં બહેને કહ્યું કે ભાઈ, આ પોટલી મારે ઘેર આપીને મારા બાપુજીને કહેજો કે મેં સત્યાગ્રહમાં ભાગ લીધો છે. પેલા ભાઈ આશ્ચર્યથી જોઈ રહ્યા ને કહે-'બેન, ન તો તમે મને ઓળખતા કે નથી હું તમને ઓળખતો. તો પણ તમે મને આ પોટલી આપો છો ? બહેને બહુ જ સ્વસ્થતાથી જવાબ આપ્યો- 'તમારે માથે આ ગાંધી ટોપી છે ને ? એ જ મારે માટે મોટો વિશ્વાસ છે !'

અમારે તો સાહેબ, વિશ્વાસ ભાગ્યે જ પ્રાપ્ત થતી જણસ જેવો જઈ ગયો છે. દર પાંચ વર્ષે અમે સામાન્યજનો એક સાથે સામૂહિક પ્રયત્નથી આ ધોવાતા મૂલ્યોનું ધોવાણ અટકાવે, ગરીબાઈ, ભ્રષ્ટાચારની બેડીઓમાંથી છોડાવે એવા કોઈક જણની તલાશ કરીએ છીએ. કંઈ કેટલાય ઉપર વિશ્વાસ કર્યો પણ ભ્રમ ભાંગતો જ રહ્યો. સૌરાષ્ટ્રના કોઈ સંત-કવિની વાણી યાદ આવે છે-

'નદિ કિનારે ઉભો એક બગલો,
હંસલો જાણી મેં પ્રીત કીધી,
મુંઢામાં ભાળી માછલી.'

ઘણી વાર મન ડગી જતું. થતું કે આ વિશ્વાસ-ભંગની શૃંખલાનો અંત જ નહીં આવે ? આવા નિરાશાના અંધકારમાં તમે આશાનો દિવો લઈને આવ્યા છો. ઉર્મિ કે લાગણીઓના આવેશમાં લખતો નથી. પણ તમે જે કંઈ કહો છો, કરો છો એ ઉપરથી અમને આશા બંધાણી છે. પ્રશ્ન કે

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૩૧)

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

દીપોત્સવી અંક

જૈન તીર્થ વંદના અને શિલ્પ-સ્થાપત્ય વિશેષાંક

# પ્રબુદ્ધ જીવન

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨) અંક-૭, ઑક્ટોબર, ૨૦૧૪ • પાના ૧૧૨ • કીમત રૂા. ૨૦



## જિન-વચન

**કર્મોનું ફળ ભોગવી રહેલા, કામભોગ અને કુટુંબમાં આસક્ત જીવો આયુષ્યનો અંત આવતાં મૃત્યુ પામે છે**

कामेहि य संथवेहि गिद्धा कम्मसहा कालेण जंतवो ।
ताले जह बंधणच्चुए एवं आउक्खयंमि तुट्टइ ।।

(સૂ. ૧-૨-૧-૬)

જેમ તાલવૃક્ષનું ફળ બંધન તૂટતાં નીચે પડી જાય છે, તેમ કર્મોનું ફળ ભોગવી રહેલા, કામભોગમાં તથા કુટુંબમાં આસક્ત એવા જીવો આયુષ્યનો અંત આવતાં મૃત્યુ પામે છે.

Persons engrossed in wordly pleasures and attached to their relatives and friends ultimately face the consequences of thier own Karmas. They die when their life-span is over, just as a Tala fruit falls down, when detached from its stalk.

(ડૉ. રમણલાલ ચી. શાહ સંપાદિત 'जिन वचन'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૧.
- કુલ ૬૨મું વર્ષ.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

**પૂજ્ય મહાત્મા ગાંધીના જન્મદિન પ્રસંગે એ મહામાનવના જીવનના બે પ્રસંગોનું આચમન કરી એમને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ...**

### પહેલાં મારું માથું ફોડો

નાગપુરમાં મહાસભાનું અધિવેશન ચાલતું હતું. ગાંધીજી પોતાની ઝૂંપડીમાં પોલ રિશાર, વલ્લભભાઈ આદિ સાથે વાત કરતા હતા. ઝૂંપડી બહાર એક મારવાડી દંપતી દર્શન માટે અંદર આવવા સ્વયંસેવક સાથે રકઝક કરતાં હતાં. વલ્લભભાઈએ જે હોય તેને અંદર આવવા દેવા કહ્યું.

ત્યાં એક બીજો સ્વયંસેવક દોડતો આવ્યો અને બંગાળ છાવણીમાં તોફાન થયાના સમાચાર લાવ્યો. ગાંધીજી સફાળા ઊભા થયા. તાજી જ હજામત કરેલી. સૂર્યનાં કિરણો પડવાથી માથું ઝગતું હતું. નજીકમાં પડેલી ચાદર ખભે નાખીને એ ચાલી નીકળ્યા. ઘણી મહેનતે મહાત્માજીનાં દર્શન કરવા પામેલી બાઈ એમને જતાં બોલી: 'આપ ઊભા રહો મારે વાત કરવી છે,' એટલું કહી બાઈએ મહાત્માજીની ચાદરનો છેડો પકડ્યો. મહાત્માજી તો જવાની ઉતાવળમાં હતા. ચાદર ત્યાં જ છોડીને ચાલતા થયા. વલ્લભભાઈ મજાકમાં બોલી ઊઠ્યા: 'આવે પ્રસંગે એ તો પોતડી પણ ફેંકીને દોડે.'

કડકડતી ઠંડીમાં ગાંધીજી બંગાળ છાવણીમાં પહોંચી ગયા. ત્યાં તો અદ્‌ભુત રંગ હતો. ગાંધીજીના અસહકારના ઠરાવનો વિરોધ કરવા દાસબાબુ કલકત્તાથી ૨૫૦ જેટલા પ્રતિનિધિઓને પોતાને ખર્ચે નાગપુર લઈ આવ્યા હતા. શ્રી બેનરજી ગાંધીના ઠરાવના પક્ષમાં હતા. બંન્નેના માણસો વચ્ચે ટપાટપી થઈ હતી.

ગાંધીજીએ ટોળામાં જઈ એક સ્ટૂલ ઉપર ઊભા થયા. બંગાળીઓ સિવાયના બધાને પહેલાં તો ત્યાંથી જતા રહેવા કહ્યું અને પછી બંગાળીઓને કહ્યું: 'તકરારનું મૂળ હું છું માથું ફોડવું હોય તો પહેલું મારું ફોડો.'

થોડીવારમાં બધા શાંત થઈ ગયા. દાસબાબુ સાથે તેમણે ત્યાંજ ગુફતેગુ કરી. પરિણામ એ આવ્યું કે દાસબાબુ જે વિરુદ્ધ હતા તેમને જ હાથે ઠરાવ રજૂ કરાવ્યો.

x x x

### ક્યા મોઢે આ ખાઈ શકું ?

૧૯૪૭ના ઉનાળામાં બિહારમાં કોમી દાવાનળ હોલવવા બાપુ ફરી રહ્યા હતા. ત્યાંથી દિલ્હી આવ્યા. એ દિવસોમાં એમનો ખોરાક ઓછો થઈ ગયો હતો.

એક સવારે મનુબહેને કેરીના રસનો પ્યાલો ભરીને જમતી વખતે આપ્યો. બાપુએ પૂછ્યું : પણ મને કહે, પહેલાં તપાસ કર કે આ કેરીની કિંમત શી છે ?

મનુબહેને માન્યું કે બાપુ વિનોદ કરે છે.

એ તો કાગળોની નકલ કરવાના કામે વળગ્યાં.

થોડી વાર પછી જોયું તો બાપુએ રસ લીધો નહોતો, એટલે લેવા કહ્યું.

બાપુ : હું તો સમજતો હતો કે તું કેરીની કિંમત પૂછીને જ આવશે. કેરી ભેટ આવી હોય તોપણ એની કિંમત પૂછ્યા પછી જ તારે મને ખાવા આપવી જોઈએ. એ તો તેં ન કર્યું પણ મેં તને પૂછ્યા પછી પણ જવાબ ન આપ્યો. કેરીના ફળનું એક નંગ દસ આનાનું છે એમ મારા સાંભળવામાં આવ્યું. તો એ ફળ ખાધા વગર હું જીવી શકું તેમ છું. આ રીતે ફળ લેવાથી મારા શરીરમાં લોહી વધતું નથી, પણ ઊલટાનું ઘટે છે. આવી અસહ્ય મોંઘવારીમાં અને વ્યથામાં તેં ચાર કેરીના રસનો મને ખાસ્સો ગ્લાસ ભરી આપ્યો. એટલે અઢી રૂપિયાનો પ્યાલો થયો. એ ક્યા મોઢે હું ખાઈ શકું ?

તેવામાં બાપુજીને પ્રણામ કરવા એક-બે નિરાશ્રિત બહેનો પોતાનાં બાળકોને લઈને આવી. બાપુજીએ તરત બે જુદા જુદા વાડકામાં બંને બાળકોને રસ પીવા આપી દીધો. એમનાં હૃદયમાંથી હાશ નીકળી ગઈ. મનુબહેનને કહેવા લાગ્યા: ઈશ્વર મારી મદદે છે તેનો આ તાદૃશ્ય દાખલો. પ્રભુએ આ બાળકોને મોકલી આપ્યાં અને તે પણ જેવા બાળકોની હું ઇચ્છા રાખતો હતો તેવાં જ બાળકો આવ્યાં. કેવી ઇશ્વરની દયા છે તે તો તું જો !

* * *

[ 'મારા ગાંધી બાપુ' : ઉમાશંકર જોશી ]







# પ્રબુદ્ધ જીવન

દીપોત્સવી અંક | જૈન તીર્થ વંદના અને શિલ્પ-સ્થાપત્ય વિશેષાંક | ઑક્ટોબર ૨૦૧૪

## સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | તીર્થ યાત્રા : મૌનની વાણીનું શુભશ્રવણ | ડૉ. ધનવંત શાહ | ૦૫ |
| ૨ | આ વિશિષ્ટ અંકના કલા-સ્થાપત્ય પ્રેમી વિદ્યાનુરાગી દ્વય સંપાદકો ડૉ. રેણુકા પોરવાલ અને ડૉ. અભય દોશી | તંત્રી ડૉ. ધનવંત શાહ | ૦૯ |
| ૩ | સંપાદકીય | ડૉ. રેણુકા પોરવાલ - ડૉ. અભય દોશી | ૧૦ |
| ૪ | જૈન સ્થાપત્યકળા | ડૉ. રેણુકા પોરવાલ | ૧૫ |
| ૫ | જૈન મંદિરો અનેતીર્થસ્થળોમાં પ્રયુક્ત શિલ્પકલા | ડૉ. અભય દોશી | ૧૯ |
| ૬ | દિવ્યતાની અનુભૂતિ | ડૉ. રેણુકા પોરવાલ | ૨૨ |
| ૭ | ભાવસ્પંદન યાત્રા–૧. શંખેશ્વર, ૨, જીરાવાલા, ૩. ડભોઈ અને ૪. સુરત | ડૉ. અભય દોશી | ૨૫ |
| ૮. | ત્રિભુવનતિલક શ્રી રાણકપુર તીર્થ | પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૯ |
| ૯ | જૈન ગિરિતીર્થ તારંગા અને અજિતનાથ જિનાલય | પ્રા. ડૉ. રામજીભાઈ સાગાલિયા | ૩૨ |
| ૧૦ | અમદાવાદ : એક જૈન તીર્થ દૃષ્ટિએ | ડૉ. થોમસ પરમાર | ૩૫ |
| ૧૧ | શત્રુંજય શિખરે દીવો રે, આદિશ્વર અલબેલો રે... | ચીમનલાલ કલાધર | ૩૯ |
| ૧૨ | અતિપ્રાચીન શ્રી કેશરવાડી તીર્થ (પુડલ તીર્થ) | ડૉ. ફાલ્ગુની ઝવેરી | ૪૨ |
| ૧૩ | નિરાંતનું સરોવર | ડૉ. ગુલાબ દેઢિયા | ૪૬ |
| ૧૪ | જૈન મૂર્તિકલા | નિસર્ગ આહીર | ૪૮ |
| ૧૫ | ભાંડાસર મંદિર બીકાનેર | લલિતકુમાર નાહટા : અનુ. ડૉ. રેણુકા પોરવાલ | ૫૩ |
| ૧૬ | મહાતીર્થ ઉજ્જયન્તગિરિ (ગિરનાર મહાતીર્થ ) | કનુભાઈ શાહ | ૫૪ |
| ૧૭ | આબુ તીર્થ | ડૉ. કલા શાહ | ૬૬ |
| ૧૮ | કચ્છ : શિલ્પ-સ્થાપત્યની અમૂલ્ય જણસ | પારૂલબેન બી. ગાંધી | ૬૯ |
| ૧૯ | માંડવગઢ તીર્થ | પંકજ જૈન–અનુવાદક : જે. કે. પોરવાલ | ૭૨ |
| ૨૦ | બિહાર રાજ્યમાં આવેલા જૈન તીર્થોનો ભાતીગળ ઇતિહાસ | — | ૭૩ |
| ૨૧ | વિદેશોમાં જિનમંદિરોના નિર્માણ... | મુનિશ્રી જિનચંદ્રજી મહારાજ (બંધુ ત્રિપુટી) | ૭૬ |
| ૨૨ | ડૉ. રશ્મિકુમાર ઝવેરી અને ડૉ. રેણુકા પોરવાલને આચાર્યશ્રી દુર્લભસાગરસૂરિશ્વરજી એવોર્ડ (૨૦૧૪) અર્પણ | અહેવાલ : ડૉ. કલા શાહ | ૭૮ |
| ૨૩ | ગુજરાત-કાઠિયાવાડની મારી તીર્થયાત્રા | ડૉ. મીસ શાર્લોટે ક્રૌઝે | ૭૯ |
| ૨૪ | શ્રી સરસ્વતીનું શિલ્પ-સ્થાપત્ય | પંન્યાસ કુલચંદ્ર વિજયજી મહારાજ | ૮૩ |
| ૨૫ | એક અદ્ભુત ભક્તિકથા | પ.પૂ.આ.શ્રી વાત્સલ્યદીપ સૂરિશ્વરજી મહારાજ | ૮૫ |
| ૨૬. | સામૂહિક તીર્થયાત્રાના આ અગિયાર દશ્યો કિયારે બદલાશે ? | મુનિશ્રી પ્રશમરતિ વિજયજી મહારાજ | ૮૬ |


*આ અંકના મુખપૃષ્ટ પરના ચિત્રના પરિચય માટે અંદર પાનાં ૨૯ પર પ્રકાશિત પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો લેખ 'ત્રિભુવનતિલક શ્રી રાણકપુર તીર્થ' વાંચો.*

***આભાર :** આ અંકમાં પ્રગટ થયેલ ચિત્રો વેબસાઈટ પરથી તેમજ કેટલાક પુસ્તકોમાંથી લેવામાં આવ્યા છે. તે સૌનો આભાર માનીએ છે.*






| | | |
|---|---|---|
| ૨૭. જૈન ધર્મ મેં તીર્થ કી અવધારણા | ડૉ. સાગરમલ જૈન | ૮૮ |
| ૨૮. તીર્થયાત્રા | ડૉ. સાગરમલ જૈન | ૯૨ |
| ૨૯. શંખેશ્વર તીર્થ કા ઇતિહાસ | ડૉ. સાગરમલ જૈન | ૯૬ |
| ૩૦. ઇતિહાસ કી ગૌરવપૂર્ણ વિરાસત–કાંગડા કે જૈન મંદિર | મહેન્દ્રકુમાર મસ્ત | ૯૮ |
| ૩૧. માતાશ્રી ચક્રેશ્વરી દેવી જૈન તીર્થ–સરહિંદ (પંજાબ) | મહેન્દ્રકુમાર મસ્ત | ૯૯ |
| ૩૨. ભાંડાસર જૈન મંદિર | લલિતકુમાર નાહટા | ૧૦૧ |
| ૩૩. બાળ શ્રાવકોના જીવન ઘડતરમાં જૈન શિલ્પ-સ્થાપત્યનું યોગદાન | ડૉ. અભય દોશી –ડૉ. રેણુકા પોરવાલ | ૧૦૩ |
| ૩૪. મહાન મંદિર મહાન માનવી | પ.પૂ.આ.શ્રી વાત્સલ્યદીપ સૂરિશ્વરજી મહારાજ | ૧૦૪ |
| ૩૫. વિશ્વ મંગલમ્ અનેરા વૃંદાવન : આર્થિક સહાય કરવા નોંધાયેલી રકમની યાદી | — | ૧૦૫ |
| ૩૬. શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૧૦૭ |
| ૩૭. Pilgrim Progress | Reshma Jain | 108 |
| ૩૮. સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૧૦૯ |
| ૩૯. પંથે પંથે પાથેય...સાધર્મિક વાત્સલ્ય | ડૉ. રેણુકા પોરવાલ | ૧૧૨ |



**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ३०० |
| ૮ | जैन धर्म दर्शन | ३०० |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થસ્સ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |

**નવાં પ્રકાશનો**

૧. **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન રૂા. ૩૦૦

૨. **ઈલા દીપક મહેતા સંપાદિત સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ રૂા. ૩૫૦

**આ અદ્ભુત પુસ્તક પ્રત્યેક જૈનના ઘરમાં હોવું જોઈએ.** રૂા. ૩૫૦નો ગ્રંથ માત્ર રૂા. ૧૦૦માં આપ આ સંસ્થા પાસેથી મેળવી શકશો.

ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ એકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**







Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) • અંક : ૭ • ઑક્ટોબર ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૦ • વીર સંવત ૨૫૪૦ • આસો વદિ તિથિ-૮ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

**દીપોત્સવી વિશેષાંક** | જૈન તીર્થ વંદના અને શિલ્પ-સ્થાપત્ય વિશેષાંક

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •    • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ વિશેષાંકના માનદ સંપાદકો :

ડૉ. રેણુકા પોરવાલ – ડૉ. અભય દોશી

## તીર્થ યાત્રા

## મૌનની વાણીનું શુભશ્રવણ

**તંત્રી સ્થાનેથી...**

*જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાઆલિ માણુસે લોએ।*
*જાઈંજિણં બિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ।।*

(સ્વર્ગમાં, પાતાળમાં અને મનુષ્ય લોકમાં જે કોઈ નામરૂપ તીર્થો છે, તેમાં જેટલા જિનેશ્વર બિંબો છે, તે સર્વેને હું વંદન કરું છું.)

**આ અંકના સૌજન્યદાતા**
**સ્વ. શ્રીમતી નયનાબેન**
**પ્રવીણચંદ્ર કોન્ટ્રક્ટર**
**હસ્તે : યશોમતીબેન શાહ**

**લિપિબદ્ધ** સાહિત્ય અને શિલ્પ સ્થાપત્ય પ્રત્યેક ધર્મ અને સંસ્કૃતિની જીવા દોરી છે. વિવિધ ભાષાનું લિપિ બદ્ધ સાહિત્ય આપણને વારસામાં ન મળ્યું હોત તો કોઈ પણ કાળનો વર્તમાન યુગ ધર્મ અને સંસ્કૃતિના તત્ત્વને સમજી શક્યો જ ન હોત. એ રીતે અઢળક સાહિત્યની રચના કરીને પૂર્વસૂરિઓએ આપણા ઉપર અનંત ઉપકારો કર્યા છે.

આવા જ ઉપકારો એ મહામાનવોએ સ્થાપત્ય-શિલ્પની રચના કરીને પણ માનવજાત પર કર્યા છે. સાહિત્ય સમજવા માટે વાંચનારને એ ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે, પણ સ્થાપત્યને સમજવા માટે કોઈ ભાષાની જરૂર નથી. (શિલાલેખ સિવાય) ચીન કે અન્ય દેશના યાત્રીઓ અહીંના જ્ઞાન ભંડાર ઉકેલી ન શકે, પરંતુ કોઈ પણ સ્થાપત્યનું નિરીક્ષણ કરીને એ સમયની સંસ્કૃતિ અને ધર્મની સમજ મેળવી શકે છે. એટલે જ સ્થાપત્ય પાસે સર્વ સ્વીકૃત મૌનની વાણી છે, જે મૂલ્યવાન છે.

ઓગસ્ટના પર્યુષણ પર્વના દળદાર કર્મયોગ અંકના વાચનનો શ્વાસ હજુ હેઠો બેઠો નહિ હોય, ત્યાં તો વળી આ ' જૈન તીર્થ વંદના'

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

અંક–ગ્રંથ–લઈને અમો આપની સમક્ષ ઉપસ્થિત થયા છીએ. આપ સર્વેનો અઢળક પ્રેમ છે એટલે જ તો આવા અંકો સર્જવા માટે અમારો ઉત્સાહ વધે છે અને આવા વિશિષ્ઠ અંકો તૈયાર થઈ જાય છે. ઉપરાંત આ નિમિત્તે સંપાદક તરીકે અન્ય વિદ્વાન મહાનુભાવના જ્ઞાનનો લાભ પણ આવા વિશિષ્ઠ અંકોને મળે છે. એ સર્વ સંપાદકો યશના અધિકારી છે.

જોકે આર્થિક દૃષ્ટિએ અમારા મથુરભાઈ અને પ્રવીણભાઈ મને મીઠી ટકોર કરતા રહે, પણ અમે તો 'બહાર'નું નહિ, 'અંદર'નું સાંભળવાવાળા છીએ! હું એમને સધિયારો આપું કે 'ચિંતા ન કરો, આપણા ઉદાર વાંચકો 'પ્રબુદ્ધ જીવન નિધિ'માં યથા ઇચ્છા ધન રાશી આપતા રહેશે,' અને પ્રવીણભાઈનો સવારે ફોન આવે કે, '' 'પ્રબુદ્ધ જીવન નિધિ' માટે આટલા રૂપિયા આવ્યા, આ સૌજન્ય મળ્યું'' વગેરે. અને ફરી વિશિષ્ટ અંક સર્જવાની અમારી કલ્પના શરૂ થઈ જાય. જ્ઞાનની અનુમોદના કરનાર સર્વ દાતાઓને મારા વંદન-અભિનંદન. શ્રુતજ્ઞાન એ ભગવાન છે. જ્ઞાન પૂજા એ ભગવાન પૂજા છે.

આ એપ્રિલ માસમાં મિત્ર ગુણવંતભાઈ બરવાળિયાએ જ્ઞાન-સત્રનું આયોજન કરેલ અને જ્ઞાનગોષ્ટિ પૂરી થયા પછી પાટણના તીર્થોના દર્શન અર્થે વિહરતા વિહરતા પંન્યાસ પૂ. ભદ્રંકર વિજયજીના સમાધિ મંદિરે અમે પહોંચ્યા, અને અમારી વિદ્વદ્ ગોષ્ટિમાં અમને વિચાર આવ્યો કે જૈન તીર્થો અને જૈન સ્થાપત્યનું જગત તો અતિ વિશાળ છે. આ સિંધુના બિન્દુને બિન્દુમાં સમાવવું પણ અશક્ય! અને મારી સામે જ અમારા લાડીલા વિદ્વાન ડૉ. અભયભાઈ દોશી અને કલા-મર્મજ્ઞ ડૉ. રેણુકાબેન પોરવાલ ઉપસ્થિત હતા, બસ અમારી 'સ્મિત' વાતો થઈ ગઈ અને નિર્ણય લેવાઈ ગયો. જેનું પરિણામ આ જ્ઞાન-સમૃદ્ધ અંક.

તીર્થનો અર્થ કેટલો વ્યાપક છે એ આપણને અહીં ડૉ. સાગરમલજીના અભ્યાસ લેખથી સમજાશે. આ દૃષ્ટિએ પુસ્તકાલય પણ તીર્થ છે અને પ્રત્યેક ઉપાશ્રય પણ તીર્થ જ છે. પછી તે સ્થાનકવાસીનો હોય કે દેરાવાસીનો. એટલે **આ અંક સર્વ જૈન સંપ્રદાયને સમર્પિત છે.**

જૈનોના દશ્યમાન તીર્થ-સ્થાપત્ય તો સમૃદ્ધ છે જ, ઉપરાંત તીર્થ વિશેનું સાહિત્ય પણ અતિ સમૃદ્ધ છે એ એઓશ્રીનો લેખ વંચવાથી આપણને પ્રતીત થાય છે.

આ અંક તૈયાર કરવામાં આ વિદ્વાન સંપાદકોએ અતિ પરિશ્રમ ઉઠાવ્યો છે એની પ્રતીતિ તો આ અંક વાચનારને પાને પાને થશે જ. આપણે સૌ આ વિદ્યાનુરાગી દ્વય સંપાદકોનો આભાર માની એમને અભિનંદન આપીએ.

આ દ્વય સંપાદકોને મેં કહ્યું, ''હું તો આ વિષયનો જાણકાર નથી એટલે મને તંત્રીલેખ લખવામાંથી મુક્ત કરજો'' તો એઓ કહે, 'આપણે આ અંકને માત્ર માહિતીના ભંડાર તરીકે તૈયાર નથી કરવો, પરંતુ તીર્થના દર્શન પછી થતી ભક્તિ સંવેદનાની પ્રસ્તુતિ પણ કરવાની છે. તમારે એ લખવાની.'

આ સંવેદના લખવાનો મને ક્ષોભ ન થાય એટલે આવી ભક્તિ સંવેદનાના લેખો એમણે પણ આ અંકમાં પ્રસ્તુત કર્યા. ઉપરાંત જર્મન વિદુષી મીસ શાર્લોટ કૌઝે, ભારતીય નામ સુભદ્રાદેવીનો આ વિષયક લેખ પુસ્તકાલયમાંથી મેળવીને અહીં પ્રસ્તુત કર્યો.

અહીં ઘણાં બધાં અભ્યાસ લેખ પ્રસ્તુત છે. એમાં મારા બે પાંદડાને કેમ મૂકું? પરંતુ સંપાદકો એટલે કેપ્ટન ઑફ ધ શીપ. અવજ્ઞા કેમ થાય?

**તો મારી ભક્તિ સંવેદના અને અનુભૂતિને અત્રે પ્રગટ કરવા આપની અનુમતિ લઉં છું,** થોડી ત્રુટક ત્રુટક!

જૈન મૂર્તિપૂજક પરિવારમાં મારો જન્મ. એટલે બાલવયથી જ તીર્થ દર્શનના સંસ્કારો હોય જ. પરંતુ જેમ જેમ સમજ અને વાચન વધતું ગયું એમ બુદ્ધિ, હૃદય અને આત્માનો સંઘર્ષ વધતો ગયો. શ્રદ્ધાના પૂર્ણ ચંદ્ર ઉપર બુદ્ધિના પડળો ગોઠવાતા ગયા.

આ ભક્તિ યાત્રામાં એવા એવા અનુભવો થયા કે ચમત્કારની કક્ષામાં મૂકવા જાઉં તો બુદ્ધિ લડવા બેસે, જોગાનુંજોગ કે સંજોગોનું લેબલ લગાડવા જાઉં તો હૃદય અને આત્મા મરક મરક હસે. સત્યની તારવણી કરવી તો મુશ્કેલ જ.

જીવનનું આ એવું મેઘધનુષ છે કે એક રંગની વાત કરવી હોય તો બીજા રંગનો આશરો લેવો જ પડે. આ રંગો જુદા પાડી જ ન શકાય. હમણાં વિદ્વાન મિત્ર ડૉ. ગુણવત શાહ સાથે ફોન ઉપર થોડી ગોષ્ટિ થઈ. એઓ કહે, 'આપણી પાસે અંગત અનુભવોનો ખજાનો હોય, પણ આત્મશ્લાઘાના ડરથી, કે બીજાને ન ગમે એ વિચારથી આપણે શા માટે આપણી અનુભૂતિને ગોપનિય રાખવી જોઈએ? આપણું સત્ય આપણે પ્રગટ કરવું જ જોઈએ. પ્રાજ્ઞ વાચક તારવણી કરી લેશે.'

તો લેખ લાંબો ન થાય એ સમજ રાખીને ક્ષોભ પામ્યા વગર કેટલીક ઘટના ટુંકમાં કહું. માત્ર મુદ્દા.

લગભગ ચાર પાંચ વરસની મારી ઉંમર હશે. પિતાજી પૂજાના કપડાં પહેરીને વેદનાભર્યા ચહેરે ઘરમાં પ્રવેશ્યા. પછી ખબર પડી

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–(U.S. $ 20) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–(U.S. $ 50) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–(U.S. $ 80)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–(U.S. $180)

> *જાવંતિ ચેઈઆઈં, ઉઢ્ઢે અ અહે અ, તિરિઅલોએ અ,*
> *સવ્વાઈ તાઈ વંદે , ઇહ સંતો તત્થ સંતાઈ.*
>
> –વંદિતુ સૂત્ર–ગાથા ૪૪.
>
> ઉર્ધ્વલોક, અધોલોક, અને તિર્ચ્છાલોકને વિશે જેટલી જિન પ્રતિમાઓ છે, તેને અહીં રહેલો હું ત્યાં રહેલી સર્વેને ભાવપૂર્વક વંદન કરું છું.

કે અમારા ઘરના ઘર દેરાસરમાં પાર્શ્વનાથ ભગવાનની પંચધાતુની મૂર્તિ હતી તે ઘરની બાજુમાં વોરા શેરીમાં (ભાવનગર) ગોડિજીનું દેરાસર હતું ત્યાં બિરાજાવ્યા. કારણકે અમારે શહેર છોડવાનું હતું. આજે મારા ઘરના પૂજાના નાના કબાટમાંથી કોઈ મૂર્તિ આગળ પાછળ કરે તો એ હું સહન કરી શકતો નથી. આવું ક્યારેક બને છે ત્યારે મારી સામે પિતાજીનો વેદનાભર્યો ચહેરો પ્રગટ થાય છે. હજુ પણ જ્યારે હું ભાવનગર જાઉં ત્યારે અચૂક એ દેરાસરમાં જઈ એ પાર્શ્વનાથ ભગવાનની પંચફણા મૂર્તિના દર્શન કરી મારી સંવેદનાઓને અનુસંધું છું.

ભાવનગરમાં દરબાર ગઢ પાસેના મોટા દેરાસરમાં સાંજે પાઠશાળાએ જવાનું, પછી મંદિરના વિશાળ પરિસરમાં રમવાનું અને બધાં ભગવાનના દર્શન કરી, ઘંટારવ કરી, આરતી ઉતારી આ બધો વિગતે અહેવાલ મોસાળમાં નાનાને આપવાનો. આજે સાંજે ક્યાંય પણ રસ્તે ચાલતાં કોઈ મંદિરથી આરતીનો ઘંટારવ સાંભળું છું ત્યારે એ દેરાસરની એ સાંજ, એ આરતી, એ મસ્તી યાદ આવી જાય છે. અને વર્તમાનની ગમે તેટલી ઉદાસી સાંજ હોય, પણ એ સ્મૃતિનો ઝબકારો મનને હર્યુંભર્યું કરી દે છે.

મારા પિતાજી નિયમિત પૂજા કરે. એક કલાક. ઉપરાંત અડધો કલાક એક પગે ઊભા રહી પદ્માવતી માતાની માળા ગણે. ભાવનગરમાં દાદા સાહેબના દેરાસરમાં, સુરત હોય ત્યારે ચિંતામણિ પાર્શ્વનાથ, અમદાવાદ હોય ત્યારે જમાલપુરનું દેરાસર.

મારી માતાને તો મેં એક વર્ષની ઉંમરે ગુમાવ્યા હતા.

મારા પિતાજીને સ્વતંત્ર સંગ્રામ વધુ પ્યારો લાગ્યો, પણ એમનાથી મારી માયા ન છૂટે, બધે મને સાથે ફેરવે. એક વખત સુરતના કોઈ દેરાસરના ભોંયરામાં પિતાજી જિનપૂજા કરતા હતા. બહાર પોલીસ ઊભી હતી. જેવા અમે બહાર નીકળ્યા એટલે પોલીસે અમને પકડ્યા અને મને મોકલ્યો અનાથ આશ્રમમાં અને ઈન્કલાબ ઝિન્દાબાદના નારા સાથે પિતાજીને જેલમાં. લગભગ ૧૯૪૬ની સાલ. ભોંયરામાં સ્થાપિત પાર્શ્વનાથ ભગવાનની એ વિરાટ મૂર્તિ હજી મારી સ્મૃતિ ઉપર સ્પષ્ટ છે અને જ્યારે સુરત જાઉં છું ત્યારે એ શોધું છું.

અનાથ આશ્રમનો સ્વાદ એક અઠવાડિયું ચાખ્યો અને મારા પરિવારના બંને માતૃ-પિતૃપક્ષ મારો કબજો લેવા હાજર. ફરી ભાવનગર, ફરી એ દેરાસર વગેરે વગેરે.

મોસાળ પક્ષને મારા પર વિશેષ લાગણી, પણ પિતાશ્રીને નાનાની સાથે મતભેદ. તો બીજી તરફ એમના અતિ શ્રીમંત ભાઈ સાથે પણ વિચાર ભેદ. હું સદ્‌ભાગી કે મારા ઉપર આ બેઉનો અતિ પ્રેમ અને બંન્ને પક્ષોએ મારી પૂરતી સંભાળ રાખી.

એક બપોરે સોનગઢથી કલ્યાણચંદ્રજી બાપા મારે મોસાળ પધાર્યા અને મોસાળના પરિવારજનોની ના હોવા છતાં મને પોતાના આશ્રમ સોનગઢ લઈ ગયા.પૂ. બાપાનો દાવો હતો કે એ આશ્રમમાં પ્રારંભમાં મારા પિતાજીનું અનુદાન હતું. મારા પિતાજી, આ સંસ્થાના સ્થાપક ચારિત્ર વિજયજી અને એમના ભક્ત હતા. એટલે મને સાચવવાની એમની ફરજ અને મારા પર એ આશ્રમનો હક વિશેષ. આજે તો અતિ વિશેષ.

આ આઠ વરસના અભ્યાસ કાળ દરમિયાન નિયમ પ્રમાણે દર વરસે એક મહિનો આશ્રમસ્થિત દેરાસરમાં ગોઠીની જવાબદારી નિભાવવાની. એ પ્રક્ષાલન, પૂજા, આરતીનો આનંદ શબ્દાતિત તીર્થવાસ જેવો હતો. ઉપરાંત શત્રુંજય તીર્થ દર વરસે જવાનું. બાળ માનસને ચંદ્રરાજા અને પોપટની વાત ગમે એટલે ચંદ્રકુંડ પાસે કલાકો બેસવાનું, પણ રાયણ વૃક્ષ નીચે બેઠા પછી તો ઊભા થવાનું મન જ થતું ન હતું. કોઈ અજબના સ્પંદનો શરીર મનને ઘેરી વળતા.

વેકેશનમાં બધાં પોતાને ઘેર જાય પણ પૂ. બાપા મને રજા ન આપે અને વેકેશનમાં પૂ. બાપા, કારાણી સાહેબ અને અમારો કાફલો સૌરાષ્ટ્રના રજવાડાના મહેમાન બનીએ. ત્યાં જ મને 'કલાપી'ના જીવનનો પરિચય થયો. ઉપરાંત બધાં ગામના બધાં મંદિરોમાં દર્શન કરવાના. પૂ. બાપા સ્થાનકવાસી સાધુ પણ મૂર્તિપૂજામાં અમને અવરોધે નહીં. આ સંસ્થાના સ્થાપકોમાં એક મૂર્તિપૂજક પૂ. ચારિત્ર વિજયજી અને બીજા સ્થાનકવાસી આ પૂ. કલ્યાણચંદ્રજી! ઉપરાંત આ જ સોનગઢમાં દિગંબર સંપ્રદાયના પ. પૂ. સંત કાનજી સ્વામી બિરાજમાન. આ ત્રણે આ ત્રણે સંપ્રદાયના તફાવતની અમને ક્યારે. ખબર ન પડી, અને અમારું શાળા શિક્ષણ આર્યસમાજ સંચાલિત એ સંસ્કારમાં, પણ બધાં વચ્ચે કોઈ ભેદભાવ નહિ!

એક વખત શાળાના મિત્રો સાથે ગિરનાર જવાનું થયું. ત્યાં એક ગુફામાં પણ ગજબના સ્પંદનોની અનુભૂતિ થઈ. એક બાબાની એક ગુફામાં અમે પ્રવેશ્યા. ત્યાં ખીચડીમાં ઘી કમંડળથી પીરસાય. પહેલી ટુંકની ધર્મશાળામાંથી નિયમિત આઠ દિવસ એ બાબા પાસે જવાનું,

બાબા એક મૂર્તિ પાસે સતત બેસી રહે, ધૂપ-દીપ અખંડ. સવારે સાત વાગે પહોંચી જાઉં. બાબા ધ્યાનમાં હોય. હું પાસે બેસી જાઉં. બાબા આંખ ખોલે, મને પદ્માસનમાં બેસી મૂર્તિ સામે જોવાની આજ્ઞા કરે. ધ્યાનની ક્રિયા સમજાવે અને શીખવાડે. ક્યારેક એવી અનુભૂતિ થાય કે અહીં જ સ્થિર થાઉં, પણ બાબાનો એ હેતુ ન હતો. બાબાના શબ્દો હજી યાદ આવે છે, કહે કે ''જાવ, પઢો, નઈ જિમ્મેદારી લો, ઔર યે સબ પૂરી કરો, સંસાર કા તપ ભી તપ હૈ, સાથ સાથ યે ભી કરતે રહો, લેકિન સબ છોડને કે બાદ ભી કુછ મત છોડો. સિર્ફ તોડો ઔર કહીં જોડો. જુડને કા આનંદ હી આનંદ હૈ.'' ગિરનારના તીર્થે જવાનો પ્રસંગ ન બન્યો હોત તો આ બાબાનો અનુભવ ન થયો હોત.

> ***''જાવ, પઢો, નઈ જિમ્મેદારી લો, ઔર યે સબ પૂરી કરો, સંસાર કા તપ ભી તપ હૈ, સાથ સાથ યે ભી કરતે રહો, લેકિન સબ છોડને કે બાદ ભી કુછ મત છોડો. સિર્ફ તોડો ઔર કહીં જોડો. જુડને કા આનંદ હી આનંદ હૈ.''***

લગ્ન પછી, લગભગ ૧૯૭૩ની સાલમાં પત્ની સાથે શ્રવણબેલગોલા જવાનું થયું. રાત્રે એ ભૂમિમાં પ્રવેશતાં જ કોઈ ગજબના આંદોલનોએ મને ઝકડી લીધો. સવારે અમે ઉદયગિરિ ઉપર બાહુબલિના દર્શને પહાડ ઉપર ગયા. અદ્‌ભુત અનુભૂતિ. ચરણો પાસે બેસી ગયો. ન જાણે શું થયું. મેં પત્નીને કહ્યું, 'હવે મારે અહીં જ રહેવું છે, હું તારી સાથે નહિ આવું.' ચારે બાજુ દૃષ્ટિ કરી. સામે બીજો પહાડ હતો. પૂજારીએ કહ્યું એ ચંદ્રગિરિ છે. મેં કહ્યું, 'મારે ત્યાં જવું છે.' ત્યાં ગયા. એ જ નિર્ણય. પૂ. ભદ્રબાહુ સ્વામીની શિલા અને ગુફા પાસે મારું સમગ્ર ચેતનાતંત્ર સ્થિર થઈ ગયું. પૂજારી કહે, વર્ષો પહેલાં અહીં બાર વરસનો દુકાળ પડ્યો હતો અને હજારો મુનિઓએ અનશન સંલેખના વ્રત કર્યું હતું. મારી વેદના વધી. લગભગ છ કલાક સુધી કોઈ વિચિત્ર અનુભવ થતો રહ્યો.

મિત્રો, સ્નેહીઓએ મને હંમેશાં પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ અને ફોટો ભેટ આપ્યા છે. શા માટે? મને ખબર ન હતી.

વર્ષો પછી મારી મોટી બેને કહ્યું કે મારો જન્મ દિવસ માગસર વદ દસમનો છે જે પાર્શ્વનાથ ભગવાનનો જન્મ કલ્યાણક દિવસ છે! એ પહેલાં મને મારી જન્મ તારીખ જ કહેવાઈ હતી.

અને રાજસ્થાનના મંદિરો અને મહુડી, શંખેશ્વરની યાત્રાની વાત પછી ક્યારેક. મહુડી જતો ત્યારે પ્રવેશદ્વાર પાસે આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજીએ લખેલી કવિતા વાંચતો, એ કવિતા સો વરસ પહેલાં લખાઈ હતી અને એમાં ભવિષ્યના સો વર્ષમાં બનવાની ઘટનાનું કથન હતું, જે વર્તમાનમાં સાચું પડી રહ્યું છે, એ અનુભવાય છે, ત્યારે તીર્થ સ્વરૂપ એ મુનિ ભગવંત પ્રત્યે આત્મા ઢળી પડતો. જી હા, મુંબઈ પાસેના અગાસી તીર્થમાં સામેની ધર્મશાળામાં રાત્રિ સમયે મંદિરનો ઘંટારવ પણ સાંભળ્યો છે!!

સમેત શિખર જવાની તીવ્ર ઇચ્છા જાગૃત થઈ છે. શા માટે? ક્યારે એ યાત્રા થશે? ખબર નથી.

ક્યા ચમત્કારો, ક્યા સંજોગો, ક્યા યોગાનુયોગો. ખબર નથી પડતી. પણ થાય છે. શું થાય છે? ક્યાંક, કશું તો છે જ, જ્યાં આપણી બુદ્ધિ પહોંચી નથી શકતી.

એ ક્યું છે, કોણ છે? કેમ છે? કળાતું નથી!!

ભક્તિનો આરંભ અહીંથી થાય છે.

તીર્થ ભાવના પ્રગટ થાય છે.

❑ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

## પાથેય

- *ધર્મ સર્વથા શુભંકર છે. અહિંસા, આત્મસંયમ અને તપ તેનાં તાત્ત્વિક ઘટકો છે. જેનું ચિત્ત નિરંતર ધર્મપાલનમાં હોય તેને દેવ પણ પ્રણમે છે.*
- *પ્રાર્થના એ ધર્મનું સત્ત્વ અને પ્રાણ છે. આથી પ્રાર્થના મનુષ્યના જીવનનું ગર્ભસત્ત્વ હોવું જોઈએ. કારણ કે ધર્મ વગર કોઈ જીવી શકે નહિ.*
- *વિજ્ઞાન 'જે છે' તેનું દર્શન કરાવે છે, ધર્મ 'જે હોવું જોઈએ' તેનું દર્શન કરાવે છે.*
- *ધર્મની શરૂઆત કાલે કરશો તો ચાલશે, પણ અધર્મનો ત્યાગ તો આજે જ કરી દો.*
- *અંતઃકરણ એ એક એવો ન્યાયાધીશ છે, જે તમે સારું કે નરસું જે કાંઈ વિચારો છો તેનો તરત જ ચુકાદો આપી દે છે, એ એક અલગ વાત છે કે પછી તમે એ ચુકાદો માનો કે ન માનો.*
- *જીવનમાં પહેલો સંઘર્ષ મન સાથે કરવો પડે છે, કારણ કે એને નકારાત્મક વલણનો સહેલો રસ્તો પસંદ છે.*
- *જો આપણી પાસે સાંભળવાને કાન હોય તો ઈશ્વર આપણી સાથે આપણી જ ભાષામાં વાત કરે છે.– તે ભાષા ગમે તે હોય.*
- *કુદરતમાં એવી ભાષા છેજે ઈશ્વરના અસિતિત્વની વાત કરે છે, તે ભાષા છે સુવ્યવસ્થાની, સૌંદર્યની, પૂર્ણતાની અને સમજદારીની..*

## આ વિશિષ્ટ અંકના કલા-સ્થાપત્ય પ્રેમી વિદ્યાનુરાગી દ્વય સંપાદકો

# ડૉ. રેણુકાબેન પોરવાલ અને ડૉ. અભય દોશી

શાંત પુસ્તકાલય જેવા આ દ્વય સંપાદકોને આપણે જ્યારે પણ મળીએ ત્યારે સર્વ પ્રથમ નમ્રતાપૂર્વક અશબ્દ સ્મિતથી આપણું સ્વાગત કરે. થોડો વાર્તાલાપ થાય એટલે એમનામાં રહેલું પુસ્તકાલય બોલકું બની જાય અને એમના આ સ્મિત અને જ્ઞાનથી આપણે એમના થઈ જઈએ.

સ્ત્રી દાક્ષિણ્યના સંસ્કારનું સન્માન કરી સર્વ પ્રથમ **ડૉ. રેણુકાબેન પોરવાલ**ના પરિચયશીલ્પને આપણે અવલોકીએ.

પિતૃપક્ષે રેણુકાબેન જૈન ધર્મના સંસ્કરોથી વિભૂષિત વસલાડના સામાજિક કાર્યકર અને જૈન ઉદ્યોગપતિ શ્રેષ્ઠિ પિતા હીરાચંદભાઈ અને સુશ્રાવિકા માતા સરોજબેનની પુત્રી.

પાંચ બહેનો અને એક ભાઈના બહોળા પરિવારમાં રેણુકાબેનનો જૈન ધર્મના સંસ્કારો અને અભ્યાસ સાથે ઉછેર. શાળા જીવન દરમિયાન વક્તૃત્વ વગેરે અનેક પ્રવૃત્તિઓમાં અગ્રેસર. સંસ્કૃત, ગણિત અને કલા-સ્થાપત્યમાં પ્રારંભથી જ વિશેષ રૂચિ.

વલસાડમાં આચાર્ય સૂરિશ્વર બુદ્ધિસાગરજી દ્વારા સ્થાપિત જૈન પાઠશાળામાં જૈન ધર્મનો અભ્યાસ કર્યો અને યુનિવર્સિટી શિક્ષણની અંતિમ ડીગ્રી ડૉક્ટરેટની પદવી આ આચાર્ય બુદ્ધિસાગરજીના જીવન અને સાહિત્ય ઉપર ડૉ. કલાબેન શાહના માર્ગદર્શન દ્વારા મહા નિબંધ લખી એ ઉપાધિ રેણુકાબેને પ્રાપ્ત કરી. આ મહાનિબંધ ગ્રંથ આકારે પ્રકાશિત થયો છે. કેવા સરસ યોગાનુયોગ, જ્યારે બીજ વવાયું ત્યારે એમને શી ખબર કે અહીં જ્ઞાનનું એક ઘટાટોપ વૃક્ષ ઉગશે. કાળે તો ત્યારે જ નક્કી કરી લીધું હશે.

જ્ઞાનયાત્રા આગળ વધી. બીએસ.સી. એલએલ.બી., જૈનોલોજી, જૈન એસ્થેટિક, જૈન હસ્તપ્રત વિદ્યા વગેરે જ્ઞાનના અનેક ક્ષેત્રોમાં ગુજરાત, મુંબઈ અને લાડનૂ વિશ્વ વિદ્યાલય દ્વારા ઘૂમી વળ્યા.

'જૈન જગત'નું તંત્રી પદ સંભાળ્યું, જૈન વિદ્યાલયોમાં ફેકલ્ટી તરીકે વિદ્યા પ્રસારણ કર્યું. જૈન સાહિત્ય સમારોહ અને જ્ઞાન સત્રમાં સક્રિય રહ્યા. જૈન કલા અને શિલ્પ-સ્થાપત્યમાં ખાસ રૂચિ કેળવી એ વિષયક શોધ નિબંધો લખ્યા અને દશ્ય-શ્રાવ્ય પ્રવચનો આપ્યા.

જૈન સાહિત્ય અને કલા સ્થાપત્ય ઉપર અંગ્રેજી અને ગુજરાતીમાં શોધ પ્રવચનો આપ્યા, અને એ વિષયો ઉપર એમના ગ્રંથો પ્રકાશિત થયા. આ સર્જનાત્મક કાર્યોની યાદી મોટી છે.

રતલામના સુપ્રસિદ્ધ એડવોકેટ વી. સી. પોરવાલના ફાર્માસીસ્ટ સુપુત્ર ઉદ્યોગપતિ જિનેન્દ્રભાઈ રેણુકાબેનના જીવનસાથી છે અને રેણુકાબેનની આ શુભ પ્રવૃત્તિના પ્રોત્સાહક છે. રેણુકાબેનની આ જ્ઞાનયાત્રામાં પુત્રવધૂ રાખી, પુત્ર રાહુલ અને પૌત્ર અક્ષતનો પૂરો સાથ છે, જે સમગ્ર શ્રુત જગત માટે પ્રેરક છે.

**ડૉ. અભય દોશી**

ડૉ. અભય દોશી એટલે જૈન વિદ્વાનોમાં લાડકું વ્હાલું નામ.

ડૉ. અભય દોશીએ મુંબઈની મીઠીબાઈ કૉલેજમાં ૧૬ વર્ષ સુધી ગુજરાતીના અધ્યાપક તરીકે સેવા આપી વર્તમાનમાં મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં અધ્યક્ષસ્થાને સહયોગી અધ્યાપક છે અને પીએચ.ડી. ઉપાધિ માટેના વિદ્યાર્થીઓના માર્ગદર્શક છે.

મૂળ રાજસ્થાનના તેંતાલીશ વર્ષીય આ યુવાન ડૉ. અભય દોશીને જૈન ધર્મ અને ભાષાના સંસ્કારો કુટુંબમાંથી જ પ્રાપ્ત થયા છે. ધર્મપરાયણ માતા જશોદાબહેન પાસેથી ધર્મ-ક્રિયા ભક્તિના સંસ્કારો મળ્યા છે, તો પિતા ઈન્દ્રચંદ્ર દોશીએ ગુજરાતના મહેસાણાની સુપ્રસિદ્ધ ઉપાધ્યાય યશોવિજયજી પાઠશાળામાં સંસ્કૃત, પ્રાકૃત અને જૈન તત્ત્વજ્ઞાનનો ગહન અભ્યાસ કર્યો છે, અને અધ્યાત્મયોગી પૂ. શ્રી ભદ્રંકર વિજયજીના સાન્નિધ્યમાં જૈન તત્ત્વજ્ઞાન અને નમસ્કારનો સ્વાધ્યાય કર્યો છે. મોટા કાકા શ્રી પારસમલજી હસ્તપ્રત લેખનમાં કુશળ હતા. પરિવારમાંથી બે પુત્રીઓએ પૂ. ભુવનભાનુસૂરિ સમુદાયમાં દીક્ષા ગ્રહણ કરી છે.

જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસી તેમજ જ્યોતિષશાસ્ત્રના તજ્જ્ઞ આ યુવાન સંપાદકે 'ચોવીશી-સ્વરૂપ અને સાહિત્ય' ઉપર પીએચ.ડી. માટે શોધ-પ્રબંધ લખ્યો છે, ઉપરાંત 'જ્ઞાન વિમલ સઝ્ઝાય સંગ્રહ', 'શેત્રુંજય ગિરિરાજ પૂજા', 'અર્હદ ભક્તિ સાગર' વગેરે ગ્રંથો એમના નામે પ્રકાશિત થયા છે, અને ૨૦૦૦ કડીનો ઉપાધ્યાય ઉદયરત્ન કૃત 'યશોધર રાસ' અને 'જૈન રાસ વિમર્શ' સંપાદિત ગ્રંથ પ્રકાશિત થયા છે.

સ્મિતભાષી અને મિતભાષી અને ચિંતક વક્તા ડૉ. અભય દોશી ગુજરાતી સાહિત્યના અધ્યયન સાથોસાથ ઘણાં વર્ષોથી સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓને જૈન ધર્મનો અભ્યાસ પણ કરાવે છે.

'જૈન સાહિત્યમાં કથન કલા' ઉપર સંશોધન કરવા માટે ડૉ. અભય દોશીને યુનિવર્સિટી ગ્રાંટ કમિશન તરફથી ત્રણ વર્ષ માટે સાડાબાર લાખનું અનુદાન પ્રાપ્ત થયું છે. સમગ્ર શ્રુત આરાધકો ડૉ. અભય દોશીને અભિનંદન આપે.

પત્ની સુમિત્રા અને સંતાનો કૃપા અને ભવ્યના સંવાદી સહકારે ડૉ. અભય દોશી જ્ઞાનયાત્રામાં પ્રવૃત્ત છે.

☐ **તંત્રી**

રેણુકાબેલ પોરવાલ : ૧૦, દીક્ષિત ભવન, ૧૪૮, પી. કે. રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૮૦. ફોનઃ ૨૫૬૧૬૨૩. મો. : ૦૯૮૨૧૮૭૭૩૨૭

ડૉ. અભય દોશી : A-૩૧, ગ્લેડહર્સ્ટ, ફિરોઝશાહ મહેતા રોડ, સાન્તાકુઝ (વે.), મુંબઈ-૪૦૦૦૫૪.ફો.૨૬૧૦૦૨૩૫.મો. ૯૮૯૨૬૭૮૨૭૮



## સંપાદકીય...

શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ પાટણ સમીપવર્તી સાગોડિયા મુકામે એક પરિસંવાદ ગોઠવ્યો હતો. આ પરિસંવાદની પૂર્ણાહુતિ બાદ પાટણના જિનાલયોના દર્શન માટે જવાનું ગોઠવાયું. આ જિનાલયના દર્શન કરતા, એના શિલ્પ-સ્થાપત્ય અંગે વાર્તાલાપ કરતા શ્રી ધનવંતભાઈ શાહને મનમાં સ્ફૂર્યું: 'પ્રબુદ્ધ જીવન'નો એક તીર્થવિષયક વિશેષાંક પ્રગટ કરીએ. આ કાર્ય માટે તેમણે અમને સંયુક્ત રીતે જવાબદારી સોંપી.

પ્રાકૃતિક સંપદાથી વિભૂષિત તીર્થો ઇતિહાસ અને શિલ્પના પણ અનોખા ખજાના લઈને બેઠા હોય છે. વળી, સાધકની આધ્યાત્મિક ચેતનાને ઉન્નત કરનારી ભરપૂર સામગ્રી આ તીર્થોમાં રહી હોય છે. તીર્થના આ પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ત્રિવિધ મહત્ત્વને અંકિત કરવાનો ઉપક્રમ આ સંપાદન પાછળ રહ્યો છે.

ગુજરાતી સાહિત્યમાં કાકાસાહેબ કાલેલકર, ભોળાભાઈ પટેલ, પ્રીતિ સેનગુપ્તા આદિએ પ્રવાસની સંવેદનાને કેન્દ્રમાં રાખી પુષ્કળ માત્રામાં લલિતનિબંધો લખ્યા છે. જૈન તીર્થોમાં સંવેદનાની ભરપુર સામગ્રી હોવા છતાં જૈનતીર્થો પર ભાગ્યે જ લલિતનિબંધો લખાયેલા મળે. 'પ્રબુદ્ધ જીવન'ના આ વિશેષાંક નિમિત્તે કેટલાક તીર્થવિષયક લલિત નિબંધોની સંપ્રાપ્તિ થાય, અને તીર્થમાં રહેલી ભાવસંવેદનાનો સમર્થ સર્જકોની કલમથી સૌ ભાવકોને ઉપલબ્ધ થાય, એ પણ આ સંપાદનનો હેતુ છે.

કેટલાક લેખકોએ તીર્થ વિશેની અનેક વિગતો અને સંશોધનો ઉપલબ્ધ કરી આપ્યાં છે, એ પણ સાંસ્કૃતિક વારસાની જાળવણીની દૃષ્ટિએ મૂલ્યવાન છે. તીર્થોના ઇતિહાસને સાચવવો એ આપણી ધર્મપરંપરાના ઇતિહાસના રક્ષણનો એક મહત્ત્વનો હિસ્સો છે.

આપણે ત્યાં કહેવાયું છે, 'તારે તે તીર્થ'. જે આત્માને ભવસાગરથી પાર ઊતારે તે સાચું તીર્થ છે. એટલે જ ચતુર્વિધ સંઘ, સાધુ-સાધ્વી ભગવંતો આદિ સર્વ તીર્થરૂપ કહેવાય છે. આ જંગમ તીર્થોની સાથે જ્યાંના પરમાણુઓમાં વિશેષ શુદ્ધિ છે, જેના વાયુમંડળમાં ઉર્ધ્વચેતનાનો સંચાર છે, જ્યાં તીર્થંકરોના કલ્યાણકો કે મુનિભગવંતોના મોક્ષગમનની ઘટના ઘટી છે, જ્યાં સાધક આત્માઓએ સાધના કરી આત્માના શુદ્ધ સ્વરૂપની સંપ્રાપ્તિ કરી છે, એવા સ્થળો 'સ્થાવર તીર્થ'નું ગૌરવ પામે છે.

આવા સ્થાવર તીર્થોમાંથી કેટલાક મહિમાવંત તીર્થસ્થળોનો પરિચય પ્રસ્તુત કર્યો છે. આ પરિચયના માધ્યમથી તીર્થ પ્રત્યેના ભક્તિભાવની વૃદ્ધિ થાય, તેના ઇતિહાસને જાણી તીર્થની વિશેષતાના જ્ઞાનમાં વૃદ્ધિ થાય, તેના શિલ્પ-સ્થાપત્યની સમૃદ્ધિનો પરિચય થાય, સાથે જ વિવિધ લેખકોને તીર્થ નિમિત્તે અનુભવાયેલી સંવેદનામાં સૌ સહભાગી બને, એ દૃષ્ટિએ આ વિશેષાંકનું આયોજન કર્યું છે.

પોતાના લેખો સમયસર પહોંચાડવા માટે સૌ લેખક-મિત્રોનો અંતઃકરણપૂર્વક આભાર તેમજ ડૉ. ધનવંતભાઈ શાહ અને મુંબઈ જૈન યુવક સંઘનો આ અમૂલ્ય તક ઉપલબ્ધ કરી આપવા માટે આભાર.

☐ ડૉ. રેણુકા પોરવાલ

☐ ડૉ. અભય દોશી



Bahubali, at Shravanbelgola, World heritage, Karnataka.



Jaina images from anicent Jaina temple at Zanzibar in Africa



Kalikunda Parswanath Kalikunda tirtha



Dvi-tirthi from Juna Delawada- Rajasthan



The inside view of Panchasara Parsvanath temple at Patan in Gujarat



Palitana Under Full Moon Gujarat, India



Jahaj Mandir, Temple architecture Mandwalla- Rajastana



Dravida style Shikhara, shrine constructed in 6th century, Pattadakal, Karnataka.



Ayagapatta of Swastika from Mathura's stupa, showing Jina and symbol worship.



Ayagapatta from Mathura showing Jaina Stupa at Mathura. Courtecy from Lucknow Museum



Jaina Caves at Badami at Karnataka



Ambika-Goddess of Wealth & Prosperity, under a Mango Tree. Ellora Jaina caves.



A miniature painting from Kalpasutra, showing Neminath Procession



Dancing Putalis in three dimention on brackets of Toran beam-shrine at Kapadvanj



Nine women forming an elephant, a painting in a shrine at Kapadvanj- Gujarat



A very impressive painting of a Jina with Chavardharis, at Zanzibar, Jaina shrine

# જૈન સ્થાપત્યકળા

❑ ડૉ. રેણુકા પોરવાલ

**વિષય પ્રવેશ :**

સ્થાપત્ય (Architecture)ને ગૃહનિર્માણની વિદ્યા અથવા ચૈત્ય કે ભવનની નિર્માણશૈલી તરીકે સમજી શકાય. ભવનનું સ્થાપત્ય કે બાંધકામ તથા એમાં વપરાયેલ સામગ્રીના આધારે એ ક્યારે સ્થાપિત થયું એ જાણી શકાય છે. જૈન કળા અને સ્થાપત્યને વિશેષ પ્રોત્સાહન રાજા-મહારાજાઓ તથા મંત્રીઓ તરફથી મળ્યું છે. ભારતના ઇતિહાસના આધારે એમ જણાય છે કે અહીં સદીઓથી રાજ દરબારમાં મંત્રી તરીકે મુત્સદી જૈન વાણિયાઓને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું હતું. આ મંત્રીઓએ તેમના કાર્યમાં અજાણતાં પણ, હિંસાને મહત્ત્વ ન આપેલ હોવાથી ઘણી વાર ગુરુદેવો તેમને મંદિર નિર્માણની સૂચના કરતા. જૈન મંત્રીઓ–વિમલશાહ, પેથડશાહ, સજ્જનમંત્રી, વસ્તુપાળ-તેજપાળ, ધરણાશાહ, વીર ધવલ વગેરે શ્રેષ્ઠીઓ દ્વારા નિર્મિત થયેલ અદ્ભુત મંદિરો આપણી અમૂલ્ય ધરોહર છે. મુસ્લિમ આક્રમણ તથા સાર-સંભાળની ત્રૂટિને કારણે પ્રાચીન મંદિરો ઘણાં નષ્ટ થયા છતાં આજે જૈનો પાસે એનો ભવ્ય ભરપુર ખજાનો ઉપલબ્ધ છે.

ભારતીય સંસ્કૃતિ ધાર્મિક વિચારો અને સંસ્કારોથી ઘડાયેલી છે. એની સ્થાપત્યકળામાં પણ ધાર્મિક આસ્થા જ પ્રતિબિંબિત થાય છે. ઉપરાંત અહીં ઉદ્ભવેલ ધર્મોમાં મંગળ પ્રતિકો–કમળ, સ્વસ્તિક, ત્રિછત્ર, મીન યુગલ, હંસ, ફૂલની માળા, ઘંટો, શ્રીવત્સ વગેરે સમાન રૂપે નિરખવા મળે છે. જૈન અને હિંદુ મંદિરોમાં ધજા, દેવ-દેવીઓ તથા અન્ય સ્થાપત્યમાં નહિવત્ ફરક હોય છે. જૈન મંદિરોમાં તીર્થંકરો અને દેવ-દેવીઓના ચિત્રણ તથા પ્રતિમાઓ શાસ્ત્રાનુસારે સ્થાપિત કરેલી હોય છે. જૈન સ્થાપત્ય અને પ્રતિમા વિજ્ઞાનના પ્રકારો દર્શાવતાં ગ્રંથો–વાસ્તુસાર, વાસ્તુશાસ્ત્ર, અપરાજિત પૃચ્છા, દેવ્યાધિકાર અને વૃક્ષાર્ણવ છે.

**જૈન મંદિરોની સ્થાપત્ય શૈલી**

જૈન દેરાસરોની સ્થાપત્ય શૈલીમાં મુખ્યત્વે બે પ્રકાર છે–ઉત્તર ભારતના મંદિરોનું 'નગર શૈલી'નું સ્થાપત્ય અને દક્ષિણ ભારતના મંદિરોનું 'દ્રવીડ શૈલી'નું સ્થાપત્ય. ગુજરાત, મધ્ય ભારત અને ઉત્તર ભારતમાં નગર શૈલી કે નાગરકલા પ્રમાણે મંદિરોનું બાંધકામ થાય છે. આ શૈલીનું વર્ગીકરણ તેના મુખ્ય મંડપ અને શિખરોના આધારે કરાય છે, જેમકે—ચતુર્મુખ પ્રાસાદ, મેરુ પ્રાસાદ, રથ મંદિર, જહાજ મંદિર, વગેરે.

દ્રવીડ શૈલીનો પ્રારંભ દક્ષિણ ભારતમાં કર્ણાટક અને તામિલનાડુ રાજ્યમાં ૬ઠ્ઠી થી ૭મી સદી દરમ્યાન થયો હતો. આ શૈલીના સર્વોત્તમ ઉદાહરણો પટ્ટડક્કલ (કર્ણાટક) અને કાંચીપુરમ્ (તામિલનાડુ)માં જોવા મળે છે જે આજે પણ ઘણી સારી સ્થિતિમાં છે.

જૈન મંદિરો અથવા ચૈત્યોનો ક્રમિક વિકાસ, પ્રથમ સ્તૂપ, ત્યારબાદ ગુફા મંદિરો અને પછી મંદિરોના રૂપમાં અસ્તિત્વમાં આવ્યો. મહાપુરુષોના નિર્વાણ સ્થળે સ્તૂપ બાંધવાની પરંપરા પ્રાચીન સમયમાં પ્રવર્તતી હતી. 'સ્તૂપ'નો ઉલ્લેખ 'આયારચૂલા', સ્થાણાંગસૂત્ર, સમવાયાંગ સૂત્ર, આદિપુરાણ, ભગવતી સૂત્ર, જીવાભિગમ સૂત્ર, જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ, રાયપસેણીય સૂત્ર વગેરેમાં 'ચૈત્ય સ્તૂપ' તરીકે મળે છે. અષ્ટાપદ, વૈશાલી અને મથુરામાં વિશાળ સ્તૂપો હતા જેનું સુંદર વર્ણન ગ્રંથોમાં મળે છે. અષ્ટાપદના શિખર પર ભરત મહારાજાએ 'સિંહનિષિધ્ય આયતન' નામના સ્તૂપનું નિર્માણ કરાવી એમાં ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓ સ્થાપિત કરી હતી. વૈશાલીમાં 'જગરમણ' સ્તૂપમાં મુનિસુવ્રતસ્વામી મૂલનાયક હતા જેનો કોણિકરાજાએ નાશ કર્યો હતો. મથુરા નગરીનો 'દેવ નિર્મિત' સ્તૂપ દશમી સદી સુધી ઘણી સારી સ્થિતિમાં હયાત હતો પરંતુ એનો મહમ્મદ ગઝનીએ વિનાશ કર્યો. ત્યારબાદ જૈન સંઘે એનો પાંચ વર્ષમાં જ જીર્ણોદ્ધાર કર્યો. તેરમી સદીમાં જિનપ્રભસૂરિએ મથુરાની યાત્રા કરીને સ્તૂપનું સુંદર વર્ણન 'વિવિધ તીર્થકલ્પ'માં આપ્યું છે. પરંતુ લગભગ ૧૭મી સદીમાં એના પર ફરી આક્રમણ થયું અને એનો સંપૂર્ણ નાશ થયો.

> આ મંદિરની વિચારધારા દર્શાવે છે કે જીવને સંસાર સાગરમાંથી પાર ઉતારવા માટે ફક્ત પ્રભુનો સહારો જ છે. પ્રભુ પોતે તર્યા છે અને અન્ય જીવોનો પણ ઉદ્ધાર કરશે

**મથુરાના સ્તૂપનું સ્થાપત્ય**

મથુરામાં ઈ. સ. ૧૮૮૨ થી ૧૮૯૨માં પુરાતત્ત્વ વિભાગ દ્વારા સ્તૂપના સ્થળેથી ઉત્ખનન કરતાં એક ગોળાકાર ભવનનો પાયો મળી આવ્યો. એનો વ્યાસ ૪૭ ફૂટ તથા એમાં કેન્દ્રથી પરિધિ સુધી માટી અને ઈંટોની દિવાલો હતી. અંગ્રેજ વિદ્વાન વિન્સન્ટ સ્મીથના મંતવ્ય મુજબ એ અવશેષોના પાયા મોહંજોડેરો પછી મળી આવેલ ભવનોમાં સૌથી પ્રાચીન ગણાય. આ સ્થળેથી પ્રચુર માત્રામાં પ્રતિમાઓ અને શિલ્પો મળ્યા. એક પ્રતિમાના પબાસનના શીલાલેખ મુજબ તેને કુષાણ સંવત ૭૯ (ઈ. સ. ૧૫૭)માં દેવનિર્મિત સ્તૂપમાં સ્થાપિત કરેલ હતી. આ શિલાલેખ પરથી ફલિત થાય છે કે સ્તૂપને દેવોએ નિર્માણ કરેલ હતો તથા એ ઘણો પ્રાચીન હોવાથી તે સમયે જૈનોમાં સ્તૂપનું બાંધકામ ઘણું ઊંચા દરજ્જાનું થતું હતું. અહીંના

ઘણાં શિલ્પોમાં સ્તૂપ કંડારેલા છે. જે આજે સમવસરણના સ્થાપત્યને મળતા આવે છે. એક તોરણ પર સ્તૂપની પૂજા કરવા માટે સુપર્ણો અને ગ્રીક દેવો આવે છે એવું શિલ્પાંકન પણ છે.

કાળક્રમે સ્તૂપના બાંધકામની પરંપરા ઓછી થઈ અને એનું સ્થાન ગુફા મંદિરોએ લીધું.

### જૈન ગુફા મંદિરો

પ્રાચીન સમયમાં સાધુઓ કુદરતી ગુફાઓ, જંગલો, વનો અને ઉદ્યાનોમાં રહેતા અને ફક્ત ચાતુર્માસ દરમ્યાન વસ્તીમાં આવતા. ગુફાઓમાં તેઓ ધ્યાન કરવા માટે તીર્થંકરોની પ્રતિમાઓ કોતરીને તૈયાર કરતા. ગુફાઓ ઘણીવાર પહાડોને કાપીને બનાવવામાં આવતી જેમાં પરસાળ, આવાસ માટેની ઓરડીઓ, સ્તંભો વગેરેનું નિર્માણ કરવામાં આવતું. અહીં તીર્થંકરોના જીવનના કલ્યાણક પ્રસંગોનું પણ આલેખન થતું હતું. આવી જૈન ગુફાઓ ઉદયગિરિ, ખંડગિરિ, રાજગિરિ, પભોસા, ઉદયગિરિ (વિદિશાની પાસે મધ્ય પ્રદેશ), એલોરા, દેવગઢ, બદામી, ઐહોલે, મદુરાઈ, સિતાનાવત્સલ, તિરૂમલાઈ, જિનકાંચી વગેરે અનેક સ્થળોએ જોવા મળે છે. કુદરતી સૌંદર્યથી ભરપુર આ ગુફાઓમાં જૈન ધર્મના અતિ પ્રાચીન બ્રાહ્મી લિપિના શિલાલેખો પણ છે. જૈન સાધુઓના રહેણાંક માટે વિશિષ્ટ રીતે બનાવેલ ઘણી ગુફાઓમાં શૈયાઓ (Sleeping Beds) ઓશિકા સહિતની છે. આવી શૈયાઓ લગભગ વીસ જેટલી ગુફાઓમાં આવેલ છે. તામિલનાડુ રાજ્યમાં બ્રાહ્મી લિપિ અને ભાષા તામિલવાળા ૮૯ લેખોમાંથી ૮૫ જૈનધર્મના છે. પર્વતની ટોચ પર કંડારેલી પ્રતિમાઓ જોઈને એ કાર્ય કેવી રીતે કરવામાં આવ્યું હશે એની કલ્પના કરવી પણ અશક્ય લાગે છે.

બદામી તથા ઐહોલેના ગુફા મંદિરોમાં ઘણી વિશાળ જૈન તીર્થંકરોની પ્રતિમા છે. ગુફામાં મંદિર પ્રકારની બાંધણીની પ્રથા ઈ. સ.ની ૬ઠ્ઠી સદી સુધી હયાત હતી. એલોરાની ત્રણ માળની જૈન ગુફા તે સમયના સ્થાપત્યની ઝાંખી કરાવે છે. 'ઈન્દ્રસભા' મંદિર (એલોરા) દ્રવીડ શૈલીનું છે. અહીં ઈ. સ. ૮૦૦ સુધીનું સર્જન જોવા મળે છે. અહીંની ગુફાઓમાં અંબિકા, પ્રભુ પાર્શ્વ, બાહુબલી, વગેરેની પ્રતિમાઓ તેમના જીવનના મહત્ત્વના પ્રસંગોને અનુરૂપ કોતરેલી છે.

ઓરિસ્સામાં ભુવનેશ્વરથી ૩ માઈલના અંતરે ઉદયગિરિ-ખંડગિરિ (કુમાર-કુમારી) નામની નાની પહાડીઓમાં ૩૩ જેટલી ગુફાઓ જૈન સાધુઓના રહેવા માટે બનાવેલ હતી. આ ગુફાઓમાં નાની ઓરડીઓમાં ધ્યાન ધરવા માટેની વ્યવસ્થા, પરસાળ, બહારની તરફ સ્તંભો, તોરણમાં પ્રભુ પ્રાર્થના જીવન સંબંધી શિલ્પો, પ્રભુની પ્રતિમાજીઓ ઉપરાંત અહીં ખારવેલનો પ્રસિદ્ધ શિલાલેખ પણ છે. આ શિલાલેખના ઉલ્લેખ મુજબ નંદરાજાના સમયમાં અહીં એક વિશાળ મંદિર હતું જેમાં 'કલિંગ જિન'ની પ્રતિમા હતી. આ પ્રતિમા નંદરાજા પાટલીપુત્ર લઈ ગયો હતો. પરંતુ એને રાજા ખારવેલ ૧૫૦ વર્ષ પછી કલિંગમાં લાવ્યો અને ફરી એને મોટા ઉત્સવપૂર્વક સ્થાપિત કરી. આ સર્વ હકીકતો રાજાએ શિલાલેખમાં આપી છે, જે ઈ. સ. પૂર્વે બીજી સદીનો છે જેનો આરંભ નવકાર મંત્રના બે પદથી થાય છે. આટલા પ્રાચીન સમયમાં ત્યારે મંદિરો અને પ્રતિમાઓનું અસ્તિત્વ હતું. ત્યાર પછી પણ ત્યાં દશમી સદી સુધી જિન પ્રતિમાઓ, દેવ દેવીઓ, ગુરુની પ્રતિમાઓ વગેરે કોતરવામાં આવતી હતી. ત્યાં આજે પણ પૂજા-અર્ચના થાય છે.

મધ્ય પ્રદેશના દેવગઢમાં ૨૨ ગુફાઓ છે, જ્યાં અન્ય ધર્મીઓએ કબ્જો લઈ લીધો હોવાથી પ્રભુ પાર્શ્વનાથની પ્રતિમાવાળી બે ગુફાઓ જ જૈનો પાસે છે. આ ગુફા અને પ્રભુ પ્રતિમા ચંદ્રગુપ્ત દ્વિતિયના સમયની છે.

'ઐહોલે'ની નજીક 'મૈના બસતી'ના ગુફા મંદિરનું સ્થાપત્ય કલામય છે. અહીંની છતોમાં વિવિધ પ્રતીકો–મિથુન, નાગ, સ્વસ્તિક વગેરે અતિ કલામય રીતે ઉત્કિર્ણ કરેલા છે. ગુફામાં દાખલ થતાં રંગમંડપમાં છતમાં ઉપરોક્ત શિલ્પાંકન છે તથા ગર્ભગૃહને અલગ દર્શાવવા માટે ત્રણ સ્તંભો છે જ્યાં અંદર પ્રતિમાજીઓ સ્થાપિત થયેલ છે. આ ગુફા મંદિરની વિશિષ્ટતા એ છે કે અહીં મંદિર સ્થાપનાનો અહેવાલ ઈ. સ. ૬૩૪માં કાવ્યમય પ્રશસ્તિના રૂપમાં કંડારેલો છે. બદામીની ગુફાઓમાં (૬ઠ્ઠી થી ૭મી સદી) બાહુબલીની વેલ સાથેની પ્રતિમા શ્રવણબેલગોલા કરતાં પણ ઘણી પ્રાચીન છે. આ સ્થળ તે સમયે ઘણું મહત્ત્વનું હતું. કારણ કે રાષ્ટ્રકૂટવંશના રાજા અમોઘવર્ષ અહીં જ સંલેખના વ્રત લઈ મોક્ષે ગયા. ગુફા મંદિરોની સાથે સમાંતરે નગરોમાં પણ દેરાસરો હતા જ. પાટલીપુત્રની નજીક આવેલા લોહાનીપુરમાં જૂના જૈન મંદિરના પાયામાંથી જૈન પ્રતિમા પ્રાપ્ત થઈ છે જેની ઉપરનો ચળકાટ અશોકરાજાએ સ્થાપિત કરેલ સ્તંભ જેવો છે. તે ઉપરાંત વડોદરાની પાસે આકોટા, વલ્લભીપુર, મહુડી, ચૌસા (બિહાર), વસંતગઢ (મારવાડ) વગેરે સ્થળોથી મળી આવેલ લગભગ પાંચમી સદીની કાંસ્ય પ્રતિમાજીઓ ત્યાંના દેરાસરોની હાજરી દર્શાવે છે.

### મંદિરોની નિર્માણ શૈલી

મંદિરોના નિર્માણમાં બે પ્રકારના સ્થાપત્યનો ઉલ્લેખ (નાગર શૈલી અને દ્રવિડ શૈલી) આપણે જોયો. દ્રવિડ શૈલીનું ફરી વર્ગીકરણ કરતા બસદી (બસતી) અને બેટ્ટા એમ બે પ્રકાર જોવા મળે છે. 'બસદી'માં ગર્ભગૃહની આગળના મંડપમાં વિપુલ માત્રામાં સ્તંભો હોય છે તથા જૂજ અપવાદ સિવાય અહીં પરિક્રમા હોતી નથી. આ વિકસિત રૂપમાં હોઈશાલા વંશમાં ઘણાં મંદિરો શ્રવણબેલગોલા, જિનનાથપુર, હુમચ, લકુંડી, મુડબદ્રિ, કારકલ, વેનુર ઘણે સ્થળે

સ્થાપિત થયા. દિગંબર જૈન મંદિરોમાં મંદિરમાં પ્રવેશ પહેલાં માનસ્તંભ હોય છે જેમાં ઉપરની બાજુએ સર્વતોભદ્ર પ્રતિમાજી સ્થાપિત કરવામાં આવે છે. બેટ્ટા પ્રકાર નાની ટેકરી પર મંદિર હોય એને કહેવાય.

'શ્રવણબેલગોલા' શહેર અને બાહુબલીની પ્રતિમા (ઈ. સ. ૧૦મી સદી) વિશ્વના હેરિટેજમાં ગણાય છે. અહીં વિંધ્યગિરિ અને ચંદ્રગિરિ બે નાની પહાડીઓ પર ઘણાં જૈન મંદિરો છે. વિંધ્યગિરિ પર દસમી સદીમાં અતિ ભવ્ય બાહુબલીની પ્રતિમા ગંગવંશના મંત્રી ચામુંડરાયે સ્થાપિત કરાવી હતી. ચંદ્રગિરિ પર ૧૯ મંદિરોનો સમૂહ છે. દિગંબર સંપ્રદાયની માન્યતા મુજબ ચંદ્રગુપ્ત મૌર્યે અહીં સંલેખના વ્રત લીધું હતું.

મુડબદ્રિમાંનું મુખ્ય મંદિર 'ત્રિભુવનતિલક ચુડામણી' ઈ. સ. ૧૦૩૦માં તૈયાર થયું. એના શિખરો પીરામિડીયલ શૈલીના છે. ઘણાં સ્તંભોથી શોભિત રંગમંડપ ત્રણ છે. આ મંદિર દ્રવીડ શૈલીનું બસદી પ્રકારનું છે.

પટ્ટડકલમાં ત્રણ માળનું જિનાલય દ્રવિડ શૈલીનું છે. અહીં જમીનથી શિખર સુધી ચતુષ્કોણ રચના છે. પટ્ટડક્કલ અને કાંચીપુરમ્‌ના દ્રવિડ શૈલીના મંદિરો લગભગ ૬ઠ્ઠી સદીના છે અને ઘણી સારી સ્થિતિમાં આજે પણ છે. દક્ષિણ ભારતનું મૂડબદ્રિ (કર્ણાટક) મંદિર વિપુલ સ્તંભોથી યુક્ત છે જે ઈ. સ. ૧૪૭૦માં બંધાયું હતું. હલિબિડુમાં એક સમયે ૧૨૦ જિન મંદિરો હોવાની અનુશ્રુતિ છે. હવે ગામની અંદર ફક્ત ફક્ત ત્રણ જૈન મંદિરો જ જોવા મળે છે.

લક્કુંડી (જિલ્લો ધારવાડ)નું બ્રહ્મ જિનાલય ૧૧મી સદીમાં તૈયાર થયું હતું. આ મંદિર પણ ચતુષ્કોણ તલમાળથી પ્રારંભ થઈ ત્રણ માળ સુધી 'ચતુરશ્ર શિખર'માં વિકાસ પામતું દ્રવીડ શૈલીનું ઉત્તમ ઉદાહરણ છે. બેલગામમાં પણ દશમી સદીના મંદિરનો ઘુમ્મટ કમળની કલાકૃતિથી ભરપુર છે.

**નાગર શૈલી**

ઉત્તર ભારત, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ ભારતમાં નાગર શૈલીના ઉત્તમ મંદિરો તૈયાર થયા છે. નાગર શૈલી અને દ્રવીડ શૈલી મુખ્યત્વે એના શિખરોથી અલગ પડે છે. ઉપરાંત નગર શૈલીમાં પંચરથ પ્રકારના શિખરો પણ દૃશ્યમાન થાય છે. ખજુરાહોનું પાર્શ્વનાથ મંદિર 'શાંધાર પ્રાસાદ' કલાનું ગણાય. એમાં ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને અશ્વમંડપ હોય છે. અહીં ઘંટાઈનું એક જીર્ણમંદિર છે જેમાં સ્તંભો પર ઘંટડીઓની કલાત્મક ગોઠવણી તથા ત્રિશલા માતાના સ્વપ્નો અલંકૃત કરેલા છે. દેવગઢમાં ૯મી સદીથી લઈ ૧૨મી સદી સુધીના ૩૧ મંદિરો છે, જેમાં પંચરથ પ્રકારના શિખરો છે. આબુના વિમલવસહી અને લુવસહી મંદિરમાં અંદર અદ્‌ભુત કલામય પત્થરની કોતરણી છે. અહીંના પિરામીડ આકારના શિખરો તથા આરસની દેવકુલિકા અને કલાત્મક ગુંબજોથી જ આ પ્રકારના આરસના મંદિરો બાંધવાની પરંપરા અસ્તિત્વમાં આવી.

રાણકપુરનું ત્રૈલોક્ય દીપક પ્રાસાદ કળાનું ચતુર્મુખ મંદિર એના સ્થાપત્ય અને કળા બંને માટે અજોડ અને અદ્વિતિય ગણાય. ઈ. સ. ૧૪૩૯માં તૈયાર થયેલ આ મંદિરોના શિખરોની રચના 'નલિની ગુલ્મ વિમાન'ની છે. અહીંના ૧૪૪૪ કોતરણીયુક્ત

## પ્રથમ મસ્તકાભિષેક

એક હજાર વર્ષ અગાઉની કથા છે. પ્રભુ ઋષભદેવના પુત્ર બાહુબલીની સુંદર, આકર્ષક અને અસાધારણ પ્રતિમાને આખરી ઓપ શિલ્પીએ આપી દીધો છે. શિલ્પી દ્વિધામાં છે; આખી રાત્રી એ વિચાર કરતો રહ્યો, આંસુ સારતો રહ્યો કારણ કે એની ઈચ્છા આજીવન બાહુબલીની સેવા કરવાની છે. પરંતુ એમ કરવા જતાં એને ધન અને કીર્તિ ખોબલે ખોબલે મળશે. મહાન તપસ્વી બાહુબલીની પ્રતિમા પરના ભાવો કંડારતા એનું મન એટલું નિસ્પૃહી થઈ ગયું હતું કે એના જીવને કશી મણા બાકી રહી ન હતી. એણે એ સ્થળેથી વિદાય લેવાનું નક્કી કર્યું. પ્રભાતે પ્રતિમાને મસ્તાભિષેકના મુહૂર્ત નીકળી ચૂક્યા હતા. શિલ્પીએ છીણીથી ટાંચણી દ્વારા પ્રતિમાના ચરણદ્વય ઉપર જમણી તરફ કન્નડ અને તામિલ ભાષા તથા ડાબી તરફ મરાઠી ભાષામાં 'શ્રી ચામુંડરાયે ભરાવેલ' શબ્દો અંકિત કર્યા અને પરોઢના પ્રથમ પ્રહરમાં ઘણે દૂર ચાલ્યો ગયો.

પ્રથમ મસ્તકાભિષેકનો કાર્યક્રમ પ્રારંભ થયો. મંત્રી ચામુંડરાય, માતા કાલલાદેવી, નેમિચંદ્રાચાર્ય અને હજારો ભક્તો શ્રવણબેલગોલા નગરમાં એકત્ર થયા. ક્ષીર-નીરના કળશો પ્રભુના મસ્તકનું પ્રક્ષાલન કરવા લાગ્યા. એક અચરજ નિરખવાનું મળ્યું કે અભિષેકની ધારા વિશાળ ગોમટેશ્વરની પ્રતિમાની કટિ સુધી જ પહોંચતી હતી. આ જોઈને મંત્રી વીર માર્તંડ ચામુંડરાય (ગોમટ્ટરાય)નો રહ્યોસહ્યો ગર્વ પણ પીગળી ગયો. એ તુરત જ ગુરુ મહારાજનો સંપર્ક કરી કારણ પૂછવા લાગ્યો. તેમણે જણાવ્યું કે અભિષેકની ખરી હકદાર તો દૂર ઊભી રહેલ ગરીબ વૃદ્ધા છે. તેના હાથમાં નાળિયેરની અડધી કાચલીમાં દૂધ છે, જેને કર્મચારીઓ આગળ પહોંચતા રોકી રહ્યા છે. મંત્રીજીએ એ વૃદ્ધાને સહારો આપીને આમંત્રી તથા એની પાસે એના જ ક્ષીરથી અભિષેક કરાવ્યો. નાળિયેરની વાટકીનું દૂધ બાહુબલીજીના મસ્તકથી પ્રવાહિત થતું ચરણ સુધી પહોંચ્યું. ત્યારબાદ મંત્રીજીએ અભિષેક કર્યો. વૃદ્ધાના રૂપમાં સાક્ષાત્ શાસનદેવી હાજરાહજૂર રહી હતી લોકોને સમજાવવા માટે કેવલ્યની પ્રાપ્તિ કરવી હોય તો ભક્તિમાં અહંકારની બુંદ પણ ચાલે નહીં.

સ્તંભો અને તેમાં પણ કેટલાકની ઊંચાઈ ૪૦-૪૫ ફૂટથી પણ વધુ, સંપૂર્ણ દેરાસરને ભવ્યતા બક્ષે છે. મુખ્ય મંદિરની આજુબાજુ ૭૨ તથા ચાર ખુણામાં વધુ એક એક દેરાસર એમ બધું મળીને ૭૬ દેરીઓ તથા મુખ્ય (ચોમુખજી) ગર્ભગૃહની ચારે તરફના વિશાળ રંગમંડપો અતિ રમણીય લાગે છે. મૂળનાયક શ્રી ઋષભદેવની ચૌમુખી પ્રતિમાનું ગર્ભગૃહ, ૭૬ દેવકુલિકાઓની હારમાળામાં મધ્યમાં પેન્ડન્ટ સમાન દૃષ્ટિ ગોચર થાય છે.

ઘાણેરાવનું મહાવીર મંદિર નગર શૈલીમાં 'સાંધાર પ્રાસાદ' પ્રકારનું છે. પ્રો. મધુસુદન ઢાંકી એને દશમી સદીમાં બંધાયેલ 'મારુ-ગૂર્જર' સ્થાપત્ય તરીકે ઓળખાવે છે. જેસલમેરના કિલ્લામાં પીળા પથ્થરમાંથી તૈયાર કરાયેલ સાત દેરાસરોનો સમૂહ છે. આ મંદિરો ઈ. સ. ૧૫ થી ૧૬મી સદી દરમ્યાન સ્થાપિત થયા. ઓશિયાજીમાં મહાવીર સ્વામીનું મૂળ મંદિર ૮મી સદીનું મારુ-ગૂર્જર શૈલીનું છે. તારંગાનું શ્રી અજિતનાથનું મંદિર (ઈ. સ. ૧૧૬૫) કુમારપાળ રાજાએ 'સાંધાર મેરૂ પ્રાસાદ' પ્રકારનું પ્રભાવશાળી બનાવ્યું. આ પ્રકારમાં ગુઢમંડપને મૂળ પ્રાસાદ સાથે જોડીને સાથે અંદર પ્રદક્ષિણાપથ રાખવામાં આવે છે. તારંગામાં દિગંબર જૈન મંદિરની એક દેવકુલિકાની બારશાખ પર પ્રાચીન શિલાલેખ છે.

કુંભારિયાના પાંચ જૈન મંદિરો ઈ. સ. ૧૧૭૬થી ઈ. સ. ૧૨૩૧ વચ્ચે બંધાયા. અહીં મંદિરના ઘુમ્મટોમાં તીર્થંકરોના જીવન પ્રસંગો કલામય રીતે કંડારાયેલા છે. તારંગા અને કુંભારીયાજીમાં મંદિરની બહાર ભમતીમાં અલગથી નંદિશ્વર દ્વીપની રચના છે જ્યાં ભક્તગણ સ્થાન પર દરેક મંદિરના પૂજા-અર્ચન કરી શકે છે. મધ્યકાળમાં ઘણાં મંદિરોમાં મુસ્લિમ સ્થાપત્યના તત્ત્વોને બાંધકામમાં ઉમેરવામાં આવ્યા. રતલામના બાબાશાહના મુખ્ય મંદિરની ટોચ પર ચાર મિનાર જેવા સ્તંભોનું ચિત્રણ છે તથા ત્યાંના શાંતિનાથ મંદિરની ચાર બાજુએ ઊંચા મિનારા છે. જેની અંદરની બાજુએ ઉપર તરફ તીર્થંકરની પ્રતિમા સ્થાપિત કરી છે. પાટણ, ખંભાત, ભરૂચ વગેરે શહેરોમાં પ્રાચીન મંદિરો ઘણી ઉત્કૃષ્ટ કક્ષાના છે પરંતુ આજે એ સર્વ આર્કીયોલોજી સર્વે ઓફ ઈન્ડિયાના હાથમાં છે.

અર્વાચીનકાળમાં મેરુ પ્રાસાદ, રથ મંદિર, જહાજ મંદિર વગેરે પ્રકારો મંદિરની બાંધણીમાં જોવા મળે છે. ભોપાવર (મ. પ્ર.), સોમનાથનું શિવજીનું મંદિર 'સાંધાર મેરૂ પ્રાસાદ' પ્રકારનું અતિ વિશાળ છે. રથ મંદિરમાં મંદિરની બંને તરફ પૈડા (ચક્ર)નું શિલ્પ કંડારવામાં આવે છે, જેથી સંપૂર્ણ મંદિર રથ જેવું લાગે. મધ્ય પ્રદેશમાં 'માતમોર' ગામે શ્રી માણિભદ્રજીનું મંદિર, ભાયંદર (મુંબઈ), પુના વગેરે સ્થળોએ રથાકાર મંદિર જોવા મળે છે.

'જહાજ મંદિર'ના જેવું સ્વરૂપ માંડવલા રાજસ્થાનમાં તૈયાર થયું છે. આ મંદિરની વિચારધારા દર્શાવે છે કે જીવને સંસાર સાગરમાંથી પાર ઉતારવા માટે ફક્ત પ્રભુનો સહારો જ છે. પ્રભુ પોતે તર્યા છે અને અન્ય જીવોનો પણ ઉદ્ધાર કરશે માટે જ તેઓ તિન્નાણં તારયાણં, કહેવાય છે. માંડવલા ઉપરાંત આવા મંદિરો કોલ્હાપુરમાં જોવા મળે છે. બાવન જિનાલય તથા બોંતેર જિનાલયમાં મુખ્ય મંદિરની આસપાસ નાની ૫૧ દેરીઓ અને ૭૧ દેરીઓની બાંધણી અનુક્રમે કરાય છે. જેથી મુખ્ય મંદિર સાથે એ, બાવન કે બોંતેર જિનાલય કહેવાય.

**સંકલન :**

પ્રભુ મૂર્તિને કેન્દ્રસ્થાને રાખી જૈન સ્થાપત્યકળા ઉત્તરોત્તર વિકાસ પામતી ગઈ. ખારવેલના લેખ મુજબ નંદરાજાના સમયમાં પણ મૂર્તિપૂજા, મંદિરો અને ગુફા મંદિરો અસ્તિત્વ ધરાવતા હતા. જૈનોએ મંદિર નિર્માણમાં પ્રચલિત નવી શૈલી હંમેશાં અપનાવી છે.

સ્તંભ પર આધારિત સ્થાપત્યમાં મૂડબદ્રિ અને રાણકપુર અજોડ કહેવાય. રાણકપુરમાં ભીંત પરનું સહસ્ત્રફણા પાર્શ્વનાથ, ઘુમ્મટ પરની કલ્પપત્ર (કલ્પવેલી)માં કલાકારોએ પોતાનું કૌશલ્ય દર્શાવ્યું છે. દક્ષિણ ભારત અને ઉત્તર ભારતમાં પણ ઘણે સ્થળે સ્થાપિત કરાયેલા માન સ્તંભો દિગંબર સંપ્રદાયનું મહત્ત્વનું યોગદાન દર્શાવે છે. જૈન સ્થાપત્યમાં જૈનોની કલા પ્રત્યેની આગવી સૂઝ તથા પ્રભુ ભક્તિની વિરાટ ઊંચાઈના દર્શન થાય છે.

અંતમાં ત્યાગ, તપસ્યા, તપ અને આરાધનાની ફલશ્રુતિ માટે પર્યુષણના કર્તવ્યમાં ચૈત્ય પરિપાટી અર્થાત્ તીર્થસ્થળોની યાત્રાનું વિધાન છે. માનવ જીવનને સાર્થક કરતી તીર્થયાત્રા હંમેશાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપુર ક્ષેત્રમાં હોવાથી તન અને મન બંને પ્રફુલ્લિત થાય છે. તીર્થ ક્ષેત્રમાં પ્રવેશ અને એના સુંદર સ્થાપત્યયુક્ત જિન મંદિર, જિનેશ્વર ભક્તોને જીવનનું ચરમ લક્ષ પ્રદાન કરે છે.

[ નોંધ : જૈન દેરાસરોમાંના ભાગો અલગ અલગ નામે ઓળખાય છે જે નીચે મુજબ છે-

૧. પ્રાસાદ અથવા મુખ્ય મંદિર (સંપૂર્ણ)

૨. ગર્ભગૃહ કે ગૂઢ મંડપ

૩. પ્રદક્ષિણા માર્ગ-ત્રીક (મુખ મંડપથી શરૂ કરી ત્રણ વાર કરવી.)

૪. રંગ મંડપ (ભક્તો પ્રભુને પ્રાર્થના કરે છે તે સ્થળ)

૪. વલનક (પગથિયાં પછી ઉપર જઈ મંદિરમાં અંદર જવાનો માર્ગ)

૫. આસપાસની દેવકુલિકાઓ. ] ✶✶✶

**સંદર્ભ સૂચિ :**


• ધ એસ્પેક્ટ ઑફ જૈન આર્ટ-આર્કિટેક્ચર : ડૉ. મધુસુદન ઢાંકી

• સાન્તાર આર્કિટેક્ચર : ડૉ. મધુસુદન ઢાંકી

• જૈન આર્ટ ઍન્ડ આર્કિટેક્ચર ઈન તામીલનાડુ : સુંદર રાજન

• શાશ્વત સૌરભ : સંપાદક નંદલાલ દેવલુક

• ધ વેસ્ટર્ન ઈન્ડીયન જૈન ટેમ્પલ : ડૉ. મધુસુદન ઢાંકી ✶✶✶



૧૦, દીક્ષિત ભવન, ૧૪૮, પી. કે. રોડ, મુલુંડ વેસ્ટ,
મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૧૬૨૩ / ૦૯૮૨૧૮૭૭૩૨૭

# જૈનમંદિરો અને તીર્થસ્થળોમાં પ્રયુક્ત શિલ્પકલા

□ ડૉ. અભય દોશી

શિલ્પકળા પાષાણ કે ધાતુ જેવા માધ્યમને પ્રયોજે છે. છીણી કે અન્ય રૂપ નિર્મીતિના સાધનના માધ્યમથી વિવિધ ભાવમુદ્રાઓ પ્રગટાવે છે. પ્રાચીનકાળથી મનુષ્યો પોતાના આરાધ્ય દેવી-દેવતાઓની શિલ્પના માધ્યમથી ઉપાસના કરતા આવ્યા છે.

શિલ્પકળાને મુખ્યત્વે બે વિભાગમાં વિભાજીત કરી શકાય. મૂર્તિવિધાન (પ્રતિમા નિર્માણ) અને રૂપવિધાન (સુશોભન શિલ્પ). જૈન મંદિરોમાં સ્વાભાવિક રીતે જ કેન્દ્રસ્થાનમાં જિનેશ્વરદેવની મૂર્તિનું નિર્માણ કરવામાં આવ્યું હોય છે. શાસ્ત્રકારોએ દર્શાવેલી મર્યાદા મુજબ જિનમંદિરમાં પરમાત્માની શાંતરસથી ભરપૂર, સર્વાંગસંપૂર્ણ, પદ્માસન (પર્યંકાસન) કે કાયોત્સર્ગમુદ્રા (ખડગાસન)માં બિરાજમાન કરવામાં આવે છે. પરમાત્માની નિર્વાણ અવસ્થા (પરમ શાંત-પૂર્ણસિદ્ધ મુદ્રા)નું ધ્યાન જ પરમલક્ષ્ય હોવાથી આ પ્રકારની મર્યાદા દર્શાવવામાં આવી છે.

પ્રાચીનકાળમાં ધાતુપ્રતિમાઓ વિશેષ પ્રમાણમાં નિર્માણ પામતી. અકોટા (વડોદરા પાસે), વસંતગઢ (પિંડવાડા રાજ. પાસે)થી પ્રાપ્ત વિવિધ ધાતુ-કાંસ્યપ્રતિમાઓ ભાવવાહી અને અત્યંત કલાત્મક છે. આ સાથે જ મથુરા અને અન્ય સ્થળોથી વિપુલ માત્રામાં પાષાણ પ્રતિમાઓ મળી આવી છે.

**પરમાત્મા સિદ્ધ સ્વરૂપ છે, માટે તેમની નિર્વાણ અવસ્થાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવે છે.**

પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાઓમાં ધરણેન્દ્રે કરેલા ઉપસર્ગનિવારણની સ્મૃતિમાં પાછળ નાગછત્ર આલેખવાની પ્રથા રહી છે. પ્રભુ પ્રતિમા પાછળના નાગછત્રમાં ફણાઓની સંખ્યાથી માંડી એના નિર્માણમાં વિવિધ આકૃતિઓ દ્વારા શ્રાવકો અને શિલ્પીઓએ જિનપ્રતિમામાં વિલક્ષણતા લાવવાનો પ્રયત્ન કર્યો. સાતફણાવાળા સર્પથી માંડી નવફણા, હજારફણા (૧૦૦૮ ફણા) વાળી વિશિષ્ટ મુદ્રાઓની પાર્શ્વનાથ ભગવાનની વિલક્ષણ પ્રતિમાઓ નિર્માણ પામી. આ નાગફણાઓ દ્વારા પ્રભુ પ્રતિમામાં વિલક્ષણ સૌંદર્ય પ્રગટાવવાનો ઉપક્રમ નોંધપાત્ર છે. રાણકપુરના ભીંતપટપરની સહસ્રફણા પાર્શ્વનાથ પ્રતિમા, સુરતની પ્રસિદ્ધ સહસ્રફણા પાર્શ્વનાથ પ્રતિમા તેમ જ મુંબઈ (માટુંગા) સ્થિત સહસ્રફણા પાર્શ્વનાથ આદિ વિલક્ષણ ફણાટોપ સાથેની પ્રતિમાઓ શિલ્પકળાની દૃષ્ટિએ વિશેષ દર્શનીય છે. ક્યાંક ખભા પર સર્પ સાથેની પ્રતિમાઓ પણ દૃષ્ટિગોચર થાય છે. લોદ્રવા (જેસલમેર)માં પણ પાર્શ્વનાથ પ્રભુનું નાગછત્ર વિલક્ષણ છે.

પાર્શ્વનાથ ભગવાનની સાથે જ સુપાર્શ્વનાથ ભગવાનની માતાએ સ્વપ્નમાં પાંચફણાવાળો સર્પ જોયો હતો, આથી ક્યાંક સુપાર્શ્વનાથ મૂર્તિમાં પણ પાંચફણા જોવા મળે છે. પાવાગઢ પરના દિગંબર જિનમંદિરમાં પણ આવી વિલક્ષણ સુપાર્શ્વનાથ જિનપ્રતિમા જોવા મળે છે.

બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથનો તેમના પિતરાઈ શ્રીકૃષ્ણ અને બલદેવ સાથેના સંબંધોને ધ્યાનમાં રાખી, મથુરા આદિ સ્થળોએ પરિકરમાં શંખ સાથેની શ્રીકૃષ્ણ, બલદેવ આદિની વિલક્ષણ મૂર્તિઓ જોવા મળે છે.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના દીક્ષાસમયે ઈન્દ્રમહારાજાના કહેવાથી એક મુષ્ટિ લોચ રહેવા દીધો હતો. આથી અનેક સ્થળે શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાઓમાં જટાઓ દર્શાવવામાં આવે છે. અતિપ્રાચીન કાંગડા (હિ. પ્ર.)ની ઋષભદેવપ્રભુની પ્રતિમામાં મનોહારી જટાના દર્શન થાય છે. ઈન્દોર (મ.પ્ર.)માં હ્રીંકારગિરિ તીર્થમાં પણ આવી જટાયુક્ત મનોહારી પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં આવી સંપૂર્ણ જટા ન હોય ત્યાં પણ અનેક સ્થળે ખભા પર કેશાવલીના સંકેત દ્વારા ઋષભદેવ પ્રભુની વિલક્ષણ પ્રતિમાઓ ધ્યાન ખેંચે છે.

પરમાત્મા મહાવીરપ્રભુ દીક્ષા લેવા પૂર્વે ભાઈના કહેવાથી એક વર્ષ સંસારવાસમાં માતા-પિતાના સ્વર્ગવાસ પછી રહ્યા હતા. આ કાળમાં પ્રભુ ભાવથી દીક્ષિત હતા, પણ દ્રવ્યથી સંસારીવેશમાં હતા. કુમાર સોનીનો જીવ જે વ્યંતર યોનિમાં હલકી કક્ષાનો દેવ બન્યો હતો તેણે પોતાના આત્માના ઉદ્ધાર માટે મિત્ર દેવના કહેવાથી ગોશીર્ષ ચંદનમાંથી પ્રભુની આ અવસ્થાની મૂર્તિ બનાવી હતી. આ મૂર્તિ વીતભયનગરમાં ઉદાયી રાજા દ્વારા પૂજાઈ હતી, અને એ પછી મૂર્તિ ઉજ્જૈનમાં સ્થાપિત થઈ હતી. પ્રભુ મહાવીરની આ દિવ્ય પ્રતિમાના અનુકરણમાં અનેક સ્થળે અલંકારયુક્ત પ્રભુપ્રતિમાઓની સ્થાપના થઈ.[૧] આવી પ્રભુપ્રતિમાઓને 'જીવિતસ્વામી' (પરમાત્માની જીવંત અવસ્થાની પ્રતિમા) તરીકે ઓળખાય છે. કાળક્રમે મહાવીરસ્વામી છોડી અન્ય તીર્થંકરોની પણ જીવિત પ્રતિમાઓની (આભૂષણયુક્ત મૂર્તિઓની) પણ સ્થાપના થઈ હતી. 'જીવિતસ્વામી'નો બીજો એક સંદર્ભ પ્રભુના વિચરણકાળ દરમિયાન સ્થાપના પામેલી પ્રભુપ્રતિમા સાથે છે. રાજસ્થાનમાં આવેલા નાણા,

દીયાણા, નાંદિયા, મહુવા આદિમાં પદ્માસનસ્થ પ્રભુ પ્રતિમાઓ પણ પ્રભુના જીવનકાળમાં સ્થપાયેલી હોવાનું મનાય છે. ધર્મચક્રતીર્થ (વિલહોળી-નાસિક પાસે-મહારાષ્ટ્ર)માં પ્રભુની કેવળજ્ઞાન પછીની વિહાર-અવસ્થાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે.

મલ્લિનાથ પ્રભુ સ્ત્રી તીર્થંકર હોવાથી સાતમી સદીની તેમની સ્ત્રીરૂપ ધરાવતી મૂર્તિ લખનૌ મ્યુઝિયમમાં જોવા મળે છે. એ જ રીતે વીસમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામી કાચબા (કચ્છપ) લાંછન હોવાથી, તેમ જ કાચબાનો હાલમાં વિશેષ શુકનિયાળ તરીકે પ્રચાર થવાથી વિશાળ કાચબા પર મુનિસુવ્રતસ્વામીની મૂર્તિ બિરાજમાન કરવાનો પ્રચાર વધી રહ્યો છે.

પરમાત્મા સિદ્ધ સ્વરૂપ છે, માટે તેમની નિર્વાણ અવસ્થાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવે છે. એ સાથે જ પરમાત્મા દેવેન્દ્રેથી પૂજનીય-વંદનીય છે, એ દર્શાવવા બે બાજુ ચામરધારી ઈન્દ્રોયુક્ત અનેક જિનપ્રતિમાઓ સ્થાપિત થઈ છે. ચામરધારી દેવેન્દ્રથી આગળ વધી પરમાત્માના અરિહંતરૂપના વૈભવને વધુ સ્પષ્ટ કરવા અષ્ટપ્રાતિહાર્ય (સિંહાસન, છત્રત્રય, ભામંડલ, દેવદુદુંભિ), અશોકવૃક્ષ, દિવ્યધ્વનિ, ચામરયુગલ, પુષ્પવૃષ્ટિ)ની શોભા દર્શાવતા પરીકરો (પરિવાર)ની રચના મૂર્તિ આસપાસ કરવાની પ્રથા પણ વ્યાપકરૂપમાં અસ્તિત્વમાં આવી. આ પરીકરોમાં આપણે ત્યાં પંચ-તીર્થનો મહિમા વૃદ્ધિ પામતા પાંચ–તીર્થી–બે કાયોત્સર્ગ ધ્યાનસ્થ પ્રતિમા અને બે પદ્માસનસ્થ પ્રતિમા સ્થાપવાની પરંપરા થઈ. વળી, તેની નીચેની પીઠમાં સમવસરણનું સૂચન કરવા હાથી-સિંહ આદિની પર્ષદા, અધિષ્ઠાયક દેવ-દેવી-નવગ્રહ આદિની સ્થાપના દર્શાવવામાં આવી છે. પરીકરના કેન્દ્રમાં પરમજ્ઞાનશક્તિ અથવા પ્રકૃતિશક્તિની સ્થાપના કરવામાં આવે છે. આમ, પરીકરની રચનામાં અનેક દિવ્યતત્ત્વોની સ્થાપના કરવામાં આવી છે.

પ્રાચીનકાળથી ધાતુમુર્તિઓ અને પાષાણમૂર્તિઓના પરીકરોની રચનામાં અપરંપરા વૈવિધ્ય જોવા મળે છે. વસંતગઢથી પ્રાપ્ત થયેલ એક પાર્શ્વનાથ ભગવાનની ધાતુમૂર્તિઓમાં ત્રિતીર્થી (એક મુખ્ય પ્રતિમા, આજુબાજુમાં બે ખડગાસન પ્રતિમા) અને નીચે પાર્શ્વયક્ષ તથા પદ્માવતીજીના દર્શન થાય છે. વળી ફણાઓને અંતે ધરણેન્દ્ર-પદ્માવતીજીની મનોહરમૂર્તિ પણ દૃષ્ટિગોચર થાય છે. આવી વૈવિધ્યસભર પ્રાચીન પંચધાતુ મૂર્તિઓમાંથી કેટલીક પંચધાતુ-મૂર્તિઓની પ્રતિકૃતિ લોઢાધામના (નાયગાંવ, જિ. થાણે) જિનાલયમાં જોવા મળે છે. પંચધાતુની મૂર્તિઓમાં પંચતીર્થીની સાથે જ ક્રમે ક્રમે ચોવીસ તીર્થંકરોની પ્રતિમાઓ જે 'ચોવીસી' તરીકે પ્રસિદ્ધ છે, તેની પણ સ્થાપના થવા માંડી. આ ચોવીસીઓ માત્ર ધાતુની જ નહિ, અનેક સ્થળે પાષાણમાં પણ સુંદર રીતે કંડારાયેલી જોવા મળે છે. આવી પાષાણમાં કંડારાયેલી ચોવીસી પ્રતિમામાં મુંબઈ ગોડીજી દેરાસરનાં બીજા માળના બહારના ગર્ભગૃહમાં નેમિનાથમૂર્તિ તથા એ જ બીજા માળના બહારના ગર્ભગૃહમાં કાયોત્સર્ગમુદ્રામાં બિરાજમાન આદિનાથ ભગવાનની વિલક્ષણ-સંરચના ધ્યાન ખેંચે છે. કેન્દ્રમાં વિશાળ-ભાવવાહી કાયોત્સર્ગ મુદ્રાસ્થિત આદિનાથ ભગવાનની બેય બાજુની પેનલમાં ૧૧-૧૧ પદ્માસનસ્થ જિનપ્રતિમાઓ બિરાજે છે અને મસ્તકે પાર્શ્વનાથ ભગવાનની ફણાયુક્ત પ્રતિમા બિરાજમાન છે.

પ્રભુ મહાવીરના ૧૧ ગણધરોમાંથી પ્રથમ અને વિશેષ મહિમાવાન ગૌતમસ્વામી તથા વર્તમાન મુનિપરંપરાના ઉદ્‌ગમ બિંદુ સમાન સુધર્મા સ્વામીની ગુરુઅવસ્થાવાળી અનેક સુંદર પ્રતિમાઓ પણ જિનાલયમાં જોવા મળે છે. કેટલાક જિનાલયોમાં ગુરુમૂર્તિની સ્થાપના પણ જોવા મળે છે. આ ઉપરાંત જિનમંદિરોમાં વૈવિધ્યસભર સિદ્ધચક્રજી (નવપદજી)ના યંત્રો તેમજ ઘટ્ટાઓ જોવા મળે છે. ક્યાંક કમલાકારમાં અરિહંતની ચતુર્મુખ મૂર્તિની આસપાસ સિદ્ધચક્રજીની રચના થયેલી જોવા મળે છે. કેટલેક સ્થળે પાષાણમાં પણ સિદ્ધચક્રજીની રચના જોવા મળે છે. સિદ્ધચક્રજી ઉપરાંત જે સ્થાનોની આરાધના કરી આત્મા અરિહંતપદ પ્રાપ્ત કર્યું છે, તેવા વીસસ્થાનકની રચનાઓ જોવા મળે છે. જિનમંદિરોમાં મૂર્તિઓ ઉપરાંત ૐ હ્રીં આદિ મંત્રબીજોના પટ, ઋષિમંડળ આદિ યંત્રો તેમજ પ્રાચીન આયાગપટની યાદ અપાવે એવા ધાતુ પર આલેખાયેલા જિનસમૂહો જોવા મળે છે. પ્રભુસન્મુખ ધરાવવામાં આવતી અષ્ટમંગળની પાટલી પણ તેની અનેક વિભિન્ન ભાતભેદોથી મનને મોહે છે. શંખેશ્વર આદિ સ્થળોએ ચોવીસ જિનમાતાઓના પટ પણ જોવા મળે છે.

જિનમંદિરમાં એ ઉપરાંત ચક્રેશ્વરી, પદ્માવતી આદિ અધિષ્ટાયિકા દેવીઓ તેમજ ગૌમુખ-માણિભદ્ર આદિ અનેક યક્ષમૂર્તિઓ પણ સ્થાપિત થયેલી જોવા મળે છે. આ પ્રતિમાવિધાન ઉપરાંત જિનમંદિરમાં રૂપનિર્માણ પણ મનોહારી હોય છે.

દેવમંદિરમાં વિવિધ દેવયુગલો-અપ્સરાઓ પ્રભુભક્તિ માટે જતી હોય, અથવા સંગીત આદિ વડે પ્રભુભક્તિ કરતી હોય એવું આલેખવાની પ્રથા રહી છે. એ ઉપરાંત અષ્ટમંગળ, ચૌદસ્વપ્નો, વિવિધ પુષ્પો અને કોતરણીઓથી જિનમંદિરને શોભાયમાન કરવામાં આવતું હોય છે. આવા વિવિધ પ્રકારના સુશોભન (શિલ્પશાસ્ત્રની પરિભાષામાં રૂપકામ) દેરાસરની શોભામાં અભિવૃદ્ધિ કરી સાધકના સાંસારિક તાપોનું વિસ્મરણ કરાવી પ્રભુ સાથે એકતાન થવામાં સહાયભૂત થતું હોય છે.

કોતરણીની વાત આવે એટલે આબુ-દેલવાડાના ભવ્ય જિનાલયો અવશ્ય સ્મરણમાં આવે. ચંદ્રાવતીના દંડનાયક વિમલમંત્રીએ પ્રતિષ્ઠા

કરાવેલા 'વિમલવસહી મંદિર'માં અનેક લાવણ્યસભર સુંદર શિલ્પ રચનાઓ જોવા મળે. તેની પ્રસિદ્ધ હસ્તિશાળામાં હાથીના અનેક સુંદર શિલ્પો જોવા મળે. ત્યાંથી આગળ વધો, ત્યાં પ્રત્યેક દેરીની કમાનમાં પણ અનેક અવનવિત રચનાઓ જોવા મળે. કમાનમાંના કમળફૂલની રચના જોઈ મનમાં પ્રશ્ન જન્મે કે સરોવર વિના આવા સુંદર કમળફૂલ કેવી રીતે ખીલ્યા હશે ? વળી, બીજી બાજુએ આવેલ કાલિયદમનની રચના પણ શું આ જૈન શ્રાવકે ઉદાર દૃષ્ટિબિંદુથી કરી હશે કે પછી કાલિયદમનથી કામદમનનો સંદર્ભ એના મનમાં હશે, એવો પ્રશ્ન થાય. વચ્ચેનો ભવ્ય ગૂઢમંડપ તો અનેરી શોભા ધારણ કરે છે. લુણિગવસહી મંદિરની રચના પણ અનોખી છે. વસ્તુપાલ-તેજપાલની આ અપૂર્વ મંદિરરચનામાં નેમિનાથના ત્રણ કલ્યાણકો-દીક્ષા-કેવળજ્ઞાન-નિર્વાણ અવસ્થાને સૂચવતી મૂર્તિત્રયની રચના ધ્યાન ખેંચે છે. આ મંદિરના મધ્યભાગમાં આવેલા દેરાણી-જેઠાણીના ગોખલાઓ તો વિશ્વપ્રસિદ્ધ છે. અહીં વસ્તુપાલ-તેજપાલની પત્નીઓની ઉદારતાને પરિણામે શિલ્પમાં અત્યંત સૂક્ષ્મતા અને સૂચારુતાનું પ્રાગટ્ય શક્ય થયું છે.

આબુની બાજુમાં આવેલા કુંભારિયા (આરાસણ) તીર્થ પણ તેની શિલ્પકળા માટે પ્રસિદ્ધ છે. તેના મંદિરોની કોતરણી આબુ-દેલવાડાના જિનમંદિરોની યાદ અપાવે એવી સમૃદ્ધ છે.

રાણકપુર તીર્થ એની માંડણી–(એના સ્થાપત્ય) માટે સુપ્રસિદ્ધ છે. એમ છતાં એના ભવ્ય મંડપોમાં કરાયેલી કલ્પવેલી અને અન્ય કોતરણીઓ પણ ખાસી આકર્ષક છે. તેની બહાર આવેલું નેમિનાથ મંદિર તેના કામક્રીડાના શિલ્પો માટે પ્રસિદ્ધ છે. જૈનમંદિરોમાં સામાન્ય રીતે આવા શિલ્પો પ્રયોજાતા નથી, પણ ખજુરાહોની શિલ્પસૃષ્ટિનો પ્રભાવ અહીં તહીં ફેલાયો હોય. ખજુરાહોના મંદિરસમૂહમાં પણ કેટલીક આવી તંત્રસંબંધિત શિલ્પસૃષ્ટિ જોવા મળે છે.

મધ્યપ્રદેશમાં ગ્વાલિયર પાસે આવેલા ગોપાચલ પર્વતમાં પહાડો કોતરીને બનાવેલા વિશાળકાય દિગંબર મંદિરો તેમજ જિનમૂર્તિઓ એની ભવ્યતા માટે જાણીતા છે. તોમર વંશના આ ભવ્ય જિનાલયોના સર્જન કર્યા છે. વિશાળકાય જિનમૂર્તિઓની વાત આવે તો શ્રવણબેલગોડાની બાહુબલિની મૂર્તિ અવશ્ય સ્મરણે ચઢે.

શિલ્પોની વાત કરીએ તો, બદ્રિનાથ જૈન ટેમ્પલ અથવા શીતલનાથ દેરાસર (કલકત્તા)નું સ્મરણ પણ અવશ્ય કરવું પડે. આ મંદિરના વિશાળ સ્થાપત્યમાં મુગલ, રોમન અને ભારતીય શિલ્પકળાના સંયોજનથી એક અનોખી સુંદરતાનું નિર્માણ કર્યું છે. દિલ્હીમાં ચાંદની ચોકમાં આવેલા સુમતિનાથ જૈન દેરાસરમાં પણ મોગલ ચિત્રકળા અને સુવર્ણરંગી પીંછીકામ અનેરી શોભા ધારણ કરે છે.

કાષ્ટશિલ્પમાં સુરતના શાહપુર વિસ્તારમાં આવેલું ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર સુપ્રસિદ્ધ છે. એક જમાનામાં તળ મુંબઈમાં આવેલા અનેક જિનાલયો પણ તેના કાષ્ટશિલ્પો માટે પ્રસિદ્ધ હતા. સમયાંતરે જીર્ણોદ્ધારમાં એ મંદિરો હવે આરસપહાણના વિશાળ-સંકુલ શીલ્પકળાથી સમૃદ્ધ બન્યા છે. કાષ્ટના મનોરમ ગૃહજિનાલયો પણ એક કાળે કલાત્મક અને સુંદર બનતા. આવા જિનાલયોમાંના કેટલાક કોબામાં સચવાયા છે. એક ભિલાડ પાસે બનેલા નંદીગ્રામના જિનાલયમાં સચવાયું છે.

કાળના પટ પર અનેક જૈનાચાર્યો અને યતિઓ તેમજ સાધુ-સાધ્વીગણોએ શ્રાવકોમાં પરમાત્મભક્તિના સંસ્કાર દૃઢ બની રહે, એ માટે જિનાલય-નિર્માણની પ્રેરણા આપી છે. આ સાધુ ભગવંતોના પ્રેરણા-પીયૂષ ઝીલી અનેક જૈન શ્રાવકો અને જૈન શ્રાવિકાઓએ ઉદારહૃદયથી મંદિર નિર્માણમાં તન-મન-ધનથી ભોગ આપ્યો છે.

આકાશ ચૂંબતા વિશાળ તીર્થસ્વરૂપ જિનાલયોથી માંડી નાનકડા ગૃહજિનાલયોના નિર્માણમાં તેમ જ તેની સારસંભાળમાં આ ચતુર્વિધ સંઘે મોટું યોગદાન આપ્યું છે. આથી જ વિશ્વના પટ પર આજે જૈન સંસ્કૃતિની સુગંધ લઈ આ અનેરા અને અનોખા શિલ્પમંડિત સ્થાપત્યો પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે

✷ ✷ ✷

એ/૩૧, ગ્લેડહર્સ્ટ,
ફીરોઝશાહ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૪.
મોબાઈલ : ૦૯૮૯૨૬૭૮૨૭૮.

## સિધ્ધાચલનો વાસી પ્યારો લાગે

સિધ્ધાચલનો વાસી પ્યારો લાગે, મોરા રાજીંદા,
ઈણ રે ડુંગરીઆમાં ઝણીઝીણી કોરણી,
ઉપર શિખર બિરાજે - મો૦ સિ૦ ૧

કાને કુંડળ માથે મુગટ બિરાજે,
બાંહે બાજુબંધ છાજે-મો૦ સિ૦ ૨

ચઉમુખ બિંબ અનોપમ છાજે,
અદ્ભુત દીઠે દુઃખ ભાંજ–મો૦ સિ૦ ૩

ચુવા ચુવા ચંદન ઓર અરગમ,
કેસર તુલક વિરાજ–મો૦ સિ૦ ૪

ઇણ ગિરિ સાધુ અનંતા સિધ્ધા
કહેતા પાર ન આવે–મો૦ સિ૦ ૫

જ્ઞાનવિમલ પ્રભુ એણી પેરે બોલે,
આ ભવ પાર ઉતારો–મો૦ સિ૦ ૬

# દિવ્યતાની અનુભૂતિ

❑ ડૉ. રેણુકા પોરવાલ

જૈનધર્મની મુખ્ય બે પરંપરા શ્વેતાંબર અને દિગંબર. બંને સંપ્રદાયના તીર્થધામો, પર્વતો ઉપર તથા એની તળેટીમાં રમણીય કુદરતી વાતાવરણમાં સ્થિત હોવાથી યાત્રિકો તન-મનથી પ્રફુલ્લિત થાય છે. ઉત્તર અને દક્ષિણ ભારતના દરેક રાજ્યોમાં આવા સિદ્ધક્ષેત્ર અને અતિશય ક્ષેત્રો આવેલા છે. તીર્થ ક્ષેત્રોનું વર્ગીકરણ સાધારણ રીતે કલ્યાણક ક્ષેત્ર, સિદ્ધ ક્ષેત્ર, અતિશય ક્ષેત્ર અને કલા ક્ષેત્ર તરીકે કરી શકાય.

**કલ્યાણક ક્ષેત્ર**

તીર્થંકરોના જીવનના પાંચ કલ્યાણકો–ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ જે સ્થળે થયા હોય તે સ્થળને અતિ પવિત્ર ગણવામાં આવે છે. ઉપરાંત આવી કલ્યાણક ભૂમિઓ પ્રભુના જીવનની મહત્ત્વની ઘટનાઓની પણ સાક્ષી હોય છે, માટે પૂર્વે થયેલા મહાન આચાર્યો અને શ્રાવકો ત્યાં જે તે પ્રસંગોની યાદમાં ચૈત્યાલયો કે સ્તૂપોનું નિર્માણ કરે છે. સમેતશિખરજી, કાશી, મથુરા, વૈશાલી, અહિછત્રા, શ્રવણબેલગોલા વગેરે કલ્યાણકતીર્થ ક્ષેત્રો છે.

**સિદ્ધક્ષેત્ર**

સિદ્ધક્ષેત્ર તરીકે જાણીતા તીર્થોમાં મુનિઓનું નિર્વાણ થયું હોવાથી એ સિદ્ધક્ષેત્ર કહેવાય છે. સિદ્ધાચલનું સુંદર ચૈત્યવંદન છે-

*'શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર દીઠે દુર્ગતિ વારે*
*ભાવ ધરીને જે ચઢે એને ભવ પાર ઉતારે.'*

જ્યાં અનંતા મુનિઓ મોક્ષ પામ્યા હોય તેવા ક્ષેત્રો ઘણાં છે, ઉદાહરણાર્થ–માંગીતૂંગીજી, પાવાગઢ, દ્રોણગિરિ, મુક્તાગિરિ, ચુલગિરિ, ગજપંથા, કુંથલગિરિ વગેરે. તામિલનાડુમાં આવી ઘણી ગિરિમાળાઓ છે જ્યાં સાધુઓએ સંલેખના વ્રત સ્વીકાર્યું હતું. એક ગિરિ પર્વત 'સીતાનાવત્સલ' એ સિધ્ધાનાવાસનું અપભ્રંશ છે. આ સ્થળે જૈન સંસ્કૃતિનો પ્રાચીનતમ કલાવારસો, ચિત્રકામ અને શિલ્પકામના રૂપમાં અસ્તિત્વ ધરાવે છે.

**અતિશય ક્ષેત્ર**

દેવ, દેવી, તીર્થંકરોના ઘણાં અદ્‌ભૂત તીર્થક્ષેત્રો એવા છે કે ત્યાં દર્શન કરતાં જ ભક્તોને સુખ, શાંતિ અને અનુપમ શક્તિનો અનુભવ થાય છે. આ શક્તિ, એ ત્યાં રહેલી ઉર્જાને આભારી છે. આવા જાગરૂક તીર્થોના દર્શનથી ભવ્યજનો ભાવવિભોર થઈ જાય છે. અતિશય ક્ષેત્રો ઘણીવાર પ્રભુના જીવન કલ્યાણક સાથે પણ સંબંધ ધરાવે છે; જેમ કે વૈશાલી અને લછવાડ તથા ભેલુપુર (કાશી) વગેરે.

અતિશય ક્ષેત્ર-તીર્થો : શ્રવણબેલગોલા નગરની વિંધ્યગિરિ અને ચંદ્રગિરિ, પદ્માવતી માતાનું તીર્થ હુમચ તથા જ્વાલામાલિની દેવીનું મંદિર–સિંહન ગદ્દે કર્ણાટકમાં આવેલા છે. ઉપરાંત શંખેશ્વર, વિઘ્નેશ્વર (સુરત અને આંધ્ર પ્રદેશ), અંતરિક્ષ (મહારાષ્ટ્ર), મક્ષીજી (મધ્ય પ્રદેશ) વગેરેનો સમાવેશ કરી શકાય.

**કલાક્ષેત્ર**

જૈન કળા અને સ્થાપત્યના વિરલ ઉત્કૃષ્ટ બાંધણીવાળા મંદિરો અને પ્રતિમાજીઓનો સમાવેશ આ પ્રકારમાં થાય છે. વિશ્વની હેરિટેજ ગણાતી શ્રવણબેલગોલાની બાહુબલીની પ્રતિમા, મુડબદ્રિ, પટ્ટડક્કલ, જિનકાંચી, રાણકપુર, આબુ, જૂના દેલવાડા, ઓસિયાજી, અજમેર, જયપુર, કેસરિયાજી વગેરે તીર્થોમાં કલાકારો, શિલ્પીઓ તથા સ્થપતિઓએ પોતાનો પ્રાણ રેડીને ઘણી જીવંત કલાકૃતિઓનું નિર્માણ કર્યું છે.

**શ્રી સમેતશિખર**

દરેક ધર્મીજન પ્રભુના કલ્યાણક ક્ષેત્રોની સ્પર્શના કરવાની ઈચ્છા રાખતો જ હોય છે. ગુજરાત અને મધ્ય પ્રદેશના જૈનોને શિખરજી યાદ ઘણું આવતું હોય તો પણ દૂર હોવાના કારણે ઈચ્છા ફળીભૂત થતાં સમય લાગે છે. અમને ઘણાં વર્ષો પછી સપરિવાર ૨૦-૨૦ તીર્થંકરોની અંગ સ્પર્શનાથી ચેતનવંતી થયેલ પર્વતશ્રેણી પર પગલાં પાડવાનો મોકો મળ્યો. શ્રી ભોમિયાજીના દર્શનથી યાત્રા પ્રવાસ આરંભાયો. અહીં ૩૧ ટૂકો આવેલી છે જેમાં અંતિમ શ્રી મેઘાડંબર ટૂક શ્રી પાર્શ્વનાથજીની છે. અહીંની મુખ્ય મુખ્ય ૨૦ ટૂકોમાં યાત્રીગણ ચૈત્યવંદન કરતાં હોય છે. ચારે તરફ વ્યાપક પંખીઓનો કલરવ અને શીતળ મંદ મંદ પવન સાથે પ્રભુને જુહારતાં મનમાં આલ્હાદકતાની સાથે શીતળતાનો અનુભવ શ્રદ્ધાની લાગણીના તંતુઓ જોડે છે.

શાશ્વતા જિનેશ્વરો, ગણધરો, સાંવલિયા પાર્શ્વપ્રભુનું જલમંદિર અને એથી પણ વિશેષ અંતિમ ટોચ પર પાર્શ્વનાથ દાદાનું નિર્વાણ સ્થળ આપણને આમંત્રિત કરતા જણાય છે. આ સ્થળ પરના મંદિરના ભોંયરામાં શિલા પર પ્રભુએ પદ્માસનમાં બિરાજીને અનશન કર્યું હતું. આ શિલાનો સ્પર્શ કરતાં મન ગદ્‌ગદિત થઈ ઉઠે છે. ચરણ પાદુકાના દર્શન માત્રથી જ જશવિજયજીની પંક્તિઓ યાદ આવી જાય.

*'જન્મ સફળ હોય તેહનો જે એ ગિરિ વંદે...'*

સંપૂર્ણ પહાડ લોકજીભે, રેલ્વેમાં, પોસ્ટ ઑફિસમાં અને અંગ્રેજોના દસ્તાવેજોમાં 'પારસનાથ પહાડ' કે 'પારસનાથ હીલ'ના







નામે પ્રસિદ્ધ છે. અનંતાનંત આત્માઓના મોક્ષગમનની સાક્ષી આ હીલની ચરણરજ મસ્તકે ચઢાવતાં જે શુભ ભાવનાઓ, ઉર્જાઓ અને સ્પંદનોમાં વિહરવાનું બને છે તેની સામે ૨૭ કિ.મી.નો પ્રવાસ તો નગણ્ય જ કહેવાય. શ્રી હેમચંદ્રાચાર્ય રચિત શ્રી સકલાર્હત ચૈત્યવંદન યાદ આવી જાય. એની અંતિમ ૩૩મી ગાથામાં ગિરિ ચૈત્યોને મંગલાર્થે પ્રાર્થ્યા છે...

ખ્યાતોષ્ટાપદ પર્વતો ગજપદઃ સમ્મેત શૈલાભિધઃ
શ્રીમાન રેવતકઃ પ્રસિદ્ધ મહિમા, શત્રુંજયો મંડપઃ
વૈભાર કનકાચલોર્બુદગિરિઃ શ્રી ચિત્રકૂટાદય
સ્તત્ર શ્રી ઋષભાધ્યો જિનવરાઃ કુર્વન્તુવો મંગલમ્ ।।

ખ્યાતિપ્રાપ્ત અષ્ટાપદ, ગજપદ પર્વત, સમ્મેતશૈલ, શ્રીમાન રેવતાચલ, પ્રતિષ્ઠિત શત્રુંજય અને માંડવગઢ, વૈભારગિરિ, સુવર્ણગિરિ, અચલગઢ, અર્બુદગિરિ, શ્રી ચિત્રકૂટ (ચિત્તોડ); ત્યાં બિરાજમાન શ્રી ઋષભદેવ વગેરે જિનવરો તમારું કલ્યાણ કરે. કલિકાલ સર્વજ્ઞએ આ ગાથામાં એક તો દરેક તીર્થોના અધિપતિ શ્રી ઋષભદેવ દર્શાવ્યા છે અને બીજું આ સર્વ તીર્થો, પર્વત પર બિરાજેલા છે તથા તેમને પ્રખ્યાત, શ્રીમાન, પ્રસિદ્ધ, મહિમાવંત આદિ વિશેષણોથી નવાજેલા છે.

શ્રી પાર્શ્વપ્રભુના નિર્વાણની ક્ષણો યાદ આવે છે; કંઈ કેટલાયે દિવસની ઉગ્ર સાધના–એક જ સ્થળે બિરાજી ટાઢ-તડકો-તૃષા-ભૂખ સહન કરીને તપથી કાયા કૃશ કરવાનું. એ શિલા, એ એમની સાધના સ્થલી મન ભરીને નિરખી, અંતરમાં વ્યથા પ્રગટે જે વાણી કહી ન શકે કે લેખિનીને અંકિત કરવામાં શબ્દો ખૂટે કારણકે અહીં ફક્ત આત્મશ્રદ્ધાનું જ રાજ છે. ૨૦ તીર્થંકરોની અણુરજથી પાવન ભૂમિને પ્રણામ.

### ભેલુપુર–કાશીદેશ

શ્રી પાર્શ્વનાથનું જન્મસ્થળ ભેલુપુરમાં પ્રભુની ઘણી જ સુંદર મનમોહક પ્રાચીન પ્રતિમાજી છે. મંદિરનો બે ત્રણ વાર જીર્ણોદ્ધાર થયો. આ મંદિર પરદેશી આક્રમણનો ભોગ બનતાં સેંકડો વર્ષ સુધી નવીન મંદિરના નિર્માણનું કાર્ય થઈ શક્યું નહિ. નવા દેરાસરના બાંધકામ સમયે ભૂગર્ભમાંથી ઘણી પ્રતિમાજીઓ પ્રાપ્ત થઈ જેને મંદિરમાં જ પધરાવવામાં આવી. જન્મસ્થળ, કમઠના ઉપસર્ગનું સ્થળ, સુપાર્શ્વનાથ પ્રભુનું જન્મ કલ્યાણક વગેરે મંદિરો ઘણાં જ રમણીય છે. સુપાર્શ્વનાથજીના મંદિરેથી (ભદૈની ઘાટ) કલકલ વહેતી ગંગામૈયાનું સુંદર દૃશ્ય કદી ન ભૂલી શકો એવી રીતે સ્મરણપટ પર અંકિત થઈ જાય છે. અહીંની 'શ્રી પાર્શ્વનાથ શોધ સંસ્થાન' તથા તુલસી અને કબીરના સ્મારકો જોતાં જ આ પ્રાચીન કાશીને આપોઆપ જ નત મસ્તક થઈ જવાય છે.

### મથુરા-મોક્ષદાયી તીર્થ

ભારતના મૂળ ધર્મો–જૈન, હિંદુ અને બૌદ્ધ મથુરાનગરને મોક્ષદાયી ગણે છે. આ નગર દેશ–પરદેશ જતા મુખ્ય માર્ગ પર અવસ્થિત હોવાને કારણે અહીં વેપારી વર્ગની અવરજવર નિત્ય રહેતી. વ્યાપારીઓએ પોતાના ઈષ્ટ દેવોની પૂજા અર્ચના માટે કલામય મંદિરો અને સ્તૂપનું નિર્માણ કરાવતા. મથુરાની અન્ય એક લાક્ષણિકતા એ છે કે અહીંની પ્રાચીન અરિષ્ટનેમિની પ્રતિમાઓ કૃષ્ણ અને બલરામ સાથે અંકિત થયેલી જોવા મળે છે. આ ભૂમિ શ્રી પાર્શ્વનાથજી અને શ્રી મહાવીર સ્વામીથી પણ અભિભૂત થયેલ છે. અહીંના ચોર્યાશી સ્થળે જંબુસ્વામીનું નિર્વાણ થયું હતું. એ સ્થળે જ આજે સુંદર મંદિર અને માનસ્તંભ એમની યાદ અપાવે છે. દૈવયોગે આ જ સ્થળેથી એમના પગલાં (ચરણ પાદુકા) અને ભગ્ન મંદિરના અવશેષો પ્રાપ્ત થયા હતા.

જૈન શાસ્ત્રો મથુરાના કથાનકોથી ભરપુર છે. સ્થાણાંગ સૂત્ર, વ્યવહાર ચૂર્ણિ, યશતિલક ચંપુ અને વિવિધ તીર્થ કલ્પમાં અહીંના મંદિરોની તથા સ્તૂપની રસદાયક કથાઓ સંગ્રહિત થયેલી છે. વિવિધ તીર્થ કલ્પની રચના શ્રી જિનપ્રભુસૂરિએ ૧૪મી સદીના પ્રારંભમાં ઘણાં તીર્થોની યાત્રા દરમ્યાન કરી હતી. સૂરિજીએ ઘણાં ભાવ અને ઉલ્લાસથી આ કલ્પની રચના કરી છે એમાં મથુરાતીર્થની ભવ્યતા, મહત્તા અને શ્રેષ્ઠતાનો ગૌરવપૂર્ણ ઇતિહાસ સચવાયેલ છે. એમાં બપ્પભટ્ટસૂરિજીની આકાશગમન વિદ્યા અને એમના પર આમ રાજાની ભક્તિની વાતોને વણી લીધી છે. આચાર્ય બપ્પભટ્ટસૂરિજીએ મથુરામાં ૭૬૯ ઈ. સ.માં મહાવીર સ્વામીની પ્રતિમા સ્થાપિત કરાવી હતી. આચાર્યશ્રી શત્રુંજયમાં ઋષભદેવ, ગિરનારમાં નેમિનાથ, ભરૂચમાં મુનિસુવ્રત, મોઢેરામાં વીરનાથ, મથુરામાં સુપાર્શ્વ અને પાર્શ્વનાથને જુહારીને ગ્વાલિયરમાં આમ રાજાને ત્યાં ગોચરી વાપરતા હતા-

''सित्तुंजे रिसहं, गिरनारे नेमिं, भरूअच्छे मुणिसुवयं.
मोढेरेएवीरं, महुराए सुपास-पासे नमित्तासोट्ठे ढुंढण
विहरित्ता गोवालगिरिंमि ज़ो भुंजेइ।''

જિનપ્રભસૂરિએ ઉપરોક્ત ગુરુદેવની શક્તિના વર્ણન ઉપરાંત મથુરાનગરીનું વર્ણન 'इत्थे' શબ્દથી પ્રારંભ કરીને ૧૫ જેટલા વાક્યોમાં પૂર્ણ કર્યું છે.

મથુરાનગરના વૈભવનું વર્ણન અને અહીંના વિવિધ ધર્મોનું સામંજસ્ય કલ્પનાતીત છે. આ નગરીમાં સ્કંદીલાચાર્યના નેતૃત્વમાં થયેલ ૩જી આગમ વાચના અહીંના સંઘનો પ્રતાપ દર્શાવે છે. પરદેશી આક્રમણ પછી નષ્ટ થયેલા સ્તૂપનો ફક્ત પાંચ જ વર્ષમાં જીર્ણોદ્ધાર કરી નવી પ્રતિમાજીઓ સ્થાપિત કરનાર મથુરાના શ્રીસંઘને પ્રણામ.

**અતિશય ક્ષેત્ર મૂડબદ્રી**

થોડાં વર્ષો પહેલાં મુંબઈ યુનિવર્સિટી જૈનોલોજીના કર્ણાટક યાત્રા પ્રવાસમાં જવાનું સૌભાગ્ય સાંપડ્યું. અમે સહુ બસમાં મેંગલોરથી ૩૪ કિ.મી. દૂર આવેલા મૂડબદ્રી તીર્થમાં પહોંચ્યા. દક્ષિણ દેશની જૈનકાશીની ઉપમા ધરાવનાર નાના નગરમાં ૮ જૈન મંદિરો છે. એમાં સૌથી આકર્ષક, સેંકડોં સ્તંભોવાળું 'ત્રિભુવન તિલક-ચૂડામણિ' ખૂબ નયનરમ્ય છે. ત્રણ મજલાનું મંદિર અને એમાં શોભતી ચંદ્રપ્રભુની પ્રાચીન પ્રતિમા ૬.૫ ફૂટ ઊંચી છે. અહીંના ભંડારોમાં વ્યવસ્થિત રીતે સચવાયેલ હસ્તલિખિત ગ્રંથોમાં જય ધવલા અને મહાધવલા મુખ્ય છે. આ ઉપરાંત અહીંના મઠની રત્નજડિત નહિ પરંતુ રત્નોમાંથી નિર્મિત પ્રતિમાજીઓના દર્શન જીવનમાં એકવાર તો અચૂક કરવા જ જોઈએ. આવી અલભ્ય પ્રતિમાજીઓના દર્શન અન્યત્ર દુર્લભ છે, માટે મૂડબદ્રિને એના હસ્તલિખિત ગ્રંથો માટે જ્ઞાનમંદિર કહેવું કે પછી રત્નમંદિર કહેવું એ ભક્તો માટે પ્રશ્ન ઊભો થાય છે.

**શ્રી શ્રવણબેલગોલા તીર્થ**

વિશ્વ હેરિટેજમાં સ્થાન પ્રાપ્ત કરેલ ગોમટેશ્વર બાહુબલીની પ્રતિમાના નિર્માતા વીર માર્તંડની પદવીથી વિભૂષિત મહાઅમાત્ય ચામુંડરાય હતા. તેમની માતાને વીર બાહુબલીની પ્રતિમાના દર્શનની તીવ્ર અભિલાષા જાગી. ધર્મપરાયણ માતા કાલલાદેવી દિવસ-રાત પ્રભુ સ્મરણમાં જ લીન રહેવા લાગી. થોડા સમયમાં જ એક શુભ પળે શિલ્પી મળ્યો અને સમરાંગણમાં વીર સપૂત ચામુંડરાયે માતૃઈચ્છા પૂર્ણ કરી. તેમની માતૃભક્તિને શત્ શત્ વંદન. આ પ્રતિમાનું નિર્માણ કેવી રીતે થયું તે જાણવા માટે ત્યાં દર્શન કરવાનો અવસર પણ અમને મળ્યો. શ્રવણબેલગોલા એ ગામનું નામ છે. અહીં સામસામે બે ટેકરીઓ છે. એક વિંધ્યગિરિ અને બીજી ચંદ્રગિરિ. બંને ટેકરીઓ અતિશય ક્ષેત્ર ગણાય છે. ચંદ્રગિરિ પર્વત પર ૧૮ જૈન મંદિરો અને ભદ્રબાહુની ગુફા આવેલી છે. ઉપરાંત અહીં બસદી પ્રકારના ઘણાં મંદિરો છે. ચંદ્રગુપ્ત મૌર્યે અહીં જ દીક્ષા લઈ નિર્વાણ પામ્યા હતા એમ કહેવાય છે. વિંધ્યગિરિ પર બાહુબલીજીની પ્રતિમા ઉપરાંત પણ ઘણાં મંદિરો છે. આ પ્રખ્યાત પ્રતિમા કંડારતા પહેલાં શિલ્પીએ પ્રથમ પર્વત પર પ્રતિમાવાળી શિલાને કેન્દ્ર બનાવી આસપાસના સ્થાનોને સમતલ કર્યા. ત્યારબાદ મધ્યના શિલાખંડને પોતાની છિણી અને હથોડીથી એવી રીતે આકાર આપતો ગયો કે પૂર્ણ પ્રતિમા ધ્યાનમુદ્રા સહિતની તૈયાર થઈ. વિશાળ નેત્ર તથા દેહ પર વીંટળાયેલ કોમલ લતાઓ કંડારતા શિલ્પીના હૃદયમાં એવા ઉમદા ભાવ પ્રગટ્યા કે તેણે પોતાનું નામ કોઈને આપ્યું નહિ અને નિર્લેપ નિરાભિમાની અવસ્થામાં એ સ્થાન છોડીને અન્યત્ર ચાલ્યો ગયો. દર્શનાર્થીઓ જ્યારે અહીં આવે છે ત્યારે એ અતિશય ક્ષેત્રના અણુઓ એમને પણ સ્પર્શે છે. અમે બધાએ ત્યાં ખૂબ પ્રાર્થના કરી. હૃદયના તાર ઝણઝણાવતી એ ચીરકાલીન બાહુબલીની પ્રતિમાને વંદન.

**પદ્માવતી માતાનું સ્થાન-હુંબજ (હુમચા)**

આ અતિશય ક્ષેત્રમાં બિરાજીત પદ્માવતી માતા વરદ મુદ્રામાં છે. કર્ણાટકમાં આવેલ આ મંદિરમાં ઘણાં તીર્થંકરોની પ્રતિમાઓ અલગથી છે. ગામમાં ઘણાં જૈન મંદિરો છે.

**જ્વાલામાલિની દેવીનું મંદિર સિંહનગદ્દે**

નરસિંહરાજપુરા (એન. આર. પુરા)માં સ્થિત દેવીની પ્રતિમા અવર્ણનીય છે. કલાકારીગરીથી સજ્જ ચંદ્ર-પ્રભુના મંદિરની પાસે જ્વાલા-માલિની દેવીનું મંદિર છે. આવા શક્તિસ્રોતના દર્શન કરવા એ પણ જીવનનો અમૂલ્ય લહાવો છે.

✷ ✷ ✷

૧૦, દીક્ષિત ભવન,
૧૪૮, પી. કે. રોડ,
મુલુંડ વેસ્ટ,
મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૦૨૨-૨૫૬૧૬૨૩

## જ્ઞાનવિમલ સૂરિ કૃત

## સમેતશિખર સ્તવન

*સમેતશિખર ગિરિ ભેટીયે રે, મેટવા ભવના પાસ,*
*આતમ સુખ વરવા ભણી રે, એ તીરથ ગુણ નિવાસ. ૧.*
*ભવિયા, સેવો તીરથ એહ, સમેતશિખર ગુણ ગેહરે,*
*ભવિયા સેવો એ આંકણી.*
*સમેતશિખર કલ્પે કહ્યો રે, વીસ ટુક અધિકાર;*
*વીસ તીર્થંકર શિવ વર્યા, બહુ મુનિને પરિવાર રે.*
*ભવિયા સેવો. ૨.*

*સિદ્ધક્ષેત્ર માંહે વસ્યા રે, ભાંખે નયવ્યવહાર;*
*નિશ્ચય નિજ સ્વરૂપમાં રે, દોય નય પ્રભુજીના સાર રે.*
*ભવિયા સેવો. ૩.*

*આગમ વચન વિચારતાં રે, અતિ દુર્લભ નયવાદ;*
*વસ્તુતત્ત્વ તિણે જાણીએ રે, તે આગમ સ્યાદ્વાદ રે.*
*ભવિયા સેવો. ૪.*

*જયરથ રાજા તણી પરે રે; જાત્રા કરો મનરંગ;*
*ભવ દુઃખને દેઈ અંજલિ રે, થાય સિદ્ધિવધૂનો સંગ રે.*
*ભવિયા સેવો. ૫.*

*સમકિતયુત જાત્રા કરે રે, તો શિવ હેતુ થાય;*
*ભવ હેતુ કિરિયા ત્યાગથી રે, આતમગુણ પ્રગટાય રે.*
*ભવિયા સેવો. ૬.*

*જેહ સમયે સમકિત થયું રે, તે સમયે હોય નાણ;*
*જ્ઞાનવિમલ ગુરુ ભાખીયા રે, આવશ્યક ભાષ્યની નાણ રે.*
*ભવિયા સેવો. ૭.*

# ભાવસ્પંદન યાત્રા

☐ ડૉ. અભય દોશી

## ૧. શંખેશ્વર

યાત્રાઓની વાત આવે એટલે સ્મરણમાં ઝળકે શંખેશ્વર. શંખેશ્વરમાં દાદાને દરબારે ગુલાબી ઝાંયવાળા રાતા દેશી ગુલાબ અને ડમરા ટોપલી લઈ ફૂલવાળા માળીઓના પરિવાર બેઠા હોય. ટોપલીમાંના ફૂલો પર ભમરા રણઝણે. જાણે દાદાનો મહિમા સાંભળી દૂરદૂરથી ભક્તગણો મધુરસ્વરે સ્તુતિનું ગુંજન કરે.

સાવ બાળપણમાં ચૂનાથી લીંપેલું સાદું દેરાસર જોયું હતું. દેરીઓય શિખર વિનાની, સાદી છતથી શોભે. શંખેશ્વર દાદાના એ જૂના સાદગીભર્યા મંદિરમાં શાંતિનું સરોવર પથરાયું હોય એવું એ ધવલ ચૂનાથી અનુભવાતું. સમય સાથે પરિવર્તન એ તો સંસારનો ક્રમ છે. આજે આબુ-દેલવાડાના રમ્ય જિનાલયોની યાદ આપે એવી મનોહર કોતરણી અને ભવ્ય શિખરોથી દાદાનો દરબાર શોભી રહ્યો છે.

શંખેશ્વરમાં રોજ રાત્રે ભાવના થાય. દીવાના મધ્યમ પીળા પ્રકાશમાં દાદાના દર્શન કરવા અને રાત્રે ભાવનામાં બેસવું એ તો જીવનનો એક અનોખો અનુભવ. એમાંય દાદાની પાંચ-પાંચ આરતીઓ અને ભાવનાના ભક્તિભીના સૂર, છેલ્લે ગવાતી વધાઈ... સૌ આજેય દિગીશ મહેતાના 'દૂરના એ સૂર'ની જેમ સ્મરણોના પથને અજવાળે.

શંખેશ્વરની દેરીઓનું ય આકર્ષણ ગજબનું. પ્રવેશદ્વાર સમીપે રહેલી પદ્માવતીજીની દેરી પર નારિયેળના તોરણો ઝૂલતા હોય. રાતી ચૂંદડીમાં શોભતા પદ્માવતી માતાજી અનોખા તેજે ઝળહળે. ભમતીમાં નાની-મોટી અનેક મૂર્તિઓ મધ્યકાલીન મૂર્તિકળાની અનેક વિલક્ષણતાઓ ઊઘાડે. એક દેરીમાં અંધારામાં પગલાં, બાળપણમાં જ મુનિજયંત વિજયજીનું 'શંખેશ્વર મહાતીર્થ' પુસ્તક વાંચેલું, એટલે એ પગલાં પરના લેખોય વાંચવાનો પ્રયત્ન કરી જોઉં. વળી એક દેરીમાં જિનમાતાનો પટ, એમાં માતાને ખોળે બેઠેલા બાળજિનેશ્વરોને જોઈ 'પ્રભુ પણ અમારા જેવા નાના હતા' એવો એક બાલ્યવયનો મુગ્ધ સંતોષ અનુભવાય.

આ શંખેશ્વર જૈન ઈતિહાસની અનેક ઘટનાઓનો સાક્ષી છે. અહીં જ જૈન પરંપરાનો એક 'શંખેશ્વરગચ્છ' નામે પ્રતાપી ગચ્છ સ્થપાયો હતો. આ શંખેશ્વરદાદાના પરમભક્ત વર્ધમાનસૂરિ અખંડ આયંબિલની તપશ્ચર્યા કરતા, દાદાના દર્શનની તાલાવેલી લઈ વિહાર કરતા હતા. માર્ગમાં જ કાળ પામ્યા અને આ તીર્થના અધિષ્ટાયક યક્ષ બન્યા હતા. આ તીર્થના જાગૃત અધિષ્ટાયકોને લીધે અનેક ચમત્કારી ઘટનાઓ આજે પણ બનતી આવી છે.

સવારે પ્રક્ષાલ સમયે પ્રભુની મુદ્રા બાળક સમી લાગે, બપોરે પ્રભુ યુવાન અનુભવાય અને સાંજે વૃદ્ધ સમા ધીર ગંભીર. આવી દાદાની પલટાતી મુદ્રાનો તો અનેક ભક્તોને અનુભવ. આગમના સંશોધક મહાન વિદ્વાન જંબૂવિજયજી તો દાદાના પરમ આશક. આવા વિદ્વાન પણ બાળકની જેમ પ્રભુમંદિર છોડી ન શકે, આંગણામાં જાય, ફરી ફરી પાછા આવે. શંખેશ્વર દાદા સાથેની તેમની મીઠી ગોઠડી જેણે જોઈ હોય, તેને માટે તો એ અનુભવ એક વિશિષ્ટ અનુભવ બની રહે.

એક જમાનામાં વહાનવ્યવહારના સાધનની આટલી સગવડ નહિ. પાટણથી દાદાના ભક્ત દર પૂનમે દાદાને ભેટવા આવતા. પણ ધીમે ધીમે એ શ્રાવકને વૃદ્ધાવસ્થાથી આવવું વસમું થયું. દાદાને જ પાટણ પધારવાની વિનંતી હૃદયના ભાવથી કરી. દાદાએ સંકેત દીધો, પાટણના કોકાપાડે પ્રભાતે પહેલા પ્રહરે દર્શન કરશે, એને મારું જ રૂપ દેખાશે. આજેય કોકાપાડાના દેરાસરમાં દાદાની ઝલક જોવા મળે.

દાદાના નામે તો કેટકેટલા સ્થળે તીર્થસ્થળો શોભી રહ્યા છે. પાવાપુરી (આબુ પાસે), શંખેશ્વર સુખધામ (પોસાલિયા, રાજસ્થાન), શંખેશ્વરધામ (કામણગામ જિ. થાણા) અને શંખેશ્વર મંદિર (કાસર વડવલી) તો અગ્રગણ્ય ગણી શકાય.

દંતકથા તો એમ કહે છે, દાદાની મૂર્તિ તો ગઈ ચોવીસીના અષાઢી શ્રાવકે ભરાવેલી, પણ આ ચોવીસીમાં તો પ્રભુપ્રતિમાનો આ મનુષ્યલોકમાં મહિમા શ્રીકૃષ્ણ સાથે સંકળાયો. જરાસંઘ સાથેના સંગ્રામમાં જરાવિદ્યાથી સૌ જર્જરિત, વૃદ્ધ, બેહોશ. અડીખમ કેવળ કૃષ્ણ, બલભદ્ર અને અરિષ્ટનેમિકુમાર જ હતા. અરિષ્ટનેમિકુમાર (નેમનાથે) જ કૃષ્ણને માર્ગ બતાવ્યો, અઠ્ઠમ કરી ધરણેન્દ્ર પાસેથી નાગલોકમાં બિરાજમાન પાર્શ્વપ્રભુની મૂર્તિ મેળવવાનો, મૂર્તિ પ્રાપ્ત થઈ, ને ન્હવણજળના છંટકાવે સેના નવપલ્લવિત થઈ. શ્રીકૃષ્ણે રણમાં વિજયભેરી સમો શંખનાદ કર્યો. આથી જ નગરનું નામ 'શંખપુર' પડ્યું. કાળક્રમે 'શંખેશ્વર' કહેવાયું. મુનિ જયંતવિજયજીના પુસ્તક પર શંખનાદ કરતા શ્રીકૃષ્ણનું ચિત્ર છપાયેલું હતું. આ પ્રભુ માહાત્મ્યની કથા ડોડિયામાં શંખેશ્વર-નેમિશ્વર તીર્થમાં શિલ્પબદ્ધ







બની છે.

આ પ્રભુનો મહિમા અપરંપાર છે. દાદાના એક પરમભક્ત ને આપણા કવિ ઉદયરત્નજી ખેડાથી સંઘ લઈ આવ્યા હતા. ૩૨૫ વર્ષ પહેલાંની વાત છે. એ સમયે મૂર્તિ ઠાકોરના કબ્જામાં, ઠાકોર દાણ માગે, ઉદયરત્નજીએ દાણ આપવાની ના પાડીને પ્રભુ પાસે આર્તહૃદયે દર્શન માટે પ્રાર્થના કરી.

પાર્શ્વ શંખેશ્વરા સાર કર સેવકા દેવ કાં એવડી વાર લાગે;
કોડી કર જોડી ઊભા, ઠાકુરા ચાકરા માન માગે.
(કુલ પકડીનો છંદ છે.)

ભક્તની ભાવભીની પ્રાર્થના સંભળાઈ અને દ્વાર ઊઘડ્યા. પ્રભુનો જયજયકાર થયો.

પ્રભુનો આવો મહિમા સાંભળી શુભવિજયજીના શિષ્ય અને પૂજાઓના સર્જક વીર વિજયજી પણ વર્ષભર પ્રભુની સાધનામાં રહ્યા. હૃદયમાં પ્રભુના પ્રત્યક્ષ દર્શનની અભિલાષા હશે, વર્ષાંતે પણ પ્રભુ સાથેનો તાર સંધાયો નહિ, આથી આર્જવભરી પ્રાર્થના કરે છે;

'પાર્શ્વ શંખેશ્વરા ! વિશ્વવિખ્યાત એકાંત આવો,
જગતના નાથ મુજ હાથ ઝાલી કરી આજ કિમ કાજમાં વાર લાવો.'

પ્રભુએ ભક્તની વિનંતીને દીર્ઘસમયની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો. પ્રભુ સાથે જે પરમ મૈત્રીનો ગાઢ નાતો બંધાયો તેને પરિણામે કવિની પ્રત્યેક કૃતિના પ્રારંભે શંખેશ્વરદાદાનું મંગલ સ્મરણ હોય. શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ચૈત્યવંદનની ધ્રુવપંક્તિમાં તો પ્રભુ સાથેના પરમ આત્મીય નાતાની અભિવ્યક્તિ થઈ છે;

*'શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આસરો કાચો.'*

આવા શંખેશ્વર ગામમાં દાદા પાસે આવનારો ભક્ત દાદાની ભક્તિમાં તરબોળ થઈ જાય. પોષ દશમીના અઠ્ઠમ થાય, પૂનમ, બેસતે મહિને કે દસમે પણ દાદાની પૂજા માટે લાંબી લાંબી કતાર લાગે. દૂર દૂર દેશથી સંઘો આવે અને પ્રભુભક્તિની રમઝટ મચે.

આજે તો દાદાના આ દિવ્યધામમાં બીજાય અનેક જિનાલયો શોભી રહ્યા છે. ૧૦૮ પાર્શ્વનાથ જિનાલયની સમરૂપતા અને વિશાળ આયોજન ધ્યાન ખેંચે છે, આગમમંદિરમાં મહાવીર પ્રભુની સમતારસભરી મુદ્રા આકર્ષે છે. થોડે અંતરે આ યુગના મહાન આચાર્ય કલાપૂર્ણસૂરિની સમાધિ આવેલી છે. વળી, નગરના સીમાસ્થળે શાસ્ત્રલેખનના સંકલ્પ સાથે, શ્રુતસંરક્ષણના ઉદ્દેશવાળું નવું તીર્થ નિર્માણ પામી રહ્યું છે.

શંખેશ્વરમાં ઊભરાતો જનસમુદાય પ્રભુ પ્રત્યેની આસ્થાની મધુરી સરગમ સમો શોભી રહે છે. પરંપરા કહે છે કે, આ મૂર્તિ અષાઢી શ્રાવકે ભરાવી, આ વાતનું તથ્ય તો કેવલી ભગવંત જાણે, પરંતુ પ્રભુના દર્શન કરતા હૃદયમાં અષાઢી મેઘ છલકે છે, ને આંખોમાંથી હરખભીના શ્રાવણ-ભાદરવા વહે છે. ✷ ✷✷

## ૨. જીરાવાલા

એક વૈશાખની મારવાડની ઊની ઊની સાંજે મુનિભગવંતો સાથે પદયાત્રા કરી અમે જીરાવલા પહોંચ્યા. મારા પગમાં ડામરની સડક પર ચાલવાની અસહ્ય બળતરા હતી. પણ જીરાવલા પહોંચ્યા ને ગર્ભગૃહની જમણી દિવાલે નાની દેરીમાં બિરાજમાન શ્રી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુના દર્શન કર્યા અને હૃદય ચંદ્રની ચાંદનીમાં ન્હાવા લાગ્યું.

સ્વચ્છ ધવલ મોતી, ચંદ્રની ચાંદની કે કુમુદ (ચંદ્રવિકાસી કમળ)ની સ્વચ્છતા, શુભ્રતાને પણ પાછી પાડી દે એવી શુભ્રતા ને ચિત્તને ઠારી દે એવું મનોહારી સ્મિત.

એ મૂર્તિનું અનોખું સંમોહન કહો કે વશીકરણ વૈશાખની સવારે રાજસ્થાનના તાપની વચ્ચે કેટલાય સમય સુધી એ પ્રભુના અનિમેષ નજરે દર્શન કર્યાં.

પ્રભુના એ મનોહારીરૂપ જોઈ સ્મૃતિપથ પર ફરકે ભક્તિયોગાચાર્ય મોહનવિજયજી 'લટકાળા'ની સુમધુર પંક્તિઓ;

*'હાં રે તારે મુખને મટકે અટક્યું માહરૂં મન જો;*
*આંખડલી અણિયાળી કામણગારીઆ રે લો.*
*હાં રે મારા નયણાં લંપટ જોવે ખીણ ખીણ તુજ જો;*
*રાતાં રે પ્રભુરૂપે રહે વારીઆ રે લો.'*

આવું સૌંદર્ય અને રૂપ અનિમેષ પીધા જ કરીએ એવું અદ્‌ભુત રૂપ...કહેવાય છે કે પ્રભુ પ્રાર્શ્વના શુભ ગણધરે આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. પ્રભુના જીવનકાળમાં જ આ પ્રતિમાની પ્રતિષ્ઠા થઈ હોવાથી તેનો મહિમા સવિશેષ છે. વળી, અન્ય કથા કહે છે કે, આ નગરના ધાંધલશ્રેષ્ઠિની ગાય જમીનમાં દટાયેલી આ મૂર્તિ પર અભિષેક કરતી. ગાય દૂધ ન આપતી હોવાથી તપાસ કરતાં મૂર્તિ પ્રગટ થઈ. આ મૂર્તિનો મહિમા ગામે ગામ ફેલાયો. કેટલાકને મતે દેવતાઓ દ્વારા ગાયના દૂધ અને વેળુના સંમિશ્રણથી આ મૂર્તિ સર્જાઈ છે, માટે જ તો આવી શુભ્ર છે, તો કેટલાક લોકો સાચા મોતીના વિલેપનને આ વાતનો યશ આપે છે. એ જે હોય તે, પણ પ્રભુ-પ્રતિમા આત્માના પરમ શુદ્ધ-શાંત સ્વરૂપની ઓળખાણ આપતી હોય એવું ધવલ-ચમત્કારીક રૂપ ધરાવે છે.

જીરાવલા પાર્શ્વપ્રભુના નામનો મહિમા સુવિશેષ છે. પ્રતિષ્ઠા અવસરે જિનમંદિરોમાં કેસર-કંકુથી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુનો







મંત્ર લેખાય. 'પ્રબંધ ચિંતામણિ'ના સર્જક અને પ્રસિદ્ધ વિદ્વાન મેરૂતુંગસૂરિ મ.ને લોલાડાનગર (શંખેશ્વર પાસે) સર્પ કરડ્યો, ત્યારે જીરાવલા પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કર્યું, અને સ્તોત્ર રચ્યું. આ પ્રભુના મંત્રગર્ભિત સ્તોત્રથી તેમનું સર્પવિષ ઊતરી ગયું. અચલગચ્છના નવસ્મરણમાં આ સ્તોત્રનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

પ્રભુની આ શ્વેત-સ્વચ્છ મહિમાવંત છબિની સામે બસ, હું તો ધ્યાન લગાવી બેઠો છું, ક્યારે પ્રભુ મને તેમની આ મોગરાના દળ જેવી શ્વેત-શુદ્ધતા મારા આત્મપ્રદશોમાં પ્રગટાવે એ ઝંખના સાથે...

## ૩. ડભોઈ

એક કાળની ઇતિહાસપ્રસિદ્ધ નગરી દર્ભાવતી આજે તો વડોદરાના એક ઉપાન્ત્યનગર (કિનારાનું દૂરનું ઉપનગર) રૂપે જીવે છે. મહારાજા સયાજીરાવે સ્થાપેલી વડોદરા-ડભોઈ રેલ્વેનું અંતિમ સ્ટેશન અને કાળની થપાટો ખાઈ નગરબહારની હીરાભાગોળ જેવી રીતે જર્જરિત થઈ છે, એ જ રીતે જર્જર અને રહી-સહી સમૃદ્ધિ પણ ગુમાવી રહેલા આ નગરમાં પ્રવેશ કરો તો પુરાતત્ત્વપ્રેમીઓ અને ધર્મસંસ્કારપ્રેમીઓ માટે અખૂટ ખજાનો આજેય અક્ષય છે.

ડભોઈ ગામમાં અનેક જિનાલયો છે. પણ મુખ્ય શ્રદ્ધાકેન્દ્ર તો લોઢણ પાર્શ્વનાથ જ. શ્યામવર્ણની અર્ધપદ્માસનસ્થ આ પ્રતિમા પોતાના અનન્ય તેજથી ભક્તજનોનું મન મોહે છે. ભૂમિગૃહમાં બિરાજમાન પ્રભુ જાણે સાધક અને પ્રભુ વચ્ચેનું એક અમૂલ્ય એકાંત રચી આપે છે. એના મસ્તક પરની ફણાઓ અને આજુબાજુ ફેલાતી જતી નાગ-આવલી, આ મૂર્તિના અપૂર્વ સૌંદર્યને વિસ્તારે છે.

કહેવાય છે કે, તેજપાલ મંત્રીએ આ પ્રતિમા દર્ભાવતીના કિલ્લાના સમારકામ સમયે ભરાવી, તો વળી કહેવાય છે કે, રાજાને સરોવરમાંથી મળી અને પધરાવી. પણ ભૂમિગૃહમાં બિરાજમાન, જાજ્વલ્યમંત આ પ્રતિમાનું તેજ કાંઈ અનોખું છે. આ નગર સાથે દંડનાયક તેજપાલના ય કાંઈ કેટલા સંબંધો રહ્યા છે. આ નગરના ઇતિહાસના પગરણ તો ઠેઠ વિક્રમની છઠ્ઠી સદી સુધીના તાણાવાણા દર્શાવે છે. સિદ્ધરાજ જયસિંહે આ નગરનો કિલ્લો બંધાવ્યો, એ પછી ગુજરાતના મહાપ્રતાપી બંધુઓ વસ્તુપાલ-તેજપાલમાં નાના તેજપાલે આ કિલ્લાનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરાવ્યો. આ જિર્ણોદ્ધાર સમયે જ કહેવાય છે કે, હીરાધર સલાટે પોતાનું સઘળું કળા-કૌશલ્ય ઠાલવી અપૂર્વ એવી હીરાભાગોળ રચી દીધી. તળાવને કિનારે હીરાભાગોળને જોઈએ છીએ, ત્યારે સોલંકી–વાઘેલા યુગની સ્થાપત્ય શિલ્પકળાની અંતિમ તેજરેખાને જોઈ રહ્યા છીએ. કેવું ઝીણું ઝીણું કોતરકામ,એવું અનુભવાય કે હમણાં આ કમાન પર કોતરયેલી અપ્સરાઓ નીચે ઊતરશે; આપણી સાથે વાર્તાલાપ માંડશે. કમાન પરના સિંહ, કોતરાયેલા ઘોડેસવારો, કમળના પુષ્પો, બધુંય કેવી નજાકતતા લઈ આવે છે. આ ભાગોળ સાથે અનેક દંતકથાઓ સંકળાયેલી છે. આ હીરા ભાગોળ અને આપણી કલાઉપેક્ષાની વાતને ગૂંથી ધૂમકેતુએ એક વાર્તા રચી છે, ને આ વાર્તા પરથી દુર્ગેશ શુકલે નાટક પણ રચ્યું છે.

પણ, આજેય હીરા ભાગોળ કે ડભોઈનો કિલ્લો જોઈને આપણી કલા-ઉપેક્ષા ઓછી થઈ નથી, એવું જ અનુભવાય. ડભોઈનો જીર્ણશીર્ણ કિલ્લો પણ ગુજરાતના બચેલા હિન્દુ-યુદ્ધ સ્થાપત્યમાંનું એક નોંધપાત્ર સ્થાપત્ય છે. આ કિલ્લો વૈદિક શિલ્પશાસ્ત્ર અનુસાર રચવામાં આવ્યો છે.

હીરાભાગોળની અનન્ય શિલ્પસમૃદ્ધિની અપૂર્વ શોભાને સ્મરણમાં ગૂંથી ફરી ડભોઈના મધ્યચોકમાં આવીએ. ક્યાં એ તેજપાલના સમયની ગૌરવવંત દર્ભાવતી નગરી અને આજનું ભાંગેલું ડભોઈ. આ તેજપાલે જ તો ગુજરાતના નાના-મોટા રાજાઓને કાબુમાં લઈ ગુજરાતનું એક કેન્દ્ર ઊભું કર્યું હતું. આ બંધુબેલડીથી ગુજરાતનું રાજ્ય પ્રતાપી બની શોભતું હતું.

આ દર્ભાવતીનગરે મુનિચંદ્રસૂરિ જેવા પ્રતાપી જૈનાચાર્યોની ભેટ ધરી છે. વર્તમાન આચાર્યોમાંના ય કેટલાક આચાર્યોની પાવન જન્મભૂમિ હોવાનું ગૌરવ ધરાવે છે આ ડભોઈનગર.

બાજુમાં જ બિરાજમાન પુરુષાદાણિય પાર્શ્વનાથની શ્વેતવર્ણીય-પીળા લેપથી શોભતી વિશિષ્ટ વર્ણઆભાવાળી પ્રતિમાના દર્શન કર્યા. તે પછી આ ડભોઈના બીજા છેડે આવેલી 'વાચકજસ'ની સમાધિ પર પહોંચવા મન ઉતાવળ કરી રહ્યું.

શીતલ તલાવડીને કિનારે અનેક પગલાંઓની જોડ છે, પરંતુ આ પગલાંઓના કેન્દ્રમાં ન્યાયવિશારદ મહોપાધ્યાય યશોવિજયજીના પગલાં બિરાજમાન છે. આ જ ભૂમિ પર અનેક શાસ્ત્રોના સમર્થ સર્જક, નવ્યન્યાયના અવતારસમા મહોપાધ્યાય યશોવિજયજીએ અંતિમ ચાતુર્માસ કર્યું હતું. ગાંભુ પાસેના કાન્હોડું ગામમાં પ્રગટેલ આ જ્યોતિ કાશી, આગ્રા અને ગુજરાતના અનેક સ્થળે પોતાના તેજવલયો પ્રસારી હવે આયુષ્યના અવશેષે ડભોઈની પાવનભૂમિ પર પધારી હતી. વિશુદ્ધ શાસ્ત્રાભ્યાસ અને નિર્મળ ચારિત્ર એમની વિશેષતા હતી. પરંતુ આ જ્ઞાન અને દૃઢચારિત્રની નિર્મળતાથી ય વિશેષ ભાવચારિત્રના પરમ કારણરૂપ અનુભવયોગના એ પરમ ઉપાસક હતા. યોગીરાજ આનંદઘનજીનો સંગ પામીને એમની ચેતનામાં વિના સૂર્ય વિના ચંદ્ર અનુભવના તેજનો ઉદય થયો હતો. યોગીરાજની પરમ ચેતનાના પારસ સ્પર્શે તેઓ પણ પરમાનંદસ્વરૂપ

બન્યા હતા.

આવા મહાપુરુષ, આવી વિદ્વત્તાસભર પ્રતિભાએ ડભોઈની ભૂમિ પર પોતાનો અંતકાળ જાણી અનશનની આરાધના કરી અને આજથી લગભગ ૩૫૦ વર્ષ પહેલાં પોતાનો પાર્થિવ દેહ મૂકી દિવ્યચેતના પ્રતિ પ્રયાણ કર્યું. એમના દેહના અગ્નિસંસ્કાર માટે આ ભૂમિ પસંદ કરાઈ. આ સીત તલાવડીના કિનારાની ભૂમિ પર લોકો કહે છે કે, એક સમયે 'ન્યાય'નો ધ્વનિ સંભળાતો.

ઉપાધ્યાયજીના વિરાટ પગલાં પર ભાવથી વંદન કર્યાં. આ કુર્ચાલિ-સરસ્વતી (મુછવાળી સરસ્વતી)ના પગલાંના દર્શન કરવાથી વર્ષોથી સ્થંભિત થયેલી આચાર્ય પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.સા.ની સર્જકપ્રતિભા પુનઃસંચાર પામી હતી. મા સરસ્વતીના આ લાડલા બેટા, પરમયોગીના ચરણકમળો અમે સૌ સહયાત્રીઓના હૃદયમાં અનોખા સ્પંદનો જગાવી રહ્યા.

દર્ભાવતીની આ પાવન ભૂમિ પર તેજપાલની શૂરવીરતા, હીરાધર સલાટની કલાત્મકતા અને એ સૌથીય પાવન એવી ઉપાધ્યાય યશોવિજયજીની જ્ઞાનકલારૂપ સરસ્વતી અમારા હૃદયને ભીંજવી રહી.

## ૪. સુરત

તીર્થોની યાદીમાં સુરતનું નામ જોઈ આશ્ચર્ય થાય, પણ સુરત જેમ એની ખાણી-પીણી માટે પ્રસિદ્ધ છે, એમ સુરત તેના અનેક જિનાલયોથી પણ સુપ્રસિદ્ધ છે.

ગોપીપુરાની એક પછી એક પોળો વટાવી પોળોના ગર્ભભાગમાં પહોંચો, ત્યાં શીતલનાથ ભગવાનનું દેરાસર દેખાય. આ દેરાસરના ગર્ભગૃહમાં સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની અતિશય કલાત્મક મૂર્તિ બિરાજમાન છે.

અનેકોનું પરમ શ્રદ્ધા કેન્દ્ર અને જ્ઞાન વિમલસૂરિએ પણ જે પ્રતિમા સમક્ષ છ માસ ધ્યાન ધર્યું હતું, એ કાયોત્સર્ગમુદ્રામાં બિરાજતી વિલક્ષણ પ્રતિમાનું દર્શન કરતાં જ તત્કાળ મન એક અનિર્વચનીય અનુભૂતિનો અનુભવ કરે છે.

શ્વેત પાષાણની મધ્યમ ઊંચાઈની આ પ્રતિમામાં મસ્તકની ઉપર જે ઝીણું ઝીણું કોતરકામ કરી સહસ્રફણાઓનો–હજારફણાઓનો જે ઘટાટોપ સર્જ્યો છે, એ સૌને આશ્ચર્યચકિત કરી દે છે. રાણકપુરની મંદિરની દિવાલ પરનું શિલ્પ યાદ આવે. આજુબાજુમાં દસ ગણધરોની લઘુમૂર્તિઓ છે. ધરણેન્દ્ર અને પદ્માવતી બેય બાજુ શોભી રહ્યા છે, તો ચરણમાં કમઠ નતમસ્તક થઈ માફી માગી રહ્યો છે.

કમઠ (મેઘમાલિ)નું મૂર્તરૂપ સમગ્ર જૈન શિલ્પોમાં ભાગ્યે જ જોવા મળે. આ મૂર્તિના હાથોને કમળના ફૂલથી મુખ્ય શિલ્પ સાથે જોડી દીધા છે. અતિશય ઝીણવટભરી આ શિલ્પકળા આપણા સૌના મનને આશ્ચર્યચકિત કરી દે છે.

લોકોમાં કહેવાય છે કે, ઉપસર્ગના પ્રતિક એવા કમઠનું શાંત થવું, માફી માગવી વગેરે આ મૂર્તિમાં આલેખાયેલ હોવાથી આ મૂર્તિનું પૂજન-સ્મરણ આદિ ઉપસર્ગની શાંતિ માટે તત્કાળ કાર્યસિદ્ધિ કરનાર બને છે. પ્રભુના ગણધર–અધિષ્ટાયક પરિવાર યુક્ત આ મૂર્તિ એક વિલક્ષણ શિલ્પસમૃદ્ધિનો પરિચય કરાવે છે. આ મૂર્તિ જાણે હેમચંદ્રાચાર્ય રચિત સકલાર્હત્‌ની કમઠે ધરણેન્દ્રેચ ગાથાનું મૂર્તિમંત રૂપ હોય એવી શોભે છે. એકબાજુ કમઠ ઉપસર્ગ કરી માફી માગે છે, બીજી બાજુ ધરણેન્દ્ર પ્રભુની સેવા કરી રહ્યા છે, પણ પ્રભુ સૌ પ્રત્યે સમભાવ ધારણ કરી રહ્યા છે.

આ જ દેરાસરમાં ઉપર ગુરુમંદિરમાં દેવચંદ્રજીની મૂર્તિ બિરાજમાન છે. અધ્યાત્મયોગી દેવચંદ્રજીની મૂર્તિ જોઈ મન રોમાંચિત થઈ ગયું. આ સાધકપુરુષનો આ જિનાલય સાથે શું સંબંધ હશે ? એવો પ્રશ્ન પણ થયો. ત્યાં બાજુમાં જિનાલયનો ઇતિહાસ લખાયો છે, પરંતુ એમાંથીય દેવચંદ્રજી અંગે ખુલાસો ન મળ્યો. પણ દેવચંદ્રજીના જ એક સ્તવનમાં સુરતના કચરા કીકા પરિવારના સંઘ સાથે ગિરિરાજ ભેદવાની વાત છે, એટલે આ સાધક મહાત્માએ સુરતમાં પણ અમુક કાળ સ્થિરતા કરી હશે, અને આ જિનાલયને બાંધનાર શ્રાવક પરિવાર પણ તેમના પ્રતિ આદર ધરાવતો હશે.

બાજુમાં જ સુવિધિનાથ દેરાસરના ભોંયરામાં સૂરજમંડન પાર્શ્વનાથની દેદિપ્યમાન મૂર્તિ આપણા મનને આકર્ષે છે. આ મંદિરના પ્રદક્ષિણાપથમાં મૂળ વેળુની અત્યારની મૂર્તિ છે. એવી જ સૂરજમંડન પાર્શ્વનાથની પ્રતિમા જોઈએ તો આપણું મન મૂંઝાય, મૂળ મૂર્તિ કઈ ?

સુરતના ગોપીપુરા વિસ્તારમાં જ બીજા ય અનેક જિનાલયો છે. આગમોદ્ધારક સાગરાનંદસૂરિ સ્થાપિત જ્ઞાનભંડારો અને પ્રકાશન સંસ્થાઓ લગભગ નિષ્ક્રિય અવસ્થામાં જોવા મળે છે ત્યારે હૃદયમાંથી ઉઠે છે કે, આ જ્ઞાનતીર્થોને સાચવનારૂં કેમ કોઈ નથી ?

સુરતમાં સોનાની મૂરત સમા આ રમ્ય-ભવ્ય-દેદીપ્યમાન જિનાલય જોયા, તો કવિ નર્મદ યુવાવર્ત ટ્રસ્ટ દ્વારા સચવાયેલું નર્મદનું ઘર પણ જોયું, અને તે સંસ્થા દ્વારા થયેલા અનેક પ્રકાશનો પણ જોયા ત્યારે થયું કે, આપણા સુરતની એક કાળની જૈન વિદ્વતાની ગૌરવભરી પરંપરા ક્યારે ફરી જીવતી થશે ?

✷ ✷ ✷

એ/૩૧, ગ્લેડહર્સ્ટ, ફીરોઝશાહ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૪.
મોબાઈલ : ૦૯૮૯૨૬૭૮૨૭૮.

# ત્રિભુવનતિલક શ્રી રાણકપુર તીર્થ

☐ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

*[ જૈન વિદ્યાના તજજ્ઞ વિદ્વાન પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈનો પરિચય આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વ્યાખ્યાતા, લેખક, મહાવીરકથા, ગૌતમકથા, નેમ-રાજુલકથા દ્વારા લોકચાહના પ્રાપ્ત કરનાર જૈન ધર્મના ઊંડા અભ્યાસી તરીકે આપી શકાય. એમની કોલમો ઈંટ અને ઈમારત તથા આકાશની ઓળખ વગેરે ઘણી જગપ્રસિદ્ધ છે. તેમણે 'આનંદઘનજી' પર શોધ નિબંધ ગુજરાત યુનિવર્સિટીમાં રજૂ કરી પીએચ.ડી.ની ઉપાધી મેળવી છે તથા હાલ ગુજરાતી અને જૈન વિશ્વકોશમાં કાર્યરત છે.*

***તીર્થ પરિચય :*** *રાણકપુર તીર્થમાં મૂળનાયક શ્રી આદિનાથ બિરાજમાન છે. અહીં બે મોટા ઘંટ નર અને માદા છે, જેનું સાથે વજન ૫૦૦ કિલો છે. આ તીર્થ ઉદેપુરથી હલદીઘાટી થઈ ૧૦૦ કિ.મી.ના અંતરે છે તથા સાદડી તીર્થથી ૧૦ કિ.મી. દૂર છે. ]*

***શત્રુંજયનો મહિમા અને તારંગાની ઊંચાઈ,***
***આબુની કોરણી અને રાણકપુરની બાંધણી;***
***કટકું બટકું ખાજે, પણ રાણકપુર જાજે.'***

શ્રી રાણકપુર તીર્થની આ પ્રચલિત લોકોક્તિનો સંકેત એ છે કે ઉદરપૂર્તિની પરવા કર્યા વિના પરમાનંદની પૂર્તિ માટે શ્રી રાણકપુર તીર્થની યાત્રાએ જાજે.

રાજસ્થાનના રાજસમંદ જિલ્લામાં અરવલ્લીની પશ્ચિમ બાજુની ખીણમાં ગાઢ વનરાજીઓથી વીંટળાયેલું શ્રી રાણકપુર તીર્થ એક અનુપમ તીર્થ છે. આ તીર્થની એકબાજુ પાપ પખાલ (પાપ ધોઈ નાખતી) એવી મઘાઈ નદી એના કલકલ મધુર અવાજે વહે છે, તો એની બીજી બાજુ રાણા પ્રતાપ અને વીર દાનેશ્વરી ભામાશાનું સ્મરણ કરાવતા અરવલ્લીના ડુંગરાઓ હાથમાં હાથ ભેરવીને ઉન્નત મસ્તકે ત્રણ બાજુએ ઊભા છે. એની વચ્ચે માદ્રી પર્વતની તળેટીમાં આવેલું શ્રી રાણકપુર તીર્થ એની પોતીકી રમણીયતા અને પ્રાકૃતિક મોહકતાથી મન અને આત્માને મનભર સૌંદર્ય અને ગહન આત્મ-ઉલ્લાસના રંગે રંગી દે છે. જેમ પ્રકૃતિ અહીં ખોબે ખોબે વરસી છે, એ જ રીતે આ તીર્થની રચનામાં ઉન્નત ધર્મભાવનાઓની અવિરત વર્ષાનો અનુભવ થાય છે. જિનચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન અહીં મૂળનાયક તરીકે બિરાજમાન છે અને આ ચૌમુખ જિનમંદિર 'ધરણવિહાર' તરીકે અનુપમ કલાસૌંદર્ય અને શિલ્પસમૃદ્ધિ સજાવીને ઊભું છે.

'ધરણવિહાર'ના દર્શનથી ભગવાન ઋષભદેવ - આદિનાથ - પહેલાં તીર્થ કરનારા એટલે તીર્થંકરનું સ્મરણ થાય છે. પ્રથમ રાજા, પ્રથમ સાધુ, ભિક્ષાચાર, પ્રથમ જિન અને પ્રથમ તીર્થંકર મૂળનાયક ભગવાન ઋષભદેવની શ્વેત આરસની ૫૧ ઈંચ ઊંચી ભવ્ય પ્રતિમા ચાર દિશામાં પરિકર સાથે દૃષ્ટિગોચર થાય છે. એની ત્રણ દિશામાં હાથી પર બિરાજમાન મરુદેવી માતાની શિલ્પાકૃતિ છે. જિનાલયના ભવ્ય સભામંડપ જેવી રચના અન્ય જિનાલયોમાં દૃષ્ટિગોચર થતી નથી, કિંતુ એનો અત્યંત સુંદર કોતરણીયુક્ત ચાલીસ ફૂટથી વિશેષ ઊંચો મેઘમંડપ એની કમનીય શિલ્પકલાની ગવાહી પૂરે છે. વળી એના એક સ્તંભમાં આ તીર્થના નિર્માતા મંત્રી ધરણાશાહની બે હાથ જોડીને ભગવાન ઋષભદેવ પર દૃષ્ટિ સ્થિર કરી વંદન કરતી દસ ઈંચની શિલ્પાકૃતિ મળે છે. મેઘમંડપના અનેક સ્તંભો હોવા છતાં પાઘડી, ખેસ, આભૂષણો અને હાથમાં માળા ધરાવતા જૈન શ્રાવક ધરણાશાહની દૃષ્ટિ સીધી પ્રભુ ઋષભદેવ પર પડે છે. એમના અંતરનો ભાવ એમની આંખોમાં છલકે છે!

રાયણવૃક્ષ અને ગિરનાર અને શત્રુંજય વગેરે તીર્થોની શિલાપટમાં કોતરણી અહીં મળે છે. અનુપમ એવી સહસ્રફણા પાર્શ્વનાથની સાડા ચાર ફૂટના વ્યાસવાળી અખંડ વર્તુળાકાર શિલા એના સૂક્ષ્મ કલા-સ્થાપત્ય માટે મંત્રમુગ્ધ કરે છે. સહસ્રફણા નાગનું છત્ર પાર્શ્વનાથ ભગવાનનું મસ્તક ઢંકાય એ રીતે ઉપસાવવામાં આવ્યું છે અને આ શિલ્પાકૃતિ એની મૌલિકતા, સૂક્ષ્મતા અને સપ્રમાણતા માટે શિલ્પકલાનો અદ્વિતીય નમૂનો ગણાય.

મંદિરના ઉપરના મજલે ઘુમ્મટની છતમાં ફૂલવેલની સુંદર આકૃતિ છે અને એમાં વેલની નાની મોટી વર્તુળાકાર હાર જોવા મળે છે, પણ એકાગ્ર બનીને જોઈએ તો એક જ વેલની સળંગ આકૃતિ છે. નંદિશ્વર દ્વીપનું યંત્ર, ભવ્ય કમળ પર બિરાજમાન સરસ્વતીદેવીની મૂર્તિ, નાગદમનનું મોહક શિલ્પ અને ત્રણેક કિલોમીટર સુધી જેનો રણકાર સાંભળી શકાય એવા અઢીસો-અઢીસો કિલોગ્રામ વજનવાળા બે ઘંટનો ધ્વનિ આરતીના સમયે વાતાવરણને મંગલધ્વનિથી ગૂંજતું કરી દે છે.

'ધરણવિહાર' એ મારુગૂર્જર સ્થાપત્યનું એક અનન્ય અણમોલ સૌંદર્યમંડિત રત્ન છે અને એમાં શિલ્પી દેપાની નૂતન અને મૌલિક પ્રતિભાનો ઉન્મેષ અનુભવાય છે.

હવે વાત કરીએ સ્થાપત્યના અણમોલ રત્નની અને સ્તંભોનું નગર કહેવાતા રાણકપુરના રચયિતા ધરણાશાહની. ધર્મપરાયણ ધરણાશાહે પોતાના મનમાં જેનું દર્શન પામ્યા હતા એવું નલિનીગુલ્મ વિમાન જેવું જિનમંદિર રચવાનો સંકલ્પ કર્યો. ધર્મપરાયણ ધરણાશાહે શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો હતો અને એ પછી એણે રાણકપુર મંદિર ઉપરાંત અજારી, પીંડવાડા, સાલેર આદિ સાત ગામોમાં નવા







સાત જિનાલયો બંધાવ્યાં અને અનેક જિનમંદિરોનો જિર્ણોદ્ધાર કર્યો હતો. મંત્રીશ્વર શ્રેષ્ઠિવર્ય ધરણાશાહ બુદ્ધિશાળી અને ધર્મનિષ્ઠ હતા અને આચાર્યશ્રી સોમસુંદરસૂરીશ્વરજીની પ્રેરણાથી એમણે આ જિનાલય સર્જવાનો વિચાર કર્યો અને એ માટે મેવાડના રાણા કુંભા પાસેથી જમીન મેળવી.

મંત્રી ધરણાશાહે સ્વપ્નમાં નિરખેલી ભવ્ય સૃષ્ટિને સાકાર કરે એવો કુશળ શિલ્પી દેપા મળ્યો અને સાચદિલ ધાર્મિક માનવીઓ માટે જ ઉત્કૃષ્ટ શિલ્પકૃતિ રચવી, નહીં તો આરસને ટાંકણાં મારવા નહીં, એવો સંકલ્પ ધરાવનાર શિલ્પી દેપા શ્રેષ્ઠિ ધરણાશાહની ઉત્કૃષ્ટ ધર્મપરાયણતા જોઈને પ્રસન્ન થયો અને એણે બારમા દેવલોકના નલિનીગુલ્મ વિમાન જેવો નકશો તૈયાર કર્યો. વિ. સં. ૧૪૪૬માં અઢી હજાર કારીગરોએ આ તીર્થના નિર્માણકાર્યને માટે પચાસ વર્ષ સુધી કામ કર્યું અને અંતે 'ત્રિભુવનતિલક' જેવા વિશેષણોથી વર્ણવાયેલા આ ચતુર્મુખ જિનપ્રાસાદનું નિર્માણ થયું.

કોઈએ આ તીર્થને નંદિશ્વર દ્વીપના અવતાર જેવું કહ્યું, તો એ સમયના શિલાલેખોમાં એને 'ત્રૈલોક્યદીપક' કે 'ચતુર્મુખયુગાદિશ્વર વિહાર' એવું નામ આપ્યું. વિ. સં. ૧૪૯૬માં પાંચસો સાધુઓનો પરિવાર ધરાવતા આચાર્યશ્રી સોમસુંદરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે આ જિનાલયની પ્રતિષ્ઠા થઈ. એ સમયે શ્રેષ્ઠી ધરણાશાએ ગરીબોને ખૂબ દાન આપ્યું. પ્રતિષ્ઠા-મહોત્સવ નિમિત્તે જનોપયોગી કાર્યો પણ કર્યાં. આ સૂકા પ્રદેશમાં પાણીની અછત ઓછી કરવા માટે કૂવા, વાવ અને તળાવ ખોદાવ્યાં અને હૈયાના ઉમંગથી સાધર્મિક વાત્સલ્ય કર્યાં. ધરણાશાએ એક સમયે દુષ્કાળપીડિત લોકોને માટે અન્નક્ષેત્ર ખોલ્યાં હતાં.

અઢારમા સૈકામાં રાણકપુર તીર્થની યાત્રાએ આવેલા આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિજીએ 'રાણકપુર તીર્થસ્તવન'માં ધરણવિહારનું વર્ણન કરતાં કહ્યું, 'નલિનીગુલ્મ વિમાનની માંડણીવાળું આ મંદિર બહુ ઊંચું છે. પાંચ મેરુ, ચારે બાજુ મોટો ગઢ, બ્રહ્માંડ જેવી બાંધણી, ૮૪ દેરીઓ, ચારે તરફ ચાર પોળો, ૧૪૪૪ થાંભલા, એક એક દિશામાં બત્રીસ-બત્રીસ તોરણો, ચારે દિશાએ ચાર વિશાળ રંગમંડપો, સહસ્રકૂટ, અષ્ટાપદ, નવ ભોંયરાં અને અનેક જિનબિંબ, રાયણની નીચે પાદુકા, અદબદમૂર્તિ વગેરે યુક્ત ત્રણ માળનું આ મંદિર છે. અહીં ૩૪૦૦૦ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે.'

અડતાલીસ હજાર ચોરસ ફૂટમાં આવેલું સેવાડી અને સોનાણા પથ્થરમાંથી બંધાયેલું મનોહર બાંધણી અને મજબૂત ઘાટવાળું આ સ્તંભોના નગર જેવું જિનમંદિર રચવામાં આવ્યું. આ સ્તંભોની ભવ્યતા અને વિપુલ સંખ્યાને કારણે યાત્રાળુઓ સ્તબ્ધ બની જાય છે. ૧૪૪૪ સ્તંભોને આડી અને ઊભી એવી જુદી જુદી હારમાં એવા યોજનાપૂર્વક ગોઠવવામાં આવ્યા કે મંદિરમાં કોઈપણ સ્થળેથી કશાય અવરોધ વિના દર્શનાર્થી ભગવાનના દર્શન કરી શકે છે. ભોંયરાની અંદર અને મંદિરના પાયામાં આવેલા સ્તંભોની કુલ ગણતરી ૧૪૪૪ સ્તંભની થાય છે.

એના નકશીકામની સૂક્ષ્મતા, સમૃદ્ધિ અને સપ્રમાણતા આશ્ચર્ય પ્રેરે છે. એની ઉત્કૃષ્ટતાનું વર્ણન કર્યા પછી કવિ મેહ જેવા સમર્થ કવિ અંતે કહે છે કે, 'આનું વર્ણન મારા જેવા એક જીભે તો ન જ કરી શકે.'

આ જિનાલયના તોરણો એ સમયની કલાસમૃદ્ધિની ઉત્કૃષ્ટતા દર્શાવે છે. આજથી સાડા પાંચસો વર્ષ પૂર્વે ૯૯ લાખ સુવર્ણમુદ્રાનો ખર્ચ કરીને આ જિનમંદિરનું નિર્માણ થયાનો ઉલ્લેખ મળે છે. મંત્રીશ્વર ધરણાશાને એમની અંતિમ ઘડીઓમાં જિનમંદિરનું થોડું બાકી રહેલું કાર્ય પૂર્ણ કરવાનું વચન એમના મોટાભાઈ રત્નાશાએ આપ્યું હતું. દીર્ઘાયુષી રત્નાશાએ ધરણાશાના અવસાન પછી આઠ-દસ વર્ષ સુધી કલાત્મક મંડપોનું કમનીય શિલ્પકાર્ય કરાવ્યું અને તીર્થની શોભામાં વધુ પૂર્ણતા આણી.

> ***આ તીર્થના રચયિતા મેવાડના મંત્રીશ્વર શ્રેષ્ઠિવર્ય ધરણાશાહ પોરવાલના વંશજો આજે પણ ચૌદમી પેઢીએ જિનાલય પર નવી ધજા ચડાવે છે. એ સમયે ચિત્તોડથી પૂજારી (ગોઠી) લાવવામાં આવ્યા હતા. આજે એના વારસો પૂજારી તરીકે સેવાપૂજા કરે છે અને એ સમયે મંદિરની સુરક્ષા કરનાર ચોકીદારની પણ આજે ચૌદમી પેઢી મળે છે.***

મંદિરના મુખ્ય પ્રવેશદ્વારની ઉપરના ભારમાં એક હાથીની પાછળ બીજી હાથીની આકૃતિ છે અને તેના ઉપર ધરણાશા અને તેમના પત્ની તથા રત્નાશા અને તેમના પત્ની એમ ચારેયની શિલ્પાકૃતિ જોવા મળે છે. આ શિલ્પાકૃતિ પણ કેવી છે! તેઓ ભગવાનની સન્મુખ બેસીને ચૈત્યવંદન કરતા હોય તેવી મુદ્રામાં! અને હા, નાનાભાઈ ધરણાશાની ભાવના પૂર્ણ કરનાર મોટાભાઈ રત્નાશાની એક જુદી મૂર્તિ મંદિરના દક્ષિણ દિશાના પ્રવેશદ્વાર પાસે પણ મળે છે.

રાણકપુર તીર્થના મુખ્ય મંદિર ધરણવિહારની બાજુમાં તીર્થંકર ભગવાન શ્રી નેમિનાથ ભગવાનનું કલાસૌંદર્યની સૂક્ષ્મતા ધરાવતું શિખરબંધ જિનાલય છે, તો એની નજીક વીસ ઈંચ ઊંચી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ધરાવતું અન્ય જિનાલય છે.

શ્રી રાણકપુર તીર્થની રચના પછી મોગલ સમ્રાટ ઔરંગઝેબના આક્રમણને પરિણામે આ તીર્થ અતીતમાં વિલીન થઈ ગયું. એની આસપાસ ગીચ ઝાડી ઊગી ગઈ. રસ્તા વિકટ બન્યા. જંગલી પશુઓ અને પુષ્કળ સર્પોને કારણે આ પ્રદેશ વેરાન બની ગયો. એક સમયે ભવ્યમંદિર અને પવિત્ર મંત્રોચ્ચારથી ગૂંજતું આ તીર્થ કબૂતરો અને ચામાચિડિયાનું નિવાસસ્થાન અને ચોર-ડાકુને છુપાવવાનું સ્થળ બની ગયું.

આવા જિનમંદિરનો જિર્ણોદ્ધાર કલાવંત, કાર્યદક્ષ અને દીર્ઘદૃષ્ટિ

પ્રતિભા ધરાવતા શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ કર્યો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ આની જવાબદારી ઉપાડી લીધી. એ સમયના કુશળ શિલ્પીઓની સાથોસાથ ગ્રેસ્ટન બેટલી જેવા આધુનિક સ્થાપત્ય વિજ્ઞાનના ઉત્તમ જાણકારો તેમજ ભાઈશંકર ગૌરીશંકર, પ્રભાશંકર ઓઘડભાઈ, જગન્નાથ અંબારામ અને દલછારામ ખુશાલદાસ જેવા શિલ્પીઓને લઈને આ તીર્થને પુનઃ જીવંત કરવામાં આવ્યું. અગિયાર વર્ષના જિર્ણોદ્ધાર કાર્ય પછી વિ. સં. ૨૦૦૯માં એની પુનઃ પ્રતિષ્ઠા યોજવામાં આવી.

આજે રાણકપુરની યાત્રાએ જનાર મૂંછાળા મહાવીર (ઘાણેરાવ), નાડલાઈ, નાડોલ અને વરકાણાં જેવા તીર્થોની પંચતીર્થી કરે છે. વળી વિ. સં. ૧૯૫૩ના ફાગણસુદ પાંચમના દિવસે આ મંદિરની પુનઃપ્રતિષ્ઠાની પાવનસ્મૃતિમાં અહીં પ્રતિવર્ષ મેળો ભરાય છે.

આ અનુપમ જિનમંદિર સાથે કેટલીક આશ્ચર્યજનક બાબતો પણ સંકળાયેલી છે. આ તીર્થના રચયિતા મેવાડના મંત્રીશ્વર શ્રેષ્ઠિવર્ય ધરણાશાહ પોરવાલના વંશજો આજે પણ ચૌદમી પેઢીએ જિનાલય પર નવી ધજા ચડાવે છે. એ સમયે ચિત્તોડથી પૂજારી (ગોઠી) લાવવામાં આવ્યા હતા. આજે એના વારસો પૂજારી તરીકે સેવાપૂજા કરે છે અને એ સમયે મંદિરની સુરક્ષા કરનાર ચોકીદારની પણ આજે ચૌદમી પેઢી મળે છે. આમ સતત ચૌદ-ચોદ પેઢીઓથી આ પરંપરા અસ્ખલિત વહેતી આવી છે.

જાણે નંદિશ્વર દ્વીપનો અવતાર હોય એવું આ તીર્થ જૈનધર્મની આરાધના-ભક્તિનું ઉત્કૃષ્ટ શિખર છે. મંત્રીશ્વર ધરણાશાહની ભાવના, શિલ્પી દેપાની નિષ્ઠા અને શ્રેષ્ઠિવર્ય કસ્તૂરભાઈ લાલભાઈની વિચક્ષણ બુદ્ધિનું તીર્થદર્શને સ્મરણ થાય છે. પ્રબળ ધર્મભાવના ધરાવનારને માટે આ આરાધનાનું ઉત્કૃષ્ટ સ્થળ છે. કલામર્મજ્ઞને માટે અત્યંત ઝીણવટભરી કોતરણી અને સૌંદર્યની સમૃદ્ધિથી ખચિત એવું આ તીર્થ છે. ઇતિહાસવિદ્‌ને માટે રાજસ્થાન અને ભારતના ઇતિહાસની ધર્મ-કર્મની ગૌરવગાથા છે, તો વિદેશી પ્રવાસીઓને માટે શિલ્પમાં સર્જેલા અનુપમ કલાસૌંદર્યનો આ અસબાબ છે અને કુશળ સ્થાપત્ય-રચના અને સૂક્ષ્મ કોતરણીને કારણે ભારતીય મંદિર-સ્થાપત્યનું એક અનન્ય સર્જન છે. ✷✷✷

૧૩બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯ ૨૬૬૦ ૨૬૭૫. મોબાઈલ : ૦૯૮૨૪૦ ૧૯૯૨૫.

## શબ્દ ઉત્સવ

## સાહિત્ય કલા રસિકોને નિમંત્રણ

## અક્ષરને અર્ઘ્ય

***માનવધર્મી અને કલમધર્મી શબ્દ ભક્ત સર્જક જયભિખ્ખુના શતાબ્દી ઉત્સવ નિમિત્તે આ સારસ્વતને શબ્દાંજલિ અર્પતો એક વિશિષ્ટ અને ભવ્ય કાર્યક્રમ***

નાનકડા બીજમાંથી વિશાળ વૃક્ષ બને, એ રીતે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહના સ્નેહાગ્રહને પરિણામે કુમારપાળ દેસાઈ લિખિત 'જયભિખ્ખુ જીવનધારા' સળંગ લેખમાળારૂપે 'પ્રબુદ્ધ જીવન'માં પાંચેક વર્ષ સુધી પ્રગટ થઈ. આ લેખમાળામાં ગુજરાતના મૂલ્યનિષ્ઠ સર્જક જયભિખ્ખુના બાળપણથી માંડીને અવસાન સુધીના તમામ પ્રસંગો અને તેમના સાહિત્યસર્જનના પરિબળો અને પ્રેરણાને આવરી લેવામાં આવ્યા. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોએ આ લેખમાળાને હોંશે હોંશે આવકારી હતી.

હવે એ લેખમાળા જયભિખ્ખુના જીવનની દુર્લભ તસવીરોની સાથે અને થોડા પ્રકરણોના ઉમેરા સાથે ગ્રંથરૂપે પ્રગટ થઈ રહી છે. 'જિંદાદિલી જીવનમાં, કરુણા કલમમાં' નામે પ્રગટ થનારા એ ચરિત્ર-ગ્રંથનો વિમોચન સમારોહ મુંબઈના ભારતીય વિદ્યાભવન, ચોપાટીમાં ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સાંજે ૬-૦૦ વાગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ અને ગુર્જર પ્રકાશનના સંયુક્ત ઉપક્રમે યોજાયો છે.

આ સમારંભમાં પ્રમુખ તરીકે ગુજરાતના પાંચ પાંચ મુખ્ય પ્રધાનોના કાર્યકાળમાં અગ્રસચિવની જવાબદારી કુશળતાપૂર્વક વહન કરનાર, લેખક તેમજ સોમનાથ ટ્રસ્ટ અને સદ્‌વિચાર પરિવારના સામાજિક કાર્ય સાથે જોડાયેલા **શ્રી. પી. કે. લહરી** સંભાળશે, જ્યારે આ ચરિત્ર-ગ્રંથનું વિમોચન પ્રસિદ્ધ સર્જક **ધીરુબહેન પટેલ** કરશે. આ પ્રસંગે જયભિખ્ખુની 'લોખંડી ખાખનાં ફૂલ' (ભાગ ૧-૨), 'પ્રેમાવતાર' (ભાગ ૧-૨), 'બૂરોદેવળ' અને 'સંસારસેતુ' જેવી ૬ નવલકથાઓનું પ્રકાશન થશે. જયભિખ્ખુની નવલકથા પરથી ડૉ. ધનવંત શાહે કરેલા નાટ્યરૂપાંતર 'કૃષ્ણભક્ત કવિ જયદેવ'ના કેટલાક અંશોની શ્રી મહેશ ચંપકલાલ દ્વારા પ્રસ્તુતિ થશે તેમજ 'જયભિખ્ખુ'ના જીવન વિશેની ડોક્યુમેન્ટ્રી અને કવન અંગે ડૉ. ધનવંત શાહ દ્વારા નાટ્યપ્રસ્તુતિ થશે.

આ શતાબ્દી ઉત્સવમાં જયભિખ્ખુને પ્રિય એવાં એમના સમયનાં ગુજરાતી કાવ્યની **શ્રી અમર ભટ્ટ** દ્વારા હૃદયસ્પર્શી પ્રસ્તુતિ થશે.

**આમંત્રણ પત્રિકા માટે** આ સંસ્થાની ઑફિસમાં–૨૩૮૨૦૨૯૬ ઉપર ફોન કરી તુરત આપનું નામ લખાવવા વિનંતિ.

**–મેનેજર**







# જૈન ગિરિતીર્થ તારંગા અને અજિતનાથ જિનાલય

□ પ્રો. ડૉ. રામજીભાઈ સાવલિયા

*[ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પ્રો. ડૉ. રામજીભાઈ સાવલિયા, ભારતીય સંસ્કૃતિમાં પીએચ.ડી. થયા છે. તેમના માર્ગદર્શનમાં ૧૪ વિદ્યાર્થીઓએ એમ.ફીલ અને ૭ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરેલ છે. વિવિધ સંસ્થાઓ તરફથી તેમને ઘણાં ચંદ્રકો પ્રાપ્ત થયેલા છે. ઉપરાંત તેમના ૧૫૦ જેટલા લેખો, ૧૪ ગ્રંથો પ્રકાશિત થયા છે. ઘણા ગ્રંથોનું સંપાદન પણ કર્યું છે. વર્તમાનમાં ભો. જે. વિદ્યાભવન સાથે કાર્યરત છે.*

*તારંગા તીર્થ મહેસાણાથી ૭૨ કિ.મી., ખેરાળુથી ૨૪ કિ.મી. અને તારંગા હિલથી ૫ કિ.મી. દૂર છે. અજીતનાથજી મૂળનાયક છે. તથા શ્રી કુમારપાળે વિ. સં. ૧૨ મી સદીમાં નિર્માણ કરાવ્યું હતું. ]*

પ્રાચીન ભારતમાં ગિરનગરો સ્થાપવાની પરંપરા જોઈ શકાય છે. ઊંચા પર્વતો ઉપર કિલ્લેબંધી અનેક નગરો આજે પણ વિદ્યમાન છે. આ જ પરંપરાએ જૈનધર્મમાં પણ પર્વતીય સ્થળો પર તીર્થધામો નિર્માણ કરવાની એક પરંપરા નજરે પડે છે. આ પ્રકારના ગિરિતીર્થો પૂર્વ ભારતમાં સમ્મેતશિખર, મધ્યપ્રદેશમાં સોનાગિરિ, કર્ણાટકમાં શ્રવણબેલગોલા, કોપ્પણ અને હુમ્બચ તથા પશ્ચિમ ભારતમાં સૌરાષ્ટ્રમાં ઉજ્જયન્ત ગિરિ (ગિરનાર) તેમજ શત્રુંજયગિરિ અને રાજસ્થાનમાં અર્બુદાગિરિ કે આબુપર્વત તથા જાબાલિપુર (જાલોર)ના કાંચનગિરિ સુપ્રસિદ્ધ છે. આવું જ એક ગિરિતીર્થોની શ્રેણીનું ગિરિતીર્થ ગુજરાતમાં અરવલ્લીની ટેકરીઓમાં આવેલું તારંગા તીર્થ છે. આ તારંગાના જિન અજિતનાથના તીર્થનું મહત્ત્વ ઘણું જ છે.

આ ગિરિતીર્થ તારંગા જવા માટે મહેસાણાથી તારંગા રેલવે લાઈન છે. તેમજ મહેસાણાથી સડક માર્ગ પણ છે. આ પ્રાચીન તીર્થ ટીંબા ગામ પાસે ખંડેર કિલ્લાની પાછળની ટેકરીઓની વચ્ચે આવેલું છે. અહીં શ્વેતાંબર સંપ્રદાયનો અજિતનાથનો મધ્યકાલીન મંદિરસમૂહ આવેલો છે અને પાછળના ભાગે પશ્ચિમ તરફ ઊંચાણમાં દિગંબર સંપ્રદાયના જિનાલયોનો સમૂહ નજરે પડે છે.

'તારંગા' નામની વ્યુત્પત્તિ અને તેના ઇતિહાસ વિશે શ્રી મધુસૂદન ઢાંકીએ સાહિત્યમાંથી કેટલાક ઉલ્લેખો તારવ્યા છે. હાલ તારંગા સ્થિત જિન પ્રાસાદો કરતાં પ્રાચીન બૌદ્ધ ધર્મના મહાયાન સંપ્રદાયની નાની ગુફાઓ ત્યાં આવેલી છે. જેમાંની એક ગુફામાં બૌદ્ધદેવી તારા ભગવતીની ઉપાસ્ય મૂર્તિ પ્રતિષ્ઠિત કરેલી છે.

આ ગુફા આઠમા–નવમા શતકના પ્રારંભની ગણી શકાય. બૃહદ્ગચ્છીય આચાર્ય સોમપ્રભ રચિત 'જિનધર્મ પ્રતિબોધ' (સં. ૧૨૪૧, ઈ. સ. ૧૧૮૫)માં વેણી વત્સરાજ નામના રાજાએ અહીં તારાદેવીની સ્થાપના કરેલી અને ત્યાં આગળ 'તારાઉર' એટલે કે તારાપુર નામનું ગામ વસાવેલું એવો ઉલ્લેખ મળે છે. આ સ્થળનું વ્યવહારમાં નામ તારાગ્રામ અને તેના પરથી અપભ્રંશ તારાગામ તારાગાંવ જેવું થઈ 'તારંગા' થયું હોય એ સંભવ છે. અહીંના અને આબુના મધ્યકાલના કેટલાક અભિલેખોમાં તેના તારંગક, તારણદુર્ગ, તારણગઢ જેવા નામોનો નિર્દેશ થયેલો છે.

તારાપુરુ વસ્યા પહેલાં અહીં કોઈ સ્થાન હોવાના પુરાવા મળતા નથી. જૈન લેખક જટાસિંહ નંદીના 'વરાંગ ચરિત' (પ્રાયઃ ૭મી સદી) નામના જૈન પૌરાણિક ગ્રંથમાં આનર્તપુર અને સરસ્વતી વચ્ચે મણિમાન પર્વત અને રાજા વરાંગે બંધાવેલા જિનાલયનો ઉલ્લેખ છે. આ મણિમાન પર્વત એ જ તારંગાનો પર્વત હોવાનું સૂચન થયું છે. જો કે અહીંથી મળતા જૈન પ્રાચીન પુરાવાઓમાંના કોઈ જ ૧૧મી સદી પહેલાંના નથી. અહીં દિગંબર સંપ્રદાયના અધિકાર હેઠળના મંદિરની પાછળની પહાડીમાં એક કુદરતી ગુફા આવેલી છે જેમાં અચેલ સંપ્રદાયના જૈન મુનિઓ ધ્યાન કરતાં હોવાની પરંપરા છે.

આચાર્ય સોમપ્રભના ગ્રંથ 'જિનધર્મ પ્રતિબોધ' અનુસાર તારંગાનું અજિતનાથનું જિનાલય સોલંકી સમ્રાટ ગુર્જરેશ્વર કુમારપાળ (ઈ. સ. ૧૧૪૩-૭૪)ના આદેશથી દંડનાયક અભયપદ દ્વારા નિર્માણ પામેલું. આ મહાપ્રાસાદનો નિર્માણકાળ વીરસંવત મુજબ સં. ૧૨૨૧ (ઈ. સ. ૧૧૬૫) હોવાનું જણાવ્યું છે. 'પ્રભાવકચરિત' (ઈ. સ. ૧૨૭૮)માં આ પ્રાસાદ કુમારપાળના ગુરુ આચાર્ય હેમચંદ્રના ઉપદેશાત્મક સૂચનથી અને રાજાના આદેશથી બંધાયાની નોંધ છે. કુમારપાળે શાકંભરિ-વિજય (ઈ. સ. ૧૧૫૦ પહેલાં કરેલાં) વખતે જિન અજિતનાથનું જિનાલય બાંધવાનો જે નિશ્ચય કરેલો તેનું સ્મરણ થતાં એણે આ જિનપ્રાસાદ બંધાવેલો. આ વિશાળ જિનાલયના પ્રાંગણમાં એક દેરીમાં જળવાયેલ સ્તંભ પર કુમારપાળના શાસનના અંતિમ વર્ષનો લેખ કોતરેલ છે. આ મહાપ્રાસાદમાં મંત્રીશ્વર વસ્તુપાલે (ઈ. સ. ૧૨૨૯) આદિનાથ અને નેમિનાથની ભરાવેલી પ્રતિમાઓના બે લેખ મળી આવ્યા છે, જેની પ્રતિષ્ઠા વસ્તુપાલના કુલગુરુ નાગેન્દ્રગચ્છીય વિજયસેનસૂરિએ કર્યાનો નિર્દેશ છે. ત્યારબાદ અહીં રાજગચ્છીય વાદીન્દ્ર ધર્મઘોષસૂરિની પરંપરાના ભુવનચંદ્રસૂરિએ અજિનાથનાં બે બિંબોની પ્રતિષ્ઠા કરાવેલી હોવાનું માલુમ પડે છે.

રત્નમંડનગણિ રચિત ઉપદેશ તરંગિણી તથા સુકૃતસાગર (૧૫મા સૈકાનો મધ્યભાગ) ગ્રંથોમાં જણાવ્યા અનુસાર માલવ મંત્રી પૃથ્વીધર (પેથડ)નો પુત્ર ઝાંઝણ અહીં તપાગચ્છીય ધર્મઘોષ સાથે પ્રાયઃ ઈ. સ. ૧૨૬૪માં સંઘ સહિત યાત્રાએ આવેલો અને ૧૩મા સૈકાના

અંત ભાગમાં ખરતરગચ્છીય તૃતીય જિનચંદ્રસૂરિ પણ સંઘ સહિત વંદન દેવા અહીં આવ્યા હતા. આમ તારંગા ૧૩મા શતકમાં તીર્થસ્થળ તરીકે ખ્યાતિ પામી ચૂક્યું હતું.

અજયપાળ દ્વારા કુમારપાળે તેમ જ એમના અગાઉના મંત્રીઓએ બનાવેલા જિનાલયોના ઉત્થાપન કરાવેલાં. તેમાંથી તારંગાના મહાન જિનાલયને કેવી રીતે યુક્તિપૂર્વક પાટણના શ્રેષ્ઠી આભડ વસાહે આબાદ બચાવી લીધું તે અંગેની રસપ્રદ હકીકત પ્રબંધચિંતામણિ (ઈ. સ. ૧૩૦૫) અને પછીના કેટલાક પ્રબંધોમાં નોંધાયેલી છે.

૧૪મી સદીના પ્રારંભમાં થયેલા મુસ્લિમ આક્રમણ વખતે અને અણહિલપત્તન પરના મુસ્લિમ આક્રમણ અને શાસન દરમિયાન ગુજરાતના મોટા ભાગના બ્રાહ્મણીય અને જૈન મંદિરો ખંડિત થયા અને કેટલાંય મંદિરોનો ધરમૂળથી ધ્વંસ કરવામાં આવ્યો. જે સપાટામાંથી તારંગાનું આ જિનાલય પણ બચવા પામ્યું નહોતું. આ સંબંધની નોંધ ૧૫માં સૈકાના પ્રથમ ચરણમાં તપાગચ્છીય મુનિ સુંદરસૂરિના જિનસ્તોત્ર રત્નકોશ અંતર્ગત 'શ્રી તારુણ-દુર્ગાલંકાર શ્રી અજિત સ્વામી સ્તોત્ર'માં આપવામાં આવી છે. ૧૫મા શતકની શરૂઆતમાં અમદાવાદના સુલતાન અહમદશાહના ઝવેરી ગુણરાજે સોમસુંદરસૂરિ સાથે તીર્થયાત્રાઓ કરેલી, એમાં તારંગાનો પણ સમાવેશ થતો હતો. ૧૭મા શતકમાં આ જિનાલયનો જીર્ણોદ્ધાર (ઈ. સ. ૧૬૨૬ થી ૧૬૩૨) કરવામાં આવ્યો હતો. આ જૂના બાંધકામને ટેરા કણોથી મજબૂત કરવાનો યશ જામનગર-કચ્છના શ્રેષ્ઠી બંધુઓ વર્ધમાનશાહ અને પદમસી શાહને અચલગચ્છીય કલ્યાણસાગરસૂરિ રચિત રાસમાં આપવામાં આવ્યો છે. પરંતુ તપાગચ્છીય પટ્ટાવલીની નોંધ મુજબ હીરવિજયસૂરિના શિષ્ય વિજયસેનસૂરિના ઉપદેશથી ઉદ્ધાર થયેલો.

આમ, ઉપરોક્ત સાહિત્ય સાધનોમાંથી તારંગાતીર્થ અને અજિતનાથ મહાપ્રાસાદ અંગેની વિપુલ માહિતી દ્વારા આ ગિરિતીર્થનું માહાત્મ્ય અને પ્રાચીનતા જાણી શકાય છે.

હાલના અજિતનાથના આ મહાપ્રાસાદનો અનેકવાર જીર્ણોદ્ધાર થયો છે. ઈ. સ. ૧૯મા શતકમાં બંધાયેલા નાનાં નાનાં મંદિરોમાં અષ્ટાપદ, નંદીશ્વર, સહસ્રાકૂટ, આદિની સ્થાપનાઓ કરેલી છે. અજિતનાથનું આ જિનાલય પૂર્વાભિમુખ છે. હાલના મંદિરમાં ગર્ભગૃહ એને ફરતો પ્રદક્ષિણાપથ, એની સંમુખ બાવીસ સ્તંભયુક્ત ગૂઢમંડપ અને એ ગૂઢમંડપમાંથી ત્રણ બાજુએ કાઢેલી શૃંગારચોકીઓ પ્રાસાદના રચના વિધાનને વધુ સુંદર બનાવે છે. ઊર્ધ્વદર્શનમાં મંદિરના મહાપીઠને ગજથર, અશ્વથર, નરથર વડે વિભૂષિત કરવામાં આવેલ છે. ગર્ભગૃહ પર રેખાન્વિત શિખર અને ગૂઢમંડપ પર ભારે કદની સંવર્ણા છે. શૃંગારચોકી પર સમતલ છાવણ છે. ભદ્રપીઠ લગભગ ૪૭ ફીટ પહોળી અને મુળ પ્રાસાદની ઊંચાઈ ૧૨૫ થી ૧૩૦ ફીટ જેટલી છે. ગર્ભગૃહમાં વિશાલ પીઠિકા પર મૂળનાયક અજિતનાથની ૨૦૬ મીટર ઊંચી પ્રતિમા બિરાજમાન છે.

હવે મંદિર સ્થાપત્યની દૃષ્ટિએ વિવરણ જોઈએ તો, આ વિશાળ જિનાલયનું ગર્ભગૃહ અંદરની બાજુએ સાદું છે, પરંતુ પ્રદક્ષિણા-પથમાં પડતી એની બહારની દીવાલો નિર્ગમથી વિભૂષિત છે. ભદ્રના બંને છેડા અર્ધ અષ્ટાસ્રઘાટના છે, જે ઊભડક રચના અર્ધઅષ્ટાસ્ર સ્તંભ જેવા દેખાય છે. ગભારાની આજુબાજુના પ્રદક્ષિણાપથની બાહ્ય દીવાલો દરેક બાજુએ મધ્યમાં ભદ્ર પ્રતિરથના નિર્ગમોથી સુશોભિત છે. ભદ્રમાં મુખભદ્ર તથા ભદ્ર અને પ્રતિરથ વચ્ચે નંદી નામે નિર્ગમ છે.

પ્રદક્ષિણાપથના ભદ્રનિર્ગમની દરેક બાજુએ એક એક ઝરુખાની રચના કરેલી છે. આ ઝરુખો અંદરની બાજુએ સ્તંભો અને બહારની બાજુએ વેદિકા પર આવેલા બબ્બે યુગલ વામન સ્તંભોથી ટેકવેલ છે. વેદિકાના મથાળે કક્ષાસનોની રચના છે. ગર્ભગૃહની ઉપરની બાજુની વેદિકાની નીચે મકરમુખ અને ઊર્મિવેલનું અલંકરણ છે. પાણીના નિકાલ માટે પરનાળની રચના કરી છે.

ગર્ભગૃહની આગળ આઠ સ્તંભો પર ટેકવેલ અંતરાલની રચના છે. અંતરાલની સામેનો ગૂઢમંડપ કુલ ૨૨ સ્તંભો પર ટેકવેલો છે. આ સ્તંભો પૈકીના ઉચ્છાલક સહિતના આઠ સ્તંભ મધ્યમાં અષ્ટાકોણાકારે ગોઠવેલા છે. એના ઉપર વેદિકા, વામન, સ્તંભો વગેરેની યોજના કરીને ગૂઢમંડપની બીજા મજલે આવેલ કરોટક આકાર પામ્યો છે. બાકીના ૧૪ સ્તંભો પૈકીના બે સ્તંભ અંતરાલ અને ગૂઢમંડપની સ્તંભાવલિની વચ્ચે ઉત્તર-દક્ષિણ સ્થાન પામ્યા છે અને બાકીના ૧૨ સ્તંભ પાર્શ્વમાર્ગની છતોને ટેકવી રહ્યાં છે. ગૂઢમંડપના તલમાનમાં પૂર્વ, ઉત્તર અને દક્ષિણ તરફ ભદ્રને એવી રીતે નિર્ગમ આપ્યો છે કે એ સંલગ્ન દરેક બાજુએ એક એક શૃંગારચોકીની રચના થાય. ઉત્તર અને દક્ષિણ તરફની શૃંગારચોકી બે-બે છૂટા સ્તંભો પર આધારિત છે. પૂર્વ તરફની મહાશૃંગારચોકી ત્રિમંડપ પ્રકારની છે. એમાં કુલ ૧૦ છૂટા સ્તંભોની યોજના છે. મધ્યના ઉત્તુંગ પ્રવેશ દ્વારની બંને બાજુએ એક એક મોટા ખત્તકો (ગવાક્ષો) કરેલા છે. એમાંના એકમાં આસનસ્થ દેવી અને બીજામાં આશ્વારોહી કોઈક દાનેશ્વરીનું શિલ્પ છે. શૃંગારચોકીની આગળ સોપાન શ્રેષ્ઠીની રચના કરેલી છે.

ગૂઢમંડપના સ્તંભોની ત્રિદલ કુંભી પ્રમાણમાં સાદી છે. નીચલા છેડે સ્તંભો અષ્ટાસ્ર, મધ્ય ભાગે ષોડશાસ્ર, પરંતુ અર્ધ ઉપરના ભાગે વૃત્તાકાર છે. આ ભાગમાં એકબીજાને છેદતાં અર્ધવર્તુળો, હીરાપટ્ટી અને ગ્રાસપટ્ટી છે. સ્તંભોની ઉપર બેવડી શિરાવટી અને ઉચ્છાલકની યોજના છે.

ગર્ભગૃહના પંચનાસિક તલમાન પર જાલકભાતથી વિભૂષિત રેખાન્વિત શિખર છે અને ચારે બાજુએ ઉરઃશૃંગો, પ્રત્યંગો, શૃંગો ને તિલકાદિ અંગોથી આચ્છાદિત છે. શિખરના અગ્રભાગે અંતરાલ પર શુકનાસની રચના છે. તથા બાકીની ત્રણે બાજુએ ભદ્રાદિ નિર્ગમો ને દેવદેવીઓ તથા અપ્સરાનાં શિલ્પોથી વિભૂષિત રથિકાઓની રચના




છે.

ગૂઢમંડપ પર ભારે કદની સંવર્ણાની તથા શૃંગારચોકીઓ પર સમતલ છાવણોની રચના છે. પરંતુ પૂર્વની ત્રિકચોકીના સમતલ છાવણના પૃષ્ઠ ભાગે હવા-ઉજાસ માટે ભવ્ય વાતાયનની યોજના છે.

મંદિરની કામદપીઠમાં મુખ્યત્વે જાડયકુંભ, કણી અને ગ્રાસપટ્ટીના થર છે. પીઠ નીચે અર્ધરત્ન અને મુક્તા પંક્તિઓથી વિભૂષિત ભીટનો બેવડો થર છે. પીઠ પરના મંડોવરમાં સૌથી નીચેથી અનુક્રમે ખુરક, રત્નપટ્ટિકા અને ગવાક્ષમંડિત દેવીઓના શિલ્પોથી સુશોભિત કુંભ, મુક્તાદામની લહર-પંક્તિઓની વિભૂષિત કલશ, અંતરપત્ર, કપોતાલી, કામરૂપ, મંચિકા તથા રત્નપટ્ટના થર આવેલા છે. એના પર પ્રથમ જંઘની દાંતાવાળી કાનસ પર નરથરની પંક્તિ આવેલી છે. એના પર લગભગ પૂરા મનુષ્યકદનાં મૂર્તિશિલ્પોને સમાવી દેતાં સ્તંભિકા ને તોરણાવલિ તથા ઉદ્‌ગમથી વિભૂષિત ગવાક્ષોની હારમાળા છે. આ ગવાક્ષોમાં અનેક દેવ-દેવીઓ, દિક્‌પાલો-દિક્‌પાલિકાઓ અને નર્તિકાઓ, તાપસો તથા વ્યાલાદિનાં શિલ્પ છે. ગવાક્ષના ઉદ્‌ગમની ઉપર મંચિકાનો થર છે. નર્તિકાઓ, તાપસો તથા વ્યાપાલદિના શિલ્પ છે. ગવાલના ઉદ્‌ગમની ઉપર મંચિકાનો થર છે. અહીંથી જંઘાનો બીજો થર શરૂ થાય છે. એમાં ગવાક્ષોમાં લલિતાસનમાં બેઠેલાં અને દેવ-દેવીઓના શિલ્પ છે. ગવાક્ષોની બંને બાજુએ મોટા કદનાં રત્નપટ્ટ અને ઉપર ઉદ્‌ગમ છે. વાનર થરની પણ અહીં યોજના જોવામાં આવે છે અને એના પર ગ્રાસપટ્ટી આવેલી છે. અધોમુખી તમાલપત્રથી વિભૂષિત ભરણી અને એના પર મહાકપોતાલી તથા ઊંડા તક્ષણવાળી અંતરપત્રિકા આવેલાં છે. સૌથી ઉપર ભાગે નિર્ગમવાળું કૂટછાદ્ય છે.

...તો જૈન શિલ્પોના વૈભવનું સાચું ચિત્ર સમાજ સમક્ષ મૂકી શકાય અને સમાજ તેના સાચા સ્વરૂપને ઓળખી શકે અને તેનો આદર કરે.

ગર્ભગૃહના પ્રદક્ષિણાપથમાં આવેલા ઝરુખાઓ (ચંદ્રાવલોકનો)ની પીઠ પર વેદિકાની રચના છે. વેદિકામાં રત્નપટ્ટિકાથી વિભૂષિત રાજસેનકનો થર તથા દેવતાઓના શિલ્પ છે. વેદિકાના મથાળે આસનપટ આવેલા છે. એના પરના વામનસ્તંભોમાં ભરણી, શિરાવટી અને એના મથાળે પાટ સાથેના દંડછાદ્યની રચના છે. વામન સ્તંભોના ગાળામાં છિદ્રાળુ જાળીઓ છે.

મંડપ, પ્રદક્ષિણાપથ અને શૃંગારચોકીઓમાં સ્તંભોની કુંભીઓમાં સ્કંધ, કર્ણ અને કણી તથા મુખ્યબંધની સમતલ રચનાઓ આવેલી છે. વળી કુંભીની દરેક બાજુએ પહોળી અણિયાળી ભાત છે. સ્તંભદંડ નીચેથી ઉપર જતાં અનુક્રમે અષ્ટાસ્ર, ષોડશાસ્ર અને વૃત્તાકાર ઘાટના છે. વૃત્તાકારઘાટ તોરણમાલા, હીરાઘાટની મોયલાપટ્ટી, ગ્રાસમુખ અને તમાલપત્રની ભાતથી અંગિત કરેલાં છે. સ્તંભની શિરાવટી પર કર્ણ, સ્કંધ, અંતરપત્ર અને કામરૂપથી વિભૂષિત ભરણી અને એના પર ઉચ્છાલકની યોજના છે. સ્તંભ અંતરાલમાં મકરમુખમાંથી નિષ્પન્ન થતાં તોરણ (કમાનો) આવેલાં છે.

ગૂઢમંડપનો કરોટક નવ થરનો છે. એમાંના સૌથી નીચેના ત્રણ કોલ-કાચલા ઘાટના છે. એના ઉપર પદ્મ પલ્લવ-ઘાટનો કર્ણદર્દરિકાનો થર છે. એના પરના રૂપકંઠના થરમાં વિદ્યાદેવી તથા સુરસુંદરીઓનાં શિલ્પ છે. એના પરના ત્રણ થરમાં પદ્મક પ્રકારની ૧૬ લુમા છે અને એના પરના બીજા ત્રણ થરમાં મંદારક વગેરેના સુશોભન છે. મધ્યની પદ્મશિલા ઉત્તુંગ કોટિની રચના ધરાવે છે. શૃંગારચોકીના સમતલ વિતાનમાં પ્રફુલ્લિત વિશાળ પદ્મ કોતરેલાં છે અને એમાં ચંડ-ઉત્તર ક્રમે કોલ-કાચલાના થર તથા પમકનાં સુશોભન છે. ગર્ભગૃહની દ્વારશાખા, પંચશાખા પ્રકારની છે. એમાં અનુક્રમે પદ્મશાખા, બાહ્યશાખા, બે રૂપશાખા અને મધ્યનો રૂપસ્તંભ આવેલાં છે. દ્વારશાખાના નીચલા ભાગે દ્વારપાલના શિલ્પ છે. દ્વારશાખાના ઉપલા છેડા હીરગ્રહક અને ભરણીથી વિભૂષિત છે. એના ઓતરંગમાં પાંચરથિકા (ગવાક્ષો) છે. એમાં અનુક્રમે ગણેશ, બ્રહ્મા, સૂર્ય, વિષ્ણુ અને દેવીના શિલ્પ છે. ઉદુંબરમાં મંગલઘટ, ધનેશ અને હંસયુગલના શિલ્પોની મધ્યમાં મંદારની રચના છે. ગૂઢમંડપની આગળ આવેલા મુખ્ય પ્રવેશ ચોકીનું દ્વાર સપ્તશાખા પ્રકારનું છે. એમાં અનેકવિધ સમતલ થરોનું આયોજન થયું છે. પણ રૂપસ્તંભ અને ઔતરંગની રચના ગર્ભગૃહને મળતી છે.

મંદિરની શિલ્પસમૃદ્ધિ ઉત્તમ કોટિની છે. પીઠ, મંડોવર, વેદિકા, શુકનાસ, સંવર્ણા વગેરે અંગો વિવિધ દેવ-દેવીઓ, દિક્‌પાલ, દિક્‌પાલિકાઓ, વ્યાલ અને મિથુન શિલ્પોથી વિભૂષિત છે. મંડોવરની જંઘાના બેવડા થરમાં દ્વિભંગ અગર ત્રિભંગમાં આલિખિત વિદ્યાદેવીઓ, નૃત્યાંગનાઓ વગેરેના શિલ્પોનો પ્રતિમા વિધાનની દૃષ્ટિથી અભ્યાસ કરવામાં આવે તો સ્વતંત્ર ગ્રંથ તૈયાર થઈ શકે એમ છે. શિલ્પશાસ્ત્રમાં રસ ધરાવનારા વિદ્યાર્થી કે સંશોધકની પાસે આવા પ્રકારનું કામ લઈને વણ ઉકેલ જૈન શિલ્પોને સમાજ સમક્ષ લાવવા જોઈએ. આવા શિલ્પ ફક્ત મંદિરની દિવાલોના ગવાક્ષને શોભાવવા પૂરતા નથી મૂકાતાં. પરંતુ તેની પાછળનો ચોક્કસ હેતુ, ભાવના અને ઉચ્ચ કલાવિધાન રહેલું છે. જો આ પ્રકારનું કાર્ય કરવા-કરાવવામાં આવે તો જૈન શિલ્પોના વૈભવનું સાચું ચિત્ર સમાજ સમક્ષ મૂકી શકાય અને સમાજ તેના સાચા સ્વરૂપને ઓળખી શકે અને તેનો આદર કરે.

✷ ✷ ✷

બી. જે. ઈન્સ્ટીટ્યુટ ઑફ લર્નિંગ એન્ડ રીસર્ચ,
એચ. કે. કૉલેજ કમ્પાઉન્ડ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
મોબાઈલ : ૦૯૮૨૫૧૧૪૪૧૭.







# અમદાવાદ : એક જૈન તીર્થ દૃષ્ટિએ

❑ ડૉ. થોમસ પરમાર

[ *વિદ્વાન લેખક ડૉ. થોમસ પરમાર એચ. કે. આર્ટ્સ કૉલેજ તથા ભો. જે. સંસ્થા-અમદાવાદમાં ૩૪ વર્ષ સેવા આપી નિવૃત્ત થયા. એમણે ગુજરાતના હિંદુ અને જૈન મંદિરોના સ્થાપત્ય પર પીએચ.ડી. કર્યું છે. તેમના ૧૧ જેટલા ગ્રંથો ભારતીય સંસ્કૃતિ, કલા અને સ્થાપત્ય પર છે. ઉપરાંત આ વિષયો પર એમના ૮૦ જેટલા લેખો વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયા છે. હાલ ગુજરાતી અને જૈન વિશ્વકોશમાં કાર્યરત છે.*

**તીર્થની માહિતી :** *અમદાવાદ એ ગુજરાતનું પાટનગર છે તથા સાથે સાથે જૈનોની અનેક સંસ્થાઓ, મંદિરો, ગ્રંથભંડાર અને ઈતિહાસ અહીં સચવાયેલો છે. પ્રાચીન અને અર્વાચીન બધા દેરાસરો જોવાલાયક છે. અમદાવાદ શહેર ભારતના બધા સ્થળેથી હવાઈ, રેલવે કે રોડથી પહોંચી શકાય છે.* ]

ગુજરાતના ધાર્મિક ઈતિહાસમાં અમદાવાદનું વિશેષ મહત્ત્વ છે. સાબરમતીના પ્રવાહની સાથે સાથે પ્રાચીનકાળથી અહીં વિવિધ ધર્મો અને સંપ્રદાયોના પ્રવાહ વહેતા આવ્યા છે. તેથી જ અહીંના નગરજીવનમાં મહદ્અંશે બિનસાંપ્રદાયિકતાની છાયા પ્રસરેલી છે. ભાતીગળ પ્રજાની વસ્તી ધરાવતું આ નગર તેના કિલ્લા, નગર-દ્વારો, વાવ-તળાવ, મંદિરો અને મસ્જિદો-મકબરાના લીધે વિશ્વ પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. કોઈપણ સ્થળનું ધાર્મિક સ્થાપત્ય ત્યાંની પ્રજાની ધાર્મિક ભાવનાને પ્રતિબિંબીત કરે છે. કિલ્લા, વાવ, તળાવ, દરવાજા જેવા નાગરિક સ્થાપત્યની સરખામણીમાં અહીં ધાર્મિક સ્થાપત્ય વિપુલ પ્રમાણમાં નિર્માણ પામ્યું. એમાં યે મંદિરોની સંખ્યા તો ઘણી મોટી છે. અહીંના હિંદુ અને જૈન મંદિરો તે ધર્મોની શ્રદ્ધાને અભિવ્યક્ત કરતાં આજે પણ વર્ષોથી ઊભા છે. અમદાવાદના મંદિર સ્થાપત્યમાં જૈનોએ પણ પોતાનું વિશિષ્ટ યોગદાન આપ્યું હતું જે વર્તમાનમાં ઊભા રહેલાં જૈન મંદિરો (દેરાસરો) જોતાં જણાય છે.

આ મંદિરો પથ્થર કે ઈંટ વડે બાંધેલી માત્ર ઈમારતો નથી, પણ આત્મકલ્યાણના તે જીવંત સ્મારકો છે–તીર્થો છે. આવા તીર્થોની યાત્રા કરવાથી, દર્શનથી કે પૂજાથી વ્યક્તિની આધ્યાત્મિક પ્રગતિમાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે. આવા સ્થળોએ મહાત્માઓએ, ચિંતકોએ પોતાના પાદવિહારથી એ ભૂમિને પવિત્ર કરી છે. ત્યાં આ મહાત્માઓએ પદ્માસનમાં બેસીને કે કાયોત્સર્ગમાં ઊભા રહીને લાંબા સમય સુધી આકરી તપશ્ચર્યા કરીને તેમણે એ ભૂમિને પોતાની આધ્યાત્મિક ઊર્જાથી રસતરબોળ કરી દીધી છે. એટલે આટલાં વર્ષો પછી પણ શ્રદ્ધાળુ જ્યારે આ તીર્થોની યાત્રા કરે છે અને દર્શન કરે છે ત્યારે એ ઊર્જાના પૂંજમાંથી આધ્યાત્મિક શક્તિ મેળવીને આત્મ-કલ્યાણના માર્ગે આગળ વધે છે. તેથી જ મંદિરો ઈમારત કરતાં પણ કંઈક વિશેષ છે. જૈન શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે 'તીર્યતે અનેનેતિ તીર્થમ્' અર્થાત્ જેના વડે સંસાર તરી જવાય તે તીર્થ કહેવાય.

અમદાવાદમાં ૩૦૦ જેટલાં જૈન મંદિરો આવેલાં છે. અહમદશાહ પહેલાએ ઈ. સ. ૧૪૧૧માં સાબરમતી નદીના કાંઠે અમદાવાદની સ્થાપના કરી તે પૂર્વે અહીં કર્ણાવતી અને આશાવલ નગરીઓ હતી. આમ આશાવલ, કર્ણાવતી અને અમદાવાદ એ આ નગરની ત્રણ અવસ્થા છે. આ ત્રણે તબક્કા દરમ્યાન અહીં જૈન ધર્મ પ્રચલિત હતો. જૈનસ્રોતોમાં આ નગરને રાજનગર અને જૈનપુરી તરીકે ઓળખાવેલ છે. તીર્થભૂમિની ઉપમા આપતાં તેના વિશે કહેવાયું છે:

*દિવ્યધામ રાજનગર તીર્થભૂમિ છે મનોહારી*
*મહિમા એનો જગમાં ભારી, ગુણ ગાવો સહુ ભાવધરી.*

જૈનપુરી વિશેનો ઉલ્લેખ આ પ્રમાણે છે:

*જૈનપુરીના જૈન મંદિરો જોતાં દિલ હરખાય*
*અનેક જૈન મંદિરોથી જૈનપુરી કહેવાય.*

રાજનગરના જૈન શ્રેષ્ઠીઓએ તેમની ધાર્મિક ભાવનાથી રાજનગરની ભૂમિને અનેક જૈનમંદિરોના નિર્માણથી શણગારીને પવિત્ર બનાવી દીધી છે. રાજનગરના જૈન મંદિરોનો ઈતિહાસ જૈનોનાં ઈતિહાસ જેવો જ ભવ્ય, વિવિધતાભર્યો અને સાધન સંપન્ન છે. આશાવલ, કર્ણાવતી અને અમદાવાદ એ ત્રણે તબક્કા દરમ્યાન જૈનોનો પ્રતાપ ગૂંજતો દેખાય છે.

> ***અહમદશાહ પહેલાએ ઈ. સ. ૧૪૧૧માં સાબરમતી નદીના કાંઠે અમદાવાદની સ્થાપના કરી તે પૂર્વે અહીં કર્ણાવતી અને આશાવલ નગરીઓ હતી.***

### આશાવલ

આશાવલ કે આશાપલ્લી આશા ભીલે દસમા સૈકા પહેલાં વસાવ્યું હતું. 'પ્રભાવક ચરિત' પ્રમાણે અહીં ૮૪ મોટાં શ્રીમંત શ્રાવકો રહેતા હતા. જૈન અને હિંદુઓના અનેક મંદિરો હતા. શ્રી સમયસુંદર ઉપાધ્યાયના જણાવ્યા પ્રમાણે અહીં ભાભા પાર્શ્વનાથનું વિશાળ મંદિર આવેલું હતું. ઉદયન મંત્રીએ બોંતેર જિનાલયવાળો 'ઉદયન વિહાર' નામનો જિનપ્રાસાદ બંધાવ્યો હતો. ચાચ નામના શ્રેષ્ઠીએ એક જૈન દેરાસર બંધાવ્યું હતું. અહીં વાસુપૂજ્ય સ્વામીનું એક મંદિર હતું. આ

ઉપરાંત અહીં અનેક જૈન મંદિરો તેમજ જૈન ભંડારો હતા. આમ આશાવલમાં અનેક જૈન મંદિરો શોભાયમાન હતા.

**કર્ણાવતી**

અગિયારમી સદીમાં સોલંકી રાજા કર્ણદેવે આશા ભીલને હરાવીને આશાવલને પોતાના નામ ઉપરથી કર્ણાવતી નામ આપ્યું. સોલંકી કાળ દરમ્યાન પણ કર્ણાવતીમાં જૈન ધર્મની યશ પતાકા ફરકતી રહી. સિદ્ધરાજ જયસિંહના સમયમાં શ્રી દેવસૂરિ 'અરિષ્ટનેમિ પ્રાસાદ'માં શ્રાવકોને પોતાના પ્રવચન સંભળાવતા હતા. શાંતુ મંત્રીએ અહીં એક વિશાળ જૈન મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. અહમદશાહ બાદશાહનું ફરમાન મેળવીને શત્રુંજયનો સંઘ કાઢનાર સંઘવી ગુણરાજનો પૂર્વજ ચાચો કર્ણાવતીનું ભૂષણ ગણાતો હતો. શ્રી હેમચંદ્રાચાર્યએ પોતાનું પ્રાથમિક શિક્ષણ અહીં લીધું હતું. મંત્રી પેથડે અહીં એક મોટા ગ્રંથભંડારની સ્થાપના કરી હતી.

**અમદાવાદ**

અમદાવાદની સ્થાપના સમયથી તો આજ દિન સુધી અહીં જૈન ધર્મ જળવાઈ રહ્યો છે. મધ્યકાળથી અર્વાચીનકાળ દરમ્યાન અમદાવાદની સંસ્કારિત પ્રવૃત્તિઓમાં અને અમદાવાદના વિકાસમાં જૈનોનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. શાંતિદાસ ઝવેરીથી માંડીને કસ્તુરભાઈ તેમજ સ્વ. શ્રેણિકભાઈ સુધીના નગરશેઠોની પરંપરાના આશ્રયે અમદાવાદે ઘણી પ્રગતિ કરી છે. જૈનોએ પોતાની શ્રદ્ધાના પ્રતીક એવા જૈન મંદિરો સેંકડોની સંખ્યામાં બંધાવીને આ નગરને શોભાયમાન કર્યું છે. એ સાથે જ્ઞાન-વિદ્યાના પ્રતીક એવા જ્ઞાનભંડારો પણ અહીં સ્થાપીને જ્ઞાન અને વિદ્યાની આરાધના પણ કરી છે. આવા જ્ઞાન ભંડારો દોશીવાડાની પોળમાં આવેલા ડેલાના ઉપાશ્રયમાં, જૈન વિદ્યાશાળામાં, લુહારની પોળના ઉપાશ્રયમાં, દેવસાના પાડાના વિમલગચ્છના ઉપાશ્રયમાં, હાજા પટેલની પોળના પગથિયાના ઉપાશ્રયમાં તેમજ પાંજરા પોળની જ્ઞાનશાળામાં આવેલાં છે. કેવળ દોશી વાડાના ડેલાના ઉપાશ્રયમાં જ ૧૭ થી ૧૮ હજાર જેટલાં પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો સંગ્રહાયેલા છે.

*આ ત્રણે તબક્કા દરમ્યાન અહીં જૈન ધર્મ પ્રચલિત હતો.*

અમદાવાદની વિવિધ ચૈત્ય પરિપાટીઓમાં અહીંના સેંકડો જૈન મંદિરોના ઉલ્લેખ જોવા મળે છે. ડૉ. આર. એન. મહેતા અને ડૉ. કનુભાઈ શેઠે 'અમદાવાદની ચૈત્ય પરિપાટીઓ' ગ્રંથમાં વિશેષ માહિતી આપી છે. આ જ વિષયના સંદર્ભમાં ડૉ. જિતેન્દ્ર બી. શાહ અને ચન્દ્રકાન્ત કડિયા દ્વારા લિખિત 'રાજનગરના જિનાલયો' ગ્રંથ પણ ઉલ્લેખનીય છે. પં. શીલવિજયજીએ સં. ૧૭૪૬માં રચેલી 'તીર્થમાળા'માં અમદાવાદમાં ૧૭૮ જેટલાં જિન મંદિરો હોવાનું નોંધ્યું છે. એમાં ઓશવાલ શેઠ શાંતિદાસે સરસપુરમાં બંધાવેલા શ્રી ચિંતામણિપાર્શ્વના મંદિરનો ઉલ્લેખ છે. 'મિરાતે અહમદી'માં આ મંદિરના બાંધકામ અને ધ્વંસ વિશેની માહિતી આપેલી છે.

અમદાવાદની પૂર્વે આવેલ સરસપુર પરામાં શાંતિદાસ ઝવેરીએ સં. ૧૬૭૮ (ઈ. સ. ૧૬૨૨)માં ચિંતામણિ પાર્શ્વનાથ મંદિર બંધાવવાનો પ્રારંભ કર્યો. મંદિરની પ્રતિષ્ઠા સં. ૧૬૮૨ (ઈ. સ. ૧૬૨૬)માં થઈ હતી. મંદિરની પ્રશસ્તિ સં. ૧૬૯૭ (ઈ. સ. ૧૬૪૧)માં રચાઈ હતી. ઔરંગઝેબ જ્યારે ગુજરાતનો સૂબો હતો ત્યારે ઈ. સ. ૧૬૪૪માં આ મંદિરને તોડીને મસ્જિદમાં ફેરવવામાં આવ્યું અને મસ્જિદનું નામ કુવ્વત-ઊલ-ઈસ્લામ આપવામાં આવ્યું હતું. મંદિરની મુખ્ય પ્રતિમાઓને છાની રીતે ભૂગર્ભ માર્ગે અન્યત્ર ખસેડવામાં આવી હતી. દિલ્હી દરબારમાં પોતાની વગ ધરાવનાર શેઠ શાંતિદાસે બાદશાહ શાહજહાંને અરજ કરી તેથી શાહજહાંએ એ મંદિરને ફરી બાદશાહી ખર્ચે નવું કરી આપવા હુકમ કર્યો. ઔરંગઝેબે એમાં કરાવેલ મહેરાબ કાઢી નાખવો અને એ ઈમારત શાંતિદાસને સોંપવી. પરંતુ પછી આ ઈમારત ન મંદિર તરીકે કે ન મસ્જિદ તરીકે ઉપયોગમાં આવી. સમય જતાં તે ખંડેર બની ગઈ. ઇ.સ. ૧૬૩૮માં અમદાવાદની મુલાકાતે આવેલ જર્મન પ્રવાસી મેન્ડેલ્સ્લોએ પોતાની પ્રવાસ-નોંધમાં આ મંદિરનું નિરૂપણ કર્યું છે. ફ્રેન્ચ મુસાફર ટેવર્નિયરે અને મગનલાલ વખતચંદે 'અમદાવાદનો ઇતિહાસ'માં આ મંદિરનું વર્ણન આપ્યું છે, તેને આધારે આ મંદિરના શિલ્પ-સ્થાપત્ય વિશે જાણવા મળે છે. તે સફેદ અને કાળા આરસનું સુંદર કલાકૃતિવાળું હતું. સભામંડપમાં અપ્સરાઓની સુંદર પ્રતિમાઓ કંડારેલી હતી. મંદિરના પ્રવેશદ્વાર આગળ કાળા આરસના બે મોટા હાથીના શિલ્પો મૂકેલા હતા. તેના ઉપર મંદિર બંધાવનારની પ્રતિમા હતી. મંદિરને ફરતી ભમતી અને તેની સાથે દેવકુલિકાઓ સંકળાયેલી હતી. મંદિરની પાછલી બાજુએ ત્રણ દેવાલય હતા. મગનલાલ વખતચંદ પ્રમાણે આ મંદિર બાવન જિનાલયવાળું શિખરબંધી હતું. તેનો ઘાટ હઠીસિંહના દેરા જેવો હતો. બે વચ્ચે તફાવત માત્ર એટલો જ હતો કે હઠીસિંહનું મંદિર પશ્ચિમાભિમુખ છે જ્યારે આ મંદિર ઉત્તરાભિમુખ હતું.

શામળાની પોળમાં શામળાના ખાંચામાં આવેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર મંત્રીશ્વર વસ્તુપાળના વંશજ સંઘવી સોમજી તથા તેમના ભાઈ શિવાએ સં. ૧૬૫૩માં બંધાવ્યું હતું. આ અંગેનો શિલાલેખ ત્યાં ભીંત પર છે. આ લેખમાં અકબરે શરૂ કરેલ ઈલાહી સંવતનું વર્ષ પણ જણાવ્યું છે. તે દૃષ્ટિએ આ મંદિર નોંધપાત્ર છે. ગભારાની સન્મુખે આવેલા મંડપના મોભની બાજુએ લાકડામાં કોતરેલાં તીર્થંકરોના જન્મ મહોત્સવના દૃશ્યો કંડારેલ છે તેમાં હાલતી-ચાલતી પૂતળીઓ છે. આ જ પોળમાં શ્રી શ્રેયાંસનાથનું મંદિર આવેલું છે. આ મંદિરમાં કાચનું સુંદર જડતરકામ આકર્ષક

છે. ચક્રવર્તી ભરતરાજના કૈવલ્યભાવનો વુડકટનો દેખાવ પણ જોવાલાયક છે.

નાગજી ભૂધરની પોળમાં શ્રી સંભવનાથ અને શ્રી શાંતિનાથના મંદિરો આવેલાં છે. ઉપરના મજલે ધર્મનાથ અને પાર્શ્વનાથના બે ગભારાઓ છે. એમાં રંગીન આરસનું કામ પ્રેક્ષણીય છે. આ દેરાસરની ૩૧૦ ધાતુ પ્રતિમાઓ પૈકી કેટલીક તો ૧૧મા-૧૨મા સૈકાની છે.

સમેતશિખરની પોળમાં આવેલ ઘૂંમટ બંધી પાર્શ્વનાથના મંદિરની વિશેષતા બે બાબતોને લીધે છે – (૧) સહસ્રફણા પાર્શ્વનાથની આરસની મૂર્તિ અને (૨) લાકડામાં કોતરેલો ૪.૫૭ મી. ઊંચો સમેતશિખરનો પહાડ. આ પહાડ શ્રાવક, શ્રાવિકા, સાધુ, દેવ, દેવીઓ, પશુઓ અને વનસ્પતિથી ભરચક છે તેમ જ તેના જુદા જુદા ભાગો હલનચલન કરે છે. અમદાવાદના આ મંદિરની પ્રતિષ્ઠા સં. ૧૮૬૩માં શ્રી રૂપવિજયજી મહારાજે કરી હતી.

શેખના પાડાના ભંડારમાં શ્રી શાંતિનાથનું દેરાસર સં. ૧૮૦૦માં બંધાયેલું છે અને તેમાં આવેલ દસમા સૈકાની ચોવીસી તથા લાકડાના તોરણો અને સ્તંભો પરનું સુંદર નકશીકામ આકર્ષક છે.

> *અમદાવાદના વિકાસમાં જૈનોનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. શાંતિદાસ ઝવેરીથી માંડીને કસ્તુરભાઈ તેમજ સ્વ. શ્રેણિકભાઈ સુધીના નગરશેઠોની પરંપરાના આ શ્રયે અમદાવાદે ઘણી પ્રગતિ કરી છે. જૈનોએ પોતાની શ્રદ્ધાના પ્રતીક એવા જૈન મંદિરો સેંકડોની સંખ્યામાં બંધાવીને આ નગરને શોભાયમાન કર્યું છે.*

રીલીફ રોડ પર આવેલ ઝવેરીવાડ અમદાવાદનું મહત્ત્વનું જૈન કેન્દ્ર છે. અહીં જૈન વસ્તીમાં મુખ્યત્વે ઓશવાલ જ્ઞાતિના શ્રેષ્ઠીઓનો વસવાટ વંશપરંપરાગત રહ્યો છે. પ્રાચીન ચૈત્ય પરિપાટીમાં ઝવેરીવાડ માટે જુહુરિવાડનો ઉલ્લેખ જોવા મળે છે. ઝવેરીવાડમાં નાની મોટી ૧૩ પોળોના સમૂહમાં ૧૧ થી વધુ દેરાસરો આવેલાં છે. આ બધામાં આંબલી પોળ પાસે સંભવનાથની ખડકીમાં વર્તમાન ચોવીસીના ત્રીજા તીર્થાધિપતિ શ્રી સંભવનાથજીનું દેરાસર આવેલું છે. ચૈત્ય પરિપાટીમાં આ વિસ્તારને કોઠારી પાટક કહ્યો છે. આ મંદિર શહેરમાં સૌથી પ્રાચીન હોવાનું મનાય છે. આ મંદિર વિશે ગયા જૂન મહિને ડૉ. પ્રવિણા રાજેન્દ્રકુમાર શાહ દ્વારા લિખિત, 'રાજનગરમાં ઝવેરીવાડે રાજરાજેશ્વર શ્રી સંભવ જિણંદ સુખકારી' નામની પુસ્તિકા પ્રસિદ્ધ થઈ છે. ઉત્તરાભિમુખ આ દેરાસર બહારથી સાદુ છે. સાદા રહેઠાણ જેવાં લાગતાં આ દેરાસરમાં ભવ્યાતિભવ્ય જિનપ્રતિમા બિરાજમાન છે. ઘુંમટબંધી આ દેરાસરમાં બે ભોંયરા છે. ભોંયરામાં બિરાજમાન શ્રી સંભવનાથજીના દર્શન માટે ડોકા બારી છે. પાછળના ચોકમાં ગુરુ મંદિર પાદુકા છે. ચોકમાં બે ગર્ભગૃહનાં પ્રવેશદ્વાર પડે છે. પાછળના ભાગે શાંતિનાથ ભગવાનવાળા ભોંયરાની છત-બારી છે. શ્રી સંભવનાથજીના દેરાસરમાં પાંચ ગર્ભગૃહો છે, જેમાં ધર્મનાથ, મહાવીર સ્વામી, શ્રી સુપાર્શ્વનાથ, શાંતિનાથ (ભોંયરામાં) અને સંભવનાથ (ભોંયરામાં)ની પ્રતિમાઓ પધરાવેલ છે. ભૂમિગૃહો આ મંદિરની વિશેષતા છે. ઝવેરીવાડના ભૂમિગૃહ જિનાલયોમાં સૌથી ઊંડું અને વિશાળ ભૂમિગૃહ શ્રી સંભવનાથજીનું છે. તત્કાલીન રાજકીય પરિસ્થિતિને કેન્દ્રમાં રાખીને પ્રતિમાજીઓના સંરક્ષણ માટે જૈનોએ આ પ્રકારના ભૂમિગૃહોની પ્રથા અપનાવી હતી. ધર્મનાથજીના ગર્ભગૃહના પ્રવેશદ્વારની ડાબી બાજુએ શ્રી શત્રુંજય, શ્રી ગિરનાર અને શ્રી અષ્ટાપદજીના નયનરમ્ય રંગીન તીર્થપટો આવેલાં છે. શ્રી સંભવનાથજીની પદ્માસનસ્થ સપરિકર વિશાળ પ્રતિમા પંચતીર્થ સ્વરૂપે છે. અર્થાત્ પરિકરમાં ઉપરના ભાગે બે પદ્માસનસ્થ અને નીચે બે કાયોત્સર્ગમાં જિનપ્રતિમાઓ તેમ જ મૂલનાયકની પ્રતિમા થઈને કુલ પાંચ પ્રતિમાઓ સાથે પંચતીર્થિ થાય. શ્રી સંભવનાથની મૂર્તિ વિશે સારાભાઈ નવાબ કહે છે કે, આ મૂર્તિ એટલી બધી વિશાળ છે કે ભારતવર્ષના વિદ્યમાન શ્વેતાંબર જિન મંદિરોમાં આવેલી જિન મૂર્તિઓમાંની બીજી થોડી જ મૂર્તિઓ આટલી વિશાળ હશે. ચારસો વર્ષ વીત્યા હોવા છતાં આજેય આ પ્રતિમાજીના તેજ-ઓજસ અને કલાવૈભવ બિલકુલ ઝાંખા પડ્યા નથી.

ઝવેરીવાડમાં આવેલી નિશાપોળમાં જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનનું પ્રાચીન દેરાસર છે. આ મંદિર સં. ૧૬૦૦માં શ્રી સંઘ દ્વારા બાંધવામાં આવ્યું હતું. ઉપરના ભાગે મૂલનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની સહસ્રફણાયુક્ત કાયોત્સર્ગસ્થ ભવ્ય પ્રતિમા છે. નીચે ઊંડા ભોંયરામાં જગવલ્લભ શ્રી પાર્શ્વનાથજીની સફેદ આરસની છ પૂટ ઊંચી પદ્માસનસ્થ પ્રતિમા પ્રતિષ્ઠિત છે. મૂર્તિની પ્રતિષ્ઠા સં. ૧૬૫૯માં થઈ હતી તેમ તેના લેખ દ્વારા જાણવા મળે છે. હાલ આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો છે. જૂના મંદિરનું લાકડકામ આકર્ષક હતું. સોદાગરની પોળમાં શ્રી શાંતિનાથનું ઘૂમટબંધી દેરાસર છે. તેમાં એક સુખડની પ્રતિમા છે. વાઘણપોળમાં શેઠ વખતચંદ ખુશાલચંદે બંધાવેલું શ્રી અજીતનાથજીનું ભવ્ય દેરાસર છે. ભમતીમાં બાવન જિનાલયની દેરીઓ છે. શ્રી અજીતનાથની ધાતુની કાઉસગ્ગિયા પ્રતિમા ઉપર સં. ૧૧૧૦ની સાલનો લેખ છે. મંદિરમાં લાકડામાંથી કોતરેલો નારીકુંજર (સ્ત્રી આકૃતિઓના સંયોજનથી બનાવેલ હાથીનું શિલ્પ) દર્શનીય છે. રંગમંડપના સ્તંભો અને પાટડા પર જૈન પુરાણકથાઓના પ્રસંગો આલેખેલાં છે. ઝવેરીવાડમાં આવેલા ભગવાન આદીશ્વરના મંદિરનો જીર્ણોદ્ધાર શેઠ લલ્લુભાઈ પાનાચંદે ઈ. સં. ૧૮૫૯માં કરાવ્યો હતો. ચૌમુખજીની પોળમાં આવેલા ચૌમુખજીનું મંદિર ઈ. સ. ૧૮૬૬માં

શેઠ મગનલાલ હુકમચંદે બંધાવ્યું હતું. ફતાશાની પોળમાં આવેલા મહાવીર સ્વામીના મંદિરનું પુનર્નિમાણ આ જ સમયે શેઠ ઉમાભાઈ રૂપચંદે કરાવ્યું હતું.

દોશીવાડાની પોળમાં અષ્ટાપદજીના નામે ઓળખાતો મંદિરનો સમૂહ છે. તેમાં મૂલનાયક શ્રી આદિશ્વર છે. આ મંદિર શેઠ મગનલાલ કરમચંદે સં. ૧૯૯૧માં બંધાવ્યું હતું. મંદિરમાં પ્રવેશતાં જ ભીંતોમાં નંદીશ્વરદ્વીપની રચનાની રંગીન આકૃતિઓ જડેલી છે. એની પાછળના ભાગમાં શ્રી અષ્ટાપદની મોટા પથ્થરની સુંદર રીતે રચના કરેલી છે. શ્રી હીરવિજયસૂરીશ્વરજીની એક કાષ્ઠમયી પ્રતિમા પણ અહીં વિરાજે છે. આ મંદિર સંવરણાવાળું છે. ગોંસાઈજીની પોળમાં શ્રી સીમંધર સ્વામીનું દેરાસર આવેલું છે. આ મંદિર તેના ભોંયરામાં સંગ્રહાયેલી કેટલીક પ્રાચીન પ્રતિમાઓને લીધે ઉલ્લેખનીય છે. તેમજ મંદિરની અંદર અને બહારની ભીંતો રાજપૂત સમયની ચિત્રકલાથી શોભાયમાન છે.

દિલ્હી દરવાજાની બહાર શાહીબાગ જવાના રસ્તે આવેલું અમદાવાદનું પ્રસિદ્ધ હઠીસિંહનું મંદિર ઈ. સ. ૧૮૪૭માં બંધાયું. પંદરમા તીર્થંકર શ્રી ધર્મનાથને સમર્પિત આ મંદિર બાવન જિનાલય પ્રકારનું છે. પશ્ચિમાભિમુખ આ મંદિર એક હરોળમાં આવેલા ત્રણ ગર્ભગૃહોનું બનેલું છે. તેનો ગૂઢ મંડપ તેની શૃંગારચોકીઓ સહિત બે મજલાનો છે. ત્રણે ગર્ભગૃહો શિખરોથી આચ્છાદિત છે. વચ્ચેનું શિખર બાજુના બે શિખરો કરતાં ઊંચું છે. સભામંડળની ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમ દિશાએ શૃંગાર ચોકીઓ આવેલી છે. પશ્ચિમની ચોકીએથી પ્રવેશ થઈ શકે છે. સભામંડપ ઘુંમટથી જ્યારે ગૂઢમંડપ સંવર્ણાથી આચ્છાદિત છે. ત્રિકમંડપની નીચે ભોંયરું છે, જેમાં ઉત્તર દક્ષિણ તરફ બે નાના મંદિરો છે. જેના ઘુંમટો સભા મંડપમાં પડે છે. મંદિરનો શિલ્પ વૈભવ આકર્ષક છે. સ્તંભના ટેકાઓના સ્વરૂપે પૂતળીઓના મનોરમ્ય શિલ્પો છે. મંડોવરની જંઘામાં પણ આવાં સ્ત્રી શિલ્પો જોવા મળે છે. સ્ત્રી-સહજ વિવિધ પ્રવૃત્તિઓમાં રત આ શિલ્પોની અંગ ભંગીમાં વૈવિધ્ય વરતાય છે. સાદા રેતિયા પથ્થરમાં સુઘડ અને સૂક્ષ્મ શિલ્પકામ પ્રાચીન જૈન શિલ્પકલાને મળતું આવે છે. અમદાવાદના મંદિર સ્થાપત્યનો તે શ્રેષ્ઠ નમૂનો ગણાય છે.

જૈનોએ એમની ધન સંપત્તિ અને શક્તિ એમના ઉપાસનાના મંદિરો પાછળ રેલાવી દઈ રાજનગરની ભૂમિને દેવલોક સમાન બનાવી છે જે જૈનોની કલા પ્રત્યેની આગવી સૂઝ અને સ્વધર્મ પ્રત્યેની નિઃસ્પૃહી ત્યાગભાવના તથા પરમાત્માની અલૌકિક ભક્તિની યશોગાથા ગાતા આજેય શોભી રહ્યાં છે. શિલ્પ-સ્થાપત્યની પ્રશંસનીય કૃતિઓ સમાન આ જૈન મંદિરો અમદાવાદ શહેરની આન, બાન અને શાન છે. ✷ ✷ ✷

૨૩, મહાવીરનગર, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
મોબાઈલ : ૯૮૨૫૩૮૪૬૨૩.

## તારે તે તીર્થ

ભારત વર્ષના ધર્મોમાં જૈનધર્મ પોતાની પ્રાચીનતા, પોતાનું તત્ત્વજ્ઞાન અને પોતાની કલાપ્રિયતાથી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જૈન ધર્મની આ પ્રાચીનતા, ભવ્યતા અને ઉદારતાના પ્રતીક રૂપે આ જૈન તીર્થો છે. જેના પરમાણુઓમાં મન અને આત્માને પવિત્ર કરે તેવું વાતાવરણ છે. એવા પુનિત તીર્થોને રોજ પ્રભાતકાળે આબાલવૃંદ 'સકલ તીર્થ વંદુ કર જોડ' એમ કહી વંદે છે.

જૈન સંસ્કૃતિ ભારતની અગ્રગણ્ય સંસ્કૃતિઓમાંની એક છે. આ સંસ્કૃતિનો ઇતિહાસ ઘણો પ્રાચીન અને મહત્ત્વનો છે. અને તે ધર્મવીરો, દાનવીરો અને કર્મવીરોના પ્રતીક સમા એના શિલ્પ સ્થાપત્ય અને કળાભાવના તથા ધર્મભાવનાથી ભરેલાં તીર્થો છે. એ તીર્થો ભારત વર્ષના વિશાળ તટ પર પથરાયેલા છે.

તીર્થની સ્થાપના કરનાર તીર્થંકર છે. જૈનોના પૂજ્ય શ્રદ્ધેય આરાધ્ય દેવાધિદેવ તીર્થંકર છે. ધર્મતીર્થના પ્રવર્તક તીર્થંકર કહેવાય છે.

દેશકાળની પરિસ્થિતિ હંમેશાં એકસરખી રહેતી નથી. સમય પરિવર્તનશીલ છે. ચડતી પડતીનો ક્રમ સતત ચાલ્યા કરે છે. જગતની અન્ય પ્રવૃત્તિઓની જેમ ધર્મ પર પણ આ પ્રકારનો પ્રભાવ પડે છે. ક્યારેક ધર્મનો પૂર્ણ પ્રભાવ ફેલાયેલો હોય છે તો ક્યારેક ધર્મનો પ્રભાવ ક્ષીણ થવા લાગે છે. ધર્મમાં શિથિલતા આવે છે ત્યારે ધર્મનો પ્રભાવ ઓછો થાય છે. ધર્મમાં મલિનતા અને વિકૃતિઓ પ્રવેશે છે ત્યારે તેને દૂર કરવા અને તેનું મૂળ સ્વરૂપ સ્થાપિત કરવા જગત પર મહાપુરુષ જન્મ લે છે. તેઓ ધર્મરૂપી તીર્થના પ્રવર્તક હોય છે તેથી તીર્થંકર કહેવાય છે. 'તીર્થંકર' જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે જેનો અર્થ છે ધર્મ-તીર્થને ચલાવવાળા અથવા ધર્મતીર્થના પ્રવર્તક. તીર્થનો અર્થ છે આગમ અને એના પર આધારિત ચતુર્વિધ સંઘ જેઓ આગમ અને ચતુર્વિધ સંઘનું નિર્માણ કરે છે તેઓ તીર્થંકર કહેવાય છે. તીર્થંકર શબ્દની વ્યુત્પત્તિ કરતાં કહ્યું છે.

'તરન્તિ સંસાર મહાર્વણવં યેન તત્ તીર્થમ્'–જેના દ્વારા સંસાર રૂપી સાગર પાર કરી શકાય તે તીર્થ.

તીર્થંકરો સર્વજનોને સંસાર રૂપી સમુદ્ર પાર ઉતારવા માટે ધર્મરૂપી ઘાટનું નિર્માણ કરે છે. તીર્થનો અર્થ પુલ અથવા સેતુ પણ થાય છે. તીર્થંકર સંસાર રૂપી સરિતા પાર કરવા માટે ધર્મરૂપી સેતુનું નિર્માણ કરે છે.

✷ ✷ ✷

# શત્રુંજય શિખરે દીવો રે, આદિશ્વર અલબેલો રે...

**□ ચીમનલાલ કલાધર**

*[ જૈન ધર્મના ઊંડા અભ્યાસી શ્રી ચીમનલાલ કલાધર મુંબઈના વરિષ્ઠ પત્રકાર અને લેખક છે. તેઓ 'નવકારનો રણકાર' તથા 'મુલુંડ ન્યુઝ'ના સંપાદક છે. તેમના ઘણાં લેખો પ્રસિદ્ધ સામયિકોમાં અવારનવાર પ્રકાશિત થાય છે.*

*શાશ્વત તીર્થ શત્રુંજયમાં મૂળનાયક ઋષભદેવ છે. આ તીર્થ ગુજરાત રાજ્યના ભાવનગર શહેરથી ૫૫ કિ.મી. દૂર છે. મુંબઈથી નિયમિત ટ્રેનો અમદાવાદ અને ભાવનગર જાય છે. અમદાવાદ તથા ભાવનગર શહેર હવાઈ માર્ગ, ટ્રેન તથા રોડ દ્વારા પણ પહોંચી શકાય છે. ત્યાંથી શત્રુંજય માટે વાહન મળી રહે છે. ]*

જૈન શાસ્ત્રકારોએ ફરમાવ્યું છે કે આ વિશ્વમાં **નવકાર મંત્ર** જેવો કોઈ મહામંત્ર નથી, **પર્યુષણ પર્વ** જેવું કોઈ મહાપર્વ નથી, **કલ્પસૂત્ર** જેવું કોઈ પ્રભાવશાળી શાસ્ત્ર નથી અને તીર્થાધિરાજ **શ્રી શત્રુંજય તીર્થ** જેવું કોઈ મહાન કલ્યાણકારી તીર્થ નથી.

જૈન સાહિત્યમાં શત્રુંજય તીર્થના મહિમા વિષે અનેક અદ્ભુત ઉલ્લેખો, દંતકથાઓ અને વર્ણનો મળે છે. આ તીર્થ અનેક દિવ્ય ઔષધિઓનો ભંડાર છે. અહીંના જળકુંડોના શીતલ જળમાં રોગ હટાવવાની દિવ્યશક્તિ છે. આ તીર્થની અદીઠી ગુફાઓમાં દેવ-દેવીઓનો વાસ છે. આ તીર્થના તીર્થપતિ શ્રી આદિશ્વર ભગવાનની પ્રતિમા સમક્ષ દેવાંગનાઓ, કિન્નરીઓ, વિદ્યાધરો રાત્રિના સમયે દિવ્ય નૃત્યગાન કરે છે તેવી પૂર્વોક્તિ પ્રચલિત છે.

શત્રુંજય તીર્થ સૌરાષ્ટ્રના મુકુટમણિ સમું છે. આ તીર્થની પાછળ ચોકીદાર સમાન કદમ્બગિરિની રમણીય ગિરિમાળાઓ આવેલી છે. તેના વામ ભાગે દુર્ગમ એવો ભાડવો ડુંગર છે. જમણા હાથે પવિત્ર શત્રુંજયા નદી ખળ ખળ કરતી વહે છે, અને એ જ દિશામાં તાલધ્વજગિરિની સુવર્ણમય ટેકરી ભાવિકોના નયનમાં સ્થાન પામે છે. આ તીર્થની તળેટીમાં સોહામણું પાલિતાણા નગર છે. યાત્રિકોથી મઘમઘી રહેલી આ નગરી અને પર્વતનો દેખાવ ભાવિકોનો ભક્તિભાવ વધારે છે તો કલાપ્રેમીઓના હૃદયમાં આહ્લાદ પ્રગટાવે છે. નૈસર્ગિક સૌંદર્યથી ભરપૂર એવું આ તીર્થસ્થળ પ્રથમ દૃષ્ટિએ જ મોહિત કરનારું છે. આ તીર્થનું અદ્ભુત શિલ્પ-સ્થાપત્ય જૈનોના સમૃદ્ધ કલા વૈભવની ઝાંખી કરાવે છે. પાલિતાણા શહેર ભૌગોલિક દૃષ્ટિએ ૨૧ અંશ ઉત્તર અક્ષાંશે અને ૭૧ અંશ પૂર્વ અક્ષાંશે આવેલું છે. આ નગર પરમ પ્રભાવક સમર્થ જૈનાચાર્ય **શ્રીમદ્ પાદલિપ્તસૂરિજી મહારાજ**ના શિષ્ય **નાગાર્જુને** વસાવ્યું હોવાના ઉલ્લેખો મળે છે.

આત્મ પરિણામને નિર્મળ બનાવનારા અનેક તીર્થસ્થાનોમાં શ્રી શત્રુંજય ગિરિરાજનું સ્થાન સૌથી મોખરે છે. નદીના પ્રવાહની જેમ યાત્રિકોના સ્રોત આ પાવન તીર્થમાં અવિરત વહ્યા કરે છે. અહીં આવનાર આત્મા કોઈ દિવ્ય ધામમાં આવી પહોંચ્યાનો અહેસાસ અનુભવે છે. આ તીર્થના પ્રભાવથી અહીં અનંત આત્માઓ સકલ કર્મનો ક્ષય કરીને મોક્ષગતિ પામ્યા છે. તેથી આ તીર્થની તસુએ તસુ ભૂમિ અતિ પવિત્ર મનાય છે અને એથી જ કહેવાયું છે:

*અકેકું ડગલું ભરે, શત્રુંજય સમો જેહ,*
*ઋષભ કહે ભવ ક્રોડના, કર્મ ખપાવે તેહ;*
*સિદ્ધાચલ સિદ્ધિ વર્યા, ગૃહી મુનિ લિંગ અનંત,*
*આગે અનંતા સિદ્ધશે, પૂજો ભવિ ભગવંત!'*

શ્રી સુધર્માસ્વામીએ રચેલ 'મહાકલ્પ'માં આ તીર્થના શત્રુંજયગરિ, સિદ્ધાચલ, વિમલાચલ, પુંડરિકગિરિ, સિદ્ધક્ષેત્ર, મુક્તિનિલય, રૈવતગિરિ, શતકૂટ, ઢંકગિરિ, ભગીરથ, લોહિતગિરિ જેવા ૧૦૮ નામોનો ઉલ્લેખ મળે છે. શ્રી ધનેશ્વરસૂરિ રચિત 'શત્રુંજય માહાત્મ્ય' નામના ગ્રંથમાં આ તીર્થનો મહિમા બતાવતા જણાવાયું છે કે અન્ય તીર્થોમાં જઈ ઉત્તમ ધ્યાન, દાન, શીલ, પૂજન વગેરે કરવાથી જે ફળ મળે છે તેનાથી અનેકગણું ફળ માત્ર શ્રી શત્રુંજય તીર્થની કથા સાંભળવાથી મળે છે. અઇમુત્તા કેવલી ભગવંતે નારદઋષિને આ તીર્થનું માહાત્મ્ય વર્ણવતા કહ્યું છે કે અન્ય તીર્થમાં ઉગ્ર તપશ્ચર્યાથી, બ્રહ્મચર્યથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ અત્રે માત્ર વસવાથી જ મળે છે. વળી એક કરોડ મનુષ્યને ભોજન કરાવવાથી જે ફળ મળે છે તે આ તીર્થમાં માત્ર એક ઉપવાસ કરવાથી મળે છે. અત્રે પૂજા કરવાથી સોગણું, પ્રતિમા સ્થાપન કરવાથી સહસ્ત્રગણું અને તીર્થનું રક્ષણ કરવાથી અનંતગણું પુણ્ય મળે છે. આ તીર્થની ચોવિહારો છઠ્ઠ કરી જે વ્યક્તિ સાત યાત્રા કરે છે તે ત્રીજે ભવે મોક્ષપદને પામે છે. અષ્ટાપદ, સમ્મેતશિખર, પાવાપુરી, ગિરનાર, ચંપાપુરી વગેરે તીર્થોના દર્શન-વંદન કરતા શતગણું ફળ આ તીર્થની યાત્રા કરતાં મળે છે.

આ તીર્થના તીર્થપતિ તરીકે આ અવસર્પિણી કાળના પ્રથમ તીર્થંકર શ્રી આદિશ્વર ભગવાન બિરાજમાન છે. આ તીર્થના સોળમા ઉદ્ધારક કર્માશાહે શ્રી આદિશ્વર ભગવાનની આ ભવ્ય પ્રતિમા સં. ૧૫૮૭ના વૈશાખ વદ-૬ના દિવસે જૈનાચાર્ય

> ***શત્રુંજય તીર્થનો વહિવટ સોલંકી કાળમાં પાટણના સંઘ હસ્તક, વાઘેલા શાસનમાં ધોળકાના સંઘ હસ્તક અને ત્યારપછી પાટણ, ખંભાત, રાધનપુરના સંઘ હસ્તક રહ્યો હોવાના ઉલ્લેખો મળે છે.***

શ્રી વિદ્યામંડન-સૂરિજીની નિશ્રામાં પ્રતિષ્ઠિત કરાવી છે. મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની પ્રભાવક પ્રતિમાને જોતાં જ ભાવિકોના હૃદયમાં આનંદની લહેરો દોડવા માંડે છે. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'ઋષભ જિન સ્તવન'માં એટલે જ ઉલ્લેખ્યું છે:

*'આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલ રે,*
*વદન તે શારદ ચાંદલો, વાણી અતિહિ રસાલ લાલ રે;*
*જગજીવન જગવાલ હો, મરુદેવીના નંદ લાલ રે...'*

શ્રી માણેકમુનિએ પણ ભાવવિભોર બનીને ગાયું છે:

*'તુંહી બ્રહ્મા, તુંહી વિધાતા, તું જગ તારણહાર રે,*
*તુજ સરિખો નહિ દેવ જગતમાં, અડવડિયા આધાર રે;*
*માતા મરુદેવીના નંદ, દેખી તાહરી મૂર્તિ મારું –*
*મન લોભાણું જી...'*

શત્રુંજય તીર્થ પર પ્રથમ ભરત ચક્રવર્તીએ સ્થાપના કર્યા પછી આ તીર્થના સોળ ઉદ્ધાર થયા છે. દરેક ઉદ્ધાર વખતે મૂળ દેરાસર, મૂળનાયક ભગવાનની પ્રતિમા, તીર્થ અધિષ્ઠાયક દેવ શ્રી કેવડયક્ષ અને તીર્થ અધિષ્ઠાયિકા શ્રી ચક્રેશ્વરી માતાની પ્રતિમા નવી બનાવવામાં આવી છે. આ તીર્થના થયેલ સોળ ઉદ્ધાર આ પ્રમાણે છે: (૧) ઋષભદેવ ભગવાનના વખતમાં (૨) ભરત ચક્રવર્તીનો (૩) ભરત ચક્રવર્તીના વંશમાં દંડવીર્ય રાજાનો (૪) બીજા દેવલોકના ઈન્દ્ર માહેન્દ્રનો (૫) પાંચમા દેવલોકના ઈન્દ્ર બ્રહ્મેન્દ્રનો (૬) ભવનપતિના ઈન્દ્ર ચમરેન્દ્રનો (૭) શ્રી અજિતનાથ પ્રભુના સમયમાં નગર ચક્રવર્તીનો (૮) શ્રી અભિનંદન પ્રભુના સમયમાં વ્યંતરેન્દ્રનો (૯) શ્રી ચંદ્રપ્રભ સ્વામીના વખતમાં ચંદ્રયશા રાજાનો (૧૦) શ્રી શાંતિનાથ ભગવાનના સમયમાં ચક્રાયુધ રાજાનો (૧૧) શ્રી મુનિસુવ્રતસ્વામીના વખતમાં શ્રી રામચંદ્રજીનો (૧૨) શ્રી નેમિનાથ ભગવાનના શાસનમાં પાંડવોનો. આ બાર ઉદ્ધાર ચોથા આરામાં થયા છે. પાંચમા આરામાં થયેલા ઉદ્ધારો આ પ્રમાણે છે: (૧૩) શ્રી મહાવીર ભગવાનના શાસનમાં વિ. સં. ૧૦૮માં જાવડશાનો, (૧૪) વિ. સં. ૧૨૧૩માં બાહડ મંત્રીનો (૧૫) વિ. સં. ૧૩૭૧માં સમરાશાહ ઓસવાલનો (૧૬) વિ. સં. ૧૫૮૭માં કર્માશાહનો અને (૧૭) આ અવસર્પિણી કાળમાં સત્તરમો છેલ્લો ઉદ્ધાર શ્રી દુષ્પસહસૂરિજીના ઉપદેશથી વિમલવાહન રાજા કરાવશે. આ વાત નવ્વાણું પ્રકારી પૂજામાં પણ કહેવાઈ છે:

*'સૂરિ દુપ્પસહ ઉપદેશથી રે, વિમળવાહન ભૂપાળ,*
*છેલ્લો ઉદ્ધાર કરાવશે રે, સાક્ષયગિરિ ઉજમાળ હો;*
*જિનજી, ભક્તિ હૃદયમાં ધારજો રે...'*

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભસ્વામી આ તીર્થમાં પૂર્વ નવાણું વાર રાયણ વૃક્ષ નીચે સમોસર્યા છે. શ્રી અજિતનાથ ભગવાન અને શ્રી શાંતિનાથ ભગવાને આ તીર્થમાં ભાડવા ડુંગરમાં ચાતુર્માસ કર્યા છે. વર્તમાન ચોવીસીના શ્રી નેમિનાથ ભગવાન સિવાયના ત્રેવીસ તીર્થંકર ભગવંતો આ તીર્થભૂમિ પર પધાર્યા છે. પ્રથમ તીર્થંકર ભગવાનના ગણધર શ્રી પુંડરિકસ્વામી આ તીર્થમાં પાંચ કરોડ મુનિઓ સાથે અનશન કરી ચૈત્ર સુદ પુનમના દિવસે સિદ્ધિપદને પામ્યા છે. આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભ (શ્રેણિક રાજા) સહ અસંખ્ય પુણ્યાત્માઓ આ તીર્થ પર પધારવાનો પ્રઘોષ સંભળાય છે.

શત્રુંજય તીર્થનું પ્રમાણ પહેલા આરામાં ૮૦ યોજન, બીજા આરામાં ૭૦ યોજન, ત્રીજા આરામાં ૬૦ યોજન, ચોથા આરામાં ૫૦ યોજન અને હાલના પાંચમા આરામાં ૧૨ યોજન છે. છટ્ઠા આરામાં માત્ર સાત હાથનું પ્રમાણ જ રહેશે. પંડિત વીરવિજયજી મહારાજે નવ્વાણું પ્રકારી પૂજામાં નિર્દેશ્યું છે.

*'એંશી યોજન પ્રથમારકે, સિત્તેર સાઠ પચાસ,*
*બાર યોજન સાત હાથનો, છઠ્ઠે પહોળો પ્રકાશ;*
*ધન ધન તે જગ પ્રાણિયા, મનમોહન મેરે...'*

ઉત્સર્પિણીકાળમાં ક્રમે ક્રમે આ તીર્થના પ્રમાણમાં વૃદ્ધિ થશે. પરંતુ આ તીર્થનો મહિમા તો એક જ સરખો રહેવાનો છે. આ અનાદિ શાશ્વત તીર્થમાં અનંત તીર્થંકરો વિચર્યા છે અને અનંત મુનિવરો સિદ્ધપદને પામ્યા છે. ભવિષ્યકાળમાં પણ અનંતા તીર્થંકરો અને મુનિવરો આ તીર્થમાં મોક્ષપદને પામશે.

શત્રુંજય ગિરિરાજની ઉંચાઈ બે હજાર ફૂટની છે. આ પર્વતનો ઘેરાવો સાડા સાત માઈલનો છે. આ ગિરિરાજનો યાત્રા માર્ગ સવા બે માઈલનો છે. શત્રુંજય તીર્થમાં કુલ નાના મોટા ૩૫૦૭ જિન મંદિરો છે અને બધી મળીને કુલ ૨૭૦૦૭ જિન પ્રતિમાઓ છે. આ પર્વતના કુલ ૩૭૪૫ પગથિયાં છે.

શત્રુંજય ગિરિરાજ ઉપર મોટી ટૂંક અને નવ ટૂંક તરફ જવાના બે રસ્તાઓ હનુમાનધારથી જુદા પડે છે. મોટી ટૂંકમાં શ્રી આદિશ્વર ભગવાનના ભવ્ય મંદિર સહ અસંખ્ય જિન મંદિર છે. તેમ જ આ ટૂંકમાં પુંડરિકસ્વામીનું દેરાસર, રાયણ પગલાં અને ચક્રેશ્વરી માતાનું મંદિર પણ છે. નવ ટૂંકમાં પણ અસંખ્ય જિન મંદિરો દર્શનીય છે. શત્રુંજય તીર્થ પર એટલા બધા જિનમંદિરો છે કે આ તીર્થ 'મંદિરોની નગરી' તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે.

શત્રુંજય તીર્થની વિધિ સહિત યાત્રા કરવાનો ભારે મહિમા છે. આ ગિરિરાજના દર્શન થતાં તેને ભાવપૂર્વક વધાવીને ગિરિરાજની યાત્રા દરમિયાન પાંચ સ્થળે ચૈત્યવંદન કરવું, તેમાં (૧) જય તળેટીએ (૨) શાંતિનાથજીના દેરાસરે (૩) રાયણ પગલાએ (૪) મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનના જિનાલયે અને (૫) પુંડરિકસ્વામીજીના મંદિરે કરવું. આ તીર્થની ત્રણ પ્રદક્ષિણા કરવી અને શ્રી ચક્રેશ્વરી માતા, વાઘેશ્વરી માતા, કપડયક્ષ અને ધનેશ્વરસૂરિ સમક્ષ સ્તવના કરવી. તીર્થયાત્રા સમયે નવકાર મંત્રનું સતત સ્મરણ કરવું અને આ

પવિત્ર તીર્થસ્થાનમાં કોઈપણ પ્રકારની ખાવા-પીવાની ચીજવસ્તુ વાપરવી નહિ કે ઝાડો-પેશાબ કરવો નહિ.

આ તીર્થમાં કારતક સુદ-૧૫, ફાગણ સુદ-૧૩, ચૈત્ર સુદ-૧૫, વૈશાખ સુદ-૩ અને અષાઢ સુદ-૧૪ના મોટા મેળા ભરાય છે. હજારો યાત્રિકો આ દિવસે અહીં આ તીર્થની સ્પર્શના કરવા ઉમટે છે. શત્રુંજય તીર્થની યાત્રા કરીને આવનાર યાત્રિકોને અહીં તળેટીમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સેવ-બુંદી, ચા-ઉકાળો, સાકરનું પાણી આપી ભક્તિ કરાય છે.

શત્રુંજય તીર્થનો વહિવટ સોલંકી કાળમાં પાટણના સંઘ હસ્તક, વાઘેલા શાસનમાં ધોળકાના સંઘ હસ્તક અને ત્યારપછી પાટણ, ખંભાત, રાધનપુરના સંઘ હસ્તક રહ્યો હોવાના ઉલ્લેખો મળે છે. સં. ૧૬૩૯માં નગરશેઠ શાંતિદાસ ઝવેરી હસ્તક આ તીર્થનો વહિવટ રહ્યો હતો. એ પછી સં. ૧૭૮૭માં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની અમદાવાદમાં સ્થાપના થઈ ત્યારથી આ તીર્થનો વહીવટ તેમના હસ્તક ચાલી રહ્યો છે.

અમદાવાદ અને અન્ય સ્થળોએથી બસ રસ્તે અને રેલ્વે માર્ગથી પાલિતાણા પહોંચી શકાય છે. અમદાવાદથી પાલિતાણા રેલ્વે રસ્તે ૨૪૦ કિ.મી. અને બસ રસ્તે ૨૨૫ કિ.મિ.ના અંતરે છે. હવાઈ માર્ગે મુંબઈથી ભાવનગર આવીને પાલિતાણા પહોંચી શકાય છે. ભાવનગરથી પાલિતાણાનું અંતર ૫૫ કિ.મિ.નું છે. આ તીર્થમાં યાત્રિકોને ઉતરવા માટે ૨૦૦ થી અધિક આધુનિક સુવિધા ધરાવતી ધર્મશાળાઓ છે. મોટા ભાગની ધર્મશાળામાં ભોજનશાળાની સુવિધા પણ છે.

આ પવિત્ર તીર્થસ્થાન પ્રત્યેક જૈનોના હૃદયમાં શ્રદ્ધા અને ભક્તિનું સિંચન કરે છે. આ તીર્થને માટે જૈનો પોતાના પ્રાણ સમર્પણ કરવા પણ તૈયાર છે. આવા મહાન શાશ્વત શ્રી શત્રુંજય તીર્થને કોટિ કોટિ વંદના...! છેલ્લે...


*'જિમ જિમ એ ગિરિ ભેટીએ રે,*
*તિમ તિમ પાપ પલાય સલુણા;*
*અવિનાશી અરિહંતાજી રે,*
*શત્રુંજય શણગાર સલુણા...'*

✷ ✷ ✷


એ/૧૦૧, રામકૃષ્ણ ઍપાર્ટમેન્ટ, છેડા રોડ, મ્હસકરવાડા, જોશી હાઈસ્કૂલ પાસે, ડૉંબિવલી (પૂર્વ), જિ. થાણા. પીન-૪૨૧૨૦૧.
મોબાઈલ : ૯૮૧૯૬૪૬૫૩૩.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**


**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**





**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**




**।। ગૌતમ કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ- સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**




**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**• પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- • ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

• બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# અતિપ્રાચીન શ્રી કેશરવાડી તીર્થ (પુડલ તીર્થ)

❑ ડૉ. ફાલ્ગુની ઝવેરી

[ *સુશ્રી ફાલ્ગુની ઝવેરીએ ડૉ. કલાબેન શાહના માર્ગદર્શન હેઠળ 'પૂજા સાહિત્ય' વિષય પર પીએચ.ડી. કર્યું છે, તેઓ દેશ-વિદેશમાં ધર્મપ્રચાર હેતુ પ્રવચન માટે પણ જાય છે. 'કેસરવાડી' તીર્થ માટેનો અનુભૂતિજન્ય અભ્યાસ લેખ પ્રસ્તુત કર્યો છે. સ્થળ : કેસરવાડી, મૂળ નાયક : શ્રી ઋષભદેવ ભગવાન (શ્યામવર્ણ મૂર્તિ), રાજ્ય : તામિલનાડુ-ચેન્નઈથી ૧૪ કિ.મી.)* ]

ચેન્નઈ-કોલકાતા-રાષ્ટ્રીય રાજમાર્ગ પર ચેન્નઈ મહાનગરથી લગભગ ૧૪ કિ.મી. દૂર પુડલ ગામમાં શ્રી કેસરવાડી તીર્થ આવેલું છે. આ તીર્થ પુડલ તીર્થ નામથી પણ સુવિખ્યાત છે. અહીંના લોકો એને મારવાડી-કોવિલ (મારવાડીનું મંદિર)ના નામથી પણ ઓળખે છે. મૂળનાયક દાદા શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિ પાષાણથી નિર્મિત શ્યામવર્ણીય ૫૧ ઈંચની પ્રતિમાજી ઈસ.ની બીજી/ત્રીજી શતાબ્દીની માનવામાં આવે છે. દક્ષિણ ભારતના પ્રમુખ શ્વેતાંબર જૈન તીર્થોમાં શ્રી કેશરવાડી તીર્થ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. અહીં બિરાજમાન મૂળનાયક દાદા શ્રી આદિનાથ પ્રભુજી, શ્રી કેશરીયાજી તીર્થના મૂળનાયકજીના સદશ હોવાથી, આ તીર્થ કેસરવાડીના નામથી પણ પ્રખ્યાત થયું છે.

આ ક્ષેત્રનું નામ પુડલ-કોટાલમ્ (રાજધાની પુડલ) હતું. પૂર્વકાળમાં અહીં વિવિધ ધર્મોના મંદિર હતા. આજે પણ ભગ્નાવસ્થામાં થોડા મંદિર અહીં જોવા મળે છે. આના આધારે આપણે કહી શકીએ કે આ ક્ષેત્ર પૂર્વ કાળથી જ એક ઐતિહાસિક ધરોહર છે. આ બધા સ્મારકોની વચ્ચે આ મંદિર જીર્ણ-શીર્ણ અવસ્થામાં હતું. સન ૧૮૮૭થી ચેન્નઈ નગરવાસી જૈન પરિવાર અહીં દર્શનાર્થ આવતા રહેતા. એ સમયે પુડલ ક્ષેત્ર નિર્જન જેવું હતું અને અહીં આવવા માટે કોઈ સુરક્ષિત માર્ગ પણ નહોતો. અતઃ પાંચ-છના સમૂહમાં જૈન પરિવારો બળદગાડી અને ઘોડાગાડી દ્વારા અહીં આવતા હતા તથા દર્શન પૂજન કરી, જમી કરી, સંધ્યા સમયે ચાલ્યા જતા હતા. આ તીર્થની નજીકમાં જ કમળ પુષ્પોથી સુશોભિત એક જળકુંડ હતો, જે આજે પણ મૌજુદ છે. નજીકમાં જ શિવમંદિર હોવાથી આ ક્ષેત્ર 'ફુલિયા મહાદેવજી'ના નામથી પણ જાણીતું હતું.

તીર્થનો પ્રાચીન ઇતિહાસ આજે ઉપલબ્ધ નથી. સન ૧૮૮૭ થી પ્રાચીન દસ્તાવેજ ઉપલબ્ધ છે. જેમાં મદ્રાસ શહેરના શ્વેતામ્બર જૈન શ્રેષ્ઠિઓ તથા શ્રીમંતો આ તીર્થના ટ્રસ્ટી હોવાનો ઉલ્લેખ છે. આ ક્ષેત્રના વયોવૃદ્ધ અને અનુભવી લોકો દ્વારા આ માહિતી મળી છે કે પૂર્વ કાળમાં ઉડીસાથી એક ભવ્ય યાત્રી સંઘનું આગમન આ ક્ષેત્રમાં થયું હતું. એમની સાથે એક તપસ્વી મુનિરાજ પણ હતા. એમનો નિયમ હતો કે જિનેશ્વર પરમાત્માના દર્શન કર્યા પછી જ મોંમાં પાણી નાખવું. આ મુનિરાજ આ ક્ષેત્રની યાત્રા દરમ્યાન રસ્તો ભટકી ગયા અને પુડલ ગામમાં એમનું આગમન થયું. તે સમયે અહીં કોઈ જિનમંદિર નહોતું. જેના કારણે એમને કેટલાય દિવસો સુધી ચોવિહાર ઉપવાસ કરવા પડ્યા. એમની અશક્તિ વધતી ગઈ. છતાં એમણે પોતાનો નિયમ તોડ્યો તો નહીં જ. એક રાતે પદ્માવતી માતાજી એમના સ્વપ્નમાં આવ્યા. તેમણે નજીકની એક જગ્યાનો નિર્દેશ કર્યો અને જણાવ્યું કે ભૂમિની અંદર ત્યાં દાદા આદિનાથની પ્રતિમા અવસ્થિત છે. બીજા જ દિવસે યાત્રી સંઘના કાર્યકર્તા મુનિરાજને શોધતા આવ્યા. ગુરુદેવે આવેલ સ્વપ્ન વિશે કહ્યું, અને નિર્દિષ્ટ સ્થળે ખોદકામ શરૂ કર્યું. ત્યાંથી શ્રી આદિનાથ ભગવાનની વિશાળ સુંદર પ્રતિમાજીના દિવ્ય દર્શન થયા. ગુરુભગવંતની પાવન પ્રેરણાથી એ જ સ્થળે જિનમંદિરનું નિર્માણ કરી શ્રી આદિનાથ દાદાની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવામાં આવી. સાથે મુનિરાજની ચરણ પાદુકાને પણ બિરાજમાન કર્યાં. આજે પણ એ ચરણ પાદુકા મંદિરમાં અવસ્થિત છે. સમય જતાં મંદિર જીર્ણાવસ્થામાં આવ્યું અને ૧૩ મી. શતાબ્દિમાં એક રાજાએ આ જિનાલયના જીર્ણોદ્ધાર કરાવવા આજુબાજુની જગ્યા મંદિરના નિર્વાહ માટે સમર્પિત કરી.

> ***એક નાનકડી કીડી જેવો જીવ પણ મરી જાય તો એમને તાવ આવી જતો હતો. જે ઈંટોથી જીર્ણોદ્ધારનું નિર્માણ ચાલી રહ્યું હતું એ બધી જ ઈંટોને પૂંજણીથી સાફ કરી મજૂરોને આપતા હતા.***

એક અન્ય કિંવદન્તી અનુસાર તમિલ સાહિત્યના મહાન ગ્રંથ શ્રી તિરુકુરલની રચના શ્રી વલ્લુવર (જૈન મુનિરાજ) દ્વારા આજ દેરાસરના પરિસરમાં થઈ હતી. એક પાદરી પ્રોફેસરે તીર્થ પર સંશોધન કરી એક નિબંધ મદ્રાસ વિશ્વવિદ્યાલયને આપ્યો જેમાં શ્રી વલ્લુવરના આ તીર્થ સાથેના ગાઢ સંબંધ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વલ્લુવરે આ પાવન ગ્રંથના મંગલાચરણમાં આદિનાથ પ્રભુની સ્તુતિ 'આદિ ભગવન્'ના રૂપમાં કરી. પાદરી પ્રોફેસરના નિબંધમાં આ મંદિરને ઈસવીની ૨/૩ શતાબ્દી પ્રાચીન બતાવ્યું છે. થોડા પુરાતત્ત્વવેત્તાઓએ આ જિનાલય ને પલ્લવકાલીન પણ બતાવ્યું છે.

અલગ-અલગ ઇતિહાસવેત્તાઓએ આ પ્રતિમાજીની પ્રાચીનતા વિશે ભિન્ન-ભિન્ન અભિપ્રાય આપ્યા છે, પણ આ વાત સત્ય છે કે

પ્રતિમા અતિ પ્રાચીન છે. પ્રતિમાજીની મુખમુદ્રા શાંત એવં વૈરાગ્ય પોષક છે. પ્રાચીન મંદિર દ્રાવિડ શૈલીમાં હતું તથા જીર્ણશીર્ણ થઈ ગયું હતું. અતઃ સમય-સમય પર એમાં સુધારા કરવામાં આવ્યા. આજે આ મંદિરમાં દ્રાવિડ અને ઉત્તર ભારતીય શૈલીનું મિશ્ર રૂપ જોવા મળે છે.

વિ. સં. ૨૦૧૬ (ઈ. સ. ૧૯૬૦)માં પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય વિજ્ઞાનસૂરીશ્વરજીના પ્રશિષ્ય પ. પૂ. પન્યાસ પ્રવર શ્રી યશોભદ્ર વિજયજી 'ગણિવર્ય આદિની શુભ નિશ્રામાં મહા સુદ દસમના દિવસે નવા ધ્વજ દંડ તથા કળશની સ્થાપના કરવામાં આવી હતી. આજ દિવસે નવા શિખરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માની પ્રતિષ્ઠા પણ સુસંપન્ન થઈ હતી.

સ્વામીજી શ્રી ઋષભદાસજીની પ્રેરણાથી જૈન મિશન સોસાયટી દ્વારા આ ક્ષેત્રના કલેક્ટરને લગભગ ૬.૨૫ એકર ભૂમિ દાન માટે એક અર્જી અપાઈ હતી. વિ. સં. ૨૦૧૯ દરમ્યાન પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી પૂર્ણાનન્દસૂરિશ્વરજી મ.સા.નું શુભગમન આ તીર્થ પર થયું. આચાર્ય ભગવંતે એમને આશ્વાસન આપ્યું કે ત્રીસ દિવસોની અંદર એમનો જમાઈ મદ્રાસ આવી ક્ષમા માંગશે અને એમની પુત્રીને પાછી લઈ જશે. ૨૭ દિવસો સુધી કોઈ ઘટના ન ઘટતા કલેક્ટરના પી.એ. દુઃખી મનથી આચાર્ય ભગવંતની પાસે ગયા. આચાર્ય ભગવંતે કહ્યું કે હજુ ત્રીસ દિવસ પુરા નથી થયા. ઠીક એના બીજા જ દિવસે પી.એ. પોતાની પુત્રી ને જમાઈ સાથે વિદા કરી. આ ઘટનાથી કલેક્ટરનો પી.એ. આચાર્ય ભગવંતથી ખૂબ જ પ્રભાવિત થયા સાથે એણે સંપૂર્ણ ઘટનાને કલેક્ટર સાહેબને કહી. કલેક્ટર અને પી.એ. એ દર્શનાર્થે તીર્થ પર પધાર્યા તથા આચાર્ય ભગવંત પ્રત્યે આભાર પ્રકટ કર્યો. કલેક્ટર દ્વારા જોઈતી સહાયતા માટે પૂછતા ગુરુદેવે ૬.૨૫ એકર જમીન હેતુ શ્રી જૈન મીશન સોસાયટી દ્વારા આપવામાં આવેલ અરજી તરફ એમનું ધ્યાન કેન્દ્રિત કર્યું. સન્ ૧૯૬૪માં પુડલ પંચાયતના તત્ત્વાવધાનમાં ૬.૨૫ એકર જમીન શ્રી આદિનાથ જૈન શ્વેતામ્બર દેરાસરના નામને લખાઈ ગઈ જેના દસ્તાવેજ આજે પણ ઉપલબ્ધ છે.

આજ વર્ષે આચર્ય ભગવંતે એમના નવમાં વર્ષીતપનું પારણું, અન્ય વર્ષીતપના તપસ્વીઓ સાથે આ તીર્થ પર કર્યું. આચાર્ય ભગવંતની નિશ્રામાં આ દિવસે શ્રી આદિનાથ પ્રભુની ભમતીના પાર્શ્વ ભાગમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાજીના અંજન તથા પ્રતિષ્ઠા સુસંપન્ન થયા તથા શ્રી પદ્માવતી માતાના મંદિરના શિર ધ્વજદંડ એવં કળશ સ્થાપનાનું કાર્ય પણ સુસંપન્ન કર્યું. આના સંબંધિત શિલાલેખ શ્રી આદિનાથ દાદાની ભમતીમાં છે.

પ. પૂ. આચાર્યશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ની સદ્પ્રેરણાથી તીર્થ પરિસરમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના જિનાલયના નિર્માણનો નિર્ણય ન્યાસ મંડળે લીધો એવં એમની જ પાવન નિશ્રામાં જેઠ સુદ બીજ, તા. ૩૧-૫-૧૯૯૫ના નૂતન જિનાલયનું શિલાન્યાસ કરવામાં આવ્યું. ટ્રસ્ટ મંડળે, ત્રણ માળ તથા મેઘનાદ મંડપથી સુશોભિત જિનાલયનું કામ હાથમાં લીધું. તળભાગમાં શ્રી આદિનાથ પરમાત્માની સાથે શ્રી ભક્તામર મંદિરનું નિર્માણ થયું. મુખ્ય ઉપરના પ્રથમ માળમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ, શ્રી શાંતિનાથ પ્રભુ એવં શ્રી મહાવીર સ્વામી પ્રભુનું ત્રણ દ્વાર વાળો ગભારો બનાવાયો. કૌલી મંડપમાં પંચધાતુ નિર્મિત શ્રી સંભવનાથ પ્રભુ, શ્રી પાર્શ્વનાથ સ્વામી પ્રભુની પ્રિતમાને બિરાજમાન કરવા હેતુ બે કલાત્મક ત્રિ-દ્વાર વાલા ગભારાનું નિર્માણ કરવામાં આવ્યું. એવં એમાં શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી ચંદ્રપ્રભુસ્વામી એવં શ્રી વાસુપૂજ્ય સ્વામીને બિરાજમાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. જિનાલયના નિર્માણમાં લગભગ દસ વર્ષ લાગ્યા.

વિક્રમ સંવત ૨૦૬૧ના માગસર વદ પાંચમ તા. ૨-૧૨-૨૦૦૪, ગુરૂવારના શુભ દિને પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી સુશીલસૂરીશ્વરજી મ.સા. તથા એમના શિષ્ય રત્ન પ. પૂ. આ. ભગવંત શ્રી જિનોત્તમસૂરીશ્વરજી મ.સા. આદિ સાધુ-સાધ્વીવૃંદની પાવન નિશ્રામાં નૂતન જિનાલયની અંજનશલાખા પ્રતિષ્ઠા સુસંપન્ન થઈ. પ્રતિષ્ઠા પછી ભક્તામર મંદિરના ગુમ્મટમાં કાંચનું કામ કરાવવામાં આવ્યું. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના દ્વારો એવં મેઘનાથ મંડપના દ્વારો પર સ્વર્ણમય રંગીન કારીગરીનું કામ પણ ચાલી રહ્યું છે.

મંદિરના પરિસરમાં પેઢી કાર્યાલયની નજીક શ્રી મલ્લિનાથ પ્રભુનું જિનાલય અવસ્થિત છે. જ્યાં ચલ પ્રતિષ્ઠિત અનેક પાષાણની પૂજિત પ્રભુ પ્રતિમાઓ બિરાજમાન છે.

હમણાં વીર સંવત ૨૫૪૦, વિક્રમ સંવત ૨૦૭૦માં સ્વર્ણમંડિત જિનબિંબોની ચલ પ્રતિષ્ઠા અજિતશેખરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં દ્વાદશ દિવસીય મહોત્સવ કરી સંપન્ન થયું.

હાલમાં જ ન્યાસ મંડળે તીર્થભૂમિમાં શ્રી શત્રુંજય ગિરિરાજની બૃહદ્ રચના કરાવવાનો નિર્ણય લીધો છે. તીર્થ પરિસરની સામે, રસ્તાની પેલી બાજુએ જમીન લેવાઈ ગઈ છે.

**સાધકોની સાધના :**

વિરલ વિભૂતી એવા સ્વામી ઋષભદાસજી અહીં દર્શન પૂજનાર્થ પધારતા હતા અને આ કેશરવાડી તીર્થને પોતાનું સાધના સ્થળ બનાવ્યું. માત્ર સાધક જ નહીં બાહ્ય-અભ્યંતર તપમાં પણ એટલા જ ઉજમાળ હતા. નિત્ય અઠ્ઠમના પારણે અઠ્ઠમ અને એ પણ અવઢ્ઢના ચચ્ચક્ખાણ કરુણા તો એટલી કે એક નાનકડી કીડી જેવો જીવ પણ મરી જાય તો એમને તાવ આવી જતો હતો. જે ઈંટોથી જીર્ણોદ્ધારનું નિર્માણ ચાલી રહ્યું હતું એ બધી જ ઈંટોને પૂંજણીથી સાફ કરી મજૂરોને આપતા હતા. સ્વામી ઋષભદાસજી શાસન પ્રભાવના હેતુ વીરપુત્ર એવં સિદ્ધપુત્ર બનાવવા ઈચ્છતા હતા. એમની આ ભાવનાને અનુરૂપ પંડિતવર્ય કુંવરજીભાઈના સાન્નિધ્યમાં આ કેસરવાડી તીર્થ પર

ગુરુકુલની સ્થાપના થી. ઋષભદાસજી શાસન પ્રભાવના હેતુ ભારત ભ્રમણ કરતા રહેતા હતા. તથા અનેક શ્રમણ-શ્રમણીઓ સાથે એમના આત્મીય સંબંધ હતા. પરમપૂજ્ય પન્યાસજી ભદ્રંકર વિજયજીથી અત્યંત પ્રભાવિત હતા. એકવાર ઋષભદાસજીને પંન્યાસજી મ.સા.ને અત્યંત આજીજી પૂર્વક વિનંતી કરી કે ગુરૂદેવ આપ 'પુડલ તીર્થ' પધારો. કેસરવાડીમાં નમસ્કાર મહામંત્રનો અખંડ જાપ કરાવો. પંન્યાસજી મ.સા.ને મદ્રાસ ક્ષેત્ર સ્પર્શનાની અસમર્થતા દર્શાવી અને એમના જ શિષ્ય રાધનપુર નિવાસી લલિતભાઈ મસાલિયાને સાધના હેતુ ૧૯૫૬-૧૯૫૭માં કેસરવાડી મોકલી દીધા. સુશ્રાવક લલિતભાઈનું કેસરવાડી તીર્થમાં પ્રવેશ થયો. મુનિરાજ કેવલ વિજયજી મ.સા.ની શુભ નિશ્રામાં અખંડ નવલાખ નવકાર મંત્રની નવ મહિના સુધી સાધના કરી. આ સાધના દરમ્યાન લલિતભાઈના ઉત્તરસાધક રસિકભાઈ અને સૂકેતુભાઈ રહ્યા. સુશ્રાવક લલિતભાઈએ નવ મહિના સુધી રોટલી અને દૂધ આ બે દ્રવ્યોથી એકાસણા કર્યાં. આ દરમ્યાન એક ચમત્કારિક ઘટનાએ આકાર લીધો. રોજ એક સફેદ ગાય દૂધ આપતી અને એજ દૂધથી લલિતભાઈ એકાસણા કરતા. જેમ લલિતભાઈની સાધના પૂરી થઈ પેલી સફેદ ગાય અદૃશ્ય થઈ ગઈ. કેટલીય વાર તેઓ બપોરના સમયે વૃક્ષની નીચે ધ્યાનમગ્ન થતા હતા તો નાગરાજ ફણ ચડાવી એમના ખોળામાં બેસાત અને લલિતભાઈ બિલકુલ પોતાની સાધનામાં મગ્ન રહેતા હતા.

લલિતભાઈ દરરોજ ૩ વાગે પૌષધવ્રત ગ્રહણ કરતા અને સૂર્યોદય પછી પોષધવ્રત પાલીને દૈનિક સ્નાન શુદ્ધિ કરી મંદિરજીમાં પધારતા હતા. ત્યાં પ્રભુ કેસરિયાલલ (આદિશ્વરદાદા)ની પૂજા-અર્ચના ભક્તિ કરી. એકાસણાનો પચ્ચક્ખાણ પાલતા હતા. એકાસણા કરી ફરી પૌષધવ્રતનું ઉચ્ચારણ કરતા. આ પ્રક્રિયા નવ મહિના સુધી ચાલી. જય લલિતભાઈની સાધના પૂરી થઈ. આ સાધના દરમ્યાન લલિતભાઈને નિરંતર પંન્યાસજી મહારાજની ઉપસ્થિતિની અનુભૂતિ થઈ. એક બે વાર તો લબ્ધિ દ્વારા પંન્યાસજી મહારાજે પોતે સદેહે એમને માર્ગદર્શન આપ્યું.


સમય બદલાયો. સુશ્રાવક લલિતભાઈને સ્વામી ઋષભદાસજી એ કેસરવાડી મદ્રાસને પોતાની કર્મભૂમિ બનાવવા કહ્યું. લલિતભાઈએ કહ્યું કે સ્વામી ઋષભદાસ કહે તો હું ન માનું પણ મારા રિખવદેવ (ઋષભદેવ ભગવાન) કેસરવાડીના મૂળનાયક કહે તો હું માનું. પરચા પાડવામાં આવ્યા. અને શુભ પરિણામ આવ્યું. લલિતભાઈ એ જન્મભૂમિ ગુર્જરગિરિને પ્રણામ કરી મદ્રાસને પોતાની કર્મભૂમિ બનાવી. ૧૨ વ્રતધારી શ્રાવક ધર્મનું પાલન કરતા નવકાર મિશનનો બીજ રોપ્યો અને પંન્યાસજી મહારાજની વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના શિવમસ્તુ સર્વજગતના સંદેશને સાકાર કરવા નીકળી પડ્યા.

પૂજ્ય લલિતભાઈનો જન્મ તા. ૨૯-૭-૧૯૨૯.

પૂજ્ય લલિતભાઈનો દેહાંત તા. ૧૬-૩-૨૦૧૪, ફાગણ સુદ પૂનમ.

કાલાંતરમાં મદ્રાસ કોલકાતા રાષ્ટ્રીય રાજમાર્ગનું નિર્માણ થયું. બસોની સુવિધા ઉપલબ્ધ થઈ. અતઃ આ તીર્થ પર આવવાવાળા યાત્રિકોની સંખ્યામાં પણ વધારો થતો ગયો. યાત્રિકોના આવાગમનને ધ્યાનમાં રાખતા મદ્રાસ શહેરના વયોવૃદ્ધ શ્રેષ્ઠીવર્ય શ્રી સુખલાલજી સમદડિયા એવં શ્રી ભૂરમલજીની દેખરેખમાં લગભગ ૧૦ રૂમની એક ધર્મશાળાનું નિર્માણ, શ્રી જૈન સંઘની સહાયતાથી કરવામાં આવ્યું. તદુપરાંત મંદિરના જિર્ણોદ્ધારનું કાર્ય શ્રી પ્રારંભ કરવામાં આવ્યું. શ્રી ઋષભદાસજી પગપાળા કે વાહન દ્વારા અહીં દર્શન-પૂજાર્થ પધારતા હતા. જવાહેરાતના વ્યાપારી શ્રી જેસિંગલાલભાઈ (મે. સૂરજમલ લલ્લુભાઈ કું.) વિશેષ રૂપથી આ તીર્થ પર આવતા રહેતા. આધ્યાત્મ ઉર્જાથી આપ્લાવિત આ શાંત વાતાવરણમાં તેઓ ધ્યાન કરતા હતા અને શ્રી આદિનાથ દાદા એવં માતા પદ્માવતીના અનેક ચમત્કારોનો એમણે અનુભવ કર્યો હતો. એમના મુખેથી આ તીર્થ પ્રભાવનાની વાતો સાંભળી સ્વામીજી શ્રી ઋષભદાસજીએ આધ્યાત્મિક ઉર્જાથી ભરેલા આ તીર્થને પોતાની આરાધના-સાધના ભૂમિ બનાવી તથા આ તીર્થને પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કર્યું. પૂજ્ય ઋષભદાસજીનું સમાધિમરણ અને અગ્નિસંસ્કાર પણ આ તીર્થ પરિસરમાં થયા. કાલાંતરમાં આ જ તીરથ પરિસરમાં પેઢી કાર્યાલયની નજીક શ્રી મલ્લિનાથ પ્રભુનું જિનાલય આવેલું છે. જ્યાં ચલ પ્રતિષ્ઠિત અનેક પાષાણની પૂજિત પ્રતિમાઓ બિરાજમાન છે. તીર્થ પરિસરમાં ૧૦ રૂમની એક પ્રાચીન ધર્મશાળા અને ૪૪ રૂમોની બે માળની બાફણા ધર્મશાળી આવેલી છે. તીરથ પરિસરમાં પારણા ભવનનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. જેમાં લગભગ દસ હજાર વર્ગ ફૂટના થાંભલા સહિત બે હૉલ અને રૂમો છે. શ્રી સંચોર ભંડારી સાધર્મિક ભવનમાં ૬૫૦૦ વર્ગ ફુટના બે હૉલ છે. નીચેના હૉલમાં સાધર્મિક ભક્તિના રૂમમાં (નિઃશુલ્ક) ભોજનશાળા ચાલે છે. આખા વર્ષની કાયમી આયંબિલ શાળા એવં ગરમ પાણીની વ્યવસ્થા હોય છે. શ્રી કેસરવાડી તીર્થના તત્ત્વાવધાનમાં પુલલના ગાંધી રોડ પર (જિનાલયથી ૧૦ મકાન પહેલાં) એક હૉસ્પિટલ ચલાવવામાં આવે છે. જેમાં વિભિન્ન તપાસોની લેબોરેટરી, એક્સ-રે, દંત ચિકિત્સા, ઈ.એન.ટી., નેત્ર ચિકિત્સા, સ્કેનિંગ વિભાગ આદિ કાર્યરત છે. રોજના ૨૫૦ થી ૩૦૦ લોકો આ હૉસ્પિટલમાં નિઃશુલ્ક ઈલાજ એવં તપાસ કરાવવા હેતુ આવે છે.

આ તીર્થ પર દર વર્ષે ચૈત્ર પૂર્ણિમા, અક્ષય તૃતિયા, ફાગણ ફેરી આદિ લાગતા હો છે. તીર્થ પર અક્ષય તૃતિયાના પારણા અનેક વર્ષોથી કરાવવામાં આવે છે. હાલના વર્ષોમાં ૨૦૦ થી ૩૫૦ સુધી







તપસ્વી હર વર્ષે આવે છે. પર્યુષણ આરાધનામાં સંપૂર્ણ ભારતમાં આ તીર્થનું અદ્વિતીય સ્થાન છે. હર વર્ષે ૨૫૦ થી ૪૦૦ તપસ્વી ચોસઠ પ્રહરી પૌષધની આરાધના, સાધુ-સાધ્વી ભગવંતની નિશ્રામાં કરે છે.

તીર્થ પર અનેક ઉપધાન તપ વિભિન્ન ગુરુ ભગવંતોની નિશ્રામાં થયા છે. અહીં જ્ઞાનની શિબિરો પણ ક્યારેક ચાલતી હોય છે. તીર્થ સ્થળે જ્ઞાન ભંડારનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં પ્રાચીન ગ્રંથોનો અદ્‌ભૂત સંગ્રહ છે.

હાલમાં જ ન્યાસ મંડળે તીર્થભૂમિ પર શ્રી શત્રુંજય ગિરિરાજની બૃહદ્ રચના કરવાનો નિર્ણય લીધો છે. તીર્થ પરિસરની સામેના રસ્તાની જમીનો ખરીદાઈ ગઈ છે. જ્યાં વિરાટ ધર્મશાળાના નિર્માણની યોજના કાર્યરત છે.

**સ્વાનુભવ**

દાદા ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુની સાધિકા થઈને અમારા પરિવારના કલ્યાણમિત્ર અને સુશ્રાવક લલિતભાઈના ઉત્તરસાધક એવા રસિકભાઈએ લલિતભાઈથી પ્રથમ પરિચય કરાવ્યો. થોડાં સમય પહેલાં જ મેં ઉપધાનની માળા પહેરી હતી. જ્યારે સાધક વર્ય લલિતભાઈની પાસે 'પંચમ્‌મંગલ મહાશ્રુતસ્કંધ' એટલે કે નમસ્કાર મહામંત્ર સાંભળ્યું તો એવું લાગ્યું કે જાણે સમવસરણમાં તીર્થંકર પ્રભુ જ્યોર પોતાની દિવ્યધ્વનિને માલકૌંસ રાગ દ્વારા જગતના જીવો પ્રતિ કરુણા વહેતી હશે ત્યારે આવું કંઈક હશે. દ્રવ્યાનુયોગ, ચરણકરૂણાનુંયોગ, ગણિતાનુયોગ, કથાનુયોગ આ ચારે અનુયોગોની ગુંથણી ભરી ભરતની જેમ કંઈક પહેલાંનું ઋણાનુબંધ લલિતભાઈની સાથે હશે અને તે જાગૃત થઈ ગયું. મેં સ્વયંના પરમાત્માને સાક્ષી રાખી પૂજ્ય લલિતભાઈને સાધના... એવમ્ ધર્મપિતાના રૂપે સ્થાપિત કર્યા અને એમણે પણ મને ધર્મપુત્રીના રૂપમાં સ્વીકારી પછી શરૂ થઈ અન્જાન દુનિયાની સફર જેને આપણે સાધના પથ કહીએ છીએ. પૂજ્યબાપા એવા લલિતભાઈ સ્વયં કેસરવાડી એટલે એમની સાધનાભૂમિમાં લઈ ગયા અને એમના વિવિધ અનુભવો વિશે કહ્યું. કેસરવાડી તીર્થના મૂળનાયક પ્રભુ એટલા જાગરૂક છે કે એકવાર ગર્ભગૃહમાં પ્રવેશ કર્યા પછી ત્યાં અમે જાણે લોહ ચુંબકની જેમ ચીપકી જઈએ. કેટલોય સમય નીકળી જાય અમે ત્યાંથી નીકળી ન શકતા. ઘડી ઘડી એક જ પંક્તિ નીકળે છે.

*અમીયભરી મૂર્તિ રચી રે ઉપમા ન ઘટે*
*કોઈ શાંત સુધારસ ઝીલતી રે નિરખત તૃપ્તિ ન હોય*

(આનંદઘનજી-૨૪ વિમલનાથ ભગવાનનું સ્તવન)

આ ક્ષેત્રના ઉર્જાકીય આંદોલન એટલા સતેજ છે કે કંઈપણ વધારે પુરુષાર્થ કર્યા વગર મન એકદમ અદ્‌ભુત શાંતિની અનુભૂતિ કરે છે.

વર્ષીતપનું પારણું કરવા જ્યારે હું આ તીર્થમાં પહોંચી રાત્રી મુકામ ત્યાં થયો તો રાત્રે વાંજિત્રોનો અવાજ, છનછનછન ઝાંઝરનો અવાજ સંભળાતો હતો. અચાનકથી કોઈ દિવ્ય સુગંધ મનને આલ્હાદિત, પ્રફુલ્લિત અને પ્રસન્ન કરી જતી.

તપાગચ્છ અધિષ્ઠાયક મણિભદ્રવીરજીની બહેનો અહીં પૂજા કરે છે. ત્યાં સામેની ડેરીમાં માતા ચક્કેસરિ અને માતા પદ્માવતીની શ્યામવર્ણ એવં ધાતુની પ્રતિમા છે. અધિષ્ઠાયક દેવ-દેવીઓ અહીં ખૂબ જાગૃત છે.

દિગંબર પરંપરાના લોકો એમને પોતાના કુળદેવી માને છે અને છોકરાઓના મુંડન કરી દર્શન કરાવવા લાવે છે. મેં ત્યાં તીર્થસેવા કરવાવાળાં સેક્રેટરી મહોદય શાંતિલાલજી ડી. જૈનથી આ તીર્થના ઇતિહાસ વિશે, દસ્તાવેજ વિશે પૂછ્યું હતું પણ એવા કોઈ શિલાલેખ કે દસ્તાવેજ ઉપલબ્ધ નથી કે જે અધિષ્ઠાયિકાની મૂર્તિ છે. તે પદ્માવતી દેવીની છે કેમકે મૂળનાયક આદિનાથ પ્રભુની અધિષ્ઠાયિકા ચક્કેસરી છે અને ઉપરના માળે બિરાજમાન શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની અધિષ્ઠાયિકા પદ્માવતી દેવી છે.

આ પ્રતિમાજીની બીજી એક ખાસિયત આ પણ છે કે જે પ્રતિમાજીને ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, એવમ્ ઉત્તર ભારત, પૂર્વ ભારતમાં વંદન-પૂજન કરીએ છીએ. એનાથી આ દક્ષિણ ભારતની પ્રતિમાજી ખૂબ જ અલગ છે. એમની આસન મુદ્રા પણ ભિન્ન છે. મેં સુશ્રાવક શ્રી શાંતિલાલજીથી આ વિશે પૂછ્યું તો સેક્રેટરીએ આના પર નજર નાંખતાં કહ્યું કે આ પ્રતિમા થાનીય ગચ્છની છે. (યાપનીય ગચ્છ પ્રભુ મહાવીરના નિર્વાણ પછી અંદાજે ૨૫૦ વર્ષ પછી અસ્તિત્વમાં આવ્યું, જ્યારે ભદ્રબાહુસ્વામી અને વજસ્વામીનો સમય હતો. શ્વેતાંબર અને દિગંબર પરંપરામાં ખટપટ ચાલી રહી હતી. ત્યારે 'વેંકટા ચલપતિ' નામક સ્થળે ૮૦૦ વિદ્વાન સાધુ-શ્રાવક એકત્ર થયા. આ સંમેલન ૮ દિવસ સુધી ચાલ્યો અને ત્યાંના નિર્ણયથી આ થાયપનીયગચ્છ અસ્તિત્વમાં આવ્યું. આ ગચ્છના સાધ્વાચાર (દિગંબર) શ્વેતાંબર પરંપરાના હતા. તે એમ કે આ યાયનીય શ્રમણ સ્ત્રીમુક્તિ એવં ૪૫ આગમોને માનતા હતા. ઉપાશ્રય મુકામે તેઓ નગ્ન રહેતા હતા. પણ રાજસભા, જનસભા સમયે તેઓ ચોલપાટા પહેરતા હતા. (યાપનીયગચ્છ માહિતી ઉપલબ્ધ ધરમચંદજી બિનાયકયા, વિજયવાડા), ડૉ. સાગરમલ જૈન (શાજાપુર).

બીજું શું લખું કે કહું, આ તીર્થસ્પર્શના અનુભવગમ્ય છે. વિરામ લેતા પૂર્વે ભક્તામરસ્તોત્રની ત્રણ ગાથા બુધ્ધાવિના પી વિબુધા ચિર્તપાદપીઠ યાદ આવી જાય છે.

તીર્થંકર પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ જે કંઈ લખ્યું, સાંભળ્યું, વાંચ્યું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

✷ ✷ ✷

૩૦૧, રમન પન્ના, સુભાષ રોડ, વિલેપાર્લે (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦-૦૫૭. મોબાઈલ : ૯૯૩૦૪૯૫૭૪૫

# નિરાંતનું સરોવર

❑ ગુલાબ દેઢિયા

*[ ડૉ. ગુલાબ દેઢિયા મુંબઈ-જુહુની પ્રતિષ્ઠિત જમનાબાઈ સ્કૂલમાં ગુજરાતીના અધ્યાપક છે. તેમણે સ્વામી આનંદના નિબંધો પર શોધનિબંધ લખ્યો છે. તેમના બે લલિતનિબંધ સંગ્રહો પ્રગટ થયા છે.*
*મેં તેમની પાસે કચ્છના કોઈ એક તીર્થ અંગે લેખ માંગ્યો, પરંતુ તેમણે 'ધરતીનો છેડો-ઘર' એમ વતનના મંદિર વિશેનો એક સુંદર લલિત નિબંધ મોકલી આપ્યો. આ લલિત નિબંધમાં પરમાત્મા સાથેનો ભાવાત્મક સંવાદ પ્રસ્તુત છે જે સાધકોને તીર્થદર્શનમાં તન્મયતા અને પ્રભુ સાથે નાતો જોડવા સહાયક બનશે. ]*

જૂની છાપ મન ઝટ ભૂંસતું નથી. વરસો પછી શિયાળામાં ગામમાં જવાનું થયું. મનમાં શિયાળાની ધ્રૂજારીનું ચિત્ર હતું. હોઠ, ગાલ, હાથ, પગ ફાટી જવાની યાદ હતી. બચપણમાં શિયાળાની સવાર વહેલી લાગતી, શાળાએ જતાં કંપન દાઢી પર સવાર થઈ જતું. શાળામાં લખવામાં આંગળીઓ સાથ ન આપે અને ઠંડા બાળ શરીર પર મારની અસર સારી રહેતી. હા, મોંમાંથી ધુમાડા કાઢવાની મજા સવારે લેતા ખરા. ધુમ્મસભરી સવાર વિસ્મય જન્માવતી.

શિયાળાની ઠંડીનું એક માપ અમારે મન કોપરેલનું જામી જવું હતું. એ કોપરેલ તેલથી અમારા અડિયલ વાળ ઊભા ને ઊભા જ રહેતા. કાંસકાને પણ પસાર થવા ન દેતા.

કાતિલ માન્યો હતો પણ શિયાળો સ્નેહાળ અને હૂંફાળો નીકળ્યો. એક સવારે ગામમાં આવેલા મંદિરે ગયો. પ્રભુને તો નિરાંત હતી જ મને પણ નિરાંત હતી. નિરાંતના સરોવરમાં જે કમળ ખીલે એવા બીજે ક્યાં ખીલે છે!

પોતાનો સ્વધર્મ ભૂલીને ઘંટ નીરવ હતો. હું ઘંટને નીરખતો રહ્યો. ચૂપ રહેવું એ હવે આ ઘંટનો સ્વભાવ બન્યો છે. ઘંટ નીચે ઊભો છું. અગાઉ એણે પ્રગટાવેલા અનેક ગુંજાવર અરવપણે હવામાં છે. મજબૂત સાંકળમાં ઊંચે લટકતા ઘંટના ડંકા સુધી પહોંચવા કૂદકા મારતા એ બચપણના કૂદકા યાદ આવ્યા. આજે ડંકા અને હાથ વચ્ચે અંતર ઓછું હતું પણ મેં અને ડંકાએ સૂરાતીત સંવાદ કરી લીધો. બન્નેને પ્રસન્નતાનો પ્રસાદ મળ્યો.

મોકળાશવાળું મંદિર, પ્રભુ અને હું, બહાર ક્યાંક કાબર બોલતી સંભળાઈ. આખા પરિસરમાં મોગરાની જેમ મહેકતી શાંતિ છે. બે શ્વાસ વચ્ચેનો વિરામ પણ પામી શકાય એવી દશા છે. શિખર તો ઉપર છે અને દૂર છે, ત્યાં ધજા હવા સાથે સ્મિતની લેવડદેવડ કરતી હશે એમ લાગે છે, કારણ ત્યાં જે નાનકડી ઘંટડીઓ છે તેનો બાલસ્વર સંભળાય છે. જાણે હવાએ ઝાંઝર ન પહેર્યાં હોય! કર્ણપ્રિય.

દેવાલયના આંગણામાં જાસૂદના પુષ્પો ખીલ્યાં છે. એવાં ખીલ્યાં છે કે જોતાં જ ખ્યાલ આવે કે પ્રભુપદે પહોંચી ગયાં છે. ચૂંટવાની જરૂર નથી પડી. એ પુષ્પોની પ્રસન્ન કોમળતા મનમાં ભરી પ્રભુ સમક્ષ આવ્યો છું જેથી પ્રભુ સાથે બેએક વાતો થઈ શકે. કંઈક પૂછવું તો હતું પણ હવે પૂછ્યા વગર સમાધાન મળી ગયું છે. પ્રશ્નની ગાંઠ ઉકેલાઈ ગઈ છે. વાતાવરણનો એવો પ્રભાવ છે કે ઉચાટો ગયા છે અને હવે શિયાળાની આ સવાર જેવી હળવાશ છે.

દેવાલય તો પ્રિય છે જ પણ મને ગમતી બે ચીજોની વાત પણ કહી દઉંને! ધન્ય છે મંદિરનાં પગથિયાં ઘડનારને! કોઈ જબરો ચિંતક, દીર્ઘદ્રષ્ટા, કલાકાર સાધક હશે. આરસપહાણના લપસણાં જરાય નહિ એવાં પગથિયાં શીતળ અને પહોળાં છે. માત્ર પહોળાં નથી, મુદ્દાની વાત તો એ છે કે એ જાણતલ, મર્મજ્ઞ, ઘડવૈયાએ પગથિયાંની જે ઊંચાઈ સર્જી છે તે અદ્‌ભુત છે. સાવ થોડીક, ટચુકડી; ઊંચાઈ લાગે જ નહિ એટલી નાજુક, નમણી અને વિવેકસભર ઊંચાઈ.

પગથિયાં શું આપણાં મનનું, આપણા વિચારોનું, આપણા આયોજનનું પ્રતીક નથી શું! પગથિયાં સંગાથે મારે અનેરી ભાઈબંધી છે.

દેવાલયના સોપાન કેવાં હોવા જોઈએ એ તો તમે મારા વહાલા ગામના દેવાલયના દર્શને પધારો ત્યારે દેખાડું ને! ન શિશુને પગથિયાં ચડતાં તકલીફ પડે કે ન વયોવૃદ્ધને. વર્ષો પહેલાંનું આ ડહાપણભર્યું આયોજન માન પ્રેરે છે. 'હળવે હળવે હરિજી, મારે મંદિર આવો ને!' એ રમ્ય પંક્તિ મનમાં ઝબકી ગઈ.

બીજું મને ગમે છે, વધુ ગમે છે, તે ઉગમણી દિશા તરફના મુખ્ય પ્રવેશદ્વારમાંથી ધૂળિયા મારગ પર ઊભા રહી સીધા પ્રભુના દર્શન કરી શકવા તે. વચ્ચે નડે, અટકાવે, ખટકે એવું કોઈ પાટિયું કે વ્યવધાન નથી.

વૃદ્ધ, અભણ, ગરીબ, કઠણાઈઓનો ભાર લઈને ફરતી માજી જેને દેવાલયના રંગમંડપમાં આવતાં કંઈક નડે એવું છે, એ સન્નારીને રસ્તા પરથી બંધ દરવાજાની પહોળી જાળીમાંથી દેવદર્શન કરતાં, ભાવપ્રગટ કરતાં, માથું નમાવતાં નિહાળીને હું પાવન થઈ જાઉં છું. એ ભોળી ભદ્રિક વૃદ્ધાના કરચલિયાળા ચહેરાની ભાવદશાને વંદન કરું છું.

## ચાલો ચાલોને રાજ! શ્રી સિદ્ધાચલ ગિરિએ

*ચાલો ચાલોને રાજ! શ્રી સિદ્ધાચલ ગિરિએ,*
*શ્રી વિમલાચલ તીરથ ફરસી, આતમ પાવન કરીએ-ચાલો૦ ૧*
*ઈણ ગિરિ ઉપર મુનિવર કોડી, આતમતત્ત્વ નિપાયો;*
*પૂર્ણાનંદ સહજ અનુભવ રસ, મહાનંદ પદ પાયો-ચાલો૦ ૨*
*પુંડરીક પમુહા મુનિવર કોડી, સકલ વિભાવ ગમાયો;*
*ભેદાભેદ તત્ત્વ પરિણતિથી, ધ્યાન અભેદ ઉપાયો-ચાલો૦ ૩*
*જિનવર, ગણધર, મુનિવર કોડી, એ તીરથ રંગરાતા;*
*શુદ્ધ શક્તિ વ્યક્તે ગુણ સિદ્ધ, ત્રિભુવન જનતા ત્રાતા-ચાલો૦ ૪*
*એ ગિરિ ફરશ્યે ભવ્ય પરીક્ષા, દુર્ગતિનો હોય છેદ;*
*સમ્યગ્ દરિસણ નિર્મલ કારણ, નિજ આનંદ અભેદ-ચાલો૦ ૫*

ભવતારક અને ભાવક વચ્ચે, નાથ અને સેવક વચ્ચે, આડશ-વ્યવધાન શા માટે? કોઈ પણ માણસની દૃષ્ટિ, પરમ કૃપાળુ પ્રભુને શું દૂષિત કરી શકે?

કદાચ કોઈ અટવાયેલો, કષાયોથી ઘેરાયેલો, થાકેલો, હારેલો, વાટ ભૂલેલો કાળા માથાનો માનવી વાટમાં ઊભા રહી દર્શન કરે એથી રૂડું શું! એ જ્યાં જતો હોય ત્યાં નોખી જ ભાવદશા લઈને જાય અને અવળી બાજી સવળી થઈ જાય, ચમત્કાર સહજ થઈ જાય, એવું ય બને. હું તો માટુંગા જાઉં ત્યારે કુંથુનાથ પ્રભુના ભરરસ્તે ઊભો રહી દર્શન કરું છું અને અનેકની જેમ હું ય ધન્ય થતો આવ્યો છું.

મંદિરને પૂર્વ, ઉત્તર અને દક્ષિણે પ્રવેશ દ્વાર છે. સવારનો સોનેરી તડકો એવો રેલાઈ રહ્યો છે. બીજું કંઈ સાથે લઈ જવા જેવું ક્યાં રહ્યું છે! થોડુંક છોડીને જવાનું છે.

તડકાની એક સેર છેક ગર્ભગૃહની ઊંચી પગથી સુધી પહોંચી છે. એ ઝળાંહળાં કિરણો પાછાં વળીને સૂર્યદેવતાને શો સંદેશો દેતાં હશે! અહીં પલાંઠી વાળીને બેસવામાં પૂજા આવી જાય છે. મન બેઠું કે પૂજા સારી રીતે થઈ.

અગણિત વર્ષોમાં અનેક પ્રસંગે અહીં ઉચ્ચારાયેલાં શ્લોકો, સ્તવનો, પ્રાર્થનાઓ વાતાવરણમાં બેઠેલાં છે. આ હવામાં કેવા કેવા ભક્તોના શ્વાસ ભળ્યા હશે! કોણે પ્રભુ સાથે તારામૈત્રક રચ્યું હશે! અહીં કેવી કેવી ભાવદશાઓ પ્રગટી હશે! બધું કલ્પના દ્વારા માનવું રહ્યું.

અગરબત્તીની ધ્રૂમસેર ઊઠે છે. આકાર અને સુવાસ રચાતાં જાય છે. ધ્રૂમસેર ઊંચે ચડે છે અને પોતાને ભૂંસતી જાય છે. ધ્રૂમસેરના રચાતા, બદલાતા, ફંટાતા, ભૂંસાતા અને હવામાં વિલીન થતાં આકારને જોઉં છું. અગરબત્તીની વિભૂતિ પણ આકાર સર્જે છે. એ નાજુક શિલ્પને વિચ્છેદનાર કોઈ નથી.

અક્ષતના બે ચાર દાણા વેરાયા છે. ફરસ પર ઝટ નજરે ન ચડે એવા. પ્રભુની ઓળખીતી ચકલી આવે છે. ચીંચીંના ઝીણા રવથી પ્રભુ પ્રાર્થના કરી દાણાનો પ્રસાદ લઈ પાંખો ફફડાવી ઊડી જાય છે.

રંગમંડપની ભૂમિને માથું અડકાડું છું. માથું જ્યારે જ્યારે ભોંય સરસું નમે છે ત્યારે કંઈક સાંભળે છે. રંગમંડપના આરસ પર મધ્યમાં એક વહાણની આકૃતિ છે. એ વહાણ બરાબર પ્રભુની સામે છે. બહુ ભીડ હોય ત્યારે વહાણ વરતાતું નથી. આજે તો સઢ ચઢાવેલું સજ્જ થયેલું દેખાય છે. જાણે સફરી જહાજ, ફરસ બનાવનારે ભારે કલાત્મક રીતે આ પ્રતીકને તરતું મૂક્યું છે. ભવસાગર તરવા માટે ખપ લાગે એવું જહાજ. હવે ચોમેરની ફરસબંદી લાવ લાવ સમંદર જેવી લાગે છે.

રંગમંડપમાં ઉત્તર-દક્ષિણ ભીંતો પર મોટા અરીસા છે. એ દર્પણમાં હું શોધવા જાઉં છું. ખાલી હાથ પાછો ફરું છું. અરીસો સ્મિત કરે છે. સામસામેની દીવાલે આવેલા અરીસા એકલા પડતા હશે ત્યારે શું વાતો કરાતા હશે, અથવા શું જોતા હશે?

ચંદનનું તિલક કરવા શલાકા ઉપાડું છું. તિલક કરતાં શલાકાનો સ્પર્શ કપાળને થાય છે. વિચાર આવે છે કે આ શલાકા તો કેટકેટલા ભાલને સ્પર્શી ચૂકી છે, ધન્ય કરી ચૂકી છે.

અહીં કશું આરંભ કરવાનું નથી. તેથી કશાનો અંત પણ નથી. આટલું થઈ ગયું એટલે પૂજા થઈ ગઈ. કીર્તન થઈ ગયું. પ્રદક્ષિણા થઈ ગઈ એવું કશું નથી. સમયનું ગરવું રૂપ અહીં નીરખું છું. શિયાળાની સવારનો સમય ગમાણમાં રમતા શિશુ વાછરડા જેવો છે. ગાયના દૂધની સૌરભથી ભર્યો ભર્યો.

ભક્ત તડકામાં ઉષ્મા છે. હવામાં ઠંડક છે. ગામમાં સર્વત્ર દૈનિક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ હશે. ગામ વચ્ચે આવેલા દેવાલયમાં અકલ્પ્ય પ્રગાઢ શાંતિ છે. જીવન છે. મને અહીં બેઠે બેઠે અનેક દેવાલયોનું મધુર સ્મરણ થાય છે. ઉત્તરમાં હિમાલય ને પશ્ચિમ કાંઠે મારું નાનકડું ગામ. અહીં બેઠે બેઠે હિમાલયની થોડીક નીરવ ક્ષણોને મુખામુખ થતી જોઉં છું.

પ્રભુ અને મારી વચ્ચે કોઈ વ્યવધાન નથી. પરમાત્મા મને જુએ છે, હું એમને જોઉં છું. આંખો વાતો કરતાં કરતાં અપલક બની જાય છે. હવા, પ્રકાશ, સમય, શ્વાસ અને હું પ્રભુ સન્મુખ છીએ. વાતો ચાલે છે અને શાંતિ તો સભર સભર લહેરાય છે ત્યારે હું દેવાલયમાં હતો, હવે એ દેવાલય મારા હૈયામાં રોપી દીધું છે.

✷ ✷ ✷

૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષનગર, ચાર બંગલા, અંધેરી (વે.)
મુંબઈ-૪૦૦ ૦૫૩. મો. : ૯૮૨૦૬૧૧૮૫૨)







# જૈનમૂર્તિકલા

☐ નિસર્ગ આહીર

*[ નિસર્ગ આહીર ગુજરાતીના અધ્યાપક અને જાણીતા કલા-અભ્યાસી છે. તેઓ અમદાવાદમાં રહે છે અને 'નવનીત-સમર્પણ'માં તેમના કલા-વિષયક લેખો અવાર-નવાર પ્રગટ થતા રહે છે. 'શબ્દસર' સામયિકના સંપાદન સાથે સંકળાયેલા છે. ]*

સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ એ ભારતીય સંસ્કૃતિના મુખ્ય આયામો છે. ભારતીયતા એટલે માત્ર હિંદુ સંસ્કૃતિનું જ નહીં, પરંતુ અનેક ધર્મ, સંપ્રદાયો, જીવનરીતિઓને સમાવતું સાતત્યપૂર્વકનું સુદીર્ઘ સામંજસ્ય એટલે જ ભારતીયતા. હિંદુ, બૌદ્ધ, જૈન, શીખ જેવા વિશ્વના મહાન ધર્મોનું પારણું બનેલ ભારતીયતા અનેક ધારાઓથી સમૃદ્ધ બની છે. આ સર્વ દ્વારા સહિયારું જે કંઈ પ્રદાન છે તે સમગ્ર વિશ્વમાં અજોડ છે. સુન્દરમ્ સાથેના સત્યમ્ અને શિવમ્‌નો ભારતીય પ્રણાલિકામાં સ્વીકાર છે. સર્વને સુંદરતમ કરી રસાનંદની શ્રેષ્ઠતા સિદ્ધ કરવી એ જ અહીંનું પ્રાપ્તવ્ય છે. એ અર્થમાં અલંકરણ, રમણીયતા, સુચિતા, ભવ્યતા, વ્યાપકતા એ ભારતીય જીવનના તમામ સ્તરે આકારિત કરાતા ગુણો છે; એ ભલે કલા હોય કે ધર્મ, શાસ્ત્ર હોય કે સિદ્ધાંત.

અન્ય લાક્ષણિકતાઓની સાથે સાથે ભારતીયતાનું એક લક્ષણ મૂર્તિપૂજા પણ છે. માનવીય ચેતનાનું એક આગવું અંગ છે મૂર્તિભક્તિ. જેના પ્રત્યે શ્રદ્ધા, વિશ્વાસ, આદર, સન્માન, અહોભાવ, સમર્પણની ભાવના, સંપૂર્ણતાની ખાતરી, કલ્યાણની આશા, સુખકર અપેક્ષા છે એવા ઈષ્ટદેવ કે સર્વગુણસંપન્ન આરાધ્ય દેવ-દેવી પ્રત્યે પૂજ્યભાવ જાગે એ સ્વાભાવિક છે. આવા પૂજ્યભાવમાંથી મૂર્તિપૂજાની ભવ્ય પરંપરા વિકસી છે. માણસની તમામ પ્રકારની સકારાત્મક ચેતનાનું પ્રતીક હોય છે મૂર્તિ અને એ મૂર્તિનું સ્થાન એવું મંદિર. સર્વોત્કૃષ્ટ આરાધ્ય દેવ-દેવીનો આવાસ સામાન્ય ન જ હોય એ સમજી શકાય તેમ છે. સમગ્ર લોકચેતનાના કેન્દ્રરૂપ મંદિરની ભવ્યતામાંથી મૂર્તિકલાનો વ્યાપ તેમજ વૈભવ વિકસ્યાં છે.

**સૌથી જૂની પ્રતિમા પટનાના લોહીનીપુરમાંથી કાયોત્સર્ગાસનવાળી, ખંડિતાવસ્થામાં મળી આવી છે.**

જૈનધર્મમાં મૂર્તિપૂજા ખૂબ જ પ્રાચીન છે. જૈન અનુશ્રુતિ એવી છે કે મહાવીરસ્વામીની હયાતીમાં એમની પ્રતિમા બનવા લાગી હતી. સૌથી જૂની પ્રતિમા પટનાના લોહીનીપુરમાંથી કાયોત્સર્ગાસનવાળી, ખંડિતાવસ્થામાં મળી આવી છે. જૈનમૂર્તિપૂજાનો પ્રચાર ઈ. સ. પૂર્વે ચોથા-પાંચમા દાયકાથી જ પ્રચલિત હતો એમ ઐતિહાસિક પુરાવાઓથી જાણી શકાય છે. પછી તો ઉત્તરોત્તર મૂર્તિપૂજાનો વિકાસ થતો ગયો.

જૈનમૂર્તિપૂજામાં પ્રદક્ષિણા, પ્રણામ, પુષ્પવિધિ મુખ્ય છે. આ ઉપરાંત સ્તવન, જલપૂજા, ચંદનપૂજા, અક્ષતપૂજા, નૈવેદ્યપૂજાનો સમાવેશ થાય છે. ઉપવાસ જૈનધર્મમાં અગત્યનું સ્થાન ધરાવે છે. આરંભમાં જૈન સાધનાપૂજા સરળ હતાં, પરંતુ સમયાંતરે એમાં વૈવિધ્ય અને વ્યાપકતા આવ્યાં. તદુપરાંત મંદિરો જૈનધર્મની અનેક પ્રવૃત્તિઓના કેન્દ્ર બની રહ્યાં. જૈનધર્મમાં યાત્રા, વ્રત અને તીર્થાટનનો મહિમા ખૂબ હોવાને કારણે જૈનધર્મના અનુયાયીઓ માટે મંદિર અને મૂર્તિદર્શન જીવનનો કેન્દ્રસ્થ ભાવ છે.

જૈનધર્મના ભક્તિ કે પૂજા સાથે સંકળાયેલાં કેન્દ્રો અનેક છે અને સમયાંતરે એ ધર્મકેન્દ્રો સમૃદ્ધ બનતાં ગયાં અને મંદિર નિર્માણની પ્રવૃત્તિઓ વિકસતી ગઈ. તીર્થંકરનો એક અર્થ જ તીર્થ સ્થાપનાર એવો થાય છે. જૈનશાસ્ત્રોમાં કહેવાયું છે કે તીર્થંકરના જન્મ, જ્ઞાનપ્રાપ્તિ, નિર્વાણ ઈત્યાદિના સ્થળે, રમ્ય સ્થળોએ તીર્થધામ બનાવવા જોઈએ:

जन्मनिष्क्रमणस्थानज्ञाननिर्वाणभूमिषु ।
अन्येषु पुण्यदेशेषु नदीषु नगरेषु च ।।
ग्रामादिसन्निवेशेषु समुद्रपुलिनेषु च ।
अन्येषु वा मनोज्ञेषु कारयेजिनमन्दिरम् ।।

આ પ્રમાણે, ગર્ભ, જન્મ, તપ, જ્ઞાન અને નિર્વાણ એમ 'પંચકલ્યાણ'ના ઓળખાતાં સ્થળો અથવા ધાર્મિક કે પ્રાકૃતિક દૃષ્ટિએ અગત્યના લાગતા સ્થળોએ મંદિરો, ગુફામંદિરોનું નિર્માણ પ્રાચીન કાળથી થવા લાગ્યું.

જૈનધર્મના ચોવીસ તીર્થંકરો મુખ્ય પ્રવર્તકો હોવાથી તેઓ જૈનધર્મમાં સૌથી વધારે આરાધ્ય અને પૂજ્ય છે. જૈનોમાં મૂર્તિપૂજાના મૂળમાં એ ભાવના રહેલી છે કે તીર્થંકરોએ જે પ્રમાણે તપશ્ચર્યા, ત્યાગ, અહિંસાના બળથી મોક્ષપ્રાપ્તિ કરીને સર્વનું કલ્યાણ કર્યું તે જ પ્રમાણે જૈનધર્મના અનુયાયીઓએ પણ જિન ભગવાને દર્શાવેલા માર્ગને અનુસરીને પૂજા-આરાધના, સ્તુતિ-પ્રાર્થના દ્વારા આત્મકલ્યાણ પ્રાપ્ત કરવાં હિતાવહ છે.

જૈનધર્મ પોતીકા સિદ્ધાંતો અને પ્રણાલીઓથી વિશિષ્ટ છે. એમાં ત્યાગ, સમર્પણ, સાદગી, સંયમ ઈત્યાદિનું મહત્ત્વ છે, પરંતુ સૌંદર્ય કે અલંકરણ તો ભારતીયતાના નાતે એમણે સ્વીકાર્યાં છે. ધર્મ સંલગ્ન કંઈ પણ હોય, એ સૌંદર્યમય અને કલામય જ હોવાનું. એ કલ્પસૂત્રની

હસ્તપ્રત હોય, અષ્ટમંગલ હોય, સમોવસરણ હોય કે મંદિર હોય–એ તમામ અલંકરણયુક્ત જ હોવાનાં, નયનરમ્ય જ હોવાનાં, સુંદરમત હોવાનાં.

જૈનમંદિરો અત્યંત ભવ્ય હોય છે. ભારત અને ભારત બહાર વસતા જૈનધર્મના લોકો ખૂબ સમૃદ્ધ હોવાને નાતે સદીઓથી એમણે એકએકથી ચડિયાતા અનેક મંદિરો બાંધ્યાં છે. શ્રાવકો છૂટા હાથે દાન આપીને ભવ્યાતિભવ્ય મંદિરોનું નિર્માણ કરે છે. આબુ પહાડ પરનાં વિમલ શાહ, તેજપાલનાં મંદિરો કે બિહારના પારસનાથ પહાડ પરનાં જૈનમંદિરો કલાના ભવ્યોજ્જવલ નમૂનાઓ છે. આ ઉપરાંત પાલિતાણા-શત્રુંજય, જૂનાગઢ, રાણકપુર, સમેતશિખર, ખજુરાહો, પાવાપુરી, મથુરા, કોલકત્તા, ગ્વાલિયર, ઈલોરા, શ્રવણ બેલગોલા એમ અનેક સ્થળો પર અત્યંત નયનરમ્ય જૈનમંદિરો છે. એનું સ્થાપત્ય અને શિલ્પ ઉત્કૃષ્ટ છે. શ્રવણ બેલગોલા ખાતેની ગોમતેશ્વરની પ્રતિમા વિશ્વવિખ્યાત છે.

જૈનમૂર્તિકલા અંગેનું સ્વતંત્ર શિલ્પશાસ્ત્ર છે, તેમ ભારતીય શિલ્પશાસ્ત્રના અન્ય ગ્રંથોમાં જૈનમૂર્તિવિધાનની સ્વતંત્ર ચર્ચા થયેલી છે. જૈન ધાર્મિક ગ્રંથોમાં મૂર્તિશાસ્ત્રના સિદ્ધાંતોનો ઉલ્લેખ છે તેમ અન્યત્ર પણ મૂર્તિવિધાન છે. વિશેષતઃ 'આચાર દિનકર' અને 'નિર્વાણકલિકા' જેવા ગ્રંથોમાં જૈનમૂર્તિવિધાન સુપેરે નિરૂપાયેલ છે. 'માનસાર', 'અપરાજિતપૃચ્છા', 'વાસ્તુસાર', 'ક્ષીરાર્ણવ', 'દીપાર્ણવ', 'શિલ્પરત્નાકર' જેવા શિલ્પશાસ્ત્રના અન્ય ગ્રંથોમાં પણ જૈનમૂર્તિવિધાન અને મંદિરનિર્માણના ઉલ્લેખો છે. 'બૃહત્સંહિતા'માં જૈન મૂર્તિનું લક્ષણ આ પ્રમાણે દર્શાવવામાં આવ્યું છેઃ

> **જૈનમૂર્તિકલામાં સાદગીયુક્ત શ્રદ્ધાની સાથે સાથે દિવ્ય આભાયુક્ત સૌંદર્ય આકારિત કરવામાં કલાકારોએ અને મંદિરનિર્માતાઓએ ખાસ્સું પ્રાવીણ્ય દાખવ્યું છે.**

आजानुलम्बबाहुः श्रीवत्साङ्कः प्रशान्तमूर्तिश्च।
दिग्वासास्तरुणो रूपवांश्च कार्योऽर्तां देवः ।। ५८.४५

અર્થાત્, ઘુંટણ સુધી લાંબા હાથથી યુક્ત, શ્રીવત્સના ચિહ્નથી શોભિત, શાંત, દિગંબર, તરુણ અને સુંદર એવી જિનની પ્રતિમાનું નિર્માણ કરવું.

એ જ રીતે અન્ય ગ્રંથોમાં આ પ્રમાણે મૂર્તિલક્ષણ જણાવવામાં આવ્યાં છેઃ

निराभरणसर्वाङ्गं निर्वस्त्रङ्गं मनोहरम् ।
सर्ववक्षः स्थले हेमवर्णं श्रीवत्सलाञ्छनम् ।।
द्विभुजं च द्विनेत्रं च मुण्डतारं च शीर्षकम् ।
स्फटिकश्वेतरत्त्कं च पीतश्यामनिभं तथा ।।

ઉપરોક્ત લક્ષણો અને મૂર્તિશાસ્ત્રમાં અન્યત્ર દર્શાવવામાં આવેલાં લક્ષણો પ્રમાણે જિનપ્રતિમાના મુખ્ય બે પ્રકારો જોવા મળે છેઃ પદ્માસનસ્થ અને કાયોત્સર્ગવાળી, એટલે કે ઊભી અને તપનો ભાવ પ્રગટ કરતી. તીર્થંકરોમાં ઋષભનાથ, નેમિનાથ અને મહાવીરસ્વામી પદ્માસનમાં બેઠેલા હતા ત્યારે તેમને પરમ જ્ઞાન પ્રાપ્ત થયું, પરંતુ એ સિવાયના અન્ય તીર્થંકરો ઊભેલી અવસ્થામાં એવા કાયોત્સર્ગાસનમાં પરમ સિદ્ધિ પામ્યા, એટલે એમની પ્રતિમાઓ ઊભેલી અવસ્થામાં આકારિત થાય છે. આ પ્રમાણે કાયોત્સર્ગાસન કે પદ્માસન કે અર્ધપદ્માસનથી યુક્ત, ધ્યાનની મુદ્રામાં બેઠેલી, મુખ પર શાંત ભાવવાળી, શરીર પર શ્વેત વસ્ત્રવાળી કે વસ્ત્ર વગરની, માથાના ખુલ્લા અથવા લોચ કરેલા વાળવાળી જિનપ્રતિમાઓ હોય છે. પહેલી નજેર એકસમાન લાગતી પ્રતિમાઓના લાંછન, પરિકર, ધર્મચક્રના ચિહ્ન ઈત્યાદિ પરથી દરેક તીર્થંકર વચ્ચેની પ્રતિમામાં ભેદ હોય છે. આ ઉપરાંત તીર્થંકરની સાથે અન્ય ચિહ્ન હોય તેને આધારે પણ પ્રતિમામાં ભેદ રહે છે; જેમકે, સ્વસ્તિક, દર્પણ, કુંભ, નૈત્રાસન, મીનયુગ્મ, પુસ્તક અને પુષ્પમાળાનાં ચિહ્નો.

જૈનમૂર્તિકલા અંગે એ ઉલ્લેખનીય છે કે શ્વેતાંબર કે દિગંબર એ મુખ્ય બે પ્રવાહોની સાથે સાથે અન્ય પ્રવાહોની મૂર્તિપૂજા કે મૂર્તિશાસ્ત્ર અંગેની માન્યતાઓ અલગ અલગ હોય છે. જેમકે, સ્થાનકવાસી જૈનો મૂર્તિપૂજાને જ માનતા નથી. સમયાંતરે જૈનધર્મ અનેક ગચ્છ, ઉપશાખા, ઉપસંપ્રદાય, સંઘાડામાં વહેવા લાગે છે એટલે પ્રત્યેકની આચારવિચારગત ભિન્નતા મૂર્તિકલામાં પણ પ્રતિબિંબિત થાય એ સ્વાભાવિક છે. છતાં એ નોંધનીય છે કે શ્વેતાંબર-દિગંબર એ મુખ્ય સંપ્રદાયના ભેદભાવ સાતમી-આઠમી સદી સુધી તો પ્રતિમાઓમાં નહોતા. તે સમય સુધીમાં તો તીર્થંકરોની પ્રતિમા નગ્નાવસ્થામાં આકારિત થતી. પછીથી શ્વેતાંબરની પ્રતિમાઓને કૌપીનનો આકાર આપવામાં આવ્યો અને સમયાંતરે વસ્ત્રાભૂષણથી સુશોભિત કરવામાં આવી. સામાન્ય રીતે દિગંબર જૈનપ્રવાહમાં મૂર્તિઓ ખાસ અલંકરણ વિનાની, નગ્ન હોય છે. જ્યારે શ્વેતાંબર પ્રવાહમાં મૂર્તિઓ વિશેષ અલંકૃત હોય છે.

જૈનમૂર્તિશાસ્ત્રમાં તીર્થંકરોને સર્વ શ્રેષ્ઠ સ્થાન આપવામાં આવ્યું છે. એમને 'દેવાધિદેવ' કહેવામાં આવે છે. જ્યારે અન્ય સર્વને માત્ર 'દેવ' કહેવામાં આવે છે. આ તમામ તીર્થંકરો, દેવો, અલંકૃત શિલ્પો ઈત્યાદિનું વ્યવસ્થિત, નિયમબદ્ધ મૂર્તિશાસ્ત્ર છે. પ્રતિમા નિર્માણ માટેનાં ચોક્કસ વિધાન અનુસાર જ મંદિરોમાં મૂર્તિઓ બને છે. મૂર્તિશાસ્ત્રમાંનાં વિધાન અનુસાર આસન, આભૂષણ, વાહન, લાંછન, મુદ્રા, આયુધ, વર્ણ, અંગભંગિ વગેરેનું ચોક્કસ નિયમન મૂર્તિઓને વૈવિધ્યસભર બનાવે છે તે જ રીતે અન્ય પ્રતિમાઓથી અલગ પણ પાડે છે. જૈનમૂર્તિકલામાં સાદગીયુક્ત શ્રદ્ધાની સાથે

સાથે દિવ્ય આભાયુક્ત સૌંદર્ય આકારિત કરવામાં કલાકારોએ અને મંદિરનિર્માતાઓએ ખાસ્સું પ્રાવીણ્ય દાખવ્યું છે.

જૈનમંદિરોમાં સ્થાપિત મૂર્તિ પ્રમાણે પણ એનું નામાભિધાન થયેલું છે. મંદિર જે તીર્થંકર કે દેવનું હોય તેને 'મૂલનાયક' કહે છે. જેમકે ઋષભનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ વગેરે મંદિરમાં મૂલનાયક હોય છે. અન્ય દેવ-દેવી એમની સાથે કંડરાય અને દિવ્યતામાં વધારો કરે છે.

તીર્થંકરોની મૂર્તિઓના સામાન્યતઃ ત્રણ પ્રકારો છેઃ ૧. પરિકરમાં કોતરેલ સુંદર દેવ-દેવીવાળી અલંકૃત પ્રતિમા, ૨. પૂજા માટેની સાદી પ્રતિમા અને ૩. આયાગપટ્ટમાંની પ્રતિમા. આયાગપટ્ટમાં મધ્યભાગમાં તીર્થંકરની ધ્યાનસ્થ મૂર્તિ હોય છે અને આસપાસ અષ્ટમંગલનું સુંદર આલેખન હોય છે. આ ઉપરાંત સમોવસરણમાં પણ જૈન તીર્થંકરોની પ્રતિમાઓ હોય છે. સમોવસરણનો અર્થ થાય છે તીર્થંકરોના ઉપદેશ-શ્રવણ માટે દેવોએ બાંધેલી વ્યાખ્યાનશાળા. તીર્થંકરોને જે સ્થળે કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હોય ત્યાં સમોવસરણની સ્થાપના કરાય છે. એ ગોળાકાર કે ચોરસ હોય છે. અલગ અલગ પ્રકારો કે કિલ્લાના રૂપે બંધાયેલ સમોવસરણમાં પ્રાણી, માનવ દેવ-દેવીઓનું વૈવિધ્યયુક્ત અલંકૃત આલેખન હોય છે.

પરિકર એટલે મૂર્તિને સ્થાપન કરવાની પીઠિકા અને આસન સાથેનો ભાગ. પરિકરનું પ્રતિમાના પ્રમાણમાં ચોક્કસ માપ હોય છે. પદ્માસનયુક્ત, ઊભેલી કે શયન પ્રકારની મૂર્તિના પ્રમાણમાં પરિકર હોય છે. જે રંગની પ્રતિમા હોય તે જ રંગનું પરિકર હોવું જોઈએ. 'રૂપમંડન' નામના શિલ્પશાસ્ત્રના ગ્રંથમાં કહેવામાં આવ્યું છે કે, 'પરિકરમાં યક્ષ, યક્ષિણી, સિંહ, મૃગયુગલ, કાઉસગ્ગ, છેડા પર સ્તંભો, ઉપરના ભાગમાં તોરણ, ગ્રાહ, ચામર અને કલશધારી અનુચરો, મગરનાં મુખો, માલાધરો, પ્રતિમાના પાછળના ભાગમાં પ્રભામંડલ, મસ્તક ઉપર મૃણાલછત્ર, તશાર્ણ દેવદુંદુભિ વગાડનારા, ધર્મચક્ર, નવગ્રહો, ત્રણ છત્રો, અશોકવૃક્ષના પત્રો, કવચિત્ દિક્પાલો અને અગ્ર ભાગે કેવલજ્ઞાનમૂર્તિ વગેરે યથોક્ત પ્રકારે બનાવવાં.' આ બધા ઉલ્લેખ પરથી પરિકરનું વૈવિધ્ય જાણી શકાય છે.

મંદિરોમાં શિલ્પ મુખ્યત્વે બે પ્રકારના હોય છે. એક તો, ગર્ભગૃહમાંની સેવ્ય પ્રતિમા અને બીજાં તે મંદિરની અંદર અને બહારના અનેક પ્રકારના શિલ્પો. આ શિલ્પાકૃતિઓ અલંકરણની સાથે સાથે શિલ્પ અને સ્થાપત્યનાં અનેક અંગોરૂપ હોય છે અને એના અનેક પ્રકારો છે. ટૂંકમાં, સેવ્યમૂર્તિ અને શૃંગારમૂર્તિ એમ બે પ્રકારની પ્રતિમા કહી શકાય. સ્તંભ, વિતાન, જંઘા, તોરણ ઈત્યાદિ પરની અનેક પ્રતિમાઓથી મંદિર અનેકસ્તરીય સૌંદર્યબોધ બની રહે છે.

જૈનશાસ્ત્રોમાં જૈન દેવ-દેવીઓને મુખ્યત્વે આ પ્રમાણે વર્ગીકૃત કરી શકાયઃ ૧. જ્યોતિષી, ૨. વિમાનવાસી, ૩. ભવનવાસી, ૪. વ્યન્તર, ૫. નવવિધાન અને ૬. વીરદેવ. વિમાનવાસી દેવોમાં કલ્પાતીત અને કલ્પોત્પન્ન એવા બે પ્રકારો છે. કલ્પના ઉપરના સ્થાને જન્મ્યા હોય તે કલ્પાતીત અને કલ્પમાં જન્મ્યા હોય તે કલ્પોત્પન્ન.

જ્યોતિષી દેવગણમાં નવગ્રહો, નક્ષત્રો અને તારાઓનો સમાવેશ થાય છે. નવગ્રહો આ પ્રમાણે છે : સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ કે બૃહસ્પતિ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ.

વિમાનવાસી દેવોમાંથી કલ્પોત્પન્ન એવા બાર દેવો આ પ્રમાણે છેઃ સુધર્મા, ઈશાન, સનત્કુમાર, મહેન્દ્ર, બ્રહ્મા, લાન્તક, શુક્ર કે મહાશુક્ર, સહસાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત.

વિમાનવાસી દેવોમાં કલ્પાતીત કે અનુત્તરવિમાનવાસી એટલે પાંચ મુખ્ય સ્થાનકોમાં જે

## શ્રી પદ્મવિજયજી કૃત

## અષ્ટાપદ સ્તવન

*અષ્ટાપદ અરિહંતજી; મ્હારા વ્હાલા જી રે;*
*આદીશ્વર અવધાર નમીયે ને હશું ।। મ્હા૦।।*
*દસ હજાર મુણિંદશું મ્હા૦ વરિયા શિવવધૂ સાર. નમીયે૦ ૧.*
*ભરત ભૂપ ભાવે કર્યો મ્હા૦ ચઉમુખ ચૈત્ય ઉદાર ન૦*
*જિનવર ચોવીસે જિહાં મ્હા૦ થાપ્યા અતિ મનોહાર ન૦ ૨.*
*વરણ પ્રમાણે બીરાજતા મ્હા૦ લંછન ને અલંકાર ન૦*
*સમ નાસાયે શોભતા મ્હા૦ ચિંહુ દિશે ચાર પ્રકાર ન૦ ૩.*
*મંદોદરી રાવણ તિહાં મ્હા૦ નાટક કરતાં વિશાલ ન૦*
*ત્રુટી તાંત તવ રાવણે મ્હા૦ નિજ કર વીણા તતકાલ ન૦ ૪.*
*કરી બજાવી તિણે સમે મ્હા૦ પણ નવિત્રોડ્યું તે તાન ન૦*
*તીર્થંકર પદ બાંધીયું મ્હા૦ અદ્ભુત ભાવશું ગાન ન૦ ૫.*
*નિજ લબ્ધે ગૌતમગુરુ મ્હા૦ કરવા આવ્યા તે જાત્ર ન૦*
*જગચિંતામણિ તિહાં કર્યું મ્હા૦ તાપસ બોધ વિખ્યાત ન૦ ૬.*
*એ ગિરિ મહિમા મોટકો મ્હા૦ તેણે પામે જે સિદ્ધિ ન૦*
*જે નિજ લબ્ધે જિન નમે મ્હા૦ પામે શાશ્વત ઋદ્ધિ ન૦ ૭.*
*પદ્મવિજય કહે એહના કેતા કરૂં વખાણ રે નમીયે૦*
*વીર સ્વમુખે વરણવ્યો મ્હા૦ નમતાં કોડી કલ્યાણ નમીયે૦ ૮.*

તે સ્થાનનું આધિપત્ય ભોગવનાર દેવ. તે પાંચ છે : વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ.

ભવનવાસી વર્ગના દેવો દસ પ્રકારના છે : અસુર, નાગ, વિદ્યુત, સુપર્ણ, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિગ્વાત, ધનિક અને કુમાર.

વ્યન્તર આઠ પ્રકારના છે : પિશાચ, ભૂત, રાક્ષસ, યક્ષ, કિન્નર, કિંપુરુષ, મહોરગ અને ગંધર્વ.

નવવિધાનદેવો આ પ્રમાણે છે : નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માનવ અને શંખ.

વીરદેવો ચાર પ્રકારના છે : મણિભદ્ર, પૂર્ણભદ્ર, કાપિલ અને પિંગલ.

જૈન શિલ્પશાસ્ત્રના ગ્રંથ 'આચાર દિનકર'માં ત્રણ પ્રકારની પ્રતિમાઓ વિશે કહેવાયું છે : પ્રાસાદદેવીઓ, કુલદેવીઓ અને સંપ્રદાયદેવીઓ. તીર્થ, ક્ષેત્ર, પીઠસ્થાનો, પ્રાસાદો અને ભૂમિમાંથી સ્વયંભૂ પ્રાદૂર્ભાવ પામેલી કે સ્થાપિત કરાયેલી દેવીઓને પ્રાસાદદેવી કહેવામાં આવે છે. ગુરુએ ઉપાસના-આરાધના માટે મંત્રદીક્ષા આપી હોય એવી દેવીઓ સંપ્રદાયદેવી કહેવાય છે અને પ્રત્યેક કુળની જે ઉપાસ્ય દેવી હોય અને કુલદેવી એક ગોત્રદેવી કહેવામાં આવે છે.

આ સિવાયની પણ પ્રતિમાઓ કે શિલ્પ છે, જે ઉપરના પ્રકારમાં સમાવિષ્ટ નથી થતાં, પરંતુ જૈનધર્મમાં એમની પૂજા થાય છે અને ઘણું પ્રચલન છે. એવી પ્રતિમાઓ એટલે ૧૬ શ્રુતદેવીઓ અથવા વિદ્યાદેવીઓ, અષ્ટ માતૃકાઓ, તીર્થંકરોની માતાઓ, ક્ષેત્રપાલ, ભૈરવ, શ્રી અથવા લક્ષ્મીદેવી, શાંતિદેવી ઈત્યાદિ.

૧૬ શ્રુતદેવીઓ કે વિદ્યાદેવીઓ આ પ્રમાણે છે : રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશા, અપ્રતિચક્રા અથવા જંબુનદા, પુરુષદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, મહાજ્વાલા અથવા જ્વાલામાલિની, માનવી, વૈરોટી, અચ્યુપ્તા, માનસી અને મહામાનસી.

જૈનધર્મમાં તીર્થંકરોની માતાઓ પૂજનીય અને આદરપાત્ર છે. ગ્રંથોમાં તીર્થંકરોની માતાઓમાં અનુક્રમે મરુદેવી, વિજયા, સેના-સિદ્ધાર્થા, સુમંગલા, સુશીમા, પૃથિવી, લક્ષ્મણા, શ્યામા, નંદા, વિષ્ણુ, જયા, રામા, સુયશા, સુવ્રતા, અચિરા, શ્રી, દેવી, પ્રભાવતી, પદ્મા, વપ્રા, શીલા, વાયા, ત્રિશલા છે.

જૈનધર્મમાં સમયાંતરે તંત્રના પ્રભાવને કારણે તાંત્રિક વિધિવિધાનો સ્વીકૃત થયાં. તેની સાથે જ અનેક તાંત્રિક દેવ-દેવીઓની ઉપાસના પણ અસ્તિત્વમાં આવી. એને કારણે અનેક હિંદુ દેવ-દેવીઓની પણ પૂજાઅર્ચના સ્વીકૃત બની. કાલી, મહાકાલી, ચામુંડા, મંગલા, કામાખ્યા, ભદ્રકાલી, દુર્ગા, ત્રિપુટા, ગણેશ્વરી, પ્રેતાક્ષી, કાલરાત્રિ, વૈતાલી, વારાહી, ભુવનેશ્વરી, યમદૂતી વગેરે આવી દેવીઓ છે. જૈનધર્મમાં આવી દેવીઓને ચોસઠયોગિનીઓ તરીકે પૂજવામાં આવે છે.

આ ઉપરાંત જૈનતંત્રશાસ્ત્રમાં છપ્પન પ્રકારના દેવીમંડલોના ઉલ્લેખો થયેલા છે. જેમકે, સુરેન્દ્રદેવીઓ, ચામરેન્દ્રદેવીઓ, બલિદેવીઓ, ધરણેન્દ્રદેવીઓ, ભૂતાનંદદેવીઓ, વેણુદેવીઓ, વેણુધારી દેવીઓ, હરિકાન્તદેવીઓ, હરિદેવીઓ, અગ્નિશિખાદેવીઓ, અગ્નિમાનવદેવીઓ, પુન્યદેવીઓ, વસિષ્ઠદેવીઓ, જલકાંતાદેવીઓ, જલપ્રભાદેવીઓ વગેરે.

કેટલાંક દેવમંડલોનો ઉલ્લેખ પણ જૈનધર્મમાં થયેલો છે. આ દેવમંડલો કે સમૂહમંડલો ત્રેવીસ છે અને ચોવીસમું મંડલ તીર્થંકરોનું ગણતાં કુલ ચોવીસ દેવમંડલો છે. ગ્રંથોમાં તમામના ભેદક લક્ષણો દર્શાવવામાં આવ્યા છે.

જૈનમૂર્તિના અન્ય પ્રકારોમાં અગત્યની પ્રતિમા તે હરિણેગમેષિ અથવા નેગમેષની છે. મેષ કે હરણના મસ્તકવાળા આ દેવ ઈન્દ્રના અનુચર છે. તે જ રીતે ક્ષેત્રપાલની પ્રતિમા છે, જેનું કાર્ય રક્ષણ કરવાનું છે. અન્ય પ્રસિદ્ધ પ્રતિમા તે ગણેશજી. ગણેશની પ્રતિમામાં હાથની સંખ્યામાં ખાસ્સું વૈવિધ્ય હોય છે. એકસો આઠ સુધીની હાથની સંખ્યા હોઈ શકે છે. શ્રી અથવા લક્ષ્મી ધનની દેવી તરીકે વ્યાપક રીતે જૈનોમાં પૂજ્ય છે. તે જ રીતે શાંતિદેવી પણ પૂજ્ય છે. મણિભદ્રને યક્ષેન્દ્ર તરીકે પૂજવામાં આવે છે. ઘંટાકર્ણ મહાવીર જૈનોમાં બાવનવીરમાંના એક ગણાય છે અને એમની મંદિરોમાં સ્થાપના થાય છે. તદુપરાંત પદ્માવતી પણ પૂજનીય છે.

જૈન ધર્મના ચોવીસ તીર્થંકરો સમગ્ર ધર્મચેતનાના આધારરૂપ છે. એમનું સુનિશ્ચિત શાસ્ત્રીય વર્ણન અનેક ગ્રંથોમાં આપેલું છે. દરેક તીર્થંકરની યક્ષ અને યક્ષિણી હોય છે. એમને 'શાસનદેવતા' પણ કહે છે. શાસનદેવતા તીર્થંકરના અનુચરો તરીકે અને રક્ષકદેવ તરીકે નિયુક્ત થયા છે, પરંતુ તેમની ગણના દેવયોનિમાં થયેલી હોવાને તેમની પણ પૂજાઅર્ચના થાય છે. ઘણાં યક્ષ-યક્ષિણીની સ્વતંત્ર પ્રતિમાઓ પણ મળે છે. તીર્થંકરની જમણી બાજુ યક્ષ અને ડાબી બાજુ યક્ષિણીનું આલેખન કરવામાં આવે છે. નીચે ચોવીસ તીર્થંકરો અને એમના શાસનદેવતાનું નામ, તીર્થંકરોનું લાંછન તેમજ ચૈત્યવૃક્ષ દર્શાવવામાં આવેલ છે. એ નોંધનીય છે કે શ્વેતાંબર અને દિગંબર એ બન્ને ધારાઓમાં કેટલાક ફેરફારો પણ છે, તેમ જ શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં પણ આંશિક ફેરફારો જોવા મળે છે. નીચે પ્રમાણેની યાદી જોતાં મૂર્તિકલાના વૈશિષ્ટ્ય અને વૈભવનો ખ્યાલ આવશે:

| ક્રમ | તીર્થંકરનુંનામ | લાંછન | ચૈત્યવૃક્ષ | શાસનદેવ | શાસનદેવી |
|---|---|---|---|---|---|
| ૦૧. | ઋષભદેવ | વૃષ | વટવૃક્ષ | ગોમુખ | ચક્રેશ્વરી |
| ૦૨. | અજિતનાથ | હાથી | સપ્તપર્ણ | મહાયક્ષ | અજિતબાળા |
| ૦૩. | સંભવનાથ | અશ્વ | શાલવૃક્ષ | ત્રિમુખ | દુરિતારી |
| ૦૪. | અભિનંદનનાથ | કપિ | પિયાલવૃક્ષ | યક્ષેશ્વર | કાલિકા |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫. સુમતિનાથ | ક્રૌંચપક્ષી | પ્રિયંગુ | તુમ્બરુ | મહાકાલિ |
| ૦૬. પદ્મપ્રભનાથ | પદ્મ | છત્રાભ | કુસુમ | શ્યામા |
| ૦૭. સુપાર્શ્વનાથ | સ્વસ્તિક | શિરીષ | માતંગ | શાંતિ |
| ૦૮. ચંદ્રપ્રભપ્રભુ | ચંદ્ર | નાગકેશર | વિજય | ભ્રૂકુટિ |
| ૦૯. સુવિધિનાથ | મગર | નાગવૃક્ષ | અજિત | સુતારિકા |
| ૧૦. શીતલનાથ | શ્રીવત્સ | બિલ્વવૃક્ષ | બ્રહ્મા | અશોકા |
| ૧૧. શ્રેયાંસનાથ | ગેંડો | તુમ્બર | મનુજ | માનવી |
| ૧૨. વાસુપૂજયનાથ | મહિષ | કદંબ | કુમાર | ચંડી |
| ૧૩. વિમલનાથ | વરાહ | જમ્બુ | ષણ્મુખ | વિદિતા |
| ૧૪. અનંતનાથ | બાજ | અશ્વત્થ | પાતાલ | અંકુશા |
| ૧૫. ધર્મનાથ | વજ્ર | દધિપર્ણ | કિન્નર | કંદર્પા |
| ૧૬. શાંતિનાથ | મૃગ | નંદીવૃક્ષ | ગરુડ | નિર્વાણી |
| ૧૭. કુંથુનાથ | અજ | તિલકતરુ | ગંધર્વ | બલા |
| ૧૮. અરનાથ | નન્દ્યાવર્ત | આમ્રવૃક્ષ | યક્ષેન્દ્ર | ધારિણી |
| ૧૯. મલ્લિનાથ | કુંભ | અશોકવૃક્ષ | કુબેર | ધરણપ્રિયા |
| ૨૦. મુનિસુવ્રતનાથ | કૂર્મ | ચંપકવૃક્ષ | વરુણ | નરદત્તા |
| ૨૧. નમિનાથ | નીલોત્પલ | બકુલ | ભ્રકુટી | ગાંધારી |
| ૨૨. નેમિનાથ | શંખ | વેતસ | ગોમેધ | અંબિકા |
| ૨૩. પાર્શ્વનાથ | ફણિ-સર્પ | દેવદારૂ | પાર્શ્વ | પદ્માવતી |
| ૨૪. મહાવીર | સિંહ | શાલવૃક્ષ | માતંગ | સિદ્ધાયિકા |

જૈનમૂર્તિશાસ્ત્ર પ્રમાણે દસ દિશાના દસ દિક્પાલો આ પ્રમાણે છે:

| **દિકપાલ** | **દિશા** |
|---|---|
| ઈન્દ્ર | પૂર્વ |
| અગ્નિ | અગ્નિ |
| યમ | દક્ષિણ |
| નિઋતી | નૈઋત્ય |
| વરુણ | પશ્ચિમ |
| વાયુ | વાયવ્ય |
| કુબેર | ઉત્તર |
| ઈશાન | ઈશાન |
| નાગ | પાતાળ |
| બ્રહ્મા | આકાશ |

આ જ રીતે જૈનમંદિરોમાં પ્રત્યેક દ્વારે દિશા પ્રમાણે દ્વારપાળો કે પ્રતિહારોનું નિર્માણ કરવામાં આવે છે. આવા પ્રતિહારો અને એમની દિશાઓ તથા સ્થાન નીચે પ્રમાણે હોય છે :

| **પ્રતિહાર** | **દિશા** | **દ્વારની બાજુ** |
|---|---|---|
| ઈન્દ્ર | પૂર્વ દિશા | ડાબી બાજુ |
| ઈન્દ્રજય | પૂર્વ દિશા | જમણી બાજુ |
| માહેન્દ્ર | દક્ષિણ દિશા | ડાબી બાજુ |
| વિજય | દક્ષિણ દિશા | જમણી બાજુ |
| ધરણેન્દ્ર | પશ્ચિમ દિશા | ડાબી બાજુ |
| પદ્મક | પશ્ચિમ દિશા | જમણી બાજુ |
| સુનાભ | ઉત્તર દિશા | ડાબી બાજુ |
| સુરદુંદભિ | ઉત્તર દિશા | જમણી બાજુ |

જૈનમૂર્તિશાસ્ત્રએ આઠ પ્રતિહાર્યોની ઉપસ્થિતિ સ્વીકારી છે. આ આઠ પ્રતિહાર્યો એટલે દિવ્યતરુ કે અશોક, આસન કે સિંહાસન, ત્રિછત્ર, આભામંડલ, દિવ્યધ્વનિ, સૂરપુષ્પવૃષ્ટિ, ચામરયુગ્મ અને દિવ્ય સંગીત અથવા દેવદુંદુભિનાદ. દેવદુંદુભિમાં પાંચ વાદ્ય હોય છે, જેને 'પંચમહાશબ્દ' પણ કહે છે, જેમકે શૃંગ, શંખ, ભેરી, જયઘાટ વગેરે.

આ રીતે, જૈનમૂર્તિવિધાન પર વિહંગાવલોકન કરતાં વૈવિધ્ય અને વૈશિષ્ટયયુક્ત સુંદરતાની પ્રતીતિ થાય છે. સર્વ શિલ્પોનું એના લક્ષણો અનુસારના વર્ણ, આસન, ભંગ, વાહન, આયુષ, મુદ્રા, અલંકરણ ઈત્યાદિની દૃષ્ટિએ વર્ગીકરણ કરીએ તો વિવિધરંગી ચંદરવો રચાય છે. શ્રદ્ધા સાથેનો લાવણ્યલોક એટલે જ જૈનમૂર્તિકલા, જેણે લોકોની શ્રદ્ધાભક્તિને વિવિધ રીતે સંકોરીને રસઘન સૌંદર્યબોધ પણ કરાવ્યો છે.

**સંદર્ભસૂચિ :**


- દવે કનૈયાલાલ ભાઈશંકર, 'ગુજરાતનું મુર્તિવિધાન', ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ-૧૯૬૩
- શાહ પ્રિયબાળા ડૉ., 'જૈનમૂર્તિવિધાન', યુનવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૧૯૮૦.
- जैन बालचन्द्र, 'जैन प्रतिमा विज्ञान', मदनमहल जनरल स्टोर, जबलपुर, १९७४.
- तिवारी मारुतिनन्दन प्रसाद, 'जैन प्रतिमा विज्ञान', पार्श्वनाथ विद्याश्रम शोध-संस्थान-वाराणसी, १९८१.
- Bhattacharya B. C., `The Jaina Iconography', Motilal Banarasidas, Delhi, 1974.
- Gupte R. S. `Iconography of the Hindus, Buddhists and Jain', D. B. Taraporevala Sons & Co. Pvt. Ltd, Bombay, 1972.
- Shukla D. N., `Vastu-Sastra', Munshiram Manoharlal Publishers Pvt. Ltd., Delhi, 2003.


* * *

૪૦૧, ગોપીનાથ રેસિડેન્સી ૨, સંત કબીર સ્કૂલ રોડ, નવરંગપુરા, અમદાવાદ.

# ભાંડાસર મંદિર બીકાનેર

☐ શ્રી લલિતકુમાર નાહટા ☐ અનુવાદ : ડૉ. રેણુકા પોરવાલ

રાજસ્થાનનું બીકાનેર શહેર અહીંના ભવ્ય કલાત્મક સુમતિનાથના જૈન દેરાસર માટે પ્રસિદ્ધ છે. આ મંદિરની સ્થાપના ભાંડાશાહ નામના જૈન શ્રેષ્ઠી દ્વારા થઈ હોવાથી એ ભાંડાસર મંદિરના નામે ઓળખાય છે. એની પ્રતિષ્ઠા આસો સુદ-૨, વિ. સં. ૧૫૭૧માં થઈ હતી. મંદિરનું નિર્માણ શ્રેષ્ઠી ભાંડાશાહે વિ. સં. ૧૫૨૫માં શરૂ કર્યું હતું, પરંતુ તેમનું અચાનક અવસાન થતાં મંદિરનું બાંધકામ વિલંબમાં પડ્યું. ત્યારબાદ તેમના વંશજોએ પૂર્ણ કર્યું. મંદિરની પ્રતિષ્ઠાનો શીલાલેખ નીચે મુજબ છે-

સંવત ૧૫૭૧ વર્ષે, આસો સુદ-૨
રાજાધિરાજ લૂણકરજી વિજય રાજ્યે
શાહ ભાંડા, પ્રાસાદ નામ ત્રૈલોક્ય દીપક
કરાવિતં, સૂત્ર ગોદા કારિત.

**મંદિરનું સ્થાપત્ય**

ચારે તરફ ફેલાયેલા બીકાનેર શહેરમાં સર્વોત્કૃષ્ટ સ્થાન ઉપર ભાંડાશાહે પસંદગી ઉતારી અને એ સ્થળે મંદિર નિર્માણ કરાવ્યું. મંદિરના શિખરની ઊંચાઈ ૧૦૮ ફૂટ તથા દિવાલોની જાડાઈ ૮ થી ૧૦ ફૂટ છે. મૂળ મંદિરના નકશામાં સાત માળ હતા, પરંતુ પાછળથી ત્રણ મજલાનું ભવન સુરક્ષાની દૃષ્ટિએ તૈયાર કરાયું જે આજે પણ અન્ય ભવનોની સરખામણીમાં ઉન્નત છે. પ્રભુની સેવામાં ઉપસ્થિત રહેતી દેવાંગના કે શાલભંજીકાઓ પણ ઘણી જ સજીવતાથી જ શિલ્પીએ કંડારેલ છે. મંદિરના અધિષ્ઠાયક દેવ ભેરૂજી છે. મંદિર નિર્માણ માટે લાલ પત્થર જેસલમેરથી ઊંટો દ્વારા લાવવામાં આવતો તથા બીકાનેરમાં પાણી ખારૂં હોવાથી તે પણ આઠ માઈલ દૂરના તળાવમાંથી લાવવામાં આવ્યું હતું. મંદિર નિર્માણનું કાર્ય 'ગોદા' નામના શિલ્પીએ કર્યું હતું.

**મંદિરની ચિત્રકળા**

બીકાનેરના સુપ્રસિદ્ધ ચિત્રકાર મુરાદબક્ષે વિ. સં. ૧૯૬૦માં મંદિરને અનેક ચિત્રોથી સજ્જ કર્યું. મંદિરના ગુંબજમાં સુજાનગઢનું મંદિર, સ્થૂલિભદ્રની દીક્ષા, સંભૂતિવિજયની ત્રણ શિષ્યોને ચાતુર્માસ અર્થે આજ્ઞા, ભરત બાહુબલી યુદ્ધ, દાદાવાડી, ધન્ના શાલિભદ્ર ચરિત્ર, ઈલાચીકુમાર, સુદર્શન શેઠ, વિજયાશેઠ-શેઠાણી, સમવસરણ વગેરે ૧૬ ચિત્રો સુંદર રંગોની ગોઠવણીથી ચિત્રિત કર્યા છે. તે ઉપરાંત શ્રી અરિષ્ટનેમિના લગ્નની જાનના દૃશ્યો, પશુઓનો વાડો વગેરે આઠ મોટા દૃશ્યોને ગુંબજમાં આવરી લીધા છે. દાદાસાહેબના જીવનની અણમોલ ઘટનાઓ, પ્રભુ મહાવીરના કલ્યાણક, ઉપસર્ગો, અરિષ્ટનેમિનું શંખવાદન વગેરે દૃશ્યોને ખૂબ ભાવવાહી કલા થકી જીવંત કર્યા છે. આ સુંદર દૃશ્યોમાં શ્રી ગૌતમસ્વામીની અષ્ટાપદ યાત્રા તથા શ્રીપાલ ચરિત્ર પણ છે. મંદિરમાં સુંદર રંગથી શોભતા ચિત્રો જોઈને જો એને કોઈ 'જૈન કથાનુયોગના ચિત્રોનું સંગ્રહાલય' કહે તો જરા પણ અતિશયોક્તિ નથી.

**નિર્માણકર્તા ભાંડાશાહની વંશાવળી**

મહોપાધ્યાય વિનયસાગરજીએ નાકોડા તીર્થના સ્થાપકની ઐતિહાસિક જાણકારી મેળવી તદ્નુસાર આ બંને તીર્થોના વડવાઓ કુટુંબીજનો હતા. નાકોડાના તળાવમાંથી પાર્શ્વનાથજીની પ્રતિમાને પ્રગટ કરનાર આચાર્ય જિનકીર્તિ રત્નસૂરિજીના ભત્રીજા (સંસારી) માલાશાહ હતા. શંખવાલ ગોત્રીય માલાશાહને ચાર પુત્રો હતા- સાંડાશાહ, ભાંડાશાહ, તૂંડાશાહ અને સૂંડાશાહ. આ ભાંડાશાહે બીકાનેરમાં ઈ. સ. ૧૫૧૫માં 'ત્રૈલોક્યદીપક' પ્રાસાદ કરાવ્યો.

એક કિંવદંતી અનુસાર ભાંડાશાહ અને સ્થપિત ગોદા એકવાર મંદિર નિર્માણની યોજના તૈયાર કરતા હતા ત્યારે એક બનાવ એવો બન્યો કે ગોદાને લાગ્યું કે આ શેઠ તો ખૂબ કંજૂસ છે, એ શું આવા ભવ્ય મંદિરનું નિર્માણ કરાવશે, માટે તેણે શેઠને ૧૦૦૦ મણ ઘી મંગાવીને મંદિરના પાયામાં નાખવું પડશે એમ જણાવ્યું. શેઠે શિલ્પીના સૂચન મુજબ ઘી મંગાવ્યું અને મંદિરના પાયામાં નાખવાનું શરૂ કર્યું. શિલ્પીએ જ્યારે આ જોયું ત્યારે જણાવ્યું કે 'શેઠ હું તમારી પરીક્ષા લઈ રહ્યો હતો કે આપ મંદિર નિર્માણમાં કંઈ કંજૂસાઈ તો નહીં કરો ને! આ ઘી તમે પાછું મોકલી આપો.' શેઠે વિનંતીપૂર્વક વિવેકસહ જણાવ્યું કે, 'જે નિમિત્તે ઘી આવ્યું છે તેનો ઉપયોગ એમાં જ થશે.'

આ પ્રમાણે મંદિરનો પાયો તૈયાર કરવામાં આ ઘી વાપરવામાં આવ્યું. આજે પણ ઘણીવાર ગરમીની ઋતુમાં મંદિરમાં ફર્શની ફાંટમાંથી ઘી જેવું ચીકણું પ્રવાહી બહાર ઝરે છે.

**શ્રી મિથિલા તીર્થ શિલાન્યાસ**

૧૯મા તીર્થંકર શ્રી મલ્લિનાથજી અને ૨૧મા તીર્થંકર શ્રી નમિનાથના ૪-૪ કલ્યાણકોથી અભિભૂત પાવન ભૂમિ મિથિલા તીર્થનો વિચ્છેદ લગભગ ૧૫૦ વર્ષ પહેલાં થઈ ગયો હતો. અંદાજીત અનુમાનના આધારે ઈ. સ. ૧૯૯૩ થી લલિત નાહટાએ શોધખોળ કરતાં ૨૦૦૬-૦૭માં તેમને સફળતા મળી.

ઉપરોક્ત સંશોધિત સ્થળે ૨૫ મે ૨૦૧૪માં શુભ મુહૂર્તમાં મિથિલા તીર્થનો શીલાન્યાસ અષ્ટપ્રકારી પૂજા દ્વારા કરવામાં આવ્યો. અહીં સ્થાપિત કરવામાં આવનાર બંને પરમાત્માઓની અંજનશલાકા, ભદિલપુરમાં તૈયાર થયેલ નૂતન જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે આચાર્યશ્રી મહેન્દ્રસાગરજી મહારાજ સાહેબ દ્વારા કરવામાં આવી. ✷✷✷

જૈન શ્વેતાંબર કલ્યાણક તીર્થ ન્યાસ, ૨૧, આનંદ લોક, ઑગષ્ટ ક્રાંતિ માર્ગ, ન્યૂ દિલ્હી-૧૧૦૦૪૯. ફોન : 011-2625 1065, 41740100.







# મહાતીર્થ ઉજ્જયન્તગિરિ (ગિરનાર મહાતીર્થ)

☐ કનુભાઈ શાહ

*[ શ્રી કનુભાઈ શાહ પુસ્તકાલય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા વિદ્વાન છે. તેમણે પૂર્વે ગુજરાત વિદ્યાપીઠમાં ગ્રંથપાલ તરીકે સેવા આપી હતી. બાદમાં કોબામાં કૈલાસસાગરસૂરિ જ્ઞાનભંડારમાં નિયામક તરીકે કાર્યરત હતા. હાલ નિવૃત્તિમાં ધર્મપરાયણ જીવન જીવે છે. આ લેખમાં તેમણે ગિરનાર તીર્થ વિશે વિસ્તૃત પરિચય આલેખ્યો છે. ]*

**ગિરનારનું માહાત્મ્ય :**

ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં જૈન ધર્મનાં બે મહાન તીર્થો-પાલિતાણા-શત્રુંજય અને ઉજ્જયંતગિરિ-ગિરનાર આવેલાં છે. આ બંને તીર્થોનો મહિમા અપરંપાર છે. સૌરાષ્ટ્રનો આ ગરવો પર્વત યાદવકાળથી પ્રસિદ્ધ છે. આ ગિરનાર પર્વત ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે. તેની ઊંચાઈ સમુદ્રની સપાટીએથી ૧,૧૧૬ મીટર છે. તે ૨૪ કિ.મી. લાંબો છે અને ૬.૫ કિ.મી. પહોળો છે. આ ગિરિમાળા ૭૦ ચોરસ માઈલમાં એટલે કે ૧૮૧ ચોરસ કિ.મી.માં વિસ્તરેલી છે. વર્તમાન ચોવીસીના બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના દિક્ખા (દીક્ષા), નાણ (જ્ઞાન, કેવલજ્ઞાન) અને નિવ્વાણ (નિર્વાણ) આ ગિરિવર થયાના ઉલ્લેખો ઉત્તરાધ્યયનસૂત્ર, જ્ઞાતાધર્મકથા, દશાશ્રુતસ્કન્ધ અને આવશ્યક સૂત્ર સરખા આગમોમાં મળે છે. આ ત્રણ કલ્યાણકોથી ગિરનારની ભૂમિ પવિત્ર બનેલી છે.

શ્રી ભારતી વિરચિત 'શ્રી ગિરનાર મહાતીર્થ કલ્પ'ની ગાથા નં. ૧ અને ૨માં પણ ગિરનાર તીર્થનું મહાત્મ્ય નીચે પ્રમાણે દર્શાવેલું જોવા મળે છે.

श्री विमलगिरेस्तीर्थाधिपस्य, परमं वदन्ति तत्वज्ञाः ।
शैलंमनादियुगीनं, स जयति गिरिनार गिरिराजः ।।१।।

સઘળા તીર્થોમાં ઉત્તમ વિમલગિરિ પર્વતના અનાદિ કાલીન શ્રેષ્ઠ શિખરરૂપે જે ગિરનાર તત્વજ્ઞો-જ્ઞાની ભગવંતો કહે છે. તે ગિરનાર ગિરિરાજ જય પામે છે. ।।૧।।

षट्विंशतिविंशति-षोडशदशद्वियोजन धनुः शतोच्चिशिराः ।
अवसर्पिणुषु यः खलु, सजयति गिरिनार गिरिराजः ।।२।।

અવસર્પિણીઓનાં પહેલા આરામાં ૨૬ યોજન, બીજા આરામાં ૨૦ યોજન, ત્રીજા આરામાં ૧૬ યોજન, ચોથા આરામાં ૧૦ યોજન, પાંચમા આરામાં ૨ યોજન અને છઠ્ઠા આરામાં ૧૦૦ ધનુષ ઊંચાઈવાળો જ રહે છે, તે ગિરિનાર ગિરિરાજ જય પામે છે. ।।૨।।

અવસર્પિણીના છ આરામાં આ તીર્થના અનુક્રમે ૬ (છ) નામ જાણવા મળે છેઃ (૧) કૈલાસ (૨) ઉજ્જયન્ત (૩) રૈવત (૪) સ્વર્ણગિરિ (૫) ગિરનાર અને (૬) નંદભદ્ર.

ગઈ ચોવીસીમાં થયેલા આઠ તીર્થંકર ભગવંતોના દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક ગિરનાર પર થયાં છે. (૧) શ્રી નમીશ્વર (૨) શ્રી અનિલ (૩) શ્રી યશોધર (૪) શ્રી કૃતાર્થ (૫) શ્રી જિનેશ્વર (૬) શ્રી શુદ્ધમતિ (૭) શ્રી શિવશંકર અને (૮) શ્રી સ્પંદન તેમજ બીજા બે તીર્થંકરના માત્ર મોક્ષ કલ્યાણક થયાં છે.

અનાગત ચોવીસીમાં થનારા ચોવીસ તીર્થંકરોમાંથી ચોવીસે-ચોવીસ તીર્થંકર પરમાત્માઓના મોક્ષ કલ્યાણક તેમજ ૨૩ અને ચોવીસમા તીર્થંકર પરમાત્માના વધારાના દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક ભવિષ્યમાં ગિરનાર મહાતીર્થ ઉપર થશે જેમના નામો આ પ્રમાણે છેઃ (૧) પદ્મનાભ (૨) શ્રી સુરદેવ (૩) શ્રી સુપાર્શ્વ (૪) શ્રી સ્વયંપ્રભ (૫) શ્રી સર્વાનુભૂતિ (૬) શ્રી દેવશ્રુત (૭) શ્રી ઉદય (૮) શ્રી પેઢાલ (૯) શ્રી પોટ્ટીલ (૧૦) શ્રી સત્કીર્તિ (૧૧) શ્રી સુવ્રત (૧૨) શ્રી અમમ (૧૩) શ્રી નિષ્કષાય (૧૪) નિષ્પુલાક (૧૫) શ્રી નિર્મમ (૧૬) શ્રી ચિત્રગુપ્ત (૧૭) શ્રી સમાધિ (૧૮) શ્રી સંવર (૧૯) શ્રી યશોધર (૨૦) શ્રી વિજય (૨૧) મલ્લિજિન (૨૨) શ્રી દેવ (૨૩) શ્રી અનન્તવીર્ય (૨૪) શ્રી ભદ્રકૃત.

**ઐતિહાસિક ભૂમિકા :**


આ ગિરનાર ગિરિવરનું વર્તમાનમાં જે મહત્ત્વ છે તેના કરતાં ભવિષ્યમાં આ ક્ષેત્રનું મહત્ત્વ કહી ન શકાય તેટલું વધવાનું છે. ગિરનાર ગિરિવર પ્રાયઃ શાશ્વત છે. પાંચમા આરાના અંતે જ્યારે શત્રુંજયની ઊંચાઈ ઘટીને સાત હાથ થશે ત્યારે ગિરનારની ઊંચાઈ સો ધનુષ્ય રહેશે.

આ રૈવતાચલગિરિ પુંડરિક ગિરિરાજનું સુવર્ણમય પાંચમું શિખર છે. જે મંદાર અને કલ્પવૃક્ષોથી વીંટળાઈને રહેલું છે, તે મહાતીર્થ હંમેશાં ઝરતા ઝરણાંઓથી ભવ્ય પ્રાણીઓના પાપોનું પ્રક્ષાલન કરે છે, એ સ્પર્શ માત્રથી પણ હિંસાને ટાળી દે છે.

ઇતિહાસવિદોના કથન પ્રમાણે ગિરનારની તળેટીનો પ્રદેશ નંદો કે મૌર્ય ચંદ્રગુપ્તના સમયમાં વસી ચૂક્યો હતો અને તેને ગિરિનગર નામ આપવામાં આવ્યું હતું. એનું બીજું નામ રૈવતકનગર પણ હતું. મૌર્યોના સમયમાં એની પ્રસિદ્ધિ ઘણી હતી, એ પછી તો એ સુરાષ્ટ્રની પાટનગરી પણ બની ચૂકી હતી, ચંદ્રગુપ્ત મૌર્યે અહીં સુદર્શન તળાવ બંધાવ્યું હતું, જેનો ઉદ્ધાર મહા ક્ષત્રપરાજા રુદ્રમાએ ઈ. સ. ૧૫૦ (શક સં. ૭૨) માં અને સમુદ્રગુપ્તના સુબા ચક્રપાલિને







ઈ. સ. ૪૫૫-૫૬માં કરાવ્યો હતો, એવી હકીકત અહીંનો શિલાલેખ પૂરો પાડે છે. આજે આ તળાવનો પત્તો નથી.

જ્ઞાનચંદ્રકૃત સંસ્કૃતભાષા-નિબદ્ધ 'શ્રી રૈવતગિરિ તીર્થ–સ્તોત્ર'માં તીર્થનાયક જિન અરિષ્ટનેમિને પ્રધાનતા અપાઈ છે; એમનો તથા રૈવતગિરિનો મહિમા પ્રારંભના પાંચ પદ્યોમાં કહ્યો છે. તે પછી વાગ્ભટ્ટમંત્રી કારિત, ગિરનાર પર ચઢવાની પદ્યા (પાજા) વિશે આલંકારિક વાક્યો કહી, ક્રમશઃ ગિરિસ્થિત અર્ચનીય સ્થાનોનો ઉલ્લેખ કર્યો છે.[૨]

ઉજ્જયન્તગિરિનાં મંદિરો અનુલક્ષીને લખાયેલાં મધ્યકાલીન કલ્પો, રાસો, સ્તોત્રો, સ્તવનો, ચૈત્યપરિપાટીઓ અને પ્રબંધો ઉપરાંત અભિલેખોમાં અઢળક માહિતી આ તીર્થ વિશે મળે છે.

**શ્રી નેમિનાથ ભગવાનનું જીવનવૃત્તઃ**

સૌરીપુરીના રાજા સમુદ્રવિજયની પટ્ટરાણી શ્રી શિવાદેવીએ આસો વદ ૧૨ની રાત્રિએ અંતિમ પ્રહરમાં તીર્થંકરસૂચક ૧૪ સ્વપ્નો જોયાં. એ જ વખતે શંખરાજાનો જીવ તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી ચ્યવીને શિવાદેવીની કુક્ષિમાં પ્રવેશ્યો. ગર્ભકાળના દિવસો પૂર્ણ થતાં શ્રાવણ સુદ ૫ના શુભ દિને ચિત્રા નક્ષત્રમાં શિવાદેવીએ શ્યામવર્ણ અને શંખ લક્ષણવાળા પુત્રરત્નને જન્મ આપ્યો. છપ્પન દિક્કુમારીઓ અને ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ દ્વારા પ્રભુનો જન્મકલ્યાણક ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો.

પુત્રજન્મની ખુશાલીમાં રાજદરબારમાં જન્મોત્સવની પણ ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી. શિવાદેવીએ ગર્ભકાળમાં અરિષ્ટમય ચક્રધારા જોઈ હતી એટલે પુત્રનું નામ 'અરિષ્ટનેમિ' પાડવામાં આવ્યું. કુમારપણાના ત્રણસો વર્ષ વ્યતિત કરી પ્રભુ યુવાનસ્થાને પહોંચ્યા. મહારાજા અને મહારાણી નેમિકુમારના લગ્ન માટે ખૂબ આગ્રહ કરતાં. આ ઉપરાંત કૃષ્ણવાસુદેવની સત્યભામા, રુકૂમણિ, સુસીમા, પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, જાંબવતી એમ આઠે પટ્ટરાણીઓ પણ નેમિકુમારને લગ્ન માટે આગ્રહ કરતી. નેમિકુમાર આ બધા પ્રસંગે મૌન રહેલા જાણી નેમિકુમાર લગ્ન માટે તૈયાર જ છે એમ મૌનને સંમતિ માની લીધી. સમગ્ર રાજમહેલમાં ઉત્સાહનો સંચાર થયો. એ જ સમયે મથુરા નગરીના રાજવી ઉગ્રસેનની રાજકન્યા રાજીમતીનું માગું આવતાં નેમિકુમારના અને રાજીમતીના વિવાહ નક્કી થયા.

લગ્નમુહૂર્ત માટે રાજજ્યોતિષીને બોલાવવામાં આવ્યા. રાજજ્યોતિષીએ જણાવ્યું કે હમણાં વર્ષાકાળમાં લગ્ન જેવું મંગલકાર્ય થઈ શકે નહિ. આ સાંભળીને કૃષ્ણવાસુદેવે તુરત જ જ્યોતિષીને કહ્યું કે નેમિકુમાર લગ્ન માટે માંડ માંડ તૈયાર થયા છે, જો વિલંબ કરીશું તો એમનું માનસ પરિવર્તન થઈ જાય માટે લગ્નના મુહૂર્તમાં વિલંબ ચાલે નહિ. અંતે શ્રાવણ સુદ છઠ્ઠનો દિવસ નક્કી થયો.

નેમિકુમારની વિશાળ જાન દ્વારિકા નગરીથી નીકળી મંગલ ગીતોના ગાન સાથે ઉગ્રસેન રાજાના મહેલ તરફ આવતાં રસ્તામાં પશુઓનો આર્તનાદ નેમિકુમારના કાને પડ્યો. સારથીને આનું કારણ પૂછતાં જાણવા મળ્યું કે ભોજનમાં આ પ્રાણીઓનો ઉપયોગ થવાનો છે. આ પ્રાણીઓનો જીવ બચાવવા નેમિકુમારે રથને પાછો વાળવાનો આદેશ કર્યો. નેમિકુમારનો રથ પાછો વળતાં જાણી વાતાવરણ અત્યંત સ્તબ્ધ બની ગયું. નેમિકુમારને રાજીમતીમાં હવે મોહ ન રહેતાં મુક્તિરૂપી વધૂની લગની લાગી હોય એમ જણાયું. પ્રભુ તો રાજીમતીને પોતાના આઠ આઠ ભવોનો સંકેત આપવા જાણે પધાર્યા ન હોય એમ પાછા વળી ગયા!

લોકાંતિક દેવોની ધર્મતીર્થ પ્રવર્તનની માંગણી સ્વીકારી પ્રભુએ વર્ષીદાનનો પ્રારંભ કર્યો. વર્ષીદાન આપી શક્ર આદિ ઈન્દ્રો સાથે ઉત્તરકુરુ નામની શિબિકામાં આરૂઢ થઈ નગરી બહાર નીકળી ઉજ્જયંત (ગિરનાર) પર્વત પર સહસાવન (સહસ્ત્રામ્રવન)માં પધાર્યા. શ્રાવણ સુદ ૬ (છઠ્ઠ)ના દિવસે ચિત્રા નક્ષત્રમાં દિવસના પૂર્વ ભાગમાં એક હજાર રાજાઓ સાથે પ્રભુએ સર્વવિરતિ અંગીકાર કરી ત્યાં જ પ્રભુને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. પ્રભુ આ સ્થળેથી ચોપ્પન દિવસ અન્યત્ર વિહાર કરીને શ્રી નેમિનાથ પ્રભુ ફરીથી સહસાવનમાં પધાર્યા. આસો વદ અમાસ (ભાદરવા વદ અમાસ)ના દિવસે વેતસ વૃક્ષની નીચે અઠ્ઠમતપના તપસ્વી પ્રભુ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ઘાતીકર્મનો ક્ષય કરી ચિત્રા નક્ષત્રમાં દિવસના પૂર્વ ભાગમાં અઠ્ઠમ તપ વડે કેવળજ્ઞાન પામ્યા. શ્રી રાજીમતી પણ પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી અને તપશ્ચર્યા કરતાં કરતાં મોક્ષપદને પામ્યાં.

શ્રી નેમિનાથ ભગવાનને વરદત્ત વગેરે ૧૧ ગણધરો હતા, ૧૮ હજાર સાધુઓ, ૪૦ હજાર સાધ્વીઓ, એક લાખ ૬૯ હજાર શ્રાવકો અને ૩ લાખ ૨૬ હજાર શ્રાવિકાઓ હતી. શ્રી નેમિનાથ પ્રભુના ગોમેધ નામનો યક્ષ અધિષ્ઠાયક દેવ બન્યો. અત્રે શ્રી અંબિકાદેવી અધિષ્ઠાયિકા દેવી બન્યાં.

શ્રી નેમિનાથ ભગવાન એક માસનું અનશન કરી પર્યકાસને બેસી ગિરનાર પર્વતની ચોથી ટૂંકે 'શ્યામશિલા' ઉપર ૫૩૬ મુનિવરો સાથે અષાઢ સુદ ૮ની રાત્રે પૂર્વ ભાગમાં મોક્ષે ગયા. શ્રી નેમિનાથ ભગવાન ૩૦૦ વર્ષ કુમારાવસ્થામાં, ૫૪ દિવસ મુનિપણે રહ્યા અને ૭૦૦ વર્ષ કેવળીપણે રહી નિર્વાણપદને પામ્યા. ચોથી ટૂંક પર એક 'શ્યામશિલા' પર શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમાજી તથા બીજી શિલામાં પગલાં છે. આ ટૂંકને મોક્ષ ટૂંક પણ કહેવામાં આવે છે.

x x x

શ્રી ગિરનાર તીર્થ ઉપર બિરાજમાન મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા કરતાં

પણ પ્રાચીન છે. ગઈ ચોવીસીના ત્રીજા તીર્થંકર શ્રી સાગર નામના ભગવાને પાંચમા દેવલોકના ઈન્દ્રને કહ્યું કે 'તમો આવતી ચોવીસીના બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથના ગણધર બનીને મોક્ષે જશો.' આથી પાંચમા દેવલોકના ઈન્દ્રે શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ બનાવી ભક્તિ કરવા લાગ્યા. તે મૂર્તિ શ્રી નેમિનાથના સમય સુધી ઈન્દ્રલોકમાં હતી. પછીથી શ્રી કૃષ્ણના ગૃહમંદિરમાં રહી હતી. જ્યારે દ્વારિકા નગરી ભસ્મ થઈ ત્યારે શ્રી અંબિકાદેવીએ આ પ્રતિમાને તેમના વિમાનમાં રાખ્યાં હતાં. પછીથી આ મૂર્તિ શ્રી રત્ના શ્રાવકને આપવામાં આવી.

**રત્ના શ્રાવક**

કાંપિલ્યનગરમાં રહેતો ધનવાન રત્નસાર શ્રાવક બાર બાર વર્ષના દુષ્કાળના કારણે પોતાની આજીવિકા અને ધનોપાર્જન માટે દેશાંતરમાં ફરતો ફરતો કાશ્મીર દેશના નગરમાં જઈને વસ્યો હતો. રત્નસાર શ્રાવક પોતાના પ્રચંડ પુણ્યોદયથી દિનપ્રતિદિન અઢળક સંપત્તિ કમાવા લાગ્યો. સંપત્તિનો સંગ્રહ કરવાને બદલે સંપત્તિના સદ્વ્યય માટે શ્રી આનંદસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સિદ્ધાચલ, ગિરનાર આદિ મહાતીર્થોની સ્પર્શના કરવા પગપાળા સંઘનું આયોજન કર્યું. આનંદોલ્લાસપૂર્વક શાશ્વત તીર્થ સિદ્ધાચલની ભક્તિ કરી શ્રી સંઘ રૈવતગિરિ આવી પહોંચ્યો. ત્યાં અભિષેક સમયે નેમિનાથ પ્રભુની મૂર્તિ પાણીમાં ઓગળી ગઈ. આથી દુઃખી રત્નસાર શ્રાવકે ૨૧ દિવસ ઉપવાસ કર્યા.

શ્રી રત્નસાર શ્રાવકની તપશ્ચર્યા અને અતિશય ભક્તિના કારણે શ્રી અંબિકાદેવીએ પ્રસન્ન થઈને બ્રહ્મેન્દ્ર દ્વારા રત્ન-માણિક્યના સાર વડે બનાવાયેલ સુદૃઢ, વીજળી, વાવાઝોડાં, અગ્નિ, જલ કે લોખંડ, પાષાણ કે વજ્રથી પણ અભેદ મહાપ્રભાવક એવી આ પ્રતિમાને અર્પણ કરી. અંબિકાદેવીના આદેશ મુજબ શ્રી રત્ના શાહ ઉજ્જયન્તગિરિ પર પશ્ચિમાભિમુખ પ્રાસાદ કરાવે છે. શ્રી સકળ સંઘની હાજરીમાં આ મૂર્તિની હર્ષોલ્લાસપૂર્વક વિ. સં. ૬૦૯માં પ્રતિષ્ઠા મહોત્સવ કરાવી સ્થાપિત કરી. શ્રી રત્નસાર શ્રાવક પોતાની સંપત્તિનો સદુપયોગ કરી સુરાષ્ટ્રની ભૂમિને જિનપ્રાસાદોથી વિભૂષિત કરી સાત ક્ષેત્રોમાં દ્રવ્ય ખર્ચીને પ્રભુ ભક્તિ કરતો પરંપરાએ મોક્ષ સુખને પામશે.

**શ્રી નેમિનાથ ભગવાનની પ્રાચીનતાનો કાળ**

શ્રી નેમિનાથ ભગવાનનાં નિર્વાણના ૨૦૦૦ વર્ષ પછી પ્રતિષ્ઠિત થયેલ હોવાથી તેમના શાસનના શેષ ૮૨૦૦૦ વર્ષ, શ્રી પાર્શ્વનાથ શાસનના ૨૫૦ વર્ષ + શ્રી મહાવીર સ્વામિ શાસનના ૨૫૩૮ વર્ષથી આ પ્રતિમા પ્રતિષ્ઠિત થયેલ છે. લગભગ ૮૨૦૦૦ + ૨૫૦ + ૨૫૩૮ = લગભગ ૮૪૭૮૮ વર્ષથી આ પ્રતિમા આ સ્થાને બિરાજમાન છે. વર્તમાન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા ૧૬૫૭૩૫ વર્ષ ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષ પ્રાચીન છે.[૩]

**શ્રી ગિરનાર તીર્થના ઉદ્ધારો**

**પહેલો ઉદ્ધાર :** પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર શ્રી ભરત મહારાજા શ્રી ઋષભદેવ ભગવંતના મુખેથી શ્રી સિદ્ધગિરિજી, શ્રી રૈવતગિરિ, શ્રી અર્બુદાગિરિ, શ્રી રાજગૃહી તથા શ્રી સમેતશિખરજીનું મહાત્મ્ય સાંભળીને સંઘ સાથે તથા નાભ ગણધર સાથે યાત્રાએ નીકળ્યા. ઈન્દ્ર મહારાજાની આજ્ઞાથી શ્રી સિદ્ધગિરિજી ઉપર 'તૈલોક્યવિભ્રમ' નામનો સુંદર પ્રાસાદનું નિર્માણ કરાવીને તેમાં ઋષભદેવ ભગવાનની રત્નમય મૂર્તિ સ્થાપન કરી અન્ય ત્રેવીસ તીર્થંકર ભગવાનના પ્રાસાદો બનાવી તેમાં દરેક ભગવાનની મનમોહક મૂર્તિઓની સ્થાપના કરી શ્રી સંઘ કદંબગિરિ, હસ્તગિરિ થઈ. રૈવતગિરિ પધાર્યો.

આ ગિરિવર ઉપર બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ કલ્યાણક થવાના છે તે જાણી ભરત મહારાજાએ ગિરનાર ઉપર ભવ્ય ઊંચું અને વિશાળ સ્ફટીક રત્નમય જિનાલય બંધાવ્યું. તેનું નામ 'સુરસુંદરપ્રાસાદ' આપ્યું. તેમાં નીલમણિમય શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિ સ્થાપન કરી. અંજનવિધિ અને પ્રતિષ્ઠાવિધિ શ્રી નાભ ગણધર ભગવંત પાસે મહોત્સવપૂર્વક કરાવી.

| | |
|---|---|
| **બીજો ઉદ્ધાર** | : શ્રી દંડવીર્ય રાજાએ કરાવ્યો. |
| **ત્રીજો ઉદ્ધાર** | : બીજા દેવલોકના ઈન્દ્ર શ્રી ઈશાનઈન્દ્રે કરાવ્યો. |
| **ચોથો ઉદ્ધાર** | : ચોથા દેવલોકના ઈન્દ્ર શ્રી મહેન્દ્રએ કરાવ્યો. |
| **પાંચમો ઉદ્ધાર** | : પાંચમા દેવલોકના ઈન્દ્ર શ્રી બ્રહ્મેન્દ્રએ કરાવ્યો. |
| **છઠ્ઠો ઉદ્ધાર** | : ભવનપતિકાયના ઈન્દ્રોએ કરાવ્યો. |
| **સાતમો ઉદ્ધાર** | : શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં શ્રી સાગર ચક્રવર્તીએ કરાવ્યો. |
| **આઠમો ઉદ્ધાર** | : શ્રી અભિનંદનસ્વામિના સમયમાં. વ્યંતર નિકાયના ઈન્દ્રે કરાવ્યો. |
| **નવમો ઉદ્ધાર** | : શ્રી ચન્દ્રપ્રભ સ્વામિના સમયમાં શ્રી ચંદ્રયશ રાજાએ કરાવ્યો. |
| **દશમો ઉદ્ધાર** | : શ્રી શાંતિનાથ ભગવાનના સમયમાં શ્રી ચક્રધર રાજાએ કરાવ્યો. |
| **અગિયારમો ઉદ્ધાર** | : શ્રી મુનિસુવ્રત સ્વામિના સમયમાં શ્રી રામચંદ્રજીએ કરાવ્યો. |
| **બારમો ઉદ્ધાર** | : પાંડવોએ બારમો ઉદ્ધાર કરાવ્યો. |
| **તેરમો ઉદ્ધાર** | : શ્રી મહાવીર સ્વામિના નિર્વાણ પૂર્વે પહેલી સદીમાં રેવાનગરના રાજા શ્રી નેબુસદનેઝરે શ્રી નેમિનાથ પ્રભુનું મંદિર નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ પ્રભાસ-પાટણમાં પ્રાપ્ત થયેલા એક તામ્રપત્રમાં મળે છે. |

**પાંચમા આરામાં થયેલા ઉદ્ધારો :**

**ચૌદમો ઉદ્ધાર:**

વિ. સં. ૬૦૯માં સૌરાષ્ટ્રનાકાંપિલ્યપુરના શ્રી રત્નસાગર શ્રાવક અને શ્રી અજિત શ્રાવકે શ્રી આનંદસૂરીશ્વરજી મ.સાહેબની નિશ્રામાં સંઘ કાઢીને સિદ્ધાચલજીની યાત્રા કરી શ્રી રૈવતગિરિ પધાર્યાં. શ્રી નેમિનાથ ભગવાનનો પ્રક્ષાલ કરતાં લેપ નીકળી ગયો, અને મૂર્તિ ઓગળી ગઈ. આથી શ્રી રત્ના શાહે શ્રી અંબિકાદેવીની તપ વડે સાધના કરી અને દેવીએ પ્રસન્ન થઈને શ્રી નેમિનાથ ભગવાનની ગઈ ચોવીસીના ત્રીજા તીર્થંકર શ્રી સાગર નામના ભગવાનના સમયમાં પાંચમા દેવલોકના ઈન્દ્રએ જે પ્રતિમા ભરાવી હતી તે શ્રી રત્નાશાહને આપી. શ્રી રત્નાશાહ અને અજીત-શાહે આ તીર્થનો ઉદ્ધાર કરાવીને આ પ્રાચીન મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. આજે આપણે આજ મૂર્તિના દર્શન-પૂજન કરીએ છીએ.

**પંદરમો ઉદ્ધાર :**

વિક્રમની નવમી સદીમાં કાન્યકુબ્જ (કનોજ)ના આમ રાજાએ ઉદ્ધાર કરાવ્યો.

**સોળમો ઉદ્ધાર :**

સં. ૧૧૮૫માં શ્રી સિદ્ધરાજ જયસિંહના સમયમાં શ્રી સજ્જન મંત્રીએ કરાવ્યો હતો.

સંવત ૧૧૨૪માં શ્રી બાહડ મંત્રી શ્રી ગિરનારજીની યાત્રા કરવા આવ્યા ત્યારે અંબિકાદેવીની આરાધના કરીને દેવીએ સૂચવ્યા પ્રમાણે ૬૩ લાખ દ્રવ્ય ખર્ચીને નવાં પગથિયાં બનાવ્યાં.

તેરમી સદીમાં શ્રી વસ્તુપાલ-તેજપાલે ઉદ્ધાર કરાવ્યો.

ચૌદમી સદીમાં સોની સમરસિંહે ઉદ્ધાર કરાવ્યો.

સત્તરમી સદીમાં શ્રી વર્ધમાન તથા શ્રી પદ્મસિંહે ઉદ્ધાર કરાવ્યો.

વીસમી સદીમાં શ્રી નરશી કેશવજીએ ઉદ્ધાર કરાવ્યો.

આ સિવાય રાજા સંપ્રતિ, રાજા કુમારપાળ, મંત્રી સામંતસિંહ, સંગ્રામ સોની વગેરે અનેક રાજાઓ, મંત્રીઓ તથા શ્રેષ્ઠીઓ દ્વારા અહીંયાં ઉદ્ધાર કરાવ્યાના તથા નવા મંદિરો નિર્માણ કરાવ્યાના ઉલ્લેખ મળે છે.

**શ્રી ગિરનાર તીર્થ : તળેટી :**

જૂનાગઢ સ્ટેશનથી તળેટી ૬.૫ કિ.મી. દૂર છે. તળેટીમાં સુરત નિવાસી શેઠ પ્રેમચંદ રાયચંદની તથા શ્રી ફૂલચંદભાઈની જૈન ધર્મશાળા, ભોજનશાળા તથા શ્રી આદિશ્વર ભગવાનનું દેરાસર છે. અહીં યાત્રિકોને ભાતું અપાય છે. શ્રી સિદ્ધસૂરિ મ.સા. તેમ જ શ્રી કૈલાસસાગરસૂરિ મ.સા.ની પુણ્ય સ્મૃતિમાં 'શ્રી સિદ્ધિ કૈલાસ ભવન'નું નિર્માણ થયું છે. ગિરિરાજ ઉપર જવા માટે ડોળીની વ્યવસ્થા છે.

**શ્રી ગિરિરાજ ઉપર આવેલાં મંદિરો :**

તળેટીથી પહેલી ટૂંકનું ચઢાણ ૩ કિ.મી. છે અને પગથિયાં ૪૨૦૦ છે.

**નેમિનાથ ભગવાનની ટૂંક :**

રૈવતગિરિ પહાડ પર આવેલા મંદિરોના નિર્માણમાં વિશિષ્ટ કોટિની કાર્યકૌશલતાના દર્શન થાય છે. શિલ્પકલાના સૌંદર્યની વૈવિધ્યતાના કારણે પ્રત્યેક જિનમંદિરો પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે. આબુ-દેલવાડા-રાણકપુર અને જેસલમેર આદિ જિનાલયોની કલાકૃતિ અને ઝીણી કોતરણીની યાદ અપાવે તેવી વિશિષ્ટ કલાકૃતિ આ ગિરનાર મહાતીર્થના જિનાલયોમાં જોવા મળે છે. મનોહર અને નયનરમ્ય એવા જિનાલયોની જિનપ્રતિમા તથા કળા-કુશળતા નિરખતાં ચિત્ત પ્રસન્નતાનો અનુભવ કરે છે.

**(I) નેમિનાથ જિનાલય :**

શ્રી નેમિનાથ જિનાલયના પ્રાંગણમાં પ્રવેશ કરતાં જ શ્રી નેમિનાથ ભગવાનના વિશાળ અને ભવ્ય ગગનચુંબી શિખરબંધી જિનાલયના દર્શન થાય છે. જિનાલયના દક્ષિણદ્વારથી પ્રવેશ કરતાં ૪૧.૬ ફૂટ પહોળો અને ૪૪.૬ ફૂટ લાંબો રંગમંડપ આવે છે, જેના મુખ્ય ગભારામાં ગિરનાર ગિરિભૂષણ શ્રી નેમિનાથ પરમાત્માની ચિત્તને અનેરો આનંદ અને શાંતિ આપતી શ્યામવર્ણીય પદ્માસનસ્થ ૬૧ ઈંચની મનોહર પ્રતિમા બિરાજમાન છે.

શ્રી નેમિનાથ પરમાત્માની શ્યામ મનોહર પ્રતિમાના દર્શન કરતાં મન આનંદવિભોર બન્યું, ચિત્ત પ્રસન્નતાને પામ્યું ત્યારે હૃદય કોઈ અવર્ણનીય વિચારોના વમળમાં ગૂંથાઈ ગયું. શ્રી નેમિજિનના દર્શન કરતાં હૃદયમાં ઉભરાતા આનંદ-પ્રસન્નતાના વિચારોને ભક્તહૃદય કવિઓએ શબ્દોમાં કંડારવાનો જે પ્રયત્ન કર્યો છે તે અત્રે નમ્રભાવે રજૂ કરું છું:

*'મેં આજ દરિસણ પાયા, શ્રી નેમિનાથ જિનરાયા'*-

સ્તવનની પંક્તિ યાદ આવી ગઈ અને મન તુરત જ હરખભીનું બનીને ગણગણવા લાગ્યું કે:-

*મારી આજની ઘડી રળિયામણી,*
*હાં રે મને વ્હાલો મળ્યાની વધામણી જી રે,*
*હાંરે તારી ભક્તિ કરવાને કાજ આવીયો,*
*હાંરે મારા અંતરમાં થયું અજવાળું જી રે.*

હજુ આ પંક્તિ પૂરી થઈ, ન થઈ ત્યાં સુધીમાં તો તારી અમી ભરેલી મૂર્તિને જોઈને બીજી એક પંક્તિની યાદી આવી ગઈ.

*તારી મૂર્તિએ મન મોહ્યું રે મનના મોહનીયા,*
*તારી સૂરતિએ જગ સોહ્યું રે જગના જીવનીયા.*

x x x

*રૂપ તારું એવું અદ્ભુત, પલક વિણ જોયા કરું,*
*નેત્રે તારા નિરખી નિરખી, પાપ મુજ ધોયા કરું.*

પ્રભુના દર્શન થતાંની સાથે આનંદની છોળો ઊઠી, સાગરના

મોજાંની જેમ હૃદયમાં લાગણીઓના પૂર ઊમટ્યાં. આનંદ અને લાગણીઓના મોજાં શાંત થતાં પ્રભુ કેવા છે તેના વિચારોનો પાદુર્ભાવ મનમાં શરૂ થયોઃ

*તું વિતરાગી, હું રાગી,*
*તું ગુણોનો સાગર, હું દુર્ગુણોનો દરિયો,*
*તું ઉપકારી, હું સ્વાર્થી,*
*તું મુક્તિપુરીનો વાસી, હું સંસારનો પ્યાસી;*
*તું રાગદ્વેષથી પર, હું રાગદ્વેષમાં ચકચૂર;*
*તું મોક્ષનગરનો સથવારો, હું મોહનગરનો વસનારો.*

હે પ્રભુ! તમે પત્થરને પારસ કરનારા, તમે કથીરને કંચન કરનારા, જીવનની જ્યોતિ ધરનારા, અંતરનું તિમિર હરનારા-આવા મારા દેવાધિદેવને નમોજિણાણં.

આવા પ્યારા પ્રભુના ગુણોનું રટણ કરતાં કરતાં વળી કેટલીક પંક્તિઓ સ્મરણપટ પર અંકિત થઈ મનમાં તે ઘોળાવી લાગીઃ

*ત્રણ લોકના નાથ મળ્યા મને, સદ્ભાગ્ય મુજ ઊઘડી ગયું,*
*ભવમાં ભમતાં મેં દરિશન પાયો,*
*આશા પૂરો એક પલમેં સાહેબજી.*

x x x

*ધન્વંતરી છો, વૈદ્ય છો, મારા જીવનના ઓ પ્રભુ,*
*ભવરોગના વળગાડને પણ દૂર કરજો હે વિભુ.*

x x x

*પ્યારા નેમ પ્રભુજી મન મંદિરીયે પધારજો રે,*
*રાગ ને રોગ શત્રુને ધ્યાનથી દૂર નિવારજો રે.*

ત્રણ જગતના નાથ એવા દેવાધિદેવને ભક્ત હૃદયે ફરિયાદ કરી કેઃ

*ત્રણ જગતના આધાર, મારી કથની જઈ કોને કહું,*
*કાગળ લખું પહોંચે નહિ, ફરિયાદ જઈ કોને કરું,*
*તું મોક્ષની મોઝારમાં, હું દુઃખભર્યા સંસારમાં,*
*જરા સામું પણ જુઓ નહિ તો ક્યાં જઈ કોને કહું.*

પ્રભુ સમક્ષ પ્રાર્થના, ભક્તિ, ફરિયાદ કર્યા પછી ત્રિલોકનાથના દર્શનથી આપણને શું પ્રાપ્ત થાય છે તેને ભક્ત વાચા આપે છેઃ

હે નેમિજિન!

તમારા દર્શન માત્રથી અમારા વિકારો શમી જાય છે.

તમારા પુનિત સ્પર્શથી અમારા વિચારોના તોફાન શાંત થાય છે.

તમારા સ્મરણની પવિત્રતાથી વેદના અને વ્યાધિમાં નિરાંત મળે છે.

શાશ્વતા ગિરિરાજ એવા ગિરનારના ઊંચાં શિખરો ઉપર તારા બેસણા અમારી આત્મિક ઊંચાઈને વધારવામાં મદદરૂપ બને છે.

જીવનના પ્રત્યેક વ્યવહારમાં અનુભવાતી ચિત્તપ્રસન્નતાની ખામી તારા દર્શન અને વિચાર માત્રથી પૂર્ણ થાય છે.

ત્રણ લોકના સ્વામી હોવા છતાંય તારી સાથેની આત્મીયતા તારા દર્શનથી વધારે શ્રદ્ધાન્વિત અને દૃઢ થાય છે.

હે પ્રભુ! હે નેમિજિન!

તારા ચરણથી, તારા શરણથી અને તારા સ્મરણથી તરી ગયેલા જીવોની નોંધ બહુ લાંબી છે, તો તારી ભક્તિ ને શ્રદ્ધાના બળે તરી ગયેલા પૂણ્ય ધનિકોની યાદી પણ કંઈ નાની નથી. પ્રભુ, મારી તને એટલી જ અરજ છે કે આ યાદીમાં મારું નામ પણ ઉમેરાય એવો કોઈક માર્ગ આપ. આવી નોંધમાં મારું નામ ચડી જાય એવી કોઈક કેડી મને સુઝાડ એ જ મારી તને હૈયાના ઊંડાણથી પ્રાર્થના છે.

પ્રભુ, મારી પ્રાર્થના સાંભળીને મને કોઈક માર્ગ કે કેડી જરૂર સુઝાડશે, પણ પ્રાર્થનાની સાથે-સાથે પ્રભુના અંતરમાં પ્રવેશ પામવા મારે પણ કંઈક તો કરવું જોઈએ ને! આ વિચારમાં મને થયું કે :

આપણા શરીરના સાડાત્રણ કરોડ રૂંવાટા છે. આપણે રોમે રોમમાં પ્રભુને વસાવવા જોઈએ. તે માટે પ્રભુનો જાપ હૃદયમાં વસાવવો જોઈએ. શ્રી નેમિજિનનો જાપ હૃદયમાં વસાવીએ તો પ્રભુ, આપણી પ્રાર્થના સાંભળે, સાંભળે અને સાંભળે જ એવી દૃઢ શ્રદ્ધા કેળવીએ.

જાપ મંત્ર : 'ઉજ્જિંત સેલસિહરે દીક્ખા નાણં નિસ્સીહીયા જસ્સ,
તમ્ ધમ્મ અક્કવટ્ટીં અરિટ્ઠનેમિં નમંસામિ'

અર્થ : 'ઉજ્જંયતગિરિ (ગિરનાર)ના શિખરે દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ–એમ ત્રણ કલ્યાણકો થયાં છે તે ધર્મચક્રવર્તી શ્રી નેમિનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું.'

અથવા

'ૐ હ્રીં શ્રી નેમિનાથાય નમઃ'

શ્રી નેમિપ્રભુને પ્રાર્થના પૂરી કરીને મારી યાત્રા આગળ વધી.

ગિરિરાજ ઉપર પહોંચતાં નેમિનાથ ભગવાનની પ્રથમ ટૂંક આવે છે. ત્યાંથી આગળ જતાં ગિરનાર મંડન શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયના પ્રાંગણનો પ્રારંભ થાય છે. આ ચોક ૧૩૦ ફુટ પહોળો તેમજ ૧૯૦ ફુટ લાંબો છે, જેમાં મુખ્ય જિનાલયની ફરતી ભમતીમાં ૮૪ દેરીઓ છે. જિનાલયના દક્ષિણદ્વાર બહાર જ જમણા હાથે ૧૧ અંબિકાદેવીની દેરી આવે છે. મૂળનાયકની ફરતી ભમતી તથા રંગમંડપમાં તીર્થંકર પરમાત્માની પ્રતિમાઓ તથા યક્ષ-યક્ષિણી અને ગુરુભગવંતની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવેલી છે. આ રંગમંડપની આગળ ૨૧ ફૂટ પહોળો અને ૩૮ ફૂટ લાંબો બીજો રંગમંડપ આવે છે, જેમાં મધ્યમાં ગણધર ભગવંતોના લગભગ ૮૪૦ પગલાંની જોડની સ્થાપના કરવામાં આવેલ છે. પ્રતિષ્ઠા વિ. સં. ૧૬૯૪ ચૈત્ર વદ બીજના દિવસે કરવામાં આવેલ છે. આજુબાજુ તીર્થંકર પરમાત્માની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવેલ છે. આ જિનાલયની બહાર ભમતીમાં પશ્ચિમ દિશાથી શરૂ કરતાં વિ. સં. ૧૨૮૭માં પ્રતિષ્ઠા કરેલ નંદીશ્વરદ્વીપનો પટ, જિનપ્રતિમાઓ, પદ્માવતીજીની મૂર્તિ, સમેતશિખરજી તીર્થનો પટ, શત્રુંજય

મહાતીર્થનો પટ, શ્રી નેમિનાથ જીવનચરિત્રનો પટ, શ્રી મહાવીર પ્રભુની પાટ પરંપરાના પગલાં, જૈન શાસનના વિવિધ અધિષ્ઠાયક દેવ-દેવીની પ્રતિમા, શાસનદેવી અંબિકાની દેરી, શ્રી નેમિનાથ તથા શ્રી મહાવીર પ્રભુનાં પગલાંની દેરી, શ્રી વિજયાનંદસૂરિ (પૂ. આત્મારામજી) મહારાજ સાહેબની પ્રતિમા આદિ સ્થાપન કરેલ છે.

ભમતીમાં એક ઓરડામાં શ્રી આદિનાથ ભગવાન, સાધ્વી રાજીમતીજી આદિની ચરણપાદુકા તથા ગિરનાર તીર્થનો જિર્ણોદ્ધાર કરાવનાર પ. પૂ. આ. નીતિસૂરિ મ. સાહેબની પ્રતિમા બિરાજમાન છે. તે જ ઓરડામાં એક ભોંયરામાં મૂળનાયક તરીકે શ્રી અમીઝરા પાર્શ્વનાથ ભગવાનની ૬૧ ઈંચની શ્વેતવર્ણીય પ્રતિમા બિરાજમાન છે.

**(II) જગમાલ ગોરધનનું જિનાલય**

શ્રી નેમિનાથ ભગવાનના મુખ્ય જિનાલયની બરાબર પાછળ શ્રી આદિનાથ ભગવાનનું જિનાલય છે. શ્રી આદિનાથ ભગવાનની પ્રતિમા ૩૧ ઈંચની છે. આ જિનાલયની પ્રતિષ્ઠા પોરવાડ જ્ઞાતિય શ્રી જગમાલ ગોરધન દ્વારા આ. વિજયનેમિસૂરિ મ. સાહેબની પાવન નિશ્રામાં વિ. સં. ૧૮૪૮ના વૈશાખ વદ ૬ના શુક્રવારે કરાવવામાં આવી હતી. શ્રી જગમાલ ગોરધન શ્રી ગિરનારજી તીર્થના જિનાલયોના મુનિમ તરીકે ફરજ બજાવી તે જિનાલયોના સંરક્ષણનું કાર્ય કરતા હતા. તેમના નામ ઉપરથી જૂનાગઢ શહેરના ઉપરકોટ પાસેના ચોકનું નામ જગમાલ ચોક રાખવામાં આવ્યું છે. શ્રી નેમિનાથજી ટૂંકની ભમતીમાંથી ઉત્તર દિશા તરફના દ્વારથી બહાર નીકળતાં અન્ય ત્રણ ટૂંકમાંના જિનાલયોમાં જવાનો માર્ગ આવે છે. તેમાં પ્રથમ ડાબા હાથે મેરકવશીની ટૂંક આવે છે.

**(૨) મેરકવશીની ટૂંક**

**(I) પંચમેરૂ જિનાલય :** જિનાલયમાં પ્રતિષ્ઠિત શ્રી આદિનાથની પ્રતિમા ૯ ઈંચની છે. આ પંચમેરૂ જિનાલયની રચના અત્યંત રમણીય છે. જેમાં ચારે બાજુ ચાર ખૂણામાં ઘાતકીખંડના બે મેરૂ અને પુષ્કરાર્ધદ્વિપના બે મેરૂ તથા મધ્યમાં જંબુદ્વિપનો એક મેરૂ એમ પાંચ મેરૂપર્વતની સ્થાપના કરવામાં આવી છે. જેમાં દરેક મેરૂ ઉપર ચૌમુખજી પ્રતિમાઓ પધરાવવામાં આવી છે. જેની વિ. સં. ૧૮૫૯માં પ્રતિષ્ઠા કરાવવામાં આવી હોય તેવા લેખ છે.

**(II) અદબદજીનું જિનાલય :** આ જિનાલયમાં પ્રતિષ્ઠિત શ્રી ઋષભદેવ ભગવાન ૧૩૮ ઈંચના છે. પંચમેરૂ જિનાલયની બહાર નીકળી મેરકવશીના જિનાલયમાં પ્રવેશ કરતાં પહેલાં ડાબા હાથે શ્રી ઋષભદેવ ભગવાનની પદ્માસન મુદ્રામાં મહાકાય પ્રતિમા જોતાં જ શત્રુંજય ગિરિરાજની નવટૂંકમાં રહેલા અદબદજી દાદાનું સ્મરણ કરાવતી હોવાથી આ જિનાલયને પણ અદબદજીનું જિનાલય કહેવાય છે.

**(III) મેરકવશીનું મુખ્ય જિનાલય :** આ બાવન જિનાલયના મૂળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ૨૯ ઈંચની છે. આ જિનાલયના મુખ્ય પ્રવેશદ્વારમાં પ્રવેશતાં જ વિવિધ કલાકૃતિયુક્ત ઝીણી ઝીણી કોતરણીઓ જોઈને આશ્ચર્ય થાય છે. આગળ જતાં ઘૂમટની કોતરણી દેલવાડાના વિમલવસહી અને લૂણવસહીના સ્થાપત્યોની યાદ તાજી કરાવે છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૫૯માં પ. પૂ. આ. જિનેન્દ્રસૂરિ મ. સાહેબના હસ્તે થયેલ છે. આગળ જતાં મધ્યભાગમાં અષ્ટાપદનું દેરાસર બનાવવામાં આવેલું છે. જેમાં ૪-૮-૧૦-૦૨ પ્રતિમાઓ પધરાવીને અષ્ટાપદની રચના કરવામાં આવેલી છે. ત્યાંથી આગળ જતાં દરેક દેરીઓની આગળની ચોકીની છતમાં અત્યંત મનોહારી કોતરણીઓ જોઈને મન પ્રસન્નતા અનુભવે છે. ઉત્તર દિશા તરફ જતાં મોટી દેરીમાં શ્રી શાંતિનાથ ભગવાનની ચૌમુખજી પ્રતિમાઓ બિરાજમાન છે. આ જિનાલયની બહાર આવી ડાબી તરફ જતાં સગરામ સોનીની ટૂંક તરફ જવાનો માર્ગ આવે છે. તેમજ સામેની દિવાલની પાછળ નવોકુંડ આવેલો છે.

**(૩) સગરામ સોનીની ટૂંક : (સંગ્રામ સોનીની ટૂંક ?)**

રંગમંડપમાંથી મૂળનાયકના ગભારામાં પ્રવેશતાં સામે જ ૨૯ ઈંચની શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. આ ગભારાના છતની ઊંચાઈ લગભગ ૩૫ થી ૪૦ ફૂટ છે. ગિરનારના જિનાલયોમાં આ જિનાલયનું શિખર સૌથી ઊંચું જણાય છે. સગરામ કે સંગ્રામ સોનીના નામે ઓળખાતું આ જિનાલય હકીકતમાં સમરસિંહ માલદે દ્વારા ઉદ્ધાર કરીને તદ્દન નવું જ નિર્માણ કરવામાં આવેલ છે. પ્રાચીન ગ્રંથોમાંથી સંગ્રામ સોનીએ ગિરનાર પર ટૂંક બંધાવ્યાના ઉલ્લેખો પ્રાપ્ત થતા નથી. પરંતુ શ્રી હેમહંસ ગણિએ (વિ. સં. ૧૫૦૨ થી સં. ૧૫૧૭ વચ્ચે) રચેલી 'ગિરનાર ચૈત્ર પ્રવાડી'માં આ ટૂંકના ઉદ્ધારક તરીકેના ઉલ્લેખ જોવા મળે છે.૪

આ જિનાલયની ભમતીના ઉત્તરદિશા તરફના દ્વારથી બહાર નીકળતાં કુમારપાળની ટૂંકમાં જવાનો માર્ગ આવે છે તથા તે માર્ગની જમણી બાજુ ડૉક્ટર કુંડ તથા ગીરધર કુંડ આવેલા છે.

**(૪) કુમારપાળની ટૂંક :**

સંગ્રામ સોની (સમરસિંહ સોની)ની ટૂંકથી આગળ જતાં કુમારપાળ મહારાજાની ટૂંક આવે છે. શ્રી હેમચંદ્રસૂરિજીના અનન્ય ભક્ત પરમાર્હત કુમારપાળ મહારાજાએ આ મંદિર તેરમા સૈકામાં બંધાવ્યું છે. મંદિરને ફરતો વિશાળ ચોક છે. મૂળ ગભારામાં મૂળનાયક શ્રી અભિનંદન સ્વામિની શ્યામવર્ણીય ભવ્ય પ્રતિમા બિરાજમાન છે. તેના ઉપર સં. ૧૮૭૫નો લેખ છે. આમાં આવેલો ૨૪ થાંભલાવાળો મંડપ હવે તો રંગીન કાચથી મઢી લેવામાં આવ્યો છે. કુમારપાળના સમયનું જૂનું કામ અનેક વખતના જિર્ણોદ્ધારથી નષ્ટપ્રાય થઈ ગયું

છે. કોચીનવાળા શેઠ જીવરાજ ધનજીએ આનો જિર્ણોદ્ધાર કરાવ્યો છે.

કુમારપાળની ટૂંકમાં ઉત્તર અને દક્ષિણ તરફ બે દ્વારો મૂકેલાં છે. તેના ઉત્તર તરફના દ્વારેથી નીકળતાં ભીમકુંડ તરફ જવાય છે.

**(I) ભીમકુંડ :** આ કુંડ લગભગ ૭૦ ફૂટ લાંબો અને ૫૦ ફૂટ પહોળો છે. આ કુંડ પંદરમા શતકમાં બનેલો જણાય છે. ઉનાળાની સખત ગરમીમાં પણ આ કુંડનું પાણી શીતળ રહે છે. અહીં ઘણાં પ્રાચીન અવશેષો પડેલાં મળી આવે છે. એક તરફની ભીંતમાં એક પાષાણમાં પ્રતિમાઓ કોતરેલી છે. અને નીચે હાથ જોડીને ઊભી રહેલી શ્રાવક-શ્રાવિકાઓની આકૃતિઓ પણ છે.

શ્રી સજ્જન મંત્રીએ ગિરનારના જિનાલયો માટે રકમ લેવાની ના પાડતાં ભીમો સાથરીયો કહે છે, 'મંત્રીશ્વર! જિર્ણોદ્ધારના દાન માટે કલ્પેલી રકમ હવે મારે કોઈ ખપની નથી. આપ આ દ્રવ્યનો સ્વીકાર કરી તેનો યોગ્ય ઉપયોગ કરજો!' વંથલી ગામથી ભીમા સાથરીયાનાં ધનના ગાડાં સજ્જન મંત્રીના આંગણે આવી ચઢ્યાં. વિચક્ષણબુદ્ધિ સજ્જને આ રકમમાંથી હાલના મેરકવશી નામના જિનાલયનું અને ભીમા સાથરીયાની ચીરકાલીન સ્મૃતિ અર્થે શિખરના જિનાલયોની સમીપ 'ભીમકુંડ' નામના એક વિશાળ કુંડનું નિર્માણ કરાવ્યું હતું.'[૫] ભીમકુંડથી આગળ વધતાં શ્રી ચન્દ્રપ્રભસ્વામિના જિનાલય સુધી જવાનો કેડીમાર્ગ આવે છે.

**(II) શ્રી ચંદ્રપ્રભસ્વામિનું જિનાલય**

શ્રી ચન્દ્રપ્રભસ્વામિના જિનાલયનું સ્થાન એકદમ એકાંતમાં આવેલું છે. આ જિનાલયમાં મૂળનાયક શ્રી ચન્દ્રપ્રભસ્વામિની પ્રતિષ્ઠા વિ. સં. ૧૭૦૧ માં થયેલી છે. આ જિનાલયની છત અનેક કલાકૃતિઓથી સુશોભિત છે. જેમાં ચારે બાજુ ફરતી પૂતળીઓ સ્થાપિત કરવામાં આવેલી છે. આ જિનાલયથી ઉત્તર દિશા તરફ ૩૦-૩૫ પગથિયાં નીચે ઉતરતાં ગજપદ કુંડ આવે છે.

**(III) ગજપદ કુંડ :** આ ગજપદ કુંડ ગજેન્દ્રપદ કુંડ તથા હાથી પગલાંના કુંડ તરીકે પણ ઓળખાય છે. આ કુંડનો ઉલ્લેખ ૧૩ થી ૧૫મા શતક સુધીમાં રચાયેલ ગિરનાર સંબંધી લગભગ તમામ જૈન સાહિત્યમાં મળે છે. આ કુંડના એક થાંભલામાં જિનપ્રતિમા કોતરવામાં આવેલી છે.

શ્રી શત્રુંજય મહાત્મ્ય અનુસાર શ્રી ભરત ચક્રવર્તી, ગણધર ભગવંતો, પ્રતિષ્ઠાર્થે ગિરનાર પર આવેલા ત્યારે શ્રી નેમિનિજપ્રાસાદની પ્રતિષ્ઠા કાજે ઈન્દ્ર મહારાજા પણ ઐરાવત હાથી પર આરૂઢ થઈ આવ્યા હતા. તે અવસરે પ્રભુના સ્નાત્રાભિષેક માટે ઐરાવત હાથી દ્વારા ભૂમિ પર એક પગ દબાવરાવીને કુંડ બનાવ્યો હતો. જેમાં ત્રણે જગતની વિશિષ્ટ નદીઓના જલ આ કુંડમાં ઊતરી આવ્યાં હતાં. તે વિશિષ્ટ જલ વડે ઈન્દ્ર મહારાજાએ પ્રભુના અભિષેક કરાવ્યા હતા. આ કુંડમાં ચૌદ હજાર નદીઓના પ્રવાહ દેવના પ્રભાવથી આવે છે, તેથી આ ઘણો પવિત્ર કુંડ છે. આ કુંડનું પાણી ઘણું મીઠું છે. વિ. સં. ૧૨૧૫ના શિલાલેખ અનુસાર આ કુંડની ફરતી દિવાલ બાંધી તેમાં અંબિકાની અને અન્ય મૂર્તિઓ મૂકાવ્યાના ઉલ્લેખ જોવા મળે છે. આ જલના પાન તથા સ્નાન કરતાં અનેક રોગો નાશ પામે છે. ગજપદકુંડના દર્શન કરી કુમારપાળની ટૂંકમાંથી બહાર નીકળતાં સૂરજકુંડ થઈને શ્રી માનસંગ ભોજરાજના દેરાસરે જવાય છે.


**(૫) માનસંગ ભોજરાજની ટૂંક :** કચ્છ-માંડવીના વીશા-ઓશવાળ માનસંગ ભોજરાજે સં. ૧૯૦૧માં શ્રી સંભવનાથ ભગવાન (૨૫ ઈંચ)નું જિનાલય બંધાવ્યું છે. રંગમંડપ વિશાળ છે. મંદિરના ચોકમાં એક સુંદર સૂરજકુંડ પણ શા. માનસંગે કરાવેલ છે. જૂનાગઢ ગામમાં આદીશ્વર ભગવાનના દેસારની પ્રતિષ્ઠા પણ તેમણે વિ. સં. ૧૯૦૧માં કરાવેલ હતી.


**(૬) વસ્તુપાલ-તેજપાલની ટૂંક :**

મુખ્યમાર્ગે આગળ જતાં જમણી તરફ આ ટૂંક આવે છે. ગુર્જરદેશના મંત્રીશ્વર શ્રી વસ્તુપાલ-તેજપાલે આ મંદિરો બંધાવ્યાં એમ એ મંદિરમાંથી મળી આવતા સં. ૧૨૮૮ના મોટા ૬ (છ) શિલાલેખોથી જણાય છે.[૬]

આ જિનાલયમાં એક સાથે ત્રણ મંદિરો જોડાયેલાં છે. જેમાં હાલ મૂળનાયક તરીકે શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાન (૪૩ ઈંચ) બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૩૦૬ના વૈશાખ સુદ-૩ના શનિવારના દિવસે શ્રી દેવસૂરિના શિષ્ય શ્રી જયાનંદ મ. સાહેબે કરી હતી. આ વચલા દેરાસરનો રંગમંડપ ૨૯.૫ ફૂટ પહોળો અને ૫૩ ફૂટ લાંબો છે. આજુબાજુના બંને દેરાસરના રંગમંડપો ૩૮.૫ ફૂટ સમચોરસ છે. 'સં. ૧૨૮૮ના ફાગણ સુદ ૧૦ ને બુધવારે મહામાત્ય વસ્તુપાલે પોતાના કલ્યાણ માટે, જેની પાછળ કપર્દી યક્ષનું મંદિર છે એવું 'શત્રુંજ્યાવતાર' નામનું આદિનાથનું મંદિર, તેના અગ્રભાગમાં ડાબી બાજુએ પત્ની લલિતાદેવીના પુણ્યાર્થે ૨૦ જિનોથી અલંકૃત એવું 'સમેતશિખરાવતાર' નામનું મંદિર તેમજ જમણી બાજુએ બીજી પત્ની સોખુકાદેવીના શ્રેય માટે ૨૪ જિનોવાળું એવું 'અષ્ટાપદાવતાર' નામનું; એમ ચાર મંદિરો બનાવ્યાં હતાં,' એવી હકીકત શિલાલેખોમાં વર્ણવેલી છે. પંડિત જિનહર્ષગણિએ 'વસ્તુપાલચરિત્ર'માં વસ્તુપાલ-તેજપાલે પર્વત પર શું શું બનાવ્યું તેની સવિસ્તાર નોંધ આપી છે.[૭]

આ જિનાલયોની કોતરણી અને કલાકૃતિયુક્ત થાંભલાઓ, જિનપ્રતિમાઓ, વિવિધ ઘટનાદૃશ્યો તથા કુંભાદિની આકૃતિ મનને પ્રસન્નતા આપનાર બને છે. આ ત્રણે મંદિરોની શૈલી અત્યંત કળામય છે. આ ચૌમુખજી જિનાલયોની વિશાળતા તથા ગોઠવણી નયનરમ્ય





છે. આ મંદિરો આખાયે ગિરિશૃંગના વિભૂતિમાન આભૂષણો છે.

**(I) ગુમાસ્તાનું મંદિર**

વસ્તુપાલ-તેજપાલના જિનાલયની પાછળના પ્રાંગણમાં તેમની માતાનું નાનું ઘૂમટબંધી મંદિર છે, જેમાં ૧૯ ઈંચના શ્રી સંભવનાથ ભગવાન પ્રતિષ્ઠિત થયેલા છે. આ મંદિરને લોકો 'ગુમાસ્તાનું દેરાસર'ના નામથી ઓળખે છે. વળી કચ્છ-માંડવીના ગુલાબશાહે બંધાવેલું હોવાથી 'ગુલાબશાહના મંદિર'ના નામે પણ ઓળખાય છે. (ગુલાબશાહના નામનો અપભ્રંશ થતાં કાળક્રમે તે ગુમાસ્તાના નામે પ્રસિદ્ધ થયું હોય એમ અનુમાન થઈ શકે.)

**(૭) શ્રી સંપ્રતિ મહારાજાની ટૂંક :** વસ્તુપાળની ટૂંકમાંથી બહાર નીકળી મુખ્યમાર્ગે આગળ જતાં ડાબી બાજુએ શ્રી સંપ્રતિ મહારાજાની ટૂંક આવે છે. શ્રી સંપ્રતિ મહારાજાએ ગિરનાર પર્વત પર આ ભવ્ય ટૂંક બનાવી છે. આ જિનાલયના મૂળનાયક તરીકે ૫૭ ઈંચની શ્રી નેમિનાથ ભગવાનની શ્યામવર્ણીય પ્રતિમાજી તથા બીજી ત્રેવીશ પ્રતિમાજીઓ બિરાજમાન છે. રંગમંડપમાં ૫૪ આંગળ ઊંચી કાઉસગ્ગિયાની મૂર્તિ છે. બે તેર તેર ઈંચની કાઉસગ્ગિયા અને શ્રી ચક્રેશ્વરીદેવીની મૂર્તિ છે. ટૂંકમાં કુલ ૩૫ પ્રતિમાઓ છે. શ્રી સંપ્રતિ મહારાજાની ટૂંક, કુમારપાળ મહારાજાની ટૂંક, અને શ્રી વસ્તુપાળ-તેજપાળની ટૂંક એમ ત્રણે ટૂંકોને ફરતો કિલ્લો જે સંવત ૧૯૩૨માં કચ્છ પ્રદેશના નલિયા ગામના વતની શેઠ નરસી કેશવજીએ બંધાવ્યો છે.

મૌર્યવંશી મહારાજા અશોકના પૌત્ર મગધ સમ્રાટ પ્રિયદર્શી શ્રી સંપ્રતિ મહારાજાએ આચાર્ય શ્રી સુહસ્તિસૂરિ મ. સાહેબના સદુપદેશથી જૈન ધર્મ સ્વીકાર્યો હતો. તે લગભગ વિ. સં. ૨૨૬ની આસપાસ ઉજજૈન નગરીમાં રાજ કરતા હતા. તેઓએ સવા લાખ જિનાલયોનું નિર્માણ કરાવ્યું અને સવાકરોડ જિનપ્રતિમાઓ ભરાવી હતી.

આ જિનાલયનું પ્રવેશદ્વાર બે માળનું હોવાનું જણાય છે. બબ્બે સ્તંભોની વચ્ચે કમાનો નથી. આ જિનાલયની બહારની દિવાલો અત્યંત મનોહારિણી કોતરણીથી ભરચક છે. શિલ્પકલાના રસિક આત્માઓ આ કોતરણી જોઈને અતિ આહ્લાદ પામે છે.

**(I) જ્ઞાનવાવનું જિનાલય :**

સંપ્રતિ મહારાજાના જિનાલયની બાજુમાંથી ઉત્તરદિશા તરફના ઢાળમાં નીચે ઊતરતાં બાજુમાં જ જમણા હાથે રહેલા દ્વારમાં પ્રવેશ કરતાં જ પ્રથમ ચોગાનમાં 'જ્ઞાનવાવ' આવે છે. આ ચોકમાં રહેલા ઉત્તર દિશા તરફના દ્વારથી અંદર પ્રવેશતાં ચૌમુખજીનું દેરાસર આવે છે, જે સંભવનાથના નામે ઓળખાય છે. આ જિનાલયના મૂળનાયક ૧૬ ઈંચના શ્રી સંભવનાથ ભગવાન છે. જ્ઞાનવાવના દેરાસરના દર્શન કરી બહાર નીકળતાં શેઠ ધરમચંદ હેમચંદનું જિનાલય આવે છે.

**(II) શેઠ ધરમચંદ હેમચંદનું જિનાલય**

ઉમરકોટ (દેવકોટ)ના દરવાજામાંથી બહાર નીકળ્યા બાદ સૌથી પહેલું આ દેરાસર આવે છે. આ દેરાસરમાં મૂળનાયક તરીકે ૨૯ ઈંચના શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે. માંગરોળ ગામના દશાશ્રીમાળી વણિક શેઠશ્રી ધરમચંદ હેમચંદે વિ. સં. ૧૯૩૨માં આ દેરાસરનું સમારકામ કરાવ્યું હતું.

**(III) મલ્લવાળું દેરાસર**

શેઠ ધરમચંદ હેમચંદના દેરાસરથી આગળ વધતાં લગભગ ૩૫ થી ૪૦ પગથિયાં ચઢતાં જમણી બાજુ આ મલ્લવાળું દેરાસર આવેલું છે. આ જિનાલયમાં ૨૧ ઈંચના મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાન પ્રતિષ્ઠિત છે. જેનો ઉદ્ધાર જોરાવર મલ્લજી દ્વારા થયો હતો એટલે આ દેરાસર મલ્લવાળા દેરાસરના નામે ઓળખાય છે.

**(IV) શ્રી રાજીમતીની ગુફા**

મલ્લવાલા દેરાસરથી દક્ષિણ દિશા તરફ થોડાં પગથિયાં આગળ જતાં પત્થરની એક મોટી શિલા નીચે બખોલ જેવા ભાગમાં નીચા નમીને જવાય છે. જ્યાં લગભગ દોઢથી બે ફૂટની ઊંચાઇની રાજુલ-રહનેમિની મૂર્તિઓ સ્થાપિત કરેલી છે. રહનેમિ ઘોર તપશ્ચર્યા કરી અને સાધનામાર્ગે આત્મશુદ્ધિ કરી મુક્તિ પામ્યા. રાજીમતી પણ પરમ વૈરાગ્યની સાધના કરી પાંચસો વર્ષ કેવળીપણે રહી અંતે સહસાવનમાં નિર્વાણ પામ્યાં.

**(V) પ્રેમચંદજીની ગુફા (ગોરજીની ગુફા)**

રાજુલ ગુફાથી બહાર નીકળી વિકટ માર્ગે ઝાડીઓની વચ્ચેથી નીચે ઉતરતાં ઉતરતાં પહાડના છેડે એક મોટી શિલા નજરે ચઢે છે. જેની નીચે આ પ્રેમચંદજીની ગુફા આવેલી છે. આ ગુફાઓમાં અનેક મહાત્માઓએ સાધના કરેલી છે. જેમાં શ્રી પ્રેમચંદજી મહારાજ નામના સાધુએ અહીં લાંબા સમય માટે સાધના કરેલી છે. આ મહાત્મા યોગવિદ્યામાં ખૂબ કુશળ હતા.

શ્રી પ્રેમચંદજી મહારાજની ગુફાથી પાછા મુખ્ય માર્ગે ભેગા થઈ લગભગ ૯૦ પગથિયાં ચઢતાં ચૌમુખજીનું દેરાસર આવે છે. રસ્તામાં જમણી બાજુ દિગમ્બર સંપ્રદાયનું મંદિર આવે છે.

**(VI) ચૌમુખજીનું દેરાસર**

ચૈમુખજીના દેરાસરના હાલ ઉત્તરાભિમુખ મુળનાયક શ્રી નેમિનાથ, પૂર્વાભિમુખ શ્રી સુપાર્શ્વનાથ, દક્ષિણાભિમુખ શ્રી ચન્દ્રપ્રભસ્વામિ અને પશ્ચિમાભિમુખ શ્રી મુનિસુવ્રતસ્વામિ છે. તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૫૧૧માં આ. શ્રી જિનહર્ષસૂરિ મ. સાહેબના હસ્તે થયેલ હોવાના પબાસણના લેખો પરથી જાણવા મળે છે.

આ દેરાસરની અંદરના પબાસણના ચારેય ખૂણામાં રહેલી ચોરસ થાંભલીમાં એક-એકમાં ૨૪-૨૪ પ્રતિમાઓ એમ કુલ ૯૬

પ્રતિમાઓ કોતરવામાં આવેલી છે. આ ચાર લગ્નમંડપની ચાર ચોરી જેવી લાગતી હોવાથી આ જિનાલયને ચોરીવાળું દેરાસર પણ કહેવામાં આવે છે.

આ ચૌમુખજીના દેરાસરથી આગળ લગભગ ૭૦-૮૦ પગથિયાં ચઢતાં ડાબા હાથે સહસાવન–શ્રી નેમિનાથ ભગવાનની દીક્ષા-કેવળજ્ઞાન કલ્યાણક ભૂમિ તરફ જવાનો માર્ગ આવે છે. અને જમણી બાજુ ૧૫-૨૦ પગથિયાં ચઢતાં ગૌમુખીગંગા નામનું સ્થાન આવે છે.

**(VII) ગૌમુખી ગંગા**

આ સ્થાનમાં હિન્દુ સંપ્રદાયના દેવ-દેવીઓની પ્રતિમાની દેરીઓ આવેલી છે. ત્યાંથી જમણી બાજુમાં નીચાણમાં જવા માટેના પગથિયાં ઊતરીને ડાબી બાજુ આગળ જતાં ચોવીસ તીર્થંકર પરમાત્માની ચરણપાદુકા એક ગોખલામાં સ્થાપન કરવામાં આવેલી છે. આ ગૌમુખીગંગાના સ્થાનનું સંચાલન હાલ હિંદુ સંપ્રદાયના સંન્યાસીઓ દ્વારા કરવામાં આવે છે. જ્યારે આ ચરણપાદુકાની પૂજા વગેરે શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી દ્વારા જ કરવામાં આવે છે.

**(VIII) રહનેમિનું જિનાલય**

ગૌમુખી ગંગાના સ્થાનથી લગભગ ૩૫૦ પગથિયાં ઉપર ચઢતાં જમણી બાજુ આ રહનેમિનું જિનાલય આવે છે. આ જિનાલયમાં મૂળનાયક તરીકે સિદ્ધાત્મા શ્રી રહનેમિની શ્યામવર્ણીય પ્રતિમા બિરાજમાન કરવામાં આવેલ છે. ૬-૭ વર્ષ પૂર્વે આ પ્રતિમાનો લેપ કરવામાં આવેલ છે. ભારતભરમાં પ્રાયઃ એકમાત્ર જિનાલય હશે જ્યાં અરિહંત પરમાત્મા ન હોવા છતાં સિદ્ધાત્મા શ્રી રહનેમિની પ્રતિમા મૂળનાયક તરીકે સ્થાપન થયેલી હોય!

શ્રી રહનેમિ બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પરમાત્માના નાના ભાઈ હતા. જેમણે દીક્ષા લઈને ગિરનારની પવિત્ર ભૂમિમાં સંયમારાધના કરી અષ્ટકર્મનો ક્ષય કરી સહસાવનમાં કેવળજ્ઞાન અને મોક્ષપદની પ્રાપ્તિ કરી. આ રહનેમિજીના જિનાલયથી આગળ સાચાકાકાની જગ્યાના કઠણ ચઢાવે થઈને કુલ લગભગ ૫૩૫ પગથિયાં ચઢતાં અંબાજી મંદિર આવે છે.

**(૮) અંબાજીની ટૂંક**

આ અંબાજીની ટૂંકમાં અંબિકાનું મંદિર આવેલું છે. દામોદરકુંડ પાસેનું દામોદરનું મંદિર, ગિરનાર પરનું શ્રી નેમિનાથ ભગવાન તથા અંબાજીનું મંદિર–શ્રીસંપ્રતિ મહારાજાએ બંધાવ્યાનું કહેવાય છે. આ અંબાજી મંદિરમાં શ્રી નેમિનાથ ભગવાનના અધિષ્ઠાયિકા અંબિકાદેવીની પ્રતિમા પધરાવવામાં આવી હતી. કલ્પસૂત્રની એક સુવર્ણાક્ષરી પ્રતને અંતે ગ્રંથ પ્રશસ્તિમાં નીચે પ્રમાણે લખાણ છેઃ

श्री अम्बिका महादेव्या, उज्जयन्ताचलोपरी।
प्रासादः कारितः प्रौढः सामलेन सुभावतः।।१०।।

વિ. સં. ૧૫૨૪ની આ પ્રશસ્તિ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે શામલ નામના શાહુકારે સદ્‌ભાવનાપૂર્વક શ્રી ગિરનાર પર્વત ઉપર શ્રી અંબિકા નામની મહાદેવીનું જિર્ણ થયેલ મોટું ચૈત્ય નવેસરથી બંધાવ્યું હતું. કાળક્રમે આજે હિંદુઓ દ્વારા વૈદિક ધર્મની પદ્ધતિથી તેના દર્શન-પૂજન આદિ થાય છે. અને તેઓના સંન્યાસીઓ દ્વારા જ તે મંદિરની દેખરેખ રખાય છે.

વસ્તુપાલના પ્રશસ્તિ લેખો તેમજ સમકાલીન, સમીપકાલીન અને ઉત્તરકાલીન જૈન લેખો અનુસાર અંબાજી પાછળનાં ત્રણ શિખરો ગોરખનાથ, ઓઘડનાથ અને ગુરુ દત્તાત્રયના અસલી નામો 'અવલોકન', 'શાંબ' અને 'પ્રદ્યુમ્ન' હતાં અને જિનસેન કૃત હરિવંશ પુરાણમાં પણ અંબાજી સહિત આ ત્રણે શિખરો પર પણ મંત્રીશ્વર વસ્તુપાલે શ્રી નેમિનાથ ભગવાનની દેવકુલિકાઓ કરાવી હતી, તેવું વિ. સં. ૧૨૮૮ની છ-શિલા પ્રશસ્તિઓમાં કહ્યું છે. અંબાજીની ટૂંકથી લગભગ ૧૦૦ પગથિયાં ઉતરીને પુનઃ લગભગ ૩૦૦ પગથિયાં ચઢતાં ગોરખનાથની ટૂંક આવે છે.

**(૯) ગોરખનાથની ટૂંક :**

આ ગોરખનાથની ટૂંક ઉપર શ્રી નેમિનાથ પરમાત્માના વિ. સં. ૧૯૨૭ વૈશાખ સુદ ૩ શનિવારના લેખવાળાં પગલાં છે. તે બાબુ ધનપતસિંહજી પ્રતાપસિંહજીએ સ્થાપિત કરેલાં છે. કેટલાક આ પગલાં પ્રદ્યુમ્નના હોવાનું કહે છે. આ ટૂંક પર હાલ નાથ સંપ્રદાયના સંન્યાસીઓનો કબજો છે. ગોરખનાથની ટૂંકથી આગળ ૮૦૦ પગથિયાં ઉતરતાં પગથિયાં વગરના વિકટ માર્ગેચોથી ટૂંકે જવાય છે.


**(૧૦) ઓઘડ ટૂંક (ચોથી ટૂંક)**

આ ઓઘડ ટૂંક ઉપર પહોંચવા માટે કોઈ પગથિયાં નથી. તેથી પથ્થર પર આડા-અવળાં ચઢીને ઉપર જવાય છે. આ માર્ગ ખૂબ જ વિકટ હોવાથી કોઈ શ્રદ્ધાવાન સાહસિક જ આ શિખરને સર કરવાનો પ્રયત્ન કરે છે. આ ટૂંક ઉપરની એક મોટી કાળી શિલામાં શ્રી નેમિનાથની પ્રતિમા તથા બીજી શિલા ઉપર પગલાં કોતરવામાં આવેલાં છે. જેમાં વિ. સં. ૧૨૪૪ના પ્રતિષ્ઠા કર્યાનો લેખ જોવામાં આવતો હતો.

ચોથી ટૂંકથી સીધા બારોબાર પાંચમી ટૂંકે જવામાં જાનનું જોખમ થાય તેવો વિકટ રસ્તો છે. તેથી ચોથી ટૂંકથી નીચે ઉતરી આગળ વધતાં ડાબા હાથ તરફની સીડીથી લગભગ ૬૯૦ પગથિયાં ઉપર ચઢતાં પાંચમી ટૂંકનું શિખર આવે છે. આ પગથિયાંનો ચઢાવ ઘણો કઠિન છે.

**(૧૧) મોક્ષકલ્યાણક ટૂંક (પાંચમી ટૂંક)**

શ્રી નેમિનાથ પ્રભુ પાંચમી ટૂંકે નિર્વાણ પામ્યા છે. તેમના તથા શ્રી વરદત્ત ગણધરના અહીં પગલાં છે. આજુબાજુ ગંભીર અને રમ્ય







પહાડી પ્રદેશ છે. ગિરનાર મહાત્મ્ય અનુસાર આ પાંચમી ટૂંકે પૂર્વાભિમુખ પરમાત્માના પગલાં ઉપર વિ. સં. ૧૮૯૭ના પ્રથમ આસો વદ ૭ના ગુરુવારે શા દેવચંદ લક્ષ્મીચંદ વડે પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. તે પગલાંની આગળ હાલ અજૈનો દ્વારા દત્તાત્રય ભગવાનની પ્રતિમા પધરાવવામાં આવેલ છે. તે મૂર્તિની પાછળની દિવાલમાં પશ્ચિમાભિમુખ શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા કોતરવામાં આવેલી છે. જેને હિન્દુઓ શંકરાચાર્યની મૂર્તિ હોવાનું કહે છે. હાલમાં આ ટૂંક દત્તાત્રયના નામે પ્રસિદ્ધ થયેલ છે. જૈન માન્યતાનુસાર શ્રી નેમિનાથ પરમાત્માના શ્રી વરદત્ત, શ્રી ધર્મદત્ત અને શ્રી નરદત્ત એમ ત્રણ ગણધરના નામના છેડે 'દત્ત' શબ્દ આવતો હોવાથી 'દત્તાત્રય' એવું નામ પડ્યું હોવાનું કહેવાય છે. ઘણાં લોકો આ પગલાંને શ્રી વરદત્ત ગણધરના પગલાં પણ કહે છે. લગભગ ૬૦ વર્ષ પૂર્વ આ ટૂંકનો સંપૂર્ણ વહીવટ શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢી દ્વારા કરવામાં આવતો હતો. અને પહેલી ટૂંકથી પૂજારી પૂજા કરવા માટે આવતા હતા. હાલમાં દત્તાત્રય તરીકે પ્રસિદ્ધ આ ટૂંકનો વહીવટ હિન્દુ મહંત દ્વારા કરવામાં આવે છે. આજે જૈનો માત્ર દર્શન અને આ પવિત્ર ભૂમિની સ્પર્શના કરીને સંતોષ માને છે.

> *જગમાં તીરથ દો વડાં, શત્રુંજય ગિરનાર,*
> *એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર*

આ પાંચમી ટૂંકથી આગળ જતાં છઠ્ઠી, સાતમી ટૂંકો આવે છે. ત્યાં જવાના માર્ગ ઘણાં વિકટ છે. ત્યાં આજુબાજુમાં પહાડી પ્રદેશ અને આસુરી રચના સિવાય અન્ય કોઈ દર્શનીય કે પૂજનીય સ્થળો નથી. નજીકમાં ભૈરવજંપ વગેરેના ભયંકર સ્થળો પણ આવેલાં છે. જાણ્યા અને સાંભળ્યા પ્રમાણે પાંચમી ટૂંકથી આગળના પ્રદેશમાં અનેક ચમત્કારિક વનસ્પતિઓ ઊગે છે.

આ પાંચમી ટૂંકથી નીચે ઉતરી મુખ્ય સીડી ઉપર આવી પાછા જવાના રસ્તે જવાના બદલે ડાબા હાથ તરફથના લગભગ ૩૫૦ પગથિયાં ઉતરતાં કમંડલકુંડ નામની જગ્યા આવે છે. આ સ્થાનનું સંચાલન હિન્દુ મંહત દ્વારા થાય છે. કમંડલકુંડથી નૈઋત્ય ખુણામાં જંગલ માર્ગે રતનબાગ તરફ જવાય છે. આ રસ્તો ખૂબ વિકટ છે. આ રતનબાગમાં **રતનશિલા** ઉપર શ્રી નેમિનાથ પ્રભુના દેહનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હોવાનો પાઠ પણ કોઈ ગ્રંથમાં જોવા મળે છે. શ્રી નેમિનાથ ભગવાન સાથે ૫૩૬ મહાત્માઓ નિર્વાણ પામ્યા હોવાથી તેઓનો અગ્નિસંસ્કાર પણ આ વિસ્તારમાં થયો હોવાનું સ્પષ્ટ સમજી શકાય છે.

આ કમંડલકુંડથી અનસૂયાની છઠ્ઠી ટૂંક અને મહાકાલીની સાતમી કાલિકાટૂંક ઉપર જવાય છે.

કમંડલકુંડથી પાંડવગુફા જવાનો માર્ગ મળે છે. આ ગુફા પાટણવાવ સુધી નીકળતી હોવાનું જાણવા મળે છે. કમંડલકુંડથી પાછા ગોરખનાથ ટૂંક, અંબાજી ટૂંક થઈ ગૌમુખીગંગા બાજુમાં ઉત્તરદિશા તરફના રસ્તે આગળ વધતાં આનંદ ગુફા, મહાકાલ ગુફા, ભૈરવજપ, સેવાદાસની જગ્યા અને પથ્થર ચટ્ટીની જગ્યાએ થઈને લગભગ ૧૨૦૦ પગથિયાં નીચે ઉતરતાં સહસાવનનો વિસ્તાર આવે છે.

**(૧૨) સહસાવન (સહસ્રામ્રવન)**

શ્રી નેમિનાથ પ્રભુની દીક્ષા–કેવળજ્ઞાન કલ્યાણક ભૂમિ : સહસાવનમાં બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પરમાત્માની દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક થયાં હતાં. સહસાવનને સહસ્રામ્રવન પણ કહેવાય છે. કારણ કે અહીં સહસ્ર અર્થાત્ હજારો આંબાના ઘેઘૂર વૃક્ષો આવેલાં છે. ચારે બાજુ આંબાઓથી ઘેરાયેલા આ સ્થાનની રમણીયતા તન-મનને અનેરી શીતળતાનો અનુભવ કરાવે છે.

આ સહસાવનમાં શ્રી નેમિનાથ પ્રભુની દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણક ભૂમિના સ્થાને પ્રાચીન દેરીઓમાં પ્રભુજીના પગલાંઓ પધરાવેલાં છે. તેમાં કલ્યાણકની દેરીમાં તો શ્રી રહનેમિ તથા સાધ્વી રાજીમતીજી અહીંથી મોક્ષે ગયેલાં હોઈ તેઓનાં પગલાં પણ પધરાવવામાં આવ્યાં છે. કલ્યાણક ભૂમિના દર્શને યાત્રિકો વિકટ કેડીના લીધે ખાસ આવતા નહિ. તેથી ૪૦-૪૫ વર્ષ પૂર્વે તપસ્વી સમ્રાટ પ. પૂ. આ. હિમાંશુસૂરિ મ. સાહેબની દિવ્ય પ્રેરણાના બળે સહસાવનમાં કેવળજ્ઞાન કલ્યાણકના પ્રતીક રૂપે સમવસરણ મંદિરનું નિર્માણ થયું છે.

**(૧૩) સમવસરણ મંદિર**

આ સમવસરણ મંદિરમાં ચૌમુખજીના મૂળનાયક તરીકે શ્યામવર્ણીય ૩૫ ઈંચની સંપ્રતિકાલીન શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે. આ ચૌમુખજીની પ્રતિમા વિ. સં. ૨૦૪૦ ચૈત્ર વદ ૫ના દિને પ. પૂ. આ. હિમાંશુસૂરિ મ.સા., પ. પૂ. આ. નરરત્નસૂરિ મ.સા., પ. પૂ. આ. કલાપૂર્ણસૂરિ મ.સા. તથા પ. પૂ. પં. હેમચંદ્રવિજયજી ગણિવર્ય આદિ વિશાળ સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ છે.

આ સમવસરણ જિનાલયમાં પ્રવેશ કરતાં જ સામે સમવસરણના પગથિયાંને જોઈ સાક્ષાત્ પ્રભુના સમવસરણમાં પ્રવેશ કરતાં હોવાના ભાવો પ્રગટ થાય છે. આ સમવસરણની સન્મુખના રંગમંડપમાં ગત ચોવીસીના ૧૦ તીર્થંકર સમેત શ્યામવર્ણીય શ્રી નેમિનાથ પરમાત્મા તથા તેની સામે આવતી ચોવીસીના ચોવીસ તીર્થંકર સમેત પીત્તવર્ણીય શ્રી પદ્મનાભ પરમાત્માની નયનરમ્ય પ્રતિમાઓ પધારવેલી છે. અન્ય રંગમંડપોમાં જીવિતસ્વામિ શ્રી નેમિનાથ ભગવાન તથા સિદ્ધાત્મા શ્રી રહનેમિજીની પ્રતિમાઓ, વિશિષ્ટ કલાકૃતિયુક્ત કાષ્ઠનું

સમવસરણ મંદિર તથા દરેક રંગમંડપમાં શ્રી નેમિનાથ પ્રભુના ૬-૬ ગણધર ભગવંતોની પ્રતિમા સ્થાપિત કરવામાં આવેલ છે.

આ ઉપરાંત જિનાલયમાં પ્રવેશતાં રંગમંડપમાં ડાબે-જમણે અનુક્રમે શ્રી નેમિનાથ ભગવાનના શાસન અધિષ્ઠાયક શ્રી ગોમેધ યક્ષ તથા અધિષ્ઠાયિકા શ્રી અંબિકાદેવીની પ્રતિમાઓ બિરાજમાન છે. અન્ય રંગમંડપોમાં પ. પૂ. આ. ભગવંત હિમાંશુસૂરિ મ.સા.ના વડીલ પૂજ્યોની પ્રતિકૃતિ તથા પગલાં પધરાવવામાં આવેલ છે.

શ્રી સહસાવન કલ્યાણક ભૂમિ તીર્થોદ્ધાર સમિતિ–જૂનાગઢ દ્વારા આ સમવસરણ મંદિરનું નિર્માણ થયેલ છે.

અત્રે વિશિષ્ટ આરાધના કરવાની ભાવનાવાળા પુણ્યશાળીઓ માટે ધર્મશાળાની વ્યવસ્થા છે. ભોજન તેમજ આયંબિલની વ્યવસ્થા કરી આપવામાં આવે છે. આ સંકુલમાં પધારતાં સર્વે સાધર્મિક બંધુઓને ભાતું આપવામાં આવે છે.

આ અંતિમ સંસ્કાર ભૂમિથી ઉતરતાં બે રસ્તા પડે છે જેમાં ડાબી બાજુના માર્ગે ૩૦૦૦ પગથિયાં ઉતરી લગભગ અડધો કિ.મીટર ચાલતાં તળેટી આવે છે. જમણી બાજુ ૧૦ પગથિયાં ઉતરતાં ડાબી બાજુ બુગદાની ધર્મશાળા આવે છે. જ્યાં અનેક મહાત્માઓએ ૬૮ ઉપવાસ, માસખમણ આદિ ઉગ્ર તપશ્ચર્યા કરેલી છે. ત્યાંથી ૩૦ પગથિયાં ઉતરતાં ડાબી બાજુ શ્રી નેમિનાથ પરમાત્માની કેવળજ્ઞાન કલ્યાણકની પ્રાચીન દેરી આવે છે. આ દેરીમાં શ્રી નેમિનાથ પ્રભુનાં પગલાં તેમજ બાજુમાં તેમના ભાઈ મુનિશ્રી રહનેમિજી તથા સાધ્વી રાજીમતીજીનાં પગલાં પધરાવવામાં આવેલ છે. આ દેરીથી ૩૦ પગથિયાં ઉતરતાં ડાબી બાજુ શ્રી નેમિપ્રભુની દીક્ષા કલ્યાણકની પ્રાચીન દેરી એક વિશાળ ચોકમાં આવેલી છે. જેમાં શ્રી નેમિપ્રભુના શ્યામવર્ણીય પગલાં પધરાવવામાં આવેલાં છે. અનેક મુમુક્ષુ આત્માઓ દીક્ષા પૂર્વે આ પાવનભૂમિની સ્પર્શના કરવા અવશ્ય પધારે છે.

**દિગમ્બરી દેરાસરો**

શ્વેતામ્બરોમાં દેરાસરો પછી દિગમ્બરોના બે દેરાસરો આવે છે. દેરાસરમાં મૂળનાયક શ્રી નેમિનાથ પ્રભુ છે. બીજા દેરાસરમાં શ્રી શીતલનાથ પ્રભુ બિરાજમાન કરાયેલા છે.

ગિરનાર મહાતીર્થ એ પૃથ્વીના તિલક સમાન છે. આવા ગિરનાર મહાતીર્થ પર જૈનોના દેરાસરો શોભી રહ્યાં છે. તેવી જ રીતે હિન્દુ ધર્મના તીર્થધામો અને જોવાલાયક સ્થળો પણ આવેલાં છે. ગિરનારમાં નવનાથ અને ચોર્યાશી સિદ્ધોનું બેસણું છે.

સ્વામી વિવેકાનંદ, એની બેસંટ, મહર્ષિ અરવિંદ વગેરે મહાનુભવોએ યાત્રા કરેલી છે.

હિન્દુ ધર્મના સંપ્રદાયો જેવા કે શૈવ, વૈષ્ણવ, પુષ્ટિ સંપ્રદાય, રામાનંદ સંપ્રદાય, નાથ સંપ્રદાય, સ્વામીનારાયણ સંપ્રદાય, કબીર સંપ્રદાય, દત્ત ઉપાસકો, ભૈરવ ઉપાસકો વગેરે ગિરનાર પર્વત સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. દત્ત ઉપાસકો ગિરનાર પર્વતની દત્તાત્રય ટૂંક પર 'દત્તાત્રય પાદુકા'ના દર્શન માટે આવતા રહે છે.

**હિન્દુ ધર્મના તીર્થધામો**

ભવનાથ મહાદેવ, ઈન્દ્રેશ્વર મહાદેવ, જટાશંકર મહાદેવ, દાતાર, ચામુંડ્રી, લાલ ઢોરી, દામોદર કુંડ, કાલિકા માતાનું મંદિર, અનસૂયાની ટેકરી, ગૌમુખી ગંગા, પથ્થર અટ્ટી, ભૈરવ જપ, શેષાવન, ભરતવન, હુમાનધારા, સીતામઢી વગેરે.

**ભવનાથ મંદિર**

ભવનાથ મહાદેવનું મંદિર એ શૈવ સંપ્રદાયનું પ્રાચીન મંદિર છે. ભવનાથના શિવરાત્રીના મેળામાં લાખોની સંખ્યામાં માણસો આવે છે. દેશ-વિદેશથી સાધુ-સંતો એકઠા થાય છે. શિવરાત્રીએ નાગાબાવાનું રાત્રે બાર વાગે સરઘસ પણ નીકળે છે.

**દાતાર**

દાતારના પર્વત પર આવેલું જમીયલશા દાતારનું સ્થાનક એ હિન્દુ અને મુસ્લિમ બંને અનુયાયીઓ માટે એક અગત્યનું આસ્થાકેન્દ્ર છે. દાતારની જગ્યામાં કેટલાય ફકીરો, ઓલિયા કે સંતોની અવરજવર ચાલુ છે અને ત્યાં ફકીરો અને મુસાફરોને રહેવા માટેના મકાનો છે.

> *સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર,*
> *સહસાવન ફરશ્યો નહિ, એનો એળે ગયો અવતાર.*

**લાલ ઢોરી**

ગિરનારની તળેટીમાં દૂધેશ્વર મહાદેવ પણ છે. ત્યાંથી થોડે દૂર 'લાલ ઢોરી' નામનું રમણીય સ્થળ છે. તેની નજીકમાં શ્રી રતુભાઈ અદાણીએ સ્થાપેલી 'રૂપાયતન' નામની આશ્રમશાળા ચાલે છે.

**દામોદર કુંડ**

જૂનાગઢથી ગિરનાર જવાના માર્ગે પ્રખ્યાત દામોદર કુંડ આવેલો છે. જેના કાંઠે દામોદર રાયજીનું મંદિર છે. ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા વહેલી સવારે અહીં સ્નાન અને મંદિરના દર્શને આવતા.

**હિન્દુધર્મના જોવા લાયક સ્થળો**

ઉપરકોટ, ગુફાઓ, નવઘણકુવો, અડીચડીવાળ, પાંડવ ગુફા, બાવા-પ્યારાની ગુફા, ખાપરા-કોડિયાની ગુફાઓ, તોપો, નરસિંહ મહેતાનો ચોરો, માઈ ગઢેચી, બારા શહીદ, દરબાર હૉલ મ્યુઝિયમ, સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય અને મ્યુઝિયમ, રાજમહેલો, પુષ્ટિમાર્ગીય હવેલી, બુદ્ધેશ્વર, સ્વામીનારાયણ મંદિર, ગબ્બરનો પર્વત, સાતપુડા, વગેરે.

**નવગણકુવો અને અડીચડીની વાવ**

૧૭૦ ફૂટ ઊંડા આ કુવાની પડખે પગથિયાં પણ છે. નામ પરથી સ્પષ્ટ થાય છે કે આ કુવો રા'નવઘણે (ઈ. સ. ૧૦૨૫-૧૦૪૪) અને તેના પુત્ર રાખેંગારે (ઈ. સ. ૧૦૪૩-૧૦૬૭)માં બાંધ્યો હશે.

ઉપરકોટમાં રહેતા લોકોને પાણીનો પૂરવઠો પૂરો પાડવા માટે

**ગિરનાર મહાતીર્થ એ પૃથ્વીના તિલક સમાન છે. આવા ગિરનાર મહાતીર્થ પર જૈનોના દેરાસરો શોભી રહ્યાં છે. તેવી જ રીતે હિન્દુ ધર્મના તીર્થધામો અને જોવાલાયક સ્થળો પણ આવેલાં છે. ગિરનારમાં નવનાથ અને ચોર્યાશી સિદ્ધોનું બેસણું છે.**

નવઘણકુવો અને અડીચડીવાવ ખોદવામાં આવી હતી.

**નરસિંહ મહેતાનો ચોરો**

જૂનાગઢની ઉત્તર દિશાએ મજેવડી દરવાજા પાસે આદિ કવિ ભક્ત નરસિંહ મહેતાનો ચોરો આવે છે. આ ચોરાની વચ્ચેના ભાગમાં એક ગોળાકાર ઓટલો છે, જ્યાં નરસિંહ મહેતા ભજન કરતા, ચોરાની જગ્યામાં નરસિંહ મહેતાની મૂર્તિ, ગોપનાથની દેરી, દામોદરરાયનું સ્વરૂપ અને ઓટલો છે.

આ પર્વતોમાં અનેક સંતો, મહંતો, સિદ્ધો, યોગીઓ અનેક અઘોરીઓ અને મહાત્માઓએ વસવાટ કરી અનેકવિધ સાધનાઓને સિદ્ધ કરેલી છે.

**સમાપન**

ગિરનારના શ્રી નેમિનાથ દાદાની પૂજા કરનાર આરાધક આત્માઓ ધન્ય બની જાય છે!

*જગમાં તીરથ દો વડાં, શત્રુંજય ગિરનાર,*
*એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર*

વિશ્વભરના આ બંને મહાન તીર્થો ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલા છે. ગિરનાર મંડન શ્રી નેમિનાથ પરમાત્માની પ્રતિમા સૌથી પ્રાચીન પ્રતિમા છે. આ પ્રતિમાના દર્શન-વંદન માટે આચાર્ય બપ્પભટ્ટસૂરિ, શ્રી હેમચન્દ્રસૂરિ તેમજ મુનિ ભગવંતો આ તીર્થે આવી ગયેલા. અનેક સંઘો આ તીર્થે આવ્યાના ઉલ્લેખો મળે છે. સિદ્ધરાજ, કુમારપાળ, સજ્જનમંત્રી, વસ્તુપાળ-તેજપાલ, પેથડશા આદિ પ્રતાપી જૈન શ્રેષ્ઠીઓ આ તીર્થની યાત્રાએ આવી અને જિનાલયોનું નિર્માણ કરીને ગયા.

શ્રી નેમિજિન પ્રભુની દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ આ ભૂમિ પર થયાં હોઈ મહાત્માઓ અને સાધકો આત્મકલ્યાણ સાધવા અને સંલેખનાર્થે આ તીર્થે આવતા હતા. મુનિ રથનેમિ, રાજીમતિ આદિ સાધકોની સાધનાનો ઇતિહાસ આ તીર્થ સાથે સંકળાયેલો છે.

ગરવા ગિરિરાજ પર વર્તમાનમાં અસ્તિત્વ ધરાવતાં જૈન મંદિરો અને પ્રાચીન સાહિત્ય અને પ્રાચીન યાત્રિઓએ વર્ણવેલ પરિસ્થિતિમાં ઘણો ફરક પડી ગયો છે. મુસ્લિમ આક્રમણો દરમિયાન થયેલા વિનાશ, અને પછીથી ૨૦મી સદીના પુનરુદ્ધારોએ ઘણી અસલી વાતોને વિસરાવી દીધી છે. મંદિરોમાં કેટલાં પુરાણાં છે, જૂના મંદિરોનો અસલી ભાગ કેટલા પ્રમાણમાં આજે મોજુદ રહ્યો છે, તે સૌ વાતો પર અસ્પષ્ટતા વરતાય છે.[૯]

ઉજ્જયંતગિરિ પર આજે જે મંદિરો છે તેમાં, ખાસ કરીને ૧૫મા શતકના મંદિરોના વિતાનોએ, આ ગરિમાપૂત તીર્થનું કલાક્ષેત્રે ગૌરવ વધાર્યું છે, અને મરુ-ગુર્જર સ્થાપત્યનો પ્રાણ વિધર્મી આક્રમણો બાદ પણ મરી ન પરવારતાં ગુજરાતનું નામ અજવાળે તેવા સર્જનો પછીના કાળે પણ કરી શકે છે તેની પ્રતીતિ કરાવે છે. રૈવતાચલના જિનમંદિરો કેવળ જૈનોની જ ગૌરવગાથા છે તેવું નથી, તે ગુજરાતનું ભારતીય સંસ્કૃતિને પોતાના તરફથી અપાયેલાં ઉત્તમ પ્રદાનોમાંનું એક છે.[૧૦]

નીચેનો દુહો યાદ કરીને શ્રી નેમિજિનને સ્મરીને ગરવા ગિરનાર ગિરિરાજને વંદનના ભાવ સાથે...

*સોરઠ દેશમાં સંચર્યા, ન ચઢ્યો ગઢ ગિરનાર,*
*સહસાવન ફરશ્યો નહિ, એનો એળે ગયો અવતાર.*

**સંદર્ભ સૂચિ :**


૧. શાહ અંબાલાલ પ્રેમચંદ (સંપા.)
જૈન તીર્થ સર્વસંગ્રહ, ભા. ૧ 'ગિરનાર' પૃ. ૧૧૮
૨. ઢાંકી, મધુસૂદન, શાહ જિતેન્દ્ર (સંપા.)
સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્યમાં ગિરનાર, અમદાવાદ, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ૨૦૧૦, પૃ. ૧૫.
૩. મુનિ હેમવલ્લભવિજયીજ મ.સા. સૌ ચાલો ગિરનાર જઈએ. જુનાગઢ,
ગિરનાર મહાતીર્થ વિકાસ સમિતિ, વિ. સં. ૨૦૬૫, પૃ. ૧૫ અને ૨૬ અને ૧૦૨.
૪. 'પુરાતત્ત્વ' ત્રૈમાસિક વર્ષ ૧, અંક ૩, પૃ. ૨૯૨.
૫. નં. ૩ પ્રમાણે. પૃ. ૨૬.
૬. ગુજરાતના ઐતિહાસિક લેખો-ભા. ૩, પૃ. ૧૪-૪૧.
૭. 'વસ્તુપાલ ચરિત્ર' પ્રસ્તાવ-૬, શ્લોક ૬૯૧-૭૨૯.
૮. નં. ૩ પ્રમાણે પૃ. ૧૦૨.
૯-૧૦. મહાતીર્થ ઉજ્જયન્તગિરિ (ગિરનાર તીર્થ) અમદાવાદ, શેઠ આણંદજી કલ્યાણજી, ઈ. સ. ૧૯૯૭, પૃ. ૧૪ અને ૪૮.


**વિશેષ સંદર્ભ સાહિત્ય**


• ગોળવાળા, મહેન્દ્ર લાલભાઈ (સંક.)
ભારતના મુખ્ય જૈન તીર્થો, અમદાવાદ.
શ્રી મહાવીર શ્રુતિ મંડળ, ઈ. સ. ૧૯૯૬.
• ચૌધરી, સંજય,
ગિરનાર, અમદાવાદ, રંગદ્વાર પ્રકાશન, બીજી આ. ઇ. સ.૨૦૧૧
• ગિરનાર, મહાતીર્થ વિકાસ સમિતિ,
જૈન પંચાંગ-સૌ ચાલો ગિરનાર જઈએ,
જૈન વીર સં. ૨૫૩૯, વિ. સં. ૨૦૬૯, ઈ. સ. ૨૦૧૨-૧૩. ✶✶


૧૨/૭૧, આનંદ ફ્લેટ, વિજયનગર રોડ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૩. મોબાઈલ: ૦૯૭૨૫૮૯૩૩૫૫.

# વિશ્વ મંગલમ્ અનેરા વૃંદાવન

## આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી

*સંઘના ઉપક્રમે ૨૦૧૪ની ૮૦મી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન વિશ્વ મંગલમ્ અનેરા વૃંદાવનને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે **સત્તાવીસ લાખ** જેવી માતબર રકમ પ્રાપ્ત થઈ છે. હજી દાનનો પ્રવાહ વહેતો ચાલુ જ છે. દાતાઓના અમે ઋણી છીએ.*

| રકમ રૂા. | નામ | રકમ રૂા. | નામ | રકમ રૂા. | નામ |
|---|---|---|---|---|---|
| ૩૦૧૦૦૦ | ઉલ્હાસ સી. પૈમાસ્ટર | ૧૫૦૦૦ | શર્મી પ્રવીણભાઈ ભણશાલી | ૧૦૦૦૦ | પ્રવિણભાઈ કે. શાહ |
| ૨૦૦૦૦૦ | પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી | ૧૫૦૦૦ | રમાબેન જયસુખભાઈ વોરા | ૧૦૦૦૦ | ડૉ. સ્નેહલ સંઘવી |
| ૧૨૫૦૦૦ | કાકુલાલ સી. મહેતા | ૧૫૦૦૦ | ધિરેન્દ્રકુમાર બી. શાહ | ૧૦૦૦૦ | ભૂપેન્દ્રભાઈ અને જગદીપ જવેરી |
| ૧૦૦૦૦૦ | પ્રવીણભાઈ શાંતિલાલ કોઠારી | ૧૫૦૦૦ | વસંતલાલ એન. સંઘવી | ૧૦૦૦૦ | નિરંજન હરગોવિંદદાસ ભણશાલી |
| ૧૦૦૦૦૦ | લાલભાઈ કાલીદાસ એન્ડ કું. | ૧૫૦૦૦ | દિપાલીબેન મહેતા | ૧૦૦૦૦ | નિતેન મહેતા |
| | હસ્તે શૈલેષભાઈ મહેતા | ૧૫૦૦૦ | સ્પેક્ટ્રા કનેક્ટ્રોનિક્સ પ્રા. લી. | ૧૦૦૦૦ | મણિલાલ કાનજી પોલડીયા |
| ૧૦૦૦૦૦ | શૈલાબેન હરીશભાઈ મહેતા | ૧૧૧૧૧ | સરોજરાની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | ૧૦૦૦૦ | મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન |
| | હસ્તે હરીશભાઈ મહેતા | ૧૧૧૧૧ | સ્વ.રાકેશ ખુશાલદાસ ગડાના | | હસ્તે : પ્રવીણભાઈ |
| | ઑનવર્ડ ફાઉન્ડેશન | | સ્મરણાર્થે | ૧૦૦૦૦ | ઈલાબેન ચંપકલાલ મોદી |
| ૧૦૦૦૦૦ | સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ | | હસ્તે : ખુશાલદાસ સોજપાર ગડા | ૧૦૦૦૦ | ચન્દ્રકાન્ત યુ. ખડેરીયા |
| ૭૫૦૦૦ | ગુલાબચંદ કરમચંદ શાહ | ૧૧૦૦૦ | છોટાલાલ નાથાલાલ શાહ ચેરિટેબલ | ૧૦૦૦૦ | હેમલતા સી. ખંડેરિયા |
| ૫૧૦૦૦ | કર્ણિકભાઈ-નીતાબેન પરીખ | | ટ્રસ્ટ | ૧૦૦૦૦ | હર્ષદ મગનલાલ શેઠ |
| ૫૧૦૦૦ | કૉન્વેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ | ૧૧૦૦૦ | દિલીપભાઈ વી. કાકાબળીયા | ૧૦૦૦૦ | વિનોદભાઈ યુ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦૦ | મંજુલા મણીલાલ વોરા | ૧૧૦૦૦ | રંજનબેન મહાસુખલાલ શાહ | | હસ્તેઃ રાજુલ વી. શાહ |
| ૨૫૦૦૦ | ભારતી ભુપેન્દ્ર શાહ | ૧૧૦૦૦ | હીરાચંદ સી. શાહ | ૧૦૦૦૦ | પુષ્પા વી. ધલ્લા |
| | સ્વ. પિતાશ્રી કાંતિલાલ | ૧૧૦૦૦ | અલ્કાબેન પંકજભાઈ ખારા | ૧૦૦૦૦ | દિપ્તી ધીરેન શાહ |
| | નારણદાસ શાહના સ્મરણાર્થે | | વિરલ-પ્રગતિ | ૧૦૦૦૦ | એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨૫૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ | ૧૧૦૦૦ | સવિતા હીરાચંદ શાહ | ૧૦૦૦૦ | અશિતા એન્ડ કાંતિલાલ કેશવલાલ શેઠ |
| ૨૫૦૦૦ | હર્ષદ રંજન, પારસ, દિપ્તી, | ૧૧૦૦૦ | ભૂપેન્દ્ર રસિકલાલ શાહ-કોલસાવાલા | | ચેરિટેબલ ટ્રસ્ટ |
| | આદિત્ય અને અભિષેક | ૧૧૦૦૦ | દિપિકા પંકજ મોદી | ૧૦૦૦૦ | દેવચંદ ધીલાભાઈ શાહ |
| ૨૫૦૦૦ | માતુશ્રી રતનબેન લખમશી | ૧૧૦૦૦ | ચેમ્પિયન ટ્રેડર્સ | ૧૦૦૦૦ | સંજય મહેતા |
| | સાવલા પરિવાર-કચ્છ નવાવાસ | ૧૧૦૦૦ | રોહન ચંદુભાઈ નિર્મલ/તૃપ્તિ નિર્મલ | ૧૦૦૦૦ | કુસુમ મણિલાલ પોલડિયા |
| ૨૫૦૦૦ | દિનેશ સાવલા | ૧૧૦૦૦ | મેટ્રોપોલીટન એક્ઝીકેમ લિ. | ૧૦૦૦૦ | ચંદ્રિકા વોરા |
| ૨૫૦૦૦ | મહેશ શાંતિલાલ શ્રોફ | ૧૧૦૦૦ | એક બહેન | ૧૦૦૦૦ | એચ.ડી.ઈન્ડસ્ટ્રીઝ હસ્તેઃહસમુખભાઈ |
| ૨૫૦૦૦ | રક્ષા મહેશ શ્રોફ | ૧૧૦૦૦ | તરુલતાબેન | ૧૦૦૦૦ | યશોમતીબેન શાહ |
| ૨૫૦૦૦ | અમીત એસ. મહેતા | ૧૧૦૦૦ | કાનજી કોરશી ચેરિટેબલ ટ્રસ્ટ | ૧૦૦૦૦ | અમોલ કેપીટલ માર્કેટ પ્રા.લિ. |
| ૨૫૦૦૦ | જીતેન્દ્ર કીર્તિલાલ ભણશાલી ટ્રસ્ટ | ૧૧૦૦૦ | વિનોદ ઝવેરચંદ વસા | ૮૦૦૦ | પ્રકાશભાઈ ડી. શાહ |
| ૨૧૦૦૦ | ચન્દ્રકાન્ત ડી. શાહ | ૧૧૦૦૦ | પીનાબેન ટેલી, અમદાવાદ | ૭૫૦૦ | જે. કે. ફાઉન્ડેશન |
| ૨૧૦૦૦ | નિતીનભાઈ સોનાવાલા | | હસ્તે :ડૉ. નીતાબેન પરીખ | ૭૦૦૦ | પુષ્પાબેન સુરેશભાઈ ભણશાલી |
| ૨૧૦૦૦ | શાંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ | ૧૦૦૦૦ | નિરૂબેન સુબોધભાઈ શાહ | ૬૫૦૦ | કાંતિ કરમશી એન્ડ કું. વેલ્યુઅર |
| ૨૦૦૦૦ | વર્ષા આર. શાહ એન્ડ ફેમિલી | ૧૦૦૦૦ | પ્રકાશ શાંતિલાલ દોશી | ૬૦૦૦ | એક બહેન |
| ૧૫૦૦૦ | શૈલેજા ચેતન શાહ | ૧૦૦૦૦ | રતનચંદ ભોગીલાલ પારેખ | ૬૦૦૦ | રસિલાબેન જે. પારેખ |
| ૧૫૦૦૦ | દિલીપભાઈ એમ. શાહ CA | ૧૦૦૦૦ | રમાબેન વિનોદભાઈ મહેતા | ૬૦૦૦ | કેશવલાલ કિલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ |

| રકમ રૂા. | નામ |
|---|---|
| ૬૦૦૦ | ઉષાબેન વી. શાહ |
| ૫૫૫૫ | ચંદુલાલ જી. ફ્રેમવાલા |
| ૫૧૦૦ | પ્રેમકુમારી દેવચંદ રવજી ગાલા |
| ૫૦૦૧ | વિનાબેન જવાહર કોરડિયા |
| ૫૦૦૧ | ભારતીબેન ગજેન્દ્ર કપાસી |
| ૫૦૦૧ | પ્રકાશ ઝવેરી |
| ૫૦૦૦ | ટી. એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| | હસ્તે પુષ્પાબેન પરીખ |
| ૫૦૦૦ | પન્નાલાલ ખીમજી છેડા |
| | સ્વ. પ્રભાવતી પી. છેડાની સ્મૃતિમાં |
| ૫૦૦૦ | જશવંતલાલ વી. શાહ |
| ૫૦૦૦ | ડૉ. મૃદુલાબેન તંબોલી-યુ.એસ.એ. |
| ૫૦૦૦ | મહેન્દ્ર ઉજમશીભાઈ શાહ |
| ૫૦૦૦ | ભારતી દિલીપભાઈ શાહ |
| ૫૦૦૦ | ઉષાબેન રમેશભાઈ ઝવેરી |
| ૫૦૦૦ | શારદાબેન બાબુભાઈ શાહ |
| ૫૦૦૦ | શીવાની કિરણ શાહ |
| ૫૦૦૦ | એક બહેન |
| ૫૦૦૦ | જીવણલાલ ઓઘડદાસ શેઠ-HUF |
| | હસ્તે:જયંતીભાઈ એન્ડ ભુપતભાઈ |
| ૫૦૦૦ | ગુલાબદાસ એન્ડ કું. |
| ૫૦૦૦ | એક બહેન |
| ૫૦૦૦ | તરૂણાબેન વિપીનભાઈ શાહ |
| ૫૦૦૦ | અરૂણા દિલીપ સોલંકી |
| ૫૦૦૦ | સ્વ. માનબાઈ ડુંગરશી શાહ |
| ૫૦૦૦ | દેવકાબેન જેશંગ રાંભિયા |
| ૫૦૦૦ | નિર્મલાબેન વિનોદ શાહ |
| | હસ્તે : ઈન્દિરાબેન સોનાવાલા |
| ૫૦૦૦ | એક બહેન |
| ૫૦૦૦ | જે. સી. સંઘવી એન્ડ યુ. જે. સંઘવી |
| | ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | સુજીતભાઈ પરીખ |
| ૫૦૦૦ | સરલાબેન કાંતિલાલ સાવલા |
| ૫૦૦૦ | ડૉ. કે. કે. શાહ |
| ૫૦૦૦ | ઈન્દુબેન સુમનભાઈ શાહ |
| ૫૦૦૦ | અનીષ શૈલેષ કોઠારી |
| ૫૦૦૦ | વિપીન દલીચંદ ગાંધી |
| ૫૦૦૦ | કુમાર અને રીટાબેન ધામી |
| ૫૦૦૦ | ગુણવંતભાઈ શાહ |
| ૫૦૦૦ | પરાગ એન. શેઠ |
| ૫૦૦૦ | ઉષાબેન એસ. શાહ |

| રકમ રૂા. | નામ |
|---|---|
| ૫૦૦૦ | આશા જીતેન્દ્ર દશોન્દી |
| ૫૦૦૦ | પ્રતિમા શ્રીકાંત ચક્રવર્તી |
| ૫૦૦૦ | રસિકલાલ છોટાલાલ શાહ |
| | હસ્તે:શરદ રસિકલાલ શાહ |
| ૫૦૦૦ | સરસ્વતીબેન રસિકલાલ શાહ |
| | હસ્તે : શરદ રસિકલાલ શાહ |
| ૫૦૦૦ | બાબુભાઈ છોટાલાલ શાહ |
| | હસ્તે : હંસા બાબુલાલ શાહ |
| ૫૦૦૦ | ભોગીલાલ સુખલાલ શાહ |
| | હસ્તે : લતા શરદ શાહ |
| ૫૦૦૦ | વિક્રમ રમણલાલ શાહ |
| ૫૦૦૦ | હર્ષા વિજય શાહ |
| ૫૦૦૦ | ભગવતીબેન પી. સોનાવાલા |
| ૫૦૦૦ | ગિરિશભાઈ પટેલ |
| ૫૦૦૦ | નિર્મળાબેન રાવલ |
| ૫૦૦૦ | મંજુલાબેન મહેતા |
| ૫૦૦૦ | અંજન આઈ. ડાંગરવાલા |
| ૫૦૦૦ | દેવ પરેશ ગડા |
| ૫૦૦૦ | એક ભાઈ |
| ૫૦૦૦ | બીમલ એચ. શાહ |
| ૫૦૦૦ | બોનાન્ઝા ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ પ્રા.લિ. |
| ૫૦૦૦ | ભાઈદાસ મહેતા ફાઉન્ડેશન |
| ૫૦૦૦ | મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | ભાઈચંદ એમ. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | પ્રદિપ શાહ |
| ૫૦૦૦ | અનિલાબેન મહેતા |
| ૫૦૦૦ | (સ્વ.) ઉષાબેન નાથાલાલ પરીખ |
| | હસ્તે : ગીતા શાહ |
| ૫૦૦૦ | હેમંત એચ. વકીલ |
| ૫૦૦૦ | એક બહેન |
| ૫૦૦૦ | અમીષ મોતીલાલ ગાલા |
| ૫૦૦૦ | ઉષાબેન દિલીપ શાહ |
| ૫૦૦૦ | અનીષ શાહ |
| ૫૦૦૦ | દર્શની શાહ |

આ અંકની છુટક
નકલની કિંમત
રૂપિયા ૬૦/-

| રકમ રૂા. | નામ |
|---|---|
| ૫૦૦૦ | અપૂર્વ એસ. દોશી |
| ૫૦૦૦ | ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| | હસ્તે : (સ્વ.) ડૉ. હસમુખભાઈ |
| | ચીમનલાલ કુવાડિયા |
| ૫૦૦૦ | ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૫૦૦૦ | પ્રિતીબેન દિનેશ ગાલા |
| ૫૦૦૦ | ઉષા પ્રવીણભાઈ શાહ |
| ૫૦૦૦ | મહેન્દ્રકુમાર અરતલાલ શાહ |
| ૫૦૦૦ | રત્નદીપ ચેરિટી ટ્રસ્ટ |
| ૫૦૦૦ | પ્રવીણભાઈ જમનાદાસ શાહ |
| ૫૦૦૦ | અરૂણાબેન અજીતભાઈ ચોકસી |
| ૫૦૦૦ | અજીતભાઈ રમણલાલ ચોકસી |
| ૫૦૦૦ | નિરંજન આર. ધીલ્લા |
| ૫૦૦૦ | મોહનલાલ જી. ઝવેરી |
| ૫૦૦૦ | વિમલાબેન રમણીકલાલ પુંજાભાઈ |
| | પરીખ હસ્તે : અતુલભાઈ |
| ૫૦૦૦ | હસમુખલાલ વનેચંદ માટલીયા |
| ૫૦૦૦ | રતિલાલ ઓધવજી ગોહીલ ચેરિટેબલ |
| | ટ્રસ્ટ |
| ૫૦૦૦ | નવીનભાઈ પ્રેમચંદ શાહ |
| ૫૦૦૦ | સંતોકબા જેઠાલાલ દેસાઈ ચેરિટેબલ |
| | ટ્રસ્ટ |
| ૫૦૦૦ | ઘેલાની ચેરિટબલ ટ્રસ્ટ (Direct) |
| ૫૦૦૦ | જશવંતી પ્રવિણચંદ્ર વોરા |
| | ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | જયંતીભાઈ પી. શેઠ |
| ૫૦૦૦ | મહેન્દ્રભાઈ ગોસર (ત્રીશલા) |
| ૫૦૦૦ | કે. સી. શાહ-અમદાવાદ |
| ૫૦૦૦ | હંસાબેન કે. શાહ-અમદાવાદ |
| ૫૦૦૦ | નંદુ ડ્રેપર્સ હસ્તે : થાવરભાઈ |
| ૫૦૦૦ | આર. આર. સંઘવી |
| ૪૫૦૦ | કાંતિ કરમશી એન્ડ કું.-વેલ્યુઅર |
| ૪૦૦૦ | ભદ્રાબેન શાહ |
| ૩૫૦૦ | વાસંતીબેન રસિકલાલ શાહ |
| ૩૦૦૦ | નીલાબેન ચન્દ્રકાન્ત શાહ |
| ૩૦૦૦ | એક ભાઈ |
| ૩૦૦૦ | સુજાતાબેન જયેશ ગાંધી |
| ૩૦૦૦ | જયેશભાઈ ડી. ગાંધી |
| ૩૦૦૦ | અમરતલાલ એન્ડ બ્રધર્સ |
| ૩૦૦૦ | સૌનક પરેશ ચૌધરી |
| | હસ્તે : વિવેક ચૌધરી |




## શ્રી મુંબઈ જૈન સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

૩૦૦૦ એક ભાઈ
૩૦૦૦ મહેશ પી. શાહ
૩૦૦૦ વીણા રમેશચંદ્ર શાહ
૨૫૦૦ જુગલ દિવ્યેશ હેમાની
૨૫૦૦ હરીલાલ તારાચંદ શાહ હસ્તે : બલવંતભાઈ
૨૫૦૦ ઈલાબેન અમરતલાલ સંઘવી
૨૫૦૦ આનંદલાલ ત્રિભોવનદાસ સંઘવી
૨૫૦૦ રાજેશ નેનશી વીરા
૨૦૦૦ કૃષ્ણકાંત પટેલ
૨૦૦૦ રતિલાલ ગાંગજી સાવલા
૧૫૦૧ સ્વ. વિજયાબેન અને સ્વ. સુરભી પરીખ હસ્તે : રમેશભાઈ પરીખ
૧૫૦૦ ભારતી હિમાંશુ પાલેજવાળા
૧૨૨૨ વસંત કે. મોદી
૧૦૦૧ એક બહેન
૧૦૦૦ કાંતાબેન જે. શાહ
૧૦૦૦ વનિતા જયંત શાહ
૧૦૦૦ લતાબેન દોશી
૧૦૦૦ અતુલભાઈ શાહ
૧૦૦૦ વિનીત આર. શાહ
૧૦૦૦ એક ભાઈ
૧૦૦૦ શરદચંદ્ર કાંતિલાલ
૧૦૦૦ સંયુક્તાબેન પ્રવિણભાઈ મહેતા
૧૦૦૦ મિનલ મિલન બાવીશી (USA)
૧૦૦૦ ગીતા જૈન
૧૮૦૦ ૧૦૦૦થી ઓછી રકમ

**૨૭,૨૦,૪૦૪ રૂા. કુલ અનુદાન**

### સુધારો

પર્યુષણ પર્વ વિશેષાંક 'કર્મવાદ : જૈન દર્શન અને અન્ય દર્શન'માં ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ સંકલિત બોક્સ `Karmavad & God' ભૂલથી પાના નંબર ૧૩૮ પર છપાયું છે, જે તેમના લેખ 'કર્મવાદ અને વિજ્ઞાન'ની નીચે (પાના નંબર ૮૬) પર લેવું જોઈએ તથા એમનો મોબાઈલ નંબર ૯૮૨૧૬ ૮૧૦૪૬ છે. સુજ્ઞ પાઠકોને આ ક્ષતિ સુધારીને વાંચવા વિનંતી.

**પ્રબુદ્ધ જીવન નીધિ ફંડ**

૫૦૦૦ જે. જે. ગાંધી
૫૦૦૦ ઉષાબેન દિલીપભાઈ શાહ
૩૦૦૦ વર્ષાબેન આર. શાહ
૩૦૦૦ રતનબેન છાડવા
૩૦૦૦ ડૉ. પાર્વતીબેન ખીરાણી
૨૦૦૦ કેશવલાલ કીલાચંદ ચે. ટ્રસ્ટ
૧૦૦૧ વિણાબેન જવાહર કોરડીયા
૧૦૦૦ હેમંત એ. શાહ
૧૦૦૦ ભરતકુમાર સી. શાહ
૨૪૦૦૧ કુલ રકમ

**પ્રેમળ જ્યોતિ**

૫૦૦ પ્રફુલભાઈ કાંતિલાલ શાહ
૫૦૦ કુલ રકમ

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

૫૦૦૦ ડૉ. મૃદુલાબેન આર. તંબોલી U.S.A.
૫૦૦૦ રમાબેન વિનોદભાઈ મહેતા
૫૦૦૦ મોહનલાલ બેચરદાસ મહેતા (જયોતિ આઈસ્ક્રીમ)
૨૫૦૦ ભગવતીબેન સોનાવાલા
૨૦૦૦ માલતીબેન જયંતભાઈ ટિંબડિયા
૨૦૦૦ ભરતકુમાર સી. શાહ
૫૦૦ પ્રફુલભાઈ કાંતિલાલ શાહ
૨૨૦૦૦ કુલ રકમ

**કિશોર ટિમ્બડિયા કેળવણી ફંડ**

૨૫૦૦ ભગવતીબેન સોનાવાલા
૨૦૦૦ ભરતકુમાર સી. શાહ
૫૦૦ પ્રફુલભાઈ કાંતિલાલ શાહ
૫૦૦૦ કુલ રકમ

**સરસ્વતી ડાહ્યાભાઈ જવેરી ચશ્માઘર**

૫૦૦ પ્રફુલભાઈ કાંતિલાલ શાહ
૫૦૦ કુલ રકમ

**સંઘ અનુદાન**

૧૦૦૦૦૦ શૈલાબેન હરિશભાઈ મહેતા હસ્તે: હરિશભાઈ મહેતા- ઓનવર્ડ ફાઉન્ડેશન
૫૧૦૦૦ ચંદ્રાબેન પીયૂષભાઈ કોઠારી
૨૫૦૦૦ ગુલાબચંદ કરમચંદ શાહ
૧૫૦૦૦ કાંતિલાલ ઉજમશી એન્ડ સન્સ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૫૦૦૦ આરૂશી અનિશ ઝવેરી હસ્તે: પુષ્પસેન ઝવેરી
૧૦૦૦૦ શાંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ ચંદ્રકાંત દીપચંદ શાહ
૫૦૦૦ નિતિનભાઈ સોનાવાલા
૫૦૦૦ નિરૂબેન સુબોધભાઈ શાહ
૫૦૦૦ ઉષાબેન પ્રવીણભાઈ શાહ
૫૦૦૦ દિલીપભાઈ વિરેન્દ્રભાઈ કાકાબળીયા
૫૦૦૦ ડૉ. સ્નેહલ સંઘવી
૫૦૦૦ યશોમતીબહેન શાહ
૫૦૦૦ શૈલજાબહેન ચેતનભાઈ શાહ
૫૦૦૦ દિલીપભાઈ એમ. શાહ
૫૦૦૦ શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
૫૦૦૦ રેખાબહેન યોગેશભાઈ સોલંકી હસ્તે : શારદાબેન
૫૦૦૦ જે. કે. ફાઉન્ડેશન
૫૦૦૦ એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ અજીતભાઈ રમણલાલ શાહ
૫૦૦૦ અરૂણાબેન અજીતભાઈ શાહ
૩૦૦૦ એક બહેન તરફથી
૩૦૦૦ પ્રકાશભાઈ ડી. શાહ
૩૦૦૦ ભારતીબહેન ભગુભાઈ શાહ
૨૦૦૦ કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦ શર્મીબેન પ્રવીણભાઈ ભણશાલી
૧૦૦૦ શારદાબેન બાબુભાઈ શાહ
૧૦૦૦ મીનેષ ચંદ્રકાંત શાહ
૧૦૦૦ ડૉ. હેમંત એચ. કુવાડિયા સ્મરણાર્થે સુમનકુમાર બી. ગોસલિયા
૧૦૦૦ લતાબેન દોશી
૧૦૦૦ અતુલભાઈ શાહ
૧૦૦૦ નવીનભાઈ પ્રેમચંદ શાહ
૧૦૦૦ મીનાબેન કિરણ ગાંધી
૫૦૦ જગદીશ એમ. ઝવેરી
૧૦૦ નવનીત શેઠ
**૩૧૦૬૦૦ કુલ રકમ**

**સંઘ ટ્રસ્ટ કોરપસ ફંડમાં**

૭૫૦૦૦ શ્રેયસ પ્રચારક સભા
૧૦૦૦૦ અમુલ ફાઈનાન્સિયલ સર્વિસિસ પ્રા. લિ.
૯૦૦૦ કસ્તુરબા સેવાશ્રમ-મરોલી
**૯૪૦૦૦ કુલ રકમ**

**પર્યુષણ વ્યાખ્યાનમાળા ફંડ**

૫૦૦૦ હીરાલાલ પી. ડગલી
**૫૦૦૦ કુલ રકમ**

# PILGRIM PROGRESS

Last month I added another year and another decade to my life; since then I've been contemplating and thinking - meditating and walking long distances : enjoying the nature in all it's glory and preparing my mind and body for the decade ahead. Just my own manner to take time off from world at large - This time with the self has been a pilgrimage- I would like to start with- 'sva saathe' (સ્વ સાથે) - That space within and those few moments when all others are outside of that sphere of self....no 'aadhar' (આધાર), no 'avlamban' (અવલંબન).

This makes me reflect on the word pilgrimage. So what is a Pilgrimage? A kind of Geography of Faith; or A religious journey or A holy expedition or A place within or A place outside.

I am going to briefly describe the places that have been sacred to me since my childhood, my pilgrimage, destinations, places where I feel an utter connect within, my Tirth. All tirth's are special and close to my heart however, I am describing these few as these have had larger relevance to my life and that have more significance to me.

First, my spiritual guide, my aadhaar - Neela Shashikant Mehta's feet- 'charan' - Even if it sounds unbelievable, it really was for me an incredible 'sammovsaran' experience. Just as we have been described that on entering a sammovsaran, enemies become friends, and there prevails an atmosphere of love and joy all around among every living being, similarly sitting at her feet my heart would become devoid of all negativities and it seemed that the entire world ceased and stopped and only the moments with her existed. I would enter the room where she was sitting, standing, praying and would always start feeling lighter and fragrant and the moment I would touch her feet, it would be this tangible feeling of reaching a higher place. Her bhakti, her satsang, her voice, she was truly a manifestation of the line "deh chhata jeni dasha varte dehaateet' (દેહ છતા જેની દશા વર્તે દેહાતીત) – the one who had a body and yet seemed to live beyond the form of it.

The second Tirth sacrosanct for me is Shrimad Rajchandra Swadhyay Mandir on Lam Road, Deolali. For all those who have not been there, go there Adhuna (now this very instant ) as Ashtavakra would say. The walk into the premise, the sunlight, the chirping birds, the hacienda shaped Mandir, the 'bhoyro' (basement) below - the utter sense of bliss and divinity. This has always been to me -- my ultimate Tirthsthhaan.

Actually all of Deolali – is filled with the most beautiful Jain temples, both Digambar and Shwetambar Temples which are all in such proximity to each other and I have visited all of them every single time whenever I collected enough Punya to be able to visit Deolali.

Third Tirth which though considered a Digambar Teerth but which I would urge all to go and just be at peace in is Gajpantha. 435 steps on a little hill near Nashik leads you to a 194 inch tall statue of Parshwanath Bhagwan and two more cave temples with moortis of tirthankars. It is breathtaking. It is believed that seven Balbhadra (saints) of Jain Sect known as Vijay, Achal, Sudharma , Suprabh, Nandi, Nandimitra and Sudarshan achieved salvation from here. By this very account it is a place worth a visit to pay homage to the siddh-atmas and feel inspired towards our own moksh marg.

Fourth place that I have been moved by is Dharmachakra - also near Nashik. Besides its splendour, the Vicharta Mahavir is a sight to behold. One can spend a few days there and bask in the pure divine energy of this place.

Fifth and a place which I constantly visit almost every month for the past four years is Shrimad Rajchandra Ashram - Dharampur

Perched on a small quaint hillock approached by a small winding road lies this haven. It is a place where earlier a crematorium existed and Shrimad Rajchandra meditated. Now its a sprawling ashram which accommodates over 3000 people. Here Gurudev Shri Rakeshbhai Jhaveri fondly addressed as Bapa whose pravachans on diverse sacred scriptures like Bhagwat Geeta, Ashtavakra Geeta, Yogdhristisamucchay, Naarad Bhakti Sutra and presently Gandharvaad fill me up and inspire me and thousands of others to progress on our paths to Moksh. Buddhi and shuddhi and together Buddhi maan Shuddhi - it all happens here. Here through his constant satsang I feel a sense of reflection on

the way I live my life hurtling aimlessly and provokes me to wake up and take charge of myself and work towards my spiritual well being.

I may have done it very often and yet each visit is special and etched of the moments I treasure. The moment of waking up in the morning so naturally refreshed in this pious surrounding, of trudging barefooted slowly towards the Jinn Mandir and Gurumandir, watching my other co-inhabitants performing Jinn pooja, or doing their madas, kram, or dhyaan, then walking hurriedly to the auditorium for pravachan, followed by standing at the corner of the path waiting to take Bapa's darshan, and the evening arti. All these singularly and cohesively help me to connect with myself.

Summing it up; pilgrimages or tirth can be divided in two categories. One a dharma sthhal – a place of religious importance and two a marma sthhal - just your own personal places or moments which help you connect with yourself and inspire you towards the higher. Personally I give importance to the latter. Dharma sthhal is about making a journey to a place. Marma Sthhal is about reaching the place where you feel your journey ends.

Location of the above mentioned pilgrimages:

Neela Ba - no more in the physical form thus everywhere.

Shrimad Rajchandra Swadhay Mandir - is situated on Lam Road, opposite Rajgruhi Society, Deolali

Gajpantha - Teerth Gajpantha is located at Mhasrul, 16 kms from Nashik Road Railway station and 5 kms from Nashik City.

Dharmachakra - Nasik-Mumbai Highway, Vilholi, District – Nashik

Shrimad Rajchandra Ashram – Dharampur, close to Vapi and Valsad.

--

Reshma Jain
The Narrators
Tel: +91 99209 51074

# સર્જન –સ્વાગત

## ❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **રામાયણ**
લેખક : **ચક્રવર્તી રાજગોપાલાચારી**
અનુવાદક : ભૂપેન્દ્ર ઉપાધ્યાય
પ્રકાશક : ભારતીય વિદ્યાભવન વતી
ગૂર્જર પ્રકાશન
૨૦૨, તિલક રાજ, પંચવટી પહેલી લેન, એલિસ બ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
મૂલ્ય રૂા. ૩૦૦/- પાના : ૩૨૦.
આવૃત્તિ : બીજી ૨૦૧૪.

રાજગોપાલાચારી કહે છે 'રામાયણ ઇતિહાસ નથી, એ જીવનકથા પણ નથી. હિંદુ પુરાણકથાનો એ અંશ છે.' મૂળ તમિળ 'રામાયણ'નો આ અનુવાદ છે. 'કલ્કી'માં દર સપ્તાહે ધારાવાહિક રૂપે તમિળમાં આ કથા પ્રગટ થતી હતી. તેને ઉમળકાભર્યો આવકાર મળ્યો હતો. લેખક કહે છેઃ સાપ્તાહિકના વાચકો માટે લખાયેલા પ્રકરણોમાં ગંભીર શૈલીને બદલે વાર્તાલાપની સરળ શૈલીનો ઉપયોગ કર્યો છે. યુવાન વાચકોને નજર સમક્ષ રાખી આ ગ્રંથ લખાયો છે.

મહર્ષિ વાલ્મિકી અને તેમના રામાયણનું સ્થાન જગતની અનેક ભાષાઓમાં અવિચળ રહેવાનું. રામાયણના રામ, સીતા, ભરત, લક્ષ્મણ, હનુમાન કે રાવણ વિના હિંદુ ધર્મ કે સંસ્કૃતિને ઓળખી શકાય નહિ. પ્રત્યેક પ્રાચીન સંસ્કૃતિ અને ધર્મના ત્રણ મહત્ત્વના પાયા છે. તત્ત્વજ્ઞાન, ક્રિયાકાંડ અને પુરાણકથા. આ ત્રણ વિના કોઈપણ પ્રજાના જીવન અને તેમની આધ્યાત્મિકતા સમજી શકાય નહિ. વિશ્વના મહાન સર્જકો પણ પુરાણકથાનું મહત્ત્વ સ્વીકારે છે. મહાગ્રંથો આપણાં રાષ્ટ્રીય વ્યક્તિત્વને એનાં સઘળાં પાસાઓ સહિત પ્રગટ કરે છે. આપણાં પ્રાચીન વારસાથી પરિચિત ને સમૃદ્ધ રહેવા માટે રામાયણ અને મહાભારત જેવા ગ્રંથો અત્યંત જરૂરી છે. માનવજાતને વિપથગામી થતાં, સર્વનાશને માર્ગે જતાં ધર્મ જ બચાવી શકે છે.

'રામાયણ'માં વાલ્મિકીની કાવ્ય કલા અને ભાવસૃષ્ટિનો અદ્ભુત શૈલીમાં પરિચય કરાવતો આ ગ્રંથ અત્યંત આવકાર્ય છે.

x x x

પુસ્તકનું નામ : **વાલ્મીકિ રામાયણ-સાર**
લેખક : સ્વામી સચ્ચિદાનંદ
પ્રકાશક : ગુર્જર પ્રકાશન
૨૦૨, તિલક રાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, એલિસ બ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
મૂલ્ય રૂા. ૧૮૦/- પાના : ૩૫૨, આવૃત્તિ : પહેલી, એપ્રિલ-૨૦૧૪.

ભારતીય સંસ્કૃતિમાં બે ગ્રંથોનું અનન્ય મહત્ત્વ છે. એમાં એક છે રામાયણ અને બીજો છે મહાભારત.

રામાયણ એટલે ભારતીય સંસ્કૃતિનો અરિસો-દર્પણ. ભારતની એવી કોઈ ભાષા નહિ હોય કે જેમાં રામાયણ ન હોય. સર્વ રામાયણોનું મૂળ વાલ્મિકી કૃત રામાયણ છે. તેમના રામાયણને આદિ મહાકાવ્ય માનવામાં આવે છે. બધાં જ રામાયણો આમાંથી ઉદ્ભવ્યાં છે.

લેખક પોતે જ કહે છેઃ વર્ષો પહેલાં **'સંસાર રામાયણ'** પુસ્તક લખ્યું અને **'મહાભારત સાર'** પુસ્તક લખ્યું. તેમાંથી પ્રેરણા લઈ 'રામાયણ સાર' અને 'મહાભારત સાર' લખવાની પ્રેરણા થઈ અને મહર્ષિ વાલ્મિકીને કેન્દ્રમાં રાખી આ પુસ્તક લખાયું છે.

સામાન્ય રીતે લોકો મૂળ ગ્રંથને પૂરેપૂરો વાંચી શકતા નથી હોતા તેથી મૂળનો સારાસાર સંગ્રહ કરીને જિજ્ઞાસુઓને રસ પડે તે માટે આ ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથમાં કથા પ્રવાહની સાથે સાથે ચિંતન પ્રવાહ પણ ચાલે છે. ઘણી વાર તો ચિંતન પ્રવાહ કથા પ્રવાહ કરતાં પણ વધુ પ્રમાણમાં દેખાય છે. રામાયણને મહાકાવ્ય તરીકે સ્વીકારવું જ જોઈએ કારણકે તેમાં ધર્મની એટલી બધી વિભાવનાઓ ભરી છે ને તે પાત્રાત્મક ગ્રંથ બની ગયો છે. આજે પણ એનું એક એક પાત્ર પ્રેરણા આપે છે. લોક

ઘડતરમાં રામાયણે જેટલો ભાગ ભજવ્યો છે એટલો બીજા કોઈ ગ્રંથે ભજવ્યો જણાતો નથી.

મૂળ રામાયણના નિચોડ રૂપ સારાસાર આ ગ્રંથ જિજ્ઞાસુઓને સંતોષ અને સાત્ત્વિક આનંદ પ્રદાન કરનાર છે.

x x x

પુસ્તકનું નામ : **મહાભારત**
લેખક : **સી. રાજગોપાલાચારી**
અનુવાદક : ભૂપેન્દ્ર ઉપાધ્યાય
પ્રકાશક : ભારતીય વિદ્યાભવન વતી
ગુર્જર પ્રકાશન,
૨૦૨, તિલક રાજ, પંચવટી પહેલી લેન, એલિસ બ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
મૂલ્ય રૂા. ૩૦૦/- પાના : ૩૧૮, આવૃત્તિ : બીજી, ઈ. સ. ૨૦૧૪.

'મહાભારત માત્ર પુરાણ નથી, વીર દેવાંશી સ્ત્રી પુરુષોની કથા કહેતી એ નખશિખ સંપૂર્ણ સાહિત્યકૃતિ છે. નીતિ નિયમોનો એ બોધ કરે છે. સામાજિક અને ભાવનાત્મક સંબંધોનું રહસ્ય સમજાવે છે.'

મહાભારત એક એવો મહાગ્રંથ છે એના ઉપર માત્ર ભારત જ નહિ પરંતુ સમગ્ર વિશ્વ અધિકાર ધરાવે છે. ભારતને મન આ મહાકાવ્ય આધ્યાત્મિક અને દેવી શક્તિનો ચિરંજીવી સ્રોત છે.

હજારો વર્ષ પહેલાં 'મહાભારત'ની રચના થઈ હતી. તે પછી અનેક પેઢીઓના સમર્થ કથાકારો અને કવિઓએ વ્યાસની મૂળ રચનામાં અનેક સુધારાવધારા કર્યા છે. આ મહાકાવ્યના પાત્રોમાં જીવનનો ધબકાર સંભળાય છે. અનુવાદના વાચકને પણ 'મહાભારત'ની ભવ્યતા અને કથાનું અનુપમ સામર્થ્ય પ્રભાવિત કર્યા વિના રહેતું નથી.

વિરાટ વસતિ ધરાવતા એક મહાન દેશની પ્રજાના વ્યક્તિત્વ અને સંસ્કાર ઘડતરમાં 'મહાભારતે' ખૂબ મોટો ભાગ ભજવ્યો છે. ધર્મકથાના માધ્યમથી મહાભારતની બહુરંગી ઘટનાઓ ધર્મના સુવર્ણતારથી ગૂંથાયેલી છે. આ બધી સંકુલ ઘટનાઓ વચ્ચે ધર્મબોધ નિરંતર વહેતો રહ્યો છે. વેરમાંથી વેર જન્મે છે, હિંસામાંથી હિંસા પ્રગટે છે. વાસના પર વિજય મેળવવો એ જ સાચો વિજય છે-એ મહાભારતનો અમર સંદેશ છે.

સંક્ષિપ્ત રૂપે લખાયેલ આ ગ્રંથ મહાન, ઉદાત્ત અને પ્રેરક કલાકૃતિ વાંચ્યાની ધન્યતાનો અનુભવ કરાવે છે.

x x x

પુસ્તકનું નામ : **શ્રી શશિકાંત કીરચંદ મહેતા અધ્યાત્મ રવિની પિતૃછવિ**
લેખક : ભારતી દીપક મહેતા
૮૨, ગૌતમ બુદ્ધ એપાર્ટમેન્ટ, શાસ્ત્રી મેદાનની સામે, શ્રી કાનજી સ્વામી માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૧.
+91 9925500030.
પ્રકાશક : થીંક ફીએસ્ટા પબ્લિકેશન
team@minfiesta.com
મોબાઈલ : + 91 9925500030.
મૂલ્ય અમૂલ્ય, પાના : ૧૬૨.
પ્રથમ આવૃત્તિ : ઑગસ્ટ-૨૦૧૪.

અધ્યાત્મરવિની પિતૃછબીને એક ધર્મપરાયણ સંવેદનશીલ પુત્રવધૂએ ભાવાંજલિ રૂપે આલેખી છે. આ ભાવાંજલિ એટલે ક્ષણે ક્ષણે અનુભવેલ પિતૃવાત્સલ્યની ધારામાંથી પ્રકટ થતો નવકારનો નિનાદ. આ ગ્રંથના લેખિકા એટલે શ્રી નવકાર મંત્રના આરાધક મુરબ્બી શ્રી શશિકાન્ત મહેતાના પુત્રવધૂ ભારતીબેન.

શ્રીમતિ ભારતીબહેને આ ગ્રંથમાં મુરબ્બી શ્રી શશિકાન્તભાઈ મહેતાની જીવન પ્રતિમા રચવાનો સફળ પ્રયાસ કર્યો છે. અને જીવનકથાની સાથે સાથે લેખિકાએ એમના વિચારોનું આકલન પણ કર્યું છે. પરિણામે લેખિકાએ આલેખેલી ચિત્ર છબી ભાવકના ચિત્તમાં આકાર ધારણ કરે છે. ૨૭ પ્રકરણોમાં લખાયેલ આ ગ્રંથ એટલે એક ઋષિ જેવા 'રાજર્ષિ'ની કથા. અને તેમની અધ્યાત્મ છબી. જેમની શબ્દછબી અહીં આલેખવામાં આવી છે તે અધ્યાત્મ વ્યક્તિ એટલે રોજના ૧૦,૦૦૦ નવકાર મંત્ર ગણનાર શશિકાંત મહેતા. ભારતીબહેન લખે છે:

'પરંપરાને આદરથી સેવનારા, અને એકવીસમી સદીના આધુનિક અભિગમને પણ વ્હાલથી વધાવનારા એવા પૂજ્ય ભાઈનો આંતર અસબાબ મને આ રીતે ખોલવા મળ્યો તેની મને ગરિમાભૂતિ છે.'

આમ આ ગ્રંથ એટલે અધ્યાત્મરવિ નવકાર મંત્રના આરાધક શ્રી શશિકાન્તભાઈની જીવનયાત્રા.

x x x

પુસ્તકનું નામ : **અપંગના ઓજસ**
લેખક : કુમારપાળ દેસાઈ
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર,
૫, એન.બી.સી.સી. હાઉસ, સહજાનંદ કૉલેજ સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૫.
ફોન નં. : ૦૭૯-૨૬૩૦૪૨૫૯.
મૂલ્ય રૂા. ૧૨૫/- પાના : ૧૬+૧૮૪,
આવૃત્તિ : સાતમી, સંવર્ધિત ૨૦૧૧.

અપંગના ઓજસ એ રમતગમતના સાહિત્યનું એક અનોખું અને પ્રેરક પુસ્તક છે. માનનીય કુમારપાળભાઈ પોતે જ આ પુસ્તક વિશે લખે છે તે સ્મરણમાં રાખવા યોગ્ય છે. તેઓ લખે છે, 'જેમને ઉત્સાહ આપવા માટે આ પુસ્તકની રચના થઈ છે તેવા વિકલાંગો સુધી આ પુસ્તક પહોંચી શક્યું છે. કેટલીક શાળાઓમાં એને પાઠ્ય પુસ્તક તરીકે સ્વીકારવામાં આવ્યું છે. એનું બ્રેઈલ લિપિમાં રૂપાંતર પણ થયું છે. અને એના હિંદી અનુવાદની કેસેટ પણ તૈયાર કરવામાં આવી છે. આ રીતે આ પુસ્તક વિકલાંગોના વિશ્વમાં ઘણો પ્રેમ સંપાદિત કરી ચૂક્યું છે.'

આ પુસ્તક હિંદીમાં 'અપાહિજ તન, અડિગ મન' નામે અને અંગ્રેજીમાં 'ધ બ્રેવ હાર્ટસ' તરીકે પ્રગટ થયેલ છે. 'અપંગના ઓજસ'ની આ સાતમી સંવર્ધિત આવૃત્તિ છે.

આ પુસ્તકનું લખાણ સામાન્ય પુસ્તક કરતાં કોઈ અનોખી જાતનું અને ઘટનાનું છે. એનાં પાત્રોના ખમીર અને મનોબળ માનવાતીત પ્રકારના છે. એ એવા પરાક્રમો દાખવે છે જે માનવીની બુદ્ધિ સ્વીકારી ન શકે. કેવળ માનસિક ક્ષેત્રે જ નહિ પણ શારીરિક ક્ષેત્રે પણ અપંગ માનવીઓએ પોતાની ઉત્કટ ઈચ્છા શક્તિ (Will Power)થી આવી સિદ્ધિઓ પ્રાપ્ત કર્યાના તેમજ રમતગમતના ક્ષેત્રે પણ દૃઢ નિશ્ચયી માનવીઓએ વિક્રમ નોંધાવ્યાના દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે. વિવિધ દેશો અને જાતિઓના આવા દૃષ્ટાંતો કુમારપાળ દેસાઈએ આ પુસ્તકમાં વિવેકપૂર્ણ રીતે સંકલિત કરીને એક અનોખું સર્જન કર્યું છે. આ પુસ્તક એક નવા-નોખા પ્રકારનું સચિત્ર પુસ્તક છે. પુસ્તકની ભાષા સરળ, સંસ્કારી અને તેજસ્વી છે.

પુસ્તકના કવરપેજ તથા બેક પેજ અને દરેક લેખ પરના શીર્ષકો અને ચિત્રો લેખકના વિષયને વાચા આપે છે. આ પુસ્તક માત્ર અપંગો માટે જ નહિ કિંતુ સશક્ત વ્યક્તિઓને પણ પ્રેરણારૂપ અને ઉત્સાહપ્રેરક છે. ✶ ✶


બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૬૩.
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

## The Great Saint Buddhisagarji - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327


"Papa, who established the image of Ghantakarnaveer at Mahudi?"
" The Yognishtha saint Buddhisagarsuriji, my son.



In his young age, Bahechardas saved Ravisagarji from the blow of a buffalo.




Ravisagarji gifted him his own rosary, in his last days, along with the Mantra to establish Ghantakarnaveer. After Diksa, Bahechardas became Buddhisagarji.



He wrote 108 books on spirituality and social upliftment.
He established the idol of Ghantakarnaveer at Mahudi.



Once, King Sayajirao called him to his Palace for Vyakhyan. Guruji advised him to open special schools for women and Harijan.



His Nirvan took place at Vijapur at the age of 51 in front of Jaina Sangha. Lakhs of people became his devotees.



Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# સાધર્મિક વાત્સલ્ય

☐ ડૉ. રેણુકા પોરવાલ

જૈન શ્રેષ્ઠીઓની જીવદયા, ઉદારતા, પ્રેમાળ સ્વભાવ, પરોપકાર વૃત્તિ, નિઃસ્વાર્થ મનોવૃત્તિ ઘણી જાણીતી છે. આજે 'તીર્થવંદના'ના વિશેષાંકના અવસરે તીર્થાધિરાજ શત્રુંજયની નવ ટૂંકમાંની એક સવા સોમાની ટૂંકના ઉદ્‌ભવની સુંદર કથા આપ સમક્ષ મૂકવી છે. આ કથા આપણને સાધર્મિક વાત્સલ્યભાવ કેટલો ઊંચો હોઈ શકે એની પરાકાષ્ઠા શીખવાડે છે. મનુષ્ય સ્વભાવ એટલો સ્વાર્થી છે કે પોતાના હકનું ધન તેને જતું કરવાનું ગમતું નથી, એ પણ જ્યારે કોઈ એમ કહે કે, 'આ તો તમારું જ છે તમારે સ્વીકાર્ય કરવું જ રહ્યું.' એ પ્રમાણે સામી વ્યક્તિ આગ્રહ રાખે ત્યારે એને ગ્રહણ ન કરવું એવી

*ઉમદા દિલના સોમચંદ શેઠે હવે બરાબર હૂંડીનું નિરીક્ષણ કર્યું. એક લાખની હૂંડી ધ્રુજતા હાથે લખાયેલી તો હતી પરંતુ એની પરના અશ્રુના બિંદુઓ શેઠની નજરે પડી ગયા. તેમણે તુરત જ એ રકમ પોતાના નામે ઉધારીને વેપારીને હૂંડીની રકમ ગણી આપી.*

વ્યક્તિઓ વિરલ જ હોય. આવી વિરલ વિભૂતિઓ-શેઠ સવચંદ અને શ્રેષ્ઠી સોમાશાહની સત્યકથા આ પ્રમાણે છે.

જરૂરિયાતમંદને મદદ કરવાની કથાનો પ્રારંભ સૌરાષ્ટ્રના વંથલી ગામથી થાય છે. ગામમાં સવચંદ (સવાચંદ) નામના શાહુકાર શેઠ રહે છે. બધા લોકો પોતાની મિલકતો એમને ત્યાં રાખે તથા વ્યાજ સહિત એ મૂડી પરત મેળવે એવી સંપૂર્ણ વિશ્વાસુ પેઢી.

એકવાર એક ઈર્ષ્યાળુથી શેઠની ભલમનસાઈ સહન ન થઈ. તેણે શેઠને ત્યાં નાણાં ધીરનાર વેપારીના કાન ભંભેર્યાં કે સવાશેઠને હમણાં ખોટ ગઈ છે માટે તમારા રૂપિયા ઉપાડી લો નહિતર પછી એ મળશે નહિ. વેપારી, શેઠ સવચંદ પાસે પહોંચી ગયો તથા પોતે ધીરેલા પૈસા પાછા માગ્યા. શેઠ સવાચંદ મુશ્કેલીમાં મુકાયા. તેમને પોતાની પ્રતિષ્ઠા

## પંથે પંથે પાથેય

જોખમાતી લાગી. એમની પાસે તીજોરીમાં એટલી રકમ હતી નહિ, ઉપરાંત તેમના વ્યાપાર્થે પરદેશ ગયેલા વહાણો પણ આવ્યા ન હતા. મૂંઝવણમાં મુકાયેલા સાત્વિક વૃત્તિના ધર્મીજન સવાચંદે પ્રભુનું નામ લઈ અમદાવાદના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી સોમચંદ શેઠ પર મોટી રકમની હૂંડી ધ્રુજતે હાથે લખી આપી. સાથે સાથે એ હૂંડી ઉપર તેમની આંખમાંથી વહેતા અશ્રુના બે ટીપાં પણ પડ્યા. ભારે હૈયે અરિહંતનું સ્મરણ કરતાં કરતાં હૂંડી લેણદારને આપી. વેપારી હૂંડી લઈ અમદાવાદ આવી સોમચંદ શેઠની પેઢીમાં પહોંચી ગયો. શેઠ બહાર ગયા હતા માટે મુનીમે આવનાર વેપારીની રહેવા-જમવાની વ્યવસ્થા કરીને વંથલીના શેઠ સવચંદનું ખાતું શોધવા લાગ્યા. આખી ખાતાવહી પૂરી થઈ પરંતુ ક્યાંય પણ એ શેઠનું ખાતું મળ્યું નહિ. વેપારીને એની હૂંડીની ચિંતા થતાં ફરી ફરી પૃચ્છા કરવા લાગ્યો. જેવા સોમચંદ શેઠ પેઢી પર પહોંચ્યા કે મુનીમે તેમને વંથલીના શેઠનું ખાતું ન હોવાની જાણ કરી. ઉમદા દિલના શેઠે હવે બરાબર હૂંડીનું નિરીક્ષણ કર્યું. એક લાખની હૂંડી ધ્રુજતા હાથે લખાયેલી તો હતી પરંતુ એની પરના અશ્રુના બિંદુઓ શેઠની નજરે પડી ગયા. તેમણે તુરત જ એ રકમ પોતાના નામે ઉધારીને વેપારીને હૂંડીની રકમ ગણી આપી.

થોડા દિવસ પછી સોમચંદ શેઠની પેઢીનું નામ પુછતાં વંથલીથી સવાચંદ શેઠ જાતે હૂંડીના રૂપિયા આપવા પધાર્યા. સોમચંદ શેઠે એમની ખૂબ આગતા સ્વાગતા કરી. ભોજન બાદ વિશ્રામના સમયે વંથલીવાળા શેઠે વ્યાજ સાથે રૂપિયા આપવા પ્રયત્ન કર્યો. સોમચંદ શેઠે સવિનય જણાવ્યું કે એ રૂપિયા તો ખર્ચ ખાતામાં ગયા તથા સંકટ સમયે સાધર્મિકને મદદ કરવી દરેકની ફરજ છે. બંને શેઠીયાઓએ રકમ સ્વીકારી નહિ અને અંતે એમાં બીજી રકમ

*બંને શેઠીયાઓએ રકમ સ્વીકારી નહિ અને અંતે એમાં બીજી રકમ ઉમેરીને શત્રુંજયતીર્થ પર સાધર્મિક ભક્તિનું ઉત્તમ ઉદાહરણસમ સૌથી ઊંચી સવાસોમાની ટૂંક કે ચૌમુખજીની ટૂંકનું નિર્માણ વિ. સં. ૧૬૭૫માં કરવામાં આવ્યું.*

ઉમેરીને શત્રુંજયતીર્થ પર સાધર્મિક ભક્તિનું ઉત્તમ ઉદાહરણસમ સૌથી ઊંચી સવાસોમાની ટૂંક કે ચૌમુખજીની ટૂંકનું નિર્માણ વિ. સં. ૧૬૭૫માં કરવામાં આવ્યું. જૈન સંઘને પ્રાપ્ત થયેલ સાધર્મિક ભક્તિનું આ અણમોલ નજરાણું છે.

* * *

૧૦, દીક્ષિત ભવન,
૧૪૬, પી. કે. રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
મોબાઈલ : ૦૯૮૨૧૮૭૭૩૨૭

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

# આબુ તીર્થ

❑ ડૉ. કલા શાહ

*[ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો 'સર્જન સ્વાગત'ની કોલમના લેખિકા ડૉ. કલા શાહની કલમથી પરિચિત છે. તેઓ મુંબઈ યુનિવર્સિટીના પીએચ. ડી.ના માર્ગદર્શિકા છે. અત્યાર સુધીમાં ૨૫ વિદ્યાર્થીઓએ એમના માર્ગદર્શનમાં શોધ નિબંધો પ્રસ્તુત કર્યા છે. તેઓ મહર્ષિ દયાનંદ કૉલેજના ગુજરાતી વિભાગના (વિભાગીય વડા) નિવૃત્ત પ્રોફેસર છે. ]*

ભારતભરના અનેક તીર્થોમાં આબુનું સ્થાન અનોખું છે. આબુ ગુજરાતની ઉત્તરે આબુ રોડ સ્ટેશનથી બાર માઈલના અંતરે આવેલ છે.

આબુ વિશેના ઉલ્લેખો જૈન આગમ ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. જેમાંનો એક ગ્રંથ શ્રી ભદ્રબાહુસ્વામી રચિત 'બૃહતકલ્પસૂત્ર' છે. નાટ્યશાસ્ત્રના કર્તા ભરતે પણ અર્બુદનો ઉલ્લેખ કરેલ છે.

સાતમા સૈકામાં દામોદર કવિએ આબુના સૃષ્ટિ-સૌંદર્યનું વર્ણન 'કુટ્ટિનીતમ્' નામના ગ્રંથમાં કરેલ છે.

ચૌદમા સૈકામાં શ્રી જિનપ્રભસૂરિએ વિવિધ 'તીર્થકલ્પ'માં અર્બુદ નામ પાડવાનું કારણ, શ્રીમાતાની સ્થાપના, અન્ય મંદિરોની પ્રાચીન-અર્વાચીન સ્થિતિ વગેરેનું વર્ણન મળે છે.

આ પર્વત ઉપર બાર (અત્યારે ચૌદ) ગામો વસેલા છે. અહીં દરેક પ્રકારના વૃક્ષો, વેલડીઓ, ફૂલો, ફળો, ઔષધિઓ અને કંદોનો પાર નથી. તે ઉપરાંત ધાતુઓની ખાણો, કુંડો તેમજ કુદરતી ઝરણાંઓ પણ આવેલા છે.

પહેલાના સમયમાં આ પહાડ નંદિવર્ધન નામે ઓળખાતો હતો. આ પહાડની વિશેષતા એ છે કે અહીં અનેક પ્રકારના વૃક્ષો, વેલીઓ, ફૂલો, ફળો, ઔષધિ અને કંદો પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. ધાતુઓની ખાણો, કુંડો અને કુદરતી ઝરણાંઓ વાતાવરણને રમ્ય અને આકર્ષક બનાવે છે.

વિમલશાહ મંત્રીએ બનાવેલ 'વિમલવસહી પ્રાસાદ' અને વસ્તુપાલ તેજપાલે બંધાવેલ 'લુણિવસહી પ્રાસાદ' અનન્ય રીતે આકર્ષણ પામી રહ્યા છે. આબુને ઘણાં લોકો 'નંદનવન' તરીકે ઓળખે છે. કારણ કે અગિયારમી સદી અને ત્યાર પછી થયેલ દાનવીરોએ સંગેમરમરમાં પ્રાણ પૂરીને અહીં અપૂર્વ શિલ્પ સમૃદ્ધિનું નિર્માણ કર્યું છે.

પરાક્રમી અને કુશળ રાજનીતિજ્ઞ શ્રી વિમલશાહ ગુર્જર નરેશ ભીમદેવના મંત્રી હતા. પોતાની પાછલી જિંદગીમાં અચલગઢમાં પોતાની ધર્મપરાયણ અને બુદ્ધિશાળી પત્ની શ્રીમતિ સાથે રહેતા હતા. આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિ ચંદ્રાવતી આવ્યા ત્યારે વિમલશાહને આબુ તીર્થનો ઉદ્ધાર કરવા કહ્યું અને મંદિર બંધાવવા માટેની જગ્યા પસંદ કરી. પરંતુ બ્રાહ્મણોએ જૈનો પ્રત્યેના દ્વેષને કારણે પ્રવેશ આપવાની મનાઈ કરી. વિમલશાહે બળનો ઉપયોગ ન કર્યો પરંતુ અંબિકામાતાની આરાધના કરી અને આ જગમાં જૈનોનું તીર્થ હતું તે સાબિત કર્યું. અને તે જગા બ્રાહ્મણોને સિક્કા આપી ખરીદી લીધી અને અઢાર કરોડ ત્રેપન લાખ જેટલું દ્રવ્ય ખર્ચી શ્રી આદિનાથનું સુંદર મંદિર બંધાવ્યું. અને સં. ૧૦૮૮માં શ્રી ધર્મઘોષસૂરિના હસ્તે તેની પ્રતિષ્ઠા કરવામાં આવી.

**વિમલવસહી**

અદ્‌ભુત, સુંદર અને નયનરમ્ય એવા આ મંદિરની રચનામાં મૂળ ગભારો, ગૂઢમંડપ, રંગમંડપ વગેરે અત્યંત મનોરમ છે. મૂળ ગભારો ઊંચી પીઠ પર સ્થિત છે. મધ્યમાં મૂળનાયક આદિશ્વર ભગવાનની ભવ્ય આરસ પ્રતિમા બિરાજમાન છે. જીર્ણોદ્ધાર સમયે વિમલશાહે આરસની પ્રતિમા પધરાવી. આ મંદિરનું કોતરકામ અદ્‌ભુત અને અનન્ય છે. મૂળ ગભારાના દ્વારની શાખો, તેની ઉપર આરસનું શિખર, અંદરના ભાગમાં આવેલ ગૂઢમંડપ અનેક પ્રાણીઓના અને મૂર્તિઓના આકારો થકી કોતરેલ છે. મૂળ ગભારો અને ગૂઢમંડપ સાદી બાંધણીનો છે.

મૂળ ગભારાથી નીચે આવેલ સભા મંડપની ઊંચાઈ પ્રમાણસર છે અને તેના સફેદ આરસપરનું કોતરકામ પ્રેક્ષકોને મુગ્ધ કરે તેવું છે. મંડપમાં સ્થિત ૪૮ થાંભલાઓ સુંદર શિલ્પકામથી અદ્‌ભુત સૌંદર્ય પાથરે છે. સ્તંભો નીચે સ્થિત ચોરસ કુંભીવાળા અને ઉપર વૃત્તાકાર વચ્ચે ગોળ ઘુમ્મટ, અંદર પથ્થરના ઝૂલતાં ઝુમ્મરો, ઘુમ્મટના ટેકરાઓમાં વિદ્યાદેવીઓની સુંદર મૂર્તિઓ ઊભી છે.

સભામંડપમાં પ્રવેશ કરવાના દ્વાર પાસે આવેલ થાંભલાઓ પર સુંદર તોરણો અને આજુબાજુ ૪૫ કુલિકાઓ, થાંભલાઓ પર નાના ઘુમ્મટો અને અંદરના ભાગમાં સુંદર શિલ્પ રચના આલેખી છે. પ્રવેશદ્વારમાં આવેલ હસ્તિશાળામાં સફેદ આરસના હાથીઓ પર વિમલમંત્રીના પૂર્વજો અને કુટુંબીઓની મૂર્તિ બિરાજમાન છે. આ મંદિરનું શિખર મુસ્લિમકાળ પહેલાંની સ્થાપત્યકળાનું પ્રતીક છે.

આ મંદિરની પ્રાચીન મૂર્તિ વિમલમંત્રીએ ગભારો બનાવીને બિરાજમાન કરી હતી. આ મૂર્તિ ઋષભદેવની હોવા છતાં શ્યામવર્ણી હોવાથી તેને મુનિસુવ્રતસ્વામીની મૂર્તિ તરીકે લોકો ઓળખે છે. તે ઉપરાંત ગભારામાં સુંદર સમવસરણ, ચૌમુખ પ્રતિમાઓ છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર વિમલમંત્રીના કુટુંબીજનોએ કરાવ્યો હતો.

ઈ. સ. ૧૨૦૪ થી ૧૨૦૬ના સમયગાળામાં વિમલવહીની ઘણી

દેરીઓનો જીર્ણોદ્ધાર સિદ્ધરાજ જયસિંહના મંત્રી આણંદ અને તેમના પુત્ર પૃથ્વીપાલે કરાવ્યો હતો. ત્યાં પૂર્વજોનું કીર્તિસ્મારક અને હસ્તિશાળા, વિમલમંત્રીની આશ્વરૂઢ પ્રતિમા વગેરે શોભાયમાન છે. અનન્ય અને અપ્રતિમ એવી સુંદર મૂર્તિઓના કલાત્મક ભાગો જેવાં કે મૂળ ગભારો, ગૂઢ મંડપ, હસ્તિશાળાની મૂર્તિઓને અલ્લાઉદ્દીન ખિલજીએ સં. ૧૩૬૮માં ભગ્ન કરી નાખી હતી જેનો ઉદ્ધાર વીજડ, લાલિંગ વગેરે નવ ભાઈઓએ કરાવ્યો હતો.

**લુણવસહી**

જેમની કીર્તિ એક દાનવીર, નરવીર એટલે વિદ્વતવીર તરીકે પ્રખ્યાત હતી તેવા ગુજરાતના મહાઅમાત્ય વસ્તુપાલ અને તેજપાલે આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તેજપાલે કરોડો રૂપિયા ખર્ચીને લૂણિગવસહી-લૂણવસહી નામે શ્રી નેમિનાથ પ્રભુનું મંદિર બંધાવ્યું. જેમાં કસોટીના પાષાણની નેમનાથ ભગવાનની મૂળ નાયકની ભવ્ય મૂર્તિ છે. આ મંદિર બહારથી સાદું દેખાય છે પણ અંદરથી તેની કોતરણી અદ્ભુત છે. આ મંદિર ઉજ્જવળ અને આરસપાષાણનું છે. આ મંદિર વિષે ઋષભદાસે કહ્યું છે કે 'આવા ઉત્તમ મંદિરો જેણે જોયા નથી તેનું જીવતર નકામું છે.' આ મંદિરની પ્રતિષ્ઠા શ્રી વિજયસેનસૂરિએ સં. ૧૨૮૭માં ચૈત્ર વદ ૩ના દિવસે કરી હતી. શોભનદેવ નામના સ્થપતિએ આ મંદિર બાંધેલું છે.

આ મંદિરની કળા વિમલસહી કરતાં થોડી જુદી છતાં વૈવિધ્યપૂર્ણ છે. આ મંદિરના મૂળ ગભારામાં, સભામંડપમાં અને દેવકુલિકમાં શિલ્પકળાનું આછેરું દર્શન થાય છે. તીર્થંકરોના જીવનની ઘટનાઓ અહીં શિલ્પમાં કોતરી છે. દીવાલો, દરવાજા, સ્તંભો, મંડપો, છતના હાથી તથા અન્ય પશુ-પક્ષીઓ, સમુદ્રયાત્રા, ગૃહજીવન તથા સાધુઓ અને શ્રાવકોના જીવનના પ્રસંગો આલેખ્યા છે. અહીં કમાન જેવા ત્રિકોણાકાર તોરણો છે. આમાં હાથીઓ ઉપર વસ્તુપાલ, તેજપાલ અને તેમની પત્નીઓની મૂર્તિઓ સ્થાપિત કરેલી છે. આ મંદિરનું શિખર કોરણીયુક્ત અને ઉપશિખરોથી શોભાયમાન છે. આખુંય મંદિર શિલ્પકળાથી ભરપૂર છે.

આ મંદિરની અનોખી વિશેષતા દેરાણી-જેઠાણીના ગોખલાથી ઓળખાતા ઉત્કૃષ્ટ કોતરણીવાળા બે ગોખલા છે. આ બે ગોખલામાં મંત્રી તેજપાલે પોતાના સમસ્ત કુટુંબના કલ્યાણ માટે રૂા. ૧૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હોવાનું કહેવાય છે. થોડીક દેરીઓ કરાવી છે. જેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૨૮૭ થી ૧૨૯૩ સુધીમાં થઈ હતી. આ મંદિરની પ્રશસ્તિના શિલાલેખ પરથી પ્રતીત થાય છે કે મંત્રી તેજપાલે આ મંદિરની વ્યવસ્થા માટે વ્યવસ્થાપક મંડળની અને મંદિરના વર્ષગાંઠના અઢાઈ મહોત્સવ પ્રસંગે તેમ જ શ્રી નેમનાથના પાંચેય કલ્યાણકોના દિવસોમાં પૂજા મહોત્સવ માટે કાયમી વ્યવસ્થા કરાવી હતી. અલ્લાઉદ્દીન ખિલજીએ સં. ૧૩૬૮માં આ મંદિરનો પણ મૂળ ગભારો તથા ગૂઢમંડપનો સર્વનાશ કર્યો હતો. ચંડસિંહના પુત્ર પેથડે સં. ૧૩૭૮ માં જીર્ણોદ્ધાર કરાવી નવેસરથી પ્રતિષ્ઠા કરાવી હતી.

**પિત્તલહર મંદિર**

આ મંદિર પિત્તલહર મંદિર તરીકે શા માટે ઓળખાય છે તે બીના રસપ્રદ છે. આ મંદિર ભીમાશાહે કરાવ્યું હતું તેની પ્રતીતિ મંદિરના શિલાલેખો અને ગુરુ ગુણરત્નાકર કાવ્ય વગેરેથી થાય છે. 'ભીમાશાહના મંદિર' તરીકે ઓળખાતા આ મંદિરમાં પછીથી અમદાવાદના મંત્રી સુંદર અને મંત્રી ગદાએ મૂળનાયકની પિત્તળ આદિ ધાતુઓથી બનાવેલી મૂર્તિ સ્થાપન કરી ત્યારથી તે 'પિત્તલહર મંદિર' તરીકે ઓળખાય છે. આ મંદિર મૂળ ગભારો, ગૂઢ મંડપ, સભા મંડપ, નવ ચોકીઓ, શૃંગાર ચોકીઓ, ભમતી અને શિખર વગેરેથી સુશોભિત છે. આ મંદિરમાં મૂળનાયક ઋષભદેવ ભગવાન બિરાજમાન છે.

**ખરતરવસહી**

'ચૌમુખજીના મંદિર'ના નામે ઓળખાતા આ મંદિરને 'ખરતરવસહી' કહે છે. આ મંદિર સાદું અને ત્રણ માળનું છે જેનું શિખર બધાં મંદિરોથી ઊંચું છે. નીચેના માળમાં વિશાળ ચાર રંગમંડપો છે. ગભારાની કોતરણી અતિસુંદર છે. આ મંદિરની વિશેષતા એ છે કે ત્રણે માળમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની ચોમુખ પ્રતિમાઓ છે. નીચેના માળની મૂળનાયકની પ્રતિમાઓ ભવ્ય અને મોટી છે. આ મંદિરના સમય વિશે મુનિરાજ શ્રી જયંતવિજયજી જણાવે છે કે 'અહીંના દિગમ્બર જૈન મંદિરના વિ. સં. ૧૪૯૪ના લેખમાં તથા સં. ૧૪૯૭ના લેખમાં ભીમાશાહના મંદિરનું નામ છે. પણ આ મંદિરનું નામ નથી. તેમજ પિત્તલહર મંદિરની બહારના એક સુરહીના વિ. સં. ૧૪૮૯ના લેખમાં એ સમયે દેલવાડામાં ફક્ત ત્રણ મંદિરો હોવાનું લખ્યું છે. તેથી એમ કહી શકાય કે આ મંદિર તે સમયે વિદ્યમાન ન હતું. આ મંદિર વિ. સં. ૧૪૯૭ પછી બન્યું હશે અને તે સંઘવી મંડલિકે સં. ૧૫૧૫માં બંધાવ્યું હશે એવું અનુમાન થઈ શકે.

**ઓરિયા**

આ મંદિર વિષયક પ્રાપ્ત માહિતીના આધારે કહી શકાય કે આ મંદિર ચૌદમી શતાબ્દીના અંતે અને પંદરમી સદીના પ્રારંભના સમયમાં બંધાવેલું હોવું જોઈએ. 'ઓરિયા' નામનું પ્રાચીન ગામ-જે દેલવાડાથી લગભગ સાડાત્રણ માઈલ દૂર આવેલું છે. ત્યાં ભગવાન મહાવીર સ્વામીનું મંદિર આવેલું છે જે આજે પણ વિદ્યમાન છે. પ્રાચીન ગ્રંથોમાં ઓરિયાના વિવિધ નામો જેવા કે ઓરિયાસકપૂર, ઓરીસાગ્રામ, ઓરાસાગ્રામ વગેરે પ્રાપ્ત થાય છે. અહીં કોઈ જૈનની વસ્તી નથી છતાં લગભગ ૧૫મા સૈકામાં જૈનોની આબાદી હશે તેથી જ ઓરિયાના સંઘે આ મંદિર બંધાવ્યું હશે. આ મંદિર વિશે

પંદરમી સદીના અંતમાં શ્રી સોમસુંદરસૂરિએ રચેલા 'અર્બુદ-ગિરિકલ્પ'માં ઓરિયાના શાંતિનાથ ભગવાનનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પરંતુ વર્તમાનમાં તેમના સ્થાને શ્રી આદિશ્વર ભગવાન બિરાજમાન છે છતાં આ મંદિર શ્રી મહાવીર સ્વામીના મંદિરના નામે ઓળખાય છે. મૂળ નાયકમાં થયેલા ફેરફારો જીર્ણોદ્ધાર સમયના છે.

**અચલગઢ**

અચલગઢ નામનું આ પ્રાચીન ગામ ઓરિયાથી દોઢ માઈલ અને દેલવાડાથી સાડા ચાર માઈલ ઊંચી ટેકરી પર આવેલું છે. સં. ૧૫૦૯માં રાણા કુંભાએ અહીં કિલ્લો બાંધેલો છે જે અચલગઢ કહેવાય છે. અહીં વિશાળ ધર્મશાળા છે અને ચાર મંદિરો છે.

**૧. ચૌમુખજીનું મંદિર**

ચૌમુખજીનું આ મંદિર પહાડના ઊંચા શિખર પર આવેલું છે. અને તેમાં બે માળની ભવ્ય બાંધણી છે. જેમાં મૂળ ગભારો, ગૂઢ મંડપ, સભા મંડપ, ભમતી અને શિખર યુક્ત ચારે દિશાના ચાર દ્વારવાળું છે જેમાં ચાર મનોહર મોટી મૂર્તિઓ બિરાજમાન છે. પ્રાપ્ય માહિતીના આધારે જણાય છે કે-

(૧) ઉત્તર દિશાના દ્વારના મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની મૂર્તિ સહસાએ ભરાવી અને સં. ૧૫૬૬માં જયકલ્યાણસૂરિએ તેની પ્રતિષ્ઠા કરી.

(૨-૩) મેવાડના કુંભલગઢના તપાગચ્છીય સંઘે કુંભલમેરના ચૌમુખ મંદિરમાં બિરાજમાન કરવા માટે મૂર્તિઓ બનાવી હતી. જેમાંની એક પૂર્વ દિશાના દ્વારમાં મૂળનાયક ભગવાનની મૂર્તિ હતી અનેબીજી દક્ષિણ દિશાના દ્વારમાં મૂળનાયક ભગવાનની મૂર્તિ હતી. આ મૂર્તિની પ્રતિષ્ઠા ડુંગરપુર નગરના રાજા સોમદાસના પ્રધાન ઓસવાલ સાલ્હાએ કરી હતી જે તપાગચ્છીય શ્રી લક્ષ્મણસૂરિએ વિ. સં. ૧૫૧૮માં પ્રતિષ્ઠિત કરી હતી અને પશ્ચિમ દિશાના દ્વારના મૂળનાયક આદિશ્વર ભગવાનની મૂર્તિ ડુંગરપુરના શ્રાવકોએ ભરાવી હતી. આ મૂર્તિઓની વિશેષતા એ છે કે બે મૂર્તિઓને બાદ કરતાં જુદા જુદા સમયે જુદા જુદા સ્થાનમાં બનેલી હોવા છતાં તે લગભગ સરખા પ્રમાણની અને સરખી આકૃતિની છે.

આ મંદિરના બંધાવનાર વિશે 'ગુણરત્નાકર કાવ્ય' અને શ્રી શીલવિજયજી કૃત તીર્થમાળા તથા જૈન ગુર્જર કવિઓ ભાગ-૨માં જે હકીકતો મળે છે તે મુજબ માળવાના માંડવગઢનો સંઘવી સહસા ગ્યાસુદ્દીન બાદશાહનો અગ્રણી મંત્રી હતો. તે શૂરવીર અને દાનવીર હતો. તેનામાં ધાર્મિક સંસ્કારો હતા. સહસાએ શ્રી સુમતિસુંદર સૂરિના ઉપદેશથી અચલગઢમાં ચૌમુખજીનું ભવ્ય મંદિર લાખો રૂપિયાના ખર્ચે પ્રતિષ્ઠા કરી બંધાવ્યું હતું. આ મંદિરમાં મૂળ નાયકની ૧૨૦ મણ ધાતુની પ્રતિમા સં. ૧૫૬૬માં પ્રતિષ્ઠિત કરાવી હતી.

**૨. શ્રી આદીશ્વર ભગવાનનું મંદિર**

શ્રી આદીશ્વર ભગવાનનું આ મંદિર ચૌમુખજીથી થોડુંક નીચેના ભાગમાં આવેલું છે જ્યાં નાની ચોવીસ દેરીઓ છે. મૂળ નાયકના શિલાલેખ પરથી જણાય છે કે અહીં સં. ૧૭૨૧નો એક લેખ પ્રાપ્ત થાય છે તેમાં જણાવ્યું છે કે એ મૂર્તિ અમદાવાદ નિવાસી શેઠ શાંતિદાસે પધરાવી છે. મંદિરની બાંધણી ૨૫૦-૩૦૦ વર્ષ કરતાં વધારે જૂની લાગતી નથી.

**૩. કુંથુનાથનું મંદિર**

આ મંદિર કારખાના પેઢી પાસે આવેલું છે જે કોણે બંધાવ્યું હશે તે જાણી શકાતું નથી. પણ તે ઘર-દેરાસર જેવું લાગે છે. આ મંદિરમાં બિરાજમાન મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાન ઉપર સં. ૧૫૨૭ નો શિલાલેખ છે. આ મંદિરમાં અસંખ્ય ધાતુ પ્રતિમાઓ છે. જેમાંની કેટલીક પ્રાચીન છે. આ મંદિરમાં એક મૂર્તિ એવી છે કે જેના ઉપર કપડાં, મુહપત્તિ વગેરેની નિશાનીઓ છે તેના પરથી અનુમાન કરી શકાય કે તે પુંડરિક સ્વામીની હશે.

**શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર**

આ મંદિરને લોકો 'કુમારપાલના મંદિર' તરીકે ઓળખે છે. ચૌદમા સૈકામાં શ્રી જિનપ્રભસૂરિએ પોતાના 'વિવિધ તીર્થકલ્પ'માંના અર્બુદકલ્પમાં અને શ્રી સોમસુંદરસૂરિએ રચેલા 'અર્બુદગિરિકલ્પ'માં આબુ ઉપર શ્રી કુમારપાલ નરેશે શ્રી મહાવીર સ્વામીનું મંદિર બંધાવ્યું એમ જણાવ્યું છે. આ મંદિરમાં કેટલીક ચૌલુક્યકાલીન સ્થાપત્ય પદ્ધતિ જણાય છે. તેથી માની શકાય કે આ મંદિર કુમારપાળે બંધાવ્યું હશે. આ મંદિર અચલગઢની તળેટીમાં ઊંચા ટેકરા પર વિશાળ વંડામાં એકાંતમાં આવ્લું છે. મૂળનાયક શાંતિનાથ છે. આ મંદિર મૂળ ગભારો, ગૂઢમંડપ, નવચોકી, શિખર, ભમતીનો કોટ, શૃંગાર ચોકી અને ખુલ્લા ચોકવાળું બનેલું છે. જો કે જીર્ણોદ્ધાર થયેલો છે. છતાં અર્વાચીન બાંધણીમાં ક્યાંક ક્યાંક પ્રાચીનત્વ દેખાય છે. મૂળ નાયકની પાસે ગર્ભ ગૃહમાં સુંદર નકશીકામ કરેલા બે સ્તંભો ઉપર કળામય તોરણો દર્શનીય છે. બન્ને સ્તંભોમાં ભગવાનની દસ મૂર્તિઓ વિદ્યમાન છે. આ મંદિરની ભીતરમાં ગજથર, સિંહથર, અશ્વથર વગેરે પ્રાચીન રચના જણાય છે. જીર્ણોદ્ધાર સમયે શ્રી મહાવીર સ્વામીના બદલે શ્રી શાંતિનાથ ભગવાનને મૂળનાયક તરીકે પધરાવ્યા હશે.

આમ સમગ્ર રીતે જોતાં ગુજરાતના સીમાડામાં અને રાજસ્થાનની સરહદમાં બાર માઈલ લાંબો અને ૪૦૦૦ ફૂટ ઊંચો પહાડ પ્રાચીન કાળથી પવિત્ર તીર્થસ્થળ તરીકે પ્રખ્યાત છે. જેનો ઉલ્લેખ જૈન આગમ ગ્રંથોમાં પણ મળે છે. વર્તમાન કાળમાં પણ ભારતના તથા અન્ય પરદેશીઓને માટે આબુ તીર્થ આકર્ષણનું કેન્દ્ર ગણાય છે.✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૩. મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

# કચ્છઃ શિલ્પ-સ્થાપત્યની અમૂલ્ય જણસ

☐ શ્રીમતી પારૂલબેન બી. ગાંધી

*[ વિદૂષી લેખિકા પારૂલબેન બી.એ.માં સુવર્ણચંદ્રક સાથે M.A. કરી ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે. જૈન ધર્મના પણ ઊંડા અભ્યાસી છે. ઘણાં માસિકોમાં લેખો લખે છે. ત્રણ પત્રકાર ઍવૉર્ડ મેળવ્યા છે. આંતરરાષ્ટ્રીય સ્તરની નિબંધ સ્પર્ધાઓમાં ઘણી વાર પ્રથમ ઈનામો પ્રાપ્ત કર્યાં છે. દસેક જેટલાં પુસ્તકોનું સંપાદન કર્યું છે. સાહિત્ય સત્રોમાં શોધનિબંધો લખે છે. ]*

આજે જૈન તીર્થ દર્શનમાં મારે **કચ્છના પ્રાચીન ભવ્ય દેરાસરોનો પરિચય** કરાવવો છે. કચ્છ એ પોતાની આગવી સંસ્કૃતિ ધરાવતી અતિ પ્રાચીન ભૂમિ છે. ભારત દેશના પશ્ચિમ સાગરકાંઠે ગુજરાત રાજ્યનો કચ્છ જિલ્લો વિવિધ ઐતિહાસિક તથા ભૌગોલિક મહત્ત્વ ધરાવે છે.

**☐ ભદ્રેશ્વર**

કચ્છના મુન્દ્રા તાલુકામાં ભદ્રેશ્વર નામનું અતિ પ્રાચીન, મનોહર, દિવ્ય અને પરમ પ્રભાવક તીર્થ આવેલું છે. શાસ્ત્રોમાં **વસઈ** અથવા **ભદ્રાવતી** નામે પણ તેનો ઉલ્લેખ છે. ભારતમાં શ્રી સમેતશિખરજી તથા શ્રી શેત્રુંજય જેવા શાશ્વતા મહાતીર્થો પછી આ તીર્થનો ક્રમ આવે છે. ૨૫૦૦ વર્ષ પ્રાચીન આ તીર્થનું ગગનચુંબી શિખરોવાળું દેવવિમાન જેવું ભવ્ય અને અનુપમ જિનાલય લોકોના મન મોહી તેને મંત્રમુગ્ધ કરી દે છે. અહીંથી મળેલા તામ્રપત્રના આધારે ફલિત થાય છે કે મહાવીરસ્વામી પછી ૨૨ વર્ષે ભદ્રાવતીના તત્કાલીન રાજા સિદ્ધસેનની સહાયથી શ્રાવક દેવચંદે ભૂમિસંશોધન કરી આ તીર્થનું શિલારોપણ કરેલ.

મુખ્ય જિનાલયમાં મુળનાયક **મહાવીર સ્વામી**ની શ્વેત વર્ણની સુંદર પ્રતિમા છે. ૨૫મી દેરીમાં પૂજ્ય કપિલ કેવળી મુનિવરે પ્રતિષ્ઠિત કરેલી પુરુષાદાનીય **શ્રી પાર્શ્વનાથ પ્રભુજી**ની પ્રતિમા બિરાજમાન છે. હાલમાં જ ધરતીકંપથી ધ્વંસ થયા બાદ આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો છે. ગુલાબી પથ્થરોથી બનાવાયેલું આ દેરાસર નયનરમ્ય લાગે છે. પાર્શ્વનાથ ભગવાનની જ્યારે પ્રતિમા પ્રથમ વખત પ્રતિષ્ઠિત કરી તે પ્રસંગે ભદ્રાવતી નગરીના અનન્ય બ્રહ્મચારી દંપતી વિજય શેઠ અને વિજયા શેઠાણીએ જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ. તેમ જ તેમને કેવળજ્ઞાન પણ અહીં જ થયેલ હતું.

> *ભવ્યતામાં અજોડ અને પંચતીર્થીમાં સૌથી ઊંચું શિખર ધરાવતા આ જિનાલયની બાંધણી, શિલ્પ અને સ્થાપત્ય એવી રીતે સંગઠિત કરવામાં આવ્યા છે જાણે હિમાલયની ગિરિમાળાના એકાદ ઉત્તુંગ અને મનોરમ્ય શિખરને ઊંચકી લાવીને કોઈ દિવ્ય શક્તિએ અહીં ગોઠવી દીધું ન હોય !*

આ પ્રાચીન તીર્થને અનેક વિષમ ભૌગોલિક પરિસ્થિતિઓએ અસર કરેલ છે અને દરેક વખતે તે સમયના મહાન યુગપુરુષોએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલો છે. અત્યાર સુધીમાં મહારાજ કુમારપાળ, સમ્રાટ સંપ્રતિ રાજા, દાનવીર જગડુશા, શેઠ વર્ધમાન, શેઠ પદમશીશા, મેણસી-તેજસીના ધર્મપત્ની મીઠીબેન તથા દુર્ગાપુરના શ્રાવક શા. આશુબાઈ વાઘજી વગેરે દ્વારા મંદિરના નવેક વખત જીર્ણોદ્ધાર થયા છે. મૂર્તિ નીચે લખેલા ૧૬ મી સદીના શિલાલેખ અહીં મળે છે. તેવી જ રીતે એક સ્તંભ પર સંવત ૧૬૫૯નો લેખ મળી આવે છે જે તેની પ્રાચીનતા સિદ્ધ કરે છે. આ તીર્થનું અઢી લાખ ચોરસ ફૂટથી પણ વધારે વિશાળ ચોગાન છે. જિનાલયની ઊંચાઈ ૫૨ ફૂટ છે. લંબાઈ આશરે ૧૫૦ ફૂટ, પહોળાઈ ૮૦ ફૂટ છે. જિનાલયમાં એકાવન દેવકુલિકાઓ અતિશય ભવ્ય અને કલામય છે. જિનાલયના પ્રવેશદ્વારમાં પ્રવેશ થતાં જ પ્રભુજીના દર્શન થઈ શકે એવું જિનાલયનું અનુપમ પ્રેક્ષણીય-કૌશલ્ય સ્થાપત્ય છે. એક પણ સ્તંભ, છત કે ભીંત કોતરણી વગરના ખાલી નથી. રંગમંડપ, રાસમંડપ અને પૂજામંડપ આવેલા છે, જેમાં સુંદર મજાની દેવ-દેવીઓ, ભગવાનના ભવોનું આલેખન કરતાં ચિત્રપટ્ટો વગેરે આવેલા છે. તોરણો પણ સુંદર રીતે કોતરાયેલા છે. જે કલા-કારીગરીના, સ્થાપત્યના બેનમૂન, અજોડ, ઉત્તમ નમૂનાઓ છે જેને જોતાં જ હૃદય ઉલ્લાસભાવથી ભરપૂર બની જાય છે.

અહીં સુંદર, મોટી ભોજનશાળા, આધુનિક ધર્મશાળા, બ્લોકો છે. નિયમિત આયંબિલ ખાતું ચાલે છે. ચૈત્રી માસની આયંબિલ ઓળી આરાધના થાય છે. આવા આ મંગલકારી, પાવનકારી, પવિત્ર, દર્શનીય અને પ્રેક્ષણીય તીર્થની મુલાકાત જો એકવાર પણ ન લીધી તો પસ્તાવો જરૂર થાય.

ભદ્રેશ્વરથી લગભગ ૬૫ કિ.મી. દૂર **બોંતેર જિનાલય તીર્થ** આવેલું છે તથા પૂ. આદેશ્વર દાદાની કારૂણ્ય નીતરતી સુંદર મનમોહક પ્રતિમાજી છે. વર્તમાન ચોવીસી, આવતી ચોવીસી, તથા વિહરમાન તીર્થંકરોની લગભગ ૭૨ જેટલી દેવકુલિકાઓ છે. હાઈ-વે પર સ્થિત આ દેરાસરનો પટ ઘણો વિશાળ છે. સુંદર બગીચાઓ, આધુનિક ધર્મશાળા, ભોજનશાળા, પાર્કિંગ વગેરેની સુંદર સુવિધા છે. આ દેરાસર બહુ પ્રાચીન નથી. અહીંથી કોઈપણ જગ્યાએ જવા માટે વાહન મળી રહે છે.

કચ્છનો અબડાસા તાલુકો જૈનો માટે ખૂબ મહત્ત્વનો છે કારણ કે ત્યાંના સુથરી પ્રમુખ પાંચ તીર્થો સ્થાપત્ય-રચના-પૌરાણિકતા-શુદ્ધ-પવિત્ર-નિર્મળ અને શાંત વાતાવરણને લીધે અતિ ભક્તિદાયક બન્યા છે. વળી અહીંનું હવામાન હવાખાવાના મથકો અને આરોગ્યધામો જેવું આહ્‌લાદક અને આરોગ્યપ્રદ છે. અહીંની સૂકી હવામાં તાજગી અને પ્રસન્નતા મહેકે છે. રણ હોવાથી હવામાન સૂકું રહે છે તેમ છતાં છેલ્લાં ૭-૮ વર્ષથી અહીં વરસાદ સારો પડે છે. વાતાવરણમાં આવેલા પરિવર્તને કચ્છને એક નવું જ સૌંદર્ય બક્ષ્યું છે. વળી સુંદર હવામાનને કારણે અહીં અનેક **કુદરતી ઉપચાર કેન્દ્રો** પણ સ્થપાયા છે. જેમાં દેશ-પરદેશના અનેક લોકો ઉપચાર કરાવી તન-મનને નવી તાજગીથી સભર બનાવે છે. હવે આપણે અહીંની પ્રસિદ્ધ પંચતીર્થીના જિનાલયો વિષે જરા વિગતે જોઈએ.

**૧. સુથરી**

વિક્રમની ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં બનેલું અબડાસાનું આ સૌથી પહેલું ખૂબ જ ચમત્કારિક તીર્થ છે. આ તીર્થમાં મૂળનાયક **શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ** ભગવાન બિરાજે છે. આ દેરાસર પણ અતિશય મનોહર શિલ્પ તથા કોતરણીથી શોભતું દેવવિમાન જેવું ભવ્ય છે. વીર નિર્વાણ પછી એકાદ શતાબ્દીના અરસામાં મહારાજા સંપ્રતિ દ્વારા ભરાવાયેલું અતિ સુંદર, તેજોમય, કરૂણાસભર શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાનનું જિનબિંબ દર્શનાર્થીઓના મન મોહી લે છે. ૧૦૮ પાર્શ્વનાથમાં આ તીર્થની ગણના થાય છે. આભને આંબતા ઊંચા શિખરો અને પૂર્વાભિમુખ દ્વારવાળા આ વિશાળ મંદિરમાં ઊગતા સૂર્યના પ્રથમ રશ્મિઓ સીધા ગર્ભગૃહમાં પ્રવેશ કરે છે. તેનાથી ઉત્પન્ન થતી હકારાત્મક ઊર્જા યાત્રીઓના તન-મનને પ્રસન્નતાથી તરબતર કરી દે છે. મંદિરના શિખરો પર કરેલ રૂપેરી રંગકામથી જાણે ચારે તરફ પ્રકાશ પથરાઈ જાય છે અને ચાંદીનું દેવવિમાન ખડું હોય તેવો ભાસ થાય છે.

કુલ ૯૭ જેટલા જિનબિંબોનો બહોળો પરિવાર અહીં બિરાજે છે. મૂળનાયક ઉપરાંત વિક્રમના ૧૬મા સૈકામાં પ્રતિષ્ઠિત થયેલા શ્રી અજિતનાથ, શ્રી સુમતિનાથ, શ્રી આદિશ્વરજી, શ્રી કુંથુનાથ તથા સહસ્ત્રકુટ જિનાલય સૌનું ધ્યાન ખેંચે છે. અહીં ત્રણ ઉપાશ્રય, ધર્મશાળા, ભોજનશાળા, આયંબિલશાળા, જ્ઞાનશાળા અને ગ્રંથભંડાર પણ છે. અહીં બિરાજમાન મૂળનાયકની પ્રતિમા ચમત્કારિક હોવાથી પ્રતિષ્ઠા વખતે મોટી સંખ્યામાં લોકો આવ્યા હતાં છતાં ઘી ખૂટ્યું નહિ. ઘીનું વાસણ ભરાયેલું જ રહ્યું. તેથી સહુ આશ્ચર્ય પામ્યા. ભગવાનનું ધૃતકલ્લોલ એવું નામ પ્રસિદ્ધ થયું.

વર્તમાને જે ભવ્ય મંદિર વિદ્યમાન છે તેના ઉન્નત શિખરો છે. વાદળથી વાતો કરતાં ધ્વજદંડો અને પતાકાઓથી શોભિત, ચારે તરફ યક્ષદેવતાઓથી રક્ષિત, શિલ્પના સુંદર કોતરણીવાળા સમતુલિત પ્રમાણબદ્ધતા ધરાવતા ભવ્ય જિનાલયના વિ. સં. ૧૮૯૫માં વૈશાખ સુદ આઠમે આચાર્યપ્રવર શ્રી મુક્તિસાગર-સૂરિજીના વરદ્ હસ્તે શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાઈ. દર વર્ષે આશરે ૨૫૦૦૦ થી વધુ ભક્તો દર્શન પૂજાનો લાભ લે છે. છ'રી પાળતા અનેક સંઘો પધારે છે.

**૨. કોઠારા**

પંચતીર્થીના ભૌગોલિક કેન્દ્ર સમું આ ગામ, કહેવાય છે કે બાવન ગામોના સામાજિક વહેવારનું એ સમયનું વડું મથક હતું. અહીં ૧૯મી સદીની શરૂઆતમાં શેઠ શ્રી વેલજી માલુ, શેઠ શ્રી શિવજી નેણશી અને શેઠ શ્રી કેશવજી નાયક દ્વારા બંધાયેલ મેરૂપ્રભ જિનાલય ગામના મધ્ય ભાગમાં સ્થિત છે. વિ. સં. ૧૯૧૪માં આ દેરાસરનું નિર્માણકાર્ય શરૂ થયું જે ચાર વર્ષે પૂરું થતાં સર્જાયું એક ભક્તિવિભોર, ભાવસભર તથા મનને પ્રસન્નતાથી તરબતર કરી દે તેવું બેનમૂન સ્થાપત્ય. એ વખતે નિર્માણ કાર્યમાં ૧૬ લાખ કોરીનો ખર્ચ થયેલ. મંદિરને ફરતો કિલ્લો હોય તેવી રીતે તેની કંપાઉન્ડ વોલ કરી તેની ઉપર કાંગરા કરવામાં આવ્યા છે. જેનાથી દૂરથી કોઈ કિલ્લાનું દર્શન કરી રહ્યા હોય તેવો આભાસ થાય છે.

અહીંયા મૂળનાયક **શ્રી શાંતિનાથ ભગવાન** બિરાજમાન છે. તેનો આઠ મંદિરોના ઝૂમખાને કલ્યાણટૂંક કહેવાય છે. જેને પાલીતાણાની દાદાની ટૂંકનો ઘાટ આપવામાં આવ્યો છે. ઉન્નત મસ્તકે ઊભેલા દેરાસરના બાર ભવ્ય શિખરો ભક્તોને દૂરથી જ આનંદિત કરી દે છે. ભવ્યતામાં અજોડ અને પંચતીર્થીમાં સૌથી ઊંચું શિખર ધરાવતા આ જિનાલયની બાંધણી, શિલ્પ અને સ્થાપત્ય એવી રીતે સંગઠિત કરવામાં આવ્યા છે જાણે હિમાલયની ગિરિમાળાના એકાદ ઉત્તુંગ અને મનોરમ્ય શિખરને ઊંચકી લાવીને કોઈ દિવ્ય શક્તિએ અહીં ગોઠવી દીધું ન હોય! મૂળનાયકજીના દેરાસરનું શિખર ૭૪ ફૂટની ઊંચાઈ ધરાવે છે જે કચ્છ જિલ્લાનું સૌથી ઊંચું એકમાત્ર શિખરબંધ દેરાસર છે. ૭૮ ફૂટ લંબાઈ અને ૬૯ ફૂટ પહોળું છે. આ મુખ્ય દેરાસરની બાજુમાં જ એક નાનું સુંદર દેરાસર છે જે ૪૨૫ વર્ષ પ્રાચીન છે. જેમાં ૧૨૦૦ વર્ષ જૂની સંપ્રતિ રાજાના વખતની શાંતિનાથ ભગવાનની પ્રતિમાજી બિરાજમાન છે.

આ દેરાસરની કલા-કારીગરી-શિલ્પકામ માત્ર ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં જ નહિ પરંતુ ભારતભરમાં સુપ્રસિદ્ધ છે. વિશાળ રંગમંડપ, તોરણો, કમાનો, સ્તંભો પરની ઝીણી કોતરણીઓ, અપ્સરાઓ, નેમ-રાજુલના લગ્ન મંડપની ચોરીનું નિરૂપણ, જગ-વિખ્યાત દેલવાડાના દેરાણી-જેઠાણીના ગોખલાની પ્રતિકૃતિ અહીં જોવા મળે છે. આ ઉપરાંત યક્ષિકાઓ અને બારીક કોતરણીવાળી દિવાલો પ્રત્યક્ષ જોઈએ ત્યારે જ તેના અદ્‌ભુત, અજોડ, બેનમૂન, સ્થાપત્ય સભર રચનાનો ખ્યાલ આવી શકે.

**કાચની અંદર સોનાનો ઢોળ પાઈને તૈયાર કરેલ કોતરણીવાળી લાદી, ભીંતો, છત વગેરે જાણે દેવવિમાનનો આભાસ કરાવે છે. સુંદર લાઈટો એવી રીતે ગોઠવાઈ છે કે તેના પ્રકાશમાં જાણે આપણે સ્વર્ગલોકમાં હોઈએ તેવી અનુભૂતિ થાય છે.**

**૩. જખૌ**

પ્રાચીન ભારતના કચ્છનું, પુરાતન સમયમાં વેપાર-ઉદ્યોગોમાં દરિયાઈ સફર ખેડતા વેપારીઓ માટેનું આ ધીકતું-ધમધમતું બંદર હતું. અહીંયા વિ. સં. ૧૯૦૫ના માગસર સુદી ૫ના શ્રી મુક્તિસાગરસૂરિના ઉપદેશથી શેઠ જીવરાજ તથા ભીમશી રતનશી આદિ ચાર ભાઈઓએ **શ્રી મહાવીરસ્વામી**નું જિનાલય બંધાવી પ્રતિષ્ઠા કરાવેલી. મૂળનાયકની મનોહર પ્રતિમાજી ભકતોના દિલને પ્રસન્નતાથી સભર બનાવી દે છે. ૧૯૬૭માં (વિ.સં.) શેઠશ્રી ગોવિંદજી કાનજીએ ચૌમુખજી જિનાલય બંધાવ્યું હતું. આમ કુલ નવ જિનાલયનો ઝૂમખો અતિ વિશાળ પ્રતિમાજી પરિવાર ધરાવે છે. જીવરાજ શેઠના પિતાશ્રીના નામ પરથી તે રત્નટૂંક તરીકે પ્રસિદ્ધ છે. નવેય ટૂંકમાં કલાકારીગરી ઘણી સુંદર છે. પ્રાચીન શિલ્પ સ્થાપત્યની કોતરણી અદ્ભુત, સુંદર અને પ્રેક્ષણીય છે.

**૪. નલીઆ**

વિ. સં. ૧૮૯૭ના મહા સુદ ૫ ને બુધવારના જ્ઞાતિશિરોમણી શેઠ શ્રી નરસી નાથાએ **શ્રી ચંદ્રપ્રભુસ્વામી**નું અતિ મનોહર જિનાલય બંધાવી પ્રતિષ્ઠા કરાવેલી. તે પછી શેઠ શ્રી ભારમલ તેજસીએ શ્રી શાંતિનાથપ્રભુનું તથા શેઠ શ્રી હરભમ નરસી નાથાએ શ્રી અષ્ટાપદજીનું ભવ્ય જિનાલય બંધાવેલ છે. આ જિનાલયની શિલ્પકળા પણ અદ્ભુત છે.

આ જિનાલયને પણ સોળ વિશાળ શિખરો અને ચૌદ રંગમંડપ છે. આ કલાત્મક મંદિર સંકુલ તેના પથ્થરની સુવર્ણકલા માટે વિશિષ્ટતા ધરાવે છે. તે વીરવસહી તરીકે પણ પ્રસિદ્ધ છે. આ ગામમાં આજે પણ શેઠ શ્રી નરસી નાથાએ બંધાવેલી ભવ્ય બોર્ડિંગ કાર્યરત છે. આજુબાજુના ગામડાઓમાંથી ભણવા આવતા વિદ્યાર્થીઓને તેનાથી ઘણી સુવિધા રહે છે. શેઠશ્રી નરસી નાથાએ સમાજોપયોગી, શાસનોપયોગી ઘણાં કાર્યો કર્યાં છે જેની શુભ યાદગીરી નિમિત્તે આ દેરાસરના ચોકને શેઠશ્રી નરસી નાથા ચોક તરીકે ઓળખાણ પ્રાપ્ત થઈ છે. આ જિનાલયના દર્શન કરીને ભક્તજનો સંતોષની લાગણી અનુભવે છે.

**૫. તેરા**

વિ. સં. ૧૯૧૫માં શેઠશ્રી હીરજી ડોસા તથા શેઠ શ્રી પાશ્વીર રાયમલે ત્રિશિખરયુક્ત શ્રી **જીરાવલા પાર્શ્વનાથ** ભગવાનનું ભવ્ય જિનાલય બંધાવી શ્રી સંઘને અર્પણ કરેલ છે. ઉપરાંત વિ. સં. ૧૮૭૮માં શ્રી પુનિતશેખર યતિ શ્રી દ્વારા બંધાયેલ શ્રી શામળા પાર્શ્વનાથનું મનોહર, અતિ સુંદર જિનાલય છે. જે જિનબિંબ સમ્રાટ સંપ્રતિ રાજાના વખતનું હોવાનું મનાય છે.

અહીંયા રહેવાની આધુનિક સગવડોવાળી સુંદર ધર્મશાળા છે. પાંજરાપોળ પણ છે. આમ ભદ્રેશ્વર-કચ્છની પંચતીર્થીના છ તીર્થો ખૂબ જ સુંદર-ભવ્ય-દર્શનીય છે. આ ઉપરાંત સુથરીથી માંડવી જતાં રસ્તામાં **દેઢિયા** ગામે ગુણ પાર્શ્વનાથનું મીની સમેતશિખર દેરાસરજી પણ દર્શનીય છે. નેમનાથ ભગવાન મૂળનાયક છે. ગુફામાં દેરાસર છે. પદ્માવતીદેવીનું સુંદર મંદિર છે. દેઢિયાથી આગળ જતાં જગતજનની આદ્યશક્તિ **મા અંબાજી મંદિર-ગોધરા** આવે. અહીંથી ૭ કિ.મી. દૂર **ડોણ** નામનું ભવ્ય-સુંદર-દર્શનીય જિનાલય આવે છે જ્યાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ બિરાજે છે.

અહીંયા બીજી પણ નાની પંચતીર્થી છે. **બોંતેર જિનાલય, બિદડા, નાની ખાખર, મોટી ખાખર તથા ભુજપુર.** અહીંયા પાંચેય જગ્યાએ અનુક્રમે **આદેશ્વર** દાદા, **આદેશ્વર દાદા, ચિંતામણિ પાર્શ્વનાથ, આદેશ્વર** દાદા, **ચિંતામણિ પાર્શ્વનાથ** મૂળનાયક તરીકે બિરાજે છે. ડોણનું દેરાસર હમણાં જ થોડા સમય પહેલાં સવા કરોડનો ખર્ચ કરી જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. કાચની અંદર સોનાનો ઢોળ પાઈને તૈયાર કરેલ કોતરણીવાળી લાદી, ભીંતો, છત વગેરે જાણે દેવવિમાનનો આભાસ કરાવે છે. સુંદર લાઈટો એવી રીતે ગોઠવાઈ છે કે તેના પ્રકાશમાં જાણે આપણે સ્વર્ગલોકમાં હોઈએ તેવી અનુભૂતિ થાય છે. તીર્થદર્શન બાદ બાળકોને ફરવા લઈ જવા હોય તો **માંડવીમાં** સુંદર, સ્વચ્છ, નિર્મળ, રમણીય બીચ આવેલો છે.

વળી કચ્છયાત્રા દરમિયાન સૌથી આનંદની વાત એ જોવા મળી કે ત્યાં રાષ્ટ્રીય પક્ષી મોર ઘણી મોટી સંખ્યામાં જોવા મળે છે. જિનાલયોના વિશાળ પટાંગણમાં નિરાંત જીવે ટહેલતા મોરોને જોઈને તથા આભે આંબતા ધ્વજદંડો પર સૂર્યાસ્ત અને સૂર્યોદય સમયે બેઠેલા મોરોને જોઈ ભક્તજનોના મન મયૂર પણ આનંદથી નાચી ઊઠે છે.

કચ્છ વિષે એક દોહરો છે કે,

***'ઉનાળે સોરઠ, શિયાળે ગુજરાત,***
***ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.'***

ખરેખર, કચ્છના તીર્થોની દર્શનયાત્રા કરી મન અત્યંત ભાવવિભોર, ભક્તિસભર બની ગયું. તન અને મન બંને પ્રસન્નતાથી મહોરી ઊઠ્યા.✷

'ઉષા જાગૃતિ', ૧, ભક્તિનગર સોસાયટી, જૈન ઉપાશ્રયની બાજુમાં,
રાજકોટ-૩૬૦ ૦૦૨. ફોન : ૦૨૮૧-૨૨૨૨૭૯૫
મો. : ૯૭૨૫૬ ૮૦૮૮૫ / ૯૮૨૪૪ ૮૫૪૧૦
E-mail : bharatgandhi19@gmail.com.

# માંડવગઢ તીર્થ

❑ લેખક : શ્રી પંકજ જૈન અનુવાદક: શ્રી જે. કે. પોરવાલ

*[ યુવા સામાજિક કાર્યકર શ્રી પંકજ જૈન ધાર (મ.પ્ર.)ના વતની છે. સાહિત્ય, ઇતિહાસ અને જીવદયાના ક્ષેત્રોમાં કાર્ય કરવામાં તેમની વિશેષ રુચિ છે. તેઓ ૨૫ જેટલી સરકારી અને બિનસરકારી સંસ્થાઓમાં પદાધિકારી છે.*

***તીર્થ પરિચય :** મધ્ય પ્રદેશમાં વિંધ્યાચલ પર્વત પર આ પ્રાચીન તીર્થ આવેલું છે જે ઈંદોર શહેરથી ૮૮ કિ.મી. તથા ધારથી ૩૩ કિ.મી. દૂર છે. અહીંના મંત્રી પેથડશાહ તથા શ્રાવકો જગપ્રસિદ્ધ હતા. માંડવની અને મંત્રી પેથડશાહે કરેલા કાર્યોની વિગત 'સુકૃતસાગર' નામના સંસ્કૃત ગ્રંથમાં સચવાયેલી છે. ]*

'માંડવગઢનો રાજિયો નામે દેવ સુપાસ,'
ઋષભ કહે જિન સમરતાં પહોંચે મનની આશ.'

શ્રાવક કવિ ઋષભદાસે લગભગ વિ. સં. ૧૬૭૦ની આસપાસ ઉપરોક્ત સ્તવનની રચના કરી હશે એમ કહી શકાય કારણ કે એમની અન્ય રચનાઓ પણ એ જ અરસાની મળે છે. એ સમયે માંડવગઢમાં બિરાજતા સુપાર્શ્વનાથ તથા અન્ય પ્રતિમાઓને તારાપુર, તાલનપુર, ધાર તથા બુરહાનપુર વગેરે સુરક્ષિત સ્થળોએ પહોંચાડવામાં આવી હતી એમ ત્યાંથી પ્રાપ્ત થયેલ પ્રતિમાજીઓના લેખોથી જાણવા મળે છે.

**વર્તમાનમાં માંડવગઢનો મુખ્ય પ્રાસાદ મારૂ-ગુર્જર સ્થાપત્ય પ્રકારનો છે. આ ભવ્ય જિનાલયમાં મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ બિરાજે છે. આ સંપ્રતિકાલીન પ્રતિમા છે. ઉપરાંત અહીં ભોંયરામાં આસપાસના ખેતરમાંથી પ્રાપ્ત થયેલ લીલા રંગના પાર્શ્વનાથ પ્રભુને સ્થાપિત કર્યા છે. ત્રીજી સદીમાં કંડારેલી આ મનમોહક પાર્શ્વનાથજીની પ્રતિમા ધરણેન્દ્રદેવના છત્રથી આચ્છાદિત છે તથા તેમની સેવામાં રહેલા માળાધારીઓ અને ચંવરધારીઓ વડે ખૂબ શોભાયમાન દીસે છે.**

મૂળ પ્રાસાદને અડીને જ પૂર્વનું દેરાસર છે જેનો જીર્ણોદ્ધાર મૂળ પ્રાસાદની સ્થાપના પહેલાં જ થયો હતો. અહીં સોનાની બહુલતાવાળી શાંતિનાથની સુંદર પ્રતિમાજી છે. આ મંદિરની ભમતીમાં તીર્થંકરોના જીવન પ્રસંગો કંડારેલા છે. જિનાલયની પ્રદક્ષિણા પથમાં સુંદર પ્રાચીન વેળુની પાર્શ્વનાથ પ્રતિમાની આભા અલૌકિક છે.

માંડવગઢમાં સંવત ૧૩૨૦ની આસપાસ પેથડશાહ વિજાપુર નગરથી નસીબ અજમાવવા આવ્યા અને ઘીનો વ્યાપાર કરતાં કરતાં મંત્રીપદે પહોંચ્યા. તે સમયે પરમાર રાજાઓનું રાજ્ય હતું. એ સમયે ત્યાં જૈનોના લાખો શ્રાવકો હતા એમ કિંવદંતી છે. બહારથી નગરમાં આવનારને એક ઈંટ અને એક રૂપિયો દરેક શ્રાવક તરફથી તેને ભેટ સ્વરૂપે મળતાં એનું પોતાનું ભવન પણ થઈ જતું અને લખપતિ પણ. અહીંના શ્રેષ્ઠીઓમાં સંગ્રામસોની, ભેંસાશાહ, પેથડશાહ, ઝાંઝણશાહ વગેરેનું નામ મોખરે છે. પેથડશાહે જૈન શાસનની ઘણી સેવા કરી હતી જેનું વર્ણન સુકૃતસાગર અને ઉપદેશ તરંગિણિમાં વિસ્તારથી મળે છે. ધર્મઘોષસૂરિ એક વાર માંડવગઢ આવ્યા ત્યારે તેમણે ચૈત્યનિર્માણના ઘણાં ફળ બતાવતા પેથડશાહે જુદા જુદા સ્થળે ૮૪ જિન પ્રાસાદ કરાવ્યા.

કાળાંતરમાં ગુરુ ભગવંતોએ જુહારેલા ૭૦૦ મંદિરો નષ્ટ થઈ ગયા. વિ. સં. ૧૪૨૭માં માળવા પ્રદેશની યાત્રાએ આવેલા ગુરુજનોએ નિહાળેલા ત્રણ લાખ શ્રમણોપાસિકાઓના ઘરો પણ નાશ પામ્યા. ગામની વસતિ નહિવત્ રહી ગઈ. થોડી ઘણી વિશાળ મસ્જિદો અને તળાવ બાકી રહ્યાં. ત્યારબાદનો ઇતિહાસ ટૂંકમાં નીચે મુજબ છે.

ધાર ગામના એક શ્રેષ્ઠી નામ ગટ્ટુલાલજી એકવાર આબુ તીર્થ ગયા. ત્યાં શાંતિસૂરિ ગુરુ મહારાજે એમને દર્શન આપ્યા અને કહ્યું કે તારે હાથે એક સુંદર કાર્ય થશે, ત્યારે શ્રેષ્ઠીની વય લગભગ ૨૦ વર્ષની હશે. ત્યારબાદ ગુરુ મહારાજને ફરી મળવાનું થતાં તેમણે જણાવ્યું કે તારા હસ્તે એક મહાન તીર્થનો જીર્ણોદ્ધાર થવાનો છે. આ સમયે આ શ્રેષ્ઠીએ હિંમત એકત્ર કરીને જણાવ્યું કે એની પાસે ધન નથી પરંતુ વિશાળ લાગવગ અને ઘણીં હિંમત છે. ગુરુ મહારાજે આશીર્વાદ આપ્યા. ત્યારબાદ એક દીગંબર ગૃહસ્થે શાંતિનાથ ભગવાનની પંચ ધાતુની પ્રતિમા આપી તથા સરકાર તરફથી પ્રાચીન સમયમાં જ્યાં દેરાસર હતું ત્યાંનો કબજો અને વહીવટ સોંપાયો. આમ દેવગુરુની કૃપા અને શ્રી ગટ્ટુલાલજીના પ્રયત્નોથી શાંતિનાથજીનું દેરાસર બન્યું. ત્યારબાદ એમની વિનંતીથી અભય સાગરજી અને અન્ય ગુરુદેવની કૃપાથી આજનો ભવ્ય પ્રાસાદ નિર્માણ પામ્યો. શ્રી વિજયવલ્લભસૂરિજી અહીં પધાર્યા ત્યારે શાંતિનાથજીનું સુંદર જીનાલય હતું. તેઓ સાત સાધુઓ વંદનાર્થે આવ્યા હતા એમ તેમના દ્વારા રચિત સ્તવનમાં માહિતી આપી છે.

માંડવગઢમાં વિશાળ ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે. આ તીર્થ ઈંદોર (મ.પ્ર.)થી લગભગ ૯૯ કિ.મી. છે તથા ધાર (મ.પ્ર.)થી ૨૫ કિ.મી. દૂર છે. તીર્થસ્થાને પહોંચવા માટે પ્રાઈવેટ અને સરકારી સાધનો ઉપલબ્ધ છે.

આ તીર્થનું મુખ્ય આકર્ષણ અહીંનો રાણી રૂપમતીનો મહેલ અને અન્ય ભવનો છે. પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર રમણીય સ્થળ હોવાથી પ્રવાસનું સ્થળ પણ છે. માંડવગઢમાં દાખલ થતાં જ આ સ્થળેથી વિશાળ માત્રામાં સરિસૃપો (ડાયનેસોર)ના ઈંડા તથા એમની છાયા પ્રાપ્ત થયેલ હોવાથી એ સ્થળે મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે જે જોવાલાયક છે.

✷ ✷ ✷

૭૪, મહાવીર માર્ગ, ધાર. (મધ્ય પ્રદેશ). મો. ૦૯૮૨૭૦૧૦૯૦૮







# બિહાર રાજ્યમાં આવેલા જૈન તીર્થોનો ભાતીગળ ઇતિહાસ

## ૧ શ્રી સમેતશિખરજી તીર્થ

**મૂળનાયક :** શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ. ૯૨ સે.મી.

**તીર્થસ્થળ :** મધુબન ગામ પાસે લગભગ ૪૫૦૦ ફીટની ઊંચાઈ ઉપર-પાર્શ્વનાથ પહાડ ઉપર-સમેતશિખર પહાડ કહેવાય છે. પૂર્વ ચોવીસીઓમાં કેટલાય તીર્થંકરો અહીં મોક્ષ પામ્યા હોવાની જનશ્રુતિ છે. વર્તમાન ચોવીસીના વીસ તીર્થંકરો અહીં મોક્ષપદ-નિર્વાણ પામ્યા છે. ગામમાં તળેટીમાં શ્રી ભોમિયાજીનું મંદિર છે જે અહીંના રક્ષક છે. પહાડ ઉપર ચઢતાં ૬ માઈલ, ઉપર જુદી જુદી ટૂકોની યાત્રા કરતાં ૬ માઈલ અને નીચે ઊતરતાં ૬ માઈલ એમ કુલ્લે ૧૮ માઈલનું અંતર છે. શ્રી ભોમિયાજીનું દર્શન કર્યા બાદ બે માઈલ ચાલતાં ગાંધર્વ-નાળું આવે છે. ત્યાંથી થોડું આગળ જતાં બે રસ્તા આવે છે. ડાબા હાથે શ્રી ગૌતમ સ્વામીની ટૂક થઈ જલમંદિર ઉપર પહોંચાય છે. જમણા હાથે ડાકબંગલા થી શ્રી પાર્શ્વનાથજીની ટૂક ઉપર પહોંચી શકાય છે. સામાન્ય રીતે પહેલી વખત અને બધી ટૂકો પર જવા માટે જલમંદિરના રસ્તે જવાય છે. જલમંદિરના રસ્તા ઉપર આગળ વધતાં સીતા-નાળું આવે છે. ત્યાંથી ઉપર ચઢાણ છે. ત્યારબાદ શ્રી મહાવીર ભગવાનના પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીની ટૂક આવે છે. લગભગ બધી ટૂકો ઉપર દર્શનાર્થે ચરણપાદુકાઓ સ્થાપિત છે. બીજી ટૂક સતરમા તીર્થંકર શ્રી કુંથુનાથ ભગવાનની છે. ત્રીજી ટૂક શ્રી ઋષભાનની, ચોથી ટૂક શ્રી ચંદ્રાનન શાશ્વત જિનની, પાંચમી ટૂક એકવીસમા તીર્થંકર શ્રી નેમીનાથ ભગવાનની છે. છઠ્ઠી ટૂક અઢારમા તીર્થંકર શ્રી અરનાથની, સાતમી ઓગણીસમા તીર્થંકર શ્રી મલ્લિનાથ ભગવાનની છે. આઠમી ટૂક અગિયારમા તીર્થંકર શ્રી શ્રેયાંસનાથ ભગવાનની છે. નવમી ટૂક નવમા તીર્થંકર શ્રી સુવિધિનાથ ભગવાનની છે. દશમી ટૂક છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુની છે. અગિયારમી ટૂક વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની છે. બારમી ટૂક આઠમા શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની છે. આ ચઢાણ કઠિન છે. તેરમી ટૂક શ્રી આદીશ્વર ભગવાનની છે. (શ્રી આદીશ્વર ભગવાન અષ્ટાપદથી મોક્ષપદ પામ્યા છે.) ચૌદમી ટૂક ચૌદમા તીર્થંકર શ્રી અનંતનાથ ભગવાનની છે. પંદરમી ટૂક દસમા શ્રી શીતલનાથ ભગવાનની છે. સોળમી ટૂક ત્રીજા તીર્થંકર શ્રી સંભવનાથ ભગવાનની છે. સત્તરમી ટૂંક બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ભગવાનની છે. (મોક્ષસ્થાન-ચંપાપુરી) અઢારમી ટૂક ચોથા શ્રી અભિનંદન સ્વામી ભગવાનની છે. ઓગણીસમી ટૂક પ્રમુખ જલમંદિર છે. અહીં શ્રી શામળિયા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. વિશ્રામ માટે ધર્મશાળા છે. સેવાપૂજા માટે નહાવાની વ્યવસ્થા છે. આગળ જતાં શ્રી શુભગણધર સ્વામીની વીસમી ટૂક આવે છે. એકવીસમી ટૂક પંદરમા તીર્થંકર શ્રી ધર્મનાથ ભગવાનની છે. બાવીસમી ટૂક શ્રી વારિષેણ શાશ્વતા જિનની છે. તેવીસમી ટૂક શ્રી વર્ધમાન શાશ્વતજિન ટૂક છે. ચોવીસમી ટૂક શ્રી સુમતિનાથ ભગવાન પાંચમા તીર્થંકરની છે. પચીસમી ટૂક સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનની છે. છવીસમી ટૂક શ્રી મહાવીર સ્વામી (મોક્ષસ્થાન-પાવાપુરી) ભગવાનની છે. સત્તાવીસમી ટૂક સાતમા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની છે. અઠ્ઠાવીસમી ટૂક અને ઓગણત્રીસમી બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાનની છે. ત્રીસમી ટૂક બાવીસમા તીર્થંકર શ્રી નેમીનાથ ભગવાનની છે. (ગિરનારજી મોક્ષસ્થાન) અને એકત્રીસમી ટૂક શ્રી પાર્શ્વનાથ ભગવાનની છે. અહીં ભગવાનનું સમાધિસ્થાન પણ છે. આ પહાડ વનરાઈઓથી ભરેલો પહાડ છે. શાંત રમણીય સ્થળ છે. ધાર્મિક રીતે આ સ્થળની મહાનતાનું વર્ણન કરવું અશક્ય છે. અહીંથી પહેલાં કેટલાય તીર્થંકરો, સાધુસમુદાય, વર્તમાન ચોવીસીના ૨૦ તીર્થંકરો અને અગ્રગણ્ય સાધુસમુદાય નિર્વાણ પામેલ છે. મધુબન ગામમાં તળેટીમાં આઠ શ્વેતાંબર, પંદરથી વધુ દિગંબર, બે દાદાવાડી ઉપરાંત શ્રી ભોમિયાજી બાબાનું મંદિર છે.

મધુબનથી નજીકનું રેલવે સ્ટેશન ગીરડીહ લગભગ ૨૫ કિ.મી. છે. હવે નવું નજીકનું સ્ટેશન પાર્શ્વનાથજી થયેલ છે. રહેવા માટે ઘણી ધર્મશાળાઓ-ભોજનશાળાની વ્યવસ્થા છે. આ દાયકામાં મુંબઈથી નીકળેલા છરી પાળતા સંઘની સ્મૃતિમાં અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં અહીં વીસ જિનાલયનું નિર્માણ થયું છે. નવી બનેલી કચ્છી ધર્મશાળા સારી સગવડો ધરાવે છે.

## ૨ ઋજુબાલુકા તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, ચતુર્મુખ ચરણ-પાદુકાઓ, શ્વેત વર્ણ.

**તીર્થસ્થળ :** બારકર ગામની નજીક બારકર નદીનું પ્રાચીન નામ ઋજુબાલુકા કહેવાતું. અહીં નદીના તટ પર શાલિવૃક્ષ નીચે વૈશાખ સુદ ૧૦ના વિજય મુહૂર્તે શ્રી મહાવીર સ્વામી ભગવાને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. નજીકનું ગામ જનમ ૪ કિ.મી. છે. ગીરડીહ ૧૨ કિ.મી. અને મધુબન ૧૮ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૩ શ્રી વૈશાલી તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** આ ગામને બસાઢ અથવા વૈશાલી કહે છે. દિગંબર માન્યતા અનુસાર શ્રી મહાવીર સ્વામી ભગવાનના ત્રણ કલ્યાણક અહીં થયા હતા. આ નગરી જોડે અભૂતપૂર્વ ઇતિહાસ જોડાયેલો છે. આ ઇતિહાસ શ્રી ચેટક રાજા ઉપરાંત ઘણાં જૈન ક્ષત્રિય રાજાઓ જોડે સંકળાયેલો છે. એક મહત્ત્વનું અંગ એ છે કે અહીં બિહાર સરકાર દ્વારા **પ્રાકૃત જૈનશાસ્ત્ર અને અહિંસા શોધ-સંસ્થાન**ની સ્થાપના થયેલ છે. જ્યાં જૈન શાસ્ત્રમાં એમ.એ., પી.એચડી.નો અભ્યાસ થઈ શકે છે. દેશ-વિદેશના વિદ્યાર્થીઓ સંશોધન અર્થે અહીં અભ્યાસ કરે છે. અહીં અશોકસ્તંભ ઉપરાંત પૌરાત્મક વિભાગમાં ઘણી ચીજો જોવાલાયક છે. જૈન ધર્મના ઇતિહાસમાં વૈશાલી, કાકન્દી, પાટલીપુત્ર, રાજગૃહ, ચંપાપુરી વગેરે મહત્ત્વની રાજનગરી હતી. નજીકનું રેલવે સ્ટેશન મુજફ્ફરપુર-હાજીપુર ૩૫ કિ.મી. છે. બિહાર સરકારના પર્યટન વિભાગને આધિન એક ટૂરિસ્ટ માહિતી સેન્ટર છે. રહેવાની સાધારણ વ્યવસ્થા છે.

## ૪ શ્રી પાટલીપુત્ર તીર્થ

**મૂળનાયક :** શ્રી વિશાલનાથ સ્વામી-શ્વેત પદ્માસનસ્થ. (વીસ વિહરમાન)

**તીર્થસ્થળ :** પટના શહેર બાડકી ગલીમાં. શ્રી શ્રેણિક રાજાના પૌત્ર ઉદયને આ શહેર વસાવ્યું હોવાનો ઇતિહાસ છે. ઉદયન પછી અહીંની રાજસત્તા મહાપદ્માનંદના હસ્તકે આવી. શ્રી પદ્માનંદ રાજા જૈન ધર્મના અનુયાયી હતા અને એ સમયમાં જૈન ધર્મે અહીં ઘણો જ વિકાસ કરેલ હતો. પટના પહેલાં પાટલિપુત્ર કહેવાતું હતું અને એક મહત્ત્વની રાજનગરી હતી. શ્રી સ્થુલિભદ્રસ્વામીનો ઇતિહાસ પણ આ શહેર જોડે જ સંકળાયેલો છે. એમણે અહીં જૈન આગમોનું વાંચન કરાવીને અગિયાર અંગોમાં સુવ્યવસ્થિત કર્યાં હતાં. આ ઉપરાંત અહીં એક શ્વેતાંબર તથા પાંચ દિગંબર મંદિરો, તળાવકિનારે શેઠ શ્રી સુદર્શનનું સ્મારક, આર્યસ્થૂલિભદ્રનું સ્મારક ઉપરાંત ગુલજરબાગ, વગેરે જોવા જેવાં છે. અહીંના સ્ટેટ મ્યુઝિયમ, જાલાન સંગ્રહાલય, કાનોડિયા સંગ્રહાલયમાં અનેક પ્રાચીન પ્રતિમાઓના દર્શન કરવા મળે છે. પટના રેલવે સ્ટેશનથી ગામ લગભગ ૧૦ કિ.મી.ના અંતરે છે. રહેવા માટે સાધારણ કોઠી છે.

## ૫ શ્રી રાજગૃહી તીર્થ

**મૂળનાયક :** શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન, શ્યામ વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :**

**(૧) વિપુલાચલ પર્વત ઉપર :** શ્રી મુનિસુવ્રત સ્વામી. શ્વેતાંબર મંદિર. શ્રી ચંદ્રપ્રભુ-દિગંબર મંદિર.

**(૨) રત્નગિરિ પર્વત :** શ્રી ચન્દ્રપ્રભુ (શ્વેતાંબર), શ્રી મુનિસુવ્રત સ્વામી (દિગંબર) મંદિર.

**(૩) ઉદયગિરિ પર્વત :** શ્રી પાર્શ્વનાથ ભગવાન ચરણપાદુકા, શ્રી મહાવીર સ્વામી (શ્વેતાંબર) (દિગંબર)

**(૪) સ્વર્ણગિરિ પર્વત :** શ્રી આદિનાથ ભગવાન, ચરણપાદુકા, શ્રી શાન્તિનાથ ભગવાન (શ્વેતાંબર) શ્યામ-દિગંબર

**(૫) વૈભાવગિરિ પર્વત** : શ્રી મુનિસુવ્રત સ્વામી, શ્રી મહાવીર સ્વામી પદ્માસનસ્થ (શ્વેત-શ્વેતાંબર) (દિગંબર).

મંદિરોના આ પાંચેય પર્વતો ઉપર દર્શન થાય છે. છઠ્ઠા પર્વત ઉપર બૌદ્ધમંદિર છે. અહીંની પ્રાચીનતા વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયની છે. શ્રી મુનિસુવ્રત સ્વામીના ચાર કલ્યાણક (ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન) અહીં થયેલ છે. પ્રાચીન કાળથી આ રાજ્ય-શહેર સમૃદ્ધ રહેલ છે. ભગવાન શ્રી મહાવીર સ્વામીના પરમભક્ત શ્રી શ્રેણિક મહારાજા અહીં રાજગૃહી નગરે રહેતા હતા. શ્રી શ્રેણિક રાજાએ પોતાની ધર્મભાવનાથી તીર્થંકર ગોત્ર ઉપાર્જિત કરેલ છે અને શાસ્ત્રો અનુસાર આવતી ચોવીસીમાં શ્રી પદ્મનાથ નામે પહેલા તીર્થંકર થશે. ભગવાન બુદ્ધ પણ અહીં આવેલ છે. જાપાનના લોકોની સહાયથી બનેલ બૌદ્ધ મંદિર તેની ભવ્યતા-કલાત્મકતાની દૃષ્ટિએ જોવાલાયક છે. આ ઉપરાંત શ્રી મેતાર્ય, અર્હભુતા, ધન્ના, શાલિભદ્ર, મેઘકુમાર, અભયકુમાર, નંદિષેણ, કયવન્ના શેઠ, અર્જુનમાલિ, જમ્બુસ્વામી, પ્રભાસ, સયંભવસુરી, પુણિયા શ્રાવક આદિ મહાન આત્માઓની જન્મભૂમિ છે. આ પહાડો પરનાં દર્શન ઉપરાંત બીજી ઘણી જગ્યાઓ સપ્તપર્ણી ગુફા, જરાસંઘનો અખાડો વગેરે જોવાલાયક છે. ઘણાં મઠો છે. વીરાયતન, શ્રેણિક-બિંબિસાર બંદીગૃહ વગેરે જોવાલાયક છે. પીવા તથા પૂજાના પાણી માટે તળેટીથી જ બંદોબસ્ત કરી લેવો. જરૂરી સૂચનાઓ નીચે તળેટી ઑફિસમાંથી મેળવી લેવી. પાંચ પહાડોની યાત્રા સગવડતાથી કરવા બે દિવસ જરૂરી છે. નજીકનું સ્ટેશન રાજગિરિ ૨ કિ.મી. છે. સ્થાનકવાસી સંપ્રદાયના શ્રી અમરમુનિજી દ્વારા સ્થાપિત 'વીરાયતન' સંસ્થા દ્વારા અહીં લોકસેવાની પ્રવૃત્તિઓ નીરખવા યોગ્ય છે.

## ૬ શ્રી પાવાપુરી તીર્થ

**મૂળ નાયક :** શ્રી મહાવીર સ્વામી-ચરણપાદુકા-શ્યામ-જલમંદિર.

**તીર્થસ્થળ :** પ્રાચીન મગધ દેશનું શહેર પાવા-અપાપા અત્યારે પાવાપુરી તરીકે ઓળખાય છે. શ્રી મહાવીર ભગવાન અહીં નિર્વાણ પામી મોક્ષપદ પામ્યા છે. ભગવાનની પ્રથમ દેશના પણ અહીં જ થઈ હોવાનું મનાય છે. એ સ્થળે નવીન મંદિરનું નિર્માણ થયેલ છે.

આ જલમંદિર અતિ સુંદર સરોવર વચ્ચે છે. જ્યારે સરોવર કમળોથી ભરાયેલું હોય ત્યારે દૃશ્ય બહુ જ સુંદર લાગે છે. જલમંદિર પાસે વિશાળ દિગંબર મંદિર છે. ઉપરાંત ગામમાં થોડા મંદિરો છે. રેલવે સ્ટેશનથી પાવાપુરી રોડ ૧૦ કિ.મી. છે. બખ્તિયારપુર ૪૪ કિ.મી. છે. નવાદા ૨૩ કિ.મી. છે. બિહાર શેરીફ ૧૫ કિ.મી. છે. હાઈવેથી મંદિર ૧ કિ.મી.ના અંતરે છે. રહેવા માટે ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે. પ્રભુ મહાવીર સ્વામીનું આ નિર્વાણ કલ્યાણકનું તીર્થ હોવાથી બહુધા, સમેતશિખરજીની યાત્રાએ પધારતા, દિવાળીના દિવસે યાત્રાળુઓ અહીં યાત્રાએ પધારે છે.

## ૭ શ્રી કુંડલપુર તીર્થ

**મૂળનાયક :** શ્રી ગૌતમ સ્વામી-શ્યામ-ચરણપાદુકાઓ.

**તીર્થસ્થળ :** નાલંદા ગામથી ૩ કિ.મી.ના અંતરે લબ્ધિના દાતાર, પ્રભુ મહાવીરના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીની જન્મભૂમિ છે. ત્રણ ગણધરો ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિની જન્મભૂમિ છે. અહીંથી નજીક આવેલા નાલંદા ગામનું વિશ્વવિદ્યાલય પ્રાચીન ભારતીય ઇતિહાસના સુવર્ણકાળના સંસ્મરણો કરાવે છે. નાલંદા વિશ્વવિખ્યાત છે. વિદેશોથી ઘણાં યાત્રિકો-ખાસ કરીને બૌદ્ધ લોકો અહીં આવે છે. પાવાપુરી ૨૧ કિ.મી. છે. રહેવા માટેની ધર્મશાળા છે. નાલંદા જરૂર જોવા જેવું છે.

## ૮ શ્રી ગુણીયાજી તીર્થ

**મૂળનાયક :** શ્રી ગૌતમ સ્વામી મહારાજ સાહેબ.

**તીર્થસ્થળ :** શ્રી નવાદા સ્ટેશનથી લગભગ ૩ કિ.મી. દૂર ગુણિયાજી ગામે-ગુણીયાજી ગુણશીલનું અપભ્રંશ મનાય છે. શ્રી ભગવાન મહાવીર ગુણશીલ ચૈત્યમાં ઘણી વખત વિચર્યાનું અને સમવસરણ રચાયાનો ઉલ્લેખન શાસ્ત્રોમાં છે. એક મત અનુસાર ગણધર શ્રી ગૌતમ સ્વામીએ અહીં કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલ છે. પટના-રાંચી માર્ગ ઉપર નવાદાથી ૩ કિ.મી. છે. પાવાપુરીથી ૨૦ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળા છે.

## ૯ શ્રી ક્ષત્રિયકુંડ તીર્થ

**મૂળનાયક :** શ્રી મહાવીર ભગવાન, શ્યામવર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** શ્રી ક્ષત્રિયકુંડ શ્રી મહાવીર સ્વામી ભગવાનનું જન્મસ્થળ છે. આ ઉપરાંત ચ્યવન અને દીક્ષા મળીને ભગવાનના ત્રણ કલ્યાણક અહીં થયેલ છે. પ્રભુએ પોતાના જીવનકાળના ત્રીસ વર્ષ આ ભૂમિ ઉપર પસાર કર્યા હતાં. પહાડ ઉપર આ એક જ મંદિર છે. તળેટી-કુંડઘાટમાં બે મંદિરો છે. લછવાડ ગામેથી તળેટી પાંચ કિલો મીટર છે. લછવાડ ગામ-સિકંદરાથી ૧૦ કિ. મી. છે. લછવાડથી નજીકના રેલવે સ્ટેશન લખીરારાય, જમુઈ અને કિયુલ એ ત્રણે લગભગ ૩૦ કિ. મી. છે. લછવાડમાં ધર્મશાળા, ભોજનશાળાની સગવડો છે. પહાડ ઉપર નહાવાની સગવડ છે. પહાડનું ચઢાણ લગભગ ૫ કિ.મી. છે પણ સરળ છે. ઉપર પહાડ પર પટાંગણમાં સુંદર બગીચા છે. મંદિરને અડીને ઝરણું વહે છે.

## ૧૦ શ્રી કાકન્દી તીર્થ

**મૂળનાયક :** શ્રી સુવિધિનાથ ભગવાન-શ્યામ ચરણપાદુકા.

**તીર્થસ્થળ :** કાકન્દી ગામની મધ્ય આવેલા આ સ્થળનું વિશેષ મહત્ત્વ છે. અહીં નવમા તીર્થંકર ભગવાન શ્રી સુવિધિનાથના ચાર કલ્યાણક (ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન) થયાનું ઇતિહાસ કહે છે. અહીંથી નજીકના સ્ટેશન કિયુલ ૧૯ કિ.મી., જમુઈ ૧૯ કિ.મી. છે. રહેવા માટે ધર્મશાળા છે. મંદિરનું નવનિર્માણ થઈ રહેલ છે.

## ૧૧ શ્રી ચંપાપુરી તીર્થ

**મૂળનાયક :** શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન, શ્વેત વર્ણ, પદ્માસનસ્થ.

**તીર્થસ્થળ :** ભાગલપુર ગામે-ચંપાનાલા પાસે મંગા નદીના કિનારે-ચંપાનગરે, જૈન શાસ્ત્રો પ્રમાણે શ્રી આદિનાથ ભગવાન આ સ્થળે વિચર્યા છે. આ નગરીએ વર્તમાન ચોવીસીના બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામીના પાંચ કલ્યાણક (ચ્યવન, જન્મ, દિક્ષા, કેવલજ્ઞાન, મોક્ષ) અહીં થયેલ છે. શ્રી મહાવીર સ્વામી ભગવાન અહીં વિચરેલ છે. આ ઉપરાંત શ્રી સુદર્શન શેઠ, મહારાજા શ્રીપાલ, સતી ચંદનબાલા, વગેરેની જન્મભૂમિ છે. આ મંદિર ઉપરાંત નાથનગર, ભાગલપુર, મંદાગિરિ પર્વત ઉપર દિગંબર જૈન મંદિરો છે. ભાગલપુર સ્ટેશન અહીંથી ૬ કિ.મી. છે. મંદિરના ચોગાનમાં ધર્મશાળા છે.

(બિહાર રાજ્યમાં આવેલ સ્થળો અને ઇતિહાસનો અભ્યાસ કરતાં જૈન ધર્મનાં વિકાસનું રાજ્ય બની રહે છે. અહીં જૈન ધર્મનો ફેલાવો ક્ષત્રિય રાજાઓના સમયમાં અધિક રહેલ છે. કેટલાંય સ્થળોએ વર્તમાન ચોવીસીના તીર્થંકરોનાં કલ્યાણક થયેલાં છે. કાળક્રમે જૂની નગરીઓનો નાશ થયેલ છે. તે છતાં આ બધાં સ્થળો પૂજનીય છે. અહીંનો વધુ અભ્યાસ કરતાં ભારતની જાહોજલાલી, ક્ષત્રિય રાજાઓ વખતનો સુવર્ણયુગ, જૈન ધર્મનો પ્રભાવ વગેરે જાણી શકાય છે.)

✶ ✶ ✶







# વિદેશોમાં જિનમંદિરોના નિર્માણ...

## ૧૦૦ વર્ષથી પણ વધુ પ્રાચીન જિનાલય આજે હયાત છે ઝાંઝીબારમાં...

☐ મુનિશ્રી જિનચંદ્રજી મહારાજ (બંધુ ત્રિપુટી)

*[ શ્રી જિનચંદ્રજી મહારાજ (બંધુત્રિપુટી મ.) વિશ્વમાં જૈન ધર્મના પ્રચાર-પ્રસારનું અદ્વિતિય કાર્ય કરી રહ્યા છે. તેમણે પરદેશમાં ઘણે સ્થળે જૈન મંદિરોની પ્રતિષ્ઠાઓ કરાવી છે જેનો લાભ ત્યાં વસતા અગણિત શ્રાવક-શ્રાવિકાઓ લઈ રહ્યા છે. તેઓ બંધુ ત્રિપુટી મહારાજોમાંના એક છે. અન્ય ભાઈ મહારાજ શ્રી કીર્તિચંદ્ર મહારાજ પણ જૈન ધર્મના પ્રચારનું ઘણું સુંદર કાર્ય કરી રહ્યા છે. વલસાડમાં દરિયા કિનારે બંને ગુરુજનોના શાંતિધામ અને શાંતિનિકેતનમાં અનેક શિબિરો, અનુષ્ઠાનો, ધ્યાન આરાધનામાં અસંખ્ય લોકો જોડાય છે. ઉપરાંત તેઓએ ઘણા પ્રયત્નોથી સ્થાપિત કરેલ મ્યુઝિયમ, મંદિર વગેરે જોવા લાયક છે. ]*

પ્રાચીન કાળથી ભારતની સંસ્કૃતિ ધર્મ-કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની રહી છે. ભારતના લોકો દુનિયાના કોઈપણ છેડે જાય પણ તેઓએ ઓછા વત્તા અંશે આ સંસ્કૃતિની ધારાને જીવંત રાખી છે...

ભારતીયો જ્યાં ગયા ત્યાં તેમણે તેમની આગવી સૂઝ, આવડત અને પુરુષાર્થનો ત્રિવેણી સંગમ કરી આર્થિક વિકાસ તો સાધ્યો જ છે પણ તેની સાથે સાથે ધાર્મિક મૂલ્યોને પણ જીવંત રાખવાનું શ્રેય પ્રાપ્ત કર્યું છે. અને આ ધર્મ પુરુષાર્થના એક મૂલ્યવાન અંગ સમા મંદિરો અને મૂર્તિઓના નિર્માણ પણ દુનિયાના અનેક દેશોમાં થતાં જ રહ્યાં છે.

પુણ્યના ઉદયથી જૈનકુળમાં જન્મ પામેલા અને પછી ભારતથી હજારો માઈલ દુર વિદેશની ધરતી ઉપર જઈને વસેલા જૈન પરિવારના ભાગ્યશાળી આત્માઓએ પણ તન-મન-ધનની શક્તિઓનો સદ્‌વ્યય કરીને દુનિયાના અનેક દેશોમાં અને એશિયા, આફ્રિકા, અમેરિકા, યુરોપ તથા ઓસ્ટ્રેલિયા જેવા વિશ્વના પાંચ પાંચ ખંડોમાં ભવ્ય જિનાલયોના નિર્માણ કરવાનું શ્રેય પ્રાપ્ત કર્યું છે. પરિણામે આજે સમાજને વિદેશ યાત્રાઓ દરમ્યાન પણ ઠેક ઠેકાણે શિખરબંધી સુંદર જિનમંદિરો, શ્રી સંઘના ગૃહ મંદિરો અને ભાવિકોના હજારો ઘરોમાં પણ બિરાજમાન ભાવવાહી તીર્થંકર પ્રભુની મૂર્તિઓના દર્શન સુલભ બન્યા છે.

ભારતની બહાર સહુ પ્રથમ જો કોઈ જિનમંદિરનું નિર્માણ થયું હોય તો તે ઈસ્ટ આફ્રિકાની ધરતી ઉપર 'ટાન્ઝાનિયા' દેશનાં 'ઝાંઝીબાર' બંદરે થયાની વિગતો અને પ્રમાણો મળે છે.

આજથા લગભગ ૧૫૦ વર્ષ પૂર્વે કચ્છના જૈન ભાઈઓ વ્યાપાર માટે કચ્છ માંડવીના બંદરેથી દરિયાઈ માર્ગે વહાણ દ્વારા નીકળ્યા અને ઝાંઝીબારના બંદરે ઉતર્યા. ઝાંઝીબાર તે વખતે મોટું બંદર અને વ્યાપારી મથકનું શહેર હતું. ત્યાં જઈને કચ્છી સમાજના આપણાં જૈન પરિવારોએ વ્યાપાર શરૂ કર્યા...સાહસ વ્યાપારિક કુશળતા અને અજાણી ભૂમિ ઉપર અનેક પ્રતિકૂળતાઓની વચ્ચે પણ આગવો પુરુષાર્થ કરીને ટૂંક સમયમાં જ તેમણે વ્યાપારમાં સફળતા અને સ્થિરતા મેળવી લીધી. આર્થિક સદ્ધરતા પ્રાપ્ત થતાં જ એ ભાગ્યશાળીઓના હૃદયમાં ભારતની પવિત્ર ધરતીના, મૂલ્યવાન સંસ્કૃતિના અને મહાન એવા જૈનધર્મના સંસ્કારો પુનઃ જાગૃત થયા અને પરિણામે 'ઝાંઝીબાર'ની એ પવિત્ર ધારાને વહેતી કરવાનો સંકલ્પ કર્યો, જૈન પરિવારોનું સંગઠન મજબૂત બનાવી 'ઝાંઝીબાર' શહેરની વચ્ચે અને સમુદ્ર કિનારાની નજીકમાં જ એક જગ્યા ખરીદી, તેની ઉપર ત્રણ માળનું એક ભવ્ય જૈન ભવનનું નિર્માણ કર્યુ જેમાં ઉપાશ્રય, પાઠશાળા, સાધર્મિક ભક્તિની સગવડો અને ત્રીજા માળે એક નાનકડા શિખર સાથેનું સુંદર જિનાલય કચ્છી જૈન સમાજ દ્વારા નિર્માણ પામ્યું. જે આજે પણ દર્શનાર્થીઓના મન હરી લે એવું ઊભું છે અને જૈન ધર્મની ગૌરવ ગાથા લલકારી રહ્યું છે.

આપ સહુ આ અંકમાં મૂકાયેલા તેના સુંદર ફોટોગ્રાફ્સ જોઈને આનંદ, ગૌરવ અને અનુમોદનાની લાગણી અનુભવશો તેવી મને શ્રદ્ધા છે.

૧૦૦/૧૨૫ વર્ષથી વધુ પ્રાચીન હોવાના કારણે ઝાંઝીબારનું આ જૈનભવન-જિનમંદિર તથા શહેરના અન્ય પણ અનેક કાષ્ઠની શિલ્પાકૃતિઓથી સમૃદ્ધ બિલ્ડીંગો (સ્થાપત્યો) અત્યારે વિશ્વ પ્રસિદ્ધ સંસ્થા 'યુનેસ્કો' દ્વારા પુરાતત્ત્વ વિભાગના લીસ્ટમાં આવી ગયેલ હોવાથી, તેના નિયમો અનુસાર સ્થાપત્યના મૂળ માળખામાં કે બહારના એલીવેશનમાં કોઈ ફેરફાર કરી શકાય નહીં.

૧૦૦ વર્ષથી વધુ પ્રાચીન હોવાના કારણે તીર્થ સ્વરૂપ બની ગયેલા આ જિનાલયના મૂળ માળખાને યથાવત્ રાખીને ભવનના અંદરના વિભાગોમાં જરૂરી જિર્ણોદ્ધાર આજથી લગભગ દસ-પંદર વર્ષ પહેલાં દારેસલામ જૈનસંઘ (ટાન્ઝાનિયા) દ્વારા કરવામાં આવ્યો છે અને જિનાલયના ગર્ભગૃહમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન અને તેની આજુબાજુ શ્રી મહાવીર સ્વામી તથા શ્રી શાંતિનાથ ભગવાનની સુંદર મૂર્તિઓ પુનઃ સ્થાપિત કરવામાં આવી છે. અત્યારે આ ઝાંઝીબાર તીર્થની દેખરેખ તથા સંપૂર્ણ વહીવટ પણ દારેસલામ જૈનસંઘ દ્વારા

કરવામાં આવે છે.

આજ રીતે તે પછી ઈસ્ટ આફ્રિકાના મોમ્બાસા, નાઈરોબી, થીકા વિગેરે શહેરોમાં પણ શિખરબંધી ભવ્ય જિનમંદિરોના નિર્માણ વર્ષો પહેલાં થઈ ચુક્યાં છે.

તેમજ અમેરિકામાં પણ ન્યુયોર્ક, ન્યુજર્સી, શિકાગો, ડીટ્રોઈટ, એટલાન્ટા, હ્યુસ્ટન, સાન્ફ્રાસિસ્કો (મીલ પિટાસ) લોસ એન્જલસ, ફિનીક્સ, તેમજ ફ્લોરીડાના ટેમ્પા, ઓરલાન્ડો વિગેરે અનેક શહેરોમાં શિખરબંધી દેરાસરો તથા જૈન ભવનોના નિર્માણ થયાં છે તથા બીજા પણ નાના-મોટા અનેક જિનાલયો બનતાં જ રહ્યાં છે. દર વર્ષે આ સંખ્યામાં ઉમેરો થતો જ જાય છે.

એશિયામાં પણ મલેશિયા, સિંગાપોર, બેંગકોક, તાઈવાન, જાપાન, નેપાલ, વિગેરે અનેક દેશોમાં ક્યાંક શિખરબંધી તો ક્યાંક શિખર વિનાના પણ શ્રી સંઘના નાના-મોટા અનેક ભવ્ય જિનમંદિરોના નિર્માણ થઈ ગયાં છે.

યુરોપમાં પણ લંડન, લેસ્ટર, એન્ટવર્પ (બેલ્જીયમ) વિગેરે દેશોમાં શિખરબંધી અને ભવ્ય જિનમંદિરો તીર્થ સમા શોભી રહ્યાં છે.

છેલ્લા પાંચ-સાત વર્ષમાં ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં પણ વિશેષ ધર્મ જાગૃતિ આવી છે. મારે લગભગ દર વર્ષે ત્યાંની ધર્મયાત્રાએ જવાનું થાય છે અને હવે મેલબર્ન શ્વેતાંબર જૈનસંઘ, સીડનીમાં વીતરાગ જૈન સંઘ, બ્રિસ્બનમાં બ્રિસ્બન જૈનસંઘ તથા ન્યુઝીલેન્ડ જૈનસંઘ દ્વારા ઓકલેન્ડમાં જિનમંદિરોના નિર્માણ થતાં રહ્યાં છે, ભવ્ય પ્રતિઠા મહોત્સવો યોજાય છે... સુંદર પાઠશાળાઓ ચાલી રહી છે અને પર્યુષણ પર્વની આરાધના, આયંબિલની ઓળી, સમુહ સામાયિક જૈનધર્મનું જ્ઞાન આપતી સ્વાધ્યાય શિબિરો વિગેરેના આયોજનો દ્વારા જૈનધર્મનો વ્યાપ નિરંતર વધતો જ જાય છે! અને ત્યાંની આપણી નવી પેઢીના બાળકો તથા યુવાનો પણ શુદ્ધ શાકાહારી અને નિર્વ્યસની બનીને જૈનધર્મની આરાધનામાં આગળ વધી રહ્યાં છે.

આમ વિશ્વના ખૂણે ખૂણે જૈનધર્મનો અને વીતરાગ પ્રભુનો જય જયકાર થતો જોઈને હૃદય ઊંડી પ્રસન્નતા અનુભવે છે અને વિદેશોમાં થતી આ જૈનધર્મની પ્રભાવનામાં-વિકાસમાં થોડા-ઘણા નિમિત્ત બનવાનું સદ્ભાગ્ય પ્રભુની કૃપાથી મને પણ સાંપડ્યું છે તે માટે ગૌરવ અને આનંદની લાગણી પણ અનુભવું છું.

જૈનયુવક સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' દ્વારા 'જૈન તીર્થ વિશેષાંક' પ્રકાશિત થઈ રહ્યો છે ત્યારે તેમાં 'પ્રબુદ્ધ જીવન'ના માનદ તંત્રી અને વીતરાગ ધર્મના ઉપાસક ડૉ. ધનવંતભાઈ શાહે મને પ્રેમભરી માંગણી કરી કે 'આપે હમણાં જ ઈસ્ટ આફ્રિકાની ધર્મયાત્રા કરી છે અને 'ઝાંઝીબાર' જેવા પ્રાચીન જિનાલયના દર્શન કરીને આવો છો તો ત્યાંના જિનાલયોની થોડી વિગતો આપતો એક લેખ જરૂર આપો...' તેમની આ સ્નેહભરી સદ્ભાવનાને હું કેમ નકારી શકું? એટલે 'ઝાંઝીબાર તીર્થ'ની મુખ્ય વિગતોની સાથે સાથે વિદેશોના અન્ય જિનાલયની ટુંકી નોંધ જેવું લખાણ આપવાનો પ્રયત્ન કર્યો છે. આશા છે વાચકોને એ ગમશે જ...

આ લેખ અને નોંધ તૈયાર કરવામાં વિદેશોના ઘણા બધા શહેરોના જિનાલયની નોંધ (જેની વિગતો મારી જાણ બહાર છે) મૂકવાની રહી છે. જે નોંધ મૂકી છે તે પણ ઘણી ટૂંકી અને અધૂરી હશે, તેમાં કોઈ ક્ષતિઓ પણ રહી ગઈ હશે તો ક્યાંક અજાણ પણે માહિતી દોષ પણ થયો હશે તો તે માટે હું સહુની ક્ષમા યાચું છું.. મિચ્છામિ દુક્કડમ્. ✱✱✱

પૂ. જિનચંદ્રવિજયજી મ., શાંતિધામ જૈન મંદિર, તીથલ,
વલસાડ–૩૯૬ ૦૦૫. મો. ૦૯૯૦૯૮૭૬૨૭૬.

## અમેરિકામાં કૅલિફોર્નિયા અને ફ્લોરિડાના જૈન મંદિરોની દિલચસ્પ વાતો

ભારતીય ધર્મો શાંતિ અને અહિંસાના મશાલચી છે. તેમાંય જૈનધર્મ અગ્રેસર છે. જૈનોના ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી અહિંસાના યુગપ્રવર્તક છે. શાકાહારના પ્રવર્તક છે. આવો ધર્મ સરહદોની મર્યાદામાં રહી શકે નહીં. આમ તો, બધા ધર્મ ભૌગોલિક મર્યાદાથી બદ્ધ નથી જ. ધર્મને સરહદો નડતી નથી. આ સંદર્ભે અમેરિકા જેવા રાષ્ટ્રનાં જૈનોનાં અધિષ્ઠાનની ઘટના જ સ્વયં ધ્યાનાર્હ ગણાય. એક દક્ષિણ કૅલિફોર્નીયામાં અને બીજી દક્ષિણ ફ્લોરિડામાં.

કૅલિફોર્નિયાનું મંદિર ઑક્ટોબર ૨૦૦૮માં લોકાર્પિત થયું. લોકાર્પણ પહેલાં અગિયાર દિવસીય મહોત્સવથી જૈન સમુદાય ઝૂમી ઊઠ્યો.ભારત બહાર જૈનોનું આ સૌથી મહાન દેવાશ્રય બંધાયું છે.આશરે બે કરોડ ડૉલરના ખર્ચે બંધાયેલા આ જૈન સાંસ્કૃતિક ધાર્મિક કેન્દ્રમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, ગુજરાતી-હિન્દી શીખવાના પંદર વર્ગ ખંડ અને ગ્રંથાલયની સુવિધા રખાઈ છે. ચોવીસે તીર્થંકરની સફેદ આરસમાંથી કંડારાયેલી મૂર્તિ સાથે કુલ સુડતાલીસ પ્રતિમા અહીં છે. અગાઉ અહીં ૧૯૮૮માં નાનકડું જૈન આધ્યાત્મિક કેન્દ્ર હતું જ, જે અમેરિકાનું સર્વપ્રથમ જૈનમંદિર હતું. આ મંદિરની ડિઝાઈન ભારતમાંનાં હજાર વર્ષ જૂનાં બે જૈનમંદિરમાંના ઘાટની પ્રેરણા છે.

૧૯૬૦થી જૈનો અમેરિકાગમન કરતા રહ્યા. આશરે એક લાખ જૈનો ત્યાંના નિવાસી છે. દક્ષિણ ફ્લોરિડામાં થમ્પાની દક્ષિણે જૈનસાધુ દેવેન્દ્રકીર્તિની પ્રેરણાથી ચાર હજાર ચોરસફૂટના વિસ્તારમાં પંદર લાખ ડૉલરના ખર્ચે તૈયાર થયેલા આ જૈન દેવાશ્રયનો લોકાર્પણ વિધિ ૧૭થી ૧૯ એપ્રિલ, ૨૦૦૯ દરમ્યાન સંપન્ન થયો. સાધુ દેવેન્દ્રકીર્તિજીએ ૧૯૭૪થી ભારત બહાર લગભગ છએક દેશમાં ચોપન દેવાશ્રયો બંધાવ્યાં છે! ✱✱✱

# ડૉ. રશ્મિકુમાર ઝવેરી અને ડૉ. રેણુકા પોરવાલને

## આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી એવોર્ડ (૨૦૧૪) અર્પણ

**અવસર**

શ્રી ચારકોપ શ્વે. મૂ. જૈન સંઘ, કાંદિવલી-વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૬૭ના ઉપક્રમે આચાર્ય ભગવંત શ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી એવોર્ડ સમર્પણ સમારંભ ભાદરવા વદ-૧૩ તા. ૨૧-૯-૨૦૧૪ના રોજ ઓક્સફર્ડ સ્કૂલના પબ્લિક ગ્રાઉન્ડમાં ઉજવાયો અને વિશાળ સંખ્યામાં ભાવિકોએ માણ્યો.

પ. પૂ. આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય અને આ સમારંભના પ્રેરક પ. પૂ. પ્રવચનકાર આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે જૈન સંપ્રદાયના ચારેય ફીરકાના શ્રાવકો હાજર રહ્યા હતા અને જૈન સમાજની એકતાની પ્રતિતી કરાવી હતી. આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી, શ્રી વિમલમુનિજી, શ્રી ચંદનાબાઈ મહાસતીજી, ડૉ. ધનવંત શાહ, ડૉ. રશ્મિભાઈ ઝવેરી, ડૉ. રેણુકા પોરવાલ, ડૉ. યોગેન્દ્રભાઈ પરીખ, ડૉ. સંધ્યાબેન, ડૉ. નેહાબેન વગેરે અનેક વિદ્વાનો અને અગ્રણીઓથી આ કાર્યક્રમ શોભાયમાન થયો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં કુ. ખુશીબેને સુંદર સ્વાગત નૃત્યુ રજૂ કર્યું હતું. ત્યારબાદ સાંસદ શ્રી ગોપાલ શેટ્ટીએ જૈનોની કર્મશક્તિને બિરદાવી હતી. અને સાંપ્રદાયિક એકતા પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાનોમાં પધારેલા ડૉ. ધનવંતભાઈ શાહે કહ્યું કે 'ચારકોપ જૈન સંઘનું નામ જૈન ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે, કેમકે આ સંઘ જ્ઞાનતપ કરનારનું બહુમાન કરે છે. જૈન શાસનની આ ભવ્યતા છે. વળી આજે આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજીના પાંચ પ્રવચનો ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટી માટે ઓનલાઈન એક્ઝામ માટે અર્પણ કરવામાં આવી રહ્યાં છે એ પણ ઐતિહાસિક કાર્ય છે. તમને ખ્યાલ નથી કે આ કાર્ય કેટલું મહાન છે!'

ડૉ. આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી પધારેલા ડૉ. યોગેન્દ્રભાઈ પારેખે જણાવ્યું કે 'આજના સમયમાં જૈનો પોતાની જ્ઞાન આરાધનાથી વિમુખ થઈ રહ્યા છે. જૈનો પાસે અમદાવાદ, પાટણ, જેસલમેર વગેરે સ્થળોએ જ્ઞાનનો વિપુલ ભંડાર છે. આજે તમે મને વિદ્વાન આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિશ્વરજીના પાંચ પ્રવચનોની ડીવીડી અર્પણ કરી છે તે ડૉ. આંબેડકર ઓપન યુવિવર્સિટીમાં ઓનલાઈન એક્ઝામમાં મૂકાશે. સમગ્ર વિશ્વમાં આ પહેલો કિસ્સો છે કે એક જૈન સાધુના પ્રવચનો યુનિવર્સિટી લેવલે ભણવામાં મૂકાશે અને એમાંથી ક્યારેક કોઈક આપણને હેમચંદ્રાચાર્ય જેવી વિભૂતિ મળશે!'

ઉપસ્થિત વિશાળ સભાજનો હર્ષથી નાચી ઊઠ્યા હતા.

આ પ્રસંગે જે આકર્ષણની વાત હતી તે જૈન ધર્મ અને સાહિત્ય ક્ષેત્રે વિશેષ પ્રદાન કરનાર **ડૉ. રશ્મિકુમાર ઝવેરી** તથા **જૈન શિલ્પકળાના વિદ્વાન ડૉ. રેણુકાબેન જે. પોરવાલ**ને આચાર્યશ્રી દુર્લભસાગર-સૂરીશ્વરજી એવોર્ડ (૨૦૧૪) અર્પણ કરવામાં આવ્યો હતો. **ડૉ. રશ્મિકુમાર ઝવેરી**એ આ પ્રસંગે જણાવ્યું કે 'પોતે કરેલ પ્રગતિ માટે જૈન ધર્મ કારણભૂત છે. આજે કેવો શુભ સંજોગ છે! શ્રીમદ્ આચાર્ય બુદ્ધિસાગરજીના સૂરિ પદનું આ શતાબ્દી વર્ષ છે અને મારા ભાગ્યવિધાતા સ્વ. આચાર્ય તુલસીની જન્મ શતાબ્દીનું પણ વર્ષ છે. આચાર્ય તુલસીએ મને જૈન દર્શનનો ગહન અભ્યાસ કરવાની અને સાહિત્ય-સર્જનની વિશેષ પ્રેરણા આપી હતી.' **ડૉ. રેણુકાબેન પોરવાલે** પોતે કરેલ પ્રગતિ માટે પોતાના ગુરુદેવ પૂ. દુર્લભસાગરસૂરિજી મહારાજના સંસ્મરણો લાગણી સભર વાણીમાં વ્યક્ત કર્યાં હતાં. રેણુકાબેને શ્રીમદ્ બુદ્ધિસાગરજી વિશે મુંબઈ યુનિવર્સિટીથી પીએચ.ડી. કર્યું છે અને આ વર્ષ શ્રીમદ્ બુદ્ધિસગારસૂરિજી સૂરિશતાબ્દીનું વર્ષ છે. કેવો સરસ યોગાનુયોગ!

આ પ્રસંગે ચારકોપ શ્રી જૈન સંઘે પોતાની ભાવનાથી શ્રી સંઘના પ્રમુખ શ્રી પંકજભાઈ ભોગીલાલ જૈન તથા શ્રી સંઘના સી.એ. હેમંતભાઈનું સન્માન કાર્યક્રમનું આયોજન કર્યું હતું તે પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજીએ પોતાના જ્ઞાનસભર વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'જૈન ધર્મ જ્ઞાનને ભગવાન માને છે. વિશ્વમાં કોઈ એવો ધર્મ નથી જે જ્ઞાનને આટલા ઊંચા પદે લઈ જાય. જૈન ધર્મ જ્ઞાનનું તપ કરે છે. માળા ગણે છે. આરાધના કરે છે. જ્ઞાનને ભગવાન માને છે. પ્રભુ મહાવીરે આ ધર્મ પ્રવર્તાવ્યો ત્યારથી શ્રુતજ્ઞાનની અખંડ અને ભવ્ય પરંપરા ચાલી આવે છે. આ વિશ્વને જ્યારે વિશ્વકોષની કલ્પના પણ નહોતી ત્યારે આજથી ચારસો વરસ પહેલાં ઉપાધ્યાય વિનયવિજયજીએ 'લોકપ્રકાશ' નામના ગ્રંથની રચના કરી હતી. જે વિશ્વકોષ જેવો છે.' શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજીએ પૂ. બુદ્ધિસાગરસૂરીજી મહારાજ વિશે વાત કરતાં જણાવ્યું કે તેમણે ૨૭ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અને ૫૧ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા. ત્યાં સુધીમાં ૧૪૦ પુસ્તકોનું સર્જન કર્યું હતું. પૂ. બુદ્ધિસાગરજી મહારાજે ૩ હજાર કાવ્યોની રચના કરી છે. તેમાં સ્તવન, સજ્જાય તો છે જ, પણ ભજન, કવ્વાલી અને ગઝલ પણ છે! વિદ્વાનોએ આ કાવ્યો પર પીએચ.ડી.નો અભ્યાસ કરાવવો જોઈએ. પૂ. બુદ્ધિસાગરજી મહારાજ કાળધર્મ પામ્યા ત્યારે વીજાપૂરમાં એક લાખ લોકોની હાજરી હતી!' શ્રી વાત્સલ્યદીપસૂરિજીએ પોતાના ગુરુદેવ પૂ. આચાર્યશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી એવોર્ડ વિશે ભાવના વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે 'આ એવોર્ડ ભારતની જેમ ભવિષ્યમાં વિદેશના વિદ્વાનો સુધી વિસ્તારવામાં આવશે.'

આ સમગ્ર કાર્યક્રમના લાભાર્થી ચારકોપ વિસ્તારના લોકપ્રિય નગરસેવિકા શ્રીમતી સંધ્યાબેન વિપુલભાઈ દોશીએ આ પ્રસંગે સંબોધન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી સંઘના મંત્રી શ્રી શ્રેયસભાઈ પટણીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે સ્વામીવાત્સલ્યનું આયોજન થયું હતું.

☐ **ડૉ. કલા શાહ**

# ગુજરાત-કાઠિયાવાડની મારી તીર્થયાત્રા

❑ ડૉ. મીસ શાર્લોટ ક્રૌઝે

*[ લેખિકા જર્મનીના વિદુષિ ડૉ. શાર્લોટ ક્રૌઝેએ 'ભારતીય સાહિત્ય વિશારદ'ની પદવી પણ પ્રાપ્ત કરી હતી. તેમણે ઑગષ્ટ ૧૯૨૯માં આ લેખ 'જૈન' સામયિકના રૌપ્ય મહોત્સવના પ્રસંગ માટે લખ્યો હતો, જે આજે પણ અધ્યયન કરવાનું મન થાય તેવો છે. તેમની શ્રદ્ધા જૈન દર્શન, મંદિરો અને પ્રતિમાજીઓમાં કેટલી હતી તેની પ્રતીતિ એમના જીવંત લખાણથી થાય છે. એમણે આ લેખમાં છૂટો છવાયો આપેલ બોધ ઊડીને આંખે વળગે એવો છે-' જો આજે તમે જીર્ણોદ્ધાર કરતી વખતે ધ્યાન નહીં રાખશો તો ભવિષ્યની પેઢી તમારા કરતાં સ્થાપત્યના વિષયમાં વધુ જાણકાર આવે છે એ તમને કદી માફ નહીં કરે.' વગેરે...તેઓ કાશીવાળા વિજયધર્મસૂરિના શિષ્યા હતા. આ લેખમાં તેમનો ઉત્કટ ગુરુપ્રેમ પણ નજરે ચઢે છે. એમનું ભારતીય નામ 'શુભદ્રાદેવી' હતું.*
*તીર્થ પરિચય : 'ગુજરાત-કાઠિયાવાડની મારી તીર્થ યાત્રા' આ લેખમાં જે તીર્થો આ અંકમાં અન્ય સ્થળે આવી ગયા છે તેને ઉપયોગમાં લીધા નથી, છતાં જેઓને એ જોવા હોય તેમણે 'જૈન'નો રૌપ્ય અંક જોવો અથવા આ અંકની સંપાદિકાનો સંપર્ક કરવો. ]*

**શ્રી શંખેશ્વરજી**

હે શંખેશ્વર પાસજી પૂજીએ નરભવનો લાહો લીજીએ;
મન વંછિત પૂરણ સુરતરૂ જય વામાસુત અલવેસરૂ.

શંખેશ્વર સ્વામિ! તારા દર્શનની અભિલાષા અમારા દિલમાં બલવતી હતી. તારા મંદિરની શોભા, તારી મૂર્તિનો ચમત્કારિક પ્રભાવ અને મહિમાથી ભરેલ ઇતિહાસ, આ બધી બાબતોની આકર્ષણ શક્તિ અમને ઘણા વખતથી તારી પવિત્ર ભૂમિ તરફ ખેંચતી હતી. અમારી ઈચ્છા પૂરી થવાની હતી. મધુર સ્વભાવવાળા સ્નેહી-મિત્રોની સંભાળમાં ભક્તિવાળા માંડલ ગામથી પ્રસ્થાન કરીને વિષમ સડક ઉપર આગળ વધતાં અને ક્યાંક મૃગતૃષ્ણિકાની ચંચલ શોભા તો ક્યાંક હરિણના વૃંદોનું અદ્વિતીય લાલિત્ય ઉતાવળથી નિહાળાતાં અમે ઘણાં કલાકોની મુસાફરીના અંતે શંખેશ્વર ગામમાં નહીં પરંતુ અકસ્માત્ ઠેઠ શંખેશ્વર ભગવાનના ચૈત્યની આગળ જ પહોંચ્યાં. મધ્યાહ્નકાળ હોવાના લીધે દેરાસરજી માંગલિક હતું. ઉઘાડવાનો બંદોબસ્ત ન થાય ત્યાં સુધી બાહેર ફરતાં જગ્યાનું સિંહાવલોકન કરીએ! અરે મિત્રો, જગ્યા કેવી વિશાળ છે! દેરાસરનું કાર્યાલય, રસોડા સહિત ભોજનશાળા, ન્હાવાની જગ્યાઓ, અત્યંત વિશાળ સ્વચ્છ ધર્મશાળાઓ અને જેમાં ગમે તેવી મોટી સંખ્યાવાળો સંઘ સહેજે માય એવી એક લાંબી ચોડી વ્યાખ્યાનશાળા, આ વિગેરે શોભાયમાન મકાનોની પુષ્કળતા! થોડીક સાધ્વીજીઓ અને યાત્રાળુઓના બે-ત્રણ કુટુંબ દેખાતા હતાં. બાકી બધું ખાલી હતું. આજ જેવા સાધારણ દિવસોમાં આ સમસ્ત જગ્યા હંમેશાં ખાલી રહે છે એમ મુનિમજી સાહેબે અમને વિવેકપૂર્વક જણાવ્યું. પરંતુ જ્યારે શંખેશ્વરની ત્રણ મોટી તિથિઓ નજદીક આવે છે, અર્થાત્ ચૈત્ર સુદ પૂર્ણિમા, માગશર વદ દશમ અને કારતક સુદ પૂર્ણિમાના દિવસોમાં શ્રી શંખેશ્વર ભગવાનના ચૈત્યની ભૂમિમાં ઘણી મોટી યાત્રાળુઓની ગરદી ભેગી થઈને અહીંયા મુકામ રાખે છે. જો કે આ બધા હજારો માણસોની એક નિશાની પણ હવે દૃશ્ય નહીં હોય, છતાં હજારો હૃદયોમાં સમાઈ શકે તેટલી ધર્મવાસના, તેટલો વૈરાગ્ય અને તેટલી દેવ ભક્તિ, આ પવિત્ર ભૂમિની આસપાસમાંથી જાણે વરાળરૂપે નીકળે છે અને અમારા આત્માને પણ ધીમે ધીમે વીંટવા માંડે છે.

હવે શ્રી બાવનજિનાલયમાં દાખલ થઈએ. એની ચારે લાંબી ભમતિઓમાં જુદી જુદી મૂર્તિઓ મોટી સંખ્યામાં બેસાડી છે. મુખ્ય દેરાસરજીની પ્રદક્ષિણા કરતાં તેના દર્શનનો લાભ લઈએ અને હવે દેરાસરજીને નિહાળીએ! અહાહા, આંખો જરા બંધ રાખો, રખે આવી શોભાથી તમે અંજાઈ જાઓ! હવે ધીમે ધીમે જોવા માંડો! ત્રણ ઊંચા શિખરોના કલશોથી લાંબી ધ્વજાઓ ખુશાલીથી હવામાં ઉડે છે, ત્રણેમાં સોનેરી કુંભો ચકચકે છે અને ત્રણે મંડપો ઉપર સરસ કોતરણી સાફ દેખાય છે અને વધારે નજદીકથી જોવાની ઈચ્છા મનમાં ઉત્પન્ન કરે છે. આગળના બન્ને રંગમંડપની ઉપરના ભાગો ખૂણાદાર કુંભોના સમૂહથી બનેલા ગુમ્મજોવાળા છે. વચ્ચેનો ભાગ મોટા ભારી કુંભોના એક ગોલ ઘુમ્મટવાળો અને આગળનો ભાગ અનેક નાના નાના કુંભોથી બનાવેલા એક સમચોરસ મિનારા જેવી આકૃતિવાળો છે. આ ઘુમ્મટો ઉપર કોતરેલાં સિંહોની શ્રેણિઓ તથા ચાર ચાર પાંખવાળા કેસરીસિંહો, હાથીઓ ઉપર સવાર થયેલા દેવતાઓ અને બીજા દેવો અને દેવીઓ જુદી જુદી સ્થિતિઓમાં દેખાય છે. આ બધું લગભગ સો વરસ પહેલાંનું કામ છે. સુંદર, સ્વચ્છ અને આંખોને આનંદ આપે એવું કામ છે. મૂળથી આ ઇંટો અને ચુનાનું કામ હતું. ઈંટો અને ચુનાની દૃષ્ટિએ અને ઈંટો અને ચુનાને માટે જ શિલ્પીઓએ આ જ નકશો પસંદ કરેલ હતો. માટે ઈંટો અને ચુનામાં જ આ શોભે છે. આરસમાં કોઈ દિન શોભી શકે એમ નથી. નાટકની હલકી શૈલી ધર્મશાસ્ત્રમાં કે ધર્મશાસ્ત્રની ગંભીર શૈલી નાટકમાં શોભતી નથી; પરંતુ ત્યાં અયોગ્ય છે. **અરે મિત્રો! આ અસાધારણ ચુનાનું દેરાસર કે જે શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ ખરેખર એક કૌતુક છે, તેનો નાશ કરીને તમે અહિંયા આરસથી જીર્ણોદ્ધાર**

**શા માટે કરો છો ? અગર તમારે એવું આરસનું દેરાસર જોઈએ તો શું એને માટે આ પુરાણા ચુનાના દેરાસરનો હોમ કરવો જોઈએ ? મિત્રો હું હાથ જોડીને તમારી આગળ પ્રાર્થના કરૂં છું કે ગમે તેટલા નવા ચકચકિત આરસના દેરાસરો બાંધો, પરંતુ તમારા જૂના અસાધારણ મંદિરોને જેવી શૈલીમાં અને જેવા દ્રવ્યોથી તે બાંધવામાં આવ્યાં હતાં તેજ શૈલીમાં અને તેવા દ્રવ્યથી તેનો જીર્ણોદ્ધાર કરજો ! નહીં તો તમારા વધારે શિલ્પજ્ઞાની પૌત્રો તમારા આવા કામને માટે બહુ જ દિલગીરી જાહેર કરશે અને દુનિયા હસશે ! મિત્રો, જીર્ણોદ્ધાર આ એક રમત નથી; પરંતુ એ એવું મોટું અને કઠીન કામ છે કે જે માત્ર જુના વખતની શૈલી અને સભ્યતાનો ગંભીર અભ્યાસ કરીને જ યોગ્ય રીતે સાધી શકાય તેમ છે. એ ભૂલી મત જાઓ.'**

પરંતુ આ પ્રશ્નો હવે રહેવા દઈએ. નિસીહિ, નિસીહિ, નિસીહિ ! શંખેશ્વર નાથ, તારા શરણમાં આવીએ ! બારણાં ઉઘડ્યાં છે, બોલો, આ મૂર્તિનું રહસ્ય શું છે ? આવી શાંતિ, આવી કાંતિ, આવી શીતલતા ! તમે પાછા જઈ શકતા નથી. હાલી શકતા નથી. ધ્યાનમાં બેસવું, આ અદ્વિતીય મૂર્તિની છાયામાં બેસવું અને આંખોને તૃપ્તિ થાય ત્યાં સુધી એના દર્શનમાં તલ્લીન રહેવું. આંખો કોઈવાર તૃપ્ત થઈ શકે એમ નથી. મંત્રના પ્રભાવથી જરાવડે કમજોર શરીરવાલા થયેલા શ્રીકૃષ્ણજી આ મૂર્તિના ન્હવણથી સાજા થયા હતા એમ લોકો કહે છે. આવી મૂર્તિના ચમત્કારો માટે તમે કેમ શંકા રાખો છો ? એની આગળ બેસો અને એની શક્તિ અનુભવો ! કેટલા વરસની હશે એ કોણ જાણે ? દંતકથા છે કે તે ગઈ ચતુર્વિંશતિના નવમા તીર્થંકરના વખતે બનાવવામાં આવી હતી ! આષાઢ નામના શ્રાવક એને પોતાની પાઘડીમાં રાખતા હતા અને દેવતાઓ એને લઈ જતા હતા ! ગમે તેમ હોય ! બેસો અને શુદ્ધ ધ્યાનમાં તમારા આત્માને પવિત્ર કરો !

આ દેરાસર બાંધવામાં આવ્યું હતું, તે પહેલાના વખતના દેરાસરના ખંડેરો પણ જુના શંખપુરમાં આજકાલના શંખેશ્વર ગામમાં નવા દેરાસરજી પાસેજ, હજુ વિદ્યમાન છે. આ પણ ઈંટ અને ચુનાથી બાંધેલું હતું. વિશાળ હતું અને જુની કોતરણીના દર્શનીય અવશેષો હજુ દેખાય છે. એનો કર્તા કોણ અને એનો નાશ કરનાર કોણ ? એ કોઈને માલુમ નથી

### ભાવનગર

કોઈ કદાચ કહેશે કે ભાવનગર એ કંઈ જૈન તીર્થસ્થાન નથી તો હું એમની સાથે લડવા તૈયાર છું. ભાવનગર શ્રી વિજયધર્મ-સૂરીશ્વરજીનું દીક્ષાસ્થાન છે. અને એજ કારણથી એમના ભક્ત અને મિત્રવૃંદને, અર્થાત્ શ્રી શ્વેતાંબર જૈન સંઘના મોટા ભાગે વંદનીય છે. ભાવનગર એ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, શ્રી આત્માનંદ જૈન સભા, શ્રી જૈનધર્મ પ્રકાશક સભા ઇત્યાદિ ધાર્મિક સંસ્થાઓની તેમજ જૈનોના જૂનામાં જૂના અને પ્રસિદ્ધ 'જૈન' પત્રની પવિત્રભૂમિ હોવાના લીધે પણ જૈન ધર્મના અનુયાયીઓને અને અભ્યાસીઓને પ્રિય છે. બાકી ભાવનગરનો શ્રી સંઘ પોતે જ એક જંગમ તીર્થ ગણી શકાય, કે જેના આગેવાન જૈન ભાઈઓની દેવગુરૂભક્તિ, વિદ્વત્તા, ઉદારતા, મધુર સ્વભાવ અને ચાતુર્ય અસાધારણ છે. વિદ્વાન શેઠ શ્રી કુંવરજીભાઈ, આદર્શ ભાવનાવાળા ગિરધરલાલ શેઠ, ચતુર જીવરાજભાઈ, લોકસાહિત્ય પ્રવીણ મેઘાણીજી, સ્નેહીભાઈ અભેચંદ, આનંદી અને ઉત્સાહી દેવચંદભાઈ ('જૈન' પત્રના અધિપતિ) તથા વિનયી અને મધુરભાષી ભાઈ ગુલાબચંદ (આનંદ પ્રેસના મેનેજર) અને સદાસ્મરણીય, ગંભીર, ન્યાયપ્રિય અને સરળ શ્રીમાન સુનાવાલા સાહેબ અને મારા વહાલા માણેકબેન (મિસિસ સુનાવાલા) ! તમારી વચમાં ગુજારેલ દિવસો હું ક્યારે પણ ભૂલી શકીશ નહિ ! અને તમારી સાથે થયેલી વિવિધ ધર્મચર્ચાઓનો લાભ જે મને મળ્યો છે તે પણ ચિરસ્મરણીય રહેશે !

ભાવનગરના દેરાસરો પણ જો કે વધારે પુરાણાં નહીં તો પણ દર્શન કરવા લાયક છે. એની સંખ્યામાં શ્રી દાદાસાહેબનું મંદિર પોતાની વિશાળતા અને શોભાને માટે તથા ગામની વચમાં આવેલ મોટું દેરાસરજી તથા ગોડીજી મહારાજનું દેરાસર પોતાની સરસ મૂર્તિઓના લીધે ખાસ આકર્ષક છે. બાકી ઘોઘા, તલાજા, મહુવા જવા માટે પણ ભાવનગર કેંદ્રસ્થાન છે.

### ઘોઘા

ઘોઘા પુરાણા વખતમાં એક મોટું અને પીરંબેટની સાથે સ્પર્ધા કરતું આવું બંદર હતું. અહીંથી જ ભાવનગર વસાવવામાં આવ્યું હતું. જેના રહેવાસીઓનો મોટો ભાગ આજે પણ 'ઘોઘારી વાણીયા' આ નામથી ઓળખાય છે. ભાવનગરના રસ્તાથી નજદીક આવતાં મુસાફરને આખું ગામ સમુદ્રથી વીંટાયેલા જેવું લાગે છે. પરંતુ આ જલ ઝાંઝવાનું જલ જ છે. સમુદ્ર એક બાજુથી માત્ર ગામને અડે છે. આ ઘોઘા અત્યારે બિલકુલ જીર્ણ, અસ્વચ્છ, બદસુરત દેખાય છે. દીવાલો પડી ગઈ છે, અને ઘણા મકાનોના ખંડેરો જ જેવા તેવા ઉભેલા છે. ત્રણ દિગંબરોના અને ત્રણ શ્વેતાંબરોના દેરાસરો પહેલાનાં વખતની પ્રૌઢતાની સાક્ષી પૂરે છે. તેમાં શ્રી નવખંડા પાર્શ્વનાથનું દેરાસર ખાસ વિશાલ અને સુંદર છે. ખરેખર આ એક જ નહીં પરંતુ ચાર જુદા જુદા શિખર અને ગુમટવાળા દેરાસરોનો સમૂહ છે. નીચે વિશાળ ભોંયરાં છે. દેરાસરજીના મૂલનાયક શ્રી નવખંડા પાર્શ્વનાથજીની પુરાણી મૂર્તિ છે, તે મૂળ મારવાડથી ભાવનગર અને પછી ભાવનગરથી ઘોઘા લાવવામાં આવી હતી. એના બદલે મૂળથી ઘોઘામાં રહેલ શ્રી આદીશ્વરજીની મૂર્તિને કે જેના દર્શન કરવા માટે પહેલાં એક એક સોનાની મહોર આપવી પડતી હતી, એમ લોકો કહે છે, તે ભાવનગર લઈ જવામાં આવી

હતી અને હજુ ત્યાંના મોટા દેરાસરજીમાં શોભે છે. કેવી રીતે શ્રી નવખંડા પાર્શ્વનાથજીની મૂર્તિ ભાવનગરથી ઘોઘે લાવવામાં આવી હતી અને કેવી રીતે તેનું શરીર નવ ટુકડા વાળું થયું અને પછી મંત્રના બળથી અપૂર્ણ રીતે સાજું કરવામાં આવ્યું હતું તે સંબંધી જિજ્ઞાસુ વાચક ઘોઘે જઈને ઘણી સુંદર, ચમત્કારથી ભરેલી દંતકથાઓ સાંભળી શકે છે. એ વાત જરૂર સાચી છે કે આજે પણ શ્રી આદિનાથજીની અધિષ્ઠાત્રી ચક્રેશ્વરી ઘોઘાના નવખંડા પાર્શ્વનાથજી પાસે અને શ્રી પાર્શ્વનાથ ભગવાનની અધિષ્ઠાત્રી દેવી પદ્માવતી ભાવનગરવાળા શ્રી આદીશ્વર ભગવાનના દેરાસરમાં બીરાજે છે.

### તળાજા

શ્રી તાલધ્વજ, આજ કાલનું તલાજાતીર્થ, એ ભાવનગરથી અતિ દૂર નથી. ભાવનગરના શોભાયમાન મકાનો અને લીલા બગીચા છોડી દઈને તલાજાની સડકમાં આગળ વધતાં મુસાફર જમણી બાજુમાં દૂર રહેલા પર્વતોની એક વાદળી રંગની રેખા નિહાળે છે; તેમાં એક ઉંચી ટેકરી છે કે જે આખી મુસાફરીના વખતે અને પછી પણ મહુવા સુધી આગળ વધતી વખતે હંમેશાં જમણા હાથે દેખાય છે. આ પાલીતાણાની ટેકરી છે. આ સિદ્ધાચલ, આ શ્રી શત્રુંજય છે. અત્યારે તે બધા જૈનોને માટે મહાવિદેહક્ષેત્રની માફક અગમ્ય છે. પવિત્ર પર્વત! તારા દર્શનનો લાભ ક્યારે થશે? ચૂપ ચૂપ, આ સંસાર લાંબો છે અને ઘણાં ભવો અમારી આગળ છે. કોઈવાર જરૂર થશે. કોઈવાર પૂર્વ ભવમાં કદાચ થઈ ગયા પણ હશે અને પૂર્વ સ્મરણોની ધારા બંધ થવાના લીધે આ બધું ભૂલી ગયા છીએ. હવે શાંત મનથી શ્રી સિદ્ધાચળની અડધી પ્રદક્ષિણા કરતાં જ સંતુષ્ટ રહીએ!

જુઓ, આ વિચારશ્રેણીમાં પડવાથી અમને ખબર નથી પડી કે આગળ શ્રી તલાજાની બે ટોચવાળી ટેકરી દૃષ્ટિગોચર થાય છે. તલાજી નદીના કિનારે મોટા લીલા ઝાડો નીચે રહેલ ધર્મશાળા તથા કચેરીમાં અમે થોડીવાર ઠેર્યાં. ઘણી સાધ્વીઓ અને શ્રી કપુરવિજયજી મહારાજના દર્શન અને વાર્તાલાપનો લાભ અમે ઉતાવળથી પણ લીધો. તલાજાની ટેકરી અને ત્યાંના દેરાસરોના દર્શન સુગમ છે.

### મહુવા

તલાજાથી અમારે મહુવા જવાનું હતું. મહુવા ખાસ પ્રોગ્રામમાં રાખવામાં આવ્યું હતું. આ. શ્રી વિજયધર્મસૂરિજીની જન્મભૂમિ છે. શ્રી વિજયધર્મસૂરીશ્વરજીના અમે બધા યૂરોપિયન જૈનધર્મના અભ્યાસીઓ આભારી છીએ એ નવી વાત નથી. બાકી હું આ મહાત્માની ખાસ આભારી છું. એટલા માટે કે જેના વિદ્યાશાળી, બુદ્ધિશાળી અને ચારિત્રશાળી સાધુશિષ્ય મંડળે મારી ઉપર અવર્ણનીય ઉપકાર કર્યો છે. જે મહાત્માને આ બધા જુદા જુદા સ્વભાવવાળા વિદ્વાન અને પવિત્ર સાધુઓ કે જેમાંના દરેક ખરેખર જૈન કોમને માટે શોભારૂપ છે, એકજ ભક્તિભાવથી અનુસરતા હતા અને જેમની આજ્ઞામાં તેઓ હંમેશાં સરખા ઉત્સાહથી રહેતા હતા અને એમના સ્વર્ગવાસ પછી આજે પણ રહે છે, આ મહાત્મામાં કેવો ગુણોત્કર્ષ હોવો જોઈએ! આ વિચારશ્રેણિને લઈને શ્રી વિજયધર્મસૂરીશ્વરજીની જન્મભૂમિના દર્શન કરવા, એ ઘણાં દિવસોથી મારી તીવ્ર ઈચ્છા હતી.

મહુવા ગામ પોતાના વિશાળ બગીચા અને નાળિયેરના ઝાડોના પ્લેન્ટેશનો વડે રમણીય છે અને 'કાઠિયાવાડનું કાશ્મીર' આ નામ ખરેખર મહુવા માટે અયોગ્ય નથી. મહુવાનું દેરાસર પણ અજાણીતું નથી. આ જીવિતસ્વામિનું દેરાસર કહેવાય છે કારણ કે ત્યાંના મૂલનાયક શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ શ્રી મહાવીરસ્વામીના વખતની છે, એમ લોકો કહે છે. જુદા જુદા રંગવાળા મીનાકારી કામથી આ મંદિરની શોભા વધે છે. અહિંયા પણ શ્રી હીરવિજયસૂરિજીની એક સુંદર આરસની પ્રતિમા બિરાજે છે.

મહુવામાં શ્રી ગુરુદેવના ઘણાં સંસ્મરણો મળ્યા હતા. એમના ઘણાં સગાં અને મિત્રો વિદ્યમાન હતા. શ્રી વિજયધર્મસૂરિજીએ સ્થાપિત કરેલ શ્રી યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમ હજુ સારી રીતે ચાલે છે. અને મહાત્માજીની પવિત્ર યાદ દરેકના દિલમાં હજુ તાજી છે અને તાજી રહેશે એ મારી ખાતરી છે.

### પ્રભાસ પાટણ

પુરાણા સોમનાથ પાટણના બજારમાં ઊંચા તથા જુની ચાલના મકાનો અને સાંકડી શેરીઓની વચમાં શ્રી ચંદ્રપ્રભુ તીર્થંકરનું પુરાણું દેરાસર ખાસ દર્શન કરવા લાયક છે. આ દેરાસર અને પાસેના સુવિધિનાથના દેરાસરનું શિલ્પ તથા કેટલીક મોટી પાંચ ધાતુની પ્રતિમાઓ જરૂર સાધારણ નથી. એક બીજા મોટા કંપાઉન્ડની અંદર ભેગા ભેગા આવેલ શ્રી મહાવીર, શ્રી મલ્લિનાથ, શ્રી આદિનાથ, અને શ્રી અજીતનાથના દેરાસરો જો કે ઉપરથી નવીન શૈલીના છતાં મૂળથી જ પુરાણા લાગે છે. એની પુષ્કળ મૂર્તિઓ શિલાલેખો વગેરે જુના જુના અવશેષોથી ભરેલા ભોંયરા પણ દર્શનીય છે. આટલું જ અને તે ઉપરાંત બે ત્રણ નાના દેરાસરો અત્યારના પ્રભાસપાટણમાં જૈનોના છે.

### વંથલી

આજકાલનું વંથલી, જુના વખતનું વામનસ્થલી એ સેંકડો વરસો પહેલાં એક જૈન કેંદ્રસ્થાન તરીકે પ્રભાસ પાટણ સાથે સ્પર્ધા કરતું હતું. વંથલી પહેલાં સજ્જન મંત્રીની જન્મભૂમિ હતી કે જેણે પોતાના સ્વામી રાજા સિદ્ધરાજના પૈસાથી શ્રી ગિરનારના ઘણાં દેરાસરો બંધાવ્યા હતા. અતિ ઘણો ખર્ચ થવાથી અપ્રસન્ન થઈને સિદ્ધરાજ પોતાના મંત્રીને શિક્ષા આપનાર હતા, ત્યારે વંથલીના ઋદ્ધિમાન

વાણીયાઓ જેટલો ખર્ચ થયો હતો તેટલા રૂપિયા ભેગા કરી રાજાને પાછા આપનાર હતા; પરંતુ શ્રી ગિરનારના જિનાલયોની દિવ્ય શોભા જોઈને તેઓ ખુશી થયા. સજ્જનને ધન્યવાદ આપ્યો અને વાણીયાઓના રૂપિયા લીધા નહિં. આ રૂપિયા પછી વંથલીમાં જ જૈન મંદિરોના કામમાં વાપરવામાં આવ્યા એમ કહેવાય છે; પરંતુ જો આજકાલના વંથલીમાં ફરીએ તો માત્ર બે એક જ જગ્યામાં ભેગા આવેલ દેરાસરો મળે છે. અને તે પણ નવાં છે. સજ્જનના વખતનો એક પણ પત્થર નજરે પડતો નથી. હા, જે મોટી સફેદ મૂર્તિઓ ઉપર્યુક્ત દેરાસરોમાં બિરાજે છે, તે જરૂર જુના સમયની લાગે છે. પૂછતાં માલુમ થાય છે કે તેમાંની બે, અર્થાત્ ચંદ્રપ્રભ અને પદ્મપ્રભ ભગવાનોની પ્રતિમાઓ ગામના દરવાજા પાસે અને એક ત્રીજી શ્રી શીતલનાથ ભગવાનની પ્રતિમા લગભગ પચીસ વરસ પહેલાં ગામની ભાગોળમાં આવેલ 'ગાંધીનો બગીચો' આ નામથી ઓળખાતી જમીનમાંથી નીકળી હતી.

### દીવ, અજાહરા અને દેલવાડા

મેં અનેક વિચિત્ર મુસાફરીઓ કરી છે, છતાં શ્રી અજાહરા તરફ કરેલી તીર્થયાત્રા જેવી વિચિત્ર તો કોઈ પણ બીજી મુસાફરી નહીં હતી. અજાહરા ગામ જંગલની વચમાં આવેલ છે. ત્યાં મોટરની સડક નથી, ત્યાં રેલવે નથી, ત્યાં બંદર પણ નથી. સંક્ષેપમાં કોઈ યુરોપીયન ત્યાં જઈ શકે તેમ નથી. અને બીજી બાજુમાં અજાહરામાં પાર્શ્વનાથ ભગવાનની એક સોળ લાખ વરસની ચમત્કારિક મૂર્તિ છે. અજાહરાની ભાગોળમાં જે ભયાનક રોગોને મટાડે છે અને જેના પાંદડા કોઈ પણ વખતે કરમાઈ નથી જતાં, આવા અજયપાલના ઝાડો છે, અને અજાહરા પાસે જ્યાં એક સફેદ સાપ દિનરાત રક્ષા કરે છે, આવા એક ચોરા નીચે ઘણી પુરાણી જિનપ્રતિમા વિગેરે દાટેલી છે.' આ વિગેરે વાતો અમે સાંભળી હતી.

સ્વર્ગમાં જેટલો આનંદ નહીં મળે તેટલો આનંદ શ્રી અજાહરાજીની યાત્રા કરતા પ્રશસ્ત ગીરના જંગલોમાં મળશે એમાં શી શંકા હોય ?

અમે તે બધી વાતોને સાચી માનતા હતા, તે હું કહેવા માંગતી નથી. છતાં આ ભૂમિ જૈન ઇતિહાસની દૃષ્ટિએ જરૂર જોવાલાયક હોવી જોઈએ, તે અમને ચોક્કસ લાગ્યું હતું. બાકી તુલશીશામ અને ગીરજંગલ ત્યાંથી દૂર નહીં હોય. ક્યાંક સાચો સિંહ જોવામાં આવશે, ચારણોના નેસડા રસ્તામાં આવશે. ચારણીના હાથથી અમે ભેંશોનું મીઠું દૂધ પીશું અને ચારણોની રસભરેલી વાર્તાઓ કે જેના એક બે નમૂના શ્રીમાન મેઘાણીભાઈના મુખથી સાંભળીને હું આનંદથી ઘેલી ઘેલી થઈ ગઈ હતી, શાંતિથી સાંભળીશું. સંક્ષેપમાં સ્વર્ગમાં જેટલો આનંદ નહીં મળે તેટલો આનંદ શ્રી અજાહરાજીની યાત્રા કરતા પ્રશસ્ત ગીરના જંગલોમાં મળશે એમાં શી શંકા હોય ?

### ભરૂચ

જેરૂસલેમ અને રોમની માફક સાત ટેકરી ઉપર બાંધેલ પાપનાશક નર્મદાના કિનારે આવેલ ભરૂચ અનાદિકાળથી હિંદુઓનું પવિત્ર ક્ષેત્ર હતું. સંસ્કૃત સાહિત્યમાં આ નગર 'ભૃગુકચ્છ' આ નામથી ઓળખાય છે. ભાર્ગવ બ્રાહ્મણો અહીંથી જ નીકળ્યા છે અને તેઓનું કેંદ્રસ્થાન આજે પણ ભરૂચમાં આવેલ ભૃગઋષિનું આશ્રમ છે. ગામની ભાગોળમાં નર્મદાના કિનારે આવેલ દશાશ્વમેઘ નામની જગ્યા ખરેખર વૈદિક સમય અને વૈદિક રીતરિવાજોની યાદ કરાવે છે. આ ભરૂચ કેટલા વખત પહેલાં જૈનોનું તીર્થસ્થાન થયું હતું તે કહી શકાય તેમ નથી. શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમે રચેલ 'જગચિંતામણિ' ચૈત્યવંદનમાં આવેલ શબ્દો 'ભરૂચ અચ્છહિં મુણિસુવ્વય (જયઉ)' અર્થાત્ 'મુનિસુવ્રત ભગવાનનું દેરાસર ભરૂચમાં છે તેઓ જય પામો.' એમ બધા જૈનો રોજ પ્રતિક્રમણમાં બોલે છે. આ ઉપરથી ભરૂચ એક બહુ પુરાણું જૈન સ્થાન લાગે છે.

છતાં જે નવ દેરાસરો અત્યારે ભરૂચમાં વિદ્યમાન છે તે સુંદર દેખાવવાળા ખરા, પરંતુ વધારે જૂની શૈલીના તો નથી. પહેલાંના વખતનું ભરૂચ બદલાઈ ગયું છે. ઉલટ પાલટ રીતે દીવાલો તથા નવા મકાનોની ભીંતોમાં જોડાયેલા ઘણાં કોતરેલા પત્થરો તેની સાક્ષી પૂરે છે, તેમાંના કેટલાંક પત્થરો નષ્ટ થયેલા જૈન મંદિરોના અવશેષો હશે એ કોણ જાણે ? વધારે તો કદાચ નહીં હોય; કારણ કે લોકોની વાતો પ્રમાણે ભરૂચની કેટલીક મસ્જીદો જે હમણાં મૌજુદ છે તે મૂળથી દેરાસરો હતાં. તેમાં ભરૂચની જુમ્મામસ્જીદ પણ છે, કે જે ખરેખર સુંદર શ્રીધરસ્તંભો, આબુજીની શૈલીમાં કોતરેલ છજાંઓ, કીર્તિમુખ, દેવીઓની પંક્તિઓ ઇત્યાદિ શણગારોથી શોભિત વિશાળ મંડપો, ઉદુંબર અને કીર્તિમુખવાળા મંડારકો, મંગલમૂર્તિઓ વિગેરે શૈલીની જો કે અર્ધી બગાડેલી છતાં સ્પષ્ટ નિશાનીઓથી ભરેલ છે.

### ઉપસંહાર

ગુજરાત અને કાઠિયાવાડમાં આવેલા હિંદુસ્થાનની આર્ય સભ્યતા, અને એની અંદર ખાસ જૈન ધર્મના સંબંધમાં રહેલ ઐતિહાસિક સ્થાનો જોવા માટે હું તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૨૭ મુંબઈથી નીકળી હતી. ઘણાં સ્થાનો હજુ જોવા બાકી હોવા છતાં વધતી જતી ગરમીના લીધે આ મુસાફરી તા. ૨૦મી એપ્રિલ, ૧૯૨૮ના દિવસે બંધ કરવામાં આવી હતી. આ મુસાફરી પ્રસંગે કરેલ અનુભવો અને લખેલ નોટોના આધારે ઉપરનો લેખ લખવામાં આવ્યો છે.

✷ ✷ ✷

# શ્રી સરસ્વતીનું શિલ્પ-સ્થાપત્ય

❑ પંન્યાસ કુલચન્દ્ર વિજયજી મહારાજ

*મા સરસ્વતીના આરાધક પંન્યાસ મુનિ શ્રી કુલચંદ્રજી મ. શાસન સમ્રાટ નેમિસૂરિની પરંપરાના શિષ્ય છે. તેમણે મા સરસ્વતીની કૃપાથી એક અદ્વિતિય ગ્રંથ 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ'નું સર્જન કર્યું છે. આ ગ્રંથમાં સરસ્વતીના સ્તોત્રો અને ચિત્રોનો વિપુલ સંગ્રહ છે.*

સમગ્ર વૈશ્વિક સંસ્કૃતિના પાયામાં અક્ષર અને આકૃતિનું યોગદાન રહેલું હોય છે. જે તે સિદ્ધાંતો કે નિયમો એ અક્ષરોના માધ્યમથી પ્રગટે છે. જ્યારે પ્રાચીનતા કે ઐતિહાસિકતા એ શિલ્પ અને સ્થાપત્યના આધારે નક્કી થતાં હોય છે.

બુદ્ધિ, વાણી, જ્ઞાન, સાહિત્ય, કલા અને સૂક્ષ્મ પ્રજ્ઞાનું આધિપત્ય જેમની પાસે રહેલું છે એ મા સરસ્વતીની, અક્ષર અને આકૃતિથી ભારતીય સંસ્કૃતિ સમૃદ્ધ વૈભવ અને પ્રાચીનતા ધરાવે છે.

દક્ષિણ ભારત, રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, બિહાર, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશ, જમ્મુ-કાશ્મીર વગેરે વિભિન્ન પ્રદેશો અને રાજ્યોમાં મા સરસ્વતીની પ્રાચીન અને કલાત્મક મૂર્તિઓ મળે છે.

ભારતમાં દેવી સરસ્વતીના ઉલ્લેખો ત્રણ પ્રકારથી જાણી–સમજી શકાય છે.

૧. ભારતમાં જે સરસ્વતી દેવીના સ્વતંત્ર પ્રાચીન મંદિરો મળે છે ત્યાં સરસ્વતી દેવીની મુખ્યતાએ આરાધના થાય છે.

૨. સંયુક્ત મંદિરોમાં જ્યાં અન્ય દેવોની સાથે મા સરસ્વતીની પણ મૂર્તિ છે અને તેનું વૈશિષ્ટ્ય રહેલું છે ત્યાં પૂજા-ભક્તિ અધિક થાય છે.

૩. સ્વતંત્ર મૂર્તિ સ્વરૂપે કે ઉપદેવતાના રૂપમાં મળે છે જેની ઇતિહાસકારોએ નોંધ લીધી છે તેવી...

**અ. ૧. સ્વતંત્ર મંદિરો :**

ગુજરાતના **પાલિતાણા** શહેરમાં શ્રી સિદ્ધાચલ તીર્થની તળેટી વિભાગમાં ઉપર ચડતાં જમણા હાથે નીચા દરવાજાવાળું મંદિર છે. અતિ પ્રાચીન મંદિર છે. દેવી મયૂરના વાહન પર બેસેલાં છે. એક હાથમાં વીણા છે. અન્ય હાથમાં પુસ્તક અને માળા છે. તે સિવાય ચાણોદ (નર્મદા પાસે) તથા સિદ્ધપુરમાં સ્વતંત્ર મંદિર આવેલાં છે અને પૂજાય છે.

**૨. રાજસ્થાન**

રાજસ્થાનના પિંડવાડા ગામની બહાર અજારી મુકામે મા સરસ્વતીનું સ્વતંત્ર મંદિર છે. શ્યામ (કાળા) કલરના સાડા પાંચ ફૂટના પથ્થર ઉપર ઊભી રહેલી દેદીપ્યમાન મૂર્તિ છે. (કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મ.સા.ને અહીં વરદાન મળેલ હતું.) તેમના એક જમણા હાથે પુસ્તકની પટ્ટી છે તથા નીચેના ભાગે વરદ મુદ્રામાં એક હાથ રહલો છે. ડાબા હાથે નીચેના ભાગે અમૃતનું કમંડળ રહેલું છે તો ઉપરના ડાબા હાથમાં કમળ લાંબી નાળવાળું રહેલું છે તો ડાબા પગની બાજુમાં બાલ હંસ રહેલો છે. મૂર્તિના પરિકરમાં બંને બાજુ ૪-૪ દેવીઓની મૂર્તિઓ રહેલી છે.

**૩. મથુરા (ઉત્તર પ્રદેશ) :**

મથુરા શહેરની પશ્ચિમ દિશામાં થોડે દૂર એક નાનો પર્વત છે. જેના ઉપર મહાવિદ્યાદેવીનું મંદિર છે. તેની નીચેની સમતલ ભૂમિ ઉપર એક નાળું વહે છે. જેનું નામ સરસ્વતી નાળું છે અને તેની બાજુમાં એક કુંડ છે જેને સરસ્વતી કુંડ કહે છે. મથુરાની પરિક્રમામાં આ મંદિર, નાળું અને કુંડનો સમાવેશ થાય છે.

**૪. બાસર (જિલ્લા આદિલાબાદ) આંધ્રપ્રદેશ :**

ગોદાવરી નદીના કિનારા પર 'શ્રી જ્ઞાન સરસ્વતી મંદિર' નામે દેવીનું મંદિર છે. શ્યામવર્ણના અખંડ પાષાણમાંથી દેવીની પ્રતિમા બનાવેલી છે. ચાર ભુજાવાળી છે. વીણાને ધારણ કરેલી છે. બેસેલી મુદ્રામાં છે અને સ્થાનિક કિંવદંતી અનુસાર આ મૂર્તિની પ્રતિષ્ઠા શ્રી વેદ વ્યાસ મુનિએ કરેલી છે. શિલ્પકલાની દૃષ્ટિથી આ પ્રતિમા ૧૬ કે ૧૭મી સદીની બનેલી મનાય છે.

**૫. ગદગ (જિલ્લા ધારવાડ) કર્ણાટક :**

ગદગ ગામે રહેલી **'ભગવતી સરસ્વતી'**નું મંદિર ચાલુક્ય કાલીન ગણાય છે. સંભવતઃ આ મંદિરનું નિર્માણ ૧૦મી શતાબ્દીમાં થયેલું હશે. આ મંદિરમાં ભગવતી સરસ્વતીની પ્રતિમા કાળા રંગની છે. તથા પૂરી પ્રતિમા અત્યંત મનોહર અને ભવ્ય છે. દેવીના મસ્તક ઉપર નકશીદાર મુગુટ છે. કંઠમાં હાર અને શરીર પર રત્નજડીત આભૂષણો છે. આ પ્રાચીન મંદિરો પૈકીનું એક છે.

**૬. ગયા બિહાર :**

ગયા હિન્દુઓનું એક પવિત્ર પવિત્ર તીર્થ છે. ગયાથી ત્રણ-ચાર માઈલ ઉપર એક નદી વહે છે જેને સરસ્વતી નદી કહે છે. એ નદીના કિનારા પર એક પ્રાચીન પણ નાનું **'સરસ્વતી મંદિર'** રહેલું છે અને તેમાં ભવ્ય પ્રતિમા રહેલી છે.

**૭. પેહેવા હરિયાણા :**

પેહેવા તીર્થનું પ્રાચીન નામ પૃથુદક્ છે. આ સ્થાન જનપદ કુરુક્ષેત્રની અંતર્ગત આવેલું છે. અહીં ગામમાં જે નદી જે વહે છે તેને સરસ્વતી નદી તરીકે ઓળખાવાય છે અને તેના ઘાટ ઉપર એક નાનું **સરસ્વતી મંદિર** આવેલું છે. જે પણ તીર્થયાત્રી અહીં આવે તે

અહીં સરસ્વતી મંદિરના દર્શને અવશ્ય આવે છે. પ્રાચીન એ પ્રભાવક તીર્થ તરીકે અહીંના મંદિરની ગણના થાય છે.

તે સિવાય રાજસ્થાનમાં **પિલાની**, બિહારી દેવધર જિલ્લામાં **વૈદ્યનાથધામ**, મહારાષ્ટ્રમાં નાગપુર પાસે કુંતલપુર, તમિલનાડુમાં **અચલેશ્વર**, તંજાવર રેલ્વે સ્ટેશનની બાજુમાં સ્વતંત્ર સરસ્વતી મંદિરોની ગણના કરાય છે.

**બ. સંયુક્ત મંદિરો :**

હિન્દુ ધર્મની માન્યતા પ્રમાણે એક જ મંદિરના ગર્ભગૃહની અંદર મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાલીની મૂર્તિઓ રહેલી હોય છે જેની આદિ શક્તિના ત્રણ સ્વરૂપો તરીકે ગણના કરે છે અને આ ત્રણેય દેવીઓ ક્રમશઃ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની શક્તિઓ મનાય છે તથા પ્રકૃતિના ત્રણ તત્ત્વો – સત્ત્વ, રજસ્ અને તમસ્‌ના પ્રતીક તરીકે પણ આ ત્રણ દેવીઓને ગણવામાં આવે છે.

મધ્યપ્રદેશમાં **ઉજ્જૈન** (અવંતિકા) શહેરની ક્ષિપ્રા નદીના કાંઠે કાર્તિક ચોકમાં એક મંદિર છે-જેના ગર્ભગૃહમાં ઉપરોક્ત ત્રણેય દેવીઓની પ્રતિમા રહેલી છે.

**બિહારમાં** પટના, **મહારાષ્ટ્રમાં** મુંબઈ-કાલબાદેવી, **કર્ણાટકમાં** કુલ્લૂર મુકામ્બિકા દેવી, **ઉત્તર પ્રદેશ**માં કાલીમઠ અને **કાશ્મીરમાં** વૈષ્ણવી દેવીનું ગુફામંદિર છે જેમાં આ ત્રણ દેવીઓ પ્રતિષ્ઠિત થયેલી છે.

**ક. અન્ય મંદિરો અને અને સ્વતંત્ર દેરીઓ :**

દેવી સરસ્વતી સ્વતંત્ર મંદિરો અને સંયુક્ત મંદિરો સિવાય અન્ય ઘણાં જિનેશ્વરોના મંદિરોના પરિસરો, ચોગાન કે ભમતી વગેરેમાં વિવિધ પ્રકારે ધ્યાનાકર્ષક, પ્રભાવક મૂર્તિઓ આવેલી છે જે પ્રતિમાના પ્રભાવની નોંધ લોકહૃદયમાં રહેલી હોય છે તથા ઐતિહાસિક મહત્ત્વ પણ જેઓનું અમૂલ્ય છે. તેનો પરિચય કરીએ.

ગુજરાતમાં **ખંભાત** એ જૈનોની તીર્થભૂમિ છે. ત્યાં જીરાળાપાડામાં નીચેના ગર્ભગૃહમાં ઊભી ભવ્ય પ્રતિમા છે. તો માણેકચોકમાં ચિંતામણી પાર્શ્વનાથના ગર્ભગૃહમાં ડાબી બાજુએ શ્વેતવર્ણની પ્રાચીન ઊભી પ્રતિમા રહેલી છે. વીણા, પુસ્તક, માળા અને કમળ તથા હંસના પ્રતીક રહેલાં છે. તે સિવાય જિરાળાપાડાની બાજુની પોળમાં એક જિનાલયની અંદર ગોખલામાં શ્રી શારદેવીની પ્રાચીન પ્રતિમા બેસેલી મુદ્રામાં રહેલી છે.

**ઉત્તર** ગુજરાતના **પ્રાચીન થિરપુર (થરાદ)** ગામની ભાગોળે આવેલા બાવન જિનાલયની ભૂમિનું ઉત્ખનન કરતાં ૯૦૦ વર્ષ જૂની ઊભી પ્રતિમા મળી છે તે અત્યંત પ્રસન્ન અને વરદ્ મુદ્રામાં રહેલી છે. જ્યારે રોતેજ તીર્થ શ્રી નેમિનાથ પ્રભુના બાવન જિનાલયની બહાર શ્રી સરસ્વતી દેવીની ૭૦૦ વર્ષ પ્રાચીન મૂર્તિ લેખમાં જણાય આવે છે. તે ઊભી પ્રતિમા રહેલી છે. તે સિવાય જૂનાગઢ, ડભોઈ, ચોરવાડા (જુનાગઢ), અમદાવાદ (વાઘણ પોળ), તારંગા, પાલનપુર, સુરત (વડાચૌટા), ઉમતા (ઈડર પાસે) કદંબગિરિ વગેરે સ્થાનોમાં પ્રાચીન પ્રતિમાજીમાં સરસ્વતીની પ્રભાવક મુદ્રામાં જણાઈ આવે છે.

રાજસ્થાનમાં **સિરોહી પાસે** આવેલા સેવાડી ગામના જિનમંમદિરોના પરિસરોમાં અદ્ભુત કહી શકાય તેવી બે ઊભી મૂર્તિ દેવી સરસ્વતીની જોવા મળે છે. જેમાં પરિકરોની અંદર નૃત્ય કરતી અપ્સરાઓ અને સંગીતના વાજીંત્રો સાથે રહેલી દેવીઓ પણ છે. જમણા પગની બાજુમાં સેવારત બનેલી સાધિકા અને હંસનું પ્રતીક પણ રહેલું છે.

ગુજરાત-રાજસ્થાનમાં અનેકાનેક સ્થળોએ મળતી દેવીઓની પ્રાચીન મૂર્તિઓમાં મુખ્યતાએ દેવીની મૂર્તિ, વરદ્ મુદ્રાવાળી, પુસ્તક, કમળ અને અમૃત કમંડળને હાથોમાં ધારણે કરેલી જોવા મળે છે. અને પાસેમાં બાલહંસ કે રાજહંસનું પ્રતીક મુકેલું હોય છે. પરંતુ વીણા દૃષ્ટિગોચર થતી નથી.

**દક્ષિણ ભારતની પ્રાચીનતા**

પુરાતત્ત્વખાતાઓના મતાનુસાર આ દેવી સંબંધી પુરાતત્ત્વીય સામગ્રી ઈસ્વીસન પૂર્વે અને ઈસુ સંવત પછીની અનેક પ્રાચીન મૂર્તિઓ મળે છે તેમાંથી કેટલીક મૂર્તિઓનો સામાન્યથી પરિચય કરી લઈએ.

(૧) ઈ. સનની ૨૫૦ વર્ષ પૂર્વે **ભારહૂત સ્તુપની પ્રાચીર** (રેલીંગ) પર સરસ્વતીની મૂર્તિ ઉત્કીર્ણ કરેલી છે. તે પદ્મપીઠ ઉપર બિરાજેલી છે અને તે બે હાથે વીણા બજાવી રહી છે. આ મૂર્તિ સુંદર-આકર્ષક અને ઉપલબ્ધ મૂર્તિઓમાં પ્રાચીનતમ છે.

(૨) **ઘંટસાલ (આંધ્રપ્રદેશ) :**

અનુમાનથી ઈ. સ.ના ૨૦૦ વર્ષ પૂર્વે ચાર ભુજાવાળી, સરખા પાદવાળી, જમણા હાથમાં કમળનું ફૂલ, નીચેનો હાથ હંસ ઉપર, ડાબા હાથમાં પુસ્તક અને બીજો હાથ વરદ્ મુદ્રામાં દેવી સરસ્વતી રહેલી છે. મસ્તક ઉપર મુગુટ છે. આંખો ધ્યાન મગ્ન છે.

ઈસુની સંવત પ્રારંભ થયા પછી ઈ. સન ૧૩૨ની આસપાસ મથુરાની પાસે કંકાલી ટીલાના સ્થાન પર મળી છે. આ મૂર્તિના પીઠાસન પર શક સંવત ૫૪ (ઈ. સ. ૧૬૨) બ્રાહ્મી લિપીમાં કોતરેલું છે. આ મૂર્તિનું મસ્તક ખંડિત છે. બે હાથમાંથી ૧ હાથ અભય મુદ્રામાં છે. અને બીજા હાથમાં પુસ્તક છે. અને તે હાલ લખનઉના સંગ્રહાલયમાં સુરક્ષિત છે. આ જ સંગ્રહાલયમાં ૧૦મી શતાબ્દીની નૃત્યરત-ચતુર્ભુજાવાળા મૂર્તિ છે. જે દેવીના બે હાથમાં વીણા છે અને બીજા બે હાથથી ઉત્તરીય વસ્ત્ર પકડેલાં છે. તો ત્રીજી એક મૂર્તિ ૧૨મી શતાબ્દીની મળી છે. જે મૂર્તિ વિંધ્ય-પ્રસ્તરની છે તથા અષ્ટભુજા મંદિર મિર્જાપુર (ઉ. પ્ર.)માંથી મળી છે. જે દેવીના ૧ પગ આસન

ઉપરથી નીચે લટકતો રાખેલ છે અને જેના ચાર હાથમાંથી ત્રણ હાથ ખંડિત થયેલાં છે.

આ સિવાય દિલ્હીના **મધ્યવર્તી સંગ્રહાલયમાં** નવમી શતાબ્દીની તાંબાની મૂર્તિ મળી છે જેમાં ગોદમાં વીણા રાખી બજાવી રહ્યાં છે. પૂર્વે ભારતના પાલ કાળની આ મૂર્તિ નાલંદા વિદ્યાપીઠમાંથી મળેલી હતી. તો૧૦મી શતાબ્દીની એક મૂર્તિ દ્વિદળ કમળના આસન પર લલિતાસનમાં બેઠેલી મળી છે. ચતુર્ભુજાવાળી છે અને વીણા-પુસ્તક તથા માળા હાથમાં રાખેલા છે અને સંપૂર્ણ દેહ આભૂષણોમાંથી અલંકૃત કરેલો છે જે ગયા (બિહાર)માંથી મળી હતી. આ દિલ્હીના સંગ્રહાલમાં ૩ થી ૪ મૂર્તિ સરસ્વતી દેવીની રહેલી છે જે અલગઅલગ સૈકાની છે.

તે સિવાય કલકત્તાના આશુતોષ મ્યુઝિયમમાં, ૧૦મી શતાબ્દીની બે ભુજાવાળી મૂર્તિ છે. લંડનના બ્રિટીશ મ્યુઝિયમમાં રાજા ભોજ દ્વારા બનાવાયેલી ઈ. સ. ૧૦૩૭ની ધાર-મધ્ય પ્રદેશના ભારતી ભવનની કલાત્મક મૂર્તિ ૪ હાથવાળી પણ ખંડિત અવસ્થામાં મળે છે. જેના પાદપીઠ ઉપર વિદ્યાધર દેવીનો ઉલ્લેખ ઉત્કીર્ણ કરેલો છે.

આમ પ્રાયઃ દરેક રાજ્યની અંદર સરસ્વતીમાના પ્રસિદ્ધ સ્વરૂપવાળી સરસ્વતી દેવીના પુરાતત્ત્વીય ઉલ્લખો મળે છે.

આ ઉપરથી એટલું નિશ્ચિત જાણી શકાય છે કે ઈસુની સદી પૂર્વેથી મા સરસ્વતીની પૂજા-અર્ચનાના પ્રકારો ચાલુ હતા. અને શાસ્ત્રીય પ્રાચીન હસ્તપ્રતોના પત્રો ઉપર પણ સરસ્વતીના ચિત્રો હંસવાહના, મયૂરવાહના અને વીણા, પુસ્તક, મંત્રમાળા, કમળ, કમંડલ અને વરદ્ મુદ્રા કે અભય મુદ્રામાં સર્વત્ર હીનાધિક સ્વરૂપે જોવા-જાણવા મળે છે-જે જ્ઞાન, વિદ્યા, બુદ્ધિ, સાહિત્ય, સંગીત, આગમ-નિગમની અધિષ્ઠાત્રી તરીકે પંકાયેલી છે.

ભૂલ ચૂક ક્ષમ્ય...

પુસ્તક આધાર : સચિત્ર સરસ્વતી પ્રાસાદ-મુનિ કુલચન્દ્ર વિજય

જયદેવી સરસ્વતી–જયદેવ સિંઘાનીયા ✷ ✷ ✷

# એક અદ્ભુત ભક્તિકથા

બાહડ મંત્રી એટલે જાણે ધર્મભક્તિનો ઘૂઘવતો સાગર.

પાટણમાં ગુજરાતના મંત્રી બાહડે નક્કી કર્યું કે પોતાના પિતા મંત્રી ઉદયનની અંતિમ ઈચ્છાનુસાર પોતે ગિરિરાજ શત્રુંજયનો જીર્ણોદ્ધાર કરશેઃ બાહડ મંત્રી પાલિતાણા પહોંચ્યા. શુભ મુહૂર્તે, શુભ ઘડીએ શિલ્પીએ મંદિરનું નિર્માણ આરંભ્યું.

બે વર્ષ વીત્યાં. બાહડ મંત્રી પાલીતાણાની તળેટીમાં જ રોકાયા હતા. એકદા સૂર્યોદય સમયે અનુચરે ખબર આપ્યા કે મંદિર નિર્માણ પૂર્ણ થયું છે, પ્રતિષ્ઠાની તૈયારી કરો !

બાહડની પ્રસન્નતાનો પાર નહોતો. એણે આગંતુકને સોનાની જીભ ભેટ આપી!

આવા સુંદર, સોના જેવા સમાચાર દેનારને તો એવી જ બક્ષિસ અપાય ને ?

મંત્રી બાહડ પ્રતિષ્ઠાની તૈયારી માટે પાટણ ગયા.

કાળની રમત નિરાળી હોય છેઃ મંત્રી પાટણ પહોંચે તે પૂર્વે ખબર આવ્યા કે મંદિરનો ઘુમ્મટનો ભાગ તૂટી પડ્યો છે !

ખબર દેનારને મંત્રીએ સોનાની બે જીભ ભેટ ધરી, કહ્યું, 'મિત્ર, સારું થયું કે જલદી ખબર આપ્યા, હું પુનઃ જિનાલયનું નિર્માણ કરાવીશ !'

આવા હતા એ બાહડ મંત્રી !

સૌની આંખમાં અશ્રુ આવ્યા.

મંત્રી તરત પાછા વળ્યા. ગિરિરાજ ઉપર પહોંચ્યા. શિલ્પીઓને પૂછ્યું કે, 'આમ કેમ બન્યું ?'

મુખ્ય શિલ્પી આગળ આવ્યોઃ

'મંત્રીશ્વર, આ ઊંચેરો પહાડ છે. અહીં ભમતી (પ્રદક્ષિણાનો વિસ્તાર) વિનાનું મંદિર જોઈએઃ પણ અહીં ભમતી બનાવી, તેમાં હવાનું દબાણ આવ્યું તેથી આમ થયું છે !'

'ઓહ !' મંત્રીએ સત્વરે નિર્ણય લીધોઃ 'હવે ભમતી વિનાનું મંદિર ખડું કરો !'

'ન કરાય.'

'કેમ ?'

'એમ કરીએ તો મુશ્કેલી થાય !'

'શી ?'

'જે ભમતી વિનાનું મંદિર બાંધે તેનો વંશ નિર્વંશ થાય !'

'એમ ? આટલી જ મુશ્કેલી ?' મંત્રી સ્વસ્થ હતા.

'જી.'

'મારા વંશની ચિંતા ન કરોઃ વંશ કોનો કાયમ રહ્યો છે ? એના કરતાં, સૌનું કલ્યાણ કરનારાં આવા શાશ્વત દેરાં મને પ્રિય છે ! તમે નિશ્ચિંત રહો ને ભમતી વિનાનું દેરું બાંધો !'

મંત્રી બાહડની આ અનોખી ભક્તિકથા ગુજરાત, સૌરાષ્ટ્રમાં ઘરઘરમાં ગવાઈ રહી.

સં. ૧૨૧૧માં શુભમુહૂર્તે બાહડ મંત્રીએ શત્રુંજય ગિરિ ઉપર ભાવોલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

☐ **આચાર્ય વાત્સલ્યદીપ**

**'શ્રાવક કથાઓ'**

# સામૂહિક તીર્થયાત્રાના આ અગિયાર દશ્યો ક્યારે બદલાશે?

☐ મુનિશ્રી પ્રશમરતિ વિજયજી મહારાજ

*[ 'સાધુ તો ચલતા ભલા' ભાગ ૧-૨, પુસ્તકમાં મુનિશ્રીએ પ્રાસાદિક ગદ્યમાં યાત્રાના અનુભવો આલેખ્યા છે. 'પોષ સુદ ૧૩' પુસ્તકમાં ગુરુવર્ય શ્રી રામચંદ્રસૂરિશ્વજી મહારાજનું જીવન ચરિત્ર આલેખ્યું છે. 'આનંદઘનજી અષ્ટપદી' અને બીજા પણ અનેક પુસ્તકો એમની કલમમાંથી પ્રાપ્ત થયા છે. આ લેખમાં એમણે સામૂહિક યાત્રામાં થતી આશાતના દૂર કરવાના સૂચનો ઘણા પ્રેમથી કર્યા છે. મુનિશ્રીનું લક્ષ યાત્રામાં થતા આશાતનાનું નિવારણ કરવાનું છે. ]*

ભાગદોડ મચાવતા કર્મચારીઓ ઘણો બધો સામાન ઉતારવા મેંડે છે. તેઓ શિસ્તમાં માને છે, જયણામાં નહીં. તેમને સૂચનાઓનું પાલન કરવાનું હોય છે. તેઓ ખુલ્લી જગયામાં અથવા મેઇન હૉલમાં બધો સામાન પાથરી દે છે : બેગ્સ, બોક્સીસ, સૂટકેસીસ અને નાનીમોટી થેલીઓ. આ રીતે પથરાયેલો સામાન મોટે ભાગે તીર્થના મુખ્ય દેરાસરની સામે જ ખડકાતો હોય છે. આ છે આજની તીર્થયાત્રાનું પ્રથમ દૃષ્ય.

ધર્મશાળાની રૂમના દરવાજા, જૂના સ્ટીકરો જ્યાં લાગ્યા હોય છે ત્યાં નવા સ્ટીકર્સ ચીપકી જાય છે. પોતાના ઘરના કે બંગલાના દરવાજા સુંદર, સ્વચ્છ અને સ્ટીકર વિહોણા રાખવામાં માહેર એવા યાત્રાળુઓ માટે ધર્મશાળાના દરવાજાઓ પર જે સ્ટીકર્સ લાગે છે તે તીર્થની સુંદરતાનો નાશ કરે છે. મોંઘાદાટ દરવાજા અને મોંઘાદાટ રંગરોગાનનો દાટ વળી જાય છે આ સ્ટીકર્સ દ્વારા. આ બીજું દ્રશ્ય.

**તીર્થમાં આવીને મનઃ પ્રસન્નતામેતિ આ સૂત્ર સાકાર થવું જોઈએ તેને બદલે મનઃ સંક્લિષ્ટતામેતિ થાય છે.**

પછી એક સાથે યાત્રાળુઓ આવી પહોંચે છે. શાંત અને પ્રસન્ન વાતાવરણ કોલાહલથી ભરાઈ જાય છે. સૌ બૂમાબૂમ કરી શકે છે. રેલવે સ્ટેશન જેવો અવિરત ગણગણાટનો અનિવાર્ય. તીર્થભૂમિ પર પગ મૂકાયો ત્યારથી થવું જોઈએ તે નિસ્સિહીનું પાલન ક્યાંય કશે જોવા મળતું નથી. નહાયા પછી તીર્થયાત્રાની શરૂઆત થશે એવી સમજૂતી છે. નહાયા નહીં ત્યાર સુધી તો બધો જ કોલાહલ સત્તાવાર છે. જે ન દેખાય, જે ન મળે તેના નામનો વારંવાર મહા ઉચ્ચાર તો જાણે, કર્તવ્ય જ ગણાય. તીર્થભૂમિમાં શાંતિ જાળવવાની સહિયારી જવાબદારીનો, સંપૂર્ણ બહિષ્કાર જરૂર જોવા મળે. આ ત્રીજું દ્રશ્ય.

માઈક પરની જાહેરાતોથી દેરાસરમાં પણ એકાગ્રતા બનાવવાનું મુશ્કેલ થઈ જાય છે. નાસ્તાનો, જમવાનો, નીકળવાનો સમય, ફલાણાભાઈનું અર્જન્ટ કામ છે, સંઘપતિ અને લાભાર્થીના નામો તેમજ તીર્થમાં લાભ લેવા અંગેની સૂચનાઓ વારંવાર, વારંવાર, વારંવાર ચાલતી રહે છે. આત્મચિંતનના સ્થાનોમાં હોવી જોઈતી સાત્ત્વિકતા, આ લાઉડ બની જતા સ્પીકરો દ્વારા હાથ બહાર જતી રહે છે. આ છે ચોથું દૃશ્ય.

રસોડામાં પાંચ પક્વાન, પાંચ ફરસાણ અને અન્ય વાનગીઓ બની જાય છે. ભક્તિની દૃષ્ટિએ આ ઉત્તમ સુવિધા છે. સાથે સાથે હોવી જોઈતી જૈન આહાર-મર્યાદાનો અભાવ તો દુવિધા છે. દેરાસરના ઓટલે ડીશ લઈને બેસી જવું, એંઠા મોઢે અને એંઠા હાથ લઈ દેરાસરમાં આંટો મારી લેવો, આમાં કોઈ પ્રોબ્લેમ માનવામાં આવતો નથી. આઈસ્ક્રીમ, અનાવશ્યક મુખવાસો અને કોલ્ડ ડ્રીંક્સની વ્યવસ્થા વસ્તુતઃ દોષિત અવસ્થાનું જ સર્જન કરે છે. આ છે પાંચમું દૃશ્ય.

તીર્થના મૂળનાયકનો પ્રક્ષાલ નિયત સમયે શરૂ થાય છે તેમ જ ચંદનપૂજા નિયત સમયે બંધ થઈ જાય છે. આ બે મર્યાદા બદલવાની કોશિશ થતી રહે છે. પાંચસો કે હજાર યાત્રાળુ માટે તીર્થને આગ્રહપૂર્વક કહેવામાં આવે છે કે ટાઈમ બદલો. ટાઈમ બદલાય છે. તીર્થની સમયમર્યાદા તૂટે છે. સૌ રાજી થાય છે કે બધાયને લાભ મળી ગયો. કોઈ સમજતું નથી કે બધાયને દોષ લાગી ગયો. આ છે છઠ્ઠું દૃશ્ય.

થાળીમાં આવશ્યકતા કરતાં વધારે ફૂલો અને વાટકીમાં જરૂર કરતાં વધુ કેસરચંદન લઈ લીધા બાદ જે વધ્યું તે ગમે ત્યાં મૂકી દેવાની વૃત્તિનું શું કરવું? વ્યવસ્થા સાચવવા માટે આવ્યા છીએ કે વ્યવસ્થા વેરવિખેર કરવા, તે સમજાતું નથી. પોતાની અનુકૂળતા મુજબ મંદિરજીમાં સામગ્રીનો ઉપયોગ થતો રહે છે. પૂજારીઓ અને કર્મચારીઓને પાછળથી જે કામ વધી પડે છે તેની જવાબદારી તો તીર્થની જ ગણી લેવાય છે.

પૂજા પતી ગયા બાદ થાળી, વાટકા, પાટલા, પુસ્તિકા, માળા અને અન્ય ઉપકરણને યોગ્ય જગ્યાએ મૂકીને પછી જ મંદિરની બહાર નીકળવું આવો નિયમ પાળવામાં આવતો નથી કેમ કે આવો નિયમ હોવો જોઈએ તેવું કોઈ વિચારતું જ નથી. વેરાયેલા ચોખા, ઢોળાયેલા







ચંદન કેસર, વિખરાયેલા ફૂલો, પથરાયેલા પાટલાઓ અને બાકીના ચિહ્નોનો ફેલાવો, આ છે સાતમું દૃશ્ય.

ધર્મશાળાના ગાદી તકિયા અને બાથરૂમની તો રીતસરની વાટ લાગી જાય છે. કારણ વગર 'નળ લાઈટ' ચાલુ રહે છે. ગાદી તકિયા ઘરના હોય તો તેની પર પાણી પણ ન પીનારા, ધર્મશાળાના ગાદી તકિયે થાળી અને ડબ્બા પાથરીને ખાય છે, ચાદરો ખરડાય છે. ગાદીઓ ગંદી થાય છે. તકિયે ધબ્બા પડે છે. નાના બાળકોની ગંદકીથી તીર્થના પવિત્ર ગાદીતકિયા લેપાય છે. કોઈનું ધ્યાન હોતું નથી. ધ્યાન દોરવામાં આવે તો પરવા નથી હોતી. ખાલી થયેલા ફૂડ પેકેટ્સ, રેપર્સ, પોલીથીન્સ, કાગળિયા રૂમમાં પડ્યા રહે છે. રૂમ ખાલી થઈ જાય છે. લાઈટ કે નળ બંધ કરવાના રહી જાય છે. એસી-પંખા જેમના તેમ ચાલુ રહી જાય છે, આઠમું દૃશ્ય.

રસોડું સાથે લઈને નીકળેલા સમૂહને માટે જ્યાં ખાવાનું બને છે, જ્યાં ખાવાનું પીરસાય છે ત્યાં દૂધ, તેલ, ઘી જેવી ચીકણી વસ્તુ ઢોળાઈ હોય તેવા ધબ્બા મોટા અન ચિરંજીવ હોય છે. ડિસ્પોઝિબલ ડીશ-ગ્લાસના ગંજ ખરડાયેલા રહે છે. એંઠવાડ અને બીજો કચરો પરિસર કે આસપાસ પડ્યો રહે છે. ઘણો સમય માંગી લેનારી સાફસફાઈ, તીર્થની જવાબદારી ગણાય છે, જે તે સંઘની નહીં. માખી, મચ્છર, કીડી, વાંદરાના ઉપદ્રવોના મૂળિયા રોપીને સૌ ચાલ્યા જાય છે. આ નવમું દૃશ્ય.

ભોજનશાળા, ધર્મશાળાના મેનેજર, નોકર સાથે બોલાચાલી થાય જ છે. ધર્મશાળા જેમણે બુક કરાવી તેમનો એટિટ્યુડ શેઠ જેવો હોય છે. ભૂલો થાય તે સંભવિત છે. ભૂલોના નામે બબાલ થાય યાત્રાળુઓ તરફથી તે અશોભનીય છે. તેને લીધે અજૈન બેક ગ્રાઉન્ડમાંથી આવતા મેનેજર, મુનિમ, નોકરને જૈન પર જે દ્વેષ થઈ જાય છે તેની કલ્પના નથી થઈ શકતી. નાની નાની સગવડો માટે ઘણી ઘણી કચકચ પહેલેથી લઈને છેવટ સુધી ચાલુ રહે છે. જતા જતા ઑફિસમાં પણ એકાદ ઝગડો ન થાય તો આખો કાર્યક્રમ જાણે અધૂરો રહી જાય છે. તીર્થમાં આવીને મનઃ પ્રસન્નતામેતિ આ સૂત્ર સાકાર થવું જોઈએ તેને બદલે મનઃ संक्लिष्टतामेति થાય છે. જરૂરી સૂચનો પ્રેમથી આપવા તે જ મહાજનનું લક્ષણ છે. અહીં તો સૌ શેઠ છે અને તીર્થના વ્યવસ્થાપકોએ શેઠના પગારદાર. આ છે દશમું દૃશ્ય.

> ***ભોજનશાળા, ધર્મશાળાના મેનેજર, નોકર સાથે બોલાચાલી થાય જ છે. ધર્મશાળા જેમણે બુક કરાવી તેમનો એટિટ્યૂડ શેઠ જેવો હોય છે. ભૂલો થાય તે સંભવિત છે. ભૂલોના નામે બબાલ થાય યાત્રાળુઓ તરફથી તે અશોભનીય છે.***

તીર્થમાં રહેવા માટે જે રૂમ મળે છે તેમાં દરવાજા બંધ કર્યા બાદ ગમે ત્યારે, ગમે તે ખાવાપીવાની છૂટ લેવામાં આવે છે. દરવાજો ખૂલે તે પહેલાં બધું સમેટી લેવામાં આવે છે. ધર્મશાળાના બંધ ઓરડા પણ ઉપાશ્રય જેવા પવિત્ર રહેવા જોઈએ તે યાદ નથી રહેતું. રૂમમાં બંધબારણે મળનારી પ્રાઈવસીનો દરેક પ્રકારે ઉપયોગ થતો રહે છે. આને ખોટું માનવામાં આવતું નથી. આ છે ક્યારેય જાહેર ન થનારું અગિયારમું દૃશ્ય.

યાત્રા કરનારા દરેક સંઘોમાં આવા દૃશ્યો સર્જાય છે તેવું માનવાની જરૂર નથી. મોટે ભાગે આ જ રીતનો વહેવાર હવે જોવા મળે છે. સમૂહયાત્રા અને ટુર વચ્ચે ઘણો બધો માનસિક, વ્યાવહારિક, આધ્યાત્મિક ફરક હોય છે તેનો ઊંડો અભ્યાસ થવો જોઈએ. સંચાલકો અને લાભાર્થીઓએ આ અભ્યાસ કરવો જોઈએ. અન્યથા આ દૃશ્યો બદલાશે નહીં, બલ્કે અગિયારના એકવીશ બની જશે.

✱ ✱ ✱

## શ્રી પુંડરીક સ્વામિનું સ્તવન

*એક દિન પુંડરીક ગણધરુ રે લાલ!*
*પૂછે શ્રી આદિજિણંદ સુખકારી રે;*
*'કહીયે તે ભવજલ ઉતરીરે લાલ!*
*પામીશ પરમાનંદ ભવવારી રે?' એ૦ ૧*
*કહે જિન 'ઇણગિરિ પામશો રે લાલ!'*
*જ્ઞાન અને નિરવાણ જયકારી રે;*
*તીરથ મહિમા વાધશે રે લાલ!*
*અધિક અધિક મંડાણ નિરધારી રે.' એ૦૨*
*એમ નિસુણીને ઈહાં આવીઆ રે લાલ!*
*ઘાતી કરમ કર્યાં દૂર તમ વારી રે;*
*પંચ કોડી મુનિ પરિવર્યા રે લાલ!*
*હુઆ સિધ્ધિ હજુર ભવ વારી રે. એ૦ ૩*
*ચૈત્રી પૂનમ દિન કીજીએ રે લાલ!*
*પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે;*
*ફળ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ!*
*લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે. એ૦ ૪*
*દશ વીસ ત્રીસ ચાલીશ ભલા રે લાલ!*
*પચ્ચાસ પુષ્પની માળ અતિ સારી રે;*
*નરભવ લાહો લીજીએ રે લાલ!*
*જેમ હોય જ્ઞાન વિશાલ મનોહારી રે. એ૦ ૫*

# જૈનધર્મ મેં તીર્થ કી અવધારણા

❑ ડૉ. સાગરમલ જૈન

*[ જૈન દર્શનના અતિ વિદ્વાન તેજસ્વી ડૉ. સાગરમલ જૈન પાર્શ્વનાથ શોધ સંસ્થા, બનારસના પૂર્વ ડાયરેક્ટર છે. તેમના સો થી વધુ પુસ્તકો, શોધ નિબંધો, લેખો વગેરે પ્રકાશિત થયેલા છે. તેમના માર્ગદર્શનમાં ઘણાં વિદ્યાર્થીઓ, સાધુ-સાધ્વીઓએ પીએચ.ડી., ડી.લીટ, એમ.એ, એમ.ફીલ કરેલ છે. વર્તમાનમાં તેમણે પોતે સ્થાપિત કરેલ સંસ્થા 'પ્રાચ્ય વિદ્યાપીઠ', શાજાપુર (મ.પ્ર.)માં કાર્યરત છે. અત્રે તેમના તીર્થ સંબંધી બે લેખો અને શંખેશ્વર તીર્થસબંધી લેખ પ્રકાશિત કર્યા છે, પ્રથમ **તીર્થની અવધારણા** (Concept) સબંધી અને બીજો '**તીર્થયાત્રા**'માં તીર્થો વિશેના આગમિક ઉલ્લેખોની ચર્ચા ઉપરાંત યાત્રા સંઘમાં છરી પાલિત સંઘ અને તપ, પૂજા વગેરેની વિગત આપી છે. **શંખેશ્વર તીર્થ**ની યાત્રા ક્યારે પ્રારંભ થઈ તે જણાવેલ છે. **શંખેશ્વર તીર્થ** અમદાવાદથી વિરમગામ થઈ મોટર રસ્તે જઈ શકાય છે. ]*

સમગ્ર ભારતીય પરમ્પરા મેં 'તીર્થ' કી અવધારણા કો મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત હૈ, ફિર ભી જૈન પરમ્પરા મેં તીર્થ કો જો મહત્ત્વ દિયા ગયા હૈ, વહ વિશિષ્ટ હી હૈ, ક્યોંકિ ઉસમેં ધર્મ કો હી તીર્થ કહા ગયા હૈ ઔર ધર્મ-પ્રવર્તક તથા ઉપાસના એવં સાધના કે આદર્શ કો તીર્થંકર કહા ગયા હૈ. અન્ય ધર્મ પરમ્પરાઓં મેં જો સ્થાન ઈશ્વર કા હૈ, વહી જૈન પરમ્પરા મેં તીર્થંકર કા. વહ ધર્મરૂપી તીર્થ કા સંસ્થાપક માના જાતા હૈ. દૂસરે શબ્દોં મેં જો તીર્થ અર્થાત્ ધર્મ-માર્ગ કી સ્થાપના કરતા હૈ, વહી તીર્થંકર હૈ. ઈસ પ્રકાર જૈનધર્મ મેં તીર્થ એવં તીર્થંકર કી અવધારણાએઁ પરસ્પર જુડી હુઈ હૈં ઔર વે જૈનધર્મ કી પ્રાણ હૈ.

### જૈનધર્મ મેં તીર્થ કા સામાન્ય અર્થ

જૈનાચાર્યોં ને તીર્થ કી અવધારણા પર વિસ્તાર સે પ્રકાશ ડાલા હૈ. તીર્થ શબ્દ કી વ્યુત્પત્તિપરક વ્યાખ્યા કરતે હુએ કહા ગયા હૈ- તીર્યતે અનેનેતિ તીર્થઃ[1] અર્થાત્ જિસકે દ્વારા પાર હુઆ જાતા હૈ વહ તીર્થ કહલાતા હૈ. ઈસ પ્રકાર સામાન્ય અર્થ મેં નદી, સમુદ્ર આદિ કે વે તટ જિનસે પાર જાને કી યાત્રા પ્રારમ્ભ કી જાતી થી તીર્થ કહલાતે થે, ઈસ અર્થ મેં જૈનાગમ જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ મેં માગધ તીર્થ, વરદામ તીર્થ ઔર પ્રભાસ તીર્થ કા ઉલ્લેખ મિલતા હૈ.[2]

**વાસ્તવ મેં તીર્થ વહ હૈ જો હમારે આત્મા કે મલ કો ધોકર હમેં સંસાર-સાગર સે પાર કરાતા હૈ.**

### તીર્થ કા લાક્ષણિક અર્થ

લાક્ષણિક દૃષ્ટિ સે જૈનાચાર્યોં ને તીર્થ શબ્દ કા અર્થ લિયા – જો સંસાર સમુદ્ર સે પાર કરાતા હૈ, વહ તીર્થ હૈ ઔર ઐસે તીર્થ કી સ્થાપના કરને વાલા તીર્થંકર હૈ. સંક્ષેપ મેં મોક્ષ-માર્ગ કો હી તીર્થ કહા ગયા હૈ. આવશ્યકનિર્યુક્તિ મૈં શ્રુતધર્મ, સાધના-માર્ગ, પ્રાવચન, પ્રવચન ઔર તીર્થ–ઈન પાંચોં કો પર્યાવવાચી બતાયા ગયા હૈ.[3] ઈસસે યહ સ્પષ્ટ હોતા હૈ કિ જૈન પરમ્પરા મેં તીર્થ શબ્દ કેવલ તટ અથવા પવિત્ર યા પૂજ્ય સ્થલ કે અર્થ મેં પ્રયુક્ત ન હોકર એક વ્યાપક અર્થ મેં પ્રયુક્ત હુઆ હૈ. તીર્થ સે જૈનોં કા તાત્પર્ય માત્ર કિસી પવિત્ર સ્થલ તક હી સીમિત નહીં હૈ. વે તો સમગ્ર ધર્મમાર્ગ ઔર ધર્મ-સાધકોં કે સમૂહ કો હી તીર્થ-રૂપ મેં વ્યાખ્યાયિત કરતે હૈં.

### તીર્થ કા આધ્યાત્મિક અર્થ

જૈનોં ને તીર્થ કે લૌકિક ઔર વ્યુત્પત્તિપરક અર્થ સે ઉપર ઉઠકર ઉસે આધ્યાત્મિક અર્થ પ્રદાન કિયા હૈ. ઉત્તરાધ્યયનસૂત્ર મેં ચાંડાલકુલોત્પન્ન હરકેશી નામક મહાન નિર્ગ્રન્થ સાધક સે જબ યહ પૂછા ગયા કિ આપકા સરોવર કૌન-સા હૈ? આપકા શાન્તિતીર્થ કૌન-સા હૈ? તો ઉસકે પ્રત્યુત્તર મેં ઉન્હોંને કહા કિ ધર્મ હી મેરા સરોવર હૈ ઔર બ્રહ્મચર્ય હી શાંતિ-તીર્થ હૈ, જિસમેં સ્નાન કરકે આત્મા નિર્મલ ઔર વિશુદ્ધ હો જાતી હૈ.[4] વિશેષાવશ્યકભાષ્ય મેં કહા ગયા હૈ કિ સરિતા આદિ દ્રવ્યતીર્થ તો માત્ર બાહ્યમલ અર્થાત્ શરીર કી શુદ્ધિ કરતે હૈં અથવા વે કેવલ નદી, સમુદ્ર આદિ કે પાર પહુંચાતે હૈં, અતઃ વે વાસ્તવિક તીર્થ નહીં હૈં. વાસ્તવિક તીર્થ તો વહ હૈ જો જીવ કો સંસાર-સમુદ્ર સે ઉસ પાર મોક્ષરૂપી તટ પર પહુંચાતા હૈ.[5] વિશેષાવશ્યકભાષ્ય મેં ન કેવલ લૌકિક તીર્થસ્થલોં (દ્રવ્યતીર્થ) કી અપેક્ષા આધ્યાત્મિક તીર્થ (ભાવતીર્થ) કા મહત્ત્વ બતાયા ગયા હૈ, અપિતુ નદિયોં કે જલ મેં સ્નાન ઔર ઉસકા પાન અથવા ઉનમેં અવગાહન માત્ર સે સંસાર સે મુક્તિ માન લેને કી ધારણા કા ખંડન ભી કિયા ગયા હૈ. ભાષ્યકાર કહતા હૈ કિ 'દાહ કી શાંતિ, તૃષા કા નાશ ઇત્યાદિ કારણોં સે ગંગા આદિ કે જલ કો શરીર કે લિએ ઉપકારી હોને સે તીર્થ માનતે હો તો અન્ય ખાદ્ય, પેય એવં શરીર-શુદ્ધિ કરને વાલે દ્રવ્ય ઇત્યાદિ ભી શરીર કે લિએ ઉપકારી હોને કે તીર્થ માને જાએંગે, કિંતુ ઇન્હેં કોઈ ભી તીર્થરૂપ મેં સ્વીકાર નહીં કરતા હૈ.[6] વાસ્તવ મેં તીર્થ વહ હૈ જો હમારે આત્મા કે મલ કો ધોકર હમેં સંસાર-સાગર સે પાર કરાતા હૈ. જૈન પરમ્પરા

કી તીર્થ કી યહ અધ્યાત્મપરક વ્યાખ્યા હમેં વૈદિક પરમ્પરા મેં ભી ઉપલબ્ધ હોતી હૈ. ઉસમેં કહા ગયા હૈ-સત્ય તીર્થ હૈ, ક્ષમા ઔર ઇંદ્રિય-નિગ્રહ ભી તીર્થ હૈ. સમસ્ત પ્રાણિયોં કે પ્રતિ દયાભાવ, ચિત્ત કી સરલતા, દાન, સંતોષ, બ્રહ્મચર્ય કા પાલન, પ્રિયવચન, જ્ઞાન, ધૈર્ય ઔર પુણ્ય કર્મ–યે સભી તીર્થ હૈ.[૭]

**દ્રવ્યતીર્થ ઔર ભાવતીર્થ**

જૈનોં ને તીર્થ કે જંગમતીર્થ ઔર સ્થાવરતીર્થ ઐસે દો વિભાગ ભી કિયે હૈં.[૮] ઇન્હેં ક્રમશઃ ચેતનતીર્થ ઔર જડતીર્થ અથવા ભાવતીર્થ ઔર દ્રવ્યતીર્થ ભી કહ સકતે હૈં. વસ્તુતઃ નદી, સરોવર, આદિ તો જડ યા દ્રવ્ય તીર્થ હૈ, જબકિ શ્રુતવિહિત માર્ગ પર ચલને વાલા સંઘ ભાવતીર્થ હૈ ઔર વહી વાસ્તવિક તીર્થ હૈ. ઉસમેં સાધુજન પાર કરાને વાલે હૈં, જ્ઞાનાદિ રત્નત્રય નૌકા-રૂપ તૈરને કે સાધન હૈં ઔર સંસાર-સમુદ્ર હી પાર કરને કી વસ્તુ હૈ. જિન-જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ દ્વારા અજ્ઞાનાદિ સાંસારિક ભાવોં સે પાર હુઆ જાતા હૈ, વે હી ભાવતીર્થ હૈં. ક્રોધ, માન, માયા, લોભ આદિ મલ હૈં, ઇનકો જો નિશ્ચય હી દૂર કરતા હૈ વહી વાસ્તવ મેં તીર્થ હૈ.[૯] જિનકે દ્વારા ક્રોધાદિ કી અગ્નિ કો શાંત કિયા જાતા હૈ વહી સંઘ વસ્તુતઃ તીર્થ હૈ. ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ પ્રાચીન જૈન પરમ્પરા મેં આત્મશુદ્ધિ કી સાધના ઔર જિસ સંઘ મેં સ્થિત હોકર યહ સાધના કી જા સકતી હૈ, વહ સંઘ હી વાસ્તવિક તીર્થ માના ગયા હૈ.

**'તીર્થ' કે ચાર પ્રકાર**

વિશેષાવશ્યકભાષ્ય મેં ચાર પ્રકાર કે તીર્થોં કા ઉલ્લેખ હૈ, નામ-તીર્થ, સ્થાપનાતીર્થ, દ્રવ્યતીર્થ ઔર ભાવતીર્થ. જિન્હેં તીર્થ નામ દિયા ગયા હૈ વે નામતીર્થ હૈં. વે વિશેષ સ્થલ જિન્હેં તીર્થ માન લિયા ગયા હૈ, વે સ્થાપનાતીર્થ હૈં. અન્ય પરમ્પરાઓં મેં પવિત્ર માને ગએ નદી, સરોવર આદિ અથવા જિનેન્દ્રદેવ કે ગર્ભ, જન્મ, દીક્ષા, કૈવલ્ય-પ્રાપ્તિ એવં નિર્વાણ કે સ્થલ દ્રવ્યતીર્થ હૈં. જબકિ મોક્ષમાર્ગ ઔર ઉસકી સાધના કરને વાલા ચતુર્વિધસંઘ ભાવતીર્થ હૈ.[૧૦] ઇસ પ્રકાર જૈનધર્મ મેં સર્વપ્રથમ તો જિનોપદષ્ટિ ધર્મ, ઉસ ધર્મ કા પાલન કરને વાલે સાધુ-સાધ્વી, શ્રાવક ઔર શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ કો હી તીર્થ ઔર ઉસકે સંસ્થાપક કો તીર્થંકર કહા ગયા હૈ. યદ્યપિ પરવર્તી કાલ મેં પવિત્ર સ્થલ ભી દ્રવ્યતીર્થ કે રૂપ મેં સ્વીકૃત કિએ ગએ હૈં.

**તીર્થ શબ્દ ધર્મસંઘ કે અર્થ મેં**

પ્રાચીનકાલ મેં શ્રમણ પરમ્પરા કે સાહિત્ય મેં 'તીર્થ' શબ્દ કા પ્રયોગ ધર્મ-સંઘ કે અર્થ સે હોતા રહા હૈ. પ્રત્યેક ધર્મસંઘ યા ધાર્મિક સાધકોં કા વર્ગ તીર્થ કહલાતા થા, ઇસી આધાર પર અપની પરમ્પરા સે ભિન્ન લોગોં કો તૈર્થિક યા અન્યતૈર્થિક કહા જાતા થા. જૈન સાહિત્ય મેં બૌદ્ધ આદિ અન્ય શ્રમણ પરમ્પરાકોં કો તૈર્થિક યા અન્ય તૈર્થિક કે નામ સે અભિહિત કિયા ગયા હૈ.[૧૧] બૌદ્ધ ગ્રંથ દીઘનિકાય કે સામઞ્ઞફલસુત્ત મેં ભી નિર્ગ્રૅન્થ જ્ઞાતૃપુત્ર મહાવીર કે અતિરિક્ત મંખલિગોશાલક, અજિતકેશકમ્બલ, પૂર્ણકાશ્યપ, પકુધકાત્યાયન આદિ કો ભી તિત્થકર (તીર્થંકર) કહા ગયા હૈ.[૧૨] ઇસસે યહ ફલિત હોતા હૈ કિ ઉનકે સાધકોં કા વર્ગ ભી તીર્થ કે નામ સે અભિહિત હોતા થા. જૈન પરમ્પરા મેં તો જૈનસંઘ યા જૈન સાધકોં કે સમુદાય કે લિએ તીર્થ શબ્દ કા પ્રયોગ પ્રાચીનકાલ સે લેકર વર્તમાન યુગ તક યથાવત્ પ્રચલિત હૈ. આચાર્ય સમન્તભદ્ર ને મહાવીર કી સ્તુતિ કરતે હુએ કહા હૈ કિ હે ભગવન્! આપકા યહ તીર્થ સર્વોદય અર્થાત્ સબકા કલ્યાણ કરને વાલા હૈ.[૧૩] મહાવીર કા ધર્મસંઘ સદૈવ હી તીર્થ કે નામ સે અભિહિત કિયા જાતા રહા હૈ.

**સાધના કી સુકરતા ઔર દુષ્કરતા કે આધાર પર તીર્થોં કા વર્ગીકરણ**

વિશેષાવશ્યકભાષ્ય મેં

## જ્ઞાનવિમલસૂરિ કૃત

## શ્રી આબુ તીર્થ સ્તવન

*આવો આવો ને રાજ, શ્રી અર્બુદ ગિરિવર જઈએ;*
*શ્રી જિનવરની ભક્તિ કરીને, આતમ નિર્મલ થઈએ.*
*આવો૦ (એ આંકણી)*

*વિમલવસહીના પ્રથમ જિણેસર, મુખ નિરખે સુખ પાઈએ;*
*ચંપક કેતકી પ્રમુખ કુસુમવર, કંઠે ટોડર ઠવિયે. આવો૦ ૧.*

*જિમણે પાસ લુણગ વસહી, શ્રી નેમીસર નમીયે;*
*રાજીમતી વર નયણે નિરખી, દુઃખ દોહગ સવિ ગમીયે. આવો૦૨.*

*સિદ્ધાચલ શ્રી ઋષભ જિણેસર, રૈવત નેમ સમરીયે;*
*અર્બુદગિરિની યાત્રા કરતાં, બિહું તીર્થ ચિત્ત ધરીયે. આવો૦૩.*

*મંડપ મંડપ વિવિધ કોરણી, નિરખી હૈયડે ઠરીયે,*
*શ્રી જિનવરના બિંબ નિહાલી, નરભવ સફલો કરીયે. આવો૦૪.*

*અવિચલગઢ આદીશ્વર પ્રણમી, અશુભ કરમ સવિ હરિયે,*
*પાસ શાંતિ નિરખી જબ નયણે, મન મોહ્યું ડુંગરિયે. આવો૦૫.*

*પાયે ચઢતાં ઉજમ વાધે, જેમ ઘોડે પારખીયે;*
*સકલ જિનેસર પૂજી કેસર, પાપ પડલ સવિ હરિયે આવો૦૬.*

*એકણ ધ્યાને પ્રભુને ધ્યાતાં, મનમાંહિ નવિ ડરીયે;*
*જ્ઞાનવિમલ કહે પ્રભુ સુપસાયે, સકલ સંઘ સુખ કરીએ. આવો૦ ૭*

સાધના પદ્ધતિ કે સુકર યા દુષ્કર હોને કે આધાર પર ભી ઇન સંઘરૂપી તીર્થોં કા વર્ગીકરણ કિયા ગયા હૈ. ભાષ્યકાર ને ચાર પ્રકાર કે તીર્થોં કા ઉલ્લેખ કરતે હુએ લિખા હૈ કિ-

૧. સર્વપ્રથમ કુછ તીર્થ (તટ) ઐસે હોતે હૈં, જિનમેં પ્રવેશ ભી સુખકર હોતા હૈ ઔર જહાં સે પાર કરના ભી સુખકર હોતા હૈ, ઇસી પ્રકાર કુછ તીર્થ યા સાધક-સંઘ ઐસે હોતે હૈ, જિનમેં પ્રવેશ ભી સુખદ હોતા હૈ ઔર સાધના ભી સુખદ હોતી હૈ. ઐસે તીર્થ કા ઉદાહરણ દેતે હુએ ભાષ્યકારને શૈવમત કા ઉલ્લેખ કિયા હૈ, ક્યોંકિ શૈવ સંપ્રદાય મેં પ્રવેશ ઔર સાધના દોનોં હી સુખકર માને ગએ હૈં.

૨. દૂસરે વર્ગ મેં વે તીર્થ (તટ) આતે હૈં, જિનમેં પ્રવેશ તો સુખરૂપ હો, કિંતુ જહાં સે પાર હોના દુષ્કર યા કઠિન હો. ઇસી પ્રકાર કુછ ધર્મસંઘોં મેં પ્રવેશ તો સુખદ હોતા હૈ, કિન્તુ સાધના કઠિન હોતી હૈ. ઐસે સંઘ કા ઉદાહરણ બૌદ્ધ સંઘ કે રૂપ મેં દિયા ગયા હૈ. બૌદ્ધ સંઘ મેં પ્રવેશ તો સુલભતાપૂર્વક સમ્ભવ થા, કિંતુ સાધના ઉતની સુખરૂપ નહીં થી, જિતની કિ શૈવ સમ્પ્રદાય કી.

૩. તીસરે વર્ગ મેં ઐસે તીર્થ કા ઉલ્લેખ હુઆ હૈ 'જિસ મેં પ્રવેશ તો કઠિન હૈ, કિંતુ સાધના સુકર હૈ.' ભાષ્યકાર ને ઇસ સંદર્ભ મેં જૈનોં કે હી અચેલ સમ્પ્રદાય કા ઉલ્લેખ કિયા હૈ. ઇસ સંઘ મેં અચેલકતા અનિવાર્ય થી, અતઃ ઈસ તીર્થ કો પ્રવેશ કી દૃષ્ટિ સે દુષ્કર, કિંતુ અનુપાલન કી દૃષ્ટિ કે સુકર માના ગયા હૈ.

૪. ગ્રંથકાર ને ચૌથે વર્ગ મેં ઉસ તીર્થ કા ઉલ્લેખ કિયા હૈ, જિસમેં પ્રવેશ ઔર સાધના દોનોં દુષ્કર હૈ ઔર સ્વયં ઇસ રૂપ મેં અપને હી સમ્પ્રદાય કા ઉલ્લેખ કિયા હૈ. યહ વર્ગીકરણ કિતના સમુચિત હૈ યહ વિવાદ કા વિષય હો સકતા હૈ, કિંતુ ઇતના નિશ્ચિત હૈ કિ સાધના-માર્ગ કી સુકરતા યા દુષ્કરતા કે આધાર પર જૈન પરમ્પરા મેં વિવિધ પ્રકાર કે તીર્થોં કી કલ્પના કી ગઈ હૈ ઔર સાધના માર્ગ કો હી તીર્થ કે રૂપ મેં ગ્રહણ કિયા ગયા હૈ.

ઇસ પ્રકાર હમ દેખતે હૈં કિ જૈન પરમ્પરા મેં તીર્થ સે તાત્પર્ય મુખ્ય રૂપ સે પવિત્ર સ્થલ કી અપેક્ષા સાધના-વિધિ સે લિયા ગયા હૈ ઔર જ્ઞાન, દર્શન ઔર ચારિત્ર-રૂપ મોક્ષમાર્ગ કો હી ભાવતીર્થ કહા ગયા હૈ, ક્યોંકિ યે સાધક કે વિષય-કષાયરૂપી મલ કો દૂર કરકે સમાધિ રૂપી આત્મશાંતિ કો પ્રાપ્ત કરવાને મેં સમર્થ હૈ. પ્રકારાન્તર સે સાધકોં કે વર્ગ કો ભી તીર્થ કહા ગયા હૈ. ભગવતીસૂત્ર મેં તીર્થ કી વ્યાખ્યા કરતે હુએ સ્પષ્ટરૂપ સે કહા ગયા હૈ કિ ચતુર્વિધ શ્રમણસંઘ હી તીર્થ હૈ.[૧૫] શ્રમણ, શ્રમણી, શ્રાવક ઔર શ્રાવિકાયેં – ઇસ ચતુર્વિધ શ્રમણસંઘ કે ચાર અંગ હૈ. ઇસ પ્રકાર યહ સુનિશ્ચિત હૈ કિ પ્રાચીન જૈન ગ્રંથ મેં તીર્થ શબ્દ કો સંસાર-સમુદ્ર સે પાર કરાને વાલે સાધન કે રૂપ મેં ગ્રહીત કરકે ત્રિવિધ સાધના-માર્ગ ઔર ઉસકા અનુપાલન કરને વાલે ચતુર્વિધ શ્રમણસંઘ કો હી વાસ્તવિક તીર્થ માના ગયા હૈ.

**નિશ્ચયતીર્થ ઔર વ્યવહારતીર્થ**

જૈનોં કી દિગમ્બર પરમ્પરા મેં તીર્થ કા વિભાજન નિશ્ચયતીર્થ ઔર વ્યવહારતીર્થ કે રૂપ મેં હુઆ હૈં. નિશ્ચયતીર્થ કે રૂપ મેં સર્વપ્રથમ તો આત્મા કે શુદ્ધ-બુદ્ધ સ્વભાવ કો હી નિશ્ચયતીર્થ કહા ગયા હૈ. ઉસમેં કહા ગયા હૈ કિ પંચમહાવ્રતોં સે યુક્ત સમ્યક્ત્વ સે વિશુદ્ધ, પાંચ ઇંદ્રિયોં સે સંયત નિરપેક્ષ આત્મા હી ઐસા તીર્થ હૈ, જિસમેં દીક્ષા ઔર શિક્ષા રૂપ સ્નાન કરકે પવિત્ર હુઆ જાતા હૈ.[૧૬] પુનઃ નિર્દોષ સમ્યક્ત્વ, ક્ષમા આદિ ધર્મ, નિર્મલસંયમ, ઉત્તમ તપ ઔર યથાર્થજ્ઞાન–યે સબ ભી કષાયભાવ સે રહિત ઔર શાંતભાવ સે યુક્ત હોને પર નિશ્ચયતીર્થ માને ગએ હૈં.[૧૭] ઇસી પ્રકાર મૂલાચાર મેં શ્રુતધર્મ કો તીર્થ કહા ગયા હૈ,[૧૮] ક્યોંકિ વહ જ્ઞાન કે માધ્યમ સે આત્મા કો પવિત્ર બનાતા હૈ. સામાન્ય નિષ્કર્ષ યહ હૈ કિ વે સભી સાધન જો આત્મા કે વિષય-કષાયરૂપી મલ કો દૂર કર ઉસે સંસાર-સમુદ્ર સે પાર ઉતારને મેં સહાયક હોતે હૈં યા પવિત્ર બનાતે હૈં, વે નિશ્ચયતીર્થ હૈં. યદ્યપિ બોધપાહુડ કી ટીકા (લગભગ ૧૧વીં શતી) મેં યહ સ્પષ્ટ રૂપ સે ઉલ્લેખ મિલતા હૈ કિ 'જો નિશ્ચયતીર્થ કી પ્રાપ્તિ કા કારણ હૈ, ઐસે જગત્ - પ્રસિદ્ધ મુક્તજીવોં કે ચરણકમલોં સે સંસ્પર્શિત ઉર્જયંત, શત્રુંજય, પાવાગિરી આદિ તીર્થ હૈં ઔર કર્મક્ષય કા કારણ હોને સે વે વ્યવહારતીર્થ ભી વંદનીય માને ગએ હૈં.[૧૯] ઇસ પ્રકાર દિગમ્બર પરમ્પરા મેં ભી સાધનામાર્ગ ઔર આત્મવિશુદ્ધિ કે કારણોં કો નિશ્ચયતીર્થ ઔર પંચકલ્યાણક ભૂમિયોં કો વ્યવહાર તીર્થ માના ગયા હૈ. મૂલાચાર મેં ભી યહ કહા ગયા હૈ કિ દાહોપશમન, તૃષાનાશ ઔર મલ કી શુદ્ધિ યે તીન કાર્ય જો કરતે હૈં વે દ્રવ્યતીર્થ હૈ 'કિંતુ જો જ્ઞાન, દર્શન ઔર ચારિત્ર સે યુક્ત જિનદેવ હૈં વે ભાવતીર્થ હૈં' યહ ભાવતીર્થ હી નિશ્ચયતીર્થ હૈ. કલ્યાણભૂમિ તો વ્યવહારતીર્થ હૈ.[૨૦] ઇસ પ્રકાર શ્વેતામ્બર ઔર દિગંબર દોનોં હી પરમ્પરાઓં મેં પ્રધાનતા તો ભાવતીર્થ યા નિશ્ચયતીર્થ કો હી દી ગઈ હૈ, કિંતુ આત્મવિશુદ્ધિ કે હેતુ યા પ્રેરક હોને કે કારણ દ્રવ્યતીર્થોં યા વ્યવહારતીર્થોં કો ભી સ્વીકાર કિયા હૈ. સ્મરણ રહે કિ અન્ય ધર્મ પરમ્પરાઓં મેં જો તીર્થ કી અવધારણા ઉપલબ્ધ હૈ, ઉસકી તુલના જૈનોં કે દ્રવ્યતીર્થ સે કી જા સકતી હૈ.

**જૈન પરમ્પરા મેં તીર્થ શબ્દ કા અર્થ-વિકાસ**

શ્રમણ-પરમ્પરા મેં પ્રારમ્ભ મેં તીર્થ કી ઇસ અવધારણા કો એક આધ્યાત્મિક અર્થ પ્રદાન કિયા ગયા થા. વિશેષાવશ્યકભાષ્ય જૈસે પ્રાચીન આગમિક વ્યાખ્યા-ગ્રંથોં મેં ભી વૈદિક પરમ્પરા મેં માન્ય નદી, સરોવર આદિ સ્થલોં કો તીર્થ માનને કી અવધારણોં કા ખંડન કિયા ગયા ઔર ઉસકે સ્થાન પર રત્નત્રય સે યુક્ત સાધનામાર્ગ

અર્થાત્ ઉસ સાધના મેં ચલ રહે સાધક કે સંઘ કો તીર્થ કે રૂપ મેં અભિહિત કિયા ગયા હૈ. યહી દૃષ્ટિકોણ અચેલ પરમ્પરા કે ગ્રંથ મૂલાચાર મેં ભી દેખા જાતા હૈ, જિસકા ઉલ્લેખ પૂર્વ મેં હમ કર ચુકે હૈં.

કિંતુ પરવર્તી કાલ મેં જૈન પરમ્પરા મેં તીર્થ સમ્બંધી અવધારણા મેં પરિવર્તન ઔર દ્રવ્યતીર્થ અર્થાત્ પવિત્ર સ્થલોં કો ભી તીર્થ માના ગયા. સર્વપ્રથમ તીર્થંકરોં કે ગર્ભ, દીક્ષા, કૈવલ્ય ઔર નિર્વાણ સે સમ્બંધિત સ્થલોં કો પૂજ્ય માનકર ઉન્હેં તીર્થ કે રૂપ મેં સ્વીકાર કિયા ગયા. આગે ચલકર તીર્થંકરોં કે જીવન કી પ્રમુખ ઘટનાઓં સે સમ્બંધિત સ્થળ હી નહીં, અપિતુ ગણધર એવં પ્રમુખ મુનિયોં કે નિર્વાણસ્થલ ઔર ઉનકે જીવન કી મહત્ત્વપૂર્ણ ઘટના સે જુડે હુએ સ્થલ ભી તીર્થ કે રૂપ મેં સ્વીકાર કિએ ગએ. ઇસસે ભી આગે ચલકર વે સ્થલ ભી, જહાં કલાત્મક મંદિર બને યા જહાં કી પ્રતિમાએં ચમત્કારપૂર્ણ માની ગઈ, તીર્થ કહે ગએ. ✷ ✷ ✷

**संदर्भ-**


१. (अ) अभिधानराजेंद्रकोष, चतुर्थ भाग, पृ. २२४२
(ब) स्थानांग टीका

२. जम्बूद्वीपप्रज्ञप्ति, ३/५७, ५९, ६२ (सम्पा. मधुकर मुनि)

३. सुयधम्मतित्थमग्गो पावयणं च एगट्ठा।।
सुत्त तंतं गंथों पाढो सत्थं पवयणं च एगट्ठा।।
विशेषावश्यक भाष्य, १३७८

४. के ते हरए? के य ते सन्तितित्थे?
कहिंसि ण्हाओ व रयं जहासि?
धम्मे हरये क बंभे सन्तितित्थे अणाविले अत्त पसन्नलेसे।
जहिंसि ण्हाओ विमलो विसुद्धो सुसीइभूओ पजहामि दोसं ।।
-उत्तराध्ययनसूत्र, १२/४५-४६

५. देहाइतारयंज्जं बज्झमलावणयणाइमेत्तं च।
णेगंताणच्चंतिफलं च तो दव्वतित्थं तं ।।
इह तारणाइफलयंति ण्हाण-पाणा-ऽवगाहणईहिं ।।
विशेषावश्यक भाष्य, १०२८-१०२९

६. दहोवगिरि वा तेण तित्थमिह दाहनासणाईहिं ।
महु-मज्ज-मंस-वेस्सादओ वि तो तित्थमावन्नं ।।
-वही, १०३१

७. सत्यं तीर्थं क्षमा तीर्थं तीर्थमिन्द्रियनिग्रहः ।
सर्वभूतदयातीर्थ सर्वत्रार्जवमेव च ।।
दानं तीर्थं दमस्तीर्थं संतोषस्तीर्थमुच्यते ।
ब्रह्मचर्य परं तीर्थं तीर्थं च प्रियवादिता ।।
तीर्थनामपि तत्तीर्थं विशुद्धिमनसः परा।
-शब्दकल्पद्रुम-'तीर्थ', पृ. ६२६

८. भावे तित्थं संघो सुयविहयं तारओ तहिं साहू।
नाणाइतियं तरणं तरियव्वं भवसमुद्दो यं ।।
-विशेषावश्यक भाष्य, १०३२

९. जं नाण-दंसण-चरितभावओ तव्विभावओ तव्विवक्खभावाओ ।
भव भावओ य तारेइ तेणं तं भावओ तित्थं ।।
तह कोह-लोह-कम्ममयदाह-तण्हा-मलावणयणाइं।
एगंतेणच्चंतं चकुणइ य सुद्धिं भवोघाओ।।
दाहोवसमाइसु वा जं तिसु थियमहव दंसगाईसु।
तो तित्थं संघो च्चियं उभयं व विसेसणविसेस्सं।।
कोहग्गिदाहसमणादओ व ते चेव जस्स तिण्णत्था।
होइं तियत्थं तिरयं नमत्थवद्दो फलत्थोऽयं ।।
-वही, १०३३-१०३६

१०. नामं ठवणा-तित्थं, दव्वतित्थं चेव भावतित्थं च ।
-अभिधानरातेंद्रकोष, चतुर्थ भाग, पृ. २२४२

११. 'परतित्थिया'-सूत्रकृतांग, १/६/१

१२. एवं वुत्ते, अन्नतरो राजामच्चो राजानं मागधं अजातसत्तुं वेदेहिपुत्तं एतदवोच-'अयं', देव, पूरणो कस्सपो संघी चेव गणी च गणाचरियो च, नातो, यसस्सी, तित्थकरो, साधुसम्मतो, बहुजनस्स, रत्तन्नु, चिरपब्बजितो, अद्धगतो वयोअनुप्पत्तो।
-दीधनिकाय (सामझ्झफलसुत्तं), २१२

१३. सर्वापदामन्तकरं निरन्तं सर्वोदयं तीर्थमिदं तवैव।।
-युक्त्यनुशासन, ६१

१४. अहव सुहोत्तारुत्तारणाइ चव्वे चउव्विहं तित्थं।
एवं चिव भावम्मिवि तत्थाउमयं सरक्खाणं।।
-विशेषावश्यक भाष्य, १०४०-४१
(भाष्यकार ने इस सूत्र की व्याख्या में चार प्रकार के तीर्थों का उल्लेख किया है।)

१५. तित्थं भंते तित्थं तित्थगरे तित्थं? गोयमा! अरहा ताव णियमा तित्थगरे, तित्थं पुण चाउव्वणाइणे समणसंघे। तं जहा-समणा, समणीओ, सावया, सावियाओ य ।
-भगवतीसूत्र, शतक २०, उद्दे. ८

१६. 'वयसंमत्तविसुद्धे पंचेदियसंजदे णिरावेक्खो ।
ण्हाए उ मुणी तित्थेदिक्खासिक्खा सुव्हाणेण।।'
-बोधपाहुड, मू. २६-२७

१७. वही, टीका २६/९१/२१

१८. सुधम्मो एत्थ पुणतित्थं । मूलाचार, ५५७

१९. 'तज्जगत्प्रसिद्धं निश्चयतीर्थप्राप्तिकारणं मुक्तमुनिपादस्पृष्टं तीर्थउर्जयन्तशत्रुंजयलाटदेशपावागिरी'-वही

२०. दुविहं च होइ तित्थं णादव्वं दव्वधावसंजुत्तं।
एदेसिं दोण्हं पि य पत्तेय परुवणा होदि ।।
-मूलाचार, ५६०


✷ ✷ ✷


ડૉ. સાગરમલજી જૈન,
પ્રાચ્ય વિદ્યાપીઠ, દુપાડા રોડ, શાજાપુર (મધ્ય પ્રદેશ).
ફોન : ૦૭૩૬૪૨૨૨૨૧૮. મો. ૦૯૪૨૪૬૭૬૫૪૫

# તીર્થ યાત્રા

❑ ડૉ. સાગરમલ જૈન

જૈન પરમ્પરા મેં તીર્થયાત્રાઓં કા પ્રચલન કબ સે હુઆ, યહ કહના અત્યંત કઠિન હૈ, ક્યોંકિ ચૂર્ણિસાહિત્ય કે પૂર્વ આગમોં મેં તીર્થ સ્થલોં કી યાત્રા કરને કા સ્પષ્ટ ઉલ્લેખ કહીં નહીં મિલતા હૈ. સર્વપ્રથમ નિશીથચૂર્ણિ મેં સ્પષ્ટ રૂપ સે યહ ઉલ્લેખ હૈ કિ તીર્થંકરોં કી કલ્યાણક-ભૂમિયોં કી યાત્રા કરતા હુઆ જીવન દર્શન-વિશુદ્ધિ કો પ્રાપ્ત કરતા હૈ.[૨૮] ઇસી પ્રકાર વ્યવહારભાષ્ય ઔર વ્યવહાર ચૂર્ણિ મેં યહ ઉલ્લેખ હૈ કિ જો મુનિ અષ્ટમી ઔર ચતુર્દશી કો અપને નગર કે સમસ્ત ચૈત્યોં ઔર ઉપાશ્રયોં મેં ઠહરે હુએ મુનિયોં કો વંદન નહીં કરતા હૈ તો વહ માસલઘુ પ્રાયશ્ચિત કા દોષી હોતા હૈ.[૨૯]

તીર્થયાત્રા કા ઉલ્લેખ મહાનિશીથસૂત્ર મેં ભી મિલતા હૈ. ઇસ ગ્રંથ કા રચના કાલ વિવાદાસ્પદ હૈ. હરિભદ્ર એવં જિનદાસગણિ દ્વારા ઇસકે ઉદ્ધાર કી કથા તો સ્વયં ગ્રંથ મેં હી વર્ણિત હૈ. નંદીસૂત્ર મેં આગમોં કી સૂચી મેં મહાનિશીથ કા ઉલ્લેખ અનુપલબ્ધ હૈ. અતઃ યહ સ્પષ્ટ હૈ કિ ઇસકા રચના કાલ છઠી સે આઠવીં શતાબ્દી કે મધ્ય હી હુઆ હોગા. ઇસ આધાર પર ભી કહા જા સકતા હૈ કિ જૈન પરમ્પરા મેં તીર્થ યાત્રાઓં કો ઇસી કાલાવધિ મેં મહત્ત્વ પ્રાપ્ત હુઆ હોગા.

મહાનિશીથ મેં ઉલ્લેખ હૈ કિ 'હે ભગવન્! યદિ આપ આજ્ઞા દેં, તો હમ ચંદ્રપ્રભ સ્વામી કો વંદન કર ઔર ધર્મચક્ર કી તીર્થયાત્રા કર વાપસ આએં.'[૩૦]

જિનયાત્રા કે સંદર્ભ મેં હરિભદ્ર કે પંચાશક મેં વિશિષ્ટ વિવરણ ઉપલબ્ધ હોતા હૈ. હરિભદ્ર ને નવેં પંચાશક મેં જિનયાત્રા કે વિધિ-વિધાન કા નિરૂપણ કિયા હૈ, કિંતુ ગ્રંથ કો દેખને સે ઐસા લગતા હૈ કિ વસ્તુતઃ યહ વિવરણ દૂરસ્થ તીર્થોં મેં જાકર યાત્રા કરને કી અપેક્ષા અપને નગર મેં હી જિન-પ્રતિમા કી શોભા-યાત્રા સે સમ્બંધિત હૈ. ઇસમેં યાત્રા કે કર્તવ્યોં એવં ઉદ્દેશ્યોં કા નિર્દેશ હૈ. ઉસકે અનુસાર જિનયાત્રા મેં જિનધર્મ કી પ્રભાવના કે હેતુ યથાશક્તિ દાન, તપ, શરીર-સંસ્કાર, ઉચિત ગીત-વાદન, સ્તુતિ આદિ કરના ચાહિએ.[૩૧] તીર્થ-યાત્રાઓં મેં શ્વેતામ્બર પરમ્પરા મેં જો છહ-રી પાલક સંઘ યાત્રા કી જો પ્રવૃત્તિ પ્રચલિત હૈ, ઉસકે પૂર્વ-બીજ ભી હરિભદ્ર ઇસ વિવરણ મેં દિખાઈ દેતે હૈં. આજ ભી તીર્થયાત્રા મેં ઇન છહ બાતોં કા પાલન અચ્છા માના જાતે હૈ-

૧. દિન મેં એક બાર ભોજન કરના (એકાહારી)
૨. ભૂમિશયન-(ભૂ-આધારી)
૩. પૈદલ ચલના (પાદચારી)
૪. શુદ્ધ શ્રદ્ધા રખના (શ્રદ્ધાચારી)
૫. સર્વસચિત્ત કા ત્યાગ (સચિત્ત પરિહારી)
૬. બ્રહ્મચર્ય કા પાલન (બ્રહ્મચારી)

તીર્થોં કે મહત્ત્વ એવં યાત્રાઓં સમ્બંધી વિવરણ હમેં મુખ્ય રૂપ સે પરવર્તી કાલ કે ગ્રંથોં મેં હી મિલતે હૈં. સર્વપ્રથમ 'સરાવલી' નામક પ્રકીર્ણક મેં શત્રુંજય - 'પુણ્ડરીક તીર્થ' કી ઉત્પત્તિ કથા, ઉસકા મહત્ત્વ એવં ઉસકી યાત્રા તથા વહાં કિએ ગએ તપ, પૂજા, દાન આદિ કે ફલ વિશેષ રૂપ સે ઉલ્લિખિત હૈં.[૩૨]

ઇસકે અતિરિક્ત વિવિધતીર્થ-કલ્પ (૧૩વીં શતી) ઔર તીર્થ માલાએં ભી જો કિ ૧૨વીં-૧૩વીં શતાબ્દી સે લેકર પરવર્તી કાલ મેં પર્યાપ્ત રૂપ સે રચી ગઈ, તીર્થોં કી મહત્ત્વપૂર્ણ જાનકારી પ્રદાન કરતી હૈ. જૈન સાહિત્ય મેં તીર્થયાત્રા સંઘોં કે નિકાલને જાને સમ્બંધી વિવરણ ભી ૧૩વીં શતી કે પશ્ચાત્ રચિત અનેક તીર્થમાલાઓં એવં અભિલેખોં મેં યત્ર-તત્ર મિલ જાતે હૈં, જિનકી ચર્ચા આગે કી ગઈ હૈ.

તીર્થયાત્રા કા ઉદ્દેશ્ય ન કેવલ ધર્મ સાધના હૈ, બલ્કિ ઇસકા વ્યાવહારિક ઉદ્દેશ્ય ભી હૈ, જિસકા સંકેત નિશીથચૂર્ણિ મેં મિલતા હૈ. ઉસમેં કહા ગયા હૈ કિ જો એક ગ્રામ કા નિવાસી હો જાતા હૈ ઔર અન્ય ગ્રામ-નગરોં કો નહીં દેખતા વહ કૂપમંડક હોતા હૈ. ઇસકે વિપરીત જો ભ્રમણશીલ હોતા હૈ વહ અનેક પ્રકાર કે ગ્રામ-નગર, સન્નિવેશ, જનપદ, રાજધાની આદિ મેં વિચરણ કર વ્યવહાર-કુશલ હો જાતા હૈ તથા નદી, ગુહા, તાલાબ, પર્બત આદિ કો દેખકર ચક્ષુ સુખ કો ભી પ્રાપ્ત કરતા હૈ. સાથ હી તીર્થંકરોં કી કલ્યાણક-ભૂમિયોં કો દેખકર દર્શન-વિશુદ્ધિ ભી પ્રાપ્ત કરતા હૈ. પુનઃ અન્ય સાધુઓં કે સમાગમ કા ભી લાભ લેતા હૈ ઔર ઉનકી સમાચારી સે ભી પરિચિત હો જાતા હૈ. પરસ્પર દાનાદિ દ્વારા વિવિધ પ્રકાર કે ધૃત, દધિ, ગુડ, ક્ષીર આદિ નાના વ્યંજનોં કા રસ ભી લે લેતા હૈ.[૩૩]

નિશીથચૂર્ણિ કે ઉપર્યુક્ત વિવરણ સે યહ સ્પષ્ટ હોતા હૈ કિ જૈનાચાર્ય તીર્થયાત્રા કી આધ્યાત્મિક મૂલ્યવત્તા કે સાથ-સાથ ઉસકી વ્યાવહારિક ઉપાદેયતા ભી સ્વીકારતે થે.[૩૩]

**તીર્થવિષય શ્વેતામ્બર જૈન સાહિત્ય**

તીર્થવિષયક સાહિત્ય મેં કુછ કલ્યાણક ભૂમિયોં કે ઉલ્લેખ સમવાયાંગ, જ્ઞાતા ઔર પર્યૂષણાકલ્પ મેં હૈં. કલ્યાણક ભૂમિયોં કે અતિરિક્ત અન્ય તીર્થક્ષેત્રોં કે જો ઉલ્લેખ ઉપલબ્ધ હોતે હૈં, ઉનમેં

શ્વેતામ્બર પરમ્પરા મેં સબસે પહલે મહાનિશીથ ઔર નિશીથચૂર્ણિ મેં હમેં મથુરા, ઉત્તરાપક્ષ ઔર ચમ્પા કે ઉલ્લેખ મિલતે હૈં. નિશીથચૂર્ણિ, વ્યવહારભાષ્ય, વ્યવહારચૂર્ણિ આદિ મેં ભી નામોલ્લેખ કે અતિરિક્ત ઇન તીર્થોં કે સંદર્ભ મેં વિશેષ કોઈ જાનકારી નહીં મિલતી, માત્ર યહ બતાયા ગયા હૈ કિ મથુરા સ્તુપોં કે લિએ, ઉત્તરાપથ ધર્મચક્ર કે લિએ ચમ્પા જીવન્તસ્વામી કી પ્રતિમા કે લિએ પ્રસિદ્ધ થે. તીર્થ સમ્બંધી વિશિષ્ટ સાહિત્ય મેં તિત્થોગાલિય પ્રકીર્ણક, સારાવલી પ્રકીર્ણક કે નામ મહત્ત્વપૂર્ણ માને જા સકતે હૈં, કિંતુ તિત્થોગાલિય પ્રકીર્ણક મેં તીર્થસ્થલોં કા વિવરણ ન હોકર કે સાધુ, સાધ્વી, શ્રાવક એવં શ્રાવિકા રૂપ ચતુર્વિધ તીર્થ કી વિભિન્ન કાલોં મેં વિભિન્ન તીર્થંકરોં દ્વારા જો સ્થાપના કી ગઈ, ઉસકે ઉલ્લેખ મિલતે હૈં, ઉસમેં જૈનસંઘરૂપી તીર્થ કે ભૂત ઔર ભવિષ્ય કે સમ્બંધ મેં કુછ સૂચનાએં પ્રસ્તુત કિ ગઈ હૈં. ઉસમેં મહાવીર કે નિર્વાણ કે બાદ આગમોં કા વિચ્છેદ કિસ પ્રકાર સે હોગા? કૌન-કૌન પ્રમુખ આચાર્ય ઔર રાજા આદિ હોંગે, ઇસકે ઉલ્લેખ હૈં. ઇસ પ્રકીર્ણક મેં શ્વેતામ્બર પરમ્પરા કો અમાન્ય એૈસે આગમ આદિ કે ઉચ્છેદ કે ઉલ્લેખ ભી હૈં. યહ પ્રકીર્ણક મુખ્યતઃ મહારાષ્ટ્રી પ્રાકૃત મેં ઉપલબ્ધ હોતા હૈ, કિંતુ ઇસ પર શૌરસેની કા પ્રભાવ ભી પરિલક્ષિત હોતા હૈ. ઇસકા રચનાકાલ નિશ્ચિત કરના તો કઠિન હૈ, ફિર ભી યહ લગભગ દસવીં શતાબ્દીં કે પૂર્વ કા હોના ચાહિએ, એૈસા અનુમાન કિયા જાતા હૈ.

તીર્થ સમ્બંધી વિસ્તૃત વિવરણ કી દૃષ્ટિ સે આગમિક ઔર પ્રાકૃત ભાષા કે ગ્રંથોં મેં 'સરાવલી' કો મુખ્ય માના જા સકતા હૈ. ઇસમેં મુખ્યરૂપ સે શત્રુંજય અપરનામ પુણ્ડરીક નામ કૈસે પડા? યે દો બાતેં મુખ્ય રૂપ સે વિવેચિત હૈં ઔર ઇસ સમ્બંધ મેં કથા ભી દી ગઈ હૈ. યહ સમ્પૂર્ણ ગ્રંથ લગભગ ૧૧૬ ગાથાઓં મેં પૂરા હુઆ હૈં. યદ્યપિ પ્રાકૃત ભાષા મેં લિખા ગયા હૈ, કિંતુ ભાષા પર અપભ્રંશ કે પ્રભાવ કો દેખતે હુએ ઇસે પરવર્તી હી માના જાએગા. ઇસકા કાલ દશવીં શતાબ્દી કે લગભગ હોગા.

ઇસ પ્રકીર્ણક મેં ઇસ તીર્થ પર દાન, તપ, સાધના આદિ કે વિશેષ ફલ કી ચર્ચા હુઈ હૈ. ગ્રંથ કે અનુસાર પુણ્ડરીક તીર્થ કી મહિમા ઔર કથા અતિમુક્ત નામક ઋષિ ને નારદ કો સુનાઈ, જિસે સુનકર ઉસને દીક્ષિત હોકર કેવલજ્ઞાન ઔર સિદ્ધિ કો પ્રાપ્ત કિયા. કથાનુસાર ઋષભદેવ કે પૌત્ર કે નિર્વાણ કે કારણ યહ તીર્થ પુણ્ડરીકગિરિ કે નામ સે પ્રચલિત હુઆ. ઇસ તીર્થ પર નમિ, વિનમિ આદિ દો કરોડ કેવલી સિદ્ધ હુએ હૈં. રામ, ભરત આદિ તથા પંચપાંડવોં એવં પ્રદ્યુમ્ન, શામ્બ આદિ કૃષ્ણ કે પુત્રોં કે ઇસ પર્વત સે સિદ્ધ હોને કી કથા ભી પ્રચલિત હૈ. ઇસ પ્રકાર યહ પ્રકીર્ણક પશ્ચિમ ભારત કે સર્વવિશ્રુત જૈન તીર્થ કી મહિમા કા વર્ણન કરને વાલા પ્રથમ ગ્રંથ માના જા સકતા હૈ. શ્વેતામ્બર પરમ્પરા કે પ્રાચીન આગમિક સાહિત્ય મેં ઇસકે અતિરિક્ત અન્ય કોઈ તીર્થ સમ્બંધી સ્વતંત્ર રચના હમારી જાનકારી મેં નહીં હૈ.

ઇસકે પશ્ચાત્ તીર્થ સમ્બંધી સાહિત્ય મેં પ્રાચીનતમ જો રચના ઉપલબ્ધ હોતી હૈ, વહ બપ્પભટ્ટિસૂરિ કી પરમ્પરા મેં યશોદેવસૂરિ કે ગચ્છ કે સિદ્ધિસેનસૂરિ કા સકલતીર્થસ્તોત્ર હૈ. યહ રચના ઈ. સન્ ૧૦૬૭ અર્થાત્ ગ્યારહવીં શતાબ્દી કે ઉત્તરાર્ધ કી હૈ. ઇસ રચના મેં સમ્મેતશિખર, શત્રુંજય, ઉર્જયન્ત, અર્બુદ, ચિત્તૌડ, જાલપુર (જાલૌર) રણથમ્ભૌર, ગોપાલગિરિ (ગ્વાલિયર) મથુરા, રાજગૃહ, ચમ્પા, પાવા, અયોધ્યા, કામ્પિલ્ય, ભદ્દિલપુર, શૌરીપુર, અંગઇયા, તલવાડ, દેવરાઉ, ખંડિલ, ડિણ્ડૂવાન (ડિણ્ડવાના), નરાન, હર્ષપુર (ષટ્ટઉદેસે), નાગપુર (નાગૌર-સામ્ભરદેશ), પલ્લી, સણ્ડેર, નાણક, કોરણ્ટ, ભિન્નમાલ, (ગૂર્જર દેશ), આહડ (મેવાડ દેશ), ઉપેકસનગર (કિરાડઉએ), જયપુર (મરુદેશ) સત્યપુર (સાચૌર), ગુહુયરાય, પશ્ચિમ વલ્લી, થારાપ્રદ, વાયણ, જલિહર, નગર, ખેડ, મોઢેર, અનહિલ્લવાડ (ચટ્ટાવલિ), સ્તમ્ભનપુર, કયંવાસ, ભરુકચ્છ (સૌરાષ્ટ્ર), કુંકન, કલિકુણ્ડ, માનખેડ, (દક્ષિણ ભારત), ધારા, ઉજ્જૈની (માલવા) આદિ તીર્થોં કા ઉલ્લેખ હૈ.[૩૪]

સમ્ભવતઃ સમગ્ર જૈન તીર્થોં કા નામોલ્લેખ કરને વાલી ઉપલબ્ધ રચનાઓં મેં યહ પ્રાચીનતમ રચના હૈ. યદ્યપિ ઇસમેં દક્ષિણ કે ઉન દિગમ્બર જૈન તીર્થોં કે ઉલ્લેખ નહીં હૈ, જો કિ ઇસ કાલ મેં અસ્તિત્વવાન્ થે. ઇસ રચના કે પશ્ચાત્ હમારે સામને તીર્થ સંબંધી વિવરણ દેને વાલી દૂસરી મહત્ત્વપૂર્ણ એવં વિસ્તૃત રચના વિવિધતીર્થકલ્પ હૈ. ઇસ ગ્રંથ મેં દક્ષિણ કે કુછ દિગંબર

## સિદ્ધાચલ સ્તવન

સિદ્ધાચલગિરિ ભેટ્યા રે ધન્ય ભાગ્ય હમારા,
એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા.
રાયણ રુખ સમોસર્યા સ્વામી, પૂર્વ નવાણું વારા રે. ધ૦ ૧.

મૂળનાયક શ્રી આદિજિનેશ્વર, ચઉમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂલ આધારા રે. ધ૦ ૨

ભાવ ભક્તિશું પ્રભુગુણ ગાતાં, અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવેસ નરકતિર્યંચગતિ વારા રે ધ૦ ૩

દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉદ્ધારણ બિરુદ તુમારું, એ તીરથ જગ સારા રે. ધ૦ ૪

સંવત અઢારસેં ત્યાશી માસ આષાઢા, વદી આઠમ ભોમવારા;
પ્રભુજી કે ચરણ પ્રતાપ કે સંઘમેં, ખિમારતન પ્રભુ પ્યારા રે. ધ૦૫

તીર્થો કો છોડકર પૂર્વ, ઉત્તર, પશ્ચિમ ઔર મધ્ય ભારત કે લગભગ સભી તીર્થોં કા વિસ્તૃત એવં વ્યાપક વર્ણન ઉપલબ્ધ હોતા હૈ. યહ ઈ. સન્ ૧૩૩૨ કી રચના હૈ. શ્વેતામ્બર પરમ્પરા કી તીર્થ સમ્બંધી રચનાઓં મેં ઇસકા અત્યંત મહત્ત્વપૂર્ણ સ્થાન માના જા સકતા હૈ. ઇસમેં જો વર્ણન ઉપલબ્ધ હૈ, ઉસસે ઐસા લગતા હૈ કિ અધિકાંશ તીર્થસ્થલોં કા ઉલ્લેખ કવિ ને સ્વયં દેખકર કિયા હૈ. યહ કૃતિ અપભ્રંશ મિશ્રિત પ્રાકૃત ઔર સંસ્કૃત મેં નિર્મિત હૈ. ઇસમેં જિન તીર્થોં કા ઉલ્લેખ હૈ વે નિમ્ન હૈં–શત્રુંજય, રૈવતકગિરિ, સ્તમ્ભનતીર્થ, અહિચ્છત્રા, અર્બુદ (આબુ), અશ્વાવબોધ (ભડૌચ), વૈભારગિરિ (રાજગિરિ), કૌશામ્બી, અયોધ્યા, અપાપા (પાવા) કલિકુંડ, હસ્તિનાપુર, સત્યપુર (સાંચૌર), અષ્ટાપદ (કૈલાશ), મિથિલા, રત્નવાહપુર, પ્રતિષ્ઠાનપત્તન (પૈઠન), કામ્પિલ્ય, અણહિલપુર, પાટન, શંખપુર, નાસિક્યપુર (નાસિક), હરિકંખીનગર, અવંતિદેશસ્થ અભિનન્દનદેવ, ચમ્પા, પાટલિપુત્ર, શ્રાવસ્તી, વારાણસી, કોટિશિલા, કોકાવસતિ, ઢિંપુરી, અંતરિક્ષપાર્શ્વનાથ, ફલવિર્દ્ધિપાર્શ્વનાથ (ફલૌધી), આમરકુણ્ડ, (હનમકોણ્ડ-આંધ્રપ્રદેશ) આદિ.

ઇસ ગ્રંથોં કે પશ્ચાત્ શ્વેતામ્બર પરમ્પરા મેં અનેક તીર્થમાલાએં એવં ચૈત્યપરિપાટિયાં લિખી ગઈ જો કિ તીર્થ સમ્બંધી સાહિત્ય કી મહત્ત્વપૂર્ણ અંગ હૈ. ઇન તીર્થમાલાઓં ઔર ચૈત્યપરિપાટિયોં કી સંખ્યા શતાધિક હૈ ઔર યે ગ્યારહવીં શતાબ્દી સે લેકર સત્રહવીં-અઠારવીં શતાબ્દી તક નિર્મિત હોતી રહી હૈં. ઇન તીર્થમાલાઓં એવં ચૈત્ય પરિપાટિયોં કા અપના મહત્ત્વ હૈ, ક્યોંકિ યે અપને-અપને કાલ મેં જૈન તીર્થો કી સ્થિતિ કા સમ્યક્ વિવરણ પ્રસ્તુત કર દેતી હૈં. ઇન ચૈત્ય-પરિપાટિયોં મેં ન કેવલ તીર્થક્ષેત્રોં કા વિવરણ ઉપલબ્ધ હોતા હૈ, અપિતુ વહાં કિસ-કિસ મંદિર મેં કિતની પાષાણ ઔર ધાતુ કી જિન પ્રતિમાએં રખી ગઈ હૈં, ઇસકા ભી વિવરણ ઉપલબ્ધ હો જાતા હૈ. ઉદાહરણ કે રૂપ મેં કટુકમતિ લાધાશાહ દ્વારા વિરચિત સૂરતચૈત્યપરિપાટી મેં યહ બતાયા ગયા હૈ કિ ઇસ નગર કે ગોપીપુરા ક્ષેત્ર મેં કુલ ૭૫ જિનમંદિર, ૫ વિશાલ જિન મંદિર તથા ૧૩૨૫ જિનબિંબ થે. સંપૂર્ણ સૂરત નગર મેં ૧૦ વિશાલ જિનમંદિર, ૨૩૫ દેરાસર (ગૃહચૈત્ય), ૩ ગર્ભગૃહ, ૩૯૭૮ જિન પ્રતિમાએં થીં. ઇસકે અતિરિક્ત સિદ્ધચક્ર, કમલચૌમુખ, પંચતીર્થી, ચૌબીસી આદિ કો મિલાને પર ૧૦૦૪૧ જિનપ્રતિમાએં ઉસ નગર મેં થીં, ઐસા ઉલ્લેખ હૈ. યહ વિવરણ ૧૭૩૯ કા હૈ. ઇસ પર સે હમ અનુમાન કર સકતે હૈં કિ ઇન રચનાઓં કા ઐતિહાસિક અધ્યયન કી દૃષ્ટિ સે કિતના મહત્ત્વ હૈ. સંપૂર્ણ ચૈત્યપરિપાટિયોં અથવા તીર્થમાલાઓં કા ઉલ્લેખ અપને આપ મેં એક સ્વતંત્ર શોધ કા વિષય હૈ. અતઃ હમ ઉન સબકી ચર્ચા ન કરકે માત્ર ઉનકી એક સંક્ષિપ્ત સૂચી પ્રસ્તુત કર રહે હૈં-

| **રચના** | **રચનાકાર** | **રચનાતિથિ** |
|---|---|---|
| સકલતીર્થસ્તોત્ર | સિદ્ધસેનસૂરિ | વિ. સં. ૧૧૨૩ |
| અષ્ટોત્તરીતીર્થમાલા | મહેંદ્રસૂરિ | વિ. સં. ૧૨૪૧ |
| કલ્પપ્રદીપ અપરનામ | | |
| વિવિધતીર્થકલ્પ | જિનપ્રભસૂરિ | વિ. સં. ૧૩૮૯ |
| તીર્થયાત્રાસ્તવન | વિનયપ્રભ ઉપાધ્યાય | વિ. સં. ૧૪વીં શતી |
| અષ્ટોત્તરીતીર્થમાલા | મુનિપ્રભસૂરિ | વિ. સં. ૧૫વીં શતી |
| તીર્થમાલા | મેઘકૃત | વિ. સં. ૧૬વીં શતી |
| પૂર્વદેશીયચૈત્યપરિપાટી | હંસસોમ | વિ. સં. ૧૫૬૫ |
| સમ્મેતશિખર તીર્થમાલા | વિજયસાગર | વિ. સં. ૧૭૧૭ |
| શ્રી પાર્શ્વનાથ નામમાલા | મેઘવિજય ઉપાધ્યાય | વિ. સં. ૧૭૨૧ |
| તીર્થમાલા | શીલવિજય | વિ. સં. ૧૭૪૮ |
| તીર્થમાલા | સૌભાગ્ય વિજય | વિ. સં. ૧૭૫૦ |
| શત્રુંજયતીર્થપરિપાટી | દેવચંદ્ર | વિ. સં. ૧૭૬૯ |
| સૂરતચૈત્યપરિપાટી | ઘાલાસાહ | વિ. સં. ૧૭૯૩ |
| તીર્થમાલા | જ્ઞાનવિમલસૂરિ | વિ. સં. ૧૭૯૫ |
| સમ્મેતશિખર તીર્થમાલા | જયવિજય | ..... |
| ગિરનાર તીર્થ | રત્નસિંહસૂરિશિષ્ય | ..... |
| ચૈત્યપરિપાટી | મુનિમહિમા | ..... |
| પાર્શ્વનાથ ચૈત્યપરિપાટી | કલ્યાણસાગર | ..... |
| શાશ્વતતીર્થમાલા | વાચનાચાર્ય મેરૂકીર્તિ | ..... |
| જૈસલમેરચૈત્યપરિપાટી | જિનસુખસૂરિ | ..... |
| શત્રુંજયતીર્થયાત્રારાસ | વિનીત કુશલ | ..... |
| આદિનાથ રાસ | કવિલાવણ્યસમય | ..... |
| પાર્શ્વનાથસંખ્યાસ્તવન | રત્નકુશલ | ..... |
| કાવીતીર્થવર્ણન | કવિ દીપવિજય | વિ. સં. ૧૮૮૬ |
| તીર્થરાજ ચૈત્યપરિપાટીસ્તવન | સાધુચંદ્રસૂરિ | ..... |
| પૂર્વદેશચૈત્યપરિપાટી | જૈનવર્ધનસૂરિ | .... |
| મંડપાંચલચૈત્યપરિપાટી | ખેમરાજ | ..... |

યહ સૂચી 'પ્રાચીનતમતીર્થમાલાસંગ્રહ' સંપાદક-વિજયધર્મસૂરિજી કે આધાર પર દી ગઈ હૈ.

### દિગમ્બર પરમ્પરા કા તીર્થવિષયક સાહિત્ય

દિગમ્બર પરમ્પરા મેં પ્રાચીનતમ ગ્રંથ કસાયપાહુડ, ષટ્ખણ્ડાગમ, ભગવતીઆરાધના એવં મૂલાચાર હૈ. કિંતુ ઇનમેં તીર્થ શબ્દ કા તાત્પર્ય ધર્મતીર્થ યા ચતુર્વિધસંઘ રૂપી તીર્થ સે હી હૈ. દિગંબર પરંપરા મેં તીર્થક્ષેત્રોં કા વર્ણન કરને વાલે ગ્રંથોં મેં તિલોયપણ્ણત્તી કો પ્રાચીનતમ માના જા સકતા હૈ. તિલોયપણ્ણતી મેં મુખ્ય રૂપ સે તીર્થંકરોં કી કલ્યાણક-ભૂમિયોં કે ઉલ્લેખ મિલતે હૈં. કિંતુ ઇસકે અતિરિક્ત ઉસમેં ક્ષેત્રમંગલ કી ચર્ચા કરતે હુએ પાવા, ઊર્જયંત ઔર ચંપા કે નામોં

કા ઉલ્લેખ કિયા ગયા હૈ. ઇસી પ્રકાર તિલોયપણ્ણીત મેં રાજગૃહ કા પંચશૈલનગર કે રૂપ મેં ઉલ્લેખ હુઆ હૈ ઔર ઉસમેં પાંચોં શૈલોં કા યથાર્થ ઔર વિસ્તૃત વિવેચન ભી હૈ. સમન્તભદ્ર ને સ્વયમ્ભૂસ્તોત્ર મેં ઉર્જયંત કા વિશેષ વિવરણ પ્રસ્તુત કિયા હૈ. દિગંબર પરંપરા મેં ઇસકે પશ્ચાત્ તીર્થોં કા વિવેચન કરને વાલે ગ્રંથોં કે રૂપ મેં દશભક્તિપાઠ પ્રસિદ્ધ હૈ. ઇનમેં સંસ્કૃતનિર્વાણભક્તિ ઔર પ્રાકૃતનિર્વાણકાંડ મહત્ત્વપૂર્ણ હૈં. સામાન્યતયા સંસ્કૃતનિર્વાણભક્તિ કે કર્તા 'પૂજ્યપાદ' ઔર પ્રાકૃતભક્તિયોં કે કર્તા 'કુન્દકુન્દ' કો માના જાતા હૈ. પંડિત નાથૂરામ જી પ્રેમી ને ઇન નિર્વાણભક્તિયોં કે સમ્બંધ મેં ઇતના હી કહા હૈ કિ, જબ તક ઇન દોનોં રચનાઓં કે રચયિતા કા નામ માલૂમ ન હો તબ તક ઇતના હી કહા જા સકતા હૈ કિ યે નિશ્ચય હી આશાધર સે પહલે કી (અબ સે લગભગ ૭૦૦ વર્ષ પહલે, કી હૈં). પ્રાકૃત ભક્તિ મેં નર્મદા નદી કે તટ પર સ્થિત સિદ્ધવરકૂટ, બડવાની નગર કે દક્ષિણ ભાગ મેં ચૂલગિરિ તથા પાવાગિરિ આદિ કા ઉલ્લેખ કિયા ગયા હૈ, કિંતુ યે સભી તીર્થક્ષેત્ર પુરાતાત્ત્વિક દૃષ્ટિ સે નવીં-દસવીં કે પૂર્વ કે સિદ્ધ નહીં હોતે હૈં. ઇસીલિએ ઇન ભક્તિયોં કા રચનાકાલ ઔર ઇન્હેં જિન આચાર્યોં સે સમ્બંધિત કિયા જાતા હૈ, વહ સંદિગ્ધ બન જાતા હૈ. નિર્વાણકાંડ મેં અષ્ટાપદ, ચમ્પા, ઉર્જવંત, પાવા, સમ્મેદગિરિ, ગજપંથ, તારાપુર, પાવાગિરિ, શત્રુંજય, તુંગીગિરિ, સવનગિરિ, સિદ્ધવરકુટ, ચુલગિરિ, બડવાની, દ્રોણગિરિ, મેઢગિરિ કુંથુગિરિ, કોટશિલા, રિસિંદગિરિ, નાગદ્રહ, મંગલપુર, આશારમ્ય, પોદનપુર, હસ્તિનાપુર, વારાણસી, મથુરા, અહિછત્રા, જમ્બૂવન, અર્ગલદેશ, ણિવડકુંડલી, સિરપુર, હોલગિરિ, ગોમ્મટદેવ આદિ તીર્થોં કે ઉલ્લેખ હૈં. ઇસ નિર્વાણભક્તિ મેં આએ હુએ ચૂલગિરિ, પાવાગિરી, ગોમ્મટદેવ, સિરપુર આદિ કે ઉલ્લેખ ઐસે હૈં, જો ઇસ કૃતિ કો પર્યાપ્ત પરવર્તી સિદ્ધ કર દેતે હૈં. ગોમ્મટદેવ (શ્રવણબેલગોલા) કી બાહુબલી કી મૂર્તિ કા નિર્માણ ઈ. સન્ ૯૮૩ મેં હુઆ. અતઃ યહ કૃતિ ઉસકે પૂર્વ કી નહીં માની જા સકતી ઔર ઇસકે કર્તા ભી કુંદકુંદ નહીં માને જા સકતે.

પાંચવી સે દશવીં શતાબ્દી કે બીચ હુએ અન્ય દિગમ્બર આચાર્યોં કી કૃતિયોં મેં કુંદકુંદ કે પશ્ચાત્ પૂજ્યપાદ કા ક્રમ આતા હૈ. પૂજ્યપાદ ને નિર્વાણભક્તિ મેં નિમ્ન સ્થલોં કા ઉલ્લેખ કિયા હૈ-

કુણ્ડપુર, જૃમ્ભિકાગ્રામ, વૈભારપર્વત, પાવાનગર, કૈલાશપર્વત, ઊર્જયંત, પાવાપુર, સમ્મેદપર્વત, શત્રુંજયપર્વત, દ્રોણીમત, સહ્યાચલ આદિ.

રવિષેણ ને 'પદ્મચરિત' મેં નિમ્ન તીર્થસ્થલોં કી ચર્ચા કી હૈ– કૈલાશ પર્વત, સમ્મેદપર્વત, વંશગિરિ, મેઘરવ, અયોધ્યા, કામ્પિલ્ય, રત્નપુર, શ્રાવસ્તી, ચમ્પા, કાકન્દી, કૌશામ્બી, ચંદ્રપુરી, ભદ્રિકા, મિથિલા, વારાણસી, સિંહપુર, હસ્તિનાપુર, રાજગૃહ, નિર્વાણગિરિ આદિ.

✶ ✶ ✶

**संदर्भ :**


२८. उत्तरावहे धम्मचक्कं, महुर ए देवणिम्मिय थूभो कोसलाए व
जियंतपडिमा, तित्थकराण वा जन्मभूमीओ।
निशीथचूर्णि, भाग ३, पृ. ७९, २४

२९. 'निस्सकडभनिस्सकडे चेइए सव्विहिं थुई तिन्नि । वेलंब चेइआणि व नाउं रक्किकिक्क आववि', 'अट्ठमीचउदसी सुंचेइय सववाणि साहुणो सव्वे वन्देयव्या नियमा अवसेस-तिहीसु जहसत्ति।।'
एएसु अट्ठमीमादीसु चेइयाइं साहुणो वा जे अणणाए वसहीए ठिआते व वंदंति मास लहु ।।
-व्यवहारचूर्णि-उद्धत जैनतीर्थोनो इतिहास, भूमिका, पृ. १०

३०. जहन्नया गोयमा ते साहुणो तं आयरियं भणंति जहा-णं जइ भयवं तुमे आणावेहि ताणं अम्हेहिं तित्थयत्तं करि (२) या चप्पपहसामियं वंदि (३) या धम्मचक्कं गंतूणमागच्छामो।।
महानिशीथ, उद्धत, वही, पृ. १०

३१. श्री पंचाशक प्रकरणम्-हरिभद्रसूरि, जिनयात्रा पंचाशक पृ. २४८-६३ अभयदेवसूरि की टीका सहित-प्रकाशक-ऋषभदेव केशरीमल श्वे. संस्था, रतलाम

३२. पइण्णयसुत्ताइं-सारावली पइण्णयं, पृ. ३५०-६० बम्बई-४०००३६.

३३. अहाव-तस्स भावं णाऊण भणेज्जा-'सो वत्थव्वो
एगगामणिवासी कूवमंडुक्को अव ण गामणगरादी पेच्छति । अम्हे
पुण अणियतवासी, तुमं पि अम्हेहिं समाणं हिंडतो णाणाविध-
गाम-णगरागर सनेनिवेसरायहाणिं जाणवदे य पेच्छंतो
अभिधाणकुसलो भविस्ससि, तहा सर वाबि-वप्पिणि-णदि
कूव-तडाग-काणणुजाण कंदर-दरि-कुहर-पव्वते य
णाणाविह-रुक्खसोभिए पेच्छंतो चक्खुसुहं प्राविहिसि,
तित्थकराण य तिलोगपूइयाण जम्मण-णिक्खण-विहार-
केवलुप्पाद-निव्वाणभूमीओ य पेच्छंतो दंसणसुद्धिं काहिसि'
'तहा अण्णेण्ण साहुसमागमेण य सामायारिकुसलो भविस्ससि,
सव्वापुव्वे य चइए वंदंतो बोहिलाभं निज्जित्तेहिसि, अण्णोपण-
सुय-दाणाभिगमसहेसु संजमाविरुद्धं विविध-वंजणोववेयमण्णं
घय-गुल-दधि-क्षीरमादियं च विरतिवरिभोगं पाविहिसि'।।२७१६।।
- निशीथचूर्णि, भाग३, पृ. २४, प्रकाशक-सन्मतिज्ञानपीठ, आगरा

३४. सम्मेयसेल-सत्तुंज-उज्जिते अब्बुयंमि चित्तउडे ।
जालउरे रणथंभे गोपालगिरिमि वंदामि ।। १९।।
सिरिपासनाहसहियं रम्मं सिरिनिम्मयं महाथूभं ।
कालिकाले वि सुयित्थं महुरानयरीउ (ए) वंदामि ।।२०।।

# શંખેશ્વર તીર્થ કા ઇતિહાસ

☐ ડૉ. સાગરમલ જૈન

જૈનધર્મ મેં દ્રવ્ય યા સ્થાવર તીર્થો કી અવધારણા કા વિકાસ ક્રમિક રૂપ સે હુઆ હૈ. સર્વપ્રથમ તીર્થંકરોં કે કલ્યાણક ક્ષેત્રોં કો તીર્થ કે રૂપ મેં સ્વીકાર કિયા ગયા. ઉસકે પશ્ચાત્ વિશિષ્ટ મુનિયોં ઔર સાધકોં કે નિર્વાણ સ્થલ ભી તીર્થ કે રૂપ મેં માન્ય કિએ ગએ ઔર ઉન્હેં નિર્વાણ ક્ષેત્ર કહા ગયા, અન્ત મેં વિશિષ્ટ ચમત્કારોં સે યુક્ત જિનબિમ્બ ઔર કલાત્મક દૃષ્ટિ સે બને જિનચૈત્ય ભી તીર્થ કહલાએ, ઇન્હેં અતિશય ક્ષેત્ર કહા ગયા–ઇસ પ્રકાર તીર્થો કા વિભાજન તીન રૂપોં મેં હુઆ ૧. કલ્યાણક ક્ષેત્ર ૨. નિર્વાણ ક્ષેત્ર ઔર ૩. અતિશય ક્ષેત્ર.

જબ હમ તીર્થો કે ઇન તીન રૂપોં કે આધાર શંખેશ્વર તીર્થ પર વિચાર કરતે હૈં તો યહ સ્પષ્ટ હો જાતા હૈ કિ શંખેશ્વર તીર્થ નિશ્ચિત રૂપ સે કલ્યાણક ક્ષેત્ર નહીં હૈ ઔર ન યહ કિસી વિશિષ્ટ મહાપુરુષ કા નિર્વાણ યા સાધના સ્થલ કે રૂપ મેં તીર્થ હૈ. વૈસે તો ઢાઈ દ્વીપ કી એક ઇંચ ભી ભૂમિ ઐસી નહીં હૈ જહાઁ સે કોઈ મુક્ત નહીં હુઆ હો, કિન્તુ યે સભી તીર્થ ભૂમિ નહીં હૈં. શંખેશ્વર તીર્થ કો એક અતિશય ક્ષેત્ર કે રૂપ મેં હી પ્રાચીન કાલ સે માન્યતા પ્રાપ્ત હૈ. શંખેશ્વર તીર્થ કી પ્રસિદ્ધિ મૂલતઃ વહાં કે પાર્શ્વનાથ ભગવાન કે જિનબિમ્બ કે અતિશયોં (ચમત્કારિતા) કે કારણ હી રહી હૈ.

**શંખેશ્વર તીર્થ કા ઇતિહાસ**

શંખેશ્વર તીર્થ કે ઇતિહાસ કી દૃષ્ટિ સે હમ વિચાર કરેં તો ઇસ તીર્થ કે મહત્ત્વ કા સર્વપ્રથમ ઉલ્લેખ જિનપ્રભસૂરિ કે 'વિવિધતીર્થકલ્પ' નામક ગ્રન્થ મેં મિલતા હૈ. જિનપ્રભસૂરિ ને ઈ. સન્ ૧૩૩૨ મેં ઇસ ગ્રંથ કી રચના કી હૈ. ઇસ ગ્રંથ મેં શંખેશ્વર પાર્શ્વનાથ કલ્પ નામક વિભાગ મેં ઇસ તીર્થ કા વિવરણ નિમ્ન રૂપ મેં પ્રસ્તુત કિયા ગયા હૈ–

'પૂર્વ કાલ મેં એક બાર રાજગૃહ નગરી કે રાજા નૌવેં પ્રતિવાસુદેવ જરાસંધ ને નૌંવે વાસુદેવ કૃષ્ણ પર ચઢાઈ કરને કે લિએ પશ્ચિમ દિશા કી ઔર પ્રસ્થાન કિયા. ઉસકે આગમન કે સમાચાર સુનકર કૃષ્ણ ભી અપની સેના કે સાથ દ્વારકા સે ચલે ઔર રાજ્ય કી સીમા પર આકર ડટ ગએ. વહાં પર અરિષ્ટનેમિ ને ઉનકા પાંચજન્ય નામક શંખ બજાયા થા, જિસસે વહ સ્થાન શંખપુર કે નામ સે પ્રસિદ્ધ હુઆ. જબ દોનોં પક્ષોં મેં યુદ્ધ પ્રારંભ હુઆ, તબ જરાસંધ ને કૃષ્ણ કી સેના મેં મહામારી ફૈલા દી, જિસસે ઉનકી સેના હારને લગી. ઇસી સમય અરિષ્ટનેમિ કી સલાહ પર કૃષ્ણ ને તપસ્યા કી ઔર પાતાલ સ્થિત ભાવી તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ કી પ્રતિમા પ્રાપ્ત કી. ફિર ઉસકા પ્રતિમાન્હવણ કરાયા ગયા ઔર ઉસી જલ કો સેના પર છિડક દિયા ગયા, જિસસે મહામારી શાંત હુઈ, ઉન્હોંને જરાસંધ કો પરાજિત કર માર ડાલા. પાર્શ્વનાથ કી ઉક્ત પ્રતિમા વહીં (શંખપુર મેં) સ્થાપિત કર દી ગઈ. કાલાન્તર મેં યહ તીર્થ વિચ્છિન્ન હો ગયા તથા બાદ મે યહ પ્રતિમા વહી શંખકૂપ મેં પ્રકટ હુઈ ઔર ઉસે ચૈત્ય નિર્મિત કર વહીં સ્થાપિત કર દી ગઈ. ઇસ તીર્થ મેં અનેક ચમત્કારિક ઘટનાએં હુઈ. તુર્ક લોગ ભી યહાં ઉપદ્રવ નહીં કરતે હૈં.'

જિનપ્રભસૂરિ કે પૂર્વ જૈન તીર્થો કા ઉલ્લેખ કરને વાલી જો રચનાએં હૈં, ઉનમેં આગમ ઔર આગમિક વ્યાખ્યા સાહિત્ય કે ચૂર્ણિ કે કાલ તક અર્થાત્ સાતવીં શતાબ્દી તક હમેં કહીં ભી શંખેશ્વર તીર્થ કા ઉલ્લેખ નહીં મિલતા હૈ.

તીર્થ સમ્બન્ધી સાહિત્ય મેં બપ્પભટ્ટિસૂરિ કી પરમ્પરા મે હુએ યશોદેવસૂરિ કે ગચ્છ કે સિદ્ધસેનસૂરિ કા 'સકલતીર્થસ્તોત્ર' પ્રાચીનતમ હૈ. યહ રચના ઈ. સન્ ૧૦૬૭ કી હૈ. ઇસમેં ૫૦ સે અધિક તીર્થો કા ઉલ્લેખ હુઆ હૈ. કિન્તુ ઉસ સૂચી મેં કહીં ભી શંખપુર યા શંખેશ્વર તીર્થ કા ઉલ્લેખ નહીં હૈ, જબકિ શત્રુંજય, ગિરનાર, મોઢેરા, ભૃગુકચ્છ આદિ ગુજરાત કે અનેક તીર્થ ઉસમેં ઉલ્લેખિત હૈં. ઇસસે યહ જ્ઞાત હોતા હૈ કિ ઉસ કાલ મેં શંખેશ્વર તીર્થ કી પ્રસિદ્ધી નહીં રહી હોગી. કિન્તુ વિવિધતીર્થકલ્પ (ઈ. સ. ૧૩૩૨) મેં જિન તીર્થો કા ઉલ્લેખ હુઆ હૈ, ઉનમેં શંખપુર કા ઉલ્લેખ હૈ. સાહિત્યિક સાક્ષ્ય કી દૃષ્ટિ સે શંખપુર અર્થાત્ શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ કા યહ પ્રાચીનતમ ઉલ્લેખ હૈ. ઇસસે પૂર્વ કા કોઈ ભી સાહિત્યિક ઉલ્લેખ હમેં પ્રાપ્ત નહીં હૈ.

સિદ્ધસેનસૂરિ કે સકલતીર્થ (ઈ. સન્ ૧૦૬૭) ઔર જિનપ્રભસૂરિ કે વિવિધ તીર્થકલ્પ (ઈ. સન્ ૧૩૩૨) કે મધ્ય અષ્ટોત્તરી તીર્થમાલા નામક મહેન્દ્રસૂરિ કૃત એક અન્ય કૃતિ ભી મિલતી હૈ, જો વિ. સં. ૧૨૪૧ કી રચના હૈ. ચૂઁકિ યહ કૃતિ હમેં ઉપલબ્ધ નહીં હો સકી, ઇસલિએ ઉસમેં શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ કા ઉલ્લેખ હૈ યા નહીં યહ કહના કઠિન હૈ. કિન્તુ યહ નિશ્ચિત હૈ કિ વિવિધતીર્થકલ્પ કે સમય અર્થાત્ ઈ. સન્ ૧૩૩૨ મેં યહ તીર્થ અસ્તિત્વ મેં થા. સાથ હી ઇસકી તીર્થ રૂપ મેં પ્રસિદ્ધિ ભી થી, તભી તો ઉન્હોંને ઇસ તીર્થ પર સ્વતંત્ર કલ્પ કી રચના કી. ઐતિહાસિક દૃષ્ટિ સે જિનપ્રભસૂરિ કે વિવિધતીર્થકલ્પ કે પશ્ચાત્ ઉપકેશીગચ્છ કે કક્કસૂરિ રચિત નાભિનન્દજિર્નોદ્ધાર પ્રબન્ધ (ઈ. સન્ ૧૩૩૬) ઔર ઉસકે પશ્ચાત્

કે અન્ય તીર્થમાલાઓં મેં ભી વિવિધતીર્થ મેં કથિત શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ કે કથાનક કા યહ ઉલ્લેખ યથાવત્ મિલતા હૈ. યદ્યપિ શીલાંકાચાર્ય કૃત 'ચઉપ્પનમહાપુરિસચરિઅં' (ઈ. સ. ૮૬૮), મલ્લધારગચ્છીય હેમચન્દ્રસૂરિ રચિત 'નેમિનાહચરિઅં' (૧૨વીં શતી), કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય કૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' (ઈ. સન્ ૧૧૭૨), મલ્લધારાગચ્છીય દેવપ્રભસૂરિ કૃત 'પાણ્ડવ મહાકાવ્ય' (ઈ. સન્ ૧૨૧૩) આદિ ગ્રંથોં મેં ભી ઉક્ત કથાનક પ્રાપ્ત હોતે હૈં. ઇનમેં નગર કા નામ શંખપુર ન બતાકર આનંદપુર કહા ગયા હૈ. ઇસસે યહ સિદ્ધ હોતા હૈ કિ પરવર્તી કાલ મેં યહ કથાનક શંખેશ્વર તીર્થ કે સાથ જોડ દિયા ગયા હૈ. યહાં ઇસ સર્વપ્રથમ કિસને જોડા યહ કહ પાના કઠિન હૈ. શંખેશ્વર પાર્શ્વનાથ કે વર્તમાન જિનાલય કે પૂર્વ ઈસ ગ્રામ મેં ભગવાન પાર્શ્વનાથ કા ઇંટોં કા એક પ્રાચીન જિનાલય થા. જો આજ ભી એક ખંડહર કે રૂપ મેં હૈ-યહ ઇસ તીર્થ કી પ્રાચીનતા કા પુરાતાત્ત્વિક આધાર હૈ. માના યહ જાતા હૈ કિ સિદ્ધરાજ જયસિંહ કે મંત્રી દંડનાયક સજ્જનસિંહ ને શંખપુર મેં સ્થિત પાર્શ્વનાથ ચૈત્યાલય કા જીર્ણોદ્ધાર કરવાયા થા. યહ કાર્ય ઇ. સન્ ૧૦૯૮ કે આસપાસ સંપન્ન હુઆ થા. યદ્યપિ ઇસ કાલ કે ગ્રંથોં મેં ઇસકી કોઈ ચર્ચા નહીં હૈ. ઇસકી જો ભી ચર્ચા ઉપલબ્ધ હોતી હૈ વહ પરવર્તી કાલ કે ગ્રંથોં મેં હી મિલતી હૈ. વસ્તુપાલચરિત્ર સે વહ સ્પષ્ટ હોતા હૈ કિ વસ્તુપાલ ઔર તેજપાલ ને ભી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય કા જીર્ણોદ્ધાર કરવાયા થા ઔર યહ કાર્ય ઈ. સન ૧૨૩૦ મેં સમ્પન્ન હુઆ થા, યદ્યપિ ઇસ તિથિ કે સમ્બન્ધ મેં વિદ્વાનોં મેં કુછ મતભેદ હૈ. કિન્તુ જિનહર્ષગણિ કૃત વસ્તુપાલચરિત્ર (વિ. સં. ૧૪૯૭) સે યહ સ્પષ્ટ હો જાતા હૈ કિ વસ્તુપાલ ઇસ જિનાલય કે જીર્ણોદ્ધારકર્તા રહે હૈં, ઉનકા સત્તા કાલ ઇ. સન્ કી ૧૩વીં શતી કા પૂર્વાર્ધ હૈ. પુનઃ જગડૂશાહચરિત્ર મહાકાવ્ય સે જ્ઞાત હોતા હૈ કિ ઝીંજૂવાડા કે રાણા દુર્જનશાહ ને ભી ઇસ મંદિર કા જીર્ણોદ્ધાર લગભગ ઈ. સન્ ૧૨૪૫ મેં કરવાયા થા, કિન્તુ ઉસી ગ્રન્થ મેં યહ ભી ઉલ્લેખ હૈ કિ ૧૪વીં શતી કે અન્તિમ દશક મેં અલાઉદીન ખિલજી ને ઇસ તીર્થ કો પૂરી તરહ વિનષ્ટ કર દિયા થા, ફિર ભી મૂલનાયક કી પ્રતિમા કો સુરક્ષિત કર લિયા ગયા થા. જનસાધારણ કા ઇસ જિનબિમ્બ એવં તીર્થ કે પ્રતિ અત્યન્ત શ્રદ્ધાભાવ થા ઔર વહી કારણ હૈ કિ સમ્રાટ અકબર દ્વારા ગુજરાત વિજય ઈ. સન્ ૧૫૭૨ કે તુરન્ત બાદ હી જૈનોં ને ઉત્સાહપૂર્વક પુનઃ ઇસ મંદિર કા જીર્ણોદ્ધાર કાર્ય સમ્પન્ન કિયા ઔર ઇસમેં રાજ્ય કી ઓર સે ન કેવલ દાન પ્રાપ્ત હુઆ, અપિતુ ઇસકી સુરક્ષા કે લિએ અહમદાબાદ કે સેઠ શાંતિદાસ કો શાહજહાં કે દ્વારા શાહી ફરમાન ભી પ્રાપ્ત હુઆ. યહ જીર્ણોદ્ધાર ગંધાર (ગુજરાત) નિવાસી માનશાહ દ્વારા હુઆ થા ઔર ઇસકી પ્રતિષ્ઠા વિજયસેન દ્વારા હુઈ થી. ઈ. સન્ ૧૫૯૮ સે ૧૬૪૨ તક કે અનેક લેખ ઇસ મંદિર પરિસર મેં ઉપલબ્ધ હુએ હૈં. ઇનમેં ૨૮ લેખોં મેં કાલ નિર્દેશ હૈ જિસસે યહ સિદ્ધ હોતા હૈ કિ ઈ. સન્ ૧૫૯૮-૧૬૪૨ તક ઇસ જિનાલય કા જીર્ણોદ્ધાર હોતા રહા થા.

વર્તમાન જિનાલય મેં પ્રતિષ્ઠિત પ્રતિમાઓં, દેહરિઓં ઔર પરિકરોં આદિ મેં જો લેખ ઉત્કીર્ણ હૈં, વે ઇ. સન્ ૧૧૫૮ સે લેકર ૧૮૪૦ તક કે હૈં. ઇસ આધાર પર ઇતના તો કહા હી જા સકતા હૈ કિ યહ તીર્થ ઈ. સન્ ૧૧૫૮ મેં અસ્તિત્વ મેં આ ગયા હોગા. ઇસકા અંતિમ જીર્ણોદ્ધાર ઈ. સન્ ૧૭૦૪ મેં વિજયપ્રભસૂરિ કે પટ્ટધર વિજયરત્ન સૂરીશ્વર જી કી પ્રેરણા સે હુઆ. વર્તમાન મેં ભી ઇસ મન્દિર કે સૌન્દર્ય મેં યુગાનુરૂપ વૃદ્ધિ હો રહી હૈં.

## તીર્થાટન વિશે મહાનુભાવનું મંતવ્ય

*હમારે યહાં તીર્થાટન બડે પૈમાને પર હોતા હૈ. આજકલ તો સાધન ભી બહુત બઢ ગયે હૈં. ઈસ કારણ યાત્રી સંખ્યા બઢ જાના અસ્વાભાવિક નહીં હૈ. ઈતના સબ હોને પર ભી કદાચિત હી કિસી યાત્રી કે મન મેં તીર્થ કા ઇતિહાસ જાનને કી જિજ્ઞાસા પૈદા હુઈ હો. યહ સબ ઈસ કારણ સે હો રહા હૈ કિ હમારે સમાજ મેં ઇતિહાસ બોધ કા અભાવ રહા હૈ.*

□ **શ્રી મનોહરલાલ જૈન** (ધાર)

ઇસ પ્રકાર પુરાતાત્ત્વિક સાક્ષ્યોં કે આધાર પર ઇસ શંખેશ્વર તીર્થ કા અસ્તિત્વ ઈ. સન્ કી ૧૨વીં શતી (ઈ. સન્ ૧૧૦૦ સે ૧૧૫૮) તક જાતા હૈ. જહાં તક સાહિત્યિક સાક્ષ્યોં કા પ્રશ્ન હૈ ઈ. સન્ ૧૩૩૨ કે પૂર્વ કે નહીં હૈ. અતઃ ઇતના તો નિશ્ચિત રૂપ સે કહા જા સકતા હૈ કિ યહ તીર્થ ઇ. સન્ કી બારહવીં શતી મેં અસ્તિત્વ મેં આ ગયા થા. યદિ હમ મૂલનાયક શંખેશ્વર પાર્શ્વનાથ બિમ્બ કે પ્રતિમા કે લક્ષણોં પર વિચાર કરતે હૈં, તો ભી યહ પ્રતિમા ઈ. સન્ કી બારહવીં શતી કે લગભગ કી હી સિદ્ધ હોતી હૈ. યદ્યપિ પરમ્પરાગત માન્યતાએ તો ઈસે અરિષ્ટનેમિ કે કાલ કી માનતી હૈ, કિન્તુ યહ તો આસ્થા કા પ્રશ્ન હૈ, મૈં ઇસ પર કોઈ પ્રશ્નચિન્હ ખડા કરના નહીં ચાહતા ક્યોંકિ પરમ્પરા કે અનુસાર અરિષ્ટનેમિ કા ચિન્હ શંખ હૈ તથા વાસુદેવ કે પ્રતીક ચિન્હો મેં એક શંખ ભી. અતઃ શંખ ચિન્હ કે ધારક શંખેશ્વર ઔર ઉનકે આરાધ્ય પાર્શ્વનાથ શંખેશ્વર પાર્શ્વનાથ કે નામ સે અભિહિત હુએ-ઇસ કથાનક કે આધાર પર પરમ્પરા ઇસ તીર્થ કો અરિષ્ટનેમિ કાલીન માનતી હૈ. યહ આસ્થા અનુભૂતિ જન્ય હૈ ઔર એક આસ્થાશીલ વ્યક્તિ કે લિએ તો અનુભૂતિ હી પ્રમાણ હોતી હૈ.

✱ ✱ ✱

# ઇતિહાસ કી ગૌરવપૂર્ણ વિરાસત - કાંગડા કે જૈન મંદિર

❑ મહેન્દ્રકુમાર મસ્ત

*[ પંજાબના વતની શ્રી મહેન્દ્રકુમારે ઈ. સ. ૧૯૬૪થી સતત શ્રી વીરચંદ રાઘવજી પર ઘણાં લેખો લખ્યા છે. ઉપરાંત છેલ્લા ૬૦ વર્ષથી જૈન લેખક તરીકે શાસનની ઘણી સેવા બજાવી છે. તેમણે હાલમાં 'ગાંધી બીફોર ગાંધી'નો અંગ્રેજી અનુવાદ કર્યો છે. તેમની વિશિષ્ટ ઉપલબ્ધિ એટલે પાકિસ્તાન સ્થિત જૈન મંદિરોની જાળવણી માટે ત્યાંની કોર્ટમાં, ત્યાંના વકીલો રોકીને અરજી દાખલ કરી છે. જેની સુનાવણી થઈ ગઈ છે.*

**તીર્થ પરિચય :** *૧. શ્રી કાંગડા તીર્થ પઠાણકોટથી ૯૦ કિ.મી. દૂર છે. શ્રી પુણ્ય વિજયજી અને શ્રી વલ્લભ વિજયજીના પ્રયત્નોથી 'વિજ્ઞપ્તિ ત્રિવેણી' નામની હસ્તપ્રતોના આધારે શોધાયું.*

*૨. શ્રી ચક્રેશ્વરી દેવી તીર્થ : સરહિંદ ગામે આવેલું છે જે ચંદીગઢથી ૩૫ કિ.મી. દૂર છે. શ્રી આદીનાથની અધિષ્ઠાયિકા ચક્રેશ્વરી માતાનું મંદિર ખૂબ પ્રભાવક અને ચમત્કારિક છે. ]*

મહાભારત કાલ સે વર્તમાન તક, ઈતિહાસ કે વૈભવ વ ગરિમા કે પ્રતીક, તીર્થ-કાઁગડા કે જૈન મંદિર વ ભગ્નાવશેષ ઐસી ગૌરવપૂર્ણ વિરાસત કી યાદગાર હૈ, જિન પર પ્રત્યેક વ્યક્તિ નાઝ કર સકતા હૈ. પિંજૌર, નાદૌન, નૂરપુર, કોઠીપુર, પાલમપુર, બૈજનાથ ઔર ઢોલબાહા સે મિલે જૈન ચિન્હ, તીર્થંકર પ્રતિમાએં તથા મંદિરોં કે અવશેષોં સે યહ બાત સ્પષ્ટ હૈ કિ યહ ક્ષેત્ર અતીત સે વિક્રમ કી ૧૭વીં સદી તક જૈનાચાર્યો, મુનિયોં વ શ્રાવકોં કે ક્રિયા-કલાપોં કા સમૃદ્ધ કેન્દ્ર બના રહા હૈ.

પિંજૌર મેં અકબર કે સમય મેં જૈનાચાર્ય વ કવિ માલદેવ સૂરિને દો ચૌમાસે કિએ. શ્રી વર્ધમાન સૂરિ ને અપના વિખ્યાત ગ્રંથ 'આચાર દિનકર' હિમાચલ પ્રદેશ કે નાદૌન નગર મેં હી લિખા થા. બૈજનાથ કા વર્તમાન શિવ મંદિર પુરાતન જૈન મંદિર કી બુનિયાદોં પર હી અવસ્થિત હૈ. ૫૦-૫૫ સાલ પહલે સરકાર દ્વારા 'તલવાડા ડૈમ' કા નિર્માણ હો રહા થા તો ઢોલબાહા સે અનેક જૈન મૂર્તિયાં ભૂગર્ભ સે પ્રાપ્ત હુઈ થી.

સન્ ૧૮૭૫ કે આસપાસ ભારતીય પુરાતત્ત્વ કે પિતામહ સર કનિંઘમ ને કાઁગડા આદિ ક્ષેત્રોં કા દૌરા કિયા. ઉનકી રિપોર્ટ કે અનુસાર 'કાઁગડા કિલે મેં ભગવાન પાર્શ્વનાથ કા એક મંદિર હૈ, જિસમેં આદિ તીર્થંકર ઋષભદેવ કી ભવ્ય મૂર્તિ વિરાજમાન હૈ.'

ભગવાન ઋષભદેવ કી યહ ભવ્ય પ્રતિમા અપને અધખુલે ધ્યાનસ્થ નેત્ર, કંધોં તક ગિરતે કેશ તથા સૌમ્ય વ શાઁત મુખ-મુદ્રા વ પદ્માસન સહિત, કાઁગડા કિલે કી બુલન્દી સે માનવ સભ્યતા કે ઉત્થાન વ વિકાસ કા સદિયોં સે નિરંતર આહ્વાન દેતી રહી હૈ. કિલે કે અન્દર યત્ર-તત્ર બિખરે હુએ વિશાલ હિંદુ વ જૈન મંદિરોં કે ખણ્ડ, દેહરિયાઁ, કમરે, પટ્ટ, સ્તંભ વ તોરણોં કી શિલાએં બિના કુછ બોલે હી સન્ ૧૯૦૪ કે વિનાશકારી ભુકંપ કી કહાની ઔર યાદ બને હુએ હૈં. કુછ બની દિવારોં પર પત્થરોં મેં ઉત્કીર્ણ જિન-પ્રતિમાએં આજ ભી દેખી જા સકતી હૈ. પુરાના કાઁગડા કે કુછ તાલાબોં, બાવડિયાં ઔર ઘરોં પર ભી ભગ્ન મંદિરોં કી મૂર્તિયાં દૃષ્ટિગોચર હોતી હૈં.

સન્ ૧૯૧૫ મેં બિકાનેર વ પાટણ કે હસ્તલિખિત પુરાતન ગ્રંથ ભંડારોં કા નિરીક્ષણ કરતે હુએ (પદ્મભૂષણ) વિદ્વાન મુનિ જિનવિજયજી કો સન્ ૧૪૨૭ કા લિખા 'વિજ્ઞપ્તિ ત્રિવેણી' નામ કા લઘુગ્રંથ મિલા થા. ઈસમેં આચાર્ય જિનરાજ સૂરિ કે શિષ્ય ઉપાધ્યાય મુનિ જયસાગર કી નિશ્રા મેં સિંધ પ્રદેશ કે ફરીદપુર નામક સ્થાન સે એક યાત્રા સંઘ નગરકોટ કાઁગડા તીર્થ કી યાત્રા કરને આયા થા. રાસ્તે કે સ્થાનોં મેં નિશ્રિંદીપુર, જાલંધર, વિપાશા (બ્યાસ) નદી, હરિયાણા (હોશિયારપુર કે પાસ કસ્બા) વ કાઁગડા નગર કે ભગવાન શાંતિનાથ કે મંદિર, મહાવીર સ્વામી મંદિર, કિલે કે મંદિરોં કે વૃત્તાંત ઔર દર્શન પૂજન કા ઉલ્લેખ હૈ. કાઁગડા કે રાજ પરિવારોં કે પૂર્વજ વ વંશજોં કા ભી ઈસમેં ઉલ્લેખ હૈ. યાત્રા સંઘ ૧૧ દિન કાઁગડા મેં રુકા. ભગવાન આદિનાથ વ માતા અંબિકા કી પૂજા કે બાદ વાપસી પર ગોપાચલપુર (ગુલેર), નંદનવનપુર (નાદૌન), કોટિલગ્રામ (કોટલા) ઔર કોઠીપુર હોકર સંઘ ફરીદપુર પહુંચા. ઈસ 'વિજ્ઞપ્તિ ત્રિવેણી' કે પુરાતત્ત્વાચાર્ય શ્રી જિન વિજયજી ને સન્ ૧૯૧૬ મેં આત્માનંદ જૈન સભા-ભાવનગર સે વિસ્તૃત પ્રસ્તાવના સહિત પાયા થા. ડૉ. બનારસીદાસ જૈન (પંજાબ યુનિવર્સિટી-લાહૌર) કે 'જૈન ઈતિહાસ મેં કાઁગડા (જૈન પ્રકાશ વર્ષ-૧૦, અંક-૯) કે અનુસાર અંબિકા દેવી કે મંદિર મેં દક્ષિણ કી ઔર દો છોટે જૈન મંદિર હૈ. એક મેં તો જૈન મૂર્તિ કી પાટ-પીઠ હી રહ ગઈ હૈ, દૂસરે મેં આદિનાથ ભગવાન કી બૈઠી પ્રતિમા હૈ.'

### ઈતિહાસ કે પન્નોં મેં કિલા કાઁગડા

સન્ ૧૦૦૯ મેં મહમૂદ ગજનવી ને કિલા કાઁગડા વ યહાં કે હિંદુ વ જૈન મંદિરોં કો ખૂબ લૂંટા. સન્ ૧૩૬૦ મેં ફિરોજશાહ

તુગલક ને મંદિરોં કી ધન સંપદા કો ફિર લૂંટા. તત્પશ્ચાત્ અકબર ને ૧૫૫૬ મેં કિલે કો અપને અધિકાર મેં લે લિયા. સન્ ૧૮૦૫ સે ૧૮૦૯ તક યે ક્ષેત્ર ગોરખોં કી લૂંટ કા શિકાર હુઆ. આખિર મેં મહારાજા રણજીતસિંહ ને ગોરખોં કો હરાકર ૧૮૨૯ મેં કિલે પર અધિકાર કર લિયા.

**યાત્રી સંઘ**

સાહિત્ય વાચસ્પતિ ભંવરલાલ નાહટા કે ગ્રંથ 'નગરકોટ કાઁગડા મહાતીર્થ' મેં યહાં આનેવાલે કુછ યાત્રી સંઘોં કા સંક્ષિપ્ત વિવરણ ઈસ પ્રકાર હૈ-

૧. વિ. સંવત ૧૨૭૧ મેં શ્રી જિનપતિસૂરિજી સંઘ સહિત કાઁગડા પધારે.
૨. વિ. સંવત ૧૪૮૪ મેં ઉપાધ્યાય જયસાગરજીકી નિશ્રા મેં ફરીદપુર સે યાત્રી સંઘ આયા.
૩. વિ. સંવત ૧૪૮૮ ઔર ૧૪૯૭ મેં યાત્રા સંઘ કે વિવરણોં મેં સંઘપતિ યા મુનિ મહારાજ કા નામ નહીં હૈં.
૪. વિ. સંવત ૧૫૬૫ મેં ઉદયચંદ્ર સૂરિજી ભટનેર (હનુમાનગઢ) કે યાત્રા સંઘ સહિત પધારે.
૫. વિ. સંવત ૧૫૭૯ કે આસપાસ અભય ધર્મગણિ મહિમ (હરિયાણા) એક યાત્રી સંઘ સહિત પધારે.

**વર્તમાન મેં**

વર્તમાન મેં ઈસ તીર્થ કા પરિચય નએ સિરે સે કરાને કા શ્રેય જૈનાચાર્ય પંજાબ કેસરી શ્રી વિજય વલ્લભસૂરિ વ જૈન સાધ્વી મહત્તરા મૃગાવતી શ્રીજી કો હૈ. શ્રી જિનવિજયજી સે પ્રાપ્ત વિવરણોં કે આધાર પર આચાર્ય શ્રી સન્ ૧૯૩૯ મેં હોંશિયારપુર સે પૈદલ સંઘ લેકર કાઁગડા પધારે. પુનઃ મહત્તરા સાધ્વીજી ને સન્ ૧૯૭૮ મેં લગાતાર આઠ મહિને કાઁગડા મેં રહતે હુએ અપને અનથક પ્રયાસોં સે, કિલે મેં સરકારી સંરક્ષણ મેં વિરાજિત ભગવાન આદિનાથ કી પૂજાસેવા (સુબહ પાક્ષાલ વ શામ કો આરતી) કા અધિકાર જૈન સમાજ કો દિલાયા. ઈન્હીં સાધ્વીજી કી પ્રેરણા સે કિલે કી તલહટી મેં જૈન ધર્મશાલા કે પ્રાઁગણ મેં કલાત્મક, વિશાલ વ નયા જૈન મંદિર બના હૈ, જિસકે મૂલનાયક આદિનાથ પ્રભુ કી પ્રતિમા રાણકપુર તીર્થ સે આઈ થી. પ્રતિમા બહુત મનમોહક વ પ્રભાવક હૈ.

હોલી કે તીન દિન (ત્રિયોદશી, ચૌદસ વ પૂનમ) બહુત ભારી વાર્ષિક મેલા વ યાત્રા કા આયોજન હોતા હૈ. હજારોં ભક્તગણ આકર પ્રભુ-ભક્તિ મેં તલ્લીન હોતે હૈં.

કેન્દ્ર સરકાર કે સાંસ્કૃતિક વિભાગ ને કિલે કી અચ્છી સજાવટ કી હૈ. પૂરા રાસ્તા ભી ફૂલ, પૌધે, વિશ્રામ સ્થલ વ અન્ય સુવિધાઓં સહિત હૈ. રાતોં કો બહુરંગી બિજલિયોં કી જગમગાહટ મેં પૂરા કિલા એક દેવ વિમાન સા લગતા હૈ. પ્રવેશદ્વાર કે પાસ હી સંગ્રહાલય ભી દેખને યોગ્ય હૈ.

**માર્ગદર્શન :** રેલ સે આનેવાલે પઠાનકોટ સ્ટેશન સે નૈરો-ગેજ કી ટ્રેન લેકર કાઁગડા પહુંચતે હૈં. સ્ટેશન સે ધર્મશાલા, (પુરાના કાંગડા મેં) સાઢે તીન કિ.મી. હૈ. પક્કી સડક હૈ, કાર યા બસ સે જા સકતે હૈં. સ્ટેશન સે ટેક્સી, કાર યા ઑટો ઉપલબ્ધ હૈ. સડક સે આનેવાલોં કો પહલે હોશિયારપુર આકર વહાં સે કાઁગડા જાના હોતા હૈ. ૧૦૨ કિ.મી માર્ગ કી પક્કી વરનૈલી સડક હૈ. કિલે પર પેદલ યા ડોલી સે જાના હોતા હૈ. એક કિ.મી. કી બહુત સુગમ ચઢાઈ હૈ. હોશિયારપુર તક રેલ દ્વારા ઔર સડક માર્ગ સે જાના જ્યાદા સુગમ વ વ્યવહારિક હૈ.

**સુવિધાએં :** કિલે કી તલહટી મેં હી બહુત સુંદર વ આધુનિક ધર્મશાલા હૈ. કમરોં કી ભરપૂર ઉપલબ્ધતા હૈ. પૂરા સાલ ચલને વાલી ભોજનશાલા ભી હૈ. ઠહરને કે લિએ બિસ્તર આદિ ભી મિલતે હૈ.

**પેઢી :** શ્રી શ્વેતામ્બર જૈન કાઁગડા તીર્થ કમેટી, જૈન ધર્મશાલા, નિયર ફોર્ટ, પોસ્ટ-પુરાના કાઁગડા (જિલા કાઁગડા) હિમાચલ પ્રદેશ-૧૭૬૦૦૧. ફોન પેઢી-૦૧૮૯૨-૨૬૫૧૮૭.

# માતાશ્રી ચક્રેશ્વરી દેવી જૈન તીર્થ-સરહિંદ (પંજાબ)

**☐ મહેન્દ્રકુમાર મસ્ત**

પંજાબ કે સરહિંદ નગર મેં સ્થિત, પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ જી કી અધિષ્ટાત્રી દેવી ચક્રેશ્વરી માતા કા એક માત્ર ઐતિહાસિક વ પ્રાચીન સ્થલ – 'માતા શ્રી ચક્રેશ્વરી દેવી જૈન તીર્થ', અપને આપ મેં શ્રદ્ધા, ભક્તિ, ભાવના ઔર ઉલ્લાસ કા એક ચમત્કારિક સંગમ કહા જા સકતા હૈ.

ઈતિહાસ મેં યત્ર તત્ર રહે હુએ, પ્રાપ્ત વિવરણોં કે અનુસાર મધ્ય યુગ મેં સરહિંદ નગર બડા વ્યાપારિક કેન્દ્ર થા તથા 'સૂબા-સરહિંદ' મુગલ રાજ્ય કા ભી મહત્ત્વપૂર્ણ હિસ્સા બના રહા. પશ્ચિમ કી આક્રમણકારી સેનાએં લાહૌર સે સરહિંદ, સામાના, કુરુક્ષેત્ર વ પાણીપત હોકર દિલ્લી પહુંચતી થી. ઈતિહાસકાર શ્રી ભંવરલાલ નાહટા ને ભી ૧૨વીં સે ૧૭વીં સદી તક રાજસ્થાન વ સિંધ પ્રદેશ કે નગરોં સે કાઁગડા તીર્થ કી યાત્રા કે લિએ જાનેવાલે સંઘોં કે વિવરણ

અપને ગ્રંથ **'નગરકોટ કાઁગડા મહાતીર્થ'** મેં દિયે હૈં. ઐસે હી એક પુરાતન વિવરણ મેં સરહિંદ કો 'સીંહનદ' લિખતે હુએ-**'સીંહનદ એ પાસ જિનન્દ, પૂજીસુ પરમાનંદ ભેર'** - પંક્તિ સે યહાં ઉસ કાલ મેં ભગવાન પાર્શ્વનાથ કા મંદિર હોને કે સંકેત મિલતે હૈં.

સર્વ વિદિત હૈ રાજસ્થાન-મારવાડ આદિ મેં પડને વાલે સુખા ઔર દુષ્કાલ કે કારણ પ્રાયઃ લોગ પંજાબ કી ઔર પલાયન કરતે રહે હૈં. મહારાજા પૃથ્વીરાજ ચૌહાન કે પતન કે બાદ, વિક્રમ કી ૧૨વીં, ૧૩વીં સદી મેં નાગૌર-જયપુર આદિ ક્ષેત્ર કે જૈન ખંડેલવાલ પરિવારોં કા એક જત્થા, બૈલ-ગાડિયોં મેં શ્રી કાઁગડા મહાતીર્થ મેં વિરાજિત ભગવાન ઋષભદેવ કે દર્શનોં કે લિએ બઢ રહા થા, ઔર વિશ્રામ કે લિએ સરહિંદ મેં રાત્રી પડાવ ડાલા. માતાશ્રી ચક્રેશ્વરી દેવી કી પ્રતિમા ભી ઉનકે સાથ થી.

રાત ભર ભક્તિ ભાવના ચલતી રહી. પ્રાતઃકાલ પ્રસ્થાન કે સમય બૈલગાડી બહુત જોર લગાને પર ભી વહીં રુકી રહી ઔર બિલકુલ નહીં બઢી. એક અદ્ભુત પ્રકાશ કે સાથ દૈવી આવાજ આઈ કિ ભક્તજનોં, યહ સ્થાન મુઝે અત્યંત પ્રિય હૈ, યહીં નિવાસ કરના હૈ. મેરા ભવન યહીં પર બનવાયા જાએ. આદેશાનુસાર ભક્તજનોં ને વહીં પર છોટા સા મંદિર બનવા કર માતાજી કી પ્રતિમા કો વહીં વિરાજમાન કર દિયા, ઔર સ્વયં ભી ધીરે ધીરે સરહિંદ વ પંજાબ કે અન્ય શહરોં મેં બસ કર, યહીં કે હો ગએ. કિંતુ અપની ઈષ્ટ દેવી માઁ કે વંદન પૂજન કે લિએ સરહિંદ કે ઈસ એતિહાસિક સ્થાન પર આતે રહે.

પરિવારોં મેં જન્મ, મુણ્ડન, વિવાહ, નયા કારોબાર, પઢાઈ, પરીક્ષાએં, શિલાન્યાસ, ગૃહપ્રવેશ આદિ કોઈ ભી શુભકાર્ય હો, ચક્રેશ્વરી માઁ કે શ્રદ્ધાલુ સરહિંદ મેં માતાજી કે ભવન પર આકર પૂજા વંદના ઔર અરદાસ કરતે હૈં. મનૌતિયાઁ માઁગતે હૈં તથા માતાજી કી કૃપા સે મનૌતી પૂર્ણ હોને પર બાજે ગાજે વ ઈષ્ટજનોં કે સાથ આતે હૈ.

**ઋષભદેવ પ્રભુ કા મંદિર :** શ્રી ચક્રેશ્વરી માતા કે ભવન કે સાથ હી, બડે ભૂખંડ પર શિલ્પ વિધિ વ સંપૂર્ણ માર્બલ યુક્ત બહુત સુન્દર, વિશાલ ઔર કલાત્મક મંદિર ઈસી સાલ બન કર તૈયાર હુઆ હૈ. ઈસ પૂરે ક્ષેત્ર મેં યહ મંદિર બહુત બુલંદ ઔર દર્શનીય હૈ. અંજનશલાકા ઔર પ્રતિષ્ઠા પૂ. આચાર્ય ગચ્છાધિપતિ શ્રી વિજય નિત્યાનંદસૂરિ કે કર કમલોં સે સંપન્ન હુઈ થી.

તીન શતાબ્દી પૂર્વ સરહિંદ મેં ગુરુ ગોવિંદસિંહ કે દો સુપુત્રોં કો દિવાર મેં ચિનવાને કે બાદ, ઉનકે વ દાદી માઁ કે, તીન પવિત્ર શરીરોં કે અગ્નિ સંસ્કાર કે લિએ સ્વર્ણ-મુદ્રાઓં કે બદલે, નવાબ સે ભૂમિ પ્રાપ્ત કરને વાલે દીવાન ટોડરમલન જૈન કા નામ ભી તીર્થ ભૂમિ સરહિંદ સે જુડા હુઆ હૈ. સામાના મેં જન્મે ઓસવાલ ગાદિયા ગૌત્રીય તથા શ્રી ચક્રેશ્વરી માતા કે ઉપાસક, દીવાન ટોડરમલ ને ઉક્ત ભૂમિ પર સ્વયં ઉન તીનોં કા જહાં સંસ્કાર કિયા, ઉસ સ્થાન પર હી પ્રસિદ્ધ ગુરુદ્વારા જ્યોતિ-સ્વરૂપ કે બેસમૈંટ હૉલ કા નામ **'દીવાન ટોડરમલ હૉલ'** હૈ.

જ્ઞાતવ્ય હૈ કિ તપાગચ્છ કે પરમગુરુ શ્રી બુદ્ધિ વિજય (બુટેરાય જી) મહારાજ કી જન્મભૂમિ ભી સરહિંદ કે નિકટ કા ગાંવ 'દલુઆ-સાબર' હૈ. (જન્મ દિ. ૧૮૦૬).

**વાર્ષિક ઉત્સવ :** યૂં તો ભક્તજન સારા સાલ હી આતે રહતે હૈં, પર આસોજ શુક્લા ત્રયોદશી, ચૌદશ ઔર પૂનમ કે તીન દિન તો હજારો મેં શ્રદ્ધાલુજન આતે હૈં. વાર્ષિક ધ્વજારોહણ ભી હોતા હૈ. પ્રતિવર્ષ ૩૧ દિસેમ્બર કી રાત કી ભક્તિ ભાવના પૂરે ક્ષેત્ર મેં વિખ્યાત હૈ.

**વિશિષ્ટતા :** ભારત ભર મેં પ્રભુ શ્રી આદિનાથ કી અધિષ્ટાયિકા શ્રી ચક્રેશ્વરી માતા, જિન્હેં શાસન દેવી ભી કહતે હૈં, કા યહી એક માત્ર તીર્થસ્થાન હૈ, જો કિ કર્નાટક મેં હુમ્બજ કે શ્રી પદ્માવતી માતા કે મંદિર કે સમાન હી પ્રાચીન, પ્રભાવક ઔર વિખ્યાત હૈ.

**કલા સૌંદર્ય :** માતાજી કી પ્રતિમા અપને આપ મેં અનૂઠી હૈ. ઊંચે વ કલાત્મક મંડપ કે પાસ હી ઐતિહાસિક પ્રસંગો વ ઘટનાઓં કી રોચક ગાથાએં કાઁચ મેં બનાઈ ગઈ બડી પેંટિગ્જ મેં દિખાઈ ગઈ હૈ, જો અજીબ જ્ઞાનવર્ધક વ દર્શનીય હૈ.

**માર્ગદર્શન :** પૂરા તીર્થ પરિસર શહર સરહિંદ સે ચંડીગઢ જાનેવાલી મેન રોડ પર, ગુરુદ્વારા જ્યોતિસ્વરૂપ કે સામને સ્થિત હૈ. સડક દ્વારા ચંડીગઢ ૩૫ કિ.મી. હૈ. નજદિકી રેલવે સ્ટેશન (અંબાલા-લુધિયાના કે બીચ) સરહિંદ ૩ કિ.મી. પર હૈ. ટૈક્સી ઑટો હર જગહ ઉપલબ્ધ હૈ. મંદિર તક કાર વ બસ જા સકતી હૈ. પાસ કા હવાઈ અડ્ડા ચંડીગઢ (૩૫ કિ.મી.) હૈ.

**સુવિધાએં :** ઠહરને કે લિએ સુવિશાલ ધર્મશાલાએં, વિશ્રામ ઘર, અચ્છે હવાદાર કમરે, ખુલે લૉન, સ્થાયી ભોજનશાલા વ પાની આદિ કી સુચારુ વ્યવસ્થા હૈ.

પેઢી : માતા ચક્રેશ્વરી દેવી જૈન તીર્થ પ્રબંધક કમેટી,
(ગુરુદ્વારા જ્યોતિ સ્વરૂપ કે સામને), ચંડીગઢ રોડ,
P.O. સરહિંદ, SIRHIND (જિલા ફતેહગઢ સાહિબ) પંજાબ
(પેઢી) ફૉન : ૦૧૭૬૩ ૨૯૦૦૯૧
મંત્રી (પ્રવિણ જૈન) - ૯૮૫૫૫-૭૩૪૩૫

✷ ✷ ✷

૨૬૩, સૈક્ટર-૧૦, પંચકુલા (ચંડીગઢ) હરિયાણા.-૧૩૪૧૧૩.
ફૉન : (૦૯૩૧૬૧-૧૫૬૭૦)

# ભાંડાસર જૈન મંદિર

❑ શ્રી લલિતકુમાર નાહટા

*[ શ્રી લલિતકુમાર નાહટા જૈન શ્વેતાંબર કલ્યાણક તીર્થ ન્યાસના અધ્યક્ષ છે. તેઓ 'સ્થૂલિભદ્ર સંદેશ' માસિકના પ્રકાશક અને સંપાદક, ઉપરાંત 'જીટો'ના પૂર્વ ડાયરેક્ટર છે. વર્તમાનમાં તેઓ 'અખિલ ભારતીય શ્વેતાંબર યુવક મહાસંઘ'ના સ્થાપક અને પ્રમુખ બંને છે. તેમના પરિવારે શ્રી મિથિલાતીર્થના નિર્માણનો સમસ્ત લાભ લીધો છે. ઉપરાંત શ્રી ભદ્દિલપુર તીર્થનો જીર્ણોદ્ધાર પણ તેમના કુટુંબીજનો દ્વારા થયો છે.*

**તીર્થ પરિચય**: *ભાંડાસર જૈન તીર્થ બિકાનેર-રાજસ્થાનમાં આવેલું છે. બિકાનેર, રોડ અને રેલવેથી લગભગ બધા મોટા શહેરો સાથે જોડાયેલુંછે. અહીંના શ્રેષ્ઠીઓએ જૈન ધર્મની ઘણી પ્રભાવના કરી હતી.*

**અન્ય તીર્થ :** *મિથિલા અને ભદ્દિલપુર બંને બિહાર રાજ્યમાં નેપાલ બોર્ડર નજીક છે. હમણાં તેનો જીર્ણોદ્ધાર મહેન્દ્ર સાગરજીના આગ્રહથી કરવામાં આવ્યો છે. ]*

બીકાનેર નગર કે સબસે વિશાલ, સર્વોચ્ચ શિખરવાલે, ભવ્ય એવં કલાત્મક તીન મંજિલે શ્રી સુમતિનાથ જૈન મંદિર ભાંડાસર મન્દિર કે નામ સે પ્રસિદ્ધ હૈ ઔર ઉસકો પ્રતિષ્ઠા ક્રમ સે દ્વિતીય પ્રાચીનતમ મંદિર માના જાતા હૈ. પ્રથમ મંદિર ચૌથે દાદાગુરુ શ્રી જિનચન્દ્રસૂરિ દ્વારા વિ. સં. ૧૫૬૧ મેં પ્રતિષ્ઠિત પરમાત્મા ઋષભદેવજી કા 'શ્રી ચિંતામણિ જૈન મંદિર' હૈ. કિંવદંતી હૈ કિ ઈસ મંદિર કા નિર્માણકાર્ય બીકાનેર રાજ્ય કી સ્થાપના કે પૂર્વ હી લગભગ વિક્રમ સંવત્ ૧૫૨૫ મેં તત્કાલીન જાંગલૂ નામક પ્રદેશ મેં સેઠ ભાંડાશાહ ને પ્રારમ્ભ કિયા થા. સેઠ શ્રી ભાંડાશાહ કા આકસ્મિક દેહાવસાન હો જાને કે કારણ પ્રતિષ્ઠા મેં વિલંબ હુઆ વ સાત મંજિલે મંદિર કો તીન મંજિલ કા હી બનાકર પ્રતિષ્ઠા કરવાઈ ગયી જો ૪૬ વર્ષોં બાદ આસોજ શુક્લ-૨ વિ. સં. ૧૫૭૧ મેં પ્રતિષ્ઠિત હુઆ.

**મંદિર નિર્માણ સમ્બન્ધી શિલાલેખ**

*સંવત્ ૧૫૭૧ વર્ષે, આસોજ સુદિ ૨ ખૌ,*
*રાજાધિરાજ લૂણકરજી વિજય રાજ્યે શાહ ભાંડા,*
*પ્રાસાદ નામ ત્રૈલોક્ય દીપક કરાવિતં, સૂત્ર ગોદા*
*કારિત.*

**નિર્માણકર્તા શાહ ભાંડા કા પરિચય**

મહોપાધ્યાય વિનયસાગરજી લિખિત નાકોડા તીર્થ કે ઈતિહાસ સે પ્રાપ્ત જાનકારી કે અનુસાર ખરતરગચ્છીય આચાર્ય જિનકીર્તિ રતનસૂરિજી (જિન્હોંને નાકોડા નગર કે સૂખે તાલાબ કે તલ સે પાર્શ્વનાથ કી યહ મૂર્તિ પ્રકટ કી તથા ઉસે એવં ભૈંરવદેવ કો વર્મતાન સ્થાન પર સ્થાપિત કિયા.) ઈનકે ભાઈ કે પુત્ર કા નામ માલાશાહ થા. માલાશાહ કે ચાર પુત્ર હુએ સાંડાશાહ, ભાંડાશાહ, તૂંડાશાહ ઔર સૂંડાશાહ. ઈનકા ગૌત્ર સંખવાલ થા.

**મંદિર નિર્માણ હેતુ સ્થાન કા ચયન :**

શેઠ ભાંડાશાહ ને ઉસ સમય નગર કે ચારોં ઓર મીલોં લંબે ક્ષેત્ર મેં સર્વોચ્ચ સ્થાન કા ચયન કર ઉસ પર ઈસ વિશાલ મંદિર કા નિર્માણ કરવાયા થા. સમતલ ભૂમિ સે મંદિર કે શિખર કી ઊંચાઈ ૧૦૮ ફીટ વ અંદર કી ફર્શ સે ૮૧ ફીટ ઊંચા હૈ. દીવારોં કી મોટાઈ ૮ સે ૧૦ ફીટ હૈ. ૧૦-૧૫ મીલ દૂર સે મંદિર કા શિખર દિખાઈ દેતા હૈ. બીકાનેર કે સબસે ઊંચે ભવન/મંદિર હોને કા ગૌરવ ઈસે પ્રાપ્ત હૈ વ આજ ભી યહ અપને મૂલ સ્વરૂપ મેં હૈ. ઈસકી તીસરી મંજિલ સે પૂરે બીકાનેર શહર કા દિગ્દર્શન હોતા હૈ.

**નિર્માણ સામગ્રી :**

કહતે હૈં ઈસકી નીંવ કી ગહરાઈ ચાર હાથિયોં કી ઊંચાઈ જિતની હૈ. પૂરી ટેકરી પર ચારોં તરફ ઉસ સમય ઉપલબ્ધ રોડા (ચૂને કે પત્થર) કી તહ જમાઈ હુઈ હૈ. મંદિર કી ઉમર હજારોં સાલ રહે ઇસકે લિએ ખરી ગાંવ, જૈસલમેર સે ઊંટ ગાડોં સે લાલ પત્થર મંગવાયા ગયા એવં ઈસેક નિર્માણ કે લિયે સારા પાની નાલ નામક ગાંવ કે તાલાબ સે લાયા જાતા થા, જો ભાંડાસર મંદિર સે ૮ મીલ દૂર થા, ક્યોંકિ બીકાનેર કા પાની ખારા થા.

શિલ્પકાર ને ભરત મુનિ કે નાટ્ય શાસ્ત્ર સે સમ્બન્ધિત વાદ્યયંત્રધારિ વ નૃત્યરત દેવાંગનાઓં કી મૂર્તિયોં કો ઘડને મેં અપને હૃદય ઔર મસ્તિષ્ક કી એકાગ્રવૃત્તિ સે છૈની ઔર હથોડી કી સહાયતા સે સજીવતા પ્રદાન કરને કા સફલ પ્રયાસ કિયા હૈ. મંદિર કે અધિષ્ઠાયક દેવ ભૈંરૂ હૈ, ઈસસે યહ પ્રમાણિત હોતા હૈ કિ મંદિર કા સંબંધ ખરતરગચ્છીય પરમ્પરા સે હૈ.

**નીંવ મેં ઘી કા ડાલા જાના :**

અપની દુકાન મેં બૈઠે ઘી વ્યાપારી ભાંડાશાહ જબ મુખ્ય કારીગર

ગોતા સે મંદિર નિર્માણ કી યોજના બના રહે થે તબ એક મક્ખી ઘી કે બર્તન મેં ગિર ગયી. ભાંડાશાહ ને ઉસ મક્ખી કો નિકાલ અપની જૂતી પર રખ દિયા વ અંગુલિયોં મેં લગા ઘી ભી જૂતી પર લગા દિયા. ગોદા ને સોચા યહ મક્ખીચૂસ સેઠ ક્યા સપ્ત મંજિલા મંદિર બનાયેગા અતએવ ગોદા ને કહા સેઠજી મંદિર સુદૃઢ વ દીર્ઘાયુ હો ઈસલિયે નીંવ મેં ૧૦૦૦ મન ઘી ડાલના આવશ્યક હૈ.

સેઠ ને દૂસરે દિન ઊંટ વ બૈલગાડી પર ગોદા કે કહે અનુસાર ઘી ભેજ દિયા વ નીંવ મેં ડલવાના શુરૂ કર દિયા તબ ગોદા ને કહા સેઠજી યહ તો મૈં આપકી પરીક્ષા લે રહા થા. ઈતના કહ કર ઉસને મક્ખી વાલી ઘટના સુનાઈ વ કહા ઘી આપ વાપસ લે જાયેં. તબ સેઠજી ને કહા કિ નીંવ નિમિત આયા ઘી તો નીંવ મેં હી જાયેગા, રહી બાત મક્ખી વાલી તો ઈસેક પીછે યહ કારણ થા કિ ઘી સે સની મક્ખી રાસ્તે મેં ડાલતા તો ચિંટિયાં આતી વ કિસી કે પૈરોં કે નીચે આ જાતી અતએવ હિંસા ન હો ઈસ દૃષ્ટિ સે ઐસા કિયા વ ઘી વ્યર્થ ન જાયે. આજ ભી ગર્મી કે દિનોં મેં મંદિર કે ફર્શ કી જોડોં સે ઘી કી ચિકનાઈ રિસતી હૈ.

**ચિત્રકલા :**

બીકાનેર કે સુપ્રસિદ્ધ ચિત્રકાર મુરાદબક્સ ને વિ. સં. ૧૯૬૦ સે લગાતાર કઈ વર્ષો તક કામ કરતે ઈસે સુસજ્જિત કિયા. સભામંડપ કે ગુંબજ મેં સુજાનગઢ કા મંદિર, પાટલીપુત્ર કે રાજા નંદ કે સમય સ્થૂલિભદ્ર સ્વામી દીક્ષા, સંભૂતિવિજયજી કી ચાતુર્માસાર્થ આજ્ઞા વિતરાગાદી, ભરત બાહુબલિ યુદ્ધ, ઋષભદેવ કે સૌ પુત્ર કે પ્રતિબોધ, દાદાબાડી, ધન્નાશાલીભદ્ર ચરિત્ર કે તીન ચિત્ર, વિજયસેઠ વિજયાસેઠાની કે દો ચિત્ર, ઈલાચી પુત્ર, સુદર્શન સેઠ કે ચરિત્રકે દો ચિત્ર તથા સમવસરણ ઈસ પ્રકાર કે સોલહ ચિત્ર હૈં. ઈસકે નીચે કાર્નીસ પર બીકાનેર વિજ્ઞપ્તિ પત્ર કા સંપૂર્ણ ચિત્ર હૈ. ઈનકે ઉપર ગુંબજ કે પ્રથમ આવર્ત મેં નેમિનાથ ભગવાન કી બારાત કે ૮ બડે ચિત્ર હૈ. સમુદ્રવિજયજી, બારાત, ઉગ્રસેન રાજા કા મહલ, રાજુલ સહસામ્રવન, પ્રભુ કા ગિરનાર ગમન, પશુઓં કા બાડા, રથ ફિરાના, કૃષ્ણ-બલભદ્ર ઈત્યાદિ. ગુંબજ કે આવર્ત મેં દાદાસાહબ કે જીવન ચરિત્ર સે સંબંધિત ૧૬ ચિત્ર હૈં જિનમેં જિનચન્દ્રસૂરિજી કા અકબર મિલન, અમાવસ કી પૂનમ, પંચનદી સાધન તથા જિનચન્દ્રસૂરિજી કે અવશિષ્ટ જીવન સમ્બન્ધી ચિત્ર હૈં. ગુંબજ કે સબસે ઊંચે ભાગ કે ૧૬ ચિત્ર તીર્થંકરોં કે જીવન ચરિત્ર સે સંબંધિત હૈં. ઈનમેં મહાવીર સ્વામી કા ચંડકૌશિક ઉપસર્ગ, સંબલ-કંબલ, ચંદનબાલા, પાર્શ્વનાથ કમઠ ઉપસર્ગ, નેમિનાથ શંખવાદન, ૧૪ રાજલોક, મેરૂપર્વત, કૈવલજ્ઞાન વ નિર્વાણ કલ્યાણકાદિ કે ભાવ અંકિત હૈં.

મંદિર કે પ્રવેશ દ્વાર પર પ્રભુ કા જન્માભિષેક ચિત્રિત હૈ. બાહરી ગુંબજ પર જૈનાચાર્યો કે ચિત્ર હૈં જૈસે ગૌતમસ્વામી કી અષ્ટાપદ યાત્રા, અમલ ક્રિડા, નરક યાતના, મહાવીર ઉપસર્ગ, પાર્શ્વનાથ કમઠોપસર્ગ, જંબૂ ચરિત્ર, ઈલાપુત્ર, વંકચૂલ ચરિત્ર, મધુવિદુ, રોહિણિયાં ચોર, સમવસરણ, ગ્વાલિયે કા ઉપસર્ગ, શ્રીપાલ ચરિત્ર કે ૧૦ ચિત્ર, ચંપાપુરી, પાવાપુરી, સમ્મેતશિખર તીર્થ, જંબૂ વૃક્ષ એવં ઈન્દ્ર-ઇન્દ્રાણી આદિ કે અનેકોં ચિત્ર હૈં. ચિત્રોં મેં સ્વર્ણ કા પ્રયોગ કિયા ગયા હૈ. ઈસ મંદિર કો યદિ જૈન કથા સાહિત્ય સંબંધ ચિત્રોં કા સંગ્રહાલય કહા જાય તો કોઈ અતિશયોક્તિ નહીં હોગી.

'ભારતીય પુરાતત્ત્વ વિભાગ'ને સન્ ૧૯૫૧ મેં ઈસે રાષ્ટ્રીય મહત્ત્વ કા સંરક્ષિત સ્મારક ઘોષિત કિયા. ઈસકા સ્વામિત્વ વ પ્રબન્ધન 'શ્રી ચિંતામણિ જૈન મંદિર પ્રન્યાસ' એક પાસ હૈ વ ઈસકે અધ્યક્ષ શ્રી નિર્મલકુમાર ધાડીવાલ વ અન્ય પદાધિકારિયોં કે કુશલ નેતૃત્વ મેં ઈસકા ઉચિત રખ રખાવ હો રહા હૈ.

**શ્રી મિથિલા તીર્થ :**

સીતામઢી (૨૫ મઈ, ૨૦૧૪) ૧૯વેં તીર્થંકર શ્રી મલ્લિનાથ જી વ ૨૧વેં તીર્થંકર શ્રી નેમિનાથ જી કે ૪-૪ કલ્યાણકોં અર્થાત્ ૮ કલ્યાણકોં સે પાવન ભૂમિ શ્રી મિથિલા કલ્યાણક તીર્થ કા વિચ્છેદ આજ સે કરીબ ૧૫૦ વર્ષ પૂર્વ હો ગયા થા. શ્રી લલિત નાહટા ને પુનર્સ્થાપના કે પ્રયાસ હેતુ ૧૯૯૩ સે તીર્થસ્થાન કી ખોજ શુરૂ કી વ ઉસમેં ૨૦૦૬-૦૭ મેં સફલતા મિલી. ઈસ તીર્થ કી પુનર્સ્થાપના એવં જિનાલય નિર્માણ હેતુ ભૂખંડ શ્રીમતી રુકખમણિ દેવી નાહટા ધર્મપત્ની શ્રેષ્ઠિવર્ય શ્રી હરખચંદ જી નાહટા ને પ્રદાન કિયા. શ્રી મિથિલા તીર્થ કા શિલાન્યાસ ૨૫ મઈ, ૨૦૧૪ કો શુભ મુહૂર્ત મેં સંપન્ન હુઆ. જૈન શ્વેતાંબર કલ્યાણક તીર્થ ન્યાસ કે તત્ત્વાધાન મેં અધ્યક્ષ શ્રી લલિત કુમાર નાહટા, મહામંત્રી શ્રી અશોક કુમાર જૈન વ અન્ય બાહર સે પધારે વ સ્થાનીય મહાનુભાવોં કી ઉપસ્થિતિ મેં પરમાત્મા કી અષ્ટપ્રકારી પૂજા વ શિલાન્યાસ કા કાર્યક્રમ બડે આનંદ ઉત્સવ પૂર્ણ વાતાવરણ મેં સંપન્ન હુઆ.

શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ કે સિરમૌર સેઠ શ્રી શ્રેણિકભાઈ કા માર્ગ નિર્દેશન મંદિર કી નીંવ કી યોજના સે લેકર મંદિર કે લે-આઉટ પ્લાન તક રહા. જિનાલય વ ધર્મશાલા કા નિર્માણ શ્રેષ્ઠિવર્ય શ્રી હરખચંદ જી નાહટા પરિવાર કે સૌજન્ય સે હો રહા હૈ. શિલાન્યાસ કા મંગલ મુહૂર્ત પ. પૂ. ઉપાધ્યાય પ્રવર શ્રી વિમલસેન વિજય જી ને પ્રદાન કિયા. મિથિલા તીર્થ કે લિએ દોનોં પરમાત્મા કી પ્રતિમા કી અંજનશલાકા ૧૨ મઈ, ૨૦૧૪ કો શ્રી ભદ્દિલપુર તીર્થ કી પુનર્સ્થાપના એવં નવનિર્મિત જિનાલય કી પ્રતિષ્ઠા કે અવસર પર અધ્યાત્મયોગી શ્રી મહેન્દ્ર સાગર જી મ. સા. કે દ્વારા હુઈ.

✶ ✶ ✶

શ્રી જૈન શ્વેતાંબર કલ્યાણક તીર્થ ન્યાસ, ૨૧, આનંદ લોક, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ, ન્યુદિલ્હી-૧૧૦૦૪૯. ટેલિ : ૦૧૧-૨૬૨૫ ૧૦૬૫.

# બાળ શ્રાવકોના જીવન ઘડતરમાં જૈન શિલ્પ સ્થાપત્યોનું યોગદાન

❑ડૉ. અભય દોશી ❑ડૉ. રેણુકા પોરવાલ

ભારતીય કુટુંબમાં બાળક કેન્દ્ર સ્થાને હોય છે. એનામાં સારા સંસ્કારોનું સિંચન કરવાનું સતત ચિંતન ઘરનો વડીલવર્ગ કરે છે. આ સિંચનનો પ્રાયોગિક અનુભવ એટલે જ તીર્થક્ષેત્રોની યાત્રા. પરિવારજનો બે-ચાર-આઠ દિવસ ઘરની ઉપાધિથી મુક્ત થઈ એકબીજા સાથે પ્રેમથી રહે છે. ઉપરાંત પવિત્ર તીર્થોના કુદરતી સૌંદર્ય, હવા-પાણી, પ્રભુ ભક્તિ, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ આદિથી તન અને મન બંને પ્રફુલ્લિત રહેતું હોવાથી માનવીને ઉર્જાશક્તિ મળી રહે છે. આ સર્વ બાબતોથી આપણા પૂર્વજો માહિતગાર હતા માટે તેમણે પર્વતોની તળેટીમાં, પર્વતો પર, કે નદી કિનારે કલા અને સ્થાપત્યના ઉમદા ઉદાહરણ સમાન તીર્થંકરો, દેવદેવીઓ અને ગુરુજનોના સ્થાનકો સ્થાપિત કરાવ્યા. મંદિરોમાં દર્શાવાતી ધાર્મિક કળા, પ્રતીકો અને દેવ-દેવીઓના ચિત્રણો હજારો વર્ષથી અવિચ્છિન્ન રીતે થોડા પરિવર્તન સાથે અંકિત થતા આવ્યા છે. (શાલભંજીકાઓની ભાવ ભંગીમા જે આજે જોવા મળે છે એનું મૂળ મોહંજોડેરોની કાંસ્ય પ્રતિમામાં પણ નિરખવા મળે છે.) ટૂંકમાં તીર્થસ્થાન એટલે એક જ સ્થળે શ્રદ્ધા, કલા, સાહિત્ય અને સ્થાપત્યનો સંગમ. ત્યાં ફરી ફરી દર્શન-પૂજાની તક મળે એટલે યાત્રાળુઓની દૃષ્ટિ કેળવાતી જાય તથા એની અલૌકિકતા સમજાય.

આપણા બેનમૂન સ્થાપત્યમાં પ્રત્યેક શુભ પ્રતીકોને આવરી લેવાય છે. જેમ કે કમળ, સ્વસ્તિક, ઘંટડીઓ, ફૂલની માળાઓ, હાથીઓ, મીનયુગ્મ, ભદ્રાસન વગેરે. તીર્થંકરોના જીવનના મહત્ત્વના પ્રસંગો, સંસારથી વિરક્ત થવા માટેના કારણભૂત પ્રસંગો અને પંચ કલ્યાણકોના અંકનો શિલ્પકળા અને ચિત્રકળાના માધ્યમથી દર્શાવેલા હોય છે. આવી ચિત્રકળાઓ પ્રાચીન સમયમાં પણ હતી એમ પાર્શ્વનાથ ચરિત્રના આધારે જાણવા મળે છે. પંડિત વીર વિજયજીએ સુંદર રીતે શ્રી પાર્શ્વનાથ–પંચ કલ્યાણક પૂજામાં આ પ્રસંગને વણી લીધો છે.

પ્રભુજી વસંત ઋતુમાં પ્રભાવતી રાણી સાથે જંગલમાં ગયા ત્યાં સુંદર પ્રાસાદ હતો. તેઓ બંને બિરાજ્યા અને મંદિરનું નિરીક્ષણ કરવા લાગ્યા. પ્રભુએ ત્યાં ચિત્રામણ જોયું કે નેમિનાથ ભગવાને પશુઓનો પોકાર સાંભળીને પોતાનો રથ લગ્નમંડપમાંથી પાછો વળાવ્યો. પોતાની વાક્‌દત્તા રાજીમતીને છોડીને સંયમ લેવા નીકળી ગયા. આ ચિત્ર ભીંત પર જોતાં પાર્શ્વનાથ પ્રભુ પણ વૈરાગી થઈ સંસાર છોડવા તૈયાર થયા. લોકાંતિક દેવોએ પણ સંયમ લેવાનો અવસર પાકી ગયો છે એમ સૂચન કર્યું. પં. વીર વિજયજીની વાણી સુંદર રીતે વહે છે-

*'રાણી સાથ વસંતમેં, વન ભીતર પેઠે,*
*પ્રાસાદ સુંદર દેખ કે, ઉહાં જાકર બેઠે...૧૮*
*રાજિમતીકું છોડ કે, નેમ સંયમ લીના,*
*ચિત્રામણ જિન જોવતે, વૈરાગે ભીના...૧૯*
*લોકાંતિક સુર તે સમે, બોલે કર જોરી;*
*અવસર સંયમ લેને કા, આ અબ બેર હૈ થોરી...૨૦*

(પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા-શ્રી વીર વિજયજી કૃત)

વર્તમાન સમયમાં પણ મંદિરના રંગમંડપ, ઘુમ્મટ અને ભીંતો પર પ્રભુના ઉત્કટ સમતાભાવ, દયા, પરોપકાર વગેરે અંકિત કરેલા હોય છે. ઉદાહરણાર્થ ચંડકૌશિક દ્વારા મહાવીર પ્રભુને ડંશ દીધા બાદ પ્રભુના પગના અંગૂઠામાંથી વહેતી દૂધની ધારા, એમનામાં નિરંતર પ્રવાહિત થતો સમતાભાવ દર્શાવે છે. ગોવાળ દ્વારા મહાવીરજીના કાનમાં ખીલા ઠોકવાનું શિલ્પ કે કમઠ દ્વારા પાર્શ્વનાથને ઉપસર્ગો કરવાનું ચિત્રો જોઈને ભક્તો ભાવવિભોર થઈ જાય છે. એમને જીવનમાં ઉદ્‌ભવતા અનેકવિધ પ્રશ્નો કે દુઃખો સહન કરવાનું નવું બળ મળે છે. પ્રભુએ સહન કરેલ અનેક તકલીફો અને પીડા જોઈને માનવીને પોતાને પડેલ દુઃખ તુચ્છ લાગે છે, એ દુઃખથી ડરી જઈ પોતાનું જીવન સમાપ્ત કરવા તરફ નથી વળતો પરંતુ પરિસ્થિતિનો મુકાબલો કરે છે.

ચતુર્વિધ સંઘની પ્રગતિ માટે શ્રાવકોએ પોતાના બાળકોના ઘડતરમાં વિશિષ્ટ ભૂમિકા ભજવવાની હોય છે. વડીલવર્ગની ફરજ બને છે કે જ્યારે તીર્થયાત્રા પર બાળકો સાથે હોય ત્યારે જેમ શાળાના વિદ્યાર્થીઓને 'શૈક્ષણિક પ્રવાસ' દરમ્યાન જોવાલાયક સ્થળો દર્શાવીને માહિતી આપવામાં આવે છે તે જ પ્રમાણે તેમને થોડી સમજણ આપવી. ધારો કે એક પરિવાર શત્રુંજયની યાત્રાએ જાય છે તો બાળકોને વિશાળ મ્યુઝિયમ, આણંદજી કલ્યાણજીની પેઢીનું મ્યુઝિયમ, તળેટીના પ્રાચીન દેરાસરો વગેરે અચૂક દર્શાવવું. આ પ્રમાણેની પ્રથા અનુસરવાથી જ બાળકોને પોતાના ધર્મમાં વિશ્વાસ અને શ્રધ્ધા જાગશે. આપણે ત્યાં મોટા ભાગના મંદિરોમાં ભીંતી ચિત્રો (Wall Paint-

ing), હસ્તપ્રતોના પેઈન્ટિંગ (Miniature Painting), પ્રાચીન લીપિઓ વગેરે સંગ્રહિત હોય છે એ સર્વ નિરખવાની વૃત્તિ કેળવવી. આપણા ઉત્તમ કલાકૃતિઓથી ભરપુર ગ્રંથભંડારો અને મ્યુઝિયમો જેવા કે વાંકી (કચ્છ), કોબા (અમદાવાદ), તીથલ (વલસાડ), શીવગંજ, બિકાનેર, જયપુર (રાજસ્થાન), મોહનખેડા (મધ્યપ્રદેશ), વિરાયતન આરા (બિહાર) વગેરે તીર્થધામોમાં અલભ્ય શિલ્પો અદ્યતન રીતે સચવાયેલા છે. ઉપરાંત દરેક મોટા નગરોના નેશનલ મ્યુઝિયમોમાં પ્રાચીન પ્રતિમાઓ તથા જૈન પેઈન્ટિંગનો વિપુલ ભંડાર હોય છે તે જાણવાની જિજ્ઞાસાવૃત્તિ બાળ શ્રાવકોમાં કેળવવી. મુંબઈ, મથુરા, લખનઉ, કલકત્તા, પટણા, મદ્રાસ, દિલ્હી વગેરે નગરોમાં આપણાં દેરાસરોમાંથી પ્રાપ્ત થયેલ અસંખ્ય અતિ પ્રાચીન અને ભવ્ય કલાવારસો જળવાયેલ છે. આ સર્વની ક્યારેક મુલાકાત લેવી. આપણા કલા-સ્થાપત્ય અને સાંસ્કૃતિક ધરોહરની જાળવણીમાં ઘણાં ગુરુજનો ઊંડો રસ લઈને આ કાર્ય કરે છે જે આપણે માણવું જ રહ્યું.

યાત્રાસ્થળો એ પ્રભુના તીર્થક્ષેત્રો છે જ્યાં તેમણે તપ કર્યું છે અને વિચરણ કર્યું છે. ત્યાં પૂર્વાચાર્યોની સાધનાની ભૂમિ પણ હોવાથી ત્યાંના અણુઓ માનવીને સાત્ત્વિક બનાવે છે.

આવા પવિત્ર ધામો ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં માનવીની મનઃસ્થિતિ સુધારીને ધૈર્ય અને સમતા રાખવાનું શીખવે છે.

✷ ✷ ✷

## મહાન મંદિર મહાન માનવી

ચંદ્રાવતીમાં વિમળમંત્રી અને શ્રીદેવીની જોડીના વખાણ થાય. સારસ-સારસીની જોડી જેવું એમનું જીવન. સર્વ વાતે સુખી એ દંપતીને એક શેર માટીની ખોટ! શ્રીદેવી હમેશાં રતન જેવા દીકરાની ઝંખના સેવે, પણ એ પૂર્ણ થાય જ નહિ!

એકદા શ્રીદેવીએ વિમળમંત્રીને કહ્યું,

'દેવ! આપણા કુળદેવી અંબિકાદેવી છે. તમે એમની સાધના કરો ને! દેવી અંબિકા પ્રસન્ન થાય તો આપણને કુળદીપક મળે!'

વિમળમંત્રીને એ વાત સ્પર્શી. એમણે આબુના પહાડ પર અંબિકાદેવીની સાધના કરી ને ફળી પણ ખરી. દેવી અંબિકાએ પ્રસન્ન થઈ કહ્યું,

'વિમળ! તારા નસીબ અનેરા છે. તું બેમાંથી એક વસ્તુ માગ કાં દેરું, કાં દીકરો! સારું એ તારું!

વિમલ મૂંઝાયો. ક્ષણાર્ધ વિચારીને કહ્યું,

'મા, મારી પત્નીને પૂછીને કાલે વરદાન માંગું તો?'

આકાશમાંથી અવાજ આવ્યોઃ 'તથાસ્તુ.'

બીજે દિવસે શ્રીદેવી સ્વયં વિમળમંત્રી સાથે વરદાન માગવા આબુ આવી. પહાડનું આકરું ચઢાણ ને ગરમીની વેળા. બન્નેને તરસ લાગી હતી, એટલે એક સરોવર પાસે આવ્યા. પાણીથી ખોબો ભર્યો ત્યાં દૂરથી અવાજ આવ્યોઃ 'થોભો.'

બન્ને ચમક્યા એ સૂરથી. એમણે દૂર નજર માંડી તો એક કિશોર દોડતો આવતો હતો. વિમળે પૂછ્યુંઃ 'તમે કંઈ કહેતા હતા?'

'હા', એ કિશોર હાંફતો હતોઃ 'તમે પાણી પછી પીજો, પહેલા દામ ચૂકવો.'

'પાણીના દામ?'

'હા.'

'પણ સરોવરનું જળ સૌ માટે હોય છે. એના દામ લેવાય?'

'હા લેવાય!' એ કિશોરના ચહેરા પર નૂર નહોતુંઃ 'મારા પિતાને પૈસા ઉડાવતા આવડતું હતું એટલે સરોવર બનાવ્યું ને અમારે ભીખ માગવાના દિવસો આવ્યા છે, એટલે પાણીના પૈસા લઈએ છીએ! પહેલા પૈસા, પછી પાણીઃ લાવો.'

અને, વિમળમંત્રીએ તથા શ્રીદેવીએ તત્ક્ષણ નિર્ણય કરી લીધો કે મા અંબિકા પાસે અમે દેરું માગીશું, દીકરો નહિ! દીકરો મેળવ્યા પછી એ આવો પાકે તો શું સુખ મળે?

એમણે એમ જ કર્યું.

આકાશમાંથી પુનઃ અવાજ આવ્યોઃ 'તથાસ્તુ.'

વિમળમંત્રીએ અને શ્રીદેવીએ આચાર્ય ધર્મઘોષસૂરિજીને આ વાત વિગતે કહી અને માર્ગદર્શન કરવા વિનંતી કરી.

આચાર્યશ્રીએ કહ્યુંઃ 'ભદ્રે! કોઈ તીર્થનો ઉદ્ધાર કરાવો. મહાપુણ્યનું કામ છે.'

'ક્યા તીર્થનો ઉદ્ધાર કરાવીએ?'

આચાર્યશ્રીએ કહ્યુંઃ 'આ નજીકમાં રહેલા ગિરિવર આબુ ઉપર પહેલાં જિનમંદિરો હતા. હજીય અવશેષ છે. એ જ તીર્થ પર અમર મંદિરનું નિર્માણ કરો.'

'જેવી આજ્ઞા.' દંપતીએ હસ્તદ્વય જોડ્યા.

એ પળ ઇતિહાસ સર્જનારી પળ બની રહી.

☐ **આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરિજી**

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨)

અંક-૮, નવેમ્બર, ૨૦૧૪ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



## જિન-વચન

**જ્ઞાની માણસો કોઈ વસ્તુને પોતાના શરણરૂપ માનતા નથી**

अब्भागमितंमि वा दुहे
अहवा उक्कमिते भवंतिए ।
एगस्स गती य आगती
विदुमंता सरणं न मन्नइ ।।
(सू. १-२-३-१७)

દુઃખ આવી પડે ત્યારે મનુષ્ય તે એકલો જ ભોગવે છે. મૃત્યુ આવે ત્યારે જીવ એકલો જ પરભવમાં જાય છે. એટલા માટે જ્ઞાની માણસો કોઈ પણ વસ્તુને પોતાના શરણરૂપ માનતા નથી..

A person has to experience his miseries all by himself. After death he goes to the next life all alone. Wise men therefore know that there is nothing in this world which is worth taking shelter of.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૨મું વર્ષ.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

### મોટા માણસો હેતુ જુએ છે

મુંબઈમાં એક વાર શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી દયાધર્મની વાતો કરતા હતા. ચામડું વાપરવું જોઈએ કે નહિ તે વિચાર ચાલતો હતો. છેવટે બંને એવા મત પર આવ્યા કે ચામડા વિના તો ન જ ચલાવી શકાય. ખેતી જેવા ઉદ્યોગ તો ચાલવા જ જોઈએ. પરંતુ કંઈ નહિ તો ચામડું માથે તો ન જ પહેરીએ.

ગાંધીજીએ જરા ચકાસણી કરતાં શ્રીમદ્‌ને પૂછ્યું : 'તમારે માથે ટોપીમાં શું છે ?'

શ્રીમદ્ પોતે તો આત્મચિંતનમાં લીન રહેનારા હતા. પોતે શું પહેરે છે, શું ઓઢે છે એના વિચાર કરવા બેસતા નહિ. માથે ટોપીમાં ચામડું છે એ એમણે જોયેલું નહિ. પણ ગાંધીજીએ બતાવ્યું કે તુરત શ્રીમદ્‌એ ટોપીમાંથી ચામડું તોડી કાઢ્યું.

આ પ્રસંગ વિશે ગાંધીજી કહે છેઃ 'મને કંઈ એમ નથી લાગતું કે મારી દલીલ એટલી સજ્જડ હતી કે તેમને સોંસરી ઊતરી ગઈ. તેમણે તો દલીલ જ કરી નહિ. તેમણે વિચાર્યું કે, આનો હેતુ સારો છે, મારી ઉપર પૂજ્યભાવ રાખે છે, તેની સાથે ચર્ચા શું કામ કરું ?' તેમણે તો તુરત ચામડું ઉતારી નાખ્યું.'

'એમાં જ મહાપુરુષનું મહત્ત્વ છે. તેમનામાં મિથ્યાભિમાન નથી હોતું એમ એ બતાવે છે. બાળક પાસેથી પણ તે શીખી લેવાને તૈયાર હોય છે. મોટા માણસો નાની બાબતોમાં મતભેદ ન રાખે.'

[ સૌજન્ય : **'આનંદ-ઉપવન'** ]

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ઇસ્લામ, અહિંસા અને ધર્મગ્રંથો | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | શતાબ્દી પુરુષ આચાર્ય તુલસી | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૬ |
| ૩. | અધ્યાત્મ અને વિજ્ઞાન | ડૉ. નરેશ વેદ | ૧૦ |
| ૪. | નવકારની સંવાદયાત્રા (૧) | ભારતી દિપક મહેતા | ૧૪ |
| ૫. | ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો વૃત્તાંત | — | ૧૭ |
| ૬. | ભજન-ધન-૧૨ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૧૮ |
| ૭. | નારી તું નારાયણી : અમારા ભાનુબેન | કુસુમ ઉદાણી | ૨૧ |
| ૮. | જૈન ધર્મ અને સમાજ | કાકુલાલ સી. મહેતા | ૨૪ |
| ૯. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : વાર્ષિક વૃત્તાંત ૨૦૧૩-૨૦૧૪ | — | ૨૭ |
| ૧૦. | ભાવ-પ્રતિભાવ : | — | ૩૦ |
| ૧૧. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૫ |
| 12. | The Conflict (દ્વંદ્વ) | Reshma Jain | 35 |
| 13. | Enlighten yourself by Self Study of Jainology | Dr. Kamini Gogri | 38 |
| 14. | Apurva Khela Aanand Ghanji Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૫. | પંથે પંથે પાથેય : દર્શકદાદા અને પાનાની રમત | મનુભાઈ શાહ | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) • અંક : ૮ • નવેમ્બર ૨૦૧૪ • વિક્રમ સંવત ૨૦૭૧ • વીર સંવત ૨૫૪૧ • કાર્તિક વદિ તિથિ-૩ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •     • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## ઈસ્લામ, અહિંસા અને ધર્મગ્રંથો

એક પરિવારમાં એવો રિવાજ હતો કે પરિવારમાં લગ્ન સમયે હસ્ત મેળાપના મંડપમાં એક ખૂણે કાળી બિલાડીને થાંભલે બાંધવી, પછી જ લગ્નની વિધિ શરૂ થાય. એ પરિવારના આધુનિક યુગના એક સુધારાવાદી યુવકના લગ્ન સમયે પણ આ રિવાજ પ્રમાણે પરિવારે મહા મહેનતે કાળી બિલાડી શોધી કાઢી અને થાંભલે બાંધી અને પછી જ વરરાજાને લગ્ન મંડપમાં પ્રવેશવા દીધા. આ યુવાનને વિચાર આવ્યો કે લગ્ન અને આ બિલાડીને શો સંબંધ? આ યુવાન આ ઘટનામાં ઊંડો ઉતર્યો! બીજી, ત્રીજી પેઢીના વડીલ સુધી પહોંચી પૂછપરછ કરી, વિચાર વિનિમય કર્યો ત્યારે અંતે સત્ય શોધન મળ્યું. વાત એમ હતી કે સોએક વરસ પહેલાં લગ્ન પ્રસંગે એ ઘરની, પરિવારને વહાલી એવી એક કાળી બિલાડીએ જમણવારના દૂધપાકમાં પોતાનું મોઢું ઘાલી દૂધપાકને બગાડ્યો હતો, અને બીજો દૂધપાક બનાવતી વખતે આ બિલાડી ફરી આ પરાક્રમ ન કરે એટલા માટે લગ્ન મંડપમાં એ બિલાડીને થાંભલે બાંધેલ. હવે એ વખતે ઘૂંઘટ તાણીને લગ્ન મંડપમાં બેઠેલી નવોઢાએ થાંભલે બાંધેલી કાળી બિલાડી જોઈ, એ લાડકીને બધા વહાલ કરે એ પણ જોયું એટલે એ નવોઢાએ માની લીધું કે લગ્ન સમયે કાળી બિલાડીને થાંભલે બાંધવાનો આ પરિવારનો આ રિવાજ હશે. આ ક્રિયા ન કરાય તો અપશુકન થાય. એટલે પંદર વીસ વરસ પછી એના પુત્રના લગ્ન લેવાયા ત્યારે એણે પણ કાળી બિલાડી થાંભલે બાંધવાનો આગ્રહ રાખ્યો, આવો જ આગ્રહ એની પછીની પેઢીએ, અને આમ રિવાજયાત્રા આગળ ચાલી જે આધુનિક યુવકે સત્ય શોધન કરી સમાપ્ત કરી.

> **આ અંકના સૌજન્યદાતા**
>
> **શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ શાહ**
>
> **અલકાબહેન ખારા અને તૃપ્તિ નિર્મળ**
>
> **સ્મૃતિ : સ્વ. માતુશ્રી કમળાબહેન દીપચંદભાઈ શાહ**
>
> **ચિ. ભાઈ હર્નિશ તથા ચિ. બહેન સ્મિતા**

જગતના બધાં જ ધર્મો અને ધર્મગ્રંથોની કેટલાક અંશે આવી જ પરિસ્થિતિ છે. કયો નિયમ કયા સંદર્ભે કઈ કાળ પરિસ્થિતિને કારણે ઘડાયો એમાં ઊંડા ઉતર્યા વગર એનો ધ્વનિ સંદર્ભ અને અધ્યાત્મિક અર્થ સમજ્યા વગર ગતાનુગતિક એ નિયમને વર્તમાન સુધી શાસ્ત્ર આજ્ઞાના નામે અમલમાં મૂકવા આગ્રહ કરાઈ રહ્યો છે.

હમણાં ઇસ્લામધર્મીઓની બકરી ઈદ આવી અને પૂરા ભારતમાં લાખો બકરાઓનું બલિદાન દેવાયું. આ કુરબાની આપવાની પ્રથા મુસ્લિમ સમાજમાં પ્રચલિત છે.

હવે આ કુરબાનીની કથા અને અર્થઘટન એક ઇસ્લામી **વિદ્વાન ડૉ. મહેબૂબ દેસાઈ**ના શબ્દોમાં અત્રે પ્રસ્તુત કરું છું :

''ઇસ્લામના અનુયાયીઓ બકરા ઈદ, ઈદ-એ-કુરબા અથવા ઈદ-ઉલ-અઝહા ઉજવે છે. તેની ઉજવણીના એક ભાગ તરીકે એક જાનવર કે બકરાની કુરબાની આપવાની પ્રથા મુસ્લિમ સમાજમાં પ્રચલિત છે. જો કે ઈદ-ઉલ-અઝહાનો મૂળભૂત ઉદ્દેશ તો ત્યાગ અને બલિદાનનો છે, નહિ કે હિંસાનો. ઇસ્લામમાં સત્ય અને અહિંસાને પાયાના સિદ્ધાંત

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ ઝવેરી
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

તરીકે સ્વીકારવામાં આવેલ છે.

ઈદ-એ-કુરબા કે ઈદ-ઉલ-અઝહા પાછળની કથા વસ્તુ પણ ત્યાગ અને બલિદાનના સિદ્ધાંતને વાચા આપે છે. હઝરત ઇબ્રાહીમે એક રાત્રે સ્વપ્નમાં જોયું કે ખુદા તેને પોતાના વહાલા પુત્ર ઈસ્માઈલની કુરબાની આપવા આદેશ આપે છે. ઇસ્લામમાં જેને 'ખલિલુલ્લાહ' અર્થાત્ ખુદાના પ્યારા દોસ્ત કહ્યા છે, તે હઝરત ઇબ્રાહીમ ખુદાના આદેશને અમલમાં મૂકવા પોતાના પુત્રને લઈને જંગલમાં જાય છે. મુનહર પહાડી પર જ્યારે તેઓ પોતાના પુત્રની કુરબાની આપવા પુત્રના ગળા પર છરી ફેરવે છે, ત્યારે આકાશવાણી સંભળાય છે: 'ઇબ્રાહીમ, તેં ખુદાના આદેશનું શબ્દસહ પાલન કર્યું છે. ખુદા પોતાના નેક બંદાઓની આ જ રીતે કસોટી લે છે. તું ખુદાની કસોટીમાં પાર ઉતર્યો છે. તેથી તારા વહાલા પુત્રને બદલે પ્રતીકરૂપે એક જાનવરની કુરબાની કર.'

અને તે દિવસથી બકરા ઈદનો આરંભ થયો.

આ કથા હઝરત ઇબ્રાહીમની ખુદાએ લીધેલ કસોટી વ્યક્ત કરે છે. ખુદા માટે પોતાના વહાલા પુત્રનો પણ ત્યાગ કરવાની ભક્તની કેટલી તૈયારી છે, તે જ તેમાં તપાસવાનો પ્રયાસ છે. અને એટલે જ કથાનું હાર્દ વ્યક્ત કરતાં કુરાને શરીફમાં પણ કહેવામાં આવ્યું છે: 'ખરેખર તો એ એક કસોટી હતી.'

આ કસોટી પાછળનો સાચો ઉદ્દેશ ભૌતિક નહિ પણ આધ્યાત્મિક કુરબાનીનો જ હતો, એમ ઇસ્લામના સિદ્ધાંતો અને કુરાને શરીફનાં અવતરણો પરથી સ્પષ્ટ જોઈ શકાય છે.

ઇસ્લામમાં ચાર બાબતો મુસ્લિમો માટે ફરજિયાત છે. નમાઝ (પ્રાર્થના), રોઝા (ઉપવાસ), જકાત (દાન), અને હજ્જ (તીર્થયાત્રા). આ ચારે ફરજોમાં હજ્જ એટલે મક્કા-મદીનાની તીર્થયાત્રા દરમિયાન કુરબાની કરવાનો ઇસ્લામમાં આદેશ છે. પણ તે ફરજિયાત સંદર્ભમાં નથી. ઇસ્લામના પવિત્ર ગ્રંથ કુરાને શરીફમાં જણાવવામાં આવ્યું છે કે, 'હજ્જ દરમિયાન જે વ્યક્તિ કુરબાની ન કરી શકે, તેણે હજ્જના દિવસોમાં ત્રણ રોઝા અને ઘરે પાછા ફર્યા પછી સાત રોઝા કરવા જોઈએ.'

આનો અર્થ એ થયો કે હજ્જ દરમિયાન કુરબાની ન કરનાર માટે ઉપવાસ ને રોઝાનો પર્યાય તરીકે ઇસ્લામે સ્વીકારેલ છે.

ઇસ્લામે યુદ્ધમાં પણ અહિંસાના સિદ્ધાંતને વળગી રહેવાનો અભિગમ આપ્યો છે. કરબલાના મેદાનમાં હઝરત ઇમામ હુસેને આક્રમક (aggressive) નહીં, પણ રક્ષણાત્મક (defensive) વ્યૂહને જ પ્રાધાન્ય આપ્યું હતું. અને એટલે બકરા ઈદને દિવસે જાનવર કે બકરાની કુરબાની પાછળનો ઉદ્દેશ આધ્યાત્મિક ત્યાગ અને બલિદાનનો જ છે. કુરાને શરીફની હજ્જ નામક સૂરાની પાંચમી રૂકુની ત્રીજી આયાતમાં આ અંગે સ્પષ્ટ જણાવ્યું છે કે, 'અલ્લાહ સુધી તમે આપેલ કુરબાનીનું માંસ કે ખૂન પહોંચતાં નથી, પરંતુ તેની પાસે તમારી શ્રદ્ધા અને પવિત્ર ભક્તિ જ પહોંચે છે.'

> ***'અલ્લાહ સુધી તમે આપેલ કુરબાનીનું માંસ કે ખૂન પહોંચતાં નથી, પરંતુ તેની પાસે તમારી શ્રદ્ધા અને પવિત્ર ભક્તિ જ પહોંચે છે.'***
>
> પવિત્ર કુરાન ૨:૧૯૬; ૨:૨૮. ૩૫-૩૭

ટૂંકમાં, બકરા ઈદને દિવસે મુસ્લિમ સમાજ બકરાની કુરબાની કરે છે, પણ એ કુરબાની પાછળનો મુખ્ય ઉદ્દેશ તો આધ્યાત્મિક ત્યાગ અને બલિદાનનો જ છે, એમ ખુદ કુરાને શરીફનાં અવતરણો સિદ્ધ કરે છે.''

હઝરત ઇબ્રાહીમ પછી મહંમદ સાહેબ પધાર્યા જેમણે આ બકરા કુરબાનીને સ્થાને રોઝા અને જકાતનો વિકલ્પ આપ્યો જે વર્તમાનમાં સુધારાવાદી મુસ્લિમભાઈઓએ સ્વીકાર્યો– આ વર્ગ બકરાની કુરબાની ન કરતા એટલી રકમ દાનમાં આપી દે છે. (જૂઓ અત્રે પ્રસ્તુત 'ગુજરાત સમાચાર'નો અહેવાલ). પણ રૂઢીવાદી ઇસ્લામી સમાજ તો હજી **'એક જાનવરની કુરબાની કર'** એ આદેશ પાસે જ ઊભો છે અને પરિણામે આ બકરી ઈદના દિવસે જગતમાં લાખો નિર્દોષ બકરાની કુરબાની દેવાય છે અને અહિંસા પ્રેમી સમાજનું હૃદય દુભાય છે.

આ નિર્દોષ જાનવરની કુરબાની આપનારને શું એવું સ્વપ્નું આવ્યું હોય છે? એમને એવો ભાવ થાય છે કે ખુદા એમની કસોટી કરી રહ્યાં છે? ખુદાએ સ્વપ્નમાં પોતાના પુત્રની કુરબાની માંગી છે? માત્ર 'એક જાનવરની કુરબાની કર' આ જ આદેશ યાદ રહ્યો?

સ્થળ, સંજોગ, કાળ પ્રમાણે પરિવર્તન થવા જોઈએ. પરિવર્તન કુદરતનો નિયમ છે, વિશેષ તો જે મૂંગા પ્રાણીઓ જેણે કોઈ દોષ જ નથી કર્યો એનો વધ કરવો એ કેટલો મોટો અન્યાય છે! નિર્દોષ પ્રાણીઓની આ હૃદયભેદક ચીસથી કોઈ ફરિશ્તા રાજી ન થાય. પ્રત્યેક ઇસ્લામધર્મીઓએ મંથન કરવું ઘટે.

ડૉ. મહેબૂબ દેસાઈનું પુસ્તક 'ઈસ્લામ એન્ડ નોનવાયોલન્સ' વાંચતાં એટલું બધું આશ્ચર્ય થયું કે ઈસ્લામમાં આટલી સૂક્ષ્મ અહિંસા? મસ્તક નમી જાય. હજ્જ કરવા જતી વખતે વ્યક્તિ દેવાદાર ન હોવી જોઈએ, સાધુ જેવો સિવ્યા વગરના શ્વેત કપડાનો નવો પોષાક, ચળ આવે તો ખંજવાળ પણ ન કરાય, એમ કરાય તો શરીર ઉપરના સૂક્ષ્મ જીવોની હિંસા થાય. આવી સૂક્ષ્મ અહિંસા જે ધર્મમાં હોય એ ધર્મમાં તો પછી જગત ટીકા કરે એવી હિંસા આવી ક્યાંથી ?

ઈસ્લામના પવિત્ર ધર્મગ્રંથમાં પશુહિંસા અને ધર્મ પ્રચારનો વિચાર છે. પરંતુ એ સમયે અહીં પશુહિંસા જીવન નિર્વાહ માટે હતી કારણ કે જે સમયે અને જે સ્થાને આ ધર્મનો ઉદ્ભવ થયો ત્યાં ખેતી શક્ય ન હતી. પરંતુ વર્તમાનમાં હવે પશુહિંસા જીવન નિર્વાહ માટે અનિવાર્ય નથી.

કુરાને શરીફની સુરાહ ૧૦૯ માં અન્ય ધર્મ સંદર્ભે કહ્યું છે: 'આપ આપને રસ્તે હું મારા રસ્તે.' સુરાહ ૨, આયાત ૧૯૦માં કહ્યું છે: 'જે

આપની સાથે લડે ઝગડે, તેની સાથે અલ્લાહના નામે લડો, ઝગડો પરંતુ મર્યાદા ન ઉલ્લંઘો, કારણ કે અલ્લાહને મર્યાદા ઉલ્લંઘન પસંદ નથી.'

કેટલીક આયાતોનું ઊંડું અધ્યયન કરીએ તો ધર્મ પ્રચાર માટે જે જે આદેશો થયા છે તે જાગૃત માનવીને વેદના થાય એવા છે. જોકે અત્રે એ ધર્મ પ્રચાર અને અન્ય ચર્ચા અસ્થાને છે. જે રીતે ડૉ. મહેબૂબ દેસાઈએ ઈસ્લામના ધર્મગ્રંથોમાંથી અહિંસા વીણી વીણીને બતાવી છે એ જ રીતે **આ ગ્રંથોમાં જ્યાં જ્યાં હિંસાનું નિર્દેશન છે એનું પણ નિર્દેશન કરાવી એ શબ્દોનું અર્થઘટન જગત પાસે મૂકવું જોઈએ.** ઈસ્લામ અને વિશ્વશાંતિની આ મહાન સેવા હશે. પયગંબર સાહેબની શુભ વાણીને આપણા વંદન હો.

જૈન ધર્મની શાસ્ત્ર આધારિત જૈન ભૂગોળ છે, એમાં લખ્યું છે કે પૃથ્વી થાળી જેવી ગોળ છે અને વિશ્વમાં બે સૂર્ય અને બે ચંદ્ર છે. જ્યારે વર્તમાનમાં સિદ્ધ થયું છે કે પૃથ્વી નારંગી જેવી ગોળ છે અને એક સૂર્યની આસપાસ એ ફરે છે. હવે વર્તમાન યુગમાં આ જૈન ભૂગોળ સ્વીકારાય?

આ પ્રમાણે પ્રત્યેક ધર્મે પોતાના ધર્મગ્રંથોમાં ઊંડી દૃષ્ટિ કરી, મૂળ તાત્પર્યને પૂરેપૂરા વફાદાર રહી, વર્તમાનને લક્ષમાં રાખી પુનઃ સંકલન કરવું જોઈશે. જે ધર્મ વર્તમાન સાથે તાલ મિલાવે છે તે જ ગતિ કરી શકે છે, એ જ જીવંત રહે છે. આ કાર્યથી ધર્મગ્રંથનો અનાદર થાય છે એવો સંકૂચિત વિચાર ન કરતાં આ પ્રક્રિયા ધર્મને તાજો રાખે છે એવું વિચારવું એ પ્રજ્ઞા અને હૃદયની વિશાળતાનું પ્રતીક છે.

ધર્મ નિમિત્તે જે જે નિર્દોષ પ્રાણીઓનું બલિદાન દેવાયું છે એ સર્વના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય એવી મંગળ ભાવના.

આ લેખ લખનારને સર્વ ધર્મગ્રંથો પ્રત્યે પૂરતો આદર છે અને અહીં જે વિચારો પ્રગટ કર્યા છે એ આ આદરનું જ પરિણામ છે, છતાં ક્યાંક કોઈ આત્માનું મન દુભાયું હોય તો ક્ષમા પ્રાર્થી છું.

❑ **ધનવંત શાહ**

drdtshah@hotmail.com

[ આ લેખ તૈયાર કરવા માટે પ્રમુખીય લોકશાહીના પ્રચારક અને સમર્થક, ચક્ષુદાન અને શાકાહારના પ્રચારક મારા વિદ્વાન મિત્ર શ્રી જશવંત મહેતા અને વિદ્વાન મિત્ર ડૉ. મહેબૂબ દેસાઈનો વિચારસાથ મળ્યો છે. આ દ્વય મહાનુભાવોનો આભારી છું. **–ધ.** ]

## બકરીનું પ્રતીકાત્મક બલિદાન આપવાના મુસ્લિમ બાંધવોના નિર્ણયને આવકાર

મહારાષ્ટ્ર રાજ્ય સરકારે બાર હજાર બળદો કતલ કરવાના નિર્ણય અને તેના પરિપત્રને વડી અદાલત, સુપ્રીમ કોર્ટમાં મળેલી નિષ્ફળતા પછી બકરી ઈદ નિમિત્તે મુંબઈ શહેરમાં ઠેર ઠેર ગેરકાયદે પશુઓની બલિ ચડાવવામાં આવી રહી છે તે સામે તંત્રે ભેદી અકળ મૌન સેવ્યું છે. જ્યારે બીજી બાજુ બૌદ્ધિક મુસ્લિમ મૌલાનાઓ અને મુસ્લિમ સંગઠનોએ સાઉદી અરેબિયાના મક્કા શહેર પાસે આવેલ પવિત્ર સૌથી મોટી મસ્જિદમાં બકરીઓની કુર્બાનીનો પ્રતીકાત્મક બલિ ચડાવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. અને બાકી દરેક હજયાત્રીઓ પાસેથી બલિને બદલે ફાળો લેવાની પ્રથા શરૂ કરવામાં આવી હતી.

**પશુને કાપવાને બદલે રોકડ દાન આપવા સાઉદીમાં પહેલ**

મેનકા ગાંધીના પીપલ ફોર એનિમલ સંસ્થાના આગેવાનોએ જણાવ્યું હતું કે એક નિર્દોષ પશુને કતલ કરવા માટે સોળ ભારતીય કાયદાઓની કતલ થાય છે. આથી અમારો કોઈ ધર્મ વિશેષ સાથે સંઘર્ષ નથી પરંતુ ભારતના બંધારણ અને કોર્ટના આદેશોનું પાલન દરેક ભારતવાસી નાગરિકોએ સમાન રીતે કરવું જોઈએ અને તેથી ભારતીય બંધારણ મુજબ માનવીની જેમ પશુઓને જીવવા, તેની સારવાર કરવા તેને નિર્ભય રીતે આચરવા બંધારણીય હક્કો મળ્યા છે. પરંતુ રાજ્ય સરકારે ગેરબંધારણીય રીતે પરિપત્ર પાઠવતા અમારે નછૂટકે કાયદાકીય પગલાં લેવા પડ્યા છે.

શહેરમાં ઠેર ઠેર ગેરબંધારણીય રીતે પશુઓની કતલ થઈ રહી છે ત્યારે બીજી બાજુ મુસ્લિમ સમાજે પણ સમયની માંગ અને દરેક ધર્મની આસ્થાને ધ્યાનમાં લઈ એક ઐતિહાસિક નિર્ણય લીધો છે.

મક્કા શહેરથી પાંચ કિલોમિટર દૂર શયતાનને પથ્થર મારવાની જગ્યા મિના ખાતે એકત્ર થયેલા હજયાત્રીઓએ બકરી ઈદ નિમિત્તે બકરીની બલિ ચડાવવાને બદલે પ્રતીકાત્મક બલિ ચડાવી અને ભારતીય મુસ્લિમો સહિતના હજયાત્રીઓએ બકરીની રકમ ફાળા તરીકે જમા કરાવી રૂઢિગત પરંપરાને નેવે મૂકી વિશ્વને મુસ્લિમ સમાજે પરિપક્વતાના દર્શન કરાવ્યા હતા. પરંતુ આ જ પ્રણાલિને જો મુંબઈ સહિતના શહેરોમાં અનુકરણીય પગલાં રૂપે અમલમાં મૂકવામાં આવે તો આવનારી પેઢીઓને પશુઓની કતલથી તેની ઘટતી જતી સંખ્યા સહિતની કાયદાકીય ચુંગાલમાંથી મુક્તિ મળી જવાનો માર્ગ મોકળો થાય. આ અંગે યુવા ક્રાંતિકારી પૂ. નમ્ર મુનિ મહારાજે મુસ્લિમ સમાજે લીધેલા નિર્ણયને આવકારતાં 'ગુજરાત સમાચાર'ને જણાવ્યું હતું કે વિશ્વના તમામ જીવોને જીવવાનો અધિકાર છે, જે કુરાનમાં પણ ઉપદેશરૂપે દર્શાવાયું છે. ધર્મની આસ્થા અને સમયની માંગ વચ્ચે મુસ્લિમ મૌલવીઓના સાપ મરે નહિ અને લાઠી તૂટે નહિ તેવા નિર્ણયને અમો હૃદયપૂર્વક આવકારીએ છીએ અને ભવિષ્યમાં તમામ ધર્મોની આસ્થા જળવાય તેવા પ્રયત્નો વાર્તાલાપથી જ શક્ય બનશે તેવું તેમણે કહ્યું હતું. ✷

[ 'ગુજરાત સમાચાર', ઑક્ટોબર, ૨૦૧૪ ]

# શતાબ્દી પુરુષ આચાર્ય શ્રી તુલસી

☐ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

*[ યુગપુરુષ આચાર્ય તુલસીના જન્મશતાબ્દી (૧૯૧૪-૨૦૧૪) વર્ષ નિમિત્તે આ લેખમાં એમના ઈન્દ્રધનુષી વ્યક્તિત્વનો પરિચય કરાવવામાં આવ્યો છે. લેખકને ગણાધિપતિ તુલસીના સત્સંગનો લાભ ઘણી નિકટતાથી મળ્યો હતો. એથી આ લેખ અધિકારપૂર્ણ (authentic) અને સામયિક બની રહેશે. –***તંત્રી** ]

(૧)

પંડિત જવાહરલાલ નહેરુ : 'બોલો આચાર્યજી! તમારી શી માંગ છે?'

આચાર્યશ્રી તુલસી : 'પંડિતજી! અમારી કોઈ માંગ નથી, અમે તમારી પાસે કંઈ માંગવા નથી આવ્યા. અમે તો તમને કંઈક આપવા આવ્યા છીએ! સ્વતંત્ર ભારતના સર્વાંગીણ વિકાસ માટે તમે અનેક યોજનાઓ બનાવી છે. એને માટે રાષ્ટ્રના નૈતિક વિકાસાર્થે 'અણુવ્રત આંદોલન'ની યોજના વિષે તમને કહેવા આવ્યા છીએ!' આઝાદી પછીના ભારતના પ્રથમ વડાપ્રધાન અને આચાર્ય શ્રી તુલસી વચ્ચેનો આ સંવાદ છે.

૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭. શતાબ્દીઓની ગુલામી પછી ભારત સ્વતંત્ર દેશ બન્યો. પણ આ સ્વતંત્રતાની ભારે કિંમત ચૂકવવી પડી. અખંડ ભારતના બે ટુકડા થઈ ગયા : હિંદુસ્તાન અને પાકિસ્તાન. બંને દેશોમાં હિંદુ-મુસલમાનોના ભયંકર હુલ્લડો થયા, અમાનવીય અત્યાચારો થયા અને શરણાર્થીઓની વણઝારો જોવા મળી. એમના પુનર્વાસની સમસ્યા જટિલ બની ગઈ. કોમી આગમાં મહાત્મા ગાંધીજીની આહુતિ અપાઈ ગઈ. સ્વતંત્રતાના સંઘર્ષમાં જે એકતા હતી તે તૂટી ગઈ. આઝાદીના આકર્ષણમાં જે મૌલિક પ્રશ્નો હતા એના પરનું આવરણ ખસી ગયું અને પરિણામ? એકાંત સ્વાર્થ, જાતિવાદ, અસ્પૃશ્યતા, અમીરી-ગરીબી, મોંઘવારી, ભિક્ષાવૃત્તિ આદિ સમસ્યાઓ ભૂતાવળ બની નાચવા લાગી. આવી પરિસ્થિતિમાં ચારિત્ર અને નૈતિકતાની સમસ્યાઓનો કોઈને વિચાર પણ ન આવે એ સ્વાભાવિક છે.

પણ તે વખતે–૧૯૪૯માં–૩૪ વર્ષના એક તરુણ જૈન આચાર્યને લોકોના નૈતિક અધઃપતનની ચિંતા થઈ. ચારિત્ર વિકાસ અને નૈતિક પુનરુત્થાનનું ભગીરથ કાર્ય એમણે ઉપાડી લીધું.

### અણુવ્રત આંદોલન

દેશની દુર્દશા જોઈ આચાર્ય તુલસીનું દિલ દ્રવી ઊઠ્યું. એમણે જોયું કે આઝાદ ભારતમાં ભૌતિક વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓ ઘણી બની, પણ દેશવ્યાપી અરાજકતાને લીધે નવનિર્માણ ઓછું અને સમસ્યાઓ વધી હતી. ઉત્તેજના અધિક હતી, ચેતના ઓછી. સામાજિક, રાજકીય, ધાર્મિક અને રાષ્ટ્રીય ક્ષેત્રોમાં ભયંકર અસંતોષ હતો. આ બધી સમસ્યાઓ માટે એમણે માનવમાં માનવતા અને નૈતિકતાના પુનરુત્થાન માટે 'અણુવ્રત આંદોલન'નું પ્રવર્તન કર્યું. આત્મસંયમના અને ઈમાનદારીના નાના નાના વ્રતો-નિયમો દ્વારા નૈતિક વિકાસની અસાંપ્રદાયિક યોજના રજૂ કરી. ભારતના રાષ્ટ્રપતિ તથા પ્રધાનમંત્રી જેવા નેતાઓ, સમાજસુધારકો, અર્થશાસ્ત્રીઓ, વ્યાપારીઓ, કામદારો આદિ બધા વર્ગોએ એનું સ્વાગત કર્યું.

અણુવ્રત આંદોલનના પ્રચાર-પ્રસાર માટે એમણે અને એમના અનુયાયીઓએ દેશવ્યાપી પદયાત્રાઓ કરી. હજારો કિલોમીટરના પગપાળા પ્રવાસ દ્વારા ગામે-ગામે, શહેરે-શહેરે નૈતિકતાનો સંદેશ પહોંચાડ્યો.

**આચાર્ય તુલસીના જીવન, કવન અને અલંકરણની**
**<u>સંક્ષિપ્ત ઝાંખી</u>**

| | |
|---|---|
| જન્મ | ૨૦ ઑક્ટોબર,૧૯૧૪. |
| મુનિ દીક્ષા | ૫ ડિસે. ૧૯૨૫ |
| આચાર્ય પદ | ૨૭ ઑગસ્ટ ૧૯૩૬ |
| અણુવ્રત આંદોલન | ૧૯૪૯ |
| આગમ સંપાદન | ૧૯૫૫ |
| સામાજિક ક્રાંતિ | ૧૯૬૦ |
| યુગપ્રધાન આચાર્ય | ૧૯૭૧ |
| પ્રેક્ષાધ્યાન | ૧૯૭૫ |
| જીવનવિજ્ઞાન | ૧૯૭૮ |
| સમણ શ્રેણી | ૧૯૮૦ |
| ભારત જ્યોતિ અલંકરણ | ૧૯૮૬ |
| જૈન વિશ્વભારતી યુનિવર્સિટી | ૧૯૯૧ |
| વાક્‌પતિ અલંકરણ | ૧૯૯૩ |
| ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય | |
| એકતા પુરસ્કાર | ૧૯૯૩ |
| આચાર્યપદ વિસર્જન | ૧૯૯૪ |
| ગણાધિપતિ પદ | ૧૯૯૪ |
| મહાપ્રયાણ ૨૩ જુન, | ૧૯૯૭ |

એમનો મંત્ર હતો કે નૈતિકતા-ઈમાનદારી વગરની ધાર્મિકતા માત્ર ક્રિયાકાંડ છે. અણુવ્રત આંદોલનમાં કોઈપણ જાતના ધર્મો, સંપ્રદાયો, ગચ્છો, આસ્તિકો, નાસ્તિકો, ઉપાસકો, અમલદારો આદિ ભેદભાવ ન હતા. લિંગ, જાતિ, વર્ણ, દેશ, પ્રાંત, ભાષાના ભેદ વગર અમીર, ગરીબ બધા એને અપનાવી શકે એવા નિયમો બનાવવામાં આવ્યા હતા. જે કામ કાયદા-કાનૂન, બળજબરી, લાલચ કે ભય ન કરી શકે એવું કામ અણુવ્રતે કરી બતાવ્યું. યુગીન સમસ્યાઓનો સીધો-સાદો ઉપાય હતો આ આંદોલન. જૈન ધર્મના એક સંપ્રદાયના આચાર્ય હોવા છતાં એમણે રાષ્ટ્રવ્યાપી આંદોલન–અનુષ્ઠાનનું સ્વપ્ન સિદ્ધ કર્યું એ એમના જીવનની એક મહાન સિદ્ધિ હતી.

### વ્યક્તિત્વ અને ઉપદેશની અમીટ છાપ

એમના ઈન્દ્રધનુષી વ્યક્તિત્વ, તેજસ્વી વાણી અને પ્રવચન કળાથી પ્રભાવિત થઈ દેશ-વિદેશના કેટલાય જાણીતા-અણજાણીતા લોકોએ પોતાની જીવનશૈલી પવિત્ર બનાવી હતી. પ્રસિદ્ધ સાહિત્યકાર નંદકિશોર નૌટિયાલે શરાબ, જર્દા, તંબાકૂ આદિ છોડી દીધા હતા. પાક્કા સામ્યવાદી કોમરેડ યશપાલ જૈન નાસ્તિક હતા અને ધર્મમાં માનતા ન હતા. પણ આચાર્ય તુલસીના ઉપદેશથી અણુવ્રત જેવા નૈતિકતાના નિયમોમાં એમને શ્રદ્ધા હતી.

અણુવ્રતના પ્રચાર-પ્રસાર માટે દેશભરમાં પગપાળા યાત્રા કરી તેઓ અનેક લોકોના પરિચયમાં આવ્યા હતા. એમાંના કેટલાંક છેઃ-

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, પં. જવાહરલાલ નહેરુ, ડૉ. રાધાકૃષ્ણન, રાજાગોપાલાચાર્ય, જૈનેન્દ્રકુમાર, ડૉ. રામ મનોહર લોહિયા, જય પ્રકાશ નારાયણ, આચાર્ય કૃપલાની, ડૉ. સાતકોડી મુખર્જી, વિનોબા ભાવે, શિવાજી ભાવે, રામકૃષ્ણ મિશનના અધ્યક્ષ સ્વામી સંબુદ્ધાનંદજી, દસ્તુરજી કૈખુશરૂ, બૌદ્ધ ભિક્ષુ જગદીશ કાશ્યપ, સુચેતા કૃપલાની, પુરુષોત્તમદાસ ટંડન, ગુલજારીલાલ નંદા, સુપ્રિમ કોર્ટના ચિફ જસ્ટીસ

## અણુવ્રતની આચાર સંહિતા

**બધા માટે સામાન્ય નિયમો** (Common Code) :

૧. હું કોઈપણ નિરપરાધ પ્રાણીનો સંકલ્પપૂર્વક વધ નહીં કરું. હું આત્મ-હત્યા કે ગર્ભ-હત્યા નહીં કરું.

૨. હું કોઈ વ્યક્તિ કે દેશ પર આક્રમણ નહીં કરું અને આક્રમક-નીતિનું સમર્થન પણ નહીં કરું. હું વિશ્વ-શાંતિ તથા નિઃશસ્ત્રીકરણ માટે પ્રયત્ન કરીશ.

૩. હું હિંસાત્મક અને તોડફોડાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ નહીં લઉં.

૪. હું માનવીય એકતામાં વિશ્વાસ કરીશ, જાતિ, રંગ, આકૃતિ આદિના આધાર પર કોઈપણ માણસને ઉંચ કે નીચ નહીં માનું- (Racial Discrimination) અસ્પૃશ્ય નહીં માનું.

૫. હું ધાર્મિક સહિષ્ણુતા રાખીશ તથા ધર્મના નામ પર સાંપ્રદાયિક ઉત્તેજના નહીં ફેલાવું.

૬. હું વ્યવસાય, ધંધા અને વ્યવહારમાં પ્રામાણિક રહીશ, બીજાને ઠગીશ નહીં અને પોતાના લાભ માટે બીજાને નુકશાન નહીં પહુંચાડું. હું છળ-કપટપૂર્ણ વ્યવહાર નહીં કરું.

૭. હું બ્રહ્મચર્યની સાધના કરીશ.

૮. હું ધન, માલ, મિલ્કત, મૂડી આદિના સંગ્રહની સીમા કરીશ. ખાવા-પીવાની ચીજો કે ઔષધાદિનો અસીમ સંગ્રહ નહીં કરું.

૯. ચૂંટણી (ચુનાવ-Election) સંબંધમાં અનૈતિક આચરણ નહીં કરું. પૈસા આદિના પ્રલોભનમાં મત (Vote) આપીશ નહીં કે માંગીશ નહીં.

૧૦. હું વ્યસન-મુક્ત જીવન જીવીશ. માદક, કેફી અને નશાવાળા પદાર્થો જેવા કે દારૂ, ગાંજો, ચરસ, હેરોઈન, ભાંગ, તમાકુ, ગુટકા આદિનું સેવન નહીં કરું.

૧૧. હું પર્યાવરણની સમસ્યા પ્રત્યે જાગૃત રહીશ અને પર્યાવરણ (Environment and Ecology)નું પ્રદૂષણ નહીં કરું તથા એનું સંતુલન જાળવીશ. લીલા ઝાડ નહીં કાપું. પાણીનો અપવ્યય નહીં કરું.

ઉપર મુજબના સામાન્ય નિયમો-વ્રતો-સંકલ્પો ઉપરાંત દરેક પ્રકારના વિશિષ્ટ વર્ગો-લોકો માટે વિશેષ નિયમો પણ બનાવવામાં આવ્યા છે. જેમકે

(૧) **વિદ્યાર્થી માટે :** હું ચોરી કે એવા બીજા ખોટા કાર્યો દ્વારા પરીક્ષામાં પાસ થવા માટે કે વધારે માર્ક્સ મેળવવા માટે પ્રયત્ન કરીશ નહીં.

(૨) **શિક્ષક-પરીક્ષક માટે :** હું પ્રલોભન વશ કે બીજા ખોટાં કાર્યો દ્વારા વિદ્યાર્થીને પાસ કરીશ નહીં કે ખોટી રીતે કોઈના માર્ક્સ વધારીશ નહીં.

(૩) **વ્યાપારી માટે :** હું લાંચ-રૂશ્વત આપીશ નહીં, કાળાબજાર કરીશ નહીં, કર-જકાત (taxes, duties etc) ની ચોરી કરીશ નહીં, માલમાં મિલાવટ કે ભેળસેળ કરીશ નહીં, ખોટાં તોલ-માપ કરીશ નહીં, ગ્રાહકને ઠગીને ધંધો કરીશ નહીં. આદિ.

(૪) **અમલદાર વર્ગ માટે :** (Government offices and other authorities having administrative power) હું મારી સત્તા (power) નો દુરુપયોગ કરી લોકોને સતાવીશ નહીં, લાંચ લઈશ નહીં, મારી ફરજ પ્રમાણિકતા અને નિર્ભયતાથી અદા કરીશ.

* * *

પી. ડબ્લ્યુ સ્પેંશ, વુડલેંડ કહેલર, ડૉ. કે. જી. રામારાવ, દલાઈલામા, જર્મન વિદ્વાન ડૉ. ગ્લાજનપ, લંકાના બૌદ્ધ ભિક્ષુ મહાસ્થવિર ધર્મેશ્વર, ડૉ. ડી. એસ. કોઠારી, અક્ષયકુમાર જૈન, કમલાપતિ ત્રિપાઠી, બી. ડી. જત્તી, બોચાસણવાસી પ્રમુખસ્વામીજી, બ્રહ્મકુમારી શારદા, સ્વામી સચ્ચિદાનંદજી, મુનિચંદ્રશેખર, આ. સુબોધસાગરજી, કાકા કાલેલકર, રવિશંકર મહારાજ, સત્યદેવ વિદ્યાલંકાર, સંઘના સર સંચાલક ગોલવલકર, કિશોરલાલ મશ્રુવાલા, ડૉ. ઝાકિર હુસેન, જ્ઞાની ઝૈલસિંહ, ડૉ. એ. એન. ઉપાધ્યે, ઈન્ડિયન નેશનલ ચર્ચના અધ્યક્ષ ફાધર જે. એસ. વિલિયમ્સ, ગોપીનાથ અમન, યશપાલ જૈન, ઈન્દ્રકુમાર ગુજરાલ, શ્રીમન્નારાયણ અગ્રવાલ, શ્રીમતી મદાલસા, જયસુખલાલ હાથી, શિવરાજ પાટીલ, આરિફ બેગ, અટલબિહારી બાજપેયી, ડૉ. કરણસિંહ, સી. સુબ્રહ્મણ્યમ્, કે. એચ. હેગડે, ભિક્ષુ આનંદ કૌશલ્યાયન, પટ્ટાભિ સીતારામૈયા, રામકૃષ્ણ ડાલમિયા, ડૉ. સંપૂર્ણાનંદ, ડૉ. વી. કે. આર.વી.રાવ, ડૉ. ધર્મવીર ભારતી, હરિભાઉ ઉપાધ્યાય, હરિવંશરાય બચ્ચાન, દાદા ધર્માધિકારી, રાજા રામન્ના, પં. કેદારનાથ શર્મા, ડૉ. શંકરદયાલ શર્મા.

**માત્ર બાવીસ વર્ષની ઉંમરે એક વિશાળ સંઘના તેઓ શ્રી આચાર્ય બની ગયા. તે વખતે તેરાપંથ સંઘમાં ૧૩૯ સાધુઓ અને ૩૬૩ સાધ્વીજીઓ હતા. એમના મહાપ્રયાણ સમયે સંઘમાં લગભગ એક હજાર સાધુઓ, સાધ્વીજીઓ, સમણીજીઓ અને મુમુક્ષુઓ એક જ આચાર્યની આજ્ઞા નીચે સ્વ-પરનું કલ્યાણ કરી રહ્યા હતા.**

### શૈશવ અને દીક્ષા :

આચાર્યશ્રી તુલસીજીનો જન્મ વિ. સં. ૧૯૭૧ કાર્તિક શુકલા બીજ (૨૦મી ઑક્ટોબર ૧૯૧૪)ના નાગોર જિલ્લાના (રાજસ્થાન) લાડનું ગામમાં ખટેડ પરિવારમાં થયો હતો. નવ ભાઈ-બહેનોમાં એમનું સ્થાન આઠમું હતું. માતાના સંસ્કાર અને જૈન સાધુ-સાધ્વીજીના સત્સંગથી માત્ર અગિયાર વર્ષની ઉંમરે એમણે જૈન તેરાપંથ સંઘના અષ્ટમાચાર્ય શ્રી કાલુગણિ પાસે દીક્ષા લીધી હતી. પછીના મુનિ અવસ્થાના અગિયાર વર્ષમાં એમણે ગુરુ પાસે રહીને શિક્ષણ અને સાધનાની દૃષ્ટિએ પોતાના વ્યક્તિત્વનો બહુમુખી વિકાસ કર્યો. હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત ભાષાઓ તથા વ્યાકરણ, કોશ, સાહિત્ય, દર્શન અને વિશેષતઃ જૈનાગમનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. તરુણ વયમાં તેઓ શિક્ષક બની બાળમુનિઓને પણ અધ્યયન કરાવતા.

### આચાર્યપદ

એમના સંયમ જીવનની નિર્મળતા, વિવેક સૌષ્ઠવ, આગમોનું જ્ઞાન, બહુશ્રુતતા, સહનશીલતા, ગંભીરતા, ધીરતા, અપ્રમત્તતા અને અનુશાસનનિષ્ઠાને લીધે માત્ર બાવીસ વર્ષની ઉંમરે એક વિશાળ સંઘના તેઓશ્રી આચાર્ય બની ગયા. તે વખતે તેરાપંથ સંઘમાં ૧૩૯ સાધુઓ અને ૩૬૩ સાધ્વીજીઓ હતા. એમના મહાપ્રયાણ સમયે સંઘમાં લગભગ એક હજાર સાધુઓ, સાધ્વીજીઓ, સમણીજીઓ અને મુમુક્ષુઓ એક જ આચાર્યની આજ્ઞા નીચે સ્વ-પરનું કલ્યાણ કરી રહ્યા હતા.

### આત્માનુશાસન

તેઓશ્રી આત્માનુશાસનના વિલક્ષણ પ્રયોકતા હતા. એમનું સમગ્ર જીવન ઇતિવૃત્ત આત્માનુશાસનની અહર્નિશ પરિક્રમામાં સંલીન હતું. એમનો આચાર, વિચાર, વ્યવહાર, ચિંતન, કાર્યપ્રણાલી–બધું આત્માનુશાસી હતા. બાલ્યકાળમાં જ એમણે આત્માનુશાસનનું જ્વલંત ઉદાહરણ રજૂ કર્યું હતું. જ્યારે એમના મોટાભાઈ શ્રી મોહનલાલજી ખટેડે એમને દીક્ષાની અનુમતી આપવાની ના પાડી ત્યારે એમણે અગિયાર વરસની કુમળી વયે ભરસભામાં ગુરુદેવ કાલુગણી સમક્ષ ઊભા થઈ બે સંકલ્પ-પ્રતિજ્ઞા કરી હતીઃ (૧) 'મને વિવાહ કરવાના ત્યાગ છે. (૨) વ્યાપાર નિમિત્ત પરદેશ જવાના ત્યાગ છે.' (તે સમયે કલકત્તા, આસામ, આદિ પણ પરદેશ ગણાતા). આર્ષ વાણીનું આ પદ-

જયં ચરે જયં ચિટ્ઠે, જયમાસે જયં સએ।<br>
જયં ભુંજંતો ભાસંતો, પાવકમ્મં ન બંધઈ ।।

એમના આત્માના તાણાવાણામાં વણાઈ ગયું હતું. જીવનની પ્રત્યેક ક્રિયા-ચાલવાની, ઊભા રહેવાની, બેસવાની, સુવાની, ખાવાની, બોલવાની-માં આત્માનુશાસન ઝળકતું હતું.

અગિયાર વર્ષમાં એમણે પોતાના ધર્મસંઘની સર્વતોમુખી પ્રગતિ માટે અથાગ પ્રયત્નો કર્યા. પોતાના શિષ્ય-શિષ્યાઓ ભવિષ્યની, જરાવસ્થાની, બિમારીની આદિ ચિંતાઓથી મુક્ત થઈ નિર્મળ ચારિત્ર પાળે અને સંઘબદ્ધ સાધના કરે તે માટે પૂર્વાચાર્યોએ કરેલી અનુશાસન આદિની અનેક પ્રકારની વ્યવસ્થા–(જેને મર્યાદાઓ કહેવામાં આવે છે) એને સુદૃઢ બનાવી. એમના ભગીરથ પ્રયત્નથી સકલ સંઘના સાધુ-સાધ્વીઓ જૈનાગમના અભ્યાસુ થતા ગયા. એક જમાનામાં માત્ર મારવાડી ભાષામાં જ વ્યાખ્યાન આપનાર સાધુ-સાધ્વીઓ હિંદીમાં પ્રવચન આપતા થઈ ગયા.

### સંસ્કૃત ભાષાના પુનરુદ્ધારક

સાધુ-સાધ્વીઓને એમણે સંસ્કૃતમાં બોલવાની પ્રેરણા આપી અને પ્રતિયોગિતાઓ યોજી. એકપણ શબ્દ અશુદ્ધ બોલ્યા વગર એક મહિના સુધી નિરંતર સંસ્કૃતમાં ભાષણ આપવાના, પરસ્પર બોલવામાં પણ દિવસો સુધી માત્ર સંસ્કૃત ભાષાનો ઉપયોગ કરવાનો, આદિ પ્રયોગો કરાવ્યા. પંડિતોની સભામાં સંસ્કૃત તથા પ્રાકૃતમાં ધારાપ્રવાહ પ્રવચનો/આશુકવિતા કરવાનો પણ અભ્યાસ કરાવ્યો.

રાષ્ટ્રપતિ ભવનમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદે આપેલા 'શિક્ષણ' વિષય પર મુનિ નથમલજી (આચાર્ય મહાપ્રજ્ઞ) અને મુનિ બુદ્ધમલજીએ આશુકવિતા બનાવી સંભળાવી. ૧૫ ઑગસ્ટ ૧૯૪૯ના દિવસે યોજવામાં આવેલા કવિ સમેલનમાં પંડિત ચૈનસુખદાસજી, પં.

મથુરાદાસજી, હરિશ્ચંદ્રજી શાસ્ત્રી, પં. રઘુનંદજી, પં. જયંતી પ્રસાદજી આદિની ઉપસ્થિતિમાં પણ આશુકવિતાનો કાર્યક્રમ થયો. ૧૯૫૦માં કોંગ્રેસ અધ્યક્ષ ડૉ. પટ્ટાભિસીતારામૈયા સમક્ષ; ૧૯૫૫માં મહારાષ્ટ્રના શિક્ષણ કેન્દ્ર તિલક સંસ્કૃત વિદ્યાપીઠમાં; આનંદાશ્રમમાં ગીર્વાણ વાગ્વર્ધિની સભામાં એસ.પી. કૉલેજના સંસ્કૃત વિભાગાધ્યક્ષ ડૉ. કે. એન. વાટવે સમક્ષ; ૧૯૫૬માં રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તાના ઘરે; ૧૯૫૭માં દિલ્હીમાં ભારતીય સંસ્કૃત સાહિત્ય સંમેલનમાં પં. ચારુદેવ શાસ્ત્રી, પ્રો. એમ. કૃષ્ણમૂર્તિ, ડૉ. સત્યવ્રત, કર્ણદેવ શાસ્ત્રી, આચાર્ય શ્યામલાલ શાસ્ત્રી, આદિ સમક્ષ ૧૯૫૮માં વારાણસીની સંસ્કૃત વિશ્વ વિદ્યાલયમાં યોજિત વિદ્વત્ પરિષદમાં; ૧૯૫૯માં નવનાલંદા મહાવિહાર પાલી ઈન્સ્ટીટ્યુટમાં ડૉ. સાતકોડી મુખર્જી સમક્ષ; ૧૯૬૪માં ભારતીય વિદ્યાભવનમાં ડાયરેક્ટર શ્રી મજૂમદાર સમક્ષ; ૧૯૬૮માં ડેકકન કૉલેજ (પૂના)માં સંસ્કૃત વિદ્વાનોની સભામાં તથા મહારાષ્ટ્ર તિલક વિદ્યાપીઠ સંસ્કૃત મહાવિદ્યાલયમાં; ૧૯૬૮માં અડિયારમાં શ્રીમતી રુક્મિણીદેવી અરુંડેલ સંચાલિત કલાક્ષેત્રમાં; ૧૯૬૯માં ચિદંબરમ્ નટરાજ મંદિરમાં સંસ્કૃત વિદ્વાન શ્રી પોધી દીક્ષિધર તથા શ્રી શિવસુબ્રહ્મણ્યમ્ આદિ પંડિતો સમક્ષ; ૧૯૬૯માં ત્રિવેન્દ્રમ્‌માં મહારાજા ત્રાવણકોરના રાજભવનમાં તથા ઈન્દ્રગિરિમાં બાહુબલિજીની વિશાલ પ્રતિમાની સમક્ષ; ૧૯૭૦માં ગોપુરીમાં વિનોબા ભાવેની કુટિરમાં વિનોબાજીએ આપેલા વિષય પર આશુકવિતાઓ કરી હતી.

ગુજરાત-મુંબઈના વિદ્વાનોમાં પં. સુખલાલજી, પં. દલસુખભાઈ માલવણિયા, પં. બેચરદાસ દોશી, રતિલાલ ડી. દેસાઈ, રોહિત શાહ, ચંદ્રહાસ ત્રિવેદી, શ્રેણિકભાઈ, શંકરસિંહ વાઘેલા, અમરસિંહ ચૌધરી, શાંતિલાલ સી. શાહ, પરમાણંદ કુંવરદજી કાપડિયા, ડૉ. રમણલાલ શાહ, ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. જીતેન્દ્ર શાહ, ડૉ. શેખરચંદ્ર જૈન, કસ્તુરભાઈ લાલભાઈ, અંબાલાલ શાસ્ત્રી આદિ સાથે એમનો સંપર્ક રહ્યો હતો.

આ ઉપરાંત સંસ્કૃત વિશારદ મહામહોપાધ્યાય પં. ગિરિધર શર્મા, રાષ્ટ્રકવિ દિનકર, કનૈયાલાલ મિશ્ર 'પ્રભાકર', પદ્મનાભજી જૈન, લક્ષ્મીમલ્લ સિંઘવી, શ્રી આત્માનંદજી, પુરુષોત્તમ માવલંકર, મલૂકચંદ ર. શાહ, ડૉ. ચીનુભાઈ નાયક, શાંતિપ્રસાદ જૈન, રત્નેશ 'કુસુમાકર' આદિ સાથે એમનો સંપર્ક રહ્યો હતો. **[ક્રમશઃ]**

અર્હમ્, પ્લોટ નં. ૨૬૬, ગાંધી માર્કેટની બાજુમાં,
સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨. મોબાઈલ : ૯૮૨૧૬૮૧૦૪૬.
ટેલિફોન : ૦૨૨-૨૪૦૪ ૨૦૩૨, ૦૨૨-૨૪૦૯ ૪૧૫૭

## કિશોર ટીંબડીયા કેળવણી ફંડ માટે અપીલ

મુંબઈ જૈન યુવક સંઘના નેજા હેઠળ ઘણી પ્રવૃત્તિઓ ચાલે છે અને એના કાર્યકરો નિષ્ઠાપૂર્વક તેઓની ફરજ બજાવે છે. તેમાં ૮૦ વર્ષથી ચાલતી પર્યુષણ વ્યાખ્યાનમાળા શિરમોર છે. એવી જ રીતે 'પ્રેમળ જ્યોતિ'ના નામ હેઠળ સામાજિક સેવાના કાર્યો બહુ જ સુંદર રીતે ચાલે છે. દર સોમવારે દવા તેમજ ચશ્મા (રાહત દરે) આપવામાં આવે છે. જ્યારે બુધવારે અનાજ તેમજ ફી આપવામાં આવે છે. ૧૯૮૫-૮૬ થી અનાજ રાહત યોજના અને કિશોર ટીંબડીયા કેળવણી ફંડની પ્રવૃત્તિ એકધારી ચાલી રહી છે. થોડા સમય પહેલાં અનાજ માટે આપ સૌને અપીલ કરી હતી. તેમાં સારો એવો પ્રતિસાદ મળ્યો. આજે કેળવણીના ફંડ માટે અપીલ કરવી છે.

આપ સૌ કેળવણીની મહત્તા તો સમજો જ છો. સંસ્કારનો પાયો જ કેળવણીથી રોપાય છે.

શ્રી ગુણવંત શાહ કહે છે કે જે ઘરમાં લાયબ્રેરી ન હોય ત્યાં દીકરી ન દેવી. તે ક્યારે શક્ય બને? જ્યારે દરેકે દરેક કુટુંબમાં શિક્ષણ અપાય તેની જવાબદારી આપણે સૌ લઈએ.

આપ સૌ જાણો છો કે આજકાલ ફીનું પ્રમાણ શું હોય છે! દરેક બાળકને કલાસમાં તો મોકલવા જ પડે. કલાસની ફી ભલભલાને ભારે પડે છે. તો અમારે ત્યાં આવતી બેનો-જેને સાધારણ કહીએ એ પણ અતિશયોક્તિ ભરેલું છે, એવા સંજોગોમાં રહે છે છતાં પણ દરેકે દરેકને પોતાનું બાળક ભણીને આગળ વધે તેવી ખૂબ જ ઈચ્છા હોય છે. પોતાને જે રીતે જીવવું પડે છે એવી રીતે એ લોકો ન જીવે એ જ આશાથી ઠેકાણે ઠેકાણે ફી માટે અપીલ કરે છે. અને છતાં પણ ફીની જોગવાઈ ન થતાં બાળકોને પરીક્ષામાં બેસવા નથી દેતા. આવી કરુણ પરિસ્થિતિમાં આપણે સૌ થોડીઘણી પણ મદદ કરી શકીએ એવી આશા રાખવી અયોગ્ય તો નથી ને?

આ વખતે સવા લાખ જેટલી ફીની મદદ કરી શક્યા છીએ. એમાં ૮૦,૦૦૦ રૂા. ફક્ત પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીને જેના ટકા ૭૫ ઉપર હોય. વધારેમાં વધારે ૨૫૦૦ રૂા. જ આપી શકાય. કારણ ફી માટેના ફોર્મ જ ઘણાં આવે છે. અનાજ લેવા આવતી બેનોને લગભગ ૫૦,૦૦૦ રૂા. જેટલી મદદ થઈ. જે શાળામાં ભણતાં બાળકોને બધાં જ વ્યવસ્થિત રીતે અપીલ કરે છે, તે બધાંને કૉલેજ તેમજ શાળામાં ચેક આપવામાં આવે છે. ફંડ ઓછું અને વ્યાજના દર ઘટતા જાય છે. એટલે અમે ઈચ્છીએ તો પણ વધારે મદદ નથી કરી શકતા. તેથી આપ સૌ સુજ્ઞ વાચકોને અપીલ કરીએ છીએ કે જેટલી શક્ય હોય તેટલી આપ મદદ કરો, તો આપણે વધારે વિદ્યાર્થીઓને ફી આપી શકીએ.

અંતમાં જે દાન કરે છે તે ભગવાનને ઉછીના આપે છે. ભગવાન તેનું બમણું કરીને આપે છે.

**☐ રમા મહેતા, ઉષા શાહ, વસુબેન ભણશાળી**

# અધ્યાત્મ અને વિજ્ઞાન

☐ ડૉ. નરેશ વેદ

આપણે ભૌતિક (Physical), ભાવાત્મક (emotional) અને આધ્યાત્મિક (Spiritual) – એમ ત્રણ લોકમાં અને આંતર (inner) અને બાહ્ય (outer) – એમ બે વિશ્વમાં જીવીએ છીએ. ભૌતિક જગતમાં ઈન્દ્રિયપ્રત્યક્ષ ધ્યાન (perception) વડે, ભાવાત્મક જગતમાં અનુમાનમૂલક ધારણા (conception) વડે અને આધ્યાત્મિક જગતમાં સમાધિયુક્ત આત્માનુભવ (realization) વડે જીવતા હોઈએ છીએ. એ કારણે આપણી પાસે ત્રણ વિશિષ્ટ આંક (quotient) હોય છેઃ (૧) બૌદ્ધિક આંક (intelligence quotient), (૨) ભાવાત્મક આંક (emotional quotient) અને (૩) આધ્યાત્મિક આંક (spiritual quotient). ભૌતિક આંકની જાણકારી વિજ્ઞાન દ્વારા, ભાવાત્મક આંકની જાણકારી સાહિત્ય અને તત્ત્વજ્ઞાન દ્વારા અને આધ્યાત્મિક આંકનું ઘડતર અધ્યાત્મ દ્વારા મળે છે. આ કારણે આ વિશ્વને ઘડવાની અને બદલવાની શક્તિ વિજ્ઞાન, સાહિત્ય-તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ–એ ત્રણ પાસે છે. આ ત્રણેય જે બ્રહ્માંડમાં આપણે વસી રહ્યા છીએ તેનાં સ્વરૂપ, કાર્ય અને કર્તાને ઓળખવાનો પ્રયત્ન કરે છે. આવો પ્રયત્ન બહારથી (out side) યે કરી શકાય અને આંતર નિરીક્ષણ (inside obervation) થી પણ કરી શકાય. અધ્યાત્મવિદ્યા વ્યષ્ટિ અને સમષ્ટિનું આંતરિક રૂપ સમજાવે છે, જ્યારે વિજ્ઞાન તેમનું બાહ્ય રૂપ સમજવામાં મદદ કરે છે. એકનો અભ્યાસવિષય વિશ્વનું આંતરિક પાસું છે, તો બીજાનો વિષય વિશેષરૂપે સૃષ્ટિનું બાહ્ય પાસું છે. આમ, અધ્યાત્મ અને વિજ્ઞાન બંને મળીને આ વિશ્વ અને વિશ્વનિર્માતાને ઉઘાડવા અને ઓળખાવવા મથે છે. જ્યારે સાહિત્ય અને તત્ત્વજ્ઞાન તેમનું વિભાવનાત્મક અને પ્રતીકાત્કમરૂપે પ્રતિનિધાન (representation) કરે છે. આ સૃષ્ટિમાં અને પ્રકૃતિમાં જે કોઈ તત્ત્વો અને સત્ત્વો (દ્રવ્યો) છે, તેમના આ ગુણધર્મો શા છે, વિશ્વમાં તે કેવી રીતે કામ કરી રહ્યા છે, તે કયા ધારાધોરણોને અનુસરીને કરે છે તેના નિયમો અને રહસ્યોની શોધ વિજ્ઞાન કરે છે. સાહિત્ય અને તત્ત્વજ્ઞાન સૃષ્ટિરચના અને જીવાતું જીવન કેવાં છે અને કેવાં હોવા જોઈએ તેની ચર્ચા કરે છે. સંબંધો અને વ્યવહારોના જાળામાં ગુંથાયેલાં અને ગુંચવાયેલાં જીવો, જગત અને ઈશ્વર વચ્ચે પારસ્પરિક સંબંધો કેવા છે અને એમાં કેવાં ભરતી-ઓટ આવી રહ્યાં છે તેની શોધ કરે છે. જ્યારે અધ્યાત્મવિદ્યા આત્મા એટલે શું, તેનો મનુષ્યના શરીર અને સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપ્ત વિભુ વચ્ચે શો સંબંધ છે, તેનો અનુભવ, તેનું દર્શન અને તેનામય થઈ રહેવાની સિદ્ધિ કરી રીતે પામી શકાય તેની શોધ કરે છે. મતલબ કે આ સૃષ્ટિ, આ જડ-ચેતન, તત્ત્વો, આ જીવન; અને તેની વૃદ્ધિ, વિકાસ, જરા, આજાર અને મૃત્યુ જેવી અવસ્થાઓ શું છે એવા આપણા સવાલોનો ઉત્તર અધ્યાત્મવિદ્યા આપે છે. એ બધું શા માટે? એ સવાલોના ઉત્તર સાહિત્ય અને તત્ત્વજ્ઞાન આપે છે અને એ બધું કેવી રીતે કામ કરે છે એ સવાલોના ઉત્તર વિજ્ઞાન આપે છે. એટલે કે અધ્યાત્મવિદ્યા, સાહિત્ય-તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાન–એ ત્રણેય જીવ અને બ્રહ્માંડના આખરી અને અદલ સ્વરૂપને શોધવાની મથામણ કરી રહ્યાં છે. માણસનો મુખ્ય પુરુષાર્થ આ વ્યષ્ટિ તથા સમષ્ટિના ખરેખરા સત્યને (ultimate reality) ને સમજવાનો છે.

માનવજાતિના ઇતિહાસમાં છેલ્લાં ત્રણ સો વર્ષ દરમ્યાન વિજ્ઞાને અભૂતપૂર્વ વિકાસ સાધી; વિરાટ સૃષ્ટિનો તાગ લેવાનું અને સૂક્ષ્મ અણુપરમાણુ શક્તિનું આકલન કરવાનું કામ કર્યું છે, બ્રહ્માંડનાં અનેક રહસ્યો ખોલી આપ્યાં છે, પ્રકૃતિના અનેક નિયમો શોધી આપ્યાં છે, માણસની બુદ્ધિને વધારે તીક્ષ્ણ કરીને માણસની સમજને વધારે વિશદ કરી આપી છે. માણસની દૃષ્ટિને વધારે વિશાળ કરી આપી છે. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, જીવ, જંતુ, પશુ, પંખી, વનસ્પતિ, ઔષધિ, જિન્સ, જીવાણુ, વિષાણુ, ઔષધ, ખનિજો, રસાયણો, ધાતુઓ, મન, બુદ્ધિ, સમાજ, રાજકારણ, પ્રશાસન, પ્રબંધન, સંતુલન, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, રોગલક્ષણ, રોગવાવર અને રોગપ્રતિરક્ષા, તબીબી અને ચિકિત્સાપ્રકૃતિ, ભૂકંપ, જ્વાળામુખી વિસ્ફોટ, જળહોનારત જેવી ડિઝાસ્ટ્રસ ઘટનાઓ વગેરેના વિજ્ઞાનો વિકસાવીને આપણી જાણકારીમાં ઘણો વધારો કર્યો છે. અગાઉ ક્યારેય ન હતી એટલી બધી શક્તિઓ અને સુવિધાઓ આપણને આપી છે. સુખ-સગવડનાં સાધનોનો ગંજ ખડકી દીધો છે. ફોન, ફેક્સ, ઈન્ટરનેટ વગેરેએ લોકોને એકબીજાની બહુ નિકટ લાવી મૂક્યા છે. સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારના અતિ તેજ ગતિ ધરાવતાં સાધનો વડે દુનિયાને નાની બનાવી દુનિયાને વિશ્વગ્રામ (global villege)માં પરિવર્તિત કરી દીધી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ, આ ત્રણ સદીઓમાં, આપણા જીવનને ઘણું બદલી નાંખ્યું છે. આને પરિણામે આજના મનુષ્યજીવનમાં કેવળ સુખ અને શાંતિ જ હોવા જોઈતા હતા; પરંતુ એના બદલે આજે મનુષ્યજીવનમાં માનસિક તાણ, ઉચાટ, અજંપો અને ભય તથા તજ્જનિત અરાજકતા, અનવસ્થા, અસલામતી અને અશાંતિનું સામ્રાજ્ય ફેલાઈ ગયેલું જણાય છે.

સૃષ્ટિ અને પ્રકૃતિનું ભાન અને જ્ઞાન હોવું, એમના પર નિયંત્રણ રાખવાની શક્તિ પામવી, એ બધી વાત સારી છે; પરંતુ સૃષ્ટિ અને પ્રકૃતિઓની શક્તિઓનાં આયોજન, વહેંચણી અને ઉપયોગ કેવી રીતે કરવા તે હજુ આપણે બરાબર સમજી શક્યા નથી. આજકાલ વિજ્ઞાને પ્રગતિ તો ઘણી કરી છે, પણ હજુ આપણામાં વૈજ્ઞાનિક વૃત્તિવલણ

નિર્મિત થયા નથી. આપણું જીવન અને આપણો દૃષ્ટિકોણ વૈજ્ઞાનિક બન્યાં નથી. આપણી જાણકારી વધી છે, પણ સાચા અર્થમાં આપણે જ્ઞાની થયા નથી. સંપત્તિવાન અને સત્તાશીલ થવાની આપણી લાલસા વધી રહી છે, પણ નથી આપણો વિવેક વધ્યો, નથી આપણે વૈજ્ઞાનિક અભિગમ કેળવી શક્યા. કદાચ એ કારણે વૈજ્ઞાનિક રહસ્યો અને શક્તિઓનો દુરુપયોગ કરીને આપણે આ વિશ્વ અને માનવસમાજને નષ્ટભ્રષ્ટ કરવાના રવાડે ચડી જઈએ, એવી દહેશત રહ્યા કરે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગની કેટલીક માઠી અસરો તો આપણે અત્યારે જ ભોગવવા લાગ્યા છીએ, જેમ કે, પ્રાકૃતિક સંપદા (natural resources)નો બેફામ દુરુપયોગ, વનજંગલો અને પશુપંખીની કેટલીક પ્રજાપતિઓનો વિનાશ, ઈન્ડસ્ટ્રીયલ ન્યૂક્લીયર અને મેડિકલ વેસ્ટ (waste)થી સર્જાતાં હવા પાણી અને ખોરાકનાં પ્રદૂષણો, ઘોંઘાટિયા વાહનો વડે અવાજ અને પર્યાવરણનાં પ્રદૂષણો, રાસાયણિક ખાતરો અને દવાઓ વડે થતી પર્યાવરણ હાનિ, તેના પરિણામે સર્જાતું ગ્લોબલ વૉર્મીંગ અને કુદરતના ઋતુચક્રને વણસાડી મૂકતી દુષ્ટ અસરો–આ બધાંનો આપણે આજ ભોગ બની જ રહ્યાં છીએ.

આમ કેમ બન્યું તેનો વિચાર કરીએ ત્યારે સમજાય છે કે આખરે વિજ્ઞાન સ્થૂળ (gross) અને મૂઢ (infatuate) એવી બાહ્ય શક્તિ છે. એ શક્તિનો ઉપયોગ અંતરાત્માના જ્ઞાનને આધારે થવો જોઈતો હતો; પણ એમ થયું નહીં. કારણ કે આજે કોઈને અંતરાત્માનું ભાન જ ક્યાં છે ? વિજ્ઞાન જેમ એક જ્ઞાન અને વિચાર છે, તેમ આત્મા પણ જ્ઞાન અને વિચાર છે. વિજ્ઞાન સૃષ્ટિને જડ પદાર્થ માને છે, ત્યારે આત્મજ્ઞાન તેને ચૈતન્યરૂપ માને છે. આ સૃષ્ટિમાં રહેલાં સઘળાં સત્ત્વો, તત્ત્વો અને દ્રવ્યો જે કાંઈ કાર્ય કરી શકે છે તે એમની અંદર રહેલી ચૈતન્યશક્તિને કારણે કરી શકે છે. એ અધ્યાત્મવિદ્યાની વાત વિજ્ઞાન હજુ પૂર્ણપણે પામી-સ્વીકારી શક્યું નથી. એટલે તો આ સૃષ્ટિનું સર્જન એક મહાવિસ્ફોટની ઘટનાને કારણે થયું છે એવી બિગબેન્ગ થિયરી ઘડી, વિશ્વ એના સ્વયંસંચાલિત નિયમોને કારણે ચાલતું સ્વયંયંત્ર જ છે, એવું વિજ્ઞાન માને છે. પરંતુ અધ્યાત્મવિદ્યા એ વાત સ્પષ્ટ કરે છે કે આ સૃષ્ટિની રચના આવી કોઈ ભૌતિક અકસ્માતી ઘટનાને કારણે થયેલી નથી, પરંતુ એ કોઈના સુચિંતિત (well thought) સંકલ્પથી નિર્માણ પામેલી સુઆયોજિત (well organized) સૃષ્ટિ છે; વળી, એ જ્ઞાન, ઈચ્છા અને કર્મ–એવી પ્રકૃતિદત્ત ત્રણ મહાશક્તિઓને આધીન રહીને કાર્ય કરી રહી છે. આજની ભાષામાં કહીએ તો આ સૃષ્ટિ knowledge power, will power અને action power–એમ ત્રણ શક્તિ (power) ને આધીન રહીને કાર્ય કરી રહી છે. છેક આટલાં બધાં વર્ષો પછી હવે વિજ્ઞાનનું વલણ આ સૃષ્ટિને એક શક્તિ (spirit), કે એક ઊર્જા (power) માનવા તરફ ઢળી રહ્યું છે. એનો અર્થ એ નથી કે અધ્યાત્મ અને વિજ્ઞાન બંને વિદ્યાશાખા (discipline) વચ્ચે કોઈ સમાનતા નથી.

અધ્યાત્મ અને વિજ્ઞાન બેઉ વચ્ચે બે સમાનતા છે. બંને આ વિશ્વની આખરી વાસ્તવિકતા એટલે કે સત્યની ખોજમાં લાગેલાં છે, અને બંને શ્રદ્ધાને આધારે આગળ વધી રહ્યાં છે. સત્ય પોતે પૂર્ણ છે, પણ તેના બે પાસાં છે : એક સ્થૂળ અને બીજું સૂક્ષ્મ. વિજ્ઞાન એના સ્થૂળ રૂપની ખોજમાં છે, અધ્યાત્મ એના સૂક્ષ્મ સ્વરૂપની ખોજમાં છે. બીજા શબ્દોમાં કહીએ તો વિજ્ઞાન વિશ્વાત્માની શોધમાં છે. અધ્યાત્મ અંતરાત્માની શોધમા છે. વિજ્ઞાન જીવનની પ્રાણશક્તિ છે, અધ્યાત્મ એ જીવનની ચિત્તશક્તિ છે. જેમ મનુષ્ય જીવનમાં પ્રાણશક્તિ ચૈતન્યશક્તિના આધારે કામક રે છે તેમ સારીય સૃષ્ટિમાં પણ એમ જ છે. વિજ્ઞાનની પ્રાણશક્તિને અધ્યાત્મની ચૈતન્ય-શક્તિના સંબલ અને માર્ગદર્શનમાં કામ કરવાનું છે. એમ નહીં થાય તો છઠ્ઠી ઑગસ્ટ ૧૯૪૫માં જાપાનમાં થયેલા બોમ્બાર્ટમેન્ટ અને અગિયારમી સપ્ટેમ્બર ૨૦૧૧માં અમેરિકામાં થયેલ બોમ્બાર્ટમેન્ટ જેવી ઘટનાઓ બન્યા કરશે. કેટલાક લોકો એમ માને છે કે અધ્યાત્મવિદ્યાનું જ્ઞાન તો આપણે પૂરેપૂરું પામી લીધું છે, હવે તેમાં વૃદ્ધિ કરવાનો અવકાશ કે ગુંજાશ નથી. આ ખ્યાલ ખોટા છે. વિજ્ઞાન જેમ દિન-પ્રતિદિનની શોધખોળોને આશ્રયે વિકસી રહ્યું છે, તેમ અધ્યાત્મજ્ઞાનને પણ આપણે નવાં નવાં અન્વેષણો વડે વિકસાવતા રહેવું પડશે. એટલું જ નહીં; એમાંની વિચારણામાં રહી ગયેલ ભૂલો અને દોષોને, વૈજ્ઞાનિકોની જેમ દૂર કરતા રહી, જ્ઞાનમાં શુદ્ધિવૃદ્ધિ કરતા રહેવું પડશે.

અધ્યાત્મવિદ્યા તો ઘણી પુરાણી છે. એની તુલનામાં વિજ્ઞાનવિદ્યા હજુ શૈશવાવસ્થામાં કહેવાય. છતાંય વિજ્ઞાનવિદ્યા ઘણી વિકસિત થઈ ચૂકેલી અને અનેકવિધ પરિણામદાયી જણાય છે, જ્યારે અધ્યાત્મવિદ્યા ઉપેક્ષિત થઈ, વિલાતી અને વિસરાતી જતી જણાય છે. આ બે વિદ્યાઓ વચ્ચે રહેવું જોઈતું સંતુલન ન રહેવાને કારણે માનવસમાજનો વિકાસ એકાંગી અથવા વિકલાંગી થયો જણાય છે. વિજ્ઞાન આપણને જે કાંઈ આપી રહ્યું છે તેનો આત્મજ્ઞાનને આધારે જીવનમાં ઉપયોગ થવો જોઈએ. જો એમ થાય તો મનુષ્યસમાજનો વિકાસ સર્વાંગી અને નિરોગી રહે.

અહીં આપણે આત્મા, આત્મજ્ઞાન અને અધ્યાત્મવિદ્યા એટલે શું એ સમજી લઈએ. આત્મા એટલે આપણા શરીરથી ભિન્ન એવું આપણું રહેલું ચૈતન્ય. આત્મજ્ઞાન એટલે બ્રહ્માંડને પિંડમાં જાણવા અને પામવાનું ભાન, અને અધ્યાત્મવિદ્યા એટલે આત્મભાવમાં રહેવાની કળા. મનોગ્રંથિઓના વિચ્છેદ અને ચિત્તવૃત્તિઓના નિરોધ દ્વારા સ્વ-ભાવમાં સ્થિર થવાની વિદ્યાને અધ્યાત્મ કહે છે. વૈજ્ઞાનિક જ્ઞાન સિદ્ધ થાય છે પદાર્થ કે દ્રવ્યના પૃથક્કરણ, પ્રયોગ અને ગુણધર્મો ભૌતિક રૂપે ચકાસીને, જ્યારે આત્માનું જ્ઞાન સિદ્ધ થાય છે અપરોક્ષાનુભૂતિ, એટલે કે, સ્વાનુભૂતિને આધારે. *વિજ્ઞાન માણસની શક્તિ અને દૃષ્ટિને વિશાળ કરી તેના જીવનને સરળ અને સુખી બનાવવાની વિદ્યા છે. તો જીવનમાં ખપપૂરતી સગવડો સાથે સાદાઈ, સ્વાશ્રય હોવા જોઈએ એવો વિવેક*

*આપતી અને સત્ય, પ્રેમ, કરુણા, મુદિતા અન ઉપેક્ષાનાં મૂલ્યો વડે ઔચિત્યભાન આપતી વિદ્યા અધ્યાત્મવિદ્યા છે.* વિજ્ઞાન ભૌતિક, સાહિત્ય અને તત્ત્વજ્ઞાન નૈતિક અને અધ્યાત્મ આધ્યાત્મિક ઉન્નતિ સાધી આપતી વિદ્યાઓ છે.

આચાર્ય વિનોબા ભાવે અધ્યાત્મ અને વિજ્ઞાનને સમજાવવા સુંદર રૂપકો વાપરીને વાત કરે છે. તેઓ કહે છે વિજ્ઞાન છે પગ, આત્મજ્ઞાન છે આંખ. વિજ્ઞાન જીવનને ગતિ આપે છે, આત્મજ્ઞાન એને દિશા સૂચવે છે. વિજ્ઞાન કાર (મોટરગાડી)નું એક્સીલેટર છે તો આત્મજ્ઞાન કારનું સ્ટીઅરીંગ વ્હીલ છે. વિજ્ઞાન વિશ્વનું બાહ્ય રૂપ સમજાવે છે, અધ્યાત્મ આપણું આંતરિક સ્વરૂપ. વિજ્ઞાન બહારના પ્રાકૃતિક અને ભૌતિક જગત ઉપર પ્રકાશ પાડે છે, અધ્યાત્મ આપણા ભીતરી આંતરવિશ્વમાં પ્રકાશ પાડે છે. વિજ્ઞાન વિશ્વાત્માનું શોધન કરે છે. અધ્યાત્મ આપણા અંતરાત્માનું શોધન કરે છે. જો વિજ્ઞાનવિદ્યા અને અધ્યાત્મવિદ્યા બેઉ દ્વારા એક સરખી રીતે સાથે સંગાથે શોધનપ્રવૃત્તિ થાય તો તેને પરિણામે જે વૃત્તિ નીપજે, તે નિર્વિકલ્પ (optionless) હોય. આંતરવિશ્વ અને બાહ્યવિશ્વ, પિંડ અને બ્રહ્માંડ એવા દેખાતા ભેદો દૂર થઈ જાય, જીવ અને બ્રહ્મ બંને જુદાં નથી, બંને એક છે એવી પ્રતીતિ થાય; તે આપણી વૃત્તિને સંશયરહિત કરે. તેને જ તો પ્રજ્ઞા કહે છે. જો અધ્યાત્મ અને વિજ્ઞાન બેઉનું સંમિલન થાય, એકબીજાને પૂરક એવી જ્ઞાનની આ બંને શાખાઓનો યોગ રચાય તો આવી વિશુદ્ધ પ્રજ્ઞા આપણે પામીએ અને આપણું જીવન સુખ અને શાંતિવાળું બને.

વિજ્ઞાન અને અધ્યાત્મ બંનેની જેમ ઉજળી બાજુઓ છે, તેમ કાળી બાજુઓ પણ છે. વિજ્ઞાનની ગાડી બ્રેક વિનાની તેજ ગતિએ દોડી રહી છે. એના ઉપર આત્મજ્ઞાનનાં કાબૂ અને નિયંત્રણ હોવાં જોઈએ, પણ એ નથી. ઊલટું એ મેલી મુરાદ સાથે ગંદુ રાજકારણ ખેલી રહેલા રાજકારણીઓ અને ધનસંપત્તિ અને એની પાછળ આવતાં દૂષણોમાં રચ્યાપચ્યા રહેતાં સ્વાર્થી અને લોભી મૂડીવાદીઓના કાબૂ અને નિયંત્રણમાં આવી ગયું છે. એ કારણે મહાવિનાશ સરજી શકે તેવા મહાસંહારક શસ્ત્રોનું સર્જન કરી રહ્યું છે. વિશેષ કરીને ન્યૂક્લિયર, કેમિકલ અને બાયોલોજિકલ ઉપરાંત અન્ય પ્રકારના હાઈટેક બોમ્બ બનાવી રહ્યું છે, એ કદાચ આ ધરતી પરથી તમામ પ્રકારની સૃષ્ટિને ખતમ કરી નાખશે એવી દહેશત રહ્યા કરે છે. વિશ્વની મહાસત્તાઓ વચ્ચે શસ્ત્રબળયુક્ત સત્તાનું સંતુલન સાચવી ટકાવી રાખવાની ચિંતામાં માનવજાત ઉદ્વેગમાં જીવી રહી છે. એની ઉપર અસલામતીનો ઓથાર તોળાઈ રહ્યો છે. વળી, જિનેટીક એન્જિનિયરીંગની વિદ્યાશાખા વિકસાવી વિજ્ઞાન માનવ અને પશુના બીજનું સંકરીકરણ કરીને નૂતન જાતિના નિર્માણમાં લાગ્યું છે, એ બાબત ઘણી ખતરનાક છે. એવું જ અધ્યાત્મની બાબતમાં પણ છે. આજે અધ્યાત્મને નામે ધર્મો, સંપ્રદાયો અને પંથો જે રીતે ફાલીફૂલી રહ્યાં છે અને જે દંભ, ડોળ અને આડંબર કરી રહ્યા છે, ધાર્મિક શાસ્ત્રગ્રંથોના મનગઢંત અર્થો કરી રહ્યા છે, ધર્મના નામે જે ઢોંગ અને ધતીંગો ચાલી રહ્યાં છે, જે કલહો અને રમખાણો ચાલી રહ્યાં છે, એમાં ક્યાંય અધ્યાત્મવિદ્યા નથી; છે કેવળ ધાર્મિક ઝનૂન અને પાગલપન (fanaticism). લવ- જેહાદ, ધર્માન્તરણો અને સોમનાથ મંદિર તેમ બાબરી મસ્જિદ ધ્વંસની ઘટનાઓ અને પ્રસંગોપાત થતાં રહેતાં કોમી હુલ્લડો એનાં તો ઉદાહરણો છે.

પરંતુ હવે માણસજાતે સમજવું પડશે કે અધ્યાત્મ અને વિજ્ઞાન એ બંનેની હસ્તી અને એમના સમન્વય વિના તેને ચાલવાનું નથી. કારણ કે આપણે ભૌતિક તેમ આધ્યાત્મિક–એમ બેઉં જાતની ઉન્નતિ સાધવાની છે. વિજ્ઞાન આપણી ભૌતિક ઉન્નતિ સાધી આપશે. અધ્યાત્મ આધ્યાત્મિક ઉન્નતિ. આપણે જો દુઃખ-દર્દ અને દારિદ્રમાંથી નિવૃત્ત થઈ સુખ, શાંતિ અને આનંદ પ્રાપ્ત કરવા હશે તો તે કેવળ અધ્યાત્મ કે કેવળ વિજ્ઞાનથી નહીં થઈ શકે. વિશ્વના બે ગોળાર્ધમાંથી પૂર્વના ગોળાર્ધમાં વિજ્ઞાનને મુકાબલે અધ્યાત્મવિદ્યા વધારે વિકસી છે તો પશ્ચિમના ગોળાર્ધમાં અધ્યાત્મવિદ્યાને મુકાબલે વિજ્ઞાનવિદ્યા વધારે વિકસિત થઈ છે. વિજ્ઞાન વસ્તુલક્ષી (objective) અભિગમવાળું છે. એ આધાર પુરાવા સિવાય કોઈ તથ્યનો સ્વીકાર કરતું નથી. અધ્યાત્મ આત્મલક્ષી (subjective) અભિગમવાળું છે. એની પાસે અનુભવજન્ય પ્રતીતિ (covicition) છે. વિજ્ઞાન પાસે પોતાની સ્થાપનાઓને પુરવાર કરી આપતી સાબિતી છે. એકની પાસે પ્રતીતિ છે, બીજાની પાસે સાબિતી છે. પરંતુ જેની પાસે પ્રતીતિ છે તેની પાસે સાબિતી નથી. અને જેની પાસે સાબિતી છે, તેની પાસે પ્રતીતિ નથી. સમજવાનું એ છે કે એ કારણે બંને અધૂરાં છે. જ્યાં સુધી પ્રતીતિ અને સાબિતીનો યોગ, એટલે કે, મેળ નહીં રચાય, ત્યાં સુધી તાર્કિક વર્તુળ (logical circuit) પૂરી નહીં થાય. વિજ્ઞાનનો માર્ગ પૃથક્કરણ (analysis) નો છે, અધ્યાત્મનો માર્ગ (synthesis) નો છે. એક પ્રત્યેક વસ્તુઘટનાને બાહ્ય પ્રમાણોથી ઓળખે–સમજાવે છે, બીજું આંતરિક પ્રતીતિથી. બેઉને વસ્તુઘટનાના એટલે કે વાસ્તવિકતાના, સત્ય સુધી પહોંચવું છે; પણ એકનો માર્ગ વિઘટનનો છે, બીજાનો માર્ગ સંઘટ્ટનનો છે. કોઈ એક માર્ગે આખરી સત્ય (ultimate reality) ને પામી નહીં શકાય. એ પામવું હશે તો આ બંનેનો સમન્વય કરવો પડશે. તો જ વર્તુળ (circuit) પૂરું થશે. લોજીક પણ કહે જ છે કે કાં તો વસ્તુથી વિચાર તરફ જાઓ અથવા વિચારથી વસ્તુ તરફ આવો, અથવા વિશેષથી સામાન્ય તરફ જાવ અથવા સામાન્ય તરફથી વિશેષ તરફ આવો. જો નિગમન અને વ્યાપ્તિ (induction & deduction) નો વ્યાપાર ન કરીએ તો પૂરું અને નિર્ભેળ સત્ય હાથ આવે નહીં.

જાન્યુઆરી ૧૫ થી ૧૯, ૧૯૯૦માં મોસ્કોમાં મળેલી 'ગ્લોબલ ફોરમ ઓફ સ્પિરીચ્યુઅલ એન્ડ પાર્લામેન્ટરી લીડર્સ'ની આંતરરાષ્ટ્રીય સભામાં ૮૩ દેશોના ૨૭૦ જાણીતા નેતાઓએ સમજુતી કરી સંયુક્તપણે સહી કરી જે અનુરોધ માનવજાતને કર્યો તે આ હતોઃ `There is indeed a great need for synthesis between

science and religion, because by working together they can bring about the greatest good for human kind.'

વિજ્ઞાન માનવજાતને પૂર્વધારણા, પ્રયોગ, નિરીક્ષણો અને અન્વેષણોની હારમાળા દ્વારા વ્યવસ્થિત રૂપે વસ્તુબોધ કરાવશે. અધ્યાત્મવિદ્યા બધા ધાર્મિક સિદ્ધાંતોનો સાર એના વિશુદ્ધ અને આખરી રૂપમાં રજૂ કરીને, માનવ સંસ્કૃતિના ઉચ્ચત્તમ પાસાંને આવરી લેશે અને માનવજાતને સત્ય, પ્રેમ, કરુણા, મૈત્રી, ક્ષમા, મુદિતા, માનવતા અને નીતિમત્તા જેવાં જીવનમૂલ્યોનો બોધ કરાવશે. જ્યારે સાહિત્ય અને તત્ત્વજ્ઞાન આ સચરાચર સૃષ્ટિમાં રહેલાં અભિરામ સૌંદર્યનો બોધ કરાવશે. આમ, વિજ્ઞાન, અધ્યાત્મ અને સાહિત્ય માનવને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્નો બોધ કરાવે છે.

જો આપણે અધ્યાત્મ, સાહિત્ય-તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનનો સુભગ સુયોગ રચી શકીશું તો આપણે બાળીભોળી માન્યતાઓના વહેમી અને અંધશ્રદ્ધાળુ અભિગમમાંથી બહાર નીકળી વિવેકયુક્ત વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળા યુગનું નિર્માણ કરી શકીશું. એક એવો યુગ જેમાં નવી શોધખોળો, નવા સંશોધનો, નવા વિચારો અને અનુભવો પ્રત્યે માણસ ખુલ્લા માનસવાળો (open minded) હશે, જ્યાં માણસને જીવનની વિવિધ વિચારસરણીઓ પરત્વે સૂગ નહીં હોય, જ્યાં માણસમાં પરમત પરત્વે સહિષ્ણુતા હશે, પોતાના રૂઢ અને બદ્ધ થતાં જતાં મનોવલણોને નવી દિશા પ્રદાન કરવાની ખેવના હશે, માણસમાં કાળાનુક્રમ અને પર્યાવરણ પરત્વે સભાનતા હશે, માણસની સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સમજદારીયુક્ત સામેલગીરી હશે. મતલબ કે આપણે જ્ઞાન-પ્રકાશના, સુખ-શાંતિ અને આનંદના યુગનું નિર્માણ કરી શકીશું. એક એવો યુગ, જ્યાં માણસની વૃત્તિઓ વધુ ને વધુ વૈજ્ઞાનિક અને પારમાર્થિક બનેલી હશે, જ્યાં માણસ સામાજિક રાજકીય, આર્થિક–એવી બધી સંકુચિતતાઓ, સંકીર્ણતાઓ, વાડાબંધીઓથી ઉપર ઊઠેલો હશે, જ્યાં લોકોએ નાત, જાત, કોમ, પ્રાંત, ભાષા વિશેનાં આસક્તિ, અભિમાન અને અભિનિવેશને દેશવટો આપ્યો હશે, જ્યાં લોકો પોતાના માથા ઉપર પોતાની વસુંધરાની ધૂળ ધારણ કરી, વ્યક્તિ મટી વિશ્વમાનવી બન્યા હશે, જ્યાં કોઈ રાજકારણીની, ધર્મનેતાઓની, ઉદ્યોગપતિઓની કે વહીવટી અમલદારોની નહીં, પણ જ્ઞાનની અને વિચારની જ સત્તા ચાલતી હશે, જ્યાં લોકો જીવ શિવ જગતનું આખરી સત્ય મેળવી નિર્વ્યાજ આનંદાનુભવ પામતા હશે. ઓગણીસમી સદીમાં આપણી સમક્ષ મુખ્ય મુદ્દો હતો શાણો સમાજ (sane society) રચવાનો, વીસમી સદીમાં બે વિશ્વયુદ્ધો પછી આપણો મુદ્દો હતો સ્વસ્થ (healthy) સમાજ રચવાનો. હવે એકવીસમી સદીનો આપણો એજન્ડા હોવો જોઈએ અધ્યાત્મ-સાહિત્ય-વિજ્ઞાનના સમન્વય (synethesis)નો. ✷✷✷

[ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૮૦મી વ્યાખ્યાનમાળામાં તા. ૨૩-૦૮-૨૦૧૪ ના રોજ આપેલું વક્તવ્ય ]

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર, ફોન નં. : ૦૨૬૯૨-૨૩૩૭૫૦. સેલ નં. : ૦૯૭૨૭૩૩૩૦૦૦

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તારીખ ૨૮-૧૧-૨૦૧૪ના રોજ સાંજના ૬-૦૦ કલાકે મારવાડી વિદ્યાલય હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ખાતે મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.
(૨) ગત વર્ષ ૨૦૧૩-૧૪ ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વૃત્તાંત તથા ઑડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૩) સને ૨૦૧૪-૧૫ની સાલ માટે સંઘ માટે ઑડિટરની નિમણૂંક કરવી.
(૪) સને ૨૦૧૪-૨૦૧૫નું બજેટ રજૂ કરવું.
(૫) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘના ઑડિટ થયેલા હિસાબો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે.

તા. ૨૦–૧૧-૨૦૧૪ થી તા. ૨૪-૧૧-૨૦૧૪ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં સંઘના નવા કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો તેઓએ વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા વિનંતી.

જે સભ્યોને અગાઉથી ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઈએ તો તેમની લેખિત અરજી મળતાં નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**નિરુબહેન એસ. શાહ**
**ડૉ. ધનવંત ટી. શાહ**
મંત્રીઓ

**કાર્યાલયનું રજીસ્ટર સરનામું :** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, રસધારા કૉ.ઑ.સો.લિ. ૨જે માળે, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪.

**કાર્યાલયનું કામચલાઉ સરનામું :** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩, મહંમદી મીનાર, ભોંયતળિયે, ૧૪મી ખેતવાડી, ABC ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

# નવકારની સંવાદયાત્રા

[ ૧ ]

☐ ભારતી દિપક મહેતા

*[ મહામંત્ર નવકારના આજીવન આરાધક પંન્યાસ પ્રવર પૂ. ભદ્રંકર વિજયજી મ.સા.ના શિષ્ય પૂ. શશીકાંતભાઈ પણ નવકાર મંત્રના આજીવન આરાધક અને નવકાર મંત્રના અનેક અર્થો અને રહસ્યોના જ્ઞાતા હતા.*

*પુત્રીવત્ પુત્રવધૂ ભારતીબેનને પૂ. શશીકાંતભાઈના આ નવકારજ્ઞાનનો અમૂલ્ય લાભ મળ્યો, આ લાભનો લાભ એઓ આ લેખમાળા દ્વારા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પીરસી રહ્યાં છે. ભારતીબેને શશીકાંતભાઈના શબ્દોને પોતાની ડાયરીમાં સાચવી રાખ્યા એટલે આ શબ્દ ઉપહાર આપણને પ્રાપ્ત થઈ રહ્યો છે.*

*પારિવારિક વ્યવસાયમાં સહયોગી ભારતીબેને ગોલ્ડ મેડલ સાથે એમ.બી.એ. સુધી શિક્ષણ લીધું છે. ઉપરાંત જૈન કલ્ચર એન્ડ લીટરેચરમાં એમ.ફીલ.ની ઉપાધિ હાંસલ કરી છે. સાહિત્ય સર્જન અને સંગીત એમનો નિજાનંદ છે. સમાજિક કાર્યોમાં સક્રિય છે. એમની વેબ સાઈટ www.mindfiesta દ્વારા એમણે અત્યાર સુધી બાંસઠ હજાર વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું છે.*

*ભારતીબેને સર્વ પ્રથમ માતૃતુલ્ય એમના સાસુશ્રીને 'નામ, મધ મીઠું અનુપમા' પુસ્તક દ્વારા શબ્દાંજલિ આપી અને પિતાતુલ્ય શ્વસુર શ્રી શશીકાંતભાઈને 'અધ્યાત્મ રવિની પિતૃછવિ' પુસ્તક દ્વારા હમણાં જ શ્રદ્ધાંજલિ આપી. ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક પુત્રવધૂ દ્વારા સાસુ-શ્વસુરને પુસ્તકની અંજલિ અર્પાઈ હોય એવી આ અપૂર્વ ઘટના છે.* ☐ **તંત્રી** ]

*[ પ્રણામ. મારા પૂજ્ય સસરાજી શ્રી શશીકાંતભાઈ મહેતાની અધ્યાત્મ નિશ્રામાં મને ગત ૩૪ વર્ષો ગાળવા મળ્યાં, તેને મારું પરમ સૌભાગ્ય લેખું છું. તેમની સંગે થયેલી પ્રશ્નોત્તરી કે થયેલા સંવાદોને આજે 'નવકારની સંવાદયાત્રા' રૂપી લેખમાળામાં આવરી લેતાં હર્ષ થાય છે. મારી સ્મૃતિ ઉપરાંત શાળા સમયથી ડાયરી લખવાની મારી ટેવ અને પૂજ્ય ભાઈના અક્ષરદેહના અસબાબને હું આ માટે શ્રેય આપું છું. લેખમાળાના દરેક મણકામાંથી આપણે સૌ કંઈક પામીને જીવનની પગદંડીમાં એક ડગલું આગળ વધીએ એ જ પ્રાર્થના.*

☐ **ભારતી દિપક મહેતા** ]

**અમે :** ભાઈ, આપ કહો છો કે શ્રી નવકાર મહામંત્ર એ કોઈ ખાસ ધર્મ, લિંગ, ભાષા, જ્ઞાતિ કે રાષ્ટ્રનો નહીં, પરંતુ વૈશ્વિક મંત્ર છે. તો તે કઈ રીતે?

**પૂ. ભાઈ :** વાસ્તવિક રીતે શ્રી નવકાર મહામંત્ર એ કોઈ નામના ખાસ ભગવાનનો, દેવનો, મહાદેવીને, મહાશક્તિને કે કોઈ મહાસત્તાને રીઝવવા માટેનો મંત્ર નથી કે જેને ગણવાથી આપણાં પ્રશ્નો હલ થઈ જાય અને સંસારિક-આર્થિક-સામાજિક કે શારીરિક રીતે આપણે સક્ષમ બનીએ.

**અમે :** તો પછી આ મંત્રથી કોને વંદન કરવામાં આવે છે?

**પૂ. ભાઈ :** દુર્લભ એવી પરપીડા પરિહાર ભાવનાની સર્વોત્કૃષ્ટ યોગ્યતા ધરાવનાર દરેક ઉત્તમ આત્માઓને આ મંત્ર દ્વારા વિશેષ કરીને નમન કરાય છે, તેથી અહીં ધર્મ કે જ્ઞાતિના વાડા ઓળંગાઈ જાય છે. અરિહંતો, સિદ્ધ પરમાત્માઓ, આચાર્યો, ઉપાધ્યાયો અને સર્વ સાધુઓ એ પંચ પરમેષ્ઠીઓ કહેવાય છે. તેઓ પરાર્થરસિકતાનો ગુણ ધરાવે છે. ત્રણે લોકનાં જીવમાત્રની કલ્યાણની તીવ્ર કામના આ પંચ પરમેષ્ઠીઓ કરે છે, તે સર્વને આ મહામંત્રથી વંદન થાય છે. શ્રી નવકાર મંત્ર દ્વારા સર્વ શ્રેયસ્કર, હિતચિંતક અને સમસ્ત વિશ્વ માટે પરમ કલ્યાણકારી ભાવના ધરાવતા દરેક મુક્તિમાર્ગના યોગી સાધકોને વંદન થાય છે અને તેથી તે વૈશ્વિક મંત્ર તરીકે પ્રસ્થાપિત થયો છે.

**અમે :** તો આ મંત્ર દ્વારા શેની પ્રાપ્તિ માંગવાની હોય છે?

**પૂ. ભાઈ :** સર્વ જીવોનું હિત જે માર્ગને અનુસરવાથી થાય છે તે માર્ગનું દર્શન કરાવનાર આ નવકાર મહામંત્ર જ છે. સામાન્ય પ્રાર્થના કરીએ તો માંગીએ તે જ મળે. You ask for it and get it. મધ્યમ પ્રાર્થના કરીએ તો તેના ફળ સ્વરૂપે આપણે જે સુખ શોધતા હોઈએ તે મળી જાય. You seek and find it. પરંતુ શ્રેષ્ઠ પ્રાર્થના એ છે કે તમે આપો અને કંઈપણ માંગ્યા વગર બધું જ પામો. You give and gain. અન્ય મંત્રો જ્યારે માંગીએ તેટલું જ આપતા હોય કે શોધીએ તે જ પ્રાપ્ત કરાવતા હોય ત્યારે નિષ્કામ ભાવે નવકાર મંત્ર ગણવાથી ક્યારેય કંઈ ન માંગીને સર્વસ્વ અને સર્વશ્રેષ્ઠ પ્રાપ્ત થાય છે. મૂળ તો આ મંત્ર દ્વારા આત્માની મુક્તિ કે મોક્ષમાર્ગની પ્રાપ્તિ ઈપ્સિત હોય છે.

**અમે :** આપ કહેતા હો છો કે એક સમર્થ કર્મ ઇતિહાસ બદલી શકે, પણ એ સમર્થ કર્મ કયું હોઈ શકે?

**પૂ. ભાઈ :** શ્રી નવકાર મંત્રની આરાધના તે આવું સમર્થ કર્મ છે. આજની થોડી ક્ષણો તે શાસ્વતીની ક્ષણો બની જાય. નવકાર મંત્ર વધુ ને વધુ ગણવાથી પ્રભુનું દાસત્વ સ્વીકારવા આપણે તૈયાર થતા હોઈએ છીએ. આખી પ્રકૃતિ ઉપર પ્રભુત્વ પ્રભુનું છે અને તેમનું દાસત્વ

સ્વીકારવાથી ધીમે-ધીમે પૃથ્વી ઉપરનું સ્વામીત્વ આવી મળે છે.

Everythings is possible with the God's Touch. નવકાર મંત્રની સાધના કરવાથી મૃણમય ઘટમાં (માટીમાંથી બનેલા દેહરૂપી કોડિયામાં) ચિન્મય દિપક પ્રગટે. દેહરૂપી કુંભ અમૃતકુંભ બને ત્યારે કાળ પણ થંભી જાય. કાલાતીત વર્તમાનમાં જીવીએ ત્યારે દિવ્ય જીવનનો અરુણોદય થાય અને આપણા જીવનના ઇતિહાસમાં બદલાવ આવે. નવકાર મંત્ર એ જીવન-ઇતિહાસનું સર્વોત્તમ સુવર્ણ પાનું બને અને જીવનને દેવત્વથી ઝળહળિત કરે. જૈનોએ ફક્ત સાધનસંપન્ન જ નહીં, હવે સાધનાસંપન્ન પણ થવું જ રહ્યું.

**અમે :** ભાઈ, રોજના સાંસારિક કર્મયોગમાં સાધના કરવાનો સમય કાઢવો મુશ્કેલ થાય છે.

**પૂ. ભાઈ :** જેમાં રસ પડે, ફાયદો દેખાય તે કર્મમાં શ્રદ્ધા આવે અને સમય અનાયાસ જ ફાળવાઈ જાય.

**જૈનોએ ફક્ત સાધનસંપન્ન જ નહીં, હવે સાધનાસંપન્ન પણ થવું જ રહ્યું.**

**અમે :** તો રસ-રુચિ વધુ ને વધુ ઉત્પન્ન કરવા શું કરીએ ?

**પૂ. ભાઈ :** જુઓ, જીવમાત્રને જીવનના છેલ્લા ધ્યેય તરીકે મોક્ષ તો પ્રાયઃ જોઈતો જ હોય છે. સંસારના દરેક કર્તવ્યો પૂર્ણ કરતા-કરતા અંતિમ લક્ષ્ય તરફ એક નજર તો હોય જ છે. હવે જો શ્રદ્ધાપૂર્વક આ શાશ્વતસિદ્ધ નવકાર મંત્રને ગણવા માત્રથી મુક્તિ મળે એમ છે એવી જો જાણ થાય તો અવશ્ય તેમાં રસ પણ ઉત્પન્ન થાય અને રોજનો લઘુત્તમ એક કલાક જેવો સમય આપવાની રુચિ તો જરૂર પ્રગટે.

**અમે :** ભાઈ, નવકાર મંત્રની આરાધનાથી કઈ રીતે પાંચ પ્રકારની મુક્તિ મળે છે ?

**પૂ. ભાઈ :** નવકાર મંત્રને રોજ ગણવાથી પંચપરમેષ્ઠીઓનો અનુગ્રહ પ્રાપ્ત થાય, જેનાથી જ્ઞાનની ઉજ્જવળતા, કષાયોની મંદતા, સ્વભાવની રમણતા અને પ્રાંતે પ્રકૃતિ ઉપર પ્રભુતા પ્રાપ્ત થાય છે.

## શબ્દ ઉત્સવ

## સાહિત્ય કલા રસિકોને નિમંત્રણ

## અક્ષરને અર્ઘ્ય

*માનવધર્મી અને કલમધર્મી શબ્દ ભક્ત સર્જક જયભિખ્ખુના શતાબ્દી ઉત્સવ નિમિત્તે આ સારસ્વતને શબ્દાંજલિ અર્પતો એક વિશિષ્ટ અને ભવ્ય કાર્યક્રમ*

નાનકડા બીજમાંથી વિશાળ વૃક્ષ બને, એ રીતે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહના સ્નેહાગ્રહને પરિણામે કુમારપાળ દેસાઈ લિખિત 'જયભિખ્ખુ જીવનધારા' સળંગ લેખમાળારૂપે 'પ્રબુદ્ધ જીવન'માં પાંચેક વર્ષ સુધી પ્રગટ થઈ. આ લેખમાળામાં ગુજરાતના મૂલ્યનિષ્ઠ સર્જક જયભિખ્ખુના બાળપણથી માંડીને અવસાન સુધીના તમામ પ્રસંગો અને તેમના સાહિત્યસર્જનના પરિબળો અને પ્રેરણાને આવરી લેવામાં આવ્યા. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોએ આ લેખમાળાને હોંશે હોંશે આવકારી હતી.

હવે એ લેખમાળા જયભિખ્ખુના જીવનની દુર્લભ તસવીરોની સાથે અને થોડા પ્રકરણોના ઉમેરા સાથે ગ્રંથરૂપે પ્રગટ થઈ રહી છે. 'જિંદાદિલી જીવનમાં, કરુણા કલમમાં' નામે પ્રગટ થનારા એ ચરિત્ર-ગ્રંથનો વિમોચન સમારોહ મુંબઈના ભારતીય વિદ્યાભવન, ચોપાટીમાં ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સાંજે ૬-૦૦ વાગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ અને ગુર્જર પ્રકાશનના સંયુક્ત ઉપક્રમે યોજાયો છે.

આ સમારંભમાં પ્રમુખ તરીકે ગુજરાતના પાંચ પાંચ મુખ્ય પ્રધાનોના કાર્યકાળમાં અગ્રસચિવની જવાબદારી કુશળતાપૂર્વક વહન કરનાર, લેખક તેમજ સોમનાથ ટ્રસ્ટ અને સદ્‌વિચાર પરિવારના સામાજિક કાર્ય સાથે જોડાયેલા **શ્રી. પી. કે. લહરી** સંભાળશે, જ્યારે આ ચરિત્ર-ગ્રંથનું વિમોચન પ્રસિદ્ધ સર્જક **ધીરુબહેન પટેલ** કરશે. આ પ્રસંગે જયભિખ્ખુની 'લોખંડી ખાખનાં ફૂલ' (ભાગ ૧-૨), 'પ્રેમાવતાર' (ભાગ ૧-૨), 'બૂરોદેવળ' અને 'સંસારસેતુ' જેવી ૬ નવલકથાઓનું પ્રકાશન થશે. જયભિખ્ખુની નવલકથા પરથી ડૉ. ધનવંત શાહે કરેલા નાટ્યરૂપાંતર 'કૃષ્ણભક્ત કવિ જયદેવ'ના કેટલાક અંશોની શ્રી મહેશ ચંપકલાલ દ્વારા પ્રસ્તુતિ થશે તેમજ 'જયભિખ્ખુ'ના જીવન વિશેની ડોક્યુમેન્ટ્રી અને કવન અંગે ડૉ. ધનવંત શાહ દ્વારા નાટ્યપ્રસ્તુતિ થશે.

**આમંત્રણ પત્રિકા માટે** આ સંસ્થાની ઑફિસમાં– ૨૩૮૨૦૨૯૬ ઉપર ફોન કરી તુરત આપનું નામ લખાવવા વિનંતિ.

**–મેનેજર**

આટલું થાય એટલે પાંચ પ્રકારની મુક્તિ આરાધકના ચરણમાં આવી રહેવા ચહે:

(૧) સાલોક્ય : પ્રભુનું નામ લેવાથી પ્રભુ નજરે દેખાય.

(૨) સામીપ્ય : પ્રભુનાં ગુણકીર્તન કરવાથી પ્રભુ નિકટ આવે.

(૩) સારૂપ્ય : પ્રભુનામથી પ્રેમ પ્રગટે ને સૌ નિજસમ લાગે.

(૪) સાયુજ્ય : પ્રભુની આજ્ઞાપાલનનું મન થાય.

(૫) સાફલ્ય : આથી થતાં પૂણ્યોપાર્જનથી કાર્યસફળતા મળે.

**અમે :** ભાઈ, મંત્ર જાપમાં કેટલી શક્તિ છે?

**પૂ. ભાઈ :** આ મંત્રાક્ષરોમાં અનાદિસિદ્ધ દેવત્વ છે જ. નવકાર મંત્રનું સતત રટણ કરવાથી નિર્ભ્રાંત દર્શન, નિર્મળ જ્ઞાન અને નિષ્પાપ ચારિત્રરૂપી રત્નત્રયીની પ્રાપ્તિ થાય જ છે, પરંતુ આપણે વ્યક્ત જગતમાં રહીએ છીએ. વિવેકપૂર્વક ત્રણેક કલાકો અર્થ ઉપાર્જનમાં આપવાથી આપણો પુરુષાર્થ પર્યાપ્ત માત્રામાં આપ્યો ગણાય છે અહીં. સમૃદ્ધિ પુણ્યથી જ મળે છે. બાહ્યસમૃદ્ધિ આવી ને જવાવાળી છે, તેમાં મનુષ્ય જીવનને આખેઆખું હોમી ના દેવાય. વ્યક્ત જગતમાં સંવાદ, અવ્યક્ત જગતમાં સાક્ષીભાવ અને અનંત જગતની શરણાગતિ સ્વીકારથી વિશિષ્ઠ વિશુદ્ધ ઉર્જા ઉત્પન્ન થાય છે. જેનાથી જગતના સર્વ કાર્યો આપમેળે સફળ થવા લાગે છે. નવકારના જાપ જ્યારે અજપાજાપ થાય છે ત્યારે કોઈ અશુભ ચેતનામાં પ્રવેશી શકતું જ નથી. જાપની આ અચિન્ત્ય શક્તિ છે.

**અમે :** અચ્છા...તો આજે સમજાય છે કે તમે ઘણીવાર એમ શા માટે કહો છો કે નવકાર મંત્રના અર્થમાં ગયા વગર જ ફક્ત તેનું શુદ્ધ ઉચ્ચારણ કરો–અજપાજપ કરો તો પણ એ અદ્ભુત મંગલ રૂપે પરિણમશે.

**પૂ. ભાઈ :** આપણું પોતાનું ઢાંકેલું નિધાન આ મંત્રજાપથી ઉઘડે છે. આપણે દવા ખાઈએ છીએ ત્યારે તેમાં કઈ-કઈ વસ્તુઓ કેટલા પ્રમાણમાં વાપરી છે તેની કાંઈ ખબર ના હોવા છતાં તે દવા આપણને ગુણકારી નીવડે જ છે ને?

**અમે :** નવકાર મંત્ર દ્વારા પંચપરમેષ્ઠીને કરાતા નમનથી શો ફાયદો?

**પૂ. ભાઈ :** પાંચે પરમેષ્ઠીમાં એક-એક ગુણ રહેલો છે. જેમ કે: સાધુ ભગવંતો શીલનિષ્ઠ છે, ઉપાધ્યાય ભગવંતો શ્રુતિનિષ્ઠ છે, આચાર્ય ભગવંતો સદાચારનિષ્ઠ છે, અરિહંત ભગવંતો સત્યનિષ્ઠ છે અને સિદ્ધ ભગવંતો સ્વરૂપનિષ્ઠ છે. હવે તેઓને નમન કરવાથી આ પાંચે ગુણોનું હસ્તાંતર આપણામાં થાય છે. આ મંત્રની શબ્દશક્તિ આ રીતે અસીમ છે.

**અમે :** ભાઈ, તમે ૧૦૮ નવકારનાં ભાષ્યજાપનો સામૂહિક આરાધના વેળાએ ખાસ આગ્રહ રાખતા હો છો. તેનું શું કારણ છે?

**પૂ. ભાઈ :** Non-use માં પડેલી કારને તેની બેટરી બેસી જવાથી જેમ ધક્કા મારીને ચાલુ કરીએ છીએ, તેમ Non-use માં એટલે કે સુષુપ્ત અવસ્થામાં રહેલી આપણી ચેતનાને જાગૃત કરવા ધક્કારૂપ છે નવકાર મંત્રના આ ભાષ્ય જાપ.

**અમે :** આ પ્રકારે ભાષ્ય જાપ કરવાથી તમે કહેતા હો છો ભાઈ, કે પર્યાવરણ પણ શુદ્ધ બને છે, તો તે કઈ રીતે?

**પૂ. ભાઈ :** સમૂહમાં સૌ પ્રથમ ૨૭ નવકાર મંત્રનો ભાષ્ય જાપ કરી થોડીવાર સૌએ શાંત થઈ જવાનું હોય છે. એ નિરવ શાંતિ અત્યંત અગત્યની હોય છે. એ પછી ફરીથી એ જ રીતે ત્રણ વાર જાપ કરવાથી કુલ ૧૦૮ નવકારનો પ્રગટ જાપ પૂર્ણ થાય છે. આમ કરવાથી આપણી ચેતનાના પાંચે સ્તરો અને બાહ્ય પર્યાવરણ – એમ બંને શુદ્ધ થાય છે, તે નિર્વિવાદ છે.

**અમે :** ભાઈ, ચેતનાનાં પાંચ સ્તરોની વાત તમે આ પૂર્વે પણ પંચપરમેષ્ઠીઓને અનુલક્ષીને કહી હતી. તેને જરા ટૂંકાણમાં ફરીથી સમજાવશો?

**પૂ. ભાઈ :** ચેતનાનાં પાંચ સ્તર

ઉર્ધ્વમનસ – Higher mind – સાધુને નમસ્કાર

દ્યુતિમનસ –Illuminited mind – ઉપાધ્યાયને નમસ્કાર

પ્રજ્ઞામનસ –Intuitive mind – આચાર્યને નમસ્કાર

અધિમનસ –Over mind – અરિહંતને નમસ્કાર

અતિમનસ –Super mind – સિદ્ધને નમસ્કાર

**અમે :** ભાઈ, બહુ અઘરૂં છે આ તો. દરેક સ્તરને જરા વધુ ઊંડાણથી સમજાવશો?

**પૂ. ભાઈ :** ઉર્ધ્વમનસ : અહીં તર્ક અને બુદ્ધિની સાથે ચેતનાથી ઉપરના સ્તરમાં પણ આપણું મન જોઈ શકે છે.

દ્યુતિમનસ : દ્વિતીય એના આ સ્તરમાં અધ્યાત્મનો પ્રકાશ છે અને તર્કથી ઉપરના તત્ત્વને આપણું મન જોઈ શકે છે.

પ્રજ્ઞામનસ : આ તૃતીય સ્તરે એક વિશિષ્ઠ રીતે subject (આત્મા) અને objects (પદાર્થો)નું identification થાય છે. આ ઓળખ પછી બુદ્ધિ બોધિમાં પરિણત બને છે.

અધિમનસ : ચતુર્થ એવા આ સ્તરે સમસ્ત વિશ્વમાં ફેલાયેલી એવી પાવન વિશ્વચેતનાનો સ્પર્શ થાય છે, પરંતુ સાથોસાથ વ્યક્તિગત ચેતના પણ ટકી રહે છે.

અતિમનસ : આપણી ચેતનાના પરમોચ્ચ એવા પંચમસ્તરે આપણાં મનનો સંપૂર્ણ લય થાય છે. ચેતનાનું શુદ્ધ ચૈતન્યમાં અદ્વૈતપણે ભળી જવું અહીં જ શક્ય બને છે, જેનાથી અહંનું વિસર્જન થઈ સર્વત્ર દિવ્યજીવન વ્યાપે છે. અને પરમાત્મચક્ષુ પામીએ છીએ.

**(ક્રમશઃ)**

૮૨, ગૌતમ બુદ્ધ ઍપાર્ટમેન્ટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ-૩૬૦ ૦૦૧. મો. : ૦૯૮૨૫૨૧૫૫૦૦.
email : bharti@mindfiesta.com

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા
# ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

આ વ્યાખ્યાનમાળાના બધાં વ્યાખ્યાનો અને ભક્તિ સંગીત આપ સંસ્થાની વેબ સાઈટ ઉપર સાંભળી શકશો.

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

**(તા. ૨૨ ઑગસ્ટ ૨૦૧૪થી તા. ૨૯ ઑગસ્ટ ૨૦૧૪)**

**(સપ્ટેમ્બર ૨૦૧૪ના અંકથી આગળ)**

**વ્યાખ્યાન-ત્રણ : ૨૩ ઑગસ્ટ**

**વિષય : જૈન ધર્મમાં કર્મવાદ**

*[ પ્રા. વીરસાગર જૈને એમ.એ. અને એમ.ફિલ.ની ડિગ્રી મેળવી છે. હિન્દીમાં તેઓ આચાર્યની ડીગ્રી ધરાવે છે. દૌલતરામ કાસલીવાલ અને તેમના સાહિત્ય વિશે મહાનિબંધ લખીને પીએચ.ડી.ની ડીગ્રી હાંસલ કરી છે. છ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની ડીગ્રી મેળવવા માર્ગદર્શક તરીકે સેવા આપી છે. વિવિધ વિષયોના ૩૧ પરિસંવાદના સહભાગી થયા છે. ]*

બધા ધર્મોની ફિલસૂફી કર્મને માને છે. ઘણીવાર ભગવાનને જ જગતના કર્તાહર્તા છે એમ કહેવાયું છે. પરંતુ સાથોસાથ સુખ-દુઃખનું મુખ્ય કારણ કર્મ છે એનો પણ ઉલ્લેખ કરાયો છે. આપણા દેશમાં બાળક, ખેડૂત અને રીક્ષાચાલક પણ માને છે કે કર્મ મુખ્ય છે. આપણી સંસ્કૃતિમાં તલમાં તેલની જેમ કર્મની એટલે કે 'જેવું વાવશો એવું લણશો'ની વાત વણાઈ ગઈ છે. જૈન ધર્મમાં કર્મ અંગે સૂક્ષ્મ અને વ્યાપક વિવેચન કરવામાં આવ્યું છે. કર્મ એટલે ક્રિયા, કામ કે એક્ટીવિટી. જૈન દર્શનમાં ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ–એમ ત્રણ કર્મની વાત છે. ભાવકર્મ એટલે રાગદ્વેષ, લોભ, ક્રોધ અને માનાભિમાન. આત્મામાં ચૈતન્યના વિકાર ઉત્પન્ન થાય તે ભાવકર્મ છે. આ વાત બધા સ્વીકારે છે. આત્મા જ્યારે આ પ્રકારના વિકારીભાવ કરે છે ત્યારે તેની આત્માની સાથે લોકમાં વિદ્યમાન સૂક્ષ્મ પુદ્‌ગલ (વર્ગણ) પરમાણુ આવીને ચોંટે છે. તે દ્રવ્યકર્મનું રૂપ ધારણ કરે છે. આ બાબત જૈન ધર્મ સિવાય કોઈ માનતું નથી. કર્મના માનસિક અસ્તિત્વને બધા માને છે પણ ભૌતિક કર્મ માત્ર જૈનદર્શન માને છે. ત્યારપછી જે બાહ્ય પદાર્થો સાથે પોતાપણું ધરાવીએ છીએ તે બધા નોકર્મ (નાનુંકર્મ) છે. શરીર, કુરતો (ઝભ્ભો), રાષ્ટ્ર અને પરિવાર જેવાં સ્થૂળ પદાર્થ આપણાથી પણ અલગ છે. તે અલગ પુદ્‌ગલીક પદાર્થ પ્રત્યે હું એકત્વ કે મમત્વ ધરાવું છું ત્યાંસુધી તે નોકર્મ છે. આપણે દુકાનમાંથી ઝભ્ભો ખરીદીએ ત્યારે તે આપણો છે. તે મારો નોકર્મ બની ગયો. તેને ઉતારીને ફેંકી દઉં પછી તે મારો નોકર્મ રહેતો નથી. જેના પ્રત્યે હું એકત્વ-મમત્વ રાખું ત્યાંસુધી તે મારો નોકર્મ છે. કર્મ સિદ્ધાંત અંગે 'ધવલા' નામકગ્રંથ ૨૯ ભાગમાં લખાયો છે. તેમાં કુલ બે લાખ શ્લોક છે. ઈન્દૌરના પંડિત રતનલાલ શાસ્ત્રીએ કર્મના સિદ્ધાંત અંગે ૩૦૦ પૃષ્ઠોનું પુસ્તક લખ્યું છે. શાક સમારતી વેળાએ ચાકુથી આંગળી કપાય તો દોષ કોનો? આપણે ઘણીવાર ઈશ્વરને દોષ આપીએ છીએ. કેટલીક વાર ચાકુને કારણભૂત માનીએ છીએ. ચાકુ આપણાં હાથમાં હતું. આપણી બેદરકારી એ આપણાં કર્મનું ફળ હતું.

બંધ, સત્‌, ઉદય, ઉત્કર્ષણ, અપકર્ષણ અને સંક્રમણ વિગેરે એ કર્મની દસ અવસ્થા છે. તો આપણાં હાથમાં શું છે? આપણા હાથમાં કર્મ છે. આપણે ખેતરમાં ઘઉંની વાવણી કરવી કે કપાસની? શેરડીની વાવણી કરવી કે ચોખાની? તે આપણાં હાથમાં છે. ઘઉં વાવ્યા પછી તમે કપાસ લણી નહીં શકો. તેમાં તીર્થંકર ભગવાન પણ મદદ કરી નહીં શકે. કર્મના બંધ સમયે એટલે વાવણી સમયે આપણે સ્વતંત્ર છીએ. ઉદયના સમયે કોઈ પુરુષાર્થ ચાલતો નથી. કર્મનો આસ્રવ-બંધ કેવી રીતે થાય? આપણા હાથમાં આપણો ભાવ છે. કર્મના આસ્રવ-બંધના પાંચ મુખ્ય કારણ છે. મિથ્યાદર્શન, અવિરતી, પ્રમાદ, કષાય અને યોગ. કર્મ આવવામાં પાંચનું સરખું યોગદાન છે એવું લાગે પણ એવું નથી. મિથ્યાદર્શન અથવા મિથ્યાત્વ કર્મના આસ્રવનું સહુથી મોટું કારણ છે. મોહ એ કર્મનો રાજા છે, મોહિની છે તેથી બાકીના કામ કરી શકે છે. ત્યારપછીની ચાર બાબતો ઉતરતા ક્રમે જવાબદાર હોય છે. આપણો પુરો પુરુષાર્થ મિથ્યાદર્શન કે મોહને ખતમ કરવા કરવો જોઈએ. કર્મ કે પૃથક્ પૃથક્ આસ્રવ સમજવા જેવા છે. તત્ત્વાર્થ સૂત્રના પાંચમા અધ્યાયમાં જ્ઞાનાવરણ કર્મની વાત છે. જ્ઞાન કે તેના સાધનોમાં દોષ લાગે અને તેમાં દોષ લગાડે તેને જ્ઞાનાવરણ દોષ લાગે છે. જ્ઞાની અને જ્ઞાન પ્રત્યે પ્રીતિ રાખવાથી તેમજ તેના સાધનોના પ્રચાર-પ્રસારથી જ્ઞાની થવાય છે. સ્વાધ્યાય કરનારને ખલેલ-વિક્ષેપ કરવાથી મંદબુદ્ધિના થવાય. વીતરાગ ભગવાનને રાગીદ્વેષી માને છે અથવા ભગવાન વીતરાગ છે એમ નથી માનતા અને તેઓ જગતના કર્તાહર્તા છે એમ માને છે તેઓને મિથ્યાત્વ કર્મનો આસ્રવ બંધ થાય છે. આ ખતરનાક છે. ભગવાનને મોક્ષનું કે આત્માનું સ્વરૂપ માનો. ક્યારેય કોઈના દાન,

લાભ, ભોગ કે ઉપભોગમાં વિઘ્ન કરે તો અંતરાય કર્મનો બંધ થાય છે. વૃક્ષના એક પાંદડાની જરૂર હોય તો ડાળી કે વૃક્ષ ન કાપવું. પરને પીડા ન આપો એ સિદ્ધાંત વિશ્વશાંતિ માટે જરૂરી છે. જો કોઈ વ્યક્તિ દુઃખી હોય, શોક કરે તે બીજાને દુઃખ આપે તો આપણું દુઃખ વધે છે. તે અશાતા વેદનીય કર્મનું કારણ બને છે. જો બીજા જન્મમાં મનુષ્ય બનવું હોય તો અલ્પારંભ પરિગ્રહ અને સ્વભાવમાં મૃદુતા રાખો. વ્રતસંયમથી દેવગતિ મળે છે. પરનિંદા અને આત્મપ્રશંસાથી નીચા ગોત્રનો બંધ થાય છે. સુખદુઃખમાં સમતાભાવ રાખો.

**(વ્યાખ્યાન-ચાર : ૨૩ ઑગસ્ટ)**

**અધ્યાત્મ અને વિજ્ઞાન**

*[ ડૉ. નરેશ વેદ ગુજરાત અને ભાવનગર વિદ્યાપીઠના ભૂતપૂર્વ ઉપકુલપતિ છે. વલ્લભ વિદ્યાનગરની સ્ટાફ કૉલેજના ભૂતપૂર્વ પ્રાચાર્ય છે. હિન્દુ અને જૈન ધર્મના તેઓ અભ્યાસી છે.*

*ડૉ. નરેશ વેદનો આ વિષયનો લેખ આ અંકમાં પ્રસ્તુત છે. એટલે અહીં આ વિષયનો સારાંશ નથી આપ્યો. જિજ્ઞાસુને આ લેખ વાંચવા વિનંતિ. ]*

## ભજન-ધન : ૧૨

# વિસરાતી વાણી – અનહદની ઓળખાણી

**□ ડૉ. નિરંજન રાજ્યગુરુ**

## શરણું લેજો સાચા સંતનું

માનવઅવતારનું મહત્ત્વ આપણા સાહિત્યમાં ઘણાં કવિઓએ સમજાવ્યું છે. લોક સાહિત્ય અને ચારણી સાહિત્યમાં અનેક રચનાઓ મળે છે. અકબર શાહના દરબારમાં જુદી જુદી તમામ કળાઓના જાણકાર વિદ્વાનોને અનોખાં માન-પાન મળતા. એના નવરત્નોમાં એક નામ છે કવિ ગંગનું. કવિ ગંગનો જન્મ વિ. સં. ૧૬૧૦માં ઈટાવા જિલ્લાના ઈકનોર ગામે બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં થયેલો. તેમણે 'ગંગવિનોદ' નામના ગ્રંથની રચના કરી છે જેમાં વ્રજભાષામાં સવૈયા આદિ છંદોમાં જીવનમાં મર્મોનું આલેખન કર્યું છે.

(છંદ : સવૈયા)

*જ્ઞાન ઘટે કોઈ મૂઢકી સંગત, ધ્યાન ઘટે બિન ધીરજ લાએ,*
*પ્રીત ઘટે કોઈ પામર આગે ભાવ ઘટે નિત હી નિત જાએ;*
*સોચ ઘટે કોઈ સાધુકી સંગત, રોગ ઘટે કછુ ઓસડ ખાએ.*
*કવિ ગંગ કહે સુન શાહ અકબર દારિદ્ર ઘટે હરિ કો ગુન ગાએ.*

મુરખની સંગત થાતાં જ્ઞાન ઘટે, અધીરા થાતાં ધ્યાન ઘટે, પામરની સાથેનો પ્રેમ પણ ઘટે અને દરરોજ મહેમાન થઈને ઊભા રહેતાં ભાવ ઘટી જાય. સાધુની સંગત થાતાં વિચાર ઘટે-તર્ક-કુશંકા ઘટે, ઔષધિ લેતાં રોગ ઘટે એમ હરિના ગુણ ગાતાં દળદરનો નાશ થાય છે.

*ગંગ તરંગ પ્રવાહ ચલે ઔર કૂંપકો નીર પીયો ન પીયો*
*જાકે રૂદે રઘુનાથ બસે નવ ઔર કો નામ લીયો ન લીયો*
*કર્મ સંજોગે સુપાત્ર મીલે તો કુપાત્ર કો દાન દીયો ન દીયો*
*કવિ ગંગ કહે સુન શાહ અકબર એક મૂરખ મિત્ર કીયો ન કીયો.*

ગંગાજીનો પતિત પાવન પ્રવાહ વહેતો હોય અને આપણે કૂંજામાંથી વાસી પાણી પીવાનો વિચાર કરીએ તો એ ન પીધા બરાબર છે. જેના હૃદયમાં શ્રી રામનું નામ વસ્યું હોય તેણે અન્ય કોઈનું નામ લેવાની શું જરૂર? કર્મના સંયોગે કરી કોઈ સુપાત્ર મળી જાય તો કૂપાત્રને દાન દીધું એ ન દીધા બરાબર એમ મૂરખ માણસને મિત્ર કર્યો હોય તો એ ન કર્યા બરાબર છે.

*બાલ સે ખ્યાલ બડે સે બિરોધ અગોચર નાર સે ના હસીયે,*
*અન્ન સે લાજ અગન સે જોર અજાને નીરમેં ના ધસીયે;*
*બૈલકું નાથ ઘોડે કું લગામ ઔર હસ્તિકું અંકુશ સે કસીયે,*
*કવિ ગંગ કહે સુન શાહ અકબર એક ક્રૂરસે દૂર સદા બસીયે.*

બાળક સામે દલીલ, મોટાં સામે વિરોધ, અજાણી સ્ત્રી સાથે વ્યવહાર, અનાજ સામે શરમ, અગ્નિ સામે જોર, અજાણ્યા ઊંડાં જળમાં સ્નાન એટલાં વાનાં ન કરાય. ઘોડાને લગામ, બળદને નાથ અને હાથીને અંકુશથી કાબુમાં રખાય–એમ ક્રૂર માનવીથી દૂર રહેવું જોઈએ.

*કીટ પતંગ મિટાય પશુ નર દેહ અમુલક દાન દીયો હૈ*
*પેટ હુ મેં પ્રતિપાલ કરી અરુ કંચન સો તન સાર કીયો હૈ*
*દે સબ સાજ અનાજ હિ પોષત તાહિ કો આજ જિયાયો જીયો હૈ*
*બ્રહ્મમુનિ ફિટકાર કહે તો ય શ્રી પતિ કો શરણો ન લિયો હૈ...*

હે અભાગી જીવડા! તને ફિટકાર છે...અમુલખ એવો આ માનવ દેહ તને મળ્યો છે...ભગવાને તને જો કીડી-મકોડી કે પશુ-પંખી બનાવ્યો હોત તો તું શું કરવાનો હતો? પેટમાં હતો ત્યારથી તારી સંભાળ લીધી, સોના જેવું શરીર દીધું, રે'વા ખોરડાં, પે'રવા લુંગડાં ને ખાવા અનાજ દીધું, એનો જીવાડ્યો તો તું જીવે છે છતાં શ્રીહરિનું શરણું નથી લેતો?

*જ્યા દિન તેં યહ દેહ ધર્યો નર, તા દિન તે તોય ભૂલ પરાઈ*
*ખેલત ખાત બાલાપન ભૂલત જોબન ભૂલ ત્રિયા લપટાઈ*
*પુત્ર સુતા પરિવાર કે કારન સોચત ભૂલ વૃદ્ધાપન જાઈ*

*બ્રહ્મમુનિ પન તિન હે ભૂલકેં આપ પર્યો મુખ કાલ કે માંહી...*

હે માનવી! તારો જનમ થયો ત્યારથી તું સતસંગને ભૂલતો આવ્યો. હવે તો કાળના મોઢામાં પડ્યો છો. જેમ તેલ ઘટે ને દીવો બૂઝાતો જાય એમ ઘડપણે તને ઘેરી લીધો છે તો હવે તો ચેતી જા.

*દેહ ધર્યો જબ તેં ઘટ જાવત, જાનત માત બડો હોય આવે*
*બાલાપનામેં હિ ખેલત ખાવત હોય જુવા જુવતી મન ભાવે*
*જોબન વિતત વૃદ્ધ ભયો અરુ વૃદ્ધપનો પુનિ દેખત જાવે*
*બ્રહ્મમુનિ કહે એ સે વિનાશત તેલ ઘટે જ્યું હિ દીપ બુઝાવે.*

*બંધવ તાત હિ માત ત્રિયા સુત લાગત હૈ સબકું પ્રિય ગાઢો*
*જ્ઞાતિ હિ જાતિ કહે દિન રાતી હિ તોહિ તે વંશહુકો જશ બાટો*
*ઔર હિ લોક કહે જીત હિ તીન યા નર ને હમકું રંગ ચાઢો*
*બ્રહ્મમુનિ કહે જીવ કાયો જબ શીઘ્ર કહે સબ કાઢો હિ ચાઢો*

કોઈ તારૂં નહીં થાય...ભાઈ, પિતા, માતા, પત્ની કે પુત્ર અટાણે તને વ્હાલાં લાગે છે પણ જ્યારે તારો જીવ જાશે ને! એટલે તરત જ બધા કે'શે હવે આને ઝટ કાઢો...

*કાલકું કું હમ કાટત હે કહે કાલહી નાશ સબેકો કરે હૈ*
*કાલ તેં શેષ મહેશ્વર કંપત કાલતેં દેખી વિરંચી ડરે હૈ*
*કાલ કી ઝાલ ફીરે સબ લોકમેં કાલ તેં લોમસ જૈસે પરે હૈ*
*બ્રહ્મમુનિ કહે ગર્વ કહાં નર તું પલ એક હી માંઈ મરે હૈ...*

માણસનો ગર્વ નકામો છે. તું કહેતો ફરે છે કે હું કાળને બાંધી લઉં. પણ કાળથી તો આ ત્રણેય લોક કંપે છે. તારી શું વિસાત! એક પળમાં જ તારા અભિમાનના ચૂરા થઈ જાશે.. ભાઈ! હરિનું શરણું ગોતી લે...

*રાજ ભયો કહાં કાજ સર્યો મહારાજ ભયો કહાં લાજ બઢાઈ*
*શાહ ભયો કહાં વાત બડી પતશાહ ભયો કહાં આન ફિરાઈ*
*દેવ ભયો તો ઉ કાહ ભયો અહંમેવ બઢો તૃષ્ણા અધિકાઈ*
*બ્રહ્મમુનિ સતસંગ વિના સબ ઔર ભયો તો કહા ભયો ભાઈ...*

રાજા થયો હોય કે મહારાજા એમાં શું મોટી આણ ફેરવી દીધી છે? અરે! તને શાહ-બાદશાહ કે દેવ તરીકે માણસો ઓળખતા હોય એથી પણ શું? તારો અહંકાર ને તૃષ્ણા જ વધી છે. ભાઈ! ચેતી જા...સતસંગ વિના બધું કાચું.

*માથે મંદીલ બાંધતો, જાખા પહેરતા જે;*
*અંગેથી ઉતારે, સીંદર વીંટે શામળા.*

જે જીવતા હતા તે'દિ માથે આંટીયાળી પાઘડીયું બાંધતા, જરકસી જામા પહેરતા, પગમાં હેમની મોજડિયું પે'રતા એનુંય મોત આવ્યું તયે બધું ય અંગ માથેથી ઉતારીને સીંદરીએ બાંધ્યા'તા ઈ યાદ છે ને!

*જોર હી જોર કરે ધનસંગ્રહ, જાનત કામ દીને એક એહે*
*ઐસે હી મોતમેં વાર નહીં શઠ, દેખત આક કે તૂર જ્યું જેહે*
*માર હે કાલ થપાટ અચાનક ઢાહકે દેહ મીલાવત ખેહે*
*બ્રહ્મમુનિ સમજાય કહે તોય શ્રપતિ નામ તું ક્યું નહીં લેહે...*

કાળની થપાટ અચાનક લાગશે ને તારો આ કંચનવરણો દેહ રાખમાં મળી જાશે. જેમ આંકડાના ફળનું રૂ પવનનો ઝપાટો આવતાં ઊડી જાય છે એમ મોતને આવતાં વાર નથી લાગતી. અત્યારે સત્તા ને સંપત્તિ ભેગી કરવા તું દોટ મૂકે છે પણ હરિનું સ્મરણ કરી લે. ઈ ટાણે તો.

*એક સાંસ, ખાલી મત, ખોય લે ખલક બિચ, કિચરૂં કલંક અંક, ધોય લે તો ધોય લે*
*ઉર અંધિયાર પાપ પુર સો ભયો હે તામેં, જ્ઞાનકી ચિરાગ ચિત્ત બોય લે તો બોય લે*
*મનુષા જનમ બાર બાર ના મિલેગો મૂઢ, પૂરણ પ્રભુસે પ્યારો હોય લે તો હોય લે*
*દેહ ક્ષણ ભંગ યા મેં જનમ સુધારી બો સો, બીજકે ઝબુકે મોતી પ્રોય લે તો પ્રોય લે...*

આ અવસર આવ્યો છે હરિ ભજવાનો...એક એક શ્વાસને ખોયા વિના તારા ખોળિયાના પાપને ધોઈ લેવાનો. જ્ઞાનનો દીવો પેટાવીને, વીજળીને ઝબકારે મોતીડાં પરોવીને, સંત સમાગમ ને સતસંગ કરીને આ ક્ષણભંગૂર દેહનો જનમ સુધારી લે. મનખા જનમ વારંવાર નહીં આવે.

*મેલી નહીં મોહ ઝાળ, આખો ભવ એણે ગિયો;*
*કબજે કરશે કાળ, તે દિ શી ગત થાશે શામળા?*
*જીવતડાં દાખે જગત, સગપણ જૂઠું છેક;*
*અંત ને ટાણે એક, સાચો બેલી શામળો.*

જગતના સગપણ બધાંય ખોટાં છે, જીવતાં હોય ત્યાં લગીનાં... મરણ પછી તો કોઈ સાથે નહીં ચાલે, સહુ સ્વારથના સગાં છે, જ્યાં લગી સ્વાર્થ હશે ત્યાં સુધી માત-પિતા કુટુંબ કબીલા સાંચવે પછી જીવ જાય એટલે આગ ચાંપી દયે. પણ, શ્રી હરિ સાથેની પ્રીત ખૂબ કઠણ છે. હરિનો મારગ તો શૂરાનો મારગ છે, મન અને શરીર વશ કરવું, કામને જીતવો, બીજા ઉપર ઉપકાર કરવો, સંપત્તિમાં સમતા રાખવી, વિપત્તિમાં દાન દેવું, સ્નેહ નિભાવવો અને વચન પાળવું...આટલાં વાના બહુ કઠણ છે.

*કઠીન પ્રભુ સે પ્રીત કઠીન તન મન વશ કરવો*
*કઠીન જીતવો કામ કઠીન ભવસાગર તરવો*
*કઠીન પર ઉપકાર કઠીન મોહમારન મમતા,*
*કઠીન વિપતમેં દાન કઠીન સંપતમેં સમતા*
*કઠીન દાન અરુ માન સનેહ નિભાવન સો કઠીન*
*બૈતાલ કહે વિક્રમ સુનો વચન નિભાવન અતિ કઠીન.*

*નીર બિન કૂપ કહાં તેજ બિન ભૂપ કહાં,*
*લચ્છ બિન રૂપ કહાં ત્રિયાકો બખાનવો*
*કાલર કો ખેત કહાં કપટીકો હેત કહાં,*
*દિલ બિન દાન કહાં ચિત્ત માંહી આનવો*
*તપ બિન જોગ કહાં જ્ઞાન બિન મોજ કહાં,*
*કહાં જો કપૂત પૂત ડૂબ્યો કૂલ જાનવો*
*જિહવા બિન મુખ કહાં નૈન બિન નેહ કહાં,*
*રામ સે વિમુખ નર પશુ સો પિછાનવો...*

પાણી વિનાનો કૂવો, સામર્થ્ય વિનાનો રાજા, લજ્જા વિનાનું રૂપ, રણનું ખેતર, કપટીનું હેત, દિલ વિનાનું દાન, તપ વિનાનો જોગ, જ્ઞાન વિનાની મોજ, કૂળને ડૂબાડનાર કપૂત, જીભ વિનાનું મુખ, આંખ વિનાનો સ્નેહ ક્યારેય કામ આવતાં નથી એમ રામથી વિમુખ નર પશુ સમાન છે એવું સમજી લેવું.

*તારા કે તેજમેં ચન્દ્ર છૂપે નહીં, સૂર છૂપે નહીં બાદર છાયો*
*રણે ચડ્યો રજપૂત છૂપે નહીં, દાતા છૂપે નહીં માગન આયો*
*ચંચલ નારી કો નૈન છૂપે નહીં, પ્રીત છૂપે નહીં પૂંઠ દિખાયો*
*કવિ ગંગ કહે સુન શાહ અકબર, કર્મ છૂપે ન ભભૂત લગાવો...*

કવિ ગંગ કર્મની ગતિ વર્ણવતાં ગાય છે કે તારાના પ્રકાશમાં ચંદ્ર ક્યારેય છૂપાય નહીં, વાદળાં વીંધીને ય સૂર્યના કિરણો વહેતાં હોય, શૂરવીર રજપૂત રણમેદાનમાં છૂપો નો રયે ને ઘરે કોક યાચક આવ્યો હોય ત્યારે દાતારની દાતારી સંતાય નહીં. અંતરનો પ્રેમ હોય ત્યારે હાલ્યા જાતા પ્રિયતમ કે સ્નેહીની પીઠ જોઈને ય ઓળખી જવાય. કવિ ગંગ અકબર શાહને કહે છે હે બાદશાહ! ગમે તેટલી ભભૂત લગાવી હોય પણ માનવીના કર્મ છૂપાં રહેતાં નથી. એટલે જીવનમાં શું ન કરવું? એની સાચી શીખામણ દેતાં કવિ ગંગ ગાય છે..

*બુરો પ્રીતકો પંથ, બુરો જંગલકો વાસો,*
*બુરો નારકો નેહ બુરો મુરખ સો હાંસો*
*બુરી સૂમકી સેવ બુરો ભગિની ઘર ભાઈ,*
*બુરી નાર કુલચ્છ સાસ ઘર બુરો જમાઈ*
*બુરો પેટ પંપાળ બુરો શુરન મેં ભાગનો,*
*કવિ ગંગ કહે અકબર સુનો, સબ સે બુરો હે માગનો.*

સ્નેહનો માર્ગ અતિ વિકટ છે. જંગલમાં વસવાટ પણ ખૂબ વિકટ છે. પરનારી સાથેનો સ્નેહ બુરો છે. ને મુરખની હાંસિ કરવી પણ ખૂબ બૂરી છે. લોભીજનની ગમે તેટલી સેવા કરો પણ એનું ફળ મળે નહીં. બહેનને ત્યાં ભાઈ કાયમ વસે તેની કિંમત ન હોય. કુલક્ષણી નારી ને સાસરાને ત્યાં રહેતા ઘર જમાઈનું જીવતર વિકટ હોય, પેટનો જ ખ્યાલ કરનારો સ્વાર્થી ને રણમાંથી ભાગનારો ડરપોક આ સંસારમાં ખરાબ છે પણ એથી ય ખરાબ તો કોઈની સામે હાથ ફેલાવીને માંગનારો છે.

કવિ ગંગ માનવ શરીરના જુદા જુદા અંગોનો મહિમા ગાતાં ગાય છે કે,

*બાસ કે સંગ તો નાક દિયો, અરૂ આંખ દિયો જગ જોવન કું,*
*હાથ દિયો કછું દાન કે કારન, પાંવ દિયો પ્રથી ફેરન કું*
*કાન દિયો સુનને કું પુરાન, અરૂ મુખ દિયો ભજ મોહન કું*
*હે પ્રભુજી સબ અચ્છો દિયો, પર પેટ દિયો પત ખોવન કું.*

હે પ્રભુજી! તમે સુગંધ લેવા નાક આપ્યું, જગતના સૌંદર્યને નિહાળવા આંખ આપી, યાચકોને દાન દેવા માટે હાથ આપ્યો, તીર્થયાત્રા કરવા પગ આપ્યા, વેદપુરાણ સાંભળવા, હરિ કથા સાંભળવા કાન આપ્યા, પરમાત્માનું ભજન કરવા મોઢું આપ્યું આ બધું તો ખૂબ સારૂં કર્યું પણ આ પેટ આપ્યું એ માનવની આબરૂ લેવા દીધું છે. પેટને કારણે માનવી બધાં પાપ કરે છે.

*નીતિ ચલે તો મહિપતિ જાનિયે, ધીર મેં જાનિયે શીલ ધિયા કો*
*કામ પરે તબ ચાકર જાનિયે, ઠાકુર જાનિયે ચૂક કિયા કો*
*ગંગ કહે સુન શાહ અકબર, હાથ મેં જાનિય હેત હિયા કો.*

માણસની ઓળખાણ કેમ થાય? ગમે તેવો સમર્થ રાજા હોય પણ જો નીતિમાન ન હોય તો એને રાજા ન કહેવાય. ચારિત્ર્યવાન નારીમાં પણ જો ધીરજ ન હોય તો એ એનો અવગુણ ગણાય. સેવાનું કાર્ય કરવાનું હોય ત્યારે જ સેવકની સાચી ઓળખાણ થાય ને ભૂલ કરનારને માફી આપવાનો સમય આવે ત્યારે જ ઠાકુર કે સ્વામીનું મહત્ત્વ ગણાય. સામે આવેલ માનવી કુપાત્ર છે કે સુપાત્ર એ તો એની વાણીમાંથી જ પરખાઈ જાય. આંખ સામે જોતાં જ કેટલો સ્નેહ છે એની ખબર પડી જાય ને હાથ મેળવતાં જ રામરામ કરતાં જ અંતરમાં કેટલું હેત છે એની જાણ થઈ જાય. લોક કવિ મીર મુરાદ ગાય છેઃ

*તું હી નામ તારન સબે કાજ સરનૂ, ધરો ઉસકા ધારન નિવારન કરેગા*
*ન થા દાંત વાંકુ દિયા દૂધ માંકુ, ખબર હે ખુદા સબર જો ધરેગા*
*તેરા ઢુંઢ સીના મિટા દિલકા કીના, જિન્હેં પેટ દિના સો આપે ભરેગા*
*મુરાદ કહે જો મુકદર કે અંદર, તિને ટાંક મારા ન ટારા ટરેગા*

આ જગતમાં તારણહાર એવું જો કોઈ નામ હોય તો તે તું હિ જ છે. જે સૃષ્ટિનું સર્જન પાલન, પોષણ ને વિનાશ જેવા તમામ કાર્ય કરે છે. એક પરમાત્મા પોતે જ આ જગતના તારણહાર છે. ત્યારે મોઢામાં દાંત નહોતા, ત્યારે બાળકનો જન્મ થતાં વેંત માતાની છાતીમાં દૂધ આપ્યું. આવા પાલનહાર પરમાત્મા ઉપર ધીરજ રાખીને વિશ્વાસ કરવો જોઈએ. એનો આશરો લેવો હોય તો અંતરનો દ્વેષ મટાડીને પોતાની જાતને ઓળખાવી જોઈએ. જેણ પેટ દીધું છે તે તો ચોક્કસ અનાજ આપશે. પ્રારબ્ધમાં લખાયેલા લેખ ક્યારેય મિથ્યા થતા નથી.

*રહે શેર બનમેં મહામસ્ત મનમેં, ઉસે તિન દિનમેં ઓ રોજી મિલાતા*
*શકરખોર પંછી શુકર નિત ગુજારે, ખબર કર ઉસીકું ખુદાલમ્ મિલાતા*
*મતંગનકુ મન કે ઊર કીડી કુ કન દે, પરંદે કું ચન દે સો આપે જિલાતા*
*મુરાદ કહે જો સહી કરકે દેખા, ખુદાને કિયા સો અકલમેં ન આતા.*

અઘોર જંગલમાં વસવાટ કરતા વનરાજ સિંહને પણ પ્રભુ ત્રણ દિવસમાં એનો ખોરાક આપી દયે છે. પરમાત્મા કેવા દયાળું છે. હાથીને મણ મોઢે ખોરાક જોઈએ તો કીડીને કણ, પક્ષીને જોતી હોય ચણ. સૌની ખબર કાઢીને શ્રી હરિ પોષણ આપે છે. આ એની લીલા છે જે આપણી અકલમાં આપણા સમજવામાં આવતી નથી.

✷✷✷

આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ, જિલ્લો રાજકોટ.
પીન ૩૬૦૧૧૧. ફોન : ૦૨૮૨૫-૨૭૧૫૮૨

નારી તું નારાયણી

# અમારા ભાનુબેન

☐ કુસુમ ઉદાણી

[ અમારા દોશી કાકા એટલે નિષ્ણાત ચક્ષુ સર્જન ડૉ. રમણિકલાલ દોશી. જીવનની અંતિમ પળ સુધી આ ઋષિજને ૮૩૫ નેત્રયજ્ઞો કર્યાં. ૩૦,૧૦,૮૨૬ આંખના દર્દીઓને તપાસ્યા અને ચાર લાખ સાંઠ હજાર પાંચસો પિસ્તાલીસ નિઃશુલ્ક આંખના ઑપરેશનો કરી દરિદ્ર નારાયણોને દૃષ્ટિ આપી.

ગુજરાતના આણંદ પાસેના ચીખોદરાની 'રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટસલ'ના એઓ પ્રાણ અને સંપૂર્ણ સમર્પિત.

જંગમ તીર્થ જેવા આ દોશીકાકાને મળો એટલે જાણે માણસના શરીરમાં ભગવાનનું દર્શન.

દોશીકાકા અને ભાનુબેનનું તીર્થ જેવું ઓગણસિત્તેર વર્ષનું દામ્પત્ય. ૨૦૦૯માં ૯૩ વર્ષની ઉંમરે દોશી કાકાએ વિદાય લીધી.

અને આ ૧૫ સપ્ટેમ્બરના ભાનુબેને પણ વિદાય લીધી.

આ. પૂ. દોશીકાકા વિશે અમારા ડૉ. રમણભાઈએ વિગતે જીવન લખ્યું છે તે મે-૨૦૦૯ના 'પ્રબુદ્ધ જીવન'માં પુનઃ પ્રકાશિત થયું છે, પૂ. દોશીકાકાને અંજલિ રૂપે.

આ સંસ્થા, શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પૂ. દોશીકાકા અને પૂ. ભાનુબેનના અઢળક સ્નેહ અને સૌજન્યને મ્હાણ્યા છે. આ યુગલને અંજલિ આપવા શબ્દો ઓછાં પડે.

આ. પૂ. ભાનુબેનને અમારી આદરાંજલિ.

આ લેખના લેખિકા ભાનુબેનના નાના બહેન છે. ઉત્તમ વ્યક્તિ પ્રત્યે યથાર્થ સંવેદના પ્રસ્તુત થઈ છે, જે આપણા–વાચકના શબ્દો બની જાય એવી હૃદયસ્પર્શી છે.

-તંત્રી ]

ગુજરાતમાં આણંદ પાસે ચિખોદરામાં આંખની હૉસ્પિટલના યશસ્વી સર્જન સ્વર્ગસ્થ શ્રી રમણિકભાઈ દોશીએ અનેકોના ચર્મચક્ષુઓને દૃષ્ટિ સંપન્ન કર્યા; સાથે સાથે એમના સંસર્ગમાં આવનાર અનેકોને જીવન જીવવાની દૃષ્ટિ પણ આપી. એવા સંત સેવક નર-નારાયણની જીવનસંગિની મારી મોટીબેન શ્રી ભાનુભેનના ગરિમામય જીવનની આછી ઝલક 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સુધી પહોંચાડવાનો આ નમ્ર પ્રયાસ છે. મેં આ આર્ય સન્નારીના જીવનને નજદીકથી જોયું છે, માણ્યું છે અને સમજવાનો પ્રયત્ન કર્યો છે. બેન તો તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ના આ નશ્વર દેહને છોડી ચાલ્યા ગયા પણ એમની દૈનિક જીવનચર્યાના પાનાઓમાં અંકાયેલી અનેક ન ભૂલાય એવી પ્રેરણાદાયક અનુમોદનીય ઘટનાઓ, પ્રસંગો વારંવાર મારા માનસ પટ પર ઉપસી આવે છે. જે હવે તો માત્ર અવિસ્મરણીય સંભારણા રહ્યા!!!

પિતાશ્રી હરિભાઈ અને માતા સમરતબેનના છ સંતાનોમાં ભાનુબેન સૌથી મોટા. શાળાનું ચાર ધોરણનું શિક્ષણ અને સંયુક્ત વિશાળ પરિવારમાં થયેલ ઉછેર એમના ભવિષ્યના સેવાભાવી નિઃસ્વાર્થ જીવન માટે મજબૂત પાયારૂપ નીવડ્યો. થોડાં વર્ષ રંગુનમાં રહી માતૃભૂમિ પાછા ફર્યાં અને ૧૭ વર્ષની વયે લગભગ ૨૨ વર્ષની ઉંમરના શ્રી રમણિકભાઈ દોશી સાથે એમના લગ્ન થયા. ભાનુબેન સેવા-સમર્પણ, દયા-કરૂણાના દૃઢ સંસ્કાર સાથે જ આ દુનિયામાં અવતરેલા. કુદરતે એવા જ ઉચ્ચ માનવીય ગુણોથી સજ્જ શ્રી રમણિકભાઈ સાથે એમનું જીવન જોડ્યું.

બનેવીના માનસ ઘડતર પર ગાંધીજીની સત્યનિષ્ઠા, સાદગી અને દેશદાઝ તથા પૂ. શ્રી રવિશંકર મહારાજના સેવામય પરોપકારી જીવનનો જબરજસ્ત પ્રભાવ. 'ભાનુબેન ખાદી પહેરે તો જ એની સાથે લગ્ન કરું' એવા કરાર સાથે બેનને આ મહાત્માના જીવનસાથી બનવાની મંજૂરી મળી. પરણીને ઘરે આવ્યા તો કડક સિદ્ધાંતોના પાલનમાં ઢીલ કે બાંધછોડ ન ચાલે. ખાદી સિવાય મીલનું કાપડ વપરાય જ નહીં, સ્ટીલના વાસણો ન વપરાય, ફ્રીઝ, સોફાસેટ જેવી આધુનિક સગવડો પ્રતિ તદ્દન ઉદાસીનતા. બેને જરાપણ ખચકાટ કે આનાકાની વગર આ નિયમોનું જીવનભર શત પ્રતિશત પાલન કર્યું. 'પતિનું સુખ એ મારું સુખ' એ સમજ બેનના કોઠામાં ઊંડે ઊંડે વસેલી. પતિને નિતાંત સમર્પણ ભાવે વરેલી એક આદર્શ સન્નારી–પત્ની જ આ બધું કરી શકે. ધન્ય છે ભારતની ધરા જ્યાં આવી અનોખી માટીથી ઘડાયેલી વિરલ વ્યક્તિઓનું જીવન મહેક પ્રસારતું રહે છે, પ્રેરણા આપતું રહે છે.

આણંદમાં બેન-બનેવીનું ઘર નાનું. પોતે નિઃસંતાન પણ જેઠના ૪ પુત્રો, સ્વર્ગસ્થ નણંદની ૩ વર્ષની બાળકી અને મારો સૌથી નાનો ભાઈ--એમ કુલ છ બાળકોને પોતાના ઘરે તેડાવી લીધા. બાળકીને મોટી કરી સાસરે વળાવી એના જીવનના સર્વ વ્યવહારિક પ્રસંગોને સાચવ્યા. છોકરાંઓને શાળા, કૉલેજના શિક્ષણ બાદ ઉચ્ચ અભ્યાસની સવલતમાં કંઈ કસર ન રાખી. ભણતરની સાથે સાથે આધ્યાત્મિક જ્ઞાન અને ધર્મમય જીવન જીવવાના પાઠ ભણાવ્યા. તેથી જ આજે વિદેશોમાં એ બાળકો સારા હોદ્દા પર સુખમય જીવન જીવી રહ્યાં છે. પરદેશમાં સંયુક્ત પરિવારની કલ્પના જ ન કરી શકાય પણ બેન પાસે રહીને સુસંસ્કારોના સિંચન થકી એમનો ભત્રીજો એના બે પુત્રોના પરિવાર સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે.

ઉપર લખ્યું તેમ બેન-બનેવીનો આઠ સભ્યોનો પરિવાર. ઘરમાં એકલા હાથે બધું જ કામ કરવાનું; કારણ ત્યારે નોકર અને રસોઈઓ રાખવાની પ્રથા ન હતી. ઘરકામથી બેન પરવારે કે તરત વિવિધ સેવાકામમાં લાગી જાય. એમના ઘરે બારે માસ દરજી હોય. વિદેશથી મફતલાલ મહેતા કપડાંઓના બંડલ મોકલતા રહે. દાનરૂપે આવેલ આ મોટી સાઈઝના સર્વ વસ્ત્રોમાંથી અનેક પ્રકારના અહીં ઉપયોગી થાય એવા નાના વસ્ત્રો બનાવવા બેન જાતે એને વેતરે, દરજીને માર્ગદર્શન આપી સીવડાવે. તૈયાર માલની પોતે નોંધણી કરે પછી જ થેલાઓ ભરાય અને ગામે ગામ જઈ યોગ્ય વ્યક્તિને માપસરનું વસ્ત્ર આપે. દેશ-પરદેશથી દાન રૂપે એમને સારી એવી ધનરાશિ પણ આવતી. દાતાને રસીદ ન પહોંચાડે તો ભાનુબેન શેના ? ક્યાંય એક દોરાનો હિસાબ પણ આઘો પાછો ન થાય. બધો વહીવટ એકદમ સાફ અને પારદર્શક. એમની વિદાય પછી ઘર ખાલી કરતા કેટલીયે ડાયરીઓ મળી આવી જેમાં અનેક સૂક્ષ્મ વિગતો સંગ્રહાયેલી પડી છે.

ચિખોદરાની હૉસ્પિટલ ઊભી કરવામાં બેને ઘણો બધો સાથ આપ્યો.

તબીબી કાર્ય શરૂ થયું. બેન ઈચ્છતા કે તેઓ બન્ને આણંદમાં રહે અને રોજ ચિખોદરા આવ-જા કરે, પણ બનેવીને આ માન્ય ન હતું. એમણે તો કહી દીધું કે 'તમને જ્યાં ફાવે ત્યાં રહી શકો છો, હું તો ચિખોદરામાં જ રહીશ.' બેને મનની ઈચ્છાને સંકેલી લીધી અને પતિના પગલે ચિખોદરા આવી વસ્યા. હૉસ્પિટલમાં બનેવી ખૂબ વ્યસ્ત રહે અને રાત્રે ત્યાં જ સૂઈ જાય. ક્યારેક જ રાતે ઘેર આવે તો એમના અલગ શયનખંડનો ઉપયોગ કરે. વિષય વાસનાને જીતી ચૂકેલા આ સાધુપુરુષને વંદન કર્યા વિના ન રહેવાય!

હૉસ્પિટલ પૂર ઝડપે વિકસતી રહી, કામ વધવા લાગ્યું. ભાનુબેન ઘરકામથી પરવારી હૉસ્પિટલે દોડી આવે અને કામમાં લાગી જાય. રાત-દિવસ જોયા વગર કામ કરતા રહે. શરીર થાકે પણ મનમાં એવી જ તાજગી. હું એમને ઘણીવાર કહું કે 'તમારા સેવા ક્ષેત્રનો અને સમયનો અતિરેક થતો જાય છે. તમે ગજા ઉપરાંતનું કામ ઉપાડો છો અને શરીર, આરામ પ્રતિ દુર્લક્ષ રાખો છો આ બરાબર નથી.' આના જવાબમાં બેને કહેલા શબ્દો આજે ય મને સંભળાઈ રહ્યા છે, 'તું આ બધું ન સમજે, તારામાં આ બધી સમજણ નથી.' મને દુઃખ થતું કે બેન ક્યારે સમજશે! પણ બેનને વિદાય લેતા જોયા ત્યારે સમજાયું કે હું કેટલી કાચી સમજની હતી. જતાં જતાં બેન નિઃસ્વાર્થ સેવા કેવી રીતે કરાય એનો બોધ આપતા ગયા-એનું મૂલ્ય સમજાવતા ગયા. ધન્ય હો તને! વંદન હો તને.

સાધુ જેવા ત્યાગી મારા બનેવી અને સતિ જેવી મારી બેન – બન્નેના મિલનથી જાણે સોનામાં સુગંધ ભળી કહું તો જરાયે અતિશયોક્તિ નહીં ગણાય. બંન્ને જણ એકબીજાના પૂરક બની દિવ્ય અને ભવ્ય જીવન જીવી ગયા. દર્દીઓના એ ભગવાન કહેવાયા. લોકચાહના વધી. સફળતાની સુગંધ ફેલાવા લાગી. દેશના અનેક ધનિક નબીરાઓની નજર એમના પર પડી. આવા કલ્યાણકારી સેવાકાર્યમાં પોતાનું ધન અર્પિત કરવા તત્પર થયા. પરિણામે અનેક ગામોમાં નેત્રયજ્ઞોની શરૂઆત અને સિલસિલો ચાલુ થયો. લોકો લાભાન્વિત થતા જાય અને માગ વધતી જાય. આને પહોંચી વળવા આ ભેખધારી દંપતી પોતાને ઓગાળતા ગયા. શરીરની જરૂરિયાતો અને આરામને વિસારી અન્યને સુખ-શાંતિકારક થવામાં, અન્યોના દુઃખને હરવામાં સ્વને ભૂલતા ગયા. બેન-બનેવી બધાને પોતિકા જેવા લાગે. વિશાળ દુઃખી જનસમુદાયના એ બેલી!!

એક વખત અંબુજા સિમેન્ટ કંપનીના માલિકના સહયોગથી રાજસ્થાનમાં પિલાની પાસે નેત્રયજ્ઞનું આયોજન થયું. બેન-બનેવી સાથે મારી ભાભી અને હું પણ ગયા. ત્યાં પહોંચી તૈયાર થઈ ભાભી અને હું ફરવા નીકળી ચાલ્યા. ભાનુબેને અમને જોઈ લીધા. પાસે પહોંચ્યા તો શાંતિથી ગંભીરતાપૂર્વક છતાં જરાય અભાવ વગર અમને ચેતવ્યા, 'અહીં આપણે સેવા માટે આવ્યા છીએ, ફરવા નહીં.' છાવણી પાસે પહોંચ્યા તો કહે કે 'જુઓ આ ડોસીઓ સૂતી છે એમના આવતીકાલે ઑપરેશન થવાના છે. એમના માથાની જૂઓથી કે દુર્ગંધથી અણગમો લાવ્યા વગર, કંટાળ્યા વગર એમના વાળને સમારવાના, ઓળવાના છે! ચૂપચાપ અમે સૂચના પ્રમાણે કામે લાગી ગયા. કામ કરતા કરતા સેવાનો મર્મ પામતા ગયા. દુઃખિયારાઓની સેવા મન લગાવીને પ્રેમથી કરવી કેટલી બધી અઘરી છે. એ તો બેન જેવી સેવાને વરેલી નારી જ કરી શકે સહજતાથી. બેન સામે અમારું માથું ઝૂકી ગયું.

મારા એક બેન-બનેવી દેવલાલીમાં રહે. તેઓને કોઈ સંતાન નહીં. ઉંમર કહે મારું કામ. એકબીજાની ઓથ થકી જીવનયાત્રા ચાલતી હતી. એક વખત પડી જવાથી બેનને ફ્રેક્ચર થયું. કોણ એમને સાચવે? ભાનુબેનને સમાચાર મળ્યા કે તરત બંન્નેને ચિખોદરામાં બોલાવી લીધા. બેનને ત્રણ મહિના હૉસ્પિટલમાં રાખ્યા અને તન-મન-ધનથી એમની સેવા કરી. બેન સાજા તો ન થયા પણ શાંતિપૂર્વક વિદાય લઈ શક્યા કારણ એમના ગયા બાદ એમને હવે બનેવીની ચિંતા ન હતી. મનમાં ખાત્રી હતી કે ભાનુબેન છે એટલે પતિની બરાબર સંભાળ લેવાશે. ભાનુબેને એકલા પડી ગયેલા બનેવીને એકલાપણું ન લાગવા દીધું અને બે વર્ષ સુધી એમની પણ એટલી જ કાળજીપૂર્વક દિલથી સંભાળ રાખી. સામો માણસ કોણ છે, કુટુંબનો કે અન્ય કોઈ, બેનને બધા પોતાના જ લાગે અને એ સૌને પોતાની જેમ જ સાચવે. ભેદ-ભાવ રહિતની એમની તટસ્થ દૃષ્ટિ. માનવમાત્રમાં પ્રભુના દર્શન કરે. સેવા લેનાર ગળગળો થઈ જાય, જીવંત માનવતાને માણતો એ પણ માનવતાના મૂકપાઠ શીખતો જાય.

મારા બાને કૅન્સરનું નિદાન થયું. વર્ષમાં દર છ માસે છ મહિના પોતાની પાસે જાતે જઈને બાને ચિખોદરા તેડી લાવે અને એમની સેવા કરે. આવી પુત્રી-રતનને કુખે જન્મ આપ્યાનું બાને ગૌરવ થાય અને દીકરીના ઘરેથી જતાં એમની આંખો સુખદુઃખના મિશ્રિતભાવથી છલકાઈ ઉઠે.

બનેવીને બચપણથી જૈન ધર્મમાં ઊંડી શ્રદ્ધા. એક જૈન શ્રાવકને શોભે એવું એમનું નિયમબદ્ધ આચરણ-સજ્જ જીવન. ક્યારેય રાત્રિભોજન ન કરે. કંદમૂળ પોતે ન ખાય અને ઘરમાં રંધાવા ન દે. શ્રાવકના વેષમાં સાધુ જેવું અપરિગ્રહી સંયમિત એમનું જીવન. મેં ક્યારેય એમની પાસે ચોથી જોડી કપડાંની હોય એ જોયું નથી. ત્રણ જોડી જ રાખવી. જિંદગીભર આ નિયમ પાળ્યો. બહારગામ જાય ત્યારે સામાનમાં પોતે ઉપાડી શકે એટલો એક બગલથેલો જ માત્ર હોય અને જતી વખતે બેન પાસેથી ૨૦૦/૨૫૦ રૂપિયા ખરચી માટે લે. ગુજરાતમાં સાધુ-સાધ્વીઓ ચાતુર્માસ બાદ ગામાંતર કરે, વિહાર કરે ત્યારે વચ્ચે આવતા ગામોમાં સ્થાનના અભાવે અને જૈનના ઘરોની વસતિના અભાવે એમને ઘણી તકલીફો સહન કરવી પડતી. સૂજતો આહાર અને યોગ્ય રાતવાસાની મુખ્ય સમસ્યા. બેન-બનેવીને આ પરિસ્થિતિની જાણ થઈ. એમનું દિલ જંપી ન શક્યું. મનોમંથન ચાલ્યું. લોકોને એમની ફરજ પ્રતિ જાગ્રત કર્યા. ઘરે ઘરે ફરીને ફાળો એકત્ર કર્યો. પરિણામે એક સુંદર સુરક્ષિત સ્થાન શ્રમણ-શ્રમણીઓ માટે તૈયાર થઈ ગયું. ચાતુર્માસ દરમ્યાન પોતે આસપાસના ગામોમાં બિરાજતા સાધુ-સાધ્વીઓના વ્યાખ્યાન સાંભળવા જાય અને સૌને ચિખોદરા પધારવાનું, રહેવાનું ભાવભર્યું આમંત્રણ આપે. સાધુ-સાધ્વી ચિખોદરા આવે ત્યારે એમની તમામ જરૂરિયાતો ભક્તિપૂર્વક સચવાઈ જાય. આહાર, વૈયાવચ્ચમાં ક્યાંય કસર ન રહે. સાધુ સમાગમથી બેન-બનેવી ધર્મને ઊંડાણથી સમજ્યા. જ્ઞાન સમજતા જાય, પચાવતા જાય અને જીવનમાં આચરતા જાય. ઈન્દ્રિયો અને મન પૂરેપૂરા એમના વશમાં. કંઈ અયોગ્ય થવા ન પામે.

ઘર આંગણે આવનાર કોઈ ખાલી હાથે ન જાય-જેની જેવી

જરૂરિયાત. સૌ દુ:ખી બેન પાસે દોડી આવે અને આશ્વસ્ત થઈને પાછા જાય. માત્ર ચિખોદરા જ નહીં પણ આસપાસના ગામોના લોકો એને અન્નપૂર્ણાના નામથી ઓળખતા. અન્નદાનની એમની પૂર્ણ પારખી. એ હોય અને કોઈ ભૂખ્યું રહે એ એમને પાલવે જ નહીં. બેન જાતે જઈને એમને ભૂખમુક્ત કરે. દુ:ખીના દુ:ખમાં એમની પૂરેપૂરી ભાગીદારી. જેને જેનો ખપ–ગામડે ગામડે જઈ ઘરે ઘરે ફરી વ્યક્તિને હાથોહાથ જરૂરત પૂરી પાડે અને સ્વ-પરના જીવનને ધન્ય બનાવતા જાય.

એમની દયા, પ્રેમ, અનુકંપા માત્ર મનુષ્ય સુધી સીમિત નહીં; પશુ-પંખી પ્રતિ પણ એટલી જ હમદર્દી. ઘર આંગણે નિયમિત નાના-મોટા, સબળા-નબળા અનેક પ્રકારના પક્ષીઓ નિર્ભયતાપૂર્વક પ્રેમથી ચણવા આવે. ચણ નખાતું જાય અને જીવદયાભાવનો ઉલ્લાસ ઉછળતો જાય. હૈયું હરખિત-પુલકિત થઈ જાય એવું એ અદ્ભુત દૃષ્ય જે નજરે જુએ તે જ એનો મહિમા અનુભવી શકે.

૯૩ વર્ષની પાકટ વયે ૧૦ એપ્રિલ, ૨૦૦૯ના પૂ. બનેવીએ વિદાય લીધી. બેનનો જીવતો જાગતો સથવારો છૂટી ગયો. મન ઢીલું પડ્યું. શરીર તો પહેલેથી જ ઘસી નાખેલું. હવે શરીરનો સાથ પહેલા જેવો ન રહ્યો. થોડી બિમારી ભોગવવી પડી. હવે આ ચેતનાને એનો સેવાયજ્ઞ ચાલુ રાખવા નવા તાજા શરીરની જરૂરત લાગી. શરીર અને ચેતનાને વિખૂટા થવાનો સમય નજદીક આવતો ગયો. હું એમની પાસે જ હતી. હવે માત્ર ગણતરીના જ શ્વાસોશ્વાસ શેષ રહ્યા હોય એવું લાગતા બેનના શરીરને કાળજીપૂર્વક ઘણી મૃદુતાથી સ્વચ્છ કરી તૈયાર કર્યો અને હાથ જોડાવી સ્વદશા જાગૃત રહે એવી આરાધના કરાવતી રહી. આલોચના અને ક્ષમાપનાનો પાઠ પૂરો થયો અને આ (જીવનની–શરીરની) યાત્રા પણ તત્કાળે પૂરી થઈ. ચહેરા પર ઊંડી શાંતિની સ્તબ્ધતા છવાઈ ગઈ.

આવું હતું એમનું મંગલ જીવનઅને આવું હતું એમનું મંગલ મૃત્યુ.

વહાલી બેન, તું જ્યાં હો ત્યાં તને–તારા ગુણોને મારા ભાવભર્યાં વંદન હો.

***

૬૦૩, ગુલબહાર ઍપાર્ટમેન્ટ, ૧૦, હરે ક્રિષ્ન રોડ, બૅંગલોર-૫૬૦ ૦૦૧.
ફોન :૦૮૦-૪૧૧૩ ૮૮૦. મોબાઈલ : ૦૯૭૩૧૯૧૪૭૬૮.


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૮ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થસ્સ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |

**નવાં પ્રકાશનો**

૧. **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન રૂા. ૩૦૦

૨. **ઈલા દીપક મહેતા સંપાદિત સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ રૂા. ૩૫૦

૩. **ભારતી દીપક મહેતા સંપાદિત શ્રી શશીકાંત મહેતા** આધ્યાત્મ રવિની પિતૃ છવિ – અમૂલ્ય

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# જૈન ધર્મ અને સમાજ

❑ કાકુલાલ સી. મહેતા

'પ્રબુદ્ધ જીવન'ના મે મહિનાના અંકમાં તંત્રીલેખ 'જૈનો આટલા શ્રીમંત ? આટલા ગરીબ ?' તેમજ સપ્ટેમ્બરના અંકમાં 'જૈનોની ઘટતી વસ્તી' એક સાચી ઘટના અને જૂનના અંકમાં શ્રી હિંમતલાલ ગાંધીનો લેખ 'વર્તમાન જિન શાસન અને સાંપ્રત સમસ્યાઓ'એ આજની વિશ્વની પરિસ્થિતિમાં, જ્યારે 'અહિંસા સિવાય આરો નથી' એ વિચારનો વિશ્વ સ્તરે સ્વીકાર થઈ રહ્યો છે ત્યારે, અહિંસામાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવનાર જૈન શાસનકર્તાઓ ક્યાં ઊભા છે એવો પ્રશ્ન ઊઠાવ્યો છે. જૈનો શ્રીમંતાઈ અને ગરીબી વચ્ચે કેવા અટવાયેલા છે તેનો તાદૃશ ચિતાર રજૂ કર્યો છે જેનો પ્રત્યેક વાચકે મનોમન સ્વીકાર કર્યો જ હશે. સુજ્ઞ બંધુઓના આત્માને જગાડવા શું આટલું પૂરતું નથી ? સુજ્ઞેષુ કિં બહુના ? વાચક/ વિચારક મિત્રોને મારી નમ્ર વિનંતી છે કે ચિત્તની શાંત અને એકાકી અવસ્થામાં આ લેખોનું ફરીથી ચિંતન કરે.

શ્રી ધનવંતભાઈએ સામાજિક દૃષ્ટિએ જીવન અને ધર્મ વચ્ચે કેટલી મોટી ખાઈ પડી છે અને જૈનોની ઘટતી વસ્તીના નિર્દેશ સાથે જૈનો અને જૈન ધર્મના ભાવિ વિશે તેમજ ધર્મ ક્ષેત્રે ઊભરાતા ભંડોળો અને ભંડારોના ઉપયોગ વિશે ચિંતા વ્યક્ત કરી છે. મારા મનમાં એક શંકા ઊઠે છે કે આપણે શું અધર્મને જ ભૂલથી ધર્મ તો નથી માની રહ્યાને ? તો શ્રી હિંમતભાઈ ગાંધીએ આર્થિક, જૈનોની વસતી, ધાર્મિક પરિસ્થિતિ, ધાર્મિક સંસ્થાઓ, સંઘો તથા જૈન ટ્રસ્ટો અને તેના ફંડો અને ઉપયોગ ઉપરાંત જૈન બેંક સ્થાપવા સુધીનું વિશ્લેષણ કર્યું છે. આપણી સામે બે ભિન્ન ચિત્રો ઉજાગર થાય છે. પહેલું ચિત્ર જૈનો અને ધર્મની વર્તમાન દશા દર્શાવતું અને જૈનોની ગરીબી દૂર કરવાની ઝંખનાનું ટૂંકા ગાળાનું અને બીજું જૈન ધર્મના વિશ્વ શાંતિમાં યોગદાનની શક્યતાનું લાંબા ગાળાનું.

જીવન અને ધર્મ બન્ને સંકલિત છે. એક તારના બે છેડા છે. ધર્મવિહોણું જીવન એ જીવન જ નથી. માનવ જીવનના મહત્ત્વ અને ગૌરવનો જ ઈન્કાર છે તો સત્ત્વહીન ધર્મ પણ નિરર્થક છે. મહાજનો વ્યક્તિગત રીતે પોતાની મર્યાદામાં રહીને નિરાધાર અને ગરીબોને સહાયક થવાનો પ્રયાસ કરે છે એ વિદિત છે. જે જૈનો એકાકી છે, બિમાર છે, તદ્દન આધારહીન છે કે વૃદ્ધ છે એમના માટે તો આર્થિક સહાય સિવાય બીજો કોઈ ઉપાય નથી. પરંતુ જે અભણ છે, વિસ્થાપિત છે, વ્યવસાય માટે નાણાં નથી કે ઘરબાર પણ નથી પરંતુ કામ કરી પોતાના અને કુટુંબના જીવન નિર્વાહ માટે તૈયાર છે એમને, જરૂરી જણાય તો તદ્‌વિષયક કેળવણી આપીને, કામે લગાડી શકાય તો સમાજમાં ગૌરવપૂર્વક જીવી શકે. શ્રેષ્ઠીઓ કાયમનો ઊકેલ શોધવા શું કરી રહ્યા છે તે વિશે સામાન્ય નાગરિકને કંઈ જાણવા મળતું નથી એટલે એક સામાન્ય વ્યક્તિ તરીકે મારા વિચારો રજૂ કરવાની અનુજ્ઞા ચાહું છું.

જૈનોની વસતી દેશના ૧% જેટલી જ હોવા છતાં જો જૈનોનો દેશના જી ડી પી દરમાં ૨૮%, આવકવેરામાં ૩૫% અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં ૫૦%નો ફાળો જતો હોય તો એ કાંઈ નાનોસૂનો હિસ્સો નથી. આટલો વિશાળ અને મહત્ત્વનો હિસ્સો છતાં જૈનોના ૫૦% કે ૬૦ લાખ લોકો ગરીબીમાં રિબાતા હોય તો આપણે વિચારવું રહ્યું કે આપણે ક્યાં ભૂલ કરી રહ્યા છીએ ? લેખકનો ઈશારો રાજકારણમાં આપણા હિસ્સાનો અભાવ તરફ હોઈ શકે પરંતુ આપણે જાણીએ છીએ કે આ જમાનો સંઘશક્તિનો છે. મજદૂરો યુનિયન દ્વારા અને વ્યવસાયિકો એસોસિએશન દ્વારા પોતાનો રસ્તો શોધી લે છે તો આપણે આવો પ્રયાસ કેમ ન કરી શકીએ ? યુવા-નવી પેઢી સક્ષમ છે પણ એમને સમય નથી કે પછી ધર્મ પ્રતિ અભાવ છે કે શ્રદ્ધા તૂટી ગઈ છે એ વિચારણાનો પ્રશ્ન છે.

જૈન સમાજ ચાર ફિરકામાં વિભાજિત છે. ચારે ફિરકા મહાવીરના અનુયાયીઓ છે. ક્યાંક મતભેદ છે, આચાર-વિચાર કે સમજ ભેદ છે પણ જૈનોના મૂળભૂત સિદ્ધાંતોમાં શ્રદ્ધા ધરાવે છે તો ચારે ફિરકાઓ મળીને એક ફેડરેશન બનાવી શકાય. દરેક સંઘ એમની પ્રવૃત્તિ એમની રીતે કરી શકે. એમાં ફેડરેશન માથું ન મારે. પરંતુ દરેક સંઘને લગતા સમાન પ્રશ્નો જેમકે જીવહિંસા, વસતી ગણતરી કે કાયદા-કાનૂન કે જૈનોને મળેલ લઘુમતીના દરજ્જા જેવા બીજા પ્રશ્નોમાં સહકાર સાધી શકે તો સંખ્યાબળ વધે અને એક શક્તિશાળી સંઘ બની શકે. યાદ રહે કે વિભાજનથી આપણે કેવળ જુદા નથી પડતા પણ કદાચ અજાણતા દુશ્મન પણ બનીએ છીએ કે અન્ય પરિબળો બનાવે છે. ચારે ફિરકાઓની મુખ્ય સંસ્થાની નીચે પેટા સંસ્થાઓ પણ છે. એમના સહકારથી વસતી ગણતરી કરવામાં અને બીજા કામોમાં પણ આગળ વધી શકાય. 'પ્રબુદ્ધ જીવન'ના ફેબ્રુઆરી ૨૦૦૯ના અંકમાં એક લેખ લખેલો 'એકવીસમી સદીમાં જૈનોનું યોગદાન શું હોય શકે ?' આજે પ્રશ્ન જાગે છે કે 'એકવીસમી સદીમાં જૈન ધર્મનું કોઈ યોગદાન હશે ?' આશા અમર છે, અવિરત છે કારણ કે 'સત્ય મેવ જયતે' અંતે તો સત્ય જ ટકે છે.

જૈન ધર્મનું હજારો વર્ષથી માન્ય એક સૂત્ર છે: 'સર્વ મંગલ માંગલ્યમ્, સર્વ કલ્યાણ કારણમ્, પ્રધાનમ્ સર્વ ધર્માણમ્, જૈનમ્ જયતિ શાસનમ્.' જૈન ધર્મ વિશ્વ ધર્મ બની શકે એટલી શક્તિ ધરાવે છે એવી આપણી શ્રદ્ધા છે ત્યારે આપણું શું કોઈ કર્તવ્ય નહિ ? મહાવીરના સમયથી આપણે વ્યક્તિગત રૂપે, મોક્ષનું સાધન સમજીને આ શ્રદ્ધાને જાળવી રાખી છે. ગાંધીજીએ જ્યારે અહિંસા અને સત્યને વિશ્વ વ્યાપી બનાવ્યા એટલું જ નહિ પણ અપરિગ્રહના સિદ્ધાંતને પણ જીવનમાં વણી લીધો ત્યારે પણ આપણે ન જાગ્યા અને આજે પણ ઊંઘતા જ રહીશું ? શ્રી ધનવંતભાઈએ પ્રશ્ન ઊઠાવ્યો છે કે જૈન ધર્મનું ભાવિ શું ? ધર્મ તો હિતકારી જ હોય છે. પતન થતું હોય તો તે જૈન ધર્મના અનુયાયીનું જ ને ? તો ચાલો કાંઈક તો વિચારીએ, કાંઈક તો કરીએ ?

છેલ્લા બે-ત્રણ દાયકાથી આપણા જીવનમાં ભારે પરિવર્તન આવ્યું છે. માનવ જીવન સર્વશ્રેષ્ઠ છે અને કુદરતે જીવનના રહસ્યને ખોલવા માટે માનવ જીવનનું સર્જન કર્યું છે એ વાત વિસરાઈ ગઈ છે અને કોઈ પણ માર્ગે ધન-દોલત એ જ જીવન મંત્ર બની ગયો છે એ જાણવા છતાં કે અંતે તો ખાલી હાથે જવાનું છે. સંસારમાં પૈસાની જરૂરત છે જ. પણ ક્યાંક મર્યાદા રેખાની પણ એટલી જ જરૂરત છે.

વિશાળ દૃષ્ટિએ જોઈએ તો, જૈનોની ૫૦% વસ્તીના પ્રમાણમાં વિશ્વમાં ૮૦% જેટલી વસતી, ધનાઢ્ય દેશોના શોષણને કારણે, ગરીબીમાં સબડે છે. એનો ઉપાય જૈનોની અલૌકિક જીવનશૈલીમાં રહેલો છે અને જ્યારે સમસ્ત વિશ્વ હિંસાની આગમાં જલી રહ્યું છે, અશાંતિ અને નિરાશામાં ઘેરાઈ ગયું છે, ક્યાંય વિશ્વસ્તતા રહી નથી, નીતિમત્તાનો કોઈ ખ્યાલ પણ નથી રહ્યો ત્યારે જૈનો ધારે અને સામૂહિક પ્રયાસ કરે તો મર્યાદિત પરિગ્રહ દ્વારા પણ વિશ્વ શાંતિમાં અનેરો ફાળો આપી શકે તેમ છે.

આચાર્ય મહાપ્રજ્ઞના એક પુસ્તકમાં વાંચવા મળેલું કે મહાવીરના સમયમાં પાંચ લાખ એવા શ્રાવકો હતા કે જેમણે મર્યાદિત પરિગ્રહની પ્રતિજ્ઞા લીધેલી. મર્યાદિત એટલે કુટુંબના જીવન નિર્વાહ માટે આવશ્યક એટલી જ આવક વાપરવાની અને એથી વધુ આવક થાય તે સમાજ અને ધર્મના લાભાર્થે વાપરવાની. જેમ કે એ જમાનાની જરૂરિયાત મુજબ ધર્મશાળાઓ બંધાવવી, કૂવા, વાવ અને હવાડા બનાવવા, પરબ બાંધવા કે જેથી મુસાફરોને અને પ્રાણીઓને પાણી મળી રહે. તે ઉપરાંત મંદિરો બંધાવવામાં આવતા જેમાં કારીગરોને પોતાની અનુકૂળતા મુજબ પણ ઉત્કૃષ્ટ કારીગીરી કરવાનું કહેવામાં આવતું. કામ (આઉટપુટ) મપાતું નહિ. વરસો સુધી કારીગરોને પગાર મળતા રહેતા અને એમના કુટુંબોની આવશ્યકતા મુજબ જ્યારે જોઈએ ત્યારે આર્થિક કે અન્ય સહાય મળી રહેતી. આપણા જૂના મંદિરો એની સાક્ષી પૂરે છે. મર્યાદિત પરિગ્રહમાં જે વધારાનું છે તેમાંથી જ આપવાનું હોય છે તેથી રોજબરોજના જીવનમાં કોઈ અચડણ થતી નથી. આવા દાન આજે પણ થઈ જ રહ્યા છે. જરૂરત છે આવા દાનને સંકલિત કરી પૂરા સમાજ સુધી વ્યવસ્થિત રીતે પહોંચાડવાની. દેવદ્રવ્યનો ઉપયોગ, જૈનોની આગવી બેંક, જૈનોને મળેલ ધાર્મિક લઘુમતીનો દરજ્જો વગેરે પણ જુદી વિચારણા માગે છે એટલે ફક્ત અત્રે ઉલ્લેખ જ કરવો રહ્યો.

શ્રી ધનવંતભાઈએ ત્રણ શબ્દોનો ઉપયોગ કર્યો છે. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ, હિંસાનો અભાવ એ કાંઈ અહિંસા નથી. અહિંસામાં સર્વ જીવો પ્રતિ નિરપેક્ષ પ્રેમ, એમના કલ્યાણની ભાવના, એમના હિતાર્થે સમર્પિત જીવન, એમના દુ:ખ-દર્દ પ્રતિ કરુણા અને અજ્ઞાન પ્રતિ સમભાવ અને દુર્વ્યવહાર માટે ક્ષમા કરવી એ છે અહિંસાભાવ. અન્ય માટે જે કાંઈ થઈ શકે તે કરવામાં આનંદનો અનુભવ કરવો એનું નામ જીવન. એથી જ શ્રાવકો માટે મર્યાદિત પરિગ્રહનો વિચાર છે અને તેમાંથી જ જન્મે છે જીવનનો આનંદ. એક પ્રશ્ન એ પણ છે કે જ્યાં ધનના ભંડાર ભર્યા છે તે ઉપાર્જન ઉચિત માર્ગે થયેલું છે કે નહિ? મારો અંગત અભિપ્રાય છે કે સત્કાર્ય માટે મળતું હોય તો એવું દ્રવ્ય સ્વીકારવું જોઈએ. એથી દાતાને પુણ્ય પ્રાપ્ત થતું હોય તો ભલે થાય. આખરે તો અનીતિના માર્ગે ઉપાર્જિત ધનનું ફળ પણ એના ભાગે આવવાનું એ તો કર્મફળનો નિયમ છે.

પ્રશ્નો વિશાળ છે, ગંભીર પણ છે તો એ માટે તો એને અનુકૂળ એવી વિશાળ સંસ્થા પણ જોઈએ. એ ક્યાંથી લાવવી એવા પ્રશ્નો સ્વાભાવિક છે. તો સંસ્થાઓ પણ છે જ. સવાલ છે એકત્રિત થવાનો, સામંજસ્ય સાધવાનો. સંશ્લિષ્ઠ પ્રયાસ કરવામાં આવે તો અશક્ય નથી જ. ભારતની બહાર અન્ય દેશોમાં જૈનોની વસતી ૨૦ લાખની છે એવો અંદાજ છે અને એ બધા જ આર્થિક રીતે ઘણાં જ સુખી છે એ પણ હકીકત છે. મોટે ભાગે વ્યવસાયમાં છે અને નોકરિયાતો પણ સારું કમાય છે અને બચાવે છે. સહુ સહકાર આપવા પ્રતિબદ્ધ છે એવી મારી શ્રદ્ધા છે.

થોડા મહિના પહેલાં વર્તમાનપત્રોમાં સમાચાર હતા કે જૈન ઈન્ટરનેશનલ ઑર્ગેનિજેશને (જીઓએ) જાણ કરેલ કે જૈનોના ચોવીસ તીર્થંકરોના નામે ચોવીસ યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવશે. પ્રશ્ન છે કે એનું સ્વરૂપ કેવું હશે? આપણે જાણીએ છીએ કે હાલમાં જ બિહારમાં નવેસરથી 'નાલંદા યુનિવર્સિટી'નું નિર્માણ થયું છે અને સોળ જેટલા વિદ્યાર્થીઓ સાથે વર્ગો પણ શરૂ થયા છે. સંસ્થાના નિર્માણમાં સોળ જેટલાં દેશો ખાસ કરીને જ્યાં બૌદ્ધ ધર્મનું સ્થાન જળવાઈ રહ્યું છે તે છે અને કદાચ પશ્ચિમના દેશો પણ જોડાશે. વિદ્યાર્થીઓ માટે પહેલું વર્ષ હોવાથી ફી અર્ધી એટલે કે રૂપિયા એક લાખ સાંઠ હજાર છે જે આવતા ત્રણ વર્ષે ત્રણ લાખ વીસ હજાર થશે. આટલી ખર્ચાળ યુનિવર્સિટીમાં ગરીબ વિદ્યાર્થી શી રીતે ભણી શકશે એની કલ્પના જ કરવી રહી? પ્રશ્ન એ છે કે જો બનાવવી જ હોય તો પાંચેક યુનિવર્સિટી – પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ અને મધ્ય ભારતમાં બનાવવામાં આવે કે જે શહેરથી થોડે દૂર જંગલમાં હોય, સ્વાશ્રયી હોય, પ્રકૃતિના પ્રાંગણમાં હોય, પર્યાવરણનું રક્ષણ થતું હોય, શિક્ષણનું ધ્યેય માનવ જીવનને સફળ અને સાર્થક બનાવવાનું હોય. આ તો માત્ર ઉલ્લેખ માટે લખ્યું છે પરંતુ ચોવીસ યુનિવર્સીટી માટે જોઈતું ધન હોય તો અત્યારે તો જૈનોની ગરીબી દૂર કરવામાં અને સર્વને પગભર કરવામાં આવે તો એક મહાન ઉપલબ્ધિ થાય. જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઑર્ગેનીજેશન (જીતો) અને જિઓ બન્ને સંસ્થાઓ આર્થિક રીતે અત્યંત સદ્ધર છે અને કુશળ અને સક્ષમ નેતૃત્વ ધરાવે છે તે જો આટલું યોગદાન આપી શકે તો જૈન સમાજની અપૂર્વ સેવા કરી ગણાશે અને ધન્યવાદને પાત્ર બનશે. વિશ્વને પણ એની નોંધ લેવી પડશે.

આ બધું બનતા તો કેટલો સમય વીતી જશે એની કેવળ કલ્પના કરવી રહી પણ પ્રશ્નના તાત્કાલિક ઊકેલ માટે શું થઈ શકે? શરૂઆત કોણ અને કેવી રીતે કરે? જે ચાહે તે કરી શકે છે. એક વ્યક્તિ કે એક કુટુંબને પગભર થઈ શકે એટલી સહાય કરીને. પહેલ ગમે તે કરે, બીજા અનુસરશે એવી શ્રદ્ધા અસ્થાને તો નથી જ કેમકે જે ભોગ આપવાનો છે તે તો ચોખ્ખી કમાણીના એક અંશ રૂપે આપવાનો હશે અને એની દાતાના કુટુંબના રોજિંદા જીવન ઉપર કોઈ અસર નહિ

જણાય. વિશ્વની હિંસક સંસ્કૃતિ સામે એકલા ગાંધીજીએ સત્ય અને અહિંસાના આધારે લડત આપેલી અને એનું પરિણામ આપણી સામે છે. ઘણાં પ્રશ્નો ઊઠશે અને ઘણાં વિચારો પણ છે પરંતુ શરૂઆત થશે તો માર્ગ પણ મળી જ રહેવાના. આચારણમાં જ અદ્‌ભુત શક્તિ રહેલી છે. જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર પણ આપોઆપ થશે.

અંતે, ઇટાલીના મહાન કવિ અને તત્ત્વવેત્તા દાંતેનું આ કથનઃ 'જે લોકો નૈતિક કટોકટીના કાળે તટસ્થ અને નિષ્ક્રિય રહે છે તેના જેવું મોટું કોઈ પાપ નથી અને નરકના અંધારા ખૂણા એમના માટે અનામત રાખવામાં આવેલ છે.' ✷ ✷ ✷

૧૭૦૪, ગ્રીન રીડ્ઝ ટાવર-૨, ૧૨૦ ન્યુ લીંક રોડ,
ચિકુ વાડી, બોરીવલી વેસ્ટ, મુંબઈ-૪૦૦-૦૯૨.
ફોન : ૯૧ ૨૨ ૨૮૯૮ ૮૮૭૮

# જૈન યુવક સંઘ ભક્તિ સંગીત વર્ગ

*[ આપણી આ પ્રવૃત્તિને શરૂ કર્યાને લગભગ ૨૫ થી ૩૦ વર્ષો થયા. મુ. રમણભાઈને યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજના પદોને મુમુક્ષુઓ સુધી પહોંચાડવાની ઈચ્છા હતી તેથી આ કલાસ શરૂ કર્યા હતા. શરૂઆતમાં બંસીભાઈ ખંભાતવાલા ભજનો શીખવતા. ત્યારબાદ દેવધર કલાસના શ્રી શ્યામભાઈ ગોગટેએ આનંદઘનજી રચિત તીર્થંકરોના પદો તથા બીજા પદો તથા અન્ય ભજનો પણ શીખવ્યા. ૧૯૮૯થી ૨૦૦૨ સુધી તેઓ શીખવતા અને તેમના દેહાંત બાદ શ્રી અંબાજીરાવ હાર્મોનિયમ સર તથા રમેશભાઈ ભોજક તબલાસર બધી બહેનોને ક્લાસિકલ બેઝ પર ભજનો શીખવે છે. ઈ. સ. ૨૦૦૨ થી મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસવાળું બિલ્ડીંગ redevelopment માં જવાની વાત થઈ ત્યારથી આ પ્રવૃત્તિ બંધ ન કરતા આજ સુધી મારા ઘરમાં ચલાવ્યા પરંતુ સંજોગોવશાત્ ઑક્ટોબર ૨૦૧૪થી આ પ્રવૃત્તિ બંધ કરવાનું કમિટીએ નક્કી કર્યું છે. અત્રે પ્રસ્તુત છે આ સંગીતયાત્રાના હૃદયસ્પર્શી સંવેદનો આ બહેનોના શબ્દોમાં....* **☐ પુષ્પા પરીખ ]**

''સપ્ટેમ્બરની ૧૯મી તારીખે જૈન યુવક સંઘ ભક્તિ સંગીતના કલાસની બહેનોનો આખરી કલાસ હોવાથી અમે સૌએ એક farewell પાર્ટીનું આયોજન કર્યું હતું. બહેનોના ભાગ્ય સવાયા કે અમને 'શ્રી અંબાજીરાવ' તથા 'શ્રી રમેશભાઈ ભોજક' જેવા ગુરુઓ મળ્યા.

'પુષ્પાબેન' રૂપી વડલાને ઘેર છેલ્લા બાર બાર વર્ષથી ભેગા થતાં ખૂબ જ આનંદ આવતો. અમે સૌ એક કલાકમાં તો તાજામાજા થઈ જતા. શુક્રવાર ક્યારે આવે અને સૌ ભેગા મળી પંખીની જેમ કલરવ કરીએ એની જ રાહ જોતા.

છેલ્લા શુક્રવારે હૈયામાં પ્રીત, ગળામાં ગીત અને મુખમાં સ્મિત રાખી ભેગાં તો મળ્યા પણ હૈયામાં ઊંડે ઊંડે કંઈક વસવસો હતો. અમારા સૌના સંબંધ ઝાકળની જેમ ઉગ્યા ત્યારે ભીનાશનો સ્પર્શ થયો અને એકાએક કલાસ બંધ થઈ જવાના સમાચારે ઝાકળના બધા જ બિંદુઓ કાચની જેમ ફૂટ્યા અને કરચો અમને સૌને વાગી.

વિદાય સમારંભમાં બન્ને ગુરુજીઓને અમારી યાદગીરી રૂપે નાની શી ભેટ તથા મિઠાઈ આપી. ઘણી બહેનોએ દિલને વાચા આપી કંઈક અવનવું પીરસ્યું. નયનાબેને 'અહો અહો શ્રી સદ્‌ગુરુ'–ગાયું. ઈંદિરાબેને લોકગીતના ઢાળમાં વિદાય ગીત-

'જૈન યુવક સંઘની માયાળુ બેનડીઓ
એવી માયા રે મેલીને આપણે જાશું મારી બેનડી
હાલોને આપણાં મલકમાં...'

આખું સુંદર ગીત ગાયું તથા પુષ્પાબેન માટે એક અછાંદસ કાવ્ય પણ લખીને લાવ્યા હતા. કુસુમબેન સુંદર શબ્દોમાં લખીને લાવેલા તેનું વાંચન કર્યું જેનો નમૂનો નીચે જણાવું છું.

'સાચા ગુરુની કેળવણી મૂલ્યનિષ્ઠ જીવન જીવતાં શીખવે છે. સંગીત જીવનમાં ઉમંગ, તથા ઉલ્લાસ ભરે છે. સંગીતમાં જેમ સપ્તસૂરોનો આનંદ હોય છે તેમ જીવનમાં પણ સંસ્કાર સાથે સંવાદ સાધવાનો હોય છે. કોરસમાં જે ગાઈ શકે છે એનો સંસાર કદી દુઃખી નથી હોતો કારણ કે સંસારમાં પણ અન્યો સાથે તાલમેલ સાધવાનો હોય છે. કોરસમાં ગાવાની કળા અમને આ બંને ગુરુજીઓએ શીખવી છે.'

'આ કલાસ અમારી મુગ્ધાવસ્થાની વીતી ગયેલ ક્ષણોને પાછી આપે છે. ભલે ઘણું બધું ભલાઈ જાય પરંતુ શાશ્વત સાથે જોડાયેલી આવી ક્ષણો ભૂલાતી નથી. અમારા સૌથી ઉંચા વંદન બન્ને ગુરૂજીઓને કે જેમણે અમને અપૂર્ણ હોવા છતાં ખૂબ શાંતિથી સહન કર્યા અને પ્રેમ આપ્યો.'

'આજના એન્ડવાન્સ ટેકનોલોજીના જમાનામાં બે બાબતો સોયની અણીની જેમ જે ભોંકાતી રહે છે તે છે થાક અને કંટાળો. સંગીતને કારણે અમારો થાક ઉતરી જતો અને કંટાળો ભાગી જતો.'

વિદાય વેળાએ સૌ એક બીજાને ભેટી પડ્યા. છૂટા પડતાં બોલવાના હોંશકોંશ જ નહોતા. શા માટે બોલવું અને હૈયું ખોલવું ? કોને ખબર ક્યારે જિંદગીની ડાળીએથી ખરી પડીએ!

ભવિષ્યમાં ફરીથી સંગીત કલાસની શરૂઆત નવેસરથી કરીએ એવા સ્વપ્નની સાકાર થવાની આશા સાથે-

*'જો બાત દવાસે નહીં હોતી વો બાત દુઆસે હોતી હૈ,*
*કાબિલ ગુરૂ જો મિલ જાયે તો બાત પ્રભુસે હોતી હૈ.' ''*

કલાસની સર્વે બહેનો વતી
**☐ કુસુમબેન કુમારભાઈ શાહ**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## વાર્ષિક વૃત્તાંત

### (તા. ૧-૪-૨૦૧૩ થી તા. ૩૧-૩-૨૦૧૪)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે તેની ૮૫ વર્ષની યાત્રા પૂર્ણ કરે છે. વીતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું દિગ્દર્શન કરાવતા અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ સંક્ષેપમાં આપીએ છીએ.

ગાંધીજીની ભાવનાને અનુસરીને કશી પણ જાહેરખબર લીધા વિના છેલ્લા ૮૫ વર્ષથી સંઘનું માસિક મુખપત્ર **'પ્રબુદ્ધ જીવન'** નિયમિત પ્રગટ થતું રહ્યું છે. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો **'પ્રબુદ્ધ જીવન'**ને સારો સહયોગ સાંપડ્યો, જે માટે અમે તેમના આભારી છીએ. **'પ્રબુદ્ધ જીવન'**ના તંત્રી તરીકે ડૉ. ધનવંતભાઈ ટી. શાહ છેલ્લા દશ વર્ષથી માનદ્ સેવા આપી રહ્યા છે અને વ્યવસ્થિત રીતે સંચાલન કરે છે તે માટે અમે તેમના ઋણી છીએ. **'પ્રબુદ્ધ જીવન'**નું કલેવર એકદમ બદલી નાંખ્યું છે અને તેનું મુખપૃષ્ઠ મા સરસ્વતીના રંગબેરંગી ચિત્રોથી સુશોભિત કરાયું છે. **'પ્રબુદ્ધ જીવન'**ના મુદ્રણકાર્ય માટે 'મુદ્રાંકન'ના શ્રી જવાહરભાઈના અમે આભારી છીએ. ૫ વર્ષથી **'પ્રબુદ્ધ જીવન'** મુદ્રણ માટે સૌજન્યદાતાની પ્રથા શરૂ કરી છે જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે જેનાથી સંઘ આર્થિક રીતે હળવાશ અનુભવે છે. પરિણામે દળદાર વિશિષ્ટ અંકો પ્રકાશિત કરી શકાયા છે. આ વરસે 'ગણધરવાદ' વિશિષ્ટ અંક પ્રકાશિત થયો, તેનું માનદ્ સંપાદન ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ કર્યું, જેના અમે આભારી છીએ. ત્રણેક વર્ષથી પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા કોરપસ ફંડની શરૂઆત કરી છે. તેને પણ સારો પ્રતિસાદ મળ્યો છે. ઉપરાંત પ્રબુદ્ધ જીવન નિધિ કોરપસ ફંડમાં અનુદાન મળતું રહે છે.

**પ્રેમળ જ્યોતિ :**

સંઘ સંચાલિત અને શ્રીમતી વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાળા પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ' વિભાગ દ્વારા દર્દીઓને દવા, કપડાં, સ્કુલ ફી, યુનિફોર્મ, વગેરેની સહાય આપવાની પ્રવૃત્તિ વર્ષ દરમિયાન સારી રીતે ચાલી રહી છે, સંયોજકો તરીકે શ્રી નિરૂબહેન શાહ અને શ્રી પુષ્પાબહેન પરીખ પ્રશસ્ય સેવા આપે છે તે માટે અમે તેમના આભારી છીએ.

**સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તકાલય પ્રકાશન ટ્રસ્ટ :**

સંઘ તરફથી ચિંતનાત્મક પુસ્તકોના પ્રકાશન માટે સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહના પુસ્તક પ્રકાશન ફંડમાં રકમ આપવામાં આવી છે, જેમાં વખતો વખત ઉમેરો થતો રહ્યો છે. પુસ્તકોના વેચાણની રકમ પણ છેલ્લ ૨ વર્ષથી આ ખાતામાં જમા કરીએ છીએ જેથી વધારેમાં વધારે પુસ્તકો છપાવવા માટે ભંડોળ મળી રહે. વ્યાજમાંથી પુસ્તકોનું પ્રકાશન થાય છે. આ વર્ષે આપણે ૩ પુસ્તકોનું પ્રકાશન કર્યું છે.

૧. વિચાર મંથન
૨. વિચાર નવનીત
૩. સાંપ્રત સહચિંતન ભા. ૧૬

**શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ :**

સ્વ. જમનાદાસ હાથીભાઈ મહેતાના પરિવાર તરફથી સંઘને કોરપસ ફંડ મળ્યું છે જેમાં વખતો વખત ઉમેરો થતો રહ્યો છે. પ્રબુદ્ધ જીવનમાં એમના માટે અપીલ કરવામાં આવે છે જેને સારો પ્રતિસાદ મળે છે. તેના કોરપસ ફંડના વ્યાજમાંથી કોઈપણ જાતના ભેદ રેખા રાખ્યા વગર જરૂરિયાતવાળા પરિવારને અનાજ આપવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિના સંયોજકો તરીકે સર્વશ્રી ઉષાબેન શાહ, રમાબેન મહેતા અને પુષ્પાબહેન પરીખ પ્રશસ્ય સેવા આપી રહ્યો છે તે માટે એમના આભારી છીએ.

**ભાનુ ચેરિટી ટ્રસ્ટ :**

ત્રણ વર્ષ પહેલાં શ્રી પ્રવીણભાઈ શાહે રૂા. ૬ લાખ સંસ્થાને આપ્યા હતા અને તેમના ટ્રસ્ટ-ભાનુ ચેરિટી ટ્રસ્ટ નામે જમા કર્યાં. દર વર્ષે તેના વ્યાજમાંથી જરૂરીયાતવાળા પરિવારને દર મહિને કોઈપણ નાત જાતના ભેદભાવ વગર અનાજ આપવામાં આવે છે.

**શ્રી કિશોર ટિંબડિયા કેળવણી ફંડ :**

સ્વ. કિશોર ટિંબડિયાની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી શિષ્યવૃત્તિ માટે સંસ્થાને કોરપસ દાન મળ્યું છે તે ફંડના વ્યાજમાંથી કૉલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિષ્યવૃત્તિ કોઈપણ નાત જાતના ભેદભાવ વગર આપવામાં આવે છે. આ પ્રવૃત્તિઓના સંયોજકો તરીકે સર્વશ્રી રમાહેન મહેતા, ઉષાબહેન શાહ અને વસુબહેન ભણશાલી માનદ્ સેવા આપી રહ્યાં તે માટે એમના આભારી છીએ.

**શ્રી સરસ્વતીબેન ડાહ્યાભાઈ જવેરી ચશ્મા બેંક :**

સાધારણ સ્થિતિવાળા દર્દીઓને રાહત દરે ચશ્મા આપવામાં આવે છે. શ્રી સરસ્વતીબેન ડાહ્યાભાઈ જવેરી પરિવાર તરફથી કોરપસ ફંડ મળ્યું તેના વ્યાજમાંથી આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે તેના સંચાલક તરીકે શ્રી નિરૂબેન શાહ માનદ્ સેવા આપી રહ્યા છે માટે અમે એમના આભારી છીએ.

**ભક્તિ સંગીતના વર્ગો:**

સંઘના ઉપક્રમે ભક્તિ સંગીતના વર્ગ સંઘના કાર્યાલયમાં ચાલતા હતા પણ સંઘનું મકાન નવું થવાનું હોવાથી ભક્તિ સંગીતના સંયોજક શ્રી પુષ્પાબહેન પરીખના નિવાસ સ્થાને છેલ્લા પંદર વરસથી ચલાવવામાં આવે છે. તે માટે તેમના અમે ખૂબ આભારી છીએ. શ્રી અંબાજીરાવ એકંબે તેમજ શ્રી રમેશભાઈ ભોજક અધ્યાપક તરીકે બહેનોને સારી તાલીમ આપે છે તે માટે એમના આભારી છીએ. પુરતા પ્રમાણમાં

બહેનો ભાગ લેતી નથી તેથી ભક્તિ સંગીત ક્લાસ ચલાવવા આર્થિક દૃષ્ટિએ પોસાતું નથી. તેથી ભક્તિ સંગીતના વર્ગ કદાચ આવતા વર્ષથી બંધ કરવાનો વિચાર છે.

**પર્યુષણ વ્યાખ્યાનમાળા :**

સંઘના ઉપક્રમે શુક્રવાર તા. ૨-૯-૨૦૧૩થી તા. ૯-૯-૧૩ સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ ખાતે યોજવામાં આવી હતી. આ આઠ દિવસની વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન ડૉ. ધનવંત ટી. શાહે શોભાવ્યું હતું. શ્રી નિતીનભાઈ સોનાવાલાએ સાથ આપ્યો હતો. ગત વર્ષની માફક આ વર્ષે પણ કલોઝ સરકીટ ટી.વી.ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો પ્રબુદ્ધ જીવનના અંકમાં પ્રગટ કરી હતી.

આ વ્યાખ્યાનમાળા દરમિયાન દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલાં ૪૫ મિનિટનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજાતો હતો.જેનું સંચાલન નીરૂબેન શાહ અને ડૉ. કામીની ગોગરી કરતા હતા. પર્યુષણ પર્વ દરમિયાન સંઘ આર્થિક સહાય કરવાના ઉદ્દેશથી સંસ્થાની વરણી કરે છે. આ વર્ષે તે માટે માલવી ઍજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, કુકેરી, તા. ચીપલી, જિ. નવસારીની પસંદગી કરી છે. દાતાઓ તરફથી અપીલનો સારો પ્રતિસાદ મળ્યો હતો. અને રૂા. ૩૬,૦૦,૦૦૦/- જેવી માતબર દાનની રકમ એકત્ર થઈ હતી. સંઘ તરફથી દાન અર્પણ કરવા અહીંથી ૨૫ સભ્યો, દાતાઓ તા. ૧૫-૨-૨૦૧૪ના રોજ જઈ ચેક અર્પણ કર્યો.

પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સહયોગથી યોજવામાં આવે છે. તેમના ટ્રસ્ટનો સંઘ આભાર માને છે. પ્રતિ વર્ષે વ્યાજની આવક કરતાં ખર્ચની રકમમાં ઘટ પડતા. આ વર્ષે પણ સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી રૂા. ૧,૫૦,૦૦૦/- નું અનુદાન પ્રાપ્ત થયું હતું.

પ્રત્યેક વ્યાખ્યાનની સી. ડી. સ્વ. કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર (દિલ્હીવાળા)ના અનુદાનથી ત્રિશલા ઈલેક્ટ્રોનિકે તૈયાર કરેલ જે પ્રત્યેક શ્રોતાને બીજે દિવસે પ્રભાવના રૂપે અર્પણ કરી હતી. દાતાના અમે આભારી છીએ.

**પ્રબુદ્ધ જીવન નિધી ફંડ :**

પ્રબુદ્ધ જીવન નિધિ ફંડની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૦૬થી શરૂ કરી તેમાં દાતાઓ, પેટ્રન તેમજ આજીવન સભ્ય તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. આજ સુધી રૂા. ૨૭,૮૭,૦૦૦/- જેવી માતબર રકમ જમા થઈ છે જેના વ્યાજમાંથી પ્રબુદ્ધ જીવનના પ્રકાશનના ખર્ચમાં રાહત થાય છે.

**પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા કોરપસ ફંડ :**

આ વર્ષ સંઘ તરફથી પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા કોરપસ ફંડની શરૂઆત કરી છે. જો સંઘને ૧૨ મહિનાના કોરપસ દાતા મળી જાય તો દર મહિને સૌજન્યદાતાને શોધવાની જરૂર ન પડે. અમને જણાવતાં આનંદ થાય છે કે સંઘના બે મહિના માટે પ્રત્યેક ફેબ્રુઆરી, માતુશ્રી હિરાલક્ષ્મી અને પર્યુષણ અંક માટે શ્રી સી. કે. મહેતા સૌજન્ય કોરપસ દાતા મળી ગયાં છે. જેની વિગત પ્ર.જી.માં પ્રગટ થઈ છે. સૌજન્ય કોરપસ માટે આપણે રૂા. ૩,૦૦,૦૦૦/- નું અનુદાન લેવાનું નક્કી કર્યું છે. જેના વ્યાજમાંથી એક મહિનાનું સૌજન્ય દાતા તરીકે નામ લખી શકાય, ૧૫ વર્ષ સુધી સૌજન્ય દાતાનું નામ લખાશે. ૧૫ વર્ષ પછી આ રકમ પ્રબુદ્ધ જીવન નીધિ ફંડમાં ટ્રાન્સફર કરવી એમ કાર્યવાહક સમિતિની મિટિંગમાં ઠરાવ મંજુર કર્યો છે.

**ઋષભકથા :**

ભારતમાં પહેલીવાર કોઈ શ્રાવકના મુખે મહાવીર કથાનું આયોજન થયું હોય તો તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે કર્યું છે. મહાવીર કથા, ગૌતમકથા અને આ વર્ષે ઋષભકથાનું આયોજન ભારતીય વિદ્યા ભવનમાં તા. ૨, ૩, ૪ એપ્રિલ ૨૦૧૩ થયું. ખૂબ જ મોટી સંખ્યામાં શ્રોતાઓ હાજર રહ્યા હતાં ઋષભકથા બાબત ઘણું બધા જાણતાં હશે પણ જ્યારે ડૉ. કુમારપાળ દેસાઈએ તેની બાબત રજુ કરી ત્યારે શ્રોતાજનોને એમ લાગ્યું કે આપણે ઋષભકથા બાબત ઘણું ઓછું જાણતા હતાં. કથાના સૌજન્ય દાતા એક શ્રાવક જૈન પરિવાર તરફથી રૂા. ૧,૨૫,૦૦૦/- નું અનુદાન મળ્યું હતું.

**રસધારા ઑફિસ :**

સંઘની ઑફિસ રસધારા કૉ. ઑ. હા. સોસાયટીના એ વીંગમાં છે. જેને તોડી નવું મકાન બનાવવા માટે સોસાયટી તરફથી પ્રયાસ કરવામાં આવે છે. ઘણી મિટિંગ થઈ છે. ભૂપેશભાઈ જૈન-બિલ્ડર તરીકે તૈયાર થયા છે. બધા સોસાયટી મેમ્બરોને મનાવવા માટેની કોશિશ ચાલુ છે. કદાચ આવતા વર્ષે નવું મકાન બાંધવાની શરૂઆત થાય એવી શક્યતા દેખાય છે. આ કમિટીના કન્વીનર શ્રી ચંદુભાઈ ડ્રેસવાળા છે જેઓ આ કામમાં પરિશ્રમ કરી રહ્યા છે.

**ખેતવાડી ઑફિસ :**

સંઘ છેલ્લા ૧૩ વર્ષથી શ્રી મનિષભાઈ દોશીની જગ્યા ૧૪મી ખેતવાડી આવેલી છે તેમની જગ્યા વાપરીએ છીએ. શ્રી મનિષભાઈ દોશીએ સ્વેચ્છાએ જગ્યા વાપરવા આપી છે. જેનું ભાડું પણ તેઓ પોતે જ ચુકવે છે. સંઘ તેમનો ખૂબ આભાર માને છે.

**ફંડ રેઈઝીંગ પ્રોગ્રામ :**

ચાલુ વર્ષ ૨૦૧૩-૧૪ના હિસાબો તપાસતાં ખબર પડી કે આવક-જાવકમાં મોટી ઘટ આવશે. આ ઘટ પુરી કરવા માટે શ્રી કુમાર ચેટરજીનો સ્તવન સંગીતનો જૈન મંત્ર સ્તવના કાર્યક્રમ કરવાનું નક્કી કર્યું. સાથે સાથે **'સેવા'** નામનું સોવેનિયર છાપી જાહેરખબરની આવક ઉભી કરવી એમ નક્કી કર્યું.

શ્રી કુમાર ચેટરજીનો સંગીતનો કાર્યક્રમ રવિન્દ્ર નાટ્ય મંદિર,

વરલીમાં ખૂબ જ સફળ રહ્યો. સારા પ્રમાણમાં ડોનેશન કાર્ડ ગયા. મેમ્બર ભાઈઓ તરફથી સોવેનિયર માટે જાહેરખબર આપી આપણને ખૂબ પ્રોત્સાહિત કર્યા. જે સંસ્થાઓને આપણે આર્થિક મદદ કરી છે તે સંસ્થાઓએ પણ પોતાની સંસ્થાના લેખો મોકલ્યા સાથે અનુદાન પણ મોકલ્યું.

પ્રોગ્રામની સફળતા અને બધાના સહકારથી પ્રોગ્રામની પૂર્ણાહુતિ પછી આપણી પાસે રૂા. ૬,૧૭,૪૮૨/- જેવી માતબર રકમ-ખર્ચા બાદ કરતાં બચી, જે ચાલુ સાલની ઘટ સાથે સરભર થતાં વર્ષાંતે આપણે રૂા. ૭૮,૯૬૬/-ની નેટ આવક બતાવી શક્યાં. તદુપરાંત દાતાઓ તરફથી માતબર ડોનેશન મળવાથી કોરપસ ફંડમાં રૂા. ૧૦,૭૪,૦૦૦/- જેવી રકમ જમા થઈ.

આ ભગીરથ કાર્યમાં મેમ્બર ભાઈઓએ, બહારગગામની સંસ્થાઓએ જે સાથ સહકાર આપ્યો તેને લીધે આપણે વિકટ પરિસ્થિતિમાંથી બહાર આવ્યાં. જેમણે આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપી પ્રોગ્રામની સફળતામાં પોતાનું સૂર પુરાવ્યો છે તે બધાનો સંઘ હૃદયપૂર્વક આભાર માને છે. સંઘના સ્ટાફના દરેકે ખૂબ મહેનત કરી પ્રોગ્રામને સફળતા મળે એવા પ્રયત્નો કર્યા તે માટે સૌનો અભિનંદન.

**સંઘના પુસ્તકો :**

દસ વર્ષથી સંઘનાં પુસ્તકો/ચોપડા રાખવા માટે સંઘના આજીવન સભ્ય શ્રી દિલીપભાઈ શાહે પોતાના શિવરી ગોડાઉનમાં વ્યવસ્થા કરી આપી છે. સંઘ એમનો આભાર માને છે.

**સંઘની વેબસાઈટ :**

શ્રી હિતેશભાઈ માયાણી આ વેબસાઈટના સંપાદક તરીકે માનદ્ સેવા આપે છે. 'પ્રબુદ્ધ જીવન'નો પ્રત્યેક અંક અને પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રત્યેક વ્યાખ્યાનો તુરત જ કોમ્પ્યુટર ઉપર પ્રદર્શિત થાય છે જેનો લાભ દેશ-વિદેશના જિજ્ઞાસુઓ લે છે.

વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની છ સભા મળી હતી. કારોબારી સમિતિના સર્વે સભ્યો ખૂબ જ રસપૂર્વક સભામાં હાજર રહી સહકાર આપે છે જેનો અમને ઘણો જ આનંદ છે.

સંઘને વિવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા સંઘના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદ શાહ તેમજ ઉપપ્રમુખ શ્રી નિતિનભાઈ સોનાવાલા તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોએ જે સાથ સહકાર આપ્યો છે તે માટે સંઘ તરફથી તેમનો આભાર માનવામાં આવે છે.

સંઘના હિસાબો ચિવટપૂર્વક જોઈ તપાસી આપવા માટે શ્રી અરવિંદભાઈ શાહ-ચાર્ટર્ડ એકાઉન્ટનો અમે આભારી છીએ.

સંઘના કર્મચારીગણ પણ સંઘની પ્રવૃત્તિઓ આનંદથી હોંશેહોંશે પાર પાડે છે. તેમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો ઉમંગભર્યો સહકાર સંઘને હંમેશાં સૌ તરફથી મળતો રહેશે અને સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે.

**સંઘના સભ્યો :**

સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છે.

| | |
|---|---|
| પેટ્રન | ૧૮૧ |
| આજીવન સભ્યો | ૨૨૭૪ |
| પ્રબુદ્ધ જીવનના આજીવન સભ્ય | ૨૨૧ |
| ચાલુ સભ્ય | ૭૦૦ |
| કૉમ્પલીમેન્ટરી 'પ્રબુદ્ધ જીવન' બૌદ્ધિકો અને પુસ્તકાલયોને અર્પણ | ૬૫૦ |

**૨૦૧૩-૧૪ના નવા આજીવન સભ્યની યાદી**

| નામ | રૂપિયા |
|---|---|
| ઉષા બી. શાહ | ૫૦૦૦ |
| ડૉ. આરતી એન. વોરા | ૫૦૦૦ |
| મૌનીકાન્ત એમ. દસાડીયા | ૫૦૦૦ |
| કામિની ગોગરી | ૫૦૦૦ |
| રેણુકા એ. મહેતા | ૫૦૦૧ |
| ચંદુલાલ ગાંગજી ફ્રેમવાલા | ૫૦૦૦ |
| વિક્રમ રમણલાલ શાહ | ૫૦૦૦ |
| બીજલ સૌમિલ મહેતા | ૫૦૦૦ |
| પરેશ આર. શાહ | ૫૦૦૦ |
| કે. સી. લુથિયા | ૫૦૦૦ |
| મનીષ કાંતિલાલ પાલડીયા | ૫૦૦૦ |

**નિરૂબહેન સુબોધભાઈ શાહ**
**ધનવંતરાય તિલકરાય શાહ**
**માનદ મંત્રીઓ**

## વિશ્વમંગલમ્ અનેરા વૃંદાવન

**આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી**

| | |
|---|---|
| **૨૭૨૦૪૦૪** | **પ્રબુદ્ધ જીવનમાં આગળનો સરવાળો** |
| ૧૨૫૦૦૦ | શ્રી બિપિનભાઈ જૈન |
| ૧૭૦૦૦ | શ્રી એસ. એસ. કોઠારી |
| ૧૭૦૦૦ | શ્રી આર. કે. શાહ |
| ૧૬૦૦૦ | શ્રી કે. એમ. શાહ |
| ૧૦૦૦૦ | શ્રી પ્રસન્ન એન. ટોલીયા |
| ૫૦૦૦ | શ્રીમતી રીટા ઉમંગ શાહ |
| ૩૦૦૦ | શ્રી રમેશભાઈ પી. મહેતા |
| ૩૦૦૦ | શ્રીમતિ નલિની પી. ટોલીયા |
| **૨૯૧૬૪૦૪** | **કુલ રકમ** |

# ભાવ-પ્રતિભાવ

## કર્મવાદ

(૧)

આપના તરફથી આવકારદાયક પ્રેમ મળ્યો, અને પ્રેમમાં પ્રત્યક્ષ-પરોક્ષના ભેદ નથી હોતા...

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ પર્વ વિશેષાંક -- 'કર્મવાદ : જૈનદર્શન અને અન્ય દર્શન' મળ્યો...વાંચ્યો...

સાધુ-સાધ્વીજી ભગવંતોને વંચાવ્યો... ખૂબ મજા આવી... આત્મ- સામીપ્ય માણ્યું.

કર્મ વિષયને સરળ-સરસ-સુબોધ રીતે પીરસવામાં આવ્યો છે. સંક્ષેપમાં પણ વિસ્તૃત પદાર્થને સમજાવવાની કલા હસ્તગત કરી છે સંપાદિકાઓ ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવાએ.

તંત્રીના માર્ગદર્શન હેઠળ અંક ખૂબ જ રોચક-પાચક થયો છે.

એક ઇતિહાસ હતો-ગૌતમ ઈન્દ્રભૂતિ+અગ્નિભૂતિને આત્મ+કર્મ વિષયક સંશય થયો અને પ્રભુ મહાવીરની અનુગ્રહધારાએ આપણને દ્વાદશાંગી મળી.

આ વર્તમાન છે-ડૉ. ધનવંતભાઈને કર્મવિષયક મૂંઝવણ ઊભી થઈ અને આપણને સંપાદિકાઓના માધ્યમે પ્રસ્તુત વિશેષાંક મળ્યો..

સંપાદિકાદ્વયનો પ્રયાસ પ્રકાશ પાથરવામાં ખૂબ જ અભિનંદનીય-અભિવંદનીય બની રહ્યો છે..

સંપાદિકાદ્વયનો મહાનિબંધ-જીવવિચાર રાસ + વ્રતવિચાર રાસ પણ વાંચ્યો. પઠનીય આ મહાનિબંધ અભ્યાસુઓ માટે ખૂબજ-ખૂબજ ઉપયોગી છે.

પ્રબુદ્ધો માટે જીવન સ્વરૂપ અને જીવનને પ્રબુદ્ધ કરનારું આ માસિક વાસ્તવિક રીતે ગુણનિષ્પન્ન માસિક છે.

અને D.D.T. (ડૉ. ધનવંતભાઈ તંત્રી)નો આ છંટકાવ સમસ્ત રોગોનો નાશક બને, તથા સંપાદિકાઓ પાર્વતીબેન અને રતનબેન પણ અનેક જ્ઞાનસમૃદ્ધ વિશેષાંકો-ગ્રંથોની સમૃદ્ધિ શાસનને સમર્પે

એ જ એક માત્ર

શુભાશા + શુભાશી

**☐ કલિકુંડ તીર્થોદ્ધારક પૂ. આ. વિ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય-રાજહંસ વિજય**

(૨)

'પ્રબુદ્ધ જીવન' 'પર્યુષણ વિશેષાંક' જીતેન્દ્રભાઈ સંઘવી-કાંદિવલી દ્વારા મળ્યો જેમાં ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવા સંપાદિત 'કર્મવાદ' સંકલન જોતાં એમની મહેનત દાદ આપવા યોગ્ય છે.

'શું ઈશ્વર સુખદુઃખ આપે છે' રૂપ પૂર્વભૂમિકા સદ્દષ્ટાંત બતાવી કર્મવાદનો પાયો મજબૂત કર્યો છે. અગ્નિભૂતિના પ્રશ્નનું વેદ વાક્યથી જ સમાધાન દ્વારા પીઠીકા જણાઈ. ૮ કર્મની વિશેષ સમજણ સાથે આગમને આગમેતર સાહિત્યમાં કર્મવાદનું સંકલન કરવા સારો શ્રમ ઉઠાવ્યો જણાય છે. તેમની તેમજ અન્ય વિદ્વાનોની અન્ય દર્શનોમાં કર્મવાદ અંકની મહત્તા વધારી છે.

જોકે તત્ત્વ સમજાવતા ચિત્રો વધુ બન્યા હોત તો વધુ રૂચિપ્રદ અંક બની શકત તથા હજુપણ અમુક વિષયોની વિશેષ છણાવટ શક્ય હતી. (કદાચ વિસ્તાર ભયે તે નહીં થયું હોય) પુનઃશ્ચ જ્ઞાનાનુમોદના.

**☐ પૂ. ઉપાધ્યાય વિનોદચંદ્રજી મ.સા.ના શિષ્ય સુરેશ મુની**

(૩)

'કર્મવાદ' પર પર્યુષણ વિશેષાંક વાંચીને ઘણો જ આનંદ થયો.

જૈનિઝમમાં બચપણથી જ કર્મવાદનાં સંસ્કારો મળતા હોય છે, એટલે કર્મવાદની વાત તરત ગળે ઊતરી જાય.

વિદુષી સંપાદિકા બહેનો ડૉ. પાર્વતીબેન તથા ડૉ. રનતબેને અંક તૈયાર કરવામાં જે જહેમત ઊપાડી છે, તે બદલ તેમનો આભાર અને અભિનંદન.

'પ્રબુદ્ધ જીવન'ના ઑગસ્ટ અંકના પાના નં. ૯ની ઝોરોક્સ નકલ આ સાથે બીડી છે, જેમાં અંડરલાઈન કરેલી બે જગ્યાએ આપનું ધ્યાન ખેંચું છું.

'આ તો બધું ઈશ્વરની (ઊપરવાળાની) મરજીથી જ થાય છે. એની મરજી વગર તો પાંદડું પણ હાલતું નથી.'

આ વાત કર્મવાદની દૃષ્ટિએ કેટલી સાચી ગણાય?

ન્યાયાધીશે ઈશ્વરે આપેલા ખુલાસાને માન્ય રાખ્યો-એટલે દીકરીના પિતા પોતાની માન્યતાના આધારે ઊપલી કોર્ટમાં જઈ શકે કે કેમ?

સમાજનો મોટો ભાગ માને છે કે જે કાંઈ થઈ રહ્યું છે, તે ઈશ્વર કરે છે (કુદરત). મનુષ્ય ફક્ત નિમિત્ત બને છે. જ્યોર્જ ગુર્જીએફ કહે છે કે Things are happening, we are not the doers.

આ બે સત્ય હોય તો સારા કે માઠા કર્મનો જવાબદાર માનવી કેમ હોઈ શકે?

આ વાતનો ખુલાસો જો આપના આવતા અંકોમાં અપાય તો આનંદ થશે.

**☐ એલ. ડી. શાહ**

**શ્રી એલ. ડી. શાહના પ્રશ્નનો ઉત્તર**

**ડૉ. પાર્વતીબેન નેણસી ખીરાણી-ડૉ. રતનબેન ખીમજી છાડવા તરફથી.**

શ્રી એલ. ડી. શાહના આવેલ પત્રના જવાબમાં અમે નીચે મુજબ ખુલાસા આપીએ છીએ.

શ્રી એલ. ડી. શાહને સવિનય જણાવવાનું કે, 'કર્મવાદ' વિશેષાંક આપે ખૂબ જ ધ્યાનથી વાંચ્યો છે, તે જાણી ખૂબ જ આનંદ થયો. આપ જેવા જિજ્ઞાસુ વાચકો હોય તો અમને પણ આનંદ આવે. વિશેષમાં

આપે 'ઇશ્વરવાદ' અને 'કર્મવાદ' તરફ અમારું ધ્યાન દોર્યું છે. તેનો ખુલાસો આ પ્રમાણે છે.

૧. આ તો બધું ઇશ્વરની મરજીથી થાય છે.

આ બધા વાક્યો કર્મવાદની દૃષ્ટિથી યોગ્ય નથી. ઈશ્વરવાદની દૃષ્ટિએ કહેવાતું આ વાક્ય મા-બાપે કહ્યું છે. જે લોક-વ્યવહારમાં ઘણાં લોકો દ્વારા બોલાય છે પણ 'કર્મવાદ'ને માન્ય નથી.

આ એક રૂપક છે, દૃષ્ટાંત છે અને દૃષ્ટાંત હંમેશાં એકદેશીય હોય અને તે 'કર્મવાદ'ની મહત્તા બતાવવા માટે જ સમજાવ્યું છે. જેમાં દરેક વ્યક્તિના મુખથી નીકળતા શબ્દ કર્મવાદનાં હોય એ જરૂરી નથી. એટલે છેલ્લે કર્મવાદની સિદ્ધિ બતાવવા પ્રયત્ન કર્યો છે.

૨. આપે ગુર્જીએફના વાક્ય દ્વારા જે રજૂઆત કરી છે, એ વાક્ય સંબંધી ચિંતન કરતાં લાગે છે કે આપણે કર્તા નથી? તો પછી કર્તા કોણ? ઈશ્વર કે અન્ય? તો શા માટે તે વિચિત્રતા કે વિવિધતા રચે છે? ખરેખર તો જીવ જ કર્તા છે અને ભૂતકાળમાં જે કર્યું છે તે પ્રમાણે કર્મ બંધાય છે અને વર્તમાનમાં તે પ્રમાણે તેનું ફળ મળે છે. જેમ કે, નાટકના દિગ્દર્શક જાણે છે કે નાટકમાં કયા દૃશ્ય પછી કયું દૃશ્ય આવશે. પણ પ્રેક્ષકો જાણતાં નથી. અહીં દિગ્દર્શક એટલે ઇશ્વર (પ્રભુ, ભગવાન) જે જ્ઞાનથી ભાવિ જાણે છે પણ નાટક તો જેવું બનાવ્યું હોય તેવું જ બને. નાયકે જેવો અભિનય કર્યો હોય એવું નાટક બને છે. એટલે કે જૈનદર્શન અનુસાર જીવ પોતે નાયક છે. જેવાં કર્મો કર્યાં હોય તેવું જ બને છે. પ્રભુ કે ઈશ્વર કર્તા નહિ જ્ઞાતા છે. કર્તા તો જીવ પોતાને જ માને છે. જેવાં કર્મ કરે તેવાં જ ભોગવે છે એ કર્મવાદનો સિદ્ધાંત જૈનદર્શન માને છે.

કોર્ટમાં ખુદ ઇશ્વરે જ આવીને મા-બાપ પાસે ખુલાસો કરી લીધો. એટલે ઉપલી કોર્ટમાં જવાનો સવાલ જ ઊભો થતો નથી.

(૩)

'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક વાંચીને, મનન કરીને, આ પત્ર લખવા પ્રેરાયો છું. ઈશ્વરે તમને ૬ ઈન્દ્રિય આપી છે અને તે પૈકી છઠ્ઠી ઈન્દ્રિય 'પ્રબુદ્ધ જીવન'ના ચાહકોની સુરુચિ તથા યોગ્ય વ્યક્તિને પારખવાની અને તેમનામાંથી સારપ (સારી, ઉત્તમ વસ્તુ) પુલકિત કરવાની કળા બક્ષી છે. પર્યુષણ અંક એક Text-book સમાન છે. કર્મવાદને દરેક પાસાથી સુરેખ રીતે સુજ્ઞ વાંચકગણ સમક્ષ મુક્યો છે. એ 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોનો પુણ્યોદય ગણાય. તે જ ક્યારેક પરિસ્ત્રવ કર્મ-નિર્જરાનું સ્થાન બની જાય છે.

બન્ને સંપાદકો ડૉ. પાર્વતીબેન તથા ડૉ. રતનબેન જેટલા જ તમો પણ હૃદયના ઊંડાણથી અભિનંદનના અધિકારી બન્યા છો.

ઇશ્વર તમને ખૂબ જ બળ આપે અને આગામી વર્ષોમાં નિરંતર નિત-નવી વિચારધારા પ્રેરકબળ સમાન બને એજ શુભ ભાવના સાથે વિરમું છું.

☐ **રજનીકાંત ચીમનલાલ ગાંધી**ના સવિનય વંદન
શાંતિ સદન, સાયન, મુંબઈ-૪૦૦ ૦૨૨ મો. : ૯૮૬૭૪૨૫૦૨૫

(૪)

વિધવિધ ક્ષેત્રે રહેલ વિધવિધ તજજ્ઞોની સુંદર ગૂંથણી કરીને ગણધરવાદ બાદ કર્મવાદનો વિશેષાંક આપવાનું અદ્ભુત તંત્રીકાર્ય કરનાર તંત્રીશ્રી ડૉ. ધનવંતભાઈને ખૂબ ખૂબ ધન્યવાદ! આઠેય કર્મો તેની ૧૫૮ પ્રકૃતિઓ સહિત ઉપમાચિત્રો સાથે કર્મવૃક્ષ રૂપે વિષયાનુરૂપ મુખપૃષ્ઠ અત્યંત દર્શનીય માહિતીપ્રદ બન્યું છે.

કર્મ એટલે બીજું કોઈ નહીં પણ જીવે પોતે કાર્મણવર્ગણા ઉપર પાડેલી પોતાની શુભાશુભ ભવની મહોરછાપ! આત્માનું પોત (જાત) અરૂપી છે પણ તેની ઉપર પડેલી કર્મની ભાત (છાપ) રૂપીની છે. ખાદ્યાન્ન ખાતા જેમ તે સાત ધાતુ રૂપે પરિણમે છે તેમ જ પ્રદેશબંધ આઠ કર્મ અને તેની પ્રકૃતિઓ રૂપે પરિણમે છે.

ગણધરશ્રી અગ્નિભૂતિના પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે જીવ અનાદિથી જડ-ચેતનનું મિશ્રણ જ છે. આમ અનાદિથી પોતે રૂપારૂપી હોવાથી રૂપી પુદ્ગલપરમાણુ તેને ચોંટે છે. રૂપારૂપીને રૂપી ચોંટે એમાં નવાઈ નથી. વણલખ્યો વૈશ્વિક નિયમ એવો છે કે જે શુદ્ધ ચેતન અરૂપી છે તેને રૂપી કે રૂપારૂપી ક્યારેય ચોંટે નહિ.

કર્મમાં વિવિધતા અને વિચિત્રતા છે. કારણકે રૂપી એવું પુદ્ગલ બહુરૂપી છે.

પૃષ્ઠ-૧૪ ઉપર જુદી જુદી વર્ગણાઓની ઉત્તરોત્તર સૂક્ષ્મતા દર્શાવતું ચિત્ર ઉપયોગી છે.

પૃષ્ઠ-૧૯ ઉપરનું કોષ્ટક પણ ટૂંકામાં ઘણી બધી સમજ પ્રદાન કરનાર ઉપયોગી છે.

વર્તમાન સંદર્ભમાં નેટવર્કથી કર્મ વિષયક સમજણ આપનાર લેખ કર્મનું નેટવર્ક કમાલનો લેખ છે.

પૂ. અભયશેખરસૂરિજીનો લેખ 'વિલક્ષણ બૅન્ક કર્મ' આગવી સૂઝ દર્શાવતો સંશોધનાત્મક વિલક્ષણ છે.

કર્મ વિષયક સજ્ઝાય તથા ૬૪ પ્રકારી પૂજામાં કર્મનું આલેખન પણ સુંદર લેખો છે. આ સંદર્ભમાં પ્રસિદ્ધ કડી ટાંકવી જરૂરી હતી કે...

'બંધ સમયે ચિત્ત ચેતીએ ઉદયે સો સંતાપ.'

'હસતા બાંધ્યા કર્મ રોવતા નવ છૂટે.'

પૃષ્ઠ ૨૪ ઉપરનું કર્મગ્રહણ પ્રક્રિયા સમજાવતું ચિત્ર સુંદર છે તો આઠેય કર્મની શાસ્ત્રીય દૃષ્ટાંત કથાઓ કર્મની સમજ આપનારા સરસ બંધબેસતા દૃષ્ટાંતો છે.

કર્મ અને આત્માની બલાબલની તુલનામાં આત્મા જ બળવાન છે એ વાત નિર્વિવાદ છે. સત્તા આપનાર આત્મા, સત્તા ગ્રહણ કરનાર કર્મથી બળવાન હોય તે સહજ જ છે. વળી કર્મને કર્મ રૂપે પરિણમાવનાર અને બે ઘડીની ક્ષપક-શ્રેણિમાં અનંતાનંત કર્મોને ભસ્મિભૂત કરનાર આત્મશક્તિ જ કર્મશક્તિથી મહાન છે.

કર્મના વિષયમાં અન્ય દર્શનોની માહિતીના લેખો ઠીક ઠીક છે પરંતુ કર્મવિજ્ઞાન તો જૈનદર્શને જ આપેલ છે એ વાત આ વિશેષાંક નિઃશંક જાહેર કરે છે. ઘાતિકર્મમાં તો ક્ષયોપશમરૂપ પુરુષાર્થની જ

પ્રધાનતા છે. અઘાતિકર્મ વિષે પ્રારબ્ધની પ્રધાનતા છે.

સંપાદક ભગિનીઓએ ખૂબ ખૂબ શ્રમ લઈને આ વિશેષાંકનું સંપાદન કરી અત્યંત ઉપર્યુક્ત કર્મ સાહિત્ય પીરસવા બદલ તેઓશ્રીને શત્ શત્ પ્રણામ સહ તેમના કાર્યની ભૂરિ ભૂરિ ભીની ભીની અનુમોદનાપૂર્વક ધન્યવાદ!

હવે 'અનેકાન્તવાદ પર વિશેષાંક આપવાની કૃપા કરશો.

**❑ સૂર્યવદન ઠાકોરલાલ જવેરીના પ્રણામ**
૮૦૨, સ્કાઈ હાઈ ટાવર, શંકર લેન, મલાડ (પશ્ચિમ),
મુંબઈ-૪૦૦ ૦૬૪. મોબાઈલ : ૦૯૮૬૯૭૧૨૨૩૮.

**(૫)**

આપશ્રીએ પર્યુષણ પર્વ વિશેષાંક કર્મવાદના સિદ્ધાંત ઉપર પ્રસિદ્ધ કર્યો. આ અંકમાં ઘણા બધા વિદ્વાન લેખકોએ પોતાના લેખો લખીને મોકલ્યા અને તેથી મારા જેવા વાંચકને કર્મના સિદ્ધાંત વિષે ઘણી માહિતી પ્રાપ્ત થઈ.

ઘણાં લેખકોએ નવિનતાપૂર્વક પોતાના વિચારો તથા મનનપૂર્વકના અભ્યાસનો ઉલ્લેખ કરેલ છે. તેમાં નીચેના થોડા વિચારો મારા મનને ખૂબ જ પ્રભાવિત કરી ગયા છે. તેમાં અગ્નિભૂતિએ જે પ્રશ્ન ભગવાન મહાવીરને કરેલ તે પ્રશ્ન કર્મવાદની ભૂમિકામાં છે. અગ્નિભૂતિનો પ્રશ્ન 'કર્મની શરૂઆત ક્યારથી થઈ?' અને તેનો પ્રત્યુત્તર ભગવાન મહાવીર સ્વામીએ આપ્યો ત્યારથી કર્મવાદ ઉપર મનન અને ચિંતન થયા જ કરે છે.

કર્મવાદ અને વિજ્ઞાનના વિષય ઉપર ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ ખૂબ જ અભ્યાસપૂર્ણ અને માહિતી સભર લેખ લખ્યો છે. તેઓશ્રીએ અનેક શાસ્ત્રો તથા ફિલોસોફરોના મંતવ્ય ટાંકીને લેખને ખૂબ જ માહિતી સભર બનાવ્યો છે.

તે પ્રમાણે પૂજ્ય રાજહંસ વિજયજી મ.સા.એ કોણ ચડે? આત્મા કે કર્મ? એ વિષય ઉપર ખૂબ જ વિચારપૂર્વક પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. તેમાં ખાસ કરીને તેમનું એક વિધાન છે કે આ સંસારમાં પહેલાં કોણ આવ્યું? આત્મા કે કર્મ? આ પ્રશ્ન ઉપર તેમની છણાવટ ખૂબ જ મનનીય છે. તેમના લખાણ પ્રમાણે અનંત જ્ઞાનનો માલિક આત્મા છે તે સાથે તેઓ જણાવે છે કે કર્મની તાકાત પણ ઓછી આંકી શકાય નહિં.

આ પ્રકારના અનેક વિધાનોથી હું ઘણો પ્રભાવિત થયો છું. બન્નેની વિદ્વતાને મારા ભાવપૂર્વક વંદન. આપશ્રીએ કર્મવાદ ઉપર અંક પ્રસિદ્ધ કરીને કર્મના સિદ્ધાંત ઉપર ઘણું જ્ઞાન આપ્યું છે.

**❑ ચીમનલાલ વોરાના જય જિનેન્દ્ર**
૧, ખટાઉ એપાર્ટમેન્ટ, જોશી લેન, તિલક રોડ, ઘાટકોપર (પૂર્વ),
મુંબઈ-૪૦૦ ૦૭૭. ટે. ૦૨૨ ૨૫૦૧૧૬૧૯

**(૭)**

ઑગસ્ટ માસના 'કર્મવાદ' વિશેનો પર્યુષણ અંક વાંચી સાચી સમજ મળી. માનદ્ સંપાદિકાઓ ડૉ. પાર્વતીબેન અને ડૉ. રતનબેન છાડવાને અંતરના અભિનંદન પાઠવું છું.

મારા વાંચન બાદ 'પ્રબુદ્ધ જીવન' માસિકના અંકો સાધુ-સાધ્વીજીના વાંચન બાદ જાહેર લાયબ્રેરીમાં મુકું છું.

**❑ શરદ આર. શેઠ**
C/o. ૩૦૧, અમરદીપ કોમ્પ્લેક્ષ, અંબાજી ચોક,
વલસાડ-૩૯૫ ૦૦૧. મોબાઈલ : ૯૪૨૮૦ ૬૫૮૯૦

**(૮)**

વિનંતિ સાથ લખવાનું કે તમારા બંને લેખો ૧. નરેન્દ્ર મોદી વિષે, ૨. ડૉ. પાર્વતીબેન ખીરાણી તથા ડૉ. રતનબેન છાડવાના કર્મવાદ વિષેના લેખો તથા અન્ય લેખો જૈન ધર્મના ટેક્સ્ટ બુક જેવા છે. તેના માટે તમો બધાને અંતરના અભિનંદન. મને લખવાનું તો ઘણું મન થાય છે પણ મારા અક્ષર બહુ સારા નથી તેથી લખતો નથી.

**❑ લક્ષ્મીકાંત જે. શાહ**
૪૨, ઘનશ્યામ નગર, ત્રિકમદાસ રોડ, કાંદિવલી (વે)
મુંબઈ-૪૦૦ ૦૬૭. મોબાઈલ : ૯૮૧૯૯ ૪૩૮૪૩.

**(૯)**

'કર્મસમજ' પર્યુષણ પર્વ વિશેષાંક આપશ્રીએ આપેલ જવાબદારી ખૂબ ચીવટ સાથે, પુષ્કળ જહેમત અને પ્રમાણિકતાથી સુંદર રીતે નિભાવી છે એ માટે બંન્ને માનદ્ સંપાદિકાઓ ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવાનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. શક્ય તેટલા પાસાંઓને સરળ ભાષામાં સુંદર રીતે સંપાદન કરી જિનશાસન માટેનું સુંદર કાર્ય કરવા બદલ બંને સંપાદિકા બહેનો અભિનંદનના અધિકારી છે.

'કર્મવાદ અંતે તો નિયતિના શરણે છે.' તે અંગે થોડાં સમય પહેલાં આપે જે લેખ પૂ. સંત શ્રી અમિતાભજીના પુસ્તક 'નિયતિ કી અમીટ રેખાએં' પર વિશેષ પ્રકાશ પાડેલ, પણ પ્રાયઃ કર્મવાદ કે નિયતિવાદ એ સાધકની અંગત ભૂમિકાના સંબધિત સ્તરે 'નિશ્ચય અને વ્યવહાર' સાથે પરિણત છે.

જેઓ યોગનો અભ્યાસ કરી રહ્યા છે, તેવા સાધકે, જેઓ સ્થૂળ અને સૂક્ષ્મ પ્રાણનો અનુભવ કરી રહ્યા છે તેવા સાધકને ક્વચિત એ પ્રશ્ન થશે કે આ દસ પ્રાણ (ભૌતિક અસ્તિત્વ પોતાનું) પાંચ ઈન્દ્રિયો, છઠ્ઠું મન, સાતમું વચન, આઠમું કાયા, નવમું શ્વાસોચ્છવાસ અને દસમું આયુષ્ય. આ સર્વેને વિશ્વસ્વરૂપની દૃષ્ટિએ (કર્મની) છ દ્રવ્યોમાં કઈ રીતે ક્યાં ખતવણી કરશો એ વિશે જેમનું વિશેષ ચિંતન મનન હોય એવા મહાત્માઓને વિનંતી છે, આ પ્રશ્ન અંગે વિશેષ પ્રકાશ પ્રગટાવશો, એવી નમ્ર વિનંતી.

**❑ અમૃત શાહ (મુલુંડ)**ના વંદન
Email : amrutshah24@gmail.com / Mobile 09323182233

**(૧૦)**

'પ્રબુદ્ધ જીવન'નો ઑગસ્ટ-૧૪નો અંક મળ્યો. કર્મવાદ વિશેષાંક

સળંગ સર્વાંગ સુંદર બન્યો છે. પ્રથમ પૃષ્ઠથી શરૂ કરીને છેલ્લા પેઈજ સુધી દળદાર ગ્રંથ. કર્મ વિષયક તમામ બાબતો વિષે વિદ્વાનોના લેખો, બન્ને સંપાદક વિદુષીઓનો પરિચય, તેઓની સંપાદન યાત્રા વિષયક ભૂમિકા વગેરે વાંચીને ધન્યતા અનુભવાઈ.

બધા જ લેખો અભ્યાસપૂર્ણ છે. સૌને અભિનંદન. હજુ થોડું વંચાયું છે. નિરાંતે વાંચવા જેવું આ સંપાદન છે.

☐ **પ્રફુલ્લા વોરા**ના પ્રણામ
બી-૧, પલ્લવ એપાર્ટમેન્ટ, રબર ફેક્ટરી સામે
ભાવનગર-૩૬૪ ૦૦૨. મો. ૦૨૭૮૨૫૨૩૯૪૯

(૧૧)

'પ્રબુદ્ધ જીવન'ના – એક પછી એક અંક – એકબીજાથી ચડિયાતા તમે આપવા લાગ્યા છો. તમારી ભક્તિ અને સાહિત્યની સેવામાં જિનતત્ત્વની રસાત્મકતા દેખાઈ આવે. આગલા અંકમાં ગુરુ પૂર્ણિમા, એ પહેલાં ગૃહસ્થ તીર્થ અને આ આખો પજુષણ પર્વ ઉપરનો વિશેષાંક–કર્મના તત્ત્વજ્ઞાનની બધા ધર્મોની આલોચના સાથે રજૂ કરીને-સંપાદિકા બહેનોએ પોતાની વિશિષ્ટ કલાસાધના દર્શાવી છે. તમારા અંકમાં વિદુષી બહેનોની લેખિનીથી ભારે વિષય હોવા છતાં-પાન નીચે આપેલ-જાણીતી દૃષ્ટાંત કથાઓ ચોંટડૂક હોય છે. આ બહેનોએ ઘણી મહેનત કરી છે.

આ વખતના પજુષણ પર્વમાં અમારા સ્નહી મિત્ર ગોવિંદભાઈની સંસ્થાને પસંદ કરી, તેથી તેમની સંસ્થાની સ્ત્રી-સેવા, જૈન સમાજમાં બહોળો પ્રચાર પામશે. ગોવિંદભાઈ ગુજરાતનું ગાંધીરત્ન છે. ગાંધીતત્ત્વને બચાવવા મથી રહ્યા છે. તમારી આર્થિક સહાય તેમાં ઉપયોગી બની રહેશે.

☐ **મનુ પંડિત**ના પ્રણામ
જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર, ૧૭, વસંતનગર, ભૈરવનાથ માર્ગ
મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ટે. ૦૭૯-૨૫૪૬ ૬૨૩૨

(૧૨)

'પ્રબુદ્ધ જીવન'-કર્મવાદ, જૈન દર્શન અને અન્ય દર્શન વિશેષાંકને સંપાદિત કરી ખૂબ જ ભગીરથ કાર્ય કર્યું છે. અમારા જેવા નવોદિત માટે એ પાથેય બની રહેશે. ખૂબ જ જ્ઞાનસભર-સૂક્ષ્માતિસૂક્ષ્મ વિષય પર પ્રકાશ પાથરી તત્ત્વચિંતનના ઘણાં રહસ્યોને સ્ફોટિત કર્યા છે. ખૂબ જ ગમ્યું. એવમ્ અન્ય દર્શનમાં કર્મવાદ કેવી રીતે ફુલ્યો ફાલ્યો છે, નિરીક્ષણોને પણ સમાવી જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરતો વિશેષાંક થયો છે. આપની જ્ઞાનપ્રીતિને શત્-શત્ વંદન છે.

☐ **ડૉ. દીક્ષા સાવલા**
એ-૧૦, ચૈતન્ય વિહાર, આણંદ-વિદ્યાનગર રોડ,
આણંદ. મોબાઈલ : ૦૯૪૦૮૪૭૧૯૦૪

(૧૩)

પર્યુષણ પર્વ વિશંષાંક 'કર્મવાદ' મળ્યો છે.

પ્રતિવર્ષ અભ્યાસપૂર્ણ વિવિધ વિશેષાંકોના આયોજન માટે તમને તો ધન્યવાદ ઘટે જ છે. સાથે, આ અંકના સંપાદિકા બહેનો ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવાને હૃદયના અભિનંદન પાઠવું છું. બંને બહેનોના નિષ્ઠાસભર સંપાદનકાર્યમાં જૈન દર્શન અંતર્ગત કર્મવાદનો સઘન અભ્યાસ અને એનું વિશદતાપૂર્ણ નિરૂપણ સરાહનીય છે.

જૈનદર્શન ઉપરાંત, અન્ય વિદ્વાનોના લેખોમાં ઉપનિષદ, સાંખ્ય, હિંદુ પૂર્વમીમાંસા તેમજ બૌદ્ધ, ખ્રિસ્તી, ઈસ્લામ, શીખ, જરથોસ્તી આદિ ધર્મોમાં થયેલી કર્મવિચારણા એક સાથે ઉપલબ્ધ થતી હોઈ, પ્રસ્તુત વિશેષાંક એક મહત્ત્વનો સદ્યસહાયક સંદર્ભગ્રંથ બની રહે છે.

મને શ્રદ્ધા છે કે તમારા તંત્રીપદ હેઠળ વિશેષાંકોની પરંપરાનું સાતત્ય જળવાશે જ.

☐ **કાંતિલાલ ભીખાભાઈ શાહ**
☐ **વીરબાળા કાંતિલાલ શાહ**

(૧૪)

સતત ચાલતા વાદ-વિવાદ વચ્ચે, સંવાદ પ્રેરતો, 'પર્યુષણ-પર્વ વિશેષાંક' મળ્યો. ખૂબ ખૂબ આભાર. વાચકોને તેમાંથી કર્મમાં ઊંડા ઊતરીને, ઊંચે ચડવાની પ્રેરણા મળતી રહેશે.

જીવ માત્ર કર્માધીન જણાતો આવ્યો છે. કીડા-મકોડા, સતત ચાલવાનું, માખી-મચ્છર, સતત ઉડવાનું કર્મ કરતાં રહે છે, જે નરી આંખે જોઈ શકાય છે. આપણે જે 'શ્વાસોચ્છવાસ', કહીએ છીએ, તે પણ 'કર્મ'. આપણી પાંચેય બાહ્યેન્દ્રિયો, પણ સતત કર્મને આધીન રહે છે, તો બીજી બાજુ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર દ્વારા એ સતત 'કર્મ' થતાં રહે છે.

મુખપૃષ્ઠ કર્મનો આંબો, અને તેના પર ઉગેલી કેરીઓ (mangoes) કર્મની સચિત્ર ઝાંખી કરાવી ગયા. પૂર્વ જન્મના કર્મ, પુનઃ જન્મમાં થનારા કર્મના જે બીજ વાવે છે, તે વિષેની સમજણ અદ્ભુત રહી છે. કર્મને પરિપક્વ થતાં લાગતો સમય, કર્મનાં પ્રકારો, સંચિત કર્મો વિષેનું દર્શન અદ્ભુત રહ્યું. 'વિચાર' એ પણ થયું, સૂક્ષ્મ-કર્મ. હાથ-પગને હલાવીને થતાં સ્થૂળ-કર્મો, સ્થૂળ-દેહ દ્વારા થતાં સૂક્ષ્મ-કર્મો પાછળ માણસની વૃત્તિ-વલણ. જોવા મળે. અહંકાર – પ્રેરિત અને રહિત કર્મો, પણ જીવાત્માને સ્પર્શતાં રહે અને ભાવિ જીવનની કેડી કંડારાતી રહે!

જૈન અને જૈનેતર-દર્શનનો નિચોડ, 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ વાચકો સમક્ષ રજૂ કરવા બદલ હાર્દિક આભારની લાગણી વ્યક્ત કરું છું.

આ જીવનની શરૂઆતમાં થયેલાં કર્મનું ફળ પણ વૃદ્ધાવસ્થામાં ચાખવા મળતું હોય છે. ગયા જન્મમાં થયેલા કર્મના ફળ, આ જીવનમાં ભોગવતાં અનેક મનુષ્યો જોવા મળે છે. તો બીજી બાજુ, યુવાનીના તોરમાં રાચીને, પાછલી જિંદગીમાં, બરબાદી નોતરતાં, યુવાનોને પણ મેં, મારી સગી આંખે જોયાં છે.

ઉપરથી ભરાતી કોઠી, નીચેથી સતત ખાલી થતી રહે છે. ધર્મ અને કોદરાનું દૃષ્ટાંત, વિચારવા જેવું રહ્યું. ક્યાંક તો વળી, 'ખાળે ડૂચા અને દરવાજા મોકળા' પણ જોવા મળતાં હોય છે. કરકસર કરીને બચાવેલા પાઈ-પૈસાને ભવિષ્યની પેઢી પોતાના નિજી કર્મની અસર નીચે વેડફતી પણ જોવા મળી છે!

આ કર્મની દુનિયાનું અપાર વૈવિધ્ય પ્રસ્તુત, અંક દ્વારા જાણવાનું-માણવાનું મળ્યું. મનુષ્યે શું કરવું અને શું ના કરવું? કેવું કરવું અને કેવું ના કરવું? મારાથી શું થાય-અને શું ના થાય? એ વિષેની ઊંડી અને ઊંચી સમજણ આપતો પ્રસ્તુત અંક માનવ-જીવનનું એક ઘરેણું-દાગીનો બની રહ્યો. કર્મની ઓળખને છતી કરી ગયો. કર્મ કર્યા પછીની ધીરજ, તેના ફળ પ્રત્યેની વીતરાગતાને ઉજાળતો રહ્યો. આસક્તિથી મુક્તિ બનાવી, મોક્ષના દરવાજા ખોલતો રહ્યો. પરિગ્રહના ગ્રહણમાંથી જો માનવી મુક્ત થાય તો તેણે કરેલાં કર્મ લેખે લાગે, એવી વ્યાપક સમજણ, વાચકે પોતાના જીવનમાં ઊતારવી રહી.

**☐ હરજીવનદાસ થાનકી**
સીતારામ નગર, પોરબંદર

**(૧૪)**

'કર્મવાદ' વિશેષાંકમાં ડૉ. રશ્મિભાઈ ઝવેરીનો લેખ, વિજ્ઞાન સાથે જોડતો, વાંચ્યો, વિચાર્યો અને તેમાંથી ઘણું જાણવાનું પણ મળ્યું, મેળવ્યું.

વિશેષ જ્ઞાન, પદાર્થ જ્ઞાન, પણ આપણી અજ્ઞાનતાને દૂર કરવામાં, નિમિત્તરૂપ બની રહે છે. પછી ભલે, કર્મવાદ દર્શનનો વિષય રહે, વિશ્વનું, બ્રહ્માંડનું દર્શન કરવા માટે પણ વિજ્ઞાનનો ઉપયોગ આજે તો મસમોટાં ટેલિસ્કોપ વિકસાવીને, તેને અવકાશમાં પ્રસ્થાપિત કરીને થઈ રહ્યો છે.

આમ જ્ઞાન-વિજ્ઞાન, એકમેકને પૂરક-પોષક બની રહે તો કર્મના નિકાસને તક મળતી રહે. પછી ભલે વિજ્ઞાન પ્રયોગ લક્ષી કે પરિણામ લક્ષી બની રહે. આપણું શરીર વિજ્ઞાન (Anatomy) આજે તો ખૂબ વિકસી ચૂક્યું છે. નબળી દૃષ્ટિને ચશ્માથી સુધારી શકાય, આકાશ સ્થિત અસંખ્ય તારાઓની લીલાને જોઈ શકાય.

ડૉ. રશ્મિભાઈ કહે છે તેમ **'દર્શનશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકો, જો એકબીજાને સમજવાનો પ્રામાણિક પ્રયત્ન કરે તો વિશ્વના ઘણાં પ્રશ્નો હલ થઈ શકે!** જૈવિક વિજ્ઞાન (Genitics Science)નો જો ઊંડો અને ઊંચો અભ્યાસ થતો રહે તો માનવીના મનમાંથી હિંસાના જીવાણુઓ (Germs) દૂર થતાં ટંટા-ફિસાદ, મારામારી, જેહાદ અને યુદ્ધોને કાયમી રીતે દૂર કરી શકાય!

સામયિક : સામયિકમાં સંકલ્પ કરવાનો રહે છે, બુરાઈઓથી દૂર રહેવાનો, મન, વચન અને કર્મથી પાપ મુક્ત થવાનો. આત્માનો પુરુષાર્થ એ જૈન ધર્મનો પાયો છે.

કાયોત્સર્ગ : શરીરને શાંત સ્થિર શિથિલ કરીને, મનને એકાગ્ર કરીને, બહિરાત્મામાંથી અંતરાત્મામાં પ્રવેશ કરાવવો તે રશ્મિભાઈએ ચૈતન્ય કેન્દ્રોની જે માહિતી પૂરી પાડી છે, તે સમગ્ર શરીરનાં 'ગ્રંથિતંત્ર'ને વ્યવસ્થિત રાખવામાં ઉપયોગી છે.

જો કર્મનું વિષચક્ર નબળું પડે તો અચેતન મનને પ્રભાવિત કરીને, નકારાત્મક વૃત્તિ અને ભાવનાઓમાંથી મુક્તિ મેળવી શકાય.

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને નાસીને, તેને યોગ્ય દિશામાં વાળી શકાય. આપણો સૌથી મોટો શત્રુ તે અહંકાર છે, કે જે ન કરવાના કર્મમાં સદાય યુક્ત રહેતો હોય છે. તેનું સૌથી મોટું ઉદાહરણ 'રામાયણ'માં 'રાવણ' નામના પાત્રે પૂરું પાડ્યું છે. રાવણ પાસે ભૌતિક દૃષ્ટિએ બધું જ હતું. લંકા સોનાની હતી, મંદોદરી નામે સુંદર પત્ની હતી, પણ પરસ્ત્રી પ્રત્યેના આકર્ષણે તેનો ભોગ લીધો!

**☐ હરજીવનદાસ થાનકી**
સીતારામ નગર, પોરબંદર

**(૧૫)**

'પ્રબુદ્ધ જીવન'નો 'કર્મવાદ' વિશેષાંક હું આખો જ ધ્યાનથી વાંચી ગયો. કર્મવાદની આટલી સૂક્ષ્મ વિચારણા અનેક વિદ્વાન લેખકો-વક્તાઓ દ્વારા આમાં નિરૂપાઈ છે તે વાંચી મને પણ ઘણી નવી માહિતી જાણવા મળી. વળી વિવિધ ધર્મોમાં કર્મવાદ વિશે કેવું નિરૂપણ થયું છે તે પણ આમાં સરસ રીતે રજૂ થયું છે. આવા સુંદર વિશેષાંકને સંપાદન કરનારી વિદુષી બહેનો અને આપનો ખૂબ ખૂબ આભાર.

**☐ વિશ્વમંગલમ્-અનેરા**
તા. હિંમનગર, જિ. સાબરકાંઠા. પીન ૩૮૩૦૦૧.
ફોન : ૦૨૭૭૨-૨૩૯૫૨૨

## વિશ્વમંગલમ્ સંસ્થાને ચેક અર્પણ કરવા જવાનો કાર્યક્રમ

'વિશ્વમંગલમ્–અનેરા–વૃંદાવન'ને ચેક અર્પણ કરવા જવાનો કાર્યક્રમ રવિવાર તા. ૮-૨-૨૦૧૫ના રોજ રાખવામાં આવ્યો છે. આપણે અહીંથી શનિવાર તા. ૭-૨-૨૦૧૫ના શતાબ્દી એક્સપ્રેસમાં મુંબઈ સેન્ટ્રલથી સવારના ૬-૦૦ કલાકે નીકળી બપોરે ૧-૩૦ વાગે અમદાવાદ પહોંચશું. ત્યાંથી લગભગ એકસો કિ. મી. હિંમતનગર પાસે વિશ્વમંગલમ્ સંસ્થામાં સાંજના ૫-૦૦ કલાકે પહોંચશું. રાતનું રોકાણ વિશ્વમંગલમ્‌માં છે. રવિવારે તા. ૮-૨-૨૦૧૫ ના સવારે વિશ્વમંગલમ્ સંકુલ અને વૃંદાવનની મુલાકાતે જશું. પછી ચેક અર્પણ કાર્યક્રમમાં આપણે ચેક અર્પણ કરીશું. રાતની ટ્રેનમાં અમદાવાદથી મુંબઈ રવાના થઈ સોમવારે સવારે મુંબઈ સેન્ટ્રલ પહોંચશું. દરેક સભ્યે ટ્રેનનું ભાડું આપવાનું છે, બાકીનો બસ અને ઈતર ખર્ચ સંઘ ભોગવશે. આ કાર્યક્રમમાં જે મહાનુભાવોએ અમારી સાથે આવવું હોય તેમણે રૂા. ૨૦૦૦/- ભરી પોતાનું નામ સંઘની ઑફિસમાં લખાવી દેવા વિનંતી છે. **નામ લખાવવાની છેલ્લી તારીખ ૩૦-૧૧-૨૦૧૪ છે.**

# સર્જન–સ્વાગત

**□ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **અંતરપટ આ અદીઠ**
લેખક : નારાયણ શાહ
પ્રકાશક : કુસુમ પ્રકાશક
૨૦૨, સર્વોદય કમર્શિયલ સેન્ટર,
રિલીફ સિનેમા પાસે,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. : ૦૭૯-૨૫૫૦ ૧૮૩૨.
મૂલ્ય રૂા. ૨૦૦/- પાના : ૨૦૮, આવૃત્તિ : પ્રથમ, મે-૨૦૧૪.

લેખકશ્રીએ આ પુસ્તકનું મથાળું 'અંતરપટ આ અદીઠ' રાખ્યું છે. પણ આ પટ અદીઠ અંતરપટ નથી પણ દૃશ્ય છે. લેખક ઘૂંઘટપટમાંથી ગહન ચિંતનમાં સરી જાય છે. અને તેઓશ્રીને માનવીથી માંડીને વિશ્વની દરેક બાબતો પરથી આવરણ હટે ત્યારે કશુંક નવું જોવા મળે કે છે. નવું વિચારવા મન પ્રેરાય છે. અને એમાંથી આ પુસ્તક આકાર પામે છે. કારણકે જીવનમાં સૂક્ષ્મ અને સ્થૂળ આવરણોનો પાર નથી. એમ કરતાં કરતાં બાળકની આંખની અજાયબીની પણ લેખક વાત કરી લે છે. 'બાળકોને ખીલવા દો' કે એનો વિચાર કરતાં કરતાં બાળકોની આખી દુનિયામાં નારાયણ શાહ આપણને લઈ જાય છે. લેખકશ્રી જરૂર પડે તો ગીત, શ્લોક, કહેવત કે ગઝલની એકાદ ટૂક વાપરવાનું ચૂકતા નથી.

આ ગ્રંથમાં સંકલિત તમામ સત્વો-તત્વો જીવનના ધ્યેયને સિદ્ધ કરવામાં સહયોગ પૂરો પાડનારા આલેખવામાં આવ્યા છે. નિરર્થક બાહ્યાચારો અને વ્યર્થ પરંપરાઓ જીવન ધર્મના કે જીવનદર્શનના અંતરપટો છે. જીવન પ્રત્યેનું અજ્ઞાન જીવનના પ્રકાશને અંતરપટ કરે છે. લેખક જીવનમાં અજવાળાં કેવી રીતે રેલાવી શકાય તે સુપેરે આલેખે છે.

એક અલગારી વ્યક્તિત્વ ધરાવતા શ્રી નારાયણ શાહે જરૂર પડે સમાજથી જરૂરી દૂરત્વ સાધીને પોતાનો લેખનધર્મ બજાવ્યો છે.

જીવનની વરવી વાસ્તવિકતા અને જીવનનો અપેક્ષિત આદર્શ વ્યક્ત કરતો આ ગ્રંથ મનનીય છે.

x x x

પુસ્તકનું નામ : **સ્મરણ પુષ્પોની પગદંડી (એક અદના આદમીના જીવનની સ્મરણયાત્રા)**
લેખક : કિશોર દવે
પ્રકાશક : પ્રાપ્તિસ્થાન-કિશોર દવે
૭૦૧, પિતૃછાયા, સ્વસ્તિક સોસાયટી, રોડ નં. ૨, જુહુ સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬. ફોન નં. : ૨૬૧૫૩૨૨૫.
પ્રાપ્તિસ્થાનઃ આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા.લિ. ૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન નં. : (૦૨૨) ૨૨૦૧૩૪૪૧.
મૂલ્ય રૂા. ૧૫૦/- પાના : ૧૩૮, આવૃત્તિ : પ્રથમ, મે-૨૦૧૨.

લેખકશ્રી કિશોરભાઈ દવે આ નાનકડા પુસ્તકમાં એમના અતીતના સ્મરણ પુષ્પોની પગદંડી પર આપણને લઈ જાય છે. સાચા અર્થમાં આ પગદંડી નહિ પણ રાજમાર્ગ છે એવી પ્રતીતિ વાચકને થાય છે.

સ્મરણપુષ્પોની આ પગદંડી આમ તો એક સર્વ સાધારણ માણસની સહજ કથા છે. કિશોરભાઈએ આ સ્મરણયાત્રામાં ઝીણી ઝીણી વિગતો સાથે પોતાના જીવન સાથે સંકળાયેલી સંખ્યાબંધ પાત્રોની એક વિશાળ સૃષ્ટિ અહીં ઊભી કરી છે. માતાપિતા, પરિવારજનો, મિત્રો, શિક્ષકો, ધંધાદારી સંબંધો વગેરે પૈકી લેખક કોઈને ય ભૂલ્યા નથી. પોતાના જીવનની આધ્યાત્મિક પરિવર્તનની વાત પણ રસપ્રદ રીતે લેખકે કરી છે. અને તે પણ ચિત્રાત્મકતાથી કહેવાયું છે. મૂળ સાહિત્ય અને કલાનો જીવ એટલે દાયકાઓ સુધી જીવનસંઘર્ષ કર્યા પછી જ્યારે જ્યારે અને જ્યાં સમયે સાથ દીધો ત્યારે એમની કલમ અને પીંછી બંને સક્રિય રહ્યાં છે. લેખકશ્રીએ દાયકાઓ જૂના પ્રસંગો આ પુસ્તકમાં આવરી લીધાં છે.

પૂ. કિશોરભાઈની આ નિવૃત્તિની પ્રવૃત્તિ જીવનના દસમા દાયકામાં સરસ રીતે ગતિમાન રહી છે અને ભાવિમાં પણ રહે એવી અભ્યર્થના.

✶ ✶ ✶

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪,
ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૬૩.
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

## પંથે પંથે પાથેય...(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

જ્યારે હું જીતી જાઉં તો કહે, ભાઈ, શાહની પેઢી જીતે જ ને ? 'શાહ તો શાહના એ શાહ' છે તે હારે તે કેમ ચાલે ? કેટલી નિખાલસતા. કેટલો નિર્દોષ ભાવ. ત્યારે કોઈ મોટાપણું નહિ.

અમો દાદાને જીતાડીએ ત્યારે અમો કહીએ કે આજે તો દાદાને બરાબર ઊંઘ આવશે.

દાદા પોતાના પાના કોઈ દિવસ મેળવે નહિ, કોઈક વખત તેઓ ઉતરવામાં ભૂલ કરે અને તેમની પાસે પાનું રહી જાય તો તેમને ફરી ઉતરવાની છૂટ આપતા. બાકીના રમનારાઓ માટે ફરી પાનું ઉતરવાની છૂટ નહિ.

કોઈક વખત અમો માત્ર બે જ રમવામાં હોઈએ. કોઈક વખત એક કાર્યકર ન હોય તો બીજા, ત્રીજા, ચોથાને ફોન કરી રમવા બોલવીએ. જો કાર્યકરોની મિટિંગ હોય તો દાદા થોડા નિરાશ થઈ જતા. પછી કહે 'શાહ' આજે આપણે નહિ રમી શકીએ. પડેલા મોંએ સૂવાની ટીકડી લઈ સૂઈ જાય.

અમો રાતના રમતા હોઈએ અને કોઈ સેવક કાર્યકર કે અન્ય કોઈ ચીઠ્ઠી લઈ આવે તો ચીઠ્ઠી વાંચી બાજુમાં મૂકી કહે, કાલે સવારના આવી જવાબ લઈ જજો. અથવા કાલે સવારના મળવા આવે તેવો સંદેશો પહોંચાડશો.

રમતમાં કોઈ દખલગીરી કરે તો તે તેઓને ગમતું નહીં.

દેશનો ઉચ્ચ કોટીનો વિચારક કેટલો નિખાલસ, નિર્દોષ, કોઈ મોટાઈ નહિ તેવું એક કલાક માટે તો મને લાગ્યું. આજ દાદાએ ઘણી વ્યક્તિના જીવન ઉજાળ્યા છે. ઘણાંના જીવનમાં પરિવર્તન લાવ્યા છે.

૧૯૯૪ થી ૨૦૦૧ સુધી મને દર્શક દાદાનો પૂરો લાભ મળ્યો. તેઓ તરફથી સ્નેહ, પ્રેમ, વિકાસનો પંથ મળ્યો છે. ✶ ✶ ✶

૨૫૪૭, શાંતિવન સોસાયટી,
રીંગ રોડ, ભાવનગર.
મોબાઈલ : ૦૯૪૨૯૫૦૫૭૫૬

# THE CONFLICT (દ્વંદ્વ)

Last week I was in my village in Kutch – a place I love, a place I am always happy in, a place that quietens me, makes my inside melt. This is the place that lets me think through and yet remain silent.

It was just after Diwali, only a few houses were open. It was empty, quiet.... so quiet outside and inside me it was all peaceful, my own little heaven.

But... (with me there is always a but); if I find it so peaceful, beautiful, happy, why don't I make a lifestyle switch and shift there?

Why cannot I make a switch and stay in Deolali, more urban than Kutch and yet a place that fills my insides with equal joy.

Why don't I stay more in Dharampur where days go by in bliss atleast while Gurudev is there?

Why are mountains and countryside and villages always a brief getaway to return eventually back to the frantic pace of a city?

What is this allure of a city?

It is pace, energy, the electrifying nature of city life; whatever other adjectives to describe it – but the ultimate truth is our minds constantly crave for the new, for something engaging, something novel, a means of distraction.

This need to constantly do something; where has that emerged from?

So; my subject this month is on conflict. The conflict within.

I am 39 years old and call myself a product of 'The transition generation'. Transition from the days of yore of depth and 'thehraav' of meaningful personal relationships and this impersonal fast paced and constantly changing 'yantra yug' [યંત્ર યુગ]. (age of technology.)

I grew up writing long letters, stayed in a joint family, and the communal joy of having the first radio, the first TV, the first colour TV, the first car, the first vilayat holiday, when in school a happy occasion meant splurging on a sev-puri which was available for 3 Rupees.

I actually grew up thinking that money grew on trees, not because we had too much of it but because money was not a point of discussion at home. Not because we spent so much but because it wasn't a pre occupation like it is today. Though my father worked hard and long, money was never the topic – abundance was the feeling even when in reality we had much less.

Money was a means to uplift people who didnt have, it was about sharing effortlessly with all; conversations were always about 'Adarsh' [આદર્શ] about good human beings and their conduct, about stories of Tirthankars, national leaders, philosophers and great thinkers.

It was a time when creating the right frame to click a photo was a time consuming thing as the roll was only 24 pictures and we could not waste a picture.

It was when the heart went fluttering when one received a trunk-call because trunk-call took effort and cost much and it was a time when the family would go to drop and pick people to the airport even when one went to just another city for a day.

It was not so long ago which means I am not from my father's generation of freedom fighters, life of simplicity and austerity but of this middle generation of pagers, and then the older more limited cell phones and awkward computers, when the economy was just opening up and dream education meant going to America, and going to Switzerland was the ideal holiday.

Our pocket money was limited, all the decisions about us were made by our parents, teachers were next to God (never to be questioned), falling in love was still a taboo and God was always the ultimate truth.

Within this framework, we rebelled, questioned, embraced life and a couple of decades rolled by.

I fast forward to now – the 21st century – the 'yantra yug' as I write an article on my laptop, Skype with a friend overseas, while simultaneously reply to a text message, switch the channel on my bedroom TV, and talk on the phone pretty much in the same moment.

In a sense we are reaching this state (in the wrong manner though) which our Tirthankars have already put forth centuries back; that – we are the all powerful ones as we are the only permanent ones [ as compared to Jad (જડ) and Chetan (ચેતન) ]. We are in a way super computers ourselves, we can think and process so much.

So why the conflict?

The conflict between the old and the new.

Between silence and noise.

Between people and solitude.

Between multiple choices and a single pick.

Between discipline and indulgence.
Between individual pursuit and joint decisions.
Between remaining single or being married.
Between a life of more as to a life of austerity.
Between desires and contentment
Between swaadheenta (independence) or aadheenta (dependence )
Between a life within of contemplation, meditation, quietude, anonymity or a life of people, popularity, novelty, ambition
Between I, me, mine or we, ours, us

There are answers that can be discovered only through our own unique way. Whether one finds them by making one's own way and suffer through the darkness of these seemingly contradicting dualities or one chooses a life in which we are aided by something greater than ourselves – God, we will have to, each of us find our own rhythm.

My path has been an inner conviction towards Param Kripalu Dev [પરમકૃપાળુ દેવ] as my guiding light, Pujyashri Rakesh Bhai as my pratyaksh maarg darshak and a life full of shedding of concepts and unconditioning and realigning to that which is me. An arduous lifetime of coming to terms with myself. Your Path could be through someone else, or through life's own unravelling, through 'nij anubhav', [નિજી અનુભવ] or through external failures or internal discontent.

Whichever way is your Prarabdh [પ્રારબ્ધ] (Fate), the only way through this 'Dvandva' (દ્વંદ્વ) is by remaining mindful. Mindfulness means being aware and alive each moment to our thoughts, feelings, bodily sensations and our immediate environment / surrounding and slowly we might just see that life is not a chaotic contradiction but a steady parivartan [પરિવર્તન] (change) and a mindful decision of what to keep and what to shed every instant of the day.


☐ **Reshma Jain**
The Narrators
Tel: +91 9920951074

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**


**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**





**॥ મહાવીર કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**




**॥ ગૌતમ કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**॥ ઋષભ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અનો ચક્રવર્તી ભરતદેવ અનો બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**




**॥ નેમ-રાજુલ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી,બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

## LESSON - 1 : THREE TRADITIONS

☐ DR. KAMINI GOGRI

In Dept of Philosophy, University of Mumbai, in last 18 years more than 2500 students are trained in various courses like Certificate, Diploma, M.A., M.Phil, Ph.D. in study of Jainology. The experiences of all these students are matter of great pride and satisfaction. Along with their other routine activities the knowledge of Jainism has transformed their lives. The contents of courses are well designed to cover Philosophy, History, Sociology, Art and Architect, Literature etc. of Jain traditions.

Subjects taught in certificate course are followings.

(1) Three ancient Indian traditions (Vedic, Buddhism and Jainism)
(2) Brief on major world religions
(3) Navkar Mantra
(4) Tirthankars, Agam and other Jain literature
(5) Jain Cosmology and Jain Cycly of Time
(6) Sangha, Rules for Ascetics and Lay Followers
(7) Jain Mythology
(8) Anekant, Syatvad, Nayvad and Saptabhangi
(9) Theory of Knowledge
(10) Contents of Universe (6 Dravya)
(11) Essence of Liberation (Nine Tattvas)
(12) Jain Ethics, Jain Yoga and Meditation
(13) Various sects of Jain tradition
(14) Caste System-Jain point of veiw
(15) Jain festival and Jain rituals
(16) Position of women in Jain tradition
(17) Vegitarianism, worldpeace and ecology protection by Non violence.
(18) Jain Art and Architecture and Places of Pilgrimage.

In the following article we will study about first topic. Three ancient traditions, that is Vedic, Buddhist and Jain tradition.

In ancient India, there were mainly two traditions–Vedic or Brahmanical traditions and the Sramana tradition. Hinduism belongs to Vedic traditions, and both Buddhism and Jainism belong to Sramana tradition. These two traditions represent two radically different views about–(i) the relation between man and the world, and (ii) the ultimate goal of human life. The final goal of man is liberation from this world. Sramana or an ascetic is the central figure in the Sramana tradition.

**Vedic Tradition**

The Vedic liturgy is conserved in the mantra portion of the four Vedas which are compiled in Sanskrit. The religious prctices centered on a clergy administering rites. This mode of worship is largely unchanged today within Hinduism.

The Vedas are a large body of texts originating in ancient India. Composed in Vedic Sanskrit, the texts constitute the oldest layer of Sanskrit literature and the oldest scriptures of Hinduism. The Vedas are apuruseya (`not of human agency'). They are supposed to have been directly revealed, and thus are called sruti (`what is heard') distinguishing them from other religious texts, which are called smriti (`what is remembered'). The Vedic texts are organized around four canonical collections of metrical material known as *Samhitas,* of which the first three are related to the performance of yajna (sacrifice) in historical Vedic religioun.

1. The Rigveda containing hymns to be recited by the hotar, presiding priest;
2. The Yajurveda containing formulas to be recited by the adhvaryu or officiating priest;
3. The Samaveda, containing formulas to be sung by the udgatar or priest that chants;
4. The Atharavaveda a collection of spells and incantations, apotropaic charms and speculative hymns.

The individual verses contained in these compilations are known as *mantras*. Some selected Vedic mantras are still recited at prayers, religious functions and other auspicious occasions in contemporary Hinduism.

**Rigveda**

The Rigveda Samhita is the oldest extant text. It is

a collection of 1,028 Vedic Sanskrit hymns and 10,600 verses in all, organized into ten books (Sankrit: *mandalas*). The hymns are dedicated to Rigvedic deities. The books were composed by poets from different priestly groups over a period of several centuries. Rigvedic manuscripts were selected for inscription in UNESCO's Memory of the World Register in 2007.

**Yajurveda**

The Yajurveda Samhita consists of archaic prose mantras and also in part of verses borrowed and adapted from the Rigveda. Its purpose was practical, in that each mantra must accompany an action in sacrifice but, unlike the Samaveda, it was complied to apply to all sacrificial rites, not merely the Somayajna. There are two major groups of recensions of this Veda, known as the `Black' (Krishna) and `White' (Shukla). Yajurveda (Krishna and Shukla Yajurveda respectively). While White Yajurvada separates the Samhita from its Brahmana (the Shatpath Brahmana), the Black Yajurvada intersperses the samhita with Brahmana commentary. Of the Black Yajurveda four major recensions survive (Maitrayani, Katha, Kapisthala-Katha, Taittiriya).

**Samaveda**

The Samaveda Samhita (from *sāman,* the term for a melody applied to metrical hymn or song of praise consists of 1549 stanzas, taken almost entirely (except for 78 stanzas) from the Rigveda.

Like the Rigvedic stanzas in the Yajurveda, the Samans have been changed and adapted for use in singing. Some of the Rigvedic verses are repeated more than once.

**Atharvaveda**

The Atharvaveda Samhita is the text `belonging to the Atharvan and Angirasa' poets. It has 760 hymns, and about 160 of the hymns are in common with the Rigveda. Most of the verses are metrical, but some sections are in prose. It was compiled around 900 BCE, although some of its material may go back to the time of the of the Rigveda and some parts of the Athava-Veda are older than the Rig-Veda though not in linguistic form.

The Atharvaveda is a comparatively late extension of the `Three Vedas' connected to priestly sacrifice to a canon of `Four Vedas'. The Atharvaveda is concerned with the material world or world of man and in this respect differs from the other three vedas. Atharvaveda also sanctions the use of force, in particular circumstances and similarly this point is a departure from the three other vedas.

**Brahmanas Karma Kanda**

The mystical notions surrounding the concept of the one `Veda' that would flower in Vedantic philosophy have their roots already in Brahmana literature. The knowledge of the Vedas is endless, compared to them, humam knowledge is like mere handfuls of dirt. The universe itself was originally encapsulated in the three Vedas.

**Vedanta Jnana Kanda**

While contemporary traditions continued to maintain Vedic ritualism Vedanta renounced all ritualism and radically re-interpreted the notion of `Veda' in purely philosophical terms. The association of the three Vedas with the *bhur bhuva sva* mantra is found in the: `*Bhu* is the Rigveda, *bhuva* is the Yajurveda, *sva* is the Samveda' (1.3.2). The Upanishads reduce the `essence of the Vedas' further, the syllable Aum. Thus, the Katha Upanishad has:

`The goal, which all Vedas declare, which all austerities aim at, and which humans desire when they live a life of continence, I will tell you briefly it is *Aum*' (1.2.15)

**Vedic way of life**

The ancient texts of the Hindu sages speak of three debts that are to be paid during ones life. These three debts known in sanskrit as *a trayi*, are considered central to the life of the Hindu where the obligation of fulfilling these debts are not ideals but rather obligatory.

Also more importantly the Taittiriya Samhita verse further elucidates that these debts are directed to a child born to a brahmin family, however though we could take this verse literally and dismiss it's importance to society in general, the wider and more befitting application and interpretation would be for those born in the Vedic faith, thus encapsulating all Hindus.Taking this understanding each debt would thus be applicable for all followers of the Vedic tradition. We'll now attempt to explain how the debts have come about.

**1. Rsi rna – the debt to the sages.**

The Vedic faith rests exclusively on the seers of the Vedas who had heard the divine revelation of eternal truths whilst in deep meditation. Thus the foundation of Hinduism would not have existed if it wasn't for the Vedic seers and hence we as the followers of the Vedic faith are ever indebted to the great seers of the past and the legacy of the disciple succession they have left behind of where we reap the rich spiritual rewards.

**2. Deva rna – the debt to the Vedic deities**

Similar to the first debt, we are obliged to the deities of the Vedic faith for blessing us with the material we need to survive in this material world. It was by the grace of the Vedic deities that the ancient sages heard the divine revelations and thus allowing the Vedic religion to be codified for future generations. The Vedic dieties sustain life on the material world and remove the ailments of the believers whilst ensuring the eternal laws of the Vedic texts are protected and not compromised.

**3. Pitru rna – the debt to the ancestors**

According the Vedic tradition before the individual soul, *jiva* of the individual is placed within the womb of the respective family, the jiva is first accepted by the ancestors of the family in allowing the individual soul to enter into their generation for birth. Thus having been accepted, the individual soul is indebted to the respective ancestors in allowing this honour.

**Buddhist Tradition**

According to the traditional accounts, Gautama, the future Buddha, born in Sakya family, was a prince who grew up in an environment of luxury. He became convinced that sense-pleasure and wealth did not provide the satisfasction that human beings longed for deep within. He abandoned worldly life to live as a mendicant. He studied under a number of teachers, developing his insight into the problem of suffering.

After his awakening he regarded himself as a physician rather than a philosopher. Whereas philosophers merely had views about things, he taught the Noble-Eightfold Path which liberates from suffering.

**Philosophy**

The Buddha discouraged his followers from indulging in intellectual disputation for its own sake, which is fruitless, and distrcating from true awakening. Nevertheless, the delivered sayings of the Buddha contain a philosophical component, in its teachings on the working of the mind, and its criticisms of the philosophies of his contemporaries.

According to the scriptures, during his lifetime the Buddha remained silent when asked several metaphysical questions. These regarded issues such as whether universe is eternal or non-eternal (or whether it is finite or infinite), the unity or separation of the body and the self, the complete inexistence of a person after Nirvana and death and others.

**Emphasis on awakening**

One explanation for this silence is that such questions distract from activity that is practical to realizing enlightenment and bring about the danger of substituting the experience of liberation by conceptual understanding of the doctrine or by religious faith. Experience is the path most elaborated in early Buddhism. The doctrine on the other hand was kept low. The Buddha avoided doctrinal formulations concerning the final reality as much as possible in order to prevent his followers from resting content with minor achievements on the path in which the absence of the final experience could be substituted by conceptual understanding of the doctrine or by religious faith.

**Emptiness**

The Buddha's silence does not indicate disdain for philosophy. Rather, it indicates that he viewed the answers to these questions as not understandable by the unenlightened. Dependent arising provides a framework for analysis of reality that it is not metaphysical assumptions regarding existence or non-existence, but instead on imagining direct cognition of phenomena as they are presented to the mind. This informs and supports the Buddhist approach to liberation from adventitious distortion and engaging in the Noble Eightfold Path.

The Buddha of the earliest Buddhists texts describes Dharma (in the sense of `truth') as `beyond reasoning' or `transcending logic', in the sense that reasoning is a subjectively introduced aspect of the way unenlightened humans perceive things, and the conceptual framwork which underpins their cognitive process, rather than a feature of things as they really are. Going `beyond reasoning' means in this context penetrat-

ing the nature of reasoning from the inside, and removing the causes for experiencing any future stress as a result of it, rather than functioning outside of the system as a whole.

**Jain Tradition**

Historicity of the Jaina tradition is thoroughly borne out both by literary and archaeological evidence. This traditional history of Jainism from the earliest times to the age of the last Tirthankara Mahavira (6th century B.C.) can be consistently traced from the facts maintained by Jaina religion. In this regard, Jainism primarily assumes that the univeses, with all its constituents or components, is without a beginning or an end, being everlasting and eternal, and that the wheel of time incessantly revolves like a pendulum in half circles from the descending to the ascending stage. Thus, for practical purposes, a unit of the cosmic time is called kalpa, which is divided into two parts, viz; the avasarpini (i. e. descending) and the utsarpini (i.e.ascending) each with six divisions known as kalas, i. e. periods or ages. It means that at the end of the sixth subdivision of the avasarpini (i. e. descending half circle) part the resoulution reverse and the utsarpini (i.e. ascending half circle) part commences where the steps are reversed like the pendulum of a clock and that this process goes on ad infinitum, hence the utsarpini part marks a period of gradual evolution and the avasarpini part that of gradual decline in human stature, span of life, bodily strength and happiness and even in the length of each kāla or age itself (i.e. the first age being the longest and the sixth age being the shortest). More ever, life in the first age, the second age and the third age is known as the life of bhoga-bhumi (i. e. natural, happy, enjoyment-based life without any law or society); while life in the remaining three ages, viz, the fourth age, the fifth age and the sixth age, is called the life of karma-bhumi (i.e. life based on individual and collective efforts).

After Lord Rsabha, the first Tirthankara, there was a succession of 23 other Tirthankaras, who came one after the other at intervals varying in duraton. In this way, the Jain tradition of 24 Tirthankar as was established in the course of historical times begining from the first Tirthankara Lord Rasabha and ending with the 24$^{th}$ Tirthankara Lord Mahavira.

Thus it is now in accepted fact that Mahavira (599-527 B.C.) was the last Tirthankara or prophet of Jaina religion and that he preached the religion which was promulgate in the 8$^{th}$ century B.C. by his predecessor Pārsvanātha, the 23$^{rd}$ Tirthankara. The history of Tirthankara Pārsvanātha, (877-777 B.C.) has been established. Pārsvanātha, the son of king Visvasena and queen Vāmādevi of the kingdom of Kasi, led the life of an ascetic, practiced severe penance, obtained omniscience, became a Tirthankara, propgated Jaina religion and attained nirvana or salvation at Sammed Shikhar i.e. Pārsvanāth Hill in Hazaribagh district of Bihar State. Eminent historians like Herman Jacobi, Vincent Smith, R. C. Majumdar proved Pārsvanāth as a historical personage and a great preacher of Jaina religion.

The predecessor of Pārsvanāth was Neminātha or Aristnemi, the 22$^{nd}$ Tirthankara whose historicity like that of Pārsvanāth, can be easily established. Neminātha according to the Jaina tradition was the cousin of the Lord Krisna of the Mahabharata fame as Samudravijaya, the father of Neminātha and Vasudeva, the father of Krisna were brothers. There is also an inscriptional evidence to prove the historicity of Neminātha. Dr. Fuherer also declared on the basis of Mathura Jaina antiquities that Neminātha was an historical personage (vide *Epigraphia Indica*, I, 389 and II 208-210). Further, we find Neminātha's image of the Indo-Scythian period bearing inscriptions mentioning his name. These and many other inscriptions corroborate the historicity of 22$^{nd}$ Tirthankara Neminātha.

Among the remaining 21 Tirthankaras of the Jain tradition, there are several references from different sources to the first Tirthankara Rsabhanātha or Ādinātha. Thus the tradition of twenty four Tirthankaras is firmly established among the Jainas and what is really remarkable is that this finds confirmation from non-Jaina sources, especially Buddhist and Hindu sources.

**(A) Literary Sources**

**Jaina and Budhhist Tradition**

As Mahavira was the senior contemporary of Gautama Buddha, the founder of oBuddhism, it is natural that in the Buddhist literature there should be several references of a personal nature to Mahavira. It is however, very significant to note that in Budhhist books

Mahavira is always described as Nigantha Natāputta (Nirgrantha Jnātrputra), i.e. the naked ascetic of the Jnātr clan and never as the founder of Jainism. Further, in the Buddhist literature Jainism is not shown as a new religion but is referred to as an ancient religion. There are ample references in Budhhist books to the Jaina naked ascetics, to the worship of Arhats in Jaina chaitayas or temples and to the chatur-yāma-Dharma (i.e. fourfold religion) of 23rd Tirthankara Pārsvanātha.

Moreover it is very per pertinent to find that the Budhhist literature refers to the Jaina-tradition of Tirthankaras and specifically mentions the names of Jaina Tirthankaras like Rsabha-deva, Padma-prabha, Chandra-prabha, Puspadanta, Vimalanātha, Dharmanātha and Neminātha. The Dharmottara pradipa, the well-known Buddhist book, mentions Rsabhadeva along with the name of Mahāvira or Vardhamāna as an Āpta or Tirthankara. The Dhammika-sutta of the Amgutaranikāya speaks of Arista-nemi or Neminātha as one of the six Tirthankaras mentioned there. The Buddhist book Manoratha purani mentions the names of many lay men and women as followers of the Pārsvanātha tradition and among them is the name of Vappa, the uncle of Gautama Buddha. In fact it is mentioned in Buddhist literature that Gautama Buddha himself practiced penance according to the Jaina way before he propounded his new religion.

**Jaina and Vedic Tradition**

The Jaina tradition of 24 Tirthankaras seems to have been accepted by the Hindus like the Buddhists as could be seen from their ancient scriptures. The Hindus, indeed, never disputed the fact that Jainism was founded by Rsabha-deva and placed his time almost at what they conceived to be the commencement of the world. They acknowledged him as a divine person. They gave the same parentage (father Nābhirāja) and mother Marudevi) of Rsabha-deva as the Jainas do and they even agree that after the name of Rsabhadeva's eldest son Bharata this country is known as Bharata-varsa.

In the Rig-veda there are clear references to Rsabha, the 1st Tirthankara, and to Aristnemi, the 22nd Tirthankara. The Yajur-veda also mentions the names of three Tirthankaras, viz., Rsbha, Ajita-nāta and Arista-nemi. Further, the Atharva-veda specifically mentions the sect of Vrātyas and this sect signifies Jainas on the gorund that the term Vrātyas means the observer of vratas of vows as distinguished from the Hindus at those time. Similarly in the Atharva-veda the term Mahā-vrātya occurs and it is supposed that this term refers to Rsbhadeva, who could be considered as the great leader of the Vrātyas.

**(B) Archaeological Sources**

From some historic references it can be regarded that Rsabha-deva must be the founder of Jainism. In this connection Dr. Jacobi writes `There is nothing to prove that Pārsva was the founder of Jainism, Jaina tradition is unanimous in making Rsabha, the first Tirthankara, as its founder and there may be something historical in the tradition which makes him the first Tirthankara.' There is evidence to show that so far back as the first century B.C. there were people who were worshipping Rsabha-deva. It has been recorded that king Khāravela of Kalinga is his second invasion of Magadha in 161 B.C. brought back treasures from Magadha and in these treasures there was the idol, known as Agrajina, of the first Jina (Rsbha-deva) which had been carried away from Kalinga, three centuries earlier by king Nanda I. This means that in the 5th century B.C. Rsabha-deva was worshiped and his statue was highly valued by his followers.

As we get in ancient inscriptions, authentic historical refernces to the statues of Rsbha-deva, it can be asserted that he must have been the founder of Jainism.

Other archaeological evidences belonging to the Indus Valley Civilization of the Bronze Age in india also lend support to the hoary antiquity of the Jaina tradition and suggest to prevalence of the practice of worship of Rsabha-deva, the 1st Tirthankara along with the worship of other deities. Many relics from the Indus Valley excavations suggest the prevalence of Jaina religion in that ancient period (3500 to 3000 B.C.)

**(To be Continued)**

✷✷ ✷


76/C, Mangal, 3/15, R.A.K. Road, Matunga,
Mumbai-400 019.
Mobile: 9819179589 / 9619379589
Email : ignitingmind4u@gmail.com

## Apurva Khela Anand Ghan - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327


Papa, I saw a play 'Apurva Khela AnandGhan'. Please tell me something more about the saint.



Jain Sadhu Anand Ghanji lived in 17th century in western India. With meditation he gained tremendous power. Wild animals also became his friends.




Upadhyayji and Gnanvimalji were his devotees. When Anand Ghanji composed and sang soulful songs, they would write them without his notice.





Once after the Atham Tapa, nobody offered him Gochari (food). He composed a song **"Asha aurankikyakije, GnanSudharaspije."** (Craving increases your birth cycles but if you meditate on your pure soul it produces eternal bliss).

Once Anand Ghanji came to know that a Shahjada was making fun of Jain Sadhus. To make him realize their power, he made him and his horse motionless with 'Vachan Shakti', saying **"Raja ka beta khada rahe!"** The Shahjada tried hard to move but could not. He and the king both apologized for their behavior, so the saint forgave them.



In a village, once a widow came to him with a problem that the King wanted her wealth. Anand Ghanji used his Labdhi power to create unending wealth. The soldiers' carts became full but the wealth was endless. The King was ashamed at harassing the widow and promised never to trouble any women. Such was the great love of Anand Ghanji for the people.



Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



**આપણાં મૂર્ધન્ય ચિંતક - સર્જક – મનુભાઈ પંચોળી – 'દર્શક'ની જન્મ શતાબ્દિ નિમિત્તે, આ મહાનુભાવને એમના જ જીવનની દિનચર્યાની એક અનોખી ઘટનાથી શબ્દાંજલિ...**

## દર્શકદાદા અને પાનાની રમત

□ મનુભાઈ શાહ

રમત એ વ્યક્તિના મનને પ્રફુલ્લિત કરવાનો એક નિર્દોષ કાર્યક્રમ છે. આવી નિર્દોષ રમત રમતી વખતે કોઈપણ વ્યક્તિ બધું જ ભૂલી જઈ એકાગ્રતાથી રમે છે. જે વ્યક્તિ મનની વૈચારિક ભૂમિકામાં ૨૪ કલાક રહેતી હોય, વિચારોમાં ખોવાયેલી રહેતી હોય તેણે ૨૪ કલાકમાં એકાદ કલાકનો મનને આરામ કરવા કોઈ ને કોઈ રમત પછી મેદાની કે બેઠા બેઠાની રમત રમવી જોઈએ.

મનુદાદા 'દર્શક' કાયમી એક કલાક રાતના ૮-૩૦ થી ૯-૩૦ બધી જ પ્રવૃત્તિ, જંજાળ, કોરાણે મૂકી, ભગવાન ભરોસે મૂકી અમારી સાથે પાનાંની રમત 'કનાસ્કો' (નિર્દોષ રમત) રમે જ.

લોકભારતી, આંબલા, મણાર, વાલોડ, ભૂજ, માયધાર વગેરે સંસ્થામાં કે ઘરમાં વિદ્યાર્થીઓ, પરિવાર કે કાર્યકરો સાથે સહજ ભાવે આનંદ, નિઃસંકોચ અને નિર્દોષ ભાવે રમે જ. આ બધા સ્થળો તેઓને મન ઘર જ હતા.

રાત પડે અને સમય થાય એટલે મારી રાહ જુએ જ. હું તેઓનો કાયમીનો સભ્ય. સંજોગોવશાત્ મને મોડું થાય તો દર્શક ફોન કરે. શાહ, આવો છો ને ? હું જવાબ આપું, 'હા' દાદા આવું છું.

દર્શક સંસ્થામાં હોય ત્યારે સાંજના ૫-૩૦ કલાકે આંબલા જવા નીકળે. મને કહે કે રાતના ઘેર આવી જજો. હું હાજર ન હોઉં તો મારા ઘર પાસેથી ગાડી ચલાવે. મારા પત્નીને કહે રાતના રમવા 'શાહ' ને મોકલજો. મને 'શાહ' કહીને જ બોલાવે.

લોકભારતીમાં નિયમિત ૭ કલાકે પ્રાર્થના થાય તેમાં દાદાનું વ્યાખ્યાન હોય. વ્યાખ્યાન પૂરું થયે જ્યારે ગાડીમાં બેસે ત્યારે મને કહે, રાતના સમયસર આવી જજો.

કોઈક દિવસ હું મારા કામને કારણે રાતના રમવા ન ગયો હોઉં તો બીજે દિવસે સવારના મારા નક્કી કરેલ સમયે દાદાને ઘેર જાઉં ત્યારે તેઓ કહે, 'શાહ' કાલે રાતના કેમ નહોતા આવ્યા? તમો સવારના મોડા આવો તો ચાલશે પણ રાતના તો રમવા આવશો જ. કારણકે ૨૩ કલાક મારું મન વિચારોમાં સતત ચાલતું હોય છે તેથી એકાદ કલાક રમત રમવાથી આરામ મળી રહે. તે માટે તમારે મને મદદ કરવી જોઈએ.

હું અને દાદા નિયમિત રમવા માટેના સભ્યો હોઈએ જ. ત્રીજી અને ચોથી વ્યક્તિ બદલાતી રહેતી.. ભાનુબેન, રેખાબેન, સલ્લાભાઈ, મલય, રવિ, રામચંદ્રભાઈ, હાજીભાઈ વગેરે અનુકૂળતાએ આવતાં રહેતાં.

રમતનો એક કલાક અમારા માટે સંપૂર્ણ નિખાલસતાનો. રમત રમતા રમતા જ્ઞાન ગમ્મત-હસાહસ, કહેવતો, ટૂંકા પ્રસંગો, ટૂંકી વાર્તાઓ બીજી આનંદદાયક વાતોથી મન સંપૂર્ણ હળવું ફૂલ થઈ જતું. જાણે નાના વિદ્યાર્થીઓ રમતા હોય તેવા નિર્દોષ ભાવે રમત રમાતી.

રાતના રમતની વખતના દાદા જૂઓ અને તે પછીના ૨૩ કલાકના દાદા જૂઓ. લાખ ગાડાનો ફેર પડે.

રમત માણસનો દિવસભરનો માનસિક અને શારીરિક થાક ઉતારી નાખે છે. ઉપરાંત મુશ્કેલીઓ, દુઃખો વગેરે બધું જ ભૂલાવી દે છે.

અમો રમનારા મોટે ભાગે દાદાને જીતાડવાનો પ્રયત્ન કરીએ અને કોઈક વખત હરાવતા પણ ખરા.

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૩૫)

*[ એમ.એડ.ની ઉપાધિ પ્રાપ્ત પંદરેક પુસ્તિકાના આ લેખના લેખક શ્રી મનુભાઈ શાહનું જીવન પણ પ્રેરક છે. ગાંધીવાદી અને ભૂદાન પ્રવૃત્તિમાં સક્રિય, એવા આ લેખકે દર્શકદાદાની સંસ્થા લોકભારતીમાં અધ્યાપન કાર્ય કર્યું અને એ દરમિયાન નાનાભાઈ ભટ્ટ જેવા ત્યારના અનેક ગાંધી વિચારધારાના સમર્થકોના પરિચયમાં આવ્યા. દર્શકદાદાની અંતિમ પળ સુધી છેલ્લા આઠ વર્ષ તેમણે એમના મંત્રી તરીકે સેવા કરી. અને દર્શકદાદાને ખૂબ જ નજીકથી જાણ્યા અને એમની વિચાર અને જીવન સૃષ્ટિને માણી.*

*પોતાના શિક્ષણ સમયે, ગાંધી પુસ્તકો વેચીને એમણે પોતાનો શિક્ષણ ખર્ચ મેળવ્યો. ૧૯૬૫માં કલ્યાણીબેન દવે સાથે આંતરજ્ઞાતિય લગ્ન કર્યા, અને આ યુગલે પોતે કાંતેલા સુતરમાંથી જ પોતાનો લગ્ન પોષાક બનાવ્યો, અને ગાંધી વિધિ પ્રમાણે લગ્ન કરી પૂ. રવિશંકર મહારાજ અને અનેક ગાંધીવાદીઓના પ્રત્યક્ષ આશીર્વાદ પ્રાપ્ત કર્યા.*

*ચાર વરસ પહેલાં આ લેખકે એક અદ્વિતિય ઝુંબેશ ઉપાડી. એક દાતાની મદદથી દશ હજાર દેરાસરોમાં રૂા. ૮૭ લાખની રકમના ખાદીના અંગલૂંછણા અન વસ્ત્રો પહોંચાડ્યા.*

*આવા સાધુ ચરિત લેખકની કલમે આપણે જાણીએ દર્શકદાદાના જીવનના એક કોણને - **તંત્રી** ]*

*('દર્શક'ના જીવનના થોડાં વધુ પ્રસંગો આવતે અંકે)*

## પંથે પંથે પાથેય

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૨ (કુલ વર્ષ ૬૨)

અંક-૯, ડિસેમ્બર, ૨૦૧૪ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

# પ્રબુદ્ધ જીવન



## જિન-વચન

### પોતાના આત્માને વિષયભોગથી દૂર રાખો

मा पच्छ असाहुया भवे अच्चेही अणुसास अप्पगं ।
अहियं च असाहु सोयई से थणइ परिदेवइ बहुं ।।
(सू. १-२-३-७)

પરભવમાં પોતાની દુર્ગતિ ન થાય એમ વિચારીને પોતાના આત્માને વિષયભોગથી દૂર રાખો અને પોતાની જાતને શિસ્તમાં રાખો, કારણ કે દુર્ગતિમાં જતા પાપી જીવો બહુ શોક કરે છે, આક્રંદ કરે છે અને વેદનાની ચીસો પાડે છે.

Keep yourself away from the influence of sensual pleasure. Discipline yourself, so that you may not have miseries in the next life, because such evil beings grieve, cry and groan a lot in the next birth.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन'માંથી)

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૪ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૨મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૨મું વર્ષ.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

### પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન

### શ્રીમદ્‌ના વચને મને લોહચુંબકની જેમ પકડ્યો

એક વેળા ગાંધીજી ઈંગ્લૅંડના વડા પ્રધાનનાં પત્ની મિસિસ ગ્લૅડસ્ટનની પોતાના પતિ પ્રત્યેના પ્રેમની સ્તુતિ શ્રીમદ્ આગળ કરવા લાગ્યા. ગાંધીજીએ ક્યાંક વાંચેલું, આમની સભામાં પણ મિસિસ ગ્લૅડસ્ટન પોતાના પતિને ચા બનાવીને પાતાં. આ વસ્તુનું પાલન આ નિયમબદ્ધ દંપતીના જીવનનો એક નિયમ થઈ પડ્યો હતો.

શ્રીમદ્ આ સાંભળીને કહે: 'એમાં તમને મહત્ત્વનું શું લાગે છે? મિસિસ ગ્લૅડસ્ટનનું પત્નીપણું કે તેનો સેવાભાવ? જો તે બાઈ ગ્લૅડસ્ટનના બહેન હોત તો? અથવા, તેની વફાદાર નોકર હોત ને તેટલા જ પ્રેમથી ચા આપત તો? એવી બહેનો, એવા નોકરોનાં દૃષ્ટાંતો આપણને આજે નહિ મળે? અને નારીજાતિને બદલે એવો પ્રેમ નરજાતિમાં જોયો હોત તો તમને સાનંદાશ્ચર્ય ન થાત? હું કહું છું તે વિચારજો.'

ગાંધીજી લખે છે: 'રાયચંદભાઈ પોતે વિવાહિત હતા. એ વેળા તો મને તેમનું વચન કઠોર લાગેલું એવું સ્મરણ છે. પણ તે વચને મને લોહચુંબકની જેમ પકડ્યો. પુરુષ ચાકરની એવી વફાદારીની કિંમત પત્નીની વફાદારી કરતાં તો હજારગણી ચડે. પતિપત્ની વચ્ચે ઐક્ય હોય, એટલે તેમની વચ્ચે પ્રેમ હોય એમાં આશ્ચર્ય નથી. નોકર શેઠ વચ્ચે તેવો પ્રેમ કેળવવો પડે. દિવસે દિવસે કવિના વચનનું બળ મારી આગળ વધતું જણાયું.'

[ 'ગાંધીજીની આત્મકથા'માંથી ]

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | કરુણાનિધિ-માનવમિત્ર ઇસુ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | કૃષ્ણભક્ત કવિ જયદેવ | ડૉ. કલા શાહ | ૯ |
| ૩. | ઉપનિષદમાં યોગવિચાર | ડૉ. નરેશ વેદ | ૧૧ |
| ૪. | શતાબ્દી પુરુષ આચાર્ય તુલસી | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૧૪ |
| ૫. | વિનોબાનું અધ્યાત્મ દર્શન | ગોવિંદભાઈ રાવલ | ૧૬ |
| ૬. | નવકારની સંવાદયાત્રા (૨) | ભારતી દિપક મહેતા | ૨૦ |
| ૭. | ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો વૃત્તાંત | — | ૨૧ |
| ૮. | સ્વર્ગ-નર્ક | ડૉ. રણજિત પટેલ | ૨૩ |
| ૯. | આપણે દૂધ આહારી કેટલા હિંસક? | અતુલ દોશી | ૨૪ |
| ૧૦. | ભાવ-પ્રતિભાવ : | — | ૨૮ |
| ૧૧. | અમારા મથુરાદાસ | — | ૩૨ |
| ૧૧. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૩ |
| 12. | The Seeker's Diary | Reshma Jain | 36 |
| 13. | Mahsati Dharini | Translation Pushpa Parikh | 37 |
| 14. | Enlighten yourself by Self Study of Jainology Part-2 | Dr. Kamini Gogri | 38 |
| 15. | Upadhyay Yashovijayji Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૬. | પંથે પંથે પાથેય : દર્શકની સાદાઈ | મનુભાઈ શાહ | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૨ (કુલ વર્ષ ૬૨) ● અંક : ૯ ● ડિસેમ્બર ૨૦૧૪ ● વિક્રમ સંવત ૨૦૭૧ ● વીર સંવત ૨૫૪૧ ● માગસર વદિ તિથિ-૯ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## કરુણાનિધિ – માનવમિત્ર

## ઈસુ

*''હું તમને ચેતવું છું કે લોકોની નજરે ચડવા માટે તેમના દેખતાં ધર્મકાર્યો કરશો નહિ; નહિ તો તમારા પરમપિતા (ઇશ્વર) તરફથી તમને બદલો નહિ મળે.*

*''એટલે, જ્યારે તું કંઈ દાનધર્મ કરે ત્યારે દાંભિકો, લોકોની વાહવાહ મેળવવા માટે, સભાગૃહોમાં અને શેરીઓમાં ઢોલ પીટે છે, તેવો તું પીટીશ નહિ. હું તમને ખાતરીથી કહું છું કે તેમને તેમનો બદલો ક્યારનો મળી ચૂક્યો હોય છે! પણ જ્યારે તું દાનધર્મ કરવા બેસે ત્યારે તારો જમણો હાથ શું કરે છે તેની જાણ તારા ડાબા હાથને ન થવા દઇશ. આમ તારા દાનધર્મ ગુપ્ત રહેશે, અને ગુપ્ત કર્મોને જાણનાર તારા પિતા (ઇશ્વર) તને બદલો આપશે.''*

પવિત્ર બાયબલમાંના ગ્રંથના મુક્તિદાતા ઇસુના મુખે બોલાયેલા આ સનાતન સત્ય વાક્યો છે.

આ ડિસેમ્બર મહિનો, ઇસુના જન્મનો મહિનો, સામાન્ય રીતે આવા જન્મદિવસે લોકો ઉત્સવ વધુ મનાવે, ઉપદેશને ઓછો યાદ કરે. તો ક્યારેક કદાચ કોઈ એ મહાપુરુષે ઉપદેશેલા વચનોથી વિપરીત બની ઉત્સવ ઘેલાં પણ બની જાય છે.

અંગ્રેજો આ દેશમાં આવ્યા પહેલાં આપણી પાસે આપણા ઉત્સવ દિવસો હતા, હજી છે, પણ આપણે એમાં આ ક્રિસ્ટમસ ઉત્સવનો ધામધૂમથી ઉમેરો કર્યો. ખ્રિસ્તીઓએ પોતાના ઉત્સવોમાં આપણા ઉત્સવોનો ઉમેરો કર્યો છે?

મનુષ્ય ઉત્સવ પ્રિયા: અહીં મારે કોઈ ઉત્સવો કે ઉલ્લાસનો વિરોધ નથી કરવો, ભલે ને અન્ય ધર્મીના ઉત્સવો હોય, જરૂર મ્હાણવા, એમાં આપણી ઉદારતાનું પ્રતિબિંબ છે, પણ આવા ઉત્સવોમાં જ્યારે વિવેક ભૂલાય છે ત્યારે સંસ્કૃતિમાં વિકૃતિનો પ્રવેશ થઈ જાય છે.

'પ્રબુદ્ધ જીવન'ના કર્મવાદ અંકમાં ડૉ. થોમસ પરમારનો લેખ વાંચી કેથોલિક ઇન્ફોર્મેશન સર્વિસ સોસાયટી-અમદાવાદ-ના ડાયરેક્ટર ફાધર વર્ગીસ એસ. એઓશ્રી એ લેખ અને અંક વાંચી અમને અભિનંદન આપી બે ઉત્તમ પુસ્તક મને ભેટ મોકલ્યા – 'મુક્તિદાતા ઇસુ' અને 'મુક્તિસંદેશ બાયબલ'.

આ ગ્રંથો નિરાંતે વાંચ્યા. વિચાર્યું કે ડિસેમ્બર માસમાં 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સાથે એ થોડાં વિચારો 'શેર' કરીશ.

પ્રત્યેક વ્યક્તિએ સ્વધર્મને સમજવા માટે પણ અન્ય ધર્મગ્રંથોનું વાંચન કરવું જોઇએ એવું મારું માનવું છે.એથી અન્ય ધર્મ પ્રત્યે આદર તો વધે જ છે ઉપરાંત સ્વધર્મમાં રહેલી અંધશ્રદ્ધાથી બચી જવાય છે.

**આ અંકના સૌજન્યદાતા**

**નરેન્દ્ર, મીતા,**
**અવનિ, પુનિત,**
**પ્રતિક અને નિકા**
**શિકાગો, યુ.એસ.એ.**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી
● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

બન્ને પુસ્તકોની ભાષા સરળ અને શુદ્ધ ગુજરાતી છે. બન્ને ગ્રંથોમાં ઇસુનો સંદેશ અને દૃષ્ટાંત કથાઓ છે. ચમત્કારો વિશેષ છે. કથાનક છે. ઉપદેશ છે. ઉપદેશમાં તત્ત્વ છે, તર્ક વાદ-વિવાદ નથી. સીધી તત્ત્વચર્ચા નથી, પણ ઉપદેશ એવો પરિપૂર્ણ છે કે જો પ્રત્યેક માનવી એ સ્વીકારે તો જગત નંદનવન બની જાય. માનવી સાચો માનવ બની જાય. દૃષ્ટાંત, ચમત્કારો અને ઉપદેશનો ત્રિવેણી સંગમ અહીં ખૂબ જ સરળ ભાષામાં પ્રગટે છે. અહીં મોક્ષ કે કોઈ સાધનાની કે યોગ, સમાધિની ચર્ચા નથી. સાદી સરળ ઘટનાઓ છે, તરત સમજાય એવી, કદાચ એટલે જ આ ધર્મના અનુયાયીઓ જગતમાં વિશેષ છે.

બસ, ઇસુ નીકળી પડે છે. એક અકેલા નિકલ પડા ઔર કારવાં બનતા ગયા; અને ઇસુ જે બોલ્યા, એમના શિષ્યોએ એ ઝીલ્યું અને પછી કંઠ-શ્રવણ યાત્રા દ્વારા આપણી પાસે શબ્દસ્થ થઈને આવ્યું.

ગૃહસ્થી ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધે ગૃહત્યાગ કરી સત્યની, જ્ઞાનની શોધમાં નીકળી પડ્યા હતા. અને એ જ્ઞાન અને સત્ય આપણને એ મહામાનવોએ આપ્યું.

ઇસુ નૈષ્ઠિક બ્રહ્મચારી, નાની ઉંમરે જ નીકળી પડ્યા. એમણે માનવોને, માનવ સંબંધોને સુખી કરવા હતા. અને અનેક વિરોધ વચ્ચે એમણે એ કાર્ય કર્યું. અને એમણે જીવનની 'સમજ'ને પીરસી.

એ જે સમયમાં જન્મ્યા હતા, એ રાજાને પણ ભવિષ્યવાણી સંભળાઈ હતી, કે એનો નાશ કરનાર એક બાળક જન્મશે, અને એ રાજાએ પણ એ રાજ્યના બધા જ બે વર્ષના બાળકોનો વધ કર્યો, કંસની જેમ.

કુંતિપુત્ર કર્ણનો જન્મ, સ્ત્રી-પુરુષના સમાગમ વગર થયો, એમ ઇસુનો જન્મ પણ એ રીતે જ થયો હતો. બાયબલના શબ્દો જ અહીં યથાતથ પ્રસ્તુત કરું છું. જગતમાં બધે જ કેટકેટલું સામ્ય હોય છે એની આ પ્રતીતિઃ

**ઇસુનો અવતાર**

(લૂક ૨:૧-૧૭)

''હવે ઈસુ ખ્રિસ્તનો જન્મ આ પ્રમાણે થયો હતોઃ એમનાં માતા મરિયમના વિવાહ યોસેફ સાથે થયા હતા. તેમનો સહવાસ થાય તે પહેલાં જ માલૂમ પડ્યું કે મરિયમને પવિત્ર આત્માના પ્રભાવથી ગર્ભ રહ્યો છે. તેમના પતિ યોસેફ ધર્મિષ્ઠ માણસ હતા અને તેમને ઉઘાડાં પાડવા ઇચ્છતા ન હતા, એટલે તેમની ઇચ્છા કશી હોહા વગર તેમને છૂટાં કરવાની હતી. તેઓ એ વાતનો વિચાર કરતા હતા એવામાં એક દેવદૂતે તેમને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું, ''હે દાવિદપુત્ર યોસેફ, તારી પત્ની મરિયમને ઘેર તેડી લાવતાં ડરીશ નહિ. તેને જે ગર્ભ રહ્યો છે તે પવિત્ર આત્માના પ્રભાવથી રહ્યો છે. તેને પુત્ર અવતરશે અને તું તેનું નામ ઈસુ પાડજે, કારણ, તે પોતાની પ્રજાને પાપમાંથી મુક્તિ આપનાર છે.''

પ્રભુએ પયગંબરમુખે કરેલી ભવિષ્યવાણી સાચી પડે એટલા માટે આ બધું બન્યું. તેણે ભાખ્યું હતું કે, ''કુંવારી કન્યાને ગર્ભ રહેશે, અને તે પુત્રને જન્મ આપશે અને લોકો તેનું નામ ઇમાનુએલ પાડશે.'' ઇમાનુએલ એટલે 'ઈશ્વર આપણી સાથે છે.'

યોસેફે ઊંઘમાંથી ઊઠીને દેવદૂતના કહ્યા પ્રમાણે કર્યું. તેઓ પોતાની પત્નીને ઘેર તેડી ગયા. તેમનું ગમન થયા વગર મરિયમને પુત્ર અવતર્યો અને યોસેફે તેનું નામ ઈસુ પાડ્યું.''

ખ્રિસ્તી ધર્મનો મુખ્ય એક જ ગ્રંથ, બાયબલ. આ બાયબલના બે ભાગ એક ઓલ્ડ ટેસ્ટામેન્ટ–જૂનો કરાર, જે ઈસુના જન્મ પહેલાંનો અને બીજો ન્યૂ ટેસ્ટામેન્ટ, નવો કરાર, જે ઈસુએ કહ્યું તે, જેની આપણે હમણાં ચર્ચા કરી રહ્યા છીએ.

ઈસુના જીવનના ૧૨ થી ૩૦ વર્ષના ગાળાની જાણ નથી મળતી. આ વરસો દરમિયાન એ ક્યાં ગયા હશે? આ ૧૮ વરસ એમનો એકાંત સાધના કાળ? આ સાધના કાળ સમયે કદાચ એઓ ભારતમાં હિમાલયમાં આવ્યા હશે? મહાવીર–બુદ્ધ–ઈસુ આ બધા મહામાનવો સમયના સંદર્ભમાં કેટલા લગોલગ?

ત્રીસ વર્ષની વયે ઈસુ દેખા દે છે અને પોતાના દેશના ખૂણે ખૂણે ભ્રમણ કરે છે. ચમત્કારો દેખાડે છે. ઉપદેશ આપે છે અને તેત્રીસ વર્ષની વયે તો તેમને ફરજિયાત વિદાય કરાવાય છે. ક્રોસ ઉપર.

આ ત્રણ વરસના ઉપદેશમાંથી માત્ર થોડાં જ બિંદુઓ અહીં પ્રસ્તુત કરું છું.

(૧)

**ઈસુની જીવનચર્યા**

માથ્થી ૪,૨૩-૨૫; લૂક ૬,૧૭-૧૯

હવે ઈસુ યહૂદીઓનાં સભાગૃહોમાં ઉપદેશ આપતા, ઈશ્વરના રાજ્યના શુભ સમાચાર ફેલાવતા, અને લોકોની બધી જાતની માંદગી અને રોગો મટાડતા આખા ગાલીલ પ્રાંતમાં ફરવા લાગ્યા. તેમની કીર્તિ આખા સિરિયામાં ફેલાઈ ગઈ, અને લોકો માંદાઓને, બધી જાતનાં રોગીઓને, પીડિતોને, અપદૂત વળગેલાંઓને, ફેફરાંવાળાંઓને અને લકવાવાળાંઓને તેમની પાસે લઈ આવતાં, અને તેઓ તેમને સાજાં કરતા. ગાલીલ, દશનગર, યરુશાલેમ અને યહૂદિયામાંથી તેમ જ યર્દન પારના પ્રદેશમાંથી માણસોનાં ટોળાંનાં ટોળાં તેમની પાછળ જવા લાગ્યાં.

(૨)

**ગિરિ પ્રવચન**

**પરમસુખનો માર્ગ**

(લૂક ૬: ૨૦-૨૩)

''લોકોનાં ટોળાંને જોઈ ઈસુ ડુંગર ઉપર ચડી ગયા અને ત્યાં બેઠા

● ૧ વર્ષનું લવાજમ રૂા. ૨૦૦/–(U.S. $ 20) ● ૩ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦/–(U.S. $ 50) ● ૫ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦/–(U.S. $ 80)
● ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦/–(U.S. $180)

એટલે તેમના શિષ્યો તેમની પાસે આવ્યા. પછી તેમણે ઉપદેશ આપવાનું શરૂ કર્યું.

''અંતરના દીન પરમસુખી છે,
ઈશ્વરનું રાજ્ય તેમનું છે.
શોકમાં ડૂબેલાઓ પરમ સુખી છે,
તેમને સાંત્વન મળશે.
નમ્ર પરમ સુખી છે,
તેઓ ધરતીના ધણી થશે.
ધર્મની જેમને ભૂખતરસ છે
તેઓ પરમ સુખી છે,
તેઓ તૃપ્તિ પામશે.
દયાળુ પરમ સુખી છે,
તેઓ દયા પામશે.
ચોખ્ખા દિલના પરમ સુખી છે,
તેમને ઈશ્વરનાં દર્શન થશે.
શાંતિના સ્થાપકો પરમ સુખી છે,
તેઓ ઈશ્વરનાં સંતાન કહેવાશે.
ધર્મને ખાતર જુલમ વેઠનારા પરમ સુખી છે,
ઈશ્વરનું રાજ્ય તેમનું છે.''

''મારા કારણે લોકો તમારી નિંદા કરે, તમારા પર જુલમ ગુજારે અને જાતજાતનાં આળ મૂકે ત્યારે તમે પોતાને પરમસુખી માનજો; એ વખતે તમે અપાર આનંદ અને ઉલ્લાસ માનજો, કારણ, સ્વર્ગમાં તમને મોટો બદલો મળનાર છે. તમારી પહેલાંના પયગંબરોને પણ એ જ રીતે રંજાડ્યા હતા.''

(૩)

લોકોએ તેમને પૂછ્યું, ''તો અમારે શું કરવું?''

તેમણે જવાબ આપ્યો, ''જેની પાસે બે પહેરણ હોય તે જેની પાસે ન હોય તેની સાથે વહેંચી લે, અને જેની પાસે ખાવાનું હોય તે પણ એમ જ કરે.''

જકાતદારો પણ સ્નાનસંસ્કાર લેવા માટે આવ્યા અને તેમણે યોહાનને કહ્યું, ''ગુરુજી, અમારે શું કરવું?''

તેમણે તેઓને કહ્યું, ''ઠરાવ્યા કરતાં વધારે ન ઉઘરાવવું?''

સિપાઈઓએ પણ તેમને પૂછ્યું, ''અને અમારે શું કરવું?

તેમણે જવાબ આપ્યો, ''લોકોને ડરાવીને કે ખોટા આક્ષેપો મૂકીને પૈસા પડાવશો નહિ. તમારા પગારમાં સંતોષ માનજો.''

(૪)

ચાળીસ દિવસ અને ચાળીસ રાતના ઉપવાસ પછી તે ભૂખ્યા થયા. ત્યારે કસોટી કરનારે આવીને તેમને કહ્યું, ''જો તું ઇશ્વરનો પુત્ર હો તો આ પથરાઓને રોટલા થઈ જવાનું કહે!''

ઈસુએ જવાબ આપ્યો, ''શાસ્ત્રમાં લખ્યું છે કે, 'માણસ એકલા રોટલા પર નથી જીવતો, પણ તે ઇશ્વરના ઉચ્ચારેલા પ્રત્યેક વચન પર જીવે છે.' ''

**(૫)**

**દુનિયાના દીવા**

માથ્થી ૫, ૧૪-૧૬

''તમે દુનિયાના દીવા છો. ડુંગર ઉપર વસેલું શહેર ઢાંક્યું રહે નહિ. લોકો દીવો સળગાવીને ટોપલા નીચે નથી મૂકતા પણ દીવી ઉપર મૂકે છે; ત્યારે જ તે ઘરના બધાંને અજવાળું આપે છે. એ જ રીતે તમારો પ્રકાશ લોકો આગળ પડવા દો, જેથી તેઓ તમારાં સારાં કૃત્યો જોઇને તમારા પરમપિતાનાં યશોગાન ગાય.''

(૬)

**તારા ભાઈ સાથે સમાધાન કરજે**

માથ્થી ૫, ૨૧-૨૬.

''તમે જાણો છો કે, તમારા પૂર્વજોને એમ કહેવામાં આવ્યું હતું કે, 'ખૂન કરવું નહિ; જે ખૂન કરશે તેને અદાલતમાં જવાબ દેવો પડશે.' પણ હું તમને કહું છું કે, જે કોઇ પોતાના ભાઇ પર ગુસ્સો કરશે તેણે અદાલતમાં જવાબ દેવો પડશે; અને જે કોઇ પોતાના ભાઇને ગાળ દેશે તેણે વડી અદાલતમાં જવાબ દેવો પડશે; તેમ જ કોઇ પોતાના ભાઈનો તિરસ્કાર કરશે તે નરકના અગ્નિને પાત્ર ઠરશે.

''એટલે વેદી ઉપર નૈવેદ્ય ધરાવતાં તને યાદ આવે કે, તારા ભાઈને તારી સામે કંઈ ફરિયાદ છે, તો તારું નૈવેદ્ય વેદી આગળ જ રહેવા દઇ નીકળી પડજે. પહેલાં


**ગાંધી નિર્વાણ દિન નિમિત્તે**

'પ્રબુદ્ધ જીવન'નો ફેબ્રુઆરી ૨૦૧૫ નો વિશિષ્ટ અંક

**ગાંધી જીવનનો અંતિમ અધ્યાય**

**આ અંકની પરિકલ્પના**
**અને**
**સંકલનકર્તા**

**સોનલ પરીખ**

**ચિંતનશીલ સર્જક અને ગાંધી સાહિત્યના અભ્યાસી**
**તેમ જ**
**(મહાત્મા ગાંધીજીના પૌત્રીનાં પૌત્રી)**

**ભારતના ભાગલા, કોમવાદી હિંસા અને અનેક પ્રશ્નોથી આ મહામાનવની સંવેદના અને ચિંતનનું પ્રાગટ્ય**

**મિત્રો અને સહચિંતકોને ભેટ આપવા આ વિશિષ્ટ અંકની વધુ નકલો મેળવવા, સંસ્થાના ૨૩૮૨ ૦૨૯૬ ફોન ઉપર સંપર્ક કરવા વિનંતી.**

**આ અંકની કિંમત રૂા. ૬૦/-**

**જ્ઞાન-ચિંતન ભેટ એ અમૂલ્ય અને ચિરંજીવ ભેટ છે**
**વ્યક્તિના મનોજગત અને હૃદયાકાશને વિકસિત કરતું નજરાણું**

તારા ભાઈ સાથે સમાધાન કરજે, અને ત્યાર પછી આવીને નૈવેદ્ય ધરાવજે.

''તારા સામાવાળા સાથે તમે બન્ને અદાલતને રસ્તે હો તો ત્યાં જ વેળાસર સમાધાન કરી લેજે; નહિ તો કદાચ તે તને ન્યાયાધિશને સોંપી દેશે, અને ન્યાયાધિશ અમલદારને સોંપી દેશે, અને તું જેલમાં પુરાઇશ. અને યાદ રાખજે કે પાઇએ પાઇ ચૂકતે કર્યા વગર ત્યાંથી તારો કદી છૂટકારો નહિ થાય.''

(૭)

**ઇસુ મનથી પાપને ધિક્કારે છે**

માથ્થી ૫, ૨૭-૩૦.

'' 'વ્યભિચાર કરવો નહિ,' એમ કહેલું છે તે તમે જાણો છો. પણ હું તમને કહીશ કે, જે કોઇ માણસ કોઇ સ્ત્રી પ્રત્યે વાસનાભરી નજર નાખે છે, તે મનથી તેની સાથે વ્યભિચાર કરી ચૂક્યો છે. એટલે જો તારી જમણી આંખ તને પાપમાં પ્રેરતી હોય, તો તેને કાઢીને ફેંકી દે; કારણ, તારો આખો દેહ નરકમાં પડે એના કરતાં તારું એક અંગ નાશ પામે એ બહેતર છે. અને જો તારો જમણો હાથ તને પાપમાં પ્રેરતો હોય, તો તેને વાઢીને ફગાવી દે; તારો આખો દેહ નરકમાં પડે એના કરતાં તારું એક અંગ નાશ પામે એ બહેતર છે.''

?

(૮)

**શત્રુ ઉપર પ્રેમ રાખો**

માથ્થી ૫, ૩૮-૪૮; લૂક ૬,૨૭-૩૬

'' 'આંખને સાટે આંખ અને દાંતને સાટે દાંત,' એમ કહેલું છે તે તમે જાણો છો. એથી ઊલટું, હું તમને કહું છું કે, તમારું બૂરું કરનારનો સામનો કરશો નહિ. બલકે, જો કોઇ તારા જમણા ગાલ ઉપર તમાચો મારે, તો તેની આગળ બીજો ધરવો. કોઇ તારા પહેરણ માટે દાવો કરવા તાકે, તો તેને તારો ડગલો સુધ્ધાં આપી દેવો. અને જે કોઇ તને એક કોસ ચાલવાની ફરજ પાડે તેની સાથે બે કોસ ચાલવા. જે કોઇ તારી પાસે માગે તેને આપ, અને જો કોઇ ઉછીનું લેવા આવે તો મોં ન ફેરવીશ.''

'' 'તારા મિત્ર ઉપર પ્રેમ રાખ અને તારા શત્રુ ઉપર દ્વેષ રાખ' એમ કહેલું છે તે તમે જાણો છો. પણ હું તમને કહું છું કે, તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો; તો જ તમારા પરમપિતાનાં સાચાં સંતાન થઈ શકશો. તે કેવો, ભલા અને ભૂંડા સૌને સૂર્યનો પ્રકાશ આપે છે, અને પાપી અને પુણ્યશાળી સૌને માટે વરસાદ વરસાવે છે.

''તમારા ઉપર પ્રેમ રાખે તેમના ઉપર જ તમે પ્રેમ રાખો એમાં બદલો મેળવવા જેવું તમે શું કર્યું ? એવું તો જકાતદારો પણ ક્યાં નથી કરતા ? તમે ફક્ત તમારા સ્નેહીસંબંધીઓને જ વંદન કરો તો એમાં વિશેષ તમે શું કર્યું ? એટલું તો વિધર્મીઓ પણ ક્યાં નથી કરતા ? પણ તમારે તો તમારા પરમપિતા જેવા પૂર્ણ છે તેવા બનવાનું છે.''

(૯)

**પ્રાર્થના અંગેની શિખામણ**

માથ્થી ૬, ૫-૬

''વળી, તમે જ્યારે પ્રાર્થના કરો છો ત્યારે દાંભિકોની જેમ વર્તશો નહિ. એ લોકોને સભાગૃહોમાં અને શેરીઓના નાકે ઊભા રહીને પ્રાર્થના કરવી ગમે છે; કારણ, તો જ બધા તેમને જોઇ શકે ને ! હું તમને ખાતરીથી કહું છું કે, તેમને તેમનો બદલો મળી ચૂક્યો હોય છે. પણ તું જ્યારે પ્રાર્થના કરે ત્યારે તારી ઓરડીમાં જઈને બારણાં વાસજે. અને એકાંતમાં પણ વસનારા તારા પિતાની પ્રાર્થના કરજે. એકાંતની વાત જાણનાર તારા પિતા તને બદલો આપશે.''

**(૧૦)**

**આદર્શ પ્રાર્થના : હે અમારા પરમપિતા**

*માથ્થી ૯, ૭-૧૫; લૂક ૧૧,૨-૪*

''વળી તમે પ્રાર્થના કરવા બેસો ત્યારે વિધર્મીઓની પેઠે નિરર્થક લપલપાટ કરશો નહિ. તે લોકો એમ માને છે કે બહુ લપલપાટ કરવાથી ઇશ્વર તેમની વાત કાને ધરશે. પણ તેમને પગલે ચાલશો નહિ, કારણ, તમારા માગ્યા પહેલાં જ તમારા પિતાને ખબર છે કે તમારે શાની જરૂર છે. માટે તમારે આમ પ્રાર્થના કરવી:

હે અમારા પરમપિતા,
તમારા નામનો મહિમા થાઓ,
તમારું રાજ્ય આવો,
સ્વર્ગમાં તેમ જ પૃથ્વી ઉપર
તમારી ઇચ્છા પૂર્ણ થાઓ,
આજે અમને અમારો રોજનો રોટલો આપો.
અમે જેમ અમારા અપરાધીને માફી આપી છે,
તેમ તમે અમારા અપરાધોની માફી આપો.
અમને પ્રલોભનમાં પડવા દેશો નહિ,
પણ અમને અનિષ્ટથી બચાવો.

''જો તમે બીજાઓના અપરાધ ક્ષમા કરશો, તો તમારા પરમપિતા તમારા પણ અપરાધ ક્ષમા કરશે. પણ જો તમે બીજાઓના અપરાધ ક્ષમા નહિ કરો, તો તમારા પિતા તમારા અપરાધ પમ ક્ષમા નહિ કરે.''

**(૧૧)**

**સાચો ઉપવાસ**

*માથ્થી ૬, ૧૬-૧૮*

''વળી, જ્યારે તમે ઉપવાસ કરો છો ત્યારે દાંભિકોની પેઠે ઉદાસ દેખાશો નહિ. તેઓ તો લોકોને પોતાના ઉપવાસની ખબર પડે એટલા માટે મોઢું વરવું કરીને ફરે છે. હું તમને ખાતરીથી કહું છું કે, તેમને તેમનો બદલો મળી ચૂક્યો હોય છે. પણ તું જ્યારે ઉપવાસ કરે ત્યારે માથામાં તેલ નાખજે અને મોં ધોજે, જેથી તેં ઉપવાસ કર્યો છે એવું લોકો જાણવા ન પામે; ફક્ત એકાંતમાં પણ વસનાર તારા પિતા જાણે.

એકાંતની વાત જાણનાર તારા પિતા તને બદલો આપશે.''

(૧૨)

''એટલે હું તમને કહું છું કે, અમે ખાઇશું શું, પીશું શું, એમ તમારા જીવનની ચિંતા ન કરશો; તેમ અમે પહેરશું શું, એમ તમારા શરીરની પણ ચિંતા ન કરશો. અન્ન કરતાં જીવનની, અને વસ્ત્ર કરતાં શરીરની કિંમત વધારે નથી શું ? આકાશમાંનાં પંખીઓને જુઓ; તેઓ નથી વાવતાં કે નથી લણતાં કે નથી કોઠારમાં ભેગું કરતાં, છતાં તમારા પરમપિતા તેમને ખાવાનું આપે છે; એમના કરતાં તમારી કિંમત વધારે નથી શું ? તમારામાંથી કોણ ચિંતા કરી કરીને પોતાની આવરદામાં એક ક્ષણનોયે ઉમેરો કરી શકે એમ છે ?

''અને તમે વસ્ત્રોની ચિંતા શા માટે કરો છો ? વગડાનાં ફૂલો નિહાળો, કેવાં ખીલે છે ! નથી એ મહેનત કરતાં કે નથી કાંતતાં; અને તેમ છતાં, હું તમને ખાતરીથી કહું છું કે, શલોમોને પણ પોતાના વૈભવના શિખરે હશે ત્યારેય એમના જેવો પોશાક પહેર્યો નહિ હોય. એટલે, આજે છે અને કાલે ચૂલામાં હોમાઇ જાય છે એવા વગડાના ઘાસને જો ઇશ્વર આટલું સજાવે છે તો હે, અશ્રદ્ધાળુઓ, તમને એથીય રૂડી પેરે સજાવશે એમાં શંકા શી ?

''તેથી અમે ખાઇશું શું, પીશું શું, કે પહેરશું શું એની ચિંતા કરશો નહિ. એ બધી વસ્તુઓ પાછળ તો નાસ્તિકો જ પડે; તમારા પરમપિતાને ખબર છે કે તમારે આ બધી વસ્તુઓની જરૂર છે. એટલે તમે સૌથી પહેલાં ઇશ્વરના રાજ્યની અને એણે ઇચ્છેલા ધર્માચરણની પાછળ પડો. એટલે આ બધી વસ્તુઓ તમને મળી રહેશે. આથી, તમે આવતી કાલની ચિંતા કરશો નહિ. આવતી કાલ પોતાનું ફોડી લેશે. રોજનો ત્રાસ રોજને માટે પૂરતો છે.''

(૧૩)

**વૃક્ષ તેવાં ફળ**

*માથ્થી ૭, ૧૫-૨૦; લૂક ૬, ૪૩-૪૫*

''ખોટા ઉપદેશકોથી સાવધાન રહેજો ! તેઓ ઘેટાંના વેશમાં આવે છે, પણ અંદરખાનેથી ભૂખ્યા વરુ હોય છે. તેમના વર્તનરૂપી ફળ ઉપરથી તમે તેમને ઓળખી શકશો. થોર ઉપરથી દ્રાક્ષ, અથવા બાવળ ઉપરથી અંજીર ઊતરે ખરાં ? સારું ઝાડ સારાં ફળ આપે છે, પણ ખરાબ ઝાડ ખરાબ ફળ આપે છે. સારું ઝાડ ખરાબ ફળ આપી શકતું નથી, તેમ ખરાબ ઝાડ સારાં ફળ આપી શકતું નથી. જે ઝાડ સારાં ફળ આપી શકતું નથી તેને કાપીને અગ્નિમાં બાળી મૂકવામાં આવે છે. એટલે તમે તેમને તેમના વર્તનરૂપી ફળ ઉપરથી ઓળખી શકશો.''

(૧૪)

**બીજમાંથી વૃક્ષ**

*માથ્થી ૧૩, ૩૧-૩૨; માર્ક ૪, ૩૦-૩૨; લૂક ૧૩, ૧૮-૧૯*

ઇસુએ એક બીજું દૃષ્ટાંત પણ તેમની આગળ રજૂ કર્યું: ''ઇશ્વરનું રાજ્ય રાઇના દાણા જેવું છે. એક માણસ રાઇનો દાણો લઈને પોતાના ખેતરમાં વાવે છે. રાઇનો દાણો બધાં બીજોમાં નાનો છે, પણ ઊગે છે ત્યારે એનો છોડ બધા છોડ કરતાં મોટો, ઝાડ જેવડો થાય છે; એટલો મોટો કે આકાશનાં પંખીઓ આવીને એની ડાળીઓમાં વાસો કરે છે.''

(૧૫)

**અભયમંત્ર**

*માથ્થી ૧૯, ૨૬-૩૩; લૂક ૧૨, ૨-૯*

''માટે લોકોથી ડરશો નહિ. જે કાંઈ ઢાંકેલું છે તે ખુલ્લું થયા વગર રહેવાનું નથી, અને જે કાંઈ ગુપ્ત છે તે જાહેર થયા વગર રહેવાનું નથી. હું તમને અંધારામાં કહું છું તે તમે ધોળે દહાડે કહેજો, જે તમને કાનમાં કહું છું તે તમે છાપરે ચડીને પોકારજો. જેઓ દેહને હણે છે પણ આત્માને હણી શકતા નથી તેમનાથી ડરશો નહિ. એના કરતાં તો જે દેહ અને આત્મા બન્નેનો નરકાગ્નિમાં નાશ કરવાને સમર્થ છે તે ઈશ્વરનો જ ડર રાખજો.''

(૧૬)

**વિધવાની કોડી**

*માર્ક ૧૨, ૪૧-૪૪; લૂક ૨૧, ૧-૪*

''ઈસુ મંદિરના ભંડાર સામે બેઠા બેઠા, લોકો તેમાં પૈસા નાખતા હતા તે જોતા હતા. ઘણા પૈસાદાર લોકો મોટી મોટી રકમ નાખતા હતા. એવામાં એક ગરીબ વિધવાએ આવીને તેમાં બે કોડી નાખી. ઇસુએ શિષ્યોને પાસે બોલાવી કહ્યું, ''હું તમને ખાતરીથી કહું છું કે, ભંડારમાં પૈસા નાખનાર બીજા બધા કરતાં આ ગરીબ વિધવાએ વધુ નાખ્યું છે; કારણ, એ બીજા લોકોએ તો પોતા પાસે વધારાનું હતું તેમાંથી નાખ્યું છે, પણ આ બાઇ પાસે તો પોતા માટે પણ પૂરતું નહોતું,


**અનેકાન્તવાદ**

- *મહાવીર જનકલ્યાણક પ્રસંગે તા. ૧૬-૩-૨૦૧૫નો વિશિષ્ઠ અંક ઉપરોક્ત શીર્ષકથી પ્રકાશિત થશે.*
- *અનેકાન્તવાદના વિવિધ પાસાઓનું વિદ્વાન મહાનુભાવો સરળ ભાષામાં પોતાનું ચિંતન પ્રસ્તુત કરશે.*
- *આ વિશિષ્ઠ અંકનું સંપાદન કરશે મણિબેન નાણાવટી કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષા, જૈન ધર્મ અને ગુજરાતી સાહિત્યના અભ્યાસી*

**ડૉ. સેજલબહેન શાહ**

- *આ સમગ્ર અંકના સૌજન્યદાતા છે–*
- *જ્ઞાનપ્રોત્સાહક શ્રીમતી ઇન્દુમતિ એસ. વસા*
- *પ્રભાવના માટે પોતાને ઇચ્છિત નકલોનો ઓર્ડર શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસમાં લખાવવા વિનંતી.*
- *અંકની કિંમત રૂા. ૬૦/–*
- *જ્ઞાન આરાધના જ્ઞાનકર્મનું ઉપાર્જન છે.*
- *વસ્તુ કરતાં વાંચનની ભેટ ચિરંજીવ અને પ્રેરક છે.*

છતાં એણે પોતાની પાસે જે કાંઈ હતું તે બધું જ, પોતાની જીવાદોરી જ આપી દીધી.''

**(૧૭)**

**ઈશ્વરની નજરમાં સમૃદ્ધ કોણ?**

*લૂક ૧૨, ૧૩-૨૧*

ટોળામાંથી એક જણે ઇસુને કહ્યું, ''ગુરુજી, મારા ભાઈને કહો કે વારસામાં મને ભાગ આપે.''

ઇસુએ તેને કહ્યું, ''ભલા માણસ, મને તારો ન્યાયાધિશ કે ભાગ વહેંચનારો કોણે નીમ્યો?'' પછી તેમણે લોકોને ઉદ્દેશીને કહ્યું, ''જોજો, કોઇ પણ પ્રકારના લોભથી ચેતતા રહેજો. કારણ, માણસ પાસે ગમે તેટલી સંપત્તિ હોય પણ એ સંપત્તિ જ જીવનનું સારસર્વસ્વ નથી.''

પછી ઇસુએ તેમને એક દૃષ્ટાંત કથા સંભળાવી : ''એક પૈસાદાર માણસની જમીનમાં મબલખ પાક પાક્યો હતો. તે મનમાં વિચાર કરવા લાગ્યો, 'મારે શું કરવું? મારો બધો પાક ભરવાની તો મારી પાસે જગ્યા નથી.' તેણે વિચાર્યું 'હું આમ કરીશ. હું મારો કોઠાર તોડી પાડીને મોટો બંધાવીશ અને એમાં હું મારી બધી ફસલ અને માલમત્તા એકઠી કરીશ, અને પછી મારા જીવને કહીશ કે, અરે ભલા જીવ, વરસો સુધી ચાલે એટલી મત્તા તારી પાસે ભરેલી છે હવે આરામ કર, અને ખાઈપીને મજા કર.' પણ ઇશ્વરે તેને કહ્યું, 'અરે મૂરખ, આજે રાતે જ તારે તારો જીવ સોંપી દેવો પડશે, પછી તેં જે ભેગું કર્યું છે તે કોને જશે?'

''જે માણસ પોતાને માટે સંપત્તિ તો ભેગી કરે છે, પણ ઇશ્વરની નજરમાં સમૃદ્ધ થતો નથી તેની આવી દશા થાય છે.''

**(૧૮)**

**છેલ્લા દિવસો**

*લૂક ૨૧, ૩૭-૩૮*

હવે, દિવસે ઇસુ મંદિરમાં ઉપદેશ કરતા, અને રાતે બહાર જઈ જેતૂન પર્વત ઉપર રહેતા. અને બધા લોકો એમને સાંભળવા સવારના પહોરમાં મંદિરમાં આવી રહેતા.

**અંતિમ બાબતોનો વાર્તાલાપ**

**મંદિરનો વિનાશ**

*માર્ક ૧૩, ૧-૪; માથ્થી ૨૪, ૧-૩, ૨૮; લૂક ૨૧, ૫-૭*

ઇસુ મંદિરમાંથી બહાર જતા હતા ત્યાં તેમનો એક શિષ્ય બોલી ઊઠ્યો, ''કેવા ભવ્ય છે આ પથ્થરો! અને કેવાં ભવ્ય છે આ મકાન!''

ઈસુએ તેને કહ્યું, ''તું આ મોટાં મોટાં મકાનો જુએ છે ને? આમાંનો એક પણ પથરો બીજા પર રહેવાનો નથી. બધાજ ઉથલાવી પાડવામાં આવશે.''

XXX

ઈસુના ઉપદેશમાં કોઈ તત્ત્વજ્ઞાનની ગહનતાની વાત નથી, પણ માણસ માણસ સાથે કઈ રીતે કલ્યાણમય, સુખ, સંપ અને ન્યાયપૂર્ણ રીતે જીવી શકે, એકબીજાને ક્ષમા આપી શાંતિથી કેમ જીવી શકે, 'હું માનવી માણસ થાઉં તો ઘણું' એ આદર્શ સાથે જીવવાની શીખ આ ઉપદેશમાં છે. હા, મોક્ષની વાત નથી, આત્માની વાત છે, પણ એ 'આત્મા' નિત્ય છે એ વાત નથી પણ Day of Judgementના દિવસે બધાં આત્મા ભેગા થશે, આ બધાં જીવીત થશે અને એમને એમનાં કર્મ પ્રમાણે સ્વર્ગ કે નર્કમાં મોકલવામાં આવશે.

ઇસુ ઇશ્વરના પયગંબર છે, ઇશ્વરપુત્ર છે, મસિહ છે, ખ્રિસ્ત છે. જગત ઉપર લોકોના દુઃખદર્દ દૂર કરવા આવ્યા છે, એટલે ચમત્કારો પણ અહીં છે. પણ આ ચમત્કારોમાં ઇશ્વર શ્રધ્ધાનું તત્ત્વ પ્રબળ અને અગ્રેસર છે.

આ નવા બાયબલમાં ઇસુ એક જગ્યાએ એવું પણ કહે છે કે,

**ઉચ્છેદ નહિ, પરિપૂર્તિ**

*માથ્થી ૫, ૧૭-૨૦, લૂક ૧૬-૧૯*

''એમ ન માનશો કે હું ધર્મસંહિતાનો કે પયગંબરોના વચનોનો ઉચ્છેદ કરવા આવ્યો છું. હું ઉચ્છેદ કરવા નહિ, પણ પરિપૂર્તિ કરવા આવ્યો છું. તમને ખાતરીથી કહું છું કે, આકાશ અને પૃથ્વી ભલે લોપ પામે, પણ બધું પૂર્ણ થયા વગર, ધર્મસંહિતાના એક કાનામાતરનો લોપ થવાનો નથી. એટલે જ જે કોઈ એ આજ્ઞાઓમાંની નાનામાં નાનીનો પણ ભંગ કરશે અને લોકોને તેમ કરતાં શીખવશે, તે ઇશ્વરના રાજ્યમાં ક્ષુદ્રમાં ક્ષુદ્ર ગણાશે; પણ જે કોઇ એ આજ્ઞાઓનું પાલન કરશે અને લોકોને તેમ કરતાં શીખવશે, તે ઇશ્વરના રાજ્યમાં મહાન ગણાશે.

''એટલે હું તમને કહું છું કે, જ્યાં સુધી તમારું ધર્માચરણ શાસ્ત્રીઓ અને ફરોશીઓના ધર્માચરણ કરતાં ચડિયાતું નહિ હોય, ત્યાં સુધી તમે ઈશ્વરના રાજ્યમાં કોઇ પણ હિસાબે દાખલ થઈ શકવાના નથી.''

માણસને માણસ થવાની પ્રેરણા અને શિક્ષણ આપતા આ ગ્રંથ બાયબલના પૃષ્ઠોને સ્પર્શતાં એક ધન્યતાની અનુભૂતિ થઈ. આવી અનુભૂતિ મારા વાચકોને આ આચમનથી થાય એવી ક્રિસ્ટમસ–નાતાલના ઉત્તમ દિવસે શુભકામના. અને આ મહાન ગ્રંથને આપણા સર્વના વંદન હો.

બન્ને પુસ્તકો માટે ફાધર વર્ગીસ પોલ (Tele. 079-27542922, Mobile : 094295 16498) અને આ વિષયમાં જ્ઞાનચર્ચા માટે મિત્ર ડૉ. થોમસ પરમાર (Tele. 079-26750669, Mobile : 098253 84623) આપ દ્વય વિદ્વાનોનો અંતરથી આભાર માનું છું.

❑ **ધનવંત શાહ**

drdtshah@hotmail.com

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# જયભિખ્ખુ શતાબ્દી ઉત્સવ

## ઝિંદાદિલીભર્યું જીવન જીવનાર અને મૂલ્યનિષ્ઠ સાહિત્યના સર્જક

## જયભિખ્ખુની જન્મશતાબ્દીના અનુષંગે આયોજિત કાર્યક્રમો

# હાર્દિક નિમંત્રણ

| | |
|---|---|
| **ગ્રંથ પ્રાગટ્ય** | શ્રી કુમારપાળ દેસાઈએ લખેલા જયભિખ્ખુના જીવનચરિત્ર 'જીવતરની વાટે, અક્ષરનો દીવો' ('પ્રબુદ્ધ જીવન'માં સતત સાડા પાંચ વર્ષ સુધી પ્રકાશિત થયેલ 'જયભિખ્ખુ જીવનધારા'નો આ શીર્ષકથી ગ્રંથ આકાર) પુસ્તકનું વિમોચન<br>શ્રી ધીરુબેન પટેલ |
| **જયભિખ્ખુની નવલકથાઓનું વિમોચન** | જયભિખ્ખુની 'લોખંડી ખાખનાં ફૂલ', 'પ્રેમાવતાર', 'ભૂરો દેવળ', 'સંસારસેતુ', 'પ્રેમનું મંદિર' અને 'શત્રુ કે અજાતશત્રુ' એ છ નવલકથાઓનું પુનઃ સંસ્કરણ વિમોચન<br>શ્રી કીર્તિલાલ દોશી (શ્રેણુજ) ● શ્રી પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહ |
| **જયભિખ્ખુની નવલકથા પરથી નાટ્યરૂપાંતર** | 'પ્રેમભક્ત કવિ જયદેવ' પરથી<br>શ્રી ધનવંત શાહે કરેલા 'કૃષ્ણભક્ત કવિ જયદેવ'ના નાટ્યરૂપાંતરના નાટ્યાંશની પ્રસ્તુતિ<br>શ્રી મહેશ ચંપકલાલ |
| **સંવાદાત્મક પ્રસ્તુતિ** | જયભિખ્ખુના સર્જનની સંવાદાત્મક પ્રસ્તુતિ<br>'જયભિખ્ખુની શબ્દસૃષ્ટિ' |
| **સમારંભના પ્રમુખ** | શ્રી પ્રવીણભાઈ લહેરી |
| **કાર્યક્રમનું સંચાલન** | શ્રી સુરેન ઠાકર 'મેહુલ' |
| **ગીત-પ્રસ્તુતિ** | શ્રી શ્રદ્ધા શ્રીધરાણી |

તારીખ : ૨૩, ડિસેમ્બર ૨૦૧૪, મંગળવાર
સમય : સાંજે છ વાગ્યે
સ્થળ : ભારતીય વિદ્યા ભવન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ

**સર્વ સહૃદયીઓને જાહેર નિમંત્રણ છે**

# કૃષ્ણભક્ત કવિ જયદેવ

❑ ડૉ. કલા શાહ

ડૉ. ધનવંત શાહ–એક નિવૃત્ત પ્રાધ્યાપક, ઉદ્યોગપતિ અને નાટ્યકાર **'કૃષ્ણભક્ત કવિ જયદેવ'** નાટક આપણી સમક્ષ લઈને ઉપસ્થિત થાય છે. એ અનુભૂતિને શબ્દસ્થ કરવાનો અને નાટકની કેટલીક ગુણવત્તા દર્શાવવાનો મારો આ નમ્ર પ્રયત્ન છે.

માનનીય સર્જક શ્રી જયભિખ્ખુએ 'પ્રેમભક્ત કવિ જયદેવ' નામે નવલકથાનું સર્જન કરેલ છે અને તેના આધારે ડૉ. ધનવંત શાહે આ દ્વિઅંકી નાટક અથવા નાટ્યરૂપાંતર રંગભૂમિ પર રજૂ કરવાના હેતુથી તૈયાર કરેલ છે. નાટ્ય વિવેચક ડૉ. લવકુમાર કહે છેઃ

''આ નવલ ગુજરાતી નવલકથા સાહિત્યનું **મોરપિચ્છ** છે.

ડૉ. ધનવંત શાહે આ નવલને નાટકમાં ઢાળી એક સુંદર અભિનયક્ષમ નાટકનું સર્જન કરેલ છે. તેમણે **'વસંતવૈતાલિક કવિ ન્હાનાલાલ'** અને **'રાજવી કવિ કલાપી'** અને **'અવધૂત આનંદઘનજી'**નાટકોનું સર્જન કરેલ છે અને આ નાટકો રંગભૂમિ પર ભજવાયા છે.''

આ નાટક વિશે વાત કરીએ તો 'જયદેવ' નવલકથાના આધારે તૈયાર કરેલ આ નાટકનું સર્જન કરવામાં લેખકશ્રીએ કરેલ પરિશ્રમ ધન્યવાદને પાત્ર છે. લેખકશ્રી પોતે જ કહે છે-**'આ નાટક મેં નથી લખ્યું, પૂ. જયભિખ્ખુએ લખાવ્યું છે.' આ અનુભવજન્ય સત્ય છે.'**

આ નાટક **'કૃષ્ણભક્ત કવિ જયદેવ'** એટલે પ્રેમ ભક્તિરસમાં તન્મય થવાનો અદ્ભુત અનુભવ–અનુભિત. ડૉ. ધનવંત શાહ 'કૃષ્ણભક્ત કવિ જયદેવ'–ઉત્તમ રસાત્મક નવલકથાનું નાટ્યરૂપાંતર કરે છે ત્યારે આ નાટકમાં જયદેવ અને પદ્માની વ્યથાપૂર્ણ કથા અને પ્રેમકથા કુશળતાપૂર્વક નાટકમાં ઢાળે છે. લેખકશ્રીએ નાટકને યોગ્ય ઊંચાઈએ પહોંચાડવા માટે સભાનતા અને જાગૃતતા રાખેલ છે.

આ નાટકની એક ખાસ વિશેષતા એ છે કે તે ચુસ્ત બંધવાળું રમણીય નાટક બન્યું છે. તેમાં નાટ્યકાર ડૉ. ધનવંત શાહની રચનારીતિની કુશળતા છતી થાય છે.

ડૉ ધનવંત શાહની નાટ્યકાર તરીકે વિશેષતા એ છે કે તેમની નાટ્યસૂઝ ઊડીને આંખે વળગે છે. એક નાટ્યકાર તરીકે તેમણે કથાના પ્રસંગોનું નાટ્યાત્મક સંકલન કરવામાં તેમની નાટ્યસૂઝનો સરસ ઉપયોગ કર્યો છે અને તેની સાથે સાથે રંગમંચ પરત્વેનો તેમનો દૃષ્ટિકોણ છતો થાય છે.

જયભિખ્ખુએ ત્રેવીસ પ્રકરણોની નવલકથા 'પ્રેમભક્ત કવિ જયદેવ'માં જયદેવ અને પદ્માના મિલનના દૃશ્યોને શૃંગારરસથી છલકાવ્યા છે તો સાથે સાથે તેમણે કરેલ ચિત્રાત્મક વર્ણનો તેમની સર્જકતાની પ્રતીતિ કરાવે છે. જયભિખ્ખુ બધી જ ઘટનાઓનું કલાત્મક રીતે આલેખન કરે છે. ડૉ. ધનવંત શાહની નાટ્યકાર તરીકેની ખાસ વિશેષતા એ છે કે તેઓશ્રીએ સબળ કથાવસ્તુ ધરાવતા આ નાટકને તેમણે સંપૂર્ણપણે થિયેટરનું–સ્ટેજનું– રંગભૂમિનું નાટક બનાવ્યું છે તે માટે તેમણે ટેકનિકલ સામગ્રીનો સુયોગ્ય ઉપયોગ કર્યો છે. અને તેથી જ આ નાટક સબળ કથાવસ્તુ ધરાવતું નાટક બન્યું છે.

ડૉ. ધનવંત શાહે નાટ્યકાર તરીકે આ નાટકમાં સંગીત, નૃત્ય અને નાટકનો ત્રિવેણી સંગમ મૂક્યો છે જે ભાવકના હૃદયને રસતરબોળ કરી દે છે. અને નાટ્યકાર તરીકેની તેમની ખાસ વિશેષતા એ છે કે તેઓશ્રીએ જયદેવ અને પદ્માના પાત્રોની સંભોગ શૃંગારની પળોનું આલેખન મર્યાદાપૂર્વક કર્યું છે. પદ્મા અને જયદેવના પ્રણયનું શિષ્ટ અને રસમય શૈલીમાં નિરૂપણ થયું છે. ગૌણ પાત્રોને પણ નાટ્યકારે યોગ્ય પરિપ્રેક્ષમાં વિકસાવ્યા છે.

આ નાટકને જીવંત બનાવે છે નાટકની ભાષાશૈલી. ટૂંકા ટૂંકા અને સચોટ સંવાદો, પાત્રોચિત અને પ્રસંગોચિત ભાષા, લયાત્મક વાક્યરચના, વાકયોનું પુનરાવર્તન અને સંઘર્ષની અભિવ્યક્તિ માટે પ્રયોજાતી સ્વગતોક્તિઓ નાટકને રસમય બનાવે છે.

આ નાટકમાં ધર્મ, સાહિત્ય અને રંગમંચ ત્રણેનું સુભગ સંયોજન તેને ભજવવા માટેની યોગ્યતા અર્પે છે.

જયભિખ્ખુ અને ડૉ. ધનવંત શાહ બન્ને જૈન ધર્મના અભ્યાસી અને બન્ને સર્જકોએ વૈષ્ણધર્મની વાત આ નાટકમાં સુપેરે કરી છે તે આ નાટકના હાર્દની વિશેષતા છે.

ડૉ. લયકુમાર દેસાઈ લખે છે-

'ડૉ. ધનવંત શાહે એવું સૌન્દર્યમંડિત દર્શન કરાવ્યું છે કે નવલકથાકાર જયભિખ્ખુ માટે વપરાયેલ શબ્દ 'મોરના પિચ્છધરના વંશજ' આ નાટ્યકાર માટે પણ સુપેરે પ્રયોજી શકાય.

**નોંધ : આ નાટકના કેટલાંક દૃશ્યોની ડૉ. મહેશ ચંપકલાલ દ્વારા તા. ૨૩-૧૨-૨૦૧૪, સાંજે છ વાગે ભારતીય વિદ્યા ભવનના રંગમંચ ઉપર પ્રસ્તુતિ થશે.**

**જિજ્ઞાસુઓ સંસ્થાની ઑફિસમાંથી પ્રવેશપત્ર મેળવી શકશે.**

-મેનેજર

'પ્રબુદ્ધ જીવન'ને વીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# ઉપનિષદમાં યોગવિચાર

☐ ડૉ. નરેશ વેદ

**(લેખકમાંક તેર)**

આપણે ત્યાં જેમ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત–એમ તત્ત્વદર્શનો છ શાખામાં વિકસેલાં છે, તેમ વૈષ્ણવ, શૈવ, શાક્ત, વેદાંત, યોગ અને સંન્યાસ–એમ છ ધર્મદર્શનો પણ વિકસેલાં છે. આમાંથી પ્રત્યેક ધર્મદર્શનનું જ્ઞાનપાસું સમજાવતાં ઉપનિષદો પણ રચાયેલાં છે. કુલ ૧૦૮ ઉપનિષદો ગણાવાય છે તેમાં વિષયવાર વિભાગીકરણ કરીએ તો ખ્યાલમાં આવે છે કે સામાન્ય વેદાંત ઉપનિષદોની સંખ્યા ૨૧ની છે, સંન્યાસ અને યોગવિષયક ઉપનિષદોની સંખ્યા ૨૦-૨૦ની છે, શૈવ ઉપનિષદોની સંખ્યા ૧૫ની છે, વૈષ્ણવ ઉપનિષદોની સંખ્યા ૧૪ની છે અને શાક્ત ઉપનિષદોની સંખ્યા ૦૮ની છે અને ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડૂક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય અને બૃહદારણ્યક એ પ્રસિદ્ધ ઉપનિષદોની સંખ્યા ૧૦ની છે. વિષયની દૃષ્ટિએ જોઈશું તો સમજાશે કે એમાં યોગ વિશેના ઉપનિષદોની સંખ્યા બીજા નંબરે છે. વેદાંત ધર્મદર્શન પછી તરત બીજા ક્રમે સંખ્યા દૃષ્ટિએ સંન્યાસદર્શન અને યોગદર્શનના ઉપનિષદો આવે છે. એનો અર્થ એ છે કે યોગદર્શન વેદાન્ત અને સંન્યાસ ધર્મદર્શન જેટલું મહત્ત્વનું મનાયું છે.

યોગ વિશેની વિચારણા કઠોપનિષદ, મુંડકોપનિષદ, શ્વેતાશ્વતર ઉપનિષદ, કૈવલ્ય ઉપનિષદ અને મૈત્રાયણી ઉપનિષદમાં આછી પાતળી થયેલી છે, પરંતુ યોગતત્ત્વ, યોગશિખા, યોગચૂડામણિ, નાદબિંદુ, બ્રહ્મબિંદુ, અમૃતબિંદુ, ધ્યાનબિંદુ, તેજોબિંદુ, હંસ, અક્ષિ, ક્ષુરિકા, ચુલિકા, બ્રહ્મવિદ્યા, જાબાલ દર્શનોપનિષદ અને અમૃતનાદોપનિષદમાં વિસ્તારથી થયેલી છે. ઉપનિષદના દૃષ્ટાઓને યોગવિદ્યા વિશે શું કહેવાનું થયું છે, એ આપણે હવે વિગતે જોઈએ.

ઉપનિષદનું મુખ્ય પ્રતિપાદ્ય તો આત્મવિદ્યા ઉર્ફે બ્રહ્મવિદ્યા છે. તેથી તેમાં આત્મા એટલે શું, પરમાત્મા એટલે શું, બ્રહ્મ એટલે શું, બ્રહ્માંડ એટલે શું, પ્રાણ એટલે શું, કર્મ એટલે શું, યજ્ઞ એટલે શું, વિદ્યા એટલે શું, શ્રેય અને પ્રેય એટલે શું, કાળ એટલે શું, વૈશ્વાનર એટલે શું, સંસાર એટલે શું, માયા એટલે શું, ૐકાર એટલે શું, દેવતા એટલે શું, મૃત્યુ એટલે શું, પરમ પદ એટલે શું, ઉપાસના એટલે શું વગેરે વિષયોની સૈદ્ધાન્તિક સમજૂતી આપવામાં આવી છે. એના વડે તત્ત્વતઃ અધ્યાત્મિકા સમજાવવામાં આવી છે. આ અધ્યાત્મવિદ્યામાં વ્યષ્ટિ અને સમષ્ટિને લગતાં કે સ્પર્શતા મુદ્દાઓની ગંભીરતાપૂર્વક શાસ્ત્રીયરૂપે છણાવટ થઈ છે. આવો એમાં તાર્કિક અને સૈદ્ધાન્તિક (logical and theoritical) વિચાર કરીને પાયાના સંપ્રત્યયો (concepts) સમજાવવાની પ્રવૃત્તિ થઈ છે તેથી અધ્યાત્મવિદ્યા એ સૈદ્ધાન્તિક વિજ્ઞાન (theoritical science) છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ સાંસારિક દુઃખોમાંથી મુક્ત થઈ માણસે નિર્વ્યાજ અને નિરતિશય સુખ અને આનંદ અનુભવવા હોય તો આ બધા વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય ખ્યાલોનો પોતાના જીવનમાં વિનિયોગ (application) કેવી રીતે કરવો, તેની સમજ યોગવિદ્યા આપે છે. તેથી એ પ્રયોજ્ય કે વિનિયુક્ત વિજ્ઞાન છે. મતલબ કે applied science છે. માનવજીવનમાં તેની આવશ્યકતા અને અનિવાર્યતા કેવી છે એ સ્પષ્ટ કરતાં આ દૃષ્ટાઓ એક જ વાક્યમાં એનો સચોટ ખ્યાલ આપે છે. તેઓ કહે છેઃ શરીરને અન્ન વિના, ઈન્દ્રિયોને ભોગ વિના જેમ ચાલે નહીં, તેમ અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અને અહં)ને યોગ વિના ચાલે નહીં. મનનું કામ મનનનું છે, પણ એ અસ્થિર છે, બુદ્ધિનું કામ વિમર્શણનું છે, પણ એ વંચક (છેતરનારી) છે, ચિત્તનું કામ ચિંતનનું છે, પણ એ ચંચળ છે, અહંનું કામ નિદિધ્યાસનનું છે, પણ ઘમંડી છે. એટલે જો આ મન, બુદ્ધિ, ચિત્ત અને અહં જેવા અંદરના સાધનોને કાર્યરત રાખવા હોય તો યોગ દ્વારા એના પર કાબૂ મેળવી, એનાં ઉધમાતો અને તોફાનોને નિયંત્રણમાં રાખવા પડે. યોગથી જ સમત્વ સિદ્ધ થાય. યોગથી જ ચિત્તની ચંચળ વૃત્તિઓનો નિરોધ થાય, યોગથી જ કર્મમાં કુશળતા આવે. માટે કહ્યું છે કે અંતઃકરણને યોગ વિના ચાલે નહીં.

યોગની આટલી મહત્તા સમજાવ્યા પછી તેઓ યોગ એટલે શું ? એની સમજૂતી આપે છે. ઈન્દ્રિયોની ક્રિયાને અટકાવી તેમને સ્થિર રાખવી તેને યોગ કહે છે. મતલબ કે જ્યારે મન સહિત પાંચેય ઈન્દ્રિયો બુદ્ધિની શક્તિથી એક જ સ્થાનમાં સ્થિર થાય છે ત્યારે તે ઈન્દ્રિયોની સ્થિર ધારણાને યોગ કહેવામાં આવે છે. આપણે ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતાં આનંદને સુખ માની લઈને જીવીએ છીએ એ આપણું અજ્ઞાન છે. કેમકે ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતાં આનંદ કે સુખ કાયમી સુખદ નથી. ઈન્દ્રિય સુખ તે સાચું સુખ નથી એનું ભાન એ સાચું જ્ઞાન છે. એટલે આ આર્ષદૃષ્ટાઓ કહે છે, યોગ એટલે સત્ય જ્ઞાનની ઉત્પત્તિ અને અજ્ઞાનનો લય. શરીર અને સંસાર વિષયક ભ્રમણાઓમાંથી મુક્ત થઈ જીવનને સફળ અને સાર્થક કરવાનાં કર્મ-ધર્મ સમજાય તેને યોગ કહે છે.

પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, તર્ક (બ્રહ્મવિચાર) અને સમાધિ–બ્રહ્મની સાથે એકતા પ્રાપ્ત કરવા માટેનો છ અંગવાળો યોગ છે. આ સાધનોથી જ્યારે સાધક પ્રકાશરૂપ પુરુષનું દર્શન કરે છે ત્યારે તે પરમ બ્રહ્મની સાથે એક થઈ જાય છે. સાધક ઈન્દ્રિયો અને મનનો સંયમ કરીને તેમને પ્રાણને આધીન કરી લે છે અને નિઃસંકલ્પ બની જાય છે. યોગીએ શું કરવું જોઈએ એનું માર્ગદર્શન આપતા તેઓ કહે છે, જેમ અપ્રાણમાંથી પ્રાણ સ્વરૂપ જીવ જન્મ લે છે, તેવી જ રીતે પ્રાણને પણ તુરીય અવસ્થામાં ધારણ કરવો જોઈએ. પોતાની અંદર જે

અચિત્ત છે, તેની અંદર ચિત્તનું આધાન કરવું જોઈએ.

ત્યાર પછી ધારણાનો ક્રમ બતાવ્યો છે. જ્યારે જીભને તાલુના અગ્ર ભાગમાં લગાડીને વાક્, પ્રાણ અને મનના નિરોધ દ્વારા બ્રહ્મનું ધ્યાન કરવામાં આવે છે, ત્યારે શુદ્ધ અને સ્થિર થયેલા મન વડે અણુથી પણ સૂક્ષ્મ આત્માનો અનુભવ કરાય છે. મન નિશ્ચલ થઈ જવાથી આત્મજ્યોતિનું ભાન થાય છે. ત્યારે મનથી પરની નિર્વિકલ્પ આત્મસ્વરૂપ સ્થિતિ પ્રાપ્ત થાય છે. ચિત્તની પ્રસન્નતાથી અશુભ કર્મો અને વાસનાઓ ક્ષય થઈ જતાં, મન આત્મામાં સ્થિર થઈને અવ્યય સુખનો અનુભવ કરે છે.

યોગના સાધકે શું કરવું જોઈએ તેની સમજૂતી આપતા તેઓ કહે છે : સુષુમણા નાડી પ્રાણસંચારનું સ્થાન છે. આ નાડી ઊર્ધ્વગામિની થઈને તાળવા સુધી જાય છે. પ્રાણ, ૐકાર અને મનને આ સુષુમણાના માર્ગ દ્વારા ઊર્ધ્વ સ્થાનમાં લઈ જવાં જોઈએ. જીભના આગળના ભાગને અંદર વાળીને તાળવાના મૂળમાં લગાડીને આત્માના મહિમાનું દર્શન કરવું જોઈએ. તેનાથી નૈરાત્મ્યભાવ પ્રાપ્ત થાય છે. આ ભાવની પ્રાપ્તિ થવાથી મનુષ્ય સુખ-દુઃખના ભોગથી પર થઈ જાય છે. ત્યારે તેને કેવલત્વ, એટલે કે સર્વત્ર, સર્વમાં કેવળ એક આત્મા જ છે, એવા અનુભવની સ્થિતિ પ્રાપ્ત થાય છે. પછી એવા સાધકને કોઈ સ્પૃહા, તૃષ્ણા કે વાસના રહેતી નથી. એ સ્થિતિમાં મનનો સંયમ કરવાથી શ્વાસોચ્છ્વાસ (પ્રાણ) તેને આધીન થઈ જાય છે. ત્યારબાદ સુષુમણા માર્ગથી આગળ વધીને છેક મસ્તકમાં રહેલ આકાશમાં ચિત્તને સંયમ કરવામાં આવે છે. આવો સાધક જ્યારે મસ્તકમાં ૐકારનો જપ કરી, ધ્યાન ધરે અને ચિંતન કરે ત્યારે તેને અંતર્નાદ સંભળાવો શરૂ થાય છે. એમાં તેને સાત પ્રકારના ધ્વનિઓ સંભળાય છે. જેમ કે નદીનો કલકલ ધ્વનિ, ઘૂઘરીઓવાળી માળાનો ઝંકાર, કાંસાના પાત્રનો અવાજ, ચક્રવાક પક્ષીનો અવાજ, દેડકાંનો ડ્રાંઉ ડ્રાંઉ ધ્વનિ, વરસાદ વરસતો હોય તેવો ધ્વનિ અને તદ્દન શાંત જગ્યાએ બોલાતા અને પડઘાતા શબ્દનો ધ્વનિ. આવા પ્રકારના ધ્વનિઓના શ્રવણ પછી એથીય આગળ વધી એ પર નામના અક્ષરબ્રહ્મમાં પહોંચી જાય છે. ૐકાર એકાક્ષરી બીજ મંત્ર છે. તેના દ્વારા સાધક શબ્દબ્રહ્મથી પર થઈને અશબ્દ બ્રહ્મમાં લીન થઈ જાય છે. તેનાથી સાધકની જગતના માયાચક્રમાંથી મુક્તિ થાય છે અને એને પરમ તત્ત્વમાં સાયુજ્ય ભાવની પ્રાપ્તિ થાય છે. આ રીતે પ્રાણ, મન અને ઈન્દ્રિયોની એકતાની જે સ્થિતિ સર્જાય છે એ જ યોગ છે.

આવી યોગસાધના વખતે સાધકને કેવા કેવા અનુભવો થાય છે અને એ વખતે એણે શું કરવું જોઈએ એની માહિતી પણ આ દૃષ્ટાઓએ આપી છે. સાધકને પહેલાં ઝાકળ, ધૂમાડો, સૂર્ય, વાયુ, અગ્નિ, આગિયો, વિજળી, સ્ફટિકમણિ અને ચંદ્ર–એ બધાંનાં રૂપો જોવામાં આવે છે. તે અનુભવ બ્રહ્મદર્શનનું સૂચન કરે છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો સાધકની ધ્યાનાવસ્થા વડે વશ થાય છે અને યોગપ્રક્રિયા વડે એ મહાભૂતોમાં રહેલાં ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દરૂપ પાંચ દિવ્ય ગુણો પ્રગટ થાય છે. જ્યારે આવી તન્માત્રાઓ જાગૃત થાય ત્યારે યોગીનું શરીર યોગાગ્નિ વડે ઝળહળતું બને છે અને તેને રોગ, ઘડપણ કે મરણ આવતાં નથી. એટલું જ નહીં, આવો યોગી શરીરના રંગની સુંદરતા, અવાજની મધુરતા, મળમૂત્રની અલ્પતા અને શારીરિક સુગંધ હાંસલ કરે છે. ઉપરાંત, શરીરનું હલકાપણું, આસક્તિરહિતપણું અને નિરોગીપણું પણ પામે છે.

આવો યોગ ક્યાં અને કેવી રીતે સાધવો તેનું માર્ગદર્શન પણ આપે છે. સાધકે સપાટ, તેમજ કાંકરા, અગ્નિ અને રેતી વિનાની, પાણીમાં રહેનારા વીંછી વગેરે જીવજંતુઓ વિનાની તેમ ઘોંઘાટ વિનાની, મનને અનુકૂળ થાય તથા આંખને પીડા ન થાય તેવી, તેમજ પવન વિનાની જગામાં એકાંતમાં યોગ સાધવો. એકાંતવાળી જગ્યામાં સુખપૂર્વક આસન રાખવું, પવિત્ર રહેવું, ગરદન, માથું અને શરીર સીધાં-ટટ્ટાર રાખવા, સંન્યાસ આશ્રમનો સ્વીકાર કરીને બધી ઈન્દ્રિયોનો નિરોધ કરવો, ભક્તિભાવપૂર્વક પોતાના ગુરુને પ્રણામ કરવા તથા રજોગુણરહિત થઈને નિર્મળ એવા હૃદયકમળનું ધ્યાન કરવું.

આ રીતે જે યોગસાધના કરે છે ત્યારે તે સાધક બ્રહ્મદ્વાર સુધી પહોંચી જાય છે. ત્યારબાદ તે બ્રહ્મદ્વારની ચોકી કરી રહેલા દ્વારપાલોને હટાવીને કેવી રીતે બ્રહ્મભુવનમાં પ્રવેશ લે છે તેનું વિગતવાર વર્ણન પણ આ દૃષ્ટાઓ આપે છે. યોગીની આવી આંતરિક સાધના પ્રક્રિયાને શબ્દોમાં ઉતારવાનું કામ જરાય સહેલું નથી, છતાં આ દૃષ્ટાઓએ સ્વાનુભવને શબ્દોમાં તંતોતંત એવી રીતે ઊતાર્યો છે, જેથી વાંચનારને આખી પ્રક્રિયા દૃષ્ટિગોચર થઈ જાય. આવી યોગસાધના કરવા ઈચ્છતા સાધકે ભૂતો, ઈન્દ્રિયો અને વિષયોનું અતિક્રમણ કરીને, એટલે કે ભૌતિક વિષયો અને ઈન્દ્રિયોની તૃષ્ણાથી પર થઈને, ત્યાગ-વૈરાગ્યરૂપી પણછવાળું, ધીરજરૂપી દંડવાળું ધનુષ્ય લેવું. તેના ઉપર અહંકારરહિત મનરૂપી બાણ ચડાવી-છોડીને સાધકે સર્વ વિષયોની પાર ચાલ્યા જવાનું રહે છે. મતલબ કે તેણે સર્વ વિષયોની આસક્તિથી પર થવાનું રહેશે. ત્યારબાદ ૐકારરૂપી નૌકા દ્વારા અંતર્હૃદયમાં રહેલા આકાશને પાર કરવાનું રહે છે. એટલે કે બાહ્ય અવરોધોને પાર કર્યા પછી તેણે કામ-ક્રોધ વગેરે સંસ્કારજનિત આંતરિક અવરોધોને પાર કરવાના રહે છે. ત્યારબાદ જ તે બ્રહ્મશાલામાં એટલે કે વ્યાપક ભાવમાં પ્રવેશ કરે છે. એટલે પહોંચતાં જ તેણે ગુરુના ઉપદેશ અનુસાર બ્રહ્મને ઢાંકી કે આવરી રાખનાર ચાર આવરણો–અન્નમય, પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય કોષોને હઠાવવા જોઈએ. એટલું કરતાં તે સાધક શુદ્ધ, પવિત્ર, શૂન્ય, શાંત, અપ્રાણ, નિરાત્મા, અનંત, અક્ષય, શાશ્વત, અજ, સ્થિર અને સ્વતંત્ર થઈને પોતાના સ્વ-રૂપમાં પ્રતિષ્ઠિત થાય છે. પછી તે સ્થિતિમાં રહ્યો રહ્યો તે ઘૂમતા ચક્રની પેઠે સતત પરિવર્તનશીલ રહેતા સંસારને જોઈ શકે છે. અહીં જે

***ૐકાર એકાક્ષરી બીજ મંત્ર છે. તેના દ્વારા સાધક શબ્દબ્રહ્મથી પર થઈને અશબ્દ બ્રહ્મમાં લીન થઈ જાય છે.***

પ્રક્રિયા કહી તે મુજબ જે કોઈ સાધક છ માસ સુધી એકાગ્ર ભાવથી યોગની સાધના કરે છે તે, તમોગુણ અને રજોગુણથી મુક્ત થઈને, સ્ત્રી, સંતાન અને કુટુંબની આસક્તિથી પણ રહિત બને છે અને તેને અનંત અને ગુહ્ય એવા યોગની પ્રાપ્તિ થાય છે. આવી યોગસાધનાથી સાધકને સંતોષ, તિતિક્ષા અને શાંતિની પ્રાપ્તિ થાય છે. જે તત્ત્વને યોગીઓ પામે છે, તે તત્ત્વ સ્વર્ગથી પણ પર એવી કોઈ ગુફામાં રહીને પ્રકાશે છે. જેમણે વેદાન્તના વિજ્ઞાનનો નિશ્ચયપૂર્વક અર્થ કર્યો છે અને સંન્યાસની પ્રાપ્તિ થવાને લઈને જેમની બુદ્ધિ શુદ્ધ બની છે, તે બધા યોગીઓ મરણ પછી પણ અમરપણું મેળવીને બ્રહ્મલોકમાં મુક્ત બનીને રહે છે.

આવા યોગીનું દેહાવસાન થાય છે ત્યારે એ યોગીઓની પંદર કળાઓ તેમનાં મૂળ સ્થાનમાં લય પામી જાય છે. ઈન્દ્રિયોરૂપી દેવો પણ તે તે ઈન્દ્રિયના અભિમાની દેવતામાં લય પામે છે. તેમના કર્મો અને વિજ્ઞાનમય આત્મા એ બધું છેવટના અવ્યય તત્ત્વમાં એક બની જાય છે. જેવી રીતે અત્રતત્ર વહેતી નદીઓ પોતપોતાના નામ અને રૂપને ત્યજીને જેમ મહાસાગરને મળે છે તે જ રીતે અત્રતત્ર બિરાજતા આત્માઓ પરથી પણ પર એવા દિવ્ય પુરુષને પામે છે. જે આ પરબ્રહ્મને જાણે છે, તે પોતે જ બ્રહ્મ બને છે ને શોકને તરી જાય છે, પાપને તરી જાય છે, અને ન દેખાતી એવી અપ્રગટ ગાંઠો તેમ બંધનોમાંથી મુક્ત થઈ અમર બની જાય છે.

ઉપનિષદના આ ઋષિઓનું કહેવું છે કે આવી આ યોગવિદ્યા શબ્દો વડે પૂરેપૂરી કહેવી અને સમજાવવી તે મુશ્કેલ છે. તે તો અભ્યાસ અને સાધનાથી કેવળ અનુભવી શકાય તેવી વસ્તુ છે. મતલબ, કે તે કહેવા અને સાંભળવાનો વિષય નથી; કારણ કે તે પ્રાણ અને મનની અત્યંત તીવ્ર સાધનાનો વિષય છે. આવી આ યોગવિદ્યા આપણી અંદર એક એવા સેતુનું નિર્માણ કરે છે, જેના વડે આપણે આપણા આત્મા અને સૃષ્ટિના બ્રહ્મ સુધી પહોંચી શકીએ છીએ અને એ આત્મા કે બ્રહ્મમાંથી નિસૃત થતા અમૃતના અક્ષર પ્રવાહને ગ્રહણ કરી શકીએ છીએ. આત્મા રંગનો ઓવારો છે અને બ્રહ્મ તેજનો ફુવારો છે. એનું દર્શન પામનાર યોગીનું જ આ ગાન હોય કે-

હાં રે અમે ગ્યા'તા હો રંગના ઓવારે
કે તેજના ફુવારે
કે રંગરંગ વાદળિયાં !


જેમણે આવો સેતુ બનાવ્યો નથી, તેમનું જીવન વ્યર્થ વહી જાય છે. ✷


'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર,
ફોન નં. : ૦૨૬૯૨-૨૩૩૭૫૦. સેલ નં. : ૦૯૭૨૭૩૩૩૦૦૦



**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**


**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**



**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**

**।। ગૌતમ કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**

**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**

**।। નેમ-રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા

**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બેંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260
IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી, બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# શતાબ્દી પુરુષ આચાર્ય શ્રી તુલસી

❑ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

[ ગતાંકથી આગળ ]

(૨)

### સંસ્કૃત ભાષામાં શ્રુત સર્જન

આચાર્યશ્રી તુલસીએ રાજસ્થાની અને હિંદીની સાથે સાથે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં પણ સાહિત્ય સર્જન કર્યું હતું. પોતાના ગુરૂ કાલુગણિ પાસેથી પ્રેરણા લઈ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો ઊંડો અભ્યાસ કર્યો હતો. 'હેમશબ્દાનુશાસનમ્', 'ભિક્ષુશબ્દાનુશાસનમ્' આદિ સંસ્કૃતના વ્યાકરણ તથા શબ્દ-સાહિત્ય આદિનો તલસ્પર્શી અભ્યાસ કરી સંસ્કૃતના પંડિત બન્યા.

આચાર્ય તુલસીની પ્રમુખ સંસ્કૃત રચનાઓ છે – જૈન સિદ્ધાંતદીપિકા, શ્રી ભિક્ષુન્યાયકર્ણિકા, મનોનુશાસનમ્, પંચસૂત્રમ્, શિક્ષાષણ્ણવતિઃ, કર્તવ્યષટ્ત્રિંશિકા, સંઘષટ્ત્રિંશિકા, પસંગોપાત્તમ્, કથાલોકઃ, નિબંધ નિકુમ્બમ્ તથા આરાધ્યસ્તુતિઃ. આરાધ્યસ્તુતિઃની અંતર્ગત સાત સ્તોત્રોની રચના કરી હતી. અર્હત્ સ્તુતિઃ, આચાર્યસ્તુતિઃ, ભિક્ષુ સ્તુતિઃ, શ્રી કાલુકલ્યાણમન્દિરમ્, શ્રી કાલુગુણાષ્ટકમ્, શ્રી કાલુસ્તુતિઃ તથા શ્રી કાલુયશોવિલાસઃ. આ બધામાં વિવિધ છન્દોનો–શાર્દૂલવિક્રીડિતમ્, ઉપજાતિ, મન્દાક્રાંતા, શિખરીણી, દ્રુતવિલમ્બિતમ્, વસંતતિલકા આદિનો સુંદર પ્રયોગ છે.

### જૈનાગમ સંપાદનનું સર્વોચ્ચ અવદાન

આચાર્યશ્રી તુલસીએ જૈનાગમોના સંશોધન-સંપાદનનું ભગીરથ કાર્ય કરી જૈન જગતને જ નહીં, સમસ્ત વિશ્વને એક સર્વોચ્ચ વરદાન આપ્યું છે. એમણે એમના શિષ્ય આચાર્ય મહાપ્રજ્ઞજી આદિ શિષ્ય-શિષ્યાઓને પ્રેરણા આપી જૈનાગમોનું આધુનિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિથી સંપાદાનનું કામ કર્યું છે. આ પવિત્ર કાર્ય કરતાં પહેલાં એમણે સ્વયં સળંગ ત્રણ ઉપવાસ (અઠ્ઠમ)ની તપસ્યા કરી હતી. આ વાતની જ્યારે પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી, પં. દલસુખભાઈ, ડૉ. નથમલ ટોટિયા આદિ વિદ્વાનોને ખબર પડી ત્યારે શરૂઆતમાં તેઓ શંકાશીલ હતા કે શું તેરાપંથના આચાર્ય આગમના સંપાદનનું કામ બિનસાંપ્રદાયિક રીતે કરી શકશે ? પણ જ્યારે દશવૈકાલિકનું સંસ્કરણ એમની પાસે પહોંચ્યું ત્યારે એમને સુખદ સંતોષ થયો. એમણે કહ્યું કે, 'હવે અમને વિશ્વાસ થઈ ગયો છે કે જૈન આગમ અને જૈન દર્શનના વિકાસનું કાર્ય તમે જ કરી શકશો. આચાર્ય તુલસીમાં પ્રતિભા છે. સૂઝબૂઝ છે અને એમની પાસે વિદ્વાન અને યુવક સાધુ-સાધ્વીઓનો સુંદર સમુદાય છે.' પં. દલસુખ માલવણિયાએ એટલે સુધી કહ્યું કે, 'જૈન ધર્મ અને આચાર્યશ્રી તુલસી અભિન્ન છે. જ્યાં જૈન ધર્મની વાત આવે ત્યાં આચાર્યશ્રી તુલસીની વાત આવે જ.'

આ ભગીરથ કાર્યમાં એમને મુનિ પુણ્યવિજયજી જેવા સમર્થ અને અનુભવી સંપાદકનો પણ પૂરો સહયોગ મળ્યો હતો. આ ઉપરાંત તેરાપંથ સંઘના પચાસ જેટલા વિદ્વાન સાધુ-સાધ્વીઓ, સમણીઓ અને મુમુક્ષુ બહેનો પણ પોતાના આચાર્યશ્રીનું આ સ્વપ્ન સાકાર કરવા તન-મનથી તત્પર હતા.

આગમ સંપાદનનું કામ અત્યંત ગંભીર, અત્યંત દુરુહ અને અત્યંત જવાબદારીભર્યું હતું. એમાં અનેક મુશ્કેલીઓ પણ હતી. સૌથી મોટી મુશ્કેલી હતી, મૂળ પાઠના સંશોધનની–આગમોની મૌલિકતાને સુરક્ષિત રાખવાની. પણ આચાર્યશ્રી તુલસીનું દૃઢ મનોબળ, સત્યનિષ્ઠા અને અસાંપ્રદાયિક મનોવૃત્તિને લીધે કાર્ય આગળ વધતું ગયું. ૧૯૫૫ના શરૂ થયેલું આ ભગીરથ કાર્ય એમના જીવનકાળ સુધી ચાલ્યું હતું. અને એમના પછી એમના ઉત્તરાધિકારી આચાર્યશ્રી મહાપ્રજ્ઞે અને એમના પછી એમના ઉત્તરાધિકારી આચાર્યશ્રી મહાશ્રમણે આજ સુધી આ કામ ચાલુ રાખ્યું છે.

આજ સુધીમાં પ્રકાશિત થયેલા આગમોની સૂચિ નીચે આપવામાં આવી છે, જે આ મહાન કાર્યની વિશાળતાનો અંદાજ આપે છે.

**આચાર્ય તુલસીના વાચના પ્રમુખત્વમાં આગમ સાહિત્યનું સમ્પાદન**

(જૈન વિશ્વભારતી પ્રકાશન)

૧. અંગસુત્તાણિ ભાગ-૧-પ્રથમ ચાર અંગ આગમ (આયારો, સૂયગડો, ઠાણં, સમવાઓ)
૨. અંગસુત્તાણિ ભાગ-૨-(ભગવઈ, વિઆહપણ્ણત્તી)
૩. અંગસુત્તાણિ ભાગ-૩-અન્તિમ છ અંગ આગમ (નાયાધમ્મકહાઓ, ઉવાસગદસાઓ, અંતગડદસાઓ, અણુત્તરોવવાઇયદસાઓ, પણ્હાવાગરણાઈ, વિવાગસુયં)
૪. નવસુત્તાણિ-ચાર મૂલ, ચાર છેદ તથા આવશ્યક (આવસ્સયં, દસવેઆલિયં, ઉત્તરજ્ઝયણાણિ, વવહારો, નંદી, અણુઓગદારઇં, દસાઓ, કપ્પો, નિસીહજ્ઝયણં)
૫. ઉવંગસુત્તાણિ ખંડ-૧-પ્રથમ ત્રણ ઉપાંગ આગમ (ઓવાઇયં, રાઇપસેણઇયં, જીવાજીવાભિગમ)
૬. ઉવંગસુત્તાણિ ખંડ-૨-અંતિમ નવ ઉપાંગ આગમ (પણ્ણવણા, જંબુદ્દીવપણ્ણત્તી, ચંદપણ્ણતી, સુરપણ્ણત્તી, નિરયાવલિયાઓ, કપ્પવડિંસિયાઓ, પુપ્ફિયાઓ, પુપ્ફચૂલિયાઓ, વણ્હિદસાઓ)
૭. વ્યવહાર ભાષ્ય-(વિસ્તૃત ભૂમિકા એવં અનેક પરિશિષ્ટો સહિત)
૮. ભગવઈ ભાગ-૧ (શતક ૧,૨) ચૂર્ણિ એવં અભયદેવ સૂરિ કૃત વૃત્તિ સહિત
૯. ભગવઈ ભાગ-૨ (શતક ૩,૪,૫,૬,૭)

૧૦. ભગવઈ ભાગ-૩ (શતક ૮,૯,૧૦,૧૧)
૧૧. ભગવઈ ભાગ-૪ (શતક ૧૨,૧૩,૧૪,૧૫,૧૬)
૧૨. ઠાણં ૧૩. સૂયગડો ભાગ-૧
૧૪. સૂયગડો ભાગ-૨ ૧૫. ઉત્તરજ્ઝયણાણિ
૧૬. સમવાઓ ૧૭. આચારાંગભાષ્યમ્
૧૮. દસવઆલિયં
૧૯. નિર્યુક્તિપંચક (આચાર્ય ભદ્રબાહુ વિરચિત દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ, સૂત્રકૃતાંગ, દશાશ્રુતસ્કંધ)
૨૦. વ્યવહાર નિર્યુક્તિ ૨૧. પિણ્ડનિર્યુક્તિ
૨૨. અનુયોગદારાઇં ૨૩. ગાથા
૨૪. નન્દી ૨૫. નાયાધમ્મકહાઓ
૨૬. સાનુવાદ વ્યવહારભાષ્ય ૨૭. વૃહત્કલ્પ ભાષ્ય, ભાગ-૧
૨૮. વૃહત્કલ્પભાષ્ય,ભાગ-૨ ૨૯. ઉવાસગદસાઓ
૩૦. ઇસિભાસિયાઇં ૩૧. જીતકલ્પ સભાષ્ય
૩૨. ષડાવશ્યક ૩૩. આયારો(મૂલપાઠ,હિન્દીઅનુવાદ, ટિપ્પણ)
૩૪.દશવૈકાલિક-ઉત્તરાધ્યયન (કેવલહિન્દીઅનુવાદ)૩૫. ઉત્તરાધ્યયન ગુટકા
૩૬.દશવૈઆલિયં ગુટકા ૩૭. શ્રમણ પ્રતિક્રમણ
૩૮.ઉણાદિપ્રકરણમ્ ૩૯. Acharang Bhasyam
૪૦.Bhagwai Part-I ૪૧. આત્મા કા દર્શન

**કોશ સાહિત્ય**

૪૨. શ્રી ભિક્ષુ આગમ વિષય કોશ, ભાગ-૧ (અનુયોગદ્વાર, નંદી, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક તથા આવશ્યક) ઇન પાંચ આગમોં તથા ઇનકે વ્યાખ્યા ગ્રંથોં કે આધાર પર
૪૩. શ્રી ભિક્ષુ આગમ વિષય કોશ, ભાગ-૨ (પાંચ આગમ-આચાર ચૂલા, નિશીથ, દશા, કલ્પ ઔર વ્યવહાર તથા ઇનકે વ્યાખ્યા-ગ્રંથોં કે આધાર પર)
૪૪. આગમ શબ્દકોશ (અંગસુત્તાણિ-તીનોં ગ્રંથોં કી સમગ્ર શબ્દ સૂચિ અકરાદિ ક્રમ સે એવં સંદર્ભ સ્થલ સહિત)
૪૫. જૈન આગમ:વનસ્પતિ કોશ ૪૬. જૈન આગમ:પ્રાણી કોશ
૪૭. જૈન આગમ:વાદ્ય કોશ ૪૮. દેશી શબ્દ કોશ
૪૯. એકાર્થક કોશ ૫૦. નિરુક્ત કોશ
૫૧. શ્રી ભિક્ષુ મહાકાવ્યમ્ ખંડ ૧-૨

## આચાર્ય તુલસી દ્વારા સમ્પાદિત શ્રીમદ્ જયાચાર્ય સાહિત્ય

૫૨.ભગવતી જોડ, ખંડ ૧ ૫૩. ભગવતી જોડ, ખંડ ૨-૭
૫૪.નવ પદાર્થ ૫૫. તેરાપંથ : મર્યાદા ઔર વ્યવસ્થા
૫૬.શાસન-કલ્પતરુ ૫૭. ભિખ્ખુ જશરસાયણ
૫૮.ભિખ્ખુ દૃષ્ટાંત ૫૯. કીર્તિ ગાથા
૬૦.જય કીર્તિ ગાથા ૬૧. પ્રજ્ઞાપુરુષ જયાચાર્ય
૬૨.ઝીણી ચરચા ૬૩. આરાધના
૬૪.તેરાપંથ કે તીન આચાર્ય ૬૫. જય અનુશાસન
૬૬.અમર ગાથા ૬૭. પ્રશ્નોત્તર તત્ત્વ બોધ
૬૮.તેરાપંથ પરિચાયિકા ૬૯. ભૈક્ષવ શાસન
૭૦.ભિક્ષુવાઙ્ગમય ૭૧. ચૌબીસી

## અહિંસાના અગ્રદૂત : આચાર્યશ્રી તુલસી

આચાર્યશ્રી તુલસી એક જૈન મુનિ હતા, એટલે એમણે સંપૂર્ણ અહિંસાનું આજીવન મહાવ્રત સ્વીકાર્યું હતું. તેઓ જીવનભર અહિંસાના પૂજારી રહ્યા. એમનામાં પ્રેમ, કરુણા તથા સદ્ભાવનાનો અખૂટ શ્રોત વહેતો હતો. એમણે મહાવીરના અહિંસાના સિદ્ધાંતને માત્ર જીવનમાં જ નહોતા ઉતાર્યો, પણ સૂક્ષ્મ અહિંસાનો ઊંડો અભ્યાસ પણ કર્યો હતો. અહિંસા પર એમણે વિપુલ સાહિત્યની રચના કરી હતી : 'સમસ્યા કા સાગર', 'અહિંસા કી નૌકા', 'શ્રાવક સંબોધ', 'ગૃહસ્થોં કો ભી અધિકાર હૈ ધર્મ કરને કા', 'સમતા કી આંખઃ ચરિત્ર કી પાંખ', 'અશાંત વિશ્વ કો શાંતિકા સંદેશ', 'અહિંસા ઔર વિશ્વશાંતિ', 'અહિંસક સમાજ કી રચના', 'અહિંસા પ્રશિક્ષણ' આદિ. આ ઉપરાંત અહિંસા અને વિશ્વશાંતિ ઉપર લગભગ ૨૫૦ મનનીય લેખો પણ એમણે લખ્યા હતા.

## જૈન વિશ્વભારતી વિશ્વવિદ્યાલય

ભગવાન મહાવીરના અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદના સંદેશને વિશ્વભરમાં ફેલાવવા આચાર્યશ્રી તુલસીની પ્રેરણાથી જૈન વિશ્વભારતી સંસ્થાનની સ્થાપના લાડનૂંમાં ૧૯૯૧માં થઈ. જૈન વિશ્વભારતી વિશ્વ વિદ્યાલય સંસ્થાન (JVBI) આજે વિશ્વની એક માત્ર માન્યતા પામેલી જૈન યુનિવર્સિટી છે, જેમાં જૈન દર્શનનો તથા ભારતના અને વિશ્વના મુખ્ય દર્શનોનો તુલનાત્મક અભ્યાસ, ઉચ્ચ શિક્ષણ, શોધ (Research), સાધના, પ્રાચ્ય વિદ્યા, સંસ્કૃત અને પ્રાકૃત ભાષા, આદિ અનેક પ્રકારની સેવાઓ આપવામાં આવે છે. એની પાસે પોતાનું વિશાળ પુસ્તકાલય છે, જેમાં હસ્તલિખિત પ્રતિઓ સહિત વિશ્વભરમાં પ્રકાશિત ઉપયોગી પુસ્તકોનો ભંડાર છે. University Grant Commission (U.G.C.) તરફથી એને માન્યતા આપવામાં આવી છે. આમાં જૈનવિદ્યા, વિવિધ ભાષાઓ, વિશ્વના દર્શનો, પ્રેક્ષાધ્યાન, જીવન વિજ્ઞાન, ઉપરાંત આધુનિક વાણિજ્ય, કલા, વિજ્ઞાન આદિ વિષયોનું ઉચ્ચત્તમ યોગ્યતા ધરાવનાર અને અનુભવી પ્રોફેસરો તથા શિક્ષકો દ્વારા શિક્ષણ અપાય છે. સ્થાનીય કૉલેજો ઉપરાંત દૂરસ્થ શિક્ષણ (Distance Education) દ્વારા હજારો વિદ્યાર્થીઓને આ બધી સેવાઓનો લાભ મળી રહ્યો છે. આમાં B.A., M.A., B.Com., B.Sc., B.Ed., આદિ ડિગ્રી કૉર્સીસ છે અને Ph.D., D.Litt., D.Phil. આદિ ઉચ્ચત્તમ શિક્ષણની પણ સુચારુ વ્યવસ્થા છે. **[ક્રમશઃ]**

અર્હમ્, પ્લોટ નં. ૨૬૬, ગાંધી માર્કેટની બાજુમાં,
સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨. મોબાઈલ : ૯૮૨૧૬૮૧૦૪૬.
ટેલિફોન : ૦૨૨-૨૪૦૪ ૨૦૩૨, ૦૨૨-૨૪૦૯ ૪૧૫૭

# વિનોબાનું અધ્યાત્મ દર્શન

**❑ ગોવિંદભાઈ રાવલ**

મહાત્મા ગાંધીજી એટલે વિશ્વવિખ્યાત વિભૂતિ. સૌ એમને જાણે પણ ગાંધીજીના આધ્યાત્મિક વારસદાર એવા વિનોબાજીને દુનિયામાં કેટલા જાણે ? અરે, ભારતમાં પણ કેટલા ઓળખે ? વળી જેમણે એમનું નામ સાંભળ્યું હશે તેમણે પણ તેમના સાહિત્યમાં કેટલું અવગાહન કર્યું હશે ?

આવા વિનોબાજીના અધ્યાત્મદર્શન વિષે વાતો કરવાનો આજે મને અવસર મળ્યો છે તે માટે તેના આયોજકો અને નિમંત્રકોનો આભારી છું.

ગાંધીજીના અંગત સચિવ શ્રી મહાદેવભાઈ દેસાઈ લખે છે કે, દુનિયાભરના અનેક મહાનુભાવોને જોવા-સાંભળવાનો અને તેમની સાથે વાતો કરવાનો મોકો મને મળતો પણ 'પ્રતિક્ષણ જે સતત વિકસતા હોય' એવી વ્યક્તિઓ તો મેં માત્ર બે જ જોઈ. એક મહાત્મા ગાંધીજી અને બીજા સંત વિનોબાજી. તો તેમના વિષે બીજો એક અભિપ્રાય જોઈએ તો તે પંડિત નહેરુનો. પંડિતજી કહે છે કે હું દેશ-વિદેશના અનેક મહાનુભાવોને મળ્યો છું પણ હું વિચારું છું કે આપણા વિનોબાજીના જોટાનો એકે જણ કોઈ ખરો ? તો મારું અંતર ના પાડે છે. આવી એક અલૌકિક વિભૂતિ વિનોબાજી હતા.

કવિવર ટાગોર કહેતા–સત્યને મનુષ્ય રૂપે અવતારવાનું મન થયું અને તેણે ગાંધીનું રૂપ લીધું. હું નમ્રતાપૂર્વક એવું કહેવાની હિંમત કરું કે અહિંસાને મનુષ્યરૂપે અવતરવાનું મન થયું ને તેણે વિનોબાનું રૂપ લીધું. 'ગાંધીવિનોબા' એક સામાસિક નામ છે. બંને મળીને સત્ય અહિંસાની જાણે કે સાકાર માનવમૂર્તિઓ.

આવા વિનોબાનું જીવન એટલે બોલતું અધ્યાત્મ. એમનો પિંડ અધ્યાત્મથી રસ્યો-કસ્યો હતો. વિનોબાજી માટે ગીતાની ભાષામાં કહીએ તો શુચિનામ્ શ્રીમતામ્ ગેહે યોગભ્રષ્ટો અભિજાયતે। એ પૂર્વ જન્મની પોતાની અધૂરી રહેલી આત્મલબ્ધિની સાધના પૂરી કરવા માટે જ જાણે કે અવતર્યા હશે એમ એમનું જીવન જોતાં લાગે છે. કારણ કે અધ્યાત્મ એમની રગ-રગમાંથી નીતરતું.

આ બાળક સ્વયં સ્ફુર્તિથી ૯ વર્ષની વયે સંકલ્પ કરે છે કે હું આ જીવન બ્રહ્મચર્ય પાળીશ. આવા નૈષ્ઠિક બ્રહ્મચારી બાળપણમાં જ દોસ્તો સાથેની રમતમાં કહે છે કે હું સંત થઈશ. કહેવાય છે કે આત્મા સત્યકામ-સત્યસંકલ્પ છે. આવા આત્માર્થી વિનોબા પોતાને જે સત્ય કામના સ્ફુરતી તેનો સંકલ્પ કરતા અને તેને સત્ય કરી બતાવતા.

સ્વયં ગાંધીજી પણ તેમી આધ્યાત્મિક ગૂંચોમાં વિનોબાજીનું માર્ગદર્શન લેતા કારણ કે વિનોબાજીનું ચારિત્ર્ય બાપુને પણ મોહમાં નાખી દેતું. બાપુ તેમના આશ્રમવાસીઓને કહેતા–વિનોબા આપણા આશ્રમમાં આવ્યા છે કે તે કાંઈ તેમને મેળવવાનું બાકી છે માટે નહીં પણ આપણને આપવા માટે આવ્યા છે.

વિનોબાના પિતાને પત્રમાં બાપુ લખે છે કે 'તમારા દીકરાનું ચરિત્ર મને એના મોહમાં નાંખી દે છે. આટલી નાની વયે તેણે જે પ્રાપ્તિ કરી છે તે પામતાં મારે ઘણાં-ઘણાં વર્ષો મહેનત કરવી પડી હતી.'

આ વિનોબા એક વાર સાબરમતીમાં ન્હતા હતા ને પૂર આવ્યું, તો તણાવા લાગ્યા. જાણ્યું કે હવે બહાર નહીં નીકળાય તો કિનારે ઉભેલા કોઈક આશ્રમવાસીને કહે છે - 'બાપુને કહેજો વિનાબાનો દેહ તણાઈ ગયો પણ એનો આત્મા અમર છે.' ભાગ્ય યોગે નદીએ એમને કિનારે ફેંકી દીધા ને એ બચી ગયા. આવા હતા આત્મદર્શી વિનોબા.

વિનોબા પવનારથી નદી પારના ગામે રોજ સફાઈ કરવા જતા. સૂર્યની નિયમિતતા જેવો એમનો સફાઈ યજ્ઞ ચાલતો. પણ એક દિવસ નદીમાં પૂર આવ્યું ને ન જઈ શકાયું. તો સામે કાંઠે ઊભેલા ગ્રામવાસીને કહે છે કે ભાઈ, તમે જરા મંદિરમાં જઈને ભગવાનને કહેજો કે આજે તમારો 'વિન્યો મહાર' નદીમાં પૂર આવવાથી સફાઈ કરવા નથી આવી શક્યો. એમણે એવો સંદેશો ગામના સરપંચને ન મોકલ્યો. પણ મંદિરમાં બિરાજતા વિઠોબાને–ભગવાનને મોકલ્યો. એમને મન ગ્રામસફાઈનું કામ એ ઇશ્વર સેવાનું કામ હતું. આ બધાં દૃષ્ટાંતો એક અધ્યાત્મદર્શી પુરુષની અંતરંગ અવસ્થાના દ્યોતક છે.

શ્રીમદ્ રાજચંદ્ર-કૃપાળુ દેવની ભાષામાં કહીએ તો–

'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત.'

આવી દેહાતીત અવસ્થામાં એ સતત ક્હેતા. મારું સદ્‌ભાગ્ય છે કે મને એમની ભૂદાન પદયાત્રામાં મારા વિદ્યાર્થીકાળમાં ૧૦ દિવસ સાથે ચાલવા મળ્યું હતું. ત્યારે મને અનુભવ થયો હતો કે આ પુરુષ આપણી વચમાં છે, આપણી સાથે ચાલે પણ તેમ છતાં એ જાણે દેહાતીત અવસ્થામાં વિચરતા ન હોય એવી પ્રતીતિ થતી.

એમની જીવનરીતિ પર મહાવીર સ્વામીની ઊંડી અસર હતી. અને એમની કાર્યરીતિ પર બુદ્ધની અસર હતી. મહાવીરનું તપ અને બુદ્ધની કરુણાનું એ સમન્વિત રૂપ હતા. બાપુ જીવ્યા ત્યાં સુધી એ પોતાની અંતરમુખ અવસ્થામાં, આકરી તપસ્યા કરવામાં જ નિમગ્ન રહેતા. કાંતવું એ એમનું ધ્યાન

> ***'પ્રતિક્ષણ જે સતત વિકસતા હોય' એવી વ્યક્તિઓ તો મેં માત્ર બે જ જોઈ. એક મહાત્મા ગાંધીજી અને બીજા સંત વિનોબાજી.***

હતું. એ કાળે તકલી કતાઈમાં એમની તોલે કોઈ ન આવે. અને કાંતવાની જે મજૂરી મળે તેટલામાં જ જીવન નિર્વાહ ચલાવે. આવી આકરી તપશ્ચર્યાથી શરીર નંખાઈ ગયું. માંદા પડ્યા. બાપુએ ઠપકો આપ્યો. 'તું મારી પાસે આવ.' વિનોબા કહે, 'તમારે કેટલાં કામ? તેમાં મારો બોજો ન નાખું'. પણ મને છ માસ આપો. અને એ પવનાર ચાલ્યા ગયા. ધામ નદીમાં સ્નાન કરી સંકલ્પ કર્યો. सन्यंस्तम् मया सन्यं स्तम् मया। અને એ નિર્વિચાર અવસ્થામાં પોતાની અંદર ઊંડા ઊતરી ગયા. છ માસમાં છ કિલો વજન વધારી તંદુરસ્ત બની ગયા. વિનોબા પ્રયોગવીર. બીજો પ્રયોગ કર્યો. કાંચનમુક્તિનો–ઋષિ ખેતીનો. નામસ્મરણ કરતાં-કરતાં કોદાળીથી ખેતી કરી. એમાંથી જે પાકે તેના પર જીવવાનું. એ દિવસોમાં એક જિજ્ઞાસુ દર્શનાર્થીએ પૂછ્યું बाबा क्या चलता है? તો કહે, जब आँख मूंदता हूं तो अंतर में राम की झांखी होती है और जब आँख खोलता हूं तो कुदाली में राम दिखाई देता है।

આજના યુગમાં ભિક્ષા દ્વારા નહીં પણ શ્રમ દ્વારા આત્મસાધના કરવી જોઈએ, એવી એમની સમજ. વિનોબા કહેતા બ્રહ્મવિદ્યાએ શ્રમના રણાંગણમાં ઉતરવું જોઈએ. આથી આજે પણ એમના પરમધામ આશ્રમના બ્રહ્મવિદ્યા મંદિરમાં વિદ્વાન-વિદુષી બહેનો શરીરશ્રમ કરી તેમાંથી આજીવિકા મેળવી બ્રહ્મવિદ્યાની ઉપાસના કરે છે.

વિનોબાજીની જેવી તીવ્ર શ્રમોપાસના એવી જ ઊંડી જ્ઞાનોપાસના. વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગદર્શન, જૈન-બૌદ્ધ ઇત્યાદિ ધર્મોના અને વિશ્વના અન્ય ધર્મોના કોઈ પણ ગ્રંથ એવા નહીં હોય કે જેનું અધ્યયન એમણે નહીં કર્યું હોય. માત્ર અધ્યયન જ ન કર્યું, એનું સત્ત્વ સારવી દરેક ધર્મનો સાર સમજાવતા ગ્રંથો આપ્યા. જેમાં જૈનોનું 'સમણસુત્તમ્' પણ આવે. એમાં નોંધપાત્ર ગ્રંથ છે 'નામઘોષા'. આસામના સંત માધવદેવની આ કૃતિ છે. દુનિયાને એનો પ્રથમ પરિચય વિનોબાએ કરાવ્યો. એનો એક શ્લોક ખૂબ મનનીય છે. જેનું ગુજરાતી આ પ્રમાણે છે.

ઉત્તમ જુએ કેવળ ગુણ
અધમ જુએ કેવળ દોષ
મધ્યમ કરે ઉભય વિચાર
ઉત્તમોત્તમ કરે અલ્પગુણ વિસ્તાર

વિનોબાજી કહેતા અધ્યાત્મ એટલે ગુણ વિસ્તાર; સદ્‌ગુણવિસ્તાર. આ કળા જેને સધાય તેનું જીવન ધન્ય થઈ ગયું.

વિનોબાજીનું ખૂબ પ્રસિદ્ધિ પામેલું પુસ્તક તે 'ગીતા પ્રવચનો'. અધ્યાત્મજ્ઞાનની જાણે કે માર્ગદર્શિકા. દેશની બધી જ અને વિદેશની પણ અનેક ભાષાઓમાં એ પ્રગટ થયું છે. સમાધિ દશામાં એમના મુખેથી પ્રગટેલી આ બ્રહ્મવિદ્યા છે.

વિનોબા દેશની બધી જ ભાષાઓ અને કેટલીક વિદેશી ભાષાઓ મળી ૨૨ ભાષાઓ જાણતા.

> *આજના યુગમાં ભિક્ષા દ્વારા નહીં પણ શ્રમ દ્વારા આત્મસાધના કરવી જોઈએ.*

ભૂદાન યજ્ઞમાં એ સતત ચાલતા. ચૌદ-ચૌદ વર્ષ સતત ચાલ્યા. ઠંડી, ગરમી, વરસાદ, પહાડ, જંગલ, નદી, કોતર, કઠણ કે નરમ ગમે તેવો રસ્તો હોય યાત્રા અટકતી નહીં. ૧૨ લાખ એકર જમીન મળી. એથી અનેક ભૂમિહીનો મહેનતનો રોટલો રળતા થયા. એ કેમ ચાલ્યા? એમને એ ભૂખ્યા ભૂમિહીનોમાં ભગવાન દેખાતો. જેમ ગાંધીજીને દરિદ્ર નારાયણમાં એમનો રામ દેખાતો. એવી ગુરુ-શિષ્યની જોડી હતી.

ભૂદાન ગંગા એટલે કારુણ્યની ગંગા. પણ આ કારુણ્ય ગંગાની સાથે બીજી પણ એક ગંગા પ્રગટી હતી 'જ્ઞાનગંગા'. વિનોબા જ્યારે પ્રવચન કરતા ત્યારે એમના મોં-માંથી જે જ્ઞાન સરિતા વહેતી એ સાંભળનારના હૃદય જ્ઞાન અને ભક્તિથી તરબોળ થઈ જતા. મનના મેલ ધોવાઈ જતા. જાણે કે પ્રકાશ-પ્રકાશ પથરાઈ જતો.

વિનોબા તો પ્રકાંડ પંડિત. શબ્દને એ બ્રહ્મ કહેતા. 'શબ્દબ્રહ્મ' એમની સાથે વાતો કરે. જૂના શબ્દો પર કલમ કરી નવા અર્થ નીપજાવે. વિનોબા રચિત એક શ્લોક છે.

वेद-वेदान्त पुराणाम्याम् ।
विनुना सार उदधृतम् ।
ब्रह्म सत्यम्-जगत् स्फुर्ति
जीवनम् सत्य शोधनम् ।

શંકરાચાર્યના જગત્ મિથ્યા માં મિથ્યાને સ્થાને એમણે કહ્યું જગત્ સ્ફુર્તિ. જગત મિથ્યા નથી એ તો બ્રહ્મનું સ્ફુરણ છે. એનું જ પ્રગટરૂપ છે. આવી સર્વત્ર હરિદર્શનમ્‌ની જેમને અનુભૂતિ થઈ ચૂકી હતી, એવા એ અધ્યાત્મ પુરુષ હતા.

આપણને આ જે મનુષ્ય જીવન મળ્યું છે તે શાને માટે? સત્યની શોધ માટે. जीवनम् सत्य शोधनम् । બાપુની આત્મકથાનું નામ છે 'સત્યના પ્રયોગો'. વિનોબાની જીવનકથાનું નામ છે 'अहिंसाकी तलाश.' અહિંસા એટલે સર્વાશ્લેષી પ્રેમ. આ ગુરુ-શિષ્યે મળી જીવન ભર એક જ કામ કર્યું છે, સત્ય અને અહિંસાને પોતાના જીવન દ્વારા જીવી બતાવી વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની સમસ્યાઓનું સત્ય અને અહિંસાને બળે કેવી રીતે સમાધાન કરવું એની શોધ કરવાનું.

મારી મૂંઝવણ છે કે વિનોબાના જીવનને અને એમના દર્શનને કેમ કરી જુદાં દર્શાવવાં? કારણ કે એ જે જીવ્યા છે તેનો અને તેમના દર્શનનો અવિનાભાવ સંબંધ છે.

આમ છતાં એમના અધ્યાત્મદર્શન વિષે હું કાંઈક કહેવાની ચેષ્ટા કરું છું. આપણા સાહિત્યમાં ઋષિને ક્રાન્તદૃષ્ટા કહ્યા છે. ક્રાન્તદૃષ્ટાનો અર્થ છે જે ભાવિના ગર્ભમાં શું છૂપાયું છે તેને જોઈ શકે. એમને જ્યારે સર્વોદયપાત્રના વિચારની સ્ફૂરણા થઈ ત્યારે એમણે કહ્યું કે આજે હું ઋષિ થયો. અને એમનામાં પ્રગટેલા ઋષિએ મંત્ર આપ્યો સત્ય-પ્રેમ-કરુણા.

વિનોબા આવા એક ક્રાન્તદૃષ્ટા અર્વાચીન ઋષિ હતા. આ ઋષિએ આજીવન શબ્દબ્રહ્મની ઉપાસના કરી હતી. એ હરદમ શબ્દ બ્રહ્મની સંગતમાં રહેતા. શબ્દબ્રહ્મ એમની સાથે વાતો કરે, લાડ લડાવે. બહારના ધર્મપૂત સ્થૂળકર્મની સાથે-સાથે વિનોબાની અંદર અંતરમાં એક અનોખી અધ્યાત્મયાત્રા અવિરત ચાલતી હતી.

ઉંમર થઈ, શરીર ક્ષીણ થયું. પગે ચાલવાની ના પાડી તો પવનારમાં એમણે સ્થાપેલા બ્રહ્મવિદ્યા મંદિરમાં આવી સ્થિર થયા. ખૂબ ચાલ્યા, ખૂબ બોલ્યા. હવે વાણીને વિરામ આપ્યો. પૂછે તો ટૂંકા અર્થ-ગર્ભ જવાબ આપે. બાકી મૌન. ને પછી તો 'સૂક્ષ્મ'માં પ્રવેશ કર્યો.

છેલ્લા દિવસોમાં એમને એક ધૂન લાગી. જે મળવા આવે તેને પૂછે 'આત્મદર્શન થયું?' એ ગાળામાં મને પણ એમના દર્શનનો લ્હાવો મળ્યો હતો. મને પણ એ જ પ્રશ્ન પૂછ્યો. ત્યારે મેં કહ્યું બાબા, પણ એ તો સમજાવો કે આત્મદર્શન એટલે શું? ત્યારે કહે તારો પ્રશ્ન બરાબર છે, મને કહે તારું નામ શું? મેં કહ્યું 'ગોવિંદ'. તો જો તું જ્યારે મારી પાસે આવી રહ્યો હતો ત્યારે મને થયું કે અરે, આ તો ભગવાન મને મળવા આવી રહ્યા છે. આવી હતી એમની અવસ્થા. બધામાં જ એમને ભગવાન દેખાતા.

બીજી બાજુએ વિજ્ઞાનના પણ ભારે ચાહક હતા. વિનોબા કહેતા એક બાજુથી વિજ્ઞાન આપણને તકાદો કરી રહ્યું છે કે એક થાઓ તો બીજી બાજુથી અધ્યાત્મ આપણને સમજાવી રહ્યું છે કે તમે એક જ છો એની અનુભૂતિ કરો. દરેકમાં આત્મા છે. ન કેવળ ચેતનમાં જડમાં પણ. હા, એ સુષુપ્ત ચેતના છે. વિજ્ઞાન જ્યારે તેનો વિસ્ફોટ કરે ત્યારે તેમાંથી જે ઉર્જાનો સ્રોત પ્રગટે છે તેનો તમે જગતના કલ્યાણ માટે વિનિયોગ નહીં કરો તો સૃષ્ટિનો પ્રલય થશે. વિનોબા તો ગણિતશાસ્ત્રી હતા. એમણે સૂત્ર આપ્યું

વિજ્ઞાન + અહિંસા (અધ્યાત્મ) = સર્વોદય

વિજ્ઞાન + હિંસા = સર્વનાશ.

એ કહેતા વિજ્ઞાન ગતિ આપી શકે પણ કઈ દિશામાં જવું એ તો અધ્યાત્મ જ બતાવી શકે.

બીજું એમનું દર્શન હતું दीन के दिन लद चूके अब रूहानियत का युग आयेगा।

આપણાં ધર્મો એટલે પંથો-સંપ્રદાયના નાના-નાના વાડાઓમાં વહેંચાઈને અંદર-અંદર લડીને ખુવાર થઈ રહ્યા છે. ત્યારે હવેનો યુગ રુહાનિયત્ એટલે અધ્યાત્મનો-ઈન્સાનિયતનો-માનવતાનો આવી રહ્યો છે. માનવમાત્ર સમાન કારણ દરેકમાં એક જ આત્મતત્ત્વ વિલસી રહ્યું છે.

એ જ રીતે એમણે અર્થકારણ, રાજકારણ, શિક્ષણ એ બધાં જ ક્ષેત્રોમાં મૌલિક ચિંતન કરી નવી દિશાઓ ખોલી આપી છે.

*હવેનો યુગ રુહાનિયત્ એટલે અધ્યાત્મનો-ઈન્સાનિયતનો-માનવતાનો આવી રહ્યો છે.*

કોઈએ એમને પૂછ્યું. અધ્યાત્મ એટલે શું? તો વિનોબાજી કહે છે-જેના દ્વારા સમગ્ર બ્રહ્માંડને ઓળખી શકાય તે અધ્યાત્મ. ફિઝિક્સ જેમ બહારથી વિશ્વને સમજવા કોશીશ કરે છે તેમ મેટા ફિઝિક્સ એટલે અધ્યાત્મ વિશ્વનું આંતરિક રૂપ શોધી આપે છે.

વિનોબાજી કહે છે અધ્યાત્મક્ષેત્રે આજ સુધીમાં ચાર ખોજ થઈ છે.

૧. સર્વધર્મ ઉપાસના સમન્વય–જેનું શ્રેય શ્રી રામકૃષ્ણ પરમહંસને જાય છે.
૨. અધિચિત્ત પરારોહણ–આ વાતનો ઉઘાડ શ્રી અરવિંદે કર્યો છે.
૩. સત્યાગ્રહ દર્શન–તેના દ્રષ્ટા ગાંધીજી.
૪. કરુણા મૂલક સામ્ય–વિનોબાજી. એમની નમ્રતાને લઈ આ શોધનું શ્રેય પોતાના નામે નથી ચડાવતા પણ એ કહી રહ્યા છે આજના યુગમાં આ નવી ખોજ ચાલી રહી છે. ગીતાની ભાષામાં આ સામ્યયોગનું દર્શન છે. જેની શોધ સામ્યયોગી વિનોબાએ કરી છે.

વિનોબાજીએ અધ્યાત્મનો સાર બતાવતાં છ નિષ્ઠા સારવી આપી છે.

**૧. જીવનની એકતા અને પવિત્રતા** – એક શ્રદ્ધા એ છે કે જીવમાત્રમાં એક જ તત્ત્વ વિલસી રહ્યું છે અને સમગ્ર જીવન એક છે, પવિત્ર છે. જો કે જીવ માત્રની આવી એકતા ને પવિત્રતા તેના પૂરેપૂરા અર્થમાં સાધવી અઘરી છે, લગભગ અશક્ય છે. કેમ કે જીવવા માટે આપણે જંતુઓનો સંહાર કરીએ છીએ, અસંખ્ય જીવજંતુઓનો આપણા હાથે નાશ થાય છે. બીજા સ્થૂળ-સૂક્ષ્મ ઘણાં ભેદ કાયમ રહે છે. આ સાચું છે, તેમ છતાં એવી શ્રદ્ધા હોવી જોઈએ કે જીવમાત્ર એક અને પવિત્ર છે તથા તેને શક્ય તેટલા વધુ અંશમાં સાધવાની આપણી કોશિશ રહે.

**૨. મૃત્યુ પછીયે જીવનની અખંડતા** - બીજી શ્રદ્ધા એ છે કે મૃત્યુ પછી પણ જીવન છે, મૃત્યુથી જીવન ખંડિત નથી થતું પણ કાયમ રહે છે. ચાહે સ્થૂળ રૂપે; નિરાકાર રૂપમાં રહે યા સાકાર રૂપમાં, દેહધારી યા દેહવિહીન રૂપમાં રહે. પરંતુ એટલું નક્કી છે કે જીવન અખંડ છે. સ્પષ્ટ છે કે આ બાબત પણ શ્રદ્ધાની છે. બુદ્ધિ અમુક હદ સુધી તેમાં કામ કરશે, પછી તેની મર્યાદા આવી જશે. જ્યાં બુદ્ધિની મર્યાદા આવી જશે, ત્યાં શ્રદ્ધા કામ કરશે. જે માણસમાં શ્રદ્ધા નથી, તે આગળનું ગ્રહણ નહીં કરી શકે. એ તો જ્યાં સુધી બુદ્ધિની પહોંચ હશે, ત્યાં સુધી જ ગ્રહણ કરશે.

**૩. નિરપેક્ષ નૈતિક મૂલ્યોમાં શ્રદ્ધા** – ત્રીજી શ્રદ્ધા એ છે કે સમગ્ર જીવનને સારુ નિરપેક્ષ નૈતિક મૂલ્યોની જરૂર છે. આ પ્રકારનાં શાશ્વત નીતિ-મૂલ્યોને ન માનવામાં બધી જ રીતે હાનિ છે.

**૪. વિશ્વમાં એક વ્યવસ્થા છે** – ચોથી શ્રદ્ધા એ છે કે વિશ્વમાં વ્યવસ્થા છે, અર્થાત્ રચના છે, બુદ્ધિ છે. આનો અર્થ થાય છે કે પરમેશ્વર પર શ્રદ્ધા. પરંતુ એટલું પૂરતું થશે કે વિશ્વમાં એક રચના છે, વ્યવસ્થા છે.

**૫. કર્મ-વિપાક** – પાંચમી શ્રદ્ધા એ છે કર્મ-વિપાક. એ પરિહાર્ય છે. મૃત્યુ પછી પણ કર્મ નથી ટળતાં. જે-તે કર્મનું ફળ અવશ્ય મળશે. અહીં નહીં તો ત્યાં, બીજા જન્મમાં મળશે. એ કર્મ સિદ્ધાંત અટળ છે. કેટલાંક કર્મ સામૂહિક હોય છે. એવાં કર્મોનો ભોગ સામૂહિક રીતે ભોગવવાનો રહે છે. વળી આપણી અનન્ય ભક્તિ હોય તો ઈશ્વર કૃપા માટેયે અવકાશ છે.

**૬. પૂર્ણતાનો અનુભવ સંભવ** – છઠ્ઠી શ્રદ્ધા એ છે કે માનવજીવનમાં પૂર્ણતાનો અનુભવ શક્ય છે. આમ તો વ્યક્તિગત રીતે આપણે એવા મહાપુરુષો જોયા છે, સત્પુરુષોની સંગતિમાં રહેવાનો અવસર પણ મળ્યો છે. પરંતુ પૂર્ણ માનવ એકેય નથી જોયો. તેમ છતાં જીવનમાં પૂર્ણતાનો અનુભવ થઈ શકે એ એક શ્રદ્ધાનો વિષય છે.

વિનોબા કહે છે આવી કેટલીક શ્રદ્ધા મને બધા ધર્મગ્રંથોમાં જોવા મળી છે. આને હું અધ્યાત્મ માનું છું. અધ્યાત્મ દ્વારા મને આ અભિપ્રેત છે. આ બધા ધર્મો આમાં માને છે.

મને લાગે છે કે આવી આધ્યાત્મિક નિષ્ઠાઓને આધારે બધા ધર્મોનો સમન્વય કરી શકાય તેમ છે અને તેની ખરેખર આજે જરૂર છે. આજના જમાનામાં સર્વધર્મ સમન્વય કરવાની જરૂર ઊભી થઈ છે. તેમ કરવાથી શુદ્ધ અધ્યાત્મ હાથ આવશે અને વિજ્ઞાનયુગમાં તે જ કામ લાગશે.

અંતમાં એટલું કહીશ કે વિનોબા અને એમનું સમગ્ર દર્શન તો એક દરિયો છે. સમયની મર્યાદામાં અને મારી શક્તિ મુજબ જે ચાંગુળુક જળ હું પી શક્યો તે આપની સેવામાં નિવેદિત કરી વિરમું છું. સમજાવવામાં મારી અધૂરપ માટે ક્ષમસ્વ.

સર્વને પ્રણામ.

જય જિનેન્દ્ર.

✷ ✷ ✷

વિશ્વમંગલમ્-અનેરા
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧.

[ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૮૦મી વ્યાખ્યાનમાળામાં તા. ૨૪-૮-૨૦૧૪ના આપેલું વક્તવ્ય. ]

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ३०० |
| ૮ | जैन धर्म दर्शन | ३०० |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થસ્સ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ૠષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |

**નવાં પ્રકાશનો**

૧. **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન રૂા. ૩૦૦

૨. **ઈલા દીપક મહેતા સંપાદિત**
**સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત**
મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ રૂા. ૩૫૦

૩. **ભારતી દીપક મહેતા લિખિત**
**શ્રી શશીકાંત મહેતા**
આધ્યાત્મ રવિની પિતૃ છવિ – અમૂલ્ય

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**
રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# નવકારની સંવાદયાત્રા

[ ૨ ]

☐ ભારતી દિપક મહેતા

**અમે :** ભાઈ, તમે ચર્મચક્ષુથી પરમાત્મચક્ષુ કેવી રીતે પમાય તે વાત સમજાવો આજે ફરીથી–નવકાર મંત્રના સંદર્ભમાં.

**પૂ. ભાઈ :** જૂઓ, બહુ પૂણ્ય કર્યા છે એટલે આપણને આ ભૌતિક જગત જોવા માટે ચર્મચક્ષુ તો મળી ગયા, પરંતુ તે પૂરતું નથી. નવકાર મંત્ર ગણવાથી આગળ વધીને આપણને શાસ્ત્રચક્ષુ મળે છે, જેનાથી દૃષ્ટિ ઉઘડે છે અને ધર્મચક્ષુ પ્રાપ્ત થાય છે. ધર્મદૃષ્ટિ થકી પ્રજ્ઞાચક્ષુની અનુપમ ભેટ મળે છે, જે આપણને યોગચક્ષુ ખોલવા સુધીની યાત્રા કરાવે છે. હવે એકવાર આત્મા અને પરમાત્માના મિલનરૂપી યોગ થયો કે ત્વરિત રીતે દિવ્યચક્ષુ સુધી પહોંચવા માટે આપણા આત્મચક્ષુ ખુલી જાય છે, જે પ્રાંતે પરમાર્થભાવ સેવવાપૂર્વક પરમાત્મચક્ષુ પમાડીને જ જંપે છે.

આમ નિર્વેદ અને સંવેગપૂર્વક નવકાર મંત્રના જાપથી આ સાત પ્રકારના ચક્ષુ ખૂલી જતાં ૩ ફળ મળે છેઃ

૧. આપણા શબ્દમાં સંસાર નહીં, સંન્યાસ ભળે છે.

૨. આપણું જીવનું સાધકનું જીવન બની જાય છે.

૩. આપણે સ્વયં તીર્થંકરની જેમ અજાતશત્રુ બનીએ છીએ.

**અમે :** આ તો Eye Transplant જેવું થઈ ગયું, ભાઈ!

**પૂ. ભાઈ :** હા, અને તેનાથી જ transformation શક્ય બને છે. Transformation in the life of one person is of utmost importance. It affects the whole human race. નવકાર મંત્ર એ દિવ્ય જીવન, દિવ્ય પ્રકાશ, દિવ્ય પ્રજ્ઞા, દિવ્ય આનંદ અને સૌ સંગેનો દિવ્ય સંવાદ આપે છે.

પંચ પરમેષ્ઠીઓને કરાતા વંદનમાં અરિહંતોને નમસ્કાર નિર્મળતા આપે છે, સિદ્ધોને નમસ્કાર નિશ્ચળતા આપે છે, આચાર્યોને નમસ્કાર નિર્ગ્રંથતા આપે છે, ઉપાધ્યાયોને નમસ્કાર નિર્લેપતા આપે છે, સાધુઓને નમસ્કાર નિસ્પૃહતા આપે છે, ને એસો પંચ નમુકારો, સવ્વપાવપ્પણાસણોનાં બે પદ નિર્ભયતા તથા મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં સૌને નિજાનંદતા આપે છે.

**અમે :** અહો, તો તો કાંઈ મેળવવાનું જાણે બાકી જ ન રહ્યું! ભાઈ તમે કાલે 'નિસર્ગનાં મહાનિયમ' વિશે કંઈક વાત કરતા હતાં, તે આજે નવકારનાં સંદર્ભે સ્પષ્ટ કરોને.

**પૂ. ભાઈ :** સંસારમાં દેખીતી રીતે એવું લાગે છે કે સ્વાર્થ સાધવાથી આપણને લાભ અને પારકાનું હિત કરવાથી આપણને હાનિ થાય છે, પરંતુ વાસ્તવિકતામાં એવું નથી. નિસર્ગનો મહાનિયમ છે કે : ફક્ત પોતાનું હિત ઇચ્છવાથી કે સ્વાર્થભાવનાથી વ્યક્તિ પોતાને તથા અન્યોને હાનિ જ કરે છે અને પરાર્થ વડે પોતાનું તથા અન્યોનું હિત કરે છે.

નવકાર મંત્ર થકી શ્રી પંચપરમેષ્ઠીઓને જેમ જેમ વધુ વાર વંદન થાય છે તેમ તેમ નિસર્ગનો આ મહાનિયમ વધુ સ્પષ્ટ થાય છે. તેનાથી જ પછી નવકારની સાધનામાં અનિવાર્ય એવી મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાઓ આપણી સાધનાનાં અંગો જ બની રહે છે. જ્યારે પરાર્થભાવ વધે ત્યારે તેટલા અંશે સમતા પણ પ્રગટે છે અને સમત્વ વધતું જાય તેમ-તેમ સાધક અને સાધ્ય વચ્ચેનું અંતર ઘટતું જાય છે.

આ અંતર ઘટ્યા પછીની મજાની હું તમને શું વાત કરૂં? એ પછી તો આ મહામંત્રનો પ્રત્યેક અક્ષર, પ્રત્યેક માત્રા અને પ્રત્યેક બિંદુ પ્રકાશમાન જણાય છે. શરીરના રોમેરોમ ઝંકૃત થઈ જાય છે. શ્રી નવકારના સ્મરણ માત્રથી જ પછી તો આપણું ચિત્ત પાંચે પરમેષ્ઠી ભગવંતોમાં એકલીન અને સમસ્ત જીવરાશિ પરત્વે કરુણાથી છલકાઈ ઊઠે છે!

યાદ રાખજો, જે આરાધના કરે છે તેને નવકારનો યથાર્થ જરૂર સમજાય છે. નવકારના અક્ષરો સામાન્ય અક્ષરો નથી, એ પ્રાણવંત અ-ક્ષર છે. માત્ર અક્ષરો કે શબ્દોનો સમૂહ નથી. આ મહામંત્રનો રહસ્યાર્થ તેની આરાધના કરવાથી સાધકના હૃદયમાં પ્રસ્ફુરિત થાય છે આપમેળે. તેની અચિંત્ય શક્તિનો સ્રોત આપણી આત્મિક ઉન્નતિમાં સહાયક બને છે. આપણાં આધ્યાત્મિક તેજનો આધાર છે આ મહામંત્ર! નિસર્ગનો આ મહાનિયમ આમ સિદ્ધ થાય છે.

**અમે :** ભાઈ, 'શિવમસ્તુ સર્વજગતઃ'ની વિભાવનાને શ્રી નવકાર મહામંત્ર કઈ રીતે ઉજાગર કરે છે?

**પૂ. ભાઈ :** શ્રી નવકાર મહામંત્રને ગણવાથી 'નમો' ભાવ જેમ-જેમ આપણને વિશેષે સ્પર્શતો જાય તેમ-તેમ માત્ર 'મારું જ દુઃખ ટળો' અને 'માત્ર મને જ સુખ મળો' એ જાતની વિભાવનામાં ધરમૂળથી ફેરફાર આવતો સાધકનો પોતાને જ અનુભવાય છે. વળી પોતે જે બીજાને સુખ આપે છે તે યાદ રાખવાને બદલે હવે પોતાને જેઓ સુખ આપે છે તેને યાદ રાખવાનું શરૂ થાય છે. કૃતજ્ઞતા, કરૂણા, ક્ષમાપના, પરોપકાર વગેરે ગુણોની ખીલવણી શ્રી નવકાર મંત્રના આરાધકમાં સહજ સ્ફૂરાયમાન થાય છે. 'વિશ્વમાં સ્થિત દરેક જીવો સુખ પામો' એ વિચાર માત્ર આપણને બીજા પાસેથી લીધેલા સુખના ઋણમાંથી મુક્ત કરે છે અને 'વિશ્વમાં એક પણ જીવ દુઃખ ન પામો' એ વિચાર આપણે બીજાને આપેલા દુઃખના અનન્ય પ્રાયશ્ચિતરૂપ પુરવાર થાય છે.

**અમે :** ભાઈ, નવકાર મંત્રને એક જ વાર ધ્યાનથી અને ભાવથી ગણીએ અને બીજી બાજુ તેને ૧૦૮ વાર ઝડપથી ગણીએ, તો બેમાંથી કઈ પદ્ધતિ અનુસરવા યોગ્ય ગણાય?

**પૂ. ભાઈ :** શરૂમાં આ મહામંત્ર ધ્યાનથી, ઉચ્ચાર શુદ્ધિથી અને ભાવથી જ ગણવાના છે. ભલે ઓછા ગણાય, કિન્તુ સાધકનાં મન સાથે સંબંધ સ્થપાય તેમ ગણવા. પરંતુ સાધનાનો ગાળો જેમ વધારીએ તેમ-તેમ મંત્રવિજ્ઞાનના નિયમ મુજબ ઉચ્ચારાતો પ્રત્યેક શબ્દ તે સાધકને અંદર-બહાર ખૂબ અસર કરે છે. મન સાથે આ મહામંત્રના ધ્વનિઓનું ઘર્ષણ સાધકના આજ્ઞાચક્રમાં દિવ્યજ્ઞાનની જ્યોતિ પ્રગટાવે છે. તે ધ્વનિ સમુદાય 'મંત્ર' જ કહેવાય છે.

આ સૂક્ષ્મ સત્ય સમજાય ત્યારે જ સ્પષ્ટ થાય છે કે આ મંત્રનું વારંવાર રટણ કેટલું બધું મહત્ત્વનું છે. મંત્રજાપની ક્રિયા ભલે 'યાંત્રિક' લાગે તો પણ એ રટણ વડે જ આત્માની આશ્ચર્યકારક શક્તિઓ બહાર પ્રગટ થાય છે.

**(ક્રમશઃ)**

૮૨, ગૌતમ બુદ્ધ ઍપાર્ટમેન્ટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ-૩૬૦ ૦૦૧. મો. : ૦૯૮૨૫૨૧૫૫૦૦.
email : bharti@mindfiesta.com

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા
# ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

આ વ્યાખ્યાનમાળાના બધાં વ્યાખ્યાનો અને ભક્તિ સંગીત આપ સંસ્થાની વેબ સાઈટ ઉપર સાંભળી શકશો.
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

## (તા. ૨૨ ઑગસ્ટ ૨૦૧૪થી તા. ૨૯ ઑગસ્ટ ૨૦૧૪)

**(નવેમ્બર ૨૦૧૪ના અંકથી આગળ)**

**વ્યાખ્યાન-પાંચ : ૨૪ ઑગસ્ટ**

**વિષય : વિનોબાજીનું અધ્યાત્મ દર્શન**

[ *ગોવિંદભાઈ રાવળ અને તેમના ધર્મપત્ની સુમતિબેન છેલ્લા ૫૫ વર્ષથી શિક્ષણ કાર્ય યજ્ઞની જેમ કરી રહ્યા છે. તેઓ ગુજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ ઉપકુલપતિ છે. તેમણે ૧૭ પુસ્તકો લખ્યા છે. ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર પાસે આકોદરામાં વિશ્વમંગલમ્, અનેરા અને વૃંદાવન શિક્ષણસંકુલ સ્થાપ્યું છે. તેઓ બાર સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. આચાર્ય વિનાબો ભાવે અને વિમળાતાઈ સાથે કામ કર્યું છે. તેઓ શિક્ષણ સંસ્થા મારફત સંસ્કારી માણસો ઉગાડે છે.*]

તા. ૨૪-૮-૨૦૧૪ના શ્રી ગોવિંદભાઈ રાવળે 'વિનોબાજીનું અધ્યાત્મ દર્શન' ઉપર વક્તવ્ય આપ્યું હતું જે આ અંકમાં પ્રસ્તુત છે, એટલે એ વક્તવ્યનો સારાંશ અહીં આપ્યો નથી. જિજ્ઞાસુઓને એ વાંચવા વિનંતી.

**વ્યાખ્યાન-છ : ૨૪ ઑગસ્ટ**

**વિષય : દુકાનમાં દેરાસર**

### લેવડદેવડની શુદ્ધતા હોય એ દુકાન દેરાસર કરતાં ઉતરતી નથી

[ *ડૉ. ગુણવંત શાહ-ગુજરાતના જાણીતા સાહિત્યકાર, શિક્ષણશાસ્ત્રી અને ચિંતક છે. તેમણે ગુજરાતી ભાષાને અનેક પુસ્તકો આપ્યા છે. મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ ૪૦ વર્ષ પૂર્વે વ્યાખ્યાન આપવા આવ્યા હતા. આ વ્યાખ્યાનમાળામાં તેમનું સતત ૩૬મું વ્યાખ્યાન હતું એટલે ડૉ. ધનવંત શાહે યુવક સંઘ તરફથી ડૉ. ગુણવંત શાહનું શાલ અર્પણ કરી સન્માન કર્યું હતું.* ]

પ્રસિદ્ધ ચિંતક અને સાહિત્યકાર ગુણવંત શાહે 'દુકાનમાં દેરાસર' વિશે જણાવ્યું હતું કે વેપારમાં બધું જ કરવું પડે અને આ બધું વ્યવહારું છે એવી માન્યતા સાથે નહીં ચાલીએ તો સગાં ટોકશે. આવી માન્યતાથી પડતીની શરૂઆત થાય છે. આપણે શા માટે દુકાનને અપવિત્ર માની લેવી જોઈએ? લેવડદેવડમાં શુદ્ધતા હોય એ દુકાન દેરાસર કરતાં ઉતરતી નથી. તરસ લાગશે તો પાણી પી લઈશ અથવા હું લંગડાતો નહીં ચાલુ એવો નિર્ધાર કરવો પડતો નથી. આપણામાં પ્રમાણિકતા એટલી સહજ હોવી જોઈએ. ભગવાન મહાવીરે ત્રાજવાની દાંડી સાથે રમત નહીં કરવાની, થાપણ સમયસર પાછી વાળવાની અને ગ્રાહકને જે માલ બતાવો તે જ આપો એવી ત્રણ શીખામણ આપી હતી. આ બાબતને જોતાં આપણે ૨૫૦૦ વર્ષમાં પ્રગતિ કરી નથી. જેની લેવડદેવડ શુદ્ધ એનો ધર્મ શુદ્ધ છે. પર્યુષણમાં આપણે દુકાનદારમાંથી મહાજન બનવાની ભણી ગતિ કરવાની છે. લેવડદેવડમાં શુદ્ધતા હોય તો તે દુકાન દેરાસર કે મંદિર કરતા ઉતરતી નથી. આપણી જાતને ત્રણ પ્રશ્ન પુછો? મારી ઉપર જેના પૈસા લેણા નીકળે છે તેને આપવાની ઉતાવળમાં છું? સામા માણસને છેતરીને હરખાઉં છું? લેણદાર મૃત્યુ પામે પછી તે નાણા તેના પુત્રને માંગ્યા વિના જ પાછાં આપું છું? આ ત્રણેય પ્રશ્નના ઉત્તર હંકારમાં હોય તો તમે શ્રાવક કે વૈષ્ણવજન છો.

શ્રાવક થવું એ ખાવાના ખેલ નથી. સાધન શુદ્ધિ શબ્દ ગાંધીજીની દેણ છે. આ ત્રણ પ્રશ્નમાં સાધન શુદ્ધિ અને વ્યવહારશુદ્ધિનો તાળો મળે છે. મહાત્મા ગાંધીજી, મહાવીર, બુદ્ધ અને ઈશુ આ બધા અવ્યવહારુ હતા. આપણે વ્યવહારુઓ કોઈ ધાડ મારી શકતા નથી. ગાંધીજી, મહાવીર, બુદ્ધ અને ઈશુ દિવ્ય વ્યવહારુ હતા. આ શબ્દ હું તેઓ માટે વાપરું છું. વ્યવહારુ લોકોએ દુનિયાને બહુ આપ્યું નથી. વ્યવહારુ લોકોએ ઇતિહાસ રચ્યો નથી. મેં સંસ્કૃતમાં દુકાન ઉપનિષદનો શ્લોક રચ્યો છે. તે એ છે કે - લક્ષ્મી પવિત્રા, વ્યવહાર શુદ્ધિના સાધનશુદ્ધિનાચ, તસ્યાહા પવિત્રા ભવતી, આપણસ્તો આચારશુદ્ધિ વ્યવહારિકોપિ મહાજન તસ્મૈ મહાજનાય નમઃ ।

અર્થાત્ ગુજરાતીમાં લક્ષ્મી પવિત્ર છે. વ્યવહાર શુદ્ધિ અને સાધનશુદ્ધિથી તેની પવિત્રતા વધે છે. આચારશુદ્ધિ જાળવનાર સાદો દુકાનદાર પણ મહાજન છે તે મહાજનને હું નમસ્કાર કરું છું. ભાવનગરના કવિ કાંત બજારમાં શાકભાજી લેવા જતા હતા. તેઓ ઘરે આવે એટલે પત્ની કહેતી કે તમને કાછિયો છેતરી ગયો. તેના જવાબમાં કવિ કાંતે કહ્યું કે, વાસ્તવમાં તો કાછિયો પોતાના આત્માને છેતરી ગયો. જો કવિ કાંત જેવી ભાવના આપણામાં જાગે તો ભારતમાં ભ્રષ્ટાચારની સમસ્યા હળવી થઈ જાય.

સૂફી સંતની ઝૂંપડીની બહાર બોર્ડ મૂક્યું હતું કે પથ્થર ખાશો નહીં. તેમના ભક્તને લાગ્યું કે આ તો વિચિત્ર છે. પથ્થર ખાવા કોણ નવરું છે? ભક્તે સૂફી સંતને પુછ્યું કે આ બોર્ડ શા માટે મૂક્યું છે? સંતે ઉત્તર આપ્યો કે ધર્મગુરુ જુઠું બોલીશ નહીં એમ કહે ત્યારે અપમાન કેમ લાગતું નથી? હરામના પૈસા ખાઈશ નહીં એમ કહેવાય ત્યારે ખરાબ કેમ લાગતું નથી? હિંસા કરીશ નહીં એવો ઉપદેશ અપાય ત્યારે માઠું કેમ લાગતું નથી? તેનું કારણ આપણે તે કરીએ છીએ. પથ્થર નહીં ખાવા એ સહજ બની જાય તો આ ઉપદેશ કે બોધ મારે આપવો નહીં પડે. આપણે વારંવાર કહેવું પડે છે કે ભ્રષ્ટાચાર ન કરો. તેનું કારણ આપણે ભ્રષ્ટ છીએ. આપણે મૂળ માર્ગથી ફંટાઈ ગયા છીએ. દુનિયામાં સાચો ધર્મ અને કાચો ધર્મ એમ બે ધર્મ ચાલે છે. કાચા ધર્મની બોલબાલા છે તેથી સૂફી સંતને પથ્થર ખાશો નહીં એવું બોર્ડ મૂકવું પડે છે.

**(વધુ વ્યાખ્યાનો આવતા અંકે)**

- *અહંકારથી ઉન્નત થતાં પહેલાં જરાક નીચે ઉતરીને નજર કરીશું તો આપણું મસ્તક શરમથી નમી પડે એવી ઘણી બાબતો નજરે ચડશે.*
- *જે વ્યક્તિ એવી કલ્પનામાં રાચે છે આ સંસાર વિના પોતાનું કામ ચલાવી લેશે તો તે પોતાને છેતરે છે. પરંતુ જે એ ગુમાનમાં જીવે છેકે આ દુનિયા પોતાના વિના ચાલશે નહિ તો તે પોતાની જાતને તેથીયે વધારે છેતરે છે.*
- *એવો અહંકાર, અહંકાર ન કહેવાય જે આત્માનું ગૌરવ વધારે અને એવી નમ્રતા શું કામની જે આત્માને હીન બનાવે.*

## અવસર

## હસ્તપ્રતવિદ્યા અંગે યોજાયેલી સંગોષ્ઠિ

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી અને ભો. જે. વિદ્યાભવનના સંયુક્ત ઉપક્રમે વિશ્વકોશ ભવનમાં યોજાયેલી મૅન્યુસ્ક્રિપ્ટોલોજીની સંગોષ્ઠિમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડાયરેક્ટર શ્રી નેમુ ચંદરયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બંને સંસ્થાઓએ મળીને ગયે વર્ષે હસ્તપ્રતવિદ્યાના છ મહિનાના યુનિવર્સિટી કૉર્સનું આયોજન કર્યું હતું. હવે બીજી વાર ગુજરાતમાં સર્વપ્રથમ આ પ્રકારના યુનિવર્સિટી કોર્સનું આયોજન કરવામાં આવ્યું છે અને એના પ્રારંભે યોજેલી સંગોષ્ઠિમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (ભારત)ના ડાયરેક્ટર ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું હતું કે આ બંને સંસ્થાઓએ હસ્તપ્રતવિદ્યાનું કામ એ માટે માથે લીધું છે કે વચ્ચે એક આખો યુગ વહી ગયો, જ્યારે હસ્તપ્રતવિદ્યાની તાલીમ ઉપલબ્ધ નહીં થઈ. આને પરિણામે ગ્રંથભંડારોમાં લાખોની સંખ્યામાં હસ્તપ્રતો હોય છે, પણ એને ઉકેલનારા અને યોગ્ય રીતે સંપાદન કરનારા વિદ્વાનો મળતા નથી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીએ હસ્તપ્રતવિદ્યામાં કામ કરનાર તાલીમાર્થીને વિદ્વાનો પાસે સઘન તાલીમ મળે, તે માટે એક ખાસ વ્યવસ્થા કરી છે તેમજ આ વિષયમાં પીએચ.ડી. કરનારને શિષ્યવૃત્તિ આપવાનું નક્કી કર્યું છે. આગામી વર્ષે હસ્તપ્રતનાં વિવિધ પાસાઓ અંગે એક ગ્રંથ પ્રકાશિત કરવામાં આવશે. જ્યારે શ્રી આર. ટી. સાવલિયાએ હવે પછીના અભ્યાસક્રમની વિગતો આપી હતી તેમજ કાંતિભાઈ બી. શાહ, કનુભાઈ શાહ અને થોમસ પરમારે આને માટે જરૂરી સૂચનો કર્યા હતાં. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરયાએ સંસ્થાએ તૈયાર કરેલા બ્રિટનની લાઈબ્રેરીઓના હસ્તપ્રતના કૅટલોગ અંગે તેમજ અત્યારે ચાલી રહેલા જૈનપીડિયા અંગેની માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. નલિની દેસાઈએ કર્યું હતું. આ પ્રસંગે વિશ્વકોશની કલાવિથિકા (આર્ટ ગેલેરી)માં હસ્તપ્રતોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં અભ્યાસીઓએ રસ દાખવ્યો હતો.

# સ્વર્ગ – નર્ક

**□ડૉ. રણજિત પટેલ (અનામી)**

મને બરાબર યાદ છે...જ્યારે હું આઠ વર્ષનો હતો ત્યારે ઘર આંગણે દાણા ખાવા આવતી ખિસકોલીઓની પાછળ પડતો...નાનકડી લાકડી પછાડી બિવડાવતો–ભગાડતો, મારતો નહીં...પણ દાદી આ દૃશ્ય જોઈ કહેઃ 'મારા રોયા ! ખિસકોલી મરી જશે તો પાપ લાગશે ને તું નર્કમાં જઈશઃ તારે સોનાની ખિસકોલી આપવી પડશે...એના નાનકડા નાજુક શરીર પર સોનાના લીસોટા છે...ભગવાન રામે હાથ ફેરવતાં ખિસકોલી સોનાની બની ગઈ છે...એને ન મરાય, પાપ લાગે.'

દાદીની વાતમાં કેટલી બધી વાતો વણાઈ ગઈ છે ! એના શરીર પર સુવર્ણપટા ખૂદ ભગવાને આલેખ્યા છે. એ ભગવાનનું સર્જન છે, એને મારતાંય પાપ લાગે ને ભૂલેચૂકે જો એ મરી જાય તો મારે સુવર્ણની ખિસકોલી આપવી પડે ને હું નર્કમાં જાઉં. દાદીને મુખેથી પાપ અને નર્ક–આ બે શબ્દો સાંભળેલા. પુણ્ય અને સ્વર્ગ શબ્દો તો બાર વર્ષની વયે સાંભળવા મળ્યા. પાપ–પુણ્ય, સ્વર્ગ–નર્કની સમજણ તો ખૂબ મોડી આવી અને તેય ખૂબ અસ્પષ્ટ ને ધૂંધળી !...પણ આઠ વર્ષની કુમળી વયે દાદીના શબ્દોએ મારા ચિત્તમાં ભયની લાગણી તો જરૂર જન્માવી.

ત્યારે નર્ક શું, સ્વર્ગ શું, પાપ શું, પુણ્ય શું, નીતિ શું, અનીતિ શું, ધર્મ શું, અધર્મ શું, કશાયની ભય–મિશ્રિત વિભાવનાઓથી ચિત્ત ઘેરાયેલું રહેતું ને ઘરના વડીલોના જીવન–વ્યવહારને સમજાય તેટલો સમજી, યથાશક્ય, યથાશક્તિ વ્યવહાર કરવાનો રહેતો. એમાં સ્વતંત્ર નિર્ણય કે સ્પષ્ટ સમજણ કરતાં ચીલાચાલુ અનુકરણની માત્રા ઝાઝી રહેતી. વયની એ મર્યાદા હતી...પણ ચિત્તમાં કશાકનો બીજ નિક્ષેપ થઈ રહ્યાની ઝાંખી, ધૂંધળી પ્રતીતિ તો થતી ! એમાં ભયની માત્રા ઝાઝી હતી. મારા દાદા દર પૂનમે સત્યનારાયણ ભગવાનની કથા કરાવતા હતા. લગભગ ચાર દાયકા સુધી આ સદ્પ્રવૃત્તિ ચાલેલી એની ફલશ્રુતિ શી ? તો પુણ્ય ને સ્વર્ગપ્રાપ્તિ. પેલામાં નર્કનો ભય હતો, અહીં સ્વર્ગની લાલચ...આમ કહેવાતા ધર્મના બે પાયાય...ભય ને લાલચ. કેટલાંક પુરાણોએ, ખાસ કરીને ગરૂડપુરાણે...નર્કની યાતનાઓ અને સ્વર્ગના સુખસગવડોઃ-આ બેઉનાં ભયાવહ ને મોહક–આકર્ષક ચિત્રો ખડાં કર્યાં. આ સૃષ્ટિ વાસ્તવિક તો હતી જ નહીં. બધો જ કલ્પના વિલાસ ! પણ એ અવસ્થાએ, સાચો કે ખોટો પણ એનો પ્રભાવ 'ઊંડો ઘેરો હતો...વર્ષો સુધી એ ઓથારે ચિત્તનો કબજો સર કરેલો.

મનનાત મનુષ્ય :- મનન કરે તે મનુષ્ય. પરમાત્માની સકલ સૃષ્ટિમાં મનન કરવાની શક્તિ કેવળ મનુષ્યમાં જ છે. તે સારાખોટાનો વિચાર કરી શકે છે. એનામાં વિવેકબુદ્ધિ છે, કારણકાર્યભાવથી એ ઘણી વસ્તુઓ સમજી શકે છે. શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ–તે કેવળ મનુષ્ય જ સમજી શકે છે. એનામાં સો ટકા નહીં તો પણ મોટા પ્રમાણમાં સ્વતંત્ર રીતે વિચાર કરવાની, યોગ્ય નિર્ણય લેવાની ને તદનુસાર આચરણ કરવાની શક્તિ રહેલી છે. કવચિત્ એનામાં, 'ટુ બી ઓર નોટ ટુ બી' જેવી હેમ્લેટ-વૃત્તિ કે जानामि धर्मम् न च मे प्रवृत्तिः, जानामि अधर्म् न च मे निवृत्तिः' જેવી દુર્યોધન–દ્વિધાવૃત્તિ દેખા દેતી હોય છે ને કો'ક અદૃષ્ટના બળે એની સ્વતંત્રતા ને નિર્ણયશક્તિ હણાઈ પણ જતી હોય છે...છતાંયે એના અંતઃકરણમાંથી સારપનો ગુપ્તસુપ્ત ધર્મભાવ જાગ્રત થતાં એ અંગુલિમાલ કે વાલ્મિકી પણ બની શકે છે. વિવેક–જાગ્રતિ મુખ્ય વસ્તુ છે. અમીબાથી ગાંધી સુધીના બ્રહ્મવિકાસની ગર્ભિત શક્તિઓ એનામાં સભર પડી છે, પણ ભય અને લાલચથી ટકેલા ધર્મથી એવો ઈલમ સર્જી શકાય નહીં. વ્યવહાર જીવનમાં નીતિપૂર્વકનું આચરણ એ ધર્મ પોથીમાંનાં રીંગણાં નથી, એ તો આચરણની વસ છે; બાકી સ્વર્ગ અને નર્કનો અનુભવ લેવા કોઈ અવર વિશ્વમાં જવાની જૂર નથી, અને જરૂર હોય તો પણ જઈ શકા તેમ નથી. કોઈ ગયેલા પાછા આવ્યા નથી ને પાછા આવીને એમનો અનુભવ કહી શકે તેમ પણ નથી...કારણ કે આ તો શશશૃંગ, વંધ્યાસૂત કે મૃગજલ જેવી બાબત છે.

આ વિશ્વમાં, આ શરીરમાં જ, પ્રત્યેક વ્યક્તિ સ્વર્ગ તેમ જ નર્કનો અનુભવ પ્રતિદિન કરી શકે છે. કોઈની પર અકારણ કે સ–કારણ કરેલો ક્રોધ એ નર્ક છે તો દાખવેલી કરુણા એ સ્વર્ગ છે. કોઈની સાથે આચરેલી અનીતિ એ નર્ક છે તો આચરેલો સદ્વ્યવહાર એ જ સ્વર્ગ છે. કોઈના પ્રત્યે આચરેલી કદરદાની એ સ્વર્ગ છે તો કોઈની કરેલી ઉપેક્ષા એ નર્ક છે. કોઈના લૂંછેલાં અશ્રુ પછીનો ચિત્ત–પરિતોષ એ સ્વર્ગ છે તો કોઈને ક્રૂરતા ને કપટથી પડાવેલાં આંસુ એ જ નર્ક છે; મતલબ કે સ્વર્ગ ને નરક આપણા ચિત્તમાં જ વસે છે, આપણા સદ્વ્યવહાર કે દુર્વ્યવહારનું એ જીવતું જાગતું પ્રતિબિંબ ને પરિણામ છે. સ્વર્ગનાં કાલ્પનિક સુખો કરતાં, ધર્માચરણથી ફલિત થતાં વાસ્તવિક સુખો બહેતર છે, સ્થાયી છે ને શ્રેયસ્કર પણ છે. માનવીના ચિત્તમાં જ સ્વર્ગની ગંગા ને નર્કની ગટર બેઉ છે. મતલબ કે સ્વર્ગ ને નર્ક આપણા ચિત્તમાં જ વસે છે, આપણા સદ્વ્યવહાર કે દુર્વ્યવહારનું કાલપનિક સુખો કરતાં ધર્માચરણથી ફલિત થતાં વાસ્તવિક સુખો બહેતર છે, સ્થાયી છે ને શ્રેયસ્કર પણ છે. માનવીના ચિત્તમાં જ સ્વર્ગની ગંગા ને નર્કની ગટર બેઉ છે. મતલબ કે સ્વર્ગ–નર્કનું સર્જન કરનાર માનવીનું મન જ છે; એથી જ કહેવાયું છેઃ-

'મારું ચિત્ત શિવ–સંકલ્પવાળું હો.'

'मे मनः शिवसंकल्प मस्तु !'

✶✶✶

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, સી–૧૨, નવદીપ એપાર્ટમેન્ટ, મેમ નગર, અમદાવાદ–૩૮૦ ૦૫૨. મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

# આપણે દૂધ આહારી કેટલા હિંસક?

□ અતુલ દોશી

ભારતમાં સદીઓથી દૂધ આપણી સંસ્કૃતિ અને ઇતિહાસ સાથે જોડાયેલું છે. આપણી ઘણી બધી સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક, ખેતી અને ખાવાપીવાની આદતો દૂધ અને પશુ ઉછેર સાથે જોડાયેલી છે. આપણે ગાયને માતાનો દરજ્જો આપ્યો છે. પ્રાણીઓ કુટુંબના સભ્ય ગણાતા હતા અને તેના જીવન પર્યંત તેમની સારસંભાળ લેવાતી હતી. પરંતુ ૧૯૭૦ ના વર્ષમાં ભારતમાં શ્વેત ક્રાંતિ (દૂધની ક્રાંતિ) થઈ અને સમૂળગું ચિત્ર બદલાઈ ગયું. ૧૯૭૦ પછી દૂધ ઉત્પાદનનો દર ખૂબ જ ઝડપથી વધવા લાગ્યો. ઉત્પાદન વધ્યું તો માંગ વધારવાની જરૂર પડી અને માંગ વધતી ગઈ એટલે પાછું ઉત્પાદન વધાર્યું અને આમ વિષચક્ર ચાલુ થયું. ભારતભરમાં આને ખૂબ જ મોટી સિદ્ધિ ગણવામાં આવી. પરંતુ આપણને ખ્યાલ પણ ન રહ્યો કે આ કહેવાતી પ્રગતિની નીચે શું ચાલી રહ્યું છે અને આપણે તેના માટે આપણી સંસ્કૃતિ, રીતભાત, માનવતાના સિદ્ધાંતો અને કરોડો પ્રાણીઓનો ભોગ લેવા દીધો.

**૧. ડેરીઉદ્યોગની શરૂઆત-પ્રાણીઓ માટે મૃત્યુઘંટ**

શ્વેત ક્રાંતિના લીધે દૂધ ઉત્પાદનની પ્રવૃત્તિએ એક વિકસતા જતા વ્યવસાયનું રૂપ લીધું. ભારતમાં ડેરી કલ્ચરની શરૂઆત થઈ અને દૂધ ઉત્પાદન પ્રવૃત્તિ ઉપર મોટી વિદેશી ડેરી કંપનીઓની નજર પડવા લાગી. ડેરી ઉદ્યોગે નવી અને કદી ન સાંભળેલી હોય તેવી ક્રૂર પદ્ધતિઓથી → દૂધનું ઉત્પાદન વધારવાની શરૂઆત કરી દીધી.

આજના સમયમાં આપણી વધતી જતી દૂધની માંગને પહોંચી વળવા માટે પ્રાણીઓનો બિનકુદરતી રીતે મોટી સંખ્યામાં ઉછેર થઈ રહ્યો છે. પ્રાણીઓ જીવ મટી વસ્તુઓ બની ગયાં છે. કરોડો પ્રાણીઓની કતલેઆમ થઈ રહી છે. ભારત દેશ દૂધ ઉત્પાદનની સાથે સાથે માંસ ઉત્પાદન અને માંસની નિકાસમાં પણ દુનિયાના બીજા દેશોની સરખામણીમાં ખૂબ જ આગળ વધી રહ્યો છે.

આજે આપણે કોઈને પણ પૂછીએ કે 'આના માટે જવાબદાર કોણ?' તો દરેક લોકો એક જ જવાબ આપશે કે 'માંસ ઉદ્યોગ'. પરંતુ શું આ સંપૂર્ણ સાચો જવાબ છે? આપણે શાકાહારી લોકો...આ ભયનાક પ્રાણી હત્યાકાંડમાં આપણી જવાબદારી કેટલી? ચાલો...વાંચીએ... વિચારીએ... અને જરૂરી પગલાં લઈએ...

**૨. શ્વેત ક્રાંતિ પછી દૂધ, માંસ અને ચામડાના ઉત્પાદનમાં એક સાથે વધારો થયો**

સૌથી પહેલાં આપણે થોડાં આંકડાઓ પર નજર નાંખીશું તો ખ્યાલ આવશે કે છેલ્લાં ૫૦ વર્ષમાં દૂધ ઉત્પાદનના વધારાની સાથે બીજી કઈ વસ્તુઓનું ઉત્પાદન પણ વધ્યું છે.

| વર્ષ | દૂધનું ઉત્પાદન (લાખ ટન) | માંસનું ઉત્પાદન (લાખ ટન) | માંસની નિકાસ (લાખ ટન) | કતલ કરાયેલા પ્રાણીઓની સંખ્યા | ચામડાનું ઉત્પાદન** |
|---|---|---|---|---|---|
| ૧૯૫૦ | ૧૭૦ | ૧.૪૦ | ૦ | ૧૩ લાખ | ૫૭ લાખ જોડી |
| ૧૯૬૯ | ૨૧૨ | ૧.૭૩ | ૦ | ૧૬.૨૩ લાખ | ૧૬૧ લાખ જોડી |
| **શ્વેત ક્રાંતિ-૧૯૭૦ પછીનો સમય** | | | | | |
| ૧૯૯૦ | ૫૩૯ | ૨૧.૬૧ | ૦.૮૫ | ૧.૪૪ કરોડ | ૧૯૯૫ લાખ જોડી |
| ૨૦૧૩ | ૧૩૪૫ | ૩૭.૫૦ | ૧૬.૫૦ | ૩.૭૮ કરોડ | ૨૦૬૫૦ લાખ જોડી |

** આ આંકડાઓ ફક્ત જુતાઓની જોડીઓ માટેના છે. ચામડાની બીજી વસ્તુઓનો સમાવેશ નથી.

ઉપર આપેલા આંકડાઓ ઉપરથી આપણને જણાશે કે શ્વેત ક્રાંતિ પછી દૂધની સાથે સાથે માંસ અને ચામડાનું ઉત્પાદન એક સરખી અને બહુ વધારે ઝડપથી થઈ રહ્યું છે.

- દુનિયામાં સૌથી વધુ દૂધ ઉત્પાદન-વિશ્વનું ૧૬% દૂધ ઉત્પાદન ભારતમાં થાય છે.
- પ્રાણીઓની કતલની સંખ્યામાં ભારત દુનિયામાં ત્રીજા ક્રમે છે.
- ભારત દેશ માંસ ઉત્પાદનમાં દુનિયામાં પાંચમા ક્રમે અને માંસની નિકાસમાં દુનિયામાં પહેલા ક્રમે છે.
- ચામડાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. દુનિયાના ૧૦% ચામડાનું ઉત્પાદન ભારતમાં થાય છે.

*આ આપણા માટે અજાણ્યું લાગે છે પણ આ ગણતરીપૂર્વક થયેલું છે તેનો ખ્યાલ નીચે આપેલી થોડી વિગતોથી સમજાશે જેમાં સરકાર અને બીજી સંસ્થાઓ આ બાબતમાં શું કહે છે:*

૧. 'બહુ મોટું પશુધન હોવા છતાં, માંસ ઉદ્યોગને જોઈએ તેવો હિસ્સો નથી મળ્યો. દૂધ ઉત્પાદનમાં ભારત દુનિયામાં એક નંબર છે પરંતુ તેની સાથે માંસ ઉત્પાદનનો વિકાસ થવો જોઈએ તે

નથી થયો'-ભારત સરકારના વાણિજ્ય ખાતાની વેબસાઈટ મુજબ.

૨. 'ભારતમાં વધતી જતી દૂધની માંગને કારણે ભેંશના માંસનું ઉત્પાદન વધી રહ્યું છે અને આ ડેરી ઉદ્યોગના વિકાસના કારણે થઈ રહ્યું છે.'-અમેરિકાના ખેતી વિભાગના અહેવાલ મુજબ.

૩. 'શ્વેત ક્રાંતિ તો જ સફળ થશે જ્યારે બિનજરૂરી પ્રાણીઓને અલગ કરીને માંસની નિકાસ વધારવામાં આવે'-માંસના મોટા નિકાસકાર અલ્લાના કંપનીના રિપોર્ટ મુજબ.

૪. જુલાઈ ૧૯૯૫માં ભારત સરકારે આપણી સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે 'આ તદ્દન સ્પષ્ટ છે કે સરકાર વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુધનના વિકાસ અને તેના વપરાશ માટે જેમાં સારી ગુણવત્તાના માંસનું ઉત્પાદન પણ આવી જાય છે તે માટે પ્રોત્સાહન આપી રહી છે.'

૫. બ્રાઈટ ગ્રીન નામની સંસ્થાના રિપોર્ટ મુજબ જ્યારે પણ વિદેશી ડેરી કંપનીઓ કોઈ પણ દેશમાં ડેરી સ્થાપે છે ત્યારે તે દેશમાં કલતખાના, ચામડા ઉદ્યોગ અને માંસ-ચામડાની નિકાસની કેવી શક્યતાઓ છે તેની તપાસ પહેલાં કરે છે.

૬. આપણે ભારતમાં અમુલ ડેરી માટે ખૂબજ ગૌરવ લઈએ છીએ પરંતુ તેના મેનેજિંગ ડાયરેટરનો લેખ જે ઈકોનોમીક ટાઈમ્સ છાપામાં (ઑગસ્ટ ૯, ૨૦૧૩) આવેલો તેમાં તેમણે લખેલું કે 'પ્રાણી ઉછેરથી દૂધ અને માંસમાંથી આવક મળે છે અને ડેરી માટે માંસ એ અગત્યનું આવકનું સાધન છે.'

**૩. દૂધની ઘટતી જતી ગુણવત્તા, દૂધમાં થતી ભેળસેળ અને પર્યાવરણ પર ખરાબ અસરઃ**

આજની દૂધ ઉદ્યોગની પરિસ્થિતિ ફક્ત પ્રાણીઓ માટે જ દુઃખદાયક છે અને મનુષ્યો માટે કોઈ જ તકલીફ નથી તેવું નથી. કુદરતનો એક શાશ્વત નિયમ છે કે કોઈ વસ્તુ એક જીવ માટે ખરાબ હોય તો તે બીજા જીવો માટે કદી પણ સારી ન હોઈ શકે.

**અ. આજના દૂધની ઘટતી જતી ગુણવત્તા**-આજના સમયમાં વધારે દૂધ મેળવવા માટે પ્રાણીઓને અપાતી વધારે પડતી દવાઓ અને તેને લીધે દૂધની ગુણવત્તામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એંટીબાયોટીક દવાઓના કુલ ઉત્પાદનના ૮૦% દવાઓ પ્રાણીઓને આપવામાં આવે છે. પ્રાણીજન્ય ખાવાની વસ્તુઓ મારફત માણસોનું શરીર એંટીબાયોટીક પ્રતિકારક (antibiotic resistance) થઈ જાય છે અને તેની માણસજાતના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડે છે.

**બ. દૂધમાં થતી ભેળસેળ**-દૂધની વધતી જતી માંગ અને બેફામ ભાવવધારાના લીધે ભેળસેળનું પ્રમાણ ભયનજક કક્ષાએ વધ્યું છે. ભારતના એક નાગરિકે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી 'જાહેર હિતના કાયદા' (PIL) હેઠળ કરેલી અરજીના સંદર્ભમાં ભારત સરકારે તેના સોગંદનામામાં (affidavit) કબુલ કર્યું કે ભારતમાં વેચાતું ૬૮% દૂધ ભારત ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટીના ધારાધોરણ પ્રમાણે નથી. તેમાં યુરિયા, પાણી, કોસ્ટિક સોડા, રંગ, સાકર, ડીટરજન્ટ, સ્ટાર્ચ, ગ્લુકોઝ, મીઠું, દૂધનો પાવડર (Skimmed Milk Powder) અને વેજીટેબલ ફેટ, વિ. છે. આ બધી મિલાવટની વસ્તુઓના કારણે કેન્સર જેવા ભયાનક રોગો થવાની શક્યતાઓ ઘણી વધી જાય છે.

**ક. મનુષ્યના સ્વાસ્થ્ય માટેના દૂધની જરૂરિયાત**-ઘણાં બધાં સંશોધનોમાં સાબિત થયું છે કે માણસજાતને પ્રાણીઓના દૂધની જરૂર નથી. માણસ જ એક એવું પ્રાણી છે કે જે બીજા પ્રાણીઓનું દૂધ પીવે છે. દૂધમાં વધારે ચરબી અને કોલેસ્ટ્રોલ છે. ફાઈબર (fibre) બિલકુલ નથી. લોકોને સામાન્ય રીતે એક ડર હોય છે કે આપણે દૂધ ન લઈએ તો પૂરતા પ્રમાણમાં કેલ્શિયમ અને પ્રોટીન આપણને નહીં મળે. પરંતુ દૂધ કરતાં પણ વધારે કેલ્શિયમ અને પ્રોટીન તલ, બદામ, કરીપત્તા, સોયાબીન વિગેરેમાંથી મળે છે.

**ડ. પર્યાવરણ પર થતી ગંભીર અસર**-બિનકુદરતી રીતે થતો કરોડો પ્રાણીઓનો ઉછેર અને તેને લીધે પર્યાવરણ પર ગંભીર અસર ઊભી થાય છે. યુનાઈટેડ નેશનના જણાવ્યા મુજબ સમગ્ર વિશ્વની જમીનના કુલ ૩૦% જમીન પ્રાણીઓના ઉછેર માટે વપરાઈ રહી છે. દુનિયામાં ૫૦% પીવાનું પાણી માંસ બનાવવાની પ્રક્રિયામાં વપરાય છે. પ્રાણીઓના પાચનતંત્રની રચના એવી છે કે તેના લીધે 'મીથેન (methane CH-greenhouse gas)' નામનો ગેસ મોટા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. આ ગેસના લીધે વધતી જતી ગરમી, સમુદ્રમાં પાણીના સ્તરમાં ફેરફાર, અતિ ઠંડું કે અતિ ગરમ વાતાવરણ, કુદરતી આપત્તિ, વિ.ની ભયાનક અસર જોવા મળે છે.

**૪. આપણે થોડો વિચાર કરીએ...**

**અ. દૂધ અને ચામડું**-કૃષિ ખાતાના અંદાજ મુજબ ૨૦૧૬ના વર્ષ સુધીમાં ૧૫૦૦ લાખ ટન દૂધની જરૂર પડશે. ચામડાની નિકાસ આજના રૂ. ૨૭,૦૦૦/- કરોડની સામે ૨૦૧૬-૧૭ના વર્ષ સુધીમાં રૂ. ૮૪,૦૦૦/- પહોંચી જશે. ચામડાની આ ત્રણ ગણી નિકાસનું લક્ષ્ય... *આટલી સંખ્યામાં પ્રાણીઓ આવશે ક્યાંથી...ડેરી ઉદ્યોગની સહાય વગર આટલા પ્રાણીઓ મળવા મુશ્કેલ છે.*

**બ. ગાય અને ભેંશ**-રસ્તા ઉપર ગાયો રખડતી દેખાય છે પરંતુ ભેંશો કેમ દેખાતી નથી?

જે ગાયો દૂધ આપતી નથી તેને રસ્તા પર છોડી દેવાય છે. કારણ કે ભારતમાં ઘણાં રાજ્યોમાં ગાયોની કતલ પર પ્રતિબંધ છે પરંતુ, ભેંશો માટે આવા કોઈ કાયદાનું રક્ષણ નથી અને તેઓ ડેરીથી સીધા કતલખાને જાય છે. જીવ તો બંને સરખા છે તો પછી ભેદભાવ શું કામ?

**ક. દૂધ અને માંસ-સિક્કાની બે બાજુ**-આજના ડેરીઉદ્યોગ અને કતલખાનાના આર્થિક ગણિતનો દાખલો તો જ બરાબર બેસે જો પ્રાણીઓનો 'જીવતા અને મર્યા પછી' એમ બંને રીતે ઉપયોગ હોય. આવા દૂધ અને માંસ એક સિક્કાની બે બાજુ જેવા થઈ ગયા છે. આપણે સિક્કાની એક બાજુના આર્થિક મૂલ્યને નાબુદ કરીએ તો સિક્કો ખોટો થઈ જાય અને આપણે પણ આ દૂધ અને માંસની ભાગીદારીના વ્યાપારમાંથી બહાર નીકળી જઈએ.

**૪. પશુ અને ગોમાંસની ગેરકાયદે હેરફેર**-આપણે છાપામાં ઘણીબધી વાર સમાચાર વાંચતા હોઈએ છીએ કે ટ્રકમાં ગેરકાયદેસર લઈ જવાતું ગોમાંસ પકડાયું. આવી જ રીતે પ્રાણીઓની ગેરકાયદેસર હેરફેર થતી હોય છે ત્યારે પોલીસ તેને પકડે છે તેવા સમાચાર પણ વારે વારે સાંભળવા મળે છે. *પરંતુ, આપણે એ વિચાર નથી કરતા કે કસાઈઓ પાસે આ ગાયો ક્યાંથી આવી...તેમણે તો આ ગાયોનો ઉછેર નથી કર્યો...હકીકતમાં આ એ જ ગાયો છે જેનું દૂધ આપણે પીધું છે અને હવે તેઓ દૂધ આપતી નથી તેથી કસાઈઓને વેચી દેવામાં આવી છે. આપણે સમસ્યાના મૂળ સુધી જવાની જરૂર છે. બીજાને દોષ આપવો બહુ સહેલો છે.*

આ સનાતન સત્ય છે કે **કુદરતની રચના સાથે રમત ન કરો.** અતિશય વધતી જતી દૂધની માંગને સંતોષવા માટે પ્રાણીઓની સંખ્યામાં બિન્કુદરતી રીતે ભયજનક વધારો કરવો તે કુદરતના નિયમની વિરુદ્ધ છે. પ્રાણીઓનો કુદરતી રીતે વિકાસ થશે તો કુદરત તેની વ્યવસ્થા કરશે. આપણી જરૂરિયાત તેટલી જ હોવી જોઈએ કે જેથી કરીને પ્રાણીઓની જિંદગી સાથે ચેડા કરવાની જરૂર જ ન રહે. 'પ્રાણીઓનું દૂધ લેશું ત્યાં સુધી ભગવાન માફ કરશે, પરંતુ આપણે જ્યારે તેઓના લોહીની ધાર વહેરાવશું તો ભયંકર મુશ્કેલીમાં મૂકાશું'. ઋષભદેવ ભગવાન વિશેના પુસ્તકમાંથી.

**૫. અહિંસાનો સાચો અર્થ**-*અહિંસા શબ્દ શાકાહારી શબ્દ કરતાં ઘણો વિશાળ છે-અહિંસા સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ થાય છે 'કોઈને નુકશાન કે ઈજા ન પહોંચાડવી'.* આપણા ખૂબ જાણીતા જૈન લેખક જયભિખ્ખુએ 'ભગવાન મહાવીર' વિશેના પુસ્તકમાં *'જે વ્યક્તિ આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્તવાદ પાળતો હોય તે જૈન'* છે તેમ લખ્યું છે.

આપણા શાકાહારી લોકોના ખોરાકમાં દૂધ અને દૂધની બનાવટની વસ્તુઓનો ઉપયોગ સદીઓથી થતો આવ્યો છે અને આપણને તે તદ્દન સહજ લાગે છે. આપણે અહિંસાના સિદ્ધાંતનું પાલન કરવા માટે શાકાહારી જીવનશૈલી અપનાવવી. પરંતુ આજના બદલાતા સમયમાં શાકાહારી ખોરાક પદ્ધતિમાં દૂધ અને દૂધની બનાવટની વસ્તુઓનો ઉપયોગ કરી શકાય કે નહીં તે વિચારવાનો સમય પાકી ગયો છે. ૪૦-૫૦ વર્ષ પહેલાં દૂધના વપરાશમાં કદાચ કાંઈ ખરાબ ન હતું કારણ કે પ્રાણીઓ પ્રત્યે કોઈ ક્રુરતા ન હતી પરંતુ હવે સમય અને સંજોગો બદલાયા છે. આપણને હવે દૂધ-માંસ-ચામડાની કડી સ્પષ્ટ દેખાઈ રહી છે. *આપણે શાકાહારી દરેક લોકોએ આપણી જાતને એક સવાલ એ પૂછવાનો છે કે પ્રાણીઓની કત્લેઆમની આખી પ્રક્રિયામાં આપણો દોષ કેટલો અને જો આપણને આપણો દોષ જણાતો હોય તો પછી બીજો સવાલ એ પૂછવાનો કે...હવે કરીશું શું ????? શું કરવું જોઈએ ????*

**૬. આપણે શાકાહારી માણસો...અહિંસાના સાચા માર્ગે ચાલવા માટે શું કરવું ?**

આપણે દૂધ અને ચામડાની માંગ ઘટાડીએ તો બિનકુદરતી રીતે થતો પ્રાણીઓનો ઉછેર ઓછો થાય અને કતલખાનાને મળતા પ્રાણીઓની સંખ્યામાં ઘટાડો થાય. આ બહુ સાદો અર્થશાસ્ત્ર (Economics) નો-માંગ, પુરવઠો અને કિંમત (Demand-Supply and Price) નો નિયમ છે. આપણી પાસે દૂધ અને ચામડાની માંગ ઘટાડવાના બહુ બધા ઉપાયો છે.

**૧. પહેલો અને ઉત્તમ ઉપાય છે-વેગનીઝમ (Veganism)** : દૂધ અને દૂધની બનાવટોનો સંપૂર્ણ ત્યાગ. આજે આખી દુનિયામાં વેગાનીઝમનો વાયરો ફૂંકાવા લાગ્યો છે અને તેને શાકાહારી પદ્ધતિના ચુસ્ત પાલન માટે અનિવાર્ય ગણવામાં આવી રહ્યું છે. જૈન શાસ્ત્રો પ્રમાણે પણ દૂધ, ઘી, માખણ, વિ. વિગયોઓનો ત્યાગ બતાવવામાં આવ્યો છે. એક સાથે અને અચાનક સંપૂર્ણ વેગન બનવું દરેક માટે કદાચ શક્ય નથી પરંતુ દૂધનો ધીરે ધીરે વપરાશ ઓછો કરતા જઈએ તો પણ ઘણું છે. દૂધનો વપરાશ ફક્ત બાળકો માટે કરીએ. મોટા લોકો તેનો ઉપયોગ ઘટાડે તેવું કરીએ. *જૈનો માટે કાંદા-બટેટાનો ઉપયોગ વર્જ્ય હોય તો દૂધ અને દૂધની બનાવટોનો ઉપયોગ બરાબર ગણાય ખરો ?*

૨. બીજો ઉપાય પણ છે જે ખૂબ જ સરળ છે અને અમલમાં મૂકી શકાય છે-*દૂધમાંથી બનતી વસ્તુઓનો ઉપયોગ ઘટાડવો.* ભારતમાં દૂધ અને દૂધની બનાવટોની માર્કેટ રૂ. ૪ લાખ કરોડની છે અને આમાંથી ૪૫% પ્રવાહી દૂધની માંગ છે જ્યારે બાકીના ૫૫% દૂધમાંથી બનતી બીજી વસ્તુઓ માટે છે જેમકે: ઘી (બટર), ચીઝ, પનીર, આઈસ્ક્રીમ, મીઠાઈઓ, ચોકલેટ. વિ. આપણા લોકોનો આ દરેક વસ્તુઓનો વાર્ષિક વપરાશ હજારો ટન છે. આપણે કોશિશ કરીએ તો જરૂરથી આમાં ઘણો કાપ મૂકી શકીએ. આપણે આ તો જરૂરથી ઓછું કરી શકીએ..કાંઈક તો કરવું પડશે..કરવું જોઈએ...

**૩. દૂધ અને દૂધની બનાવટની વસ્તુઓના વિકલ્પો છે તેનો ઉપયોગ કરીએ :** પ્રાણીઓના દૂધને બદલે સોયા, બદામ, નાળિયેરી, વિ.ના દૂધનો ઉપયોગ કરીએ. તેવી જ રીતે તોફુ, સોયા ચીઝ, બદામનું બટર, વિ. વાપરવાનું ચાલુ કરીએ. ડેરી ફ્રી આઈસ્ક્રીમ પણ મળે છે. Youtube, google, વિ. પર ઘણી બધી વેગન વસ્તુઓ માટેની

**દૂધ–દૂધની પેદાશ અને કૅન્સર**

તાજેતરમાં સાબિત થયું છે કે ચાઈના અને જાપાનમાં મહિલાઓને સ્તન કૅન્સર અને પુરુષોને પ્રોસ્ટેટ કૅન્સર ભાગ્યે જ થાય છે કારણ કે આ દેશના લોકો દૂધ અને દૂધની પેદાશનો ઉપયોગ કરતા નથી.

જેમને આ કૅન્સર થયું હોય એવા દર્દી જો દૂધ અને દૂધની પેદાશને આરોગવાનું બંધ કરે તો આ દર્દીઓને અવશ્ય આ રોગમાં રાહત થાય છે.

-સંકલન : **હિંમતલાલ દોશી**

રેસીપીના વિડીયો અને વિગતો જાણવા મળે છે.

**૪. ધાર્મિક બાબતોમાં દૂધ અને ઘીનો ઉપયોગ...ભગવાનને આ પસંદ હશે ખરું ?** આજના દૂધમાં પસ, લોહી, એન્ટીબાયોટીક દવાઓ અને બીજા અનેક જાતના હોર્મોન છે. આ દૂધ ભગવાનને ધરવા માટે 'શુદ્ધ અને પવિત્ર' ગણી ન શકાય. આની જગ્યાએ વેજીટેબલ ઘી કે સોયા દૂધનો ઉપયોગ કરવો જોઈએ. ધાર્મિક જમણવારોમાં તો દૂધની બનાવટોનો ઉપયોગ ઓછો કરવો જોઈએ.

**૫. ચાય પે ચર્ચા...ગ્રીન ટી-લીલી ચા (દૂધ વગરની) નો ઉપયોગ કરીએ :** ભારતના દરેક પ્રાંતમાં મોટા ભાગના લોકો દિવસમાં ઘણી બધી વાર દૂધમાં બનાવેલી ચા પીવે છે. રોજનું લાખો લીટર દૂધ આપણે ચા માટે વાપરીએ છીએ. જ્યારે બીજા દેશોમાં દૂધ વગરની ચા પીવાનો રિવાજ પ્રચલિત છે. ગ્રીન ચા પીવાથી આરોગ્યની દૃષ્ટિએ પણ બહુ બધા ફાયદા થાય છે.

**૬. અહિંસક વસ્તુઓનો વપરાશ :** એક ગણતરી પ્રમાણે માંસ ઉદ્યોગને પ્રાણીઓની ચામડી અને બીજા અવયવોમાંથી થતી આવકનું પ્રમાણ બહુ જ વધારે છે અને તેના લીધે માંસ ઉદ્યોગનો વિકાસ બહુ ઝડપી થયો છે. આપણા માટે બહુ બધી અહિંસક વસ્તુઓના વિકલ્પ તૈયાર છે અને તે પણ આપણી જરૂરિયાત કે મોજશોખમાં કાપ મુક્યા વગર શક્ય છે.

**૭. નીતિમય આર્થિક વ્યવહાર-શેરોમાં રોકાણ કરીએ. પરંતુ સાથે સાથે માનવતા ન ભૂલીએ :** શેર બજાર (Stock Market) માં રોકાણ કરતાં પહેલાં એક વાતનું ચોક્કસ ધ્યાન રાખીએ કે આપણે માંસ, દારૂ, ડેરી અને ડેરી પ્રોડક્ટસનું ઉત્પાદન કરતી કંપનીઓ, ચામડું, ઈંડા, ચીકન, સિગારેટ, તંબાકુ, હૉટેલ, દવા બનાવતી કંપનીઓ, વિ. ઉદ્યોગોને પ્રોત્સાહન ન આપીએ. આ દરેક ઉદ્યોગો માનવી અને પ્રાણી બંને માટે હાનિકારક છે.

**૮. પ્રાણી રક્ષાના કાયદાઓનો અમલ કરાવવો**-દેશમાં પ્રાણીઓની રક્ષા માટે બહુ બધા કાયદા છે પરંતુ અમલના નામે મીંડું છે. આજે જ્યારે ભારતની જનતાએ ભારે બહુમતીથી ભાજપની સરકારને જીતાડી છે ત્યારે આપણે સરકારને યાદ કરાવીએ કે આ ભયંકર હત્યાકાંડને બંધ કરાવે. *પ્રાણીઓ ચૂંટણીમાં મત આપતા નથી. તો કોણ તેના માટે બોલશે અને કોણ સાંભળશે. તેના પ્રતિનિધિ કોણ ?*

**૯. જીવદયા માટે બીજું ઘણું બધું કરી શકાય** – આપણે શાકાહારી લોકો જીવદયા માટે જે કાર્યો કરીએ છીએ તે મોટે ભાગે 'પાંજરાપોળ' અથવા તો 'જીવ છોડામણ' સુધી સીમિત થઈ જાય છે. ભારતના જૈનો કરતાં સવાયા જૈનો કહી શકાય તેવી વિશ્વમાં બહુ બધી સંસ્થાઓ પ્રાણીઓ પ્રત્યેની અનુકંપા વધારવા બહુ મોટા પાયે કાર્યો કરી રહી છે અને તે પણ માનવ ધર્મ, પ્રાણીઓ પ્રત્યેની અનુકંપા અને સ્વાસ્થ્ય-પર્યાવરણના રક્ષણ માટે કરી રહી છે.

**આટલું યાદ રાખીએ**-દૂધની વધતી જતી માંગના લીધે પ્રાણીઓનો સંખ્યામાં બિનકુદરતી રીતે બેફામ વધારો કરાઈ રહ્યો છે. ખૂબ જ ઓછા વર્ષોમાં વધારેમાં વધારે દૂધ લઈને પ્રાણીઓનું ઉપયોગી આયુષ્ય ઓછું કરાઈ રહ્યું છે. જીવતા પ્રાણીઓની ચામડી (Leather) આપણા જૂતા, બેલ્ટ, પર્સ, જેકેટ, વિ.ની જરૂરિયાત માટે ઉતરડી લેવાય છે. આપણી રોજિંદી વપરાશની અને ખાવા પીવાની ઘણી બધી વસ્તુઓ બનાવવા માટે પ્રાણીજન્ય વસ્તુઓનો વપરાશ થઈ રહ્યો છે. આ દરેક વસ્તુઓ પ્રાણી હત્યાનું એક મોટું કારણ બની રહ્યું છે અને માંસ ઉદ્યોગને પીઠબળ આપી રહ્યું છે. તેથી આપણું કર્તવ્ય બને છે કે દૂધ, ચામડું અને અન્ય પ્રાણીજન્ય વસ્તુઓનો વપરાશ બને તેટલો ઓછો કરવો.

આશા છે કે આપ આ બાબતમાં વિચાર કરશો. ✷✷✷

૪૦૩, સ્કાય હાઈ ટાવર, શંકર લેન, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૪.
મોબાઈલ : ૦૯૮૨૧૧૨૭૪૭૫, e-mail : atul@ahaholdings.co.in

## ૮૫,૦૦૦ પુસ્તકોની અંગત લાયબ્રેરી - જ્ઞાનાલય

૭૨ વર્ષના શ્રી બી. ક્રિષ્ણમૂર્તિ પાસે ઘરની લાયબ્રેરીમાં ૮૫,૦૦૦ પુસ્તકો છે, જેમાંથી ૧૫,૦૦૦ અંગ્રેજીમાં અને ૭૦,૦૦૦ તમિલ ભાષામાં છે. કિશોર અવસ્થામાં ક્રિષ્ણમૂર્તિના પિતાશ્રીએ તેમને એક પુસ્તક આપ્યું, જેમાં એક મેગેઝીનના સંપાદકની સાઈન કરેલી હતી. આ પુસ્તક બીજે ક્યાંક જોવા મળતું ન હતું. ક્રિષ્ણમૂર્તિને આવા દુર્લભ પુસ્તકો મેળવવાનો ચસકો પાછળથી લાગ્યો. પુસ્તકની પહેલી એડીશન-આવૃત્તિ તેઓ ભેગી કરવા લાગ્યા. શિક્ષકની નોકરી કરતા. વેકેશનમાં દૂર દૂર વિસ્તારોમાં ઘરે ઘરે ફરે. એક ગામડામાં જવા એક જગ્યાએ સાયકલ ભાડે લેવા ગયા. દુકાનદાર વણઓળખ્યા માણસ પર કેમ ભરોસો કરે ! ભાઈએ પોતાની મોંઘી ઘડિયાળ સાયકલવાળાને જમાનતમાં આપી. આવા કામ માટે જરૂર પડે પહેરેલું પહેરણ પણ ઉતારીને આપી દેવાની તૈયારી તેમની હતી. કૃષ્ણમૂર્તિનું માનવું છે કે ઘણાં પ્રકાશકો મૂળ આવૃત્તિમાંથી કેટલીક સામગ્રી પાછળની આવૃત્તિમાં દૂર કરી નાંખતા હોય છે. તેમને મન આ અયોગ્ય હતું.

શિક્ષકની નોકરીમાં પાંચ જિલ્લાઓમાં જ્યાં બદલી થાય ત્યાં ટ્રક ભરીને પુસ્તકો લઈ જતા હતા. છેલ્લે ૧૯૯૯માં પૂડુકોટ્ટાઈમાં પોતાના રહેવા તેમજ પુસ્તકો માટે મકાન બનાવ્યું.

અત્યારે પ્રતિવર્ષ ૨ લાખ રૂપિયા પુસ્તકોની જાળવણી પાછળ ખર્ચ છે. આ પૈસા તેમની અને તેમની પત્ની ડોરોથી (Dorothy)ની પેન્શનની આવકમાંથી વાપરે છે. આ પુસ્તકો ડિજીટલાઈઝ કરવાની ઈચ્છા પણ તેઓ ધરાવે છે. લાયબ્રેરી માટે સરકારની સહાય માટે પ્રયત્ન કરી જોયો પરંતુ કોઈ પ્રતિસાદ મળ્યો નહીં.

પુસ્તકનું નામ 'જ્ઞાનાલય' રાખ્યું છે જેની મદદથી ૧૦૦ - Ph.D. અને ૧૫૦ એમ.ફિલ.ના વિદ્યાર્થીઓ તૈયાર થયા છે.

દેશ-વિદેશના લોકો આ વ્યક્તિગત માલિકિની ખાનગી લાયબ્રેરી જોવા આવે છે. આ પુસ્તકપ્રેમીને કેટલાંક 'ગાંડો માણસ' કહે છે.

શ્રી કૃષ્ણમૂર્તિ અને ડોરોથીને ધન્યવાદ.

(ભૂમિપુત્ર, ૧૬-૪-૨૦૧૩)

# ભાવ-પ્રતિભાવ

(૧)

જૈન તીર્થોની શિલ્પ તથા સ્થાપત્ય કલા માટે ખાસ પ્રકારનો દીપોત્સવી અંક આપશ્રીએ ઘણાં વિદ્વાન લેખકોની મદદથી પ્રસિદ્ધ કર્યો તે અંક વાંચતાં વાંચતાં ખૂબ જ આનંદ થયો. અત્યાર સુધીમાં જૈન ધર્મના સિદ્ધાંતો તથા તત્ત્વજ્ઞાન ઉપર ઘણાં વર્ષોથી ઘણું ઘણું વાંચવા મળ્યું છે, પરંતુ શિલ્પ તથા સ્થાપત્ય કળા વિષે લગભગ ક્યારેય બહુ વાંચવા મળ્યું નથી.

આપણા ઘણાં બધાં મંદિરોની સ્થાપત્ય કળા વિષે બહુ માહિતી સભર લેખો લેખકોએ લખેલ છે અને ઘણાં બધાં ફોટોગ્રાફ પણ આપશ્રીએ પ્રિન્ટ કરેલ છે અને હરેક ફોટોગ્રાફની કયા પ્રકારની વિશિષ્ટતા છે તેની પણ માહિતી આપશ્રીએ પ્રસિદ્ધ કરેલ છે.

ઘણાં બધાં રાજા-મહારાજા તથા જૈન આગેવાન મંત્રીઓ તરફથી ઘણાં બધાં દેરાસરો તથા મંદિરો બનાવવામાં આવ્યા છે. ડૉ. રેણુકાબેન પોરવાલને અભિનંદન.

મોગલોના સમયમાં ઘણાં મંદિરો તથા સ્તુપોને તોડી પાડવામાં આવ્યા હતા. મોગલો માનતા હતા કે હિન્દુસ્તાનમાં રાજ કરવું હોય તો મંદિરો તથા તેની સ્થાપત્ય કળાને તોડી પાડવી જોઈએ. તે ઉપરાંત મોગલોએ પોતાના ધર્મની સ્થાપના કરવા માટે અનેક પ્રકારની મસ્જિદો, મકબરાઓ તથા ભવ્ય મિનારા ઊભા કર્યા જેથી મુસલમાન ધર્મનો પ્રચાર વિશેષ થાય.

શિલ્પ કળા તથા સ્થાપત્ય કળા દુનિયાના અનેક દેશોની અંદર વિવિધ પ્રકારે પ્રચલિત થઈ છે અને તેમાંના ઘણાં અદ્‌ભુત સ્થાપત્ય કળાના નમૂનાઓ `Wonder of the world' ના નામે પ્રખ્યાત છે.

આપશ્રીને તથા અંકમાં જે જે લેખક વિદ્વાનોએ પોતાના લેખ આપી અંકને માહિતીપૂર્ણ અને સમૃદ્ધ બનાવ્યો છે તે બધાને મારા હાર્દિક અભિનંદન.

□ **ચમનલાલ ડી. વોરા**, ઘાટકોપર-મુંબઈ.
ફોન : ૦૨૨ ૨૫૦૧૧૬૧૯

(૨)

'પ્રબુદ્ધ જીવન'નાં વાચક પરિવારોના જીવનમાં શુભનો સૂર્યોદય પ્રગટે...શીતળતાનો ચંદ્રોદય પ્રગટે...જીવન પ્રસન્નતામય બની રહે તેવી શુભ ભાવના.

'પ્રબુદ્ધ જીવન'ના એક પછી એક વિશિષ્ટ અંકો જેવા કે ગણધરવાદ, કર્મવાદ અને હમણાં જૈન તીર્થ વંદના અને શિલ્પ સ્થાપત્ય વિશેષાંક અતિ સુંદર અને સુજ્ઞાની બન્યા. ડૉ. શ્રીમતી રેણુકાબેન પોરવાલ અને ડૉ. શ્રી અભય દોશીને હાર્દિક અભિનંદન. આ અંક તૈયાર કરવા બદલ બંને વિદ્વાનોએ પોતાની કાર્યદક્ષતાનો ઉત્તમ પરિચય કરાવ્યો છે.

જૈન શાસનના ઇતિહાસમાં આદિ કાળથી શિલ્પ-સ્થાપત્યનું અનેરું મહત્ત્વ રહ્યું છે જેના કારણે જૈનો તો ખરાં જ, પણ દેશ-વિદેશથી આવતા પર્યટકોને પણ આપણાં પ્રાચીન તીર્થોને જોવા, જાણવા ને માણવા ગમે છે અને ગમતાં રહેશે.

આ અંકમાં ભારતના અનેક મોટાં મોટાં રાજ્યોમાં, શહેરોમાં આવેલા જિનાલયોના શિલ્પ-સ્થાપત્યનું નજરાણું ઘરે બેઠાં ભેટ સ્વરૂપે મળી ગયું, તે ગમ્યું. રાણકપુર તો ક્યારેય ન ભૂલી શકાય. એ જમાનામાં ધનપતિ શ્રેષ્ઠિઓ અને સોમપુરાઓ વિશિષ્ટ ઉચ્ચ કોટિના જીવો હતા. આજે મને પણ એક વાત કહેવાનું મન થાય છે કે આપના તંત્રીલેખમાં જણાવ્યું છે કે એપ્રિલ ૨૦૧૪માં પાટણ તીર્થોનાં દર્શન કરવા ગયા. ત્યાં આ બંને વિદ્વાન લેખકો આપની સાથે જ હતા અને ત્યાં જ આ વિશેષાંક બહાર પાડવાનો નિર્ણય લેવાયો. મને આશ્ચર્ય એમ થયું કે પાટણ તો ઐતિહાસિક નગરી છે. વનરાજ ચાવડા, શ્રી કલિકાલ હેમચંદ્રાચાર્ય, કુમારપાળ મહારાજાની આ નગરીમાં આજે પણ એક એકથી ચઢિયાતા ૧૦૮ જિનાલયો શોભી રહ્યાં છે. જેની તીર્થ વંદના 'સકલ તીર્થ' સ્તવનામાં પણ કરવામાં આવી છે.

*'ગામ નગર પુર પાટણ જેહ,*
*જિન ચૈત્ય નમું ગુણ તેહ.'*

શિલ્પ-સ્થાપત્યના બેનમૂન જિનાલયોમાં સૌ પ્રથમ નંબરે આવે છે પાટણના ઢંઢેરવાડામાં આવેલું જીવિત મહાવીર સ્વામીનું જિનાલય. એના રંગમંડપમાં સંવત ૧૫૭૬માં નિર્માણ પામેલ અતિ બારીક, સુંદર, નયનરમ્ય કોતરણી અને ભવ્ય કારીગરીવાળો લાકડાનો અફલાતુન ઘૂમ્મટ છે. આખો ઘૂમ્મટ વન પીસ છે. તેમાં નેમનાથ ભગવાનના લગ્ન સમયની જાન, ચોરી તથા રાજુલનો ઝરુખો, પશુ-પંખીનું રૂદન વિ. વિ. દર્શાવતી કોતરણી છે. આ ઘૂમ્મટની વિશેષતા એ છે કે એને પાણીની અસર બિલકુલ થતી નથી તેમજ આગ લાગે તો પણ અસર થતી નથી.

ઘણીવાર પરદેશથી આવતા પર્યટકોએ ઊંચા દામે આ ઘૂમ્મટ ખરીદવાની માંગણી કરી હતી. કદાચ આવો ઘૂમ્મટ ભારતના અસંખ્ય જિનાલયોમાંનો એક માત્ર અનોખો અને અદ્વિતિય છે. પાટણની આન-બાન ને શાન સમું આ જિનાલય જોવા જેવું તો છે જ. અહીં સ્થળ સંકોચને કારણે બીજાં અનેક જિનાલયોનો ઉલ્લેખ થઈ શક્યો નથી. માત્ર વાચક પરિવારોની જાણ ખાતર માહિતી આપેલી છે. જ્યારે પણ પાટણ જવાનો અવસર મળે તો અચૂક લાભ લેશો.

આભાર.

□ **ભારતી બી. શાહ**, વિલેપાર્લે-મુંબઈ.
મોબાઈલ : ૦૯૩૨૪૧૧૫૫૭૫

(૩)

'પ્રબુદ્ધ જીવન'નો દીપોત્સવી અંક સર્વ પ્રકારે ઉત્તમ રહ્યો. તીર્થો વિશેની માહિતી સામાન્ય કરતાં વિશેષ રહી છે એ આ અંકની સિદ્ધિ છે!

તમને તથા તમારા સહ સંપાદકોને અભિનંદન. સહુએ ખૂબ જ શ્રમ લીધો હશે ત્યારે આ અંક આટલો સુંદર બન્યો છે!

❑ **રમેશ બાપાલાલ શાહ**, સુરત

(૪)

આજે તમારી શ્રમ-પ્રસાદી રૂપ 'પ્રબુદ્ધ જીવન'નો જૈનતીર્થ વંદના વિશેષાંક મળતાં અતિ આનંદ થયો. તમે કેવા સરસ વિષયો શોધી સમગ્ર વાચક સમાજનું નવ પ્રસ્થાન કરાવો છો? આ અંક એક અમૂલ્ય વિરાસત રૂપ છે. ગુજરાતમાં જૈન તીર્થોની ઉજ્જવળ પરંપરામાં અનેક જ્ઞાતિના લોકો પણ ભળેલા છે. તેનું મુખ્ય આકર્ષણ-કલા-કોતરણી અને શિલ્પ સ્થાપત્ય છે. મેં વર્ષો સુધી હઠીભાઈની વાડીમાં કામ કર્યું. જ્યારે ત્યાંથી પસાર થવાનું બને ત્યારે કોઈ ભિન્ન કોમના લોકોને જોઈ હૈયું હરખાય. મૂર્તિની કલા સાથે જ્યારે મંદિરનું સ્થાપત્ય કલામય બની ઉઠે ત્યારે સમગ્ર પ્રજા માટે ધરોહર બની રહે છે. આજે જે જે એવાં તીર્થો છે-તે તે તે પ્રદેશની ધરોહર સમા છે.

❑ **મનુ પંડિત**

જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર, ૧૭ વસંતનગર,
ભૈરવનાથ માર્ગ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮

(૫)

**વૈચારિક સંકીર્ણતા**

સપ્ટેમ્બર ૨૦૧૪ના 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી ધનવંતભાઈએ **જૈનોની ઘટતી-વસ્તી** અને જૈન ધર્મ તેમ જ જૈન ધર્મ અને કલા-અભિનય એ બે વિષય પર કલમ ચલાવી વાચકોના વિચારો જાણવા નિમંત્રણ આપ્યું છે. ઘટના કે વિચારોની દૃષ્ટિએ આ બન્ને વિષયો એકમેકથી સ્વતંત્ર છે. ખૂબ લાંબો વિચાર કરશું તો ખ્યાલ આવશે કે આ બન્ને પ્રશ્નો વચ્ચે ઊંડે ઊંડે એક સામ્યતા રહેલી છે અને તે છે વૈચારિક સંકીર્ણતા.

નવા નવા ધર્મસ્થાનકો બનાવો, ભવ્યાતિ ભવ્ય ઉત્સવો ઊજવો, ભૂતકાળના કથાનકો, પારંપરિક ઇતિહાસ અને દૃષ્ટાંતો ટાંકીને લોકોની વાહ વાહ મેળવો, સાધર્મિકોને એક ટંક મિષ્ટ ભોજન જમાડો, પરભવ માટે પુણ્યનું ભાથું બાંધી રહ્યાંનો દાતા ભક્તોને અહેસાસ કરાવો. મૂળ હેતુ તો હોય છે પેલી વાહવાહ અને ક્યાંક ભગવાનની પલાંઠી પર કોતરાયેલ નામની આંતરિક લિપ્સા. આટલી જ ઇતિશ્રી કે બીજું કંઈ?

પરંપરા! આપણે વોટ્સ એપ સુધી આવી પહોંચ્યા. ધાર્મિક પ્રવૃત્તિઓમાં અદ્યતન ઉપકરણોનો ઉપયોગ જૈન શ્રમણો સુધી નથી પહોંચ્યો? જો કે આ વાત બધાને લાગુ નથી પડતી પણ જેઓ શિક્ષણ, આરોગ્ય, કલા, ધર્મ વગેરે અનેક ક્ષેત્રોમાં પરંપરાના નામે વિરોધ કરી કે મૌન રહી કાળધર્મને–કાળબળને ઉવેખી રહ્યાં છે તેઓ સમાજની પ્રગતિને અવરોધી રહ્યાં છે. સમયના પ્રવાહને ધ્યાનમાં ન લેનારાઓ સમજી લે કે તેમની નીતિરીતિ અને ગતિવિધિઓ જૈન ધર્મને નુકસાન પહોંચાડી રહી છે.

ઇતિહાસને વાંચો, પચાવો, સમયને કાળબળની એરણ પર મૂકો અને જુઓ એ ક્યાં ઢળે છે? કયું સપનું જોયું હતું પૂ. બુદ્ધિસાગરસૂરીજીએ? નવ દાયકા પહેલાં આજના યુગને એમણે જોયો હતો. વલ્લભસૂરિજીની આંખનું આંજણ હતું સંસ્કાર પુરુષોને સર્જનાર મહાવીર જૈન વિદ્યાલય અને અનેક શૈક્ષણિક સંસ્થાઓનું, ચારિત્ર્યવિજયજી કે કલ્યાણચંદ્રજી બાપાના વિચારોનું સર્જન સોનગઢ જુઓ, બે ચોપડી ભણેલા ચારિત્ર્યવિજયજી (કચ્છી)ના સ્વપ્નોથી યશોવિજયજી જૈન ગુરુકુળ નિર્માયું. કચ્છી સમાજને જોમ આપનાર, ધર્મ અને શિક્ષણનો સમન્વય કરનાર શ્રી ગુણસાગરસૂરિજીને યાદ કરીએ. સાધ્વી મૃગાવતીશ્રીજી અને ચંદનાશ્રીજી જેવા નામ યાદ કરીએ જેમણે ઇતિહાસના નવા પાનાં સર્જી આપ્યાં.

સમન્વયી બનો, માનવ જીવનને સ્પર્શતાં બધાં જ અંગોનું રખોપું કરનારા બનો. પૂ. નયપદ્મસાગરજી આજે એ ક્ષેત્રે સમાજને ઢંઢોળી રહ્યાં છે. ધર્મસ્થાનકોની જરૂર છે તેનાથી વિશેષ અનેકગણી જરૂરિયાત આજે માનવસેવાની છે. ટીવી પરના ભાષણો કે વર્ષે બે ચાર પુસ્તકો પ્રસિદ્ધ કરવાથી ન તો કોઈ પરંપરાનું રક્ષણ થશે કે ન કોઈ સમસ્યાનો હલ.

પરમાનંદભાઈએ સંક્રાંતિકાળમાં 'પ્રબુદ્ધ જીવન' દ્વારા અંધશ્રદ્ધા અને ધર્મમાં પેઠેલાં દુષણોને લલકાર્યા, 'પ્રબુદ્ધ જીવન' દ્વારા વાચકોના મનની ડેલીની સાંકળોને ખખડાવી; આજે ધનવંતભાઈએ વિચારોનું સમ્યગ સંસ્કરણ કરી રહ્યાં છે.

આભાર 'પ્રબુદ્ધ જીવન'નો, આભાર વાચકોનો.

❑ **પન્નાલાલ ખીમજી છેડા**

એ-૯૧, પૃથ્વી એપાર્ટમેન્ટ, ૨૧, અલ્ટમાઉન્ટ રોડ,
મુંબઈ-૪૦૦ ૦૨૬. ફોન : ૨૩૫૨ ૩૩૨૮, ૨૩૫૩ ૯૪૫૯.

(૬)

'પ્રબુદ્ધ જીવન' સપ્ટેમ્બરના અંકમાં આપનો લખેલ 'જૈનોની ઘટતી વસ્તી' અને 'જૈન ધર્મ અને કલા-અભિનય' લેખો વાંચ્યા. આપે સુંદર અને સ્પષ્ટ વાત કરી છે.

આજે જે રીતે નવા દેરાસરો બની રહ્યાં છે અને ક્રિયાકાંડો અને ઉત્સવોમાં જે રીતે જૈન સમાજ પૈસા વેડફી રહ્યો છે એ જોઈને હૃદય વ્યથીત થઈ જાય છે. અને હું માનું છું ત્યાં સુધી આમાં કાંઈ જ ફરક પડવાનો નથી.

મહાવીર સ્વામી નિરીશ્વરવાદી હતા. તેમણે ક્યારે પણ મૂર્તિપૂજાને મહત્ત્વ

***ધર્મસ્થાનકોની જરૂર છે તેનાથી વિશેષ અનેકગણી જરૂરિયાત આજે માનવસેવાની છે.***

આપ્યું નથી તો શા માટે આપણાં સાધુ-સંતો દેરાસરો બનાવવાના મોટા પ્રોજેક્ટો હાથમાં લે છે ? આમ જ ચાલ્યા કરશે તો શિક્ષિત જૈન વર્ગ જૈન ધર્મથી દૂર થઈ જ જશે. આજે હું પણ વ્યથીત થઈને જૈન ધર્મથી અળગો થઈ ગયો છું.

આજે પટેલ સમાજને જુઓ–કેટકેટલી જગ્યાએ પટેલ સમાજે યુનિવર્સિટી બનાવી છે. જ્યારે આપણે શું કરી રહ્યા છીએ ? ઠેર ઠેર દેરાસરો બનાવીએ છીએ. ઉત્સવોમાં લાખો રૂપિયા ખર્ચીએ છીએ.

ચુસ્ત જૈન ધર્મીઓને આ વાત ગમશે નહીં. પણ ભવિષ્યની પેઢી આપણને માફ નહીં કરે અને જૈન ધર્મ એક અતિ પ્રાચીન ધર્મનું કદાચ અસ્તિત્વ પણ નહીં રહે.

'મેં જૈન ધર્મ કેમ છોડ્યો' આ લેખ જે મેં એક મેગેઝીનમાં લખ્યો હતો તેની કોપી મોકલું છું.

જૈન ધર્મને નવા વૈજ્ઞાનિક અભિગમથી સમજવાનો અને સમજાવવાનો પ્રયત્ન નહીં થાય તો જૈન ધર્મનું ભવિષ્ય ધૂંધળું છે.

મને તો એ પણ સમજાતું નથી કે મહાવીર સ્વામીની ટી.વી. સિરીયલમાં શું વાંધો છે ? આખી દુનિયા મહાવીર સ્વામી વિશે કેવી રીતે જાણશે કે એક અદ્ભુત વ્યક્તિત્વ આ પૃથ્વી પર હતું ?

અમદાવાદ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં દર વર્ષે હું મારા વિચારો વ્યક્ત કરૂં છું પણ મને કોઈ આશા નથી કે જૈનો કાંઈક નવો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવે. શાસ્ત્રો તત્કાલીન હોય છે સર્વકાલીન નથી એ વાત સમજવી રહી. જડતા અને મૂઢતાથી આપણે આપણી ઘોર ખોદી રહ્યા છીએ.

આજે પરદેશમાં વસતા મારા બાળકો પણ અતાર્કિક ધર્મની વાતો પર પ્રશ્નો ઉઠાવે છે જેનો કોઈ જવાબ નથી.

હું તમને આવો લેખ લખવા બદલ હૃદયથી અભિનંદન પાઠવું છું.

**□ રાજેન્દ્ર શાહ**

૧૪, અશોકનગર સોસાયટી, ભઠ્ઠા, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.

(૭)

સાતેક વરસ થયા 'પ્રબુદ્ધ જીવન'ના નાતે આપને તથા ડૉ. રણજિત પટેલને ઓળખતો થયો. અનામીના લેખો વાંચી ઓવારી ગયો. ૨૦૦૪-૦૫માં મારું ચોમાસું રતલામ - (M.P.)માં હતું. ત્યાં ચોમાસુ પુરું થયે ખાસ વડોદરા અનામીજીને મળવા ગયો અને ૨૦-૨૫ દિવસના રોકાણમાં ૪ થી ૫ મુલાકાતો થઈ. અમોએ ખૂબ જ આનંદ અને આધ્યાત્મિક સંતોષ અનુભવ્યો. ડૉ. અનામીની વિદ્વતાભરી વાતો હજુ વાગોળી રહ્યો છું. તેમના શ્રદ્ધાંજલિ લેખમાં આપશ્રીએ લખેલ કે ૪૦-૫૦ લેખો પેન્ડીંગ આપની પાસે પડ્યાં છે. ૫-૭ પ્રસિદ્ધ થયા પણ ખબર નહીં હમણાં તેમના લેખો વાંચવા મળતા નથી.

શ્રી અનામીજીની અત્યંત વયોવૃદ્ધ ઉંમર હોવાથી તો હું ખાસ વડોદરા ગયેલો. આપશ્રીને મળવાની તાલાવેલી પણ એવી જ છે. કારણ કે છેલ્લા ૬-૭ વર્ષોમાં આપના જે લેખો તથા તંત્રી લેખો વાંચ્યા છે તેનાથી મનમાં એક સમાજનું ભલું ઈચ્છતા નિસ્વાર્થ, વસ્તુ પરિસ્થિતિને આરપાર જોનાર તરીકેની મારા મનમાં છાપ ઊભી થઈ છે. તમારી કલમમાં વિવેક ભરેલી નીડરતા દેખાય છે. તમારા તંત્રી લેખોમાંથી સમાજની ઘણી વાસ્તવિકતાના દર્શન તથા તેના Solutionની ઝાંખી થાય છે, મારી ૫૯ વરસની ઉંમરે આપશ્રીની ૭૫-૭૮ અંદાજીત ઉંમરે પણ જે તરવરાટ દેખાય છે તે મનને તાજગી અને પ્રફુલ્લિતતાથી ભરી દે છે. ભગવાનના શાસનના ઉજળા કાર્યો માટે ભગવાનના સાધુ તરીકે મારું કંઈ પણ કામ પડે અને મારી સાધુપણાની મર્યાદામાં રહીને હું કરી શકું તો કરવાની મારી તૈયારી છે. અને 'પ્રબુદ્ધ જીવન'ને કામમાં આવ્યાનો મને ખૂબ જ આનંદ થશે. મારા ત્રણ દીકરી મહારાજ કે જેઓ રાજકોટની ઈંગ્લીશ મિડિયમ 'નિર્મલા કોન્વેન્ટ' સ્કૂલમાં ભણેલા છે તે, તેમના માતુશ્રી અને મારી ૧૩ વર્ષ પહેલાં સપરિવાર (સહકુટુંબ) દીક્ષા થયેલી છે. પ્રભુએ કહેલી આજ્ઞાઓ પાળવા મળે છે તેનો ખૂબ આનંદ છે. કોઈ જ ફોન કોન્ટેક્ટ રાખેલ નથી. આરાધનાના સમાચાર જણાવશો.

**□ મુનિ અનામી**

પાલીતાણા તા. ૧૦-૧૦-૨૦૧૪

(૮)

સપ્ટેમ્બર-૨૦૧૪નો અંક મળ્યો. મને હંમેશાં 'પ્રબુદ્ધ જીવન' વાંચવું ગમે છે એમાં આવતા લેખોના વૈવિધ્યને કારણે. ધર્મ હોય, સમાજ વ્યવસ્થા હોય, સામાજિક અને ધાર્મિક મૂલ્યોની વાત હોય તો કેટલીક વખત ગહન વિચારના મનન અને ચિંતનના નિચોડસમું આલેખન હોય. તેમાંથી ગમતું બધું હું ઉપાડી લઉં છું અને મારી જાતને વધુ સમૃદ્ધ થયાનો આનંદ અનુભવું છું.

દા. ત. આ અંકમાં પાના. નં. ૨૨ ઉપર વિજ્ઞાન કેવા તત્ત્વો જોડે ભળે તો કેટલાંક Positive, તો કેટલાંક Negative, એનું શું પરિણામ આવે તે ગણિતના Equation માફક સુંદર રીતે સમજાવ્યું છે.

પાના નં. ૧૩ ઉપર જે આપણાં ભવ્ય ભજન વારસાની ઓળખ આપી છે તે પણ અમૂલ્ય છે. મેઘવાળ જ્ઞાતિ એટલે, દલિત, આપણાં જૂના વિચારો મુજબ અસ્પૃશ્ય એવો સમાજ. છતાં જુઓને; લખીરામજી જેવા કવિનું ભજન અને કવન ! એમાં શબ્દવૈભવ છે. રાગ-રાગિણી અને સાથે-સાથે પ્રભુ ભક્તિ અને આરાધના.

બધું જ ભાવતું આવે તેવું છે.

**□ મોહન પટેલ**

'ચંદ્રિકા', ૧૨મો રસ્તો,
ન્યૂ ઈન્ડિયા સોસાયટી, જુહુ સ્કીમ,
મુંબઈ-૪૦૦૦૪૯.
ફોન : ૨૬૧૪ ૨૭૨૫/૨૬૧૪ ૪૭૩૫.

**જૈન ધર્મને નવા વૈજ્ઞાનિક અભિગમથી સમજવાનો અને સમજાવવાનો પ્રયત્ન નહીં થાય તો જૈન ધર્મનું ભવિષ્ય ધૂંધળું છે.**

(૯)

સંત તુલ્ય પૂ. ગોવિંદભાઈ રાવળ અને શ્રીમતિ સુમતિબેન રાવળ જેવા ગાંધીવાદી કાર્યકરો જે સંસ્થાના પાયાના પત્થર બની, ૫૫-૫૫ વર્ષથી નિષ્કામ સેવા દ્વારા પોતાનું જીવન સમર્પિત કર્યું છે તેમને ભાવભરી વંદના.

આજના યુગમાં જ્યારે માનવીય મૂલ્યો ઘસાતા જાય છે ત્યારે પૂ. બાપુના આદર્શોને ઉજાગર કરી એ મૂલ્યોને પ્રતિષ્ઠિત કરનાર સેવાના આવા ભેખધારીઓ, આજની યુવા પેઢી માટે જરૂર પ્રેરણારૂપ બનશે અને 'પૂ. બાપુ હજી જીવે છે' એની પ્રતિતી સૌને સતત થતી રહેશે.

કર્મયોગી એવા આ દંપતીના મહાયજ્ઞમાં અલ્પ પણ આહુતિ આપવાનું મને જે સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે તે બદલ હું શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સૌ કર્મનિષ્ઠ સેવકોનો ઋણી છું.

સુવ્યસ્થિત આયોજન, દીર્ઘદૃષ્ટિ અને સમર્પણ ભાવ સાથે આ સંસ્થાના પદાધિકારી અને કર્મચારીગણે ૮૦-૮૦ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાને ગૌરવાન્વિત કરી છે તે સૌને અંતઃકરણપૂર્વક અભિનંદન.

આ વ્યાખ્યાનમાળાના માધ્યમ થકી, છેવાડેના માનવીને પણ તેની ગરિમા બક્ષી, જે સંસ્થાઓ કાર્ય કરી રહી છે તેમને યથાયોગ્ય આર્થિક સહાય કરવા જે અભિયાન, શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ચાલુ કર્યું છે અને છેલ્લાં ૩૦ વર્ષોમાં આ ક્ષેત્રે જે કાર્ય કર્યું છે તે બદલ અભિનંદન.

મા સરસ્વતી અને મા લક્ષ્મીજીની આનાથી ઉત્તમ કઈ ઉપાસના હોઈ શકે?

☐ **મોતીલાલ શામજી ગાલા**
૨૦૧, કૃષ્ણકુંજ, BDH કમ્પાઉન્ડ, આકુરલી રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૧૦૧.
મોબાઈલ : ૯૮૬૯૫૪૯૮૫૧

(૧૦)

મેં મારા નાનાભાઈ મહેન્દ્રભાઈ (ઉ. વ. ૭૭)ને કહ્યું કે તમે જુલાઈ-૧૪નું 'પ્રબુદ્ધ જીવન' વાંચશો તો ફ્રેશ થઈ જશો. ભાવનગરમાં દેરાવાસી જૈનો ૨૦,૦૦૦ કરતાં વધુ હશે. તેમાં ૨,૦૦૦ બે હજાર વૃદ્ધો હશે. તેમાં ૨૦૦ સાવ અટકી ગયેલા-એકલા રહેતા હશે! તેમની સેવા કોણ કરતું હશે? પૈસા હશે? વૃદ્ધાવસ્થા ઉપર તમે લેખ લખોને!

☐ **એક અપંગ વૃદ્ધ**
ફોન : ૦૨૭૮ ૨૫૬૩૩૩૧

(૧૧)

અમારી સંસ્થા ઉપર અનહદ કૃપા વરસાવી દર મહિને સમયસર એક પણ પૈસા વગર 'પ્રબુદ્ધ જીવન' મોકલાવો છો એ બદલ અમારા વિસ્તારના ગરીબ બાળકો તથા ગરીબ પરિવારો વતી આપનો તથા મુંબઈ જૈન યુવક સંઘનો ખૂબ ખૂબ આભાર માનું છું. સાહેબ, ભગવાન બધે પહોંચી ના વળે એટલે આપના જેવા મહાન માણસોનું સર્જન કરેલ છે.

મુંબઈ જૈન યુવક સંઘ દર વર્ષે એક સંસ્થા દત્તક લઈ દાન આપે છે. આ દાનથી હજારો, લાખો ગરીબ બાળકો તથા ગરીબ પરિવારો નવી જીંદગી, સુખશાંતિભર્યું જીવન જીવે છે.

મુંબઈ જૈન યુવક સંઘ તથા આપના જેવા મહાન વિચારકો તથા દાતાઓને લાખો સલામ.

☐ **જય મા ખોડિયાર સેવા ટ્રસ્ટ**
મુ. પો. રાયગઢ, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા.
મોબાઈલ : ૯૭૧૨૯૨૫૭૩૧

(૧૨)

With a sense of appreciation for publishing almost six pages for article `Importance of Guru in Life and Mahatma' in English, I congratulate you for broadening the opportunity to the youth to learn about spiritualism in their preferrred language. At a time, when social, economic and political circles highlights (of course for their selfish reasons) the Demographic advantage of 65% of Indian population is under 35, it is also a pious duty of our Learned Scholars to impart spiritual knowledge of Jainism to next generation in their preferred language. Of course, a sea of knowledge and information is already available on Internet. There is no doubt that Language English will be nowwhere near flair and flowery Gujarati language. But today when English learned post graduate asks – ઓગણસિત્તેર-ઓગણ્યાએંશી કે નેવ્યાશી means what in English? Time has come to present some articles – write up in the language they understand.

It is relevant to note that today's youth have in them imbibed core values of Jainism in heart. It is primarily because of their insistence and adherence to Jainism, today eateries at most countries world over, be it hotels, airlines, railways, places of tourism and even Cruises know and provide specially made Jain Food. In this context, it is my humble suggestion that for widening the base and for inclusive readership for the benefit of the youth, the esteemed `Prabudhha Jivan' publish atleast one-two articles on Jain spirituality in English.

☐ **Bakul Gandhi**
11-12, Sandeep, Laxminarayan Lane,
Matunga C.R., Mumbai-400 019.
Phone : 24010982 ; 9819372908.

✶ ✶ ✶

# અમારા મથુરાદાસ

તેર નવેમ્બર, ગુરુવારે સાંજે પાંચ વાગે નિત્યક્રમ પ્રમાણે મથુરભાઈએ મારી સાથે ફોન પર વાત કરી, બધાં પેંડીંગ કામો પૂરા કર્યાનો સંતોષ વ્યક્ત કર્યો. આવો સંતોષ વર્ષોથી અમારી પાસે મથુરભાઈ વ્યક્ત કરે એવા એ કામઢા અને કુશળ વહીવટકાર. મારે સંઘની ઑફિસે તો ક્યારેક જ જવાનું, અને મથુરભાઈને મળવાનું તો વરસમાં છ વખત કારોબારી કમિટિની મિટિંગ હોય ત્યારે, આઠ વખત પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે, અને બીજા દસેક વખત અન્ય પ્રસંગે. આમ ૩૬૫ દિવસમાં માત્ર ત્રીસેક દિવસ જ મથુરભાઈને મળવાનું, ફોન ઉપર તો રોજ, પણ યુવક સંઘનો વહીવટ વ્યવસ્થિત ચાલે. ક્યારેય કોઈની ફરિયાદ નહિ. કોઈ મુલાકાતી ઑફિસે પધારે તો મેનેજર મથુરભાઈ એવું આતિથ્ય કરે કે એ વ્યક્તિ જીવનભર સંસ્થાની ચાહક બની જાય.

આર્થિક વ્યવહારની ચિંતા અમારા કરતા મથુરભાઈ વિશેષ કરે. 'પ્રબુદ્ધ જીવન'ના સૌજન્ય માટે કે અન્ય પ્રસંગોના સૌજન્ય માટે પણ દાતાઓ પાસે એઓ ટહેલ નાંખે.

મથુરભાઈ અને એમની સાથેના સહકર્મચારી એવો વ્યવસ્થિત અને પ્રમાણિક વહીવટ કરે કે અમારે નિરાંતની નિંદર લેવાની.

કોઈ પણ સંસ્થાની પ્રગતિમાં એના વહીવટકારો એના પાયામાં હોય છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વહીવટમાં વરસોથી અમારા આ મથુરભાઈ પાયાનો એક સ્તંભ હતા.

એ દિવસે રાત્રે આઠ વાગે અમારા ઉપપ્રમુખ શ્રી નીતિનભાઈનો મને ફોન આવ્યો. રાત્રે આઠ વાગે બાન્દ્રા બસ સ્ટેન્ડ ઉપર મથુરભાઈને હૃદયરોગનો હુમલો આવ્યો. પોલિસ બાન્દ્રાની હૉસ્પિટલમાં એ અચેતન દેહને લઈ ગઈ અને ખીસ્સામાં મોબાઈલથી અમારું સરનામું મેળવ્યું. અમારા પ્રવિણભાઈ, રોહિતભાઈ અને એમના કુટુંબીજનો ત્યાં પહોંચી ગયા.

તા. ૧૮-૧૦-૨૦૧૪ના આ સંસ્થાની મેનેજિંગ કમિટિની મિટિંગમાં ઠરાવ પાસ થયો હતો કે શ્રી મથુરભાઈની ૧૮ વર્ષની દીર્ઘ સેવાને લક્ષમાં લઈને ૨૦૧૫ના મહાવીર જયંતીના દિવસે હેમચંદ્રાચાર્યની કથા પ્રસંગે મથુરભાઈનું સન્માન કરવું અને સારી એવી ધન રાશિ એમને અર્પણ કરવી.

આ ઠરાવ અમે પાસ કર્યો, પણ મથુરભાઈ નિસ્પૃહ. અમને કહે, 'મેં તો મારી ફરજ બજાવી છે, મહેરબાની કરી આવું ન કરશો.'–આ શબ્દોમાં એમની નમ્રતા નહિ, પૂરી સચ્ચાઈ હતી.

હવે આ સન્માન આ સંસ્થા કરશે, ત્યારે એઓ નહિ હોય, એનું દુ:ખ અમે ક્યાં વ્યક્ત કરીએ?

મથુરભાઈ ૧૯૯૭માં આ સંસ્થામાં જોડાયા ત્યારે એમની સેવા લેવા ઘણી સંસ્થાઓ ખૂબ જ સારા આર્થિક વળતર સાથે તૈયાર હતી છતાં એઓ આ સંસ્થામાં જોડાયા અને નિષ્ઠાપૂર્વક ઓગણીસ વર્ષ આ સંસ્થાની સેવા કરી. સંસ્થાના આર્થિક સંકટના દિવસોમાં સંસ્થાને પૂરો સાથ આપી સંસ્થાનો ટેકો બની રહ્યા. પળે પળે સંસ્થાની મેનેજિંગ કમિટિને જાગૃત કરતા રહ્યા.

છેલ્લાં પાંચેક વર્ષથી નિવૃત્ત થવા માટે અમને વિનંતિ કરતા પણ અમે એમને કઈ રીતે નિવૃત્ત કરીએ? અમારી સાથે એમનો, એમની કાર્યદક્ષતા ઉપરાંત પ્રેમનો નિકટનો સંબંધ હતો. આવા કર્તવ્યનિષ્ઠ અને પ્રેમાળ મથુરભાઈ હતા.

તા. ૯-૨-૧૯૩૬માં કચ્છ માંડવીમાં જન્મેલ મથુરભાઈનો અભ્યાસ બી.એ. સુધીનો હતો. પણ હિસાબ અને અન્ય સરકારી કાયદાના પૂરા અભ્યાસી. આ સંસ્થામાં જોડાયા પહેલાં સતત ૨૫ વર્ષ એક ખાનગી પેઢીમાં ઍકાઉન્ટન્ટ તરીકે સેવા આપી હતી. ધર્મે વૈષ્ણવ એવા એઓ પોતાની જ્ઞાતિના સન્માનીય સમાજ સેવક હતા.

પત્ની લલિતાબેન તથા પુત્રો નરેન્દ્રભાઈ અને હર્ષદભાઈ તેમજ પુત્રીઓ રંજનાબેન અને જ્યોતિબેનનો બહોળો અને સમૃદ્ધ પરિવાર તેઓ ધરાવતા હતા.

ઈશ્વર એમના પરિવારને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના અને મુંબઈ જૈન યુવક સંઘને તો આમ અચાનક મથુરભાઈના દેહવિલયથી ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

મુંબઈ જૈન યુવક સંઘનો સમગ્ર પરિવાર શ્રી મથુરભાઈને હૃદયાંજલિ અર્પી એમના પવિત્ર આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે.

અમારી કમિટીના સન્માનીય સંનિષ્ઠ સભ્ય શ્રી પન્નાલાલ છેડાના શ્રી મથુરભાઈને અંજલિ શબ્દો પ્રસ્તુત કરું છું. આ શબ્દો અને ભાવ અમારા બધાંના છે:

ધનજી સ્ટ્રીટથી પ્રાર્થના સમાજ સુધીની યુવક સંઘની સેવાયાત્રામાં દાયકાઓ સુધી શ્રી શાંતિભાઈ તેમજ ભાઈશ્રી મહેતાને આ કાર્યાલયની પ્રવૃત્તિઓ સંભાળતાં જોયાં છે. સંઘના સદ્‌નસીબે સંસ્થાની પ્રવૃત્તિઓને પીઠબળ આપી શકે તેવી નિષ્ઠાવાન અને સંસ્થાને પોતીકી સમજી તેના ઉત્કર્ષ માટે કરી છૂટનારી વ્યક્તિઓ મળી છે.

શ્રી મથુરભાઈ આ સમયે સંઘ માટે એક અનિવાર્ય વ્યક્તિ બની ગયા હતા. દરેક કામમાં તેમનો અભિગમ હકારાત્મક રહેતો. ક્યારેક કાર્યાલયમાં જતો ત્યારે આદરપૂર્વક બેસાડી પ્રવૃત્તિ અને પ્રગતિનો અહેવાલ આપતાં, ચા-પાણીનો વિવેક કરતા. પૂરા વિચાર અને સમજપૂર્વક દરેક કાર્ય ઉત્સાહથી કરતા, ક્યારેય બળાપો કરતાં તેમને જોયાં ન હતાં. કારોબારીની મિટિંગમાં પણ કૂનેહપૂર્વક દરેક વાતનો ઉકેલ લાવવામાં અધિકારીઓની સાથે રહી તેમનું પીઠબળ બનતાં.

આવા કર્મઠ, ઉત્સાહી અને સૌજન્યશીલ મથુરભાઈની ખોટ સંઘને ખૂબ સાલશે. પારકાને પોતાના બનાવવાની તેમની આવડત સંઘ માટે ઉપકારક બની ગઈ હતી.

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિઃ

**–ધનવંત શાહ**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
સમગ્ર પરિવાર વતી

# સર્જન –સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **કુમારપાળ ભૂપાળ ચરિત્ર**
ગ્રંથકર્તા : પૂજ્ય આચાર્ય શ્રી જયસિંહસૂરીશ્વરજી મહારાજા
માર્ગદર્શક : પૂ. આ. વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજા
પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન, અમદાવાદ (વિ. સં. ૨૦૭૦).
પ્રાપ્તિ સ્થાન : સન્માર્ગ પ્રકાશન, જૈન આરાધના ભવન, પાછીયાની પોળ, રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન નં. : ૨૫૩૫૨૦૭૨.
મૂલ્ય-રૂા. ૩૦૦/-, પાના-૩૯૦.

આદર્શ ધર્મ રાજવી એટલે નરવીર, શૂરવીર, દાનવીર અને ધર્મવીરના વિશેષણોની આગળ વધીને, રાજર્ષિ અને પરમાર્હત્‌ની પદવીને પામેલા મહારાજા કુમારપાળ! આ વાતને યથાર્થ રીતે પુરવાર કરતા પ્રસ્તુત ગ્રંથના આ વચનો માર્ગસ્થ વક્તાના પ્રવચનમાં અને શ્રાવક પોતાના જીવનમાં સ્થાન, માન પામે તો ભવ્યાત્માઓ કલ્યાણ સાધે એવી ભાવના આ ગ્રંથના પ્રકાશન સમયે વ્યક્ત કરવામાં આવી છે.

કુમારપાળ પ્રજાનું પુત્રની જેમ પાલન કરતા હતા. આચાર્ય હેમચંદ્રાચાર્ય કહે છે-'પ્રજામાં જે લોકો દરિદ્રતા, મૂર્ખતા, મલિનતા વગેરેને કારણે દુઃખી છે તે મારે કારણે કે બીજા કારણે? એ રીતે બીજાના દુઃખ જાણવાને માટે રાજા શહેરમાં ફરતો રહેતો હતો.' તેઓ જેમ નૈતિક અને સામાજિક બાબતોમાં બીજાને માટે આદર્શરૂપ હતા એ જ રીતે ધાર્મિક બાબતોમાં પણ ઉત્કૃષ્ટ ધર્માત્મા અને જ્ઞાનવાન હતા. તેઓ હંમેશાં હેમચંદ્રાચાર્યનો ઉપદેશ સાંભળતા અને એમનું મન ધર્મ તરફ ઝૂકવા લાગ્યું. છેવટે સંવત ૧૨૧૬માં એમણે જૈન ધર્મની ગૃહસ્થ દીક્ષા અંગીકાર કરી. બાર વ્રતનો સ્વીકાર કરી પૂર્ણ શ્રાવક બન્યા અને જૈન ધર્મનું ઉત્કૃષ્ટતાપૂર્વક પાલન કર્યું. આખા ગુજરાત રાજ્યને એક આદર્શ જૈન રાજ્ય બનાવ્યું. પોતાના ગુરુ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિના સ્વર્ગવાસ પછી છ મહિને વિ. સં. ૧૨૩૦માં ૮૦ વર્ષની ઉંમરે મહારાજા કુમારપાળ સ્વર્ગવાસ થયા.

'કુમારપાળ ચરિત્ર' ગ્રંથ વાંચી ભવ્યાત્માઓ આત્મ કલ્યાણ સાધે એ જ પ્રભુ પ્રાર્થના.

xxx

પુસ્તકનું નામ : **ગૌતમગીતા**
લેખક : ગણિ મુક્તિવલ્લભવિજયજી
પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન : હીરેન પેપર માર્ટ, નિત્યાનંદ નગર નં. ૩, બૅન્ક ઑફ મહારાષ્ટ્ર સામે, સહાર રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
ફોન નં. : ૨૬૮૪૧૬૬૦ / ૨૬૯૪૦૯૬૮.
ઘર : ૨૬૧૬૬૧૪૩. મૂલ્ય : રૂા. ૨૫/-
પાના : ૮૪, આવૃત્તિ-પ્રથમ-૨૦૬૦.

શ્રી ગૌતમસ્વામી જેવા કેવળજ્ઞાનદાતા ઉદાર કુબેર અન્ય કોઈ નથી. ઈન્દ્રભૂતિનો અર્થ છે જેની આંતરિક ભૂતિ-આબાદી-ઐશ્વર્ય ઈન્દ્ર કરતાં પણ ચઢિયાતું છે. આવા છે ગૌતમસ્વામીના ગુણો.

આ પુસ્તકમાં આ પુસ્તક કેટલું સુંદર છે તે દર્શાવવા ડગલે ને પગલે લેખકની કલ્પનાની ચમત્કૃતિ જોવા મળે છે. દા. ત. વિનયના પાંચ પ્રકારોની શ્રી ગૌતમ સ્વામીમાં કરેલી ઘટના, હાલિકનો પ્રસંગ, આનંદને મિચ્છામિ દુક્કડમ્... વગેરે પ્રસંગો રોમાંચક છે. દરેક પ્રસંગમાં તત્ત્વરૂપી માખણ પીરસાયું છે. આ પુસ્તકમાં સંવેદના આપણી સર્વની છે. તીર્થંકર નામકર્મથી તીર્થંકર બનાય અને ગણધર નામકર્મના ઉદયથી ગણધર બનાય. પણ ગૌતમ સ્વામી કેવી રીતે બનાય તેનો જવાબ આ પુસ્તક દ્વારા મળે છે.

લેખક કહે છે આ પુસ્તકમાં ચરિત્રકથાનું આલેખન નથી કે પદાર્થોનું પરિશીલન પણ નથી. આ એક માત્ર ભાવયાત્રા છે. એક મહાન ઉપાસ્ય વિભૂતિ શ્રી ગૌતમસ્વામીની ભાવ સ્પંદનો દ્વારા એક અર્ચના છે.

વિનયભંડાર ગૌતમસ્વામી વિનયમૂલક ધર્મમાં પ્રવેશવા ઇચ્છતા, એ ધર્મમાં ટકી રહેવા માગતા અને એ ધર્મના પારને પામવા ઇચ્છતા સર્વ જીવો માટે પરમ આદર્શ છે. વિનય ધર્મની પરિપૂર્ણતા એમનામાં જોવા મળે છે. ગુણોને આશ્રય આપીને ઘણાં ગુણવાન બન્યા...પરંતુ ખ્યાતનામ દોષોને આશ્રય આપીને ગુણવાન બનેલા વિરલ વિભૂતિ એટલે શ્રી ગૌતમ સ્વામી.

xxx

પુસ્તકનું નામ : **મોતના વાવેતર**
સંપાદન : કાન્તિ શાહ, સ્વાતિ દેસાઈ
પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧. મૂલ્ય : રૂા. ૮૦/-
પાના : ૧૪૨, આવૃત્તિ-બીજી, ૨૦૧૪.

'લોહીના લાંછનથી ખરડાયેલી પરમાણુ શક્તિની ખોજે મારામાં જે સ્પંદનો જગાવ્યાં તેનું થોડું વિવરણ મેં આ પુસ્તકના આરંભમાં કર્યું છે. ત્યારથી મને એમ જ લાગ્યા કર્યું છે કે પૃથ્વીના પટ ઉપર આપણે એક દાનવલીલાને છુટ્ટી મૂકી દીધી છે. આ લીલા જેમ જેમ વધુ ઉન્મત્ત બનતી જાય છે તેમ તેમ હવા પાતળી ને પાતળી થતી જાય છે અને શ્વાસ લેવાનું ય મુશ્કેલ બનતું જાય છે.'

–કાન્તિ શાહ

આ પુસ્તકના પ્રથમ પ્રકરણમાં અણુબોમ્બ અને તેણે સર્જેલા વિનાશની કહાણી છે બીજા પ્રકરણમાં અણુશસ્ત્રોના રાજકારણની ચર્ચા છે. ત્રીજામાં અણુવીજળીનું વિજ્ઞાન સરળ ભાષામાં મૂક્યું છે. ચોથામાં ભારતમાં અણુઊર્જાનો કાર્યક્રમ કેવી રીતે શરૂ થયો તેનો ઇતિહાસ છે. પાંચમા પ્રકરણમાં અણુ ઊર્જાની વાસ્તવિક હકીકતોનું બયાન છે. છઠ્ઠા પ્રકરણમાં આ ઊર્જા ઉત્પન્ન કરવા જતાં આપણો દેશ કેવી કિંમત ચૂકવશે તે તરફ આપણું ધ્યાન દોર્યું છે. પ્રકરણ સાતમાં માર્ચ-૨૦૧૧માં બનેલા ફુકુશીમાના સત્યો ચેતવણી રૂપે આલેખ્યાં છે. આઠમા પ્રકરણમાં વીજળીની જરૂરિયાતો પૂરી કરવા અણુઊર્જા સિવાયના અન્ય રસ્તાઓનો વિચાર કરવામાં આવ્યો છે. અને છેલ્લા નવમા પ્રકરણમાં દેશમાં ચાલી રહેલાં અણુઊર્જા મથક સામેના મુખ્ય આંદોલનોની વિગતો આપવામાં આવી છે.

આ પુસ્તકનો મુખ્ય હેતુ તો નિર્વિવાદપણે, અણુઊર્જાના જોખમોને ઊજાગર કરવાનો છે. આવનારી પેઢી આ જોખમથી મુક્ત રહે તેને માટે લડનારા સૌને આ પુસ્તક ઊપયોગી થશે. અંતમાં આવા મોતને વાવેતર ન કરવા પણ જીવનની ઉપાસના કરવી જોઈએ.

xxx

પુસ્તકનું નામ : **જનનીના હૈયામાં**
લેખિકા : આશા વીરેન્દ્ર
પ્રકાશક : પારુલ દાંડીકર
યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગળાજ માતાની વાડીમાં,

હુજરાત પાગા, વડોદરા, ૩૯૦ ૦૦૧. ફોન નં. : ૦૨૬૫-૨૪૩૭૯૫૭. મૂલ્ય : રૂા. ૨૦/-, પાના : ૪૦, આવૃત્તિ-૨૦૧૪. પુનઃ મુદ્રણ.

પ્રસ્તુત પુસ્તિકામાં પ્રગટ થયેલ બધી વાર્તાઓ 'ભૂમિપુત્ર' પાક્ષિકના છેલ્લા પાના પર પ્રગટ થઈ ચૂકી છે. આમાં વાર્તાએ વાર્તાએ જનેતાના મનની વિવિધ લાગણીઓ અલગ અલગ રૂપે જોવા મળે છે. જુવાન થતી દીકરીના ઉછેર માટે વધુ પડતી ચિંતિત, તો દીકરાની ઉપેક્ષાથી દુભાયેલી, સંતાનના ભવિષ્યની કલ્પનાથી પ્રફુલ્લિત, તો ક્યાંક વર્તમાન સંજોગોથી આશંકિત એમ જૂજવા રૂપે માતા આ પુસ્તિકાના પાનાંઓ પર દશ્યમાન થાય છે.

એંસીથી બ્યાસી લીટી અને સાતસો, સાડા સાતસો શબ્દોની આ વાર્તાઓ છે. આ વાર્તાઓ અનુવાદ કે રૂપાંતર નથી. પરંતુ આ વાર્તાઓ ગુજરાતી સિવાયની અન્ય ભાષાઓની વાર્તા પરથી તૈયાર કરવામાં આવેલ છે.

આ પુસ્તકનું નામકરણ જાણીતા લોકકવિ શ્રી ઝવેરચંદ મેઘાણીની કાવ્યપંક્તિ 'જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા, પીધો કસુંબીનો રંગ....' કર્યું છે. 'માતા' શબ્દ ભલે એક જ પણ એના સ્વરૂપ નોખાં નોખાં...મા એટલે જન્મદાત્રી, તો ખરી જ. પણ સાથે સાથે તે અન્નપૂર્ણા, સમર્પિતા, ત્યાગસેવા અને પ્રેમની મૂર્તિ. સ્ત્રીના વિવિધ રૂપોનો મહિમા આ વાર્તાઓમાં ગાવામાં આવ્યો છે.

આ વાર્તાઓ દ્વારા માતૃઋણ અદા કરવામાં આવ્યું છે.

x x x

પુસ્તકનું નામ : **આવો મળીએ મહાવીરને**
લેખક : પંન્યાસ ઉદયકીર્તિસાગર
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિ જૈન સમાધિ મંદિર, વિજાપુર, ગુજરાત.
મૂલ્ય : રૂા. ૬૦/-, પાના : ૧૬૦.

સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચે છે માત્ર થોડાંક કલાકો છતાં પણ પ્રત્યેક પળે મનુષ્ય એવું અનુભવે છે કે તે પ્રકાશથી વધુ ને વધુ દૂર થઈ રહ્યો છે. બૂઝતા દીવાની વાટ સંકોરનારું, એના મનના ઊંડાણમાં કોઈ અદૃશ્યપણે બેઠેલું જ છે.

રગ રગમાં મહાવીર... જગત કલ્યાણની જ્યાં ભાવના છે ત્યાં છે મહાવીર... પ્રેમ અને દયાનો જ્યાં સંગમ રચાય છે ત્યાં છે મહાવીર... પ્રેમ, કરૂણા, દયા, સદાચાર અને ધર્મભાવના એટલે મહાવીરનું સરનામું. એ સરનામે સરનામે ચાલ્યા જનાર મહાવીરને મળે છે પન્યાસ ઉદયકીર્તિ-સાગરની કલમે આ નાનકડા પુસ્તકમાં પ્રભુ મહાવીરનું નોખું, અનોખું સરનામું આપણને આપ્યું છે.

બીજી રીતે કહીએ તો જે સરનામું મહાવીરનું છે એ જ સરનામું સુખનું પણ છે. શાશ્વત સુખનું સરનામું એટલે પ્રભુ મહાવીરે પ્રબોધેલો સમ્યક્ માર્ગ.

એ માર્ગને જે જાણે છે, ને એ માર્ગને જે ઓળખે છે, એ સુખના માર્ગે આગળ વધે છે. પણ આજે પરિસ્થિતિ અટપટી છે. રાજકર્તાઓ પ્રજાને રંક બનાવવામાં રચ્યા પચ્યા રહે છે. શાસકો કરવેરા અને મોંઘવારી ઝીંકવામાં પોતાનો રાજધર્મ સમજે છે. માણસે માણસપણું ખોઈ નાખ્યું છે છતાં એ સુખ અને શાંતિને ઝંખે છે. એ માટે સૌએ મહાવીર માર્ગને ઓળખવાની જરૂર છે.

એ ઓળખ આ નાનકડા પુસ્તકમાંથી પ્રાપ્ત થાય છે.

x x x

પુસ્તકનું નામ : **સંવત્સરી પ્રતિક્રમણ** (વિધિસહિત)
(મૂળ સૂત્રોનો ગુજરાતી અનુવાદ)
(અંગ્રેજી આવૃત્તિ પણ છે.)
સંકલન : ઈલા દીપક મહેતા
પ્રકાશક : ઈલા દીપક મહેતા
પ્રાપ્તિસ્થાન : (૧) 'દીપક ફાર્મ', ગોત્રી રોડ, વડોદરા-૩૯૦ ૦૨૧.
ફોન નં. : +૯૧-૨૬૫-૨૩૭૧૪૧૦.
(૨) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩, મહંમદી મિનાર, ૧૪ ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન નં. : +૯૧-૦૨૨-૨૩૮૨૦૨૯૬.

'યુવાવર્ગ અને પ્રત્યેક વર્ગ માટે, ગુજરાતી અને અંગ્રેજીમાં પ્રકાશિત થતું આ પુસ્તક 'સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત' એ મેજિક ટચ જેવું છે. સૂત્રોનો અર્થ અને એની સમજનું આકાશ આ પુસ્તક ઉઘાડે છે.'

-ડૉ. ધનવંત શાહ.

વર્તમાન સમયમાં યુવા વર્ગ ધર્મ અને ક્રિયાથી વિમુખ થતો જાય છે. કારણ કે એમની પાસે આ ક્રિયાનું જ્ઞાન નથી. અને સંવત્સરી પ્રતિક્રમણ એટલે વડીલોના આગ્રહથી અઢી કલાક એક સ્થાને બેસીને સૂત્રો સાંભળવા એટલું જ નહિ પણ પ્રત્યેક સૂત્ર અને ક્રિયા – વિધિનો અર્થ અને ક્રિયાનું વિવરણ સમજાય તો આ પ્રતિક્રમણ કર્મનિર્જરા, પશ્ચાતાપ અને ક્ષમાનો ત્રિવેણી સંગમ છે. તેની પ્રતીતિ આ પુસ્તક દ્વારા થાય છે. આ પુસ્તકમાં આ સમજણ છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા આપતા ગુણોની ખાણ પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણથી પોતાના ભીતરના દોષો જોઈ શકાય છે. આખા વર્ષ દરમ્યાન પરભાવ દશાના પંથે દૂર પહોંચી ગયેલા આત્માને સ્વભાવ દશામાં લાવવાની આ ક્રિયા છે. ઉત્તમ ક્રિયા છે. ક્રિયાની સાથે વિધિની શુદ્ધિ અને ક્રિયાના અર્થની સમજ એ બંને ભળે ત્યારે યોગ્ય ફળ પ્રાપ્ત થાય. એ દૃષ્ટિએ અહીં ચિત્રો સહિત બધી ક્રિયાઓ અર્થ સહિત આલેખવામાં આવી છે.

ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ભાવાર્થ સાથે આ ગ્રંથનું પ્રકાશન જૈન ધર્મના આરાધકોને માટે મૂલ્યવાન અને માર્ગસૂચક ગ્રંથ છે.

x x x

પુસ્તકનુ નામ : **માતા, મહાત્મા અને પરમાત્મા**
લેખક : પંન્યાસ ઉદય કીર્તિસાગર
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિર, બીજાપુર.
મૂલ્ય : રૂા. ૫૦/-, પાના : ૧૨૮.

એક નાનકડા પુસ્તકમાં પંન્યાસ ઉદય-કીર્તિસાગર માતા, મહાત્મા અને પરમાત્મા જેવા વિષયને અત્યંત સરળ અને હૃદયસ્પર્શી બાનીમાં સમજાવી જાય છે.

જન્મ ધારણ કરીને માતાની ગોદથી મહાત્માની ભવતારક સમીપતા સુધીની યાત્રા એ તો માનવીની અંતરયાત્રા છે જે પરમાત્મ પ્રાપ્તિ સાથે પૂર્ણ થાય છે. માત્ર અંતરયાત્રા જ નહિ પણ ઊર્ધ્વયાત્રા છે. કારણકે ઊંચાઈનું આકર્ષણ હરેક જનનીના હૈયામાં પડેલું જ હોય છે. માતાની મમતા એના શૈશવ પર શીતળતાના ચંદન છાંયડા ઢોળે છે.

ગુરુ ચરણનો અમૃત સ્પર્શ એની જ્ઞાન

બારીઓ ખોલી નાખે છે. અને પરમાત્મા ભણી લઈ જતી પગદંડી પ્રકાશમય થતા આંતર્ ચક્ષુ સમક્ષ પારલૌકિક તેજધારા રમી રહે છે. સ્નેહ સાંકળ છે, જ્ઞાન પગદંડી છે અને પ્રાપ્તિ મંઝીલ છે. માણસની મહેચ્છાનો છોડ તો ખૂશ્બુભર્યા ફૂલ ખીલવતો જ રહે છે.

એકસો અઠ્યાવીસ પાના અને અગિયાર પ્રકરણમાં પૂજ્ય શ્રી પરમાત્મા ભક્તિનો પાવન પ્રકાશ દૃશ્યમાન કરે છે.

✷ ✷ ✷

## સર્જન-સ્વીકાર નોંધ

૧. બહેંક્યું તન, મહેંક્યું મન.
લેખક : **પંન્યાસ ઉદયકીર્તિસાગર**
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિર, બીજાપુર. મૂલ્ય : રૂા.૫૦/-

૨. **મા મમતાની મૂર્તિ**
લેખક : **પંન્યાસ ઉદયકીર્તિસાગર**
પ્રકાશક-પ્રાપ્તિસ્થાન : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈન સમાધિ મંદિર. બીજાપુર. મૂલ્ય : રૂા.૫૦/-

૩. **સુખી થવાની ચાવી**
લેખક : **CA જયેશ મોહનલાલ શેઠ**
પ્રકાશક : **શૈલેષ પુનમચંદ શાહ**
અમૂલ્ય. પ્રાપ્તિ : ફોન નં. : ૯૮૨૦૬૮૬૮૨૮.

૪. **આર્થિક વૃદ્ધિની ભ્રામક ભવ્યતા ડ્રેઝ-સેનના વિકાસ વિમર્શ**
લેખક : **રોહિત શુક્લ**
પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧. મૂલ્ય : રૂા. ૪૦/-.

૫. **આપણો સહિયારો સાંસ્કૃતિક વારસો**
લેખક-સંપાદન : **મોહન દાંડીકર**
પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧. મૂલ્ય : રૂા. ૬૦/-.

૬. **जयणा धर्म की शिक्षापत्री-**
માર્ગદર્શક-આ. મુક્તિવલ્લભસૂરિ
પંન્યાસ ઉદયવલ્લભ વિજય.
પ્રકાશક : શ્રી સમકિત યુવક મંડળ, દોલતનગર, બોરીવલી (પૂર્વ), મુંબઈ. મૂલ્ય : રૂા. ૨૦/-.

૭. **सूर्य हमारा मित्र**
લેખક-વિનોબા,
પ્રકાશક : ડૉ. પરાગ ચેળકર, પરધામ પ્રકાશન (ગ્રામ સેવા મંડળ), પવનાર-વર્ધા-૪૪૨૧૧૧. મૂલ્ય : રૂા. ૨૦/-.

૮. **જિજ્ઞાસા:** સંકલન-**લક્ષ્મીચંદ ચાંપશી દંડ**
સરનામું - લાલ બંગલો, દેવઆશિષ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ટેલિફોન : ૦૨૨ ૨૫૧૨૫૪૫૫.

૯. **જિનાગમ મુક્તિની સરગમ:**
**પંન્યાસ રાજહંસ વિજય**-શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ સેલર, વિમલનાથ ફ્લેટ-૨, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯.

૧૦. **दुनिया का दर्पण**
**પંન્યાસ રાજહંસ વિજય**-શ્રુતજ્ઞાન સંસ્કાર પીઠ
સેલર, વિમલનાથ ફ્લેટ-૨, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯.

૧૧. **તારિણી બહેન દેસાઈની શ્રેષ્ઠ વાર્તાઓ આસ્વાદ અને અવબોધ**
સંપાદક : પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. બાબુભાઈ શાહ, નિશા પોળ, ઝવેરી વાડ, રિલીફ રોડ, અમદાવાદ-૧.

૧૨. **વૃદ્ધાવસ્થામાં જીવન સાફલ્ય**
**ડૉ. ભાનુ એન. કાપડિયા**
ગુજરાત વિનયન અને વિજ્ઞાન કૉલેજ, અમદાવાદ
પ્રકાશક : ગુર્જર પ્રકાશન,
ગુર્જર સાહિત્ય ભવન,
રતનપોળ સામે, ગાંધી માર્ગ.
અમદાવાદ.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૬૩. મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

*● ઈશ્વર કેવી સુંદર રીતે તમારા જીવનમાં એક એક દિવસનો ઉમેરો કરતો રહે છે! તમારે એની જરૂર છે એ માટે નહીં, પરંતુ બીજાને તમારી જરૂર છે, માટે તે આમ કરે છે!*

*● કોશિશ કરો કે, તમે દુનિયામાં રહો, પણ દુનિયા તમારામાં ન રહે, કેમ કે, જહાજ પાણીમાં રહે છે ત્યાં સુધી તરે છે, પણ પાણી જહાજમાં આવી જાય તો જહાજ ડૂબી જાય છે.*

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

**પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ**

| | |
|---|---|
| ૫૦૦૦૦ | વિરલ એમ. શાહ |
| ૨૦૦૦ | દિવેશ કોઠારી |
| **૫૨૦૦૦** | **કુલ રકમ** |

**પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા**

| | |
|---|---|
| ૫૦૦૦૦ | બી. એસ. વસા (શ્રીકાન્ત વસા અનેકાન્તવાદ માર્ચ-૧૫ સૌજન્ય) |
| ૨૦૦૦૦ | ચંદ્રકાન્ત ડી. શાહ નવેમ્બર સૌજન્ય |
| ૨૦૦૦૦ | નરેન્દ્રભાઈ શિકાગો U.S.A ડિસેમ્બર સૌજન્ય |
| **૯૦૦૦૦** | **કુલ રકમ** |

**કિશોર ટિમ્બડિયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૧૧૦૦૦ | શૈલી ઉમંગ શાહ |
| ૧૧૦૦૦ | જુલીન ઉમંગ શાહ |
| ૧૧૦૦૦ | નિર્મળાબેન ચંદ્રકાન્તભાઈ ડી. શાહ |
| **૩૩૦૦૦** | **કુલ રકમ** |

**જમનાદાસ હાથીભાઈ અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૧૧૦૦૦ | ધીરજલાલ પી. દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦૦૦ | એક ભાઈ તરફથી |
| **૧૨૦૦૦** | **કુલ રકમ** |

**શ્રી મું. જૈન યુવક સંઘ આજીવન સભ્ય**

| | |
|---|---|
| ૫૦૦૦ | વિપુલ મોતા |
| **૫૦૦૦** | **કુલ રકમ** |

## વિશ્વમંગલમ્ અનેરા વૃંદાવન

**આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી**

| | |
|---|---|
| ૨૯૧૬૪૦૪ | **'પ્રબુદ્ધ જીવન'માં આગળનો સરવાળો** |
| ૧૦૦૦૦ | વિરલ અરવિંદ લુખી વઢવાણનિવાસી, હાલ ચિંચપોકલી |
| ૧૦૦૦૦ | ઓજસ અરવિંદ લુખી વઢવાણનિવાસી, હાલ ચિંચપોકલી |
| ૨૯૩૬૪૦૪ | **કુલ રકમ** |

*● સામી વ્યક્તિને આપણે વીજળીનો ચમકારો બતાવીએ, પણ એનો આંચકો ન લાગવા દઈએ એનું નામ કુનેહ (આવડત)!*
*● સમાધાન એટલે શું? બંને પક્ષ નારાજ છતાં વાત સ્વીકારી લે તે સમાધાન!*

THE SEEKER'S DIARY — ZIKR

# CHANTING THE NAME OF THE DIVINE

One of my favourite lyric from a recent film is from a movie called Guzaarish. 'Tera Zikr hai, ya itr hai... jab jab main karta hoon, mehakta hoon..'

I love this line because I relate to this line. I have a form in my heart to whom I sing this line to and feel her fragrance .. I have felt this feeling- if someone just mentions her name and I would feel a wordless joy.

What is this Zikr.....? This name...

A name is just a name as has often been said.

Let us start from the time when a name was exactly that- a name to me.

There were lyrical sounding names, quainter names but nothing more superlative than that.

I used to not quite comprehend this relentless writing of 'Ram Ram Ram' by hand in book after book, paper after paper by my neighbouring aunt, I used to feel it a sinful waste of both paper and time. I used to find chanting as the most inane exercise, a reflection of a vacuous brain.

Until,.....I fell in LOVE- not with a boy or best friend but love in the form of a Master, a super being, a higher being.. in the form of my Neela Ba- Neela Shashikant Mehta.

She was in the periphery of our lives since I was five but my acknowledgement of her presence and consecutively feeling her all the time thereafter happened when I was 21.

I was nursing a broken heart (from a human love) and had gone to Deolali to escape, to heal. It was Paryushan and oh my god- what happened? Day One- I came in contact with her and by Day 9- I was hooked, besotted, knew that I could be many many things great and small but never the same again.

She was Perfect- in the way she sat, walked, ate, spoke, loved.The way she was in 'Vyavhar' with her four children and husband and all of us and the way she was with 'Parmaarth' - her total being was for Param Kripalu dev.' But this essay is not my ode to her (although everything good in me is.).But this is an ode to this thing that sufis call 'Zikr' and we call Bhakti.

Since I met her, her name, her picture, the tangible things that she had touched, places that she had laid her foot on, people she had met all became very special and brought a gulp in my throat.

She left the physical form five years backand yet the mere mention of her name fills me with a wordless ache and also an incomprehensible ecstasy too.

So much has happened since then.

I fell in love again. With Gurudev, started going to Dharampur, saw and felt "ah" and "aho" on his total love for Param Kripalu Dev and most of the last year has been for me an inner practice, exercise in not simply questioning but developing Bhakti in me

As the universe has a strange way of aligning with one's search, especially in the matters of the soul. There is a divine conspiracy happening perhaps to strengthen my resolve in Bhakti; last year my path crossed with various people who with their expression of devotion moved me beyond words. Below is a brief account of them.

**Praful Bhagwati**, the 17th Chief Justice of India, the man who is credited to have made the Supreme Court available to the common man has uncommon access to a yet another court- that of Lord Krishna's. Approaching 94, he is vulnerable, incoherent, forgetful but just whisper Krishna's name around him, and his face lights up, alert and ready before it turns into a deep anguished wail- 'Krishna, Krishna, mane maara Krishna paase javu chey.' This does not happen once, twice but every single time anyone merely mentions the word `Krishna'.

**Fariyudin Ayaz**, a Qawwali singer from Pakistan with his troupe blessed my home last year and the three hours that he sang were dedicated to Allah and a few adjectives for Allah. I got goosebumps every time he would say- 'La ila il lil la, Allah Hu Akbar, Arham Dirulla, Subhan Allah' (words that one must have so often heard passing a mosque around Azan time, or from various Muslim friends) but in the state when he with passion and fervour kept on reciting 'Allah hu Allah' (Glory be to Allah, Allah is great, Praise be to Allah). The sound of Allah resonating in my heart and through the walls creating this splendour of that I see as Allah- the light, the fused light of all Keval Gyanis, and kept me in that awe for all the while.

**Balbir Singh, a Gurbani singer from Ludhiana** was standing next to the Mahatma Gandhi statue at the Mumbai Domestic Airport as I was waiting to board my flight to Kutch. A delayed flight made us by default sit next to each other which led us into an hour of conversation where he explained to me that he was a 'Shabad'

- Gurbani singer.

I asked him `but don't you sing any other songs? Film songs, love songs, folk songs?' - He smiled gently and said `Shabad ke baad aur kuch bhi gaana mushkil hai.'

I pleaded and requested him to sing for me and he eventually relented singing right in the middle of the airport - 'Simro, simar simar sukh pao' and another Guru centric song in Punjabi.

The term 'Shabad' refers to the divine essence - therefore Shabad is God and God is Shabad.Listening to him, I had tears of gratitude for my Guru... my masters.

And last week on my trip to Delhi, I met **Anurag Gupta**, a friend who has had a 180 degree transformation since Babaji came into his life (Baba ji is Neem karoli Baba). The Anurag I knew of over the last 15 years was an egoistic, strong headed and ambitious man who wished to possess all that that our five senses would desire. He would go to all lengths to acquire them - occasionally through dubious means. And now the same man was sitting opposite me with a sense of contentment never seen before on his face. Taking his newly started tea business from strength to strength and keeping the long gone Baba ji alive with him every minute of the day. He wakes to him, offer him the first tea of the day and his very name fills his heart.

His advice to me – "Resh abhi bhi bahut sawaal uthte hain tum main... ab tum Guru se pyar karo, sirf unka naam lo...aur saare calculation chhod do" (Stop asking questions to God, instead just love God.)

".....dhai akshar prem ke, padhe jo pandit hoy"

And thus I conclude - Be it Krishna, Be it Ram, Rahim or Jesus; Mahavir or Buddha, Param Kripalu Dev or Jai Gurudev, let us all soak in this soft soft place hidden way below our hard exteriors; to which we can open and allow the divine to touch us in the way that only HE/SHE can.

☐ **Reshma Jain**
The Narrators
Tel: +91 9920951074

# MAHASATI DHARNI

**Translated by PUSHPA PARIKH**

**AGAM KATHA**

It was early morning and the sweet sonorus sound of birds had started informing people about arrival of the sun. One chariot was passing through the forest. Queen Dharini of the king Dadhivahan of Kaushambi and her young daughter Vasumati were in the chariot. They were being rescued to a safer place to save them from the enemy soldiers. Whole night the horses had kept running & were tired so the charioteer stopped at a lonely place.

Both the ladies were still very much frightened and worried. The king of Kaushambi was defeated in the war. The charioteer was successful in rescuing the two ladies but still he was worried about the safely of the two ladies.

Dharini asked, `why have you stopped?' The charioteer for the first time saw the queen's beautiful face. She was a very beautiful and brave lady. She was a pius lady. The charioteer was stunned at seeing her beautiful face. Dharini again asked him why he had stopped?

The charioteer realised and said that the horses were tired. The main reason was that he had fallen in love with the queen. The queen again and again requested him to go still further away to a safer place but he did not listen. Both the ladies were looking very much afraid in this lonely place. The intention of the charioteer was not good. He tried to move near the queen. The queen was surprised at the movement of the charioteer. The queen could realise the intention of the charioteer, so she addressed the charioteer in very harsh words, `Please be away from me. Stop there and there only. Don't move an inch also. We have trusted you and now you are behaving like this? Instead of saving us you are behaving in this way? You are like my brother and for Vasumati you are like her father. Please be away from us.'

The charioteer did not listen to her and tried to catch hold of her. The next moment only the queen took out the dagger from her waist and killed herself before he could do anything to her.

Vasumati shouted and lamented over her mother's death. The charioteer was now stunned and the whole atmosphere appreared very sad. Dharini died on her own to save her celibacy.Her face was full of pureness. In the Jain Agam (the religious books) Sati Dharini is praised a lot. Her daughter Vasumati is said to have become a sadhviji (lady saint) under Shraman Bhagwan Mahavir and is said to have reached the highest stage. She was then known as sadhvi Chandanbala.

LESSON - 2 : MAJOR WORLD RELIGIONS

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

☐ DR. KAMINI GOGRI

In the following article we will study about the **second topic**, major world religions.

**ZOROASTRIANISM**

Zoroastrianism is one of the oldest religions of the world, perhaps, over 3000 years old. It is one among the prophetic religions. Though it has now very few followers, it has exerted immense influence on Judaism, Chrisitianity and Islam and also on Greek Philosophy. During the Babylonian exile of 712-600 B. C., the Jews imbibed a great deal of Zoroastrian religion. It is a religion of ancient Persia, which is known as Iran. Zarathustra (Zoroaster) in regarded as its founder. Some believed that he lived and preached in 1200 B.C. It is said that he lived like an ordinary man with 3 wives and 6 children till the age of 30. At the time of foundation of Zoroastrianism, ritualism, ceremonialism, corrupt priesthood and all such vices were very much in Persia. Polytheism was also prevalent. The very first verse of the 1st Gatha of the Avesta mentions that people confused by these eviles, approached God and requested him to send a saviour. God agreed and he sent Zoroaster as a saviour of mankind. After that he received a revelatory message from God through an angel that there was only one God, Ahura Mazda and Zoroaster was to serve Him as His prophet. Zoroaster began to preach religious truths in accordance with the revelations given to them. Zoroaster's three most important ethical comandments ***were `good thoughts, good words and good deeds'***. This shows how Zoroaster wanted to build up an ethically pure monotheistic religion. He put an end to the prevailing polytheism by teaching people that Ahura Mazda is the only God. In the beginning he had no success and was condemned by the people as a spreader of evil spirits. Within the first 10 years of his preaching he could only convert his own cousin. Later, with the help of his cousin, he converted King Vishtaspa impressing him by healing the King's favourite horse from its ailment. With the royal backing it received, Zoroastrianism began to spread rapidly. However, at the age of 77, when Zoroaster was sitting at the Fire Temple lost in meditation, he was murdered by an enemy soldier. Around 400 A.D., Sassanian kings declared Zoroastrianism to be their state religion. However, in the 7th century Arab armies conquered the Sassanian dynasty and there was a widespread conversion to Islam. Some of them escaped from Iran and reached India (the Gujarat Coast) and settled down there. This resulted in the decline of the religion and Iran becoming a Muslim country.

**Basic Features**

1. Zoroastrianism is a monotheistic religion with a kind of internal dualism in the Godhead. Apparently there seemed to be two Gods in Zoroastrianism. One is the God of good called Spenta Mainyu and is often identified with Ahura Mazda Himself. The second God is the evil god or God of Evil and Darkness called Angra Mainyu or Ahriman.
2. Ahura Mazda, Meaning the `Wise Lord' is regarded as all powerfull all wise and all good. He is also the creator and the ruler of the world. He sometimes reveals himself to selected men through his angels who always surround God, waiting for his orders.
3. God in subtle and it is not possible for ordinary men to reach him by ordinary knowledge. Only revelation through angles can help to know God.
4. God is transcendent and immanent. He is father, brother and friend to man.
5. World is a battlefield for Spenta Mainyu and Angra Mainyu. It is considered to be the fight between Light and Darkness. Ultimately, Light (good) will prevail over the Darkness (bad) and Ahura Mazda will gain victory over Ahriman.
6. Man has been granted free will. He is expected to exercise it by preferably choosing the force of Good, fighting that of evil. For this, leading a life of righteousness is necessary. However, choosing good does not imply praying but working. The best work or action lies in fighting invaders, destroying wild things, irrigating barren land etc., in short, performing all those actions which promote civilization. Thus Zoroastrianism is pragmatic. Its chief instrument is toil. According to Zarathustra, `He who sows corn sows religion."
7. zoroastiranism believes in life after death, It holds a belief in resurrection of the dead and the day of judgement. In this life, man's place is determined

stricIty in accordance with the Law of Retribution. Those whose righteous deeds excel the evil ones are sent to Heaven and they enjoy. Those whose evil deeds balance heavily over the righteous ones are sent to hell, a place of fearful suffering. However, damnation to hell is not eternal. This religion promises an ultimate happy and good life for all.

8. It is a religion of perfect ethical purity and dedication, devoid of petty ceremonialism. The basic ethical virtues that men inculcate are good thoughts, good words and goo deeds. Although some prayer or worship of Ahura Mazda is prescribed, the religious life consists in the cultivation of moral virtues. Zoroastrianism believes in the Eternal law of `Asha', which means righteousness in our day-today life. It signifies truth, order, discipline and harmony and includes acts of purity, truthfulness and beneficence.
9. Fire is regarded as very pure and is treated as a symbol of divine purity. At times, it is equated with God. Parsees have fire temples and they are known as fire worshippers. Thus it is said that Zoroastrians worship through prayers and symbolic ceremonies that are conducted before a sacred fire that symbolizes their God.
10. Zoroastrianism believes in the existence of angels to wait on God and evil spirits to accompany Ahriman.
11. Zoroastrianism teaches equaility and brotherhood of all.
12. According to them dead body is most impure; and fire, water and earth are sacred and pure; hence neither cremation nor burial or throwing into sea is acceptable to them.
13. As the Vedic Brahmin who emphasized Grahastha Ashrama Zoroastrianism prescribes life of a householder and does not favour asceticism.

The Zoroastrian holy book is called the Avesta, which includes the teachings of Zarathushtra written in a series of five hymns called the Gathas. They are abstract sacred poetry directed towards the worship of the One God, understanding of righteousness and cosmic order, promotion of social justice, and individual choice between good and evil. The rest of the Avesta was written at a later date and deals with rituals, practice of worship, and other traditions of the faith. The oldest Parsee scripture is known as Gatha. Later on, it came to be written in Zend (commentary) and Avesta (the language in which it was later written).

**JUDAISM**

Origin of Judaism may be attributed to a divine convenant between the God of the ancient Israelies and Abraham over 3500 years ago. Judaism is the religion of Jews who were the descendants of the ancient Hebrews who called themselves `the chosen people'. The story of the origin and early development of the religion is given in the Old Testament itself. It is said that God chose Abraham and revealed Himself to him many times. In due course, he communicated his visions and the message of God to the people. This is how Judaism came into existence and is known to be a revealed religion. It is also based on a revelation made to prophet Moses on the Mount Sinai. It is thus a revealed or God-made religion. Although Judaism is associated with the name of Moses, Patriarch Abraham can be considered as its real founder and father of Jewish faith who lived about 1900 B.C.E. Abraham lived a nomadic life moving from one place to another. A terrible famine made his descendent Jacob and his people move to Egypt. Egyptians made them slaves and they had to struggle with the Egyptians. Moses was born later in the $13^{th}$ century B.C. Moses, led his people out of captivity in Egypt and received the Law from God. After Moses it was Joshua who later led them into the Promised Land where Samuel established the Israelite kingdom with Saul as its first king. King David established Jerusalem and King Solomon built the first temple there. After Moses there was a chain of Prophets who shaped and reshaped this religion amidst various ups and downs that it experienced from time to time. The homeland of Jews is Palestine in the Middle East, which was under the domination of othersFor more than 20 centuries. In 70 CE the Jerusalem temple was destroyed and the Jews were scattered throughout the wolrd. Modern state of Israel was founded in 1948. Even today friction between Jews and Palestinians is going on. Jerusalem is the Holy City for Judaism, Christianity as well as Islam. It is said that there are bout 5000 Jews in India. Out of these, 4000 reside in Thane and Mumbai and especially in Alibag area.

**Basic Features of Judaism as a religion**

Jews believe in one creator who alone is to be worshipped as absolute ruler of the universe. He monitors people's activities and rewards good deeds and punishes evil. The Torah was revealed to Moses by God and cannot be changed though God does communicate with the Jewish people through prophets. Jews believe in the inherent goodness of the world and its inhabitants as creations of God and do not require a

saviour to save them from original sin. They believe they are God's chosen people and that the Messiah will arrive in the future, gather them into Israel, there will be a general resurrection of the dead, and the Jerusalem Temple destroyed in 70 CE will be rebuilt.

1. Judaism is not a mere system of philosophical doctirne. Judaism is a classical example of a revealed religion in which God himself has given the entire body of religion to His 'chosen people'. It is an example of the fact that God speaks to man giving him the clues to the road he must follow for redemption.
2. It is strictly monotheistic religion, believing in one and only one God. God has a personality, of course, not in the ordinary human sense. He is a Person in the sense that he has got consciousness and will and he listens to and answers to the people's prayer etc.
3. Besides having metaphysical attributes of omnipotence, omniscience, omnipresense etc., God is pre-eminently imbued with such moral qualities as justice, mercy, kindness, love, holiness etc.
4. With its God being pre-emninently imbued with moral qualities, Judaism is primarily an ethical religion giving out moral rules of conduct and a way of life – of justice, mercy, humility, modesty etc. God, of course requires man to serve and to pray him, but the least of service that man is required to do is in the form of the observance of the Torah (the Law) and the commandments given to people by God.
5. The world is created by God out of nothing (ex nihilo) and is dependent upon him, but then it is real. The world is not to be treated as a place of scorn and lamentation; rather it is to be taken as a working ground for righteousness, justice etc. In the form of his existence on earth, man has got an opportunity to lead a life of righteousness and serve the purpose of God.
6. Judaism believes in many prophets of God of whom Moses is treated as the most favoured messenger of God.
7. Judaism believes in angles and spirits, both good and bad. Satan is taken to be the chief evil spirit, the Devil, who contributes to the spread of evil in the world. However Satan is not taken as beyond God's control. Certainly the evil is only a rebel out of God's angels, but his dominion cannot last long. He can be cast out by holy men amongst the Jews.
8. Judaism believes in the immoratality of soul and consequently in a life after death. Although the idea about the life after death does not seem to be very clear in Judaism, its chief ingredients may be taken as the resurrection of the dead, and assisgnment of heaven or hell to them in accordance with their earthly deeds. Most probably this belief was borrowed by the Jews from Zoroastrinism.
9. In spite of its emphasis on the primary value of moral conduct of man, Judaism abounds in ceremonies, religious festival, ritualistic ways of prayer and worship etc.
10. Although Judaism is very much an ethical religion and a way of life, it lays much stress on service and prayer as well. It is said that the purpose of the creation of man is the service of God. And this service essentially consists in praying God with inner heart without any outside thought or preoccupation. God hears our prayers and answers to them.
11. A Jew is obliged to pray three times a day -- in the morning, in the noon and in the evening. In spite of these there were also their congregational prayers, which were done in their synagogues in the form of hearing the study of passages from the Torah, especially on the Sabbath day and on fectivals.
12. Among the festivals and ceremonies of the Jews the observance of Sabbath, Passover (the commemoration of the exodus from Egypt), the New Moon and Harvest festivals are important.
13. Like the Dasturs in Parsiism and Brahmins in Hinduism, there are the Levites who have to serve as priests of Yahweh for His people. Hence priesthood is hereditary.

**The Sacred Scriptures of the Jews**

The Sacred text of Judaism is the Old Testament of the Bible, which is also called the Torah. The Old Testament of the existinng Bible is really the sacred book of the Jews, in which God has revealed his ways to his chosen people.

**CHRISTIANITY**

Christianity has its origin in the teachings of Jesus Christ who was reportedly born of Virgin Mother Mary. Christians do claim that their religion has come directly out of the revelation and insights of Jesus. However it cannot be disputed that Christianity owes much for its origin to Judaism. Jesus himself was a Jew and it is doubtful whether he ever thought of founding a new religion. While he was preaching his own religious ideas, he was only trying to cleanse Judaism of the superstitious ideas, mere ritualism and ceremonialism. Jesus wanted to play the role of the reformer, but his

teaching gave birth to a new religion and he was treated as the founder and prophet of that religion. He repeatedly asserted that he had come not to destroy the old faith but to fulfill the Law and the Prophets. He accepted a Messiahnic role to restore and purify the Jewish faith in God. In this sense Christianity may be considered an elevated and extended form of Judaism. Jesus called himself the `Son of Man'. Christians consider him to be the `Son of God'. They believe that in Jesus, God's Word became flesh. (In Judaism and Islam, God's word became the Book (The Torah / Koran) ). Jesus is regarded as the true image of God, as his representative and his Messiah (a person who in anointed and sent by God to the Jews to set them free or as saviour to them). Christianity as it exists today is not entirely the gift of Jesus alone. It is the most influential missionary religion and has a large following in the werstern world. There have been a host of others, saints, mystics and thinkers who have contributed towards its development. At least the impact of St. Paul who immediately followed Jesus cannot be ignored. Christianity took definite shape as a eligion at the hands of St. Paul who explained and interpreted the message of Jesus with the help of his own wide range of knowledge and expanded the riligion to the far ends of the then Roman empire. Both St. Paul and St. Peter look upon Christianity as a universal religion open to all nations.

**4.2 Basic Features**

1. Christianity is a monotheistic religion believing in one and only one God.
2. God is person. It means he has got the power of interpersonal relationship. He has conciousness and will and is of the nature of Pure spirit.
3. God has an internal trinity. This Trinitarian dimension consists in his being the Father (creator), the Son (redeemer/saviour) and th Holy Spirit (the eternal Guide). He is three in one.
4. Jesus is considered to be th Messiah of God whom the Jews were expecting. He represents the true image of God and he is considered to be the founder of this religion.
5. God has many metaphysical and ethical attributes (like omnipotence, omniscience, omnipresence), but essentially he is of the nature of a loving father.
6. God is the Creator, sustainer and destroyer of the world. He has created the world out of nothing (ceatio ex nihilo) and may destroy it any time according to his sweet will.
7. Man is created in the image and likeness of God. So man is potentially great and his existence is dignified. But misusing the freedom granted to him by God man committed sin. Committing Original Sin by the first man Adam is the root cause of man's suffering. Sin is nothing but disobedience to God.
8. God is kind and loving. Hence he wants to save man. Jesus is sent as the redeemer of man.
9. True religion consists in nothing but loving God, oneself and one's fellow men in utmost sincerity and humility.
10. Redemption or liberation is ultimately the fruit of God's grace. Man has to enhance and accept the divine grace in freedom by a sincere moral life.
11. Christianity believes in immortality of soul, the resurrection of the dead, the final day of judgement and life after death. The good will enjoy the happiness of heaven and the bad will be sent to eternal hell for punishment. Many Christians believe in a purgatory also where the souls undergo purification before they enter the eternal heaven for happiness and rewards. Hell is eternal damnation and heaven is eternal immortal life in constant fellowship and bliss with God.
12. Christianity also believes in heavenly angles both good and bad. Satan or devil is the chief of the evil spirits and he instigates people to sin. God always wins over the Satan and his kingdom.

**Sacred Scriptures of Christianity (The Bible)**

The word `bible' is derived from the Greek word `biblia' which means `books'. It refers to the sacred writings of judaism and Christianity. The bible of the Christians consists of 2 parts, namely The Old Testament and the New Testament. Along with the Jews the Protestants etc. take 39 books to be the Old Testament whereas the Catholic group takes 46 books as constituting Old Testament and 27 books to constitute the New Testament. The New Testament consists of 4 Gospels, which are accounts of Jesus' life, works and teachings, the letters and writtings of St. Paul, St. Peter, St. James etc and the book of Revelation.

**ISLAM**

Islam is a prophetical religion, its prophet being Mohammad who was born in 570 A.D. to whom the new religion was revealed while meditating in the cave of Mount Hira. He is taken by his followers as the messenger (*Rasul*) of God (*Allah*). Though Islam accepts other prophets like Abraham, Moses and Jesus, it takes Mohammad as the last and the mightiest among the prophets. His teachings are regarded as final and they are to be observed and followed by all. Against polytheism, idolatry and sheer ritualism that prevailed in

Arabia, Mohammad, preached a religion of strict monotheism with rigorous personal discipline in daily life. Today, Islam has followers in large numbers all over the world, perhaps next to Christianity. India has a history of Muslims in the south Malabar coast as Arab Muslim traders from around 8th century C.E. and in the north from around 12th century. C.E.

**Basic Doctrines :** Islam tries to maintain wholeness and proper order (as the opposite of disintegration) by accepting God's law. Nature obeys God's law automatically, but humanity ought to obey it by choice. `Islam' means to be `in peace', to be an integral whole. Islam means surrendering one's will to the will of God throughout one's life. It means complete obedience to the laws of God as they have been revealed as Quran and Hadith and later on in Shariah. As such, Islam includes faith, action and the realization of the divine end for man. This absolute submission (Islam) to God in perfect piety is regarded as man's primary duty. Islam believes in one and only one God, called `Allah', whose will is supreme. It believes in the sacredness and authoritativeness of many scriptures like Torah of the Jews, Gospel of Jesus etc., but it takes Quran as the greatest and the most sacred. It believes in the existence of good and bad angels. The angels maintain a record of man's conduct for the last judgement. Iblis is the head of the evil spirits and the ruler of hell. Besides angels, Islam also believes in good and bad jins as well. Like Judaism and Christianity, Islam also believes in life after death, resurrection of the dead, the Day of Judgement and eternal heaven and hell. Its eschatology is very well-defined and graphically described. Islam is out and out a legalistic religion providing its followers with definite codes of ethical, religious and other individual and social conduct. It teaches an ethics of perfect purity, service of humanity and brotherhood of man. It preaches Jihad but it means a striving and struggle in the path of God-realization. Hence it means readiness to give one's life for the sake of Allah and its message. It is even considered to be a sixth pillar of Islam.

Much of the Islamic discipline consists in teaching its people definite ways of sincere devotion and prayers to God. It consists in following 5 duties known as the Five Pillars of Islam : (1) **Kalima** (Quran) (with the duty of repeating the words, which mean, `There is no God, but Allah, and Mohammed is His Prophet. `La ilaha illilahu, Muhammad ur Rasualallah' Sura 2:21-22) (2) the **Nazam** (the observance of saying prayers 5 times a day–at daybreak, at noon, at midafter-noon, at sunset and at early night), (3) the **Zakat** (giving alms to the poor and needy – a minimum of 2.5 prcent of an inividual's wealth, usually made in the month of Ramzan) (4) **Roza** (duty to fast during the month of Ramzan – it is believed that this fasting remits all kinds of sins committed during the whole year), and (5) the **Haj** the duty to make the pilgrimage to Mecca at least once during one's lifetime.

**Jihad** (a much misinterpreted term even by a few Islamic groups) is considered sometimes a sixth pillar of Islam. what is jihad? The quest to control basic instincts such as greed, lust, and cruelty and to seek spiritual purity is known by Muslims as the `great jihad.' Featured widely in the Qur'an, the `great jihad' is a person's most important internal struggle. In interpreting jihad, the Muslim scholar Imam Sulayman S. Nyang of Howard University in Washington, D. C. quotes Chapter 3, verse 172, of the Qur'an : `Of those who answered the call of Allah and the mesenger, even after being wounded, those who do right and refrain from wrong have a great reward.' He mentions also that Qur'an has a reference to `lower Jihad' as well, a more earthly and physical – and controversial – struggle. `To those against whom war is made, permission is given [to fight] because they are wronged; and verily, God is most powerful for their aid,' quotes Nyang. This verse speaks of combat or war to be waged against one's oppressors — a struggle sanctioned by God. But the Qur'an also states in Chapter 2, Verse 190: `Fight in the cause of Allah those who fight you, but do not transgress limits; for Allah loves not transgressors.' The essence of the verse, Nyang says, is to fight back `If you are attacked by your persecutors, but don't fight back indiscriminately. Follow the rules of engagement.' Accoding to mainstream Muslim clerics, those `rules of engagement' are explicit: women, children, and innocent civilians are off limits. The context of the text also counts in its reading. It is one of the Muslims being driven from their homes, persecuted, and killed.. Hence one may conclude here that the Qur'an doesn't disaprove of self-defense, its most prevalent message being one of peace and brotherly love.

**Scriptures (Quran & Hadith) :** Islam is said to be the rligion of the Book i.e., the Quran. Quran is considered to be the word of God received by Mohammad through Gabriel. The word Quran comes from a root, which means to `recite'. It is thus, recital given by the Prophet Mohammad to his followers who wrote it. Quran is regarded as an uncreated, eternal world of Allah.

**(To be Continued)**

76/C, Mangal, 3/15, R.A.K. Road, Matunga,
Mumbai-400 019. Mobile: 9819179589 / 9619379589
Email : kaminigogri@gmail.com

# Upadhyay Yashovijayji - By Dr. Renuka Porwal, Mob.: 098218 77327

He was born in an Oswal family at Ahmedabad in about Samvat 1663.He lost his father at an early age, so was brought up by his mother. Once during heavy rainfall, he saw that mother was not eating anything. He knew that she used to hear Bhaktamar Stotra before eating but due to rain she couldn't go to Guruji. Young Yashovijay at once started chanting the Stotrathat he had heard only once in the Upasray. Mother was very happy to hear the faultless sacred Bhaktamar and had her meal.

Acharya Nyayvijayji made this talented boy as his disciple and declared him as Yashovijay. He was sent to Kashi for further comparative study of all Indian Philosophy. On the banks of Ganga, Yashovijayji meditated on Goddess Sarasvati to get her blessings. Later on he was conferred the title "Nyay Visharad". He was so talented that no one could challenge him in a debate of all philosophical schools. He was honored by the King in Darbar.



It is said that he guided forty writers (Lahiyas) for different subjects. His contemporary Sadhus were Sakalchandraji, Udayratnaji, Vinayvijayji, Gnanvimalji and Anand Ghanji. Moreover he completed the Shripal Ras after the death of Vinayvijayji. His Nirvana took place at Dabhoi near Baroda.

Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# દર્શકની સાદાઈ

□ મનુભાઈ શાહ

## (૧)

## કપડાંને ન જૂઓ, આરોગ્યને જૂઓ

માણસ બાહ્ય રીતે સારો દેખાતો અંદર કપટી, લફંગો, દગાખોર, અહમી હોવાનો સંભવ છે. બાહ્યને બદલે અંદરથી ઋજુ હોય, ચારિત્ર્યશીલ હોય તે પછી ભલે દેખાવે ગમે તેવો હોય.

દર્શક સાથે મારે મહિનામાં ૧૫થી વધુ દિવસો બહાર જવાનું થતું. આગલી રાતના દર્શકની બેગ દવા, કેટલા દિવસ જવાનું છે તેના આધારે શ્યામાબહેન (દર્શકના પુત્રવધૂ) કપડાં આપે, તેમજ જરૂરી વસ્તુ હું તૈયાર કરતો.

દર્શકને રાજકોટ અને અમદાવાદ અવારનવાર જવાનું થતું. અમદાવાદના એક કાર્યક્રમમાં જવાનું થયું. અમદાવાદમાં અમારો કાયમી ઉતારો ખાદી સરિતા વસ્ત્રાગારમાં રહેતો.

આ કાર્યક્રમમાં શ્રી જયાબહેન શાહ સાથે આવનાર હતા. જયાબહેન અમારા ઉતારે આવ્યા. દર્શક તૈયાર થઈને બેઠા હતા. આ જયાબહેનનું ધ્યાન દર્શકના કપડા પર ગયું અને મને કહે, દર્શકને સારા કપડા આપો. આ જે કપડા છે તે ગળી ઈસ્ત્રી વિનાના છે. દર્શક સાથે રહ્યો ત્યારથી મારો ખ્યાલ છે કે તેમણે કપડા સામું ક્યારેય જોયું નથી.

મેં દર્શકને બીજા કપડા આપ્યા તો દર્શક કહે, મારે બીજા કપડાની જરૂર નથી. આ જે પહેર્યા છે તે સારા જ છે. છતાં આ જયાબહેનના આગ્રહથી બીજા કપડા પહેર્યા.

થોડા મહિના પછી બીજા એક કાર્યક્રમમાં શ્રી જયાબહેન પણ આવવાના હતા.

કાયમની જેમ મેં દર્શકને કપડા આપ્યા. શ્રી જયાબહેન કહે, 'મનુભાઈ બીજા કપડા બદલી કાઢો.'

દર્શક કહે, ''કપડામાં શું જોવાનું હોય? આપણે કેવા છીએ તે દુનિયા જાણે છે.''

'કપડાંથી વ્યક્તિનું ચારિત્ર્ય નથી જોવાતું.' કપડા તો બાહ્ય આવરણ છે. બાકી કામ-કાર્ય-સદ્‌ગુણો અને ચારિત્ર્ય જ અગત્યના છે. તે જ મહત્ત્વનું છે.

મેં શ્રી જયાબહેનને કહ્યું કે 'દર્શકને શું કહેવું? કપડા બાબત તમારું જો ન માને તો મારું તો તેઓ કેમ માને?' પછી શ્રી જયાબહેને કપડા બાબત દર્શકને ક્યારેય કશું કહ્યું નથી.

## (૨)

## દર્શકની મહેમાનગતિ

ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારમાં મહેમાનગતિનો મહિમા અનેરો છે. મહેમાનોને પ્રેમથી, લાગણીથી આવકાર અપાતો હોય છે. મહેમાન આવે તો આનંદનો દિવસ હોય છે.

મહેમાન અનેક પ્રકારના હોય છે. પાણી, ચા,. નાસ્તો, ભોજન–આમ મહેમાન કઈ કક્ષાના છે તેના પર આધાર રાખે છે. પછી મિત્રો, વડીલો, સંબંધીઓ, સામાજિક સંબંધ ધરાવનારા બીજા અનેક આવતા હોય છે. જેવો સંબંધ તેવો મહેમાન સાથનો વ્યવહાર.

દર્શક પાસે વિવિધ પ્રકારના પછી સાહિત્યકારો, નજીકના સંબંધીઓ, રાજકીય લોકો, રચનાત્મક, સર્વોદય શિક્ષણ વગેરેના કાર્યકરો અને કર્મચારીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનો વિદેશોમાંથી આવનાર ભારતીયો હોય કે વિદેશીઓ હોય.

દરેક મહેમાનો પોત પોતાનો અને દર્શકના સમયને ધ્યાનમાં રાખી મુલાકાત માટે આવતા હોય છે. આવનારને પ્રથમ પાણીથી આવકાર અપાતો. ઘણાંને ચાથી આવકાર અને ઘણાને ભોજનની વ્યવસ્થા કરવાની હોય છે.

દર્શક મને કહે શાહ તમે રસોડાના વ્યવસ્થાપકને ફોનથી જણાવો કે આટલા મહેમાનની ભોજનની સગવડ કરશો.

અમુક મહેમાન જે દર્શકની વિશેષ નજીક હોય તેની રસોઈ શ્યામાબહેન કરતા. અને દર્શક પણ મહેમાન સાથે વાતો-ચર્ચા કરતા ભોજન કરતા જેથી મહેમાનને પણ અહોભાવ ઊભો થાય.

આજે તો ઘણાંના સ્વભાવમાં મહેમાનો ઘેર આવે તે ગમતું નથી. મનથી આવકારને બદલે બાહ્ય ભાવોથી આવકાર આપે. અમુકને એમ લાગે કે મહેમાન આપણા દૈનિક

# પંથે પંથે પાથેય

જીવનમાં ખલેલ પહોંચાડવા માટે આવે છે. આવી વ્યક્તિ મહેમાનગતિની સંસ્કૃતિ અને સંસ્કારના રક્ષક નથી.

મહેમાન આવે તો ઘરની શોભા વધે. પરસ્પર હૃદયિક ભાવ પેદા થાય. સુખદુ:ખના ભાગીદાર બને. વિશેષ સંબંધો બંધાય તો સામાજિક અને સાંસારિક રીતે નજીક પણ અવાતું હોય છે. ઘણી વખત વ્યવસાયિક રીતે પણ નજીક અવાય.

પરસ્પરના સંબંધનો અર્થ-ભાવ-વિશાળ હોય છે.

મહેમાન મારે આંગણે ક્યાંથી? આ ભાવ જ ભારતીય સંસ્કારિતા છે. મહેમાનનો બીજો અર્થ અતિથી પણ થાય છે. જેની તિથી નક્કી નથી હોતી અચાનક જ ઘરે આવે. ઘરના સર્વજનો અતિથીને પોતાના લાગે એટલે તિથી નક્કી કર્યા વિના આવે.

જે ઘરે મહેમાન બન્યા હોય તે ઘરવાસી મીઠો આવકાર આપે. અહોભાવ અનુભવે.

દર્શક ઘણા મહેમાનોને મીઠો આવકાર આપતા. સૂતા હોય તો બેઠા થઈ જાય. દાદાનું જીવન ફૂલ ગુલાબી હતું.

દાદા આનંદ આપે, વિચારો આપે, સંસ્કાર આપે, ધ્યાન દોરે, જરૂર પડે ઠપકો આપે. આ દાદા ગુજરાતનું અનેરું ઘરેણું હતા.

અરે એવા મહેમાન આવ્યા હોય તો મહેમાન સાથે પોતે સંસ્થાની પ્રવૃત્તિ બતાવવા પણ જાય. આંબલા સંસ્થામાં પણ લઈ જાય.

આવનાર મહેમાનને કેવો ભાવ થતો હશે તે તો મહેમાન જ જાણે.

***

૨૫૪૭, શાંતિવન સોસાયટી, રીંગ રોડ,
ભાવનગર. મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.